
# અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ



નારાયણ દેસાઈ

# અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ

# અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ

[મહાદેવભાઈનું જીવનચરિત્ર]

નારાયણ દેસાઈ

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત
ગાંધી સ્મારક સંગ્રહાલય,
હરિજન આશ્રમ, અમદાવાદ-૩૮૦૦૨૭

અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ Copyright © by નારાયણ દેસાઈ. All Rights Reserved.

# અર્પણ

જેમને સ્મર્યા વારંવારે
આ ગ્રંથ
લખતાં
છાપતાં ને
પ્રકાશિત કરતાં
તે
પૂજ્ય નરહરિકાકા
પ્યારે મોહન તથા
પ્રિય ભાઈદાસને.

# Contents


'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ xiii

પરિચય xv

પ્રકાશક-મુદ્રક xvii

મહાદેવ દેસાઈ: ગાંધીજીના ગણેશ અને હનુમાન xviii

પિતૃતર્પણ xxviii

પ્રકાશકનું નિવેદન xxxii

કયા દીપથી પ્રાણનો દીવડો પેટાવી... xxxiii

સ્મૃતિ xxxv

એક – મહાદેવ, ઊઠો મહાદેવ! 1

પ્રસ્તુતિ 13

બે – સંસ્કાર 15

ત્રણ – પરિસર 24

ચાર – નિશાળે 28

પાંચ – હાઈસ્કૂલમાં 33

છ – લગ્ન 37

સાત – મહાવિદ્યાલયમાં 40

આઠ – વકીલાત: નોકરીઓ: દિશાની શોધ 49

પ્રીતિ 70

નવ – તારામૈત્રક 72

દસ – યાત્રા આરંભાઈ 87

અગિયાર – રચનાકાર્યનો પ્રથમ અનુભવ: ચંપારણ 93

બાર – આશ્રમજીવન 108

તેર – એક ધર્મયુદ્ધ 127

ચૌદ – ખેડા સત્યાગ્રહ 144

પંદર – સૈન્યભરતી 166

સોળ – દીક્ષા 181

સત્તર – માંદગી 224

અઢાર – અભય અસવાર 239

ઓગણીસ – પ્રેમની સત્તા વર્ણવું છું 269

द्युति 316

વીસ – સત્યાગ્રહીનું સાધના-સ્થળ: કારાવાસ 317

એકવીસ – नवजीवन 365

બાવીસ – હરિભાઈ દેવ થયા 415

| | |
|---|---|
| ત્રેવીસ – આજની ઘડી રળિયામણી | 424 |
| ચોવીસ – એકતા-યજ્ઞ | 451 |
| પચીસ – નમીને જીત્યા | 487 |
| છવ્વીસ – સો ટચના સોનાનો વેપાર | 514 |
| સત્તાવીસ – બારડોલી ને સાબરમતી વચ્ચે | 556 |
| અઠ્ઠાવીસ – સ્વરાજની તૈયારી તરીકે આત્મશુદ્ધિ | 593 |
| ઓગણત્રીસ – મહાભિનિષ્ક્રમણ | 615 |
| ત્રીસ – સંઘર્ષ સારુ તૈયારઃ સમાધાનનો સત્કાર | 660 |
| એકત્રીસ – અણખૂટ વિશ્વાસે વિલાયતમાં | 698 |
| બત્રીસ – પૂર્વ-પશ્ચિમ બંધુ-સંગમ | 738 |
| તેત્રીસ – દાસ, ખેડૂત અને હમાલ | 759 |
| ચોત્રીસ – સૌને કીધાં પોતીકાં | 788 |
| પાંત્રીસ – યરવડા મંદિરથી હિંડળગાના ગીતા મંદિરમાં | 809 |
| છત્રીસ – અહીં અખંડ શાંતિ છે | 831 |
| આહુતિ | 857 |
| સાડત્રીસ – સ્નેહધામ ભર્યાં ભર્યાં રે! | 858 |
| આડત્રીસ – બ્રહ્મચર્ય | 871 |
| ઓગણચાળીસ – सचविषु महादेवः | 883 |
| ચાળીસ – ’અગ્નિકુંડનું ગુલાબ’ | 891 |

એકતાળીસ – સચિવથી અદકેરા 901
બેતાળીસ – ઝગમગતી જ્યોત 922
તેંતાળીસ – ઘસાતું સુખડ 933
ચુંમાળીસ – ભક્તિનું અખંડ કાવ્ય 943
શ્લોક 957
પરિશિષ્ટ ૧ – મહાદેવભાઈની જીવનયાત્રા 959
પરિશિષ્ટ ૨ - મહાદેવભાઈની અક્ષરસંપદા 965

# ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ

આપ www.ekatrafoundation.org તથા https://ekatra.pressbooks.pub પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે

રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.


તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: http://www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

**

# પરિચય



સર્જક નારાયણ દેસાઈ

નારાયણ મહાદેવભાઈ દેસાઈ(જ. ૨૪ ડિસેમ્બર ૧૯૨૪) જેટલા ચરિત્ર-લેખક તરીકે જાણીતા છે એટલા જ, અનેક સ્થળે પ્રેરક અને રસપ્રદ ગાંધીકથા કહેનાર તરીકે જાણીતા છે. વેડછી(દ. ગુજ.)ના સંપૂર્ણ ક્રાન્તિ વિદ્યાલય-ને પોતાનું કર્મસ્થાન બનાવીને એક

શિક્ષક અને કાર્યકર-સંચાલક તરીકે મહત્ત્વની કામગીરી બજાવતા નારાયણભાઈએ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે પણ ગાંધીવિચાર-સંચારક તરીકે કામ કર્યું. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા. ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ માટે સાહિત્ય અકાદેમી(દિલ્લી)ના ઍવોર્ડ સહિત ઘણા પારિતોષિકોથી સન્માન પામ્યા.

કેટલાક અનુવાદો તથા ‘મારું જીવન એ જ મારી વાણી’ (ગાંધીજી વિશે, ૪ ભાગમાં) અને ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’(મહાદેવ દેસાઈ વિશે) જેવા બૃહદ અને મોટી બાથ ભીડતા ચરિત્ર-ગ્રંથો એમનું મહત્ત્વનું સાહિત્ય-કાર્ય તેમ જ જીવન-કાર્ય છે.

*

## ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ (૧૯૯૨)

૧૫૦૦ પાનાંમાં વિસ્તરેલું આ ચરિત્ર જેટલું પ્રસાદિક છે તેટલું જ તટસ્થ રીતે લખાયેલું છે. પિતાના ચરિત્ર લેખે એ જેવું અધિકૃત(ઑથેન્ટિક) છે એવું જ મહાદેવ-ચરિત્ર લેખે એ સર્વગ્રાહી છે. મહાદેવભાઈના સાક્ષાત્ પરિચય ઉપરાંત બીજા ઘણા ચરિત્ર-સંદર્ભગ્રંથોમાંથી નારાયણભાઈ પસાર થયા છે. (એમણે લખ્યું છે : ‘મહાદેવભાઈની ડાયરી કહેવાય મહાદેવભાઈની, પણ એમાં રજમાત્ર જીવનવિગત મહાદેવભાઈની ન જડે! એટલે મારે મહાદેવભાઈ બીજે જ ખોળવા પડ્યા!’)
લાંબા પટમાં લખાયેલું હોવા છતાં ન થકવનારું આ પુસ્તક હાથમાંથી મૂકવાનું મન નહીં થાય...

**આ પુસ્તકના લેખકનો અને પુસ્તકનો પરિચય રમણ સોનીનાં છે એ માટે અમે તેમનાં આભારી છીએ.**

# પ્રકાશક-મુદ્રક

Biography of late shri Mahadev Haribhai Desai
by Narayan Desai
પ્રથમ આવૃત્તિ: ૨ ઑક્ટોબર, ૧૯૯૨
પ્રતસંખ્યા: ૩,૦૦૦
કિંમત: પચાસ રૂપિયા
© નારાયણ દેસાઈ, ૧૯૯૨
પ્રકાશક:
અમૃત મોદી
મંત્રી, શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ,
ગાંધી સ્મારક સંગ્રહાલય,
હરિજન આશ્રમ, અમદાવાદ-૩૮૦ ૦૨૭
ટે. નં. ૪૮૩૬૭૭
મુદ્રક:
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય,
અમદાવાદ-૩૮૦ ૦૧૪

# મહાદેવ દેસાઈ: ગાંધીજીના ગણેશ અને હનુમાન

નારાયણભાઈએ પોતાના પિતાની આ જીવનકથા લખવાનું શરૂ કર્યું તે પહેલાં તેઓ મને મળ્યા હતા અને તે લખાઈ રહે પછી હું તેની પ્રસ્તાવના લખું એવું તેમણે સૂચન કર્યું હતું. એ સૂચન મેં સહર્ષ સ્વીકારી લીધું. જગતભરમાં ગાંધીજીના રહસ્યમંત્રી તરીકે જાણીતા થયેલા મહાદેવભાઈ માટે મને ઊંડો આદર હતો. જોકે તેમના વિશે હું બહુ જાણતો નહોતો. गाधीजीनो अक्षरदेहના ખંડોમાં ગાંધીજીના તેમના ઉપરના પત્રો છપાયા છે તે સિવાય મેં મહાદેવભાઈ વિશે કંઈ વાંચ્યું નહોતું એટલે મહાદેવભાઈની જીવનકથાની પ્રસ્તાવના લખવાનું સ્વીકારવું એ મારે સારુ એક સાહસ હતું, છતાં મહાદેવભાઈ માટેના મારા આદરને વશ થઈને મેં એ સાહસ કરવાનું સ્વીકાર્યું. અને હવે મને લાગે છે કે એ સારું જ કર્યું.

પ્રસ્તાવના લખવાનું સૂચન સ્વીકારતાં મેં નારાયણભાઈને એમણે લખવા ધારેલી જીવનકથાનાં પ્રકરણો લખાતાં જાય તેમ મને મોકલવાની વિનંતી કરી, જે તેમણે વધાવી લીધી. એમણે મોકલેલા પહેલા પ્રકરણનું શીર્ષક 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' હતું. હું તેનું પ્રયોજન ન સમજી શક્યો, પણ હું જેમ નારાયણભાઈએ મોકલેલાં પ્રકરણો વાંચતો ગયો તેમ મને મહાદેવભાઈના વ્યક્તિત્વનું અહોભાવભર્યું દર્શન થતું ગયું અને હું જાણે કોઈ પુરાણકથા વાંચતો હોઉં એવો મને અનુભવ થયો. બધાં પ્રકરણો વાંચી રહ્યા પછી મહાદેવભાઈ વિશે વધુ માહિતી મેળવવાની ઇચ્છાથી મેં સર્વશ્રી જયંત પંડ્યા અને કાંતિ શાહે સંપાદિત કરેલું અને ગુજરાતની શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ (ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ, અમદાવાદ-૩૮૦ ૦૨૭)એ પ્રસિદ્ધ કરેલું

शुक्रतारक समा महादेवभाई એ પુસ્તક વાંચ્યું. મેં એ પુસ્તક આ પહેલાં વાંચ્યું હતું, પણ પૂરા ધ્યાનથી નહીં. હવે મેં જોયું કે મહાદેવભાઈને ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’નું બિરુદ જેમને ગાંધીજીએ રાષ્ટ્રકવિ કહ્યા હતા તે ઝવેરચંદ મેઘાણીએ આપ્યું હતું. નારાયણભાઈનાં પ્રકરણોએ મારા મન ઉપર જે છાપ પાડી હતી તે शुक्रतारक समा महादेवभाई પુસ્તકે દૃઢ કરી. અને ઝવેરચંદ મેઘાણીએ મહાદેવભાઈને આપેલા બિરુદની યથાર્થતા મને પૂરેપૂરી સમજાઈ. તેથી તેમણે પહેલા પ્રકરણનું શીર્ષક બદલી પોતે પિતૃતર્પણરૂપે લખેલી પિતાની જીવનકથાને જ ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ નામ આપ્યું છે તેનું ઔચિત્ય પણ હું સમજ્યો. … મને ખાતરી છે કે અગ્નિકુંડમાં ઊગેલા આ ગુલાબની કથા વાંચી મારા મન ઉપર જે છાપ પડી છે તે વાચકોના મન ઉપર પણ પડશે અને તેમને એ કથામાં ગુલાબની સુવાસનો અને અગ્નિકુંડની કરુણતાના મિશ્રણનો રસપ્રદ બોધ થશે.

ગાંધીજીના રહસ્યમંત્રી તરીકે મહાદેવભાઈએ જે અને જેવી રીતે એમની અને દેશની સેવા કરી તેનું પૂરું મહત્ત્વ આપણામાંના ઘણાને કલ્પનામાં પણ આવી શકે એમ નથી. તેઓ પોતાને ગાંધીજીના ‘પીર, બબરચી, ભિસ્તી, ખર’ તરીકે ઓળખાવતા અને કોક વાર પોતાને ગાંધીજીના ‘હમાલ’ પણ ગણાવતા… ગાંધીજીના અંતેવાસી થવું એ જ્વાળામુખીના મોં પર રહેવા જેવું દુષ્કર કામ હતું એમ મહાદેવભાઈ વારંવાર કહેતા. (‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ પ્ર. ૩૯). રાવણની આજ્ઞાથી રાક્ષસોએ હનુમાનની પૂંછ સળગાવી ત્યારે રામ અને સીતાની કૃપાથી તેમને અગ્નિનો જરાય સ્પર્શ નહોતો થયો તેમ મહાદેવભાઈને પણ ગાંધીજીના ઇષ્ટદેવ રામની કૃપાથી એ જ્વાળામુખીના અગ્નિનો સ્પર્શ નહોતો થયો અને જીવનના અંત સુધી એમના સ્વભાવની પ્રસન્નતા અખંડિત રહી હતી. આનું કારણ એ હતું કે રામ અને સીતા તથા તેમના સેવક હનુમાનમાં જેમ કોઈક અલૌકિક તત્ત્વ હતું તેમ ગાંધીજી અને તેમના રહસ્યમંત્રી અને ભક્ત-સેવક એવા મહાદેવભાઈમાં પણ હતું.

મહાદેવભાઈના વ્યક્તિત્વના એ અલૌકિક તત્ત્વને બિરદાવતાં ગાંધીજીએ યોગ્ય રીતે જ મહાદેવભાઈના જીવનને ‘ભક્તિનું અખંડ કાવ્ય’ કહ્યું હતું. (પ્ર. ૧, પૃ. ૮). મહાદેવભાઈના જીવનના એ કાવ્યત્વને સમજવા આપણે ગાંધીજીના જીવનનું કાવ્યત્વ સમજવું જોઈએ. ગાંધીજીએ ભારતને સ્વરાજ અપાવ્યું તેનું ગૌરવ કરી આપણે તેમણે

'રાષ્ટ્રપિતા' તરીકે ઓળખાવ્યા છે. ગાંધીજીનો એ પુરુષાર્થ કોઈ મહાકાવ્ય જેવો હતો. જેમ ગણેશે મહર્ષિ વ્યાસનાં વચન અક્ષરબદ્ધ કર્યાં તેમ મહાદેવભાઈએ અર્વાચીન યુગના ઋષિ-દ્રષ્ટા જેવા ગાંધીજીનાં અસંખ્ય પત્રો, સંવાદો, વાર્તાલાપો અને ભાષણોને એમની ચિત્રાત્મક શૈલીમાં એવી રીતે અક્ષરબદ્ધ કર્યાં છે કે વાચક એ બધા પ્રસંગોનો પોતે સાક્ષી હોય એવો અનુભવ કરે છે. આ વાત કોઈને અતિશયોક્તિ જેવી લાગશે પણ મહાદેવભાઈના કાર્યનું મૂલ્ય એવી કોઈ ઉપમા દ્વારા જ આંકી શકાય.

મહાભારતના યુદ્ધની જેમ અર્વાચીન ભારતની સ્વાતંત્ર્ય-લડત પણ દૈવી અને આસુરી બળોના સંગ્રામ જેવી હતી... ઉત્સાહી ભારતભક્તો એ સંગ્રામમાં અંગ્રેજોને અસુરોના અને ભારતીય નેતાઓને દેવોના પ્રતિનિધિઓ તરીકે ઓળખાવવા લલચાશે... પણ હકીકતમાં અંગ્રેજો અને ભારતની પ્રજા તથા નેતાઓ બંને પક્ષે દૈવી અને આસુરી બળોનું મિશ્રણ હતું અને ગાંધીજીનો પુરુષાર્થ સત્ય અને અહિંસાની આધ્યાત્મિક શક્તિથી બંને પક્ષની શુદ્ધિ સાધવાનો હતો. મહાદેવભાઈ ૨૪ વર્ષની યુવાન વયે ગાંધીજી સાથેની પહેલી મુલાકાત વખતે જ એમનો એ આધ્યાત્મિક પ્રભાવ પારખી ગયા અને તેમણે ગાંધીજીના ચરણે બેસી જવાનો સંકલ્પ કર્યો. ('નરહરિ, મને તો આ પુરુષને ચરણે બેસી જવાનું મન થાય છે.') (પ્ર. ૯, પૃ. ૬૧).

એ સંકલ્પને અનુસરી તેમણે ૨૫ વર્ષ સુધી ગાંધીજીની અદ્વિતીય ગણી શકાય એવી સેવા કરી અને એ સેવા કરતાં પૂણેના આગાખાન મહેલમાં ૧૯૪૨ના ઑગસ્ટની ૧૫મી તારીખે ગાંધીજીના સાન્નિધ્યમાં દેહ છોડ્યો અને પોતાના ઇષ્ટદેવના હાથે અગ્નિદાહ પામવા સદ્ભાગી બન્યા.

પોતાની આત્મસમર્પણ ભાવના સમજાવતાં મહાદેવભાઈએ લખ્યું હતું, "હનુમાન જેવાને આદર્શ માની એની સ્વાર્પણસેવા પોતામાં ઉતારવી અને કેવળ સ્વામીભક્તિથી તરી જવું એ જ મારો પુરુષાર્થ છે." (પ્ર. ૧૭, પૃ. ૧૮૦). આમ જે વ્યક્તિત્વ મહાદેવભાઈએ ગાંધીજીના ચરણે ધરી દીધું તેની ચારિત્ર્યસમૃદ્ધિ અને બૌદ્ધિક સંપત્તિ આશ્ચર્યજનક હતાં. સ્વામી આનંદે તેમને 'મોગલ ગાર્ડનના ગુલાબ અને ઢાકાની શબનમ સાથે' સરખાવ્યા હતા (શુ. પૃ. ૨૫૯) અને ગાંધીજીએ 'કબીરવડ' સાથે સરખાવ્યા હતા. (પ્ર. ૧૭, પૃ. ૧૭૪). શ્રી શ્રીનિવાસ શાસ્ત્રી જેવા વિદ્વાન પણ મહાદેવભાઈ સાથેની મુલાકાતોને 'આધ્યાત્મિક મનોયત્ન' તરીકે આવકારતા (પ્ર. ૩૦, પૃ. ૫૦૬). દેશબંધુ ચિત્તરંજન દાસનાં બહેન શ્રીમતી ઊર્મિલાદેવીએ મહાદેવભાઈને પુત્ર સમાન

માનેલા. તેમણે તેમને 'ભોળા શંભુ જેવા નિજાનંદી અને ભોગી છતાં યોગી' અને 'ગૃહસ્થ છતાં સંન્યાસી' કહ્યા હતા (શુ. પૃ. ૧૦૦). મહાદેવભાઈને પોતાની માંદગી દરમિયાન કેટલાક આધ્યાત્મિક અનુભવો થયેલા જેનું રોચક વર્ણન આ પુસ્તકમાં જોવા મળે છે. (પ્ર. ૧૭, પૃ. ૧૭૭–૧૭૮).

મહાદેવભાઈના ચારિત્ર્યનું વર્ણન કરતાં ગાંધીજીએ કહ્યું હતું, "મને કોઈ પૂછે કે મહાદેવના ચારિત્ર્યનું સૌથી ઉમદા લક્ષણ કયું તો કહું કે પ્રસંગ પડ્યે શૂન્યવત્ થઈ જવાની તેની શક્તિ" (પ્ર. ૧૨, પૃ. ૯૯). વળી ૨૧–૮–૧૯૨૧ના એક પત્રમાં ગાંધીજી લખે છે, "તમારા જેવો માણસ હમેશાં મારી સાથે હોય તો છેવટે મારું કામ ઉપાડી શકે એવો લોભ રહી જાય છે." (પ્ર. ૧૯, પૃ. ૨૧૩). ઊર્મિલાદેવીએ પોતાના સંસ્મરણલેખમાં ગાંધીજીને મહાદેવભાઈ વિશે એમ કહેતાં ટાંક્યા છે કે "મહાદેવ મારો દીકરો, મારો ભાઈ, મારો મિત્ર, મારો મંત્રી બધું જ છે." (પ્ર. ૨૬, પૃ. ૪૧૦).

મહાદેવભાઈના પક્ષે તેમણે ગાંધીજીની સાથે એવું તાદાત્મ્ય સાધ્યું હતું કે ચક્રવર્તી રાજગોપાલાચારી મહાદેવભાઈને 'હૃદય દ્વિતીયમ્' કહેતા (પ્ર. ૪૩, પૃ. ૭૦૮). અને અનેક લેખકોએ નોંધ્યું છે કે ગાંધીજી અને મહાદેવભાઈની લેખનશૈલીમાં એવું સામ્ય હતું કે લેખની નીચે સહી જોઈએ ત્યારે જ ખબર પડે કે તે લેખ કોનો છે, નારાયણભાઈ વર્ણવે છે કે ગાંધીજીના કેટલાક ઉપવાસો વખતે જાતે ભોજન લેવા છતાં મહાદેવભાઈનું પણ ગાંધીજી જેટલું જ વજન ઘટતું, અને ગાંધીજીની એક માંદગી વખતે તેમણે તીવ્રપણે એવી પ્રાર્થના કરેલી કે ઈશ્વર તેમનું અડધું આયુષ્ય લઈને ગાંધીજીને બચાવો. (શુ. પૃ. ૧૦૧). ગોર્ડન નામના એક અંગ્રેજની ઈશ્વર પ્રત્યેની પ્રાર્થના ટાંકી મહાદેવભાઈ મીરાંબહેનને લખે છે, "I am approaching the new year, reading 'Bapu' for He (God) whereaver it occurs for the simple reason that I have no vision of Him, whereas I have some vision of Bapu."

હું નવા વર્ષનું સ્વાગત એ પ્રાર્થનામાં જ્યાં તે (ઈશ્વર) છે ત્યાં 'બાપુ' વાંચીને કરું છું અને તે એ જ કારણે કે મને તેનું (ઈશ્વરનું) દર્શન નથી થયું, પણ બાપુની કંઈક ઝાંખી થઈ છે (શુ. પૃ. ૩૮૯). મહાદેવભાઈની બૌદ્ધિક સંપત્તિનો અંદાજ તેઓ અઢાર વર્ષની ઉંમરે એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. થયા એ ઉપરથી જ આવી શકે એમ છે, પણ તેનો વધારે ખ્યાલ મેળવવા મહાદેવભાઈની ડાયરીઓ તથા તેમણે ગાંધીજીના

अनासक्तियोगનું અંગ્રેજી રૂપાંતર કર્યું છે તેની પ્રસ્તાવનારૂપે તેમણે My submission (મારું નમ્ર નિવેદન) એ નામના લેખમાં ભગવદ્‌ગીતાને લગતા કેટલાક પ્રશ્નોની સૂક્ષ્મ છણાવટ કરી છે તથા શ્લોકો ઉપર નોંધો લખી છે તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. એ બધામાં એમણે સાઠ ઉપરાંત પરદેશી લેખકો અને ચિંતકોનો ઉલ્લેખ કર્યો છે અને તેમનાં લખાણોમાંથી ઉતારા આપ્યા છે. એ લેખકોમાં શેક્સપિયર, વર્ડ્ઝવર્થ, શેલી, કીટ્સ, બાયરન અને બ્રાઉનિંગ જેવા અંગ્રેજ કવિઓનો પણ સમાવેશ થાય છે. ભારતીય લેખકો અને ચિંતકો જુદા, વેદ અને ઉપનિષદોમાંથી પણ મૂળ સંસ્કૃતમાં ઉતારા આપ્યા છે. મહાદેવભાઈનો બી. એ.માં અભ્યાસનો વિષય તો લૉજિક અને મૉરલ ફિલૉસૉફી (તર્કશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર) હતો, તો તેમણે સંસ્કૃતનું આવું શુદ્ધ જ્ઞાન ક્યારે અને કેવી રીતે મેળવ્યું? અને My submissionમાં અંગ્રેજ કવિઓ ઉપરાંત ઇસ્લામી અને ખ્રિસ્તી રહસ્યદ્રષ્ટાઓના ઉલ્લેખો અને તેમનાં લખાણોમાંથી ઉતારા છે એ બધાનો અભ્યાસ એમણે ક્યારે કર્યો હશે?

મહાદેવભાઈની બૌદ્ધિક સંપત્તિ એમના વાચનરસમાં પણ જોવા મળશે. કોઈ સંશોધકે મહાદેવભાઈએ વાંચેલાં પુસ્તકોની યાદી કરવા જેવી છે.

મહાદેવભાઈનું ભાષાજ્ઞાન પણ કેવું સમૃદ્ધ હતું! ગાંધીજીનું અંગ્રેજી ઉત્કૃષ્ટ કક્ષાનું હતું એ સમજી શકાય છે, કારણ કે તેઓ ઓગણીસ વર્ષની ઉંમરે બૅરિસ્ટરીના અભ્યાસ માટે લંડન ગયા હતા અને અઢી વર્ષ ત્યાં રહ્યા હતા. ત્યાં અને તે પછી દક્ષિણ આફ્રિકામાં તેઓ અંગ્રેજોના નિકટના સંપર્કમાં આવ્યા હતા. મહાદેવભાઈને એવો લાભ નહોતો મળ્યો છતાંયે એમનું અંગ્રેજી ગાંધીજીના અંગ્રેજી જેવું જ ઊંચા સ્તરનું હતું. વળી તેઓ ગાંધીજીના વિચારો સાથે એવા ઓતપ્રોત થઈ ગયા હતા કે નારાયણભાઈ નોંધે છે તેમ ગાંધીજી બોલતા હોય અને મહાદેવભાઈ નોંધ લેતા હોય ત્યારે તેમની કલમ ગાંધીજીની વાણીથી આગળ ચાલતી, ગાંધીજી બોલવાના હોય તે શબ્દ તેઓ અનુમાનથી લખી લેતા અને ગાંધીજી બોલે ત્યારે તેમના મોંમાંથી તે જ શબ્દ નીકળતો (જુઓ પ્ર. ૪૧, પૃ. ૬૮૦). આ જ વાત શ્રી ઘનશ્યામદાસ બિરલાએ નોંધી છે. તેઓ એમ પણ લખે છે કે અનુપયુક્ત શબ્દ નીકળે તો મહાદેવભાઈની કલમ અટકી જતી અને ચર્ચા ચાલતી (શુ. પૃ. ૯૭).

ક્યારેક આપણને એમ પણ લાગે કે મહાદેવભાઈ ગાંધીજીના વિચારો એમના કરતાં વધુ ચિત્રાત્મક ભાષામાં મૂકતા. ગાંધીજીના મોંમાં મુકાયેલું જાણીતું વાક્ય Truth

and non-violence are as old as the hills બાપુનું મૂળ વાક્ય 'સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે' એવું છે. સત્ય અને અહિંસા તે તો પહાડ જેટલાં પુરાણાં છે એ ગાંધીજીનું છે જ નહીં. એ તો ગાંધીજી જે બોલ્યા હતા તેનો મહાદેવભાઈએ સાર આપ્યો છે. અંગ્રેજી ઉપરાંત હિંદી, બંગાળી અને મરાઠી ભાષાઓનું પણ મહાદેવભાઈનું જ્ઞાન ઊંચા પ્રકારનું હતું.

મહાદેવભાઈએ પોતાનું આવું ભાષાજ્ઞાન સાહિત્યસર્જનમાં યોજ્યું હોત તો ગુજરાતી સાહિત્યમાં પ્રથમ હરોળનું સ્થાન પામ્યા હોત. તેમણે નારાયણભાઈને કહ્યું હતું, "પાંચ-છ નવલકથાની વસ્તુ મારા મગજમાં ગોઠવાયેલી છે" (શુ. પૃ. ૧૨૨). એમણે પાંચ-છ ટૂંકાં જીવનચરિત્રો લખ્યાં છે તે ઉપરાંત તેમણે એમની ડાયરીઓમાં કેટલીય વ્યક્તિઓનાં જીવંત રેખાચિત્રો આપ્યાં છે, એમની વર્ણનશક્તિ વિશે શ્રીમતી વનમાળા દેસાઈ લખે છે, "બાપુજી પાસે જાતજાતનાં નંગ આવે એનું રસિક વર્ણન મહાદેવકાકા કરે અને અમને હસાવે." (શુ. પૃ. ૧૩૧)

બીજી ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી ૧૯૩૧ના ડિસેમ્બર માસમાં ખાલી હાથે પાછા ફર્યા તે પછી તેમની ૧૯૩૨ના જાન્યુઆરીની ૪થી તારીખે ફરી ધરપકડ થઈ. તે વેળા મહાદેવભાઈ પણ પકડાયા. અને માર્ચ માસમાં તેઓ યરવડા જેલમાં ગાંધીજી સાથે જોડાયા ત્યારથી શરૂ કરીને ૧૯૩૩ના ઑગસ્ટની ૨૦મી સુધીનો એમણે એમની ડાયરીઓના પહેલા ત્રણ ભાગમાં ગાંધીજી, વલ્લભભાઈ અને પોતે એમ ત્રણ વચ્ચે થયેલા વાર્તાલાપો, સંવાદો, અસ્પૃશ્યતાનિવારણ અંગે ગાંધીજીના ઉપવાસો, તેને લગતા જાહેર કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપો, પત્રવ્યવહારો અને મુલાકાતો એ બધાંનાં જે તાદૃશ અને ક્યારેક રમૂજી ચિત્રણો આપ્યાં છે તે મહાદેવભાઈની વર્ણનશક્તિના શ્રેષ્ઠ નમૂનાઓ છે અને વલ્લભભાઈની ખળખળતી અને ગાંધીજીને પણ હસાવીને બેવડ વાળી દે એવી વિનોદવૃત્તિવાળાં વર્ણનો ફરી ફરી વાંચવાં ગમે એવાં છે. પરંતુ ગાંધીજીએ ૧૯૩૩ના મે માસમાં હરિજન સેવામાં પડેલા કાર્યકર્તાઓની શુદ્ધિ અર્થે ૨૧ દિવસના ઉપવાસ કર્યા ત્યારે વલ્લભભાઈ અને મહાદેવભાઈ બંનેની વિનોદવૃત્તિ સુકાઈ ગઈ. એ સમયની એ બે ગાંધીભક્તો ને ગાંધીસેવકોની હૃદયવ્યથા વર્ણવી જાય એવી નથી.

મહાદેવભાઈની પત્રકારત્વશક્તિને બિરદાવતાં ગાંધીજીએ ડૉ. સુશીલા નય્યરને કહ્યું હતું, "મહાદેવ જોકે પત્રકારત્વ મારી પાસેથી શીખ્યા પણ મારા કરતાં એમની કલમ વધારે સુગમતાથી ચાલવા માંડી." (શુ. પૃ. ૨૪). મહાદેવભાઈને इन्डपिॅन्डन्ट

દૈનિકમાં મદદ કરવા મોકલતાં ગાંધીજીએ મહાદેવભાઈને કહ્યું હતું, “તમને હું મારા મગજ તરીકે કેળવી રહ્યો છું.” (પ્ર. ૧૯, પૃ. ૨૧૪).

આ બધી ચારિત્ર્યસમૃદ્ધિ અને બૌદ્ધિક સંપત્તિ મહાદેવભાઈએ ગાંધીજીના ચરણે ધરી દીધી. ગાંધીજીએ हिंद स्वराजમાં પોતે વર્ણવેલું સ્વરાજ લેવા “આ દેહ અર્પણ છે” એવો ભવ્ય સંકલ્પ કરેલો એવું જ ભવ્ય મહાદેવભાઈનું ગાંધીજીના ચરણે આત્મસમર્પણ હતું. મહાદેવભાઈના આ આત્મસમર્પણે તેમને ગાંધીજી સાથે એવા ઓતપ્રોત કરી દીધા હતા કે નારાયણભાઈએ આલેખેલી એમની જીવનકથા ૧૯૧૭થી ૧૯૪૨ સુધીની ગાંધીકથા પણ બની છે. એ ગાંધીકથા આપતાં તેમણે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની ભૂમિકા પણ સમજાવી છે અને ગાંધીજીના સત્ય અહિંસાના સિદ્ધાંતની સૂક્ષ્મ છણાવટ ગાંધીજી અને મહાદેવભાઈના શબ્દોમાં આવરી લીધી છે. તે સાથે તેમણે ચંપારણ, અમદાવાદના મિલમજૂરોની હડતાળ, ખેડાના ખેડૂતોનો સત્યાગ્રહ, બોરસદમાં હૈડિયાવેરાની વિરુદ્ધ વલ્લભભાઈએ ચલાવેલી લડત, બારડોલીમાં સરકારે ગેરવાજબી મહેસૂલવધારો કર્યો હતો તેની વિરુદ્ધ ત્યાંના ખેડૂતોએ વલ્લભભાઈની આગેવાની નીચે ચલાવેલી લડત, જગવિખ્યાત દાંડીકૂચ, અને છેવટે આવેલો વ્યક્તિગત સત્યાગ્રહ એ બધાંમાં મહાદેવભાઈએ ફાળો આપ્યો હતો તેનું નારાયણભાઈએ રસપ્રદ આલેખન કર્યું છે. તે સાથે તેમણે મહાદેવભાઈના પિતા હરિભાઈ, સરદાર પટેલ, નરહરિભાઈ અને દુર્ગાબહેન જેવાંનાં ચરિત્રોનો અનાયાસ ઉઠાવ આપ્યો છે અને છેવટે મહાદેવ–દુર્ગાનાં ‘સ્નેહધામ ભર્યાં ભર્યાં’નાં અતિ રસિક સંસ્મરણો આપ્યાં છે.

ગાંધીજી ૧૯૩૫માં વર્ધા રહેવા ગયા ત્યાર પછી મહાદેવભાઈનું જીવન શારીરિક તેમ જ માનસિક કસોટીમાંથી પસાર થયું છે. નારાયણભાઈએ આ આખા કાળને મહાદેવભાઈની ‘આહુતિ’ તરીકે વર્ણવ્યો છે (પૃ. ૬૪૫). ૧૯૩૮ના માર્ચ માસમાં ગાંધી સેવા સંઘના ઓરિસામાં ડેલાંગ ખાતે મળેલા અધિવેશનના પ્રસંગે કસ્તૂરબા અને દુર્ગાબહેન જેમાં હરિજનોને જવા દેવામાં નહોતા આવતા તે જગન્નાથપુરીના મંદિરના દર્શને ગયાં તેથી અકળાઈ ગાંધીજીએ મહાદેવભાઈને એવો કડક ઠપકો આપ્યો કે મહાદેવભાઈએ હતાશ થઈ ગાંધીજીને છોડી જવાનો નિર્ણય કર્યો. નારાયણભાઈએ એ આખા પ્રસંગની કરુણતા પૂરેપૂરી ઉપસાવી છે, (આ આખો પ્રસંગ મને સીતાહરણ પ્રસંગે લક્ષ્મણની સ્થિતિનું સમરણ કરાવે છે, સીતાએ લક્ષ્મણને સહન ન થઈ શકે એવાં કડવાં વચન કહી રામની પાછળ મોકલ્યા અને તેઓ રામને મળ્યા ત્યારે રામે

તેમને પર્ણકુટીમાં સીતાને એકલાં મૂકીને આવવા માટે એવો જ કડક ઠપકો આપ્યો. મહાદેવભાઈએ દુર્ગાબહેનને જગન્નાથપુરીનાં દર્શને ન જવા દીધાં હોત તો કસ્તૂરબા પણ ન જઈ શકત અને તેઓ દુભાત, તેમણે દુર્ગાબહેનને જવા દીધાં એટલે ગાંધીજી દુભાયા અને દુર્વાસા બન્યા.) આહુતિનો છેલ્લો અંક ૧૯૪૨ના ઑગસ્ટની ૯મીથી ૧૫મી તારીખના અઠવાડિયા દરમિયાન પૂણેના આગાખાન મહેલમાં ભજવાયો. એ કરુણ વૃત્તાંત વાચક નારાયણભાઈની કલમે લખાયેલો જ વાંચે. ગાંધીજી જેલમાં જઈ ઉપવાસ કરશે તો એ વિચારે મહાદેવભાઈના મનમાં એવી ફડક પેસી ગઈ હતી કે એમને તેમ કરતા વારવા તેમણે ૧૯૪૨ના જુલાઈ માસમાં ગાંધીજીને લાંબો પત્ર લખ્યો હતો તે પણ વાચક નારાયણભાઈના વૃત્તાંતમાં વાંચશે. (પ્ર. ૪૪, પૃ. ૭૧૧–૨૧).

પૂણેના આગાખાન મહેલમાં મહાદેવભાઈ ‘કર લે સિંગાર ચતુર અલબેલી’ ગાતા મૃત્યુને ભેટ્યા એ તેમને માટે સારું જ થયું, નહીં તો ૧૯૪૪ના મે માસમાં ગાંધીજી છૂટ્યા તે પછી તેમણે દેશની દુર્દશા જોઈ તેથી તેમને જે દુ:ખ થયું અને ૧૯૪૬–’૪૭માં કોમી રમખાણોની પાશવલીલા ચાલી તેથી તેમણે જે અસહ્ય વ્યથા અનુભવી તેના દર્શને સંભવ છે કે મહાદેવભાઈને ચિત્તભ્રમ જ થઈ ગયો હોત.

મહાદેવભાઈના આવા अमृतं विषसंपृक्तम् જીવનમાં દુર્ગાબહેને ભારતીય સંસ્કૃતિએ કલ્પેલા પત્નીના સહધર્મચારિણીરૂપને આદર્શ રીતે ચરિતાર્થ કર્યું હતું, તેઓ ઘણી વાર કવિ ન્હાનાલાલની નીચેની પંક્તિઓ ગાતાં:

પાનાં પ્રારબ્ધનાં ફેરવું રે
માંહી આવે વિયોગની વાત જો.
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

આ પંક્તિઓ દુર્ગાબહેનને અક્ષરશ: લાગુ પડતી.

મહાદેવભાઈ ૧૯૧૭ના નવેમ્બર માસમાં ગાંધીજી સાથે જોડાયા તે પછી પતિ-પત્નીને સાથે રહેવાનું ઓછું બનતું. મહાદેવભાઈની કર્તવ્યનિષ્ઠા એવી હતી કે ૧૯૪૧ના એપ્રિલ માસમાં અમદાવાદમાં કોમી રમખાણ થયું ત્યારે ડૉક્ટરોના અભિપ્રાય પ્રમાણે દુર્ગાબહેન મરણપથારીએ હતાં છતાં મહાદેવભાઈ શહેરમાં શાંતિ સ્થાપવા દોડી ગયા હતા. (શુ. પૃ. ૩૫). મહાદેવભાઈના આવા વર્તનથી દુર્ગાબહેનને અસંતોષ રહેતો પણ ખરો. શ્રીમતી વનમાળા દેસાઈએ નોંધ્યું છે કે, “બે વચ્ચે મીઠો ઝઘડો પણ ક્યારેક થઈ જતો.” અને મહાદેવભાઈને મૈથિલીશરણ ગુપ્તનું લક્ષ્મણની પત્ની

ઊર્મિલાને થયેલા અન્યાયને લગતું “સાકેત” કાવ્ય બહુ ગમતું, કારણ કે તેઓ લખે છે, “મને થાય છે કે તેમને ઊર્મિલાની જગ્યાએ દુર્ગામાસી દેખાતાં હશે.” (શુ, પૃ. ૧૩૨–૩૩). નારાયણભાઈએ પણ લખ્યું છે કે મહાદેવભાઈના દુર્ગાબહેન ઉપરના પત્રોમાં “રિસામણાં-મનામણાં પણ થયાં હશે, કારણ કે દુર્ગાબહેને જતનપૂર્વક જાળવી રાખેલા એ પત્રો પાછળથી બાળી નાખેલા.” (શુ, પૃ. ૧૧૮).

જીવનનાં મોટા ભાગનાં વરસો આમ ચિરવિયોગમાં ગાળતાં દુર્ગાબહેનનું એકાકી છતાં ગૌરવભર્યું ચરિત્ર નારાયણભાઈએ આ પુસ્તકમાં ઠેર ઠેર ઉપસાવ્યું છે અને ‘સ્નેહધામ ભર્યાં ભર્યાં રે’ પ્રકરણમાં મહાદેવભાઈના કૌટુંબિક જીવનનું ઉજ્જ્વળ પાસું છતું કર્યું છે. મહાદેવ–દુર્ગાની આવી પરસ્પર ભક્તિ જોઈને ચિત્તરંજન દાસનાં પત્ની વાસંતીદેવીને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા *आनंदमठ*નાં પાત્રો શાંતિ-જીવાનંદની જોડીનું સ્મરણ થતું. (શુ. પૃ. ૧૦૩).

મહાદેવભાઈ જેવા મૌલિક લેખક હતા તેવા ઉત્કૃષ્ટ કોટિના અનુવાદક હતા. મોર્લીના On Compromise પુસ્તકનો અનુવાદ જે પાછળથી *सत्याग्रहनी मर्यादा* નામે છપાયો હતો તે તેમણે બાવીસેક વર્ષની ઉંમરે કર્યો હતો. પણ મહાદેવભાઈની અનુવાદક તરીકેની શક્તિની ઉત્તમ સિદ્ધિ ગાંધીજીના *सत्यना प्रयोगो अथवा आत्मकथा*ના અનુવાદની હતી. જવાહરલાલ નેહરુની આત્મકથાનો મહાદેવભાઈએ કરેલો ગુજરાતી અનુવાદ પણ એટલો જ સફળ થયો છે.

નારાયણભાઈએ ગાંધીજી, સરદાર, નેહરુ, રાજાજી, નરહરિભાઈ, પ્યારેલાલ વગેરે અનેક સમકાલીનોનાં સંખ્યાબંધ લખાણોમાંથી ઉદ્ધરણો ટાંકી, કૂડીબંધ પ્રગટ–અપ્રગટ પત્રોના આધાર આપી સો-સવાસોથીયે વધુ પ્રસંગોની રંગપૂરણી કરી, કોઈ કોઈ વાર ઇતિહાસના કાલક્રમ કરતાં એના પૃથક્કરણને વધુ મહત્તા આપી મહાદેવભાઈના ચરિત્ર જેટલું જ લક્ષ એમના ચારિત્ર્ય પર આપી તેમના પુરાણકથા સમા લાગતા પાત્રને આ ગ્રંથ દ્વારા એક જીવતાજાગતા ઐતિહાસિક પાત્ર અને કેટલીક વાર તો આત્મીય સ્વજન તરીકે મૂર્તિમંત કર્યા છે. મારી શ્રદ્ધા છે કે નારાયણભાઈનું આ પિતૃતર્પણ ગુજરાતના વાચકોને સંતર્પક અને પ્રેરક નીવડશે.

— ચી. ના. પટેલ

૪, નીલકંઠ પાર્ક,

નવરંગપુરા
અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૨૩–૮–'૯૨

# પિતૃતર્પણ

મહાદેવ જન્મશતાબ્દીનું વર્ષ મારે સારુ પિતૃતર્પણનું વર્ષ હતું, ઠેકઠેકાણે શતાબ્દીની ઉજવણીમાં ભાગીદાર થવા ઇજન મળે. તેમાં સહભાગીઓ સાથેની ચર્ચાઓથી પિતાશ્રી વિશે જોવાના નવા નવા દૃષ્ટિકોણો મળે; નવી પેઢીને પણ એમની જીવનકથા પ્રેરક બની રહે એ જોઈ હરખાઉં, આત્માની 'હાફલાઇફ' રેડિયો ઍક્ટિવિટી કરતાં ઓછી નથી!

શતાબ્દીની જવાબદારી તરીકે એમનું જીવનચરિત્ર લખવાની હામ ભીડી. લખતાં પહેલાં જ સમજાઈ ગયું કે કામ સહેલું નહોતું. લખી રહ્યો ત્યારે સમજાયું કે આખું કામ સ્વાન્ત:સુખાય થયું.

હું મહાદેવભાઈનો કેવળ પ્રશંસક જ નહોતો, પુત્ર પણ હતો. જીવનચરિત્રકાર બનવા જતાં સમજાયું કે તટસ્થતા સહજ હોય તો જ ઇષ્ટ, સાયાસ સાધેલી હોય તો એટલી ઇષ્ટ નહીં. તર્પણકારની અંજલિ ભાવસલિલથી ભીની જ હોય, એની કસોટી 'લોકો શું કહેશે?' એ નહીં, પણ 'તારું હૈયું શું કહે છે?' એ જ હોવી જોઈએ. સત્યની મર્યાદામાં રહીને ચારિત્ર્યની સાથે ચારિત્ર્યગાથા ગાવાનો આ પ્રયાસ છે,

શરૂઆતમાં મુશ્કેલીઓ અને મૂંઝવણો. હું મહાદેવભાઈનો પુત્ર તો ખરો, પણ એમની જિંદગીનાં માત્ર છેલ્લાં છ વરસ મેં એમના સહવાસમાં ગાળેલાં. અને એ છ વર્ષ મારી મુગ્ધાવસ્થાનાં, જીવનચરિત્ર લખવા સારુ એ પર્યાપ્ત ન ગણાય. મહાદેવભાઈને ગયે પૂરાં પચાસ વર્ષ થયાં. એટલે જેમની મુલાકાતોથી માહિતીનો ઢગલો ખડકાય એવા સમકાલીનો શોધવા મુશ્કેલ. જે જડે તે આશીર્વાદ આપે, માહિતી નહીં. નિરંતર પત્ર લખનાર મહાદેવભાઈના પત્રો એના પરિવાર પાસે જળવાયા નહોતા. અમારી એ

બેવકૂફી જ ને? બાએ અવારનવાર પત્રો ફાડી નાખેલા. કેટલાંક સ્થળાંતરણ કે કારાવાસને લીધે આડાઅવળા થયા હશે. મારી અવસ્થા:

'मन जखन जागल नारे, मनरे मानुष एलो द्वारे
ता'र चले जावार शब्द सुने भांगलो रे धूम अंधकारे.'

(મન તું જ્યારે જાગ્યું ના રે, મનના માનેલ આવ્યા દ્વારે, તેના ચાલ્યા જવાનો રવ સુણીને ભાંગી નીંદર અંધકારે.)

જેવી હતી.

ડાયરીઓ ઉથલાવી જોઈ તો તે નામે महादेवभाईनी डायरी ખરી, પણ હતી સર્વ ગાંધીજીની ડાયરી. મારા જન્મદિવસની આસપાસના અઠવાડિયાની ડાયરી ખોળી જોઈ, તો તેમાં પુત્રજન્મનો ઉલ્લેખ જ ન મળે!

આમ શરૂઆત પહેલાં જ સમજાઈ ગયું કે કામ કાઠું હતું, પણ બેત્રણ તત્ત્વ એવાં હતાં કે જેને લીધે આ કામ પાર પડ્યું. સર્વ પ્રથમ તો લખવા અંગે 'ના, હું તો ગાઈશ' જેવી મારી જિદ્દ. બીજું તત્ત્વ અનેક મિત્રોનું પ્રોત્સાહન. ખાસ ઉલ્લેખ કરવો જોઈએ બહેન વનમાળા અને ભાઈ મહેન્દ્ર વા. દેસાઈનો. 'પ્રસંગો ભલેને બીજાએ લખ્યા હોય, તું લખશે તો તારી આગવી રીતે જ' એમ કહી વનમાળાએ પ્રોત્સાહિત કર્યો અને 'કાંઈ નહીં તો આપણા પોતાને માટે આ પાવનકારી કામ છે, એમ સમજીને, પણ લખ' એમ કહી મહેન્દ્રે તરતાં શીખનારને પાણીમાં ધકેલનારનું કામ કર્યું.

પણ ચાવી જડી સામે છેડેથી. 'મહાદેવ જો મોહનમાં મળી જવાથી ન મળતા હોય તો એની શોધ મોહનમાં જ કરને' એવી વૃત્તિથી મેં તપાસ ચાલુ કરી. गांधीजीना अक्षरदेहમાં સેંકડો સ્થળે મહાદેવ મળી આવ્યા. ગાંધીજીનો છેડો પકડ્યો એટલે મહાદેવભાઈને મળ્યા વગર છૂટકો જ નહોતો. ગાંધીજી પાછળ સરદાર, જવાહર, દેવદાસ, રાજાજી, નરહરિભાઈ, પ્યારેલાલ — જેમનું જે સાહિત્ય મળ્યું તે ફંફોસવા માંડ્યું અને મહાદેવ જડતા ગયા. એટલા જડ્યા કે છેવટે કયા રાખવા, કયા છોડવા એવો કઠણ છતાં સુખદ પ્રશ્ન આવીને ઊભો રહ્યો!

આ કામ કાંઈ એકલાનું નથી, થોકેથોક લોકો મદદે આવ્યા છે.

કદાચ સૌથી વધારે મોટો આધાર મળી રહ્યો મારા પૂર્વસૂરિઓ પાસેથી. નરહરિભાઈનું महादेवभाईनुं पूर्वचरित ન હોત તો એમના જીવનનાં પહેલાં

પચીસ વર્ષ મોટે ભાગે અંધારામાં રહ્યાં હોત. ચંદુલાલ ભ. દલાલની स्व. महादेवभाई देसाई स्मृतचित्रो તથા गांधीजीनी दनिवारीએ અનેક ઠેકાણે ખૂટતી કડીઓ મેળવી આપી. વજુભાઈ શાહની सर्व शुभोपमायोग्य महादेवभाईએ જીવનચરિત્રકારથી પ્રશંસક કેમ બનાય એવી મારી શંકા દૂર કરી. પુસ્તકનું શીર્ષક ઝવેરચંદ મેઘાણી પાસેથી આદરપૂર્વક લીધું છે.

એક અસામાન્ય અનુભવ થયો. જે સામગ્રીની શોધમાં હોઉં, તે અનેક વાર સામેથી આવીને ઊભી રહી ગઈ — પુસ્તકરૂપે, પત્રરૂપે, છાપાંરૂપે, કોઈક વાર સાવ અજાણ્યે કે અનપેક્ષિત ઠેકાણેથી સાંભળવા મળેલા સંસ્મરણરૂપે. મેં આને ઈશ્વરની કૃપા માની છે.

શ્રી ચી. ના. પટેલને પુસ્તકની પ્રસ્તાવના લખવા વિનંતી કરવા ગયો હતો. તેમણે સંમતિ તો ખુશીથી આપી જ, પણ આખું લખાણ જોઈ-તપાસી આપવાનીયે તૈયારી બતાવી મને ન્યાલ કરી દીધો. એમના માર્ગદર્શને લેખક તરીકે મારી અનેક જવાબદારીઓનું ભાન કરાવ્યું, આને પણ ઈશ્વરની કૃપા નહીં તો બીજું શું માનું?

આભાર ઘણા ઘણાનો માનવાનો છે.

અમારા ટાઇપિસ્ટ ઝહીરુદ્દીન એમ. સૈયદ એમ તો આંશિક સમયના કાર્યકર્તા. પણ આ હસ્તપ્રત ટાઇપ કરવામાં એમણે ઘણી વાર દિવસરાત એક કર્યાં. મહાદેવભાઈએ એની પર પણ પોતાની મોહિની લગાડી છે. એ કદાચ મહાદેવભાઈનો આભાર માનશે, હું એનો માની લઉં.

સંસ્થાઓનો:

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાતનો — પુસ્તક લખવાથી માંડીને પ્રસિદ્ધ કરવા સુધી પ્રેરણા, સાથ અને સહકાર આપવા બદલ.

ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીનો — હસ્તલિખિત પત્રસંગ્રહની નકલ આપવા અને કેટલાંક પુસ્તકો મેળવી આપવા બદલ.

નેહરુ સંગ્રહાલય તથા પુસ્તકાલય, નવી દિલ્હીનો — હસ્તલિખિત પત્રોના અનેક સંગ્રહો જોવા દેવા બદલ.

ગાંધી સ્મારક નિધિ, મુંબઈનો — અનેક પુસ્તકો ઉપલબ્ધ કરી આપવા બદલ.

નવજીવન ટ્રસ્ટ, અમદાવાદનો — પુસ્તક સર્વજનસુલભ થાય એટલા સારુ શતાબ્દી સમિતિને છૂટે હાથે સહાયતા આપવા બદલ.

બહેનોનો:

પદ્માબહેન ભાવસારનો — પગલે પગલે નાનાવિધ સેવાઓ બદલ.

કુરંગી તથા ચિત્રા દેસાઈનો — હિંદી અને અંગ્રેજી ભાષાંતર કરતાં કરતાં અનેક સલાહસૂચનો અને પ્રોત્સાહન આપવા બદલ

મનોજ્ઞા, દીપિકા, સુજાતા, પંથિની, દુઆ, હંસાબહેન, કંચનબહેન, વસુધાબહેન, ઉપાબહેન મહેતા, ઉષા ત્રિવેદી તથા મોંઘીબહેનનો — વિવિધ સેવાઓ બદલ.

ભાઈઓ:

હરિદેવ શર્માનો — નેહરુ મ્યુઝિયમની તમામ સવલતો પૂરી પાડવા તથા મોંઘેરી સલાહ બદલ.

અમૃત મોદીનો — પુસ્તક-પ્રકાશનની આખી યોજના પાછળ પીઠબળ પૂરું પાડવા બદલ.

જિતેન્દ્ર દેસાઈનો — મુદ્રણને ભક્તિનો ઓપ ચડાવવા બદલ.

શતાબ્દી સમિતિના સર્વ સભ્યોનો — ક્રમશઃ વધતા જતા પુસ્તકના કદ અને પૂરું કરવા માટેની છેવટની તારીખના અંદાજ બાબત ઉદારતા દાખવવા બદલ.

હકુ શાહનો — પુસ્તકના સુશોભન અંગે સલાહસૂચનાઓ આપવા બદલ.

લક્ષ્મણભાઈ મકવાણા, જસભાઈ પટેલ તથા સ્વરાજ આશ્રમ વેડછીના અનેક વિદ્યાર્થીઓનો — સ્વયંસેવક તરીકે સેવાઓ આપવા બદલ.

સુભાષ મહેતા, મુંબઈનો — કેટલુંક સાહિત્ય ઉપલબ્ધ કરી આપવા બદલ.

અને છેવટે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનો — નવ નવ માસ સુધી મારી પ્રશિક્ષણ પ્રવૃત્તિને ગૌણ બનાવી લેખનપ્રવૃત્તિને મુખ્ય બનાવવાની ઉદારતાપૂર્વક અનુમતિ આપવા બદલ.

સર્વનો કૃતજ્ઞ છું.

— નારાયણ દેસાઈ

સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય

વેડછી-૩૯૪૬૪૧

૫–૬–૧૯૯૨

# પ્રકાશકનું નિવેદન

મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી વર્ષમાં એમનું વિસ્તૃત જીવનચરિત્ર પ્રસિદ્ધ કરવાનું મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી સમિતિએ વિચાર્યું. 'આ ચરિત્ર કોણ લખે?' તેના જવાબમાં સહુની લાગણી એક જ હતી: નારાયણભાઈ લખે તો ઉત્તમ. અને પિતૃતર્પણરૂપે આ કામ તેમણે સ્વીકાર્યું અને એક વર્ષનો સમય આપી આ ગ્રંથ તૈયાર કર્યો. તે બદલ સમિતિ તેમનો આભાર માને છે. આમ, શતાબ્દી નિમિત્તે, વર્ષો સુધી યાદ રહે તેવી, મહામૂલી ભેટ શ્રી નારાયણભાઈ પાસેથી આ ચરિત્રરૂપે આપણને મળી છે.

નવજીવન ટ્રસ્ટ તરફથી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી સમિતિને મળેલા આર્થિક સહયોગને કારણે, शुक्रतारक समा महादेवभाई ગ્રંથની જેમ જ આ ચરિત્ર પણ ગુજરાતી વાચકોને રાહતદરે આપવાનું શક્ય બન્યું છે. સમિતિ તે બદલ નવજીવન ટ્રસ્ટનો આભાર માને છે.

શ્રી ચી. ના. પટેલે આ ગ્રંથ લખાતો હતો ત્યારથી આખું લખાણ જોઈ-તપાસી આપ્યું તથા 'ગાંધીજીના ગણેશ અને હનુમાન' રૂપે આ પુસ્તકની પ્રસ્તાવના દ્વારા સ્વ. મહાદેવભાઈના જીવન અને કાર્યનો પરિચય કરાવવાનું કામ, તેમની માંદગી વચ્ચે પણ શ્રમ લઈને કરી આપ્યું, તે બદલ અમે તેમના આભારી છીએ.

એ જ રીતે લેખકના નિવેદનમાં ઉલ્લેખાયેલ અનેક ભાઈ-બહેનો તથા સંસ્થાઓનો ગ્રંથ તૈયાર કરવામાં વિવિધ રીતે સહકાર મળ્યો છે તે સહુના તથા પુસ્તકનું સરસ મુદ્રણ કરી આપવા માટે નવજીવન મુદ્રણાલયના અમે આભારી છીએ.

ગુજરાત આ ચરિત્રને આવકારશે એવી આશા છે.

# કયા દીપથી પ્રાણનો દીવડો પેટાવી...

कोन् आलोते प्राणेर प्रदीप ज्वालिये तुमि धराय आसो
साधक ओगो, प्रेमिक ओगो, पागल ओगो, धराय आसो ॥
एइ अकूल संसारे
दुःख आघात तोमार प्राणे वीणा झंकारे।
घोर विपद माझे
कोन् जननीर सुखेर हाति देखिया हासो ॥
तुमि काहार संधाने
सकल सुखे आगुन ज्वेले बेडाओ के जाने।
एमन आकूल करे
के तोमारे कांदाय जारे भालो बासो ॥
तोमार भावना किछु नाइ
के – जे तोमार साथेर साथी भावि मने ताइ।
तुमि मरण भूले
कोन् अनंत प्राण सागरे आनन्दे भासो ॥
– रवीन्द्रनाथ

- કયા દીપથી પ્રાણનો દીવડો પેટાવી

તું ધરા ઉપર આ આવે?
ઓહે સાધક, ઓહે પ્રેમિક, ઓહે પાગલ!
ધરા ઉપર તું આવે?
આ અકૂલ સંસારે
દુ:ખ-આઘાતો તવ પ્રાણે વીણા ઝંકારે
ઘોર વિપદ માંહે
કઈ જનનીનું મુખ જોઈ તું હસતું મુખ મલકાવે?
તું કોને શોધવાને
સૌ સુખોમાં પૂળો મેલી ફરતો કો જાણે!
આવો અકળાવી
કોણ રડાવે તુજને જેને પ્રેમે નવડાવે?
નવ ચિંતા કંઈ તારે
કોણ હશે તુજ સાથે સાથી મન કળતું ના રે.
તું મરણ ભૂલીને
કયા અનંત પ્રાણસાગરમાં આનંદે મહાલે?

મૂળ: રવીન્દ્રનાથ
અનુવાદ: નગીનદાસ પારેખ

'મને કોઈ પૂછે કે, મહાદેવના ચારિત્ર્યનું સૌથી ઉમદા લક્ષણ કયું? તો હું કહું કે, પ્રસંગ પડ્યે શૂન્યવત્ થઈ જવાની તેની શક્તિ.'

— ગાંધીજી

# સ્મૃતિ

(भेद करि) देखिते होइबे ऊर्ध्व शिर
 एक पूर्ण ज्योतिर्मय अनन्त भुवने।
घोषणा करिते होबे असंशय मने –
'ओगो दिव्यधामवासी देवगण जतो
मोरा अमृतेर पुत्र तोमादेर मतो ॥'
 – रवीन्द्रनाथ

 (ભેદીને) જોવું જોઈશે ઊંચે શિર
અનંત ભુવને એક પૂર્ણ જ્યોતિર્મયને
કરવી જોઈશે ઘોષણા અસંશય મને —
'હે દિવ્ય ધામવાસી દેવગણ હો તેટલા
અમેય અમૃત-સંતાન તમારા જ જેટલા.
 — રવીન્દ્રનાથ

 हम प्रभु की इच्छा क्या समझें
तुम एकाएक विदेह हुए
लगता है तुम थे सचमुच जो
वह व्यापक शाश्वत स्नेह हुए।
 – भवानी प्रसाद

# એક – મહાદેવ, ઊઠો મહાદેવ!

૧૫મી ઑગસ્ટ ૧૯૪૨. પૂના પાસે આગાખાનનો મહેલ.

ગાંધીજી ડૉ. સુશીલા નય્યરને તાર લખાવે છે: 'મહાદેવનું મરણ તો યોગી અને દેશભક્તનું હતું. એનો શોક ન થાય.'

તાર સેવાગ્રામ આશ્રમના વ્યવસ્થાપક શ્રી ચીમનલાલ શાહને નામે હતો. એ આશ્રમમાં મહાદેવનાં પત્ની દુર્ગાબહેન અને દીકરો નારાયણ હતાં. જેલમાં મૃત્યુના સમાચાર આપતો આ तार મહાદેવના આપ્તજનોને અંગ્રેજ સરકાર તરફથી ઠેઠ બાવીસ દિવસ પછી પહોંચાડવામાં આવ્યો. સાથેના ટૂંકા પત્રમાં માત્ર એક વાક્ય હતું: 'કશીક ભૂલથી આ कागळ મોકલાવવામાં વિલંબ થયો, તે બદલ દિલગીર છીએ.'

આ તાર ગાંધીજીએ લખાવ્યો ત્યારે મહાદેવ દેસાઈનો મૃતદેહ એમની સામે જ હતો. મીરાંબહેને એને આગાખાન મહેલના બગીચાનાં જાતજાતનાં ફૂલો વડે સજાવ્યો હતો. ગાંધીજીએ જાતે ધ્રૂજતે હાથે એને સ્નાન કરાવ્યું હતું. સ્નાન પછી પોતાના જ ટુવાલ વડે શરીરને લૂછ્યું હતું. ત્યાર બાદ જાતે સ્નાન કરીને એ જ ટુવાલ વડે પોતાનું શરીર લૂછ્યું હતું અને એ ટુવાલ સુશીલાને સોંપતાં કહ્યું હતું, 'આને સાચવી રાખજે. એ બાબલાને (નારાયણને) આપવાનો છે.'

મીરાંબહેને સળગાવેલી ધૂપસળીની સુગંધમાં ધીમે અવાજે ગવાતા ગીતાના શ્લોકોનો ધ્વનિ ભળવા લાગ્યો.

ઘડીભર પહેલાં કાંઈક અસ્વસ્થ, કાંઈક વિહ્વળ જણાતા ગાંધીજી ટટ્ટાર બેઠા અને સાવ ધીમા સ્વરે ગીતાપાઠમાં ભળ્યા. બેત્રણ માસ બાદ સુશીલાબહેને આ બાબત અંગે ગાંધીજી પાસે ચોખવટ માગી હતી.

'બાપુ, મહાદેવભાઈ ગયા તે ક્ષણે આપ થોડા વિહ્‌વળ થઈ ગયા હતા ને?'

'શા ઉપરથી કહે છે?'

'આપ તે વખતે જાણે કે બાવરા બન્યા હો તેમ એમની તરફ જોઈ "મહાદેવ, ઊઠો મહાદેવ!" પોકારી રહ્યા હતા ને?'

'ના, એમાં વિહ્‌વળતા નહોતી.'

'તો?'

'એમાં શ્રદ્ધા હતી.'

'શ્રદ્ધા? તે કેવી?'

'મને એમ હતું કે જો મહાદેવ એક વાર આંખ ઉઘાડીને મારી તરફ જોશે તો હું એમને કહીશ કે "ઊભા થઈ જાઓ", એમણે આખી જિંદગી મારી આજ્ઞા ઉથાપી નહોતી. એ શબ્દો જો એમના કાને પડ્યા હોત તો મને શ્રદ્ધા હતી કે એ મોતનો પણ સામનો કરીને ઊભા થઈ ગયા હોત.'

કેમ ના હોય ગાંધીજીને એવી શ્રદ્ધા? બરાબર અડધી જિંદગી મહાદેવે એમની જોડે ગાળી હતી. અને એ અડધી જિંદગીમાં ક્યારેય મહાદેવે એમની આજ્ઞા ઉથાપી હતી ખરી? આશ્રમના બુઝુર્ગ સાથી પંડિત તોતારામજીએ મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા ત્યાર પછી છએક માસે બનેલો પેલો કિસ્સો નહોતો કહ્યો? અમદાવાદના મિરઝાપુર રોડ ઉપરના મકાનમાં એક નાનકડી ઓરડીમાં મહાદેવભાઈ અને પંડિત તોતારામજી સૂતા હતા. રાતે અચાનક ધમ કરતો અવાજ થયો. પંડિતજીની આંખો ખૂલી ગઈ. જોયું તો પાસેના પાટ પર મહાદેવભાઈ ઊભા છે. એમને જ્યારે પંડિતજીએ પૂછ્યું કે, 'શું છે મહાદેવભાઈ, કેમ ઊભા થઈ ગયા?' ત્યારે સહેજ સંકોચ સાથે પાછા પાટ પર લંબાવતાં મહાદેવભાઈએ નહોતું કહ્યું કે,

'કાંઈ નહીં, સપનું આવ્યું હશે. મને સપનામાં એમ લાગ્યું કે બાપુ બોલાવે છે, એટલે મારાથી ઊભા થઈ જવાયું હશે!'

ઠેઠ ત્યારથી માંડીને મરણની ઘડી સુધી મહાદેવભાઈએ ગાંધીજીની આજ્ઞા કદી ઉથાપી હતી ખરી?

ગીતાના શ્લોકો પૂરા થયા એટલે *आश्रम भजनावलि*નાં ભજનો ગવાયાં, જેમાંનાં થોડાંક તો હજી છ દિવસ દરમિયાન આગાખાન મહેલમાં આવ્યા ત્યાર પછી સવાર કે સાંજની પ્રાર્થના વખતે ખુદ મહાદેવભાઈએ જ ગાયાં હતાં:

'દીનાનાથ દયાળ નટવર!
હાથ મારો મૂકશો મા!...
હે કૃપામૃતના સરોવર
દાસ સારુ સૂકશો મા'!
ને
મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે.
... દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે!

મૃતદેહને સ્નાન કરાવ્યા પછી ગાંધીજીએ સુશીલાને કહ્યું હતું, 'મહાદેવનાં કપડાં તું જ ધોજે, બીજાને ધોવા આપીશ નહીં. પાછળથી આ કપડાં બાબલાને સોંપવાનાં છે.' મહાદેવના ખમીસના બાજુના ખિસ્સામાંથી નીકળી ભગવદ્‌ગીતાની એક પ્રત, અને સામેના ખિસ્સામાંથી નીકળી ફાઉન્ટન પેન. જે મહાન યજ્ઞમાં થોડી ક્ષણો પહેલાં જ મહાદેવે જીવનની આહુતિ આપી હતી તેનું મૂળ પ્રેરણાસ્રોત હતી ગીતા અને એ યજ્ઞની જ્વાળાઓ પ્રગટ થઈ હતી સતત મહાદેવના વક્ષ:સ્થળ પર વિરાજતી આ કલમ દ્વારા. ખિસ્સામાંથી નીકળતી આ બે વસ્તુઓ જાણે કે મહાદેવના જીવનના પ્રતીક સમ હતી. ગીતા પ્રતીક હતી મહાદેવના ચારિત્ર્યના ઊંડાણની અને કલમ પ્રતીક હતી એના વિસ્તારની.

અત્યારે જે દેહ સમાધિસ્થ યોગીની માફક ચિરશાંત પોઢ્યો હતો તે દેખાવમાં કામદેવ ઉપર પણ કામણ કરે તેવો મોહક હતો. મૃત્યુ પહેલાં થોડી મિનિટ અગાઉ જ મીરાંબહેન પાસે ઝીણી કાતર લઈને સરોજિની નાયડુવાળા ખંડમાં મોટા દર્પણ સામે બેસીને તેમણે મૂછ મઠારી અને નખ કાપ્યા હતા. ગાંધીજીએ એક કાળે મહાદેવને ગુલાબ સાથે સરખાવેલા. તે સાંભળીને સરોજિનીએ તેમને 'ગુલે ગુજરાત' કહીને બિરદાવેલા. તે દિવસે સવારે સરોજિનીએ મહાદેવને જોઈને મીઠી મજાક પણ કરી લીધેલી, 'અસ્સલ વરરાજા જેવા લાગો છો!' મહાદેવનું પ્રિય પેલું કબીરનું ભજન —

કર લે સિંગાર ચતુર અલબેલી
સાજન કે ઘર જાના હોગા!

જાણે કે તે ભીની આંખ ઊઘડતા પ્રભાતે ચરિતાર્થ થતું હતું.

સુશીલાની પર્સમાંથી ચંદનનો એક ટુકડો મળી આવ્યો હતો. લલાટ પર તેનો લેપ કરવાથી જીવનને સદા પ્રસન્નતાથી ભરી દેનાર એ રસિયો, મૃત્યુને વધાવનાર યોગી-શો શોભતો હતો.

સુશીલા, મીરાં, સરોજિની, કસ્તૂરબા અને સૌથી વધારે તો ગાંધીજી પોતે ભજનો ગાતાં અને ગીતાપાઠ કરતાં ઉત્સુકતાથી વાટ જોતાં હતાં. ગાંધીજીએ જેલ અધિકારીઓને કહ્યું હતું, 'વલ્લભભાઈને બોલાવો, ખેરને બોલાવો, એટલે મૃતદેહના અંતિમ સંસ્કાર વિશે વિચાર કરીએ.'

અધિકારી કદાચ જાણતા હતા, કદાચ નયે જાણતા હોય. શ્રી કટેલી બહાર જઈને પાછા આવતા હતા, શ્રી ભંડારી ઉપર અધિકારીઓના ઓરડામાં જઈને ફોન કરીને પાછા આવતા હતા. તેઓ સરોજિનીના કાનમાં કાંઈ વાત કરતા હતા. પણ ગાંધીજીની આગળ મોઢામોઢ થવાની એમની હામ નહોતી. છેવટે ગાંધીજીએ જ પૂછ્યું, 'વલ્લભભાઈ આવે છે?'

'વલ્લભભાઈ અહીં નથી.' ભંડારી બોલ્યા.

'અને ખેર?'

'તેઓ પણ આવી શકશે નહીં.' શ્રી ભંડારીએ દબાતે અવાજે કહ્યું.

તે જવાબે સૌને એ વાતનું ભાન કરાવ્યું કે માત્ર મહાદેવ જ નહીં પણ પાછળ રહેલાં સૌએ કેદીઓ જ હતાં.

સરકાર આ કેદીઓની સેવા કરવા ખાતર યરવડાની જેલમાંથી ક્રિમિનલ કેદીઓ મોકલતી. (મહાદેવે છયે દિવસ બધાં કામ જાતે કરી આમની સેવા નહોતી લીધી) તે પૈકી એકે કહ્યું, 'મોટરલૉરી આવી ગઈ છે, અને એક બ્રાહ્મણ પણ આવ્યા છે.'

'બ્રાહ્મણ?' ગાંધીજીના કાન સરવા થયા, 'બ્રાહ્મણ શાને માટે?'

'અહીં કાંઈ પૂજાપાઠ કરાવવાં હોય તો.' એક અધિકારીએ નીચું જોઈને જવાબ આપ્યો.

'અહીંના પૂજાપાઠ થઈ ચૂક્યાં છે.' ગાંધીજીએ સહેજ કડક, કિંચિત્માત્ર ઊંચા સ્વરે કહ્યું.

ભંડારી સરોજિની નાયડુને આગળ ધરતા ગાંધીજી પાસે આવ્યા, 'શી ખબર છે?' ગાંધીજીએ જ પૂછ્યું.

'મેં બધી વ્યવસ્થા કરી દીધી છે.' સહેજ થોથવાતા અવાજે ભંડારીએ જવાબ આપ્યો.

'શી વ્યવસ્થા કરી છે? હું શબ મિત્રોને હવાલે કરી શકું?' ભંડારી ભયાકુલ ચહેરે સરોજિની ભણી જુએ છે. એમના વતી સરોજિનીદેવીએ ચોખવટ કરી, 'સરકાર કોઈને શબ આપવા માગતી નથી. ભંડારી પોતે જઈ ઘાટ પર અગ્નિદાહ દેશે.'

'અમારામાંથી કોઈ શબની સાથે જઈ શકશે?'

'ના જી.'

ગાંધીજી ચૂપ રહ્યા. એમના મનમાં ધર્મમંથન ચાલતું હતું. એમણે યાદ કર્યું કે સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂનીને ફાંસી દીધા પછી ખૂનીની લાશ એનાં સગાંસંબંધીઓને સોંપવામાં આવી હતી, એ લાશ લઈને સરઘસ નીકળ્યું હતું. એનાથી કોમી હુલ્લડ થાય એવી પૂરી સંભાવના હતી. છતાં તેની છૂટ આપવામાં આવી હતી. આજે એ સરકાર મહાદેવ જેવાનું શબ એના સંબંધીઓને સોંપવા તૈયાર નહોતી. આ મુદ્દા પર લડી લેવું કે કડવો ઘૂંટડો પી જવો એ સંકટ ગાંધીજી સામે હતું. મહાદેવના મૃત્યુને રાજકીય પાસ આપી એમાંથી લાભ ઉઠાવવો એ સત્ય-અહિંસાના પૂજારીને વિવેકયુક્ત ન લાગ્યું. પિતા પોતાના પુત્રના મરણને રાજકારણી હિલચાલ સારુ શી રીતે વટાવે?

'તો અહીં મારી સામે હું શબને દાહ દઈ શકું? જે મહાદેવ કોઈ દિવસ મને અગ્નિદાહ દેશે એવી હું આશા રાખી બેઠો હતો, તેને દાહ દેવાનો આજે મારો વારો આવ્યો. આખું જીવન એ મારો પુત્ર હતો, આજે હું એનો પુત્ર બન્યો છું.' ગાંધીજીએ તોડ કાઢ્યો.

પ્રથમ મુંબઈ અને પછીથી દિલ્હી ફોન જોડીને ભંડારીજીએ રજા મેળવી. તે જ સ્થળ પર અગ્નિદાહની તૈયારીઓ શરૂ થઈ. મહાદેવ કેદી તરીકે મરણ પામ્યા હતા એટલે ગાંધીજીએ મૃતદેહને જેલની ચાદરમાં વીંટવાનો આગ્રહ રાખ્યો.

ગાંધીજીએ જેલને મહેલ ગણવાનો બોધ આપેલો. પ્રસંગ એવો ઘટ્યો કે મહેલ જ એમને સારુ જેલ બન્યો. આગાખાનની માલિકીના મકાનને ઉતાવળમાં જેલના રૂપમાં ફેરવવામાં આવ્યું. આસપાસ લાકડાંનાં પાટિયાં જોડીને એવી જાળી ઊભી કરવામાં આવી કે જાણે પહેલેથી જ ત્યાં તે બાંધેલી હોય. ઉતાવળમાં ને ઉતાવળમાં તાજાં છોલેલાં પાટિયાંનાં છોડિયાં ત્યાં જ પડ્યાં રહ્યાં ને જૂનો રંગ એક બાજુએ લગાડ્યો હતો તે પણ એમ જ હતો. બીજી બાજુ, નવી છોલેલી જાળી રંગ વગરની એમ ને એમ રહી ગઈ હતી. તરતોતરત ચારે તરફ કાંટાળા તારની વાડ ખડી કરવામાં આવી અને એની ફરતે ખડા

કરાયા ૭૬ બંદૂકધારી સિપાઈઓ સુકલકડી કાયાવાળા ચુંમોતેર વરસના એ 'ખતરનાક' કેદીને સાચવવા આટલી તો તકેદારી રાખવી જ પડે ને?!

મૃત્યુ દ્વારા મહાદેવે એ બંધનમાંથી મુક્તિ મેળવી. વાડની પેલે પાર ઘાસ વઢાવીને મેદાન સાફ કરવામાં આવ્યું. તાર કાપીને એમાંથી નનામી જઈ શકે એટલો મારગ કરવામાં આવ્યો. આસપાસનાં વૃક્ષોની ડાળીઓ કાપી નનામી બનાવવામાં આવી. છ જણે ખાંધ દીધી. ગાંધીજીએ તોલડી લીધી. બાકીના સૌ મૂંગે મોંએ પાછળ ચાલ્યાં. શબ ચિતા પર ગોઠવવામાં આવ્યું ત્યારે કસ્તૂરબા સારુ દૂર એક ખુરશી ગોઠવવામાં આવી. બા તો બાવરાં બની ગયાં હતાં. આંસુભરી આંખે બંને હાથ જોડીને તેઓ વારંવાર કહેતાં હતાં, 'ભાઈ, જ્યાં જજે ત્યાં સુખી રહેજે, તેં બાપુની ઘણી સેવા કરી છે. બધાંને સુખ પહોંચાડ્યું છે. તુંયે સુખી રહેજે.'

શબ પર લાકડાં ગોઠવાવા લાગ્યાં ત્યારે ગાંધીજીએ સુધ્ધાં બે ડગલાં આગળ જઈને મહાદેવના મુખનાં છેલ્લાં દર્શન કર્યાં. ગાંધીજીએ જાતે જ મુખાગ્નિ દીધો. આખું જીવન જે પિતા હતા તેમણે પુત્રધર્મ બજાવ્યો.

ચિતા બળ્યા પછી ટાઢી પડેલી ભસ્મને ગાંધીજીએ એક ડબ્બામાં સંઘરી. એ ભસ્મથી પોતાના કપાળે તિલક કર્યું અને કહ્યું, 'આ ભસ્મ દુર્ગા સારુ સાચવી રાખવાની છે.' વચ્ચે એક વાર ફરી તેમણે બાબલાને યાદ કર્યો. સરકારી અમલદારને ઉદ્દેશીને તેમણે કહ્યું, 'જો અહીંથી અમે કોઈ જીવતા ન નીકળીએ તો મહાદેવના દીકરાને આ જગ્યા તમે દેખાડી દેજો.'

સૌ જેલવાસીઓને લાગતું હતું કે ૯મી ઑગસ્ટે ધરપકડ થઈ ત્યારથી મહાદેવભાઈના મગજ પર એક બોજો હતો. ગાંધીજી અનેક વાર એવો ઇશારો કરી ચૂક્યા હતા કે આ વખતે જેલમાં જતાંની સાથે જ આમરણ નિર્જળા ઉપવાસ પર ઊતરવાનો તેમનો ઇરાદો હતો. મહાદેવભાઈને આ વિચાર જરાયે રુચ્યો નહોતો, અને તેમણે તેનો વિરોધ પણ કર્યો હતો. પણ એ વિવાદ જેલ જતાં સુધી પૂરો નહોતો થયો. જેલમાં આવ્યા પછી પણ અનેક વાર મહાદેવભાઈએ સાથીઓને કહ્યું હતું,

'બાપુના ઉપવાસની વાત ડેમોક્લીસની તલવારની માફક મારા માથા પર લટકે છે.'

મહાદેવભાઈના જોડિયા સચિવ શ્રી પ્યારેલાલનો મત હતો કે મહાદેભાઈના મરણથી ગાંધીજીનું અનશન ટળ્યું હતું. તેમણે લખ્યું છે:

'ગાંધીજીને અનશન કરતા રોકવામાં જ્યારે સૌએ હાથ ધોઈ નાખ્યા હતા, ત્યારે

મહાદેવભાઈ તેમને રોકવામાં સફળ થયા હતા. મારી જાણમાં ગાંધીજીના જીવનભરમાં આવા પ્રકારનો આ એકમાત્ર દાખલો છે.'૧

ખુદ ગાંધીજીએ આ જ વાતને પોતાની ઢબે કહી:

'મહાદેવનું બલિદાન કંઈ નાનીસૂની વાત નથી, તે એકલું પણ બધું કામ કરશે. મહાદેવે "કરેંગે યા મરેંગે"નું સંપૂર્ણપણે આચરણ કર્યું. આ બલિદાન હિંદની મુક્તિનો દિવસ નજીક લાવ્યા વિના નહીં રહે.'

ચિતા ઠાર્યા બાદ પાછા ફર્યા ત્યાર પછી મહિનાઓ સુધી આગાખાન મહેલમાં રહેલી આ જાણીતા કેદીઓની મંડળીમાં વાતોનો વિષય એક જ હતો — મહાદેવ. એ વાતોમાં મહાદેભાઈના જીવનનાં બંને પાસાંઓ — યોગી અને દેશભક્ત — નો સમાવેશ થતો હતો.

સુશીલાએ યાદ દેવડાવ્યું કે, 'સદાય પ્રફુલ્લવદન રહેતા મહાદેવભાઈ આગાખાન મહેલમાં આવ્યા પછી ખૂબ ગંભીર રહેતા હતા.' મીરાંએ કહ્યું કે, 'બાપુના ઉપવાસના નિશ્ચયનો બોજો એમને અકળાવી રહ્યો હતો,' સરોજિનીએ કહ્યું કે, 'ક્યારેય કોઈએ બીજાને માટે જીવન આપ્યું હોય તો તે મહાદેવે. ઈશુ ભગવાનની પેઠે બીજા લાંબું જીવી શકે એટલા સારુ તેઓ મર્યા. માણસ બીજાને માટે પોતાના પ્રાણ અર્પણ કરે તેના કરતાં એક માણસ બીજાની શી વધારે સેવા કરે?'

આગાખાન મહેલમાં મીરાંબહેને સમાધિને સ્થાને માટીનો ચોતરો બનાવીને એની ઉપર શંખલા વડે મોટો ૐ અક્ષર લખ્યો. લંબચોરસ ચોતરાને ચાર ખૂણે તેમણે ચાંદ-તારાનાં ચિહ્નો અંકિત કર્યાં, અને નીચલા ભાગમાં વચ્ચોવચ ચીતર્યો એક ક્રૉસ. કસ્તૂરબાએ આ સ્થળને 'મહાદેવ મંદિર' નામ આપ્યું, અને ગાંધીજીએ સવાર-સાંજ સમાધિ પર આવી ત્યાં ફૂલ ચડાવી, ગીતાનો બારમો અધ્યાય બોલવાનો ક્રમ શરૂ કર્યો. તેમણે કહ્યું, 'મહાદેવનું જીવન એટલે ભક્તિનું અખંડ કાવ્ય.' એને સ્મરવા સારુ ભક્તિયોગના શ્લોકો જ કામ લાગે ને?

મહાદેવના મરણના સમાચારને સરકારે બને એટલા ગુપ્ત રાખવા પ્રયત્ન કર્યા. એમ તો ગાંધીજી વગેરેને પકડીને આગાખાન મહેલમાં રાખ્યા છે એ વાતને જ છુપાવવા પ્રયાસ કરેલો. ત્રણ દિવસ પહેલાં જ તે અંગે એક રમૂજી પણ બોધપ્રદ કિસ્સો થઈ ગયેલો. કસ્તૂરબાને સારુ દાક્તરે કાંઈક દવાનાં નામ લખી આપ્યાં અને પૂનાની બજારમાંથી તે દવા લાવવાનું કહ્યું. દાક્તરે પોતાની દવાની યાદી પર દરદી તરીકે

કસ્તૂરબાનું નામ પણ લખેલું. મહાદેવભાઈ એ જોઈ હસ્યા. પછી એ તરફ તેમણે ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું કે બજારમાં જે કોઈ આ નુસખો લઈને જાય તો સૌને ખબર પડી જાય કે કસ્તૂરબાને ક્યાં રાખવામાં આવ્યાં છે અને એમને શી બીમારી છે! પણ સત્યાગ્રહી કાંઈ પ્રતિપક્ષીને ચાલાકીથી જીતતો હશે? નહીં. તે તો તેને પ્રેમથી જીતવા માગે છે. એટલે ગાંધીજીએ મહાદેવને કહ્યું કે આ અંગે ચિઠ્ઠી બહાર નીકળી જાય તે પહેલાં જ એ લોકોનું ધ્યાન દોરો. આમ કરવાથી જેલ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી કટેલીને તો જાણે કે પ્રાણમાં પ્રાણ આવ્યા અને મહાદેવનો ઉપકાર માનતાં થાક્યા જ નહીં.

આ દિવસોમાં આખો વખત મહાદેવભાઈનું ચિંતન આંદોલન અંગે જ ચાલતું હતું. તેઓ માનતા હતા કે મોટે ભાગે તો આ આંદોલન એ ભારતની સ્વતંત્રતા માટેનો અંતિમ યજ્ઞ સિદ્ધ થશે. સાથે સાથે તેઓ એમ પણ માનતા હતા કે આ યજ્ઞમાં જો ગાંધીજીને સાથ આપવો હોય તો પોતાનું આચરણ એમણે સૂચવેલા આદર્શો મુજબનું એકાદશવ્રતથી પુનિત બનેલું એવું સત્યાગ્રહી જીવન હોવું જોઈએ. તેથી ક્યારેય પણ નવરાશની પળોમાં વાતો ચાલતી હોય તેમાં જે કોઈની નિંદાની ગંધ સરખી પણ આવે તો ત્યાંથી તેઓ ખસી જતા. બાપુના સચિવાલયનું ભારે કામ તો કારાવાસને કારણે હતું નહીં, પણ નાનાં કામોની તેમને નાનમ નહોતી. તેથી આખો દિવસ પોતે કાંઈક ને કાંઈક કામમાં રોકાઈ રહેતા. બાપુનાં કપડાં ધોવાનું કામ એમણે ઉપાડ્યું હતું. ચૂલો સળગાવવાથી માંડીને રાંધીને પીરસવાનું કામ પણ એમણે જ ઉપાડ્યું હતું. સૌને સારુ નાની નાની સેવા કરવામાં તેઓ હરખ અનુભવતા. તેમણે જૂના તાર શોધી કાઢી એને વાળીને એક ટોસ્ટર બનાવ્યો. તેના વડે ટોસ્ટ બનાવતાં જોઈને ગાંધીજી પૂછે, 'નેસેસિટી ઇઝ ધ મધર ઑફ ઇન્વેન્શન' એનું ગુજરાતી શું? તરત મહાદેવ કહે, 'ગરજ એ શોધની જનની.' સુશીલા અને સરોજિનીને પ્રેમ-આગ્રહથી ચા પિવડાવે — રોજ ૫૦૦ વાર કાંતવાની, આખી ગીતાનો પાઠ કરવાનો અને ડાયરી લખવાનો ક્રમ તો શાને તૂટે? ૧૫મીની સવારે બાપુના ખોળામાં માથું મૂકીને તેમણે અંતિમ શ્વાસ લીધો. ૧૪મી ઑગસ્ટ સુધી તેમણે પોતાની ડાયરી લખી છે.

જેલમાં કેદી તરીકે હતા અને બહાર પત્રો લખવાની ગાંધીજી, મહાદેવભાઈ કે એમના સાથીઓએ છૂટ માગી નહોતી, તેથી સચિવ તરીકે પત્રવ્યવહારનું કામ ખાસ નહોતું. માત્ર બે પત્રો ગાંધીજીએ લખ્યા હતા. એક મુંબઈ સરકારને અને બીજો વાઇસરૉયને. બંને પત્રો લખવામાં તેમણે મહાદેવભાઈનાં સલાહસૂચનો અને મદદ લીધાં હતાં.

મુંબઈના ગવર્નરને લખેલા પત્રમાં મુંબઈથી જેલમાં લઈ જતાં ટ્રેનમાંથી લૉરીમાં ચડાવતી વખતે મહેતા નામના કોઈ કાર્યકર્તાને ઢોરની માફક ઘસડીને લૉરી સુધી લઈ જઈને લૉરીમાં ફેંકતાં ગાંધીજીએ નજરોનજર જોયેલો તે પ્રસંગ અંગે ફરિયાદ હતી. તે જ પત્રમાં વલ્લભભાઈ એક દરદી તરીકે ગાંધીજીની સારવાર લેતા હતા તેથી તેમને પોતાની સાથે કેદમાં રાખવાની માગણી પણ હતી.

બીજો પત્ર દેશના આગેવાનોને આમ પકડવામાં સરકારે કરેલી ભૂલ બાબત હતો. આ ગિરફતારીઓ અંગે સરકારે બહાર પાડેલા જાહેરનામામાં ગાંધીજીને અનેક વિકૃતિઓ અને ભૂલભરેલી રજૂઆતો દેખાઈ હતી. તેની તરફ ધ્યાન દોરીને તેમણે એમ કહ્યું હતું કે પોતે જાહેર કર્યું હતું તે મુજબ જો એમને મળવા બોલાવ્યા હોત તો કૉંગ્રેસની માગણીમાં જે કાંઈ ખામી તેને દેખાય તે દૂર કરવા કૉંગ્રેસ તૈયાર હતી અને એમ વાટાઘાટોનાં દ્વાર ખુલ્લાં હતાં. પણ સરકારે ઉતાવળથી સૌની ધરપકડ કરીને તે બંધ કરી દીધાં હતાં.

આ પત્ર લખવામાં પણ મહાદેવભાઈનો હાથ હતો. ગાંધીજીનો ઇરાદો તો જેલમાં જતાં જ ઉપવાસ પર ઊતરવાનો હતો. ઉપવાસ કરતાં પહેલાં પત્ર દ્વારા પોતાની ભૂમિકા સ્પષ્ટ કરવી એ જરૂરી છે એ વાત છેવટે મહાદેવ ગાંધીજીને ગળે ઉતારી શક્યા હતા. પત્રના બેત્રણ વાર ખરડા થયા હતા. સાથીઓએ ફેરફારો સૂચવ્યા હતા તેમાંથી કેટલાક એ પત્રમાં આમેજ કરવામાં આવ્યા હતા. છેવટની નકલ મહાદેવભાઈએ પોતાના મોતીના દાણા જેવા અક્ષરે કરી હતી. ૧૪મી ઑગસ્ટે એ પત્ર રવાના થયો ત્યારે સૌથી વધુ આનંદ મહાદેવભાઈને થયો હતો. તેમણે તે સાથીઓ આગળ વ્યક્ત પણ કર્યો હતો. 'હાશ. હવે આ પત્રનો જવાબ આવતાં બેક અઠવાડિયાં થશે. ત્યાં સુધી તો બાપુ ઉપવાસ નહીં આદરે. આમ બાપુનું મોત એટલું પાછળ ઠેલાયું ગણાય ને?' છ છ રાતો મહાદેવભાઈએ બાપુના ઉપવાસની ચિંતામાં અધી ઊંઘમાં ગાળી હતી. ૧૪મીની રાતે તેઓ નિરાંતે ઊંઘ્યા હતા. એનાથી આવેલી તાજગી જ ૧૫મીની સવારે સૌ સાથીઓએ એમના મુખ પર નિહાળી હતી.

મહાદેવના મરણ અંગે સરકારને શુષ્ક એવી પણ યાદી તો બહાર પાડવી જ પડી. એ સમાચારથી દેશ હાલી ઊઠ્યો. યુદ્ધકાળના સખત નિયંત્રણ છતાંયે આખા દેશનાં નાનાંમોટાં સર્વ અખબારોએ આ સમાચારને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું. મુંબઈના *જન્મભૂમિએ* આઠ કૉલમનું મથાળું આપી કહ્યું, 'એના આત્માની જ્યોતિ સદા જલતી રહેશે.' એમણે એકથી વધુ અગ્રલેખો લખ્યા. એના 'કલમ અને કિતાબ' સ્તંભમાં 'પરમ

ભક્ત અને પરમ સાધક મહાપ્રાણ' એવા મથાળા હેઠળ લાંબા લેખને અંતે લખ્યું, 'હે ઈશ્વર, આ કારી ઘા ઝીલવાનું તારા સૌથી પ્યારા બંદાને અને અમને બળ આપો.'

મહાદેવભાઈની દેશભક્તિની સુવાસ પચીસ વર્ષના અનન્ય સેવાકાળ દરમ્યાન દેશને ખૂણે ખૂણે ફેલાયેલી હતી. 'ભારત છોડો' આંદોલન નિમિત્તે દેશભરમાં ભાંગફોડનું મોજું પ્રસરી ચૂક્યું હતું. પણ અહિંસાના મસીહાના અનન્ય ભક્તના કારાવાસમાં નીપજેલા અચાનક મરણના સમાચારની પ્રતિક્રિયા સારાયે દેશમાં ઠંડા પ્રતિકારની જ આવી. મહાદેવભાઈને જેલમાં મારી નાખ્યા, એમને બરફની લાદી પર સુવડાવ્યા, એમને વીજળીના આંચકા આપ્યા, એમને ખાવામાં કાંઈક આપી દીધું એવી અનેક અફવાઓની વચ્ચે પણ નાનાં નાનાં ગામડાંઓથી માંડી મહાનગરો સુધી લોકોએ શાંતિમય રીતે જ પોતાનો શોક પ્રદર્શિત કર્યો. હડતાળ, સરઘસ, શોકઠરાવ, પ્રાર્થનાસભા વિના કોઈ સ્થળ બાકી ન રહ્યું. ઠરાવોની નકલ દુર્ગાબહેનને નામે સેવાગ્રામ કે બીજે જ્યાં જ્યાં કલ્પી શકે તેવે ઠેકાણે ગઈ, પણ લોકો તો ઠરાવની એક નકલ મહાદેવભાઈના સર્વસ્વ એવા ગાંધીજીને પણ મોકલાવવા ઇચ્છતા હતા, તે ક્યાં મોકલે? કેટલાકે મુંબઈ સરકારને ઠરાવ મોકલાવ્યા પણ મોટા ભાગના દેશને ગાંધીજી ક્યાં છે તેની જાણ સુધ્ધાં નહોતી. દેશ સમસમીને બેઠો હતો. લોકો મૂંગાં આંસુ સારતા હતા. કોઈ કોઈ હિમ્મતવાન છાપું પોતાના અગ્રલેખમાં દેશની પીડાને વાચા આપતું: 'મહાદેવ સ્વાધીનતાના પુણ્યયજ્ઞના પાવકમાં પાવક આહુતિ બનીને હોમાઈ ગયા. એક દૃષ્ટિએ જોઈએ તો આક્રંદના અશ્રુસાગરો રેલાવે અને બીજી રીતે જોઈએ તો અમર દેવતાઓ પણ જેની ઝંખના કરે, એવું મૃત્યુ એમણે પ્રાપ્ત કર્યું — એ ચાલતે યુદ્ધે ગયા. અહિંસક સૈનિકનાં બધાંય આયુધોથી પ્રકાશ અને સ્વતંત્રતાના દુશ્મનો સામે ઝૂઝતાં ઝૂઝતાં કારાગારમાં ગયા. જીવનભર પોતે જેને પોતાના ઇષ્ટ સદ્‌ગુરુ માન્યા હતા, તેમની નજર સામે, તેમના ખોળામાં માથું મૂકીને ગયા. આવા બડભાગી મૃત્યુની કોને ઈર્ષ્યા ન આવે?'

શ્રી કાંતિલાલ જોશીએ જનવાણીને પદ્યમય રૂપ આપ્યું:

જે જેલને મહેલ ગણી ગયો'તો
તે મહેલમાં અંતિમ અસ્થિ તારાં
તપસ્વીના પાવનકારી આશિષો
લઈ શમ્યા શાશ્વત શાંતિ-ગોદમાં,
સ્વાતંત્ર્યના આખરી જંગમાં શમ્યો

માભોમની મુક્તિ રટંત તારો
આત્મા સ્વકાર્યે રહી મગન સંચર્યો.

દેશનેતાઓ તો મોટા ભાગના જેલમાં હતા. એટલે એમની અંજલિઓ તો બેચાર વર્ષ પછી પ્રગટ થઈ. જેલમાં ગયા નહોતા તેવા ચક્રવર્તી રાજગોપાલાચારીએ જે અંજલિ આપી તેમાં ઘણાનાં હૃદયનો પડઘો પડતો હતો, તેનો કેટલોક માર્મિક ભાગ આ રહ્યો:

'ગાંધીજી માટે આ ભારે આઘાત છે. મહાદેવ જે પ્રેમાળ પત્ની અને પુત્રને મૂકતા ગયા છે તેમને લાગ્યો હશે તેના કરતાંયે વધારે ભારે. મહાદેવનો ગાંધીજી જોડેનો સંબંધ વર્ણવ્યો જાય એમ નથી. જ્યારે જ્યારે પણ ગાંધીજીનું શરીર થોડોક થાક ખાય ત્યારે મહાદેવ એમના વતી કામ કરનાર વધારાના શરીર સમા હતા. ગાંધીજી આજે ખરેખર અનાથ બન્યા છે. મહાદેવ ગાંધીજીના માત્ર સચિવ કે એમનું ગાયેલું ગાનાર ધ્વનિપેટી નહોતા. કોઈ કોઈ વાર ગાંધીજી સાથે સ્નેહ અને ઈમાનદારીપૂર્વક લડી પણ લે એવાઓને મહાદેવ બળ આપી રહેતા. પોતાના સ્વામીએ હાથ ધરેલા કેટલાક અત્યંત મહત્ત્વના વિષયોના નિર્ણયોને હળવા કરવા કે ફેરવવામાં તેઓ મદદગાર થઈ પડતા.'

મહાદેવભાઈના સાથીઓમાંથી એક શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા. ગાંધીજીના સાથીઓમાં એક મૌલિક ચિંતક. તેમણે એક વાર 'મૃત્યુ — જીવનની એક શક્તિ' નામનો લેખ લખ્યો હતો. આવા લેખથી (ગાંધીજી જેવાઓને) અવિવેકભર્યા આમરણ ઉપવાસને પ્રોત્સાહન મળશે એમ વિચારી મહાદેવભાઈ *હરજિન*પત્રોમાં એને પ્રગટ કરવા નહોતા ઇચ્છતા, પણ ગાંધીજીની સ્વીકૃતિ એ લેખને મળી ગઈ હતી તેથી તેઓ એ બાબત ચૂપ રહ્યા. કિશોરલાલભાઈએ મહાદેવભાઈના મરણ પછી લખ્યું, 'એ લેખના લેખક તરીકે મારા મનમાં તો એ વિચાર હજી માત્ર વિચારરૂપે છે, પણ મહાદેવભાઈએ તો એને ચરિતાર્થ કરી બતાવ્યો.' કોઈક કહ્યું, 'મહાદેવભાઈ બહુ વહેલા ગયા,' ગાંધીજીએ પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતાં કહ્યું, 'મહાદેવે જીવનનો મોહ છોડી દીધો હતો, અને હું હમેશાં કહેતો આવ્યો છું કે જે માણસ જીવવાનો મોહ છોડી દે છે, તેનો દેહ આપોઆપ છૂટી જાય છે.' હજી આગલે દિવસે જ વાતવાતમાં મહાદેવે પહેલાં અનેક વાર બોલી ચૂકેલા તે જ વાક્ય ફરી કહેલું:

'હું ઈશ્વરને એક જ પ્રાર્થના કર્યા કરું છું. મને બાપુ પહેલાં ઉઠાવી લે!' અને સાથે સાથે એ પણ કહ્યું કે:

'ઈશ્વરે મારી પ્રાર્થના કદી તરછોડી નથી.'

એક યોગીની ચિંતનધારા હતી જે ગાંધીજીના ખોળામાં માથું મૂકીને પોતાની જીવનલીલા સમાપ્ત કરવા ઝંખતી હતી. બીજી દેશભક્તની ચિંતનધારા હતી જે ભારત છોડો આંદોલનમાં ‘કરેંગે યા મરેંગે’ના સૂત્રને ચરિતાર્થ કરવા મથતી હતી. બંને ૧૫મી ઑગસ્ટ ૧૯૪૨ના પ્રાતઃકાળે સંગમ અનુભવી રહી.

ગાંધીજીએ ટૂંકું જીવ્યા એ વાતનો સ્વીકાર ન કરતાં કહ્યું:

‘મહાદેવનું કામ પૂરું થઈ ચૂક્યું હતું. તેમણે પચાસ વર્ષમાં સો વર્ષનું કામ કર્યું હતું. તે વધુ વખત શા સારું રહે? ભગવાન તેને વધુ વખત શા સારુ રહેવા દે?’

ગાંધીજીની આ જ શ્રદ્ધાને ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરે વર્ષો પહેલાં એક મધુર ગીતમાં ગૂંથી હતી. મહાદેવભાઈએ પોતાની અનુપમ રીતે એ ગીતને ગુજરાતીમાં ઉતાર્યું હતું:

જીવને જે પૂજા પૂરી ન થાયે —
જાણું હું જાણું તેયે વ્યર્થ ન જાયે.
જે કળી ખીલ્યા વિણ ઝરે છે ધરણીએ,
જે નદી મરુસ્થળે ખોવાઈ જાયે —
જાણું હું જાણું તેયે વ્યર્થ ન જાયે.
જીવને પથિકો જે રહ્યા છે પીછે
જાણું હું યાત્રા તેયે જમા થવાની છે.
મારા અણપ્રીછ્યા, મારા અણપિછાણ્યા
તારા વીણાતારે સૂરો છેડાયે —
જાણું હું જાણું તેયે વ્યર્થ ન જાયે.

પચાસ વર્ષોની એ અલ્પાવધિમાં સો વરસનાં કરાયેલાં કામ અંગે આપણે આગળ ઉપર વિગતવાર વિચાર કરીશું.

નોંધ:

૧. हरजिनबंधु, ૯–૨–’૪૬.

# પ્રસ્તુતિ

Smiling, sincere, incorruptible —
His body disciplined and limber
A man who had become what he Could
And was what he was —
Ready at any moment to gather everything
Into one simple sacrifice.
— Dag Hammarskjold

મલકતો અપાપવિદ્ધ, નિશ્ચલ —
દેહ છે અનુશાસિત અને ચપલ
બની શકતો હતો તે બનેલ
અને જે હતો તે થઈ ગયેલ —
પ્રસ્તુત હરઘડી, આટોપી સકલ
દેવા એક આહુતિ સરલ.
— દાગ હેમરશ્યોલ્ડ

અમે મૂર્તિમંત આત્મસમર્પણ બનીએ
મૂર્તિમંત દિવ્યતા બનીએ
મૂર્તિમંત નમ્રતા બનીએ
જેથી આ દેશને વધુ સમજી શકીએ
અને વધુ ચાહી શકીએ.

—મો. ક. ગાંધી

# બે – સંસ્કાર

ગીતાના છઠ્ઠા અધ્યાય 'ધ્યાનયોગ'માં અર્જુને એક પ્રશ્ન ઉઠાવ્યો છે:

कच्चन्नोिभयवभि्रष्टश् छन्नािभ्रमवि नश्यता।
अप्रतष्ठिो महाबाहो वमिढ़ो ब्रह्मणः पथा॥
एतन् मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते॥ (गीता, 6: 38, 39)

પામે નાશ નિરાધાર છૂટી કો વાદળી સમો,
બંનેથી એ થઈ ભ્રષ્ટ, ભૂલેલો બ્રહ્મમાર્ગને!
મારો સંશય આ, કૃષ્ણ! ઘટે સંપૂર્ણ ભાંગવો,
નથી આપ વિના કોઈ, જે આ સંશયને હણે. (ગીતાધ્વનિ, 6: 38, 39)

અને આ સંશયનો નાશ કરતાં શ્રીકૃષ્ણે બાંયધરી આપી કે:

पार्थ नैवेह नामुत्र वनिाशस्तस्य वद्यिते।
न हि कल्याणकृत् कश्चद्ि दुर्गतां तात गच्छता॥ (गीता, 6:40)

અહીં કે પરલોકેયે એનો નાશ નથી કદી
બાપુ! કલ્યાણ-માર્ગે કો દુર્ગતિ પામતો નથી. (ગીતાધ્વનિ, 6-40)

કલ્યાણ કરનારની આ કે બીજા જન્મે કદી દુર્ગતિ થતી નથી એવા આશ્વાસન પછી તેઓ આગળ વધીને કહે છે:

प्राप्य पुण्य कृतांल्लोकान् उषत्विा शाश्वतीः समाः।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभजिायते॥ (गीता, 6.41)

પામી, એ પુણ્ય લોકોને, વસીને દીર્ઘકાળ ત્યાં,
શુચિ શ્રીમાનને ઘેર જન્મ લે યોગભ્રષ્ટ એ. (ગીતાધ્વનિ, 6:41)

યોગભ્રષ્ટ એવો આત્મા પવિત્ર અને પાવન કુળમાં જન્મ લે છે.

ગાંધીગીતા વિશે લખાયેલા પોતાના પુસ્તક ધ ગોસ્પેલ ઑફ સેલ્ફલેસ અૅક્શન ઓર ધી ગીતા અૅકોર્ડિંગ ટુ ગાંધીમાં મહાદેવભાઈ યાદ અપાવે છે કે ગ્રીક ફિલસૂફ પ્લેટોએ પોતાની ‘ઍપોલૉજી’માં આ જ વાત લગભગ સરખા શબ્દોમાં કહી છે કે એટલું ચોક્કસ જાણજે કે કલ્યાણકારી માણસનું આ જન્મમાં કે મૃત્યુ પછી પણ કદી કાંઈ અકલ્યાણ થતું નથી. અને કુરાને શરીફે નોંધેલી ખાતરીનું પણ સ્મરણ કરાવે છે કે જે કોઈ સુકૃતો કરે છે અને જે શ્રદ્ધાવાન છે એના પ્રયાસોનો કદી ઇન્કાર થતો નથી.

ગીતા આગળ ચાલી એટલે સુધી કહે છે કે:

अथवा योगिनामेव कुले भवति धीमताम्।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम्॥ (गीता, 6:42)

વા બુદ્ધિમાન યોગીના કુળમાં જન્મ એ ધરે,
ઘણો દુર્લભ તો આવો પામવો જન્મ આ જગે. (ગીતાધ્વનિ, 6:42)

અથવા તો એથીયે વધુ દુર્લભ એવા યોગીઓના કુળમાં જન્મ લે છે.

ગીતા આગળ કહે છે કે તે બુદ્ધિયોગ પ્રાપ્ત કરી સિદ્ધિ તરફ આગળ વધી (ગીતા, ૬:૪૩) પૂર્વાભ્યાસને કારણે યોગજિજ્ઞાસાથી તે વેદની વિધિને આંબી જાય છે (ગીતા, ૬:૪૪) અને પાપશુદ્ધિના સતત પ્રયત્નને લીધે છેવટે પરમ ગતિને પામે છે. (ગીતા, ૬:૪૫) અને અંતમાં ભારપૂર્વક કહે છે કે:

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः (गीता, 6:47)

યોગીઓમાંય સર્વેમાં, જે શ્રદ્ધાળુ મને ભજે,
મારામાં ચિત્તને પ્રોઈ તે યોગી શ્રેષ્ઠ મેં ગણ્યો. (ગીતા, 6:47)

પણ જે મારામાં અંતરને પ્રવિષ્ટ કરી મને શ્રદ્ધાથી ભજે છે તે સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ છે.

મહાદેવભાઈનો જન્મ પણ દુર્લભ એવા યોગીઓના કુળમાં થયો હતો.

માતા જમનાબહેને તો માત્ર બત્રીસ વર્ષમાં જ જીવનલીલા આટોપી લીધી હતી. તેમાંય મહાદેવને તો એમણે માત્ર સાત વર્ષનો જ કર્યો હતો. સાતમે વર્ષે જનોઈ દીધી. આપણી સાંસ્કૃતિક કલ્પના મુજબ મહાદેવ યજ્ઞોપવીત દ્વારા 'દ્વિજ' થયા અને એ જ વર્ષે માતાએ વિદાય લીધી. જાણે કે મહાદેવને જન્મ આપવો એ જ જમનાબહેનનું અવતારકૃત્ય હતું.

પિતાશ્રીની નોકરી ત્યારે ઓલપાડ તાલુકાના સરસ ગામની એક ઓરડાની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની હતી. માતાપિતાના સંતાનપ્રાપ્તિના કોડ પહેલાં ત્રણચાર વાર સુવાવડ પછી માને પૂરું દૂધ ન આવવાને કારણે પૂરા થવાના બાકી રહી ગયા હતા. છેલ્લી સુવાવડ પહેલાં પ્રકૃતિથી જ ભક્ત સ્વભાવનાં જમનાબહેને પોતાનાં મનપ્રાણ-અંતરાત્માને ભક્તિમાં લીન કરી દીધાં હતાં. મહિના રહ્યા એની જાણ થતાં જ રોજ સવારે વહેલાં ઊઠી સ્નાનાદિથી પરવારી, હાથમાં બીલી અને પુષ્પોની અંજલિ લઈ જમનાબહેન, ઉઘાડે પગે, સિદ્ધનાથ મહાદેવ જાય છે, આજે જ્યાં સરસ ગામના કુંભારવાડામાં શ્રી મગનભાઈ નારણભાઈ લાડનું ઘર છે તે ઘર ત્યારે કોઈ ઔદીચ્ય બ્રાહ્મણનું હતું. વરસો પહેલાં તે નારણભાઈએ રાખ્યું છે. ગામથી લગભગ સીધા પશ્ચિમ દિશામાં નાકની દાંડીએ સિદ્ધનાથ મહાદેવ તરફ જવાનો દોઢ-બે કિલોમીટરનો રસ્તો જાય છે, બેય તરફ લીમડા, આમલી, પીપળા, જાંબુનાં અને પીલવણ વગેરેનાં વૃક્ષો છે. વરસોવરસ દર્શને જતા લાખો યાત્રીઓની શ્રદ્ધા વડે પેશવાઈ કાળમાં નિર્મિત આ મહાદેવના રળિયામણા મંદિર પર શ્રદ્ધા-ભક્તિનો ઓપ ચડ્યો છે. વરસમાં એક વાર જમનાબહેનના મૂળ વતન દિહેણ ગામથી પણ શ્રદ્ધાળુ યાત્રીઓ બળદગાડાં જોડી બળદોના ઘૂઘરા ગજાવતા ત્યાં આવી પહોંચતા. જમનાબહેન પોતે પણ લગન પહેલાં અને લગ્ન પછી અનેક વાર આ રીતે સિદ્ધનાથનાં દર્શને આવી ચૂક્યાં હશે. પણ આ વખતે જમનાબહેનનાં પગલાંમાં વધુ ગાંભીર્ય હશે, વધુ ભક્તિ હશે, એમણે મનમાં મનમાં જ પોતાના અંતરાત્મા જોડે સંકલ્પ કર્યો હશે અને પ્રાર્થ્યું હશે, 'હે ભોળા શંકર! આ વખતે તું મારા સંતાનને બચાવી લેજે. જો દીકરો આવશે તો તેને તારી કૃપા માનીને એનું નામ મહાદેવ રાખીશ અને દીકરી આવશે તો પાર્વતી રાખીશ. મારા હૃદયમાં જો ખરેખર પાર્વતી-શંકર વિરાજ્યાં હશે તો મારું બાળક અચૂક બચશે.' જમનાબહેનની એ શ્રદ્ધા ફળી. સન ૧૮૯૨ના પહેલા દિવસે, એટલે કે જાન્યુઆરીની પહેલી તારીખ અને પોષ સુદ બીજને દિને સવારે નવ વાગ્યે તેમને જે બાળક જન્મ્યો તે બચ્યો. પિતાએ આ

વખતે પહેલેથી દવાદારૂ કરવાની કાળજી રાખેલી પણ માતાના મનમાં તો દૃઢ વિશ્વાસ હતો કે મહાદેવજીની કૃપા ફળી છે. તેથી જ તેમણે જન્મરાશિ મુજબ નામ 'જ' કે 'ઝ' પરથી પાડવું જોઈતું હતું તેને બદલે દીકરાનું નામ મહાદેવ જ પાડવા આગ્રહ રાખ્યો. અને તે જ નામ સર્વમાન્ય બન્યું.

સાત વરસમાં જ જે માતાએ વિદાય લીધી હતી તેની યાદ મહાદેવને કેટલી રહે? દિહેણ ગામમાં જ એમનું પિયેર હતું. કણથડ પટેલવાળા એ 'ફોગટ ફળિયા'માં મોસાળપક્ષે એવા પણ લોકો રહ્યા નહોતા કે જેમની પાસે મહાદેવે જમનાબા વિશે સાંભળ્યું હોય. એમને તો માત્ર એટલું જ યાદ હતું કે માતાનું મુખ ખૂબ સોહામણું હતું. એ ભક્તિપ્રવણ હતાં. કોઈ બાળકને વઢે તો એ સહન કરી શકતાં નહીં. છોકરાને બિવડાવવાથી એ બગડે છે એવી મનોવૈજ્ઞાનિક સૂઝ જમનાબહેનને હૈયાસૂઝથી આવેલી હતી. મહાદેવને માત્ર એટલું જ યાદ હતું કે એમની બા મારી ઉપર બહુ હેત કરતી અને ઘણી વાર એ મને શીરો બનાવીને ખવડાવતી. પતિના પંદર રૂપિયાના પગારમાં પણ તેઓનો સંસાર બાદશાહી રીતે ચલાવતી.

એમ કહેવાતું કે મહાદેવનું રૂપ મા જેવું અને કાઠું પિતા જેવું હતું.

પિતા હરિભાઈ મહાદેવથીયે ઊંચા એટલે કે, આશરે પાંચ ફૂટ ને અગિયાર ઇંચ ઊંચા અને ઊજળા વાનના હતા. એમના ચહેરા પર ચમકાટ હતો, જે આંતરિક પવિત્રતાનો આભાસ આપતો. આંખોમાંથી સ્નેહ નીતરતું, જે મોટપણમાં મહાદેવમાં વધુ સ્પષ્ટપણે દેખાઈ આવતું.

પિતામહ સુરભાઈ પાસેથી હરિભાઈએ એક બાજુથી ભક્તિનો અને બીજી બાજુથી ગરીબાઈમાં ગૌરવભેર રહેવાનો વારસો સારી રીતે સંભાળ્યો હતો. સુરભાઈ ગણપતિના પૂજક હતા. છેલ્લાં થોડાં વર્ષોથી ગુજરાતમાં ગણેશઉત્સવ વધુ લોકપ્રિય બન્યો છે. ગામેગામ, મહોલ્લે મહોલ્લે ગણપતિચોથને દિવસે ગણપતિ બેસાડવામાં આવે છે. અને અનંતચતુર્દશીએ સમારોહપૂર્વક એનું વિસર્જન થાય છે. આ ઉત્સવ હવે મહારાષ્ટ્રના ગણેશોત્સવની યાદ આપી જાય છે. પણ આજથી પંદર-વીસ વરસ પહેલાં પણ આ ઉજવણી આવી ધૂમધામથી નહોતી થતી, તો સો-સવાસો વરસ પહેલાં તો ક્યાંથી હોય? પણ તે કાળે પણ સુરભાઈ અત્યંત ભક્તિપૂર્વક અને ભારે સમારોહથી ગણેશની સ્થાપના કરતા અને અનંતચતુર્દશીને દિવસે ગણપતિવિસર્જન કરતી વખતે સરઘસ કાઢતા. તે દિવસે તેઓ સરઘસમાં જોડાનારા લોકોનું જમણ રાખતા. તે દિવસે

પોતાની બધી ગરીબાઈ ભાવભક્તિની જાગીરી આગળ વિસારી દેતા. ગરીબી તો એવી કે વરસમાં કોઈ કોઈ વાર ભૂખ્યે પેટે દહાડા કાઢવાનો વારો આવે. ખેતી સારુ બળદ માત્ર એક એટલે સૂંઢલ કરીને ખેતી નિભાવે, પણ એ રીતેય બળદ મેળવવો મોંઘો પડે ત્યારે મોટા બે દીકરાઓ હરિભાઈ અને બાપુભાઈને હળ પર જોડીને પણ ખેડ કરતા. ગરીબ હતા પણ ગૌરવને કદી ઘવાવા દેતા નહીં. નવરાશનો સમય તો બધો જ ઈશ્વરભક્તિમાં જાય તેથી તેમને ટીલવા ફળિયાના લોકો સુરભાઈ ભગત કહીને બોલાવતા.

એમ તો દિહેણમાં એ લોકો જ્યાં રહેતા હતા તે આખા ફળિયાને ટીલવું ફળિયું એવું નામ મળેલું. તે સાર્થક હતું. મૂળ દેસાઈઓના આ પરિવારમાંથી સુરભાઈ કરતાં બેત્રણ પેઢી પહેલાં ગુલાબભાઈ કે મોનજીના જમાનામાં બે શાખાઓ થઈ ગયેલી. જેમને આર્થિક સુખની વિશેષ ચિંતા હતી તેમણે તાલુકાના કસબા ઓલપાડ ભણી ઉચાળા ભરેલા અને ત્યાં જમીન લીધેલી અને એને ક્રમશઃ વધારેલી. બીજી શાખાએ દિહેણ ગામમાં રહીને જ પૂજાઅર્ચનામાં વધુ ધ્યાન આપેલું. આ શાખાનાં ટીલાંટપકાં જોઈને જ લોકો આખા ફળિયાને ટીલવું ફળિયું કહેતા. જેને અંગેનો ગર્વ ટીલાંટપકાં ગયાં ત્યાર પછીની પેઢીને પણ ઓછો નહોતો! ઓલપાડ જનાર પરિવારોને 'દેસાઈગીરી' પણ ખાસ્સી મળતી, દિહેણના લોકોની નહીંવત્ રહી ગઈ હતી.

કુટુંબમાં ખરેખર કોઈ પાસે મહાદેવભાઈએ વધુમાં વધુ સંસ્કાર મેળવ્યા હશે તો તે પિતા હરિભાઈ પાસે જ. માતાના મરણ પછી એમની દાદીએ નાના મહાદેવની કાળજી રાખેલી. તેમણે એક ગાય પાળેલી અને ગાયનાં દૂધ-ઘીને વેચીને સુરભાઈની આવકમાં તેઓ થોડો ટેકો કરતાં. પણ મહાદેવને પિતા અને માતા બંનેનો પ્રેમ આપવાની જવાબદારી તો હરિભાઈની જ થઈ ગઈ. એક પ્રાથમિક શિક્ષક તરીકે હરિભાઈની અવારનવાર એક ગામથી બીજે ગામ બદલી થતી. હરિભાઈ નાના મહાદેવને પોતાની સાથે રાખતા. આમ ત્રણ-ચાર વર્ષ તો મહાદેવ સતત પિતાની સાથે રહ્યા. તે ગાળામાં નાજુક મહાદેવના શરીરની ચિંતા હરિભાઈ સતત રાખતા. મહાદેવને જરાક અસુખ જણાય તો હરિભાઈની આંખોમાં પાણી આવી જતાં. પણ શરીરની જાળવણી કરતાંયે હરિભાઈએ પુત્રના ચારિત્ર્યની અને એની કેળવણીની વધારે ચિંતા રાખી હતી. સુરત જિલ્લો એટલે કદાચ આખા દેશમાં વધુમાં વધુ ગાળ બોલનાર જિલ્લો. તેમાંયે અનાવિલ જાતિના લોકો તો એમની ભાષા ખાતર પંકાયેલા. બાળકો તો જ્યાં જેની વચ્ચે ફરે તેમના જેવી ભાષા બોલવા લાગી જાય. પણ હરિભાઈ પોતે તો કદી ગાળ બોલતા નહીં ને બીજા

કોઈને પણ પોતાની હાજરીમાં ગાળ બોલવા દેતા નહીં. મહાદેવે જિંદગીમાં જો પિતાના હાથનો તમાચો ખાધો હોય તો તે એક વાર એમના મોંમાં અપશબ્દ આવી ગયો તેથી જ. બાકી સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમનું સૂત્ર જ્યારે પ્રચલિત હતું ત્યારે પણ હરિભાઈએ પ્રાથમિક શિક્ષક તરીકેની પોતાની કારકિર્દીમાં સોટીનો ઉપયોગ કર્યાની વાત સાંભળવામાં આવી નથી. શિક્ષક તરીકે એમની શિસ્ત તેથી જરાય ઓછી થતી નહોતી. એમની હાજરી જ વિદ્યાર્થીઓ સારુ શિસ્ત જાળવવા માટે પૂરતી હતી. હરિભાઈ ભણેલા માત્ર ગુજરાતી જ, પણ સંસ્કૃત ગ્રંથો નીચેની ટીકા કે ભાષાંતરને આધારે વાંચવાનો તેમને ભારે શોખ હતો. રામાયણ, મહાભારત, ગીતા અને ઉપનિષદોનો તેમણે આ રીતે સારો અભ્યાસ કર્યો હતો. એના અનેક શ્લોકો તેમણે મોઢે કર્યા હતા. કેટલીક વાર તેઓ આ શ્લોકો છોકરાઓને સમજાવતા પણ ખરા.

હરિભાઈ નિર્વ્યસની હતા અને એમનાં બાળકો પણ નિર્વ્યસની રહે તેના આગ્રહી હતા. એમના સરળ, નિખાલસ અને તેજસ્વી સ્વભાવની અસર આસપાસના લોકો પર પડતી. વર્ષોની નોકરી દરમિયાન તકવાડા (તા. પારડી), સરસ, અડાજણ, વલસાડ, વાલોડ વગેરે અનેક ઠેકાણે કામ કરી ચૂક્યા હતા. જ્યાં ગયા ત્યાં તેમણે વિદ્યાર્થીઓનાં જ નહીં પણ ગ્રામજનોનાં પણ માન અને સ્નેહ સંપાદન કર્યાં હતાં. એમની સ્મરણશક્તિ તીવ્ર અને બુદ્ધિ તીક્ષ્ણ હતી. અક્ષર સુંદર હતા. ગુજરાતી સાહિત્યનું તેમનું વાચન વિશાળ હતું.

ગણિત એમનો પ્રિય વિષય. એમ તો એમના વચેટ ભાઈ બાપુભાઈ ઓછું ભણેલા છતાં ગણિતના ખાં હતા. મહાદેવભાઈ કહેતા કે બાપુકાકા જો ભણ્યા હોત તો ગણિતના રૅંગલર થાત. એમ તો એ તલાટીની નોકરી કરતા, પણ રજાઓમાં જ્યારે ગામની હાઈસ્કૂલના શિક્ષકો દિહેણ આવે ત્યારે ઉચ્ચ ગણિતના અઘરા દાખલાઓનું ગુજરાતી ભાષાંતર કરી બાપુભાઈ આગળ રજૂ કરતા અને તેઓ તેને સરળતાથી ઉકેલી આપતા. એક વાર કોઈ ખાસ પ્રસંગે ઘરે બે ગાડાં ભરીને સામાન આવેલો તે સામાનનાં નંગ, વજન, કિંમત વગેરે તેમણે ઘેર આવ્યા પછી મોઢે લખાવેલાં.

હરિભાઈ ત્રણ ભાઈઓમાં સૌથી મોટા. ગણિત શીખવવા વિશે એમનો આગ્રહ એવો કે ગણિતના પુસ્તકનો તો ઉપયોગ એને જ કરવો પડે કે જેનું ગણિતનું જ્ઞાન અધૂરું હોય. તેથી તેઓ બધા દાખલા મોઢે જ લખાવતા. ગણિતની નવી નવી પદ્ધતિઓ શીખવતા જાય અને મનમાં મનમાં દાખલાઓ ગોઠવીને પાટિયા પર લખાવતા જાય. ગણિતશિક્ષક

તરીકે એમનો આત્મવિશ્વાસ પણ ભારે હતો. એમના મરણ બાદ પાંત્રીસેક વર્ષ પછી આ લેખક જોડે વાલોડના એક વૃદ્ધ નાગરિકનો થયેલો નીચેનો સંવાદ શિક્ષક તરીકેના હરિભાઈના ગૌરવને સમજવામાં કામ લાગે એવો છે:

'હેં, તમે મહાદેવ હરિભાઈના દીકરા?'

'જી હા.'

'તમારા દાદાનો મારી ઉપર ખૂબ ઉપકાર ચડેલો છે.'

'તે વળી કઈ રીતે?'

'હરિભાઈ માત્ર ત્રણ માસ વાલોડની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે આવેલા. ત્યારે હું ફાઇનલમાં ભણું. ત્રણ મહિના પછી એમની ક્યાંક બદલી થઈ, અને ત્યાર બાદ થોડે વખતે મેં ફાઇનલની પરીક્ષા આપી. ને તેમાં હું નાપાસ થયો. થોડા દિવસ પછી તેઓ મને અચાનક સુરતમાં મળી ગયા. મેં તેમને જયજય કર્યા એટલે એમણે ખબરઅંતર પૂછ્યા. મેં એમને કહ્યું કે ફાઇનલમાં નાપાસ થયો. ત્યારે તેમણે પૂછ્યું કે "કયા વિષયમાં?" મેં કહ્યું કે "ગણિતમાં." તો કહે કે "તેવું બને નહીં. મારી પાસે ત્રણ મહિના ભણેલો છોકરો ગણિતમાં નાપાસ થાય નહીં." પછી તો એમણે જાતે ફી ભરીને મારું ગણિતનું પેપર ફરી તપાસાડાવ્યું ને હું પાસ નીકળ્યો! નહીં તો મારું ભણતર જ ત્યાંથી અટકી જાત.'

પોતે ત્રણ માસ સુધી ગણિત શીખવ્યું હોય તેવો વિદ્યાર્થી પોતાના વિષયમાં નાપાસ ન થાય એવો આત્મવિશ્વાસ ધરાવનાર પ્રાથમિક શાળાના શિક્ષકો આજે કેટલા મળશે?

હરિભાઈના સ્વમાનીપણા વિશેનો એક સરસ કિસ્સો શ્રી નરહરિ પરીખે महादेवभाईनुं पूर्वचरित पुस्तकમાં નોંધ્યો છે: 'અમદાવાદમાં રજાઓમાં ટ્રેનિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓનો એક દસબાર દિવસનો નાનો પ્રવાસ ત્યાંની ઍંગ્લો-ઇન્ડિયન લેડી સુપરિન્ટેન્ડેન્ટે ગોઠવેલો. જવાને આગલે દિવસે તેના કોઈ મિત્રે એને મળવા બોલાવી એટલે એણે હરિભાઈને ચિઠ્ઠી લખીને જણાવ્યું કે કાલે વિદ્યાર્થીઓ સાથે પ્રવાસમાં તમારે જવું. એમનો તો પિત્તો ઊછળ્યો, તરત જ લેડી સુપરિન્ટેન્ડેન્ટને જવાબ આપ્યો કે વિદ્યાર્થિનીઓ સાથે પ્રવાસમાં જવાનું કામ મારું હોય નહીં. હું આ ઉંમરે આવી રખડપટ્ટી કરી શકું નહીં. એટલું જ નહીં પણ તમો સાથે જાઓ એ જ શોભે, એ તમારી ફરજ છે. પેલી બિચારી ટાઢી થઈ ગઈ અને જવાનું કહેવા માટે દિલગીરી દર્શાવી. આમ કોઈ

પણ પ્રસંગે અને જ્યાં જાય ત્યાં એમના સ્વમાનીપણાનો અને સંસ્કારિતાનો પ્રભાવ પડ્યા વિના રહેતો નહીં.'૧

હરિભાઈને ભજનો ગાવાનો પણ બહુ શોખ હતો. પરોઢિયે ઊઠીને પથારીમાં બેઠા બેઠા ભજનો ગાતા.

ભજનોનો શોખ મહાદેવભાઈને વારસામાં મળેલો. પાછળથી ગામમાં સુરજી શંકરજી કરીને એક ડિગ્રી વિનાના દાક્તર આવેલા. તેમને સંગીત સારું આવડતું. મહાદેવ એમની પાસે સંગીત શીખતા અને કેટલાક શાસ્ત્રીય રાગો પણ શીખેલા.

હરિભાઈએ જમનાબહેનના અવસાન પછી જલાલપુર તાલુકાના એરુ ગામનાં ઇચ્છાબહેન જોડે લગ્ન કર્યાં હતાં. ઇચ્છાબહેનની ઉંમર તો મહાદેવભાઈથી માત્ર ત્રણેક વર્ષ જ વધારે હતી. તેથી મહાદેવ તેમને 'ઇચ્છા' કહીને જ સંબોધતા. નાનપણમાં બન્ને જણ ઘણી વાર સાથે મળીને ચોપાટ પણ રમતાં, પણ મોટપણમાં મહાદેવે ઇચ્છાબાનું મા તરીકે પૂરું સન્માન રાખ્યું હતું. ઇચ્છાબહેન પોતે પણ જાજરમાન વ્યક્તિત્વવાળાં હતાં.

કુટુંબીજનોમાં મહાદેવના સંસ્કાર પર જેણે પ્રભાવ પાડ્યો હોય એવું વ્યક્તિત્વ, જેમને સ્વામી આનંદ 'મહાદેવથી મોટેરા' કહીને નવાજ્યા છે તે પિતરાઈ ભાઈ છોટુભાઈનું હતું. પિતા બાપુભાઈ જેવી જ તીક્ષ્ણ બુદ્ધિ, કઠણ શરીર, કષ્ટ સહન કરવાની શક્તિ, અને કોઈ પણ સંકટકાળે એનો તરત ઉકેલ કાઢવાની સમયાનુવર્તિતા એમનામાં અસાધારણ હતી. એમના તથા નાના ભાઈ મગનની (અથવા ખંડુભાઈના દીકરા ગુલાબની) જનોઈ મહાદેવની સાથે એક જ માંડવે દેવાયેલી. અડાજણ ગામનાં ખેતરો ખૂંદીને રસ્તે બોર ખાતાં જઈ, તાપી નદી પરનો હોપ પુલ ઓળંગી, સુરત હાઈસ્કૂલ સુધી ચાલતા જવામાં પણ મહાદેવને છોટુભાઈનો રોજનો સંગાથ હતો. બંને પિતરાઈ ભાઈઓનો સ્વભાવ સાવ જુદો જુદો પણ પરસ્પર સ્નેહ અગાધ. છોટુભાઈ ટીખળી અને તોફાની. મહાદેવને રમતગમતનોયે શોખ નહીં. છોટુભાઈ બંડખોર, મહાદેવ શરમાળ અને આજ્ઞાંકિત. પણ છોટુભાઈનાં રોજેરોજનાં નવાં નવાં ધિંગાણાંમાં કોઈ કોઈ વાર મહાદેવને સાથ આપવો પડતો. મહાદેવ કોઈ વાર પોતાના શરમાળપણા કે બીકને લીધે પાછળ રહી જાય અથવા કંઈક સાહસ કરતાં ખંચકાય તો છોટુભાઈ એની વહારે ધાતા. મહાદેવને તરતાં નહોતું આવડતું તો છોટુભાઈને કુંડમાં ધૂબકા મારવાનો શોખ. મહાદેવ કુંડમાં ઊતરીને વચ્ચે આવી કપડાં ધોતાં બીએ તો છોટુભાઈ એનાં કપડાં ધોઈ આપે. મહાદેવને કૂવેથી પાણી ખેંચતાં હાથમાં ફોલ્લા પડે તો છોટુભાઈ એમાંથીયે

એને મુક્તિ અપાવે. ૧૯૦૪માં પ્લેગને લીધે હરિભાઈને અડાજણ છોડી હજીરા પાસેના દામકા ગામમાં રહેવા જવું પડેલું. ત્યારે ત્યાંના ઉત્સાહી જુવાનિયાઓએ આ બે અંગ્રેજી ભણતા કિશોરો પાસે દારૂતાડીની વિરુદ્ધ ભાષણો કરાવેલાં. નીડર છોટુભાઈએ તો મંચ પર આવી પ્રેક્ષકોની સામે નિઃસંકોચપણે પોતાની છોડિયાંફાડ ભાષામાં ભાષણ ઠપકારેલું, પણ શરમાળ મહાદેવે પોતાના જીવનનું પ્રથમ ભાષણ કાંઈક સંસ્કારી ભાષામાં પણ, પડદાની પાછળ છુપાઈને કરેલું. બંને ભાઈઓને આખી જિંદગી સારું બન્યું, બંનેનાં કાર્યક્ષેત્ર ઘણાં વરસો સુધી જુદાં જુદાં પણ એકબીજાની વહારે હંમેશાં દોડી જાય. મહાદેવના મૃત્યુ પછી કેટલાય દિવસો સુધી છોટુભાઈ સેવાગ્રામ આવીને રહેલા અને સ્નેહીના મૃત્યુના આંચકાથી સુન્ન થઈ ગયેલા મહાદેવના પુત્ર નારાયણ અને ભાઈ પરમાનંદને પોતાના જીવનના અવનવા પ્રસંગો સંભળાવીને હસાવી હસાવીને એમનાં મન હળવાં કરેલાં. છોટુભાઈનો વિનોદ એટલો માર્મિક હતો કે મહાશોકમાં પડેલાં દુર્ગાબહેનના ચહેરા પર પણ કોઈ વાર આછા સ્મિતની રેખા આવી જતી. અને ખૂબી તો એ હતી કે છોટુભાઈનો તે વખતનો આખો વિનોદ મહાદેવના શોકમાંથી પોતાને કાઢવાનો પ્રયાસ હતો.

આમ ધાર્મિક, પ્રામાણિક, મહેનતુ, સાદું અને ચોખ્ખું જીવન ગાળનાર પરિવારમાં મહાદેવનો જન્મ થયો હતો. ચિત્તશુદ્ધિ અને સમાજક્રાંતિના જે યજ્ઞમાં મહાદેવનું પાછલું અડધું જીવન ગુજરવાનું હતું તેનું ઉત્તમ બીજ મહાદેવને વારસામાં મળ્યું હતું એમ કહી શકાય. આ સંસ્કારોની ગંગોત્રીથી જ મહાદેવની જીવનગંગા આગળ વહેવાની હતી.

એમના બાળપણની તથા કિશોરાવસ્થાની કેટલીક વધુ વાતો જાણીએ તે પહેલાં એ બાળપણ કેવા દેશકાળમાં વીત્યું એ જરા જોઈ લઈએ.

નોંધ:

૧. નરહરિ પરીખ: महादेवभाईनुंपूर्वचरित, પૃ ૮.

# ત્રણ – પરિસર

दुर्लभं भारते जन्म એ વાક્ય માત્ર સંકુચિત રાષ્ટ્રાભિમાનથી કહેવાયું હોય એમ નથી લાગતું. આપણા દેશની ભૂગોળ એ આપણે માટે ઈશ્વરની કૃપા સમાન રહી છે. એક તરફ નગાધિરાજ હિમાલય અને બીજી ત્રણ તરફ નીલસિંધુનાં જળે આ દેશને હજારો વર્ષો સુધી માત્ર બાહ્ય આક્રમણોથી જ બચાવ્યો નથી, પણ એણે આપણી ઋતુઓ, આપણી નદીઓ અને આપણાં વનોની મહામૂલી ભેટો પણ આપી છે. આખી દુનિયામાં જે જે પ્રકારની મોસમ જોવા મળે એવી મોસમ આપણા દેશના કોઈક ને કોઈક સ્થળે મળી શકે છે એનો આપણામાંથી કેટલાને ખ્યાલ હશે? ઊની ઊની રેત અને ધીખતા પથરાની ગરમીથી માંડીને બારે માસ બરફની ઠંડી, બેત્રણ વરસે માંડ બેપાંચ સેન્ટિમિટરથી માંડીને વરસના ૧૭૫૦થી ૨૨૦૦ સેન્ટિમિટર સુધી એટલે કે, દુનિયાના સૌથી ઓછાથી માંડીને સૌથી વધારે વરસાદનાં સ્થળો આપણે ત્યાં છે; આખું વરસ સમશીતોષ્ણ અને હરિયાળું રહે તેવા ચિરંતન વસંતના પ્રદેશો પણ છે. પ્રાકૃતિક વૈવિધ્ય, ધાર્મિક વૈવિધ્ય, ભાષાકીય વૈવિધ્ય અને સમૃદ્ધિ, પ્રાચીનતમથી માંડીને અદ્યતન સાહિત્ય, સંગીત, કળા, સ્થાપત્ય આદિનો સંસ્કારવારસો આપણને ઉપલબ્ધ થયો છે. જગતસભામાં અને જગતના ઇતિહાસમાં સહેજે ગૌરવભર્યું આસન અપાવે તેવાં મનુષ્યરત્નો ભારતની ખાણમાંથી પાકતાં રહ્યાં છે. આપણા પ્રશ્નો, કોયડાઓ, સમસ્યાઓ પણ એટલાં જ મોટાં અને અટપટાં છે, એની નવાઈ નહીં. પણ આ પ્રશ્નોને જેમણે પડકારરૂપે ગણ્યા, એને ઉકેલવા સારુ પોતાનાં જીવન અર્પણ કર્યાં, તેવા લોકોને આપણા દેશે આરંભિક મૂડી તરીકે જ એક અમૂલ્ય સંસ્કારવારસો આપ્યો છે એ આપણે વીસરી ન શકીએ. એવા દુર્લભ ભારત દેશમાં ગુજરાત એક આગવું સ્થાન ભોગવે છે, દ્વારકાધીશ મોહનથી

માંડીને મહાત્મા સુધીની એ લીલાભૂમિ રહી છે. દયાનંદ સરસ્વતીથી માંડીને મહમદઅલી ઝીણા સુધીના ધાર્મિક કે ધર્મઝનૂની રાજકારણી અગ્રણીઓ અહીં ઊપજ્યા છે, ઝંડુ ભટ્ટથી માંડીને વિક્રમ સારાભાઈ સુધીના વૈજ્ઞાનિકો તથા નરસિંહ મહેતાથી માંડીને જોસેફ મેકવાન સુધીના સાહિત્યકારો, જમશેદજી તાતાથી માંડીને કસ્તૂરભાઈ સુધીના શ્રેષ્ઠીઓ ગુજરાતે પેદા કર્યા છે.

કાકાસાહેબ કાલેલકરે ભૌગોલિક અને સામાજિક રીતે ગુજરાતીઓના ત્રણ ભાગ કલ્પ્યા છે: રાનીપરજ, ખેતીપરજ અને દરિયાપરજ. આપણા કથાનાયકનો જન્મ ગુજરાતની પશ્ચિમ પટ્ટીમાં થયો અને એનો બાલ્યકાળ પણ ત્યાં વીત્યો. દિહેણ અને સરસ બંને અરબી સમુદ્રના કાંઠાથી ઝાઝાં દૂર નથી, જ્યાં રત્નાકર નિત્ય નવાં નવાં શંખલા, છીપલાં ને કોડીઓ લાવી લાવીને પોતાનો અર્ઘ્ય વસુંધરાને ચડાવે છે. એના માઈલોના માઈલો સુધી વિસ્તરતાં સપાટ મેદાનો સમુદ્રની સપાટીથી માંડ બેત્રણ મીટર ઊંચાં હશે. એને લીધે લોકવાયકા છે કે શાંત સ્તબ્ધ રાત્રિઓમાં ઘોઘામાં કૂતરાં ભસે તો ખંભાતના અખાતના આ કાંઠાનાં ગામોમાં સંભળાય છે. એનાં ખેતરો પણ પાડાની ખાંધ જેવાં સપાટ છે, જેની ઉપર મહાદેવના જન્મકાળે ઘઉં, કપાસ, જુવાર ને કઠોળ પાકતાં. આજે નહેર આવવાને લીધે જ્યાં કેળ, પરવળ ને બીજાં શાકભાજીની વાડીઓ અને શેરડી દેખા દે છે. બંને બાજુની ક્ષિતિજો પર તાડનાં વૃક્ષો ધરતીની ધજા સમાં શોભે છે. ગામડે ગામડે ઘેઘૂર વડલાઓ જટાધારી જોગીઓ જેવા અડીખમ ઊભા છે. ગામેગામ આંબાવાડિયાં છે અને ખેતરે ખેતરે તાડ, ખજૂરી, આંબા, બોરડી કે લીમડા છે. મેદાનોમાં જ્યાં દરિયાનાં ખારાં પાણી નથી આવતાં ત્યાં પીલવણ કે આવળબાવળ છે, જ્યાં પાણી આવે છે ત્યાં કેરાં કે કરમદાં છે. ગામેગામ ખળીઓ છે, જેમાં વરસોવરસ વરસાદની મહેર મુજબ ઘઉં, જુવાર, કપાસના ઢગલા ખડકાય છે. અને એની ઉપર હાથીનાં મદનિયાં જેવા કાંકરેજી બળદો લઈને સુરત જિલ્લાના ઉગમણા ભાગોના લોકો કરતાં સહેજ કદાવર કદના ખેડૂતો પો ફાટતાં પહેલાં જ પહોંચી જાય છે. ગામેગામ એની બંને બાજુનાં પાદર પર નાનાંમોટાં તળાવો છે. લોકોની ટેવ અને વપરાશ મુજબ ક્યાંક આ તળાવો સ્વચ્છ નીતર્યા જળથી છલકાય છે, ક્યાંક એમાં કમળ ઊગ્યાં છે, ક્યાંક એમાં નિરુપયોગી વનસ્પતિ ઊગી છે કે લીલ બાઝી છે. ગામેગામ દેવદેવતાઓનાં મંદિર છે. અનેક ઠેકાણે મસ્જિદો છે. સાવ દરિયાને અડોઅડ વસેલાં ગામોને બાદ કરતાં મોટા ભાગનાં ગામોમાં પચરંગી પ્રજા છે. દિહેણ અને સરસ ગામની વસ્તીમાં છેલ્લાં

વીસેક વરસમાં મોટો વધારો થયો છે. તે કાળે હજારની આસપાસની વસ્તીનાં આ ગામો આજે ત્રણ હજારની આસપાસનાં થઈ ગયાં છે. પણ મોટા ભાગનો વસ્તીવધારો છેલ્લાં વીસપચીસ વર્ષોમાં થયો છે. આજે જ્યાં કોળીપટેલોનાં ઘર છે ત્યાં તે કાળે દિહેણ ગામમાં અનાવિલો કે બીજા બ્રાહ્મણોનાં ઘર હતાં. એ બધા મોટે ભાગે ખેતી કરતા. પણ પછી નોકરીધંધો શોધતા એ લોકો સુરત, અમદાવાદ, મુંબઈથી શરૂ કરી ઠેઠ રંગૂન સુધી પહોંચ્યા હતા. નોકરીઓએ જ એ લોકોને પહેલાં ગામથી દૂર પહોંચાડ્યા અને પછી ગામમાંથી સમૂળગા અલોપ કર્યા. હવે એ લોકો માત્ર કોઈ કોઈ ધાર્મિક તહેવાર કે લગ્ન-જનોઈ કે બાબરી ઉતરાવવા જેવા પ્રસંગોએ ગોત્રદેવતાની પૂજા કરવા આ બાજુ આવતા દેખાય છે. બાકી એમનાં મૂળિયાં મૂળ માભોમમાંથી ઊખડી ગયાં છે.

ગામેગામ સુથાર, લુહાર, કુંભાર વગેરે વસવાયાંનાં પણ છૂટાંછવાયાં ઘર હતાં જે આજે ઓછાં થઈ ગયાં છે. એમની જગ્યાએ એસ. ટી.માં કામ કરનાર કંડક્ટરો, ડ્રાઇવરો, કારકુનો, મોટર મિકૅનિકો કે છૂટક દુકાનદારોનો વસવાટ થવા લાગ્યો છે.

મહાદેવના બાલ્યકાળ વખતે ગામનાં ઘણાંખરાં મકાનો માટીને થાપીને બનાવેલી એકદોઢ હાથ પહોળી ભીંતોનાં અને વાંસ, વળી, દેશી નળિયાં કે છોનાં છાપરાંવાળાં, નકશીદાર બારણાંવાળાં હતાં. સો-દોઢસો વરસના વપરાશ પછી પણ એ ઘરો બરાબર ઉપયોગમાં આવી શકે તેવાં અકબંધ હતાં. માત્ર એનાં છાપરાંની કામઠીઓ કોઈ કોઈ ઠેકાણે જર્જરિત થઈ ગયેલી દેખાતી હતી. આંગણાં વાળીચોળીને સાફ રખાતાં. ઘેર ઘેર પાણિયારું હતું. પણ પાયખાનાં સારુ મોટે ભાગે પાદરનો જ ઉપયોગ થતો. દિવાળી, દશેરા કે બીજા ઉત્સવો કે લગ્ન-જનોઈ જેવા પ્રસંગે આંગણામાં કુંવારિકાઓ કે સોહાસણીઓ સાથિયા પૂરતી.

મકાનોની બાંધણી સુરત જિલ્લાનાં બીજાં ગામોની જેમ એક કે બે ગાળાની પણ લાંબી હારવાળી થતી. આગલા પ્રવેશના ઓરડા પછી લાંબો ખંડ, પછી પાછલા ઓરડામાં રસોડું ને પાણિયારું, છેક ચોકમાં થોડી લીંપેલી જગ્યા, એકબે તુલસીના છોડ, એકબે ફૂલછોડ અને એક ખૂણે નાવણિયું. ઘરમાં બહારથી જુઓ તો ઠેઠ પાછળના વાડા સુધી આરપાર દેખાય. વચલો ખંડ સામાન્ય રીતે અંધારિયો, એ જ ખંડના એકાદ ખૂણામાં મહાદેવનો જન્મ થયો હશે. વરસો પછી — ૧૯૨૫માં — પોરબંદરના દીવાનના પાકા મકાનમાં એક અંધારી ઓરડીમાં જ્યાં પોતાના સ્વામીનો જન્મ થયો હતો તે જોઈને મહાદેવે ભાવુકતાથી લખ્યું હતું:

'બાપુના જૂના ઘરનાં દર્શન કર્યાં, ઘરમાં બાપુનું જન્મસ્થાન પણ બતાવવામાં આવ્યું. એ ઓરડાનો અંધકાર જોઈને સહેજ મનમાં થયું કે ભગવાને ઘોર અંધારું ફેડવાને માટે જ બાપુને મોકલ્યા હોય ને!'

આટલું લખ્યા પછી તરત મહાદેવભાઈ પોતાની ભાવનાને થોડા તર્કથી પુષ્ટ કરે છે:

'એ ઘોર અંધારા ઓરડામાં જન્મ લેવાને લીધે જ હિંદુસ્તાનના કરોડો ઘોર અંધારા ઓરડાની કંગાલિયતનો જાણે બાપુને આંખના પલકારામાં ખયાલ આવે છે, અને એને ક્ષણભર પણ વીસરતા નથી. એ અંધારા ઓરડાને જોઈને કાંઈક અવનવી આશા અનુભવી, અવનવો પ્રકાશ મેળવ્યો.'

એ રાષ્ટ્રદીપકની ખાતર પોતાના જીવનનું પૂરેપૂરું તેલ બાળી નાખનાર મહાદેવનું જન્મસ્થળ જોઈને કોઈને મહાદેવનાં જ પેલાં વચનો યાદ આવી જાય તો એમાં કાંઈ નવાઈ કહેવાય?

મહાદેવભાઈનો જન્મ કયા ગામે થયો હતો તે અંગે વિવાદ પ્રવર્તે છે. મોટા ભાગના લેખકોએ કે પાઠ્યપુસ્તકોમાં પરિચય લખનાર સંપાદકોએ મહાદેવભાઈનું જન્મસ્થાન સરસ કહ્યું છે. દિહેણ ગામમાં કેટલાક લોકોનો મત છે કે જન્મ દિહેણમાં જ થયેલો. જમનાબાનું પિયેર દિહેણમાં, તેથી છેલ્લા દહાડાઓ સુધી સરસમાં રહીને સુવાવડ કરવા દિહેણ આવેલાં એવી તેમની માન્યતા છે. બીજી બાજુ સરસ ગામમાં હરિભાઈ શિક્ષક હતા તે કાળે બાળકો હતા એવા નેવુ વટાવી ગયેલા વડીલો મોજૂદ છે. તેઓ હરિભાઈને સંભારે છે અને મહાદેવભાઈનો જન્મ કયા મકાનમાં, કયા ઓરડામાં થયો હતો એ પણ દેખાડે છે. બંને દાવાઓમાં તથ્ય હોવાની સંભાવના છે, તેમ તેમાં અનુમાન હોવાની પણ એટલી જ સંભાવના છે. આ લેખક સરસના દાવાને માનવા તરફ વધુ ઝૂકે છે. બીજાં કારણો ઉપરાંત એમાં મુખ્ય કારણ એ છે કે લેખકે ખુદ મહાદેવભાઈને મોંએ એ વાત સાંભળી છે કે તેમનો જન્મ સરસમાં થયેલો. મહાદેવભાઈના આજીવન મિત્ર નરહરિભાઈએ પણ કદાચ મહાદેવભાઈને મોંએ વાત સાંભળી હશે, તેથી તેમણે महादेवभाईन ुपूर्वचरितમાં પણ તે મુજબની નોંધ કરી છે. લેખક આ વિવાદમાં મહાદેવભાઈ અને નરહરિભાઈને છેલ્લા પ્રમાણ માને છે.

# ચાર – નિશાળે

પ્રાથમિક શાળાનાં પહેલાં ચાર ધોરણ સુધીનું શિક્ષણ મહાદેવે પિતાની બદલી જે જે ગામે થાય તે તે ગામે લીધું. ઘરમાં સ્નેહાળ પિતા ઉત્તમ શિક્ષક પણ હતા તેથી શાળાઓ બદલવામાં તેમને ઝાઝી મુશ્કેલી નહીં નડી હોય.

ગુજરાતીનાં પાંચ ધોરણો પૂરાં કર્યા પછી મહાદેવને આગળ ભણવા ક્યાં મૂકવા એ પ્રશ્ન આવ્યો. આજે તો ઓલપાડ તાલુકામાં ઠેર ઠેર હાઈસ્કૂલો થઈ ગઈ છે. અને ઓલપાડમાં એક કૉલેજ પણ શરૂ થઈ ગઈ છે, પણ તે કાળે તાલુકામાં એકે હાઈસ્કૂલ નહોતી અને હરિભાઈને લાડકા દીકરાની હોશિયારી જોઈને એને આગળ ભણાવવાની ભારે હોંશ હતી. જિલ્લાના મથક સુરત શહેરમાં પણ તે વખતે બે કે ત્રણ જ હાઈસ્કૂલ હતી. એટલામાં ગામના જ વતની મણિશંકર ભટ્ટે અંગ્રેજી શીખવા સારુ દિહેણ ગામમાં જ ખાસ વર્ગો ખોલ્યા. હરિભાઈના સ્નેહી ડૉ. ચંદુલાલ પાસે રાખીને ભણાવે તો સુરતમાં અંગ્રેજી શિક્ષણ મળે એમ હતું. પણ આટલી નાની વયે મહાદેવને સુરત રાખવા એ હરિભાઈને બરાબર ન લાગ્યું. ગામમાં અંગ્રેજીનો વર્ગ ખૂલતાં હરિભાઈનો કોયડો ઊકલી ગયો. મણિશંકર માસ્તર દિહેણ ગામમાં હરિભાઈના ટીલવા ફળિયામાં જ રહેતા અને તેમણે વર્ગ પણ હરિભાઈના ઘરની પાસે જ ખોલ્યો, એટલે મહાદેવને એ વર્ગમાં જોડી દીધો. મણિશંકર માસ્તર સ્વભાવે બહુ કડક છતાં અંદરથી ખૂબ પ્રેમાળ હતા. ઠોઠ વિદ્યાર્થીઓને તેઓ ખૂબ મેથીપાક આપતા. મહાદેવ બીજા છોકરાને માર પડતો જોઈ થથરતા. જોકે એમને પોતાને કદી માર ખાવાની નોબત આવી નહોતી. માસ્તરનો ભાણેજ નામે નથુ બિચારો રોજેરોજ ટિપાતો. છોટુભાઈને પણ અવારનવાર પીલવણની ઝીણી સોટીના સટાકા પડતા, પણ તેઓ એનાથી રીઢા થઈ ગયા હતા, તેથી એ મારને

જરાય ગણકારતા નહીં. નથુને મણિશંકરમામા મારતા જાય અને સ્વસ્તિવચનો પણ સંભળાવતા જાય. નથુ બિચારો મૂંગો મૂંગો બધું સહન કરી લે. આંખમાંથી એક ટીપું આંસુનું નહીં, મોંમાંથી અરેરાટી સુધ્ધાં નહીં. છડી વડે મારતાં થાકે એટલે બે હાથે માથું પકડી ભીંત જોડે ધડમ્ ધડમ્ અફાળે અથવા ભીંત સાથે નાક ઘસાવે અને કહે કે, 'ભણ્યો, ભણ્યો! તારો બાપ મંદિરમાં સુખડવટો ઘસી ઘસીને મરી ગયો, અને તું શું ભણવાનો?' આ જ ભાણેજ જ્યારે થોડા કાળ પછી પ્લેગના રોગનો ભોગ બની ગયો ત્યારે આ જ મણિશંકર માસ્તરે ફળિયામાં આળોટી આળોટીને કલ્પાંત કરેલું અને એને મારવા અંગે પશ્ચાત્તાપ કરેલો.

પણ ભણાવવા બાબતમાં 'માસ્તરકાકા' ખૂબ ચીવટવાળા હતા. એક એક શબ્દ અંગે ચીવટથી સમજાવે અને વ્યાકરણ પાકું કરાવવાની પૂરી કાળજી રાખે. વિદ્યાર્થીઓની સંખ્યા વધી ગઈ એટલે એક કરતાં વધુ વર્ગ ન લેતાં મણિશંકર માસ્તરે એક વર્ગ લઈને ત્રણ વર્ષ સુધી એને ભણાવી, પછી નવા વિદ્યાર્થીઓને શરૂઆતથી ભણાવવાનો ક્રમ શરૂ કર્યો. મણિશંકર માસ્તર પાસે ત્રણ વર્ષ ગાળી ચૂકેલા ઘણાયે વિદ્યાર્થીઓનો અંગ્રેજીની બાબત આ ત્રણ વર્ષો દરમિયાન પાકો પાયો નખાઈ જતો. આ પ્રકારે ખાનગી શાળા મણિશંકર ભટ્ટે ત્રીસ વર્ષ સુધી ચલાવી. મહાદેવભાઈ પછીની પેઢીના દિહેણના પ્રસિદ્ધ ન્યાયાધીશ શ્રી ધીરુભાઈ અંબેલાલે પણ મણિશંકર માસ્તર પાસે અંગ્રેજીના પાયા નાખેલા. મણિશંકર જેટલા જલદી ખિજાતા એટલા જ જલદી રીઝી પણ જતા. ઘરમાં પત્ની જોડે એમનો છાશવારે કજિયો થતો ત્યારે મોટે મોટેથી બૂમો પાડીને એમને ઘરમાંથી બહાર કાઢવાની ધમકી આપતા. તે ટાણે એમના ઘાંટાથી આખું ફળિયું જોવા ભેગું થતું. પણ એ દંપતી-કલહ મોટો ભાસવા છતાં લઘુક્રિયામાં પરિણમતો.

પોતાની ઉત્તરાવસ્થામાં મણિશંકર માસ્તર રાંદેર જઈને વસ્યા હતા. મહાદેવભાઈએ છેવટ સુધી એમની સાથે મીઠો સંબંધ જાળવેલો. ગાંધીજીના કામ અંગે કોઈ વાર સુરત આવે તો રાંદેરમાં માસ્તરકાકાને જઈને મળવાનું ચૂકતા નહીં. તે કાળે તો મહાદેવભાઈનું નામ દેશભરમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યું હતું. અને એમના અંગ્રેજી લેખો પણ પ્રથમ કક્ષાના લેખાતા હતા, તે 'માસ્તરકાકા' સારી રીતે જાણતા, તેથી મહાદેવભાઈ આવે ત્યારે ગળગળા થઈ જતા, પણ મહાદેવભાઈ એમને વાંકા વળીને પગે લાગવાનું ચૂકતા નહીં. ભરૂચનાં ગામડાંઓ તરફ ફરતાં અર્જુન ભગત નામના એક સંતનાં ભજનોનો એક

સંગ્રહ જ્યારે अर्‌जुनवाणीને નામે છપાવ્યો ત્યારે એની એક પ્રત મહાદેવભાઈએ 'આંગ્લભાષાના આદ્યગુરુને સપ્રણામ ભેટ' એવા લખાણ સાથે મોકલાવેલી.

મણિશંકર માસ્તર દિહેણમાં અંગ્રેજીના વર્ગો ચલાવતા ત્યારે રાત્રે વિદ્યાર્થીઓને વાંચવા સારુ પોતાને ઘેર બોલાવે. એમની જોડે ધર્મની વાતો કરે, સંધ્યા ગોખાવે, શ્રી નથુરામ શર્માએ કરેલા અર્થ સમજાવે અને ત્યાર પછી પોતે સોંપેલું લેસન કરાવે.

મણિશંકર માસ્તરના એક ભાઈ અંકલેશ્વરમાં શિક્ષક હતા. સંસ્કૃતના સારા જાણકાર હતા. ઘણી વાર તેઓ રજાઓમાં દિહેણ આવતા. દિહેણ ગામ બહાર ભણતા વિદ્યાર્થીઓ અને બહાર ભણાવતા શિક્ષકોને સારુ ઉનાળાની રજામાં હવા ખાવાનું અને રજા ગાળવાનું સ્થાન બની રહેતું. ગામની પશ્ચિમ દિશાના વિશાળ તળાવ પરથી કાંઠાનાં વૃક્ષોથી ચળાઈને આવતો પવન દિહેણના ઉનાળાને સહ્ય અને સંધ્યાઓને રમ્ય બનાવી દેતો. મણિશંકરના ભાઈ દિહેણ આવે ત્યારે વિદ્યાર્થીઓને ભેગા કરી કાલિદાસ વગેરેનાં કાવ્યોમાંથી શ્લોકો સમજાવતા અને સંસ્કૃત સાહિત્યનો ચટકો લગાડતા.

ટીલવા ફળિયામાં જ જીવણરામ વૈદ્ય કરીને એક સજ્જન રહેતા. તેમને સત્સંગતિને લીધે થોડો આધ્યાત્મિક અનુભવ હતો. છોકરાઓ તેમને 'દાજી' કહેતા. છોકરાઓ ભેગા થઈને એમની પાસે વેદ-ઉપનિષદ-પુરાણોની વાર્તાઓ સાંભળતા.

વળી ચોમાસામાં ખેતીના કામથી નવરાશ મળે ત્યારે મોટેરાંઓ રામાયણ–મહાભારતની કથા હસ્તલિખિત પ્રતોમાંથી નાનાંમોટાં સૌને વાંચી સંભળાવતા. ચોમાસું વીત્યે ગાગરિયા માણભટોની કથાઓ અને રામલીલાના ખેલ વગેરે થતા, તે પણ બાળકોને ધાર્મિક સંસ્કાર આપવામાં સહાયક નીવડતા.

અંગ્રેજીના વર્ગોમાં મહાદેવ ખૂબ હોશિયાર હતા. પોતે અંગ્રેજીના પહેલા ધોરણમાં હતા ત્યારે પણ પાસે બેઠેલા છોકરાઓને ભણાવતા. સાંભળી સાંભળીને મહાદેવને ઉપલા બંને વર્ગોના પાઠ તેના વિદ્યાર્થીઓ કરતાં પણ સારા આવડતા. ત્રણ વરસનું ભણતર તેમણે દોઢ વરસમાં જ પૂરું કર્યું હતું.

પછી ફરી પ્રશ્ન આવ્યો આગળ ભણવાનો. એમના સૌથી નાના કાકા ખંડુભાઈ તે વખતે જૂનાગઢ નોકરી કરતા હતા. એટલે એમને ત્યાં ભણવા મૂકવાનું નક્કી કર્યું. વચલા કાકા ઓલપાડ તાલુકાના જ લવાછા ગામે તલાટી હતા. ત્યાંથી ભગવા દાંડીનું બંદર એક માઈલ દૂર થાય. એ બંદરથી રોજ ઘોઘા સુધી મુસાફરોને લઈ જવા-લાવવાનું કામ મછવો કરતો. મછવાનો કૉન્ટ્રાક્ટર ઓળખીતો હતો તેથી ભાડું ન લે

અને એમ દિહેણથી ઘોઘા સુધી મફત પહોંચી જવાય એમ હતું. એટલે બે પિતરાઈઓ, કાકી અને રાંદેરના એક સંબંધીનાં પત્ની અને દીકરી એમ છ જણે બે દિવસનું ભાતું સાથે બાંધી, રાતે વાંચતાં ઘાસતેલના દીવાથી આંખને નુકસાન ન થાય એટલા સારું દિવેલનો એક ડબ્બો, મછવાની મુસાફરીમાં ઊલટી ન થાય એટલા સારુ ખાવા માટે સૂંઠ ને ગોળની ગોળીઓ વગેરે સામાન સાથે દિહેણથી ઘોઘા સુધીની મુસાફરી કરી. મહાદેવની ત્યારે દશ કે અગિયારની ઉંમર હશે. એની આ પહેલી દરિયાઈ મુસાફરી હતી. પવનની પ્રતિકૂળતાને લીધે મછવો દાંડીથી સાંજે નીકળી બીજે દિવસે સવારે ઘોઘા પહોંચવાનો હતો તેને બદલે ઠેઠ સાંજે પહોંચ્યો. મછવામાં ચડતાં જ પીવાના પાણીનો ઘડો ઘેરથી સાથે લીધેલો તે ફૂટી ગયેલો અને ખારવાઓના હાથનું પાણી પીવાથી તો વટલાઈ જવાય એવા ખ્યાલે આખો દિવસ તરસ્યા રહીને ઘોઘે જઈને પાણી પીધું. બીજે દિવસે સવારે ટાંગો કરીને ઘોઘાથી ભાવનગર પહોંચ્યા. જૂનાગઢમાં કામ કરતા મહાદેવના સૌથી નાના કાકા ખંડુભાઈ, રામનારાયણ પાઠકના પિતા વિશ્વનાથભાઈ અને દક્ષિણામૂર્તિવાળા મોટાભાઈ, હરગોવિંદભાઈ એ સૌ નથુરામ શર્માના શિષ્યો, એટલે કે ગુરુભાઈઓ હતા. ત્યારે હરગોવિંદભાઈ ભાવનગરના સ્ટેશનમાસ્તર હતા. એમણે દિહેણથી આવેલ યાત્રીઓનું સ્વાગત કરી ગાડીના ડબ્બાનું એક ખાસ ખાનું કરી આપીને એમને ગાડીમાં બેસાડ્યા. ધોળા તથા જેતલસર જંક્શનોએ ગાડી બદલતાં સૌ જૂનાગઢ પહોંચ્યા.

વિદ્યાર્થીઓ પાસે દિહેણના શિક્ષકનો માત્ર પત્ર હતો. તેથી છોકરાઓની પરીક્ષા લઈને તેમને જૂનાગઢની હાઈસ્કૂલમાં અંગ્રેજી ચોથા ધોરણમાં બેસાડવામાં આવ્યા. નથુરામ શર્માના શિષ્યનું કુટુંબ એટલે સવારે ઊઠીને સ્નાનાદિથી નિવૃત્ત થઈ સંધ્યાનો ક્રમ ચાલુ થયો. કાકી કડક શિસ્તવાદી તેથી કુંડ પર જઈ કપડાં ધોવા મોકલતાં અને ઘેર આવી દાળચોખા વીણ્યા પછી લેસન કરવા બેસાડતાં. મહાદેવે કદી જાતે કપડાં ધોયેલાં નહીં, કુંડમાં ઊતરતાં પગ ધ્રૂજે. છોટુએ દયા કરીને એને ઘાટ પર બેસી રહેવાની છૂટ આપી અને એનાં કપડાં પણ પોતે ધોવાની જવાબદારી માથે લીધી. બધાં તોફાનમસ્તીની પાછળ પણ છોટુભાઈનો સ્નેહાળ સ્વભાવ તો વરતાઈ જ આવતો. કાકીને ખબર પડી કે મહાદેવ જાતે કપડાં ધોતો નથી એટલે ખિજાયાં. છોટુભાઈએ કુંડમાં ભૂસકા મારવા માંડ્યા તેથી મહાદેવ ગભરાઈ ગયા. રડતાં રડતાં ઘેર જઈને કહ્યું કે છોટુ કૂવામાં પડી ગયો છે ને ડૂબી જવાનો. કાકી દોડતાં કૂવે પહોંચ્યાં ત્યારે ‘મૂઆને તરતાં આવડતું દેહું (દેખું)’

એવું પ્રમાણપત્ર આપી ઘેર પાછાં આવી ખંડુકાકાને વાત કરી. ખંડુકાકાએ કુંડે જઈ કપડાં ધોવાનો કાર્યક્રમ બંધ કરાવ્યો. કાકી કૂવે કપડાં ધૂએ અને છોકરાઓ વારાફરતી પાણી કાઢી આપે એમ નક્કી થયું. નાજુક મહાદેવ સારુ એય મુસીબત હતી. કોઈ દિવસ જાતે દોરડા વડે કૂવામાંથી પાણી ખેંચેલું નહીં તેથી હાથે ફોલ્લા પડ્યા. છોટુભાઈએ એમાંથી મુક્તિ અપાવી ને બધા દાળચોખા વીણવાની જવાબદારી મહાદેવની થઈ.

જૂનાગઢમાંયે છોટુભાઈનું તોફાન તો ચાલુ જ. કૉલેજ-કંપાઉન્ડના આંબેથી મરવા તોડી લાવે. એક વાર પોતે ઉપર ચડેલા ને બે ભાઈઓ નીચે ઊભા મરવા વીણતા હતા ત્યારે અચાનક રખેવાળે આવી નીચે ઊભેલાને પકડ્યા. છોટુભાઈ તો ઉપરથી કૂદકો મારી બારોબાર રફુચક્કર થઈ ગયેલા. પકડાયેલા છોકરાઓને હેડમાસ્તર આગળ રજૂ કરવામાં આવ્યા. બંનેને ચાર ચાર આનાનો દંડ થયો. દંડ માફ કરાવવા ખંડુકાકા હેડમાસ્તર પાસે ગયા. હેડમાસ્તરે કહ્યું કે, ‘હું જાણું છું કે આ છોકરાઓ તોફાની નથી. પણ મરવા વીણતાં પ્રત્યક્ષ પકડાયા છે એટલે નિયમનું પાલન કરવા ખાતર પણ મારે દંડ તો કરવો જ પડશે.’

જૂનાગઢનું આ વરસ નથુરામ શર્માના પ્રભાવને લીધે નિત્ય સંધ્યા, એકાદશી વગેરેના ઉપવાસ કે એકટાણાં, પખવાડિયે એક વખત દિવેલનો જુલાબ વગેરે નિયમો દ્વારા કડક શિસ્તપાલનનો અનુભવ થયો.

અંગ્રેજી પાંચમીથી સુરત ભણવાનું ગોઠવાયું.

# પાંચ – હાઈસ્કૂલમાં

હરિભાઈની બદલી અડાજણ ગામે થઈ. અડાજણથી છોકરાઓ સુરત ચાલતા જઈ આવી શકે એમ હતું તેથી હરિભાઈએ જૂનાગઢમાં ભણતા મહાદેવ તથા બંને ભત્રીજાઓને અંગ્રેજી ચોથું ધોરણ પૂરું કર્યા પછી અડાજણ બોલાવી લીધા.

સુરતને સામે કાંઠે તાપીકિનારે આવેલું અડાજણ ગામ આજે તો સુરતના એક પરા જેવું થઈ ગયું છે. પણ આજથી નેવુ વર્ષ પહેલાં જ્યારે મહાદેવ પિતા સાથે અડાજણ રહેવા આવ્યા ત્યારે તે એક સ્વતંત્ર ગામડું હતું. મોટા ભાગની વસ્તી ખેડૂતોની. પટેલ મહોલ્લામાં હરિભાઈને ઘર ભાડે મળ્યું હતું. અડાજણ ગામનાં મોટા ભાગનાં ઘરો આજે પાકાં થઈ ગયાં છે. ઘણાં બે માળનાં પણ છે. ત્યારે મકાનો માટીનાં અને નળિયાં દેશી હતાં. માટીથી ખૂબ ટીપીટીપીને થાપીને ભીંત બનાવેલી એટલે ભીંતો સહેજે સો વરસ ટકે એવી તો હતી જ. આજે મકાનોમાં ઈંટ, ચૂનો, સિમેન્ટ, સ્ટીલ ને ક્યાંક ક્યાંક આરસની લાદીઓ આવી ગઈ છે. ત્યારે વાંચવા સારુ દિવેલના અને સામાન્ય વપરાશ સારુ કેરોસીનના દીવા હતા. આજે વીજળીના ગોળા અને ટ્યૂબલાઇટોનો ઝળહળાટ છે. ત્યારે સૌ પોતપોતાના ઘરનો રાંધેલો ચોખ્ખો ખોરાક ખાતાં. આજે મુખ્ય મુખ્ય સડકો પર ખાવાની દુકાનો ને વીશીઓ કે રેસ્ટોરાં થઈ ગયાં છે. ત્યારે પરોઢિયે ઊઠીને લોકો પ્રભાતિયાં ગાતાં. આજે દિવસ-રાતની પરવા કર્યા વિના લાઉડ-સ્પીકરોનાં ભૂંગળાંઓ જૂનીનવી ફિલ્મોનાં ગાણાં ગાય છે. ત્યારે મકાનોના મોભ પર નારિયેળ કે આંબા-આસોપાલવનાં તોરણો બંધાતાં. આજે ઠેરઠેર ટેલિવિઝનનાં ઍન્ટેના આકાશને જાણે પોતાના પંજામાં લેવા મથતાં હોય એમ આંગળાં પહોળાં કરીને ઊભાં છે. ત્યારે ગામના સુંદર તળાવમાં નિશાળિયાઓ ઉપરથી ભૂસકા મારી મોજથી તરતા. આજે એ તળાવ

ચોમાસું વીતતાં મેલા પાણીથી ગંધાય છે. ત્યારે ગામની આસપાસ આંબાવાડિયાં હતાં અને વેંગણ, પાપડી, તુવેર ખેતરોમાં જ પાકતાં. આજે ખેતરોથી માંડીને નદીકાંઠા સુધી ઝૂંપડપટ્ટીઓ છે, ત્યારે ઘરોમાં રાચરચીલું ઓછું હતું, આજે ઘણાં ઘરોમાં ડાઇનિંગ ટેબલો અને સોફાસેટ્સ છે. હરિભાઈ શિક્ષક તરીકે જે ઘરમાં રહેતા તે જગ્યાએ આજે શ્રી બાબુભાઈ મગનભાઈ પટેલ રહે છે. જૂના મકાનની જગ્યાએ હવે આધુનિક સગવડોવાળું નવું મકાન ઊભું છે. એ મકાનની સામેના કસનભાઈ રેવાભાઈના ઘરમાં આઝાદીની લડત વખતે સરદાર વલ્લભભાઈ પટેલ કેટલાક દિવસ રહી ગયેલા એમ ગામલોકો યાદ કરે છે. હરિભાઈ આ સ્થળે રહેલા એ વાત શ્રી બાબુભાઈ એમના પિતા પાસે સાંભળેલી વાતને આધારે કહે છે.

અડાજણથી સુરત ત્રણે કિશોરો નદીને કાંઠે પહેલાં ખેતરોમાં થઈને જતા. હોપ પુલ પરથી નદી પાર કરતા. ૧૯૦૩થી ૧૯૦૬ સુધી એટલે અગિયારથી ચૌદ વરસના થયા ત્યાં સુધી સુરતની હાઈસ્કૂલમાં૧ ભણ્યા. પાછળથી અમદાવાદમાં જેમણે સ્વતંત્ર હાઈસ્કૂલ કાઢેલી તે શ્રી જીવણલાલ દીવાન ત્યારે સુરત હાઈસ્કૂલમાં ગણિતશિક્ષક હતા. શિયાળામાં અડાજણથી સુરત ચાલતા પહોંચતાં મોડું થઈ જતું એટલે દીવાન માસ્તર ગામડિયા વિદ્યાર્થીઓને બાંકડા પર ઊભા રાખતા. મહાદેવ મૂંગે મોંએ બાંકડે ઊભો થઈ જતો. થોડા દિવસોમાં જ દીવાનસાહેબે નવા નિશાળિયાનો નમ્ર સ્વભાવ પારખી લીધો અને એ પણ જોયું કે ભણવામાં એ ખૂબ તેજસ્વી હતો. એટલે આઠદસ દિવસમાં જ બાંકડા પર ઊભા રાખવાનું બંધ થયું. આ જ હાઈસ્કૂલમાં મહાદેવના બીજા એક શિક્ષક ચંદ્રવદન મુનશી હતા. પાછળથી અમદાવાદમાં એમની પાસે ભણેલા વિદ્યાર્થીઓ જેમ દીવાનસાહેબના ઇતિહાસના વર્ગનાં વખાણ કરતાં થાકતા નહીં, તેમ મહાદેવ પણ એ દિવસોને યાદ કરી દીવાનસાહેબના ભૂમિતિના શિક્ષણનાં વખાણ કરતા.

મહાદેવને રમતગમત કે નાટકચેટકમાં રસ નહોતો. ભણવામાં એનું ચિત્ત એકાગ્ર રહેતું. હરિભાઈ પોતે જ ઉત્તમ શિક્ષક હતા એટલે લાડકા દીકરાના શિક્ષણ વિશે એમણે ચીવટ રાખેલી. હરિભાઈના પોતાના અક્ષર સુંદર હતા. મહાદેવના અક્ષર પણ સુંદર અને સુવાચ્ય થાય એની એમણે કાળજી રાખેલી. દીકરો કોઈ દિવસ લેસન કર્યા વિના હાઈસ્કૂલમાં ન જાય તેની તેઓ કાળજી રાખતા. જોકે મહાદેવને પોતાને જ ભણવાનું એટલું ગમતું કે લેસન કરવામાં એ ચૂકે એવું ભાગ્યે જ બનતું. હાઈસ્કૂલમાં પ્રવેશ કરવાને લીધે મહાદેવની જ્ઞાનક્ષિતિજોનો પણ વિસ્તાર થવા માંડ્યો. શાળા અને

સમાજજીવનની અવનવી ઘટનાઓમાં પણ તે રસ લેતો. અને તેથી જ મૅટ્રિક થયા પછી, એકાદ વર્ષે, કૉલેજના પ્રીવિયસના વર્ગમાં હતો ત્યારે ૧૯૦૭માં, સુરત શહેરમાં ભરાયેલ મહાસભાના તોફાની અધિવેશનમાં પણ મહાદેવ પંદર વર્ષની ઉંમરે હાજરી આપી આવેલો. આજના તરુણોને કદાચ રાષ્ટ્રીય મહાસભા જેવી મોટી સંસ્થાના વાર્ષિક અધિવેશનમાં હાજરી આપવાને સારુ પંદર વરસ બહુ કાચી ઉંમર લાગે પણ મહાદેવ કૉલેજમાં ભણતો હોશિયાર વિદ્યાર્થી હતો. રાષ્ટ્રીય પ્રશ્નો વિશે એની આંખ ઊઘડવા માંડી હતી અને એનું આંતરમન અધ્યાત્મ અને રાજકારણ બંને તરફ આકર્ષાઈ રહ્યું હતું એ આપણે વીસરવું ન જોઈએ. અધ્યાત્મના સંસ્કાર ગળથૂથીમાંથી જ આવેલા અને દેશભક્તિના સંસ્કાર હાઈસ્કૂલમાંથી શરૂ થયા એમ કહીએ તો ચાલે. હાઈસ્કૂલકાળ દરમિયાન મહાદેવને સુરતના એક આગેવાન જ્ઞાતિબંધુ શ્રી દયાળજીભાઈ નાનુભાઈ દેસાઈ જોડે સંપર્ક થયો. વર્ષો પછી સરદાર વલ્લભભાઈ પટેલે તેમની વીરતા, દેશભક્તિ અને ત્યાગવૃત્તિ જોઈને તેમને 'સુરતના સિંહ' કહ્યા હતા. દયાળજીભાઈના સંપર્કથી મહાદેવની નજર સહેજે દેશના પ્રશ્નો તરફ ખેંચાઈ હશે. એમની પાસે જ પ્રથમ તેણે વિવેકાનંદ સાહિત્યનો પરિચય કેળવેલો, જે કૉલેજકાળ દરમિયાન રામકૃષ્ણ પરમહંસ વિશેના તમામ સાહિત્યના ઊંડા અભ્યાસમાં પરિણમ્યો હતો.

૧૯૦૫માં બંગાળમાં સ્વદેશી આંદોલન પુરજોશમાં ચાલ્યું ત્યારે રાષ્ટ્રીય આંદોલનની અસર સુરત સુધી પહોંચેલી, તેર વર્ષના મહાદેવે તે કાળમાં અર્થ થતો હશે તે અર્થમાં સ્વદેશીનો આગ્રહ રાખેલો અને પોતાના સહાધ્યાયીઓને પણ સ્વદેશી વાપરવાનું કહેતો.

હાઈસ્કૂલના શિક્ષણનો કાળ કિશોરઅવસ્થા અને તારુણ્યપ્રવેશનો કાળ હતો. આ કાળ કોઈ પણ વ્યક્તિને સારુ અત્યંત મહત્ત્વનો પુરવાર થાય એવો છે. તો મહાદેવ જેવા કોમળ હૃદયના સંવેદનશીલ, તેજસ્વી કિશોર સારુ તે નિર્ણાયક થઈ રહે એમાં નવાઈ શી? આ સંદર્ભમાં અડાજણ ગામનો એક માઠો અનુભવ મહાદેવને મોઢે જ શ્રી નરહરિભાઈએ સાંભળેલો તે નોંધવા લાયક છે.

'ગામમાં કેટલુંક વાતાવરણ અતિશય અસંસ્કારી અને મલિન હતું, તેના થોડા છાંટા ઊડ્યા વિના ન રહ્યા. જમીન બહુ ઉપજાઉ અને લોકો શહેરમાં શાકભાજી અને દૂધ વેચે એટલે બે પૈસા કમાય પણ ખરા. પણ એ ધનની સાથે શહેરના નજીકપણાને લીધે શહેરના સડા પણ ગામમાં આવેલા. કોઈ કોઈ છોકરા તો શહેરમાં જઈને બગડી આવે

અને જાણે મોટું પરાક્રમ કરી આવ્યા હોય એમ એની વાતો કરે. એક પર બીજી કરવાની, બૈરાને કાઢી મૂકવાની, એવી બધી વાતો પણ સાંભળવાની મળે. પોંકની મોસમમાં સુરતથી સહેલાણીઓ પોંક ખાવા આવે તેઓ સાથે શહેરનો કંઈક ગંદવાડ લાવે. આ બધું તે વખતે મહાદેવ પૂરું સમજેલો નહીં પણ તેની અસર કુમળા મન ઉપર પડ્યા વિના ન રહે. એક વખત તો એક છોકરાએ મહાદેવને રાતે કોઈ છોકરી પાસે લઈ જવાનું ગોઠવ્યું. ઉનાળાના દિવસ એટલે ફળિયામાં ખાટલા નાખી બધા સૂઈ રહે. પેલો છોકરો મહાદેવને બોલાવવા આવ્યો. પણ રાતે ઊઠીને જવાની મહાદેવની હિંમત ન ચાલી. "મને તો ઊંઘ આવે છે, હું તો નહીં આવવાનો." એમ કહીને મહાદેવે પેલા છોકરા સાથે જવાની ના પાડી. આમ હિંમતને અભાવે બચવા પામ્યા. ... આ અને બીજી કેટલીક વાતો દુ:ખ સાથે યાદ કરીને મહાદેવે (મને) કહેલું, "આવા ગંદવાડની વચ્ચે રહીને શુદ્ધ રહેવા પામ્યો તે મારો દહાડો પાધરો અને ઈશ્વરની મારી ઉપર મોટી મહેર તેથી જ." '

મહાદેવને આમ ઈશ્વરકૃપા અને પાપભીરુતાએ એકથી વધુ પ્રસંગોએ બચાવી લીધેલો. વિનોબાજીએ એક વખત કાર્યકર્તાઓની સભામાં વેદનું કોઈ વચન ટાંકીને કહ્યું હતું કે માણસના દોષો છેવટે તો ગુણ:છાયા હોય છે. મહાદેવનો એ સંકોચ અને એની ભીરુતા એને પાપથી બચાવનાર ગુણ બની જતા હતા.

નોંધ:

૧. આજની સોરાબજી હાઈસ્કૂલ.

# ૭ – લગ્ન

તે કાળના રિવાજ મુજબ માત્ર તેર વર્ષની ઉંમરે મહાદેવભાઈનાં લગ્ન (ઘણું કરીને તા. ૨૩–૪–૧૯૦૫ને દિને) એમનાથી તેર માસ નાનાં દુર્ગાબહેન જોડે નવસારી પાસે કાલિયાવાડીમાં થયાં. લગ્ન અનાવિલોના રીતરિવાજ પ્રમાણે, પણ આજકાલ એમનામાં થાય છે તેના કરતાં ઘણી સાદાઈથી થયેલાં. મોટે ભાગે ‘તાપીથી વાપી’ સુધીના એટલે કે, જૂના સુરત જિલ્લા અને અત્યારના સુરત અને વલસાડ જિલ્લામાં વસવાટ કરનાર અનાવિલ જ્ઞાતિએ અનેક સંશોધકોનું ધ્યાન ખેંચ્યું છે. કેટલાક અનાવિલોએ તો પોતાની જ્ઞાતિનું ગૌરવ વીસરાય નહીં, અને એમાં રહેલી ખામીઓ દૂર થાય એ હેતુથી અનાવિલ જ્ઞાતિ વિશે દળદાર પુસ્તકો પણ લખ્યાં છે. આપણે અહીં એનાં મૂળિયાં તપાસવા જઈને જ્ઞાતિપ્રથાને મજબૂત બનાવવામાં સહાયભૂત ન થઈએ.

પ્રશંસાના વહેણમાં સત્યની અવહેલના ન થાય એટલા ખાતર અહીં એની નોંધ લઈએ કે અનાવિલોને બદનામી અપાવનારી અને અનેક અનાવિલ કન્યાઓનાં વડીલોને ધૂળધાણી કરનારી વાંકડા એટલે કે, પૈઠણ (વરવિક્રય)ની રસમથી શ્રી હરિભાઈ પણ બચ્યા નહોતા. એમણે વેવાઈ પાસે છસો રૂપિયાનો વાંકડો લીધેલો. સમાજસુધારાના વિચારોથી તે કાળે હરિભાઈ પ્રભાવિત થયેલા નહીં અને તેર વર્ષના કિશોર મહાદેવે તો તે વખતે એ બાબત વિચાર પણ કર્યો હશે કે કેમ એ પ્રશ્ન છે.

સ્નેહીઓને લગન વિશેની વધુ વાતો દુર્ગાબહેન પાસેથી જ સાંભળવા મળતી. શ્રી નરહરિભાઈ અને મણિબહેન તો મહાદેવ અને દુર્ગાનાં જિગરજાન દોસ્તો. એટલે એમની આગળ તો એ કહ્યા વિના શાનાં રહે? महादेवभाईना पूर्वचरितमां નરહરિભાઈએ એ વાતને પોતાની લાઘવવાળી છતાં સરસ વિશદ શૈલીમાં રજૂ કરી છે:

'મહાદેવભાઈ કરતાં દુર્ગાબહેન એકાદ વરસે નાનાં છે. એમનું પિયર નવસારી પાસે કાલિયાવાડીમાં. એમના પિતા શ્રી ખંડુભાઈ લલ્લુભાઈ દેસાઈ કેળવણીખાતામાં ડેપ્યુટી ઇન્સપેક્ટર હતા. મહાદેવનું કુટુંબ કુળવાન તો ગણાય, પણ સ્થિતિ ગરીબ. ખંડુભાઈ રહ્યા કેળવણીખાતાના એટલે શાળામાં જઈને છોકરો કેવો છે તેની તપાસ કરી. બધા શિક્ષકોએ કહ્યું કે છોકરો ભારે હોશિયાર અને સુંદર છે. દુર્ગાબહેન તો મોહિત પછી થવાનાં હતાં, પણ એમના પિતાશ્રી તો મહાદેવભાઈને જોઈને જ મોહિત થઈ ગયા, અને આર્થિક સ્થિતિનો કશો વિચાર કર્યા વિના, "વરમાંથી ઘર થાય" એ ન્યાય સ્વીકારી એમણે તો નિશ્ચય પાકો કરી નાખ્યો. ખંડુભાઈ શ્રેયસાધક અધિકારી વર્ગના સ્થાપક નૃસિંહાચાર્યના શિષ્ય હતા, અને એમનું કુટુંબ પણ ભગત કહેવાતું. જોકે એ સાચા અર્થમાં તો ભક્ત હતા. દુર્ગાબહેનનું શાળાનું ભણતર ગુજરાતી છ ચોપડી સુધીનું થયેલું, પણ નાનપણમાં જ શ્રેયસાધક વર્ગનાં પુસ્તકો અને બીજાં ભજનો પણ ઘણાં વાંચેલાં.'

આપણે આગળ જોઈશું કે મહાદેવભાઈમાં પણ તેથી ભક્તિના સંસ્કાર ઊંડા પડેલા હતા. એ રીતે અનાયાસે, કશી પસંદગી કરવા ગયા વિના સુયોગ્ય જોડું મળી ગયું.

દુર્ગાબહેન કહે છે કે પરણીને સુરતથી દિહેણ જતાં માફામાં અમારી સાથે બે ભાભીઓ બેઠેલી હતી. મહાદેવ બોલવામાં અને વાર્તાવિનોદ કરવામાં તો પહેલેથી જ ચબરાક હતા એટલે એમણે આખે રસ્તે ભાભીઓ સાથે ઠઠ્ઠામશ્કરી કરેલાં. એ સાંભળીને દુર્ગાબહેનને મનમાં થતું કે આવી વાતો શું કરતા હશે? ભાભીઓ કહે, 'નહોતા પરણવાના ને કેમ પરણ્યા? ચોરીમાંથી ઊઠીને નાસી જવાના હતા ને કશું બોલ્યા વિના ફેરા તો ફર્યા?' મહાદેવભાઈ કહે, 'પણ મને વહુ ના ગમે તો હું નહોતો પરણવાનો ને? આ તો મને ગમી ગઈ એટલે શાનો ના કહું, કે ઊઠી જાઉં?' આવા વિનોદો ઉપરાંત આખા રસ્તે ભાભીઓની તરેહ તરેહની મશ્કરીઓ પણ કરે. દુર્ગાબહેન શ્રેયસાધક વર્ગના ચોખલિયા વાતાવરણમાં ઊછરેલાં એટલે આવા નિર્દોષ પણ ગ્રામીણ લાગતા વિનોદમાં એમને અસંસ્કારિતા અને અસભ્યતા લાગી. પછી જ્યારે ઘર આગળ માફો પહોંચ્યો અને ઊતરવાનું કહ્યું ત્યારે માટીનું ખોરડું જોઈને પહેલાં તો આ ઘર આપણું હશે જ નહીં, આ કોઈ દૂબળા કે કોળીનાં ઝૂંપડાં હશે એમ થયેલું. આ પ્રથમ છાપ છે. પછી તો જે રીતે બધાં સાસરિયાં એમની સાથે વર્ત્યાં અને ઘરના સંસ્કારોનો અનુભવ થયો એટલે એ છાપ તરત ભૂંસાઈ ગઈ.૧

મહાદેવભાઈ એક વાત કાંઈક કૌતુક, કાંઈક રમૂજ અને કાંઈક ગર્વ સાથે પોતાના

અંતરંગ લોકોને અનેક વાર કહેતા કે તેર વર્ષની વયે લગ્ન થયાં તે પહેલાં એમને માટે જે માગાં આવ્યાં હતાં તે બધી છોકરીઓનાં નામ દુર્ગા હતાં!

કિશોર અવસ્થામાં લગન એટલે ત્યારથી જ પરિણીત જીવનનો પ્રારંભ એમ હરગિજ નહીં. લગ્નની મુખ્ય અસર તો દુર્ગાબહેન પર જ પડી. પરણ્યા પછી એમનો વાસ મોટે ભાગે પિયેર કાલિયાવાડીને બદલે સાસરા દિહેણમાં થયો. શરૂઆતનાં વરસોમાં સાસરામાં દળવા, ખાંડવા, વાળવા, પાણી ભરવા વગેરેનું કામ પણ ઠીક ઠીક રહેતું. પિયેરમાં દુર્ગાબહેન નાની દીકરી એટલે લાડકાં હતાં. સાસરિયામાં ઉંમરમાં પોતાનાથી ચારપાંચ વરસ જ મોટાં સાસુ પણ હતાં. અને પછી તો બે નણંદ અને બે દિયેરની દેખરેખ ને સેવાચાકરીનાં કામ પણ એમાં ઉમેરાયાં. મહાદેવનો ગૃહસ્થાશ્રમ તો એમણે ઠેઠ અઢારઓગણીસ વરસની ઉંમરે માંડ્યો હશે, પણ ગૃહિણી તરીકેની તાલીમ તો એમને તે અગાઉ જ મળી ગયેલી.

નોંધ:

૧. નરહરિ પરીખ: महादेवभाईनुं पूर्वचरित, प्, २३–२४.

# સાત – મહાવિદ્યાલયમાં

પંદરથી અઢાર વર્ષની ઉંમર એટલે માણસના તારુણ્યપ્રવેશની ઉંમર ગણાય. મહાદેવના જીવનમાં આ વર્ષો પોતાનાં ઘર, ગામ અને જિલ્લાના કોશેટામાંથી બહાર નીકળી મુંબઈના મહાવિદ્યાલયના વાતાવરણમાં જઈને વસવાનાં હતાં. આ વર્ષો દરમિયાન તેમની ક્ષિતિજો વિસ્તરી. ભાવિ જીવન માટેની અહીં ચોક્કસ તૈયારીઓ થઈ.

આ કાળમાં મહાદેવ રાષ્ટ્રના નાગરિક તરીકેની તાલીમ લઈ રહ્યા હતા. સોળ વર્ષથી ઓછી ઉંમરનાને મૅટ્રિકની પરીક્ષા આપવાની છૂટ નહીં એવો નિયમ મુંબઈ યુનિવર્સિટીએ કર્યો તેનાથી એક વર્ષ આગળ જ મહાદેવે, ચૌદ પૂરાં થતાં પહેલાં જ, મૅટ્રિક પાસ કરી. પોતાની હાઈસ્કૂલમાં પ્રથમ આવ્યા. પરીક્ષામાં ભલે પહેલા આવ્યા, પણ હતા તો કિશોર જ ને? તે વખતે સુરત પરીક્ષાનું કેન્દ્ર નહોતું, તેથી પરીક્ષા આપવા મુંબઈ જવું પડ્યું. પિતરાઈ બહેનને ત્યાં ઉતારો હતો, પણ પેપર આપીને પાછા આવતાં ‘ઘરે’ પહોંચવાનો રસ્તો ભૂલ્યા. થોડી વાર રસ્તો શોધવા મથામણ કરી હશે, પણ તેમાં ન ફાવ્યા એટલે ગભરાઈને રડવા માંડ્યું. છેવટે એક પોલીસવાળાએ સરનામા મુજબ ઠેકાણે પહોંચાડ્યા.

કૉલેજમાં પ્રવેશ અંગે પણ પ્રથમ તો મુસીબત આવી પડી, પણ તે ‘ગુણછાયા’ને લીધે નહીં, ગુણને લીધે.

નોકરીનાં સ્થળો બદલાતાં બદલાતાં વલસાડ પહોંચેલા પિતાશ્રીને ત્યારે માસિક ચાળીસ રૂપિયા પગાર હતો. એટલે ઘરને ખર્ચે તો મુંબઈ રહીને ભણી શકાય એમ હતું નહીં. મૅટ્રિકમાં સારા માર્ક આવ્યા હતા એટલે એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ તો મળી ગયો. રહેવા માટે ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગમાં ફ્રી બોર્ડર તરીકે દાખલ કરવા અરજી કરેલી અને તેમાં જગ્યા મળવાની આશા પણ પૂરી હતી. પણ અરજીનો જવાબ આવવામાં

દસેક દિવસની વાર થાય એમ હતું, એટલા દિવસ એલ્ફિન્સ્ટન કૉલેજની હૉસ્ટેલમાં રહેવું પડ્યું. ત્યાંના છોકરાઓની સાહ્યબી, ખાવાપીવામાં થતો બગાડ, નોકરો સાથે હુકમશાહીથી થતી વાતો, જરા જરા વારમાં ખર્ચાતા પૈસા જોઈને મહાદેવ તો હેબતાઈ જ ગયા. ખાતાં મોંમાં કોળિયો ન જાય. ટૂંકા પગારના અને મોટા વસ્તારના બાપુજી પર આવા ખર્ચનો ભાર નખાય જ શી રીતે? ઘેરે પિતામાતા જે ખાતાં હતાં તે મહાદેવ ક્યાં નહોતા જાણતા? મહાદેવ એ પણ જાણતા હતા કે પુત્રને ભણાવવાની હોંશ પિતાને ખૂબ હતી, જરૂર પડત તો એ જમીન વેચીને પણ મહાદેવને કૉલેજમાં ભણાવત. પણ મહાદેવથી એવું મોંઘું શિક્ષણ લેવાય શી રીતે? પહેલે દિવસે સરખું ખાધું નહીં. આખી રાત રોઈ રોઈને કાઢી. ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગમાં મફત રહેવાનું મળશે એવી આશા હતી તેથી જ કાળજું કઠણ રાખીને જેમતેમ કરીને દસ દહાડા કાઢ્યા. આશા મુજબ બોર્ડિંગમાં પ્રવેશ મળી ગયો. ઉપરાંત કૉલેજની એક સ્કૉલરશિપ પણ વધારાની મળી ગઈ, એટલે ભણતરનો ખર્ચ પિતાશ્રી ઉપર નાખવાનો પ્રશ્ન જ ન રહ્યો.

બે વર્ષે ઇંટર પાસ થયા પછી આવા જ પ્રકારની બીજી મૂંઝવણ અનુભવાયેલી. બોર્ડિંગમાંથી જે ફ્રીશિપ મળતી તેમાં રહેવા-ખાવાનું, કપડાં અને મુંબઈની જે કૉલેજમાં ઓછામાં ઓછી ફી થતી હોય તેની અડધી ફી મળતી. પણ પુસ્તકોનું, જવા-આવવાનાં ટ્રામ કે લોકલનાં ભાડાંનું કે નાસ્તાપાણીનું ખર્ચ થતું તે સ્કૉલરશિપમાંથી કાઢતા. ઇંટરમાં સ્કૉલરશિપ સારુ જોઈએ તેનાથી એક નંબર નીચે આવેલો. એટલે એ સ્કૉલરશિપ વિના અભ્યાસ ચાલુ રાખવો કે નહીં એ જ પ્રશ્ન થઈ પડ્યો. પિતા તો કોઈ પણ હિસાબે અભ્યાસ ચાલુ રાખવાનો આગ્રહ રાખે એવી ખાતરી હતી એટલે આ વાતની ખબર જ તેમને નહીં આપેલી. ખૂબ વિમાસણમાં પડ્યા. એમનો ચહેરો જ એટલો સ્ફટિક જેવો નિર્મળ હતો કે કોઈ પણ ભાવ એ ચહેરા પર છૂપો ન રહે. કૉલેજમાં દાખલ થયા ત્યારથી જ જેમની સાથે દોસ્તી બંધાયેલી તે વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા મહાદેવની મૂંઝવણ એના ચહેરા પરથી જ પારખી ગયા. એની તેજસ્વિતા વિશે વૈકુંઠભાઈને માન હતું અને એના ઘરની આર્થિક સ્થિતિ વિશે ભાન હતું. તેથી ચૂપચાપ પોતાના પિતા પાસે ગયા અને એમને કહ્યું, 'અમારા વર્ગમાં એક તેજસ્વી ને ગરીબ ઘરનો છોકરો છે. એક નંબર ખાતર એ સ્કૉલરશિપ ગુમાવે છે. આપની રજા હોય તો હું મારી સ્કૉલરશિપ છોડી દઉં તો એનો નંબર લાગી જાય!' લલ્લુભાઈ જેટલા આર્થિક રીતે શ્રીમંત હતા તેટલા જ દિલના પણ દિલાવર હતા. એમણે તરત જ પુત્રને મહાદેવ ખાતર પોતાની

સ્કૉલરશિપ જતી કરવાની સહર્ષ અનુમતિ આપી. ખુદ લલ્લુભાઈએ પણ વર્ષો પહેલાં આ રીતે સુયોગ્ય એવા ગરીબ સહાધ્યાયીઓ સારુ પોતાની સ્કૉલરશિપ જતી કરી હતી. વૈકુંઠભાઈએ મહાદેવને કે કૉલેજના બીજા કોઈને પણ કશી જાણ કર્યા વિના મહાદેવના લાભમાં પોતાની સ્કૉલરશિપ જતી કરી. તે જ વરસે આ રીતે સ્કૉલરશિપ જતી કરનાર એક વિદ્યાર્થિની પણ હતી. કૉલેજના સામયિક अेल्फनिस्टोनयिने વૈકુંઠભાઈના આ કૃત્યની નોંધ લેતાં કહ્યું, 'કુમારી પટેલ અને વી. એલ. મહેતાએ પોતાની શિષ્યવૃત્તિઓ બીજા વધુ જરૂરિયાતવાળા અને સુયોગ્ય વિદ્યાર્થીઓ સારુ જતી કરીને ખૂબ સારું પ્રશંસાપાત્ર કામ કર્યું છે.' ત્યાર બાદ વૈકુંઠભાઈ સાથે મહાદેવની મૈત્રી સર લલ્લુભાઈના આખા કુટુંબ સુધી વિસ્તરી. મહાદેવ પણ એમના ત્રણેય દીકરાઓની માફક સર લલ્લુભાઈને 'લલ્લુકાકા' કહેતા અને લલ્લુભાઈ પણ મહાદેવ પર પુત્રવત્ વાત્સલ્ય રાખતા. વૈકુંઠભાઈ સાથેની મૈત્રીનું એક બીજું નિમિત્ત એ નિયમિત ચાલવાનું પણ હતું. વૈકુંઠભાઈ અને એમના બીજા મિત્રોને ક્રિકેટ રમવાનો શોખ હતો. પણ વૈકુંઠભાઈના શબ્દોમાં કહીએ તો મહાદેવ 'આદર્શ' વિદ્યાર્થી હતા. ચાલવું એ જ એમની કસરત હતી. વૈકુંઠભાઈ મહાદેવભાઈ જોડે ઘણી વાર ચાલતા કૉલેજમાં જતા કે ત્યાંથી પાછા આવતા અને રસ્તે મિત્રોની જ્ઞાનગોઠડી ચાલતી. જોકે મિત્રતાના કાળનું સ્મરણ કરીને વૈકુંઠભાઈએ જે વાત યાદ કરી છે તે તો મહાદેવભાઈની વિદ્વત્તા કે એમની બુદ્ધિમત્તા કરતાં એમના ચારિત્ર્યને જ વધુ વ્યક્ત કરનારી હતી. 'કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સંબંધ મીઠો હોય છે તેમ કડવાશનો પણ અનુભવ થાય છે. ચાર વર્ષ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં સાથે ગાળ્યાં તે દરમિયાન એક્કે આકરો અથવા કઠોર શબ્દ તેમની પાસેથી સાંભળ્યાનું સ્મરણ નથી. ગાંભીર્ય શરૂઆતથી જ તેમનું મુખ્ય લક્ષણ હતું. વિદ્યાર્થીઓના જીવનમાં વિનોદ હોય છે તેનાથી તેઓ વંચિત હતા એમ હું સૂચવતો નથી, પણ અધ્યાપકો અગર સહાધ્યાયીઓની નિંદા અથવા તો રમતગમતનો ચડસ તેમનામાં મેં જોયાં નહોતાં, જ્યારે મળવા અને વાત કરવાનો પ્રસંગ આવે ત્યારે અભ્યાસની અને દેશના જીવનની જ વાતો કરવાની ઉત્સુકતા તેમનામાં હતી. વાર્તાલાપનો શોખ તેમનામાં પહેલેથી જ હતો પણ તેમાં પ્રવીણતા તો જેમ જેમ તેમના વ્યક્તિત્વનો વિકાસ થયો તેમ તેમ વધતી ગઈ.'૧

કૉલેજના વિદ્યાભ્યાસ કાળમાં મહાદેવભાઈના બીજા અનન્ય મિત્ર હતા સૈયદ

અબદુલ્લા બ્રેલ્વી, જે પાછળથી મુંબઈના बॉम्बे क्रॉनकिलના તંત્રી બન્યા હતા. પત્રકારત્વની દુનિયામાં હોવાને કારણે શ્રી બ્રેલ્વી રાષ્ટ્રીય આંદોલનમાં સીધા પડતા નહોતા, પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેમને ઊંડો રસ હતો. ગાંધીજીને यंग इन्डियाનો વહીવટ સોંપવામાં પણ તેમનો હાથ હતો. કૉલેજકાળ દરમિયાન થયેલી બ્રેલ્વી-દેસાઈની મૈત્રી જીવનભર વધતી ગઈ. મહાદેવભાઈના મૃત્યુ પછી સરકારના સખત સેન્સરશિપના જમાનામાં પણ મહાદેવભાઈ વિશે અગ્રલેખ લખનારાઓમાં બ્રેલ્વીસાહેબ અગ્રણી હતા. તેમણે ત્યારે મહાદેવના મરણથી ગાંધીજીને જે ભારે ખોટ પડી હશે તેનું સ્મરણ દેશને કરાવ્યું હતું.

આ ઉપરાંત बॉम्बे क्रॉनकिलમાં કળાવિવેચનની કટારો લખનાર શ્રી કનૈયાલાલ હ. વકીલ તથા પાછળથી મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત કરતા શ્રી અલરેજા મહાદેવભાઈના મિત્રો હતા. વૈકુંઠભાઈ, બ્રેલ્વી અને મહાદેવભાઈની મૈત્રી દિવસે દિવસે વધતી ગઈ અને આખું જીવન ટકી.

એલ્ફિન્સ્ટન કૉલેજની હૉસ્ટેલમાં જતાંની સાથે જ મહાદેવભાઈને સમજાઈ ગયું હતું કે આ ખર્ચાળ, બગાડ કરનાર અને મોજશોખ ઉડાવનાર તથા નોકરોને બૂમાબૂમ કરીને પોતાની ધાક જમાવતા વિદ્યાર્થીઓની સોબત આપણને ન ખપે. પણ એલ્ફિન્સ્ટન કૉલેજના અભ્યાસખંડોમાં પ્રવેશ કરતાં જ પંદર વર્ષની કોમળ વયના મહાદેવે પોતાની આંતરસૂઝથી એટલું સમજી લીધું હતું કે આ એક એવું વિદ્યાધામ છે જ્યાં વિવેક કરીને આપણે પોતાના પુરુષાર્થથી વિદ્યા પ્રાપ્ત કરવાની છે. અહીંનાં વ્યાખ્યાનોની નોંધો જાતે લેવાની છે. પુસ્તકાલયમાં જઈ પાઠ્યપુસ્તકો ઉપરાંત નિત્ય વિકસતા જતા રસના નવા નવા વિષયોનાં પુસ્તકો જાતે શોધી કાઢવાનાં હતાં. અધ્યાપકોમાંથી યોગ્ય માર્ગદર્શન આપી શકે તેવાની શોધ કરીને એમની સત્સંગતિ કેળવવાની હતી. જે કૉલેજમાંથી દાદાભાઈ નવરોજી, મહાદેવ ગોવિંદ રાનડે, ફીરોજશાહ મહેતા, ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા અસાધારણ વિદ્યાવ્યાસંગીઓ નીકળ્યા હતા તે કૉલેજમાં મહાદેવભાઈ પ્રવેશ કરી રહ્યા હતા. બૌદ્ધિક ક્ષિતિજોનો વિસ્તાર કરવાની મહાદેવભાઈને માટે આ અમૂલી તક હતી અને બીજા વિષયોમાંથી ચિત્તવૃત્તિનિરોધ અને અભ્યાસવૃત્તિને લીધે તેમણે તે તક બરાબર ઝડપી લીધી. ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યનો તેમને મૂળથી જ શોખ હતો. તે કાળ સુધીમાં પ્રસિદ્ધ થયેલ ગુજરાતી સાહિત્ય તો તેમણે આ ચાર વર્ષો

દરમિયાન જોઈ લીધું હતું. અંગ્રેજી સાહિત્યનો પણ તેમને શોખ હતો. અવારનવાર લેખો, નિબંધો કે કવિતાઓ પણ લખતા. એક વાર કૉલેજના માસિક अेल्फनि्स्टोनयिन સારુ તેમણે અંગ્રેજીમાં એક કાવ્ય લખ્યું. તે ઉપરથી અંગ્રેજીના પ્રાધ્યાપકે તેમને બોલાવીને કાવ્યને વખાણ્યા પછી એવી સલાહ આપી કે તમે ગુજરાતી કે અંગ્રેજી એકેય ભાષામાં કાવ્યો ન લખશો; ખૂબ વાંચો, મોટા મોટા કવિઓનાં ઉત્તમ કાવ્યોનું પરિશીલન કરો અને પછી લખવાની ઊર્મિ આવે તો લખજો. આ સલાહનું ગાંભીર્ય સમજી લઈ મહાદેવભાઈએ કાવ્યો લખવાની ચેષ્ટા તે કાળે ન કરી. કૉલેજ પૂરી કર્યા પછી કેટલાંક ભજનો લખેલાં. પરંતુ મહાદેવભાઈની અમર કૃતિઓ તો બંગાળી અને અંગ્રેજી કવિઓના તેમણે કરેલા અનુવાદો રૂપે જ પ્રગટ થઈ. પાછળથી એમના કામનો બોજો એટલો વધી ગયો હતો કે મૌલિક કવિતાઓ તેઓ લખી શક્યા જ નહીં. અનુવાદો કર્યા તે સંઘેડાઉતાર હતા. પણ તેય પ્રમાણમાં થોડા જ કરી શક્યા. પેલા અંગ્રેજીના પ્રાધ્યાપક પાસેથી મળેલો બોધપાઠ તો એ હતો કે કોઈ પણ વસ્તુ વિશે અભ્યાસ અને અનુભવ વિના કલમ ચલાવવી નહીં. કૉલેજકાળ દરમિયાન સાહિત્યના તેમના મૂળ શોખ ઉપરાંત તેમણે ઇતર વિષયોનું વાચન પણ ઘણું કરેલું. વળી દેશના પ્રશ્નો અંગે જ્યારે સહાધ્યાયીઓમાં ચર્ચા ચાલતી હોય ત્યારે, ખાસ કરીને ચાલતા જતી વખતે, મહાદેવ એમાં ભળતા. રાજકારણના વિષયનો રસ પણ એમને લાગી ચૂક્યો હતો. તેથી કૉલેજના પહેલા વર્ષમાં સુરતની મહાસભામાં ગયેલા તો છેલ્લા વર્ષ દરમિયાન ઠેઠ અલાહાબાદ જઈને મહાસભામાં હાજરી આપી આવેલા. અલબત્ત, આ અધિવેશનોમાં તેમણે કોઈ વિશેષ ફાળો આપ્યો હોય એમ જણાતું નથી, પણ અઢાર વર્ષની ઉંમરે, કૉલેજનું છેલ્લું વર્ષ ચાલતું હોય ત્યારે, મુંબઈથી ઠેઠ અલાહાબાદ સુધી મુસાફરી ખેડી એ જ એમનો રાજકારણ વિશેનો રસ સૂચવી જાય છે.

કાવ્યો, નાટકો અને નવલકથાઓના વિશાળ વાચન છતાં તેમણે બી. એ.માં સ્વૈચ્છિક વિષય તરીકે ફિલસૂફી લીધો. વ્યક્તિ અને સમાજને ઉપયોગી થઈ પડે એવા સર્વ વિષયોમાં એમને રસ હતો. છતાં એમનું હાડ અધ્યાત્મનું હતું. એમના પરમ મિત્ર વૈકુંઠભાઈ એની શાખ પૂરતાં કહે છે: 'આરંભથી જ ભાઈ મહાદેવમાં ધાર્મિક વૃત્તિ હતી. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી એ જાગ્રત થઈ એમ માનવાને કારણ નથી. પણ તે વિષયના ઊંડા અભ્યાસને કારણે તેમની ધાર્મિક ભાવનાઓ દૃઢ થઈ એમાં સંશય નથી. જુદા જુદા દેશના તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો વાંચવા-સમજવાની જે તક તેમને કૉલેજના અભ્યાસ

દરમિયાન મળી તેની પૂર્ણ અસર તેમના જીવન પર થઈ અને તેનો લાભ તેમણે જનતાને પહોંચાડ્યો.'૨

વિદ્વત્તાની સાધનાનું આ પાસું કૉલેજનાં ચાર વર્ષોથી પૂરું થવાનું નહોતું. એક નિત્ય વિકાસશીલ વિભૂતિનું પડખું સતત સેવનાર મહાદેવભાઈની જ્ઞાનોપાસના પણ એક જગ્યાએ જઈને અટકી ઓછી શકે? ગમે તેટલાં કામ વચ્ચે પણ એમનો અભ્યાસ ચાલતો જ રહ્યો. એ જ્ઞાનોપાસનાનો છેવટનો પરિપાક આપણને જોવા મળે છે ગાંધીજીના અનાસક્તયોગના સટીક અંગ્રેજી ભાષાંતર કર્યા પછી તેની આગળ એમણે 'માય સબમિશન' (મારું નિવેદન) નામની, મૂળ પુસ્તક કરતાં પણ લાંબી, જે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી છે તેમાં.

વૈકુંઠભાઈએ મહાદેવભાઈની મૂળ ધાર્મિક વૃત્તિની વાત કહી છે એ સાવ સાચી હતી. માતાના ધાવણમાંથી અને પિતાના પ્રાથમિક શિક્ષણથી જ તે તેમને મળી હતી. નાનપણમાં એમણે વેદ-ઉપનિષદનાં પાત્રોની વાર્તાઓ વાગોળી હતી. પોતાનાં ઘરડેરાંઓ પાસે રામાયણ-મહાભારતની કથાઓ સાંભળી હતી. નથુરામ શર્માના અનુયાયી એવા એમના મુરબ્બીઓએ એમને શિસ્ત સાથે ધર્મના સંસ્કાર પણ આપ્યા હતા.

પરંતુ ચારિત્ર્ય પર સ્થાયી પ્રભાવ પાડી શકે એવી પહેલી વ્યક્તિ મળી તે ગોધરાના 'બાપજી', પુરુષોત્તમ સેવકરામ ભગત. મહાદેવભાઈ હાઈસ્કૂલના છેલ્લા વરસમાં ભણતા હતા, એટલે કે તેરચૌદ વરસના હતા ત્યારે હરિભાઈની બદલી વલસાડ થયેલી. ભગતજી વલસાડમાં હરિભાઈના એક મિત્રને ત્યાં પ્રસંગોપાત્ત આવતા અને અઠવાડિયું — બે અઠવાડિયાં રહી જતા. રજાઓ દરમિયાન મહાદેવભાઈ વલસાડ જાય ત્યારે આ ભગતનાં દર્શને જતા અને એમની ભજનમંડળીમાં ભળતા. હરિભાઈ અને મહાદેવ બંનેને ભજનોનો શોખ વારસાગત સાંપડલો હતો. કૉલેજમાં ગયા પછી મુંબઈ, દાદરમાં વસનજી પાર્ક પર ભગતજી આવતા, ત્યાં પણ તેઓ જતા. ગાંધીજીની સાથે ભળ્યા પછી પણ આમ અવારનવાર ભગતજીને મળવાનું થતું. બાપજીના મરણ પછી નવજીવનના એક લેખમાં મહાદેવભાઈ લખે છે:

'કૉલેજમાં અભ્યાસ કરતો હતો તે વેળા સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો અને તે દ્વારા શ્રી રામકૃષ્ણ પરમહંસનો કાંઈક પરિચય થયો હતો. એ પરમહંસની પ્રતિમૂર્તિ મને આ પુરુષમાં જોવા મળી. એ પરમહંસનાં વચનોનું રહસ્ય આ સંત પુરુષનાં વચનોથી

મને સમજાયું. એમની સાથે કેટલોક સમય તો હું લાગટ રહ્યો છું અને પાછળથી દર વર્ષે એકાદ વાર એમનાં દર્શન કર્યાં છે. આ સમાગમ દરમિયાન એમને મેં નિરંતર ભગવદ્દભજનમાં લીન, ભગવતચર્ચામાં લીન, દેહાધ્યાસથી વિમુક્ત જોયા છે તેવા ભાગ્યે જ કોઈને જોયા હશે.

નर्िमानमोहा जतिसगंदोषा
अध्यात्मनत्िया वनिवित्ृतकामाः।
द्वंद्वैर्वमिकु्ताः सखुदःुखसंज्ञरे् –
गच्छन्त्यमढ़ूाः पदमव्यय ंतत् ॥ (गीता, 15-5)

એ વર્ણનને મારી સમજ પ્રમાણે એમનામાં મેં અજબ રીતે મૂર્તિમંત થતું જોયું.'૩

ગાંધીજી મુંબઈમાં હતા ત્યારે બાપજી વસનજી પાર્કમાં આવેલા તે વખતે એમનાં દર્શને ગયા ત્યારે સ્વામી આનંદ સાથે મહાદેવભાઈનો પ્રથમ આંતરિક પરિચય થયેલો તેનું વર્ણન સ્વામીએ 'શુક્રતારક સમા'વાળા મહાદેવ વિશેના લેખમાં સ્નેહથી તરબોળ એવી કલમથી પોતાની આગવી શૈલીમાં કર્યું છે.

બાપજીની દ્વંદ્વવિમુક્ત એવી અવ્યયપદ પામેલી સ્થિતિ વિશે મહાદેવભાઈ લખે છે કે એ સ્થિતિને એમણે એકનિષ્ઠ ભક્તિથી મેળવી હતી. એકનિષ્ઠ ભક્તિના મહાદેવભાઈના પોતાના સંસ્કાર ગોધરાવાળા બાપજીની સત્સંગતિથી વધુ પુષ્ટ થયા અને ભવિષ્યમાં ગાંધીજીનાં ચરણોમાં પોતાની જાતને સમર્પણ કરવાની પરાકાષ્ઠાની નમ્રતા પ્રાપ્ત કરવામાં આ સત્સંગતિ એક નિમિત્તરૂપ બની એમ કહી શકાય. બાપજી વિશેના લેખમાં તેઓ અધ્યાત્મના વિચારોને કેવા સરળ શબ્દોમાં સમજાવતા તેનાં એકબે સરસ ઉદાહરણો મહાદેવભાઈ આપે છે. ગીતાનો સિદ્ધાંત શું? — એમ પૂછીને કહે, 'જુઓને ગીતાનું રટણ કરો તો ગીતા-ગીતા-તાગી-તાગી એમ સમજાય છે! એટલે ગીતાનું રહસ્ય તાગી અથવા ત્યાગીમાં છે. જેણે દેહબુદ્ધિ ત્યાગી છે તેણે ગીતાને જાણી છે.'

અથવા 'મોક્ષમાં બે શબ્દ છે: મોહ અને ક્ષય. મોહનો ક્ષય એટલે મોક્ષ જ છે.'

ભજનો દ્વારા જ બાપજી ઉપદેશ આપતા એમ કહીને મહાદેવભાઈ પોતાના અંજલિલેખમાં જે ઉદાહરણો આપે છે એનાથી એ સંતના વ્યક્તિત્વ સાથે સાથે

મહાદેવભાઈના ચારિત્ર્ય પર પણ પ્રકાશ પડે છે. ભજનો તો બાપજી અનેક ગાતા હશે, પણ મહાદેવભાઈને તેમાંથી ખાસ્સી લીટીઓ ટાંકવાનું મન થાય છે તે તો છે:

'નમીઆ સો તો સાહેબને ગમીઆ પ્યારે
નમીઆ સોઈ નર ભારી રે જી.'

ને સાખી ટાંકે છે, તો:

'ઊંચા ઊંચા સો ચલે પણ નીચા ન ચલે કોઈ,
જો નીચા નીચા કોઈ ચલે તો સબસે ઊંચા હોઈ.
રામરસ ઐસા હે મેરે ભાઈ!'

અને પછી કહે છે, 'રામરસ'વાળું ભજન ગાતાં એમનામાં જે મસ્તી અને ખુમારી મેં જોઈ છે તેવી ભાગ્યે જ બીજે ક્યાંયે જોઈ છે.'

શ્રદ્ધાંજલિની સભાઓમાં એક જ વ્યક્તિને જુદા જુદા લોકો જુદી જુદી રીતે શ્રદ્ધાંજલિ આપતા સાંભળવા મળે છે. આપણે જે શ્રદ્ધાંજલિ આપનારા લોકોને નિકટથી ઓળખતા હોઈએ તો એક સત્ય આપણને એ શ્રદ્ધાંજલિઓમાં જોવા મળશે કે શ્રદ્ધાંજલિ આપતાં આપતાં આપનાર વ્યક્તિ પોતે જે ગુણની વધુ કિંમત કરે છે, જેની એ અંદર અંદર ખેવના કરતો હોય છે તે જ ગુણ શ્રદ્ધાંજલિને પાત્ર વ્યક્તિમાં એને દેખાય છે. બાપજીને શ્રદ્ધાંજલિ આપવામાં 'નમીઆ સૌ તો સાહેબને ગમીઆ' કહીને મહાદેવભાઈએ પોતાના અંતરની ખેવનાને વ્યક્ત કરી છે અને આ જ લેખમાં આગળ ઉપર 'આ જ જન્મમાં પુરુષાર્થ કરો, આ જ જન્મમાં' અને 'દેહના બંધનને તોડીને ફેંકી દો!' એ એમનાં વચન વારંવાર સાંભળ્યાં છે, આજે જેમ જેમ એમનું સ્મરણ કરતો જાઉં છું તેમ તેમ એમની રામરસની મસ્તી યાદ આવે છે.૪

આ વચનો વાંચી સહેજે આપણા મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે છે કે સો વરસનું કામ પચાસ વરસમાં પતાવીને દેહ છોડીને ચાલ્યા જવા પાછળ આ ખેવનાએ તો કામ કર્યું નહીં હોય?

'શુક્રતારક સમા'વાળા લેખમાં ગીતાના યોગભ્રષ્ટ શબ્દને યાદ કરીને સ્વામી કહે છે:

'શ્રેષ્ઠ પુરુષાર્થ કરતાં કરતાં અધવચ્ચે રસ્તે અચાનક તૂટેલો મહાન આત્મા જન્મથી જ દૈવી સંપતનો ખજાનો ગાંઠ લઈને સંસારમાં આવે છે અને જોતજોતામાં મહાન સિદ્ધિઓની પ્રાપ્તિ કરી ચાલ્યો જાય છે. ભાઈ મહાદેવ તે જ પ્રમાણે એક એકથી ચડિયાતા એવા દૈવી ગુણોની સંપત લઈને કોઈ અધૂરો રહેલો યોગ પૂરો કરવા જ આ ધરતી પર આવ્યો હશે ને?'૫

આમ કૉલેજકાળ દરમિયાન મહાદેવભાઈના જીવન પર જે પ્રભાવો પડ્યા તેમાં અધ્યાત્મ અને સાહિત્યને બે મુખ્ય પ્રભાવ ગણાવી શકાય.

ફિલસૂફી અને તર્કશાસ્ત્રના ઐચ્છિક વિષયો લઈને મહાદેવભાઈ ૧૯૧૦માં બી. એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

નોંધ:

૧. નરહરિ પરીખ: महादेवभाईनुं पूर्वचरित: પૃ. ૨૮-૨૯.

૨. એજન: પૃ. ૩૯-૪૦.

૩. महादेवभाईनी डायरी – ८ : પૃ. ૨૪૭-૨૪૮.

૪. महादेवभाईनी डायरी – ९ : एक संतनो देहत्यागभांથી સારવી.

૫. સ્વામી આનંદ: संतोना अनुज: પૃ. ૧૪૦.

# આઠ – વકીલાત: નોકરીઓ: દિશાની શોધ

કૉલેજનું શિક્ષણ પૂરું કર્યા બાદ આગળ શું કરવું એ પ્રશ્ન દરેક વિચાર કરનાર વિદ્યાર્થીના મનમાં ઊઠે છે. જે વિદ્યાર્થી તેજસ્વી હોય તેને અનેક વિકલ્પો સૂઝે. જે શ્રેય અને પ્રેયનો વિચાર કરતો હોય તેને આંતરિક ગડમથલો અનુભવવી પડે. મહાદેવ તેજસ્વી પણ હતા અને અંતરમુખ પણ હતા.

વિદ્યાભ્યાસકાળમાં છેવટના ભાગમાં એમની દૈવી સંપત્તિની કસોટી કરનારો એક પ્રસંગ પણ બની ગયો. બી. એ. થયા પછી આગળ શું કરવું એનો વિચાર આવ્યો ત્યારે પ્રથમ તો એમ. એ. કરવાનો વિચાર કર્યો. એમાં મુખ્ય આકર્ષણ એ હતું કે સંસ્કૃત વિષય લઈને શાંકરભાષ્યનો ઊંડો અભ્યાસ કરી લેવો. પણ તે વરસે પાઠ્યક્રમમાં રામાનુજનું ભાષ્ય હતું એ જાણ્યું તેથી તેમણે એમ. એ. કરવાનો વિચાર પડતો મૂકી એલએલ. બી.માં નામ નોંધાવ્યું. ઘર પર આર્થિક બોજો ન પડે એ દૃષ્ટિએ સાથે સાથે નોકરી કરવાનું પણ ચાલુ રાખ્યું. બી. એ.માં પ્રથમ વર્ગમાં પાસ થયા હતા તેથી ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં માસિક રૂપિયા સાઠના પગારની નોકરી મળી. કાયદાની કૉલેજના વડા તે વખતે ડી. એફ. મુલ્લા અને હિંદુ કાયદાના અધ્યાપક પાછળથી રાજનૈતિક વિષ્ટિઓ માટે જાણીતા થયેલા શ્રી મુકુંદરાવ જયકર હતા.

એલએલ. બી.ની છેલ્લી પરીક્ષાના દિવસો હતા. મહાદેવભાઈ રાતે મોડે સુધી એકાગ્ર ચિત્તે વાંચતા હતા. બીજે દિવસે ઊઠીને પેપર આપવા જવાનું છે એ વિચારે વાચન આટોપી, દીવો ઓલવી પથારી તરફ જાય છે ત્યાં જુએ છે કે પથારીમાં કોઈક સૂતું છે. મહાદેવભાઈના સોહામણા વ્યક્તિત્વથી મુગ્ધ થયેલી કોઈ રમણીએ ગુપચુપ આવીને મહાદેવભાઈની પથારી પર કબજો જમાવ્યો હતો. મહાદેવભાઈને આંચકો ખાતા જોઈને

પેલીએ એમને જરા હસીને લલચાવવા પ્રયત્ન કર્યો, ત્યારે જ મહાદેવભાઈને એ લલનાનો આશય સમજાયો. આ પ્રસંગે મહાદેવભાઈના ચલિત થવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નહોતો કારણ, આખો કાંડ એકપક્ષી ફસાવટનો અને ફૂવડ જેવો જડ હતો. પણ અડધી રાતે બાઈ, જે ઓળખીતી પણ હતી અને સગી પણ થતી હતી, તેને ફજેત કર્યા વિના ત્યાંથી કાઢવાનો પ્રશ્ન હતો. જેમતેમ કરી મહાદેવભાઈએ બાઈને એનો ધર્મ સમજાવ્યો, બાઈ છાને પગલે ત્યાંથી સરકી ગઈ. પણ પછી મહાદેવભાઈને ઊંઘ શી રીતે આવે? બીજે દિવસે ઈક્વિટી (નૈતિક ન્યાય)નું પેપર હતું. મહાદેવભાઈનો એ પાકો વિષય હતો, પણ પરીક્ષા હૉલમાં પહોંચતાં મહાદેવભાઈને અંધારાં આવતાં હતાં, અને ધરતી ચક્કર ચક્કર ફરતી લાગતી હતી. મન કેમે કર્યું એકાગ્ર થતું નહોતું. આખરે થોડી વાર આ જ અવસ્થામાં ગાળ્યા બાદ પરીક્ષાપત્ર અધૂરું મૂકીને જ ઊઠી આવ્યા. એમનું પડેલું વીલું મોં જોઈને સાથીઓને થયું કે પેપર મનગમતું નહીં આવ્યું હોય, પણ એ લોકો એમને વહેલા પાછા આવવાનું કારણ પૂછે તે પહેલાં તો મહાદેવભાઈએ રીતસર પોક જ મૂકી. સાથીઓ હેબતાઈ ગયા. છોટુભાઈએ પોતાની ઢબથી આશ્વાસન આપ્યું, ‘ગુજરાતી નિહાળના પોઈરાની પેઠે ભેંકડો હું કામ તાણતો છે? હરમ નથી આવતી તને? લોક જોહે તો હું કેહે? બીજી પરીક્ષા કાં નથી આવતી? ઘેરથી પૈહા તો મગાવવા પડતા છે નથી, પછી તને કોણ પૂછવાનું ઉતું?’ મહાદેવભાઈ માંડ માંડ શાંત તો રહ્યા, પણ પરીક્ષામાંથી વહેલા ઊઠીને આવવાનું અસલ કારણ કોઈને કહી ન શક્યા. દુર્ગાબહેન ત્યારે મુંબઈમાં નહોતાં. એ પાછાં આવ્યાં અને એકાંત શોધીને પોતે કેવી કસોટીમાંથી પસાર થયા હતા, તેની આખી કહાણી એમને કહી ત્યારે મહાદેવભાઈના મનનો ભાર થોડો હળવો થયો. એ વર્ષ તો એલએલ. બી.માં નાપાસ જ થયા. ત્યાર સુધીમાં એમના ગાઢ મિત્ર બની ચૂકેલા નરહરિભાઈ બીજે વર્ષે એમની સાથે સૂવા અને વાંચવા આવતા ત્યારે મહાદેવભાઈએ એમને પણ આ વાત કહી હતી. એ વર્ષે એલએલ. બી.માં કોઈ પ્રથમ વર્ગમાં નહોતું આવ્યું. પણ ઈક્વિટીમાં મહાદેવભાઈને યુનિવર્સિટીમાં સૌથી વધારે અંક મળ્યા હતા એમ તા. ૧૯–૧૨–૧૯૧૩ને રોજ આવેલા પરિણામ પરથી જાણવા મળ્યું.

આપણી શિક્ષણપદ્ધતિમાં ભણ્યા પછી હવે શું કરવું એ પ્રશ્ન દરેક યુવાનને આવે છે. મહાદેવભાઈની સામે પણ એ પ્રશ્ન આવીને ઊભો રહે એ સ્વાભાવિક હતું. ભણતર દરમિયાન અનેક વિષયોમાં એમને રસ પેદા થયો હતો અને તે રસ પાંગર્યો પણ

હતો. ગરીબ પરિવારના મોટા દીકરા તરીકેની જવાબદારીનું ભાન કૉલેજમાં જતી વખતે પણ મહાદેવભાઈને હતું, તો તે કૉલેજમાંથી સારી રીતે પસાર થયા પછી એ ભાન વધુ તીવ્ર બને એ પણ સ્વાભાવિક હતું. દેશના પ્રશ્નોમાં રસ જાગી ચૂક્યો હતો. દેશને માટે 'કાંઈક' કરી છૂટવાની તમન્ના મનમાં જાગી ચૂકી હતી, એમ મહાસભાના અધિવેશન દરમિયાન કૉલેજના છેલ્લા વર્ષમાં મુંબઈથી ઠેઠ અલાહાબાદ સુધી જઈ આવેલા તેના ઉપરથી સ્પષ્ટ જણાતું હતું. આ બાહ્ય પરિસ્થિતિને કારણે ઊભી થતી વૃત્તિઓ હતી, પણ એમની આંતરયાત્રા પણ નિરંતર સાથે સાથે જ ચાલતી હતી. ગોધરાવાળા બાપજીનો દેહાસક્તિત્યાગ જોઈને તો તેઓ એમના આશક બની ચૂક્યા હતા. કૉલેજકાળ દરમિયાન જે કાંઈ પદ્યરચનાઓ કરી હતી, તેમાં મોટે ભાગે ભજનો હતાં. મહાદેવના મનમાં ચાલતી ગડમથલ શ્રેય અને પ્રેય વચ્ચેની નહીં, પણ બે શ્રેયસ્કર માર્ગો વચ્ચે વિવેકપૂર્વક પસંદગી કરવાની હતી. ડિસેમ્બર ૧૯૧૩માં મહાદેવભાઈ એલએલ.બી. થયા. નવેમ્બર ૧૯૧૭માં તેઓ પ્રત્યક્ષ રીતે ગાંધીજી સાથે કામમાં જોડાયા. આ ચાર વર્ષો એટલે એકવીસથી પચીસ વરસના થયા તે દરમિયાન તેમણે જે ઠેકઠેકાણે કામો લીધાં, તેને આપણે થોડાં વિગતવાર જોઈશું તો આપણને દેખાઈ આવશે કે એ કામોની પસંદગી અને ફેરબદલીઓ અને છેવટે ધ્યેયની વરણી પાછળ અર્થપ્રાપ્તિ કે કીર્તિનો વિચાર એ ગૌણ હતો. અને પિતૃસેવા, પોતાની અભિવ્યક્તિ, આંતરિક વિકાસની ઝંખના અને આધ્યાત્મિક માર્ગની શોધ એ મુખ્ય પ્રેરક તત્ત્વો હતાં. પાછળથી બરાબર અડધું જીવન જે યજ્ઞમાં તેઓ આહુતિ આપવાના હતા તેનો યજ્ઞમંડપ રચવા, અને તેની વેદીને લીંપીગૂંપીને પ્રસ્તુત કરવાનાં આ ચાર વર્ષો હતાં.

આપણે જોઈ ગયા કે શાંકરભાષ્યનો ઊંડો અભ્યાસ કરવાનો અવસર મળે એમ નહોતું તેથી મહાદેવભાઈએ સંસ્કૃત લઈને એમ. એ. કરવાને બદલે એલએલ.બી.નો અભ્યાસ કરવાનું ઠરાવ્યું. એમાં એક લાભ એ હતો કે અભ્યાસ ખાતર પિતા પર આર્થિક બોજો ન રહ અને બની શકે તો એમને સારુ 'કાંઈક' સહાય પણ મોકલી શકાય. ઠેઠ ૧૯૧૫ના જૂનમાં મહાદેવ ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાંથી છૂટા થયા. આ પાંચેક વર્ષની નોકરી એમને સારુ વ્યક્તિત્વઘડતરની એક સીડીરૂપ થઈ રહી. એમના અક્ષરો, જે મૂળમાં જ સુંદર હતા, તેમાં આ વર્ષો દરમિયાન પરિપક્વતા આવી. મૃત્યુ પછી પચાસ વર્ષેય અત્યંત ઝડપથી લખાયેલી એમની ડાયરીઓ સહેલાઈથી વાંચી શકાય છે, તેની પાછળ એક મોટું કારણ આ સુંદર અક્ષરો હતા. કામમાં તો સરકાર

જેને વાંધા ભરેલું લખાણ ગણીને જપ્ત કરી શકે એવાં ફરફરિયાં, પુસ્તિકા કે પુસ્તકોનું ભાષાંતર કરવાનું મુખ્ય હતું. ઘણીખરી સરકારી ઑફિસોમાં હોય છે તેમ કામ પ્રમાણમાં ઓછું હતું પણ તેને લંબાવીને દિવસ ટૂંકાવવાનો માર્ગ મહાદેવભાઈએ લીધો નહીં, પોતાને ભાગે આવેલું કામ લગભગ અડધા સમયમાં પતાવીને એ બીજા સાથીઓને મદદ કરવા દોડી જતા. કોઈ વાર એવું કામ ન મળે ત્યારે પોતાની સાહિત્યપ્રવૃત્તિને પોષે તેવું કાંઈ વાચન કરતા.

જે સાહિત્ય એમને તપાસી જવાનું આવ્યું તેમાં શ્રી મોહનલાલ પંડ્યા લિખિત *वनस्पतिनी औषधि* નામનું પુસ્તક હતું. પાછળથી ખેડા જિલ્લાના આગેવાન કાર્યકર તરીકે જાણીતા થયેલા અને લોકજીભે 'ડુંગળીચોર' તરીકે વિખ્યાત થયેલા શ્રી મોહનલાલ કામેશ્વર પંડ્યા, ગાંધીભક્ત બન્યા તે પહેલાં ઉદ્દામવાદી હતા. એમની આ પુસ્તિકામાં બૉંબ બનાવવાની રીતની સમજણ આપવામાં આવી હતી. મહાદેવભાઈએ પંડ્યાજીની આ પુસ્તિકા વિશે 'વાંધા ભરેલી.' એવો અભિપ્રાય આપ્યો. મુંબઈ સરકારે તરત જ પુસ્તકને જપ્ત કર્યું.

લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનો અતિ પ્રસિદ્ધ ગ્રંથ *गीतारहस्य* પણ આ રીતે મહાદેવભાઈ પાસે મૂળ હસ્તપ્રતરૂપે આવેલો. કારણ, એ ગ્રંથ બ્રહ્મદેશના લાંબા કારાવાસ દરમિયાન પૂરો થયો હતો. આ ગ્રંથ એમ તો મહાદેવભાઈને રાજનૈતિક દૃષ્ટિએ તપાસવાનો હતો, પણ મહાદેવભાઈ સારુ તો એણે અત્યંત રસપૂર્વક અધ્યયન કરવાની સામગ્રી પૂરી પાડી. મહાદેવભાઈનો મૂળ રસનો વિષય ગીતા. ટિળક મહારાજના પુસ્તકે એ રસ તો તૃપ્ત કર્યો જ, ઉપરાંત એમની વિદ્વત્તાએ મહાદેવના જ્ઞાનયોગને તથા એમની કર્મયોગ વિશેની ધગશે મહાદેવના કર્મયોગને પણ પુષ્ટિ આપી.

ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં મહાદેવભાઈના એક અધિકારી તરીકે જહાંગીરજી એદલજી સંજાણા નામના એક પારસી ગૃહસ્થ હતા. મહાદેવની કાર્યક્ષમતા અને સ્વભાવનું માધુર્ય જોઈને ઉપરી અધિકારી શ્રી સંજાણાનું દિલ મોહિત થઈ ગયેલું. એ ઑફિસમાંથી નિવૃત્ત થયા પછી પણ તેમનો મહાદેવ જોડેનો સંબંધ એવો ને એવો મધુર રહ્યો હતો. અને એક વાર તેમણે મહાદેવભાઈ સારુ એક ભલામણચિઠ્ઠી પણ લખી આપેલી.

બીજા એક અધિકારી ઝેડ. એ. બારની કરીને હતા. તેમણે પોતાની આ ઑફિસમાંની

નોકરી અંગેનાં સ્મરણોનું એક પુસ્તક લખ્યું: रोमान्स ऑफ ध ओरअिन्टल ट्रान्सलटेर ऑफसि નામે. તેઓ જાતે તો મહાદેવભાઈના સીધા પરિચયમાં આવ્યા નહોતા, છતાં એમના કાળ દરમિયાન કામ કરી ગયેલા આ જુવાનિયાની કીર્તિગાથા એમના કાન સુધી એટલી સારી રીતે પહોંચી ગઈ હતી કે, પ્રત્યક્ષ રીતે પરિચિત નહીં એવી વ્યક્તિ વિશે પણ તેઓ લખે છે:

'એમનું જીવન બહુ સાદું હતું. એ આનંદી સ્વભાવના હતા. અને જ્યારે મળે ત્યારે હસતા જ હોય. એમની રીતભાત એટલી ભલમનસાઈ અને સભ્યતાભરેલી હતી કે એમને જોતાં જ એમના ઉપર વહાલ ઊપજે. જેઓ નિરાશાવાદી માનસ ધરાવતા તેઓ એમનો પરિચય થતાં જ આશાવાદી બની જતા. એમણે કોઈ દિવસ કોઈનું અપમાન કર્યું નહોતું અને કોઈને નારાજ કર્યા નહોતા. કાર્ડિનલ ન્યૂમેને "સદ્‌ગૃહસ્થતા"૧ની જે વ્યાખ્યા આપી છે તે બરાબર છે.

એમને મળવાનો કોઈ મોકો મને મળ્યો નહીં એ હું મારી જિંદગીની એક કમનસીબી ગણું છું. પરંતુ એમના સહાધ્યાયીઓ શ્રી બ્રેલ્વી અને શ્રી વૈકુંઠભાઈ મહેતા તરફથી અને શ્રી સંજાણા તરફથી એમના વિશે મેં જે સાંભળ્યું તેનાથી મારા મનમાં એમના માટે પ્રેમ અને માન ઉત્પન્ન થયાં છે. ... ઑફિસમાં એમનું કાર્ય સામાન્ય કરતાં ઊંચી કોટિનું હતું. એ બહુ મહેનતુ અને વાચનના ભારે શોખીન હતા.'૨

ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં ઑફિસના ચાલુ કામકાજની દૃષ્ટિએ રોજેરોજ કરેલા અનુવાદના કામે મહાદેવભાઈને ભાષાંતર કરવાનો ઉત્તમ મહાવરો પૂરો પાડ્યો. ગમે તેટલા પ્રતિભાશાળી સંગીતકારને પણ માત્ર પોતાના સાધનાકાળ દરમિયાન જ નહીં, પણ છેવટ સુધી પોતાના સંગીતને તાજું રાખવા સારુ રિયાઝની જરૂર પડે છે. ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસે મહાદેવભાઈને એમની અનુવાદકળાને પ્રથમ રિયાઝ પૂરી પાડી, જે રિયાઝ એમની છેવટ સુધી ચાલુ રહેવાની હતી. આ કળાની પહેલી પરીક્ષા તેઓ ઓરિયેન્ટલ ટ્રાન્સલેટર ઑફિસમાં કામ કરતા હતા ત્યારે જ થઈ ગઈ અને તેમાં તેમને ઝળહળતી સફળતા મળી. ૧૯૧૫માં ફાર્બસ સભાએ લૉર્ડ મોર્લીના કઠણ અંગ્રેજીમાં લખેલા ગ્રંથ ऑन कॉम्प्रोमाइझનો ગુજરાતીમાં તરજુમો કરવા સારુ રૂ. ૧,૦૦૦ના પુરસ્કારની જાહેરાત કરી. તે કાળના એક હજાર રૂપિયા એ ઘણું મોટું ઇનામ ગણાય. આ સ્પર્ધામાં ઊતરવા સારુ અનેક લોકોએ પુસ્તકનાં થોડાં પૃષ્ઠો ભાષાંતર

કરીને ફાર્બસ સભાની ચકાસણી સમિતિ આગળ મોકલાવ્યાં. તેમાં ભળનારાઓમાં મહાદેવભાઈ કદાચ સૌથી ઓછી વયના જુવાન હશે. ભલભલા ‘સાક્ષર’ ગણાતા લોકોએ પોતપોતાની ભાષાંતરકળાના નમૂનાઓ મોકલેલા. તે સર્વમાં ચકાસણી સમિતિએ મહાદેવભાઈના નમૂનાની પસંદગી કરી અને તેમને ઇનામ આપવાનું ઠરાવ્યું. ત્યાર બાદ ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન સુરતમાં ભરાયું ત્યારે ઘણા લોકો યુવાન મહાદેવ તરફ આંગળી ચીંધી ‘પેલો ऑन कॉम्प्रोमाइझવાળો મહાદેવ હરિભાઈ દેસાઈ’ એમ કાંઈક અહોભાવથી, કાંઈક ઈર્ષ્યા અને કાંઈક આશ્ચર્યની લાગણી સાથે કહેતા.

પોતાના કુટુંબ પ્રત્યેની ફરજનું ભાન મહાદેવભાઈને સદા રહેતું. કૉલેજમાં ગયા ત્યારે કરકસરવાળું જીવન ગાળવા પાછળ પણ પિતા પર આર્થિક બોજો ન આવી પડે એનું ભાન એ કારણ મુખ્ય હતું. બની શકે તો સ્નેહાળ પિતાની જવાબદારીઓ પૈકી કેટલીક ઉઠાવી લેવાની પણ એમની વૃત્તિ હતી. મહાદેવભાઈનાં માતાનું અવસાન તો ૧૮૯૯માં થયેલું એ આપણે જોઈ ગયા છીએ. ત્યાર બાદ પિતા હરિભાઈએ ઇચ્છાબહેન જોડે લગ્ન કરેલાં એ પણ આપણે જાણીએ છીએ. આ લગ્નથી તેમને ચાર સંતાન હતાં: ઠાકોર ઉર્ફે જનાર્દન, શાંતા, નિર્મળા અને પરમાનંદ. તેમાં નિર્મળા અને પરમાનંદના જન્મ તો મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા તે વખતે કે તે પછી થયેલા. પણ ઠાકોર અને શાંતા ઝડપભેર મોટાં થઈ રહ્યાં હતાં. તેમને વિશે મહાદેવનો ખાસ પ્રેમભાવ હતો. ઠાકોરના જનોઈસંસ્કાર ૧૯૧૪માં સુરતમાં થયેલા. તેમાં મહાદેવભાઈએ હાજર રહી પૂરી મદદ કરેલી. શાંતાબહેન તો મહાદેવભાઈ કરતાં ઘણાં વર્ષ નાનાં, પણ આજે, મહાદેવભાઈના મૃત્યુને પચાસ વરસ થવા આવ્યાં તોયે, ‘મોટા ભાઈ’ નામનો ઉલ્લેખ કરતાંની સાથે જ એમની આંખોમાં આંસુ ઊભરાય છે.

૧૯૧૪ના મેની ૧લી તારીખે હરિભાઈની બદલી અમદાવાદમાં ‘મહાલક્ષ્મી સ્ત્રી અધ્યાપન મંદિર’માં હેડમાસ્તર તરીકે થઈ. તેમણે સાંકડી શેરીમાં દેવજી સરૈયાની પોળમાં રહેવાનું રાખ્યું.

વકીલાતનું ભણતા હતા તે દરમિયાન જ મહાદેવભાઈને એક એવી મૈત્રી થઈ હતી કે જેણે એમના જીવનને ઘડવામાં મોટો ફાળો આપ્યો હતો. મૂળ ખેડા જિલ્લાના કઠલાલ ગામના શ્રી નરહરિ પરીખની ઓળખાણ, બંનેના સામાન્ય દોસ્ત એવા શ્રી મનુભાઈ મહેતા મારફત મુંબઈમાં થયેલી. રાજા પંચમ જૉર્જના આગમન વખતે એમના સ્વાગત-સમારોહ વખતે પ્રથમ પરિચય થયેલો. શ્રી નરહરિભાઈના મોટા ભાઈ શ્રી

શંકરલાલ પરીખ ગામના તેજસ્વી જુવાનો પૈકી એક હતા. પાછળથી તેમણે તે જ ગામના શ્રી મોહનલાલ પંડ્યાની સાથે ખેડા જિલ્લાની રાજકીય ચળવળમાં આગેવાની ભરેલો ભાગ ભજવેલો. મહાદેવ અને નરહરિની મૈત્રી જોતજોતામાં ઘનિષ્ઠ બની ગઈ. નરહરિભાઈની મૈત્રીને લીધે મહાદેવભાઈને કૉલેજના વિષયો કરતાં ઇતર વિષયોમાં રસ લેવાની વધુ તક મળી. બંને સાથે મળીને સુરત સાહિત્ય પરિષદના સંમેલનમાં ગયેલા. બંનેએ સાથે મળીને બંગાળી સાહિત્યમાં ચંચુપાત કરવા માંડેલો. બંનેએ સાથે જ ગાંધીજીનાં પ્રથમ દર્શન કરેલાં, પણ તે વાત તો આગળ ઉપર.

સાહિત્ય અંગેનો મહાદેવભાઈનો શોખ નરહરિભાઈને મળ્યા તે પહેલાંનો. કૉલેજકાળ દરમિયાન જ તેમણે તે કાળ સુધીમાં પ્રસિદ્ધ થયેલું ઉત્તમ ગુજરાતી સાહિત્ય વાંચી નાખેલું, ‘ભોળા શંભુ’ના તખલ્લુસથી તેઓ અવારનવાર કૉલેજના સામયિકમાં કાંઈક લખાણ પણ આપતા. પદ્ય પર પણ તેમણે હાથ અજમાવી જોયેલો, પણ તે મુખ્યત્વે ભજનો પર. તક મળે તો સાહિત્યકારોની મુલાકાતો પણ તેઓ લેતા. સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાને તેઓ એકથી વધારે વાર મળેલા. તા. ૨૪–૩–૧૯૧૫ને રોજ પ્રથમ વાર મળ્યા ત્યારે પ્રત્યક્ષ પરિચય તો ક્યાંથી હોય? વૈકુંઠભાઈ મહેતા પાસેથી એક ઓળખપત્ર સાથે લઈ ગયા હતા. તે પત્રમાં મહાદેવ વિશે એમ કહેલું કે તેઓ ગુજરાતી સાહિત્યના સારા અભ્યાસી છે, ફાર્બસ સભાએ મોર્લીના ઑન कॉम्प्रोमाइझनો અનુવાદ કરવા સારુ એમની પસંદગી કરી હતી તેની પણ યાદ આપી હતી.

સાક્ષર શ્રી નરસિંહરાવના યુવાન પુત્ર નલિનનું થોડા દિવસ અગાઉ જ અવસાન થયું હતું. છતાં નરસિંહરાવે મહાદેવભાઈને મુલાકાત આપી હતી. મહાદેવભાઈનાં ભજનોને ‘સારાં’ કહ્યાં, છતાં ‘છાપરે ચડાવવા જેવાં નહોતાં’ માન્યાં. મહાદેવભાઈનાં રૂપ અને વ્યક્તિત્વની નરસિંહરાવ પર સારી છાપ પડી હોવી જોઈએ, કારણ કે તે વિના ‘અનાવલો છે, પણ નાગર જેવો દેખાય છે’ એવો અભિપ્રાય આપ્યો ન હોત!

ટૂંકમાં મહાદેવની સાહિત્યસાધના ચાલી રહી હતી.

પાછળથી તા. ૧૩–૧–૧૯૧૬ને દિને ટાગોરની चत्रिांगदाનો અનુવાદ મહાદેવભાઈએ નરસિંહરાવને ભેટ મોકલ્યો ત્યારે તેની પહોંચ સ્વીકારતાં સાક્ષરશ્રીએ

લખ્યું: 'નલિન ભાષાંતર કરવાનો હતો. લાગણીને સંતોષ છે કે કોકે તો કર્યું, અને તે યોગ્ય જણે.'

નરહરિભાઈ અને મહાદેવભાઈ એક જ વર્ષે, ૧૯૧૩માં એલએલ. બી. પાસ થયા. પછી નરહરિભાઈએ તરત અમદાવાદમાં વકીલાત શરૂ કરી દીધી. હરિભાઈ અમદાવાદ જઈને રહ્યા પછી મહાદેવે પણ ત્યાં જઈને વકીલાત કરવાનું ઠરાવ્યું. તેમાં પિતૃસ્નેહની સાથે સાથે મિત્રસ્નેહનું આકર્ષણ પણ કામ કરતું હશે. ૧૯૧૫ના જૂન માસમાં તેમણે મુંબઈ ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાંથી રાજીનામું આપ્યું. તે જ માસમાં તેમણે અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં વકીલ તરીકેની સનદ લીધી. રહેવાનું પિતાની સાથે જ સાંકડી શેરીમાં રાખ્યું. નરહરિભાઈ તે વખતે રાયપુર કામેશ્વરની પોળમાં રહેતા, તેથી બંને મિત્રો સહેલાઈથી એકબીજાને મળી શકતા. કોર્ટમાં જ્યારે બીજા વકીલો નવરાશના વખતમાં ભેગા મળીને ગામગપાટા મારતા અથવા પાનાં ટીચતા, ત્યારે આ બે મિત્રો કોર્ટને એક જ ખૂણે બેસીને બંગાળી સાહિત્યનો અનુવાદ કરતા. ટાગોરની चत्रांगदा ઉપરાંત वदाय अभशािपનો તરજુમો તેમણે આમ કરેલો. બંને મિત્રોએ સાથે મળીને ભવિષ્યમાં કરવાનાં કામો અંગે કેટલાયે મનસૂબાઓ ઘડી રાખેલા. તેમાં એક મનસૂબો ટાગોરની સર્વ કૃતિઓ ગુજરાતી વાચકો સુધી પહોંચાડવાનો હતો. કાળક્રમે બદલાયેલા પ્રવાહોને લીધે એ અભિલાષા તો પાર પડી નહીં, પણ બંનેએ સાથે મળી કે અલગ અલગ પણ જે ભાષાંતરો કર્યાં તેનાથી ગુજરાતી ભાષાની ઉત્તમ સેવા થઈ છે એમ સૌ વિવેચકો સ્વીકારે છે.

મુંબઈ હતા તે કાળ દરમિયાન જેમ મહાદેવભાઈએ સહજ રીતે જે મોટેરાંઓને મળી શકાય તેવાઓનો સત્સંગ સાધવાનો સાયાસ પ્રયાસ કરેલો. તેમ જ સમવયસ્ક પ્રતિભાશાળી તરુણો સાથે અનાયાસ જ મિત્રતા કેળવેલી. એમાં પહેલા શ્રી વૈકુંઠભાઈ મહેતા અને પાછળથી શ્રી નરહરિભાઈ સાથેની મૈત્રીનો ઉલ્લેખ આપણે આગળ ઉપર કર્યો. વકીલનું ભણતા હતા ત્યારે પરેલમાં ઘર હતું તે વખતના બે પાડોશીઓ જોડે આજીવન મૈત્રી રહી. બંને મહાદેવભાઈથી સહેજ મોટા — વૈકુંઠભાઈ અને નરહરિભાઈની જેમ જ. પરેલના આ બે પાડોશીઓ પાછળથી સાક્ષર તરીકે પ્રસિદ્ધ થયેલા શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક અને જાણીતા બાળકેળવણીકાર શ્રી ગિજુભાઈ

બધેકા. આ જ કક્ષાના મિત્રોમાં સૈયદ અબદુલ્લા બ્રેલ્વીનો પણ સમાવેશ થાય, જેમનો ઉલ્લેખ પણ આપણે આગળ ઉપર કરી ચૂક્યા છીએ.

આ સર્વ મિત્રોએ એકબીજાને પોતાની મિત્રતાથી પુષ્ટ જ કર્યા છે. સૌ પરસ્પર ગુણાનુરાગી હતા. એકબીજાની પ્રગતિમાં રસ લેતા. એકબીજાને સલાહ આપતા. કોઈએ કોઈની પ્રગતિમાં બાધા નથી નાખી. પોતપોતાના ક્ષેત્રમાં સૌએ ઝળહળ્યા છે. જાણે બધા... सहवीर्य करवा वहै, तेजस्विनाऽवधीतमस्तुની પ્રાર્થના કરીને આવ્યા હોય તેવા.

અમદાવાદની કોર્ટમાં વકીલ તરીકે મહાદેવભાઈને ઝાઝું કામ મળ્યું જ નહોતું. આજે જેમ સેંકડો વકીલો સનદ મેળવ્યા પછી કેસ મેળવ્યા વિના આમતેમ આંટા મારતા ફરે છે, તેવી જ તેમની દશા થઈ હશે. એકબે ચરિત્રકારોએ એમ કહ્યું છે કે વકીલાતમાં મહાદેવભાઈનું ચિત્ત ચોંટ્યું નહોતું, તે બરાબર નથી. વાસ્તવમાં એમને વકીલ તરીકે બ્રીફ જ ક્યાં મળી હતી કે તેમાં એમનું ચિત્ત ચોંટ્યું હતું કે નહીં એવો નિર્ણય કરી શકાય? જૂન ૧૯૧૫માં તેમને સનદ મળી. ૧૯૧૬ની આખર સુધીમાં કે ૧૯૧૭ના આરંભ સુધી તેઓ અમદાવાદ હતા. આ દોઢ વર્ષ દરમિયાન તેમને માત્ર એક જ કેસ મળ્યો હતો. તે કેસ મિત્ર રામનારાયણ પાઠક, જેઓ ત્યારે સાદરા ગામમાં કામ કરતા હતા, તેમની ભલામણથી મળ્યો હતો. મહીકાંઠા એજન્સી નીચેના કોઈ દરબારની મુંબઈના ગવર્નરને અરજી કરવાની હતી. તેની ફીના મહાદેવભાઈને ૧૨૫ રૂપિયા મળેલા. બીજો કેસ તો ખરું જોતાં કેસ જ ન કહેવાય તેવો હતો. શ્રી મોહનલાલ પંડ્યાએ લખેલી वनस्पतिनी औषधिओ નામની ચોપડી વાંધાભરેલી હોવાનો શેરો મહાદેવભાઈ ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં કામ કરતા હતા ત્યારે કરી ચૂક્યા હતા, તે આપણે આગળ ઉપર જોઈ ગયા. શ્રી પંડ્યા એક કાળે વડોદરા રાજ્યના ડેરી સુપરિન્ટેન્ડેન્ટ હતા. સને ૧૯૧૨માં હિંદ સરકારની ગાયકવાડ ઉપર અવકૃપા થયેલી ત્યારે શ્રી પંડ્યાને રાજ્યની નોકરીમાંથી છૂટા કરવાની હિંદ સરકારે ફરજ પાડેલી. પછી રાજ્યદ્રોહના ગુનામાં સંડોવવા પોલીસે ભારે પ્રયત્નો કરેલા. એકાદ વર્ષ સુધી તો શ્રી પંડ્યાજી પોલીસથી છૂપા રહ્યા. પણ પછી ખુલ્લા રહેવા લાગ્યા. સરકારને તેમનો કશો ગુનો મળ્યો નહોતો છતાં એમની પાછળ સી. આઈ. ડી.ની ચોકી મૂકેલી. પંડ્યાજી એમને થાપ મારીને એક જગ્યાથી બીજી જગ્યાએ ચાલ્યા જતા. એ તે વખતે બહાદુરીનું કામ ગણાતું.

સી. આઈ. ડી.ના લફરામાંથી છૂટવા પંડ્યાજીએ નરહરિભાઈની સલાહ માગી. તેમણે મહાદેવભાઈ પાસે મુંબઈના ગવર્નરને અરજી કરાવી. મહાદેવભાઈનું વકીલાતનું આ બીજું કામ.

આમ વકીલાતનાં વર્ષો તો તેમનાં નિષ્ફળ જ ગયાં હતાં એમ કહી શકાય. પાછળથી નરહરિભાઈ ઉપરના એક પત્રમાં મહાદેવભાઈએ એવો ઉલ્લેખ કર્યો છે કે, 'જે જિંદગીને નકામી માની કેટલીક વાર કંટાળતો'... તેવું માનવાને આ પણ એક કારણ હશે એમ કલ્પી શકાય છે.

માત્ર કામ વિનાના અન્ય વકીલોની જેમ મહાદેવભાઈને જિંદગી વેડફી નાખવી નહોતી. તેથી તેમણે અમદાવાદના નિવાસ દરમિયાન પોતાના સમયનો ઉપયોગ માટે ભાગે વિદ્યાવ્યાસંગમાં જ કર્યો હોય એમ લાગે છે. જ્યારે બીજા વકીલો નવરાશના સમયે 'સ્કેંડલ રૂમ' (નિંદાખાનું)માં ગાળતા ત્યારે મહાદેવ કાં નરહરિ સાથે બેસીને ભાષાંતર કરતા હોય, કાં કોઈ ગંભીર પુસ્તકનું વાચન કરતા હોય. નરહરિભાઈના કહેવા મુજબ તે વખતે વકીલોને સારુ બે ક્લબો વિશેષ હતી. પ્રસિદ્ધ ગુજરાત ક્લબમાં ઘણાખરા વકીલો જતા. ઉપરાંત તેમાં શહેરના બીજા પણ અનેક પ્રતિષ્ઠિત નાગરિકો જતા. બીજી ક્લબ વકીલો માટે ખાસ હતી. નરહરિભાઈ ગુજરાત ક્લબના સભ્ય થયા હતા, જ્યારે મહાદેવભાઈ હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટના સભ્ય થયા હતા. આ ક્લબની લાઇબ્રેરી વધુ સારી ગણાતી હતી. એ ક્લબનો લાભ મહાદેવભાઈએ આ દોઢ વર્ષ દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં ઉઠાવ્યો હશે એમ અનુમાન કરી શકાય છે.

તા. ૩૦–૧૧–૧૯૧૬ના રોજ પિતા શ્રી હરિભાઈ પોતાની નોકરીમાંથી નિવૃત્ત થયા એટલે અમદાવાદવાળું ઘર બંધ કરવાનો પ્રશ્ન આવ્યો. પિતાની નોકરી ચાલુ હતી ત્યાં સુધી તો ખાસ કમાણી ન કરનાર દીકરા અને નિવૃત્તિની નજીક પહોંચેલા બાપનું ઘરખર્ચ સંયુક્ત રીતે ચાલતું તેથી કામ નભી ગયું હશે, પણ મહાદેવને જ આધારે ઘર ચલાવવાનું આવે તો વકીલ તરીકે કામ મળે તેની રાહ જોયા કરવી પાલવે એમ નહોતી, તેથી તેમણે ફરી નોકરીની શોધ માંડી. ફરી એક વાર આર્થિક કટોકટીને પ્રસંગે મિત્ર વૈકુંઠભાઈની સહાય કામ લાગી. વૈકુંઠભાઈ મહેતા તે વખતે મુંબઈમાં બૉમ્બે સેન્ટ્રલ કૉ-ઓપરેટિવ બૅંકના મૅનેજરને સ્થાને હતા. બૅંક અનેક જુદી જુદી મંડળીઓને પૈસા ધીરતી. આ મંડળીઓના કામકાજ અંગે તપાસ રાખવાની બૅંકને જરૂર હતી. વૈકુંઠભાઈની સૂચનાથી મહાદેવભાઈએ બૅંકના ઇન્સ્પેક્ટરની ૧૨૫ રૂપિયાના પગારે નોકરી સ્વીકારી. તેઓ

મુંબઈ રહેવા ગયા. ગુજરાત અને મહારાષ્ટ્રની બૅંકોના નિરીક્ષણનું કામ તેમને સોંપાયું. તેમને આ કામ શરૂઆતમાં ખૂબ ફાવ્યું. એમણે પૂરા ઉત્સાહ અને ઈમાનદારીથી એ કામ ઉપાડી લીધું. બંને પ્રાંતોનાં ગામડાંઓમાં ઊંડે સુધી તેઓ મુસાફરી કરતા અને માત્ર બૅંકની જ નહીં, પણ ત્યાંની સમગ્ર પરિસ્થિતિની પૂરી ભાળ કાઢી લાવતા. આ તકનો લાભ લઈને તેમણે મરાઠી ભાષા પણ શીખી લીધી. ગાંધીજી સાથે જોડાયા પછી એક વાર શ્રી કાકાસાહેબ કાલેલકરે મહાદેવભાઈની પ્રવાહી મરાઠીની પ્રશંસા કરતાં તેમને પૂછ્યું, ‘આટલી સરસ મરાઠી તમે ક્યાં શીખ્યા?’ કાકાસાહેબ જાણતા હતા કે વરસો સુધી મુંબઈમાં રહેલો ગુજરાતી પણ ભાગ્યે જ શુદ્ધ મરાઠી બોલતો હોય છે. મહાદેવે જરા મલકાઈને સહેજ ગર્વભેર કહેલું, ‘એ તો મહારાષ્ટ્રનાં ગામડાંઓ ખૂંદતાં એનાં બળદગાડાંમાં મહારાષ્ટ્રના લોકો સાથે બેસી એમની ચમચીઓમાંથી પાન ચાવતાં ચાવતાં શીખ્યો છું.’ ગાંધીજી સાથે જોડાયા બાદ પણ ઘણા મરાઠી પત્રોના જવાબ મરાઠી ભાષામાં જ લખતા. સામાન્ય રીતે ભાષા અને વ્યાકરણ વિશે બહુ ‘ચિકિત્સા’૩ કરનાર મહારાષ્ટ્રવાસી મિત્રો મહાદેવભાઈની મરાઠીનું ‘કૌતુક’૪ કરતા. ભાષાનો મહાદેવભાઈનો આ શોખ અને નવી નવી ભાષાઓની ખૂબી સમજી લઈને એનો શુદ્ધ અને સંસ્કારી રીતે ઉપયોગ કરવાનું મહાદેવભાઈનું કૌશલ તેમને સહેજે અનેક નવા પ્રદેશના મિત્ર બનાવી દેતું.

પરંતુ બૅંકના ઇન્સ્પેક્ટર તરીકેની કારકિર્દીનો ખરો ઉપયોગ તો તેમણે ગામડાંની પરિસ્થિતિને સમજવામાં અને સંસ્થાઓના સંચાલનની આંટીઘૂંટીઓ સમજવામાં કરેલો. તેમના અહેવાલો ચીલાચાલુ ઇન્સ્પેક્ટરોના જેવા નહોતા. આ અહેવાલોમાં એક પ્રકારની તાજગી રહેતી. એમના આ કામ અંગે શ્રી વૈકુંઠભાઈ મહેતા કહે છે, ‘જેમ બીજાં કામો તે દીપાવતા તેમ આ કામ પણ એમણે દીપાવ્યું હતું. જે મંડળીઓની મુલાકાત તેઓ લેતા — પછી તે ગુજરાતમાં હો કે મહારાષ્ટ્રમાં હો — તે મંડળીના કાર્યકર્તાઓ તથા સભાસદો સાથે બહુ મીઠો સંબંધ તેઓ બાંધી આવતા. મંડળીઓની પરિસ્થિતિ તથા એના સભાસદોની જરૂરિયાતો વગેરે બાબતમાં તેમનાં નિવેદનો માહિતીથી તથા કીમતી સૂચનાઓથી ભરેલાં હોતાં એટલું જ નહીં પણ શૈલી અને ભાષાની દૃષ્ટિએ મનન કરવા લાયક થઈ પડતાં.’૫

એક ખાસ ઘટનાનો ઉલ્લેખ કરીને વૈકુંઠભાઈ આગળ કહે છે, ‘ખેડા જિલ્લામાં એક સહકારી મંડળીની મુલાકાત લીધા પછી ભાઈ મહાદેવે અમુક ભલામણ કરી હતી

અને તેનો અમલ કરવા માટે તે સીધી બૅંક ઉપર મોકલી આપી હતી. સીધી મોકલી આપવાનું કારણ એ હતું કે સરકારના સહકારી ખાતા તરફથી તે વિભાગમાં ઑનરરી ઑર્ગેનાઇઝર (માનદ પ્રચારક) તરીકે જે ભાઈ કામ કરતા તેમણે મંડળીની લોન માટેની અરજી પૂરતા કારણ વિના અટકાવી રાખી હતી, પણ મહાદેવે બધી હકીકત સીધી બૅંકને મોકલી આપી એટલે પેલા ભાઈને લાગ્યું કે પોતાની અવગણના થઈ. ચાલુ રૂઢિ મુજબ આ ભલામણ તેમની મારફત થવી જોઈતી હતી એવી તેમણે સહકારી વડા અધિકારી (રજિસ્ટ્રાર)ને ફરિયાદ કરી અને જણાવ્યું કે આ પ્રમાણે કામકાજમાં બિન-જવાબદાર તત્ત્વ દાખલ થાય. વસ્તુતઃ એ પ્રચારકને નાણાં ધીરવાનાં નહોતાં ને કાયદેસર તેમની કશી જવાબદારી આવતી નહોતી. છતાં સહકારી ખાતાના વડાએ બૅંકને સૂચના કરી કે ભાઈ મહાદેવને તાકીદ આપે કે ચાલતી રૂઢિને અવલંબીને કામ કરે અને જે ભલામણ ભાઈ મહાદેવે કરી હતી તે તપાસ માટે માનદ પ્રચારકને મોકલી આપે. ખુલાસો પૂછતાં ભાઈ મહાદેવે એવો મુદ્દાસર સચોટ ઉત્તર આપ્યો કે તે વાંચ્યા પછી પોતાની સૂચના બાબત સરકારી રજિસ્ટ્રાર કાંઈ આગ્રહ રાખી શક્યા નહીં, ઊલટું એમને કબૂલ કરવું પડ્યું કે સીધો પત્રવ્યવહાર કરીને ભાઈ મહાદેવે મંડળીની અગવડ દૂર કરી તેની સેવા કરી હતી.

‘નવી સંસ્થામાં નિખાલસપણાની, નીડરપણાની અને સેવાભાવની આ છાપ ભાઈ મહાદેવે પાડી તે માટે બૅંકના તે વખતના સંચાલક તરીકે હું તેમનો કાયમી ઋણી છું.’૬

શ્રી વૈકુંઠભાઈ મહાદેવભાઈના એકબે બીજા ગુણોનું વર્ણન કરતાં આ જ સંદર્ભમાં કહે છે:

‘બીજી એક વાતની છાપ મારી સ્મૃતિ ઉપર રહી ગઈ છે તે એ છે કે તેમનાં ઑફિશિયલ નિવેદનોમાં પણ સાહિત્યિક શૈલીની છાપ ઊઠી આવતી હતી અને તેમના સુંદર અક્ષર અમારી ઑફિસમાં સૌનાં મન હરી લેતા. તેમને મુસાફરીમાં ઘણી અગવડો વેઠવી પડતી છતાં તેમના અંગત કાગળોમાં, ખેડૂતને માટે ઊંડી લાગણી અને ગ્રામજીવન પ્રત્યે સાહજિક પ્રેમ દેખાઈ આવતો. ભાઈ મહાદેવ વધારે કવિ હતા કે ફિલસૂફ તે હું કહી શકતો નથી, પણ તેમના કાગળોમાં આવતાં વર્ણનોમાં અત્યાર સુધી સુપ્ત રહેલો કવિ ચોક્કસ દેખાતો હતો. કૉલેજમાં હું તેમને સારા અભ્યાસી અને પુષ્કળ વાચનના રસવાળા તરીકે ઓળખતો પણ આ વખતના મારા પરિચયમાં તેમનામાં સાહિત્યિક કળા

પ્રથમ પંક્તિની છે. તે હું જોઈ શક્યો. ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષાઓ પર તેમનું સરખું જ પ્રભુત્વ હતું.'૭

બૅંકના ઇન્સ્પેક્ટર હતા તે દરમિયાન મહાદેવભાઈએ તે વખતની સહકારી મંડળીઓની નબળાઈઓ બૅંક આગળ ઉઘાડી પાડી હતી. આ અંગે નરહરિભાઈ કહે છે કે:

'ઘણા શાહુકારો સહકારી મંડળીના સભ્ય થતા અને દેવું પાછું ન ભરી શકે એવા પોતાના દેણદારોને મંડળી પાસે નાણાં ધિરાવી પોતાનું લેણું વસૂલ કરી લેતા. એક સોસાયટીના સેક્રેટરીએ તો સોસાયટીના પૈસા ઉચાપત પણ કરેલા. મહાદેવે ધમકાવીને એની પાસે પૈસા ભરાવી દીધા. મહાદેવને ઇન્સ્પેક્ટર તરીકે જુદાં જુદાં ગામે ફરવાનું થતું તે માટે તેઓ સાથે એક માણસ રાખતા અને પોતાની રસોઈ કરી લેવાનાં બધાં સાધન રાખતા. કોઈ જગ્યાએ ધર્મશાળામાં કે એવા જાહેર સ્થળમાં ઊતરવાનું ન મળે ત્યારે જ સોસાયટીના સેક્રેટરીને ત્યાં રહેતા. તે પ્રમાણે એક સેક્રેટરીને ત્યાં મહાદેવ રાત્રે સૂઈ રહેલા, તેનું હૃદયદ્રાવક વર્ણન એક દિવસ મારી આગળ કરેલું. પેલો સેક્રટરી દારૂથી ચકચૂર થઈ ઘેર આવ્યો. આખી રાત સ્ત્રીને હેરાન કરી. ઘરમાં જ એક અજાણ્યા માણસ સૂતેલા એટલે પેલી સ્ત્રીએ પોતાનાં ડૂસકાં દબાવવા બહુ પ્રયત્ન કરેલો પણ મહાદેવ એ સાંભળી ગયા. મનમાં તો થયું કે ઊઠીને પેલાને સીધો કરું, પણ આટલી મોડી રાતે વરવહુની વઢવાડમાં વચ્ચે પડવાનું ઠીક ન લાગ્યું. એને વિશે પણ બહુ કડક રિપોર્ટ મહાદેવે કરેલો.

મહાદેવના આવા રિપોર્ટો સરકારી રજિસ્ટ્રારને વધારે પડતા આકરા લાગતા. તેમને થતું કે સહકારી પ્રવૃત્તિ માંડ માંડ શરૂ થાય છે ત્યાં આવું કડકપણું રાખીશું તો મંડળીઓની સંખ્યા વધારી શકીશું નહીં. ભાઈ મહાદેવના દિલે આ વિચારસરણી સામે બળવો કર્યો, વળી સખત રખડપટ્ટીથી પણ એ કંટાળ્યા હતા. એટલે આ નોકરી છોડી દીધી.'૮

પિતાશ્રી નિવૃત્ત થયા હતા. પોતે વકીલાત શરૂ કરી ત્યારથી તે પહેલાં કરેલી નોકરી આગળ ઉપર જ છોડી ચૂક્યા હતા. આ બીજી વાર છોડી, એટલે દરેક ભણેલા જુવાનિયાની આગળ ઉત્પન્ન થાય છે તે પ્રશ્ન મહાદેવભાઈ આગળ પણ ઊભો થયો: 'હવે શું?'

વકીલાતકાળ દરમિયાન જ નરહરિભાઈની સાથે ગાંધીજીને મળવા જઈ ચૂક્યા હતા. એ પ્રથમ મુલાકાત અને ત્યાર બાદની મુલાકાતો મહાદેવભાઈના જીવનને નવો વળાંક

આપનારી થઈ રહેવાની હતી. પણ તેને આપણે આગળ ઉપર, સ્વતંત્ર પ્રકરણમાં વિસ્તાર અને વિગતપૂર્વક લેવાના છીએ. ગાંધીજીએ પોતાની પાસે જોડાતાં પહેલાં એકાદ વર્ષ ‘ખેલી ખાવાની’ સલાહ આપી. પિતાશ્રી નિવૃત્ત થયા પછી સ્વાભાવિક રીતે જ ઇચ્છતા હશે કે ભણેલોગણેલો મોટો દીકરો ઘર સારુ કાંઈક કમાતો થાય. લગ્ન તો વર્ષો પહેલાં થઈ ચૂક્યાં હતાં, પણ ગૃહસ્થ તરીકે હમણાં હમણાં જ રહેવા માંડ્યું હતું. તેથી મહાદેવે જુદી જુદી જગાએ નોકરીની શોધ કરવા માંડી.

સદ્ભાગ્યે મહાદેવને નોકરી માટે ઝાઝાં ઝાવાં નાખવાં ન પડ્યાં. એનું સૌથી મુખ્ય કારણ આ વર્ષો દરમિયાન મહાદેવે કેળવેલી મૈત્રીઓ એ હતું. એક કરતાં વધારે મિત્રો મહાદેવને કાંઈક પણ મદદ કરી શકાતી હોય તો તરત કરવા રાજી હતા. બીજું કારણ એમના સુંદર અક્ષર જ્યાં જ્યાં અરજી કરે ત્યાં ધ્યાન ખેંચે એવા હતા. વળી જે કોઈ ધ્યાનથી જુએ તો એમની લખવાની શૈલી પણ ખૂબ આકર્ષક હતી. વ્યક્તિગત મુલાકાત વખતે તેઓ થોડા શરમાળ હતા એ વાત એમની વિરુદ્ધ જતી હશે, પણ એમનું વ્યક્તિત્વ દરેક રીતે સામાનું મન હરી લે તેવું હતું. એમની વાણીમાં મૃદુતાની સાથે સ્પષ્ટતા હતી. આવાં આવાં કારણોને લીધે એમને સારુ નોકરી શોધવી એ આજે સામાન્ય રીતે કોઈ સરેરાશ ભણેલા યુવાનને સારુ જેટલું અઘરું કામ થઈ પડે છે તેટલું અઘરું ન થયું. જો એમણે મથામણ અનુભવી હોય તો તે એક કરતાં વધારે મળતી તકો વચ્ચે પસંદગી કરવામાં જ.

સહકારી બૅંકના ઇન્સ્પેક્ટરનું કામ છોડવા પાછળ મુખ્ય કારણ એ હતું કે સહકારી મંડળીઓના કાર્યકરો પાસે ઇન્સ્પેક્ટર તરીકે મહાદેવભાઈ જે જાતનાં ઊંચાં ધોરણોની અપેક્ષા રાખતા હતા તેવી અપેક્ષા રાખવાથી નવી નવી શરૂ થતી સહકારી પ્રવૃત્તિ વિકસી નહીં શકે એમ કેટલાક સહકારી અધિકારીઓ માનતા હતા, એ આપણે જોઈ ગયા. શ્રી વૈકુંઠભાઈ જેવા લોકોનો મત, અલબત્ત, એવો નહોતો. તેઓ એમ માનતા હતા કે મહાદેવ સહકારી પ્રવૃત્તિને નીતિમત્તા અને કાર્યદક્ષતાનાં કેટલાંક નવાં ધોરણો પૂરા પાડી રહ્યા હતા. તેથી એમણે ‘એનું ઋણ હું કદી નહીં ભૂલું’ એવા આશયનું વચન પણ કહેલું, નરહરિભાઈનો મત છે કે સારી પેઠે રખડપટ્ટીથી મહાદેવ થાક્યા અને કંટાળ્યા પણ હશે. મહાદેવના સૌથી નિકટના મિત્ર તરીકે મહાદેવનો થાક કે એમનો કંટાળો સમજી શકે એવા નરહરિ જ હતા. તેથી એમના એ અનુમાનમાં પણ તથ્ય હશે જ. આ નોકરી છોડવામાં એક બીજું કારણ સતત રખડપટ્ટીથી ઊલટું પણ હતું. આ અરસામાં બૅંક ઇન્સ્પેક્ટરની

જગા ક્મી કરીને મહાદેવને મુંબઈની ઑફિસમાં આવીને કામ કરવાનું કહ્યું. મહાદેવનું મન એ નિર્ણયથી ખાટું થયું હોય તોપણ નવાઈ નહીં.

સંકટ સમયે સદા સહાયક થતા મિત્ર વૈકુંઠભાઈએ મુંબઈના એક જાણીતા સામાજિક કાર્યકર શ્રી જમનાદાસ દ્વારકાદાસ સારુ ભલામણ લખી આપી. તેઓ તે વખતે यंग इन्डयिा નામનું અંગ્રેજી છાપું ચલાવતા, જે પાછળથી ગાંધીજીને હવાલે કરવામાં આવ્યું હતું. यंग इन्डयिाમાં કાંઈક કામ આપવા વૈકુંઠભાઈએ મહાદેવ સારુ ભલામણ કરી હતી. જમનાદાસ દ્વારકાદાસ મહાદેવની સેવાઓ यंग इन्डयिा સારુ નહીં, પણ પોતાના અંગત મંત્રી તરીકે લેવા ઇચ્છતા હતા. વૈકુંઠભાઈના પિતા સર લલ્લુભાઈ શામળદાસને પણ પ્રેમ હતો. તેમણે એક પત્ર હૈદરાબાદ રાજ્યની સહકારી બૅંકને લખ્યો હતો. એમાં મહાદેવને મૅનેજરના સ્થાને લેવાની ભલામણ કરી હતી તથા શરૂઆતમાં રૂ. ૧૫૦નો પગાર આપવાની તૈયારી બતાવી હતી. તેને બદલે થોડો વધુ આપવા દબાણ કરતો શેરો માર્યો હતો. હૈદરાબાદમાં કામ મળે તો મહાદેવે ૩૦૦ના પગારની અપેક્ષા રાખી હતી.

વળી ત્રીજી તરફ ૧–૯–૧૯૧૬થી શ્રીમતી એની બેસન્ટે હોમરૂલ લીગની સ્થાપના કરી હતી. મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસ અને શંકરલાલ બૅંકર એના ક્રિયાશીલ સભ્યો હતા. આ લીગના કામ માટે એ લોકો કોઈ માણસ શોધતા હતા. એમની નજર મહાદેવ પર ઠરતી હતી.

જમનાદાસનું મન મહાદેવને અંગત મંત્રી તરીકે લેવાનું હતું. શંકરલાલનું મન મહાદેવને હોમરૂલ લીગના કામમાં જોતરવાનું હતું. મહાદેવને એ નહોતું સમજાતું કે શંકરલાલ એક તરફથી ગાંધીજીના ભક્ત હતા અને બીજી તરફથી તેઓ તેમને હોમરૂલ લીગના કામમાં કેમ જોડવા માગતા હતા.

આ દરમિયાન, બૅંકમાં કામ કરતા હતા ત્યારે જ, તેમણે હિંદ સરકારના ઉદ્યોગખાતામાં આસિસ્ટંટ ડિરેક્ટરના સ્થાન માટે અરજી કરી હતી. ૨૩–૨–'૧૭ના રોજ તેમની ઉપર તાર આવ્યો કે જેમાં તેમને ૧૪૦ના પગાર સાથે ૨૩–૨–'૧૭થી હાજર થવા કહેવામાં આવ્યું હતું. તે વખતે તેમને બૅંકમાં રૂ. ૧૨૫નો પગાર હતો. તેથી આ નવી નોકરીમાં પગાર થોડો વધુ મળતો હતો. પણ જે કામ કરતા હતા, તેને પૂરતી

નોટિસ આપ્યા વિના છૂટા થવું એ મહાદેવને યોગ્ય ન લાગ્યું, તેથી તેમણે નવી નોકરીનો વિચાર પડતો મૂક્યો.

બૅંકના વ્યવસ્થાપકોએ જ્યારે ઇન્સ્પેક્ટરની જગ્યા કમી કરી ત્યારે મહાદેવને મુંબઈની મુખ્ય ઑફિસમાં કામ કરવા સૂચવ્યું હતું તે આપણે જોઈ ગયા. એ કામ એમને રુચતું નહોતું. એમણે રાજીનામું આપવા વિચાર્યું. એ પહેલાં ચાર અઠવાડિયાંની રજા લઈ, એક અઠવાડિયું દુર્ગાબહેન સાથે ગાળી, ત્રણ અઠવાડિયાં નરહરિભાઈ સાથે ગાળવાના વિચારથી એમણે રાજીનામા પહેલાંની એક માસની રજા માગી. નરહરિભાઈ ત્યાં સુધીમાં ગાંધીજીના આશ્રમમાં સ્થિર થઈ ગયા હતા. તેથી આ ત્રણ અઠવાડિયાં દરમિયાન પોતે ગાંધીજી સાથે જોડાવું કે નહીં એનો વિચાર કરી શકશે, એવી પણ એમને આશા હશે. પણ બૅંકે આવી રજાની મંજૂરી ન આપી અને એમને એટલા ને એટલા જ પગારે બૅંકના આસિસ્ટંટ મૅનેજરનો હોદ્દો સ્વીકારવો એવું ફરમાવ્યું. આ વ્યવસ્થા સ્વીકારવા મિત્રો — ખાસ કરીને વૈકુંઠભાઈ — આગ્રહ કરતા હતા, પણ તેમણે જ પાછી મહાદેવભાઈને यंग इन्डियाમાં કાંઈક કામ આપવાની ભલામણચિઠ્ઠી પણ લખી આપેલી.

પેલી બાજુ જમનાદાસ દ્વારકાદાસ તેમને અંગત મંત્રી તરીકે લેવા આડકતરી રીતે પ્રયત્ન કરી રહ્યા હતા. ૧૨–૮–'૧૭ના રોજ જમનાદાસ સાથે મહાદેવના એક મિત્ર શ્રી વકીલે મહાદેવભાઈ વિશે છેવટની વાતો કરી. જમનાદાસે બસોનો પગાર આપવા કહ્યું, અને મહાદેવભાઈ બહુ આનાકાની કરે તો અઢીસો આપવાની પણ તૈયારી બતાવી.

પોતાના ભાવિ અંગે મહાદેવભાઈ મિત્રોની સલાહસૂચનાઓ લેતા રહેતા. પાછળથી 'अखंड आनंद'ના તંત્રી તરીકે જાણીતા થયેલા શ્રી મનુ સૂબેદાર જમનાદાસની નોકરીની સખત વિરુદ્ધ હતા. આ અગાઉ શ્રીમતી બેસંટ ઉપર નજરકેદનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો. સૂબેદારને એમ હતું કે શ્રીમતી બેસંટ પછી જો તેમના પટ્ટશિષ્ય જમનાદાસ દ્વારકાદાસને પણ નજરકેદ કરવામાં આવે તો મહાદેવ લટકતા રહેશે. તેમનો બીજો વાંધો એ હતો કે જમનાદાસ સાથે જોડાવામાં મહાદેવભાઈને કશું નવું શીખવાનું નહીં મળે. ઊલટો તેમને કામનો ઢસરડો કરવો પડશે અને જમનાદાસની છાયા બનીને રહેવું પડશે. મહાદેવભાઈને આ બીજો મુદ્દો વિચારવા જેવો લાગ્યો. પહેલા

મુદ્દા અંગે શ્રી ભૂલાભાઈ દેસાઈ સાથે વાત કરતાં તેમણે આખી વાતને જ હસી કાઢીને કહ્યું કે જમનાદાસને નજરકેદ રાખે એ બનવું સંભવિત જ નથી.

શ્રી સૂબેદાર સંસ્થાનું મંત્રીપદ સ્વીકારવાના પક્ષમાં હતા. અંગત મંત્રીપદની વિરુદ્ધ.

શંકરલાલે સંસ્થાના મંત્રીપદ સારું રૂ. ૧૫૦ની તૈયારી બતાવી, એ જ વખતે જમનાદાસે અંગત મંત્રીપદ માટે રૂ. ૨૦૦ આપવાની તૈયારી બતાવી.

મહાદેવભાઈનું વલણ અંગત મંત્રીપદ સ્વીકારવાનું હતું એમ લાગે છે. તેઓ માનતા હતા કે જો જમનાદાસ સાથે તેમને પણ નજરકેદ રાખે તો તેઓ તેને આવકારે, પણ જો એકલા જમનાદાસને જ નજરકેદ રાખે તો તેમના ગયા પછી શું કરવું એને અંગે તેઓ સ્પષ્ટ નહોતા.

હૈદરાબાદની બૅંક તરફથી કાંઈ જવાબ આવ્યો નહોતો, એટલે બધી વાતો નરહરિભાઈ સાથે ચર્ચી લેવા તેમણે એક રવિવારનો દિવસ (૨૬–૮–૧૯૧૭) નરહરિ સાથે ગાળ્યો.

મોટો નિર્ણય હજી નજર સામે સ્પષ્ટ આવ્યો નહોતો. ગડમથલ ચાલતી હતી. એ સ્પષ્ટ છે કે આ કાળ દરમિયાન મહાદેવભાઈને ઘણા નિર્ણયો આર્થિક બાબતને ધ્યાનમાં રાખીને કરવા પડ્યા હતા. એટલે જ તેમણે હૈદરાબાદની બૅંક પાસે રૂ. ૩૦૦ની માગણી કરી હતી, અને એટલે પંદરેક દિવસ સારુ તેમણે જમનાદાસ દ્વારકાદાસનું મંત્રીપદ પણ સ્વીકાર્યું હતું. અંગત મંત્રી તરીકે તેમણે જમનાદાસ સારુ ભરૂચની રાજકીય પરિષદમાં પ્રમુખ તરીકેનું ભાષણ લખી આપ્યું હતું. હોમરૂલ લીગ સારુ તેમણે તે વખતે હિંદના વજીર મૉંટેગ્યૂના એક રાજનૈતિક મહત્ત્વના ભાષણનો ગુજરાતી અનુવાદ કરી આપ્યો હતો. આ અનુવાદ ઘણાને ગમ્યો હતો.

જ્યાં નોકરીનો જ સવાલ હોય ત્યાં વધુ પગાર ક્યાં મળે છે તે જોવું એવો મહાદેવભાઈનો વિચાર હોય એમ લાગે છે. જોકે તેની પાછળ કુટુંબ પ્રત્યેની ફરજ, નોકરી જ જો કરવી હોય તો લાયકાત મુજબ પગાર કેમ ન લેવો એવો ભાવ હશે. વ્યક્તિગત રીતે પૈસા બાબત તેમને લાભ થયો હશે એમ કહી શકાતું નથી કારણ, તેમ હોત તો તેઓ આગલી નોકરીમાં નોટિસ આપવાની પરવા કર્યા વિના જ હિંદ સરકારના ઉદ્યોગ વિભાગની નોકરીમાં જોડાઈ ગયા હોત.

નરહરિભાઈ મહાદેવની આંતરિક ગડમથલના સાક્ષી હતા. તેમને મહાદેવભાઈએ એક પત્રમાં એ સ્પષ્ટ જણાવી દીધું હતું કે, 'પૈસા કમાવાની લોલુપતા વિશે તમે ગમે

તેટલા કડક થઈને બોલો, પણ મારા અનેક અવગુણો છતાં એ અવગુણ મારામાં નથી એ હું સમજું છું.' આમ તો આખી જિંદગી મહાદેવભાઈએ પોતાના રાઈ જેવડા દોષોને પહાડ જેવા મોટા ગણાવ્યા હતા. તેથી જે તેઓ પોતાનામાં પૈસા વિશેની લોલુપતા ન હોવા વિશે છાતી ઠોકીને કહેતા હોય તો એમ જ માનવું યોગ્ય થશે કે તેમણે આ વચન પોતાની જાતને બરાબર તપાસીને પછી જ કહ્યું હશે. એ હકીકત સાચી છે કે તેમણે આ છેલ્લાં ત્રણ વર્ષો દરમિયાન કઈ નોકરીમાં વધારે પૈસા મળે છે તેની ચિંતા પણ કરી છે, પરંતુ તે વર્ષો સુધી પિતાને કાંઈ મદદ કર્યા વિના ભણતર ચાલુ રાખ્યું હતું અને વકીલાતમાં ખાસ કાંઈ કમાણી ન કીધી અને પિતાની સાથે રહીને પોતાની પત્નીનો ચાલુ ખર્ચ નિવૃત્ત થવાની અણી પર આવેલા મોટી ઉંમરના પિતા પર પડવા દીધો હતો તેનું વળતર વાળવાના ઇરાદાથી હશે એમ માનવું જોઈએ.

ઉપરાંત એ તો સ્પષ્ટ છે કે જ્યારે જ્યારે પણ તેમણે પૈસાનો વિચાર કર્યો ત્યારે બીજા મુદ્દાઓને ગૌણ બનાવીને, અર્થદાસ બનીને નહીં. બીજી એલએલ. બી.ની પરીક્ષામાંથી તેઓ ઊઠી ગયા ત્યાર બાદ માંદા પડી ગયેલા. અભ્યાસ સારુ ટર્મ તો ભરવાની નહોતી તેથી ઑફિસમાંથી લાંબી રજા લઈ ક્યાંક હવાફેર સારુ જઈ આવવાનો વિચાર કરતા હતા. એટલામાં એક શ્રીમંત કચ્છી કુટુંબ થોડા મહિના માટે પોતાના મૂળ વતનમાં જવાનું હતું અને તેમને પોતાના દીકરા સારુ ટ્યૂશન આપનાર કોઈકની જરૂર હતી, તેની ભાળ મળી. હવે આ લોકો સાથે મહેનતાણા અંગે શરત કરતાં મહાદેવભાઈએ પહેલી ચોખવટ ચોક્કસપણે એ કરી લીધી કે એમની સાથે જવામાં પોતાનો ઉદ્દેશ પૈસાની કમાણીનો નહીં પણ હવાફેરનો છે તેથી છોકરાને નક્કી કરેલો વખત ભણાવવામાં આપવા સિવાય બાકી બધો વખત પોતાનો રહેશે, અને એમના વેપારધંધા કે અંગત કૌટુંબિક જરૂરિયાત અંગે બીજું કામ એમને સોંપી શકાશે નહીં. તેઓ જો પૈસા ભણી મોં કરીને જતા હોત તો આવી શરત કરવાને બદલે શેઠના માનીતા થવાનો અને તેમને રીઝવીને વધુ પૈસા કઢાવવાનો પ્રયાસ કરતા. એમની શરત સ્વીકારાઈ ત્યાર બાદ જ તેઓ કચ્છ ગયા હતા. અલબત્ત, એમની સ્વાભાવિક મધુરતાને લીધે એમની શરતની કડકાઈ ઢંકાઈ ગઈ હતી. મહાદેવે આખા કુટુંબનાં દિલ જીતી લીધાં. છોકરો તો મહાદેવભાઈ પર લટ્ટુ જ થઈ ગયો હતો.

અને આખરે બે બૅંકોની, કે હિંદની સરકારની કે હોમરૂલ લીગની કે જમનાદાસ દ્વારકાદાસની નોકરી સ્વીકાર કરવા અંગેનો નિર્ણય એ તો પ્રેય અને શ્રેય વચ્ચેનો હતો. તેથી તે અંગે નિર્ણય કરવામાં ગજ પણ પ્રેયનો જ વપરાય એ સ્વાભાવિક હતું.

આ જ કાળ દરમિયાન જ્યારે શ્રેય અને પ્રેય વચ્ચે નિર્ણય કરવાનો વારો આવ્યો ત્યારે તો મહાદેવભાઈએ પ્રેય ભણી એક ક્ષણ સારુ પણ જોયું નથી. અચૂકપણે એમણે શ્રેયનો રસ્તો જ લીધો અને આખી જિંદગી કદી પૈસાના વિચારને સામે આવવા જ દીધો નહીં. હા, ત્યારે પણ કોઈક કોઈક વાર પરિવારની મદદ કરવા પૂરતા, તેમણે લેખો લખીને કે કોઈક વાર કોઈ સ્નેહી પાસે માગી લાવીને કુટુંબ પ્રત્યેની ફરજ બજાવી છે. પણ ત્યાં ક્ષણવાર પૂરતી પૈસા તરફ જે નજર કરી છે, તેયે કર્તવ્યબુદ્ધિથી — લોભ કે લોલુપતાથી નહીં. શ્રેયાર્થીના માર્ગમાં કર્તવ્યબુદ્ધિ કોઈક કોઈક વાર સાવ અરુચિકર એવાં કામો પણ કરાવતી હોય છે. તેવું જ બન્યું હતું બહેનનાં લગ્ન ખાતર (જેલમાંથી) પિતાને આર્થિક મદદ કરવાની તૈયારી બતાવી ત્યારે. દુર્ગાબહેનને બહુ ભીડ પડી છે એ વાત જ્યારે જ્યારે મહાદેવભાઈને સમજાઈ ત્યારે ગાંધીજીને જાણ કરી, એમની અનુમતિ લઈ, કોઈ છાપામાં એકાદ લેખ લખી કુટુંબ સારુ થોડા વધારેના પૈસાની જોગવાઈ તેઓ કરી આપતા. બાકી તો હવે પછી જે શ્રેયનો માર્ગ લેવાના હતા તેમાં समलोष्टास्मकाच्चन જ હતું.

ગાંધીજી સાથે જોડાવાના પ્રસંગને નજીકથી તપાસીએ તે પહેલાં બીજી એક વાત પણ આપણે ધ્યાનમાં રાખવી જોઈએ. શું કૉલેજના ભણતર વખતે હોય કે શું નોકરી વખતે હોય, સાહિત્ય સાથેના મહાદેવભાઈના સંબંધમાં કદી ઓટ આવી નહોતી. તેઓ છેલ્લામાં છેલ્લા શિષ્ટ ગુજરાતી સાહિત્યનું નિરંતર વાચન કરતા. અંગ્રેજી સાહિત્ય જોડેનો તેમનો સંબંધ બહોળા વાચન અને છૂટાછવાયા લેખો કે ભાષાંતરો પૂરતો મર્યાદિત હતો. અંગ્રેજી પદ્ય લખવાનો વિચાર એમણે કૉલેજજીવન પછી કદી કર્યો નહોતો. મહારાષ્ટ્રનાં ગામડાંઓમાં સહકારી બૅંકના કામ અંગે રખડતા ગ્રામજનો, અને સાથી કાર્યકરો પાસે મરાઠીનું જ્ઞાન ઠીક ઠીક પ્રમાણમાં સંપાદિત કરી લીધું હતું. અમદાવાદમાં વકીલાત કરતા હતા ત્યારે નરહરિભાઈ સાથે મળીને એમણે બંગાળી ભાષાનો શોખ કેળવ્યો હતો. બીજા કોઈની મદદ વિના રવીન્દ્રનાથનાં મૂળ બંગાળી અને અંગ્રેજીમાં અનૂદિત પુસ્તકોને આધારે તેમણે બંગાળીનું પ્રાથમિક જ્ઞાન મેળવ્યું હતું, અને એને ટૂંકા સમયમાં જ વિકસાવ્યું હતું. चत्रिांगदा અને वदिाय अभशािप તથા प्राचीन साहत्यिનાં ભાષાંતર મહાદેવ-નરહરિની બેલડી કરી ચૂકી હતી. नौका डूबीનો અનુવાદ એમણે હાથ પર લીધો હતો અને બંને જણે અમુક પ્રકરણો

પણ ફાળવી લીધાં હતાં, પણ ગાંધીની આંધીમાં સમગ્ર રવીન્દ્ર-સાહિત્યને ગુજરાતીમાં ઉતારવાનું એમનું સપનું હવા થઈ ગયું હતું. અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સનદ લીધા પછી તરત મહાદેવભાઈ ત્યાંની હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટની લાઇબ્રેરીના સભ્ય થયા હતા. ત્યાંથી તેઓ અનેક પુસ્તકો મેળવીને વાંચતા અને નવાં નવાં પુસ્તકોનાં નામો ગ્રંથપાલને સૂચવીને ગ્રંથાલય સારુ તે મગાવતા. એમને લીધે તે પુસ્તકાલયને પણ લાભ થઈ જતો.

આ કાળ દરમિયાન તેઓ જ્યારે મુંબઈમાં હતા ત્યારે તેમણે શહેરમાં ચાલતી અનેક સાહિત્યિક પ્રવૃત્તિઓમાં રસ લીધો હતો અને તક મળે ત્યારે તેઓ સાહિત્ય, કેળવણી, ધર્મ, અધ્યાપન કે રાજકારણ અંગેની પરિષદોમાં હાજરી આપતા. ક્યાંક કોઈ સમાજસુધારકની જયંતી ઊજવાય, કોઈ પ્રસિદ્ધ કવિનાં કાવ્યોનું વાચન થાય, લેખકોનું મિલન થાય અથવા પ્રાંત બહારથી કોઈ જાણીતા નેતાનું આગમન થાય તો મહાદેવભાઈ અચૂક ત્યાં પહોંચી જવાના. આ વાચન, શ્રવણ અને ચર્ચાવિચારણા કે પરિસંવાદોને લીધે મહાદેવભાઈનો સાંસ્કૃતિક ક્ષિતિજવિસ્તાર વધતો રહેતો. સાક્ષર શ્રી નરસિંહરાવ ભો. દિવેટિયાને તો મહાદેવભાઈ ઓછામાં ઓછા ત્રણચાર વાર મળ્યા હશે. चत्रिांगदाના અનુવાદ વિશે એમણે સંતોષ વ્યક્ત કરેલો એ આપણે જોઈ ગયા. આમ સાહિત્યિક, સાંસ્કૃતિક, રાજનૈતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે મહાદેવભાઈનું વ્યક્તિત્વ આગળ ઉપર આવનાર સમર્પણયજ્ઞ સારુ તૈયાર થઈ રહ્યું હતું.

નોંધ:

૧. Hence it is almost a definition of a gentleman to say he is one who never inflicts pain Literary Selections from Newman — પૃ. ૫૮.

૨. શ્રી ચંદુલાલ દલાલ: स्व. महादेवभाई देसाई स्मृतचित्रिो: પૃ. ૧૧-૧૨.

૩. ચોકસાઈથી તપાસણી.

૪. સવિસ્મય પ્રશંસા.

૫. નરહરિ પરીખ: महादेवभाईनुंपूर्वचरति: प, ૬૧.

૬. એજન: પૃ. ૬૨-૬૩.

૭. એજન: પૃ. ૬૩-૬૪.

૮. એજન: પૃ. ૬૫-૬૬.

# પ્રીતિ

Love is the passion that burns and destroys everything;
The action that Creates and saves everything.

— Lanza del Vasto

પ્રેમ વાસનારૂપે સર્વને ભસ્મીભૂત કરે છે, નષ્ટ કરે છે;
પ્રેમ કૃતિરૂપે સર્વનું સર્જન કરે છે, રક્ષણ કરે છે.

— લાન્ઝા દેલ વાસ્તો

Justice that love gives is a Surrender;
Justice that law gives is punishment.

— M. K. Gandhi

પ્રેમ જે ન્યાય આપે તે સમર્પણ છે;
કાયદો જે ન્યાય આપે તે દંડ.

— મો. ક. ગાંધી.

तोमारेइ जेनो भालो बासियाछि शतरूपे शतबार
जनमे जनमे युगे युगे अनिवार।
आजि सेइ चिर-दिवसेर प्रेम अवसान लभिया छे
राशि राशि होये तोमार पायरे काछे।

– रवीन्द्रनाथ

તને જ જાણે મેં પ્રેમ કર્યો છે શતરૂપે શત વાર
જનમે જનમે યુગે યુગે અનિવાર
ચિરંતન એ પ્રેમ કૃતારથ થયો આજની ક્ષણે
થોકે થોકે ઝૂકી તારા ચરણે.
— રવીન્દ્રનાથ

# નવ – તારામૈત્રક

૧૯૧૫ના જાન્યુઆરી માસની ૯મી તારીખે ગાંધીજી સદાને માટે દક્ષિણ આફ્રિકા છોડી હિંદમાં કાયમી વસવાટ કરવા સારુ મુંબઈ બંદરે ઊતર્યા. એમના પહેલાં એમની કીર્તિ ભારતની ભૂમિ પર પહોંચી ગઈ હતી. તેમણે દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતીયોના પ્રશ્નને લઈને એક એવી અહિંસક લડાઈ ઉપાડી હતી અને તેમાં એટલી સફળતા મેળવી હતી કે દુનિયાના અનેક વિચારકોનું ધ્યાન સામાજિક અને રાજનૈતિક પરિવર્તનના નવા સાધન 'સત્યાગ્રહ' તરફ ખેંચાયું હતું. ભારતની રાષ્ટ્રીય મહાસભાએ આ અગાઉ જ આ ચળવળને ટેકો આપતો ઠરાવ કર્યો હતો. રાષ્ટ્રના નેતાઓમાં ગાંધીજીના આ અભિનવ પ્રયોગ વિશે સૌથી ઊંડો રસ જગાવ્યો હતો ભારતસેવક ગોપાળ કૃષ્ણ ગોખલેએ. પોતે એક વખત દક્ષિણ આફ્રિકાની મુલાકાત લઈ ચૂક્યા હતા અને હિન્દીઓના પ્રશ્નો વિશે અંગ્રેજ સત્તાધારીઓનું ધ્યાન આકર્ષિત કરી ચૂક્યા હતા. સત્યાગ્રહની એ અપૂર્વ લડતના આગેવાન ગાંધીજી ગોખલેજી પરત્વે અસાધારણ આદર અને માન ધરાવતા તેમ જ ગોખલેજીએ પણ ગાંધીજીના હીરને પારખી લીધું હતું. દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા પછી વિદ્યાર્થીઓની એક સભામાં ગાંધીજી વિશે બોલતાં તેમણે કહ્યું હતુંઃ 'આ માણસ સાધારણ માટીમાંથી મરદ પેદા કરી શકે એવો છે.' એ વાક્ય તરુણ મહાદેવના વાંચવામાં આવ્યું ત્યારથી જ તેઓ આવી શક્તિવાળા માણસ વિશે વધુ જાણવાનો નિશ્ચય કરી ચૂક્યા હતા.

૨૨–૫–૧૯૧૫ને દિને ગાંધીજીએ અમદાવાદમાં શહેરને સામે કાંઠે કોચરબ ગામમાં બૅરિસ્ટર જીવણલાલના ભાડાના બંગલામાં આશ્રમની સ્થાપના કરી હતી. આશ્રમને 'સત્યાગ્રહ આશ્રમ'નું નામ તો પાછળથી અપાવાનું હતું; અને આખા દેશમાંથી

સત્યાગ્રહની તાલીમ લેવા આવનાર કાર્યકર્તાઓ તો મોટે ભાગે એ આશ્રમ સાબરમતી નદીને એ જ પશ્ચિમ કાંઠે કોચરબથી આશરે છ કિલોમીટર ઉત્તરે દૂધેશ્વર પાસે બંધાયો ત્યારે આવવાના હતા. પણ ગાંધીજીએ આશ્રમની સ્થાપનાની સાથે જ એનો આધ્યાત્મિક પાયો નાખવાનું કામ શરૂ કરી દીધું હતું. આશ્રમના ઉદ્દેશ અને એની નિયમાવલિ સમજાવતી એક પત્રિકા કાઢીને તેમણે દેશભરમાં પ્રસારિત કરી હતી. એને અંગે અનેક સજ્જનો તેમ જ વિદ્વજ્જનોના અભિપ્રાય આમંત્ર્યા હતા. આ નિયમાવલિ આશ્રમવાસીઓના ચારિત્ર્યઘડતરના પાયારૂપ હતી અને અત્યાર સુધી સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય વગેરે જે વ્યક્તિગત ગુણો ગણાતા હતા તેને ક્રાંતિકારી સામાજિક મૂલ્યોનું સ્થાન આપનારી હતી. વળી આ નિયમો, જેને પાછળથી તેમણે 'વ્રતો' કહ્યાં, તે કાંઈ કૂલડીમાં ગોળ ભાંગવા સારુ કે વાતને ખાનગી રાખવા સારુ નહોતાં. તેથી ગાંધીજીએ એને વિશે વ્યાપક ચર્ચા થાય એમ ઇચ્છ્યું હતું. એ જ હેતુથી તેમણે એ પત્રિકાની થોડી નકલો અમદાવાદની ગુજરાત ક્લબને પણ મોકલાવી હતી. ગુજરાત ક્લબ તે કાળે અમદાવાદ શહેરનું એક સાંસ્કૃતિક કેન્દ્ર ગણાતું. અમદાવાદમાં વકીલાત કરતા હતા ત્યારે મહાદેવભાઈ હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટના સભ્ય બન્યા હતા પણ નરહરિભાઈ ગુજરાત ક્લબના સભ્ય હતા. અમદાવાદના ઘણા વકીલો એ ક્લબના સભ્ય બનતા. ક્લબના ટેબલ પરથી નરહરિભાઈએ આ નિયમાવલિની એક નકલ લીધી હતી અને ઘેર જઈને તેમણે અને મહાદેવભાઈએ સાથે મળીને વાંચી હતી. ગાંધીજીની વિનંતીને માન આપીને આ બંને વકીલમિત્રોએ આ નિયમો અંગે પોતાના પ્રતિભાવો મોકલવાનું ઠરાવ્યું હતું અને પહેલાં બંનેએ જુદી જુદી નોંધ કરી. ત્યાર પછી બંને નોંધોને મેળવીને તેમણે એક પત્ર તૈયાર કર્યો હતો અને બંનેની સંયુક્ત સહીથી તે ગાંધીજીને મોકલ્યો હતો. તે અંગે નરહરિભાઈ કહે છે, 'પત્રનો લેખી જવાબ આપવાની તસદી ન લેતાં યોગ્ય લાગે તો અમને રૂબરૂ બોલાવવાની વિનંતી અમે કરી હતી.' એ કાગળની નકલ તો અત્યારે મારી પાસે નથી, પણ ફરજિયાત બ્રહ્મચર્યમાંથી અનેક દોષો પેદા થવા સંભવ છે તથા હાથઉદ્યોગનો જ આગ્રહ રાખવાથી દેશની આર્થિક પ્રગતિ રોકાઈ જવાનો ભય છે, એવી ટીકાઓ લખી અમારું પુસ્તકપાંડિત્ય અમે ઠાલવ્યું હતું. પાંચછ દિવસ જવાબ ન આવ્યો એટલે અમે માન્યું કે ગાંધીજીને અમારો કાગળ મહત્ત્વનો નહીં લાગ્યો હોય.

એ અરસામાં અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલમાં એક જાહેરસભામાં બાપુજી ભાષણ

કરવા આવેલા.૧ ત્યાંથી બાપુજી આશ્રમમાં પાછા જતા હતા તેમની પાછળ પાછળ અમે ગયા. તેમની તેજ ચાલ એટલે લગભગ દોડીને અમે તેમને એલિસબ્રિજ ઉપર પકડી પાડ્યા અને અમારા કાગળની વાત કરી. તેમણે કહ્યું કે, 'હા, બે જણની સહીવાળો એક કાગળ આવ્યો છે ખરો, એ બે તમે જ કે? હું તમને બોલાવવાનો જ હતો. બીજા પ્રાંતોમાંથી તો ઘણા અને સારા સારા કાગળો આવ્યા છે. સર ગુરુદાસ બેનરજીનો કાગળ તો ઘણો સારો છે. ગુજરાતમાંથી તો થોડા જ કાગળો આવ્યા છે. તેમાં તમારો મને ઠીક લાગ્યો છે. તમને હું જરૂર વખત આપીશ. અત્યારે જ જો તમને વખત હોય તો ચાલો મારી સાથે આશ્રમમાં, આપણે વાતો કરીશું.'

અમે તો રાજી થઈને તેમની સાથે ચાલવા માંડ્યું. બાપુજીએ અમને પૂછ્યું, 'શું કરો છો?' 'વકીલાત,' અમે જવાબ આપ્યો. એટલે પૂછ્યું, 'તમારી પાસે છેલ્લી इंडियन इयर बुक છે? મારે તેમાંથી થોડું જોઈ લેવું છે!' મેં કહ્યું, 'મારી પાસે ગયા વરસની છે. પરંતુ આપને છેલ્લી મેળવીને મોકલી આપીશ.' એટલે કહે, 'એવા કેવા વકીલ છો? હું જ્યારે હજામત કરતો હતો ત્યારે બધો સાજ છેલ્લામાં છેલ્લી ઢબનો રાખતો.'

આશ્રમમાં પહોંચ્યા પછી અમારો કાગળ કાઢ્યો. તેમાંથી વાંચતા ગયા અને વિવેચન કરતા ગયા. લગભગ દોઢ કલાક સુધી પોતાના આદર્શો અને વિચારસરણી સમજાવી. અમે વચ્ચે ક્યાંક ક્યાંક દલીલ કરતા, પણ અમારે વિશેષે તો સાંભળવાનું જ હતું. આ દોઢ કલાકની વાગ્ધારાની અમારા બંનેના ચિત્ત ઉપર ઊંડી છાપ પડી. લગભગ દસેક વાગ્યાના સુમારે અમે આશ્રમમાંથી નીકળ્યા. મેઘલી રાત હતી. ઝરમર ઝરમર છાંટા પડતા હતા. અમે બંને એકબીજા સાથે કશું બોલ્યા વગર ચાલતા હતા. જોકે અમારા બંનેનાં દિલમાં વિચાર તો એક જ ચાલી રહ્યો હતો. એલિસબ્રિજ પર આવતાં મહાદેવ બોલ્યા, 'નરહરિ, મને તો આ પુરુષને ચરણે બેસી જવાનું મન થાય છે.' મેં જવાબ આપ્યો, 'એમ કરી શકીએ તો આપણાં ધનભાગ્ય, પણ અત્યારે તો કશો નિર્ણય થઈ શકતો નથી.' પાછા અમે શાંત થઈ ગયા અને કશું બોલ્યા વિના જ પોતપોતાને ઘેર પહોંચ્યા. આ અમારી પહેલી દીક્ષા, આશ્રમમાં જોડાવાના સંકલ્પનો પ્રથમ ઉદય.૨

સને ૧૯૧૬માં લૉર્ડ મોર્લેના ऑन कॉम्प्रोमाइज़નો અનુવાદ મહાદવે લગભગ પૂરો કરી નાખ્યો હતો. તે છપાવતાં પહેલાં મોર્લેની પરવાનગી મેળવવી જોઈએ. પરવાનગી મેળવવાના કાગળનો મુસદ્દો મહાદેવે તૈયાર કર્યો અને મને કહે કે, 'લૉર્ડ

મોર્લે જેવાને કાગળ લખવાનો, માટે આપણે ઇંગ્લંડની રીતભાત અને શિષ્ટાચારના જાણકાર એવા કોઈ તાજા ઇંગ્લંડ જઈ આવેલાને આ કાગળ બતાવીએ તો ઠીક.' મેં કહ્યું, 'બીજા કોઈને બતાવવા કરતાં ગાંધીસાહેબ (અમે તે વખતે એમને ગાંધીસાહેબ કહેતા)ની પાસે જ શું કામ ન જઈએ?' અમે તો કાગળ લઈને આશ્રમમાં ગયા. મહાદેવે कॉम्प्रोमाइझના અનુવાદને લગતી બધી હકીકત કહીને પેલો કાગળ બાપુજીને બતાવ્યો. કાગળ વાંચીને કંઈક દુઃખ સાથે એ બોલ્યા:

'અંગ્રેજો આપણને ખુશામતખોર અને સ્વરાજ્યને માટે નાલાયક કહે છે તે કંઈ અમસ્તા કહે છે? આવા કાગળમાં તમે મોર્લેની વિદ્વત્તાનાં અને તત્ત્વવેત્તાપણાનાં આટલાં ગુણગાન કરો એ અપ્રસ્તુત છે. વળી એમને કાગળ લખતાં તમારી કલમ અને હાથ ધ્રૂજે શું કરવા? તમારે તો એક કામકાજી (બિઝનેસ) કાગળ લખવાનો છે, તેમાં ફાર્બસ સભાએ આ કામ માટે તમારી કેવી રીતે પસંદગી કરી એ ટૂંકમાં આવે અને તમે બહુ કાળજીપૂર્વક અનુવાદ કર્યો છે તે આવે. આવો કાગળ તો બાર-પંદર લીટીનો હોય. તેથી લાંબો કાગળ લખો તો લૉર્ડ મોર્લે તે વાંચે પણ નહીં, તમારે જોઈતો હોય તો હું કાગળ લખાવું લખો.'

તે દિવસે ગુજરાતી ભાષા અને સાહિત્યને લગતા વિષયો પર અમારે ઠીક ઠીક વાતો થઈ. આ વાતોમાં કોઈ કોઈ વાર જુસ્સામાં આવી જઈ મહાદેવ ઠીક ઠીક અંગ્રેજી શબ્દો અને વાક્યો પણ બોલી જતા. બધું સાંભળી લીધા પછી કંઈક ઉપહાસયુક્ત સ્મિત કરતાં બાપુજીએ મહાદેવને કહ્યું:

'તમારી મા આગળ આવું બધું બોલો તો મા જાણે કે દીકરો બહુ ભણ્યો છે પણ બિચારી કશું સમજે નહીં.' ત્યાર પછી આપણા ભણેલા લોકો ગુજરાતી ભાષા પ્રત્યે બેદરકાર રહી કેટલા અપરાધી બન્યા છે તેના પર વિવેચન ચાલ્યું. ગુજરાતી ભાષાની ઉપાસના કરવાની આ બીજી દીક્ષા અમને મળી.૩

આમ પહેલી મુલાકાતે જ બંને તરુણ મિત્રો ખૂબ પ્રભાવિત થયા હતા. નરહરિભાઈ શ્રી મોહનલાલ પંડ્યા અને મહાદેવભાઈ શ્રી દયાળજીભાઈ દેસાઈ વિશે પહેલેથી આદર ધરાવતા હતા. શ્રી પંડ્યાજી ખેડા જિલ્લાના અને દયાળજીભાઈ સુરત જિલ્લાના કાર્યકર્તા હતા. બન્ને એક રીતે જોતાં ગાંધીઘેલા જ હતા. એ બંનેએ આ તરુણોને ગાંધીજી ભણી જવાને ઘણું પ્રોત્સાહન આપ્યું.

૧૯૧૫ના છેલ્લા અઠવાડિયામાં રાષ્ટ્રીય મહાસભાની બેઠક મુંબઈમાં થઈ. એમાં

હાજરી આપવા મહાદેવભાઈ ખાસ અમદાવાદથી મુંબઈ ગયા. આ અધિવેશનમાં ગાંધીજીએ પણ હાજરી આપી હતી. બીજે દિવસે ગાંધીજી દક્ષિણ ગુજરાતનાં કેટલાંક ગામોમાં જવાના હતા. મહાદેવભાઈ તે દિવસે રાત્રે નીકળીને અમલસાડ પહોંચ્યા. તે દિવસે મહાદેવભાઈની ૨૫મી વરસગાંઠ હતી. ગાંધીજી તે દિવસે અમલસાડ ઊતરી એમના દક્ષિણ આફ્રિકાના સાથી શ્રી પ્રાગજીભાઈ દેસાઈને ત્યાં સાલેજ ગયા અને ત્યાંથી પાછા ફરી અમલસાડ થઈ સુરત ગયા. મહાદેવભાઈએ પોતાની પચીસમી વરસગાંઠ આખો દિવસ ગાંધીજીની સાથે ફરીને કાઢી.

આ બાજુ નરહરિભાઈને પણ ગાંધીજીની મોહિની લાગી હતી. ગાંધીજી જ્યારે અમદાવાદમાં હોય ત્યારે પંડ્યાજી અચૂક આશ્રમમાં જતા. તેમની જોડે ઘણી વાર નરહરિભાઈ પણ જતા. આશ્રમમાં મળવા આવનારાઓને જરૂર પડે સત્યાગ્રહ કરી જેલમાં જવાની તૈયારી અંગે પૂછતા. પંડ્યાજી અને નરહરિભાઈ બંનેએ જેલ જવાની તૈયારી બતાવેલી. આશ્રમમાં થતી વાતોના અહેવાલો લાંબા લાંબા પત્રો દ્વારા નરહરિભાઈ પોતાના મિત્ર મહાદેવને મુંબઈ મોકલતા, ને મુંબઈમાં મહાદેવભાઈ પોતાની મિત્રમંડળી સાથે બેસી એ અહેવાલો રસપૂર્વક વાંચતા. ગાંધીજીના દૃઢ વલણને જોઈ એમણે આપેલી મુદત પહેલાં જ ગિરમીટપ્રથા નાબૂદ કરવાનું જાહેર થયું હતું.

આ જ અરસામાં ચંપારણમાં જેલમાં જવાની શક્યતા ઊભી થયેલી ત્યારે ગાંધીજીએ અનેક મિત્રોને પત્રો લખીને કામકાજની ફાળવણી કરેલી. આશ્રમના વ્યવસ્થાપક, પોતાના ભત્રીજા શ્રી મગનલાલ ગાંધી ઉપરના પત્રોમાં તેમણે નરહરિભાઈનો ઉલ્લેખ કરીને કહેલું કે, ‘એમને આશ્રમ જેવા જ ગણશો, તેના ઉપર મારી આંખ ઠરી છે. અમદાવાદનું કાંઈ પણ કામ એને સોંપવામાં સંકોચ ન રાખશો.’ આ પત્ર મગનલાલ ગાંધીએ નરહરિભાઈને બતાવ્યો તેથી ‘તેમના હરખનો પાર ન રહ્યો.’

ઉનાળાની રજાઓમાં નરહરિભાઈએ આશ્રમમાં જવા વિચાર કરેલો. તે અરસામાં આશ્રમમાં રાષ્ટ્રીય શાળા ખોલવાની વિચારણા ચાલતી હતી. એના પાઠ્યક્રમો વગેરે વિચારવામાં ગુજરાત કૉલેજના પ્રાધ્યાપક શ્રી સાંકળચંદ શાહ તથા કાકાસાહેબ કાલેલકર સાથે નરહરિ પણ ભળતા. બોધિજયંતી એટલે કે, ૭મી મે, ૧૯૧૭ને દિવસે શાળા શરૂ થવાની હતી. નરહરિભાઈએ કહ્યું કે ગાંધીજીની સંમતિ હોય તો પોતે પણ એ શાળામાં શિક્ષક તરીકે જોડાવા તૈયાર હતા. મગનલાલભાઈએ એમને બાંયધરી આપી કે ગાંધીજીની સંમતિ છે જ એમ માનીને ચાલી શકો છો.

પોતાના કોઈ સગાવહાલા કે સ્નેહી-સંબંધીને પૂછ્યા વિના જ નરહરિભાઈએ આશ્રમમાં જોડાવાનો નિર્ણય કરી નાખ્યો. એમને ખાતરી હતી કે એ લોકો કાંઈ સંમતિ આપે એમ નહોતા. પિતા તો નાનપણમાં જ ગુજરી ગયેલા, માતાની આજ્ઞા ઉથાપીને અવાય એમ હતું નહીં. પરંતુ માના મરણ પછી એમણે તરત આ નિર્ણય લઈ લીધો. વડીલોને ખોટું લાગ્યું કે અમારી સલાહ પણ ન લીધી. કુટુંબીજનોને વકીલ તરીકેની ધીખતી પ્રૅક્ટિસ છોડીને એક આશાસ્પદ સભ્ય આશ્રમમાં જોડાતા હતા તેનો વસવસો હતો. એક સ્નેહી સબ-જજે તો પોતાની પાસે નરહરિભાઈને બોલાવીને થોડો ઠપકો પણ આપ્યો! વકીલમંડળીમાંથી માત્ર એક આગેવાન એવા (દાદાસાહેબ) ગણેશ વાસુદેવ માવળંકરે ઠેઠ આશ્રમમાં આવીને નરહરિભાઈને અભિનંદન આપ્યાં.

અને મહાદેવ તો હરખઘેલા થઈને મુંબઈથી અમદાવાદ સુધી નરહરિને અભિનંદવા આવી પહોંચ્યા. પોતાના દિલમાં ગડમથલ ચાલતી હતી તે વખતે નરહરિએ પોતાના નિશ્ચયાત્મક પગલા વડે મહાદેવને ભારે ટેકો પૂરો પાડ્યો હતો. મહાદેવ એકથી વધારે વાર આશ્રમનો આંટો મારી ગયા અને આશ્રમનું આદર્શરૂપ વર્તનવાળું સાચકલું જીવન જોઈને અભિભૂત થતા રહ્યા.

એક વાર મહાદેવ આશ્રમ આવ્યા ત્યારે નરહરિ વગેરે રાષ્ટ્રીય શાળાના શિક્ષકો કાંઈક વિમાસણમાં હતા. સત્યાગ્રહનું સ્વરૂપ સમજાવનારી એક નાની સરખી પત્રિકા ગાંધીજીએ લખેલી. તે તેમણે રાષ્ટ્રીય શાળાના શિક્ષકોને એનું અંગ્રેજી ભાષાંતર કરવા આપી. ગાંધીજીની કડક કસોટીમાંથી પસાર થવાય એવું અંગ્રેજી શી રીતે લખાશે એની ચિંતામાં નરહરિભાઈ, કાકાસાહેબ વગેરે હતા. એટલામાં મહાદેવ આવી પહોંચ્યા. એટલે નરહરિએ રાહત અનુભવી. એમની અનુવાદકળા નરહરિથી અજાણી નહોતી. મહાદેવે આત્મવિશ્વાસપૂર્વક પત્રિકાનું ભાષાંતર કરીને ગાંધીજીને તપાસવા આપ્યું. ગાંધીજી જ્યારે અંગ્રેજીની દૃષ્ટિએ તપાસતા હતા ત્યારે રાષ્ટ્રીય શાળાની શિક્ષકમંડળી આસપાસ વીંટળાઈને અનુવાદની ખૂબીઓ અને ખામીઓ અંગે પાઠ લઈ રહી હતી. તે પ્રસંગ અંગે નરહરિભાઈ કહે છે:

‘આ અનુવાદ ગાંધીજી સુધારતા હતા તે વખતે મહાદેવભાઈએ તે વિશે તેમની સાથે ઠીક ઠીક ચર્ચા કરી. મહાદેવભાઈના આ અનુવાદે અને સુધારવા દરમિયાન તેમની ચર્ચાએ બાપુજીના હૃદયમાં મહાદેવભાઈને વિશેષ સ્થાન અપાવ્યું.’૪

એક તરફ મહાદેવના હૃદયમાં મંથન ચાલતું હતું, તો બીજી તરફ ગાંધીજીને પોતાના કામ સારુ જેવો જોઈતો હતો તેવો માણસ મહાદેવના રૂપમાં મળતો હોય એમ લાગ્યું.

પરસ્પર ઓળખાણ તો થઈ ચૂકી હતી. પ્રથમ દૃષ્ટિએ પરસ્પર પ્રેમ પણ બંધાઈ ચૂક્યો હતો, પરંતુ હજુ એનો એકરાર નહોતો થયો. સપ્ટેમ્બરમાં એની તક પણ આવી પહોંચી. મહાદેવભાઈએ મુંબઈથી નરહરિભાઈને નામે ૨જી સપ્ટેમ્બર, ૧૯૧૭ના રોજ લખેલો પત્ર નીચે આખો ને આખો આપીએ છીએ, કારણ, મહાદેવ તથા ગાંધીજી બંનેના હૃદયના ભાવો તથા બંનેની શૈલીઓ સમજવામાં તે ખૂબ ઉપયોગી થાય એવો પત્ર છે. મહાદેવના જીવનનો એક નવો અધ્યાય, નવો કાંડ, નવો સર્ગ ઊઘડી રહ્યો હતો. એમને જીવનકાર્ય સાંપડી રહ્યું હતું.

ભાઈ નરહરિ,

આ પત્ર તદ્દન ખાનગી લખું છું. એમાંની વાત તમારા સિવાય બીજું કોઈ ન જાણે એવું તમને અગાઉથી કહીને જ આ પત્ર તમને લખું છું. મારી નિયમિત હાજરી ગાંધીજીને મુકામે થતી હતી એ તમોને મેં કહ્યું છે. તા. ૩૧મી ઑગસ્ટને દિને સવારે બાપુજીએ કેટલાંક વચનોથી મને પ્રેમ, આશ્ચર્ય અને આનંદમાં ગરક કર્યો. તે દિવસની ટૂંકી પણ પત્ર ઉપર ન મુકાય એવી વાતચીત પત્ર ઉપર મૂકવાનો પ્રયત્ન કરું છું. 'તમોને દરરોજ હાજરી ભરવાનું કહું છું તેનું કારણ છે, તમારે તો મારી પાસે આવી રહેવાનું છે. આ છેલ્લા ત્રણ દિવસોમાં તમારું ઝવેર મેં જોઈ લીધું છે. આ બે વર્ષ થયાં, હું જેવા જુવાનની શોધમાં ફરતો હતો તે મને મળી રહ્યો છે. તમે માનશો? જેને મારું કામકાજ કોઈ દહાડો સોંપી દઈ હું નિરાંતે બેસું, જેને હું સુખે લટકી પડી શકું એવો માણસ મારે જોઈતો હતો. અને તે તમે મને મળી ગયા છો. હોમરૂલ લીગ, જમનાદાસ વગેરે બધું મૂકી દઈને મારી પાસે જ આવવાની તમારે તૈયારી કરવાની છે. આ જિંદગીમાં આવા શબ્દો બહુ ઓછા જણોને મેં કહ્યા છે: માત્ર ત્રણ જણને — પોલાક, મિસ શ્લેશિન અને ભાઈ મગનલાલ. આજે તમને તે શબ્દો કહેવા પડે છે. અને આનંદથી કહું છું, કારણ, તમારામાં ત્રણ ગુણો હું ખાસ જોઈ શક્યો છું: પ્રામાણિકતા, વફાદારી અને સાથે હોશિયારી. મગનલાલને મેં એક દિવસ ઉપાડી લીધો ત્યારે બહારથી જોઈએ તો મગનલાલમાં કાંઈ ન હતું, પણ આજે તો તમે મગનલાલને જોઈને ચકિત થાઓ છો ને? એ કાંઈ શીખેલો ન હતો. મેં પ્રેસને માટે પહેલાં એને તૈયાર કર્યો. પહેલાં ગુજરાતી બીબાં ગોઠવતાં શીખ્યો, પછી અંગ્રેજી, પછી હિંદી, તામિલ વગેરે સઘળાં બીબાં હોશિયારીથી ગોઠવતાં શીખી ગયો.

અને એ બધું એણે એટલા ઓછા વખતમાં આટોપ્યું કે હું જોઈ રહું, ત્યાર પછી તો એણે કંઈ કંઈ કામ કરી બતાવ્યાં છે. પણ મગનલાલની વાત તો કોરે રહી, તમારામાં જે હોશિયારી મેં જોઈ છે તે મગનલાલમાં નથી જોઈ. તમારા ગુણોને લીધે તમે મને અનેક કામોમાં ઉપયોગી થઈ પડશો એવી મારી ખાતરી છે.' (આ બધું હું કંઈક આશ્ચર્ય, કંઈક શરમ અને સંપૂર્ણ મૌનથી સાંભળી રહ્યો હતો. મારાથી વચ્ચે બોલાઈ ગયું કે, 'મેં કંઈ મારું કરેલું કામ બતાવ્યું નથી.' તેના ઉત્તરમાં હવે પછીનું બોલાયું.) 'તમને શું ખબર પડે? હું તો બહુ ઓછા વખતમાં માણસને જોઈ શકું છું. પોલાકને પાંચ કલાકમાં પારખી લીધેલા. છાપામાં મારો એક પત્ર વાંચી પોલાકે મને એક પત્ર લખ્યો અને મળવા આવ્યો ત્યારે જ મેં એને જોઈ લીધો અને પછી તો એ મારો થઈ ગયો. એ પરણ્યા અને વકીલ થયા તે પણ મારે ત્યાંથી. પરણતાં પહેલાં મને કહે કે મારે થોડું કમાઈ લેવું જોઈએ. બચ્ચાંછોકરાં સારુ. મેં તેને સ્પષ્ટ કહ્યું કે હવે તું મારો છે. તારી ચિંતા અને તારાં બચ્ચાંછોકરાંની ચિંતા મને છે. હું તને પરણાવું છું અને તું પરણે એમાં કંઈ વાંધો નથી. અને પછી મારા ઘરમાં જ એનાં લગ્ન થયેલાં. વારુ, એ વાત તો થઈ રહી, પણ હવે તમને કહું છું કે તમે હોમરૂલ તથા જમનાદાસની વાત છોડી દો. હૈદરાબાદ જાઓ. એકાદ વર્ષ ખેલી ખાઓ. જગતની મજા ભોગવો અને ધરાઈ લો. હૈદરાબાદમાં ગયા પછી જે દિવસે અને જે ઘડીએ તમને ત્યાં તમારાપણું જતું લાગે તે જ ઘડીએ રાજીનામું આપી ચાલતા થવું અને મારી પાસે આવીને બેસવું.' (એટલે મેં કહ્યું કે, 'હું તો આજે પણ આવવા તૈયાર છું'), તમે તૈયાર છો એ હું જાણું છું. પણ તમે હજી જરાક જિંદગી જુઓ અને ખેલ ખેલી લો એવો મારો તમને આગ્રહ છે. તમારા કૉ-ઑપરેશનના જ્ઞાનની પણ મને જરૂર પડશે. આપણે તો એ ખાતાનો ખોડો કાઢવો છે. બિલકુલ નિશ્ચિંત રહો અને થોડો વખત ખેલી લઈ મારી પાસે જ આવી રહો, શાળાને માટે કે બીજા કામને માટે નહીં પણ મારે પોતાને માટે તમારી જરૂર છે. તમે એક વર્ષ, છ માસ ખેલી લો તેટલો વખત હું ચલાવી લઈશ.'

લગભગ અડધો-પોણો કલાક આ અમૃત હું પીધા કરતો હતો. એટલામાં લોકોની મેદની થવા લાગી અને અમારી ખાનગી વાત બંધ થઈ ગઈ. હાજરી તો હું ભરું છું અને આજે રાત્રે પાલગઢ સુધી તેમની સાથે પાછા જવાનો વિચાર છે. શંકરભાઈને માટે ફળ — એમણે આટલી મમતા બતાવ્યા પછી — એમની સાથે મોકલવામાં મને કંઈ ખોટું લાગતું નથી, આજે સવારે મેં એમને કહ્યું કે બૅંકર મારી સાથે બહુ ખિજાયા છે. એટલે પૂછ્યું, 'કેમ ભલા?' મેં જવાબ આપ્યો: 'મેં પરમ દિવસનો નિશ્ચય કર્યો તેથી.' બાપુએ

કહ્યું: 'ત્યારે એમનો ખિજવાટ ખમી લો. ખમી લીધે જ છૂટકો છે.' એટલે મેં કહ્યું: 'એમનું કહેવું એવું છે કે તમે હૈદરાબાદ ન જતા હો અને અહીં જ રહેવાના હો તો તો બૅંકના કરતાં હોમરૂલ લીગમાં તમને આવવા દેવામાં ગાંધીજીને શો વાંધો હોય?' એટલે મેં કહ્યું કે, 'મારે બદલે 'ઑર્ગેનાઇઝિંગ વર્ક' કરનારો બીજો તમને મળી રહેશે.' ત્યારે મને કહે કે, 'ના, બીજો તમારા જેવો ના મળે,' મારી સ્થિતિ કંઈક કફોડી છે, એ લોકો હું મારી જેટલી કિંમત કરું છું તેના કરતાં વિશેષ કિંમત કરે છે. એટલે બાપુજીએ ટૂંકમાં પતાવ્યું, "લોકો આપણી કિંમત કરે તે આપણે સ્વીકારી લઈએ તો તો મરવાનો જ વારો આવે. ભલે તેઓ તેમ કહેતા. તેની સાથે તમારે લેવાદેવા નથી, તમે મુંબઈ રહો તે દરમિયાન સાંજે બે કલાક એમ ને એમ લીગને સેવા આપી એટલું બસ છે."

આવી સ્થિતિ છે, પત્ર લાંબો થઈ જાય છે, પણ આ વાતો તમને નહીં કહું તો કોને કહું? પત્ર વાંચીને મને પાછો મોકલી આપજે, કારણ કે જે શબ્દો પત્રમાં મેં બાપુજીના લખ્યા છે તે લગભગ જેમના તેમ છે, કાળ જતાં તે ભુલાઈ જાય કદાચ, મારા પિતાને કે બીજા કોઈને મારે હોમરૂલમાં જોડાવાનો નિશ્ચય બદલવાનાં કંઈ કારણ જણાવ્યાં નથી. આ વાતો એવી છે કે પત્રોમાં જણાવીએ તો બેવકૂફી કહેવાય. કોઈ દિવસ એ પત્ર પિતાને અને ગિન્નીને વંચાવું ખરો.

ત્રણસો રૂપિયા આપો તો આવું એવો તાર મેં હૈદરાબાદ કરેલો તેનો જવાબ આવ્યો નથી. હૈદરાબાદ ન જાઉં તો બાપુજી કહે ત્યાં સુધી અહીં બૅંકમાં જ રહીશ અને થોડા વખતમાં મુંબઈમાં ઘર લઈશ. બાપુજી બોલાવે ત્યારે જવાની અત્યારથી તૈયારી કરવા માંડવાની છે. તૈયારી મોટી સાધનસંપત્તિની. હરિ મને સામર્થ્ય આપો. ગોખલેજીનું ભાષાંતર કાલથી શરૂ કરીશ. માત્ર સવારે જ થોડું થોડું થશે. કારણ, સાંજના બે કલાક તો હોમરૂલના છે. ગિન્નાં હવે સારાં થયાં હશે.

લિ.

તમારો મહાદેવ

વળી તાજા કલમમાં મહાદેવ ઉમેરે છે:

'જે જિંદગીને નકામી માની કેટલીક વાર કંટાળતો તેને હવે જીવવા જેવી (worth living) માનવા જેટલી શ્રદ્ધા મનમાં આવી છે. જોકે બાપુજીએ જે મને આટલું બધું કહી શરમમાં દબાવ્યો છે તે તો હું મારે વિશે માનવાને હજી અશક્ત છું. માત્ર એટલું જ કે એવું સર્ટિફિકેટ મને જિંદગીમાં કદી મળ્યું નથી, કદી મળનાર નથી. ભવિષ્યમાં કંઈ કામનો હું

નિમિત્ત થાઉં અને જગત મને પ્રશંસે તોપણ આ અંતરના ઉદ્‌ગારો મારા અંતરનો અને જિંદગીભરનો ખજાનો છે.'૫

ગાંધીજીના આ પ્રેમાક્રમણથી મહાદેવભાઈનો મૂંઝારો ઓર વધી ગયો. એક તરફથી ગાંધીજીએ પોતાની પ્રત્યે દર્શાવેલા વિશ્વાસથી તેઓ પોતાની જાતને ધન્ય માનતા હતા. અને એમની આજ્ઞાને અમલમાં મૂકવા એમના ઘટના ઘોડા થનગની રહ્યા હતા. બીજી તરફથી પિતાશ્રીની નિવૃત્તિ પછી કુટુંબના યોગક્ષેમની વ્યવસ્થા કરવાનો પ્રશ્ન હતો. પિતાની આજ્ઞા લેવાનું તો હજી બાકી જ હતું. પુત્રવિયોગે પિતા કેવા ઝૂરશે એની કલ્પના સંવેદનશીલ મહાદેવને હતી. પત્નીની સાથે વાતચીત થઈ નહોતી, પણ પત્ની પછી સૌથી વધુ નિકટ એવા મિત્ર નરહરિને ગાંધીજીના આશ્રમમાં પહોંચી ગયેલા જોઈને મહાદેવનું હૈયું ઝાલ્યું નહોતું રહેતું. તેથી તેમણે સપ્ટેમ્બરના આરંભમાં થયેલા ગાંધીજી સાથેના સંવાદ પછી અનેક મિત્રોને એ સંવાદનો સાર સંભળાવી એમની સલાહ લીધી. જુદા જુદા અભિપ્રાયોમાં ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની કામગીરીના કાળના તેમના ઉપરી એવા વડીલ મિત્ર શ્રી સંજાણાની સલાહ તેમને સ્પર્શી ગઈ. તેમણે મહાદેવને પૈસાનો વિચાર ન કરતાં તેમના અંતરાત્મા અને આદર્શને અનુરૂપ નિર્ણય કરવાની સલાહ આપી.

નરહરિભાઈ ઉપરના પત્રમાં છેવાડાના ભાગમાં આપણે જોયું કે મહાદેવ કહે છે કે, 'જે જિંદગીને નકામી માનીને કેટલીક વાર કંટાળતો તેને હવે જીવવા જેવી (worth living) માનવા જેટલી શ્રદ્ધા મનમાં આવી છે.'

જિંદગીને નકામી માનવા જેવી નિરાશા મહાદેવમાં કેમ આવી હશે તેનો થોડો વિચાર આપણે આગળ ઉપર કરી ગયા છીએ. અહીં એને ફરી જોઈ જઈએ.

વકીલાતમાં મહાદેવભાઈને દેખીતી રીતે નિષ્ફળતા સાંપડી હતી. કદાચ મનમાં ને મનમાં એ સરખામણી પણ થઈ હશે કે મિત્ર નરહરિભાઈને એક પછી એક કેસ મળતા ગયા હતા, જ્યારે પોતાને તો માત્ર એક કેસ કમાણી કરાવનાર મળ્યો હતો અને તે પણ રા. વિ. પાઠક જેવા મિત્રની ભલામણથી.

સહકારી ખાતામાંથી ભ્રષ્ટાચાર કાઢવાની અને કાર્યક્ષમતા વધારવાની મહાદેવભાઈની હોંશ પણ પૂરી થઈ શકી નહોતી. એમની બૅંક ઇન્સ્પેક્ટર તરીકેની જગા જ કમી કરીને એમને ઑફિસમાં બેસીને ચૂપચાપ કામ કરવાનું કહ્યું હતું.

થોડીઘણી નિરાશા કદાચ જેમની પાસેથી કામ શોધતા હતા તેમનામાં બેવડી

જવાબદારી જોઈને પણ નીપજી હોય. હોમરૂલ લીગના એક આગેવાનને મહાદેવ સંસ્થાનો મંત્રી થાય તેના કરતાં પોતાનો અંગત મંત્રી બને તેમાં વધુ રસ હતો. અને બીજા આગેવાનને શ્રદ્ધા ગાંધીજીના કાર્યક્રમ વિશે હતી અને કામ સંસ્થાનું કરવું અથવા કરાવવું હતું.

પણ જીવન વિશે નિરાશ થવાનું આ બધાં કરતાં વધારે મોટું કારણ તો કદાચ મહાદેવભાઈનો સ્વભાવ અને એમની ઉંમર હશે. પાછળથી મહાદેવભાઈને એમના ગુરુ ગાંધીજીએ ગુલાબના ફૂલ જોડે સરખાવેલા. કવયિત્રી સરોજિનીદેવી નાયડુએ તેમને 'ગુલે ગુજરાત'નું બિરુદ આપેલું, તે તેમની પુષ્પ જેવી સુકોમળ લાગણીઓ જોઈને જ લાગણીપ્રધાન મહાદેવ પોતાનાં નામરાશિ પૌરાણિક મહાદેવની માફક જેમ આશુતોષ હતા, તેમ સહેજ આંચકો લાગતાં નિરાશ થઈ જાય તેવાયે હતા. એને પરિણામે જીવનમાં સાંપડેલી આ ક્ષુલ્લક નિષ્ફળતાઓને લીધે જીવનને જ નકામું માનતા થઈ ગયા હશે. એમની જુવાનીને લીધે લાગણીએ વધુ ઉછાળા માર્યા હશે. રીઢા રાજકારણીની માફક મહાદેવભાઈ જાડી ચામડીના નહોતા કે નિષ્ફળતાઓને ઘોળીને પી જાય. એમનો માંહ્યલો કવિનો હતો. આશા-નિરાશાના દરેક તરંગ સાથે તે હિલોળા ખાતો હતો.

૧૯૧૭નો નવેમ્બર માસ. મહાદેવના જીવનને એક જબરદસ્ત નવો વળાંક આવે છે. પચાસ વર્ષના અલ્પજીવી આયુષ્યની બરાબર વચ્ચે, એટલે પચીસ વર્ષે, મહાદેવ એક એવું પગલું ભરે છે કે, જ્યાંથી એ પછી કદી પાછું ફરીને જોવાના નથી. જે નિર્ણય એમના મનમાં છેલ્લાં દોઢ-બે વરસથી પરિપક્વ થતો જતો હતો તેને આ માસમાં છેવટનું રૂપ મળે છે. છેવટના નિર્ણયની બાહ્ય વિગતોનો વિચાર કરીએ તે પહેલાં આપણે જરા એ વિચાર કરીએ કે આખરે મહાદેવભાઈને ગાંધીજી આગળ સંપૂર્ણ સમર્પણ કરવાની પ્રેરણા ક્યાંથી મળી? ગાંધીજી સાથે જોડાયા પછી થોડા જ વખતમાં તેમણે એવો વિચાર કર્યો હતો કે, 'મારી મનોકામના તો હનુમાન જેવાને આદર્શ રાખી તેની સ્વાર્પણસેવા પોતાનામાં ઉતારવી અને કેવળ સેવાભક્તિથી તરી જવું.' જીવનનો આવો ઉચ્ચ છતાં પોતાને નામશેષ કરી નાખનાર આદર્શ પાછળ કઈ પ્રેરણા કામ કરતી હશે?

આ લેખકના નમ્ર મત મુજબ એ સર્વસ્વ સમર્પણકારી નિર્ણય પાછળ ભક્તિ, વિદ્વત્તા અને સંસ્કારિતાનો ત્રિવેણીસંગમ હતો.

મહાદેવને મન વિવેકાનંદ વાંચ્યા પછી પણ આકર્ષણ તો રામકૃષ્ણ પરમહંસનું જ હતું. ગોધરાવાળા પુરુષોત્તમ બાપજીની ભજનમંડળીમાં તેઓ પોતાનું બધું ભણતર વિસારીને

તન્મય થઈ જતા. કવિતા પર હાથ અજમાવતાં એમની પહેલી પસંદગી ભજનોની હતી. પ્રેમ એ એમની પ્રકૃતિનો સ્થાયીભાવ હતો. તે પ્રેમ ભક્તિસ્વરૂપે ફળીફૂલી ઊઠ્યો.

આ ભક્તિમાં એમની તેજસ્વી વિદ્વત્તા ભળી એટલે તેમને કોઈ મંદિરમાં જઈને આરતી, દીપ, પૂજા-અર્ઘ્યથી સમાધાન ન થાય. ન એને સમાધાન થાય માત્ર ભજનો ગાવાથી. એમનું દર્શનશાસ્ત્ર અને એમનું વિશાળ વાચન એમને માનવમાં રહેલા હરિ સુધી પહોંચાડતાં હતાં. અને ગામડે ગામડે ફરીને એમણે લીધેલો અનુભવ તે હરિને 'પાછામાં પાછા, નીચામાં નીચા, રંકના ઝૂંપડા'ઙ સુધી લઈ જતો હતો. આ હરિની ભક્તિ સારુ પરિવર્તનની આવશ્યક્તા હતી, એ મહાદેવભાઈ સમજી ગયા હતા. પરંતુ સમાજપરિવર્તનનો શુદ્ધ સંસ્કારિતા ભરેલો માર્ગ તો તેમને ગાંધીના ચીંધેલા રસ્તામાં જ દેખાયો. ગાંધીના વ્યક્તિત્વ અને એમની કાર્યશૈલીમાં મહાદેવભાઈને એમની ભક્તિ, એમની વિદ્વત્તા અને એમની સંસ્કારિતા ત્રણેયને પોષે એવાં તત્ત્વો દેખાયાં.

બીજી બાજુ ગાંધી જે કાળે આફ્રિકાથી હિંદમાં આવ્યા તે કાળ હિંદ સારુ ત્રણ ઐતિહાસિક પ્રવાહોના સંધિકાળ સમો હતો. રાજનૈતિક કાર્યકર્તાઓમાં તે વખતે બે મુખ્ય વિચારસરણીઓ પ્રવર્તતી હતી. સાધારણ લોકો એ વિચારસરણીઓને નરમ દળ અને ગરમ દળની વિચારધારા તરીકે ઓળખતા. તે ઉપરાંત રામકૃષ્ણ પરમહંસથી માંડીને શ્રી અરવિંદ સુધી એક ત્રીજી — આધ્યાત્મિક — વિચારધારા પણ પ્રવર્તી રહી હતી. ગાંધીજીના રસ્તામાં મહાદેવભાઈને નરમ દળની વિનીત વૃત્તિ, ગરમ દળની તીવ્રતા અને આધ્યાત્મિક પુરુષોની ઊર્ધ્વ દૃષ્ટિ — ત્રણેનો સંગમ દેખાયો હશે. આમ, દેશનો કાળપ્રવાહ પણ આ ત્રણે ગુણોના મેળાપ તરફ જતો પ્રતીત થયો હશે. આ એક અદ્ભુત સંગમ હતો, જ્યાં દેશનો ઇતિહાસ અને મહાદેવભાઈની આંતરિક પ્રવૃત્તિઓ બંને એક બિંદુ પર આવી એકરૂપ બની જતાં હતાં. ગાંધીજીએ મહાદેવમાં ત્રણ ગુણો ખાસ જોયા હતા: પ્રામાણિકતા, વફાદારી અને હોશિયારી. મહાદેવભાઈની સંસ્કારિતા માત્ર ઉપરછલ્લી દેખાવ પૂરતી નહોતી. એ સંસ્કારિતાનો પાયો તેમની ઈમાનદારી ઉપર ઊભો હતો. એમની વફાદારી ઠેઠ ભક્તિ સુધી પહોંચી હતી, અને એમની હોશિયારી એમની વિદ્વત્તામાંથી નીપજેલી હતી. ત્રણે ગુણોએ તે કાળનો ઐતિહાસિક સંગમ — વિનીતતા, તીવ્રતા અને આધ્યાત્મિકતાને એક કરતો સંગમ — જ્યાં મૂર્તિમંત થતો હતો તે ગાંધીજીના વ્યક્તિત્વ અને તેમના સત્યાગ્રહમાં પૂર્ણપણે સમાહિત થઈ જાય તો તેને

એક અકસ્માત નહીં, પણ ઐતિહાસિક ઘટના જ ગણવી પડશે. જે અધૂરો યોગ પૂરો કરવા મહાદેવે જન્મ લીધો હતો તે યોગ અહીં પરિપૂર્ણ થતો હોય એમ જણાતું હતું.

આ વિશ્લેષણ સાથે એક બીજી એવી જ ઘટનાનો વિચાર કરી લેવો જોઈએ. તે કાળે દેશમાં દેશભક્તિ અને બ્રહ્મજિજ્ઞાસા બે એવાં પ્રેરક તત્ત્વો હતાં કે જેની ખાતર પ્રતિભાશાળી યુવકો પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરવા તૈયાર થઈ જતા. ગાંધીજીમાં માત્ર મહાદેવને જ નહીં પણ બીજા પણ અનેક પ્રતિભાશાળી તરુણોને આ બંને પ્રેરણાઓનો મેળાપ દેખાયેલો. એટલે, જેમના હૃદયમાં આ બંને પ્રેરણાઓનો ધક્કો લાગ્યો હતો તેવા અનેક તરુણો મોહનની મોરલીથી મોહેલાં ગોપગોપીઓ અને ગોવાળોની જેમ ગાંધીજીના સત્યાગ્રહમંત્ર ભણી આકર્ષાયેલા. વિનોબા, કિશોરલાલભાઈ, કાકાસાહેબ, સ્વામી આનંદ, નરહરિભાઈ, પ્યારેલાલ વગેરે અનેક સાધકોને ગાંધીના સત્યાગ્રહમાં રાજનૈતિક અને આધ્યાત્મિક મુક્તિના મેળા વર્તાયેલા. આમ, મહાદેવ અનેક સાધકોના સમાજ પૈકી એક હતા. માત્ર એમની અદ્વિતીયતા હતી એમની ભક્તિમાં જે તેમને સંપૂર્ણ સમર્પણયોગ સુધી લઈ ગઈ હતી.

પેલા સપ્ટેમ્બરના આરંભમાં થયેલા વાર્તાલાપને અંતે ગાંધીજીએ મહાદેવને ‘એક વર્ષ — છ માસ ખેલી લેવાની’ સલાહ આપેલી અને એમ પણ કહેલું કે, ‘તેટલો વખત હું ચલાવી લઈશ.’ પણ ઇતિહાસ પાસે ખેલી લેવા જેટલી નવરાશ નહોતી. ૧૬–૯–૧૯૧૭ પહેલાં એટલે કે, મહાદેવભાઈએ નરહરિભાઈને પેલો ચિરસ્મરણીય પત્ર લખ્યો તેનાં લગભગ બે અઠવાડિયાં પછી શ્રી સત્યાનંદ બોઝને નામે લખાવેલો ગાંધીજીનો પત્ર મહાદેવભાઈના અક્ષરોમાં છે. એટલે કે, વિધિપૂર્વક નહીં તો અવિધિપૂર્વક ગાંધીજીએ મહાદેવ પાસે સચિવ તરીકેનું કામ લેવા માંડ્યું હતું. પરંતુ એમ તો ગાંધીજી પોતાને કોઈ મળવા આવે તો તેની પાસે પણ કામ લેતાં ક્યાં અચકાય એવા હતા? પણ નવેમ્બરની બીજી તારીખે એટલે કે બરાબર બે માસ પછી મહાદેવભાઈ ગાંધીજીને ગોધરાની રાજકીય પરિષદમાં જઈને મળ્યા છે. ગાંધીજી સાથે જોડાવું છે એવા વિચાર સાથે દુર્ગાબહેનને પણ લીધાં હતાં, પણ ગોધરામાં ગાંધીજી ‘તમે બંને થોડો વખત મારી સાથે ફરો, પાકો નિર્ણય પછી કરજે’ કહીને બીજા થોડા દિવસ આપે છે. પણ એમની સાથે ચંપારણ ગયા પછી પિતાની રજા લેવા મહાદેવ દિહેણ જાય છે ત્યારે તો ગાંધીજી એમની કાગના ડોળે વાટ જુએ છે. અને નવેમ્બર મહિનો પૂરો થાય તે પહેલાં ૨૪મીએ તો મહાદેવ ગાંધીજીને ફરી આવી મળે છે, ત્યારે ‘તમે ખેલી ખાધું કે? પાકો

નિર્ણય કરી લીધો કે?' એવા પ્રશ્ન પૂછવાની ગાંધીજીને કે એને અંગે ચોખવટ કરવાની મહાદેવભાઈને જરૂર નથી જણાતી.

ચંપારણની થોડી વધુ વાતો આપણે આગળ ઉપર કરીશું. અહીં દિહેણની વાત કરી લઈએ. મહાદેવની દિહેણની ૧૯૧૭ની મુલાકાત પિતાની અનુમતિ લેવા સારુ જ હતી. પોતાના ભાવિ વિશેના વિચારો જેટલી સરળતા અને ઉત્સાહથી નરહરિને લખાઈ જતાં તેટલી છૂટ પિતાશ્રી સાથે નહોતી. મહાદેવભાઈ જાણતા હતા કે એકત્રીસ વર્ષની ઉંમરે જે દીકરો એમને ઘેર અવતર્યો હતો તેને વિશે હરિભાઈને વિશેષ મમતા હતી. એ મમતાને લીધે એક બાજુ એમનાથી દીકરાનો વિયોગ સહન થાય એમ નહોતો. બીજી બાજુ દીકરાની લાગણી દુભાય એ પણ પિતા કદી ઇચ્છે એમ નહોતા. પિતા પાસે એ વાત કરતાં શરૂઆતમાં તો જીભ થોથવાઈ હશે, પણ પાસો ફેંકાઈ ચૂક્યો હતો. ગાંધીજીએ પાછળથી પાકો નિર્ણય કરીને કહેવાની છૂટ ભલે રાખી હોય, પણ પોતા તરફે તો નિર્ણય પાકો થઈ ચૂક્યો હતો. એટલે પિતાશ્રીને વાત કહ્યા વિના છૂટકો નહોતો. હરિભાઈનું વાચન આમ તો વિશાળ હતું, એટલે ગાંધીજીની પ્રવૃત્તિઓથી તેઓ અજાણ નહોતા. ગાંધીજી પ્રત્યે એમના મનમાં માન પણ પુષ્કળ હતું. પણ પુત્ર એમની સાથે રહેવા ચાલ્યો જશે એની એમને કલ્પનાયે નહોતી. મહાદેવ પછી ઘણાં વર્ષે ઇચ્છાબહેનને પેટે જન્મેલ બીજા દીકરા ઠાકોર ઉર્ફે જનાર્દનનું મૃત્યુ તે જ વર્ષે પ્લેગના રોગમાં ત્રણ જ દિવસની માંદગીમાં થયેલું. એનો ઘા તો હજી રુઝાયો પણ નહોતો, ત્યાં મહાદેવ સંન્યાસી થવા બેઠો? — એમ તેમને લાગ્યું હશે. નિવૃત્ત થયા પછી ઘર ચલાવવા સારુ ઝાઝી આવક રહી નહોતી. પણ એનો વિચાર તેમણે નહોતો કર્યો. વળી, મોટો દીકરો સારી પેઠે કમાઈને હવેલી બંધાવશે એવી વાત પણ એમણે મનમાં નહોતી આવવા દીધી. પિતાની આર્થિક સ્થિતિની વાત તો મહાદેવના મનમાં વધારે આવતી હતી. પિતાને મુખ્ય ચિંતા તો એ હતી કે મહાદેવ ફૂલ જેવો કુમળો છે, અને ગાંધીજીની સાથે કામ કરનારાને તો આકરું જીવન જીવવું પડે, એ એનાથી શી રીતે ખમાશે? પિતાની નામરજી જોઈને મહાદેવે પણ વિચાર કર્યો કે મન મારીને અહીં જ બેઠા રહીશું, પણ એમની રજા વિના તો ગાંધીજી પાસે જવું જ નથી. પેલી બાજુ ગાંધીજીએ મહાદેવ અને દુર્ગાને લેવા સારુ નરહરિને સ્ટેશને મોકલેલા, પણ તેઓ કોઈને લીધા વિના પાછા ફર્યા ત્યારે ગાંધીજી પાસે તાર જોયો કે મહાદેવ આવી શકે એમ નથી. નરહરિભાઈથી ઓછી નિરાશા ગાંધીજીને નહીં થઈ હોય. પણ એ શાંત રહ્યા. સમાજસેવાના કામમાં આવાં તો કાંઈક આશા-નિરાશાનાં

ઝોલાં ખાવાં પડે એમ માનીને શાંત રહ્યા, પણ પેલી બાજુ મહાદેવભાઈના મનમાં જરાયે શાંતિ ક્યાં હતી? એમનો ચહેરો જ એટલો પારદર્શક હતો કે એમની બધી વેદના વ્યક્ત કરી દેતો. પુત્રવત્સલ પિતાથી પુત્રની આ વેદના શી રીતે સહન થાય? બીજે જ દિવસે એમણે ગાંધીજી પાસે જવાની રજા આપી — 'ફતેહ કરો.' એમ કહીને મહાદેવે ગાંધીજીને બીજો તાર કર્યો અને દુર્ગાને લઈને ચંપારણમાં ગાંધીજી પાસે ઉપસ્થિત થયા. બરાબર પચીસ વર્ષની સાધના પછી પચીસ વર્ષનો યજ્ઞ શરૂ થયો.

નોંધ:

૧. આ ભાષણ ૪–૯–'૧૫ને રોજ થયેલું તેથી મોહન અને મહાદેવનું મિલન આ દિવસે થયેલું અનુમાની શકાય.

૨. નરહરિ પરીખ: महादेवभाईन ुंपरूवचरति: પૃ. ૬૯-૭૦.

૩. એજન, પૃ. ૬૮થી ૭૨માંથી.

૪. એજન, પૃ. ૭૭.

૫. એજન, પૃ. ૭૮થી ૯૩.

૬. રવીન્દ્રનાથની गीतांजलनि એક ગીતનો અંશ. અનુ. જુગતરામ દવે, જુઓ गरुदुवेना ंगीतो.

# દસ – યાત્રા આરંભાઈ

બરાબર પંદર વર્ષ પછી, બેલગામની હિંડળગા જેલમાં, ભગવદ્‌ગીતાનું પોતાનું ગાંધીભાષ્ય પૂરું કરતાં, 'આત્મનિવેદન' (માય સબમિશન)ના ઉપસંહારરૂપે મહાદેવભાઈ લખવાના હતા:

'આત્મા સાથે તદ્રૂપ થવા સારુ આપણે સૌએ પોતાની જાતને યજ્ઞમાં સમર્પિત કરવાની છે. દરેક સ્ત્રી કે પુરુષે, પોતપોતાના ક્ષેત્રમાં હસતે મોંએ, હૃદયપૂર્વક અને સંકલ્પપૂર્વક પોતાની જાતને હોમી દેવાની છે. આપણી વાટ ભલે સાવ ઝીણી હોય, આપણું તેલ ભલે સાવ રાશી હોય, આપણી જ્યોત ભલે એટલી ક્ષીણ હોય કે એ આપણી પોતાની કેડી જ માંડ ઉજાળી શકતી હોય, પણ છેવટે તો આપણો ઝાંખો પ્રકાશ વિશ્વજ્યોતમાં જઈને ચોક્કસ ભળવાનો જ છે. દરેક પ્રકારનો યજ્ઞ, પછી એ ગમે તેટલો નાનો હોય કે મોટો હોય, જો એ શુદ્ધ હશે તો તેને પહોંચે છે. તેની જ બરાબરી કરે છે. ત્યાં કોઈ છેલ્લું કે પહેલું નથી.'

મહાદેવભાઈએ પોતાના યજ્ઞનો આરંભ બરાબર પંદર વર્ષ પહેલાં કરી દીધો હતો. ગીતાના અઢારમા અધ્યાયની શીખ મહાદેવભાઈને હૈયે વસી ગઈ હતી:

यज्ञदान तपः कर्म न त्याज्यं कार्यमेव तत्।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम्॥ (गीता: 18-5)

યજ્ઞ-દાન-તપો કેરાં કર્મો ન ત્યજવાં ઘટે,
અવશ્ય કરવાં એ તો કરે પાવન સુજ્ઞને. (ગીતાધ્વનિ: ૧૮-૫)

મહાદેવભાઈ પાસે જે દૈવી સંપત્તિના ઢગલા હતા એનું દાન એ પછી કરવાના હતા. એ દાનની પ્રક્રિયા એટલી તપ:પૂત થવાની હતી કે એ અંતમાં એમની જ્યોતને

વિશ્વની જ્યોતમાં મિલાવી દેવાની હતી, પણ ૧–૧૧–૧૯૧૭ના દિવસે મુંબઈ છોડ્યું તે દિવસથી પચીસ વરસ સુધી — બરાબર એમના શેષાર્ધ સુધી — એ યજ્ઞની નિરંતર આહુતિ આપવાનો પ્રારંભ થઈ ગયો.

આત્માહુતિની એ કથા રોમહર્ષણ છે. પોતાની જાતને અહોનિશ નિર્મળ કરતાં કરતાં પરમ જ્યોતિમાં મળી જવાની એ કથા છેઃ પોતાની ક્ષિતિજોને વ્યાપક કરતાં કરતાં સ્વમાંથી સ્વદેશ, ને સ્વદેશમાંથી સર્વદેશ સુધી વ્યાપ્ત કરવાના પુરુષાર્થની એ ગાથા છે. અને છતાં ખૂબી એ છે કે આ કથા કોઈ સાધુ-સંન્યાસી કે મહાત્માની નથી, પરંતુ એક એવા રસિક જીવની કથા છે, જે સંસારને માણી શકતો હતો, જેણે સાધુતાનો કદી દાવો કર્યો નહોતો, આખો જન્મારો જેણે એ જ ચિંતામાં ગાળ્યો હતો કે જે કામ ભગવાને એને સોંપ્યું હતું તેને એ યોગ્ય હતો કે નહીં.

તે જમાનાની સૌથી ઝડપી ટ્રેન ફ્રંટિયર મેલમાં મહાદેવભાઈ મુંબઈથી ગોધરા જઈ રહ્યા હતા. એમ તો જવાનું હતું ગુજરાત રાજકીય પરિષદની બેઠકમાં, જે ત્રીજી તારીખથી શરૂ થવાની હતી. પણ મહાદેવે બે દિવસ વહેલી ગાડી લીધી હતી. કારણ, બીજે દિવસે વહેલી સવારે ગાંધીજી પાસે ગોધરા પહોંચી જવાનું હતું. મહાદેવને મોહનને ચરણે પહોંચી જવાની તાલાવેલી હતી. તેથી જ કદાચ એણે સૌથી ઝડપી ગાડી પકડી હશે.

સાથે ધર્મપત્ની દુર્ગા હતી. પચીસ વરસના મહાદેવ અને ચોવીસ વર્ષની દુર્ગાની આ જોડી કોઈનું પણ ધ્યાન ખેંચે એવી આકર્ષક હતી. મહાદેવનું પ્રસાદસદન — શું મુખ કોઈને પણ મોહિત કરે એવું હતું. એની આંખો ગમે તેની પર કામણ કરે તેવી હતી. પતિની સાથે, અંતરથી ઉલ્લાસિત, બહારથી સંકુચિત બેઠેલી દુર્ગાની દિહેણની પાડોશણો ‘પાતળી પૂતળી, કાવલી કૂવલી’ કહીને અદેખાઈ કરતી, પણ દુર્ગાની ઠાવકાઈ અને સામેનાની અદેખાઈને સમજી પણ ન શકે એવી સરળતા એને એની આસપાસના સૌની પ્રિયપાત્ર બનાવી દેતી.

સાથે હતા ગગનવિહારી મહેતા. પાછળથી જે ગુજરાતના હાસ્યરસના લેખક, પ્રખર અર્થશાસ્ત્રી અને અમેરિકાના ભારતના રાજદૂત તરીકેની કામગીરીથી પ્રસિદ્ધ થયા, પણ તે વખતે રાજકીય પરિષદમાં ગાંધીજી કેવું કામણ કરે છે એ જોવા ઉત્સુક જુવાનિયા. મહાદેવના પરમ મિત્ર વૈકુંઠના નાના ભાઈ અને ‘લલ્લુકાકા’ના નાના પુત્ર. ઊંચાઈમાં મહાદેવથી થોડા ઓછા, રૂપમાં મહાદેવથી જરાય ઊતરે નહીં એવા. લલ્લુકાકાએ

મહાદેવ સારુ એક કરતાં વધારે ઠેકાણે ભલામણ કરેલી, તેમાંની એક ગાંધીજીને પણ હતી. તેમને મનગમતો મંત્રી મહાદેવમાં મળી રહેશે એવી આશા લલ્લુભાઈ શામળદાસે પોતાના પુત્રના મિત્ર સારુ વત્સલતાપૂર્વક કરી હતી. પણ ગાંધીજીએ મહાદેવભાઈની પરખ કોઈ પણ ભલામણ વિના જ કરી લીધી હતી.

અને મહાદેવ તો 'ગાંધીસાહેબ' પર મુગ્ધ હતા જ.

મહાદેવ પર મુગ્ધ એવી દુર્ગા ઝાઝું ભણી તો નહોતી, પણ ગણી કાંઈ ઓછું નહોતી. પિતાને ત્યાંથી અને શ્વશુર પાસેથી એને ભક્તિના સંસ્કાર મળ્યા હતા, પણ એ ભક્તિનો એણે કદી દેખાડો નહોતો કીધો. એ માણસને જોઈને ઓળખતી, મહાદેવને માત્ર ઓળખતી જ નહોતી, એની ઉપર ઓવારી ગઈ હતી. મહાદેવને મન ભવિષ્ય વિશે કદાચ થોડી ચિંતા હશે; એટલી તો ફિકર એને હતી જ કે ગાંધીને યોગ્ય એ પુરવાર થશે કે કેમ? પોતાની જાતને એ ગાંધીને લાયક બનાવી શકશે? ગોખલેના એ વચને કે 'આ માણસ માટીમાંથી વીરપુરુષો સર્જે એવો છે.' મહાદેવને ગાંધી ભણી દોડી જવા પ્રેર્યા હતા, પણ પોતાની માટી વિશે મહાદેવ વધારે પડતી ચિંતા સેવ્યા કરતા હતા. દુર્ગાને એવું કાંઈ નહોતું. ગાંધીને એ પછી ઓળખવાની હતી, સ્વામીને એણે ઓળખી લીધા હતા. પૂરા પ્રેમી પતિની સાથે જતી દુર્ગાને મન પોતે ક્યાં જાય છે એ પ્રશ્ન ઉપસ્થિત જ થતો નહોતો. ગાંધીજી પોતાની સાથે શી વાત કરશે, પોતાને શું પૂછશે એ પ્રશ્ન મહાદેવને મન ઊઠતો હશે. દુર્ગા એવું વિચારી જ શકતી નહોતી કે ગાંધીજી એને પણ કાંઈ પૂછશે. એની તો પતિ સાથે ઉપસ્થિતિ એ જ સર્વ પ્રશ્નોનો ઉત્તર હતો. હા, એને બહાર ફરવાની બહુ ટેવ નહોતી, રાજકીય પરિષદો એણે જોઈ નહોતી. પણ પુરુષોત્તમ બાપજીને લીધે ગોધરા એને સારુ અજાણ્યું સ્થળ નહોતું. મહાદેવ એને પરિષદમાં આવનારા લોકો વિશે સમજણ આપતા જતા હતા. એમને મન પરિષદ કરતાં એમાં આવનારાઓનું મહત્ત્વ મોટું હતું, અને મહાદેવને સૌના ગુણો એટલા બધા દેખાતા કે કોઈના દુર્ગુણ એમને ભાગ્યે જ દેખાય. વર્ણન કરવાની શક્તિ તો પ્રભુએ એમને આપેલી હતી, અને વર્ષોના પરિશ્રમ વડે એમણે એ શક્તિને વિકસાવી પણ હતી. તેથી દુર્ગા આગળ ટિળક મહારાજ કે ગાંધીજી, કે મહમદઅલી ઝીણાનાં વખાણ કરતાં એ થાક્યા નહીં. હા, પરિપદમાં જ્યારે ગાંધીજીના આગ્રહથી ટિળક મહારાજે અંગ્રેજીને બદલે મરાઠીમાં પ્રવચન કર્યું અને એમના સાથી શ્રી ખાપર્ડેએ પોતાની શૈલીમાં એનું ગુજરાતી રૂપાંતર કર્યું ત્યારે મહાદેવ, બંને ભાષાના ઉત્તમ જાણકાર તરીકે, અને એટલા જ ઉત્તમ ભાષાંતરકાર તરીકે, તથા

અચ્છા સાહિત્ય-વિવેચક તરીકે, એ ભાષણને (મરાઠી અર્થમાં) ‘ચિકિત્સક’ તરીકે એને સાંભળી રહ્યા હશે ખરા, પણ એમાંયે મહાદેવની માંહ્યલા સમીક્ષક કરતાં એની અંદરનો ગુણગ્રાહી જ અવશ્ય વધુ પ્રબળ નીવડ્યો હશે.

શ્રી નરહરિ પરીખે સરદાર વલ્લભભાઈના જીવનચરિત્રના પહેલા ભાગમાં આ પરિષદનું ખૂબ સજીવ વર્ણન કર્યું છે:

‘ગુજરાત સભાએ ૧૯૧૭માં ગાંધીજીને પોતાના પ્રમુખ નીમ્યા પછી નક્કી કર્યું કે ગુજરાતમાં દર વર્ષે રાજકીય પરિષદો ભરવી. પહેલી પરિષદના સ્થળ તરીકે ગુજરાતના પછાત ગણાતા પંચમહાલ જિલ્લાનું ગોધરા શહેર પસંદ કરવામાં આવ્યું. પસંદગીમાં ત્યાંના વતની શ્રી વામનરાવ મુકાદમનો ઉત્સાહ પણ મોટું કારણ હતો. તેઓ ટિળક મહારાજના અનુયાયી હતા અને બંગભંગના વખતથી રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા હતા, તાજેતરમાં હોમરૂલની પ્રવૃત્તિને અંગે વેઠવારા નાબૂદ કરવાની ચળવળ ઊપડી હતી તેમાં તેઓ આગળ પડતો ભાગ લેતા હતા. ...

ગાંધીજીએ આ પરિષદને અત્યાર સુધી દેશમાં ભરાતી રાજકીય પરિષદોમાં અનેક રીતે અપૂર્વ બનાવી. પરિષદ ગુજરાતની હતી છતાં મુંબઈના ઘણા રાજદ્વારી આગેવાનોએ એમાં હાજરી આપી હતી. નામદાર વિઠ્ઠલભાઈ પટેલ મુંબઈમાં રહેતા પણ એ તો ગુજરાતના જ ગણાય. એટલે તેઓ તેમાં હાજરી આપે અને આગળ પડતો ભાગ લે એમાં કાંઈ વિશેષતા ન ગણાય. પણ કાયદેઆઝમ ઝીણા આ પરિષદમાં આવ્યા હતા, એ જરૂર તેની વિશેષતા હતી. હિંદુ-મુસ્લિમ એકતાના ચુસ્ત હિમાયતી તરીકે તેમને ગોધરામાં ભારે માન મળ્યું. તે ઉપરાંત ટિળક મહારાજ અને એમના ખાસ મિત્ર શ્રી ખાપર્ડેએ આ પરિષદમાં હાજરી આપીને તેનું ગૌરવ વધાર્યું હતું. વિશેષ ખૂબી તો એ થઈ કે બધા જ નેતાઓ પાસે ગાંધીજીએ આગ્રહ કરીને ગુજરાતીમાં ભાષણો કરાવ્યાં. કાયદેઆઝમ ઝીણા પાસે પણ ગાંધીજીએ ગુજરાતીમાં જ ભાષણ કરાવ્યું, એ વાત જ્યારે વર્તમાનપત્રોમાં આવી ત્યારે સરોજિનીદેવીએ ગાંધીજીને કાગળ લખેલો કે, ‘અમારા જેવા ઉપર તો તમે હર વખત હિંદુસ્તાનીમાં ભાષણ કરાવવાનો જુલમ કરો છો અને અમે એને વશ પણ થઈએ છીએ પણ મહાન (ગ્રેટ) ઝીણા પાસે તમે ગુજરાતીમાં ભાષણ કરાવ્યું એને હું તમારી એક ચમત્કારિક ફતેહ ગણું છું અને એ માટે તમને મુબારકબાદી આપું છું.’ ટિળક મહારાજને ગાંધીજીએ હિંદીમાં બોલવાની વિનંતી કરેલી. પણ એમણે કહ્યું કે હું હિંદીમાં બરાબર નહીં બોલી શકું ત્યારે છેવટે એમની પાસે મરાઠીમાં ભાષણ

કરાવ્યું અને ખાપર્ડેએ પોતાની વિલક્ષણ શૈલીમાં એમનું આખું ભાષણ એવી સરસ રીતે ગુજરાતીમાં સમજાવ્યું કે તેમાં શ્રોતાઓને સ્વતંત્ર ભાષણના જેટલો જ આનંદ પડ્યો. અત્યાર સુધી પ્રાંતિક તો શું પણ જિલ્લા રાજકીય પરિષદોમાં પણ એવું ચાલતું હતું કે મહત્ત્વનાં ભાષણો ઘણી વાર અંગ્રેજીમાં થતાં, વક્તાઓને એવો મોહ રહેતો કે અંગ્રેજીમાં બોલીએ તો આપણું બોલ્યું સરકારને કાને પહોંચે. પણ આ પરિષદમાં એક પણ ભાષણ અંગ્રેજીમાં ન થયું.

અત્યાર સુધી ભરાતી તમામ રાજકીય પરિષદો — જિલ્લા પરિષદથી માંડીને અખિલ હિંદ કૉંગ્રેસ સુધી — નો એક શિરસ્તો એવો હતો કે પહેલો ઠરાવ બ્રિટિશ સામ્રાજ્ય અને તાજ પ્રત્યે વફાદારીનો કરવો. આ શિરસ્તો ગાંધીજીએ તોડાવ્યો. એ આ પરિષદની બીજી વિશેષતા હતી. ઘણાનું એમ કહેવું હતું કે એવો ઠરાવ કરવામાં આપણું જાય છે શું? અત્યાર સુધી ચાલતું આવ્યું છે માટે ભલે ચાલે. ગાંધીજીની દલીલ એ હતી કે બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યેની વફાદારીમાં તમારા કોઈના કરતાં હું ઊતરું એમ નથી. પણ કશા કારણ વિના એવો ઠરાવ પસાર કરીને આપણે આપણી લઘુતા દેખાડીએ છીએ. અંગ્રેજો કાંઈ એમની પરિષદનો આરંભ બ્રિટિશ સામ્રાજ્ય અને તાજ પ્રત્યે વફાદારીના ઠરાવથી કરતા નથી. ગાંધીજીના આ વલણથી ઘણાને એક નવું જ દર્શન થયું. જેઓ સામ્રાજ્ય કે તાજના પ્રેમી નહોતા તેમને પોતાની દૃષ્ટિએ ખૂબ આનંદ થયો.

ત્રીજી વાત પરિષદ આગળ તેમણે એ મૂકી અને તેનો અમલ પણ કરાવ્યો કે પરિષદે એક કારોબારી સમિતિ નીમવી અને તેણે બીજે વરસે બીજી પરિષદ ભરાય ત્યાં સુધી કામ કરતા રહેવું. આ પ્રથા પણ નવી જ હતી. અત્યાર સુધી તો પરિષદો અને કૉંગ્રેસો પણ વાર્ષિક જલસા જેવી થતી. પરિષદ ભરાય ત્યારે લોકોમાં ઉત્સાહ આવે પણ પછી આખું વરસ ભાગ્યે જ કાંઈ કરવાનું હોય. કૉંગ્રેસના પ્રમુખ પોતાની કારોબારી સમિતિ રચે અને તે સતત કામ કર્યા કરે એવો જે શિરસ્તો આગળ ઉપર પાડવામાં આવ્યો હતો તેનું બીજ ગોધરામાં નાખવામાં આવેલું.'૧

પણ મહાદેવને રાજકીય પરિષદમાં ભલે ગમે તેટલો રસ હોય, આજે તો એમનો રસ એક જ હતો: एको रसः मोहनैव।

અને મોહને તો મહાદેવને સામે ચાહીને બોલાવ્યા હતા. 'બીજા કોઈને આમ બોલાવતો નથી, તમને જ બોલાવું છું.' એટલે સુધી જેને કહ્યું હતું તે મહાદેવ સપત્ની

સન્મુખ ખડા થાય છે, ત્યારે હર્ષ તો પાર વિનાનો થયો હશે. પણ મહાદેવથી ત્રેવીસ વરસ મોટા ગાંધીમાં હરખ હતો તેટલું જ શાણપણ પણ હતું. એમનામાં ધૃતિ અને ઉત્સાહ બંને સમન્વિત હતાં. તેથી જ તેમણે મહાદેવને પૂછ્યું:

‘ક્યારથી જોડાઓ છો?’

‘આપ કહો ત્યારથી. અમે આજે જ જોડાવાની તૈયારી સાથે આવ્યાં છીએ.’

‘બંને?’

‘જી હા.’

‘મારી સાથે પરિષદ પછી પ્રવાસમાં જોડાઈ શકશો?’

‘ચોક્કસ.’

‘વારુ, તમે એમ કરો. થોડા દિવસ મારી સાથે રહી જુઓ. ફાવે તો રહી જજો, નહીં તો —’

‘જેવી આપની આજ્ઞા.’

ગોધરાની રાજકીય પરિષદથી ગાંધીને આખું જીવન એમની આજ્ઞા ન ઉથાપે તેવા મહાદેવ મળ્યા.

થોડા કાળ બાદ, શાંતિનિકેતનની મુલાકાત પછી મહાદેવ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું એક ગીત એમની ડાયરીમાં નોંધવાના હતા:

આમાદેર યাত্রা હોલો શુરૂ,
ઓગો કર્ણધાર ।
એખન બાતાસ છુટૂક, તુફાન ઉઠૂક
ફિરબો ના ગો આર ।

અમારી યાત્રા આરંભાઈ
ઓહે કર્ણધાર;
હાવાં આંધી આવે, તૂફાન આવે
ફરશું, ના આ વાર ।

નોંધ:

૧. નરહરિ પરીખ: सरदार वल्लभभाई – ૧ : પૃ. ૭૦થી ૭૨.

# અગિયાર – રચનાકાર્યનો પ્રથમ અનુભવઃ ચંપારણ

ગોધરાથી ઉત્તર બિહારના ચંપારણ તરફ યાત્રા આરંભાઈ ૬–૧૧–૧૯૧૭ને દિને. બરાબર એક અઠવાડિયા પછી, એટલે કે, ૧૩–૧૧–૧૯૧૭ને દિને મહાદેવની હવે તો પ્રસિદ્ધ થયેલી ડાયરીમાં પહેલી નોંધ ટપકાવાય છે. કોઈએ એમને નોંધ કરવા કહ્યું હોય એમ લાગતું નથી. અંતઃપ્રેરણાથી જ એ લખાઈ હતી. પણ એ પ્રેરણા કેટલી ઊંડી, કેટલી પ્રબળ! ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૨ને દિને સવારે મહાદેવભાઈ શાંત થયા. ૧૪મી ઑગસ્ટ સુધી એમણે ડાયરી લખી છે!

પણ એ ડાયરી મહાદેવભાઈની નહીં, ગાંધીજીની ડાયરી છે. જ્યારે જ્યારે મહાદેવભાઈ ગાંધીજીથી વિખૂટા પડ્યા છે, ત્યારે ત્યારે ડાયરી નથી લખાઈ. શૂન્યવત્ બનવાની એમની જીવનકળાનો સ્થૂળ નમૂનો આ હકીકતમાં જેવા મળે છે. લગભગ દરેક ડાયરીની શરૂઆતમાં મહાદેવભાઈ એક અથવા વધારે સુવાક્ય ટાંકીને પછી નવે પાનેથી લખવાની શરૂઆત કરે છે. તે તે કાળના એમનાં ચિંતનની પ્રસાદીરૂપ બની રહે એવાં એ વાક્યો છે.

પ્રથમ ડાયરીને પહેલે પાને ટાંક્યું છે તુકારામનું એક પદ અને ડીન ચર્ચનું એક વાક્ય. બંને સૂચક છેઃ

जळो ते जाणीव, जळो ते शहाणीव।
राहो माझा भाव विठ्ठलपायीं।

जळो ते आचार, जळो ते विचार।
राहो मनास्थिर विठ्ठलपायीं॥

— તુકારામ

પૂળો મૂકાઓ તે જ્ઞાનમાં, પૂળો મૂકાઓ તે ડહાપણમાં,
મારી ભક્તિ વિઠ્ઠલના ચરણમાં (દૃઢ) રહો.

પૂળો મૂકાઓ તે આચારમાં, પૂળો મૂકાઓ તે વિચારમાં,
મારું ચિત્ત વિઠ્ઠલના ચરણમાં સ્થિર રહો.

— તુકારામ.

અને

Like most human things, discipleship has its good and its evil, its strong and its poor and dangerous side, but it really has a good and strong side, its manly and reasonable humility, the enthusiasm of having and recognizing a great master and doing what he wanted done.

— Dean Church

ઘણી માનવવસ્તુઓની માફક, શિષ્યભાવની સારી તેમ જ નરસી બાજુ, મજબૂત તેમ જ નબળી બાજુ અને ભયાનક બાજુ રહેલી છે; છતાં ખરેખર તેમાં સારું અને મજબૂત તત્ત્વ જ (વધારે) છે. તેની મર્દાઈભરી અને વાજબી નમ્રતા, (પોતાને) એક મહાન ગુરુ હોવાનો અને તેને માનવાનો ઉત્સાહ તથા તે જે ઇચ્છે તે કરવાનો (આગ્રહ, એ તેની સારી બાજુ છે).૧ — ડીન ચર્ચ

આ બંને ઉદાહરણો મહાદેવભાઈની માત્ર તે કાળની વૃત્તિનાં જ નહીં; પણ તેમના શેષ જીવનના સ્થાયીભાવનાં દ્યોતક છે.

ગાંધીને ચરણે આવ્યા ત્યારે મહાદેવભાઈની અંજલિ સાવ ખાલી હાથની નહોતી. એ કરસંપુટમાં ઉત્તમ ભાષાજ્ઞાન, ઉત્તમ અનુવાદકળા, વિશાળ વાચન, આંખે ઊડીને વળગે એવા સુંદર અક્ષર, અને એ અક્ષરે પણ અતિ ઝડપથી લખવાની કુશળતા, પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિનાં ઉત્તમ અંગોનું અધ્યયન, ઊંડું ચિંતન કરવાની શક્તિ અને સૌથી વધુ તો એ અંજલિમાં નમ્રતા, શાલીનતા અને સમર્પણબુદ્ધિ જેવા ગુણોનો સાગરભર્યો

અર્ઘ્ય હતો. છતાં આ બધાં કરતાં તેમણે ભક્તિને શ્રેષ્ઠ માની હતી. તેથી જ તેમને પોતાની તે કાળની મૂડી વિશે એમ લાગ્યું કે, 'કેવળ ગાંધીજી પ્રત્યેની ભક્તિ ઉપરાંત કશી જ લાયકાત મારામાં નહોતી.'

'કેવળ એ ભક્તિ'ને લીધે તો તેઓ પોતાના અવાંતર જ્ઞાન, ડહાપણ, આચાર કે વિચારમાં પૂળો મૂકીને ગાંધીનાં ચરણોમાં પોતાના ભાવોને સ્થિર કરી શક્યા અને શિષ્યભાવની ઘણી ઘણી નરસી, નબળી કે ભયાનક બાજુઓ અનુભવ્યા છતાં ગૌરવપૂર્વક પોતાના મહાન ગુરુને ઓળખી શક્યા હતા અને એમની ઇચ્છા મુજબ જીવી તેમ જ મરી શક્યા હતા.

ગાંધીજીની પ્રવૃત્તિ તે જ મહાદેવની પ્રવૃત્તિ, એનાથી શરૂઆત થઈ. ગાંધીજીની પ્રવૃત્તિને દેશ ને દુનિયા આગળ રજૂ કરવી, ગાંધીજીનું ચિંતન તે જ મહાદેવનું ચિંતન; અને ગાંધીજી વતી એમનાથી દૂર જઈને પણ એમની જ પ્રવૃત્તિ આચરવી; એવી અવસ્થાઓ પાછળથી આવવાની હતી. શરૂઆત થઈ ગાંધીજીએ ચીંધેલાં કામ ઉપાડી લેવાથી.

ચંપારણનું કામ તો પહેલે તબક્કે માત્ર એક અઠવાડિયું જ થયું. મહાદેવભાઈનું કામ સમજવા આપણે આ કથામાં અત્યારથી માંડીને છેવટ સુધી વારંવાર ગાંધીજીનું કામ સમજવું પડશે. અને ગાંધીજી એ પચીસ વર્ષના ગાળામાં મોટે ભાગે દેશનાં વિવેકબુદ્ધિ અને અંતરાત્મારૂપે કામ કરી રહ્યા હતા. તેથી આપણે ઠેર ઠેર દેશના વાતાવરણને પણ સમજવું પડશે. તે વિના મહાદેવની અંતરકથા છતી નહીં થાય. જ્યાં મહાદેવની જીવનધારા એટલે ગાંધીજીના તીર્થરાજ પ્રયાગમાં મળી ગયેલી સરસ્વતી, અને ગાંધીજીની પોતાની ગંગા જ્યાં આ ભારતના માનવના મહાસાગરમાં મળી જતો ગંગાસાગર સંગમ હોય, ત્યાં નોખાં નોખાં તીર્થમાં સ્નાન કે નોખાં નોખાં જળનું પાન શક્ય પણ નથી અને ઇષ્ટ પણ નથી.

દક્ષિણ આફ્રિકાથી સત્યાગ્રહનું સફળ સાધન લઈને આવેલ ગાંધી, ગોખલેની સલાહથી, એક વર્ષ ભારતભ્રમણ કરીને, થર્ડ ક્લાસની મુસાફરી કરી, કુંભમેળામાં સેવા આપી, અનેક પ્રાંતોમાં ફરી વળી, જાહેરમાં ન બોલવાનો સંયમ પાળી, છતાં અનેક પ્રકારના લોકો સાથે હળીમળી, ચર્ચાવિચારણાઓ કરી, દેશના અંતરંગને પિછાણવા લાગ્યા હતા. વરસ પૂરું થયું ત્યાર પછી સામાન્યપણે એ કૉંગ્રેસ, જુદા જુદા પ્રદેશોની રાજકીય પરિષદો, ભિન્ન ભિન્ન જાતિઓનાં સંગઠનોની સભાઓ, કે જુદાં જુદાં

પ્રકારનાં મંડળોમાં ફરી ચૂક્યા છે. બીજા નેતાઓથી ભિન્ન એવો (પશ્ચિમી કોટપાટલૂનને બદલે) કાઠિયાવાડી પાઘડી અને કાઠિયાવાડી કેડિયાનો પહેરવેશ, જ્યાં શક્ય હોય ત્યાં ગુજરાતીમાં અને નહીં તો ભાંગીતૂટી ઉડઝૂડિયા હિન્દીમાં બોલવાનો આગ્રહ. સાદું જીવન અને સાદી રહેણીકરણી અને ખોરાક વગેરે જોઈને દેશના લોકોના મનમાં એમને વિશે કુતૂહલ અને જિજ્ઞાસા પેદા થયાં છે. નવા વછેરાને જોઈને સારો અશ્વપારખુ એની પીઠ થાબડે તેમ પીઠ થાબડે છે. મહાદેવ ગાંધી પ્રત્યેની કુતૂહલવૃત્તિમાંથી દોઢેક વરસ પહેલાં જ પસાર થઈ ચૂક્યા છે. એમની જિજ્ઞાસા જાગી ચૂકી છે, જે જોયું છે તેનાથી એ અભિભૂત થયા છે, પણ હજી એમને ગાંધીજી વિશે વિસ્મય લાગ્યા કરે છે. શ્રદ્ધા જાગી છે, સ્નેહમાં તરબોળ થવાની અને ભક્તિમાં નિમજ્જન કરવા માટેની સર્વ સજ્જતા અંદરથી સધાઈ ગઈ છે, આંતરબાહ્ય એક થવાનાં હજી બાકી છે. દેશે ગાંધીજીને સન્માન આપ્યું છે, હૃદયમાં સ્થાન આપવાનું હજી બાકી છે.

દેશ? આખા દેશનું 'એક' એવું ત્યારે ચિંતન જ નહોતું, તો આખા દેશનો 'એક' એવો અવાજ તો ક્યાંથી હોય? થોડા માસ પછી ગાંધીજીએ ઉચ્ચારેલા અને મહાદેવભાઈએ ઝીલેલા શબ્દો મુજબ:

'આજે આપણે એક સંધિકાળમાંથી ગુજરી રહ્યા છીએ. એ સંધિકાળ સંધ્યાનો છે કે ઉપ:કાળનો છે તે આપણને ખબર નથી. એક પછી તરત રાત આવે છે અને બીજા પછી પ્રભાત ઊગે છે.'૨

તે કાળના નરમ દળ અને ગરમ દળના નેતાઓ વચ્ચે પડેલા મતભેદના ઘા હજી રુઝાયા નહોતા. નરમ દળવાળા ધારાસભાઓ કે બીજી સરકારી-અર્ધસરકારી સંસ્થાઓમાં જઈને ચાલુ પરિસ્થિતિ અંગે અસંતોષ વ્યક્ત કરીને એને સુધારવા અંગેનાં સૂચનો કરતા હતા. ગરમ દળવાળાઓ સભાઓ અને લેખો દ્વારા ચાલુ પરિસ્થિતિ અંગે કડક ટીકાઓ કરતા અને સરકારની વિરુદ્ધ ગરમાગરમ ભાષણો કરતા. પણ બંનેની પાસે કોઈ નક્કર કાર્યક્રમ નહોતો.

ગાંધી એક નક્કર કાર્યક્રમનો અનુભવ દક્ષિણ આફ્રિકાથી લઈ આવ્યા હતા. પણ એ કાર્યક્રમને એમણે ભારતમાં અજમાવી જોયો નહોતો. સત્યાગ્રહને કાર્યક્રમ તરીકે અજમાવવાની તેમની વૃત્તિ પણ નહોતી. દક્ષિણ આફ્રિકામાં અન્યાયી પરિસ્થિતિઓનો સામનો કરતાં... તેમને તે સહજ સૂઝ્યો હતો. હિંદમાં તો તેઓ હજી પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તેમને એટલું સમજાઈ ગયું હતું કે દેશને હજી

કોઈ દિશા સ્પષ્ટપણે સૂઝી નહોતી. ધ્યેય ઝાંખું ઝાંખું દેખાતું હતું, પરંતુ ધ્યેય સુધી પહોંચવાનો માર્ગ દેશ નક્કી કરી નહોતો શક્યો.

ખુદ ગાંધીજી પણ આગલું પગલું કયું લેવું તે અંગે સ્પષ્ટ નહોતા. એમ તો ઠેઠ ૧૯૦૯માં જ તેઓ હિંદ સ્વરાજની પોતાની કલ્પના દુનિયા આગળ રજૂ કરી ચૂક્યા હતા અને એ દૂરગામી કલ્પનાને ચરિતાર્થ કરવા પોતાનું જીવન અર્પણ કરી ચૂક્યા હતા. લાંબી યોજનાઓ બનાવવાને બદલે પોતે જે કંઈ વિચારે તેને તરત અમલમાં મૂકવાનો તેઓ આગ્રહ રાખતા. ફિનિક્સ આશ્રમની સ્થાપના એમણે એ રીતે જ કરી હતી. તેઓ પોતે મોક્ષને જીવનનું અંતિમ ધ્યેય માનતા હતા. અને તેને પ્રાપ્ત કરવા પોતાની જાતને 'મોટું મીંડું' બનાવવા સતત પ્રયત્નશીલ રહેતા. આમ પોતાના અહંને ખોતરી કાઢી પોલી બનાવેલી બંસરીમાંથી હરિનો સૂર જ નીકળે તેને સારુ સતત પ્રાર્થના કરતા. કાર્યક્રમ તેઓ શોધતા નહીં, તે તેમની આગળ આવીને ઊભતા. મહાદેવભાઈ તેમની સાથે જોડાયા તેના એક વર્ષની અંદર જ તેમની આગળ એક પછી એક એવા ત્રણ કાર્યક્રમો આવી પડ્યા. એ ત્રણ કાર્યક્રમો એટલે બિહારના ચંપારણના ગળીની ખેતી કરનાર કિસાનોના, અમદાવાદના મિલમજૂરોના અને ખેડાના મહેસૂલ ભરનાર ખેડૂતોના. 'મોક્ષ મારા જીવનનું ધ્યેય છે'થી માંડીને મહાદેવભાઈ એમની સાથે જોડાયા ત્યાર પછીનાં ચાર વર્ષના ગાળામાં તો ગાંધીજી (જે ત્યાર સુધી બ્રિટિશ સરકાર વિશે ઠીક ઠીક પ્રમાણમાં વફાદારી ધરાવતા હતા), સરકારને 'શેતાની' વિશેષણ વડે નવાજવા સુધી પહોંચી ગયા હતા.

હકીકતમાં ગાંધીજીને મન મોક્ષપ્રાપ્તિનો માર્ગ અને શેતાની સરકારની શેતાનિયત સામે ઝઝૂમવાનો માર્ગ અભિન્ન હતા.

ગાંધીજીને સદ્ભાગ્યે, એમને શિષ્યો પણ એવા મળતા જતા હતા જેમના મનમાં મોક્ષ અથવા ચિત્તશુદ્ધિનો માર્ગ અને સ્વતંત્રતા કે રાષ્ટ્રમુક્તિનો માર્ગ બે સામસામી દિશામાં જનારા માર્ગ નહોતા. મહાદેવ તેમાંના એક હતા.

ગોધરાથી પટણા ને પટણાથી મોતીહારી જતાં સુધીમાં તો મહાદેવભાઈએ ગાંધીજી પાસેથી ચંપારણના કિસાનોના પ્રશ્નો અને એમણે ચલાવેલી લડતનો ઇતિહાસ જાણી લીધો હતો. મહાદેવભાઈ અને દુર્ગાબહેન ચંપારણ પહોંચ્યાં તે પહેલાં, આગલે મહિને જ 'તિન કઠિયા' વ્યવસ્થાના શિકાર બનેલા કિસાનોની પરિસ્થિતિની તપાસ કરનાર સરકારી સમિતિના અહેવાલ પર, કિસાનોના પ્રતિનિધિ તરીકે ગાંધીજીએ સહી કરી

હતી. ગોરા નીલવરો' (ગળીનાં કારખાનાંના માલિકો)એ કરેલા અત્યાચારોના સંખ્યાબંધ પુરાવાઓ ગાંધીજી અને તેમના સાથીઓએ એકઠાં કરેલાં પચીસેક હજાર જેટલાં 'બયાનો'માં મોજૂદ હતા. પણ ગાંધીજીએ એવો આગ્રહ રાખ્યો નહીં કે એ લોકોના ગુનાઓ પુરવાર થાય અને એમને કાંઈક સજા કરવામાં આવે. નીલવરોને એનાથી સાનંદાશ્ચર્ય થયું હતું. પણ ગાંધીજીએ કિસાનો પાસે ફરજિયાત બધી જમીનમાંથી વીંઘે ત્રણ ગૂંઠા (૩/૨૦) જમીન પર ગળીની ખેતી કરાવવાની પ્રથાને નાબૂદ કરવાનો આગ્રહ રાખ્યો હતો. જે નીલવરો અને સરકારના પ્રતિનિધિઓએ માન્ય રાખ્યો હતો. પરિણામે સો વરસ કરતાં વધારે લાંબા ગાળાથી ચાલી આવેલી એક અન્યાયી વ્યવસ્થા નાબૂદ થઈ હતી. હિંદમાં ગાંધીજી દ્વારા ચલાવવામાં આવેલ આ અહિંસક ચળવળમાં એમને ન ધારેલી સફળતા મળી હતી. ખરું જોતાં ચંપારણમાં ગાંધીજીને પ્રત્યક્ષ અહિંસક પ્રતિકારનો કોઈ કાર્યક્રમ ઉઠાવવો જ નહોતો પડ્યો. હજારો કિસાનોની વીતકકથાની નોંધમાત્રથી જ સરકારને તપાસસમિતિ આપવી પડી હતી અને ગાંધીજીના આગ્રહને લીધે જ સમિતિએ પોતાનો નિર્ણય સર્વાનુમતિથી આપ્યો હતો. આ ચળવળને પરિણામે ચંપારણના કિસાનો નિર્ભયતાનો પાઠ શીખ્યા હતા. બિહારના કાર્યકર્તાઓ નોકરચાકરની મદદ વિના જાતે પરિશ્રમ કરીને સાદું જીવન જીવતા, ગરીબો વચ્ચે, ગરીબ થઈને કામ કરતા અને કોઈ અહેવાલમાં અતિશયોક્તિ કરવાનું નહોતા શીખ્યા. હિંદની પ્રજાએ સત્યાગ્રહની સફળતાનો સ્વાદ માણ્યો હતો.

સત્યાગ્રહની સાથે રચનાત્મક કામ શરૂ થાય જ. ગાંધીજીએ બતાવેલા અવનવા રસ્તાની આ રીત હતી. ખુદ ગાંધીજીએ પણ હિંદનાં ગામડાંઓનાં ભયંકર દારિદ્ય, અજ્ઞાન, ગંદકી અને વહેમનાં દર્શન આ તપાસ દરમિયાન પહેલવહેલાં કર્યાં હતાં. આ લોકોની કાંઈક તો સેવા કરવી જ જોઈએ એ ખ્યાલથી કેટલાંક ગામડાંઓમાં શિક્ષણ, આરોગ્ય અને સફાઈની પ્રવૃત્તિઓ શરૂ કરવાનું નક્કી થયું હતું. મહાદેવ અને દુર્ગાને આ નવા કામની દીક્ષા મળવાની હતી. પણ પિતાશ્રીની રજા લીધા સિવાય મહાદેવભાઈથી ગાંધીજી પાસે અવાય શી રીતે? અને ગાંધીજીથી મહાદેવભાઈને સ્વીકારાય શી રીતે? એટલે મોતીહારી આવ્યા પછી અઠવાડિયા પછી જ દુર્ગાબહેનની સાથે મહાદેવભાઈ દિહેણ જાય છે. રજા માગવા આવેલ લાડકા પાટવી કુંવરને સ્વીકૃતિ આપતાં હરિભાઈએ શું મનોમંથન અનુભવ્યું તે આપણે આગળ ઉપર જોઈ ગયા છીએ.

એક વાર સ્ટેશને જઈને નિરાશ થયેલા નરહરિભાઈ ફરી વાર મહાદેવભાઈને લેવા

જતા હતા ત્યારે ગાંધીજી સહજ વિનોદ કરી લે છે, 'નરહરિ, ફરી પાછો તાર આવે કે નથી આવતો તો કેવી મજા થાય?' પણ નરહરિને પોતાના મિત્ર વિશે પૂરી શ્રદ્ધા હતી. એમણે કહ્યું, 'ના, આજે તો મહાદેવ જરૂર આવશે.'

શાળા, સ્વચ્છતા, આરોગ્ય વગેરેનાં કામ સારુ ગાંધીજીએ બિહાર બહારના અનેક કાર્યકર્તાઓને બોલાવ્યા હતા. બિહારના લોકોમાં ચંપારણના કામ અંગે ગાંધીજીને જેમણે મદદ કરી હતી તેમાંના મોટા ભાગના લોકો વકીલો હતા. એમાં વ્રજકિશોરપ્રસાદ, મઝહર-ઉલ-હક, રાજેન્દ્રપ્રસાદ, ધરણીધરબાબુ જેવા મોટા મોટા વકીલો ગાંધીજી ખાતર પોતાનું રોજનું કામકાજ મૂકીને આવ્યા હતા. એ લોકો ગાંધીજી ઇચ્છતા હતા એવાં રચનાત્મક કામોમાં પડે એવી શક્યતા ઓછી હતી. અલબત્ત, થોડાક માસના કામ દરમિયાન ગાંધીજીનું કામ એટલે શું એનો એમને બરાબર પરચો મળી ગયો હતો. સૌ પોતપોતાની સાથે એક એક નોકર લઈને આવ્યા હતા. ગાંધીજીએ એ લોકો સાથે વાતચીત કરી, અને પોતે હાથેથી કામ કરીને એ લોકોને પોતાનાં કપડાં હાથે ધોતા, સૌ મળીને રસોઈ બનાવતા અને વાસણ માંજતા, ચટાઈ પર બેસીને કિસાનોના રિપોર્ટ લખતા કર્યા હતા. 'રચનાત્મક કાર્ય' શબ્દ ત્યાં સુધીમાં રૂઢ નહોતો થયો. આ લોકો રચનાત્મક કાર્યને ટેકો આપે તેવા હતા, પણ સીધા રચનાત્મક કામમાં કોઈ પડી શકે તેમ નહોતું. એ કામ સારુ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટકથી આવેલા તરુણ કાર્યકર્તાઓ જ કામ લાગે એમ હતા. આ લોકોમાં કેટલીક બહેનો પણ હતી. એ એક વધારાનો ફાયદો હતો. બિહારના કોઈ કાર્યકર્તાની સ્ત્રી બહાર આવીને સામાજિક ક્ષેત્રમાં પડે તેવી તો કલ્પના સુધ્ધાં તે વખતે આવી શકે એમ નહોતી. એ કામ તો, વરસો પછી, વ્રજકિશોરબાબુની દીકરી અને જયપ્રકાશ નારાયણનાં પત્ની પ્રભાવતીએ કર્યું. મહાદેવભાઈ પહેલાં નરહરિભાઈ ચંપારણ પહોંચ્યા હતા. એમની સાથે મણિબહેન પણ હતાં. મહાદેવભાઈ જોડે દુર્ગાબહેન ગયાં. તે ઉપરાંત મહારાષ્ટ્રનાં આનંદીબહેન અને અવંતિકાબહેન હતાં. કિશોરલાલ મશરૂવાળા પણ ગાંધીજીને ચંપારણમાં મળેલા. પણ એમની નાજુક તબિયત જોતાં એમને ગાંધીજીએ સીધા રાષ્ટ્રીય શાળાના કામ સારુ, સાબરમતી આશ્રમમાં મોકલાવી દીધા હતા. મહાદેવભાઈ વિશે ગાંધીજીનો પહેલેથી અભિપ્રાય એવો હતો કે તે એમના અંગત મંત્રીનું કામ કરે, એટલે ચંપારણમાં થોડા દિવસ દુર્ગાબહેન અને એમણે સાથે કામ કર્યું. ત્યાર પછી થોડા દિવસ પૂરતા બહાર જવાનું થાય છે એમ સમજીને, મહાદેવભાઈ ગાંધીજીની સાથે પ્રવાસે ગયા અને દુર્ગાબહેન

ચંપારણમાં રહ્યાં. નરહરિભાઈ મૂળ સાબરમતી આશ્રમની રાષ્ટ્રીય શાળામાં જોડાયેલા. પણ એમનેય ગાંધીજીએ ચંપારણમાં રાખી લીધા એ જોઈને સાબરમતીથી રાષ્ટ્રીય શાળાના આચાર્ય શ્રી સાંકળચંદભાઈ શાહનો પત્ર આવ્યો કે અમારા કાર્યકર્તાને ત્યાં કેમ રાખો છો? ગાંધીજી રાષ્ટ્રીય શાળાના કામને પણ ખૂબ મહત્ત્વ આપતા હતા, તેથી નરહરિભાઈને તેમણે પાછા સાબરમતી મોકલ્યા. મહાદેવ અને નરહરિ બંને પ્રગાઢ મિત્રો હતા. એકબીજાને પ્રેરણા આપીને ગાંધીજી સાથે જોડાયા હતા અને એકબીજાને હૂંફ આપીને તેમણે ગાંધીજી સાથે તપોમય જીવન ગુજાર્યું. પણ અલગ અલગ પ્રકારનાં કામોની પસંદગી તેમણે અને ગાંધીજીએ મળીને કરી, એનું પરિણામ એ આવ્યું કે નરહરિભાઈને ભાગે મોટે ભાગ્યે સ્થિર રહેવાનું આવ્યું અને મહાદેવભાઈના ભાગ્યે ગાંધીજી સાથે નિરંતર ફરવાનું આવ્યું. પરિણામે નરહરિભાઈ અને મણિબહેન જીવનનાં અનેક વર્ષો સાથે રહી શક્યાં. દુર્ગાબહેન અખંડ વિજોગણ જેવાં રહ્યાં.

પણ આપણે ચંપારણના રચનાત્મક કામની વાત કરતા હતા. ચંપારણના એ કામનું વર્ણન મણિબહેનની દીકરી વનમાળા દેસાઈએ લખેલ નરહરિભાઈના જીવનચરિત્રના પુસ્તકને પાછલે ભાગે ‘મણિબહેનનું કથાનક’ એ મથાળાથી છપાયેલું છે. આ ટૂંકું કથાનક, એના વર્ણનનો વિષય ગાંધીજી સાથેનો સહવાસ છે તેથી, અને તેના કરતાં પણ સવિશેષ તે અનુભવને આધારે નિરાડંબર રીતે લખાયેલું છે તેથી, ગુજરાતી સાહિત્યમાં એક અમૂલ્ય કૃતિનું સ્થાન પામે એમ છે. ચંપારણનું રચનાત્મક કાર્ય આપણી કથાના નાયક મહાદેવભાઈ સારુ તો પ્રમાણમાં ગૌણ કામ સિદ્ધ થયું, પણ એમનાં સહધર્મચારિણી દુર્ગાબહેનની તપશ્ચર્યાનો એ આરંભ હતો. આ કાળનું જીવતું-જાગતું ચિત્રણ મણિબહેનના કથાનકમાં આવે છે. તેમાંથી કેટલાક પ્રસ્તુત હિસ્સાઓ નીચે ટાંક્યા છે:

મોતીહારીની એક વાડીમાં અમારે રહેવાનું હતું. એક રસોડું ચાલતું હતું તેમાં જમનારા અમે આટલાં હતાં: બા, બાપુ, મહાદેવભાઈ, દુર્ગાબહેન, રાજેન્દ્રબાબુ, ધરણીધરબાબુ, વ્રજકિશોરબાબુ, નરહરિભાઈ અને હું. રાજેન્દ્રબાબુ નોકર લાવેલા તે બીજું બધું કામ કરે અને દુર્ગાબહેન અને હું રસોઈ કરીએ. સ્વામી સત્યદેવજી પણ અમારી સાથે જમતા હતા. એ વખતસર ન આવે અને એમને જમતી વખતે ગરમાગરમ રોટલી જોઈએ. એક દિવસ ફરવા જવાના વખત સુધી એ આવ્યા નહીં એટલે દુર્ગાબહેન ને હું લોટ લઈ એમની રાહ જોતાં બેસી રહ્યાં. ફરવા ન ગયાં એટલે બાપુને આની ખબર

પડી ગઈ. એમને આ ન ગમ્યું. એમણે સ્વામીજીને કહ્યું કે: 'કાં તો વખતસર આવો, નહીં તો બીજે તમારી વ્યવસ્થા કરી લો.' સ્વામીજી બીજે વ્યવસ્થા કરીને ત્યાં ગયા.

- એક દિવસ ફરવા જવાને વખતે બાની ચૂડીની ખીલી પડી ગઈ ને ખોવાઈ ગઈ. અમે શોધવામાં મદદ કરવા લાગ્યાં પણ જડી નહીં. બાપુ કહે: 'કેમ મોડું કરો છો? ચાલો ને.' મેં કહ્યું: 'બાની ચૂડીની ખીલી જડતી નથી.' બાપુ કહે: 'બાને કહો કે હું બેઠો છું, વગર ચૂડીએ ચાલ.' પણ બા શેનાં આવે? છેવટે લીમડાની સળીની ખીલી કરીને નાખી ને અમે ફરવા ગયાં. સાંજના જમ્યા પછી બાપુ સાથે જ અમારે ફરવા જવાનું. મને ને દુર્ગાબહેનને રસોડામાં મોડું થાય તો એ આવીને અમારી સામે ઊભા રહે. અમે શરમાઈએ, પણ અમને મૂકીને જાય નહીં. ફરવામાં બાપુની ચાલ ઉતાવળી અને દુર્ગાબહેન ને હું ધીમાં ચાલીએ એટલે પાછળ પડી જઈએ. બાપુ, મહાદેવભાઈ અથવા નરહરિભાઈને અમારો સંગાથ કરવા પાછળ મોકલે. જેને અમારો સંગાથ કરવા પાછળ આવવું પડે તે અમારા બે ઉપર બહુ ખિજાય અને અમને બંનેને દોડાવે ને બાપુની સાથે કરી દે. મહાદેવભાઈ તો કહે: 'તમે બંને ભેંશો જેવી છો, જલદી ચાલતી જ નથી.' જેને પાછળ આવવું પડે એને બાપુની વાતો સાંભળવાની ન મળે. એટલે એ લોકોને ન ગમે. પણ બાપુ કહે એટલે આવ્યા વિના પણ ન ચાલે. ફરવા જતાં ત્યાં થોડો રસ્તો સાવ જંગલ જેવો અંધારો ને બીક લાગે એવો આવતો હતો એટલે અમને એકલાં છોડે નહીં.
- એક દિવસ બધાં જમવા બેઠાં હતાં. મહાદેવભાઈ ને નરહરિભાઈને દાળ બહુ ભાવે એટલે બંને જણ આંગળાંમાં દાળ ભરીને સબડકા મારવા મંડ્યા. બાપુએ જોયું ને અવાજ સાંભળ્યો એટલે કહે: 'આવા અવાજ કરીને સબડકા મારો છો તે તમને બંનેને વિલાયતમાંથી કાઢી જ મૂકે.' બંને કહે: 'વિલાયતના લોકોને દાળના સ્વાદની શી ગમ પડે? સબડકાથી દાળનો જે સ્વાદ આવે છે તે કાંઈ ચમચાથી ન આવે!' આમ ખાતાં ખાતાં વિનોદ પણ ચાલે.
- તે વખતે બાપુનો ખોરાક પણ સારો. બે વાટકી લોટની રોટલી, એક વાટકી દાળ અને એક વાટકી ચોખા એટલું સીધું એમને જોઈએ. એ ચાર ચીજ ખાય એટલે ચોથું શાક. બે વાટકીમાંથી અમે બાપુ માટે ચાળીસ રોટલી બનાવીએ. કોક વાર વધારે થાય

તો બાપુ પૂછે: 'આજે કેટલું કહાડ્યું હતું?' અમે તો કહીએ કે, 'બાએ કાઢી આપ્યું હતું.' એટલે કહે: 'બાને એમ કે હું વધારે ખાઉં તો સારું એટલે એ તો વધારે કાઢવાની તરફેણમાં જ હોય.'

- બિહારમાં દહીં બહુ જ સરસ મળે. પડિયામાં બજારમાંથી લઈ આવવાનું. જરાય પાણી ન છૂટે, રીંગણ પણ કાળાં ને મોટાં સરસ મળે. બાપુ કહે: 'આવું સરસ દહીં ને રીંગણ મળે છે ને તમને ભરત કરવાનું મન નથી થતું?' (ભરત એટલે રીંગણને રાખમાં ભૂંજવાનું ને ઉપરની છાલ કાઢી નાખી અંદરના ગલને છૂંદી એમાં દહીં, મીઠું ને જીરું નાખવાનું.) ચટણી તો રોજ જ કરાવે. બે આને ડઝન કેળાં મળે તે પણ રોજ મગાવે. બાપુ ખાવાના ખૂબ શોખીન.

- મોતીહારીમાં વાડીમાંના બંગલે અમે રહેતાં હતાં ત્યાં બાપુ દેહાતી ખેડૂતોને બોલાવે. તે વખતે ગળીની ખેતી પરના કર વિશે કેસ ચાલતો હતો. કોરટમાં કેસ ચાલે તે પહેલાં બધી હકીકત ને માહિતી એ લોકો પાસેથી મેળવી લેતા. મહાદેવભાઈ અને નરહરિભાઈ એકેએકને મળે, બધું પૂછે, બધું લખી લે ને પછી બાપુને આપે. આમ રોજ ચારસો-પાંચસો ખેડૂતો વાડી બહાર આવે ને સવારમાં ચાર-પાંચ કલાકના ધામા નાખે. બહાર બેઠાં બેઠાં ગાય:

  ગાંધીજી કા બબુઆ જીવે હો રામ,<br>
  મેરા મુકદ્દમા દેખો હો રામ.

  એટલું જોરથી ગાય કે અમને અંદર સંભળાય. કોક વાર બાપુજી બંધ કરવાનું કહે. આ એક જ લીટી યાદ છે. બીજી ભૂલી ગઈ છું.

- આ કેસનું કામ પૂરું થયું પછી અમને બંનેને મધુબની ગામમાં શાળા ચલાવવા માટે બાપુ મૂકી ગયા. મધુબનીનું અમારું ઘર ડાંગરના પરાળ ને વાંસનું બનાવેલું હતું, છાપરું પણ ઘાસનું જ. ઘરમાં હવા માટે એક જાળિયું મૂક્યું હતું. એને ત્યાંના લોકો 'જંગલા' કહેતા હતા.

- બાપુએ ગામમાં મોટી સભા ભરીને બધા લોકોને ભેગા કર્યા. સભામાં બાપુ કહે કે, 'આ ભાઈને ને આ બહેનને તમારી વચ્ચે કામ કરવા મૂકી જાઉં છું. તમારામાં જેટલી આવડત હશે ને લેતાં આવડશે એટલું તમે આ લોકો પાસેથી લઈ શકશો.' પછી મને

કહે: 'આપણે તો અપરિગ્રહ અને અસ્તેયનું વ્રત છે છતાં તને કહું છું કે લોકોનાં ઘરમાં જજે, બહેનોને મળજે ને એ લોકોનું દિલ અને પ્રેમ ચોરી લેજે. જેટલું કામ તારાથી થઈ શકે એટલું કરજે.' બાપુ તો મૂકીને ગયા પણ મને તો હિંદીનો શબ્દેય ન આવડે. આ લોકોની ભાષા પણ પાછી ગામઠી એટલે જરાય ન સમજાય. કેમ છો કહેવું હોય તો 'કે... બા' એમ બોલે. પછી રોજ રાત્રે નરહરિભાઈ પાસે દસ શબ્દો હિંદીના શીખું. પણ એટલાથી કાંઈ શાળા ન ચલાવી શકાય એટલે જે છોકરીઓ આવે એમને કૂવા પર લઈ જાઉં. નવડાવું, કપડાં ધોઉં, માથું ચોળું ને પાંચ વાગ્યે એમને ઘરે મોકલું.

છોકરીઓની માને ભારે આશ્ચર્ય થાય કે આવી તે કેવી બહેન આવી છે કે છોકરીઓને આવી સ્વચ્છ કરે છે? ત્યાં ગામડામાં એવો રિવાજ કે આઠ-પંદર દિવસે માથું ધુએ અને પછી ગુંદરનું પાણી નાખી વાળને દબાવી દે તે પાછું ધોવાનું હોય ત્યારે જ છોડે. રોજ માથું ઓળવાનું જ નહીં, છોડવાનું પણ નહીં, કપડાં પણ ખૂબ જ ગંદાં. ઘરે તો કોઈ ધુએ જ નહીં. ધોબીને આપે. ધોબી સાડીનો આનો ને નાના કપડાનો પૈસો લે. ધોબી અઠવાડિયે કપડાં પાછાં આપે ત્યારે જ બદલે. એ લોકો પાસે કપડાં પણ વધારે નહીં ને આળસુ એટલે આવો રિવાજ પડ્યો હશે. ખાવામાં પણ આ લોકો સાથવો ખાય. (સાથવો એટલે ચણા, જુવાર, ઘઉંને શેકીને એને દળી નાખે.) આ લોટ બજારમાં તૈયાર મળે, એમાં જરા મીઠું નાખીને વાસણ હોય તો તેમાં, નહીં તો કપડામાં થોડું પાણી નાખીને એનાં મૂઠિયાં વાળે, એક મૂઠિયું મોંમાં મૂકે ને ઉપરથી મૂળા, કાકડી, ટમેટાં — જે કાચું શાક મળે તે મીઠું લઈને ખાય. આ જ એમનો ખોરાક.

સાવ ગરીબ પ્રજા. આખો દિવસ મજૂરી કરે ત્યારે ચાર આના મળે. ઘાસની નાની સરખી ઝૂંપડી બનાવીને એમાં રહે, કૂવા પણ જમીનની સપાટીએ જ. જરાય થાળું કે ઊંચો કઠેડો નહીં એટલે નહાય, વાસણ માંજે એ બધું પાણી પાછું કૂવામાં પડે. ખૂબ જ ગંદકી. કૂવા પાસે તો આપણાથી ઊભા પણ ન રહેવાય એવો કાળો કાળો ગંધ મારતો સડેલો કાદવ જામેલો હોય. આ કૂવો સાફ કરવાનો અમે વિચાર કર્યો. સાંજના ચાર વાગ્યે એક ગામમાં જઈએ. ખભે કોદાળી ને પાવડો લઈને જઈએ ને કૂવાની ચારે બાજુ ગંધાતો કાળો કાદવ કાઢી ત્યાં બીજી ચોખ્ખી માટી નાખી દઈએ. જંતુનાશક ગુલાબી દવા છાંટીએ. એક દિવસમાં મુશ્કેલીથી એક કૂવો સાફ થાય. ગામલોક અમને જોઈને કહે કે, 'તમે ન કરશો, અમે કરીશું.' અમે પૂછીએ, 'ક્યારે કરશો?' તો કહે,

'બિહાન' એટલે કે, આવતી કાલે! ભારે આળસુ લોકો ને ખૂબ જ ગંદા, કાંઈ કામ કરવાનું એમને ગમે જ નહીં.

સવારે વહેલી ઊઠીને ઘરનું બધું કામ કરી રસોઈ કરી સાડા દસ વાગ્યે પરવારી જાઉં. સાડા દસથી પાંચ વાગ્યા સુધી નિશાળ ચલાવવાની. પાંચ વાગ્યે પૂરું થાય પછી ગામડે કૂવો સાફ કરવા જઈએ. ત્યાંથી રાત્રે દસ વાગ્યે ઘેર આવીએ. પછી જમીએ. પાસે એક ભાઈની ભઠ્ઠી હતી તે શક્કરિયાં શેકી આપે ને દૂધ ગરમ કરી આપે એટલે રાત્રે શેકેલાં શક્કરિયાં, દૂધ અને પપૈયું ખાઈએ. આમ અમારું સારું ચાલતું હતું. ચાળીસ છોકરીઓ નિશાળમાં આવતી થઈ હતી. દર રવિવારે છોકરીઓને ઘેર એમનાં માબાપને મળવા જાઉં. હું વાતો કરું એથી એ લોકો બહુ ખુશ થાય. હું હાથે રાંધું તે એમને ન ગમે. કહે કે, 'અમે રસોઇયો આપીએ.' મેં કહ્યું, 'અમે તો હાથે રાંધેલું જ ખાઈએ છીએ.' ત્યાં છૂઆછૂત બહુ જ. કોઈ કોઈને અડે નહીં.

• એક ઘરમાં હું ગઈ ત્યાં બધી બહેનો તૈયાર થઈ મારી રાહ જોતી બેઠી હતી. ત્યાંનાં ઘર સળંગ લાંબાં લાંબાં. બેચાર ઓરડા પસાર કરીએ ત્યારે બહેનોનાં દર્શન થાય. મને કહે: 'તું તો ગાંધીજીની દીકરી છે.' એમ કહીને પૂજાનો મોટો થાળ લાવ્યાં અને મારો અંગૂઠો પકડી ઉપર દૂધ ને કંકુ નાખ્યાં. મને કાંઈ સમજ ન પડી. પણ મેં તરત પગ લઈ લીધો. એ લોકો કહે: 'અમારે તારી પૂજા કરવી છે.' મેં કહ્યું, 'પૂજા નથી કરવી. તમે મારી સાથે વાતો કરો.' એ લોકો તો મોટી લાજ કાઢે. બધાયની લાજ કાઢવાનો જ રિવાજ. હું લાજ ઉઘડાવું ને સમજાવું કે, 'હું તો તમારા જેવી જ છું. તમે જો આવું કરશો તો હું તમારે ત્યાં નહીં આવું.' પછી માની જાય ને હું જાઉં એટલે વાતો કરે. પણ એમની ભાષા મને બહુ સમજાય નહીં ને મને હિંદી બોલતાં આવડે નહીં એટલે વધારે વાતો તો ઇશારાથી જ થાય. બંને પક્ષે ખુશ થઈને છૂટાં પડીએ.

અમે મોતીહારી ગયાં ત્યારે ત્યાં ખૂબ જ ઠંડી હતી. અમારી પાસે ઓઢવા-પાથરવાનું કાંઈ જ સાધન નહોતું. એક શેતરંજી ને ઓશીકું હતું તે નરહરિભાઈને આપ્યું. બિહારથી એક રૂપિયાનો એક ધાબળો લીધો. કપડાનું ઓશીકું કરીએ. ખૂબ જ ઠંડી એટલે હું અને દુર્ગાબહેન સાથે સૂઈ જઈએ તોય હૂંફ જ ન મળે. મહાદેવભાઈ ને નરહરિભાઈ બહાર પાટ પર ભેગી પથારી કરીને સૂઈ જાય. બાપુ પાસે પણ એક જ ધાબળો તે અરધો નીચે પાથરે અને અરધો ઓઢે. મહાદેવભાઈ ને નરહરિભાઈ

સૂવા જાય ત્યારે બાપુ કહે કે, 'આ બધાં છાપાં છે તે મારી ઉપર નાખો.' બાનું પણ આમ જ ચાલે. અમને બધાંને ઠંડીનો સરસ અનુભવ થાય.૩

- ગુજરાતી છઠ્ઠી સુધી ભણેલાં દુર્ગાબહેને શિક્ષિકા તરીકેનું કામ ઝડપથી ઉપાડી લીધું હતું, વાચનનો એમનો શોખ આ કાળે ખૂબ વધ્યો હતો. મહાદેવભાઈ ગાંધીજી પાસેથી ચંપારણ આવી જતા. ઘણી વાર ગાંધીજી પોતે જ ચંપારણ આવતા ત્યારે તેમની સાથે તો આવવાનું થાય જ. એ દિવસો દુર્ગાબહેનને મન ઉત્સવ સમા થઈ રહેતા. પોતે દુર્ગાબહેનને એકલાં રાખ્યાં છે એનું મહાદેવભાઈને મનમાં સદા કષ્ટ રહેતું, તેથી આવે ત્યારે 'ઢગલેઢગલો' પ્રેમ આપતા. ગાંધીજી પણ આ બાબતમાં સભાન હતા. તેથી બંને સાથે હોય ત્યારે તેમને એકલાં રહેવાની તકો પૂરી પાડતા. એમને એકલાં મૂકીને જતાં પાછા કહેતા જાય: 'કાલે તમે બંને જણાં ફાવે તેમ મહાલજો, રાત્રે ગમે ત્યારે જમવું હોય ત્યારે જમજો, ટમેટાંનું શાક ખાવું હોય તો તે પણ બનાવીને ખાજો.'

ગાંધીજીએ આપેલી આવડી મોટી (!) છૂટ જોઈને આપણને કદાચ હસવું આવે, પણ મહાદેવ-દુર્ગાની જોડી જેટલી જુવાન હતી એના કરતાં ભક્ત જરાયે ઓછી નહોતી. તેથી 'બાપુના અપાર પ્રેમ' પર વારી વારી જતી!

માત્ર, મિલન જેટલું મધુર હતું એટલો જ વિરહ આકરો હતો. વિખૂટાં પડતી વખતે દુર્ગાબહેન ઢીલાં થઈ જતાં. અને મહાદેવ તો એમેય મીણ કરતાં પોચા હૃદયના માણસ હતા. પત્નીનાં આંસુ એમનાથી જીરવાતાં નહીં. દુર્ગાબહેન 'મારું નસીબ એવું હશે' એમ કહી આંસુ સૂકવી નાખતાં. મહાદેવભાઈ ભારે હૃદયે કહેતા, 'પ્રત્યેક વખતે તારું રડવું જોવાનું, અને તને પજવવાનું — મારું એ નસીબ છે.'

ગાંધીજીએ મહાદેવભાઈ પહેલી વાર ચંપારણ પહોંચ્યા ત્યાર પછી અઠવાડિયે એટલે કે ૨૦–૧૧–'૧૭ને દિને ત્યાંની પહેલી શાળા ખોલી. પછી ૧૭–૧–'૧૮ને દિને બીજી શાળા ખોલી. પહેલી શાળા બરહરવા ખાસમાં અને બીજી શાળા મધુવનમાં ખોલવામાં આવી હતી.

બાળકોની વ્યક્તિગત સફાઈ, એમને નવડાવવાં, ધોવડાવવાં, માથું ઓળવું, નખ કાપવા, ગામની સફાઈ, ખાસ કરીને કૂવાની આસપાસ સફાઈ કરવી, ગામની બહેનો જોડે એમના સામાજિક રિવાજો અને આર્થિક પરિસ્થિતિ વિશે વાતો કરવી,

એમને રામાયણમાંથી કે બીજા સંતસાહિત્યમાંથી ઉતારાઓ વાંચી સંભળાવવા એ આ શાળાઓનો મુખ્ય પાઠ્યક્રમ હતો. આ શાળા જોડે અથવા ગ્રામસેવિકાઓ જોડે સંકળાયેલી 'ડિસપેન્સરી'માં દિવેલ, સોડાબાઈકાર્બ અને ક્વિનાઈન એવી ત્રણ દવાઓ હતી. સર્વ રોગો ઉપર આ દવાઓ જ કામ આવતી! પણ મુખ્ય ઓસડ તો આ સેવિકાઓનો પ્રેમ જ હતું જે જોતાંની સાથે દર્દીનો અરધો રોગ મટી જતો.

ઉત્તર બિહાર અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં શિક્ષકને 'પંડિત' કહેવાય છે. એમ જણાય છે કે બેતિયા મોતીહારી તરફના આ નાનામોટા (શાળા બાળકો તથા પ્રૌઢો બંનેને માટે સમાનરૂપે સેવા આપતી.) નવશિક્ષિતોને મન 'પંડિત અને પંડિતાઈન'માં કાંઈ ભેદ નહોતો. તેથી એ લોકો દુર્ગાબહેનને 'પંડિત' કહેતાં. મહાદેવભાઈને આ નામ ગમી ગયું. પોતાના અંગત જીવનની દરેક વાત પ્રગાઢ મિત્ર નરહરિ સાથે તો વહેંચવી જ પડે ને? રવીન્દ્રનાથનો અનુવાદ અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સાથે બેસીને કરતા ત્યારે દુર્ગાબહેન અને મણિબહેન 'ગિન્ની' (ગૃહિણી) કહેવાતાં. ચંપારણમાં તેઓ 'મોટા પંડિત' અને 'નાના પંડિત' બન્યાં! કાળક્રમે નાના પંડિતનું નામ છૂટી ગયું, અને મોટા પંડિતમાંથી મોટા વિશેષણ નીકળી ગયું. મૃત્યુ પામ્યા ત્યાં સુધી પ્રકાંડ કહી શકાય તેવા પંડિત મહાદેવભાઈ છઠ્ઠી ચોપડી ભણેલાં દુર્ગાબહેનને 'પંડિત' કહીને જ સંબોધતા!

ચંપારણના આંદોલને ગાંધીજીને દેશ અને વિશ્વમાં મહાત્મા બનાવ્યા,૪ તો ચંપારણના આંદોલને દુર્ગાબહેનને એમના ઘરમાં 'પંડિત' બનાવ્યાં!

દક્ષિણ આફ્રિકાથી આવ્યા પછી કરેલાં કામોમાં ગાંધીજી સારુ ચંપારણનું કામ એ ખૂબ મહત્ત્વનું હતું. એની મારફત એમણે હિંદના લોકહૃદયમાં પ્રવેશ કર્યો. ચંપારણનો સત્યાગ્રહ એ આગળ ઉપર ચાલનાર સત્યાગ્રહો માટેનો જાણે નાનો સરખો પ્રયોગશાળામાંનો અખતરો હતો.

સ્વાભાવિક રીતે જ આ પ્રયોગ વિશે પોતાના દક્ષિણ આફ્રિકાના મિત્રોને લખવાનું ગાંધીજીને મન થાય. તેમણે મિસ્ટર વેસ્ટને ચંપારણ વિશે સવિસ્તર પત્ર લખ્યો છે, તેમાંથી ખાસ કરીને દુર્ગા-મહાદેવ અને મણિ-નરહરિનાં કામને સ્પર્શે તેવો હિસ્સો નીચે ટાંક્યો છે:

'હું આટલું કામ કરું છું તેની બધાંને નવાઈ લાગે છે, પણ એકે કામ હું શોધવા ગયો નથી. પ્રવૃત્તિઓ જેમ મારા પર આવી પડી તેમ મેં ઉપાડી છે. બિહારમાં

ધારાસભામાં કાયદો ઘડવાનું કામ ચાલે છે તેના ઉપર નજર રાખવા ઉપરાંત ત્યાં મેં કેટલીક શાળાઓ ખોલી છે તેની વ્યવસ્થા જોવાની હોય છે. શિક્ષકો સામાન્ય રીતે પરિણીત છે. પતિ અને પત્ની બંને કામ કરે છે. ગામડાંનાં બાળકોને ભણાવીએ છીએ. પુરુષોને આરોગ્ય અને સ્વચ્છતા શીખવીએ છીએ. ગામડાંની સ્ત્રીઓને પણ મળીએ છીએ. તેમને પડદો છોડી દેવાનું અને તેમની છોકરીઓને અમારી નિશાળે મોકલવાનું સમજાવીએ છીએ. દવા અમે મફત આપીએ છીએ. દરદો જાણીતાં હોય છે અને તેના ઉપાય પણ જાણીતા અને સાદા હોય છે. એટલે એ કામ તાલીમ પામ્યા વિનાનાં સ્ત્રી અને પુરુષોને, જે તેઓ બીજી રીતે વિશ્વાસપાત્ર હોય તો સોંપતાં મને કાંઈ વાંધો લાગતો નથી. દાખલા તરીકે, કસ્તૂરબાઈ એક નિશાળમાં કામ કરે છે અને છૂટથી દવાઓ આપે છે. અત્યાર સુધી અમે મલેરિયાનાં ત્રણ હજાર દરદીઓને રાહત આપી શક્યા છીએ. ગામડાંના કૂવા અને ગામડાંના રસ્તા અમે સાફ કરીએ છીએ અને તેમાં ગ્રામવાસીઓનો સક્રિય સહકાર મેળવીએ છીએ. અત્યાર સુધીમાં અમે ત્રણ શાળાઓ ખોલી છે. તેમાં છોકરાઓ અને બાર વરસ નીચેની છોકરીઓ મળીને ૨૫૦ ઉપર વિદ્યાર્થીઓ છે. બધા શિક્ષકો સ્વયંસેવકો છે. ... આ બધાં કામોમાં સદ્ભાગ્યે મને સારા સાથીઓ મળી ગયા છે.'[૫]

નોંધ:

૧ બન્ને ભાષાંતરો નરહરિ પરીખનાં.

૨ રાજમોહન ગાંધી: Patel – A Life પૃ. ૭૩.

૩. વનમાળા દેસાઈ: नरहरभाई: પૃ. ૨૧૬થી ૨૨૩.

૪ ગાંધીજીને સૌથી પહેલાં 'મહાત્મા' કોણે કહેલા એ અંગે જુદા જુદા મતો પ્રવર્તે છે એમ જણાય છે કે તેમને પ્રથમ વાર ગોંડળના એક માનપત્રમાં મહાત્મા કહેવામાં આવ્યા પછી શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથ ઠાકુરે કહ્યા. પણ લોકહૃદયના મહાત્મા તો તેઓ ચંપારણમાં જ બન્યા.

૫. महादेवभाईनी डायरी – ૪ : પૃ. ૨૮-૨૯.

# બાર – આશ્રમજીવન

જે પત્રમાં ગાંધીજીએ મિ. વેસ્ટને ચંપારણમાં રચનાત્મક કામનો ખ્યાલ આપ્યો હતો૧ તેમાં જ સાબરમતી આશ્રમ વિશે લખ્યું હતું:

'આશ્રમ સાબરમતી નદીને તીરે સુંદર જગ્યાએ આવેલો છે. અમે રોજ નદીમાં નાહીએ છીએ. બધાં છોકરાંઓને તરતાં આવડી ગયું છે. શાળાને બાહોશ આચાર્ય મળી ગયા છે.૨ તેઓ ગુજરાત કૉલેજમાં પ્રોફેસર હતા. આશ્રમની વ્યવસ્થા મગનલાલના હાથમાં છે. આ આશ્રમ અને શાળાનું ભવિષ્ય કેવું નીવડશે તે કહી શકાય નહીં. અત્યારે તો બંને સંસ્થાઓ લોકપ્રિય છે.'૩

આ વર્ણન ફેબ્રુઆરી ૧૯૧૮નું છે. મહાદેવભાઈ અને નરહરિભાઈ ગાંધીજી સાથેની પહેલી મુલાકાતે ગયા ત્યારે તે આશ્રમ અમદાવાદને સામે કાંઠે કોચરબ ગામમાં ભાડાના બે બંગલાઓમાં હતો. પણ હવે ગાંધીજી તે સ્થળથી છએક કિલોમિટર ઉત્તરે નદીને પશ્ચિમકાંઠે જ જમીન લઈને આશ્રમ સ્થાપી ચૂક્યા હતા. જોતજોતામાં આ આશ્રમ આખા દેશનું ધ્યાનબિંદુ બનવાનો હતો અને બાર વરસ પછી એ જ આશ્રમથી જગપ્રસિદ્ધ દાંડીકૂચ નીકળવાની હતી.

આશ્રમની અડોઅડ દક્ષિણ છેડે દૂધેશ્વરનું મંદિર, સામે કાંઠે અમદાવાદ શહેરનો મુખ્ય સ્મશાનઘાટ અને ઉત્તરે, એકાદ માઈલ દૂર, અમદાવાદની મુખ્ય જેલ હતી.

લોકોમાં કિંવદંતી એવી છે કે ગાંધીજીએ જ્યાં આશ્રમ સ્થાપ્યો હતો ત્યાં જ પુરાણકાળમાં દધીચિ ઋષિનો આશ્રમ હતો. મિ. વેસ્ટ ઉપરના પત્રમાં ગાંધીજીએ આશ્રમની રમણીયતા ઉપરાંત સ્નાનના આનંદની વાત કરી છે. ઘણી વાર તેઓ દૂધેશ્વર ઘાટ અને જેલનો ઉલ્લેખ કરીને એ મતલબનું કહેતા કે આપણી એક તરફ જેલ છે,

બીજી તરફ સ્મશાન છે, એટલે અહીંનાં બાળકોને (અને કુદરતી રીતે મોટેરાંઓને પણ) જેલ કે સ્મશાનનો ભય રહેવાને કારણ નથી. આમ આનંદ અને અભય એ સાબરમતી સત્યાગ્રહ આશ્રમના બે સ્થાયીભાવ હતા.

મહાદેવ અને દુર્ગાએ જ્યારે એ આશ્રમમાં આવી નિવાસ કર્યો ત્યારે તેમણે પણ ત્યાં એ જ બે ભાવનો અનુભવ કર્યો — ચિત્તશુદ્ધિની સાધનાના પ્રયાસમાંથી નિષ્પન્ન થતો આનંદ અને સ્વરાજની અહિંસક લડાઈમાંથી પ્રગટ થતો અભય.

એમ તો મોટે ભાગે મહાદેવભાઈનું ઘર ગાંધીજી સાથે રેલગાડીઓમાં જ અને વચ્ચે વચ્ચે જેલમાં હતું. પણ પૃથ્વીનો છેડો જેને માની શકાય એવું 'ઘર' તો આ આશ્રમ જ હતું. દુર્ગાબહેનને મન છ વરસ પછી 'બાબલો' આવ્યો ત્યાં સુધી તો મોટે ભાગે 'ઘરવાળા'ની વાટ જોતાં બેસવાનું જ, છતાં, તોયે સ્થાયી એવું આ ઘર હતું. નારાયણના જન્મ પછી પણ વાટ જોવાનું તો ચાલુ જ રહ્યું. બીજાં બાર વરસ સુધી, પણ પગલીના પાડનારે આવીને એ વિરહવ્યથાને જરૂર કાંઈક હળવી કરી હશે.

આશ્રમમાં રહેવા નરહરિભાઈ-મણિબહેન પહેલાં આવી ગયાં હતાં. તેઓ આશ્રમમાંથી ચંપારણ ગયાં હતાં. મહાદેવ અને દુર્ગાબહેન ચંપારણથી આશ્રમમાં આવ્યાં હતાં. પણ બંને જોડાં વચ્ચે ગાંધીજી પાસે આવતાં પહેલાં જ ઘનિષ્ઠ મિત્રતા હતી. તે આશ્રમમાં આવ્યા પછી એકાત્મતામાં પરિણમી. આ કાળનું પણ સુંદર વર્ણન મણિબહેને પોતાના કથાનકમાં કર્યું છે:

'અમે આવ્યાં એટલામાં જ આશ્રમની જમીન લીધી. જમીન પર કૂવો નહોતો. ને નદીનું પાણી ઉકાળ્યા વિના પિવાય નહીં એટલે કૂવો ખોદવાનું શરૂ કર્યું, પણ કૂવો તૈયાર થતાં છ મહિના નીકળી ગયા. ત્યાં સુધી પાસે દૂધેશ્વર મહાદેવનો કૂવો હતો ત્યાંથી પીવા માટે પાણી લઈ આવતાં. બીજું બધું પાણી નદીનું વાપરીએ. ચોમાસામાં પાણી ખૂબ ડહોળું હોય એટલે ફટકડી નાખીને થોડી વાર રહેવા દઈએ અને પછી વાપરીએ.

'પહેલા ચોમાસાના અમારા અનુભવો પણ બહુ રસિક હતા. હું ઘરેથી બે જ જોડ કપડાં લઈને આવેલી. એક દિવસ હું નદીએ નાહવા ગઈ, પહેરવાનાં કપડાં ઉપર કાંઠે મૂક્યાં હતાં. ત્યાં વરસાદ આવ્યો એટલે એ સૂકાં કપડાં પલળી ગયાં અને પહેરેલી જોડ તો પહેરીને નાહી એટલે પછી મારી પાસે બદલવા માટે એકે કોરું કપડું રહ્યું નહીં! નદીનો ઓવારો પણ બાંધેલો નહીં. હાથે ખોદીને પગથિયાં કરેલાં એમાં વરસાદ પડે ત્યારે ઉપર ચડતાં બહુ મુશ્કેલી પડે.

‘ચારે બાજુ સાદડી ને ઉપર પણ સાદડી એવાં અમારાં ઝૂંપડાં હતાં. નીચે તો સાવ ધૂળ જ. એવામાં એકદમ વરસાદ પડ્યો. અમારી પાસે એક જ ખાટલો હતો. એ ખાટલા પર માથે છત્રી ઓઢીને અમે બંને જણ બેસી રહ્યાં. ખાટલા નીચે તો નદી વહે એમ પાણી જાય. માથે છત્રી, પણ પગ તો પલળે. પગ ઉપર એક કામળો હતો તે નાખ્યો. તે વખતે વણાટશાળાના ઓટલાનો થોડો ભાગ બંધાયો હતો એમાં બાપુ રહે. બાપુને ખબર પડી કે અમે આવી રીતે બેઠાં છીએ એટલે એમણે અમને બોલાવવા કોઈને મોકલ્યા. અમે કહેવડાવ્યું કે, ‘અમે સુરક્ષિત છીએ, કાંઈ ચિંતા ન કરશો.’ બાપુને ત્યાં પણ થોડી જ જગા હતી અને એમાં ઘણાં જણને સૂવાનું હતું. આવું થયા પછી જ મજૂરો સાથે કામ કરીને ઝટ મકાન તૈયાર કરવું એમ બાપુને લાગેલું.

‘ઝૂંપડામાં પણ હું તો મહેલની જેમ રહેતી હતી. ઈંટો મૂકીને પાણિયારું બનાવેલું, એની ઉપર એક બેડું ને માટલી રહે. સવારે ચાર વાગ્યે ઊઠી નિત્યકર્મ પરવારી પ્રાર્થનામાં જાઉં. ઝૂંપડાની સફાઈ કરી, રસોઈની થોડી તૈયારી કરી, આઠ વાગ્યે નદીએ જાઉં, માથા ઉપર દેગડો, એની ઉપર થાળી, એમાં માંજવાનાં વાસણ, હાથમાં ઘડો ને પહેરવાનાં કપડાં, નદીએ જઈ બેડું માંજું, કપડાં ધોઉં અને નહાઉં, પછી બધું લઈ ઢાળ ચડી નવ વાગ્યે ઉપર આવું, પછી રસોઈ કરવાની.’૪

અમદાવાદના મિલમજૂરોનો પ્રશ્ન આપણે આગલા પ્રકરણમાં લઈશું. એ વખતની હડતાળમાં ગાંધીજીએ હડતાળ પર ઊતરેલા મજૂરોને આશ્રમમાં બની રહેલાં નવાં મકાનો સારુ નદીની રેતી ઉપર વહી લાવવાનું કામ આપ્યું હતું. ત્યારનું વર્ણન મણિબહેનની કલમે:

‘નદીની રેતીમાં શંકરલાલભાઈને ઊભા રાખ્યા અને બાપુએ અમને બધાંને મજૂરોની સાથે કામ કરવાનું કહ્યું. નદીની રેતીમાંથી એક તગારું ભરીને ઉપર લઈ આવે તેને બે પાઈ મળે. અમને શંકરલાલભાઈ તગારું ભરી આપે, તે માથે મૂકીને ઢાળ ચડીને ઉપર આવીને નાખી જઈએ. આમ હું બાર તગારાં લાવી એટલામાં બાપુએ મને બોલાવી. બાપુ બોલાવે એટલે મનમાં બીક લાગે કે શું વાંક પડ્યો હશે? કેમ બોલાવી હશે? હું બાપુ પાસે ગઈ એટલે બાપુ કહે: ‘તગારું મૂકી દે ને આ મજૂરોમાંથી સો મજૂરો લઈ લે. તેનાં નામ લખી રાખ ને કયો મજૂર કેટલાં તગારાં લાવ્યો તે નોંધવાનું કામ કર. મેં બધાનાં નામ લખ્યાં, ને મજૂર લાવે તે નોંધવા માંડ્યું, પણ એક વારો દસ નંબરનો આવે ને પછી બીજે ૭૫ નંબરનો આવે. આમ નોંધવાનું અઘરું પડે, પણ પછી એનીયે ટેવ પડી ગઈ.

'હું બાર તગારાં રેતી લાવેલી એની મજૂરીની મને ચોવીસ પાઈ મળી. નરહરિભાઈને પણ ચોવીસ પાઈ મળી. તે દિવસે રાંધવાનો વખત મળે શી રીતે? અને મજૂરની સાથે કામ કર્યું એટલે તે દિવસે જેટલી મજૂરી મળે એટલાનું જ ખાવું એમ નક્કી કર્યું. એક આનાના એક રતલ ચણા લાવ્યાં. એક આનાના અર્ધા રતલ મમરા લાવ્યાં, એક આનાનું પા રતલ ખજૂર લીધું અને એક આનાનું એક રતલ દૂધ લઈને તેનો ઉકાળો કર્યો. જમવા બેસવાની તૈયારી કરતાં હતાં ત્યાં મહાદેવભાઈ આવી ચડ્યા અને કહે: "અલ્યા, આ શું કરો છો?" અમે કહ્યું: "આજે અમે મજૂરીનું જે મળ્યું છે તેમાંથી જ ખાવાનાં છીએ." એટલે એ કહે કે, "મારા પણ બે આના ગણો. હું પણ મજૂરી કરીને લઈ આવીશ." પછી બે આનાના ચણા ને ગોળ લાવ્યાં અને ત્રણે જણે સાથે બેસીને ખાધું. બહુ મજા પડી.'૫

મગનલાલભાઈ ગાંધીજીના ભત્રીજા હતા, અને દક્ષિણ આફ્રિકાથી એમની સાથે જ હતા. આશ્રમના વહીવટમાં તેઓ વ્યવસ્થા લાવતા. આશ્રમના નિયમોમાં તેઓ તપ:પૂત શિસ્ત દાખલ કરતા. આશ્રમના ઉદ્યોગોમાં તેઓ વૈજ્ઞાનિકતા લાવતા. તેથી જ તેઓ આશ્રમના પ્રાણ કહેવાયેલા, અને તેમનું અકાળ અવસાન થયું ત્યાર પછી મહાદેવભાઈએ લખેલા લેખમાં એમ કહેલું કે, 'મારા જેવા કાચાઓ તેમની પાસે હૂંફ મેળવતા.'

મગનલાલભાઈના નેતૃત્વ હેઠળ આશ્રમના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓની તનતોડ મહેનત વડે સાબરમતીની ભેખડો પર આવેલાં ઝાંખરાં સાફ થયાં, રેતીલી અને ગોખરુવાળી જમીન સાફ થઈ ત્યાં શાકભાજીનું વાવેતર થયું. ઠેર ઠેર લીમડા વાવવામાં આવ્યા. જોતજોતામાં વેરાન વગડો લીલોછમ થઈ ગયો.

મહાદેવભાઈ તો ગાંધીજી સાથે રહેવાનું મળ્યું તેથી ધન્યતા અનુભવતા હતા. તેથી એમના કામમાં મસ્ત હતા. કોઈ વાર દિહેણમાં બેઠેલા વૃદ્ધ પિતાની યાદ આવતી હશે, કોઈ વાર સાબરમતીમાં બેઠેલી વાટ જોતી પત્ની સાંભરતી હશે, પણ મુખ્ય ધ્યાન તો એમનું 'બાપુ'માં જ લાગેલું હતું. પણ ગાંધીજીને એ વાતનું ભાન હતું કે તેઓ મહાદેવને પિતાની બધી અભિલાષાઓથી અલગ માર્ગે લઈ આવ્યા છે. તેથી ગાંધીજી હરિભાઈને પણ યાદ કરવાનું ચૂકતા નહીં. તેમણે ૮–૪–૧૮ને રોજ વાસદથી નડિયાદ આવતાં ટ્રેનમાંથી એક પત્ર લખ્યો:

સુજ્ઞ ભાઈશ્રી,

આપને લખવાનું ઘણા દિવસ થયા ધારી મૂકેલું પણ અવકાશ નહોતો મળતો અને કાંઈ વિસ્મૃતિ પણ થયેલી. માફ કરશો.

ભાઈ મહાદેવને મને સોંપવામાં આપે ભૂલ નથી કરી, એમ કહેવાની રજા લઉં છું. તેના જીવનના વિકાસને સારુ આ અનુભવ જરૂરનો હતો. પૈસો હંમેશાં બધું જ સુખ નથી આપતો. ભાઈ મહાદેવને પૈસો જ સુખ આપે તેવી તેની પ્રકૃતિ નથી. મને ભાસે છે કે જેમ ભાઈ મહાદેવને છે તેમ જ ચિ. દુર્ગાને હશે. તેને અમૂલ્ય અનુભવો મળ્યા કરે છે.

મને તો બંને મળ્યાથી લાભ જ થયા છે. ભાઈ મહાદેવે મને ઘણી ઉપાધિમાંથી મુક્ત કર્યો છે. તેના જેવા ચારિત્ર્યયવાન, વિદ્વાન અને પ્રેમી સહાયકની શોધ કરતો હતો. ભાઈ મહાદેવે મારી શોધ સફળ કરી છે. ચિ. દુર્ગાનો એટલો બધો સદુપયોગ કરી શકીશ એમ મને સ્વપ્નામાંયે ન હતું. ઈશ્વરની ગતિ ન્યારી છે.

આપ તે દંપતીની ફિકર ન કરશો ને તેમને પૂર્ણ આશીર્વાદ આપો એ ઇચ્છું છું, ને યાચું છું.

લિ. આપનો,

મોહનદાસ ગાંધી૬

આ પત્ર લખ્યા બાદ સોળ દિવસે હરિભાઈ ગાંધીજીને મુંબઈથી દિલ્હી જતાં ટ્રેન પર મળ્યા. મહાદેવભાઈની ડાયરી એટલે ગાંધીજીની દૈનિક પ્રવૃત્તિઓની નોંધપોથી. ગાંધીજીની ડાયરી. એમાં ભાગ્યે જ પોતાના અંગત પ્રસંગો મહાદેવભાઈએ નોંધ્યા છે. તે દિવસની ડાયરીમાં આ બે પિતાઓની મુલાકાત કદાચ એટલા સારુ જ આલેખાઈ હશે કે બેમાંથી એક મુલાકાતી ગાંધીજી હતા! નોંધ ટૂંકી ને ટચ છે:

‘રાત્રે મારા બાપુજી નવસારી સ્ટેશન ઉપર મળ્યા. તે મને જોઈને અતિ હરખાયા. ગાડી ઊપડતાં બાપુએ માત્ર એટલો જ પ્રશ્ન કર્યો, “કેમ નિશ્ચિંત થયા છો ને?” મારા બાપુજીએ થોડી વારે કહ્યું, “હા જી.” ’૬

એમ તો હરિભાઈ ગાંધીજી કરતાં આઠ વરસ મોટા હતા. પણ તેમને ગાંધીજી પ્રત્યે ખૂબ માન હતું. રેલગાડીના ડબ્બામાં બે વાક્યો પૂરતો આ વાર્તાલાપ અને દીકરાની માનસરોવરના સહસ્ત્રદલ કમળના જેવી શોભતી મુખાકૃતિનાં દર્શન અને વાંકા વળીને પગે લાગતાં એની પીઠનો સ્પર્શ હરિભાઈ સારુ અનેક દિવસો સુધી વાગોળવાનો વિષય બની રહ્યો હશે.

વાસદથી નડિયાદ જતાં ટ્રેનમાં જ ગાંધીજીને દુર્ગાને પણ યાદ કરી લેવાની તક મળી

ગઈ. દુર્ગાએ પત્ર નહીં લખ્યો હોય એની આડકતરી હળવી ટકોર કરતાં ગાંધીજીએ લખ્યું:

ચિ. દુર્ગા,

તમે મને ભૂલ્યાં હો તો ભલે, હું નથી ભૂલ્યો. આનંદીબહેને તમારા સમાચાર આપ્યા છે. ભાઈ મહાદેવથી હું ધારતો હતો તે કરતાં તમે વધારે વિખૂટાં રહ્યાં છો. તેને મેં કહ્યું છે કે તે ત્યાં જ્યારે જવું હોય ત્યારે જઈ શકે છે. પણ તમે ઇચ્છતાં હો તો તુરત જ મોકલી દેવા તૈયાર છું. તમને એટલું જણાવવું જોઈએ કે ભાઈ મહાદેવને અહીં ભારે અનુભવો મળે છે. તેનો લાભ તમને પણ મળશે. આથી સંતોષ વાળી વિયોગદુ:ખ સમાવી શકો તો ભાઈ મહાદેવ રહે, પણ તેમાં એક જોખમ છે. હું આથી પણ મોટી લડતમાં રોકાઈ જાઉં તો પછી તમે ઇચ્છો તોપણ તે ત્યારે ન આવી શકે. એટલે તમને મળી આવવાનો આ જ ચોક્કસ સમય ગણાય. ત્યાં થાક્યાં હો તો તમે અહીં આવી શકો છો. નડિયાદમાં તમે રહી શકો તે વિશે થોડો શક છે. જે તમે ત્યાં મેળવી રહ્યાં છો તે અહીં ન જ મળે. પણ તમે જેમ રાજી રહો તેમ કરવા ઇચ્છું છું.

મોહનદાસના આશીર્વાદ૭

અનાવલાના દીકરા તરીકે મહાદેવે ઘેર બહુ શરીરશ્રમનાં કામ નહીં કર્યાં હોય. જૂનાગઢમાં કાકી કડક શિસ્તપાલનવાળાં હતાં. તે ઘણાં કામ હાથે કરાવતાં. પણ એ કામમાંયે વધારે કઠણ કામ છોટુભાઈ પોતાને માથે લઈ લેતા એ આપણે જોઈ ગયા. બૅંકની નોકરી વખતે રખડપટ્ટી ઘણી હતી, પણ અંગત કામો સારુ તે વખતે સાથે એક નોકર રાખતા. એમ આશ્રમમાં આવ્યા ત્યારે ઘણાં કામો હાથે કરવાનો મહાવરો નહીં હોય. પણ મહાદેવભાઈના જીવનને ઘડનારું જે કોઈ મોટામાં મોટું તત્ત્વ હોય તો તે તેમની ગાંધીભક્તિ. ગાંધીભક્તિએ જેમ એમને સારુ 'બૌદ્ધિક' કામો અનેકગણાં વધારે કરવાની તાકાત આપી તેમ તેણે શારીરિક કામો માટેના માનસિક અવરોધો તો સમૂળગા દૂર કર્યા. અને અત્યંત અલ્પ સમયમાં શારીરિક શ્રમ કરવાની ટેવ પણ પાડી દીધી. આશ્રમનાં પાયખાનાંની મોટી મોટી ડોલો જો ગાંધીજી ઉપાડે છે તો મારાથી કેમ ન ઉપાડાય, જે ગાંધીજી રસોડામાં શાક સમારે છે તો મારાથી કેમ ન સમારાય? મહાદેવને શરીરશ્રમ અંગે ટૉલ્સ્ટૉય કે રસ્કિન વાંચવાની જરૂર નહોતી. એમને એને સારુ 'શ્રમ શિબિરો' ભરવાની જરૂર નહોતી. ગાંધીની ભક્તિ જ એમને નિત્ય નવા પાઠો આપી આપીને રોજેરોજ એમનું નવું ઘડતર કરી રહી હતી.

આશ્રમ સારુ ગાંધીજીએ તૈયાર કરેલી નિયમાવલિની મારફત તો મહાદેવભાઈનો ગાંધીજી સાથેનો પ્રથમ સંપર્ક થયો હતો. એ પહેલી ચર્ચામાં તેમણે અને નરહરિભાઈએ જોકે કેટલાક મતભેદો વ્યક્ત કર્યા હતા. આ મતભેદોનું વર્ણન કરતાં, અલબત્ત, પાછળથી 'અમે અમારું પુસ્તક-પાંડિત્ય ઠાલવ્યું હતું,'— એમ કહ્યું હોય. પણ એટલું સ્પષ્ટ હતું કે ગાંધીજી જોઈ ગયા હતા કે આ યુવાનો એ નિયમો વિશે ઊંડો વિચાર કરે છે. બંને મિત્રો પ્રથમ મુલાકાત વખતે જ આ બાબતમાં ગાંધીજીની આશરે દોઢેક કલાક જે 'વાગ્ધારા' ચાલેલી તેનાથી અભિભૂત થયા હતા. નરહરિ પોતાનાથી વહેલા આશ્રમમાં દાખલ થયા તેથી હર્ષિત થઈને મહાદેવે ઠેઠ મુંબઈથી અમદાવાદ આવીને એમને અભિનંદ્યા હતા તે આપણે જોઈ ગયા. હવે જ્યારે મહાદેવને પોતાને આશ્રમમાં જોડાવાની તક મળી ત્યારે તેમણે એને અંગે ઊંડું ચિંતન શરૂ કરી દીધું અને યથાશક્તિ-મતિ એને આત્મસાત્ કરવાનો પુરુષાર્થ આદર્યો. સાબરમતીનો સત્યાગ્રહ આશ્રમ દેશભરના સ્વયંસેવકોને દેશસેવાના યજ્ઞ સારુ તાલીમ આપવા માટેની પ્રયોગશાળા હતો. ગાંધીજીના મત મુજબ સત્યાગ્રહીની તાલીમની શરૂઆત તો એની આંતરિક શુદ્ધિથી જ થતી હતી. તેથી જ સત્યાગ્રહ આશ્રમ સાથે સંકળાયેલા સર્વ નિયમો આંતરિક શુદ્ધિ સાથે સંબંધિત હતા. આશ્રમની સ્થાપના પછી ગાંધીજીએ આ નિયમોને વ્રતોનું સ્થાન આપ્યું હતું. સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય આદિ જે આચારલક્ષણોને આજ લગી વ્યક્તિગત ગુણો માનવામાં આવતા હતા તેને ગાંધીજીએ સામાજિક મૂલ્યો લેખ્યાં. અને એ પણ સમજાવ્યું કે સમાજમાં જો આ ગુણો અમલમાં ન મૂકી શકાતા હોય તો તે નિરર્થક છે. ગાંધીજી પોતાના આશ્રમને સામાજિક મૂલ્યોની પ્રયોગશાળા બનાવવા માગતા હતા. મહાદેવભાઈને આ બાબત પૂરી શ્રદ્ધા હતી, તેથી તેમને આશ્રમજીવન સ્વીકાર્ય હતું.

જેમ જેમ આશ્રમમાં નવાં મકાનો બંધાવા લાગ્યાં તેમ તેમ તેના ઉપયોગ અંગે પણ કાંઈક ને કાંઈક આગ્રહો સેવાતા ગયા. સૌથી મોટો આગ્રહ વ્રતો વિશેનો હતો. એમ નક્કી થયું કે આજે જેને 'આશ્રમ રોડ' કહેવામાં આવે છે તે સડક (જે તે વખતે કપચી પાથરેલી અને સાંકડી હતી)ની પૂર્વમાં વ્રતધારીઓ રહે, અને એની પશ્ચિમ દિશાનાં ઘરોમાં એ વ્રતો અંગે પ્રયત્નશીલ એવા લોકો રહે. પરિણામે કુટુંબવાળા લગભગ બધાં સડકની પશ્ચિમે રહેવા આવ્યાં, ને છડા લોકો પૂર્વમાં રહ્યા. એમાં ગાંધીજી અને મગનલાલ ગાંધીના બે પરિવાર અપવાદરૂપે હતા, જે પૂર્વમાં જ રહ્યા.

આશ્રમમાં તાલીમ સેવા કરતાં લેવાની હતી. જીવનમાં સાદગી લાવવાની હતી અને

સંયમ સારુ સદાય પ્રયત્નશીલ રહેવાનું હતું. સેવા, સાદાઈ અને સંયમ એ આશ્રમની ટિપાઈના ત્રણ પાયા હતા. મહાદેવમાં સ્વાભાવિક સેવાવૃત્તિ હતી. એને સારુ આવશ્યક કેટલીક કુશળતાઓ કેળવવાની બાકી હતી. એમ તો મહાદેવને આશ્રમમાં કાયમ બહુ રહેવાનું થતું નહીં પણ જ્યારે જ્યારે પણ આશ્રમમાં આવે ત્યારે ત્યારે બીજા આશ્રમવાસીઓએ કરવાનાં કામો ઉપાડી લઈને તેઓ પોતાની કુશળતાઓ વધારતા.

ગાંધીજીના બધા આશ્રમોમાં સૌથી પહેલી કુશળતા જે ખીલવવાની હોય તો તે પાયખાનાં-સફાઈની. માત્ર સ્થાયી આશ્રમવાસીઓને જ નહીં, પણ થોડાક દિવસ સારુ આવીને રહેવા ઇચ્છનારા મહેમાનોને માટે પણ એ જ કામ સર્વપ્રથમ સોંપાતું. આમાં મુખ્ય પ્ર-શિક્ષણ તો સફાઈ-પાયખાનાં-સફાઈ વિશેનાં માનસિક પૂર્વગ્રહો અને અવરોધો દૂર કરવાનું હતું. તે વખતે ડોલજાજરૂ વપરાતાં. એમ તો એને સાફ કરવાની પદ્ધતિ પણ દક્ષિણ આફ્રિકાના અનુભવને કારણે ઘણી સુઘડ અને જરાયે ચીતરી ન ચડે એવી કરી દેવામાં આવી હતી. પણ જેને સંસ્કાર(?)માં જ પાયખાના-સફાઈ વિશે ઘૃણા હોય તેને સારું એ કામ અઘરું થઈ પડતું. મહાદેવને તેમ નહોતું. એમણે ઝટપટ એ પ્રક્રિયા શીખી લીધી એટલું જ નહીં પણ દરેક કામ તેઓ જે વ્યવસ્થા અને સુઘડતાથી કરતા તે વ્યવસ્થા અને સુઘડતા તેમણે પાયખાનાં-સફાઈમાં પણ દાખલ કરી.

એવું બીજું કૌશલ હતું વસ્ત્રવિદ્યાનું. ગાંધીજીએ हिन्द स्वराज પુસ્તકમાં રેંટિયાનો પહેલવહેલો ઉલ્લેખ કર્યો ત્યારે તેમને કાંતવા માટેનો રેંટિયો અને વણવા માટેની સાળ એ ભેદની પણ ખબર નહોતી. પણ જે વિચારે તે કહે ને કહે તે કરવાનો આગ્રહ હોવાને લીધે તેમણે સાબરમતી આશ્રમના ઉદ્યોગમંદિરમાં વરસ્ત્રવિદ્યાનો વિકાસ કરાવ્યો હતો. અને વસ્ત્રવિદ્યા એટલે કપાસથી માંડીને વણવા ને સીવવા સુધીની અનેક પ્રક્રિયાઓ. મગનલાલભાઈ તો એમાં ખૂંપી જ ગયા હતા. પાછળથી વિનોબા અને બાળકોબા (વિનોબાના નાના ભાઈ)એ પણ એમાં ઠીક ઠીક પારંગતતા મેળવી હતી. મહાદેવભાઈ વસ્ત્રવિદ્યાના ઉપર જણાવ્યા તેમના જેવા ધુરંધર નહોતા. એમની પાસે વણાટની કળા પૂર્ણપણે હસ્તગત કરવા સારુ જેટલી નવરાશ જોઈએ, એટલી નવરાશ જ ક્યાં હતી? પણ તોય તેમણે સાળ પર હાથ તો અજમાવી જોયેલો. અને કાંતણ એમનું, એમના સૂતરની ગુણવત્તાને લીધે વખણાતું. તેઓ ઝીણું, એકધારું અને કસવાળું સૂતર કાંતતા. તે જોઈને ભલભલા કાંતનારને અદેખાઈ આવતી. રસોઈ કરવાની કુશળતા

એમણે ગાંધીજી પાસે આવ્યા તે પહેલાં થોડીઘણી પ્રાપ્ત કરેલી. તેમની પાસે આવ્યા પછી, ખાસ કરીને પ્રવાસમાં વધારે કેળવી. બાકી જેમને ઘેર દુર્ગાબહેન જેવી ‘ગિન્ની’ હોય તેમને ચૂલો સળગાવવાનો પણ મોકો મળે કે કેમ એ પ્રશ્ન છે. દુર્ગાબહેનને રસોઈની કાંઈ નવાઈ નહોતી. પણ આશ્રમના મોટા રસોડે સેંકડો લોકો સારુ રસોઈની વ્યવસ્થા કરવી એ એમને સારુ નવો અનુભવ હતો. પાયખાનાં-સફાઈ એમણે કરી તે માત્ર બાપુ કે બાને પણ એ કામ કરતાં જોઈને. કાંતણ તો દરેક આશ્રમવાસી સારુ લગભગ સ્નાન જેટલું જ સ્વાભાવિક હતું. પણ ગાંધીજીએ આશ્રમની (દુર્ગાબહેન જેવી) જૂની બહેનોને વસ્ત્રવિદ્યા અંગે કેટલીક વધારાની તાલીમ સોંપેલી. વિજાપુર તાલુકામાં જઈને ત્યાંનાં ગામડાંઓમાં ફરીને જૂની ઢબે કાંતનારી બહેનોને જોઈ એમની પાસેથી કાંતણની કારીગરી શીખી લાવવાનું, અને રેંટિયાની રચના સમજી લાવવાનું કામ તેમણે બહેનોને સોંપેલું. બીજી તરફથી મુંબઈ-અમદાવાદ જેવાં શહેરોની જે બહેનો કાંતણમાં રુચિ બતાવે તેમને કાંતણ શીખવવાનું કામ પણ ગાંધીજીએ બહેનોને સોંપેલું. મુંબઈનાં શ્રીમતી પિટીટને એ રીતે કાંતતાં દુર્ગાબહેને શીખવેલું.

આશ્રમનું જીવન એમેય સાદું હતું. નવા આવનારાઓને ગાંધીજી સાદાઈનો અવારનવાર પદાર્થપાઠ પણ આપતા રહેતા. મણિબહેનનાં ઘરેણાં તેમણે પોતાના રાષ્ટ્રસેવાના કામ સારુ માગી લીધેલાં. નરહરિભાઈ પોતાની ટાપટીપ અને અત્તરોના શોખ સારુ મિત્રમંડળીમાં જાણીતા હતા. દુર્ગાબહેનને માતૃપક્ષ તરફથી ઘરેણાં મળેલાં તે એમનાં મોટાં બહેનને ત્યાં વલસાડમાં જ રહ્યાં. એમના શરીર પર માત્ર એક જોડ ચૂડીઓ સિવાય કોઈ ઘરેણું આશ્રમમાં આવ્યા પછી દેખાયું નહોતું. કપડાંની ટાપટીપનો કદાચ એમને સ્વાભાવિક રીતે જ શોખ નહોતો. અને એ જમાનામાં ખાદીમાં ખાસ કાંઈ ટાપટીપ થાય એવાં કપડાં મળતાં પણ નહીં. મહાદેવભાઈ પોતાના કામમાં એવા મસ્ત રહેતા કે એમને અંગ પર કયાં વસ્ત્રો પહેર્યાં છે એનું પણ ભાન રહેતું નહીં. પણ દુર્ગાબહેન અને મહાદેવભાઈ બંનેનાં વ્યક્તિત્વની પોતપોતાની આગવી ગરિમા હતી. દુર્ગાબહેનનો ઠાવકો ચહેરો જોઈને કોઈ પણ નવઆગંતુકને એમને વિશે માન ઊપજતું. મહાદેવભાઈ જે કોઈ કપડાં પહેરે તે તેમને શોભતાં. એમનું વ્યક્તિત્વ જ એવું મોહક હતું કે એમનાથી કપડાં શોભતાં. ઘરમાં રાચરચીલું પણ ઓછું. દળવા સારુ ઘંટી, રાંધવા સારુ ચૂલો ને ચકલો-વેલણ, કાંતવા સારુ રેંટિયો ને પૂણી, અને લખવા સારુ કલમ ને શાહી એ દેસાઈ દંપતીના ઘરનાં રાચ હતાં. પરિગ્રહ માત્ર પુસ્તકોનો હતો.

આશ્રમમાં સંયમનો આગ્રહ મુખ્યત્વે બ્રહ્મચર્ય અને અસ્વાદનાં વ્રતો દ્વારા રાખવામાં આવતો. આગળ કહેવાઈ ગયું કે આશ્રમનાં ઘણાંખરાં ગૃહસ્થી જોડાંઓએ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા નહોતી લીધી. પરંતુ પરિણીત જીવનમાં સંયમી રહેવાના આદર્શને સ્વીકારીને તે વિશે પ્રયત્નશીલ રહેવાનું તેમણે સ્વીકાર્યું હતું. મહાદેવ ને દુર્ગા પણ તેમાંનાં જ હતાં. આ વિષયની વધારે વિગતવાર છણાવટ આપણે આગળ ઉપર કરીશું.

દુર્ગાબહેન રસોઈ એટલી ઉત્તમ બનાવતાં કે તે ખાનાર અસ્વાદવ્રતનું પાલન કરે છે એમ કહી જ ન શકાય! જોકે વર્ષો સુધી સામૂહિક રસોડે જમીને આખા દેસાઈ પરિવારે બાફેલાં શાક અને મસાલા વિનાની દાળ ખાધેલાં. પણ પાછળથી મહાદેવભાઈએ પોતાનું જમવાનું ઘેર જુદું કરવાની રજા માગેલી અને ગાંધીજીએ તે આપેલી. પણ તેની પાછળ સ્વાદના ચટાકા કરવાનો ઉદ્દેશ નહોતો. મહાદેવભાઈ દિવસમાં ત્રણ જ વાર ખાતા. એટલે જે ક્યાંક ગયા હોય ને વરિયાળી કે ધાણાની દાળ ખાધી હોય તો તે પણ એક વાર ખાવામાં આવી જાય અને એમનું એક વખતનું ભોજન છૂટી જતું. પણ આ આગ્રહ તેમણે અસ્વાદવ્રતની સાધના સારુ નહીં, પણ શરીરને વધારે પડતાં પરચૂરણ ખાણાંઓથી બચાવવા સારુ રાખ્યો હતો. પાછળથી તેમણે બાબલાને પણ દિવસમાં ચાર વાર ખાવાનો નિયમ રાખવાની પ્રેરણા આપેલી. તેનાથી એને સ્વેચ્છાએ શિરસ્ત પાળવાની ટેવ પડેલી એ નક્કી, પણ તેમાંયે અસ્વાદવ્રતનો આગ્રહ નહોતો.

ગાંધીજીનો આશ્રમ એટલે સામૂહિક જીવનના જીવતાજાગતા પ્રયોગો. એ સમૂહજીવન આશ્રમમાં ચાર સામૂહિક ક્રિયાઓ દ્વારા ખાસ પ્રગટ થતું હતું. આશ્રમનું સામૂહિક રસોડું એ કદાચ જેને રાષ્ટ્રીય ભાવાત્મક એકાત્મકતા કહેવામાં આવે છે, તેનું મોટું સાધન હતું. ભારતમાં ખોરાક અંગેની એટલી વિવિધતા છે, અને સામાન્યપણે ખાવાની જે ટેવ હોય તે જ ખાવાનો ઘણાખરા લોકોનો એટલો આગ્રહ હોય છે, કે જુદો જુદો ખોરાક ખાનારા લોકો એકસાથે જમે તો સંપીને રહેવા સારુ જોઈતા શિક્ષણનો પહેલો અને અગત્યનો પાઠ એમાંથી મળી રહે. વળી જુદા જુદા સ્વભાવના લોકને ખાવા અંગે એવી ચૂંધીઓ હોય છે કે એમનો સૌનો મેળ ખવડાવીને રસોડું વિના કલહ ચલાવવું એ એક નાની સરખી સાધનાનું જ કામ હોય છે. આ સાધનામાંથી મહાદેવભાઈ કરતાં દુર્ગાબહેનને જ વધારે પસાર થવું પડેલું, કારણ, જ્યારે તેઓ ઘરે રસોઈ કરતાં ત્યારે પણ સામૂહિક રસોડાની ઘણી જવાબદારીઓ તો એમને જ ઉઠાવવી પડતી. ગાંધીજીએ જે અલગ જમવાની છૂટ આપી હતી તેમાં સામૂહિક રસોડાની જવાબદારી ન ટાળવી એવી શરત પણ હતી!

એક ભાઈને હંમેશાં ગરમાગરમ રોટલી જ જોઈએ. હવે પચાસથી માંડીને બસો-અઢીસો કે ત્રણસો માણસો સારુ પીરસાતું હોય ત્યાં એમને સારુ ગરમ રોટલી હંમેશાં ક્યાંથી લાવવી? પહેલાં ઘી ચોપડેલી રોટલીઓ અપાતી ત્યારે વધુ રોટલી ખાનારને વધુ ઘી મળે છે ને ઓછી ખાનારને ઓછું મળે છે એવી ફરિયાદ આવવા લાગી. ગાંધીજીના આશ્રમમાં આવી નાની નાની બાબતમાં ઝઘડા થાય એ કદાચ કેટલાક લોકોની કલ્પનામાંયે નહીં આવે. પણ એવા ઝઘડા થતા એ હકીકત છે. પાછળથી મહાદેવભાઈ કોઈક કોઈક વાર કહેતા કે, 'બાપુ તો દાક્તર છે, એટલે એમની આસપાસ દરદીઓ જ ભેગા થાય ને!' પણ એટલું કહેવું જોઈએ કે આશ્રમવાસીઓની આટલી બધી વિવિધતાઓ અને વિચિત્રતાઓ વચ્ચે પણ દુર્ગાબહેન અને મહાદેવભાઈએ, ખાસ કરીને દુર્ગાબહેને, પોતાની સ્વાભાવિકતા કદી ગુમાવી નહોતી.

બીજી સામૂહિક ક્રિયા હતી સામૂહિક સફાઈની. રોજ આશ્રમનાં આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ સૌ કોઈ થોડો સમય આશ્રમની સફાઈમાં સાથે ગાળતાં. જુદા જુદા વિભાગોની સફાઈની ટોળીઓ બનાવીને કામની વહેંચણી થતી. કોઈ નિવાસ સફાઈ કરતું, કોઈક રસ્તાઓની સફાઈ કરતું, કોઈક કૂવાની આસપાસની સફાઈ કરતું, કોઈક પાયખાનાં-સફાઈ કરતું, તો કોઈક ખાતરના ખાડાઓની વ્યવસ્થા કરતું. ભારતીય નાગરિકના લોહીમાં સદીઓથી વર્ણવ્યવસ્થાને બહાને સફાઈ સાથે સૂગને જે રીતે જોડી દેવામાં આવી છે તેની સામે સાંસ્કૃતિક ક્રાંતિનો ઝંડો ઉઠાવનાર આ પ્રક્રિયા હતી.

ત્રીજી સામૂહિક ક્રિયાને બધાં કરતાં વિશેષ સંજ્ઞા આપવામાં આવી હતી તે હતો 'સામૂહિક સૂત્ર-યજ્ઞ'. ગાંધીજીની કલ્પના મુજબ સમાજ નવનિર્માણનું જે ચિત્ર હતું તેમાં રેંટિયો કેન્દ્રસ્થાને હતો. રેંટિયો માત્ર પોતાનાં કપડાં માટે નહીં પણ સમાજ માટે, દેશની મુક્તિમાં પોતાના નિયમિત અર્ઘ્ય તરીકે ચલાવવાનું સાધન હતો. જે કામ સમાજ સારુ અર્પિત હોય તે યજ્ઞ એવી ગાંધીજીની વ્યાખ્યા હતી. રેંટિયા દ્વારા યજ્ઞમાં હવિર્ભાગ આપવાનું એક એવું સાધન ગાંધીજીએ દેશ આગળ ધરી દીધું હતું જે ચલાવવું નાનામાં નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધી, અરે, માંદાસાજાને સારુ પણ સહેજે શક્ય બની જાય એવું હતું.

ચોથી સામૂહિક ક્રિયા હતી સામુદાયિક પ્રાર્થના. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી જ પ્રાર્થના અંગેના વિવિધ પ્રયોગો શરૂ કરી દીધેલા. આશ્રમમાં જેમ જેમ જુદા જુદા પ્રકારના લોકોનો ઉમેરો થતો જાય તેમ તેમ પ્રાર્થનામાં ઉમેરો થતો જાય. 'વૈષ્ણવ

જન તો, તેને કહીએ' એ ભજન દક્ષિણ આફ્રિકામાં કોઈ વાર 'મુસ્લિમ જન તો...' અથવા કોઈ વાર 'ક્રિશ્ચિયન જન તો...' એમ પણ ગવાતું, કારણ દરેક સંપ્રદાયવાળાને એમ લાગતું કે એ ભજનમાં આદર્શ વ્યક્તિનું સુંદર વર્ણન છે. સાબરમતી આશ્રમમાં, ખાસ કરીને એની 'રાષ્ટ્રીય શાળા'ની આસપાસ ઘણા વિદ્વાન લોકો એકઠા થયા હતા. ગાંધીજીની ચુંબક-શી આકર્ષક પ્રતિભાનું એ ફળ હતું. આ વિદ્વાનો પોતપોતાના રુચિના ક્ષેત્રમાંથી ભાતભાતનાં ભજનો ખોળી લાવતા. વિદ્વદ્ મંડળીમાં એની સારી પેઠે ચર્ચા થતી. પંડિત વિષ્ણુ દિગંબર પળૂસ્કર પાસેથી ખાસ પોતાના આશ્રમને અનુકૂળ થાય એવા સંગીતશાસ્ત્રીની માગણી કરીને ગાંધીજી પંડિત નારાયણ મોરેશ્વર ખરેને આશ્રમમાં લાવેલા. પંડિત પળૂસ્કરની પસંદગી પણ દાદ આપવી પડે તેવી. ખરે શાસ્ત્રી એટલે ભક્તિ અને શાસ્ત્રીય સંગીતના સંતાન. વિદ્વાનોનાં પસંદ કરેલાં ભજનોને પંડિતજી શાસ્ત્રીય રાગમાં બેસાડે, અને પછી તે ગાય અને સર્વ આશ્રમવાસીઓને મુખે એ ઝિલાતાં જાય. એમણે સંપાદિત કરેલી *આશ્રમ ભજનાવલિ* એ ભારતમાં સંસ્કારી ભક્તિસંગીતના પુનરુદ્ધારના ઇતિહાસમાં એક સીમાચિહ્ન સમી છે. આજ સુધીમાં એની ચાળીસેક આવૃત્તિઓ થઈ છે અને લાખો નકલો ખપી ગઈ છે એ એની લોકપ્રિયતાનું પ્રમાણ છે.

ગાંધીજી જ્યારે આશ્રમમાં હોય ત્યારે સામાન્ય રીતે સાંજની પ્રાર્થના પછી આશ્રમ વિશે કાંઈક પૂછપરછ કરે, કાંઈક પ્રશ્નો હોય તો તેના ઉત્તર આપે અથવા પોતે ફરી આવ્યા હોય તે ક્ષેત્ર વિશે કે પોતાના મનમાં ઘોળાતા વિષયો અંગે બે બોલ બોલે અને મહાદેવભાઈ તેની અચૂક નોંધ લે. ગીતા વિશેનાં વ્યાખ્યાનોની એવી નોંધોમાંથી *ગાંધીજીનું ગીતાશિક્ષણ* નામનું પુસ્તક નરહરિભાઈએ સંપાદિત કર્યું છે. વર્ધાના મહિલાશ્રમમાં એ જ રીતે વિનોબાજીએ આપેલાં પ્રવચનોની નોંધ પણ મહાદેવભાઈની ડાયરીમાં જોવા મળે છે.

આમ સામૂહિક ક્રિયાઓ દ્વારા ગાંધીજીએ ભોજનાલય મારફત આહારવિહારના ક્ષેત્રમાં, સફાઈ મારફત સંસ્કારક્ષેત્રમાં, સૂત્રયજ્ઞ મારફત આર્થિક ક્ષેત્રમાં અને સામૂહિક પ્રાર્થના મારફત આધ્યાત્મિક ક્ષેત્રમાં ક્રાંતિકારી કદમો ઉઠાવ્યાં. આ કદમો સાથે કદમ મિલાવવા મહાદેવ સદા તત્પર રહેતા. એમણે એને પોતાની અંતઃશુદ્ધિની સાધનાનાં ઉપકરણો માન્યાં હતાં.

આશ્રમની ગૌશાળા એ પણ આશ્રમનું એક મહત્ત્વનું અંગ હતું. ગાંધીજી જેટલા ગોવધબંધીના આગ્રહી હતા તેનાથી વધારે તેઓ ગોસેવાના આગ્રહી હતા. આશ્રમમાં રહેનારા સેંકડો આશ્રમવાસીઓને ગાયનું જ દૂધ મળતું.

આશ્રમની લાક્ષણિકતાઓમાં એનાં અનેક આશ્રમજનોનું આકાશ તળે સૂવું, ઠંડા નદીના નીરમાં સ્નાન, એનું છાત્રાલય, ઘંટને ટકોરે આખા દિવસનાં તમામ કામો કરવાની નિયમિતતા, એની ઊડીને આંખે વળગે એવી સ્વચ્છતા, પાવનકારી પરસેવો પાડતા એના ઉદ્યોગો વગેરે આવી જાય. આ બધી લાક્ષણિકતાઓ કોઈ એક વ્યક્તિના પરિશ્રમથી પેદા નહોતી થઈ. અલબત્ત, એમાં ગાંધીજીની દૃષ્ટિ તથા મગનલાલભાઈ કે નારણદાસભાઈ કે નરહરિભાઈની વ્યવસ્થાશક્તિએ વિશેષ ફાળો આપ્યો હશે. પણ તેમાં વિનોબાનું તપ, કાકાસાહેબની સંસ્કારિતા, કિશોરલાલભાઈનું તત્ત્વદર્શન, ખરે શાસ્ત્રીનું સંગીત, સાધુ સુરેન્દ્રજીની સાધના અને મહાદેવભાઈની ભક્તિનો ફાળો કાંઈ ઓછો નહોતો. આ સૌ સાધકો એકબીજાના ટેકાથી, એકબીજાને હૂંફ આપતા, એકબીજાની સત્સંગતિથી નિત્યપ્રતિ એ સામૂહિક સાધનાના પુણ્યને વધારતા જતા હતા. આ સૌએ કાળજીપૂર્વક સાધેલો ઇન્દ્રિયજય નિષ્કામભાવે ચલાવેલી લોકસેવા અને વિશ્વ સુધી વ્યાપ્ત થતી તેવી એમની દૃષ્ટિ એ સાધનામાં ખાસ લાભદાયી નીવડ્યાં હતાં. આશ્રમ એટલે આ સૌની સાધનાનો સરવાળો હતો.

ગાંધીજીના પ્રવાસ અને પ્રયાસથી આખા દેશને ખૂણે ખૂણેથી લોકો આશ્રમમાં આવવા લાગ્યા. જોતજોતામાં આશ્રમ સત્યાગ્રહની છાવણી અને નખદર્પણમાં ભારત બની ગયો. આ લોકો જ્યારે પોતપોતાના ક્ષેત્રમાં પાછા ફરતા ત્યારે એમની જોડે આશ્રમનાં મીઠાં સંભારણાં જ માત્ર નહીં, પણ સત્યાગ્રહી સંસ્કાર પણ લઈ જતા. આખા દેશમાં તેથી સત્યાગ્રહની પાછળ જે આધ્યાત્મિક ભૂમિકા હતી તેનો સ્પર્શ પણ ઓછેવત્તે અંશે થયો. ગાંધીજીના સતત પ્રવાસો આ સ્પર્શને તાજો કરતા. ઠેર ઠેર આશ્રમના જૂના વિદ્યાર્થીઓ આવી આવીને ગાંધીજીને મળી જતા અને પોતાનાં આંદોલનોમાં નવો પ્રાણ પૂરી લેતા. આ વિદ્યાર્થીઓને સાબરમતી આશ્રમમાંથી સતત સત્યાગ્રહી વાતાવરણ મળતું એનું મુખ્ય કારણ ગાંધીજી નહોતા. ગાંધીજી તો કેટલીક વાર આશ્રમમાંયે મહેમાન બની જતા. પણ આશ્રમમાં રહીને જે લોકો નિરંતર સેવા, સાદાઈ અને સંયમના પાઠ લઈ રહ્યા હતા તેવા આશ્રમવાસીઓનું જીવન એ આ વાતાવરણનું મુખ્ય તત્ત્વ હતું.

અત્યાર સુધીમાં તો એ સ્પષ્ટ થઈ ગયું હશે કે આશ્રમનું વાતાવરણ બનાવવામાં

જેટલો આશ્રમવાસી ભાઈઓનો ફાળો હતો તેનાથી જરાયે ઓછો ત્યાંની બહેનોનો નહોતો. એ વાત સાચી કે આશ્રમના છાત્રાલયમાં શીખવા આવેલી બહેનો સિવાય બાકી લગભગ બધી બહેનો પોતાના પતિ, વડીલ કે બીજા કોઈ સગાની પાછળ પાછળ આવેલી હતી. પણ આશ્રમના વાતાવરણમાં સમાનતાનો ભાવ એવો સ્પષ્ટપણે વિકસ્યો હતો કે જે આજકાલના 'વીમેન્સ લિબરેશન' (સ્ત્રીમુક્તિ)ના સમર્થકો એ જુએ તો મોંમાં આંગળાં નાખી જાય.

મહાદેવભાઈ પાણી ભરે તો દુર્ગાબહેન રાંધે, નરહરિભાઈ કપડાં ધુએ તો મણિબહેન નિચોવે, કાશીબહેન મોટા રસોડામાં રોટલી વણે તો છગનલાલભાઈ વાસણ માંજે — આમ બધાં કામો એકબીજાની સાથે રહીને એકબીજાની બરાબરીને ભાવે થતાં. આશ્રમના કોઠારનો હિસાબ રાખવો એ જરા અઘરું કામ ગણાતું, કારણ, તેમાં સેંકડો લોકોની જુદી જુદી જરૂરિયાતોનું ધ્યાન રાખવું પડતું. કોઈ કોઈ સામાન લઈ ગયા હોય તે પાછો આવે, કોઈ અડધો વપરાયા પછી આવે, વગેરે વગેરે અનેક પ્રશ્નો ઊભા થાય. પરિણામે કોઠારના હિસાબો રાખનારને માથે ખૂબ બોજો પડતો. એ જવાબદારી ઉઠાવતી વખતે દર મહિને થોડી આનાકાની થતી. વાત 'બાપુ' પાસે ગઈ. બાપુએ ઉકેલ કાઢ્યો: 'હિસાબ રાખવાનું કામ બહેનોને સોંપી જુઓ તો?' જે મહિને કોઠારનો હિસાબ બહેનોએ રાખ્યો તે મહિને હિસાબમાં સહેજે ભૂલ ન આવી! મહિનાને અંતે દુર્ગાબહેનના હરખનો પાર નહોતો.

આ વાતાવરણમાં સ્વાભાવિક રીતે મહાદેવભાઈ અંતર્મુખ રહેતા. ગાંધીજીના જે વિચારો તેઓ પ્રવાસ દરમિયાન નિરંતર ઝીલતા તેને વિશે ગંભીરતાથી ચિંતનમનન કરવાનો અવસર આશ્રમમાં વિશેષ મળતો. આમ ચિંતન, પ્રાર્થના, ધર્મવિચાર આદિ સારુ કેદારનાથજી જેવા અનુભવીઓ અને કિશોરલાલ મશરૂવાળા, સુરેન્દ્રજી જેવા સાધકોનો તેમને સંગ મળતો. કિશોરલાલભાઈના પારિવારિક સંસ્કાર સ્વામીનારાયણ સંપ્રદાયના હતા, પણ એમનું ચિંતન શુદ્ધ તર્કઆધારિત હતું. આશ્રમમાં કટકે કટકે વાલજીભાઈ ગો. દેસાઈ પણ વરસો સુધી રહ્યા. આશ્રમમાં મહાદેવભાઈ કરતાં પણ વધુ વાચન કરતું હોય તો તે વાલજીભાઈ. પણ જેટલું વધુ વાંચતા તેટલું લાઘવથી લખતા અને બોલતા પણ ટૂંકાં ટૂંકાં વાક્યોમાં અને ટૂંકું ને ટચ. સાહિત્યની ચર્ચા મુખ્યત્વે કાકાસાહેબ અને નરહરિભાઈ સાથે થતી. **નવજીવન**ના કામથી પરવારીને સ્વામી આનંદ કે જુગતરામ દવે આવ્યા હોય તો તેમાં ભળે ખરા. તત્ત્વચર્ચામાં જેનો કદાચ

સૌથી મોટો ફાળો હોઈ શકત તે વિનોબા શરૂઆતનું એક વર્ષ 'આગળ અભ્યાસાર્થે' બહાર ગયા હતા. પાછળથી જમનાલાલજી તેમને વર્ધા લઈ ગયા. વચગાળામાં જેટલો વખત તેઓ સાબરમતીમાં હતા તેટલો વખત વિદ્યાર્થીઓને સંસ્કૃત અને ગુજરાતી શીખવવા ઉપરાંત, અને વહેલી સવારે તેમને ઉઠાડીને કડકડતી ટાઢમાં સાબરમતી નદીમાં નાહવાની પ્રેરણા આપવા સિવાય બાકીનો વખત પોતાની ધૂનમાં મસ્ત રહેતા. તેથી એમની સાથે તત્ત્વચર્ચાની બહુ ગુંજાઇશ નહોતી.

પરંતુ આવા પ્રતિભાવાન સાથીઓની વચ્ચે પણ મહાદેવભાઈનું સ્થાન કાંઈ અનોખું જ હતું. ગાંધીજીના સચિવ તરીકે તેમને ગમે ત્યારે આશ્રમ છોડીને જવાની અને આશ્રમમાં આવવાની છૂટ હતી. માત્ર એટલું જ નહીં, બાપુના વિચારોને સમજવાની એમની શક્તિ અને એ વિચારોને લોકભોગ્ય રીતે સર્વજનસુલભ કરવાનો એમનો ગુણ એમને આ આગવું સ્થાન અપાવવામાં મુખ્ય ભાગ ભજવતા. એમની વિશદ દૃષ્ટિ અને એમનો અસાધારણ બુદ્ધિવૈભવ બીજાઓથી તેમને અતડા નહોતો પાડતો. એ વૈભવની તેઓ લહાણી કરતા રહેતા. એમની નિષ્ઠાયુક્ત કર્મપરાયણતા અવિચળ રીતે તેમણે ગાંધીજીને સમર્પિત કરી દીધી હતી.

ગાંધીજી જોડે મહાદેવભાઈ ચર્ચા કરી શકતા પણ તેમાં તેમની વૃત્તિ ગાંધીજી જોડે વાદ કરવાની નહીં, એમની વાતને સમજવાની અને બને તો તેને ગ્રહણ કરીને અપનાવવાની રહેતી. પૂર્વજન્મ અંગે થયેલી ચર્ચા નીચે પ્રમાણે હતી:

'આગલી રાત્રે પટણામાં ભાષણ થયું હતું ત્યારે રસ્તે જતાં મઝરુલ હકને મારી સાથે વાતચીત થયેલી, તેમાં મેં પુનર્જન્મ માટે મારી શંકા બતાવેલી'. તે બાબત ઇશારો કરીને કહેવા લાગ્યા: 'મહાદેવ, મને નહોતું લાગતું કે તમે આવા હશો, પુનર્જન્મમાં ન માનનારને હું તો હિંદુ ન ગણું.'

મેં કહ્યું: 'હિંદુ ન ગણો કે ખ્રિસ્તી ગણો કે ગમે તે ગણો, હું મારા મનમાં શા સારુ છુપાવું? એ પ્રતીતિનો પ્રશ્ન છે અને મને પ્રતીતિ થાય તો હું જરૂર માનતો થઈશ.'

હું સામી દલીલ કરવા લાગ્યો, તો કહે કે, 'દલીલનું આમાં કામ જ નથી, તમે નથી જોતા કે ક્ષણે ક્ષણે કરોડો જીવો મરે છે અને કરોડો જન્મે છે? એ જ એમ સૂચવે છે કે પુનર્જન્મ હોવો જોઈએ.'

'या मता सा गता' પ્રમાણે ઘોડાને મનુષ્ય થવાની મતિ થતી હશે ખરી? એ પ્રશ્નના

ઉત્તરમાં કહે છે, 'એ વાત પણ જુદી જ છે. છતાં એના કિંગ્સફર્ડ કહેતી કે, મને લાગે છે કે ફ્રાંસમાંના ઘણા માણસો વાઘની યોનિમાં જન્મશે.

એ શું બતાવે છે?'

મેં કહ્યું: 'કંઈ નથી બતાવતું. માત્ર એમ બતાવે છે કે એના કિંગ્સફર્ડને એ લોકોનાં દુષ્કૃત્યો જોઈને બહુ આઘાત પહોંચેલો અને તેણે ફિટકાર વરસાવેલો.' બાપુ કંઈ ન બોલ્યા. આખરે મેં એમને કહ્યું કે, 'હું માનવાનો પ્રયત્ન કરીશ.' તો કહે કે, 'જે ન માને તેને પ્રગતિમાં વિશ્વાસ ન હોઈ શકે, સેવા કરનારને તો એ માન્યતા હોવી જ જોઈએ.' મેં કહ્યું: 'તેટલે દરજ્જે હું ઘણી વાર માની લઉં છું અને ચોક્કસ પ્રતીતિ થશે ત્યારે માનતો થઈશ.' મેં जोन क्रस्टिोफरના બીજા પુસ્તકમાં ગોટફ્રીડ અને ક્રિસ્ટોફરનો સંવાદ આવે છે તે બતાવ્યો અને કહ્યું કે આવી રીતે તમે મને "વિશ્વાસ રાખવો, નિરીક્ષણ કરવું અને પ્રાર્થના કરવી" એટલું જ કહેવા માગો છો ને?' તો કહે કે, 'હા.' પછી ચર્ચા સમેટતાં મને કહે કે 'તમારે આનીલ્ડનું "મરણોત્તર જીવન" (लाइफ बयोिन्ड डेथ) વાંચવું જોઈએ.'૮

કોચરબમાં મહાદેવભાઈ પહેલવહેલા ગાંધીજીને મળ્યા ત્યારે પણ તેમની સાથે આવા તાત્ત્વિક મતભેદો અંગે ચર્ચા થયેલી. ગાંધીજી અને મહાદેવભાઈ બંનેને આવી ચર્ચાઓ ગમતી. અલબત્ત, સાંભળનારા ત્રાહિત લોકોને કોઈક વાર એમ લાગે ખરું કે મહાદેવભાઈ, પોતાની ભક્તિને લીધે, ગાંધીજી સામે દલીલ કરવાને બદલે ગાંધીજીની દલીલ સ્વીકારવા જ મથે છે!

તો કોઈક વાર શિષ્યની વાત પણ ગુરુને માનવા જેવી લાગે છે. ગાંધીજી સાથે જોડાયાને માત્ર બે મહિના જ થયા હતા ત્યારની ડાયરીની એક નોંધ જુઓ:

રાત્રે ગુજરાત ક્લબમાંથી આવતાં અનસૂયાબહેનના અતિશય આગ્રહ છતાં મોટરમાં ન બેસતાં, પગે ચાલવાનું પસંદ કર્યું. રસ્તામાં અનેક વાતો-ચર્ચા થઈ. इन्डयिन ओपीनयिनમાં આવેલાં સર્વોદયનાં પ્રકરણો ઉપર હું વિવેચન કરું છું. કેટલાંક પ્રકરણો અત્યંત સુંદર લાગે છે, તો કેટલાંક બહુ કાચાં લાગે છે. ટીકા કબૂલ રાખી કહે છે: 'કોઈ વાર બહુ શૂરમાં આવીને હું લખતો ત્યારે બહુ સુંદર આવી જતું, કોઈક વાર કોર્ટના કામમાંથી થાક્યો પાક્યો લોથ થઈને બેઠો હોઉં અને તે વેળા इन्डयिन ओपीनयिनના લખાણ માટે કોઈક આવે તેને લખાવી દઉં, લખાવતાં કહેતો પણ જાઉં કે આમાંનાં આ

વાક્યો પસંદ નથી, પણ કાંઈ ઉપાય નથી, વિચારવાનો વખત નથી, આવા ભાગો કાચા જ હોવાનો સંભવ છે.'૯

ગાંધીજીએ મહાદેવભાઈને પોતાની સાથે જોડાઈ જવા ઇજન આપ્યું ત્યારે તેમનામાં એમણે ત્રણ ગુણો ખાસ જોયા હતાઃ પ્રામાણિકતા, વફાદારી અને હોશિયારી. એ ત્રણ ગુણો ગાંધીજીના સંગથી અને મહાદેવભાઈના પુરુષાર્થથી થોડા જ વખતમાં સત્યનિષ્ઠા, ભક્તિ અને વિદ્વત્તાનું રૂપ ધારણ કરે છે. આંતરિક દૃષ્ટિએ આ પ્રગતિ તેમણે આશ્રમી મૂલ્યોને આત્મસાત્ કરવાના પ્રયાસથી સાધી હતી.

'એ પ્રયાસની ચાવી હતી મહાદેવભાઈનો નમ્રતાનો ગુણ. શ્રી કિશોરલાલભાઈએ *ગાંધી વિચારદોહન*માં નમ્રતા વિશેના નીચલા બે મહત્ત્વના વિચારો રજૂ કર્યા છેઃ

'પોતે પણ કંઈક છે, પોતાનામાં કંઈક વિશેષતા છે – એવું શરીર, મન, બુદ્ધિ, વિદ્યા, કળા, ચતુરાઈ, પવિત્રતા, જ્ઞાન, ભક્તિ, ઉદારતા, વ્રતપાલન કે ખુદ વિનયાદિક ગુણ વિશે પણ ભાન રહ્યા કરવું અને તેથી પોતાનું અસ્તિત્વ, જાણે બોજો ઉપાડીને ચાલતો હોય તેમ, ભારેખમ જણાવું એ અહંકાર છે. એ ભાન ઓછામાં ઓછું લાગવું — જેમ આપણા શરીરના નીરોગી અવયવો વિશે હોય છે તેમ — શૂન્યવત્ સ્થિતિ અથવા નમ્રતા. આવી નમ્રતા કેળવી શકાતી નથી, પણ અનેક સદ્‌ગુણો અને વિચારમય જીવનને પરિણામે સ્વભાવમાં ઊઠે છે, નમ્ર માણસને એની નમ્રતાનું ભાન પણ હોતું નથી.'૧૦

મહાદેવભાઈમાં આવી નમ્રતા ગાંધીજી પાસે જોડાયા તેનાથી પહેલાંની જ, સ્વાભાવિક રીતે હતી. અને પ્રસિદ્ધિ અને સફળતાને ઉચ્ચ શિખરે ચડ્યા છતાં પણ તે એમનામાં કાયમ રહી. તેથી સ્તો ગાંધીજીએ એમને એમ કહીને અંજલિ આપી હતી કેઃ

'મને કોઈ પૂછે કે, મહાદેવના ચારિત્ર્યનું સૌથી ઉમદા લક્ષણ કયું? તો કહું કે, પ્રસંગ પડ્યે શૂન્યવત્ થઈ જવાની તેની શક્તિ.'૧૧

મહાદેવભાઈની એ સ્વાભાવિક નમ્રતા એમની અંતરયાત્રામાં એમને ખૂબ સહાયક નીવડી. આશ્રમનાં એકાદશ વ્રતો ૧. સત્ય, ૨. અહિંસા, ૩. બ્રહ્મચર્ય, ૪. અસ્વાદ, ૫. અસ્તેય, ૬. અપરિગ્રહ, ૭. અભય, ૮. સ્પર્શભાવના, ૯. શરીરશ્રમ, ૧૦. સર્વધર્મસમભાવ, અને ૧૧. સ્વદેશી વિશે એ અખંડ પ્રયત્નશીલ રહેતા તેનું મુખ્ય કારણ એ હતું કે તેઓ સહજ સ્વભાવથી જ એમ માનતા કે હજી મારે લાંબી વાટ કાપવાની બાકી છે.

મહાદેવભાઈની નમ્રતા તેમને સાથીઓ પ્રત્યે પ્રેમ આપતી અને ગાંધીજી પ્રત્યે ભક્તિ. ભક્તિને કારણે, અને બીજી પણ અપાર ગુણસંપત્તિ તેઓ સાથે લઈ ચાલતા હતા, તેથી તેમને આશ્રમવાસીઓમાંયે ઉપર જણાવ્યું તેવું આગવું સ્થાન પ્રાપ્ત થયું હતું. અને એમનો પ્રેમ એટલો પ્રબળ હતો કે એના ધોધમાં એમનો અહંકાર ધોવાઈ જતો. પરિણામે ગાંધીજીની પાસે એમનું વિશિષ્ટ સ્થાન હતું. દેશના આંદોલનમાં તેમને કોઈ કોઈ વાર તો કદી ઇચ્છી ન હોય એટલી પ્રસિદ્ધિ કે માનપાન મળતાં તોયે કોઈ આશ્રમવાસી કે રાજકારણી લોકો સુધ્ધાં મહાદેવભાઈની ઈર્ષ્યા કરતા જોવામાં આવતા નહીં. ગાંધીજી પાસે જોડાયા પછી બહુ થોડા જ સમયમાં સાથીઓએ અને દેશે એમણે પ્રાપ્ત કરેલા અજોડ સ્થાનને ‘એ તો મહાદેવભાઈનું જ સ્થાન’ એમ સ્વીકારી લીધેલું. એ નમ્રતા એમને આગળ જતાં ગાંધીજીના કટ્ટર વિરોધીઓના હૃદયમાં પણ એક કુમળું સ્થાન અપાવવાની હતી, એ આપણે જોઈશું.

સાબરમતીનો આશ્રમ એક નવી છતાં જૂની પરંપરાનું પ્રતીક હતો. ૧૯૦૯માં हिंदि स्वराजમાં ‘પશ્ચિમી સુધારાવાદ’વાળી સભ્યતાની આકરામાં આકરી ટીકા કરીને હિન્દ સ્વરાજને વિશે તેમણે એક એવી સભ્યતા લાવવા અંગે ઇશારો કર્યો હતો કે જેનાં મૂળિયાં પ્રાચીન ભારતીય સભ્યતામાં હોય અને જેની ડાળીઓ ભવિષ્યની માનવીય સભ્યતા સુધી પહોંચે. સાબરમતી આશ્રમ એવાં જૂનાં મૂળિયાં પર ઊભેલું નવું વૃક્ષ હતું. આશ્રમ વિશે બોલતાં એક વાર ગાંધીજીએ કહ્યું હતું:

‘દક્ષિણ આફ્રિકામાં મારી મોટામાં મોટી કૃતિ ફિનિક્સ છે, એ ન હોત તો દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ ન હોત. આ આશ્રમ ન હોય તો હિંદમાં સત્યાગ્રહ ન થઈ શકે. આમાં મારી ભૂલ હોય. પણ ભૂલ હોય તો હું ત્યાજ્ય છું. હું તો દેશને કહેવાનો છું કે મારી ગણના ચંપારણથી કે ખેડાથી નહીં કરશો, પણ આશ્રમથી કરશો...’૧૨

એ આશ્રમના સંસ્કાર ઝીલીને મહાદેવભાઈ પણ પ્રાચીન સંસ્કૃતિનો આધાર લઈને ગાંધીવિચારોને એવી ભાષામાં સમજાવતા જોવામાં આવે છે કે, આજે સિત્તેર વર્ષ પછી પણ આધુનિકમાં આધુનિક અને ભવિષ્યના વિચારક સારુ સમર્પક હોય.

નોંધ:

१. महादोवभाईनी डायरी – ४ : प, २८–२९

૨. શ્રી સાંકળચંદ શાહ.

३. મહાદેવભાઈની ડાયરી – ४ : પૃ. २९.
४, વનમાળા દેસાઈ: नरहरभिाई: પૃ. २२५-२२६.
५. એજન, પૃ. २२७-२२८.
६. महादोवभाईनी डायरी – ४ : પૃ. ६८.
७. એજન, પૃ. ८४.
८. महादोवभाईनी डायरी: પૃ. ११५-११६.
९. महादोवभाईनी डायरी પૃ. ३१.
१०. કિશોરલાલ ઘ. મશરૂવાળા: गाधी वचिारदोहन: પૃ. १९.
११. હરિજન: સેવાગ્રામ: १२–८–४६.
१२. गाधीजीनो अक्षरदेह – १५ : પૃ. ८९.

# તેર – એક ધર્મયુદ્ધ

ચંપારણમાં ગાંધીજી સાથે જોડાયા પછીનું મહાદેવભાઈનું સૌથી મોટું કામ અમદાવાદના મિલમજૂરો અને મિલમાલિકો વચ્ચે પડેલા વિવાદ અંગે ગાંધીજીએ કરેલા કામને દેશ અને દુનિયા આગળ ધરવાનું હતું.

મહાદેવભાઈને એમનો સ્વધર્મ મળી ગયો હતો. અને પ્રથમ ચરણે તેઓ તે કામમાં કેટલા પ્રવીણ નીવડવાના હતા તેની સર્વ એંધાણી મળતી હતી.

લગભગ એ જ કાળે ખેડા જિલ્લામાં ખેડૂતો દ્વારા 'ના-કર' આંદોલન કરવામાં આવ્યું હતું. ગાંધીજી એના પણ નેતા હતા. रघुवंशના દિલીપ રાજા જેમ ગાયની પછવાડે છાયાની માફક જતા, મહાદેવ પણ ઘડીકમાં અમદાવાદ તો ઘડીકમાં ખેડા જિલ્લામાં ગાંધીજીની પાછળ છાયાની માફક (छायेव ताम् अनुगच्छता) ફર્યા હતા. આટલી દોડાદોડ છતાં મહાદેવભાઈએ જે અહેવાલ આપ્યો તે એટલો સજીવ છે કે તે વાંચવાથી જાણે નજરોનજર જોતા હોઈએ એમ લાગે. એ વિવરણમાંથી છેવટે एक धर्मयुद्ध નામનું જે પુસ્તક તૈયાર થયું, તેનાં ભાષાંતરો અને પુનર્મુદ્રણ આજે સિત્તેર વર્ષે પણ પ્રગટ થાય છે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં ૧૯૧૮નો અમદાવાદનો આ કિસ્સો, જેને હવે પછી આપણે 'ધર્મયુદ્ધ' જ કહીશું, તે એક ઇતિહાસ સર્જતી ઘટના હતી. જ્યારે હિંદુસ્તાનમાં મજૂર-આંદોલન જ્યાં અસ્તિત્વમાં હતું ત્યાં પણ તે હજી બાલ્યકાળમાં જ હતું, ત્યારે ગાંધીજીએ તેને સત્ય અને અહિંસાને આધારે ઊભું કર્યું અને એ જ નૈતિક ને આધ્યાત્મિક મૂલ્યોને આધારે અમદાવાદમાં મજૂરમહાજન જેવી સંસ્થા બની, જે એની વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓને લીધે તે ટાણે નવા ચીલા પાડનાર સંસ્થા હતી અને આજે પણ આ પ્રશ્નમાં

રસ લેનારા સર્વ માટે એક નમૂનો પૂરો પાડે તેવી છે. સૌથી મહત્ત્વની વાત તો એમાંથી માલિક-મજૂરોના વિવાદોને હલ કરવાની, લવાદ નીમીને એની મારફત નિર્ણય કરાવી, લવાદનો ચુકાદો બંને પક્ષોને મંજૂર થાય એવી જે પરંપરા પડી એ હતી. મહાદેવભાઈએ પોતાના ઝીણવટભર્યા અહેવાલ ઉપરાંત સાથે સાથે એ આંદોલનમાં અખત્યાર કરવામાં આવેલી વ્યૂહરચનાને એવી આવડતથી સમજાવી કે તેને લીધે અહિંસક આંદોલનમાં રસ ધરાવનાર સૌ કોઈને સારુ આજે જ નહીં, પણ ભવિષ્યમાં પણ एक धर्मयुद्ध પુસ્તક પાઠ્યપુસ્તક જેવું થઈ પડે તેમ છે. પુસ્તકની બીજી આવૃત્તિની દોઢ પાનાં કરતાં પણ ટૂંકી પ્રસ્તાવનામાં મહાદેવભાઈ આવા બે અમૂલ્ય પાઠ વાચકને અનાયાસ જ આપી દે છે:

૧. મૂડી જેમ ધન છે, તેમ મહેનત પણ ધન છે, બલકે વધારે અમોલું ધન છે. મિલ એ બંને ધનવાળાઓની સહિયારી માલિકીની જ હોઈ શકે.

૨. સહિયારી માલિકી મેળવવાની શક્તિ મજૂરોએ જ્યારે મેળવી હશે ત્યારે કદાચ ‘માલિકો’ મજૂરો પાસે માલિકી મેળવવા હડતાળ ન કરાવે, પણ પોતાની મેળે જ એમને ભાઈ કહીને ભેટશે અને તેમને ભાગીદાર બનાવશે.

અને આટલા વિધાનને અંતે મહાદેવભાઈ માર્ગદર્શન આપે છે:

‘અહિંસા જેવા અદ્ભુત ફળ... માટે ધીરજ જોઈએ, સંયમ જોઈએ, શિસ્ત જોઈએ, સંઘશક્તિ જોઈએ, સંઘનિષ્ઠા જોઈએ.’૧

આ પ્રસંગની પાછળ સત્યાગ્રહ આશ્રમનું તપ છે. તેથી સહજ રીતે જ મહાદેવભાઈએ આશ્રમમાં ગવાતી સવારની પ્રાર્થનામાંથી લીધેલા એક શ્લોકાર્ધ: ‘कामये दुःखतप्नाना प्राणिनामार्तनाशनम्।’ અને ગાંધીજીના પ્રિય ભજન ‘વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે’થી પુસ્તકનો પ્રારંભ કરે છે અને સમજાવે છે કે આ બંને વચનો જેટલાં સાદાં છે તેટલાં જ ગંભીર છે. એમાં મમત્વ કે અભિમાનનો અંશ નથી રહેલો, પ્રવૃત્તિમાત્ર એક ઇષ્ટ પ્રવાહમાં જ વહે તેવી તીવ્ર વાંછના જ એમાં રહેલી છે.

આ શ્લોક અને ભજન પર તો અનેક ટીકા-ટિપ્પણીઓ લખાઈ છે. ગાંધીજીએ વૈષ્ણવ જન ભજનને ચલણી બનાવેલું ત્યાર પછી એ જ મથાળા હેઠળ એકથી વધારે પુસ્તકો લખાયાં છે. પણ મહાદેવભાઈ આ બે ઉદાહરણો સાથે ટાંકીને એનું જે વિવેચન કરે છે તેમાં મહાદેવભાઈના જીવને હજી થોડા જ માસ પહેલાં લીધેલ એક મહાન વળાંકનું

સૂચન નથી આવી જતું? એમનો નિરભિમાની, નમ્ર સ્વભાવ, પારકાની પીડા જોઈને દ્રવી જાય તેવું તેમનું હૃદય એમને ઇષ્ટ પ્રવાહમાં પ્રવાહિત કરી રહ્યું છે, એનું સહજ સ્મરણ વાચકને પુસ્તક ઉઘાડતાંની સાથે થઈ જાય છે. પણ મહાદેવભાઈને પોતાની વાત કહેવામાં રસ નથી, એમને તો ગાંધીજીને છતા કરવામાં રસ છે. તેથી જ એના પછીનાં વાક્યોમાં તેઓ એક એવો સિદ્ધાંત કહી દે છે, જે ગાંધીજીના ગયા પછી સત્યાગ્રહને નામે યોજનાપૂર્વક કરવામાં આવતા ત્રાગાને પડકારે છે. મહાદેવભાઈ કહે છે:

' ... માટે જ ખરા સત્યાગ્રહીએ પોતાનાં આચારસૂત્રો બનાવેલાં છે. મમત્વ કે અભિમાનથી તે સત્યાગ્રહનું ક્ષેત્ર શોધવા નથી જતો; સત્યાગ્રહના વિષયો આપોઆપ જ તેને મળી રહે છે, અને સત્યાગ્રહીને તે હાથ ધર્યા વિના ચાલતું જ નથી.'૨

પ્રવાહપતિત જે પરિસ્થિતિ સામે આવે તેનો સત્ય-અહિંસાને સુકાન બનાવી સામનો કરવો, અને એટલી જ મહત્ત્વની બીજી વાત એ કે, આવેલી પરિસ્થિતિનો સત્યાગ્રહી મુકાબલો જ કરે, એનાથી છટકી જવા પ્રયત્ન ન કરે.

ગાંધીજીની પ્રવૃત્તિનું વર્ણન કરતાં કરતાં મહાદેવભાઈ અમદાવાદમાં ઔદ્યોગિક ક્ષેત્રના તે કાળના કોયડાનો ઇતિહાસ પણ કહી દે છે. ૧૯૧૭માં પ્લેગ હતો ત્યારે સાળખાતાવાળા મજૂરોને, તેઓ કામ પર ચાલુ રહે એટલા સારુ પ્રલોભન તરીકે 'પ્લેગ બોનસ' આપવામાં આવ્યું. એ મહામારીનો ભય ટળ્યો ત્યાં સુધીમાં મોંઘવારી એટલી જાલિમ વધી કે જીવનજરૂરિયાતની પ્રાથમિક ચીજવસ્તુઓના ભાવો બમણાથી ચોગણા થઈ ગયા હતા. માલિકો આ બોનસ એકાએક બંધ કરવાનો વિચાર કરતા હતા તેથી મજૂરોમાં ખળભળાટ જાગ્યો હતો. તેમણે મિલમાલિકોના નેતા અંબાલાલ સારાભાઈનાં મોટાં બહેન મજૂરનેત્રી અનસૂયાબહેનને કહ્યું કે મોંઘવારી ઓછામાં ઓછી પગારના ૫૦% જેટલી તો મળવી જ જોઈએ. માલિકો તેમ ન કરતાં બોનસ ખતમ કરવા માગતા હતા. પરિસ્થિતિની ગંભીરતા જોઈ 'અમદાવાદના દિલસોજ કલેક્ટર [મિ. ચેટફિલ્ડ(?)] સાહેબે' એક પત્ર દ્વારા ગાંધીજીને મળવા બોલાવ્યા. તે પહેલાં અંબાલાલભાઈ પોતાની વાત ગાંધીજીને સમજાવી ચૂક્યા હતા અને ગાંધીજીને વચ્ચે પડવાની વિનંતી કરી ચૂક્યા હતા. મજૂરનેતાઓ તો ગાંધીજી આ પ્રશ્નમાં રસ લે એમ ઇચ્છતા જ હતા, તેથી ગાંધીજી આ પ્રશ્નમાં ઊંડા ઊતરે છે. બંને પક્ષોની વાત સમજી લે છે. બંને પક્ષોને આ પ્રશ્ન લવાદને સોંપવાનું ગાંધીજી સમજાવે છે. બેઉ પક્ષે ત્રણ ત્રણ જણ રહે અને સરપંચ કલેક્ટરસાહેબ બને એમ ઠરે છે. પછી ગાંધીજી ખેડા

જાય છે. અહીં અમદાવાદમાં કાંઈક ગેરસમજૂતીને કારણે કેટલીક મિલોમાં હડતાળ પડે છે. એના જવાબમાં માલિકો વળતી 'તાળાબંધી' જાહેર કરવાનું વિચારે છે એવા સમાચાર અનસૂયાબહેન ગાંધીજીને આપે છે, અને ગાંધીજી ખેડાના કામની જવાબદારી વલ્લભભાઈને સોંપીને અમદાવાદ દોડી આવે છે. સાથે મહાદેવ ખરા સ્તો!

મહાદેવ કહે છે કે ગાંધીજીએ જોયું કે પંચ નિમાયા પછી મજૂરોએ લીધેલું આ પગલું ગેરવાજબી હતું. તરત તેમણે મિલમાલિકોને બનેલી બાબત ખાતર પોતાની દિલગીરી પ્રગટ કરી અને મજૂરો ભૂલ સુધારી લેવાને તૈયાર હતા એમ તેઓને જાહેર કર્યું. પોતાની તરફે ટિપ્પણી કરતાં મહાદેવભાઈ કહે છે કે:

'આ પ્રસંગે એટલું કહી દેવું જોઈએ કે મિલમાલિકોની પણ આમાં કાંઈ કસૂર થઈ ન હતી એમ નહીં, પણ ગાંધીજીએ પોતાના પક્ષની (તેઓ મજૂરો તરફે નિમાયેલા પંચ પૈકી એક હતા) કસૂરને જ મહત્ત્વ આપ્યું, અને તે સુધારી લેવાની તત્પરતા બતાવી'૩

માલિકોને એ વાત ગળે ન ઊતરી. તેમણે તો પંચ નિમાયા પછી મજૂરોએ હડતાળ પાડી એટલે તત્કાળ પંચ તૂટે છે એવો આગ્રહ કર્યો અને પોતે પંચથી બંધાયેલા ન હોવાને લીધે, વીસ ટકા વધારો લઈને કામ કરવા મજૂરો રાજી ન હોય તો તેમને કાઢી મૂકવાનો નિશ્ચય કર્યો. આ સ્થિતિ અટકાવવા ગાંધીજીએ અથાગ પ્રયત્ન કર્યા તે છતાં માલિકો એકના બે ન થયા.

ગાંધીજી ત્યાર બાદ મજૂરોને વારંવાર મળ્યા. મજૂરોને મળતી રોજી, ચીજવસ્તુઓના ભાવ, મુંબઈના મિલમજૂરોને મળતી રોજી વગેરેની ઝીણવટથી તપાસ કરી. આ સંદર્ભમાં શ્રી ખંડુભાઈ દેસાઈ, જેઓ પાછળથી આ દેશના મજૂરપ્રધાન બનેલા, તેમણે આ લેખકને કહેલો એક પ્રસંગ ટૂંકમાં વર્ણવવો અસ્થાને નહીં ગણાય. તેમણે કહ્યું: 'અમે બધાએ મિરઝાપુરના બંગલામાં બેસીને દરેકેદરેક વસ્તુનો ખૂબ સૂક્ષ્મ અભ્યાસ કર્યો. છેવટે અમે એ નિર્ણય પર આવ્યા કે આજના સંયોગોમાં ૩૫% મોંઘવારીની માગણી કરવી એ યોગ્ય છે. પછી અમારામાંથી એક મજૂરનેતાએ કહ્યું, "આપણે ૫૦%ની માગણી કરો, એટલે માલિકો બાંધછોડ કરતાં કરતાં ૩૫% તો આપશે જ!" ગાંધીજી એ વાત સાંભળતા હતા. એમણે તરત કહ્યું, "તમે બધી ગણતરી કરીને ૩૫% ઉપર આવ્યા છો ને? તો ૩૬% માગશું નહીં, અને ૩૪% સ્વીકારીશું નહીં." મારે સારુ સત્યાગ્રહીની નીતિનો આ પહેલો પાઠ હતો.'

ગાંધીજીએ ૫૦%ની માગણી કરનાર મજૂરો અને મજૂરનેતાઓને પણ સમજાવ્યું કે સત્યાગ્રહી સત્યથી વધુ માગે નહીં, અને સત્યથી ઓછું સ્વીકારે નહીં.

મહાદેવભાઈ આગળ જતાં કહે છે:

'બંને પક્ષમાં આગ્રહનું તત્ત્વ તો અત્યાર અગાઉનું દાખલ થઈ ચૂક્યું હતું. તાણાવાળાઓએ જ્યારથી પોતાનું મહાજન બાંધ્યું ત્યારથી જ મજૂરોમાં ઐક્ય અને આગ્રહનાં બીજ નખાયાં હતાં. મજૂરોના ઐક્યની સામે થવાને મિલમાલિકોએ પણ એક ચક્ર (ગ્રૂપ) રચ્યું. આ પક્ષો વચ્ચે લગભગ પચીસ દિવસ સુધી સંપૂર્ણ રસાકસી છતાં કાંઈ પણ કડવાશ વિના જે લડત ચાલી રહી હતી, તેને આખું અમદાવાદ શહેર જ નહીં પણ આખું ગુજરાત અને કેટલેક અંશે આખો દેશ નીરખી રહ્યો હતો.'૪

આ લડતનું રહસ્ય સમજાવતાં મહાદેવભાઈ કહે છે કે, ગાંધીજીએ મજૂરોના જીવનમાં પ્રવેશ કરીને તેમના ઉત્સાહને રચનાત્મક દિશામાં વાળવા પ્રયત્ન કર્યો; તેમનાં સુખદુ:ખમાં ભાગીદાર થવા પ્રયત્ન કર્યો, મજૂરોને કાંઈ સલાહસૂચના લેવી હોય તો ગમે ત્યારે આવીને મળી શકે એવી ગોઠવણ કરી. રોજેરોજ એક જાહેરસભા કરવાની પરંપરા શરૂ કરી, અને લડતના સિદ્ધાંતો અને રહસ્ય સમજાવતી એક દૈનિક પત્રિકા કાઢી. આ પત્રિકાઓ અનસૂયાબહેનની સહીથી પ્રગટ થતી, પણ ગાંધીજી જ તે લખતા. રોજેરોજની પત્રિકા અને સાબરમતી નદીના તટ પર બાવળના ઝાડ નીચે અપાતાં વ્યાખ્યાનોનો મહાદેવભાઈ એવો અહેવાલ આપતા કે અમદાવાદ શહેર, ગુજરાત અને 'કેટલેક અંશે' આખો દેશ એની રાહ જોઈને બેસતો. આ અહેવાલોમાંથી એક દિવસનું વર્ણન કાંઈક ટૂંકાવીને આપણે ટાંકીએ:

'જેમ મજૂરોને કામ પર લેવાના સર્વ પ્રયત્નો સામા પક્ષ તરફથી થવા માંડ્યા તેમ મજૂરોના પક્ષે મજૂરોને ટકાવી રાખવાના પણ પ્રયત્નો થવા માંડ્યા. મજૂરોમાંના કેટલાક અતિ ઉત્સાહીઓ નબળાઓની ઉપર કાંઈક દબાણ ચલાવીને પણ તેમને કામ ઉપર ચડતાં રોકે છે એવી ફરિયાદ ગાંધીજીને કાને આવી. ગાંધીજી આ તો સાંખી શકે એમ હતું જ નહીં. તેઓ તો કહેતા જ આવ્યા હતા કે, મજૂરોનાં હૃદયની ઉપર, મજૂરોની લાગણી ઉપર અસર કરી તમે તેને અટકાવી રાખો, તેમના ઉપર જુલમ કરીને નહીં. તુરત અતિશય પ્રામાણિકપણાથી ઊભરાતી પત્રિકા બીજે દિવસે કાઢવામાં આવી:

'મજૂરોની લડતનો આધાર કેવળ તેઓની માગણીના અને તેઓના કાર્યના ન્યાયની ઉપર રહેલો છે. જો માગણી વાજબી હોય તો મજૂરો જીતી શકે. માગણી વાજબી હોય

પણ માગેલું મેળવવામાં અન્યાય વાપરે, જૂઠું બોલે, ફિસાદ કરે, બીજાઓને દબાવે, આળસ કરે તેથી સંકટ ભોગવે તોપણ તે હારી જાય.'૫

પણ કંઈક આ પત્રિકાથી, તો કંઈક રોજ રોજ ઊભા થતા સંજોગોને લીધે અણધાર્યું પરિણામ તૈયાર થતું હતું. આ પત્રિકાની અસર અતિ ઉત્સાહીઓ ઉપર કંઈક વિપરીત થઈ. ઘણાકોને તો મજૂરોને અટકાવી રાખવા પોતાના પ્રયત્નો માટે શાબાશી મળવાની આશા હતી. તેમને કાંઈક આઘાત પહોંચ્યો. મૂળ અણસમજુ વર્ગ, એટલે કેટલાકને આ નિખાલસ સલાહથી માઠું લાગ્યું. તેઓ તો નબળા મજૂરોને કહેવા લાગ્યા કે, 'જેને જવું હોય તે જાઓ, માર્ગ ખુલ્લો છે, કોઈએ રોકી નથી રાખ્યા.' જેઓ નૈતિક દબાણ વાપરતા હતા તેઓ નૈતિક દબાણ શિથિલ કરવા લાગ્યા. આથી ઘણા મજૂરોનાં મન ફેરવાયાં. કોઈ કેમ બોલવા લાગ્યું, કોઈ કેમ. મજૂરોની રોજની મુલાકાત લેવાને બહેન અનસૂયાબહેન, ભાઈ શંકરલાલ બૅંકર અને ભાઈ છગનલાલ ગાંધી નિયમિત જતાં જ હતાં. જે મજૂરોને મજૂરી કરવાનું મન હતું તેઓ આશ્રમમાં આવી મજૂરી કરી પોતાની મજૂરી મેળવતા હતા, પણ કેટલાક ખોટા પણ હતા. તેઓને મનમાં એમ થયા કરતું કે, 'આપણે નકામા તણાઈએ છીએ. પ્રતિજ્ઞાથી કશું વળવાનું નથી. પ્રતિજ્ઞાઓ તો ખોટાં હવાતિયાં છે. ભૂખમરો આવ્યો છે, મજૂરી થતી નથી, મફતની સલાહ આપનારને કાંઈ દુ:ખ છે? દુ:ખ આપણને જ છે.' પેલી તરફ મિલમાલિકો પોતાનાં હૈયાં વજ્ર જેવાં કરવા લાગ્યા હતા. પાંત્રીસ ટકા ન જ આપવા એવી હઠમાં તેઓ વધારે દૃઢ થતા જતા હતા અને તેમણે મજૂરોનો નિશ્ચય તોડવાને માટે પોતાના માણસો રાખ્યા હતા. આમ બાવીસ દિવસ વીતી ગયા હતા. ભૂખમરો અને મિલમાલિકોના જાસૂસ પોતાનું કામ કર્યે જતા હતા, અને શયતાન એમના કાનમાં ગણગણતો હતો કે, 'દુનિયા ઉપર ગરીબોનો બેલી ઈશ્વર જેવું કાંઈ નથી અને પ્રતિજ્ઞાઓ તો ન ફાવતાંનાં મનામણાં છે.' એક દિવસ ભાઈ છગનલાલ, જુગલદાસની ચાલીમાં રહેનાર મજૂરોને સવારની સભામાં આવવાની વિનંતી કરતા હતા. તેમને આવા જ કાંઈક ઉદ્‌ગારોથી કેટલાક મજૂરોએ વધાવી લીધા: 'ગાંધીજી અને અનસૂયાબહેનને શું છે? તેઓને મોટરમાં આવવાનું અને મોટરમાં જવાનું, ખાસું ખાવાપીવાનું, પણ અમારા તો જીવ જાય છે, સભામાં આવ્યે કાંઈ ભૂખમરો ટળતો નથી.' આ વચનો ગાંધીજીને કાને ગયાં. ગાંધીજીને કોઈ ટીકા કરે તે ન લાગે, કોઈ નિંદા કરે તે ન લાગે, પણ ખરી સ્થિતિસૂચક આ કડવા ઉદ્‌ગારોથી ગાંધીજીનું હૈયું વીંધાઈ

ગયું. બીજે દિવસે સવારે સભામાં ગયા. સવારે તેમણે શું જોયું? અથવા તેમના અગાઉથી દુ:ખી થઈ રહેલા હૃદયે અને તેમની કરુણાર્દ્ર દષ્ટિએ શું જોયું? તેમના જ શબ્દોમાં કહીશું:

'પોતાના મુખ ઉપર ઝળકી રહેલા અડગ નિશ્ચયવાળા હંમેશાં નજરે પડતા પાંચદશ હજાર મનુષ્યોને બદલે નિરાશાથી ખિન્ન મુખવાળા એકાદ હજાર માણસોને જોયાં,'૬

થોડા જ વખત ઉપર જુગલદાસની ચાલીવાળી વાત તો તેમના કાને આવી હતી:

'મને લાગ્યું કે મજૂરોનો ઠપકો સાચો છે, આ પત્ર લખું છું એ હું જેટલું માનું છું, તેટલું જ હું ઈશ્વરી સત્તામાં માનનારો, પોતાનાં વચનો ગમે તે ભોગે પણ પાળવાને માણસ બંધાયેલો છે એમ પણ હું માનનારો. મને એમ પણ ખબર હતી કે, મારી સન્મુખ બેઠેલા માણસો ઈશ્વરથી ડરનારા છે, પણ આ અણધારી રીતે લંબાતી લૉકાઉટ તેઓનો હદ ઉપરાંત કસ કાઢે છે. હિન્દુસ્તાનમાં મારી બહોળી મુસાફરી દરમિયાન સેંકડો લોકો એક ઘડી પ્રતિજ્ઞા લે છે અને બીજી જ ઘડીએ તેને તોડે છે, એવું જે જ્ઞાન થયેલું તે તરફ પણ મારું દુર્લક્ષ ન હતું. મને એમ પણ જ્ઞાન હતું કે આપણામાંના ભલભલાઓને આત્મબળમાં અને પ્રભુમાં માત્ર એક ઝાંખી ઝાંખી અને અનિશ્ચયાત્મક માન્યતા છે. મને એમ લાગ્યું કે મારે માટે એ તો એક ધન્ય ચોઘડિયું હતું, મારી શ્રદ્ધાની કસોટી થતી હતી. તુરત હું ઊઠ્યો અને હાજર રહેલા માણસોને કહી દીધું કે, "તમે પ્રતિજ્ઞામાંથી પડો એ ક્ષણભર પણ હું સાંખી શકનાર નથી. તમને પાંત્રીસ ટકા મળે નહીં અથવા તો તમે બધાયે પડી ન જાઓ ત્યાં સુધી હું આહાર લેનાર નથી કે મોટર વાપરનાર નથી." '૭

આ પ્રતિજ્ઞા લેવાઈ કે તરત સભામાં શું શું થયું તેનું વર્ણન આપવાને માટે તો કવિની કલમ જોઈએ. સભામાં બેઠેલા પ્રત્યેક જણની આંખમાંથી ચોધાર આંસુ ચાલી રહ્યાં હતાં. પ્રત્યેકને એમ લાગી ગયું જણાતું હતું કે, કંઈક ગંભીર ભૂલ થઈ છે; ગાંધીજીને કાંઈક આપણી નબળાઈથી અથવા તો પાપથી ભારે આઘાત પહોંચ્યો છે; અને તે નબળાઈ કે પાપનું તેઓ પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર થયા છે. (તેઓ) પલકવારમાં બધી સ્થિતિ કળી ગયા અને એક પછી એક ઊઠીને બોલવા લાગ્યા: 'અમે અમારી પ્રતિજ્ઞામાંથી કદી નહીં પડીએ. ગમે તે થઈ જાય, આકાશપાતાળ એક થાય, તોયે નહીં પડીએ. અમારામાંના નબળાઓને અમે ઘેર ઘેર જઈને સમજાવશું, અને કદી નહીં પડવા દઈએ. આપ આ ભીષણ પ્રતિજ્ઞા મૂકો.'૮ આ અસર એ લોકોના આટલા બોલવામાં જ ન સમાપ્ત થઈ, બપોર સુધીમાં તો થોકેથોક મજૂરો આશ્રમમાં આવવા લાગ્યા અને ગાંધીજીને દીન કરુણ વચને પ્રતિજ્ઞા છોડવાનું વીનવવા લાગ્યા. કેટલાક મજૂરો ઉત્સાહથી મજૂરી માગવા

લાગ્યા; કેટલાકે મફત મજૂરી કરીને પોતાની મજૂરીના પૈસા, જે મજૂરી ન કરતા હોય અથવા ન કરી શકતા હોય તેને આપી દેવાને તૈયાર થયા. આશ્રમનો પણ તે દિવસ ધન્ય હતો. મજૂરોને ઉત્તેજન આપવા માટે કદી તાપ પણ ન સહન કરેલો એવા ભાઈ શંકરલાલ બૅંકર પણ ઈંટો, રેતી વગેરે ત્રણચાર દિવસ થયા ઉપાડવા માંડ્યા હતા. આજ તો બહેન અનસૂયા પણ જોડાયાં. આશ્રમનાં સ્ત્રીપુરુષો ઉપરાંત બાળકો પણ આમાં અતિશય ઉમંગથી ભાગ લેતાં હતાં. આ બધાંની કંઈક અવર્ણનીય અસર થઈ. મજૂરોનો ઉત્સાહ અને ઉમંગ તો માતો નહોતો. જે લોકો કરગરતા અને ફરિયાદ કરતા મજૂરીએ આવતા હતા, જે લોકો આવીને કામમાં બહુ આળસ કરતા હતા, તે લોકો હંમેશ કરતાં બમણું કામ બમણા તેજથી કરવા આવ્યા.' મહાદેવભાઈ આગળ જણાવે છે કે, 'એક બાજુએ જ્યારે આ ભાગ ભજવાઈ રહ્યો હતો, ત્યારે બીજી બાજુએ ગાંધીજીની સમક્ષ સંકડો મજૂરો, જુગલદાસની ચાલીવાળાઓ, જેમણે ગાંધીજીને મહેણું માર્યું હતું તેમને લઈને પોતાનો પશ્ચાત્તાપ જાહેર કરવા તથા ગાંધીજીની પ્રતિજ્ઞા છોડાવવા મથી રહ્યા હતા. "મહિનાના મહિના હડતાળ ચાલે તોયે અમે ના પડીએ, મિલ તજીને ગમે તે ધંધો કરીશું. મજૂરી કરીશું, ભીખ માગીશું, પણ પ્રતિજ્ઞા નહીં તોડીએ", એવી બધા ખાતરી આપવા લાગ્યા. કેટલાકની તો લાગણી એટલી બધી ઉશ્કેરાયેલી હતી કે તેઓએ ગાંધીજીને કહી દીધું કે અનસૂયાબહેન, જેમણે પણ તે જ સભામાં નિરાહાર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી, તેઓ, જે પ્રતિજ્ઞા પાછી ન ખેંચે તો અમે કાંઈ નવુંજૂનું કરીશું. એક જણ તો પોતાની કેડમાં જમૈયો ખોસીને આવેલો હતો. તેણે આત્મહત્યા કરવાની ધમકી આપી. આ મધુરી કરુણાજનક તકરાર એટલી તો લંબાઈ કે અનસૂયાબહેનને તો આહાર લેવાનું કબૂલ કરવાની ફરજ પડી.'

અંતે સાંજની સભા વિશે મહાદેવભાઈ કહે છે, 'સાંજે પાંચ વાગ્યે મજૂરોની સભા બોલાવવામાં આવી હતી. આજની પત્રિકા "મજૂરી" વિશે હતી. મજૂરીના મહત્ત્વ વિશે, મજૂરીની પવિત્રતા વિશે, આટલું સરળ અને સોંસરું હૃદયમાં પહોંચી જાય એવું ગુજરાતી ભાષામાં આ પ્રથમ જ લખાણ છે.'૯ પછી મહાદેવભાઈ એ પત્રિકાનો થોડો ભાગ ટાંકે છે અને સાંજની સભાના ગાંધીજીના ભાષણનો ભાગ ટાંકે છે. પછી થયેલા વિસ્તારને ધ્યાનમાં રાખીને કહે છે, ઉપર ટાંકેલા ઉદ્ગારોમાં ગાંધીજીએ પ્રતિજ્ઞા લેવાનું તાત્ત્વિક રહસ્ય અને પોતે લીધેલી પ્રતિજ્ઞાથી ઉત્પન્ન થયેલી સ્થિતિ એટલી તો જિજ્ઞાસા,

ટીકા અને ચર્ચાનો વિષય થઈ પડી હતી કે તે વિશે કંઈ પણ કહેતાં પહેલાં ગાંધીજીના પોતાના જ ઉદ્‌ગારો એ સંબંધે જુદે જુદે પ્રસંગે કેવા નીકળ્યા છે તે જાણવાની જરૂર છે.

આટલું કહી મહાદેવભાઈ ગાંધીજીના ભાષણમાંથી બીજા બે ઉતારા આપી, વળી તે ઉતારાઓમાંયે અમુક અંશોને નાગરી લિપિમાં છપાવી એની ઉપર વિશેષ ભાર મૂકે છે.

છેવટે તેઓ વિવાદાસ્પદ મુદ્દાઓ લઈને તે અંગેની ગાંધીદૃષ્ટિ સમજાવવાનું ભાષ્યકારનું દુષ્કર કાર્ય કરે છે: ‘આટલું જોઈ લીધા પછી પ્રતિજ્ઞા સંબંધે થયેલી લોકચર્ચા વિચારીએ. હિન્દુસ્તાને હજુ સુધી લોકનેતાઓને ઉપવાસની પ્રતિજ્ઞા લેવા જેવા પ્રયોગો લોકસેવાર્થ કરતા જોયા ન હતા. પણ મનુષ્યના અધ:પાતને પ્રસંગે ભીષણ પ્રતિજ્ઞાઓ તેને ટકાવી રાખી શકે એ તો ગાંધીજીનો એક સિદ્ધાંત છે, અને એ સિદ્ધાંત દક્ષિણ આફ્રિકામાં એમણે ઘણી વાર અમલમાં પણ મૂક્યો હતો. અહીંના લોકોને એ કેવળ નવો જ પ્રયોગ લાગ્યો. ગાંધીજી અવિવેક ન કરે એવું માનનારા કેટલાક એમ પણ માનવા લાગ્યા હતા કે, ગાંધીજીએ અકળાઈને મિલમાલિકોને દબાવવા ફિતૂર કર્યું છે. પ્રો. આનંદશંકર ધ્રુવે પહેલે જ દિવસે આવીને પ્રશ્ન પૂછેલો: “આ ઉગ્ર નિશ્ચય કર્યો છે તે આખા જીવનમાં વણાયેલા સૂત્રને અનુસરીને જ થયો હશે એમ હું જાણું છું. પણ તે शा माटे થયો છે તે જાણવા ઇચ્છું છું.” આ પછી ‘પ્રતિજ્ઞા’ના આધ્યાત્મિક રહસ્ય ઉપર જે ચર્ચા ચાલી તેમાં અહીં ઊતરવાનો ઇરાદો નથી. અહીં એટલું જ કહેવું બસ થશે કે આખી ચર્ચા દરમિયાન પ્રો. આનંદશંકરનું કહેવું એવું હતું કે, આવી પ્રતિજ્ઞાથી ઘડીક વાર મનુષ્યનું બાહ્ય વર્તન બદલાય, પણ મનુષ્યનું અંતર બદલાતું નથી. ગાંધીજી ખૂબ સમજાવવા મથતા હતા, પણ પ્રો. આનંદશંકરને ખાતરી નહોતી થતી જણાતી. મિલમજૂરોનો પ્રશ્ન જે અત્યાર સુધી સંકુચિત હતો તે હવે વિસ્તૃત થયો, તેમાં ગાંધીજીએ ભીષણ પ્રતિજ્ઞા લીધેલી હોઈ અત્યાર સુધી જે ગૃહસ્થો તટસ્થ હતા તેઓને પણ પોતાનું તાટસ્થ્ય તજવું પડ્યું. પ્રો. આનંદશંકરનો સંબંધ આ બાબતમાં આવી રીતે શરૂ થયો. બહારના — હિન્દુસ્તાનના જુદા જુદા ભાગના — લોકનેતાઓને પણ બહુ ચિંતા થવા લાગી અને કેમે કરી આ તકરારનો નિવેડો આવે તો સારું એમ સૌને થવા લાગ્યું.

‘મિલમાલિકોને પણ કાંઈ અસર થઈ ન હતી એમ નહીં. અલબત્ત, ઘણાક એમ માનતા હતા કે માલિકોને દબાવવા માટે ગાંધીજીનું આ એક ફિતૂર અથવા ત્રાગું છે. પણ અંબાલાલભાઈ, જેઓએ અત્યાર સુધી પોતાના કડક આગ્રહથી પોતાના માલિક-ભાઈઓને ટકાવી રાખ્યા હતા, તેમના હૈયાને આ બિનાથી સખત આઘાત પહોંચ્યો.

તેઓ કલાકના કલાક આવીને ગાંધીજી પાસે બેસવા લાગ્યા, પ્રતિજ્ઞા છોડવાને વીનવવા લાગ્યા. ત્રીજે દહાડે તો એમની સાથે ઘણા મિલમાલિકો આવ્યા. સૌ ગાંધીજીના ઉપવાસ છોડાવવાને માટે આગ્રહી હતા પણ મજૂરોની પ્રતિજ્ઞા જળવાવાને એટલા આગ્રહી ન હતા.' વળી મહાદેવભાઈ એક મહત્ત્વના મુદ્દા તરફ ધ્યાન ખેંચીને કહે છે, 'પ્રતિજ્ઞાની આડકતરી અસર મિલમાલિકોને દબાવવાની થશે એ બાબત ગાંધીજીનું દુર્લક્ષ થયું ન હતું. વારંવાર તેઓ આ બાબત માલિકોને સમજાવવા લાગ્યા. પોતાના દરેક ભાષણમાં તેમણે સ્પષ્ટ કરીને કહ્યું કે, પ્રતિજ્ઞા માલિકો ઉપર થતાં દબાણને લીધે દૂષિત થાય છે છતાં તેનો મૂળ હેતુ તો મજૂરો પ્રતિજ્ઞાને કેટલું મહત્ત્વ આપે છે તે મજૂરોને બતાવવાનો અને તેમ કરી તેમને ટકાવી રાખવાનો જ છે.'૧૦

ઉપવાસ વખતે ઉપવાસનાં અનેક પાસાંની ચર્ચા થાય એ સ્વાભાવિક છે. તેમાંયે ગાંધીજી જેવા માણસના ઉપવાસ હોય ત્યારે તો વિશેષે કરીને. એવા અનેક મુદ્દાઓ દેશ ને દુનિયા આગળ યથાતથ રજૂ કરવા, એ સ્તો મહાદેવભાઈનું કામ હતું. એટલે તેઓ કહે છે:

'ઘણા મિલમાલિકો ગાંધીજીને કહેતા કે, "આ વખતે तमारी खातर અમે મજૂરોને ૩૫ ટકા આપીએ." ગાંધીજી ચોખ્ખી ના પાડીને કહેતા કે, "મારી દયાની ખાતર નહીં, પણ મજૂરોની પ્રતિજ્ઞાને માન આપીને, તેઓને ન્યાય આપવાની ખાતર ૩૫ ટકા આપો."

ગાંધીજીની ખાતર ૩૫% આપવાની વાત અંગે જાહેર સભામાં તેમણે ઉચ્ચારેલા ઉદ્ગારો મહાદેવભાઈ ટાંકે છે:

'મારે સારુ ૩૫ ટકા એ લોકો આપે એ તો મને સમશેરના ઝાટકા સમું લાગે છે. હું એ વિચાર જાણતો હતો, પણ હું પ્રતિજ્ઞા નહીં છોડી શક્યો, કારણ, મેં બીજો વિચાર કીધો કે ૧૦,૦૦૦ માણસો પડે એ તો ખુદાનો ખોફ કહેવાય. મારે સારુ અતિશય નીચાજોણું છે કે मारी खातर તમને ૩૫ ટકા આપે.'૧૧

ઉપવાસની ગાંધીજીના શરીર પર થતી અસરોનું વર્ણન ન કરે તો મહાદેવભાઈ ગાંધીજીના અંગત સચિવ શાના? 'આમ ચર્ચા ચાલતી હતી અને ઉપવાસના દહાડા વધતા જતા હતા. ઉપવાસ ગાંધીજીના શરીરમાં શિથિલતા ઉત્પન્ન કરવાને બદલે, જાણે તેમની સ્ફૂર્તિમાં વધારો કરતો હતો,' તેમને સમજાવવાના... અનેક દિશામાંથી પ્રયત્ન ચાલુ જ હતા. અંબાલાલ સારાભાઈની એક દલીલ મહાદેવભાઈ આમ ટાંકે

છે: ‘આવી રીતે વારંવાર મજૂરો મનસ્વી રીતે અમારી સામે થાય અને તેમને બહારથી ઉત્તેજન મળે એ તો સહ્ય થઈ શકે એવું નથી. એમ થયા કરે તો મજૂરોમાં વિનય જેવી કોઈ ચીજ જ રહે નહીં અને આવી રીતે અમારી અને મજૂરોની તકરાર વખતે હરવખત અમારે ત્રીજાની મધ્યસ્થી કરવી પડે એ અમને શોભાભરેલું નથી. એમાં અમારું માન રહેતું નથી. આપ જો ભવિષ્યમાં અમારો અને મજૂરોનો પ્રશ્ન અમારે માટે જ રાખી, હંમેશને માટે તમારા હાથ એ બાબતમાંથી ધોઈ નાખો તો અમે તુરત ૩૫ ટકા આપીએ.’ આ દલીલ વિશે મહાદેવભાઈ પોતાનો અભિપ્રાય આપતાં કહે છે કે, ‘આ માગણી તો બહુ ભારે પડતી હતી. અન્યાય, અનીતિ અને અત્યાચારને પ્રસંગે અંતરની પ્રેરણાથી ઝૂઝનાર ગાંધીજી આમ મજૂરોની સેવાનાં દ્વાર સદા માટે બંધ થવા દે, એ તો બની શકે એમ જ ન હતું. એટલે, સેવાવૃત્તિને સદા શીંકે મૂકવાની કબૂલાત આપી, મજૂરો માટે ૩૫ ટકા લેવાની અને ઉપવાસ છોડવાની વાત ન બની.’ બીજી દલીલોની વિગતો આપીને મહાદેવભાઈ ફરી પાછા એ જ મુદ્દા પર આવે છે: ‘બધી તકરાર દરમિયાન, પોતાના ઉપવાસથી માલિકો ઉપર દબાણ થાય છે એ વાત ગાંધીજીના મનમાંથી નહોતી ખસતી. એટલે માલિકોની પ્રતિજ્ઞા જાળવવાના કૃત્રિમ ઉપાયો સ્વીકારવા પણ તેઓ તૈયાર થયા. લડત પહેલાં બંને પક્ષ વચ્ચે જે પંચનું તત્ત્વ સ્વીકારાયેલું હતું તે પંચનું તત્ત્વ હજી પણ ગાંધીજીને તો કબૂલ જ હતું, ‘મજૂરોની પ્રતિજ્ઞાનો અર્થ જળવાય તો પછી પંચ કહે તે મજૂરો કબૂલ રાખશે,’ એમ ગાંધીજીએ સ્વીકારી લીધું. આથી સમાધાનનો મોટો રસ્તો નીકળ્યો, પરિણામે, મજૂરોની પ્રતિજ્ઞા જાળવવા પહેલે દિવસે ૩૫ ટકા વધારો, માલિકોની પ્રતિજ્ઞા જાળવવા બીજે દિવસે ૨૦ ટકા વધારો, અને ત્રીજે દિવસે મજૂરો અને માલિકોએ નીમેલા પંચ ઠરાવે તેટલા ટકા વધારો આવી દરખાસ્ત સમાધાનના આધારરૂપે રજૂ થઈ... પંચને તપાસ કરવા સારુ પૂરતી મુદત મળવી જોઈએ એમ સ્વીકારાયું અને આ મુદત ત્રણ મહિનાની હોવી જોઈએ એમ પણ બંને પક્ષ વચ્ચે ઠર્યું. ... વચગાળાના સમયમાં ૨૭॥ ટકા વધારો મળે એમ ઠર્યું.’૧૨

પંચ તરીકે જેમણે ઉપવાસ વખતે એ ઉપવાસના વાજબીપણા વિશે શંકા ઉઠાવેલી તેવા પ્રો. આનંદશંકરભાઈનું નામ આવ્યું. એમની પ્રામાણિકતામાં વિશ્વાસ ધરાવનાર ગાંધીજીએ તે તરત સ્વીકાર્યું. તે વિશે મહાદેવભાઈ કહે છે, આ તકરારમાં ઉપવાસની પ્રતિજ્ઞાના દિવસથી સક્રિય રસ લેનાર પ્રો. આનંદશંકરને માથે આ જવાબદારી વાજબી

રીતે જ આવી પડી અને એમણે પ્રસન્ન મને સ્વીકારી. ગાંધીજીને મજૂરોની માગણી સાચી લાગતી હતી, માલિકો પોતાની 'પ્રતિજ્ઞા'ની વાત કરતા હતા તેમાં રાજા પ્રજાને રંજાડીને વધુ કરવેરા નાખે અને પછી કહે કે આ મારી પ્રતિજ્ઞા છે, એના જેવું લાગતું હતું. પણ પોતાના ઉપવાસનું દબાણ થોડેઘણે અંશે પણ માલિકો ઉપર પડ્યું છે એ વાત એમની અહિંસાને ખૂંચતી હતી તેથી તેમના શબ્દો મહાદેવભાઈ (મજૂરોની સભામાં સમાધાન પહેલાં આપેલા ભાષણમાં) આમ ટાંકે છે: 'બંનેની પ્રતિજ્ઞા મેં વિચારી, મારો રોજો વચ્ચે આડો આવ્યો. હું એમ એ લોકોને નહીં કહી શકું કે, હું માગું તે જ આપશો તો હું મારો ઉપવાસ તોડું. આ તો મારી નામર્દી કહવાય.'

સમાધાનથી સર્વ પક્ષોને હર્ષ થયો એની મહાદેવભાઈ નોંધ કરે છે. તેમાં કમિશનર મિ. પ્રેટે દર્શાવેલી ખુશીને થોડી વિગતવાર ટાંકે છે. ગાંધીજીએ પોતાનો હર્ષ પ્રગટ કર્યો તેમાં મુખ્ય વાત એ હતી કે આખી લડતમાં વૈરભાવ કે ખટાશ ખૂબ ઓછી હતી.

આ બાવીસ દિવસના સંઘર્ષ દરમિયાન જે ટીકાઓ — ખાસ કરીને ગાંધીજીના અનશનને લીધે થઈ હતી — તેનો વિગતવાર ઉત્તર આપવામાં મહાદેવભાઈ ઝાઝું પડ્યા નથી. એમને જીભાજોડીમાં રસ નહોતો. એમને રસ આ બાબતમાં ગાંધીજી શું કહે છે તે દુનિયા આગળ પહોંચાડવામાં હતો. તેથી તેઓ કહે છે કે, 'આ ટીકાના ઔચિત્ય-અનૌચિત્યમાં ઊતરવાનો અહીં ઇરાદો નથી. ગાંધીજીએ પોતે એ બંને બાબત પોતાના આત્માની કેવી આકરી પરીક્ષા કીધી છે તે આ ટીકા કરનારાઓને જણાવી લેવું અસ્થાને નહીં ગણાય.' અંબાલાલ સારાભાઈને લખેલા એક પત્રમાંથી કેટલાક ભાગો ટાંકી મહાદેવભાઈ ગાંધીજીના આત્મપરીક્ષણની વાત સમજાવે છે કે, 'મને જમાડવાની ઇચ્છા કરતાં આપની ન્યાયવૃત્તિને વધારે માન આપજો. મજૂરોને ન્યાયથી મળશે તે વધારે પચશે.'[૧૩] સમાધાનીને દિવસે સવારની સભાના ભાષણનું ટાંચણ: 'હું જે તમારે માટે લાવ્યો છું તે આપણી પ્રતિજ્ઞાનો અક્ષર પાળવા માટે બસ થશે, આત્મા માટે નહીં. આત્માવાળા આપણે હજી નથી એટલે અક્ષરથી જ આપણે સંતોષ પકડવો પડશે.' પણ ખરું આત્મપરીક્ષણ તો આશ્રમવાસીઓ આગળ: ' ... એ સમાધાન મારી પ્રમાદરહિત સ્થિતિમાં હું જોઈ રહ્યો છું, અને જોઉં છું કે હું તે કદી નહીં સ્વીકારું એવું થયું છે. પણ તેમાં મારી ઉપવાસની પ્રતિજ્ઞાનો દીપ છે. ...જેમ તે (પ્રતિજ્ઞા) અત્યંત ગુણોથી ભરેલી છે તેમ તેમાં દોષો પણ ઘણા છે. મજૂરોના સંબંધમાં તે ભારે ગુણોવાળી છે. અને તેનાં પરિણામ તે જ પ્રમાણે સુંદર આવ્યાં છે. માલિકોના સંબંધમાં તે દોષોવાળી છે. અને તેટલા પૂરતું

મારે નમવું પડ્યું છે. મિલમાલિકો ઉપર મારા ઉપવાસનું દબાણ છે તે હું ગમે તેટલી ના પાડું પણ લોકોને લાગ્યા વિના રહે જ નહીં અને દુનિયા માને પણ નહીં. માલિકો આ મારી કનિષ્ઠ દશાને લીધે સ્વતંત્ર રહ્યા નથી, અને કોઈ માણસ દબાણ નીચે હોય ત્યારે તેની પાસેથી કંઈ લખાવી લેવું, તેની પાસે કંઈ શરત કરાવવી કે તેની પાસેથી કંઈ લેવું એ ન્યાય વિરુદ્ધ છે. સત્યાગ્રહી તેમ કદી કરે જ નહીં, અને તેથી મારે આ બાબતમાં નમતું મૂકવું પડ્યું છે. શરમમાં પડેલો માણસ શું કરી શકે? હું થોડી થોડી માગણી કરતો ગયો તેમાંથી તેમણે ખુશીથી જેટલી સ્વીકારી તેટલી જ મારે લેવી પડી. હું પૂરેપૂરી માગણી કરું તો તેઓ પૂરેપૂરી સ્વીકારે, પરંતુ તેમને આવી સ્થિતિમાં મૂકીને તેમની પાસેથી હું તે ન જ લઈ શકું. એ તો મારે ઉપવાસ તોડી નરકનું ભોજન કરવા બરોબર થાય, અને અમૃતનું પણ યથાકાળે ભોજન કરનારો હું તે નરકનું ભોજન કેમ કરી શકું?'

ગાંધીજીનો આટલો ઉતારો આપ્યા પછી મહાદેવભાઈ પૂછે છે, 'આ પછી કંઈ વધુ ખુલાસાની જરૂર છે ખરી?' અને તોયે ગાંધીજીની કૃતિને લૌકિક રીતે સમજાવવાની દૃષ્ટિએ કહે છે, 'છતાં જેમને ખબર ન હોય તેમની માહિતીની ખાતર કહેવાની જરૂર છે કે પંચ ઠરાવે તેટલો વધારો સ્વીકારી લેવામાં પ્રતિજ્ઞાનો લેશમાત્ર ત્યાગ થયો નથી કારણ, સમાધાની પહેલાં, લડત દરમિયાન પણ, મજૂરપક્ષ તરફથી તો પંચની જ માગણી કરવામાં આવી હતી. અને તે માગણી સ્વીકારવાને મિલમાલિકોએ તૈયારી બતાવી ન હતી.'

મિલમાલિકોએ ગાંધીજી માટે દયાથી પ્રેરાઈને ગાંધીજીની માગણી સ્વીકારી અને તેથી મજૂરોની લડત રસ વિનાની થઈ ગઈ એવી ટીકાનો જવાબ આપતાં મહાદેવભાઈ કહે છે કે તે વાત પણ ભૂલભરેલી હતી. 'સમાધાની પહેલાં મિલમાલિકોએ જે દલીલો કરી છે, અને એ દલીલો કરવામાં જેટલા દહાડા લીધા છે તે જ બતાવે છે કે મિલમાલિકોએ વગર વિચારે કેવળ દિલના દોલાપણાથી જ મજૂરપક્ષની માગણી સ્વીકારી ન હતી. વળી, આનંદશંકરભાઈનો ચુકાદો આવે તે પહેલાં તો મજૂરોને ઘણે ઠેકાણે ૩૫ ટકા અને ઘણે ઠેકાણે ૩૫ ટકાથી વધુ મળતા થઈ ગયા હતા. તે પણ બતાવે છે કે મિલમાલિકોને વહેલામોડા ઓછામાં ઓછા ૩૫ ટકા વધારો આપ્યે જ છૂટકો હતો.' એમ પણ જણાય છે કે અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જે મહાદેવભાઈની વકીલાત ખાસ ઝળકી નહોતી તે, ગાંધીજી જેવો અસીલ મળતાં મિલમજૂરોના રણક્ષેત્રમાં ખીલી ઊઠી હતી.

પણ પછીની દલીલમાં મહાદેવભાઈના વકીલ કરતાં તેમની માંહ્યલો ધર્મનિષ્ઠ સાહિત્યિક બોલતો જોઈ શકાય છે.

મિલમાલિકો તરફથી પ્રસિદ્ધ થયેલી છેલ્લી પત્રિકામાં અંબાલાલભાઈ પર શ્રીમતી એની બેસંટનો તાર — 'For India's sake, try persuade owners yield and save Gandhi's life.' (ભારત ખાતર માલિકોને માની જવા સમજાવો અને ગાંધીની જિંદગી બચાવો.) — ઉતારીને માલિકોએ પોતાની ઉદારતાથી ગાંધીજીની જિંદગી બચાવવાનો દાવો કર્યો હતો. તેને વિશે મહાદેવભાઈ કહે છે, 'એને વિશે શું કહેવું? એ પત્રિકા અને મજૂરપક્ષની છેલ્લી પત્રિકા સાથે રાખી વાંચી જોવાની વાચકોને ભલામણ છે.' અને પછી મહાદેવભાઈ ગાંધીજી પાસે આવેલ તાર-ટપાલના ઢગલામાંથી એકને આગળ ધરીને કહે છે, 'ભાગ્યે જ કોઈને ખબર હશે કે એ જ દિવસે ગાંધીજીને અનેક તાર મળ્યા હતા તેમાં મિસ ફેરિંગ નામની એક ડેનિશ સાધ્વી તરફથી આવો તાર પણ આવ્યો હતો: 'Greater love knoweth no man than that he layeth down his life for the sake of his fellowmen' (પોતાના માનવભાંડુઓ સારુ પ્રાણ પાથરનાર પ્રેમ કરતાં મોટો બીજે પ્રેમ માણસ બતાવી શકતો નથી.)

પંચ શ્રી આનંદશંકરભાઈએ ચાર માસ અને વીસ દિવસ પછી ચુકાદો આપ્યો:

'મિલમાલિકોએ કારીગરોને તકરારને લગતા બાકીના વખતના પગારમાં ૩૫ ટકા વધારો આપવો — એટલે કે, ૨૭॥ ટકા આપતાં બાકી રહેલી રકમ તેઓએ કારીગરોને આપવી.' આ ચુકાદાથી જે નિશ્ચય વડે ગાંધીજીએ મજૂરોને કહેલું કે, 'પંચ પાસેથી પણ આપણે ૩૫ ટકા લઈ શકીશું.' તે નિશ્ચય સાચો ઠર્યો.

આખી લડત વિશે મહાદેવભાઈનો અભિપ્રાય: 'ગાંધીજીના પુણ્યપ્રતાપે અમદાવાદે અને અમદાવાદને નિમિત્તે હિંદુસ્તાને — આ સીધી, સુંદર અને નિર્દોષ લડતનો લહાવો લીધો. અગાઉ ઘણીએ વાર હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મિલમાલિકો અને મિલમજૂરો વચ્ચે લડતો થઈ છે, પણ તેમાંની એકે લડત આની માફક સ્વચ્છ સાધનોથી, ધનના નહીં પણ કેવળ સંકલ્પના બળે અને સંપૂર્ણ મીઠાશથી ચાલી નથી, કોઈ પણ લડતનું પરિણામ આ લડતના પરિણામ જેટલું બંને પક્ષને હિતકર અને ઉન્નતિકર થવાનો અથવા તેથી કોઈ પણ ગંભીર પરિણામ ઉત્પન્ન થવાનો એટલો બધો ઓછો સંભવ રહ્યો છે કે તેની આજે કલ્પના કરવી મુશ્કેલ છે.'૧૪

આ પ્રસંગે મહાદેવભાઈએ માત્ર નોંધો અને લેખો દ્વારા જે ભાગ ભજવ્યો એનું મહત્ત્વ કોઈ પણ સાધારણ વૃત્તપત્રકાર કરતાં અનેકગણું ચડી જાય તેવું હતું. ગાંધીજીએ જાહેરમાં આપેલાં પ્રવચનો, એમણે અંગત રીતે કરેલી વાતચીત કે વાટાઘાટો, અને કોઈ કોઈ વાર એમનો પત્રવ્યવહાર, ત્રણેયમાંથી લોકોનું આ પ્રશ્ન અંગે સાચું શિક્ષણ થાય એ દૃષ્ટિએ જરૂરી લાગ્યું તેટલું સાહિત્ય તેમણે લેખ દ્વારા પ્રગટ કર્યું. વળી એક કુશળ સેનાપતિ જે રીતે લડતનું પૃથક્કરણ કરે તે રીતે લડતના જુદા જુદા તબક્કે એનું પૃથક્કરણ કરીને એની વ્યૂહરચના તેમણે સમજાવી છે. ગાંધીજીનાં ચરિત્ર અને ચારિત્ર્યની ખૂબીઓ સમજાવવાની તક ચૂકે તો મહાદેવભાઈ કેવા? અને કદાચ સૌથી મહત્ત્વની વાત એ કે સર્વ લેખોમાં એમણે અહિંસક લડાઈની વિશેષતાઓને પણ જતનપૂર્વક છતી કરી છે. લડતના રચનાત્મક પાસા પર ભાર મૂકી મહાદેવભાઈએ એ બાબત ધ્યાન દોર્યું કે ચળવળની રચનાત્મક નીતિને લીધેઃ ૧. મજૂરો લુચ્ચાઈભરેલી સોદાબાજીથી બચ્યા, ૨. એમનો ઉત્સાહ રચનાત્મક દિશામાં વળ્યો, અને ૩. ગાંધીજી તથા તેમના સાથી કાર્યકર્તાઓને મજૂરોના જીવનમાં પ્રવેશ કરવાની તક મળી.

એટલું જરૂર કહી શકાય કે *एक धर्मयुद्ध* પુસ્તકમાં ઘણી વાર મહાદેવભાઈનો વધારે પડતો આશાવાદ પ્રગટ થયો હશે, જેનું મુખ્ય કારણ ગાંધીજી પ્રત્યેની તેમની અપાર શ્રદ્ધા હતી, પણ સાથે એની પણ નોંધ લીધા વિના છૂટકો નથી કે આટલી બધી ભક્તિ હોવા છતાંયે મહાદેવભાઈએ ક્યાંયે અતિશયોક્તિ નથી કરી.

મિલમજૂરો અને માલિકો વચ્ચેના આ ધર્મયુદ્ધનું પ્રકરણ પૂરું કરતાં પહેલાં એક નોંધ લેવી જરૂરી છે. મહાદેવભાઈએ આ પ્રસંગે ગાંધીજીનાં નાનાંમોટાં પ્રવચનોની નોંધ લીધી તેમાં ૧૭મી માર્ચને દિવસે સત્યાગ્રહ આશ્રમ સાબરમતીની સવારની પ્રાર્થનાસભા પછી આશ્રમના અંતરંગ સાથીઓ વચ્ચે એમણે જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તેની નોંધ પણ આવે છે. આ ઉદ્‌ગારો મહાદેવભાઈની અસાધારણ વૈવિધ્યવાળી ડાયરીમાં પણ વધુ અસાધારણ ગણાય તેવા ઉદ્‌ગારો હતા.

ઠેઠ ૧૯૦૯માં *हिंद स्वराज* લખ્યું ત્યારથી ગાંધીજી એક મિશનને વરેલા હતા. પોતાની વ્યાખ્યા મુજબ જે સાચી ભારતીય સભ્યતા હતી અને જે એમની કલ્પના મુજબના હિન્દુસ્તાનના આત્માને ઓળખીને તેને હિંદમાં પ્રસ્થાપિત કરવા *हिंद स्वराज*ના છેલ્લા ફકરામાં તેમણે પોતાનું જીવન સમર્પણ કર્યું હતું, તે સભ્યતા ત્યાર

બાદનાં બધાં વર્ષોમાં ગાંધીજીના જીવનનો ધ્રુવતારક બની રહી હતી. એને યાદ કરીને ગાંધીજીએ પોતાના અંતરંગ સાથીઓ આગળ દેશના બે પૂજ્ય નેતાઓને એ ભારતની સભ્યતાની કસોટીએ કસ્યા છે.

મજૂરોની પ્રતિજ્ઞા અને તેમની શ્રદ્ધામાં ગાંધીજીને ભારતનો આત્મા દેખાય છે. તેઓ કહે છે: 'વીસ દિવસ થયા હું દસ હજાર મજૂરો સાથે ભળું છું. તેમણે મારી સમક્ષ ખુદા કે ઈશ્વરને દરમિયાન રાખી પ્રતિજ્ઞા લીધી. તે વખતે તેમણે ઉત્સાહથી લીધી. એ લોકો ગમે તેવા હોય, પરંતુ તેઓ એમ તો માનનારા છે જ કે ખુદા અથવા ઈશ્વર છે. તેમણે એમ ધારેલું કે આપણે વીસ દિવસ પ્રતિજ્ઞા પાળી એટલે ખુદા આપણને મદદ કરે જ. પરંતુ ખુદાએ આટલી વારમાં મદદ ન કરી અને તેમની વધુ કસોટી કરી તે વખતે તેમની આસ્થા નબળી પડી ગઈ. તેમને એમ લાગ્યું કે આટલા દિવસ આ એક માણસના કહેવા ઉપર ભરોસો રાખી આપણે દુ:ખ વેઠ્યું પરંતુ આપણને કંઈ ન મળ્યું. આ માણસનું કહેવું ન માન્યું હોત અને તોફાને ચડ્યા હોત તો પાંત્રીસ ટકા તો શું પરંતુ તેથી વધારે ટકા આપણને થોડા વખતમાં મળી જાત. આ તેમના મનનું પૃથક્કરણ છે. હું આ સ્થિતિ સહન ન જ કરી શકું. મારી સમક્ષ લેવાયેલી પ્રતિજ્ઞા આમ સહેજમાં તોડાય અને ઈશ્વર ઉપરની શ્રદ્ધા ઓછી થાય તે તો ધર્મનો લોપ જ થયો કહેવાય. અને આવી રીતે જે કાર્યમાં હું સામેલ હોઉં તેમાં ધર્મનો લોપ થતો જોઈ હું જીવી જ ન શકું. પ્રતિજ્ઞા લેવી એ શી વસ્તુ છે એ મારે મજૂરોને સમજાવવું જોઈએ. તે માટે હું શું કરી શકું તે મારે તેમને બતાવવું જોઈએ. તે ન બતાવું તો હું બાયલો કહેવાઉં. એક વામ કૂદું એમ કહેનારો એક વેંત પણ ન કૂદે એ બાયલાપણું કહેવાય. ત્યારે એ દસ હજાર માણસોને પડતા અટકાવવા સારુ મેં આ પગલું લીધું. એટલે મેં આ પ્રતિજ્ઞા લીધી અને તેની અસર વીજળીના જેવી થઈ. મેં તે ધાર્યું જ ન હતું, ત્યાં હજારો માણસ હતા તેમની આંખમાં ચોધારાં આંસુ વહેવા લાગ્યાં. તેમને तेमना आत्मानुं भान थयुं, तेमनामां चैतन्य जाग्रत थयुं, તેમની પ્રતિજ્ઞા પાળવાનું તેમને બળ મળ્યું. મને એકદમ ખાતરી થઈ કે हिंदुस्तानमांथी धर्मनो लोप नथी थयो, माणसो आत्माने ओळखी शके छे. આ વાત ટિળક મહારાજ તથા માલવિયાજીના સમજવામાં આવે તો હિંદુસ્તાનમાં ભારે કામ સાધી શકાય.'

અને અંતે મહાદેવભાઈ પાંચ લીટીઓમાં ગાંધીજીને અનશનના પ્રત્યક્ષ કાર્ય અને ઉદાહરણથી થયેલી આનંદાનુભૂતિનું વર્ણન કરે છે:

'હું અત્યારે આનંદથી ઊભરાઈ રહ્યો છું. આ પહેલાં જ્યારે મેં આવી પ્રતિજ્ઞા લીધેલી ત્યારે મારા મનને આવી શાંતિ ન હતી. શરીરની માગણી પણ મને લાગતી. આ વખતે મને શરીરની માગણી જણાતી જ નથી. મારા મનને પૂર્ણ શાંતિ છે. મારાં આત્મા તમારી આગળ ઠાલવું એમ થાય છે. પરંતુ આનંદથી હું વિહ્વળ પણ બની ગયો છું.'૧૫

નોંધ:

૧. મહાદેવભાઈ દેસાઈ: एक धर्मयुद्ध (બીજી આવૃત્તિ): પ્રસ્તાવના. પૃ. ૬.
૨. એજન, પૃ. ૪.
૩. એજન, પૃ. ૭.
૪. એજન, પૃ. ૮-૯.
૫. એજન, પૃ. ૨૯.
૬. એજન, પૃ. ૩૧.
૭. એજન, પૃ. ૩૧-૩૨.
૮. એજન, પૃ. ૩૨.
૯. એજન, પૃ. ૩૩-૩૪.
૧૦, એજન, પૃ. ૩૯.
૧૧. એજન, પૃ. ૪૦.
૧૨. એજન, પૃ. ૪૦–૪૧–'૪૨માંથી સારવીને.
૧૩. गाधीजीनो अक्षरदेह – ૧૪ : પૃ. ૨૨૯
૧૪. મહાદેવભાઈ દેસાઈ: एक धर्मयुद्ध (બીજી આવૃત્તિ): પૃ. ૪૯-૫૦.
૧૫. महादेवभाईनी डायरी – ૪ : પૃ. ૫૫થી ૫૭.

# ચૌદ – ખેડા સત્યાગ્રહ

ગાંધીજીની સંનિધિમાં આવ્યા પછી થોડા જ દિવસોમાં મહાદેવભાઈએ જોઈ લીધું કે ગાંધીજી પોતે કોઈ સત્યાગ્રહના પ્રસંગો દીવો લઈને શોધવા જતા નથી, સત્યાગ્રહના અવસરો જ ગાંધીજીનું બારણું ઠોકતા આવે છે. ચંપારણના સત્યાગ્રહમાં અન્યાયના પ્રતિકારના કાર્યક્રમ સુધી જવું જ નહોતું પડ્યું, અન્યાયની તપાસ અને તેની નોંધણીએ જ સત્યાગ્રહની ગરજ સારી હતી. મહાદેવભાઈ ચંપારણ પહોંચ્યા ત્યારે તો તપાસસમિતિનો અહેવાલ પણ બહાર પડી ચૂક્યો હતો. 'તીન કઠિયા' વ્યવસ્થાને નાબૂદ કરતો કાયદો થાય તે બરાબર થાય છે કે નહીં, તેની ઉપર નિગરાણી રાખવાનું કામ અને અત્યંત દારિદ્રય હેઠળ પીડાતી જનતાની સેવા કરવાનું રચનાકાર્ય જ બાકી હતું.

સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં રાષ્ટ્રીય શાળા શરૂ થઈ ચૂકી હતી. નરહરિભાઈનું તેમાં આગવું સ્થાન હતું, પણ મહાદેવની પસંદગી પહેલેથી જ ગાંધીજીએ પોતાના અંગત મંત્રી તરીકે કરી હતી, એટલે એમને તો ગાંધીજી જ્યાં જાય ત્યાં જવાનો અને ગાંધીજી જે કોઈ નવી પ્રવૃત્તિ ઉપાડે તેમાં ભળવાનો જ કાર્યક્રમ હતો. એ મુજબ મહાદેવે મિલમજૂરોની લડતમાં આગળ પડતો ભાગ લીધો હતો.

લગભગ એ જ સમયે, બલ્કે એનાથી થોડાં અઠવાડિયાં પહેલાં ખેડા જિલ્લાના ખેડૂતોનો એક સત્યાગ્રહ મંડાયો હતો. તેમાં પણ ગાંધીજીનું માર્ગદર્શન અનિવાર્ય હતું. સાબરમતી આશ્રમમાં રહીને અમદાવાદ-નડિયાદ બંને ઠેકાણે ધ્યાન રાખવું મુશ્કેલ નહોતું.

મહાદેવભાઈની પ્રવૃત્તિઓ સમજવા ગાંધીજીની પ્રવૃત્તિ સમજવી અનિવાર્ય છે અને ગાંધીજીની પ્રવૃત્તિઓને સમજવા દેશનો તે કાળનો ઇતિહાસ સમજવો અનિવાર્ય થઈ

પડે એમ છે. ખેડા સત્યાગ્રહ શરૂ થયો ત્યારે મહાદેવભાઈ ચંપારણમાં હતા. વચ્ચે તેઓ સાબરમતી આવ્યા હતા અને પાછળથી ગાંધીજી સાથે ખેડામાં જોડાયા હતા. તે છતાં ત્યાં સુધીમાં ગાંધીજીની કોઈ પ્રવૃત્તિ એવી નહોતી રહી કે જેમાં તેમણે માનસિક રીતે મહાદેવભાઈને ન ભેળવ્યા હોય. તેથી આપણે ખૂબ સંક્ષેપમાં ખેડા સત્યાગ્રહનો ઇતિહાસ જોઈ લઈએ.

મહાદેવભાઈ જ્યારે ચંપારણમાં રચનાત્મક કામનો પ્રથમ અનુભવ લઈ રહ્યા હતા ત્યારે ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના કઠલાલ ગામે શ્રી શંકરલાલ દ્વારકાદાસ પરીખ સ્થાનિક ખેડૂતોનાં દુ:ખની કહાણી સુણાવવા જિલ્લામાં અને ઠેઠ મુંબઈ સુધી દોડાદોડી કરી રહ્યા હતા. ખેડૂતોનાં દુ:ખનું મૂળ કારણ એ હતું કે ૧૯૧૭ની સાલના ચોમાસામાં અતિવૃષ્ટિને લીધે જિલ્લાના મોટા ભાગમાં પાક નિષ્ફળ ગયો હતો. સામાન્ય રીતે જિલ્લામાં દર વરસે સરેરાશ ત્રીસ ઇંચ વરસાદ પડે છે તેને બદલે તે વરસે આશરે સિત્તેર ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. વળી એ વરસાદ દશેરા પછી પણ ચાલુ રહ્યો હતો તેથી ખેડૂતોને એક પાક નિષ્ફળ જતાં બીજે પાક વાવવાનો મોકો મળ્યો નહોતો. ચોમાસુ પાક કોહવાઈ ગયો હતો, એટલું જ નહીં પણ જ્યાં ક્યાંય પણ રવીપાક થયો હતો ત્યાં ઉંદરોનો પ્રકોપ વધી પડ્યો હતો. ઉંદરોએ પાકનો નાશ કર્યો હતો. આમ ખેડૂતોની તે સાલ દુર્દશા થઈ હતી. સરકારી કાયદા મુજબ જે સાલ છ આનીથી ઓછો પાક થાય તે સાલ અર્ધું જમીનમહેસૂલ મોકૂફ રાખવામાં આવે, પાક જો ચાર આની કે તેનાથી ઓછો હોય તો મહેસૂલ તે સાલ મોકૂફ રાખવામાં આવે અને લાગલાગટ બીજે વર્ષે પણ પાક નિષ્ફળ જાય તો આગલે વર્ષ મોકૂફ રાખેલ મહેસૂલનાં નાણાં માફ કરવામાં આવે. જિલ્લાના ઘણા ખેડૂતોને આ નિયમની જાણ નહોતી. કેટલાકની સમજ એવી હતી કે અનાવૃષ્ટિથી પાક નિષ્ફળ જાય તો જ આવી રાહત મળે. ખેડૂતોની માહિતીના આ અભાવને જોઈ સરકારના લોકો તેમને સાચી માહિતી અને રાહત આપવાને બદલે અજાગ્રત ખેડૂતો પાસે મહેસૂલ વસૂલ કરવા લાગ્યા. કઠલાલના એક આગેવાન શ્રી મોહનલાલ પંડ્યાએ જ્યારે આ સ્થિતિ જોઈ અને જમીનમહેસૂલ ઉઘરાવવા સારુ તલાટીઓ વગેરેની ગાળાગાળી અને જોરજુલમની વાતો સાંભળી ત્યારે તેમણે લોકોને મહેસૂલ ન ભરવાની સલાહ આપી, અને શ્રી શંકરલાલ પરીખને ગુજરાત તરફથી ચૂંટાયેલા મુંબઈની ધારાસભાના સભ્યો ના. વિઠ્ઠલભાઈ

પટેલ અને ગોકુળદાસ પારેખને ખેડા જિલ્લામાં આવી જાતતપાસ કરી ખેડૂતોની સાચી સ્થિતિની જાણ મેળવવા આમંત્રણ આપવા મોકલ્યા.

ખેડૂતોની કફોડી સ્થિતિનું વર્ણન કરીને જમીનમહેસૂલ મુલતવી રાખવા સારુ એક અરજી ઘડવામાં આવી, જે જિલ્લાના બીજા આગેવાનોને પણ ગમી. તેથી તેમણે જિલ્લાનાં બીજાં ગામોમાંથી પણ ખેડૂતોની સહીઓ એ અરજી પર લેવાનો નિર્ણય કર્યો. કઠલાલની હોમરૂલ લીગની મારફત ૪,૦૦૦ અને નડિયાદની હોમરૂલ લીગ મારફત બીજાં ગામોના ૧૮,૦૦૦ ખેડૂતોની સહીઓવાળી અરજી મુંબઈ સરકાર પર રવાના કરવામાં આવી. આ અરજીની નકલ મુંબઈ પ્રાંતના રેવન્યુ મેમ્બર, ગાંધીજી, ના. વિઠ્ઠલભાઈ પટેલ તથા ના. ગોકુળદાસ પારેખ તથા ગુજરાત સભાના મંત્રીઓ પર મોકલવામાં આવી. ૨૫–૧૧–'૧૮ને રોજ નડિયાદમાં શ્રી ગોપાળદાસ બિહારીદાસ દેસાઈના પ્રમુખપણા હેઠળ એક સભા થઈ, તેમાં શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અને ગોકુળદાસ પારેખને આ સવાલ ઉપાડીને ખેડૂતોને રાહત અપાવવા વિનંતી કરવામાં આવી.

ગાંધીજીએ ચંપારણથી આ બાબત સલાહ આપી કે:

'જે જે સભાઓ ભરાય તેમાં મર્યાદાનો ત્યાગ ન થાય, વાતો વિવેકપૂર્વક થાય, તેમ જ સહજ પણ અતિશયોક્તિ ન થાય, — એ તમારાથી જળવાય તેટલે દરજ્જે જાળવજો.'૧

ધારાસભાના બંને સભ્યોએ ૧૨મી ડિસેમ્બરે નડિયાદ પહોંચી કલેક્ટરને મળતા પહેલાં નડિયાદ, કપડવંજ અને ઠાસરા તાલુકાનાં વીસ ગામોની મુલાકાત લઈ લોકોની હાડમારી નજરે જોઈ તથા સેંકડો ખેડૂતોના લેખી પુરાવા લીધા.

ખેડૂતોની અરજીની એક નકલ ગુજરાત સભાને મોકલવામાં આવી હતી અને એમના પ્રતિનિધિઓ પણ ના. પટેલ — પારેખની તપાસમાં સામેલ થાય એવી સભાને વિનંતી કરવામાં આવી હતી. સભાના મંત્રી શ્રી ગણેશ વાસુદેવ માવળંકર તથા બીજા કેટલાક સભ્યો ધારાસભ્યો જોડે ફર્યા. ગુજરાત સભાના પ્રમુખ ગાંધીજી હતા, જેઓ તે વખતે ચંપારણ હતા.

બંને ધારાસભ્યોએ કલેક્ટરની મુલાકાત લીધી. ત્યાર બાદ એક જાહેરાત કરવામાં આવી જેમાં નડિયાદ, મહેમદાવાદ અને કપડવંજ તાલુકાનાં ૧૦૪ ગામોમાં ૧૪,૭૫,૮૬૮ની રકમ મોકૂફ રાખવાનું જાહેર થયું, જે જિલ્લાના મહેસૂલની રકમના

માત્ર ૭.૪ ટકા જેટલું જ થતું હતું. આવી નજીવી રાહતના હુકમની પણ તે વખતે લોકોને કશી ખબર આપવામાં આવી નહોતી.

લોકો દ્વારા કાંઈક ચળવળ થાય ત્યારે, એ જમાનામાં, કેટલાક સરકારી અમલદારોને એ ચળવળ દાબી દેવાના નિમિત્તે લોકો ઉપર જુલમ ગુજારવાનું શૂર ચડતું. બ્રિટિશ અમલ દરમિયાન આવા અમલદારોની કદર પણ થતી. તલાટીઓના જુલમની વાતો સાંભળી કઠલાલની હોમરૂલ લીગના સભ્યોએ એની તપાસ કરાવી. દૈયપ ગામના એક મુસલમાન ખેડૂતે તેમને કહ્યું કે, ‘ગામોમાં કાળો કેર વર્તી રહ્યો છે. બે દિવસથી લોકોને ત્યાં રાંધ્યાં ધાન રઝળ્યાં છે. તલાટી મા-બહેન સિવાય વાત કરતો નથી. બૈરાંની હાજરીમાં નઠારી ગાળોનો વરસાદ વરસાવે છે. ઘર વેચો, ઘરેણાં વેચો, જમીન વેચો, ઢોર વેચો, છેવટે બૈરી-છોકરાં વેચો પણ સરકારના પૈસા ભરો, એમ ધમકાવે છે.’૨ બારશીદાના એક ગરીબ મુસલમાન પાસે તો મહેસૂલ ભરવાના પૈસા નહોતા તેથી તેણે પોતાની. કિશોર વયની દીકરીને પરણાવીને જમાઈ પાસે પંદર રૂપિયા ઉછીના લીધા. આ જ વખતે અમલદારો સખતાઈ કરીને યુદ્ધ સારુ ફાળો પણ ઉઘરાવતા હતા. આ હકીકતો ગાંધીજીને પત્ર દ્વારા જણાવતાં તેમણે લખ્યું, ‘તલાટીના જુલમ બાબત તમે ન ભૂલશો. અને ભાઈ માવળંકરને ભૂલવા ન દેશો. સરકારી અમલદારોની વર્તણૂકનો હેવાલ બહાર પાડવો આવશ્યક છે. ...’

ગાંધીજીના પત્રોને સારે અક્ષરે લખી આપીને અથવા એની નકલ કરી પોતાની ડાયરીઓમાં જાળવી રાખી આ સમયે મહાદેવભાઈ જે ખજાનો ભેગો કરી રહ્યા હતા તેની કિંમત તો એમના અવસાન પછી પચાસ વર્ષે પણ જગત આજે જોઈને સમજે છે. પણ તે વખતે ખુદ મહાદેવભાઈને સારુ આ નોંધ કરવી એ માત્ર ઇતિહાસ સારુ સામગ્રી એકઠી કરી રાખવા પૂરતા જ કામની નહોતી. આ નોંધો આગલે મહિને જ ગાંધીજી સાથે જોડાયેલા મહાદેવભાઈ સારુ ગાંધીજીના માનસ, એમના વ્યક્તિત્વ અને એમના દર્શનને પચાવવા અને અપનાવવાની સામગ્રી થઈ ગઈ હતી.

ગાંધીજી તે ટાણે અંગ્રેજ સરકારના વફાદાર પ્રજાજન હતા. આફ્રિકામાં તેઓ ત્યાંની સરકાર સામે એક મોટા સત્યાગ્રહનો જંગ ખેલ્યા હતા ખરા, પણ તેની પાછળ પણ બ્રિટિશ રાજ્ય અન્યાયી વ્યવહાર કરી શકે નહીં એવી શ્રદ્ધા કામ કરતી હતી. વળી ગાંધીજી એ બાબત પણ સભાન હતા કે અંગ્રેજ સરકાર આ વખતે મહાયુદ્ધમાં સપડાયેલી હતી. ગાંધીજીની આ અંગે પણ તેની જોડે સહાનુભૂતિ હતી, છતાં તેઓ

દુનિયાને કોઈ ખૂણે અન્યાયને સહન કરી લેવા તૈયાર નહોતા. તેમાંયે એ અન્યાય એમને જે વ્યવસ્થા વિશે વફાદારીની લાગણી હોય એના દ્વારા થતો જણાય તો એ અન્યાય પ્રત્યે લાગતાવળગતાનું ધ્યાન ખેંચવું એને તેઓ પોતાનો ધર્મ માનતા. અન્યાય ન સહન કરવાની તેમની વૃત્તિ આટલા વખતમાં જ તેમને કેટકેટલાં ક્ષેત્રમાં જંગે ચડાવી ચૂકી હતી! એમના જ શબ્દોમાં:

હું કહેતો આવ્યો છું કે સત્યાગ્રહ એકલો સરકારની સામે નથી થઈ શકતો. સત્યાગ્રહ કોઈ પણ સ્થિતિમાં કોઈ પણ વસ્તુની સામે થઈ શકે છે. આના દાખલા આપણે આજે જોઈ રહ્યા છીએ. ખેડામાં સરકારની સામે સત્યાગ્રહ ચાલી રહ્યો છે. અમદાવાદમાં ધનિકોની સામે..., અંત્યજોના પ્રશ્નમાં શાસ્ત્રની સામે સત્યાગ્રહ ચાલી રહ્યો છે.૩

મહાદેવ એ નિહાળીને કૌતુક કરી રહ્યા હતા કે અહીં તો એક જ સરકાર સાથે એક બાબતમાં સહકાર અને બીજી બાબતમાં સત્યાગ્રહનો પ્રયોગ ચાલી રહ્યો હતો.

પણ આપણે ખેડા સત્યાગ્રહના સંક્ષિપ્ત ઇતિહાસનો દોર ફરી પકડીએ.

પ્રજાના નેતાઓએ જિલ્લાના લોકોને ખેડૂતો પર ગુજારવામાં આવતા જુલમો અંગે વાકેફ કરવા સારુ પત્રિકાઓ કાઢવા માંડી તો સરકારે પોતાના અમલદારોને મહેસૂલ-ઉઘરાણી બાબત વધુ કડક બનવાની પ્રેરણા આપતા પરિપત્રો કાઢવા માંડ્યા. એમાં એક સર્ક્યુલરમાં મામલતદારસાહેબે તલાટીઓને જણાવ્યું કે ગામડે ગામડે અને મુવાડામાં સાદ પડાવીને જાહેર કરવું કે મહેસૂલ નહીં ભરવામાં આવે તો સખતાઈના ઇલાજો લેવામાં આવશે; પોલીસપટેલ કે મતાદારો સરકારધારો ન ભરે તો તેઓ એક અઠવાડિયામાં નોકરીમાંથી બરતરફ થઈ શકે; જો કોઈ મહેસૂલ ન ભરવાની શિખામણ આપતું હોય તો તેના નામની નોંધ રાખીને એનું પોતાનું મહેસૂલ બાકી હોય તો ચોથાઈ દંડ સાથે વસૂલ કરવા તાકીદે પત્રક ભરી મોકલવું: જે આગેવાનો પાક થયો હોવા છતાં મહેસૂલ ભરતા નહીં હોય તેમની જંગમ મિલકત જપ્ત કરવા હુકમ મગાવવામાં મોડું કરવું નહીં.

૧૯૧૮ના જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં ગાંધીજી અમદાવાદ આવ્યા ત્યારે ખેડા જિલ્લાના આગેવાનોએ અને ગુજરાત સભાના સભ્યોએ તેમની જોડે ખેડાની પરિસ્થિતિ વિશે વિગતવાર વાત કરી. ગાંધીજીએ એવો આગ્રહ રાખ્યો કે ગુજરાત સભામાં જો આ બાબતે સર્વાનુમતિ સધાતી હોય તો જ તેણે આ બાબતમાં પડવું. વલ્લભભાઈ પટેલને ઘેર અનેક દિવસોની ચર્ચાને અંતે કારોબારીના સર્વ સભ્યો ખેડાના

ખેડૂતોને મહેસૂલ ન ભરવાની સલાહ આપવા બાબત સહમત થયા. માત્ર એક સભ્ય શ્રી મગનલાલ ચતુરભાઈ પટેલ આ બાબત સહમત નહોતા થતા. તેમણે બાકી સર્વની સંમતિ હોવાથી ઠરાવનો વિરોધ ન કરવાનું સ્વીકાર્યું.

ગુજરાત સભા પાસે ગાંધીજીની બીજી માગણી એ હતી કે જો ખેડા જિલ્લાની લડત ઉપાડવી જ પડે તો સભાના પીઢ કાર્યકર્તાઓમાંથી કોઈ એકે તો તેમની સાથે ખેડા જવું જોઈએ અને લડત પૂરી થાય ત્યાં સુધી ધામા નાખવા જોઈએ અને તેમ કરતાં કુટુંબના પ્રશ્નો, વકીલાત કે બીજાં કામોને આડાં આવવા દેવાં ન જોઈએ. બીજા ભાઈઓમાંથી તો કોઈ તૈયાર ન થયું, પણ વલ્લભભાઈ એ રીતે ગાંધીજી સાથે જવા તૈયાર થઈ ગયા. એ લોકોએ ખેડાની લડતના મહિનાઓ પૂરતું નડિયાદને પોતાનું મુખ્ય મથક બનાવ્યું. ગાંધીજી અઠવાડિયે એક વાર સાબરમતી આશ્રમમાં આવી જતા. વચ્ચે તેમને અવારનવાર બિહાર, મુંબઈ અને ઇંદોર વગેરે સ્થાનોએ જવાનું થયું ત્યારે લડતની મુખ્ય જવાબદારી વલ્લભભાઈએ સંભાળી.

અમદાવાદમાં ગુજરાત સભાના કાર્યકરોને મળ્યા બાદ ગાંધીજી ચંપારણ ગયા હતા. અહીં ગુજરાત સભાના લોકોએ મુંબઈ રાજ્યના ઉત્તર વિભાગના કમિશનર મિ. પ્રેટને મળવાની માગણી કરી. તેમણે સંસ્થાના મંત્રીઓને મુલાકાતે બોલાવ્યા. બીજા કેટલાક કારોબારીના સભ્યો એમની જોડે ગયા હતા, તેમને મુલાકાત ન આપી અને બંને મંત્રીઓ, શ્રી ગ. વા. માવળંકર અને શ્રી કૃષ્ણલાલ દેસાઈ જોડે પણ જે વાત કરી તે ખૂબ તુમાખીભરી રીતે કરી. મુખ્ય વાત તો તેમણે એ કરી કે તમે જુવાન અને બિનઅનુભવી છો. ગુજરાત સભાના લોકોએ ખેડા જિલ્લાની પ્રજા સારુ જે પત્રિકા છાપી હતી તેની તેમણે બહુ આકરી ટીકા કરી અને એમ પણ કહ્યું કે તરતોતરત એને અંગે ફેરવિચારણા કરવી જોઈએ. મંત્રીઓએ તેમને જણાવ્યું કે પત્રિકાઓ તો ખેડૂતોમાં વહેંચવા સારુ રવાના થઈ ચૂકી હતી અને પ્રમુખની સલાહ લીધા વિના કે કારોબારીની બેઠક બોલાવ્યા વિના એને અંગે ફેરવિચારણા થઈ ન શકે. મિ. પ્રેટે એમને ધમકી આપી કે બીજે દિવસે સાંજ સુધી આ અંગે કાંઈ ખબર નહીં મળે તો સરકારમાં એ વિશે જાણ કરવામાં આવશે અને સભાને ગેરકાયદે ઠરાવવામાં આવશે.

કારોબારીની તાકીદની બેઠક બોલાવવામાં આવી. તેમણે ઠરાવ્યું કે પોતે કરેલો નિર્ણય કોઈ પણ હિસાબે ગેરવાજબી, ગેરકાયદે, અયોગ્ય કે વાંધાભરેલો નથી. એ પગલું મહેસૂલ રાખવા માટે કરેલા પ્રયાસનો લાભ ખેડૂતોને મળે તે માટે જરૂરી હતું. ઠરાવની

નકલ કમિશનરને મોકલવામાં આવી. ગાંધીજીએ તારથી ગુજરાત સભાને જણાવ્યું કે જે જે ગામોમાં જુલમ ગુજારવામાં આવ્યો છે તેની સરકારને લેખી માહિતી આપો અને આગળ ઉપર પણ તેમ થાય તો તેની પણ માહિતી આપતા રહેજો. સભા વિશે સરકારમાં લખવું હોય તો બેલાશક લખવા પણ ગાંધીજીએ જણાવ્યું. છેવટે દરેક ડગલે સ્વમાનનો વિચાર કરનાર ગાંધીજીએ એ પણ જણાવ્યું કે જે સદ્ગૃહસ્થોની મુલાકાત લેવા કમિશનરે ઇન્કાર કર્યો તેમના થયેલા અપમાન વિશે વિરોધ દર્શાવવા એક સખત પરંતુ સભ્યતાભર્યો પત્ર પણ લખવો. ગાંધીજીએ એમ પણ સૂચવ્યું કે મહેસૂલ વસૂલ કરવું મુલતવી રહે તેને સારુ ચળવળ ઉપાડવી. એ જ કમિશનરે આપેલી ધમકીનો ઉપાય હોઈ શકે. આમ આ તારમાં ગાંધીજીએ ભાવિ લડત સારુ પૂરતું માર્ગદર્શન આપી દીધું હતું, જે જોઈસમજીને મહાદેવની છાતી ફુલાતી હતી.

ગાંધીજીએ પોતાના નિયમ પ્રમાણે તારની પછવાડે પછવાડે વિગતવાર પત્ર પણ લખ્યો. તેમાં આખા તારની નકલ મહાદેવે કરી મોકલી અને વધુમાં ગાંધીજીએ જણાવ્યું કે:

‘કમિશનરે પોતાનું પોત પ્રકાશ્યું છે. ભૂલ કાઢવાના હેતુથી નથી લખતો પણ ભવિષ્યની સૂચના તરીકે લખું છું કે જ્યારે તેમણે આખા ડેપ્યુટેશનને મળવાની ના લખી ત્યારે મંત્રીઓ પણ માનમાં રહી ગયા હોત તો વિશેષ સારું થાત.’ ...ખેડા જિલ્લાના કાર્યકર્તાઓને ઉદ્દેશીને લખેલા એક પત્રમાં ગાંધીજીએ કહ્યું કે, ‘ ... આપણે ભયરહિત થઈ આપણું કર્તવ્ય કરીએ તો પ્રજાને અદ્ભુત પદાર્થપાઠ મળે.’૪

પેલી બાજુ ના. પટેલ અને પારેખ મુંબઈમાં પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે રેવન્યુ મેમ્બર મિ. કાર્માઇકલને પોતાની તપાસ અંગે માહિતી આપી અને આખા પ્રશ્નની સ્વતંત્ર તપાસ કરવા વિનંતી કરી. કાર્માઇકલે તેનો કરડાકીથી જવાબ આપ્યો, ‘ત્યાં કલેક્ટર તરીકે એક જવાબદાર હિંદી કામ કરે છે તેથી સરકાર એમાં વચ્ચે નહીં પડે.’ બંને ધારાસભ્યોએ ભારત સમાજના સભ્યોને ખેડાની પરિસ્થિતિથી વાકેફ કર્યા. તેના સભ્યો પૈકી શ્રી ગો. કૃ. દેવધર અને શ્રી ના. મ. જોશીએ આ બાબતમાં વધુ રસ લીધો. એના એક સભ્ય શ્રી અમૃતલાલ ઠક્કર તો જાતે ખેડા જિલ્લામાં આવ્યા. તેમણે *टाइम्स ऑफ इन्डिया*માં ખેડા અંગે એક લેખ લખ્યો.

આમ આખું તંત્ર પોતાની તુમાખી દેખાડી રહ્યું હતું. તલાટીથી માંડીને ગવર્નર સુધી

દરેક અમલદાર સત્તાના મદમાં ઝૂમતો હતો અને જેનાં 'માયબાપ' હોવાનો એ લોકો દાવો કરતા હતા, અને લોકોમાં એ વિચાર ઠસાવવા માગતા હતા તે પ્રજાની હાડમારીનો વિચાર મનમાં આવવા સુધ્ધાં દેતા નહોતા.

આ બાજુ ખેડાના કલેક્ટરે એક યાદીમાં ગુજરાત સભાની પત્રિકાને લક્ષમાં રાખીને જણાવ્યું કે, 'જાણીબૂઝીને લોકોની બદસલાહ પ્રમાણે મહેસૂલ ભરવામાં જે કોઈ દાંડાઈ કરશે તેના ઉપર નિરુપાયે કાયદેસર સખત પગલાં ભરવાની જરૂર પડશે.'

બીજી એક યાદીમાં કલેક્ટરે ગુજરાત સભા બહારના લોકોની હોવાનો આક્ષેપ કર્યો.

ગાંધીજીને દરેકેદરેક બાબતની માહિતી આપવામાં આવતી હતી અને તેઓ દૂર બેઠા બેઠા, જરૂર જણાય તો તારથી પણ વિગતવાર સલાહ આપતા હતા. ના. પટેલ-પારેખે, ગુજરાત સભાએ તેમ જ શંકરલાલ દ્વા. પરીખે દાખલાદલીલો સાથે સરકારની યાદીઓના વિસ્તારથી જવાબ આપ્યા. કલેક્ટરે એક દાવો એવો કર્યો હતો કે તેમણે બારીક અને કાળજીપૂર્વક તપાસને અંતે જ મહેસૂલ વસૂલ કરવાના હુકમો કાઢ્યા હતા. તેને અંગે પ્રજાના આ નેતાઓએ સવાલ કર્યો કે ૧૫મી ડિસેમ્બરે કલેક્ટર સાથે ના. પટેલ-પારેખની મુલાકાત થઈ, ૧૯મીએ તાલુકામાંથી આનાવારી પત્રકો તેમના તરફ રવાના કરવામાં આવ્યા અને ૨૨મીએ તો કલેક્ટરસાહેબે હુકમો બહાર પાડ્યા. જિલ્લાનાં છસો ગામોની તપાસ ત્રણ દિવસમાં તેમણે બારીકી અને કાળજીપૂર્વક કરી શી રીતે?

અત્યાર સુધી ગાંધીજીએ ખેડાના પ્રશ્નની બાબતમાં દૂર રહીને માર્ગદર્શન આપ્યું હતું. પણ જ્યારે (૧) સરકારના જોરજુલમ અને અમલદારોની જીદની વાત જાણી, (૨) સરકાર ખેડૂતોને જુઠ્ઠા ઠેરવતી હતી તે જોયું, (૩) ખેડૂતો પોતાના હક્ક મેળવવા કષ્ટ વેઠવા તૈયાર થયા છે તે જોયું, અને (૪) જિલ્લાના તથા ગુજરાત સભાના કાર્યકર્તાઓ આ ચળવળમાં તેમની પડખે ઊભવા તૈયાર છે એમ જોયું ત્યારે ગાંધીજીએ આ બાબતમાં સીધો પ્રવેશ કરવાનો નિર્ણય કર્યો. ચોથી ફેબ્રુઆરીએ તેઓ મુંબઈ આવ્યા. બીજે દિવસે તેમણે સર દીનશા વાચ્છા, ના. પારેખ તથા ના. પટેલ વગેરે સાથે મળીને ગવર્નરની મુલાકાત લીધી. તે વખતે રેવન્યુ મેમ્બર કાર્માઇકલ તેમ જ ઉત્તર વિભાગના કમિશનર પ્રેટ પણ હાજર હતા. ગાંધીજી વગેરેની માગણી માત્ર આખી હકીકતની સ્વતંત્ર તપાસ કરાવવાની હતી, પણ ગવર્નરે તે પણ કબૂલ ન રાખી. બીજે દિવસે ગાંધીજી સાબરમતી પહોંચ્યા ત્યાં તેમને કલેક્ટરે વખતોવખત બહાર પાડેલી જાહેરાતો વાંચવા મળી. એમાં

ખેડૂતો અંગે તથા તેમના આગેવાનો અંગે વાપરવામાં આવેલી ભાષા ગાંધીજીને કઠી. ગાંધીજી અપમાન કે અસભ્યતાને ક્ષણવાર પણ સહી નહોતા શકતા. તેમણે કમિશનર તથા ગવર્નરના માણસો જોડે આ બાબતમાં પત્રવ્યવહાર ચલાવ્યો. પરંતુ એ બાબતમાં પણ સરકારી વલણ એવું ને એવું તુમાખીભર્યું જ રહ્યું.

આગળના પગલાનો વિચાર કરવા વલ્લભભાઈને ઘેર સભા થઈ. સત્યાગ્રહ બાબતમાં આખી ગુજરાત સભાને સંસ્થા તરીકે સામેલ ન કરતાં વ્યક્તિગત રીતે જેમણે ભળવું હોય તે ભળે એમ ઠર્યું. આગલા કામની જવાબદારી ગાંધીજીએ વ્યક્તિગત રીતે પોતાને માથે લીધી. વલ્લભભાઈ પટેલે પણ હવે એ ચળવળમાં પૂરો સમય આપવા ઠરાવ્યું અને કોટપાટલૂનહૅટ છોડીને ખમીસ, હાફકોટ તથા ટર્કિશ ટોપી ધારણ કર્યાં.

ગાંધીજીએ ૧૬મીએ નડિયાદ પહોંચીને કાર્યકર્તાઓની ટુકડીઓ પાડી, તેમને ગામોની વહેંચણી કરી. બીજા દિવસથી કામ શરૂ કર્યું. પોતાનું કામ પતાવી એક અઠવાડિયામાં બધાએ નડિયાદ પાછા ભેગા થવું એમ ઠર્યું. ગાંધીજી અને વલ્લભભાઈની ટુકડીઓએ ૩૦-૩૦ ગામોની તપાસ કરી. જિલ્લાનાં ૬૦૦ ગામોમાંથી ૪૨૫ ગામોની તપાસનો અહેવાલ એક અઠવાડિયામાં મળી ગયો. આ તપાસને અંતે ગાંધીજીએ કલેક્ટરને પત્ર દ્વારા જણાવ્યું કે અમને તો તપાસને અંતે ખાતરી થઈ જ છે કે ખેડૂતોની વાત સાચી છે, પણ સરકારને ખાતરી ન હોય તો સ્વતંત્ર પંચ મારફત તપાસ કરાવવાનો સમય હજુ પણ વીતી ગયો નથી. આના જવાબમાં કયા ગામે કેટલો પાક થયો છે તેની આનાવારી ગણવાની ગાંધીજીની રીત જ ભૂલભરેલી છે, એ મતલબનો પત્રવ્યવહાર કલેક્ટરે ચલાવ્યો. પ્રજા તરફથી રજૂ કરવામાં આવતી હકીકતો માનવા તેમ જ બીજી કશી દલીલો સાંભળવા અમલદારો તૈયાર નહોતા. ગાંધીજીએ ૨૦મીએ કલેક્ટરને પત્ર લખી મહેસૂલની બીજા હપતાની રકમ આખા જિલ્લામાં મુલતવી રાખવા ફરી એક વાર વિનંતી કરી, પણ પથ્થર પર પાણી.

૨૬મી માર્ચે નડિયાદમાં ખેડૂતોની એક મોટી સભામાં સત્યાગ્રહનું મંગલાચરણ થયું. લગભગ બસો ખેડૂતોએ કષ્ટો વેઠવાં પડે તો વેઠીને પણ જ્યાં સુધી અન્યાય દૂર ન થાય ત્યાં સુધી મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા લીધી. પછી દિવસે દિવસે વધુ ને વધુ લોકો આવી પ્રતિજ્ઞા લેવા લાગ્યા.

શાહ ભૂલાભાઈ રૂપજી નામના એક સ્વયંસેવકની ઉપર વસૂલાતના કામમાં લોકોને ખોટું સમજાવી ઉશ્કેરણી કરવા બદલ અને ૧૮૭૯ના લૅન્ડ રેવન્યુ કોડની કલમ ૧૮૯

મુજબ જવાબ આપવા હાજર થવાનો હુકમ બજાવવામાં આવ્યો. ૨૬મીએ તેઓ કોર્ટમાં હાજર થયા અને તેમના વકીલ તરીકે વલ્લભભાઈ હાજર રહ્યા. ભૂલાભાઈએ જવાબમાં કહ્યું કે, 'મેં કોઈને ખોટી સલાહ આપી નથી કે કોઈને ખોટા ઉશ્કેર્યા નથી. મારા ગામમાં પાક ચાર આનીથી ઓછો થયો છે એટલે મહેસૂલ મુલતવી રાખવાની માગણી કરવા પ્રજા હકદાર છે. આવી સલાહ ગાંધીજીએ જાહેરમાં આપી છે અને તેમની સલાહને હું સાચી માનું છું. તેથી લોકોને તે પ્રમાણે સલાહ આપું છું. છતાં જો કાયદાનો ભંગ થતો હોય તો સજા ભોગવવા તૈયાર છું.' સાથે તેમણે એમ પણ કહ્યું કે, 'જે કલમને આધારે આપે સમન્સ કાઢ્યો છે તે આ કામને બિલકુલ લાગુ પડતી નથી.' મામલતદાર ઠંડા જ થઈ ગયા. 'આમાં ગુનો થતો નથી માટે રજા છે.' એમ કહીને તેમણે કામ આટોપ્યું, પણ વલ્લભભાઈએ ભૂલાભાઈ પાસે પુછાવ્યું કે, 'જમીનમહેસૂલ ન ભરશો એવું કહેવામાં હવે તમને ગુનો નથી લાગતો ને?' મામલતદારે કહ્યું કે, 'હા ભાઈ, હા, તમને ગમે તેમ કહેજો.'૫

ત્યાર બાદ છાપાંજોગ એક નિવેદન દ્વારા આ લડત કેવા સંજોગોમાં શરૂ થઈ છે અને સરકાર સાથે મતભેદના મુદ્દાઓ કયા કયા છે તે સમજાવવામાં આવ્યું.

માર્ચની સાતમી તારીખે ગાંધીજીએ પોતાના મિત્ર શ્રી પ્રાણજીવનદાસ મહેતાને એક પત્રમાં લખ્યું હતું:

'ખેડા જિલ્લામાં પરિણામ તો ગમે તે આવો. પણ અમલદારવર્ગ અને રૈયતવર્ગને ભારે કેળવણી મળે છે. લોકોમાં જાગૃતિ અનહદ આવી છે. કર ન આપવાની વાત કરવામાં બેવફાદારી ગણવામાં આવતી તે વાત હવે બેધડક થઈને માણસો કરતા થઈ ગયા છે. શિક્ષિતવર્ગ જે સ્વયંસેવક થયો છે તેઓને પણ અલભ્ય લાભ મળ્યો છે. જેઓએ ગામડાં કદી જોયાં નહોતાં તેઓને લગભગ છસો ગામડાં જેવાની તક મળી. ... લોકો સમજ્યા છે કે આપ સમાન બળ નહીં, "અમારે આધારે નહીં પણ તમારે આધારે જ તમે જીતશો, જ્ઞાનપૂર્વક દુઃખ વેઠ્યા વિના તમે નહીં જીતો," આ બે વાક્યમાં જ... જીતનો આધાર છે.'૬

સત્યાગ્રહના દિવસોમાં ગાંધીજીને એક દિવસ વલ્લભભાઈના મૂળ ગામ કરમસદમાં જવાનું થયું. ત્યાં તેમણે વલ્લભભાઈ વિશે જે ઉદ્ગાર કાઢ્યા તે ભવિષ્યમાં અનેક રીતે સાચા ઠરવાના હતા:

'આ ગામ વલ્લભભાઈનું છે. વલ્લભભાઈ જોકે હજી ભઠ્ઠીમાં છે. એમણે — સારી રીતે તપવાનું છે. મને લાગે છે કે એમાંથી આપણે કુંદન કાઢીશું.'૭

કરમસદમાં જ પ્રશ્ન પુછાયો કે ગામના કેટલાક લોકો સરકાર અમારી જમીન વેચે તેની રાહ જોઈને બેઠા છે, અને હરાજી થયે તરત લઈ લેશે. તેના જવાબમાં બ્રિટિશ ન્યાય વિશે તે જમાનામાં શ્રદ્ધા ધરાવનાર ગાંધીજીએ કહ્યું:

'બદદાનત રાખીને જે આપણી જમીન પર ટાંપીને બેઠા છે તેઓ તે લઈને પચાવી શકવાના નથી. ... થોડા રૂપિયાના મહેસૂલ માટે સરકાર હજારો રૂપિયાની જમીન લેશે તો એને પચી શકવાની નથી. આ લૂંટફાટનું રાજ્ય નથી પણ ન્યાયનું છે. આ રાજ્ય જે દિવસે ઇરાદાપૂર્વક લૂંટફાટનું છે એમ મને ખબર પડશે, તે દિવસે હું બેવફા છું એમ માનજે. ...'૮

કમિશનર મિ. પ્રેટને વિચાર આવ્યો કે ખેડૂતોને હું રૂબરૂ સમજાવું તો તેઓ અવળે રસ્તેથી પાછા વળે. પણ પોતે ખેડૂતોની સભા બોલાવી શકશે કે કેમ એ વિશે આત્મવિશ્વાસ ન હોવાથી તેમણે સભા બોલાવવા સારુ ગાંધીજીની મદદ માગી. ગાંધીજીએ પત્રિકા કાઢીને લોકોને કમિશનરની સભામાં હાજર રહેવા સલાહ આપી. ખુદ ગાંધીજી તો તેમાં ન ગયા, પણ વલ્લભભાઈ વગેરેએ બેક હજાર ખેડૂતોની આ સભામાં હાજરી આપી. મિ. પ્રેટે પોતાને આવડે એવી ગુજરાતીમાં ભાષણ આપ્યું અને એમ તો ગાંધીજી સંત માણસ છે, પણ જમીનની વ્યવસ્થા એમનાથી હું વધારે સમજું એમ કહી મહેસૂલ ન ભરવાની જિદ્દ છોડી દેવાની સલાહ આપી. પ્રતિજ્ઞાનું મહત્ત્વ કાંઈ નથી એમ કહી એમણે એટલે સુધી કહ્યું કે અમદાવાદના મિલમજૂરોએ ૩૫% વધારાની માગણી કરી હતી, પણ અત્યારે તેઓ ૨૭॥% વધારામાં કામ કરી રહ્યા છે. સરકાર ગરીબપરવર છે. તમને બચાવવાની ફરજ એની છે. સરકાર સામે લડત ચલાવશો તો એનાં પરિણામો સારુ તમે જવાબદાર રહેશો એમ કહીને એમણે હોમ રૂલવાળાની સલાહ ન માનવાને પણ સમજાવ્યું. તેમણે એમ પણ કહ્યું કે સરકારના મનમાં ગુસ્સો નથી. બાળકની લાતથી માબાપને કાંઈ ગુસ્સો આવતો હશે? પોતાના અઠ્ઠાવીસ વરસના અનુભવની બડાશ હાંકીને મહાત્માજી તો હજી હાલ તુરતમાં જ આફ્રિકાથી આવ્યા છે, એટલે એમને એની સમજ ન હોય એમ ઠસાવવા પ્રયત્ન કર્યો. અમદાવાદના મજૂરોના પ્રતિજ્ઞાભંગ અંગે મિ. પ્રેટે જે ઇશારો કર્યો હતો તેને અંગે વલ્લભભાઈએ ચોખવટ કરીને તેનો પ્રતિવાદ કર્યો. આખી સભાનો ઉપસંહાર કરતાં કમિશનરે કહ્યું, મારે કહેવાનું હું

કહી ચૂક્યો. સંન્યાસીને મિલકત જાય તેની ફિકર ન હોય, પણ તમે સંન્યાસી નથી એટલું વિચારજો.

આ ભાષણ બને એટલી મીઠાશથી કરવાનો પ્રેટસાહેબે પ્રયત્ન કર્યો, પણ પોતાની અમલદારશાહી તુમાખીને તેઓ છુપાવી શક્યા નહીં. સભા પછી જિલ્લાના ખેડૂતો ગાંધીજી પાસે ગયા, ત્યાં ગાંધીજીએ ફરી એક વાર ખેડૂતોને પ્રતિજ્ઞાનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે મિલમજૂરવાળા પ્રસંગમાં ગેરરસ્તે દોરી જાય તેવું ભાષણ પ્રેટસાહેબે કર્યું હતું તેને અંગે દિલગીરી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે તેમ કરવામાં મિ. પ્રેટે વિનયનો, ન્યાયનો, મર્યાદાનો અને મિત્રતાનો ભંગ કર્યો હતો. પ્રતિજ્ઞાનું મહત્ત્વ સમજાવતાં ગાંધીજીએ કહ્યું કે:

‘પ્રતિજ્ઞા તોડીને મને આઘાત આપે તેના કરતાં મારી ગરદન કાપે એ ઠીક કહેવાય. પ્રતિજ્ઞા તોડનાર નથી દેશના કામના, નથી સરકારને કામના કે નથી ઈશ્વરને કામના. ...’૯

હજીયે સમાધાનના પ્રયાસો ગાંધીજીએ છોડ્યા નહોતા. મસલત કરવા સારુ મળવાની માગણીના જવાબમાં મિ. પ્રેટે લખ્યું:

‘તમારાં સઘળાં હથિયાર છોડી દઈ મસલત કરવા સારુ આવવું હોય તો જ્યારે આવો ત્યારે તમારે માટે બારણાં ખુલ્લાં છે. મારા હાથ તો કાયદા અને વહીવટના નિયમોથી બંધાયેલા છે.’૧૦

ગાંધીજીએ વળતું લખ્યું:

‘હું તો સત્યાગ્રહી છું. મારાં હથિયારો તો શું પણ મારું સર્વસ્વ હું બીજી રીતે અર્પણ કરી દઉં, પણ સિદ્ધાંત તો મરણ પર્યંત મારાથી ન જ છોડાય.’૧૧

ખેડા સત્યાગ્રહે સ્વાભાવિક રીતે ગુજરાતના બૌદ્ધિકોમાં પણ રસ જગાવ્યો હતો. સાક્ષર શ્રી બ. ક. ઠાકોરે એને અંગે કેટલાક પ્રશ્નો ઉઠાવેલા. ગાંધીજીએ એમને સવિસ્તર જવાબ આપી પેસિવ રેઝિસ્ટન્સ અને સત્યાગ્રહનો ભેદ સમજાવ્યો. ખેડાના આંદોલનની થોડી વિગતવાર માહિતી આપી અને છેવટે પોતાની દૃષ્ટિએ ખેડા સત્યાગ્રહથી થયેલા મૂળ લાભ વિશે જણાવતાં લખ્યું:

‘આ લડતમાં અનાયાસે લોકોને ધર્મની, નીતિની, સંપની, સત્યની અને અહિંસાની તાલીમ મળે છે. [એમાં] દ્વેષભાવને અવકાશ જ નથી. સરકારને દબાવીને દાદ નથી લેવી. તેની ન્યાયવૃત્તિ જાગ્રત કરીને લેવી છે. પરિણામ કુશળ છે. અંતમાં આત્માનો

વિકાસ જ છે. લોક નબળા હોવાથી પડશે તોયે શું? તપેલું તપ નાબૂદ થાય જ નહીં. પડ્યા તે ચડવાને સારુ.

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्॥ (गीता 2-40)

ખેડા જિલ્લાની આ લડતનો પ્રચાર જિલ્લા બહાર પણ થઈ રહ્યો હતો. મુંબઈની એક જાહેરસભામાં ખેડૂતોની લડતને ટેકો આપતો ઠરાવ લોકમાન્ય ટિળકે રજૂ કર્યો હતો. આ દરમિયાન સરકારે લાંબી યાદી બહાર પાડીને ગાંધીજીની તપાસને ‘અધ્ધર તપાસ’ કહી અને એમ પણ કહ્યું કે કલેક્ટરે બહુ બારીકાઈથી તપાસ કરી છે, વરને કોણ વખાણે? વળી સરકારે એમ પણ કહ્યું કે ઘણાખરા તાલુકાઓમાં ચાલુ વર્ષની મહેસૂલનો મોટો ભાગ અત્યાર સુધીમાં ઉઘરાવી લેવામાં આવ્યો છે. હવે મિ. ગાંધી માગે છે તેવી કોઈ તપાસસમિતિની જરૂર નથી.

ગાંધીજીએ દિલ્હીથી આવ્યા પછી આ યાદીની દરેકેદરેક બાબતનો રદિયો આપ્યો. અને છેવટે તેમણે કહ્યું કે:

‘સરકારને હવે સ્વતંત્ર પંચ નીમવાની આવશ્યકતા ન જણાતી હોય તો જ્યારે મહેસૂલની જૂજ રકમ બાકી છે ત્યારે સરકાર તે મુલતવી કેમ નથી રાખતી? આથી ચોખ્ખી પ્રતીતિ થાય છે કે સરકાર હઠ પકડીને બેઠી છે અને કમિશનર તેમાં આગેવાન બન્યા છે.’૧૩

મે મહિનામાં સરકારે જપ્તીઓનો સપાટો ખૂબ વધારી દીધો હતો. ઘણા આસામીઓની જમીન ખાલસા કરવામાં આવી હતી. અને ખરું જોતાં જેમની જમીન ખાલસા થઈ હોય તેમનું મહેસૂલ વસૂલ કરવાનો પ્રશ્ન જ ન રહે, તોયે તેવા આસામીઓને ઘેર જપ્તી કરીને તેમની પાસે મહેસૂલ વસૂલ કરવામાં આવતું હતું. પણ કાયદેસર રીતે જોતાં મહેસૂલ વસૂલ થાય તેવી જમીન ખાલસા રહેતી નહોતી.

ત્યાર બાદ ગાંધીજીને બિહાર જવાનું થયું ત્યારે ચળવળની લગામ વલ્લભભાઈએ સંભાળી અને લોકોનો જુસ્સો જાળવી રાખ્યો.

લોકો એકસરખી જપ્તી છતાં હિંમત ટકાવી શક્યા હતા અને ઢોરઢાંખર, રાચરચીલું. ઘરેણાં, વાસણ જપ્ત થવા દેતા હતા. તેમાં પુરુષો જોડે સ્ત્રીઓએ પણ આગળ પડતો ભાગ લેવા માંડ્યો હતો. તે જોઈ મુંબઈનાં છાપાં દિંગ થઈ ગયાં હતાં. તેમણે ખેડૂતોની

બહાદુરીનાં વખાણ કરતા લેખો પણ લખ્યા હતા. એક પ્રસંગે તો ખુદ કલેક્ટરે પણ કહ્યું હતું, 'જે રીતે રૈયત લડી રહી છે તે બહુ ખૂબીદાર છે.' આખા દેશમાંથી ખેડા વિશે સહાનુભૂતિના તાર આવવા માંડ્યા હતા.

બિહારથી ગાંધીજી જેવા પાછા આવ્યા તેવા, ત્રીજી જૂને, ઉત્તરસંડા ગયા. ત્યાં નડિયાદ તાલુકાના મામલતદાર ગાંધીજીને ઉતારે જઈને તેમને મળ્યા અને તેમને કહ્યું કે, જો સારી સ્થિતિવાળા મહેસૂલ ભરી દે તો ગરીબ લોકોનું મહેસૂલ મોકૂફ રાખીશું. ગાંધીજીએ વાત લેખીરૂપમાં માગી જે મામલતદારે લખી આપી. ગાંધીજીએ તરત કલેક્ટરને કાગળ લખ્યો કે આવી જાતનો હુકમ આખા જિલ્લા માટે બહાર પાડવામાં આવે અને ચોથાઈ વગેરે દંડ માફ કરવામાં આવે તો અમારે લડવાપણું રહેતું નથી. ગાંધીજીને મતે તો આ લડત ટેકની હતી કલેક્ટરના અફર અને છેવટના ગણાતા હુકમ ફેરવવાની હતી. ગાંધીજીની આ વાત કલેક્ટરે માન્ય રાખી. અને તે પ્રમાણેના હુકમો જાહેર થયા એટલે છઠ્ઠી જૂનને દિને ગાંધીજી અને વલ્લભભાઈની સહીવાળી પત્રિકાથી લડત બંધ થયેલી જાહેર કરવામાં આવી.

આ પત્રિકા કાઢતાં પહેલાં ગાંધીજી સાથે કલેક્ટરની મુલાકાત થઈ હતી. તેમાં તેમને એ વાતની જાણ થઈ કે આ મુજબની છૂટ આપવાનો આદેશ તો ઠેઠ પચીસમી એપ્રિલના નીકળી ચૂક્યો હતો અને તેનો અમલ બરાબર થાય એવી યાદી બાવીસમી મેને દિને આપવામાં આવી હતી, છતાં આ હુકમની પ્રજાને કે કાર્યકર્તાઓને જાણ કરવામાં આવી નહોતી. અને જપ્તીનું કામ આ હુકમ પછી પણ જોસથી ચલાવવામાં આવ્યું હતું.

દિલ્હી જતાં પહેલાં ગાંધીજીએ કમિશનર મિ. પ્રેટને એક પત્ર દ્વારા એ પ્રકારનું સૂચન કર્યું હતું કે જે બાકી રહેલી મહેસૂલ આવતી સાલ સુધી મુલતવી રહે તો સારી સ્થિતિવાળા મહેસૂલ તરત ભરી દેશે. 'હું જો ના. વાઇસરૉયને દિલ્હીમાં કહી શકું કે અમે ખેડામાં અમારા ઘરનો કજિયો હોલવ્યો છે તો તેમને કેટલી બધી શાંતિ વળશે!'૧૪

અત્યાર સુધીનો ખેડા સત્યાગ્રહનો ઇતિહાસ શ્રી નરહરિ પરીખના સરદાર પટેલના જીવનચરિત્રમાંથી સારવીને લેવામાં આવ્યો છે. આ અંગે શ્રી પરીખ અટકળ કરે છે:

'સંભવ છે કે ગાંધીજીને આ (પત્ર)નો જવાબ ન આપતાં ઉપર મુજબના હુકમો કાઢીને મુંબઈ સરકારને અને હિંદ સરકારને ખબર આપવામાં આવી હોય, જેથી અમલદારો યુદ્ધ પરિષદમાં વાઇસરૉયને કહી શકે કે અમે તો ગાંધીજીની માગણી પ્રમાણે હુકમો કાઢી દીધા છે છતાં તેમણે સત્યાગ્રહની લડત ચાલુ રાખી છે. ... બીજું

સંભવિત અનુમાન એ પણ છે કે વાઇસરૉયના કહેવાથી મુંબઈના ગવર્નરે કલેક્ટર-કમિશનરને સૂચના કરી હોય કે સામ્રાજ્યની કટોકટીને વખતે આ ઝઘડો પતાવી નાખો, પણ સિવિલિયનોને એ વસ્તુ ગમતી ન હોય તો તેઓ વાઇસરૉય કે ગવર્નરની નીતિમાં હજાર જાતની મુશ્કેલીઓ ઊભી કરી તેનો અમલ અશક્ય બનાવી મૂકે છે એવું ઘણી વાર જોવામાં આવ્યું છે એટલે આ હુકમ માત્ર ઉપરનાઓને બતાવવા પૂરતો જ કાઢ્યો હોય અને જિલ્લામાં તો પોતાની મરજી પ્રમાણે જ હાંક્યે રાખ્યું હોય.'૧૫

લડતના છેવટના ભાગમાં આ રીતે અંચાઈ કરી તેથી ગાંધીજી અને વલ્લભભાઈએ લડતના અંતને 'માધુર્યરહિત' કહ્યો.

આ લડતથી ખેડાની પ્રજા જાગ્રત થઈ. વીરતા અને ત્યાગ વડે અહિંસક લડત લડી શકાય છે તેનું તેને ભાન થયું. આ પછીના દેશની આઝાદીના ઇતિહાસમાં ખેડા જિલ્લાની પ્રજા મોખરે રહી. તેની પાછળ આ બલિદાનનું આંદોલન હતું એમ નિશ્ચિતપણે કહી શકાય. આ લડતની એક નેમ ગાંધીજીને મન પંચાયતોનો પુનરુદ્ધાર કરવાની પણ હતી.

આ લડતથી ગાંધીજીને વલ્લભભાઈ જોડે આંતરિક સંબંધ બંધાયો.

ગાંધીજીએ જ્યારે દક્ષિણ આફ્રિકાથી હિંદ આવી કોચરબમાં આશ્રમ સ્થાપ્યો ત્યારે અમદાવાદ શહેરના અનેક લોકો ગાંધીજીને મળવા જતા, પણ વલ્લભભાઈ નહોતા જતા. તે અંગે વર્ષો પછી અહમદનગર જિલ્લામાં સાથી કેદી પટ્ટાભી સીતારામૈયાને તેમણે કહેલું કે તેઓ તો કાળજીપૂર્વક એ જોઈ રહ્યા હતા કે ગાંધીજી પ્રત્યે કોણ કોણ આકર્ષાય છે. જ્યારે તેમણે જોયું કે ગાંધીજી પાસે કિશોરલાલભાઈ, નરહરિભાઈ, મહાદેવભાઈ, કાકાસાહેબ, સ્વામી આનંદ જેવા લોકો જઈને રહ્યા, જેમાંના ઘણાને વલ્લભભાઈ જાણતા હતા. ત્યારે તેમણે ગાંધીજી વિશે ઊંચો અભિપ્રાય બાંધ્યો હતો. એમ કહેવાય છે કે 'માણસની પરીક્ષા એની સોબત પરથી કરવી,' એ ન્યાય મુજબ વલ્લભભાઈએ પરીક્ષા કરી હતી. ગાંધીજીને ખેડામાં શરૂઆતમાં થયેલું કે આ અક્કડ પુરુષ કેવાક હશે? પણ —

'જેમ જેમ હું એમના વધારે પ્રસંગમાં આવ્યો તેમ તેમ મને લાગ્યું કે (ઉપસેનાપતિ તરીકે) મારે વલ્લભભાઈ તો જોઈએ જ. ... વલ્લભભાઈ મને ન મળ્યા હોત તો જે કામ થયું છે તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એ ભાઈથી થયો છે.'૧૬

આ ઐતિહાસિક પ્રસંગે મહાદેવભાઈ મોટે ભાગે ગાંધીજીની સાથે જ હતા. ગાંધીજીના પડ્યા બોલ તેઓ પોતાની નોંધપોથીમાં ટપકાવતા તેથી જ આપણને

ગાંધીજીના પત્રોની નકલ અને ભાષણોની નોંધ મળે છે. વળી તેઓ ગાંધીજી અને બીજાઓ વચ્ચેના સંવાદમાં પણ અવારનવાર ભળતા અને કાર્યકર્તાઓ વચ્ચે પોતાના સ્વાભાવિક માધુર્યનું વાતાવરણ પ્રસારિત કરતા.

છતાં ખેડાનો સત્યાગ્રહ મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા ત્યાર બાદ થોડાક મહિના પછી જ થયો હતો. તેથી મહાદેવભાઈને માટે 'ગાંધીમય' થવાનો તે આરંભકાળ જ હતો. પોતાની નોંધપોથીમાં તેઓ ગાંધીજીના જે ગુણ દેખાય તેની અહોભાવથી નોંધ લેતા, અને તેમની જે વાત ન સમજાય તેની પ્રસંગ પડ્યે ગાંધીજી સાથે ચર્ચા પણ કરતા. વાસદ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર સૂતાં બૅરિસ્ટર વલ્લભભાઈને ચેન ન પડ્યું, પણ ગાંધીજી તો પડતાંની સાથે ઘસઘસાટ ઊંઘી ગયા એની નોંધ મહાદેવભાઈ લે છે. મહેમદાવાદથી નવાગામની બળદગાડીની મુસાફરીમાં ખાડાટેકરાવાળા રસ્તાને લીધે જ્યારે બીજા મુસાફરોથી માંડ માંડ બેસાતું હતું ત્યાં પણ ગાંધીજી તો નવરાશનો વખત મળ્યો છે એમ સમજી ઊંઘ કાઢી લે છે એ વાત મહાદેવભાઈની કલમ ટપકાવી લે છે. આ દિવસોમાં મહાદેવભાઈ અને સરદાર પટેલ વચ્ચે જે સખ્યભાવ બંધાયો તે મહાદેવના મરણ સુધી અખંડિત રહ્યો અને વૃદ્ધિ પામતો ગયો. મહાદેવભાઈના મરણ પછીયે વલ્લભભાઈ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી એમને યાદ કરતા રહ્યા. ગાંધીજી, વલ્લભભાઈ અને મહાદેવભાઈના સંબંધો અંગે વલ્લભભાઈના પત્રોના સંપાદક શ્રી ગ. મા. નાંદુરકર કહે છે: 'આ પત્રો જોતાં એવું લાગ્યા વિના રહે નહીં કે વિધિએ જ આ ત્રણેયનો સંગમ ગંગા, યમુના અને સુપ્ત સરસ્વતીના સંગમની પેઠે ગોઠવ્યો હતો.'૧૭

કાર્યકર્તાઓને પોતાની તરફ આકર્ષવાના ગાંધીજીના ગુણ અંગે મહાદેવભાઈ ડાયરીમાં આ રીતે ટપકાવે છે:

'કાલે પંડ્યાજી સાથે વાત કરતાં વહાલમાં બાપુજીને "શિકારી" નામ આપ્યું. એવા અર્થમાં કે હરહંમેશ કોઈ નહીં તો કોઈ શિકાર, પોતાના હૃદયમાં અહર્નિશ રહેલાં રાષ્ટ્રીય કાર્યો માટે, એઓ પકડ્યે જ જાય છે. પેલે દિવસે મારા અક્ષર સુંદર છે અને બહુ જ ઝડપી લખનારો છે એમ કહીને, મારા ગુણો આગળ દોષો ભૂલી જઈશું એમ કહીને, તો એક દિવસ દુર્ગાને વિશે પિતૃપદ ગ્રહણ કરીને, અને તેને એક સુંદર પત્રથી કૃતજ્ઞતામાં દાબીને, એક દિવસ બૅંકર અને અનસૂયાબહેનની જોડે મધુરું મધુરું બોલીને, અને તેમને જમવાનો નિત્ય આગ્રહ કરીને, તો બીજે દિવસે વલ્લભભાઈને નિત્ય સવારે પણ જમવા આવવાનો આગ્રહ કરીને, બાર વરસથી ઘરભંગ થયા છતાં તેમના ન પરણવા પ્રતિ બહુ

સંતોષ દર્શાવીને, અમને પોતાની કેટલીક છાની બાબતો પણ કહીને ચેલા મૂંડવાનો જે પ્રયત્ન જારી છે, એ બધી એમની લીલા વર્ણવતાં કોઈ પણ માણસ થાકે, નેતિ નેતિ કહી વિરમે.'૧૮

વાતાવરણમાંથી ગુણ ગ્રહણ કરીને પોતાનું ચારિત્ર્ય ઘડવાની મહાદેવભાઈની શક્તિ ખૂબ હતી. ગાંધીજી ખેડા જિલ્લાના ખેડૂતોને પ્રતિજ્ઞાપાલનનું મહત્ત્વ સમજાવે છે તે સાંભળી મહાદેવભાઈ વિચારે છે:

' "પ્રતિજ્ઞા જેણે લીધી નથી તે સુકાન વિનાના વહાણની જેમ આમતેમ અથડાય છે અને આખરે નાશ પામે છે." એ શબ્દોમાં મને પણ સાથે સાથે આપી દીધેલો બોધ.'૧૯

ગામેગામ ચાલતાં ફરવાનું થતું. એક વાર શંકરલાલ બૅંકર અને મહાદેવભાઈ ભૂલા પડ્યા. ચાર માઈલનું ચક્કર ખાધું અને ભાલેજ સ્ટેશને પહોંચતાં બાપુ પાસે ભારે ઠપકો મળ્યો.

ગાંધીજી પાસે કામ કરવું એ કેવું કપરું હતું એ તો મહાદેવભાઈને ડગલે ને પગલે જોવા મળતું. સરકારી અમલદારોએ શ્રી શંકરલાલ દ્વા. પરીખના ખેડૂતને છેતરીને શંકરલાલભાઈની જમીનનું મહેસૂલ ભરી દીધું, શંકરલાલના મનમાં એનો પરિતાપ થયો. તેમણે ગાંધીજી આગળ બધી વાત કરી. ગાંધીજી કહે કે, 'સરકારના લોકો તો એમ કરે જ. પણ આપણીયે ગફલત થઈ છે. માટે મારી તો સલાહ છે કે હવે તમે આ જમીન ગામને કૃષ્ણાર્પણ કરી દો.' શ્રી શંકરલાલે સહેજ પણ સંકોચ વિના એ જમીન ગામને નામે કરી આપી.

આટલા ટૂંકા ગાળામાં જ મહાદેવભાઈ વિશે ગાંધીજીને વિશ્વાસ આવી ગયો. થોડા ગાળા પછી જ મહાદેવભાઈ પણ ગાંધીજીની કાર્યસૂચિમાં કેટલાક કાર્યક્રમો સ્વતંત્ર રીતે ઉપાડી લેવા તૈયાર થવાના હતા. આત્મવિશ્વાસની કમી એમને નડતી નહોતી, પણ એમની નમ્રતા એમને ગાંધીજીનાં ચરણોમાં બેસાડતી હતી.

તેથી તેઓ પોતાની પ્રશંસાને ધ્યાનમાં રાખીને ડાયરીમાં નોંધે છે:

'બાપુ પ્રશંસા કરતાં હમેશાં પ્રશંસાના પાત્ર ઉપર પોતાનો બધો પ્રેમ ઠાલવે છે. પછી પાત્રમાં પોતાનામાં તેટલા પ્રેમની પાત્રતા હોય કે ન હોય એની ચિંતા જ નહીં.' વળી મહાદેવભાઈ વિચાર કરે છે:

'પ્રેમીઓ પ્રેમનું પાત્ર તુચ્છ હોય છતાં તેમને મહાન બનાવી શકે છે. પણ તેમાં કોઈક વાર પાત્રને નુકસાન નહીં થતું હોય? અને જ્યારે આવી રીતનાં અતિશયોક્તિ ભરેલાં

વખાણો મોટા સમૂહની આગળ કરવામાં આવે છે ત્યારે કેટલાકને તેથી ક્ષોભ પહોંચે છે.'૨૦

એક દિવસ દીનબંધુ સી. એફ. ઍન્ડ્રૂઝ સાથે ગાંધીજી વાત કરતા હતા ત્યારે મહાદેવભાઈ ચા વગેરે લઈને આવ્યા. ઍન્ડ્રુઝ આગળ ગાંધીજી કહે:

આનો પ્રેમ તમારા ઉપર ઊભરાય છે. એને લાગે છે કે તમે આટલાં બધાં ખજૂર ખાઈ શકો અને આટલી બધી ચા તમારે પીવી જોઈએ. એની હાજરીમાં એનાં વખાણ કરીને હું આશા રાખું છું કે હું એને બગાડીશ નહીં. આણે આશ્રમને બસ ભરી દીધો છે, એ આશ્રમથી ધન્ય થવા નહીં પણ આશ્રમને ધન્ય કરવા આવ્યો છે. આ કહેતાં મને શરમ આવે છે, પણ એ વાત સાચી છે કે અહીં કેટલાંક એવાં છે કે જેઓ આશ્રમને ધન્ય કરે છે, આશ્રમથી ધન્ય થતાં નથી. એવાં થોડાં મોતી મને મળ્યાં છે તે પૈકીનું આ એક છે.૨૧

આને વિશે મહાદેવભાઈએ માત્ર પાંચ શબ્દો નોંધ્યા છે:

'મારાં વખાણ કરી મને અકળાવ્યો.'

પણ ગાંધીજી મહાદેવના કામ અંગે મુગ્ધ હતા એનો અર્થ એ નહીં કે કામ કરાવવા અંગેની તેમની સખતાઈ જરાય ઓછી થતી હતી. ૨૬મી એપ્રિલની ડાયરીનો પૂર્વાર્ધ એનો દાખલો પૂરો પાડે એમ છે:

રાત્રે ખૂબ મળીભેટી સૂઈ ગયા. સવારના પહોરમાં મને બોલાવીને પ્રવચન આપ્યું, 'તમે પ્રેમથી કર્યું છે એટલે શું કહું? પણ આધ્યાત્મિક રીતે તમે બહુ ખોટું કાર્ય કર્યું એમ મારે કહેવું પડે છે. તમે તે દિવસે મારા આવ્યા વિના ન કેમ જમ્યા? મને તે દિવસે બહુ કષ્ટ થયું. તમે પ્રીતિની લાગણીથી ન જમ્યા હો એ પ્રીતિ નકામી છે. માત્ર હું આવું અને ત્યાર પછી આનંદથી ભેગા જમશું એ લાગણીથી ન જમ્યા હો તો એ તો વિષય કર્યા જેવું કહેવાય.'૨૨

આટલું કહીને અટક્યા હોત તો તો બહુ ભયંકર લાગત. મહાદેવભાઈ બિચારા બાપુ બહારથી નથી આવ્યા એટલે જમવા સારુ એમની વાટ જોતા ચૂલા પર રસોઈ રાખીને બેઠા રહે અને એ વાટ જોવાને જ બાપુ 'આધ્યાત્મિક રીતે ખોટું કામ' કહે અને એમ કરવામાં 'વિષય કર્યા જેવું કહેવાય' એવા આકરા શબ્દો વાપરી દે? આપણને સહેજે પ્રશ્ન ઉત્પન્ન થાય કે આ જુલમ ન કહેવાય? પણ ડાયરીનું ત્યાર પછીનું વાક્ય આ પ્રશ્નને નૈતિક મૂલ્યમાપણીના સ્તરથી વ્યાવહારિક ભૂમિકા પર લઈ આવે છે, જેને લીધે ગાંધીજીનું એ કથન થોડું સહ્ય બને છે:

'તમને મારે તરત ક્યાંક મોકલવાના હતા. પણ મેં જોયું કે તમે તો જમ્યા ન હતા. હું શી રીતે આ પ્રમાણે તમારી પાસે કામ લઈ શકું? તમને તમારી બૂરી ટેવને પણ સારી માનવાની ટેવ પડી છે. અમુક ન થઈ શકે એમ તે શું હોય? તમારા પિતાએ અને દુર્ગાએ તમને બહુ પંપાળ્યા છે.'૨૨

ગાંધીજીના વ્યક્તિત્વમાં પૂર્વ-પશ્ચિમનો એક પ્રકારનો સંગમ જોવા મળે છે. એમના આદર્શમાં, ધ્યેયમાં અને કેટલેક અંશે ભાષામાં પણ જેમ પૂર્વની સંસ્કૃતિનો પડઘો પડતો હતો, તેમ એમની કાર્યદક્ષતા, કામ લેવાની ચુસ્તતા અને વ્યક્તિગત જીવનની ટેવોમાં પશ્ચિમી રહેણીકરણીની અસર જણાઈ આવતી હતી. આ અસરને લીધે તેઓ મહાદેવભાઈની કુમળી લાગણીઓ ઉપર પ્રહાર કરવાને તૈયાર થતા હતા.

પણ મહાદેવની ભક્તિ તેમને આ કીડી પરનું કટક સહેવાની શક્તિ આપતી. જોકે ગેરસમજૂતી થતી જ નહીં એમ તો શી રીતે કહી શકાય? સાબરમતી આવ્યા પછી મહાદેવભાઈને ફરી એક વાર ચંપારણ મોકલ્યા. નરહરિભાઈને રાષ્ટ્રીય શાળાના કામ સારુ આશ્રમમાં જ રોકી લીધા. મહાદેવભાઈના મન પર એવી છાપ પડી કે ગાંધીજીની કસોટીમાં તેઓ અધૂરા ઊતર્યા છે તેથી તેઓ તેમને પોતાનાથી દૂર મોકલી દે છે. આ વાતની જાણ થઈ ત્યારે માઠું લગાડવાનો વારો ગાંધીજીનો આવ્યો. મહાદેવભાઈએ વલ્લભભાઈ મારફત એક પત્ર ખેડા મોકલાવીને આ અંગે ફરિયાદ કરી, વલ્લભભાઈ મારફત જ ગાંધીજીએ ઉત્તર લખ્યો:

ભાઈશ્રી મહાદેવ,

જે વચન મેં તમારા ઉપરની મારી અતિશય શ્રદ્ધાને લઈને કહ્યું તેનો તમે ઊંધો જ અર્થ કરશો તે તો મારા સ્વપ્નમાંય નહોતું. તમે મારામાં એટલા બધા વીંટળાઈ ગયા છો કે તેને લીધે તમને ચંપારણ જવામાં આઘાત પહોંચે તે હું ધારતો હતો, પણ તમે અપૂર્ણ નીવડ્યા તેથી તમને ફેંકી દેવાની મેં આવી યુક્તિ શોધી તે તમારી કલ્પનામાં પણ કેમ આવી શક્યું? તમે જ મારી આશા પૂરી કરી શકો એવા મેં માન્યા અને ચંપારણ સૂચવ્યું. દુર્ગાના ગજા ઉપરાંતનું બડહરવાનું કામ નથી, એમ મેં માન્યું છે, એ ગણતરી ભલે ખોટી હોય. હમણાં તો તમારી શાંતિને અર્થે એટલું જ કહું છું કે તમે કરેલી બધી કલ્પના ખોટી છે. તમારી બંનેની શક્તિ વિશેનું મારું માન એ જ મારી સૂચનાનું કારણ છે. તમારી મદદ વિના મને અગવડ પડશે એની હું રાવજીભાઈ તથા દેવદાસ બંને સાથે વાત કરી ચૂક્યો હતો. તમે એવી સ્થિતિ કરી મૂકી છે કે તમારી જગ્યા પૂરવી લગભગ અશક્ય છે. પોલાકને લખેલાં

વાક્યો ખરાં જ છે, તમે મને નિરાશ નથી કર્યો. તમને મેં મારા રાજપ્રકરણી કાર્યને સારુ, કુશળતાને સારુ ને તમારા ચારિત્ર્યને સારુ પસંદ કર્યા છે. તે ઉપરાંત તમે મને અતિ પ્રેમથી બનાવેલી ખીચડી ખવરાવી શકો છો, એ વિશેષ છે.'૨૩

બીજી રાત્રે ગાંધીજી અમદાવાદ આવ્યા: વળતે દિવસે: 'સવારે મારા બેવકૂફી ભરેલા પત્ર પર ભાષણ.'

' "તમે આવો અનર્થ કરશો એવો મને ખ્યાલ ન હતો. તમે મને ભારે અન્યાય કર્યો." પોતાને વિશેની છબી રજૂ કરતાં ગાંધીજીએ આગળ ચલાવ્યું, "હિંદુસ્તાનમાં હું જે નિર્ભયમાં નિર્ભય માણસ ગણાઉં તેને તમે બાયલો બનાવ્યો. હું સીધી રીતે તમને ન કહી શકું, તે તમને આડકતરી રીતે કહ્યું! તમને ખોવામાં મારે જે ભોગ આપવો પડે તે ભોગ હું બડહરવાની શાળાને માટે આપવા તૈયાર છું એટલું પણ તમે ન સમજી શક્યા. મને ખાતરી હતી કે હું તો તમને જ્યાં નાખું ત્યાં તમે કામ પાર ઉતારો. એ લાયકાત સમજીને તમને સૂચના કરેલી. તમારા પત્રથી તમે એ લાયકાત તમારી નથી એમ પુરવાર કર્યું." '

મેં કહ્યું: 'નરહરિને ન મોકલી શકાય અને મને મોકલી શકાય એમ કહ્યું ત્યારે મને એમ થયું કે મારી જરૂર બહુ ઓછી છે.'

બાપુ: 'એ વાત સાચી છે. અહીંની શાળાને માટે નરહરિની જરૂર છે, ત્યાંથી તેને કેમ મોકલાય? હું મારા સેક્રેટરી વિના ન જ ચલાવી શકું એમ નથી. મને અગવડ પડે પણ હું ચલાવી શકું, તમે આપેલું કામ બીજો ન આપી શકે, પણ હું તો મારું કામ મારી મેળે કરતો હોઈ ચલાવી લઈ શકું. માત્ર એટલું કે તમે હો તો હું કરું તેના કરતાં બમણું કામ કરું. એ ભોગ આપવા હું તૈયાર થયેલો.'૨૪

મહાદેવ શરમાયા હશે. એમના આળા સ્વભાવને લીધે આગળ ઉપર પણ મનદુ:ખના પ્રસંગો બનશે.

આ પ્રકરણ પૂરું કરતાં પહેલાં આપણે એક હકીકતની નોંધ લઈ લઈએ જે એમ તો કાળક્રમે દોઢ-પોણા બે વર્ષ પછીની છે. ગાંધીજીને ઘણા સંઘર્ષો વખતે જેમનો સામનો કરવો પડ્યો છે તે પણ વિચક્ષણ પુરુષો હતા. સહેજે ગાંજ્યા જાય એવા નહોતા. ૧૯૧૮ના માર્ચથી જૂન માસ લગી ચાલેલા ખેડાના સંઘર્ષમાં સામે પક્ષે જે અનેક સરકારી અમલદારો હતા તેમાં કમિશનર મિ. પ્રેટ આવા વિચક્ષણ પુરુષ હતા. અમદાવાદના મિલમજૂરોના પ્રશ્ન અંગે ગાંધીજીને નિમંત્રણ આપનાર તેઓ હતા. પણ ખેડાની પ્રજા પાસે પ્રતિજ્ઞા તોડાવવાના પ્રયત્ન એટલે સુધી કરી શક્યા કે અમદાવાદમાં

તો મજૂરોએ મારી હાજરીમાં પ્રતિજ્ઞાને ફગાવી દીધી હતી એમ કહી દીધું. ખેડૂતોને નડિયાદમાં સંબોધતી વખતે એક બાજુ 'ગાંધીજી તો પવિત્ર પુરુષ છે' એમ કહી, 'પણ ભારતમાં નવાસવા આવ્યા છે, એટલે જમીનનો પ્રશ્ન તમારે મારા જેવા પાસે સમજવો જોઈએ' એમ કહેનાર મિ. પ્રેટે આ લડત પૂરી થઈ પછી લગભગ દોઢ વરસે, અમૃતસર કૉંગ્રેસમાં ગાંધીજીએ એકંદરે જે બ્રિટિશ સરકાર પ્રત્યે વિશ્વાસ દેખાડ્યો હતો તે જોઈ પોતે રજા પર ઇંગ્લંડ ગયા હતા ત્યાંથી ગાંધીજીને નામ એક પત્ર લખ્યો હતો, જે ગાંધીજી બાબત એમના થયેલા વિચારપલટા (કે હૃદયપરિવર્તન?)નો દ્યોતક છેઃ અને સત્યાગ્રહની પ્રતિપક્ષી પર કેવી અસર પડે છે તેનો પુરાવો છેઃ

૧૮–૨–૧૯૨૦

ભાઈશ્રી ગાંધી,

'હિંદમાંથી મારી ગેરહાજરી દરમિયાન ઇંગ્લંડનાં તથા હિંદનાં વર્તમાનપત્રો દ્વારા હિંદમાં બનતી ઘટનાઓથી હું ઠીક ઠીક વાકેફ રહું છું. એક-બે અઠવાડિયાં પહેલાં અમૃતસર કૉંગ્રેસમાંનું તમારું ભાષણ મેં વાંચ્યું. એ કૉંગ્રેસમાં તમે અને મિ. ઝીણાએ વહેમ અને નિરાશાની સામે વિશ્વાસ અને સહકારની લડત ચલાવી છે. મને થઈ આવ્યું કે તમે લીધેલા વલણ માટે હું તમને લખું અને અભિનંદન આપું. આ હું એક ખાનગી વ્યક્તિ તરીકે લખું છું. ભૂતકાળમાં આપણા સંબંધો સુમેળવાળા નહોતા જ. મારે માટે કહું તો મને લાગે છે કે તમારી સામે મેં જે આકરા વિચારો દર્શાવ્યા છે અને આકરાં વેણ ઉચ્ચાર્યાં છે તેનો જરાયે બચાવ થઈ શકે એમ નથી. પણ ભૂત કરતાં ભવિષ્ય વધારે મહત્ત્વનું છે અને તમારા અદ્‌ભુત ભાષણમાં મૈત્રી અને સહકારની ભાવનાથી તમે પોતાનો હાથ લંબાવ્યો છે, તે, એ જ ભાવનાથી હું પકડવા ઇચ્છું છું. હું આશા રાખું છું કે ઘણુંખરું માર્ચના આખર સુધીમાં હું અમદાવાદ આવી પહોંચીશ. તમને ફરી મળવાનો આનંદ મેળવવા હું ઉત્કંઠિત છું.૨૫

તમારો,

ઍફ. પ્રેટ

નોંધઃ

૧. નરહરિ પરીખઃ सरदार वल्लभभाई – ૧ : પૃ. ૭૯.

૨. એજન, પૃ. ૮૦-૮૧.

૩. મહાદેવભાઈની ડાયરી – ૪ : પૃ. ૪૫.

૪. નરહરિ પરીખ: સરદાર વલ્લભભાઈ – ૧ : પૃ. ૮૭.

૫. એજન, પૃ. ૧૦૩.

૬. ગાંધીજીનો અક્ષરદેહ – ૧૪ : પૃ. ૨૧૧. ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને પત્ર.

૭. નરહરિ પરીખ: સરદાર વલ્લભભાઈ – ૧ : પૃ. ૧૦૩.

૮. એજન, પૃ. ૧૦૩.

૯. ગાંધીજીનો અક્ષરદેહ – ૧૪ : પૃ. ૨૪૦.

૧૦. નરહરિ પરીખ સરદાર વલ્લભભાઈ – ૧ : પૃ. ૧૧૧

૧૧. એજન, પૃ. ૧૧૧.

૧૨. ગાંધીજીનો અક્ષરદેહ – ૧૪ : પૃ. ૨૯૧.

૧૩. નરહરિ પરીખ: સરદાર વલ્લભભાઈ – ૧ : પૃ. ૧૧૪.

૧૪. એજન, પૃ. ૧૧૭.

૧૫. એજન, પૃ. ૧૧૭

૧૬. એજન, પૃ. ૧૨૦.

૧૭. ગ. મા. નાંદુરકર, સરદારશ્રીના પત્રો, ભાગ-૪ : પૃ. ૨૮

૧૮. મહાદેવભાઈની ડાયરી – ૪ : પૃ. ૩૦

૧૯. એજન, પૃ. ૮૧

૨૦. એજન, પૃ. ૬૦

૨૧. એજન, પૃ. ૬૧

૨૨. એજન, પૃ. ૮૬-૮૭

૨૩. એજન, પૃ. ૧૦૪

૨૪. એજન, પૃ. ૧૦૫

૨૫. એજન, પૃ. ૪૭ પાદટીપ.

# પંદર – સૈન્યભરતી

હવે આપણે એક એવા પ્રકરણને લઈએ છીએ જેને અંગેની ગેરસમજૂતી હજીયે પૂરેપૂરી ગઈ નથી. આપણને એ બાબતમાં રસ છે કે આ વિશે મહાદેવની ભૂમિકા કેવી હતી.

અને એ પ્રકરણ તે ગાંધીજી દ્વારા સૈન્યભરતીના પ્રયાસનું પ્રકરણ. પહેલા વિશ્વયુદ્ધના કટોકટીના એ દિવસો હતા. અંગ્રેજ અમલદારો એ યુદ્ધમાં બ્રિટિશ સામ્રાજ્યના ભાગ તરીકે ભારત બધી રીતે ઇંગ્લંડ પક્ષે મદદ કરે એવા પ્રયત્ન કરતા હતા. ગાંધીજી ખેડાના સત્યાગ્રહમાં રોકાયેલા હતા તે ટાણે જ વાઇસરૉયે પોતે બોલાવેલી યુદ્ધપરિષદ સારુ તેમને આમંત્ર્યા હતા. વાઇસરૉયના નિમંત્રણને માન આપીને તેઓ દિલ્હી ગયા તો ખરા, પણ એમને સતત એ વાત ખૂંચતી હતી કે જે પરિષદમાં ટિળક મહારાજ અને એની બેસંટ જેવા નેતાઓને બોલાવવામાં નહોતાં આવ્યાં તેમાં જવાથી લાભ શો? વળી મૌલાના શૌકતઅલી અને મહમદઅલી તો તે વખતે નજરકેદ હતા. એટલે એમની હાજરીનો પણ ત્યાં અભાવ સાલવાનો હતો. તેથી તેઓ મનમાં એમ વિચારીને ગયા હતા કે દિલ્હીમાં વાઇસરૉયને વ્યક્તિગત રીતે મળીશું. એમની આગળ આ લોકોને ન બોલાવવા અંગે વિરોધ નોંધાવીને પાછા આવીશું. પણ દિલ્હીમાં વાઇસરૉયે તેમની જોડે જે સલૂકાઈથી વાતચીત કરી અને પોતાની લાચારી પ્રદર્શિત કરી, તેનાથી તેઓ પીગળ્યા. તેમણે પરિષદમાં હાજરી આપી એટલું જ નહીં, પણ યુદ્ધમાં મદદ કરવા અંગેના ઠરાવને માત્ર એક વાક્ય હિંદીમાં બોલીને ટેકો આપ્યો. વાઇસરૉય સાથેની મુલાકાતને પરિણામે એમના જ શબ્દોમાં, એમની 'ન્યાયવૃત્તિ ઉપર ક્ષાત્રવૃત્તિએ વિજય મેળવ્યો.' તેથી તેઓ

પરિપદમાં હાજર રહ્યા. પરિપદને અંતે ગાંધીજીએ વાઇસરૉયને એક પત્ર લખ્યો. તેના કેટલાક અંશો આ રહ્યા:

'જે સલ્તનતમાં સામ્રાજ્યના બીજા ભાગોની સાથે નજીકના ભવિષ્યમાં અમે સંપૂર્ણતાએ ભાગીદાર થવાની આશા રાખીએ છીએ, તેને આપત્તિકાળે જરાય આનાકાની વિના પૂરેપૂરી મદદ આપવાનો અમારો ધર્મ છે. પણ મારે આટલું સ્પષ્ટ કરવું જોઈએ કે તેની સાથે એ આશા રહેલી જ છે કે અમારી મદદને પરિણામે અમારા ધ્યેયને અમે સત્વર પહોંચી શકીશું. કર્તવ્યનું પાલન કરતાંની સાથે જ તેને લગતા હકો આપોઆપ મળી જાય છે, એ ન્યાયે લોકોને આટલું માનવાનો અધિકાર છે કે જે સુધારાઓ તરતમાં થવાની આશા આપના ભાષણમાં આપવામાં આવી છે તે સુધારામાં કૉંગ્રેસ અને મુસ્લિમ લીગની મુખ્ય માગણીઓનો સમાવેશ થશે.

'હું મારા દેશબંધુઓને સમજાવી શકું તો... સામ્રાજ્યની આ અણીને વખતે બધા સશક્ત હિંદીઓને તેના રક્ષણ અર્થે મૂંગે મોઢે હોમાઈ જવા પ્રેરું. હું જાણું છું કે આટલું કરવાથી જ અમે સામ્રાજ્યના મોટામાં મોટા અને આદરપાત્ર ભાગીદાર બની જઈએ, અને રંગભેદ તથા દેશભેદ તો ભૂંસાઈ જ જાય. ... હિંદુસ્તાનમાં એવા ઘણા છે કે જેઓ માને છે કે હોમ રૂલ મેળવવાને સારુ જેટલો ભોગ આપીએ એટલો ઓછો છે. તેની સાથે તેઓ એટલું સમજવા જેટલા પણ જાગ્રત છે કે જે સામ્રાજ્યમાં પૂરેપૂરું માનનું સ્થાન મેળવવાની તેઓ આશા રાખે છે, તે સામ્રાજ્યને માટે ભોગ આપવાને તેઓએ એટલા જ તૈયાર રહેવું જોઈએ. તેમાંથી એ ફલિત થાય છે કે સામ્રાજ્યને તેની ઉપર ઝઝૂમતા ભયમાંથી મુક્ત કરવાને માટે અમે કશું બોલ્યાચાલ્યા વિના પૂરેપૂરા હોમાઈ જઈએ તો જ અમારા ધ્યેયને અમે વહેલા પહોંચી શકીએ. આ સાદું સત્ય ન સ્વીકારવું એ રાષ્ટ્રના આત્મઘાત સમાન છે. અમારે સમજવું જ જોઈએ કે સામ્રાજ્યને બચાવવામાં અમે બરાબર હિસ્સો લઈશું, તો એટલાથી જ અમારું હોમ રૂલ અમારા ખોળામાં આવીને પડશે.

'... પરિષદમાં મેં અને બીજા જેઓએ ટેકો આપ્યો છે તેમણે તો મરતાં લગી મદદ આપવાનો નિશ્ચય કર્યો જ છે. પણ અમારી સ્થિતિ કફોડી છે. આજે અમે સામ્રાજ્યના સમાન ભાગીદાર નથી. અમારા બલિદાનનો પાયો ભવિષ્યની આશા ઉપર બંધાયેલો છે. એ આશા કઈ છે એ સાફ અસંદિગ્ધ ભાષામાં હું ન જણાવું તો આપને અને મારા દેશને હું બેવફા ગણાવું. હું આજે મારું સારું કરવા નથી ઇચ્છતો પણ આપે એટલું તો

જાણવું જોઈએ કે અમને નિરાશા સાંપડશે તો સામ્રાજ્યને વિશેની અમારી આજ લગીની માન્યતા એક ભ્રમણારૂપ થઈ જશે.

'બીજી એક વાત પણ કહેવાનું મારે ચૂકવું જોઈએ નહીં, આપે ઘરના કજિયા ભૂલી જવાનું સૂચવ્યું છે. તેનો અર્થ જો એમ હોય કે અમલદારોનાં જુલમો અને અપકૃત્યો અમારે મૂંગે મોઢે સહન કર્યાં કરવાં તો એ અમારે માટે અશક્ય છે. વ્યવસ્થિત અત્યાચારનો તમામ શક્તિ વાપરીને સામનો કરવો એ હું ધર્મ સમજું છું. ...ખેડાની રૈયત સરકારને ગાળો દેતી હતી તે આજે સમજી ગઈ છે કે તેનામાં જ્યારે સત્યને સારુ દુઃખ વેઠવાની શક્તિ હોય છે ત્યારે ખરી સત્તા સરકારની નહીં, પણ લોકોની ચાલે છે. આજે તેમનામાં કડવાશ ઓછી થઈ ગઈ છે. અને જે રાજ્યસત્તાએ સવિનય કાયદાભંગને માન્ય કર્યો તે સત્તા લોકમતને છેક અવગણનારી ન હોય એવી તેની પ્રતીતિ થઈ છે. તેથી મારી એવી માન્યતા છે કે ચંપારણ અને ખેડામાં મેં જે કામ કર્યું છે તે, આ યુદ્ધમાં મારો સીધો, સ્પષ્ટ અને વિશિષ્ટ ફાળો છે. ...જો શરત્રબળને બદલે આત્મબળને લોકપ્રિય કરવામાં હું સફળ થાઉં તો હું જાણું છું કે હું હિંદુસ્તાનને એવું બનાવી શકું જે, આખા જગતની તેની ઉપર કરડી નજર થાય તો તેની સામે પણ ઝૂઝી શકે. ...

'હું આ લખું છું કારણ, અંગ્રેજ પ્રજાને હું ચાહું છું અને (સામ્રાજ્ય પ્રત્યે) જે વફાદારી અંગ્રેજમાં હોય તે જ વફાદારી દરેક હિંદીમાં હું જગાવવા ઇચ્છું છું.'૧

ત્યાર બાદના તરતના કાળમાં સૈન્યભરતીમાં ભાગ લેવાનાં કારણો દર્શાવનારા ગાંધીજીએ ઘણા કાગળો લખ્યા છે, જેની નકલ મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં રાખી છે. મહાદેવભાઈની ડાયરીના ચોથા ભાગની પ્રસ્તાવનામાં શ્રી નરહરિભાઈએ આ બધા પત્રોના સારરૂપ કેટલાક ઉતારાઓ ટાંક્યા છે. ગાંધીજીના આ અંગેના વિચારો સમજવામાં આ ખૂબ ઉપયોગી થઈ પડશે એમ માનીને પ્રસ્તાવનાનો એ ભાગ લગભગ આખો જ જોઈએ:

'જે પ્રજા લડવાને માટે નાલાયક છે તે ન લડવામાં રહેલા ગુણો વિશે પોતાના અનુભવોની સાબિતી આપી શકે નહીં. આ ઉપરથી હું એવું અનુમાન કાઢવા માગતો નથી કે હિંદુસ્તાને લડવું જ જોઈએ. પણ હું એટલું જરૂર કહેવા ઇચ્છું છું કે હિંદુસ્તાનને લડવાની કળા આવડતી હોવી જોઈએ.

'જેને શસ્ત્રકળા શીખવી છે, જેને મારી જાણવું છે તેને હું હિંસા કરતાં પણ શીખવું.

આ વખતે હું કંઈ ન કરી શકું તો તમારે એમ સમજવું કે મારી તપશ્ચર્યા ઓછી છે. માર્યા વિના જેને મરતાં ન આવડે તેણે મારીને મરતાં શીખવું.

'મારું નામ મેં લશકરભરતીમાં આપ્યું તે જ વખતે મેં જણાવ્યું હતું કે હું દુશ્મનને કે મિત્રને કોઈને મારવાનો નથી. પણ જે લોકોને લડવાનો બાધ નથી, પણ કાં તો કાયરપણાને લીધે, કાં તો અંગ્રેજો પ્રત્યેના દ્વેષને લીધે લડવા તૈયાર થતા નથી, તેમના પ્રત્યે મારી શી ફરજ છે? તેમને મારે શું એમ ન કહેવું જોઈએ કે મારો માર્ગ ન સ્વીકારતા હો તો તમારે તમારું કાયરપણું અથવા દ્વેષ જે હોય તે છોડી દેવાં જોઈએ અને લડવું જોઈએ? જે માણસ મારવાની શક્તિ ધરાવતો નથી તેને તમે અહિંસા શીખવી શકો નહીં.

'હિંસક માણસોને તેમની હિંસા ઓછામાં ઓછી નુકસાનકારક રીતે કરવાનું શીખવીને, તે શીખવવાની ક્રિયામાં જ અહિંસાના સદ્‌ગુણ સમજાવવામાં કદાચ હું સફળ થાઉં. આ રીતે જ અહિંસા અથવા સત્યાગ્રહના સિદ્ધાંતનો હું કદાચ વધારે સારી રીતે પ્રચાર કરી શકું.

'અહિંસા એટલે મારવાની અથવા તો ઈજા પહોંચાડવાની ઇચ્છાને નાબૂદ કરી નાખવી. અહિંસા એવા જ માણસો પ્રત્યે આચરી શકાય જેઓ આપણા કરતાં બધી રીતે ઊતરતા હોય. એનો અર્થ એ થયો કે પૂર્ણ અહિંસાધર્મીએ છેવટની પૂર્ણતા પ્રાપ્ત કરેલી હોવી જોઈએ. ત્યારે આનો અર્થ શું એવો થયો કે આપણે બધા પૂરા પ્રેમધર્મી બનીએ તે પહેલાં આપણે સૅન્ડો થવાનો પ્રયત્ન કરવો જોઈએ? ના. એ અનાવશ્યક છે. આપણે દુનિયા સામે અડગ ઊભા રહી શકીએ એટલું બસ છે. એ જાતની હિંમત આપણામાં હોય એ તદ્દન જરૂરી છે. કેટલાકમાં આવી હિંમત તેઓ લડવાની તાલીમ મેળવે ત્યાર પછી જ આવી શકે.

'પ્રજાનું ફરજિયાત નિશસ્ત્રીકરણ થયું છે. પણ દિલમાંથી મારવાની ઇચ્છા જરાય ગઈ નથી. x x x હિંદુસ્તાનને માટે વધારેમાં વધારે કહી શકાય તો તે એટલું જ કે, અહીં કેટલીક વ્યક્તિઓએ બીજા દેશો કરતાં અહિંસાના સિદ્ધાંતને લોકપ્રિય બનાવવા માટે વધારે ભારે પ્રયાસો વધુ સફળતા સાથે કર્યા છે. પણ તે ઉપરથી એવો મત બાંધવાને કારણ નથી કે લોકોમાં અહિંસાના સિદ્ધાંતે ઊંડાં મૂળ ઘાલ્યાં છે.

'અહિંસાનો પાઠ તો એ માણસને આપવાનો છે જેનું જીવન જુસ્સાથી તરવરતું હોય અને જે પોતાના વિરોધીની સામે છાતી કાઢીને ટટાર ઊભો રહી શકે એમ હોય. મને

લાગે છે અહિંસા પૂરેપૂરી સમજવા માટે અને બરાબર પચાવવા માટે શારીરિક હિંમતનો પૂરો વિકાસ થયેલો હોવો પણ અનિવાર્ય છે.

'કોઈ પણ માણસના મનમાં અહિંસા એટલે કે, પૂર્ણ પ્રેમનો સિદ્ધાંત ઉતારવા માટે એનું મન પ્રાણવાન શરીરની મારફત બરાબર ખીલીને પરિપક્વ થાય તેની મારે રાહ જોવી જોઈએ.

'જ્યારે દરેક હિંદીને હું લશ્કરમાં જોડાવાનું કહું છું ત્યારે સાથે સાથે સતત એને કહેતો રહું છું કે એ લશ્કરમાં જોડાય છે તે લોહીની તરસ છિપાવવા માટે નહીં પણ મરણનો ભય ન રાખવાનું શીખવા માટે છે. x x x લશ્કરભરતીના મારા દરેક ભાષણમાં સૈનિકની ફરજના આ ભાગ ઉપર મેં વધારેમાં વધારે ભાર મૂક્યો છે. એવું મારું એક પણ ભાષણ નથી થયું જેમાં મેં કહ્યું હોય કે "જર્મનોને મારવા માટે આપણે જઈએ!" મારી માગણીના જવાબમાં ખૂબ મોટી ભરતી થશે અને અમે બધાં ફ્રાન્સમાં જઈને લડાઈનું પલ્લું જર્મનોની સામે ફેરવી શકીશું તો મને લાગે છે કે અમારી વાત સંભળાવવાનો હિંદને અધિકાર પ્રાપ્ત થશે અને હિંદ કાયમી સુલેહ કરાવી શકશે. હવે આગળ કલ્પના કરો કે નિર્ભય માણસોનું લશ્કર ઊભું કરવામાં હું સફળ થાઉં અને એ લોકો ખાઈઓમાં પહોંચી જાય અને પ્રેમપૂર્ણ હૃદયે પોતાની બંદૂકો મૂકી દઈ જર્મનોને પડકાર આપે કે તમારા માનવબંધુ એવા અમારી ઉપર ગોળી ચલાવો, તો હું કહું છું કે જર્મન હૃદય પણ પીગળી જશે. જર્મનો એકલી રાક્ષસી વૃત્તિવાળા જ છે એવો આરોપ તેમના ઉપર મૂકવાનો હું ઇનકાર કરું છું.

'એટલે આ બધાનો અર્થ એ થયો કે અપવાદરૂપ સંજોગોમાં એક આવશ્યક અનિષ્ટ તરીકે યુદ્ધનો આશ્રય લેવો પડે, જેમ આપણે આપણા શરીરનો લઈએ છીએ તેમ. યુદ્ધ પ્રત્યે અહિંસાવાદી તટસ્થતાથી જોતો બાજુએ ઊભો રહી શકે નહીં. તેણે પોતાની પસંદગી કરી જ લેવી જોઈએ, કાં તો યુદ્ધમાં સક્રિય સહકાર આપે, કાં તો યુદ્ધનો સક્રિય વિરોધ કરે.'૨

આટલા ઉતારા આપ્યા પછીયે નરહરિભાઈને સંતોષ થતો નથી. તેથી તેઓ કહે છે:

'ડાયરીમાંનાં આ વિશેનાં બધાં લખાણમાં બાપુજી પોતાના મનોભાવો સંપૂર્ણ રીતે પ્રગટ કરી જ શક્યા છે એમ ન કહી શકાય.'

એ સ્પષ્ટ છે કે ગાંધીજીની ભૂમિકા આ બાબત હજી શોધકની જ હતી. કાંઈ લાધેલું સત્ય તેઓ જગત આગળ (કે વાઇસરૉય આગળ) ધરી નહોતા રહ્યા. તેઓ બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યે તે કાળે વફાદાર હતા અને જ્યારે એની પ્રત્યે બંડખોર બન્યા ત્યારે પણ

બ્રિટિશ પ્રજા પ્રત્યેનો પ્રેમ તો તેમનો એવો ને એવો જ રહ્યો હતો. વ્યક્તિગત રીતે તેઓ પોતે શસ્ત્ર હાથમાં લેવાના નહોતા, પણ શસ્ત્ર લેવાનો જેમને બાધ ન હોય તેવા યુદ્ધમાં સશસ્ત્ર સાથ આપે તેમ તેઓ કહેતા. ઇંગ્લંડ પ્રત્યેની તેમની વફાદારી એક વિશિષ્ટ અર્થની અને તેથી મર્યાદિત હતી. તેઓ કહે છે: ‘હું ઇંગ્લંડને વળગી રહ્યો છું તેનું કારણ એટલું જ છે કે હિંદુસ્તાન દુનિયાને પોતાનો સંદેશો ઇંગ્લંડ મારફત વધારે સારી રીતે આપી શકશે.’ આ એક વિવાદાસ્પદ વિષય છે. પોતાના પક્ષની સામેની મોટામાં મોટી દલીલ રજૂ કરતાં તેઓ જ પાછા કહે છે:

‘બીજી તરફથી હિંદુસ્તાનને નિ:શસ્ત્ર કરવાનું ઇંગ્લંડનું કૃત્ય, તેમની ગુમાનભરી અને અમને ભાગ નહીં લેવા દેનારી લશ્કરી નીતિ, અને હિંદુસ્તાનના ધનનું અને કળાનું અંગ્રેજોના વેપારલોભની વેદી ઉપર અપાયેલું બલિદાન, એ બધાને હું એટલું ધિક્કારું છું કે મારામાં પેલી શ્રદ્ધા ન હોત તો હું ક્યારનોયે બળવાખોર બન્યો હોત.૩

એ હકીકત છે કે મહાદેવભાઈના મનમાં ગાંધીજી જેવી અંગ્રેજ પ્રત્યેની વફાદારી નહોતી અથવા એ કહેવું કદાચ વધારે સાચું છે કે તેમણે એ બાબત બહુ ઊંડો વિચાર કર્યો નહીં હોય અને એમને ગાંધીજી જેવો અનુભવ તો નહોતો જ.

મહાદેવભાઈની ભૂમિકા તે વખતે બે પ્રકારની હતી. એક તો દરેક વિષયમાં ગાંધીજીની ભૂમિકા સમજી લેવાની અને એને શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લેવાની. એટલે તેમણે આ વિષય પર ખાસ દલીલો કરી નથી અને ગાંધીજી સૈન્યભરતી વિશે જે કાંઈ કહેતા હતા, તેની તેઓ માત્ર નોંધ કરતા રહેતા હતા. આ જ ભૂમિકામાં ગાંધીજી જે કહે તે પ્રકારની તાલીમ લેવા તેઓ તૈયાર રહેતા હતા.

બીજી ભૂમિકા હતી પોતામાં દોષદર્શી પૂજાને સ્થાને અદોષદર્શી ભક્તિ વાસ કરે તેનો પ્રયાસ કરવાની. ગાંધીજી પાસે આવતાંની સાથે જ એમણે શિષ્યપણું સ્વીકારી લીધું હતું. એ શિષ્યપણા સારુ ગુરુના દોષ દેખાય તોપણ તે ન જોવાનો પ્રયાસ કરતા. એટલે એમના વ્યવહાર વિશે કાંઈક પ્રશ્ન ઉત્પન્ન થાય તો તેને શંકાની નજરે જોવાને બદલે ‘આ વિષય આપણી પહોંચ બહારનો છે; આમાંય કાંઈક સારપ હશે, મને મારી મર્યાદાને લીધે એ નથી દેખાતી. મારી મર્યાદા હું શોધી કાઢું, તો મને આજે જ્યાં દોષ કે વાંક દેખાય છે તેને પણ હું સમજી શકીશ.’ એવી વૃત્તિ તેમનામાં હતી.

અલબત્ત, ગાંધીજી આ વૃત્તિને પોસતા નહોતા. એમના સાથીઓ પૈકી કોઈ એમની ટીકાઓ કરે તો તેઓ હરખાતા અને એ ટીકાને વધાવતા. જોકે એનો અર્થ એ નહીં કે

હંમેશાં એવી ટીકાને તેઓ સ્વીકારી લેતા, તેઓ પોતે પણ સામી દલીલો કરતા અને આવી જે ચર્ચાઓ ચાલતી તેને પરિણામે બંને એકબીજા પર પ્રભાવ પાડતા.

મહાદેવભાઈને ગાંધીજી સાથેના મતભેદો પ્રગટ કરતાં થોડો વખત લાગ્યો. મતભેદો પ્રગટ કરવાનાં ઉદાહરણો આપણે આગલાં પ્રકરણોમાં જોઈશું. એમ કરતાં વધુ સહજ રીતે ગાંધીજીની વાત સમજી લઈને એમની સાથે તાદાત્મ્ય અનુભવવાની વૃત્તિ આવી. આની પાછળ એક તરફ કામ કરતી હતી મહાદેવભાઈની ભક્તિ, જે તર્કના ક્ષેત્રથી તેમને પર લઈ જતી હતી. બીજી તરફ કામ કરતી હતી તેમની નમ્રતા, જે એમની ભક્તિના ગુણનો જ એક ભાગ હતી. તે નમ્રતાને લીધે મોટે ભાગે મતભેદ થાય તો તેમાં ગાંધીજીનો દોષ શોધવાને બદલે તેઓ એમાં પોતાનો દોષ ક્યાં છે એ જ શોધવા પ્રયાસ કરતા.

આવાં કારણોને લીધે સૈન્યભરતીના વિષયમાં આપણે મહાદેવભાઈને મોટે ભાગે ગાંધીજી સાથે મતભેદ પ્રગટ કરતા જોતા નથી. ગાંધીજી કોઈ મુદ્દો મૂકે તો 'આ મુદ્દો તમે પોતે સૌ આગળ સ્પષ્ટપણે મૂક્યો છે ખરો?' કે એવો કોઈ પ્રશ્ન પૂછી લેતા, પણ વધુ તર્ક કરતા નહીં.

અહીં એ પણ સ્પષ્ટતા કરી લઈએ કે સૈન્યભરતીના પ્રયાસો ગાંધીજીએ આદર્યા ત્યારે મહાદેવભાઈને એમની સાથે જોડાયે માત્ર છ-સાત માસ જ થયા હતા. એમની ઇચ્છા ત્યારે ગાંધીજીના તત્ત્વની છણાવટ કરવા કરતાં એનું પાન કરવાની હતી. એ ભૂમિકા જ્ઞાનીની નહીં, પણ સગુણ સાકાર ભક્તની હતી.

તેથી જ્યારે સૈન્યભરતી સારુ નામો નોંધાવવાની વાત આવી ત્યારે શરૂઆત ગાંધીજીએ પોતાના નામથી કરી. પણ પછી જે નામો આવ્યાં તે તમામ આશ્રમવાસીઓનાં હતાં. એ કહેવાની જરૂર ન હોય કે એ નામોમાં મહાદેવભાઈનું નામ આગલી હરોળમાં હતું. અલબત્ત, ગાંધીજીની સાથે આ આશ્રમવાસીઓએ પણ માન્યું હતું કે તેઓ શસ્ત્રો નહીં ઉપાડે. યુદ્ધમાં મરવાની તેમની તૈયારી હશે, ઘાયલોની તેઓ સેવા કરશે, પ્રત્યક્ષ શસ્ત્રો ઉપાડવાને બાદ કરતાં બીજી રીતે જે યુદ્ધમાં મદદ થઈ શકતી હોય તો તે કરવા તૈયાર હતા.

એ વાત પણ સાફ છે કે ગાંધીજીની ભૂમિકા પશ્ચિમના શાંતિવાદીઓ જેવી યુદ્ધમાત્રના વિરોધની નહોતી. ગુલામ દેશના આઝાદી માટે ઝૂઝતા નેતાની ભૂમિકામાં રાષ્ટ્રવાદનું તત્ત્વ અવશ્ય થોડેઘણે અંશે પણ આવવાનું જ. અલબત્ત, આ રાષ્ટ્રવાદ તેમને બીજા

દેશો પર આક્રમણ સુધી લઈ જાય એવો ઝનૂની અને સંકુચિત રાષ્ટ્રવાદ નહોતો. પણ એ રાષ્ટ્રવાદ એમને પોતાના દેશ પર આક્રમણ થતું હોય તો શસ્ત્રો વિનાયે એનો મુકાબલો કરવાને પ્રેરતો હતો. એમણે પોતે દક્ષિણ આફ્રિકામાં ઝૂલુ યુદ્ધ દરમિયાન સેવાનો અનુભવ લીધો હતો. તેથી, લગભગ એ અનુભવને આધારે જ પોતાના સાથીઓને એને અનુરૂપ પ્ર-શિક્ષણ આપવા માંડ્યું. એક કિશોર તરીકે તે કાળે ખેડા જિલ્લામાં ગાંધીજીના રસાલામાં થોડા દિવસો સારુ આવેલા શ્રી પ્રભુદાસ ગાંધીએ ગાંધીજી દ્વારા અપાતી તાલીમનો તાદશ ચિતાર આપ્યો છે:

'બાપુજી તદ્દન પથારીવશ થઈ ગયા હતા. એમની બીમારી મટતી નહોતી. એમને શરીરે પુષ્કળ નબળાઈ આવી ગઈ હતી. પણ એમનું ચિંતન મોળું નહોતું પડ્યું. એક દિવસ, નમતી બપોરે, ઓશીકા બાજુ ઊભેલા મહાદેવભાઈને બાપુજીએ સાવ ધીમા અવાજે કહ્યું: "અત્યારે તો રંગરૂટ ભરતી માટે આપણું ફાળાનું અટકી પડ્યું છે. હમણાં દિવસો બધા વીત્યે જાય છે. હું પથારીવશ છું, પણ આ સમયનો લાભ લઈ તમારે તમારા શરીરને રંગરૂટ થવા લાયક બનાવવું જોઈએ. રીતસર રંગરૂટમાં ભરતી થયા પછી કવાયત શીખવાની રહેશે. એ માટે શરીર પૂરતું કસાયેલું હોવું જોઈએ. અત્યારથી તમારે લાંબું ચાલવાની શક્તિ મેળવી લેવી જોઈએ. સવારની પ્રાર્થના પછી રોજ સવારે દૂર સુધી ચાલવાનું રાખવું, એટલે લાંબું ચાલવાની ટેવ પડશે." '

મહાદેવભાઈએ બાપુજીની આ સૂચના કશાયે વિવાદ વિના સાંભળી લીધી. અને બીજે જ દિવસે અમારી પરોઢની પ્રાર્થના પૂરી થયા પછી અંધારામાં જ ફરવા નીકળી ગયા. સૂરજ ચડ્યે પાછા અનાથાશ્રમમાં જ ઉપલે માળે બાપુજી પાસે આવ્યા.

બાપુજીએ મહાદેવભાઈ પાસે હિસાબ માગ્યો: 'કેટલે જઈ આવ્યા?' પોતે વહેલા ફરવા ગયા અને સાત-આઠ માઈલ જેટલે જઈ આવ્યા એ મહાદેવભાઈની વાત સાંભળીને બાપુજીને મુદ્દલ સંતોષ ન થયો. એમણે ચોખ્ખા શબ્દોમાં મહાદેવભાઈને આદેશ જ આપ્યો:

'તમારે રોજ અઠ્ઠાવીસ માઈલ તો ચાલવું જ. સવારે વીસ માઈલ અને સાંજે આઠ માઈલ.'

મહાદેવભાઈએ રોજ અઠ્ઠાવીસ માઈલ ચાલવાનો બાપુજીનો આદેશ એક સાચા સિપાઈની પેઠે ચૂપચાપ સ્વીકારી લીધો.

એ વાતને બીજે દિવસે મહાદેવભાઈ ફરવા નીકળ્યા ત્યારે તેમણે મને પણ સાથે લીધો, કેમ કે એમને પોતાનો દૈનિક કાર્યક્રમ બદલવો પડે એમ હતું.

નડિયાદથી મહેમદાવાદ જતી સડકવાળા માઈલના પથ્થરોના આંકડા જોતાં જોતાં અમે મધ્યમ ગતિથી ચાલવા માંડ્યું. મહાદેવભાઈ સારી પેઠે ઊંચાઈવાળા હોવાથી લાંબે ડગલે ચાલતા હતા. પણ હું પાછળ ન રહી જાઉં એનું ધ્યાન રાખતા હતા. સવારના પહોરના સમયનો પૂરો ઉપયોગ કરવા સારુ મહાદેવભાઈએ ચાલતાં ચાલતાં મને ગુજરાતી ભાષાનું બહોળું જ્ઞાન આપવા માંડ્યું.

ગુજરાતી ભાષાની કહેવતો યાદ કરી કરીને એમાંનો મર્મ સમજાવે, 'પાણી પાયું', 'પાણી બતાવ્યું', અને 'પાણીચું આપ્યું' — એમ એક એક શબ્દ જુદી જુદી રીતે વાપરતાં અર્થ કેવો બદલાઈ જાય છે તે ખૂબી બતાવી. એક જ અર્થ બતાવનારા કેટકેટલા શબ્દો છે એ ગણાવતા જાય અને મીઠું મીઠું મિત કરતા જાય. એટલે ચાલવાનું રસમય બની જતું હોય અને પંથ સહેલાઈથી કપાતો જતો હતો.

ચાલતાં ચાલતાં ચાર માઈલ પૂરા થાય ત્યારે મહાદેવભાઈ મને કહે કે, 'તું અહીં રોકાઈ જા. ઝાડને છાંયે બેસ. હું બીજા છ માઈલ પૂરા કરી પાછો આવું ત્યારે આપણે સાથે અનાથાશ્રમ જઈશું.'

પરોઢિયે પાંચ વાગ્યા પહેલાં અમે ચાલવા જઈએ અને દસ વાગ્યા પહેલાં પાછા અનાથાશ્રમમાં પાછા આવી જઈએ. પળનોયે વિસામો લીધા વિના મહાદેવભાઈ કૂવે જઈ નાહવાનું, બાલટી ભરી દાદરો ચડવાનું અને બીજું રોજનું દૈનિક કામ શરૂ કરી દે. સાંજ થવા આવે ત્યારે ફરી પાછા લાંબે સુધી ફરવા જાય અને આવતાં-જતાં આઠ માઈલ ચાલે. એ રીતે એમણે બાપુજીના આદેશનું અક્ષરશઃ પાલન કરવા માંડ્યું.

આવી જ રીતે રોજ નિયમપૂર્વક અઠ્ઠાવીસ માઈલ ચાલ્યા પછી એક સાંજે પ્રાર્થના પછી બાપુજી બોલ્યા:

'મહાદેવ, તમે સાંજે ફરવા જાઓ છો ત્યારે પાછા આવતાં અંધારું થઈ જાય છે. આજકાલ ઉનાળો ચાલે છે, ગરમીને લીધે ખેતરોમાંથી સાપ સડક પર આવે. અજાણ્યે સરપ પર આપણો પગ પડે તો માઠું પરિણામ આવે. જરૂર પડ્યે આપણે મૃત્યુને વધાવી લઈએ પણ નાહક મોતનું જોખમ વહોરવામાં ડહાપણ નથી. તમારે સાંજનું ફરવાનું હવે ન કરવું.'૪

અહીં આપણે એ પણ નોંધ લેવી જોઈએ કે સૈનિકભરતી માટેનો ગાંધીજીનો પ્રયાસ

તેમણે હિંદમાં કરેલા વધુમાં વધુ નિષ્ફળ પ્રયાસ પૈકીનો એક હતો. ગાંધીજીના અથાગ પરિશ્રમ છતાંયે તેમને પોતાના આશ્રમવાસીઓ સિવાય બીજો કોઈ સૈનિક મળ્યો નહોતો. ગાંધીજીની એક ફરિયાદ એ હતી કે, 'ભરતીના કામમાં મને એક પણ માણસ એવો મળ્યો નહોતો, જેણે મારવામાં વાંધો આવવાને લીધે સૈન્યભરતી વિશે પ્રતિકૂળતા બતાવી હોય.' તેથી તેઓ એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે લોકો માત્ર ભીરુતાને કારણે જ સેનામાં ભરતી થવા તૈયાર નથી. ગુજરાતના લોકોની ભીરુતા જોઈને ગાંધીજી અવારનવાર દુ:ખ કે આક્રોશ પણ વ્યક્ત કરતા. એમ પણ બન્યું હોય કે સૈનિકભરતી માટેનું વાતાવરણ તપવા માંડ્યું એટલામાં જ મહાયુદ્ધમાં સૈનિકોની જરૂર ન રહી, તેથી નવા રંગરૂટ ભરતી કરવાની મનાઈ આવી અને કાર્યક્રમ પડતો મૂકવો પડ્યો. પણ એયે સ્વીકાર્યે જ છૂટકો કે જે ખેડામાં એક મહિના પહેલાં ગામેગામ ગાંધીજીને અને વલ્લભભાઈને સાંભળવા હજારોની મેદની એકઠી થતી તે જ ખેડામાં લશ્કરભરતીનો વિચાર સમજાવવા ખાતર ઘેર ઘેર ફરીને લોકોને ભેગા કરવા પડતા. આ જ સ્થિતિને વાસ્તવિકતા માનવા ગાંધીજી તૈયાર થઈ ગયા હતા. એમના સૌથી નાના પુત્ર દેવદાસ ગાંધી, જેમને તે વખતે હિંદી પ્રચારાર્થે ગાંધીજીએ તામિલનાડુ મોકલ્યા હતા. તેમને એક પત્રમાં તેઓ લખે છે:

'હજી સુધીની મારી નિષ્ફળતા એમ સૂચવે છે કે લોક મારી સલાહ માનવા તૈયાર નથી. પણ જ્યાં તેઓને રુચે છે એવા કામમાં હું હાથ ઘાલું ત્યાં મારી સેવા લેવા તૈયાર છે. આ જ યથાર્થ છે.' અત્યાર સુધી કરેલાં કામોમાં સૈન્યભરતીનું કામ સૌથી કઠણ કામ હતું.

એક વાત ખાસ નોંધવા જેવી છે કે ચંપારણ, ખેડા કે અમદાવાદના મિલમજૂરોના આંદોલન વખતે લોકોમાં જે ઉત્સાહ દેખાતો હતો, અને આંદોલનને જે સફળતા મળી રહી હતી, તેવી કોઈ સફળતા આ કાર્યક્રમમાં મળતી નહોતી કે નહોતો દેખાતો તેવો કોઈ ઉત્સાહ. કોઈ પણ આંદોલનમાં નવાસવા આવેલા તેજસ્વી યુવાનને આવી ઘટના આંચકારૂપ બની રહે. ઘણાય તરુણો આવે પ્રસંગે આંદોલન છોડીને ચાલ્યા જતા પણ જાણવા મળ્યા છે. પણ ભક્ત મહાદેવના સમત્વ પર આ 'लाभालाभौ जयाजयौ'ની કોઈ અસર જણાતી નથી. તેઓ જેટલા ઉત્સાહથી સફળ આંદોલનમાં ગાંધીજીની સાથે હતા તેટલા જ ઉત્સાહથી અસફળ આંદોલનના પણ સાથીદાર હતા. આ સમત્વ માટે આંતરિક મૂડીની જરૂર હોય છે જે મહાદેવમાં ભરપૂર હતી. એ આંતરિક સમત્વ તેમને

બહારની સફળતા-નિષ્ફળતા વેઠી લેવાની શક્તિ આપતું હતું. અનેક ગામડાંઓમાં ગાંધીજીના કાર્યક્રમની વ્યવસ્થા કરવા ગયા હોય ત્યારે લોકો કહેતા કે, 'બધું ત્યાર (તૈયાર) છે.' પણ પ્રત્યક્ષપણે ત્યાં જઈને જુએ ત્યારે મહાદેવભાઈને ઝાડુ લગાવવા અને પાથરણાં પાથરવાને સાદ પડાવવાથી માંડીને સર્વ તૈયારીઓ કરવી પડે. પણ એની એમને નાનમ નહોતી. ખેડા જિલ્લાનો 'ત્યાર છે' શબ્દ તો ત્યાર બાદ એમની ભાષાનો વિનોદમાં વપરાતો એક પારિભાષિક શબ્દ થઈ ગયો હતો, જે આજીવન એમની સાથે રહ્યો હતો!

ગમે તેવા ઘોંઘાટ વચ્ચે પણ કલમ ચાલુ રાખવાની શક્તિ પણ મહાદેવભાઈએ ખેડા જિલ્લાના આ પ્રવાસ પછી કેળવી. આગળ ઉપર લોહીના દબાણની બીમારીને લીધે ઊંઘ બગડી, ત્યાં સુધી મહાદેવભાઈ પણ ઊંઘ પર ઠીક ઠીક કાબૂ ધરાવતા. એટલે ચાહે ત્યારે ઊંઘી શકતા અને ચાહે ત્યારે ઊઠી શકતા અથવા શોરબકોર કે હર્ષનાદો વચ્ચે પણ ઊંઘ લઈ શકતા, તેની તાલીમની શરૂઆત પણ ખેડામાં થયેલી.

આ દિવસોમાં છેલ્લા માસ બે માસ દુર્ગાબહેન પણ નડિયાદ આવીને બાપુની મુખ્ય છાવણી ભેગાં ભળેલાં. તેથી રાંધવાની જવાબદારી તેમણે ઉપાડેલી. બાકી શરૂઆતમાં 'પ્રેમથી રાંધેલી ખીચડી' બનાવી આપવાની જવાબદારી ઘણી વાર મહાદેવની થઈ જતી.

દુર્ગાબહેનને ચંપારણથી નીકળીને મહાદેવ પાસે કે સાબરમતી આશ્રમમાં આવવાની રજા પણ ભારે તપસ્યાને અંતે મળી હતી. ચંપારણના ગામ મધુવન, જ્યાં દુર્ગાબહેન 'પંડિત' તરીકે કામ કરતાં હતાં ત્યાંથી ગાંધીજીને લખેલ એક પત્ર હાથ લાગ્યો છે, જે પુરાણકાળની મહાદેવપ્રિયા સતીની યાદ અપાવે તેવો છે. એ પત્રનો મોટો ભાગ અહીં એટલા સારુ ઉતાર્યો છે કે તેમાં દુર્ગાબહેન તેમ જ મહાદેવભાઈ બંનેની અંતરકથા છતી થાય છે:

દુર્ગાબહેન ગાંધીજીને લખે છે:

હું આપ ઇન્દોરથી અત્રે જ આવશો એમ આશા રાખતી હતી. પણ મારી તે આશા વ્યર્થ ગઈ. આજે આ પત્ર લખું છું એમાં કંઈ વધારે પડતું લખાય તો મને ક્ષમા કરશોજી.

મેં આપને આગળ એક પત્રમાં લખ્યું હતું કે મને હવે વિયોગ સહન કરવાની ટેવ પડી છે, પણ ત્યારે હું ધારતી હતી કે તમે બંને થોડા વખતમાં અત્રે આવી પહોંચશો. પણ મારી એ આશા પણ નિષ્ફળ ગઈ અને આજે મારે આપને લખવું પડે છે કે મારામાં હિંમત

તો મૂળથી જ નથી, પણ મેં મારી લાગણી દબાવી રાખી હતી. પણ હવે લાગણી નહીં દબાય...

મારાથી મારી સ્થિતિ હવે નથી સહેવાતી. હું અત્રે કાંઈ ભારે કામ પણ કરતી નથી. અને મારી તેવી મોટી ઇચ્છાઓ પણ નથી. મેં મારા નાના જીવનમાં શાંત જીવન ગાળી જવાની જ ઉમેદ રાખી છે.

મહાદેવપ્રસાદ આપની સાથે રહી આપની સેવા બજાવે છે, તેથી મને બહુ સંતોષ થાય છે. કોઈ પણ પ્રકારની એમને સૂચના કરીને તેમની સેવામાં આડે આવું અથવા તેમનું દિલ દૂભવું તો મને તેથી સોગણું દુઃખ થાય એમ છે. પણ આપની સાથે એમની એ સેવામાં ભાગ લેવા ઇચ્છું છું. અમે અત્રે આવ્યાં ત્યારે મેં એમ જ આશા રાખેલી કે હું હંમેશાં એમની સાથે જ રહીશ. તેથી, અને તેમની ઉત્કંઠા જોઈને જ મેં એમને રજા આપેલી. પણ હવે મારાથી મારી સ્થિતિ સહેવાતી નથી.

મારી નમ્ર વિનંતી આપ કબૂલ નહીં કરો? આપે મને પુત્રી બનાવી છે તો મને પણ કાંઈક માગવાનો હક છે અને તે માગી લઉં છું.

આપની સાથે એઓ રહે છે અને બાકીનું રાંધવાનું, કપડાં વગેરે બીજી વ્યવસ્થા રાખવાનું એવું પરચૂરણ કામ હું કરું તો મને તેમ કરવાની આપ રજા નહીં આપો?

અ. સૌ. બા આપની સાથે નથી. તેઓ મારા જેવી મૂંઝવણ ભોગવી રહ્યાં છે. અને મારે આમ લખવું પડે છે તે મને બહુ ખરાબ લાગે છે. પણ શું કરું? હું મારા મનના ભાવને દાબી નથી શકતી. મારે અંગે મુસાફરીમાં જેટલો ખર્ચ થાય તેટલાનું વળતર હું આપને મારી ભાંગીતૂટી સેવાથી નહીં આપી શકું?

મને મહાદેવપ્રસાદના પણ બહુ વિચાર આવે છે. તેમનું બુદ્ધિના કામમાં પોતાનું મન ખીલે એવામાં જ એમનું ઝાઝું ધ્યાન રહે છે. એટલે ઝીણી વસ્તુઓ સંભાળી લેવી એમને માટે કઠણ છે, છતાં તે ન સંભાળી શકે તો પાછળથી તેને માટે મૂંઝાય છે. એ પણ મને ખબર છે. મારે ઘેર નાનામાં નાની બાબતો મારે અને મારી સાસુએ એમને સંભારવી પડતી તે મને યાદ આવે છે અને દુઃખ થાય છે. એમનું એવું કામ કરીને આપની સેવા કરવામાં એમને વધારે અનુકૂળતા હું નહીં કરી શકું? મારે મન એમની સેવા પણ ઓછી ન જ કહેવાય.

આપની સાથે રહેવામાં અને ફરવામાં જેટલી અડચણો નડે તે હું ખમી લેવાને તૈયાર

છું. પણ હું એકલી નહીં જ રહી શકું. મારામાં એ બળ નથી આવ્યું. આ ધ્યાનમાં નહીં લો?

મને એમ થાય છે કે મે મહિનામાં આનંદીબહેન ચાલ્યાં જવાનાં ત્યારે મને સૂનકાર લાગશે. લોકસેવામાં મારું મન એટલું બધું ચોંટેલું નથી કે મારી પ્રિય વસ્તુના વિચાર પણ હું તેમાં ભૂલી જાઉં. તો તે પહેલાં મારી આ સ્થિતિ છૂટે એમ કરશો એમ પ્રાર્થના કરું છું. આનાથી મને મારે ઘેર રહીને મારી વૃદ્ધ અને દુ:ખી માતાની સેવા કરવાનું વધારે અનુકૂળ પડશે એમ લાગે છે.

આપને અનેક પ્રવૃત્તિમાં આ પણ વળી એક નવો ત્રાસ. પણ શું કરું? મારાથી લખ્યા સિવાય રહેવાતું નથી. હજી પણ એક બાબત આપને લખવા ઇચ્છું. મારે ઘેરથી મારા પૂજ્ય શ્વશુરનો મારી ઉપર એક પત્ર આવ્યો હતો. તે ઉપરથી એમ માલૂમ પડ્યું હતું કે તેમને અમારી આ સ્થિતિ પસંદ પડી હોય એમ લાગતું નથી. તેમણે અમને આવવાની રજા આપેલી, પરંતુ તે તેમના ખરા દિલથી નહીં એમ મને એમના પત્ર પરથી જણાય છે. તો મારે આપને એટલું કહેવું જોઈએ કે મહાદેવપ્રસાદને આપની સેવામાં રહેવાની ઇચ્છા છે તો તેમાં હું બિલકુલ આડે આવવા ચાહતી નથી. પરંતુ મારા પિતાશ્રીને પણ દૂભવવા હું ચાહતી નથી. એટલે તેમને જ્યારે જરૂર પડે ત્યારે અમે તેમને પણ ઉપયોગી થઈ પડીએ એમ ઉમેદ રાખું છું. અને તે આપની પાસેથી ચાહું છું. અને જિંદગીભરને માટે આપની જ સાથે રહીશું એવી પ્રતિજ્ઞા પણ લઈ શકતી નથી. તોપણ અમારાથી જ્યાં સુધી રહેવાશે ત્યાં સુધી રહેવાને તૈયાર છું.

પત્ર દુ:ખથી લખાયો છે એટલે ક્ષમા આપશો જ એવી વિનંતી કરું છું. ...આ પત્ર વાંચવાને માટે ત્રાસ આપું છું માટે ક્ષમા કરશોજી. આપે મને પુત્રી બનાવી છે તો હું સમજું છું મને મારા હૃદયની વાત મારા પિતા આગળ સ્પષ્ટ કહેતાં શરમાવાનું શેનું?[૫]

સ્વાભાવિક રીતે જ દુર્ગાબહેનના નડિયાદ આવ્યા પછી મહાદેવભાઈ તથા ગાંધીજી બંનેને થોડી રાહત થઈ હતી.

પરંતુ લશ્કરભરતીના પ્રયાસમાં તનતોડ પરિશ્રમ કરી ગાંધીજીએ શરીર ઘસી નાખ્યું. સખત મરડો થયો અને ખૂબ લાંબા ગાળા સુધી તેની તકલીફ રહી. શરીર એટલું ક્ષીણ થઈ ગયું કે થોડા દિવસ તો જાણે જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા હોય એમ લાગ્યું. સામાન્ય રીતે પોતે જાત પર આવેલું કષ્ટ સહન કરી લેનાર મહાદેવથી બીજાનું દરદ સહન થતું નહીં. તેમાં વળી આ તો ગાંધીજીનું દરદ, એટલે પછી મહાદેવની ચિંતાનું તો

પૂછવું જ શું? દિવસરાત ખડે પગે ઊભા જ હોય. ગાંધીજી જ્યારે ઊંઘે ત્યારે બેસીને ટપાલ લખે. ટપાલ પણ એ દિવસોમાં બમણી લખવાની હતી — એમની અને ગાંધીજી વતી.

ગાંધીજી લગભગ બધી બીમારીઓને માણસની પોતાની કૃતિ માનતા હતા. તેમાં વળી પોતાની બીમારી હોય તો એ પોતાને માફ કરે જ શાના? એમણે માની જ લીધું કે પોતાના અનિયમિત આહારવિહારને કારણે જ આ બીમારી આવી છે. એટલે તેનો ઇલાજ પણ તેઓ પોતાના પ્રયોગો દ્વારા જ કરવાનો પ્રયત્ન કરતા હતા.

ગાંધીજીને મરડાને લીધે શૌચ જવાની તકલીફ પડતી હતી તે મહાદેવભાઈથી જોઈ ન શકાયું. તેમણે આશ્રમમાંથી ગાંધીજી સારુ એક કમોડ મગાવ્યું. નરહરિભાઈ વળતી ગાડીએ કમોડ લઈને નડિયાદ આવ્યા. રાષ્ટ્રીય શાળાના કામમાં ખૂંપેલા નરહરિભાઈ ખેડાનો સત્યાગ્રહ જોવા કે ગાંધીજી પોતાને ગામ કઠલાલ ગયા ત્યારે પણ રાષ્ટ્રીય શાળા છોડીને બહાર નીકળેલા નહીં. એમને આવેલા જોઈને ગાંધીજીએ પૂછ્યું, 'કેમ આમ એકાએક આવવાનું થયું?' 'કમોડ લઈને આવ્યો.' નરહરિભાઈએ સહજભાવે કહ્યું, 'કમોડ કોણે મગાવ્યું?' મહાદેવભાઈએ સમજાવવા પ્રયત્ન કર્યો કે તેમને અહીં શૌચ જવાની અગવડ પડતી હતી અને આશ્રમનું કમોડ તો ખાલી જ પડ્યું હતું. ગાંધીજીએ તેમની ઉપર ભારે ગુસ્સો કર્યો. 'એમ આશ્રમના ઉપયોગ સારુ રાખેલું કમોડ આપણાથી મગાવાય જ શી રીતે?' મહાદેવભાઈએ દલીલ કરી જોઈ કે ત્યાં કોઈ વાપરતું નહોતું, તેથી ગાંધીજી વધુ ખિજાયા. તેમણે કહ્યું, 'રેલવે સ્ટેશન પર આગ ઓલવવા જેમ ડોલો, પાણી કે રેતી ભરેલી પડી હોય છે, એનો રોજેરોજ ઉપયોગ ન પણ થતો હોય, તેમ આશ્રમના કમોડનું પણ ગણવું. ગમે ત્યારે પણ એ કોઈકના ઉપયોગમાં આવે.' ગાંધીજીને આમ મહાદેવ અને નરહરિ પર ગુસ્સે થયેલા જોઈને વલ્લભભાઈ વચ્ચે પડ્યા કહે, 'કેમ આ છોકરાઓને ધમકાવો છો? તમે દક્ષિણ આફ્રિકા રહેલા તેથી તમને કમોડની ટેવ હોય. આશ્રમમાં કોઈને એવી ટેવ નથી. ત્યાં કોઈને ઝાડા થતા હોય તોપણ તે કમોડ કરતાં સાદા પાયખાનાનો ઉપયોગ કરવો પસંદ કરે એમ છે.'

વલ્લભભાઈના વચ્ચે પડવાથી ગાંધીજી શાંત પડ્યા. પણ તોયે તેમણે તો રાતોરાત કમોડ પાછું લઈ જવાની સૂચના આપી જ. વલ્લભભાઈએ નરહરિભાઈને રાતોરાત પાછા જતાં રોક્યા અને બીજે દિવસે વળાવ્યા.

આમ રાતદિવસ ખડે પગે ઊભા રહેતા મહાદેવને પણ એની ખાતરી નહોતી કે સ્વામી કઈ ઘડીએ પુણ્યપ્રકોપ કરશે!

નોંધ:

૧. ગાંધીજીનો અક્ષરદેહ – ૧૪ : પૃ. ૩૨૦થી ૩૩૧માંથી સારવીને.

૨. મહાદેવભાઈની ડાયરી – ૪ : પ્રસ્તાવના, પૃ. ૬, ૭, ૮માંથી સારવીને.

૩. એજન, પૃ. ૯.

૪. શુક્રતારક સમાઃ પૃ. ૭૯, ૮૦.

૫. ગાંધી સ્મારક સંગ્રહાલયના પત્રવ્યવહારમાંથી.

# સોળ – દીક્ષા

૧૯૧૭ના નવેમ્બરમાં મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા. ૧૯૨૧ના ડિસેમ્બરમાં તેઓ પહેલી વાર જેલમાં ગયા. આ ગાળો એમના દીક્ષિત થવાનો ગાળો ગણાય. જોકે કેટલીયે બાબતમાં તેઓ ગાંધીજી પાસે આવતાં પહેલાં જ તૈયાર હતા. ઘણી બાબતો તેમણે આવતાંવેંત ઉપાડી લીધી, જ્યારે અમુક પ્રકારની સાધના તો છેલ્લા શ્વાસ સુધી ચાલી

પણ આપણે જેને દીક્ષાકાળ ગણ્યો છે એટલા કાળ દરમિયાન મહાદેવભાઈએ ગાંધીજી જોડે અસાધારણ એકાત્મતા સાધી લીધી હતી. એ એકાત્મતા સાધવા સારુ અંદરબહાર બંને બાજુની તાલીમની જરૂર હતી — બહાર કરતાંયે અંદર વધારે. મહાદેવભાઈની સહજ વૃત્તિ જ અંતર્મુખ હતી, તેથી અંદરની તાલીમ લેવી તેમને માટે સ્વાભાવિક હતી, અને બહારની તાલીમ અંદરની તાલીમને અનુસરતી હતી.

રવીન્દ્રનાથે એક શબ્દ યોજ્યો છે: ‘આગુનેર પરશમણિ’ — અગ્નિનો પારસમણિ. એમણે ગાયું છે:

आगनुरे परशमणि छोंआओ प्राणे
ए जीवन पुण्य करो दहनदाने.

(અગનના પરસમણિથી દહો પ્રાણ આ
– જીવનને દહનથી શુચિ બનાવો!)

અને પછી કહે છે:

દેહ આ માહરો ઊંચકી લઈ જરા
કોડિયું મંદિરે તવ જલાવો!

મહાદેવભાઈ જાણે આવા અગનપરસ સારુ તૈયાર થઈને જ ગાંધીજી પાસે આવ્યા હતા. તેથી બહારના ક્ષેત્રે દોડાદોડી, કલાકોના કલાકો સુધી કામ, કષ્ટમય જીવનની હાડમારી, પત્નીનો વિયોગ ઇત્યાદિ અને અંદરના ક્ષેત્રે નિરંતર સાવધાની, આત્મખોજ, પોતાની ત્રુટી શોધી કાઢવાની, તેને સ્વીકારવાની અને પરિષ્કૃત કરવાની તત્પરતા, વગેરે. સાધક માટે આકરી તપસ્યાના વિષય બની શકે તેવા વિષયો મહાદેવભાઈ માટે અલ્પ કષ્ટસાધ્ય હતા. આ સાધના પાછળ એમની પાસે જે મૂડી હતી તે ભક્તિની હતી. એ ભક્તિને લીધે એમની સાધના સહજ બની જતી હતી. ભરજુવાનીમાં, ભણીગણીને, વકીલાતનો ધંધો કે નોકરી છોડીને સમાજસેવાર્થે નીકળી પડવાને સામાન્ય લોકો ત્યાગ કહે. પણ મહાદેવભાઈ તો કહી ગયા છે:

'સાચું પૂછો તો દુનિયામાં ત્યાગ જેવી કોઈ વસ્તુ જ નથી. જે માણસ બરાબર સમજીવિચારીને કોઈ પણ વસ્તુનો કે શોખનો ત્યાગ કરે છે તે એના કરતાં વધુ સુંદર વસ્તુની પ્રાપ્તિ માટે તેમ કરતો હોય છે. પહેલી વસ્તુ કે શોખ પ્રત્યે તેને અરુચિ અથવા વિરક્તિ ઉત્પન્ન થાય છે. અને તેનાથી સુંદર લાગતી વસ્તુ કે શોખ માટે તેના હૃદયમાં અનુરક્તિ ઉત્પન્ન થાય છે. "ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના" એ મહાસત્યનું પણ આ જ રહસ્ય છે.'

જે જીવન છોડીને મહાદેવભાઈ ગાંધીજી પાસે આવ્યા હતા તેને વિશે તેમને રુચિ ખૂબ ઊંડી નહોતી, એમ ભણતર પૂરું કર્યું ત્યાર પછી ગાંધીજી સાથે જોડાયા ત્યાં સુધીના કાળનું એમનું જીવન બતાવે છે. ઐહિક સુખો પ્રત્યેની એમની આસક્તિ સરેરાશ લોકો કરતાં કાંઈક ઓછી જ હશે એમ જણાય છે. પત્નીથી વર્ષો સુધી દૂર રહીને અભ્યાસ કે નોકરી કરવાની તૈયારી, પરસ્ત્રીને પોતાની શય્યામાંથી દૂર ખસેડવાની વિવેકબુદ્ધિ, અર્થપ્રાપ્તિમાં બહુ મોટા મનોરથો ન રાખવાની વૃત્તિ, ખાણીપીણી અને રહેણીકરણીમાં આર્થિક મર્યાદાને કારણે એક સીમા આવી જતી તે મોજશોખને ખાતર ઉલ્લંઘવાની વૃત્તિનો અભાવ, એ બધું એમ બતાવે છે કે સામાન્ય રીતે દુનિયા જેને ભોગના વિષયો માને છે તેને અંગે મહાદેવભાઈને બહુ આસક્તિ નહીં હોય. બીજી બાજુ એમને જે વિષયમાં અનુરક્તિ હતી તે ઘણી ઉદાત્ત અને તીવ્ર હતી. એ અનુરક્તિનો આરંભ, અલબત્ત, નાનપણથી ધાર્મિક સંસ્કાર દ્વારા, કિશોર અને યુવાવસ્થામાં નૈતિકતા પોષે એવા સંયોગો અને વલણ દ્વારા તેમ જ સાહિત્ય અને દર્શનના અભ્યાસ દ્વારા થઈ ચૂક્યો હતો. પરંતુ ગાંધીજી પાસે આવવાથી મહાદેવભાઈને પોતાની અનુરક્તિ ઢાલવવાનું

સગુણ સાકાર આલંબન મળી ગયું હતું. આ આલંબન (ગાંધીજી) પોતે એક જડ કે સ્થિર વસ્તુ નહીં પણ નિત્ય વિકાસશીલ હતું. તેથી ગાંધીજીના વિકાસની સાથે મહાદેવભાઈનો પણ ચેતોવિસ્તાર સતત થતો રહ્યો. બંનેની પ્રકૃતિમાં કેટલાક ભેદ હતા તેને લીધે સંઘર્ષ પણ થયા છે, પણ સંઘર્ષ કરતાં વૈવિધ્ય વધુ સર્જાયું છે.

- આવા સુમેળ પાછળ મુખ્ય તત્ત્વ પ્રેમનું હતું — જે આકર્ષણથી વધતું વધતું એકાત્મતા સુધી પહોંચ્યું. પણ એ પ્રેમે, મુખ્યત્વે બંનેના પ્રકૃતિભેદને લીધે અનેક રિસામણાં-મનામણાં, કોપ-પશ્ચાત્તાપ, અસંતોપ-સમાધાન પણ અનુભવ્યાં છે. મહાદેવભાઈના દીક્ષાકાળનાં આ વર્ષો પ્રેમના હિંડોળાના આવા અનેક આરોહઅવરોહથી ભરપૂર છે.

પહેલી મુલાકાત વખતે જ બંનેના પ્રથમ દૃષ્ટિએ પ્રેમના પ્રસંગને આપણે આગળ ઉપર જોઈ ગયા છીએ. ગાંધીજીએ મહાદેવને પ્રેમ, આશ્ચર્ય અને આનંદમાં ગરક કરી દીધા હતા. અને 'મને તો આ પુરુષને ચરણે બેસી જવાનું મન થાય છે' — એમ મહાદેવને થયું હતું. જ્યારથી સાથે રહેવા-ફરવાનું શરૂ થયું ત્યારથી ગુરુશિષ્ય વચ્ચે સ્નેહના પ્રસંગો સંખ્યાબંધ બનવા લાગ્યા. ભાગ્યે જ પોતાને હાથે રસોઈ બનાવી હોય એવા મહાદેવને રસોઈ બનાવતાં શીખવું પડ્યું. એ રસોઈમાં કોઈ કોઈ વાર મહાદેવનાં અશ્રુબિંદુ પણ ભળતાં ગાંધીજીએ દીઠાં. પછી પોતે શિક્ષક બનીને રસોઈ કરતાં શીખવી. અને થોડા વખતમાં તો કહી શક્યા કે એમના હાથની પ્રેમે રાંધેલી ખીચડી ખાવા મળે છે એ બીજા લાભો ઉપરાંત વધારાનો લાભ હતો.

ત્યારથી બંધાયો હતો એક અપૂર્વ સંબંધ, જે મહાદેવના જીવનના છેલ્લા શ્વાસ સુધી અને ગાંધીજીના સ્મરણના છેલ્લા દિવસો સુધી ટકવાનો હતો.

ગાંધીજીએ મહાદેવના માનસનો લગભગ સંપૂર્ણ કબજો લઈ લીધો હતો અને મહાદેવે ગાંધીજીના કામકાજનો. આરંભ થયો સાહચર્યથી. ગોધરાની રાજકીય પરિષદ પછી ચંપારણ જવા મોહન અને મહાદેવ સાથે નીકળ્યા ત્યારથી પચીસ વરસના સહવાસમાં બેયનો સંગ છૂટ્યો હોય તો કેટલાક જેલવાસમાં, મહાદેવની માંદગીમાં અથવા કાંઈક ખાસ સોંપેલા કામસર મહાદેવને બીજે ઠેકાણે મોકલ્યા હોય ત્યારે, નહીં તો બંને જણ એક જીવ બે ખોળિયાં માફક રહ્યા.

મહાદેવે માત્ર ગાંધીજીના દફતરનાં કામકાજ સંભાળવાથી જ શરૂઆત નહોતી

કરી. રોજેરોજનાં ઘરકામનાં કે અંગત કામો પણ એટલી સહજતાથી ઉપાડી લીધાં કે એ કામ સોંપતાં ગાંધીજીએ પણ સહેજે સંકોચ ન અનુભવ્યો. ૧૯૪૨માં મહાદેવના મરણ પછી ડૉ. સુશીલાબહેને જ્યારે એમનાં કપડાં ધોવા માંડ્યાં તે કાળે ગાંધીજી દરેક ઘટના સાથે મહાદેવને સંભારતા હતા. 'આ બધાં કામો મહાદેવ કરતા. એટલું જ કે તે વખતે હું આજના કરતાં ઘણાં વધારે કપડાં પહેરતો અને તે પણ ખૂબ જાડાં અને વજનદાર હતાં', પણ સાથે એમ કહીને પોતાનો સિદ્ધાંત સમજાવતાં મનને થોડુંક સાંત્વન પણ આપી દેતા કે, 'મહાદેવે ભારે કામોમાં યશસ્વિતા મેળવી તે શરૂઆતનાં વર્ષોમાં નાનાં કામો કરવાની તાલીમનું ફળ છે.'

આ 'નાનાં કામોને' ગાંધીજી નાનાં માનતા જ નહીં. દરેક કામને તેઓ સરખી કાળજીથી કરતા, એટલું જ નહીં પણ કરાવતા. રસોઈ શી બનવી જોઈએ અને કેવી રીતે બનાવવી જોઈએ તેમાં એમને રસ હતો. પથારી કેવી રીતે પાથરવી અને સંકેલવી જોઈએ તેમાં તેમને રસ હતો, પાણી કેટલું વપરાયું, ચૂલામાં બળતણ કેટલું વપરાયું, કાગળ એક બાજુ કોરો હોય તો તે વપરાયો કે નહીં, પત્ર લખ્યો તો તેનું સંબોધન યથાયોગ્ય થયું કે અવિવેક અથવા અતિવિવેક થયો એ જોવું, દરેક નવે સ્થળે પહોંચ્યા પછી ત્યાંથી ટપાલ કેટલા વાગ્યે જાય છે એ જાણી લીધા પછી બરાબર સમયસર ટપાલ પેટીમાં પડી કે નહીં એ બધી બાબતમાં ગાંધીજીને રસ હતો અને આ તમામ બાબતો ઝટપટ શીખી લઈ એ બાબતોમાં ગાંધીજીને ચિંતામુક્ત અને ભારમુક્ત કરી દેવામાં મહાદેવને રસ હતો. આ કામો સોંપવા અને કરાવવામાં ગાંધીજીમાં કડકાઈ અને સ્નેહનું અજબ મિશ્રણ હતું.

તેથી એક દિવસ મહાદેવભાઈ પોતાની ડાયરીમાં નોંધે છે:

'ગાડીમાં બેઠા પછી મને પૂછ્યું, "ટાંકીમાં પાણી નખાવ્યું છે?" મને ખ્યાલ ન હતો. 'તમને આવી વસ્તુ પણ કહેવી પડે છે? મુસાફરોને શું શું જોઈએ તે તમારે જાણવું જ જોઈએ. ... હું બહાર જાઉં ત્યારે તમારે એવી વસ્તુઓ સંભાળી લેવી જ જોઈએ. એ બધું તમારે પહેલું જ શીખવાનું છે.'

આમાં છેલ્લાં બે વાક્યોમાં ત્રણ વાર વપરાયેલો 'જ' શબ્દ ગાંધીજી કેવા કડકાઈથી કામ લેનાર હતા એ વાત એ દેખાડી આપે છે.

બીજી બાજુ સાથી માટેની કાળજી પણ તેવી જ. એસ્થર ફેરિંગ નામની એક ડેનિશ યુવતીને પહેલી એપ્રિલ, ૧૯૧૭ને દિને લખેલા પત્રમાં ગાંધીજી લખે છે:

' ... તું સ્ટેશન પર ન મળી તેથી મને બહુ દિલગીરી થઈ. તારે માટે અને બિચારા મહાદેવ માટે મને બહુ લાગી આવ્યું. તમે બંને બહુ લાગણીપ્રધાન છો. એક જ બીબામાં ઢળાયેલાં છો. ટ્રેન ઊપડી ચૂકી ત્યારે બારીમાંથી જોતો હું કંપતો હતો. મને એમ થતું હતું કે ટ્રેન પકડવા મહાદેવ એવી ગાંડી દોટ મૂકશે કે કેવળ થાકથી જ ફસડાઈ પડશે. બેજવાડામાં એને જોયો ત્યારે મને નિરાંત થઈ. ...'૧

આ પ્રીતિસંબંધ બહુ અલ્પકાળમાં જ ઘનિષ્ઠ થઈ જાય છે. એટલે સુધી કે બંનેને એકબીજા વિના થોડા દિવસ રહેવું પણ ભારે લાગે છે. માત્ર એક દિવસ સારુ મહાદેવને અલાહાબાદ મૂકીને ગાંધીજી પટણા જતા હતા. બીજે દિવસે તો મહાદેવ એમને જઈને મળવાના હતા. પણ મહાદેવ નોંધે છે કે, ટ્રેનમાં બાપુને વળાવતાં પોતાને રડવું આવી ગયું, અને ગાંધીજી એક પત્રમાં લખે છે:

'હું ન લખું એટલે તમારાથી પણ ન લખાય એવો કાયદો માથેરાનમાં ઘડાયો લાગે છે.'૨ અથવા 'તમારો કાગળ મળ્યો. — મને ફુરસદ હોય યા ન હોય, પણ જમવું પ્રિય છે, તેમ કેટલાક કાગળો પણ પ્રિય છે. એટલે જેમ જમવાનો તેમ તેવા કાગળો વાંચવાનો વખત કાઢું.'૩

ગાંધીજીની વ્યક્તિગત સેવામાં મહાદેવ મણા નહોતા રાખતા. તો ગાંધીજી કોક વાર અગાસીમાં સૂઈ ગયેલા મહાદેવને ઉઠાડીને પલંગ પર સુવડાવી દેતા. અલબત્ત, બંનેની ઉંમરમાં એક પેઢીનો ફરક હતો. એમ તો બંનેના સ્વભાવમાં પણ ઘણો ફરક હતો. તેથી મહાદેવના પ્રેમમાં કેટલીક વાર અતિભાવુકતા જોવા મળતી. ગાંધીજી જ્યારે ધ્યાન આપે, વાત કરે કે પત્ર લખે ત્યારે પોતાનું પૂરું દિલ બેચાર વાક્યોમાં ઠાલવી દે, છતાં એમના પ્રેમમાં લાગણીવેડા જોવા ન મળે. ગાંધીજીના આસામના એક પ્રવાસ વખતે મહાદેવભાઈ અલાહાબાદ હતા. ત્યાં મોકલ્યા તો ગાંધીજીએ જ આગ્રહ કરીને, પણ આ પ્રવાસ દરમિયાન ગાંધીજી લગભગ રોજેરોજ મહાદેવનું સ્મરણ કરે છે.

સિલચર જતાં રસ્તામાંથી લખે છે:

'બ્રહ્મપુત્રની મુસાફરીમાં તમને ઠીક યાદ કર્યા. પણ કંઈ આપણને ભાવે એટલું મળે છે કે ખવાય છે?'૪ તેજપુરથી લખે છે: 'આસામમાં તમે હોત તો તમારી કાવ્યશક્તિને

ઠીક ભોજન મળત. પણ આપણે કંઈ ભોગ ભોગવવા આ કર્મભૂમિમાં જન્મ્યા નથી. એટલે આસામ અને પ્રયાગ બંનેમાંથી જે કાવ્ય સિંચાય તે સિંચવું રહ્યું.'૫

આમ આપણે જોઈએ છીએ કે ગાંધીજીના પ્રેમ અને પ્રશિક્ષણ વચ્ચે બંનેને નોખા પાડતી રેખા ખૂબ પાતળી હતી.

ગાંધીજીએ પોતાના સાંનિધ્યમાં જે હજારો કાર્યકર્તાઓ તૈયાર કર્યા તેની પાછળનું મુખ્ય તત્ત્વ હતું ગાંધીજીનું જીવન. એ જીવન જ કાર્યકર્તાઓને પ્રેરણા આપતું. એવું જ અગત્યનું તત્ત્વ હતું ગાંધીજીનો પ્રેમ. જે પ્રેમમાં ઠપકો પણ મીઠો લાગતો અને જે કસોટીના સમયમાં કાર્યકર્તાઓને ટકાવી રાખતો.

- ગાંધીજીએ મહાદેવના આ 'દીક્ષાકાળ' દરમિયાન એમને જે તાલીમ આપી તેમાં ઝીણામાં ઝીણી બાબતો અને આવડતો વિશેની કુશળતાનું શિક્ષણ તો હતું જ, પણ એના કરતાંયે વધારે અગત્યની વાત એમના આંતરિક શિક્ષણની હતી.

મહાદેવના આંતરિક શિક્ષણમાં પહેલી વાત એમની પોતાની જાતને સમજતા કરવાની હતી. એમનું આંતરિક પૃથક્કરણ કરતાં તેઓ થાકતા જ નહીં. મહાદેવ વિશે ઠેઠ ૧૯૨૦ની જાન્યુઆરીમાં ગાંધીજી એસ્થર ફેરિંગને ચિંતા સાથે ફરિયાદ કરે છે:

'આજે પરોઢિયે ઉત્સાહના બે શબ્દો તને લખવાની ઇચ્છા થઈ આવી. બિચારા મહાદેવ માટે મને એવી જ લાગણી થાય છે. તેને ગજા ઉપરાંતનો બોજો ઉઠાવવો પડે છે. ઈશ્વરનો પાડ માનું છું કે તેનું અંતઃકરણ બહુ જ સંવેદનશીલ છે. તે એના પોતાના પ્રત્યે બહુ અક્ષમાવાન રહે છે. પણ એનો સ્વભાવ બહુ જ આળો છે, પોતાની અંદર રહેલા દિવ્ય તત્ત્વનો તેને પૂરો અનુભવ નથી થયો એટલે તે ચિંતા કર્યા કરે છે. ...'૬

- પોતાની અંદર રહેલા દિવ્ય તત્ત્વનો અનુભવ લેવો એ ગાંધીજીનો નિરંતર પ્રયાસ હતો અને પોતાના નિકટતમ સાથીઓમાં પણ એ શોધ જોવા માગતા હતા. આ દિવ્ય તત્ત્વની ખોજને આપણે અધ્યાત્મ કહી શકીએ. પણ સમગ્ર જીવનને અખંડ માનનાર ગાંધીજીને મન આધ્યાત્મિક, નૈતિક કે દુન્યવી એવા ભેદ નહોતા. કારણ, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય આદિ પાયાનાં મૂલ્યોને તેઓ એકલા આચરણમાં જ કે વાણીમાં જ નહીં પણ મન, વચન અને કર્મ ત્રણેયમાં જેવા પ્રયત્નશીલ હતા. તેથી જ ગાંધીજી દિવ્ય તત્ત્વના અનુભવની વાત કરે છે, તો બીજી તરફ 'ચારિત્ર્યની પૂંજીમાં વધારો

એ જ ખરી લક્ષ્મી' છે૭ એમ કહે છે. એને આપણે નૈતિક ક્ષેત્રનો વિષય કહીશું અને 'રેલના ડબ્બામાં પાણી ભરી લીધું કે નહીં' એને દુન્યવી ક્ષેત્ર કહીશું. પણ ગાંધીજીને મન આ ત્રણે ક્ષેત્રો મહત્ત્વનાં હતાં. બલકે જીવનનાં એક તરફ આર્થિક, સામાજિક, રાજનૈતિક વગેરે, તો બીજી તરફ આધિભૌતિક, નૈતિક, આધ્યાત્મિક વગેરે ક્ષેત્રોમાં એકત્વ જોવું એ ગાંધીજીની ચિંતનશૈલીની વિશિષ્ટતા હતી. તેથી પોતાનાં ભાષણો તથા લખાણોની પ્રસ્તાવના કોણ લખે એ પ્રશ્નનો ગાંધીજીનો છેવટનો જવાબ છે:

'મારું આચરણ એ જ શુદ્ધ પ્રસ્તાવના. વાંચી શકે તે વાંચી જોશે.'૮

ખેડા જિલ્લામાં ઠેઠ ૧૯૧૮માં ઉચ્ચારેલા વચન અને નોઆખાલીમાં જીવનને છેડે ઉચ્ચારેલ મહાવાક્ય 'મારું જીવન એ જ મારી વાણી' એ બેમાં આપણને જે સામ્ય દેખાય છે તેની પાછળ જીવનના આચાર, વિચાર, પ્રચાર, — એવા જુદા જુદા ભાગલા પાડી ન શકાય, સમગ્ર જીવન એક અખંડ સાધના છે, એ એમની માન્યતા હતી. દીક્ષાકાળ દરમિયાન મહાદેવનું જે પ્રશિક્ષણ થયું તેનો 'પાઠ્યક્રમ કે અભ્યાસક્રમ' તે આ માન્યતા ઉપર ખડો હતો. એના એક પાઠનો નમૂનો જુઓ:

'હરિલાલે૯ કલકત્તામાં મનુ સૂબેદારની૧૦ ભલામણ લઈ જવાનું કહેલું, અને મેં કંઈ વિરોધ ન બતાવેલો તે સાંભળીને મને ... બોધ આપ્યો. એ બોધમાં જણાઈ આવતી મારે માટેની અપૂર્વ મમતા, મને સુધારવાની તીવ્ર ઇચ્છા અને એ બંને ઉપરાંત મારા સ્વભાવની તલસ્પર્શી પરીક્ષાએ હું ચકિત થયો.'૧૧

આ નોંધ લખાઈ ત્યારે મહાદેવભાઈને ગાંધીજી સાથે જોડાયાને પૂરા છ માસ પણ નહોતા થયા. તેથી ચકિત થવું એમને માટે સ્વાભાવિક હતું. ઉપરાંત એમની ભક્તિ એવી હતી કે જે ગાંધીજીની વાણી એ રોજેરોજ ઝીલતા હતા તેનાથી એ છેવટની ક્ષણ સુધી અહોભાવથી ચકિત થતા. સામાન્ય રીતે માણસ પોતાની ટીકાથી છંછેડાય કે અકળાય, પણ મહાદેવ તેનાથી હરખાતા હતા. ગાંધીજીનો પોતાને વિશેનો અભિપ્રાય સ્પષ્ટપણે જણાવતાં કહે છે:

'તમે તદ્દન ભોળા છો. હું આ તમારો દોષ છે એમ કહું છું, ગુણરૂપે નહીં. તમે તમારી આસપાસના વાતાવરણને વશ થઈ જાઓ છો. વાતાવરણને દબાવીને ઊંચે ચડવાની શક્તિ તમે નથી બતાવતા. એનો અર્થ એ કે તમે દુષ્ટ વાતાવરણમાં જરૂર પડી જાઓ. બીભત્સ વસ્તુ જોઈને ચિત્રમાં બીભત્સતા આણ્યા વિના ન રહે એવા

ચિતારા જેવા તમે છો. તમે અયોગ્ય વાતાવરણમાં મુકાઓ તો તેનાથી તદ્દન અળગા થઈ જવાને બદલે તેમાં રસ લો છો, માણો છો.'૧૨

આવો આક્ષેપ સહજ ભાવે સ્વીકારતાં મહાદેવ કહે છે: 'આપનું આ પૃથક્કરણ તદ્દન સાચું છે. હું કબૂલ કરું છું, અને એ સુધારવા હું પ્રયત્ન બરોબર કરવાનો. પણ ... જેવાને હું સુધારવા બેસું?'૧૩

અને આના જવાબમાં જીવનનો એક સિદ્ધાંત જ ગાંધીજી શીખવી દે છે:

'બીજાને સુધારવાની વાત જ ક્યાં છે? જગતમાં કોઈ પારકાને સુધારી શકતું જ નથી. જાતે સુધરવાનું છે. અળગા થઈ જાઓ, એટલે અળગા રહીને જ તમે પ્રભાવ પાડો. અમુક વાતો તો તમારી સમક્ષ કદી ન જ થઈ શકે. તમારી આગળ અમુક શબ્દો કે વસ્તુઓ વિશે બોલતાં સામો માણસ શરમાય ત્યારે તમારો પ્રભાવ પડ્યો કહેવાય. અતિશય શુદ્ધ વાતાવરણમાં જ રહેતાં શીખો.'૧૪

• પવિત્ર વાતાવરણ બનાવવાનો રાજમાર્ગ ગાંધીજી પાસે હતો — શરીરપરિશ્રમ કે કષ્ટમય જીવન, પણ એ માર્ગ તેમણે જિંદગીથી કંટાળીને કે પોતા પ્રત્યે તિરસ્કારને લીધે શોધેલો નહોતો. જીવનને તેઓ વધુમાં વધુ વિધાયક (પૉઝિટિવ) રૂપે જોતા.

'મને તો આખા જીવનમાં બિલકુલ રસ ન રહે, જે મને એમ લાગે કે આ સંસારમાં સંપૂર્ણ પ્રેમ હું પ્રાપ્ત કરી શકું નહીં.'૧૫

જીવનને વિધાયકરૂપે જોતા તેથી જ ગાંધીને સારું કષ્ટમય જીવન પણ આનંદમય બની જતું:

'મળસકે ઊઠીને નવાગામ જવા નીકળ્યા. નવાગામ બારેજડીથી સાડા દસ માઈલ થાય, ચાલીને જવાનો ઇરાદો રાખેલો હતો. ... ખાઈને ખુશ થાય, ચૉકલેટની સરખામણી કરે એવા મગફળી અને ગોળના લાડુ હતા. સિપાઈની રીતે બાપુએ હાથમાં દાબડો રાખીને તે રસ્તે ખાવા માંડ્યા. સાથે આનંદથી કહેતા જાય: "સિપાઈગીરી કરવી છે, આફ્રિકામાં મેં બહુ એવું એવું કીધેલું છે." '૧૬

કષ્ટમય જીવન અને નિરંતર જાગૃતિ એ પોતાનું અને આસપાસનું વાતાવરણ પવિત્ર રાખવાના ગાંધીજીના ઉપાયો. જાગૃતિમાંથી આગલું પગલું આવે, વિષયો પર અંકુશ. હરિલાલ ગાંધીને સલાહ આપતાં ગાંધીજી લખે છે:

'ગુણો જડ નથી, ચૈતન્યમય છે. તમારી જિંદગી વિચારરહિત અને સ્વચ્છંદી

રહેલી છે. હવે વિચારમય અને સંયમમય કરો એવું ઇચ્છું છું. વળી, ખવાસો પર અંકુશ મેળવવામાં જ પુરુષાર્થ છે, એ ધર્મ છે. તમે એ પુરુષાર્થ કરો એટલે તમારા દોષો ભુલાઈ જશે.'૧૭ 'ખવાસ' શબ્દનો સામાન્ય અર્થ તો થાય હજૂરિયો પણ એનો બીજો અર્થ થાય છે ટેવ. માણસની ટેવ એની નોકર હોવી જોઈએ. પણ ઘણી વાર માણસ જ એનો નોકર બની જતો હોય છે.

परबस जानि हँस्यो इन इंद्रनि
निजबस ह्वै, न हँसैहों।
अब लौं नसानी, अब न नसैहौं।१८

ગાંધીના જીવતાજાગતા (ચેતનમય) એવા નમૂનાને આંખ આગળ રાખીને મહાદેવનો પુરુષાર્થ એ ખવાસ પર અંકુશ રાખવા મથતો.

- આ પુરુષાર્થ માત્ર ઇન્દ્રિયનિગ્રહથી સંતુષ્ટ થતો નહોતો. એમાં વ્યાવહારિકતા અને ચાતુર્ય પણ જોઈએ. 'સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટી'ની એક મિટિંગમાં ગાંધીજીની સાથે આયોજકોએ મહાદેવ અને દેવદાસને૧૯ એ સભામાં પ્રવેશવાની છૂટ આપેલી. પણ બીજા જે સભ્ય નહોતા તેવાને બંધી હતી. મહાદેવે પોતાના ભોળપણને લીધે જેમને નહોતા જવા દીધા તેમના પૂછવાથી જણાવી દીધું કે પ્રવેશ અંગે પોતાને ખાસ રજા મળી હતી. બીજે દિવસે ગાંધીજીએ ઠપકો આપ્યો:

'તમે કાલે ડહાપણભરેલી રીતે નથી વર્ત્યા. તમે ...ને એમ શા માટે કહેલું કે સોસાયટીના વાર્ષિક સમારંભમાં તમને જવાની રજા મળી છે? તમારે તો માત્ર એમ જ કહેવાનું હતું કે અહીંના નિયમ પ્રમાણે બહારના માણસોને નથી જવા દેતા.'

મેં કહ્યું: 'એ ખોટું ન કહેવાય? મને અને દેવદાસને તો રજા દેવે આપી હતી.'

બાપુ: 'ના, એમાં ખોટું બોલવાનું આવત જ નહીં, તમે એમ કહેત કે ત્યાં જવાનું નથી, કારણ, આવા નિયમ છે, તેમાં કાંઈ ખોટું ન હતું... તમને પૂછત જ નહીં કે તમે જવાના છો? આમ કર્યાથી તમે ...ના મનમાં વ્યાપેલું ઝેર, અપમાનની લાગણી, અને તેની સાથે થયેલી હિંસા બધું ટાળી શકત, અને સોસાયટીને પણ બચાવી શકત. ડૉ. દેવે તમારી પાસે જ ...ને કહેવડાવ્યું ત્યારે તમે આમ વર્તશો એમ ધારીને જ.'

મેં કહ્યું: 'પણ સોસાયટીનું વર્તન સજ્જનાઈભરેલું ગણાય ખરું? — ન ગણાય.'

બાપુ કહે: 'શા માટે ન ગણાય? મારી સાથે તો અનેક જણા આવે, તરેહવાર

વિચારના પણ આવે. તે બધાને એ લોકો કેમ દાખલ કરી શકે? તમને તો એ સારી રીતે ઓળખે, તટસ્થ તરીકે જાણે, અને તમારામાં શ્રદ્ધા એટલે આવવા દે. પણ એ તો કાંઈ નહીં. ભવિષ્યમાં આવું ન બને. હું ઠપકારૂપે નથી કહેતો. માત્ર તમને સમજાવું છું કે તમે વિશેષ ડહાપણ વાપર્યું હોત તો સારું કામ થાત.'૨૦

• આમ મહાદેવના પ્રશિક્ષણનું કામ ક્યારેક મીઠા ઠપકા દ્વારા, ક્યારેક લોકો સાથેની મુલાકાતો અને ત્યાર બાદ ચર્ચાયેલા મુદ્દાઓ દ્વારા, ક્યારેક લોકોને લખાતા પત્રો દ્વારા અને આખો વખત ગાંધીજીના પ્રત્યક્ષ જીવન દ્વારા ચાલતું રહેતું. આ કાળ દરમિયાન એવા પણ અનેક પ્રસંગો બનતા કે જેમાં મહાદેવને ગાંધીજી ચર્ચા કરવા કે મતભેદ પ્રગટ કરવા પ્રોત્સાહિત કરતા. એક વાર મહાદેવને પૂછે:

'તમે ઍન્ડ્રૂઝનો કાગળ ફરી વાંચી ગયા? તેની ઉપર ચર્ચા કરો. ઝઘડો કરવા જેવું કાંઈ જ ન લાગ્યું? આજે હું મારી પાસે પોલાકને ઇચ્છું છું, તે જો હોય તો દૃઢતાથી મારી સાથે પગલે પગલે ઝઘડો કરી મને ખૂબ વિચારવાની ફરજ પાડે, અને તે વસ્તુ પર છેવટના વિચાર કરાવે.'૨૧

એચ. એસ. એલ. પોલાક દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના નિકટતમ સાથીઓમાંના એક. ગાંધીજીને પ્રવાસ દરમિયાન જ્હોન રસ્કિનનું अनट् धिस लास्ट પુસ્તક આપીને એમનું જીવન પલટાવી નાખવામાં પોલાક જ નિમિત્ત બનેલા. મહાદેવને મળ્યા ત્યારથી જ ગાંધીજી એમનામાં પોલાકના ગુણો જોતા હતા. પોતાની ભારતની પ્રવૃત્તિઓ અંગે પણ ગાંધીજી પોલાકને સદા વાકેફ રાખતા હતા. પોતાની સાથે ઝઘડો કરવાનું સૂચવ્યું તેનાથી બરાબર ચાર માસ પહેલાં ગાંધીજી પોલાકને લખી ચૂક્યા હતા:

' ... મારી પ્રવૃત્તિઓ અંગે જણાવવાનું કે શ્રી દેસાઈ તમને એનાથી વાકેફ રાખતા રહે એવી સૂચના હું તેમને આપી દઉં છું. મારા કાર્યને માટે એમણે પોતાનું જીવન અર્પણ કરી દીધું છે. તેઓ એક શક્તિશાળી સહાયક છે. અને તમારું સ્થાન લેવાની તેમની મહત્ત્વાકાંક્ષા છે. એમણે ભગીરથકાર્ય ઉપાડ્યું છે, અને તેને માટે તેઓ પ્રયત્નશીલ છે.'૨૨

મતભેદો પ્રગટ કરી તે અંગે જરૂરી હોય તો ઝઘડો પણ કરવાના ગાંધીજીના સૂચનથી પ્રોત્સાહિત થઈને પેલા પ્રસંગમાં મહાદેવભાઈ ચર્ચા ચલાવે છે:

'એટલે મેં ઍન્ડ્રૂઝના પત્ર૨૩ના સંબંધમાં વાંધા શરૂ કર્યા. પ્રાત:સ્મરામિ૨૪ સમજનારો અને આચરનારો બધી જ પ્રજાઓના હલ્લાને હઠાવવાની લલુતા રાખે ખરો?' ડાયરીમાં આખી વાતચીત મહાદેવભાઈ સંવાદરૂપે રજૂ કરે છે:

બાપુ: ના, ન રાખે. પણ તેનામાં એ શક્તિ હોય. તે વાપરે કે ન વાપરે એ જુદી વાત છે.

મેં કહ્યું: આજના રાજકીય અધીનતાના વાતાવરણમાં એ તત્ત્વ સમજનારા છે જ નહીં એમ આપ કહો છો? મારો જૂનો ઝઘડો પાછો આવે છે. હું તો માનું છું કે છે જ, અને તેને જરાયે બીજાની પરવા નથી પડી. હિન્દુસ્તાન પર હુમલા થાય કે હિન્દુસ્તાન સળગી જાય.

બાપુ: 'હોય, પણ મને શંકા છે.'૨૫

(મહાદેવભાઈ દેહાસક્તિવિહીન જનકવિદેહી જેવા, જ્ઞાનીઓની હસ્તી વિશે શ્રદ્ધા ધરાવે છે અને ગાંધીજી એને વાસ્તવિકતાની કસોટી પર કસી જોતા લાગે છે.)

મેં કહ્યું: વારુ, ત્યારે તમે એમ કહેવા માગો છો ને કે આ રાજકીય પારતંત્ર્ય આત્મસાક્ષાત્કારમાં પણ આડે આવે? કારણ તમે તો કહ્યું જ છે કે એ કારણસર તો મેં મારી રાજકીય પ્રવૃત્તિઓ વહોરી છે.

બાપુ: 'હા, એ વાત સાચી. કોઈ માણસ એવો નીકળે કે એની આડે ન આવે. પણ પ્રજાનું શું?'

મેં કહ્યું: કોઈ કોઈ માણસની જ હું વાત કરું છું, પ્રજા તો કોઈ દિવસ આધ્યાત્મિક સ્વાતંત્ર્ય મેળવી શકવાની જ નથી.

બાપુ: 'હા, પ્રજાને સંબંધે બરોબર, પણ હું તો માનું જ છું કે આવો વિપ્લવ ચાલી રહ્યો હોય અને અમદાવાદમાં બેઠેલો, તમે કહો તેવો જ્ઞાની તે જોયા જ કરે, ભલેને મૌનવ્રતધારી હોય, તોપણ પોતાના વિચારથી પણ વાતાવરણ ઉપર અસર ન કરે, એ બને જ નહીં.'

અને ફરી પાછા વાસ્તવિકતાની ભૂમિકાવાળી શંકા વ્યક્ત કરે છે:

'મને નથી લાગતું કે એવા પુરુષો હશે.'

ચર્ચાને અશ્રદ્ધાની સીમા સુધી મહાદેવભાઈ લઈ જવા નથી માગતા. તેથી કહે છે: 'ત્યારે એ વાત આપણે બંધ કરીએ.' અને પછી આવા જ્ઞાની-યોગીઓ અંગેની પોતાની મૂળ શ્રદ્ધાને કાયમ રાખતાં કહી દે છે, 'એમાં આપણે બને એવું નથી.'

ઍન્ડ્રૂઝ પર લખેલા પત્રનો જ આગળ ઉપર ઉલ્લેખ કરી મહાદેવભાઈ ચર્ચાનો વિષય બદલે છે:

પછી મેં કહ્યું કે 'તમે લૂલાલંગડાને નિરિન્દ્રિય કહો છો તે શું સૂક્ષ્મેન્દ્રિય પણ ગુમાવી બેઠા હોય છે?'

બાપુ : 'ના, હું સૂક્ષ્મેન્દ્રિય ગયેલી હોય તેવા વિશે જ કહેવા માગું છું. હાથપગ કપાઈ ગયેલા માણસમાં પણ મારવાની નિર્દયતા હોય છે જ.'

મેં કહ્યું: એ સ્પષ્ટ કરવું જોઈએ. જેની ઇન્દ્રિય ગઈ હોય તેને તે ઇન્દ્રિયના ઉપયોગના વિચાર ન જ થાય એવું કાંઈ છે ખરું?

બાપુ: 'ના, ના. નપુંસકો તો અતિશય વિષયી હોય છે.'

આમ ઝઘડો કરીને વિચાર સ્પષ્ટ અને પુષ્ટ કરવાની માગણી તો મહાદેવ તે જ સંવાદમાં પૂરી કરતા હોય એમ જણાય છે. પણ પોતાની ડાયરીમાં એક મૂળભૂત શંકા ઊભી કરે છે. તેઓ પ્રશ્ન તરીકે નહીં, પણ અભિપ્રાયરૂપે નોંધ કરે છે કે:

'મને કઠણ વાત તો એ લાગે છે કે છ મહિનામાં આ લોકો (નવા રંગરૂટો) તૈયાર શી રીતે થાય? અને ત્યાં (યુદ્ધમોરચે) લડીને આવ્યા પછી પણ, એ તો નિ:સત્ત્વ થઈ જવાના, એમ મને લાગ્યા જ કરે છે.'

મહાદેવ સાંજે સૈન્યભરતીનો વિષય બીજી બાજુથી ચર્ચે છે:

મેં કહ્યું: બાપુ, મને તો એમ હજી લાગી જ નથી ગયું કે આપણો સંઘ કાશીએ પહોંચશે અથવા આપણે રણભૂમિ ઉપર જવું પડશે. આપણા રંગરૂટોની જરૂર જ નથી પડવાની. આપણે જવાને તૈયાર થઈશું તે પહેલાં લડાઈ પૂરી થઈ રહેશે.

બાપુ: 'તે તો કેવું સારું થાય! પણ તેયે આપણા લોકો સમજતા નથી.'

પછી ગાંધીજી પોતાના મનને મૂંઝવતો પ્રશ્ન કાઢે છે:

'પણ આ બધા કરતાં તો મુસલમાનોનો સવાલ મને વધારે ખેંચી રહ્યો છે. મુસલમાનોને કેમ સમજાવવા? એ લોકોમાં ભારે તિરસ્કાર વ્યાપેલો છે. મને મારી ન્યૂનતાઓ વિશેષ લાગતી જાય છે. મને એમ થાય છે કે બહુ પૂર્ણતાથી મેં કામ નથી આરંભ્યું. હું જો આઘો બેસી ગયો હોત તો કાંઈ દુ:ખ ન હતું. પણ મેં તો બધાને ઉપદેશ આપ્યો છે, અહિંસા સમજાવી છે. હવે મારા ઉપદેશથી કોઈ એમ માની લે કે આપણે તો લડાઈમાં ન જ જઈ શકીએ, કારણ, ગાંધીએ અહિંસા સમજાવી છે,

તો મને ભારે આઘાત પહોંચે એટલે જ મેં આ કામ લીધું છે. હું અહિંસા શું છે તે સમજાવવા બેઠો છું.'૨૬

ગાંધીજીનો આ પ્રશ્ન અણઊકલ્યો જ રહ્યો હતો અને મહાદેવે કલ્પના કરી હતી તેમ એમના રંગરૂટોને રણભૂમિ સુધી પહોંચવાનો વારો જ નહોતો આવ્યો તેથી ગાંધીજી એ પ્રશ્નમાંથી ઊગરી ગયા હતા.

• શરૂઆતનાં આ વર્ષોમાં મહાદેવભાઈની ડાયરીઓમાં ગાંધીજીએ લખેલા પત્રોની નકલ ઠીક ઠીક જગા લે છે. કોઈ કોઈ વાર ગાંધીજી ઉપર આવેલા પત્રો પણ એમાં સ્થાન પામતા. વિનોબા જેવાના પત્રોએ એમાં પાનાંનાં પાનાં ભર્યાં છે, તેથી આજ સુધી ટકી શક્યા છે. બીજા કેટલાક પત્રોનો માત્ર સારાંશ આપીને મહાદેવભાઈ ગાંધીજીના પત્રોને અક્ષરશઃ ઉતારી લેતા. એમાં મહાદેવભાઈની ગાંધીજી પ્રત્યેની ભક્તિ તો પ્રગટ થતી જ હતી, પણ ભારતના ઇતિહાસમાં ગાંધીજીના સ્થાન અંગેની સમજ પણ કામ કરતી હતી. પણ એનાથી સૌથી મોટું કામ થતું હતું મહાદેવભાઈનું પોતાનું પ્રશિક્ષણ. જે વિચારોને સમજી, એને જીવનમાં ઉતારી મહાદેવભાઈ ગાંધીજી સાથે તાદાત્મ્ય સાધવાના હતા, જે એમના પોતાના જીવનદર્શનને પુષ્ટ કરવાના હતા, એ વિચારનાં બીજ આપણને આ પત્રો તરફ નજર નાખતાં મળી આવે એમ છે. બધા પત્રો તરફ નજર દોડાવવી તો અસંભવિત અને અનાવશ્યક છે, પણ જુદાં જુદાં ક્ષેત્રમાં કેટલાક તરફ દૃષ્ટિપાત કરવાથી મહાદેવભાઈના દીક્ષાકાળનાં વિવિધ વૈચારિક પાસાં સમજાય એમ છે.

જીવન પ્રત્યે નિષેધાત્મક નહીં પણ વિધાયક દૃષ્ટિએ જોવું જોઈએ એ વાત ગાંધીજી સમજાવે છે અને મહાદેવભાઈ ઝીલે છે:

'તારો ત્યાગ એટલી હદે ન જવા દઈશ કે જેથી તારું દિલ ખાટું થઈ જાય અને તને તારા પોતા પ્રત્યે તથા આસપાસના પ્રત્યે કંટાળો આવે. ... આપણે સાચો ત્યાગ ત્યારે જ કર્યો કહેવાય, જ્યારે આપણે સામા જવાબની કશી અપેક્ષા જ ન રાખીએ. "સેક્રિફિસ" શબ્દનો ધાત્વર્થ... તું જાણતી હોઈશ કે તેનો અર્થ (ટુ મેક સેક્રેડ) પાવન કરવું અથવા પાવન થવું એવો થાય છે. આપણે પોતાને અથવા બીજાને પાવન નથી કરી શકતા જ્યારે આપણે ચિડાઈએ છીએ અથવા ગુસ્સે થઈએ છીએ.'૨૭

જીવનની આ વિધાયક દૃષ્ટિ મહાદેવને સદા પ્રફુલ્લિત રાખતી અને તેમને ત્યાગમાં આનંદ આપતી.

ગાંધીજી કોઈ પણ નિર્ણય કરવા બાબત અંતિમ આધાર અંતરાત્માને માનતા. આ કારણે જરૂર પડે તો પરમ સ્નેહીઓ કે આદરણીય મુરબ્બીઓનો વિરોધ કરતાં પણ તેઓ અચકાતા નહીં. મહાદેવના દીક્ષાકાળમાં સર દીનશા વાચ્છા, સુરેન્દ્રનાથ બેનરજી વગેરેનો વિરોધ કરવાનો તેમને પ્રસંગ પડેલો. તેમણે તે વખતે કહેલું:

'હું તેમની સાથે પવિત્ર અને અતૂટ સ્નેહગાંઠથી બંધાયેલો છું. … પરંતુ કેટલીક વાર એવા પ્રસંગો આવે છે જ્યારે આપણે અંતરાત્માના અવાજને વશ થવું જ જોઈએ. તે જ આપણો મોટામાં મોટો ભોમિયો છે.'૨૮

ગાંધીજી મોક્ષના ઇચ્છુક હતા. જીવનનું ધ્યેય તેમણે પોતાની જાતને શૂન્યમાં ફેરવી નાખવાનું માન્યું હતું. તેમને સત્યમાં ઈશ્વર દેખાતો હતો અને જીવન આખું તેમણે તેને પામવાના પુરુષાર્થમાં ગાળ્યું હતું. પરંતુ તે પામવા સારુ એમણે નિવૃત્તિનો માર્ગ સ્વીકાર્યો નહોતો. પરમાર્થમાંથી કરેલી બધી પ્રવૃત્તિ એ નિવૃત્તિ છે ને મોક્ષનું કારણ છે. પારકાંની સેવા એ જ પરમ અર્થ છે. પોતા તરફથી ધ્યાન પારકામાં ખેંચી જવું એમાં પુરુષાર્થની જરૂર રહેલી છે એમ તેઓ માનતા. તેઓ સેવાને જ પરમાર્થ માનતા અને પરમાર્થ સારુ કરેલી પ્રવૃત્તિઓને નિવૃત્તિ માનતા. અલબત્ત, એ પ્રવૃત્તિ અનાસક્તિથી થવી જોઈએ. અનાસક્તિને તેમણે ગીતાનો મુખ્ય સંદેશ માન્યો હતો અને તેની સાથે પોતાની મુખ્ય દેણ — સત્યાગ્રહ — ને સાંકળતા હતા. કેળવણીકાર શ્રી સાકરલાલ દવેને એક પત્રમાં તેઓ જણાવે છે:

'… ફળ ઉપર આસક્તિ રાખ્યા વિના કર્મ કર્યે જવું એ ભગવદ્ગીતાનો જરૂર આશય છે. તેમાંથી હું સત્યાગ્રહ ઘટાવી લઉં છું. જે ફળ ઉપર આસક્તિ નથી રાખતો તે તો પારકાની હત્યા નહીં કરે, પોતાનો ભોગ આપશે. પારકાની હત્યામાં અધીરાઈ છે, અધીરાઈમાં આસક્તિ રહેલી છે.'૨૯

આટલો તર્ક કરી પછી તેઓ સ્પષ્ટતા કરે છે કે તેઓ આ નિષ્કર્ષ પર પહોંચ્યા તે દલીલથી નહીં પણ અનુભવ પરથી.

'દલીલથી હું તમને કે કોઈને સમજાવવાની ઇચ્છા નથી રાખતો. ઇચ્છા રાખું તોયે શક્તિ હોય એમ હું માનતો નથી. મારી પાસે એના કરતાં બહુ વધારે પ્રબળ શક્તિ છે, અને તે અનુભવ છે. ૧૮૮૯ની સાલમાં મેં ગીતાજીનો પ્રથમ અનુભવ

મેળવ્યો ત્યારે જ મને તેમાં સત્યાગ્રહની ઝાંખી થઈ, અને જેમ જેમ હું ગીતાજી વિશેષ વાંચતો ગયો તેમ તેમ ઝાંખી ટળીને સત્યાગ્રહનું તેમાંથી મને શુદ્ધ દર્શન થયું. સ્થૂલ અર્જુનને સમજાવવા સારુ કૃષ્ણ જેવો ચતુર માણસ ગીતાનું ડહાપણ ડહોળી નાખે એ તો વાધરી સારુ ભેંસ મારવા સમાન થાય.'૩૦

મહાદેવના ચિત્તમાં આ કાળમાં સ્પષ્ટ થયું કે ગાંધીદર્શનના મૂળમાં ગીતાનું તેમનું અનુભવપ્રમાણિત ભાષ્ય છે. મૂળથી જ ગીતાના અનુરાગી મહાદેવને આ હકીકત ગીતાનું અનુશીલન કરવા પ્રેરી ગઈ.

- એમાંથી જ ઉત્પન્ન થયો ગાંધીજીનો અને મહાદેવનો નૈતિક વિચાર.

અધ્યાત્મનું મૂળ બિંદુ ઈશ્વર. સત્ય જ ઈશ્વર એ સિદ્ધાંત જેને લાધ્યો તેને નીતિનો મૂળ આધાર શોધતાં વાર લાગે એમ નહોતી. મહાદેવે જોઈ લીધું કે નીતિનાં કેટલાંક મૂલ્યો એવાં છે જે દેશકાળ મુજબ બદલાઈ શકે, પણ નીતિનું એક તત્ત્વ એવું છે કે જે દેશકાળ અબાધિત છે. અને તે તત્ત્વ એટલે સત્ય. પ્રામાણિકતા કે ઈમાનદારી એ સત્યનું વ્યાવહારિક સ્વરૂપ છે. ગાંધીજીને મન પ્રામાણિકતા એ જ નીતિની કસોટી હતી. તેથી તેઓ પોતાનું જીવન સદા ખુલ્લી ચોપડી જેવું રાખતા અને જેનું જીવન તેમને ખુલ્લું લાગતું તેમની નીતિમત્તા વિશે તેઓ વિશ્વાસ ધરાવતા. જાહેરજીવનમાં પડેલાં એક બહેન અંગે ગાંધીજીએ કહ્યું હતું:

' ... જેવાને અમર્યાદ લાગે એવું (એનું) વર્તન હોય, ટોળટપ્પાં કરે, મસ્તી કરે, પણ મને લાગે છે કે એ તો એને માફક જ હોય. હું એના પતિને ઓળખું છું, શૂરો માણસ છે, એણે એને સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે. બંને વચ્ચે શુદ્ધ પ્રેમ છે. મને લાગે છે કે એના વર્તનમાં કશું ગુપ્ત નથી. એ જ એની શુદ્ધિ પુરવાર કરે છે.'૩૧

સત્ય એ જ ગાંધીજીની દૃષ્ટિએ શીલનો પાયો છે. આશ્રમનાં બાળકો સાથે રમતગમત કરતાં પણ કેટલાક બોધપ્રદ ઉદ્‌ગારો કાઢે છે, તો મહાદેવ તરત એની નોંધ લે છે:

'તમે પોત ઉપર ગમે તે ભાત પાડો, પોતને તો દૃઢ, ઘટ્ટ અને સ્વચ્છ રાખજે. પોત એ તમારું શીલ છે, ચારિત્ર્ય છે. ભાત તો તમે વિદ્યાની — ગણિત, ભાષા, વિજ્ઞાનની પાડી શકો છો, પણ પોતને શુદ્ધ રાખવામાં એ કશું કામમાં ન આવે. પોતને તમે તમારા સંયમથી, સદ્વિચારથી, સત્સંગતિથી અને સદ્વાચનથી જ સારું રાખી શકો.'૩૨

આ સીધાસાદા બોધને મહાદેવ ઘૂંટડે ઘૂંટડે પીતા હતા અને વારંવાર ઘૂંટતા હતા.

- આ જ અરસા દરમિયાન ગાંધીજીએ એક ભારે દૂરગામી કામ ઉપાડ્યું હતું. આગળ દુર્ગાબહેનના પત્રમાં આપણે જોઈ ગયા કે પોતે અપેક્ષા રાખતા હતા કે ઇન્દોરથી ગાંધીજી ચંપારણ આવશે. ઇન્દોર ગાંધીજી હિન્દી સાહિત્ય સંમેલનમાં અધ્યક્ષતા કરવા ગયા હતા. ગાંધીજી તો કોઈ સંસ્થાના અધ્યક્ષ બને એટલે એ સંસ્થાના કામકાજમાં તરત વીજળીસંચાર થાય. આ ગાળામાં એમણે રાષ્ટ્રભાષાની સેવાનું એક નક્કર પગલું લીધું. તેમણે પોતાના સૌથી નાના પુત્ર દેવદાસ, જે ત્યાર સુધી મોટે ભાગે ગાંધીજી સાથે પ્રવાસમાં રહેતા હતા, અને જેમને વિશે ગાંધીજીને ઘણી ઘણી આશાઓ હતી, તેમને દક્ષિણ ભારતમાં હિન્દીના પ્રચાર અને પ્ર-શિક્ષણ સારુ મોકલ્યા. આ એક એવું કામ હતું જેની દશા ઉપર દૂરગામી અસર પડવાની હતી. દેવદાસભાઈએ વિશેષ કરીને તામિળભાપી પ્રદેશમાં હિન્દીનો પ્રસાર કરવામાં ફાળો આપ્યો. દુર્ભાગ્યે વર્ષો પછી આ વિષય રાજકારણીઓએ ચૂંથ્યો તેથી તે કથળ્યો. નહીં તો ભાષાની દૃષ્ટિએ આ એક મોટું પગલું હતું. ગાંધીજી ખેડામાં હોય, અમદાવાદમાં કે ચંપારણમાં, દેવદાસને નિયમિત પત્રો લખતા. કોઈ કોઈ વાર લખતા, દ્રવિડ લોકો અને બીજા હિન્દીઓ વચ્ચે ન જોડાય એવો અખાત પડી ગયો છે. એ સાંધવાનો ટૂંકામાં ટૂંકો અને અસરકારક પુલ તે જરૂર હિન્દી ભાષા છે. ... હિન્દીમાં ન વર્ણવી શકાય એવું કશુંક છે, જેથી એ શીખવી સહેલામાં સહેલી થઈ પડે છે. કારણ ગમે તે હો, પણ હિન્દી વ્યાકરણ સાથે જેટલી છૂટ લઈ શકાય છે તેટલી બીજી ભાષાના વ્યાકરણ સાથે લેવાતી મેં જાણી નથી.'૩૩ તો કોઈ વાર દેવદાસને લખતા, 'આવા કામમાં અતિ હોશિયાર અને બુજરગ માણસને જ મૂકવાની સાધારણ રીત છે, તેમ કરતાં પણ મદ્રાસ જેવામાં એટલા માણસો શીખવા આવે કે નહીં એ સવાલ રહ્યો. મદ્રાસ ઇલાકાને તમે હિન્દીનું દાન કરી શકો અને લોકો તે લે તો એક મહત્ત્વના સવાલનો ફડચો થાય છે. મદ્રાસ અને બીજા હિન્દના ભાગોનો તમે સંગમ કરાવ્યો કહેવાય. ગંગાનો પુલ બાંધવામાં જેટલી કળા અને જેટલી ધીરજની જરૂર છે તેથી વિશેષ તમે જે પુલ બાંધી રહ્યા છો તેમાં જોઈએ. તમે હિન્દી સહેલું અને રમૂજી કરી મૂકો તો તમારી ચતુરાઈનો ખપ આવશે. તેમ કરવા સારુ તમારે નવરાશ મળે ત્યારે હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, તમિલ વગેરે વ્યાકરણો વાંચી જવાં જોઈએ.

તેમાંથી તમને કોઈ સહેલી ચાવી મળી જશે કે જેથી તમે લોકોને થોડું શીખવી, ઘણું દઈ શકશો. ધાતુઓ ઉપરથી થયેલા શબ્દો ખૂબ આપી દેવા. એમાં યાદશક્તિની ઉપર થોડો બોજો આવે છે.'૩૪

મહાદેવ દેવદાસના દક્ષિણ ભારત મિશનની સરખામણી મહેન્દ્ર અને સંઘમિત્રાની લંકાયાત્રા જોડે કરતા.

'ગાંધીજીએ આ દેશને એક ખૂબ મહત્ત્વપૂર્ણ દેણ રચનાત્મક કામની આપી. અન્યાયના પ્રતિકારની અહિંસક પદ્ધતિના પ્રમાણમાં એ ઓછી ઝળહળતી હતી તે સાચું. પણ એનું પરિણામ ઓછું દૂરગામી નહોતું. મહાદેવે તો ગાંધીજી સાથેની પોતાની કારકિર્દીની શરૂઆત જ ચંપારણની ગ્રામસેવાથી કરી હતી. એટલે, એમને દેવદાસના આ કામનું મહત્ત્વ સમજતાં જરાય વાર ન લાગી. તેથી તેઓ નિયમિત રીતે દેવદાસને પત્રો લખતા. દેવદાસના કામની કદરદાની ઉપરાંત તેમાં ગાંધીજીની રોજેરોજની પ્રવૃત્તિથી દેવદાસને વાકેફગાર રાખવાનું દૂતકાર્ય પણ હતું જ. તેથી જ ગાંધીજી દેવદાસને લખે છે, 'ભાઈ મહાદેવ તમને ખબરોથી નવડાવે છે.'

- મહાદેવની પ્રવૃત્તિઓનો, તેઓ ગાંધીજી સાથે જોડાયા ત્યાર પછી થોડા જ સમયમાં, શંકરની જટામાંથી છૂટેલી ગંગાની જેમ વિસ્તાર થવા લાગેલો. ગાંધીજીનાં વ્યક્તિગત કામો તો હતાં જ, તે ઉપરાંત એમનાં ભાષણોની નોંધો રાખવી શરૂ થઈ. ગાંધીજીનું તે કાળે જે મુખ્ય કાર્ય હોય તેને પત્રો દ્વારા, ચર્ચાઓ દ્વારા અને કોઈ કોઈ વાર નાનીમોટી બેઠકોમાં વાર્તાલાપ દ્વારા સમજાવવાનું પણ શરૂ થયું. પણ અનેકવિધ પ્રવૃત્તિઓ છતાં મહાદેવ પોતાનો સ્વાધ્યાય નહીં છોડતા. તેઓ નિયમિત રીતે કાંઈક ને કાંઈક વાંચતા, અને તેમાંયે પોતાના કામને અંગે જરૂરી હોય એવું વાચન તો શોધી કાઢીને વાંચતા. એક સ્થળના સ્વાગતનો ભારી ભભકો જોઈ મહાદેવ ડાયરીમાં નોંધે છે, 'આવા ભારે ભભકાનું વર્ણન તો વૉલ્ટર સ્કોટ જ કરી શકે. સ્કોટ વાંચવો પડશે.'

સાહિત્યની વાત આવી છે તો સાથે સાથે એટલું પણ કહી દઈએ કે ફક્ત મહાદેવભાઈએ જ નહીં, પણ ગાંધીજીએ પણ આ કાળ દરમિયાન ઠીક ઠીક ગુજરાતી સાહિત્ય વાંચ્યું હતું. અવારનવાર ગુરુશિષ્ય વચ્ચે સાહિત્યચર્ચા ચાલતી. સૈનિકભરતીના કામ દરમિયાન ગાંધીજીએ ભોગવેલી મરડાની ગંભીર માંદગી વખતે રોજ સવારે મહાદેવ ગાંધીજીને આનંદશંકર ધ્રુવની *હિન્દુ ધર્મની બાલપોથી*

વાંચી સંભળાવતા. 'એમાંથી હું તો રસના ઘૂંટડા પી રહ્યો છું.' એમ ગાંધીજી કહેતા. મહાદેવભાઈ વાંચતા જાય અને ગાંધીજી 'હદ વાળી છે, અદ્ભુત ભંડાર ઠાલવ્યો છે' એવા એવા ઉદ્ગારો કાઢે. પોતાના પરમ મિત્ર સી. ઍફ. ઍન્ડ્રુઝને લખ્યું:

'આ નિબંધો શુદ્ધ કાંચન છે. આ પ્રાંતમાં મોટામાં મોટા વિદ્વાન પૈકીના એ છે. આ નિબંધોથી મને ભારે સુખ મળ્યું છે. આત્માના મિલનનો અર્થ વધારે સારી રીતે સમજવામાં તેણે મને મદદ કરી છે.'૩૫

મણિલાલ નભુભાઈના कांता નાટક વિશે અભિપ્રાય મિશ્ર હતો:

'સારું નાટક છે. કલાત્મકતા છે, પણ અંગ્રેજી ભાવો ઘણા જ છે. જ્યાંત્યાં અંગ્રેજી ભણકારા વાગે છે. તરલાનું પાત્ર અંગ્રેજી નાટકોના પાત્ર જેવું છે. વાંચીને रचिर्ड ध थर्ड અથવા मेकबेथ યાદ આવે. रचिर्ड ध थर्ड વધારે.'

राईनो पर्वत વિશે કહે, 'વીણાવતીને દાખલ કરીને રમણભાઈએ નાટકની કિંમત ઓછી કીધી છે. પાછલા ભાગમાં જાણે વિધવા પુનર્વિવાહનું ચોપાનિયું લખતા હોય તેવું થઈ ગયું છે. નાટક ઉત્તમ છે એમાં શક નથી. પણ આ ખામી તો છે જ. એણે ખૂબ ચડાવ્યું પણ આગળ જઈને પડ્યા.'

દોલતરામ પંડ્યાના 'अमरसत्र' નાટક વિશેની ચર્ચા એ બંનેને 'ક્લિષ્ટ' શબ્દ અંગેની ચર્ચામાં ઉતારી ગઈ:

'મહાદેવ, "अमरसत्र" તો સારું છે, પાછળથી શ્લોકો પણ સારા આવે છે; પ્લોટ તો ધૂળ જેવું છે, પણ લખાણ સારું છે અને દોલતરામ પંડ્યા કુદરતી લખતા હોય એવું લાગે છે.'

મેં કહ્યું: મેં વાંચ્યું નથી એટલે શું કહું? પણ ક્લિષ્ટ શૈલી તો હોવી જ જોઈએ.

બાપુ કહે: તમે ક્લિષ્ટ કોને કહો?

મેં કહ્યું: જે વિચાર વધારે સહેલી ભાષામાં મૂકી શકાતો હોય છતાં જે કઠણ ભાષામાં બતાવવાની ખાતર બતાવ્યો હોય, જેમાં કઠણતા એ ભૂષણ નહીં હોય પણ ભારરૂપ હોય તે ક્લિષ્ટ. અને એવી શૈલી દોલતરામ પંડ્યાની ગણાય છે.

બાપુ કહે: ના, સમજવું કઠણ પડે તેને ક્લિષ્ટ નહીં કહેવાય.

મેં કહ્યું: રમણભાઈનો જે સરળતાનો ગુણ છે, તે ગુણ દોલતરામ પંડ્યામાં છે જ નહીં.

તો કહે: તે ખરું, પણ એની કઠણ ભાષાને હું ક્લિષ્ટ નહીં કહું, કારણ, સમજતાં વાર લાગે તેથી આપણે કોઈ ભાષાને ક્લિષ્ટ નથી કહી શકતા.

મેં કહ્યું: જાણીજોઈને કઠણ કરી હોય, વિના કારણ કઠણ કરી હોય તે ક્લિષ્ટ કહેવાય. વિચાર ન સમજાવાને લીધે મણિલાલની ભાષા કઠણ લાગે પણ તે ક્લિષ્ટ નહીં. અલંકારોને લીધે કઠણ લાગે એવી ગોવર્ધનભાઈની ભાષા ક્લિષ્ટ નહીં, પણ શ્લિષ્ટ જ કહેવાઈ છે.

તો કહે કે: હશે. પણ મણિલાલની ભાષા ઘણે ઠેકાણે એવી નથી કે જેને સાદી રીતે બતાવાય છતાં કઠણ રીતે બતાવી હોય?

મેં કહ્યું: ના.

વાત ત્યાં અટકી. પછી મેં પૂછ્યું:

અંગ્રેજી લેખકોમાં ક્લિષ્ટ ભાષા કોની?

જરા વિચાર કરીને કહે: આપણને ક્લિષ્ટ લેખકો શીખવાતા નથી, એટલે શું કહેવાય?

મેં કહ્યું: જોન્સન તો ન કહેવાય.

તો કહે: ના, નહીં જ.

મેં જરા હસતાં હસતાં કહ્યું: ઓસ્ટિનની જ્યુરિસ્પ્રુડન્સ કિલષ્ટ કહેવાય.

બાપુ: મને તો નથી લાગી. એની એક પ્રકારની રીત હતી, પણ મને તો તેમાં બહુ રસ પડતો.

મેં કહ્યું: ડાઈસીના જેટલો પ્રસાદ એમાં ખરો કે?

તો કહે: ના. એ વાત સાચી, પ્રસાદ તો નથી જ. પછી કહે: તમે स्टीवन्स डजिस्ट ऑफ अेवडिन्स વાંચેલો? એના ઉપર હું તો ફિદા છું. આપણે કાયદાનાં પુસ્તકો પણ આપણી ભાષામાં લાવવાં જોઈએ. પણ આપણા વકીલોને ક્યાં ગુજરાતીમાં બોલવું જ છે? એ લોકોને ભાન ક્યાં છે કે ગુજરાતીમાં એ પુસ્તકો મૂકી દેવાથી પ્રજાને કેટલી ચડાવાય? અને આપણા સાક્ષરોને તો જાણે સાચી પ્રવૃત્તિ હાથ લાગી જ નથી. રેઢિયાળ પુસ્તકોનું ભાષાંતર કરે, પણ આવું કાંઈ સૂઝે છે?

મેં કહ્યું: મારે દોલતરામ પંડ્યા વાંચવા જોઈશે. તમે વાંચશો એ મને ખાતરી હતી એટલે જ મેં તમારે માટે કઢાવેલી.

તો કહે: હું તો વાંચવાનો જ. મારે તો ગુજરાતીમાં રેઢિયાળમાં રેઢિયાળ પુસ્તક હોય તે વાંચ્યે જ છૂટકો છે. હા, મને લાગે છે કે, ગુજરાતી બાઇબલ મારાથી ન વંચાય. એનું કારણ એ છે કે અમુક વરસો સુધી એક વસ્તુ અદ્‌ભુત ભાષામાં વાંચેલી તેની તે જ વસ્તુ બીજી ખરાબ ભાષામાં વાંચવી કઠણ પડે. બાઇબલનું ભાષાંતર કરાવવાનું તો મિશનરીઓને માથે પડ્યું. એટલે ભવ્યમાં ભવ્ય પુસ્તકનું અને અંગ્રેજી સાહિત્યના ઉત્તમ નમૂનાનું ભાષાંતર તે તદ્દન રદ્દી થયું. આપણા સાક્ષરોને એ કરવાનું પણ સૂઝ્યું નથી. ક્યારે સૂઝશે?'૩૬

ગુજરાતી અને અંગ્રેજી સાહિત્ય મહાદેવે ગાંધીજી કરતાં ઘણું વધારે વાંચ્યું હતું એટલે કોઈક વાર ગાંધીજીને કોઈ લેખકને વાંચીને હરખાતા જુએ તો મહાદેવ માત્ર એટલું જ કહે કે, 'પહેલી વારના વાચનનો હરખ છે.'

• પણ આ લોકો પાસે કાવ્યશાસ્ત્રવિનોદ પાછળ કાળ ગાળવાનો સમય મોટે ભાગે તો બેમાંથી એકની માંદગી આવે ત્યારે હોય. બાકી ચર્ચાઓ ચાલે સામાજિક પ્રશ્નો અથવા એથીયે વધારે ગાંધીજીની કાર્યપદ્ધતિ અંગે. સ્ત્રીઓ અંગેની ચર્ચામાં ગાંધીજી કરતાં મહાદેવભાઈ વધુ ઉદાર અને મૂળગામી વિચારના હોય એમ લાગે છે:

'સાંજે આશ્રમમાંથી નીકળ્યા. બા સાથે હતાં. હું દોડતો દોડતો સાથે થઈ ગયો. મને કહે: મહાદેવ, રાજકીય પ્રશ્નો ઉકેલવા કરતાં સંસારના પ્રશ્નો ઉકેલવા અઘરા છે. બાને આ ચંચી૩૭ આવી છે તોયે થઈ જાય છે કે હું નડિયાદ આવીને રહું. મેં ચંચીબહેનના અને પાર્વતીના રડવાના સમાચાર આપ્યા. તો કહે કે બધાં પોતપોતાનું દુ:ખ રડી રહ્યાં છે, આપણે સૌનું રડવાનું, પણ સૌનું રડવા જઈએ તો દહાડાના ચોવીસેચોવીસ કલાક જાય.

મેં કહ્યું: સ્ત્રી કેટલી પરતંત્ર છે? ધણી ગમે તે કરીને આવે તે પણ સ્વીકારી લેવું પડે છે અને તેનાં પરિણામ ખમી લેવાં પડે છે.

બાપુ: આખા જગતની સ્ત્રીઓનું એમ છે. પણ હું એમાં કંઈ દુ:ખનું કારણ જોતો નથી. એ તો એનો સ્વાભાવિક ધર્મ જ છે. એને અવલંબનની જરૂર રહે છે જ. તે અવલંબનમાં સ્ત્રીઓ આનંદ માને છે, એ જ એનું જીવન છે. આપણે કમાઈ લાવીએ, બહારના પ્રશ્નો જાતે જ કૂટી લઈએ, સ્ત્રીને કહીએ કે એમાં તારે મોં ઘાલવાનું કાંઈ પ્રયોજન નથી, તું સુખે બાળકોને સંભાળ, તેને આનંદમાં રાખ. અને એ તદ્દન

સ્વાભાવિક વ્યવસ્થા છે. બકરી ગરીબ છે તે ગરીબાઈ બકરીને દુ:ખરૂપ છે કે? એમ તો સ્ત્રીના માસિક આર્તવ અને જનનના કાર્યને પણ દુ:ખ ગણવા જેવું છે. એ દુ:ખ ગણાય ખરાં?

મેં કહ્યું: ના, પણ એના જેટલું જ સ્વાભાવિક પરાવલંબન નથી.

બાપુ: એટલું જ સ્વાભાવિક છે. કોઈ પણ સ્ત્રીને આલંબન વિના નથી ચાલતું એ તો સાચું કેની? ... જેવી બહાદુર બાઈને પણ ટેકો તો જોઈએ જ. પુરુષ વિના એને ચાલી શકતું જ નથી.'૩૮

આ ચર્ચામાં આપણને મહાદેવભાઈની નમ્રતા, એમની સત્યશોધનની વૃત્તિનેય પાછળ રાખી દેતી હોય એમ નથી લાગતું? ગાંધીજી આગળ એક હદથી આગળ ચર્ચા કરતાંયે તેઓ અટકી જતા લાગે છે. એનાથી તેમને કે ગાંધીજીને શો લાભ થયો હશે, એ પ્રશ્ન આપણા મનમાં રહી જાય છે. અલબત્ત, આપણે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે ગાંધીજીના વિચારો સતત ગતિશીલ હતા, એટલે ૧૯૧૭થી '૨૧ના ગાળામાં હતા તે જ વિચારો સ્ત્રીઓ અંગે ૧૯૩૦-'૩૨માં રહેતા નથી, '૩૦-'૩૨ના આંદોલનમાં તો ગાંધીજીએ ભારતની સ્ત્રીઓને મુક્તિની ચાવી આપી દીધી હતી. વિચારની આ પ્રગતિ પાછળ જે તત્ત્વોએ કામ કર્યું હશે તેમાં એક મહાદેવ પણ હશે ને?

વિધવાવિવાહ અંગે ગાંધીજીનો મત કાંઈક વધુ સ્પષ્ટ હતો:

'પુનર્વિવાહ વિશે મારો એવો અભિપ્રાય છે કે સ્ત્રી અથવા પુરુષ ઘરભંગ થયા પછી ફરી ન પરણે એ જરૂરનું છે. હિંદુ ધર્મનો આધાર સંયમ છે. બધા ધર્મમાં સંયમ તો છે જ. પણ હિંદુ ધર્મમાં તેને બહુ વધારે મોટું પદ આપવામાં આવ્યું છે. તે ધર્મમાં પુનર્વિવાહ તો અપવાદરૂપે જ હોવા જોઈએ. આવા મારા વિચારો છે, છતાં જ્યાં લગી બાળલગ્ન ચાલ્યા જ કરે છે અને પુરુષવર્ગ સ્વેચ્છાએ જેટલી વાર લગ્ન કરવાં હોય ત્યાં સુધી કર્યાં જ કરે છે, ત્યાં લગી કોઈ બાળવિધવા ફરી લગ્ન કરવાની ઇચ્છા કરે તેને રોકવા પ્રયત્ન ન કરવો ને તેની ઇચ્છાને માન આપવું. છેક બાળવિધવાના મનમાં પણ હું ફરી વિવાહની ઇચ્છાનું બીજ ન રોપું, પણ ફરી પરણે તો તે ક્રિયાને પાપરૂપ ન ગણું.'૩૯

આ બાબત મહાદેવભાઈએ કોઈ ટિપ્પણી નથી કરી એટલે તેઓ પણ એ બાબતમાં સંમત હશે એમ માની શકાય.

• આ કાળમાં જે વિચારને ગાંધીજીએ ફરી ફરી પ્રગટ કર્યો છે અને મહાદેવભાઈએ જેને ભક્તિપૂર્વક પોતાના હૃદયમાં ઝીલ્યો છે, અને ઝીલીને પોતાનો બનાવ્યો છે તે તો સત્યાગ્રહનો વિચાર. ગાંધીજીની એ મૂળ દેણને મહાદેવભાઈ આ કાળ દરમિયાન ઘૂંટડે ઘૂંટડે પીએ છે અને તેમ કરવામાં પોતાની જાતને ધન્ય માને છે.

સત્યાગ્રહને નામે આજે ગમે તેવા મુદ્દાઓ પર ગમે તેવા કાર્યક્રમો યોજાય છે. પરંતુ સત્યાગ્રહનો મુદ્દો નક્કી કરવા બાબત ગાંધીજી કેટલા ચોક્કસ હતા તે મહાદેવભાઈ એક પ્રસંગ દ્વારા નોંધે છે. હોમ રૂલ લીગના પ્રતિનિધિમંડળને વિદેશ જવા સારુ મળેલા પાસપૉર્ટ રદ થયા તેને અંગે સત્યાગ્રહ કરવો જોઈએ એવું સૂચન જ્યારે ગાંધીજી આગળ मराठा પત્રિકાના ઉપતંત્રીએ કર્યું ત્યારે તેમણે ટૂંકી ને ટચ ભાષામાં સત્યાગ્રહની શરતો નીચે મુજબ જણાવી:

‘સત્યાગ્રહ કરનાર બહુ ચુસ્ત જોઈએ, મોટા પાયા પર સત્યાગ્રહ થઈ શકે એવો સત્યાગ્રહનો પ્રકાર હોવો જોઈએ: સામાનું કાર્ય પાશવી, જુલમી, અનીતિમય અને અન્યાયી ન હોય ત્યાં સુધી સત્યાગ્રહનો સવાલ નથી ઊઠી શકતો.’૪૦

શ્રી જેરાજાણીની આગેવાની હેઠળ પાંચ-સાત લોકો માર્કેટના દરવાજા રોકીને સૂઈ ગયા અને ‘ગરીબોના પેટ પર પગ મૂકીને ભલે જાઓ’ એવાં પાટિયાં મૂક્યાં. જેરાજાણીએ એક દિવસ ઉપવાસનું વ્રત લીધું. શ્રી જેરાજાણીને બોલાવીને ગાંધીજીએ કહ્યું:

‘તમે આ જે કર્યું છે તેમાં ક્યાંય સત્યાગ્રહ નથી. સત્યાગ્રહ એ વસ્તુ નથી કે જે વડે તમે સામાની પાસે બળાત્કારે કાંઈ કઢાવી શકો. પ્રેમથી કઢાવી લેવામાં સત્યાગ્રહ રહેલો છે. તમે જે લાંઘણ કરવા ધારી છે તે લાંઘણ કરીને શુદ્ધમાં શુદ્ધ ઇન્સાફ નહીં મેળવી શકાય. ... મારું અનુકરણ મારી સંમતિ વિના કેમ થાય? તમે જે કર્યું છે તેમાં સત્યાગ્રહ નથી પણ અસત્યાગ્રહની સીમા આવી જાય છે. તમે નોકરીએ ન ચઢો અને એમને મરજી પડે તે માણસોને રાખી લેવા દો એ સત્યાગ્રહ છે.’૪૧

આ પ્રસંગે क्रॉनकिलના રિપોર્ટરે કાંઈક ખોટો અહેવાલ છાપ્યો. એટલે મહાદેવભાઈએ એનો ઇન્કાર કરતો પત્ર મોકલ્યો. ગાંધીજીએ એ બાબત પ્રશ્ન પૂછ્યો, ‘એ કાગળમાં મેં વાજબીપણા માટે કહેલું તે નથી આવતું.’ મહાદેવભાઈએ ગાંધીજીને સ્મરણ દેવડાવ્યું કે તમે તો લાંઘણ માટે કહેલું, દરવાજા રોકવા માટે નહોતા બોલ્યા.’

ગાંધીજીએ એ વાત સ્વીકારીને કહ્યું, 'હા, ત્યારે એ બાબત સ્પષ્ટ કરી કાગળ મોકલો.'૪૨

વિનીત દળના નેતા શ્રી નટેસનને એક પત્રમાં ગાંધીજીએ જણાવ્યું કે, 'સરકારના અત્યાચારો સામે ઊછરતી પેઢીને તમે કશો અસરકારક ઉપાય નહીં બતાવો તો તમે ઝેરવેરની ભૂતાવળ જગાવશો અને ... હિંસામાર્ગનો એટલો ફેલાવો થશે કે પછી આપણે સૌને હાથ ઘસવા પડશે.'૪૩

એક જગાએ ગાંધીજીએ છાપાંજોગ નિવેદનમાં સ્પષ્ટતા કરી:

'સત્યાગ્રહી કદી સરકારને પજવવા ઇચ્છતો નથી. તે ઘણી વાર સરકારની સાથે સહકાર કરે છે. પણ જ્યારે વિરોધ કરવાની તેના ઉપર ફરજ આવી પડે છે ત્યારે વિનયપૂર્વક વિરોધ કરતાં તે અચકાતો નથી.'૪૪

એ કહેવાની જરૂર નથી કે ગાંધીજી પાસેથી મહાદેવ એ વાત તો બરાબર સમજી ગયા હતા કે સત્યાગ્રહ કે અહિંસા અને કાયરતાને નાહવાનિચોવવાનો સંબંધ નથી. બિહારમાં બેતિયાની સભામાં તો ગાંધીજીએ આ મુદ્દાને સમજાવતાં એટલે સુધી કહી દીધું કે:

'શાંતિનો ઇલાજ કરતો છતાં હું એમ નથી ઇચ્છતો કે હિન્દુસ્તાનની રૈયત નામર્દ બની જાય. ... પોલીસ અત્યાચાર કરવાને તૈયાર થાય, તેની સામે મરવાને તૈયાર થાઓ તો તમે સત્યાગ્રહી છો, બહાદુર છો એમ કહું. પણ તમે ઊભા ઊભા (સ્ત્રીઓની) બેઇજ્જતી થવા દો તેના કરતાં તેને મારીને હઠાવો એ સારું. સત્યાગ્રહનો અર્થ એ નથી કે સ્ત્રીઓને મૂકીને ભાગી જવું. ... તમે લાંબી લાંબી ડાંગો લઈને અહીં આવ્યા છો. તેમને પૂછું છું કે તમે (બેઇજ્જતી જોવી) એને સત્યાગ્રહ સમજો છો? આપણો ધર્મ નથી શીખવતો કે નામર્દ બનવું, અત્યાચાર સહન કર્યા કરવા. ધર્મ શીખવે છે કે અત્યાચારીનું ખૂન લેવા કરતાં તેને ખૂન આપવા તૈયાર થવું એ સરસ છે. આપણે એવી રીતે ખૂન આપવા તૈયાર થઈએ તો તો આપણે દેવ બની ગયા, પણ અન્યાય જોઈને પલાયન કરીએ તો તો આપણે પશુથી પણ નપાવટ થયા.'૪૫

એક બીજી જગાએ ગાંધીજીએ સ્પષ્ટતા કરી કે અહિંસામાં અદ્વેષ તો આવી જ જાય છે, એટલે અજાણ્યે પણ સ્વયંસેવક વિપક્ષીઓની નિંદા કે વગોવણી નહીં કરે.

વળી એક સ્થાને તેમણે હિંસા વિશે એ સમજ આપી કે,

'હિંસાની પદ્ધતિ માનવગૌરવ સાથે સુસંગત નથી ... સાચું પૌરુષ, સાચી બહાદુરી, આપણી અંદર રહેલા પશુને કાઢી નાખવામાં છે. ત્યારે જ આપણા આત્માના વિકાસનો માર્ગ મોકળો થાય છે.'૪૬

આમ ગાંધીજીના વિચારોને વાગોળી, તેમનાં વચનોને પોતાની કલમમાં ઝીલી અને તેમની વર્તણૂકને અનુવર્તીને મહાદેવ જે દીક્ષા લઈ રહ્યા હતા તે સમજ્યા પછી આપણે એક પ્રસંગ જોઈએ. જેમાં મહાદેવની ગાંધીભક્તિ જોડે એમનો આત્મવિશ્વાસ પણ પ્રગટ થાય છે:

જલિયાંવાલા બાગકાંડ (જેનો ઉલ્લેખ આપણે આગલા એક પ્રકરણમાં કરીશું) બન્યો એના થોડા દિવસ પછી ગાંધીજીને અમદાવાદ આવવાનું થયું. અમદાવાદમાં લશ્કરે ભારે તૈયારીઓ કરી રાખેલી. શાહીબાગના બંગલાઓ ખાલી કરાવ્યા. શહેરને કોર્ટમાર્શલ ઑર્ડિનન્સ નં. ૪ લાગુ પાડ્યો. આ બધું જોઈ-સાંભળીને મહાદેવભાઈને અકળાટ થયો. ગાંધીજીએ કહ્યું કે એ અકળાટ કે ગભરાટનું કાંઈ કારણ નથી. મહાદેવભાઈનું અનુમાન હતું કે ગાંધીજીને થોડા દહાડા સરકારે છોડ્યા તે પોતાના બળને સંગઠિત કરવા. આ બધી તૈયારી તેમને ગાંધીજીને પકડવાની લાગતી હતી. ગાંધીજીએ હસીને કહ્યું, 'અરે શી વાત કરો છો? મને શું પકડવાના હતા? એનો ભાર નથી. બીજાને પકડશે એ વાત સાચી છે. મને એ લોકો અલગ પાડી નાખવા માગે છે ખરા.' છતાં મહાદેવભાઈની માન્યતા હતી કે ગાંધીજી પકડાશે. તેમણે બાંયધરી આપતાં કહ્યું, 'હું ખાતરીથી કહું છું કે પહેલા પકડાયા તે વખતે મારી આંખમાંથી એક આંસુ નીકળ્યું હતું. આ વખતે તેયે નહીં પડે.' પછી એમણે પૂછ્યું, 'બાપુ, ગોળીબાર નહીં કરે?' ગાંધીજી કહે, 'અરે, શી વાત કરો છો? એની હિંમત કેમ ચાલે?' મહાદેવભાઈએ કહ્યું કે, 'અમુક અમલદારો એવા છે કે સરકારને લાજ લગાડવામાં એમને લાજ નથી આવવાની. એ તો બધા પર ગોળીબાર કરાવે.' એ લોકોને લાજ નથી એ વાત સ્વીકારીને ગાંધીજીએ કહ્યું, 'પણ એની પરંપરાથી એ વિરુદ્ધ છે.'

મહાદેવભાઈએ દલીલ કરી કે અત્યારે જે અત્યાચારો થઈ રહ્યા છે તેય તેની પરંપરાની વિરુદ્ધ જ છે ને? છતાં ગાંધીજીને શ્રદ્ધા હતી કે એટલી હદે સરકાર નહીં જાય. એમની પર ગોળીબાર ન કરી શકે. અને દાખલો આપે છે કે સાવરકર જેવા

પર પણ ગોળીબાર નથી કર્યો, અજિતસિંહ જેવા પર નથી કર્યો તો એમની પર શું કરે? મહાદેવભાઈએ યાદ દેવડાવ્યું કે રેજિનાલ્ડ કેડોકે તે જ દિવસે લખ્યું હતું કે ગેરરસ્તે દોરવાયેલો સંત સો ચળવળિયા કરતાં વધારે ભયંકર છે. ગાંધીજી કહે છે કે તેમાં શું ખોટું છે? પછી કહે, 'બાકી ગોળીબાર કરે તો મજા આવે.' મહાદેવભાઈએ દલીલ કરી કે, 'દક્ષિણ આફ્રિકામાં તો તમે હજારો હતા, અહીં આપણે ખોબા જેટલા છીએ.' ગાંધીજી કહે, 'દક્ષિણ આફ્રિકામાં ખરા સત્યાગ્રહી તો આંગળીના વેઢે ગણાય એટલા જ હતા. અહીં તે ઘણા વધારે છે.' પછી કહે, 'મારા પર ગોળીબાર કરે તો બળવો જ ઊઠે, અને તેમ થતાં જે ખૂનામરકી થાય તેને માટે હું છાંટાભાર જવાબદાર નહીં ગણાઉં.' ત્યારે મહાદેવભાઈ સંકોચ સાથે એક પ્રશ્ન પૂછે છે, 'આપને જો ફાંસી દે અને તેમ થતાં આપની ઉપર આશક થયેલા અનુયાયીઓનો પિત્તો ઊછળે અને તેઓ લોહી ઉડાડે તો આપના આત્માને દુ:ખ પહોંચાડ્યું ગણાય ને?' ગાંધીજી કહે, 'બેશક, ભારે દુ:ખ થાય, સત્યાગ્રહનો એકડોયે એ લોકો સમજ્યા નથી એમ કહેવાય. અને સત્યાગ્રહ અપવિત્ર બને. માત્ર તમે એટલું જ કરી શકો કે એવાં ભારે સત્યાગ્રહી પગલાં લેતા રહો કે તમને પણ શૂળીએ ચડાવે.' મહાદેવે ઉત્તર આપ્યો: 'બાપુ, સાચું છે, બરોબર પળાશે.'૪૭

ગાંધીજીએ સૂવાનો આદેશ આપ્યો પણ મહાદેવભાઈની ઊંઘ ઊડી ગઈ હતી. તેઓ વિચારને ચગડોળે ચડી ગયા હતા. એમણે ગાંધીજીની આજ્ઞા લઈ વધુ એક પ્રશ્ન પૂછ્યો, 'એક વાર આપે કહ્યું છે કે "માણસને એની કૃતિથી જુદો પાડીને નહીં વિચારી શકાય." આજે સવારે આપે એક વાક્ય એવું કહ્યું હતું કે, "આપણને માણસ તરફ તિરસ્કાર કેમ હોય? તેનાં કાર્યો તરફ તિરસ્કાર હોઈ શકે." જો આપનો પ્રથમનો ઉપદેશ સાચો હોય તો આ બીજા વાક્યમાં જરા ત્રુટી આવતી લાગે છે. આપણે એક માણસને તેનાં કાર્યોથી અલગ રાખીને તેનાં કાર્યોને નિંદી શકતા નથી.'

ગાંધીજીએ કહ્યું: 'હા, કાર્ય ઉપર તિરસ્કાર થાય તે આપણને ચડાવનાર છે, માણસ ઉપર તિરસ્કાર થાય તે આપણને પાડનાર છે.'

મહાદેવભાઈ: 'હું નૈતિક દષ્ટિએ તમારી વાત સ્વીકારું છું, પણ મને એ માનસશાસ્ત્રની દૃષ્ટિએ અશક્ય જેવી લાગે છે.'

ગાંધીજીએ કહ્યું કે, 'તમે તો ત્રિરાશિનું પદ એમ મૂક્યું જણાય છે કે માણસના ગુણ માટે તેને પ્રેમ કરીએ તો તેના દોષ માટે તેને નિંદીએ, ... ગવર્નરને હું મળ્યો. તેણે

અતિશય ખરાબ ઉદ્‌ગારો કાઢ્યા, પણ શું તેના પ્રત્યે જરાયે રોષ થયો હતો કે? હું તો પ્રસંગ મળે તો એ માણસની પૂજાચાકરી કરી લઉં... જગતમાં એકે માણસ “હું દુષ્ટ છું” એમ સમજીને દુષ્કાર્ય કરતો નથી. ... અંગ્રેજ તરફ મને જરાયે તિરસ્કાર નથી થતો તેનું શું કારણ? હું જોઈ શકું છું કે રાજ્ય કરતી પ્રજા એ રીતે જ વર્તે. એની સેવા કરીને એને સુધારવાની મારી તો ફરજ રહી. ... માણસની તિરસ્કારવૃત્તિ એ તો તેની નબળાઈ સૂચવનારી વસ્તુ છે... પ્રેમ કહો અથવા દયા કહો એ જબરા માણસની નિશાની છે. તિરસ્કારવૃત્તિ એ ધર્મવૃત્તિનો લોપ સૂચવે છે. માણસની દયા ઉદારતામાં રહેલી છે. ... ઉદારચરિતો ખરા મર્દ છે.’ આ સાંભળીને મહાદેવ તો નિરુત્તર જ થઈ ગયા. સત્યાગ્રહી શૂરાનું યુદ્ધશાસ્ત્ર સત્યાગ્રહના શોધકને મુખે સાંભળી તેઓ એટલું જ બોલ્યા કે, ‘હું બરાબર સમજી ગયો છું,’ એમણે સ્વીકાર્યું કે ગાંધીજીની નિંદા કરનારાઓને પોતે ધિક્કાર્યા હતા તેમાં તેમની ધર્મવૃત્તિ શિથિલ થઈ હતી. એ તેમની નબળાઈ સૂચવતું હતું, પણ સાથે સાથે તેમણે એ પણ ખાતરી આપી કે, ‘હવે એ ભાવ નથી રહ્યો એમ પણ કહી દઉં છું.’ ગીતાનું ‘नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत् प्रसादात्’વાળું વાક્ય યાદ આપે તેવું આ સરળ હૃદયે કહેવાયેલું પણ બુલંદ કથન હતું.

‘હા, એ સમજાય એવી વસ્તુ છે. મને તો જરાયે તિરસ્કાર નથી થતો એમ હું બરોબર કહું છું. ... એમ બોલતાં મારામાં ભારે ઉદારતા હોવાનો આરોપ વહોરી લઉં છું. પણ જે વસ્તુ મારામાં છે તે કહેતાં મને સંકોચ શો? મને પચાસ વર્ષ થયાં છે તે હું કોઈને ઓગણપચાસ કહું ખરો? મારો ભાઈ દારૂડિયો, ચોરી કરનાર, બીડી પીનાર હતો તેને શું હું ધિક્કારતો હતો? નહીં, કદી નહીં. ‘

મહાદવે શંકા કરી, ‘બાપુ, આ દાખલામાં તો તેઓ આપના ભાઈ હતા માટે આપ પ્રેમથી વર્તી શકેલા એટલો ઉત્તર આપી શકાય.’

તરત ઉત્તર મળ્યો: ‘તેથી જ મેં . ... કહ્યું છે કે કુટુંબમાં પ્રેમથી વર્તનાર ... પશુની કોટિમાંથી નીકળી એક પગથિયું આગળ ચાલે છે. ગામને વિશે અનુભવ કરનાર તેથી પણ જરા આગળ વધેલો છે, પ્રાંતમાં તમામ માણસો વિશે અનુભવ કરનાર તેથી પણ જરા આગળ વધેલો, એમ આખા જગતમાં પોતાનો ગમે તેવો વિરોધી હોય તેની સાથે તિરસ્કાર, દ્વેષ ન કરતાં પ્રેમથી વર્તનાર — સત્યાગ્રહથી વર્તનાર — वसुधैव

कटुंबकम् માનનાર ઉદારચરિત પુરુષ છે. અને એ ઉદારતાની શી ખૂબી છે! માણસ રાજા જેવો વર્તી શકે છે, પછી ગમે તેટલા પ્રહારો આવ્યા કરતા હોય ને! ... મને ખરેખર દક્ષિણ આફ્રિકામાં મીર આલમે ઘા કરેલા તે જરાય લાગ્યા નહોતા, તે આ જ વૃત્તિને લીધે.'

આ સાંભળીને ભક્તાત્મા મહાદેવ કહે છે, 'મારું અંતર તો આ ઉદારચરિત આત્મા તરફ પૂજાથી ઊભરાઈ રહ્યું હતું. પણ બહાર પણ તે પ્રગટ કર્યા વિના રહેવાયું નહીં. મને પ્રેમાશ્રુ આવ્યા. હું નમીને બોલ્યો: 'મને ક્ષમા કરજો. મારો તિરસ્કાર પણ ગયો એટલી ખાતરી આપું?'૪૮

- દીક્ષાકાળના આ પ્રશિક્ષણનું કદાચ સૌથી મોટું કામ તો થયું ગાંધીજી સાથેના નિરંતર પ્રવાસો દરમિયાન. ગાંધીજીએ ભારત આવ્યા પછી થોડા જ દિવસોમાં રેલગાડીમાં ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરવાની શરૂ કરી દીધી હતી. છેવટનાં વર્ષોમાં ઘણી વાર તેમને સારુ ત્રીજા વર્ગનો નાનો ડબબો અલાયદો (અવિધિસર આરક્ષિત) રાખવામાં આવતો. નહીં તો લગભગ વીસ-બાવીસ વરસ તેમણે ત્રીજા વર્ગની મુસાફરી, બીજા મુસાફરો કરતાં કોઈ વધારાની સગવડ વિના કરી. એ મુસાફરીમાં સગવડ તો ઠીક પણ સ્ટેશને સ્ટેશને રાત કે દિવસ જોયા વિના ગાંધીજીનાં દર્શન સારુ ભીડ થતી તેને લીધે તે મુસાફરી બીજા મુસાફરોની યાત્રા કરતાં ઘણી વધારે અગવડવાળી બની રહેતી. આ મુસાફરીઓમાં સાથે રહીને મહાદેવભાઈએ માત્ર એ મુસાફરીનું કષ્ટ વેઠવાનું જ નહીં, પણ એ કષ્ટમાંથી શક્ય હોય તેટલે અંશે ગાંધીજીને બચાવવામાં (હંમેશાં સફળ નહીં, તેવા) પ્રયાસ કરવાનું કામ પણ પોતાને માથે લીધું હતું. પ્રવાસમાં રસાલામાં જેમ જેમ લોકોની સંખ્યા વધતી ગઈ તેમ તેમ ભીડ સામેથી ગાંધીજીની ચોકી કરવાના કામમાં બીજા તરુણો પણ સામેલ થવા લાગ્યા એ સાચું, પરંતુ રસાલો વધ્યો ત્યારે તેના બધા સભ્યોનાં મન રાજી રાખવાનું દુષ્કર કામ તો મહાદેવભાઈને માથે જ આવી પડતું. પણ એની વાત યથાપ્રસંગે.

આ વર્ષોમાં ગાંધીજી સાથે પ્રવાસમાં ફરનારા લોકો ઓછા હતા. આખો વખત મહાદેવભાઈ, ઘણી વાર દેવદાસ કે કસ્તૂરબા અને કોઈ કોઈ વાર બીજા આશ્રમવાસીઓ. પણ દરેક પ્રવાસ વખતે કોઈક ને કોઈક સ્થાનિક માણસ સાથે હોય. ગાંધીજી સાથેના પ્રવાસની પહેલી છાપ જે મનમાં પડતી હોય તો તે ભીડ,

કોલાહલ અને દોડધામની. રોજેરોજના અનુભવોથી મહાદેવ એટલા ટેવાઈ ગયા હતા કે ડાયરીમાં એની નોંધ પણ જવલ્લે જ જોવા મળે છે. પણ થોડી કલ્પના આવે માટે આપણે એમાંથી એકાદ નમૂનો લઈએ. નવજીવનના વાચકોને ઉદ્દેશીને લખેલા એક પત્રનો થોડો અંશ જુઓ:

'રાતના નવ વાગ્યા છે. ભાગલપુરથી કલકત્તા જતી ગાડીમાં બેસીને આ પત્ર લખી રહ્યો છું. આ જ વખત કાંઈક શાંતિનો છે. દિવસના અનેક સભાઓ, અનેક માણસોની આવજા. રાત્રે દરેક સ્ટેશને સેંકડો-હજારો માણસો દર્શનાતુર ઊભા જ હોય. એટલે આગલી રાત તો પરાણે જાગવું જ પડે. રાત્રે બે, ત્રણ અને ચાર વાગ્યે માણસો આવતા નથી એમ નહીં, પણ આખરે થાકીને ડોલાં તો આવવા માંડે જ, એટલે માણસોના હુમલા છતાં અર્ધ સુષુપ્ત દશામાં રહીએ. પણ અમારી આગલી રાત તો જાગરણની જ — ગાડી ચાલતી હોય તે દરમિયાન શાંતિની એટલે કામને માટે ઉપયોગની.'૪૦

પ્રવાસ કોઈ કોઈ વાર એટલો આકરો થઈ જતો કે ગાંધીજીને પણ કનડગત કરતો. આપણા લોકોની 'દર્શન' કરવાની ઉત્સુકતા અને એને માટેની હઠ, ગાંધીજીને એનાથી સગવડ થાય છે કે અગવડ એનોયે વિચાર કરવા તૈયાર નહોતી.

'ભટની સ્ટેશન આવ્યું. ભટની સ્ટેશન પર તો હદ વળી. ગાડી સ્ટેશને સુમારે અગિયારે પહોંચે તે આ હલ્લાઓને લીધે બાર વાગ્યે પહોંચી. લોકો દર્શન ન મેળવી શકે એટલે ચિડાઈને અનેક વિનવણી છતાં ગાડીના પાટા રોકીને ઊભા રહ્યા. અનેક જણ કહેવા લાગ્યા કે દર્શન ન થાય ત્યાં સુધી ગાડીને ખસવા જ ન દઈએ. હું પાછો ઊતરીને તેમને પગે પડ્યો. તોયે તેઓ હઠવા તૈયાર ન હતા, આખરે હું ક્રોધે ભરાયો. ન કહેવાના શબ્દો મેં તેમને કહેવા માંડ્યા. ગાંધીજી પંજાબમાં બે માણસો સામે સત્યાગ્રહ કરીને ગાડીમાં બે કલાક ઊભા રહ્યા હતા તે મેં તેમને કહી સંભળાવ્યું; આ તોફાનને પરિણામે કદાચ તેઓ પ્રવાસ કરતા બંધ થઈ જશે અથવા કાંઈક અકલ્પનીય આકરો સત્યાગ્રહ કરી બેસશે એવી ચેતવણી આપી; પણ તે તેઓના કાનને પણ સ્પર્શ નહોતી કરતી. "ભગવાનનાં દર્શન કરવા આવ્યા તેમાં શરમ શાની હોય?" એમ કરી કરીને અમને શરમાવવાનો પ્રયત્ન કરતા. આમ કરતાં કરતાં અમારો ડબ્બો બીજી ગાડીને લગાડતાં ગાર્ડને અધીપોણો કલાક નીકળી ગયો.

ગાંધીજી આ ધમાલમાં ઊંઘે તો શાના જ? પણ ગુપચુપ પડી રહ્યા હતા. ભટની પછી કાંઈક શાંતિ થશે એમ અમે આશા રાખી, પણ એ આશા પણ વ્યર્થ ગઈ. પછી તો દરેક સ્ટેશને લોકોનો ઉપર કહ્યા પ્રમાણેનો હઠાગ્રહ ચાલ્યો. એક સ્ટેશને થાકીકંટાળીને દોઢેક વાગ્યે ગાંધીજી ઊઠ્યા. ગાંધીજી વીનવવા લાગ્યા, "મહેરબાની કરીને તમે જાઓ. આટલી રાતે શા માટે પજવો છો?" તેના જવાબમાં ભયંકર હર્ષનાદો જ થતા હતા. ગાડી ખસે ત્યાં સુધી ન હઠીએ એમ પણ ઘણાક બોલતા હતા. ગાંધીજીએ ફરી પાછી આજીજી કરી, પણ કોણ સાંભળે? આ પ્રસંગે, ગાંધીજીની સૌમ્ય મૂર્તિમાં થયેલી વિકૃતિનું વર્ણન આપવાને માટે મારી પાસે શબ્દો નથી. હું પણ ત્રાસ્યો હતો. શું થશે તેની કલ્પના કરી શકતો ન હતો. ગાંધીજીને ક્રુદ્ધ દશામાં મેં આ પહેલાં કદી જોયા ન હતા. એટલે હું કાંપતો હતો. આખરે તેમણે પોતાનું કપાળ કૂટી કહ્યું: "તમને પગે લાગું છું, ભલા થઈને અહીંથી હઠો." લોકોની ઉદ્ધતાઈની અવધિ વળી! ગાંધીજીએ આમ ત્રણ વાર કપાળ કૂટ્યા પછી લોકો શાંત થયા.'૫૦

પણ આવી પરિસ્થિતિમાંથી કોઈ વાર કોઈક પાવન પ્રસંગ પણ બની શકે. એ જ દાખલા પછીની વાત લો:

'આ બધું એક અપરિચિત ગૃહસ્થે જોયેલું. હવે પછીના દરેક સ્ટેશને અમારા ડબા આગળ પહોંચી જઈ ટોળાંઓને અતિશય નમ્ર અને હૃદયદ્રાવક ભાષામાં તેઓ ભાષણ આપી જતા અને સુભાગ્યે ટોળાં પણ તેમની સલાહ કાને ધરતાં અને શાંતિથી વીખરાતાં. આમ અમારા શિર ઉપરનો ભાર એ દેવદૂતે જ લઈ લીધો. તેમનાં ભાષણો અક્ષરશુદ્ધ હતાં. તેમણે ગાંધીજીના બધા સિદ્ધાંતો સારી રીતે જીરવેલા જણાતા હતા, અને શાંતિથી પણ દઢતાપૂર્વક દરેક ભાષણને અંતે તેઓ સામાન્ય અહિંસાના, પરદેશી વસ્તુબહિષ્કારના અને અસહકારના પ્રત્યેક અંગ બાબત ઉપદેશ આપતા હતા. તેમની ભક્તિ, તેમનું ધૈર્ય અને તેમની શાંતિ વિશે મારા વિસ્મયનો પાર ન રહ્યો.

મેં તેમને તેમનું નામ પૂછ્યું. તેમણે કહ્યું: "મારું નામ રામગોપાલ. હું મઉમાં એક મામૂલી — સામાન્ય વેપારી છું અને ત્યાં ખિલાફત કમિટીનો સેક્રેટરી છું." મને વધારે આશ્ચર્ય થયું, આવી રીતે કેટલાયે શાંત કામ કરનારાઓ દેશમાં કામ કરી રહ્યા હશે જેની દેશના ઘણા મોટા ભાગને ખબરે નહીં હોય!'૫૧

અગાઉનો આવો એક પ્રસંગ સ્ટેશનો પર થતી ભીડ અંગેનો નથી:

'રાત્રે એક જણે પટણા સ્ટેશન ઉપર ખૂબ પંખો કર્યો. બાપુ ગાડીમાં સૂઈ ગયા. તેની શેતરંજી ઉપર તેમના પગ હતા. તેથી તે શેતરંજી લેતાં તેઓ જાગે એમ ધારીને તેણે ન ઉઠાડ્યા અને શેતરંજી મૂકીને ઊતરી ગયો. આ માણસ પોલીસમાં હતો અને તદ્દન સાધારણ સ્થિતિનો એમ આગલી વાત ઉપરથી કલ્પના થાય છે. બાપુને પાછળથી બહુ ચિંતા થઈ. મૂંગું કાર્ય કરનારા સર ગિબી આવા સ્થળે છે એમ બાપુ બોલ્યા. મને પણ બહુ લાગી આવ્યું. મનમાં એમ પણ થયું કે આવું મૂંગું કાર્ય જગતમાં જન્મીને મેં એકે નથી કીધું. પણ આ પ્રસંગ જનસ્વભાવની વિવિધતા જણાવવા માટે લખ્યો છે. સવારે એ શેતરંજીની વાત થતી હતી, તે એક મારવાડી બેઠો બેઠો સાંભળતો હતો. મુગલસરાઈના સ્ટેશન ઉપર ઊતરતાં એ બોલ્યો કે, "મને શેતરંજી આપોને, તમારે શો ખપ છે?" બાપુએ કહ્યું, "નહીં, એ તો એના માલિકને મોકલીશ."
' ૫૨

પરંતુ પ્રવાસના અનુભવો એટલે માત્ર રેલગાડી દરમિયાન થયેલા ખટમીઠા અનુભવો જ નહીં. ગાંધીજી સાથેના સતત એકધારા પ્રવાસથી મહાદેવભાઈને જે સૌથી મોટો લાભ થયો તે આખા દેશને જોવા-જાણવાનો. આજે પંજાબ તો કાલે તામિલનાડુ, એક દિવસ કચ્છમાં તો બીજે દિવસે કામરૂપમાં ફરીને મહાદેવભાઈને ભારતનો પરિચય થયો. બિહાર, સંયુક્ત પ્રાંત, કાઠિયાવાડ, કર્ણાટક વગેરે અનેક પ્રદેશોનાં ગામડાંઓ ખૂંદીને તેમને સાચા હિંદનાં દર્શન થયાં. ઠેકઠેકાણાના પ્રશ્નો અને કોયડાઓ તેઓ સમજ્યા, ત્યાંના લોકોના રીતરિવાજોને તેમણે જાણ્યા, ત્યાંની ખાસિયતો અને ખૂબીઓને માણી. માના ખોળામાં તાજું અવતરેલું બાળક જેમ એક વિશાળ દુનિયાને જોઈ રહે છે તેમ ઘર કૉલેજ, નોકરીના નાનકડા ઘેરામાંથી ગાંધીની આંગળી પકડીને પગલાં માંડતા મહાદેવે ભારતમાનો ખોળો ખૂંદીને એની વિશાળતા અને વિવિધતા અનુભવી. રોજેરોજ નવા નવા લોકો જોડે ઓળખાણ થતી. મહાદેવ મુગ્ધ ભાવે એમને મળતા. એમનામાંનાં કેટલાંકનાં નામો એમને સારુ સુપરિચિત હતાં — પણ એમને આટલા નિકટથી જોઈ-જાણી-મળી શકાશે એવી તો એમણે કદી કલ્પનાયે નહીં કરી હોય. સર દીનશા વાચ્છા, સુરેન્દ્રનાથ બેનરજી, ટિળક મહારાજ, લાલા લજપતરાય, સી. વિજય રાઘવાચાર્ય — આ સર્વ એવાં નામો હતાં કે આજનો જમાનો હોય તો તેમની પાછળ તરુણો 'ઑટોગ્રાફ' લેવા દોડે.

મહાદેવ આ સૌને મળ્યા હતા, એમાંથી કેટલાકની જોડે તેમણે પત્રવ્યવહાર કર્યો હતો. તે જમાનામાં બે ઝળહળતાં નામો પંડિત મોતીલાલ નેહરુ અને ચિત્તરંજન દાસ જોડે તો થોડા સમય પછી તેમને ઘરોબો બંધાવાનો હતો. ખૂબી એ હતી કે મહાદેવે મળતાંની સાથે આમાંથી ઘણાખરાનાં મન મોહી લીધાં હતાં. એમના 'મોગલ ગાર્ડનના ગુલાબ' જેવો ખુશનુમા સ્વભાવ કોનાં દિલ ન જીતે? એમની સુધાઝરતી વાણી અજાણ્યા પર પણ કામણ કરતી. એમની નમ્રતા અને એમની ખાનદાની એમને અનેક કુટુંબોમાં કુટુંબીજનનું સ્થાન અપાવતી. મહાદેવ જેવો મળતાવડો અને હસમુખો સચિવ ગાંધીજી સારુ પણ એક કીમતી મૂડી બની રહેતો. પણ એ બધાં કરતાં પણ વધુ અગત્યનો લાભ જો થયો હોય તો પાછળથી જે આખા દેશનું નેતૃત્વ સંભાળવાના હતા તેવા અનેક લોકોની સાથે આ કાળમાં બંધાયેલી ગાઢ ભાઈબંધી. એમાંના કેટલાક વયે વડીલ હતા, પણ મહાદેવભાઈ એમને વિશે પૂજ્યભાવ દેખાડે તોયે એ લોકો તો મહાદેવ વિશે મૈત્રીભાવ જ ધરાવતા હતા. વલ્લભભાઈ તે પૈકીના હતા. બીજા ઘણાખરા સમોવડિયા કે થોડાં વર્ષ મોટા. પટણામાં રાજેન્દ્રબાબુ, મુઝફ્ફરપુરમાં કૃપાલાની, સેલમમાં રાજગોપાલાચારી સાથે ભેટો આ વર્ષો દરમિયાન જ થયો. દિલ્હીમાં જવાહરલાલ સાથે પ્રથમ મુલાકાત પણ પ્રિન્સિપાલ રુદ્રને ત્યાં આ જ અરસામાં થઈ. ઊર્મિલાદેવી સેન એ ચિત્તરંજન દાસનાં બહેન. એમની સાથે સંબંધ જરા પાછળથી બંધાયો, પણ તેમણે મહાદેવના હૃદયમાં માનું સ્થાન લીધું. એની બેસન્ટ જોડે ઉપલકિયા ઓળખાણ થઈ. સરોજિની દેવી જોડેની દોસ્તી વર્ષો જતાં વધતી ગઈ. આમાંના થોડાક બુઝુર્ગોને બાદ કરતાં બાકી બધાં મહાદેવના અવસાન પછી ગયાં. ઘણાખરાએ વીસ-પચીસ વર્ષની એ મિત્રાચારીને સંભારીને મહાદેવને અવસાન પછી વર્ષો બાદ ભારે હૃદયે અંજલિઓ આપી છે.

• આ કાળનું સૌથી મોટું પ્રશિક્ષણ સચિવ તરીકેનું હતું. અલબત્ત, વર્ષો જતાં એ સામાન્ય સચિવોના સંબંધોને ક્યાંય આંબી જનારો સંબંધ હતો. પરંતુ શરૂઆતમાં ત્રણ-ચાર વર્ષમાં જ આવા ભારે કર્મઠ, ગતિશીલ અને તેજસ્વી પુરુષના સચિવ થવા સારુ જે કુશળતાઓ જોઈએ તે મહાદેવે ખૂબ સારી રીતે મેળવી લીધી.

આપણે આગળ ઉપર જોઈ ગયા કે મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા તેનાં છસાત અઠવાડિયાં પહેલાં જ કલકત્તાના શ્રી સત્યાનંદ બોઝને લખેલ પત્ર ગાંધીજીએ

મહાદેવભાઈ પાસે લખાવ્યો હતો. આમ સચિવ તરીકેનું એક કામ લહિયા બનવાનું, વ્યાસજીના ગણેશ બનવાનું કામ તો મહાદેવભાઈએ ગાંધીજી સાથે કામમાં જોડાતાં અગાઉ જ શરૂ કરી દીધું હતું.

ચંપારણમાં ગાંધીજી સાથે કામ કરવાનું શરૂ કર્યું એનાં બે અઠવાડિયાં પછી તો ગાંધીજીએ પોતાના ભત્રીજા શ્રી જમનાદાસ ખુશાલચંદ ગાંધીનો અનુવાદ પોતે જોવાને બદલે મહાદેવને તપાસવા સોંપી દીધો હતો. મહાદેવે અનુવાદકલા ગાંધીજી પાસે આવતાં પહેલાં સંપાદિત કરી હતી. એ કલા ગાંધીજીના સચિવ બન્યા પછી ખૂબ કામ લાગવાની હતી અને વરસો જતાં એ ખીલવાની પણ હતી.

ખરું જોતાં ભાષાજ્ઞાન એ મહાદેવભાઈની મોટી મૂડી હતી. એક અંગ્રેજી અને તમિળને બાદ કરતાં મહાદેવભાઈનું ભાષાજ્ઞાન બીજી બધી ભાષાઓમાં ગાંધીજી કરતાં ચડિયાતું હતું. અંગ્રેજી ભાષાનું જ્ઞાન બંનેનું પોતપોતાની રીતે આગવું અને એકબીજાથી ચડી જાય તેવું હતું — સામાન્ય દૈનિક બોલચાલની તથા કાયદાની ભાષામાં ગાંધીજીની અંગ્રેજી ચડે એવી હતી, સાહિત્યિક લખાણોમાં કદાચ મહાદેવભાઈની તેમનાથી ચડી જાય. તમિળભાષા વરસો પછી મહાદેવભાઈએ વર્ધામાં શ્રી એમ. અરુણાચલમ્ પાસે શીખવા માંડેલી, પણ તેમાં ઝાઝી પ્રગતિ કરી નહોતી, ગાંધીજી વરસો પહેલાં આફ્રિકામાં એમની સાથે સત્યાગ્રહમાં જોડાયેલા મજૂરો સાથે કામ કરતાં શીખેલા, જે ભારત આવ્યા પછી થોડી વીસરાયેલી, છતાં મહાદેવભાઈ કરતાં ઘણી ચડી જાય એવી હતી. ગુજરાતી, હિન્દી, બંગાળી ભાષાઓ મહાદેવભાઈએ ગાંધીજીથી વધારે વાંચેલી. પાછળથી જેલોમાં ગાંધીજી અને મહાદેવ બંને ઉર્દૂ શીખેલા. પણ બનતાં સુધી એમાં બંને સરખાં જ્ઞાનલવદુર્વિદગ્ધ હતા! મરાઠી ભાષામાં મહાદેવભાઈ બોલી તેમ જ લખી શકતા. ગાંધીજીની ઉપર કે પોતાની ઉપર આવતા મરાઠી પત્રોના ઉત્તર ઘણી વાર મરાઠીમાં આપતા. આ પ્રકારનો પહેલો મરાઠી પત્ર ચંપારણમાં કસ્તૂરબા અને દુર્ગાબહેનની માફક અલગ અલગ ગામડાંઓમાં કામ કરતી પાંચ બહેનો પૈકી એક — આનંદીબહેન — ઉપર ગાંધીજી સારુ મહાદેવભાઈએ ઠેઠ ફેબ્રુઆરી ૧૯૧૮માં લખી આપેલો.

ગાંધીજી સાથે જોડાતાં પહેલાંની પૂર્વઅર્જિત મૂડી તરીકે ગણાવી શકાય તેવું બીજું તત્ત્વ હતું અક્ષરનું. પોતાના અક્ષર સારા નહોતા એ વાત ગાંધીજીને હમેશાં

ખૂંચતી. જોકે છેવટ સુધી તેઓ જાતે તો પોતાના અક્ષર સુધારી શકેલા નહીં. (ડાબે હાથે લખવા માંડ્યું ત્યારે જમણા હાથ કરતાં કાંઈ વધુ સુવાચ્ય લખતા) પણ તે બંને અક્ષરોને સુંદર તો કોઈ ન જ કહી શકે. કદાચ એ જ કારણસર ગાંધીજીને સુંદર અક્ષરોનું ભારે આકર્ષણ હતું અને બાળકોને તેઓ જેટલા પત્ર લખતા તેમાં લગભગ બધામાં અક્ષર અંગેનો તો કાંઈક ને કાંઈક ઉલ્લેખ આવતો જ! મહાદેવ પ્રત્યે ગાંધીજીના આકર્ષણનાં ઘણાં કારણો પૈકી એક એમના સુંદર અક્ષરો પણ હતા. મહાદેવના મિત્ર નરહરિભાઈના અક્ષરો પણ સુંદર હતા. મહાદેવના અક્ષરો અંગે ગાંધીજીના વિશેષ આકર્ષણ વિશે તેઓ નોંધ કરે છે:

'ચંપારણના દિવસોમાં બિહારના લેફ્ટનન્ટ ગવર્નરે બાપુજીને કહેલું કે તમારી પાસે આવા સુંદર અને કળામય અક્ષર લખનાર માણસ છે એના ઉપર હું તો મુગ્ધ થઈ જાઉં છું. આ ઉપરથી બાપુજીએ કહેલું કે લેફ્ટનન્ટ ગવર્નર પાસે મારે તમને મોકલવા હશે ત્યારે તમારા અક્ષરનું જ ઓળખાણ આપીશ. વાઇસરૉય લૉર્ડ ચેમ્સફર્ડનો પ્રાઇવેટ સેક્રેટરી સર જૉન મેફી પણ મહાદેવના અક્ષર ઉપર ફિદા થઈ ગયેલો અને એની સાથે એમની ગાઢ મૈત્રી બંધાવામાં શરૂઆતનું કારણ એમના અક્ષર જ હતા. એણે એક વખત મહાદેવને કહેલું કે, વાઇસરૉયના સ્ટાફમાં એક પણ માણસ આવા અક્ષર લખવાવાળો નથી. વાઇસરૉયને પણ તમારા અક્ષરની અદેખાઈ આવે છે.

બાપુજીએ જ્યારે બિહારના લેફ્ટનન્ટ ગવર્નરની વાત કરી ત્યારે મહાદેવે કહ્યું, 'એમ તો નરહરિના અક્ષર પણ સુંદર છે. સોશિયલ સર્વિસ કૉન્ફરન્સના પ્રમુખ તરીકેનું આપનું ભાષણ ટાઇપ કરાવી લાવવાનું મેં કહ્યું ત્યારે આપે જ કહેલું કે, "નરહરિએ આવા સારા અક્ષરે લખી આપ્યું છે એ મૂકીને હું ટાઇપ કરાવેલું શું કામ વાંચું?" બાપુજીએ કહ્યું કે, વાત ખરી છે. તેના અક્ષર સફાઈદાર છે અને મને ગમે છે પણ એનો મરોડ એવો કળાવાળો ન ગણાય. પછી મહાદેવે છગનલાલભાઈ ગાંધીના અક્ષર પણ સારા છે એમ કહ્યું ત્યારે બાપુજીએ જવાબ આપ્યો કે, "હા, છગનલાલના અક્ષર સારા ગણાય. પણ એ કૉપીબુક હૅન્ડરાઇટિંગ કહેવાય." ' ૫૩

જેમ મહાદેવભાઈના અક્ષર સુંદર હતા, તેમ તેઓ ખરાબ અક્ષર ઉકેલવામાં પણ પ્રવીણ હતા. ગાંધીજી પાસે તો જાતજાતના અક્ષરો આવે. એમની તદ્દન નજીકના લોકોમાં જ દેવદાસભાઈ અને પ્યારેલાલજીના અક્ષર ઉકેલવા એ ભારે કપરું કામ

હતું. સરોજિની નાયડુના અક્ષર ઉપરથી જોતાં દેખાય સુંદર પણ ઉકેલવામાં ભારે દુષ્કર. એમના પત્રો આવે તો ગાંધીજી સીધેસીધા મહાદેવભાઈને જ સોંપી દે ને કહે, આને તો તમે જ વાંચી સંભળાવો ને!

થોડા જ સમયમાં ગાંધીજીએ અનેક પત્રોના જવાબ પોતે લખવાને બદલે મહાદેવભાઈને જ એના જવાબ આપવાનું કામ સોંપવા માંડ્યું. પાછળના કાળમાં તો આવેલી ટપાલ મહાદેવભાઈ જ જોતા અને ઘણા પત્રોના જવાબ પોતે આપી દેતા. કેટલાકને આપેલા જવાબ ગાંધીજીને દેખાડતા. બાકી રહે તે પત્રો જ ગાંધીજીને જેવા અને ઉત્તર આપવા સારુ સોંપતા. તેથી સ્તો ગાંધીજીએ મહાદેવ જોડાયા પછી થોડા મહિનામાં જ કહ્યું કે:

'મારું કામ હું ન કરી શકું એમ નહીં, પણ મહાદેવ હોય તો બમણું કામ કરી શકું.'

અલીભાઈઓ વતી શ્રી ધારેએ લખેલા એક પત્રના જવાબમાં ગાંધીજી ઉલ્લેખ કરે છે કે, 'શ્રી દેસાઈ મારી પાસે નહોતા તેથી હું બને એટલા ઓછા કાગળ લખતો.' ગાંધીજીનું દૈનિક કામ ચલાવવા સારુ બહુ અલ્પકાળમાં મહાદેવભાઈ એક મહત્ત્વપૂર્ણ કડી બની ગયા હતા એમ દેખાઈ આવે છે.

શારીરિક દૃષ્ટિએ ગાંધીજી અસ્વસ્થ હોય ત્યારે એમના વતી કેટલાંક કામો કરી આપવાં એ પણ સચિવનું કામ થઈ ગયું હતું. મદ્રાસના ત્રિપ્લિકેન મેદાનની વિરાટ સભાને ઉદ્દેશીને ગાંધીજી વ્યાખ્યાન સંભળાવી શકે એમ નહોતા. તેથી તેમનું લખેલું વ્યાખ્યાન મહાદેવભાઈએ વાંચી સંભળાવેલું. આ તો માત્ર એક દાખલો જ આપ્યો છે. વારંવાર તેમને ગાંધીજીનાં વ્યાખ્યાનો વાંચી સંભળાવવાં પડતાં. અને ધીરે ધીરે લોકોને ગાંધીજીની હાજરી અને મહાદેવભાઈનો અવાજ બેયનું મિશ્રણ જાણે કે માન્ય થઈ ગયું હતું!

ગાંધીજીનાં મોટા ભાગનાં ભાષણોની નોંધ માત્ર મહાદેવભાઈની નોંધપોથીમાંથી જ મળતી. તેથી તે વખતે ઘણાં છાપાંવાળાઓ વ્યાખ્યાન પછી એ નોંધની નકલ મેળવવા પડાપડી કરતા અને ગાંધીજીના મરણ પછી જ્યારે ભારત સરકારે ગાંધીજીનાં તમામ લખાણો: कलेक्टेड वर्क्स ऑफ महात्मा गाांधी નામે પ્રકાશિત કર્યા ત્યારે તેમાં સેંકડો જગાએ ભાષણો કે પત્રોની નોંધો મહાદેવભાઈની ડાયરી ઉપરથી લીધાનો ઋણસ્વીકાર જેવા મળ્યો.

ગાંધીજીનાં વચનોની નોંધ એટલે માત્ર એમણે આપેલાં વ્યાખ્યાનોની જ નોંધ નહીં પણ એમનો નાનામોટા કોઈ જોડે પણ વાર્તાલાપ થયો હોય તોપણ તેની નોંધ મહાદેવભાઈની ડાયરીમાં ઊતરે. અરે, કોઈ વાર સંનિપાતમાં કે તંદ્રામાં ગાંધીજીએ કાંઈક ઉચ્ચારો કાઢ્યા હોય તો તે પણ મહાદેવ ટપકાવી લેતા. ૨૧–૧–'૧૯ની નોંધનો પહેલો પૅરેગ્રાફ જુઓ:

'મુંબઈ: (૨૧–૧–૧૯) આજે હરસનું ઑપરેશન કરવામાં આવ્યું. સાડા આઠ વાગ્યા સુધી ઊંઘ્યા. પછી બેભાનમાં લવરી પર ચડ્યા. તેમાં છેલ્લો સપાટો બહુ સુંદર હતો: "સરકારે બે વસ્તુઓ કરવી જ જોઈએ; નિમકવેરો રદ કરવો જોઈએ, અને દૂધનો ઉદ્યોગ રાષ્ટ્રાધીન (નૅશનાલાઇઝ) કરવો જોઈએ. આટલું થાય તો ઘણું દુ:ખ ટળે. નિમકવેરા જેવો ઘાતકી કર કેમ સ્વીકારાયો હશે તે જ સમજાતું નથી. એ પસાર થયો ત્યારે આખા દેશને સળગાવી શકાત. જે વસ્તુ વિના માણસને ઘડીભર પણ ચાલે એવું નથી તે વસ્તુ ઉપર વેરો કેવો?" સ્વસ્થ થયા પછી રાતે બાર વાગ્યે પત્રો લખાવવા માંડ્યા.'૫૪

લાંબા અને થકવનારા પ્રવાસો પછી તરત એ પ્રવાસનાં વર્ણનો લખવાનું કામ ધીરે ધીરે મહાદેવભાઈએ જ ઉપાડી લીધું. એમાં ગાંધીજીનાં ભાષણો, એમની વ્યક્તિગત મુલાકાતો અને કેટલાક અગત્યના પત્રોની પણ નોંધ આવી જતી. ઉપરાંત મહાદેવભાઈનું પોતાનું ભક્તિની શાહીથી ભીનું સરસ વર્ણન તો હોય જ. ગાંધીજી તો એ દિવસો દરમિયાન જે વિષયોની ખાસ ચર્ચા ચાલતી હોય તેની ઉપર નોંધ કે લેખ લખે. ભાષણ વગેરેની નોંધ તો મહાદેવભાઈની જ અધિકૃત ગણાય. *ગાંધીજીનો અક્ષરદેહ*માં 'પંજાબની મુસાફરીનાં સ્મરણ હું નથી આપી શક્યો, ભાઈ મહાદેવ દેસાઈએ તેનો ચિતાર આપ્યો છે.' — જેવા ઉલ્લેખો વારંવાર જેવા મળે છે. *ગાંધીજીનો અક્ષરદેહ*ના માત્ર ૧૮મા ગ્રંથમાં જ આ રીતે મહાદેવભાઈ દ્વારા મદ્રાસી, પંજાબ, શાંતિનિકેતન, ઉત્તર પ્રદેશ વગેરેનાં ભાષણોનો અને બીજો અહેવાલ મહાદેવભાઈએ આપ્યો છે અને ગાંધીજીના તો ચાલુ વિષયો પરના લેખો જ આપ્યા છે, એવા ઉલ્લેખ જોવા મળે છે. જ્યારે આ જ કાળ (૧૯૧૯–'૨૦)ની મહાદેવભાઈની ડાયરીઓમાં આ પ્રદેશોમાં ઠેર ઠેર ગાંધીજીએ આપેલાં વ્યાખ્યાનોની નોંધ જોવા મળે છે. એમ તે પ્રારંભિક કાળથી જ મહાદેવભાઈની ડાયરીઓ

कलेक्टेड वर्क्स (અક્ષરદેહ) પછી ગાંધીજીનાં ભાષણો, વાર્તાલાપો આદિનું સૌથી વધુ અધિકૃત અહેવાલનું સ્થાન લે છે.

સચિવ તરીકે મહાદેવભાઈને માથે એક બીજું કામ પણ આવતું, 'ગાંધીજી સાથે સાધેલી એકાત્મતાને લીધે તેમનાથી તે કામ ઘણી વાર અનાયાસે થઈ જતું. એ કામ હતું ગાંધીજી ઉપર થતી ટીકાઓના જવાબ આપવાનું. મોટે ભાગે આ જવાબમાં તેઓ ગાંધીજીના શબ્દોનાં ઉદ્ધરણોનો જ ઉપયોગ કરતા, તેથી તે ઉત્તર વધુ અધિકૃત બની જતા. આવા અનેક દાખલાઓમાંથી આપણે માત્ર એક જોઈએ. મહારાષ્ટ્રમાં સંગમનેર (ખાનદેશ)માં આપેલા ભાષણની નોંધનો એક ભાગ:

'હિન્દુસ્તાનમાં સ્થળે સ્થળે મળતા પ્રેમના સાગરમાં હું નાહી રહ્યો છું. પણ પ્રેમાગ્નિથી જ્યાં સુધી શક્તિ પ્રગટે નહીં ત્યાં સુધી તે પ્રેમ નકામો છે. મને મારી પૂજા નથી ગમતી. मन े चरणस्परश नथी गमतो. मन े त े अतशिय अपरयि छ े. एमा ं हनि्दुस्तानन ु तो पतन ज रहय ु छ े. हनि्दुस्तान चरणस्परशथी स्वराज नथी मेळववान ु; हनि्दुस्तानन े ह ु टटार ऊभेल ु जोवा इच्छ ु छ ु, જગતના બધા દેશની સામે તે ટટાર ઊભું રહે એ જોવા ઇચ્છું છું, મારે નથી જોઈતું ગાંધીરાજ, નથી જોઈતું વ્યક્તિરાજ, મારે એક સ્વરાજ જ જોઈએ છે. એટલે મને ચરણસ્પર્શ નથી જોઈતો.'

ઉપરના નાગરી લિપિવાળા ઉદ્ગારો સર નારાયણરાવ ચંદાવરકરને હું ભેટ ધરું છું. ગાંધીજી પોતાને અવતાર માનવા દે છે, ચરણસ્પર્શ કરવા દે છે, તેની સામે કશો હુંકાર સુધ્ધાં નથી કરતા, એવો તેમણે टाइम्स પત્રમાં આક્ષેપ કર્યો છે. यंग इनडयिा પત્ર પણ તેઓ નામદાર વાંચતા નથી જણાતા. તો આ ઉદ્ગારો તેમને શી રીતે પહોંચશે? (પણ ન પહોંચે તેમાં વાંક કોનો?)'૫૫

મહાદેવભાઈના અહેવાલમાં ક્વચિત્ ભૂલો પણ થતી. ઑક્ટોબર, ૧૯૨૦માં લખનૌની એક વિરાટ સભામાં જુદા જુદા વક્તાઓ જોડે ગાંધીજી પણ બોલ્યા હતા. મહાદેવભાઈએ ગાંધીજીના ભાષણનો કાંઈક વધુ વિગતવાર અને બીજા વક્તાઓનાં ભાષણોનો એનાથી સહેજ ઓછી વિગતે नवजीवनમાં અહેવાલ આપ્યો હતો. આ વ્યાખ્યાનોમાં એક મૌલાના અબદુલ બારીનું હતું. તે વ્યાખ્યાન કઠણ ઉર્દૂમાં થયું હતું

અને મહાદેવભાઈ એ પૂરું સમજ્યા નહોતા એમ લાગે છે. રિપોર્ટ છાપતાં પહેલાં આ બાબત મહાદેવભાઈ પોતે પણ સચેત હતા. તેથી અહેવાલને અંતે તેમણે લખ્યું હતું:

'આ પ્રમાણે મેં મારા શબ્દોમાં મૌલાનાસાહેબની દલીલ મૂકી છે. એમાં દોષ હોવાનો સંભવ છે. પણ મેં મારી સમજ અને સમૃતિ પ્રમાણે એ મૂકી છે. એ પ્રસંગ એટલો બધો ગંભીર હતો અને એના ઉપર વિવેચન એટલું બધું તોળેલા શબ્દોમાં કરવામાં આવ્યું હતું કે એ શબ્દેશબ્દ આપ્યા વિના એમાં કાંઈક અધૂરપ રહી જાય.'

આ અહેવાલનો એક ઈસાઈએ અનર્થ કર્યો. મૂળ ભાષણમાં મૌલાના અબદુલ બારીએ ખેરીમાં થયેલા એક ખ્રિસ્તીના ખૂન વિશે કહ્યું હતું. મૌલાનાએ ખૂનીને ટેકો આપ્યો અને જેમનું ખૂન થયું હતું તેમને કાફર કહ્યા એમ અર્થ કરીને મિ. ડગલસ નામના એક ભાઈએ અસહકાર આંદોલનને પોતાનો ટેકો પાછો ખેંચી લીધો હતો. એ આખા પ્રકરણ અંગે 'એક નિર્દોષ ભૂલ' નામનો લેખ લખીને મહાદેવભાઈએ અહેવાલમાં પોતાની સમજ મુજબ, કયાં કયાં ભૂલ કરી હતી તે સમજાવ્યું હતું. એ લેખની શરૂઆતમાં ગાંધીજીએ નીચે મુજબ નોંધ કરી હતી:

'મારે ખુદ આ ભાષણોની અને ખાસ કરીને મૌલાના અબદુલ બારીએ આપેલા ભાષણની છણાવટ કરવાની જરૂર છે. ગમે તે વખતે ખબરપત્રીની મુશ્કેલી મોટી જ હોય છે, પરંતુ જ્યારે તેને તેનો હેવાલ સીધો જ લખી લેવો પડે છે અને સાથે સાથે પોતે પૂરી સમજતા ન હોય તેવી ભાષામાં અપાયેલા વક્તાના ભાષણનો તરજુમો તેને કરવો પડતો હોય છે ત્યારે તેનું કામ વધારે મુશ્કેલ બને છે. મારા સહકાર્યકર શ્રી મહાદેવ દેસાઈએ મૌલાનાના ભાષણની નોંધ લીધી ત્યારે તેમની પણ આવી જ સ્થિતિ હતી. તેમનો હેવાલ **નવજીવન**માં પ્રગટ થયા પછી મેં એ જોયો છે અને તેથી મને દુ:ખ થયું છે. તેમણે એક ગંભીર છતાં નિર્દોષ ભૂલ કરી છે એમ મને લાગ્યું. આ હેવાલ મૌલાનાને ન્યાય આપતો નથી અને એમાં મિ. વિલબીના ખૂનીને તેમના મોંએ શહીદ કહેવડાવવામાં આવ્યો છે અને મૌલાનાએ અલ-કુરાનના શબ્દો કરતાં મારા શબ્દોને પસંદગી આપ્યાનું તેમાં જણાવવામાં આવ્યું છે. મને જે સહકાર્યકરો મેળવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે તેમાં મહાદેવ દેસાઈને હું એક ઉત્તમ અને ખૂબ જ કાળજીવાળા સહકાર્યકર ગણું છું. પરંતુ ઉત્તમ હેતુ ધરાવવા છતાં આપણામાંના સારામાં સારા માણસો કેટલીક વાર ભૂલો કરી બેસે છે.'૫૬

ત્યાર બાદ ગાંધીજીએ પોતે સમજ્યા તે મુજબ બારીસાહેબના ભાષણનો સાર આપ્યો હતો. વળી તેમણે આ ભૂલ જોયા વિના નવજીવનમાં છપાવા જવા દીધી એ પોતાની ભૂલનો એકરાર કરીને, આવી બાબતોમાં વાચકોએ થોડો વિવેક જાળવવો જોઈએ એવું સૂચન પણ કર્યું હતું. આપણે એટલો હિસ્સો જોઈએ:

'નવજીવન' ધ્યાનપૂર્વક વાંચનારને મારે કહેવાની જરૂર નથી કે ભાઈ મહાદેવે પોતાના રિપોર્ટની નીચે જે નોંધ કરેલી તેમાં તેમણે પોતાનો અને મૌલાનાસાહેબનો પૂરેપૂરો બચાવ કરી દીધો છે.

ભાઈ મહાદેવે પણ કંઈ શબ્દેશબ્દ રિપોર્ટ લીધો જ ન હતો, તેથી જે અધૂરાપણું મેં જોયું તે મેં વાંચનારની આગળ મૂક્યું છે. મારું અધૂરાપણું તો બીજા સાંભળનારાઓ અવશ્ય બતાવી શકે. મારી એક પત્રકાર તરીકેની જવાબદારી શી છે એ મારે આમાંથી શીખી લેવાનું રહ્યું. દરેક તંત્રી પોતાના પત્રની લીટીએ લીટી ઉપર અંકુશ રાખી શકતો નથી. જો મેં ભાઈ મહાદેવનો રિપોર્ટ અગાઉથી જાયો હોત તો હું ઉપર પ્રમાણે ફેરફાર જરૂર કરત. પણ હું ભાઈ મહાદેવનો દોષ કાઢવાને પણ તૈયાર નથી. રિપોર્ટર પોતે સાંભળેલું અને સમજેલું પ્રામાણિકપણે અને શુદ્ધ બુદ્ધિથી આપી દે એટલે તેમણે પોતાની ફરજ બજાવી છે. વાંચનારે તંત્રીની અને રિપોર્ટરવર્ગની મુશ્કેલીઓનો ખ્યાલ કરી હંમેશાં વર્તમાનપત્રોમાં યોગ્ય સુધારા કરીને વાંચવાં જોઈએ. એમ ન કરે તો વર્તમાનપત્રો ચલાવનારાને એ મોટો ગેરઇન્સાફ કરે અને જેટલો લાભ તેને ઉઠાવવો શક્ય છે તેટલો તે હરગિજ ન ઉઠાવી શક.'૫૭

પોતાની રાઈ જેટલી ભૂલને પર્વત જેવી ગણાવી જાહેર જનતા આગળ એની કબૂલાત કરે, એવો ગાંધીજીનો સ્વભાવ હતો. પોતાની માફક જ પોતાના સાથીઓની ભૂલોને પણ તેઓ જગબત્રીસીએ ચડાવતાં ચૂકે નહીં તેવા હતા. આ પ્રસંગમાં તેમણે મહાદેવભાઈની ભૂલને 'નિર્દોષ ભૂલ' કહી છે અને એમની બધી ભૂલો જણાવ્યા પછી પણ એમનો થોડો બચાવ કર્યો છે તેમાં ગાંધીજીનો મહાદેવભાઈ પ્રત્યેનો પક્ષપાત નહીં, પણ વિષયને ન્યાયદૃષ્ટિએ મૂલવવાની વૃત્તિ જ કામ કરતી હતી, એ જોઈ શકાય છે.

મહાદેવભાઈ સચિવ હતા, પણ સચિવ ગાંધીજીના હતા. તેથી સચિવ તરીકેની કામગીરી અંગેની રૂઢ માન્યતાઓને ઘણી વાર ઓળંગી જવું પડતું. અનેક વાર

મહાદેવભાઈને કોયડાની તપાસ કરનાર પંચ તો વળી બીજી ઘણી વાર કોઈ વિવાદ અંગે વિષ્ટિકાર પણ બનવું પડતું. આવી ગંભીર જવાબદારીઓ ઉપાડવાની શરૂઆત ઠેઠ ૧૯૧૯ના ફેબ્રુઆરી માસથી થઈ હતી. રાજસ્થાનના મેવાડ ક્ષેત્રના બિજોલિયા નામના એક નાનકડા રજવાડા સામે લોકોએ કાંઈક ફરિયાદ કરી હતી. તે અંગે તપાસ કરવા ગાંધીજીએ મહાદેવભાઈને તે સ્થળે મોકલ્યા હતા જ્યાં તેમણે લગભગ પાંચ-છ દિવસ ગાળ્યા હોય એમ જણાય છે. પ્રશ્ન શો હતો અને મહાદેવભાઈએ એ બાબત શી કાર્યવાહી કીધી તેની માહિતી મળતી નથી. આ દિવસોની ડાયરીમાં કશી નોંધ નથી, કારણ, ગાંધીજીથી અલગ હોય ત્યારની નોંધ મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં લખી નથી!

આ જ પ્રકારનું બીજું મહત્ત્વનું કામ મહાદેવભાઈ પર મે ૧૯૨૧માં આવી પડ્યું હતું. તે માસની બીજી તારીખે મૌલાના મહમદઅલીએ મદ્રાસ પાસે ઈરોડમાં એવું ભાષણ કર્યું કે જેનાથી હિંસાને ઉત્તેજન મળે એવો સરકારનો મત હતો. આ અંગે પંડિત મદનમોહન માલવિયાજી સાથે વાઇસરૉયને સિમલામાં વાતચીત થઈ હતી.

વાતચીત દરમિયાન વાઇસરૉયે એવો ઇશારો કર્યો હતો કે હિંસાને ઉત્તેજે તેવાં ભાષણો કરવાના આરોપસર સરકાર અલીભાઈઓને ગિરફતાર કરવા વિચારે છે. માલવિયાજીએ એવું કાંઈ પગલું લેતાં પહેલાં ગાંધીજીને મળવાની વાઇસરૉયને વિનંતી કરી હતી જેની વાઇસરૉયે તૈયારી બતાવી હતી. માલવિયાજી અને ઍન્ડ્રૂઝસાહેબની માગણીથી ગાંધીજી બનારસ હતા ત્યાંથી સીધા સિમલા જઈને વાઇસરૉયને મળ્યા હતા. મુલાકાત દરમિયાન વાઇસરૉયે ગાંધીજીને જણાવ્યું હતું કે અલીભાઈઓનાં ભાષણોમાંથી હિંસોત્તેજક ફકરાઓ બતાવી શકાય એમ છે. આ ફકરાઓ જ્યારે ગાંધીજીને બતાવવામાં આવ્યા ત્યારે તેમણે સ્વીકાર્યું કે એમાંથી વાઇસરૉય કાઢે છે તેવો અર્થ નીકળી શકે ખરો. પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને ભાઈઓનો ઇરાદો એવો હોઈ ન શકે. ગાંધીજીએ કહ્યું કે આ બાબત તેઓ અલીભાઈઓ સાથે સંપર્ક કરીને તેમને જાહેરમાં દિલગીરી વ્યક્ત કરવા સમજાવશે. વાઇસરૉયે જણાવ્યું હતું કે તે લખાણનો ખરડો જો તેમને બતાવવામાં આવે અને ભવિષ્યમાં હિંસા ઉશ્કેરે તેવાં ભાષણો ન કરવા બાંયધરી આપવામાં આવે તો અલીભાઈઓ પર કાયદેસર પગલાં ન ભરવા તેઓ પોતાની લાગવગ વાપરશે. એકંદરે આ વાતચીતમાં એકેય પક્ષે કોઈ સોદો કરવાની દાનત નહોતી.

ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું કે ખટલો દાખલ થાય કે ન થાય તોપણ બંને ભાઈઓનાં ભાષણોના વાંધાજનક ફકરા એમને બતાવવા. પછી, એમની પોતાની અને અસહકારની લડતની આબરૂ ખાતર મારી એ ફરજ થઈ પડશે કે જાહેરમાં માફી માગવાની એમને સલાહ આપવી.

વાઇસરૉયને મળ્યા પછી બીજા જ દિવસથી ગાંધીજીએ પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો. ગાંધીજીએ મહારાષ્ટ્રમાં બાર્શીથી મહાદેવભાઈને પોતાના વતી અલીભાઈઓને મળવા મુંબઈ મોકલ્યા. મહમદઅલીએ કરેલા ભાષણમાંથી કેટલાક ફકરાનો વિચિત્ર અર્થ પણ થઈ શકે એ મહાદેવભાઈએ તેમને સમજાવ્યું. સિમલામાં દિલગીરી વ્યક્ત કરતા વક્તવ્યનો ખરડો ઘડાયો હતો. મૂળ ખરડામાં એક વાક્યમાં ફેરફાર કરવાનું સૂચન મહમદઅલી અને મહાદેવભાઈએ મળીને કર્યું અને તે મુજબ ગાંધીજીને તાર કર્યો. મૂળ ખરડામાં પરંતુ ‘અમે કબૂલ રાખીએ છીએ કે અમારા ભાષણમાં કેટલાક પૅરેગ્રાફ એવા છે જેના અર્થને બદલે, અમને કલ્પના પણ નહોતી કે અમારા ભાષણમાંથી કોઈ પણ પૅરેગ્રાફનો અર્થ’ એમ અને પછીનું વાક્ય આ રીતે શરૂ થાય: ‘પરંતુ અમે ખરા દિલથી...’ ભાવાર્થ એ હતો કે ‘અમારા બોલવામાં કાંઈ પણ હિંસાની ગંધ આવતી હોય તો અમે દિલગીર છીએ.’ આ સૂચિત સુધારો ગાંધીજીએ તાર દ્વારા વાઇસરૉયને મોકલ્યો.

અલીભાઈઓ ઉપર કોઈ ફોજદારી ખટલો ન ચાલ્યો. વિષ્ટિકાર તરીકે મહાદેવભાઈ સફળ થયા.

તે દિવસોમાં અલીભાઈઓનો સૂરજ આખા દેશમાં તપતો હતો. એવા મોટા નેતા પાસે જાહેરમાં નિવેદન દ્વારા દિલગીરી પ્રદર્શિત કરાવવી એ સહેલું કામ નહોતું. મહાદેવભાઈને એ કામમાં સફળતા મેળવવા સારુ પોતાની સમજાવવાની સર્વ કળા વાપરવી પડી હશે.

આમ આખો સમય પ્રેમ પીરસી, કોઈ વાર મિલન, કોઈ વાર વિરહ દ્વારા, કોઈ વાર સ્તુતિ કે કદરદાની, કોઈ વાર ઠપકા દ્વારા, કોઈ વાર ઝઘડા, વિવાદ કે ચર્ચા દ્વારા, કોઈ વાર નવી નવી જવાબદારીઓ સોંપી, કોઈ વાર ઝીણાં ઝીણાં કામો, વિગતો તપાસીને ગાંધીજી મહાદેવભાઈને પ્રશિક્ષણ આપી રહ્યા હતા. એ પ્રશિક્ષણની છેલ્લી મંજિલ એકાત્મતાની હતી, જે તરફ મહાદેવની યાત્રા અસાધારણ વેગે જઈ રહી હતી.

નોંધ:

૧. गाधींजीनो अक्षरदहे – ૧૫ : પૃ. ૧૬૪.

૨. એજન, ૧૭, પૃ. ૮૫.

૩. એજન, પૃ. ૩૧૪.

૪. એજન, ૨૧, પૃ. ૨૦.

૫. એજન, ૫, પૃ. ૫.

૬. એજન, ૧૬, પૃ. ૪૬૧.

૭. महादवेभाईनी डायरी – પૃ. ૪ : પૃ. ૭

૮. એજન, પૃ. ૧૨.

૯. હરિલાલ ગાંધી – ગાંધીજીના મોટા પુત્ર.

૧૦. જાણીતા અર્થશાસ્ત્રી અને મહાદેવભાઈના મિત્ર.

૧૧, महादवेभाईनी डायरी – ૪ : પૃ. ૮૪-૮૫.

૧૨. એજન, પૃ. ૮૫.

૧૩. એજન, પૃ. ૮૫.

૧૪. એજન, પૃ. ૮૫.

૧૫. એજન, પૃ. ૫.

૧૬. એજન, પૃ. ૧૪૭.

૧૭. એજન, પૃ. ૯૯.

૧૮. તુલસીદાસ — वनियपत्रकि.

૧૯, દેવદાસ ગાંધી: ગાંધીજીના સૌથી નાના પુત્ર.

૨૦. महादवेभाईनी डायरी – ૪ : પૃ. ૧૧૭.

૨૧. એજન, પૃ. ૧૪૯.

૨૨. गाधींजीनो अक्षरदहे – ૧૪ : પૃ. ૨૧૨.

૨૩. આ પત્ર સૈન્યભરતીના ગાંધીજીના કાર્યક્રમ અંગે હતો.

૨૪. ગાંધીજીની સવારની પ્રાર્થનાનો પહેલો શ્લોક: प्रातः स्मरामि हृयदि संस्कुरादात्म तत्त्चम्.

૨૫. महादवेभाईनी डायरी – ૪ : પૃ. ૧૪૯.

૨૬. એજન, પૃ. ૧૫૦.
૨૭. મહાદેવભાઈની ડાયરી – ૫ : પૃ. ૧૫૫. એસ્થર ફેરિંગને પત્ર.
૨૮ મહાદેવભાઈની ડાયરી – ૫ : પૃ. ૩૭.
૨૯. ગાંધીજીનો અક્ષરદેહ – ૧૫ : પૃ. ૩૦૦.
૩૦. એજન, પૃ. ૩૦૦-૩૦૧.
૩૧. મહાદેવભાઈની ડાયરી – ૪ : પૃ. ૭૩.
૩૨. એજન, પૃ. ૧૨૭.
૩૩. એજન, પૃ.૧૧૩, શ્રી હનુમંતરાવને પત્ર.
૩૪. એજન, પૃ. ૧૩૩-૧૩૪.
૩૫. એજન, પૃ. ૨૦૧.
૩૬. એજન, પૃ. ૧૪૭થી ૧૪૯.
૩૭. મોટા દીકરા હરિલાલભાઈનાં પત્ની.
૩૮. મહાદેવભાઈની ડાયરી – ૪ : પૃ. ૧૨૭.
૩૯. એજન, પૃ. ૧૨૩.
૪૦. એજન, પૃ. ૧૦૨.
૪૧. મહાદેવભાઈની ડાયરી – ૫ : પૃ. ૯.
૪૨. એજન, ૧૦.
૪૩. એજન, પૃ. ૩૦.
૪૪. એજન, પૃ. ૯૭.
૪૫. એજન, પૃ. ૪૧૦.
૪૬. એજન, પૃ. ૪૫.
૪૭. એજન, પૃ. ૬૧થી ૬૩.
૪૮. એજન, પૃ. ૬૩થી ૬૬.
૪૯. એજન, પૃ. ૪૦૪.
૫૦. એજન, પૃ. ૫૦૬-૫૦૭.
૫૧. એજન, પૃ. ૫૦૭.
૫૨. મહાદેવભાઈની ડાયરી – ૪ : પૃ. ૧૧૪.

૫૩. નરહરિ પરીખઃ महादेवभाईनुं पूर्वचरितः પૃ. ૬૩-૬૪ની પાદટીપ.

૫૪. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૫.

૫૫. એજન, પૃ. ૫૨૪.

૫૬. गांधीजीनो अक्षरदेह – ૧૮ : પૃ. ૩૯૩.

૫૭. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૨૮૬

# સત્તર – માંદગી

शरीरमाद्यम् खलु धर्मसाधनम् કે नाडयमात्मा बलहीनेन लभ्यः વગેરે મંત્રો મહાદેવભાઈ નાનપણથી શીખેલા, પણ શરીર તરફ જોવાનીયે એમને ફુરસદ મળે તો ને? નાનપણમાં રમતગમત સારુયે સમય કાઢેલો નહીં. મોટપણમાં યોગાસન કરેલાં નહીં. માત્ર ચાલવાનો અભ્યાસ ખરો. કૉલેજકાળ દરમિયાન મુંબઈના ઘણા રસ્તાઓ માપી કાઢેલા. ગાંધીજી સાથે જોડાયા પછી આશ્રમથી નવજીવન કાર્યાલય, જે તે વખતે ખજૂરીની પોળમાં હતું, ત્યાં સુધી ઘણી વાર ચાલતા જ જવાનું થતું. ૧૯૩૬થી '૩૮ સુધી મગનવાડીથી સેવાગ્રામ સુધી જવા-આવવાના અગિયાર માઈલ, કોઈક કોઈક દિવસ બે ટપ્પા, એટલે કે બાવીસ માઈલ! સૈન્યભરતીના જમાનામાં ગાંધીજીએ અઠ્ઠાવીસ માઈલનું લક્ષ્યાંક આપેલું, જે મહાદેવે બીજા જ દિવસથી દૈનિક ક્રમમાં સમાવી દીધું હતું તે આપણે જોઈ ગયા.

પણ મૂળ કાઠું મજબૂત, અને તે અનાયાસે જ સ્વસ્થ રહેતું. પચીસ વરસની ગાંધીજી સાથેની 'ચાકરી'માં બે વાર માંદગીને લીધે લાંબી રજાઓ લેવી પડેલી. બાકી શનિ-રવિ, દશેરા-દિવાળી, જન્મતિથિ-પુણ્યતિથિ, બંધ-હડતાળ એમણે કદી જાણ્યું નહોતું. ત્રીજી વારની માંદગીમાં કાયમની રજા લઈ લીધી.

પહેલી માંદગી ગાંધીજી સાથે જોડાયા ત્યાર પછી લગભગ બે વરસે એટલે કે સપ્ટેમ્બર ૧૯૧૯માં આવી. પહેલાં તો એમ ધાર્યું કે થાકનો તાવ હશે. પણ દિવસોના દિવસો સુધી ઊતર્યો નહીં એટલે સમજાયું કે મુદતિયો તાવ — ટાઇફૉઈડ છે. ગાંધીજી તો રોગમાત્ર માણસની પોતાની ભૂલને લીધે થાય છે, તેમાંયે ખાસ કરીને જીભના

ચટાકાને લીધે થાય છે એમ માનનારા. એક વાર શ્રી (શ્રીનિવાસ) શાસ્ત્રિયાર જેવા નેતાને લખી દીધેલું:

'તમારે એવા કડક દાક્તરની જરૂર છે જે નિર્દય થઈને તમારી પાસે સંપૂર્ણ ઉપવાસ કરાવે અને પાણીના ઉપચાર કરે. પણ અત્યારના ભારે અખતરાખોર ધંધાદારીઓ પાસેથી તો પરવાનદાર ખૂન સિવાય બીજાની આશા રાખી શકાય એમ નથી. જ્યારે જ્યારે તમારી માંદગીનું હું સાંભળું છું ત્યારે ત્યારે કોઈ ને કોઈ દાક્તરને ગોળીએ મારવાનું મને મન થઈ આવે છે. પણ મારી અહિંસા આડી આવે છે. તમારે માટે અને હિંદુસ્તાનને માટે એ સુખની વસ્તુ છે કે કોઈ દિવસ પાર્લમેન્ટમાં બેસવાની મારી મહત્ત્વાકાંક્ષા છે જ નહીં. નહીં તો હું તો એવો કાયદો દાખલ કરું કે જે માણસો વારંવાર માંદા પડતા હોય તેઓ પાર્લમેન્ટના મેમ્બર થવાને લાયક ગણાય નહીં.'૧

મહાદેવભાઈ આવા કડક દાક્તરના હાથમાં પડ્યા હતા. મહાદેવની માંદગીના આ લાંબા ગાળા દરમિયાન ગાંધીજીને આશ્રમ બહાર જ રહેવાનું થયું હતું, એ એક રીતે જોઈએ તો મહાદેવભાઈને માટે સારું જ હતું, એમ માનવાને મન થાય! કારણ કડક દાક્તરની આકરી નજરમાંથી ખસી ગયા હશે. પણ આ દાક્તર એવા હતા કે એમની ગેરહાજરીમાં પણ આશ્રમમાં ઉપચારના નિયમો તો એ દાક્તરના આદેશ મુજબ જ ચાલતા! અને પાછા દાક્તર વજ્રથી કઠોર હતા તો સાથે કુસુમથી પણ મૃદુયે ક્યાં નહોતા? તેથી કોઈકને લખતા કે, 'પોતાના મનસ્વીપણાથી મહાદેવ માંદા પડ્યા છે,' તો બીજી બાજુ રોજેરોજ કાગળો લખીને જ્યાં હોય ત્યાંથી એમની ખબર મેળવતા રહેતા અને એ વિશે પૂછપરછ કરતા. કોક વાર કાંઈ સમાચાર ન આવે તો તારની વાટ જોતા. એમને વાંચવાની તકલીફ ન પડે એટલે કેટલીક વાર મહાદેવને બદલે એમની સેવામાં રત એવા કોઈ પરિચારકને લખતા. એક વાર નરહરિભાઈને લખ્યું, 'પંજાબનું કામ ન હોય તો અહીં એક ક્ષણ પણ અત્યારે ન રહું, પણ ત્યાં આવીને મહાદેવને ભેટું.' બીજી વાર એસ્થર ફેરિંગને લખ્યું, 'એને ગજા ઉપરાંતનો બોજો ઉઠાવવો પડે છે.' એક વાર એ બાઈ સાથેની વાતચીતમાં મહાદેવભાઈએ કહ્યું, 'હું આમ માંદો પડું છું ત્યારે આશ્રમમાં રહેવાનો મને અધિકાર નથી.' બાઈએ આ વાત ગાંધીજીને જણાવી, તેનો નિર્દેશ કરી ગાંધીજીએ લખ્યું: 'પોતાની તબિયતની એ નકામી ચિંતા કરે છે. એના શરીર માટે નહીં, પણ એના આત્માને માટે સૌ એને ચાહે છે. એના મંદવાડમાં એની ચાકરી કરવી એ, મિત્રોને માટે લહાવો છે.'૨ નરહરિભાઈ તરફથી મહાદેવભાઈની તબિયતના સમાચાર

આપતા પત્ર રોજેરોજ મળતા. તેમને લખ્યું, 'તમારા કાગળો નિયમસર આવે છે. એ મને ખૂબ શાંતિ આપે છે. મારો કાગળ તમારી ઇચ્છા થાય ત્યારે જ મહાદેવને વંચાવજો. ફાડી નાખવો હોય તો ફાડી નાખજો.'૩

કોઈ કોઈ વાર મહાદેવભાઈ, માંદગી દરમિયાન, ગાંધીજીના કાગળ વિના આકળા-અધીરા થઈ જતા. એમણે એક વાર ગાંધીજીને નામે એવો તાર કર્યો કે જેવો કોઈ આશક જ પોતાની માશૂકને કરી શકે:

I am well on the mend But why art thou so unkind? Oh, for a love-letter from you!૪

(મારું સુધારા પર છે. પણ તું શાને આટલો દયાહીન? એકાદ પ્રેમપત્ર તો લખ!)

મહાદેવભાઈની આ બીમારી ખૂબ લાંબી ચાલી. છ અઠવાડિયાં સુધી તો તાવ જ ન ઊતર્યો. પછી શરીર વળતાં મહિનાઓ વીત્યા. હવાફેર માટે તેઓ માથેરાન અને સિંહગઢ પણ ગયા. હવાફેર ખાતર પણ ગાંધીજીથી વિખૂટા રહેવું પડતું તે મહાદેવભાઈને અસહ્ય લાગતું. ગાંધીજી તેમને પત્ર લખી સમજાવતા કે છૂટા રહેવાથી તેમનામાં શહૂર આવશે. મહાદેવભાઈ ગાંધીજીનો આશ્રય શોધતા. ગાંધીજીએ લખ્યું:

'મેં તમને કબીરવડ માની લીધા. તમારે આફૂસની કલમ થવું હોય તો ભલે થાવ, પણ તમારે તો સદાય કલમ જ રહેવાની ઇચ્છા લાગે છે? ... પોલાકને હું કહેતો હતો કે તેને બે સ્ત્રીઓ છે. એક મિસિસ પોલાક અને બીજી હું. કેમ કે તેનું અંતર બેની પાસે જ ઠાલવે, બેની ઉપર જ રિસાય. તમને પણ પોલાકના જેવી જ હવે ટેવ પડી લાગે છે. પણ દુર્ગા શું કહેશે?'૫

૧૧–૯–૧૯૧૯થી ૨૯–૪–'૨૦ સુધી મહાદેવભાઈએ ડાયરી નથી લખી. એનાથી અનુમાન થાય છે કે માંદગી અને ત્યાર બાદ શરીર વળતાં તથા સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવતાં કુલ સાતેક માસ થઈ ગયા હશે.

માંદગી દરમિયાન દુર્ગાબહેન તો અહોનિશ ખડે પગે એમની પડખે જ હતાં. માંદાની સેવા ઉપરાંત તેમની ઉપર તે વખતે પરિચર્યા સારુ આવેલા સૌ વડીલો સારુ રાંધવા-કરવાની પણ જવાબદારી હતી. મહાદેવની માંદગીના સમાચાર જાણતાં જ હરિભાઈ દિહેણથી દોડી આવેલા. સુરતથી ડૉ. ચંદુલાલ ('દાક્તરકાકા' — ચંદુલાલ ઘેલાભાઈ

દેસાઈ) પણ આવી પહોંચ્યા હતા. સુરત પાછા ગયા પછી તેમણે એક પત્રમાં લખ્યું હતું: 'પ્રભુ એ નિર્દોષ બાળક ઉપર કૃપા કરશે એવો દઢ ભરોસો રાખજો.'૬

મહાદેવની નિત્ય સેવા કરનાર આશ્રમવાસી મિત્રો તો હતા જ. આશ્રમજીવનનો આ એક મોટો લહાવો છે. એનો કોઈ પણ સભ્ય માંદો પડે ત્યારે એની પૂછપરછ અને સેવાચાકરી કરનારાઓનો કદી તોટો નથી પડતો. તેમાં મહાદેવભાઈ તો સૌના પ્રેમપાત્ર. પછી ચાકરીની શી મણા હોય? પણ આ અંગે એક વિશેષ નોંધ મહાદેવભાઈના જીવલગ દોસ્ત નરહરિભાઈએ કરી છે તે સમજવા જેવી છે. તેઓ કહે છે: 'સામાન્ય રીતે એવું મનાય છે કે, સારવાર કરનારની દરદી ઉપર બહુ મમતા બંધાઈ જાય છે, પણ દરદી તો ઘરના બધા માણસો ઉપર અને સારવાર કરનાર ઉપર જહાંગીરી જ ચલાવે છે. પણ મહાદેવ એ નિયમમાં અપવાદ હતા. દરદી તરીકે પણ તેઓ કેટલા મીઠા અને આનંદી રહી શકતા એનો અનુભવ ૧૯૨૦માં તેઓ છ અઠવાડિયાંની ટાઇફૉઈડની બીમારીમાં રહ્યા તે વખતે મને થયેલો. પોતાને ગમે તેટલું કષ્ટ થતું હોય પણ એ કષ્ટમાંયે પોતાનો વિનોદ તેઓ ખોઈ બેસતા નહીં. અને આસપાસનાં બધાંને તેઓ હસાવતા જ રહેતા.'૭ એમની વિનોદવૃત્તિનો પુરાવો આપતો એક કિસ્સો શ્રી ચંદુલાલ દલાલે આપ્યો છે તે આખો જ નીચે આપીએ છીએ:

'ટાઇફૉઈડ શરૂ થયા પછી પચીસ દિવસ બાદ પણ વિનોદના ફુવારા ઉડાડતા પત્રો લખતા. એક વખત ગાંધીજીને લખ્યું, "પથારીમાં પડ્યો પડ્યો કંટાળું તો ખરો જ, એટલે આજે તો થઈ ગઈ છે ઇચ્છા ખૂબ હસવાની, અને જે મારામાં કાંઈ દૈવત હોય તો હસાવવાની!" પછી એમના ઉપરના કામના બોજાનો ઉલ્લેખ કરતાં લખ્યું, "તમને હસવાનો વખત પણ ક્યાંથી હશે? પણ આજે તો માંદાની ખાતર અરધો કલાક કહાડો. આપણે જરાક હસીએ." '

આ પત્રમાં એ પ્રેમલીલા, તર્કલીલા અને કુતર્કલીલા એમ ત્રણ પ્રકારની લીલાઓ વિશે લખતાં ચગ્યા. આમાં બીજી બે લીલાઓ છોડી, કેવળ પ્રેમલીલાઓ વિશે જે લખ્યું તે અહીં ઉતાર્યું છે:

'આ તાવની સાથે મારે કંઈક અજબ પ્રેમગ્રંથિ બંધાઈ છે, અને આ પચીસ દિવસની પ્રેમલીલાનું વર્ણન તમારી આગળ મારે આજે કરવું છે.

'સહેજે સવાલ થશે કે આ પ્રેમલીલામાં પ્રિયા કોણ? હવે, હું તો પડ્યો, અનાવલા

બાદશાહ. તે, અનાવલો કાંઈ સહેજે કોઈની બૈરી થાય ખરો કે? માટે પ્રિયા તો તાવબાઈ — હું જરા ઇશ્કી રહ્યો એટલે એનું મધુરું નામ તાપીબાઈ રાખ્યું છે.

'તમને થશે કે દુર્ગાની સંમતિ લીધી કે નહીં? સવાલ અનુચિત છે. કારણ, અનાવલા બાદશાહ એકની પર બીજી કરતાં, કે' દહાડે આગલીની સંમતિ લે છે? અને હું તો મરવાનો ત્યાં સુધી કંઈ અનાવલાપણાની દ્વારકાની છાપ મારી ઉપરથી ફિટવાની છે શું જે?

'પણ આ તો પ્રેમલીલાનો ઉપોદ્‌ઘાત થયો. તમને લીલા સાંભળવાની જરા ઉત્કંઠા તો થઈ હશે. હવે કહું. જુઓને — તાપીબાઈ તો પહેલાં થોડા દહાડા આવ્યાં અને કાનમાં મધુરું મધુરું ગાવા લાગ્યાં કે, "મુજને તુજ શું જૂની પ્રીતડી." બંદા ફસાયા. અમારી પ્રીતિ તો પછી વધતી ચાલીઃ દસ દહાડા થયા. તાપીબાઈને ઘર ગમ્યું. અને વધારે નખરાં કરવા લાગ્યાં. બંદા વધારે ફસાતા ગયા. પંદર દિવસ થયા, વીસ થવા આવ્યા. એટલે અમે તો પરમ અભેદ સાધ્યો. અને તાપીબાઈ હું, કે હું તાપીબાઈ એનું ભાને નહીં રહ્યું. અમે તો अेकमेवाद्वितीयम् સાધ્યું.

'પણ કોણ જાણે શું થયું, તે, પેલું કહ્યું છે ને કે The course of true love never did run smooth તેમ ત્રેવીસમે દિવસે કોઈ દુશ્મન અમારી વચ્ચે આવ્યો. તાપીબાઈનાં તો સવારે દર્શન નહીં મળે. પણ રજા લીધા વિના ગયેલાં એટલે બપોરે આવ્યાં ને કહે કે, "હું તો રજા લેવાનું ભૂલી ગઈ એટલે પાછી આવી."

'કોણ જાણે કેમ મને તેની તરફ અપ્રીતિ થઈ. પહેલાં તો હું એને બાથમાં ભીડતો તે હવે થવા લાગ્યું કે ઠીક, સવારે બલા જાય છે. પણ બપોરે પાછી રજા માગવા આવે જ. આજે થયા પચીસ — સવારે ભટકે છે, પણ હજી રજા માગવા આવવાનું છોડ્યું નથી.

'આસપાસના લોકો અમારી આ પ્રેમકથા અને અંતની વઢવાડની વાત જાણી ગયા છે; અને કહે કે અઠ્યાવીસ દિવસે લુચ્ચાંઓ છૂટાછેટા કરવાનાં છે.'

નરહરિભાઈ, મહાદેવભાઈની ચાકરીમાં હતા. એનો નિર્દેશ કરી આ જ કાગળમાં મહાદેવભાઈએ લખ્યુંઃ

'મેં તો, (તમે) હસતા નહીં, એની સાથે પ્રેમ માંડ્યો છે. આ વળી અનાવલાભાઈનો ત્રીજો ગોટાળો — અને એમાં પણ કહેવાની જરૂર નથી કે પ્રિયા તો નરહરિ જ. એટલે મને તો સહેજે પ્રિયા તરફ પક્ષપાત હોય.'

છેવટે 'મોહન, તારા મુખડાની માયા લાગી રે, મોહન તારા.'૮

પોતાની માંદગીને મહાદેવભાઈએ 'બાદશાહી' તરીકે વર્ણવી. એક વાર પરમ મિત્ર શ્રી વૈકુંઠભાઈ મહેતા એમની ખબર કાઢવા આવ્યા. તેમને કહે:

'મોટા બાદશાહ કરતાં પણ મારી સારવાર ભારે થઈ રહી છે. કાકાસાહેબ બે વખત આવીને શરીર દાબી જાય છે, બરફના છૂંદાની પોટલી કરી તે પોતાના માથા ઉપર દબાવી તેની સુંદર પાઘડી બનાવી સતત મારે માથે રાખવાનો ઇજારો નરહરિએ લીધો છે, કાકાસાહેબ અને નરહરિ દરરોજ પથારીમાં જ મને ગરમ પાણીમાં બોળેલા ભીના ટુવાલથી સ્નાન કરાવે છે ત્યારે કાકાસાહેબ એમના આંગણામાં ઉગાડેલાં હોલીહોકનાં ટગર ટગર જોનારાં ફૂલોની વાત કરી ત્યાં જવાની મારી ઉત્કંઠા વધારે છે. સંગીતશાસ્ત્રી પંડિત ખરે બેત્રણ વાર આવીને પોતાનું મધુરું સંગીત સંભળાવી જાય છે. કિશોરલાલભાઈ કોઈ ને કોઈ વાતો કરી મને રીઝવી જાય છે. સ્વામી તથા જુગતરામભાઈ આખો દિવસ નવજીવનમાં કામ કરીને રાતે અહીં આવીને ખડા થઈ જાય છે. પિતાશ્રી અને આ દાક્તરકાકા તો અહીં બેઠા જ રહે છે. અને આ બધા ઉપરાંત બાપુ પંજાબમાં ગમે તેટલા કામમાં હોય છતાં રોજ તેમનો સુંદર કાગળ તો ટપાલમાં હોય છે જ. કહો, આવી સારવાર કોઈની થતી હશે?'

વૈકુંઠભાઈએ જવાબ આપ્યો: 'તમે સાચે જ એ બધાના અધિકારી છો, એ બધું સુપાત્રે જ થાય છે.'૯

સ્વાભાવિક રીતે જ માંદગી દરમિયાન આત્મચિંતન અને ઈશ્વરપ્રાર્થના કરવાનો મોકો મળ્યો. મહાદેવભાઈ એમાંથી શાના ચૂકે? લગભગ સતત ભગવત્સ્મરણ ચાલુ રહેતું. ગાંધીજીની ટાઇફૉઈડ રોગની સારવાર એટલે દરદીને સંપૂર્ણ આરામ, રોજ એક વાર એનિમા દ્વારા પણ પેટ સાફ રાખવું. પ્રવાહી સિવાય બીજો ખોરાક નહીં, અને 'સ્પોંન્જ' સ્નાન.

આ જ બીમારી દરમિયાન મહાદેવભાઈએ 'ટાઇફૉઈડમાં તવાઈ રહેલો એક જીવ' એવા મથાળા નીચે એક પ્રાર્થના લખી:

'હે પરમાત્મન્, જે જીવમાં તમે વિરાજો છો
તેના વિચાર, વાણી અને વર્તનમાં તમારું ઓજ,
તેજ અને રજ આપો.

- ‘હે પરમાત્મન્, આ જીવ જ્યાં સુધી સંકલ્પ-
વિકલ્પશીલ છે ત્યાં સુધી એનો એકે અશુભ સંકલ્પ ન ફળો.
શુદ્ધ, શુભ સંકલ્પનું ગમે તે થાઓ.
- ‘હે પરમાત્મન્, પંચમહાભૂતોનો સંઘ હું નથી પણ
સચ્ચિત્સુખરૂપ નિષ્કલ બ્રહ્મ હું છું એવી બુદ્ધિનો સદાકાળ આ જીવનમાં ઉદય કરો.’૧૦

માંદગીમાંથી નીકળ્યા પછી શરીર વળવાની ક્રિયામાં જે લાંબો વખત લાગ્યો તેનાથી મહાદેવભાઈ ઘણી વાર કંટાળતા. વારંવાર એમને એમ પણ થઈ આવતું કે આવા શરીર સાથે હું ગાંધીજીનો સહવાસી થવાને લાયક નથી. આ આશયનો સિંહગઢથી લખેલ એક પત્રનો જવાબ આપતાં ગાંધીજી લખે છે:

‘તમારે હવે તમારી નિરાશામાંથી, તમારી શૂન્યતામાંથી નીકળી જવાની જરૂર છે. શહૂર એની મેળે આવશે. બળાત્કારથી નહીં આવે. મારાથી દૂર જવાથી એ નહીં આવે. મારી પાસે રહેતાં જે કામ થઈ શકે તે કરવાથી જ આવવાનું છે.

‘શાંતિ તે ક્યાંયથી વેચાતી મળવાની હતી? મહેલમાં મહાલતો રાજા ભારે અશાંત હોય ને જોબ જેવો મહાવ્યથાથી પીડાતો શાંત હોઈ શકે. બનિયનને ક્યાં પોતાની જેલમાં થોડી શાંતિ હતી? તમે ખાટલામાં પડ્યે શાંતિ નહોતી ભોગવી? જીવ વલખાં ન મારે તો શાંતિ ભોગવે. ... તમારું શરીર ચાલે તેથી વધારે શું? તેની ગતિ તમે ન રોકો, તમે તેને સારુ જોઈતા ઉપાય લો એટલે બસ છે. मन एव मनुष्याणाम्‌માં કેટલું જોર છે એ કોણ જાણે છે? હમેશાં સાંભળીએ તેથી કંઈ તેનું સત્ય ઓછું થાય છે કે? અને જો તેનું સત્ય તમે માનો તો એ ગોખીને તમારો શોક, તમારી ગ્લાનિ, તમારી નિરાશા, તમારા તરંગો શમાવી દો.’૧૧

ખિલાફતનો પ્રશ્ન લઈને ગાંધીજીના ઇંગ્લંડ જવાની વાત ચાલતી હતી તેનો ઇશારો કરી તેઓ આગળ કહે છે:

‘...મારે હવે જવું જોઈએ એમ લાગે છે. મારે એટલે આપણે. મેં શૌકતઅલીને લખ્યું છે. તે મુંબઈ છે. અહીં તેડાવેલ છે, પછી ખબર પડશે. તમે જરાયે વિહ્વળ ન થજો — પરમ શાંતિ ભોગવી રાહ જોજો. થવાનું હશે તે થશે. તમારી ચિંતા, તમારો પોશાક એ બધું મારે જ જોવાનું છે ના? એટલે તમને કહું ચાલો ત્યારે ચાલજો. મને

ઉતાવળ નથી, કેમ કે હું ઘેર બેઠો છું. ... શરીરને ખૂબ બાંધો એટલે બીજાને પહોંચી વળશો. ...'૧૧

પાછળથી અલાહાબાદ ગયા ત્યાં પણ મહાદેવભાઈએ પ્રમાણમાં ટૂંકી એવી માંદગી ભોગવેલી. તે વખતે મહાદેવભાઈએ એક પત્રમાં ગાંધીજી પાસે માગણી કરેલી કે, 'આપ મને ચિ. મહાદેવ ન લખો?' પછી એમણે કહેવત યાદ કરતાં કહ્યું કે આની પણ માગણી કરવી પડી એટલે કિંમત ઘટી ગઈ — 'આપ દિયા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની'. જવાબમાં ગાંધીજીએ 'માગ્યા વિણ તો મા ના પીરસે' એ કહેવત યાદ દેવડાવી. પોતાના પત્રમાં મહાદેવભાઈએ થોડાં ભજનો ટાંક્યાં હતાં. તેને વિશે ગાંધીજીએ લખ્યું:

'તમારાં ભજનો મળ્યાં છે. ... માંદગીમાં કાવ્યશક્તિ વધે પણ તે બતાવવામાંયે સાજા થતાં વાર લાગે. તેને સંઘરતાં છતાં તે માંદગી પછી સાજા થયા પછી દેખાવ આપે તો વધારે શોભે છે. માંદગીનો પ્રસંગ એ અંતર્નાદોને સાંભળવાનો ગણી પોતાને જોયા કરવાથી તેજ વધે છે.

'તમારી તબિયત સારી છે એવા ખબરો ... એ તારથી આવ્યા છે.

'તમારાં વ્રતો પાળવાનું સંપૂર્ણ બળ તમને ઈશ્વર આપો. તમે બંને સુખી રહીને સેવા કરો.'૧૨

ગાંધીજીએ 'ચિરંજીવી' કહી સંબોધ્યા તેથી મહાદેવભાઈએ 'આપ દિયા સો દૂધ બરાબર' કહેવતને ફરી યાદ કરી લખ્યું: 'આ તો ભિક્ષાનું ફળ છે...' 'માંગ લિયા સો પાની' એમ થયું, પણ મને તો આપનું ગંગોદક પણ ક્ષીર બરાબર છે.'૧૩

મહાદેવભાઈએ જે ભજનો મોકલ્યાં હતાં તે એમનાં બનાવેલાં નહોતાં. તેથી તેમણે લખ્યું, 'આપને મોકલાવેલાં સમર્થ ભક્તોનાં ભજનોને આપ મારાં સમજ્યા? મેં એક પણ વાક્યથી એવો ભાસ આપને નથી આપ્યો કે એ ભજન મારાં હોય!!' પણ છતાંય ગાંધીજીની ટીકાના મર્મને મહાદેવભાઈએ શિરોધાર્ય કરી કે તે ટીકા એમની બીજી પ્રવૃત્તિને લાગુ પડતી હતી. 'મેં માંદગીમાંથી બેઠા થયે ... મને ઉદ્‌ગારો ઈશ્વરે સ્ફુરાવ્યા તેને સંઘર્યા છે ખરા, તે "મારાં કાવ્યો" તમે કહી શકો ખરા.' અને પછી એ વખતે થયેલી દિવ્ય અનુભૂતિનું વર્ણન તેઓ નીચે મુજબ કરે છે:

'કાવ્ય બનાવવાપણું જ્યાં નથી, જ્યાં કડી કડીના ભણકારા પડે છે ત્યાં એ ટીકા લાગુ ન પડે. ભણકારા વાગે ત્યાં તે ટીપી લેવામાં અમૂઝણ થાય. આવી દશા મારી

થઈ છે, એટલે લખીને હું તો શાંત થયો છું. ટાઇફૉઈડ વખતે દોઢ વર્ષ ઉપર ત્રણ જ દિવસ એ divine afflatus — એ મસ્તાવસ્થા — રહેલી અને સુંદર ભાષાંતર પથારીમાંથી dictate કરાવેલાં. આ વખતે જરા કામ વધ્યું છે — સ્વતંત્ર જ ઘણાંખરાં આવ્યાં છે. તેને, કહેતા હો તો બાળી મૂકું — કારણ તેમાંથી નામના મેળવવાનો સંભવ જ નથી, ત્યાં લાલચ તો ક્યાંથી જ હોય? બાકી મારી માંદગીનાં સ્મરણો તરીકે એ ભલે રહે. આત્મા માટે પથ્ય, સુખદ એવી માંદગીમાં પ્રભુએ કેટલા નિર્મળ ઉદ્‌ગાર કઢાવ્યા છે તેના સ્મરણ તરીકે, અને એવા કઠણ અવસરે પરમાર્થમાં ચિત્ત પરોવવા માટે પ્રભુના સદાના ઋણના સ્મરણ તરીકે તે ભલે રહે. બાકી બીજા કોઈ હેતુએ નહીં, મિત્રોને એ બતાવું છું — કારણ એ મારી સ્વભાવની નબળાઈ છે — જે વસ્તુને હું કાંઈક સારી માનું તેનો ઉપયોગ મારા એકલાથી ન જ થાય — (જેમ દુર્ગા કાંઈ સારું ખાવાનું કરે તે પંડિતજી કે જવાહરલાલને ખવરાવ્યા વિના ન રહેવાય તેમ)!૧૪ એ ભજનો કે કાવ્યો કે જે કહો તે લખવાં મને અનિવાર્ય — બલકે વારું તો અપથ્ય અસર થાય એવી સ્થિતિ હતી.

'આ મારું psychological analysis૧૫ છે. એ પંડિતજીને ગળે નથી ઊતર્યું. એમણે એક દિવસ મારું કાવ્ય વાંચ્યું, તે માટે આનંદ જાહેર કર્યો, પણ બીજે દિવસેથી એમણે મારા ઉપર જાપ્તો મૂક્યો અને કહ્યું કે, "તને કાંઈ પણ લખવાની મનાઈ છે." અને "તારી કાવ્યશક્તિ કે excitement૧૬ કે inspiration૧૭ વિશે મારી સાથે તારે વાત ન કરવી કે કાંઈ પણ લખે તે મને ન બતાવવું. એ ન વાંચવાનું હું વ્રત લઉં છું." '

'મેં કહ્યું, "આપ દિલ્હી જાઓ ત્યાં સુધી અખંડ મૌન ધારણ કરવાને તૈયાર છું;" તે પણ તેમને ન રુચ્યું.'

પણ મને લાગે છે કે પંડિતજી પ્રેમમાં મારી psychology — મનોદશા — નહોતા સમજ્યા, કે ન સમજ્યો હતો મશ્કરો પ્રોફેસર, જેણે કહ્યું કે, 'તને તો બાપુ વારસ કરવા ધારે છે; તે, આમ ભજન અને કાવ્યમાં તણાશે તો બાપુને વારસના નામની પોક મૂકવી પડશે!' આ મશ્કરીભરેલી ટીકામાં થોડો તથ્યાંશ રહેલો છે. મને આ દિવસોમાં અધ્યાત્મનાં જ કેમ સ્વપ્નાં આવે અને સ્વદેશી-સ્વરાજનાં કેમ ન આવે? અને એવું એકે નથી આવ્યું. મારા એક જ લખાણમાં — માંદગીના લખાણમાં — હિંદુસ્તાનનો અને આપનો ઉલ્લેખ છે.' પણ તેને હું શું કરું? મારાથી

કૃત્રિમ સ્વપ્નાં લવાય ખરાં? એ તો કોઈ નઠારો માણસ સ્વપ્નામાં વિષય વિશે બકતો હોય તેનો બકવાદ દૂર કરવાનું તેને કહેવા જેવું છે. માત્ર તફાવત એ છે કે નઠારો માણસ બહાર એમ કહાવે છે કે પોતે સારો છે; જ્યારે મેં મારા વિશે કાંઈ કહાવ્યું જ નથી. ૯મી એપ્રિલ, ૧૯૧૯ને ધન્ય દિને આપ પકડાયા તેની થોડી ઘડી પહેલાં (કેવળ ખાનગી ઉદ્‌ગારોમાં)૧૮ આપે મને વારસનો ઇલકાબ આપ્યો — અને તે ઉદ્‌ગારો બિલકુલ sacred૧૯ હોવા છતાં તે વાતનો દુરુપયોગ કરી ગિદવાનીએ મને જગતની બત્રીસીએ ચઢાવ્યો તે દુઃખ હજી મારી છાતીમાંથી નીકળ્યું નથી. મેં એ પદનો અધિકારી મને ગણ્યો જ નથી. મારું ambition — પુરુષાર્થ — કેવળ અનન્ય ભક્તિ — સાધુજનની (આપના જેવા સાધુજન મને કોઈક જ દેખાય છે)૨૦ કરીને આત્મસાક્ષાત્કાર કરવો. હનુમાન જેવાને આદર્શ રાખી તેની સ્વાર્પણ-સેવા પોતામાં ઉતારવી, અને કેવળ સેવાભક્તિથી તરી જવું એ જ મારો પુરુષાર્થ છે. બીજો કોઈ પુરુષાર્થ મને ગમ્યો નથી, અને એ પુરુષાર્થને અનુકૂળ હું મારું વર્તન જ્યાં સુધી રખાય ત્યાં સુધી રાખી રહ્યો છું.

પણ આ તો બીજી વાત ઉપર ઊતરી પડ્યો.૬ કાવ્યશક્તિ સંઘરતાં છતાં તે, પાછી, સાજા થયા પછી દેખાવ આપે તો વધારે શોભે છે,' એ વધારે શોભાનો લોભ રાખી, હું કેમ, જે રતન-ઘડી મળી હોય તેને જવા દઉં! મેં જોયું કે ગઈ માંદગી વખતે એ દશા ત્રણ દિવસ નભી, અને પછી મારી કાવ્યશક્તિ (જે અગાઉ કોઈ દિવસ જણાઈ ન હતી, અને તેમાં અંગ્રેજી પદ્ય તો કદી લખ્યાં જ ન હતાં)૨૧ ઊડી ગઈ તે આ માંદગીમાં સજીવન થઈ, તેને પુનઃ જાગ્રત કરવા માટે ન માથેરાનની રમ્ય ટેકરી, કે આપના કાવ્યોત્તેજક સમાગમ સાથેનો સિંહગઢનો સુખવાસ કામ આવ્યાં. એ તો ધન્ય માંદગીમાં જ પાછી લાધી. લાધી તેથી સુખે ન હતું, દુઃખે ન હતું. મને થયું કે પ્રભુએ મને માંદગીમાં જ આવી પ્રાર્થનાશક્તિની — એકાગ્રતાશક્તિની — ધન્ય પળો આપવા ધાર્યું હશે. આપે Prof. James's Varieties of Religious Experienceનું અમોલ પુસ્તક નથી વાંચ્યું, નહીં તો મારે આટલું લંબાણ કરવાની જરૂર જ ન રહે.

હવે રહી એક બીજી ટીકા: 'તમારો ધર્મ ભજનો મોકલવાનો (કે કરવાનો?) ન હતો; પણ જલદી પથારીમાંથી ઊઠવાનો જ હતો.' બીજું વાક્ય: 'માંદગીનો

પ્રસંગ એ અંતર્નાદો સાંભળવાનો ગણી પોતાને જ જોયા કરવાથી તેજ વધે છે.' આ બંને ટીકાનો જવાબ ઉપરના પૅરેગ્રાફમાં આવે છે. પણ એના વધારે ઉત્તરમાં એક confession૨૨ કરી લઉં. પ્રથમ — કે મારો બેઠા થવાનો ધર્મ મેં 'આશાવાદ'ના લેખનું૨૩ ભાષાંતર dictate કરીને તાવ વધાર્યો ત્યારે મેં તોડેલો; અને તેટલા પૂરતી આપની ટીકા બરોબર છે. બાકી, મારાં બીજાં જાગરણોથી મારાં કેવળ આનંદ અને કૃતજ્ઞતા પ્રેરિત અપાર અશ્રુઓથી અને તે બતાવનારા ઉદ્‌ગારોથી તો મારી છાતી અને મગજનો ભાર મેં હલકો કર્યો છે. આપની ટીકાનું બીજું વાક્ય અમર છે; પણ તે એક આશા અને ઇચ્છામાં જ રહી જાય છે. એ આદર્શ સ્થિતિ છે. તેમાં પણ મનોદશાની વાત તો આવે છે. કોઈક કેવળ ઈશ્વરાનુભવ સુખ ભોગવતો તેમાં લીન થાય, કોઈ બકબકાટ કરે. બંને હોઈ શકે; જોકે ખરા શૂર અને પરખંદા તો તે જ જે કબીરજી કહે છે તેમ:

जो देखे सो कहै नहीं, कहै सो देखै नाहीं,
सुनै सो समझावै नहीं, रसन स्त्रवन द्रगि काहि
जानि बूझ जिड होई रहे, बल तजी निर्बल होय
कहे कबीरना दास को, गंजी सके नहीं कोय24

આવો કોઈનો ગાંજ્યો ન જાય એવો ભક્ત કે દાસ હું આ જન્મમાં થઈશ કે નહીં તે ખબર નથી. જોકે પ્રયાસ અને પુરુષાર્થ એ માટે જ છે. પણ આજે હું નથી, એટલે મારા મનના ઉદ્‌ગારો વૈખરીમાં ઊતરે એ નિવારણ થઈ શકે એમ વાત નથી. પણ હું મૌન સેવવાનો પ્રયત્ન કરીશ. મૌનવારના આપના એ ઉદ્‌ગારનો મર્મ મારો મનવો સમજ્યા વિના રહે એમ નથી. બે દિવસ થયા કશું લખ્યું નથી. કદાચ કાર્યશક્તિ વિદાય લેતી હોય, પણ તેની મને શી પરવા?

આ જ વિશે બોલતાં એક બીજી વાત. આપે કહ્યું કે, 'સારા થવાનો મારો ધર્મ હતો', મોતીલાલજીએ કહ્યું કે 'You should not work yourself up into a frenzy; you are an adjudged lunatic; you foolish boy you should think more of your flesh and bone than of soaring in heights aetherial or aerial (આવેશમાં આવી જવાય એટલી હદ સુધી તારે તારી જાતને ઉશ્કેરવી નહીં; કાયદા પ્રમાણે તો તું ગાંડો

જ ઠર્યો છે. મૂર્ખ છોકરા, હવામાં અને આકાશમાં ઊંચે ચઢવાને બદલે તારે તારાં હાડચામ વિશે વધુ ધ્યાન આપવું જોઈએ.) તે દિવસે હું જરા ચિડાયેલો excite થયેલ હોઈશ એ સાચું, પણ પંડિતજીએ મને (ડાક્ટર થયા છતાં) ખૂબ ચીડવ્યો હતો એ પણ સાચું, એટલે મેં જવાબ આપ્યો હતો કે, I have thought so long and so much of flesh and bone that it was high time i thought of the spirit; I would recommend the same to you. (હાડચામ વિશે એટલો બધો વખત અને એટલો બધો વિચાર મેં કર્યો છે કે આત્મા વિશે વિચારવાનો સમય પાકી ગયો છે. તમે પણ એમ કરો એવી મારી ભલામણ છે.) પણ એ ઉદ્ગાર રાજસી કે તામસી ન હતા, સાત્ત્વિક હતા એમ આજે મારું હૃદય સાક્ષી પૂરે છે, 'સારા થવાનો ધર્મ' એ શબ્દો મને પંડિતજીના વાક્યની યાદ આપે છે, જોકે આપના ઉદ્ગાર અને પંડિતજીના ઉદ્ગારના પ્રેરક ભાવમાં તો આસમાન-જમીનનું અંતર રહેલું છે, 'જીવન મોરા હિ ભલા જે સત સુમિરન હોય' એ જ મારું તો લક્ષ્ય છે. હું પ્રભુસ્મરણ કરતો હોઉં તો મારે તે છોડી સારા થવાનું ચિંતન કરવું.૨૫

વળી મહાદેવભાઈ પોતાના પત્રમાં ઊંડી તત્ત્વચર્ચામાં ઊતરી જાય છે:

'અગોચર રહેતા સંતસંન્યાસીઓની આપને તેટલી કિંમત નથી જેટલી પ્રગટપણે કાર્ય કરતા કર્મયોગી સંન્યાસીઓની છે. તેમાં પ્રશ્ન એ આવે છે કે આત્મોન્નતિ અર્થે માણસ પોતાનું જીવન ખરચી શકે કે કેમ? અને ખરચે તો પારકાની સેવાની — 'दुःखतप्ताना प्राणिनाम् आर्त्तिनाशन'ની કામના તે શી રીતે કરી શકે? આ પ્રશ્નનો નિવેડો આર. એલ. સ્ટીવન્સન — મારા માનીતા લેખકે પોતાના એક નિબંધમાં થૉરોની આત્મોન્નતિપરાયણતા — અથવા અવધૂત દશા કહું? — ની જરા વધારે પડતી આકરી ટીકા કરતાં આમ આણ્યો છે. (હું સાર ટાંકું છું)

Of these two philosophies the one pursues self-improvement — a Churlish mangy dog; the other up with early morn, in the best of health, follows the Nymph Happiness, buxom, blithe, and debonair. Happiness is at least not solitary — it joys to

communicate. it loves others, for it depends on them for existence. While self-improvement dwindles towards the prig, the very name and appearance of happy man breathe of good nature, and help the rest of us. (આ બે વિચારધારામાંથી એક, આત્મસુધારણાની પાછળ પડનારો છે — એક ગમાર ખસિયલ કૂતરો; અને બીજો, સવારમાં વહેલા ઊઠે છે, એની ઉત્તમ તબિયત છે, સુખ નામની પરીની પાછળ પાછળ જાય છે, હૃષ્ટપુષ્ટ, મોજીલી અને ખુશમિજાજી એવી એ પરી કાંઈ નહીં તો એકાંતવાસી તો નથી જ; તેને બીજાઓની સાથે સંસર્ગમાં આનંદ આવે છે, તે બીજાને ચાહે છે. કારણ, પોતાના અસ્તિત્વ માટે એ બીજાના ઉપર આધાર રાખે છે. એક બાજુથી જ્યારે, આત્મસુધારણાવાળો ચોખલિયો બની જાય છે ત્યારે સુખી માણસ એના નામ અને દર્શનથી ઉમદા સ્વભાવની સુગંધ પ્રેરે છે અને આપણ બધાને મદદ કરે છે.)

આમાં self-improvementવાળાને prig કહ્યો છે એ અન્યાય છે — એને 'प्राणिनाम् आर्त्तनिाशनम्'ની કામના કદી ન રહે; પણ કોઈ ભારે સત્પુરુષના ચરણ સેવી તરી જવાનો લોભ રહે છે. તેમાં મારા આત્માની વિનમ્રતા જ છે — prigginess, (ચિબાવલાપણું) ક્યાંયે નથી. જગતનું કલ્યાણ કરવાનો લોભ ન રાખું, કારણ, શક્તિ તેટલી ન મળે, અને જગતનું કલ્યાણ કરીશ એ વૃત્તિ પણ મારી મનોદશામાં નથી આવી શકતી માટે. 'કિસકા કરોગે કલ્યાણ — દેહ કા યા આત્મા કા' એ ભજન યાદ આવે છે. Self-improvementની જ — આત્મોન્નતિની જ ઉપાસના ભક્તકવિઓએ કરી છે; તેમણે બીજાના કલ્યાણનો અભરખો રાખ્યો જ નથી. નરસિંહ મહેતાએ 'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે' એમાં જનસેવા કરવા માટે તે જન્મોજન્મ અવતાર માગે એવો અર્થ લઈએ તોપણ તે જ ભક્તકવિ એમ ગાઈ ગયા છે કે:

'રામનામશું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે,'

- 'ભણે નરસૈયો કે તત્ત્વ શોધ્યા વિના રત્ન ચિંતામણિ જન્મ ખોયો'
- 'શરીર શોધ્યા વિના સાર નહીં સાંપડે, પંડિત પાર નહીં પાયો પોથે;'

ઇત્યાદિ. એમાં શરીર શોધવાની જે વાત છે તે કેવળ આત્મોન્નતિની જ વાત

છે. ખરી વાત મને એ જ લાગે છે કે જે પ્રભુભક્તિથી રંગાયેલો છે, ઘાયલ થયો છે, તેને બીજી વાતની જ સૂઝ નથી પડતી — ન સુખ પોતાનું કે પારકાનું — તેને તો એ જ લક્ષ છે કે જાણવું તો એવું જાણવું કે 'એકેન ખલ્ વજ્ઞિાતેન સર્વં વજ્ઞિાતં ભવતિ;' જોવું તો એવું જોવું કે જેની સામે કોટિ રવિ-શશી ઝાંખા પડે; માણવું તો એવું માણવું કે જેની આગળ સહસ્ત્ર સ્વર્ગસુખ ઝાંઝવાં જણાય. એ જ દૃષ્ટિથી કબીરજી કહી ગયા છે કે:

एसे तो सत्गुरु मिले, जनिसों रहयिे लागा,
सबही जग शीतल भया (जब) मिटी आपनी आगा.

પોતાની આગ બૂઝવવામાં જ સબ જગને શીતલ કરવાપણું છે. પોતાના જ્ઞાન-સાક્ષાત્કાર-સ્વાનુભવ-શાંતિ આત્મરતિ-માં જ જગતની શાંતિ રહેલી છે. એ કેવો ઉન્નત, વિનમ્ર ભાવ છે? એટલે એમનો પંથ ન્યારો છે, દોહ્યલો છે; છતાં ઉત્તમ છે એ તો ના ન પડાય. એમાં રહેલી દલીલ તો અતૂટ છે, પણ એમાં રહેલો અનુભવ વધારે સ્ફુટ અને અતૂટ છે — જેને વિશે આપણે બિનઅનુભવીએ તો મૌન ધરે જ છૂટકો.'૨૬

અંતમાં પોતાની માંદગીને વિશે દઢતાપૂર્વક માનતા હતા તે તેમના જ શબ્દોમાં જોઈએ:

'મારી માંદગીને મેં ઈશ્વરદત્ત આશીર્વાદ જ માની છે, કારણ, મને પ્રાર્થના — સ્વાનુભૂતિ — ની ઘડી એમાં બહુ મળી છે. આ છેલ્લા સાત દિવસમાં ચોવીસે કલાકમાં એકે અનિષ્ટ વિચાર સુધ્ધાં સ્ફુર્યો નથી એમ દિલ નમ્રતાથી કહી શકે ખરું એ સ્થિતિ તો ભારે જ કહેવાય ને? પણ એ જોબન સૌ કાળ રહેશે કે નહીં તે તો એ જોબન આપનારો જાણે. એ માંદગીમાં મારી આત્મનિરીક્ષણની શક્તિ જેટલી ખૂલી છે, મારી વિવેચનશક્તિ — critical faculty — જેટલી ખીલી છે, મને જે ઉત્તમ નિશ્ચયો બાંધવાની, આત્મોન્નતિના ઉપાય શોધવાની, યોજવાની જે તક મળી છે તે ક્યારેય નથી મળી, એટલે મને આ માંદગી માટે શોચ તો થતો જ નથી — શોચ પારકાની સેવા લેવી પડી એટલો.'૨૭

નોંધ:

૧. મહાદેવભાઈની ડાયરી – ૪ : પૃ. ૧૬૯.

૨. ચંદુલાલ દલાલઃ સ્વ. મહાદેવ દેસાઈ સ્મૃતિચિત્રોઃ પૃ. ૫૬.

૩. ગાંધીજીનો અક્ષરદેહ – ૧૭ : પૃ. ૨૮.

૪. હસ્તલિખિત તારની ઝૅરોક્સ નકલ.

૫. ચંદુલાલ દલાલઃ સ્વ. મહાદેવ દેસાઈ સ્મૃતિચિત્રોઃ પૃ. ૭૦.

૬. એજન, પૃ. ૫૬.

૭. નરહરિ પરીખઃ મહાદેવભાઈનું પૂર્વચરિતઃ પૃ. ૯૦.

૮. ચંદુલાલ દલાલઃ સ્વ. મહાદેવ દેસાઈ સ્મૃતિચિત્રોઃ પૃ. ૫૭થી ૫૯.

૯. નરહરિ પરીખઃ મહાદેવભાઈનું પૂર્વચરિતઃ પૃ. ૯૦-૯૧.

૧૦. ચંદુલાલ દલાલઃ સ્વ. મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રોઃ પૃ. ૫૭.

૧૧. ગાંધીજીનો અક્ષરદેહ – ૧૭ : પૃ. ૩૯૯. પત્ર ૧૬૯/૧.

૧૨. ગાંધીજીનો અક્ષરદેહ – ૨૧ : પૃ. ૩૮૩.

૧૩. મહાદેવભાઈની ડાયરી – ૧૬ : પૃ. ૩૬–૩૭.

૧૪. અસલમાં પણ આ શબ્દો આવા કૌંસમાં છે.

૧૫. માનસિક પૃથક્કરણ.

૧૬. ઉત્તેજના.

૧૭. પ્રેરણા.

૧૮. અસલમાં પણ આ શબ્દો આવા કૌંસમાં છે.

૧૯. પવિત્ર.

૨૦. અસલમાં પણ આ શબ્દો આવા કૌંસમાં છે.

૨૧. અસલમાં પણ આ શબ્દો આવા કૌંસમાં છે.

૨૨. કબૂલાત.

૨૩. **નવજીવન** અંક તા. ૨૩–૧૦–’૨૧.

૨૪. જોડણી માટે કબીરની સાખીઓ જોતાં એમ માલૂમ પડે છે કે આ લીટીના પાછલા ભાગના શબ્દો છે, ‘પણ ન વકરે કોય!’

૨૫. મહાદેવભાઈની ડાયરી – ૧૬ઃ પૃ. ૨૩થી ૨૭.

૨૬. એજન. પૃ. ૨૮થી ૩૦.

૨૭. એજન, પૃ. ૩૧.

# અઢાર – અભય અસવાર

૧૯૧૭થી ૧૯૨૧નો કાળ દેશને સારુ અભૂતપૂર્વ જાગૃતિનો અને મહાદેવભાઈને સારુ રાષ્ટ્રવ્યાપી અહિંસક આંદોલનમાં ઝંપલાવવાનો કાળ હતો. આ કાળ દરમિયાન નિદ્રામાં સૂતેલા દેશને જગાડવાનો ગાંધીજીએ અથાગ પ્રયત્ન કર્યો અને દેશે પણ એમના અહિંસાના શંખનાદનો સારો એવો જવાબ આપ્યો હતો. આપણા દેશની સ્વતંત્રતાના ઇતિહાસમાં આ કાળમાં ગાંધીજીના સત્યાગ્રહના સાધનનો રાષ્ટ્રવ્યાપી પ્રયોગ થયો જેને લીધે પ્રજાએ એક અનેરું ચેતન અનુભવ્યું. ગાંધીજીની આગેવાની હેઠળ આપણા દેશમાં ત્રીસ વર્ષ સુધી જે અહિંસક આંદોલન ચાલ્યું તેમાં દર દાયકે એક એક મોટું મોજું આવ્યું. આ કાળ દરમિયાન દેશે તે પ્રકારનું પ્રથમ મોજું અનુભવ્યું. દેશે પહેલી વાર અભયને ઘોડે સવારી કરી જાણી. આબાલવૃદ્ધ નરનારી સૌ કોઈએ પોતાની નાડીમાં જાણે વીજળીનો સંચાર અનુભવ્યો. જેનું હૃદય સદા ગાંધીજીની અમૃતવાણીનું પાન કરવા તલસ્યું રહેતું, જેના ચિત્તની વીણા પર આસપાસના હર આંદોલનનો પ્રતિધ્વનિ ઊઠતો, તે મહાદેવભાઈ ગાંધીની રણભેરીના જવાબમાં થનગની ઊઠે તેમાં નવાઈ નહોતી. તેમણે માંદગી દરમિયાન આવી ગયેલી નિરાશાને ખંખેરી નાખી. તેમણે કુરુક્ષેત્રના અર્જુનની માફક મોહમાંથી મુક્ત થઈ, વિગતજ્વર બની ધર્મક્ષેત્રમાં ઝંપલાવવા કમર કસી.

- મહાદેવભાઈની ભૂમિકા સમજવા સારુ થોડો ઇતિહાસ જોઈ લેવો જરૂરી છે. આ અરસામાં દેશમાં એટલી બધી ઘટનાઓ બની ગઈ કે તે બધીનો ઉલ્લેખ કરવો પણ શક્ય નથી. પણ એમાંની મુખ્ય મુખ્ય ઘટનાઓનું સ્મરણ કરી લેવું દેશ, ગાંધી અને મહાદેવભાઈ ત્રણેયની ગતિવિધિને સમજવા સારુ જરૂરી છે. અલબત્ત, આમાં પણ

રાજકારણની ઘણી વિગતોને પડતી મૂકવી પડશે. અને એ પણ ધ્યાનમાં રાખવું પડશે કે ઘણીખરી ઐતિહાસિક ઘટનાઓમાં મુખ્ય ભાગ ગાંધીજીએ જ ભજવ્યો હતો. મહાદેવભાઈએ તો યથાસંભવ સેવા દ્વારા એમની પ્રવૃત્તિઓને પુષ્ટ કરવાનું જ કામ કર્યું હતું.

મૉન્ટગ્યૂ અને ચેમ્સફર્ડનો સંયુક્ત અહેવાલ ૧૯૧૮ના જુલાઈમાં બહાર પડ્યો. દેશના બંધારણના સુધારા સંબંધી એ અહેવાલ અંગે દેશના નેતાઓનો પ્રતિભાવ અલગ અલગ પ્રકારનો હતો. ગાંધીજીનો મત એવો હતો કે સૂચિત સુધારાઓનો સ્વીકાર કરવો, યુદ્ધપ્રયાસોમાં મદદ કરવી અને પછી મૉન્ટફર્ડ રિપોર્ટમાં દેશના લાભની દૃષ્ટિએ વિશેષ સુધારાઓ સારુ જરૂર પડે તો આંદોલન કરવું. તે વખતે ગાંધીજીની ભૂમિકા બ્રિટિશ સામ્રાજ્યના વફાદાર નાગરિકની હતી. તેમણે તે વખતે મહમદઅલી ઝીણાને લખ્યું હતું:

'જો દરેક હોમરૂલ લીગર લશ્કરભરતી કરનારો શક્તિશાળી એજંટ બને તેની સાથે સાથે જ બંધારણીય હકો માટે લડતો રહે, તો આપણે કૉંગ્રેસ લીગ યોજના માત્ર જેમાં આપણે સંમત હોઈએ એટલા જ ફેરફારો સાથે નક્કી પસાર કરાવી શકીએ.'૧

પરંતુ રૉલેટ કમિટીએ આવીને યુદ્ધ પતે પછી ભારતને સ્વાતંત્ર્યની દિશામાં જરૂર 'કાંઈક' (ડોમિનિયન સ્ટેટ્સ જેવું) મળશે એવી ઘણાખરા નેતાઓની આશા પર પાણી ફેરવ્યું.

રૉલેટના સૂચિત ધારાની વિરુદ્ધ ફેબ્રુઆરી ૧૯૧૯માં હોમરૂલ લીગને આશ્રયે મળેલ જાહેરસભામાં ગાંધીજીનું ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું હતું. આ કાયદાઓમાં કોઈ પણ સરકારી અમલદારને કોઈ પણ નાગરિક ઉપર ફરિયાદ કરવાની છૂટ આપવામાં આવી. આ ફરિયાદ કોઈ પણ કોર્ટમાં ચાલી શકે અને ગવર્નર-જનરલની કાઉન્સિલને યોગ્ય લાગે તેમ કોર્ટ બદલી પણ શકે. 'જાહેર લાભને ખાતર' કોર્ટમાં ચાલેલા કોઈ પણ કામ અંગે પ્રસિદ્ધિ થતી કોર્ટ રોકી શકે, તપાસ દરમિયાન જો એમ જોવામાં આવે કે તહોમતદારે એની ઉપર જે તહોમત મૂકવામાં આવ્યું છે તે ઉપરાંત બીજો કંઈ ગુનો પણ કર્યો છે તો તેની પણ સજા થઈ શકે.

આવી કોર્ટમાં કરવામાં આવેલી સજા સામે હાઈકોર્ટમાં નહીં જઈ શકાય.

કોઈ પણ વ્યક્તિની પાસે એક વર્ષની સારી ચાલચલગતની માગણી કરી શકાય.

તેના રહેઠાણની અથવા રહેઠાણની ફેરબદલીની ખબર આપવાનો આદેશ કરી શકાય.

જે કોઈ કામથી સરકારને સુલેહનો ભંગ થાય અથવા કોઈની સલામતીને નુકસાન પહોંચે તો તે કામ બંધ કરવાનું ફરમાન તે વ્યક્તિ પર સરકાર કાઢી શકે.

હુકમમાં જણાવ્યા પ્રમાણે એણે પોલીસમાં હાજરી આપવી.

આ કાયદો એમ તો એક જ વર્ષ સુધી લાગુ પાડી શકાય પણ વર્ષ પૂરું થતાં સરકાર તેને ફરીથી લાગુ કરી શકે.

કોઈ પણ વ્યક્તિ પર શંકા જાય કે તેને લીધે શાંતિ જોખમમાં છે તો તેને વગર વૉરંટ ગિરફતાર કરી શકાય, એના રહેઠાણની તપાસ કરી શકાય અને જો તેવી વ્યક્તિ તેને સારુ નિષિદ્ધ એવા સ્થાનમાં મળે તો ગમે તે પોલીસ અમલદાર તેને ગિરફતાર કરી શકે અને પંદર દિવસ સુધી એને અટકાયતમાં રાખી શકાય.

આ તથા આવા પ્રકારની અનેક કલમો આ બે બિલોમાં હતી, જેને કારણે હરકોઈ માણસની ઉપર માત્ર શકથી વગર તપાસે કેટલાક હુકમો નીકળી શકતા હતા અને સ્થાનિક સરકારને તેમ કરવાની છૂટ મળતી હતી. આની કેટલીક કલમોને લીધે પોતાને નિર્દોષ સાબિત કરવાની જવાબદારી તહોમતદાર પર આવી પડતી હતી.૨

રૉલેટ દ્વારા સૂચિત ક્રિમિનલ લૉ ઍમેન્ડમૅન્ટ બિલ તથા ક્રિમિનલ લૉ ઇમર્જન્સી પાવર બિલો અંગે ગાંધીજીએ કહ્યું હતું કે,

‘રૉલેટ સમિતિના આ રિપોર્ટમાં એવું કશું નથી કે આ બિલ દાખલ કરવાં પડે. માટે આ બિલોનો ધીરજ અને દૃઢ નિશ્ચય સાથે વિરોધ કરવા માટે લોકમત તૈયાર કરવાની આપણી સહુની ફરજ થઈ પડે છે. ... એક બાજુથી લોકોના અધિકારોમાં વધારો કરવો અને બીજી બાજુથી એમના અધિકારો ઉપર અસહ્ય પ્રતિબંધ મૂકવો એ બેહૂદી વાત છે. ...’૩

સૂચિત ધારો કાયદો બને તે પહેલાં જ એની સામે સત્યાગ્રહ કરવાનો વિચાર આવ્યો. સાબરમતી આશ્રમમાં સત્યાગ્રહની આ પ્રતિજ્ઞા ઉપર ૨૪મી ફેબ્રુઆરીએ સહીઓ થઈ હતી. બેમાંથી એક બિલને માર્ચ માસમાં કાયદાનું રૂપ મળ્યું. બીજું બિલ મોકૂફ રાખવામાં આવ્યું હતું. પહેલી ‘સત્યાગ્રહ પત્રિકા’માં હેન્રી ડેવિડ થૉરોના સવિનય કાયદાભંગના વિચારોનાં ઉદ્ધરણો આપવામાં આવ્યાં.

માર્ચમાં મુંબઈમાં સત્યાગ્રહ સમિતિની કારોબારી રચાઈ જેના અધ્યક્ષ ગાંધીજીને નીમવામાં આવ્યા.

આ બાજુ દીનશા વાચ્છા, સુરેન્દ્રનાથ બેનરજી, શાસ્ત્રી અને શફીએ 'પૅસિવ રેઝિસ્ટન્સ' ની સામે એક જાહેરનામું બહાર પાડ્યું. આમ નરમ દળના કેટલાક આગેવાનો ગાંધીજીથી જુદા ફંટાયા.

રૉલેટ કાયદાનો વિરોધ કેવી રીતે કરવો તેને અંગે ગાંધીજીના મનમાં સતત ચિંતન ચાલતું હતું. તામિલનાડુના પ્રવાસમાં અચાનક એમને સૂઝ્યું કે એક નિશ્ચિત તારીખે હડતાળ, ઉપવાસ અને નિષિદ્ધ સાહિત્યનો જાહેરમાં વેચાણનો કાર્યક્રમ રાખી શકાય.

રાજનૈતિક કારણસર દેશવ્યાપી ઉપવાસ, હડતાળ વગેરેનો કાર્યક્રમ દેશના ઇતિહાસમાં આ પહેલી વાર અપાતો હતો.

સત્યાગ્રહનો પ્રારંભ ૩૦મી માર્ચનો નક્કી કરવામાં આવ્યો હતો. પણ આખા દેશમાં ખબર ન પહોંચાડી શકાય એમ લાગવાથી પાછળથી તે દિવસ બદલીને તેની પછીનો રવિવાર એટલે છઠ્ઠી એપ્રિલ નક્કી કરવામાં આવ્યો. દિલ્હીની ઘટના અંગે महादेवभाईनी डायरी — પુસ્તક પાંચમાંના પૃષ્ઠ બાવન પર નીચે મુજબની પાદટીપ આપવામાં આવી છે:

'આ ફેરફારની ખબર દિલ્હી નહીં પહોંચી શકી હોવાથી ત્યાં ૩૦મી માર્ચે વિરોધદિન ઊજવવામાં આવ્યો. શહેરમાં સંપૂર્ણ હડતાળ હતી. સાંજે ચાર વાગ્યે સરઘસ અને પછી જાહેરસભા રાખવામાં આવી હતી. આવી સંપૂર્ણ હડતાળ દિલ્હી જેવા શહેરના ઇતિહાસમાં અપૂર્વ હતી. એટલે એ જોઈ ગોરા પોલીસ-અમલદારો ચોંકેલા. સવારનો વખત તો શાંતિમાં પસાર થઈ ગયો, પણ બપોરે બે વાગ્યા પછી સરઘસમાં જોડાવાના ઇરાદાથી જતા લોકો ઉપર ગમે તેવે બહાને સ્ટેશન આગળ ગોરા સોલ્જરોએ મશીનગન ચલાવી. તેમાં ડઝનેક માણસ ઘાયલ થયા તથા મરાયા. થોડી વાર પછી ચાંદની ચોકમાં ક્લૉક ટાવર આગળ ગોળીબાર કરવામાં આવ્યો અને ત્યાં પણ દસેક જણ જખમી થયા. છતાં સ્વામી શ્રદ્ધાનંદજીની સરદારી નીચે સરઘસ નીકળ્યું અને જાહેરસભા થઈ. તેમાં ચાળીસ હજાર માણસની હાજરી હતી. સભા પૂરી થયા પછી સ્વામી શ્રદ્ધાનંદજી લોકો શાંતિપૂર્વક પોતપોતાને ઘેર પહોંચી જાય એની વ્યવસ્થા કરતા હતા ત્યારે એક ગુરખા સિપાઈએ સ્વામીજીની છાતી સામે બંદૂક ધરીને કહેલું, 'તુમકો છેદ દંગે.' સ્વામીજીએ જવાબ આપ્યો: 'મેં ખડા

હૂં, ગોલી ચલાઓ,' પછી તો આઠદસ રાઇફલો તેમની સામે તાકવામાં આવી. પણ સ્વામીજી અડગ ઊભા રહ્યા એટલે પેલા ગુરખાઓ શરમાઈને જતા રહ્યા.'૪

ગોળીબારમાં લોકો તરફ થયેલી હિંસાનાં વર્ણનો છાપામાં જોઈને ગાંધીજી ખૂબ ખિન્ન થયેલા. પાછળથી જ્યારે ત્યાંના સમાચાર કાર્યકર્તાઓ તરફથી મળ્યા ત્યારે તેમને સમજાયું કે પોલીસે તો કીડી પર કટક ચડાવ્યું હતું. લોકોની હિંમતના સમાચાર સાંભળીને તેમને થોડી ટાઢક થઈ હતી. તેમણે એક પત્રમાં લખ્યું:

'સાઠ માણસો મરી ગયા તેનું મને જરાયે નથી લાગતું. ચાળીસ હજાર માણસોએ રાત્રે સભા ભરી શાંતિ જાળવી એ મને ભારે લાગે છે. ૧૦,૦૦૦ માણસો જેલમાં જાય તેથી કાંઈ આપણે બહુ દુ:ખ ખમ્યાં એમ હું ન માનું. પણ ૧૦,૦૦૦ માણસોના પ્રાણ જાય એ મને હરખઘેલો કરી મૂકે, કારણ, ભોગથી [બલિદાનથી] જ સ્વતંત્રતા શોધવાની આ લડત છે. આપણે તો દિલ્હીમાં બન્યું તેમાં એટલો પ્રભુનો પાડ માનવાનો કે આપણાથી કોઈ સિપાઈને ઈજા થઈ નથી.'૫

છઠ્ઠી એપ્રિલની ઉજવણીનો અહેવાલ મહાદેવભાઈની ડાયરીમાં નીચે મુજબ છે:

'૬–૪–'૧૯, રવિવારનો દિવસ મુંબઈમાં ભારે ઊજવાયો. લગભગ બે લાખ માણસ દરિયા ઉપર ભેગા થયા હતા. માધવબાગ સુધી જે શાંતિથી એઓએ કૂચ કરી તે કોઈ પણ જણને હેરત પમાડે એવી હતી. મિલમજૂરો મિલમાલિકોની રજા ન હોવાને લીધે જોડાઈ શક્યા નહોતા. પણ તેમને જોડાવાની ફરજ પણ પાડવામાં નહોતી આવી. મુસલમાનોએ પણ ભારે કીધી. પીલહાઉસની ઉપરની મસ્જિદમાં બાપુ, મિસિસ નાયડુ તથા જમનાદાસ ગયાં અને હૃદય હલમલાવનારાં ભાષણો કર્યાં. રામનવમીએ સ્વદેશીવ્રત લેવાનો ઠરાવ થયો. મસ્જિદમાં એક બીજું વ્રત લેવાની સૂચના કરી કે જુમ્મા મસ્જિદમાં ભેગા મળી હિંદુ-મુસલમાને સત્યાગ્રહનું વ્રત લેવું કે તેઓ એકબીજા સાથે દિલ સાફ રાખીને બંને એક જ છે, સ્વપ્ને પણ જુદા હતા નહીં અને થશે નહીં એવી રીતે ભવિષ્યમાં વર્તશે.'૬

છઠ્ઠી એપ્રિલનો એ કાર્યક્રમ પ્રતિબંધિત સાહિત્ય ખુલ્લામાં વેચવાનો હતો. ગાંધીજીએ પોતે તેમાં પોતાના સાથીઓ જોડે ભાગ લીધો હતો. એક પત્રમાં એનું વર્ણન કરતાં મહાદેવભાઈ કહે છે:

'અહીં તો કાલે હદ વળી ગઈ. સાંજે સાધારણ સભાની મિટિંગ થઈ… બાપુએ… અગાઉથી પાંચસે-છસેં ચોપડીઓ મગાવી રાખી હતી. સભા ચાલતી હતી તે

દરમિયાન પોલીસનો ટેલિફોન આવ્યો કે શેની સભા ચાલે છે, શું થાય છે તે જણાવો. ઑફિસના માલિકે બાપુને પૂછ્યાગાછ્યા વિના જવાબ દઈ દીધો: "I am busy, can't talk with you just yet." (હું કામમાં છું. અત્યારે તમારી સાથે વાત નથી કરી શકતો.) બધાને લાગ્યું કે પોલીસનો દરોડો પડશે, કેટલાકનાં હૈયાં ધડકવા માંડ્યાં પણ હશે. અનસૂયાબહેન કહેતાં હતાં કે મારા હાથ ઠંડાગાર થઈ ગયા હતા. પણ પોલીસ ન આવી. બાપુએ તો કહી રાખ્યું હતું કે, "હું તમારા બધાનો સિપાઈ છું, પણ આ લડતમાં તમારો સરદાર છું, એટલે મારું કહેલું જ તમે બધા કરશો. પોલીસ આવ્યે ગુપચુપ બેસજો, હું હિસાબ પતાવી લઈશ અને તમને હુકમ આપું તેનો અમલ કરજો."

'આખરે સાંજે સાત વાગ્યે બધા વેચવા નીકળી પડ્યા. બાપુ અને અનસૂયાબહેન મોટરમાં. મોટરના શૉફર અને મથુરાદાસ हिंद स्वराज, हिंद स्वराज એમ બૂમો પાડે અને બોરીબંદર, ઝવેરીબજાર આગળ લોકોનાં ટોળેટોળાં ચોપડી લઈ જાય. બાપુનો સ્ટૉક ત્રણ વખત ખૂટ્યો, ત્રણ વખત ઘેરથી લઈ ગયા. ચોપડીઓ માટે પૈસાનો વરસાદ વરસ્યો. બે જણાઓએ એક નકલના સો સો રૂપિયા આપ્યા. તેમાંના એક તો મુસલમાન ગૃહસ્થ હતા. રૂપિયો રૂપિયો આપનારા તો સેંકડો જણ હતા. મેં મારી ચોપડીઓ મારા જેવા મવાલીઓમાં ચર્ચગેટ સ્ટેશન ઉપર વેચી નાખી. આખો દેખાવ અલૌકિક હતો. કોઈ ઠેકાણે જમનાદાસ મોટરમાં ઊભા ઊભા हिंद स्वराज પોકારે, ટ્રામો ચાલતી હોય ત્યાં, થિયેટરો આગળ, હોટલો આગળ. हिंद स्वराजના બે આના કરતાં ફેરી ફરે. કોઈ ઠેકાણે બૅંકર, કોઈ ઠેકાણે ઉમર સોબાની, કોઈ ઠેકાણે સરોજિની નાયડુ, અને કોઈ ઠેકાણે હૉર્નિમૅન. મોટરની ઉપર પાટિયાં મારેલાં — "લૂંટો લૂંટો જપ્ત કરેલું સાહિત્ય, મહાત્મા ગાંધીનું हिंद स्वराज, ખરીદો, વાંચો અને વહેંચો." છ વાગ્યા સુધીમાં તો હજારો નકલો મુંબઈના ઘરેઘરમાં ફેલાઈ ગઈ હશે.'૭

પછી આ ઘટનાનું રાજનૈતિક મહત્ત્વ સમજાવતાં મહાદેવભાઈ લખે છે:

'લોકોમાં આનાથી બહુ નીડરતા આવી છે. કેટલાક બચી ગયેલા ડરપોકોને પણ પસ્તાવો થશે.'

પોલીસઅત્યાચારોનો આરંભ રાજધાની દિલ્હીથી થયો, પણ પાછળથી પંજાબ,

ગુજરાત વગેરેમાં ફેલાયો. ગાંધીજી પર પંજાબના આગેવાનોનું નિમંત્રણ આવતાં તેઓ મુંબઈથી પંજાબ જવા નીકળ્યા. સાથે મહાદેવભાઈ તો ખરા જ. દિલ્હીની નજીક આવતાં પલવલ પાસે કોસીકલાં સ્ટેશન આગળ ગાડી ખાસ ઊભી રખાવી ગાંધીજીને દિલ્હી તથા પંજાબમાં પ્રવેશવાની બંધી ફરમાવવામાં આવી અને મુંબઈ ઇલાકામાં જ રહેવાનો હુકમ બજાવવામાં આવ્યો. ગાંધીજીએ હુકમનો અનાદર કર્યો એટલે એમને પકડવામાં આવ્યા. મહાદેવે પોતાની ડાયરીમાં તો માત્ર એટલું જ નોંધ્યું છે કે,

'મને દિલ્હી જઈ શ્રદ્ધાનંદજીને ખબર આપવા ને લોકોને શાંત રાખવાનું કહ્યું. પોતાનો સંદેશો પણ મને ઝડપથી લખાવી નાખ્યો. મેં વલ્લભભાઈને તારથી ખબર આપ્યા. શ્રદ્ધાનંદજીને મળ્યા પછી દિલ્હીથી મુંબઈ જવા નીકળ્યો. મગનલાલભાઈ તથા નરહરિને મુંબઈ મળવા બોલાવ્યા.'૮

દિલ્હી પહોંચી મહાદેવભાઈએ મહાત્મા ગાંધીના મંત્રી તરીકે છાપાંજોગ નીચેનું નિવેદન બહાર પાડ્યું:

'એપ્રિલ ૯, ૧૯૧૯: મહાત્મા ગાંધી દિલ્હી જતા હતા ત્યારે રસ્તામાં કોસી સ્ટેશને એમના ઉપર એવી મતલબનો હુકમ બજાવવામાં આવ્યો કે તમારે પંજાબમાં દાખલ થવું નહીં, દિલ્હીમાં પ્રવેશવું નહીં, માત્ર મુંબઈમાં જ રહેવું. જે અધિકારીએ આ હુકમ બજાવ્યો એણે ગાંધીજી સાથે બહુ જ નમ્રતાભર્યો વર્તાવ દાખવ્યો અને એમને ખાતરી આપી કે જો આપ આ હુકમનો અનાદર કરવાનો નિર્ણય કરશો તો મારે ઘણા દુ:ખ સાથે આપને પકડવા પડશે, પરંતુ એ કારણે આપણી વચ્ચે કશી કડવાશ પેદા થશે નહીં. મહાત્મા ગાંધીએ હસતાં હસતાં કહ્યું કે મારે તો આ હુકમ માનવાનો ઇન્કાર જ કરવો પડશે, કેમ કે એમ કરવું એ મારું કર્તવ્ય છે; અને આપે પણ આપની જે ફરજ હોય તે બજાવવી જોઈએ. તે પછી જે થોડી મિનિટો અમને મળી તે દરમિયાન ગાંધીજીએ મને નીચે લખેલો સંદેશો લખાવી દીધો. એમના લેખી સંદેશામાં કહેવાયું છે તેમ એમણે મને જે મૌખિક સંદેશો આપ્યો તેમાં પણ એ મુદ્દા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે તેમના પકડાવાથી કોઈએ ગુસ્સે થવાનું નથી, તેમ કોઈએ એવું કામ કરવાનું નથી જેમાં અસત્ય કે હિંસાનો રંગ લાગેલો હોય, કેમ કે એમ થાય તો આ પવિત્ર કાર્યને કલંક લાગે.'૯

પણ મહાદેવભાઈએ લખેલ એક અંગત પત્ર પરથી એમ જણાય છે કે ગાંધીજીએ

પકડાતાં પહેલાં મહાદેવભાઈને કહ્યું હતું કે તેઓ એમને પોતાના વારસદાર નીમે છે. આ શબ્દો કેવળ ખાનગી ઉદ્ગારોમાં જ કહ્યા હતા. મહાદેવભાઈ આ બાબત પોતાના પત્રમાં લખે છે:

'એ પદનો અધિકારી મેં મારી જાતને ગણ્યો જ નથી.' પછી જાણે કે પોતાનો જીવનમંત્ર જપતા હોય તેમ લખે છે, 'મારી મનોકામના તો છે હનુમાન જેવાને આદર્શ રાખી તેની સ્વાર્પણસેવા પોતાનામાં ઉતારવી અને કેવળ સેવાભક્તિથી તરી જવું.'૧૦

- અહીં બે ક્ષણ આપણે મહાદેવભાઈ અને ગાંધીજીના સંબંધ અંગે વિચાર કરી લઈએ. મહાદેવભાઈએ એકથી વધારે વાર ગાંધીજી વિશે વિચાર કરતાં એમને રામને સ્થાને મૂક્યા છે — જેમ આ પ્રસંગમાં કર્યું છે તેમ. એક જગાએ પોતાને તુલસીદાસને સ્થાને મૂકતાં પણ સંકોચ અનુભવ્યો છે, પણ ગાંધીજીને રામને સ્થાને મૂકતાં એવો સંકોચ અનુભવ્યો નથી. પ્રશ્ન એ ઊઠે છે કે મહાદેવભાઈ ગાંધીજીને અવતારી પુરુષ માનતા હતા કે કેમ? આ પ્રશ્નનો ઉત્તર સમજવા સારુ ગાંધીજીના अनासक्तयोगનું મહાદેવભાઈએ કરેલા અંગ્રેજી રૂપાંતર Gita According to Gandhiમાંનું૧૧ 'મારું નિવેદન' My Submission નામની પ્રસ્તાવના વાંચવી જોઈએ. તેમાં 'અવતાર' નામનો પરિચ્છેદ આ વિષયની દાર્શનિક ભૂમિકા સ્પષ્ટ કરે છે.

મહાદેવભાઈના અનેક વહેવાર, અને ખાસ કરીને ગાંધીજી વિશેના એમના ઉદ્ગારોને લીધે આપણને એમ લાગે કે મહાદેવભાઈ ગાંધીજીને અવતારી પુરુષ માનતા હતા. હિન્દુ પરંપરામાં આવી માન્યતા કાંઈ અજાણી કે ઢાંકપિછોડો કરવા જેવી નથી ગણાઈ.

મહાદેવભાઈ ગાંધીજીની સેવામાં પોતાની જાતને ધન્ય માનતા. બંને વચ્ચે ક્યારેક કાંઈક મતભેદ થાય તો ભૂલ પોતામાં જ હશે એમ માનીને તે શોધવા પ્રયત્ન કરતા, એ ભૂલ શોધી ન જડે, અથવા સુધરી શકે એવી ન લાગે તો પોતે ગાંધીજીને લાયક નથી એમ માનતા અને એનું પ્રાયશ્ચિત્ત કરવા કે ગાંધીજીથી દૂર ખસી જવા તૈયાર થતા. આ અર્થમાં તેઓ ગાંધીજીના સગુણ સાકાર ભક્ત હતા એમ કહી શકાય. પરંતુ તેઓ ગાંધીજીના આંધળા ભક્ત નહોતા. એમ જો જોઈએ તો મહાદેવભાઈનું

જીવન 'ભક્તિનું અખંડ કાવ્ય' સમું હતું. પણ તેમણે ગાંધીભક્તિનું કોઈ ભજન નથી રચ્યું. તેઓ ગાંધીજીને સિદ્ધ નહીં, સાધક જ માનતા હતા — ભલે પોતાનાથી ઘણા આગળ વધી ગયેલા સાધક હોય. ગાંધીજી કદી ભૂલ કરે જ નહીં, એમ તેઓ નહોતા માનતા. ગાંધીજીમાં ચમત્કારો કરવાની કાંઈક અલૌકિક શક્તિ છે, એવું તેઓ નહોતા માનતા. તેમનામાં સામાન્ય લોકો કરતાં ઘણો વધારે દિવ્યાંશ છે એવું તેઓ માનતા. પણ ગાંધીજી દેહધારી છે અને શરીર પોતાનો ધર્મ બજાવ્યે જાય છે, માટે એમનું શરીર સચવાયેલું રહે તે સારુ મહાદેવ સદા ચિંતિત રહેતા.

મહાદેવભાઈ એમ પણ માનતા કે એક બાજુ આખા વિશ્વમાં અને બીજી બાજુ દરેક વ્યક્તિમાં ઓછેવત્તે અંશે અપૂર્ણતાથી પૂર્ણતા તરફ, અસત્યથી સત્ય તરફ જનારી એક વૈશ્વિક પ્રક્રિયા નિરંતર ચાલી રહી છે. જે લોકો પોતાની જાતને શૂન્યવત્ બનાવે, અનાસક્તિ અને નિષ્કામ કર્મની ચરમસીમા સુધી પહોંચી જાય અને તેમ કરતાં પોતાને પૂર્ણ બનાવે તેને મહાદેવભાઈ અવતારી પુરુષ લેખતા. સાથે સાથે તેઓ એમ પણ માનતા કે છેવટે કોઈ પણ વ્યક્તિને અવતારી પુરુષ માનવાનું પ્રયોજન પોતામાં તેના જેવા ગુણો લાવવાની ઇચ્છા એ હોય છે. એટલે મહાદેવભાઈનો પોતાનો પ્રયાસ અહર્નિશ પોતાની જાતને શૂન્યવત્ બનાવવાનો અને નિષ્કામભાવે કર્મ આચરી પરમ પૂર્ણતા પ્રાપ્ત કરવાનો હતો. પૂર્ણતા તરફની તેમની સાધના એક તરફથી વ્યક્તિગત ગુણવિકાસની હતી, તો બીજી તરફ, સેવાના માધ્યમ દ્વારા, અને અહમ્‌ને ઓગાળતાં જતાં તેને સમાજમાં જાતિ, ભાષા, ધર્મ, દેશના વાડાઓ ઓળંગીને ક્ષિતિજવ્યાપી બનાવવાની હતી. એ પૂર્ણતા એમને આત્મસમર્પણમાં દેખાતી હતી. સીમમાંથી અસીમ સુધી પહોંચવાનું માધ્યમ તેમણે ગાંધીજીની સેવાને બનાવી દીધું હતું. પૂર્ણતા અને શૂન્યતા ત્યાં એક બિંદુમાં ભળી જતી હતી. પૂનાના આગાખાન મહેલમાં, ૧૯૪૨ની ૧૫ ઑગસ્ટે લીધેલા અંતિમ શ્વાસની ઘડી એ વૈશ્વિક ચેતનામાં પોતાની વૈયક્તિક ચેતનાને એકાકાર કરવાની ઘડી હશે?

આ સંદર્ભમાં નરહરિભાઈ સાથે મહાદેવભાઈનો ૧૯૧૯માં થયેલો એક પત્રવ્યવહાર ખૂબ ઉદ્‌બોધક છે. નરહરિભાઈ શ્રી મજમુદાર નામની વ્યક્તિ જોડે થયેલી વાતચીતનો અહેવાલ આપે છે:

'બાપુના વિશે બહુ સરસ બોલવા માંડ્યો. પહેલાં તો કહે, ગાંધી હઠીલો તો પહેલેથી જ. છેક નાનો હતો ત્યારથી. અને કંઈક વિચાર થયો કે તરત અમલમાં

મૂકનાર. ... એ માણસમાં કાંઈક દેવતાઈ શક્તિ તો નાનપણથી જ. અત્યારે પણ લિટલ નૉલેજ (અલ્પજ્ઞાન), એમાઉન્ટ ઑફ ઇગોટિઝમ (ખાસ્સો અહમ્) ઍન્ડ પર્ફેક્ટ ઇગ્નોરન્સ ઑફ હિસ્ટરી (અને ઇતિહાસનું સંપૂર્ણ અજ્ઞાન) હોવા છતાં એનામાં કાંઈ ઇન્ટ્યુઇટિવ ઇન્સ્પિરેશન (અન્તરસૂઝવાળી પ્રેરણા) છે તેથી જે પાસા નાખે છે તે સવળા પડે છે. એને ન ઓળખતો હોય તેને તો કેટલીક વખત માણસ સ્કીમિંગ (કાવતરાબાજ) પણ લાગે. પણ જરાયે સ્કીમિંગ નથી. કામ હાથમાં લીધા પછી મૅથડ્ઝ (કાર્યપદ્ધતિઓ) ને બધાનો વિચાર તો કરે છે. સાચો એના જેવો કોઈ નહીં. પણ સત્યની સાથે એનામાં મને ઇગો (અહમ્) બહુ લાગે છે. બસ તે કહે તે જ સત્ય. સત્ય તો દુનિયામાં અનાદિકાળથી છે અને હવે મેં કહાડ્યું તે જ સત્ય એમ કહેવા લાગ્યો છે. જેનેતેને કહેવું કે મને તો આ સત્ય લાગે છે. હું આમ કહું છું. તમને નાપસંદ હોય તો તમે તમારે રસ્તે, હું મારે રસ્તે, એ શું? પણ એ જ એની ખૂબી છે. એને લીધે જ એ ફાવે છે. અને એનું બળ પણ ઝાઝું એમાં રહેલું છે કે દુ:ખી અને ગરીબોનો એ બેલી છે. તેમનાં ઝૂંપડાંમાં જઈ દયા વિસ્તારનારો એ છે. હિંદુસ્તાન અત્યારે દુ:ખી છે એટલે આ તારનારને પૂજે છે. હિંદુસ્તાન તો શું પણ અત્યારે ઇજિપ્તમાં જઈને ઊભો રહે તો ત્યાં પણ "મહાત્મા ગાંધીજી કી જય" બોલે. અને હું તો એટલે સુધી કહું છું કે જર્મની અને રશિયાને પણ કોઈ દિલાસો આપી શકે તો તે ગાંધી જ છે. તું યાદ રાખજે હું ભવિષ્ય ભાખું છું. અમે સાથે ઇંગ્લંડ ગયા. મારે માટે એ થોડું રોકાયો. અને હું તો ખાઈને બેસી રહું છું અને એ તો ચઢ્યે જ ગયો. અત્યારે (હું) એના પગ આગળ બેસવાને પણ લાયક નથી. ખરો મહાત્મા છે. અવતારી છે. જિસસ ક્રાઇસ્ટ કરતાં ચઢે. હું તો આશ્રમમાં આવતાં ડરું છું. મને એમ લાગે કે કદાચ હું મારું પાપ ત્યાં અડકાડી દઉં. એની સામું હું જોઈ શકતો નથી. એના પગનો સ્પર્શ કરવામાં અભિમાન લઉં છું. જે અત્યારે એને પૂજતા નથી તે લાઇફ (જિંદગી) ગુમાવે છે. એના આપણે કંટેપરરી (સમકાલીન) છીએ એ પણ મોટું ભાગ્ય માનવાનું છે. મને કહે કે હવે બરાબર સેવા કરજે. ... એક વાત ભૂલી ગયો. કહે કે એનું મૃત્યુ કોઈક અને તે હિંદીના ઘાથી જ થવાનું છે. બધા પ્રોફેટ્સ (પયગંબરો) એમ જ મૂઆ છે. ... આપણો જ કોઈ માણસ એને શૂટ કરશે અને તેમાંથી નવું હિંદ ઉત્પન્ન થશે. આ વાત અત્યારે તો હૃદય કંપાવી નાખે છે. મજમુદારે [કહ્યું] એ તો જાણે ઠીક, પણ તમેય એ

જ વાત લખી રહ્યા છો... પ્રભુએ નીર્મ્યું હશે એ થશે. તન અને મનથી કામ કરવું એ જ આપણા તો હાથમાં છે.'૧૨

મહાદેવભાઈના જવાબનો થોડો ભાગ:

'મજમુદારની ઍનૅલિસિસ બહુ જબરી છે. બહુ ખરી છે. એ જે ઇગોની વાત કરે છે તે ઇગો સ્થૂળ ઇગો નહીં. બહુ સૂક્ષ્મ ઊંડે ઊંડે ગોતીએ તો દેખાય એવો ઇગો હું એમનામાં જોઉં છું. પછી એમ હોય ખરું કે એ ઈગો સ્પિરિચ્યુઅલ લાઇફ — (આધ્યાત્મિક જીવન)ને માટે આવશ્યક હોય. હું તો બાપુમાં પ્રત્યેક ક્ષણે ઇવૉલ્યુશન (ઉત્ક્રાંતિ) થતું હોય એમ જોઈ રહ્યો છું. અને એઓ પ્રત્યેક પળે પળે વધારે વધારે પૂજ્ય બનતા જાય છે. છતાં પર્ફેક્શન (પૂર્ણતા) પર હજી એમને પહોંચવાનું છે. આ કહું છું એટલે કોઈ વ્યક્તિને પર્ફેક્ટ માનીને બાપુને તેનાથી નીચા માનું છું એમ છે જ નહીં. મને તો એમ લાગે છે કે અવતાર જે થઈ ગયા છે તે બાપુના કરતાં શું ચઢતા હોઈ શકે? તમે આ કાગળ ત્યાં બેસીને જ્યારે લખતા હશો ત્યારે પંડિતજીના વાંદર-સેક્રેટરીને હું કહેતો હતો કે આવા દેવતાઈ પુરુષના સંસર્ગમાં આવ્યા એ પણ આપણાં ભાગ્ય. ...'૧૨

• ગાંધી-મહાદેવની જુગલબંધીની ઐતિહાસિક કથા આગળ ચલાવીએ.

ટ્રેનમાંથી ધરપકડનો હુકમ આવ્યા બાદ ગાંધીજીએ 'મારા દેશબાંધવો'ને સંબોધીને જે સંદેશો મહાદેવને ઉતાવળે લખાવ્યો તેના કેટલાક દિલચસ્પ અંશો:

'મેં હુકમોનો અનાદર કર્યો છે. એટલે થોડી જ વારમાં પકડાઈને હું સ્વતંત્ર બનીશ. મારા શરીરને તેઓ અટકમાં લઈ જશે. રૉલેટ કાયદા આપણા દેશની ધારાપોથીને કલંકિત બનાવી રહ્યા છે તેવે વખતે બહાર છૂટા રહેવું મને ભારે કઠતું હતું. તમારે સૌએ સત્યાગ્રહ-પ્રતિજ્ઞામાં સ્પષ્ટ જણાવેલી ફરજ પાળવાની છે. ... હું આશા રાખું છું કે મને પકડવાથી તમે કોઈ રોષે ભરાશો નહીં. ... આપણે જો સત્યના માર્ગમાંથી રજ પણ ચળીશું અથવા અંગ્રેજ કે હિંદી કોઈની સામે હિંસા આચરીશું તો આપણે આરંભેલા કામને જરૂર વણસાડીશું.

'હિંદુ-મુસલમાન એકતાનાં મૂળ લોકોમાં અત્યારે સજ્જડ પડેલાં દેખાય છે, તે હું આશા રાખું છું કે સત્ય ઘટના બનશે...

'સ્વદેશીવ્રત પર ધ્યાન આપશો. જેમ જેમ સત્યાગ્રહ વિશે તમારા વિચારો

પરિપક્વ થતા જશે તેમ તેમ તમને જણાશે કે હિંદુ-મુસલમાન એકતા અને સ્વદેશી એ સત્યાગ્રહનાં જ અંગો છે.

'...ઇંગ્લંડથી ટપકી પડેલા સુધારા તે ગમે તેટલા મોકલે, મને આપવામાં આવ્યા હોય તોપણ તેનાથી નહીં, પણ આપણા પોતાના કષ્ટસહનથી જ આપણા ધ્યેય આપણે પહોંચી શકવાના છીએ. ...'૧૩

ગાંધીજીને મુંબઈ લાવીને છોડી મૂકવામાં આવ્યા. એમની ઇચ્છા કાયદાનો ભંગ કરી ફરીને પંજાબ જવાની હતી, પણ તેમણે સાંભળ્યું કે મુંબઈમાં તોફાનો થયાં છે એટલે તેને શમાવવા મુંબઈમાં રોકાઈ ગયા. તેમણે જાહેર કર્યું કે હિંસા ચાલુ રહેશે તો તેઓ લડત બંધ રાખશે.

૧૨મીએ અમદાવાદમાં ફાટી નીકળેલા તોફાનના સમાચાર સાંભળી ગાંધીજી ત્યાં ગયા. કમિશનરને મળ્યા. ૧૪મીએ આશ્રમમાં એક સભા થઈ જેમાં હિંસાના પ્રાયશ્ચિત્ત તરીકે ગાંધીજીએ ઉપવાસ પર ઊતરવાની જાહેરાત કરી.

મુંબઈ-અમદાવાદ બંને ઠેકાણે ગાંધીજી કમિશનરને મળ્યા. મગનલાલભાઈ, ઇમામસાહેબ, વિનોબા, નરહરિભાઈ અને બીજા આશ્રમવાસીઓ અમદાવાદમાં ઘેર ઘેર જઈને શાંતિ સારુ ફર્યા હતા. બંને ઠેકાણેથી શાંતિ માટેની પત્રિકાઓ બહાર પાડવામાં આવી હતી. વલસાડ સ્ટેશનેથી મહાદેવભાઈ આશ્રમના વ્યવસ્થાપક શ્રી મગનલાલ ગાંધીને અભિનંદન આપે છે:

'આપણા આશ્રમબંધુઓએ જે ભાગ ભજવ્યો છે તે વાંચીને મને હરખનાં આંસુ આવ્યાં. ઇમામસાહેબ ભડવીરની માફક ઘૂમી રહ્યા છે એમ જોઈ શકું છું. તેમને મારી ખાસ સલામ કહેશો. તમે તો બચ્ચાંઓને સંગ્રામમાં નાખી તેમને શૂરથી ઘૂમતા જોઈ આનંદ માનનારા ઘરડેરાંનો આનંદ લેતા હશો. સ્ત્રીઓનાં પરાક્રમો વિશે વધારે સાંભળવા ઇંતેજાર છું.'૧૪

ટૂંકમાં, ભારતમાં શાંતિસેનાનો અહીં આરંભ થયો. હુલ્લડ વખતે કે હુલ્લડ પછી તેને શમાવવા સારુ શાંતિસેના જે જે કામો કરે છે, તે લગભગ સઘળાં મુંબઈમાં ગાંધીજી સાથે રહીને મહાદેવભાઈએ કર્યાં. તે કામોની અહીં ટૂંકી નોંધ લેવી અસ્થાને નથી:

જનતાને ચેતવવી; લોકોની વચ્ચે પહોંચી જવું; પ્રત્યક્ષ હિંસા કે ભાંગફોડને રોકવા પ્રયાસ કરવો; ઘેર ઘેર જઈને લોકોને સમજૂતી આપવી.

સરકારી અમલદારો સાથે વાટાઘાટો કરી આખી સ્થિતિ અંગે સરકાર કેવો ક્યાસ કાઢે છે તે સમજવું અને પોતાનો અંદાજ અમલદારોને જણાવવો; શાંતિ માટેના ઉપાયો વિચારવા; કાયદો અને વ્યવસ્થાને નામે અધિકારીઓ કે સિપાઈઓ અતિશયતા કે અત્યાચાર ન કરે તેની કાળજી રાખવી.

જાહેર જનતાજોગ નિવેદન બહાર પાડવું; શહેરમાં થયેલી હિંસા અંગે ચૂપ બેઠેલા નાગરિકો પણ જવાબદાર છે તે વાતનું ભાન કરાવવું; શાંતિનો વિચાર સમજાવતી પત્રિકાઓ બહાર પાડવી; જાતતપાસ દ્વારા સાચી માહિતી મેળવીને તથા તેને પ્રગટ કરીને ખોટી અફવાઓને ફેલાતી અટકાવવી; પ્રાયશ્ચિત્તના કાર્ય તરીકે નેતા દ્વારા અનશન અને સહાનુભૂતિવાળાઓને તેમાં એકાદ દિવસ પૂરતા ભળવાની છૂટ આપવી.

મદ્રાસમાં ૧૮–૩–૧૯૧૯ના રોજ થયેલી સત્યાગ્રહી કાર્યકર્તાઓની સભામાં આંદોલન ચલાવવાની વ્યૂહરચના અંગે વિચારણા થઈ. આખા કાર્યક્રમની નોંધ મહાદેવભાઈએ લીધી. છેવટે તેઓ કહે છે: 'આપણે સૌએ આપણી જાતને વિનાશકારી નહીં, પણ રચનાત્મક સેના તરીકે અને જરૂર પડે તો આત્મવિલોપન કરનારી સેના તરીકે સમજવી.' આ એક વિચારમાં રચનાત્મક સેનામાં શાંતિસેનાનું વિધાયક સ્વરૂપ અને 'આત્મવિલોપનકારી સેના'માં શાંતિસેનાનું અંતિમ બિંદુ આવી જાય છે. ઠેઠ ૧૯૧૯ના માર્ચ મહિનામાં વપરાયેલું આ વાક્ય એક તરફ બીજરૂપે એક મોટો વિચાર રજૂ કરી દે છે અને બીજી તરફ મહાદેવભાઈના જીવનની કાર્યપદ્ધતિ અને એનું અંતિમ લક્ષ્ય પણ સ્પષ્ટ કરે છે.

કમિશનરોની સાથેની વાતચીત વખતે મહાદેવભાઈ ગાંધીજી સાથે ગયા હતા. મુંબઈના કમિશનર જોડેની વાત તેમણે વિગતવાર નોંધી છે. તે નોંધમાં સરકારી અમલદારની આવે પ્રસંગે નાગરિકોને નીતિના ઉપદેશ આપવાની તુમાખીભરી વૃત્તિ અને ગાંધીજીની અપમાન ગળી ન જવાની, છતાં નમ્રતા ન ખોવાની વૃત્તિ એમાં સ્પષ્ટપણે પ્રગટ થાય છે. કમિશનરે આ કામમાં ગાંધીજીને સાથ આપતા આગેવાનોની નિંદા પણ ઘણા ખરાબ શબ્દોમાં કરી. ગાંધીજીએ આમાંની એક પણ માન્ય નહોતી રાખી અને વારંવાર એમ પણ જણાવ્યું કે મારે કોઈની બદબોઈ સાંભળવાનું કામ નથી. એ લોકો વિશે ગાંધીજીએ પોતાનો અભિપ્રાય પણ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યો હતો. આ નોંધમાં ટપકાવેલા સંવાદો દ્વારા પોતાના સાથી વિશે

બિનપાયાદાર વાતોમાં ટાપસી ન પુરાવવાની અને મનમાં શંકાને પ્રવેશ પણ ન કરવા દેવાની અને તેમ કરી સાથીઓ વચ્ચે ફૂટ પડતી આરંભથી જ ડામી દેવાની કુશળતાને મહાદેવભાઈએ છતી કરી. આજે જ્યારે ગાંધીજી કે એમના તે સમયના કોઈ સાથી હયાત નથી ત્યારે આવા પ્રસંગોએ નેતૃત્વે કેવી રીતે કામ કરવું તેનો દાખલો આ નોંધ દ્વારા મહાદેવભાઈ આપણી આગળ મૂકતા ગયા છે.

ગાંધીજી અમદાવાદમાં તોફાનો શમાવવા મથતા હતા, ત્યારે પેલી બાજુ પંજાબ ભડકે બળતું હતું. લાહોરમાં ગોળીબાર થયો હતો. પંજાબમાં એકબે સ્થળે રેલના પાટા ઉખેડવામાં આવ્યા હતા. ૧૩મી એપ્રિલે અમૃતસરના જલિયાંવાલા બાગમાં ડાયર નામના એક અંગ્રેજ અમલદારે બધી બાજુથી ઘેરાયેલા એવા સ્થળે બહાર જવાના એકમાત્ર સ્થાન પર બંદૂકધારી સિપાઈઓને ગોઠવી દઈ, લોકોને વિખેરાવાની તક પણ આપ્યા વિના, મશીનગનો વડે બેફામ ગોળીઓ ચલાવી. વીસેક હજારની ભીડ ઉપર કુલ ૧૬૦૦ રાઉન્ડ ગોળીના ચલાવવામાં આવ્યા. દારૂગોળો ખૂટ્યો ત્યારે જ ગોળીબાર અટક્યો. અમૃતસરની એક ગલીમાં લોકોએ મિસ શેરવૂડ નામની એક મિશનરી સ્ત્રી પર હુમલો કર્યો હતો. તેનો બદલો લેવા એ ગલીમાંથી જે કોઈ જાય તેને પેટેથી ચાલીને જવાનો હુકમ બહાર પાડવામાં આવ્યો. પંજાબમાં ઠેર ઠેર ફટકા મારવા સારુ માંચડા ઊભા કરવામાં આવ્યા અને જાહેરમાં લોકોને નાગા કરી ફટકા મારવામાં આવ્યા. લશ્કરી પંચે અમૃતસરમાં ૨૧૮ જણ પર ખટલા ચલાવ્યા. તેમાંથી ૫૧ને મૃત્યુદંડ, ૪૮ને જન્મટીપ, ૨ને દસ વર્ષ, ૭૯ને સાત વર્ષ, ૧૦ને ૫ વર્ષ, ૧૩ને ૩ વર્ષ અને ૧૧ને તેનાથી ઓછી મુદતની સજા ફટકારવામાં આવી. પાછળથી થયેલી તપાસ દરમિયાન જવાબદાર અમલદારોએ પોતે જે કાંઈ કર્યું હતું તેનો જરાયે પસ્તાવો ન જણાવ્યો. બલકે વધુ તક મળી હોત તો વધુ કડક થયા હોત એમ જણાવ્યું. જલિયાંવાલા બાગમાં ચારસોથી વધુ લોકો મર્યા, હજારથી વધુ ઘાયલ થયા. બીજે દિવસે પંજાબના કેટલાક જિલ્લાઓમાં માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો. અનેક ઠેકાણે તારનાં દોરડાં કપાયાં. પંજાબના કેટલાક નેતાઓને દેશનિકાલ કરવામાં આવ્યા. ૧૮મી તારીખે ગાંધીજીએ સવિનયભંગની લડત થોડા વખત સારુ મોકૂફીની જાહેરાત કરી.

આ બાજુ बॉम्बे क्रॉनकिलની રાષ્ટ્રીયતા તરફ ઢળતી નીતિ જોઈને તેના

તંત્રી શ્રી હોર્નિમૅનને દેશ છોડી જવા હુકમ આપવામાં આવ્યો. એ હુકમની વિરુદ્ધ હડતાળ પડી.

મે માસમાં પંજાબમાંથી માર્શલ લૉ હઠાવવાની અને પંજાબની ઘટનાની સંપૂર્ણ તપાસની માગણી થઈ. પંજાબના લેફ્ટનન્ટ-ગવર્નર તરીકે સર માઇકલ ઑડવાયર હતા, તેને ઠેકાણે ૧૯૧૯ના જુલાઈ માસ પહેલાં સર એડવર્ડ મેકલેગને લેફ્ટનન્ટ બનાવવામાં આવ્યા. જલિયાંવાલા બાગના કાંડની દેશ અને દુનિયા પર ભારે અસર થઈ. બ્રિટિશ સામ્રાજ્યવાદના તોરતરીકાની જાંઘ દુનિયા આગળ ઉઘાડી પડી ગઈ. કવિ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે પોતાને મળેલી 'સર'ની પદવી પાછી આપવાની તૈયારી જાહેર કરી. ઇંગ્લંડની પાર્લમેન્ટમાં પણ જલિયાંવાલા બાગની ચર્ચા થઈ. ત્યાં આ કાંડ કરનાર ડાયરની 'નિર્ણયબુદ્ધિના દોષથી — ભૂલ (error of judgment) થઈ હતી', એટલું જ કહેવામાં આવ્યું. એને કોઈ સજા ન થઈ. એણે પોતે તો ઘમંડપૂર્વક એમ કહ્યું કે, 'મેં જે કાંઈ કર્યું તે બધું જાણીજોઈને સમજીબૂઝીને જ કર્યું હતું.'

પંજાબમાં રેલવેની હદ સિવાય બાકી ભાગમાંથી જૂન માસમાં માર્શલ લૉ પાછો ખેંચાયો. રૉલેટ કાયદો પાછો ખેંચાય નહીં અને પંજાબની તપાસ થાય નહીં તો જુલાઈ માસમાં સત્યાગ્રહ ફરી શરૂ કરવાની મહેતલ ગાંધીજીએ આપી. તોફાનની તપાસ ન થાય ત્યાં સુધી લશ્કરી કાયદા મુજબ થયેલી સજાઓ મોકૂફ રાખવાની પણ માગણી ગાંધીજીએ કરી, જે સરકારે કાને ન દીધી. જુલાઈમાં કલકત્તામાં કૉંગ્રેસ કમિટીની બેઠક થઈ, જેમાં સત્યાગ્રહ પુનઃ આદરવાનો વિચાર તત્કાળ પૂરતો પડતો મૂકવામાં આવ્યો. આ કાળ દરમિયાન ઠેર ઠેર સ્વદેશી વસ્તુ ભંડારો ખૂલતા હતા. પંજાબ, ગુજરાત અને બીજે ઠેકાણે થયેલી હિંસા અને પોલીસ-અત્યાચારો બાબતમાં લૉર્ડ હંટરની આગેવાની હેઠળ એક તપાસપંચ નિમાયું. હંટર ભારત પહોંચે તે પહેલા ગાંધીજી પરના (પંજાબમાં પ્રવેશબંધી જેવા) સર્વ પ્રતિબંધો પાછા ખેંચી લેવાની સૂચના હિંદ સરકારે મુંબઈ, મદ્રાસ વગેરેની પ્રાંતિક સરકારોને આપી.

પહેલું વિશ્વયુદ્ધ પૂરું થાય તે પહેલાં જ તુર્કીની ખિલાફત અંગે એક પ્રશ્ન ઉદ્ભવેલો, જેણે હિંદના મુસલમાનોને ઉદ્વિગ્ન કરી મૂકેલા. તુર્કીનો સુલતાન ખલીફા કહેવાતો. આખી ઇસ્લામી આલમ તેને ધર્મગુરુ માનતી. હિંદુસ્તાનના મુસલમાનોને યુદ્ધમાં પોતાના પક્ષમાં રાખવાના હેતુથી અંગ્રેજ સરકારે એવી જાહેરાત કરેલી કે યુદ્ધ પછી બીજા શત્રુઓનું ગમે તે કરવામાં આવે, પણ જર્મનીને સાથ આપનાર તુર્કીના

સુલતાનની હકૂમતને અમે આંચ નહીં આવવા દઈએ. લગભગ એ જ વખતે અંગ્રેજો પોતાનાં મિત્રરાજ્યો સાથે જે ગુપ્ત વાર્તાલાપ ચલાવતા હતા તેમાં એવી યોજના ઘડવામાં આવી રહી હતી કે તુર્કીના ભાગલા પાડી તેની વહેંચણી કરવી. યુરોપમાં આ વાત જાણીતી થઈ ગયેલી. પણ સખત સેન્સરશિપને લીધે ભારતમાં તેની જાણ થવા નહોતી પામી. જ્યારે એની જાણ થઈ ત્યારે મુસલમાનોનાં દિલ દુભાયાં. વચનભંગ અને અન્યાય થયો એવી તીવ્ર લાગણી તેમનામાં થઈ. ૧૯૧૮ના એપ્રિલ માસમાં યુદ્ધ પરિષદમાં ગયા ત્યારે આ વાત ગાંધીજીએ વાઇસરૉય આગળ મૂકેલી, પણ આ તો છાપાંના સમાચાર છે, સરકાર તરફથી અધિકૃત રીતે ન કહેવાય ત્યાં સુધી શું કામ માની લો છો? — એવી દલીલ વાઇસરૉયે કરી, જે ગાંધીજીએ માની લીધી હતી. ખિલાફતના પ્રશ્ન અંગે મુસલમાનોને દુભાયેલા જોઈને પોતાના દેશબાંધવોને આફતને વખતે મદદ કરવી જ જોઈએ એમ વિચારી ગાંધીજીએ ખિલાફતના પ્રશ્નને પોતાનો બનાવ્યો. ૧૯૨૦માં ઉલેમાઓની એક સભામાં બોલતાં તેમને સ્ફુર્યું કે આવા અન્યાય સામે તો અસહકાર પણ થઈ શકે.

તે જ વર્ષના મે માસની ૨૮મીએ હંટર કમિટીનો રિપોર્ટ બહાર પડ્યો. સવિનયભંગની હિલચાલથી કાયદાને માન આપવાની વૃત્તિ શિથિલ થઈ હતી એટલી બાબત આખી કમિટી એકમત હતી, પણ બાકી બધી બાબતમાં કમિટીના ગોરા સભ્યો અને હિંદી સભ્યોના અભિપ્રાયો સાવ જુદા જુદા હતા. હિંદી સભ્યોએ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો કે તોફાનોને બળવો માનીને લશ્કરી કાયદો જાહેર કરવામાં સરકારે ભૂલ કરી હતી અને એના અમલ દરમિયાન જે જુલમો ગુજાર્યા તે અમાનુષી અને હિંદી પ્રજાને સારુ અપમાનકારક હતા. છતાં હિંદી સરકારે કમિટીના ગોરા સભ્યોનો એ અભિપ્રાય સ્વીકાર્યો અને તે અનુસાર તેણે જે અહેવાલ બહાર પાડ્યો તે ઢાંકપિછોડો કરનારો હતો. તેમાં પંજાબના ગવર્નર માઇકલ ઑડવાયરની ભારે શક્તિ અને હિંમતથી કરેલા કામ બદલ કદર કરવામાં આવી હતી.

તેથી દેશની ચળવળમાં ખિલાફતની સાથે પંજાબના અત્યાચારોનો મુદ્દો ભળ્યો અને જ્યાં સુધી સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી આવા અન્યાયો તો થયા કરે, એમ સમજીને ત્રીજો મુદ્દો સ્વરાજનો જોડાયો. આમ ત્રણ મુદ્દા પર અસહકારની લડત મંડાઈ. પ્રજા તરફથી પંજાબના જુલમોની તપાસ કરવા સારુ એક કમિટી નિયુક્ત કરવામાં આવી હતી જેમાં ગાંધીજીએ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તે

કમિટીએ ૧૯૧૯ના નવેમ્બર માસમાં પંજાબના દરેક જિલ્લામાં ફરીને સરકારી જુલમ વિશેની વિગતવાર માહિતી એકઠી કરી હતી.

હંટર કમિટી અમદાવાદ આવી ત્યારે તેના સભ્યોએ ગાંધીજીની ખૂબ લંબાણથી તપાસ કરી હતી. આખી તપાસનો રિપોર્ટ મહાદેવભાઈની ડાયરીનાં પાનાંનાં પાનાં ભરે છે. આ તપાસ દરમિયાન ગાંધીજીએ આપેલા ઉત્તરો તેમનું સ્તર બીજા સાક્ષીઓ કરતાં કેટલા ઊંચા પ્રકારનું હતું તેની પ્રતીતિ કરાવે છે. કેટલીક પ્રશ્નોત્તરી:

મિ. હંટરના પ્રશ્નો મુખ્યત્વે સત્યાગ્રહના સિદ્ધાંતને લગતા હતા. એનો થોડો નમૂનો જોઈએ:

લૉ, હંટર: ટૂંકમાં (સત્યાગ્રહ)નું સ્વરૂપ સમજાવશો જરા?

ગાંધીજી: શારીરિક બળને બદલે આત્મિક બળથી અને શુદ્ધ સત્યના જોર ઉપર લડવાની હિમાયત કરનારી આ હિલચાલ છે. મારી દૃષ્ટિએ, એ કૌટુંબિક ક્ષેત્રમાં લાગુ કરવામાં આવતો ન્યાય રાજદ્વારી ક્ષેત્રમાં પણ લાગુ કરવાનો યત્ન છે, અને પોતાનાં દુ:ખોની દાદ મેળવવા જતાં એ એક જ રસ્તે પ્રજા ખૂનામરકીના ભયમાંથી બચી શકે તેમ છે.

સ.: મિ. ગાંધી, તમે જરા સત્યાગ્રહ-પ્રતિજ્ઞા તરફ સરકારની દૃષ્ટિએ જોશો? ધારો કે તમે પોતે જ ગવર્નર હો તો તમારી સરકાર સામે ઉપાડવામાં આવેલી આવી હિલચાલ વિશે તમે શું કરો?

જ.: જો દેશનો કારભાર મારા હાથમાં હોય અને શુદ્ધ સત્યને જ શોધવા ખાતર કોઈ લોકો ચોક્કસ કાયદાઓને માન આપવાની ના પાડે તો હું તેમના કૃત્યને કાયદેસર જ ગણું અને તેમને હું મારા કરી લઉં. સાચો સત્યાગ્રહી જાતે માગે તે જ હક પોતાના વિરોધીઓને પણ આપે છે.

સ.: કાયદાના સવિનયભંગનો સિદ્ધાંત તમને જોખમકારક નથી લાગતો?

જ.: મારી માન્યતા એથી ઊલટી છે. દેશને ખૂનામરકીના વિચારો કરવામાંથી છોડાવી લેવાનો શુદ્ધ હેતુ જ કેવળ એના મૂળમાં રહેલો છે.૧૫

મિ. હંટર અને બીજા સભ્યો આશ્રમ જોવા ગયા હતા.

૧૯૧૯ની આખર સને ૧૯૨૦ના આરંભના પાંચેક માસ મહાદેવભાઈએ માંદગીમાં કાઢ્યા હતા, જેની વાત આપણે આગલા પ્રકરણમાં કરી ચૂક્યા છીએ. આ દરમિયાન બંગાળના સાત્ત્વિક પ્રકૃતિના શ્રી કૃષ્ણદાસ નામના એક સજ્જને

ગાંધીજીના સચિવ તરીકે કામ કર્યું હતું.૧૬ દરમિયાન ગાંધીજી અસહકાર, સવિનયભંગ, ખિલાફત, પંજાબના અત્યાચાર વગેરે વિશે સમજાવતા દેશમાં અનેક સ્થળોએ ફર્યા હતા. તેમણે પંજાબના અત્યાચારોની પ્રજાકીય તપાસ પૂરી કરી હતી.

૧૯૨૦ના ઑગસ્ટની પહેલી તારીખથી અસહકાર આંદોલન શરૂ થવાનું હતું તેની આગલી રાતે જ લોકમાન્ય ટિળકનું અવસાન થયું, જાણે કે સ્વરાજ્યપ્રાપ્તિના અધૂરા રહેલા પોતાના કામની સોંપણી ગાંધીજીને કરતા જતા હોય તેવી આ સ્થિતિ હતી. એ મહિનામાં ગાંધીજીએ મદ્રાસની મુસાફરી કરી હતી અને ઑગસ્ટ માસની આખરી તારીખે જીવનભર ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

એક પ્રવાસનું વર્ણન વાચકોને થોડો ખ્યાલ ને થોડી રમૂજ આપવા સારુ નીચે આપ્યું છે. મહાદેવભાઈ લખે છે:

'મિટિંગમાંથી હમણાં જ આવ્યા. રાતના દસ વાગ્યા છે. હજી અમારા રોજા ખૂલ્યા નથી. ખૂલશે ત્યારે પણ શાનાથી ખૂલશે એ હરિ જાણે. ચોખામાં કાંકરા તો હોવાના જ. ... હમણાં હમણાં મારી પાસે સંભાળવાની વસ્તુઓ વધતી જાય છે. અને હું ભૂલતો જાઉં છું. અનેક પ્રકારના હાર બાપુને મળે છે. રામપુરમાં તો ખોટા કસબના ૫૦-૬૦ હાર ભેગા થયા હતા. તે ત્યાં જ હું રાખી આવ્યો. લખનૌમાં ખાસ સોનેરી કસબનો હાર ૧૦-૧૫ રૂપિયાનો હશે — મૌલાના અબદુલ બારીએ આપેલો. એ તો જાણે ક્યાંયે વીસરાય જ નહીં એવો કહેવાય, પણ હું મુંબઈ વીસરી આવ્યો છું. ... બાવાની ઝોળીમાં આ વસ્તુઓ માય શી રીતે? એક ચાંદીની અત્તરદાની પણ આપેલી, તે મેં સંભાળીને રાખેલી. પણ ચોરાઈ છે. અહીંનો પ્રદેશ મુસલમાનોનો છે. પાંચ પાંચ શેર નર્યા ગુલાબનાં ફૂલોના ઢગલેઢગલા હાર આવે છે. આજે બાપુની ઉપર આખો ગુલાબનો જ મંડપ હતો. ફૂલોનું કાંઈ અર્ક જેવુંયે કાઢી લેવાની હિકમત મને આવડતી હોત તો ઠીક થાત... તાંજોરના હાર અને કલગી જરા વિચિત્ર પ્રકારનાં હતાં. એક હાર કેવળ પિથના, એટલે કે, વનસ્પતિના ગરનાં બનાવેલાં ફૂલોનો હતો. એમાં બહુ કળા રહેલી છે. અને એ તો બાળકોને બતાવવા માટે પણ લાવવા જેવો છે, પણ શી રીતે લાવીશ? એક કલગી તો રમૂજી મળી છે. પહેલી એક એકથી ચડતી ત્રણ લવિંગની હાર, પછી તેથી ચડતી એક મોતીની હાર — સાચાં નહીં હો, નહીં તો હું તો લેત જ નહીં. પછી એક એલચીની હાર, પછી લવિંગની હાર અને વચ્ચે મધ્યપુષ્પને બદલે જાવંત્રીમાં મઢેલું એક જાયફળ અને જાયફળ ઉપર તારથી ભેરવેલું

એક દોડતું હરણું. આ પણ લાવવાનું મન થાય છે, પણ મને લાગે છે કે આ વર્ણન મેં તાદૃશ આપ્યું છે એટલે નહીં લાવું તો ચાલશે. અને અંદરની સામગ્રી પથરાવાળા ચોખાનું ભોજન લીધા પછી મુખવાસ તરીકે ઠીક કામ આવશે.

તાંજોરમાં થોડા ગુજરાતીઓ છે. બહુ કાળ ઉપર આવેલા એટલે હવે તો માત્ર ગુજરાતી તોતડું તોતડું બોલવાના પ્રયાસ કરે છે, છતાં તેઓમાં બાપુને માટે અભિમાન લેવા જેટલું ગુજરાતીપણું રહ્યું એટલે ગુજરાતી તરીકે બાપુનો સત્કાર કર્યો. એઓએ કસબી ભરતની કોરની બે શાલો બાપુને આપી છે. એટલે આ ભાર વધ્યો છે. આજે વળી નવો ભાર વધ્યો. અહીંના લોકોએ ચાંદીની એક પાનપેટીમાં માનપત્ર આપ્યું છે. હું પાન ખાતો નથી, બાકી મને એમ લાગે છે કે આ પેટી જાળવવાની ખાતર પાન ખાવાની ટેવ પાડું તો કાંઈ ખોટું નહીં, ખરું ને?... પણ આ તો નવરાપણાની નિશાની બતાવવા માંડ્યો.'૧૭

• હંટર કમિટીનો રિપોર્ટ, જલિયાંવાલા બાગમાં જુલમ ગુજારનાર ડાયર જેવા અમલદારોને સજા કરવાને બદલે તેમણે કરેલ કુકૃત્યને ભૂલ 'નિર્ણયબુદ્ધિના દોષથી થયેલી' (error of judgment) કહીને તેમને જતા કરવા, ઇંગ્લંડમાં એમને સારુ ફાળો ભેગો થવો; વિશ્વયુદ્ધ પછી દેશને બંધારણીય માર્ગે કાંઈક વધુ અધિકારો આપવાને બદલે હિંદીઓની નાગરિક સ્વતંત્રતા પર તરાપ મારનારા રૉલેટ કાયદા આપવા — આવાં આવાં કારણોને લીધે બ્રિટિશ સામ્રાજ્યના વફાદાર નાગરિક ગાંધી હવે અંગ્રેજ સરકાર સાથે અસહકારને રસ્તે વળ્યા. હિંદી મહાસભાએ પ્રથમ કલકત્તા અને ત્યાર બાદ નાગપુરનાં અધિવેશનોમાં અસહકારના ઠરાવ પસાર કરીને ગાંધીને માર્ગે જવાનો સંકલ્પ કર્યો. આ કાળની રોમહર્ષણ ઘટનાઓના ચિત્તાકર્ષક અહેવાલો महादेवभाईनी डायरी ભાગ-૪ અને ૫માં મોજૂદ છે. અહીં તેના નમૂનાઓ આપવા પણ અશક્ય છે.૧૮ ચિત્તરંજન દાસ, મોતીલાલ નેહરુ જેવા ધુરંધરોએ શરૂઆતમાં અસહકારના કાર્યક્રમોનો વિરોધ કર્યો હતો. પણ ટૂંક ગાળામાં જ બંનેએ આ કાર્યક્રમમાં લોકોને જગાડવા તેમ જ તેમને સંગઠિત કરવાની રહેલી શક્તિને પિછાણી હતી, તેથી તેમણે ગાંધીજીને સાથ દીધો હતો. કૉંગ્રેસની જુવાન નેતાગીરી સમા રાજગોપાલાચારી, વલ્લભભાઈ, જવાહરલાલ વગેરે તો અસહકારને માર્ગે જવા થનગનતા જ હતા. યુગપ્રવાહ અસહકારની તરફેણમાં

હતો, એ પ્રવાહથી વિખૂટા પડનાર, ખાસ કરીને વિનીત દળના, દીનશા વાચ્છા, એની બેસંટ, સુરેન્દ્રનાથ બેનરજી, નૃ. ચિ. કેળકર આદિ જે અસહકારના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ન ભળ્યા તેઓ રાષ્ટ્રના મુખ્ય પ્રવાહથી આઘે ફેંકાઈ ગયા. અલબત્ત, અસહકારથી અલગ રહેનાર લોકોને સરકારે કાંઈક ને કાંઈક સંમાન આપીને પુરસ્કાર્યા. સર તેજબહાદુર સપ્રુને વાઇસરૉયની કારોબારીના સભ્ય, તથા લૉર્ડ સિંહાને બિહારના ગવર્નર બનાવવામાં આવ્યા. સુરેન્દ્રનાથ બેનરજીને 'સર'નો ખિતાબ મળ્યો.

આ બાજુ નાગપુરની કૉંગ્રેસ પછી ગાંધીજીએ કૉંગ્રેસને વ્યાપક સંસ્થા બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા. રાષ્ટ્રીય કૉંગ્રેસે પોતાની પ્રાંતરચના અંગ્રેજોના વહીવટને આધારે રાખવાને બદલે ભાષાવાર કરી. કૉંગ્રેસના પ્રાથમિક સભ્યોની મોટા પાયા પર ભરતી થવા લાગી. કૉંગ્રેસની ઘણી સભાઓ તથા બીજાં કામકાજ પ્રાંતીય ભાષા કે હિન્દીમાં ચાલવા લાગ્યાં.

લોકમાન્ય ટિળકના મરણ પછી એમની પાછળ ટિળક સ્વરાજ ફંડ ઉઘરાવવાનો કાર્યક્રમ બન્યો. એની સાથે જ ગામેગામ રેંટિયા વસાવવા અને કૉંગ્રેસના પ્રાથમિક સભ્યો નોંધવાના કાર્યક્રમો ચાલ્યા. આ ત્રણેય કાર્યક્રમોને લીધે એના ઇતિહાસમાં પહેલી વાર કૉંગ્રેસ એ વિશિષ્ટ વર્ગની સંસ્થા મટી લોકોની સંસ્થા બની. લોકોમાં ભળવાના અને લોકમય થવાના આ કાર્યક્રમમાં મહાદેવભાઈ પણ પોતાની રીતે ગાંધીજી સાથે ખરા જ. કૉંગ્રેસના નેતાઓમાં વલ્લભભાઈ જોડે મહાદેવભાઈને ખેડામાં જે સંબંધ બંધાયો તે આખું જીવન ઘનિષ્ઠતર થતો રહ્યો. રાજગોપાલાચારી સાથે ગાંધીજીની ઓળખાણ મહાદેવભાઈએ જ કરાવેલી. એમની સાથેનો સંબંધ એક ઊંચી સાંસ્કૃતિક સપાટીનો હતો. રાજાજીના સંસ્કારી સ્વભાવને લીધે જ મહાદેવભાઈએ એક ટ્રેનયાત્રામાં તપખીરની ડબ્બીને કાયમને માટે 'વદા કરેલી'. જવાહરલાલજી સાથે વધુ ઘનિષ્ઠ સંબંધ હવે પછી અલાહાબાદમાં અને લખનૌ જેલમાં બંધાવાનો હતો. નેતાઓ સાથેના સંબંધો ઉપરાંત લોકો સાથે હળવામળવાનું મહાદેવભાઈ ચૂકતા નહીં.

ગાંધીજી સાથે જોડાયા ત્યારે મહાદેવભાઈને લખવાનો મહાવરો હતો, પણ જાહેરમાં બોલવાની એમને ટેવ નહોતી. શરૂઆતમાં થોડાં વર્ષો સુધી તેઓ સભાક્ષોભ અનુભવતા. સત્યાગ્રહ આશ્રમ સાબરમતીના રાષ્ટ્રીય વિદ્યામંદિરના હસ્તલિખિત

દ્વિમાસિક મધપૂડોમાં મહાદેવભાઈએ જાહેર સભામાં બોલવાના પોતાના અનુભવને વર્ણવ્યો છે. એક વાર મહાદેવભાઈ સુરતથી દિહેણ જતા હતા. વચ્ચે રાંદેર ગામે ત્યાંની કિશોરોની ટુકડીના કોઈ આગેવાને મહાદેવભાઈને ઓળખી લીધા. એણે દિહેણથી પાછા આવતાં રાંદેરની એક સભામાં ભાષણ કરવાનું વચન લીધા પછી જ મહાદેવભાઈને આગળ જવા દીધા! પાછળથી તો મહાદેવભાઈ એક સારા વક્તા બનેલા. લોકો સાથે મધુરતાથી વાતચીત કરીને ગાંધીજીના વિચાર સમજાવવાનો અભ્યાસ એમને અમદાવાદ ને ખેડામાં થઈ ચૂકેલો. દેશભરના પ્રવાસમાં પણ રોજેરોજ એના પ્રસંગો આવતા. પણ મહાદેવભાઈ સારુ જાહેર ભાષણનો આ પહેલો જ પ્રસંગ કહેવાય. હા, પહેલાં વિદ્યાર્થી અવસ્થામાં, છોટુભાઈ જોડે હજીરાની નજીક દામકા ગામમાં દારૂતાડી છોડાવા અંગે બોલી ચૂકેલા, પણ તે તો, આપણે આગળ જોયું છે તેમ, પડદા પાછળ રહીને લોકો આગળથી મોં છુપાવીને બોલેલા. જાહેરમાં શ્રોતાઓ આગળ બોલવાનો રાંદેરમાં પહેલો પ્રસંગ હતો. ટિળક સ્વરાજ ફાળો આ પ્રસંગે તેમની મદદે ધાયો. તેમની જ કલમે આ પ્રસંગનું થોડું વર્ણન જોઈએ:

'અગડંબગડં કંઈક મેં ૨૦-૨૫ મિનિટ સંભળાવ્યું અને આ અનુભવની કેવળ ગ્લાનિ જ મારે ભાગે ન રહે એ સાવચેતી તરત જ લઈ ભાઈ શૌકતઅલી તથા ગાંધીજીની ભિક્ષાવૃત્તિની મેં મદદ લીધી. મેં તો ટિળક સ્વરાજ ફંડ માટે પૈસાની ભીખ માગવાની હિંમત કરી. ... અર્ધા કલાકમાં રૂ. ૭૨–૨–૦ ભેગા થયા એટલે મારા જીવને ટાઢક વળી.'૧૯

આગળના દિવસોમાં એમને જાહેર સભાઓને સંબોધવાનો અભ્યાસ થતો ગયો. જ્યાં મોટી સભાઓ હોય અથવા જે દિવસે ગાંધીજીનું મૌન હોય તે દિવસે ગાંધીજીનું લિખિત ભાષણ — જે મોટે ભાગે કાંતતા કે પેટ પર માટીનો પાટો મૂકી સૂઈને આરામ કરતા — ત્યારે મહાદેવભાઈને લખાવેલું હોય, તે ભાષણ — મહાદેવભાઈ વાંચી સંભળાવતા. ખેડાના સત્યાગ્રહના દિવસોથી જ સરકારની છૂપી પોલીસની નોંધમાં ગાંધીજી અને એમના સાથીઓની જાહેર પ્રવૃત્તિઓ ટાંકેલી જોવા મળે છે. તેમાં ઠેકઠેકાણે, અને કેટલીક જગાએ રાષ્ટ્રીય છાપાંઓમાં પણ એ બાબત ટપકાવેલી જોવા જડે છે કે ગાંધીજીનું ભાષણ મહાદેવભાઈએ વાંચ્યું હતું. છતાં નરહરિભાઈની ઉપર લખેલા પત્રોમાં લગભગ ૧૯૨૦ના અંત કે ૧૯૨૧ના આરંભ સુધી મહાદેવભાઈ

પોતાના સભાક્ષોભનું વર્ણન કરે છે. એકબે ઠેકાણે એ વર્ણનમાં પણ મહાદેવભાઈને ગાંધીજીનો જ કંઈક ગુણ દેખાય છે. તેઓ કહે છે, ‘બાપુ આ રીતે મને જાહેરમાં બોલવાની તાલીમ આપે છે, પણ મારો ક્ષોભ હજી પૂરો ગયો નથી.’

પણ એક બીજું ક્ષેત્ર એવું હતું કે જ્યાં મહાદેવભાઈ ભાગ્યે જ ક્ષોભ અનુભવતા. તે ક્ષેત્ર લેખનનું. ગાંધીજીએ જ્યારે જ્યારે દેશમાં કે વિદેશમાં જાહેર પ્રવૃત્તિ કરી છે ત્યારે ત્યારે તેમણે કોઈ ને કોઈ વિચારપત્ર ચલાવ્યું છે. ભારતમાં यंग इन्डिया, नवजीवन અને हरजिन પત્રો તેમણે એ મુજબ જ ચલાવેલાં. આ પત્રોમાં મહાદેવભાઈ શરૂઆતથી તે ૧૯૪૨ના ઑગસ્ટ માસ સુધી સતત લખતા. પરંતુ પત્રકારત્વના ક્ષેત્રમાં મહાદેવભાઈના પ્રવેશની વાતો આપણે આગળ ઉપર જોઈશું.

માંદગીના દિવસોને બાદ કરતાં મહાદેવભાઈનું સ્થાન ગાંધીજીની સાથે જ હતું. તે દરમિયાન ગાંધીજીની પ્રવૃત્તિની નોંધ કરવા ઉપરાંત સ્વતંત્ર રીતે લોકો જોડે ચર્ચાવિચારણા કરવી એ પણ મહાદેવભાઈનું કામ હતું. કપડાં ધોવાં, ક્યાંક ક્યાંક નવા સ્થળે જઈને ઝાડુ લગાવવું, કે પાણીનું માટલું ભરવા જેવાં અંગત સેવાનાં કામો પણ આવતાં. તે ઉપરાંત ગાંધીજીના પત્રવ્યવહારનો એક અંશ સંભાળવો અને પ્રવાસનાં મનોરમ વર્ણનોથી यंग इन्डिया કે नवजीवनની કટારો, મોટે ભાગે અલગ અલગ લેખો દ્વારા અને કોઈક વાર એક જ લેખ બંને ભાષાઓમાં લખીને ભરવી એ કામ પણ મહાદેવભાઈને સારુ ૧૯૨૦–’૨૧ના ગાળામાં સ્વાભાવિક અને રોજેરોજનું થઈ પડ્યું. એક ને એક પ્રકારના પત્રો એક કરતાં વધારે લોકોને લખવાના હોય તો કોઈક વાર મહાદેવભાઈ એ જ પત્ર બીજાને વંચાવવાનું સૂચવીને પતાવતા. ‘કાગળો પણ બહુ લખવાના થાય છે. વલ્લભભાઈને મળીને તમે મુખ્તેસર વાતો કરતા હો તો સરસ થાય. મારે બે ઠેકાણે લખવું પડે એ જરા ભારે છે.’૨૦

આ પત્રોમાંથી અનેક તે કાળના મહાદેવભાઈના વ્યસ્ત જીવનની ઝાંખી કરાવે તેવા છે. પણ બે કાર્યક્રમો વચ્ચેના ગાળામાં ઝટપટ પત્ર ચીતરી કાઢતા હોય તે છતાંયે તેમાં તેમનું અને ગાંધીજીનું વ્યક્તિત્વ પૂરું ખીલી ઊઠે છે. ૭મી માર્ચ, ૧૯૧૯ને દિન દિલ્હીથી નરહરિભાઈને લખેલ પત્રનો થોડો ભાગ જુઓ:

‘કાલે (૧૯૧૯, માર્ચ ૬) રામપુર જઈ આવ્યા. શૌકતઅલીને મળ્યા. એમનું મહારાક્ષસી શરીર, એમનો ભલભલાને આંજી નાખે એવો તાપ, એમની બાળકના

જેવી સરળતા અને પ્રેમળતા — આ બધાનું વર્ણન કરવા બેસું તો મારે મારો સેક્રેટરીનો ધંધો છોડવો પડે. એમની સાથે સત્યાગ્રહ કરવાના કરાર થઈ ગયા છે. બધા કરારને કબૂલ થયા છે, અને રૉલેટ બિલની લડતમાં એમને માટેની લડત પણ શામેલ કરવી પડશે.

'બે રાતની લાગટ મુસાફરીથી બાપુ થાક્યા એટલું જ નહીં પણ હું પણ થાક્યો. છતાં કામના ઢગલા છે. ડઝનબંધી તારો આવે છે. અને માણસોને મળવાનું પણ બહુ થાય છે, હું તો આજે "ત્રાહિ ત્રાહિ" પોકારી રહ્યો છું કે પરમેશ્વર બાપુને કોઈ પણ રીતે સલામત રાખે.

'આજે મહંમદઅલી અને શૌકતઅલીના સંબંધમાં સર જેમ્સ ડુબોલેને મળવા ગયા છે. ચાર વાગ્યાના ગયા છે, સવા છ થયા, હજી નથી આવ્યા. વાઇસરૉયના ઇન્ટરવ્યૂનું જેવું પરિણામ આવ્યું તેવું જ કદાચ આનું પણ આવશે. "મળ્યા, ભેટ્યા અને માલેકુમ સલામ કરી છૂટા પડ્યા. તું તારો રસ્તો સમાલ અને હું મારો સમાલું." વાઇસરૉયે બાપુને પૂછેલું, તારે દેશમાં એનાર્કી (અરાજકતા) જોઈએ છે? બાપુ કહે, "I don't want it, you are inviting it. That could be the only result of the bills" (મારે નથી જોઈતી, પણ તમે જ તેને તેડો છો. આ ધારાઓનું (રૉલેટ ધારાઓનું) એ જ પરિણામ આવી શકે.) બાપુને કહ્યું, "તું એકલો શું કરી શકશે?" બાપુ કહે, "The moral strength of one man is sufficient to bend an empire" (એક માણસની નૈતિક તાકાત આખા સામ્રાજ્યને ઝુકાવવા સારુ પૂરતી છે.) વાઇસરૉય હસ્યા, અને કહ્યું, "Mr. Gandhi, you are unpractical" (મિ. ગાંધી, તમે અવ્યવહારુ છો.) બાપુ કહે, "That may be. But I believe that I am the most practical of men on earth." (હોઈશ કદાચ, પણ હું તો એમ માનું છું કે આખી દુનિયામાં સૌથી વધુ વ્યવહારુ માણસ હું જ છું.) વાઇસરૉય વળી હસ્યા. તમારે રિફૉર્મ્સ (સુધારાઓ) જોઈએ છે કે નહીં? બિલની સામે સત્યાગ્રહ કરશો તો રિફૉર્મ્સ નહીં મળે એ દલીલની સામે એમણે (ગાંધીજીએ) કહ્યું, "The price is too heavy. The Government may as well keep the reforms to themselves. We don't want them." (એની કિંમત બહુ ભારે છે. સરકાર રાખે એના સુધારા એને ઘેર. અમારે તે નથી ખપતા.) ...મેં

વાતોનો સાર આપી દીધો. મારે જલદી પૂરું કરવું જોઈએ ... આવીને તરત અહીં સભા બોલાવી છે. ત્યાં જવાનું છે. કાલે અકળાવી નાખે એવા રામપુરવાસીઓના સત્કારથી બાપુ બહુ જ થાક્યા છે. એટલે આજે તો ટૂંકામાં હિંદી ભાષણ લખાવી ગયા છે. મેં તેની શુદ્ધ પ્રત તૈયાર કરી રાખી છે, ઍસોસિયેટેડ પ્રેસ માટે અંગ્રેજી કરી રાખ્યું છે, અને તેઓ આવે અને મને ખેંચી જાય તે પહેલાં આ કાગળ લખું છું. મિટિંગમાં ભાષણ હું જ વાંચીશ, અને ભાષણ વંચાઈ રહેશે કે સરકી આવીશું એવો બંદોબસ્ત રાખ્યો છે.'૨૧

મહાદેવ ભક્ત હતા. તેથી એમને બાપુના રોજ નવા નવા ગુણો દેખાતા. રોજેરોજ તેઓ જે પત્રો લખતા તેમાં પણ એનું વર્ણન કરવાનું ચૂકતા નહીં. ૧૯૧૯ના માર્ચની ૭મી પછી અહોભાવની કોઈક ઘડીએ લખેલ પત્રનો એક અંશ જુઓ:

હું કહી ગયો છું, તેમ બાપુની તો સોળે કળાઓ હમણાં ખીલેલી છે. રોજના ૧૪-૧૫ કલાક જેટલું કામ કરતા હશે અને જરાય થાકતા લાગતા જ નથી. એમને એમની આશાની સફળતા જોમ આપી રહી છે એમ સ્પષ્ટ દેખાય છે. દિવસમાં બબ્બે ત્રણ ત્રણ ભાષણો, અનેક અગત્યના કાગળો, તાર, પ્રેસ મૅસેજ, અનેક માણસો સાથે વાતચીતો, અનેક ડાલમડોલ આત્માને સ્થિર કરવાનું, અનેકની શંકાનું સમાધાન, અનેક મુત્સદ્દીઓને મળી, તેમની પાસે કામ કઢાવી લેવાનું ચાલુ જ છે. શ્રીકૃષ્ણ ભગવાનની કાર્યધુરંધરતા વારંવાર યાદ આવે છે. અને તેમની સમક્ષ બેસવાનું, એમના ચરણ સેવવાનું સદ્‌ભાગ્ય છે એથી ગર્વ થાય છે. ત્યારે ઘડીક મન માનવાને પણ તૈયાર નથી થતું કે એ સદ્‌ભાગ્ય ખરે જ મારા કપાળમાં હશે! હું તો એને જરાય લાયક નથી.

આજે બપોરે ચાર વાગ્યે ઘેરથી નીકળ્યા ત્યાર સુધી ઉકેલેલું કામ કહી દઉં? સવારના પાંચ વાગ્યે કલકત્તા સૌને ખખડાવી નાખે એવો તાર, છ વાગ્યાથી આઠ વાગ્યા સુધી સર પટ્ટણીની સાથે મુલાકાત, તેની સાથે મૉન્ટેગ્યૂને મોકલેલો સંદેશો. આ સંદેશો મોકલતી વેળાનું જોશ અપૂર્વ — ભાષણ કરતા હોય તેમ તેના કરતાં વધારે પ્રૌઢ વાણી નીકળતી હતી, શબ્દેશબ્દ અગ્નિઝરતો હતો. પછી જમનાદાસને એક કલાક સર્મન (લાંબું ભાષણ) — પછી એક કલાક મુસલમાનો અને હિંદુનો પ્રૉબ્લેમ કેમ હાથ ધરવો તે સંબંધે ઉમર સોબાનીને સર્મન. પછી સ્વદેશી વ્રત ઉપર જાહેર લેખ, પછી હિંદુ-મુસ્લિમના ઐક્યવ્રત સંબંધે જાહેર લેખ, સત્યાગ્રહી પ્રતિજ્ઞાપત્રનું

ભાષાંતર, દરમિયાન બલીબહેન — બહેન-ભાઈ સાથે વાતો. દરમિયાન કેટલાયે જણા પૈસા આપવા આવેલા તેમને પૈસા ખર્ચવાના સારા રસ્તા પર સર્મન. સ્ટેશન ઉપર આવતાં પહેલાં ઝટપટ પાંચ મિનિટ રસ્તામાં મરણપથારીએ પડેલા આનંદશંકરભાઈની મુલાકાત, સ્ટેશને આવી સત્યાગ્રહીઓને સંકટ સમયે સૂચના — ગાડી ઊપડી ત્યાં સુધી, અને ગાડી ઊપડ્યા પછી સ્વદેશી ઉપરના જાહેર પત્રનું અંગ્રેજી પાલઘર સુધી કરાવ્યું. હું હમણાં તપાસી રહ્યો છું. અને રાત્રે છ વાગ્યે નવસારી પોસ્ટ કરીશ. ... (ગાંધીજી) ઘસઘસાટ ઊંઘી ગયા છે. [આ] કાગળ ગાડીમાં લખેલ છે એટલે અક્ષર માટે માફી આપશો. આ તો મેં તમારી આગળ લાંબો વખત થયાં ઊભરા નહોતા કાઢ્યા એટલે ચળ આવતી હતી તે આજે પૂરી કરી.'૨૨

અસહકાર આંદોલનની અભય અસવારી લઈને નીકળી પડેલા ગાંધીજીને પોતાનાથી મોટી ઉંમરના અને પોતાના કરતાં ઘણા વધારે જાણીતા એવા નેતાઓનો પણ મુકાબલો કરવો પડતો, એક પત્રમાં મહાદેવભાઈ કહે છે:

અલાહાબાદમાં મોતીલાલ નેહરુને ત્યાં ઊતર્યા. એના જેવું ખર્ચાળ કુટુંબ એકે નથી જોયું. રાજાના કરતાં વધારે ઠાઠથી રહે છે. વર્ષેદહાડે લાખ રૂપિયાનો ખર્ચ હશે. સૉક્રેટિસની ઉપર કરપ્ટર ઑફ યૂથ (જુવાનોને બગાડનાર)નો ચાર્જ (આરોપ) આવ્યો તેવો ચાર્જ ભવિષ્યમાં બાપુ માટે પણ આવશે. મોતીલાલનો દીકરો જવાહરલાલ છે તેણે સહી કરી છે.૨૩ બાપની ઇચ્છાવિરુદ્ધ છે. એટલે બાપુ ડોસાડોસીને સમજાવતા હતા. બાપુ કહે, 'મારો એકનો એક દીકરો. બૅરિસ્ટર થયેલો. વિદ્વાન. બહુ એશઆરામમાં ઊછરેલો, ભારેમાં (ભારે) ઘોડા ખેલાવનારો. તે કેમ સત્યાગ્રહનાં દુ:ખ સહન કરે?' બાપુ કહે કે, 'એ દીકરો ઘોડા ખેલાવે તે તમને ગમે કે હજારો માણસની સરદારી કરી ભારે સરકાર સામે ઝૂઝતો હોય તે તમને ગમે? તમે તમારા દીકરાને આટલો પંપાળશો, પણ કાલે એને શું થશે તેની તમને શી ખબર છે? તમે એને મખમલની તળાઈમાં ઘાલી રાખશો તેમાં તો એ મખમલના જેવો પોચો ગાભો જ રહેવાનો.' એની માને કહે, 'તમને ત્રીસ વર્ષના છોકરા પર આટલો અત્યાચાર ચલાવતાં કંપારી નથી છૂટતી? મને તો શરમ આવે. મેં તો સોળ વર્ષના મારા છોકરા થયા કે તેને મિત્ર ગણ્યા. આપણે કુટુંબના વાડાઓમાંથી ક્યારે નીકળીશું? આજકાલ આપણી માતાઓ જંતુઓ-જંતુડાંઓ જણે છે, દીકરાઓ નથી

જણતી.' પેલી બિચારી ગભરાઈ. ભોંઠી પડી ગઈ. અને પછી મોં જ નહીં બતાવ્યું.૨૪

પંડિતજીને (મદનમોહન માલવિયાજીને) ત્યાં ગયા. તેનાં પત્નીને ભાષણ આપ્યું:

'તમારે પંડિતજીને મર્દ બનાવવા જોઈએ. મને તબિયત સાચવવાનું શું કહો છો? પંડિતજી ક્યાં તબિયત સાચવે છે? — અને તબિયત નથી સાચવતા એટલે કઠણાઈ પણ એમનામાં નથી.' એટલે પેલી બિચારી કહે, 'વિલાયત જાને કી ભી બાત કર રહે હૈ. મુઝે તો વહ બિલકુલ પસંદ નહીં હૈ.' બાપુ કહે, 'હા બરોબર, એમાં હું તમને સોએ સો ટકા મળતો આવું છું. એમણે હરગિજ ત્યાં જવાની જરૂર નથી. તમારે અટકાવવા જ જોઈએ. ત્યાં એમનું કશું જ કામ નથી. અને હાલ તો જે ભારે જંગ મચાવ્યો છે તેમાં એમણે પડવું જોઈએ. આપણી આબરૂ જાય એવી વારી આવી છે. તમે તો તમારા દીકરાઓની આમાં આહુતિ આપી શકો એમ હું માગું છું. તમારું માતાપણું તેમાં છે.' એટલે માલવિયાજીના નાના છોકરા બોલ્યા, 'મહારાજને ઠીક કહા, અબ હમકો ભી જોર આયા. ઔર સત્યાગ્રહ મેં શામિલ હોને કો માતાજી ઇજાજત દેગી.' આવી ગમત ચાલે છે.૨૫

ગાંધીજી જ્યારે મોતીલાલજી અને તેમનાં પત્નીને જવાહરલાલજીને અસહકાર આંદોલનમાં પડવા દેવા સમજાવતા હતા ત્યારે લગભગ એ જ અરસામાં મહાદેવભાઈ જવાહરલાલજીની નાની બહેન કૃષ્ણા પર પોતાની ભૂરખી નાખી રહ્યા હતા. કૃષ્ણાબહેનના જ શબ્દોમાં:

'આ જ દિવસોમાં મેં માંસાહાર છોડ્યો. મને એનો ખૂબ ચટકો હતો ને એક દિવસે બપોરે મહાદેવભાઈ દેસાઈએ મને જમતી જોઈ. મારી થાળીમાં પીરસાયેલ જુદા જુદા પ્રકારની માંસની વાનગી જોઈને તેમને ભારે આંચકો લાગ્યો. અને ત્યાં ને ત્યાં જ તેમણે મને શાકાહાર વિશે એક લાંબું પ્રવચન સંભળાવ્યું. હું કાંઈ એમ સહેલાઈથી માનું એમ નહોતી. પણ મહાદેવભાઈએ દિવસોના દિવસો સુધી જ્યારે જ્યારે જુએ ત્યારે સમજાવવાનું ચાલુ રાખ્યું. મેં મારી મોટી બહેનના લગ્નની ઉજવણી ચાલુ હતી ત્યારે જ માંસ છોડી દીધું. એને લીધે મારી મા સિવાય બીજાં બધાંને ખૂબ અફસોસ થયો. મારી મા જોકે રાજીના રેડ થઈ ગઈ. એને માંસ જરાય નહોતું ગમતું અને એનું ચાલે તો એ કદી માંસને સ્પર્શ પણ ન કરત. એની માંદગી દરમિયાન એને બળજબરીથી શોરબા કે બીજા કોઈ રૂપમાં માંસ ખવડાવવામાં આવતું. ત્રણ વર્ષ સુધી

મેં કોઈ પણ પ્રકારનું માંસ ન ખાધું — જોકે મને ઘણી વાર એ ખાવાની લાલસા થતી. પછી એક ક્રિસમસમાં મારાં પિતરાઈ ભાઈબહેનો જોડે એકાદ અઠવાડિયું વિતાવવા ગઈ. એ બધાને માંસ આરોગતા જોઈને મારે સારુ લોભસંવરણ અશક્ય થઈ પડ્યું ને મેં નમતું જોખ્યું!'૨૬

હવે મહાદેવભાઈના ૭મી માર્ચ પછી લખેલા ઉપરોક્ત પત્રમાંથી એક રમૂજી પ્રસંગ ટાંકીએ:

'રામપુરમાં શૌકતઅલીને ત્યાં ઊતર્યા હતા. તેનું વર્ણન તો મેં જરાક આપી દીધું છે, મોટા જાડા જબરા કુતુબમિનાર જેવા. સ્ટેશન પર મને ભેટ્યા ત્યારે ખરે જ મને થયું કે મને કચડીને ચૂરેચૂરો કરશે, પણ બાળક જેવા પવિત્ર અને સરળ અને ખુશમિજાજ. એમણે નવાબને ત્યાં બાપુને માટે બકરી મોકલવાનું લખેલું. તેણે એક નહીં, બે નહીં અને અઢાર બકરીઓ મોકલેલી અને શૌકતઅલીએ એક મણ દૂધ રાખેલું. નવાબ એટલે અઢાર બકરી ન આપે તો એને શોભે?'૨૭

અસહકાર નિમિત્તે શરૂઆતમાં લોકજુવાળ આવ્યો હતો. મહાદેવ ગાંધીજી પાસે આવ્યા ત્યાર પછી ચાર વર્ષમાં તો ગાંધીજીને દેશના આખા રાજકારણ પર છાયી જતા તેમણે જોયા હતા. અલબત્ત, મહાદેવને આકર્ષણ ગાંધીજીની પ્રસિદ્ધિનું નહોતું. તેમને આકર્ષણ હતું તેમના સદ્ગુણોનું. તેથી મહાદેવ લોકઆંદોલનની ભરતીઓટથી વિચલિત થાય એમ નહોતા. તેમણે પોતાની જાતને જે વ્યક્તિને સમપી હતી તે તો 'सुखदःुखे समे कृत्वा, लाभालाभौ जया जयौ' ગણીને સ્થિર પગલે ચિત્તશુદ્ધિ અને રાષ્ટ્રમુક્તિની દિશામાં આગળ વધી રહી હતી. તેના મહાદેવ અહોનિશ સાક્ષી હતા. ગાંધીજીને કોઈ ભલુંભૂરું કહે તેથી મહાદેવ વ્યથિત થતા, સફળતા–નિષ્ફળતા કરતાં તેમને પીડા હતી લોકોની અજ્ઞાનતાની. છઠ્ઠી એપ્રિલે મુંબઈએ દેખાડેલ ઉત્સાહનું વર્ણન આપણે આગળ ઉપર જોઈ ગયા. એ જ માસની અંતિમ તારીખે — આ માસ દરમિયાન થયેલ ઘટનાઓ — જલિયાંવાલા બાગકાંડ, ગાંધીજીની ધરપકડ, મુંબઈ, ગુજરાત, પંજાબ, દિલ્હીમાં તોફાનો ને પોલીસ-અત્યાચાર, ટૂંકા ગાળા માટે આંદોલન મોકૂફ રાખવું, ગાંધીજીના ઉપવાસ વગેરે — ને લીધે એ મહાનગરીનું વાતાવરણ સાવ જુદું જ હતું. જુઓ એક પત્રમાં મહાદેવભાઈનું વર્ણન:

'અહીં સ્થિતિ બહુ વિષમ છે. જે ટોળાંઓ 'ગાંધીજી કી જૈ' કહીને થોડા દિવસ ઉપર ગાંડાતૂર હતાં તેઓ આજે ગાળોના વરસાદ વરસાવે છે. એકે દિવસ આ ગાળોથી ભરેલા કાગળો સિવાય જતો નથી. લડત બંધ પડી. (મુલતવી રહી) હૉર્નિમૅન ગયો.૨૮ ગયો તે તો જાણે કૂતરો મરી ગયો! યાદ રાખજો તમારા હાલ મિસિસ બેસંટ જેવા અને દીનશા વાચ્છા જેવા નહીં થાય તો! ગાંધી તો સરકારને વગર પૈસાનો જમાદાર મળ્યો છે! આખરે વાણિયાભાઈ કેની! સરકારથી દબાઈ ગયા, અને તે એવા દબાયા કે મિટિંગો પણ નથી કરવા દેતા. આપણે કાંઈ એના બાપનાં દેવાં નથી કીધાં. જેમ સરકારના ગુલામ નથી, તેમ ગાંધીના પણ ગુલામ નથી! હડતાળ પાડીશું, મિટિંગો ભરીશું, પોકારો કરીશું! ગાફેલ ટોળાંઓના અવાજના આ થોડા પડઘા છે. બાપુનું હૈયું કપાઈ જાય છે એમ જોઉં છું, પણ બેવકૂફ માણસોને પણ કલાકના કલાક સમજાવતાં અચકાતા નથી. એટલે હાલ તો War with darkness and the Powers of darkness — (અંધકાર અને અંધકારની તાકાતો સામે લડાઈ) ચાલી રહી છે. આ બધું જોઈને મને કેટલું દુ:ખ થાય છે તે કલ્પવાને તમારી સહૃદયતા પૂરતી છે. મને તો એમ લાગે છે કે આપણાં ગાંડાં ટોળાંઓ જ કોઈ દિવસ બાપુનો પ્રાણ લેશે — અને એ પોતાના સત્યનો અને ધર્મનો જય એમના પ્રાણત્યાગથી પુરવાર કરશે.'૨૯

પણ મુંબઈના લોકોની આ નિરાશા પણ ક્ષણિક પુરવાર થવાની હતી. ૧૯૨૧માં અસહકાર આંદોલનનું મોજું આખા દેશ પર ફેલાઈ જવાનું હતું. મુંબઈ તેમાં આગળ પડતો ભાગ લેવાનું હતું.

અસહકારનું આંદોલન દેશની આઝાદીની લડાઈના ઇતિહાસમાં અનોખું પાનું ઉઘાડી ગયું. તેણે સૌપ્રથમ તો દેશને અભયનો પાઠ પઢાવી લોકોને માટીમાંથી મર્દ બનાવ્યા. પિતાની આજ્ઞાને પણ અવગણીને જુવાનિયાઓને બલિદાનને પંથે નીકળી પડવા પ્રેર્યા. દેશના ભણેલાગણેલા લોકોનાં મનમાંથી જેલનો ભય કાઢ્યો. અંગ્રેજ સરકારની ધાક એ આંદોલનથી ઘટી. જો આપણે આઝાદીના આંદોલન ભણી પાછા વળીને નજર નાખીએ તો આપણને જણાઈ આવશે કે જ્યારે જ્યારે પણ ત્યાગ કે બલિદાનની હાકલ કરનાર આંદોલનો આવ્યાં છે (૧૯૨૧, ૧૯૩૦, ૧૯૪૨ જેવાં) ત્યારે તેમાંથી દેશને નવા સેવકોનો ફાલ મળ્યો છે. આ સેવકોએ પોતાના સ્વાર્થ

કરતાં સમાજની સેવાને વધારે મહત્ત્વ આપ્યું અને પરિણામે તેણે આખા દેશને અપૂર્વ જાગૃતિ અને ઉત્સાહ બક્ષ્યાં.

ગાંધીજીના પીર, બબર્ચી, ભિસ્તી અને સચિવ હોવા ઉપરાંત અસહકાર આંદોલનમાં મહાદેવભાઈનું એક આગવું પ્રદાન એક પત્રકાર તરીકે હતું તેની વાત આગળ ઉપર.

નોંધ:

૧. महादेवभाईनी डायरी – ૪ : પૃ. ૧૩૮.

૨. गाधीजीनो अक्षरदेह – ૧૫ : પૃ. ૧૦૬થી ૧૧૧માંથી સારવીને.

૩. गाधीजीनो अक्षरदेह – ૧૫ : પૃ. ૮૨.

૪. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૫૨ — પાદટીપ.

૫. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૬. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૫૩.

૭. ૭–૪–૧૯૧૯ના રોજ નરહરિ પરીખને લખેલા પત્રમાંથી, ગાંધી સ્મારક સંગ્રહાલયના પત્રસંગ્રહમાંથી.

૮. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૫૬–૫૭.

૯. गाधीजीनो अक्षरदेह – ૧૫ : પૃ. ૧૯૯.

૧૦. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના એક પત્ર ઉપરથી ચંદુલાલ દલાલ: स्व. महादेवभाई देसाई स्मृतिचित्रोः પૃ. ૫૧.

૧૧. ગાંધીજીના अनासक्तियोगનું મહાદેવભાઈએ કરેલું અંગ્રેજી રૂપાંતર.

૧૨. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૧૩. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૫૭–૫૮માંથી સારવીને.

૧૪. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૧૫. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૧૨૧થી ૧૩૦માંથી સારવીને.

૧૬. કૃષ્ણદાસે પોતાના અનુભવોનું વિવરણ सेवन मन्थ्स वथि महात्मा गाधी નામના ગ્રંથમાં આપ્યું છે.

૧૭. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૧૮. નાગપુર કૉંગ્રેસના વિગતવાર વર્ણન સારુ જુઓ મહાદેવભાઈની ડાયરી – ૫ : પૃ. ૪૫૭થી ૪૬૨.

૧૯. વજુભાઈ શાહ: સર્વ શુભોપમા યોગ્ય મહાદેવભાઈ: પૃ. ૩૭.

૨૦. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૨૧. એજન.

૨૨. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૨૩. અસહકારની પ્રતિજ્ઞા ૫૨.

૨૪. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૨૫. એજન.

૨૬. કૃષ્ણા હઠીસિંહ: વિથ નો રિગ્રેટ્સ: પૃ. ૧૬.

૨૭. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૨૮. બૉમ્બે ક્રૉનિકલના અંગ્રેજ તંત્રી જેમને હિંદમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

૨૯. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

# ઓગણીસ – પ્રેમની સત્તા વર્ણવું છું

ગાંધીજીના અંતરની અભિવ્યક્તિ આશ્રમો દ્વારા તો તેમની બાહ્યાભિવ્યક્તિ એમનાં પત્ર-પત્રિકાઓ દ્વારા થતી. જોકે એમના વ્યક્તિત્વમાં જેવો બાહ્યાભ્યંતર સમન્વય હતો તેવો સમન્વય આ બંને ક્ષેત્રોમાં પણ દેખાઈ આવતો. એટલે કે, સામાન્ય રીતે ગાંધીજીના ચિત્તશુદ્ધિ અને ગુણવિકાસ અંગેના પ્રયોગો આશ્રમોમાં થતા અને સમાજ, દેશ કે દુનિયાના પ્રશ્નો અંગેના તેમના વિચારો એમનાં સામયિકોમાં જોવા મળતા. પણ આફ્રિકા કે હિંદમાં એમનો કોઈ એવો આશ્રમ નહોતો કે જ્યાં કાર્યકર્તાના વિકાસની સાથે દેશના કોયડાઓનો સમન્વય ન સધાયો હોય, અને ગાંધીજીની કોઈ પત્રિકા એવી નહોતી કે જેમાં એમનું અંતરનિરીક્ષણ જોવા ન મળતું હોય. આમ આંતર્બાહ્ય બંને ક્ષેત્રોમાં અભેદ એ જ ગાંધીજીની મુખ્ય લાક્ષણિકતા ગણાવી શકાય.

સામાજિક કાર્યમાં પ્રવેશ કરતાંની સાથે જ ગાંધીજીને પોતાના વિચારો તથા કાર્યક્રમને જાહેર જનતા આગળ મૂકવા સારુ કોઈ ને કોઈ માધ્યમની જરૂર પડી હતી. શરૂઆતમાં તેઓ છાપાંઓજોગ પત્રો લખી અથવા કોઈ કોઈ વાર નિવેદનો બહાર પાડીને એ જરૂરિયાત પૂરી કરતા. પણ જેમ જેમ એમની પ્રવૃત્તિઓ વધતી ગઈ તેમ તેમ એમને પોતાના આગવા મુખપત્રની જરૂરિયાત લાગવા માંડી. એ જરૂરિયાતમાંથી શરૂ થયું इन्डियिन ओपीनयिन નામનું પત્ર, જેનાં લખાણો આજે એંશી વર્ષ પછી પણ અહિંસાના અભ્યાસીને સારુ ઉપયોગી સિદ્ધ થાય છે. इन्डियिन ओपीनयिन વિશેનાં ગાંધીજીનાં નીચેનાં વાક્યો તેમના દરેક કાર્યની આંતરબાહ્ય અભિન્નતાનાં દ્યોતક છે:

‘મારે હસ્તક હતું ત્યાં સુધીમાં એમાં થયેલા ફેરફારો મારી જિંદગીના ફેરફારો સૂચવનારા હતા. ... એક પણ શબ્દ મેં વગર વિચાર્યે, વગર તોળ્યે લખ્યો હોય... એવું

મને યાદ નથી. મારે સારુ એ છાપું સંયમની તાલીમ થઈ પડ્યું હતું. મિત્રોને સારુ મારા વિચારો જાણવાનું વાહન થઈ પડ્યું હતું... એ છાપા વિના સત્યાગ્રહની લડત ન ચાલી શકત.'૧

ભારતમાં આવતાંની સાથે જ ગાંધીજીએ કોઈ સામયિક શરૂ કર્યું નહોતું, કારણ છાપાં ચલાવવાં એ તેમનો વ્યવસાય નહોતો. પણ પરિસ્થિતિની જરૂરિયાતમાંથી પત્રકારત્વ એમની પાસે આવી પૂગ્યું.

શરૂઆતમાં તો અવારનવાર કોઈ ને કોઈ ચાલુ છાપાંઓમાં પત્ર, નિવેદન કે લેખ આપીને થઈ. આપણે જે ગાળાનો વિચાર કરી રહ્યા છીએ તે અરસામાં મુંબઈનું बॉम्बे क्रॉनकिल છાપું રાષ્ટ્રીય આંદોલનનું સમર્થક છાપું ગણાતું. તેના અંગ્રેજ તંત્રી, મિ. બેન્જામિન જી. હોર્નિમૅન, ભારતના સમર્થક હતા. તેમને અને તેમના છાપાને હોમરૂલ લીગ સાથે સહાનુભૂતિ હતી અને લીગના અનેક કાર્યક્રમોમાં તેઓ જાહેર રીતે ભળતા પણ ખરા. રૉલેટ કાયદા સામે પ્રચંડપણે ઝુંબેશ ચલાવીને તેમણે હિંદીઓમાં લોકપ્રિયતા મેળવી હતી અને અંગ્રેજ શાસકોના તેઓ અકારા બની ગયા હતા. ગાંધીજી આરંભમાં પોતાનાં નિવેદનો વગેરે बॉम्बे क्रॉनकिल મારફત પ્રસિદ્ધ કરતા. હોર્નિમૅનનાં આકરાં લખાણોથી સરકાર આકળી થઈ ગઈ હતી, પણ તેમની લોકપ્રિયતા જોતાં તેમના ઉપર જાહેરમાં કામ ચલાવવાની તેની હિંમત ચાલતી નહોતી તેથી તેમને રાતોરાત છાનામાના લઈ જઈ સ્ટીમરમાં બેસાડીને દેશપાર કરવામાં આવ્યા. बॉम्बे क्रॉनकिलની છાયા નીચે यंग इन्डयिा નામનું છાપું નીકળ્યું. તેની દેખરેખ રાખનાર શ્રી ઉમર સોબાની અને શ્રી શંકરલાલ બૅંકર હોમરૂલ લીગની મુંબઈની શાખાના આગેવાનો હતા. મહાદેવભાઈના વિદ્યાર્થીકાળના જિગરી દોસ્ત શ્રી સૈયદ અબદુલ્લા બ્રેલ્વી હોર્નિમૅનના દેશનિકાલ પછી बॉम्बे क्रॉनकिलના તંત્રી બન્યા, પણ તેમને પણ છાપું ચલાવવામાં સરકાર દ્વારા રોજ ને રોજ કાંઈક ને કાંઈક કનડગત કરવામાં આવતી. થોડા વખતમાં बॉम्बे क्रॉनकिल બંધ કરવામાં આવ્યું. આવી હાલત જોતાં શ્રી બૅંકર અને સોબાનીએ ક્રમસે ક્રમ यंग इन्डयिाનો વહીવટ ગાંધીજીએ સંભાળી લેવો એવો આગ્રહ કર્યો. હોર્નિમૅનના ગયા પછી क्रॉनकिलમાં ગાંધીજી એમેય વધુ ધ્યાન રાખતા હતા. તેઓ પોતે પણ પોતાના વિચારો નિયમિત રીતે લોકો આગળ પહોંચાડવા સારુ કોઈક મુખપત્ર ચલાવવાના વિચારમાં જ હતા. અંતે તેમણે यंग इन्डयिाના

પ્રકાશનની જવાબદારી સ્વીકારી. ૨૬મી એપ્રિલ, ૧૯૧૯ને રોજ હોર્નિમૅનને દેશ છોડી જવાનો હુકમ અપાયો. ૭મી મેને દિવસે यंग इन्डियाનું ગાંધીજીની દેખરેખ હેઠળનું નવું સંસ્કરણ મુંબઈથી નીકળ્યું. દર બુધ અને શનિવારે તે પ્રગટ થવા લાગ્યું. આ વ્યવસ્થામાં સ્વાભાવિક રીતે જ, દેખરેખ અને માર્ગદર્શન ગાંધીજીનું હતું, પણ મહેનત તો મહાદેવભાઈની જ હોય ને! મેથી ઑક્ટોબર સુધી આ છાપું મુંબઈથી નીકળ્યું. તે ગાળામાં ભાતવાડીમાં ભાડાનું મકાન રાખીને મહાદેવભાઈને મુંબઈ આવીને રહેવું પડ્યું. થોડા વખતમાં बॉम्बे क्रॉनिकल ફરી ચાલુ થયું એટલે यंग इन्डियाને અઠવાડિક કરવામાં આવ્યું. ગાંધીજીને એકલી અંગ્રેજી ભાષાનું છાપું પોતાની પાસે હોય તે કેમ ચાલે? તેઓ તો પોતાના વિચારો લોક પાસે લોકભાષામાં પહોંચાડનારા રહ્યા. તેથી તેમણે થોડા વખતમાં જ અમદાવાદથી એક ગુજરાતી અઠવાડિક પણ કાઢવાનું નક્કી કર્યું. આ છાપું પણ એમ તો यंग इन्डियाની માફક બૅંકર, સોબાની વગેરે મિત્રોના વહીવટ હેઠળ હતું. તે नवजीवन अने सत्य નામનું માસિક હતું, જેને શ્રી ઇંદુલાલ યાજ્ઞિક ચલાવતા હતા. પેલા મિત્રોએ તે માસિક ગાંધીજીને સોંપ્યું. ગાંધીજીએ માસિકને સાપ્તાહિક બનાવ્યું અને તેનું નામ ટૂંકાવીને नवजीवन રાખ્યું. ૧૯૧૯ના સપ્ટેમ્બર માસની ૭મી તારીખથી ગાંધીજીના તંત્રીપણા હેઠળ नवजीवन સાપ્તાહિક અમદાવાદથી નીકળવા લાગ્યું.

नवजीवन અને यंग इन्डिया બંને સાપ્તાહિકો જ્યારથી ગાંધીજીના વહીવટ નીચે આવ્યાં ત્યારથી તે પ્રગટ કરવા પાછળ મહાદેવભાઈનો અથાગ પરિશ્રમ કામ લાગતો. તે શરૂ થતાંની સાથે અગાઉ नवजीवन अने सत्य માસિકને (અનામત ન લેવા વગેરેની) જે છૂટ આપવામાં આવી હતી તે સરકારે પાછી ખેંચી લીધી. જાણે કે ગાંધીજીએ તંત્રીપણું લીધું એટલાથી જ नवजीवन છૂટ ખોઈ બેઠું.

પણ સરકાર नवजीवन વિશે જેટલી ચિંતિત હતી, તેટલી જ જનતા એને વિશે ઉત્સુક હતી. તેના પહેલા અંકની જ પાંચ હજાર નકલો ખપી ગઈ, અને બીજા અંકથી વધારેની માગ આવવા લાગી.

यंग इन्डिया મુંબઈથી અને नवजीवन અમદાવાદથી નીકળતું ત્યારે શરૂઆતમાં તો મહાદેવભાઈની દોડાદોડી અમદાવાદ–મુંબઈ વચ્ચે ચાલતી. સ્વામી આનંદનો ધરખમ ટેકો મળ્યો તેને લીધે જ મહાદેવભાઈ મુંબઈ જઈને यंग इन्डियाનું તંત્ર સંભાળવાનું વિચારી શક્યા. પણ સદ્‌ભાગ્યે તેમને મુંબઈ ઝાઝું રહેવાનું થયું નહીં.

નવજીવન શરૂ થયું ત્યાર પછી ૮મી ઑક્ટોબરથી યંગ ઇન્ડિયાને પણ અઠવાડિક બનાવીને તેને અમદાવાદથી બહાર પાડવાનો નિર્ણય થયો. ત્યાર સુધીમાં નવજીવનનું પોતાનું પ્રેસ થઈ ચૂક્યું હતું. પોતાનો સ્વતંત્ર પ્રેસ વસાવવા અંગે ગાંધીજીએ લખ્યું છે:

'આવાં છાપાંને સ્વતંત્ર છાપખાનું જોઈએ, એ તો મેં ઇન્ડિયન ઓપીનિયનને વિશે જ અનુભવ્યું હતું. વળી અહીંના એક વખતના કાયદા એવા હતા કે, મારે જે વિચારો પ્રગટ કરવા હોય તે વ્યાપારી દૃષ્ટિએ ચાલતા છાપખાનાવાળા છાપતાં સંકોચાય. એ પણ છાપખાનું વસાવવાનું પ્રબળ કારણ હતું.'૨

યંગ ઇન્ડિયા અને નવજીવન દ્વારા મહાદેવભાઈએ પત્રકારત્વમાં પ્રવેશ કર્યો. પોતાની અસાધારણ પ્રતિભા અને અથાગ મહેનત તથા ગાંધીજીના વિચારો તથા જીવનની ઉદાત્તતાના સ્પર્શથી આગળ જતાં મહાદેવભાઈ દેશના એક ઉત્તમ પત્રકાર તરીકે જાણીતા થયા.

આ છાપાંઓ ચલાવવા પાછળ ગાંધીજીનો મુખ્ય આશય જીવન અંગેના, રાષ્ટ્ર અંગેના તથા આખી સભ્યતા અંગેના પોતાના વિચારોને દેશ અને દુનિયા આગળ મૂકવા એ હતા. આ વિચારોમાં કેટલાક સ્થાયી મહત્ત્વના હતા, અને કેટલાક સમય સમય પર પરિસ્થિતિમાંથી ઉદ્ભવતા સામયિક મહત્ત્વના હતા. બંનેનો વિવેક કરી દરેક અંકની જરૂરિયાત મુજબ તેને ઓછાવત્તા પ્રમાણમાં એના મહત્ત્વ મુજબ યોગ્ય સ્થાન આપવાનું કામ મહાદેવભાઈ, સ્વામી આનંદ કે જુદે જુદે સમયે મુદ્રણાલય સાથે સંકળાયેલા લોકોનું હતું. આ ઉપરાંત શરૂઆતથી જ આ છાપાંઓમાં પોતાની નોંધો કે લેખો આપવાની જવાબદારી પણ મહાદેવભાઈની રહેતી.

ચંપારણના અનુભવે ગાંધીજીએ એક વાર પોતાના ભત્રીજા શ્રી જમનાદાસ ખુશાલચંદ ગાંધીને લખ્યું: 'મારી પ્રવૃત્તિઓ વધતી જાય છે. મારો પારો ચડેલો છે તે દરમિયાન મારા જે જે આદર્શો છે તેની ઓળખ દેશને આપી દેવામાં મને ખપાવી દઉં છું.'૩ ચંપારણ વખતે ગાંધીજીએ જે પારાને ચડતો માન્યો તે પારો આગળ ઉપર ઉત્તરોત્તર ચડતો ગયો. એમના જે આદર્શો હતા, તેને દેશ આગળ રજૂ કરવાનું સાધન તે યંગ ઇન્ડિયા, નવજીવન અને પાછળથી હરિજનબંધુ, હરિજન વગેરે પત્રો. દેશ અને દુનિયાને જો કોઈ એક ભેટવસ્તુ ગાંધીજી આપતા ગયા હોય તો તે સત્યાગ્રહ. આ સત્યાગ્રહનાં વિવિધ પાસાં સમજાવતાં તેઓ કદી થાકતા નહોતા. અને પોતાની ઢબે એનું

વર્ણન, સ્પષ્ટીકરણ કે ભાષ્ય કરતાં મહાદેવભાઈ કદી થાકતા નહોતા. ગાંધીજી કહેતા કે સત્યાગ્રહનો હેતુ લોકોને હિંમતવાન અને સ્વતંત્ર બનાવવાનો છે. ખરેખર, સત્યાગ્રહની મારફત દેશને ગાંધીજીએ જો સૌથી મોટી કોઈ ચીજ આપી હોય તો તે અભય.

મહાદેવભાઈને यंग इन्डिया અને नवजीवनના કામમાં જાણે કે પોતાનું જીવનકાર્ય પાર પાડવાનું મુખ્ય સાધન મળી ગયું.

કોઈકે એક વાર ગાંધીજીને એક લાંબા કાગળમાં લખ્યું:

'તમારી પાસે રહેનારા તમારી સ્તુતિ અને કીર્તનથી नवजीवन ભરે એ તમે કેમ સાંખી શકો? અમારે તો ઉપદેશ જોઈએ. તમારાં કીર્તનનાં ટાયલાં નથી સાંભળવાં.'

મહાદેવભાઈ એ કાગળ વાંચીને ગાંધીજી આગળ ખૂબ રોયા. શુભ હેતુને પણ લોકો આમ વગોવે? એમણે ગાંધીજીને કહ્યું: 'મારા લખાણથી તમને ઝાંખપ આવે તો હું લખવાનું બંધ કરું.' ગાંધીજીએ કહ્યું: 'મને કશું એવું નથી લાગતું. તમે જેમ લખો છો તેમ લખો. આરોપો તો લોકો કર્યા જ કરવાના. આપણે સૌને શી રીતે રાજી રાખીએ?' મહાદેવભાઈ વલ્લભભાઈને ઉદ્દેશીને લખેલા એક પત્રમાં આનો ઉલ્લેખ કરી પૂછે છે:

'માણસો બાપુ વિશે બધું જાણવાને આતુર હોય છે — તો હું તે વિશે ન લખું? ઝઘડાઓ વિશે લખું? શાસ્ત્રચર્ચા કરું? અને હું કોની સ્તુતિ કરું છું? હું તો પ્રેમની સત્તા વર્ણવું છું. તમને મારા લખાણમાં કાંઈ માઠું લાગતું હોય તો જણાવજો.'[૪]

ગાંધીજીના ટેકાથી લખવા અંગે સંકોચ જતાં વાર ન લાગી — ટૂંક અરસામાં તો મહાદેવભાઈના લેખોની લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોવા લાગ્યા. અસહકાર આંદોલનને લીધે એમેય नवजीवन અને यंग इन्डियाની માગણી ખૂબ હતી, ગાંધીજીના લેખો દેશના પત્રકારત્વમાં એક વિશિષ્ટ ભાત પાડતા. મહાદેવની કલમે ગાંધીજીનાં છાપાંઓને વિશેષ ઓપ આપ્યો.

આખા દેશમાં ગાંધીજી સાથે ફરવાને લીધે દેશનેતાઓને મહાદેવભાઈ સાથે ઓળખાણ થઈ ગઈ. ગાંધીજીને આવા યોગ્ય સચિવ મળી ગયા એ જોઈને નેતાઓ પૈકી બે વડીલોને થોડો લોભ પણ થયેલો. દેશબંધુ ચિત્તરંજન દાસ અને પંડિત મોતીલાલ નેહરુ બંને ગાંધીજી પાસે મહાદેવભાઈની સેવાઓની માગણી કરી ચૂક્યા હતા. ગાંધીજી પણ માનતા હતા કે મહાદેવને થોડો વખત બહાર જઈને બીજા વાતાવરણમાં, પોતાનું આલંબન લીધા વિના, સ્વતંત્રપણે કામ કરવાથી તેમની યોગ્યતા વધશે.

મોતીલાલજીએ અલાહાબાદમાં ૫–૨–૧૯૧૯થી इन्डपिन्डन्ट નામનું એક અંગ્રેજી છાપું શરૂ કરેલું. મોટા નેતાઓ પોતપોતાના વિચારોનું પ્રતિપાદન કરવા સારુ પોતાનું છાપું ચલાવે એ પરંપરા ત્યારે શરૂ થઈ ચૂકેલી હતી. મોતીલાલજી તે છાપું સૈયદહુસૈન નામના એક સજ્જનના તંત્રીપણા હેઠળ ચલાવતા હતા. પણ ટિળક મહારાજ જેમ कसेरी કે मराठाને પોતાના પ્રચારનાં મુખ્ય માધ્યમો ગણી તેને સારુ મહેનત કરતા હતા, કે ગાંધીજી यंग इन्डयिा કે नवजीवन સારુ પોતાના પ્રાણ રેડતા હતા, તેમ મોતીલાલજી નહોતા કરતા. તેઓ તંત્રીઓ પાસે કામ લેતા. બે વરસના ટૂંકા ગાળામાં જ इन्डपिन्डन्टમાં પ્રથમ સૈયદહુસૈન, પછી સી. એસ. રંગા આયંગર અને ત્યાર બાદ જ્યૉર્જ જોસેફે તંત્રી તરીકેની ફરજ બજાવી હતી. મોતીલાલજી પોતે इन्डपिन्डन्ट ચલાવવા સમય કાઢતા નહીં, પણ તેઓ તેની નીતિ નક્કી કરતા અને અવારનવાર એને અંગે મૂલ્યાંકન કરતા રહેતા. તેમને જે ઢબે इन्डपिन्डन्ट નીકળતું હતું તેનાથી પૂરો સંતોષ થતો નહીં. મહાદેવ જેવો કોઈ તેજસ્વી જુવાનિયો તંત્રી તરીકે મળી જાય તો એનાથી इन्डपिन्डन्ट શોભી ઊઠે એવું તેઓ માનતા હતા. એટલે અવારનવાર તેઓ ગાંધીજી પાસે મહાદેવની માગણી કરતા રહ ેતા.

नवजीवनનો પહેલો અંક કાઢવા મહાદેવભાઈ અમદાવાદ ગયેલા. પણ ત્યારે यंग इन्डयिा મુંબઈથી નીકળતું અને તેની મુખ્ય જવાબદારી મહાદેવભાઈની રહેતી તેથી તેમણે મુંબઈ રહેવાનું શરૂ કરેલું એ આપણે આગળ ઉપર જોઈ ગયા. नवजीवनએ સ્વતંત્ર પ્રેસ ખરીદી લીધું અને તે પોતાના છાપખાનામાં છપાવા લાગ્યું ત્યાર પછી यंग इन्डयिा પણ અમદાવાદથી કાઢવાનો નિર્ણય થયો હતો. બંનેના તંત્રી ગાંધીજી હતા પણ કાર્યભાર સંભાળવાની ખાસ્સી જવાબદારી મહાદેવભાઈની હતી. આ અંગે મુંબઈ તથા અમદાવાદ બંને ઠેકાણે મહાદેવભાઈને ઘણી વાર મોડી રાત સુધી ઉજાગરા વેઠવા પડતા. મુંબઈમાં તો ઘણી વાર પ્રેસમાંથી છૂટા થતાં મોડું થાય ત્યારે મહાદેવભાઈ ભાતવાડીમાં રાખેલા પોતાના મકાન સુધી ન જતાં રસ્તામાં આવતા શ્રી મથુરાદાસ ત્રિકમજીને ત્યાં રાત ગાળતા. અમદાવાદમાં તેઓ ઘોડાગાડીમાં બેસીને મોડી રાતે પણ આશ્રમમાં આવતા. દુર્ગાબહેન તેમને સારુ મોડે સુધી પણ જમ્યા વિના વાટ જોતાં બેઠાં રહેતાં.

મુંબઈ હતા તે દરમિયાન પિતાજીની તબિયત વિશે મહાદેવભાઈને ચિંતા રહેતી.

તેઓ અવારનવાર તેમની ખબર કાઢવા દિહેણ પણ જઈ આવતા. પણ માથે ચિંતા ઉપરાંત છાપું કાઢવાનો ભાર, તેથી તેમની પોતાની તબિયત ઉપર પણ એની અસર જણાઈ. ગાંધીજીએ પણ એકબે વાર તબિયત જાળવવાની ચેતવણી આપેલી. ૧૯૧૯ના અંતમાં મહાદેવભાઈ માંદા પડ્યા. પાછળથી તે માંદગી ટાઇફૉઈડની હતી એમ જાણ થઈ. એ આપણે આગળ ઉપર જોઈ ગયા છીએ.

આ છાપાંઓને નિમિત્તે મહાદેવભાઈને કેટલીક વાર ગાંધીજીથી જુદા રહેવાનું થતું. ત્યારે તેઓ यंग इन्डिया કે नवजीवनનો પોતે કાઢેલો અંક ગાંધીજીને મોકલાવતા અને તેમનો અભિપ્રાય માગતા. नवजीवनનો જે કોઈ અંક ગાંધીજી એકલા કાઢે તો તેઓ પણ એવા અંકો અંગે મહાદેવભાઈની ટીકાટિપ્પણીની અપેક્ષા રાખતા. यंग इन्डियाથી માંડીને हरजिन સુધી જ્યારે જ્યારે પણ સાથે રહીને અંક કાઢ્યો છે ત્યારે ત્યારે બંને પોતપોતાના લેખો છાપતાં પહેલાં બીજાને જોવા આપીને છેવટની સંમતિ મેળવતા.

જૂન ૧૯૧૯માં यंग इन्डियाનો એવો અંક મોકલતાં મહાદેવભાઈ ગાંધીજીને લખે છે:

'यंग इन्डिया મોકલું છું. અંદર ગાડેગાડાં ખામીઓ જોઉં છું. ત્રણ હાથે થયેલ કામને લીધે ઘણી છે. રાત્રે જઈને ખાસ કરીને લીડરો અને કેટલોક ભાગ તો હું જોઈ ગયો. મુખ્ય લીડર 'સ્વદેશી'માં કેટલીક ક્ષમ્ય અને કેટલીક અક્ષમ્ય ભૂલો રહી ગયેલી મેં જોઈ. પટવર્ધને ફાઇનલ કરીને આપી દીધેલા એટલે પ્રેસવાળા ગણગણવા લાગ્યા, પણ સુધારા કર્યા. તદ્દન નવા માણસને બધું નહીં સોંપી શકાય એમ આ બતાવે છે.'૬

ગાંધીજી કદાચ પકડાઈ પણ જાય એમ માની મહાદેવભાઈ આગળ લખે છે:

'અને હવે પંજાબના સવાલ પર આવું છું. હું અંદર 'ઇન્ટરેસ્ટેડ પાર્ટી' [હિત ધરાવતો પક્ષ] છું એટલે મારાથી કેમ બોલાય? અત્યાર સુધી એ જ લાગણીથી હું ચૂપ રહ્યો છું. પણ એ સવાલનો ફડચો આપ કરવામાં જ હશો, અને રખેને મને અન્યાય થઈ જાય એમ માનીને બે શબ્દ લખું છું. આપને કોઈ માણસ રાખવાની રજા મળે તો આપે મને જ લઈ લેવો જોઈએ એમ કહેવાનાં પાર વિનાનાં મારી પાસે કારણો છે. એમાંનાં ઘણાં કારણો આપની કલ્પનામાં હશે, પણ એક જ કારણ જે આપના ખ્યાલમાં નહીં હોય તે આગળ ધરું છું. આપની સાથે રહ્યો ત્યારથી મારા શરીરનો ઠીક ખર્ચ કર્યો છે એમ મને લાગે

છે. તેમ થવાનું એક કારણ મારી ભૂલ અને બીજું કારણ મારી હોંશ. મને પણ જરાક આરામની જરૂર છે — આપને તો છે જ, અને જેલ સિવાય આપણે માટે બીજે ક્યાં આરામ છે? શંકરલાલ બૅંકરની આગળ મારે વિશે ઘટતું-અઘટતું કેટલુંક આપ બોલ્યા તેમાં (એક) વસ્તુ તદ્દન સાચી કહેલી અને તે એ જ કે હું મહાદેવને यंग इन्डियाમાં એકલો કામ કરવા દઉં તો એ જરૂર મરી જાય. આપના ગયા પછી આ વાક્ય, મને બીજા જોડિયાઓ મળે તોપણ, વધારે સાચું પડવાનો સંભવ રહે. મથુરાદાસ સવારે કહેતા કે, ‘ગઈ રાતે તમે ઊંઘમાં બોલતા હતા કે ‘બરોબર પ્રૂફ સુધારો,’ ‘ભૂલ ન રહે’ ઇત્યાદિ. यंग इन्डियाથી બહાર આપના વિના રહેવું મને અસહ્ય થઈ પડશે. જેલના અનુભવો પણ જબ્બર છે. એ અનુભવો આપની સાથે મેળવવાનો મારો પ્રિવિલેજ (વિશેષાધિકાર) છે એમ હું માનું છું. મારી ભૂલ થતી હોય એવો સંભવ છે. પણ આપ આ બધી વાતો વિચારશો એવી વિનંતી છે.’૬

જેલમાં જવાનો વારો તરત આવી પહોંચશે એમ જણાયું. અમદાવાદના કેટલાક વકીલોએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરી હતી. અમદાવાદના ડિસ્ટ્રિક્ટ જજે આ અંગે કાંઈ કરવા જેવું છે કે નહીં એમ પુછાવતો પત્ર મુંબઈની હાઈકોર્ટને લખ્યો. તે यंग इन्डियाના તા. ૬–૮–’૧૯ના અંકમાં છાપવામાં આવ્યો અને એ જ અંકમાં Shaking civil Resisters નામનો ગાંધીજીનો એક લેખ પણ છપાયો. આ બંને ગુનાઓ માટે માફી માગવા, તંત્રી તરીકે ગાંધીજી અને પ્રકાશક તરીકે મહાદેવભાઈને હાઈકોર્ટે સૂચના કરી. પણ બંનેએ એ સૂચનાને અવગણી. તેથી બંને પર કોર્ટના તિરસ્કારની ફરિયાદ મૂકવામાં આવી. આ નિમિત્તે કદાચ બંનેને થોડીઘણી જેલ ભોગવવી પડશે એવી આશા જાગેલી. પણ હાઈકોર્ટે માત્ર ઠપકો આપીને જતા કર્યા!’૭

नवजीवनના ૭–૯–’૧૯ના પહેલા જ અંકમાં ગાંધીજીએ આગ્રહ કરીને દુર્ગાબહેન અને મણિબહેન પરીખના લેખો છાપ્યા. ગાંધીજીએ પોતાના સાપ્તાહિકના પહેલા જ અંકમાં સાવ ઓછું ભણેલી બહેનોના લેખો લઈને એક પરાક્રમ જ કર્યું. બહેનો ભણી ભલે ઓછું હોય, પણ અનુભવમાં એ પુરુષોથી જરાય ઓછી નથી, તથા અનુભવને આધારે ઘડાયેલું સાહિત્ય એ લલિત સાહિત્યની બરાબરી કરી શકે એ વાતની ખાતરી ગાંધીજીએ ભારતમાં પોતે શરૂ કરેલા પહેલા પત્રના પહેલા અંકમાં જ કરાવી. આનાથી બહેનોનો આત્મવિશ્વાસ પણ વધ્યો હશે.

આ બાબત મણિબહેનનું મંતવ્ય જેટલું સરળ છે તેટલું જ તે ચોટડૂક પણ છે:

'આ અરસામાં બાપુએ છાપું કાઢવાનો વિચાર કર્યો. ઇન્દુલાલ યાજ્ઞિક નવજીવન૮ નામનું છાપું કાઢતા હતા. તે એમણે બાપુને આપી દીધું. પહેલા નવજીવનમાં બાપુએ અમારી બહેનો પાસેથી લેખો લીધા. બાપુએ મહાદેવભાઈ પાસે કહેવડાવ્યું કે બધી બહેનો લેખો લખે. અમે તો ગભરાયાં. અમને લેખ લખતાં ક્યાંથી આવડે? એટલે મહાદેવભાઈએ બાપુને કહ્યું કે: "બહેનો કહે છે કે અમે શું લખીએ? અમને તો લખતાં આવડતું નથી." એટલે બાપુએ કહ્યું કે: "કાશી૯ને કહો કે આફ્રિકાની જેલનો અનુભવ લખે, દુર્ગાને કહો કે પેરિનબહેનને રેંટિયો શીખવવા ગઈ હતી તેની વાત લખે. ગોમતી૧૦ને કહો કે એના રોટલા કૂતરા ખાઈ ગયા હતા તે લખે અને મણિને કહો કે એ છાત્રાલય ચલાવે છે એના અનુભવ લખે. હું બધું સુધારી આપીશ." આમ કરીને બાપુએ અમને લખવા માટે તૈયાર કર્યાં. એમણે સુધાર્યું ને નવજીવનનો અંક તૈયાર કર્યો.'

ગાંધીજીએ તો નવજીવન વિશે મહાદેવની ટીકા માગી જ હતી. પહેલા અંકે જ મહાદેવે ટીકા કરી, જેને ગાંધીજીએ આવકારી:

'તમારો કાગળ, ટીકા વગેરે પહોંચ્યાં. ... દુર્ગા પછી ગૌરી તો મને પણ ખટક્યું. પણ લખાઈ ગયું ને મેં તો છાપામાં જોયું એટલે જ સૂઝ્યું. મણિ પછી ગૌરી કરી છેકી નાખ્યું. દુર્ગા મહાદેવ શોભ્યું નહીં, પણ આપણે શોભાનો વિચાર ન કરી શકીએ એમ હું માનું છું. બાકીની કેટલીક ખામીઓ તમે બતાવી છે તે દૂર થઈ શકતી હતી. ભાઈ ઇન્દુલાલને પછી વંચાવી છે...'૧૧

બીજા જ અંક પછી ગાંધીજી ટીકાની પાછી ઉઘરાણી કરે છે:

'નવજીવન ઉપરની ટીકા તમારે મોકલવી જોઈતી જ હતી. દરેક અંકની મોકલવી જ. હું માંદો હોઉં કે સાજો, જ્યાં સુધી નવજીવનનું તંત્રીપણું ડહોળું ત્યાં સુધી ટીકા મેળવ્યા વગર કેમ ચાલે?'૧૨

મહાદેવના જીવનનો મૂળ રસ તો સ્વાર્પણનો. એને અંગે ગાંધીજી સાથે અવારનવાર પત્રો દ્વારા પણ સંવાદ ચાલતો. બિહારમાં ગયાથી ૧૩મી ઑગસ્ટ, ૧૯૨૧ને રોજ ગાંધીજીએ એક પત્ર લખ્યો છે. મૂળ અલાહાબાદથી લખેલ મહાદેવના જે પત્રના જવાબમાં તે લખાયેલો છે તે અત્યારે ઉપલબ્ધ નથી. પરંતુ નીચેના જવાબ ઉપરથી પણ એની કલ્પના આવે તેમ છે:

'સ્વાર્પણમાં ઉત્પન્ન કરવાની શક્તિ જતી નથી, ન જવી જોઈએ. સ્વાર્પણનો અર્થ એટલો જ છે કે મનુષ્ય પોતાની તુચ્છતા સમજે છે ને તેથી જેની ઉપર પોતાનો ભરોસો છે તેનો આધાર લે છે. શંકાશીલ હોય ત્યારે પોતાનો કક્કો ખરો રાખવાને બદલે પોતાના સામાનો ખરો થવા દે છે. અર્જુને કૃષ્ણને ખીજવવામાં મણા ન રાખી. કાચબો ભક્ત હતો. કાચબીએ છેલ્લી ઘડી સુધી ઈશ્વરનું નામ લીધું... (શબ્દ ઊકલતો નથી) તેને સલાહ દેનારાને હડધૂત કરી કાઢી મૂક્યા પણ ઈશ્વરની સાથે તો તકરાર કર્યા જ કરી. સ્વાર્પણનો અર્થ એ નથી કે વિચારશક્તિને ખોવી. શુદ્ધ સ્વાર્પણ મંદતા નથી, તીવ્રતા છે. છેવટનો આધાર તો છે જ એમ જાણી મનુષ્ય હજારો અખતરા મર્યાદામાં રહીને કર્યા જ કરે છે. પણ તે બધામાં નમ્રતા હોય છે, જ્ઞાન હોય છે, વિવેક હોય છે. મગનલાલનું સ્વાર્પણ હું ભારે ગણું છું. પણ વિચારશક્તિ તેણે કદી છોડી નથી. ... તમારું કામ જ નોખું છે, તમારામાં સાહસની ખામી છે એટલે આધાર મળ્યે સાહસને જ ખોઈ બેસો છો. ઘણું વાંચવાથી તમારી ઉન્નતશક્તિ મંદ થઈ છે તેથી જ તમે આસિસ્ટંટ થવા ઇચ્છો છો. માણસ સ્વતંત્ર કામ કરવા ઇચ્છતો છતાં અતિ નમ્ર હોઈ શકે.'૧૩

વાચકને સમજાયું હશે કે આ પત્રનો સંદર્ભ શો છે. ગાંધીજીએ મોતીલાલજીની માગણીને સ્વીકારી મહાદેવને इन्डिपेन्डन्ट છાપું ચલાવવા સારુ અલાહાબાદ મોકલ્યા છે. મહાદેવ ગાંધીજીની પડખે રહેવા ઇચ્છે છે. ગાંધીજી આગળ જતાં એ જ કાગળમાં કહે છે:

'તમે જે દૃષ્ટિએ મારી સાથે રહેવાનું ઇચ્છી રહ્યા છો એ નિર્મળ છે, પણ ભૂલભરેલી છે. તમે તો કેવળ પશ્ચિમનું અનુકરણ ઇચ્છ્યું. જો મારા કામની નોંધ રહી જાય એટલા ઇરાદાથી હું કોઈને સાથે રાખ્યા જ કરું તો હું પોતે કૃત્રિમ બની જાઉં. સહેજે કોઈ રહે ને અદૃશ્ય રીતે નોંધ લે એ એક વાત ને ઇરાદાપૂર્વક બધી નોંધ રાખે એ બીજી. રામની નોંધ કોણે લીધી? ન લેવાઈ એથી કાંઈ હાનિ ન થઈ. જોનસનની ખૂબ લેવાઈ તેથી કંઈ જગતને અનન્ય લાભ થયો હોય એમ હું નથી જોતો. કેવળ સાહિત્યની દૃષ્ટિએ આપણે આ વસ્તુને જોતા જ નથી. પણ તમને હું હંમેશાંને સારુ મારી સાથે ઇચ્છું ખરો. તમારી ગ્રહણશક્તિ ને તૈયારી સરસ છે. તેથી તમે મારી બધી વસ્તુ જાણી લો એમ ઇચ્છું છું. મારામાં વિચારો ઘણા ભર્યા છે. પણ તે પ્રસંગોપાત્ત જ નીકળે છે. કેટલીક સૂક્ષ્મતા કોઈ જોઈ નથી શકતું. વસંતરામ શાસ્ત્રીના કાગળ ઉપરની મારી નિર્મળ ટીકા ન કાકા

સમજ્યા, ન સ્વામી સમજ્યા. તમે તેઓના કરતાં કંઈક વિશેષ સમજ્યા. એ ટીકામાં મારી મૃદુતા રહેલી તે ન જોવાઈ તેથી તમારા જેવું માણસ હંમેશાં મારી સાથે હોય તો છેવટે મારું કામ ઉપાડી શકે એવો લોભ રહી જાય છે. તમને હજુ ખાસ એક જ કામમાં રોકી લેવાની ઇચ્છા નથી થતી, પણ તમારી પાસે અનુભવો લેવરાવવા. વળી તમે જેઓને હું ઓળખું તે બધાના પ્રસંગમાં આવી જાઓ તો ભવિષ્યની પ્રવૃત્તિઓ સહેલાઈથી ચાલે.'૧૩

આ પત્ર પરથી સ્પષ્ટ છે કે ગાંધીજીએ મહાદેવભાઈને મોતીલાલજી પાસે મોકલ્યા તે કાયમને માટે નહોતા મોકલ્યા. મોતીલાલજી જેવા એક બુઝુર્ગ નેતા જો અસહકાર આંદોલન પાછળ શક્તિ લગાડે તો સ્વરાજ્ય માટેની અહિંસક લડાઈને મોટું બળ મળે. એ મેળવવા સારુ ગાંધીજી પોતાના સૌથી ઉપયોગી થતા સાથીને પણ થોડા સમય પૂરતા એમને સોંપવા તૈયાર હતા. બીજી તરફથી એમની એ પણ ગણતરી હતી કે મહાદેવ જે થોડો સમય સ્વતંત્રપણે, કોઈનો આધાર લીધા વિના, કામ કરશે તો એની શક્તિ વધુ ખીલશે, અને તેથી પોતે એમને માટે જે કામ વિચારે છે તેને સારુ વધુ યોગ્ય થઈને પાછા આવશે. એ કામ અંગે પણ એમની ધારણા સ્પષ્ટ હતી કે તેઓ માત્ર પોતાનાં વચનોની નોંધ રખાવવા નહોતા ઇચ્છતા, પણ જતે દિવસે પોતાને જે દુનિયાને આપવાનું છે એમ માનતા હતા, તે ખૂબ સમજીકરીને સારી રીતે દુનિયા આગળ રજૂ થાય એમ ઇચ્છતા હતા. અલાહાબાદ જઈને इन्डिपेन्डन्टનું કામ સંભાળ્યા પછી પણ મહાદેવ આ કામને પોતાનો સ્વધર્મ માની નહોતા શક્યા. એ નિર્ણય થોડા સમય બાદ થવાનો હતો, પણ ત્યાર સુધીમાં ગાંધીજી બધી બાજુથી તેમને સ્વધર્મ સમજાવવા પ્રયત્ન કરતા હતા. પોતાને બીજા સહાયક તત્કાળ પૂરતા મળી રહેવાના છે એ જણાવી આ જ પત્રમાં ગાંધીજી આગળ ચલાવે છે:

'તમે ત્યાંથી નવરા થાઓ ત્યારે જોડાઈ જશો એ ઠીક થશે. તમે પોતે જ यंग इन्डियाમાં પડી તેને સ્વતંત્ર રીતે ખીલવવાનો ઇરાદો રાખો તો મને હરકત નથી. પણ હું તો માનું જ છું કે મારા જવા પછી यंग इन्डिया અનાવશ્યક હશે. કદાચ તમારામાંના કોઈ એમ માનો કે મારો સંદેશો ખીલવ્યા કરશો તો તમે ચલાવશો. એમ થવાને સારુ પણ તમારે રહેવાની જરૂર હું નથી જોતો. તેને બદલે હું એ જોઉં છું કે તમે અનુભવ લઈ પરિપક્વ થયા હશો ત્યારે यंग इन्डिया આખું ચલાવવા વધારે કુશળ હશો.'૧૪

પછી इन्डपिन्डन्ट વિશે જવાહરલાલને વાત કરીને સંયુક્ત પ્રાંતોના જ કોઈ માણસને એ કામ સારુ શોધી કાઢવાની સલાહ આપે છે.

મોતીલાલજીએ ગાંધીજી પાસે મહાદેવભાઈની માગણી થોડા સમય માટે જ કરી હતી, પણ એમના જેવો ઉપયોગી માણસ મળી ગયો હોય તો કાયમને માટે રોકી લેવા કોણ ન ઇચ્છે? મહાદેવભાઈએ એ વાતની જાણ ગાંધીજીને કરી. એના જવાબમાં ગાંધીજીએ કહ્યું કે, 'મોતીલાલજી તો તમે રહો એ ઇચ્છે, પણ તમારી ઇચ્છા એ જ ખરી વાત સમજજો — તમને ત્યાં ઘણો પરિશ્રમ પડે અથવા તમારી તબિયત સારી ન રહે તો તમે ભાગજો.'૧૫

મહાદેવભાઈએ વચ્ચે એમ સૂચવ્યું હતું કે મોતીલાલજી લાલા લજપતરાય પાસે શ્રી કે. સંતાનમની માગણી કરે. તેઓ ઘણો વખત પંજાબમાં રહ્યા હતા. વકીલાતનો ધંધો કરતા હતા. મહાદેવભાઈના સૂચન વિશે ગાંધીજીએ લખ્યું, 'એને કેમ કહી શકાય? એ તો લાલાજીના જમણા હાથ જેવા છે.' મહાદેવે કાંઈક સંકોચ સાથે, શરમાતાં શરમાતાં પુછાવ્યું, 'અને હું?' તરત ગાંધીજીએ જવાબ આપ્યો, 'તમે તો મારું મગજ છો.' કલકત્તા જતાં ટ્રેનમાંથી ગાંધીજી એ જ વાતના અનુસંધાનમાં લખે છે:

'માણસ જમણા હાથ કરતાં વિશેષ હોતા હશે કે? "હું જો જમણો હાથ હોઉં તો?" એ દુ:ખથી કે જ્ઞાનથી લખાયું હોય. જો દુ:ખથી લખ્યું હોય તો તમે મને સમજ્યા નથી. જો જ્ઞાનથી લખ્યું હોય તો કુશળ છે. બે મગજ એકબીજાથી વિખૂટાં થઈ શકે કઈ રીતે? તમને હું મગજ તરીકે કેળવી રહ્યો છું. સંતાનમ્ તો "પરમેનન્ટ અંડરસેક્રેટરી" છે એટલે તેનાથી ન જ ખસાય — તમે તમને બરાબર ઓળખતા થાઓ એમ ઇચ્છું છું.'

પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે ગાંધીજી કેટલે અંશે ખરા હતા? તેઓ મહાદેવભાઈને છૂટા રહેવાની તાલીમ આપીને પ્રશ્નોને પોતાનો આધાર લીધા વિના ઉકેલી શકે એવા કરવાની ગાંધીજીની હોંશ હતી. મહાદેવભાઈએ પોતાને કદી ગાંધીજીના વારસદાર માન્યા નહોતા. તેઓ આખી જિંદગી ગાંધીજીથી જુદા રહેવાનું કલ્પી જ નહોતા શકતા. જ્યારે જ્યારે પણ ગાંધીજીના મરણનો કોઈ ઉલ્લેખ થતો ત્યારે મહાદેવભાઈને અંધારાં આવી જતાં. ગાંધીજી વિનાના મહાદેવ હોઈ જ ન શકે એવી એમની કલ્પના હતી. છેવટે તેમની વાત જ સાચી ઠરી ને?

અમદાવાદથી તા. ૧૫મી મે, ૧૯૨૧ને રોજ મહાદેવભાઈ મુંબઈ આવ્યા અને

ગાંધીજી સાથે, અથવા મુંબઈમાં સ્વતંત્ર રીતે ફરીને તેમણે ટિળક સ્વરાજ ફાળો ઉઘરાવવામાં મદદ કરી. તેમને ફાળો ઉઘરાવવાના કામમાં ત્યાર સુધીમાં ઠીક ઠીક હથોટી આવી ગઈ હશે. ગાંધીજી જાતે એકબે પત્રોમાં મહાદેવભાઈનાં આ વિશે વખાણ કરે છે. ૩૦મી જૂનને દિવસે ટિળક સ્વરાજ ફાળાની છેલ્લી તારીખ હતી. તે દિવસે એક કરોડનો લક્ષ્યાંક પૂરો થઈ ગયો. બીજે દિવસે મહાદેવભાઈ મોતીલાલજી સાથે કામ કરવા અલાહાબાદ જવા ઊપડ્યા હશે. જુલાઈની ત્રીજીથી એમણે પોતાની આ નવી જવાબદારી સંભાળી. અલાહાબાદ પહોંચ્યા પછી પણ મહાદેવભાઈના મનમાં ત્યાં રહેવું કે ગાંધીજીની સાથે કામ કરવું તે અંગે સમાધાન નહોતું થઈ શક્યું. ગાંધીજીએ એમને મોતીલાલજીને સોંપવાનો પોતાનો ઉદ્દેશ સમજાવીને પછી છેવટનો નિર્ણય કરવાનું સૂચવ્યું હતું. એમની ભૂમિકા 'यथेच्छसि तथा कुरु'ની હતી. જુલાઈના આરંભથી ઑગસ્ટના મધ્ય સુધી મહાદેવભાઈના મનમાં સગડગ રહી. ૧૯મી ઑગસ્ટને દિવસે દેવદાસ ગાંધીને નામે લખેલ એક પત્રમાં તેઓ જણાવે છે કે તેમણે નિર્ણય કરી લીધો છે. 'મારી ત્રિશંકુ દશા પૂરી થઈ' એમ તેમણે દેવદાસને જણાવ્યું.

મૂળમાં તો મોતીલાલજીની માગણી પણ મહાદેવ માટે બીજા કોઈની વ્યવસ્થા થાય ત્યાર પૂરતી જ હતી. અને એમ સમજીને એમને સહેજ રાહત આપવા સારુ જ ગાંધીજીએ મહાદેવને એમની પાસે મોકલેલા. પણ અંદર અંદરથી ખુદ ગાંધીજીની ઇચ્છા પણ તેમને પોતાની પાસે બોલાવી લેવાની હતી. આ વખતે આવે તો यंग इन्डयिा સારુ નહીં, પણ પોતાને માટે જ આવે, એમ પણ તેમણે નક્કી કરી રાખેલું. એટલે કાં અલાહાબાદ, કાં અહીં મારી સાથે — यंग इन्डयिा સારુ નહીં, એટલે સુધી તેઓ કહી ચૂકેલા. પણ હાલ તુરત તો इन्डपिन्डन्ट છાપાને સારી રીતે ચલાવવું એ જ ધ્યેય સામે રાખીને મહાદેવભાઈએ કામ કરવા માંડ્યું ત્યારથી એમનામાં નવું જોમ દેખાવા માંડ્યું. અનિશ્ચય મટી ગયો. અલબત્ત, અલાહાબાદ બેઠા इन्डपिन्डन्टના દરેક અંક અંગે ગાંધીજીની ટીકાઓ પણ તેઓ મગાવતા. કેટલીક વાર यंग इन्डयिाના ગાંધીજીનાં લખાણ इन्डपिन्डन्टમાં પ્રગટ થતાં. કોઈ કોઈ વાર इन्डपिन्डन्टમાંથી यंग इन्डयिाમાં ઉતારા આવતા.

નિશ્ચય કર્યા પછી તેમણે જે કામ કર્યું એને અંગે મહાદેવભાઈને પોતાને સંતોષ હતો. બીજા સાથીઓને તો સંતોષ હતો જ. इन्डपिन्डन्टના સંપાદક જ્યૉર્જ જોસેફને

હતો, મોતીલાલજી અને જવાહરલાલને હતો, ગાંધીજીને પણ હતો. મહાદેવભાઈએ એકબે વાર એમ પણ કહ્યું કે ગાંધીજીના હાથ નીચે લીધેલી તાલીમ કામ આવે છે.

એકબીજા વિખૂટા પડે એટલે ગાંધીજી અને મહાદેવભાઈ વચ્ચે પત્રવ્યવહાર તો શરૂ થઈ જ જાય. બેચાર દિવસ બેમાંથી એકનો કાગળ ન આવે તો સામે પક્ષે ફરિયાદ આવી જ સમજો.

આ પત્રમાં તત્ત્વજ્ઞાન પણ ચર્ચાય અને રાજકારણ પણ ચર્ચાય. બંનેને મન તત્ત્વજ્ઞાન અને રાજકારણ બેઉ સાધનાના વિષયો હતા. અલબત્ત, મહાદેવના પત્રોમાં ભક્તિતત્ત્વ વધારે જણાઈ આવે, ને ગાંધીજીના પત્રોમાં અનુભવયુક્ત જ્ઞાન વધુ હોય. મહાદેવભાઈનો ૧૯૨૧ની ધનતેરશને દિવસે લખેલ પત્ર નીચે ટાંકીએ છીએ. તેમાં તેમણે ગાંધીજી પાસે ચિરંજીવી કહીને સંબોધાવાની માગણી પણ કરી હતી જે સ્વીકારતાં ગાંધીજીએ 'માગ્યા વિના તો મા નહીં પીરસે' કહીને ત્યાર સુધી મહાદેવને ચિરંજીવી ન કહ્યાનો બચાવ કર્યો છે. પણ પત્રનો ઉતારો તો માંદગીમાં પણ મહાદેવભાઈની મનોવૃત્તિ કેવી હતી તે બતાવવા આપ્યો છે:

'તાવ ગયો ન ગયો તેની નથી પરવા. પથારીમાં મજા છે. તમને ખોટું ભલે લાગે. હું પારાવાર આનંદ ભોગવી રહ્યો છું. મારો આનંદ કોઈ સમજતા નથી. નથી સમજતો જડ પ્રોફેસર૧૬ કે બીજું કોઈ. કદાચ પંડિતજી૧૭ સમજે, પણ તે તો, કવિતા પોતાનામાં ભરેલી પણ તેને અણમાનીતી રાણીની માફક રાખનારા રહ્યા. મારા આ પાંચ દિવસ ધન્ય જવાના એમ લાગે છે. પાંચ દિવસ એટલે આપને અંજલિ મોકલી ત્યારથી માનીને. રાત્રે નિદ્રા આવતી જ નથી. કાંઈક કાવ્ય જેવું સ્ફુરે છે — કાવ્યો કેવળ કૈવલ્યાનંદનાં. અર્જુન ભગત કહે છે કે 'નીંદ નહીં પલઘડી શબ્દ મેં જીનકું ખબરો પડી.'૧૮ તેનો અરધો અનુભવ મળી ગયો! મને તમે ધન્ય નહીં ગણો? પણ તમે ન ગણો તો શું? માત્ર તમે પિતા છો અને ન ગણો તો હું મૂંઝાઉં. આજે સવારે આટલા આનંદમાં બે આંસુ આવ્યાં. શા સારુ? જાણશો? તમે મને હજી "ચિ." કહીને નથી સંબોધ્યો તેમાં.૧૯ પણ "આપ લીએ સો દૂધ બરાબર, માગ લીએ સો પાની".

'આજની રાત અમૂલ્ય ગઈ હતી. તેના વર્ણનથી તમને કંટાળો અપાય નહીં, અને હું આંગળીમાં જોર ક્યાંથી લાવું? મેં તમને ભજન મોકલેલું તેની એક કડી આજે અચાનક રાત્રે યાદ આવી. તમને મોકલેલી નકલમાં નહીં હોય એટલે મોકલું છું:

દોરી સર્વની એના હાથમાં ભરાવ્યું ડગલું ભરે

જેવો જંત્ર વગાડે જંત્રી તેવો સ્વર નીસરે
કૃષ્ણને કરવું હોય તે કરે.

'આજે મારાં ભજનનો mood૨૦ બદલાયેલો હતો. આજે પ્રભાતે આ ચાલતું હતું: (તમને નથી ખબર.)૨૧

બસ અબ મેરે દિલ મેં બસા એક તૂ હૈ
બસ અબ મેરે દિલ કા દિલરુબા, એક તૂ હૈ
ફક્ત તેરે કદમોં મેં અયે મેરે માલિક
લગા ધ્યાન મેરા શામોં સુબહ હૈ.
ગુલિસ્તાં મેં જા કે હરેક ગુલ કો દેખા
ન તેરી-સી રંગત, તેરી-સી બૂ હૈ
ચમન મેં ગુલો પર યે ગાતી હૈ કૂમરી.22
તૂહી તૂ તૂહી તૂ તૂહી તૂ તૂહી એક તૂ હૈ.

બસ આ તો અનુભવી રહ્યો છું.

મારા પ્રણામ લો; આશીર્વાદ આપો.'૨૩

પોતાના સમવયસ્ક અથવા પોતાનાથી મોટેરા એવા આગેવાનો અંગે મહાદેવભાઈ સાથે ચર્ચા કરતાં ગાંધીજી ખૂબ સ્પષ્ટ વાત કહેતા. એક પત્રમાં તેઓ બે વડીલો વિશે કહે છે:

'માલવિયાજી કે કવિમાં ઈર્ષ્યા હોય એ તો મને કલ્પનામાં નથી જ આવી શકતું. બંનેમાં ભીરુતા છે ને પોતાના વિચારો વિશે અભિમાન છે. જો સાથે ભીરુતા ન હોય તો અભિમાન સહી શકાય. જે દૃષ્ટિએ આપણે અસહયોગની ખામીઓ દરગુજર કરીએ તેમ તેઓ ન કરી શકે અને તેથી તેઓ સામે થાય. વળી મારા વિચારોની નવીનતા અને સાદાઈ તેમને ભ્રમિત પણ કરે છે. આથી વધારે તેઓને વિશે માનવું મને તો પાપરૂપ જ લાગે છે. બિપિનબાબુમાં૨૪ કે વિજયરાઘવાચારીમાં૨૫ તો બધુંયે હોય. રમાકાંતને બાળક માનું છું. તેણે સ્વતંત્ર વિચાર રાખવાનો દાવો કરી વિરોધ કર્યો લાગે છે. આપણે તેનો વિચાર જ ન કરવો ને આપણું પત્રકાર તરીકે મધુર ટીકા કરવાનું કામ કર્યે જવું. ... એ કામ यंग इन्डियामां બહુ ન થઈ શકે પણ इन्डपिन्डन्टમાં સુખેથી ખૂબીથી થાય.'૨૬

સ્વરાજ પછી દેશ કેવો હશે તે વિશે કરેલી કલ્પના આજે બહુરાષ્ટ્રીય કંપનીઓનું ઘોડાપૂર આવ્યું છે ત્યારે કેવી લાગે છે!

'સ્વદેશી વિશે હું લોકોને ન સમજાવી શકું એ પણ મારી તપશ્ચર્યાની ખામી નહીં? સંપૂર્ણ તપસ્વી ન બોલતો છતાં પોતાની ભાવનાઓની અસર પાડે જ છે. કોઈ સાનમાં, કોઈ બોલીને, કોઈ લખીને સમજાવી શકે છે. એ બધાનો અર્થ શું? મારા દેખતાં જ ખાદી પહેરનારા તપશ્ચર્યાને લીધે તેમ નથી કરતા, એ તો પ્રેમવશ કરે છે.

'ભવિષ્યમાં પણ સ્વતંત્ર હિંદુસ્તાન કંઈ પોતાનું અનાજ બીજેથી મગાવશે? જો નહીં, તો કપડાં પણ નહીં મગાવે. કાંઈ આપણે વિલાયતથી પાણી અને દવા ભરી મગાવશું? આપણા દેશમાં જ્યારે કપાસ નહીં પાકે ત્યારે ધર્મ બદલાશે ખરો? ત્યારે આપણને મુલક છોડવો પડશે. ...'૨૭

પણ ગાંધીજી અને મહાદેવભાઈ વચ્ચેના પત્રવ્યવહારમાં ઘણી વાર તો વ્યક્તિગત વિષયો જ ચર્ચાતા.

એક બેસતે વર્ષે ગાંધીજી મહાદેવને આશીર્વાદ આપે છે: 'તમે નવા વર્ષમાં 'તન-દુરસ્ત, મન-દુરસ્ત અને દિલ-દુરસ્ત' રહો એ બંનેને આશીર્વાદ'. મહાદેવભાઈએ જવાબમાં લખ્યું:

'આપના આશીર્વાદ માથે ચડાવું છું. જરા વિનોદ કરી લઉં. આપે 'તનદુરસ્ત, મનદુરસ્ત અને દિલદુરસ્ત, એમ એલિટરેશન (અનુપ્રાસ) જાણીજોઈને કર્યું હોય એમ હું નથી કહેતો. પણ જરા આનંદમાં આવી જઈને લખી નાખ્યું છે. મને એ શબ્દો વાંચીને આપણા પંડિતમન્યોએ થોડાં વર્ષો ઉપર એક મિથ્યાપ્રાય ચર્ચા ચલાવી હતી તે યાદ આવી અને હું ખડખડ હસ્યો.'૨૮

એટલે ગાંધીજીનો બીજો કાગળ એનાથી શરૂ થાય છે.

'દિલ એટલે આત્મા, કેમ કે દિલ એટલે હૃદય — તનદુરસ્ત તો વપરાઈ ગયેલો શબ્દ છે. મારે લખવું હતું શરીરનું પણ એટલેથી જ મને સંતોષ થાય જ શાને? દેહનો ધર્મ કર્યે જ છૂટકો. ખાવાનું, નાહવાનું, ભિક્ષા માગતા ભ્રમણ કરવાનું કરાય ને માત્ર અન્ન મહેનતનો દ્વેષ? મનના યજ્ઞથી મનની, આત્માના યજ્ઞથી આત્માની ને દેહના યજ્ઞથી દેહની શુદ્ધિ થાય છે. દેહને જે અનાજ મળે છે તેનો બદલો માણસ મનનું કામ કરીને ન વાળી શકે. જ્યારે અનાજ મળવાની અપેક્ષા કર્યા વિના માણસ મજૂરી કરે ત્યારે તે યજ્ઞ છે. આ કાળે આ દેશે શરીરયજ્ઞ રેંટિયાથી જ થાય, કેમ કે તેની ત્રુટીથી

હિંદુસ્તાનનું શરીર જીર્ણ થયું છે. જ્યારે હિંદુસ્તાનમાં હવાપાણી બદલાય ને આપણી હાજતો બદલાય ત્યારે આપણે બીજો યજ્ઞ કરી શકીએ. જો આ દેશમાં પાણી મેળવવા હંમેશાં કૂવા ખોદવા પડે તો કૂવા ખોદવાની ક્રિયાનો કંઈક અંશ યજ્ઞ બને. પણ જ્યાં સુધી તેવી સ્થિતિ હયાત હોય ત્યાં સુધી જેમ બ્રહ્મચર્ય ઇત્યાદિ આવશ્યક છે તેમ જ પેલો શરીરયજ્ઞ આવશ્યક. માત્ર તે દેહનો જ ધર્મ હોઈ જ્યારે દેહ ખાય નહીં ત્યારે તે યજ્ઞ-ક્રિયામાંથી મુક્ત રહી શકે. પણ જેમ મારા જેવો પ્રાર્થના જે માનસિક ને હાર્દિક ક્રિયા છે તે ચોવીસે કલાક કરે છે એમ માની કે પોતાને મનાવી સદાય અમુક વખત નથી રાખતો તેમ શરીરયજ્ઞ શારીરિક ક્રિયા હોઈ કર્યા વિના પોતાને મનાવી શકતો જ નથી. ક્રિયા એકતાર થઈને ન કરી છેતરે એ જુદી વાત, પણ કર્યે તો છૂટકો જ.'૨૮

ઑગસ્ટ ૧૯૨૦માં શરૂ થયેલું અસહકાર આંદોલન ૧૯૨૧ની આખર સુધીમાં તો ધમધમી ઊઠ્યું હતું. વિદ્યાર્થીઓ આખા દેશમાં હજારોની સંખ્યામાં કૉલેજો છોડતા હતા. પ્રાંતે પ્રાંતે રાષ્ટ્રીય વિદ્યાલયો ખૂલતાં હતાં. ધારાસભા અને વડી ધારાસભાના સભ્યો પોતાના સભ્યપદેથી રાજીનામાં આપીને લડતમાં ઝુકાવતા હતા. વકીલો અને બૅરિસ્ટરો વકીલાત છોડતા હતા. ઠેર ઠેર નાનામોટા કાર્યકર્તાઓની ધરપકડો થઈ રહી હતી. જેલ જવું એ બીવા જેવો કે નવાઈ પામવા જેવો વિષય રહ્યો નહોતો.

સ્વાભાવિક રીતે જ અલાહાબાદમાં આ આંદોલનનાં અનેક કેન્દ્રો પૈકી એક બની ગયું હતું. જ્યાં મોતીલાલજી જેવા પીઢ નેતાએ ઝુકાવ્યું હોય, જ્યાં જવાહર જેવા તરવરતા જુવાનિયા હોય ત્યાં અસહકાર આંદોલન પાછળ શાનું રહે?

અને જે છાપું મોતીલાલજીના માર્ગદર્શન હેઠળ ચાલતું હોય, જેને જ્યૉર્જ જોસેફ જેવા અગન વરસાવતા અને પાછળથી મહાદેવભાઈ જેવા ઠંડી તાકાતવાળા તંત્રીઓ મળ્યા હોય તે આ દિવસોમાં ખીલી ન ઊઠે તો ક્યારે ખીલે?

ડિસેમ્બર માસ આવતાં તો इन्डिपेन्डन्टનું આંગણું રણાંગણ થઈ પડ્યું. इन्डिपेन्डन्टના તે કાળના તંત્રી શ્રી જ્યૉર્જ જોસેફની કલમ પાણીદાર હતી. મહાદેવભાઈએ એક પત્રમાં તેમને વિશે લખ્યું:

'તેમની ખરી ખૂબી હું અઠવાડિયામાં જોઈ શક્યો છું. પ્રથમથી જ તેમનું હીર તો જોયેલું, પણ આજે તો લાગે છે કે હિંદુસ્તાનમાં બાપુની પછી બેસી શકે એવો બીજો ઍડિટર જોસેફ છે. એની મૌલિકતાનો પાર નથી, જ્ઞાનનો પાર નથી, ચિંતનશક્તિના

ક્ષેત્રનો પાર નથી અને લેખનશક્તિ તો એની ગુલામ છે. હું તો એની આગળ કશી ગણતરીમાં નથી. એનું સ્થાન લેવાને આવવું એ મારે માટે ધૃષ્ટતા કહેવાય. જોકે મેં એ ધૃષ્ટતા નથી કરી એમ મારું હૃદય હજી કબૂલ કરે છે.'૨૯

છઠ્ઠી તારીખે નેહરુ પિતા-પુત્ર અને इन्डपिन्डन्टના તંત્રી શ્રી જ્યૉર્જ જોસેફની ધરપકડ થઈ. આ પહેલાં મોતીલાલજીને નોટિસ મળી હતી કે એમના મકાન આગળથી યુવરાજ (પ્રિન્સ ઑફ વેલ્સ, જેમનો કૉંગ્રેસ તરફે બહિષ્કાર જાહેર કરવામાં આવ્યો હતો.) પસાર થવાના છે. તે વખતે એમના ઘરમાં એમનાં કુટુંબીઓ અને સંબંધીઓ સિવાય કોઈને હાજર રહેવા દેશો નહીં, પોલીસને દાખલ થવાની છૂટ આપવામાં આવી હતી. મોતીલાલજીએ એ ચેતવણીને સ્વીકારવાની જ ઘસીને ના પાડી હતી. મોતીલાલજીને છ માસની સજા થઈ. એમના છાપા इन्डपिन्डन्ट સારુ બે હજારના જામીનની માગણી થઈ હતી, તે ભરી દેવી અને તંત્રી તરીકે મહાદેવભાઈએ ચાર્જ લેવો એવી સૂચના તેમણે આપી હતી. તે મુજબ ૭મીએ મહાદેવભાઈએ તંત્રી તરીકે જવાબદારી સંભાળી લીધી. જો કોઈ સંજોગોમાં મહાદેવભાઈની ધરપકડ થાય તો ત્યાર બાદની વ્યવસ્થા કરવા મોતીલાલજીએ ગાંધીજીને વિનંતી કરવા સૂચવ્યું. મહાદેવભાઈએ આ સમાચારની સૂચના ગાંધીજીને તારથી આપી. અને એમની પાસે સૂચન માગ્યાં. ગાંધીજીએ તાર કરી આશા વ્યક્ત કરી કે શ્રીમતી નેહરુ શાંત હશે. મહાદેવભાઈને નિશ્ચિંતપણે કામ સંભાળી લેવાનું સૂચવ્યું અને એ પણ સમાચાર મોકલ્યા કે દેવદાસને જરૂર પડ્યે એમની જગા લેવા મોકલી રહ્યા છે. સાથે સાથે એમણે એમ પણ સૂચવ્યું કે इन्डपिन्डन्टને સુધારજો. રિપોર્ટ ઉપર ખૂબ અંકુશ રાખજો. રિપોર્ટ ભલે ઓછા મળતા, પણ તે સાચા જ છપાવા જોઈએ.

નવમી તારીખે મહાદેવભાઈએ ગાંધીજીને બીજો તાર કર્યો. તેમાં લખ્યું:

'જોસેફને બધું મળીને બે વર્ષ (સજા) મળ્યાં. સાદી (કેદ). આગ્રા જેલમાં લઈ ગયા. પહેલા વર્ગમાં ગણાશે. શ્રીમતી જોસેફ ખુશમિજાજમાં. શ્રીમતી નેહરુનો સંદેશો શહેરમાં વહેંચ્યો અને इन्डपिन्डन्टમાં છાપ્યો. नवजीवनને તાર કરું છું. કૃષ્ણકાંત માલવિયા૩૦ હવે અસહકારી. કલેક્ટરનો હુકમ અવગણી સભ્ય થઈ સ્વયંસેવકો સાથે જેલ જવા આતુર. હમણાં ના પાડી છે અને આપના આદેશની રાહ જોવા સમજાવ્યું છે.

એક્સપ્રેસ તારથી સૂચના આપો. કાંઈ ઉતાવળિયું પગલું ભરતાં રોકવા પ્રયત્ન કરું છું. દેવદાસ આવે છે એ માટે આભાર.'૩૧

૧૦મી તારીખે કલકત્તામાં મોતીલાલજીના સમોવડિયા દેશબંધુ ચિત્તરંજન દાસની ધરપકડ કરવામાં આવી. તે પહેલાં જ તેમનાં ધર્મપત્નીની ધરપકડ થઈ હતી. ૧૧મીએ ગાંધીજીના સૌથી મોટા દીકરા હરિલાલની ધરપકડ થઈ. પંજાબમાંથી લાલા લજપતરાય, ડૉ. ગોપીચંદ ભાર્ગવ, શ્રી કે. સંતાનમ્, આસામમાંથી શ્રી ફુકન તથા શ્રી બારદોલોઈ, બંગાળમાંથી શ્રી જિતેન્દ્રલાલ બેનરજી, અજમેરમાંથી મૌ. મોહિયુદ્દીન તેમ જ બીજાઓ, લખનૌથી હરકરણનાથ મિશ્ર વગેરેને પકડીને સરકારે પોતાનું પોત પ્રકાશ્યુ.

૨૦મી તારીખે વળી બીજો તાર:

'જામીનગીરી જપ્ત થઈ. આજે સવારે મળેલી નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે "શ્રીમતી નેહરુનો સંદેશો" અને (Let us also see it through) આપણે પણ પાર ઉતારીએ. એ બંને લેખોમાં કાયદો અને વ્યવસ્થાના વહીવટમાં દખલગીરી ઉપજાવે એવા શબ્દો છે. નોટિસનો પાઠ यंग इन्डियाને તારથી મોકલ્યો છે. કાલથી હસ્તલિખિત પત્ર કાઢવા ઇરાદો છે. વિગતવાર સૂચના તારથી મોકલો. જોકે કોઈ પણ ઘડીએ ધરપકડ થશે.'૩૧

જવાબમાં ગાંધીજીનો તાર:

'શાબાશ. બને એટલા નકલો કરનાર સ્વયંસેવકો મેળવો. રોનિયો ઉપર નકલ કાઢો. રોજ, અતિ સંક્ષેપમાં સમાચાર અને બોધદાયક લેખો આપો. સ્વયંસેવકો છાપું વેચે.'૩૨

यंग इन्डियाમાં इन्डपिन्डन्टના પ્રકાશન બંધ થવા વિશે એક નોંધમાં એનો તાજો ઇતિહાસ સંક્ષેપમાં આપીને ગાંધીજીએ ઉમેર્યું:

'આપણે જાણીએ છીએ કે કાયદો એટલે સ્વયંસેવકદળોને વિખેરી નાખવાનું જાહેરનામું અને વ્યવસ્થા એટલે જાહેરસભાઓ ભરવાનો મનાઈહુકમ. ... પરંતુ સરકારને પોતાની ભૂલ તરત સમજાઈ જશે. इन्डपिन्डन्ट ભલે નાશ પામે પરંતુ એણે લોકોમાં જે જુસ્સો પેદા કર્યો છે તેનો નાશ ન થઈ શકે. ... સંપાદક તેના માલિકોને બદલે ટ્રસ્ટીને સ્થાને હોય તોપણ તેણે તેનું પોતાનું વ્યક્તિત્વ જાળવવું જોઈએ. મહાદેવ

દેસાઈમાં રહેલો મુદ્રક ઘડીભર ઊંઘી જાય પણ સંપાદક તરીકે તે જીવે જ છે. અને મને આશા છે કે હવે તેમનું પત્ર છાપવાને બદલે હાથે લખશે...'૩૩

દેવદાસને એક પત્રમાં ગાંધીજીએ લખ્યું: 'તમે જેલ ગયા, મહાદેવ પકડાયા એવા તારની રાહ જોઉં છું.'

૨૨મી તારીખનો इन्डपिन्डन्टનો અંક દેશના પત્રકારત્વના ઇતિહાસમાં નવું પાનું ઉઘાડે એવો હતો. પહેલી વાર કોઈ તંત્રીએ કોઈ દૈનિક છાપાનો અંક હસ્તલિખિત કાઢીને વહેંચ્યો હોય તેમ બન્યું. એ અંકનો અગ્રલેખ આમ બોલે છે:

નવો અવતાર૩૪

'અમારો નવો અવતાર તેમને આભારી છે જેઓ આંખ છતે જોતા નથી, કાન છતે સાંભળતા નથી, જેમને કોઈ વાતનો સારાસારવિવેક નથી. સરકારની દમનનીતિ દીવો લઈને અંધારામાં કૂવામાં પડવાની છે. અમને પકડીને સરકારે પોતાની વિવેકબુદ્ધિ ઉપર જ કુહાડી ચલાવી છે. અમારી જીભ અને કલમને તાળું મારીને તેણે, છતી આંખે જોવાના ને છતા કાને સાંભળવાના અખાડા કર્યા છે. પોતે શું કરે છે અથવા શું કહે છે તેનું સરકારને ભાન નથી. નહીં તો, દાખલા તરીકે, જો સર હારકોર્ટ૩૫નાં આંખ, કાન ને ભેજું ઠેકાણે હોય તો જે વચનો તેણે કાઢ્યાં છે તેવાં કદાપિ કાઢે? મિ. મૉંટેગ્યૂ૩૬ને, જો, પોતે શું કહે છે તેનું ભાન હોય તો "હિંદુસ્તાનમાં તો કાંઈ જ જુલમ ચાલતો નથી" એવું કદાપિ કહે?

'પોતાના અજ્ઞાનનું અજ્ઞાન, એના જેવો એકે અંધકાર નથી. આપણી તો અજ્ઞાનાંધકારની અને અજ્ઞાનની કાળીમેંશ સત્તાની સામે આજીવન લડાઈ છે.

ઈશ્વર યુદ્ધમાં આપણને સહાય કરતો જણાય છે. શેતાનના તેમ જ ખુદાના પંથ હમેશાં આકેલા જ હોય છે. જુલમગાર પોતે ચાહે તેવો દુષ્ટ હો છતાં માને છે કે પોતે ભલો માણસ છે. પોતામાં સારું કેટલું છે ને નઠારું કેટલું છે એના અને ઈશ્વર હમેશાં શુભ પંથનો દર્શક છે એના જ્ઞાનવાળો દૂબળામાં દૂબળો માણસ પણ મારો પ્રાણ હરશે કે શું એમ જુલમગાર હમેશાં ચેતતો રહ્યા કરે છે. તેથી જાલિમ જેમ જેમ પોતાની સત્તાના મદને વશ થતો જાય છે તેમ તેમ તે પોતાના વિનાશની સમીપ જતો જાય છે.

અને આપણે જેમ જેમ આપણી ત્રુટિને જાણતા જઈએ, માર્ગ ભૂલેલાના માર્ગદર્શક

પ્રકાશસ્વરૂપ પરમેશ્વરની સમીપ જ ઝંખીએ, આત્મશુદ્ધિને અર્થે અહર્નિશ તપશ્ચર્યા આદરીએ તેમ તેમ આપણે વિજયશ્રીની પાસે પાસે પહોંચતા જઈએ છીએ.

'એક જામીનગીરી એટલા સારુ જપ્ત કરવામાં આવી કે "શ્રીમતી નેહરુના સંદેશ" અને "આપણે પણ પાર ઊતરીએ" એ લેખો કાયદાના અમલમાં દખલ દેનારા અને સુલેહશાંતિના "વિઘાતક" ગણવામાં આવ્યા. અમે સાવ સ્પષ્ટ કહીએ છીએ કે અમને આ સરકારનો કરેલો કોઈ પણ કાયદો માન્ય નથી. તેમ સરકારની સુલેહશાંતિ જાળવવાની રીત પણ અમને માન્ય નથી. સત્ય, અહિંસા વગેરે નીતિના કાયદા અમારી પોતાની અને ઈશ્વરની પ્રત્યે અમને વફાદાર રાખવા માટે પૂરતા છે. આથી અમે તો શ્રીમતી નેહરુનો સંદેશો જગતને આપવાની અને કાર્ય "પાર ઉતારવાની" અમારાથી બનશે તેટલી કોશિશ કરશું.

'આ પ્રયત્ન પણ, પહેલાંનો તેવો પ્રયત્ન દાબી દેવામાં આવ્યો, તેમ, દાબી દેવામાં આવે એ સંભવિત છે. અમને અને અમારા સાથીઓને અકારી થઈ પડેલી ગુલામી-સ્વતંત્રતામાંથી મુક્ત કરવામાં આવે એ સંભવિત છે. આનાથી વધુ મનગમતું પરિણામ કયું ઇચ્છી શકીએ? એક રીતે જોતાં આ સાહસ ખેડવું પડે છે એ માટે અમને ભારે દુઃખ પણ થાય છે. કારણ, આવા અસત્ય અને અન્યાયના રાજ્યમાં, જેલ બહારનું જીવન અસહ્ય છે.

'જાલિમ અમારા ક્ષણભંગુર ખોળિયાની સઘળી હિલચાલો રોકવાને સમર્થ છે. પણ અંતરમાં રહેલા અવિનાશી આત્માનો સ્પર્શ સુધ્ધાં કરી નહીં શકે. દેહને તે ભલે પોતાના કાયદાથી વશ કરી શકે, આત્મા ઉપર પોતાના કાયદાનો દોર ચલાવવાનું તેનાથી સ્વપ્ને પણ ન બને. મને મારી નાખવો એનો અર્થ માત્ર એટલો જ થાય છે કે "કાયાપલટ" ભલે થાય; આત્માને શું થાય?'૩૭

इन्डपिन्डन्टની આ નકલ લઈને મહાદેવભાઈ પં. મોતીલાલજી અને જવાહરલાલજીને જેલમાં મળી આવ્યા. બંને જણની છાતી મોરના ઈંડા જેવા આ રૂપાળા અંકને જોઈને ગજગજ ફૂલી. જવાહર તો પહેલેથી જ ખૂબ ઉમળકાવશ. એ તો મહાદેવને ભેટી જ પડ્યા. લાંબા આશ્લેષ પછી જવાહરે સૂચવ્યું કે આનું ઉર્દૂ સંસ્કરણ પણ કાઢવું જોઈએ. હસ્તલિખિત इन्डपिन्डन्टનો એક લેખ change but cannot die (બદલાઈ શકું છું પણ મરીશ તો હરગિજ નહીં) લેખનું મથાળું

જવાહર વારંવાર ગોખતા જ રહ્યા. એનું ભાષાંતર नवजीवनમાં 'નવો અવતાર' એવા મથાળા હેઠળ છપાયું, જે આપણે જોઈ ગયા છીએ. ખર્ચ અંગે પરવા ન કરવાની પણ બંનેએ બાંયધરી આપી. 'તારે જે ખરચ કરવું હોય તે કરજે, પણ છાપું કાઢજે અને જેલમાં ચાલ્યો આવજે, કારણ, હવે તો તને નહીં છોડે.' માંદગીમાં ઉત્તેજિત થતા મહાદેવને આદેશ આપીને બિછાનામાં પોઢાડી દેનાર મોતીલાલ કોઈ પિતામહ પોતાના પૌત્રને પહેલી વાર જોઈને હરખાય તેમ મલકાઈ ઊઠ્યા. મહાદેવભાઈએ એમને ખબર આપી કે તેમણે આ અંકની એક નકલ કલેક્ટરને અને બીજી એક સંયુક્ત પ્રાંતોના ગવર્નર સર હારકોર્ટ બટલરને મોકલી આપી હતી. એટલે પકડાવાના સારુ તેમણે પૂરી તૈયારી કરી રાખી હતી.

ગાંધીજીએ વચ્ચે એક વાર ફરિયાદ કરેલી કે इन्डपिन्डन्ट કઢંગું છપાય છે. પણ તેમણે અનુમાન કરેલું કે બધું જ કામ બિનઅનુભવી લોકોને હાથે થતું હોવાથી આમ તો થાય જ. ડિસેમ્બર માસમાં ગાંધીજીના સંદેશા આવતા કે હવે તો તમારી ધરપકડના સારા સમાચાર આવે તેની રાહ જોઉં છું. એક પત્રમાં મહાદેવભાઈએ લખ્યું:

'મારા નમ્ર સાહસને ભારે ફતેહ મળી છે. લોકોએ મોંમાગ્યાં મૂલ આપી હસ્તલિખિત નકલો ખરીદી. ખૂબ ઉત્સાહ ફેલાઈ રહ્યો છે. આજે હજાર નકલો કાઢીશ.'૧

મહાદેવભાઈએ એક ઠેકાણે નોંધ કરી છે કે એક અંકના બત્રીસ રૂપિયા આપીને કોઈકે ખરીદ્યો. વર્ષો પછી પ્યારેલાલે આ ઘટનાને યાદ કરી કહ્યું કે મને બરાબર યાદ હોય તો એક નકલના અઢીસો રૂપિયા મળેલા! પણ શ્રી પ્યારેલાલની યાદશક્તિ ઘટના પછી પચીસ વર્ષે અતિશયોક્તિ કરી ગઈ હોય એ માની શકાય છે. પણ આનાનો અંક ત્રીસ-બત્રીસ રૂપિયામાં વેચાય એ પણ એની લોકપ્રિયતાનો આંક આપવા સારુ પૂરતું છે.

આવા ઉત્તેજક શુભ સમાચાર હોય તે કાંઈ મહાદેવભાઈ નરહરિભાઈને લખ્યા વિના ચૂકે? એમણે તેમને જણાવ્યું કે આવું કાંઈક થશે એમ તો તેઓ જાણતા હતા. પણ એમને લાગ્યું કે બાયરનની પેઠે એક દિવસ સવારે ઊઠીને જોયું તો પોતે જગપ્રસિદ્ધ થઈ ગયા હતા. તે દિવસ સુધી એમને પકડશે એમ તેમને લાગતું નહોતું. 'પણ હવે તો સરકારને ત્યાં રાજાયે સરખા અને પ્યાદાંયે સરખાં. એટલે પ્યાદું પણ રાજાની જેમ મશહૂર થવાનું.'૩૯

નરહરિભાઈને મહાદેવભાઈએ એમ પણ જણાવ્યું કે —

'મને મારા અહીંના ભક્તો કહે છે કે એમાંનાં સારાં લખાણો તો यंग इन्डियाની યાદી આપે છે! એ તો રામ જાણે. પણ यंग इन्डियाનો રંગરાગ કે ગંધ જરાયે ન આપે, તો તો મારી બધી તાલીમ પાણીમાં ગઈ કહેવાય ને?'૩૯

છેવટે એ રળિયામણી ઘડી આવી પહોંચી. લખનૌથી આવીને તરત મહાદેવભાઈ इन्डपिन्डन्टના બીજા અંકની તૈયારીમાં લાગી ગયા. ત્યાં પોલીસની વાન એમને નોતરું આપવા આવી પહોંચી. મહાદેવભાઈ તો તૈયાર જ હતા. પોલીસ આવે તે પહેલાં તો તેમણે આવતા અંક સારુ અગ્રલેખ પણ લખી રાખ્યો હતો. એમની જગા લેવા દેવદાસ તત્પર ખડા જ હતા. ગાંધીજીએ દેવદાસને નામે તે જ દિવસે કે બીજે દિવસે તાર કર્યો, જે પાછળથી ૩–૧–'૨૨ને દિને बॉम्बे क्रॉनकिलમાં છપાયો:

'મહાદેવ વિશે અત્યંત ખુશી થયો. દુર્ગા તંદુરસ્ત અને સશક્ત હશે એવી આશા રાખું છું. તેની ઇચ્છા હોય તો તે પાછી ફરે. તું પકડાઈ જાય અને તારું સ્થાન બીજાઓ લેવા તૈયાર થાય ત્યાં સુધી તું આ પત્ર ચાલુ રાખીશ એવી આશા છે.'૪૦

લખનૌ પંડિતજીને મળવા જતાં અને વળતાં ટ્રેનમાંથી લખેલ એક પત્રમાં મહાદેવભાઈએ ગાંધીજીને इन्डपिन्डन्टની જામીનગીરી જપ્ત થઈ તે વખતની 'નૅશનલ જર્નલ્સ લિમિટેડ' — (इन्डपिन्डन्ट જે પેઢીની માલિકીનું હતું તેનું નામ)ના ડાયરેક્ટરની ગભરામણનું રમૂજી છતાં કરુણ એવું ચિત્ર ખડું કર્યું:

'હું કાલે આપને કાગળ લખવા ચાહતો હતો. પણ નથી લખી શકાયો. કાલે હાથનું પેપર કાઢવામાં સવારે અગિયાર વાગ્યાથી તે રાત્રે નવ સુધી, જમવાની કે પિસાબ–પાણીની મિનિટ કાઢ્યા વિના રોકાયો હતો. આપને આશ્ચર્ય થશે કે આવું એક ચીંથરું કાઢવામાં કેમ આટલો વખત ગયો? પણ મારી મુશ્કેલીઓનો પાર નથી. મુશ્કેલીઓની વાત કરનાર માણસ કાયરતાનું લક્ષણ બતાવે છે એ હું ચોક્કસ માનું છું, પણ આપને અહીંની સ્થિતિથી વાકેફ કરવાના હેતુથી બે શબ્દ લખું તો ગેરસમજ ન કરશો.

'પરમદહાડે સવારે ધાડ આવી કે તરત જ ડિરેક્ટરો પ્રેસમાં દોડી ગયા અને ચાલતાં મશીનોને અટકાવ્યાં. પાંચ હજારમાંથી દોઢ હજાર કૉપી નીકળી શકી હતી. મેં કહ્યું, "આપણે નવું કાંઈ ન છાપીએ પણ છાપવું શરૂ કરેલું પૂરું શા માટે ન કરીએ?" તેમનું કહેવું કાયદેસર રીતે સાચું હતું કે નોટિસ મળી પછી એક સેકંડ પણ ન છપાય. પણ

તે ભીરુઓમાં એટલું વિચારવાની શક્તિ ન હતી કે નોટિસ મને ઘેર મળી છે, ઘરથી હું જાઉં — જતાં મને કદાચ વાર લાગે — ત્યાર પછી બંધ કરાવું તો જરૂર ચાલે. પણ ધીરજ ખોઈ, મોટરમાં દોડી જઈ તેમણે મશીન બંધ કરાવ્યાં. પછી આવ્યા મારી પાસે. મને કહે "શો ઇરાદો છે?" મેં કહ્યું, "હાથથી પેપર કાઢીશ." તાજુબ થયા! કાંઈ પણ બોલ્યાચાલ્યા વિના ઘેર ગયા.

'હું તો ઑફિસમાં જઈને મારા નવા પત્રની તૈયારી કરવામાં લાગી ગયો. ત્યાં બીજા ડિરેક્ટર આવ્યા. હું ઑફિસમાં બેસીને નવા પેપરની તૈયારી કરતો હતો તે પણ તેને ખૂંચતું હતું. મને કહે કે, "તમે આ કાઢો છો પણ એનાં જોખમ વિચાર્યાં છે?" મેં કહ્યું, "હા; તમારે માથે એક પણ જોખમ નથી." તો કહે કે, "તમે નૅશનલ જર્નલ્સ લિમિટેડ તરફથી તો ન કાઢો ને? તમે નામ પણ બીજું રાખશો ને?" મેં કહ્યું, "મેં તમારી ભીરુતા કલ્પીને આનંદ ભવનમાંથી જ એ કાઢવાનો નિશ્ચય કર્યો છે. નામ તો इन्डिपेन्डन्ट જ રાખીશ. એની તમને કાંઈ ટ્રેડમાર્ક કે પેટન્ટ નથી." પેલો ચમક્યો. મેં કહ્યું, "ચમકો છો શું કરવા? પંડિત મોતીલાલજીને પણ ખબર છે કે હું આ અખબાર કાઢવાનો છું. તમે પંડિતજીને જોઈએ તો મળી આવો. દરમિયાન તમારી ઑફિસમાં બેસીને હું અખબારોનો અને તારનો ઉપયોગ કરું તે કરવા દેવા જેટલી સલૂકાઈ તમે ન વાપરો?" ધ્રૂજતે ધ્રૂજતે પેલો કબૂલ થયો.

'મારા બાર કલાકમાં દોઢ કલાક આને સમજાવતાં ગયો! મારા સ્ટાફના પણ ચમક્યા તો હતા જ કે આ તે લખેલા પત્રની શી વાત કરે છે! એટલે બધાને, ખબર, કાઢીને કેમ લખવી, કેમ ગોઠવવી, એ બધું મારે બતાવવાનું હતું. કોઈને condense (ટૂંકાવવાની) કરવાની ટેવ નહીં એટલે ન આવડે. પ્યારેલાલનો પ્રેમ અને ખંત તો આશ્ચર્યકારક પણ તેમનામાં કચાશ બહુ છે. એને પેપર ન સોંપી શકાય. હજી એ તો નાદાન છે એમ જોઉં છું. પણ એની ખંતના જેટલી ખંત તો બીજા કોઈનામાં મળે જ નહીં. પ્યારેલાલે તો કાલે સવારે સાડા પાંચ વાગ્યા સુધી કામ કર્યું: આ તો મારા સાથીઓ વિશે એક કૌંસ૪૧ લખી કાઢ્યો.

'મારા માટે બીજું વાદળ તૈયાર જ હતું. ચારેક વાગ્યે બીજા ડિરેક્ટર આવ્યા. એ તો કાયદો શીખેલા એટલે પ્રેસ ઍક્ટની વાતો કરવા લાગ્યા. પ્રેસ ઍક્ટ મેં, તેમના માથામાં માર્યો, ત્યારે સંતોષાયા. મેં કહ્યું કે, "તમે ગભરાશો નહીં, પંડિતજીનો ઠરાવ આવે ત્યાં

સુધી મને તમારી ઑફિસ વગેરેનો ઉપયોગ કરવા દો." પણ એ તો કહે, "ઉપયોગ તો તમને કરવા દઈએ પણ આવીને પ્રેસ જપ્ત કરે તો?" મેં કહ્યું, "પ્રેસને તો તમે બાર મણનાં તાળાં લગાવ્યાં છે."

(અહીં કલમમાં શાહીયે ખૂટી અને લખનૌ પણ આવ્યું. હવે પંડિતજીનાં દર્શન કરી૪૨ તેમની સાથે એકબે કલાક બેસી, પાછો સ્ટેશન ઉપર આવીને બેઠો છું અને આ લખી રહ્યો છું. રાતની સાડા દસ વાગ્યાની ગાડીએ અલાહાબાદ જઈશ. હવે મારી તૂટેલી વાત આગળ ચલાવું.)

'તો કહે "તોપણ તોડે." મેં કહ્યું, "તો તો તમને પકડી લઈ જશે અને તમારા ઘરને તોડશે તો તમે આ પાગલ સરકારને અટકાવી શકવાના છો?" એટલે ચૂપ થયા. એટલામાં અમારો એકાઉન્ટન્ટ, મેં સવારે, અખબાર માટે કાગળો, પેન્સિલ વગેરે સ્ટેશનરી મગાવી હતી તેનું બિલ પાસ કરાવવા આવ્યો. ડિરેક્ટરસાહેબે કહ્યું, "એ બિલ નહીં પાસ થાય." મેં કહ્યું, "આજે સસ્પેન્સ એકાઉન્ટમાં૪૩ લખીને તો પાસ કરો. પંડિતજીને પૂછીને જોઈ લેજો;૪૪ નહીં તો મારી પાસેથી એ પૈસા લઈ લેજો. હું પંડિતજી પાસેથી એ પૈસા લઈ લઈશ. નહીં તો આશ્રમમાંથી મગાવી લઈશ." પછી પેલાએ એવી ઇચ્છા બતાવી કે ડિરેક્ટરની મિટિંગ થઈ જાય ત્યાં સુધી અખબાર બંધ રહે તો સારું." મેં કડકાઈથી કહ્યું, "અખબારની ઑફિસ ઘડીકમાં આનંદ ભવનમાં જશે; પછી તેની સાથે તમારે કશી નિસબત નથી. હું અખબાર એક દિવસ પણ બંધ નથી રાખી શકતો." એટલે પેલા ગયા.

'દરમિયાન મારું અખબાર તો તૈયાર થતું જતું હતું. પણ ત્રણ સાઇક્લોસ્ટાઇલોએ મને ભારે દગો દીધો. ત્રણ સાઇક્લોસ્ટાઇલો ઉપર સારી નકલ કેમે કરી નીકળે જ નહીં. ત્રણચાર કલાક માથાં ફોડ્યાં પણ મિથ્યા. અને દેવદાસ કૉપી કરનાર વૉલન્ટિયર લાવી નહોતા શક્યા. આખરે કંટાળીને અખબાર ઉપર આજની તારીખ નાખી. રાત્રે બેસીને બે વાગ્યા સુધીમાં હાથે, બેત્રણ જણે મળીને દસ નકલ કાઢી. પ્યારેલાલ તો દસ પૂરી થાય ત્યાં સુધી ઊઠે જ નહીં. તે સાડા પાંચ સુધી જાગ્યા. મેં તો દિવસના ચૌદ-પંદર કલાક કામ કર્યું હતું એટલે બે વાગ્યે સૂઈ ગયો. સવારે ઊઠ્યો અને કાલને માટે "ઍડિટોરિયલ" લખી નાખ્યો. કારણ, જવાહરલાલે તાર કર્યો હતો કે, "પિતાજી મળવા ચાહે છે; તારે કે દેવદાસે આવી જવું જોઈએ." અખબારની બધી વાતો દેવદાસ મારફતે ન થાય એટલે ખબર તૈયાર કરવાનું પ્યારેલાલ અને મારા સ્ટાફને સોંપી, મારી "ઍડિટોરિયલ" નોટ્સ આપી નીકળી પડ્યો. એટલામાં ખુશખબર આવી કે copyist (નકલો કરનારા) એકાદ

ડઝન ઉપર તૈયાર થયા છે અને એક સાઇક્લોસ્ટાઇલ સુંદર નકલ આપવા લાગ્યું છે. હું આશા રાખું છું — મેં આખે રસ્તે પ્રાર્થના કરી છે — કે બસેં સુધી નકલ તો નીકળે.'૪૫

લખનૌના કેદીઓની સ્થિતિનું થોડું વર્ણન કરી, મોતીલાલજી સાથે થયેલી વાતચીતનો સાર આપતાં મહાદેવભાઈ આગળ ચલાવે છે:

'પંડિતજી બહુ રાજી રાજી થયા — મને જોઈને, અને સોડમાં લીધો. જવાહરલાલજી તો ખૂબ ભેટ્યા. મારું અખબાર જોયું. જોઈને મોહિત થઈ ગયા એમ કહું તોપણ તેમાં લેશ અભિમાન નથી આવતું એમ મને લાગે છે, કારણ, તેમણે તો તે નીરખ્યા જ કીધું. 'I change but I cannot die'૪૬ એ શબ્દો પચાસ-સાઠ વખત બોલ્યા હશે. આખું વાંચી ગયા. મને કહે કે, "આમાં કાંઈ સૂચના કે સુધારો કરવા જેવું નથી. માત્ર એ અખબાર તું જ કાઢે છે, इन्डपिन्डन्ट કંપની સાથે કશો સંબંધ નથી એમ કાલે એક લીટી લખી નાખજે." પૈસાની વ્યવસ્થા તો તરત જ એમણે કરી દીધી. મને પાંચસોનો ચેક તરત આપ્યો; અને કહ્યું કે, "તારે જે ખરચ કરવું હોય તે કરજે, પણ છાપું કાઢજે; અને જેલમાં ચાલ્યો આવજે (કારણ હવે તને નહીં છોડે)" મેં કહ્યું, "મેં એક નકલ નોકસ કલેક્ટરને અને એક સર હારકોર્ટ બટલરને પણ મોકલી તો છે. મારા બધા પ્રયત્ન છતાં જેલમાં ન જાઉં તો મારા વિધિનો દોષ — બીજા કોનો?" '

પછી અલાહાબાદના બધા ખબર આપ્યા. દેવદાસને મેં અલાહાબાદની શાંતિ માટે અને વ્યવસ્થા માટે કૉંગ્રેસમાં૪૭ નથી આવવા દીધો એ જાણીને પણ ખુશ થયા. પ્યારેલાલને અખબાર માટે આપે મોકલ્યા છે અને હું તાલીમ આપી રહ્યો છું એ જાણી પણ ખુશ થયા, અને કહ્યું કે, 'તને ઈશ્વર મતિ આપે તેમ ગાડું હાંક્યે રાખ. તને ને તારા અખબારને મારા અનેક આશીર્વાદ છે.' આથી વધારે આશ્વાસન બીજું શું હોય? હું અનેક ઉજાગરાવાળો છતાં આજે શેર લોહી વધારે લઈને જાઉં છું. વળી આપના આશીર્વાદ આવશે એટલે કેટલું લોહી ચઢશે તેનો ખ્યાલ નથી આપી શકતો. જોકે આપને બધું જ ગમશે એટલી બધી શ્રદ્ધા નથી. જવાહરલાલે, જેટલાં સાઇક્લોસ્ટાઇલ અલાહાબાદમાં હોય તે બધાં મગાવી લેવા માટે ચિઠ્ઠીઓ લખી નાખી. જેટલાની મદદ મળે તે બધાને ચિઠ્ઠી લખી, બધી જિલ્લા કૉંગ્રેસ કમિટીઓને એ અખબાર મોકલવામાં આવે અને તેઓ દરેક તેની થાય એટલી નકલ કરાવીને વહેંચે એવા કાગળો કાલે નીકળી જશે — મારી ઑફિસમાંથી. પુરુષોત્તમદાસ ટંડનજી આવી પહોંચ્યા. તેમણે પંડિતજીને

કહ્યું કે, 'આ અખબારની હિંદી પ્રત કેમ ન નીકળે?' એટલે હિંદી કાઢવાનો હુકમ મળ્યો. સ્વરાજ પ્રેસની સિક્યૉરિટી પણ જપ્ત થઈ છે, એટલે હિંદી અખબારનું નામ 'સ્વરાજ' રાખવાનું — અને તેનો અધિપતિ પણ હું જ!!! આપની માફક હું પણ બે પત્રોનો અધિપતિ થયો — એ આપનું ઠીક અનુકરણ કહેવાય ને? — પણ ભૂલ્યો; આપ તો ત્રણના અધિપતિ છો. છતાં હું, બેનાં અધિપતિ, પણ, ત્રણનો પ્રકાશક તો ખરો ને — यंग इन्डियाનો પ્રકાશક છું એ તો તમે છેક ભૂલી ગયા ન જ હશો. પણ આ તો ગમ્મત થઈ.

ત્યાંથી જુગતરામને મોકલી શકો ખરા? એ અદ્ભુત અક્ષર લખે છે, સાઇક્લોસ્ટાઇલ કરવામાં એ એક્કા છે, અને અમારી જગ્યા પૂરનારા કોઈક તો જોઈએ ના! મને ઉપાડે પછી પ્યારેલાલ અધિપતિ થશે. દેવદાસને તો જાણીજોઈને નથી પકડતા એમ લાગે છે. નહીં તો દેવદાસ અને હું તો છડેચોક ગુના કરી ચૂક્યા છીએ. દેવદાસની, શહેરમાં જે wholesome (હિતકારક) અસર થઈ રહી છે તેની આપને શી વાત કરું? મહાત્માજીના શાહજાદાનાં ઠેર ઠેર દર્શન કરવા ટોળાં મળે છે, સિપાહીઓ સલામ કરે છે, પોતાના ધંધાથી શરમાય છે, અને શરમ, શાહજાદા આગળ વ્યક્ત કરે છે! ટોળાંઓ તો તેમનું કહેલું બરાબર માને છે જ. વૉલંટિયરોનો તો એ, કૃષ્ણ ગોવાળિયાના સરદાર હતા, તેવો સરદાર થઈ ગયો છે. મારા ભાઈનાં જ વખાણ કરવાનાં અને પિતાની આગળ વખાણ કરવાનાં એમાં કાંઈ પક્ષપાત-દોષ હું વહોરી લઉં છું ખરો — તો પક્ષપાતનો અંશ બાદ કરીને મારું વર્ણન વાંચશો. મારે તો દેવદાસની હૂંફ ભારે છે. મારી પણ એને છે એની 'ના' નથી. Literally (વાસ્તવિક્તામાં) પણ અમે એકબીજાની હૂંફ લઈએ છીએ. રાત્રે અમારી પાસે ઓઢવાનું ઓછું હોવાને લીધે, અને ટાઢ કકડતી પડવાને લીધે, અમે બંને જણ સાથે સૂઈએ છીએ, અને સવાર-સાંજ પ્રાર્થના કરીએ છીએ કે જેલમાં પણ એમ ભેટીને સૂવાનું મળે.

દેવદાસને અમદાવાદ આવતાં મેં જ રોક્યો એમ કહી દઉં? ઉજ્જડ ગામમાં અમે બંને 'એરંડા' રહ્યા એટલે એના વિના અહીં અવ્યવસ્થા ઘણી થાય. મારાથી બે કામમાં બહુ મોં નહીં ઘલાય. જોકે હું પણ Office-bearer (અધિકારસ્થાને) છું, અને મારી સલાહ તો હંમેશાં એમને મળ્યા જ કરે. પણ દેવદાસની તો સતત હાજરી. મારું બરોબર માનવું છે કે દેવદાસ પરમદહાડે સો વૉલંટિયરોના નાયક તરીકે ન ઊભો હોત તો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ વૉલંટિયરોને મારત, માત્ર દેવદાસથી જ શરમાયેલો. દેવદાસને

સૌ ઓળખે છે. 'Gandhi's son harmless (ગાંધીનો પુત્ર, નિરુપદ્રવી) કહીને કલેક્ટરને ટેલિફોન થાય છે!

પણ અમારી harmlessness (નિરુપદ્રવતા)ના વાંકે અમે જેલમાં નથી જઈ શક્યા એમ આપ ન જ માનો એમ આશા રાખું છું. અમે એકે ઉપાય છોડ્યો નથી.'૪૮

મહાદેવભાઈને અલાહાબાદની કોર્ટમાં હાજર કર્યા તેની વાત કરીએ તે પહેલાં થોડું પાછા વળીને આપણે એમના અંગત જીવનના એક અતિ મહત્ત્વના પાસા પર થોડો દૃષ્ટિપાત કરીએ. આખા પ્રસંગને એકસાથે વર્ણવી શકાય એટલા સારુ કેટલાક જૂના પ્રસંગોને પણ યથાકાળે ન વર્ણવતાં પ્રસંગોપાત્ત આ સ્થાન સારુ સુરક્ષિત રાખ્યા હતા તે અહીં લઈ લઈએ.

આ કાળ દાંપત્ય સંબંધોની દૃષ્ટિએ આકરો હતો. સતત પ્રવાસને લીધે દુર્ગાબહેન અને મહાદેવભાઈને મોટે ભાગે દૂર રહેવાનું થતું. મિલન અને વિરહ બંને ઠીક ઠીક તીવ્ર સંવેગયુક્ત થતાં. મળતી વખતે, ગમે તેટલા ટૂંકા ગાળા સારુ હોય તોપણ આનંદની છોળેછોળ ઊડે ને પ્રેમની ઝડીઓ વરસે. છૂટાં પડે ત્યારે રિસામણાં-મનામણાં ચાલતાં અને બંને હૃદયો અશ્રુસલિલથી ધોવાતાં.

કેટલીક વાર વિષાદની આ લાગણી દુર્ગાબહેનના દૃષ્ટિપથની જોડેજોડે મહાદેવભાઈનો પીછો કરતી અને ઘણી વાર કરુણ તો કોઈક વાર વળી રુદ્ર રસમાં તે પત્રરૂપે પણ પ્રગટ થતી. કોઈક વાર આ અસહ્ય વ્યાકુળતા ઉગ્રરૂપ પણ ધારણ કરતી. એકથી વધારે પ્રસંગે ત્યારે દુર્ગાબહેનને હાથે મહાદેવભાઈના પત્રો ફાટતા. આ કરુણ-કટુ પ્રસંગોની સ્મૃતિ આજે તો અભિન્નહૃદય મિત્ર નરહરિ સાથેના કેટલાક પત્રોમાં જળવાયેલી મળે છે.

૧૯૧૭માં જ્યારે મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા ત્યારે દુર્ગાબહેન સાથે તેમની એવી સમજૂતી થયેલી કે બંને જણ ગાંધીજી પાસે જઈને સાથે રહેશે. સામાન્ય જીવનના ભોગો ભોગવવાને બદલે ત્યાગમય જીવન જિવાશે, સેવા થશે અને સાથે જીવન વ્યતીત થશે.

ચંપારણમાં જોડાયા પછી એકાદ અઠવાડિયામાં જ એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે સાથે જીવવાની કલ્પના એક સપનું જ બની જવાની હતી. ગાંધીજી મહાદેવભાઈને પોતાની વ્યક્તિગત અને રાજનૈતિક પ્રવૃત્તિમાં જોડવા માગતા હતા, જેને લીધે મહાદેવભાઈ સારુ પ્રવાસમાં પણ ગાંધીજી સાથે જોડાવું અનિવાર્ય થઈ ગયું. એકસાથે સ્થિર જીવન જીવવા

કરતાં આ વાત સાવ જુદી હતી. દુર્ગાબહેનની સેવા કરવાની પ્રવૃત્તિ અને નિષ્ઠા જોઈને ગાંધીજીને લાગ્યું કે ચંપારણમાં એમણે ઉપાડેલી સ્થિર પ્રવૃત્તિ ચાલુ રહેવી જોઈએ. મહાદેવભાઈથી અલગ રહીને ચંપારણમાં સેવાકાર્ય કરવાનું કામ દુર્ગાબહેનને કદી રુચ્યું નહોતું. તેમણે અતિ નમ્રભાવે પણ આજીજીપૂર્વક ગાંધીજીની સાથે જ રહીને કાંઈક કામ કરી શકાતું હોય તો તે કરવાની તત્પરતા ગાંધીજી આગળ પત્ર દ્વારા બતાવી હતી તે આપણે જાણીએ છીએ. આ પત્ર પછી અનેક વાર ગાંધીજીએ દુર્ગાબહેનને પોતાની પાસે બોલાવવા પ્રયાસ પણ કરેલા, પણ એકથી વધારે વાર કોઈ ને કોઈ કારણસર દુર્ગાબહેન અને મહાદેવભાઈને લાંબા ગાળા સુધી સાથે રહેવાનું બનતું નહીં. હા, મહાદેવભાઈની બીમારીઓ વખતે દુર્ગાબહેન સાબરમતી અને અલાહાબાદમાં હાજર હતાં ખરાં, પણ એ દિવસોમાં મહાદેવભાઈના વિનોદી સ્વભાવ અને સારવાર કરનારને ઓછામાં ઓછી તકલીફ આપવાની વૃત્તિ છતાં દુર્ગાબહેનને માથે ચિંતાનો ભાર તો રહેતો હશે જ. यंग इन्डियाના કામ અંગે મુંબઈમાં રહેવું પડતું તે દરમિયાન દુર્ગાબહેનને બોલાવી લેવાનો આગ્રહ કેટલાક મિત્રોએ કર્યો હતો. પણ તે વખતે જે લોકોની સાથે મહાદેવભાઈને રહેવું પડતું હતું તે સંજોગોમાં 'દુર્ગાનું સ્વમાન નહીં સચવાય' એમ મહાદેવભાઈને લાગ્યું — એક વાર મહાદેવભાઈને नवजीवनના કામ અંગે અમદાવાદ જવાનું થયું ત્યારે તેમણે જોયું કે એ જ વખતે ખાદીકામના પ્રશિક્ષણ સારુ ગાંધીજીએ દુર્ગાબહેનને વિજાપુર ગામે મોકલ્યાં હતાં! મહાદેવભાઈએ નરહરિભાઈને લખ્યું:

'અમારાં નસીબ અવળાં છે એને કોઈ શું કરે? બાપુ હમણાં રોજ મને દુર્ગાને બોલાવવાનું લખ્યા કરતા હતા. આજે રાતે અથવા કાલે સવારે ત્યાં બે દિવસ આવી જવાનો મેં નિશ્ચય કર્યો હતો. ત્યાં તો દુર્ગાનો અને તમારો કાગળ આવ્યો કે તે આજે વિજાપુર જશે. મને તો એક રીતે આનંદ થયો. ત્યાં તે કામમાં વળગશે અને નવી જગ્યાના વિચારોમાં રોકાશે એટલે મારો વિચાર નહીં કરે. પણ આ તો વિધિની બલિહારીની વાત કરું છું.'૪૯

દુર્ગાબહેન પોતાના વિયોગને સહ્ય બનાવવા અવારનવાર પોતાને પિયેર જઈને મા પાસે વિતાવતાં. મહાદેવભાઈ એ જ દિવસોમાં ગાંધીજી સાથે કે અન્ય કોઈ કામે આશ્રમમાં જવાના હોય તો તાબડતોબ દુર્ગાબહેનને સાબરમતી બોલાવી લેતા. 'દુર્ગાને

આશ્રમમાં પહોંચી જવાનો હુકમ મેં કાઢ્યો છે. રવિવાર સુધીમાં પહોંચી જશે.' એવું પણ કોઈક વાર લખે.

એક વાર મળવાનું આમ વિધિની બલિહારીથી ટળી ગયું હશે ત્યારે 'વહાલા ભાઈ' (નરહરિ)ને લખ્યું:

દુર્ગાને લાગ્યું તો હશે જ, પણ શું થાય? અમે અહીં કોઈક વાર નવરા હોઈએ ત્યારે ગાઈએ છીએ:

ન હૈ કુછ ખ્વા'શ ખાને કી
ન હૈ કુછ ખ્વા'શ પીને કી,
ન મુઝકો કુછ જરૂરત હૈ
તેરા દીદાર કાફી હૈ.

એટલે હાલ તો સ્વાર્થની દૃષ્ટિએ હું પણ એમ ઇચ્છી રહ્યો છું કે દુર્ગા અહીં હોય. પણ એ નહીં બને. એનું પોતાનું સ્વમાન અહીં જળવાય એમ હું નથી જાતો.૫૦

પણ આ વિરહ કોઈ કોઈ વાર ખરેખર આકરો થઈ પડતો. માત્ર નસીબની દુહાઈ ગાઈને 'વિધિની બલિહારી' કહીને પ્રશ્ન ઊકલી જાય એમ નહોતું. વિયોગનું શૂળ કોઈ કોઈ વાર ત્રિશૂળ બની રહેતું.

એક વાર એ જ વહાલા ભાઈને મહાદેવભાઈ લખે છે:

'દુર્ગાનો કાંટો ભારે સાલી રહ્યો છે. એના કાગળ તદ્દન hysteric (ઉન્મત્ત) આવે છે. અને મને ખરેખર ભય લાગે છે કે એને hysteria (હિસ્ટીરિયા) થાય, આંકડી આવે. એનું શું કરવું? બાપુ જાણે છે કે અહીંનું ઘર તદ્દન ભૂંડું છે. અહીં દુભાયા વિના બીજું કાંઈ નથી. માત્ર કામમાં ગૂંથાયા હોઈએ એટલે કોઈના વિચાર ન આવે, છતાં બાપુ કહે છે કે તમે દુર્ગાને બોલાવો. અહીં દુર્ગાને બોલાવું તો એ દુભાય અને હું પણ દુભાઉં. એને સુંદર copyist (નકલ કરનાર લહિયો) તમે નહીં બનાવી શકો? અંગ્રેજી કૉપી કરવા જેટલું પણ આવડતું હોત તો આજે કેવી સારી સ્થિતિ હોત? હું અનેક તરંગો ઉપર કોઈ કોઈ વાર ચડું છું. — ટ્રામમાં બેઠો હોઉં અથવા પ્રેસમાં બગાસાં ખાતો હોઉં ત્યારે મને કોક ઘડીએ પૈસાદારની ઈર્ષ્યા આવે છે. — માનશો? એમ થઈ જાય કે મારી પાસે પણ બે જણાને મુસાફરી કરવા જેટલા અને અહીં સ્વતંત્ર રીતે ખાવા જેટલા પૈસા હોત તો — પણ might havebeensમાં (અમુક થયું, ન થયું હોત કરવામાં) શી બાથ ભરવી?'૫૧

આ સ્થિતિને કદાચ તપ કહી શકાય. જોકે એ તપ કરતાં કષ્ટ વધારે હતું, મહાદેવના જ શબ્દોમાં — તપમાં જ્યાં સુધી conscious joy (સભાન આનંદ) ન હોય ત્યાં સુધી તે તપ નહીં, કષ્ટ છે, ધર્મક્રિયા નથી.

દુર્ગાબહેન કોઈ વાર ચિડાય છે, કોઈ વાર રિસાય છે, અસહ્ય થઈ જાય ત્યારે કોઈ વાર ન કહેવાનું પણ કહી નાખે છે.

મહાદેવભાઈ લખે છે:

'દુર્ગાની તો રીસ ભારે રહેવાની જ. મારા કયા વર્તનથી એને સંતોષી શકું? તેમાં એણે ગયે વખતે તો એક વાક્યમાં હદ કરી. કહે કે, "હું કોઈ દિવસ તો એવું કરી બેસીશ કે આખી જિંદગી પછી તમે મારાથી છૂટા થઈ રહેશો." હું એની ઉપર નિર્દય છું, એ મારી ઉપર નિર્દય છે. પણ ડોસા હવે અહીં ઘરની તજવીજમાં છે.'૫૧

આજે સિત્તેર વરસે પાછું વળીને જોતાં એમ લાગે છે કે કોયડો સાવ ન ઊકલી શકે એવો ગૂંચવાયેલો નહોતો. આ પ્રેમ-ત્રિકોણમાં ત્રણે બાજુએ પ્રેમ છે. સામાન્ય રીતે પ્રેમ-ત્રિકોણને કષ્ટકર બનાવતું તત્ત્વ ઈર્ષ્યા આ ત્રિકોણમાં નથી. માત્ર ખેંચતાણમાં આ ત્રણ જણાના સંબંધો ઉપરાંત જીવન જીવવા અંગેના ખ્યાલો, ને આગ્રહો પણ કારણભૂત હતાં. મહાદેવ દુર્ગાને સંતુષ્ટ જોવા ઇચ્છે છે. પોતેય એની સાથે રહેવું પસંદ કરે છે, પણ ત્યારે જ્યાં હતા ત્યાં દુર્ગા સારુ માનભેર રહેવા જેવું વાતાવરણ નથી એવી એમને ખાતરી છે. દુર્ગાના ગાંધીજી સાથે જોડાવા પાછળ સૌથી મોટું કારણ હોય તો પતિને એના આદર્શ મુજબ જીવવા દેવાની વૃત્તિ છે, એમ કરવામાં પોતે બીજાં સગાંવહાલાંઓથી દૂર ખેંચાઈ આવી છે, છતાં એને પતિનો સાથ તો મળતો નથી. એની સમોવડી સાહેલીઓ તો આશ્રમમાં પણ પતિની સાથે રહે છે. પણ એના આશ્રમ જંગમતીરથ છે અને તે એને પોતાની સાથે લઈ જઈ શકતો પણ નથી એટલે હર ઘડી હર પળ એને માટે જીરવવી આકરી થઈ પડે છે. ગાંધીજીને બંને વિશે પારાવાર પ્રેમ છે. બંને સુખસંતોપથી રહે એમ તેઓ ઇચ્છે છે. એ સારુ જ્યારે મહાદેવ કાંઈક સ્થિર થયા છે ત્યારે બંને સાથે રહે એમ એ કહ્યા કરે છે. પણ એમણે નક્કી કરી આપેલી પરિસ્થિતિમાં આ બંનેનો સ્વમાનભેરનો વાસ સંભવ નથી એ સમજવાની એમને નવરાશ મળી નથી. અને મહાદેવે એવી સ્પષ્ટતા 'વહાલા ભાઈ નરહરિ' આગળ કરી છે, પણ 'પરમ પૂજ્ય બાપુજી' પાસે નથી કરી. દુર્ગા માત્ર મહાદેવ આગળ જ મોં ખોલે છે. બાપુ આગળ નહીં, નરહરિ આગળ પણ નહીં.

તેને લીધે 'પરસ્પરની આ નિર્દયતા' 'ડોસો ઘરની તજવીજ કરે છે' ત્યાં સુધી લંબાય છે.

નરહરિ મિત્રકાર્ય કરવાનું ચૂકતા નથી. આખા આશ્રમમાં દુર્ગાબહેન સૌથી વધુ દિલ ખોલીને મણિબહેન જોડે તથા કાંઈક અંશે નરહરિભાઈ જોડે બોલી શકતાં. નરહરિ તેમને લગભગ રોજેરોજ આવતા મહાદેવના પત્રો વાંચી સંભળાવે છે, તેમાંના અંગ્રેજી ભાગોનો અર્થ ને ભાષ્ય કરી સમજાવે છે. આખી પરિસ્થિતિમાં બાપુના વિચાર અંગે દુર્ગાબહેનના મનમાં અરુચિ ન થઈ જાય એની પણ કાળજી રાખે છે. મહાદેવભાઈ પણ દુર્ગાને કાંઈ ઓછા પત્રો લખતા નથી. લગભગ રોજ એક પત્ર લખે છે. જો ત્રણચાર દિવસ પત્ર ન લખાયો હોય તો તેનો સંતાપ વ્યક્ત કરે છે. આમ ઘણી વાર દુર્ગાને પોતાને નામે એક અને નરહરિભાઈને નામે બીજો એમ બબ્બે પત્રો વાંચવાના મળે છે. પણ દુર્ગા ત્યારે છવ્વીસ વર્ષની છે અને મહાદેવ સત્તાવીસ વર્ષના. બંને સંયમી અને વિવેકશીલ છે, પણ પ્રેમથી તરબોળ છે. એટલે દુર્ગાની લાગણી અને મહાદેવની ચિંતા બંને સમજી શકાય એવાં છે.

મહાદેવની માંદગી પછી ગાંધીજી બંનેને સાથે હવાફેર કરવા મોકલવા માગે છે. જોકે હવાફેર કરવા કયે સ્થળે જવું એ બાબતમાં મહાદેવ અને ગાંધીજી વચ્ચે થોડાક દિવસ મનદુ:ખ પણ રહે છે. એ મનદુ:ખના પ્રસંગને શ્રી ચંદુલાલ દલાલે પોતાની વિશદ શૈલીમાં આબેહૂબ વર્ણવ્યો છે તેને લગભગ આખેઆખો નીચે ઉતાર્યો છે:

'કેટલાક સમયથી, મહાદેવભાઈને લાગ્યા કરતું હતું કે ગાંધીજીનું એમના તરફનું વર્તન ઇરાદાપૂર્વકની ઉદાસીનતા ભરેલું હતું.

'ગાંધીજીના બર્મામાં વસતા મિત્ર ડૉ. પ્રાણજીવનદાસ મહેતાનો એક કાગળ, થોડાક વખત ઉપર ગાંધીજી ઉપર આવ્યો હતો, તેમાં એમણે લખ્યું હતું કે એમના એક પુત્રને (રતિલાલને) ઘેલછાની અસર છે, તેની સારવાર ચાલુ છે અને આરામ થશે એમ લાગે છે. પણ તેને કોઈ સારો સોબતી મળે તો સારું એવી ઇચ્છા વ્યક્ત કરી.

'ગાંધીજીએ મહાદેવભાઈનું નામ સૂચવ્યું અને જવાબમાં લખ્યું કે રતિલાલને, મહાદેવભાઈને સુખેથી સોંપી શકશો; એના જ્ઞાનનો તો તમને અનુભવ છે.

'એટલે ગાંધીજીએ મહાદેવભાઈને સૂચના કરી કે હવાફેર માટે એમણે બર્મા જવું અને ડૉ. પ્રાણજીવનદાસની મહેમાનગીરીનો લાભ લેવો. મહાદેવભાઈને લાગ્યું કે ગાંધીજીના મનમાં એમ હશે કે આમ કરી એમણે ડૉ. પ્રાણજીવનદાસના પુત્ર માટે સરસ સોબતી

આપ્યો અને એમ થતાં એક પંથ દો કાજ થાય. ગાંધીજીએ મહાદેવભાઈને રતિલાલ વિશે કાંઈ વાત ન કરી. મહાદેવભાઈ સમક્ષ એમણે જે દલીલ કરી તે તો બીજા જ પ્રકારની હતી. મહાદેવભાઈ સાથે જે વાત થઈ તે કાંઈક નીચે પ્રમાણે હતી:

ગાંધીજી: 'ડૉ. પ્રાણજીવનદાસ હાલ કોઈ હવા ખાવાની ટેકરી ઉપર છે.'[૫૨]

મહાદેવભાઈ: 'હવા ખાવાની ટેકરી?'

ગાંધીજી: 'હા, ત્યાંથી જ એમનો કાગળ આવ્યો છે.'

મહાદેવભાઈ આ પત્ર અને સ્થળ વિશે જાણતા હતા. એ સ્થળનું નામ થીટા[૫૩] હતું. એમની માહિતી મુજબ ડૉ. પ્રાણજીવનદાસ, ત્યાં પોતાની ખેતી કરાવતા હતા. એ સ્થળે અતિશય મલેરિયા બારે માસ રહે છે. શિવાભાઈ નામના એક ભાઈ ત્યાં જ માંદા પડેલા અને મરતાં મરતાં બચ્યા હતા. વળી ડૉ. પ્રાણજીવનદાસે તો એટલું જ લખ્યું હતું કે એ, ખેતીની તપાસ માટે થીટા આવેલા છે; પણ ગાંધીજીએ તો એ સ્થળને હવા ખાવાની ટેકરી માની લીધી.

આ વખતે મુંબઈ આવ્યા પછી ગાંધીજીએ આ વાત પાછી કાઢી. એમણે કિશોરલાલભાઈને કહ્યું: 'મહાદેવને બર્મા મોકલવા ઇરાદો છે, ડૉક્ટર મહેતા સાથે રહેશે. એ ત્યાં એક સુંદર હવા ખાવાની ટેકરી ઉપર છે.'

કિશોરલાલભાઈએ આ વાત રેવાશંકરભાઈ[૫૪]ને કરી, તો માલૂમ પડ્યું કે ડૉક્ટર પ્રાણજીવનદાસ તો કોઈ એવી ટેકરી ઉપર નથી. એ તો ખેતીની તપાસ કરવા જ થીટા ગયા છે.

મહાદેવભાઈને ડૉ. જીવરાજ સાથે વાત થઈ. એમણે કહ્યું: દોઢ મહિના સુધી તો હું તમને બર્મા ન જ જવા દઉં, કારણ તમને જો દરિયાઈ માંદગી લાગુ પડે તો તાવ ઊથલો ખાય એવો સંભવ છે.'

ડૉ. આઈસે[૫૫] પણ આવો જ અભિપ્રાય આપ્યો.

આ પછી સ્વામી આનંદે પણ આ વાત કાઢી અને ગાંધીજીને સૂચવ્યું કે, 'મહાદેવને સિંહગઢ ન લઈ જાઓ?'

ગાંધીજી: તેમને માટે બર્મા જ સરસ છે. સિંહગઢ તો મારા જેવા માંદા માટે હોય. મહાદેવ કાંઈ માંદો કહેવાય? એણે તો વીસ માઈલ ફરતા થવું જોઈએ. વળી બર્મામાં, એ, કેટલું નવું જોઈ શકે! અને કેટલું ફરી પણ શકે!'

આમ કહી એમણે મહાદેવભાઈને પૂછ્યું:

'તમે કાંઈ વિચાર કર્યો?'

મહાદેવભાઈ: 'ડૉક્ટરોની સલાહ તો વિરુદ્ધ છે.'

ગાંધીજી: (કાંઈક તોછડાઈથી) 'ડૉક્ટરની સલાહ તો ઠીક. તમારું મન શું કહે છે? તે કહોની. તમારે ન જવું હોય તો કાંઈ નહીં.'

મહાદેવભાઈ: ડૉ. પ્રાણજીવનદાસ તો ઇંગ્લંડ જવાના છે, એટલે હું ત્યાં જઈને તેમના સહવાસનો લાભ લઈ શકું નહીં.'

ગાંધીજી: 'તેઓ ના હોય તો શું થયું? તોપણ જવામાં હું અડચણ જોતો નથી.'

તા. ૬–૩–'૨૦ના રોજ ગાંધીજી મુંબઈથી ગયા ત્યારે મહાદેવભાઈને વિદાય આપતાં એટલું જ કહ્યું: 'પંદર દિવસમાં તો તમે હતા એવા થઈ જશો.' મહાદેવભાઈને લાગ્યું કે આ વખતે પણ ગાંધીજીના વર્તનમાં એ જ પ્રકારની ઇરાદાપૂર્વકની ઉદાસીનતા છે; અને એમની અને ગાંધીજી વચ્ચે અંતર જરા વધતું જાય છે.

તા. ૭મીએ મહાદેવભાઈ માથેરાન ગયા.

ત્રણ દિવસો સુધી એમણે આ બનાવો વિશે ખૂબ વિચાર કર્યો, ખૂબ મંથન કર્યું. એમને લાગ્યું કે ગાંધીજી અમુક જાતની માનસિક રચનાના ભોગ બન્યા છે. એમનામાં, એક વખત અમુક નિશ્ચય કર્યા પછી એને વાજબી ઠરાવવાના આધારો — કારણો શોધવાની વૃત્તિ, અને સહનશીલતાનો અભાવ દેખાયાં. એમને એમ પણ લાગ્યું એમનાથી વિરુદ્ધ વિચાર કરનારને, ગાંધીજી, બાહ્ય રીતે ગમે તેટલા સહન કરતા હશે, પણ અંતરમાં તો વિરોધ એમને ડંખ્યા જ કરે છે.

સાથે સાથે મહાદેવભાઈએ મનથી નક્કી કર્યું કે આવું અનુમાન બાંધવામાં ઉતાવળ થઈ છે એમ ખાતરી થશે તો એ માફી પણ માગશે.

એમણે બીજી એ ગોઠવણ વિચારી રાખી કે ગાંધીજી, જો, મહાદેવભાઈને પોતાની સાથે પ્રવાસમા હંમેશ રાખવાના હોય તો દુર્ગાબહેનને પણ સાથે રાખવાની જોગવાઈ કરવી પડશે; તેથી દર વર્ષે અમુક દિવસો રજા લેવી. આવી માગણીથી પોતાની કિંમત ઓછી અંકાય તો તેની પરવા ન રાખવી.

માથેરાનથી તા. ૧૦મીએ ઉપર જણાવેલા પ્રસંગ વિશેનો સવિસ્તર અહેવાલ, તથા પોતાની ઉપર જે છાપ પડી, જે વિચારો આવ્યા, ભવિષ્ય સંબંધી જે ગોઠવણો વિચારી રાખી, તે બધું નરહરિભાઈને લખી મોકલ્યું.

કિશોરલાલભાઈ તો મુંબઈ જ હતા. નરહરિભાઈએ આ પત્ર તેમને વંચાવ્યો હશે.

એ રાત્રે કિશોરલાલભાઈએ એક કાગળ નરહરિભાઈને લખ્યો. એમ લાગે છે કે કિશોરલાલભાઈને પણ લાગ્યું હતું કે મહાદેવભાઈએ તા. ૧૦મીએ નરહરિભાઈને જે કાગળ લખ્યો હતો તેમાં મહાદેવભાઈ ઉપર ગાંધીજીના વર્તનથી જે છાપ પડી હતી તે અકારણ નહોતી.

માથેરાનનું રોકાણ મહાદેવભાઈ માટે બહુ લાભદાયક નીવડ્યું. આવ્યે ચાર દિવસ થયા હતા તોપણ એમને લાગ્યું કે જાણે બેત્રણ વર્ષથી કોઈ આરામ જ મળ્યો નથી. હવાપાણી સરસ હતાં અને સહવાસ પણ સરસ હતો. લલ્લુભાઈ એમની બહુ સંભાળ રાખતા અને મહાદેવભાઈ મોટી માંદગીમાંથી હમણાં જ ઊઠ્યા છે, એટલે એમને કંઈ તકલીફ ન પડે એ માટે એ બહુ કાળજી રાખતા. એમની સાથે હળવી હળવી વાતો કરે, રમતો રમે, પોતાના અનુભવો કહે, અને કામનું તો કાંઈ દબાણ જ નહીં.

ગાંધીજીથી છૂટા પડ્યા પછી મહાદેવભાઈએ એમને કાગળ લખ્યો નહીં. પણ તા. ૧૦મીએ ગાંધીજીએ જ એમને લખ્યું, ‘હું ન લખું એટલે તમારાથી પણ ન લખાય એવો કાયદો માથેરાનમાં ઘડાયો લાગે છે... તમારી તબિયત ત્યાં સરસ રહેવી જ જોઈએ...’ આ પત્ર ૧૧મીએ મળ્યો હશે.

આ દિવસોમાં મહાદેવભાઈએ ખૂબ ચિંતન કર્યું પણ ૧૦મીએ કાગળ લખ્યા પછી ઠંડા પડી વિચાર કરવાનો સમય મળ્યો. બધું વાગોળવા માંડ્યું. ગાંધીજી વિશે જે અભિપ્રાયો બાંધ્યા હતા તે બાંધવામાં ઉતાવળ — અન્યાય તો નહીં થયો હોય?

ત્યાં તો ગાંધીજીનો કાગળ આવ્યો. એ વાંચતાં ઉકળાટ શાંત પડ્યો. બધું વિચારતાં જુદી જ દષ્ટિએ બધું જોવા લાગ્યા.૫૬

આ પ્રસંગમાં ગાંધીજીએ મહાદેવભાઈને ન્યાય કર્યો જણાતો નથી. પણ મહાદેવભાઈની ભક્તિ અને ગાંધીજીના પ્રેમના પ્રવાહમાં એવાં મનદુ:ખ તો ક્યાંય તણાઈ જતાં.

નરહરિભાઈએ એક વાર મહાદેવભાઈને સારા સમાચાર આપ્યા: ‘દુર્ગા મજામાં છે. અમે રોજ રાતે हिंद स्वराज વાંચીએ છીએ. ટીકા સાથે. મણિ૫૭ અને દુર્ગા બંને સ્વદેશી વ્રત લેવા ઘડી ઘડીમાં તૈયાર થઈ જાય છે. પરંતુ ઘરના માણસોને અમુક અમુક પ્રસંગે નાખુશ કરવા પડે તે સવાલનો નિર્ણય તેમના હૃદયમાંથી હજી તેમને મળ્યો નથી. હું

કહું છું કે ત્યાં સુધી તમે વ્રત ન લો. પણ તમારાં વિલાયતી કપડાંની ગાંસડી બાંધી સ્વદેશી તો પહેરવા જ માંડો.'૫૮

આમ નરહરિ એક સાચા મિત્ર તરીકે એક બાજુ મહાદેવને દુર્ગાના સમાચાર આપી તેમની ચિંતા ઓછી કરવા માગતા હતા તો બીજી તરફ દુર્ગાબહેન અને મણિબહેન બંનેને ગાંધીજીના આદર્શો ઘૂંટી ઘૂંટીને પાવા માગતા હતા.

નરહરિના પત્રથી રાજી થઈ મહાદેવ લખે છે: 'તમે દુર્ગાની સરસ સેવા કરી રહ્યા છો. આશ્રમને કાંઈ મારી ફરજમાંથી કોઈ રીતે મુક્તિ નથી મળતી પણ એ પણ મારું અદષ્ટ હશે.'૫૯

આશરે બે-અઢી માસ દુર્ગાબહેન અલાહાબાદમાં મહાદેવભાઈ સાથે રહી શક્યાં હશે. એ દરમિયાન મહાદેવભાઈએ માંદગી પણ ભોગવેલી. બંને જણે વચ્ચે છ દિવસ વારાણસી જઈને હવાફેર કરેલો. થોડીક ફુરસદ મળે ત્યારે મહાદેવભાઈ દુર્ગાબહેનને લઈને પ્રયાગ ફરવા પણ જતા. કોઈક વાર સાથે બેસીને કશુંક સત્ સાહિત્ય વાંચતા પણ ખરા. દુર્ગાબહેનના આ દિવસો ખૂબ આનંદોલ્લાસના વીત્યા. ઘરથી બહાર લગભગ બધી રીતરસમોમાં જ્યાં ફેર હતો તેવે ઠેકાણે રહેવાનું એટલે ગોઠવાવાની જે અગવડો આવે તે આવી હશે. પણ શ્રીમતી જોસેફ ખૂબ બહાદુર અને મળતાવડાં હતાં. એમણે દુર્ગાબહેનને ઠીક સ્નેહ આપ્યો. નેહરુકુટુંબ સાથે પણ દુર્ગાબહેનને ઘરોબો બંધાયો. સાત્ત્વિક આનંદમય દાંપત્યના ભાગીદાર ગાંધીજીને બનાવ્યા વિના કેમ ચાલે? એ કાળે લખેલ એક પત્રના કેટલાક અંશ:

એક વાત આપને ગમે એવી મેં અનાયાસે કરવા માંડી છે. સવારે ગાડીમાં ક્યાંક શાંત સ્થળે જઈને પંદર મિનિટથી અરધો કલાક ફરવાનું રાખ્યું છે. એક દિવસ રસ્તેથી પાછા ફરતાં ગાડીમાં જ ભારે થાક અનુભવ્યો; ટંડનજીનું ઘર રસ્તામાં આવતું હતું ત્યાં ઊતર્યો અને થાકીને લોથ થઈને પડ્યો. એઓ જરા ગભરાયા; પણ મેં કહ્યું, "મને ઉત્તમ ઊનું કરેલું પાશેર—નવટાંક દૂધ આપો, મને શાંતિ થશે, અને પછી મને ઉત્તમ સંતોની વાણીવાળાં હિંદી પુસ્તકો આપો.' એમની સાથે ખૂબ વાતો થઈ. દૂધ પીધા પછી એમણે રામાયણની એકબે સુંદર આવૃત્તિ, અદ્ભુત ટીકાવાળી સંસ્કૃત અને તુલસી, દાદુ, દયાળ, કબીર વગેરેની વાણી અને સંતવાણી મારી આગળ મૂક્યાં. હું હરખઘેલો અને જરા તાજો થઈને ઘેર આવ્યો; ત્યાં રામનરેશ ત્રિપાઠી હતા, તેણે તેની કવિતા 'કૌમુદી' આપી, અને કહ્યું કે, 'તમે હિંદી આજકાલ વાંચવાના છો તો હું સવારે આવતો જઈશ.' મેં

રાજી થઈને કહ્યું, 'જરૂર આવો.' હવે ચાર દિવસ થયા મારો ભજનો — જૂના હિંદી — નો ભારે અભ્યાસ ચાલી રહ્યો છે. આખો દિવસ ન્યૂઝપેપર અને સારાં monthly કોઈ અંગ્રેજી weekly અને કાંઈક ઇચ્છાનુસાર પુસ્તક ઉપરાંત ભજનોનું વાચન ચાલે છે — જેમાં દુર્ગા ઉત્સાહપૂર્વક ભળે છે, કારણ, તેના હૃદયમાં મારા કરતાં વધારે નિર્મળતા અને પવિત્રતા છે, અને કેટલીક વાર તો એ મારા કરતાં હિંદીનો અર્થ કરવામાં ચઢી જાય છે. કાલે એણે મને ઘેલો બનાવ્યો — એક પદના વાક્યનો અર્થ કરીને. એટલે અમને બંનેને હમણાં પાર વગરનો આનંદ મળે છે. તેમાં, સવારે રામનરેશજી આવે; તે અઘરાં વાક્યો, વચનો, શબ્દો સમજાવે એટલે આગલા દહાડાનું પાકું થાય, અને હું મારો એક નાનો હિંદી કોશ પણ તૈયાર કરતો જાઉં છું. જે ઉપાસના હિંદીની હું કરી રહ્યો છું તે જોઈને આપનું મન રીઝ્યા વિના રહે નહીં. બીજું profane (એટલે sacred નહીં) — ધાર્મિકેતર સાહિત્ય પણ વાંચું — કેવળ ભાષાની દૃષ્ટિથી, અને આપ જરૂર રાજી થશો. આપના આત્માને હું રાજી કરી રહ્યો છું એમ મને પગલેપગલે લાગે છે. આ કથામાં એક રસિક પ્રકરણ બાકી રહી ગયું.

કાલે મોટરમાં હું અને દુર્ગા જમનાજી ઉપરના એક રમ્ય સ્થળ ઉપર હવા લેવા ગયાં હતાં. અંધારું થયું હતું. દૃશ્ય અવર્ણનીય હતું, — આ પત્રમાં તો વર્ણન ન જ કરું — અને ચંદ્રનો ઝાંખો પ્રકાશ મારી ઝાંખી આંખને તેજ આપી રહ્યો હતો. દુર્ગા ન હતી વાંચી શકતી, એની તો અમારા ભોગના અંતના રોગને પરિણામે એક આંખ પણ હંમેશ માટે બગડી છે. ચશ્માંની જરૂર છે એમ ડૉક્ટરે કહ્યું પણ બળદની અંધારી મેં બાંધી છે, અને એને શું બંધાવવી એમ કરીને અમે ડૉક્ટરનું ન માનેલું. પણ એ ઝાંખા પ્રકાશમાં હું નાનક વાંચતો હતો. તેમાં કેટલાંક, તમારો આત્મા <u>ઉછાળે</u> એવાં પદ આવ્યાં. તેમાંના બેત્રણ કટકા આપી દઉં. નરસિંહ મહેતા પ્રભાતનો મહિમા આમ ગાઈ રહ્યા છે:

રાત રહે જ્યાહરે પાછલી ઘટ ઘડી સાધુ પુરુષને સૂઈ ન રહેવું,
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ એક તું એક તું એમ કહેવું.
જોગિયા હોય તેણે જોગ સંભારવા ભોગિયા હોય તેણે ભોગ તજવા.

ઇ. પણ નાનકે તો પ્રભાતનો મહિમા વધારે કવિત્વથી ગાયો છે. એ હું વાંચતો હતો ત્યારે આપ મને હરેક ઘડી યાદ આવતા હતા. આ રહ્યું તે પદ:

જીત બેલે અમૃત બરસે, જીયાં હવે દાતિ
તિન બેલે તૂ ઉઠિ બહુ ચિર પહરે પિછલી રાતિ

જે વેળાએ અમૃત વરસે છે અને જે ધન્ય વેળાએ જીવમાં અનેરું ચેતન — તકવા — આવે છે; તે ધન્ય પહોરે — પાછલી રાતના ચોથા પહોરે — તું ઊઠ. ઊઠીને શું કરે? તેના જવાબમાં અદ્ભુત રીતે બોલે છે:

ઇસ દમ મૈનું કીબે ભરોસા,
આયા આયા ન આયા આયા
યા સંસાર રૈનદા સપના
કહિં દીખા કહિં નહિં દિખાયા
સોચ વિચાર કર મત મન મેં
જિસને ઢૂંઢા ઉસને પાયા
નાનક ભક્તન કે પદ પરએ
નિસદિન રામચરન ચિમલાયા.

કેવું અદ્ભુત છે!

મોતીલાલજીને મળીને આવ્યા પછી બીજા દિવસના इन्डपिन्डन्ट સારુ મહાદેવભાઈએ જે અગ્રલેખ લખ્યો તે ધખધખતો હતો. એનું મથાળું — ‘સરકારનું ગાંડપણ’ — જ લેખનું અર્ધુ કામ કરી જાય છે. નીચે પ્રસ્તુત છે એનો એક નાનકડો અંશ:

‘સ્પષ્ટ છે કે એક સમાંતર સરકાર તરીકે કૉંગ્રેસ નોકરશાહી માનસવાળાની આંખમાં કણીની માફક ખૂંચે છે. રોજ એને માલૂમ પડે છે કે સત્તા પોતાના હાથમાંથી સરી જઈ કૉંગ્રેસીઓના હાથમાં જાય છે. એ જ કારણથી ઉત્કટ ઉગ્રતાએ એનો કબજો લીધો છે. આપણે મન તો એ તણખલું પકડતાં ડૂબતા માણસ જેવો છે.’

અને એ લેખને અંતે:

‘હવે અમારા વિશે એક શબ્દ. મોતીલાલજીએ અમારા આ પ્રયત્નને આશીર્વાદ આપ્યા છે; અને પત્રની કચેરી તરીકે વાપરવા માટે એમણે એમનો “આનંદ ભવન” મહેલ આપ્યો છે. અમારા વાચકોને આ ઉપરથી પૂરતી નોટિસ મળશે કે “નૅશનલિસ્ટ જર્નલ્સ લિમિટેડ” નામની સંસ્થા સાથે આ પત્રને કોઈ સંબંધ નથી. જેઓ જૂના इन्डपिन्डन्टને નભાવતા હતા તેઓ જ એના માલિક બની શકે; પણ આ નવાના,

તો જેઓ ગરીબાઈને વરેલા છે તેઓ જ હોઈ શકે. અને વધારાનો લાભ તો એ છે કે એ લૉર્ડ રીડિંગના "કાયદા"ના બંધનથી પર છે.'૬૦

મહાદેવભાઈ પર નોટિસ આવી કે તરત તેમણે પં. મોતીલાલજીને એક પત્ર લખીને એની જાણ કરી:

'છેવટે મને પણ સદ્ભાગ્ય સાંપડ્યું છે. મારી પર ક્રિમિનલ ઍમેન્ડમૅન્ટ ધારાની કલમ ૧૭(i) અને ઇંડિયન પીનલ કોડની ૧૧૭ મુજબ કામ ચલાવવામાં આવશે. એ જ ધારાઓ મુજબ જોસેફ પર પણ કામ ચલાવેલું.

આનંદ ભવનમાં મારા દફતરની ઝડતી મારો 'નવો અવતાર' લેખ અંગે લેવાઈ રહી છે. એમને જે કુકર્મ કરવું હોય તે છો કરતા, તમને ટૂંક સમયમાં જ મળવાની આશા રાખી શકું?'૬૦

આ જ સમાચાર તેમણે इन्डपिन्डन्टના વાચક બંધુઓને પણ એક નોંધ દ્વારા આપ્યા.

૨૪મી ડિસેમ્બરને રોજ ઉપર જણાવેલી ધારાઓ મુજબ ખટલો ચાલ્યો. કોર્ટમાં દુર્ગાબહેન પણ હાજર હતાં. એમણે પતિને ફૂલનો હાર પહેરાવ્યો અને કંકુનો ચાંલ્લો કર્યો. થોડા દિવસના સહવાસ, इन्डपिन्डन्टના કામકાજનું પ્રત્યક્ષ દર્શન અને પતિની ધરપકડે દુર્ગાબહેન જાણે કે નવદુર્ગા થઈ ગયાં હતાં. દુર્ગાબહેન વિશે મહાદેવભાઈ ગર્વપૂર્વક લખે છે:

'૨૪મીએ મૅજિસ્ટ્રેટ આગળ હાજર થયો. (ત્યારે) મારા ઉત્સાહ અને આવેશનો પાર નહોતો. જેલમાં જવાની રોજ વાત થવાથી તે વાતથી ટેવાઈ ગયેલી મારી સ્ત્રીની હિંમત જોઈને હું ચકિત થયો. તેણે પણ અદાલતમાં મારી સાથે આવવાની માગણી કરી. "મને ખૂબ સજા થશે ને તું રોશે તો?" રોઈને પોતાનું તેમ જ મારું અપમાન તેનાથી કદી ન જ થાય એવો ભાવ બતાવી ભાઈ દેવદાસ સાથે તે પણ આવી.

'પોલીસ પ્રૉસિક્યૂટર વખતસર આવ્યો ન હતો. મેં મજાક કરીને મૅજિસ્ટ્રેટ મિ. બેનને કહ્યું, "તમારે વળી પ્રૉસિક્યૂટરની શી જરૂર છે?" "મને જે કાંઈ પૂછવું હોય તે પૂછીને સજા કરવા ધારેલી હોય તે કરોની એટલે અધ્યાય પતે." મિ. બેને હસીને જવાબ આપ્યો: "તમારા સામે આરોપ શો છે તે જ મને ખબર નથી એટલે શી રીતે કેસ

ચલાવીએ?" પ્રૉસિક્યૂટર આવ્યો, મારી કબૂલાતોથી સૌને મદદ મળી, અને લગભગ પંદરેક મિનિટમાં આખો ખેલ ખલાસ થયો.'૬૧

કેસ ચાલ્યો ત્યારે મૅજિસ્ટ્રેટે મહાદેવભાઈને પૂછ્યું: 'તમે સાક્ષીની ઊલટતપાસ કરવા માગો છો?'

મહાદેવભાઈએ જવાબ આપ્યો: 'ના જી. તેઓ (પોલીસ અમલદારો) તો ભૂલ જ ન કરી શકે એવા હોય છે. તેમની ઊલટતપાસ કોઈ શું કરી શકે?'

પ્રેક્ષકોના કક્ષમાં બેઠેલા દેવદાસ વગેરેના ચહેરા પર આ કટાક્ષથી સ્મિત ફરકી ગયું હશે. બાકી જેમને વિશે આ વાક્ય કહેવાયું તેઓ આ વાક્ય સમજવાની પણ ભૂલ કરે તેવા નહોતા.

ન્યાયાધીશે આરોપીને કાંઈ કહેવું હોય તો કહેવાની સૂચના કરી. મહાદેવભાઈએ નીચેનું નિવેદન કર્યું:

'સાફ વાત એ છે કે આપણી વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. હું એક યુદ્ધના કેદી તરીકે આજે તમારી સમક્ષ ઊભો છું. જો અમે, એટલે અસહકારીઓ, તમારી માફક પશુબળના પૂજારી હોત તો હું બેધડક કહું છું તમે અગર તો તમારામાંના કેટલાક આ યુદ્ધમાં આજે અમારા પણ કેદી હોત. પરંતુ ન કરે નારાયણ કે કોઈ પણ મનુષ્યને અમે યુદ્ધના કેદી તરીકે પકડીએ અને તેમ કરી અમે અમારા સરજનહારના ગુનેગાર થઈએ.

મારી અગાઉ ગયેલા મારા સાથીઓની માફક જ હું પણ તમને મદદ જ કરવાનો છું. તમારા ઉપર ઉપકાર કરવાને ખાતર નહીં પણ મને જેલમાં જવાનું મળે એટલા માટે. અમે તો સૌ બળવાખોર છીએ અને ભારે અજબ વાત તો એ છે કે તમારા કોઈ પણ કાયદાને નહીં માન્ય રાખવાના મુખ્ય ગુના માટે અમારા ઉપર મુકદ્દમો નહીં ચલાવતાં, આવા નાના નજીવા ગુનાઓ આગળ કરી અમને પકડવાનાં તમે ફાંફાં મારી રહ્યા છો. હું તમારા ક્રિમિનલ લૉ ઍમેન્ડમેન્ટ ઍક્ટને માન્ય નથી રાખતો. એટલું જ નહીં પણ ગવર્નર-જનરલ-ઑફ ઇન્ડિયા-ઇન-કાઉન્સિલના નહીં રદ થયેલા જાલિમ કાયદાઓમાંના એકને પણ માન્ય નથી રાખતો. એટલે હું તો, (તમે) ભારેમાં ભારે જે સજા ફરમાવવી તમારા હાથમાં હોય તેને બરદાસ કરવા અહીં સજ્જ ઊભો છું. મને ભય માત્ર એટલો જ છે કે ચાહે તેવા દોજખની ઊંડી ખાઈમાં તમે અમને નાખો તથાપિ તમારી સામેની અમારી જબરદસ્ત બંડની વૃત્તિને તમે અમારામાંથી કાઢી શકવાના નથી, યા તો તમારા સડી ગયેલા રાજ્યતંત્ર પ્રત્યે વફાદાર રહેવાનો દંભ પણ અમારામાં લાવી શકવાના નથી.

અને બાદશાહની કોઈ ને કોઈ જેલના પરોણા તરીકે તમે મને સ્વીકારો તે પહેલાં ઉપકારનો એક શબ્દ મારે કહેવાનો છે. આજે હું છુટકારાની એક લાંબી હાશ સાથે જેલમાં પ્રયાણ કરીશ. સરકારનાં કૃત્યોની સચ્ચાઈપૂર્વક અને છતાં દ્વેષરહિત રહી ટીકા કરવાની કઠણ ફરજમાંથી હું છૂટીશ. એ શક્તિ તો કેવળ મારા મુરશિદે [ગુરુએ] જ સાધી છે. ખરેખર, હું સરકારનો આભારી છું કે હવે મારે રોજ ઊઠીને મારામાં રહેલી અધમ વૃત્તિઓ સાથે એ બધાં જુદ્ધ ચલાવવાનું નહીં રહે. હું એટલા માટે પણ આભારી છું કે તમારા જેલના નિયમો જો કરવા દેશે, તો અહીં કરું છું તેના કરતાં સારાં કામો કરવામાં — દાખલા તરીકે કાંતવામાં — ત્યાં હું મારો વખત ગાળીશ. અને તમારા ચાહે તેટલા નિયમો હશે છતાં મારામાં જે કાંઈ ભક્તિભાવ છે તે વડે મારા સરજનહારનું ચિંતન તો હું ત્યાં કરીશ જ કરીશ. હું તમારો ઉપકાર માનું છું.'૬૨

સજા તે જ દિવસે ફરમાવવામાં આવી. સજા ફરમાવતાં પહેલાં મૅજિસ્ટ્રેટે કહ્યું: 'તમારે કશો બચાવ કરવાનો છે કે કેમ એ તો હું પૂછવું જ ભૂલી ગયો.' મહાદેવભાઈએ કહ્યું, 'આ પ્રશ્ન પૂછવાનું કશું પ્રયોજન છે કે કેમ એ જ હું જાણતો નથી.' એટલે મૅજિસ્ટ્રેટે ચોખવટ કરી: 'એ તો માત્ર મારે પૂછવું જોઈએ માટે પૂછ્યું છે. મારે મારી ફરજ બજાવવી જોઈએ.'

મૅજિસ્ટ્રેટે એક વર્ષની જેલ અને ૧૦૦/- રૂપિયાનો દંડ અને દંડ ન ભરે તો એક માસ વધારાની સજા કરીને પોતાની ફરજ બજાવી.

આમ પત્રકારત્વમાં પ્રવેશનું પ્રકરણ જેલવાસથી પરિપૂર્ણ થયું.

એક પત્રકાર તરીકે મહાદેવભાઈએ પછીનાં વર્ષોમાં પોતાનું ઘણું ગજું કાઢ્યું. પણ *यंग इन्डिया*, *नवजीवन* અને *इन्डिपेन्डन्ट*ના શરૂઆતના દિવસોમાં કામ કરવાની તક એ તેમને સારુ પત્રકારત્વની તાલીમના પાયારૂપ બની રહી. ઠેઠ ૧૯૧૮માં જ એક બીજા રિપોર્ટરની કચાશ જોઈને ગાંધીજીએ કહેલું:

'આવી રીતે રિપોર્ટ લખાતા હશે?... રિપોર્ટ તો એવા થાય કે એક દિવસના રિપોર્ટને બીજા દિવસ સાથે સંબંધ, બીજાને ત્રીજા દિવસ સાથે સંબંધ અને બધા વાંચી જઈએ તો તેમાંથી આખો ઇતિહાસ નીકળી આવે. હું નામ ભૂલી ગયો પણ ઘણું કરીને તેનું નામ રસેલ હતું. તેણે પેકિંગની ચડાઈના રિપોર્ટમાં એવો તો તાદૃશ ચિતાર આપ્યો હતો કે સૌ

દિંગ થઈ ગયેલા. એડવિન આર્નલ્ડે "જપાન બાય લૅંડ ઍંડ સી" કરીને કાગળો લખ્યા છે. તે પણ કેટલા સુંદર.'

પછી મહાદેવને ઉદ્દેશીને કહ્યું:

'તમે કાંઈ રસેલ કે આર્નલ્ડ ન થઈ શકો એમ માનવાનું કારણ નથી. એ લોકો કાંઈ શરૂઆતથી એવી શક્તિ લઈને નહીં આવેલા. પ્રયત્ને જ થયેલા.'૬૩

પાછળથી મહાદેવભાઈના રિપોર્ટોને આધારે લોકોએ ઇતિહાસ લખ્યા ત્યારે ગાંધીજીની મહાદેવભાઈ વિશેની શ્રદ્ધા કેટલી સાચી હતી તે પુરવાર થયું હતું. ગાંધીજી અને મહાદેવભાઈએ જે પત્રકારત્વ ચલાવ્યું તેણે આપણા દેશના પત્રકારત્વે ત્યાર સુધી જે કેટલાંક મૂલ્યો સ્થાપ્યાં હતાં તેને પુષ્ટ કર્યાં અને કેટલાંક નવાં મૂલ્યો પ્રસ્થાપિત કર્યાં. ઓછામાં ઓછા ખર્ચે કાઢવામાં આવેલી પત્રિકા પાછળ પણ જે સત્ય-અહિંસાનું તપોબળ હોય તો તે મહાન સામ્રાજ્યને પણ હચમચાવવામાં સફળ નીવડે છે એ વાત પણ એનાથી સિદ્ધ થઈ, इन्डिपेन्डन्ट છાપું શરૂ થયું ત્યારે, મહાદેવભાઈ એમાં જોડાયા તેનાથી મહિનાઓ પહેલાં જ, ગાંધીજીએ એને સારુ જે સંદેશ પાઠવ્યો હતો તેમાં ગાંધી પ્રસ્થાપિત પત્રકારિતાનાં મૂલ્યોનાં બીજ જોવા મળે છે:

'તમારા પત્રનું જે નામ તમે પસંદ કર્યું છે તે નામને લાયક તેની અંદરનાં લખાણો હોય એવી હું બહુ આશા રાખું છું. હું વધુ આશા એ પણ રાખું છું કે પૂરા સ્વાતંત્ર્યની સાથે તમારા લેખોમાં એટલા જ પ્રમાણમાં આત્મસંયમ તથા સત્યનું કડક પાલન થશે. ઘણી વખત આપણા પત્રોમાં, બીજાઓમાં પણ એવું હોય છે, હકીકતને બદલે કલ્પના અને સંગીન દલીલને બદલે ઊભરા જોવામાં આવે છે. મેં જે ત્રુટિઓ તરફ તમારું ધ્યાન ખેંચ્યું છે તે ટાળીને તમારા પત્રને દેશમાં એક શક્તિ અને લોકકેળવણીનું... સાધન બનાવશો.'૬૪

આ ગાંધી-પત્રોએ સત્યનિષ્ઠાનો ચીલો પાડ્યો. લખાણોમાં અતિશયોક્તિ કે અતિરંજન એ સારી પત્રકારિતાને શોભે નહીં, સારી પત્રકારિતા તો સત્યથી જ શોભે એ મૂલ્ય દેશમાં પ્રસ્થાપિત થયું.

જ્યારે સત્ય પ્રગટ થાય ત્યારે એ આકરું હોઈ શકે, પણ તેની અભિવ્યક્તિમાં દ્વેષ, ઈર્ષા, તિરસ્કાર, વૈરભાવ ન હોવાં જોઈએ એ બીજું મૂલ્ય પણ આ પત્રોએ પ્રચલિત કર્યું.

સત્યને શોધનાર પોતાની વાતનું જ મમત ન રાખે, પણ સામા પક્ષની વાતને પણ

સમજવા પ્રયત્ન કરે, એના વિચારને પોતા તરફ કાંઈ વિકૃત રૂપ આપ્યા વિના જેમનું તેમ પ્રગટ કરે, પછી જરૂર હોય તો એનો સમુચિત ઉત્તર આપે.

સાચી પત્રકારિતા અને ભય બેઉ સાથે ચાલી શકે જ નહીં, એ વાત તો આ પત્રોને લીધે બીજાં અનેક છાપાંઓએ પણ માન્ય રાખી.

ભાષાનો સંયમ એ છાપાંઓમાં પણ કેળવવા જેવો ગુણ છે એ લોકોને આ પત્રોથી સમજાયું. એની ભાષામાં અશ્લીલતા, અશિષ્ટતા કે અસભ્યતાને સ્થાન જ ન હોય એનો પણ આ પત્રોએ દાખલો પૂરો પાડ્યો.

સત્યને જ્ઞાનનો સધ્ધર આધાર પણ જોઈએ. સમાચાર કે વિચારના મૂળમાં કેવી રીતે જવું, તેની તુલના દુનિયામાં બીજા સ્રોતો સાથે કરતાં તે સમાચાર કે વિચાર ક્યાં અને કેવા લાગે છે, એ પણ આ પત્રો દ્વારા પ્રગટ થયું. જલિયાંવાલા બાગકાંડનો ઉલ્લેખ કરતી વખતે સી. એફ. ઍન્ડ્રૂઝે એની સરખામણી ગ્લેંકોકાંડ સાથે કરી. મહાદેવભાઈએ તરત સ્કૉટલૅંડના ગ્લેંકોનો ૧૭મી સદીનો ઇતિહાસ વાચકો આગળ રજૂ કરીને આ બે કાંડ કેવા સમાન હતા તે બતાવ્યું. જલિયાંવાલા બાગ અંગે તપાસ કરનારી પ્રજાકીય કમિટીએ બહાર પાડેલી વિગતો જાણ્યા પછી તેમને એમ લાગ્યું કે આ કાંડ તો ગ્લેંકોને પણ સારો કહેવડાવે તેવો હતો. તેમણે ડાયરીમાં નોંધ્યું:

'મિ. ઍન્ડ્રૂઝે જલિયાંવાલા બાગની કતલને 'ગ્લેંકોની કતલ'ની સાથે સરખાવી ત્યારે તરત મેં તો यंग इन्डयिामां ગ્લેંકોની કતલનું વર્ણન પ્રગટ કર્યું. મિ. ઍન્ડ્રૂઝના મનમાં જલિયાંવાલાના ઘાતકીપણા વિશે કેટલી ધૃણા હશે તે દર્શાવવા માટે જ મેં એ છાપ્યું. પણ મને ફરી વાંચી ગયા પછી લાગ્યું કે ઍન્ડ્રૂઝે કાંઈક અન્યાય કર્યો છે, અને મને તે વિશે બહુ દુઃખ થયું. હું પ્રિન્સિપાલ રુદ્રનેદપ મળ્યો, તેમની સાથે વાત થઈ. તેમનો વિચાર પણ મારા જેવો જ હતો. પણ આજે મને મિ. ઍન્ડ્રૂઝની સરખામણીની યથાર્થતાનો ખ્યાલ આવે છે. ગ્લેંકોની કતલ કરતાં પણ જલિયાંવાલાની કતલ વધારે બૂરી, વધારે નિંદ્ય હતી એમ મને હવે લાગે છે, કારણ ગ્લેંકોના કાળના ને આજના કાળના સુધારામાં તો આસમાન-જમીનનું અંતર છે.'૬૬

સત્યાગ્રહી પત્રકાર સત્યનાં મૂળ શોધે છે, વિરોધીને સહજ પણ અન્યાય થાય તે એને સારુ અસહ્ય છે પણ દેશકાળનું ભાન પણ એ વીસરતો નથી.

એક સામ્રાજ્યના દમનની સામે પત્રકારિતાની લડતના નમૂનાઓ તો આ પત્રોએ

ડગલે ને પગલે પૂરા પાડ્યા. તેમાંયે इन्डपिन्डन्टनो હસ્તલિખિત અંક કાઢીને તો મહાદેવભાઈએ આપણા દેશની પત્રકારિતામાં આડો આંક વાળ્યો. આ હસ્તલિખિત પત્રિકા ભૂગર્ભમાં પ્રગટ થનાર ફરફરિયા જેવી નહોતી. તે તો જપ્ત થયેલા પ્રેસને ન ગણકારનારી, પોતાનું નામઠામ સર્વ જાહેર કરીને જે કાંઈ જોખમ આવે તે વહોરી લેનારી નિર્ભય સત્યાગ્રહી પત્રિકા હતી.

આ પત્રોમાં કોઈ પણ પ્રકારની જાહેરખબરો ન સ્વીકારીને પણ એક નવી ભાત પાડવામાં આવી.

આવાં અનેક નાનાંમોટાં લક્ષણોને લીધે આ પત્રોએ આપણા દેશને પત્રકારત્વને સમૃદ્ધ, સંગીન અને સ્વસ્થ બનાવ્યું.

મહાદેવભાઈ દેશના પત્રકારત્વમાં બહુમૂલ્ય ફાળો આપી શક્યા એનું રહસ્ય એ હતું કે તેઓ આ કાર્યને ધર્મ સમજીને, પોતાનું નમ્ર કર્તવ્ય સમજીને કરતા હતા. એમ તો પત્રકારિતા તેમનો વ્યવસાય નહોતો. એમણે જેટલું લખાણ કર્યું એના કરતાં વધુ લખાણ કરનાર પત્રકારો આપણને મળી આવશે. રિસર્ચ કરનારાઓ એમનાથી ઊંડાણમાં જનારા પણ મળી આવશે. પણ એ પત્રકારિતામાં આવી મૂલ્યપ્રતિષ્ઠા ભાગ્યે જ સાંપડે. જ્યારે એક કામ વ્યવસાય મટી ધર્મ બની જાય છે ત્યારે તેમાં ગુણાત્મક પરિવર્તન આવે છે. મહાદેવભાઈનું પત્રકારત્વ તેવા ગુણાત્મક પ્રદાનનું ઉદાહરણ હતું.

નોંધ:

૧. મો. ક. ગાંધી – सत्यना प्रयोगो (આવૃત્તિ ૬) : પૃ. ૩૮૮-૮૯.

૨. એજન, પૃ. ૬૩૬.

૩. महादेवभाईनी डायरी – ૪, ૫, ૮.

૪. ગ. મા. નાંદુરકર: सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૫.

૫. મુંબઈના એક આગેવાન કાર્યકર્તા, ગાંધીજીના ભાણેજ અને મહાદેવભાઈના સમવયસ્ક મિત્ર.

૬. ગાંધી સ્મારક સંગ્રહાલય – સાબરમતીના હસ્તલિખિત પત્રસંગ્રહમાંથી.

૭. ચંદુલાલ ભ. દલાલ: स्व. महादेव देसाई स्मृतचित्रो, પૃ. ૬૦.

૮. એનું મૂળ નામ नवजीवन अने सत्य હતું.

૯. શ્રી છગનલાલ ખુશાલચંદ ગાંધીનાં પત્ની અને પ્રભુદાસ તેમ જ કૃષ્ણદાસનાં મા.

૧૦. શ્રી કિશોરલાલ ઘનશ્યામદાસ મશરૂવાળાનાં પત્ની.

૧૧. गांधीजीनो अक्षरदेह – ૧૬ : પૃ. ૧૨૧.

૧૨. એજન, પૃ. ૧૩૯.

૧૩. गांधीजीनो अक्षरदेह – ૨૦ : પૃ. ૪૬૯-૪૭૦.

૧૪. એજન, પૃ. ૪૭૦.

૧૫. એજન, પૃ. ૪૮૧.

૧૬. આચાર્ય કૃપાલાની.

૧૭. પંડિત મોતીલાલ નેહરુ.

૧૮. સં. મહાદેવ દેસાઈ: अरजुनवाणी.

૧૯. ગાંધીજી મહાદેવભાઈને જે કાગળો લખતા તેમાં સંબોધનને સ્થાને અત્યાર સુધી ‘ભાઈશ્રી મહાદેવ’ લખતા એની સામે ફરિયાદ છે.

૨૦. માનસિક વૃત્તિ.

૨૧. અસલમાં આ શબ્દો આવા કૌંસમાં છે.

૨૨. સફેદ કબૂતર.

૨૩. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૯.

૨૪. બિપિનચંદ્ર પાલ (૧૮૫૮–૧૯૩૨); બંગાળના શિક્ષણવેત્તા, પત્રકાર, વક્તા અને રાજદ્વારી આ ગેવાન.

૨૫. ૧૮૫૨–૧૯૪૩; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ, ૧૯૨૦.

૨૬. गांधीजीनो अक्षरदेह – ૨૧ : પૃ. ૪૩.

૨૭. એજન, પૃ. ૨૭૩.

૨૮. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૨૧.

૨૮એ गांधीजीनो अक्षरदेह – ૨૧ : પૃ. ૩૫૯.

૨૯. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના એક હસ્તલિખિત પત્રમાંથી.

૩૦. મદનમોહન માલવિયાજીના પુત્ર.

૩૧. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૯૪.

૩૨. એજન, પૃ. ૯૪ની પાદટીપ.

૩૩. गांधीजीनो अक्षरदेह – २२ : પૃ. ૭૭.

૩૪. इन्डपिन्डन्टनो લેખ. नवजीवन, તા. ૨૬–૧૨–'૨૧ના વધારામાં પ્રગટ.

૩૫. સંયુક્ત પ્રાંતોના ગવર્નર.

૩૬. હિંદી વજીર.

૩૭. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૯૫–૯૬

૩૮. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૦૩.

૩૯. ચંદુલાલ ભ. દલાલ: स्व. महादेवभाई देसाई स्मृतिचित्रो, પૃ. ૯૨.

૪૦. गांधीजीनो अक्षरदेह – २२ : પૃ. ૯૧.

૪૧. આડવાત લખી નાખી.

૪૨. પંડિત મોતીલાલ નેહરુ, જવાહરલાલ નેહરુ, જ્યૉર્જ જોસેફ વગેરેને લખનૌની જેલમાં રાખવામાં આવ્યા હતા.

૪૩. ઉબળકમાં.

૪૪. મતલબ કે 'ઘટતું કરજો.'

૪૫. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૯૭થી ૧૦૦.

૪૬. હસ્તલિખિત પત્રનો આ મુદ્રાલેખ હતો.

૪૭. ૧૯૨૧ની આખરમાં અમદાવાદમાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં.

૪૮. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૦૦–૧૦૨.

૪૯. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૫૦. એજન.

૫૧. એજન, ૧૧ જૂન ૧૯૧૯ના હસ્તલિખિત પત્ર પરથી.

૫૨. હિલ સ્ટેશન.

૫૩. થાટોન.

૫૪. ડૉ. પ્રાણજીવનદાસના ભાઈ.

૫૫. એમનું નામ હતું એમ. એસ. કેળકર.

૫૬. ચંદુલાલ ભ. દલાલઃ स्व. महादेवभाई देसाई स्मृतचित्रो, પૃ. ૬૧થી ૬૭માંથી સારવીને.

૫૭. નરહરિભાઈનાં પત્ની.

૫૮. ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી.

૫૯. એજન.

૬૦. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૦૫–૧૦૬.

૬૧. એજન, પૃ. ૧૬૪.

૬૨. એજન, પૃ. ૧૦૭થી ૧૦૯.

૬૩. महादेवभाईनी डायरी – ૪ : પૃ. ૧૦૮–૧૦૯.

૬૪. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૧૬–૧૭.

૬૫. દિલ્હીની સેઇન્ટ સ્ટિવન્સ કૉલેજના પ્રિન્સિપાલ જે ઍન્ડ્રૂઝના ઘનિષ્ઠ મિત્ર હતા.

૬૬. महादेवभाईनी डायरी – ૫ : પૃ. ૪૩૧.

# द्युति

तेजोऽसि तेजो मयि द्येहि
वीर्यमसि वीर्य मयि द्येहि
बलमसि बलं मयि द्येहि
मन्युरसि मन्युं मयि द्येहि
सहोऽसि सहो मयि द्येहि॥

– (यजुर्वेदः 19-9)

તું તેજરૂપ છે. મને તેજ આપ.
તું વીર્યરૂપ છે. મને વીર્યવાન બનાવ.
તું બળરૂપ છે. મને બળવાન બનાવ.
તું પુણ્યપ્રકોપ છે. મને પુણ્યપ્રકોપ આપ.
તું સહિષ્ણુ છે. મને સહિષ્ણુતા આપ.

— (યજુર્વેદઃ ૧૯-૯)

वासना जखन विपुल धुलाय अंधकरिया अबोधे भुलाये
ओहे पवित्र ओहे अनिद्र, रुद्र आलोके असो।

– रवीन्द्रनाथ

કામક્રોધનાં આકરાં તૂફાન આંધળા કરી ભુલાવે ભાન,
હે સદા જાગંત, પાપધ્રુવંત વીજળી ચમકંતા આવો.

— રવીન્દ્રનાથ

# વીસ – સત્યાગ્રહીનું સાધના-સ્થળ: કારાવાસ

પોલીસવાન આવીને ઊભી. મહાદેવે હસતે મોંએ અને દુર્ગાએ સહેજ ગંભીર વદને એકબીજાની વિદાય લીધી. અલાહાબાદથી નૈની જેલની વાટ કાંઈ લાંબી નથી. શહેર વટાવતાં જ જમનાજીનો પુલ આવે છે. કાલિંદી ગંગાને આશ્લેષ લેતાં પહેલાં ધીરગંભીર મંદ મંથર ગતિ થઈ જાય છે. પુલ ઉપરથી સહેજ ઉત્તર ભણી નજર કરતાં ગંગાજીના પ્રવાહની કલ્પના આવે છે. તીર્થરાજ પ્રયાગના સંગમથી પુલ ઝાઝો દૂર નથી. જમના-પાર લીલાંછમ ખેતરો છે અને લગભગ તરત શરૂ થાય છે અલાહાબાદ જિલ્લાના કેન્દ્રીય કારાગારની સીમા. એની ઊંચી ઊંચી દીવાલો આસપાસની હરિયાળીને જાણે કે આડે આવીને થંભાવી દે છે. એના જાડા લાકડાના રાક્ષસી દ્વાર પર કાળનેમિના મુખ-શા કમાડ પર કાળયવનના દાંત જેવા કરાળ સળિયા દૂરથી દેખા દે છે. નવા આવનારને ડરાવવા સારુ જ એની રચના થયેલી છે, પણ મહાદેવનું મોં મલકાય છે. એમની ઘણા વખતની હોંશ આજે પૂરી થાય છે. એટલે સ્તો એમણે પં. મોતીલાલજીને લખ્યું હતું કે આખરે એ રળિયામણી ઘડી આવી પહોંચી. મહાદેવને इन्डपिन्डन्ट છાપા સારુ ગાંધીજીએ અલાહાબાદ મોકલ્યા અને તેમણે તેના તંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યાર બાદ તેઓ ગિરફતાર થયા તે કાળની આખી પરિસ્થિતિનું વર્ણન ખુદ મહાદેવભાઈની જ કલમે:

‘સારું થયું તારી કાયા કાચી-પાકી હોત તો ક્યાં પડતે?’

અર્જુન ભગત

‘સને ૧૯૨૧ના નવેમ્બર મહિનામાં વડી તેમ જ બધી પ્રાંતિક સરકારોને આફરો ચડ્યો હતો. બાદશાહના શાહજાદા દેશમાં આવેલા,[૧] તેને પ્રજા ક્યાંયે આવકાર આપે નહીં એ તેમનાથી સાંખ્યું જતું નહોતું. શાહજાદાને બોલાવવા સામે, દેશના સખત વિરોધ

છતાં, બ્રિટિશ સરકારને અહીંની સરકારે ખાતરી આપી હતી કે શાહજાદાને સુંદર સ્વાગત મળશે. સ્વાગત ન મળશે એમ સાફ કહેવામાં પોતાની કમજોરી બહાર પડે એ કારણે ઉપર પ્રમાણે ખાતરી અપાઈ હતી. શાહજાદા હિંદુસ્તાનના કિનારા ઉપર ઊતર્યા કે તરત જ તેમને ખબર પડી ગઈ કે મારી-બાંધીને સ્વાગત અપાવવાની તેમણે રાખેલી આશા નિષ્ફળ [નીવડી] હતી.

આ નિષ્ફળતાને પરિણામે સરકારને એક પ્રકારનો હડકવા લાગ્યો હતો એમ કહીએ તો ચાલે, ઘણાખરા પ્રાંતોમાં સ્વયંસેવકમંડળોને બેકાયદા ઠરાવનારા કાયદાઓ થયા. પ્રજાની સેવા કરનારા સ્વયંસેવકો બનવા-બનાવવામાં અગાઉના કાયદાનું કોઈ બંધન નહોતું તે આમ એકાએક કેમ નખાયું તે વિશે પ્રજા વિચારમાં પડી, અને એ કાયદા તો તોડીને જ તેનો પ્રતિકાર કરવો એમ આપોઆપ કૉંગ્રેસ કમિટીના ઠરાવ વિના લોકોએ નિશ્ચય કર્યો. કેવળ આ કાયદાનો વિરોધ કરવા માટે સ્થળે સ્થળે સેંકડો-હજારો સ્વયંસેવકો ઊભા થવા માંડ્યા. આથી સરકાર વધારે છંછેડાઈ. તમામ અગ્રણીઓને પકડવાની નીતિ ગ્રહણ કરી. તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે પંડિત મોતીલાલ નેહરુ, પંડિત જવાહરલાલ નેહરુ, મિ. જોસેફ, પુરુષોત્તમદાસ ટંડન વગેરે અગિયાર નેતાઓને પકડવામાં આવ્યા. બીજે દિવસે વળી વધારે પકડાયા. મને, ચાર મહિના ઉપર મિ. જોસેફની પકડાવાની ખબર સંભળાઈ ત્યારે ગાંધીજીએ તેમની જગ્યા લેવાને અલાહાબાદ મોકલ્યો હતો.

મિ. જોસેફ તે વેળા ન પકડાયા પણ આ વેળા પકડાયા એટલે इन्डिपेन्डन्ट પત્રના સંપાદક તરીકે જાહેર થવાની, આખરે, મારી વારી આવી. ગાંધીજી અહોરાત્ર તે વેળા ઉમેદ રાખતા હતા કે તેમને સરકાર ઉપાડી લે, પણ તે નહોતું બનતું; એટલે કાંઈ નહીં તો પોતાના અતિપ્રિય એવા સેવકો જેલમાં ચાલ્યા જાય એમ ઇચ્છતા હતા. જેટલાં શુદ્ધ બલિદાન અપાયાં તેટલાં સારાં એ જ તેઓ બધાને કહ્યા કરતા. નેહરુ કુટુંબ પકડાયું એટલે એમણે તેમને ધન્યવાદનો તાર કર્યો, અને તે જ વેળા મારા ઉપર પત્ર લખ્યો કે, 'મોતીલાલજીનાં પત્ની પાસે એક સુંદર સંદેશો પ્રગટ કરાવ;[૨] અને તુંયે જલદી જેલ જા.' જાણે જેલ આપણું ઘર હોય ને! આ પછી પણ એકાંતરે ગાંધીજીના કાગળો આવતા તેમાં કામ કરવાની સૂચના, મારા લેખોની પ્રશંસા કે ટીકા, ઉપરાંત છેલ્લું વાક્ય તો એમ જ હોય કે 'હજી તમે કેમ છૂટા છો?' 'મારા લેખો, જેલ જવાથી બચી જવાય એવા ઉદ્દેશથી

તો લખાતા નથી, હું પોતે સ્વયંસેવક પણ થયો છું', એટલી હું ગાંધીજીને ખાતરી આપી ચૂક્યો હતો. આ પછી મને મદદ કરવાને દેવદાસ આવ્યા. એટલે અમને બંનેને સંદેશા આવવા લાગ્યા કે 'જેલમાં કેમ હજી ગયા નથી?'

આ પછી 'તમારી બરોબર ખબર લઈશું' એવું એક વચન સર હારકોર્ટ બટલરે પોતાના એક ભાષણમાં ઉચ્ચાર્યું: તેના જવાબમાં મોટા કાળા અક્ષરે 'અમે પણ તમારી બરોબર ખબર લઈશું' એમ છાપી તેની નીચે સેંકડો સ્વયંસેવકોની પ્રતિજ્ઞા મેં છાપી. એટલે સરકાર ચેતી. તા. ૨૧મીએ૩ જ શ્રીમતી સરૂપરાણી નેહરુના સંદેશા અને આ પ્રતિજ્ઞાવાળા લેખને માટે इन्डिपेन्डन्टની જામીનગીરી જપ્ત કરવામાં આવી. ગાંધીજીને એમાં આશાનાં કિરણો જણાયાં, તરત જ 'શાબાશી'નો તાર આવ્યો, અને હાથે લખીને પત્ર કાઢવાની સૂચના આવી. તેનો તરત જ અમલ થયો. બીજે દિવસે[૪] હસ્તલિખિત પત્ર નીકળ્યું. તેની બધી નકલો ખપી ગઈ, એટલું જ નહીં, લોકોની માગણીને પહોંચી વળવા જેટલાં સાધનો અમારી પાસે ન હતાં. ઈશ્વર જાણે, ક્યાં સુધી સાચું હશે, પણ મને ઠેકઠેકાણેથી કહેવામાં આવ્યું કે મારું નાનકડું પત્ર લખનૌ, જ્યાં સર હારકોર્ટનો મુકામ હતો ત્યાં અલાહાબાદથી ટેલિફોનમાં તેમને વાંચી સંભળાવવામાં આવ્યું. મને એમ પણ કહેવામાં આવ્યું કે હવે મારે છૂટા રહેવાનો સંભવ નથી. અને તેમ જ થયું, બીજે જ દિવસે મને મૅજિસ્ટ્રેટ આગળ હાજર રહેવાનો સમન્સ મળ્યો. મારી સેવાની આટલી જલદી કદર થશે એવી આશા મને નહોતી. મારી હકીકત તે જ દિવસે પ્રભાતમાં ઊઠીને મેં લખી કાઢી હતી. તે ટૂંકી હકીકતમાં જણાવેલી સ્થિતિ ઘણાખરા અસહકારીઓની તે વેળા હતી અને હજી આજે છે એમ હું માનું છું. તેમાંનો એક પણ અક્ષર ખેંચી લેવાને આજે પણ કશું કારણ જણાતું નથી.[૫]

મહાદેવભાઈએ જેલમાં પ્રવેશ કરતાં જ જોયું કે આખું આયોજન ચેતનને જડ બનાવે તેવું હતું. માણસ ભય, ત્રાસ અને ઉત્પીડનથી જ સુધરી શકે એવી જડ માન્યતાને આધારે એનું તંત્ર ખડું કરવામાં આવ્યું હતું.

દુર્ગાબહેન લગભગ પોલીસવાનની પાછળ પાછળ જ જેલ પર ગયેલાં. સાથે હતા નાના દિયેર-શા દેવદાસ ગાંધી. પાછળથી દેવદાસનો પત્ર ગાંધીજીએ પત્રલેખકનું નામ છાપ્યા વિના પ્રસિદ્ધ કર્યો:

'ગઈ કાલે અમે જેલ ઉપર ગયેલા. પણ અમને મળવાની રજા ન મળી. ખાવાનું,

ઓઢવાનું અને ચોપડીઓ પણ લઈ ગયેલા પણ તે જેલરે પાછાં વાળ્યાં. આજે સવારે અમે મહાદેવભાઈને મળી શક્યા. એમને સામાન્ય ગુનેગારની પંક્તિમાં રાખવામાં આવ્યા છે અને જેલના બધા નિયમો લાગુ પાડવામાં આવ્યા છે. કપડાં જેલનાં પહેરાવ્યાં છે. એક કોણી સુધીની બાંયનું કાળું પહેરણ અને ચડ્ડી. આ કપડાં અતિશય મેલાં, વાસ મારતાં અને જૂઓથી ભરેલાં છે. બે કામળો આપવામાં આવી છે, જેને મહિનાઓ સુધી પાણીનો સ્પર્શ પણ નહીં લાગ્યો હોય તે પણ જૂઓથી ભરપૂર. ...

પાણી માટે એક કટાઈ ગયેલું લોઢાનું વાસણ આપવામાં આવ્યું છે. દરેક વખત અંદરથી કાટ ઉતારીને થોડી જ વારમાં પાણીને ઝેરી કરી મૂકે છે. રાત્રે પીવા માટે તે પાત્રમાં પાણી રાખી શકાય જ નહીં. સવારે તે પીળું થયેલું હોય છે.

નાહવાનો એક મેલો કુંડ છે. તેનું જ પાણી પીવામાં પણ વપરાય છે. નાહતી વખતને માટે એક લંગોટ હોય છે, પણ શરીર લૂછવાને માટે કાંઈ નહીં. તડકામાં શરીર સુકાયા પછી એનાં એ જ ઉતારેલાં કપડાં પાછાં પહેરવાનાં. અહીંની ટાઢમાં મહાદેવભાઈ જેવી તબિયતવાળા ભીને બદને કપડાં ધુએ અને તે સુકાય ત્યાં સુધી કેવળ લંગોટ પહેરી રાખે એ તો અશક્ય જ છે.

ખાવાનું જેલનું જ. ગઈ કાલે ઘેરથી ખાઈને ગયેલા અને સાંજે ત્યાં કંઈ પણ ખાધું ન હતું. આજે સવારે કંઈક રાબ જેવો પદાર્થ આપવામાં આવેલો તે લીધેલો, તેમાંના કાંકરા અને કચરાની તો શી વાત?

પાયખાને દિવસના બહાર ખુલ્લામાં જવાય છે. પાણી લેવા માટે વાસણ પેલું જ. એ ખુલ્લું જ રહે છે. હજી બેડીઓ નાખવાની બાકી છે.'

આ વાંચીને હરિભાઈ ખૂબ રડી પડેલા અને બોલેલા, 'જિંદગીમાં કોઈ દિવસ દુઃખ વેઠ્યું નથી. કઠણાઈ જોયેલી જ નથી. આવી જેલ એક વરસ શી રીતે કાઢશે?'[૬]

ગાંધીજીએ હરિભાઈને આશ્વાસનનો કાગળ લખ્યો કે:

'મહાદેવને સજા મળવાથી સારું જ થયું છે. એને આરામની જરૂર હતી.જેલમાં અત્યારે તો કષ્ટ છે, પણ મારી ખાતરી છે કે થોડા વખતમાં બધું સુધરી જશે. મહાદેવ તો જ્યાં જાય ત્યાં લોકોને પોતાના કરી લે એવા સ્વભાવના છે. મીઠાશથી અને વિનયશીલ વર્તનથી જેલનાં અયોગ્ય દુઃખોનું એ નિવારણ કરી જ શકશે એની મને ખાતરી છે. એટલે ધીરજ ખોશો નહીં ને કશી ચિંતા કરશો નહીં.'[૭]

નૈની જેલમાંથી મહાદેવભાઈએ એક બીજો પત્ર ગેરકાયદેસર રીતે લખેલો, તેમાં

કેટલાક કેદીઓની સ્થિતિ વર્ણવેલી તેણે ખૂબ ઊહાપોહ જગાવેલો. નીચે એના કેટલાક ભાગ આપ્યા છે:

'તા. ૨૪મીની બપોરે નૈની જેલમાં લાવવામાં આવ્યો. સુપરિન્ટેન્ડેન્ટની સામે તુરત ઊભો કરવામાં આવતાં તેણે ગુસ્સાથી કહ્યું, "જુઓ, તમે અસહકારી હો કે ગમે તે હો, અહીં તો બીજા કેદીઓ જેવા કેદી છો, એટલે તમને બીજા કેદીની માફક રાખવામાં આવશે..."

'...મેં તો અગાઉથી નિશ્ચય કર્યો હતો કે બેડીઓ વગેરે જે નાખવામાં આવે તે બધું આનંદથી સ્વીકારવું, કપડાં પણ કેદીનાં પહેરી લેવાં; એટલે મને કેદીનાં કપડાં આપવામાં આવ્યાં કે તુરત મેં પહેરી લીધાં. ... પોશાકમાં એક સારી પેઠે પહોળાઈવાળો ચીંથરિયા બનેલો 'કંબલકોટ', એક મારા કરતાં બેવડા બાંધાના કેદીએ પહેરીફાડેલું અને કોહેલી મલિન દુર્ગંધ મારતું પહેરણ, તેટલો જ મેલો તંગિયો અને લંગોટ અને બિછાના માટે બે કામળા આપવામાં આવ્યા હતા. થોડીક મિનિટમાં તો મારે શરીરે ખજવાળ આવવા લાગી. બે ઠેકાણે તપાસીને જોતાં ખાસી મોટી જૂ મળી આવી. આ પહેરણમાં હતી કે કામળામાં તે કહેવું મુશ્કેલ હતું, પણ ટાઢ સારી પેઠે વાતી હોવાને લીધે મારે જૂ અને દુર્ગંધ એ બેમાંથી એકની પસંદગી કર્યે જ છૂટકો હતો. દુર્ગંધને ફેંકી, એટલે કોટનું ઓશીકું કર્યું, કુડતું અને તંગિયો દૂર મેલ્યાં અને કેવળ તંગિયાભેર કામળો ઓઢીને રાત વિતાડવાનો નિશ્ચય કર્યો. મેં માન્યું હતું કે હું થાકેલોપાકેલો જેલમાં જઈને તો ઘસઘસાટ ઊંઘીશ, પણ કામળામાંથી જૂઓએ ચટકા ભરવાનું ચાલુ રાખ્યું હતું.

'...સાંજના છ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી દર પા પા કલાકે આકાશ ફાડે એવી ત્રાડ પાડીને અમો કેદીઓની ગણતરી કરવામાં આવતી હતી તેથી નિદ્રા તો શેની આવે! પણ 'ભૂખે ભરડો ભાવે ને ઊંઘ ઉકરડે આવે' એ યાદ કરીને આજે નહીં તો કાલે ઊંઘ આવશે એની મને ખાતરી હતી.

'સાંજે તો મેં કંઈ ન ખાધું, કારણ કે ભૂખ નહોતી. ખાવાપીવાને માટે લોખંડનો એક મોટો વાટકો આપવામાં આવ્યો હતો. તેને સારી પેઠે અજવાળ્યા છતાં સવારે તો કાટથી લાલચોળ પાણીએ ભરેલો હતો. પાણી પીવાને માટે અને હાજતો માટે દિવસના ત્રણ વાર અમને બહાર કાઢવામાં આવતા. પાણીને માટે એક છોની ચણેલી કૂડી હતી, જેમાંથી અમારે સૌને વાટકા બોળીને પાણી લઈ લેવાનું હતું. ... નાહવાને માટે એ જ કૂંડીમાંથી નીકળતી છોની ચણેલી એક લાંબી નાળ, તેમાં સૌને ભેગા બેસીને નાહવાનું. ખાવાનું

સવારે ‘દળિયા’ (ઘઉં વાટીને તેની બનાવેલી રાબ), બપોરે ઘઉં-ચણાના લોટની રોટલી ને દાળ, સાંજે તેવી જ રોટલી ને શાક. આ ખોરાકને વિશે હું મારા ભાવ-અભાવની દૃષ્ટિએ તો શું કહું? બીજા કેદીઓ બરાબર ખાતા હતા એટલે તે unfit for human consumption (માણસને ખાવા સારુ અયોગ્ય ખોરાક)ની આપની વ્યાખ્યામાં ન આવી શકે.

‘...બે દિવસ ખુલ્લે શરીરે બેસી રહીને પહેરણ વગેરેને માટી નાખીને મેં ધોયાં હતાં એટલે દુર્ગંધ મટી હતી. ...

‘...એ અરસામાં મને પોલિટિકલ કેદી ગણવાનો સરકારનો હુકમ આવ્યો છે એવી ખબર આપવામાં આવી. જ્યારે મારા ભાઈઓ સખત મજૂરી કરતા હતા ત્યારે મારે સખત મજૂરીનો લહાવો — સખત પજવણીમાંથી દિનપ્રતિદિન વધારે પવિત્ર અને તેજસ્વી બનવાનો લહાવો — મારી પાસેથી છીનવી લેવામાં આવ્યો! મને મારાં કપડાં — જે હું પહેરીને આવ્યો હતો, અને દેવદાસ અને દુર્ગા મને મળવા આવ્યાં તે દિવસે દુર્ગા મારાં જેલનાં કપડાં જોઈને ભડકી ન જાય તે ખાતર જે કપડાંમાં મને એક વાર શણગારવામાં આવ્યો હતો તે કપડાં — મને પાછાં આપવામાં આવ્યાં. પણ ગાંધીટોપી કંઈ અપાય? સુપરિન્ટેન્ડેન્ટે પૂછ્યું, “ગાંધીટોપી એટલે શું?” તે સમજાવી તો ન શક્યો, પણ કહ્યું કે, “તું પહેરે છે તેવી.” “તેવી ટોપી તને નહીં પહેરવા દેવામાં આવે. તેનો આકાર બદલ, નહીં તો મિ. શેરવાનીના જેવી ફેઝ તું પહેર.” હું હસ્યો. મેં કહ્યું, “ન તો આકાર બદલું કે ન ફેઝ પહેરું.” “તો ઉઘાડે માથે ફરવું પડશે.” મેં કહ્યું, “તૈયાર છું.” મારા મનમાં થયું કે આગ્રહપૂર્વક બધાં કપડાં પહેરવાની ના પાડું, પણ ત્યાં પણ હુકમ માનવાની આજ્ઞાને હું તાબે થયો.

‘...નવા કેદીને દસ દિવસ કામકાજ વિના પૂરી રાખવાનો શિરસ્તો, એટલે પેલા પ્રાંતિક સમિતિવાળા ભાઈઓ અને હું દિવસના કામ વિના પડ્યા પડ્યા એકાદી ચોપડી અમને આપવામાં આવેલી તે વાંચતા. દર સવારે જેલર અને સુપરિન્ટેન્ડેન્ટનાં કડવાં વેણ સુણતા. ... બીજે દિવસે મેં સુપરિન્ટેન્ડેન્ટને કહ્યું: “અમને રેંટિયો આપો અથવા ઘેરથી મગાવી દ્યો!” એટલે તેણે જવાબ આપ્યો, “રેંટિયો તો સ્ત્રીઓને આપવામાં આવે છે. તમારા ઉપર અમને દસ રૂપિયા જેટલો ખર્ચ કરવો પડે છે. તમારી મહેનતમાંથી દસ રૂપિયા અમારે ઉત્પન્ન કરવા જ જોઈએ, તે તો ઘંટી દળવા જેવા કામમાંથી જ ઉત્પન્ન

થાય.” મેં કહ્યું, “તમારામાં અક્કલ હોય તો અમારા કામમાંથી પાંચસો રૂપિયા પણ ઉત્પન્ન કરી શકો.” એટલે ચિડાઈને કહે, “શું તમારી પાસે આર્ટિકલ (લેખો) લખાવું?”

‘...પેલાઓની મુદત પૂરી થઈ એટલે તેમને ગળે લોખંડની હાંસડી, ગુનાની કલમવાળું લાકડાનું માદળિયું પહેરાવવામાં આવ્યું. પગમાં લોખંડનું કલ્લું તો પહેલેથી જ હતું...

‘...એક સત્તર-અઢાર વરસની ઉંમરનો કૈલાસનાથ નામનો કાનપુરના સુપ્રસિદ્ધ વકીલનો બાળક છે તે રાજદ્વારી કેદી છે, ધર્મનિષ્ઠ હોઈ સ્નાનસંધ્યા, ચંદનાદિનું લેપન કપાળે કર્યા પછી જ ખાનારો છે. એની ચંદનાદિની સામગ્રી તો જેલરે આવવા દીધી હતી, છતાં એક દિવસ ચંદન કરેલું જોયું એટલે હુકમ કર્યો: “કપાળ ઉપર આ શું કર્યું છે? ભૂસી નાખ.” પેલાએ ભૂસી તો નાખ્યું, પણ ખાધું પણ નહીં, એટલે પાછી જેલરની સવારી આવી. પેલાને ખાવાની ધમકી આપવામાં આવી પણ તેણે ન માન્યું એટલે તેને લાકડાના દંડાથી સખત માર મારવામાં આવ્યો, બૂટથી લાતો મારવામાં આવી... અને ગાળોનો વરસાદ વરસાવવામાં આવ્યો.

‘...પંદર મિત્રોમાંના એકને પકડવામાં આવ્યા. તેમના ઉપર દરોગો વરુની માફક તૂટી પડ્યો, તેને બીભત્સ ગાળો, લે, “ગાંધીજીની જે પોકારતો જા!” એ અવાજ સાથે લાઠી અને દંડાનો માર પડ્યો. દોઢ ઇંચના વ્યાસની દસ લાઠી પડી એટલે પેલા ભાઈનું વજ્ર જેવું શરીર પણ તૂટી પડ્યું. તેના ઉપર જમીન ઉપર પડીને પણ મુક્કી વગેરેનો માર મારવામાં આવ્યો...

‘...બીજા કેદીઓ ચિડાયેલા એટલે “ગાંધીજીની જય” પોકારતા રહ્યા એટલે તેમાંનાં અનેક (લગભગ પચાસ-સાઠ) જણને બેસુમાર માર મારવામાં આવ્યો. જાણે આટલી સજા સંપૂર્ણ ન હોય તેમ બીજે દિવસે સવારે સૌ કેદીઓને બહાર કાઢવામાં આવ્યા અને ...જે બે કેદીઓ ઉપર શક હતો તેમના હાથ લાકડે બાંધી તેમના ઉપર નેતરના ફટકા પડ્યા. આ નેતરના ફટકા તો એટલા ત્રાસદાયક રીતે મારવામાં આવતા હતા કે ચીસો લગભગ બે-ત્રણ ફલાંગ દૂર મારી કોટડીમાં સંભળાતી હતી. થોડે ફટકે માણસ બેભાન થયો એટલે તેને આરામ આપી શુદ્ધિ આવતાં ફરી ફટકા પડ્યા. આમ બે જણને તેવીસ ફટકા પડ્યા. નોંધવા જેવી વાત એ છે કે ફટકા પડતા હતા ત્યારે દરેક ફટકે તેઓ “મહાત્મા ગાંધીજીની જય” પોકારતા હતા. જેમને મારવામાં આવ્યા તેમણે સૌએ સુપરિન્ટેન્ડેન્ટ, જેલર અને બીજા સૌના દેખતાં છતાં “જે” પોકારવાનું ચાલુ રાખેલું. આખરે પેલાને મારતાં ધરાયા ત્યારે જ બંધ રહેલા. આ પછી બીજા ત્રણ-ચારને નેતરથી

નહીં પણ લાકડી-મુક્કાથી મારવામાં આવ્યા. એક જણને તો એટલો માર પડ્યો કે તેનાથી ઝાડા-પેશાબ પણ થઈ ગયા હતા!'

ઉપર વર્ણવેલા ભયંકર મારના પ્રસંગ પછી જેલર જ્યારે મળવા આવ્યો ત્યારે મહાદેવભાઈ કહે:

'...આજે મારે માટે ઉપવાસ અને પ્રાર્થનાનો દિવસ છે... હું મારા બંધુઓ માટે પ્રાર્થના કરીશ, કેમ કે આરંભમાં તેમની ભૂલ (જેલના સામાન્ય નિયમપાલન અંગેની) થયેલી છે, પણ વધુ પ્રાર્થના તો તેને માટે કરીશ, જેમણે તેમને દ્વેષપૂર્વક માર્યા છે.'૮

મહાદેવભાઈ પ્રત્યેના હીણા વહેવારથી સંયુક્ત પ્રાંતમાં ખૂબ ઊહાપોહ થયો હતો. સર લલ્લુભાઈએ એ અંગે વાઇસરૉયને કાગળ લખ્યો, એને પરિણામે એમને ખાસ કેદી ગણી બધી સગવડો આપવામાં આવી. આશરે દસેક દિવસ મહાદેવભાઈને પેલી અમાનુષી હાડમારી વેઠવી પડી હશે.

થોડા દિવસ પછી મહાદેવભાઈની બદલી આગ્રા જેલમાં થઈ હતી. ત્યાં તેમને રાજનૈતિક કેદી તરીકે ગણવામાં આવ્યા એટલે પ્રમાણમાં ઠીક છૂટછાટ મળી.

મહાદેવભાઈને ગુજરાતીમાં પત્ર લખવાની છૂટ હતી, પરંતુ જેલ અધિકારીઓ એ ભાષા જાણતા નહોતા, જો તેઓ ગુજરાતીમાં પત્ર લખત તો તે છૂપી પોલીસને હવાલે થાત. ગાંધીજીને અંગ્રેજીમાં પત્ર લખતાં જીવ ચાલતો નહોતો. ઘણી માનસિક મથામણને અંતે તેમણે અંગ્રેજીમાં જ નીચે મુજબ પત્ર લખ્યો:

૯–૧–'૨૨

મારા પરમ પ્રિય અને અતિ આદરણીય બાપુજી,

મારા મન સાથે ખૂબ જ ઝઘડ્યા પછી, આપને લખવા જેટલી હિંમત કરું છું. આપને અંગ્રેજીમાં લખવું બહુ કઢંગું લાગતું હતું — આજે પણ લાગે છે. પણ છેવટે, અનેક અનિષ્ટોમાંથી જે ઓછામાં ઓછું અનિષ્ટ હોય તે મેં પસંદ કર્યું છે. એ સાચું છે કે ઉર્દૂમાં લખવાની મને છૂટ હતી; પણ ઉર્દૂ મને આવડતું નહોતું; હિંદીમાં લખવાની છૂટ હતી પણ જે માણસની નિર્ણયશક્તિ વિશે મને કોઈ અભિપ્રાય નથી તેમના હાથમાંથી પત્ર પસાર થાય એ તો મને ન ગમે; ગુજરાતીમાં લખવાની છૂટ હતી પણ એમ કરું તો પત્ર છૂપી પોલીસના હાથમાં જાય અને એ લોકો અઠવાડિયાંઓ સુધી આપને ન મોકલે. એટલે અંગ્રેજીમાં લખવું અને પત્ર સુપરિન્ટેન્ડેન્ટને સુપરત કરવો એ ઓછામાં ઓછું અનિષ્ટ હતું. આ અધિકારી હવે મને સમજે છે, અને એમને સુપરત કરવામાં મને કાંઈ વાંધો

દેખાતો નથી. આટલા લાંબા ખુલાસા પછી પણ મને ડર તો છે જ કે આપને હું, અંગ્રેજીમાં લખું છું એ આપને જરાય ગમશે નહીં. પણ હું ઇચ્છું છું કે, આ હું કેટલું બધું મારી ઇચ્છાવિરુદ્ધ કરું છું એ હું આપને કહી શકું. આપ તો જાણો છો કે આપની હાજરીમાં, બીજાઓ સાથે પણ અંગ્રેજીમાં વાત કરતાં હું હંમેશ એક પ્રકારની મૂંઝવણ અનુભવું છું. એ મૂંઝવણ, આપને અંગ્રેજીમાં લખવું પડે છે ત્યારે ખાસ વધી જાય છે, પણ જે અનિવાર્ય છે તે આપ સહી લેશો એવી હું આશા રાખું છું. સરકાર એવું ઘણુંય કઢંગું કરવાની આપણને ફરજ પાડશે અને જ્યાં સુધી આપણને એમાં કાંઈ અનૈતિક જેવું ન લાગે ત્યાં સુધી એ કરીને આપણે સંતોષ માનીશું. આપણા દેશબાંધવોને, અરે આપણાં સગાંવહાલાંને પણ, અંગ્રેજીમાં લખવું એ, પરદેશી વસ્ત્રો ન પહેરવાનું વ્રત લીધા પછી એ પહેરવામાં ઘોર પાપ છે તેટલું ઘોર પાપ હોય એમ હું માનતો નથી. પણ મારે હવે આ લાંબી પ્રસ્તાવના બંધ કરવી જોઈએ.

હું અહીં મજામાં છું. હું ખરેખર એમ માનું છું કે મારું જેલ જવાનું વખતસર જ આવ્યું છે. આપ તો જાણો છો કે મને કેટલી દોડાદોડ હતી અને મને આરામની ખાસ આવશ્યકતા હતી. આરામ મને અહીં પુષ્કળ પ્રમાણમાં મળે છે. અહીં હરવાફરવા માટે પણ ખૂબ જગ્યા છે — કાંઈ નહીં તો એક છેડેથી બીજે છેડે જઈ મારા રોજના દસ માઈલ પૂરા કરવા જેટલી જગ્યા તો છે જ. ચોપડીઓ પણ પુષ્કળ છે; પણ તે ફક્ત ધાર્મિક જ. (રાજકારણ તો અલબત્ત, નિષિદ્ધ છે, પણ સુપરિન્ટેન્ડેન્ટને મારા રસ-વૈવિધ્યની ખબર નથી.) અહીં પુષ્કળ ખાવાનું અને ચોખ્ખી હવા મળે છે અને કોઈ લમણાફોડ નથી એટલે ઊંઘ પણ પુષ્કળ મળે છે. આમ એકધાર્યો સમય જતો હતો તેની મજામાં અણગમતા અનુભવોનો વિક્ષેપ નહોતો એમ નહીં, પણ હવે એ બધા વેઠી લેવા જેટલી તાકાત મારામાં આવી છે.

પણ અહીંના જીવનનો ખ્યાલ હું આપને આપી શકું નહીં. તેનાં ઘણાં કારણો છે. એક તો, સાચા ખયાલને સેન્સર કરવામાં આવે, વળી ગુજરાતીમાં હું જેટલું લખ્યે રાખું તેટલું એક પરદેશી ભાષામાં ન કરી શકું. મશ્કરો થવાના પ્રલોભનને હું ભાગ્યે જ રોકી શકું અને કોઈનેય સપાટામાં લીધા વિના અગર કોઈને ખોટું લગાડ્યા વિના મશ્કરી કરવાની કળા મેં હજી સિદ્ધ કરી નથી. અને દેવદાસ મને ત્રણ વખત મળી ગયા છે એટલે હું ધારું છું કે એમણે આપને મારા વિશે ઘણું લખ્યું હશે. એક અઠવાડિયા સુધી હું એક સામાન્ય કેદી હતો; કેદીના સામાન્ય વેશમાં હતો — મને ખાતરી છે દેવદાસે આપને

એનું વર્ણન કર્યું હશે. પણ મારે માથે કેદીનું કાંઈ કામ નહોતું. ભારે કે હળવું કાંઈ કામ મારા ઉપર નાખવામાં આવ્યું નહોતું. બીજા અઠવાડિયે રાજકીય કેદીઓના વૉર્ડમાં મારી બદલી કરવામાં આવી અને મને મારી ચોપડીઓ, પથારી અને કપડાં આપવામાં આવ્યાં. અલબત્ત, એક અપવાદ હતો — 'ગાંધીટોપી'નો. એ પહેરવા સામે સુપરિન્ટેન્ડેન્ટે વાંધો લીધો, કારણ કે 'ગાંધીટોપી' એટલે શું એની એની પાસે કોઈ વ્યાખ્યા નહોતી.

મને રોજના ૫૦૦ પરબીડિયાં બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. કામ ખૂબ હળવું હતું. જોકે ગમે એવું જરાય નહોતું. પણ આ પણ લાંબો વખત ન ચાલ્યું. જ્યાં મને ખબર પડી કે એમ કરવાથી મને થોડોક વધુ ખોરાક મળશે ત્યાં તો મેં એ કંટાળાભરેલું કામ છોડી દીધું. વધુ ખોરાક મારા માટે વધુ પડતો હતો, કારણ, નક્કી કરેલા પ્રમાણમાં મને જે ખોરાક મળે છે તે મારા માટે પૂરતો છે. પણ બદલામાં, કાંતવા દેવાની મેં પરવાનગી માગી. જે દિવસે મને અહીં લાવવામાં આવ્યો તે જ દિવસે મેં એની માગણી કરી હતી પણ 'એમાંથી પૂરતી કમાણી ન થઈ શકે' એમ કહી એ નકારવામાં આવી. દરેક કેદી પાસે દસ રૂપિયા પેદા થાય એટલું કામ કરાવવાની અપેક્ષા હોય છે, કારણ, કેદી દીઠ જેલને એટલું ખરચ આવે છે. હું તો રાજદ્વારી કેદી રહ્યો એટલે 'ઊંચા પ્રકારનું મોભાદાર' કામ મને સોંપવામાં આવ્યું હતું. મેં મારી માગણી ફરીથી રજૂ કરી. આ વખતે કાંઈક સમજી શકાય એવા કારણે તે નામંજૂર કરવામાં આવી. કહે, 'ચરખાનું રાજકીય મહત્ત્વ છે એ તો તમે જાણો જ છો.'

એટલે બધા દિવસો મારે કાંઈ કામ નહોતું. મને લાગે છે કે મેં એનો ઠીક ઠીક સદુપયોગ કર્યો છે. મેં ખૂબ વાંચ્યું છે, મેં ગ્લેવોરનું जसिस ऑफ हसि्टरी વાંચ્યું છે. એમાં મને ખૂબ રસ પડ્યો; અને એની દૃષ્ટિએ બાઇબલ પણ પૂરતા પ્રમાણમાં વાંચ્યું છે. તુલસીકૃત રામાયણ પણ મેં ગંભીરતાપૂર્વક વાંચવું શરૂ કર્યું છે અને મારા સવારસાંજના ફરવા ટાણે, કબીરનાં ભજનો અને ભગવદ્‌ગીતાના શ્લોકો ગોખવાથી મારી યાદશક્તિને કસવાનું શક્ય બને છે. આપ કલ્પના કરી શકશો કે હું નિયમિત પ્રાર્થના કરું છું. આપે નિશ્ચિત કરેલા સમયે સૂઈ જાઉં છું અને નાનક કહે છે તેવા 'જ્યારે સ્વર્ગમાંથી અમૃત વરસે છે' તેવા પવિત્ર સમયે હું ઊઠું છું. મને તદ્દન મનગમતું જીવન મળ્યું છે — નિયમસરનું પથ્ય, ખાનપાનનું, ધાર્મિક અધ્યયનનું અને ધ્યાનનું, અને છતાં અહીંના જીવનમાં, મારો ખોરાક મેળવવા માટે કરવો પડે એવો શારીરિક શ્રમ નથી —

સિવાય કે હું મારાં કપડાં ધોઉં છું અને વાસણ માંજું છું. હાથે રાંધવા દેવાની મને છૂટ આપવામાં આવી નથી. મહાત્મા ગાંધી જેવા મહાન માણસ પાસેથી પણ રાંધણકળા માટે મને એક વખત પ્રમાણપત્ર મળ્યું હતું એટલે હું કેવો પાવરધો રસોઇયો છું એ સુપરિન્ટેન્ડેન્ટ જાણતા હોત તો કેવું સારું? અહીંના બધા જ રાજદ્વારી કેદીઓનો ખોરાક પકવવા માટે હું તદ્દન તૈયાર હતો. પણ 'આગ ચાંપનારાઓને' (incendiaries) અગ્નિ કેવી રીતે સોંપાય! જોકે ગોવિંદ અને કૃષ્ણકાંત જેઓ પેલે દિવસે આવ્યા તેમને જાતે રાંધી લેવાની છૂટ આપવામાં આવી છે. પણ એ તો એઓ રૂઢિચુસ્ત હિંદુઓ છે માટે. એટલે મારે તો મોજ છે અને કામ કાંઈ નથી. અને આને માટે કોઈને દોષ દેવા જેવું નથી. અમારે, ખાસ કરીને દુનિયાના બીજા બધામાં કેદીઓએ તો, કાલની શું ફિકર કરવી? અને મને ચરખો ન આપ્યો તે માટે મારે ફરિયાદ ન કરવી જોઈએ. જેલ અધિકારીઓને ખબર હતી કે હું બાઇબલ વાંચું છું અને હું ધારું છું, એ લોકો એવી આશા રાખતા હશે કે મારે તો 'વગડાના પોયણાને નિહાળવાં, તે કેવાં ખીલે છે! નથી મહેનત કરતાં કે નથી એ કાંતતાં'૯ હું જરૂર એવી આશા રાખું છું કે એ સુખી ફૂલોની માફક હું પણ વિકાસ પામું છું.

પણ એમ લાગે છે કે આ આરામની રાહત અને શાંતિ મને વધુ ન મળે એવું કોઈ કાવતરું મારા નસીબે ઘડ્યું છે. મને અહીં ગોઠતું જતું હતું; મારી અને જેલ અધિકારીઓ વચ્ચે હું પૂરી સમજૂતી સાધી શક્યો હતો, એમ પણ કહેવાની હિંમત કરી શકું કે એમના તરફથી સહાનુભૂતિ અને આદર મેળવવાની શરૂઆત થઈ હતી. મારું દૃષ્ટિબિન્દુ અને મારા જીવનનો ક્રમ એમને સમજાવવાનો અને એની કદર કરાવવાનો પ્રયત્ન હું કરી રહ્યો હતો, પણ ત્યાં તો એકદમ વાદળમાંથી વજ્ર પડે છે! સુપરિન્ટેન્ડેન્ટે આજે સવારે અમને કહ્યું કે આવતી કાલે બધા જ રાજદ્વારી કેદીઓને — જેમાં મારો અને કૃષ્ણકાંત તથા ગોવિંદનો પણ સમાવેશ થાય છે તેમને — આગ્રાની જેલમાં મોકલી દેવાના છે, (અહીં કહી દઉં કે કૃષ્ણકાંત અને ગોવિંદની સજા ઘટાડીને છ માસની કરીને સરકારે એમને શરમિંદા બનાવ્યા છે.)૧૦મેં આને 'વજ્રનો ધડાકો' કહ્યું છે. ત્યાં, અમારે માટે કેવું જીવન હશે એની મને ખબર નથી. મને કહેવામાં આવ્યું હતું કે બધા જ રાજદ્વારી કેદીઓને એક જ સ્થળે ભેગા કરવામાં આવે છે. મને લાગે છે એ હેતુ હશે કે અમને જેટલાં કાવતરાં રચવાં હોય તેટલાં પેટ ભરીને રચવા દેવાં, પણ આમ એમને છૂટા પાડીને, સામાન્ય કેદીઓને એઓ ન બગાડે એટલા દૂર તો રાખવા જ. સંસ્થાનોમાં,૧૧ આપણને

છૂટા પાડવામાં થતી આપણી માનહાનિ અને શિક્ષા કરતાં આ છૂટા પાડવામાં મને એ [માનહાનિ અને શિક્ષા] જરાય ઓછી લાગતી નથી. આ કિસ્સાની, આ એક બાજુ છે, અને એ વધુ ઉચ્ચ કક્ષાની છે, ઐહિક બાજુ એ છે કે એ મારી અંગત સુખસગવડને સ્પર્શે છે. અહીં મારો બધો સમય મારા માટે ફાજલ હતો; એ, ત્યાં મળશે એવી આશા હું રાખતો નથી. અહીં દુર્ગા અને દેવદાસ મને અવારનવાર મળવા આવી શકતાં હતાં, હવે એ લોકો એમ કરી શકશે નહીં. દુર્ગાને એટલું આશ્વાસન હતું કે હું મળી શકું એટલા અંતરે છું, પણ હવે એટલો નજીક નહીં હોઉં.

પણ આવા વિચારો મનમાં આણીને હું પાપમાં પડું છું. આપણે અહીં લહેર કરવા આવ્યા નથી. આપણે સઘળાં દુ:ખો સહન કરવાનું માથે લીધું છે અને અહીં તો કાંઈ દુ:ખ નથી. (કેટલાક નસીબવંતાઓને એનો લાભ અહીં મળ્યો હતો અને તેથી એમનો ત્યાગ એટલા ઊંચા પ્રકારનો અને શુદ્ધ હતો.) મારા મનમાં એમ થઈ આવે છે કે લડતમાં હજી પણ વધુ સાચા અને ઉમદા ત્યાગની જરૂર છે. મારો ત્યાગ તો — જો એને 'ત્યાગ'નું મોટું નામ આપી શકાય તો — બહુ સહેલો હતો. આ અંગે હું આપને કહી દઉં કે મારી ધરપકડ પછી આપને કરેલા તારમાં મેં પેલું વાક્ય બેદરકારીથી લખી કાઢ્યું તેનાથી મને બહુ દુ:ખ થયું છે અને મેં ઉજાગરા વેઠ્યા છે, 'હું આશા રાખું છું, હવે હું આપને લાયક ઠર્યો' એ શેખીખોર વાક્ય મારી છાતીમાં હજી સાલ્યા કરે છે. મને એમ નથી થતું કે આપે એ માફ કર્યું હોય. એ વાક્યમાં જ મારી બિનલાયકાતનો પુરાવો છે. તાર મેં ફરીથી વાંચ્યો હોત તો મને લાગે છે કે વધુમાં વધુ હું એટલું જ લખત કે, 'માનું છું કે આપને લાયક બનવા તરફ હું ઠીક ઠીક વધ્યો છું.' એ બાલિશ શેખીની યાદ કેમ કરીને ભૂંસાય? પણ મને ખબર છે કે એ ન બની શકે. ઉમર ખયામે કહ્યું છે કે, 'હાથની આંગળી લખે છે, અને એક વખત લખ્યા પછી એ લખતી જ રહે છે. તારી બધી ધાર્મિકતામાં, ઇચ્છામાં અને તારાં બધાં અશ્રુમાં એમાંની એક લીટીને રદ કરવાની કે એક શબ્દ ભૂંસવાની શક્તિ નથી.' આપને લાયક થવા માટે મારે ઘણા જન્મો નહીં તો છેવટે ઘણાં વર્ષો વિતાવવાં પડશે. તોયે હું એટલો તો આશાવાદી છું કે મને લાગે છે કે હું ઠીક ઠીક આગળ વધું છું. એની ક્રિયા શરૂ થઈ ગઈ છે. મેલું સાફ કરવાની જે શરૂઆત આપે કરી હતી તે મેં ચાલુ રાખી છે. રોજ મને એવું લાગે છે તે હું પ્રગતિ — ભલે થોડી પણ — કરી રહ્યો છું. પ્રેમભાવની મારી શક્તિમાં હું રોજ કાંઈક ઉમેરો કરી રહ્યો છું. મને આશા છે કે મારા

ધાર્મિક શિક્ષણમાં રહેલી ક્ષતિઓ(નું ભાન) જે ચાલુ રહેશે તો વિકાસની આ પ્રક્રિયામાં એનાથી ઘણી મદદ થશે.

કૃપા કરીને આપ સરલાદેવીને કહેશો કે હવે, હું એમનો ભાઈ થાઉં એવો ભાવ એટલો બધો અનુભવું છું કે, એમની સમક્ષ હું એક વિનંતી કરી શકું — બ્રાઉનિંગની કૃતિઓનો એમની પાસે જે સરસ સેટ છે તે જો એમને કાંઈ મુશ્કેલી ન હોય તો થોડા વખત માટે આગ્રાની ડિસ્ટ્રિક્ટ જેલના સુપરિન્ટેન્ડેન્ટના સરનામે મોકલે. આપને પણ વિનંતી કરું છું કે फ्रॉम अॅन अननॉन डसिाइपल નામનું પુસ્તક જે આપ આપની પાસે રાખો છો તે, અને પ્રોફેસર મેકેન્ઝીએ लाइफ ऑफ सेंट फ्रासंसि નામનું જે પુસ્તક આપને ભેટ આપ્યું હતું તે, મને મોકલી આપો. હું આશા રાખું છું કે આગ્રામાં પણ મને ચોપડીઓ વધુ પ્રમાણમાં રાખવા દેવામાં આવશે. આજકાલ તો મારા દિવસો ભક્તચરિત્રો વાંચવામાં જાય છે અને બની શકે એટલા પ્રમાણમાં બાઇબલ, ભક્તો (અલબત્ત, ખ્રિસ્તી ભક્તો સુધ્ધાં) રામાયણ અને મહાભારત (અલબત્ત, ભગવદ્ગીતા સુધ્ધાં) વિશેનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું મને ગમશે. મારી પાસે કેટલુંક ધર્મેતર સાહિત્ય તો છે જ પણ સાચું પૂછો તો એનું સ્થાન ગૌણ છે. ભજનો અને શ્લોકો મોઢે કરવા એ એક મહાન બાબત છે જ. એથી એ મહાન યુગોનું સમરણ થાય છે કે જેમાં આપણાં સ્ત્રીપુરુષો જીવતાં હતાં અને (ખરાં) સ્ત્રીપુરુષો તરીકે જીવન ગાળતાં હતાં અને તેમની સ્મૃતિઓના અભેદ્ય દુર્ગોમાં ધાર્મિક અને તાત્ત્વિક જ્ઞાનના ખજાના ધારણ કરતાં હતાં. આ વખતે વિનોબા અને એમના જુવાનિયાનું જૂથ મને યાદ આવે છે, અને મને થાય છે કે મને પણ એવા વાતાવરણમાં ઊછરવાનો અને મોટા થવાનો લાભ મળ્યો હોત તો કેવું સારું? આવા આવા યાદ કરેલા ખજાના જો અમને એકાંતવાસમાં ગોંધવામાં આવે તો કેટલા મદદગાર થઈ પડે એ આપને કહેવાની જરૂર નથી.

પણ મારે હવે આ બંધ કરવું જોઈએ. આવી ઢંગધડા વિનાની વાતો વાંચવામાંથી સુપરિન્ટેન્ડેન્ટને મારે બચાવવા જોઈએ. અત્યારે પણ એ માને છે કે અમે એકલા નહીં, બધા જ રાજદ્વારી કેદીઓ, એમને બહુ પજવીએ છીએ, અને અમારી જેલ-બદલીના સમાચારથી એમને કેટલો આનંદ થયો હશે એનો ખ્યાલ હું કરી શકું છું. એના પરિણામે એમના માથેથી મોટો બોજો જરૂર ઊતરશે. અને એ આનંદદાયક બનાવથી રાજી રાજી થઈને એમણે મને એકીસાથે બે કાગળો લખવાની પરવાનગી આપવાનું ઔદાર્ય દાખવ્યું

છે. શિસ્તમાં છૂટ મૂકવાનું પહેલી અને છેલ્લી વખતનું પગલું લેતાં એમને વાંધો નહીં લાગે.

અને હું તો ઇચ્છું છું કે એકલા જેલ અધિકારીઓના જ નહીં પણ ગજા ઉપરાંતનું કામ કરનાર આખી સરકારના માથેથી ચિંતાનો બોજો આપણે ઘટાડીએ. અહીંના કલેક્ટર મિ. નોક્સ, જેઓ મને ઓળખે છે તેઓ, પેલે દિવસ મુલાકાતે આવ્યા હતા ત્યારે એમણે આશા દર્શાવી, અને મેં પણ એમ જ પ્રત્યુત્તર વાળ્યો કે અમે ટૂંક સમયમાં મિત્રો તરીકે મળીશું. મેં જ્યારે એવી આશાનો પ્રત્યુત્તર વાળ્યો ત્યારે એમણે કહ્યું, 'એ બધું તમારા ઉપર આધાર રાખે છે.' મેં કહ્યું, 'હું તો એક કેદી છું. એનો મારા ઉપર આધાર હોઈ શકે નહીં.' એમણે હસતાં હસતાં કહ્યું, 'વારુ, એનો મિ. ગાંધી ઉપર આધાર રાખે છે.' અને એનો હું જે જવાબ આપત તે સાંભળવા ઊભા ન રહ્યા. (હું કહેત) 'ગાંધી કહે છે કે બધું સરકારના ઉપર આધાર રાખે છે, સરકાર કહે છે કે બધું ગાંધી ઉપર આધાર રાખે છે. આનો નિવેડો કોણ લાવે?'

પણ હું વળી પાછો વાતે ચડ્યો. આગ્રામાં શું સ્થિતિ હશે એનો મને ખ્યાલ નથી પણ હું આશા રાખું છું કે એ ઠીક ઠીક પ્રમાણમાં ગમે તેવી હશે. મારું જીવન સમગ્રપણે ઠીક ઠીક પ્રમાણમાં આનંદમાં ગયું છે. રાજદ્વારી કેદીઓ માટે તાજમહાલને જેલમાં ન ફેરવી શકાય? પણ વધુ, હવે હું આપને લખું ત્યારે. હાલ તો:

આપના મહાદેવના ઊંડા ભાવભર્યા પ્રણામ૧૨

હવે તો લાગે છે કે હું તો જેટલું ગુજરાતીમાં લખવું હોય તેટલું લખી શકું એમ છું — કારણ, આ કાગળ નાખનાર આદમી મળી ગયો છે. ઉપરના કાગળની નકલ તો એટલા માટે રાખેલી કે તમને મારો કાગળ જેલમાંથી ન મોકલવામાં આવે તો નકલ ક્યાંકથી બીડી દેવી.[૧૩] અને આપ કહી શકો કે આવો કાગળ પણ ન મોકલવો. અહીંના સુપરિન્ટેન્ડેન્ટ તો અસહકારીઓ એટલે તેમના દુશ્મન એટલું સમજે છે. કેવળ વિનોદથી એને ઠીક કર્યો છે અને હવે તો એનું વર્તન મારા તરફ તો બહુ જ સરસ કહેવાય. જો મને ગાડીમાંથી લખવાની તક મળે તો એક સુંદર કાગળ ગુજરાતીમાં લખીને મોકલીશ. અહીં તો એક અક્ષર વધારે લખવાનો વખત નથી રહ્યો.

આપનો એક કાગળ તો જોઈએ. પંદર દિવસ થયા આપનો એક કાગળ જોવાનો નથી મળ્યો.

લિ. સેવક,
મહાદેવના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.[૧૪]

આ પત્ર લખાયો એને બીજે જ દિવસે નૈનીથી આગ્રા જતાં ટ્રેનમાં મહાદેવભાઈએ ગાંધીજીને બીજો પત્ર લખ્યો, જેમાં જેલમાં કેદીઓ પર ગુજારવામાં આવેલા અત્યાચારોનું તાદશ વર્ણન હતું. એમાંથી કેટલાક અગત્યના ભાગ આ રહ્યાઃ

ઈટાવાની નજીક,
આગ્રા જતાંઃ તા. ૧૦મીની સવારે

અંધારી, અજવાળા વિનાની કોટડીમાં અકળાઈ-ગૂંગળાઈ રહેલો આદમી ખુલ્લી હવામાં આવીને જે લાગણી અનુભવે તે લાગણી હું અનુભવી રહ્યો છું. આપને લગભગ દરરોજ કાગળ લખનારો, અને એમ કરીને મનની અનેક મૂંઝવણ ભાંગનારો હું, આપને લખવા માટે કેટલો તલપી રહ્યો હોઈશ તેની કલ્પના આપને આવી શકશે. પંદર દિવસમાં એક કાગળ લખવાની રજા, તેયે અંગ્રેજીમાં લખવાની, અને તેયે સુપરિન્ટેન્ડેન્ટની મારફત મોકલવાની શરતે એટલે અંધારી કોટડીમાં જે બનતું હતું તે આપને લખવાની તો આશા જ શેની કરવાની? પણ કાલે રાત્રે અમારો છુટકારો થયો — છુટકારો આગ્રા પહોંચીએ ત્યાં સુધી તો ખરો જ — અને આજે સવારે અમે આગ્રાને રસ્તે છીએ.

રાત્રે અમને ૩૯ જણાને ત્રણ હાથ પહોળી અને પાંચ હાથ લાંબી, અંદરથી સળિયાઓથી બંધ કરેલી ચાર કોટડીવાળી કેદગાડી — 'પ્રિઝન વાન'માં પૂરીને નૈનીથી હંકારવામાં આવ્યા. એ ચાર કોટડીઓને અંદરથી સળિયાઓ વડે સુરક્ષિત કરવામાં આવી હતી. એટલું કેમ જાણે બસ ન હોય તેમ તેને વધુ સુરક્ષિત બનાવવા માટે 'પ્રિઝન વાન'ને બારીબારણાં કશું રાખવામાં નહોતું આવ્યું. માત્ર હવા આવવાને માટે ગાડીની બાજુમાં એક ઇંચ પહોળાં તિરકસ બાકાંઓ રાખવામાં આવેલાં હતાં. જે સાર્જન્ટ અમને લઈ જઈ રહ્યો છે તેને મેં કહ્યુંઃ 'મોપલાકાંડ તો ફરી કરવો નથી ને?'૧૫ એણે બિચારાએ ભોળપણથી જવાબ આપ્યો, 'ઉનાળો નથી એટલે કશો ભય નથી. ઉનાળો હોત તો આ અસહ્ય થાત.' અમારી ચાર કોટડી ઉપરાંત એ જ ગાડીમાં એક પાંચમી કોટડી હતી. તે બારીબારણાંવાળી સામાન્ય ત્રીજા વર્ગના ડબ્બા જેવી હતી. તેમાં આપણા પોલીસબંધુઓ હતા. અમને ગૂંગળાવેલા રાખવા માટે તેમને હવા-અજવાળાની પૂરતી મોકળાશ મળવી જોઈએ ના?

દેવદાસ-દુર્ગા અલાહાબાદ સ્ટેશન ઉપર મળવા આવ્યાં હતાં. એઓ અમને જોઈ તો

શેનાં શકે? પણ હું જ્યાં હતો ત્યાં દેવદાસ-દુર્ગા બહારની બાજુએ આવીને ઊભાં, અને અમે ધરાઈને વાતો કરી શક્યાં. જે કાળાં કૃત્યોની ખબર હું જેલમાંથી દેવદાસને નહોતો આપી શક્યો, તે અંધારી પ્રિઝન વાનમાંથી આપી શક્યો, કારણ, જે પોલીસ અમારી સાથે આવી રહ્યા છે તે જેલરનું કામ નથી કરતા. એટલે આ કાગળ આપને મળશે તે પહેલાં દેવદાસના इन्डपिन्डन्टમાં તો આમાંની ઘણીક હકીકત આવી ગઈ હશે.

ભાગ્યે જ એકબે વાગ્યે અમારી આંખ મળવા પામી હશે, ત્યાં તો સવારે ચાર વાગ્યે અમને કાનપુર જગાડવામાં આવ્યા. સાર્જન્ટે કહ્યું, 'દેસાઈ, ગોવિંદ અને કૃષ્ણકાંત માલવિયા, શાહસાહેબ અને બીજા બે જણ અહીંથી ચાલો, બીજે ઠેકાણે તમને બેસાડીએ એટલે અહીં જગ્યા થાય.' અમને સાત જણને કેમ વીણી કાઢવામાં આવ્યા છે તે હું ન સમજ્યો, પણ મને એમાં segregation — અળગા કરવા — જેવું લાગ્યું, એટલે મેં કહ્યું કે, 'અમારામાંથી ગમે તે સાત આવીએ; તમે કહો છો તે સાત ન આવીએ.' એટલે સાર્જન્ટે કહ્યું કે, 'હું કહું છું એણે જ આવવું પડશે. હું જેને ઓળખું તેને જ હું વિશ્વાસપૂર્વક સામાન્ય ડબામાં બેસાડી શકું. તમારે નીકળવું જ પડશે.' 'પોલિટિકલ કેદીઓ' એટલે અમારાં કપડાં અમે પહેરેલાં હતાં. અમે ત્રણચાર જણ સિવાય બીજા બધા તો જેલનાં કપડાં, ગળામાં લોખંડની હાંસડીઓ અને પગમાં લોખંડનાં કડાં સાથે હતા. એટલે અમારી શરમનો પાર નહોતો. ત્યાં વળી અમોને 'વધારે વિશ્વાસપાત્ર' ગણવાનું રહી ગયેલું અપમાન આપવામાં આવ્યું. અમારા સાતમાં ત્રણ સામાન્ય કેદીઓ પણ છે એમ મેં જાણ્યું, અને અજવાળામાં આપને કાગળ લખવાની તક તો મળશે — જે બીજે ક્યાંય ન મળે — એમ નિશ્ચય કરી લીધો ત્યારે અમે નીકળ્યા. આ એક સામાન્ય થર્ડ ક્લાસના ડબામાં બેસીને લખી રહ્યો છું. અમારા સાત જણ ઉપર સાત સિપાહીઓ તો બેઠા જ છે!

પણ હવે આને વધારે નહીં લંબાવું, કારણ, રાત થોડી ને વેશ ઘણા છે. જેલના બધા કાનૂનો માન્ય રાખવા જોઈએ એ આપના કાનૂનથી અમને મૂંઝવણ પડી છે તેનો આપને શી રીતે ખ્યાલ આપું? જ્યાં દરરોજ નવા નવા અનુભવોથી દહાડો આથમે, વિધવિધ પજવણીઓ થયાં જ કરતી હોય, ત્યાં શું માનવું અને શું ન માનવું એનો પ્રશ્ન ઘડીએ ઘડીએ ઊભો થયા જ કરે. એટલે કાનૂનો માન્ય રાખવાના આગ્રહને લીધે મેં દરેક પ્રસંગે યોગ્ય વર્તન જ કર્યું છે કે કેમ એ વિશે મને શંકા રહે છે.'૧૬

મુદત પૂરી થઈ, એટલે અમને ગળે લોખંડની હાંસડી — ગુનાની કલમવાળું અને સજાની મુદતની તારીખ બતાવનારું લાકડાનું માદળિયું — પહેરાવવામાં આવ્યું. પગમાં લોખંડનું કલ્લું તો પહેલેથી જ હતું. તે દિવસે એમનાં જૂવાળાં કપડાં ગયાં, અને નવાં કપડાં મળ્યાં. મારાં કપડાં તો તેનાં તે જ રહ્યાં હતાં. પણ બે દિવસ ખુલ્લે શરીરે બેસી રહીને પહેરણ વગેરેને માટી નાખીને મેં ધોયાં હતાં એટલે દુર્ગંધ મટી હતી, અને મારા મિત્રોએ એકબે દિવસ ભેગા મળીને મારા કામળાઓમાંથી તડકે બેસીને જૂઓ વીણી કાઢી હતી.

પણ પેલાઓ ગયા એટલે હું એકલો પડ્યો. જોકે બીજા ધાડપાડુ વગેરે કેદીઓની મારી સાથે ઘાડી મૈત્રી થવા લાગી. એક સાત વર્ષની સજાવાળો ડોસો મારી પાસે સાંજે ઓરડીની બહાર આવીને બેસતો. હું રામાયણ વાંચતો અને તે વિવેચન કરતો. તેની સમજ અને જ્ઞાનનો પાર ન હતો. રામાયણ તો એને મોઢે હતું! પછી તો ભજનો પણ ચાલવા લાગ્યાં, અને મારી કોટડી આસપાસ ઘણા કેદીઓ બેસવા લાગ્યા. અહીં કેદીઓના બે સુંદર વિભાગ પાડવામાં આવે છે, 'હિંદુસ્તાનના કેદીઓ' (એટલે સામાન્ય ગુનેગારો) અને 'સરકારના કેદીઓ' એટલે અમારા જેવા. સરકારના કેદીઓને તો બિચારા બીજા ગુનેગારો, ભારે પૂજનારા, એટલે સેવા કરનારા.

જ્યારે મારી મૈત્રી આમ ઘાડી થતી જતી હતી ત્યારે પેલા ભાઈબંધોને સખત મજૂરી અપાયાના ખબર મને મળી ગયા હતા. અગિયાર જણને દરરોજ પોણોમણ દળવાનું સોંપવામાં આવ્યું હતું. અને ડેપ્યુટી જેલરે 'કન્વિક્ટ વૉર્ડર'ને હુકમ આપ્યો હતો કે એ લોકોને જેટલા પજવાય તેટલા પજવો, કે જેથી તેઓ કંટાળીને માફી માગે! આમાંથી એકબે જણ તો બિચારા બે દિવસમાં માંદા પડ્યા. બધાને ફોલ્લા તો હથેળીમાં પડ્યા જ હતા પણ ત્રણચાર દિવસમાં સૌ સત્તર-અઢાર શેર સુધી પહોંચ્યા હતા. એ અરસામાં મને 'પોલિટિકલ કેદી' ગણવાના સરકારના હુકમ આવ્યા છે, એવી ખબર મને આપવામાં આવી. હું દિલગીર થયો. જ્યારે મારા ભાઈઓ સખત મજૂરી કરતા હતા ત્યારે (મારે) — સખત પજવણીમાંથી દિનપ્રતિદિન વધારે પવિત્ર અને તેજસ્વી બનવાનો લહાવો — મારી પાસેથી છીનવી લેવામાં આવ્યો![૧૭]

આખો પત્ર ૧૫–૧–'૨૨ના *નવજીવન*ના અંકમાં છાપતા પહેલાં ગાંધીજીએ નીચેની નોંધ લખી:

શ્રી મહાદેવભાઈ દેસાઈનો કાગળ મથાળું ને સહી છોડી અક્ષરશઃ છાપું છું. એ કાગળ જેલના કાયદાથી વિરુદ્ધ મોકલાયેલો ગણું છું. દક્ષિણ આફ્રિકામાં આવા કાગળોનો પણ ઉપયોગ કરવાની મેં ના પાડેલી; પણ અહીં જોઉં છું કે મહાદેવ દેસાઈએ કરેલા નિર્દોષ કાનૂનભંગને ક્ષંતવ્ય ગણવો જોઈએ. જેલમાં ચાલતી ડાયરશાહી વખતસર ઉઘાડી પાડવાનો બીજો ઇલાજ જ નથી. એ ભંગને સારુ જો દુ:ખ ભોગવવું પડે તો મહાદેવને જ પડે એમ છે. ભલે એને પણ લક્ષ્મીનારાયણની જેમ નેતરની સોટીની સોળો વાંસામાં ઊઠે. એવું જોખમ ખેડીને પણ મહાદેવે લખવું જોઈતું જ હતું. જો સરકાર કેદીઓને જરા પણ છૂટ આપવા ઇચ્છતી હોય તો તેનો આ કાગળમાં થયો છે તેવો સદુપયોગ તેઓ જરૂર કરે. આ કાગળમાં આપેલી બિનાઓ વિશે હું આ વખત વધારે લખવા ઇચ્છતો નથી. તો હિંદુસ્તાનની ધીરજ અને શાંતિ જોઈ સાનંદાશ્ચર્યના સમુદ્રમાં નાહી રહ્યો છું. આટલી આત્મશુદ્ધિની મેં આશા નહોતી રાખી. કેદીઓએ જયઘોષ પોકાર્યા તે પણ ઉદ્ધતાઈથી નહીં પણ તે તો તેમનો હક છે એમ માનીને. અને જ્યારે મહાદેવે લક્ષ્મીનારાયણનું ધ્યાન એ ગફલત તરફ ખેંચ્યું ત્યારે તેણે કેટલી સરળતાથી તત્ક્ષણ ભૂલ કબૂલ કરી! ખરેખર ઈશ્વરનો હાથ જ આ લડતમાં છે.'૧૮

મહાદેવભાઈએ પ્રથમ કારાવાસના તેર માસને સત્યાગ્રહી તરીકે પોતાની સાધના માટેનું સ્થળ બનાવી દીધું. સત્યાગ્રહી અન્યાયી કાયદો તોડે છે, પણ એમ કરતાં જે કાંઈ કષ્ટ આવે તે સહર્ષ સાંખવા તૈયાર રહે છે. એ કષ્ટ આપવામાં હાથો બનનાર અન્યાયી વ્યવસ્થાનાં કરણ-ઉપકરણ પ્રત્યે તે દ્વેષ, ક્રોધ કે વૈરભાવ રાખતો નથી. બલકે તે તેમને વિશે કાંઈક દયાભાવ ને ઝાઝો પ્રેમભાવ રાખે છે કે જેથી તેમને પણ વ્યવસ્થામાં નિહિત અન્યાયનું ભાન કરાવી શકાય. એ વ્યવસ્થાના સામાન્ય નિયમોનું એ કાળજીપૂર્વક પાલન કરે છે. માત્ર એ નિયમો અન્યાયપૂર્ણ કે દમનકારી અથવા અમાનુષી હોય તો તેનો છડેચોક ભંગ કરી પોતાને માથે ફટકારાય તે સજા ભોગવી લેવા તૈયાર હોય છે. સાથી કેદીઓ — રાજનૈતિક કે ગુનાહિત કેદીઓ જોડેનો એમનો વહેવાર પ્રેમ અને સંપભર્યો હોય છે. જેલને પરસ્પરના માનવીય સંબંધો — જેલ અધિકારીઓ સાથેના — પણ વિધાયક દિશામાં વાળવાની પ્રયોગશાળા ગણે છે. અને સૌથી વધુ તો તે જેલવાસને પોતાની શુદ્ધિની સાધના કરવાની એક તક સમજે છે. તેથી એ દિવસનો સમય જરાય એળે જવા દેતો નથી, પોતાના દરેક કૃત્યને સત્ય-અહિંસાની કસોટીએ કસતો રહે છે અને અહર્નિશ પોતાની જાતને ઘસી ઘસીને ઊજળી કરે છે. મહાદેવભાઈએ

ઉપર વર્ણવેલી દરેક બાબતમાં પ્રયત્ન કરવામાં કશી કચાશ ન રાખી. ઉપરાંત પોતાના ‘व्यसनम् श्रुतौ’ના[૧૯] સ્વભાવ મુજબ એમણે જેલના કામકાજમાંથી પરવારીને બાકીનો સમય અનેક વિષયોના અધ્યયનમાં ગાળ્યો — અલબત્ત, જેલમાં જેટલાં અને જેવાં પુસ્તકો ઉપલબ્ધ થાય તેટલાં અને તેવાં પુસ્તકોની મદદથી.

જેલવાસનો આરંભ આકરા તપથી થયો હતો તે આપણે જોઈ ગયા. ગેરકાયદેસર રીતે લખાયેલ પત્રને ૫–૧–૨૨ના यंग इन्डिया્માં યથાતથ છાપ્યા પછી નોંધમાં ગાંધીજીએ લખ્યું, ‘લૅટિમરે જ્યારે પોતાનો હાથ ગૌરવભેર સીધેસીધાં આગમાં ઝીંકી દીધો ત્યારે તેણે એનું કષ્ટ કદાપિ નહીં અનુભવ્યું હોય.’ લૅટિમર ઇંગ્લંડનો એક સુધારક પ્રૉટેસ્ટંટ હતો. સનાતની વિચારના લોકોએ એને થાંભલા સાથે બાંધીને જીવતો સળગાવી દીધો હતો. આ ઉલ્લેખ વિશે મહાદેવભાઈએ ગાંધીજીને શિકોહાબાદથી એક પત્રમાં (પ્રવાસ દરમિયાન) લખ્યું, ‘લૅટિમરનો દાખલો ટાંકીને મારે વિશે પ્રગટ કરેલી આપની શુભેચ્છા મને કાલે પ્યારેલાલે (પોલીસવાનના) પેલા ઍરહોલ્સમાંથી કહી. લેટિમરના જેવી તાવણીમાંથી તવાવાની તક મને પ્રભુ આપે એવા આશીર્વાદ આપો.’ સત્યાગ્રહી આશીર્વાદ માગે છે તો વધુ તવાઈને પાવન થવાનો.

બીજા કોઈને લખેલ પત્રમાંથી ‘બાપુના આશીર્વાદ’ એટલાથી મહાદેવ પરમ સંતોષ અનુભવે છે. પણ સદ્ભાગ્યે આગ્રાની જેલમાંથી પત્રો લખવા તથા મેળવવાની વધુ છૂટ મળી ગઈ હતી. જાન્યુઆરી ૧૯૨૨માં જ મહાદેવભાઈએ લખેલ પત્ર ગાંધીજીએ ૨૯–૧–’૨૨ના नवजीवनના અંકમાં છાપ્યો:

અમે અહીં શાંતિ અને આરામ ભોગવી રહ્યા છીએ. મેં આપને છેલ્લો પત્ર લખ્યો ત્યાર પછી સ્થિતિ સુધરી છે. શાંતિ અને વ્યવસ્થા બધે પથરાઈ રહી છે.

અબઘડી એક બૅરેકમાં મથુરાના સ્વયંસેવકો હવન કરી રહ્યા છે. અને વેદમંત્રોના ઉચ્ચાર મારા કાને અથડાઈ રહ્યા છે. સવારે મેં શરૂ કરેલી પ્રાર્થનામાં હવે મંડળ વધવા લાગ્યું છે, જોસેફ પણ અંદર ભળવા મંડ્યા છે. આશ્રમની પ્રાર્થના ઉપરાંત ‘વૈષ્ણવ જન’ અથવા ‘तू दयाळ दीन हौं’ ગવાયા પછી કોઈક દેશગીત ગવાય છે. આજથી તો જોસેફે આવવું શરૂ કર્યું છે એટલે બાઇબલમાંથી તેઓ કાંઈક વાંચે છે, અને એકાદ હિમ (સ્તોત્ર) બોલે છે અને બોલાવે છે. ‘વૈષ્ણવ જન’ સૌને બહુ જ પસંદ પડ્યું, અને સૌ કોઈને કંઠે થઈ જશે.’

પોતાનો દૈનિક ક્રમ વર્ણવતાં મહાદેવભાઈ લખે છે: ‘પ્રાત:કાળે હું રામનરેશ ત્રિપાઠી૨૦ની સાથે રામાયણ નિયમિત વાંચું છું. ત્યાર પછી ભગવદ્ગીતા.’ સાથીઓ વિશે તેઓ કહે છે, ‘જોસેફ દિવસના તો બહુ કામમાં ગૂંથાયા નથી રહેતા, પણ રાત્રે અર્થશાસ્ત્રનો ખાસ અભ્યાસ કરે છે. સ્વરાજમાં અર્થમંત્રી બનવાની તેઓ સહેજે ખ્વાહેશ રાખી શકે.’ જામિયા મિલિયા ઇસ્લામિયાના આચાર્ય ખ્વાજા અબદુલ મજીદ પણ એ જ જેલમાં હતા. તેમને વિશે મહાદેવભાઈ લખે છે, ‘ખ્વાજાએ તો અહીં ઘર વસાવ્યું છે. એમના આનંદી સ્વભાવથી હું મુગ્ધ થયો છું. એમના સ્વદેશી ધર્મના પાલનથી તો આપ પણ ચકિત થાઓ. બ્રેડ તો અલીગઢની જ હોય, માખણ તો અલીગઢનું જ, ખાદી તો ઘરની કાંતેલી અને ઘરની વણેલી, શાહી તો ખ્વાજા બ્રધર્સ અલીગઢવાળાની જ, ચૂલો સુધ્ધાં મિસિસ ખ્વાજાએ શોધેલી પૅટર્નનો અલીગઢના લુહારે બનાવેલો, અને રેંટિયો તો અલીગઢનો બનાવેલો હોય જ! એમના અક્ષર તો તાજમહાલની ઉપર જે અરબી હરફમાં કોતરકામ છે તેની સફાઈ અને રમણીયતાની યાદ આપે છે. અનેક રંગોથી શણગારેલા તે નયનમોહક અક્ષરે કુરાનમાંથી ઉત્તમ ઉદ્ગારો કાઢીને નાના કાર્ડબોર્ડ પર લખી તે વડે પોતાની બૅરેકની દીવાલો તેમણે શણગારેલી છે. એક નાનકડા સરખા ખૂણામાં ગાદી કરીને એકબે તકિયા ગોઠવી ઘરની મસ્જિદ એમણે જેલમાં ઉત્પન્ન કરી છે. અગરબત્તીથી કદી કદી ધૂપ કરતાં પણ ચૂકતા નથી. અને પોતે ભારે કલારસિક હોઈ, અને વાયવ્ય (સંયુક્ત પ્રાન્તોની વાયવ્ય દિશા) પ્રાંતમાં કવિઓની ખોટ ન હોવાને લીધે કેટલીક વાર કાવ્યનું એકાદ ચરણ ઉત્પન્ન કરી, બીજાઓને પાદપૂર્તિ કરવા નોતરે છે. આ મુશાયરા કહેવાય છે. અને ખ્વાજાસાહેબના મુશાયરામાં કેવળ મુસલમાન ભાઈઓ જ નહીં પણ પં. કૃષ્ણકાંત માલવિયા અને રામનરેશ ત્રિપાઠી જેવા હિંદુ કાવ્યરસિકો પણ ભળે છે.’

પછી મહાદેવભાઈ પં. મદનમોહન માલવિયાજીના પુત્ર તરફ વળે છે: ‘કૃષ્ણકાંતજીને પાનનું વ્યસન ભારે છે. જેલમાં જતાં પહેલાં કોઈએ કહેલું કે પાન જેલમાં નહીં મળે તો શું કરશો? તેમણે કહેલું કે જેલ જ કદાચ એ વ્યસન ભુલાવશે. પણ દુ:ખની વાત એ છે કે જેલે એમનું એ વ્યસન નથી ભુલાવ્યું. અલાહાબાદમાં તો એમને બે દિવસ પાન ન મળ્યાં, પણ અહીં તો એમને રોજનાં બસો પાન મળી રહે છે. ગોવિંદ૨૧ અને હું છોડાવવાનો પ્રયત્ન તો જરૂર કરીએ છીએ.’

સાથી કેદીઓમાં એટાના રાજબહાદુર પણ હતા. તેમને વિશે: ‘રાજબહાદુર

સાહેબને મારે ન ભૂલવા જોઈએ. એઓની તો અમને સૌને છાયા છે એમ કહેવાય. એમને આપ ઓળખો છો કે નહીં તે મને ખબર નથી. આપણે એટા ગયેલા ત્યારે તો તેમણે અસહકાર નહોતો કર્યો. પણ અમને ભોજન તો એમને ત્યાં જ મળેલું. એઓ ડઝનબંધ સરકારી સંસ્થાના ચાલક અને ડઝનબંધ ખિતાબો ધરાવતા હતા. એમના અસહકારી થવાથી સરકારમાં ખળભળાટ મચ્યો હતો, કારણ, આખો એટા જિલ્લો એમના હાથમાં છે. એઓ અહીં સૌમાં વૃદ્ધ છે. અમારી ખાવાની, પીવાની, તબિયત વગેરેની માતાની જેમ એઓ બરદાસ રાખે છે — એટલું કહું તો તેટલામાં એમના ગુણ આવી જાય.'૨૨

જેલમાં મહાદેવભાઈએ રેંટિયા પર હાથ અજમાવવા માંડ્યો હતો. પણ પોતાની પ્રગતિ વિશે તેમને સંતોષ નહોતો. ખ્વાજાસાહેબે અલીગઢથી બે રેંટિયા મગાવેલા પણ બંને સારા ન ચાલ્યા. ત્રીજો એક રેંટિયો હતો તે કાંઈક કામ આપતો હતો. મહાદેવભાઈએ સાબરમતી આશ્રમથી એક રેંટિયો મગાવ્યો હતો.

જેલમાં મુલાકાતે આવેલાં દુર્ગાબહેન પાસે મહાદેવભાઈએ કાંતણ અંગે જવાહરલાલજીએ ઠીક પ્રગતિ સાધી છે એમ સાંભળ્યું. તેથી મહાદેવભાઈએ તેમને લખ્યું, 'હું તમને પૂછવા માગતો હતો કે તમે મારે સારુ એક સરસ ત્રાક મોકલાવી શકશો? દુર્ગાએ મને જ્યારે કહ્યું કે તમે જેલમાં થોડાક રતલ સૂતર કાંત્યું ત્યારે મારી છાતી ગજ ગજ ફૂલી. મારી વાત કહું તો જિંદગીમાં મને રેંટિયાએ જ સૌપ્રથમ મૂંઝવણમાં મૂક્યો છે. એમ તો હું છેલ્લા બે માસથી ઠીક ઠીક નિયમિત રીતે એની પાછળ મંડ્યો રહું છું, છતાં હું "મથામણની અવસ્થા"ને ઓળંગી શક્યો નથી. ઘણી વાર પૂણી ખરાબ હોય છે, સૂતર ઘણી વાર તૂટે છે, એક વાર ત્રાક ખૂબ થરડાઈ ગયેલી. અને મારી ઉપાધિઓનો પાર નથી. નાચવું નહીં ને આંગણું વાંકુંવાળા આ ઘાટ નથી એમ હું નથી કહી શકતો. પણ તમે મને મારી મથામણમાં મદદ કરવા કે માર્ગદર્શન આપવા અહીં હોત તો કેવું રૂડું થાત!'

મેની બીજી (૧૯૨૨)એ લખાયેલો આ પત્ર એમ તો 'ગપાટા મારવા' લખાયો છે. જવાહરલાલજીએ આગ્રા આવ્યા ત્યારે મહાદેવભાઈની મુલાકાત માગેલી પણ એમને તે મળી નહોતી, તે અંગે પત્રમાં મહાદેવભાઈએ અફસોસ પ્રગટ કર્યો છે. ગાંધીજીના પત્ર નહોતા મળતા તેથી મહાદેવભાઈએ અનુમાન કર્યું હતું કે જેલના નિયમમાં પોતાને સારુ અપવાદ થવા દેવા ન ઇચ્છી તેમણે પત્રો લખવાનું ટાળ્યું હશે. એમનો વિચાર કરતાં, જવાહરલાલજીને આ રીતે વધારાની છૂટ લઈને લખતાં મહાદેવભાઈને કમકમાટી આવે છે. મહાદેવભાઈ પોતે પત્રો લખવા અંગે ઘણા નિયમો તોડ્યા છે તે કબૂલ કરે છે અને

કહે છે કે ઘણી વાર જેલ અધિકારીઓએ જ તેમાં તેમને મદદ કરી છે. પણ કહે છે કે, 'બાકી મેં મારી જાત પર ઠીક ઠીક સંયમ રાખ્યો છે. મારા સમયનો પણ સદુપયોગ કર્યો છે અને મારી જાતને અનેક પ્રકારની શિસ્ત હેઠળ રાખી છે.'

આગ્રા જેલના દરવાજા આગળ લીધેલી એક તસવીરમાં મહાદેવભાઈ, ખ્વાજાસાહેબ, રાજાબહાદુર અને જોસેફ સાથે ઊભેલા જણાય છે. આખી જિંદગી લાંબું ધોતિયું અને કફની પહેરનાર મહાદેવભાઈ આ તસવીરમાં ટૂંકી પોતડી પહેરી અને ચાદર ઓઢીને ઊભેલા જણાય છે. આ પહેરવેશનું રહસ્ય તેમણે જેલ જતાં પહેલાં અલાહાબાદથી ગાંધીજીને લખેલા એક પત્રમાં જોવા મળે છે. ગાંધીજીએ ૩૦મી ઑક્ટોબર, ૧૯૨૧ને દિવસે એવો નિયમ લીધો હતો કે રોજ ઓછામાં ઓછું અર્ધો કલાક કાંતણ કર્યા વિના પોતે ભોજન નહીં લે. તેને અંગે મહાદેવભાઈ કહે છે:

આપે રેંટિયાનું વ્રત લીધું એમાં ભારે અસર થઈ શકે એવું તત્ત્વ રહેલું છે. એટલે એ વ્રતને હું વધાવી લઉં છું, જોકે આપ એથી કેટલાનું પરિવર્તન કરી શકશો તે આપ જાણો. રેંટિયાની બાબતમાં હવે conversion (મતપલટો) — grace (દયાદૃષ્ટિ)નો કાળ ગયો એમ મારું શ્રદ્ધાવંત ચિત્ત પણ કબૂલ કરતાં અચકાતું નથી. અને હું એવું વ્રત પ્રસિદ્ધ રીતે ન જ લઉં, કારણ, આપ ગુલામીને ઉત્તેજન આપો છો એવું હું મારા તરફથી તો નહીં જ જણાવા દઉં. આપની છાયા તળે જે છોડ મોટા થઈ રહ્યા છે, તેમાંના કોઈએ, તે છોડ આપના પરોપજીવી છોડ (પેરેસાઇટ) તરીકે, ગુલામ તરીકે ઊછરે છે એમ જગતને પોતાના કાર્યથી માનવાનું કારણ ન આપવું જોઈએ. છતાં ઘણી ચીજો કરવા જેવી છે. હું (અલાહાબાદમાં) માંદો પડ્યો ત્યારથી પથારીમાં મેં loin-cloth (પોતડી), ઘૂંટણ ઉપર લટકી રહેતી ધોતી, પહેરવા માંડી. પ્રોફેસર ૨૩ આવ્યો અને તેને મારાથી કહેવાઈ ગયું કે હવે હું આ જ પહેરવાનો, કાયમ રાખવાનો; જવાહરલાલને પણ કહ્યું. તેઓ હસ્યા અને કહ્યું, 'તારા જેવા જ ગુલામીના ઉત્તેજનનો આરોપ બાપુ માટે મેળવે છે.' હું સામે થયો. મારામાં બોલવાનું બળ નહોતું, પણ બોલ્યો: કહ્યું કે, 'બાપુના દિલમાં બહુ લાગણી છે તેથી હું આ કપડું નથી પહેરતો એ વાત સાચી; એને માટે બળતું હૃદય જોઈએ; પણ બાપુ અમુક પહેરે તેમાં જે કરુણા રહેલી છે તે કરુણાથી હું અસ્પૃષ્ટ ન રહી શકું — જો હું મનુષ્ય હોઉં તો. માટે હું પણ પોશાકમાં ફેરફાર કરું; અને તેમાં હું આગ્રહ નથી રાખવાનો: મને લાગે છે કે લાંબી ધોતી પહેરવાની જરૂર છે — ટાઢને લીધે — તો તે પહેરીશ. પણ અ. સૌ. કમળાબહેન scandalize થાય (તેમને આઘાત લાગે)

તેથી નહીં જ પહેરું. બાપુનું વ્રત ઑક્ટોબર સુધીનું છે. આ સાચું કે નહીં! પણ મારું તો સદાકાળ પણ રહે; અને બિલકુલ ન પણ રહે. તે તો મને show (દેખાડો) લાગે અથવા પાયા વિનાનું કોઈ વાર લાગે તો!'૨૪

એમ જણાય છે કે જેલમાંથી છૂટીને આવ્યા બાદ મહાદેવભાઈએ કદી ટૂંકી પોતડી અને ચાદર ધારણ કર્યાં નહોતાં. તે વખતે બાપુના વ્રતને લીધે એમનું ભક્તહૃદય હાલી ઊઠ્યું હશે તે, સદ્ભાગ્યે જેલવાસના બે શિયાળા જોઈને જ પાછું સાધારણ થઈ ગયું હશે. 'સદ્ભાગ્યે' એટલા સારુ કહ્યું કે મહાદેવભાઈનું મહાદેવભાઈપણું એમના સાધારણ સદ્ગૃહસ્થ રહેવામાં હતું — મહાત્મા જેવી વેશભૂષા ધારણ કરવામાં નહીં.

આ જ પત્રમાં એઓ રેંટિયા વિશે પોતાનો અભિગમ સ્પષ્ટ કરે છે:

પણ સાર એ છે કે રેંટિયાનું વ્રત આપની માફક લેતાં હું શરમાઉં છું. કારણ, એક એ કે મને લાગતું નથી કે એ વ્રત લઈને હું કાંઈ ભારે ઉત્પન્ન કરી શકું. ત્યારે ઉત્પન્ન કરવા મારે દસ કલાક કાંતવું જોઈએ — જે આજે શારીરિક રીતે અશક્ય છે. બીજું કારણ આપ જે moral (નૈતિક) અસર કરો તેનો હજારમો ભાગ મારા વ્રત લેવાથી ન થાય. ત્યારે એ ખોટો ઢોંગ — મારા માટે — શા માટે કરવો? અને મોટું, ત્રીજું કારણ એ છે કે — આપ shock ન થતા! (આંચકો ન અનુભવતા) કે રેંટિયો sacramental rite — આધ્યાત્મિક વિધિ છે એમ હજી મને પ્રતીત નથી થયું!૨૫

આ પત્રને નવજીવનમાં છાપવા સારુ આપતાં પહેલાં મહાદેવભાઈ એક ટૂંકી પણ સૂચક નોંધ કૌંસમાં ઉમેરવાનું ચૂકતા નથી:

'અહીં જિંદગીભર સ્વદેશીનો જ ઉપયોગ, આગ્રહ યથાશક્તિ પ્રચાર — એને માટે તો ખાદી પહેરવા માંડી તે દિવસથી હું વ્રતબદ્ધ જ છું એ ભુલાવું ન જોઈએ.'૨૬

આગ્રા જેલમાં મહાદેવભાઈને પ્રમાણમાં ઠીક સગવડ મળી હતી. બીજા કેદીઓને એવી સગવડ નહોતી મળતી તેથી મહાદેવભાઈ દુ:ખ કરતા. એ અંગે ગાંધીજીએ એક લેખમાં લખ્યું:

જેને વિવેક છે ને વિચાર છે તેને એકાએક શરીરસુખ નથી મળી શકતું. બીજાના દુ:ખથી તે તપ્યા કરે છે ને સુકાય છે. તેનાથી સમીપમાં રહેલું દુ:ખ ન જોઈ શકાય. આવી દયામણી સ્થિતિ મહાદેવ દેસાઈની થઈ પડી છે, કેમ કે તે પોતાના દરેક કાર્યનો કસ કાઢવા મથે છે. જ્યાં લગી શરીરદુ:ખ હતું ત્યાં લગી તેને સુખ હતું, કેમ કે દુ:ખ ભોગવવા

ખાતર જેલમાં જવા તે તલપી રહેલ, પણ હવે જ્યારે જેલમાં પોતે સુખ ભોગવી શકે છે, ત્યારે અંતર્દુ:ખ ઊભું થયું છે. ... જ્યારે હવે જેલમાં... સ્વતંત્રતા મળી છે, ત્યારે જેમ લૂંટારાઓ લૂંટના ભાગને સારુ લડે તેમ સ્વરાજના લૂંટારા લડી રહ્યા છે... (મહાદેવના) કાગળમાંથી આપણને ઘણું શીખવાનું મળી આવે છે. જે સભ્યતા, જે મર્યાદા આપણે લડાઈ સમયે જાળવી રહ્યા છીએ તે મર્યાદા આપણે સત્તા મળ્યે નથી જાળવી શકવાના... સત્તા ને સ્વરાજમાં બહુ તફાવત છે એ આપણે ઓળખી લઈએ. અત્યારે આપણામાંના ઘણા કેવળ સત્તાને સારુ જ ફાંફાં મારી રહ્યા છે. સત્તાની લૂંટમાં હું વિક્ષેપો અને વિઘ્નો જોઉં છું. તેમાં હું મારામારી જોઉં છું. ... સ્વરાજ એટલે પોતાનું — પોતાની ઉપર રાજ. એ યુદ્ધમાં તો જે નમે — જે ખમે — તે પહેલો. એમાં તો ભારે મર્યાદાને અવકાશ. સત્તાની લૂંટમાં તો સૌ પહેલા આવવા માગે એટલે સહુ લડે. સત્તાના રાજમાં વહેલો એ જ પહેલો. સ્વરાજમાં છેલ્લો એ પહેલો. આમ બંને વચ્ચે હાથીઘોડા જેટલો — અરે પૂર્વપશ્ચિમ જેટલો ભેદ છે. ...'૨૭

ગાંધીજીના આ લેખથી આગ્રા જેલના કેદીઓની ચર્ચા શમી ગઈ હતી. અને એમનું સમૂહજીવન ઘણું સૂતરું બન્યું હતું એમ મહાદેવભાઈના એક પત્ર પરથી જણાય છે.

પણ મહાદેવભાઈને જેલ ગયે હજી તો માંડ સવા મહિનો થયો હતો ત્યાં એમના હૈયાને વલોવી નાખે એવા સમાચાર આવ્યા. દેશભરમાં અસહકાર આંદોલનની પૂરપાટ તૈયારી ચાલતી હતી; બારડોલીમાં ના-કર આંદોલન દ્વારા રાષ્ટ્રીય હિલચાલનાં મંગલાચરણ થશે એવી યોજના હતી; આખા દેશની મીટ બારડોલી તરફ મંડાઈ હતી. તે સમયે ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે કેટલાક ભાનભૂલેલા લોકો દ્વારા એક એવો હિંસાકાંડ થઈ ગયો કે જેણે આખા આંદોલનને એક તદ્દન નવો જ વળાંક આપી દીધો. ત્યાં લોકોનાં ઉશ્કેરાયેલાં ટોળાંએ પોલીસોનો પીછો કરી, તેમને પોલીસચોકીમાં ગોંધીને એ થાણાને આગ ચાંપી દીધી. તેને પરિણામે એકવીસ સિપાઈ અને એક સબ-ઇન્સ્પેક્ટર બળી મૂઆ. ગાંધીજીને આ સમાચારથી ભારે આઘાત લાગ્યો. આખા આંદોલનની વ્યૂહરચના ગોઠવવા મળેલી કૉંગ્રેસની કારોબારી પાસે તેમણે ઠરાવ કરીને અહિંસક આંદોલનને મોકૂફ કરાવ્યું. કારોબારીનો આ ઠરાવ કાંઈ આસાનીથી થયો નહોતો. એ બાબતમાં અનેક નેતાઓનો મત ગાંધીજીથી વેગળો હતો. પણ અસહકાર આંદોલનના આખરે મૂળ કલ્પક તો ગાંધીજી હતા. તેમના નેતૃત્વનો

સામનો કરીને યોજાયેલી ચળવળને ચાલુ રાખી શકે એવી નૈતિક હિંમત કોઈ આગેવાન પાસે નહોતી અને કોઈની કને સત્યાગ્રહ અંગે ગાંધીજી જેવો અનુભવ પણ નહોતો.

પહેલાં ચૌરીચૌરાના કાંડથી અને પછી અસહકાર આંદોલન સ્થગિત રાખવાના કૉંગ્રેસ કારોબારીના ઠરાવથી આગ્રાની જેલમાં બેઠેલા મહાદેવભાઈને ઉપરાછાપરી આંચકા લાગ્યા.

ચૌરીચૌરાનો કાંડ ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૪થી તારીખે થયો. બારડોલીની કૉંગ્રેસ કારોબારીનો ઠરાવ એ જ માસમાં ૧૧મી તારીખે થયો. તેમાં સત્યાગ્રહ મોકૂફ રાખવાના ગાંધીજીના નિર્ણયને બહાલી આપવામાં આવી હતી. ત્રણ દિવસ પછી આગ્રાની ડિસ્ટ્રિક્ટ જેલમાંથી ગાંધીજીને નામે લખેલ એક લાંબા પત્રમાં મહાદેવભાઈએ આખા પ્રકરણ અંગે પોતાની વ્યથા અને વ્યાકુળતા વ્યક્ત કરી છે. આ પત્રમાં મહાદેવભાઈનું વ્યક્તિત્વ પણ સ્ફટિક સમું સ્પષ્ટ દેખાય છે.

ડિસ્ટ્રિક્ટ જેલ, આગ્રા,
૧૫–૨–૧૯૨૨
મારા પરમ પ્રિય બાપુજી,

મેં ધાર્યું હતું કે, બારડોલીમાં સમય કાઢીને આપે જે બે પત્રો લખ્યા હતા તેનો આભાર હું એક જ રીતે વ્યક્ત કરીશ — વધુ પત્રો લખી આપને તસ્દી ન આપવાનો નિશ્ચય કરીને. પણ મને લાગે છે કે મને શાંતિ રહેશે નહીં. છેલ્લું એક અઠવાડિયું અમારામાંથી ઘણા માટે ભયંકર આંચકા અને ઉજાગરાભર્યું ગયું છે. હું જાણું છું કે આપની પણ એ જ સ્થિતિ હશે. અને આજે હું જે લખી રહ્યો છું તે, આપની અનેકવિધ ચિંતાઓમાં ઉમેરો કરવા માટે નહીં પણ પ્રકાશ અને દોરવણી માટે; જોકે આ પણ આપના માટે એક આંચકા સમાન નહીં હોય એની મને ખાસ ખાતરી નથી.

આ મહિનાની શરૂઆત અમે બહુ આશાઓથી કરી. પહેલી ફેબ્રુઆરી, જેને અમે શુકનિયાળ ધારતા હતા તે દિવસે, સૌએ ઉપવાસ કરવા એવી સૂચના જોસેફે કરી અને સૌ જેલવાસીઓએ એ ઉપાડી લીધી; અને સાંજે, એ દિવસે સ્વાતંત્ર્યની લડત બારડોલીમાં શરૂ થવાની હતી તેની સફળતા માટે સામૂહિક પ્રાર્થના રાખી હતી. ત્યાં તો પહેલો આંચકો આવ્યો — આપે વાઇસરૉયને પત્ર લખ્યો.૨૮ સ્પષ્ટપણે હું કહું, મને તો એ આંચકારૂપ લાગ્યું હતું. નટરાજન જેવા મિત્રોના અભિપ્રાયને માટે માન હોવા છતાં મને લાગ્યું કે એ પત્ર લખીને, વહેલું સમાધાન થાય એવી આપની આતુરતાને આપે

ઉઘાડી પાડી. **નવજીવન**માંના 'અંગદવિષ્ટિ' નામના આપના તેજસ્વી લેખથી અને બારડોલીથી લખેલા આપના પત્રથી મારી શંકાઓનું નિવારણ થયું અને ભય દૂર થયો. હું લગભગ સ્વસ્થ થતો હતો અને જોસેફે અને મેં ૧૧મીએ ફરીથી ઉપવાસ કરવાનો નિશ્ચય કર્યો. કારણ, આપે કહ્યું હતું કે એ દિવસે આપ કોઈ નિર્ણયાત્મક પગલું ભરશો.

પણ ત્યાં તો પહેલાના કરતાં પણ વધુ ભયાનક આંચકો આવ્યો. હું ચૌરીચૌરાના હત્યાકાંડનો નિર્દેશ કરું છું. એ વીજળીનો કડાકો હતો. ગોરખપુરના વિંધ્યવાસિનીપ્રસાદને તો એમ જ થયું કે શરમનો માર્યો ભોંયમાં સમાઈ જાઉં. મેં ઉપવાસની સૂચના કરી અને એનાથી પાપનું નહીં જેવું જ પ્રાયશ્ચિત્ત થાય છે એ જાણતાં છતાં અમે બધાએ ઉપવાસ કર્યો. પણ એનાથી ભવિષ્ય વિશે અમને શાંતિ થાય એવું તો નહોતું જ. એનાથી આપને શું થયું હશે એ હું જાણતો હતો. મેં કલ્પ્યું કે પ્રાચીન કાળના પેગંબર હબાકુક૨૯ માફક આપ પણ બોલી ઊઠશો: 'ઓ ઈશ્વર, હું કેટલી વખત પોકાર પાડું; અને તું નહીં સાંભળે? હિંસા થાય છે એવો પોકાર પાડું અને તું ન બચાવે! શા માટે હડહડતા અન્યાયોનો મને સાક્ષી બનાવે છે? અને દુ:ખો જોવા મને ફરજ પાડે છે? કારણ, લૂંટફાટ અને હિંસા મારી સમક્ષ ચાલી રહ્યાં છે અને એમાંથી ક્લેશ અને કજિયા પેદા થાય છે.' પ્રાર્થના કરવાની જે કાંઈ નમ્ર શક્તિ મારામાં છે તે વડે મેં પ્રાર્થના કરી કે ચારે બાજુ ફેલાયેલા આ ઘોર અંધકારમાંથી પ્રેમળ જ્યોતિ આપનો પંથ ઉજાળે. હરઘડી આપના તરફથી પત્ર માટે હું ઝૂરતો હતો, જોકે હું જાણતો હતો કે જ્યારે આપનું કાળજું લગભગ ચિરાઈ જતું હતું ત્યારે આપના પત્રની આશા રાખવી એ મૂર્ખાઈ હતી. અને છતાં મેં આશા સેવી અને પ્રાર્થના કરી.

પ્રાર્થનાનો છેવટે જવાબ મળ્યો — આપના પત્રથી નહીં, પણ બારડોલીમાં મળેલી કારોબારીના ઠરાવથી. એનાથી ત્રીજો આંચકો લાગ્યો. અને એ, બધા આંચકાથી સૌથી વધુ ભયંકર હતો. આપને સમજવા માટે મેં પ્રયત્ન કર્યો છે અને આ એક વખતે હું સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છું. 'અંગદવિષ્ટિ' જેવો લેખ લખ્યા પછી, અને મુક્ત વાચા, મુક્ત છાપાં અને મુક્ત સોબત ઉપર લોકોનું ધ્યાન નવેસરથી કેન્દ્રિત કર્યા પછી આપ આવા ઠરાવોમાં ભાગ ભરી શકો એ તો મારી કલ્પનામાં જ આવતું નથી. ગઈ સાલ છેક માર્ચ માસમાં બેઝવાડામાં આપણે સ્વીકાર્યું હતું કે સવિનયભંગના અંગત કિસ્સાઓને લાગેવળગે છે ત્યાં સુધી કૉંગ્રેસને એની સામે વાંધો નથી. આ આખી સાલ આપણે

ઢસરડો કર્યો તે શું એવી ચેતવણી માટે કે સવિનયભંગનાં અંગત કૃત્યો પણ કૉંગ્રેસના આદેશની વિરુદ્ધનાં ગણાશે? અને આ તે કેવા ઠરાવો? टाइम्स ऑफ इन्डियाએ વખાણવાલાયક સદ્‌ભાવભર્યા લેખમાં આ બધા (ઠરાવો) સાથે મળતા થવા પોતાની તૈયારી બતાવી છે. એ (ઠરાવો) અસહકારીઓની આગવી મિલકત છે એ હું સમજી શક્યો નથી. એ ખરું કે એ ઠરાવોના પાઠમાં 'અસહકાર' શબ્દ છે પણ જો એ ન વાપર્યો હોત તો એ વધુ સાચા બનત. આટલા આવેશથી લખ્યા વિના મારાથી રહેવાતું નથી, કારણ કે મને એમ લાગે છે કે આ ઠરાવોમાં ફક્ત એ જ કબૂલાત છે કે એક ભીંત સાથે આપણાં માથાં અફાળીને ભાંગી નાખ્યાં છે, અને જે કાંઈ ટુકડા રહ્યા હોય તે ભાંગવાની એક નવી વાત આપણે લોકો આગળ ધરી છે.

ફેબ્રુ. ૧૯

આપ જોશો કે આ, મારી પાસે ચાર દિવસથી પડી રહ્યું છે. છેલ્લું વાક્ય લખ્યા પછી હું અટક્યો, કારણ, એવા ઠપકાભર્યા આવેશમાં વધુ ગુસ્સો અગર ધૃષ્ટતા ઠાલવવાનું મારા માટે શક્ય નહોતું. મેં ઉપવાસ કર્યો અને પ્રાર્થના કરી. એટલામાં बॉम्बे क्रॉनकिलમાં ઉતારવામાં આવેલો यंग इन्डियाમાંનો આપનો લેખ વાંચ્યો. એમાં નૈતિકતાને કરેલી અપીલથી મારાં રોમાંચ ખડાં થઈ ગયાં; પણ એનાં નક્કર પરિણામોનો વિચાર આવતાં હું ફરીથી ઠંડો પડી ગયો. કાલે यंग इन्डिया આવ્યું.૩૦ અને એ હું ફરીથી વાંચી ગયો.૩૧

મહાદેવભાઈની આગલી દલીલો સમજવા સારુ 'ઘરનો ઘા' નામના ગાંધીજીના લાંબા લેખના કેટલાક ભાગો જોવા જરૂરી છે:

ઈશ્વરની દયાનો પાર નથી... તેણે મને ત્રીજી વેળા ચેતવણી આપી છે કે જેને યથાર્થ રીતે સવિનયભંગ કહી શકાય, એટલે કે, જે ભંગમાં વિનય, સત્યપરાયણતા, નમ્રતા અને જ્ઞાન રહેલાં છે, જેમાં આગ્રહ છતાં વિરોધી પ્રત્યે નિર્મળ નિખાલસ પ્રેમની જ લાગણી રહેલી છે અને જેમાં દુ:ખ કે વેરઝેરનો લેશમાત્ર અવકાશ નથી. એવા... ભંગને સારુ જે વાતાવરણ જરૂરી છે તેવું વાતાવરણ હજુ પણ હિંદુસ્તાનમાં નથી.૩૨

પછી ગાંધીજી એ ત્રણ ચેતવણીઓ કઈ તેનો નિર્દેશ કરે છે: પહેલી ચેતવણી ૧૯૧૯માં અમદાવાદ, ખેડા, વીરમગામ અને પંજાબમાં થયેલી હિંસા, બીજી મુંબઈનાં રમખાણો અને ત્રીજી ચેતવણી મદ્રાસની ટોળાશાહીની — તેઓ આગળ કહે છે:

અંતે ઈશ્વરે ચૌરીચૌરા મારફતે પાકે પાયે મારા કાન ઉઘાડ્યા. જે હકીકતો મળી છે તે પરથી જણાય છે કે જે પોલીસના માણસોને ચૌરીચૌરામાં વિકરાળપણે ફાડીચૂંથી નાખવામાં આવ્યા તેમણે લોકોની ઘણી પજવણી કરેલી, તેમના ફોજદારે પોતાના માણસો લોકોને હેરાન નહીં કરે એવું વચન આપેલું તેનો તેમણે ભંગ કર્યો, સરઘસ પાછળ રહેલા લોકોને તેમણે હેરાન કર્યા અને ગાળો દીધી. લોકોએ બૂમો પાડી અને આગળ નીકળી ગયેલું ટોળું પાછું ફર્યું. પોલીસોએ ગોળી ચલાવી, થોડી વારમાં તેમની પાસેની કારતૂસો ખૂટી અને સલામતીને ખાતર પાછા વળી થાણામાં ભરાયા. મારો ખબરપત્રી જણાવે છે કે આથી ટોળાએ થાણું સળગાવ્યું. અંદર ભરાયેલા પોલીસ સિપાઈઓ જાન બચાવવા ખાતર બહાર આવ્યા અને બહાર આવતાંવેંત જ વિકરાળ ટોળાએ તેમને ફાડીપીંખી નાખ્યા અને તેમની છિન્નભિન્ન લાશોને ભભૂકતી આગમાં હોમી દીધી!

એવો દાવો કરવામાં આવ્યો છે કે આ વિકરાળ પશુતામાં કાંઈ અસહકારી સ્વયંસેવકોનો હાથ ન હતો. વળી ટોળાની માત્ર તે ઘડીએ પજવણી થઈ હતી એટલું જ નહીં પણ એ જિલ્લામાં પોલીસનો જે જુલમ અને ત્રાસ ચાલુ હતો તેની જાણથી લોકો ધૂંધવાયેલા હતા. પણ ચાહે તેવી પજવણી થઈ હોય તોપણ નિરાધાર થઈ પડેલા અને લોકોના ટોળાની કેવળ દયા ઉપર જ પડેલા પોલીસ સિપાઈઓની આવી વિકરાળ હત્યાઓનો કોઈ પણ રીતે બચાવ કરી શકાય જ નહીં. તેમાંય જ્યારે હિંદુસ્તાન અહિંસાપરાયણ હોવાનો દાવો કરતું હોય અને કેવળ નિર્મળ સાધનો વડે જ સ્વતંત્રતાના સિંહાસન ઉપર આરૂઢ થવાનું ઉમેદવાર હોય ત્યારે તો ચાહે તેટલી ગંભીર પજવણીની સામે પણ ટોળાશાહી ચલાવીને ખૂનામરકી કરવી એ ખરેખર અશુભ જ આરંભ કહેવાય.

…અહિંસાને માર્ગે સ્વરાજ સ્થાપવાની વાતમાં દેશમાંનાં તોફાની તત્ત્વો ઉપર અહિંસામય કાબૂ રાખી શકવાની વાત આવી જ જાય છે… “મોટા ડોળા કરીને સરકારને… ધમકીઓ આપી, બારડોલીના લોકોને …આશાઓ આપી અને બીજે દિવસે આમ પાછી પાની! કેવડી ભારે મર્દાનગી?” આમ શેતાન મારી પાસે સત્યનો ઇન્કાર કરાવવા મથી રહ્યો હતો, મેં મારી શંકાઓ અને મારું દુઃખ કારોબારી આગળ… રજૂ કર્યું. પરિણામ… સમિતિના ઠરાવરૂપે મોજૂદ છે. તીવ્રભંગના આખા કાર્યક્રમને આમ સદંતર ઊંધો વાળી દેવો એ રાજદ્વારી દૃષ્ટિએ ભલે અનુચિત હોય, પણ ધાર્મિક દૃષ્ટિએ તો તે

સંગીન જ છે... મારી ભોંઠપથી અને મારી ભૂલ કબૂલ કરી લેવાથી દેશને તો લાભ જ થવાનો છે.

હું માત્ર એક જ ગુણનો દાવો કરવા ઇચ્છું છું — સત્ય અને અહિંસાનો. દૈવીશક્તિ ધરાવવાનો મારો દાવો નથી. તેવી શક્તિ મારે જોઈતી પણ નથી... મારી સેવામાં પુષ્કળ ત્રુટીઓ છે પણ એ બધી અપૂર્ણતા છતાં પરમેશ્વરે આટલા દિવસ મારી સેવાને અમીદષ્ટિએ જ નિહાળેલી છે.

કારણ કે ભૂલ કબૂલવી એ સાવરણી જેવું છે. સાવરણીની પેઠે... કચરો કાઢી મેલી જમીન સાફ કરે છે. ભૂલના એકરારથી મારું બળ વધ્યું હોય એવો હું અનુભવ કરું છું...

...આખા હિંદુસ્તાનની વસ્તી સામું જોતાં બારડોલી તો 'દરિયામાં ખસખસ' સમાન છે, એના પ્રયત્નને બાકીના બધા હિંદુસ્તાન તરફથી સંપૂર્ણ પીઠબળ ન મળે તો એ પ્રયત્નને કશું જ ફળ ન આવે. ...જેમ ભરી દૂધની કઢાઈમાં સોમલનું એક બુંદ પડે તોપણ બધું દૂધ ઝેર બને (છે) તે જ પ્રમાણે ચૌરીચૌરાના ઝેરથી બારડોલીનો વિનય પણ બેકાર બની જાય છે. કારણ જેટલે દરજ્જે બારડોલી હિંદુસ્તાનનું પ્રતિનિધિ છે તેટલે જ દરજ્જે ચૌરીચૌરા પણ છે, અને ચૌરીચૌરા... પણ રોગના એક ફાટી આવેલા ચિહ્નરૂપે જ નથી શું?... અત્યારની ઝુંબેશ તો દેખીતી રીતે જ વિરુદ્ધ પરિસ્થિતિ વચ્ચે એક જોખમી અખતરો છે.

ચૌરીચૌરા... આપણે માટે દીવાદાંડીરૂપ છે, જો આપણે અહિંસાના સંઘમાંથી હિંસાને કાઢી ન શકીએ તો સામુદાયિક સવિનયભંગનો વિચાર સરખો છોડી દીધે જ આપણો આરો છે...

શત્રુ ભલે આપણી ભોંઠપ નીરખી નીરખીને હરખના કૂદકા ભરે... કરેલી પ્રતિજ્ઞાના ભંગ કર્યાનું અને ઈશ્વરને બેવફા બન્યાનું પાપ માથે લેવા કરતાં ડરપોક અને નબળા નીવડવાનું તહોમત માથે લેવું હજાર દરજ્જે બહેતર છે. આપણા અંતરાત્મા આગળ જૂઠા નીવડવા કરતાં દુનિયા આગળ જૂઠા દેખાવું એ કરોડગણું સારું છે...

હું તો ચૌરીચૌરાનો અનિચ્છુક છતાં નિમિત્ત રહ્યો. મારે તો અંગત પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું... મારી પ્રાર્થનામાં ઘણું વધારે સત્ય અને નમ્રતા મારે સાધવાં રહ્યાં... વધુ સંપૂર્ણતાભર્યા આત્મકથનને માટે પાર્થિવ શરીર ઉપર આત્માની આણ સ્થાપવા માટે કરેલો ઉપવાસ એ માણસની ઉન્નતિમાં જબરો સહાયક છે. તેથી ઊંડો વિચાર કરીને પાંચ દિવસનો ઉપવાસ કરવાનો મેં નિર્ણય કર્યો છે. ... સાથીઓને નમ્ર વિનંતી કે તેમણે

મારી નકલ કરી ઉપવાસ કરવા નહીં. ... હું જ શસ્ત્રવૈદ્યની સ્થિતિમાં છું અને દેખીતા જ જોખમભર્યા દરદીને શસ્ત્રક્રિયા કરવાના કામમાં નાપાસ નીવડ્યો છું. મારે જ કાં તો ધંધો છોડી દેવો રહ્યો, નહીં તો તેમાં વધુ પ્રવીણતા મેળવવી રહી...

ઉપવાસ, પ્રાયશ્ચિત્ત વગેરે બનતા લગી એકાંતે કરવાની વસ્તુઓ છે, પણ મારો ઉપવાસ તો પ્રાયશ્ચિત્ત તેમ જ સજા બંને છે. અને સજા તો જાહેરપણે જ ભોગવવી જોઈએ. મારે સારુ પ્રાયશ્ચિત્ત છે; અને સજા તેમને સારુ છે જેમની હું સેવા કરવા ઇચ્છું છું, જેમને માટે મને જીવવામાં રસ છે, અને જેમને માટે મરવામાં પણ તેટલો જ રસ છે, ...પ્રેમ કઈ રીતે સજા કરે? જાતે જ દુ:ખ ખમીને...

ચૌરીચૌરાના દોષથી સરકાર વધુ અક્કડ બનશે, પોલીસ વધુ પાપી બનશે અને વેર વાળવા તેમ જ વલે કરવાના હેતુથી રાજકર્મચારીઓ જે જે જુલમો ગુજારશે તેને પરિણામે લોકો વધારે પતિત અને નીતિભ્રષ્ટ બનશે. સવિનયભંગ મુલતવી રાખીને અને પ્રાયશ્ચિત્ત કરીને આપણે આ હત્યાકાંડની અગાઉ જ્યાં હતા ત્યાં જઈએ છીએ...

જો આપણે આ હત્યાકાંડમાંથી પૂરેપૂરો ધડો લઈએ તો જે શાપ સમાન છે તેને જ આશીર્વાદના રૂપમાં ફેરવી નાખી શકીએ...[૩૩]

મહાદેવભાઈના ચૌરીચૌરા વિશેના ગાંધીજીની ઉપરના પત્રમાં તર્ક તો બધા રાજનીતિ અને વ્યૂહરચનાની દૃષ્ટિએ કરવામાં આવ્યા છે. ગાંધીજીના પરમ ભક્ત હોવા છતાં અને એમની જોડે તાદાત્મ્ય સાધવાનો પૂરો યત્ન કરવા છતાં મહાદેવભાઈ કેવું સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવી શકતા હતા તેનો આ પત્રમાંથી નીચે આપેલી દલીલો નમૂનો પૂરો પાડે એમ છે:

મારી વિચારમાળાનાં પરિણામો હું અહીં સંક્ષિપ્ત સ્વરૂપે રજૂ કરું છું:

(૧) સઘળા પ્રકારની — બચાવ માટેની પણ — સવિનયભંગની લડત બંધ રહે છે એવો ઠરાવ કરવામાં આવ્યો છે તે, અહિંસાના વાતાવરણ સિવાય સવિનયભંગ કરવામાં આવશે નહીં, એવા પ્રકારનું તાર્કિક પરિણામ છે. પણ હું આપને કહું, અહિંસાના વાતાવરણનો આપ જે અર્થ કરો છો તેમાં પણ ફેરફારો થયા કર્યા છે. જો આપ માલેગાંવના બનાવોને૩૪ અલગ પાડી શકો તો ચૌરીચૌરાના બનાવોને કેમ અલગ ન પાડી શકો? ચૌરીચૌરા અંગેના ઠરાવનો શું એ અર્થ થાય છે કે (અત્યારે) હિંસા સમગ્ર વાતાવરણમાં ભરેલી છે?

(૨) હિંદમાં, સવિનયભંગની અગર સામનો કરવાના પ્રકારની સઘળી

પ્રવૃત્તિઓને બંધ કરવાનો ઠરાવ કર્યો છે. આમ કરીને, પ્રજામાં અહિંસાની શક્તિ રહેલી છે એમાં શંકા જ નથી એ પ્રકારની કસોટીને અવકાશ આપવાનું આપે બંધ નથી કર્યું? હિંસાના અભાવ પછી કુદરતી રીતે જ સામાન્ય પ્રકારની શાંતિનું વાતાવરણ સર્જાશે. પણ એ કૃત્રિમ નહીં હોય? (જુઓને) વર્ષની આખરે આપ બળવાખોર પ્રવૃત્તિ આદરો છો, લોકો ઉશ્કેરાય એવી તક સરકારને મળે એ રીતે આપ સરકારને ઉશ્કેરો છો, અને વધુમાં, ચૌરીચૌરામાં થયાં તેવાં છૂટાંછવાયાં છમકલાં માટે શક્યતાઓ ઊભી કરો છો. આવી શક્યતાઓને જો કોઈ રોકી શકે તો તે અહિંસક સવિનયભંગ કરનાર ગુજરાત અગર બંગાળ અગર બિહારના દાખલાઓ જ કરી શકે, અને નહીં કે ઉત્તેજનામાં તરવરતો આખો દેશ.

(૩) સને ૧૯૨૦માં આપે બેતિયામાં કરેલું ભાષણ આપને યાદ છે? આપે કહ્યું હતું કે જેઓ હિંસા આદરી જ ન શકે તેવાને અહિંસાનો મંત્ર આપી શકાય નહીં. આપે કહેલું કે એ લોકોએ પ્રથમ તો હિંસા આદરવાની શક્તિ પ્રાપ્ત કરવાના તબક્કામાંથી પસાર થવું જોઈએ. અલબત્ત, ચૌરીચૌરામાં જે બન્યું તે યોગ્ય હતું એમ કોઈ હિસાબે કહી શકાય નહીં. પણ ધારો કે બેતિયામાં આપે જે સંજોગો વર્ણવ્યા હતા તેવા સંજોગોમાં કોઈ પણ સ્થળે લોકોએ, ભાગી જવાને બદલે હિંસા આચરી હોત તો, દેશના બીજા ભાગોમાં ચાલતી સવિનયભંગની લડતની ઉપર કેવી રીતે અસર પડત?

(૪) હું જોઉં છું કે નવી યોજનામાં "ફોતરાં, ભૂસું અને વધેલાં ઠૂંઠાંઓને એકઠાં કરી બળતા તળાવમાં હોમવાની" વાત છે.૩૫ નમ્રપણે હું વિચારું છું કે આપણાં સાધનોની અંતર્ગત ત્રુટીઓને કારણે જ આપણા માટે કોઈ આશા નથી. એક સમય હતો જ્યારે સ્વયંસેવકોની ભરતી કરતી વખતે આપણે ગુણદોષનો વિચાર જ ન કર્યો અને કેવળ સંખ્યા વધારવામાં સઘળી શક્તિઓ ખરચી. એક કરોડ સભ્ય બનાવવાનો આપનો આગ્રહ જ, અહિંસાને વરેલા માણસોને એકઠા કરવાના કાર્યમાં વિઘ્નકર્તા નીવડશે. બન્યનનું રૂપક ચાલુ રાખું તો કહી શકાય કે એકલા ઘઉં એકઠા કરવા એ તો એક વિરલ શક્તિ છે.

(૫) કોઈ પણ પ્રકારની અહિંસા ભભૂકી ઊઠે તેમાંથી ચળવળ અલિપ્ત રહે એ વિશે આપે નિશ્ચિત બનવું હોય તો જેઓને મન અહિંસા, એક કાર્યપદ્ધતિ નહીં, પણ એક સિદ્ધાંત છે તેમના પૂરતી જ ચળવળ મર્યાદિત કરવી જોઈએ. હું જાણું છું કે આવા માણસો

બહુ થોડા હોય છે અને લડતના લંબાણને પણ મર્યાદા ન હોય. પણ જેણે અહિંસાને જીવનકર્તવ્ય માન્યું છે તેવા આપના જેવા માટે મને બીજો કોઈ વિકલ્પ સૂઝતો નથી.૩૬

પણ અહિંસક રણનીતિ અંગેના આ બધા તર્કોને અંતે મહાદેવભાઈએ મુખ્ય વાત તો એ જ કહેવાની છે કે તેમને ગાંધીજીનું આકર્ષણ એક ઉત્તમ રણનીતિજ્ઞ કુશળ સેનાપતિ તરીકે નહીં, પણ આત્માને ઘડનાર એક સાધક ઘડવૈયા તરીકેનું જ છે. તેઓ આ જ પત્રમાં છેવટે કહે છે:

મારે કહેવાનું હતું તે મેં કહી દીધું. મેં મારા મનને આપની આગળ ખુલ્લું કરીને મૂક્યું છે. મને લાગે છે કે વર્કિંગ કમિટીના ઠરાવોથી સામાન્યપણે નિરાશા પેદા થઈ છે. કાર્યક્રમમાં ફેરફાર કરવા માટે મારે લખવું એવું સૂચવનાર એક મિત્રને મેં ગૂઢાર્થમાં કહ્યું, 'જુઓ, એ તો ગાંધી છે. કાં તો એની બધી અતિશયતાઓ સાથે એને સ્વીકારો અગર એને પડતો મૂકો. દેશે પોતાની પસંદગી કરવાની છે.' મને લાગે છે કે કદાચ દેશે પોતાની પસંદગી કરી લેવી પડશે. આગાહી કરવાની મારામાં હિંમત નથી. મારી જાત માટે કહું તો મેં તો પાંચ વર્ષ પહેલાં ગોધરામાં આપની સાથે મારાં પાનાં પાડ્યાં ત્યારે જ પસંદગી કરી લીધી હતી. એ પસંદગીમાં, હું રાજકારણમાંથી હાથ ધોઈ નાખું અને 'આત્મા ઘડવાની' આપની અદ્‌ભુત શક્તિ વિશે મારા મનમાં શંકા પેદા થાય, ત્યારે જ ફેરફાર થઈ શકે. હું જેલમાં છું, કારણ કે એક અનીતિમાન સરકારને અને એના કાયદાને હું માન આપી શકું નહીં એમ હૃદયપૂર્વક માનું છું. અને કાર્યક્રમમાં ગમે તે ફેરફારો થાય તોપણ જ્યાં સુધી એ સરકાર મોટે ભાગે એવી ને એવી જ રહેશે ત્યાં સુધી હું એમ જ કરીશ.૪૭

જેને ગાંધીજીમાં આધ્યાત્મિક દૃષ્ટિએ નહીં, પણ રાજનૈતિક દૃષ્ટિએ રસ હોય તેને ચૌરીચૌરાને લીધે આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય કેવો લાગતો હશે એ સમજવું હોય તો આ બાબતમાં જવાહરલાલજીના વિચારો જોડે મહાદેવભાઈના વિચારની સરખામણી કરવી જોઈએ. નીચે ચૌરીચૌરાકાંડ પછી બાર વર્ષે લખાયેલ *मारी जीवनकथा*માંથી કેટલાક પ્રસ્તુત મુદ્દાઓ ટાંકીએ છીએ તે આવા તુલનાત્મક અભ્યાસની દૃષ્ટિએ:

જેલમાં બેઠેલા અમને એમ જાણીને સરોષ આશ્ચર્ય થયું કે ગાંધીજીએ સવિનયભંગની લડતને મોકૂફ રાખી છે... જે ઘડીએ અમારી સ્થિતિ ખૂબ મજબૂત થતી જતી હતી અને યુદ્ધના પ્રત્યેક રણાંગણ ઉપર અમે આગળ ધપતા જતા હતા, તે ઘડીએ આમ લડતને એકાએક બંધ થયેલી સાંભળીને અમે ખૂબ ચિડાયા. પણ અમારી નિરાશા અને ક્રોધ

જેલમાં કોઈને કશા ખપમાં આવે એમ ન હતાં. સવિનયભંગ તો બંધ થઈ ચૂક્યો હતો. અને અસહકાર હવામાં ઊડી ગયો. અનેક મહિનાઓના ત્રાસ અને ચિંતા પછી સરકારે સુખે સાસ લીધો અને પહેલી વાર એના હાથમાં બાજી આવી... લડત મુલતવી રાખવામાં આવી, તેથી હું ધારું છું કે, ગાંધીજી સિવાયના લગભગ બધા જાણીતા મહાસભાના નેતાઓ ચિડાયા.

મારા પિતા જેઓ તે વેળા જેલમાં હતા, તેમને એથી સખત આઘાત પહોંચ્યો... અમને વધારે મૂંઝવનાર તો લડતને મુલતવી રાખવાને ગાંધીજીએ આપેલ કારણ હતાં. ચૌરીચૌરાની ઘટના એ ભલે ખેદજનક અને અહિંસક લડતને સાવ ન છાજે એવી હોય, ને હતી; પણ એક દૂરનું ગામડું અને એક ખૂણેખાંચરે આવેલી જગ્યાના આવેશમાં આવેલા ખોબા જેટલા ખેડૂતો તે શું અમારું સ્વરાજ્યયુદ્ધ કંઈ નહીં તો થોડા કાળ સુધી પણ બંધ કરી શકે ખરા? જો અચાનક બનેલા હિંસાના એક કૃત્યથી આવું પરિણામ અનિવાર્ય હોય તો અહિંસક લડતના શાસ્ત્ર અને કળામાં જરૂર કંઈક ઊણપ હોવી જોઈએ... શું એક પણ પગલું ભરતાં પહેલાં હિંદુસ્તાનના ત્રીસ કરોડ લોકોને અહિંસાના શાસ્ત્ર અને કળાની તાલીમ આપવી આવશ્યક ગણાય ખરી કે? અને ધારો કે આપણે શાંતિ જાળવી રાખી શક્યા, તોપણ આપણી લડતમાં ચોરીછૂપીથી ઘૂસી ગયેલા છૂપા હિંસા કરાવનારાઓ, પોતે હિંસા કરે અને બીજાની પાસે કરાવે તો શું થાય? જો અહિંસક લડતની આ અનિવાર્ય શરત હોય તો એ લડત કદી સફળ થઈ જ ન શકે. જો થોડા ગણ્યાગાંઠ્યા માણસો — ભલેને મિત્રોનો સ્વાંગ રચીને આવેલા આપણા શત્રુઓ — પોતાના અવિચારી વર્તનથી આપણી લડતને ઊંધી વાળી શકે અથવા ખતમ કરી શકે?૩૮

આ પ્રશ્ન અંગે આગળ વિચાર કરતાં જવાહરલાલજી કહે છે કે:

સાચી હકીકત તો એ છે કે ૧૯૨૨ના ફેબ્રુઆરીમાં સવિનયભંગની લડત બંધ રહી તે કેવળ ચૌરીચૌરાના કારણે તો નહીં જ... એ તો છેવટ એક નિમિત્ત થઈ પડ્યું. ગાંધીજી ઘણી વાર પોતાની અંતઃપ્રેરણાથી જ કામ લે છે... એ વખતે જોકે લડત દેખીતી રીતે બહુ જોશમાં હતી... તોપણ ખરી રીતે લડતના ટુકડેટુકડા થઈ ગયા હતા. વ્યવસ્થા અને નિયમપાલનનાં નામનિશાન રહ્યાં ન હતાં. આપણા ઘણાખરા સારા માણસો જેલમાં હતા અને આમવર્ગને આજ સુધીમાં સ્વતંત્ર રીતે કામ લેવાની કશી જ તાલીમ મળી ન હતી... ગાંધીજીના મનમાં આ પ્રકારનાં કારણો અને વિચારોએ કામ કીધું હશે... અને તેમણે

ગૃહીત ધરેલી વાતો સ્વીકારીએ અને અહિંસાની રીતે લડત લડવાની ઇષ્ટતા સ્વીકારીએ તો તેમનો નિર્ણય સાચો હતો. સડો અટકાવવાનું અને નવી રચના કરવાનું તેમનું કામ હતું.૩૯

દેશબંધુ દાસને પણ ગાંધીજીનો (લડત મોકૂફ રાખવાનો) નિર્ણય વાજબી નહોતો લાગ્યો. જેલમાંથી છૂટ્યા બાદ તેમણે એ નિર્ણયની ખૂબ આકરી ટીકા કરી હતી. જોકે ત્યાર બાદ તેમનું ગાંધીજી વિશેનું વલણ બદલાયું હતું. અને પોતાની જિંદગીના છેલ્લા દિવસોમાં તો ગાંધીજી અને તેમની વચ્ચે ગાઢ પ્રેમ-આદરનો સંબંધ બંધાયો હતો.

ગાંધીજીના यंग इन्डियाના લેખો અને તેમનો મહાદેવભાઈ ઉપર આવેલો એક પત્ર જોઈને મહાદેવભાઈને તો ચૌરીચૌરાના નિર્ણય બાબતમાં મોટે ભાગે સમાધાન થઈ ગયું હતું એમ જણાય છે. અજમેરથી ગાંધીજી મહાદેવભાઈને લખે છે:

તમને બધાને જેવા છો તેવા હું જોવા માગું છું. તમે જેવા થવા ઇચ્છો છો તેવા નહીં, કેમ કે હું પણ તમારી બધાની પાસે જેવો છું તેવો દેખાવા ઇચ્છું છું. તેથી વધારે થવાની મને ઘણીયે હોંશ થાય પણ છું તેવો ન દેખાઉં તો થવા માગું છું તેવો ન થાઉં.

એટલે તમારે ક્ષમા માગવા જેવું કંઈ જ હતું નહીં.

ચૌરીચૌરાએ આપણને દાવાનળમાંથી ઉગાર્યા છે ને સ્વરાજ કેટલાયે યોજન નજીક આ◌ણી મૂક્યું છે એ તમે નિશ્ચયપૂર્વક જાણજો. પેલું તો ઝાંઝવાંના પાણી સમાન હતું. સાધન અને સાધ્યની વચ્ચે એટલો નિકટ સંબંધ છે કે કયું વધારે અગત્યનું છે એ કહેવું મુશ્કેલ છે. અથવા સાધન શરીર છે, સાધ્ય આત્મા છે. સાધ્ય અદૃશ્ય છે. સાધન દૃશ્ય છે. એ પરમ સત્ય બતાવવાની લહેર તો હવે જ આવવાની છે. સુધન્વા જેમ ઊકળતા તેલના પેણામાં નાચી રહ્યો હતો તેમ હું મારી આસપાસ સળગી રહેલ અગ્નિમાં અત્યાનંદ ભોગવી રહ્યો છું. અહિંસાનું સ્વરૂપ હવે જ પ્રગટ થઈ શકશે. તમારે જે લખવું હોય તે લખ્યા કરવું. જરા પણ ક્ષોભ ન રાખવો. તમારા વાતાવરણને શુદ્ધ કર્યા કરજો. ઉર્દૂ કલમ તમારી પૂરી તેજસ્વી થાઓ એ ઇચ્છું છું. તમારો બહાર ખપ છે, છતાં તમારી જેલ પૂરી કરી શકો એ ઇચ્છું છું. બહારની દુનિયામાં શું થાય છે તેને વિશે તમારે વાળ સરખો ઊભો ન થવા દેવો. અમેરિકામાં ઘણા દુઃખી છે તેનું આપણે શું કરીએ? તેમ જ તમારે જેલની બહાર.૪૦

૧૯–૨–'૨૨ના મહાદેવભાઈ પોતાના પત્રમાં ગાંધીજીને લખે છે:

મારા પરમ પ્રિય બાપુજી,

આપનો પત્ર એટલો આશીર્વાદરૂપ છે! વર્કિંગ કમિટીના ઠરાવોએ મને એટલો બધો દુખિત કરી મૂક્યો હતો! આપની નિકટ હોવાની જો મેં કોઈ દિવસ ઝંખના કરી હોય તો તે આ ચિંતાભર્યા દિવસોમાં. એક પછી એક આવતા આંચકાઓએ મને અને બીજા ઘણાને તદ્દન અસ્વસ્થ કરી મૂક્યા. મારા રોજિંદા કાર્યક્રમને ખલેલ પહોંચાડી અને મારી સઘળી શાંતિ હરી લીધી. ચૌરીચૌરા અંગેના આપના લેખથી થોડી શાંતિ મળવાનું શક્ય બન્યું પણ મારી બધી શંકાઓનું હજી નિવારણ થયું નથી. મારા માટે આપ પ્રાર્થના કરો એમ માગું છું.

અમે બધા હંમેશ માફક સુખમાં છીએ. પણ અમારી માફક હકથી લાભ ન મળવાને કારણે જેઓ દુ:ખો સહન કરી રહ્યા છે તેમના તરફ અમારું હૃદય ખેંચાય છે. રાજગોપાલાચાર્ય, અલીભાઈઓ અને જયરામદાસ વિશે આપે જે લખ્યું છે તે વાંચીને મને કંપારી છૂટી. જેમની કસોટી કપરી થાય છે તેઓ જ સૌથી વધુ નસીબદાર છે, અને છેવટે સૌથી વધુ ધન્યતા અનુભવે છે. બીજાને બદલે સહન કરવાનો કોઈ પ્રકાર આપ સૂચવી શકો છો? જોકે હું જાણું છું કે એ કોઈ સૂચવવા જેવી બાબત નથી, એ તો એની મેળે કરવાનું હોય છે.

આ જ પત્રમાં મહાદેવભાઈ ખ્વાજાસાહેબ પાસે પોતે ઉર્દૂ શીખતા હતા તેમાં પ્રગતિનો અહેવાલ આપે છે:

મેં ઉર્દૂ શીખવાનું શરૂ કર્યું છે અને ઠીક પ્રમાણમાં પ્રગતિ કરી છે. ખ્વાજા પાસે ઉર્દૂ શીખવું એ એક અનેરો લાભ છે. પણ હું તો આપવખાણ કરું છું કે ચેલાને યોગ્ય ગુરુ મળ્યા છે તેટલા જ પ્રમાણમાં ગુરુને યોગ્ય ચેલો મળ્યો છે. મારા સુંદર ઉર્દૂ અક્ષરનો નમૂનો મોકલું છું. એ એવી તો ભવ્ય લિપિ છે! જાણે મુસલમાનોની પ્રાચીન જાહોજલાલીનું પ્રતીક! હું ઉર્દૂના અભ્યાસ પાછળ રોજના લગભગ બે કલાક ગાળું છું અને એકાદ મહિનામાં ઠીક ઠીક ઝડપે ઉર્દૂ વાંચી શકીશ એવી આશા રાખું છું. અમારે અહીં તો જાણે ભાષા વિદ્યાભવન છે. ઉર્દૂ શીખવવા ઉપરાંત ખ્વાજા ઉર્દૂ શાયરીમાંથી રોજ થોડી બેતો, અને કુરાનમાંથી મહત્ત્વની કલામો મને આપે છે. મારા પક્ષે હું ખ્વાજાને ઉપનિષદમાંથી થોડુંક આપું છું, અને ગીતામાંથી કાંઈક આપવા વિચારું છું. એમની સાથે થોડું હિંદી પણ વાંચું છું.

પોતાના અભ્યાસનું વિવરણ આપતાં મહાદેવભાઈ લખે છે:

રામનરેશજી સાથે મેં બાલકાંડ અને અયોધ્યાકાંડ પૂરા કર્યા છે અને નૈનીમાં મેં સુંદરકાંડ પૂરો કર્યો હતો. એટલે બાકીનું વીસેક દિવસમાં પૂરું કરવાની આશા રાખું છું, કારણ, બાકીનું તો પ્રમાણમાં સહેલું છે. રોજ સવારે રામાયણ વાંચવામાં બહુ આનંદ આવે છે. એના વાચન માટે જ્યારે વહેલી પરોઢનો શાંત સમય પસંદ કરવામાં આવે છે ત્યારે વાચક તુલસીના સ્વચ્છ સલિલમાં જાણે ઓગળી જાય છે. રામાયણ, રામનો કાવ્યમય ઇતિહાસ કરતાં વધુ તો આધ્યાત્મિક કથા છે.

પત્રને પૂરો કરતાં તેઓ કહે છે:

આપને જાણીને આનંદ થશે કે હું નિયમિત કસરત કરું છું અને નવ રતલ વજન મેળવ્યું છે. નૈનીમાં એ ૧૧૯ હતું, અહીં ૧૨૮ છે.

આ હું લખી રહ્યો છું ત્યારે ખ્વાજાની આસપાસ ટોળે વળેલા હિંદુ અને મુસલમાન મિત્રોના શ્રોતાગણ આગળ, હમણાં શીખેલા, નીચે જણાવેલા શ્લોકો એ દમામભેર ગાઈ રહ્યા છે:

अग्नर्य्यिथैको भुवनं प्रविष्टो
रूपंरूपं प्रतरि्पो बभूव।
अेकस्तथा सर्वभूतान्तरात्मा
रूपंरूपं प्रतरि्पो बहश्चि।

આમ જીવન કાવ્યની માફક વહી રહ્યું છે. બીજે કઠોર દુ:ખ ન હોત તો કેવી સારી વાત હોત!

અગાધ પ્રેમ અને પ્રણામ સાથે

હમેશ આપનો મહાદેવ૪૧

ત્યાર બાદ ઉર્દૂમાં સુંદર અક્ષરે લખ્યું છે: 'મહાત્મા ગાંધી'

આ પછી એટલે કે ૨૨મી ફેબ્રુઆરીએ મહાદેવભાઈ ચૌરીચૌરા પ્રકરણ આગળ ચલાવે છે. અલબત્ત, તે પત્રમાં આગલા પત્ર જેવી ઉગ્ર મૂંઝવણ નથી, પણ ચૌરીચૌરાની ઘટના પાછળનાં કારણો જોતાં એ પ્રસંગને પણ માલેગાંવના કિસ્સાની માફક અલગ ગણી શકાય એવો વર્ણવવા પ્રયત્ન કર્યો છે. આગલો પત્ર લખતી વખતે જે મન:સ્થિતિ હતી તે સમજાવતાં આગ્રાથી ૨૨ ફેબ્રુ. ૧૯૨૨ના પત્રમાં મહાદેવભાઈ લખે છે:

રંગા આયરના પત્રમાંના આપના ઉદ્ગાર વાંચી મારા પત્રના સંબંધમાં આપ શું

ધારશો તેનો હું ઉચાટ કર્યા જ કરી રહ્યો છું. આપે પણ આપના પત્રમાં પૂછ્યું છે કે, 'ઠરાવો જોયા હશે અને તમને ગમ્યા હશે.' મેં જે ધાર્યું હતું તે લખવાની મારી ફરજ સમજી મેં લખ્યું. ચાર દહાડા એ પત્ર રાખી મૂક્યો; એમાં રહેલા ક્રોધ માટે એક ઉપવાસ કર્યો; પછી શાંતિ મેળવી બાકીનો ભાગ લખ્યો છતાં, (એ પત્રમાંનો) ઉપરનો ભાગ મોકલ્યો તે તો એટલા જ કારણે કે આપ મારા મનની યા તો બુદ્ધિની મલિનતા જોઈ લો. પણ રંગા અને મારી સ્થિતિ જુદી છે. મેં તો કેવળ સ્થિતિ વધારે સમજવાને માટે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. જેલમાં રહ્યા રહ્યા બહારની સ્થિતિ અમે શું સમજીએ? એ ઠીક વાત છે; પણ હિંસા-અહિંસાનો academic (કેવળ તાર્કિક રીતે) વિચાર તો જરૂર કરી શકીએ.૪૧

આ પત્રને અંતે જેલમાં પડેલા કેદીઓએ બહારની પરિસ્થિતિને પ્રત્યક્ષપણે સમજ્યા વિના તેમાં માથાં ન મારવાનો સત્યાગ્રહી નિયમ યાદ કરીને મહાદેવભાઈ માનસિક નિવૃત્તિ અને નિશ્ચિંતતા અનુભવી રહે છે:

જેલીઓની સ્થિતિ વિશે બે બોલ લખી દઉં. હું જેમ જેમ વિચાર કરતો જાઉં છું તેમ તેમ વર્કિંગ કમિટીએ કરેલા નિશ્ચયની યોગ્યતા વધારે ને વધારે સમજતો જાઉં છું. પણ મારું માનવું તો એવું છે કે એ ઠરાવમાં કાંઈ ભૂલ હોય તોપણ જેલીઓને શું? — જ્યાં સુધી આપણી ત્રણ માગણીઓ છે તે છોડી દેવામાં ન આવે — compromise કરવામાં [છૂટછાટ મૂકવામાં] ન આવે ત્યાં સુધી. વર્કિંગ કમિટીના ઠરાવથી આપણી ત્રણ માગણીઓ છોડી દેવામાં તો નથી જ આવી એટલું સૌએ સમજવું જોઈએ, અને શાંત થવું જોઈએ. એટલું સૌના લક્ષમાં રહે તો પછી બાહ્ય સંજોગો જોઈને દેશના નેતાઓ જે યોગ્ય ધારે તે કરે તેમાં જેલીઓને શી પરવા હોવી જોઈએ?

तुका म्हणे उगी रहा जे जे होईल ते ते पहा।

તટસ્થ રહીને. જે થાય તે જોયા કરવું.

મારા પત્રોના ઉત્તરની હું હમેશાં આશા રાખું છું એમ ન સમજશો. હું ખુશ છું.'૪૩

હવે આપણે મહાદેવભાઈના પરિવાર તરફ સહેજ દૃષ્ટિ કરીએ.

ગાંધીજીના અસહકારના આંદોલને હિંદના સેંકડો પરિવારોને જેલનો પહેલવહેલો પરિચય કરાવ્યો. પરિવારના ઉછેર અને પરિસ્થિતિ મુજબ જુદા જુદા લોકોએ આ

અવનવા અનુભવને જુદી જુદી રીતે મૂલવ્યો હશે. પણ એકંદરે આખા દેશને તો એ કાર્યક્રમે અભયનો પાઠ જ શીખવ્યો.

મહાદેવભાઈને કોર્ટમાં પુષ્પહાર અને કુમકુમ તિલક વડે દુર્ગાબહેને વળાવેલા એ આપણે જોઈ ગયા. ૧૯૧૯ના છેવટના દિવસોની એક પછી એક થતી ઘટનાએ દુર્ગાબહેનના વ્યક્તિત્વમાં કાંઈ અજબ ઓજસ પ્રગટાવ્યું હતું. મહાદેવભાઈના જેલવાસ પછી દુર્ગાબહેને દેવદાસભાઈને હસ્તલિખિત દૈનિક इन्डिपेन्डन्ट કાઢવામાં મદદ કરવા માંડી હતી. નિયમિત રીતે તેઓ છાપાની ગડી વાળવામાં, એની પર ટિકિટ ચોડવામાં, એને ટપાલમાં રવાના કરવામાં અમુક સમય આપતાં. નૈની જેલમાં મહાદેવભાઈ સાથે જે અમાનુષી વહેવાર કરવામાં આવ્યો હતો તે જોઈ-સાંભળીને પણ દુર્ગાબહેન દીન નહોતાં બન્યાં, બલકે તેથી તેમનો પુણ્યપ્રકોપ જ પ્રગટ્યો હતો. મનમાં મનમાં તેઓ મોતીલાલજી અને જવાહરલાલજી સાથે જેલ અધિકારીઓ જે વહેવાર રાખતા તેની સાથે મહાદેવભાઈ સાથે રાખવામાં આવતા વહેવારની સરખામણી પણ કરી લેતાં. પણ એમની પોતાની ભૂમિકા કંથને રણાંગણમાં વળાવી આવેલ ગૌરવંતી રજપૂતાણી જેવી હતી. મિત્ર નરહરિભાઈએ મહાદેવના જેલવાસના સમાચાર સાંભળી દુર્ગાબહેનને કાંઈક આશ્વાસન આપતો પત્ર લખ્યો હશે એના જવાબમાં અલાહાબાદથી દુર્ગાબહેને જે કાગળ લખ્યો તે સત્યાગ્રહના સાહિત્યમાં અવિચળ સ્થાન પામે તેવો છે:

તમને તે પ્રિય ભાઈ લખું કે બાઘાભાઈ!

'બાઘા' એટલા માટે કે તમે તો જાણો છો કે મને કેટલી કેળવણી મળી છે ને મારું જ્ઞાન કેટલું છે છતાં તમે લખો છો કે હવે તમે ઍડિટર થાઓ. તોપણ એટલું તો અભિમાન મને છે કે હું એવા વીરની પત્ની છું કે જેની લેખનીનો તાપ સરકાર જીરવી ન શકી.

તમે લખો છો કે મોજ કરો. હું તો મોજ જ કરું છું, કારણ, અમે શરીરથી જુદાં પડ્યાં છીએ પણ અમારાં હૃદયને કોણ જુદાં પાડી શકે એમ છે? જ્યારથી તેઓ જેલમાં ગયા ત્યારથી દિવસના અને રાત્રે સ્વપ્નમાં પણ એમનો 'પંડિત' 'પંડિત'નો ધ્વનિ મારા આગળ ગુંજ્યા કરે છે. અને એ ધ્વનિની સાથે હું મારા હૃદયને રમાડી રહી છું.

માત્ર તેઓને મળવા ગઈ ને ત્યાં એમની સાથે જે વર્તન રાખવામાં આવ્યું છે અને પંડિત મોતીલાલજી અને જવાહરલાલજીની સાથેના વર્તનને સરખાવું છું ત્યારે કંઈક દુઃખ થાય છે. પણ મોતીલાલજી તો સિંહ છે. એમનાથી સૌ ડરે છે પણ એ લોકોને ખબર નથી કે

એ પણ સિંહના જ બચ્ચા છે. સિંહના બચ્ચાને પાંજરામાં પૂરીને સતાવે તેમાં શું? બહાર રાખીને સામે બાથ ભીડે ત્યારે ખરી મરદાની.

એમનું કામ દેવદાસભાઈએ ઉઠાવી લીધું છે. અને એમને પકડે તો બીજા પણ નિભાવી લેશે. એની એ લોકોને ક્યાં ખબર છે? એ લોકોની બુદ્ધિ બગડી છે. એ તો વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

મને જરાયે દુ:ખ થતું નથી, કારણ, હું તો એમને કોર્ટમાં મૂકીને આવી ત્યારે ઈશ્વરને સોંપીને આવી હતી. મને વિશ્વાસ છે કે જેની ઈશ્વર રક્ષા કરે તેની ઉપર ગમે તેટલી મુસીબતો સહન કરવાની (આવે) પણ એના આત્માને કોણ હાનિ પહોંચાડી શકે એમ છે? મને ધીરા ભક્તના ભજનનાં વાક્યો પર પૂર્ણ વિશ્વાસ છે:

જેને રામ રાખે રે તેને કોણ મારી શકે?
અવર ના દેખું રે, બીજો મારા પ્રભુ પખે.

હવે દેવદાસભાઈના પકડાવાની રાહ જોઈ રહી છું. ત્યાર પછીથી આશ્રમમાં આવીશ. છોટુભાઈને કહેજો કે મારી બાને કહે કે મને ઈશ્વરે પૂર્ણ હિંમત આપી છે. મારી ચિંતા ન કરે.

લિ. દુર્ગાના પ્રણામ૪૪

મહાદેવભાઈની બદલી જ્યારે નૈનીથી આગ્રા જેલમાં થઈ ત્યારે દુર્ગાબહેન એમની જોડે મુલાકાત લેવા આગ્રા ગયેલાં અને છેવટે મહાદેવભાઈને લખનૌ લઈ ગયા ત્યારે ત્યાં પણ બનતાં સુધી ગયેલાં.

મહાદેવભાઈના પિતાશ્રી હરિભાઈની મન:સ્થિતિ દુર્ગાબહેન જેટલી દઢ નહોતી. નૈની જેલની કુત્સિત અવસ્થાનું વર્ણન વાંચી હરિભાઈ ભાંગી પડ્યા હતા. ડિસેમ્બર ૧૯૨૧ની આખરે અમદાવાદમાં ભરાયેલી કૉંગ્રેસમાં હાજરી આપવાનો એમનો ઇરાદો હતો, તે મહાદેવના સમાચાર સાંભળીને તેમણે માંડી વાળ્યો હતો. અમદાવાદ જવાને બદલે તેમણે જેલમાં મહાદેવની મુલાકાત લેવાનો વિચાર કર્યો. જેલમાં મુલાકાત મેળવવા સારુ તો પહેલેથી પત્રવ્યવહાર કરીને પરવાનગી માગવી પડે. એમાં થોડો વખત ગયો. પણ છેવટે ૧૬મી જાન્યુઆરીની મુલાકાત ગોઠવાઈ. મહાદેવભાઈના પિતરાઈ ભાઈ છોટુભાઈ જોડે મુલાકાત સારુ જવાનું ઠર્યું. મુલાકાતના એક દિવસ અગાઉ જ મહાદેવભાઈએ ગાંધીજીને લખ્યું હતું, 'મારા પિતા મને કાલે મળવા સારુ આવી રહ્યા

છે. કદાચ આંસુ પણ પાડશે. મને દયા આવે છે. મેં લખ્યું છે કે હું બહુ જ મજામાં છું. આવવાની જરૂર નથી. પણ એ આટલે નાહકનો ખરચ કરીને આવવાના. શું થાય?'

દુર્ગાબહેન મુલાકાતે ગયાં ત્યારે તેમણે મહાદેવભાઈને સમાચાર આપ્યા કે એમની બહેન શાંતાબહેનની સગાઈ વેસમા ગામના એક યુવક અંબેલાલ જોડે થઈ છે. મહાદેવભાઈએ પિતાને આ સાંભળીને તરત લખ્યું:

'હું જેલમાં બેઠો તો બીજું શું ઇચ્છું? ઇચ્છું છું કે એ બિચારીનું સૌભાગ્ય અખંડ અને સુખી રહે. છોકરાના ભણવાની મને આશા નથી. પણ ભણેલા ક્યાં શોધવા? કલ્યાણજીકાકા૪૫ સામે છે એટલે સારું છે.'૪૬

અનાવિલ કોમમાં દીકરીનાં લગ્નનું તો મોટું ખરચ થાય. વળી કાંઈક વાંકડો પણ આપવો પડે. પિતાની આર્થિક સ્થિતિ તો સામાન્ય હતી. તેથી એ અંગે મહાદેવભાઈને ચિંતા થઈ. તેમણે હરિભાઈને લખ્યું:

મારી પાસે બૅંક્માં ફિક્સ્ડ ડિપૉઝિમાં ૨,૬૦૦ રૂપિયા છે. તેમાંથી ઉપાડાય તેમ તો નથી. પણ તમને જેટલાની જરૂર હોય તેટલાનું મને લખશો તો હું મથુરાદાસ૪૭ યા વૈકુંઠ૪૮ યા બીજા ગમે તે મિત્ર પાસે લઈને મોકલી આપીશ. ભીડ ન ભોગવશો. હું જેલની બહાર હોત તો કાંઈક ઉપયોગી થાત. હવે તો તમારે ભાર વહેવાનો રહેવાનો. નાના૪૯ ત્યાં છે તેથી જરા આશ્વાસન છે. છોટુ૫૦ તો સાત-આઠ દહાડાની રજા લઈને આવશે.

આ કાગળમાં મહાદેવભાઈએ હરિભાઈને એમ પણ જણાવ્યું કે છોટુભાઈ મુલાકાતે આવવાના છે તે ભલે આવે. એમની જોડે દુર્ગાને દિહેણ મોકલાવીશું. 'તમને તો હું નકામા ખરચ અને તકલીફમાં નથી નાખવા માગતો. માટે આવો નહીં.' એ સાથે જ મહાદેવભાઈએ છોટુભાઈને પણ કાગળ લખીને જણાવ્યું કે, 'મને મળી જજો. બાપુજીને સમજાવીને લાવશો નહીં. કહેજો જરૂર જણાશે તો ફરીથી જઈશું. હમણાં ઠંડી વધારે છે.'૫૧

આ પત્રો હરિભાઈ તથા છોટુભાઈને દિહેણથી નીકળતાં પહેલાં મળી ગયા. મૂળે તો હરિભાઈનું મન જ ભાંગી પડ્યું હતું, તેમાં મહાદેવની ના આવી અને છોટુભાઈએ પણ પોતાની રીતે સમજાવ્યા હશે. એટલે તેમણે આગ્રા જવાનો વિચાર પડતો મૂક્યો.

જેલની મુલાકાતનું વર્ણન છોટુભાઈએ કર્યું:

મને જોતાં જ મહાદેવ ભેટી પડ્યા. બધા સાગરીતોને કહે, 'ચાલો હવે સેલમાં જઈએ. ઘેરથી મારા ભાઈ મળવા આવ્યા છે.' ત્યાં બધા સાથે ખૂબ ખૂબ વાતો કરી. પછી બિસ્કિટ અને ચા ખવડાવ્યાં. મહાદેવ પોતે જ ચાના 'ભક્ત' હતા. કહે: 'અહીં એક નહીં, બે કપ ચા પીવાની. વધુ પણ પિવાય — પણ બેથી ઓછી તો નહીં જ.' બીજાઓને મીઠાઈ કાઢી ઘેરથી આવેલી છે એમ કહેવા લાગ્યા. મહાદેવભાઈએ કહ્યું, 'જોયું? આ જેલ! ખાવાનું ઘરના કરતાં વધુ મળે છે — અપચો થાય ત્યાં સુધી. તમે ઘેર જઈને બાપુજીને બધું કહેજો.'૫૨

શાંતાબહેનના લગ્નના ખર્ચ અંગે પણ મહાદેવભાઈએ વાત કાઢી. છોટુભાઈ જોડે પણ કહેવડાવ્યું કે પોતાની પાસેના પૈસા પોતે આપશે, પિતા ચિંતા ન કરે.

દુર્ગાબહેન આ જ અરસામાં અલાહાબાદથી આગ્રા આવ્યાં. એવી જ ગોઠવણ થઈ હતી. તેઓ છોટુભાઈ જોડે દિહેણ ગયાં.

મહાદેવભાઈએ આગ્રાની જેલમાંથી નરહરિભાઈને પત્ર લખીને જણાવેલું કે તમે લગ્ન વખતે દિહેણ જવાનું ચૂકશો નહીં. અને મારા બાપુજીને કહેશો કે જરાય ભીડ ન વેઠે. હરિભાઈએ પણ નરહરિભાઈને લખ્યું કે, 'મહાદેવ જેલમાં છે તે વખતે લગ્ન કરવાં પડે છે તેનું મને બહુ દુ:ખ થાય છે, પણ છૂટકો નથી. તમે આવશો તો મને એટલો સંતોષ થશે.'૫૩ લગ્નપ્રસંગે નરહરિભાઈ અને મણિબહેન બસની સગવડ નહોતી છતાં સરભોણથી દિહેણ ગયાં. સાબરમતી આશ્રમથી પંડિત નારાયણ મોરેશ્વર ખરેએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી. આ પ્રસંગે નરહરિભાઈએ હરિભાઈને પૈસા અંગે મહાદેવે લખેલ સંદેશો કહી સંભળાવ્યો. પણ હરિભાઈએ એ વાત કાને ન ધરી. એમણે કહ્યું, 'ખરચની બધી જોગવાઈ મેં કરી રાખી છે. પણ મહાદેવની ગેરહાજરીમાં મારે આ પ્રસંગ ઉકેલવાનો આવ્યો છે એનું મને દુ:ખ છે, પણ શું થાય?'૫૩

દિહેણ ગયા પછી દુર્ગાબહેનને વિરહની વ્યથા વધુ સાલી હશે. તેથી અલાહાબાદની કોર્ટમાં તો ગૌરવભેર વિદાય આપી હતી પણ હવે કોઈ કોઈ કાગળમાં તેમના દિલની કમજોરી પણ પ્રગટ થવા માંડી.

મહાદેવભાઈ જેલમાં ગયા એને લીધે એમના સાબરમતી આશ્રમના સાથીઓ ગૌરવ અનુભવતા હતા. મહાદેવભાઈએ નરહરિભાઈને લખ્યું:

તમે બધા મારા જેલમાં જવા ઉપર આટલા ફિદા શા ઉપર થઈ ગયા તે નથી સમજતો... માણસ મરી જાય ત્યાર પછી એની ભારે કદર થાય છે એ જાણ્યું છે, પણ

જેલમાં જવાથી તેને મરણ પામ્યા પછીના અધિકાર મળી જાય છે એ તો મેં મારા વિશે જ જાણ્યું. 'ઘડીક વાર એવું થઈ જાય છે કે આટલી પ્રશંસા પછી મરી જઈએ તો સારું, કે હવે પછી કાંઈ બૂરો વખત આવે તો એ વખાણને અપાત્ર ઠરાવી શરમાવું ન પડે.૫૪

ચૌરીચૌરાના કાંડ અને એને લીધે ગાંધીજી તથા કૉંગ્રેસની કારોબારીએ લીધેલા નિર્ણય અંગે મહાદેવભાઈએ મનોમંથન તો ખૂબ અનુભવ્યું હતું. પણ પછી વિચાર્યું કે જેલના કેદીએ બહારની પરિસ્થિતિ અંગે નાહકનો વલોપાત ન કરવો જોઈએ. એટલે એમણે લેખનકાર્યમાં પોતાનું મન પરોવવાનો નિશ્ચય કર્યો. એમ તો લૉર્ડ મોર્લીના ऑन कॉम्प्रोमाइझ પુસ્તકનું ભાષાંતર એમણે લગભગ આખું કરી રાખેલું પણ એને છેવટનું સુધારીને પ્રસિદ્ધ કરવા લાયક કરવા સારુ મૂળ હસ્તપ્રત નરહરિભાઈ પાસે મગાવી. પણ એમની પેટીની ચાવી ન મળવાથી નરહરિભાઈ તે લખાણ મોકલાવી ન શક્યા. શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયની विराजवहु અને ત્રણ વાર્તાઓનો અનુવાદ મહાદેવભાઈએ જેલવાસ દરમિયાન કર્યો. ઉત્તમ ભાષાંતર તરીકે આજે પણ આ અનુવાદો ગુજરાતમાં વખણાય છે.

સાત માસ આગ્રામાં વિતાવ્યા પછી મહાદેવભાઈ અને બીજા કેટલાક સાથીઓની બદલી લખનૌ જેલમાં થઈ. એ જેલમાં જવાહરલાલજી પણ હતા. ૧૧મી જુલાઈ, ૧૯૨૨ને દિન જવાહરલાલજીએ પોતાની નોંધપોથીમાં ટપકાવ્યું છે: 'આજે મહાદેવ, રામનરેશ ત્રિપાઠી અને બીજા કેટલાકને આગ્રા જેલમાંથી અહીં લાવવામાં આવ્યા.'

મહાદેવ અને જવાહર બંને હતા તો એક જેલમાં પણ તેમને બૅરેક જુદી જુદી મળી હતી. ૧૫મી ઑક્ટોબરે બંનેને એક બૅરેકમાં લાવવામાં આવ્યા, એની પણ જવાહરલાલ ખાસ નોંધ કરે છે. ૨૧મી ડિસેમ્બરે જેલમાં સૌ સાથીઓએ મળીને મહાદેવનો જન્મદિવસ ઊજવ્યો, તે મહાદેવની હિન્દુ તિથિ મુજબની વરસગાંઠને દિવસે હશે. જેલવાસના સહવાસ દરમિયાન જવાહર અને મહાદેવ બેય વાચનપ્રેમીઓએ જેલમાં મેળવી શકાય એવાં અનેક પુસ્તકો ઉથલાવ્યાં હતાં એટલું જ નહીં પણ અનેક વિશે ચર્ચાઓ પણ કરી હતી. કમનસીબી એ છે કે જ્યારે ગાંધીજી સાથે નથી હોતા ત્યારે મહાદેવ ડાયરી નહોતા લખતા અને જવાહરની નોંધપોથીમાં તો માત્ર એક એક બબ્બે વાક્યોનું ટાંચણ જ છે. નહીં તો જેલવાસ દરમિયાન ચાલેલા સ્વાધ્યાયની આપણને સારી નોંધ મળી હોત.

૧લી સપ્ટેમ્બરને દિવસે ખાસ મહાદેવને મળવા કલકત્તાથી ઊર્મિલાદેવી આવ્યાં હતાં. ઊર્મિલાદેવી એટલે દેશબંધુ ચિત્તરંજન દાસનાં બહેન. ગાંધીજીનો એક વાર કલકત્તામાં એમને ત્યાં મુકામ થયેલો ત્યારથી મહાદેવ પર મુગ્ધ થઈ ગયેલાં અને મહાદેવને પોતાનો પુત્ર માનેલો. આ માતાપુત્રનો સંબંધ મહાદેવની આખી જિંદગી લગી અને મહાદેવના ગયા પછી દુર્ગાબહેન અને નારાયણ જોડે ઊર્મિલાદેવીના છેવટના દિવસ સુધી એવો ને એવો મધુર રહેલો. મહાદેવના મરણ પછી એમને અંજલિ આપતો એક લેખ ઊર્મિલાદેવીએ લખ્યો હતો. મહાદેવભાઈને અંજલિ આપતા લેખોમાં એ લેખ વિશેષ ધ્યાન ખેંચે તેવો છે.૫૪અ

ઑક્ટોબરની ૧૭મી તારીખે જવાહરલાલજી નોંધે છે કે હવે અમે અમારી બૅરેકમાં માત્ર સાત જણ જ છીએ. પુરુષોત્તમદાસ ટંડન, મહાદેવ, દેવદાસ, વેંકટરામન અને બે બીજા.

મહાદેવ માટે ગુજરાતથી આવેલું સૂરણ તેઓ સૌને આગ્રહ કરીને ખવડાવે છે એવી વાત પણ જવાહરલાલજીને નોંધવાલાયક લાગી છે!

જ્યૉર્જ જોસેફ તો મહાદેવભાઈ પહેલાં इन्डिपेन्डन्टના તંત્રી હતા. બંને જણ એકસરખા આરોપસર જ પકડાયા હતા. અને બંનેને એક એક વર્ષની સજા થઈ હતી. જ્યૉર્જ મહાદેવભાઈથી પાંચ વર્ષ મોટા હતા. ઉત્તમ લેખક ઉપરાંત પ્રભાવશાળી વક્તા પણ હતા. હજી હાલમાં તેમની પુત્રીએ તેમની ટૂંકી જીવનકથા લખી છે. એ જીવનકથામાં તેઓ આ જેલવાસ દરમિયાન તેમના પિતાએ તેમની માતાના નામે લખેલ એક પત્રનો ઉલ્લેખ કરે છે. એ પત્રમાં શ્રી જોસેફ પોતાનાં પત્નીને કહે છે કે મહાદેવ જેવી કક્ષાના માણસના નિકટના સાથી બનીને રહેવાનો મોકો મળ્યો એ એમનું અહોભાગ્ય કહેવાય.

એમ તો આગ્રાની જેલમાં મહાદેવભાઈને કશી તકલીફ નહોતી. એમનું વજન પણ જેલવાસ દરમિયાન પંદરસોળ રતલ વધ્યું હતું! પણ એટલામાં સમાચાર આવ્યા કે ગાંધીજીને તેમના કેટલાક લેખોને સારુ ગિરફતાર કરવામાં આવ્યા. હજી તો ખટલોયે નહોતો ચાલ્યો ત્યાં ગાંધીજીએ મહાદેવને પત્ર લખ્યો, જેમાં જેલજીવન અંગે સત્યાગ્રહીની મનોવૃત્તિ સ્પષ્ટ થાય છે:

સાબરમતી જેલ,

મૌનવાર (૧૭–૩–'૨૨)

ચિ. મહાદેવ,

તમને કદાચ ઘણા વખત સુધીનો (આ) છેલ્લો કાગળ હશે. તમે ત્યાં સેવા કરો છો એમ માનજો. મારી સેવા અહીં શરૂ થાય છે, મનથી, વાચાથી ને કાયાથી જેલના નિયમો પાળવાનો આગ્રહ રાખીશ. રાગદ્વેષાદિ કહાડવાનો ભારે પ્રયત્ન કરીશ. ને જો હું જેલમાં ખરેખર વધારે સ્વચ્છ થતો જઈશ તો તેની અસર બહાર પણ પડશે જ. મારી શાંતિનો તો આજે જ પાર નથી. પણ જ્યારે સજા મળશે ને લોકોનું આવવું પણ બંધ થશે ત્યારે શાંતિ વધશે.

એક સવાલ થઈ શકે છે. જો એમ જ વધારે સેવા થતી હોય તો કાં જંગલમાં જઈને [ન] વસવું? એનો જવાબ સીધો છે. જંગલમાં જઈને વસવું એ તો મોહ થયો, કેમ કે એમાં ઇચ્છા આવે છે. ક્ષત્રીને તો સહેજે પ્રાપ્ત થાય એ ધર્મ. જેલ સહેજે પ્રાપ્ત થાય, તેની શાંતિ ફાયદો કરે. ઈશ્વરની શી ખૂબી? બારડોલીમાં પૂરી શુદ્ધિ કરી. દિલ્હીમાં કંઈ મેલ ન ચડાવ્યો. પણ તે જ વાતને લોકોને રુચે તેવી ભાષામાં મૂકી મેં વધારે શુદ્ધિ કરી, કેમ કે મારી દૃઢતાની સાથે રહેલી કોમળતા બતાવી. ત્યાર પછી પણ यंग इन्डिया, नवजीवन દ્વારા કેવળ શુદ્ધિ જ કરી. અહિંસાનો લેખ લખ્યો, પતંગનો નાચ પણ લખ્યો. એમ વધારેમાં વધારે શુદ્ધિને સમયે 'વૈષ્ણવ જન' ગાતાં ગાતાં પકડાવા ચાલ્યા જવું, આમાં કુશળ ન હોય તો બીજું શું હોઈ શકે?

બાપુના આશીર્વાદ૫૫

ગાંધીજી પર અમદાવાદના સર્કિટહાઉસમાં ચાલેલો ખટલો પાછળથી The Great Trial (મહાન ખટલો) નામે ઓળખાયો. ખટલાની વિગતો ભારતની આઝાદીના ઇતિહાસમાં અભ્યાસુઓ સારુ રોમાંચકારી છે. પરંતુ આપણી કથા સારુ તે અપ્રસ્તુત વિષય હોઈ આપણે માત્ર એટલો જ ઉલ્લેખ કરીશું કે ખટલાને અંતે તેમને છ વરસની સજા થઈ.

આ સમાચાર આવ્યા ત્યાર પછી થોડા જ દિવસોમાં એક એવી અફવા ઊડી કે ગાંધીજીને જેલમાં ફટકા મારવામાં આવ્યા છે! આ અફવાથી મહાદેવભાઈનું દિલ વલોવાય નહીં તો જ નવાઈ કહેવાય. સરકારે આ અફવાનું ખંડન કર્યું તોપણ મહાદેવભાઈના જીવને એટલાથી શાંતિ ન વળી. તેમણે પોતાના બે અનન્ય મિત્રો —

વૈકુંઠભાઈ મહેતા અને સૈયદ અબદુલ્લા બ્રેલ્વીને — પત્રો લખીને સાચી માહિતી મગાવી. આ વખતે વૈકુંઠભાઈના પિતાશ્રી લલ્લુભાઈ શામળદાસ મહેતા સરકારી કાઉન્સિલ ઑફ સ્ટેટના એક સભ્ય હતા. મહાદેવભાઈને અને સર લલ્લુભાઈને કુટુંબીજન જેવો નાતો હતો. પણ તેમનું સરકારમાં જે સ્થાન હતું તે જોતાં એમને નામે સીધો પત્ર લખીને એમને કાંઈક મૂંઝવણમાં ન મૂકવાની દૃષ્ટિએ જ મહાદેવભાઈએ પોતાના બે યુવામિત્રોને પત્ર લખીને આ અફવા અંગે પૂછપરછ કરી. સર લલ્લુભાઈએ જાતે જ મહાદેવભાઈને પત્ર લખીને આ બાબતમાં નિશ્ચિંત કરી દીધા.૫૬

છ માસ લખનૌ જેલમાં વિતાવ્યા બાદ, ૨૩મી જાન્યુઆરી, ૧૯૨૩ને રોજ પ્રથમ કારાવાસમાંથી મુક્ત થયા ત્યારે તેઓ એક અર્થમાં સત્યાગ્રહના શાસ્ત્રમાં સ્નાતક થઈ ગયા હતા. તેમણે આનંદપૂર્વક કષ્ટ વેઠ્યું હતું, બીજાનાં કષ્ટોમાં પોતાની જાતને ભાગીદાર ગણી હતી, પોતાના સમયનો ક્ષણેક્ષણનો ઉપયોગ કર્યો હતો, શરીર સુધાર્યું હતું, કુટુંબ સાથેની પ્રીતિ દૃઢ કરી હતી, અપ્રમાદથી સ્વાધ્યાયપ્રવચન ચાલુ રાખ્યાં હતાં, સત્યાગ્રહના શાસ્ત્ર, એની રણનીતિ અને એનાં દર્શન વિશે ઊંડું ચિંતન-મનન-મંથન કર્યું હતું અને સૌથી વધુ તો, તેમણે પોતાની આધ્યાત્મિક સાધનાની યાત્રામાં નવાં તીર્થાટનો કર્યાં હતાં. જોકે ગાંધીજીના પત્રો વિના એમની સ્થિતિ ચંદ્રની રાહ જોતા ચકોર જેવી થતી. તેથી એક પત્રમાં તેઓ લખે છે: 'આપના પત્ર વિના તલસી સુકાઈ રહ્યો છું.'

નોંધ:

૧. ૧૭–૧૧–૧૯૨૧ના રોજ પ્રિન્સ ઑફ વેલ્સ મુંબઈ બંદરે ઊતર્યા હતા.

૨. આ સંદેશો *નવજીવન*ના તા. ૧૫–૧૨–'૨૧ના વધારામાં છપાયો હતો.

૩. ખરી તા. ૨૦ હતી.

૪. તા. ૨૨મીએ.

૫. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૬૧થી ૧૬૩.

૬. નરહરિ પરીખ: महादेवभाईनुं पूर्वचरित, પૃ. ૯૩.

૭. એજન, પૃ. ૯૪.

૮. વજુભાઈ શાહ: महादेवभाई: પૃ. ૪૬થી ૫૧.

૯. नवो करार: મૅથ્યુની વાર્તા: પ્રકરણ ૬, છંદ ૨૮.

Consider the lilies of the field, how they grow;

They toil nor, neither do they spin;
And yet I say unto you, That even Solomon
In all his glory was not arrayed like one of these.

૧૦. અસલમાં પણ આ પ્રમાણે કૌંસમાં છે.

૧૧. બ્રિટિશ સામ્રાજ્યનાં સંસ્થાનોમાં.

૧૨. અંગ્રેજીમાં લખેલો પત્ર અહીં પૂરો થાય છે.

૧૩. ઉપર આપેલો કાગળ અસલ કાગળ હતો અને એ સુપરિન્ટેન્ડેન્ટની મારફત મોકલવાનો હતો. એટલે એની ભાષા પણ પ્રમાણમાં અણગમતી ન બને એની કાળજી રાખી હશે. બાકી, જેલ અધિકારીઓ વિશે મહાદેવભાઈના ઉપર જે છાપ પડી હતી તેનું સાચું સ્વરૂપ તો હવે પછી આવતા તા. ૧૦–૧–'૨૨ના આગ્રા જતાં લખેલા કાગળ પરથી માલૂમ પડે છે.

૧૪. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૦૯થી ૧૧૬.

૧૫. મોપલાઓએ મચાવેલા દંગલનો ઉલ્લેખ છે. તેઓને પકડવામાં આવ્યા હતા તેમાંથી કેટલાકને ૧૯–૧૧–'૨૧ના રોજ રેલવેના માલ લઈ જવાના એક બંધ ડબામાં ઠાંસી ઠાંસીને ભરી લઈ જવામાં આવ્યા હતા. બીજે દિવસે ડબો ખોલતાં માલૂમ પડ્યું કે તેમાંથી ૫૬ ગૂંગળાઈને મરી ગયા હતા. અને એ જ કારણે બીજા છ અને વળી બીજા આઠ મરી ગયા હતા.

૧૬. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૧૭થી ૧૧૯.

૧૭. એજન, પૃ. ૧૨૨-૧૨૩.

૧૮. એજન, પૃ. ૧૧૭ પાદટીપ.

૧૯. શ્રુતિના અભ્યાસનું વ્યસન.

૨૦. હિંદીના સુપ્રસિદ્ધ કવિ.

૨૧. માલવિયાજીના બીજા ચિરંજીવી.

૨૨. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૨૯થી ૧૩૧.

૨૩. આચાર્ય જે. બી. કૃપાલાની.

૨૪. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૩૧-૩૨.

૨૫. એજન, પૃ. ૩૨-૩૩.

૨૬. એજન, પૃ. ૩૩.

૨૭. गांधीजीनो अक्षरदेह – ૨૨ : પૃ. ૨૧૭.

૨૮. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૩૨ની પાદટીપ.

સવિનયભંગની ચળવળ શરૂ કરવાનું નક્કી થયું હતું અને એ તા. ૧–૨–'૨૨ના રોજ શરૂ કરવાની હતી પણ એ પહેલાં વાઇસરૉયને ખબર આપવી એ જરૂરી લાગવાથી એ દિવસે ચળવળ શરૂ ન કરતાં ગાંધીજીએ વાઇસરૉયને પત્ર લખ્યો હતો. એનો નિર્દેશ છે.

૨૯. બાઇબલના जूना करारના આઠમા પુસ્તકમાં ઉલ્લેખ છે.

૩૦. એનો અનુવાદ नवजीवनના તા. ૧૬–૨–'૨૨ના વધારામાં 'ઘરનો ઘા'ના મથાળા નીચે છપાયો હતો.

૩૧. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૩૨થી ૧૩૪.

૩૨. गांधीजीनो अक्षरदेह – ૨૨ : પૃ. ૩૭૫.

૩૩. એજન, પૃ. ૩૭૬થી ૩૮૧માંથી સારવીને.

૩૪. સને ૧૯૨૧ના એપ્રિલ માસમાં આ સ્થળે હુલ્લડ થયું હતું.

૩૫. જ્હૉન બન્યનના पल्ग्रिीम्स प्रोग्रेसનું પૃ. ૪૪. Gather together the tares, the chaff and stubble and cast them into the burning lake.

૩૬. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૩૪થી ૧૩૬.

૩૭. એજન, પૃ. ૧૩૬-૧૩૭.

૩૮. જવાહરલાલ નેહરુ: मारी आत्मकथा, પૃ. ૮૩–૮૪.

૩૯. એજન, પૃ. ૮૭–૮૮માંથી સારવીને.

૪૦. गांधीजीनो अक्षरदेह – ૨૩ : પૃ. ૬૫.

૪૧. महादेवभाईनी डायरी – ૧૬ : પૃ. ૧૩૭થી ૧૪૦.

૪૨. એજન, પૃ. ૧૪૨.

૪૩. એજન, પૃ. ૧૪૪.

૪૪. નારાયણ દેસાઈ: मने केम वीसरे रे? પૃ. ૧૪૮–૧૪૯.

૪૫. બંને પરિવારોના મિત્ર એવા શ્રી કલ્યાણજી શંકરજી દેસાઈ, વેસ્મા.

૪૬. ચંદુલાલ ભ. દલાલ: સ્વ. મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રો, પૃ. ૯૩.

૪૭. મથુરાદાસ ત્રિકમજી.

૪૮. વૈકુંઠભાઈ લ. મહેતા.

૪૯. મહાદેવભાઈના કાકા બાપુભાઈ.

૫૦. પિતરાઈ શ્રી છોટુભાઈ રેલવેમાં નોકરી કરતા હતા.

૫૧. ચંદુલાલ ભ. દલાલ: સ્વ. મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રો, પૃ. ૯૪.

૫૨. એજન, પૃ. ૯૫.

૫૩. નરહરિ પરીખ: મહાદેવભાઈનું પૂર્વચરિત, પૃ. ૯૫.

૫૪. ચંદુલાલ ભ. દલાલ: સ્વ. મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રો, પૃ. ૯૬.

૫૪અ. આખા લેખ માટે જુઓ શુક્રતારક સમા મહાદેવભાઈ: પૃ. ૯૯.

૫૫. ગાંધીજીનો અક્ષરદેહ – ૨૩ : પૃ. ૯૩–૯૪.

૫૬. ચંદુલાલ ભ. દલાલ: સ્વ. મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રો, પૃ. ૯૮–૯૯.

# એકવીસ – નવજીવન

સહુને સાદર પ્રણામ, છેવટે બહાર આવ્યો છું. કેદખાનાના દરવાજામાં દાખલ થયો ત્યારથી સ્વરાજ્યની અને પરમાત્માની વધારે નજીક આવ્યો છું કે નહીં તે જુદી વાત. પણ તે વખત કરતાં આજે હું વિશેષ નમ્ર અને પાવન થયેલો છું, અને મારામાં શાંતિથી દુ:ખ સહન કરવાની વિશેષ શક્તિ આવેલી છે. કારાવાસમાં રહેવું એ એક સુખ હતું, પણ ત્યાંથી નીકળીને આલીશાન કારાવાસમાં ગુલામીની બેડીઓ તોડવાના દઢ સંકલ્પની સાથે દાખલ થવું એ પણ ઓછું સુખ નથી.[૧]

તેર માસનો કારાવાસ ભોગવી લખનૌ જેલમાંથી છૂટીને આવેલ સત્યાગ્રહી મહાદેવભાઈનું છૂટ્યા પછી બે દિવસે ૨૮–૧–'૨૩ના નવજીવન સારુ લખેલું આ નિવેદન અત્યંત સંક્ષેપમાં તેમની તે વખતની ભૂમિકા સ્પષ્ટ કરે છે. જીવનનું અંતિમ લક્ષ્ય સ્વરાજ્ય અને પરમાત્માની પ્રાપ્તિ. કારાવાસમાં મેળવેલી મૂડી: વધુ નમ્રતા, પાવનપણું અને શાંતિથી કષ્ટ સહન કરવાની શક્તિ. સ્વાધીનતાના યજ્ઞમાં હોમાવાનો દઢ સંકલ્પ.

એ વખતે ગાંધીજી જેલમાં હતા. તેમના પછી નવજીવન ચલાવતા સ્વામી આનંદ પણ જેલમાં. નવજીવન ચલાવવાની જવાબદારી કાકાસાહેબ કાલેલકરની હતી. 'નવજીવનને ખુશખબર' એ શીર્ષક હેઠળ તેમણે લખ્યું:

શ્રી મહાદેવ દેસાઈ ગયા મંગળવારે લખનૌ જેલમાંથી છૂટ્યા હશે. આ મહિનાની આખર સુધીમાં તેઓ અહીં આવી પહોંચશે. હું જાણું છું કે નવજીવનના વાચકો મહાદેવભાઈના સંસ્કારી અને તેજસ્વી લેખોને માટે તલસી રહ્યા છે. ગાંધીજી, મહાદેવભાઈ અને સ્વામી આનંદાનંદ નવજીવનના પ્રાણ ગણાતા આવ્યા છે. ત્રણે

જણા જેલ દ્વારા દેશસેવા કરતા હોવાથી નવજીવનનો બાહ્ય પ્રવાહ મંદ ચાલે એ અપરિહાર્ય હતું. છતાં જો નવજીવનને પોતાની ટેક જાળવી રાખી હોય તો તે આ ત્રણેની અમીદૃષ્ટિની જ અસર છે. તેમની ગેરહાજરી દરમિયાન નવજીવનની ભાષા જે ક્લિષ્ટ અને જડબાંતોડ થઈ હોય તો તેનું કારણ નવજીવનની ભાષા અઘરી કરવામાં મારો આગ્રહ એ નથી, પણ પ્રાસાદિક ગુજરાતી લખવાની મારી અશક્તિ એ છે. બીજા કોઈ પણ પ્રાંતમાં નવજીવન જેવાં મહત્ત્વનાં છાપાંઓમાં મારા જેવા ભાષાદુર્બળને ભાગ્યે જ સ્થાન મળત. ગુજરાતના અસાધારણ પ્રેમ અને ઉદારતાને લીધે જ નવજીવનની કલમ મારા જેવાના હાથમાં આવી શકી. આટલા દિવસ સુધી મારી અનેક ખામીઓ દરગુજર કરી મને ઉત્સાહ આપવામાં આવ્યો તે માટે હું કઈ રીતે પૂરતો કૃતજ્ઞ રહું એ મારી આગળ સવાલ છે. હવે પછી રાષ્ટ્રીય વિદ્યામંદિરનું કામ સાચવી નવજીવનની મારાથી બનતી સેવા તો કરીશ જ, પણ લોકોએ હવે મહાદેવભાઈ તરફ જ જોવાનું છે. મહાત્માજીના દિવ્ય સંદેશના યોગ્ય વાહક તો તેઓ જ છે. ગુર્જરીમાતાની તેમની આજ સુધીની સેવાને કારાવાસનો ઓપ ચડ્યો છે. નવજીવનના વાચકો તેમના તેજસ્વી વિચારો ઝીલવાને તૈયાર થાઓ.[૨]

કાકાસાહેબને તો ઉમેદ હતી કે નવજીવનનો ભાર મહાદેવભાઈ પર સોંપીને પોતે રાષ્ટ્રીય શાળાની પ્રવૃત્તિ તરફ વધુ ધ્યાન આપશે, પણ પોતાના સંપાદનકાળ દરમિયાન તેમણે લખેલા લેખો સરકાર જીરવી શકી નહીં, તેથી તેમની પાસે 'સારી ચાલચલગત'ની બાંયધરી માગી. સત્યાગ્રહ આશ્રમની રાષ્ટ્રીય શાળાના ચારિત્ર્યવાન આચાર્ય પાસે 'સારી ચાલચલગત'ની જામીન માગે એ સરકારની ધૃષ્ટતા સિવાય બીજું કંઈ નહોતું. નવજીવનના તંત્રી તરીકે અને એના પ્રકાશક તરીકે શ્રી રામદાસ ગાંધી પર કાકાસાહેબના બે લેખો અંગે ખટલો ચાલ્યો અને તેમાં આવી બાંયધરી માગવામાં આવી. અલબત્ત, બંનેએ એવી બાંયધરી આપવાનો ઇન્કાર કર્યો. કાકાસાહેબને એક વરસની સાદી કેદની સજા અને રામદાસભાઈને ચેતવણી આપીને છોડી મૂકવામાં આવ્યા.

આમ લખનૌથી છૂટીને ગુજરાત આવતાં જ મહાદેવભાઈ પર નવજીવન ચલાવવાની જવાબદારી આવી ગઈ.

નવજીવનના કામની મહાદેવભાઈને મન નવાઈ નહોતી. કાકાસાહેબે વર્ણવ્યું તેમ ગાંધીજી, સ્વામી આનંદ અને મહાદેવભાઈ તો નવજીવનના પ્રાણ ગણાતા હતા.

नवजीवनના ઠેઠ ૧૯૧૯માં પ્રગટ થયેલ પહેલા અંકથી મહાદેવભાઈ એમાં ઓતપ્રોત હતા. તેથી જ તેમને એ બાબતમાં પૂરું ભાન હતું કે તેઓ કેવી જવાબદારી અને શાનો વારસો સંભાળી રહ્યા હતા.

એમ તો नवजीवन એ यंग इन्डयिाનું અનુગામી છાપું હતું. તેની જવાબદારી લેતાં ગાંધીજીએ કહ્યું હતું કે સત્યાગ્રહનું રહસ્ય સમજાવવાની હોંશને લીધે તેમણે તે છાપાની જવાબદારી લીધી. એ જ ઉદ્દેશ नवजीवनનો પણ હતો, 'ગુજરાત મારા કાર્યનું મુખ્ય ક્ષેત્ર હતું. ભાઈ ઇન્દુલાલ[૩] તે જ ટોળીમાં[૪] હતા. તેમના હાથમાં માસિક नवजीवन હતું. તેનું ખર્ચ પેલા મિત્રો પૂરું પાડતા. આ છાપું ભાઈ ઇન્દુલાલે અને તે મિત્રોએ મને સોંપ્યું, ને ભાઈ ઇન્દુલાલે તેમાં કામ કરવાનું માથે લીધું. આ માસિકને સાપ્તાહિક કર્યું.'[૫]

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બે ભાષામાં इन्डयिन ओपीनयिन ચલાવ્યાં હતાં. પણ તેના તંત્રી તરીકેની જવાબદારી તેમણે ઉપાડી નહોતી. नवजीवनના તંત્રી તરીકેની જવાબદારી સંભાળતાં ખુદ ગાંધીજીને પણ સંકોચ થયેલો એ મહાદેવભાઈ ક્યાં નહોતા જાણતા? ગાંધીજીએ તે વખતે લખ્યું હતું:

તંત્રી તરીકે જાહેરમાં ઓળખાવાનો આ પહેલો પ્રસંગ આવ્યો છે. તેને મેં વધાવી લીધો છે. પણ હું ધ્રૂજી રહ્યો છું. મારી જવાબદારીનું મને પૂરું ભાન છે. આ દક્ષિણ આફ્રિકા નથી. ત્યાં તો મારું ગાડું ગમે તેમ ચાલતું, પણ અહીં? વર્તમાનપત્રોની ખોટ નથી. લેખકો ઘણા છે. મારું ભાષાજ્ઞાન ઘણું ઓછું છે. ત્રીસ વર્ષ સુધી બહાર રહેલા મને હિંદુસ્તાનના પ્રશ્નોની ઓછી જ માહિતી હોય. આ વિવેકની ભાષા નથી, પણ મારી દશાનો તાદશ ચિતાર છે, પરંતુ આવી અપૂર્ણતા છતાં મારે હિંદને કંઈક આપવાનું છે. તે બીજાની પાસે તેટલા જ પ્રમાણમાં નથી, એમ હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું.૫ વળી ઘણા પ્રયત્નને મેં કેટલાક સિદ્ધાંતો મારા જીવનમાં ગોઠવ્યા છે ને તેને અમલમાં મૂક્યા છે. તેથી મને જે સુખ મળ્યું છે તે મેં બીજામાં નથી જોયું, એમ મને ભાસ્યું છે. આ સિદ્ધાંતો હિંદને આપી, મારા સુખનો અનુભવ હિંદને કરાવવાની મને ભારે અભિલાપા છે. એનું એક સાધન વર્તમાનપત્ર છે.[૬]

ગાંધીજી જેલમાં હોવાથી તેમના આવા ઉદાત્ત વિચારોને જનતા સુધી પહોંચાડવાનું કામ મહાદેવભાઈ પર આવી પડ્યું. ચાર વર્ષ ગાંધીજી સાથે અહર્નિશ ગાળી અને એક

વરસ જેલમાં ગાંધીજીના બોધનું જ સતત ચિંતનમનન કરી મહાદેવભાઈ આવી મોટી જવાબદારી ઉપાડવાને યોગ્ય બન્યા હતા એમ કહી શકાય. એમ તો અલાહાબાદ ગયા તે પહેલાં પણ नवजीवनના લગભગ દરેક અંકમાં મહાદેવભાઈનો સાપ્તાહિક પત્ર આવતો હતો. અને જેલમાંથી છૂટ્યા પછી તંત્રી તરીકે એમનું નામ ઠેઠ ૨૦–૧૦–'૨૩ના અંકમાં પ્રસિદ્ધ થયું, પણ ત્યાર પહેલાં પણ એમના લેખો તો नवजीवनમાં આવવા જ માંડ્યા હતા. એમ જોઈએ તો ઠેઠ ૧૯૧૯થી ૧૯૪૨ સુધી પત્રકારત્વની આ ફરજ સહિયારી જ બજાવવામાં આવી હતી. यंग इन्डियाમાં પ્રારંભમાં પ્રકાશક તરીકે મહાદેવભાઈનું નામ હતું. આ સર્વ છાપાંઓને પ્રગટ કરવા અને એનો ફેલાવો કરવાની જવાબદારી તે તે વખતે છાપાં સાથે સંકળાયેલા સૌ લોકોની સંયુક્ત જ હતી એમ કહી શકાય.

પ્રકાશક અને પ્રકાશનની જેમ સહિયારી જવાબદારી હતી, તેમ એણે પ્રસ્થાપિત કરેલાં મૂલ્યો જાળવી રાખવાની પણ સહિયારી જવાબદારી હતી. ગાંધીજી તો આમાં नवजीवनના વાચકોનેય જવાબદાર ગણતા: 'नवजीवन એક પણ અયોગ્ય કે નીચી ભાવનાનું, અસત્ય ખબરનું કે અવિવેકી ભાષાનું વાહન નહીં થાય એવો પ્રયત્ન અમે નિરંતર કર્યા જ કરશું. અને એમાં ભૂલ ન કરીએ તેની ચોકી અમારા વાચકવર્ગને અમે સોંપીએ છીએ. વાચકવર્ગનો અમારી સાથેનો સંબંધ વ્યાપારી નથી પણ ઘણો નિકટ અને નીતિમય છે એમ અમે ધારીએ છીએ.'૭

नवजीवनના લેખકોને ગાંધીજીએ અગાઉથી જ સૂચના આપી દીધી હતી ને મહાદેવે ચાલુ રાખવાની હતી:

'લેખો જેમ બને એમ ટૂંકમાં લખવા. તેમાં માત્ર હકીકત જ આપવી. દલીલની કે વિશેષણની મુદ્દલ જરૂર નથી. લખાણમાં ક્યાંયે અતિશયોક્તિ ન જ હોવી જોઈએ. સાંભળેલી વાત કદી ન લખવી.'૮

જાહેરખબરો વિશે પણ એવી જ કડક ગાંધીનીતિ હતી. જાહેરખબર છાપાંના પવિત્ર મિશનને દૂષિત કરે છે, તથા તેની સ્વતંત્રતાને હણે છે એમ તેઓ માનતા.

મહાદેવભાઈ તથા ગાંધીજીના ગિરફ્તાર થયા બાદ नवजीवनના ઉપતંત્રી તરીકે તેમના જિગરી દોસ્ત સ્વામી આનંદ नवजीवनના વાચકોને આપેલા કોલથી વાકેફ હતા:

નવજીવનનું શું થશે? નવજીવન ચાલશે કે બંધ પડશે? સરકાર ચાલવા દેશે?

ગાંધીજીને સરકારે કેદ કર્યા તે નવજીવનને કેમ ચાલવા દેશે?

આવા પ્રશ્નો સ્વાભાવિકપણે જ લોકોમાં પુછાય છે. ખુલાસા પણ આપસમાં અપાય છે. અમારે પણ યથાશક્તિ ખુલાસો આપવો રહ્યો.

નવજીવન ચાલ્યાં કરશે. ધાતુનાં બીબાંથી છપાતું બંધ કરવું તો સરકારને સારુ સહેલ વાત છે. પ્રજા પાસેથી નવજીવન ખૂંચવી લેવું સહેલ છે કે જીવસટોસટનું છે, તે હવે જોવાનું છે.

જે ઘડીએ સરકાર નવજીવન પાસેથી જામીનગીરી માગે તે ઘડીએ નવજીવનને છાપવું બંધ કરવું એ કલામ છે. નવજીવનના ચલાવનારા પ્રજાના સેવકના સેવક છે, પ્રજાને જ તેઓ પિછાનશે. પ્રજા જ્યાં સુધી નવજીવનની સેવા માગશે ત્યાં સુધી નવજીવન ચાલ્યાં જ કરશે, અને ગુજરાતને હૈયે નવજીવનની સેવા વસી હશે તો હાથે લખાઈને પણ નવજીવન ગામેગામ પહોંચશે, ઘેર ઘેર એની શુદ્ધ નકલો થશે, નકલ ઉતારી વહેંચવી એ તેનું લવાજમ થઈ પડશે અને ત્રીસને બદલે કદાચ સાઠ હજાર નકલો ગુજરાતમાં વહેંચાશે. નવજીવનની સેવાને કોઈ જ અટકાવી શકનાર નથી.

નવજીવન ચાલુ રાખવા માટેનો આવો અડગ નિરધાર જાહેર કર્યા પછી સ્વામી આનંદ ગાંધીજીએ પાડેલી સત્ય, અહિંસા અને નિર્ભયતાની પરંપરાને વળગી રહેવાનો તેમ જ અધર્મી તંત્ર વિશે અપ્રીતિ ફેલાવવાનું ગાંધીજીનું કાર્ય ચાલુ રાખવાનો પણ એટલો જ અડગ નિશ્ચય દર્શાવી વધુમાં જણાવે છે:

‘ગાંધીજીની વાણી નવજીવનમાં દર આઠચાર દિવસે આવતી બંધ પડે એ નવજીવનને સારુ, અલબત્ત, આપત્કાળ છે, તથાપિ આ આપત્કાળ દરમિયાન અમે આટલા દિવસ ગાંધીજીએ પાડેલી સત્ય, અહિંસા અને નિર્ભયતાની પરંપરાને જ અનન્ય ભાવે વળગી રહી જેમના તેમ પ્રજાની સેવામાં મચ્યા રહેવા યત્ન કરીશું. તે જ પ્રમાણે જે રાજતંત્રની સામે અખંડ ઝુંબેશ ચલાવવામાં ગાંધીજીએ રાત કે દિવસ જોયાં નહીં, જે અધર્મી રાજ્યને ધર્મી બનાવવાને નહીં તો મિટાવવાને તેમણે અથાક પરિશ્રમ ઉઠાવ્યો અને જે અધર્મી તંત્ર સામે અપ્રીતિ ફેલાવવાના કાર્યને તેમણે સર્વોપરી સદ્ગુણ માન્યો એ રાજતંત્ર જ્યાં સુધી નાશ પામે નહીં યા તો પ્રજાના શુદ્ધ બલિદાન દ્વારા પલટાય નહીં ત્યાં સુધી એને વિશે અપ્રીતિ ફેલાવવાનું અને એવા અધર્મી રાજ્યતંત્રને જેર કરી ધર્મરાજ્ય

સ્થાપવાને જરૂરી એવા સદ્‌ગુણ પ્રજામાં કેળવવાનું ચાલુ રાખવું એને અમે અમારો પરમ ધર્મ સમજીશું.

છેલ્લે, પોતાની ત્રુટીઓ અને અપાર મર્યાદાઓનો નિર્દેશ કરીને ગાંધીજીની વિચારસરણીને છાજે એવા વિચારોથી પ્રજાની સેવા કરવાનો પોતાનો સંકલ્પ જાહેર કરીને ઉપતંત્રી પોતાનું પ્રાણવાન અને ઓજસ્વી વક્તવ્ય સમાપ્ત કરે છે:

અમારી ત્રુટીઓનું અમને પૂરેપૂરું ભાન છે. ગાંધીજીના અને અમારા અધિકાર વચ્ચે જે અંતર છે તેનું માપ પણ અમને છે. તેથી જ તંત્રીની ગાદી પર બેસવાનો અવિવેક અમે કર્યો નથી. ગાંધીજીના જેવી નિર્વૈર વૃત્તિથી વિરોધીઓના દોષ તપાસવાની અગર તો તે પર ટીકા કરવાની શક્તિ કેટલી અઘરી છે તે પણ અમે જાણીએ છીએ. અને તેથી જ્યારે જ્યારે અમારી વૃત્તિમાં અમને વેગ ભાસશે, સૂક્ષ્મમભાવે પણ અહિંસાધર્મ ઉથાપ્યાનો દોષ થતો જણાશે ત્યારે ત્યારે મૌનનું જોખમ ખેડીને પણ અમે એ અહિંસાધર્મને વફાદાર રહીશું.

તે જ પ્રમાણે ગાંધીજી જતાં તેમની અલૌકિક પ્રતિભામાંથી હરઘડી જન્મ પામતા અનેક જીવનદાયી વિચારો દર અઠવાડિયે પ્રજાને પીરસવાનું ભાગ્ય અમને ન રહ્યું હોય તોપણ, એમણે સ્થાપેલી વિચારસરણીને છાજે એવા જ વિચારોથી પ્રજાની સેવા કરવાના સંકલ્પમાં દૃઢ રહીશું. અમારું ભંડોળ ખૂટશે તો તેટલી જગ્યા કોરી મૂકીશું પણ રૂઢિ કે મુલાયજાને વશ થઈને નબળાં લખાણોથી **નવજીવન**ની જગ્યા પૂરવાનું પાપ કદાપિ નહીં કરીએ.

છેલ્લાં ત્રણ વર્ષના પોતાના અથાગ પરિશ્રમ દરમિયાન ગાંધીજીએ પ્રજાના ઘડતરને લગતા જે અસંખ્ય ઉદ્‌ગારો આપણે સારુ મૂક્યા છે એને આપણે આપણા અંતરમાં વારંવાર દુહરાવીએ, એને અમલમાં મૂકવા મથીએ અને સૌ પોતપોતાનો ધર્મ સમજી જઈએ તોપણ સહેજે સ્વરાજ લઈને બેસી જઈએ.૯

સ્વામી આનંદના નિવેદનનો ઉતારો આટલા વિસ્તારથી અમે એટલા સારુ આપ્યો કે મહાદેવભાઈ ત્યારે જેલમાં ન હોત તો તેમણે પણ એની નીચે સહી કરી હોત તેની અમને ખાતરી છે. મહાદેવભાઈએ તંત્રી તરીકે **નવજીવન**નો કાર્યભાર સંભાળ્યો તે ઉપર જણાવેલી ભાવનાથી જ.

માત્ર ગાંધીજી બહાર હતા ત્યાં સુધી **નવજીવન** એમણે ચલાવ્યું તેમની અને

મહાદેવભાઈએ જવાબદારી લીધી તે વખતની જવાબદારીમાં એક આભ-જમીનનો ફરક હતો એ આપણે વીસરવું ન જોઈએ.

૧૯૧૯થી ૧૯૨૨ સુધીનો કાળ એ અસહકાર આંદોલનનો, ભરતીનો કાળ હતો. ગાંધીજીની ગિરફતારી પછીનો કાળ એ આંદોલનનો ઓટનો કાળ હતો. સરકારે ઠેઠ ૧૯૨૨ સુધી ગાંધીજીને જેલમાં નહોતા પૂર્યા એનું એક કારણ એ પણ હતું કે તેમને જેલમાં પૂરવાથી પરિસ્થિતિ કેટલી વણસશે તેનો તેને અંદાજ નહોતો. તેથી ત્યાર સુધી નેતાઓને અલગ પાડી ગાંધીજીના સૌ સાથીઓને પકડી એમની પાંખો કાપી નાખવાની હતી, પણ ચૌરીચૌરાની ઘટના એ એક રીતે જોઈએ તો અસહકાર આંદોલનના વળતા પાણીની બિના હતી. તે પછી ગાંધીજીએ આંદોલન મોકૂફ રાખ્યું તેને લીધે દેશના નેતૃત્વમાં ક્મોબેશ પ્રમાણમાં અસંતોષ જાગ્યો હતો. બલકે નેતાઓ તો ઘણાખરા જેલમાં જ હતા. અને સ્વયંસેવકો આવા ધડાકાથી ડઘાઈ ગયા હતા. સરકારે આ તક જોઈને પોતાનું નિશાન સાધ્યું હતું. ગાંધીજીને ગિરફતાર કરી એણે તત્કાળ પૂરતું તો આંદોલન જ મંદ કરી દીધું હતું.

આખા દેશમાં અસહકાર આંદોલનને લીધે જે ત્યાગ અને બલિદાનની ભાવનાનો જુવાળ આવી રહ્યો હતો તે ગાંધીજીની ગિરફતારી પછી ઓસરવા લાગ્યો. પં. જવાહરલાલ નેહરુએ પાછળથી નોંધ્યું છે તેમ ગાંધીજી બહાર હતા તે દરમિયાન જ આંદોલનમાં આંતરિક સંગઠનની તાકાત તો બહુ નહોતી દેખાતી. ગાંધીજીના જેલ જવાથી આખા આંદોલનને બાંધનાર એક સૂત્ર ગયું.

આંદોલનનો વેગ જ્યારે મંદ પડે છે ત્યારે કાર્યકર્તાઓના મતભેદ માથાં ઊંચકે છે. ગાંધીજીના ગયા પછી પણ તેમ થયું. ગાંધીજીએ જે નેતાઓને પોતાના કરિશ્માને જોરે અસહકાર તરફ વાળ્યા હતા, તે લોકો હવે ફરી પાછા ધારાસભા અને કેન્દ્રીય સભા તરફ નજર દોડાવવા લાગ્યા. એ લોકો એમ ઇશારો કરવા લાગ્યા કે કૉંગ્રેસે પોતાના અસહકારના કાર્યક્રમ પર ફેરવિચારણા કરવી જોઈએ અને ધારાસભાનો બહિષ્કાર છોડી ફરી ધારાસભા વગેરેમાં જવાની યોજના વિચારવી જોઈએ. અસહકાર આંદોલનમાં જોડાયેલા જુવાનિયાઓ સામાન્યપણે આ વિચારથી વિરુદ્ધ હતા. તેઓ અસહકાર આંદોલનના આખા કાર્યક્રમને બરાબર વળગી રહેવું જોઈએ એમ માનતા હતા. આમ કૉંગ્રેસની આગેવાનીમાં 'સ્વરાજિસ્ટો' એટલે કે, ધારાસભામાં જવામાં માનનારાઓ એક તરફ અને અસહકારીઓ એટલે કે, ધારાસભાઓ, વકીલાત વગેરેના

બહિષ્કારમાં માનનારા બીજી તરફ થઈ ગયા. સામાન્ય લોકભાષામાં આ બે જૂથોને ફેરવાદી અને નાફેરવાદીઓ તરીકે ઓળખવામાં આવતા. સામાન્યપણે એમ પણ બન્યું કે વૃદ્ધ નેતૃત્વ ફેરવાદી અને તરુણ નેતૃત્વ નાફેરવાદી વલણ ધરાવતું હતું. તેને લીધે કેટલાક દાખલાઓમાં તો એક જ કુટુંબમાં સામસામા વિચારના લોકો થઈ ગયા. પં. મોતીલાલજી ફેરવાદી અને પં. જવાહરલાલજી નાફેરવાદી, મોટા ભાઈ વિઠ્ઠલભાઈ ફેરવાદી અને નાના ભાઈ વલ્લભભાઈ નાફેરવાદી હતા.

આ સંજોગોમાં નવજીવનનું સુકાન મહાદેવભાઈને લેવાનું આવ્યું. મહાદેવભાઈ પોતે નાફેરવાદી હતા. તેઓ અસહકારની બધી પ્રવૃત્તિઓ ચાલુ રાખી તેની સાથે સાથે રચનાત્મક કામ ચાલે એમ ઇચ્છતા હતા. તે કાળના નાફેરવાદીઓમાં વલ્લભભાઈ, જવાહરલાલ, રાજાજી અને મહાદેવભાઈ આ ચારને મુખ્ય ગણાવી શકાય. કૉંગ્રેસ આગેવાનોમાંથી સિંધના જયરામદાસ દોલતરામ અને વર્ધાના જમનાલાલ બજાજ તથા મૂળ સિંધના પણ પછી બિહાર ઉત્તર પ્રદેશમાં કામ કરનાર આચાર્ય કૃપાલાની પણ આ માંહ્યલા જ ગણાય. ઠેર ઠેર આ લોકોને કૉંગ્રેસના જુવાનિયાઓનો ટેકો હતો અને મોટી પેઢીના આગેવાનો સાથે આ લોકોને સીધો કે આડકતરો વિવાદ ચાલતો હતો. નાફેરવાદીઓમાં ખાદી, અસ્પૃશ્યતાનિવારણ અને કોમી એકતા પર ભાર મૂકનાર રાજાજી, મહાદેવભાઈ અને જમનાલાલજી મુખ્ય હતા.

એમ તો કૉંગ્રેસની આગેવાની કાં જેલમાં હતી, કાં જેલ ભોગવીને તુરતમાં જ બહાર આવી રહી હતી. તે પૈકી ચિત્તરંજન દાસ અને મોતીલાલ નેહરુ જેવાઓએ ખુલ્લંખુલ્લા ધારાસભામાં જઈને 'અંદરથી' અંગ્રેજ સરકારનો વિરોધ કરવાની વાત કરવા માંડી હતી. કૉંગ્રેસના ઠરાવો કરતાં આ લોકોની વાત બિલકુલ વિપરીત હતી. પરંતુ આ લોકોએ જરૂર પડ્યે કૉંગ્રેસથી સ્વતંત્ર રહીને પણ 'સ્વરાજ પક્ષ' સ્થાપવાની વાત હવામાં વહેતી મૂકી હતી.

નાફેરવાદીઓની ખરી શક્તિ અસહકારની લડતમાં રહેલી હતી. અને એ લડત ધીરે ધીરે મોળી પડવા લાગી હતી. જ્યાં લોકો સવિનય કાનૂનભંગ કરી જેલમાં જતા હતા ત્યાં તેની ગતિ પણ મંદ પડી હતી અને એ સવિનયભંગમાં ગાંધીજી ઇચ્છતા હતા એટલી શુદ્ધતાયે રહી નહોતી.

અસહકારના રાષ્ટ્રીય આંદોલને દેશભરમાં સૂતેલી અંગ્રેજાના વિરોધની લાગણીને જગાડી હતી. એ જાગૃતિને લીધે જ આંદોલનમાં જુવાળ પણ આવ્યો હતો. દેશ

તમોગુણમાંથી રજોગુણમાં ચોક્કસ આવ્યો હતો. પરંતુ ગાંધીજીની કલ્પના એ રજોગુણ પર સત્ત્વગુણનો ઓપ ચડાવવાની હતી. સાચા સત્યાગ્રહીનું એ જ કામ હતું, પરંતુ એ કામ પ્રમાણમાં ઓછું થયું હતું અને આખા આંદોલનને દિશા આપનાર સારથિને આ જ ટાંકણે લાગ જોઈને સરકારે બંદી બનાવી છ વરસની સજા ઠોકી દીધી હતી.

આવા વિપરીત સંયોગોમાં મહાદેવભાઈને માથે नवजीवनનું તંત્રીપદ આવી પડ્યું હતું. નાફેરવાદીઓએ આંદોલનની શુદ્ધતા જાળવવાની હતી. એની તીવ્રતા ઓછી ન થાય એ જોવાનું હતું અને સાથે સાથે કૉંગ્રેસમાં ભાગલા ન પડી જાય એવી નમ્રતા બતાવવાની હતી. મહાદેવભાઈને માથે એકલે હાથે આ ત્રિવિધ મૂલ્યો જાળવવાનું કામ नवजीवनના તંત્રી તરીકે આવી પડ્યું. ખરું જોતાં इन्डिपेन्डन्टના તંત્રી બન્યા અને એની હસ્તલિખિત પ્રત કાઢ્યા પછી તેમણે બાયરનની માફક રાતોરાત જગપ્રસિદ્ધિ મેળવી હતી પણ એ પ્રસિદ્ધિને યોગ્ય વ્યક્તિત્વને ખીલવવાનું કામ હવે એમની ઉપર આવી પડ્યું. 'એકલે હાથે' એટલા સારુ કહ્યું કે આ બાબતમાં કદાચ એમને સૌથી વધારે મદદ કરી શકે એવા સ્વામી આનંદ અને કંઈક અંશે કાકાસાહેબ પણ તે વખતે ओतराती दीवालोની પછવાડે હતા,

'વધુ નમ્ર અને વધુ પાવન' થયેલા મહાદેવે તેર માસના જેલવાસમાંથી છૂટ્યા બાદ એક ક્ષણના પણ વિલંબ વિના આ ભગીરથ કામ માથે ઉપાડ્યું. नवजीवनના તંત્રી તરીકે નામ તો હજુ નવ માસ પછી છપાવાનું હતું. પણ દેશની કથળતી પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાનું કામ તો તેમણે અમદાવાદ પહોંચતાં પહેલાં જ શરૂ કરી દીધું હતું.

જેલમાંથી છૂટીને પટણાથી લખેલા એમના પેલા નિવેદનમાં જ મહાદેવભાઈએ તે કાળના કેટલાક મહત્ત્વના રાષ્ટ્રીય પ્રશ્નોનો ઉલ્લેખ કરી દીધો હતો: 'આપણી છાવણીમાં સંપ તૂટ્યો, એ એક ભારે અફસોસની વાત.' ને 'જે દર્દ દિલને બાળી મૂકે છે' તે શું છે? તે તો લોકોમાં હું જે ઉદાસીન વૃત્તિ જોઈ રહ્યો છું તેનું છે. ત્રીજી વાત લોકોએ ખાદીને વિસારી દીધી એ છે. લખનૌ અને અલાહાબાદના ખૂણેખૂણાઓમાં હું નજર દોડાવી આવ્યો, બધાનાં જ શરીર પર વરવું ઝેર 'પરદેશી કપડું'. પછી આખા આંદોલન અંગે કહે છે: 'બહારનું જગત એક અસહ્ય થઈ પડેલા રાજ્યતંત્રની સાથે એક અદ્ભુત યુદ્ધ આપણે આદર્યું છે તે જોઈ જોઈને આશ્ચર્યચકિત થાય છે. ત્યારે આપણે તો લડાઈથી થાકી ગયેલા જેવા બની ગયા છીએ.'૧૦

લખનૌથી છૂટ્યા બાદ મહાદેવભાઈ અલાહાબાદ જઈને પં. મોતીલાલજીને મળ્યા હતા. પંડિતજીના વિચાર તે વખતે સ્પષ્ટપણે ફેરવાદી હતા. એમને વિશે લખવામાં મહાદેવ પોતાની સર્વ નમ્રતા એમને ચરણે ધરે છે, અને છતાં વાત તો યરવડા જેલમાંથી રાજાજીએ પાઠવેલો સંદેશો સાચો છે એ જ કરે છે. તેઓ લખે છે:

આ બે દિવસ મને માનનીય પંડિત મોતીલાલજીના ચરણમાં બેસવાનું પરમ ભાગ્ય પ્રાપ્ત થયું. એમનાં પુત્રી ગંભીર બીમારીમાં છે તેથી પંડિતજીના મન ઉપર ફિકરનો ભારે બોજો છે, છતાં એઓ ચિત્તની શાંતિ જાળવી રહ્યા છે અને મારી સાથે એકબે પ્રસંગે હૃદય ખોલીને વાતચીત કરવાની કૃપા કરી. પરંતુ હું દિલગીર છું કે એમના કહેવાના પરિણામે મારા વિચાર બદલાઈ નથી શક્યા. બધી દલીલોનો વિચાર કર્યા પછી પણ દિલ એ જ સાક્ષી પૂરે છે કે ધારાસભામાં નથી જતા એ કાંઈ પાપ નથી, પણ આપણા રચનાત્મક કાર્યક્રમને ઢીલો પડવા દેવો એમાં તો જરૂર પાપ છે.

હું જેલમાં હતો ને જ્યારે જેલમાં અમને છાપાં આપવામાં આવતાં તે વખતે

*લીડર* પત્રમાં શ્રી રાજગોપાલાચારીનો યરવડાથી મોકલેલો સંદેશો મારા વાંચવામાં આવ્યો હતો. એ વખતે જ મને કુદરતી રીતે એમ લાગી ગયું હતું અને આજે પણ તે જ ખરું લાગે છે કે એઓ એમના ગુરુના ખરા શિષ્ય છે. એક શિષ્યને વિશે એમ કહેવાયેલું છે કે તેને ગુરુની વાણીનું રહસ્ય એવું સમજાઈ ગયું હતું કે તેના કાન ગુરુના મૌનને પણ સાંભળી શકતા. શ્રી રાજગોપાલાચારીને આ વચન બરાબર લાગુ પડે છે. મને બહાર આવ્યાને હજુ ત્રણ જ દિવસ થયા છે. એટલા વખતમાંયે હું જોઈ શક્યો છું કે એમના તરફ ઘણાની ખફામરજી ઊતરી છે, કદાચ ગુસ્સો પણ હોય, છતાં એની કાંઈ ફિકર નથી, કારણ, એમનું અંતર કેવું વિશાળ છે તે હું જાણું છું. એમના ઘેરા હૃદયસરમાંથી જે પ્રેમના ફુવારા નીકળે છે તે એમની સામે મંડાયેલા ક્રોધને શમાવી દેશે એવી મારી ખાતરી છે. મને લાગે છે કે આપણા નેતાઓ આપણને છોડી ગયા તેનું કારણ એ જ છે કે આપણે એમને નિરુત્સાહ, ઉદાસીનતા ને ઘોર અંધકાર બતાવી બતાવીને એમનો ઉત્સાહ મારી નાખ્યો. જે ઘડીએ આપણે તે ખંખેરી નાખીશું તે જ ઘડીએ તેઓ આપણો પુનઃ સ્વીકાર કરી લેશે.૧૧

*નવજીવન*માં લેખોની પરંપરા શરૂ કરતાં પહેલાં સ્વાભાવિક રીતે જ

મહાદેવભાઈને એક શૂળ સાલે છે. અત્યાર સુધી તો તેઓ ગાંધીજીના પ્રવાસનાં વર્ણનો લખતા, હવે પોતાની મુસાફરીનું વર્ણન લખવાનો વારો આવ્યો:

'મને જેલમાંથી નીકળતાં અનેક વાર થઈ ગયું છે કે હું મૌનવ્રત લઈને બેસી જાઉં તો શું ખોટું? ગાંધીજીના સંદેશ સિવાય બીજો સંદેશ મારે આપવાનો શો હોય? અને એમના સંદેશ તો એમની વાણીમાં શાશ્વત સંઘરાયેલા છે.'૧૨

છતાં ગાંધીજીના સિપાઈ તરીકે તેમણે નવજીવનમાં લખવા માંડ્યું. પોતાની દીકરીની ગંભીર માંદગી છતાં મહાદેવ સાથે રાજીખુશીથી વાતો કરતા અને ઠઠ્ઠામશ્કરી કરનાર મોતીલાલજી વિશે મહાદેવભાઈએ લખ્યું, 'આવા આરોગ્યયુક્ત લોકનાયક આપણાથી આજે રિસાઈને બેઠા છે, એ આપણા દેશનું કેવું દુર્ભાગ્ય છે!' મોતીલાલજી સાથેની વાતચીતમાં મહાદેવભાઈએ મુખ્યત્વે બે દલીલો કરી: ધારાસભામાં જવામાં 'શહેનશાહને વફાદાર છું' એમ કહેવું પડે છે અને કાઉન્સિલમાં જવામાં અંગ્રેજ સરકારની સત્તાના સર્વોપરીપણાનો સ્વીકાર કરવામાં આવે છે. પંડિતજીએ પહેલી દલીલને લાગણીથી પ્રેરાયેલી અને બીજીને અતિશય તાર્કિકતાથી પ્રેરાયેલી કહીને હસી કાઢી. મહાદેવભાઈએ એને વિશે બે જ વાક્યો લખ્યાં છે: 'હસી જ કાઢે ને? હું તો એમની આગળ બાળક જેવો રહ્યો.'૧૩

ગુરુની ગેરહાજરીનું શૂળ અંતરમાં સતત સાલતું હતું તે છતાં, રોજેરોજ જેમની સાથે ચર્ચાવિચારણા કે મસલત કરી શકાય તેવા સાથીઓ પણ જ્યારે બંદીખાનામાં પહોંચી ગયા હતા ત્યારે નવજીવન મારફત અઠવાડિયે અઠવાડિયે એ ઓસરતા આંદોલનની તાકાતને ટકાવી રાખવાની જવાબદારી મહાદેવભાઈ પર આવી પડી. તેમણે તે જવાબદારી અખૂટ ધીરજ, અસાધારણ હિંમત અને છતાં પોતાની સ્વાભાવિક મધુરતાને જરાયે આંચ લાગવા દીધા વિના સંભાળી લીધી. આ કાળે શ્રી રાજગોપાલાચારી यंग इन्डियाના તંત્રી હતા. તેમના લેખોથી મહાદેવભાઈને ઘણી મદદ મળતી. લગભગ આ જ અરસામાં જમનાલાલજી તથા વલ્લભભાઈ નાગપુરના 'ઝંડા સત્યાગ્રહ'માં પ્રત્યક્ષ કાનૂનભંગના કાર્યક્રમમાં રોકાયેલા હતા. આ સત્યાગ્રહની તક સરકારે જાતે જ પૂરી પાડી હતી, ૧૩મી એપ્રિલ, ૧૯૨૩ને દિને લોકોનું એક સરઘસ તિરંગા ઝંડા સાથે નાગપુર શહેરની સિવિલ લાઇન્સ તરફ જતું સી. પી. (મધ્ય પ્રાન્ત) અને બરાર (વરાડ)ની સરકારે અટકાવ્યું હતું અને એ આખા ક્ષેત્રમાં ૧૪૪મી

કલમ ઘોષિત કરીને ચાર કે તેથી વધુ લોકોને ભેગા થવાની સરકારે મનાઈ ફરમાવી હતી. સ્વયંસેવકો ઝંડો લઈને ગમે ત્યાં ફરવાનો પોતાનો અધિકાર જાહેર કરી તેઓ આગળ જવા લાગ્યા. તેથી તેઓ પકડાયા અને તેમને સજા થઈ. આ પ્રવૃત્તિએ ઝડપથી આંદોલનનું સ્વરૂપ પકડ્યું. કૉંગ્રેસ કારોબારી અને મહાસમિતિના એને આશીર્વાદ સાંપડ્યા. સરઘસની આગેવાની કરતા શેઠ જમનાલાલ બજાજને રૂ. ૩,૦૦૦નો દંડ થયો, એ વસૂલ કરવા એમની કાર જપ્ત થઈ. પણ નાગપુરમાં એ કોઈ ખરીદવા તૈયાર થયું નહીં. તેથી તેને કાઠિયાવાડ લઈ જવી પડી. કૉંગ્રેસે વલ્લભભાઈ પટેલને ઝંડા સત્યાગ્રહની આગેવાની સોંપી. આખા દેશમાંથી સ્વયંસેવકોની ટુકડીઓ આવી. સત્યાગ્રહ થયા. સ્વયંસેવકો પકડાઈને જેલમાં ગયા. ત્યાં તેમણે ઘણી હાડમારીઓ હસતે મોંએ ઝીલી. વલ્લભભાઈ મહાદેવભાઈને નિયમિત રીતે નાગપુર સત્યાગ્રહની સઘળી ગતિવિધિઓથી વાકેફ રાખતા. ખેડા સત્યાગ્રહ વખતે મહાદેવ અને વલ્લભભાઈ વચ્ચે જે મૈત્રીનો સંબંધ બંધાયો હતો તે આ વખતે વધુ ગાઢ બન્યો અને આંદોલનની વ્યૂહરચનાની ઝીણામાં ઝીણી વિગતો પણ એકબીજાની જોડે ચર્ચી શકે, એકબીજાને – ગુજરાત અને નાગપુરને બે છેડે – જુદા જુદા કામની ભાળવણી કરી શકે તેવો પરસ્પર દૃઢ વિશ્વાસનો બન્યો હતો. વલ્લભભાઈને નાગપુર સત્યાગ્રહ બાબત મોટા ભાઈ વિઠ્ઠલભાઈનો એટલો સહકાર મળતો નહીં, પણ મહાદેવભાઈ સાથે તેઓ રણક્ષેત્રની દરેક ચાલ ચર્ચી શકતા. નમૂના પૂરતો એમનો એક પત્ર જોઈએ:

ઑગસ્ટ, ૧૯૨૩

પ્રિય ભાઈ મહાદેવ,

...લડત બહુ જ સુંદર છે. જે પ્રજા એકમત થઈ શકે તો એક અઠવાડિયામાં જ સરકારના નાકમાં દમ લાવી શકાય. પણ હમણાં તો છત્રીસ રાગનું વાજું વાગે છે.૧૪ ત્યાં નાગપુરનો અવાજ કોણ સાંભળવા દે? તમામ અંગ્રેજી છાપાં તો વિરુદ્ધ અગર બેપરવા થઈ બેઠેલાં છે. આગેવાનો પોતપોતાના વિચારના મમતે ચડેલા છે.

આ પ્રાંતમાં સરકારની ખૂબ કડકાઈ છે. બધા સ્થાનિક કાર્યવાહકો પકડાઈ ગયા છે. અહીંની પ્રાંતિક સમિતિ૧૫ તો પ્રથમથી જ અલગ રહેલી છે. આ સંજેગોમાં લડત લડવાની છે.

દાસબાબુ૧૧ વિરુદ્ધ થઈ બેઠા છે. કૉંગ્રેસ વર્કિંગ કમિટી તા. અઠ્ઠાવીસમીએ રાખેલી — તે મુંબઈથી વિઝાગાપટ્ટનમ્ ઘસડી ગયો. તારીખ પણ ફેરવી નાખી. વળી પાછી

'ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી' (કૉંગ્રેસ મહાસમિતિ) રાખી. બધાને ત્યાં બોલાવવાનું નક્કી કર્યું. આટલી બધી મુશ્કેલીઓ છતાં નાગપુર તરફ સૌનું લક્ષ્ય ખેંચાય તેમ કરવાનું રહ્યું.

સરકારને ખબર પડી ગઈ છે કે પાછું સળગ્યું છે.૧૭ માણસો ગોઠવણ પ્રમાણે ખૂબ આવવા લાગ્યા છે.

ત્રીજી તારીખે સી. પી. સરકારની 'એક્ઝિક્યુટિવ કાઉન્સિલ'ની મિટિંગ છે અને છઠ્ઠીએ ધારાસભા છે. ધારાસભામાં આ સવાલ ચર્ચવાનો તો છે જ. પણ કાંઈ ઉકાળી શકે એમ નથી. માત્ર સરકારને આપણી સામે બખાળા કાઢવાની તક મળશે. છતાં આપણને તે વખતે સરકારનો ઇરાદો જાણવાની તક મળે. ધારાસભાની બેઠક પહેલાં લડત ખતમ કરવાની ઉમેદ જે રાખતા હતા તેમાં તો ફાવ્યા નથી. આ બધું છપાવવાનું નથી. ...

આવતી અઢારમી૧૮ માટે એક સારી ટુકડી તૈયાર કરવાની છે. (ગુજરાતથી) કેટલા મોકલવા એ પછી લખીશ. સુરતથી (ચીમનલાલ ) ચિનાઈ તો તૈયાર જ છે. એ આગેવાન થઈ શકે છે. સુરતમાં બીજા ૨૦-૨૫ સૈનિકો પણ છે. બીજા મેળવવા તજવીજ કરવાની છે.

પૈસાને માટે **નવજીવન**ના એકબે અંકમાં હજી અપીલ કરવાની છે. સરસ અપીલ છાપી મૂકજે. સૈનિકોની માગણી કર્યા કરજો.

મને હજી પકડે એમ લાગતું નથી. પહેલાં તો ખાસ કારણ નહોતું પણ હવે જાગતું થયું છે એટલે વિચાર કરશે. પણ ધારાસભા પૂરી થતાં સુધી તો કાંઈ કરશે નહીં એમ માનું છું. ...

દેવદાસને૧૯ કેવળ છાપખાનામાં પૂરી ન મૂકશો. થોડો થોડો બહાર પણ ફેરવજો. હજી ગુજરાતને એની ઓળખાણ થઈ નથી. તક જ મળતી નથી.

જેલમાં ચંદુભાઈ૨૦ અને પંડ્યાને૨૧ મળ્યો. બંનેને સામાન્ય કેદીની માફક જ રાખ્યા છે. તેમની પાસે છાપખાનાનું કામ લે છે, આનંદમાં છે, અમલદારોની પ્રીતિ સંપાદન કરી છે, તબિયત મજામાં છે.

દેવદાસ અને તમે ઘેર જતા રહેજો. છોકરાંઓને૨૨ સૂનું ન લાગે તે જોશો.

મણિબહેન કેમ રડી એ હું સમજતો નથી. હવે રોવાનું તો હોય જ નહીં. એનામાં તો ખૂબ હિંમત છે. મધ્ય પ્રાંતમાં લોકોને જેલમાં જવાની એણે સલાહ આપી. તો પછી કેમ રોવાય?

પૂ. બાને કહેજો કે જેલની તૈયારી કરે. ગુજરાતની બહેનોને આવતી અઢારમીએ નાગપુર આવવાની એક અપીલ બહાર પાડી શકાય તો બાની સહીથી બહાર પાડજે.

સત્તરમીએ૨૩ હુકમની મુદત પૂરી થાય છે. એ જે પાછો લંબાવે તો અઢારમીએ સ્ત્રીઓનું બલિદાન શરૂ કરવું જોઈએ. દેશને જાગ્રત કરવાનો એ સરસ રસ્તો છે. આપણે તો સરકાર હુકમ લંબાવશે એમ જ માનવું જોઈએ. ન લંબાવે તો કેદીઓને શું મોઢું લઈ જેલમાં રાખી શકે?

આશ્રમમાં સૌને યાદ કરજો. પૂ. બાને પ્રણામ કહેશો.

વલ્લભભાઈનાં૨૪

વંદે માતરમ્

ગુજરાતને છેડે મહાદેવભાઈ નવજીવન તથા છૂટી પત્રિકાઓ મારફત પણ સત્યાગ્રહીઓની ભરતી માટે તથા આંદોલન ચલાવવા આર્થિક સહાયતા સારુ અપીલ બહાર પાડતા. એક પ્રત્યક્ષ સીધી કાર્યવાહીનો આધાર લઈને નવજીવનની કટારો પણ વધુ ધારદાર બનતી.

ઔપચારિક રીતે નવજીવનના તંત્રીનો ભાર મહાદેવભાઈએ ૨૨મી ઑક્ટોબર, ૧૯૨૩થી સંભાળ્યો. પરંતુ તે પહેલાં મહિનાઓથી તેમણે એની કટારો દ્વારા રાષ્ટ્રીય આંદોલન પર પોતાની કલમની અસર પાડવા માંડી હતી. આ કામની સરખામણી કોઈ તાજો તરતાં શીખેલો તરવૈયો અફાટ સમુદ્રમાં ઝંપલાવે તેની સાથે અથવા કોઈ કુશળ સૈનિકને માથે અચાનક સેનાપતિત્વની જવાબદારી આવી પડે તેની સાથે થઈ શકે છે. એક રાષ્ટ્રીય સાપ્તાહિક સાથે સંકળાયેલા હોવાને લીધે દરેક અઠવાડિયે ચાલુ ઘટનાઓ અંગે પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવાની જવાબદારી મહાદેવભાઈ ઉપર આવતી. એ સાપ્તાહિક એક આંદોલન સાથે સંકળાયેલું હતું તેથી તે આંદોલનને યોગ્ય દિશામાં વાળતા રહેવું એ તેમની બીજી જવાબદારી થતી. અને એ સાપ્તાહિક ગાંધીજીનું હતું તેથી નિત્ય નવી ઘટતી ઘટનાઓમાં ગાંધીજીએ કેવું માર્ગદર્શન આપ્યું હોત તેનો વિચાર કરી પોતાની પ્રતિક્રિયા કે પ્રતિભાવ વ્યક્ત કરવા એ મહાદેવભાઈની ત્રીજી જવાબદારી થઈ જતી. છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન રાષ્ટ્રને ખૂણે ખૂણે ફરવાનું અને

રાષ્ટ્રીય નેતૃત્વ ધરાવતી ઘણીખરી વ્યક્તિઓ સાથે ઘનિષ્ઠ સંબંધમાં આવ્યા હોવાથી મહાદેવ ઉપર વર્ણવી તેમાંથી પહેલી જવાબદારી ઉપાડી શકતા હતા. અસહકાર આંદોલનના જનકની સાથે રહી આંદોલનની વ્યૂહરચનાઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરેલું તેને લીધે અને વલ્લભભાઈ તેમ જ રાજગોપાલાચારી જેવા કુશળ સેનાપતિઓનું પીઠબળ હોવાને લીધે મહાદેવ બીજી જવાબદારી ઉઠાવી શકતા અને ગાંધીજી સાથે ત્યાર સુધીમાં સાધેલા તાદાત્મ્યને કારણે ત્રીજી જવાબદારી ઉપાડવી તેમને સહજ થઈ પડતી. અલબત્ત, આખા કામ બાબત એમનો પોતાનો અભિગમ તો નમ્રતાપૂર્ણ જ હતો તેને લીધે તેઓ અનેક લોકો સાથે મતભેદોને કારણે ઉત્પન્ન થઈ શકે એવા મતભેદમાંથી ઊગરી જતા.

જેલમાંથી આવતાંની સાથે જ મહાદેવભાઈએ नवजीवन સારુ નિયમિત રીતે કાંઈક ને કાંઈક લખવાનો પોતાનો જૂનો ક્રમ ચાલુ કરી દીધેલો. ગાંધીજીના વિચારોના બોધામૃતનું પાન અને ગાંધીજી સાથે સેવેલી સત્સંગતિ એ મહાદેવભાઈની મૂડી હતી જે લઈને તેઓ આ કઠણ કામ સંભાળી શક્યા. મહાદેવભાઈને એ વાતનું સતત ભાન હતું કે ગાંધીજીના પત્રોનું કામ સંભાળતાં તેમની ઉપર કેવો અને કેવડો મોટો વારસો સંભાળવાની જવાબદારી આવતી હતી.

મુંબઈમાં यंग इन्डियाની જવાબદારી પોતાના હાથમાં લેતાં ગાંધીજીએ લખ્યું હતું: 'સત્યાગ્રહનું રહસ્ય સમજાવવાની મને હોંશ હતી.' ગાંધીજીનો માતૃભાષા પ્રત્યેનો તેમનો પ્રેમ અને વફાદારી, यंग इन्डियाની જવાબદારી સાથે સાથે नवजीवनની નવી જવાબદારી લેવડાવવામાં કારણરૂપ બન્યાં હતાં. 'હું ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષા મારફતે દેશની વધારેમાં વધારે સેવા કરી શકીશ એમ માનતો હતો.'૧૫

ગાંધીજીના હાથમાં સંચાલન આવ્યું પછી नवजीवनની થયેલી પ્રગતિના પણ મહાદેવભાઈ સાક્ષી અને પ્રશંસક હતા. नवजीवन अने सत्य નામે મૂળ ચાલતું માસિક જ્યારે ગાંધીજીના હાથમાં આવ્યું ત્યારે મૂળ માસિકના ગ્રાહકો ૬૦૦ હતા તેને બદલે હવે ગાંધીજીના વહીવટ હેઠે ચાલતા नवजीवनને ૫,૦૦૦ નકલો એના પ્રથમ અંક વખતે જ છાપવી પડેલી અને પછી એકબે માસમાં એની ૧૫,૦૦૦ નકલો છપાતી થઈ ગયેલી. જે 'નટવર પ્રિન્ટિંગ પ્રેસ'માં नवजीवन છપાતું તે નાનું પડવા લાગ્યું તેથી नवजीवनને છેવટે પોતાના સ્વતંત્ર પ્રેસ સુધી પહોંચવું પડેલું. नवजीवनના

પહેલા અંકના અગ્રલેખમાં ગાંધીજીએ આગળ જતાં જે ઉદ્દેશની સ્પષ્ટતા કરી હતી તે મહાદેવભાઈએ વારંવાર વાંચી હતી:

સત્યાગ્રહ એ મારે મન પોથી માંહેલું વેંગણ નથી. મારું તો એ જીવન છે. સત્ય વિના સર્વ મને તો શુષ્ક લાગે છે. અસત્યથી દેશને લાભ ન જ થાય એવી મને ખાતરી છે. પણ કદાચ અસત્યથી તાત્કાલિક લાભ જણાતો હોય તોપણ, સત્ય ત્યાગ ન જ કરાય એમ હું દૃઢતાપૂર્વક માનું છું... (સત્યની) શોધ કરતાં મને અનેક રત્નો મળ્યાં છે. તે મારે હિંદની પાસે મૂકવાં છે. એની જાહેર ખબરરૂપે આ નવજીવન છે.૨૬

આમ મહાદેવભાઈએ નવજીવનનું કામ સંભાળતાં જે મશાલ પોતાના હાથમાં લીધી હતી તે મશાલની જ્યોત સત્યાગ્રહની હતી તે તેઓ જાણતા હતા.

એ જ વખતે સત્યાગ્રહના સંઘર્ષની અપ્રતિમ લાક્ષણિકતા બતાવતાં ગાંધીજીએ કહેલું:

પ્રતિકૂળ વાતાવરણમાં ઘણી ભારે લડાઈ લડવા છતાં, બંને પક્ષ વચ્ચે માન અને મીઠાશ જાળવી શકાય છે. દાખલાઓ અને દલીલોથી નવજીવન બતાવશે કે હિંદમાં પણ આપણે અધિકારી વર્ગ સાથે મતભેદ હોય ત્યાં, લડતા હોઈએ છતાં, જ્યાં તેવું નથી ત્યાં, તેને મદદ દઈએ ને તેની મદદ લઈએ.૨૭

વળી સત્યાગ્રહની વ્યાપકતા વિશે ગાંધીજી કહે છે:

પણ સત્યાગ્રહની સીમા કંઈ સરકાર ને પ્રજા વચ્ચેના સંબંધમાં સમાપ્ત થતી નથી. સંસારી સુધારાને સારુ પણ એ જ અમૂલ્ય શસ્ત્ર છે. એમાં સ્ત્રીઓની સ્થિતિ, આપણા કેટલાક નઠારા રિવાજો, હિંદુ-મુસલમાનો વચ્ચે ઊભા થતા સવાલો, અંત્યજને લગતી અડચણો — આવા અનેક પ્રશ્નોનો નિવેડો આવી શકે છે.૨૮

મહાદેવભાઈને સત્યાગ્રહના આ સાધનને લોક-આંદોલનને ટકાવી રાખવા અને પોતાના જ પક્ષના અનુભવી મુરબ્બીઓનો મુકાબલો કરવામાં વાપરવાની જરૂર ઊભી થવાની હતી. પોતે જેને સત્ય સમજે છે તેને વળગી રહેવા છતાં સામા પક્ષને સમજવા સારુ હમેશાં ખુલ્લું મન રાખવું. પોતાની વાતને દૃઢતા તથા સ્પષ્ટતાથી કહેવા છતાં કદી નમ્રતા અને મધુરતા ન ગુમાવવાની સત્યાગ્રહી કાર્યશૈલી મહાદેવભાઈએ આ ચાર વર્ષોમાં સારી રીતે આત્મસાત્ કરી હતી.

નવજીવનના પહેલા અંકની તૈયારી સારુ મહાદેવભાઈ ખાસ મુંબઈથી અમદાવાદ

આવીને થોડા દિવસ રહ્યા હતા. પ્રથમ અંકમાં ગુજરાતના સાક્ષરોના લેખો મેળવી એમના આશીર્વાદ પ્રાપ્ત કરવાની ગાંધીજીની ખાસ ઇચ્છા હતી. સાક્ષરોનો સંપર્ક કરી તેમની પાસેથી લેખો મેળવવામાં મહાદેવભાઈના સુંદર અક્ષર, એમનું મોહક વ્યક્તિત્વ અને એમની મધુર ભાષા જરૂર કામ લાગ્યાં હશે. આશ્રમની બહેનો પાસે પ્રયત્નપૂર્વક લેખ લખાવવામાં પણ મહાદેવભાઈએ સફળતા મેળવી હતી.

શ્રી આનંદશંકર ધ્રુવે 'સત્યનિષ્ઠા' એ મથાળા હેઠળના લેખમાં 'શ્રીમાન સત્યનિષ્ઠ ગાંધીજી ભિક્ષા' માગે ત્યારે એમના પાત્રમાં સત્ય સિવાય બીજું શું મૂકવું?' એવા પ્રશ્નથી શરૂઆત કરી 'શતપથ બ્રાહ્મણ'માંથી 'અગ્ન્યાધ્યેય'ની આખ્યાયિકા આપી પછી તેમણે લખ્યું:

અત્યારે સમસ્ત જગતની પુનર્ઘટના કરનાર જે મહાન અગ્નિ ભડભડી રહ્યો છે એને બાળવામાં, સળગાવવામાં ઉપયોગ કરવો, એના ઉપર આપણા સ્વાર્થનાં હાંલ્લાં ચઢાવવાં એ આસુરી વૃત્તિ છે; એ અગ્નિને આપણા આત્માના અંતરમાં ઉતારવો, સ્થાપવો એમાં સ્વાર્થની આહુતિ આપવી, એને અંગે સત્કર્મ કરવાં — એ દૈવી વૃત્તિ છે. જે દૈવી વૃત્તિને અવલંબે છે તે આત્માને પામે છે. એ આત્મલાભને પ્રાચીન જીવન કહો કે નવજીવન કહો. હું એને સર્વવિશેષણરહિત કેવળ જીવન જ કહીશ. એ જીવનની ખરી સેવા તે સત્યનિષ્ઠા છે.૨૯

મહાદેવભાઈનો પ્રયાસ સદા સત્યને પોતાના આત્મામાં ઉતારવાનો તથા તેમાં સ્વાર્થની આહુતિ આપવાનો જ હતો. એટલે તેઓ પોતાની રીતે શ્રી આનંદશંકરભાઈની એ મંગલ કામનાને યોગ્ય બની શક્યા અને नवजीवनને તેવું છાપું બનાવી શક્યા.

नवजीवन◌ે ગાંધીજીની દોરવણી હેઠળ કેટલીક સ્વસ્થ પરંપરાઓ પણ પાડી દીધી હતી. नवजीवनમાં જાહેરખબર ન લેવાનો તેમનો આગ્રહ હતો. नवजीवने આરંભથી જ એ અપેક્ષા રાખી હતી કે 'વાચકવર્ગનો અમારી સાથેનો સંબંધ વ્યાપારી નહીં પણ ઘણો નિકટ અને નીતિમય હશે.' મહાદેવભાઈને સારુ આ સૂચના આચારસંહિતા જેવી થઈ ગઈ હતી.

यंग इन्डया અને नवजीवनમાં અવારનવાર આવતાં ભાષાંતરો અંગે ગાંધીજી જે ખાસ આગ્રહ સેવતા તેને મહાદેવભાઈ ખુશીથી પહોંચી વળે એમ હતા. ગાંધીજી કહેતા:

'એક ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરવો એ ધારવા કરતાં હમેશાં અઘરું હોય છે. તેને સારુ બંને ભાષા પર સરખો કાબૂ અને વિષયની માહિતી હોય તો જ અસલ અર્થ કંઈક સચવાય.'૩૦

ગાંધીજીનાં લખાણોનું ભાષાંતર કરવાનું હોત તો તો મહાદેવભાઈ સારુ કાંઈ પ્રશ્ન જ નહોતો — કારણ, એમના વિચારો અને ભાષા બંને અંગે મહાદેવભાઈની પકડ સારી હતી. ગાંધીજીની ગેરહાજરીમાં यंग इन्डियाના સંપાદનનું કામ શ્રી રાજગોપાલાચારી સંભાળતા. તેમની ભાષા ગાંધીજી કરતાં શૈલીમાં જુદી હતી. પણ એમના વિચારો અંગેય, મહાદેવભાઈને પૂરતી સમજ હતી. વચગાળામાં यंग इन्डियाમાં શ્રી શ્વેબ કુરેશી તંત્રી હતા. તેમની ભાષા અને શૈલી અંગે મહાદેવભાઈને એવી આત્મીયતા હતી એમ ન કહી શકાય. પણ મૂળમાં જ મહાદેવભાઈની ભાષાંતર કરવાની આવડત એવી સરસ હતી કે તેમને ભાષાંતર અંગેના કાંઈ પ્રશ્નો નડ્યા જ નહીં હોય એમ અનુમાન કરી શકાય.

કાકાસાહેબની ધરપકડ પછી ૨૮મી ઑક્ટોબર, ૧૯૨૩થી મહાદેવભાઈનું નામ વિધિપૂર્વક नवजीवनના તંત્રી તરીકે છપાવા લાગ્યું.

૫ ફેબ્રુ. ૧૯૨૪ને દિવસે જેલમાંથી છૂટીને આવ્યા બાદ ગાંધીજીએ જાતે नवजीवनના સંપાદનનું કામ માથે લીધું. મહાદેવભાઈએ 'મધુરા સંજેગોમાં' તંત્રી તરીકે વાચકોની વિદાય લીધી. ત્યાર બાદ પણ नवजीवन સંસ્થાના ઇતિહાસલેખક શ્રી મણિભાઈ ભ. દેસાઈના શબ્દોમાં, 'ગાંધીજીની પ્રવૃત્તિના તાદૃશ વિવરણકાર તરીકે તથા તેમના વિચારો અને સિદ્ધાંતોના નિરૂપક અને વિવેચક તરીકે પોતાની અતિશય રોચક, હૃદયંગમ અને સચોટ શૈલીમાં नवजीवनના વાચકોને તેઓ છેવટ સુધી પોતાની સેવા આપતા રહ્યા.'૩૧ પણ ગાંધીજીએ કાર્યભાર સંભાળી લીધો એટલે તંત્રી તરીકેની મોટી જવાબદારીમાંથી મુક્ત થતાં તો મહાદેવભાઈએ રાહત જ અનુભવી હશે.

नवजीवन જે દિવસોમાં મહાદેવભાઈની મુખ્ય પ્રવૃત્તિ હતી તે દિવસોમાં તેમણે એ પત્ર દ્વારા અસહકાર આંદોલન અને દેશને જે રીતે નેતૃત્વ પૂરું પાડ્યું હતું તેની કિંમત ઓછી નહોતી. આપણે નમૂના ખાતર થોડાંક ઉદાહરણો લઈએ.

સામાન્ય રીતે ગાંધીજીની સાથે પ્રવાસમાં હોય ત્યારે મહાદેવભાઈ પોતાના સાપ્તાહિક પત્રોમાં ગાંધીજીને મળનાર લોકોનો પરિચય પણ વાચકોને આપી દેતા. વાચકોનું એ રીતે

ઉત્તમ પ્ર-શિક્ષણ થતું. બીજી બાજુ આ પરિચયો ગુજરાતી ભાષાને ઉત્તમ ચરિત્રચિત્રણો પણ પૂરા પાડતા. ગાંધીજી જેલમાં હતા ત્યારે પોતાને 'મારી મુસાફરી' નામે લેખ લખવો પડ્યો એને અંગે મહાદેવભાઈ ઘણો સંકોચ અનુભવે છે. પણ આ કાળ દરમિયાન પણ જે અનેક નાનામોટા, જાણીતા અને અજાણ્યા એવા કાર્યકર્તાઓનો પરિચય **નવજીવન**ના વાચકોને એટલી જ કુશળતાથી કરાવ્યો હતો એ સૌનાં માત્ર નામ જ લેવા જઈએ તો આ કથાનાં પાનાંનાં પાનાં ભરાય એમ છે. પણ રસ ધરાવતા વાચકોને એટલું જરૂર જણાવીએ કે ડૉ. પી. સી. રોય, રાજાજી, દીનબંધુ ઍન્ડ્રૂઝ, રવીન્દ્રનાથ ઠાકુરના મોટા ભાઈ 'બડો દાદા', એક અજ્ઞાત અંત્યજ સેવક, શંકરલાલ બૅંકર, મિયાંગામના ડૉ. ત્રિભુવનદાસ ધરમદાસ, મંચેરશા અવારી, કલ્યાણજીભાઈ, દયાળજીભાઈ, મોહનલાલ પંડ્યા, રવિશંકર (મહારાજ), જમનાલાલજી, કાકાસાહેબ, વિનોબા વગેરેના ખૂબ થોડા શબ્દોમાં આપેલ ચરિત્રચિત્રણો વાચકોને ભરપૂર માહિતી આપવા ઉપરાંત ઉચ્ચ પ્રકારની સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે.

પરંતુ આ કાળમાં મહાદેવભાઈનું મુખ્ય મિશન તો લોક-આંદોલનના યજ્ઞના વહ્નિને પ્રજ્વલિત રાખવાનું જ હતું. તેને અંગે લખવામાં મહાદેવભાઈની કલમ આ કાળમાં વધુ તેજસ્વી બને છે. એક બાજુ મોતીલાલજી, ચિત્તરંજન દાસ જેવા ફેરવાદીઓની દલીલોને પહોંચી વળવામાં મહાદેવભાઈની વકીલ તરીકેની બધી શક્તિ ખીલી ઊઠે છે. બીજી તરફથી કવિવર રવીન્દ્રનાથ ઠાકુરને જે અસહકાર આંદોલન કે જલિયાંવાલા બાગ અંગે સહેજ વાંકુંચકું બોલતા સાંભળે છે તો તેમને પણ જવાબ આપતાં મહાદેવભાઈ ચૂકતા નથી. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પણ મહાદેવભાઈના સપાટામાંથી બચવા પામ્યા નથી. દેશવિદેશનાં લોક-આંદોલનમાંથી ઉદાહરણો લઈ લઈને તેઓ તે કાળના અસહકાર આંદોલનને પુષ્ટ કરે છે. કોઈ વાર આયર્લૅન્ડના કવિના આંદોલન પ્રત્યેના અભિગમની તુલના આપણે ત્યાંના કવિ (રવીન્દ્રનાથ) સાથે કરે છે; કોઈ વાર જર્મનીના ઝંડાગીતનો પાઠ આપીને નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ સારુ જનાર સત્યાગ્રહીઓને પ્રેરણા આપે છે. 'કોણ થાકે છે?' નામના મથાળા હેઠળના એક લેખનો થોડોક ભાગ જુઓ:

નાગપુર સત્યાગ્રહ પાખંડ છે, લુચ્ચા-લફંગાઓએ અને ધુતારાઓએ ઊભી કરેલી, યુરોપિયનોને સતાવવાની અને રાજસત્તાને ઊંધી વાળવાની હિલચાલ છે, એવી ગાળ

દઈ टाइम्स પત્ર સરકારને ભલામણ કરે છે કે 'દારૂગોળાના ઝપાટામાં આવ્યા વિના સરકારની સાથે લડી શકાય છે એવી આ લોકોની ભ્રમણા ભાંગવી જોઈએ.' જ્યાં સુધી શાંત રીતે લડાઈ ચાલતી હતી ત્યાં સુધી સરકારની દૃઢતા સામે જ આપણે ઊભા રહેવાનું હતું. હવે, એમાં દારૂગોળો વધ્યો છે. દારૂગોળાની તો હિતૈષીની સૂચના; એ સૂચના ઉપાડી લેવાનો વખત સરકાર શોધતી હશે. દરમિયાન કેટલાક બીજા ઉપાયો પણ તેણે યોજવા માંડ્યા છે. कॉनक्लि પત્રે સેવનીઉરના ડેપ્યુટી કમિશનરના તરફથી ફેરવવામાં આવતો પરિપત્ર છાપ્યો છે, તે સરકારના નવા ઉપાયો સરસ રીતે પ્રગટ કરે છે. પરિપત્ર લોકોને ચેતવણીરૂપે છે:

લોકોને જાહેર થાય જે ખોટી ઉશ્કેરણીથી તમને નાગપુર મોકલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે — જ્યાં જઈને તમારે 'સભ્ય' વસ્તીમાંના કેટલાક ભાગોમાં 'રાષ્ટ્રીય વાવટો' નામનો વાવટો લઈને પેસવું પડશે, અને પકડાઈ જવું પડશે. તમને આવું કહેનારાઓ તમને સમજાવે છે કે આ તમારા દેશનો વાવટો છે, અને તમારા દેશનું માન જાળવવા ખાતર તમારે એટલો ભોગ આપવો જોઈએ. પણ સાચી વાત શી છે તે જાણો. આ વાવટો નથી તમારા દેશનો કે નથી તમારા બાપદાદાનો. તેમણે કદી એવા વાવટા હોવાનું સાંભળ્યું નહોતું. આ વાવટા અને તમારા દેશના માનની વચ્ચે કશો સંબંધ નથી. છેલ્લાં બે-ત્રણ વર્ષમાં કેટલાક 'બાબુ'ઓએ કૉંગ્રેસની સાથે સંબંધ દર્શાવવાને માટે આ રાજકીય વાવટો પેદા કર્યો છે. અસહકારી નેતાઓ તમે જેલમાં જાઓ એમ ઇચ્છે છે. એ ઇચ્છામાં તમારા દેશના માનની લાગણી રહેલી છે એમ રખે માનશો. તેમનો એક જ હેતુ, એમાં પોતાનો સ્વાર્થ સાધવાનો છે, — તે હેતુ એ જ કે સરકાર જુલમી છે એમ લોકોને બતાવવાની તક સાધવી ... ૩૩

તમારે જાણવું જોઈએ કે અત્યાર સુધીમાં જે લોકો જેલમાં ગયા છે તેઓ ભોળા ખેડૂતના છોકરા છે. વેપારીઓ, દુકાનદારો અથવા વકીલો અને બીજા સાક્ષરોના છોકરાઓ તો આ સરઘસમાં શામિલ થતા નથી. આનું કાંઈ કારણ? કારણ એ જ કે એ લોકો વાંચીલખી જાણતા હોઈ, આ તો બધી બેવકૂફી છે એમ સમજે છે. ગરીબ બિચારા ભોળા નિરક્ષર લોકો નેતાઓનાં જૂઠાણાંથી ફસાયા છે.

જૂઠાણાંના આ નમૂનામાંથી એક વાત તો સાફ નીકળે છે. જે અભણ અને નિરક્ષરને લઈ જવામાં આવે છે તેઓ, સરકાર તરફથી અત્યાર સુધી કહેવામાં આવતું હતું

તેમ, ભાડૂતી નથી હોતા — કારણ, નેતાઓ તેમને કોઈ પણ જાતની મદદ નથી આપતા એવી તો ફરિયાદ છે — કેવળ રાષ્ટ્રીય વાવટા જેવી વસ્તુની ગેરસમજથી જ તેઓ જાય છે. બીજી વસ્તુ એ રહેલી છે કે ડેપ્યુટી કમિશનર મિ. હોઈલની બધી દલીલો, નેતાઓ કશો ભોગ આપવા નથી માગતા એ દલીલની ઉપર અવલંબેલી છે; એટલે જૂઠાણાં ઉપર અવલંબેલી છે. આજે મધ્ય પ્રાંતનો ગામડિયો પણ જમનાલાલજી, ભગવાનદીનજી, નીલકંઠરાવજી, વિનોબાજી જેલમાં જઈને બેઠા છે એમ નહીં જાણતો હોય એવું તો ભાગ્યે જ બને. અભણ ગામડિયા પણ મિ. હોઈલ જેવા બેવકૂફ હોય છે એમ માનવાનું કશું કારણ નથી. જો તેઓમાં મિ. પ્રેટને૩૪ જવાબ આપવાની જે શક્તિ ખેડાના ખેડૂતોમાં હતી તેવી શક્તિ હોય, તો મિ. હોઈલને પણ તેઓ જરૂર કહે કે 'તમારા બાપદાદા કેટલાક યુનિયન જૅકને સમજતા હતા?'

પણ ખરી વાત તો એ છે કે એવાં જૂઠાણાંને જવાબ આપવાની આજે જરૂર રહી નથી. આખા દેશની ગંગાઓ જ્યાં નાગપુરના મહાસાગરમાં જઈને મળી રહી છે ત્યાં મિ. હોઈલ જેવા રેતીના રણની વાતો કરીને કોની આંખમાં ધૂળ નાખી શકશે?૩૫

દારૂગોળાનો જવાબ બરાબર આપવાનો રહેશે. નાગપુરના નેતાઓ જેલમાં બેઠા છે, ખેડાના ચુનંદા વીરો ગયા છે, દૂર તામિલ પ્રાંતમાંથી વિદ્વાન વીરો ગયા છે, અને કાલે જ આપણે ડૉ. ચંદુલાલ અને તેમની બહાદુર સેનાને મોકલી ચૂક્યા. ડૉ. હાર્ડિકર તો જઈને બેઠા છે જ, ત્યાં વળી તેમને તેમના જેવા બીજા ડૉ. જઈ મળવાના. પણ એટલામાં જ આપણો ફાળો પૂરો નથી થતો. હજી આપણે ત્યાંથી તો આપણે મોકલ્યા છે તેના કરતાંયે ભડવીરો મોકલવાના છે. ગુરુવારે ભરૂચના સૈનિકોનું સંમાન કરવાને માટે મળેલી સભામાં શ્રી વલ્લભભાઈએ જણાવ્યું કે, 'શ્રી જીવણલાલ દીવાન અને બલુભાઈ ઠાકોર રાતદિન માગણી કરી રહ્યા છે કે અમને નાગપુર જવા દો.' ડૉ. કાનૂગા પણ જવાને ઉત્સુક છે, અને એ બધાને વિદાય દઈ શ્રી વલ્લભભાઈ પોતે નીકળશે. અનેક બહેનો પાંત્રીસ વર્ષના નિયમની સામે વાતો કરી રહી છે. સરકાર દારૂગોળની તૈયારી કરે તે પહલાં તેણે૩૬ નિશ્ચય કરી લેવો જોઈએ કે તેણે કેટલે ઠેકાણે લડાઈ લડવી? નાગપુરમાં લડવી? ગુજરાતમાં લડવી? તામિલ પ્રાંતમાં લડવી? કે સંયુક્ત પ્રાંતમાં લડવી? જમનાલાલજીની ઉપર ગુનામાં મદદ કરવાનો આરોપ હતો. ગુનામાં કોણ નથી મદદ કરતું? ખરી રીતે સરકારે તો મહાસમિતિના બધાયે સભ્યોને પકડવા જોઈતા હતા, કારણ, લડતનું વિરાટ સ્વરૂપ મહાસમિતિના ઠરાવ પછી થયું છે. જેઓ સૈનિકોને મોકલી રહ્યા છે તેમને પકડવા

જોઈએ, જે વર્તમાનપત્રો નાગપુર સત્યાગ્રહને ટેકો આપી રહ્યા છે, તેના અધિપતિઓને પકડવા જોઈએ. આ બધાયે આજે પકડાવાને તલપાપડ થઈ રહ્યા છે, પણ સરકારનામાં સૌને પકડી દાવાનળ ઊભો કરવાની તાકાત નથી. આપણે જે આપભોગનાં પર્વ પાળી રહ્યા છીએ તે ચાલુ રાખીએ તો સરકારના દારૂગોળાને આપણે જવાબ આપવો પડશે? કે આપણા ભોગનો સરકારને જવાબ આપવો પડશે, તે વિચારવું મુશ્કેલ નહીં રહે. એક વાર લડત લડ્યા, લડીને થાક્યા. ઈશ્વરે પાછી લડતની સંધિ આપી છે. આ વેળાની લડતનો ઢંગ જ એવો છે કે આપણે થાકી શકીએ જ નહીં...૩૭

૩ અને ૧૭ જૂન ૧૯૨૩માં નવજીવનના બે અંકોમાં મહાદેવભાઈ રવીન્દ્રનાથનાં પેલાં બે પ્રસિદ્ધ ગીતોના અનુવાદો ('એકલો જાને રે' અને 'ચિંતા કર્યે ચાલશે ના') અંકને પહેલે પાને છાપે છે. ત્યારથી આ ગીતો ગુજરાતમાં, કદાચ મૂળ બંગાળમાં સ્વદેશી આંદોલન વખતે પ્રસિદ્ધ થયાં હતાં ત્યારે તે હતાં એના કરતાંયે વધુ લોકપ્રિય બન્યાં અને ખુદ કવિને જ્યારે ગુજરાતી ભાષાંતર સંભળાવવામાં આવ્યાં ત્યારે તેઓ ભાષાંતર સાંભળી મુગ્ધ થઈ ગયા હતા.

નવજીવનના તંત્રીપદના આ કાળ દરમિયાન મહાદેવભાઈને ખાદી, દારૂબંધી તેમ જ કોમી એકતાના પ્રશ્નો વિશે પણ વારંવાર લખવાનો વારો આવતો. મહાદેવભાઈ જેટલો સવિનયભંગ અંગે ઉત્સાહ ધરાવતા હતા, એનાથી જરાય ઓછો આ રચનાત્મક કાર્યો સારુ નહોતા ધરાવતા. તેથી આ રચનાત્મક કાર્યક્રમને ટેકો આપતા તેમના લેખોમાં ગાંધીજીના લેખો જેટલી જ તાલાવેલી જોવામાં આવતી હતી.

સરકારને પ્રિય બનવા ઇચ્છનાર સર અબદુલ રહીમે એક ભાષણમાં બાળકોને એવું ઠસાવવાનો પ્રયાસ કર્યો કે ખાદીકામ એ ઇસ્લામની વિરુદ્ધ છે. તેનો જવાબ મહાદેવભાઈએ यंग इन्डिया ૨૨–૩–'૨૩ના અંકમાં આપ્યો. તેના કેટલાક ભાગ નીચે આપ્યા છે:

સર અબદુલ રહીમને૩૮ બહુ વિચિત્ર રીતે, એકદમ — પણ અમને ડર છે — બહુ મોડેથી, ઇસ્લામના હાર્દનું ભાન થયું છે. કલકત્તાની મદરેસાના ઇનામવિતરણ સમારંભના પ્રમુખસ્થાનેથી કુમળી વયનાં બાળકો સમક્ષ ઇસ્લામના હાર્દ વિશે એ આ પ્રમાણે બોલ્યા:

'આ અંગે અત્યારે એક ખાસ બાબત મારી નજરે ચઢે છે – ચરખા અને ખાદીનો

નવો સંપ્રદાય એ અસહકારનું પ્રતીક છે; એમાં દુનિયાથી જુદા પડવાપણું છે, એમાં વિકસતી માનવજાતની નિત્ય વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે કુદરતી સંપત્તિનો ઉપયોગ કરવાના ખરા દિલના પ્રયત્નોનો ત્યાગ છે; અને એ ઇસ્લામના સમગ્ર હાર્દને અને ઇસ્લામી સંસ્કૃતિને પ્રતિકૂળ છે. સાચું પૂછો તો, રાજકીય સંઘર્ષ અને મનોવિકારથી આંધળો બનીને ગમે એટલા આગ્રહપૂર્વક અને ખરા દિલથી પણ, આ ઉપાય સૂચવનાર કોઈ મુસ્લિમ, અને ઇસ્લામિક સંસ્કૃતિના આદર્શને અનુરૂપ માને, એવું માનવાની હું ના પાડું છું. એ, મુસ્લિમ હૃદયમાં કદી સાચો ઉત્સાહ પ્રગટાવશે નહીં. ઇસ્લામમાં, અપનાવવાની અને એકરસ થવાની અજોડ શક્તિ રહેલી છે એ એની વિશેષતા છે; અને ઇસ્લામિક પદ્ધતિની આ ખાસિયત દુનિયાના કાર્યપ્રવાહોથી અલગ પાડવાના ઉપદેશની તદ્દન વિરોધી છે. ઇસ્લામમાં સંન્યાસવૃત્તિને સ્થાન નથી.'

આ ઉપરથી એવું અનુમાન કર્યા વિના રહેવાતું નથી કે મુસ્લિમ બાળકો ચરખા અને ખાદીને ઝડપભેર અપનાવી રહ્યાં છે; અગર છેવટે, એમના શિક્ષકો એનો પ્રચાર તો કરતા જ હશે. સર અબદુર રહીમ આવી ચેતવણી આપવા ઉશ્કેરાયા તેનું આવું કાંઈક કારણ હોવું જોઈએ. કાંઈ પણ કારણ વિના એ આવી તાકીદ આપે એ અમે માનતા નથી. પણ અમે એમને ખાતરી આપી શકીએ તેમ છીએ કે એ, બહેરા કાનો ઉપર પડ્યું છે; કારણ, બાળકો, સર અબદુર રહીમ કરતાં વધુ જાણે છે. તેમને ખાતરી છે કે તેમની માતાઓ સર અબદુર રહીમ જેટલી શ્રદ્ધાળુ મુસલમાન છે; અલીભાઈઓ અને બીજાઓ જેઓ વિશે તેમને પ્રેમ છે તેઓ પણ એટલા જ પાક મુસલમાન છે, અને તેમનામાંથી જેઓ ગરીબ છે તે તો સર અબદુર રહીમ કરતાં વધુ સારી રીતે સમજે છે કે ચરખો તો તેમને રોટી મેળવી આપે છે, અને ખાદી, તેમના ગરીબ કુટુંબના હાથમાં થોડા પણ પૈસા મૂકે છે.

પણ સંભવ છે, સર અબદુર રહીમ વળતો જવાબ આપશે કે એ બધા ગેરરસ્તે દોરવાયેલા ઝનૂનીઓ છે. અમે એમને ભૂતકાળમાં ડોકિયું કરવા સૂચવીએ? — ભૂતકાળ, સૈકાઓ પહેલાંનો નહીં, પણ ગરીબ કાંતનાર અને વણકરનો રોટલો છીનવી લેનાર ઈસ્ટ ઇન્ડિયા કંપની આવી તે સમયનો. એ બધા એકાંતવાદના સિદ્ધાંતોને વરેલા સંન્યાસીઓ હતા? અમને તો ખાતરી છે કે એઓ ઘણા પ્રાણવાન હતા અને રોજિંદા જીવનના અને માનવજાતના સંપર્કમાં, સર અબદુર રહીમ છે તેના કરતાં વધુ હતા. ઇસ્લામના હાર્દ વિશેના એમના વિચિત્ર ખ્યાલનો ઊભરો ઠાલવીને, એમણે ઇસ્લામના

હાર્દનું અજ્ઞાન જ પ્રકટ કર્યું છે — ઇસ્લામ, કે જે, ઊંચનીચના ભેદ વિનાનો મોટામાં મોટો પ્રજાકીય સંપ્રદાય છે. જાતમહેનતથી, નીતિથી રોટલો કમાવાના સિદ્ધાંતને સ્વીકારનારો સંપ્રદાય બીજું ગમે તે હોય, પણ પ્રજાકીય ધર્મને કોઈ પણ રીતે પ્રતિકૂળ તો ન હોય.

સર અબદુર રહીમ જે એમના ધર્મ વિશે બહુ ન જાણતા હોય તો એમના દેશ વિશે તો એનાથીય ઓછું જાણે છે. મુસ્લિમ કાંતનારની વસાહતો ફક્ત ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સમયમાં જ હતી — સંયુક્ત પ્રાંતમાં લાખો કાંતનાર હતા એમ જ નહીં, પણ આજે પણ એવા અનેક પ્રદેશો છે જ્યાં સેંકડો અને હજારો મુસ્લિમ સ્ત્રીઓ મુખમાં અલ્લાનું નામ રટતી અને ચરખો કાંતતી પોતાની રોજની રોટી કમાય છે. એઓ જાણે છે કે પેગંબરે જ કહ્યું હતું કે જીવતીજાગતી સ્ત્રી માટે ઉત્તમમાં ઉત્તમ ધંધો ચરખો છે, અને તેથી એમ પણ જાણે છે કે, નીતિની રોટી માટે કરેલી જાતમહેનત કરતાં અલ્લાને બીજું કશું વધુ પ્રિય નથી.૩૯

એ કાળે તબલિઘને તથા શુદ્ધિને નામે મુસ્લિમ નેતાઓ અને આર્યસમાજીઓ તરફથી ધર્મપરિવર્તનના કાર્યક્રમો ચાલતા. તેને લક્ષમાં રાખીને ‘શ્રદ્ધાનંદજીને પ્રાર્થના’ શીર્ષકથી લખાયેલ લેખ આજે પણ વિચારણીય છે:

વાયવ્ય૪૦ (સંયુક્ત) પ્રાંતના આગ્રા વિભાગમાં ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ ભારે ચિંતા ઉપજાવનારી છે. એક તરફથી તાર આવે છે, ‘હજારો મલકાના રજપૂતોને શુદ્ધ વિધિ પ્રમાણે આર્ય બનાવવામાં આવ્યા, મૂળ હિંદુઓ અને નવા આર્યોએ સહભોજન કર્યું,’ ઇ. બીજી તરફથી ‘ખિલાફત’ જેવા પત્રમાં ખબર આવે છે કે ‘અલીગઢ, આગ્રા, મથુરા, મેનપુરી વગેરે જિલ્લાઓમાં હજારો મલકાના રજપૂતોની છવ્વીસ કલાક થયા સભા મળી રહી છે, હજી ચાલશે. આ સભામાં એ રજપૂતોએ પોતે મુસલમાન હતા, અને મુસલમાન જ રહેશે એવું જાહેર કર્યું, અને ઘડીક વાર પણ ઇસ્લામને છોડવા માટે દિલગીરી જાહેર કરી છે. પૈસા અને માણસો જોઈએ છે.’ એક તરફ શ્રદ્ધાનંદજી પૈસા અને માણસો માગે છે; બીજી તરફ મોલવીસાહેબો પૈસા અને માણસ માગે છે. જાણે કાંઈ યુદ્ધની તૈયારીમાં પડ્યા હોય ને!

ધર્મની માન્યતા તે અંતરની વાત છે. અંતઃકરણને જે શુદ્ધમાં શુદ્ધ અને પ્રાણપ્રદ ધર્મવ્યવસ્થા લાગે તે ગ્રહણ કરવાની સૌને સંપૂર્ણ સ્વતંત્રતા છે. અનેકમાંથી કઈ ધર્મમાન્યતા વધારે શુદ્ધ છે એ સમજાવવાનો, અને ન સમજતા હોય તેમને દોરવાનો

જાણકારને અધિકાર છે. આ તો ધર્મમાન્યતા વિશે સામાન્ય નિયમો કહ્યા; પણ જુદા જુદા ધર્મીએ પ્રચારના જુદા જુદા માર્ગ લીધા છે. સફર કરનારી, વહાણવટી પ્રજાઓના ધર્મ, પ્રચારક ધર્મી છે; જ્યારે આર્યાવર્તમાં જ પોતાનું સર્વસ્વ છે એમ માનનારી આર્યપ્રજાએ પોતાના ધર્મને પ્રચારક નથી બનાવ્યો. મુસલમાન અને ખ્રિસ્તી ધર્મની અમુક સંસ્કારવિધિ સ્વીકારી કે ગમે તે ધર્મમાં જન્મેલો માણસ તે ધર્મનો થઈ શકે છે; પણ હિંદુ ધર્મમાં ન જન્મેલો માણસ હિંદુ ધર્મના રીતરિવાજો અને સંસ્કારો પાળતો છતાં હિંદુ તરીકે નથી સ્વીકારાઈ શકાતો. (આર્ય સમાજના સિદ્ધાંતનો હું આ ઘડી વિચાર નથી કરતો.) ઇતિહાસ જોઈશું તો જણાશે કે હિંદુ ધર્મના વાડામાં આજે જેટલી પ્રજા છે તેમાંની અમુક પ્રજા કોઈ કાળે અહિંદુ હશે જ. એ અહિંદુઓને હિંદુ કોણે બનાવ્યા, ક્યારે બનાવ્યા, તેનો કશો પુરાવો નથી. પણ એમને હિંદુ ધર્મે સ્વીકારી લીધા એ ચોખ્ખું છે. એટલે હિંદુ ધર્મની પૂર્વની ઉદારતા આજે સજીવન થાય એમાં કશું અવાસ્તવિક નથી, બલકે અમુક સંજોગોમાં એ કર્તવ્ય થઈ પડે છે. મલબારમાં મોપલા-ઉત્પાત વખતે જે હિંદુઓને બળજોરીથી મુસલમાન કરવામાં આવ્યા તેઓ — અનેક મુસલમાન નેતાઓએ કબૂલ કર્યું હતું તેમ — મુસલમાન થયા જ ન હતા, અને તેમને હિંદુ તરીકે સ્વીકારી લેવા એ હિંદુ સમાજની ચોખ્ખી ફરજ હતી.

મુસલમાન ધર્મ એ પ્રચારક ધર્મ છે, પણ બળજોરીથી કોઈ પણ જણને ઇસ્લામમાં લઈ શકાય એવું ક્યાંયે નથી જણાતું. કુરાનેશરીફની આયતોમાં એ વિશે સાફ અને સીધું ફરમાન છે. એક આયત કહે છે, ‘દીનના મામલામાં જબરદસ્તી બિલકુલ વાજબી નથી.’ બીજી આયત કહે છે, ‘ખુદાના રસ્તા ઉપર કાંઈ પણ પ્રપંચ વિના અને સાદીસીધી વાતચીત અને પ્રવચન કરીને કામ લે; અતિશય નમ્ર અને મીઠી રીતે ગુફ્તગૂ અને દલીલ કરીને કામ લે.’ ત્રીજી કહે છે, ‘લોકોની સાથે અતિશય કોમળ રીતે અને કોમળ શબ્દો વાપરી વાત કરો, કામ લો.’ આમ સાફ આ઼ાયતો છતાં કોઈને જબરદસ્તીથી ઇસ્લામમાં લઈ શકાય એવો કોઈ દાવો કરે તો તે ખોટો છે, અને એટલા માટે જ મોપલાઓએ કરેલી જબરદસ્તીને આખા દેશના મુસલમાન નેતાઓએ અને આલિમોએ નિંદી કાઢી હતી. જે ધર્મની મૂળ માન્યતા ઈશ્વરના ઐક્ય ઉપર રહેલી છે તે ધર્મમાં ઈમાનની ઉપર પણ ખૂબ ભાર મૂકવામાં આવેલો છે — જેઓ મોંએ ‘લાઇલાહ ઇલ્લલ્લાહ’ બોલે છતાં અંતરમાં, એક અલ્લાહને ન માનતા હોય તેઓને ઇસ્લામ, મુસલમાન તરીકે ન સ્વીકારી શકે. એ માન્યતા જ એટલી ગંભીર છે કે બળજોરીનો

ટકોરો લાગતાની સાથે તેના ચૂરેચૂરા થઈ જાય છે. આમ હજારો અને લાખોનાં ટોળાંઓને ‘લાઇલાહ ઇલ્લલ્લાહ’ — નો પુણ્યમંત્ર સમજાવી સ્વીકારાવવામાં ભારે મુશ્કેલીઓ રહેલી છે. જેઓ એ પુણ્યમંત્રને નથી સ્વીકારતા એમ કહે, તેમને મારી બાંધીને મુસલમાન કરવામાં તો કશું જ રહસ્ય રહેલું નથી.

એટલે મુસલમાનો જે આજે ઠેકઠેકાણે માંચડા ઊભા કરી ઝપાટાબંધ બધાને મુસલમાન બનાવવા જાય તો તેમની પ્રવૃત્તિમાં કશું રહસ્ય ન જણાય, એટલું જ નહીં, પણ કોઈ પણ તેમને ન સાંખી શકે.

પણ આજે સવાલ જુદો છે, જે મલકાના રજપૂતોને સ્વામી શ્રદ્ધાનંદજી ‘શુદ્ધ’ કરી રહ્યા છે તેઓ જમાનાઓ થયા મુસલમાન ગણાતા આવ્યા છે. તેઓ જે હિંદુ રહેણીકરણીના હોય, તેઓ ઇસ્લામની ચાર ફરજો કદી અદા ન કરતા હોય તો તો તે કારણે હિંદુઓએ તેમને કાંઈ પણ ‘શુદ્ધિ’ની ક્રિયા કરાવ્યા વિના અપનાવવા જોઈએ. સમાજે હડહડતા અન્યાય ન સાંખવા જોઈએ એ વાત સાચી છે. અંત્યજોની સામે આપણે ભારેમાં ભારે અન્યાય કરતા આવ્યા છીએ. અંત્યજો એ અન્યાયની સામે કેટલો કાળ થયા પોકાર કરે છે, એટલે તે અન્યાયને આપણે જેટલો જલદી દુરસ્ત કરીએ તેટલું સારુ, પણ મલકાના રજપૂતોની સામે થયેલો અન્યાય આ પ્રકારનો અન્યાય નથી. જેઓ મુસલમાનની ફરજો અદા કરતા બંધ થયા હોય, જેઓ ‘લાઇલાહ ઇલ્લલ્લાહ’ પોકારવા તૈયાર ન હોય તેમને ઇસ્લામ જ સ્વીકારતો અટકશે; એટલે તેમને વિશે કશો સવાલ નથી. પણ આજે જે થઈ રહ્યું છે તે તો રૂઝેલા ઘાવ પાછા ખોલવા જેવું થાય છે; તેમાં મુસલમાન કોમની છંછેડણી રહેલી છે, અને તિરસ્કાર અને શત્રુતાને પોષણ મળે એવો ભય રહેલો છે. મસ્જિદમાં જઈને, જે, ઇબાદત કરવાને રાજી ન હોય તે ઘરમાં બેસીને ઈશ્વરની પૂજા કરી શકે એમ છે, પણ ટોળેટોળાંને ઘરમાં બેસીને પૂજા ન કરવાનું કહેતાં મંદિરમાં ખેંચી લઈ જવાં — જેમાંના કેટલાંયે, જે ‘ખિલાફત’ના તાર સાચા હોય તો, ‘શુદ્ધિ’ને માટે પાછા પશ્ચાત્તાપ જાહેર કરે — તે તો નાહકની લડાઈનાં બીજ રોપવા જેવું છે. આમ ઐક્યને એથી પહોંચનારો ધક્કો ચાલુ લડતને માટે કેટલો બધો ભયંકર થઈ પડશે એ કહેવાની જરૂર નથી. આપણા એક પણ અવિવેકના કાર્યથી આજે તોફાન સળગે તો ગાંધીજીનું મહા કષ્ટ અને મહા તપ વડે સાધેલું થોડુંઘણું કાર્ય પણ પાણીમાં મળે એમ છે. એટલે હું તો સ્વામી શ્રદ્ધાનંદજીને પ્રાર્થના કરું કે એઓ પોતાની પ્રવૃત્તિ મૂકી દે અથવા મોકૂફ રાખે. સ્વરાજ્ય મેળવતાં સુધી આપણે એને મોકૂફ રાખી શકીએ એમ

છીએ, અને તે પછી એ બધા ઝઘડાઓનો સમજૂતીથી તોડ કાઢી શકીએ એમ છીએ. કૉંગ્રેસની કાર્યકારિણી સમિતિની અને ખિલાફત કમિટીની ફરજ છે કે શ્રદ્ધાનંદજીને એઓ મળે, તથા શ્રદ્ધાનંદજીની સામે ઝૂઝી રહેલા મોલવીસાહેબોને પણ એઓ મળે, અને તેમને લોકોની મરજી ઉપર એ પ્રશ્ન છોડવાનું સમજાવે.૪૧

સામાન્ય રીતે અત્યંત મધુર ભાષામાં બોલનાર અને લખનાર મહાદેવભાઈ ગાંધીજીની વિરુદ્ધ દલીલ થાય અથવા એમણે પુરસ્કારેલા કોઈ વિષયની ટીકા આવે તો એનો જડબાતોડ જવાબ આપવામાં પાછી પાની કરતા નથી. કેટલાક નમૂનાઓ જોઈએ:

'...ભાઈએ ઇતિહાસ બરાબર વાંચ્યો હોય તો એમને કહેવાની જરૂર નહીં રહે કે ઇતર રાજાઓએ નિ:શસ્ત્ર પ્રજાનું લોહી વહેવડાવ્યું નહોતું; તેમની લૂંટો અને કતલો એક પ્લેગ સમાન હતી, જેનો યોગ્ય ઉપાય લેવામાં આવતાં પ્લેગની ગાંઠની જેમ તે બેસી જતી, પણ અંગ્રેજ સરકારને હાથે તો પ્રથમ પ્રજાને નિ:શસ્ત્ર, નિર્વીર્ય બનાવવાનું કાર્ય બન્યું છે, અને તે પછી તે નિ:શસ્ત્ર પ્રજા ઉપર મનમાન્યા અત્યાચાર થાય છે. ઇતર સત્તાઓ પ્લેગરૂપી હતી તો આ સત્તા એક કૅન્સરરૂપે છે, જેની ગંભીરતાઓનો પાર નથી, ભયંકરતાનો પાર નથી. પ્લેગ કાં તો તરત મરણ ઉપજાવે, અથવા સાવ મટી જાય. કૅન્સર શરીરને અતિશય દુ:ખદાયક રીતે ખાઈ જઈને અંત આણે છે.૪૨

અથવા

'પ્રશ્ન એ જ છે કે સરકાર તો દેવાળિયાં થતાં લજવાય એમ નથી; દેશ પણ દેવાળું કાઢશે? દરિદ્રીનેયે નીતિની પૂંજી હોય. આપણો દરિદ્ર દેશ નીતિનું દેવાળું કાઢીને બેસવાની અણી ઉપર છે.'૪૩

અગર

'મૅજિસ્ટ્રેટો આજે ન્યાયના સેવક નથી રહ્યા. સરકારના સેવકો છે.'૪૪

કે

'બીજા પ્રાંતોમાં રાજદ્વારી કેદીઓને છોડી દેવાને માટે ધારાસભાના સભ્યો બખાળા પાડે, પણ મુંબઈ સરકારનાં કૃત્યોમાં જ એવી કુશળતા રહેલી કે એના ધારાસભાના સભ્યો પાળેલા હોય તેમ એનાં બધાં કાર્યોમાં "હા જી હા" ભણે.'૪૫

યા તો

બંગાળની ધારાસભામાં હમણાં જ મ્યુનિસિપલ કાયદાની એવી એક કલમ સર

સુરેન્દ્રનાથ બેનરજીએ પસાર કરાવી છે, કે જેથી સર સુરેન્દ્રનાથના પક્ષના લોકોને શરમાવાનું હોય કે ન હોય, દેશને તો કાચલીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું થયું છે. સર સુરેન્દ્રે એવો કાયદો કરાવ્યો છે કે મ્યુનિસિપલ સભામાં બેસનારા લોકોએ શહેનશાહ પ્રત્યે વફાદારીની પ્રતિજ્ઞા લેવી જોઈએ. એટલું જ નહીં, પણ કોઈ પણ સભ્યે એ પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે એમ સરકાર જાહેર કરે કે તરત જ એને રુખસત આપી શકાય.૪૬

મૂળશી પેટાના સત્યાગ્રહીઓ પર જેલમાં ફટકા પડ્યા તે ઘટના અંગે મહાદેવભાઈએ લખ્યું: ‘શુદ્ધ સેવા કરીને જેલ જનારા અને જેલમાં પણ નિયમોનું બરાબર પાલન કરનારા આવા ભાઈઓ ઉપર જેટલા ફટકા પડે, તે દેશની પીઠ ઉપર પડે છે એવું આપણે ક્યારે અનુભવતા થઈશું?૪૭

અને ગાંધીજીની ધરપકડના સમાચાર સાંભળીને મહાદેવભાઈ મહાભારતનું આદિપર્વ યાદ કરે છે:

આદિપર્વના [ઉદ્યોગપર્વના?] આરંભમાં, ધૃતરાષ્ટ્ર પોતાના પક્ષનો વિજય નહીં થશે એમ શી રીતે કળી ગયો હતો તે, સંજયને કહી બતાવતાં વર્ણવ્યો છે. ‘અનેક ઘટનાઓ એવી બની કે જેથી આપણું સત્યાનાશ વળેલું છે, એ વિશે મને કાંઈ સંશય રહેતો નથી’ એમ સંજયને વારંવાર કહેતા ધ્રૃતરાષ્ટ્રના મુખમાં મૂકેલાં વચનો જેટલાં કરુણ છે તેટલાં સ્મરણીય છે. એક વચન એવું છે કે ‘જ્યારે મેં સાંભળ્યું કે પાંડવ ધર્માત્માઓ અમુક રીતે વનમાં સિધાવ્યા અને હજારો સ્નાતકો, બ્રાહ્મણો અને મહાત્માઓનાં વૃંદ એમની પાછળ પાછળ ગયાં ત્યારે મને ખાતરી થઈ ગઈ કે અમારો વિજય થનાર નથી. ‘तदा नाशंसे विजियाय संजय।’ એ જ પ્રમાણે ગાંધીજીના કારાવાસને દિવસે ઘણા અંગ્રેજોના મોંમાંથી, ‘આ રાજ્યનું હવે આવી બન્યું છે’ એવાં વચન આપોઆપ નીકળ્યાં હોય તો નવાઈ નથી — ખાસ કરીને જ્યારે તેમણે હજારો અને લાખોને અશ્રુ વરસાવતાં સાંભળ્યાં હશે, જ્યારે શાંતિની એમની આજ્ઞાને આખા દેશે સંપૂર્ણ રીતે પાળી એમ સાંભળ્યું હશે. તેવા જ અંગ્રેજો આ હડતાળનું સાંભળીને પણ ફરી એવાં વચન ઉચ્ચારે તો કશી નવાઈ નથી. માત્ર આવી આગાહીઓ આંખે ઊડીને વળગે એવી હોય, કાનના પડદા ચીરી નાખે એવી હોય એમ આપણે ઇચ્છીએ.૪૬

નાગપુરના ઝંડા સત્યાગ્રહનો તો મહાદેવભાઈએ ગુજરાતમાં રહીને જાણે કે બીજો

મોરચો જ ખોલ્યો હતો. નાગપુરથી વલ્લભભાઈ આખી હિલચાલની ઝીણામાં ઝીણી વિગતો લખે અને મહાદેવભાઈ એમાંથી ગુજરાતની પ્રજા સારુ લેખો તૈયાર કરીને એ ચળવળ ચલાવવા સારુ સ્વયંસેવકો અને ફાળો ઊભો કરે. વચ્ચે મહાદેવભાઈ જાતે પણ નાગપુર જઈ આવ્યા અને ત્યાં ચાલી રહેલા સત્યાગ્રહનો તથા સત્યાગ્રહીઓના ઉત્સાહપૂર્ણ મિજાજનો તેમ જ તપસ્યાનો ચિતાર તેમણે ગુજરાતના વાચકો સારુ રજૂ કર્યો. આમ નાગપુર સત્યાગ્રહને આખા દેશમાંથી જેટલી મદદ મળી તેમાં ગુજરાત કદાચ સૌથી મોખરે હશે એમ જણાય છે. આનું એક અગત્યનું કારણ વલ્લભભાઈ અને મહાદેવભાઈની નાગપુર-અમદાવાદની જુગલબંધી હતું.

આ જ દિવસોમાં પંજાબમાં ગુરુ કા બાગનો સત્યાગ્રહ થયો હતો. એ સત્યાગ્રહ જોવા મહાદેવભાઈ નહોતા ગયા. એ સત્યાગ્રહમાં શીખ બંધુઓએ જેટલી યાતના હસતે મોંએ અને સામી છાતીએ ઝીલી એટલી ભાગ્યે જ બીજા કોઈએ ઝીલી હશે. ગુરુ કા બાગ સત્યાગ્રહની વિગતોમાં ઊતરવું તો અહીં શક્ય નથી, પણ જિજ્ઞાસુ વાચકો સારુ આપણે એટલું કહી દઈએ કે મૂળમાં એ પ્રસંગ શિરોમણિ અકાલી પ્રબંધક સમિતિના પ્રગતિશીલ અકાલીઓ અને ઉદાસીન નામના જુનવાણી વિચારના શીખો વચ્ચે ગુરુ કા બાગ નામના એક ધાર્મિક (ગુરુદ્વારા) સ્થળની જમીન પરનાં વૃક્ષોના કબજા સારુ ઉત્પન્ન થયો હતો. અકાલીઓ એ બાગનો કબજો લેવા માગતા હતા, ઉદાસીઓના મહંતે એમને રોકવા સારુ પોલીસની મદદ માગી હતી. અકાલીઓ આ આખી હિલચાલ ખુલ્લંખુલ્લા અને સંપૂર્ણપણે અહિંસક રીતે ચલાવવા પ્રતિજ્ઞાબદ્ધ હતા. પોલીસે શીખોના નિયમિત રીતે આવતા ૨૫, ૨૫ના શિસ્તબદ્ધ જથ્થાઓ પર લાઠીઓ વડે પ્રહાર કરવામાં હદ કરી નાખી હતી, પરંતુ અકાલીઓ આમ રોજ માર પડે છે એમ જાણ્યા છતાં, શાંતિપૂર્ણ રીતે ઠરાવેલા સમયે અને દિને ગુરુ કા બાગની પોલીસચોકી આગળથી જતા અને લાઠીમારો વહોરી લેતા. સરકાર પણ અકાલીઓએ આ બાબતમાં પૂરેપૂરો આત્મસંયમ દેખાડ્યો હતો એમ સ્વીકારતી હતી. એની ફરિયાદ માત્ર એટલી જ હતી કે આવી અપ્રિય ફરજ બજાવતાં પોલીસને કેટલો સંયમ જાળવવો પડે છે તેની છાપાંવાળા નોંધ નથી લેતા! અકાલીઓના સત્યાગ્રહે એક બહાદુર પ્રજા અહિંસાની શક્તિ કેટલી હદ સુધી પુરવાર કરી શકે તેનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મહાદેવભાઈથી **નવજીવન**ની જવાબદારીને લીધે ઑગસ્ટથી સપ્ટેમ્બર ૧૯૨૩ સુધી ચાલેલા આ

સત્યાગ્રહના પ્રત્યક્ષ સાક્ષી થવા પંજાબ જઈ તો નહોતું શકાયું, પણ *નવજીવન*માં તેમની નોંધો અકાલીઓની ગિરફ્તારી પછી મહિનાઓ સુધી આવતી રહી. અકાલીઓ તેમના પ્રતિનિધિઓ પર જેલમાં ગુજારવામાં આવતા જુલમો અંગે નિયમિત રીતે પત્રિકા કાઢતા. મહાદેવભાઈ એને *નવજીવન*માં એમ ને એમ છાપતા. એકથી વધુ વાર મહાદેવભાઈએ એની ઉપર ટિપ્પણી કરી હતી કે આ સમાચારોમાં જો જરાય અસત્ય હોય તો સરકાર એનો પ્રતિવાદ કેમ નથી કરતી?

આ સત્યાગ્રહને કૉંગ્રેસના ઇતિહાસકાર ડૉક્ટર પટ્ટાભી સીતારામૈયાએ 'ભારતની એક શૂરવીર લડાયક પ્રજા દ્વારા અપાયેલ અહિંસાનો એક પદાર્થપાઠ તરીકે વર્ણવ્યો હતો.૪૭ મહાદેવભાઈએ એનું વર્ણન નીચે મુજબ કર્યું હતું:

આ લડતનું બીજી કેટલીક લડતના કરતાં વિશેષ મહત્ત્વ છે. અકાલીઓનો અપ્રતિમ સત્યાગ્રહ એક ધાર્મિક હકના પ્રતિપાદન માટે હતો. તે વેળા તે સત્યાગ્રહમાં ભાગ લેવાને બીજી કોમોના સ્વયંસેવકોએ માગણી કરી હતી, પણ અકાલીઓએ તે સ્વીકારી ન હતી, અને તે બરાબર હતું.૪૮

ગાંધીજીના અંગ્રેજ મિત્ર સી. એફ. ઍન્ડ્રૂઝ ગુરુ કા બાગ સત્યાગ્રહ જોવા ગયેલા. તેમણે તેનું હૈયાં હચમચાવે તેવું વર્ણન કર્યું છે: 'મેં મારા જીવનમાં જોયેલાં દૃશ્યોમાં તે વધુમાં વધુ અસરકારક અને કરુણ પૈકી એક હતું. અહિંસાની જીત સંપૂર્ણપણે પૂરેપૂરી છે. સત્યાગ્રહીઓ સારુ તો એ ખરેખર શહાદત છે.' શાંત જથ્થાઓ પર પોલીસના ઠંડે કલેજે કરવામાં આવેલા લાઠીમાર અંગે અંગ્રેજ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મૅકક્રેસન *લાઠીની કસરતો* પુસ્તકમાં ગુરુ કા બાગની ઘટનામાં થયેલી ઈજાઓ અંગે નીચેના આંકડાઓ આપે છે: 'ફ્રૅક્ચર જેવી ઈજાઓ પહોંચી હોય એવો સાવ સંભવ છે. જથ્થાઓએ પોલીસનો સામનો કર્યો નહોતો, કારણ, તેઓ પૂરા અહિંસક હતા. એ પણ સંભવ છે કે ઈજા પામેલા કેટલાક બેભાન થઈ ગયા હોય. ૯૫૩ જેટલા જે ઘાયલ થયા હતા એમનું વર્ગીકરણ કરવામાં આવ્યું. તેમાં ૨૬૯ને ધડથી ઉપર, ૩૦૦ને શરીરના સામેના ભાગમાં ને માથા પર ઘા થયા હતા, ૬૦ને જનનેંદ્રિયો પર, ૧૯ને નીચેની ગુહ્યેન્દ્રિય પર, ૭ને દાંત પર ઈજાઓ થઈ હતી. ૧૫૮ના ઘા પર લોહી થીજી ગયું હતું, ૮ને કાપા પડ્યા હતા, ૨ને ઊંડા ઘા થયા હતા, ૪૦ને પેશાબની તકલીફ થઈ હતી, ૯નાં હાડકાં ભાંગ્યાં હતાં, ૨નાં હાડકાં ઊતરી ગયાં હતાં.'૪૯

મહાદેવભાઈએ ૧૮–૪–'૨૩ના **નવજીવન**ના વધારામાં અકાલીઓના ગુરુ કા બાગ સત્યાગ્રહ વિશે જે લખ્યું છે તે ખૂબ મહત્ત્વનું છે:

શૂરવીર અકાલીઓ ઉપર અમાનુષી અત્યાચારો થયા. છતાં તેઓ સત્યાગ્રહ વિશે નિશ્ચલ રહ્યા. ગાંધીજીએ પણ ન કલ્પેલાં એવાં દશ્યો તે વેળા ઇતિહાસને પાને લખાયાં. મારું નમ્ર માનવું છે કે તે વેળા ગાંધીજી બહાર હોત તો એમણે પંજાબમાં પોતાનો પડાવ નાખ્યો હોત. એમણે સત્યાગ્રહની તે પુણ્યભૂમિને વિશેષ સત્યાગ્રહથી — શુદ્ધ સવિનયભંગથી — ફળદ્રુપ કરી હોત. પણ આપણા મહાન નેતાઓને તે અમર દષ્ટાંતોમાં કાંઈ ભારે રહસ્ય ન જણાયું અને જે અમૂલખ અવસરને માટે ગાંધીજી ઝંખતા હતા, જે અમૂલખ અવસરનો ગાંધીજી તત્કાળ લાભ લેત તેને આપણે એળે જવા દીધો.૫૦

એ જ પ્રમાણે બીજે વર્ષે જ્યારે અકાલીઓ પર મુક્તસરમાં અત્યાચાર ગુજારવામાં આવ્યો ત્યારે પોલીસમાંથી એક મુસ્લિમ ભાઈએ નોકરીમાંથી રાજીનામું આપ્યું. તે જાણી મહાદેવભાઈએ લખ્યું:

હસનખાન નામના એક પોલીસે, મુક્તસરના દરબારસાહેબ આગળ અકાલીઓ ઉપર થતા અત્યાચાર ન ખમી શકવાને લીધે રાજીનામું આપ્યું. પાછા, ગયા નવેમ્બરના દહાડાઓ આવી લાગ્યા છે. ગયે વર્ષે અકાલીઓ ઉપરના અત્યાચારને પરિણામે કેટલાક ગુરખાઓ રાજીનામું આપનારા નીકળી પડ્યા હતા.૫૧

આમ, દેશમાં ક્યાંય પણ અહિંસાનો પ્રયોગ ચાલતો હોય તો તેને વધાવી લઈને મહાદેવભાઈ રાષ્ટ્રીય અહિંસક આંદોલનને પુષ્ટ કરવા પ્રયાસ કરતા.

૧૯૨૩ સુધીમાં મહાદેવભાઈના વ્યક્તિત્વનો એટલો વિકાસ થઈ ચૂક્યો હતો કે તેમને માત્ર **નવજીવન**નું તંત્રીપણું લઈને બેસી જવું પાલવે એમ નહોતું તેઓ ઇચ્છે તોપણ લોકો તેમને તેમ કરવા દે તેમ નહોતા. તેથી ગુજરાતમાં ભરાતી અનેક નાનીમોટી પરિષદોમાં તેમને નિમંત્રવામાં આવતા. આવા પ્રસંગોએ મહાદેવભાઈ દેશમાં રેંટિયા ચાલુ કરવાનો સંકલ્પ બાકી હતો તેની યાદ અપાવતા. અસ્પૃશ્યતાનિવારણ અને દારૂતાડી છોડવાની વાત કરતા. રચનાત્મક કામ અંગે દેશનું ધ્યાન ખેંચવામાંથી તેઓ કદી ચૂકતા નહીં. વસ્તીના ત્રણ કે ચાર હજાર માણસો દીઠ એક એક સત્યાગ્રહી ઊભો

થવો જોઈએ એવો ઠરાવ કૉંગ્રેસમાં થઈ ગયો હતો, તેની પણ મહાદેવભાઈ વારંવાર યાદ દેવડાવતા રહેતા. એમનું મુખ્ય કામ જુદ્ધે ચડેલા દેશનો જુસ્સો ટકાવી રાખવાનું હતું.

સુરત જિલ્લામાં એક સન્માન સમારંભના જવાબમાં આપેલાં તેમનાં વચનો જુઓ:

ઉત્તર હિંદુસ્તાનમાં થયેલી અમારી નિરાશા પછી અમને આ તરફ આવી ભારે આશા બંધાઈ છે. ખાસ કરીને આ જિલ્લામાં થયેલો ખાદીનો પ્રચાર આશા આપે છે. જ્યાં સુધી દયાળજીભાઈનાં પૂજ્ય માતુશ્રી આપણી વચ્ચે ઘૂમી રહ્યાં છે ત્યાં સુધી બહેનો વિશે નિરાશ થવાનું કશું કારણ નથી. જ્યાં સુધી અનેક નિરાશાથી પાછા ન હઠનારા દયાળજીભાઈ — ચાર મહિનામાં આપણી પાસે (જેલમાંથી પાછા) હિસાબ લેવા તેઓ હાજર થશે. કલ્યાણજીભાઈ અને એમની ટોળી કાયમ છે ત્યાં સુધી યુવાનોને માટે નિરાશ થવાનું કારણ નથી. જ્યાં સુધી અબ્બાસસાહેબ જેવા પોતાનાં કાર્ય કરવામાં ઉત્સાહથી યુવાનોને શરમાવતા ધુરંધરો આપણી વચ્ચે છે ત્યાં સુધી આપણે કેમ નિરાશ થઈએ? આપણે કેમ થાક અને કાયરતાનાં વચનો ઉચ્ચારીએ? બીજો કયો ત્રીસ કરોડની વસ્તીનો દેશ આવા ધર્મયુદ્ધ ઉપર અગાઉ ચડ્યો હતો? કે એનો આપણે દાખલો લઈએ? હિંસક શસ્ત્રો વડે સ્વતંત્રતાની લડત લડનાર દેશોને પણ વર્ષોનાં વર્ષો ગયાં છે; તો આપણી તો અહિંસા અને અસહકારનાં કઠણ શસ્ત્રો વડે લડવાની લડાઈ રહી. આપણે કેમ અધીરા થઈએ? આપણી અધૂરી લડતથી પણ આપણે જર્મની જેવી શૂરી પ્રજાનું ધ્યાન ખેંચ્યું છે, અને અનુકરણ મેળવ્યું છે. આપણે કેમ નિરુત્સાહી થઈએ? જગતમાં કદી ન વપરાયેલી એવી શાંત યુદ્ધનીતિ આપણે જગતને ભેટ કરવાની છે. એ ભેટ કેવળ રચનાત્મક કાર્યક્રમના નિશ્ચલ પાયા ઉપર રચાયેલા અસહકારથી જ થઈ શકે.[૫૨]

અલબત્ત, જ્યારે મહાદેવભાઈએ પોતાના સૌથી પ્રિય એવા વિષય, ગાંધીજી ઉપર બોલવાનું આવે ત્યારે તેઓ માણેકઠારી પૂનમના ચાંદાની જેમ સોળે કળાએ ખીલી ઊઠતા. અમદાવાદની એક જાહેરસભામાં ૧૯૨૩ની ગાંધીજયંતીને દિવસે આપેલ તેમનું પ્રવચન મોટી વિદ્વત્સભામાં શોભે તેવું હતું. એક પ્રવચનમાં ગાંધીવિચારનો સાર એ જ આપી શકે જેણે એ ‘સિંહણ કેરું દૂધ’ જીરવ્યું હોય. આખા પ્રવચન સારુ તો અમે વાચકોને *મહાદેવભાઈની ડાયરી* ભાગ-૧૮, પૃષ્ઠ ૧૬૧થી ૧૬૭ જેવા ભલામણ કરીશું. અહીં તો આપણે રસનાં થોડાં છાંટણાં જ સમાવી શકીશું:

ગીતાના બારમા અધ્યાયના પંદરમા શ્લોકમાંથી: यस्मानोध्वजिते लोको,

लोकान्नो ध्वजित`च य: ('જેથી દુભાય ના લોકો, લોકોથી જે દુભાય ના') ટાંકીને મહાદેવભાઈ કહે છે કે તેમાં ગાંધીજીના જીવનનું રહસ્ય આવી જાય છે. ભક્ત વિશેનું એ વચન સિદ્ધ કરવા જ એમણે સત્ય અને અહિંસા એ બે મહાવ્રતોથી પોતાના જીવનને બાંધ્યું. મહાદેવભાઈ ઉપર લખેલ એક પત્રમાં ગાંધીજીએ કહેલું વચન ટાંકે છે. એનું છેલ્લું વાક્ય આમ છે: 'મારી તપશ્ચર્યાની તો મારી પાસે કશી કિંમત જ નથી... મારું સત્ય તો મારું જ છે... મારી અહિંસા ઘણી ઉગ્ર છે. અને તે બેના સંગમથી જે સત્યાગ્રહ ઉત્પન્ન થયો છે તે ખરેખર અવર્ણનીય છે.'૫૩

૧૯૧૯થી પહેલાંના અને તે પછીના દેશના રાજપ્રકરણની તુલના કરી મહાદેવભાઈ સત્ય ને અહિંસાનું રહસ્ય સમજાવે છે. તે સમજાવવામાં તેઓ પતંજલિના अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्याग: (અહિંસામાં પ્રતિષ્ઠિત થયે યોગીની સંનિધિમાં વેરનો ત્યાગ થાય છે) અને सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् (સત્યનિષ્ઠ માણસ વાક્સિદ્ધિ પ્રાપ્ત કરે છે. એની વાણી અમોઘ થાય છે. ) એ બે સૂત્રો ટાંકે છે.૫૪

તે કાળે દેશમાં ઠેકઠેકાણે પ્રગટ થતાં હિંસક છમકલાંની તરફ આંગળી કરી મહાદેવભાઈ કહે છે:

સરકારે ગાંધીજીને જેલમાં પૂરીને પોતાને જ નુકસાન કર્યું છે. 'અહિંસા અને સત્યરૂપી અમૃત લોકો આગળથી ખસેડી લેવામાં આવ્યાને લીધે વિવિધ પ્રકારનું વિષ ઊભરાઈ રહ્યું છે.' છેવટે મહાદેવભાઈ આશા વ્યક્ત કરે છે કે 'કાળે કરી આપણે આપણા અમોલા ધનને પૂરું ન પારખવાની ભૂલ સમજશું. કાળે કરીને આપણામાં સાચી ધર્મનિષ્ઠાનો ઉદય થશે. અને કાળે કરીને સત્તાથી છકેલી સરકાર પણ પોતાનું હિત શેમાં રહેલું છે તે સમજશે.'૫૫

પરંતુ ગાંધીજી વિશે 'સત્ય અને અહિંસાના અલૌકિક અવતારપુરુષ' એમ કહેવા અને માનવા છતાંયે એમની જોડેના મતભેદો પણ પ્રગટ કરવાનું મહાદેવભાઈ ચૂકતા નથી. ગાંધીજી એમ માને છે કે 'આ જમાનામાં રાજદ્વારી સંન્યાસી જ સંન્યાસને દીપાવી શકવાનો છે. બીજા, ભગવું લજવનારા જ હશે.'૫૬ મહાદેવભાઈ આ વાક્યને વધારે પડતું માને છે. તેથી ગોખલેજીનાં ભાષણોનાં ભાષાંતરની પ્રસ્તાવના લખતા હતા ત્યારે ગાંધીજી સાથે તેમને ચર્ચા થયેલી. શંકરાચાર્ય, દયાનંદ, પરમહંસ જેવા પણ રાજદ્વારી

સંન્યાસીઓમાં જ આવી જાય એવાં ગાંધીજીએ આગ્રહ ધર્યો ત્યારે મહાદેવભાઈએ દલીલ કરી હતી, 'ત્યારે તમે અવધૂતોને બાતલ કરો છો, કેમ? "તત્ત્વચીનેલા" એવા આત્માઓને આપ ભગવું લજવનારા કહો?' ત્યારે ગાંધીજી કહે છે કે, 'ના, તેમને તો નહીં જ કહું. તત્ત્વ જાણ્યા વિનાનો સંન્યાસ જૂઠો છે એટલું જ મારું કહેવું છે.' એટલું સ્વીકાર કરી અંતે 'બીજા પ્રાયઃ ભગવું લજવનારા હશે' એટલો સુધારો કરે છે. તેની ઉપર ટીકા કરતાં મહાદેવભાઈ કહે છે, 'પ્રાયઃ શબ્દ ઉમેરીને એમણે કેટલાક અવધૂત સાધુસંન્યાસીઓને પોતાના આક્ષેપોમાંથી બચાવ્યા; પણ એવા એવા અવધૂત વિશેનો એમનો અવિશ્વાસ એમના મનમાંથી કેવળ દૂર થયો એમ હું નથી માનતો.' ગાંધીજીની આટલીક ટીકા કરતાં જ પાછો મહાદેવભાઈનો માંહ્યલો ભક્ત જાગે છે. એટલે તેઓ ચોખવટ કરે છે, 'આનું કારણ સ્પષ્ટ છે. એમણે પાખંડ એટલું બધું જોયેલું હતું કે કાંઈ નહીં તો તે પાખંડને દૂર કરવાને માટે પણ એમણે કર્મયોગ જ સાધ્યો. સંસારથી વિરક્ત થઈ મુક્તિ મેળવવાની આશા છોડી સંસારીઓમાં રહી તેમનાં દુઃખ અને આધિવ્યાધિ પોતાનાં કરી પોતાની મુક્તિ સાધવાનો મંત્ર એમણે પોતાનો કર્યો.'૫૭

ગાંધીજીએ સત્ય-અહિંસાનાં મૂલ્યો દ્વારા દેશના રાજકારણને એક નવો આયામ આપ્યો એમ મહાદેવભાઈ માને છે. ૧૯૧૯ પહેલાંના રાજકારણમાં અંગ્રેજો પ્રત્યે વેરભાવ હતો. તે વખતના રાજકારણી લોકોના મહાદેવભાઈ ત્રણ પ્રકાર જણાવે છે: એક સરકાર પાસે અરજી-પ્રાર્થના કરનારા — જે લોકોનું બળ સમજતા નથી. બીજા પોતે સરકાર પ્રત્યે ખીજ દેખાડીને સરકારની ખીજ વહોરનારા અને ત્રીજા છળપ્રપંચમાં સરકાર જોડે હરીફાઈ કરનાર. ગાંધીજીનાં સત્ય-અહિંસાએ આ ત્રણે પ્રકારની ભૂમિકાને જ બદલી નાખી. તેને લીધે હસતાં હસતાં જેલ જનાર હજારો લોકોએ વૈરત્યાગ કર્યો, મોટા ભાગની જનતા નિર્ભીક બની. અરજી ગુજારવાનો વખત વહી ગયો અને ગાંધીજીના શબ્દોમાં કહીએ તો માત્ર 'સત્યની મુત્સદ્દીગીરી' જ બાકી રહી. આમ સત્ય-અહિંસાના પ્રવેશથી ભારતના રાજકારણમાં નવું પરિમાણ ઊપસ્યું. પણ સત્ય-અહિંસાથી હજારો ગાઉ દૂર રહેનાર સરકારે ગાંધીજીને જેલમાં પૂરીને લોકોથી હજારો ગાઉ દૂર મૂકીને પોતાના પગ પર જ કુહાડો માર્યો છે એમ મહાદેવભાઈ જણાવે છે. આમ મહાદેવભાઈ પોતાનાં પ્રવચનોમાં ગાંધીદૃષ્ટિએ ભારતનાં ઇતિહાસ અને રાજકારણનું પૃથક્કરણ કરતા.

સરકારી વકીલે કાકાસાહેબના લેખોને વાંધાભરેલા તરીકે વર્ણવ્યા. એ લેખોમાં

રાજ્યદ્રોહ થાય છે એવો સરકારી વકીલનો મત હતો. એને ધ્યાનમાં રાખીને મહાદેવભાઈ કહે છે:

સરકારની સાથે અથડામણમાં આવવાની જરૂર વિશેનાં વાક્યો તમને બહુ આકરાં લાગ્યાં. જેવી સરકારને રાજ્યદ્રોહ જેવી વસ્તુ ખૂંચે, તેવી પ્રજાને પ્રજાદ્રોહ જેવી વસ્તુ ખૂંચે છે. સરકારે અનેક કાર્યોથી પ્રજાદ્રોહ કર્યો. તે કાર્યો ગણાવતાં ગણાવતાં ગાંધીજીનું ગળું બેસી ગયું. તેમનું ગળું બંધ કરવા માટે સરકારે તેમને જેલમાં પૂર્યા, છતાં પ્રજાદ્રોહનાં કૃત્યો કરવામાં તો પાછી પાની ન જ કરી. સરકારી વકીલ પણ એમ ન કહી શક્યા કે અહિંસક લોકોને મારવાના અને તેમનું અપમાન કરવાના આરોપમાંથી સરકાર મુક્ત છે... સરકારને એ કૃત્યો આપણને લાગે છે તેવાં હીન નથી લાગતાં એ આપણે સૌ જાણીએ છીએ. પોતાને હીન લાગતાં હોય છતાં, તેવાં કૃત્યો સરકાર કર્યે જાય એટલી બધી સરકાર નષ્ટ નથી થઈ ગઈ એવી આપણી શ્રદ્ધા છે; એટલે જ એમને વારંવાર એમનાં પાપોનો ખ્યાલ કરાવી એમની પાસે પ્રાયશ્ચિત્ત કરાવવાની અહિંસક અસહકારની હિલચાલ પ્રજાએ ઉપાડેલી છે.૫૮

આંદોલન ઓસરતું હતું ત્યારે મહાદેવભાઈ વિવેક કરવાની સલાહ આપે છે:

સ્થળેસ્થળ આભ ફાટ્યાં છે ત્યાં હાથ ક્યાં દઈએ? — એ એક વૃત્તિ છે. એનું પરિણામ સહકારમાં સરી જવામાં જ આવી શકે. આભ ફાટ્યાં જ નથી એમ માનીને ધસ્યા જવું એ બીજી વૃત્તિ છે. એમાં વિનાશ છે. આભ ફાટ્યું છે, જ્યાં હાથ દેવાય ત્યાં દઈને બેસી રહેવું એ ત્રીજી વૃત્તિ છે. એમાં વિવેક રહેલો છે, પાછા બેઠા થવાની આશા રહેલી છે. કોઈ એક કાર્યક્ષેત્ર પકડીને બેસો, ને કાર્યક્ષેત્રમાં સિદ્ધાંતોનાં મૂળ મજબૂત કરો, ત્યાં લોકોમાં રહી, લોકોના થઈ, તેમને તમારી કૃતિથી કલ્યાણનો માર્ગ બતાવો. આ સલાહ એ ત્રીજી વૃત્તિમાંથી ઉદ્દભવેલી છે.૫૯

અવારનવાર પ્રવાસ દરમિયાન બનતા પ્રસંગોને વર્ણવીને મહાદેવભાઈ એની ઉપરથી પોતાના વિચારને સમજાવતા તેથી એમની વાત વધુ અસરકારક બનતી. એક ઉદાહરણ જુઓ:

જબલપુરના સ્ટેશન ઉપર એક ફળવાળો અમારામાંના એકનાં કપડાં ઉપર હાથ લગાડી, કંઈક શરમ અને કંઈક આનંદ સાથે કહેવા લાગ્યો, 'સાહેબ આ ખાદી કે?' 'હા ખાદી, તે ખાદી કેમ નથી પહેરી?' એના મોં ઉપર વિષાદની છાયા પથરાઈ ગઈ. એણે ગાળના શબ્દો વાપરેલા તે બાદ કરીને એનો જવાબ આપી દઉં: 'આ તો કસાઈખાનું

છે, આ સ્ટેશન નથી. અહીં ખાદી પહેરું તો મને કોઈ ઊભો ન રહેવા દે. અહીંથી જઈ બહાર બજારમાં ખાદી જ પહેરું છું.

કેવી ભયંકર દશા છે! જે માણસો રેંટિયા બળાવતાં આંચકો ખાય નહીં, જેઓ ખાદીની ટોપી બાળતાં આંચકો ખાય નહીં, તેઓ સ્ટેશનના નોકરોને પણ આવી રીતે નાનકડો ધંધો કરીને રોજી કમાનારા ઉપર જુલમ કરવાની ફરજ પાડે એમાં નવાઈ શી? સ્ટેશનો ઉપર કામ કરનારાઓ શેના ઓશિયાળા છે એની સમજણ પડતી નથી. બધા ભેગા મળી ખાદી જ પહેરવાનો નિશ્ચય કરે તો કંપનીઓ૬૦ તેમને એક દિવસ પણ રજા આપી શકે એવી સ્થિતિમાં નથી. એ ફળ વેચનારાનું 'આ તો કસાઈખાનું છે' એ વાક્ય મારી છાતીમાં પેસી ગયું. તેનો પૂરો અર્થ કદાચ એના ખ્યાલમાં નહીં હોય; પણ મને તો એ વાક્ય આખા દેશને લાગુ પડતું લાગે છે. જ્યાં આપણા જ લોકો આપણી સ્વતંત્રતાનો ધ્વંસ કરવાને પ્રવૃત્ત હોય, આપણા જ લોકો અહર્નિશ પોતાના આત્માના નાદને સાંભળ્યા વિના ક્ષુલ્લક સ્વાર્થથી જ દોરાયેલા રહે, જ્યાં પોતે કર્તવ્ય ન કરનાર.૬૧ બીજાને પણ કર્તવ્ય કરતાં રોકે, ત્યાં તે પ્રત્યેક આત્મા હણાઈ રહ્યો નથી તો શું? અને જ્યાં એ ખૂન હરઘડી થઈ રહ્યાં છે તેને 'કસાઈખાનું' નહીં તો બીજું શું ઇનામ આપી શકાય?૬૨

આવા પ્રસંગોમાં પ્રત્યક્ષ સત્યાગ્રહીઓ કે તેમના આપ્તજનોના પ્રસંગ કાર્યકર્તાઓ સારુ વધુ અસરકારક પુરવાર થાય એવા છે. નાગપુરમાં દરબાર સાહેબ ગોપાળદાસને છ માસની સખત અને એક માસની સાદી સજા થઈ જોઈ ભક્તિબા એમ કહે છે કે, 'આ તો છ ખાંડના લાડુ અને એક ગોળનો લાડુ મળ્યો.'૬૩ તો એની નોંધ નવજીવન૬૪માં લીધા વિના મહાદેવભાઈ શાના ચૂકે? મધ્ય પ્રદેશના નરસિંગપુરનો નીચે આપેલો પ્રસંગ ખરેખર કરુણ હોવાની સાથે પ્રેરક બની જાય છે:

નરસિંગપુરના ભાઈ શંકરલાલને પકડ્યા પછી એમનાં પત્ની બેહોશ થઈ ગયાં, અને થોડા કલાકમાં તેમનું મૃત્યુ થયું. મૃત્યુ પહેલાં સગાંવહાલાંઓએ જઈને ખબર આપેલા, અને જામીન આપીને સ્ત્રીને જોવા પૂરતી છૂટી મેળવવાની સૂચના કરેલી. એઓ એમ કરી શકતા હતા, પણ એમણે ચોખ્ખી ના જ પાડી. જામીન આપીને છૂટવાની સૂચનાથી એમને ભારે દુઃખ થયું. મૃત્યુની ખબર મળતાં એમણે માત્ર એટલું જ કહ્યું, 'ખાદીનું કફન

પહેરાવજો અને ઉત્તરક્રિયા કરજો. ઉત્તરક્રિયા કરવા માટે બહાર પૂરતાં સગાંવહાલાં છે.' શંકરલાલ શૂરા હતા, કાયર ન હતા.૬૫

ડાકોરના અણકોટ લૂંટવાના પ્રસંગ અંગે ત્યાંની ગરીબ પ્રજાએ શાંત સત્યાગ્રહનો નમૂનો પેશ કરીને સરકારને ચકિત કરી દીધેલી તેનું વર્ણન મહાદેવભાઈ તા. ૧૮–૧૧–'૨૩ના **નવજીવન**ના અંકમાં ખૂબ રસપૂર્વક આપે છે.

આ જ કાળમાં બોરસદની પ્રજાએ હૈડિયાવેરા સામેના સત્યાગ્રહમાં પૂરી જીત મેળવી હતી. વલ્લભભાઈની સાથે મહાદેવભાઈએ પણ બોરસદનાં ગામડાંઓ ખૂંદ્યાં હતાં. તે ચળવળનું રસાળ વર્ણન **નવજીવન**૬૬ના પાનાંનાં પાનાં ભરે તેમાં નવાઈ પામવા જેવું નહોતું. બોરસદની જીત પછી વલ્લભભાઈએ આપેલું ધીરગંભીર ભાષણ પણ મહાદેવભાઈ **નવજીવન**માં લગભગ શબ્દેશબ્દ છાપે છે. એ પ્રવચનમાં તેમને ગાંધીજીના શબ્દોના જ પડઘા સંભળાતા હતા.

મહાદેવભાઈએ કોકનાડાની કૉંગ્રેસનું વર્ણન પણ એટલું જ રસપૂર્વક આપ્યું છે. આવાં વર્ણનો દ્વારા તેઓ આખા દેશના આંદોલનને જીવતું રાખતા હતા.

મહાદેવભાઈની વિદ્વત્તા અને એમના વિશાળ વાચનને લીધે કોઈ પણ વિચાર સમજાવવા માટે એમને દેશવિદેશના સાહિત્યમાંથી આબાદ દાખલાઓ મળી રહેતા. રોમન સામ્રાજયના ઇતિહાસમાંથી એક સચોટ ઉદાહરણ જુઓ:

એક જૂની રોમન કથા યાદ આવે છે. એક વાર રોમની જાહોજલાલીનો પાર નહોતો. બાદશાહ આરસના અથવા સોનાના મહેલમાં રહેતો, અને કૉલિઝિયમના આલીશાન નાટ્યગૃહમાં અનેક ખેલો થતા. પ્રથમ જ્યારે ખ્રિસ્તીઓ ઉપર ભારે ત્રાસ ગુજરતો હતો ત્યારે ખ્રિસ્તીઓ બિચારા ભોંયરામાં ભરાઈને પોતાનો બચાવ કરી લેતા. આ દિવસોમાં કૉલિઝિયમમાં તરેહતરેહના રંગ થતા. ગૅલરીઓ ચાળીસ-પચાસ હજાર માણસથી ભરાઈ જતી, અને સૌ જંગલી પ્રાણીઓની લડાઈ જોવા, સિંહોથી ખ્રિસ્તીઓને ગળાઈ જતા જોવા, એક ખેલાડીને બીજા ખેલાડીને હરાવી મારી નાખતો જોવા ત્યાં આંખ માંડીને બેસતા. જ્યાં મનુષ્યો મનુષ્યો લડતા ત્યાં લડનારાઓ કાં તો ગુનેગારોમાંથી અથવા ગુલામોમાંથી પસંદ કરવામાં આવતા. લડવા ભેગા થાય તે વેળા લડવાથી ડરી જનારને ફટકા અથવા તાતા સળિયાથી ઉશ્કેરવામાં આવતા. આમાંથી જ્યારે એક ઘાયલ થતો ત્યારે તમાશબીનો હર્ષનાદ કરતા, જીતનાર માણસ અમુક નિશાની કરીને એમને પૂછતો

કે હારેલાને મારી નાખવો કે જિવાડવો. તમાશબીનો પોતાની ઇચ્છા પ્રમાણે હારેલા લડવૈયાને મરવા અથવા જીવવા દેવા.

વર્ષોનાં વર્ષો સુધી આ ઘાતકી-જંગલી તમાશાઓ ચાલ્યા. લોકોનાં મન પણ એ હંમેશાનાં દશ્ય જોઈને ઘાતકી થઈ ગયાં હતાં. ખ્રિસ્તીઓની જેમ જેમ અસર પડવા માંડી તેમ તેમ એના તરફ કાંઈક ઘૃણા ઉત્પન્ન થવા લાગી. છતાં ખરી ધૃણા ખ્રિસ્તીઓને પણ નહોતી ઉત્પન્ન થતી. સંત ઑગસ્ટિનના अेकरारोમાં એક કિસ્સો આપ્યો છે. તેના એક મિત્રને પરાણે કૉલિઝિયમમાં લઈ જવામાં આવ્યો હતો. તેનાથી પેલાં દશ્યો નહીં ખમી શકાયાં એટલે તેણે આંખો બંધ કરી. એવામાં એક ભારે અણીનો પ્રસંગ આવ્યો ત્યારે સૌ બૂમો પાડી ઊઠ્યા. બૂમોથી તેની આંખ ઊઘડી ગઈ. લોહીની છાંટ ઊડતી જોઈને તેને પણ તે દશ્ય જોવાની લાલસા ઉત્પન્ન થઈ; મન ડંખતું હતું, છતાં આંખ દોડતી હતી.

ઈશુનાં ૪૦૦ વર્ષ સુધી આ દશા રહી. પછી એક ભારે કિસ્સો બન્યો. ગોથ લોકો રોમ ઉપર ચડી આવ્યા. રોમમાં તે વેળા એક ગાંડોગબલો રાજા હતો. રોમ પડવાની તૈયારી ઉપર હતું, પણ આખરે એક શૂરવીર સરદાર જાગ્યો. એણે ગોથ લોકોને ભગાડ્યા. તે દિવસે આનંદનો પાર ન હતો. લોકો હરખઘેલા થઈને સ્વાભાવિક રીતે જ કૉલિઝિયમમાં તણાયા. પશુઓના ખેલ તો હતા જ, અનેક પશુઓ મરાયાં. ત્યાર પછી પ્રથમના લડવૈયા જેવા લડવૈયાઓ ભાલાં અને તલવાર લઈને નીકળી પડ્યા. લોકો હરખભેર જેવા લાગ્યા. લડાઈ જામી. તેવામાં એક અદ્‌ભુત બનાવ બન્યો. સમરાંગણમાં એક વૃદ્ધ આવીને ઊભો રહ્યો. માથે ટોપી ન હતી, પગે જોડા ન હતા. તે, લોકોને લડતા અને લોહીલુહાણ કરતા અટકાવવા લાગ્યો. ટોળાંએ બૂમો પાડી તેને પોતાનો બકબકાટ ઓછો કરવા અને ત્યાંથી ભાગવા કહ્યું. પણ પેલો તો ચોંટી જ રહ્યો. લડવૈયાઓ પણ આગળ પડ્યા, અને તેને ધક્કો માર્યો. પણ પેલો પાછો ઘસી તેમની વચ્ચે આવીને ઊભો રહ્યો. એટલે ક્રોધે ભરાયેલાં ટોળાંઓમાંથી પથ્થરનો વરસાદ પડ્યો, અને લડવૈયાઓએ તેના ચૂરેચૂરા કરી નાખતાં વાર ન લગાડી. ડોસો રોમના પ્રેક્ષકોની આંખ આગળ મરણ પામ્યો.

આ વૃદ્ધ ટેલિમેક્સ નામનો સાધુ હતો. દુનિયાની દુષ્ટતાઓથી કંટાળી આ સાધુ જંગલમાં જઈ પહાડો ઉપર જ રહેતો હતો. રોમમાં મંદિરે આવ્યો હતો, ત્યાં એણે કૉલિઝિયમ તરફ લોકો ઊભરાતા જોયા, અને તેમની પામરતા તરફ દયા લાવી, તેમની નિર્દયતાને અટકાવવા અથવા મૃત્યુમુખે હોમાવા તે નીકળી પડ્યો હતો. તે મરણ

પામ્યો, પણ તેના મરણનું પરિણામ આવ્યા વિના ન રહ્યું. રોમનાં કરુણ અંતરો તેના મરણની વાત સાંભળી ચિરાયાં, અને નગરની નિર્દયતાની સામે ભારે બળવો ઊઠ્યો. તેને પરિણામે કૉલિઝિયમની લડાઈઓ સદાને માટે બંધ થઈ. ટેલિમેક્સે મરીને હજારોને મરતા અટકાવ્યા.

હિંદુ-મુસલમાનોના ઝઘડા આજે રોમના ગ્લેડિયેટરો૬૭ની લડાઈ જેવા થવા બેઠા છે. બંને કોમોમાંથી કોઈ ટેલિમેક્સ નીકળશે?૬૮ તે જ પ્રમાણે આધુનિક કાળમાં પ્રથમ વિશ્વયુદ્ધ પછી રૂહર નામના જર્મનીના ફ્રાન્સે કબજે કરેલા ભાગમાં શાંતિમય અસહકારનો કિસ્સો બન્યો તેનું જીવતુંજાગતું ચિત્ર ખડું કરીને મહાદેવભાઈએ ભારતમાં અસહકારની લડાઈએ ચઢેલા લોકો આગળ ધર્યું હતું.

પણ મહાદેવભાઈ પોતાના વિશાળ વાચનનો ઉપયોગ કેવળ અન્ય દેશોના અસહકારના દાખલા આપવામાં જ કરતા એમ નહીં. દેશવિદેશનાં પત્ર-પત્રિકાઓમાં કાંઈક અવનવું વાંચવા મળે તો તે પણ નવજીવનના વાચકો સુધી પહોંચાડવા તેઓ ઉત્સુક રહેતા. સ્ટ્રેન્ડ નામના સામયિકે જગતના કેટલાક મોટા લોકોને એમની દૃષ્ટિએ સાત સાત ચમત્કૃતિઓ વર્ણવવા વિનંતી કરી. મજૂરોના પ્રતિનિધિ મિ. કલાઇન્સ ઇંગ્લંડની ઝૉંપડપટ્ટીઓને પ્રથમ ચમત્કૃતિ તરીકે વર્ણવી કહે છે કે ધન્ય છે એ ચમત્કૃતિ ઉત્પન્ન કરનાર સંજોગો સાંખી લેનાર ખ્રિસ્તી પ્રજાને!

આવી થોડી ચમત્કૃતિઓ વર્ણવ્યા પછી મહાવેદભાઈ કહે છે, 'આપણી ભુવનમનમોહિની ભૂમિ આજે ખોબા જેટલા અંગ્રેજોને અધીન થઈ બેઠી છે તેયે એક મહાચમત્કૃતિ જ ગણાવી જોઈએ.'૬૯

મહાદેવભાઈ નવજીવનના તંત્રી હતા તે કાળ દરમિયાન નવજીવન મુદ્રણાલયમાં પુસ્તકો છાપવાનું પણ શરૂ થઈ ગયું હતું. પાછળથી તેણે વ્યવસ્થિત 'નવજીવન પ્રકાશન મંદિર'નું સ્વરૂપ લીધું. મહાદેવભાઈએ પોતાની જવાબદારી ઉપર એક વિશિષ્ટ પ્રકારનું પુસ્તક છપાવ્યું. તે હતું ગાંધીજીના હિંદ સ્વરાજની ગાંધીજીના હસ્તાક્ષરની આવૃત્તિ. આ પુસ્તક અંગે 'ઘેર ઘેર ગાંધીજીના હસ્તાક્ષર' એવા શીર્ષક હેઠળની નોંધમાં તેઓ પોતે જ લખે છે:

ગાંધીજીના હસ્તાક્ષરે લખેલી એક કાપલી પણ હેતથી સાચવનારા મેં ઘણા જોયા છે —મેં તો સાચવવાનો પ્રયત્ન કર્યો છે. ગાંધીજીને પોતાને હાથે લખેલા લખાણ વિશે ભારે

મોહ છે. અગત્યના પત્રો, ખાસ સ્નેહીને લખવાના પત્રો, તેઓ પોતાની બરુની કલમ વતી હાથે જ લખવાનો આગ્રહ રાખતા, એટલું જ નહીં પણ જે પત્રો મારી પાસે લખાવતા તે પણ મારે હાથે લખેલા જ જાય, ટાઇપ થઈને ન જાય – એવો તેમનો આગ્રહ હતો. આનું કારણ ઘણી વાર તેઓ એ કહેતા કે, છાપેલું લખાણ નિર્જીવ છે, હાથે લખેલું સજીવ છે. બધાંનાં લખાણ સજીવ હોય કે નહીં તે તો કેમ કહેવાય, પણ દરેક લેખકનું વ્યક્તિત્વ તેના અક્ષરમાં ઊતરે છે. ગાંધીજીની જાદુઈ શક્તિ તેમના અક્ષરેઅક્ષરમાં ઓપતી લાગે છે. કવિતાને કવિએ 'આત્માની કળા' કહી છે, હસ્તાક્ષર પણ એક રીતે આત્માની કળા છે. ગાંધીજીના नवजीवन અને यंग इन्डियाમાં આવતા લેખ તેમના હસ્તાક્ષરમાં જ અપાય તો કેવું સારું, એમ મને વારંવાર થયા કરતું. એ વાત કોરે રહી, પણ આપણા આ યુગની ગીતા — हिंद स्वराज — ગાંધીજીના અક્ષરે જ લખેલું ઈશ્વરકૃપાએ ગુજરાતને આપવાનું બની શકે છે. એ પુસ્તક ગાંધીજી જ્યારે કિલ્ડોનન કેસલ આગબોટ ઉપર ઇંગ્લંડથી દક્ષિણ આફ્રિકા આવતા હતા ત્યારે આગબોટ કંપનીના નોટપેપર ઉપર જ લખાયેલું હતું. એટલે લખાણ આખું એકધારું છે – માત્ર જ્યાં જ્યાં જમણે હાથે લખીને થાક્યા ત્યાં ત્યાં થોડો સમય જમણાને આરામ આપવામાં ડાબા હાથનો ઉપયોગ થયેલો છે. આ નોટપેપરો જેવા ને તેવા અત્યાર સુધી સચવાઈ રહ્યા છે એમાં પણ કાંઈ ઈશ્વરી સંકેત જ હશે ને? એના 'બ્લૉક' કરાવી એ ગુજરાતી આલમને ગાંધીજીના જન્મદિને જ આપવામાં આવશે. આશા છે કે વાચકો એ હસ્તાક્ષરવાળી પ્રત મેળવી તેનું પારાયણ કરશે અને એ ગીતાના મોંઘા મંત્ર નવીન ભાવથી પોતાના હૃદયમાં ઉતારશે.૭૦

વલ્લભભાઈ સાથે મહાદેવભાઈ હોય ત્યારે તેમના વિનોદને તો મહાદેવભાઈ લોકો આગળ યથાતથરૂપે આપ્યા વિના રહે જ શાના? કોકનાડા કૉંગ્રેસ વખતનો તેવો એક કિસ્સો:

કોકનાડા જવા માટે સામલકોટ ગાડી બદલવી પડે છે. સામલકોટથી કોકનાડાનો માત્ર દસ-પંદર મિનિટનો રસ્તો છે. પણ અમે જે ગાડીમાં ગયા તેનું એન્જિન રસ્તામાં માંદું થયું, અને કોકનાડા પહોંચતાં બેક કલાક લાગ્યા. ટ્રેનનો એન્જિનની પાસેનો ડબ્બો ગુજરાતીઓનો હતો. ત્યાર પછીનામાં અલીભાઈઓ હતા. એટલે કોકનાડા પહોંચીને મૌ. મહમદઅલી શ્રી વલ્લભભાઈને કહે, 'ગુજરાતની આગેવાની નિષ્ફળ ગઈ.' શ્રી વલ્લભભાઈએ તરત જ જવાબ આપ્યો, 'અલીભાઈઓની બ્રેક બહુ ભારે થઈ પડી.૭૧

મહાદેવભાઈ આ અરસામાં મૌલાના મહમદઅલી અને શૌકતઅલી પર ફિદા હતા. મહમદઅલી અમદાવાદ આવ્યા ત્યારે તેમની એક લાંબી મુલાકાત મહાદેવભાઈ ૪–૧૧–'૨૩ના **નવજીવન**માં છાપે છે. તેમના જેલના અનુભવોમાં 'મ્હાવા' નામના એક ગુનેગાર કેદીનું ચિત્રણ તો ભલભલા પથરાને પીગળાવે તેવું છે:

એક 'મ્હાવો' કરીને ભંગી ફાંસીની સજા ખાઈને આવ્યો હતો. તેનો કિસ્સો કહેતાં કહેતાં મૌલાના અપાર આવેશમાં આવી જાય છે અને સામાની ઉપર પણ અજબ અસર પાડે છે. મ્હાવો બિચારો એક વાર નશામાં ચકચૂર થઈ પોતાની ગર્ભવતી સ્ત્રીનું ખૂન કરીને આવ્યો હતો. સજા પછી અપીલ વગેરે થયા પછી, ફાંસીનો દિવસ નક્કી થઈ ચૂક્યો હતો. અને આ ફાની દુનિયા ઉપર રહેવા વિશે તેણે હાથ ધોઈ નાખ્યા હતા. મૌલાનાની પાસે પાસે જ તેની ખોલી હતી. તેનો મૌલાના સાથે પ્રસંગ પડતાં મૌલાનાએ આખી વાત તેને પૂછી. મૌલાના કહે છે કે સાચા પશ્ચાત્તાપથી તેણે બધી વાત મારી આગળ કરીને જણાવ્યું કે, 'મને સજા થઈ છે તે વાજબી થઈ છે, હવે તો જેટલી ઘડી રહી છે તેટલી ઘડી કિરતારનું ભજન કરવામાં મજા છે.' એક દિવસ રાત્રે પાસેથી નાચવાનો અને ગાવાનો અવાજ આવ્યો. પેલા ભાઈ કિરતારના ભજનમાં ગુલતાન થઈ નાચતાં નાચતાં ગાતા હતા:

'કર લે સિંગાર ચતુર અલબેલી,
સાજન કે ઘર જાના હોગા;
માટી બિછાના, માટી ઓઢાના,
માટી કા સિરહાના'72 હોગા.'

આ પ્રસંગ કહેતાં મૌલાનાની આંખમાં પાણી આવી ગયાં. આ રાત પેલાની ફાંસીએ જવાની આગલી રાત હતી. ફાંસીનો હુકમ મળ્યો કે બહાદુરની માફક નીકળ્યો, જે માંચડા ઉપર જઈને ફાંસી લેવી પડે છે તેના ઉપર દોડતો દોડતો હસતો હસતો ચડ્યો. માથા ઉપર ફાંસી ખાનારની ટોપી પહેરાવવામાં આવતાં જ પોકાર કર્યો, 'મહાત્મા ગાંધી કી જે,' — આખી જેલમાં કેદીઓએ પડઘો આપ્યો: 'મહાત્મા ગાંધી કી જે.' — બીજે પોકાર કર્યો 'શૌકતઅલી બાપુ કી જે' — મૌલાના રાજકોટમાં શૌકતઅલી બાપુ કહેવાતા. પછી 'રામ', 'રામ', 'રામ'; ચોથે રામે તેનું ધડ મસ્તકથી જુદું થઈ ગયું હતું.૭૩ બધા કેદીઓએ આવીને આ ઘટનાનું વર્ણન આપતાં મૌલાનાને કહ્યું, 'છેલ્લાં

પંદર-વીસ વર્ષમાં આવું મરણ જોયું નથી.' સુપરિન્ટેન્ડેન્ટે પણ કહ્યું, 'આવું બહાદુર મરણ કદી નથી જોયુ.' સુપરિન્ટેન્ડેન્ટે આશ્ચર્યથી પૂછ્યું, — 'આવા ભંગીને પણ મહાત્મા ગાંધી સાથે શું લેવાદેવા છે?' મૌલાનાએ જવાબ આપ્યો, 'કારણ, આવતો અવતાર આપે તો ઈશ્વર મને ઢેડભંગીનો અવતાર આપજે' એમ કહેનાર દુનિયામાં મહાત્મા ગાંધી એકલા છે.'

એક દિવસમાં ત્રણ વાર આ કિસ્સો મૌલાનાએ કહી સંભળાવ્યો અને કહ્યું, 'મહાત્મા ગાંધીને પ્રથમ મારું શિર ઝૂકે છે, તે પછી મારું શિર પેલા બહાદુર મ્હાવાને પણ ઝૂકે છે. આવી રીતે હથેળીમાં માથું લઈને ફરતાં આવડવું જોઈએ. થોડા માણસો આવા નીકળે તો આપણો ઉદ્ધાર ચોક્કસ છે. મ્હાવામાં પોતાના અપરાધ માટે શુદ્ધ ખરખરો હતો, ખુદાનો બરોબર ડર હતો અને મરતાં ખુદાની આંખ તેણે જોઈ હતી. એટલે જ તે ગાતો હતો અને નાચતો હતો, એટલે જ તેને મરણ મીઠી નિદ્રામાં પડવા જેવું લાગ્યું.૭૪

મહાદેવભાઈ, નવજીવનના તંત્રી હતા તે દરમિયાન એના ગ્રાહકોની સંખ્યા ઘટી ગઈ હતી. એક કાળે નવજીવનની ૪૦,૦૦૦ જેટલી નકલો છપાતી તેને બદલે તે ઘટીને ૬,૦૦૦ની આસપાસ પહોંચી ગઈ. સ્વાભાવિક રીતે જ મહાદેવભાઈ એમાં દોષનો ટોપલો પોતાને માથે ઓઢે છે. ગાંધીજી તંત્રી હોય તેને બદલે મહાદેવભાઈ એ પદ સંભાળે અને ગાંધીજી જેલમાં હોય તેથી મહાદેવભાઈ ગાંધીજીનાં પ્રવાસવર્ણનો લખીને વાચકોને ગાંધીજીની સાથે દેશપ્રદક્ષિણા કરાવે નહીં તો ગ્રાહકો ઘટે એ વાત સાચી છે, પણ તે પૂરી સાચી નથી. નવજીવનની ગ્રાહકસંખ્યા ઘટવામાં એક મોટું કારણ તો એ હતું કે ૧૯૨૦-'૨૧માં જેવું જોરદાર રાષ્ટ્રીય આંદોલન હતું તેવું '૨૩-'૨૪માં રહ્યું નહોતું. નવજીવન જેવા વિચારપત્રોની ગ્રાહકસંખ્યા આંદોલનના ચડાવઉતાર સાથે ચઢતી-ઊતરતી હોય છે. આ હકીકત વર્ષો પછી ગાંધીજીના હરિજન પત્રો વિશે પણ જોવામાં આવેલી. હરિજનબંધુની ગ્રાહકસંખ્યા ચાલુ દિવસોમાં જેટલી હતી એના કરતાં 'ભારત છોડો' આંદોલન સારુ હવા બનવા માંડી ત્યારે અનેકગણી વધી ગયેલી. પણ આપણે ઇતિહાસમાં ખૂબ આગળ ચાલ્યા ગયા. આ જ ગાળામાં જેલમાંથી છૂટ્યા પછી જ્યારે ગાંધીજીએ પોતે નવજીવનની જવાબદારી સંભાળી લીધી ત્યારે પણ ગ્રાહકોની સંખ્યા એટલી જ કંગાળ રહી હતી. 'ગાંધીજીની જગાએ હું હોઉં તો ગ્રાહકસંખ્યા ઘટે જ ને?' એવા મહાદેવભાઈના સ્વદોષદર્શી વિચાર કરતાં ગાંધીજીએ ગ્રાહકસંખ્યા ઘટવાનું

જે કારણ તે કાળે આપ્યું હતું તે વધુ વાજબી લાગે છે અને એ જ મહાદેવભાઈના તંત્રીકાળને પણ લાગુ પડે છે:

હકીકત એ છે કે, અત્યારે જે વસ્તુ હું પ્રજાની પાસે મૂકી રહ્યો છું તેમાં

કેફ કે ગરમી નથી. વળી સ્વરાજ તુરત મળવાની આશા નથી. નવજીવન સ્વરાજનાં નવાં સાધનો આપતું નથી, પણ તેનાં તે જ સાધનો નવી રીતે પ્રજા આગળ મૂકવા મથ્યા કરે છે. નવજીવનનો રસ જ તેની નીરસતામાં છે. તે સ્વરાજનું પોષક હોઈ, રેંટિયા આદિ સાધનોને માનનારા તે ખરીદે છે ને તેથી મને સંતોષ છે. જ્યાં સુધી અમુક સંખ્યા સુધીના ગ્રાહકોને સંતોષ છે ત્યાં સુધી તે ચાલ્યા કરશે. જેઓ રેંટિયાને સ્વરાજનું એક સબળ સાધન માને છે, જેઓ તેને હિંદુસ્તાનની કંગાળિયત દૂર કરવાની રામબાણ દવા તરીકે માને છે તેઓ નવજીવનથી નહીં કંટાળે. ધીરજવાન ને શ્રદ્ધાવાન એ શાસ્ત્રની શક્તિને આજ નહીં તો કાલ પણ જોશે એ વિશે મને શંકા નથી. ને નવજીવન વાંચનારને તે કદી ન હો.૭૫

પછી નવજીવન અંગે મહાદેવભાઈ:

આ વખતે પણ બાપુનું મૅટર બહુ કઢંગી રીતે આવી પડ્યું. કઢંગી એટલે છાપનારને માટે અને તે કોઈના વાંકને લીધે નહીં પણ ગવર્નર અને સુપરિન્ટેન્ડેન્ટના વાંકને લીધે — કે તેમણે બાપુને આટલા પજવ્યા અને લાંબો પત્રવ્યવહાર કરાવ્યો. એ લખાણ સવા બાર કૉલમ થાય છે. એટલે બીજું શું મૂકવું તે છોકરાઓને કાંઈ સમજ પડે? અને આખો દિવસ તો હું પ્રેસમાં હોઉં નહીં. વળી મારે માટે રોકાય તો બીજે દિવસે સવારે પેપર ન નીકળે, એટલે આજે તો છોકરાઓએ ચિડાઈને પાનાં પણ હું આવું તે પહેલાં બંધાવી દીધાં! એટલે હું ઇચ્છું એવી સારી રીતે નથી છાપી શકાયું. ઘણા સુધારા તો કરવા જોઈએ તે પણ નથી કીધા – કારણ પાનાં બંધાયાં પછી માણસોને ભારે ત્રાસ પડે. તોપણ હું આખું, બરાબર વાંચી ગયો છું. અને મારું એક વખતનું છેવટનું વાંચી જવું મને જેટલી ખાતરી આપી શકે તેટલા ઉપરથી કહું કે છપાઈની અથવા જોડણી વગેરેની ભૂલ' ન રહી હોય. દરેક પાનનાં મથાળાં બાંધવાની મારી ઇચ્છા હતી – પણ પાનાં બંધાયાં પછી તો તે ના બને.

બે ઠેકાણે મેં ફેરફારો કર્યા છે. તે બરોબર છે કે નહીં, એ તો બાપુ જાણે. એક ઠેકાણે મૂળશી પેટાવાળા ઉપવાસીઓને મળવા બાપુને રજા મળી ત્યારે તેમની સાથે ઇન્સ્પેક્ટર

જનરલ ઑફ પોલીસ હતા એમ બાપુએ લખેલું છે. તેને સુધારી મેં પ્રિઝન્સ કરાવ્યું છે. એ મારું ડહાપણ કે દોઢડહાપણ તે તો તમે બાપુને પૂછીને જણાવો ત્યારે સમજાય. બીજો એક ફેરફાર, ગવર્નર ઉપરની નોંધમાં બાપુએ ડ્રૉ આઉટ રેગ્યુલેશન એ ફ્રેઝ વાપર્યું છે. 'ડ્રૉ આઉટ'નો અર્થ વ્યવસ્થાસર મૂકવું — અથવા ગોઠવવું થાય છે. ડ્રૉ અપને બદલે સ્લિપ તો ન હોય? એમ સમજીને મેં ડ્રૉ અપ કર્યું, અને ડ્રૉ અપ ખોટું તો નથી જ એમ મને લાગે છે.

... હજી કાંઈ પત્રવ્યવહાર આવવાનો છે ખરો? — કે કાંઈ આવી આવી વાનગી આવ્યા કરશે કે નહીં? આવે તો સારું નહીં તો લોકો નિરુત્સાહ થશે. જોકે લોકો એટલા બધા ઠંડા પડી ચૂકેલા છે કે તેમને ઉત્સાહવાળા કરતાં છ મહિનાથી ઓછા ન જાય. બાપુનું મૅટર આવવા લાગ્યું એટલે यंग इन्डिया ઉપર લોકોનો દરોડો પડ્યો છે. પણ 'દરોડો' એટલે ૧૯૨૧નો નહીં હો! માત્ર ગયા મહિનામાં ૫૦૦ ગ્રાહકો વધ્યા. नवजीवनના તો બસો જ. અને ૧૯૨૧નો આંકડો જોઈએ તો તો હજી કેટલી મજલ કાપવાની બાકી રહી છે!

છેવટે મહાદેવભાઈ પાપછૂટી વાત કરે છે:

મને ઘણી વાર એમ થાય છે કે હું બાપુ પાસે હોઉં તો બંને પેપરો, બાપુની સૂચનાથી, ઠીક ચલાવ્યા કરી શકું. પણ એ કદાચ અતિ લોભ હોય, અથવા તમારી સૌની અદેખાઈ હોય. કાગળ ઉપર લખું છું તો માત્ર મારા મનનો ભાર હળવો કરવાને માટે. એ બંને અઠવાડિક હવે ચલાવવાં એ તો કંઠે પ્રાણ આવે એવી વાત છે. હા, જ્યારે બાપુના પત્રવ્યવહાર જેવાં બાર કૉલમ આવે ત્યારે જુદી વાત.

ગઈ વેળા મેં 'અમર અકાલીઓ' કરીને લખ્યું તે બાપુને ગમ્યું હોય કે ન હોય. મેં તો યોગ્ય માનીને જ લખેલું. પણ મારા કોઈ પણ લખાણથી બાપુજીને દુ:ખ થાય, શરમ આવે એ તો મારે માટે મરવા જેવું જ થાય ના! અને એકલી ખાદીની ખબરોથી नवजीवन કે यंग इन्डिया ન ભરાય એમ મને લાગે છે. એ તો હકીમજીના પત્રમાં કાંતવાને વિશે જે અમર ઉદ્ગારો હોય તો ગમે ત્યારે આવી શકે, બાકી હમેશની જેમ વાતો કરો તે લોકો હવે વાંચતા પણ નથી એમ મને લાગે છે.

અને આ ખિલાફતનું શું છે? टाइम्स પત્રે બહુ ઉદાર નોંધ કરી કહેવાય. બાપુ કાંઈ

ઓચરવાના છે ખરા? જો કાંઈ હોય તો તમારે તાર કરીને જણાવવું જોઈએ. જ્યારે તમને લાગે કે તાર કરવો જોઈએ ત્યારે તાર કરતાં ન ચૂકશો એમ માની લઈશ.

શ્રદ્ધાનંદજીના ભાષણમાં કાલે ગયો હતો. આખું ભાષણ નિર્દોષ હતું — બ્રહ્મચર્ય ઉપર, વર્ણાશ્રમ ઉપર, અને એવી બાબતો ઉપર સ્વામીજી નિસ્તેજ થયા છે. બ્રહ્મચર્ય ઉપર પણ તેમનું અગાઉનું તેજસ્વી ભાષણ ક્યાં? મને લાગે છે કે કાકા અને વિનોબા અને આગળ જઈને કહું તો તમે પણ — હિંદીમાં જ – વધારે સારું બોલો. સરકારે પ્રેમાભાઈ હૉલની નીચે પોલીસ બેસાડી હતી અને મુસલમાનોને હૉલમાં જવાની મનાઈ હતી. પોલીસ દરેક મુસલમાનને અટકાવતી હતી. (કારણ એ હશે કે સુરત જેવી જગ્યામાં મુસલમાનોએ સ્વામીજીને બહુ ઉપદ્રવ કર્યો હતો.)

પણ આજનું ભાષણ અગત્યનું છે. આજે તો પ્રતિપાદન કરવાના છે કે હિંદુત્વનો ધ્વંસ થયો છે તેનો પુનરુદ્ધાર સંગઠન હિંદુસભા દ્વારા જ થઈ શકે. હું જવાનો હતો, પણ હમણાં જ આઠ વાગ્યા છે, અને यं. इ.નું છેલ્લું પાનું આ કાગળ લખવા માંડ્યો એની પહેલાં જ ગયું! ભાષણ સાડા છ વાગ્યે હતું. હરિભાઉ૭૬ અને રામદાસ૭૭ ગયા છે, એટલે રિપોર્ટ તો તેમની પાસેથી મળશે.

કાગળ લાંબો થયો અને ઘેર દુર્ગા ગાળો દેતી હશે. કારણ દરરોજ જ ઘેર જતાં મોડું થાય છે. અને દુર્ગાની માંદગીને લીધે તેનો સ્વભાવ વધારે ચીડિયો થતો જાય છે. એટલે બંધ કરું છું. તમને લખ્યાં જ કરું તો તો આઠ નહીં પણ ઍંશી પાનાં લખું, અને ઍંશી લખીને પણ આઠ તમારી પાસે મેળવવાનાં ફાંફાં મારું. પણ શું કરીએ? મારાથી ઍંશી લખાય એમ નથી અને તમારાથી આઠ લખાય તેમ નથી.

કાંઈ નહીં તો પેલા અકાલીઓ આવ્યા તે શું કરી ગયા, તે તો મને લખો. પ્યારો શું કરે છે? એ કાંઈ ન લખી શકે? બાપુને એને વિશે ફરિયાદ કરું? એકાદે દિવસ બાપુને કાગળ લખી શકાય ખરો કે? તમારી રજા હોય તો લખું.

લિ. સ્નેહાધીન,

મહાદેવ

તા. ક. ગુજરાત મહાવિદ્યાલયમાં બર્થ કંટ્રોલ ઉપર ડિબેટ ચાલે છે. હું પ્રમુખ છું; બોલનારા પ્રો. કૃપાલાની, કાકા અને બીજા પ્રોફેસરો! તમે હોત તો મજા આવત!૭૮

આ પ્રકરણ પૂરું કરતાં પહેલાં આપણે એ વાતની પણ નોંધ લેવી જોઈએ કે

*નવજીવન*ના તંત્રીપદના કાળ દરમિયાન મહાદેવભાઈના હૃદયમાં સ્થાયીભાવ તો વિરહનો જ હતો. પાણી વિનાની માછલીની જેમ મહાદેવભાઈનું હૈયું ત્યારે ગાંધીજી વિના તડપતું હતું. ગાંધીજીને છ વર્ષની સજા થયે જ્યારે એક વર્ષ પૂરું થયું ત્યારે મહાદેવભાઈએ એ નિમિત્તે 'વિયોગદુ:ખ' નામે લખેલ લેખ તેમની આ ઉત્કટ વિરહની લાગણીની આબેહૂબ કલ્પના આપે છે. તેમને સહેજે ભરતના દુ:ખની યાદ આવે છે. ખરું જોતાં મહાદેવભાઈની પોતાની અવસ્થા ત્યારે રામ વિનાના ભરત જેવી, રામની આજ્ઞાથી એનું કામ સંભાળતા, અંતરતાપથી તપતા તપસ્વી જેવી હતી. તેઓ આંદોલન વિશે લખે છે અને ખૂબ મક્કમતાથી લખે છે. પણ તેમની બધી દલીલોની પછવાડે એક વ્યક્તિગત લાગણી પણ ડોકાયા કરે છે: આપણે આંદોલનને આપણા તપ દ્વારા સફળ બનાવીને ગાંધીજીને એમની સજા પૂરી થાય તે પહેલાં જ જેલમાંથી છોડાવવા જોઈએ એવી સ્નેહાતુર લાગણી.

કોઈ કોઈ વાર આંદોલનને મંદ પડતું જોઈને મહાદેવભાઈ અકળાઈ ઊઠે છે. ભરતની ભક્તિને સ્મરી મહાદેવભાઈ પૂછે છે: 'આવી પરાકાષ્ઠાની ભક્તિ અને વિયોગદુ:ખ પછી કરેલાં આવાં પરાકાષ્ઠાનાં તપ જે દેશે જાણ્યાં છે તે દેશમાં ધર્મનો શું એટલો બધો લોપ થયો છે કે તે પોતાનું વિયોગદુ:ખ ભૂલી જાય અને પ્રથમની કર્તવ્યવિમુખ વિલાસપ્રિય દશામાં ઊતરી પડે?'૭૦

પોતે વિરહાગ્નિમાં સતત બળતા હતા તે છતાં તેમને એક સમાધાન હતું કે તેઓ પોતાની શક્તિમતિ મુજબ ગાંધીજીના કામમાં જ દિવસરાત એક કરી રહ્યા હતા. એ સમાધાનને લીધે જ તેઓ દેશની પરિસ્થિતિનું સ્વસ્થતાથી આકલન કરી શકતા, કાર્યકર્તાઓ તથા સ્વયંસેવકોને નવો ઉત્સાહ આપી શકતા, માનવીય સંબંધો વિશે અનુભૂત સત્ય ઉચ્ચારી શકતા અને આ બધાંને પરિણામે અનેક વાર *નવજીવન*ની કટારો દ્વારા વાચકોને સર્વ રીતે જીવનોપયોગી થાય એવું સાહિત્ય પૂરું પાડી શકતા.

૧૯૨૧ના અંતમાં ગાંધીજીએ જ્યારે આગ્રહપૂર્વક મહાદેવભાઈને પંડિત મોતીલાલ નેહરુ પાસે અલાહાબાદ મોકલ્યા ત્યારે તેમણે એક આશા એવી વ્યક્ત કરી હતી કે પોતાનાથી અલગ રહેવાથી મહાદેવભાઈનું 'શહૂર વધશે.' ૧૯૨૪ના આરંભમાં જ્યારે તેઓ બંને પાછા મળ્યા ત્યારે ગાંધીજીએ અવશ્ય જોયું હશે કે મહાદેવનું શહૂર વધ્યું હતું.

નોંધ:

૧. મહાદેવભાઈની ડાયરી – ૧૭ : પૃ. ૩.

૨. મણિભાઈ ભ. દેસાઈ: નવજીવનની વકિાસ વાર્તા, ૧૦૮-૧૦૯.

૩. ઇન્દુલાલ યાજ્ઞિક.

૪. બેંકર, ઉમર સોબાની વગેરેની ટોળી.

૫. મો. ક. ગાંધી: સત્યના પ્રયોગો, પૃ. ૬૩૯.

૬. મણિભાઈ ભ. દેસાઈ: નવજીવનની વકિાસ વાર્તા પૃ. ૫૫ અને ગાંધીજીનો અક્ષરદેહ – ૧૬ : પૃ. ૯૧, લેખ નં. ૬૧.

૭. મણિભાઈ ભ. દેસાઈ: નવજીવનની વકિાસ વાર્તા, પૃ. ૬૨.

૮. એજન, પૃ. ૬૩.

૯. એજન, પૃ. ૧૦૨થી ૧૦૪માંથી સારવીને.

૧૦. મહાદેવભાઈની ડાયરી – ૧૭ : પૃ. ૩-૪માંથી સારવીને.

૧૧. એજન, પૃ. ૪-૫.

૧૨. એજન, પૃ. ૭.

૧૩. એજન, પૃ. ૯.

૧૪. ત્યારની પરિસ્થિતિમાં આ કટાક્ષ સરદારશ્રીએ મહાસભાના આગેવાનો માટે કર્યો હતો. અસહકાર કે ધારાસભા-પ્રવેશ આ મુદ્દા પર ત્યારે મહાસભાના આગેવાનોમાં પક્ષાપક્ષી ચાલી રહી હતી.

૧૫. નાગપુર પ્રાંતિક સમિતિ.

૧૬. દેશબંધુ ચિત્તરંજન દાસ ત્યારે સ્વરાજપક્ષના મુખ્ય આગેવાન. અસહકારને બદલે ધારાસભા-પ્રવેશ માટે તેઓ હિમાયત કરી રહ્યા હતા.

૧૭. નાગપુર સત્યાગ્રહે ફરીથી જોર પકડ્યું એ અર્થમાં.

૧૮. સામૂહિક સત્યાગ્રહ માટે.

૧૯. દેવદાસ ગાંધી.

૨૦. ડૉ. ચંદુલાલ દેસાઈ અને શ્રી મોહનલાલ પંડ્યા. બંનેને નાગપુર સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા હતા.

૨૧. મણિબહેન પટેલ અને ડાહ્યાભાઈ.

૨૨. સરઘસબંધીના હુકમની.

૨૩. पटेल शताब्दी ग्रंथमाळा – ४ : પૃ. ૨૧૧થી ૨૧૩.

૨૪. મો. ક. ગાંધીઃ सत्यना प्रयोगो, પૃ. ૫૩૯.

૨૫. गाधीजीनो अक्षरदेह – ૧૬ : પૃ. ૯૧-૯૨, લેખ નં. ૬૧.

૨૬. એજન, પૃ. ૯૨.

૨૭. મણિભાઈ ભ. દેસાઈઃ नवजीवननी वकिास वार्ता, પૃ. ૬૧.

૨૮. એજન, પૃ. ૮૧.

૨૯. એજન, પૃ. ૧૨૬-૧૨૭.

૩૦. નાગપુરથી આશરે પચીસ માઈલ દૂર આવેલું એક ગામ – સિવની.

૩૧. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૩૨૮.

૩૨. ખેડા સત્યાગ્રહ વખતે ઉત્તર વિભાગના કમિશનર.

૩૩. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૩૨૯.

૩૪. મૂળમાં પણ આ પ્રમાણે કૌંસમાં છે.

૩૫, महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૩૩૦.

૩૬ બંગાળના ગવર્નરની કારોબારી સમિતિના એક સભ્ય.

૩૭. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૮૫થી ૮૭.

૩૮. સંયુક્ત પ્રાંતના વાયવ્ય ખૂણામાં.

૩૯. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૯૪થી ૯૭.

૪૦. એજન, પૃ. ૬૫.

૪૧. એજન, પૃ. ૬૦.

૪૨. એજન, પૃ. ૨૫.

૪૩. એજન, પૃ. ૨૭.

૪૪. એજન, પૃ. ૪૫.

૪૫. એજન, પૃ. ૪૭.

૪૬. એજન, પૃ ૮૭-૮૮.

૪૭. પંજાબમાં ગુરુ કા બાગના સત્યાગ્રહની વધારે વિગતો માટે જુઓ, ध हस्टिरी ऑफ ध कॉग्रेसः પટ્ટાભી સીતારામૈયાઃ પૃ. ૪૧૩થી ૪૧૬.

૪૮. महादेवभाईनी डायरी – ૧૯ : પૃ. ૨૩૩.

૪૯. પટ્ટાભી સીતારામૈયાઃ ધ हिस्ट्री ऑफः कॉंग्रेसः પૃ. ૪૪૭-૪૪૮.
૫૦. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૧૬૫.
૫૧. महादेवभाईनी डायरी – ૧૮ : પૃ. ૨૪૦.
૫૨. महादेवभाईनी डायरी – ૧૯ : પૃ. ૨૦-૨૧
૫૩. महादेवभाईनी डायरी – ૧૮ : પૃ. ૧૬૩ પાદટીપ.
૫૪. એજન, પૃ. ૧૬૪માંથી સારવીને.
૫૫. એજન, પૃ. ૧૬૫માંથી સારવીને.
૫૬. એજન, પૃ. ૧૬૭.
૫૭. એજન, પૃ. ૧૬૮.
૫૮. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૨૩.
૫૯. महादेवभाईनी डायरी – ૧૮ : પૃ. ૧૭૯.
૬૦. એ જમાનામાં રેલવે પરદેશી કંપનીઓની માલિકીની હતી.
૬૧. મતલબ કે ‘જ્યાં પોતે જ કર્તવ્ય કરતા ન હોય અને.’
૬૨. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૬૧-૬૨.
૬૩. એજન, પૃ. ૩૩૪.
૬૪. नवजीवन – ૧–૭–’૨૩.
૬૫. महादेवभाईनी डायरी — ૧૭, પૃ. ૩૪૦.
૬૬. नवजीवन, તા. ૨–૧૨–’૨૩ ને ૨૫–૧૧–’૨૫.
૬૭. કૉલિઝિયમમાં ઉપર વર્ણવ્યા મુજબના લડનારાઓ.
૬૮. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૩૫૦-૩૫૧.
૬૯. महादेवभाईनी डायरी – ૧૮ : પૃ. ૨૫૯-૨૬૦.
૭૦. મણિભાઈ ભ. દેસાઈ : नवजीवननी विकास वार्ता, પૃ. ૧૧૨-૧૧૩.
૭૧. महादेवभाईनी डायरी – ૧૮ : પૃ. ૩૨૭.
૭૨. ઉશીકું.
૭૩. માથું ધડ પર લટકી પડ્યું એના અર્થમાં.
૭૪. महादेवभाईनी डायरी – ૧૮, પૃ. ૨૩૩-૨૩૪.

૭૫. મણિભાઈ ભ. દેસાઈ: नवजीवनकी विकास वार्ता, પૃ. ૧૪૬-૧૪૭.

૭૬. હરિભાઉ ઉપાધ્યાય, હિંદી नवजीवनમાં મદદ કરતા. પાછળથી રાજસ્થાન સરકારના મંત્રી.

૭૭. રામદાસ ગાંધી.

૭૮. ગાંધી સંગ્રહાલય, સાબરમતીના પત્રસંગ્રહમાંથી: દેવદાસ ગાંધીને, ૫–૩–'૧૯ને રોજ લખાયેલ પત્ર.

૭૯. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૮૩.

# બાવીસ – હરિભાઈ દેવ થયા

મહાદેવભાઈએ નવજીવનનું કામ તંત્રી તરીકે વિધિવત્ ઉપાડી લીધું તે પહેલાં, જેલમાંથી છૂટ્યા પછી પોણા સાત માસ પછી, ૨–૭–'૨૩ ને સોમવારે, એમના પિતા હરિભાઈ અચાનક એમના મૂળ વતન દિહેણ ગામમાં અવસાન પામ્યા.

મહાદેવભાઈ ત્યારે અમદાવાદમાં હતા. તે પહેલાં ૧૦–૬–'૨૩ ને રોજ ગુજરાત પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજરી આપવા મહાદેવભાઈ સુરત આવ્યા ત્યારે દિહેણ પણ આંટો મારી આવેલા. તે વખતે હરિભાઈની તબિયત સારી હતી. પણ જૂન માસના છેલ્લા દિવસોમાં તબિયત સહેજ કથળી. તે વિશે હરિભાઈએ મહાદેવભાઈને પત્ર દ્વારા સમાચાર આપેલા. એ પત્ર મળતાંવેંત જ મહાદેવભાઈએ લખેલું કે સુરતથી દાક્તર ઘિયાને લઈને તેઓ પહેલી જુલાઈએ દિહેણ પહોંચશે. પણ તેઓ તેમ નીકળે તે પહેલાં હરિભાઈનો બીજો પત્ર મહાદેવભાઈને મળ્યો. એમાં જણાવ્યું હતું કે તબિયત સારી છે અને અત્યારે આવવાની જરૂર નથી. વળી એ જ પત્રમાં હરિભાઈએ 'નવજીવન પ્રકાશન મંદિર'નાં કેટલાંક પુસ્તકો તથા દેશી રંગો અંગેનું એક પુસ્તક પણ મગાવ્યું હતું. આ બધાને લીધે મહાદેવભાઈ છેતરાયા. તેમને લાગ્યું કે તરતોતરત જવાની જરૂર નહોતી. વળી ગુરુવારે નવજીવનનો નવો અંક કાઢવો હતો એટલે પણ તેમણે શનિ–રવિ જવાને બદલે અંક કાઢ્યા પછી જવાનો વિચાર કર્યો.

હરિભાઈના દેવ થવાના સમાચાર મહાદેવભાઈને અમદાવાદમાં તાર દ્વારા બીજે દિવસે, એટલે કે, ૩જીએ મળ્યા. સતત ચોધાર આંસુ વહાવતાં પણ તેમણે નવજીવન માટેનું લખાણ પૂરું કર્યું. પછી તેઓ તરત જ દુર્ગાબહેન સાથે દિહેણ જવા નીકળ્યા.

દિહેણનું મકાન બે ગાળાનું માટીનું ઘર હતું. ઉપર વાંસની કામડી પર દેશી નળિયાં.

બારણામાંથી પ્રવેશ કરતાં જ ઠેઠ અંદર વચલો ઓરડો અને પાછળના રસોડાની પેલી બાજુ વાડામાં બેઠેલા માણસ દેખાય એવું સીધું ઘર. આગલા ઓરડામાં હરિભાઈ સાંજે ખુરશી પર બેસીને કશુંક વાંચતા હતા. ઇચ્છાબહેન૧ રસોડાના કામકાજમાં પરોવાયેલાં હતાં. શાંતા, બચુ [નિર્મળા] અને બાબુ [પરમાનંદ] આંગણામાં ક્યાંક રમતાં હતાં. હરિભાઈ જે પત્રિકા વાંચતા હતા તે નવજીવન જ હશે એવો મહાદેવભાઈ પાછળથી અંદાજ કરતા હતા. હરિભાઈ પાસે બેઠેલા કોઈક ભાઈએ કહ્યું કે, 'તમે વાંચવાનું છોડો, તમારી તબિયત નબળી, આરામ લો.' હરિભાઈએ જવાબમાં કહ્યું, 'સાચી વાત છે ભાઈ.૨ આ જ છેલ્લા શબ્દો હતા. આ શબ્દો પૂરા થતાં જ એમનું જીવન પૂરું થયું. ગરદન એક તરફ ઢળી ગઈ અને આંખ મીંચાઈ ગઈ.

છેલ્લી ઘડીએ પિતાની સેવા ન કરી શક્યા એનો વસવસો મહાદેવભાઈના મનમાં લાંબા ગાળા સુધી રહી ગયો. કોઈની પણ સેવા લીધા વિના ગયા એનો સંતોષ તેઓ આ ઘટના ઉપરથી લઈ શક્યા હોત. પણ તે વિચાર તેમને આવ્યો નથી લાગતો. નરહરિભાઈનો સરભણ આશ્રમથી તરત આશ્વાસનનો પત્ર મળેલો. તેમને જવાબ આપતાં પણ મહાદેવભાઈના મનમાંનો આ શોક પ્રગટ થાય છે.:

નવજીવનનો વધારો ગુરુવારે ન હોત, અને એમનો ડૉક્ટરની સાથે ન આવવાનો કાગળ ન હોત, તો હું રવિવારે [એટલે કે મૃત્યુને આગલે દિવસે] જરૂર મળી જાત. મને એમ થયા જ કરે છે કે 'દેશસેવા'ના વિચિત્ર ખ્યાલને લીધે એમના આખરના કાળમાં એમની સાથે રહી એમની આંતરડી ઠારવી જોઈએ, તે મારાથી ન થયું. આ પશ્ચાત્તાપ એક કાયમનો જખમ મારી જિંદગીમાં રહી જશે.૩

બે દિવસ પછી પં. જવાહરલાલજીને લખેલ પત્રમાં પણ આ બાબતનો ઉલ્લેખ કરે છે:

બીજી તારીખે હૃદય બંધ પડી જવાથી મારા પિતાનું અચાનક અવસાન થયું. એ વખતે હું આશ્રમમાં હતો અને આ ધરતી પરની તેમની છેલ્લી ઘડીએ તેમની નજીક રહેવાના સમાધાનથી દુર્દૈવે મને વંચિત રાખ્યો. તમને અદ્‌ભુત રીતે સાચા પિતા મળવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. એટલે તમે મારું દુઃખ સમજી શકશો. તેમને લીધે જ છેલ્લાં છ-સાત વરસ દરમિયાન હું મારા મનમાં આવે તે કરી શક્યો છું. ઘરની બધી ચિંતાઓમાંથી તેમણે જ મને મુક્ત રાખ્યો હતો તથા પ્રેમપૂર્વક તેમણે મને ફાવે તે કરવા દીધું હતું.

પંડિતજીના તમારા પર ચાર હાથ છે તે જ રીતે મારા જેવા તુચ્છ અને માલ વગરના પુત્ર પર તેમના પણ ચાર હાથ હતા. અને મને ભયંકર સંતાપ એ વાતનો છે કે: જેને કોઈ પણ રીતે સેવા કહી શકાય એવું તેમને માટે મેં કશું જ કર્યું નથી. મારે માટે તેમણે પાર વગરનું વૈતરું કર્યું છે. તેમની બધી જહેમતનાં ફળ મેં ભોગવ્યાં, પણ એના બદલામાં મારાથી તો કશું જ થઈ શક્યું નહીં. ભગવાન મને કેવી રીતે માફ કરશે? આ બધા વિચારો મારા મનને સંતાપી રહ્યા હતા ત્યારે મને પંડિતજી યાદ આવ્યા અને મેં તેમને બે લીટી લખી છે. તમને લાગે કે તેમની માંદગીમાં એથી તેમને તકલીફ નહીં પડે તો તેઓ જ્યાં હોય ત્યાં કૃપા કરીને એ તેમને મોકલી આપજો.'૪

આ પત્રનો જવાબ ઠેઠ ઑગસ્ટમાં જવાહરલાલજી આપવા પામ્યા. એ ઉત્તરમાં જવાહરલાલજીનાં લાક્ષણિક ઉષ્મા અને સ્નેહ સાથે એમના ચારિત્ર્યની ગરિમા વર્તાય છે:

ઑગસ્ટ, ૧૯૨૩

પ્રિય મહાદેવ,

જે પત્ર લખવાની આપણને તીવ્ર ઇચ્છા હોય છે, તે લખવામાં ઘણી વાર વિલંબ થાય છે, એ ખરેખર વિચિત્ર છે. સામાન્ય પત્રો, રોજિંદા વહેવારના પત્રો રીતસર લખાય છે, અને તેમ છતાં, જે લખવા આપણે ખૂબ વિચારતા હોઈએ તે અણલખ્યો જ રહે છે. છઠી કે સાતમી ઑગસ્ટે મને તમારો લાગણીભર્યો પત્ર નાગપુર ખાતે મળ્યો ત્યારથી દરરોજ હું તમારે વિશે તથા એ પત્ર વિશે વિચારતો રહ્યો છું. હું નાગપુર સ્ટેશને ઊતર્યો એ જ વખતે મને માઠી ખબર મળી. રામદાસે મને તે આપી. તમારા દુઃખમાં મારું હૃદય તમારા તરફ દોડી ગયું, કેમ કે તમે કેવા દુઃખમાં ડૂબી ગયા હશો, એ હું બરાબર સમજી શકું છું. સારી પેઠે ભૂલો અને પાપો કરનારા અમારા જેવા કેટલાક લોકો દુનિયાદારીની રીતોથી રીઢા થઈ ગયા છે. પરંતુ તમારા જેવા નિર્દોષ પુરુષને તો એ વસ્તુ અતિશય વસમી લાગતી હશે અને હું તમારી મનોવેદના તથા તમારો આત્મનિંદાનો ભાવ સારી રીતે સમજી શકું છું.

પિતાના અખૂટ પ્રેમનો પૂરેપૂરો અનુભવ કરવાનું સદ્ભાગ્ય મને પણ સાંપડ્યું છે, અને હું જન્મ્યો તે દિવસથી મારા પર જે પ્રેમ વરસાવવામાં આવ્યો તથા મારી પારાવાર ખાતરબરદાસ કરવામાં આવી, તેના બદલામાં મેં કશુંયે કર્યું છે કે કેમ, એની મને ખરેખર શંકા રહે છે. મારા મનમાં એ સવાલ અનેક વાર ઊઠે છે અને પ્રત્યેક વખતે એ બાબતમાં

મારી પોતાની ઊણપ માટે હું શરમાઈ મરું છું. કેટલીક વાર વધારે વિશાળ મુદ્દાઓ વચ્ચે આવ્યા અને હું ભારે વિમાસણમાં મુકાઈ ગયો, દ્વિધામાં આવી પડ્યો અને શું કરવું એ મને સૂઝ્યું નહીં. સત્યાગ્રહ સભાના દૂર દૂરના દિવસોમાં, મારા મનની ખેંચતાણ મારે માટે લગભગ અસહ્ય બની ગઈ ત્યારે બાપુએ મને આપેલી સલાહ હું કદી ભૂલી શકીશ નહીં. તેમના સાંત્વન આપનારા શબ્દોથી મારી મુશ્કેલી હળવી થઈ અને મને કંઈક શાતા મળી. ૧૯૧૯ના માર્ચ મહિનામાં દિલ્હીમાં આચાર્ય રુદ્રને ઘેર આપણે પહેલાવહેલા એકબીજાને મળ્યા તે દિવસો તમને યાદ છે ખરા? બાપુ, તમે, પેલા નાનકડા દાક્તર અને હું એમ આપણે સાથે અલાહાબાદ ગયા. અને પછી એક યા બે દિવસ બાદ તમે લખનૌ કે પછી બનારસ ગયા; એ ગમે તે હો, પણ બાપુની સૂચનાથી હું તમારી સૌની સાથે પ્રતાપગઢ આવ્યો હતો અને ત્યાં જતાં માર્ગમાં તેમની અને મારી વચ્ચે અમારી વાતો થઈ. તેમની સાથેની મારી એ પહેલવહેલી જ ઠીક ઠીક લાંબી અને ગંભીર સ્વરૂપની વાત હતી. એને વરસ તો માત્ર ચાર જ થયાં છે, પણ એ પછી જાણે યુગો વીતી ગયા હોય એમ લાગે છે!

તમારા પિતાને મળવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું નથી, પરંતુ સિવિલ વૉર્ડના આપણા નાનકડા બગીચામાં તમે મને તેમને વિશે વાત કરી હતી. તેઓ પોતાના પુત્રને માટે ગૌરવ અનુભવતા હતા તથા તેમની સઘળી તકલીફો અને જહેમતનું આવું સુંદર ફળ આવ્યું એ માટે પૂરેપૂરા સંતુષ્ટ હતા, એ હું બરાબર કલ્પી શકું છું. તમે વૃથા સંતાપ કરો છો. તમારા પિતાની પાસેથી તમે સેવાનો જે પાઠ શીખ્યા તે તમે બહારની દુનિયામાં લાવ્યા છો અને તમારા અંગત ઉદાહરણ દ્વારા તમે નિઃશંક અનેક લોકોના ઉપર અસર પાડી છે. તમારા પિતા એ સામે વાંધો ઉઠાવે અથવા દેશની સેવાના તમારા વ્યાપક ક્ષેત્રને બદલે તેઓ તમારે માટે કુટુંબનું સંકુચિત ક્ષેત્ર વધારે પસંદ કરે એમ બને જ નહીં.૫

મહાદેવભાઈએ નરહરિભાઈને લખેલ પત્ર, કુદરતી રીતે વધુ અંગત છે. તેમાં તેઓ લખે છે:

તમે મારી પાસે હોત તો તમને મોટા ભાઈ માનીદ તમારા ખોળામાં માથું મૂકી રોઈ મારો ભાર હલકો કરત, પણ હવે કાંઈ નહીં. તમારે એ કારણે ત્યાંથી આવવાની કશી જ જરૂર નથી. વરસાદ તો આ બાજુએ હજી નથી આવ્યો પણ હવે એકાદ બે દહાડામાં આવવાનો જ. હું ૧૫-૧૬મીએ આશ્રમમાં જઈશ. તે પહેલાં તમને કાગળ લખીશ, ત્યારે જો બને તો સુરત આવી જજો. પણ કાગળ ન લખાય તો ચિંતા કરશો નહીં, એટલા

ખાતર આશ્રમ તો ન જ આવશો. વરસાદ પછી અહીં આવીશ ત્યારે કદાચ લઈ જાઉં. વરસાદ પછી તમારાથી બને તો એક વાર ઇચ્છાને તમારે મળી જવું જોઈએ ખરું. તમારી તેમણે વારંવાર ખબર પૂછી હતી. મારા પિતાના તેજને લીધે તે પણ સામાન્ય કરતાં વધારે ઊંચી વૃત્તિની સાવકી મા છે.૭

મહાદેવભાઈએ વાર્યા છતાં નરહરિભાઈ હરિભાઈના મૃત્યુના સમાચાર જાણી તરત સરભણથી દિહેણ ગયા હતા. મરણ પછી સ્ત્રીઓ રડવા-કૂટવાનું ન કરે એ દૃષ્ટિએ ગરુડપુરાણ વાંચવાનો રિવાજ છે. મહાદેવભાઈએ ત્યારે પહેલી જ વાર ગરુડપુરાણ વિશે જાણ્યું. એ સાંભળવાથી ચિત્તની શાંતિ થતી હશે એવો એમને ખ્યાલ હતો. તેથી તેમણે આગ્રહપૂર્વક તે વંચાવ્યું, પણ તેમાં તો યમના માર અને નરકની યાતનાઓનાં ઘોર વર્ણનો જોયાં. તેથી તેઓ ખૂબ અકળાયા.મણિશંકર માસ્તરે માહિતી આપી કે એના છેલ્લા અધ્યાયમાં જ્ઞાનની વાતો છે. પછી માસ્તરે સંસ્કૃત ગરુડપુરાણ મગાવી આપ્યું અને મહાદેવભાઈ તેને એક છેડેથી બીજા લગી વાંચી ગયા. ગરુડપુરાણના છેલ્લા અધ્યાયથી તેમને ખૂબ શાંતિ મળી. આ જ માસમાં મહાદેવભાઈએ ૨૬–૭–'૨૩ના નવજીવનના વધારામાં એક લેખમાં લખ્યું:

મેં જોયું કે (ગરુડપુરાણમાં) અંતિમ અધ્યાય જેટલો શાંતિપ્રદ છે એટલો બીજો એકે અધ્યાય નથી. મોક્ષનાં સનાતન સાધનો એમાં વર્ણવવામાં આવ્યાં છે અને દુ:ખને પ્રસંગે માણસ એ સાંભળે તો એના ચિત્તની શાંતિ થાય એવું છે. પણ કોણ જાણે એ જ ભાગનું વાચન અપશુકનસૂચક છે. મેં સાંભળ્યું છે કે વાજસનેય સંહિતાનો પાઠ થાય છે ત્યારે તેને અંતે આવેલું ઈશોપનિષદ નથી વાંચવામાં આવતું. અતિશય યજ્ઞક્રિયાઓથી સત્યસ્વરૂપનો નાશ કરવાની ક્રિયા ઈશોપનિષદ ન વાંચવાથી સંપૂર્ણ થઈ રહે છે. આપણી બ્રહ્મવિદ્યાના અર્કરૂપ એ અઢાર મંત્રો પ્રાકૃત જનોને સાંભળવા યોગ્ય નહીં હશે તેથી નહીં વંચાતું હોય?૮

પિતાની યાદમાં મહાદેવભાઈએ વિચાર્યું:

મરણ પછી અમારામાં દહાડો થાય છે. મને એ વસ્તુની દુષ્ટતા વિશે ઇચ્છાને સમજાવતાં વાર નહીં લાગી. મારા પિત્રાઈ છોટુભાઈ અને ભીખાભાઈ બંને મળતા થયા એટલે એક પણ દિવસ સગુંવહાલું કે બ્રાહ્મણ કોઈ ન જમે. શ્રાદ્ધ તો કરીશ જ. કારણ, તેમાં મારી વૃત્તિ અજ્ઞાનીની છે. જે વસ્તુ સમજી શકતો નથી તે વસ્તુ હું પાખંડ તરીકે નહીં

ફેંકી દઈ શકું. પણ શ્રાદ્ધ કરાવ્યા પછી બ્રાહ્મણને બ્રહ્મભોજન જેવી કશી જ વસ્તુ નહીં એમ રાખ્યું છે. બ્રાહ્મણને જોઈએ તો પોતાને ઘેર સીધું લઈ જઈ રાંધી લે. બીજા લોકોને આ વસ્તુ નથી ગમી, પણ મારે નિશ્ચય અમલમાં મૂકવાનો આ પ્રથમ પ્રસંગ, મારાથી કેમ ડગાય?૯

પણ બ્રહ્મભોજન ન કરાવવાના નિષેધાત્મક વિચારથી મહાદેવભાઈ અટકતા નહોતા. જે નવો માર્ગ તેમણે પસંદ કર્યો હતો તેને અનુરૂપ સ્મારકનો વિચાર પણ તેમના મનમાં આવેલો. છઠ્ઠી જુલાઈના જ પત્રમાં મહાદેવભાઈ નરહરિભાઈને લખે છે:

મારા 'કૉમ્પ્રોમાઇઝ'ના ભાષાંતરમાંથી એક હજાર આવશે તેમાંથી પાંચસો રૂપિયા પૂ. પિતાશ્રીના નિમિત્તે, સવાસો રૂપિયાની ચાર શિષ્યવૃત્તિ' માટે કાઢવાનો નિશ્ચય રાખ્યો છે. ચાર છોકરા અથવા છોકરી વસ્ત્રકળાશાસ્ત્ર સવાસો રૂપિયામાં છ મહિનામાં આશ્રમમાં રહી શીખી શકે.૧૦

હરિભાઈના અવસાનથી મહાદેવભાઈના જીવનનો એક અધ્યાય સમાપ્ત થયો. મહાદેવભાઈની જનની, જમનાબહેન તો પુત્રને સાત વર્ષનો મૂકીને સ્વર્ગે સિધાવ્યાં હતાં. ત્યાર બાદ મા અને બાપ બંનેની જવાબદારી એકલા હરિભાઈને માથે જ આવી હતી. અલબત્ત, તે વખતના રિવાજ મુજબ વિધુર થયા પછી બીજે કે ત્રીજે જ વર્ષે હરિભાઈએ ફરી લગ્ન કર્યાં હતાં. પણ ઇચ્છાબહેન તે વખતે એટલાં નાની વયનાં હતાં કે ઘરના બધા નિર્ણયો તો હરિભાઈને જ કરવા પડતા. તેમણે લાડકા મહાદેવને પોતાની પાસે રાખી ઉછેરવાનો નિર્ણય કર્યો. પ્રાથમિક શાળામાં શિક્ષક હોવાને લીધે હરિભાઈની ઘણે ઠેકાણે બદલી થતી, પણ મહાદેવનું પ્રાથમિક શાળાનું શિક્ષણ હરિભાઈએ પોતાની પાસે જ કરાવ્યું. મહાદેવભાઈને સારુ આ એક ભારે ખુશકિસ્મતીનો નિર્ણય હતો. કારણ, ચારિત્ર્ય ઘડવામાં એમને હરિભાઈથી વધુ યોગ્ય વ્યક્તિ મળી જ ન શકી હોત. હરિભાઈમાં સ્નેહ અને શિસ્ત, સંસ્કારિતા અને ઉદારતાનો સમન્વય હતો. તેમનામાં કઠણ આર્થિક પરિસ્થિતિનો મુકાબલો કરવાની મક્કમતા હતી તેની સાથે દીકરાને છેવટ લગીનું શિક્ષણ મેળવવા સારુ સંજોગો ઊભા કરવાની ઉદારતા પણ હતી. વળી શિક્ષક તરીકે હરિભાઈ ઉત્તમ હતા. વાલોડના એક વિદ્યાર્થીને માત્ર ત્રણ માસ ભણાવ્યો હતો તે છતાં તે નાપાસ થયો એમ સાંભળી તેના પ્રશ્નપત્રો પોતાને ખર્ચે ફેરતપાસરાવી જોવાનો કિસ્સો આપણે આગળ ઉપર નોંધી ગયા છીએ. પંચમહાલ જિલ્લાના ભીલ લોકોના આજીવન સેવક સ્વ. શ્રી ડાહ્યાભાઈ નાયક મૂળ દિહેણ પાસેના ભાંડૂત ગામના.

નાનપણમાં તેમણે થોડાં વરસ હરિભાઈ પાસે પ્રાથમિક શિક્ષણ લીધેલું. નેવુ વરસ વટાવી ગયા પછી પણ તેઓ હરિભાઈ પાસે નાનપણમાં શિક્ષણ સાથે જે સંસ્કાર લીધેલા તેને કૃતજ્ઞતાપૂર્વક સંભારવાનું આ લેખકને જ્યારે મળે ત્યારે ચૂકતા નહીં.

આપણાં પુરાણોમાં બે પુત્રવત્સલ પિતાઓના દાખલા છે. એક ધૃતરાષ્ટ્ર અને બીજા દશરથ. ધૃતરાષ્ટ્રનો પુત્રપ્રેમ એને છેવટ સુધી ધર્મ જાણવા છતાં તે આચરવા સારુ પ્રવૃત્ત થવા દેતો નથી. દશરથનો પુત્રપ્રેમ એને પુત્રવિયોગમાં તરફડીને મરવા દે છે, પણ એને સત્યવચનથી ચ્યુત થવા દેતો નથી. ધૃતરાષ્ટ્ર પ્રેયના માર્ગના પ્રતિનિધિ છે, દશરથ શ્રેયના માર્ગના. હરિભાઈની પુત્રવત્સલતા દશરથની પુત્રવત્સલતા હતી. તેથી તેમણે પોતે પરિવારનો ભાર ઉપાડીને મહાદેવને વકીલાત સારુ મહિનાઓ સુધી ફાંફાં મારવા દીધાં. મહાદેવ ગાંધી સાથે જોડાતાં હરિભાઈએ શોક અવશ્ય અનુભવ્યો, પણ તેમણે મહાદેવને તેમ કરતાં રોક્યા નહીં. મહાદેવ જેલમાં ગયા એ વિચાર જ તેમને કારી ઘા જેવો લાગ્યો. પણ તેમણે કદી મહાદેવને એ પ્રવૃત્તિની વિરુદ્ધ એક શબ્દ સરખો ઉચ્ચાર્યો નહીં. એમની પરમ ઇચ્છા એટલી જ હતી કે મહાદેવ તેમની પાસે આવીને લાંબા ગાળા સુધી રહે, પણ પોતાના છેલ્લા પત્રમાં તેમણે પુત્રને ઉતાવળ કરીને પોતાની પાસે આવતાં વાર્યા અને છેલ્લી માગણી તો ‘નવજીવન પ્રકાશન મંદિર’નાં પુસ્તકોની જ કરી.

પુત્રે પસંદ કરેલા શ્રેયમાર્ગને વિશે હરિભાઈના મનમાં છેવટે તો સમાધાન જ હતું એમ માની શકાય. વાસદથી મુંબઈ જતાં વચ્ચે નવસારી સ્ટેશને ગાંધીજી સાથેના ટૂંકા સંવાદમાં તેમણે મહાદેવ વિશે સંતોષ પ્રગટ કર્યો હતો. દીકરાની માંદગી વખતે આશ્રમમાં જઈને રહ્યા ત્યારે હરિભાઈએ જોયું-અનુભવ્યું કે આશ્રમના નાનામોટા સૌ કોઈને મહાદેવ વિશે પ્રેમ અને આદર હતાં. બીજે ક્યાંય મળે એના કરતાં વધુ કાળજીભરેલી સારવાર તેમને આશ્રમમાં મળતી હતી.નવજીવનના હરિભાઈ નિયમિત વાચક હતા. પિતાના મરણ પછી નરહરિભાઈ ઉપરના પત્રમાં મહાદેવભાઈ લખે છે, ‘નવજીવનનાં મારાં ધૂળ જેવાં લખાણો એમના જેટલી મમતાથી વાંચનારું હવે કોઈ રહ્યું નથી.’ ‘મહાદેવ’ની સહીવાળું લખાણ એટલે એમને માટે જાણે કોઈ ચમત્કારિક વસ્તુ.’૧૧ પરંતુ માત્ર મહાદેવભાઈનાં જ લખાણો નહીં, પણ નવજીવનના કાર્યક્ષેત્રમાં જે કાંઈ આવે તે સઘળું લખાણ હરિભાઈને વહાલું થઈ રહેતું. ત્યાર સુધીમાં ગુજરાતીમાં પ્રગટ થયેલું લગભગ પૂરું ગાંધીસાહિત્ય હરિભાઈએ ઉથલાવી કાઢ્યું હતું. એમને

એકમાત્ર ચિંતા એ જ હતી કે મહાદેવનું શરીર નાજુક હતું, એ કષ્ટમય જીવન કેવી રીતે જીવશે?

મહાદેવભાઈને બે વાતની ચિંતા હતી. એક તો એમને લાગતું હતું કે હરિભાઈની તબિયત નાજુક ગણાય તેવી હતી અને બીજું એમને સતત એ સાલ્યા કરતું કે પિતાની બનતી સેવા તેમનાથી નથી થઈ શકતી. કુટુંબમાં મહાદેવ જેવા દીકરા હોવા છતાં, એનો ભાર મોટે ભાગે હરિભાઈને વેંઢારવાનો આવતો તે મહાદેવભાઈને વસમું લાગતું. શાંતા અને નિર્મળા, બંને બહેનોને વારાફરતી આશ્રમમાં રાખીને અને ખાસ તો નિર્મળાને પોતાની દીકરીની જેમ લાડથી ઉછેરીને અને પાછળથી શાંતાની દીકરી સુશીલાને પોતાની સાથે ઉછેરીને મહાદેવભાઈએ ઇચ્છાબહેનનો ભાર હળવો કર્યો હતો. ભાઈઓમાં મોટો ઠાકોર તો નાની વયે જ પ્લેગની બીમારીમાં ગુજરી ગયેલો એ આપણે જોઈ ગયા. સૌથી નાના ભાઈ પરમાનંદે દિહેણ, સુરત અને મુંબઈમાં શિક્ષણ લીધું. તે રજાઓમાં અવારનવાર મોટા ભાઈ પાસે રહેવા આવી જતો. દૂર રહેવા છતાં મહાદેવભાઈની કુટુંબવત્સલતા કોઈથી ઊતરે એવી નહોતી. પિતાના ગયા પછી મોટા ભાઈ તરીકે તેમણે પરિવારમાં મુખીનું સ્થાન લીધું હતું. જોકે કુટુંબના મુખ્ય સભ્ય તરીકે સર્વ પ્રકારના નિર્ણયો તો ઇચ્છાબહેન જ લેતાં, પણ તેઓ કોઈ બાબતમાં મહાદેવનો અભિપ્રાય લેવાનું ચૂકતાં નહીં.

હરિભાઈએ મહાદેવભાઈ પર લખેલા છેલ્લા પત્રમાં એમ લખ્યું હતું કે, 'આ નબળાઈથી જ પ્રાણ જશે એવું લાગે છે.' પણ તેમણે સાથે એમ પણ જણાવ્યું હતું કે, 'સારો થઈશ તો, અમદાવાદ આવીશ.'૧૨

છેલ્લી વાર મહાદેવને હરિભાઈ મળ્યા ત્યારે મહાદેવની તબિયત જોઈ સંતોષ અનુભવેલો: 'આ વખતે તારી છાતી પુરાઈ. નિયમિત જીવનનું એ પરિણામ છે. પણ તું ચંપલ પહેરે એ ઠીક નહીં, સ્લિપર પહેર. પગનાં તળિયાં ફાટી જાય.' આ છેલ્લા વાક્ય વિશે મહાદેવભાઈ નરહરિભાઈને પોતાના એ જ પત્રમાં લખે છે: 'હું બાળક જ છું એવો ભાવ એમના મનમાંથી ગયો જ નહોતો.'

કોઈ તુલસીદાસને જઈ પૂછે, કે દશરથને મન રામ વિશેનો એવો ભાવ છેવટ સુધી ગયો હતો ખરો?

નોંધ:

૧. મહાદેવભાઈનાં અપરમાતા.

૨. નરહરિ પરીખઃ महादेवभाईनुं पूर्वचरितः પૃ. ૯૭.

૩. એજન, પૃ. ૯૮.

૪. ૫મી જુલાઈ, ૧૯૨૩ને દિને લખેલ પત્ર, મૂળ અંગ્રેજીમાંથી અનૂદિત. 'शुक्रतारक समा महादेवभाई': પૃ. ૩૮૩.

૫. એજન પૃ. ૩૮૩,

૬. નરહરિભાઈ મહાદેવભાઈથી પોણા ત્રણ માસ મોટા હતા.

૭. નરહરિ પરીખઃ महादेवभाईनुं पूर्वचरितः પૃ. ૯૯.

૮. महादेवभाईनी डायरी – ૧૮ : પૃ. ૧૫-૧૬.

૯. નરહરિ પરીખઃ महादेवभाईनुं पूर्वचरितः પૃ. ૯૯. નરહરિને પત્ર, તા., ૬–૭–'૨૩.

૧૦. નરહરિ પરીખઃ महादेवभाईनुं पूर्वचरितः પૃ. ૧૦૦.

૧૧. એજન, પૃ. ૯૭-૯૮.

૧૨. એજન, પૃ. ૯૭.

# ત્રેવીસ – આજની ઘડી રળિયામણી

'લુચ્ચા! તમે લોકોએ અમને થોડા કલાક વહેલા કેમ મોકલી દીધા? તમને એક લપડાક મારવી જોઈએ. પણ શું કરું? પ્યારાની પાસે એક ચોડાવજો.'૧

એક અહિંસક માણસે બીજા અહિંસક માણસ પર લખેલા પત્રનો આ આરંભ હતો. પત્ર લખ્યો છે ગાંધીજીના મંત્રીએ અને લખાયો છે ગાંધીજીના સૌથી નાના ચિરંજીવ પર. પત્રલેખક હોંશમાં ને હોંશમાં પત્રમાં તારીખ લખવાનું ભૂલી ગયા છે. પણ સંદર્ભ સ્પષ્ટ છે કે, કારાવાસમાંથી ગાંધીજીના મુક્ત થવાના સમાચાર મળતાંવેંત લખાયેલો આ પત્ર છે. થોડા કલાક પહેલાં તો મહાદેવભાઈ કેદી ગાંધીજીનાં રોગશય્યા પર દર્શન કરી આવ્યા છે. જેલમાંથી છૂટવા અંગે તે વખતે કાંઈ અણસાર નહોતો. એટલે જ તેઓ પૂના છોડીને **નવજીવન**ની જવાબદારી સંભાળવા અમદાવાદ પાછા ફરે છે ને ત્યાં જ ખુશીખબર આવી પહોંચે છે. હરખઘેલા મહાદેવ એ વાત પણ વિસારી દે છે કે ગાંધીજીને પકડી રાખવા કે છોડવાની જવાબદારી દેવદાસની નહોતી. મહાદેવનું ચાલ્યું હોત તો તો એ દેવદાસને કોટી કરીને ભેટ્યા હોત. પણ વચ્ચે ઘણા જોજનનું છેટું હતું તેથી આમ પત્ર દ્વારા ભેટતા હતા.

શરીરથી મહાદેવભાઈ સાબરમતીને કાંઠે હતા, પણ દિલથી તો એ બાપુ પાસે, મૂળામૂઠાના સંગમ પર પહોંચી ચૂક્યા હતા — જ્યારથી છૂટવાના સમાચાર આપતો તાર મળ્યો ત્યારથી.

જે બાપુને છોડાવવા સારુ મહાદેવ **નવજીવન** દ્વારા કે દેશમાં ઘૂમી ઘૂમીને આંદોલનને તેજસ્વી બનાવવા છેલ્લા એક વરસથી અહર્નિશ મથતા હતા, તે બાપુ હવે મુક્ત હતા, પણ આંદોલન તીવ્ર થયું હતું તેથી નહીં, પણ તેમના (ગાંધીજીના) નબળા

સ્વાસ્થ્યને કારણે. અલબત્ત, આ છુટકારો બિનશરતી હતો, શરત હોત તો બાપુ કબૂલ જ શાના કરત, પણ એમના છૂટવાના આનંદ કરતાં એમની તબિયત અંગેની ચિંતા કાંઈ ઓછી નહોતી. દૂર હોવાથી મહાદેવને એ ચિંતા બેવડી સતાવતી હતી. ખેડામાં સૈન્યભરતી વેળાએ બાપુ જીવલેણ માંદગીમાં પટકાયા ત્યારે તો મહાદેવ રાતદિવસ ખડે પગે એમની પાસે સેવાશુશ્રૂષામાં હતા. એક રાતે હાલત કટોકટીભરેલી હતી ત્યારે આખી રાત મહાદેવે બાપુની પથારી પાસે બેસીને એક જ પ્રાર્થના કરી હતી: 'હે ભગવાન, તું મારું અડધું આયુષ્ય લઈ લે પણ બાપુને મરતા બચાવ.' મળસકે જરા ઝોકું આવી ગયેલું. થોડી વારમાં કાંઈક પગરવ સાંભળી સફાળા જાગી ગયા તો જોયું કે દાક્તર તપાસે છે, મહાદેવ આતુર નયને દાક્તર ભણી તાકી રહ્યા. શો ચુકાદો આપે છે દાક્તર? અને દાક્તરના મુખે જાણે મહાદેવના આરાધ્યદેવ બોલ્યા: 'સંકટકાળ પસાર થઈ ગયો!' સંકટકાળ પસાર થઈ ગયો. બાપુ બચી ગયા — તે દિવસથી શેષ આખી જિંદગી મહાદેવે મનમાં મનમાં માન્યું છે કે 'હું મારું અડધું આયુષ્ય બાપુને આપી ચૂક્યો છું, એટલે લાંબું જીવવાનો નથી.' પણ છોડો એ બે વરસ જૂની વાત. અત્યારે તો માથે ચિંતા છે બાપુની તબિયતની. તેથી પેલા પત્રમાં દેવદાસ સાથે ધોલધપાટ કર્યા પછી બીજા ફકરામાં મહાદેવભાઈ ગંભીર થઈને લખે છે:

'હવે બાપુને સંભાળવાની જવાબદારી સરકારના માથા ઉપરથી ખસીને આપણા ઉપર આવી પડી છે. બાપુ તો છૂટ્યા, પણ સરકાર પણ છૂટી છે. આપણે હવે બાપુને ખૂબ જિવાડી શકીએ તો જ આપણું જીવેલું સાર્થક છે.'૨

મહાદેવ ચાતકની માફક બાપુના ઝીણામાં ઝીણા સમાચારની, એમના એક એક વાક્યની, એક એક શબ્દની રાહ જુએ છે. રોજેરોજ ટપાલનો કોથળો ઉપાડીને આવતા ટપાલીનાં પગલાં પણ હવે મહાદેવનાં જાણીતાં થઈ ગયાં છે. એ કોથળાનું મૂલ્ય પણ જાણે કે રાતોરાત વધીને સોનામૂલ થઈ ગયું છે.

મહાદેવ દેવદાસને ઉપરાછાપરી આદેશ આપે છે:

તમે બાપુને છોડીને ભટકતા ન ફરો તો સારું — 'ભટકતા'નો ખોટો અર્થ ન કરશો, કારણ કે તમારા ચોવીસ કલાક ભરેલા હોય છે તે હું જાણું છું. પણ દરેકે नवजीवन અને यंग इन्डियाને માટે બાપુનાં પાંચ-પંદર વાક્યો તેમણે લખાવેલાં નહીં મળે

તો કાંઈ નહીં, પણ તેમણે બોલેલાં — આપણને મળી જવાં જોઈએ. અને એટલું જ नवजीवन અને यंग इन्डिया ના પહેલા પાના ઉપર આવે તો બસ.

તમારી પાસે બીજી આશા પણ રાખું છું — જ્યાં સુધી બાપુ ત્યાં છે ત્યાં સુધી બાપુની તબિયતનો ખૂબ વિગતવાર કાગળ દર બુધવારે પોસ્ટ થવો જ જોઈએ.'૩

બાપુની તબિયતની ચિંતા કર્યા પછી મહાદેવને બાપુનાં नवजीवन અને यंग इन्डिया સાંભરે છે. ત્યાર બાદ નવરાશ મળે છે આ છેડાના આનંદોલ્લાસનું વર્ણન કરવાની:

અહીં આજે આનંદનો પાર નથી. ગુજરાત કૉલેજમાં મારે 'બાપુનાં દર્શન' ઉપર ભાષણ આપવાનું હતું તે ભાષણ કૅન્સલ થયું! અને છોકરાઓએ તુરત જ સરઘસ કાઢ્યું અને આખા ગામમાં ફર્યા. છોકરાઓમાં ૫૦-૬૦ સાઇકલવાળા હતા. 'રઘુપતિ રાઘવ રાજારામ' એ આખું સરઘસ ગાતું હતું. અને સાઇકલની ઘંટડીઓથી તાલ અપાતા હતા. શહેરમાં સ્થળે સ્થળે સાકર વહેંચાતી હતી, ગરીબોને લાડુ વહેંચાતા હતા. વાજાંવાળાઓ વગર બોલાવ્યા વાજાં વગાડતા સરઘસની આગળ આવ્યા હતા! રાત્રે શહેરમાં રોશની છે અને બાપુના સ્વાગતની તૈયારી ઈશ્વરકૃપા હશે તો સરસ થશે, તે દિવસે એક પણ જણ રસ્તા ઉપર ખાદી વિનાનો ન હોય એવી વ્યવસ્થા કરવાને માટે વિદ્યાલયના વિદ્યાર્થીઓ લાગી જશે. તમને આજે બે તાર કર્યા છે તેનો અમલ જરૂર કરજો. બાપુનો મૅસેજ — સંદેશ — બે લીટીનો પણ यंग इन्डिया માટે આવે તો તે પહેલા પાના ઉપર આવી શકે, અને મારે કશું ટાયલું લખવું ન પડે.'૪

પછી મહાદેવ ગાંધીજીની તબિયત સુધરે એવા સમાચાર એમની પાસે પહોંચાડવા લખે છે:

ડૉક્ટર રાયેપ પોતાની ૫૦, ૦૦૦/- ની મિલકત ખાદીના કામમાં આપી દીધી છે. તેની ખબર તમે બાપુને આપી છે કે નહીં? આપી ન હોય તો જરૂર આપજો. આપણા વિદ્યાલયના ઘણાખરા છોકરાઓ નિયમિત વિદ્યાપીઠની જમીન ઉપર ઊગેલા રૂને પીંજી કાંતે છે. કાંતવાના ક્લાસમાં સવારથી તે સાંજ સુધી ૧૦-૧૨ છોકરાઓ તો બેઠેલા જ જુઓ – અને ખાસ સરસ કાંતનારાઓમાં મિલમાલિકના છોકરાઓ છે! પ્રોફેસર કૃપાલાનીની મોહિની અજબ છે!૬

અને છેવટે મહાદેવની લાક્ષણિક નમ્રતામાં દેવદાસ સાથેની ભાઈબંધીને લીધે મસ્તી ભળે છે:

તમારું કામ ત્યાં ખૂબ જ વધી પડ્યું હશે. તેમાં હું વધારો કરી રહ્યો છું. પણ માફ કરશો. હું ત્યાં હોત તો કેવું સારું થાત! રિલીઝની [છુટકારાની] ખબર આવી ત્યાર પછી હૉસ્પિટલમાં શું થયું — બાપુના ઉદ્ગારો વગેરેની ખબર तमे ज આપી શકો. તમે નહીં આપો તો તમને નિષ્ઠુર કહીશ કે દુષ્ટ કહીશ કે શું કહીશ તે સૂઝતું નથી. બાઘા તો કહીશ જ... આ કાગળ વાંચવાનો તમને વખત હશે કે કેમ તે ખબર નથી. પણ પાયખાને જવાનો વખત રહે તો ત્યાં જઈને વાંચજે.

લિ.

તમારો ભાઈ,

મહાદેવ

તા. ક.

'તમારો ભાઈ' સાથે છે. આજે એક કાગળ મારા ઉપર આવ્યો છે તેના ઉપર સિરનામું 'મહાદેવદાસ મોહનદાસ ગાંધી' લખ્યું છે!!!૭

હરખના ઊભરા વચ્ચે પણ મહાદેવનું પત્રકારત્વ વીસરાતું નથી. તેથી દેવદાસને લખેલ પત્રમાં અડધાથી વધારે જગા नवजीवन અને यंग इन्डिया ને ધ્યાનમાં રાખીને આપી છે, તેમને સમાચાર જોઈએ છે, તરત જોઈએ છે, પહેલે પાને છપાય એવી સામગ્રી જોઈએ છે, અધિકૃત જોઈએ છે, બીજા કોઈ પાસે ન હોય તેવી ખાસ જોઈએ છે.

જેલમાંથી ગાંધીજીની મુક્તિના સમાચાર તો છેલ્લા થોડા દિવસોથી ઉત્તરોત્તર પરાકાષ્ઠાએ પહોંચેલા સમાચાર હતા. મહાદેવે नवजीवन અને यंग इन्डिया દ્વારા તેનસિંગ કે હિલેરી એવરેસ્ટ પર ઝંડો ચડાવે તેમ એ સમાચારને એની તમામ નજાકત જાળવીને, એનાં સર્વ પરાક્રમને તાદશ કરીને લોકો આગળ ફરકાવ્યા છે. આ ઉમળકો नवजीवनના અનેક અંકો સુધી સતત ચાલુ રહે છે.

સહજ પાછા વળીને જોઈએ. સાથે રહેવાની ઇચ્છા કાંઈ મહાદેવની એકલાની નહોતી. ગાંધીજીએ પણ તે ઇચ્છા લાંબા વખતથી સેવી હતી. મહાદેવભાઈ इन्डिपेन्डन्टનું કામકાજ કરતા હતા ત્યારે ઠેઠ ૧૯૨૧માં એમણે મહાદેવભાઈને લખ્યું હતું:

'તમારા જેવું માણસ મારી સાથે હોય તો છેવટે મારું કામ ઉપાડી શકે એવો લોભ રહી જાય છે... તમે ત્યાંથી નવરા થાવ ત્યારે મારી સાથે જોડાઈ જશો એ ઠીક થશે. ... '૮

બીજી બાજુ મહાદેવભાઈએ જેલમાંથી છૂટીને આવતાં જ લખ્યું હતું:

ગાંધીજી જેલમાં જતાં મારા જીવનનું ચેતન ગયું, મારાં લખાણનો પ્રાણ ગયો. હવે મારાં નિષ્પ્રાણ લખાણ લખતાં મને જેટલું દર્દ થાય તેટલું વાચકને પણ દર્દ થશે, મારા તરફ અભાવ નહીં થતાં સહાનુભૂતિ થશે. કારણ, મારું દુ:ખ એ તેમનું દુ:ખ છે. એ દુ:ખનિવારણ કરવાનું ઈશ્વરને હાથ છે.૯

ગાંધીજી જેલમાં હતા ત્યારે પોતે છૂટ્યા તે વખતની મહાદેવભાઈની લાગણી એમના તે વખતના લેખોમાં ઠેકઠેકાણે પ્રગટ થયા જ કરતી.

'જેલમાંથી છૂટતાં તો મને મૂંઝવણ થવા લાગી છે, કારણ કે જેમને હું મારા પ્રાણ માનતો હતો તે તો જેલમાં છે. એમના વિના જીવવું એ મને ભયંકર અંધકાર તુલ્ય લાગ્યું છે.'૧૦

આમ, મોહન અને મહાદેવની સ્થિતિ સ્વ. શ્રી જુગતરામભાઈએ પોતાના અનુપમ ભક્તિકાવ્યમાં વર્ણવી છે —

'આ પા ઊછળે, તે પા ઊછળે,
હૃદય ભરી ભરી પ્રીત;
આકર્ષણ, પણ સ્પર્શ નહીં ક્ષણ
ચેન પડે નહીં ચિત!
અરેરે આડું અંતરપટ આ અદીઠ!'

તેના જેવી હતી.

દેવદાસને લખેલ પત્રમાં મહાદેવભાઈએ 'અમને થોડા કલાક વહેલા ... મોકલી દીધા' એવું મર્મવચન કહી જે ઉપાલંભ કર્યો છે, તે મહાદેવભાઈ પૂનાની સાસૂન હૉસ્પિટલમાં ઍપેન્ડિસાઇટિસના ઑપરેશન પછી ગાંધીજીની મુલાકાતે ગયા હતા, અને ત્યાંથી તેઓ પાછા આવ્યા પછી થોડા જ કલાકમાં ગાંધીજીને બિનશરતે છોડી મૂક્યા છે, એવી જાહેરાત કરવામાં આવી, તેના અંગે છે.

એ મુલાકાત અને તે દિવસોમાં જોયેલાં દશ્યોનું વર્ણન **નવજીવન**ની કટારોમાં અને પછી મહાદેવભાઈની ડાયરીમાં (ભાગ–છઠ્ઠામાં) પાને પાને પ્રેમે નીતરતું જોવા મળે છે.

પૂનાથી ગાંધીજી મુંબઈ આવી જૂહુ રહ્યા, ત્યાં તબિયત ઠીક ઠીક સુધર્યા પછી તેમણે પોતાની સાધારણ પ્રવૃત્તિઓ ચાલુ કરી. આ આખો ગાળો નવજીવનના અંકો દ્વારા મહાદેવભાઈ આપણને એક સાત્ત્વિક પ્રેમપ્રકરણ પીરસે છે.

૧૮મી જાન્યુઆરી, ૧૯૨૪ને દિને સાંજે ચાર વાગ્યે બોરસદના સત્યાગ્રહમાં 'ક્ષિપ્ર વિજય' મેળવી વલ્લભભાઈ અને મહાદેવભાઈ પૂનાની સાસૂન હૉસ્પિટલમાં છ દિવસ પહેલાં ઍપેન્ડિસાઇટિસનું ઑપરેશન કરાવી ખાટલે પડેલા ગાંધીજીને મળ્યા. હૉસ્પિટલમાં મુલાકાતનો સમય સાંજે ચાર પછીનો હતો. ગાંધીજી જો ઇચ્છત તો આ બે પ્રિયજનોને દિવસના કોઈ પણ ભાગમાં મુલાકાતે બોલાવી શક્યા હોત. પણ પ્રિયજનો સારુ એમણે એવી કોઈ ખાસ સગવડ ન માગી. છ દિવસ ઉપર ઑપરેશન કરાવવા જેલમાંથી હૉસ્પિટલમાં લઈ ગયા ત્યારે પણ ગાંધીજીને પોતાના વિશ્વાસપાત્ર દાક્તરો અને સ્વજનોને બોલાવવાની છૂટ આપવામાં આવી હતી. તેમણે મુંબઈના દાક્તર દલાલ અને વડોદરાના દાક્તર જીવરાજ મહેતાનાં નામો આપ્યાં હતાં, પણ બંનેને પૂના પહોંચતાં મોડું થાય એમ હતું અને શસ્ત્રક્રિયામાં વિલંબ કરવો ઇષ્ટ નહોતો તેથી જેલના દાક્તર મેડકના દ્વારા જ ઑપરેશન કરવાનું ગાંધીજીએ સ્વીકાર્યું હતું અને ડૉ. મેડકને લખી આપ્યું હતું કે મને આપની ઉપર પૂરો વિશ્વાસ છે. સ્વજનો તરીકે તેમણે રાજનૈતિક વિચારોમાં પોતાનાથી ભિન્ન વિચાર ધરાવતા શ્રી શાસ્ત્રીઆર અને નૃસિંહ ચિંતામણિ કેળકરનાં નામો આપ્યાં હતાં. ત્રીજું નામ ડૉ. ફાટકનું આપ્યું હતું જેઓ ખાદીના કામમાં રસ લેતા હતા. આ ત્રણે જણ તો પોતપોતાની રીતે ગાંધીજીએ ઑપરેશન વખતે પોતાને બોલાવ્યા તેથી આશ્ચર્યચકિત થઈ ગયા. ના. શાસ્ત્રીઆર હૉસ્પિટલમાં સૌથી પહેલા હાજર થઈ ગયા હતા. શ્રી કેળકરે તો આગળ ઉપર અનેક લેખોમાં ગાંધીજીનો વિરોધ પણ પ્રકટ કર્યો હતો. પોતાને ગાંધીજીએ સ્વજન તરીકે કટોકટીને વખતે પાસે રહેવા બોલાવ્યા તેનાથી પ્રભાવિત થઈને પાછળથી લખેલા એક લેખમાં એની કદર પણ કરી હતી. ડૉ. ફાટક તો પહેલાં માનવા જ તૈયાર નહોતા કે પોતાના જેવા 'સામાન્ય' કાર્યકર્તાને ગાંધીજી યાદ કરે. પણ જ્યારે એમને ખાતરી થઈ કે તેમને પોતાને જ બોલાવ્યા હતા, ત્યારે તેમણે ધન્યતા અનુભવી હતી. એક ચોથું નામ કોઈ હરિજનનું પણ આપવા ગાંધીજીનો વિચાર હતો, પણ નજીકમાં કોઈ હરિજન મિત્રનું નામ ચોક્કસપણે ન આપી શક્યા તેથી તેમણે આ ત્રણ જ નામો આપ્યાં હતાં.

'આવો બોરસદના રાજા!' કહીને બાપુએ પથારીમાંથી વલ્લભભાઈનું સ્વાગત કર્યું.

ઑપરેશન થિયેટરમાંથી હૉસ્પિટલના ઉપલા માળમાં આવતાંની સાથે ગાંધીજી જ જાણે સાસૂન હૉસ્પિટલના રાજા બની ગયા હતા. એમણે પોતાના માધુર્ય અને વિનોદ વડે દાક્તરો, નર્સો, પરિચારકો, જાણ્યાઅજાણયા સૌ મુલાકાતીઓનાં દિલ જીતી લીધાં હતાં. વલ્લભભાઈને પોતે આપેલી નવી પદવીથી ખુશ થઈને પોતે ખૂબ જ ખડખડાટ હસ્યા. જોકે હસવાથી એમના ઘામાં થોડું દરદ થતું હતું. પછી માંડીને આખી વાત કરી. આસપાસના લોકો પાસે વલ્લભભાઈ અને મહાદેવ બંને આખી વાત સાંભળી ચૂક્યા હશે એવો ગાંધીજીને અંદાજ હતો, છતાં પોતાના લોકોને માંડીને વાત કરવાનો એક ખાસ પ્રકારનો સંતોષ હતો, જે માણવાનું ગાંધીજી શાના ચૂકે? એમ તો ઑપરેશન વખતે ચારે દીકરાઓ કે પત્નીને યાદ ન કરનાર ગાંધીજીને મન પોતીકાં કોણ ને પારકાં કોણ? પણ છતાંયે એ તે જ ગાંધીજી હતા જેને મળવાથી દરેક મુલાકાતીને એમ લાગતું કે ગાંધીજી બીજા સર્વ કરતાં મારે માટે કાંઈ વિશેષ સંબંધ રાખે છે.

પ્રથમ તો ડૉક્ટરોનાં વખાણથી વાત શરૂ થઈ. બંને દાક્તરો પોતાને છ વરસની સજા ફટકારનાર બ્રિટિશ સરકારના નોકરો, બંને ગોરા, બંને સાથે જૂની ઓળખાણ પણ નહોતી. પણ અહિંસાનો પૂજારી એમને દેશ-રંગના ભેદોથી ઉપર ઊઠી માત્ર મનુષ્ય તરીકે જોતો હતો. અને તેમાં આ બે તો અણીને વખતે બચાવનાર કુશળ તબીબો, એટલે પછી વખાણ કરવામાં શી કચાશ હોય? યરવડા જેલના સુપરિન્ટેન્ડેન્ટ કર્નલ મરે વિશે કહ્યું, 'અતિશય કુશળ માણસ છે. આઈ. એમ. એસ. ઉપરાંત એમ. ડી. છે અને બીજી વૈદ્યકીય ડિગ્રી લીધી છે. પૉર્ટબ્લેરમાં પણ હતો. એ મારા પર ભારે મમતા રાખે છે. હમેશાં મને કહે કે તું તારી ઉપર દરરોજ આમ અખતરા કરે એ સારું નહીં. હું કહું એ રીતે તારે ખાવુંપીવું જોઈએ.'૧૧

મરેએ પેટ તપાસ્યું. ફરી ફરીને ઍપેન્ડિક્સ આગળ. હું કહું કે ત્યાં દુઃખ થાય છે. ત્યારે તેને શંકા પડી. પછી દર્દ નરમ થયું, પાછું ૧૨મીએ દર્દ ઊપડ્યું એટલે એણે કર્નલ મેડકને બોલાવ્યો. મેડકને થયું કે જૂના મરડાનો વિકાર હશે. ફરી પાછું અસહ્ય દર્દ થયું ત્યારે મેડકે આવીને જેલ બહાર લઈ જવાનો વિચાર કર્યો. દાક્તર પોતાની જ કારમાં હૉસ્પિટલમાં લાવ્યા. વ્યવસ્થા કરવામાં સમય લાગ્યો. એટલામાં ગાંધીજીએ સૂચવ્યા હતા તે લોકોને બોલાવવામાં આવ્યા.

શાસ્ત્રીઆરે ગાંધીજીની હાલત વિશે એક નિવેદન બહાર પાડેલું. તેને લીધે દેશને

એમની તબિયત વિશે વિગતવાર જાણ થયેલી. નામદાર શાસ્ત્રીઆર મારફત ગાંધીજીએ દેશને જણાવ્યું કે:

મારી આસપાસ અત્યારે જે દાક્તરો છે તેમના ઉપર મને પૂરેપૂરો વિશ્વાસ છે, તેઓ મારા પ્રત્યે ખૂબ ભલાઈ બતાવી રહ્યા છે, અને મારી ખૂબ સંભાળ રાખે છે. દેશમાં જે કંઈ ખળભળાટ થાય તો હું એમ જાહેર કરવા ઇચ્છું છું કે અમલદારો વિરુદ્ધ મારે કંઈ પણ તકરાર કરવાની છે જ નહીં. મારા શરીરની માવજત કરવામાં તો આ લોકો કશી ઊણપ રાખતા નથી.૧૨

શ્રી શાસ્ત્રીઆરના નિવેદન અંગે ગાંધીજીએ મહાદેવભાઈ આગળ કહ્યું:

શાસ્ત્રીની સાથે થયેલી વાતચીતનો એમણે બરાબર ખ્યાલ નથી આપ્યો. મેં એમને ત્રણ મુદ્દાઓ આપેલા હતા. મેં કહેલું કે મને કાં લોકો પોતાના બળ વડે છોડાવે; કાં હું નિર્દોષ છું અને હું દરેક અંગ્રેજને ચાહું છું, એમ સરકાર માની લે ને મને છોડે અથવા તો મારો અને એમનો કજિયો ચાલુ જ છે એટલે છ વરસની આખરે છોડે. [પણ શાસ્ત્રીના] મનમાં કે આવી રીતે મૂકવામાં કદાચ મારા છુટકારામાં વિઘ્ન આવે એટલે એવી રીતે ન મૂકતાં જુદી રીતે મૂક્યું.૧૩

પછી ગાંધીજીએ પોતાની દૃષ્ટિએ રોગનું કારણ જણાવ્યું:

જેમ જેમ વિચારું છું તેમ તેમ લાગે છે કે મારો સંયમ હજી કાચો છે. આફ્રિકામાં મેં મારું શરીર જેલના અધિકારીઓને પૂરેપૂરું સોંપ્યું હતું. અહીં ત્રણ વખત માંદો પડ્યો. મેં હમેશાં માન્યું છે કે હું તલવારની ધાર પર રહું છું. પણ એ તલવારની ધાર બુઠ્ઠી હશે. ... ગમે તેટલો સંયમ હોય પણ માણસ એક વાર ચાતરી જાય તો પછી મૂઓ જ છે. એક વાર એમ લાગતું હતું કે મને કંઈ રોગ થઈ જ ન શકે. ... પણ હવે જોઉં છું કે આટલા સંયમ છતાં હું ત્રણ વાર માંદો પડ્યો.’

પછી મહાદેવ તરફ જોઈને કહે:૧૪

તમને તો અનેક વાર નિરાશા થઈ, મને મળી જ ન શક્યા. કાંઈ નહીં, એમાં તમારું પણ સારું છે. આપણા કાર્યને પણ ફાયદો થાય છે. તમને ચાર વાગ્યાને ટકોરે બોલાવ્યા એટલે હવે હું કોઈ પણ જણને કહી શકવાનો કે મેં વલ્લભભાઈને અને મહાદેવને વહેલા મળવાની ના પાડી. તમે પણ ન આવતા. તમારે વિશે મેં સાંભળ્યું. તમે તો પેલા યુધિષ્ઠિરના કૂતરાની જેમ વલ્લભભાઈ કહે તેમ કરી રહ્યા છો, તે દિવસના તારા બતાવે

તો તારા કહો છો અને રાતના સૂરજ બતાવે તો સૂરજ કહો છો. મને એ બહુ ગમ્યું. એ જ રીતે કામ થાય.૧૪

પછી દુર્ગાની ખબર પૂછી. નરહરિની પૂછી. બોરસદમાં થયેલાં કામનાં ગાંધીજીએ વારંવાર વખાણ કર્યા, મહાદેવે કહ્યું કે આપ આવો ત્યારે બોરસદ તૈયાર હશે, તેનાથી ગાંધીજી બહુ રાજી થયા.

બીજે દિવસે બાપુને મળતાં મહાદેવભાઈએ ફરિયાદ કરી કે, 'તમે ગઈ વખતે માંદગી વખતે આટલા નબળા નહોતા થઈ ગયા.' એટલે કહે, 'હા, હશે. જેલમાં બીજું દુઃખ તો નહોતું, પણ માનસિક દુઃખ આપવામાં મણા નથી રાખી.'૧૫

અનેક સાથીઓ વિશે ગાંધીજીએ પૂછપરછ કરી. વિનોબા દ્વારા સંપાદિત 'મહારાષ્ટ્ર ધર્મ' વિશે તપાસ કરી. એમાં આવેલ ઉપનિષદ વિશેનાં વખાણ કરતાં ગાંધીજી ધરાતા જ નહોતા. જેલમાં પોતાના ઉર્દૂ અભ્યાસની વાત નીકળતાં કહે, 'મુસલમાનોને કહેજો કે હું મૌલવી થઈને આવવાનો છું એવો તેમનો ભય સાચો પડવાનો છે.'૧૬

વલ્લભભાઈને પૂછ્યું કે કૉંગ્રેસની કારોબારીના કોણ કોણ સભ્યો ચૂંટાયા છે. તેમને મળેલા મતોનો ઉલ્લેખ થતાં કહે, '[દેશબંધુ ચિત્તરંજન] દાસ આવ્યા એ ઠીક થયું. અને તેમને આટલા ઓછા મળ્યા તે પણ સારું થયું.'૧૬

દેશબંધુ દાસે આ ગાળામાં અસહકાર અને ગાંધીજી વિશે કેટલાંક અવિવેકી વાક્યો ઉચ્ચાર્યાં હતાં. ગાંધીજી જો એ વિરોધીને ન આવકારે તો તેમની અહિંસા લાજે, અને તેમને મળેલા ઓછા મતો વિશે જે અભિપ્રાય આપ્યો તે એ સિદ્ધ કરતું હતું કે ગાંધીજીની અહિંસા કાંઈ ભોળપણમાંથી નીપજી નહોતી.

લાલા લજપતરાયને ગાંધીજીએ, 'આવો પંજાબ કેસરી' કહીને વધાવ્યા. તેઓ ગાંધીજીને કહી ગયા: 'તમે જલદી આવો. તમે બહાર આવશો અને ફરી પાછું અમારું નેતૃત્વ લેશો એ આશા ઉપર અમે મદાર બાંધીને બેઠા છીએ. તમારી ગેરહાજરીમાં ગુરુ વિનાના નિશાળિયાઓ જેવા અમે છીએ. નાનાં બાળકોની જેમ અમે અંદર અંદર લડી રહ્યા છીએ.'૧૭ ગાંધીજીએ પેટ પકડીને કહ્યું, 'મને પેટ પકડીને હસવાનું મન થાય છે. પણ હસવું દાબવું પડે છે. ... મારી પાકી ખાતરી છે કે જેલમાં રહીને હું દેશની એટલી જ સેવા કરી રહ્યો છું. બહાર કરતો હતો તે કરતાં વધારે નહીં તો એટલી તો ખરી જ.'૧૭

ચાર દિવસ પછી જેલના સુપરિન્ટેન્ડેન્ટ કર્નલ મરે મળવા આવ્યા. તેમની કોમળતા

અને નમ્રતા જોઈ મહાદેવભાઈ પણ ચકિત થયા. એમની ગાંધીજી સાથેની મુલાકાત મહાદેવભાઈ નોંધતાં શાના ચૂકે? 'બાપુની સાથે હાથ મિલાવીને કહે, તમને એમ તો નથી લાગતું ને મિ. ગાંધી, કે હું તમને વીસરી ગયો? પણ મને એમ થયું કે તમારા આરામમાં હું વિક્ષેપ ન પાડું. આટલા દિવસ પછી તમને જોઉં છું એટલે તમારામાં ખૂબ જ સુધારો થયેલો દેખાય છે. તમારા ચહેરા ઉપર પણ બહુ સ્ફૂર્તિ લાગે છે.' બાપુએ કહ્યું કે, 'હું દિલગીર છું કે તમારી ઉપર છાપામાં બહુ ખરાબ હુમલા થયા છે.' કર્નલે હસીને જવાબ આપ્યો, 'એની જરાયે ચિંતા કરશો નહીં. જેઓ મને ઓળખે છે તેમણે એ હુમલા કર્યા નથી.' બાપુએ પોતાના જેલના સાથીઓની ખબર પૂછી. તેમણે જવાબ આપ્યો, 'તમને સૌ યાદ કરે છે. તમારા સાથી મિ. ગનીએ કહાવ્યું છે કે તમારો ચાર વાગ્યે ઊઠવાનો નિયમ બરાબર પાળું છું. ઇંદુલાલ વગેરે સૌ મજામાં છે. સૌને તમારી ખોટ લાગે છે, અને (જરા મોં મલકાવીને) આશા રાખું છું કે એ સૌને કાયમને માટે તમારી ખોટ સાલે.' બાપુ હસીને બોલ્યા: 'સાચું, પણ તમને ખાતરી આપું છું કર્નલ, કે મને તો સાજા થઈ ગયા પછી પાછું તમારી જ દેખરેખ નીચે આવીને મારું કામ કરતા થઈ જવાનું જેવું ગમે તેવું કશું જ ન ગમે.' કર્નલના મુખ પર શરમના શેરડા પડ્યા. 'જલદી સારા થાઓ અને કામકાજ ફરમાવજો.' એટલું કહીને તે વિદાય થયા. એટલે બાપુ કહે, 'જુઓને, એનું મોં જ કેવું છે? કેટલું નિખાલસપણું અને ભલમનસાઈ!' આખી મુલાકાત અંગે મહાદેવભાઈની મિતાક્ષરી ટીકા:

'કર્નલ મરેને જોઈને બાપુની જેલની ઓરડી કેટલી પ્રેમના વાતાવરણથી ભરેલી હશે તેનો ખ્યાલ આવ્યો, અને જે સરકાર એ પ્રેમના પ્રકાશને એક ઓરડામાં પૂરી રાખવાનો પ્રયત્ન કરી રહી છે એના અજ્ઞાન ઉપર દયા આવી.'[૧૮]

માંદગીને બિછાને પડેલા ગાંધીજીને જોવા કોણ ન આવે? મહાદેવભાઈ આમાંથી બને એટલા મુલાકાતીઓ સાથે ગાંધીજીને થયેલી વાતોની નોંધ જનતા આગળ તાદશ રજૂ કરે છે, અને દરેક મુલાકાતના વર્ણનમાં ગાંધીજીના વિચાર લોકો સમજે, એમનું ચારિત્ર્ય લોકો આગળ પ્રગટ થાય અને મહાદેવભાઈનો ગાંધીજી વિશેનો પ્રેમ જગત આખા પર પ્રસરે એવો એમનો અથાક પ્રયાસ ચાલુ હોય છે. માત્ર આ વર્ણનોમાં ભક્તિ છે, અતિશયોક્તિ નથી, પ્રેમ છે, ચાપલૂસી નથી, ગાંધીજીના ગુણો પ્રગટ કરવાનો પ્રયાસ છે, એમની મર્યાદાઓને ઢાંકવાનો પ્રયાસ નથી. ક્યાંક બાપુની અન્યજનો સાથેની વાતચીતમાં પોતાનો ઉલ્લેખ આવે તો તેને તેઓ ખૂબ સંકોચ સાથે કહે છે. દાખલા

તરીકે, દેવદાસભાઈને ગાંધીજી એક વાર કહે છે: 'મહાદેવ તો જાણે જન્મથી જ માખીને પણ ઈજા કરી શકે નહીં એટલા કોમળ.'૧૯ અથવા તો બીજી એક વાર વાતચીત લંબાતાં મેં બંધ કરવા કહ્યું એટલે બાપુ કહે:

આજે બીજી ઘણીયે વાતો થઈ. એમાં કંઈ મને બહુ રસ ન પડે. તારી આગળ વાત કરું છું, તેમાં રસ પડે છે. અને તારા જેવું પાત્ર મળે પછી શું? તારા જેવા પાંચ-સાત જુવાનિયાઓને હું મારા વિચાર બરાબર આપી શકું અને તેઓ તે ધોરણે વિચાર કરતા થઈ જાય તો મને સંતોષ થાય.૨૦

આ વર્ણનોમાં દેશના રાજકારણના ગંભીરમાં ગંભીર પ્રશ્નો આવે છે. તો આશ્રમ-જીવનના રોજિંદા પ્રશ્નો આવે છે. તેમાં જીવનને સ્પર્શે તેવા ભાતભાતના વિષયોનો સ્પર્શ થાય છે તો જાતજાતના સ્વભાવના લોકોનાં ચિત્રણો આવી જાય છે. એમાં પેટ પકડીને હસવું આવે એવા રમૂજી કિસ્સાઓ છે અને વાંચતાં આંખ ભીની થાય એવા ભાવવાહી કિસ્સાઓ પણ છે.

રાત્રે ખાઈ રહ્યા પછી નર્સો આવીને ગમ્મત કરવા લાગી. એકને પૂછ્યું, 'તને ગાતાં આવડે છે?' ત્યારે તેણે કહ્યું, 'ગાતાં આવડતું હતું, પણ આજે નહીં ગવાય.' ત્યારે બાપુએ કહ્યું કે જાઓ, તમે નર્સ નહીં કહી શકાઓ. નર્સની એક અગત્યની લાયકાત તેની ગાયનશક્તિ છે. મને પહેલી નર્સ જે મેળવવાનું ભાગ્ય પ્રાપ્ત થયું તે નર્સ ભારે ગાનારી હતી. તે ધંધાદારી નર્સ ન હતી. એ તો મિ. ડોકની પુત્રી ઓલિવ હતી — મને એક ઘા લાગેલો હતો. દર્દ પાર વગરનું થતું, ત્યારે ઓલિવને 'લીડ કાઇન્ડલી લાઇટ' (પ્રેમળ જ્યોતિ તારો દાખવી) ગાવાનું કહ્યું. તેણે એટલી સરસ રીતે ગાયું કે એના સૂર હજી મારા કાનમાં ગુંજે છે. ... મારું દર્દ ક્યાંયે ચાલ્યું ગયું. બીજી નર્સે પછી અનેક બહાનાં કાઢ્યાં. ગળામાં ઑપરેશન કરાવ્યું છે, વગેરે.૨૧

મહાદેવભાઈ કહે છે:

અમલદારોને, નર્સોને પોતે પોતાના પ્રેમથી તરબોળ કરી દીધાં છે. એટલે એમના ઓરડામાં એ પ્રેમનું જ વાતાવરણ પ્રગટી રહ્યું છે. જે કોમળતાથી તેમની પાસે ડૉક્ટરો આવે છે, જે મીઠાશથી તેમની ખબર પૂછે છે તે જોઈને કઠણમાં કઠણ હૃદય પર પણ અસર થયા વિના ન રહે. એક અંગ્રેજ બાઈ, જે નર્સોની મુખી છે, તે તો જાણે મોટા સાગરનાં મોજાંઓ ઉપર મહાલતા હોડકાની જેમ જ્યારે આવે ત્યારે હસતી ને હસતી જ. તેને જોઈને બાપુથી પણ હસ્યા વિના રહી શકાતું નથી. બાપુની આંખ ઠરે એવી.

ઓરડાનો ટાપટીપ પોતે કરવાની, સુંદર અજવાળેલા કળશ લાવી તેમાં ફૂલો મૂકી, ગાંધીજીને, ઓરડાનો પોતે કરેલો શણગાર વખાણવાનું કહેવાની!૨૨

દિવસમાં સારવાર કરનારી નર્સ ... ના પ્રેમનો પાર નથી. આ મારો પહેલો જ ખાનગી કેસ. ચાર વર્ષ અભ્યાસ કરીને હું હૉસ્પિટલમાંથી નીકળવાની હતી, ત્યાં તો ગાંધી આવ્યા. અને તેમનો જ કેસ મને પહેલો મળ્યો. મારી કારકિર્દીની આ કેવી મંગળ શરૂઆત કહેવાય! ...સેવામાં ખરેખર લહેજત આવી હોય તો આ દર્દીની. ... આજે ડૉક્ટર મને કહે છે કે, 'તું તારા રિપોર્ટ આવા મોતીના દાણા જેવા અક્ષરે તો કોઈ વાર લખતી નહોતી!' મેં તેમને કહ્યું, 'કારણ કોઈ વાર આવા દર્દીયે નહોતા મળતા.' બહાર ગયા પછી પોતાની સાહેલીઓની સાથે ભેગી થાય ત્યાંયે ગાંધીજીની જ વાત કરે. એટલે પેલી બહેનો કોઈ વાર મશ્કરી કરીને કહે, 'કેમ આજે કાંઈ ગાંધીની વાત કરવાની નથી કે? તું તો તારા દર્દી ઉપર મોહિત થઈ છે!' તરત પેલી જવાબ આપે, 'તમે ગાંધીને જાણો તો તમે પણ હમેશાં તેની જ વાતો કરતાં ફરો.'૨૨

... આશ્રમમાંથી ગાંધીજીનાં મોટાં બહેન કેટલીક બહેનોને લઈને મળવા ગયાં હતાં. એ દૃશ્ય વર્ણવ્યું જાય એમ નથી. કેટલે વર્ષે બહેને પોતાના ભાઈને જોયા? તેમનાથી તો કશું બોલાય એવી તેમની દશા રહી ન હતી. પણ બાપુએ જ કહ્યું:

આજે તો ઊઠીને પ્રણામ કરાય એવી સ્થિતિ નથી. બહુ સારું થયું તમે આવ્યાં.' જ્યારે જવા નીકળ્યાં ત્યારે પેલી હસાવનારી નર્સ પૂછવા લાગી, 'આ તમારાં બહેન?' બાપુ કહે, 'હા.' 'ત્યારે આ?' બાપુ કહે, 'એ પણ બહેન.' 'આ?' 'એ પણ બહેન.' 'બધી જ તમારી બહેનો? હુંયે તમારી બહેન?' 'જરૂર, તુંયે બહેન થાય તો બહેન જ.' પેલી ખડખડાટ હસી પડી. વસુધાને કુટુંબ માની બેઠેલા ઉદાર પુરુષને નર્સ બિચારી ઓળખવા લાગી, સર્જનો પણ ઓળખવા લાગ્યા. સરકાર ક્યારે ઓળખશે?૨૩

કોમી વિખવાદનો પ્રશ્ન તે વખતે પણ દેશમાં માથાં ઊંચકતો હતો. બંને પક્ષના નેતાઓ મળે તો સામો શું કરે છે એ વિચાર કરતા હતા. એ બાબતમાં ગાંધીજીના વિચાર જુદા હતા અને બંને પક્ષોને પચાવવા આકરા પડે એવા હતા. તેમણે મહાદેવ જોડે આ બાબત ગંભીરતાથી વાત કરી:

હિંદુ ધર્મનું તત્ત્વ જ મને તો આત્મત્યાગ અને અહિંસા લાગે છે, અને જ્યાં સુધી તમે એ વસ્તુ બરાબર ન સમજી લો ત્યાં સુધી તમે પછડાવાના છો. જ્યાં તમારું લોકો સાંભળે નહીં ત્યાં ઊભા ન રહેવું. કાળી આગળ બકરો કપાય છે તે વિશે મને કાંઈ લાગતું નથી

શું? મને તો ગાય અને બકરી બંનેના પ્રાણની સરખી કિંમત છે. પણ હિંદુને ગાયને માટે ભારે માન છે, એટલે ગાયની વાત હું કરી રહ્યો છું. આજે ગાયને બચાવું તો કાલે બકરીને પણ બચાવી શકીશ.૨૪

એટલામાં રાજાજી અને શંકરલાલ આવ્યા. તેમને અંગ્રેજીમાં કહેવા લાગ્યા:

હું મહાદેવને કહેતો હતો કે ... હિંદુ-મુસલમાનોનો સવાલ એવો છે કે જેમાં પ્રતિયોગી સહકાર ન ચાલી શકે, એમાં પ્રતિયોગી સહકારનું સ્થાન જ નથી. પ્રેમની બધી બાબતોમાં સામા માણસથી નિરપેક્ષ વર્તન રાખવાનું હોય છે. બેમાંથી એક પક્ષ બધી શરતોનું પાલન કરે તો પૂરતું છે. એમાં સામાની સાથે સાટું કરવાની વૃત્તિ હોય જ નહીં. હું તમને એટલા માટે નથી ચાહતો કે તમે મને ચાહવાને કબૂલ થાઓ છો. હું તમને ચાહું છું કારણ, એ મારો ધર્મ છે. હું મૌલાના અબદુલ બારીને મળ્યો ત્યારે તેમણે મને સવાલ પૂછેલો કે મુસલમાનોના સહકારના બદલામાં હિંદુઓ શી અપેક્ષા રાખે છે? મેં કહ્યું, કશાની નહીં. મુસલમાનોને જે પોતાનો ધર્મ લાગે તે પ્રમાણે તેઓ વર્તે... જ્યારે હું કહું છું કે મારે કશો બદલો નથી જોઈતો ત્યારે હું એ કહેવા માગું છું કે મુસલમાનો પાસેથી બદલામાં હું કશું માગતો નથી. પણ ઈશ્વર પાસેથી જરૂર મને મારો બદલો મળવાનો છે. ઈશ્વર મારી મહેનતનું અને મારા ત્યાગનું ફળ મને આપશે એવી પૂરી શ્રદ્ધા સાથે મારા સિદ્ધાંતને ખાતર હું મરીશ...'૨૫

(પોતાની કાર્યપદ્ધતિનો વિરોધ કરનારા તે કાળના ધુરંધર મહાપુરુષો વિશે)૨૬ [કહ્યું].

એમ નથી કે એ લોકોની બુદ્ધિ તો સત્યને જોઈ શકે છે, પણ એમના આવેગો તેમને બીજે માર્ગે ખેંચી જાય છે. ના. આ બાબતમાં તેમની બુદ્ધિ જ ધૂંધળી થઈ ગઈ છે. આ વિશે મારા વિચારો ચોક્કસ અને નિશ્ચિત છે. હું અત્યારે યરવડા જેલમાં પુરાયેલો છું અને બહાર સંદેશો ન મોકલી શકું તોપણ આ હું તમને કહું છું. કારણ, મારે માટે એ જીવનમરણનો સવાલ છે. હું એને માટે જ જીવી રહ્યો છું, હિંદુ-મુસલમાન સવાલનો ફડચો અહિંસાથી થઈ શકે, એવો સંદેશો હું ગમે ત્યાંથી આપી શકું. તમે કહો છો કે તેમણે તો જનસંખ્યાનું ધોરણ પકડ્યું છે. આટલા ટકા અમને મળવા જોઈએ એમ તેઓ માગણી કરે છે. હું કહું છું કે તમે એમને કહી દો કે અમારે તો શૂન્ય ટકો જોઈએ છે. આ બાબતમાં તમે તેમના હાથમાં કલમ મૂકી દો. આપણે નિષ્ફળ ગયા છીએ અને નિષ્ફળ જઈશું, જો આપણી અંતર્દૃષ્ટિ નિર્મળ ન થઈ હશે; સત્ય અને અહિંસાનો સર્વત્ર અને

સદાકાળ વિજય જ છે એ વિશે શ્રદ્ધાની આપણામાં ઊણપ હશે. આ બાબતમાં તમારે તમારા મન સાથે નિશ્ચય કરી લેવાનો છે. બાકીની વાત એમના ઉપર તમે છોડી દો.

આ વસ્તુ મને અનુભવે લાધેલી છે. તે હું તમારી આગળ મૂકું છું. આ સિદ્ધાંતના સ્વીકારથી જ દક્ષિણ આફ્રિકામાં મને વિજય મળેલો. હિંદુસ્તાનમાં પણ હિંદુ-મુસલમાન ઐક્યનું એક નાનકડું મોજું ચડેલું દેખાયું હતું તે પણ આ સિદ્ધાંતના સ્વીકારને જ પ્રતાપે. મુસલમાનોના જેવા શરીરબળિયા થવાની૨૭, અખાડા કાઢવાની અને નાગરિક સંરક્ષક દળો ઊભાં કરવાની વાત વાહિયાત છે. એ બધાં ફાંફાં છે. હિંદુઓ કહે છે કે મુસલમાનો કરતાં વધારે બળવાન થાઓ. એના જવાબમાં મુસલમાનો હિંદ બહારના પોતાના સધર્મીઓ સાથે જોડાવાનો વિચાર કરશે. પછી આપણે ચીન, જાપાન અને બીજા એશિયાઈ દેશો સાથે સંધિ કરવાના બેત રચીશું. આમ ક્યાં પાર આવશે? એક વાર શરીરબળના ઉપયોગનો સ્વીકાર કરો એટલે પછી જોતજોતામાં તમે આખા દેશને લશ્કરી છાવણીમાં ફેરવી નાખશો. તમે જાતે તમારો બચાવ ન કરી શકતા હો તો ભાડૂતી ગુંડાઓને રોકવા જશો! બીજું પગલું પોલીસની મદદ લેવાનું આવશે. પછી બહારનાં રાષ્ટ્રોની મદદ લેવાનો વિચાર કરવો પડશે. આમ આ વસ્તુનો પાર નહીં આવે.૨૮

તમારે તો મન સાથે નિશ્ચય કરી લેવાનો છે કે જે વસ્તુને આપણે ધર્મ માન્યો છે તેમાંથી એક તસુ પણ ચલિત થવું નથી. મારો સિદ્ધાંત સદાકાળ માટે છે. કોઈ મારું નહીં સાંભળે તો તેમાં મારું શું જવાનું છે? બુદ્ધે આપેલા ઉપદેશનાં ફળ હજી આવ્યાં નથી. પણ તેથી કોણ કહેશે કે બુદ્ધ નિષ્ફળ ગયા? હજી તો માત્ર ૨,૬૦૦ વર્ષનો ગાળો વીત્યો છે. ખ્રિસ્તી સમાજે વ્યવહારમાં ઈશુખ્રિસ્તના ઉપદેશનો ઇન્કાર કર્યો છે. તેવું જ મહમદ પેગંબરનું બન્યું છે. આજના મુસલમાનોમાં લડવાની ખોટી બડાઈ હાંકવા સિવાય બીજું શું છે? તેમનામાં મહમદ અને તેની પછીના ચાર ખલીફાઓનો આપભોગ, સાદાઈ, ઈશ્વરનિષ્ઠા ક્યાં જેવામાં આવે છે? મહમદનો સંદેશો એ હવે અંતિમ સંદેશો છે, અને શાશ્વતકાળને માટે છે એમ પણ મને લાગતું નથી. જે દેશમાં અને જે કાળે એ સંદેશો અપાયો તે દેશ અને કાળ માટે એ બહુ સારો હતો, પણ તેથી તે પરિપૂર્ણ અને નિર્ભેળ છે એમ ન કહી શકાય. મહમદ એ છેલ્લો પેગંબર થઈ ગયો અને હવે બીજો પેગંબર આવવાનો નથી એમ પણ હું માનતો નથી.૨૯

હકીમજી, મહમદઅલી અને શૌકતઅલી મળ્યા તે પ્રસંગ પણ શૌકતઅલી મળ્યા

ત્યારના પ્રસંગ જેવો હૃદયદ્રાવક હતો. મહમદઅલીએ પગ ચૂમ્યા, પણ ઓઢેલા સાથે. હકીમજીને બાપુએ જ પ્રણામ કર્યા અને હાથ મિલાવ્યા.

પછી ઘણી વાતો થઈ, તેમાં વચ્ચે મહમદઅલીએ પૂછ્યું: 'બાપુ, એક ઇજાજત ચાહિયે. પરદેશો મેં પ્રચારક કે લિયે નહીં, લેકિન વહાં જો કુછ ગલત પ્રચાર હોતે હૈ ઉનકો મિટાને કે લિયે.' એટલે બાપુએ બમનજીને જે કહ્યું હતું તે જ કહ્યું અને જણાવ્યું કે, 'હું ઇજાજત આપનાર કોણ? મારે ગાંધીરાજ નથી કરવું ઇત્યાદિ.' તોપણ પેલાએ આગ્રહ ધર્યો ત્યારે તેમણે કહ્યું કે, 'તમે જે કરશો તે વિચારીને કરશો. હું આવીને તમને ઠપકો નથી આપવાનો. મારો પોતાનો મત તો એવો છે કે કાંઈ બહાર પ્રચાર કરવાની જરૂર નથી.૩૦

આ જ દિવસોમાં મહાદેવભાઈએ નવજીવનના વાચકો સારુ ખાસ લેખો પણ લખ્યા. મહાદેવભાઈ પોતાના હૃદયનો પડઘો પોતાની કલમ મારફત વાચકો પર કેવો પાડતા હતા તેના નમૂનારૂપે તે કાળના નવજીવનના લેખોમાંથી ખૂબ કંજૂસાઈથી વીણેલા કેટલાક ઉતારાઓ નીચે આપ્યા છે:

બાપુનાં દર્શન ...નું ભાગ્ય પ્રાપ્ત થયું, સેવા કરવાનું તો નહીં જ... મુંબઈમાં તોફાન વખતે [૧૯૨૧]માં જોયેલા ત્યાર પછી ગયે અઠવાડિયે...જોયા. અશક્તિનો પાર ન હતો. તેમને ધીમે ધીમે બોલવાનો પ્રયત્ન કરતા જોઈને ગભરાઈ જઈએ. ચાદરમાંથી માત્ર તેમનું મોં જ બહાર દેખાતું હતું. બાકીનું શરીર એટલું સૂક્ષ્મ થઈ ગયેલું હતું કે શોધ્યું નહોતું જડતું. તેમને બોલવા દેવા એ પણ નિર્દયતા હતી. પણ તેમનો પ્રેમનો સાગર રોક્યો કેમ રોકાય? એમને જોતાંની સાથે તે તેમના હાસ્યના રૂપમાં ઊલટી પડ્યો ...એ પ્રેમના અમે પાત્ર થયા તેથી શું હું અમને ધન્યવાદ આપું? નહીં જ. સૂર્યનો પ્રકાશ તો પૃથ્વીની દસે દિશામાં અને દરેક ખૂણામાં સરખો જ પડે છે. એ પ્રેમ પામ્યા એ અમારું ધનભાગ્ય ખરું...

ત્યાર પછી તો આજ સુધી બાપુના ઓરડાની બહાર સિપાઈગીરી કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, અને ત્રણ વરસ ઉપરની માંદગી વખતે હું એવી રીતે ચોકી કરતો તે દિવસો યાદ આવે છે.

મેં લોકોના પ્રેમની તો વાત જ નથી કરી. કારણ, એ તો એટલો જગજાહેર છે કે તેની વાત કરવાની જરૂર નથી. પણ એ પ્રેમના પ્રકારો વર્ણવું: જાણ્યા-અજાણ્યાના સવારથી

તે રાત સુધી તાર આવે છે, જેના જવાબ આપવામાં જ દેવદાસની દિવસભરની સેવા પૂરી થાય છે. તિરુવાડી (તાંજોર)ના રહીશો લખે છે કે, અમે સૌએ અમુક દેવના મંદિરમાં અભિષેક અને અર્ચના કરી હતી. અને પંચનંદીશ્વરની વિભૂતિ તથા ધર્મવર્ધનિ અંબાનો કુંકુમ પ્રસાદ ગાંધીજીને માટે મોકલીએ છીએ. બીજે દિવસે કાશીથી ખબર કે ત્યાંના બ્રાહ્મણોએ મૃત્યુંજય મહાદેવના મંદિરમાં જાપ કર્યા હતા. તો કોઈ અંગ્રેજ બાઈએ જણાવ્યું હોય કે હું દરરોજ તમારે માટે પ્રાર્થના કરું છું. અવન્તિકાબહેન લખે છે કે બાપુ માંદા છે ત્યાં સુધી બાપુને બદલે બે કલાક વધારે કાંતીશ. એક અંગ્રેજ છે. તે બુઢ્ઢાને કોઈ ના પાડી શકતું જ નથી. બહાર નીકળતાં કહે, ‘એ તો અદ્‌ભુત માણસ છે. હું દિવસમાં ત્રણ ટાણાં એને માટે પ્રાર્થના કરું છું કે એ મારા જેવો ઘરડો થાય.’ અનેક અંગ્રેજો પ્રાર્થના કરે છે. અનેક અમલદારો એની ખબર પૂછે છે.

હકીમજી જેવા, મૌ. અબુલકલામ આઝાદ, મહમદઅલી અને જવાહરલાલ જ્યારે પુછાવે છે કે, ‘બાપુને મળી શકાય ખરું કે?’ ત્યારે શ્રી જયકર જેવા લખે છે કે, અત્યાર સુધી જાણીને જ નથી આવ્યો. હવે આવવાનો ઇરાદો રાખું છું. તે કેવળ હું, મારા મિત્ર નટરાજન દૂરથી એમનાં દર્શન કરી શકીએ તેટલા માટે જ.૩૧

*નવજીવન*ના કામ અંગે મહાદેવભાઈને અમદાવાદ આવવું પડે છે. બાપુ માંદગીના બિછાને હોય ત્યારે તેમનાથી દૂર જઈને બેસવું એમને માથાના ઘા જેવું લાગે છે. પણ અંકોના અંકો સુધી એમનાં લખાણનો વિષય તો ખાટલે પડેલા બાપુ એ જ છે. ‘અમૂલખ અવસર’ નામના લેખમાં તેઓ એની ચોખવટ કરતાં કહે છે:

પૂનામાં ઉત્પન્ન થયેલી ઉન્મત્ત દશા હજી ઊતરી નથી. અને એ દશા તુરત તો કેમ ઊતરે? જે રસાયણશક્તિને નથી વય અસર કરી શકતી, નથી બંદીખાનાની બેડી અસર કરી શકતી, કે નથી ભયંકર વ્યાધિ અસર કરી શકતી, તે રસાયણ બધાં સ્થૂળ બંધનોને તોડે છે. તેથી સૌ કોઈ પલટાય છે. એ પ્રેમના રસાયણની અસર ઉત્પન્ન થઈ કે એને અટકાવવાની કોઈની તાકાત નહોતી, તેમાંથી છૂટવાની કોઈની તાકાત નહોતી. … બાપુનો વ્યાધિ જોઈને કોઈનું અંતર રડ્યું ન હોય એમ નથી, છતાં સૌ માનતાં જ હતાં કે ઈશ્વરે વ્યાધિને મિષે તેમનાં દર્શન કરાવ્યાં. સૌ નિરાશા, નિરુત્સાહ થયાં હતાં, તેમને પ્રાણ અને ચેતન મેળવવાનો પ્રસંગ ઈશ્વરે ગાંધીજીના વ્યાધિથી ઉત્પન્ન કર્યો. આપણે નિષ્ઠુર બન્યા હોઈએ તો વ્યાધિમાં પણ ગાંધીજીની પ્રકૃતિસિદ્ધ મધુરતા જોઈને

મધુર બનીએ, કાર્યવિમુખ થયાં હોઈએ તો વ્યાધિમાં છતાં પણ કાર્યપરાયણતા આચરતા અને ઉપદેશતા ગાંધીજીનાં દર્શન મેળવી કાર્યપરાયણ થઈએ, આપણે ભેદભાવથી ભરેલા હોઈએ તો વ્યાધિશય્યામાંથી પણ અભેદભાવ ઉપદેશતા ગાંધીજીને જોઈને કાંઈક ભેદભાવ તજીએ; એવો નિશ્ચય કરીને જ સૌ પૂનાથી વિદાય થયા હશે એમ મારું માનવું છે.૩૨

ઉપરોક્ત વાક્ય મહાદેવભાઈની અંતરની વૃત્તિનો જ પડઘો નહીં તો બીજું શું છે?

હૉસ્પિટલમાં મુલાકાતે આવનાર મુલાકાતીઓનાં વર્ણનો મહાદેવભાઈની ભક્તિઝબોળી કલમને અભિવ્યક્તિની સામગ્રી આપી રહે છે. આ વર્ણનોમાં નાનાવિધ સ્વરૂપે, નાનાવિધ શબ્દોમાં નાનાવિધ ભાવથી આપણને ભક્તહૃદય મહાદેવની જ છબીઓ જેવા જડે છે. જુઓ શૌકતઅલી, રાજાજી અને હકીમ અજમલખાન જોડેની મુલાકાતનાં વર્ણન:

શૌકતઅલી આવશે ત્યારે શું થશે એવું સૌ કોઈને થતું હતું. એ આવ્યા એની વાત તો આખી ઇસ્પિતાલમાં ફેલાઈ ગઈ. કાખલાકડી ઉપર ચાલતા દર્દીઓ, અને ખુરશીમાં બેસીને આંટા મારતા દર્દીઓ પણ તેમની ખબર સાંભળીને દોડી આવ્યા, અને અમે જે ઓરડામાં બેસીએ છીએ તે ઓરડો આ દર્દીઓથી ભરાઈ ગયો! સૌની સાથે શૌકતઅલીએ હાથ મિલાવ્યા. બાપુની પાસે જતાં પહેલી વાત કરવાનો તો હક બી અમ્માનો જ. તેઓ દુઆ આપી લે ત્યાં સુધી શૌકતઅલી જેમતેમ પોતાનો ઊભરો રોકી શક્યા. આ પછી પોતાની મુસાફરીની વાતો, પોતે ખાદીનું ઢોલ બન્યા છે તેની વાતો, અને બીજી અનેક વાતો કરીને તેમણે બાપુને હસાવ્યા, એટલું જ કહું તો વર્ણન પૂરું ન થાય. હસવાથી માણસનું લોહી વધે છે એમ કહેવાય છે, શૌકતઅલીના શરીરના પ્રમાણમાં બાપુનું લોહી વધારવાની પણ તેમની જવાબદારી તો ખરી જ. અને તેમની એક ખૂબી ભારે રહી. તેઓ ભાગ્યે જ તેમને બોલવા દેવાના. પોતે જ ઘણીખરી વાતો કરે. બિછાનામાં પડેલા બાપુ તો બોલે જ શાના? એટલે બોલવાનું ન હોય છતાં ખડખડ હસ્યા જ કરવાનું હોય એવો દિવસ બાપુનો ઑપરેશન પછી આ પહેલો જ ગયો. અને સૌથી વધારે હસાવીને બાપુનું થોડું લોહી વધારવાનો દાવો બડાભાઈ જરૂર કરી શકે છે. પણ હસાવી તો કોઈ મશ્કરોય શકે. શૌકતઅલીની સાથેના મેળાપની વાત હજુ અધૂરી છે. લાલાજીએ ઉપજાવેલા કરુણાના વાતાવરણને હળવું કરવાનું કામ બાપુએ જ લીધું હતું. બાપુને અને તેમની આસપાસના સૌને ખૂબ હસાવીને તેમને ગંભીર કરવાનું

કાર્ય તો શૌકતઅલીએ જ કર્યું. જતાં જતાં બાપુના પગ ફંફોસવા લાગ્યા, 'મહાત્માજી ઇતને દૂબલે હો ગયે હૈ કિ પૈર તો દિખાઈ નહીં પડતે હૈં.' સાચે જ ઓઢેલામાં બાપુના લોહીમાંસ વિનાના પગ શોધી કાઢવા કઠણ હતા. આખરે જડ્યા એટલે ઓઢેલું બધું ઉઠાવી લઈ, પગને ખુલ્લા કરી અતિશય પ્રેમ અને કરુણાભરી આંખ સાથે બંને પગ ઉપર ચૂમી લીધી!

પછી રાજગોપાલાચાર્ય આવ્યા, જમનાલાલજી આવ્યા, શંકરલાલ આવ્યા. આ બધા પ્રેમઘેલાઓનાં ચિત્રો આપવા બેસી જાઉં તો હું પોતે મનુષ્ય મટીને નિષ્ઠુર કલાઉપાસક બનું. કેટલીક વાતો ન કહેલી જ શોભે. રાજગોપાલાચાર્ય અને બાપુના મેળાપની અંદર સહેજ ડોકિયું કરવામાં ઔચિત્યનો ભંગ નથી થતો એમ માનીને એક લગાર સરખો પ્રસંગ કહી લઉં:

બાપુ રાજગોપાલાચાર્યની ખબર પૂછવા લાગ્યા. તેમની વારંવાર થતી ઉધરસમાં જ બાપુને પોતાના જવાબનો ઉત્તર મળી રહેતો હતો. આખરે બાપુના પ્રશ્નો વધવા લાગ્યા ત્યારે રાજગોપાલાચાર્યે ઊલટો પ્રશ્ન પૂછ્યો: 'પણ તમે ખોરાક ક્યારે વધારશો?' બાપુ કહે: 'ત્યારે તમારે વાતને ફેરવવી છે કેમ? સાચી વાત. કથરોટ કૂંડાને કાંઈ હસી શકે?' એટલે રાજગોપાલાચાર્ય કહે, 'ના, ના, પણ આપ તો છેક અર્ધા થઈ ગયેલા લાગો છો. હું આશા રાખતો હતો કે આના કરતાં તો તમે સારા જ હશો.' બાપુ બોલ્યા: 'હા, પણ હું કદાચ તેના કરતાંયે નબળો હોત. પણ તમે તો હોવા જોઈએ તેના કરતાં નબળા છો.'

આવી જ રીતે રાજગોપાલાચાર્યનું મોં બંધ કરનારની હકીમજી આગળ વૃત્તિ જુદી જ હતી. હકીમજી મહમદઅલીની સાથે આવ્યા હતા, સાથે બડેભાઈએ પણ પાછા આવવાની તક લીધી. હકીમજી પોતે ખૂબ નબળા થઈ ગયેલા છે. તેમને બાપુએ કુશળતા પૂછી. હકીમજીએ પૂછ્યું: 'તકલીફ તો બહુત હુઈ હોગી?' બાપુ: 'હાં, ક્યા કહના?' એટલે હકીમજીએ પાછું પૂછ્યું: 'સબબ માલૂમ હુઆ?' બાપુ કહે: 'સખત ગુનાહ કિયા હોગા, ઉસકી ખુદા સઝા દે રહા હૈ.' મહમદઅલી સ્તબ્ધ બેઠા હતા. વધારે સ્તબ્ધ થયા, આંખો લૂછવા લાગ્યા. જેને માનવસમાજ નિષ્કલંક માને છે તેને પણ ખુદા આવી સજા કરતો હશે, તેનાથી પણ ગુના થતા હોય તો તો પામરોનું શું ગજું? સૌ કોઈ એ જવાબ સાંભળી સ્તબ્ધ થયું, અને પોતાના અંતરની સાથે એવો જ કાંઈક પ્રશ્ન પૂછવા લાગ્યું. બીજી થોડી વાતો થઈ, પણ તે બધી જ એવી ગમગીનીથી થતી રહી. એ ગમગીનીને કોણ તોડે? એ બડેભાઈ, છોટેભાઈ અને બાપુ ત્રણેયે તોડી. શૌકતઅલી જતાં જતાં

કહેવા લાગ્યા: 'મહારાજ, અચ્છી તરહ સે ખાઈએ, હમ તો આપ કે સિવા ચલા લેંગે. લેકિન આપ કો અચ્છા હો જાના ચાહિયે. આપ બહુત કમ ખાતે હૈ. આપ જ્યાદા ખાઈએ.' બાપુ: 'હાં, ખાઉંગા. લેકિન મોટા હો જાઉંગા તો ફિર આપ જેબ મેં મુઝે કૈસે ઉઠા સકેંગે?' એટલે મહમદઅલીએ ઉમેર્યું: 'બાપુ, કર્નલ મેડકને કહોને કે શૌકતને કાપીને થોડા કકડા આપના ઉપર ચોંટાડે.' બાપુ હસીને બોલ્યા: 'કર્નલ બિચારો શૌકતને જોઈને ડરી રહ્યો હોય તો?'

આમ સૌને હસાવીને બાપુ પોતા વિશેની ચિંતામાંથી એમને મુક્ત કરી રહ્યા છે. પણ બાપુને જોઈને ખરી રીતે હસવાનો સમય આવતાં ઘણી વાર લાગશે. બાપુ હજુ પથારીવશ જ છે. ઘા હવે વધારે રુઝાયો છે, પણ પુરાયો નથી, હજી અર્ધા ઇંચ જેટલો ઊંડો છે, ટાંકા લગાવેલા હતા તેટલા ભાગમાં રૂઝ આવી ગઈ છે, પણ ઘા પૂરો પુરાય નહીં ત્યાં સુધી પથારીમાંથી ડૉક્ટર નહીં ઊઠવા દે.૩૩

*નવજીવન*ના ત્રણ અંકો સુધી ગાંધીજીની માંદગી અને ઇસ્પિતાલમાં ગાળેલા એમના દિવસો વિશે લખવા છતાં મહાદેવભાઈની લેખનસામગ્રી ખૂટતી નથી કે નથી એમને એનો કંટાળો આવતો. આનું કારણ સમજાવતાં તેઓ પોતાના જીવનનું એક સત્ય ઉચ્ચારે છે:

જો કોઈ વાર અમુક વસ્તુ દર્શાવવાની ખાતર સૂર્ય અને દીપકની તુલના કરવી ક્ષમ્ય ગણાય તો હું કહું કે તુલસીદાસને *रामचरतिमानस* લખતાં કંટાળો આવ્યો હોય, અથવા શંકા થઈ હોય કે કોઈ વાંચશે કે નહીં તો મને બાપુ વિશે કાંઈ પણ લખતાં કંટાળો આવે અથવા વાંચશે કે નહીં એવી શંકા થાય.૩૪

બાપુ વિશે લખતાં મહાદેવને કંટાળો આવતો નથી અને બાપુ વિશેનું લખાણ વાંચતાં કોઈને કંટાળો આવશે એવી શંકા પણ મહાદેવને થતી નથી. કારણ, મહાદેવનું ભક્તહૃદય બાપુના ગુણ ગાતાં થાકે એમ નથી અને ભક્તહૃદય હોવાને લીધે તેઓ બીજાના હૈયામાં પણ એ જ ભાવ વાંચે છે. મદ્રાસના એક જમીનદારની મુલાકાતનું વર્ણન આ વાતની સાખ પૂરે છે:

તેઓ દિલ્હી જતાં બાપુને મળવા આવી ગયા હતા. તેમની નિર્મળતાનો તો પાર નથી. તેમની ઉંમર પણ બહુ ઓછી છે. તેઓ એક દિવસ સવારે આવ્યા. સાંભળવાની શક્તિ તેમની બહુ ઓછી છે, એટલે, બાપુએ મોટેથી કહ્યું, 'તમારી સાથે વાતો કરું એમ

તો આશા જ ન રાખશો. મારાથી એટલું તાણીને ન બોલાય.' બિચારા સ્તબ્ધ ઊભા રહ્યા. બાપુના શરીર ઉપર હળવે હળવે હાથ ફેરવવા લાગ્યા, જરા જરા પગ દબાવવા લાગ્યા. 'શરીર કેવું અર્ધું થઈ ગયું છે!' — એટલા જ ઉદ્‌ગાર તેમની મુખાકૃતિ કહી રહી હતી પણ પછી તેઓ એ દશામાં પણ વધારે વખત ઊભા ન રહી શક્યા. ત્યાંથી ખસ્યા, જરા દૂર જઈને ઊભા રહ્યા. કઠણ પ્રયાસ છતાં તેમની આંખે તેમના મનનું કહ્યું ન માન્યું. ગજવામાંથી રૂમાલ શોધવા લાગ્યા. રૂમાલ ન મળે એટલે કોટના છેડાએ આંખો લૂછી નાખી! તેમનું મન વાળવાની ખાતર કોઈકે પૂછ્યું: 'દિલ્હી ક્યારે જાઓ છો?' તેમણે દુ:ખથી જવાબ આપ્યો: 'ત્યાં કરવાનું શું છે જે દિલ્હી જાઉં?' વળી કેટલોક વખત સ્તબ્ધ ઊભા રહ્યા, અને 'સાંજે મારી માતુશ્રીને લઈને આવીશ.' એમ કહીને ચાલ્યા ગયા. સાંજે આવ્યા ત્યારે તો તેમને દિલ્હી માટે ઊપડવાની ઉતાવળ હતી, એટલે માત્ર રજા લેવા ખાતર અને તેમનાં માતુશ્રીને ગાંધીજી સાથે મેળવવાની ખાતર તેમણે ડોકિયું કર્યું. બહાર નીકળી સવારના જેટલા જ ગળગળા થઈને બોલ્યા: 'એઓ છૂટે તો એમને જ પગલે હું ચાલીશ.' કહી વિદાય લીધી.૩૫

ગાંધીજીને વધારે પડતી તકલીફ ન પડે એ આશયથી એમને મળવા આવવા ઇચ્છનાર લોકોને વારવા એ કપરું કામ હતું. મહાદેવભાઈને એ કામ આખી જિંદગી કરવું પડ્યું. પણ માંદગી જેવા પ્રસંગે એ કઠણ કામ વધુ કઠણ થઈ જતું. મહાદેવભાઈની પ્રકૃતિસિદ્ધ નમ્રતાને લીધે જ તેઓ આ કઠણ 'ડ્યૂટી' બજાવવા છતાં રોજ નવા નવા દુશ્મન બનાવવામાંથી બચી જઈ શકતા. પૂનામાં કરેલા 'દ્વારપાળ'ના કામ અંગેની મહાદેવભાઈની પોતાની જ ટિપ્પણી જુઓ:

પણ કઠણ સ્થિતિ દ્વારપાળોની છે. મીઠા મિજાજવાળા દ્વારપાળ જ્યારે રીઝવીને કાઢે છે, ત્યારે પેલી નર્સ જેવા તમાચો મારીને કાઢે છે. પણ કોઈક વાર મીઠાશ કરતાં પણ ભારે ઊંડા પાણીમાં ઊતરવું પડે છે. એકબે જણને કહેવામાં આવ્યું, 'તમે ખાદી પણ પહેરીને ન આવો તો ગાંધીજીને તમે શી રીતે રાજી કરશો?' બહુ નમ્રતાથી કહેવામાં આવ્યું હતું. પણ તરત જવાબ મળ્યો, 'મિ. શાસ્ત્રી: ખાદી પહેરે છે?' હું મૂંઝાયો. મેં કહ્યું, 'મિ. શાસ્ત્રીને, મને પૂછીને ગાંધીજીને મળવા જવાનું નહોતું. તેમને તો ગાંધીજી જ મળવા ઇચ્છતા હતા. તમને ગાંધીજી બોલાવતા હોય તો જરૂર જવા દઉં.' ત્યારે એક ભાઈએ કહ્યું, 'મેં તો ખાદી પહેરી છે, મને શા સારુ નથી જવા દેતા?' આમ તર્કશાસ્ત્રના વિદ્યાર્થીને બહુ ગમ્મત આવે એવી દલીલો થઈ રહી હતી. એક ભાઈએ મને કહેલું: 'તમે

જ રોકો છો, મહાત્માજી તો એટલા દયાળુ છે કે સૌ કોઈને મળવા દે.' એને જવાબ દેવો પડ્યો: 'સાચું, હું પણ તેટલો દયાળુ હોત તો હું મહાત્મા હોત, અને તમે મારાં જ દર્શન કરીને તૃપ્ત થાત. પણ મહાત્મા તો ગાંધીજી જ છે, અને હું તો કેવળ પહેરેદાર છું.૩૬

મહાદેવભાઈ માત્ર ગાંધીજીના લખેલા જ પત્રો નહીં, પણ ગાંધીજી ઉપર આવેલા અગત્યના પત્રોની નોંધ પણ જ્યારે તેઓ ગાંધીજી પાસે હોય ત્યારે કરી લેતા. લોકોની શ્રદ્ધા-ભક્તિનો ખ્યાલ આવે એવો એક પત્ર વચ્ચે મહાદેવભાઈ ગાંધીજીના દર્શને મુંબઈ ગયા ત્યારે નોંધ્યો છે:

ગાંધીજી ઉપર એક પત્ર આવ્યો છે, જેનો હૃદયદ્રાવક ભાગ નીચે આપવામાં આવે છે. પત્ર લાહોરના બરકતરામ થાપર નામના સજ્જનનો તા. ૧૦મી ફેબ્રુઆરીનો છે:

આ પત્ર સાથે સો રૂપિયાની નોટ બીડું છું. તે મારી દીકરી સરલાદેવી, જે સોળ વર્ષની કુમળી વયે ગઈ તા. ૬ઠ્ઠીએ સ્વર્ગસ્થ થઈ તેની ઇચ્છાનુસાર હું મોકલું છું. પોતાના મૃત્યુ પહેલાં જ આપના છૂટવાની વાત સાંભળીને તે બહુ ખુશ થઈ હતી. ગયે વર્ષે એપ્રિલમાં એ બિચારી સિમલા ગઈ તે પહેલાંની તેની તબિયત સાધારણ ઠીક રહેતી હતી. મારી સાથે ફરવા આવતી ત્યારે તે ચાલતી પણ ઝપાટાબંધ, અને તે ભારે ખુશમિજાજ હતી. તેની બુદ્ધિ પણ તીવ્ર હતી અને તે પોતાનું, પોતાના કુટુંબ અને પોતાના પ્યારા વતન પ્રત્યેનું કર્તવ્ય બરોબર સમજતી હતી. ૧૯૨૧ના ઑગસ્ટ મહિનામાં તેણે ખાદીની પ્રતિજ્ઞા લીધી હતી અને તે વેળા પોતાની માતા અને મોટી બહેનને સાક્ષી રાખ્યાં હતાં. માતા ખાદીની પ્રતિજ્ઞાની વિરુદ્ધ હતી, કારણ, કુંવારી છોકરી એવી પ્રતિજ્ઞા લે અને વિવાહ પછી તે ન પાળી શકે તો? — એવો તેને ભય હતો. પણ સરલાએ તેની માતાની બીકને હસી કાઢી. દુર્ભાગ્યે મોટી બહેન ૩૦મી જુલાઈએ ૧૯૨૨માં ગુજરી ગઈ, અને સરલા પણ બિચારી ગયા વર્ષની ૧૭મી ઑગસ્ટથી માંદી પડી. અમારા બે જુવાન છોકરા અને એક મોટી દીકરી તો અમે ખોયાં હતાં જ એટલે મારી સ્ત્રીનું હૃદય ઘવાયેલું તો હતું જ તેમાં વળી આ બિચારીની માંદગી આવી. મરતી વખતે તેણે તેની માને કહ્યું, 'મારી ખાદીની પ્રતિજ્ઞા પળાઈ એ કેવું સારું થયું! મારાં બધાં કપડાં કોઈ નિરાધાર છોકરીઓને આપજો.' આ પછી મારા તરફ જોઈને ભાંગેલે અવાજે તેણે મને આપના ઉપર રૂ. ૧૦૦/- સ્વરાજ ફંડ માટે મોકલી આપવાનું કહ્યું. પોતાનો દેશ, પૂર્વનો મહિમા અને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરે એવી એ બિચારીની ભારે ઝંખના હતી. ઈશ્વર એની ઝંખના પૂરી કરે.૩૭

હવે આપણે ફરી પાછા આ કાળ દરમિયાન મહાદેવભાઈના માનસમાં ડોકિયું કરીએ. તેમણે તે વખતે લખેલા અને આજ સુધી સચવાયેલા કેટલાક પત્રોમાં એમનું માનસ સારું પ્રગટ થાય છે.

મહાદેવભાઈ અમદાવાદમાં બેઠા नवजीवनનું કામ સંભાળતા હતા, પણ એમનું દિલ તો, સ્વાભાવિક રીતે જ ગાંધીજી પાસે પૂના કે મુંબઈમાં હતું. વળી ગાંધીજીની બાબતમાં ઝીણામાં ઝીણી વિગતો नवजीवनના વાચકો આગળ રજૂ થાય એવું તેમનું પત્રકાર-મન કહેતું. તેમાંયે જે કોઈ જાણીતી વ્યક્તિ ગાંધીજીને મળી હોય અને એ મુલાકાતના સમાચાર તેઓ नवजीवनમાં સમયસર ન આપી શકે તો મહાદેવભાઈનું મન કોઈ દૈનિક પત્રના ચીવટવાળા તંત્રી જેટલું જ કોચવાતું. ગાંધીજી પાસે તે વખતે દેવદાસ, પ્યારેલાલ જે કોઈ હોય તેમની પાસેથી મહાદેવભાઈ પત્રો દ્વારા સમાચાર કઢાવવા પ્રયત્ન કરતા. અને ગાંધીજીને મળીને કોઈ પણ વ્યક્તિ અમદાવાદની આસપાસ ફરકે તો તેમની મુલાકાત લઈ મહાદેવભાઈ नवजीवनના વાચકોને ગાંધીજીના છેલ્લામાં છેલ્લા સમાચારથી વાકેફ રાખવા પ્રયત્ન કરતા. પણ સૌમાં પહેલી પ્રાથમિકતા ગાંધીજીની તબિયતને. મુંબઈમાં ધારાસભામાં ગાંધીજીને છોડવાનો ઠરાવ મુકાવાનો હતો તે જ દિવસે સવારે તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. તે સાંભળીને તરત લખેલો પહેલો પત્ર આપણે આ પ્રકરણના આરંભમાં જોયો. ફેબ્રુઆરી ૧૯૨૪માં તારીખ વગરના આ બીજા પત્રમાં મહાદેવભાઈ દેવદાસને લખે છે:

તમને તો બનતાં સુધી હું રોજ કાગળ લખ્યા જ કરવાનો. તમારાથી લખાય તો લખવો અથવા ન લખવો. આજે ૫૦૦ રૂપિયાનો તારથી મનીઑર્ડર કર્યો છે — કારણ હવે તો નર્સ વગેરેનો અને બધો જ ખર્ચ આપણો થઈ પડ્યો. એટલે મને થયું કે તમને તુરતાતુરત પૈસાની જરૂર હશે. તારથી મોકલવાનું જ મુનાસિબ ધાર્યું. બાપુને આ વાત ન કરશો. મારી પાસે આવા પૈસા પડ્યા. હોય છે જ. વધારે જોઈએ તો લખશો.

ખરચની જાણ થાય તો બાપુ નર્સ ન રાખે એ બીકે જ મહાદેવભાઈ ‘કરવી ઘરમાં ચોરીઓ’ સારુ તૈયાર થયા હશે.

પછી કામને લીધે ગાંધીજીની તબિયત અંગે ચિંતા:

આજે क्रॉनकिल જોયું અને તેમાં મહમદઅલીએ બાપુને અજમેર જવાનું કહ્યું એ વાંચ્યું ત્યારથી મને ભારે વસવસો પેદા થવા લાગ્યો છે. આ લોકો શું કરશે? આ લોકોના

ત્રાસમાંથી બાપુને બચાવવા અઘરા છે. એ કામ હાલ તો તમારું અને પ્યારેલાલનું થઈ પડ્યું છે. છાપામાં પણ ખૂબ લખાપટ્ટી કરી નાખવી જોઈએ. આ દૃષ્ટિએ 'સિક્સ ગાંધી મન્થસ'વાળો क्रॉनकिलनो લેખ સરસ ગણાય. પણ એ વિનંતી બાપુને પણ કરી નહીં શકાય? બાપુ પોતે જ અમુક કલાક કોઈ પણ જણને મળવાની ના પાડે, અને અમુક સંખ્યા જેટલા માણસને મળ્યા પછી બંધ કરે, છ મહિના સુધી શાંતિ માટે જે જગ્યાએ જવું હોય તે જગ્યા સિવાય બીજે ક્યાંય ન જાય, અને પૂનાથી અહીં આવતાં અથવા જ્યાં જવું હોય ત્યાં જતાં છાનામાના સ્પેશિયલમાં આવવા કબૂલ થાય. તમને આ સૂચનાઓ કેવી લાગે છે? મારા મનમાંથી તો પેલો વિચાર ખસતો જ નથી કે સરકાર છૂટી ગઈ છે, અને આપણે બંધાયા છીએ હવે.૩૮

છેવટે આ બાજુના સમાચાર:

ઍન્ડ્રૂઝ મળ્યા. એણે છૂટવા વખતનું તાદૃશ દૃશ્ય આપ્યું. આજે આશ્રમમાં આવવાના છે. આજે મેં ગૂજરાત વિદ્યાપીઠના છોકરાઓ આગળ बे कलाकનું ભાષણ આપ્યું. બાપુના જન્મદિવસનું ભાષણ તો તમે સાંભળ્યું જ હતું. તેવું જ પણ તેથી બમણું અને છોકરાઓ તો કહેતા હતા કે આખો દિવસ બોલ્યા જ કરો. હું થાક્યો હતો. મેં ના પાડી, એટલે પ્રોફેસર કૃપાલાની જેમણે કાલે તો છોકરાઓને રજા આપી હતી, તેમણે આજે પણ છોકરાઓને રજા આપી, એમ કહીને કે આટલું સાંભળ્યા પછી હવે શું ભાષણો સાંભળવાં છે?૩૮

બધા પત્રો આટલી સ્વસ્થતાથી નથી લખાયા. બાપુના સમાચાર મેળવવાનો તલસાટ કદીક અકળાવી મૂકે એવો હોય છે, ઘડીક વળી એ તલસાટ પ્રગટ કર્યા પછી એની ઉપર ફેરવિચાર પણ થાય છે:

તમારા કાગળની દરરોજ ચાતકની માફક વાટ જોઈ છે. અને જ્યારે તેમ કરવામાં નિષ્ફળ થયો ત્યારે મને શું થયું હશે તે તમે કલ્પી શકશો. તમને વખત હશે અને તમે નથી લખતા એમ માનતો જ નથી, પણ મારી અધીરાઈ પણ તમે સમજી શકો એમ છો. તમે એક મોટું જાડું પાકીટ મોકલો, તેમાં કચરા ખાતે નાખવાના લોકોના કાગળો બીડો અને મને આઘાત પહોંચાડો, પ્યારો૩૯ મને લખે છે કે તમે મારે માટે એક ઓડીસી ઘડી રહ્યા છો, અથવા તમારા મનમાં ઘડાઈ રહી છે. અને પછી તે ન આવે! અને વલ્લભભાઈ દરરોજ પૂછે છે કે 'આજે કાંઈ દેવા૪૦નું આવ્યું છે?' હવે તો એમને એ જ જવાબ

આપવાનો છું કે 'અધીરા મા થાઓ. અથવા અધીરા થવું ન હોય તો મને પૂના જવા દો. હું ત્યાંથી રોજ કાગળ લખીશ.૪૧

અને ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ કમિટીના પૅડ પર લખાયેલા પત્રમાં પણ એ જ તાલાવેલી અને બાપુ પાસે જવું કે **નવજીવન**માં રહેવું એ વિશે મન હાલકડોલક છે:

૯–૩–'૨૪

પ્રિય દેવદાસ,

જ્યારે એકબીજા સાથે ચિડાઈએ છીએ ત્યારે તો હમેશાં તમે જ જીતો છો, શાંત થઈ જવામાં. આ વેળા હું જીત્યો છું. મેં તમને ચિડાયા પછી ચાર કાગળ લખ્યા, પણ તમારો એકે નથી આવ્યો. એક પોસ્ટકાર્ડ લખીને તેના ઉપર 'ચિડાયો નથી.' એટલા બે શબ્દ મોકલશો તો મારે માટે બસ થશે. મને મારી ક્ષણિક ચીડનું ધાર્યા કરતાં અનેકગણું પરિણામ મળી ગયું છે. તમારો કાગળ આવશે તો વધારે મળશે.

આજે એક રાજા૪૨નો કાગળ છે. તેની આખરે તે લખે છે: 'I wish you were here and helped in the talks or at least you were present. But what is the good of this request? The assumption is that you are indispensable at Ahmedabad whereas you would have had your full value and work by Bapu.' (તમે અહીં હોત અને ચર્ચાઓમાં મદદરૂપ થયો હોત તો કેવું રૂડું થાત! કમસે કમ અહીં હાજર તો રહેત! પણ આ વિનંતીનો અર્થ શો છે? એમ ગૃહીત ધરવામાં આવે છે કે અમદાવાદમાં તમારી હાજરી અનિવાર્ય છે, બાપુ પાસે તમારા સમય અને શક્તિનો પૂરો સદ્દુપયોગ થાત.)

હુંયે પૂછું છું કે જ્યારે કાંઈ જ નથી થઈ શકે એમ ત્યારે આવું લખવું શા કામનું?

તમે જે દિવસે પૂના છોડો — જો હજી ન છોડ્યું હોય તો — ત્યારે એક તાર ન કરો? 'કોડ'થી કરો જોઈએ તો. આપણો કોડ આટલો જ 'બાપુ ઑલરાઇટ'? તો પછી ખબર ક્યાં ફેલાવાની? પણ અમને ખબર હોય તો ભલા માણસ કાગળ વગેરે કાંઈ લખવું હોય તો તેની સવડ પડે. આજ આટલું જ. પૂ. બાને પ્રણામ.

લિ., સ્નેહાધીન,

મહાદેવ૪૩

ગાંધીજીએ જ્યારે જરાક શરીર વળતાં જ કહ્યું કે, नवजीवन અને यंग इन्डिया નું તંત્રીપદ પોતે સંભાળી લેશે ત્યારે મહાદેવભાઈનો આનંદ લંકાથી પાછા આવી રામચંદ્રે રાજ્યભાર સંભાળ્યો ત્યારે ભરત-શત્રુઘ્નને થયેલા આનંદથી લગીરે ઓછો નહીં હોય. મહાદેવભાઈ તંત્રી તરીકે नवजीवनના વાચકો પાસેથી વિદાય લેતાં હરખભેર લખે છે:

ગાંધીજી જ્યારે ઇસ્પિતાલમાં હતા ત્યારે ત્યાંના જીવનનાં કેટલાંક ચિત્રો આપવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના છૂટ્યા પછી પૂનામાં કેવળ એક વાર અને તેયે બે કલાક માટે, હું તેમને મળેલો, અને ત્યાર પછી જૂહુમાં હમણાં મળ્યો. સૌથી મોટામાં મોટી ખુશખબર મને પહેલી એ મળી કે તેમણે यंग इन्डिया અને नवजीवन બંનેનું તંત્ર આવતા અઠવાડિયાથી પોતાના હાથમાં લેવાનો નિશ્ચય કર્યો છે. 'તંત્રી તરીકે આપનું નામ જ હવે મૂકવું એટલે બધી જવાબદારી આપ લેશો, કે માત્ર મુખ્ય વિષયો ઉપર જ આપ થોડું લખશો?' મેં પૂછ્યું, 'ના; તંત્રી તરીકે નામ મારું જ. હવે મારાથી બેસી રહેવાય જ નહીં, અનેક પ્રશ્નો ઊભા થતા જ જાય છે, થતા જશે એટલે હવે રોકાવું બને એમ નથી. માત્ર લોકો શાંતિ આપે એ વાત બનવી કઠણ નથી.' બે વરસ થયાં ગભરાયેલા, અકળાયેલા, ગાંધીજીનાં લખાણ વિના ટળવળી રહેલા કેટલાયે છે તેનો વિચાર કરીને, અને મારો વિચાર કરીને હું રાજી થયો. ગાંધીજી જેલમાં ગયા ત્યારે नवजीवन લેનારા ૨૩,૧૪૨ અને यंग इन्डिया લેનારા ૨૧,૫૦૦ હતા, તેમાંથી પ્રથમમાંથી ૧૫,૯૫૫ અને બીજામાંથી ૧૮,૫૦૦ તો થાકીને બંને પત્રો સાથે સંબંધ તોડી બેઠા. તેમનેયે હવે પાછો સંબંધ તાજો કરવાનો વખત આવશે એ જાણીને હું રાજી થયો. અને વિચિત્ર સંજોગોને લીધે હું જે અસ્વાભાવિક સ્થાન મેળવી બેઠો હતો તેમાંથી હવે ખસી જઈ શકાય છે, એ લાગણીથી પણ મારા આનંદનો પાર ન રહ્યો. વર્તમાનપત્ર ચલાવતાં સત્ય અને અહિંસાને જાણતાં-અજાણતાં કેટલો ભંગ થાય છે તે મારું મન જ જાણે છે; એટલે અલાહાબાદમાં જેલમાં જતાં મને જેટલો આનંદ થયેલો તેટલો આજે થાય છે. પણ ગાંધીજીનો વિચાર કરતાં હજી હું ગભરાઉં છું. એ બંને પત્રો ચલાવવા જેટલી શાંતિ, ગાંધીજીએ જે વિનંતી કરી છે તેનો અક્ષરેઅક્ષર પાળીને લોકો તેમને આપશે એવી આશા છે. વિદાય લેતાં અને દેતાં સામાન્ય રીતે દુઃખ થાય છે, પણ મારા વાચકોની વિદાય લેવાના સંજોગો એવા મધુરા છે, કે તેમને વિદાય દેતાં અને મને લેતાં સરખું જ

સુખ છે. એ ઘડી આટલી જલદી આવી એ માટે આપણે સૌ કૃપાળુ પરમેશ્વરનો આભાર માનીએ.૪૪

નોંધ:

૧. નેહરુ સંગ્રહાલય દિલ્હી, હસ્તલિખિત પત્ર, તારીખ નથી. यंग इन्डिया અમદાવાદનું છાપેલું પૅડ છે. વર્ષ ૧૯૨૪ લખેલું છે.

૨. એજન.

૩. એજન.

૪. એજન.

૫. ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય.

૬. નેહરુ સંગ્રહાલય, દિલ્હી, હસ્તલિખિત પત્ર, તારીખ નથી. यंग इन्डिया અમદાવાદનું છાપેલું પૅડ છે. વર્ષ ૧૯૨૪ લખેલું છે.

૭, એજન.

૮. महादेवभाईनी डायरी – ૧૮ : પ્રસ્તાવના, પૃ. ૬.

૯. महादेवभाईनी डायरी – ૧૭ : પૃ. ૭.

૧૦. એજન, પૃ. ૨૧.

૧૧. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૩.

૧૨. એજન, પૃ. ૩૮૩.

૧૩. એજન, પૃ. ૬.

૧૪. એજન, પૃ. ૭.

૧૫. એજન, પૃ. ૭-૮.

૧૬. એજન, પૃ. ૮.

૧૭. એજન, પૃ. ૯.

૧૮. એજન, પૃ. ૧૦-૧૧.

૧૯. એજન, પૃ. ૧૨.

૨૦. એજન, પૃ. ૨૫.

૨૧. એજન, પૃ. ૧૩.

૨૨. એજન, પૃ. ૩૭, ૩૮.

૨૩. એજન, પૃ. ૪૨.

૨૪. એજન, પૃ. ૨૬.

૨૫. એજન, પૃ. ૨૬-૨૭.

૨૬. મૂળમાં આ પ્રમાણે કૌંસમાં છે.

૨૭. અર્થાત્ પ્રતિપક્ષી જેવા શરીર કે સંખ્યાથી બળવાન થવાનો મોહ.

૨૮. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૨૯.

૨૯. એજન, પૃ. ૨૯-૩૦.

૩૦. એજન, પૃ. ૩૦-૩૧,

૩૧. એજન, પૃ. ૩૬થી ૪૧માંથી સારવીને.

૩૨. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૪૧-૪૨.

૩૩. એજન, પૃ. ૪૩થી ૪૫.

૩૪. એજન, પૃ. ૫૨.

૩૫. એજન, પૃ. ૩૫.

૩૬. એજન, પૃ. ૫૬.

૩૭. એજન, પૃ. ૭૧-૭૨.

૩૮. નેહરુ મ્યુઝિયમના 'દેવદાસ ગાંધી પેપર્સ'માંથી. પત્ર ૮૨૮૪.

૩૯. પ્યારેલાલ નય્યર.

૪૦. દેવદાસ ગાંધી.

૪૧. જવાહરલાલ નેહરુ મ્યુઝિયમ ઍન્ડ લાઇબ્રેરી, દિલ્હીઃ દેવદાસ ગાંધી પેપર્સમાંથી.

૪૨. રાજગોપાલાચાર્ય.

૪૩. નેહરુ મ્યુઝિયમ ઍન્ડ લાઇબ્રેરી, દિલ્હીઃ દેવદાસ ગાંધી પેપર્સમાંથી.

૪૪. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૭૭.

# ચોવીસ – એકતા-યજ્ઞ

૧૯૨૪નું વર્ષ જવાબદારીની દૃષ્ટિએ મહાદેવભાઈ માટે થોડું હળવું હતું, કારણ, ગાંધીજી જેલની બહાર હતા અને એપ્રિલ માસથી તેમણે यंग इन्डिया અને नवजीवनનું તંત્રીપદ પણ સંભાળી લીધું હતું. મહાદેવભાઈને માથેથી અસહકાર આંદોલનને ટકાવી રાખવાની, રચનાત્મક કાર્યક્રમોને વેગવાન કરવાની, ગાંધીજીના પત્રોમાં પ્રાણ ફૂંકવાની કે એવી એવી બીજી જવાબદારીઓ ઊતરી ગઈ હતી. એમને ભાગે એમનું પરમ પ્રિય એવું ગાંધીજીના 'પીર, બબચી, ભિસ્તી, ખર'નું એમની 'ચાકરી'નું કામ આવી ગયું હતું. ગયા પ્રકરણમાં આપી હતી તે જ ઉપમા આપીએ તો એમની ભૂમિકા ભારત કે શત્રુઘ્નની મટીને ફરી પાછી હનુમાનની થઈ ગઈ હતી. એ ભૂમિકાનું એક લક્ષણ ગાંધીજીના 'હૃદયમ્ દ્વિતીયમ્' બનીને રહેવાનું હતું.

સને ૧૯૨૪નું વર્ષ ગાંધીજી સારુ એકતાના યજ્ઞનું હતું એમ કહી શકાય. કૉંગ્રેસની અંદર ફેરવાદીઓ અને નાફેરવાદીઓ વચ્ચેના મતભેદો કૉંગ્રેસના અસ્તિત્વને જ જોખમમાં મૂકે એટલી હદ સુધી પહોંચી ગયા હતા. હિંદુ-મુસલમાનોનાં રમખાણો રાષ્ટ્રશરીર પર ઊંડા જખમો કરી રહ્યા હતા. આ બંને ભેદોને ભૂંસવાની ચિંતા ગાંધીજીને કાળજામાંથી કોરતી હતી. આ બંને પ્રકારની એકતા સાધવા ગાંધીજીએ પ્રયાસની અવધિ વાળી. મહાદેવભાઈની સદા તત્પર કલમ ન હોત તો આજે આપણને એ બે પ્રયાસોની જે અંતરકથા જાણવાની મળે છે તે મળી જ ન હોત.

ગાંધીજી જેલમાં હતા ત્યારે જ નાગપુર કૉંગ્રેસમાં અસહકાર અંગે પસાર કરેલ ઠરાવ વિશે કૉંગ્રેસના આગેવાનોમાં બે ભાગલા પડી ગયા હતા, એ આપણે જોઈ ગયા. મૌલાના મહમદઅલી જ્યારે છૂટીને આવ્યા ત્યારે નાફેરવાદીઓને એવી આશા બંધાઈ

હતી કે મહમદઅલી એ લોકોને ટેકો આપશે અને તેથી કૉંગ્રેસમાં અસહકારની નીતિ ન ફેરવવાનો નિર્ણય થશે તથા વિદેશી માલના બહિષ્કાર અને ખાદી, અસ્પૃશ્યતાનિવારણ અને હિંદુ-મુસ્લિમ એકતાનો રચનાત્મક કાર્યક્રમ જોરમાં ચાલશે. પણ મહમદઅલીએ જાણે બંને પક્ષોને રાજી રાખવાની નીતિ અપનાવી હોય એમ લાગ્યું. તેથી નાફેરવાદીઓ નિરાશ થયા, પણ તેમણે મહમદઅલીની આજ્ઞાને ઉથાપીને પોતાના કાર્યક્રમનો આગ્રહ ન રાખવાનો નિર્ણય કર્યો. પણ બીજી બાજુ કાર્યક્રમ બદલાવો જોઈએ એમ માનનારા નેતાઓ મૂળ કાર્યક્રમની જ આડેધડ ટીકા કરવા લાગ્યા. એટલે સુધી કે ચિત્તરંજન દાસ જેવાઓએ તો એક વાર એમ પણ કહી દીધું કે ગાંધીજીએ દેશને નેતૃત્વ આપવામાં ભૂલ કરી હતી. આ બાજુ નાફેરવાદીઓ પણ એમ કહેવાનું ચૂકતા નહીં કે જે લોકો ધારાસભામાં જવાની વાતો કરે છે અથવા વકીલાત કરવા કે કૉલેજમાં ભણાવવા કે ભણવા જાય છે તે કૉંગ્રેસના અસહકારના મૂળ ઠરાવનો ભંગ કરે છે. આ પ્રકારની ટીકાઓથી પરસ્પર કડવાશ વધતી જતી હતી.

ગાંધીજીને જેલમાંથી છૂટ્યા પછી આ સ્થિતિને સમજતાં ઝાઝી વાર ન લાગી. માંદગીને બિછાને પડ્યા પડ્યા જ એમણે અનેક નેતાઓ તથા કાર્યકર્તાઓ જોડે લંબાણથી વિગતવાર વાતો કરી હતી, તેથી તેમને દેશની હવા કઈ બાજુ વહે છે એની સમજણ પડી ગઈ. પોતે તો ચુસ્ત ‘અસહકારવાદી’ અને રચનાત્મક કાર્યના સમર્થક હતા. પણ સાથે સાથે એમ પણ નહોતા ઇચ્છતા કે કાર્યક્રમના મુદ્દા પર કૉંગ્રેસમાં ભાગલા પડે. સ્વરાજ પાર્ટીના વિનીત નેતાઓ, ખાસ કરીને પં. મોતીલાલજી, જોડે તેમણે અનેક વાર વાટાઘાટો કરી. પાછળથી ચિત્તરંજન દાસ જોડે પણ વાટાઘાટો કરી. આ આખા મામલામાં ગાંધીજી જેલમાં હતા તે દરમિયાન રાજાજી, વલ્લભભાઈ, જવાહરલાલ અને મહાદેવભાઈએ નાફેરવાદીઓની આગેવાની લીધી હતી. તે બધા ખૂબ દૃઢતાથી એમ માનતા હતા અને પ્રચાર કરતા હતા કે કૉંગ્રેસે પોતાની અસહકારની નીતિમાં કશો ફેરફાર કરવો ન જોઈએ. આ બાબતમાં મહાદેવભાઈની મોટામાં મોટી દલીલ તો ભાવનાત્મક જ હતી. તેઓ એમ કહેતા હતા કે આપણે જે જેલમાં પડેલા નેતાને એની છ વરસની સજા પૂરી થાય તે પહેલાં છોડાવી લાવવા ઇચ્છતા હોઈએ તો અસહકારનો તાપ એટલો તીવ્ર બનાવી દેવો જોઈએ કે સરકારને ગાંધીજીને છોડ્યા વિના છૂટકો જ ન રહે. બાકી દલીલોમાં તેઓ ગાંધીજીનાં વચનો અને તકોનો ઉપયોગ ખૂબ ચોક્કસપણે અને અધિકૃત રીતે કરતા. પણ નવજીવન સારુ, દેશને સારુ અને સૌથી વધારે તો પોતાને

સારુ એમની દષ્ટિએ અસહકાર આંદોલનને ચાલુ અને વેગવંતું રાખવાનું સૌથી પ્રબળ કારણ ગાંધીજીને છોડાવવા સરકાર પર આવશ્યક દબાણ લાવવું એ જ હતું.

પણ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. મહાદેવભાઈ, વલ્લભભાઈ વગેરેની મુખ્ય દલીલ એમના હાથમાંથી સરકી ગઈ હતી. ગાંધીજી જેલમાંથી બહાર આવી ગયા હતા. બેક માસના આરામ બાદ એમણે પોતાનાં રોજિંદાં કામો સંભાળી પણ લીધાં હતાં. દેશને નેતૃત્વ આપવાની જવાબદારી હવે ગાંધીજીની થઈ ગઈ હતી. મુંબઈથી અમદાવાદ આવ્યા પછી ગાંધીજીને એક વાર આચાર્ય કૃપાલાનીએ ગુજરાત મહાવિદ્યાલયમાં નોતર્યા. તેમણે રવીન્દ્રનાથ ઠાકુરના એક કાવ્યના શબ્દમાં ગાંધીજીને આવકારતાં અફસોસ પ્રગટ કર્યો અને એ કાવ્ય પરથી ઘટાવ્યું કે 'અમને તમારે સારુ નથી કાંતવાનો સમય મળ્યો, નથી અમને મિલનાં કપડાં છોડવાનો સમય મળ્યો. તમે અચાનક આવીને અમને ચકિત કીધા છે.' મહાદેવભાઈથી રવીન્દ્રનાથ ઠાકુરની ઉત્તમ કવિતા સાંભળીને ઝાલ્યા કેમ રહવાય? તરત, *નવજીવન*ના ૧૦મી ઑગસ્ટના અંકમાં એનું ભાષાંતર છપાયું. રવીન્દ્રનાથનાં બે ગીતોના મહાદેવભાઈએ કરેલાં ભાષાંતરો તો તે કાળે લોકજીભે ચડી ગયેલાં. આ કાવ્યાનુવાદ એટલો પ્રસિદ્ધ નથી થયો. તેથી જ અહીં આપી દેવાનો લોભ જતો નથી થતો: એકતા-યજ્ઞ

૧

અંધારું થાતું જાતું'તું,
આટોપી કામકાજ –
નિરાંત વાળી'તી સૌએ જે
આવશે ના કોઈ આજ.
ગામ બધાનાં બાર વસાયાં,
કાળાં અંધારાં ઘેરાયાં,
ત્યાં તો કોઈક બોલી ઊઠ્યું:
'આવશે મહારાજ.'
હસતા હસતા બોલ્યા, અમો:
'આવશે ના કો આજ.'

૨

બારણું તો જાણે ઠોકાયું
શબ્દ પડ્યો કાંઈ કાન,
અમે સૌએ સમજી લીધું
પવનનાં તોફાન.
સૌ ઘેરે દીવો હોલાયા,
સૂતા સર્વે ઊંઘ-ઘેરાયા,
ત્યાં તો કોઈક બોલી ઊઠ્યું:
‘દૂતનાં એ નિશાન!’
હસતા હસતા બોલ્યા અમો:
‘પવનનાં તોફાન!’

૩

અરધી રાતે કાને આવ્યા
ક્યાંક થકી ખખડાટા
ઊંઘમાં અમે માની લીધા
મેઘ તણા થથડાટા.
ઘડી ઘડી એ જાગ્રત કરતી
કાંપતી ધણધણતી ધરતી,
ત્યાં તો કોઈક બોલી ઊઠ્યું:
‘ચાક તણા ધધડાટા.’
ઊંઘતા અમે ઘેનમાં બબડ્યા:
‘મેઘ તણા ગગડાટા.’

૪

હતું હજી તો ઘોર અંધારું
ત્યાં તો વાગી ભેરી,
કોઈ પોકારે, ‘જાગો સર્વે
આજ કરો ના દેરી.’
ધ્રૂજતી છાતી હાથે ચાંપી।
અમે તો સૌ ઊઠ્યા કાંપી

ત્યાં તો કોઈક બોલી ઊઠ્યું:
'ઓ ધજા રાજા કેરી!'
અમે ઝબકી જાગી ઊઠી બોલ્યા:
'હાય! કરી ના દેરી.'

૫

ક્યાં છે દીવો, ક્યાં ફૂલમાળા?
ક્યાં બીજી તૈયારી?
ક્યાં સિંહાસન? આંગણે ઊભી
રાજાજીની સવારી.
લજામણાં આ ભાયગ કેવાં?
સ્વાગત એમને શેનાં દેવાં?
ત્યાં તો કોઈક બોલી ઊઠ્યું:
'શીદને આ કિકિયારી!
ખાલી હાથે, ખાલી ઘરે
સત્કારી લો સવારી.'

૬

ખોલી દો, ઓ! બાર ખોલી દો,
ફૂંફો શંખો ઝાઝા;
કાળી રાતે આજ આવ્યો છે
આંધળા ઘરનો રાજા
આભમાં મેઘકડાકા થાયે
વીજળીના ચમકાર જણાયે,
ચીંથરિયા તારી ગોદડી આણી
સજાવ આંગણ, જા, જા,
ઝડીમાં અણચિંતવ્યો આવ્યો
દુ:ખની રાતનો રાજા.I

ગાંધીજી અસહકારની નીતિના પાકા સમર્થક હતા. રચનાત્મક કામના પણ એટલા જ આગ્રહી હતા. બલકે અસહકાર અને રચનાત્મક કાર્ય એ બંને કાર્યક્રમોના ગાંધીજી

જ જનક હતા. તેથી એમનાથી વધુ સ્પષ્ટતા અને અધિકારપૂર્વક આ કાર્યક્રમોને દેશ આગળ મૂકે એવા બીજા કોણ હોઈ શકે?

પરંતુ નાફેરવાદીઓ એટલે મહાદેવભાઈ, રાજાજી અને વલ્લભભાઈ વગેરેએ અહીં એક મોટી થાપ ખાધી. તેમણે જોયું કે ગાંધીજી તો ફેરવાદીઓ જોડે કાંઈક ને કાંઈક તડજોડ કરવા ઇચ્છે છે. અને તેમ કરવામાં પોતે જ સૂચવેલા કાર્યક્રમોમાં સારી પેઠે મોટા ફેરફારો કરવા પણ તેઓ તૈયાર છે.

આમ કેમ થયું? આમ થવાનું સૌથી મોટું કારણ તો એ હતું કે ગાંધીજીને મન ઇતિહાસની પરિસ્થિતિ ગતિશીલ (ડાઇનેમિક) હતી. એ કાંઈ જડ કે સ્થિર નહોતી. સાચા નેતાનું એ લક્ષણ છે કે એ પરિસ્થિતિ ઉપર સવાર થઈને, લગામ બરાબર મજબૂત પકડી, એને પોતાની ઇચ્છા મુજબ અથવા માર્ગની જરૂરિયાત મુજબ દોરવે. એને જૂનાં વચનો કે સૂત્રોનો જાપ કરવા કરતાં નવા રસ્તાઓ શોધવામાં રસ વધારે હોય છે.

બીજું કારણ એ હતું કે ગાંધીજી દેશની તાકાત કયે સમયે કેટલી છે તે વસ્તુ બીજા કોઈ પણ નેતા કરતાં વધુ સારી રીતે સમજતા હતા. એમની પાસે દેશની નાડીની પરખ કાંઈક અજબ જાતની હતી.

અને ત્રીજું કારણ એ હતું કે તેઓ પોતે સૂચવેલા કાર્યક્રમોમાં તત્ત્વ અને તંત્ર વચ્ચેનો વિવેક સારી રીતે કરી જાણતા હતા. તેથી તંત્રમાં ફેરફાર કરી, તત્ત્વને વળગી રહી, દેશની નાડી પારખી પરિસ્થિતિ પર પલાણી તેને આગળ લઈ જવા પ્રયાસ કરવા લાગ્યા.

તેમણે સામુદાયિક અસહકારના કાર્યક્રમોને પડતા મૂકી જેને ધારાસભા, વકીલાત કે વિદ્યાલય – મહાવિદ્યાલયોમાં પાછા જવું હોય તેમને તેમ કરવાની છૂટ આપી. કૉંગ્રેસના સભ્ય બનવા સારુ મહિને ૨૦૦૦ વાર જાતે કાંતેલું સૂતર આપવાની શરત રાખી, અસહકાર અને રચનાત્મક કાર્યને સાથે સાથે ચાલવા દઈને કૉંગ્રેસની બંને ધારાના સભ્યોને કૉંગ્રેસના એક મંચ પર સાથે રાખવાનો વિચાર સૂચવવા લાગ્યા.

સ્વાભાવિક રીતે જ, નીતિ અંગે આવડો મોટો ફેરફાર પચાવી લેવો એ નાફેરવાદીઓ સારુ કઠણ વાત થઈ પડી. જેઓ પોતાને ગાંધીજીના વિચારોના પ્રતિનિધિ માનતા હતા અને દેશ પણ જેમને ગાંધીજીના ખાસ અનુયાયી માનતો હતો તેમને સારુ બીજી નીતિઓનો વિરોધ કરવાનું છોડીને પોતાનાં કામો, રચનાત્મક કામોમાં ચિત્ત એકાગ્ર કરવાનો વારો આવ્યો. આ બાબતમાં તેમણે પોતપોતાની પ્રકૃતિ અનુસાર જુદા જુદા

પ્રકારનું વલણ લીધું. ગાંધીજી આગળ નીતિ અંગેના આવા જબરદસ્ત ફેરફારો સામે કદાચ સૌથી વધુ તીવ્ર તકી ચક્રવર્તી રાજગોપાલાચારીએ કર્યા. ગાંધીજી જેલમાં હતા ત્યારે *यंग इन्डिया*ના તંત્રી તરીકે અને તમિળ પ્રદેશના નેતા તરીકે રાજાજીએ જ અસહકારની નીતિનું સૌથી પ્રબળ સમર્થન કર્યું હતું. તેમના તકીનો મહાદેવભાઈએ *नवजीवन*માં અને વલ્લભભાઈએ પોતાનાં ભાષણોમાં ઉપયોગ કર્યો હતો. તેથી અસહકાર અંગેની નીતિ બદલવાનું જ્યારે ગાંધીજીએ વલણ દાખવ્યું ત્યારે બીજા નાફેરવાદી નેતાઓ કરતાં રાજાજીને તેનો આંચકો વધુ લાગ્યો હોય એ સ્વાભાવિક છે. રાજાજીને ગાંધીજીએ જરા ફોડ પાડીને પોતે લીધેલા પગલા અંગે સમજ આપી:

મેં જે પગલું લીધું છે તેની આવશ્યકતા જેટલી સ્પષ્ટતાથી હું જોઈ શકું છું તેટલી તમે કેમ જોઈ શકતા નથી? તમારી સાથે હું સંમત થાઉં છું કે આપણે આપણો કાર્યક્રમ ચલાવી ન શકતા હોઈએ તો કૉંગ્રેસ છોડી દેવી એ વધારે સારું છે. મુશ્કેલી, શી રીતે છોડવી એ છે. મને લાગ્યા જ કરે છે કે આપણે સ્વરાજીઓને મૂંઝવવા જોઈએ નહીં. લોકોની એક જરૂરિયાત તેઓ પૂરી પાડે છે. મોટા ભાગના લોકો જેમને નાની નાની રાહતો જોઈએ છે તેમનું તેઓ પ્રતિનિધિત્વ કરે છે. આપણે શું તેમના કામમાં અડચણ નાખવી? આપણી પ્રવૃત્તિ મુખ્યત્વે આધ્યાત્મિક છે. તેનું બળ, ન દેખાય એવી રીતે વધે છે, કેવળ વાદવિવાદથી કે મત મેળવવાથી વધતું નથી. હજી હું મારી જાતને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકતો નથી. મેં જે માર્ગ ગ્રહણ કર્યો છે તેને માટે ઘણાં કારણો છે. તેમાંનું એક જ મેં રજૂ કર્યું છે. અને આપણે સૌ તે માર્ગ અપનાવીએ એવી સલાહ આપી છે. મેં જે પગલું લીધું છે તે સંપૂર્ણ ખરું છે, એમ કોઈ પણ રીતે મને તો લાગે છે. તમને સંતોષ થાય એવી રીતે તમારી આગળ હું બતાવી શકતો ન હોઉં એમ બને. તમને અને બીજાઓને આ એકાએક થયેલા ફેરફારને અનુકૂળ થવું ખૂબ અઘરું પડતું હશે એ હું જાણું છું. પણ હું નિરુપાય છું. હું એ પણ જાણું છું કે સાથીઓની વફાદારી અને શ્રદ્ધા ઉપર હું વધારે પડતો બોજો લાદું છું. પરંતુ મારા અંતરના સ્પષ્ટ અવાજને હું દબાવી દઉં તેના કરતાં આમ કરું તે શું વધારે સારું નથી? ચેતવણી આપતા એ સૂરને હું જો ગૂંગળાવી મારું તો પછી હું શા ઉપયોગનો રહું? પણ આ બધું મેં તમને સહેજ કહી નાખ્યું.૨

વલ્લભભાઈની પ્રકૃતિ સૈનિકની હતી. ગાંધીજી જેલમાં હતા ત્યારે દિલ્હીમાં મહાસમિતિની એક બેઠક થઈ હતી. દિલ્હીની આસપાસના પ્રતિનિધિઓનું વાતાવરણ

ફેરવાદીઓને વધુ અનુકૂળ હતું, પણ તાજેતરમાં જેલમાંથી સજા ભોગવીને આવેલા, ખિલાફતના દિવસોમાં ગાંધીજી સાથે ખભેખભો મેળવીને ચાલનાર મૌલાના મહમદઅલી ત્યાં હાજર હતા. તેઓ મહાસભાને નાફેરવાદ તરફ દોરવી શકશે એવી નાફેરવાદીઓને ઉમ્મેદ હતી. આ બેઠકમાં ન આવવાનું રાજાજીએ ઠરાવ્યું. એમના જીવનચરિત્રકાર શ્રી રાજમોહન ગાંધીના કહેવા મુજબ એમ લાગે છે કે કોઈક અજ્ઞાત સ્થળેથી રાજાજી ઉપર તેઓ કૉંગ્રેસમાં સત્તાનું સ્થાન કબજે કરવા માગે છે એવો આક્ષેપ આવ્યો હતો, તેના આઘાતને લીધે રાજાજીએ દિલ્હીમાં હાજર ન રહેવાનું ઠરાવ્યું હતું.૩

દિલ્હીમાં નાફેરવાદીઓના બીજા એક આગેવાન શ્રી જમનાલાલ બજાજે મહમદઅલીને સૂચવ્યું કે કચવાતે મને સમાધાન કરવા કરતાં સ્વરાજિસ્ટોની પૂરી વાત માની લેવી એ વધુ હિતાવહ થશે. શ્રી બજાજનો મત એવો હતો કે ચિત્તરંજન દાસ અને મોતીલાલજીની મિત્રતા તો કોઈ પણ ભોગે મેળવી લેવી જોઈએ. વલ્લભભાઈ અને રાજેન્દ્રપ્રસાદ એમાં સંમત હતા, પણ મહમદઅલીને યુદ્ધ પણ નહોતું જોઈતું ને શરણાગતિ પણ નહોતી ખપતી. એટલે તેઓ એવા કોઈક સમાધાન તરફ ઢળતા હતા કે જેમાં કૉંગ્રેસ ધારાસભાઓમાં જવા અંગે અણગમો પણ જાહેર કરે અને છતાં જેને એમાં જવું હોય તેમને એમાં જવાની રજા પણ આપે. મહાદેવભાઈ અને દેવદાસભાઈએ રાજાજીની વાટ જોઈ અને જ્યારે તેઓ નહીં જ આવે એવી ખાતરી થઈ ત્યારે તેમને તાર કરીને મહમદઅલીની સમાધાન કરવાની વૃત્તિની જાણ કરી. રાજાજીએ મોંમાં તરણું લીધું. તેમણે વળતો તાર કર્યો: 'મહમદઅલી જે સમાધાન કરવા આતુર હોય તો મિત્રોએ એમનું નેતૃત્વ માનીને એમની વાત સ્વીકારી લેવી જોઈએ.' વળી તેમણે ઉમેર્યું, 'દેશે કઠોર અનુભવથી પાઠ શીખવો જોઈએ.'૪

દિલ્હીમાં વલ્લભભાઈ ચૂપચાપ હતા. એમને અત્યંત આગ્રહ કરીને બોલવાનું કહેવામાં આવ્યું. તેમના ધ્રૂજતા હાથમાં તે વખતે રાજાજીનો તાર હતો. વિષાદમય અવાજમાં તેમણે કહ્યું:

વડીલોની સાથે અત્યાર સુધી અમે લડત ચલાવી અને અમારી અલ્પ શક્તિ અને મતિ પ્રમાણે અસહકારનો વાવટો ફરતો રાખ્યો. અમે તો બધા સિપાઈ રહ્યા. એક્કે નેતા અમારામાં છે નહીં, પણ અમારામાં એક માણસ ચોખ્ખા મગજનો, ચોખ્ખા વિચાર કરવાવાળો છે. તેણે પોતાની માંદગીના બિછાના પરથી સંદેશો મોકલ્યો છે તે હમણાં જ આવ્યો છે. તે કહે છે: 'બધી જ જવાબદારી મૌલાના મહમદઅલીના ખાંધે નાખો એવી

મારી સલાહ છે. તેમને કશુંયે અણગમતું કરવાને મજબૂર ન કરો એમ હું ઇચ્છું છું. તેમનો સમાધાન માટે બહુ જ આગ્રહ હોય તો તેમ કરવા દો. મને ભાસે છે કે દેશને માટે કઠણ અનુભવમાંથી પસાર થવાનું લખેલું છે, દલીલો અને ચર્ચાઓ નકામી છે. હવે આપણે બીજાઓની આડે આવવાનું પ્રયોજન નથી. આપણે આપણાથી થયું તેટલું કરી ચૂક્યા. આપણે બધાને ગુમાવ્યા છે, હવે મૌલાના મહમદઅલીને આપણે નથી ગુમાવવા.' એનો શબ્દ આમને માન્ય છે.

મેં મારા હૃદયનું મંથન કર્યું છે અને જોયું છે કે મૌલાનાને મદદ આપવાને મારાથી ઓછામાં ઓછું કંઈ પણ થઈ શકે એમ હોય તો તે એ છે કે મારે મારો વિરોધ ખેંચી લેવો. તેઓ કહે છે કે બે વરસની ગેરહાજરી પછી આવનારની સ્થિતિનો તમારે ખ્યાલ કરવો જોઈએ. બે વરસ સુધી બહાર રહેનારની મુશ્કેલીઓનો પણ અત્યાર સુધીમાં તેમને ખ્યાલ આવી ગયો હશે. ... હું જાણું છું કે મારા આ વલણથી સેંકડો જુવાનોનાં હૈયાં ચૂરેચૂરા થઈ જશે, આ સમાધાનથી અસહકારને મરમનો ઘા નહીં લાગે એ વાતની મને હજુ ખાતરી નથી થઈ. ... પણ આજે એકબીજા વિશે વહેમ છે, પ્રેમભાવ નથી. આ પ્રેમભાવ સ્થાપવાનો પ્રયત્ન છે. ...આ બધો વખત દેશના મોટા નેતાઓનો વિરોધ કરવો એ દુખદ કામ હતું. આજે એ વિરોધ છોડી દેવો પડે છે એ પણ એટલું જ દુખદ છે. છતાં હું તમને (નાફેરવાદીઓને) વિનંતી કરું છું કે તમે એ દુખદ સ્થિતિમાંથી પસાર થાઓ. હું તમામ જવાબદારી મૌલાના મહમદઅલીને માથે નાખું છું. મારા મિત્રો જમનાલાલજી અને ગંગાધરરાવ દેશપાંડે જેઓ આ બધો વખત વિરોધમાં અમારી સાથે સામેલ છે તેઓ પણ મારા જેવો મત ધરાવે છે. હવે બેસી જતાં છેવટમાં સ્પષ્ટ શબ્દોમાં કહું છું કે આ ઠરાવને અમે નથી ટેકો આપતા કે નથી તેનો વિરોધ કરતા.૫

એટલું જ કહી ઠરાવ ઉપર મત લેવા પડે તે પહેલાં જ તેઓ સભામાંથી બહાર ચાલ્યા ગયા હતા.

જવાહરલાલજી ફેરવાદીઓની તરફેણમાં નિર્ણય થાય તેનાથી અકળાઈ ઊઠતા, પરંતુ પિતાના વજનદાર નગારા સામે એમની પિપૂડી ખાસ વાગતી નહીં.

જ્યારે નાફેરવાદી આગેવાનો ગાંધીજીની સમાધાનનીતિથી આમ મૂંઝવણ, અકળામણ કે નિરાશામાં હતા ત્યારે મહાદેવભાઈને માટે રસ્તો એના કરતાં સહેલો હતો. તેમની તો મુખ્ય ભૂમિકા ગાંધીભક્તિની હતી. એટલે ફેરવાદી કે નાફેરવાદી મટી સહ-ફેરવાદી (પ્રોચેન્જર કે નોચેન્જર મટીને કૉ-ચેન્જર!) થઈ ગયા! ગાંધીજીએ આ નવી

ભૂમિકા લીધી તેને અંગે તેમણે એમની જોડે ચર્ચાવિચારણા, અલબત્ત, કરી, પણ થોડા જ કાળમાં તેઓ ગાંધીજીની નવી ભૂમિકા પાછળ રહેલું રહસ્ય સમજાવવામાં પોતાની શક્તિ લગાડવા લાગ્યા! તેથી તેઓ અકળામણ, મૂંઝવણ કે નિરાશામાંથી લગભગ પૂરેપૂરા બચવા પામ્યા. તેમનો સ્થાયીભાવ ગાંધીજીની ભક્તિમાં પોતાની જાતને શૂન્યવત્ કરી નાખવાનો હતો, તેથી દેશના રાજકારણના ભરતીઓટની અસર મહાસાગરની માછલી કે મગરમચ્છ પર ભરતીઓટ કે આંધી-તોફાનની થાય એટલી જ થઈ.

ગાંધીજી પોતે લીધેલું વલણ રાજાજીને નીચે મુજબ સમજાવે છે:

એ યાદ રાખો કે આપણે સત્યાગ્રહી છીએ. આ પરિસ્થિતિને હું તો કુટુંબનો કાયદો લાગુ પાડું. ધારો કે બે ભાઈઓ વારસાને માટે લડે છે. બંનેની ઇચ્છા તો કુટુંબના હિતને માટે જ તેનો ઉપયોગ કરવાની છે. પરંતુ બેમાંથી એકને જ્ઞાન છે કે કુટુંબની સેવા માટે તેની જરૂર નથી. પરંતુ કુટુંબની બહુમતી એ વારસાને પોતે વળગી રહે એમ ઇચ્છે છે. તો બેમાંથી જે ભાઈ સત્યાગ્રહી હોય તેની શું ફરજ નથી કે વારસાને જતો કરવો? અને કજિયાનું મોં કાળું કરી તેની પાછળ વેડફાતાં સમય અને શક્તિને બચાવી લેવાં? પ્રસ્તુત બાબત આ કેસથી કશી જુદી છે ખરી? છતાં હું સાવધાનીથી વર્તી રહ્યો છું. મારો પ્રયત્ન ન શોભે એવા કજિયાને ટાળવાનો છે. હું પ્રમુખપદનો સ્વીકાર તો કરીશ, જો મને લાગશે કે તેથી દેશની સેવા થશે. એનો નિર્ણય કરવાને હજી પુષ્કળ વખત છે.૬

ગાંધીજીએ ફેરવાદીઓ અને નાફેરવાદીઓ બંનેને કૉંગ્રેસમાં રાખ્યા તેમાં પોતાની ભૂમિકા અંગે સારી પેઠે બાંધછોડ કરી એ વાત ખરી. બાંધછોડ કરવા બેસે ત્યારે ગાંધીજી જાણે કે સામા પક્ષે ઉદારતાની હરીફાઈમાં ઊતરતા. મોતીલાલજી અને ચિત્તરંજન દાસની જોડે એકથી વધારે વાર વાટાઘાટો કરી તેમણે જે સમાધાન કર્યું તેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના હતા:

૧. પરદેશી કાપડના બહિષ્કાર સિવાયનો અસહકારનો આખો કાર્યક્રમ પ્રજાકીય કાર્યક્રમ તરીકે કૉંગ્રેસે મુલતવી રાખવો.

૨. કૉંગ્રેસ બંધારણના એક અંગ તરીક કૉંગ્રેસ તરફથી સ્વરાજપક્ષે વડી અને પ્રાંતિક ધારાસભાઓમાં કામ કરવું.

૩. કૉંગ્રેસ કમિટીઓના સભ્યો માટે તેઓ કૉંગ્રેસના કામમાં રોકાયેલા હોય તે વેળાએ જ ખાદી પહેરવાની ફરજિયાત હોય.

૪. એવા સભ્યોએ આપવાનું સૂતર બીજા પાસે કંતાવેલું હોય તોપણ ચાલે.૭

यंग इन्डियाના એક વિસ્તૃત લેખમાં ગાંધીજીએ પોતે લીધેલા પગલા અંગે સમજૂતી આપી. એના કેટલાક અગત્યના ભાગો નીચે આપ્યા છે:

यंग इन्डियाના લેખોમાં હમણાં હમણાં તેને મૂંઝવી નાખે એવા ફેરફારો વાચક જોતા હશે. તેથી શક્ય છે કે તેમને અકળામણ થતી હશે. હું એમને ખાતરી આપવા માગું છું કે એ ફેરફારો નથી પરંતુ આપણે જે દિશામાં જઈએ છીએ અથવા જે દિશામાં આપણે જવું જોઈએ તે દિશામાં ચોખ્ખી પ્રગતિ છે. આપણે જે સિદ્ધાંતોને અપનાવ્યા છે તેમાંથી સ્વાભાવિક રીતે ફલિત થતાં એ પરિણામો છે. આપણે એટલું યાદ રાખવું જોઈએ કે અસહકાર કરતાં અહિંસાનું મહત્ત્વ ઘણું વધારે છે. અહિંસા વિના અસહકાર પાપરૂપ થઈ જાય.

હકીકત એ છે કે સંજોગો બદલાતા જાય તેમ આપણે આપણો કાર્યક્રમ બદલવો જોઈએ. ...

સૌને એટલું તો દેખાતું હશે કે આપણા મતભેદો વધતા જાય છે. ... આપણો અસહકાર સરકાર સામેનો હોવાને બદલે માંહોમાંહેનો થઈ ગયો છે, ન ઇચ્છતા હોવા છતાં આપણે એકબીજાને નબળા પાડીએ છીએ. ...અત્યારની હવામાં એકબીજા પ્રત્યે પાર વિનાનો અવિશ્વાસ છે... કોઈ પણ ભોગે આ વસ્તુસ્થિતિ આપણે બદલવી જ જોઈએ.

... એટલે મેં સૂચના કરી છે કે તમામ રાજદ્વારી પક્ષોને માન્ય થઈ શકે એવો જે ઓછામાં ઓછો કાર્યક્રમ હોય તે આપણે શોધી કાઢવો. અને [એને] સિદ્ધ કરવા માટે કૉંગ્રેસના મંચ ઉપર એકત્રિત થવાને સઘળાને નોતરવા. તે વિના અસર પાડે તેવું રાજદ્વારી બળ આપણે ઉપજાવી શકીશું નહીં. ...પરંતુ જનતા તૈયાર થાય તે પહેલાં આપણે તેનો ઉપયોગ કરવા જઈશું તો તેમનું પ્રતિનિધિત્વ કરતાં આપણે અટકી જઈશું. તેમને માટે અને તેમની વચ્ચે કામ કરતાં કરતાં તેમની સાથે જીવંત સંપર્કમાં પ્રથમ આવવું જોઈએ, આપણે તેમના દુ:ખમાં ભાગ લેવો જોઈએ, તેમની મુશ્કેલીઓ સમજવી જોઈએ અને તેમની જરૂરિયાતો જાણી લેવી જોઈએ. અસ્પૃશ્યો સાથે અસ્પૃશ્ય થઈને ઉપલા વર્ગના લોકોનાં પાયખાનાં સાફ કરતાં અને તેમનાં ભાણાંનું છાંડેલું ખાતાં તેમને કેવું લાગતું હશે તે આપણે અનુભવવું જોઈએ. ઉપર બળબળતા તડકામાં પોતાના વળી ગયેલા વાંસા શેકાતા હોય અને જેમને મજૂરી કરવી પડતી હોય એવા ગામડિયાઓ

સાથે આપણે એકતા સાધવી જોઈએ. તળાવમાં ગામડાના લોકો નહાય છે. પોતાનાં કપડાં અને વાસણ ધુએ છે અને તેમનાં ઢોર પાણી પીએ છે તથા મળમૂત્ર કરે છે તેવા તળાવમાંથી આપણે પાણી પીવાનું હોય તો આપણને કેવું લાગે તે આપણે જોવું જોઈએ. ... તો જ આપણે જનતાનું સાચું પ્રતિનિધિત્વ કરી શકીશું, અને તેમ કરીશું તો મારી ચોક્કસ ખાતરી છે કે આપણા દરેક કાર્યક્રમમાં જનતા સાથ આપશે... આ કામમાં માનસિક સહકાર આપો, અને જનતા સાથે માનસિક એકતા સાધો. એના... પ્રત્યક્ષ પ્રતીક તરીકે એ ગરીબોને નામે અને ગરીબોની ખાતર દરરોજ ઓછામાં ઓછો અરધો કલાક કાંતો. હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી અને બીજી કોમોના બુદ્ધિપ્રધાન વર્ગની આ એક જબરદસ્ત પ્રાર્થના હિંદુસ્તાનની મુક્તિને માટે ઈશ્વરના દરબારમાં પહોંચશે.

... મારી યોજના એવી છે કે આપણા આંતરિક વિકાસ માટે સઘળા રાજદ્વારી પક્ષો તેમાં એકત્ર થઈને કામ કરી સઘળા રાજદ્વારી પક્ષની એક પરિપદ માટે કૉંગ્રેસ યોગ્ય તક ઊભી કરે છે.

કેવળ રચનાત્મક કાર્યમાં જ રાષ્ટ્રનો પુનરુદ્ધાર રહેલો છે એવું માનનારાઓએ આપભોગ આપવામાં અગ્રેસર થવું જોઈએ. સ્વરાજીઓની વિરુદ્ધ થઈને કૉંગ્રેસમાં સત્તા ટકાવી રાખવાનો પ્રયત્ન કરવામાં આપણી પ્રિય વસ્તુ સધાવાની નથી. ...

જે સત્તા મેળવવાનો સેવાને નામે પ્રયત્ન કરવામાં આવે છે અને જેનો આધાર વધારે મતો મેળવવા ઉપર રહેલો હોય છે તે સત્તા ભ્રમજાળ છે. ખાસ કરીને અત્યારને વખતે તો એ સત્તાથી બચવું જ જોઈએ. ...ઉપર મેં જે લખ્યું છે તે, શરણે જવાની મારી શરતો નથી, મારી તો બિનશરતી શરણાગતિ છે.૮

આમ જો જોઈએ તો ગાંધીજીએ જે સમાધાન કર્યું હતું તે મોટે ભાગે નાફેરવાદીઓની વાતને બાજુએ રાખીને ફેરવાદીઓને રીઝવનારું હતું એમ કહી શકાય. એનું કદાચ સૌથી મોટું કારણ એ હતું કે ત્યારે કૉંગ્રેસમાં કોઈ પણ ભોગે ભાગલા ન પડે એમ ગાંધીજી ઇચ્છતા હતા. બીજું કારણ કદાચ એ પણ હશે કે એમને નાફેરવાદીઓને સમજાવી લેવા અંગે વધારે આત્મવિશ્વાસ હશે. શરૂઆતમાં તો તેઓ એવું સૂચવતા હતા કે જો સ્વરાજવાદીઓ ધારાસભાઓ વગેરેમાં જાય તો નાફેરવાદીઓએ કૉંગ્રેસ કમિટીઓ વગેરે પક્ષની અંદરનાં સ્થાનો લેવાં. પણ એમણે જોયું કે સ્વરાજવાદીઓને એ પણ કબૂલ નહોતું. એમની ઉપર આ સૂચનની એવી અસર થઈ કે એમને કૉંગ્રેસ સંગઠનમાંથી સમૂળગા કાઢવા સારુ એ કરાયું છે. ગાંધીજીને આવી ગંધ આવી એટલે

તેમણે તે આગ્રહ પણ છોડી દીધો અને નાફેરવાદીઓને કાંઈ પણ સત્તાના સ્થાન પર ન જતાં રચનાત્મક કામમાં પોતાની શક્તિ લગાવવાની તેમણે સલાહ આપી. તે કાળે મહદંશે નાફેરવાદીઓએ આ સલાહને અમલમાં પણ મૂકી. અસ્પૃશ્યતાનિવારણની દૃષ્ટિએ હરિજનોના મંદિરપ્રવેશનો કાર્યક્રમ, ખાદીનો વ્યાપક પ્રચાર, હિંદુ-મુસ્લિમ એકતા માટેના પ્રયાસ અને દારૂબંધીના કાર્યક્રમોમાં રાજાજી, જમનાલાલ બજાજ, શંકરલાલ બૅંકર, જયરામદાસ દોલતરામ વગેરેએ ધ્યાન કેન્દ્રિત કર્યું. મહાદેવભાઈને સારુ પસંદગી કરવાનો પ્રશ્ન જ નહોતો. એમનો સ્વધર્મ તો નક્કી થઈ ચૂકેલો હતો. એ તો ગાંધીજીની સાથે જ હતા. અને આ વર્ષની મધ્યમાં ગાંધીજીએ પોતાને સારુ જે કામ પસંદ કર્યું તે હતું હિંદુ-મુસ્લિમ એકતાનું. કદાચ ગાંધીજીએ પોતાના દીર્ઘ કર્મમય જીવનમાં સૌથી કઠણ તપસ્યાનું કામ ઉપાડ્યું હોય તો તે આ જ હતું. એ પ્રશ્ન કાંઈ તેમણે ૧૯૨૪માં ઉપાડ્યો નહોતો. અને એ કામ કાંઈ માત્ર તે વરસે પૂરું થવાનું નહોતું. ગાંધીજીની દૃષ્ટિએ સર્વધર્મસમભાવના એમના યજ્ઞનો આરંભ તો ઠેઠ આફ્રિકાથી શરૂ થયો હતો. એ જ યજ્ઞમાં છેવટે એમની આહુતિ અપાઈ. પણ અહીં એમની એ લાંબી તપસ્યામય ગાથાનો એક નાનો પણ અત્યંત મહત્ત્વપૂર્ણ અંશ જોઈશું.

ગાંધીજીએ હાથ ધરેલો પ્રશ્ન એમ તો સદીઓજૂનો હતો. પણ અંગ્રેજોએ એ પ્રશ્નને પોતાના સ્વાર્થને લીધે વધુ ગૂંચવ્યો હતો. એ પ્રશ્ન દુનિયામાં સૌથી જૂના ધર્માવલંબીઓ જોડે દુનિયાના સૌથી નવા ધર્માવલંબીઓના સહજીવનનો પ્રશ્ન હતો. એ પ્રશ્નની પાછળ ત્રણ વિભાજક તત્ત્વો કામ કરતાં હતાં: હિન્દુઓનો જાતિવાદ, મુસ્લિમોનો સંપ્રદાયવાદ અને અંગ્રેજોનો સામ્રાજ્યવાદ.

પણ આપણે નજીકના કાળમાં આવીએ. ઇતિહાસની વધુ ઊંડી વિગતો જાણવા સારુ તો વાચકે भारत में अंग्रेजी राज કે हन्दिनो कोमी त्रकोिण૧૦ જેવાં પુસ્તકો વાંચવાં પડશે. આપણે તો એટલું જાણી લઈએ કે જ્યારે જ્યારે આ દેશમાં પ્રજાકીય આંદોલનો જાગતાં ત્યારે ત્યારે હિન્દુ-મુસલમાન વિખવાદો મંદ પડી જતા. અને આંદોલન મંદ પડે ત્યારે વિખવાદો માથાં ઊંચકતા.

૧૯૨૧ના અસહકાર આંદોલન પછી પણ તેમ જ થયું. ચૌરીચૌરાના હિંસાકાંડને લીધે ગાંધીજીએ અસહકાર અને સવિનયભંગની હિલચાલ બંધ રાખી, તેને લીધે વાતાવરણમાં ફેલાયેલી સામાન્ય નિરાશાનો મનોવૈજ્ઞાનિક લાભ લેવા અંગ્રેજોએ કારસા

કર્યા. એક તરફથી એમણે ગાંધીજીને જેલમાં નાખીને એમની ઉપર છ વર્ષની સજા ફટકારી. બીજી તરફ કોમી રમખાણોએ માથાં ઊંચક્યાં ત્યારે એને ચગાવવામાં સરકાર સીધી કે આડકતરી રીતે નિમિત્ત બની. 'ખિલાફત' ચળવળના જમાનામાં દેશના હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સદ્ભાવ વધ્યો અને ઘડીભર તો એમ લાગ્યું કે એ સદ્ભાવ બંને કોમોમાં ઊંડાં મૂળિયાં નાખશે. ગાંધીજી અને અલીભાઈઓએ ખભેખભા મેળવીને ખિલાફત અને સ્વરાજ-આંદોલન સારુ કામ કર્યું. પણ પહેલાં અલીભાઈઓ પકડાયા અને પછી ગાંધીજી પકડાયા તેને કારણે હિન્દુ-મુસલમાનોના સંયુક્ત કાર્યક્રમો દેશભરમાં થતા અટકી પડ્યા. બરાબર આ જ તબક્કે દેશભરમાં ઠેર ઠેર હિન્દુ-મુસલમાન રમખાણો થયાં. આખો ખેલ બે બિલાડીઓ અને વાનરની વાર્તા જેવો હતો. પણ દુર્ભાગ્યે આખો દેશ અજાણતામાં વાર્તાના પાત્રરૂપ બની ગયો. દેશમાં એકતા ન હોય ત્યાં સુધી દેશને કયા હાથમાં સોંપીને નચિંત થઈને અંગ્રેજો પોતાની સત્તા આટોપે એ તેમને માટે સહેલાઈથી વાપરી શકાય એવી દલીલ થઈ ગઈ. અને જાહેરમાં ગોવધ કે મસ્જિદ સામે વાજાં વગાડવાં એ તો ઘણી જ આસાનીથી કોમી રમખાણોનાં નિમિત્ત બની શકતાં હતાં. હિંદુ અને મુસ્લિમ બંને સમાજમાં આચાર અંગે રહેલી કેટલીક ભિન્નતાઓને આગળ લાવીને એમાંથી કોમી ભેદભાવને ઉશ્કેરવો એક સહેલું કામ થઈ પડ્યું. મૂડીવાદી અને પરાધીન સમાજમાં રહેલા આંતરવિરોધોને સંકોરી સંકોરીને વેરઝેરની આગને ભડકાવતા રહેવું એ અંગ્રેજ શાહીવાદીઓ સારુ ડાબા હાથના ખેલ જેવું કામ થઈ ગયું. અને જ્યારે ક્યારેય બંને તરફના આગેવાનો એકઠા થઈ આ પ્રશ્નનો ઉકેલ લાવવા સારુ ગંભીર પ્રયત્ન કરે ત્યારે, ખાસ કરીને મુસ્લિમોને કાંઈક વધુ સત્તાનો ટુકડો આપવાની વાત કરી કોમવાદી મુસ્લિમોને હિંદુઓ અને રાષ્ટ્રવાદી મુસ્લિમોથી અલગ રાખવામાં અંગ્રેજ સરકાર સફળ થતી. વાટાઘાટોમાં દૂધમાંથી પોરા કાઢવામાં ઘણી વાર સરકારી વાજું વગાડનારાં છાપાંઓ પણ ઉપયોગી સાધન બની રહેતાં. આ બધી આંટીઘૂંટીઓને પરિણામે સામાન્ય રીતે એકબીજા સાથે તાણાવાણાની જેમ વણાઈને રહેતા દેશના સમાજશરીરમાં ચીરા પડી જતા. અને કોમી હુલ્લડો થાય ત્યારે વધુમાં વધુ નુકસાન ગરીબ, અભણ ને અણસમજુ લોકોને થતું. કોમી વિખવાદ એ બંને સમાજની લાગણીઓ દૂભવનારો નાજુક પ્રશ્ન, સરકાર સારુ સ્વરાજની માગણી સામે ઉગામવાનો જોરદાર ડંડો અને દેશ સારુ સ્વરાજપ્રાપ્તિની યાત્રામાં વિઘ્નરૂપ બનતો મોટો પથરો બની રહેતો.

આ પ્રશ્નને અંગે વિવિધ પ્રકારના નેતાઓનો અભિગમ પણ પોતપોતાના ચરિત્ર અને

ચારિત્ર્ય મુજબ વિવિધ પ્રકારનો હતો. સામાન્યપણે કેટલાક ઉદારમતના અધિકારીઓ સિવાય બાકીના સરકારી અધિકારીઓનું વલણ આ બાબતમાં મતભેદોને વાપરીને હિંદીઓના હાથમાં સત્તા સોંપવાની ઘડીને પાછળ ને પાછળ ઠેલવાનું રહેતું. બંને બાજુના સાંપ્રદાયિક નેતાઓનું વલણ સાંપ્રદાયિક મતભેદો અને આચારવિચારના ભેદોને પાપી અથવા ફૂંકી ફૂંકીને પોતાના નેતૃત્વને સુદૃઢ બનાવવાનું રહેતું. રાષ્ટ્રવાદી કૉંગ્રેસની સ્થિતિ જેમ સ્વરાજ મેળવવા બાબતમાં તેમ જ કોમી પ્રશ્નની બાબતમાં પણ કોઈ નિશ્ચિત વિચારવાળી નહીં, પણ જુદાં જુદાં વલણોના સમૂહ જેવી હતી. તેમાં પોતપોતાની કોમ પર પ્રભાવ પાડનાર અલીભાઈઓ અને પંડિત માલવિયાજી કે મુંજે જેવા આગેવાનો પણ હતા, કોમવાદના પ્રશ્નને ગૌણ માનીને રાજનૈતિક, આર્થિક પ્રશ્નો તરફ જ ધ્યાન આપનાર જવાહર-સુભાષ જેવા આગેવાનો પણ હતા, અને આખા પ્રશ્નને બંધારણનો સવાલ ગણી તેને વિષ્ટિના મેજ કે ધારાસભાના મંચ પરથી ઉકેલવામાં માનનારા સ્વરાજવાદી આગેવાનો પણ હતા. રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થિતિ કોમી પ્રશ્ન અંગે એક રાષ્ટ્રીય પક્ષ કરતાં વધારે એક રાષ્ટ્રીય મંચ જેવી હતી. આવી એક સંસ્થાને લઈને ગાંધીજીએ દોરવણી આપવાની હતી. ઉંમરની અને કદાચ અનુભવની દૃષ્ટિએ પણ કૉંગ્રેસમાં તેમના કરતાં વધુ મોટી વય અને અનુભવના માલવિયાજી, મોતીલાલજી, દાસબાબુ જેવા આગેવાનો હતા. એ સાચું હતું કે કૉંગ્રેસ નેતાગીરીની જુવાન પેઢીને મોટે ભાગે ગાંધીજીના નેતૃત્વમાં શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. પણ ગાંધીજી એ કાંઈ વડીલ નેતાગીરીને મન તરુણ નેતૃત્વના પ્રતિનિધિ નહોતા. કૉંગ્રેસ નેતૃત્વમાં ત્યાં સુધીમાં ગાંધીજીનું એક આગવું સ્થાન હતું. આખી નેતાગીરીના જુદા વલણ ધરાવતા લગભગ તમામ લોકોને ગાંધીજીની સચ્ચાઈ ને ઈમાનદારી પર વિશ્વાસ અને આદર હતાં, તેમની કુનેહની તેઓ કદર કરતા, તેમના આદર્શોથી તેઓ અંજાતા અને તેમના વહેવારને જોઈ ચકિત થતા. આ તમામ લોકોને ગાંધીજીની કાર્યપદ્ધતિ અંગે આદર કરતાં કદાચ વિસ્મયનો ભાવ વિશેષ હતો. પણ ગાંધીજીના કેટલાક ગુણો એવા હતા કે જે તેમને આ આખી નેતાગીરીમાં એક વિશિષ્ટ સ્થાન અપાવતા. એમનો મુખ્ય ગુણ તો એ હતો કે તેમની કરણી અને કથની બે વચ્ચે કદી વિસંગતિ જોવામાં નહીં આવતી. તેઓ જેવું વિચારતા તેવું બોલતા અને જેવું બોલતા તેવું કરતા. તેમનો બીજો ગુણ એ કે તેઓ નિરંતર જાગ્રત રહેતા અને સદાય સક્રિય રહેતા. ગાંધીજીની કર્મઠતાને કૉંગ્રેસની જુવાન નેતાગીરી પણ આંટી શકતી નહીં. અને કદાચ ઉપરોક્ત બે ગુણો કરતાંય ચડી જાય એવો એમનો ગુણ કહો કે એમની શક્તિ

કહો એમની પાસે રાજનૈતિક, આર્થિક, સામાજિક ક્ષેત્રમાં વાપરવાનું અહિંસાનું એક અભિનવ સાધન હતું.

ગાંધીજીએ પોતાની અહિંસાને દેશના સૌથી વધુ મૂંઝવતા, સૌથી વધુ જટિલ અને સૌથી વધુ પેચીદા પ્રશ્ન — કોમી પ્રશ્ન — સામે હોડમાં મૂકી. તેમને સારુ અહિંસાને હોડમાં મૂકવી એટલે પોતાની જાતને હોડમાં મૂકવી એ જ અર્થ થતો હતો. વારંવાર દિલ્હી જઈને કોમી આગેવાનો સાથે વાતચીતો કરી કરીને ગાંધીજી તર્ક, સમજાવટ અને વાટાઘાટોની સીમા સુધી પહોંચી ગયા હતા. એક બાજુ અણઊકલ્યો કોમી પ્રશ્ન એમને પીડી રહ્યો હતો, બીજી બાજુ વાટાઘાટોનું ઊણાપણું એમને કઠતું હતું. દરેક અણઊકલી ગૂંચ અંગે તેઓ કરતા હતા તેમ તેમણે એ ગૂંચનો ઉકેલ કોઈ બાહ્ય ઉપાયોથી શોધવાને બદલે પોતાના અંતરમાં ડૂબકી મારીને ફંફોસવા, ખોળવાનો પ્રયાસ આદર્યો.

તેમણે એક તારમાં, તા. ૧૬મી સપ્ટેમ્બરે, લખ્યું હતું, 'પ્રકાશ માટે હું ઉત્કટતાથી પ્રભુને પ્રાર્થના કરી રહ્યો છું.'૧૧

એમની પાસે એકમાત્ર સાધન હતું પ્રાર્થના. આ એક એવો આશ્રય હતો કે જેણે તેમને કદી નિરાશ કર્યા નહોતા. પ્રાર્થનાને વધુ શુદ્ધ બનાવવા, ગાંધીજી કોઈ કોઈ વાર એક એવી સાધના કરતા, જે બહારની દુનિયાને આંચકામાં નાખી દેતી અને એમના પોતાના સાથીઓને અકળાવી મૂકતી. એ સાધના હતી ઉપવાસની.

૧૮મી સપ્ટેમ્બરે દિલ્હીમાં મૌલાના મહમદઅલીને ઘેર ગાંધીજીએ પ્રાર્થનાપૂર્વક ઉપવાસ શરૂ કર્યા. ઉપવાસ એકવીસ દિવસના હતા. આ અંગે તે જ દિવસે કોમી એકતાના પ્રશ્ન અંગે વાટાઘાટો ચલાવી રહેલા પં. મોતીલાલ નેહરુને એક પત્રમાં લખ્યું:

'જેને છેલ્લો કૂદકો કહી શકાય તે મેં તો મારી દીધો છે. આજથી મારા એકવીસ દિવસના ઉપવાસ શરૂ થાય છે. એ રીતે જ ધર્મને ઓળખતાં હું શીખ્યો છુ.'૧૨

શારીરિક દૃષ્ટિએ ગાંધીજીને ઉપવાસની ફાવટ આવી ગઈ હતી એમ નહોતું. એ વાત સાચી કે બીજા કોઈ પણ રાષ્ટ્રીય કે પ્રાદેશિક આગેવાન કરતાં ગાંધીજીએ ઉપવાસનો આશરો વધારે વાર લીધો હતો. પણ એની અસર એમના શરીર પર તો સામાન્યપણે એવી જ થતી કે જેવી કોઈ બિનઅનુભવીને થાય. ઉપવાસને ત્રીજે દિવસે એમને મોંમાં મોળ આવવાનું શરૂ થતું, પાણી પીવું, પણ એમને આકરું થઈ પડતું. તેથી તેઓ ઉપવાસનું વ્રત લે ત્યારથી જ પાણી સાથે સોડાબાઈકાર્બ અથવા લીંબુ કે સંતરાંના રસનાં થોડાં ટીપાં લેવાની છૂટ રાખતા. સામાન્ય રીતે ઉપવાસને પાંચમે કે છઠે દિવસે કે તે

પછી તેમના પેશાબમાં એસીટોન જતું. ઉપવાસ દરમિયાન લગભગ નિયમિત વેગથી તેમનું વજન ઘટતું. આમ લગભગ બધાં શારીરિક લક્ષણો તો તેમને બીજા સામાન્ય લોકો જેવાં જ જણાતાં. માત્ર ઉપવાસ દરમિયાન જેમ સામાન્ય લોકોનું ચિત્ત મોટે ભાગે ખાવા પર ચોંટી રહેતું હોય છે, આખો વખત મનમાં 'ભૂખ લાગી, ભૂખ લાગી' એમ થયા કરતું હોય છે, તેમ ગાંધીજીને ન થતું. તેઓ મોટા ભાગનાં કામકાજે આટોપી લઈ શાંત ચિત્તે સૂઈ રહેતા અને આ શાંત ક્ષણો, ઘડીઓ અને દિવસોમાં તેમનું ચિત્ત અંતરમાં લીન થતું. અંતરાત્મા સાથે તેમનો એવો તાર સંધાતો કે તેઓ તેની જોડે રીતસર સંવાદ આદરી શકતા. અને આ સંવાદથી તેમને નવો પ્રકાશ ને નવી શક્તિ સાંપડતાં. બલકે સાચું પૂછો તો ઉપવાસનો નિશ્ચય કરતાં પહેલાં જ ગાંધીજીનો અંતરાત્મા જોડેનો પ્રાર્થનામય સંવાદ શરૂ થઈ જતો અને એ સંવાદ પછી જ તેઓ ઉપવાસ કરવા અંગે છેવટનો નિર્ણય કરતા. પરંતુ આ નિર્ણય કરવાની પ્રક્રિયા નિતાંત એકાંતિક થઈ રહેતી. બીજી રીતે કહીએ તો એ નિર્ણય એમનો અને એમના ભગવાન વચ્ચેનો નિર્ણય બની રહેતો. એમના ઉપવાસ મુદતી થશે કે બિન-મુદતી, મુદતી હોય તો કેટલા દિવસની મુદત હશે, વગેરે વગેરે પ્રશ્નોના ઉત્તર મોટે ભાગે ગાંધીજીને ઉપવાસ પૂર્વેના આ આંતરિક સંવાદ દરમિયાન મળી જતા. ઘણા આગેવાનોને આ આંતરિક સંવાદની વાત કાં કપોલકલ્પિત કાં ગૂઢ રહસ્યમય લાગતી. કેટલાકને એની ટેવ પડી ગઈ હતી, પણ 'આમાં આપણું કાંઈ વળે નહીં' એમ વિચારી તેઓ એ નિર્ણયને ફેરવવા સારુ ઝાઝો પ્રયાસ કરતા નહીં. ઘણાખરાને આવા અચાનક થયેલા નિર્ણયથી આંચકો કે આઘાત લાગતો. મહાદેવ જેવાઓ નિર્ણયના રહસ્યને પામવા પ્રયાસ કરતા, પણ સાથે સાથે જ ગાંધીજીની તબિયત અંગેની ચિંતામાં ડૂબી જતા.

ઉપવાસને બીજે દિવસે મહાદેવભાઈ સાથે ઉપવાસ અંગે ગાંધીજીની જે ચર્ચા થઈ તે તેમણે યાદદાસ્ત પરથી यंग इन्डियाના એક લેખમાં છાપી હતી. એ ઉપરથી જોઈ શકાય છે કે ઉપવાસ જાહેર કરતાં પહેલાં દેશની પરિસ્થિતિને કારણે ગાંધીજીએ કેટકેટલીક માનસિક યાતના સહન કરી હશે!

એક દિવસ મને પૂછવા લાગ્યા, 'વારુ, મહાદેવ, ચૌરીચૌરા વિશે અને મુંબઈ વિશે ઉપવાસ કર્યા તે તમે સમજો છો ખરા?'

'હા; જરૂર.'

'ત્યારે આ ઉપવાસ કેમ ન સમજો?'

મેં કહ્યું, 'ત્યાં તો તમે તમારો ગુનો માનેલો, અહીં તો ગુનો માની લેવાનું કારણ નથી. અહીં તમે કાંઈ ગુનો કર્યો એમ તો કોણ કહી શકે?'

'હેં! આ કેટલી ગેરસમજ! ચૌરીચૌરામાં તો મને કદી ન જોયેલો, ન ઓળખેલો એવા માણસો હતા. અહીં તો મને જાણનારા, મારી સાથે મહોબત કરવાનું કહેનારા છે.'

[મેં કહ્યુંઃ ] 'શૌકતઅલી અને મહમદઅલી તો અટકાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે, કેટલાક માણસો એમના હાથમાં પણ ન આવે તેને તેઓ શું કરે, તમે શું કરો? એ તો સમય જતાં સુધરશે.'

'એ તો તમે બીજી વાત કરી, શૌકતઅલી અને મહમદઅલી તો કુંદન છે. તેઓ ખૂબ પ્રયત્ન કરી રહ્યા છે પણ આ બાજી હાથમાં નથી, છ મહિના પહેલાં હતી, હું જાણું છું કે આ ઉપવાસથી તેમનાં અંતર ખળભળી ઊઠશે, પણ તે એની આડકતરી અસર છે. પણ કોઈની અસર ઉપજાવવા ખાતર તો આ ઉપવાસ નથી કરતો.'

'પણ આપનો ગુનો તો આપે કશો ન જણાવ્યો?'

'ગુનો? મેં તો હિંદુ કોમની સાથે વિશ્વાસઘાત કર્યો કહેવાય, મેં તો હિંદુઓને મુસલમાન સાથે ભેટવાનું કહ્યું, તેમની પાક જગ્યાઓના રક્ષણ માટે તન, મન, ધન અર્પણ કરવાનું કહ્યું, આજે પણ તેમને અહિંસાનો, મારીને નહીં પણ મરીને ઝઘડો શાંત કરવાનો પાઠ આપી રહ્યો છું. અને તેનું પરિણામ શું જોઉં છું? કેટલાં મંદિરો તૂટ્યાં!! કેટલી બહેનોએ મારી આગળ ફરિયાદ કરી છે! કાલે જ મેં હકીમજીને કહ્યું કે બહેનો મુસલમાન ગુંડાઓથી ડર્યા જ કરે છે, ઘણે ઠેકાણે તેમને બહાર નીકળવું મુશ્કેલ છે. ...ભાઈનો પત્ર આવ્યો. તેનાં બાળકોના ઉપર જે વીતી તે કાંઈ સંખાય? હું હિંદુને હવે શું મોઢું લઈને કહું કે તમે સહન કર્યા કરો? મેં તો તેમને વિશ્વાસ આપેલો કે મુસલમાનોની મહોબતનું સરસ ફળ આવશે, ફળનો વિચાર કર્યા વિના તેમની સાથે મહોબત કરો. એ વિશ્વાસ સાચો પાડવાની આજે મારી શક્તિ નથી રહી. નથી મહમદઅલીની કે નથી શૌકતઅલીની. મારું વચન કોણ સાંભળે છે? છતાં હિંદુઓને મારે મરવાની જ વાત કરવી રહી તે હું મરીને જ કરી શકું, મરીને જ મરવાની કૂંચી બતાવી શકું, બીજી શી રીતે બતાવું?

'મેં અસહકારની હિલચાલ ઉત્પન્ન કરી. આજે જોઉં છું કે અહિંસાની ગંધ પણ જાણ્યા વિના લોકો એકબીજા સાથે અસહકાર કરવા લાગ્યા છે. એનું કારણ શું? એનું કારણ એ જ કે હું પોતે અહિંસક નથી. મારી તે શી અહિંસા? જો તે પરાકાષ્ઠાએ પહોંચેલી હોય તો જે હિંસા આજે હું જોઈ રહ્યો છું તે ન જોઉં, એટલે મારો ઉપવાસ એ

પ્રાયશ્ચિત્ત છે, તપશ્ચર્યા છે. કોઈનો દોષ કાઢતો જ નથી. હું તો મારો દોષ કાઢું છું. મારી તાકાત ચાલી ગઈ છે. હારીને, તાકાત ખોઈને મારે ઈશ્વરના દરબારમાં અરજ કરવી રહી. હવે એ જ સાંભળે, બીજું કોણ સાંભળવાનું હતું?'

આ તો ધોધ ચાલતો હતો. તે દિવસના ઉદ્‌ગાર બધા ઉત્પન્ન કરવા હું અસમર્થ છું, પણ પ્રાયશ્ચિત્ત એટલે આ જ? આવા ઉપવાસ? એવો ઉપવાસ હિંદુ ધર્મમાં છે? એવા પ્રશ્નો ઊઠ્યા કરતા હતા, બાપુ કહે:

'વાહ! છે સ્તો, ઋષિમુનિઓ શું કરતા? એ ઘોર તપશ્ચર્યા કરતા તે શું વનમાં ફળફૂલ ખાતા તપશ્ચર્યા કરતા હશે? અને હજારો વર્ષની તપશ્ચર્યા કરેલી, ગુફાઓમાં તપશ્ચર્યા કરેલી સાંભળીએ છીએ, તે? પાર્વતીએ અપર્ણાવ્રત લીધું તે શું હશે? તપ અને જપ એ બંને વસ્તુથી હિંદુ ધર્મ તો ભરેલો છે.

આ ઉપવાસની પાછળ જેટલો ઊંડો વિચાર રહેલો છે તેટલો ઊંડો વિચાર ભાગ્યે જ અગાઉ બીજા ઉપવાસોને વિશે થયો હશે. આવો ઉપવાસ તો અસહકાર શરૂ કર્યો તે દિવસનો મેં કલ્પી રાખેલો. અસહકારના આરંભ વખતે મને થયેલું કે આવું ભયંકર શસ્ત્ર લોકોના હાથમાં મૂકું છું અને એનો દુરુપયોગ થયો તો તો પ્રાણ પાથરવા પડશે. એ વેળા આજે આવી છે. અત્યાર સુધીના ઉપવાસોનો ઉદ્દેશ તો મર્યાદિત હતો. આ વેળાના ઉપવાસ તો વિશ્વવ્યાપી છે. આમાં પારાવાર પ્રેમ રહેલો છે. અને આજે એ સાગરમાં હું નાહી રહ્યો છું.'૧૩

તે જ દિવસે, એટલે કે ૧૮મી સપ્ટેમ્બરે પોતાના ઉપવાસ વિશે ચોખવટ કરતું નીચે મુજબનું ટૂંકું પણ એમની ભૂમિકાને સપષ્ટ કરતું નિવેદન કર્યું:

હાલમાં દેશમાં બનેલા બનાવો મારે માટે અસહ્ય થઈ પડ્યા છે. આમાં મારું પોતાનું નિરાધારપણું તેથીયે વધારે અસહ્ય લાગે છે.

મારો ધર્મ મને શીખવે છે કે ટાળી ન શકાય એવું દુ:ખ આવી પડે અને અસહ્ય મૂંઝવણ થાય ત્યારે માણસે ઉપવાસ કરવો અને પ્રાર્થના કરવી. મારા અત્યંત નિકટનાં સગાંવહાલાંઓની બાબતમાં મેં આમ જ કર્યું છે.

હવે હું એમ પણ જોઉં છું કે હું ગમે તેટલું કહું અને લખું તોપણ હિંદુ અને મુસલમાન એ બે કોમોમાં સંપ પેદા થઈ શકતો જ નથી. તેથી આજથી હું એકવીસ દિવસના ઉપવાસનું પ્રાયશ્ચિત્ત પ્રારંભ કરું છું. ઑક્ટોબરની આઠમી તારીખ અને બુધવારને દિવસે તે પૂરું થશે. અનશન દરમિયાન ફક્ત પાણી અને તેની સાથે મીઠું લેવાની મેં

છૂટ રાખી છે. આ અનશન પ્રાયશ્ચિત્તરૂપે પણ છે અને પ્રાર્થનારૂપે પણ છે. એકલું પ્રાયશ્ચિત્તરૂપ હોત તો તે પ્રજાને જાહેર કરવાની જરૂર ન હતી. પણ આ વાત જાહેર કરવામાં એક જ પ્રયોજન છે. મારું આ પ્રાયશ્ચિત્ત આજ સુધી એકસંપથી કામ કરતા આવેલા હિંદુ-મુસલમાનોને આત્મહત્યા ન કરવાની એક અસરકારક યાચનારૂપ થાય, એવી હું આશા રાખું. ધર્મને અને માણસાઈને લાંછન લગાડે એવા આ ઝઘડાનો અંત આણવા માટે બધી જ કોમોના આગેવાનોને, અંગ્રેજો સુધ્ધાંને એક જગ્યાએ મળી મસલત કરવા હું નમ્રપણે વીનવું છું. આજે તો એમ જ દેખાય છે કે ઈશ્વરને આપણે આપણા ઘરમાંથી કાઢી મૂક્યો છે. તેને ફરીથી આપણા હૃદયના સિંહાસન ઉપર સ્થાપીએ એ જ મારી પ્રાર્થના.૧૪

પરંતુ એમનું અંતર તો ખૂલ્યું હતું ઉપવાસ શરૂ કર્યો તેના આગલા દિવસે, ૧૭મી સપ્ટેમ્બરે, પોતાના અભિન્નહૃદય મિત્ર ચાર્લી ઍન્ડ્રૂઝ પરના એક હૃદયસ્પર્શી પત્રમાં:

દિલ્હી, તા. ૧૭–૯–૧૯૨૪

વહાલા ભાઈ ચાર્લી,

મારા નિર્ણયથી ખિજાશો નહીં. અંતરની પ્રાર્થના અને શક્ય તેટલા સ્પષ્ટ સૂચન પછી એ નિર્ણય લેવાયો છે. એકવીસ દિવસના ઉપવાસ એ તો મારું ઓછામાં ઓછું કર્તવ્ય હતું. મને કેટલી વેદના થઈ રહી હતી! દરેક દિવસ જતો તે ભારે ત્રાસનો હતો. પરંતુ હવે હું શાંત થઈશ. મારું કર્તવ્ય શું છે તે હું સ્પષ્ટ જાણવા માગતો હતો. એટલામાં એક ચમકારાની માફક મને પ્રકાશ લાધ્યો. માણસ પોતાના પ્રાણ કરતાં વધારે શું આપી શકે?

ખૂબ પ્યાર.

તમારો,

મોહન૧૫

આ ઉપવાસ દરમિયાન મહાદેવભાઈના કોમળ હૃદયમાં સતત ભાવનાની હેલીઓ આવે છે. અને તેને પરિણામે અઠવાડિયે અઠવાડિયે ઉપવાસ દરમિયાન અને ઉપવાસ પૂરા થયા પછી પણ બીજાં ચાર અઠવાડિયાં સુધી એમણે જે ભાવભીની શાહીથી ઉપવાસનું વર્ણન કર્યું તે મહાદેવભાઈને પત્રકાર તરીકે સદાકાળ શ્રેષ્ઠ (ઑલ ટાઇમ ગ્રેટ) તરીકે સ્થાપે તેવું છે. માત્ર થોડાં શબ્દચિત્રો જોઈએ: પ્રથમ દિવસ અંગેનો પત્ર પૂરો

કરીને ગાંધીજીને વંચાવીને મહાદેવભાઈ **નવજીવન** સારુ સામગ્રી બીડવા જતા હતા ત્યાં ગાંધીજી, જેમણે શરૂઆતમાં ઉપવાસ સાથે મૌન પણ પાળેલું, તેમણે લખ્યું:

હું જે નિશ્ચય કરી ચૂક્યો છું તે વિશે મારી સાથે આજે તો મુદ્દલ ચર્ચા ન કરજો. પણ મૂંગે મોઢે અને પ્રફુલ્લિતપણે સ્વીકારજો.૧૬

મહાદેવભાઈ એ વચનનો ઉતારો આપી લખે છે:

હજી બુધવારનું મૌન તૂટ્યું નથી. વલોવાઈ રહેલા આત્માએ એકવીસ દિવસના ઉપવાસની ભીષણ પ્રતિજ્ઞા લીધી. અને મને પણ તેની ચર્ચા ન કરતાં મૌનની આજ્ઞા કરી છે. એટલી હકીકત લખીને મૌન ધરું એ જ બરાબર છે. ઈશ્વરની ઉપર વિશ્વાસ રાખો એમ પળેપળ પોકારી રહ્યા છે. તેમના પગલા વિશે દુ:ખ બતાવીને તેમના ઉપદેશને એળે ન ગુમાવું.૧૬

મહાદેવભાઈના દિલ્હીમાં ગાંધીજીએ કરેલા ઉપવાસ અંગેના આ સાત સાપ્તાહિક પત્રો ઉપવાસનું ચિંતાથી હૃદયના ધબકારા વધારનારું છતાં પ્રાર્થના અને શ્રદ્ધાની ધૂપ-અગરબત્તીથી વાતાવરણને સુવાસિત કરનારું વર્ણન રજૂ કરે છે. ઘડીભર એ ખુશબો અનુભવીએ:

મહાદેવભાઈ પ્રથમ સપ્તાહમાં 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને' એ પ્રીતમદાસનું આખું ભજન ટાંકીને આરંભ કરે છે:

સામાન્ય રીતે અહીં પ્રાર્થનાનો આરંભ બાપુ જ કરાવે છે. પોતે ઉલ્લાસથી શ્લોકો બોલે છે, અને ભજન પોતાનું જ પસંદ કરે છે. બાળકોબા૧૭ આવ્યા ત્યારથી તો પ્રાર્થનાનું મંડળ વધ્યું છે અને પ્રેમનાં પૂર ચડે છે. ... આજે સવારે બાળકોબા ભજનની શરૂઆત કરે તે પહેલાં બાપુએ અધીરા થઈ કહ્યું, 'હરિનો મારગ' ગાઓ.

'પ્રેમનાં પૂર ચડે છે' એ મહાદેવભાઈનું આત્મલક્ષી વિધાન હશે. તેઓ આગળ કહે છે:

મારા ગયા પત્રનો અંત ગભરાટવાળો હતો, તે પછી બીજો લખી શકવા જેટલી શાંતિ મેળવીશ કે નહીં તેની ખાતરી નહોતી. બે દિવસ એ જ દશા રહી. આંખોનાં પૂર અટકે જ નહીં. કોઈ પણ રીતે બાપુ ઉપવાસ છોડે તો કેવું સારુ, ન કરે નારાયણ અને શરીર પડે તો શું થશે? એ બધી લાગણીઓથી દલીલો કરવાની ના પાડેલી છતાં, હું દલીલો કર્યા કરતો હતો.૧૮

*નવજીવન*ના જે વાચકો શરીરથી ગાંધીજી પાસે પહોંચી નહીં શકતા હોય, પણ જેમનું હૈયું તો એમની અનશન-શય્યાની આસપાસ આંટા મારતું હશે, તેવા હજારો વાચકોએ મહાદેવભાઈનાં ઉપરોક્ત વાક્યોથી પોતાને બદલે પોતાનો એક સ્વજન ત્યાં હાજર છે એવું આશ્વાસન અનુભવ્યું હશે. અત્યંત લોકપ્રિય થઈ પડેલા એવા સાપ્તાહિક પત્રો લખવામાં મહાદેવભાઈને એક મોટી મનોવૈજ્ઞાનિક અનુકૂળતા હતી. એમના જે પ્રિયપાત્ર હતા તે બહુજનપ્રિયપાત્ર હતા. અને તેઓ પોતાના પ્રેમને પોતા પૂરતો જ કદી સંઘરી, સાચવી કે છુપાવી રાખવામાં માનતા નહોતા. તેથી તેઓ માત્ર પોતાના પ્રેમપાત્ર સાથે જ નહીં પણ વાચકો સાથે પણ સહજતાથી એકાત્મ્ય સાધી શકતા. આગળ,

બીજે દિવસે સવારે બાપુ કહે, ‘તારી સાથે ચોવીસ કલાક વાત કરવાને તૈયાર છું. પણ તું બરાબર સમજી લે.’ આમ કહી ઘણો વખત મને સમજાવવામાં આવ્યો. થોડા જ સમયમાં મને ન ધારેલી શાંતિ થઈ, અને આ પત્રની શરૂઆત જરા પણ વિહ્વળતા વિના કરી છે તે એ વાતની સાક્ષી પૂરે છે. મારા મનની શાંતિ પાછી આવી છે. એટલું જ નહીં પણ ‘હરિનો મારગ છે શૂરાનો’નો અક્ષરેઅક્ષર જાણે પ્રથમના કરતાં કાંઈક નવો જ પ્રકાશ હૃદયમાં પાડે છે. મહાદેવભાઈની કલમ ચિંતિત વાચકોને માત્ર શાતા આપીને અટકતી નથી. તે વાચકોને એ શાંતિનું મૂળ શોધતા કરે છે:

આનું કારણ શ્રવણ અને મનન. મેં તરત જ જોયું કે અશ્રુભક્તિ કરવા કરતાં શ્રવણભક્તિ વધારે આવશ્યક છે. શ્રવણ વધતું ગયું તેમ તેમ મનન વધતું ગયું, અને આજે શાંતિ ભોગવું છું.૧૯

પછી પોતાની એ શ્રવણભક્તિની લહાણી કરીને મહાદેવભાઈ ‘કૃતકૃત્ય’ થાય છે.

મને હુકમ મળ્યા હતા કે મારે દલીલ ન કરવી. પણ મૌલાનાને૨૦ કાંઈ હુકમ અપાય? તમને તો કહેવામાં આવ્યું કે રોશો નહીં, અને ધીરજ રાખજો. તેમણે રોતાં રોતાં દલીલ કરી, પ્રેમભર્યા રોષથી દલીલો કરી.

‘આ તે શું, બાપુ! આ મહોબત કહેવાય? અમને તો તમે ઠગ્યા છે. બધાં પગલાં અમારી સાથે મસલત પછી જ લેશો એવો આપણો કરાર, તે કરાર ક્યાં ગયો?’

‘કેટલીક વસ્તુ તો એવી હોયને કે જેને વિશે મારે ખુદાની સાથે હિસાબ કરી લેવો પડે?’

‘પણ તમે તો ખુદાને તમારી અને અમારી વચ્ચે મૂક્યા છે.’

'ના, આપણે બંને ખુદાના બંદા. બંનેયે ખુદાની સાથે કરાર કરેલા, હું તેની સાથે વાતો કરી રહ્યો છું. આ કામ જ એવું છે કે જેમાં મારે કોઈની સાથે મસલત ન કરવાની હોય. એ વસ્તુ તો મારા હાડમાં ભરેલી છે. મારું આખું જીવન એના ઉપર જ બંધાયેલું છે. મારા અગાઉના ઉપવાસો બધા જ કોઈને પૂછ્યા વિના લેવાયા હતા.'

'પણ આમ એકાએક પગલું લેવાય તેમાં ઉતાવળ ન હોય! પણ તમે હસો છો, તમને તો આમાં કશું લાગતું જ નથી, પણ અમારું શું થશે?'

'તમારું કુશળ જ થશે. અને તમે માની શા સારુ લો છો કે હું મરી જઈશ?'

હકીમ અજમલખાને પંદર દિવસની મહેતલ આપવા કહ્યું: 'પંદર દિવસમાં દેશમાં સ્થિતિ ન સુધરે તો તમે જરૂર રોજા કરજો, તમને નહીં અટકાવીએ.' એમને એમના જ શબ્દોમાં જવાબ:

'પંદર દિવસની મહેતલ આપી જુઓ, મારા ઉપવાસની વાત પંદર દિવસ ન કરશો, અહીં કોઈને આવવા ન દેશો. અને પછી મને આવીને કહેજો કે હવે દેશ શાંત છે, એટલે તે દિવસથી છ દિવસ પછી હું ઉપવાસ છોડીશ!' હકીમસાહેબ હસ્યા, શરીરની દૃષ્ટિએ વાતો કરવા લાગ્યા. એટલે બાપુ કહે:

'એકવીસ દિવસના રોજા પછી મારી તબિયત તમારા કરતાં તો સારી જ હશે.'૨૧

મૌલાના શૌકતઅલી બહાર હતા તે ત્રીજે દિવસે આવ્યા. મહમદઅલીને આશા હતી કે મોટા ભાઈ સાથે મળીને ગાંધીજીને ઉપવાસ છોડવાનું સમજાવી શકાશે. કારણ, ગાંધીજીએ તેમને આશ્વાસન આપ્યું હતું કે જો શૌકતઅલી સમજાવી શકશે કે ઉપવાસ લેવામાં ભારે ભૂલ થઈ છે તો તેઓ ઉપવાસ છોડશે. પણ શૌકતઅલીએ, મહાદેવભાઈના શબ્દોમાં, 'બાપુની સાથે દલીલ કર્યા વિના શાંતિથી સાંભળ્યા જ કીધું અને દલીલને અંતે "હાં, મહારાજ અબ ઠીક હૈ" કહીને બહાર નીકળ્યા!' પછી મહાદેવભાઈ કહે છે, 'એ વાતોનું શ્રવણ ભાંગીતૂટી રીતે પણ કરાવી શકું તો આખા ઉપવાસના રહસ્ય ઉપર હજી વધારે અજવાળું પડશે.' ગાંધીજીની વાતોનો લોકોની આગળ લોકો સમજે એવી રીતે રજૂ કરવી એ મહાદેવભાઈનો સ્વધર્મ હતો.

'શૌકતે કહ્યું: 'આપણે કાંઈ હજી કર્યુ જ નથી એમ કહું તો ચાલે. તમે અખબાર મારફતે વિચાર ફેલાવો છો પણ મોટી મુસાફરી ક્યાં કરી છે? તમે તોફાનના ભાગમાં ફરી વળો અને વાતાવરણને સાફ કરો.'

ગાંધીજી: 'ભાઈ, મારે તો મારા ધર્મની વાત આવી પડી. ચારે તરફ જોયું કે હું તો

મારી તાકાત પૂરી વાપરી ચૂક્યો છું. હું મુસાફરી કરીને કશું સાફ કરી શકવાનો નહોતો. આજે તો આમવર્ગને આપણા વિશે શક આવી ગયો છે. દિલ્હીમાં હિંદુઓને મારા ઉપર વિશ્વાસ છે જ એમ ન માનજો. જેના ઘરમાં ખૂન થયાં તેને ત્યાં જઈને હું માફીની વાત કરું તે કોણ સાંભળે? અંજુમનના લોક હકીમસાહેબનું સાંભળવા ના પાડે છે. આ બધું ચાલતું હતું ત્યાં કોહાટની વાત સાંભળી. મેં મારા મન સાથે પૂછ્યું, 'અરે જીવ! હવે શું કરવું છે?' હું તો મારા irrepressible optimist (અદમ્ય આશાવાદી) રહ્યો, પણ હમેશાં પાયા ઉપર આશા રચું. તમે પણ અટલ આશાવાદી છો. પણ પાયા વિના પણ આશા રચો. આજે તમારું કોઈ ન સાંભળે. ગુજરાતમાં વીસનગરમાં કોઈ અબ્બાસ કે મહાદેવને સાંભળવા તૈયાર નહોતું. અમદાવાદમાં છમકલું થતું અટક્યું, ઉમરેઠમાં તૈયારી હતી. આ બધું બનતું ન અટકાવાય એ મારી અશક્તિ. આવી અશક્તિને પ્રસંગે હું શું કરું? હું તો હજારો-લાખો બહેનોના સંબંધમાં આવ્યો છું, તેઓ ગાંધી કહે એ વાત ખરી એમ માનીને વર્તે છે. તેઓ આજે ભયભીત દશામાં છે. એ બધી બહેનોને મારે આજે મરી બતાવવું છે.

'બંને કોમ બહાદુરીથી લડતી હોત તો હું ઉપવાસ કરત કે? પણ આ તો નામર્દાઈનો પાર નથી. પથ્થર ફેંકીને ભાગે, ગુના કરી ભાગે, પછી કોર્ટે ચઢે, અને ત્યાં જઈને ખોટા પુરાવા આપે. મારે તો તમારા ઉપર વિશ્વાસ રાખવો રહ્યો. તમે અને બીજા જેટલું થાય તેટલું કરો છો, પણ મારે હિંદુઓને શું કહેવું? હું તો તમને સંભળાવી દઉં કે હું મારી તાકાત ગુમાવી બેઠો છું. હવે તે પાછી મેળવવા માગું છે.'

શૌ.: 'તમે લોકોને જે દવા આપી તે તેઓ પીવાને તૈયાર નથી. તેમનાં શરીરમાં જે વ્યાધિએ ઘર કર્યું છે તે જ્યારે બહાર ફૂટી નીકળશે ત્યારે તેમને ખબર પડશે કે ગાંધી કહેતા હતા તે ખરું હતું. પણ તમે તો આજે ખુદાની સાથે કુસ્તી લડતા હો એમ લાગે છે. આપે બંને કોમને મર્દ બનાવી — થોડી મર્દ તો બનાવી જ — થોડા દિવસમાં અજબ ચમત્કાર બતાવ્યો. પણ તમારી દવાનો ડોઝ ઓછો પડ્યો. તમારું બીજ કંઈ મરવાનું છે? આજે બીમારી વધી ગઈ છે એમ કેમ માનો છો? એક દાક્તર છે તે દવા આપે છે, તે ગયા એટલે પાછળ બીજાઓ પેલાની દવા ચાલુ રાખવાને બદલે પોતાની આપવા લાગ્યા. આખરે તો તમારી દવા જ ગુણ આપવાની છે. પણ પેલી બીજા ઊંટવૈદાની અત્યારે ઊલટી અસર કરી રહી છે તેથી તમે ગભરાઓ છો શા માટે? તમે તો કોમોમાં ઝેર હતું તે ઘણું કાઢ્યું, પાછું ઝેર વધ્યું. હું તો લડવાની જગ્યાએ જઈને ગાળ દઈને કહું

કે, "કમબખ્તો કપાઈ મરો, કપાઈ. ખુદા નથી મર્યા." આજે જે ઝેર અને આંધળાપણું છે, જે શેતાનિયત આજે જયાંત્યાં દેખાય છે, ત્યાં તમને કે મને કોઈ ન સાંભળે. કદાચ લડાઈ કરીને થાકે ત્યારે ખરા. મસ્જિદ કોઈની પાડી પડવાની નથી. મંદિર કોઈનું તોડ્યું તૂટવાનું નથી. આપણે ત્યાં ઇંટ, છો, ચૂનો, પાણી અને પથ્થર જોઈએ તેટલાં છે. તરત પાછાં ચણી શકાશે. શું કહું? આપની આગળ મોં ખોલતાં શરમ આવે છે. હું આપને શું સમજાવું? તમારે તમારા પ્રયત્ન ચાલુ જ રાખવા જોઈતા હતા. આમ ઉપવાસ ન કરો.'

ગાંધીજી: 'હું ખુદાની સાથે કુસ્તી કરી રહ્યો છું? મારા હાડમાં તકોબરી ક્યાંય હોય તો, હું મટી જવાનો છું. ભાઈ, આ ઉપવાસ તો અનેક દિવસની ઇબાદતનું પરિણામ છે. એ પહેલાં તો રાત્રે ત્રણ ત્રણ વાગ્યે ઊઠીને મેં ખુદાને પૂછ્યું છે કે શું કરું? શું કરું? એનો જવાબ ૧૭મીની બપોરે મને મળ્યો. મારી ભૂલ હોય તો ખુદા મને માફ કરશે. મેં તો ખુદાથી બહુ ડરી ડરીને જે કર્યું છે તે કર્યું છે — અને તેયે મુસલમાનના ઘરમાં બેસીને. મારા ધર્મમાં એવું છે કે ખુદાની ઇબાદત તે જ કરે છે જે થોડી ઈજા ખમી લે. મારા ધર્મમાં જપતપ કરવાનો હુકમ છે. ઇસ્લામમાં પણ મેં તો તપના દાખલા જોયા છે. 'સિરત'માં વાંચ્યું છે કે પેગંબરસાહેબ ઘણી વાર રોજા કરતા, અને બીજાઓને ના પાડતા. તેમને કોઈએ પૂછ્યું કે એમ કેમ કરો છો? તેમણે કહેલું કે મને ખુદાઈ ખોરાક મળે છે. પેગંબરસાહેબે ફાકા-ઉપવાસ—કરીને જ કામ કર્યાં. મારો તો એ વિશ્વાસ થયો કે જેનામાં ખુદા ઉપર અથાગ વિશ્વાસ હોય તે જ ઉપવાસ કરી શકે.

'મારા ઉપવાસમાં એક ખામી હોય તો એ કે એમાં આડકતરી અસર ઉપજાવવાપણું રહેલું છે. લોકો મને કહે છે કે શૌકત-મહમદે તમારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. મારાથી એ સહન ન થઈ શકે. મારે એને માટે મરવું જ જોઈએ. હું તો મારું દિલ સાફ કરી રહ્યો છું, તાકાત મેળવી રહ્યો છું.

'હું તમને આટલું કહું છું તેથી ગેરસમજ ન થાઓ. હું તો એક રીતે ઘડીભર મુસલમાન બનીને જ જાણે મુસલમાનોને આ સંભળાવી રહ્યો છું એમ માનો. મેં તો ઇસ્લામને માટે મારામાં જેટલી લાગણી થાય તેટલી ઉત્પન્ન કરી, કારણ મારે તો દરેક ધર્મની અદ્‌ભુતતા જોવી રહી. હવે હું દિલને હજી વધારે સાફ કરવા, અને વધારે મજબૂત કરવા બેઠો છું. જો એ બંને વસ્તુ થઈ શકશે તો બંને કામ ઉપર અસર પડશે.

'મારો સિદ્ધાંત છે કે શરીરનું જેટલું દમન કરો તેટલું આત્માનું બળ વધે છે. આજે

આપણે કોઈ કામ જ નથી કરી શકતા. આપણે બદમાશીનો મુકાબલો કરવાનો છે. આજે આપણી તપશ્ચર્યા પૂરતી નથી.'

શૌ.: 'આવી તપશ્ચર્યામાં બીજાની સલાહની દખલ ન જ ચાલે કે?'

ગાંધીજી: 'ના, એ તો ખુદા અને મારી વચ્ચેની જ વાત છે. ખુદાને આ શરીરથી જેટલું કામ લેવું હોય તેટલું લે, હજી લેવું હોય તો ભલે તેને ન પડવા દે. આ મામલાનું કશું પરિણામ ન આવે તો કાયમનું અનશન લેવાનો મારો વિચાર હતો. પણ મૌલાના અને હકીમજીની ખૂબ વાત સાંભળીને તત્કાળ તે વિચાર જવા દીધો.'

વાતો બહુ ચાલત, પણ ગાંધીજી થાક્યા હતા. શૌકતઅલી ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં કહ્યું, 'દરરોજ નમાજ વખતે અનેક દુવા માગું છું, તેમાં પહેલી હિંદુ-મુસલમાન ઐક્યની, બીજી મારી મા ઇસ્લામ સ્વતંત્ર જુએ અને સ્વરાજ જુએ ત્યાં સુધી જીવતી રહે એવી, અને આખરની દુવા એ કે મહાત્મા ગાંધીજીની દુવા બર આવે.'૨૨

ઉપવાસના પહેલા અઠવાડિયાના રિપોર્ટમાં એવી મુલાકાતોનું વર્ણન હતું કે જેનાથી. અનશનવ્રતનું રહસ્ય પ્રગટ થાય. બીજા અઠવાડિયામાં ગાંધીજીની તબિયત અંગેના સમાચાર અગ્રિમતા લે એ સ્વાભાવિક હતું.

'બીજા અઠવાડિયાને અંતે શરીર કાંઈક વિશેષ કૃશ, પણ કાંતિ પ્રથમના જેટલી જ તેજસ્વી, વિશેષ સૌમ્યતાવાળી જણાય છે.'૨૩

એ પહેલા વાક્યમાં મહાદેવભાઈએ ઉપવાસ દરમિયાન ગાંધીજીની પ્રવૃત્તિનો મર્મ વ્યક્ત કર્યો છે.

આખો દિવસ ગાંધીજી સૂતેલા જ રહે છે. કેવળ કાંતવાને માટે સંકલ્પબળનો ઉપયોગ થતો હોય એમ જણાય છે... દાક્તરે રેંટિયો છોડવાની ભલામણ કરેલી. પણ અતિશય આજ્ઞાકારી દર્દીની જેમ વર્તતા ગાંધીજીએ આ બાબતમાં દાક્તરોને આહ્‌વાન આપ્યું. દાક્તરો હાર્યા, અધી કલાક કાંત્યા પછી શ્રમ વધેલો નહીં. પણ નાડી વધારે સારી ચાલતી જણાઈ! એટલે તેમને કહેવું પડ્યું કે આ તમારે માટે એક ઔષધની માત્રા છે!

ઐક્યસાધક પરિપદના સભ્યોને લાંબો કાગળ લખ્યો. તે જ દિવસથી લખીને ગાંધીજી સૌને અમૃતૌષધિ આપી રહ્યા છે એમ જોઈ દાક્તરોએ લખવાની રજા આપી.

મુલાકાતીઓ પણ પોતાની સૂઝ મુજબ ગાંધીજીને સહાયક થઈ રહેતા. પં. માલવિયાજીએ ધ્રુવ ને પ્રહ્‌લાદનાં આખ્યાનો વાંચી સંભળાવ્યાં અને રોજ બે કલાક ભજનો સંભળાવવાની વ્યવસ્થા કરી. તેની ઉપર મહાદેવભાઈની ટિપ્પણી:

'શરીરના આહારનો ગમે તેટલો ત્યાગ કરે, પણ આત્માના આહારનો ત્યાગ તો અકલ્પ્ય છે. આત્માનો આહાર દિનપ્રતિદિન વધતો જાય તો જ અમૃતત્ત્વનો ભોગ ભળે. त्यागनैकेन देवा अमृतत्त्वमानशुःનો પાઠ જાણે ગાંધીજી ભણાવી રહ્યા છે.'૨૪

દાક્તર અન્સારી અને દાક્તર અબદુલ રહેમાનને ગાંધીજીને બે વાર જોઈ જવામાં અપૂર્વ આનંદ આવે છે. પણ (મૂત્ર-પરીક્ષક) ડૉ. સેનની સેવાભાવનાનો પાર નથી. ઍન્ડ્રૂઝને એક વાર કહે, 'આવી રીતે ગાંધીજીની સેવા કરવાનું મળશે એવી મેં કદી આશા રાખી નહોતી.' ઉપવાસને છઠ્ઠે દિવસે મૂત્રમાં ઝેરી પદાર્થોનું પ્રમાણ ગભરાવા જેવું જણાયું. બધે ગભરાટ ફેલાયો. હકીમસાહેબ નાજુક તબિયતને કારણે પરિષદમાં પણ નહોતા જઈ શકતા તે દોડી આવ્યા. પણ તે દિવસે ગાંધીજીનો મૌનવાર હતો. હકીમસાહેબે ખૂબ સમજાવ્યું. ગાંધીજીએ ઉર્દૂમાં લખ્યું, 'આપ મહેરબાની કર કલ તક ઠહર જાઈએ. કલ સબ સુનાઉંગા.' પણ હકીમસાહેબ કહે કે તમારે પણ સાંભળવું જ પડશે. ગાંધીજી હસતાં હસતાં સાંભળતા રહ્યા. છેવટે લખ્યું, 'ખુદા કરેંગે તો કલ પેશાબ મેં કુછ નહીં હોગા.' હકીમસાહેબ કહે, 'આપ વલી હૈ, ઇસલિયે યહ કહ સકતે હૈં. મેં તો તબીબ હૂં, મુઝે કૈસે યકિન હો સકતા હૈ?' પણ છેવટે હારીને બીજે દિવસે ફરી આવવાનું કહીને ગયા. બીજા દાક્તરોને: 'મૂત્ર-પરીક્ષણથી આટલો બધો ગભરાટ શાને? જ્યારે બીજી બધી બાબતોમાં તમે સૌ ઇચ્છો એના કરતાં હું ઘણો સારો છું.' દાક્તર અબદુલ રહેમાન કહે: 'સારા છો એની ના નથી, પણ ઝેરનું પ્રમાણ એટલે અંશે છે કે જરાક વધે તો બીજું બધું સારાપણું અમને નકામું થઈ પડે. તે વેળા નાડી સારી લાગે, હૃદય બરાબર હોય, શ્વાસોચ્છ્વાસ બરાબર હોય, છતાં મગજની ઉપર અસર થાય અને અમે અપંગ બની જઈએ.' ગાંધીજીએ શાંતિથી લખ્યું, 'ભલે, પણ હવે કાલ સુધી રાહ જોઈએ, પછી આપણે ચર્ચા કરીશું.' દાક્તરોએ સાકર લેવા આગ્રહ કર્યો, પણ સંધ્યાકાળ પછી કશું ન લેવાની બીજી પ્રતિજ્ઞા ગાંધીજીએ સામે ધરી. મહાદેવભાઈની ટિપ્પણી: 'અનેક પ્રતિજ્ઞાનાં કવચ ધારણ કરેલા આત્માની સાથે શી રીતે દલીલમાં ઊતરાય?' ગાંધીજીના મગજને દલીલો દ્વારા શ્રમ આપતાં દાક્તરો ગભરાતા હતા. દાક્તરે એક છેવટની દલીલ કરી: 'આપ અમારી જવાબદારી સમજો એવી આપને વિનંતી કરીએ.' તેની ઉપર મહાદેવભાઈ: 'આ પ્રેમને વશ થવું કે અડગ રહેવું એ ગાંધીજીની મૂંઝવણના ઊંડાણનું માપ કોણ આપી શકે? તેમણે એક દયાજનક, સોંસરા તીર જેવું વાક્ય લખ્યું: 'ગમે

તેમ હો, મહેરબાની કરીને કાલ સુધી તો મારી ઉપર દયા રાખો.' એ ગરીબ ગાયની કરુણ વાણીને દાક્તરોનાં પ્રેમભીનાં હૈયાં પારખી ગયાં. ઘણી પળો ઓરડામાં નિ:સ્તબ્ધ શાંતિ રહી. દાક્તરોની ગમગીન ચૂપકી જોઈને, હવે દયા માગવાને બદલે તેમના ઉપર દયા લાવીને, તેમને રીઝવવાના ગાંધીજીએ પ્રયત્ન કરવા માંડ્યા. જરા લંબાણથી લખીને તેમને ધીરજ રાખવાની વિનંતી કરી.' ડૉ. અન્સારીએ થોડી ચર્ચા આગળ ચલાવી, પણ ગાંધીજીએ બે શબ્દોમાં જ બધું પતાવ્યું: 'બધું કાલે.' ચશ્માં ઉતાર્યાં એટલે દાક્તરો સમજ્યા કે હવે દલીલ બંધ કરવાની નોટિસ. દાક્તરો ઊઠ્યા. દા. રહેમાન ઊઠતાં ઊઠતાં બોલ્યા: 'આપની સંકલ્પશક્તિ ઝેરને વધતું અટકાવે તો આશ્ચર્ય નથી.' સરલ, સહજ, આત્મવિશ્વાસથી – ઇશ્વરશ્રદ્ધાથી – ગાંધીજીએ હાસ્ય કર્યું.

મહાદેવભાઈ કહે છે:

આ ઐતિહાસિક પ્રસંગનું અક્ષરશ: વર્ણન આપવા માટે વાચકની ક્ષમા માગવાની પણ હું જરૂર નથી જોતો. દાક્તર અન્સારી કહેવા લાગ્યા: 'હું તો ભાઈ, રાત્રે અહીં જ સૂવા આવીશ'. દા. રહેમાનને લાગતું હતું કે સવાર સુધી કશું નથી થવાનું, પણ તેમણે કહ્યું, 'સાંજનું પૃથક્કરણ જોઈએ.' સાંજનું પૃથક્કરણ તેમણે શહેરમાં જઈને જોયું. ઝેર લગભગ ગુમ થયું હતું! દા. સેન મૂંઝવણમાં પડ્યા. સવારે આટલું બધું પ્રમાણ અને હમણાં કશું નહીં, 'કંઈ ભૂલ તો ન હોય?' એમ એક મિત્રે પૂછ્યું. અધીરા થઈને તેણે કહ્યું, 'ગાંધીજીની પરીક્ષામાં ભૂલ કરું તો મારું નામ બોળ્યું જ કહેવાય ના?' એ રાત્રે ગાંધીજીને આધ્યાત્મિક ભોજનની નવી સામગ્રી મળી. કલકત્તાના બિશપ અને હિંદુસ્તાનના વડા બિશપ... આવ્યા. બે કલાક રોકાયા. ઉપર જઈને ગાંધીજીને ખલેલ પહોંચાડવા માગતા નહોતા. પણ ગાંધીજીએ જ તેમને Lead kindly Light ગાઈને પ્રાર્થનામાં જોડાવાની વિનંતી કરી. બિશપ તો હરખઘેલા થયા. તુરત એ ભજન યાદ કરવા લાગ્યા. ... 'પ્રેમળ જ્યોતિ'વાળું અંગ્રેજી ભજન બંને ખ્રિસ્તીપરસ્તોએ અતિશય માધુર્યથી ગાયું. અને તે રાતે 'મારે એક ડગલું બસ થાય.'ની ધૂનમાં 'પ્રેમળ જ્યોતિ'ના ચિંતનમાં – ગાંધીજી સૂતા.

ત્રીજા અઠવાડિયા વિશે મહાદેવભાઈ:

દેહાત્મભાવનો અધ્યાસમાત્ર નિર્મૂળ થાય એ જ લગનીમાં આ આખું સપ્તાહ ગયું એમ કહું તો ચાલે. એને માટે દરરોજ શ્રી વિનોબા પાસે ભગવદ્‌ગીતાના બે-ત્રણ અધ્યાયનો પાઠ કરાવે, બાળકોબા પાસે એક ઉપરાંત ભજનો ગવરાવે. છેલ્લા ચાર

દિવસ થયા તો કઠોપનિષદનો પાઠ શ્રી વિનોબા સાયંકાળે કરે છે. તેમને આખું કંઠસ્થ હોઈ બત્તીની જરૂર શાની પડે? અપાર શાંતિથી તેઓ દરરોજ એક એક વલ્લિ સંભળાવે છે, અને તેની ઉપર વિવેચન કરે છે. બ્રહ્મવિદ્યાચાર્ય નચિકેતાનું આખ્યાન સાંભળતાં બાપુ આસપાસના જગતને વિશે આંખ મીંચે છે.૨૫

ઉપવાસના ઉદ્યાપનનું વર્ણન મહાદેવભાઈ નીચે મુજબ આપે છે:

આ મૂંઝવણમાં ૮મી તારીખ — દશેરાનો પુણ્યદિન — પણ આવી લાગ્યો. સ્થળેસ્થળથી ઉપવાસ નિર્વિઘ્ને સમાપ્ત થયાના તાર આવવા લાગ્યા. બાર વાગ્યા પહેલાં તો આખો નીચેનો ખંડ માણસોથી ભરાઈ ગયો હતો. બારને ટકોરે બાપુએ એક પછી એક જણને બોલાવવા માંડ્યા. ઇમામસાહેબ, બાળકોબા, ઍન્ડ્રૂઝને પ્રથમ તેડાં થયાં. ભાઈ શંકરલાલ પડખે ઊભા આંખ ભીંજવતા હતા તેમને સોડમાં બોલાવી પંપાળ્યા. દાક્તરોને બોલાવવાની આજ્ઞા થઈ, 'બીજું કોઈ નથી?' એમ પૂછતાં તો કોઈએ કહ્યું: 'નીચે તો અલીભાઈઓ, બેગમસાહેબા, દાસસાહેબ, તેમનાં પત્ની, મોતીલાલજી, તેમનાં પત્ની, જવાહરલાલ, તેમનાં પત્ની સૌ ઊભાં છે.' એટલે સૌને બોલાવવાની આજ્ઞા થઈ. દા. અન્સારી પાસે જઈ નીચા વળી ભેટતાં આંસુ ન રોકી શક્યા. પછી તો મહમદઅલી આવ્યા. તેઓ દૂર ઊભા રહ્યા. તેમને 'આવો ભાઈ, આવો.' કહી બાપુએ પાસે બોલાવ્યા. તેયે વળગી પડ્યા અને રોયા. સૌ બેસી ગયાં. ઇમામસાહેબને कुरान शरीफमांથી ખુદાની બંદગી કરવાની આજ્ઞા થઈ. તેમણે બુલંદ અવાજે 'બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ'વાળી પહેલી સૂરા સંભળાવી. આ પછી એટલા ઔચિત્યથી ઍન્ડ્રૂઝને

When I survey the Wondrous Cross
On which the Prince of glory died

— વાળું ગીત ગાવાનો હુકમ થયો. ખ્રિસ્તીઓમાં ઍન્ડ્રૂઝ ઉપરાંત સુધીર રુદ્ર અને જ્યૉર્જ જોસેફ પણ હતા. ઘડીક વાર ક્રૉસની ઉપરનાં કષ્ટ અને અનશનનાં કષ્ટ, ઈશુનાં આંસુ અને પ્રેમ, અને બાપુનાં આંસુ અને પ્રેમની વચ્ચે સૌએ અભેદ અનુભવ્યો, અને ઘણાંકની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. આ પછી શ્રી વિનોબાને ઉપનિપદમાંથી મંત્ર બોલવાનું કહેવામાં આવ્યું. તેમના મધુર ધ્વનિથી ગવાતા સત્યના મહિમાથી આખો ખંડ ભરાઈ ગયો.

આ પૂરું થયા બાદ બાળકોબાએ 'વૈષ્ણવ જન તો' ગાયું, તે ઉપરાંત 'જય જગદીશ

હરે' ગાયું, અને આખરે 'રઘુકુલ રીતિ સદા ચલી આઈ'ની ધૂનમાં પ્રાર્થનાનો ભાગ સમાપ્ત થયો. એટલે ગદ્‌ગદ કંઠે બાપુ બોલ્યા:

હકીમસાહેબ અને મહમદઅલી,

આ એકવીસ દિનના ઉપવાસ ભારે શાંતિમાં ગયા છે. હિંદુ-મુસલમાન ઐક્ય મારે માટે આજની વાત નથી, ત્રીસ વર્ષ થયાં હું એને સેવું છું, એની જ લગની મને લાગેલી છે, છતાં મને એમાં સફળતા નથી મળી. ખુદા શું ચાહે છે તે હું નથી જાણતો. મારા આ એકવીસ દિવસના ઉપવાસની પ્રતિજ્ઞા મેં લીધી ત્યારે તેમાં બે ભાગ રાખ્યા હતા. એક ભાગ આજે સંપૂર્ણ થાય છે; અને બીજા મેં હકીમજી અને બીજા મિત્રોની ઇચ્છાથી બંધ રાખ્યો હતો. જે બંધ ન રાખ્યો હોત તોપણ ઐક્ય-સંમેલન — જે સારી રીતે થયાના ખબર સાંભળું છું તેને લીધે મારા ઉપવાસ આજે પૂરા જ થાત. આજે હું તમારી પાસે વચન માગી લઉં છું — વચન તો મળેલું જ છે — કે તમે હિંદુ-મુસલમાન ઐક્યને માટે મરશો.૨૬

અને આખા ઐક્યયજ્ઞની સમીક્ષા મહાદેવભાઈ આમ કરે છે:

આ મહાસાગરમંથનમાંથી અમૃત નીપજશે એ વિશે કોને શંકા હોય? માત્ર એ મંથન પણ કોઈ વાર અસહ્ય થઈ પડે છે. આટલા તપ છતાં આટલું મંથન હોય તો હજી પૂર્ણતાને માટે, આત્મૌપમ્ય મેળવવાને કેટલું કષ્ટ સહન કરવાનું હશે એના વિચારમાં પામર બુદ્ધિ કુંઠિત થાય છે.૨૭

ઉપવાસ પછીના અઠવાડિયામાં ગાંધીજીના આરોગ્યના સમાચાર આપવા ઉપરાંત મહાદેવભાઈએ સાપ્તાહિક પત્રો મારફત ગાંધીજીને મળવા આવનાર લોકોના પાવન પ્રસંગોથી જીવતું વાતાવરણ ખડું કરી દીધું. મળવા આવનારામાં નાના હોય કે મોટા હોય, મહાદેવભાઈને મન તો એમણે ગાંધીજી સાથે ચર્ચેલો વિષય જ મહત્ત્વનો રહે છે. દાખલા તરીકે,

એક દિવસ એક બહેન આવીને આગ્રહપૂર્વક કહેવા લાગ્યાં, 'મને ઉપર જવા દો, મારે ગાંધીજી પાસે જવું છે, મારે એકાદ વાત પૂછવી છે.' કોઈક દુ:ખી સ્ત્રી હશે, અને ઘરનું અથવા બીજું દુ:ખ રડવું હશે એમ ધારીને તેને અમે જવા નહોતા દેતા, પણ તેનો આગ્રહ એટલો જોયો કે વશ થવું પડ્યું. તેણે એક જ પ્રશ્ન પૂછ્યો: 'મહાત્માજી, ભક્તિ શી રીતે કરવી? મારે મહાદેવની ભક્તિ કરવી છે, શી રીતે કરવી તે મને કહો.' ગાંધીજી ઘડીક વાર થોભ્યા અને કરુણ સ્વરે કહ્યું, 'બહેન, હું શી રીતે કહું? મને પોતાને જ

ભક્તિ કરતાં આવડતી નથી. હું તો એટલું જાણું છું અને કહી શકું છું કે ભલા થવું અને ભલાં કામ કરવાં.' બહેન બિચારી સંતુષ્ટ થઈને ચાલી ગઈ, પણ એ પ્રશ્ન બાપુના મનમાં રમ્યા જ કીધો હોય એમ લાગે છે. આટલા દિવસ ભક્તિમાં લીન રહેલાને અને જેમનું એક એક કાર્ય બ્રહ્માર્પિત લાગે તેવાને આ બહેનને આવો ઉત્તર કેમ આપવો પડ્યો હશે એવો વિચાર સહેજે થાય એમ છે. જેમ ઈશ્વર અનિર્વચનીય છે તેમ તેની ભક્તિ પણ અનિર્વચનીય છે, એ કારણ હશે? ગમે તેમ હોય, બીજે દિવસેથી બાપુએ ભાગવતના એકાદશ સ્કંધનો પાઠ શરૂ કરાવ્યો.૨૮

આ વર્ણનો કરવામાં મહાદેવભાઈ એક મૂંઝવણ અનુભવે છે:

કોઈ કહેશે કે હું પ્રેમ પ્રેમની વાતો કરું છું. બાપુની આસપાસ અથવા એમની સાથે પત્રવ્યવહાર કરનારાઓમાં આવા ટીકાકારો પણ નીકળી આવતા. એમને ધ્યાનમાં રાખીને મહાદેવભાઈ કહે છે, હું નથી બાપુઘેલો કે નથી પ્રેમઘેલો. હું ભક્તિ કેળવવાનો પ્રયત્ન જરૂર કરું છું, અને દરેક ઉત્તમ, કલ્યાણકારી, વ્યક્તિ અને વસ્તુને જોઈને મારું હૃદય દ્રવે છે. હું બાપુનાં ગુણગાન નથી કરતો, કેવળ પ્રેમની પ્રબળ સત્તાની સાક્ષી આપું છું, અને ઘણા પ્રસંગોથી બાપુ પોતાને કેટલા કસી રહ્યા છે, કેળવી રહ્યા છે, કેવી પરીક્ષા કરી રહ્યા છે તે જણાવું છું. તેથી દરેક જણ આત્મપરીક્ષા કરતો થાય અને આશાવંત બને. આડકતરી રીતે પણ બાપુની સ્તુતિ બાપુના પત્રમાં આવે, એ મારું દુઃખ છે, એમાં મને સુખ નથી, અને એટલા જ કારણે મેં આરંભમાં મારા મનની મૂંઝવણ વ્યક્ત કરેલી છે.'૨૯

પણ મહાદેવભાઈનો પ્રેમ માત્ર બાપુ માટે જ નથી. બાપુનો દરેક પ્રેમી મહાદેવભાઈને મન બેવડા પ્રેમનો વિષય બને છે. એને લીધે જ તેઓ પોતાનાં વર્ણનો દ્વારા કેટલીક એવી વ્યક્તિઓને અમર બનાવે છે, જે એમ ને એમ તો કદી દુનિયા આગળ આવી જ ન હોત. આ પાત્ર જુઓ:

એ મુસલમાન ભાઈ હતા. લાગટ પંદર-વીસ દિવસ એ સવારે દરરોજ આવતા. 'ગાંધીજી કામમાં છે? બીજા નેતાઓ આવ્યા હોય તો હું નથી મળવાનો.' કહીને નીચે ત્રણ-ચાર કલાક બેસે, કોઈ વાર જઈને જોઈ આવવાનો પ્રસંગ મળે તો જઈ આવે અને ગુપચુપ ચાલ્યા જાય. છેવટે એમની પણ ધીરજ ખૂટી, અને એક દિવસ પોતાની બધી મિલકત ગાંધીજીને અર્પણ કરવાનો પોતાનો ઠરાવ ગાંધીજીને જણાવ્યો. ગાંધીજીની સાથે વાતો થઈ ગઈ. ગાંધીજીએ તેમને કહ્યું, 'મારા નામ પર કશી મિલકત નથી રહેતી. તમે

એ જ મિલકતમાંથી, એને એક થાપણ માનીને, તમારો નિર્વાહ કરો અને ખાદીની દુકાન ચલાવો, ખાદીનો પ્રચાર કરો.' આટલેથી એને સંતોષ થવો જોઈએ એમ મેં માન્યું, પણ મને એ આવીને કહે કે, 'હું ઘેર જાઉં છું, મને ગાંધીજીએ જે કહ્યું તે લખીને મોકલજો.' હું ચિડાયો. મેં એમને કહ્યું, 'આમ ઘેલા શું થાઓ છો? તમને કહ્યું તે તમને યાદ ન રહે? તમારું કોઈ ન માને એમ શા સારુ માનો છો?' એમને દુ:ખ લાગ્યું, પણ એ તો મારા કરતાં ખામોશીનો ગુણ વધારે શીખેલા હતા. એ કશું ન બોલ્યા, અને ચાલ્યા ગયા. બીજે દિવસે પાછા આવીને બેઠા! મારે આખરે ગાંધીજીની પાસે જઈને કહેવું પડ્યું કે, એ ભાઈ લેખી સંદેશો માગે છે. ગાંધીજીએ પૂછ્યું, 'શું એ આજે પણ પાછા આવેલ છે? જાઓ લઈ આવો એમને.' હું એમને ઉપર લઈ ગયો. દાદર ઉપર ચડતાં એમની આંખમાંથી ચોધારાં આંસુ વહેતાં હતાં! ગાંધીજીએ એમને પાસે બેસાડ્યા. પત્ર લખી આપ્યો, અને પત્ર લઈને જવા લાગ્યા. જતાં જતાં કહે, 'મારા માથા ઉપર હાથ મૂકો, આશીર્વાદ આપો કે મારું શુભ કરવાની મને હિંમત મળે.' ગાંધીજીએ આપેલો પત્ર જોતાં જ, તેમણે તેમાં રેડેલો પ્રેમ જોતાં મને મારી ક્ષુલ્લકતાનું ભાન થયું, અને એ ભાઈને વિદાય દેતાં દેતાં હું અનેક વાર એમને નમ્યો.૩૦

અથવા આ બીજું પાત્ર:

બીજા એક ભાઈ રાત્રે આવ્યા હતા. પંજાબના રજપૂત હતા. રાત્રે નવ વાગ્યે આવેલા પોતાનાં બે બાળકો લઈને. ઍન્ડ્રૂઝ તો ખામોશીના નમૂના, અને તેમાં હિંદુસ્તાનીમાં ધીમે ધીમે બોલે ત્યારે તેમાં અણધારી રીતે મૃદુતા આવે. તેમણે કહ્યું, 'નવ વાગ્યા છે. ગાંધીજી હમણાં જ સૂતા, કાલે નહીં આવો?' પેલાંઓએ એટલી જ મૃદુતાથી કહ્યું, 'જરૂર આવીએ. પણ ગાંધીજીને જોયા વિના અમારો ઉપવાસ ન તૂટે. અમે ભૂખ્યાં છીએ.' 'ઍન્ડ્રૂઝ તરત પલળી ગયા. ત્યારે તો તમે દૂર ઊભા રહીને ગાંધીજીને જોઈને સંતોષ માનવા તૈયાર હો તો લઈ જાઉં, કારણ, તમે પાસે જાઓ તો કદાચ તેઓ જાગી જાય.' પેલાં કહે, 'હા. દૂરથી દર્શન અમારે માટે બસ છે.' તુરત સૌ ઉપર ગયાં અને બેત્રણ સેકંડ ઊભાં રહી નીચે આવ્યાં. જતાં જતાં ઍન્ડ્રૂઝને બોલાવીને કહે: 'લો, આટલા અઢી હજાર રૂપિયા, ગાંધીજીને જે યોગ્ય લાગે તે કાર્યમાં વાપરવાના છે. એ આપવાને અમે આવ્યાં હતાં. કાલે તો અમારાથી અવાય એમ નથી.૩૧

એમ તો આ ગાળામાં ગાંધીજી સાથે દિલીપકુમાર રોયે સંગીત અંગે, ખ્વાજા હસન નિઝામી જોડે હિન્દુ-મુસ્લિમ પ્રશ્ન વિશે તથા જી. રામચંદ્રન જોડે કળા, યંત્ર તથા બ્રહ્મચર્ય

વિશે થયેલી અગત્યની ચર્ચાને પણ મહાદેવભાઈએ પોતાની રોજનીશીમાં લગભગ અક્ષરશઃ ટપકાવેલી છે. પરંતુ એકતા ખાતર ગાંધીજીએ કરેલા યજ્ઞ અંગેનું આ પ્રકરણ આપણે ડાયરીના કેટલાક અગત્યના અંશોને ઉતારીને પૂરું કરીશું. એક પત્રમાં ગાંધીજી કૃષ્ણ વિશે લખે છે:

'હું એ કૃષ્ણને દરરોજ કોટિ કોટિ પ્રણામ કરું છું જે ગીતાના પ્રણેતા છે. સોળ હજાર ઇન્દ્રિયોના સ્વામી છે, જે અખંડ બ્રહ્મચારી છે, જે નિર્વિકારી છે, જે આપણા હૃદયના અધિષ્ઠાતા છે. બીજાને નહીં.'૩૨

ગાંધીજી ખ્વાજા નિઝામીને કહે છે:

'ઇસ્લામ તલવારથી ફેલાયો છે એમ હું નથી માનતો, ઇસ્લામ તો ફકીરોથી ફેલાયો છે. ઇસ્લામ તો સચ્ચાઈ, ફકીરી અને બહાદુરીથી ફેલાયો છે. તલવારથી ઇસ્લામનો બચાવ થયો છે એ તો સૌ કોઈ કબૂલ કરશે, પણ એનો પ્રચાર કરવાનું માન તો ફકીરો જ લઈ શકે છે. એટલે જ હું કહું છું કે ઇસ્લામ બળજબરીથી, લાલચથી અથવા એવી બીજી રીતે ફેલાવવામાં ઇસ્લામની સેવા નથી થવાની પણ ખરાબી થવાની છે, આ પણ હું ઇસ્લામને ચાહું છું માટે જ કહું છું.૩૩

ગાંધીજીએ ૧૯૨૪ પહેલાં અને પછી અનેક નાનામોટા ઉપવાસ કર્યા. પરંતુ આ ઉપવાસથી જવાહરલાલજીને આંચકો લાગ્યો હતો. તેમણે મહાદેવભાઈને લખ્યું હતું કે, 'બાપુના ઉપવાસના સમાચારથી હું તો સ્તબ્ધ જ થઈ ગયો છું.' રાજાજી સામાન્ય રીતે કોઈ ખાસ કામ વિના ગાંધીજીની પાસે નહીં આવતા તે પણ આ ઉપવાસના સમાચાર સાંભળી દિલ્હી દોડી ગયા હતા. દેવદાસભાઈ બાપુને પરેશાન ન કરવાની દૃષ્ટિએ દિલ્હી નહોતા આવ્યા. મણિલાલભાઈ વર્ષો પછી આફ્રિકાથી ગાંધીજી પાસે આવી પહોંચ્યા હતા, છતાં એમણે બાપુ આગળ કોઈ લાગણીવેડા દેખાડ્યા નહોતા. મહમદઅલી અને શંકરલાલ બૅંકર જેવાઓએ આંસુ વહેવડાવી પોતાની ભાવના વ્યક્ત કરી હતી. ઍન્ડ્રૂઝ જેવાએ બાઇબલનો પાઠ કરીને અને વિનોબા જેવાએ ઉપનિષદનો પાઠ કરીને ગાંધીજીને શાંતિ આપવા પ્રયાસ કર્યો હતો. મહાદેવભાઈને ઉપવાસની ભૂમિકા સમજતાં એકાદ દિવસ લાગ્યો હતો. પણ પછીના વીસ દિવસ તો બાપુની આ કઠિન તપશ્ચર્યાના અહોભાવથી સાક્ષી બની રહેવાનું અને પોતાના અંતરની ઊભરાતી ભક્તિની લાગણીને સૌમાં વહેંચવાનું કામ કર્યું હતું. ગાંધીજીની સેવાચાકરી કે કાળજી ઓછી નહોતી લેવાતી એની સાક્ષી ખુદ મહાદેવભાઈ પૂરે છે. પણ તેથી એમના શરીર

અંગેની મહાદેવભાઈની ચિંતા ઓછી થતી નહોતી. આ ઉપવાસને વિશે તો નોંધ્યું નથી, પણ આગળ ઉપર એક કરતાં વધારે ઉપવાસ વખતે એ હકીકત છુપાવી શકાઈ નહોતી કે ગાંધીજીનું ઉપવાસ કરતાં જેટલું વજન ઓછું થતું હતું, લગભગ એટલું જ વજન બે ટંક ભોજન કરવા છતાંયે મહાદેવભાઈનું પણ થતું. ગાંધીજી ઉપવાસ ઉપર ઊતરે એટલે સ્વાભાવિક રીતે જ મહાદેવભાઈના સખત બોજામાં બીજો થોડો વધારો થઈ જતો. ઉપવાસના દિવસો અને ત્યાર બાદ તબિયત પાછી હતી તેવી ન થાય ત્યાં સુધીના દિવસોમાં यंग इन्डियि અને नवजीवनના તંત્રી તરીકેની જવાબદારી અને તેને કારણે ઉત્પન્ન થતી ચિંતા માથે ન રાખવાનું સાથીઓ ગાંધીજીને સમજાવી શક્યા હતા. તેમણે એટલાં અઠવાડિયાં પૂરતું यंग इन्डियाનું તંત્રીપદ સી. એફ. ઍન્ડ્રૂઝને અને नवजीवनનું તંત્રીપદ મહાદેવભાઈને સોંપ્યું હતું. આ બે જણને પસંદ કરવાનાં જે કારણો તેમણે વાચકોને આપ્યાં હતાં, તેમાં ગાંધીજીની આ બે ભક્ત સખાઓ અંગેની માનસિક છબી કેવી હતી તે પણ પ્રત્યક્ષ થાય છે. તેમણે ઍન્ડ્રૂઝસાહેબ વિશે લખ્યું હતું:

મારી આત્મશુદ્ધિના અને તે પછીના આરામના સમય દરમિયાન यंग इन्डियाનું તંત્રીપદ પોતે સંભાળવાનો ચાર્લી ઍન્ડ્રૂઝ આગ્રહ કરી રહ્યા છે. એમની એ માગણીનો હું સહર્ષ સ્વીકાર કરું છું. અમે તો સગા ભાઈ જેવા છીએ. અને દર અઠવાડિયે એ જ સંદેશો ઍન્ડ્રૂઝની મારા કરતાં વધારે સાદી અને શુદ્ધ શૈલીમાં વાંચતા વાચકોને આનંદ આવશે. આખરે અંગ્રેજી મારે માટે પરદેશી ભાષા કહેવાય. ચાર્લી ઍન્ડ્રૂઝ તો નિષ્ણાત રહ્યા. એટલે यंग इन्डियाનું તંત્રીપદ એમને સોંપતાં મને આનંદ જ થાય.

અને મહાદેવભાઈ વિશે લખ્યું: 'नवजीवनનું તંત્રીપદ મહાદેવ દેસાઈ સંભાળશે. મારા સંદેશાને એમના કરતાં વધારે ચોક્કસ રીતે સમજાવી શકે એવો ગુજરાતીઓમાં બીજા કોઈ નથી.'૩૪

નોંધ:

૧. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૩૨થી ૧૩૪.

૨. એજન, પૃ. ૧૮૯-૧૯૦.

૩. રાજમોહન ગાંધી: अ वॉरयिर फ्रॉम ध साउथ: પૃ. ૧૪૧-૧૪૨.

૪. એજન, પૃ. ૧૪૨.

૫. નરહરિ પરીખ: सरदार वल्लभभाई – ૧ : પૃ. ૨૫૯-૬૦.

૬. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૫૦.

૭. નરહરિ પરીખ: सरदार वल्लभभाई – ૧ : પૃ. ૩૫૨.

૮. ૧૧–૯–'૨૪ના यंग इन्डिया પરથી સાચવીને.

૯. લેખક: પંડિત સુંદરલાલ.

૧૦. લેખકો: અશોક મહેતા અને અચ્યુત પટવર્ધન, પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૧૧, गांधीजीनो अक्षरदेह – ૨૫ : પૃ. ૧૨૯. શ્રી શરદકુમાર ઘોષને તાર.

૧૨. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૯૦-૧૯૧.

૧૩. गांधीजीनो अक्षरदेह – ૨૫ : પૃ. ૧૬૬-૧૬૭. यंग इन्डिया, ૨૩–૧૦–૧૯૨૪, ભાષાંતર नवजीवन, ૨૮–૯–૧૯૨૪.

૧૪. એજન, પૃ. ૧૬૪-૧૬૫, यंग इन्डिया, ૨૫–૯–૧૯૨૪. ભાષાંતર: नवजीवन, ૨૧–૯–૧૯૨૪.

૧૫. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૯૧.

૧૬. એજન, પૃ. ૧૯૫.

૧૭. બાળકૃષ્ણ ભાવે — વિનોબાજીના અનુજ. તેઓ સંગીતજ્ઞ હતા.

૧૮. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૯૬.

૧૯. એજન, પૃ. ૧૯૬-૧૯૭માંથી સારવીને.

૨૦. મૌલાના મહમદઅલીને.

૨૧. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૯૭-૧૯૮.

૨૨. એજન, પૃ. ૨૦૧-૨૦૬ પરથી સારવીને.

૨૩. એજન, પૃ. ૨૦૯.

૨૪. એજન, પૃ. ૨૧૦.

૨૫. ઉપવાસ અંગેનાં સર્વ ઉદ્ધરણો महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૯૬થી ૨૧૮માંથી સારવીને આપ્યાં છે.

૨૬. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૨૧૯.

૨૭. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૨૧૮.

૨૮, એજન, પૃ. ૨૨૧-૨૨૨.

૨૯. એજન, પૃ. ૨૩૫-૨૩૬.

૩૦. એજન, પૃ. ૨૩૬.

૩૧. એજન, પૃ. ૨૩૬, ૨૩૭.

૩૨. તા. ૧૩–૮–’૨૪ને દિને તંત્રીઓના સંપાદકને લખેલ પત્ર.

महादेवभाईनी डायरी – ६ : पृ. १३७.

૩૩. महादेवभाईनी डायरी – ६ : पृ. २४१.

૩૪. गांधीजीनो अक्षरदेह – २५ : पृ. १९४.

# પચીસ – નમીને જીત્યા

સાંપ્રદાયિક દાવાનળને શમાવવા અને આંતરિક શુદ્ધિ વધારવા સારુ કરેલા યજ્ઞમાંથી પસાર થઈ ગાંધીજીએ પોતે ૧૯૨૪ના વર્ષારંભે આદરેલી પ્રવૃત્તિ પુનઃ ચાલુ કરી. મહાદેવભાઈએ પણ *નવજીવન*ના તંત્રીપણાના ફરી વાર આવેલા કામચલાઉ બોજમાંથી હળવા થઈ અને ગાંધીજીના ઉપવાસ અંગેની ચિંતામાંથી મુક્ત થઈ સચિવ તરીકેની પોતાની કામગીરી રાબેતા મુજબ ઉપાડી લીધી. ગાંધીજીને ઉપવાસમાં 'આધ્યાત્મિક આહાર' મળ્યો હતો અને ત્યાર પછીનાં ચાર અઠવાડિયાંમાં દાક્તરોની કાળજી અને પ્રિયજનોની મમતા હેઠળ કાંઈક અંશે આરામ પણ મળ્યો હતો. ગાંધીજીના શરીર અંગે અલબત્ત, મહાદેવભાઈને ત્યારે પણ થોડી ચિંતા અને થોડી ફરિયાદ હતી જ:

હવે તો ગાંધીજી એમ માનતા થઈ ગયા છે કે હું પહેલાંના જેવો જ થઈ ગયો. પહેલાંના કરતાં વધારે ચાલવાનો પ્રયત્ન કરે અને કંઈક વધારે ચાલે છે પણ ખરા; વાતો કરવાના તો વધારે પ્રસંગો આવે છે જ, અને તેમ થાય છે ત્યારે જે થાક દેખાય છે તેથી ચેતવણી પણ મળી જાય છે કે હજી તબિયત પહેલાંના જેવી તો નથી જ થઈ. ઉપવાસ પછી ચાર રતલ વજન વધ્યું હતું, એટલે ૯૨ રતલ થયું હતું, તે હવે લગભગ અઠવાડિયું થયાં એટલું ને એટલું છે.૧

ગાંધીજીને થોડો આરામ મળ્યો ખરો, પણ મહાદેવભાઈને શ્વાસ ખાવાનીયે ફુરસદ ક્યાં મળી છે? અને એને અંગે એમના મોઢામાં ફરિયાદનો એકે હરફ પણ ક્યાં નીકળે છે?

એક એકતાયજ્ઞ સારુ ગાંધીજીએ એકવીસ દિવસનું તપ વહોરી લીધું. હવે એમની

નજર બીજા એકતાયજ્ઞ તરફ વળી. તે યજ્ઞ કૉંગ્રેસને અંદરથી એક કરવાનો હતો. એની પ્રક્રિયા વધુ સૂક્ષ્મ હતી. એ નીચા નમીને હૈયાં જીતવાની પ્રક્રિયા હતી. *यंग इन्डियाના* ૧૧–૯–૧૯૨૪ના અંકમાં તેઓ પરિસ્થિતિ અંગે પોતાનું આકલન સમજાવવા ઉપરાંત અહિંસાની દૃષ્ટિએ સત્યાગ્રહીએ આગળ કેમ વધવું જોઈએ એ પણ સ્પષ્ટ કરે છે. આપણે એના કેટલાક અંશ જોઈએ:

આપણા મતભેદો વધતા જાય છે. દરેક મંડળ પોતાના કાર્યક્રમને સિદ્ધાંતનો પ્રશ્ન બનાવી મૂકે છે. દરેક અંતઃકરણપૂર્વક માને છે કે તેના કાર્યક્રમથી જ સર્વમાન્ય ધ્યેયને પહોંચી શકાશે. ...

એક જીવંત સક્રિય અને અહિંસક બળ તરીકે આપણે અસહકારની યોજના કરી હતી. એ અસહકાર આ રાજ્યતંત્રમાં રહેલી હિંસા સામે પડકારરૂપે હતો. કમનસીબે એ કદી સક્રિય રીતે અહિંસક થઈ શક્યો નહીં. નબળા અને લાચાર માણસની સ્થૂળ અહિંસાથી આપણે સંતોષ માન્યો. સરકારી તંત્ર પર એ તત્કાળ અસર ન પાડી શક્યો, એટલે બમણા જોરથી આપણી સામે એ ઊછળી રહ્યો છે... પાંચ બહિષ્કારોને પહેલાં જેટલો જ ચુસ્તપણે હું માનું છું... પરંતુ સામુદાયિક રીતે એને અમલમાં મૂકવાનું વાતાવરણ અત્યારે નથી... કૉંગ્રેસે તો જનતાનું પ્રતિનિધિત્વ વધુ ને વધુ કરવું જોઈએ... જનતામાં જાગૃતિ આવી નથી. એમનું રાજકારણ તો રોટી અને નમક તેમ જ કોમી તોડજોડ પૂરતું જ મર્યાદિત છે... આપણે જનતાના દુઃખમાં ભાગ લેવો જોઈએ, તેમની મુશ્કેલીઓ સમજવી જોઈએ... કાંઈ નહીં તો આપણામાંથી થોડાને આ આકરી તાવણીમાંથી પસાર થવું જ જોઈશે. તેમાંથી જ પરિપૂર્ણ, જોરદાર અને સ્વતંત્ર રાષ્ટ્રનો જન્મ થશે... આખી લડત જો કૉંગ્રેસનો કબજો લેવાની જ હોય તો તે લડતમાં જોડાવાનો હું ઇન્કાર કરું છું... નિષ્ઠાપૂર્વક કરેલી સેવામાંથી જે સત્તા મળે છે તે સત્તા ચડાવનારી હોય છે... હું એટલું જાણું છું કે મારામાં લડવાની વૃત્તિ બિલકુલ રહી નથી. મારા જેવા જન્મસિદ્ધ યોદ્ધાને માટે આમ કહેવું એ માથાના ઘા જેવું છે. મારા વહાલામાં વહાલાઓ જોડે હું લડેલો છું. પણ હું પ્રેમથી લડનારો છું. સ્વરાજીઓની સાથે પણ હું પ્રેમથી લડવા તૈયાર થાઉં. પણ હું જોઉં છું કે પ્રથમ મારે મારો પ્રેમ સાબિત કરવો જોઈએ...'૨

ઉપવાસ પછીનો ગાંધીજીનો મોટા ભાગનો સમય સ્વરાજીઓ આગળ પોતાનો પ્રેમ સાબિત કરવામાં જ ગયો એમ કહીએ તો ચાલે. ફેરવાદી અને નાફેરવાદી બંને જૂથોને

ગાંધીજીએ પોતપોતાનાં કાર્યક્ષેત્રો નોખાં નોખાં કરવાની તથા એકબીજા વચ્ચે અથડામણ ટાળી એકબીજાને સહાયક થવાની સલાહ આપી.

અલબત્ત, ઉપવાસને લીધે હિંદુ-મુસ્લિમ વિખવાદનું વાતાવરણ થોડું શમ્યું હતું, પણ પ્રશ્ન કાંઈ ઊકલી તો નહોતો જ ગયો. તેથી એ પ્રશ્ન અંગે પણ ગાંધીજીને અવારનવાર ધ્યાન આપવું પડતું.

ગાંધીજીનો ઉદ્દેશ દેશમાં વ્યાપ્ત બધી અવ્યવસ્થા મટાડી સુવ્યવસ્થા કરવાનો હતો. તેને માટેનો તેમનો રસ્તો પોતે નમતું આપીને સામાને જીતવાનો હતો.

એ જ અરસામાં વાઇસરૉયે વટહુકમ બહાર પાડીને બંગાળમાં અનેક લોકોને બિનમુદતી અટકાયતમાં લીધા. કહેવાયું તો એમ હતું કે આ વટહુકમ ત્રાસવાદીઓને જેર કરવા સારુ છે. પણ એના ઉપયોગ પરથી એ સ્પષ્ટ જણાતું હતું કે તે બંગાળના સ્વરાજીઓની સામે વીંઝાયેલો ઘા હતો. આનાથી ગાંધીજી અકળાઈ ઊઠ્યા. છતાં એમણે ૩૦–૪–૧૯૨૪ને રોજ મોતીલાલજીને લખ્યું:

આપણી લાચારીથી હું પરેશાન છું. આપણે કશું ઉતાવળમાં કે ક્રોધાવેશમાં કરવું જોઈએ નહીં. એટલે અત્યારે તો તોફાન આગળ આપણે નમી જઈએ... સરકારની ગેરકાયદે પદ્ધતિની સામે આખા દેશનો લોકમત આપણે સંગઠિત કરીએ. અને સરકાર જે અસાધારણ ઉપાયો લેવાની પ્રથા વાપરે છે, તેની ઉપર હુમલો કરીએ ... અસાધારણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તેને જે અસાધારણ સત્તાની જરૂર હોય તો ચૂંટાયેલા પ્રતિનિધિઓનો મત મેળવીને તે તેમ કરી શકે... મને સંગઠિત અને શિસ્તવાળી કૉંગ્રેસ આપો, તો સરકારના પગલાનો જવાબ લોકોના સામા પગલાથી આપવાનું મને સૂઝે. પરંતુ જ્યાં સુધી કૉંગ્રેસ એવી નથી... ત્યાં સુધી અસરકારક અને સક્રિય પ્રતિકારની કશી આશા મને દેખાતી નથી.૩

ગાંધીજી દિલ્હીથી કલકત્તા જવા ઊપડ્યા, ત્યાં તેમણે સર્વે ફેરવાદીઓ અને નાફેરવાદીઓને ભેગા કર્યા. બંનેને સાથે તથા જુદી જુદી પણ વિગતવાર સમજણ આપી. આ બંને વચ્ચેની ખાઈ કદાચ બંગાળમાં સૌથી વધારે ઊંડી હતી. ગાંધીજીના પ્રેમભર્યા પગલાએ એ ખાઈ મહદંશે પુરાઈ. સ્વરાજીઓના નેતા શ્રી ચિત્તરંજન દાસે તેથી ખૂબ રાહત અનુભવી. હજી બે વરસ પહેલાં જ જેમણે અસહકાર આંદોલનને પાછું ખેંચી લેવાના ગાંધીજીના પગલાની આકરી ટીકા કરી હતી તે જ દાસબાબુ આ પ્રસંગે તેમના પ્રશંસક બન્યા.

કલકત્તાની આ મુલાકાતને મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં સજીવ કરી દીધી છે. ઉપવાસ વખતે ‘પહેલું અઠવાડિયું’, ‘બીજું અઠવાડિયું’ એમ અઠવાડિયે અઠવાડિયે લખતા. આમ સાત લેખ લખાયા હતા. ‘કલકત્તાની મુલાકાત’ની શરૂઆત જ તેમણે આ રીતે કરી: ‘વાચકને જાણીને આનંદ થશે કે મારું મથાળું બદલાયું છે.’ ચાર દિવસની મુલાકાતમાં જે કામ ગાંધીજીએ આટોપ્યું તેને અંગે, ‘તે જોતાં તો કોઈને એમ લાગે કે તેમને અશક્તિ હવે રહી જ નથી. પણ પ્રભાતમાં ચાર વાગ્યાથી રાતના અગિયાર સુધી લાંબી ચર્ચાઓ અને વાતો કર્યા પછી કેટલો થાક લાગતો હશે તે હું જાણું છું, અને તે થાકની અસર હવે જણાય છે.’૪ હિંદુ-મુસ્લિમ એકતા, ખાદી અને અસ્પૃશ્યતાનિવારણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ગાંધીજીએ સૌને સલાહ આપી. એકતા કર્યા વિના આપણે અસહકાર કરવા લાયક નથી એ સમજાવ્યું. ખાસ કરીને નાફેરવાદીઓના ફેરવાદીઓ પ્રત્યેના અવિશ્વાસને ઘટાડવાની તેમણે કોશિશ કરી. ‘દાસબાબુ સંકટમાં હોય અને હું એમની વહારે ન ધાઉં તો મારું દેશાભિમાન લાજે.’ – એ એમની વૃત્તિ હતી. કૉંગ્રેસના દરેક સભ્ય મહિને ૨,૦૦૦ હજાર વાર સૂતરનું લવાજમ ભરવું એ શરત અંગે ફેરવાદીઓએ ખૂબ ખૂબ દલીલો કરી. પણ ગાંધીજીએ કલકત્તાની આ મુલાકાત દરમિયાન ‘જેટલો ત્યાગ થાય તેટલો કરવો, જેટલે દરજ્જે જઈને મદદ કરી શકાય તેટલે દરજ્જે મદદ કરવી.’ એ જ વૃત્તિ દાખવી. તેથી, તેમણે હાથે કાંતીને સૂતર આપવાની શરતને મોળી કરીને બીજાએ કાંતેલું સૂતર પણ આપી શકાય એવું સ્વીકાર્યું. તેમણે નાફેરવાદીઓને સમજાવ્યું: ‘અહિંસાવાદીઓનો ધર્મ જ એ રહ્યો કે એટલું ત્યાગી દેવું કે પછી ત્યાગવાનું કશું ન રહે.’૫ ગાંધીજીએ એ પણ સમજાવ્યું કે અસહકારને ત્યાગી દેવામાં આવ્યો નથી, માત્ર હાલ પૂરતો મુલતવી જ રાખવામાં આવ્યો છે. પછી સર્વ પ્રસંગે ને સર્વ કાળે ખાદી પહેરવાની શરત પણ છોડી. છેવટે તેમણે કહ્યું: ‘[આમાં] મારા આદર્શનો થોડો ત્યાગ છે, કોઈ તત્ત્વ કે સિદ્ધાંતનો ત્યાગ નથી... ત્યાગ બે પ્રકારના હોય છે: પોતાના સ્વતંત્ર મતનો અને તત્ત્વનિશ્ચયનો. સ્વ. ગોખલે કહેતા કે પહેલાનો જનકલ્યાણ માટે ત્યાગ થાય, પણ બીજાનો નહીં.’૫ એક દિલચસ્પ ચર્ચા મહાદેવભાઈ નોંધે છે:

પ્રશ્ન: તમે દુષ્ટ સરકાર સાથે અસહકાર આરંભ્યો, અને તે હવે ધીમે ધીમે છોડતા ચાલ્યા. ... હવે તો દુષ્ટતા સાથે સહકાર ઉપદેશી રહ્યા છો. સ્વરાજવાદીઓએ એવાં એવાં પ્રપંચ અને જૂઠાણાં ચલાવ્યાં છે કે તેમની સાથે સહકાર શી રીતે થાય?

ઉત્તર: મેં એવું કહ્યું જ નથી કે સર્વ સ્થળે અસહકાર કરી દેવો. અસહકાર ત્યારે કરીએ જ્યારે સામાના દુષ્ટ કાર્યમાં આપણે ભાગ લેવાપણું હોય... સ્વરાજીઓ કે આપણા ભાઈઓની સાથે તો અસહકારનો પ્રસંગ જ નથી આવ્યો. તેમની સાથે અસહકાર કરવો પડે એટલે અંશે સહકાર જ ક્યાં કર્યો છે?'૬

બીજા કોઈએ કહ્યું: 'એક વાર તમે કહેતા હતા કે એક સહકારી વકીલ કરતાં પ્રામાણિક બૂટ સાફ કરનારો સારો. આજે તો વકીલો અને બડેખાંઓના થવાને તમે તૈયાર થાઓ છો.' ગાંધીજીએ ઉત્તર આપ્યો: 'હા, તમે ઠીક કહ્યું. મેં જે કહ્યું હતું તે શબ્દેશબ્દ ઠીક કહ્યું હતું. અસહકાર આજે છે ક્યાં? જો અસહકાર પૂરો વ્યાપેલો હોય, જો બૂટપૉલિશ કરનારાના જેવા પણ પૂરો અસહકાર કરતા હોય તો તેઓ સહકારીઓને દૂર રાખી શકે. ... જો વિખવાદ ન હોત, જો ઝેર ફેલાયેલું ન હોત તો હું પહેલાંની જેમ મારું ગાડું ચલાવત. ...૭

આ મુલાકાત દરમિયાન જ છઠ્ઠી નવેમ્બરે ગાંધીજી, ચિત્તરંજન દાસ અને મોતીલાલ નેહરુની સંયુક્ત સહી હેઠળ 'કરાર-નામા' તરીકે જાણીતું થયેલું નિવેદન બહાર પડ્યું. કરાર-નામામાં સ્વરાજના ઉદ્દેશથી કામ કરનાર હિંદના દરેક પક્ષને કૉંગ્રેસના એક છત્ર નીચે આવીને કામ કરવાની હાકલ હતી. તેમાં વિદેશી કપડાં નહીં પહેરવાં કે વાપરવાં નહીં, એ સિવાયનો અસહકારનો આખો કાર્યક્રમ મુલતવી રાખવાનું સૂચન થયું, અને કૉંગ્રેસની અંદરના દરેક જૂથે ખાદી, હિંદુ-મુસ્લિમ એકતા અને અસ્પૃશ્યતાનિવારણના ત્રિવિધ રચનાત્મક કાર્યક્રમને ઉપાડવાનું સૂચવાયું. કૉંગ્રેસના સભાસદોએ તેઓ કૉંગ્રેસનાં કામોમાં રોકાયેલા હોય તે વખતે તો ખાદી પહેરવી જ અને દરેક સભ્યે દર મહિને બે હજાર વાર સૂતરનો ફાળો આપવો. માંદગી, નામરજી કે એવા જ કોઈ કારણસર એટલું જ સૂતર બીજા પાસેથી ખરીદીને પણ આપી શકાય એવી છૂટ રાખવામાં આવી.

મહાદેવભાઈ તે પ્રસંગે ઉત્પન્ન થયેલા વાતાવરણનું વર્ણન કરતાં કહે છે: 'જે દિવસે તહનામા ઉપર સહી થઈ તેને બીજે દિવસે બધા છૂટા પડતાં ગાંધીજી પાસે આવ્યા, અને પંડિતજી બધાના તરફથી કહેવા લાગ્યા: 'ગાંધીજી, હવે તો તમે અમને રેંટિયાનો પાઠ આપો – અમે તમારી પાસે કાંતતાં શીખીને જવાના.' તા. ૪થીએ પહેલાં મળ્યા ત્યારે શ્રી કેળકરે કહેલું: 'આપણે સાથે બેસીએ. જૂના દોસ્તો છીએના!૭ ગાંધીજીએ તુરત કહેલું, 'ના. જૂના દુશ્મનો, નવા દોસ્તો!' રાજાજી આગળ ગાંધીજીએ બંને પક્ષો વચ્ચે થયેલા

સમાધાનને ચૌરીચૌરાકાંડ પછી આંદોલન મુલતવી રાખ્યું હતું એટલી અગત્યની ઘટના તરીકે વર્ણવી.

૧૯૧૭થી ૧૯૪૭ સુધીની ગાંધીજીની પ્રવૃત્તિ એ જાણે કે હિંદુસ્તાનના ઇતિહાસની ગતિવિધિ સૂચવે છે. મહાદેવભાઈ એ ઇતિહાસની અંતરંગ કથા એના દરેક વળાંક સાથે આપણી આગળ છતી કરે છે. પણ મહાદેવભાઈ માત્ર ઇતિહાસના નોંધનાર નથી. તેઓ ગાંધીજીના ભાષ્યકાર છે, ગાંધીજીની વાતોને સામેનો માણસ સમજી શકે એવી ભાષામાં રજૂ કરનાર દુભાષિયા છે, ગાંધીજી જેવા એક મહાનાટકીય પુરુષને એના હૂબહૂ રૂપમાં પ્રગટ કરનાર એક નાટકકાર છે, ગાંધીજીના સંપર્કમાં આવનાર સેંકડો આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોના ચરિત્રચિત્રણકાર છે. અને આ બધું તેઓ કરે છે ખૂબ સહજતાથી. એમની કલમ લખવાનું શરૂ કરે તો ભાગ્યે જ અટકે છે. એનું મુખ્ય કારણ એ છે કે મહાદેવભાઈનું પોતાનું ચરિત્ર ભક્તિ-સરોવરમાં સરળતાથી સડસડાટ સરી જતી નૌકા જેવું છે.

ગાંધીજીની મુલાકાતે આવનારામાં અંગ્રેજો પણ છે. એવાયે અંગ્રેજો છે, જે માત્ર ગાંધીજી સાથે જ દોસ્તી કરવા નહીં, પણ હિંદ અને ઇંગ્લંડની વચ્ચે મૈત્રી વધારવા પણ ઇચ્છે છે. એવી મૈત્રી શી રીતે સધાય? 'બેત્રણ વસ્તુ સધાય તો મૈત્રી થવી સહેલી છે.' ગાંધીજી કહે છે:

હિંદુસ્તાને સ્વાશ્રયી થવું જોઈએ, તે માટે આર્થિક પ્રશ્નનું નિરાકરણ થવું જોઈએ. જો પરદેશી કપડું, જે હિંદુસ્તાનને પરતંત્ર અને નિઃસત્ત્વ કરી રહ્યું છે જાય તો તેનામાં નિર્ભીક ઊભા રહેવાની તાકાત આવે. તમે કહો છો તે માનું છું કે અંગ્રેજો અને હિંદીઓ વચ્ચે કેવળ અસહકાર કલ્પી ન શકાય. હમેશાં મનુષ્ય મનુષ્ય ઉપર આધીન રહેવાનો જ. પણ હું બંનેના સંબંધ સરખા કરવા માગું છું. જે બંનેની વચ્ચેના સંબંધમાં માણસાઈ આવે તો મને સંતોષ થાય. આજે તમે હિંદુસ્તાનને ભોગે ગજવાં ભરવા આવો છો, એટલે તમારું અને અમારું હિત વિરોધી છે. અહીં એક, બીજાનું સત્ત્વ ચૂસીને જીવે છે. એ અસ્વાભાવિક સંબંધ બંધ થાય તો મૈત્રીનો પાયો નાખી શકાય. પણ આજે તો અંગ્રેજ પોતાને હિંદી કરતાં ઊંચા દરજ્જાનો માને છે. એ ઊંચાપણાની લાગણી ચાલી જવી જોઈએ.

હવે રહી હિંદુ-મુસલમાન ઐક્યની વાત. અંગ્રેજો એ ચાહે છે એમ કહેવાય છે. પણ એ વિશે હમેશાં શંકા જ રહે છે. આ બાબત અંગ્રેજો જે કહે છે તે તેમના મનમાં હોતું નથી

એમ હમેશાં શંકા રહ્યા જ કરે છે, એ ઐક્ય સાધવામાં અંગ્રેજોએ પોતાનું ભલું માનવું જોઈએ, કૃતકૃત્યતા માનવી જોઈએ.૯

પછી દારૂના મહેસૂલની વાત કહી, ગાંધીજી સૌથી અગત્યના મુદ્દા ઉપર આવે છે:

અંગ્રેજોને હિંદીઓનો અવિશ્વાસ એટલો બધો છે કે કરોડો રૂપિયાનો લશ્કરી ખર્ચ તેમણે લાદેલો છે. જો અંગ્રેજો કેવળ હિંદીઓની ભલમનસાઈ ઉપર રહે તો પરદેશી લશ્કરની કશી જરૂર ન રહે. આજે તો બધે અવિશ્વાસ ભર્યો છે, બધે જ લોખંડી દીવાલ ઊભેલી છે.

આટલી વાત નક્કી થાય તો હું સ્વરાજબરાજની યોજનાની વાત છોડી દઉં, કારણ પછી તો સ્વરાજને આવતાં ગણ્યાગાંઠ્યા દહાડા રહે.૯

મહાદેવભાઈ આખા સંવાદ ઉપર ટિપ્પણી કરતાં કહે છે:

એમણે [ભાઈએ] ઊંચાનીચાની લાગણી કબૂલ કરી. ઘણે અંશે એ લાગણી છે, છતાં એ હૃદયનો દોષ નથી, સ્વભાવનો દોષ છે. ... દારૂના મહેસૂલની અનીતિ પણ એમણે સ્વીકારી. માત્ર કાપડની વાત અને લશ્કરી ખર્ચની વાત એમને ગળે ન ઊતરી, કારણ, એઓ એ વાતમાં માનનારા હતા કે ઈશ્વર એક પ્રજાને જરૂર પડે તો બીજાને માથે રહીને તેનું ભલું કરવાને સર્જે છે. અને અંગ્રેજોને તે હક મળેલો છે.૧૦

કલકત્તામાં જ એક ભલો અંગ્રેજ આવીને ગાંધીજીને કહે છે કે એમના દિલ્હીના ઉપવાસની ભારે અસર પડી. ‘અંગ્રેજો અને હિંદીઓનો સંબંધ આપ એવી જ રીતે સુધારશો એવી મને આશા છે.’

ગાંધીજી કહે છે: ‘હા, એ મારું જીવનકાર્ય છે.’ પેલો ભાઈ કહે છે: ‘પણ તે માટે આપને ઉપવાસ ન કરવા પડે એવી આશા રાખું છું.’ ગાંધીજી હસીને કહે છે: ‘નહીં, અંગ્રેજ અને હિંદીઓના, અને હિંદુઓ અને મુસલમાનોના સંબંધ જુદી રીતના છે. અંગ્રેજ પોતાને ઊંચો સમજે છે. હિંદુઓ અને મુસલમાનોની વચ્ચે એ જાતની લાગણી નથી. ... અંગ્રેજોનાં હૃદય જીતવાને માટે વધારે પરિશ્રમ જોઈએ.૧૧

અંગ્રેજો વિશે ગાંધીજીની મુખ્ય ફરિયાદ એ હતી કે તેમણે આ દેશને એના ધંધાઓ ભાંગી નાખીને, ભૂખે મારી શારીરિક રીતે, આ દેશને સારુ વિપરીત એવા શિક્ષણ દ્વારા માનસિક દૃષ્ટિએ અને એને બળજબરીથી નિ:શસ્ત્ર બનાવીને આધ્યાત્મિક દૃષ્ટિએ નામર્દ બનાવ્યો. આ વાત એમ તો એમણે બીજરૂપે *હિંદ સ્વરાજ*માં કહી છે, પણ

છેવટ સુધી આ વાત તેઓ કહેતા રહ્યા. અને પોતે હયાત હતા ત્યાં સુધી મહાદેવભાઈ વિવિધ રીતે આ વાતની સમજૂતી આપતા રહ્યા. ભારતની પ્રાચીન સંસ્કૃતિ અંગેનું જ્ઞાન અને દુનિયાના સાહિત્ય જોડે એમનો સંપર્ક મહાદેવભાઈની કલમને એક તરફથી વધુ શાલીન અને બીજી તરફથી વધુ ધારદાર બનાવતો. મહાદેવભાઈનાં ભાષ્યોને લીધે ગાંધીજીની વાત વધારે સરળ અને વધુ સચોટ બનતી. અંગ્રેજ વિદ્વાન વેરિયર એલ્વિન મહાદેવભાઈ વિશે કહે છે:

'મહાદેવનું કામ કરોડોને ગાંધી પ્રત્યક્ષ કરી આપવાનું હતું. એમણે ગાંધીજીને જગતની કદાચ સૌથી પરિચિત અને નિ:શંક રીતે સર્વપ્રિય વ્યક્તિ બનાવ્યા. મહાદેવ વિના હીરા કરતાંયે વધુ મૂલ્યવાન હજારો રત્નો જગતના ધ્યાન બહાર જ રહેત.'૧૨

વેરિયર એલ્વિને કહ્યું છે તેમ મહાદેવભાઈને કારણે સમજ અને ઓળખાણ બંને પક્ષે વધી છે. એક તરફ મહાદેવભાઈએ પોતાનાં સાપ્તાહિક પત્રો દ્વારા ગાંધીજીને કરોડો લોકો આગળ મૂર્ત કર્યા, ભક્તિપાત્ર કર્યા, તો બીજી તરફ એ જ પત્રો અને ડાયરીઓ દ્વારા તેમણે હજારો છૂપાં રત્નોને જગત આગળ છતાં કર્યાં. એ રત્નો તમને મહાદેવભાઈની ડાયરીઓમાં ઠેર ઠેર આકાશગંગાના તારાની જેમ વેરાયેલાં જડશે.

કલકત્તાની આ જ મુલાકાત દરમિયાન:

એક રાત્રે મોડો મોડો એક ગામડિયો પોતાનાં બે બાળકોને લઈને આવ્યો. તેને બિચારાને ઉપર કોણ આવવા દે? બહાર તો એ વખતે પણ સેંકડો માણસો હોય. એમાંથી કોને આવવા દેવા અને કોને ન આવવા દેવા? એટલે તે બિચારાએ પોતાના સૂતરની પોટલી દરવાજા ઉપર આપી અને કહ્યું કે આટલું સૂતર પહોંચાડો! ગાંધીજીએ પોટલી જોઈને તુરત જ તેને બોલાવવા કહ્યું. બાળકોના અને તેના બાપના આનંદનો પાર રહ્યો નહીં.૧૩

એ જ દિવસોમાં મહાદેવભાઈ પોતાના વાચકોને રોમાં રોલાં અને હર્મન હેસની ઓળખાણ કરાવે છે. રોમાં રોલાંની ઓળખાણ ઘણા હિંદીઓને ૧૯૩૧માં ગાંધીજી સાથે એમની મુલાકાત વખતે થવાની હતી અને હર્મન હેસ એમની નવલકથા *સદ્ધિાર્થ* દ્વારા અનેક દાયકાઓ પછી જગતને જાણીતા થવાના હતા. પણ મહાદેવભાઈ ૧૯૨૪માં એ લોકોની જોડે આપણને ઓળખાણ કરાવી દે છે, મહાદેવભાઈ જ્યાં એક બાજુ કોઈક દૃશ્યને આંખ આગળ જીવતુંજાગતું ખડું કરવા

પોતાની રસાળ કલમને પૂરપાટ મોકળાશ આપે છે, ત્યાં બીજી બાજુ જરૂર પડે ત્યારે તેઓ કેટલાક ગંભીર વિચારો કે મોટાં મોટાં ભાષણો કે ચર્ચાઓનો સાર અત્યંત ટૂંકમાં છતાં સંપૂર્ણ ન્યાય કરે તેવી રીતે આપી દે છે. વિસ્તાર અને લાઘવની આવી યુતિ કોઈ બે વિરલ ગ્રહોની યુતિ-શી લાગે છે.

નવેમ્બરની ૨૧મી અને ૨૨મીએ મુંબઈમાં મળેલી 'સમસ્તપક્ષ પરિષદ'ની વિસ્તૃત મુલાકાત આપતાં પહેલાં માત્ર બે વાક્યોમાં મહાદેવભાઈ ગાંધીજીની તે કાળની પ્રવૃત્તિનું હાર્દ આપી દે છે, અને તે પણ પાછું ગાંધીજીની જ ભાષામાં:

હું સૌ નાફેરવાદીઓની સાથે દરેક પગલે ક્યાં મસલત કરવા જઈ શકું? તેમને અહિંસા પ્રિય છે, તેઓ અહિંસાના તત્ત્વને પૂજનારા છે, એટલે મારો અહિંસાધર્મ અને તેની અંતર્ગત મને નિત્ય જણાતી નવી વસ્તુઓ તેઓ સાનમાં સમજી જશે એવી મને હમેશાં આશા રહે છે.૧૪

અથવા બેલગામ કૉંગ્રેસની બેઠકમાં લાલા લજપતરાયે મનમાં અત્યંત ક્ષોભ હતો અને તે પાછો કોહાટનાં રમખાણોની વાત કરતાં વધુ તીવ્ર બનતો હતો, તે છતાં, પોતાની જાત પર સંપૂર્ણ કાબૂ રાખીને જે વાક્ય ઉચ્ચાર્યું તેને મહાદેવભાઈની કલમ આખા ભાષણમાંથી નીરક્ષીરવિવેક કરી ઝીલી લઈને ડાયરીમાં ઉતારે છે:

'પાપની સામે પાપ થાય જ નહીં. વેર માત્ર રાષ્ટ્રીય ઉન્નતિનું બાધક છે. એક પણ હિંદુ કે મુસલમાન સામે કરેલો ક્રોધ, ઘા અથવા પ્રતિકાર જન્મભૂમિની છાતી ઉપર કરેલા વજ્રાઘાત સમાન છે.'૧૫

લાઘવના ગુણ બાબતમાં મહાદેવભાઈને સૌથી વધારે મદદ મળે છે ગાંધીજી તરફથી. ગાંધીજી પોતે પોતાના લખાણમાં લાઘવના સ્વામી હતા. તેને લીધે મહાદેવભાઈને માટે ઘણી ભારે વાતો અતિશય સંક્ષેપમાં કહી દેવાનું સુકર થઈ પડતું. ન્યૂયૉર્કના ધી वर्ल्ड टमोरो નામના સામયિક સારુ ગાંધીજીએ મહાદેવભાઈને લખાવેલ સંદેશો એક અતિગંભીર વિષયનાં અનેક પાસાંઓને નાનકડા ફકરામાં છણી લે તેવો છે:

અહિંસાનો મેં જે અભ્યાસ કર્યો છે અને મને જે અનુભવ થયો છે તે ઉપરથી મારી પ્રતીતિ થઈ છે કે દુનિયામાં એ સર્વશ્રેષ્ઠ શક્તિ છે, સત્યને પામવા માટે સૌથી નિશ્ચિત પદ્ધતિ એ જ છે અને એ પદ્ધતિ સૌથી શીઘ્ર પણ છે. કારણ, એ સિવાય બીજી પદ્ધતિ જ નથી. એ શાંત રીતે, લગભગ ન દેખાય એવી રીતે, કામ કરે છે. છતાં ઓછી

નિશ્ચિતતાથી એ કામ કરતી નથી. આપણી આસપાસ અવિરત વિનાશ ચાલી રહ્યો છે તેની વચ્ચે એ જ એક, પ્રકૃતિની રચનાત્મક ક્રિયા છે. વૈયક્તિક જીવનમાં જ તે કારગત થઈ શકે એમ માનવું એના જેવો બીજો કોઈ વહેમ નથી. સાર્વજનિક કે વૈયક્તિક જીવનનું કોઈ ક્ષેત્ર એવું નથી જ્યાં એ શક્તિનો પ્રયોગ ન થઈ શકે, પરંતુ અહિંસા સંપૂર્ણ આત્મવિલોપન સિવાય શક્ય નથી.૧૬

આ અરસામાં ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ એકતા, ખાદી અને અસ્પૃશ્યતાનિવારણના રચનાત્મક કાર્યક્રમ પર ભાર દીધો હતો. આગળ ઉપર રચનાત્મક કાર્યક્રમ ગાંધીજીને બીજા અનેક ક્રાંતિકારી નેતાઓ કરતાં કાંઈક વિશિષ્ટ સ્થાન અપાવે તેવો થઈ પડવાનો હતો. રચનાત્મક કાર્યક્રમને સત્યાગ્રહના વિધાયક (પૉઝિટિવ) સ્વરૂપ તરીકે વર્ણવતાં ગાંધીજી કદી થાકતા નહોતા.

‘મારી પાસે બીજું સાધન નથી. સત્યાગ્રહ એ જ એક સાધન છે. અત્યાર સુધી મેં સત્યાગ્રહનું ભીષણ સ્વરૂપ દેશ આગળ મૂક્યું છે. હવે શાંત, મધુર, ગંભીર સ્વરૂપ જ મૂકવા ધારું છું. તેનું અનુકરણ થાય તો જય જ છે.’૧૭

ગાંધીજીને લોકો પ્રશ્ન પૂછે છે કે રચનાત્મક કાર્યોમાં પડવાથી કૉંગ્રેસ રાજકીય સંસ્થા તરીકે મટી તો નહીં જાય. ગાંધીજીના જવાબમાં આદર્શ અને વહેવારનો સમન્વય છે:

‘ના, નહીં મટી જાય. હું સાધુ નથી. હું રાજદ્વારી માણસ છું. માત્ર જરા સૌમ્ય પ્રકારનો રાજદ્વારી છું. ... મારે લડવું છે. પણ ભાઈ, મને હથિયાર [તો] સજ્જ કરવા દો,’?૧૮

‘સૂતરને તાંતણે સ્વરાજ’નું સૂત્ર જ્યારે ગાંધીજીએ આપ્યું ત્યારે તેઓ ખાદીના વ્યાપક પ્રયોગની વાત કરતા હતા:

તમે જ, કાંતશો તેથી સ્વરાજ મળશે એમ [હું] નથી કહેતો. બધાં કાંતે તો મળે એમ અવશ્ય કહું છું. ... પણ એ વાત પણ છોડી દઉં. તમારા કાંતવાથી સ્વરાજ આવે યા ના આવે, તમને ભિખારીને માટે દયા હોય, અને તે દયાભાવથી તમે તેને માટે કાંતો એટલું તમારી પાસેથી માગી લઉં. ભિખારીની સાથે તમે એકતાર થાઓ, તેની સાથે તમારું અનુસંધાન થઈ જાઓ. ...

‘સૂતરને તાંતણે મને હરજીએ બાંધી,
જેમ તાણે તેમ તેમની રે,
મને લાગી કટારી પ્રેમની.’

આપણો એવો પ્રેમ જો આપણાં કરોડો ભાઈબહેનો પ્રત્યે હોય તો આપણે તેઓને

અને તેઓ આપણને સૂતરને તાંતણે બાંધે. હું તો એ જ અર્થશાસ્ત્ર જાણું છું. બીજું નથી જાણતો.૧૯

બીજરૂપે રચનાત્મક કાર્યક્રમમાં સત્યાગ્રહનું સૌમ્ય, વિધાયક સ્વરૂપ અને દરિદ્રનારાયણ જોડે ભાવાત્મક એકતા સાધવાની વાત ગાંધીજી અતિ સંક્ષેપમાં પણ વિશદ રીતે કહી દે છે. મહાદેવભાઈની કલમ એને એટલી જ સુસ્પષ્ટ રીતે રજૂ કરે છે.

જેમને સારુ ક્રાંતિ કરવાની હતી તેની સાથે તાદાત્મ્ય એ ગાંધીજીનો સૌથી મોટો ક્રાંતિકારી ગુણ હતો. અસ્પૃશ્યતાનિવારણ વિશે સમજાવતાં તેઓ પોતાના વિશે કહે છે તે જાણે કે એક મહાવાક્ય જ છે:

‘હું ભંગીની સાથે ભંગી થઈ શકું છું, ઢેડ સાથે ઢેડ થઈ તેનું કામ કરી શકું છું. જો આ જન્મે અસ્પૃશ્યતા ન જાય ને મારે બીજો જન્મ લેવાનો હોય તો ભંગી જ જન્મવા ઇચ્છું છું.’૨૦

વળી તેઓ અસ્પૃશ્યતાને માત્ર કહેવાતા અસ્પૃશ્યો પૂરતી મર્યાદિત નથી ગણતા:

હિંદુ થઈને કોઈ પણ મનુષ્યને તેના જન્મને કે ધર્મને લઈને અસ્પૃશ્ય માનવું એ પાપ છે. તો મુસલમાનોને અસ્પૃશ્ય કેમ ગણીએ? મુસલમાન, ખ્રિસ્તી ઇત્યાદિ વિધર્મીઓને અસ્પૃશ્ય ગણવામાં હિંદુ ધર્મ હોય, તો તેવા હિંદુ ધર્મનો નાશ થશે.’૨૧

હિંદુ-મુસલમાન એકતા એ તો ગાંધીજીનો નિત્યજાપનો વિષય હતો. અહીં તો માત્ર એક જ ઉદ્ધરણ આપીશું:

તમે મારીને મૂર્તિની રક્ષા ન કરી શકો. મુસલમાન હિંદુઓને મારીને ઇસ્લામની રક્ષા નથી કરી શકવાના. મારીને રક્ષા કરવા માગતા હોય તો ઇસ્લામ નાબૂદ થવાનો છે એ વિશે શંકા નથી. દુનિયામાં એકે ધર્મ મારીને બચવાનો નથી. જે ધર્મ અને મુલકને બચાવવા ઇચ્છે તેને માટે શાંતિ સિવાય બીજો ઉપાય નથી એમ હું ત્રીસ વર્ષના ચિંતન અને અનુભવને પરિણામે જણાવું છું. તલવાર ઉઠાવનારનું મોત તલવારથી જ છે. કોઈ પણ ધર્મ તલવારથી નથી ચાલી શક્યો, નથી ચાલી શકવાનો. ઇસ્લામ ફકીરોને લીધે, હિંદુ ધર્મ તપસ્વીઓને લીધે ટકી રહ્યો છે. ... તમારાં શાસ્ત્ર સમજીને વાંચજો.૨૨

એ દિવસોમાં ઠેર ઠેર થયેલાં કોમી રમખાણોથી ગાંધીજી અત્યંત ઉદ્વિગ્ન હતા. કોહાટનાં રમખાણોને લીધે ત્યાંથી રાવલપિંડી નાસી આવેલા હિંદુ શરણાર્થીઓને તેમણે સલાહ આપી હતી કે જ્યાં સુધી ત્યાંના મુસ્લિમો તમને બાંયધરી ન આપે ત્યાં સુધી માત્ર

સરકારના કહેવાથી તમે પાછા ન જશો. ગાંધીજીએ પોતે જાતતપાસ સારુ કોહાટ જવાની પરવાનગી માગતો પત્ર વાઇસરૉયને લખ્યો હતો, પણ તેમને પરવાનગી મળી નહોતી. તેમણે મહાદેવભાઈને સલાહ આપી હતી કે 'ભક્તિ શીશ તણું સાટું, આગળ વસમી છે વાટું.' — એમ સમજીને ચાલજો. એ વસમી વાટ લઈને જ તેમણે જાતે દિલ્હીમાં એકવીસ દિવસનું વ્રત આદર્યું હતું તે આપણે જોઈ ગયા.

એક વાર નવજીવનના અને કૉમરેડ છાપાંઓના કામ સારુ ગાંધીજીએ સ્વામી આનંદને મૌલાના મહમદઅલી પાસે દિલ્હી મોકલેલા તે વખતે ગાંધીજીએ મૌલાનાને લખ્યું:

હું હમેશાં કહેતો આવ્યો છું કે મારા તદ્દન નજીકના સાથીઓ જે કસોટીઓમાંથી પસાર થાય તે ઉપરથી મારી કિંમત આંકવી જોઈએ. તમે, સ્વામી, મહાદેવ, હયાત,૨૩ મોઆઝમ૨૩, દેવદાસ, કૃષ્ણદાસ, શ્વેબ૨૪ એ બધાંને હું આમાં ગણું છું. હું તમારી સાથે સરસ રીતે ચલાવી શકું એટલું પૂરતું નથી; સ્વામી, મહાદેવ, દેવદાસ વગેરેએ પણ ચલાવી શકવું જોઈએ. જો તેઓ ન ચલાવી શકે તો તેમણે મારા જાહેર જીવનમાંથી નીકળી જવું જોઈએ. એ બધાં હથિયારો છે, જેમની મારફત હું કામ કરું છું. જેમ હયાત, મોઆઝમ વગેરેની મારફત તમે કામ કરો છો. એટલે હું સ્વામીને તમારી પાસે મોકલું છું, જેથી કરીને તમે બંને એકબીજાની વધુ નજીક આવો અને એકબીજાને વધારે સારી રીતે ઓળખો મારે માટે તો આવા અંગત સંબંધો ચાલે એ હજાર જાહેર કરારો કરતાં સ્વરાજ અને એકતા માટે વધારે મહત્ત્વની વસ્તુ છે. ...'૨૫

હિંદુ અને મુસલમાનો, ખાસ કરીને એમના નેતાઓ અને તેનાથીયે વિશેષ ગાંધીજીના વિશ્વાસપાત્ર કાર્યકર્તાઓ એકબીજાનો પરિચય વધારે અને એમનો વિરોધ ઘટે એ ગાંધીજીની ઝંખના હતી. મહાદેવભાઈ નોંધે છે કે:

'જ્યારે ગાઢાં ધુમ્મસ આભ વિશે વીખરાશે જો
પરિચય સાચો થાશે હો અમતમ તણો.'

– એ ભાવનું અંગ્રેજી ભજન ગાંધીજીને અતિશય પ્રિય છે અને ધુમ્મસ આભ વિખેરીને એકબીજાના વધારે ગાઢ પરિચયમાં આવવામાં જ ગાંધીજી ગૂંથાયેલા છે.૨૬

ધુમ્મસ આભ વિખેરવાની આ કસોટી મુજબ કદાચ કસ્તૂરબા કે દેવદાસ કરતાં પણ મહાદેવભાઈ ગાંધીજીની કસોટીમાંથી ઊંચા ક્રમે પાસ થઈ શકે એમ હતા. એનાં મુખ્ય

કારણો હતાં મહાદેવભાઈએ ગાંધીજી સાથે સાધેલી એકાત્મતા અને એમનો નમ્ર-મધુર સ્વભાવ.

ગાંધીજી અનેક પ્રકારના વિદ્વાનો અને ચારિત્ર્યવાન લોકો તેમ જ જનતાના કરોડોને શી રીતે પ્રભાવિત કરી શકતા હશે, એ પ્રશ્ન કોઈના પણ મનમાં ઊઠવા સંભવ છે. મહાદેવભાઈ એના જવાબમાં ઈટાલી વિશે તાજેતરમાં પ્રગટ થયેલા કોઈ પુસ્તકમાંથી અવતરણ આપે છે:

આસિસિના સાધુ ફ્રાન્સિસે બીજા બધા ધર્મસ્થાપકોની જેમ મનુષ્યસ્વભાવને વિશે ઘણો ઊંચો અભિપ્રાય બાંધેલો હતો. ગાંધીજીને વિશે પણ એ જ કહી શકાય. લગભગ અશક્ય જેવી વસ્તુની તેણે પોતાના દેશબંધુઓની પાસે આશા રાખી. તેમનું રાજકીય ધ્યેય આત્મસંયમને અને શાંતિને માર્ગે જ સાધવાની તેમણે તેમની પાસે આશા રાખી. એ બહુ આકરી માગણી હતી. પણ તેનો જવાબ પણ જગતમાં બીજે ક્યાંક મળ્યો હોય તેના કરતાં ઘણા મોટા પ્રમાણમાં મળ્યો.૨૭

ગાંધીજી અંગે મહાદેવભાઈએ કોઈ વિદેશી લેખકને ટાંકીને આપેલું વચન ખુદ મહાદેવભાઈને પણ એટલું જ લાગુ પડી શકે એમ છે. ગાંધીજીની અપેક્ષા હતી કે મહાદેવ જેવા તેમના સાથીઓ મારફત તેઓ જાતે દુનિયા આગળ ઓળખાય. એમની અપેક્ષા મહાદેવભાઈને પણ તેવા સ્થાનને પાત્ર બનાવવામાં મદદ કરતી નહીં હોય? ગાંધીજી આખું જીવન મહાદેવ પાસે ઊંચી ને ઊંચી અપેક્ષા રાખતા ગયા અને અપેક્ષા મહાદેવભાઈને ઉત્તરોત્તર વધુ ને વધુ ઊંચે લેતી ગઈ. એમ જણાય છે કે इन्डपिन्डन्टમાં કામ કરતા ત્યારે મહાદેવભાઈને કાંઈક વધારે મહેનતાણું મળતું હશે. તેમાંથી અમુક રકમ તેમણે સાબરમતી આશ્રમ સારુ મોકલી. એને અંગે ગાંધીજીએ તેમને લખ્યું:

‘તમને મોટા પગારદાર કરી તમારી પાસેથી આશ્રમને સારુ પૈસા લઉં ને તમને સોંઘામાં વટાવું એવો પચ્છમબુદ્ધિ વાણિયો હું ક્યાં છું? એટલા તો પૈસા તમે ભીખ માગીને લાવી દો એમ છો.’૨૮

ભાષા અંગેની અપેક્ષા તો ગાંધીજીએ મહાદેવ પાસેથી તેઓ એમની પાસે આવ્યા ત્યારથી જ રાખી હતી. એમ તો ગાંધીજી પોતાના ભાષાશાસ્ત્રી મિત્રો પાસે અપેક્ષા રાખતા હતા કે ‘જેમ કેટલાક મિત્રો મારી નીતિના ચોકીદાર છે તેમ (આ મિત્રો) મારી

ભાષાના ચોકીદાર બનો ને મને કૃતાર્થ કરો.'૨૯ પરંતુ આ બાબતે પણ મહાદેવભાઈ પાસે ગાંધીજી કાંઈક વિશેષ અપેક્ષા રાખતા હતા. જેમ મહાદેવભાઈ પોતાના બધા લેખો ગાંધીજીને બતાવ્યા પછી જ *નવજીવન* કે પાછળથી *હરિજન* પત્રોના પ્રેસ સારુ રવાના કરતા, તેમ ગાંધીજી પણ પોતાના સર્વ લેખો મહાદેવભાઈને બતાવ્યા પછી જ પ્રેસને મોકલતા. બંને પક્ષે માત્ર ભાષા અંગે જ નહીં પણ શૈલી, ભાવ અને વસ્તુ અંગે પણ ઘણી વાર ચર્ચાઓ થતી અને જરૂર જણાય ત્યાં સુધારાવધારા પણ થતા.

ગાંધીજી સહિત બીજાઓની ભાષા અંગે આશ્રમવાસી શ્રી વાલજીભાઈ ગો. દેસાઈ અનેક વાર વિગતવાર સુધારાઓ સૂચવતા. *નવજીવન*ના 'મારી ભાષા' નામના લેખમાં ગાંધીજીએ તેમને વિશે 'હિમાલયના શિખરે બિરાજમાન' એવો ઉલ્લેખ કરેલો. કારણ તે વખતે શ્રી વાલજીભાઈ આરોગ્યની દૃષ્ટિએ સિમલા કે એવે કોઈ સ્થળે ગયા હતા. એ લેખનો ઉલ્લેખ કરી ગાંધીજી મહાદેવભાઈને લખે છે:

શિખરનિવાસી કોણ તે તો જાણો જ છો. કેટલો શ્રમ લઈ વાલજીએ *નવજીવન* વાંચ્યું છે? તેના ઘણા સુધારા આપણને બધાને શરમાવનારા છે. જો *નવજીવન*ના લેખો તમે પ્રથમ વાંચી જતા હો તો તમને આ દોષો વિશે તો જરૂર ઠપકો આપું, પણ મને કંઈક ખ્યાલ છે કે તમે નથી વાંચ્યા. તમે તો છપાયા પછી જોયા. ... હું પોતે મારું બધું લખાણ જોઈતી ચીવટપૂર્વક ને તે પણ ભાષાની દૃષ્ટિએ તપાસી જવા અખત્યાર નથી થયો અને જો તમે અથવા સ્વામી૩૦ પૂરી રીતે તપાસી જવાની જવાબદારી માથે ન લો તો *નવજીવન* બંધ કરતાં પણ મને આંચકો ન લાગે. જે માણસ પોતાનું કાર્ય પોતાને સંતોપ પૂરતું ન કરે તેણે તો તે છોડવું એ તેનો ધર્મ છે.૩૨

આમ ગાંધીજીનું ધોરણ અનેક બાબતોમાં ઊંચું અને કડક હતું. મહાદેવે એને યોગ્ય બનીને રહેવાનું હતું. મહાદેવ સદા બાપુની કસોટીએ ચડવા તૈયાર રહેતા. ઉપરોક્ત પત્રની નીચે ગાંધીજી મહાદેવભાઈને બીજું કામ પણ સોંપે છે — તાજાકલમમાં તેઓ લખે છે:

'Creed' — વિચારમાન્યતા એમ મેં વાપર્યું છે તેનાથી સારો શબ્દ મળે તો તે મૂકજો.'૩૧

પણ વિચાર કે ભાવની દૃષ્ટિએ ગાંધીજી અને મહાદેવભાઈ વચ્ચે એકાત્મતા ભલે સધાતી હોય, મહાદેવભાઈનો મૂળ ભાવ તો ભક્તિનો જ. તેથી ગાંધીજીના આખા

ભાષણનો સાર કોઈ વાર બે લીટીમાં આપી દઈ શકે એમ હોય, છતાં એમનો ગાંધીજી પ્રત્યેનો અહોભાવ ઓછો થતો નથી. તુલસીદાસજી रामचरितमानसમાં રામનું નામ આવે ત્યાં એકાદ ભક્તિપૂર્ણ વિશેષણ કે એકાદ પ્રશંસાપૂર્ણ ઉદ્ગાર લખ્યા વિના રહી નથી શકતા, તેવું જ મહાદેવભાઈનું પણ ગાંધીજી વિશે છે. એક જગાએ તેઓ ગાંધીજીના ભાષણનો લાંબો અહેવાલ આપ્યા પછી છેવટે કહે છે: ‘આ ભાષણ આટલું સવિસ્તર. ... આપ્યું છે તે એટલા જ ખાતર કે ગાંધીજીનું ઘવાયેલું અંતર સૌ કોઈ જોઈ શકે. ... લાંબા જાહેર વ્યાખ્યાનમાં આવેશ કે ભાષાની અતિશયતા વિના આટલી લાગણી ઠાલવી શકાય છે એનો મુંબઈની પ્રજાને છેલ્લા ત્રણચાર દિવસમાં ઠીક ઠીક અનુભવ મળ્યો.’૩૨ પણ એક્સેલસેર થિયેટરમાં થયેલ સભા વિશે મહાદેવભાઈ કહે છે, ‘એ સભાનું સંપૂર્ણ વર્ણન આપ્યું જાય એમ નથી. વર્ણન આપનાર તટસ્થ રહે તો વર્ણવવાની વસ્તુઓ તાદશ ચિતાર આપી શકે, પણ વર્ણન કરનાર પણ વર્ણવવાની વસ્તુમાં તણાઈ જાય તો કોણ કોને વર્ણવે? નરસામાંથી સારું પરિણામ નીપજવાનું અપૂર્વ દષ્ટાંત તે સભામાં જોયું. કૃત્રિમને એકાએક અચાનક, સ્વાભાવિકમાં બદલાઈ જતું એ સભામાં જોયું. અપરંપાર, માયાનાં ગાઢાં અભ્ર ભેદી સોંસરી નીકળી સતની વીજળી ચમકતી અહીં જોઈ.’૩૩

તુલસીદાસ રામલક્ષ્મણની જોડીનું અપૂર્વ રૂપ જોઈ એ શોભાનું વર્ણન કરવામાં મૂંઝવણ અનુભવે છે:

‘गिरा अनयन नयनबिनु बानी.’ એવી જ કંઈક મૂંઝવણ મહાદેવભાઈની ગાંધીની વિચાર-શોભા જોઈને થઈ હોય એમ નથી લાગતું?

પોતાની આવી ભક્તિનો એકરાર એક વાર મહાદેવભાઈએ ગુજરાત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ આગળ કરી દીધો હતો:

... મહાત્માજીનું જીવન કલામય, પળે પળે ને દિવસે દિવસે નવપલ્લવતાને પામે છે. એક વખત હું, મહાત્માજી અને પાંચ-સાત મિત્રો તથા શ્રીમતી સરલાદેવી ચોધરાણી સિંહગઢ હતાં. શ્રીમતી સરલાદેવી તો વીજળી ઝબકે તેમ ઝબૂકીને સવાલો પૂછી સૌને આશ્ચર્યમાં નાખતાં હતાં. એમણે મને એક વખત પૂછ્યું, ‘અલ્યા તું ગાંધીની પાછળ કેમ પડ્યો છે? તારે દેશસેવા નથી કરવી?’ મેં પણ એમને જે જવાબ આપ્યો તેથી એ પણ આશ્ચર્યમાં પડી ગયાં. મેં કહ્યું, ‘ના, મારે દેશસેવા નથી કરવી. મારે તો ગાંધીસેવા કરવી

છે. તમે કહો છો તેમ હું ગાંધીની પાછળ જ પડ્યો છું. જેટલે દરજ્જે મહાત્માજીનું જીવન મને ઉત્તેજિત કરી શકે છે ને ઉત્સાહ આપી શકે છે તેટલે દરજ્જે દેશ નહીં કરી શકે. દેશસેવા મારે માટે નથી અને એ વાતની સત્યતામાં હજુ પણ હું માનું છું. રસ્કિને એક જગ્યાએ ઘણા જ સુંદર શબ્દો વાપર્યા છે. 'Manufacture of Souls' — આત્માઓનું ઘડતર — હું ધારું છું કે મહાત્માજીને આપણે આવી રીતે આત્માઓના ઘડનારા — આત્માને જગાડનારા — કહી શકીએ. એ વાતની સાક્ષી પૂરવાને હું અહીં ઊભો છું, અને એને વાસ્તે જેમના આત્માઓ જાગ્યા છે, (જેઓ) પુનર્જન્મને પામ્યા છે તેવાને તમે પૂછી શકો છો.'

એ પ્રમાણે, મારો પુનર્જન્મ શી રીતે થયો તે હું તમને કહી સંભળાવું છું. બેતિયામાં હું ૧૯૧૭માં મહાત્માજીની સાથે હતો. એ વખતે એઓ મારી પાસે ખાસ કાંઈ કામ કરાવતા નહોતા. પણ એક દિવસ — કે જે દિવસે મારો પુનર્જન્મ થયો તે દિવસે — મને એમણે રોટલી બનાવવાનું કહ્યું. મને તો રાંધતાં આવડતું હતું નહીં એટલે મેં સવાલ કર્યો કે, 'હું શી રીતે રોટલી બનાવું? મને નથી આવડતી.' ત્યારે મહાત્માજીએ કહ્યું, 'આ લોટ છે, વેલણ છે, આડણી છે અને આ પાણી છે. કરીશ એટલે જરૂર આવડશે.' એ હુકમ મેં માથે ચડાવ્યો અને જેમતેમ લોટ બાંધ્યો તો ખરો, પણ બીજા માણસને મેં વણવાનું કહ્યું અને મેં રોટલી તવા ઉપર શેકવા માંડી. એક રોટલી તૈયાર થઈ એટલે મહાત્માજી પોતે, ત્યાં નાહીને આવ્યા. અને ઉપર પ્રમાણેનો તાલ જોઈને મને કહે છે, 'જે બીજાના હાથની જ રોટલી મારે ખાવી હોત તો તને કહેત શું કરવા?' એટલું કહીને પોતે વણવા ને શેકવા મંડી ગયા. મારી કેળવણી આટલેથી જ અટકી નહીં, પણ આગળ ચાલતાં, લૂગડાં ધોવાનું, પાયખાનાં સાફ કરવાનું કામ પણ જાતે મને કરી બતલાવ્યું, ત્યારથી મારો પુનર્જન્મ થયો એમ મને લાગ્યું.૩૪

કોમી એકતા અંગેના ઉપવાસ પછી બેલગામની કૉંગ્રેસ સુધીના દિવસોમાં મહાદેવભાઈએ ગાંધીજીના 'પીર, બબચી, ભિસ્તી, ખર' તરીકેની પોતાની જવાબદારી પાછી સંભાળી લીધી. સચિવ તરીકેની જવાબદારી કેટલી મોટી અને કષ્ટસાધ્ય હતી એની વાત તો આપણે આગળ ઉપર એક સ્વતંત્ર પ્રકરણમાં કરીશું. અહીં તો કામના એક ભાગ તરીકે એમણે કરેલી પ્રકીર્ણ નોંધોમાંથી કેટલીક નોંધપાત્ર જોઈ લઈએ:

અમેરિકાના યુવકોને સંદેશો:

બાળપણથી જ અમને આત્મસંયમની શિસ્ત શીખવવામાં આવે છે. એ પ્રમાણે જીવન

ગાળવામાં અમે પડીએઆખડીએ છીએ ખરા, પરંતુ પૂર્વના દેશોમાં અમે એટલું તો જાણીએ છીએ કે જીવન ભોગવિલાસ માટે નથી, પણ મુખ્યત્વે આત્મસંયમ માટે છે. અમેરિકાના વિદ્યાર્થીઓ આટલો એક પાઠ જીવનમાં ઉતારે એમ ઇચ્છું છું.૩૫

વિનોબાજીએ અખિલ ભારત શાંતિસેના મંડળની સ્થાપના ઠેઠ ૧૯૫૭માં કરી. ૧૯૬૨ પછી જયપ્રકાશજીએ તેને સંગઠિત સ્વરૂપ આપ્યું. ગાંધીજીએ ૧૨–૧૧–'૨૪ના રોજ જવાહરલાલજીને એક પત્રમાં સૂચવ્યું હતું:

કાર્યકર્તાઓની ઊડીને જઈ શકે એવી ટુકડીની આવશ્યકતા મને જણાય છે. તેમાં હિંદુઓ અને મુસલમાનો બંને હોય. એક ક્ષણની નોટિસથી તેઓ દેશના કોઈ પણ સંકટગ્રસ્ત ભાગમાં તપાસ કરવા તૈયાર હોય. નામાંકિત માણસો ત્યાં જાય તેની હમેશાં આપણે રાહ જોઈ શકીએ નહીં.૩૬

દિલ્હીમાં ગાંધીજી ઉપવાસના પાછલા દિવસોમાં કાશ્મીરી ગેટ આગળ રઘુવીરસિંહ સુલતાનસિંહના ઘરે રહ્યા હતા. દિલ્હીની મૉડર્ન સ્કૂલના તેઓ સ્થાપક. તેમની શાળાની મુલાકાત પછી, મુલાકાતપોથીમાં આનંદ વ્યક્ત કર્યા છતાં ગાંધીજીએ તેમને ચેતવ્યા કે —

'અર્વાચીનત્વના પૂરમાં જો પ્રાચીનત્વનો નાશ થઈ જશે તો ભારતવર્ષના યુવકોને ઘણું નુકસાન થશે.'

મુલાકાતપોથીમાં કરેલી નાની સરખી નોંધ પણ મહાદેવભાઈની ડાયરીમાં તરત ઊતરી ગઈ!૩૭

આ દિવસો દરમિયાન પૂર્વ આફ્રિકાની હિંદી કૉંગ્રેસે પોતાને ત્યાં ચાલતી લડત બાબતમાં ગાંધીજીને એમ તાર કર્યો કે: 'ના-કરની લડત ચાલી રહી છે. સરકાર નિષ્ઠુર બનીને ધરપકડો કરી રહી છે અને મિલકતો જપ્ત કરે છે. ચાર કાર્યકર્તાઓ મોકલવા વિનંતી છે. ઍન્ડ્રૂઝ, વલ્લભભાઈ, મહાદેવભાઈ, દેવદાસ આવે તો સારું. તબિયત સુધર્યા પછી આપ કેનિયા આવો.' ગાંધીજીએ કેબલથી જવાબ આપ્યો: 'કોમ કષ્ટસહનના કાર્યક્રમ સાથે આગળ વધી રહી છે તે જાણી ખુશી થઈ. જો એ ચાલુ જ રાખશો તો તમે જીતશો જ. દિલગીર છું કે કોઈને મોકલી શકતો નથી. ...'૩૮

એ જ રીતે વાયકોમ સત્યાગ્રહ સારુ પણ માર્ગદર્શન આપવા મહાદેવભાઈની માગણી જૉર્જ જોસેફે કરી હતી, તેનો પણ ગાંધીજીએ ઇન્કાર કર્યો હતો. અલબત્ત, વાયકોમ

સત્યાગ્રહ પર ગાંધીજીનું ધ્યાન બરાબર હતું. એ લોકોને દૂર રહ્યા રહ્યા તેઓ દોરવણી પણ આપતા. ખાસ તો એમણે એ લોકોને મંદિરપ્રવેશની છૂટ મેળવવા સારુ ઉપવાસ કરવાનો વિચાર પડતો મૂકી, જે સ્થળથી આગળ હરિજનોને ન જવા દેતા હોય તે સ્થળે જ જઈને શાંત ચિત્તે ઊભા રહેવા કે ભજન ગાવાની સલાહ આપી હતી. કેરળના સત્યાગ્રહીઓએ ગાંધીજીની સૂચનાનું પાલન કર્યું હતું. અને લગભગ ચૌદ માસની તપસ્યા બાદ ત્રાવણકોરના એ અતિપ્રસિદ્ધ મંદિરનાં દ્વાર હરિજનો સારુ ખૂલ્યાં હતાં.૩૯ ૧૯૨૫માં ગાંધીજીએ વાયકોમ સત્યાગ્રહનું નિકટથી નિરીક્ષણ કરવા વિનોબાજીને કેરળ મોકલ્યા હતા. સત્યાગ્રહના અંતિમ દિવસોમાં ગાંધીજીની કેરળમાં હાજરી સત્યાગ્રહનો સુખદ અંત લાવવામાં મદદરૂપ થઈ હતી.

આપણે લગભગ વર્ષાન્ત સુધી આવી પહોંચ્યા. વર્ષો સુધી રાષ્ટ્રીય મહાસભાને સક્રિય દોરવણી આપવા છતાંય ગાંધીજી માત્ર બેલગામની ૧૯૨૪ની કૉંગ્રેસમાં એના પ્રમુખ થયેલા. તેમણે પ્રમુખપણું કેમ સ્વીકાર્યું અને પ્રત્યક્ષ અધિવેશનના દિવસોમાં તેમણે અધ્યક્ષતા કેવી કુશળતાથી કરી એનું વર્ણન મહાદેવભાઈ જેવા ભાવુક ભક્ત અહોભાવથી કરે એ સ્વાભાવિક છે. એ અહોભાવ સતત અંતસ્તલમાં હોવા છતાં પરિસ્થિતિની સર્વ ગલીકૂંચીઓ નિહાળવાનું અને એમાંથી માપીજોખીને વર્ણવવાનું તેઓ ચૂક્યા નથી. તેઓ ભક્ત છે ખરા; પણ સત્યના પૂજારીના ભક્ત છે. એટલે સત્યનો ધ્રુવતારક તેમના દૃષ્ટિપથથી કદી ખસતો નથી. ભક્તિની રસાળતા અને સત્યનિષ્ઠાનો સંયમ મહાદેવભાઈની લેખિનીને એક ઉત્તમ પત્રકાર બનાવે છે. વેરિયર એલ્વિને કહ્યું છે તેમ,

મહાદેવ પત્રકાર હતા. એ વાત સાચી છે કે એમનામાં બહુ મોટા પત્રકાર થવાનાં લક્ષણો હતાં. ... પણ સઘળા શ્રેષ્ઠ પત્રકારોની માફક એમનામાં માત્ર સમાચાર પામી જવાની આવડત જ નહોતી, પણ સત્યની રુચિ અને તેને વ્યક્ત કરવાની ક્ષમતા પણ હતી. મને એ ખાતરી છે કે એમણે દુનિયા આગળ ગાંધીજીની જે તસવીર ખડી કરી હતી તે દરેક અર્થમાં સાચી હતી.૪૦

ઠેઠ ૧૯૧૧માં ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની કામગીરી જોઈને તેમને હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ બનાવવા એવું સૂચન આવ્યું હતું. આ સૂચન પાછળ ખાસ કરીને ગોખલેજીની પ્રેરણા હતી. તે વખતે ગાંધીજી દક્ષિણ આફ્રિકાના કામમાં રોકાયેલા હતા. એટલે અધિવેશન પછી તરત જ તેમને પાછા જવાની છૂટ મળતી હોય તો પ્રમુખ

બનવાની તેમણે તૈયારી બતાવેલી. પણ પાછળથી એ પદ ખાતર કૉંગ્રેસની અંદર ખેંચાતાણી જોઈ એટલે એમણે તેમાંથી હાથ ધોઈ નાખેલા.

આ વર્ષે ગાંધીજીએ પ્રમુખ બનવાનું સ્વીકાર્યું તેનું મુખ્ય કારણ એ હતું કે તેમણે જોયું કે કૉંગ્રેસ બે વિભાગમાં વહેંચાઈ ગયેલી છે, અને જો બધાને સાથે રાખવા હશે તો પ્રમુખ તરીકે તેમની જરૂર પડશે. વર્ષ દરમિયાન જુદે જુદે સમયે ગાંધીજીની આ અંગે બીજા નેતાઓ જોડે ચર્ચા કે પત્રવ્યવહાર થયેલો, રાજગોપાલાચારી, ગંગાધરરાવ, રાજેન્દ્રબાબુ અને શૌકતઅલીનો આગ્રહ હતો કે ગાંધીજીએ પ્રમુખ બનવું જોઈએ. પ્રમુખપદ ન સ્વીકારવાના ગાંધીજીના વિચારને વલ્લભભાઈ અને શંકરલાલ બૅંકરનો ટેકો હતો. કૉંગ્રેસનું તંત્ર મોતીલાલજીના હાથમાં આવે એની સરળતા કરી આપવા ગાંધીજી તૈયાર હતા. અને માત્ર સ્વરાજપક્ષના બીજા સાથીઓની સલાહ લઈને મોતીલાલજી ગાંધીજીને કહે તો જ તેઓ પ્રમુખપણું સ્વીકારવા તૈયાર હતા.

જૂન માસની આખરે અમદાવાદમાં મહાસમિતિની બેઠકમાં જે રીતે બહુ ટૂંકી બહુમતીએ અથવા પરાણે ઠરાવો પસાર થયા તેનાથી ગાંધીજીને ખૂબ આઘાત લાગ્યો હતો. ખાસ કરીને ગોપીનાથ સહાય નામના એક ત્રાસવાદીએ કરેલા અંગ્રેજના ખૂનને બિરદાવવાનો જે રીતે પ્રયાસ થયો હતો તેનાથી તેઓ ખૂબ ઘવાયા હતા. તેથી તેમણે રાજાજી વગેરે નાફેરવાદીઓને કૉંગ્રેસના હોદ્દાઓ પરથી પણ ખસી જઈને ફેરવાદીઓને સારુ રસ્તો મોકળો કરી આપવાની સલાહ આપી હતી. તેમણે પોતાને બેલગામમાં પ્રમુખ થવાનો આગ્રહ કરતા મૌલાના શૌકતઅલીને તા. ૨૭–૭–'૨૪ના રોજ લખેલા એક પત્રમાં પૂછ્યું:

'કૉંગ્રેસના પ્રમુખ મારે થવું એમ શા માટે કહો છો?. ... દેશ પાસે જો હું, રાષ્ટ્રના શ્રદ્ધેય સિદ્ધાંતો તરીકે, હિંદુ-મુસ્લિમ એકતાનો અને ચરખાનો સ્વીકાર ન કરાવી શકું તો મારી ઉપયોગિતા કશી જ નથી. ...'૪૧

૧૫મી ઑગસ્ટે ગાંધીજીએ મોતીલાલજીને એક પત્રમાં લખ્યું:

'જેમ જેમ એ વાતનો હું વધારે વિચાર કરું છું તેમ તેમ બેલગામમાં સત્તા માટેની લડત થાય એની સામે મારો આત્મા કકળી ઊઠે છે.'૪૨

ગાંધીજીનો મુખ્ય હેતુ આ તબક્કે કૉંગ્રેસના ભાગલા ન પડવા દેવાનો હતો. ૧૯૨૧માં અસહકારના આંદોલને દેશમાં એક જાગૃતિ આણી હતી અને તેને લીધે એ આંદોલન ચલાવનાર સંસ્થા, કૉંગ્રેસનું, પણ અગાઉ કદી ન પ્રગટ્યું હતું તેટલું તેજ

પ્રગટયું હતું. પણ ૧૯૨૪ની વાત જુદી હતી. આંદોલન નબળું પડી ગયું હતું. કેટલીક છૂટીછવાઈ વ્યક્તિઓએ પોતપોતાની રીતે અસહકાર ચાલુ રાખ્યો હતો એ સાચું, પણ સામૂહિક રીતે કોઈ આંદોલન નહોતું ચાલતું, ગાંધીજીએ ૧૯૨૨માં ચૌરીચૌરા નિમિત્તે આંદોલન મોકૂફ રાખ્યું ત્યાર સુધીમાં જ આંદોલનમાં ઠીક ઠીક શિથિલતા આવી ચૂકી હતી. કેટલાક તો એમ પણ માનતા હતા કે ગાંધીજીએ વેળાસર આંદોલન સમેટીને એની લાજ જાળવી લીધી હતી. સરકારે એ જ વખતે ગાંધીજીને જેલમાં પૂર્યા અને છ વરસની સજા ઠોકી. બરાબર એ જ કાળમાં દેશમાં ઠેર ઠેર કોમી રમખાણો થયાં. ખિલાફત આંદોલન વખતે જે એકતાનાં દૃશ્યો દેખાતાં હતાં તે દેખાવાં દુર્લભ થયાં. કેટલાક નાફેરવાદીઓ, અલબત્ત, ગાંધી પ્રત્યેની ભક્તિ અને કાર્યક્રમ પ્રત્યેની નિષ્ઠાથી રચનાત્મક કાર્યક્રમને ખંતપૂર્વક વળગી રહ્યા હતા. પણ ૧૯૨૨-'૨૩માં બંને પક્ષના આગેવાનો કારાવાસમાં હતા. એ લોકો પાછા આવ્યા ત્યાં સુધીમાં જંગ અંગ્રેજ સરકાર અને હિંદની પ્રજા વચ્ચેનો મટીને કૉંગ્રેસના બે મુખ્ય ભાગલાઓ વચ્ચેનો બની ગયો હતો.

જ્યારે આંદોલન નબળું પડે છે ત્યારે જ પ્રતિપક્ષીને તેમાં ભાગલા પાડવાનું ફાવે છે. કાં તો એ આંદોલન બંધારણની ગલીકૂંચીઓમાં અટવાઈ જાય છે, અથવા કાર્યકર્તાઓ પરસ્પર દોષ દેતા થઈ જાય છે. પરિણામે જનતામાં નિરાશા જાગે છે. ગાંધીજીએ જેલમાંથી બહાર આવતાંની સાથે જ આ પરિસ્થિતિ જોઈ લીધી હતી. જે દેશે એક વર્ષમાં અપૂર્વ ઉત્સાહપૂર્વક ત્યાગનું આંદોલન ચલાવી બતાવ્યું હતું તે દેશ એટલી જ ઝડપથી નિરાશા અને વૈફલ્યવૃત્તિના વમળમાં ન ફસાઈ જાય એટલા સારુ ગાંધીજીએ માર્ગ કાઢ્યો — વેળા છતાં તડ પડેલાં હૈયાંને સાંધવાનો અને નમીને જીતવાનો. તેમને વિશ્વાસ હતો કે નાફેરવાદીઓને તો સહેલાઈથી મનાવી-સમજાવી શકાશે. એ લોકો પ્રમાણમાં નાના, ઓછા જાણીતા અને ગાંધીજી પ્રત્યે વ્યક્તિગત વફાદારી ધરાવનારા હતા. જ્યારે સામી બાજુએ ફેરવાદીઓમાં મોટા મોટા દિગ્ગજો હતા, પોતપોતાની રીતે તેમણે પોતાનો અલગ પંથ કાપવા માંડ્યો હતો. અને પ્રજામાં પણ એવો ઘણો હિસ્સો હતો કે જેમને આવા પ્રતિનિધિઓ દ્વારા સરકાર સાથેના પોતાનાં નાનાંમોટાં રોજેરોજનાં કામો પતાવવાં હતાં. તેથી ગાંધીજીએ પોતાના આદર્શાગ્નિને પોતાના હૈયામાં ભારેલો રાખીને બને એટલું નમતું જોખીને સ્વરાજી નેતાઓને કૉંગ્રેસના છત્ર નીચે જાળવી રાખવાનું વિચાર્યું. બંને પક્ષોને એકસાથે રાખી શકે એવા નેતા એકલા ગાંધીજી જ હતા,

તેથી તેમણે કૉંગ્રેસના પ્રમુખ થવું ઘણી રીતે કાંટાળો તાજ પહેરવા જેવું લાગતું હતું, છતાં તેમ કરવા સંમતિ આપી. દેશના ઇતિહાસમાં આ એક નાજુક તબક્કો હતો. એ તબક્કાની સઘળી નાજુકાઈને સમજીને એને અત્યંત કોમળતાથી દેશ આગળ વ્યક્ત કરી દેશને વિધાયક દિશામાં લઈ જઈ એને લપસતો બચાવવા મહાદેવભાઈની સર્વ શક્તિઓ લાગી ગઈ.

એ સ્પષ્ટ હતું કે ગાંધીજીએ કૉંગ્રેસ-પ્રમુખ થવાની ઘડીને લગભગ સ્થિતપ્રજ્ઞની તટસ્થતા અને ધીરજથી આવકારી હતી. પરંતુ પોતાના સ્વામીને દેશની સૌથી મોટી સંસ્થાના અધ્યક્ષ બનતા જોઈને મહાદેવભાઈનું હૈયું જરૂર અંદરથી ફુલાતું હશે. આવા આનંદોલ્લાસ — ખાસ કરીને ગાંધીજીની સફળતાને લીધે નિષ્પન્ન આનંદોલ્લાસથી, અસ્પૃષ્ટ રહે તેવા મહાદેવભાઈ જડ કે અનાસક્ત નહોતા. પણ સાથે તેઓ એ બાબતે પણ સજગ હતા કે ગાંધીજીએ આ કામ એક નિશ્ચિત સમજપૂર્વક સંભાળ્યું છે. તેથી મહાદેવભાઈએ તોફાની સાગરનાં મોજાં કે વહાણની નબળી અવસ્થાને બદલે નાખુદાની કરતબની ખૂબીઓ વર્ણવવામાં જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. અલબત્ત, એમ કરતાં તેઓ પરિસ્થિતિની ગંભીરતાનું વર્ણન કરતાં પણ ચૂકતા નથી. તેમ જ, બીજી બાજુ, આ પરિસ્થિતિમાં જે જે તત્ત્વો ગાંધીજીને પુષ્ટ કરી શકે તેવાં હતાં તેને આગળ લાવવાનું પણ ચૂકતા નથી. બેલગામ કૉંગ્રેસના મહાદેવભાઈનાં વર્ણનો કોઈ પણ આંતરરાષ્ટ્રીય પત્રકારના અહેવાલોની હરોળમાં બેસે તેવાં હતાં. અલબત્ત, એમની તેમ કરવાની શૈલી ભારતીય સંસ્કૃતિથી રસેલી હતી. એ નાટ્યાત્મક વર્ણનની નાંદી આવી છે:

બેલગામનો પુણ્યતીર્થ તરીકે જ વિચાર થાય છે, ગંગાધરરાવ દેશપાંડેના પુણ્ય પ્રેમથી ભરેલું આખું વાતાવરણ, — તાલીમ અને આજ્ઞાપાલનનું હાર્દ સમજનારા સ્વયંસેવકોની ભક્તિથી ભરેલું વાતાવરણ, — પદે પદે અહિંસાની યાદ આપતા ગાંધીજીથી વ્યાપેલું આ વાતાવરણ અને અહિંસાની પરાકાષ્ઠા પ્રગટ કરવાના જ ઉદ્દેશથી ભેગા થયેલા મહામેળાનું વાતાવરણ — પુણ્યતીર્થનું ન કહેવાય તો બીજું શેનું કહેવાય?૪૩

મહાદેવભાઈનું વર્ણન પ્રત્યક્ષથી પરોક્ષ તરફ જાય છે, સ્થૂળથી સૂક્ષ્મ તરફ જાય છે. ગંગાધરરાવને ઘોડેસવાર થઈને આખા નગરની વ્યવસ્થા જોતા અને સ્વયંસેવકોને યથાયોગ્ય આદેશો આપતા જોઈને મહાદેવ કહે છે:

એમને તો જાણે 'अद्य-मे सफल जन्म'નો અનુભવ થઈ રહ્યો લાગે છે. ગાંધીજી માટે એક સુંદર મહેલ રાખવાનો વિચાર પડતો મૂકી એક સુંદર ખાદીકુટિર રચી છે; રાજાજી નબળા છે એટલે એમને માટે સ્વતંત્ર ઘર છે; સરોજિની, ઍની બેસંટ, પંડિત નેહરુ અને ચિત્તરંજન દાસ સારુ આલેશાન બંગલા ફાળવ્યા છે. મૌલાનાઓની ખિલાફત કમિટીએ વ્યવસ્થા કરી છે. કાકાસાહબ કાલેલકરે સફાઈ વિભાગ અને ગાંધીજી આગળ ભજનો ગાનારા ગોઠવવાની જવાબદારી પોતાને માથે લીધી છે.૪૩

આટલું વર્ણન કર્યા પછી મહાદેવભાઈ બેલગામ કૉંગ્રેસની 'આંતર પુણ્યતાની વાત'માં ઊતરે છે. અને સૌ પ્રથમ તો એમને ગાંધીજીની કાર્યક્ષમતા જ સાંભરે ને? 'આજે ચાર દિવસ થયા, પણ ચાર દિવસમાં એકે કલાક કોઈનો વ્યર્થ ગયો હોય એમ ભાગ્યે જ કહી શકાય. અગાઉની કોઈ પણ કૉંગ્રેસ વખતે એવું બન્યું હતું એમ ભાગ્યે જ કહેવાય. આવતા વર્ષમાં અથાગ કામ અને અતૂટ આજ્ઞાપાલનની આશા રાખનાર ગાંધીજી એ પ્રમાણે કામ લઈને મંગળારંભ કરે તેમાં શી નવાઈ?૪૪ કૉંગ્રેસના ઇતિહાસલેખક પટ્ટાભી સીતારામૈયા પણ બેલગામ કૉંગ્રેસને 'ઇન ધ હિસ્ટ્રી ઑફ નૉન-કૉઑપરેશન લગામ ઇઝ એ લૅન્ડમાર્ક' — 'અસહકારના ઇતિહાસમાં બેલગામ એક સીમાચિહ્ન છે.' એમ કહે છે. પણ મહાદેવભાઈએ આ અધિવેશનનું જેવું સજીવ વર્ણન આપ્યું છે, તેવું તેમણે નથી આપ્યું. બીજા કોઈએ પણ આપ્યું હોય તો તે આ લેખકની જાણમાં નથી. એક ફકરામાં મહાદેવભાઈ કૉંગ્રેસ અધિવેશનના ચારેય દિવસોની રોજનીશી આપી દે છે. પછી ગાંધીજીનાં ત્રણ મુખ્ય પ્રવચનો વિશે ટિપ્પણ કરે છે:

કૉંગ્રેસના પ્રમુખ તરીકેનું ભાષણ વાંચીએ અને ૨૦મી અને ૨૧મીના ઉદ્‌ગારો સાંભળીએ તો જાણે બંને વચ્ચે વિચિત્ર વિરોધ લાગે; પણ બંનેમાં જરાયે વિરોધ નહોતો. બંને એકબીજાની પૂર્તિરૂપ હતા. ભાષણની ભાષામાં કાંઈક અપૂર્વ, અસાધારણ બલકે વધારે પડતો સંયમ દેખાય છે. અપાર તેજ છે, પણ ઉષ્ણતા નથી, અપાર યુક્તિ છે, પણ આવેશ નથી. ૨૦મી અને ૨૧મીના ઉદ્‌ગારોમાં આ બધી રોકી રાખેલી વિભૂતિઓ બાવાની ઝોળીમાંથી જાણે નીકળી પડી.૪૫

આ ટીકામાં આપણને મહાદેવભાઈની ભક્તિની સાથે એમની સ્વતંત્ર વિવેચનશક્તિ રસાયેલી લાગે છે.

બેલગામ કૉંગ્રેસના રસભર અહેવાલમાં ઊતરવાનું આ સ્થાન નથી. માત્ર આખા

અધિવેશન અંગેનો છેલ્લો ફકરો જોઈએ. તેમાં મહાદેવભાઈની ઇતિહાસ માપવાની શક્તિ, મોટા પ્રસંગોને ગણેલા શબ્દોમાં આંખ આગળ ખડા કરી દેવાની આવડત હતી. પણ તે મૂલ્યાંકનમાંયે સૌથી વધુ છાપ તો મહાદેવભાઈની ગાંધીભક્તિ અંગે જ પડે છે:

ઘણી કૉંગ્રેસો... કરતાં આ કૉંગ્રેસે જુદી જ અસર કરી. મારા મન પર તો જુદી જ કરી. કલકત્તા અને નાગપુર પછી હરખઘેલા થઈને આવેલા. અમદાવાદમાં હાજર રહેવાનું ભાગ્યમાં નહોતું પણ તે વેળા તો નાગપુરના કરતાં વધારે અંશે 'પીત્વા મોહમયીં પ્રમાદમદિરાં ઉન્મત્તભૂતં જગત્' એ સ્થિતિ હતી. ગયામાં એક વર્ગ ક્રોધથી ઊછળતો હતો અને બીજો વિજયાભિમાનથી. કોકોનાડામાં ઐક્ય કર્યાનું અભિમાન હતું, અને ભવિષ્યની ભારે આશા હતી. એ આશામાંથી આપણા પ્રયત્ન વિના કેવળ ઈશ્વરેચ્છાએ, ગાંધીજીનું છત્ર જોવાની આપણી આશા તૃપ્ત થઈ. ઐક્ય અણસધાયેલું જ રહ્યું. એ બધા અનુભવોથી કંઈક ગંભીર બનેલાં આપણાં મન બેલગામની મહાસભાના સફળ કાર્યથી પણ હરખાવાની ના પાડે છે. જેમણે મહાસભાના બીજા દિવસનું લગભગ દિવ્ય દૃશ્ય જોયું, — 'તમારા ભેદો અને વિખવાદોને અહીં દફનાવી જાઓ, તમારા વિરોધીઓને પણ ભેટો.' — એ ભાવની દેવવાણી સાંભળી તેમને હરખ ન થયો હોય? હરખ થયો પણ એ વચનોમાં રહેલો પ્રેમ તો એ બોલનાર અનુભવી રહ્યો છે, આપણે તો એ અનુભવવાનો છે — આપણાં હૃદય તો હજી શુષ્ક પડ્યાં છે એવી લાગણી પણ ઘણાને થઈ હશે. 'બરી ધ હેચેટ' (કુહાડીને દાટી દો.) એ અંગ્રેજી પ્રયોગ કેટલો સાર્થ છે? ભૂતકાળના વિખવાદો દાટી દો, પૂર્વ દુખદ સ્મરણો દાટી દો એટલું જ નહીં, પણ એ વિખવાદનું સાધન કુહાડી — આપણી સ્મૃતિ, ઝેરીલું મન — સુધ્ધાં દાટી દો. એ સંદેશો આપીને ગાંધીજીએ કાર્યનો ઉપસંહાર કર્યો. એ ઉપદેશથી નાફેરવાદી કે સ્વરાજવાદી બંનેને વિનમ્ર બનવાનું હતું. બંનેને ભવિષ્યને માટે ભારે તૈયારી કરવાની હતી.૪૬

બેલગામ કૉંગ્રેસમાં સભાઓમાં તેમ જ ખાનગી વાતોમાં થયેલી કામગીરીની ઘણી વિગતોમાં આપણે નહીં જઈએ. મહાદેવભાઈ તો આ વર્ણન કરતાં પણ થાકતા નથી. એમનું ભક્તિસ્વરૂપ કહેવાયેલા એક વચનમાં ટપકે છે:

ઔચિત્યના તીવ્ર ભાનમાં ભળેલું અપાર ચાતુર્ય અને પદે પદે તેમાં ભળતા વિનોદમાં અણધાર્યા પ્રસંગે તેમાં પુરાતા કરુણાના સૂર — પંડિત જવાહરલાલને માટેના પોતાના

અપાર પ્રેમનો ઉલ્લેખ કુમારી ગુલનારની સાથેની પોતાની મહોબત — એ બધું વિચારતાં બાપુનું 'सकलमेव चरित्रमन्यत्' એટલો ઉદ્‌ગાર સહજ નીકળી! જાય છે.૪૭

બેલગામના 'પુણ્યતીર્થ'માં ગાંધીજી સારુ બનેલી ખાદીકુટિરમાં બેઠા ગાંધીજીના એક એક વચનને પોતાની નોંધપોથીમાં ટપકાવતાં, કુટિરના આંગણામાંથી, ઘોડો પલાણીને ત્યાંની રાતીચોળ ધૂળ ઉડાડતા જતા ગંગાધરરાવને નીરખતા, વચ્ચે વચ્ચે મહાદેવભાઈનું મન દૂર ગુજરાત ભણી દોડી જતું હતું. વલ્લભભાઈ કે જીવતરામ૪૮ સાથે કોક વાર આટલા કામમાંથીયે નવરાશની બેચાર ક્ષણ શોધી કાઢી મહાદેવ કાંઈક ટોળટપ્પા કરી લેતા. વલ્લભભાઈને સારુ કૉંગ્રેસમાં આવેલા અનેક રથી-મહારથીઓ ટીખળની પૂરી સામગ્રી પૂરી પાડતા. મહાદેવ એ સાંભળી ખડખડાટ હસતા, પણ પોતે તો ગાંધીજીએ કેવો સાત્ત્વિક વિનોદ કર્યો તેનું જ સ્મરણ કરાવતા. રાજાજી, વળી નાજુક તબિયતે પણ આ હાસ્ય-વિનોદને કાંઈક નવું બૌદ્ધિક પરિમાણ આપતા, પણ આ વિનોદની વચ્ચે કોઈક તારવાળો તાર લઈને ગાંધીજીની ખાદીકુટિર તરફ આવતો જુએ ત્યારે મહાદેવની છાતી એકાદ ધબકારો ચૂકી જતી.

છેવટે જે ક્ષણની મહાદેવ મહિનાઓથી વાટ જોતા હતા તે ધન્ય ક્ષણ આવી પહોંચી. કૉંગ્રેસના ખુલ્લા અધિવેશનમાં ગાંધીજી કૉંગ્રેસ-પ્રમુખ તરીકેનું પોતાનું અધ્યક્ષીય પ્રવચન આપવા વ્યાસપીઠ પર જવા ઊભા થયા. મહાદેવ ભલે ગાંધીજીની સંયમી અને સ્થિતપ્રજ્ઞ પ્રકૃતિની પ્રશંસા કરતા, પણ પોતે તો આ ઘડીને ધન્ય માનતા જ હતા અને એમના મુખ પરનું આછું સ્મિત એ વાતની ચાડી ખાતું હતું કે અંદરથી તો મહાદેવનું હૈયું હરખની હેલીએ ચડ્યું હતું.

બરાબર એ જ ઘડીએ એક સ્વયંસેવક દોડતો તાર લઈને આવ્યો, ને મહાદેવ ફરી એક વાર ધબકારો ચૂક્યા. લગભગ કાંપતી આંગળીએ એમણે સ્લિપ પર સહી કરી અને એક આંખ વ્યાસપીઠ પર ચડતા ગાંધીજી પર માંડી, બીજી તારના ફરફરિયા તરફ વાળી. ગાંધીજીનું ભાષણ પૂરું થાય પછી નિરાંતે તાર ખોલવા જેટલી તે દિવસે મહાદેવને ધીરજ નહોતી.

એક હરખ હતો ગાંધીજીના કૉંગ્રેસના અધ્યક્ષસ્થાને બિરાજવાનો; બીજો હરખ સ્વયંસેવક લાવ્યો તે તારમાં હતો. સુદૂર ગુજરાતમાં, વલસાડ ગામે, નાની મહેતવાડથી

મહાદેવના સાઢુભાઈ ડૉ. પરાગજીએ તાર કર્યો હતો કે માતા વિજયાબહેન અને મોટી બહેન મણિબહેનની જતનભરી દેખરેખ નીચે ૨૪મી ડિસેમ્બરની સવારે છ વાગ્યે દુર્ગાબહેને પુત્રને જન્મ આપ્યો હતો. પુત્રનું વજન જન્મ વખતે સાડા છ રતલ હતું અને માતા તથા સંતાન બંનેની તબિયત સારી હતી.

મહાદેવનો હરખ છુપાવ્યો જાય એમ નહોતો. બાપુના શબ્દોની નોંધની શાહી જોડે મહાદેવનાં હપાશ્રુનાં થોડાં બિંદુ પણ ભળ્યાં હશે. એમને હર્ષ આપનારું સૌથી મોટું કારણ પેલા તારના છેલ્લા વાક્યમાં હતું. આ ઘટનાથી ત્રણેક વર્ષ પહેલાં દુર્ગાબહેનને પહેલી સુવાવડ આવી હતી ત્યારે તેમને મરેલી બાળકી જન્મી હતી. એ બાળકીના શાંત મૃત શરીરને એના મામા ઊંચકી ગયા તે પહેલાં, દુર્ગાબહેને માત્ર એક જ વાર જોયું હતું, પણ ખીલ્યા પહેલાં જ કરમાયેલી એ પોયણી-શી પુત્રીને દુર્ગાબહેને પોતે મર્યાં ત્યાં સુધી યાદ કર્યા કરી હતી: ‘અસલ તારા કાકા જેવી રૂપાળી ને લાંબી.’ મહાદેવે તે વખતે બંગાળીમા ઊર્મિલા દેવી સેનને શેક્સપિયરના નાટકને યાદ કરીને માત્ર એક જ વાક્ય લખ્યું હતું: Love’s Labour Lost (પ્રેમનો પરિશ્રમ પરવારી ગયો) પણ એને લીધે આ વખતે મહિનાઓ પહેલાંથી મહાદેવના મનમાં ચિંતા હતી, પણ એટલી નહીં કે બાપુ પાસેથી રજા લઈને વલસાડ જાય. મહાદેવ-દુર્ગાનો પ્રેમ એક નદીને બે કિનારે મીટ માંડીને બેઠેલાં ચકવા-ચકવી જેવો હતો.

આ ઘટના પછી બરાબર છાસઠ વર્ષે, તે દિવસના તારના મુખ્ય પાત્રે કાંઈક કુતૂહલવશ, કાંઈક જિજ્ઞાસાથી, ચોવીસમી ડિસેમ્બર, ૧૯૨૪ અને એની આસપાસના બેચાર દિવસોની મહાદેવભાઈની ડાયરીનાં પાનાં વારંવાર ઉથલાવી જોયાં. પુત્રજન્મનો તેમાં ઉલ્લેખ સરખોય નહોતો!

મહાદેવભાઈની ડાયરી ગાંધીજીની ડાયરીમાં વિલીન થઈ ગઈ હતી.

નોંધ:

૧ महादेवभाईनी डायरी – ६ : पृ. २५७.

२ यंग इन्डयिा ११–९–१९२४, महादेवभाईनी डायरी – ६ : પરિશિષ્ટ–૩, પૃ. ૪૦૬થી ૪૧૨ પરથી ટૂંકાવીને.

૩. महादेवभाईनी डायरी – ६ પૃ. ૨૫૫-૨૫૬માંથી સારવીને.

૪. એજન, પૃ. ૨૬૮.

૫. એજન, પૃ. ૨૭૧થી ૨૭૪માંથી સારવીને.

૬. એજન, પૃ. ૨૭૪-૨૭૫.

૭. એજન, પૃ. ૨૭૫-૨૭૬.

૮. એજન, પૃ. ૨૭૬.

૯. એજન, પૃ. ૨૭૭-૨૭૮.

૧૦. એજન, પૃ. ૨૭૮.

૧૧. એજન, પૃ. ૨૮૨.

૧૨. ડી. જી. તેંડુલકર વગેરે દ્વારા સંપાદિત गांधीजीभांथी: વેરિયર એલ્વિનનો લેખ, 'મહાદેવ', પૃ. ૧૫.

૧૩. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૨૮૭.

૧૪. એજન, પૃ. ૩૦૧.

૧૫. એજન, પૃ. ૩૫૭.

૧૬. એજન, પૃ. ૨૯૫.

૧૭. એજન, પૃ. ૧૬૩.

૧૮. એજન, પૃ. ૧૭૫.

૧૯. એજન, પૃ. ૧૬૫-૧૬૬.

૨૦. એજન, પૃ. ૧૬૪.

૨૧. એજન, પૃ. ૧૬૮.

૨૨. એજન, પૃ. ૧૭૩.

૨૩. મૌલાના મહમદઅલીના સાથીઓ.

૨૪. શ્વેબ કુરેશી.

૨૫. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૮૪

૨૬. એજન, પૃ. ૨૩૮.

૨૭. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૬૮-૬૯. મહાદેવભાઈએ કથિત પુસ્તકનું નામ નોંધ્યું નથી.

૨૮. गांधीजीनो अक्षरदेह – ૨૪ : પૃ. ૮૦.

૨૯. गांधीजीनो अक्षरदेह – ૨૩ : પૃ. ૪૭૭.

૩૦. સ્વામી આનંદ.

૩૧. गांधीजीनो अक्षरदेह – ૨૩ : પૃ. ૪૫૫.

૩૨. महादेवभाईनी डायरी – ૬ : પૃ ૧૬૭-૧૬૮.

૩૩. એજન, પૃ. ૧૫૮.

૩૪. महादेवभाईनी डायरी – ૧૮ : પૃ. ૧૮૧-૧૮૨.

૩૫. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૩૫.

૩૬. એજન, પૃ. ૨૮૯-૨૯૦.

૩૭. એજન, પૃ. ૨૯૫.

૩૮. गांधीजीनो अक्षरदेह – ૨૩ : પૃ. ૨૫૦ અને પાદટીપ નંબર ૧.

૩૯. વાયકોમ સત્યાગ્રહનું વૈજ્ઞાનિક પૃથક્કરણ: જેન વી. બોન્ડયુરાના कॉन्कवेस्ट ऑफ वायोलन्सમાં જોવા મળી શકે.

૪૦. ડી. જી. તેંડુલકર દ્વારા સંપાદિત गांधीजीમાં વેરિયર એલ્વિનનો. લેખ, 'મહાદેવ' પૃ. ૧૫.

૪૧. महादेवभाईनी डायरी – ૬ : પૃ. ૧૦૪-૧૦૫

૪૨. એજન, પૃ. ૧૩૯.

૪૩. એજન, પૃ. ૩૩૨.

૪૪. એજન, પૃ. ૩૩૩.

૪૫. એજન, પૃ. ૩૩૪.

૪૬. એજન, પૃ. ૩૫૮-૩૫૯.

૪૭. એજન, પૃ. ૩૫૩.

૪૮. કૃપાલાની.

# છવ્વીસ – સો ટચના સોનાનો વેપાર

કૉંગ્રેસ-પ્રમુખ તરીકે ગાંધીજી ૧૯૨૫ના વર્ષમાં સતત આખા દેશમાં ફર્યા. તેમના પહેલાં ભાગ્યે જ બીજા કોઈ કૉંગ્રેસ-પ્રમુખ કૉંગ્રેસે પસાર કરેલા મુખ્ય ઠરાવની અમલબજવણી અર્થે આટલું ફર્યા હશે. ૧૯૨૬નું લગભગ આખું વર્ષ તેમણે સાબરમતી આશ્રમમાં ગાળ્યું હતું અને ૧૯૨૭માં તેમણે ફરી પાછા દેશનાં વિવિધ સ્થળોએ ભ્રમણ કર્યું હતું. મહાદેવભાઈ આ ત્રણ વર્ષો દરમિયાન લગભગ પૂરેપૂરો સમય ગાંધીજીની સાથે જ હતા અને ગાંધીજીની દરેક નાનીમોટી પ્રવૃત્તિની નોંધ લેતા અને સગવડ મુજબ, नवजीवन કે यंग इन्डियि પત્રો દ્વારા, તેની માહિતી દુનિયાને આપતા.

આઝાદીની લડાઈની રણનીતિની દૃષ્ટિએ આ વર્ષો ઝળહળતાં વર્ષો નહોતાં. પણ એ કાંઈ ઓછાં મહત્ત્વનાં વર્ષો નહોતાં, એ હકીકત મહાદેવભાઈની આ નિયમિત નોંધો અને તેમના લેખો પુરવાર કરે છે. સ્વરાજની અહિંસક લડતની બે ખૂબીઓ એને સ્વતંત્રતાનાં બીજાં આંદોલનો કરતાં વિશિષ્ટ સ્થાન અપાવે તેવી હતી. એક તો એ લડતમાં એક અન્યાયી વ્યવસ્થાનો મુકાબલો કરતાં કરતાં જ બીજી એવી રચના પણ ઊભી થતી જતી હતી કે જેને લીધે દેશને બીજી વૈકલ્પિક વ્યવસ્થા કરવાની તક મળે. એમાં સંઘર્ષની સાથે સાથે જ નવા સમાજનાં બી વાવવાનું કામ પણ થતું જતું હતું.

આ લડતની બીજી ખૂબી એ હતી કે એના નાયક અને બીજા કેટલાક તેમના સાથીઓને સારુ તો એ લડત બહારના અન્યાયના વિરોધની સાથે સાથે પોતાની આંતરિક ગુણવિકાસની પણ પ્રક્રિયા હતી. બીજા કાર્યકર્તાઓ અને દેશની જનતા સારુ પણ આ લડત નીતિ અને અધ્યાત્મનાં કેટલાંક મૂલ્યો પ્રસ્થાપિત કરીને એ તરફ અગ્રેસર થવા અંગુલિનિર્દેશ કરી દેતી. એમ જો સમગ્ર રીતે જોઈએ તો ગાંધીજી ભારતના મેદાન

પર આવ્યા ત્યાર પહેલાં — અથવા હજી વધુ પાછળ જઈએ તો ઓગણીસમી સદીના પાછલા ભાગમાં — દેશ સામાન્યપણે, તમોગુણમાં પડેલ હતો. અને આઝાદી માટેની રાષ્ટ્રીય ચળવળે તેમાં રજોગુણનો સ્પર્શ કરાવ્યો હતો. ગાંધીજીએ બતાવેલા સત્યાગ્રહના નવા સાધનને લીધે એ રજોગુણ પર સત્ત્વગુણનો ઓપ ચડતો હતો.

આ પ્રક્રિયામાં અવારનવાર આવતાં મોટાં આંદોલનોથી અપૂર્વ જાગૃતિ આવતી હતી એ ખરું, પણ ત્યાર પછીના ગાળામાં એ ઉત્સાહના દઢીકરણનું કપરું કામ રચનાત્મક કાર્યો દ્વારા થતું રચનાત્મક કામો — તરફ દેશના રાજકારણી નેતાઓનું ધ્યાન, દુર્ભાગ્યે, ઘણું ઓછું જતું તેથી રચનાત્મક કાર્યોનો જો સોએ સો ટકા અમલ થાય તો પોતાની કલ્પનાનું પૂર્ણ સ્વરાજ હસ્તામલકવત્ હોય એવું ગાંધીજીનું સપનું સપનું જ રહી ગયું. પરંતુ ગાંધીજી અને એમના કેટલાક ચુનંદા સાથીઓએ રચનાત્મક કાર્ય તરફ દુર્લક્ષ નહોતું કર્યું. આઝાદીની લડાઈનાં છેલ્લાં વીસ વર્ષોમાંથી ઠીક ઠીક સમય એ લોકોએ રચનાત્મક કાર્યો પાછળ આપ્યો હતો. અને ગાંધીજીના કેટલાક સાથીઓએ તો રચનાત્મક કાર્યને પોતાનું આખું જીવન સમર્પણ કર્યું હતું.

ચંપારણના સત્યાગ્રહ અને ત્યાંનાં રચનાત્મક કાર્યો પછી ગાંધીજી અને મહાદેવભાઈને સારુ રચનાત્મક કાર્યોમાં મન પરોવવાનો ૧૯૨૫થી ૧૯૨૭નાં ત્રણ વર્ષો એ પહેલો પ્રસંગ હતો. ગાંધીજીનું કામ લોકોની આ બાબતની જડતાને ખંખેરવાનું તથા તેમને આ કાર્યો તરફ પ્રવૃત્ત કરવાની પ્રેરણા આપવાનું હતું, અને મહાદેવભાઈનું કામ ગાંધીજીની આ પ્રવૃત્તિનું રહસ્ય સમજાવી એને જનતા આગળ વ્યાપક અને વ્યવસ્થિત રીતે રજૂ કરવાનું હતું.

મહાદેવભાઈ સારુ આ કામ એમના પ્રેમની અભિવ્યક્તિનું સાધન પણ હતું, તેઓ ગાંધીજી પ્રત્યેનો પોતાનો પ્રેમાદર અને ભક્તિ પોતાની સેવા દ્વારા વ્યક્ત કરતા અને એ પ્રેમની અભિવ્યક્તિ, પોતે શૂન્યવત્ બની ગાંધીજીના વ્યક્તિત્વમાં જ પોતાની જાતને મિલાવી દેવામાં હતી. ૧૯૨૭ના જૂનની ૮મી તારીખેઃ वर्ल्ड्झ यूथ નામની એક પત્રિકાને સંદેશ આપતાં ગાંધીજીએ લખ્યું હતું:

સત્ય અને પ્રેમ બંને એકસાથે મારા જીવનના માર્ગદર્શક સિદ્ધાંત રહ્યા છે. ઈશ્વર જે અવર્ણનીય છે, તેનું કંઈક વર્ણન કરી શકાય તેમ હોય તો મારે કહેવું જોઈએ કે ઈશ્વર

સત્ય છે. તેને એટલે કે, સત્યને પ્રેમ સિવાય બીજી રીતે પહોંચવું અશક્ય છે. પ્રેમ પૂરેપૂરો માત્ર ત્યારે જ વ્યક્ત થઈ શકે જ્યારે માણસ પોતાની જાતને શૂન્યવત્ બનાવી દે.૧

૧૯૨૫થી ૧૯૨૭, એટલે કે ગાંધીજી કૉંગ્રેસના પ્રમુખ બન્યા ત્યારથી બારડોલીનો સત્યાગ્રહ થયો (૧૯૨૮) ત્યાર સુધીના કાળના મહાદેવભાઈના જીવન વિશે જો એક વાક્ય વાપરવું હોય તો એમ જ કહી શકાય કે તે કાળમાં તેમણે ગાંધીજીની સેવામાં પોતાની જાતને શૂન્યવત્ બનાવી દીધી હતી. એમ તો ગાંધીજીની સેવામાં પોતાની જાતને શૂન્ય બનાવવી એ મહાદેવભાઈના આખા જીવનનો મંત્ર છે, પણ આ કાળમાં તે વિશેષરૂપે એટલા સારુ લાગુ પડી શકે એમ છે, કે તે વખતે મહાદેવભાઈ અખંડ ગાંધીજીની સાથે ને સાથે જ હતા.

‘जथें जातो तथें तू माझा सांगाती
चालवसी हाती घरुनिया ।२

ભક્ત તુકારામની એ વાણી મહાદેવભાઈ ગાંધીજીને ધ્યાનમાં રાખીને ખુશીથી ગાઈ શકે એમ હતા. ઉપરોક્ત સંદેશામાં જ ગાંધીજી આગળ લખે છે:

‘શૂન્યવત્ થવાની આ પ્રક્રિયા પુરુષ કે સ્ત્રી કરી શકે તેવો એક મહાનમાં મહાન પુરુષાર્થ છે. કરવા જેવો એ જ એક પુરુષાર્થ છે અને ઉત્તરોત્તર વધતા જતા આત્મસંયમ દ્વારા જ એ થઈ શકે એમ છે.’૩

મહાદેવભાઈએ માત્ર આ સંદેશાની સાફ નકલ કરીને તેને જિનીવા મોકલવાનું કામ કર્યું નહોતું. તેમણે એ સંદેશની વસ્તુને પોતાના હૃદયમાં ઘૂંટી હતી. તેથી જ એમનું સમગ્ર જીવન શૂન્યવત્ બનવાના ‘મહાનમાં મહાન પુરુષાર્થ’માં સમર્પિત થઈ શક્યું.

પ્રથમ આપણે ત્રણ વર્ષના ગાળાની મુખ્ય મુખ્ય ઘટનાઓને મુખ્યત્વે ગાંધીજીની દૃષ્ટિએ તપાસીએ.

કૉંગ્રેસના ભાગલા પડતા બચાવવાની દૃષ્ટિને નજર સમક્ષ રાખી ગાંધીજીએ કૉંગ્રેસ-પ્રમુખ થવાનું સ્વીકાર્યું હતું. બેલગામમાં કૉંગ્રેસ-પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી ત્યારે પાંચેક દિવસોમાં જ કૉંગ્રેસજનોને મન એ સ્પષ્ટ થઈ ગયું હશે કે નવા અધ્યક્ષ એ માત્ર સ્વપ્નદર્શક આદર્શવાદી જ નહોતા, પણ એક કામ માથે લે તો એની પાછળ પડી એને સારુ શરીર નિચોવી નાખીને એને સાંગોપાંગ પાર પાડે તેવા વહેવારદક્ષ અને કાર્યકુશળ પણ હતા. બેલગામના ઠરાવોમાં અન્ય ઠરાવો તો કૉંગ્રેસમાં જુદા જુદા મત ધરાવતાં

જૂથો સારુ હતા અથવા તો તે બંધારણસંબંધી હતા. પણ આખી કોંગ્રેસે કરવાના કાર્યક્રમ અંગેનો જે ઠરાવ હતો તેને જ ગાંધીજી કોંગ્રેસનો મુખ્ય ઠરાવ માનતા હતા. એ ઠરાવ ખાદી, અસ્પૃશ્યતાનિવારણ અને હિંદુ-મુસ્લિમ એકતાના ત્રિવિધ રચનાત્મક કાર્ય અંગે હતો. ગાંધીજીએ ઠરાવને નજર સામે રાખીને આખા દેશમાં ભ્રમણ કર્યું. પ્રમુખ થયા પછીના પ્રથમ ચાર માસમાં જ તેમણે કાઠિયાવાડ, દિલ્હી, કર્ણાટકમાં ગુલબર્ગા, વાયવ્ય સરહદમાં કોહાટ, સંયુક્ત પ્રાંતોમાં લખનૌ, શાહજહાનપુર, અલાહાબાદ વગેરે, કલકત્તા અને મધ્ય પ્રાંત અને વરાડમાં જબલપુર વગેરે સ્થાનોનો પ્રવાસ ખેડ્યો. આટલાં વર્ષ સુધી વાઈકોમ સત્યાગ્રહને તેઓ દૂરથી જ દોરવણી આપતા હતા તે આ વર્ષે પ્રત્યક્ષ કેરળ જઈને સત્યાગ્રહના સ્થળની મુલાકાત લઈ આવ્યા. પછી તેમણે દક્ષિણ ભારત, બંગાળ, બિહાર તથા સંયુક્ત પ્રાંતો અને કાઠિયાવાડની બીજી વારની મુસાફરી કરી. થોડા દિવસ વર્ધાના આશ્રમમાં વિનોબા અને જમનાલાલજી પાસે પણ રહી આવ્યા.

૧૯૨૫ના જાન્યુઆરી માસમાં ગાંધીજીએ સુરત જિલ્લામાં વેડછી ગામે 'કાળીપરજ પરિષદ'માં હાજરી આપી હતી. અને તે જ માસમાં તેઓ દિલ્હીમાં હિંદુ-મુસ્લિમ ઐક્ય અંગે ભરાયેલ એક સર્વપક્ષીય પરિષદમાં હાજર રહ્યા હતા. ફેબ્રુઆરી માસની શરૂઆતમાં ગાંધીજી રાવલપિંડીમાં વાયવ્ય પ્રાંતના કોહાટથી ભાગીને આવેલા નિરાશ્રિતોને મળ્યા હતા અને એ જ માસમાં તેમણે સૌરાષ્ટ્રનો પ્રવાસ ખેડ્યો હતો. આ દિવસો દરમિયાન કોહાટની પરિસ્થિતિ અંગે ગાંધીજી અને મૌલાના મહમદઅલી વચ્ચે તીવ્ર મતભેદ થયો હતો.

આ વર્ષે મેથી ઑગસ્ટ માસ સુધી ગાંધીજીએ બંગાળનો સુદીર્ઘ પ્રવાસ ખેડ્યો હતો. પછી સપ્ટેમ્બરમાં પટણામાં કોંગ્રેસ કમિટીની બેઠકમાં અધ્યક્ષતા કરી હતી. ત્યાં જ સપ્ટેમ્બર ૧૯૨૫માં કોંગ્રેસના એક ઠરાવ દ્વારા અખિલ ભારત ચરખા સંઘની સ્થાપના કરવામાં આવી હતી. બિહારમાં જ તેમણે ઑક્ટોબરના બીજા અઠવાડિયા સુધી યાત્રા કરી હતી. પછી યુ. પી. જઈ સીતાપુરમાં હિંદી સાહિત્ય સંમેલનમાં હાજરી આપી હતી. ઑક્ટોબરની ૨૨મીથી નવેમ્બરની ચોથી સુધી ગાંધીજીએ કચ્છની મુસાફરી કરી હતી, જ્યાં એમને અસ્પૃશ્યતાનો કડવો અનુભવ થયો હતો. નવેમ્બરમાં થોડો વખત સાબરમતી આશ્રમમાં જઈ ત્યાંથી તેઓ વર્ધા ગયા હતા. ડિસેમ્બરમાં તેમણે કાનપુરમાં કોંગ્રેસનું પ્રમુખપદ શ્રીમતી સરોજિની નાયડુને સોંપ્યું હતું. મહાદેવભાઈએ ગાંધીજીના પ્રમુખપણા હેઠળની બેલગામની કોંગ્રેસ અને સરોજિનીદેવીના પ્રમુખપણા

હેઠળની કાનપુરની કૉંગ્રેસની સરખામણી કરી, પહેલીને 'દીવાનેઆમ' તરીકે અને બીજીને 'દીવાને ખાસ' તરીકે વર્ણવી હતી.

આટલા સતત પ્રવાસને લીધે ગાંધીજીને અતિશય થાક જણાયો હતો. ઉપરાંત આ બાજુ સાબરમતી આશ્રમના વિદ્યાર્થીઓમાં કેટલીક વિકૃતિઓ જણાઈ હતી. તેથી નવેમ્બર માસમાં તેમણે સાત દિવસના ઉપવાસ કર્યા હતા. આશ્રમના પ્રશ્નો અંગે પ્રત્યક્ષ ધ્યાન આપી શકાય અને શરીરને થોડો આરામ પણ મળે એ દૃષ્ટિએ ૧૯૨૬માં એક વર્ષ પૂરતી તેમણે બહારના કામકાજમાંથી નિવૃત્તિ લીધી હતી. પણ આશ્રમમાં રહ્યું રહ્યું મુલાકાતો આપવાનું, यंग इन्डिया ને नवजीवन સારુ લખવાનું તથા ઢગલાબંધ પત્રો લખવાનું કામ તો ચાલુ જ હતું. સપ્ટેમ્બર માસમાં દક્ષિણ આફ્રિકાથી આવેલ એક પ્રતિનિધિમંડળનું સ્વાગત કરવા ગાંધીજી મુંબઈ ગયા હતા. ઑક્ટોબર માસમાં તેમણે પોતાનું વસિયતનામું કરીને પોતાને નામે જે મિલકત હશે તે સર્વ ૨૬–૧૦–૧૯૨૬ના રોજ આશ્રમને નામે કરી હતી. આશ્રમના એક ટ્રસ્ટી તરીકે મહાદેવભાઈને મૂક્યા હતા, પણ ગાંધીજીનું નામ ટ્રસ્ટીઓમાં નહોતું.

૧૯૨૫માં ત્રિવિધ રચનાત્મક કાર્યક્રમ પર ભાર મૂકતા હતા તેને બદલે ૧૯૨૭માં ખાદીપ્રચાર અને ખાદીવેચાણનો કાર્યક્રમ લઈને ગાંધીજીએ ફરી પાછો લાંબો પ્રવાસ શરૂ કર્યો હતો. બંગાળ, વરાડ અને મહારાષ્ટ્રમાં તેમણે સંખ્યાબંધ સભાઓ કરી હતી. મહારાષ્ટ્રના પ્રવાસ દરમિયાન મોટે ભાગે અતિશય પરિશ્રમને કારણે તેમનું લોહીનું દબાણ ખૂબ વધી ગયું હતું અને એકબે વાર તેઓ મૂર્છિત થઈ ગયા હતા. મગજની એક નસ તૂટતી માંડ માંડ બચી ગઈ હતી. આ બીમારીને કારણે ફરજિયાત આરામ લેવાની સ્થિતિ આવી પડી હતી. થોડો સમય નિપાણી, અંબોલી ને સાવંતવાડીમાં રહી, સાવંતવાડીના 'ધર્માત્મા' રાજાની સાથે મધુર પરિચય કેળવી, મૈસૂરના રાજાના નિમંત્રણ અને રાજાજીના આગ્રહને લીધે તેઓ નંદીદુર્ગ નામના હવા ખાવાના સ્થળે ગયા હતા. ત્યાં સ્વસ્થ થયા પછી પણ તેમને લગભગ અઢી માસ બેંગલોરમાં આરામ લેવો પડ્યો હતો. આ માંદગી દરમિયાન ગાંધીજીએ એકબે વાર એવો અભિપ્રાય પણ વ્યક્ત કર્યો હતો કે જેનાથી એમ લાગતું હતું કે તેમના મનમાં લગભગ ખાતરી થઈ ચૂકી હતી કે ૧૭મી એપ્રિલ, ૧૯૨૮થી૪ વધુ તેઓ નહીં જીવે! આવી ધારણા શાનાથી બની હશે

એ સમજાતું નથી. વચ્ચે ઑક્ટોબરમાં વાઇસરૉયને મળવા તેઓ દિલ્હી જઈ આવ્યા. નવેમ્બરમાં તેમણે અઢાર દિવસની મુસાફરી સિલોનમાં કરી હતી.

૧૯૨૭ના ચોમાસામાં ગુજરાતમાં મોટું રેલસંકટ આવી પડ્યું હતું. તે વખતે ગાંધીજી દક્ષિણ ભારતના પ્રવાસમાં હતા. વલ્લભભાઈ રેલરાહતનું કામ ઉત્તમ રીતે ચલાવી રહ્યા હતા એટલે વચ્ચે દખલ કરવી નહીં એવા વિચારે ગાંધીજી ગુજરાત દોડી ન આવ્યા. પણ પ્રવાસ દરમિયાન ઠેર ઠેર તેમણે ગુજરાતના સંકટની વાત કરી હતી.[૫]

૧૯૨૮ની શરૂઆતમાં 'ઇન્ટર નૅશનલ ફેલોશિપ' નામની એક શાંતિવાદી સંસ્થાની કારોબારીની બેઠક સાબરમતી આશ્રમમાં રાખવામાં આવી હતી. એપ્રિલની ૨૩મી તારીખે બિહારમાં પટણા મુકામે ગાંધીજીના ભત્રીજા અને આશ્રમના તેમના અનન્ય સાથી શ્રી મગનલાલ ગાંધીનું ટૂંકી માંદગી બાદ અવસાન થયું હતું. ગાંધીજી જેવા સારુ પણ 'આશ્રમના પ્રાણ' તરીકે ઓળખાયેલા શ્રી મગનલાલ ખુશાલચંદ ગાંધીના અકાળ અવસાનના સમાચાર ભારે આંચકો આપનાર સિદ્ધ થયા હતા.

૧૯૨૮માં ભારતની બંધારણી પૂર્વભૂમિકા અંગે તપાસ કરવા સર જ્હૉન સાઇમનની આગેવાની હેઠળ બ્રિટિશ સરકાર તરફથી એક પ્રતિનિધિમંડળ મુંબઈમાં ઊતર્યું. તેના સભ્યોમાં એક પણ ભારતીય સભ્ય નહોતો. કૉંગ્રેસે સાઇમન કમિશનનો બહિષ્કાર કરવાનું ઠરાવ્યું. દેશભરમાં એની વિરુદ્ધ દેખાવો થયા. ઠેર ઠેર વિરોધી દેખાવો કરનાર શાંત ટોળાંઓ ઉપર પોલીસોએ હુમલાઓ કર્યા. ગાંધીજીની તબિયત તે વખતે નાદુરસ્ત હતી, તે છતાં તેમણે બહિષ્કારને ટેકો જાહેર કર્યો. આવા એક દેખાવમાં ૩૦મી ઑક્ટોબરે પંજાબ કેસરી લાલા લજપતરાયની છાતીમાં પોલીસે બંદૂકના કુંદા માર્યા હતા. તે પછી તેઓ ૧૭મી નવેમ્બરે મૃત્યુ પામ્યા.[૬]

આવા ગાળા દરમિયાન ગાંધીજીનું ઠીક ઠીક ચર્ચાયેલ नीतनिाशने मार्गे પુસ્તક પ્રકાશિત થયું. दक्षणि आफ्रकिाना सत्याग्रहनो इतहिास એ ક્રમશઃ नवजीवनમાં પ્રકાશિત થયો. એનું અંગ્રેજી ભાષાંતર શ્રી વાલજી ગોવિંદજી દેસાઈએ કર્યું. ગાંધીજીની આત્મકથાનું અંગ્રેજી ભાષાંતર ત્યાર બાદ છપાયું. એનો પહેલો હપતો यंग इन्डयिाમાં છપાયો. આ ભાષાંતર મહાદેવભાઈએ કર્યું. આ પુસ્તકના પાંચમા ભાગના ૨૯થી ૪૩ સુધીનાં પ્રકરણોનો અનુવાદ પ્યારેલાલે કર્યો હતો. મહાદેવભાઈ બારડોલી તપાસસમિતિના કામમાં ગૂંથાયા તેથી ભાષાંતર કરવાનું કામ એટલું અધૂરું

છોડ્યું હશે એમ જણાય છે. મહાદેવભાઈનું ભાષાંતર શરૂઆતમાં તાજેતરમાં વિલાયતથી આવેલ ગાંધીજીનાં ભક્ત કુમારી મૅડલીન સ્લેડે જોયું. મિસ સ્લેડને ગાંધીજીએ 'મીરાં' નામ આપ્યું. તેઓ દરેક રીતે સત્યાગ્રહ આશ્રમમાં પાકાં આશ્રમવાસિની બનીને રહ્યાં હતાં. આત્મકથાનું અંગ્રેજી ભાષાંતર શ્રી શ્રીનિવાસ શાસ્ત્રીએ પણ તપાસ્યું હતું. આજે सत्यना प्रयोगोના અંગ્રેજી ભાષાંતર ઉપરથી દુનિયાની અનેક ભાષાઓમાં અનુવાદ થયા છે.

આ જ કાળ દરમિયાન ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠ મંડળની પુનર્રચના કરી હતી જેના પણ એક સભ્ય થવા, બીજા અનેક મહાનુભાવો જોડે મહાદેવભાઈને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

બેલગામથી બારડોલી સુધીની ગાંધીજીની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓનું ટૂંકમાં આટલું વિહંગાવલોકન કર્યા પછી હવે આપણે મહાદેવભાઈની વૃત્તિ-પ્રવૃત્તિઓને થોડી નજીકથી નિહાળીએ.

મહાદેવભાઈ બીજાઓ સાથે થયેલી વાતચીતમાંથી જે વસ્તુઓ નોંધે તેમાં વિચારોની પસંદગી કે ચાળણી કરવાની એમની નીરક્ષીરવૃત્તિ તો સમજાય જ, પણ ઘણી વાર એ નોંધો સામેનાના શબ્દોમાં મહાદેવભાઈના જ હૃદયની વાતોની નોંધ આપી જતી હોય. એને લીધે મહાદેવભાઈની ભૂમિકા ઉપદેશક ન થતાં રિપોર્ટરની જ રહેતી, છતાં એમને જે કહેવું હોય તે કહેવાની તક મળી જતી. શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથ ઠાકુરના મોટા ભાઈ સાથેની મુલાકાત વિશે આપણે આગળ ઉપર ઉલ્લેખ કરી ચૂક્યા છીએ. ૧૯મી જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ તેઓ દેવલોક પામ્યા ત્યાર પછી ૨૪–૧–'૨૬ના રોજ મહાદેવભાઈનો ઉત્તમ લેખ બડોદાદા વિશે नवजीवनમાં પ્રગટ થયો. એ લેખમાં એક પૅરેગ્રાફ એવો છે કે જેની મારફત બડોદાદાના શબ્દોમાં મહાદેવભાઈ પોતાની મનોવૃત્તિ સમજાવે છે:

હું તો અનેક વાતની એક જ વાત સમજું. અંગ્રેજ મુત્સદ્દીઓની સાથે સહકાર કરવો એ તો પેલા બગલાને બિલાડીની સાથે એક થાળીમાં ભોજન કરવું પડ્યું હતું એના જેવું છે. આપણે સૌ જાણીએ છીએ કે ગાંધી કામ, ક્રોધ, લોભ, મદ, મત્સરના કીચડમાંથી નીકળી ઘણી ઊંચી ભૂમિકાએ પોતાનું કાર્ય કરે છે. ગાંધીમાં રણોન્મત્તતા જેવી વસ્તુ નથી. એ તો અહિંસાનો એકાંતિક સેવક છે. એ આવેશ કે નશામાં એકે પ્રવૃત્તિ કરે

એમ નથી — સર્વને જે કાર્ય પસંદ હોય તેવા કાર્યમાં પણ એ આવેશ કે નશાથી પડે એવો નથી. એટલે આવા માણસના મોહમુક્ત, વિશુદ્ધ સાધુજનોચિત સત્કાર્યમાં સર્વાન્તઃકરણપૂર્વક જોડાવું એ જ શ્રેય છે. મારો તો ધ્રુવ વિશ્વાસ છે કે ગાંધીના જેવું સો ટચનું સોનું આ ઘોર કળિકાળમાં મળવું દુર્લભ છે. એ સોનાનો વેપાર કેમ ન કરી લઈએ?૭

મહાદેવભાઈને મન પણ ગાંધીજીની સેવા એ સો ટચના સોનાના વેપાર બરાબર હતી. તેથી તેમનું દરેક કષ્ટમય કામ પણ આનંદમય થઈ રહેતું.

એ જ રીતે ૧૩–૧–૨૬ની પ્રભાતની વિનોબાની સાત્ત્વિક વૃત્તિ અંગેની સમજૂતી પણ મહાદેવભાઈના અંતરનો પડઘો પાડનારી બની રહે છેઃ (ગીતામાં) 'યોગીઓમાં પણ, મને જે શ્રદ્ધાથી ભજે છે, અંતરાત્મામાં મને રાખીને ભજે છે તે જ સૌથી યુક્ત છે,' એમ કહ્યું છે. આમ એ ભક્ત પણ યોગી તો હોવો જ જોઈએ. આપણે ત્યાં જે કહેવામાં આવે છે કે કર્મ જેમ ચાલે છે તેમ ચાલ્યા કરવા દો, ભક્તિ કરશો તો મોક્ષ છે જ, એ બરોબર નથી. ... ધૃતિ વિના ભક્તિ નથી જ. ... બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ છે. પછી યોગી, પછી જ્ઞાની આવે છે પણ શિરોમણિ તો ભક્ત જ છે. જે ભક્તિમાં ત્યાગ નથી, યોગ નથી, તે ભક્તિ સંભવતી નથી. 'पौरुषं नृषु' (ગીતા અધ્યાય ૭, શ્લોક ૮) કહ્યું તેમ પૌરુષ ભક્તિમાં જણાવું જોઈએ.૮ અને મહાદેવ માનતા હતા કે કોઈ પણ પરમ વસ્તુની સાધના તપશ્ચર્યા વડે જ સહજ થાય છે. તેથી ગાંધીની અહર્નિશ સેવા એમને મન વનવાસમાં અહર્નિશ રામની સેવા કરનાર લક્ષ્મણ જેટલી જ સહજ બની ગઈ હતી.

ગાંધીજીની સાથે સતત રહેવું એનો એક અર્થ તો એ થાય કે એમની સાથે દિવસરાત એક કરીને પ્રવાસ કરવો. મહાદેવભાઈ જેવા સારુ આખું વર્ષ દિવસ થોડો મોટો થાય અને રાત થોડી નાની થાય, કારણ, એમનો દિવસ, સામાન્યપણે, ગાંધીજીથી સહજ વહેલો ઊગે અને સહેજ મોડો આથમે. એટલે કે, તેઓ ગાંધીજી ઊઠે તેનાથી જરાક વહેલા ઊઠે અને ગાંધીજીના સૂતા પછી સૂએ.

સતત સાથે રહેવાનો બીજો અર્થ થાય ગાંધીજીના મુલાકાતીઓનો ધસારો બને એટલો ખાળવો અને એમની ટપાલનો બોજ બને એટલો પોતે ઉપાડી લેવો. આમ મહાદેવભાઈની ભક્તિનું પૌરુષ ઉજાગરા, રખડપટ્ટી અને લખવાના અથાક પરિશ્રમમાં પ્રગટ થતું હતું.

દક્ષિણ ભારતના પ્રવાસ દરમિયાન ગાંધીજીની ચિંતા કરીને મહાદેવભાઈ એક જગાએ એ અંગે થયેલી દોડધામનું વર્ણન કરે છે. પણ તેમ કરતાં, તેઓ અજાણતામાં પોતાના પરિશ્રમનું પણ બયાન આપી દે છે:

ત્રિચુરથી પાલઘાટ ગયા. રસ્તાની હાડમારીનો ત્રાસ મેં નથી વર્ણવ્યો. પણ દક્ષિણનો પ્રવાસ કેટલો કઠણ હતો એનો નમૂનો આપવાની ખાતર હું આ દિવસનો કાર્યક્રમ આપી દઉં.૯ ૧૮–૩–'૨૫ને રોજ પ્રભાતે ૪॥ વાગ્યે પારૂર સભા; ત્યાંથી મોટરમાં આલવાઈ — ત્યાં ત્રણ સભા; ત્યાંથી ૧૧ વાગ્યે ટ્રેનમાં ત્રિચુર — ત્યાં મહારાજાની મુલાકાત, સરઘસ, બે સભા — ૩ વાગ્યે પાલઘાટના અતિશય ખરાબ પહાડી રસ્તા ઉપરથી પ્રવાસ — ૭॥ વાગ્યે ત્યાં; પાલઘાટમાં અતિશય અવ્યવસ્થિત જાહેરસભા, ટોળાંઓના ત્રાસને લીધે વ્યાસપીઠ પર પહોંચતાં ૮ વાગ્યા! પુષ્કળ વરસાદ; સ્ત્રીઓની સભા ૯ વાગ્યે; પંડિતોનો શાસ્ત્રાર્થ — ૧૦થી તે રાત્રે ૧ વાગ્યા સુધી; કૃષ્ણસ્વામી અય્યરના શબરી આશ્રમની મુલાકાત રાત્રે ૨ વાગ્યે; ૨॥ વાગ્યે સ્ટેશન ઉપર આરામ! આ ૨૨ કલાકનો અખંડ કાર્યક્રમ છે. આવા બીજા ઘણા દિવસ ગયા હતા. નમૂનો, માત્ર લોકો ગાંધીજીની પાસે કેટલું કામ લે છે એ બતાવવા આપ્યો છે.૧૦

અને જિદ્દી મુલાકાતીઓથી થતી કનડગતનો એક નમૂનો:

જેમતેમ કરીને કાંતવાનો એક કલાક ચોરનાર ગાંધીજીના ભક્તોને દયા નથી. ઘણા તો એમને રેંટિયા કાંતવા આપે, અને પછી પ્રસાદ તરીકે સૂતર રાખી લેવા માગે! એમ ન વિચાર કરે કે કૉંગ્રેસને આપવાનું એટલું ઓછું થાય છે. પણ ચિતાગોંગમાં એક તાજુબ કરે એવા મિત્ર મળી આવ્યા. સરકારી કૉલેજના પ્રિન્સિપાલ મુસલમાન સજ્જન હતા. એ તો ગાંધીજીને કહે, 'મારે તો તમારા કાંતેલા સૂતરનું કપડું જોઈએ. એ હોય તો ખાદી પહેરું.' ઔરંગઝેબ બાદશાહની માફક ગાદીએ જ બેસી રહ્યા હોય તો તો, એ ટોપી સીવીને વેચતો તેમ ગાંધીજી પણ વણીને પોતાનું કપડું વેચે. ગાંધીજીએ કહ્યું: 'મારાથી હજી એટલું નથી કંતાતું અને વણું તો ક્યારે?' છતાં તેમણે આગ્રહ ચાલુ રાખ્યો. ગાંધીજી કહે: 'પ્રયત્ન કરીશ.' દધીચિનાં હાડકાં લેવા જનારાઓ પણ આવા જ હશે?૧૧

તા. ૧૫–૨–૧૯૨૫ને રોજ રાજકોટમાં ત્યાંના ઠાકોરસાહેબે ગાંધીજીને માનપત્ર આપ્યું. તેનો જે જવાબ ગાંધીજીએ આપ્યો તે પછી મહાદેવભાઈ એક નોંધ લખે છે તે એમના એમેય અઘરા કામની એક વધારાની મુશ્કેલી બતાવી આપે છે:

ગાંધીજીએ માનપત્રનો જવાબ આપતાં જે ભાષણ કર્યું, જે વાતાવરણ ઉત્પન્ન

કરી દીધું તેનો પૂરો ખ્યાલ આપવો અશક્ય છે. ભાષણ શબ્દેશબ્દ આપવા જનાર વાતાવરણ ચૂકે, અને ભાષણ નોંધ્યા વિના યાદ રાખી વાતાવરણને ચીતરવા જનાર ભાષણમાંના અમૂલ્ય ઉદ્‌ગારો ચૂકે. આવી રીતે અનેક વાર, ગાંધીજીના ભાષણનો હેવાલ આપનારની દશા ત્રિશંકુના જેવી કરી મૂકે છે.૧૨

આમ મહાદેવભાઈનું આ વર્ષોનું કામ છાપાંઓમાં ઝળકે તેવું કદાચ નહીં હોય, પણ 'ભક્તિના પૌરુષ' તરીકે વર્ણવી શકાય એવું તો હતું જ.

ખુદ ગાંધીજીએ આ પૌરુષને પોષ્યું હતું. પોતાના સંખ્યાબંધ પત્રોને છેવાડે ગાંધીજી લખતા કે 'બાકી ખબરો મહાદેવ પાસેથી મળશે.' વળી અનેક લેખોમાં લખતા: 'વિગતવાર વર્ણનની આશા વાચક મહાદેવ પાસે રાખે.' વળી કોઈક પ્રદેશના પ્રવાસ પછી ત્યાંના કોઈ મહત્ત્વના પ્રશ્ન અંગે નોંધ લખતાં સાથે સાથે ગાંધીજી એમ પણ લખી દે કે 'પ્રદેશના રસિક અનુભવોની નોંધ લેવાનો ભાર મહાદેવ ઉપાડી લેશે.' આમ ગાંધીજી અતિભારે કામ કરે તેથી મહાદેવભાઈનું કામ ઘટવાનો સંભવ ઓછો રહેતો. હા, મહાદેવભાઈના કામને લીધે ગાંધીજી બમણું કામ કરી શકતા એ સાચું. એક રીતે જોઈએ તો આ બે જણની જોડી ક્રિકેટની રમતમાં જામી ગયેલી જોડી જેવી હતી. તેમાંયે જ્યારે એક છેડેથી એક વધુ આક્રમક રીતે ફટકાબાજી કરતો હોય ત્યારે બીજો બીજે છેડે શાંતિથી પોતાનો દાવ જાળવી રાખીને પોતાના ભેરુને 'સ્ટૅન્ડ' આપે તેના જેવું થતું. કોઈક વાર આમ ચૂપકીથી 'સ્ટૅન્ડ' આપવાનું મહાદેવભાઈની ચપળ કલમને ભારે પણ પડ્યું હશે. દક્ષિણના એક પ્રવાસ પછી તેઓ એક ઠેકાણે કહે છે: 'કન્યાકુમારી ઉપર ગાંધીજીએ લેખ લખ્યો છે, એટલે મને તે વિશે ઘેલા થઈને લખવાની તક ગઈ.' પણ પોતાનો વારો આવતાં મહાદેવભાઈ પોતાનું કૌશલ દેખાડવાનું શાનું ચૂકે? બીજા જ વાક્યમાં તેઓ લખે છે, 'પણ ગાંધીજીના વર્ણનમાં એકબે વસ્તુ ઉમેરવાની ધૃષ્ટતા કરું? ભારતમાતાને શિખરે કાશ્મીર અને હિંદુકુશ ગાંધીજીએ કલ્પ્યાં છે. હું તો કૈલાસને જ ગણું છું. અને કૈલાસપતિ શિવને શિખરે બેસાડી એને જીતનારી કન્યાકુમારી ઉમાને ભારતમાતાને ચરણે બેસાડવામાં પણ કાંઈક અજબ સાર્થકતા દેખાય છે. દેશનો પાદસ્પર્શ કરતાં તપશ્ચર્યાનાં દર્શન અને શિખરે પહોંચતાં પણ તપશ્ચર્યાનાં દર્શન થાય એ તો સ્પષ્ટ છે.'૧૩ ક્રિકેટનું જ રૂપક આગળ ચલાવીએ તો અઝહરુદ્દીનને સ્ટૅન્ડ આપતાં આપતાં તેંડુલકર એનો સ્કોર વટાવી જતો હોય એવું કથન છે ને આ? ગાંધીજીનાં વર્ણનોને, એમના વિચારોને, એમનાં કથનોને પ્રાચીન સંસ્કૃતિનો આધાર આપી તથા

કવિસુલભ કલ્પનાથી પુષ્ટ કરી એ કથનોને વધુ સમૃદ્ધ કરવાનું કામ એ મહાદેવભાઈનું લગભગ દૈનંદિન કામ થઈ ગયું હતું.

પણ ગમે તેટલી પ્રતિભા ગાંઠે બાંધી હશે, છતાંયે મહાદેવભાઈની નમ્રતા અને એમની ભક્તિએ એમનું પોતાનું સ્થાન તો કૈલાસપતિની સોડમાં નહીં, પણ સદાય ચરણસ્પર્શ કરતું ઉમાની જોડે કન્યાકુમારી આગળ જ માન્યું હતું. તેથી બંગાળના પ્રવાસમાં એક વાર જાણે પોતાને મળેલી સગવડો વિશે ફરિયાદ કરતા હોય એમ કહે છે:

ગાંધીજીને કાઠિયાવાડ અને ગુજરાતની મુસાફરીમાં જે પરિશ્રમ પડેલો અને તાવ આવેલો તેથી ભડકીને ભાઈ શંકરલાલે અને મેં, બંગાળાનો પ્રવાસક્રમ ગોઠવનારાઓને ભડકાવેલા એ હું કબૂલ રાખું છું. પણ એમ કરવામાં કશું માઠું પરિણામ નથી આવ્યું. ગાંધીજીનું સ્વાસ્થ્ય જળવાય એવી રીતે એઓ પ્રવાસ કરે એ માટે સતીશબાબુએ કાંઈ કરવામાં મણા રાખી નહીં. એમાં મારા જેવા હમાલને પણ ફર્સ્ટ ક્લાસમાં ફરવાપણું આવે એવી અતિશયતા છે.૧૪

પણ આ આતિથ્યનું બીજું પાસું પણ હતું. એ જ બંગાળના પ્રવાસમાં દીનાજપુરથી મહાદેવભાઈ દેવદાસ ગાંધીને ૨૧–૫–'૨૫ના પત્રમાં લખે છે:

એક મોટરમાં બેઠો બેઠો લખું છું. બાપુ ખાઈને આવે તેની રાહ જોઉં છું. એ આવે એટલામાં જેટલું લખાય એટલું ખરું. આજે મારું અને કૃપલાણીનું ઠીક અપમાન થયું. એક શૉફરે ધક્કો મારીને કાઢ્યા.' 'જ્યાં જોઈએ ત્યાં મહાત્માજીની સાથે શેના જાઓ છો.' એમ કહીને. ... પણ આ અપમાનનો દાખલો તો તમને લખવા ખાતર લખું છું. ફરિયાદ ખાતર નહીં. ... બાકી અમને માન મળે છે તે પણ અઘટિત છે, જેમ અપમાન અઘટિત મળે. ગઈ કાલે મૈમનસિંગના મહારાજાને ત્યાં હતા. ત્રાવણકોરના રાજમહેલ જેવો હશે.' અમને સૌને જુદા બેડરૂમ અને બાથ! અને મહારાજા સાથે જમ્યો અને બધાના ફોટોગ્રાફ લીધા! અને બાપુ સાથે આખી મુસાફરી ફર્સ્ટ ક્લાસમાં. આ બધાને શું હું લાયક છું? પણ એ તો सुखदे:ुखे समेकृत्वा तथा मानापमानयोःની તાલીમ કહેવાય.૧૫

ઉપરોક્ત શ્લોકાર્ધના બીજા ભાગમાં મહાદેવભાઈએ ગીતાના બીજા અધ્યાયના આડત્રીસમા શ્લોકની જોડે બારમા અધ્યાયના અઢારમા શ્લોકને જાણ્યે કે અજાણ્યે ભેગા કરી દીધા છે તે યોગ્ય રીતે જ મહાદેવભાઈમાં રહેલા યોગી અને ભક્તનો સમન્વય કરી દે છે.

બંગાળના આવા જ કેટલાક કડવા-મીઠા અનુભવો વર્ણવીને મહાદેવભાઈ દેવદાસભાઈને એ જ પત્રમાં પ્રશ્ન પૂછે છે:

બંગાળનાં ચિત્રો તમને શી રીતે આપું? नवजीवन કે यंग इन्डयिाમાં એ લખાય? અને यंग इन्डयिाમાં તો ભારે હૅન્ડિકેપ (નડતર). બાપુ એ જ વસ્તુ વિશે લખવાના હોય. એટલે બાપુનું જોયા પછી ઘણી વાર લખું અને હવે તો દરેક અઠવાડિયે यंग इन्डयिाમાં લખવાનું ચોંટ્યું. તમને ગમે છે ખરું? એ પારકી ભાષામાં આપણને લખવું ન ફાવે ભાઈ. ...૧૫

૧૯૨૭ના નવેમ્બર માસમાં ગાંધીજી લંકાની મુસાફરીએ ગયા હતા. એ મુસાફરીનો ઉદ્દેશ પણ ખાદીપ્રચાર અને ખાદીફાળા સારુ રકમ ભેગી કરવાનો જ હતો. પણ એમના સ્વભાવ અને વ્યક્તિત્વની લાક્ષણિકતા મુજબ ગાંધીજીએ પોતાનાં ભાષણો, મુલાકાતો અને વાર્તાલાપોમાં બીજા અનેક વિષયોને આવરી લીધા હતા. મહાદેવભાઈ આ પ્રવાસમાં ગાંધીજીની સાથે જ હતા. લંકાયાત્રાનાં એમનાં વર્ણનો वथि गाधंीजी इन सलिोन નામના પુસ્તકમાં પ્રકાશિત થયાં છે.૧૬ કોઈ જાહેર વ્યક્તિના પ્રવાસના અહેવાલ તરીકે લંકાપ્રવાસના મહાદેવભાઈના અહેવાલો પત્રકારસાહિત્યમાં એક આગવું સ્થાન પામી શકે એમ છે.

આ જ અરસા દરમિયાન ગાંધીજીએ ફિનલૅન્ડ, અમેરિકા અને ચીન જવાનાં નિમંત્રણોનો અસ્વીકાર કર્યો હતો. આ અસ્વીકાર પાછળ ગાંધીજીની વૃત્તિ 'દેશમાં અહિંસાનો દેખાડી શકાય એવો નમૂનો ન હોય તો અહિંસા બોધવા વિદેશ શા સારુ જવું?' એવી હતી. ફિનલૅન્ડ જવાનું નિમંત્રણ રોમાં રોલાં વગેરે મિત્રો તરફથી મળ્યું હતું. વળી ભારતમાં કેટલાક મિત્રોએ ગાંધીજીની તબિયતને હવાફેરથી લાભ થશે એમ પણ સૂચવ્યું હતું. એટલે એ બાબત તેમણે લાંબા વખત સુધી વિચારાધીન રાખી હતી. જ્યારે જ્યારે પણ ગાંધીજીએ વિદેશપ્રવાસનો વિચાર કર્યો ત્યારે ત્યારે તેમણે પોતાની સંગાથે મહાદેવભાઈ હોય જ એમ કલ્પેલું.

ગાંધીજી ૧૯૨૬ના વર્ષમાં મોટે ભાગે સાબરમતી આશ્રમમાં રહ્યા ત્યારે ફેબ્રુઆરીની ૨૪મી તારીખથી નવેમ્બરની ૩જી તારીખ સુધી તેમણે આશ્રમવાસીના ગીતા અંગેના વર્ગો લીધા હતા. આ જ વર્ષે જુલાઈ મહિનાથી દર શનિવારે ગૂજરાત વિદ્યાપીઠમાં બાઇબલના વર્ગ લીધા. ગીતાનાં ભાષણોની નોંધ એક બીજા આશ્રમવાસી શ્રી પૂંજાભાઈ

અને મહાદેવભાઈએ લીધી હતી. આ ભાષણો આપતી વખતે ગાંધીજી ખાસ કરીને ગીતાના શબ્દાર્થ અને ભાવાર્થમાં ઊંડા ન ઊતરેલા આશ્રમવાસીઓને ધ્યાનમાં રાખીને બોલતા. આ ભાષણો આપતી વખતે એકબે વાર ગાંધીજીએ એવો ઉલ્લેખ કર્યો છે કે સંસ્કૃતના ઉચ્ચારણ કે તે ભાષાનો અર્થ તો તેમના કરતાં મહાદેવભાઈ વધારે જાણે. પણ મહાદેવભાઈ તો આ ભાષણોની નોંધ પણ બીજાં ભાષણોની નોંધ લેતા હતા તેટલા જ ભક્તિભાવથી લેતા. વચ્ચે વચ્ચે બહાર જવાનું થયું તેથી તેઓ બધાં ભાષણોની નોંધ નહોતા લઈ શક્યા અને પાછળથી એનું સંપાદન કરીને પુસ્તકાકારે છપાવવાને પણ તેમને અવકાશ નહોતો મળ્યો. તેથી મહાદેવભાઈના મરણ બાદ એમની ડાયરીઓ તથા શ્રી પૂંજાભાઈની નોંધોની મદદ લઈને શ્રી નરહરિભાઈએ તે ભાષણોને પુસ્તકાકારે પ્રસિદ્ધ કર્યા હતાં.૧૭

**નવજીવન**ના સર્વ વાચકો કાંઈ મહાદેવભાઈ જેવા ગાંધીભક્તો નહોતા અને ગાંધીજી પ્રત્યે આદર હોય તોયે મહાદેવભાઈનાં લખેલાં પ્રવાસવર્ણનોથી કંટાળે એવાયે વાચકો મળી આવે. એવા એક વાચકને ખ્યાલમાં રાખીને ગાંધીજીએ લખ્યું:

ભાઈ મહાદેવ દેસાઈ મારા ભ્રમણની રોજનીશી આપે છે એ ફરિયાદનું કારણ ન હોવું જોઈએ. મારું ભ્રમણ મારા શોખને અર્થે નથી પણ સેવા અર્થે છે. તેથી મારા ભ્રમણનાં પરિણામો જાણવાનો વાચકવર્ગનો હક છે ને તે કોઈ ને કોઈ રીતે આપવાનો મારો ધર્મ છે. મહાદેવની રોજનીશીમાં મારી સ્તુતિ ઘણી વેળા આવી જાય છે એ તેનો દોષ છે જ, પણ તે લગભગ અનિવાર્ય થઈ પડ્યું છે. મારી સાથે ભમનાર મારા મંત્રીનું, મારા હમાલનું કામ કરનાર મારા ટીકાકાર ભાગ્યે જ હોઈ શકે. તે તો પ્રેમથી કે મોહથી પ્રેરાઈને જ કરે. પગાર જેવી લાલચ તો તેવાને હોય નહીં. તેમની સ્તુતિ ઉપર હું અંકુશ મૂકી શકું, તદ્દન રોકી ન શકું. મારી સાથે નિકટનો સંબંધ કરનાર મારે વિશે જે માને તેથી હું જે ગર્વમાં આવી મારું મગજ ફરી જવા ન દઉં તો મારે તેવી સ્તુતિને બોજારૂપ સમજી તેને લાયક થવાને વિશેષ પ્રયાસ જ કરવો રહ્યો. જ્યાં સુધી હું તેમ કર્યા કરું ત્યાં સુધી એ સ્તુતિઓ નુકસાનકારક નીવડવાનો સંભવ નથી. ...

એટલે મજકૂર લેખકની ટીકાના તથ્યાંશને સમજવાની ને તેનો ઉપયોગ કરવાની હું મહાદેવને ભલામણ કરું છું. હું પોતે તો વધારે સાવધાન રહેવા મથીશ.૧૮

મહાદેવભાઈની સ્તુતિ કેવળ ગાંધીજી પૂરતી સીમિત હતી એમ કોઈ રખે માને. એમેય

મહાદેવભાઈ કોઈ પણ સજ્જનને ભેટે તો એની ઉપર મુગ્ધ થઈ જતા. એમની જોડે થોડો કાળ પણ ગાળવાનો મળે તો પોતાના સાપ્તાહિક પત્રોમાં એમની થોડીઘણી તો સ્તુતિ આપ્યા વિના એમનાથી રહી જ ન શકાય. વળી જો વિનોબાજી જેવા કોઈ વર્ધાથી સાબરમતી આવ્યા હોય અથવા ગાંધીજી સાબરમતીથી વર્ધા વિનોબાજી પાસે ગયા હોય, અથવા સરદાર કે રાજાજી જેવાની સાથે મહાદેવભાઈને પ્રવાસ કરવાનો પ્રસંગ પડ્યો હોય તો તેમનાં પ્રવચનોનો અહેવાલ પણ મહાદેવભાઈ ઠીક ઠીક ભક્તિપૂર્વક પોતાની ડાયરી કે સાપ્તાહિક પત્રોમાં આપતા. ઘણી વાર તો કોઈ અજાણી કે નાની વ્યક્તિ પણ ગાંધીજી પ્રત્યે ભક્તિ દેખાડે તો તે મહાદેવભાઈના સાપ્તાહિક પત્રોમાં નોંધપાત્ર બની રહેતી. મહાદેવભાઈની ડાયરીમાં આવી સંખ્યાબંધ વ્યક્તિઓનો પરિચય આપણને પામવા મળશે.

આ ગાળાના બંગાળના પ્રવાસ દરમિયાન ગાંધીજી અને મહાદેવભાઈને દેશબંધુ ચિત્તરંજન દાસના ગાઢ સંપર્કમાં આવવાનું થયું. તેમના આગ્રહથી ગાંધીજી અને મહાદેવભાઈ જૂનની ત્રીજીથી પાંચમી સુધી દાસબાબુની સાથે રહ્યા હતા. ત્યાર બાદ જૂનની ૧૭મી તારીખે૧૯ ગાંધીજીને દેશબંધુના સ્વર્ગવાસના દુખદ સમાચાર મળ્યા. ગાંધીજીએ એમના ‘શ્રાદ્ધ’ને પ્રસંગે હાજરી આપી. એમના પરિવારની સાથે રહી તેને હૂંફ આપી. ત્યાર બાદ બંગાળનો પ્રવાસ થોડા મહિના લંબાવ્યો અને દેશબંધુના સ્મારક સારુ આખા દેશમાંથી ફાળો ઉઘરાવ્યો. દેશબંધુના મરણ પછી મહાદેવભાઈએ લખેલ શ્રદ્ધાંજલિ લેખ એક ભક્ત બીજા ભક્તને અંજલિ આપે તેવો છે. એ લેખે હજારો બંગવાસીઓનાં મન મોહી લીધાં હશે. શ્રી ચિત્તરંજન દાસનાં બહેન ઊર્મિલાદેવી સેને તો મહાદેવભાઈને પોતાના પરિવારમાં જયેષ્ઠ પુત્રનું સ્થાન આપેલું જ હતું. ઊર્મિલાદેવીના પરિવાર સાથે મહાદેવભાઈના પરિવારનો એ આત્મીયતાનો સંબંધ મહાદેવભાઈના મરણ બાદ વર્ષો પછી પણ એવો ને એવો જ રહ્યો. ઊર્મિલાદેવીના મરણ પછી વર્ષો સુધી તેમના પુત્ર શ્રી જિતેન સેન અને પુત્રવધૂ કલ્યાણી સેને તે સંબંધ નારાયણ અને ઉત્તરા સાથે એવો ને એવો જ જાળવ્યો હતો.

દેશબંધુના સ્મરણમાં લખાયેલ લેખમાં મહાદેવભાઈએ દેશબંધુનાં અનેક કાવ્યોમાંથી એમના જે ભજનને ટાંક્યું છે, એ બંને જણની ભક્તિ પ્રત્યેની સમાન રુચિ દર્શાવે છે. ‘તારું દર્શન ન થાય તો કાંઈ નહીં; તને જોવાની તૃષ્ણા તો તું ચિરંજીવ રાખજે. એ તૃષ્ણા જીવંત રહે એટલુંયે મારે માટે બસ છે.’ એટલા એક વાક્યમાં દેશબંધુના અત્યંત મધુર

ભજનનો સાર આપીને પછી મૂળ કોમળ બંગાળી શબ્દાવલિમાં આખું ભજન ટાંકી નીચે મહાદેવભાઈ એક વાક્યની નોંધ કરે છે: 'જાણે સ્વરાજ આવે ત્યાં સુધી સ્વરાજની તીવ્ર તૃષ્ણા ચિરંતન જાગ્રત રહે, સ્વરાજ ન આવે ત્યાં સુધી સ્વરાજ માટે આંખ સદાય ભીંજાયેલી રહે એ જ એમની સાધના હતી.'૨૦ આ વાક્ય મહાદેવભાઈ પોતે પણ ઈશ્વરદર્શન અને સ્વરાજદર્શનની સાધનાને કેવી અભિન્ન માનતા હતા તેનું સૂચક છે.

આ આખા કાળ દરમિયાન ગાંધીજીએ મહાદેવભાઈને પોતાની સાથે જ રાખેલા. ક્યાંક જવાનું હોય ત્યાં આગળથી લોકોને જણાવતા કે મહાદેવભાઈ પણ તેમની સાથે રહેશે. માત્ર પોતાને ક્યાંક જવાનું મન હોય અને કામના રોકાણને લીધે જઈ શકે એમ ન હોય તો મહાદેવભાઈને મોકલતા. કોઈક વાર જાહેર કામકાજ પતાવવા સારુ મોકલતા, તો કોઈક વાર વળી ઘરના અંગત કામ સારુ પણ મહાદેવની જ પસંદગી થતી. શ્રી દેવદાસ ગાંધીને મે, ૧૯૨૬માં મુંબઈમાં ઍપેન્ડિસાઇટિસનું ઑપરેશન કરાવવું પડ્યું ત્યારે તેમની વ્યવસ્થા અને સારવાર અર્થે ગાંધીજીએ કસ્તૂરબા અને મહાદેવને મોકલેલાં.

દેવદાસની ગેરહાજરીમાં ગાંધીજી પાસે મહાદેવભાઈનું કામ વધી પડતું. શ્રી મથુરાદાસ ત્રિકમજીએ એને અંગે થોડી ચિંતા વ્યક્ત કરી હશે. ગાંધીજીએ જવાબમાં લખ્યું:

દેવદાસ ન હોવાથી મહાદેવને વધારે કામ કરવું પડે છે એમાં કંઈ શક નથી. પણ એ નવાઈની વાત ન ગણાવી જોઈએ. સગવડ હોય ત્યારે જ સેવા થતી હોય તેમાં મિત્રતા ન આવે. મહાદેવ ત્યાં ન આવી શકે તો...૨૧ દેવદાસની ગેરહાજરીથી થતી અગવડ તે ભોગવી લે. દેવદાસની દૃષ્ટિએ તેને ત્યાં લાંબો કાળ રહેવું પડે તો કંઈ ખોવાપણું નથી. સેવામાં જ આત્મોન્નતિ રહી છે.૨૨

થોડા કલાક સારુ ગાંધીજીથી દૂર જવાની સૂચના અંગેનો એક પ્રસંગ કાકા કાલેલકરની કલમને લીધે હવે ઘણો જાણીતો થઈ ગયો છે. કાકાસાહેબે આ પ્રસંગ વર્ષો પછી યાદદાસ્તને આધારે લખાવેલો છે, તેથી અજાણતામાં તે વર્ણનમાં ગાંધીજીની પ્રત્યે સહજ અન્યાય થઈ જાય છે.

પ્રસંગ આમ છે. ૧૯૨૭(કાકાસાહેબે ૧૯૨૬ લખ્યું છે)ની ૧૪મી ઑગસ્ટને દિને ગાંધીજી અને તેમનો રસાલો મૈસૂર રાજ્યની મુસાફરી કરતાં શિમોગા પહોંચ્યો હતો. આ પ્રવાસમાં કોઈ કોઈ વાર કાકાસાહેબ વગેરે આસપાસનાં જોવાલાયક સ્થળો પણ જોઈ

આવતા. કામનો બોજો વધુ ન હોય તો મહાદેવભાઈ પણ કોઈ કોઈ વાર તેમની સાથે જોડાતા. શિમોગા આવ્યા પછી ભૂગોળના ઉત્તમ શિક્ષક અને આખું જીવન રખડવાનો આનંદ માણનાર કાકાસાહેબને યાદ આવ્યું કે નાનપણથી જે જોવાનું સપનું સેવેલું તે જોગ એટલે કે, જેને ગેરસપ્પાનો ધોધ કહે છે તે શિમોગા જિલ્લામાં જ શરાવતી નદીનો ધોધ છે. તેમણે ત્યાં જવાનું વાતાવરણ બનાવ્યું. રાજાજી, દેવદાસ, ગંગાધરરાવ, મણિબહેન વગેરે તૈયાર થઈ ગયાં. મહાદેવભાઈને કહેતાં તેમણે 'ના' પાડી. કાકાસાહેબે પોતાની બાપુની ઝાંખીમાં એમ વર્ણવ્યું છે કે બાપુએ મહાદેવભાઈને જવાની ના પાડી.૨૩ પણ તે જ સમયે ટપકાવેલ ડાયરીમાં મહાદેવભાઈ કહે છે કે તેમણે પોતે જ જવાની ના પાડેલી.૨૪ પછી કાકાસાહેબે ગાંધીજીનું હુકમનું પાનું વાપરવાનો પ્રયત્ન કર્યો હશે ત્યારે ગાંધીજીએ કહ્યું તેમાંથી કાકાસાહેબે: 'મહાદેવ નહીં આવે, હું જ એનો ગેરસપ્પા છું' એમ નોંધ્યું છે. તેમાં ગાંધીજીને પક્ષે સહેજ અભિમાનની ગંધ આવે છે. મહાદેવભાઈને તો ગાંધીજીએ પોતાને વિશે કહેલાં વચનો પણ 'અણકમાયેલી પ્રશંસા' લાગે છે. તેમની આખી નોંધ આમ છે:

૧૫મી તારીખે ગેરસપ્પા જવાની મેં ના પાડવાથી આ પ્રકારની અણકમાયેલી પ્રશંસા મળી.

જ્યારે મહાદેવને જ એમ લાગે છે ત્યારે એને ઉત્તેજન આપવું જોઈએ. આમ રાજા૨૫ને કહ્યું. પછી કહે: મારાથી અલગ એવી એની કોઈ હસ્તી જ નથી. એણે, હું જે જોઉં તે જોવું જોઈએ — વધુ નહીં. આ કાંઈ એના ઉપર ટીકારૂપે નથી. હા, જો બધા જ આમ કરે તો તો કમનસીબી જ કહેવાય, પણ એક અને કદાચ બે મહાદેવ આવશ્યક હોય — એક તો ખરેખર છે જ. મહાદેવનો ગેરસપ્પાનો ધોધ હું છું — જે આમ કહેવું એ અહંકારની અવધિ ન કહેવાય તો.૨૬

આ પ્રસંગમાં નિર્ણાયક તત્ત્વ એક બીજું જ હતું. તે દિવસ એ यंग इन्डियाનું મૅટર તૈયાર કરીને ટપાલમાં બીડવાનો વાર હતો. તે દિવસે જો ટપાલ ન જાય તો यंग इन्डिया સમયસર બહાર ન પડે. એની ચિંતા સ્વાભાવિક રીતે જ મહાદેવભાઈ અને ગાંધીજી બંનેને હતી.

કાકાસાહેબ, અલબત્ત, એ વાતની નોંધ કરે છે કે વરસો પછી ગાંધીજીએ જ્યારે

મહાદેવભાઈ મૈસૂર ગયા ત્યારે ત્યાંના દીવાનને લખીને મહાદેવભાઈ ગેરસપ્પાનો ધોધ જોતા આવે એવી વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી.

મહાદેવભાઈને ગાંધીજી સાથે દોડતાં દોડતાં જ એક એક સ્થળે બનેલ ઘટનાઓને ઘોડાવેગે નોંધવી પડે છે. પોતે ખૂબ પાછળ રહી ગયા હોય એમ મહાદેવભાઈ એક જગાએ નોંધે છે: 'અમારી મુસાફરી એટલી ઝડપભેર ચાલી છે કે ઘણી વાતો નોંધવા જાઉં છું તો કાર્યક્રમને પહોંચી નથી વળાતું. આ ખાનદેશમાંથી લખું છું, છતાં વરાડનું ખામગામ તો હજી બાકી જ છે.'૨૮ હવે ખાનદેશ અને વરાડ બંને પાડોશ પાડોશના વિસ્તારો છે. અને એ પ્રવાસમાં ખામગામ પછી તો ગાંધીજી માત્ર મલકાપુર જ ગયા હતા. એટલે નોંધ લખવા બાબત મહાદેવભાઈ માત્ર એક ગામ પાછળ રહી ગયા હતા, તેનોયે એમને આટલો વસવસો હતો. મહાદેવની કાર્યક્ષમતા પાછળ એક મહત્ત્વનું કારણ એ પણ હતું કે એ જે કામ લે તે તે જ વખતે પતાવી દેતા, નહીં તો, ગાંધીજીનો વેગ જોતાં એ કામનો ઢગલો વધતો જ જાય અને કદી તે પૂરું જ ન થાય.

પણ આ નોંધો એટલે ગાંધીજી ક્યાં ગયા એની જ માત્ર નોંધો નહીં, ત્યાં કેટલી જગાએ ભાષણો આપ્યાં એ જ નહીં, કોને મળ્યા તે જ નહીં, એ બધું તો ખરું જ. મોટા ભાગનાં ભાષણોના સાર, કેટલાંક ભાષણો પૂરેપૂરાં, કેટલાંક વિશે લસરતી એકાદ બે લીટીઓ, કેટલીકનું મુલાકાતોનો અછડતો ઉલ્લેખ તો કેટલીકનું સજીવ વર્ણન, કેટલીક આવેલી અને જતી ટપાલનો ખ્યાલ વગેરે ઉપરાંત કોઈ નવે સ્થળે ગયા હોય તો તેનાં ઇતિહાસ, ભૂગોળ અને તેની સામાજિક, આર્થિક, રાજનૈતિક પરિસ્થિતિનો ખ્યાલ આપવાનું પણ મહાદેવભાઈ ચૂકતા નથી. ગાંધીજી પાસે આવતાં પહેલાં જ બૅન્કમાં સુપરવાઇઝર હતા ત્યારેય જે માણસ પોતાનો ચાલુ ક્રમનો અહેવાલ લખતી વખતેય બૅન્ક જે સ્થળે હોય તે સ્થળની સામાજિક સ્થિતિનું વર્ણન કરવાનું ચૂકતો નહોતો એને ગાંધીજી જેવાની સોબત મળી અને *नवजीवन* કે *यंग इन्डिया*ના ગ્રાહકો જેવા વાચકો મળ્યા પછી એ શાનો ચૂકે? આ પ્રવાસનોંધોમાં નંદીદુર્ગ પહોંચતાં આખા મૈસૂર રાજ્ય વિશે, પૂર્વ બંગાળ જતાં તેની સ્થિતિ વિશે અને કચ્છ કે કેરળ જતાં ત્યાંની સામાજિક સ્થિતિ વિશેનું સામાન્ય જ્ઞાન મહાદેવભાઈના વાચકોને સહજ રીતે જ પ્રાપ્ત થઈ જાય છે.

જેમનાં ભાષણોની નોંધ મહાદેવભાઈ આપે છે તેમાં ગાંધીજી એકલા જ નથી.

ગાંધીજીનાં જે પ્રીતિપાત્ર, તે મહાદેવભાઈનાં બેવડાં પ્રીતિપાત્ર. તેથી એમની વાતચીત કે એમનાં ભાષણોની નોંધ પણ મહાદેવભાઈ લોકો આગળ મૂકી જ દેવાના. હા, કોઈક વાર કોઈક પાત્ર, પોતાની વિશેષતાને લીધે, મહાદેવભાઈ સારુ પણ નોંધ લેતાં કોયડારૂપ બની જાય એવુંયે મળી જાય ખરું. શ્રીમતી સરોજિની નાયડુના અક્ષરો જેટલા દેખાવમાં સુંદર એટલા જ વાંચવામાં કઠણ. તે જ રીતે એમનાં ભાષણો જેટલાં શ્રવણમધુર તેટલી જ એમની ઓઘવતી અંગ્રેજી ભાષા અનુવાદ કરવામાં મુશ્કેલ. કાનપુરની 'દીવાનેખાસ' કૉંગ્રેસમાં એમનાં ભાષણો વિશે મહાદેવભાઈ પોતાની અસમર્થતા જાહેર કરીને જ છૂટી જાય છે: 'એમના ભાષણનું ભાષાંતર કરવું મારે માટે મુશ્કેલ છે. અને સારું ભાષાંતર પણ આમવર્ગને માટે સમજવું મુશ્કેલ થઈ પડે.'૨૯ મોલીના ऑन कॉम्प्रोमाइझनું સફળ ભાષાંતર કરનાર મહાદેવભાઈને તે વખતે સહેજ નવરાશ હતી. સરોજિનીદેવીનું ભાષણ સાંભળ્યું ત્યારે તેમની પાસે એ નવરાશ ક્યાંથી હોય? બાકી ऑन कॉम्प्रोमाइझના ભાષાંતરને લીધે મહાદેવભાઈને પુરસ્કાર મળ્યો તેથી તેમને હર્ષ થયો હશે, પણ સાક્ષર શ્રી કેશવ હર્ષદ ધ્રુવે એ ભાષાંતરની જે કદર કરી તેની નોંધ મહાદેવભાઈએ, પોતાની પ્રશંસા હોવા છતાં, ડાયરીમાં ટૂંકમાં નોંધી લીધી છે:

'સત્યાગ્રહની મર્યાદા' (વિશે એ કહે, તમે એના)થી ગુજરાતના યુવકોની સેવા કરી છે. ઘણાને, અંગ્રેજી પુસ્તક ન સમજાય એવું છે. અંગ્રેજો ન સમજાવી શકે તે કામ તમે કર્યું છે. તમારું ભાષાનું પ્રભુત્વ તો એટલું છે કે અમને શીખવાનું મળે એમ છે.' ઇત્યાદિ, ઇત્યાદિ.૩૦

મૂળે મહાદેવભાઈ સાહિત્યિક જીવ એટલે નવરાશ મળે તો એમનું ધ્યાન કાં ઉત્તમ સાહિત્ય વાંચવામાં, કાં કાંઈક નવું લખવામાં પરોવાય. એ રીતે આ વર્ષો દરમિયાન તેમણે અંત્યજ સાધુ નંદનો૩૧ ટૂંકો પરિચય આપણને આપ્યો. અનેક પુસ્તકોને દોહીને દુગ્ધામૃતરૂપે સંત ફ્રાંસિસનું૩૨ જીવનચરિત્ર આપ્યું, 'ખાદી કેળા'૩૩ નામની વાર્તા આપી. વિનોબાજીના આશ્રમમાં અપાયેલાં ભાષણોને આધારે તુકારામ મહારાજની આત્મકથા એમના જ અભંગોને ટાંકી ટાંકીને આપી. આપણને તરત ખ્યાલ આવશે કે આટઆટલાં કામ અને આટઆટલી રખડપટ્ટી વચ્ચે પણ મહાદેવભાઈએ આપણને જે આપ્યું છે તે સર્વ સાહિત્યનો રસ એક જ છે — તુલસીદાસના શબ્દોમાં पदसरोज अनपायनिी भक्ति. જે રસના ઘૂંટડા પી પીને મહાદેવ પોતાની આંતરબાહ્ય પુષ્ટિ

પામતા હતા તે તો નરસિંહ મહેતાએ ગાયેલો ‘પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર’વાળો પ્રેમરસ જ હતો. એમને મહાન તત્ત્વવેત્તાની સંગતિમાં જીવન ગાળવા છતાંયે ‘તત્ત્વનું ટૂંપણું તુચ્છ’ લાગતું હતું.

પણ ગાંધીનો પ્રેમ એ કાંઈ વેવલાનો પ્રેમ નહોતો. એ તો ‘માથા સાટે મોંઘો’ પ્રેમ હતો. કાઠિયાવાડના લોકોનો પ્રેમ જોઈ તેઓ બોલી ઊઠે છે:

પણ હું તો તમારી પાસે એક અલૌકિક વસ્તુ માગું છું. તમારા પ્રેમથી હું અકળાઈ જાઉં, કારણ, તમે જે વાત કબૂલ કરો તેનો અમલ ન કરો તો મારે માટે તમારો પ્રેમ પોષક નહીં, પણ ઘાતક નીવડવાનો છે. ... જો, એ પ્રેમનું કાર્યમાં પરિવર્તન ન થાય તો તમારી અને મારી વચ્ચેના સંબંધનું શું થાય? એ સંબંધ જાહેર છે, ખાનગી નહીં. તમારી સેવાને માટે તમારી સાથે સંબંધ છે.૩૪

આ વચનો કહેવાયેલાં તો હતાં કાઠિયાવાડના લોકોનો પ્રેમ જોઈને, પણ મહાદેવ એને સતત પોતાના પર લાગુ પાડીને ગાંધીજીના પ્રેમને સેવામાં પરિણત કર્યે જતા હતા. એમના પુરુષાર્થ સારુ તો ગાંધીજીએ આદર્શ આંકી દીધો હતો:

પુરુષાર્થની મર્યાદા બાંધવાની જરૂર નથી; જો આકાશ સુધી જતાં ક્યાંય મર્યાદા હોય તો પુરુષાર્થને મર્યાદા હોય. ઊંચે ચઢવા માટે મોકળું આકાશ રહેલું છે, નીચે પડવામાં મર્યાદા છે. ઈશ્વરે, કુદરતે પોતે જ ધરતી, પથ્થર, પાણી વગેરે જેવી મર્યાદા બાંધી દીધેલી છે.૩૫

સહેજ નવરાશ મળે તો મહાદેવભાઈ આપણને એમના નિરંતર ચાલતા, પ્રમાદરહિત સ્વાધ્યાયજગતમાં પણ ડોકિયું કરાવી દે છે. બંગાળના પ્રવાસ દરમિયાન કોઈકના પુસ્તકાલયમાંથી પોલ બર્નકોફે લખેલ ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર વાંચીને મહાદેવભાઈ આપણને એનું થોડું વિવેચન આપવા ઉપરાંત એમાંથી કેટલાક પ્રસંગો અને સુવાક્યો પણ પીરસી દે છે.૩૬ ઓરિસાના પ્રવાસ દરમિયાન આનાતોલ ફ્રાંસની *થેઇસ* નામની નવલકથા વાંચી એમાંથી જીવનોપયોગી ઉતારાઓ આપી દે છે.૩૭ વિનોબાના પ્રવચનને આધારે *केनोपनषिद*નો સાર આપી દે છે.૩૮

ગાંધીજીથી અલગ જઈને કોઈ કાર્યક્રમ પાર પાડવાનું એમેય મહાદેવભાઈને સારુ અસામાન્ય ઘટના હતી. આ કાળનાં ત્રણ વર્ષો દરમિયાન તો તેઓ જવલ્લે જ એ રીતે છૂટા પડ્યા છે. એક વાર તો ગાંધીજીએ જાતે જ મહાદેવભાઈને આગ્રહ કરીને

ઉત્તર બિહારના મધુબની ક્ષેત્રના ખાદીકામનું નિરીક્ષણ કરી આવવાનું સૂચન કર્યું. એમને ખબર હતી કે મહાદેવ આ કામ જોશે તો પોતાના સાપ્તાહિક પત્ર દ્વારા એ ક્ષેત્ર વિશે આખા દેશની આગળ એનું સુંદર ચિત્ર રજૂ કરી શકશે. બિહારના વિદ્યાર્થીઓના એક સંમેલનમાં, બનતાં સુધી રાજેન્દ્રબાબુ અથવા કૃપાલાનીજીના સૂચનથી મહાદેવભાઈને સંમેલનના પ્રમુખ બનાવવામાં આવ્યા. ૩૦–૧–૧૯૨૭ને રોજ બિહાર છાત્ર સંમેલનમાં અધ્યક્ષપદેથી મહાદેવભાઈએ જે ભાષણ આપ્યું એ ડાયરીનો જવલ્લે જ જોવા મળતો એવો ભાગ છે કે જેમાં મહાદેવભાઈએ પોતાનું ભાષણ પોતાની ડાયરીમાં લખ્યું હોય. ગાંધીજીના જીવનદર્શન અને કાર્યક્રમને ગીતાની ભાષામાં સમજાવતું એ એક શ્રેષ્ઠ પ્રવચન છે.૩૯

પણ મહાદેવભાઈ ગાંધીજીથી અળગા ભલે ન રહ્યા હોય, એકથી વધારે વાર તેમણે પોતાના સ્વતંત્ર ને સ્પષ્ટ અભિપ્રાયો તો પ્રગટ કર્યા જ છે.

કૉંગ્રેસના જાહેર અધિવેશનમાં ગાંધીજીનો વિરોધ કરનાર મૌલાના હસરત મોહાની વિશે મહાદેવભાઈ એકબે વાક્યમાં જ પોતાનો અભિપ્રાય આપે છે: 'પોતાનું કોઈ જ સાંભળવાનું નથી એમ જાણવા છતાં હિંમતથી આગળ આવીને પોતાની દલીલો રજૂ કરનારા મૌલાનાને માટે માન થયા વિના ન રહે — પણ એમની દલીલો સાંભળીને દયા આવે.'૪૦ અને પછી: 'મૌલાના મહમદઅલીએ એમની ધૂળ કાઢી. આ ભાષણ જો ટૂંકું હોત તો બહુ સુંદર થાત, પણ મૌલાના બોલવા ઊઠ્યા અને એ પણ બીજાને તોડવાને, એટલે પછી સમયની મર્યાદા હમેશાં ઓળંગવાના.'૪૧ આશ્રમનાં બાળકોની શિથિલતા અંગે શ્રી બાળકોબાજી ભાવેના ભાષણ વિશે: '(એમના વ્યાખ્યાન)માં મને આધ્યાત્મિક અભિમાનની ગંધ આવી.'૪૨ અને બંગાળની જાણીતી રચનાત્મક સંસ્થા અંગે: 'નિર્ભયતા જેટલી અભય આશ્રમે કેળવી છે તેટલો વિનય અને પ્રેમ ન કેળવ્યો હોય.'૪૩ એમ જણાય છે કે સ્વતંત્ર અભિપ્રાય આપવામાં મહાદેવભાઈ કદીમદી ગાંધીજીને પણ છોડતા નહીં. બંગાળના પ્રવાસ દરમિયાન ૨–૫–૧૯૨૫ને રોજ ફરીદપુરમાં તેમના ભાષણ વિશે મહાદેવભાઈ માત્ર એક જ લીટી લખે છે કે: '(એમનું) ભાષણ સામાન્ય પ્રકારનું હતું.' જોકે આ વાક્યમાં સામાન્ય પ્રકારનો શબ્દનો અર્થ 'રોજ જેવું આપે છે તેવું' એવોયે થઈ શકે.

કોહાટથી કોમી હુલ્લડને કારણે રાવલપિંડી નાસી આવેલા હિંદુ શરણાર્થીઓ જોડે

ગાંધીજી મુલાકાત લઈ ચૂક્યા હતા. તે વખતે સરકારે એમને કોહાટ જવાની પરવાનગી નહોતી આપી. રાવલપિંડીમાં એમણે બંને જાતિના આગેવાનો તથા સામાન્ય જનોની મુલાકાતો લીધી. દક્ષિણ આફ્રિકામાં કોર્ટકચેરીમાં જતા ત્યારે લોકોની ઊલટતપાસ કરતા હતા તેવી રીતે ગાંધીજીએ કેટલાક સાક્ષીઓની મુલાકાત લીધી. તેમણે જોયું કે મૌલાના મુસલમાન સાક્ષીઓની ઊલટતપાસ કરતા જ નથી, અને પ્રશ્નો પૂછે છે તો તેમને છાવરવા સારુ જ પૂછે છે.

છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૨૪ને દિને 'પ્રિય ભાઈ'ને સંબોધેલા એક પત્રમાં મહાદેવભાઈએ આવતા માઠા દિવસોની જાણે કે આગાહી કરી દીધી:

અહીં તો અણધાર્યું બન્યું છે. મુસલમાનો કોહાટના આવ્યા, અને બાપુને આખી વસ્તુ સમજાઈ ગઈ છે. ત્રણચાર જણની પાસેથી અગત્યનાં સ્ટેટમેન્ટ (નિવેદનો) પણ કરાવ્યાં છે. કાલે તો એક જાણીતા માણસની એવી ભારે જુબાની થઈ કે રાત્રે સૂતાં બાપુએ કહ્યું: I have done the most valuable work of the year (મેં આખા વરસનું સૌથી મૂલ્યવાન કામ કર્યું.) એ જુબાનીમાંથી મુસલમાન મેન્ટેલિટી (મનોવૃત્તિ)ના એવા સુંદર નમૂના મળ્યા છે કે બાપુ તેમાંથી આખું વર્ષ પોતાની કાર્યદિશા મેળવતા રહેશે. બીજી વસ્તુ એ કે શૌકતની સાથે ભારે શાર્પ (તીવ્ર) મતભેદ પડવાનો. એ માણસે કોહાટના મુસલમાનોના ઍડ્વોકેટનું જ કામ કીધું છે. એટલે એને તેમનો દોષ શાનો જણાય? એનો અર્થ એ કે બાપુ અને શૌકતનું જૉઇન્ટ સ્ટેટમૅન્ટ નીકળવું અશક્ય થઈ પડ્યું, અને મને તો ભય છે કે શૌકત મળતો ન થાય તો બાપુ પોતાનું સ્ટેટમૅન્ટ પણ બહાર ન પાડે. આમ જે થાય તો ભારે અફસોસ કરવા જેવું કહેવાશે. કારણ, હવે બાપુની પાસે પૂરતી હકીકત આવી ગઈ કહેવાય. હવે એઓ પોતાનો નિર્ણય ન બાંધે તો પછી બાપુની પાસે શાની આશા રખાય? આખી હિંદુ આલમ બાપુ પાસે આ નિર્ણયની વાજબી રીતે જ આશા રાખે છે, અને જો બાપુ ચૂપ રહે તો તેમને સખત આઘાત પહોંચશે. પણ શા સારુ અનિષ્ટની શંકા કરવી? કદાચ બધાં સારાં જ વાનાં થશે.

કોહાટમાં સિચ્યુએશન (પરિસ્થિતિ) એવી તો ભૂંડી છે કે તેનો ખ્યાલ પૂરો ન આપી શકાય. મુસલમાનો હિંદુઓને કાઢી પોતાની લૂંટ ઉપર માંહોમાંહે લડ્યા, અને એવા લડ્યા કે એકબીજાનાં ઘર સળગાવવા તૈયાર થઈ ગયા. એટલે સરકારને ભાવતું મળ્યું. સરકારે બંને પક્ષો પાસે દોઢ-બે લાખ રૂપિયાની જામીનગીરી લીધી છે. એમાંનું એક સેક્શન (જૂથ) આજે બીજા સેક્શનને ગિવ અપ (ત્યાગ) કરવાને તૈયાર હતું. એક

માણસે અગત્યની અને કંઈક સચ્ચાઈથી ભરેલી જુબાની આપી તે આ લડાઈને લીધે જ, પણ શૌકત તેને પણ નાબૂદ કરવાને તૈયાર હતો. એ માણસે મુસલમાનોને ઊલટતપાસનો એક પણ સવાલ પૂછ્યો નથી. ઊલટા બાપુની આગળ જેમ આ હારતા ગયા તેમ તેમને બચાવવા માટે એ લીડિંગ (સૂચક) સવાલો પૂછતા ગયા. પણ આ વિશે વધુ તો મળશું ત્યારે. ...૪૪

આ ઘટનાથી ગાંધીજી અને શૌકતઅલી વચ્ચેના મતભેદો બહાર આવ્યા. એટલી મહાદેવભાઈની વાત સાચી પડી. ગાંધીજી પોતાની વાત અંગે ચૂપ પણ રહી શકે એવો મહાદેવભાઈનો ભય ખોટો ઠર્યો. ગાંધીજી અને શૌકતઅલી બંનેએ અલગ અલગ નિવેદનો બહાર પાડ્યાં.૪૫ ૩૧–૧૨–૧૯૨૪ને રોજ મુંબઈમાં મુસ્લિમ લીગની બેઠકમાં ઝફરુલ્લાખાનના વધુ ઉદાર ઠરાવને બાજુએ રાખી મહમદઅલીનો ઠરાવ પસાર થયો, જે જોઈને ગાંધીજીએ તેમને દરદભરેલા એક પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું કે 'ઠરાવ વારંવાર વાંચ્યો. પણ જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ એની પ્રત્યે અણગમો વધતો ગયો.' પત્રમાં છેવટે લખ્યું:

છતાં જો તમને પોતાને એ ખરાબ ન લાગતો હોય તો તમે એને વળગી રહેજો. હું તો પ્રથમ તમારા હૃદયનો પલટો આણવા માગું છું અને પછી તમારા વિચારોનો. જ્યાં સુધી મને તમારામાં વિશ્વાસ છે ત્યાં સુધી હું તમારો ત્યાગ કરવાનો નથી.૪૬

એમ તો આ ગાળામાં મહાદેવભાઈ ગાંધીજીથી ભાગ્યે જ જુદા પડ્યા છે. પણ એવું જણાય છે કે ૧૯૨૫માં, નાના બાબલાને જોવા મહાદેવભાઈ કોઈ કોઈ વાર કાલિયાવાડી, વલસાડ કે સાબરમતી ગયા હશે. બાબલાનું નામ મહાદેવભાઈએ જ નારાયણ પાડ્યું હતું. એક વાર વિનોબાએ એ વિશે જરા કુતૂહલથી મહાદેવભાઈને પૂછ્યું, 'તમે તમારા દીકરાનું નામ નારાયણ કોના પરથી પાડ્યું? આશ્રમના વ્યવસ્થાપક૪૭ના નામ પરથી, કે કોઈ બીજા તમારા ધ્યાનમાં હતા?' મહાદેવભાઈએ તરત જવાબ આપ્યો:

'મેં તો એ નામ અજામિલની કથા પરથી પાડ્યું છે. આપણે અજામિલ જેવા પાપી છીએ. દીકરાને નારાયણ કહીને બોલાવવાથી પણ જે કાંઈ થોડાંઘણાં પાપ ધોવાતાં હોય તે શું કામ ન ધોઈએ?'

આ પ્રસંગ વર્ણવતાં મહાદેવભાઈની ભક્તિ અને એમની નમ્રતાનો વિચાર કરી વિનોબાજીની આંખમાં પાણી આવી જતાં.

એક વાર નારાયણને રમાડવા મહાદેવભાઈ ગુજરાત ગયા હશે અને ત્યાં માંદા પડ્યા ત્યારે ગાંધીજી પટણામાં હતા. બેઉ છૂટા પડે તો પત્ર વિના તો રહેવાય જ કેમ? ગાંધીજી લખે છે:

તમે બીજા નિયમો જાળવો કે ન જાળવો, ઠેકાણાં ઠેકાણે રાખો કે ન રાખો, પણ મને કાગળ લખવાનું તો શૂળીએ બેઠા પણ કરો. આ ભક્તિ તમને ફળો. મને હમેશાં એટલા જ કારણસર લખવાની ઇચ્છા થાય, પણ હું તો પૂજ્ય રહ્યો, પૂજારી થાઉં તો લખું ના? ઘણાયે પૂજ્ય અત્યારે અધોગતિએ હશે, પણ અસંખ્ય પૂજારી તરી ગયા. કૃષ્ણને નામે ઘણા મોક્ષ પામ્યા. પણ બિચારો મહાભારતવાળો કૃષ્ણ તો કમોતે ચાલ્યો ગયો અને એને મુખે કૃષ્ણનું નામ થોડું હતું? હવે કહો પૂજ્ય મોટા કે પૂજારી જ.

તમે માંદા પડશો એમ તો મેં ધારી જ મૂક્યું હતું. હવે તો તદ્દન આરામ થઈ ગયો હશે. ... તમે નિશ્ચિંત થઈને ત્યાં રહેજો. દુર્ગાને સંપૂર્ણ સંતોષ આપજો. એક શરત પાળજો, તમારે પથારીવશ ન થવું. ...૪૮

પણ કોઈ એમ ન સમજે કે ગાંધીના અગ્નિકુંડમાં ખીલતા મહાદેવભાઈના ગુલાબને કદી અગ્નિની આંચ નહીં આવતી હોય. એક પ્રસંગ હવે તો જાણીતો થવા આવ્યો છે, પણ **નવજીવન**માંથી તેને આખો ને આખો એટલા સારુ આપ્યો છે કે તેમાં મહાદેવભાઈનું માનસ આવા નાજુક પ્રસંગે કેમ કામ કરતું હતું તે જોવા મળે છે:

'ભણ્યો ભૂલે અને તારો ડૂબે' એ કહેવત આજનો કિસ્સો લખતાં યાદ આવે છે — જોકે હું એ કહેવતમાંનો 'ભણ્યો' હોવાનો ફાંકો નથી રાખતો, અને તરતાં હું કોઈ દિવસ શીખ્યો જ નથી. છતાં જે વસ્તુ ગાંધીજીની પાસે દિનરાત સાંભળ્યા કરતો હોઉં અને ગાંધીજીના જીવનસૂત્ર તરીકે બીજાની આગળ મૂક્યા કરતો હોઉં, જે વસ્તુ ગાંધીજીની સાથે એક દિવસ રહેનારને પણ સમજાવી જોઈએ, તે હું એકાએક ભૂલું તો 'ભણ્યો ભૂલે' એ કહેવતનો હું ભૂંડામાં ભૂંડો દાખલો બનું એમાં શી નવાઈ? બીજાની ભૂલો વર્ણવવાની મેં અનેક વાર છૂટ લીધેલી છે, મારી પણ ઘણી ભૂલોમાંની એક તાજી થયેલી ભૂલ બીજાઓની આગળ મૂકું તો બીજાઓને તેનો જે ઉપયોગ કરવો હોય તે ભલે કરે, ભલે મને હસે.

અંગ્રેજી જાણવાની આમલોકોને આવશ્યકતા નથી એમ ઘણી વાર બોલાયું છે અને લખાયું છે. અંગ્રેજી વિશેના વિદ્યાર્થીઓના મોહ વિશે વારંવાર ટીકા આવે છે. પણ એવો જ એક મોહ મને વળગેલો હતો. એને એક વધારે ભાષા જાણી વધારે વિદ્વાનમાં ખપવાનો મોહ કહો કે એક નવી ભાષાના સાહિત્યનો રસ લેવાનો મોહ કહો — ગમે તે કહો, મને ઘણો વખત થયાં ફ્રેંચ ભાષા જાણવાનો મોહ વળગ્યો હતો. અને રસિયાઓ એમાં વધારો કરતા. જેલમાં ફ્રેંચનો અભ્યાસ કરનારા એકબે મળી આવ્યા હતા, અને મને પણ ફ્રેંચ ભણી લેવાની સૂચના થઈ હતી. છતાં ત્યાં તો ઉર્દૂ જાણવાની જ ફરજ છે અને ફ્રેંચ તો એક શોખ છે એમ સમજીને હું ઉર્દૂ જ શીખ્યો. ફ્રેંચનો મોહ જતો રહ્યો હતો એમ નહીં, પણ ત્યાં ઉર્દૂના વાતાવરણે મને બચાવી લીધો, છતાં એ મોહ ‘ઘન વર્ષ ને વન પાંગરે’ તેમ, જ્યારે ફ્રેંચ જાણવાની તક દેખાતી ત્યારે ડોકિયું કરતો. એવી તક હમણાં જ અમારે ત્યાં આવેલા નવા મહેમાનોના આગમનમાં મને દેખાઈ. મિસ સ્લેડ૪૯ તો ફ્રેંચ સરસ બોલીલખી જાણનારાં રહ્યાં. એમને તરત કહેવાની હિંમત તો ન ચાલી. પણ એમણે જ લાલચ આપી. એમણે જ કહ્યું: ‘હું તમને કાંઈ ન આપી શકું? હું ઘણું શીખી રહી છું, તમનેયે કાંઈ આપી શકું તો સારું.’ એમની પાસેથી ‘મહત્’ વસ્તુ લેવાને બદલે ‘અલ્પ’ માગવામાં મેં સંતોષ માન્યો. મેં કહ્યું: ‘મને ફ્રેંચ ન શીખવો?’ એઓ તો રાજી રાજી થઈ ગયાં, અને બીજે દિવસથી શરૂઆત થઈ. આ વિશે મેં ગાંધીજીને પૂછ્યું નહોતું — જેમ નદીમાં નાહી આવવાને માટે એમની રજા લેવાની જરૂરત ન હોય તેમ આમાં પણ જરૂર ન હોય એમ માનીને નહોતું પૂછ્યું.

પહેલે દિવસે સાદાં ક્રિયાપદો અને સાદાં વાક્યો શીખ્યો. બીજે દિવસે તો એમણે કેટલાંક નવાં વાક્યો આપ્યાં એનો મેં ભૂલ વિના અર્થ કરી બતાવ્યો એટલે મારા હરખનો પાર ન રહ્યો. ‘આ રીતે બહુ જલદી તમે શીખી જવાના.’ એવું ઉત્તેજન મળતાંની સાથે કોણ જાણે કેમ મેં એમને પૂછ્યું: ‘પણ મેં ફ્રેંચ શરૂ કર્યું છે એ બાપુ જાણે છે ખરા?’ એમણે કહ્યું: ‘હા, એમને એ સાંભળીને જરા હસવુંયે આવ્યું, અને આશ્ચર્ય પણ થયું.’ ‘આશ્ચર્ય’ શબ્દથી મારા પેટમાં પથરો પડ્યો. જાણે મારી ભૂલ મને એક આઘાતની સાથે સમજાઈ જતી હોય એમ થયું. ‘મને અવશ્ય બોલાવશે ને ઝડતી લેશે.’ એમ મનમાં વિચાર આવ્યો, ન આવ્યો, એટલામાં તો એક ભાઈએ આવીને કહ્યું: ‘બાપુ તમને બોલાવે છે.’

મારા ટાંટિયા તો ઢીલા હતા જ. પણ પ્રથમ પ્રશ્ન ફ્રેંચ વિશે ન પુછાવાને લીધે મને કાંઈક

કરાર વળ્યો. મનમાં થયું કે, 'બાપુને મારા ફ્રેંચ માટે કશી નથી પડી, એ તો મારું મન જ મને પાછો પાડે છે.' પણ તરત જ, ગાંધીજીને કેટલી પડી હતી એ જણાયું. પોતાના મનનો સઘળો વેગ જાણે શમાવીને હસતાં હસતાં એમણે મને પૂછ્યું: 'કેમ તમે ફ્રેંચ શીખવા માંડ્યું છે?' મેં હળવે રહીને કહ્યું: 'હા, મેં મિસ સ્લેડને પૂછ્યું હતું કે બાપુ જાણે છે આ વિશે? એમણે મને કહ્યું કે આપને હસવું આવ્યું અને આશ્ચર્ય થયું એમ આપે કહેલું,' એટલે હસમુખો ભાવ હજુ ચાલુ રાખી ગાંધીજી બોલ્યા: 'એથી વધારે કહેલું. ગઈ કાલે તમે જ્યારે એને કહેતા હતા કે, 'ચાર વાગ્યે હું તમારે ત્યાં આવીશ.' ત્યારે મને થયું હતું કે તમે એને કાંઈ શીખવવા જવાના હશો, પણ આજે જ સવારે મેં એની પાસે એની કાલની રોજનીશી માગી; એમાં કહ્યું, એક કલાક તમને ફ્રેંચ શીખવવામાં આપ્યો. મને આશ્ચર્ય થયું અને મેં કહ્યું: 'બહુ કુદાકડા મારે તે પડવાને સારુ ' હું ચૂપ થઈ ગયો. અને હવે ગાંધીજીના ચહેરાનો રંગ બદલાયો. જરા કડક થઈને એમણે પૂછ્યું: 'શા સારુ ફ્રેંચ શરૂ કર્યું? રોમાં રોલાં ફ્રેંચમાં વાંચવા માટે? કે આપણા ઉપર ફ્રેંચ કાગળો આવે તે વાંચવા માટે? કે મિસ સ્લેડ અહીં આવ્યાં છે તેથી એકાએક ઉમળકો થઈ આવ્યો?' ધ્રૂજતાં મેં જવાબ આપ્યો: 'ના. જાણવાની ઇચ્છા તો પહેલેથી જ હતી.' એટલે ગાંધીજીએ આગળ ચલાવ્યું: 'શા સારુ? તમે જાણો છો કે અંગ્રેજ વિદ્વાનો પણ ફ્રેંચ સાહિત્ય ગ્રંથો કેવળ અંગ્રેજીમાં જ વાંચીને સંતોષ માને છે? અને ઘણુંખરું ફ્રેંચ સાહિત્ય તો બહાર પડે છે કે અંગ્રેજીમાં એનું ભાષાંતર થાય છે!' જરા થોભીને વળી સવાલના ચાબખા ચલાવ્યા: 'અને તમને એ શીખતાં કેટલો સમય લાગશે એનો વિચાર કર્યો?' મેં જવાબ દીધો: 'છ મહિના.' 'રોજ કેટલો સમય? ' 'એક કલાક,' 'વારુ, તમને એટલો સમય મળશે કે?' મેં કહ્યું: 'હું અહીં છું ત્યારે મેળવી લઉં, અને ટ્રેનમાં કંઈક મળે.' 'હમેશાં એક કલાક મળે એવો તમારો અનુભવ ખરો કે?' હું શું જવાબ આપું? ચાબખા પડ્યા જ જતા હતા. 'એટલે એનો અર્થ એ છે કે છ મહિના સુધી મારે ગમે એ કામ હોય છતાં તમને તો દિવસમાં એક કલાક મારે છૂટા જ રાખવા જોઈએ. તમે ફ્રેંચ વાંચતા હો ત્યારે મારાથી તમને ન બોલાવી શકાય, ખરું ના?' આ રીતે સવાલ મુકાવાથી મને દુ:ખ થયું. મેં દઢતાથી જવાબ આપવાનો પ્રયત્ન કર્યો: 'ના સ્તો, હું સમય કોઈક રીતે મેળવી લઉં.' 'અરે મેળવી શેના લો? ચોરી લો એમ કહો તો ભલે.'

આ ચાબખે હું ચેત્યો. મેં કહ્યું: 'સાચું.' એટલે ગાંધીજીએ આગળ ચલાવ્યું: 'આપણો બધો સમય એક જ વસ્તુને અપાયેલો છે, ત્યાં આપણે આવી વસ્તુ, જેનો સ્વરાજ

માટે કશો ખપ નથી, તેમાં શેના પડીએ? આપણો બધો સમય આપણા કાર્યને માટે આપવો જોઈએ, એમાંથી આ તો ચોરી થઈ.' મેં મૂંગા મૂંગા સાંભળ્યા કીધું. પછી કહ્યું: 'બસ આજથી ફ્રેંચ બંધ કરીશ. ગમે તેમ એ સમય કાંતવામાં તો આપી શકાય.' પણ ગાંધીજીએ આગળ ચલાવ્યું: 'બીજાં ઘણાં કામો છે. પણ તમારી સામેનો આરોપ હજી પૂરો નથી થયો. મિસ સ્લેડ એ કોણ છે? એનો ત્યાગ તો અસાધારણ છે. આપણે કોઈ એની બરાબરી કરી શકીએ એમ નથી. એણે પોતાનું સર્વસ્વ હોમ્યું છે. એને પોતાના દેશ કે ઘરની સાથે કશી મમતા નથી રહી. ઘેર ગમે તે થઈ જાય તોયે એ અડગ અહીં જ કામ કર્યા કરવાની ટેક લઈને આવેલાં છે. આપણા કાર્યને માટે એનો બધો સમય અર્પણ થયેલો છે. એને તો આપણને ઘણું આપવાનું મન થાય, પણ આપણાથી એની પાસે લેવાય જ કેમ? એને તો ઘણુંયે જાણવું છે, શીખવું છે, હિંદુસ્તાની જાણવું છે, સંસ્કૃત જાણવું છે. એ બધું આપણે એને આપી દેવું રહ્યું. જો આપણો સમય આપણો નહીં, તો એનો સમય તો આપણો શેનો જ? આપણો સમય જો કાર્યપ્રીત્યર્થ હોય તો એનો વધારે કાર્યપ્રીત્યર્થ છે.' આખી વસ્તુ સોંસરી ઊતરી ગઈ. કાંઈ ગુનો કર્યા પહેલાં એ ગુનાનું ગુનાપણું કેમ સોંસરું નહીં ઊતરી જતું હોય?

મારા ગુનાને માટે પ્રાયશ્ચિત્ત? 'પ્રાયશ્ચિત્ત' અને 'તપશ્ચર્યા' શબ્દો પણ જાણે મારા જેવાના મોંમાં ન શોભે એવું લાગ્યા કરે છે. આપણે સારુ વળી પ્રાયશ્ચિત્ત શું? ગુનો ફરી વાર ન કરવો એ. પણ મને પ્રાયશ્ચિત્ત કે કશું કહેવા-બોલવાની હામ નહોતી રહી. ગાંધીજીએ આખરે કરુણાભર્યું સ્મિત કરીને કહ્યું, 'જાઓ, હવે. પાછા આવતી કાલે એને એ જ સમયે એની પાસે જજો, તમારી ભૂલની એની આગળ વાત કરજો, અને ફ્રેંચ શીખવાને બદલે એને આપણી *ભજનાવલિ*માંથી ભજનો વાંચીને સમજાવજો.'૫૦

આપણે જોશું કે પાછળથી જેલની નવરાશ મળતાં મહાદેવભાઈ ફ્રેંચ શીખેલા.

આવી કોઈ વાત જોઈજાણીને એક વાર મોરારજીભાઈ અને ચંદુભાઈએ ગાંધીજી આગળ પ્રશ્ન ઉઠાવ્યો કે વિરોધીઓને તો તેઓ પૂરતો ન્યાય આપે છે, એમને પ્રેમ પણ કરે છે. પણ અંગત સાથીઓને ઓછો વખત અપાય છે; તેથી એમને અન્યાય થાય છે. ગાંધીજી એ વાત માનવા તૈયાર શાના થાય? એમણે કહ્યું: 'અંગત સાથીઓને ઉતારી પાડ્યા હોય એ મને યાદ નથી. એ લોકોને એમ લાગે કે હું તેમને ન્યાય આપતો નથી તો

તેમણે મારો ત્યાગ કરવો જોઈએ.' મહાદેવભાઈએ મલકાતા મોઢે કહ્યું, 'પતિનો ત્યાગ પત્ની કરે છે ખરી કે?' અને બધા ખડખડાટ હસ્યા.૫૧

એ સંબંધ પણ ગાંધીજીએ જ જોડેલો. ઑક્ટોબર ૨૧, ૧૯૨૫તે દિને લખેલા એક પત્રમાં ગાંધીજી મહાદેવભાઈને લખે છે:

. ...વાત તમારી સાચી છે. જ્યારે તમે ખૂબ માંદા પડ્યા છો ત્યારે તમે મારાથી દૂર જ વસ્યા છો. એનો ફલિતાર્થ ડિડક્શન? તો ભયંકર છે. તમારાથી વિખૂટા રહેવાય જ નહીં? પછી દુર્ગાનું શું? આવી સ્થિતિ કેટલીક વાર પોલાકને રહેતી તેથી હું કહેતો કે પોલાક બે સ્ત્રીઓને પરણ્યા છે. ને તે પણ અંગ્રેજી કાયદા પ્રમાણે, જ્યાં એકની જ રજા છે. ...૫૨

હકીકત એ હતી કે મહાદેવભાઈ અને ગાંધીજી બંને સારુ એકબીજાથી કોઈ વાત છૂપી રાખવી અશક્ય જ હતી.

શ્રીમતી ઊર્મિલાદેવી સેન, જેમણે મહાદેવભાઈને પોતાના પુત્ર માનેલા, તેઓ એક સંસ્મરણ-લેખમાં પ્રસંગ ટાંકે છે:

એક વાર એક ભાઈએ ગાંધીજી સાથે ખાનગી મુલાકાત માગી. એ ભાઈ આવ્યા ત્યારે મહાદેવભાઈ અને હું ગાંધીજી પાસે બેઠાં હતાં. હું ત્યાંથી ઊઠી ગઈ. ઊઠતાં ઊઠતાં જોયું તો મહાદેવભાઈને બેસી રહેલા જોઈને પેલા ભાઈ વિમાસણમાં પડ્યા હતા. ગાંધીજી કહે: 'તમે જો મહાદેવની હાજરીમાં વાત ન કરવા માગતા હો તો જઈ શકો છો. કારણ, તેઓ અહીં નહીં હોય તોપણ મારી પાસેથી તમારી સાથેની વાત જાણશે તો ખરા જ.' પછી કહે: 'મહાદેવ મારો દીકરો, મારો ભાઈ, મારો મિત્ર, મારો મંત્રી બધું જ છે.' આ સાંભળીને હું ઘડીક તો ત્યાં જ ઊભી રહી ગઈ. પછી જતાં જતાં નજર કરી તો મહાદેવ મરક મરક હસતા હતા!૫૩

આ થઈ મહાદેવભાઈની પાસે ગાંધીજી કોઈ વાત છૂપી ન રાખે એની વાત. મહાદેવથી પણ કોઈ વાત ગાંધીજી પાસે છૂપી રહેતી હશે? ઑગસ્ટ ૨૩, ૧૯૨૭ને દિને ગાંધીજી એક પત્રમાં મણિબહેન પટેલને લખે છે:

'મારા એક ઉદ્ગાર ઉપરથી મહાદેવે, તમારી રજાની રાહ જોયા વિના, મને તમારો કાગળ બતાવ્યો. મારાથી કશું છૂપું રાખવાની, મહાદેવની પાસે કોઈ આશા જ ન રાખે. એ વાત એની શક્તિની બહાર છે. ...'૫૪

મહાદેવભાઈ ગાંધીજીથી કશું છુપાવતા તો નહોતા જ. પોતાના મનની વાત શરૂ

કરીને આખી દુનિયાના જે કોઈ એમના વિશાળ સંપર્કો કે વાચનને કારણે એમની પાસે આવે તે તેઓ ગાંધીજી આગળ પહોંચાડતા. બીજી બાજુ ગાંધીજીના અંતરની વાતોથી માંડીને એમની નાનીમોટી તમામ બાહ્ય પ્રવૃત્તિઓને જગત આગળ ધરી દેવા એ એમનો સ્વધર્મ હતો. અને એ જ એમનું જીવનકાર્ય બની ગયું હતું.

ત્રણ વર્ષના આ ગાળામાં તેમણે ગાંધીજીના ચરિત્રનાં વિધવિધ પાસાંઓની જે ઝાંખી જગતને કરાવી તેમાંથી બહુ જ થોડી અહીં આપણે જોઈ લઈએ, કારણ, ગાંધીજીના વ્યક્તિત્વને સમજ્યા વિના મહાદેવભાઈનું વ્યક્તિત્વ સમજવું અશક્ય છે.

૧૯૨૫ના નવેમ્બર માસમાં આશ્રમનાં બાળકોની કેટલીક ક્ષતિઓને કારણે ગાંધીજીએ એ માસની ૨૪મી તારીખથી સાત દિવસના ઉપવાસ કર્યા. નાદુરસ્ત તબિયત અને આશ્રમ પર વધારે ધ્યાન આપવાની દૃષ્ટિએ તેઓ એક આખું વર્ષ આશ્રમમાં જ રહ્યા. બેક વાર પ્રવાસ દરમિયાન માંદા પડ્યા ત્યારે તેમણે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે સાજા થવું હોય તો તેમ, ને મરવું હોય તો તેમ, પણ તે આશ્રમમાં જ કરવું છે. પ્રવાસમાં એક વાર એમનાથી પોતાનું સાપ્તાહિક મૌન તૂટ્યું. કસ્તૂરબાએ એ વસ્તુ પ્રત્યે ધ્યાન દોર્યું. તેમણે તે દિવસે ઉપવાસ કરીને પ્રાયશ્ચિત્ત કર્યું. આશ્રમવાસ દરમિયાન અને ત્યાર બાદ ૧૯૨૭માં લગભગ અખંડ પ્રવાસ દરમિયાન પણ ગાંધીજીને ઊંચા રક્તચાપની બીમારી રહેતી હતી. એક વાર તેઓ કાંતતાં કાંતતાં મૂર્છિત થઈ ગયા હતા. આથી ગાંધીજીના બાહ્યજીવનની માહિતી તો આપણને તે વખતનાં છાપાં જોવાથી સહેજે મળી શકે એમ છે. મહાદેવભાઈની નોંધોને પરિણામે ગાંધીજીની આ કાળની અંતરકથા પણ આપણી આગળ છતી થાય છે. બંગાળના પ્રવાસ દરમિયાન એક વાર દેશબંધુ ચિત્તરંજન દાસે ગાંધીજીએ ઘડેલા એક ખરડાને અંગે શ્રીમતી દાસને કહ્યું હતું, 'જે મુસદ્દો લખતાં મને ત્રણ દિવસ લાગતા તે આમણે પંદર મિનિટમાં ઘડી આપ્યો! અને છતાં એમને રાજકારણી પુરુષ ગણવા લોકો ના પાડે છે! પણ આવો મુસદ્દો જે ઘડી શકે તે પાકો રાજકારણી પુરુષ હોવો જોઈએ.'૫૫ આ તો એક રાજકારણી પુરુષ દ્વારા બીજા રાજકારણી પુરુષને અપાયેલું પ્રમાણપત્ર હતું. પરંતુ ગાંધીજીને સાચું પ્રમાણપત્ર તો દેશબંધુએ એમની સાથે બંગાળનો પ્રવાસ ખેડ્યા પછી, એમને નિકટથી જોયા પછી આપ્યું. પોતાના સાથી અને શિષ્ય સમા સાતકોડીબાબુ આગળ હૃદય ખોલી વાત કરતાં દાસબાબુએ કહ્યું, 'જુઓને, મહાત્માને તો કોઈ શત્રુ નથી. મને આટલા બધા શત્રુઓ શા કારણે હશે? હવે મને સમજાય છે કે મહાત્માના મનમાં હિંસા નથી તેથી જ તેમની

કોઈ હિંસાપદ કરતું નથી. મારા મનમાં નિશ્ચય હિંસા ભરેલી છે, એટલે જ મારે શત્રુઓ છે.'૫૭ બંગાળના જ પ્રવાસ દરમિયાન એક ખ્રિસ્તી મંડળ આગળ 'મનુષ્યમાત્રમાં ભ્રાતૃભાવ' એ વિષય પર બોલતાં ગાંધીજીએ દેશબંધુની આ વાતને સ્વીકારી. તેમણે કહ્યું:

મેં અનેક વાર જોવાનો પ્રયત્ન કર્યો છે કે હું મારા શત્રુને ધિક્કારી શકું છું ખરો કે નહીં, — પ્રેમ કરી શકું છું કે નહીં એ જોવાનો નહીં, પણ ધિક્કારી શકું છું કે કેમ એ જોવાનો. અને મારે પ્રામાણિકપણે પણ સંપૂર્ણ વિનયથી કહેવું જોઈએ કે હું ધિક્કારી શકું છું એમ મને નથી લાગતું. એ સ્થિતિ મને કેમ લાધી એ હું સમજી નથી શક્યો. પણ જીવનભર જે હું આચરતો આવ્યો છું તે તમને જણાવું છું.૫૮

ગાંધીજીના આત્મવિશ્વાસનું મૂળ એમની ઈશ્વરશ્રદ્ધામાં હતું. અને સામાન્યપણે એ વિરોધી કહે તે વાત માનીને ચાલતા એટલું જ નહીં પણ વિરોધીનો હેતુ પણ પ્રામાણિક જ છે એમ માનતા. હિંદની આઝાદી ખાતર તેઓ સત્ય અને અહિંસા સિવાય બીજું સર્વ કાંઈ છોડવાને તૈયાર હતા, પણ સત્ય-અહિંસા ખાતર આખી દુનિયાની સામે પણ એકલા ઊભા રહેવા તૈયાર હતા. એમ ગાંધીજી અસહકાર આંદોલનના નેતા હતા, પણ એમની મૂળ વૃત્તિ અંગ્રેજો જોડે બને એટલો સહકાર કરવાની હતી. કલકત્તાની બે અંગ્રેજ-સમર્થક સભાઓમાં તેમણે આ વાત કહી ત્યારે એમની વાતનો એટલો પ્રભાવ પડ્યો હતો કે કલકત્તાના <u>સ્ટેટ્સમૅન</u> અને <u>ઇંગ્લિશમૅન</u> નામનાં બે છાપાંઓએ પોતાનું વલણ બદલીને તેમને અનુકૂળ લેખ લખ્યા હતા.૫૯

આટઆટલા શારીરિક અને માનસિક શ્રમ છતાં ગાંધીજી ટકી રહેતા એનું એક કારણ એમની વિનોદવૃત્તિ પણ હતું. રાજાજી કે વલ્લભભાઈ જેવાને મળ્યા હોય ત્યારે તો ગંભીરમાં ગંભીર વિષયો સાથે પણ બંને પક્ષે થોડોઘણો વિનોદ ચાલુ જ હોય. પણ કોઈ કોઈ વાર તો ગાંધીજીનો વિનોદ એમના હાજરજવાબીપણાની સાથે પણ દેખાઈ આવે. એક પારસી બહેને ગાંધીજીને એક સભામાં હાર પહેરાવતાં વિનોદ કર્યો: 'સાહેબ, સ્વદેશી છે.' ગાંધીજીએ તુરત જવાબ આપ્યો, 'હા, એટલાં પણ સ્વદેશી રહ્યાં છો એ ગનીમત છે.'૬૦

પ્રવાસનાં બે વર્ષો (૧૯૨૫ અને ૧૯૨૭) દરમિયાન ગાંધીજીનું ધ્રુવપદ રચનાત્મક કાર્ય અંગે જ હતું. ખાદી, અસ્પૃશ્યતાનિવારણ અને કોમી એકતા વિશે તેઓ દરેક

સભામાં બોલતા. સંકડો સભાઓમાં તેમણે આ ત્રણ વિષયો અંગે જુદી જુદી રીતે સમજણ આપી હશે.

પણ ગાંધીજી જ્યારે કોઈ નવો વિચાર આપતા ત્યારે તેની સાથે એ વિચારને ધરતી પર ઉતારવા કાંઈક સંગઠન પણ રચતા. ૧૯૨૫ના સપ્ટેમ્બર માસમાં તેમણે પટણાની કૉંગ્રેસ કમિટીની બેઠકમાં આ. ભા. ચરખા સંઘની સ્થાપના કરાવી હતી અને પોતે જ એના અધ્યક્ષ બન્યા હતા,

કૉંગ્રેસના પ્રમુખ બન્યા પછી તરત જ કાઠિયાવાડનો જે પ્રવાસ ગોઠવાયો તેમાં તેમણે ખાદીઘેલા બની એની વાતો ઠેર ઠેર કરી. ભાવનગરના વિચક્ષણ બુદ્ધિશાળી દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણીએ ખાદીનું વ્રત લીધું તે પછી તેમને કાંતતાં શીખવવા ગાંધીજી એમની પાસે ત્રણ દિવસ મહેમાન થઈને રહ્યા હતા. કોઈક જગાએ ગાંધીજી રેંટિયાનું અર્થશાસ્ત્ર, ગામડાંની જરૂરિયાત અને એના લોકોની નવરાશના કલાકના આંકડા લઈને સમજાવતા. એક જગાએ તો એમણે એમ પણ કહ્યું કે, 'પટ્ટણીસાહેબની સેવા રેંટિયા મારફતે ન થાય, પણ ૨૬ લાખ ખેડૂતોની સેવા કરવી હોય તો રેંટિયા સિવાય બીજો રસ્તો નથી. મારા આ કહેવાને વિધાતાનો લેખ માનજો.'૬૧ એક સામ્યવાદી આગેવાન શ્રી સકલાતવાલાના ફૅક્ટરીઓ અંગેના આગ્રહને ધ્યાનમાં રાખીને વરાડની યાત્રામાં ગાંધીજી બોલ્યા: 'આપણો આખો દેશ ફૅક્ટરીઓમાં કામ કરતો થાય તો આપણે ચૂસવાને માટે, ધરતીના પડ ઉપર બીજા દેશો શોધવા પડે, કદાચ બીજા ગ્રહો શોધવા પડે.'૬૨ ગાંધીજીએ નફા, માલિકી, સ્પર્ધા અને શોષણ પર આધારિત પશ્ચિમી અર્થશાસ્ત્રને 'આસુરી અર્થશાસ્ત્ર' કહ્યું હતું.

ગાંધીજી કહેતા હતા કે રચનાત્મક કાર્યક્રમ એ પ્રજાને અંદરથી મજબૂત કરવાનો કાર્યક્રમ છે. તેમાંયે અસ્પૃશ્યતાનિવારણ અને કોમી એકતા તો છેવટે ભાવના જોડે સંબંધ ધરાવે છે, પણ ખાદીનું કામ તો નક્કર ધરતી પર કરવાનું કામ છે.

કોહાટના શરણાર્થીઓ સાથેની મુલાકાત પછી ગાંધીજીએ સાંપ્રદાયિક એકતાના પ્રશ્નમાંથી જાણે કે હાથ ધોઈ નાખ્યા હતા. એ બાબત તેઓ થોડા નિરાશ હતા, થોડા દુ:ખી હતા. પણ તેમણે એ બાબત શ્રદ્ધા છોડી નહોતી.

કલકત્તાની એક સભામાં તેમણે કોમી એકતા વિશે પોતાની નબળી સ્થિતિનો એકરાર કર્યો. ખિલાફતના દિવસોમાં તેઓ જેટલા વિશ્વાસપૂર્વક બોલી શકતા હતા તેટલા ૧૯૨૫માં બોલી શકે તેમ નહોતા. તેમણે કહ્યું:

આ કામમાં મારી પાંખ કપાઈ ગઈ છે. ... એક સમય એવો હતો કે જ્યારે હું મને પોતાને આ બાબતમાં હકીમ માનતો હતો... (આજે) હું જોઉં છું, મેં બતાવેલો ઇલાજ કરવાને નથી હિંદુ તૈયાર — નથી મુસલમાન તૈયાર. આજે તો એટલું જ કહું કે એકદિલી વિના સ્વરાજ ન મળે. હિંદુ જો એવું ગુમાન ધરે કે મુસલમાનને છોડીને હિંદુસ્તાનનું રાજ્ય મેળવાય તો કહું કે હિંદુ દીવાના છે. મુસલમાન જો એમ સમજે કે હિંદુને છોડીને મુગલાઈ સલ્તનત પાછી લેવાય તો હું કહીશ કે મુસલમાન પાગલ છે.૬૩

આ કાળ એવો હતો કે જ્યારે આપણા આધુનિક ઇતિહાસમાં સ્વરાજ પહેલાં અને પછીનાં બેક વર્ષોને બાદ કરતાં દેશની મુખ્ય બે કોમો એકબીજાથી વધુમાં વધુ દૂર ચાલી ગઈ હતી. એક તરફથી મુસલમાનો ધર્મપરિવર્તન કરવા ‘તબલિગ’નું આંદોલન ચલાવતા, બીજી તરફથી આર્યસમાજીઓ મુસ્લિમોને હિંદુ બનાવવા ‘શુદ્ધિ’ આંદોલન ચલાવતા, ગાંધીજી પ્રલોભન આપીને અથવા ધાકધમકીથી ધર્મપરિવર્તનના સખત વિરોધી હતા. એ અંગે મહાદેવભાઈએ શુદ્ધિઆંદોલનના આગેવાન સ્વામી શ્રદ્ધાનંદજીને નામે લખેલા પત્રનો આપણે આગળ ઉપર ઉલ્લેખ કરી ગયા છીએ.

ગાંધીજી ૧૯૨૬ના ડિસેમ્બરમાં કલકત્તાથી કૉંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા ગૌહાટી જતા હતા ત્યારે રસ્તામાં તેમને તાર દ્વારા સમાચાર મળ્યા કે દિલ્હીમાં સ્વામી શ્રદ્ધાનંદજીનું એક મુસલમાન દ્વારા ખૂન કરવામાં આવ્યું હતું. કૉંગ્રેસ પર આ સમાચારથી ગમગીનીનું વાતાવરણ છવાઈ ગયું હતું. ગાંધીજીએ *યંગ ઇન્ડિયા*ના એક લેખ દ્વારા એવી આશા વ્યક્ત કરી કે —

‘એમનું પવિત્ર લોહી આપણા આ કલંક-ડાઘ ધુએ, આપણા અંતરની ખરી શુદ્ધિ કરે અને હિંદુ-મુસલમાન કોમરૂપી મનુષ્યજાતિનાં આ બે મહાન કુટુંબોને સદાને માટે સાંધીને એક કરે.’૬૪

આ જ લેખમાં તેમણે હિંદુઓને સલાહ આપી કે ‘એક માણસનો અપરાધ આખી કોમના ઉપર આપણે ન ઓઢાડીએ, હિંસા અને કીનાની વૃત્તિને અંતરમાં જગા ન આપીએ, એક મુસલમાને એક હિંદુનું ખૂન કર્યું એમ ન વિચારીએ. એક પાગલ આદમીએ એક વીર યોદ્ધા સામે ધૂળ ઉડાડી એમ વિચારીએ.’૬૪ મુસલમાનોને ગાંધીજીએ કહ્યું:

‘તલવાર એ કાંઈ ઇસ્લામનું ચિહ્ન નથી. ... તલવારનો આશ્રય અને ઈશ્વરનો

આશ્રય એ તદ્દન પરસ્પરવિરોધી વસ્તુઓ છે. મુસલમાનોમાં આખા આમવર્ગ તરફથી આ ખૂન અસંદિગ્ધ ભાષામાં વખોડી કાઢવું જોઈએ.'૬૪

સાંપ્રદાયિક પ્રશ્ન અંગે ગાંધીજીની મુશ્કેલી આ વખતે એ હતી કે આ પ્રશ્નને લઈને ત્રણ વર્ષ પહેલાં જે લોકોએ ગાંધીજીની જોડે ખભેખભો મેળવીને કે ગાંધીજીની પછવાડે રહીને કામ કર્યું હતું તેમાંથી ઘણા તાજેતરનાં હુલ્લડોમાં આક્રમણ સામી કોમ તરફથી થયું હતું અથવા વધુ પડતા અત્યાચારો એ લોકોએ કર્યા હતા એમ માનતા થઈ ગયા હતા. તેથી ગાંધીજીને પોતાની પાંખો કપાઈ ગયેલી લાગતી હતી, અને બને ત્યાં સુધી તેઓ આ બાબતમાં ચૂપ રહેવા લાગ્યા હતા. પણ કોઈ કોઈ વાર ખાનગી મુલાકાતોમાં પોતાનું હૃદય ખોલતા. એક જગાએ કહ્યું: 'મુંજે તો આજે મંદિરનો જવાબ મસ્જિદમાં આપવા માગે છે. એક માસૂમ હિંદુ બચ્ચો મરે તો બે માસૂમ મુસલમાન મારવા, એ પ્રકારની નીતિરીતિ, તે હિંદુ ધર્મ છે એમ એ સમજાવે છે. એણે એનું ભાષણ મને મોકલ્યું હતું. મેં અભિપ્રાય આપ્યો કે, 'તમારી નિખાલસતા વિશે મુબારકબાદી આપું છું. પણ તમારી અને મારી વચ્ચે ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેટલું અંતર છે.'૬૫ એ જ મુલાકાતમાં ગાંધીજીએ કહ્યું:

'મને તો હિંદુનું મંદિર તૂટે, કે મુસલમાનોની મસ્જિદ તૂટે, કે ખ્રિસ્તીનું દેવળ તૂટે, કે યહૂદીઓનું પ્રાર્થનાસ્થાન તૂટે કે પારસીની અગિયારી તૂટે, બધાથી સરખું દુ:ખ થાય છે.'૬૬

ગાંધીજી અસ્પૃશ્યતાનિવારણની વાતો રચનાત્મક કાર્યના ભાગ તરીકે કરતા હતા. પણ કેરળમાં વાઈકોમ મંદિરના રસ્તા પર પણ અંત્યજોને જવા નહોતા દેતા તેને અંગે ચાલેલા વાઈકોમ સત્યાગ્રહને કારણે ગાંધીજીને આ પ્રશ્ન પર વારંવાર બોલવાનો વારો આવ્યો. આ પહેલાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાંધીજીની સભાઓમાં અંત્યજોને જુદા બેસાડતા. તેને લીધે ગાંધીજીને ઘણી પરેશાની વેઠવી પડેલી.

ગાંધીજી વારંવાર એ વાત સમજાવતા કે અંત્યજોની જે સ્થિતિ થઈ હતી તે સારુ જવાબદાર તો સવર્ણ હિંદુ સમાજ જ હતો. તેઓ એમ પણ કહેતા કે અંત્યજોની સેવાની તુલનામાં પોતાને સ્વરાજ પણ તુચ્છ લાગે છે.

વાઈકોમ જતાંની સાથે ગાંધીજીએ ત્યાંના નંબુદ્રી બ્રાહ્મણોની સાથે ચર્ચા કરવાનો આગ્રહ રાખ્યો. એમને તકરારી માર્ગ જોઈ આવવા વગેરેની સલાહ મળી, પણ ગાંધીજીએ સૌથી વધુ પ્રાથમિકતા નંબુદ્રીઓ સાથેના સંવાદને જ આપી. જે રસ્તાથી

આગળ જવાની અંત્યજોને મનાઈ હતી, જેને અંગે સત્યાગ્રહ ચાલતો હતો, તે રસ્તો ઓળંગીને ગાંધીજી મંદિરની છાયામાં નંબુદ્રીઓના મઠમાં ગયા, સનાતની બ્રાહ્મણ અને ગાંધીજી વચ્ચે થયેલો આ શાસ્ત્રાર્થ મહાદેવભાઈએ આબાદ નોંધ્યો છે:૬૭ ગાંધીજીએ મહાભારતમાંથી सत्यान्नास्ति परोधर्म૬૮ અને अहिंसा परमोधर्म૬૯ અને શંકરાચાર્યનું સૂત્ર ब्रह्म सत्यं जगन्मिथ्या એ ત્રણ સૂત્રો ટાંકીને પોતાના વાઈકોમના પ્રવચનમાં અસ્પૃશ્યતા અને અનુપસાર્યતા૭૦નો વિરોધ કર્યો. પોતે નંબુદ્રીઓ પર અસર પાડી નહોતા શક્યા એ જાહેર સભામાં કબૂલ કર્યું. પણ તેમણે એમ પણ કહ્યું કે, 'હું નાસીપાસ થયો નથી. જ્યારે હું મારી જાત અને માનવતા વિશે નાસીપાસ થઈશ ત્યારે જ હું નાસીપાસી અનુભવીશ.૭૧ સત્યાગ્રહ હૃદયપલટો અને સુધારણા ઉપર નભે છે. એમાં દબાણને લેશમાત્ર સ્થાન નથી એ પણ ગાંધીજીએ સમજાવ્યું. સત્યાગ્રહીઓ જો દબાણ કરતા દેખાશે તો તેમનો ત્યાગ કરવાની પણ ગાંધીજીએ તૈયારી બતાવી.

જે આશ્રમમાં સત્યાગ્રહીઓનો નિવાસ હતો ત્યાં આવીને ગાંધીજીએ હિસાબો, રસોડાં, ભંડાર, પાયખાનાં વગેરે અંગે ઝીણામાં ઝીણી તપાસ કરી. બીજે દિવસે, એટલે કે ૧૧–૩–'૨૫ને દિવસે, સવારની પ્રાર્થના પછી તેમણે સત્યાગ્રહીઓને સત્યાગ્રહના સિદ્ધાંત વિશે ઊંડી સમજ આપી. એમાંની કેટલીક આજે પણ માર્ગદર્શક થઈ પડે તેવી છે:

કોઈ પણ ચળવળમાં સફળતા બહારની મદદથી નહીં પણ આપબળથી મળે છે. ... તમે આ લડતમાંથી રાજકીય તત્ત્વ કાઢી નાખજો. ... કાંઈક રાજકીય પરિણામ આવે એની હું ના નથી પાડતો. પણ તમારે પોતાને એની સાથે કાંઈ લેવાદેવી નથી. જો તમે એવી કોઈ તથામાં પડશો તો આડે માર્ગે ચઢી ગયા હશો. ... લડત જ્યારે આકરું સ્વરૂપ ધારણ કરશે ત્યારે તમે તેમાં ટકી શકશો નહીં. ... આ લડાઈમાં કાંઈ દુ:ખ આવી પડે એ સહન કરવાની, અને સહન કરતાં કરતાં પણ તમારા પ્રતિપક્ષી તરફ તમારા મનમાં લેશમાત્ર કડવાશ પેદા ન થાય એ પ્રકારની શક્તિ તમારામાં છે કે નહીં? હું તો કહું કે તમે તમારા પ્રતિસ્પર્ધી તરફ પ્રેમ બતાવો. ... આ શક્તિ આપોઆપ આવતી નથી. એ, જેટલા પ્રમાણમાં તમારા હેતુઓ પ્રામાણિક છે એમ તમે માનો છો તેટલા જ પ્રમાણમાં એમના હતુઓ પણ પ્રામાણિક છે એમ તમે માનો તો જ બને. ... અનુભવે મને માલૂમ

પડ્યું છે કે જ્યાં પૂર્વગ્રહો કઠોર હોય ત્યાં બુદ્ધિ કામ કરતી નથી. એટલે જ હું કહું છું કે જાતે દુઃખ ભોગવીશું તો જ એમની આંખો ઊઘડશે અને આપણે એમના અંતર સુધી પહોંચી શકીશું. ... જે તમને સાધ્ય, સાધન અને ઈશ્વરમાં શ્રદ્ધા હશે તો આ ધખધખતો સૂરજ૭૨ તમારા માટે ઠંડો પડી જશે. તમને થાક લાગવો જોઈએ નહીં, કંટાળો આવવો જોઈએ નહીં, તમારે ચિડાવું જોઈએ નહીં... જેઓ આશ્રમમાં જ રહીને કામ કરે છે તેઓ પણ વાડ આગળ જઈને બેસનારા જેટલું જ કામ કરે છે. ... તમારી એક ક્ષણ પણ તમારે માટે નિરર્થક વાતોમાં અગર નિરર્થક જિજ્ઞાસા તૃપ્ત કરવામાં ગાળવી જોઈએ નહીં. ... સમય આપણી મિલકત નથી, એ દેશની મિલકત છે.૭૩

પ્રશ્નોત્તરી વખતે તેમણે એવી પણ સલાહ આપી હતી કે, 'વાડ આગળ ઉપવાસ કરવાનો કાંઈ અર્થ નથી. હા, તમારી પોતાની સામે, અગર તમારી પોતાની પવિત્રતા માટે કરી શકો છો. ... તમે કોઈનામાં દયા ઉત્પન્ન કરવા માટે ભૂખે મરી જાઓ, તો તમને મરી જવા દેવા હું લોકોને સલાહ આપીશ. એવી રીતે મરવું એ મૂર્ખાઈ છે, પાપ છે, ગુનો છે. કાયમનું અનશન એ તો કોઈ વિરલ વસ્તુ છે. એ મારાતમારા જેવા ન કરી શકે. એને માટે પારાવાર શક્તિ જોઈએ. એ અનશન ઈશ્વરની સામે હોઈ શકે, માણસની સામે ન હોય.'૭૪ ગાંધીજીએ કેરળના આખા પ્રવાસ દરમિયાન મુખ્યત્વે અસ્પૃશ્યતાનિવારણ વિશે જ વાતો કરી. જો હિંદુ ધર્મ અસ્પૃશ્યતાની વાત કહેતો હોય તો હિંદુ ધર્મનો ત્યાગ કરવા સુધીની વાત તેમણે કરી.

આ ત્રણ વર્ષની ડાયરીઓમાં બીજી ડાયરીઓની માફક સંખ્યાબંધ લોકોના વ્યક્તિગત પરિચયો આવી જાય છે. એમાંથી ડઝનેક જેટલાં રેખાચિત્રો તો એવાં છે કે જે વાંચવાથી વાંચનારના અંતરમાં એની કાયમી છબી પડી જાય. પરંતુ અહીં આપણે એ સૌનો નામોલ્લેખ કરવાનો મોહ પણ જતો કરવો પડશે.

ત્રણ વર્ષનો ગાળો, આખા દેશનું ભ્રમણ અને ગાંધીજી જેવા વ્યક્તિત્વની સત્સંગતિ એટલે સ્વાભાવિક રીતે જીવનના અનેક વિષયો અંગે ઊંડી અને વિસ્તૃત ચર્ચા થાય. મહાદેવભાઈની કલમ એની નોંધ કરતાં થાકતી તો નથી જ. દરેક નોંધ કરતાં જાણે એ નવો નવો ઉત્સાહ અને અવનવી તાજગી અનુભવે છે. તેથી જ એમણે ગાંધીજીના જીવન અને એમની વિચારસૃષ્ટિના સાગરમાંથી સંખ્યાબંધ શંખલા, છીપલાં, કોડીઓ, પ્રવાલ, મોતી ને રત્નો મરજીવાની જેમ ડૂબકીઓ મારી મારીને શોધી કાઢ્યાં છે. સત્યસાગરસંભવા એ લક્ષ્મીની અહીં આપણે સહજ ઝાંખી કરી લઈએ.

અમેરિકાના વિદ્વાન ઇજનેર ને મનોવૈજ્ઞાનિક ગાંધીભક્ત રિચર્ડ બી. ગ્રેગને ગાંધીજી એક પત્રમાં સમજાવે છે કે અહિંસક ચળવળનાં સાધનો આગવાં જ હશે:

શત્રુઓ માટે જેમાં કોઈ સ્થાન નથી એવી જીવનપદ્ધતિમાં વિરોધીઓ જેવા શબ્દનો ઉપયોગ ઉચિત ગણાતો હોય તો વિરોધીઓ દ્વારા અપનાવાતી પદ્ધતિઓ અથવા એ પદ્ધતિઓમાં જરૂરી ફેરફાર કરીને લગભગ એ જ પદ્ધતિઓ અપનાવીને જો આપણે સફળ થવાની આશા રાખીશું તો આ ચળવળ નિષ્ફળ ગયા વગર રહેવાની નથી. … કાંઈ નહીં તો હિંદુસ્તાનને લાગેવળગે છે ત્યાં સુધી, આ ચળવળને જીવંત અને સાર્વત્રિક બળ બનાવવા માટે બીજા ઉપાયો યોજવા જોઈએ. વિરોધીઓ અદ્યતન સાધનોમાં માને છે, અને તેથી તેમને એ સાધનો વાપરવામાં નિપુણતા ધરાવતા લોકોની પદ્ધતિઓ અપનાવવી પડે છે. આ ચળવળનો વિકાસ અંદરથી થવો જોઈએ. … એ ઠીક ઠીક પ્રમાણમાં અને એકધારા ત્યાગની અપેક્ષા રાખે. …૭૫

૧૯૧૭ના નવેમ્બર માસની ત્રીજી તારીખે ગોધરામાં શરૂ થયેલી જે રાજકીય પરિષદ વખતે મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા તેમાં જ ગાંધીજીએ સ્વતંત્રતાની પોતાની અભિનવ વ્યાખ્યા કરી હતી. ૧૯૨૫ના જાન્યુઆરીમાં ગોધરાની જાહેર સભામાં ગાંધીજીએ એનો ફરી ઉલ્લેખ કર્યો ત્યારે મહાદેવભાઈએ એ ઝીલી લીધો:

સ્વતંત્રતા એટલે ભૂલ કરવાની શક્તિ, એ શક્તિ ન હોય, તેનામાં સુધારવાની પણ શક્તિ ન આવે. સ્વતંત્રતા એટલે સંપૂર્ણતા નહીં. માણસ ભૂલો ગંભીર કરે છે. પાપો પણ કરે છે. પણ એ સુધારે છે અને એને માટે પ્રાયશ્ચિત્ત પણ કરે છે. એમાં જ સ્વરાજ આવી જાય છે.૭૬

એક જર્મનને ગાંધીજીએ લખેલ બે વાક્યનો પત્ર:

'સ્વતંત્રતાની લડત લડવામાં એક શરત એ છે કે લડનારે આત્મસંયમ કેળવવો જોઈએ. એમ કરવા માટે દુન્યવી મોજશોખને તજવાં પડે.'૭૭

એક સંદેશામાં સ્વરાજની એમની વ્યાખ્યાને ધ્યાનમાં રાખીને પોતાની દૃષ્ટિએ ગાંધીજી હિંદની ભૂમિકા સમજાવે છે:

માનવજાતિના કલ્યાણમાં હિંદુસ્તાનનો મોટામાં મોટો ફાળો એ જ હોઈ શકે કે તે શાંતિમય અને સત્યનિષ્ઠ સાધનો વડે પોતાની સ્વતંત્રતા પ્રાપ્ત કરે. આવું કદી બનશે કે નહીં એ કોઈ કહી ન શકે. ખરેખર, ઉપર ઉપરથી જોતાં તો ચિહ્નો આવી શ્રદ્ધાની વિરુદ્ધ જાય છે. તેમ છતાં માણસજાતના ભવિષ્યમાં મારી શ્રદ્ધા એટલી બધી છે કે

હિંદુસ્તાન બીજા કોઈ સાધનથી નહીં, પણ શાંતિમય અને સત્યનિષ્ઠ સાધનો દ્વારા જ સ્વતંત્રતા પ્રાપ્ત કરશે. ...૭૮

એના અનુસંધાનમાં આ સૂત્ર જુઓ: 'કોઈ પ્રજા ચઢી નથી શકી જેણે હકનું સેવન કરેલું છે. કેવળ તે જ પ્રજા ચઢી શકી જેણે ફરજનું ધાર્મિક સેવન કર્યું. ફરજના પાલનમાંથી તેમને હક મળી રહ્યા.'૭૯

નક્કર ધરતી પર આવી ગાંધીજી કહે છે:

'હિંદુસ્તાનની સેવા એટલે ગરીબની સેવા. ઈશ્વર અદૃશ્ય છે એટલે આપણે દૃશ્યની સેવા કરીએ તો બસ છે. દૃશ્ય ઈશ્વરની, એટલે કે, ગરીબની સેવા, એ જ આપણા જાહેર જીવનનો અર્થ.'૮૦

એક પત્રમાં ગાંધીજીએ નીતિ અને દર્શનનાં સૂત્રો જ જાણે આપી દીધાં:

આપણો ધર્મ સંત-અસંતને ઓળખતા છતાં બંને પર પ્રેમ રાખવાનો રહ્યો છે. ઘણી વેળા પ્રેમ શબ્દની વ્યાખ્યા આપણે એવી કરીએ છીએ કે આપણે દુષ્ટતાને ઓળખવી જ નહીં. ... આપણે ઘોરમાં ઘોર પાપ કરતાં ધ્રૂજતા નથી પણ એની કબૂલાત આપતાં ટાઢ વાય છે. પણ પૃથ્વીમાં એવા કેટલા હશે કે જે પોતાનાં પાપોનો સાક્ષાત્કાર કરે ને એનું દર્શન જગતને કરાવે?૮૧

ગાંધીજી લગભગ ખાદીઘેલા હતા, પણ તેઓ તત્ત્વ અને તંત્રનો વિવેક કદી ચૂકતા નહીં. તેથી જ તેઓ તરુણોને કાંતણનો આગ્રહ કરવા છતાં કહે છે:

'એક તરફ સૂતર અને બીજી તરફ ચારિત્ર્ય રાખો તો ચારિત્ર્યને હું પસંદ કરું.'૮૨

કચ્છના લોકોને મોઢે એમનાં દુ:ખોની વાત સાંભળીને ગાંધીજી એમનાં દુ:ખો દૂર કરવા પોતે આવવા કે પોતાના કોઈ સાથીને મોકલવાની વાત નથી કરતા. કારણ, તેઓ માને છે કે લોકોએ આપબળે જ પોતાનાં દુ:ખો મટાડવાં જોઈએ.

'(તમારાં દુ:ખોનો) ઇલાજ તમારી પાસે છે, અને એ અવિનય કે અમર્યાદાનો નહીં, પણ સત્યનો અને પ્રેમનો. "સત્ય, શૌર્ય અને પ્રેમ" એ ત્રિવેણીનો જ્યાં સંગમ થાય ત્યાં એકે વસ્તુ અશક્ય નથી.'૮૩

સાહસ વિશે બોલતાં એક વાર એ વાત પર ભાર મૂકે છે કે સાહસ પણ મૂલ્યનિષ્ઠ હોવું જોઈએ.

સાહસ તે કોણ કરે અને શા સારુ કરે? સાહસ વ્યભિચાર માટેયે થાય. ... ધનને

માટેયે થાય. પણ એ તો કૂવામાં પડવાના સાહસ બરાબર છે. સાહસ તો તરી જવાને માટે કરવાનો છે, પુરુષાર્થ આત્મદર્શનને માટે હોય. ... પરમાત્માની લીલા નિહાળવામાં દીવાના બનવું એ સાચું સાહસ.'૮૪

વાસ્તવમાં ગાંધીજીનું આખું નીતિશાસ્ત્ર એમની સત્યનિષ્ઠા પર આધારિત હતું તેથી તેઓ પોતે તો પોતાની ભૂલો સ્વીકારવાની નૈતિક હિંમત ધરાવતા જ હતા, પણ જો બીજા કોઈ પણ પોતાના જીવનમાં છુપાવવાપણું ન રાખતા હોય તો તેના પ્રશંસક બની જતા. મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં નોંધેલો એક પત્રવ્યવહાર આ વાતનું ઉદાહરણ પૂરું પાડે તેવો છે. ગાંધીજીએ કોઈકને સ્પષ્ટ ભાષામાં પૂછ્યું: 'તમે વ્યભિચારી છો એવો આરોપ આવ્યો છે, અમે. ... હતા ત્યારે પણ એ વાત સાંભળેલી. પણ મેં માનેલી નહીં. હવે જે માણસે વાત કરી તેને હું કાઢી નાખી શકતો નથી. તમે વ્યભિચારી હો? તમારી સરળતા, તમારી બહાદુરી બધું જોઈને હું મોહિત થયો હતો. પણ આ સાચું હોય તો શું થાય?' એના જવાબમાં તેનો એક ભારે પત્ર હતો. 'બાળપણમાં દોષો થયેલા. એ પછી કાંઈ પણ કરેલું હોય, પારકા પાયખાનામાં મારાં મળમૂત્ર નાખ્યાં હોય એવું યાદ નથી. મારો પત્ર તમે ફાડી નાખશો એમ તમે લખો છો. પણ શા સારુ? મારો કાગળ તો... ફોડે છે અને આ કાગળ તો... પાસે જ લખાવું છું અને મારાં પત્નીએ પણ વાંચ્યો છે.'

આના જવાબમાં ગાંધીજીએ લખ્યું:

તમે એક પણ કાગળને કેવળ ખાનગી નથી માનતા એ વાંચીને મને મનુષ્યજાતિ વિશે વધારે અભિમાન થયું છે. મારો ગર્વ ઊતર્યો છે. હું એમ માનતો હતો કે એવો હું એક જ હોઈશ. તમે ચડ્યા, કેમ કે તમે એવા વાતાવરણમાં છો કે જ્યાં ખાનગી જીવનને જાહેર કરવું મુશ્કેલ હોય. ...૮૫

૧૯૨૭ના મહારાષ્ટ્રના પ્રવાસ દરમિયાન રત્નાગિરિ આવ્યા ત્યારે ગાંધીજી પોતાના ઘરમાં નજરકેદ રાખવામાં આવેલ શ્રી સાવરકરને ૧લી માર્ચના દિવસે મળ્યા હતા. તેની ટૂંકી નોંધ મહાદેવભાઈએ આમ લખી છે: 'સભામાં જવા પહેલાં ગાંધીજી આંદામાન તપશ્ચર્યા કરી આવેલા ભાઈ સાવરકરને ઘેર જઈ આવ્યા હતા. પાંચદસ મિનિટમાં બહુ વાતો થાય એમ તો નહોતું. અસ્પૃશ્યતા અને શુદ્ધિ વિશેના ગાંધીજીના વિચારોનું છાપામાં આવતું વિપરીત સ્વરૂપ ફેડવાની અહીં એમને તક મળી. પણ વધારે ચર્ચાને માટે એમણે ભાઈ સાવરકરને પત્રવ્યવહાર કરવા વિનંતી કરી. 'સત્યના ચાહનારા તરીકે, સત્ય માટે મરણ પર્યંત લડનાર તરીકે તમારે માટે મને કેટલો આદર છે તે તમે જાણો છો. આખરે

આપણું બંનેનું ધ્યેય તો એક જ છે. એટલે તમે જે જે બાબતમાં મારી સાથે ચર્ચા કરવા માગો તે બાબતમાં ખૂબ પત્રવ્યવહાર ચલાવો. અને તમે ઇચ્છો તો ખાદી, શુદ્ધિ વગેરે બાબત તમારી સાથે ચોખવટ કરી લેવા હું મારા રોકાઈ ગયેલા સમયમાંથી પણ તમારે માટે બેત્રણ દહાડા કાઢી રત્નાગિરિ તમારી સાથે રહેવાને તૈયાર છું. શ્રી સાવરકરે: 'તમને મુક્તને હું બંદી બનાવવા ઇચ્છતો નથી.' એમ કહી પત્રવ્યવહારની સૂચના વધાવી લીધી.'૮૬

રત્નાગિરિમાં લોકમાન્યનું સ્મરણ સ્વાભાવિક હતું. પણ ત્યાં ગાંધીજીએ એવો દાવો કર્યો કે જેનાથી ઘણાને નવાઈ લાગે:

લોકમાન્યના મંત્રને સિદ્ધ કરવા માટે લોકમાન્યનો મારા કરતાં વધારે અનુયાયી હું જાણતો નથી. મારા જેવા બીજા અનુયાયી હશે, પણ સ્વરાજમંત્રની સિદ્ધિ માટે મારા કરતાં કોઈ વધારે પ્રયત્ન કરે છે એમ હું નથી માનતો. કારણ, હું સમજી ગયો છું કે સ્વરાજ આપણો જન્મસિદ્ધ હક છે એટલું જ નહીં, પણ આપણું કર્તવ્ય છે, કારણ સ્વરાજથી આપણે જેટલા દૂર છીએ તેટલા મનુષ્યત્વથી દૂર છીએ, આપણી સર્વ શક્તિનો આવિર્ભાવ સ્વરાજ વિના અશક્ય છે. ... હિંદુસ્તાનના ગરીબને માટે સ્વરાજ મેળવ્યા વિના સાચું સ્વરાજ નથી. અને ગરીબને પેટપૂરતું અન્ન મેળવી આપ્યા વિના તેમના સ્વરાજનો અર્થ નથી.૮૭

નોંધ:

૧. गाधींजीनो अक्षरदेह – ૩૩ : પૃ. ૪૨૫.

૨. જ્યાં જાઉં છું ત્યાં તું મારી સંગાથે, મારા હાથ ધરીને તું મને ચલાવે છે.

૩. गाधींजीनो अक्षरदेह – ૩૩ : પૃ. ૪૨૫.

૪. गाधींजीनो अक्षरदेह – ૩૬ : પૃ. ૧૧૫.

૫. गाधींजीनो अक्षरदेह – ૩૪ : પૃ. ૨૫૮. આ રેલસંકટ જુલાઈના છેલ્લા અઠવાડિયામાં આવ્યું હતું ત્યારે ગાંધીજી બેંગલોર હતા.

૬. ચંદુલાલ ભ. દલાલ : गाधींजीनी दनिवारी : પૃ. ૨૪૨, પાદટીપ-૧.

૭. महादेवभाईनी डायरी – ૯ : પૃ. ૩૫.

૮. એજન, પૃ. ૯.

૯. ૧૮–૩–'૨૫ને રોજ.

૧૦. महादेवभाईनी डायरी – ७ : पृ. २९२-२९३.

૧૧. महादेवभाईनी डायरी – ८ : पृ. ७६.

૧૨. महादेवभाईनी डायरी – ७ : पृ. १६२.

૧૩. એજન, પૃ. ૨૭૪.

૧૪. महादेवभाईनी डायरी – ८ : पृ. ३.

૧૫. જવાહરલાલ નેહરુ મ્યુઝિયમના 'દેવદાસ પેપર્સ'ના ૨૧–૫–'૨૫ના એક હસ્તલિખિત પત્રનો અંશ.

૧૬. પ્રકાશક: એસ.ગણેશન, ૧૯૨૮.

૧૭. સંપાદક: નરહરિ પરીખ: गांधीजीनुं गीताशिक्षण.

૧૮. गांधीजीनो अक्षरदेह – २६ : पृ. २७९.

૧૯. महादेवभाईनी डायरी – ८ : पृ. १८३.

૨૦. गांधीजीनो अक्षरदेह – २७ : पृ. २८१.

૨૧. શ્રી મથુરાદાસભાઈ બીમારીને લીધે દેવલાલી ગયા હતા. ગાંધીજી સાથેના કામને લીધે મહાદેવભાઈ દેવલાલી નહોતા જઈ શક્યા. દેવદાસભાઈ ત્યાં જઈ આવ્યા હતા.

૨૨. गांधीजीनो अक्षरदेह – ३० : पृ. ५१.

૨૩. કાકાસાહેબ કાલેલકર: बापुनी झांखी : पृ. ४६-४७.

૨૪. महादेवभाईनी डायरी – ११ : पृ. १५७.

૨૫. ચક્રવર્તી રાજગોપાલાચારી.

૨૬. महादेवभाईनी डायरी – ११ : पृ. १५७.

૨૭. ફૂટનોટ ૨૬ કરી છે.

૨૮. महादेवभाईनी डायरी – १० : पृ. १५३.

૨૯. महादेवभाईनी डायरी – ८ : पृ. ४२८.

૩૦. महादेवभाईनी डायरी – १० : पृ. २६३.

૩૧. નંદનો પરિચય કરાવ્યો ૧૯૨૫માં.

૩૨. સંત ફ્રાંસિસનું જીવનચરિત્ર લખ્યું ૧૯૩૪માં.

૩૩. ખાદી કેળો: સાબરમતી હરિજન આશ્રમ હસ્તલિખિત માસિક, મધપૂડો: ૧૯૨૬.

૩૪. महादेवभाईनी डायरी – ૭ : પૃ. ૩૪.

૩૫. એજન, પૃ. ૧૭૫.

૩૬. महादेवभाईनी डायरी – ૮ : પૃ. ૧૮૧.

૩૭. એજન, પૃ. ૨૯૨.

૩૮. महादेवभाईनी डायरी – ૯ : પૃ. ૪-૫.

૩૯. બિહારમાં છાત્રસંમેલનના અધ્યક્ષ તરીકેનું આખું ભાષણ. महादेवभाईनी डायरी-૧૦: પૃ. ૧૨૩થી ૧૩૨.

૪૦. महादेवभाईनी डायरी – ૮ : પૃ. ૪૩૭.

૪૧. એજન, પૃ. ૪૩૮.

૪૨. એજન, પૃ. ૩૭૨.

૪૩. એજન, પૃ. ૮૭.

૪૪. ગાંધી સંગ્રહાલય-સાબરમતીના પત્રસંગ્રહ ક્રમાંક એસએન/૧૦૫૦૮માંથી.

૪૫. બન્ને નિવેદનો महादेवभाईनी डायरी – ૭ : પરિશિષ્ટમાં છે અને गाधीजीनो अक्षरदेह – ૨૬ : પૃ. ૩૦૧.

૪૬. महादेवभाईनी डायरी – ૭ : પૃ. ૪. પત્ર પર તારીખ લખેલી નથી.

૪૭. શ્રી નારણદાસ ગાંધી.

૪૮. गाधीजीनो अक्षरदेह – ૨૮ : પૃ. ૧૮૫.

૪૯. મીરાંબહેન. એ સાબરમતી આશ્રમમાં પહેલવહેલાં તા. ૭–૧૧–'૨૫ના રોજ આવ્યાં હતાં.

૫૦. महादेवभाईनी डायरी – ૮ : પૃ. ૩૬૫થી ૩૬૯.

૫૧. महादेवभाईनी डायरी – ૨૦ : પૃ. ૧૪૪.

૫૨. गाधीजीनो अक्षरदेह – ૨૮ : પૃ. ૩૧૪.

૫૩. शुक्रतारक समा महादेवभाई: પૃ. ૧૦૧.

૫૪. गाधीजीनो अक्षरदेह – ૩૪ : પૃ. ૩૭૭.

૫૫. મહાદેવભાઈની ડાયરી – ૮ : પૃ. ૧૪૬.

૫૬. બંગાળીમાં આ હિંસાનો અર્થ ઇર્ષ્યા થાય.

૫૭. મહાદેવભાઈની ડાયરી – ૮ : પૃ. ૨૧૭.

૫૮. એજન, પૃ. ૨૫૭.

૫૯. એજન, પૃ. ૨૨૨.

૬૦. એજન, પૃ. ૨૪૮.

૬૧. મહાદેવભાઈની ડાયરી – ૭ : પૃ. ૩૧૬.

૬૨. મહાદેવભાઈની ડાયરી – ૧૦ : પૃ. ૧૪૬.

૬૩. મહાદેવભાઈની ડાયરી – ૮ : પૃ. ૫.

૬૪. યંગ ઇન્ડિયા ૩૦–૧૨–'૨૬ : ગાંધીજીનો અક્ષરદેહ – ૩૨ : પૃ. ૩૯૦.

૬૫. મહાદેવભાઈની ડાયરી – ૯ : પૃ. ૧૫૬.

૬૬. એજન, પૃ. ૧૫૫.

૬૭. મહાદેવભાઈની ડાયરી – ૭ : પૃ. ૨૧૮થી ૨૨૭.

૬૮. શાંતિપર્વ: ૧૫૬-૬૪, મૂળ 'નાસ્તિ સત્યાત્પરોધર્મ' એમ છે.

૬૯. વનપર્વ: ૧૬૮-૬૯.

૭૦. નિકટથી પસાર થવાની મનાઈ.

૭૧. મહાદેવભાઈની ડાયરી – ૭ : પૃ. ૨૨૯-૨૩૦માંથી સારવીને.

૭૨. સત્યાગ્રહીઓ રસ્તા ઉપર વાડ આગળ ઊભા રહીને ભજનો ગાતા હતા.

૭૩. મહાદેવભાઈની ડાયરી પૃ. ૨૩૪થી ૨૩૮માંથી સારવી.

૭૪. એજન, પૃ. ૨૪૪.

૭૫. ગાંધીજીનો અક્ષરદેહ પૃ. ૩૫૫-૩૫૬.

૭૬. મહાદેવભાઈની ડાયરી – ૭ : પૃ. ૧૪.

૭૭. ગાંધીજીનો અક્ષરદેહ – ૨૬ : પૃ. ૩૭.

૭૮. ગાંધીજીનો અક્ષરદેહ – ૩૧ : પૃ. ૮૯.

૭૯. મહાદેવભાઈની ડાયરી – ૭ : પૃ. ૩૮.

૮૦. એજન, પૃ. ૮૮.

૮૧. महादेवभाईनी डायरी – ૮ : પૃ. ૪૨૬-૪૨૭.

૮૨. એજન, પૃ. ૧૭૯.

૮૩. એજન, પૃ. ૩૨૦.

૮૪. એજન, પૃ. ૩૪૧.

૮૫. महादेवभाईनी डायरी – ૭ : પૃ. ૧૩૭-૧૩૮.

૮૬. महादेवभाईनी डायरी – ૧૦ : પૃ. ૨૨૪.

૮૭. એજન, પૃ. ૨૧૯.

# સત્તાવીસ – બારડોલી ને સાબરમતી વચ્ચે

ભારતની આઝાદી માટેની અહિંસક લડત એક આરોહણ સમાન હતી. એમાં લક્ષ્ય તરફ ઉત્તરોત્તર ઊંચો જતો માર્ગ ફરી ફરીને એક દિશામાં આવતો. કોઈક વાર પહાડ ચડ્યા પછી ખીણ ઊતરવાનુંયે થતું, પણ સરવાળે લક્ષ્યસિદ્ધિ તરફ અગ્રગતિ થતી. આ આરોહણમાં લગભગ દાયકે દાયકે એક એક ઊંચી ટૂંક ચડવાની થઈ — ૧૯૨૧–'૨૨માં; ૧૯૩૦–'૩૨માં અને ૧૯૪૨માં. આની વચ્ચેના ગાળામાં કોમી રમખાણો કે બીજી છૂટીછવાઈ હિંસાની ઘટનાઓને આપણે ખીણમાં ઊતરવા સાથે સરખાવી શકીએ. વળી આવી બે ટૂંકોની વચ્ચે જ કેટલાક આગેવાનો બંધારણીય માગોૅ દ્વારા અંગ્રેજો પાસેથી શાસનની સત્તા પ્રજાના હાથમાં લેવાના પ્રયાસ પણ કરતા હતા. ગાંધીજી લગભગ દાયકે દાયકે રચનાત્મક કાર્યક્રમો દ્વારા સ્વરાજની લડતને વધુ સુદૃઢ બનાવતા જતા હતા. આમ આખી લડતની એક ભાત ઊપસતી જતી હતી. આ ભાતમાંયે વિશિષ્ટ સ્થાન હતું સ્થાનીય સ્તરના સત્યાગ્રહ-આંદોલનોનું. આ સત્યાગ્રહોના ઉદ્દેશ સીમિત હતા. પરંતુ તેથી જ તે વધુ ચોક્કસ પણ હતા. આવી લડતો દ્વારા પ્રજા પોતાની અહિંસક શક્તિ પારખતી હતી, અને તેનો આત્મવિશ્વાસ વધતો જતો હતો.

આ સદીના બીજા દાયકાને અંતે ચંપારણના કિસાનોનો, અમદાવાદના મિલમજૂરોનો તથા ખેડાના ખેડૂતોનો સત્યાગ્રહ આ પ્રકારનો હતો. અને ત્રીજા દાયકામાં નાગપુરનો ઝંડા સત્યાગ્રહ, બોરસદનો હૈડિયાવેરા-વિરોધી સત્યાગ્રહ અને વાઈકોમનો અસ્પૃશ્યતા-વિરોધી સત્યાગ્રહો પણ આ જ પ્રકારના હતા. આ સત્યાગ્રહો એક રીતે મર્યાદિત ઉદ્દેશવાળા તો હતા જ, પરંતુ તે દરેક સત્યાગ્રહનાં પરિણામ એવાં આવ્યાં

કે, જેને લીધે જનતાનો આત્મવિશ્વાસ વધ્યો અને પોતે કષ્ટ સહન કરીને અન્યાયનો સફળતાપૂર્વક સામનો કરી શકે છે એવી લોકોને પ્રતીતિ થઈ. ગાંધીજીએ ૧૯૨૨માં અસહકારની લડત ચૌરીચૌરાના કાંડ પછી મુલતવી રાખી ત્યારે બારડોલીની પ્રજાને નિરાશા અવશ્ય થયેલી, પણ તેને લીધે ત્યાંના કાર્યકર્તાઓ અદબ વાળીને બેઠા નહોતા રહ્યા. અનેક કાર્યકર્તાઓએ તાલુકામાં ઠેર ઠેર રચનાત્મક પ્રવૃત્તિઓ ઉપાડી હતી અને ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબંધી વગેરે પ્રવૃત્તિઓથી બારડોલી, વેડછી, વાલોડ, વરાડ, સરભણ-ભુવાસણ વગેરે કેન્દ્રો ગુંજતાં થયેલાં. સર્વ રચનાત્મક કાર્યોને પરિણામે ૧૯૨૮નો બારડોલી સત્યાગ્રહ કદાચ આ પ્રકારની ચળવળોમાં સૌથી અનોખો હતો. ત્યાર સુધી ભારતમાં અજમાવાયેલા સત્યાગ્રહોમાં પ્રજાએ આ લડત દરમિયાન સ્વેચ્છાપૂર્વક વધુમાં વધુ કષ્ટ સહન કર્યું હતું. મહાદેવભાઈના શબ્દોમાં:

'નિર્બલ કે બલ રામ'નો આધાર રાખી પોતાની ટેક ઉપર ઝૂઝનારા અને સંકટસહન જ મોટું શસ્ત્ર માની છ મહિના સુધી બળિયાની સાથે બાથ ભીડનારા બારડોલીના ભલાભોળા ખેડૂતોનો વિજય થયો. સત્ય અને અહિંસાનો આવો વિજય કેટલાંક વર્ષ થયાં હિંદુસ્તાને જાણ્યો નહોતો. … બારડોલી સત્યાગ્રહ અપૂર્વ કહેવાય. કારણ, તેણે દેશનું નહીં પણ સામ્રાજ્યનું ધ્યાન ખેંચ્યું હતું. અને લોકોની માગણીના ન્યાયીપણા અને મર્યાદાને લીધે એણે આખા દેશની સહાનુભૂતિ મેળવી હતી. આ સત્યાગ્રહનો વિજય ઇતિહાસમાં અનેક કારણોને લીધે અપૂર્વ હતો: મુખ્ય એ કારણે કે બારડોલીને સત્યાગ્રહના પ્રથમ ક્ષેત્ર તરીકે ગાંધીજીએ પસંદ કરવામાં ભૂલ કરી નહોતી એ સિદ્ધ થયું; બીજું, હિંદુસ્તાનમાં રાંકમાં રાંક ગણાતા લોકોએ વિજય મેળવ્યો; ત્રીજું એ કે લડતને છૂંદી નાખવાને પ્રતિજ્ઞાબદ્ધ થયેલી સરકારને પ્રતિજ્ઞાના પંદર દિવસની અંદર લોકોએ નમાવી; ચોથું એ કે રેવન્યુ ખાતામાં મોટો માંધાતા પણ માથું ન મારી શકે એવા નોકરશાહીના સિદ્ધાંત છતાં સરકારને નમવું પડ્યું; પાંચમું એ કે ત્રણ ત્રણ ચાર ચાર વર્ષની રાષ્ટ્રીય નિરાશા અને યાદવીઓ પછી આવો મોટો વિજય પ્રાપ્ત થયો; છઠ્ઠું એ કે સત્યાગ્રહના નાયકે[૧] પ્રતિષ્ઠાના ભૂતનો ત્યાગ કરી તત્ત્વ તરફ તાણ્યું હતું; અને છેવટે એ કે જે ગવર્નર કેટલોક સમય પોતાના હાથ નીચેના માણસોનું જ સંભળાવ્યું સાંભળતા હતા અને હિંદી પ્રધાનનું કહ્યું કરતા જણાતા હતા. તેમણે સમાધાની કરવામાં પોતાથી થાય તેટલું કર્યું.[૨]

ઇતિહાસના આ અપૂર્વ પ્રસંગમાં મહાદેવભાઈની ભૂમિકા બેવડી હતી: સત્યાગ્રહ

ચાલ્યો ત્યાં સુધી ગાંધીજીના પ્રતિનિધિ અને વલ્લભભાઈના સાથી તરીકે તેમણે સત્યાગ્રહનું નિરીક્ષણ કરી અને એનો દૈનંદિન ચાલુ ઇતિહાસ દેશ અને દુનિયા આગળ પોતાની તેજસ્વી કલમે રજૂ કર્યો અને જ્યારે સત્યાગ્રહની પ્રત્યક્ષ ચળવળ સમાપ્ત થઈ ને મામલો તપાસસમિતિને સોંપાયો ત્યારે ખેડૂતોના પ્રતિનિધિના ત્રણ સભ્યોની સમિતિના સભ્ય તરીકે તેમાં એવી કુશળતાપૂર્વક કામ કર્યું કે બે અંગ્રેજોની બનેલી એ સમિતિએ પણ એ ખેડૂતપ્રતિનિધિઓની તટસ્થતા, કાર્યક્ષમતા અને તેમના સૌજન્યનાં પણ મુક્તકંઠે વખાણ કર્યાં.

બારડોલીના એ અપૂર્વ સત્યાગ્રહનો ઇતિહાસ ખુદ મહાદેવભાઈએ લખ્યો છે. મહાદેવભાઈની અનેક ઉત્તમ કૃતિઓમાં बारडोली सत्याग्रहनो इतहिास એક આગવું સ્થાન ધરાવે તેવી કૃતિ છે. પ્રત્યક્ષ ઇતિહાસ રચાતો હતો ત્યારે મહાદેવભાઈએ એને તાલુકાને ગામડે ગામડે અને ખૂણે ખૂણે જઈને સહાનુભૂતિપૂર્વક નિહાળ્યો છે; સત્યાગ્રહના તત્ત્વની દૃષ્ટિએ એની ઝીણામાં ઝીણી બારીકીને નાણી અને માણી છે; नवजीवन અને यंग इन्डयिाના અંકોનાં પાનાંનાં પાનાંમાં તેમણે એ ઇતિહાસની વહેતી ધારાને રસપૂર્વક ઝીલી છે એટલું જ નહીં, પણ મોકો મળતાં સિમલાના હિમગિરિ શિખરે જઈ સહજ સ્વસ્થતા તેમ જ તટસ્થાપૂર્વક એનો ઇતિહાસ આલેખ્યો છે. એ ગ્રંથ વિશે મહાદેવભાઈએ જ લખ્યું છે:

બારડોલી સત્યાગ્રહમાં સૈનિક તરીકે ભાગ લેવાનું સદ્ભાગ્ય તો મને નહોતું મળ્યું. પણ અ-સૈનિક તરીકે મારે ઠીક સેવા આપવાનો લાભ મળ્યો હતો. એ દરમિયાન સરદારની સાથેના સહવાસનાં અને સત્યાગ્રહનાં દર્શનનાં કેટલાંક સ્મરણો મારે માટે પુણ્યસ્મરણ રહેશે. એ અને બીજાં સ્મરણોને ઇતિહાસરૂપે ગૂંથીને ગુજરાત આગળ રજૂ કરતાં આનંદ થાય છે. આ ઇતિહાસ કોઈ સૈનિક રજૂ કરે તો જુદી જ રીતે કરે અને સરદાર પોતે લખે તો વળી તેથી જુદી રીતે લખે. પણ સરદાર અને તેના સૈનિકોને લડવાનો જેટલો શોખ છે તેટલો લખવાનો નથી. એટલે મારે આ કામ ઉપાડવું પડ્યું છે. પરિણામે ‘ગોળી બહારની લાઇન’માંથી લખાયેલાં વર્ણનોની લહેજત એમાં ન મળે, અને दक्षणि आफ्रकिाना सत्याग्रहनो इतहिासમાં મળતો સત્યાગ્રહના પ્રણેતાના સ્વભાવનો શાંતરસ ન મળે. એ ન મળે તો બીજું કાંઈક તો મળી રહેશે.૩

આ સત્યાગ્રહ ચાલતો હતો તે દરમિયાન એટલે કે, ૧૯૨૮ના ફેબ્રુઆરીથી જુલાઈ

માસ સુધી અને તપાસસમિતિની કાર્યવાહી ચાલી તે અરસામાં એટલે કે નવેમ્બર ૧૯૨૮થી ફેબ્રુઆરી ૧૯૨૯ સુધી મહાદેવભાઈ મોટે ભાગે ગાંધીજી પાસેથી બારડોલી આવીને રહ્યા છે. અને પહેલા તબક્કામાં વલ્લભભાઈની સાથે કે સત્યાગ્રહનાં જુદાં ક્ષેત્રોમાં ઘૂમ્યા છે. અને બીજા તબક્કામાં તપાસસમિતિની સાથે સાથે ફર્યા છે. વચ્ચે વચ્ચે, અલબત્ત, તેઓ સાબરમતી આશ્રમમાં ગાંધીજી પાસે જઈ આવ્યા છે. नवजीवन કે यंग इन्डयिा કાઢવાની સીધી જવાબદારી તેમણે નથી સંભાળી, પણ એને સારુ આવશ્યક સામગ્રી તો તેમણે અઠવાડિયે અઠવાડિયે પૂરી પાડી છે. પણ ૧૯૨૧–'૨૨માં જેલમાં હતા ત્યાર પછી પહેલી વાર મહાદેવભાઈ ગાંધીજીથી આટલો લાંબો ગાળો દૂર રહ્યા છે પણ પોતાના ગુરુના બતાવેલા સાધન સત્યાગ્રહના કુશળ પ્રયોગને જોઈને મહાદેવભાઈ એટલી મસ્તી અનુભવે છે કે इन्डपिेन्डन्ट ચલાવવા અલાહાબાદ ગયા ત્યારે તેમણે જેવો સ્વામીવિરહ અનુભવ્યો હતો, તેવો વિરહ તેમણે બારડોલી સત્યાગ્રહના કાળમાં અનુભવ્યો જણાતો નથી. બલકે આ ગાળા દરમિયાન ગાંધીજીએ અનેક લોકોને લખેલા પત્રોમાં એવું જણાય છે કે વિરહ ગાંધીજીએ વિશેષરૂપે અનુભવ્યો છે. સંખ્યાબંધ લોકોને લખેલા તેમના પત્રોમાં એ વાતોનો ઉલ્લેખ આવે છે કે આજકાલ મહાદેવ બારડોલી જતા-આવતા હોય છે તેથી તેમની પાસે ચાલુ કામોની આશા ન રાખી શકાય. મહાદેવનાં બંગાળી મા ઊર્મિલાદેવીને ગાંધીજી ૨૩મી ફેબ્રુઆરીએ લખે છે:

'મહાદેવ હમણાં હમણાં બારડોલી અને સાબરમતી વચ્ચે આવજા કરે છે. તે વલ્લભભાઈને મદદ કરી રહ્યા છે. તે ગઈ રાતે બારડોલી ગયા અને સોમવારની સવાર પહેલાં પાછા નહીં ફરે.'૪

બે દિવસ પછી કેરળના શ્રી રામચંદ્રનને લખે છે:

તમારો મહાદેવ ઉપરનો તાર મેં ખોલ્યો છે. એમની સાથેના તમારા પત્રવ્યવહાર વિશે હું કશું જાણતો નથી, એટલે તેના ઉપર કશું પગલું લેતો નથી. મહાદેવ અત્યારે બારડોલીમાં છે. મોડામાં મોડા સોમવારે પાછા ફરશે, ત્યારે તે તમારા તાર બાબતમાં બધી હકીકત મને કહેશે અને પછી હું ઘટતું કરીશ.૫

માર્ચની નવમીએ એમના મિત્ર રેવાશંકરભાઈને ગાંધીજી લખે છે:

'ભાઈ મહાદેવને કાગળ લખવાનું તમને કહેલું તેમાં એક બાબત અહીં રહી ગયેલી એમ મને ધાસ્તી છે. મહાદેવ અહીંયાં નથી કે તેને પૂછી શકું. ...'૬

બીજી બાજુ મહાદેવ જ્યારે વલ્લભભાઈથી છૂટા પડે છે, ત્યારે તેમને પણ મહાદેવભાઈની ખોટ સાલે છે. જૂન માસમાં મહાદેવભાઈ સાબરમતી ગયા ત્યારે કૂવે પાણી ભરવા જતાં કૂવાના થાળા પરથી લપસી પડ્યા હતા. બેત્રણ અઠવાડિયાંનો ખાટલો થયો હતો. તે વખતે સામાન્ય રીતે મહાદેવભાઈને 'તમે' કહીને સંબોધતા વલ્લભભાઈ 'પ્રિય ભાઈ મહાદેવ'ને બારડોલીથી લખ્યું, 'તું તો ભાંગી પડ્યો અને ખરી વખતે પડ્યો! પણ હવે જલદી આરામ થઈ જાય તો ઠીક. વેદના અસહ્ય થતી હશે, કારણ કે કેડની જગાએ દરદ થયું પણ હવે થોડા દિવસમાં આરામ થશે જ. હાડકું ભાંગ્યું નથી અને સોજો નથી એટલે વાર નહીં લાગે, છતાં ઉતાવળ ના કરતા. ...'૭

बारडोली सत्याग्रहनो इतहिास એ માત્ર કાળક્રમાનુસાર નોંધનાર કોઈ લેખકની નોંધપોથી નથી. લેખક ભલેને પોતાને એ લડાઈના સૈનિક ન જણાવતા હોય પણ સત્યાગ્રહનો પ્રયોગ થઈ રહ્યો હતો તેથી અને ખેડૂતો વિશે તેમને ભારોભાર સહાનુભૂતિ હતી તેથી મહાદેવભાઈ એ લડાઈમાં ગળા સુધી ડૂબેલા છે. વળી એના સેનાપતિના તેઓ માત્ર પ્રશંસક જ નથી, પણ જરૂર પડ્યે એમના સલાહકાર પણ છે. આ વિવિધ ભૂમિકામાં એમની કસાયેલી કલમની કળા ભળે છે તેથી એ કોરા ઇતિહાસની પોથી મટીને જીવતોજાગતો રસાળ ગ્રંથ બની જાય છે. પ્રત્યક્ષ લડત ચાલી અને તપાસસમિતિ નિમાઈ તે બંનેની વચ્ચેના ગાળામાં મહાદેવભાઈ વલ્લભભાઈ અને સ્વામી આનંદ જોડે થોડા દિવસમાં વલ્લભભાઈના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ સાથે ગાળવા સિમલા ગયા હતા. એ જ નિરાંતના દિવસોમાં આ પુસ્તકનો ખાસ્સો મોટો ભાગ (પૂર્વાર્ધ — ક્લેશ) લખાયો છે.

ઇતિહાસનું પૃથક્કરણ કરી એને વિષયવાર આલેખવા જતાં કેટલીક વાર તેમાં સહેજે થોડી પુનરુક્તિ આવી જાય છે એટલો દોષ માફ કરીએ તો એ ભારતના આધુનિક ઇતિહાસનો એક અત્યંત રોચક ગ્રંથ બની રહે એમ છે. ખેડૂતોના સત્યાગ્રહના કષ્ટસહનની કથાને મહાદેવભાઈ પુસ્તકના પૂર્વાર્ધમાં લઈ તપાસસમિતિના કામકાજ અને નિષ્કર્ષોને ઉત્તરાર્ધમાં સમાવી તેને અનુક્રમ 'ક્લેશ' અને 'ફળ' શીર્ષક આપી તેમ કરવાનું કારણ તેઓ આ મુજબ આપે છે:

'મહાકવિ કાલિદાસની પ્રસિદ્ધ ઉક્તિનું સ્મરણ કરીને ઇતિહાસના પૂર્વાર્ધને ક્લેશ

તરીકે વર્ણવ્યો છે અને ઉત્તરાર્ધને 'ફળ' તરીકે વર્ણવ્યો છે. કારણ क्लेशः फलेन हि पुनर्नवतां विधित्त'૮, ૯

૩૮ પ્રકરણો અને ૪ પરિશિષ્ટોથી સમૃદ્ધ આ ગ્રંથમાં મહાદેવભાઈ માત્ર કાળક્રમ અનુસાર ન ચાલતાં, પશુબળ સામે સાચના બળની લડાઈના આ ઇતિહાસને વર્ણવવાની સાથે સાથે પરિસ્થિતિનું પૃથક્કરણ પણ આપે છે; સત્યાગ્રહનાં સાધનોની ખૂબીઓ પણ આપે છે; વલ્લભભાઈની વ્યૂહરચનાઓ અને રણનીતિઓ સમજાવે છે; અને ત્યાંના વાતાવરણમાં ક્રમશઃ ફેરફાર થતા થતા બારડોલીના હિંદુ, મુસલમાન, પારસી વગેરે સર્વ લોકોના માનસમાં કેવાં કેવાં પરિવર્તનો આવ્યાં અને ગભરુ ગાય જેવી ગણાતી બારડોલીની પ્રજા જુલમગાર અમલદારો, કદાવર પઠાણો, રખડુ મવાલીઓ અને મુત્સદ્દી અંગ્રેજ ઉચ્ચ અધિકારીઓનો માથું ઊંચું રાખીને બરાબર સામનો કરી શકે એવી ભડ બની એનું તાદૃશ ચિત્ર ખડું કરે છે.

આ વર્ષ દરમિયાન મહાદેવભાઈ વલ્લભભાઈની સાથે રહ્યા હતા. જોકે એમ કરવામાં મૂળ પ્રેરણા તો ગાંધીજીની જ છે. ગાંધીજીએ શોધેલા સમાજપરિવર્તનના એક આયુધનો ઉપયોગ ગાંધીજીના એક સેનાપતિ અત્યંત કુશળતાથી કરી રહ્યા છે અને તેમને તેઓ પોતાની શક્તિમતિ મુજબ મદદ કરી રહ્યા છે જ. બારડોલીની લડાઈ દરમિયાન મહાદેવભાઈની એ જ વૃત્તિએ કામ કર્યું છે, 'દેશનું કેન્દ્ર ખેડૂત છે' એ મહાસત્ય શ્રી વલ્લભભાઈમાં ૧૯૧૭–'૧૮માં'૧૦ ગાંધીજીએ જાગ્રત કર્યું, પ્રગટ કર્યું એમ કહું; કારણ ઊંડે ઊંડે એ છુપાયેલું તો હતું જ. પણ એ પ્રગટ થતાંની સાથે જ શ્રી વલ્લભભાઈમાં જેવું એ ભભૂકી ઊઠ્યું તેવું ભાગ્યે જ કોઈનામાં ભભૂકી ઊઠ્યું હશે. ખેડૂત નહીં એવા તત્ત્વદર્શીએ ખેડૂતનું સ્થાન ક્યાં છે, ખેડૂતની સ્થિતિ કેવી છે, તેને ઊભો કરવાનું સાધન કયું છે એ કહી દીધું. જેનું હાડોહાડ ખેડૂતનું છે એવા તેમના શિષ્ય સાનમાં ત્રણે વાત સમજી ગયા, અને દ્રષ્ટાના કરતાં પણ વિશેષરૂપે એનું રહસ્ય લોકો આગળ ખોલી બતાવ્યું. ... ખેડૂત વિશેના ઉદ્‌ગારો તેમનાં બારડોલીનાં ભાષણોમાં જેટલા જોવાના મળે છે તેટલા અગાઉના કોઈ ભાષણમાં જેવા નથી મળતા. જમીન મહેસૂલનો પ્રશ્ન એ જ ખેડૂતનો મુખ્ય પ્રશ્ન એટલે ગુજરાતના ખેડૂતોની સેવા કરવી હોય તો તે જમીન મહેસૂલના કૂટ પ્રશ્નનો નિકાલ કર્યે જ થઈ શકે, એવો એમનો જૂનો નિશ્ચય હતો. એ સેવાની તક એમને બારડોલીએ આપી. બારડોલીવાળા જ્યારે એમને બોલાવવા

આવ્યા ત્યારે ભાઈ નરહરિના લેખો એમણે વાંચેલા હતા. ગાંધીજીએ જ્યારે એમને પૂછ્યું કે બારડોલીના ખેડૂતોની ફરિયાદ સાચી છે એની તમને ખાતરી છે, ત્યારે એમણે કહેલું કે 'એ લેખો ન વાંચ્યા હોય તોયે મને તો ખાતરી જ હતી. કારણ, હિંદુસ્તાનમાં, અને ખાસ કરીને ગુજરાતમાં, જમીન મહેસૂલની વિટંબણા વિશેની ખેડૂતની ફરિયાદ સાચી જ હોવી જોઈએ એવી મારી ગળા સુધી ખાતરી છે.'૧૧

મૂળ તો ગુજરાત ક્લબમાં વકીલો તરીકે ઓળખાણ થઈ હશે. મહાદેવ અને નરહરિને પણ ગાંધીસાહેબ પાસે જવાથી શું લાભ એમ કહી વલ્લભભાઈએ તેમને પરાવૃત્ત કરવા પ્રયાસ કર્યો હશે. પણ પછી એમને ગાંધીજી સાથે જોડાતા જોઈને વલ્લભભાઈએ ગાંધીજીની કિંમત આંકી, ખેડા જિલ્લામાં ત્રણેયે સાથે કામ કર્યું. ત્યાં ગાંધીજી હોય ત્યારે વલ્લભભાઈ મૌન જ પાળતા. નાગપુર સત્યાગ્રહ વખતે ગાંધીજી જેલમાં હતા, પણ મહાદેવભાઈએ અમદાવાદ રહ્યે વલ્લભભાઈને નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં સારો એવો ટેકો આપ્યો હતો. બોરસદ સત્યાગ્રહમાં મહાદેવભાઈએ વલ્લભભાઈના મદદનીશ તરીકે કામ કર્યું હતું એ બધું આપણે જાણીએ છીએ. પણ બારડોલી સત્યાગ્રહ વખતે મહાદેવભાઈનો વલ્લભભાઈ પ્રત્યેનો અહોભાવ ખૂબ જ વધી ગયો. એ વેળા એમણે જે વલ્લભભાઈને જોયા તેનું આ ચિત્ર જુઓ. 'મેં તો ચાર વરસ પર બોરસદમાં એ રણે ચડેલા સરદારની સાથે ચોવીસે કલાક ગાળ્યા હતા. ત્યાર પછી પણ ઘણી વાર તેમને બોલતા સાંભળ્યા હતા. પણ આ વેળા એમની વાણીમાં જે તેજ ભાળ્યું, આંખમાંથી કેટલીક વાર જે વહ્નિ વરસતો જોયો તેવો કદી નહોતો જોયો. લોકોની જમીન ખાલસા થાય તેમાં જાણે પોતાના શરીરના કટકેકટકા થતા હોય અને જે તીવ્ર વેદના થતી હોય તે વેદનાથી ભરેલા તેમના ઉદ્ગારો નીકળતા હતા. એ ભાષણોની તળપદી ભાષા, તેમાં ક્ષણે ક્ષણે ઝબકી ઊઠતા, ભૂમિમાંથી પાકેલા, ભૂમિની સુગંધ ઝરતા પ્રયોગોએ ગામડિયાઓને હલાવવા માંડ્યા. અંગ્રેજીના સપર્શ વિનાનું, સ્વતંત્ર જોમવાળું એમનું ભાષા ઉપરનું પ્રભુત્વ આ સભાઓમાં પ્રગટ થતું મેં પહેલું ભાળ્યું.'૧૨

વલ્લભભાઈની વીરતા અને તેમની ચાણક્યની તોલે આવે તેવી રણનીતિના તો મહાદેવભાઈ બારડોલીની આખી પ્રજાની જેમ પ્રશંસક હતા જ, પણ મહાદેવભાઈને ખાસ આકર્ષણ હતું વલ્લભભાઈની તત્ત્વનિષ્ઠાનું. મૂળમાં અન્યાયપૂર્વક વધારવામાં આવેલ જમીન મહેસૂલ વિશે તટસ્થ તપાસની માગણીથી શરૂ થતી લડત અને એ માગણીને સરકારે તુમાખીભેર ફેંકી દીધી ત્યારે સત્યાગ્રહના તત્ત્વ મુજબ આખા

તાલુકાની પ્રજાની સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલી મહિનાઓની તાવણી; હજારો ખેડૂતોને ત્યાં જમીન ખાલસા કરવાની નોટિસનાં પીળાં ફરફરિયાં ચોંટાડવામાં આવ્યાં ત્યારથી માંડીને, દંડ, જપ્તીઓ, ઢોરઢાંખર, ઘરવખરીનો સામાન અને જમીનની હરાજી કે લિલામ; દિવસોના દિવસો સુધી જપ્તી ટાળવા સારુ ઢોરો સાથે ઘરમાં ગોંધાઈને બેઠા રહેવું, સંકડો સ્વયંસેવકો અને ખેડૂતોનો કારાવાસ અને પટેલ — તલાટીઓનાં રાજીનામાં; મુંબઈથી ઉપાડી આણેલા ભાડૂતી પઠાણો દ્વારા સ્ત્રીપુરુષોની જાતજાતની કનડગત અને છેવટે ગામનાં ગામોની બ્રિટિશ હદમાંથી ઉચાળા ભરી ગાયકવાડી ગામોમાં હિજરત સુધીની તપસ્યાઓ વેઠ્યા પછી સમાધાનની વાત ચાલી ત્યારનો એક પ્રસંગ મહાદેવભાઈ નોંધે છે. પૂનામાં સર ચૂનીલાલ મહેતાને ત્યાં વાટાઘાટો ચાલતી હતી. તેમની એવી સાખ હતી કે તેઓ સરકારની નાડી પારખતા એટલી બીજા કોઈ નહીં પારખી શકતા. સરકારના સભ્યો સાથે ઘણી ચર્ચાને અંતે તેઓ ધારાસભાના સુરતના સભ્યોને સહી કરવા સારુ એક ખરડો લાવ્યા. તે ખરડો નીચે મુજબ હતો: 'અમને કહેવાને આનંદ થાય છે કે અમે સરકારને ખબર આપવાની સ્થિતિમાં છીએ કે નામદાર ગવર્નરે તેમના ૨૪મી જુલાઈના ભાષણમાં કહેલી શરતો પૂરી કરવામાં આવશે.'૧૩ વલ્લભભાઈ વગેરેએ ખરડા વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા એટલે સર ચૂનીલાલે કહ્યું કે, 'એટલો કાગળ સહી કરીને મોકલાવામાં આવે એટલે થયું. એ સભ્યોને એટલો કાગળ મોકલવામાં વાંધો ન હોય તો પછી એ શરતો કેવી રીતે, કોણ, ક્યારે પૂરી કરશે તેની ભાંજગડમાં તમારે પડવાની જરૂર નથી. તમે તમારી મેળે તપાસસમિતિ જાહેર થાય પછી જ જૂનું મહેસૂલ ભરજે.'૧૩ હવે આ લડતમાં ઝઘડાનો મુદ્દો જ એ હતો કે વલ્લભભાઈની આગેવાની હેઠળ પ્રજાએ માગણી કરી હતી કે મહેસૂલની નવી આકારણી ન્યાય્ય છે કે નહીં તેની તપાસ કરવી અને સરકાર કહેતી હતી કે પહેલાં નવું મહેસૂલ ભરો પછી તપાસનો વિચાર કરીએ. સર ચૂનીલાલે જે સમજૂતી આપી તેમાંથી તો એમ અર્થ નીકળતો હતો કે મહેસૂલ ભરવા અંગે લોકોની વાત સ્વીકારવામાં આવી રહી છે. પણ બધું સ્પષ્ટ ભાષામાં કહેવાયું નહોતું તેથી કોઈ ઉપર મુજબના ખરડા પર સહી કરે, અને એટલાને આધારે સરકાર તપાસસમિતિ આપી દે તો એ સરકાર તરફે ખોટું બહાનું જ થયું ને એમ વલ્લભભાઈને લાગતું હતું. તેથી તેઓ વિમાસણમાં હતા. ત્યાર બાદનો પ્રસંગ મહાદેવભાઈના શબ્દોમાં:

શ્રી વલ્લભભાઈની સાથે આ પ્રસંગે સ્વામી આનંદ હતા, હું હતો. રાત્રે સૂતાં પહેલાં

તો અમે સર ચૂનીલાલને કહી દીધું કે આવું કંઈ લખી આપી શકાય નહીં. પણ કેમે ઊંઘ ન આવે. ખૂબ ચર્ચા કરી, પૂનાથી નીકળી આવતા પહેલાં ગવર્નરસાહેબને લખી આપવાના એકબે કાગળોના ખરડા કર્યા, ફાડ્યા. સવારે ચાર પહેલાં હું ઊઠી નીકળ્યો, શ્રી વલ્લભભાઈને પણ જગાડ્યા અને કહ્યું: 'મને સર ચૂનીલાલના ખરડામાં કશું જ લાગતું નથી. એમાં નથી આપણે બંધાતા, નથી સુરતના સભ્યો બંધાતા, સરકારને નાકનો સવાલ થઈ પડ્યો છે અને સરકાર માને છે કે આથી એનું નાક રહે છે તો ભલે એનું નાક રહેતું.'

વલ્લભભાઈ કહે: 'પણ એમાં જૂઠાણું છે તે?'૧૪

મેં કહ્યું: 'છે સ્તો, પણ તે સરકારના તરફથી છે.'

વલ્લભભાઈ: 'આપણે સરકાર પાસે સત્યનો ત્યાગ કરાવીએ છીએ એમ નહીં?'

મેં કહ્યું: 'ના; સરકાર સત્યનો ત્યાગ કરે છે અને એને એમાં શ્રેય લાગે છે. એને લાગે તો લાગવા દો. આપણે એને કહીએ કે આમાં સત્યનો ત્યાગ થાય છે.'

વલ્લભભાઈ: 'ત્યારે તું સર ચૂનીલાલને સાફ સાફ કહેશે કે એ લોકો સત્યનો ત્યાગ કરે છે?'

મેં કહ્યું: 'હા.'

વલ્લભભાઈ: 'પણ તે તું જાણે! મને આ લોકોની બાજીમાં ખબર પડતી નથી. એવાં કૂંડાળાં શા સારુ કરતા હશે? બાપુ શું કહેશે? સ્વામી, તું શું ધારે છે?'

સરદારની આ ઘડીની તત્ત્વનિષ્ઠા, અમારા જેવા નાનકડા સાથીઓનો પણ અભિપ્રાય જાણવાની ઇચ્છા, અને 'આપણે જે કરીએ છીએ તે વિશે બાપુ શું ધારશે' એ વિશેની અપાર ચિંતા જોઈને સરદાર મારે માટે જેટલા પૂજ્ય હતા તેથીયે અધિક પૂજ્ય બન્યા. લડત દરમિયાન ઘણી વાર તેઓ કહેતા, 'આ મુત્સદ્દીઓના જૂથમાં હું સીધો ભોળો ખેડૂત ન શોભું; એમની કળા મને ન આવડે.' એ શબ્દો મને બહુ યાદ આવ્યા. મેં કહ્યું: 'બાપુ પણ સરકારને આટલો લૂખો લહાવો લેવો હોય તો જરૂર લેવા દે. સરકારને નાક સાથે કામ છે, આપણને કામ સાથે કામ છે.'

સ્વામી કહે: 'મારો પણ એ જ મત છે.'

છેવટે વલ્લભભાઈ કહે: 'પણ સુરતના સભ્યો આના ઉપર સહી કરશે?'

મેં કહ્યું: 'કરશે; સર ચૂનીલાલ મહેતા કહેતા હતા કે તેમને એ વિશે શંકા નથી.'

શ્રી વલ્લભભાઈ કહે: 'ભલે ત્યારે; એઓ સહી કરે તો કરવા દો, પણ તારે તો સર ચૂનીલાલને સાફ કહી દેવાનું કે આમાં સરકારને હાથે સત્યનો ત્યાગ થાય છે.'

હું ગયો, સર ચૂનીલાલની સાથે વાતો કરી, તેમને કાંઈ એ વાત નવી નહોતી. તેમણે કહ્યું, 'તમે મારી સ્થિતિની ચોખવટ કરો એ બરોબર છે. સરકારને પણ હું એ જણાવીશ.' એટલામાં શ્રી વલ્લભભાઈ આવ્યા. તેમણે વળી પાછી એની એ જ વાત ફોડ પાડીને કહી અને જણાવ્યું: 'સરકારને આવા અર્થહીન પત્રથી સંતોષ થશે એમ મને લાગતું નથી, પછી તો તમે જાણો.'

સર ચૂનીલાલને કશી શંકા નહોતી જ. તેઓ રાજી થયા. ભગવાનની જેમ સરકારની ગતિ અગમ્ય છે. શ્રી વલ્લભભાઈએ કહ્યું કે, 'સુરતના સભ્યો એ કાગળ લખવાને રાજી હોય તો મને વાંધો નથી એટલે તુરત જ સમાધાન નક્કી થયું.'૧૫

મહાદેવભાઈ આગળ લખે છે:

પણ જો સરકાર પ્રતિષ્ઠાની માયાને વળગીને સંતોષ માનવાને તૈયાર હતી, તો શ્રી વલ્લભભાઈ તત્ત્વના સત્ય વિના સંતોષ માને એમ નહોતું. તેમને તો સંપૂર્ણ, સ્વતંત્ર, ન્યાયપુર:સર તપાસ જોઈતી હતી, અને લડાઈ પહેલાં જે સ્થિતિ હતી તે સ્થિતિ જોઈતી હતી. આટલું કરવાને તો સરકાર તૈયાર હતી જ પણ ત્યાંયે પ્રતિષ્ઠાની માયા વળગેલી હતી જ. પેલો કાગળ લખવામાં આવે કે તરત જ તપાસ તો જે શબ્દોમાં શ્રી વલ્લભભાઈએ માગી હતી તે જ શબ્દોમાં — બળજોરીનાં કૃત્યોની તપાસ બાદ કરીને તેના તે જ શબ્દોમાં — જાહેર થશે એમ નક્કી થયું.૧૬

આ આખા પ્રસંગના વર્ણનમાં આપણી દૃષ્ટિએ મહત્ત્વની વાત એ છે કે સરદારની તત્ત્વનિષ્ઠા જોઈ મહાદેવભાઈને મન તેઓ પહેલાં હતા તેનાથીયે વધુ પૂજ્ય બન્યા.

એક સાહિત્યકાર તરીકે ખેડૂતના સંસ્કારમાંથી કેળવાયેલી વલ્લભભાઈની શક્તિશાળી ભાષાથી મહાદેવભાઈ ખૂબ પ્રભાવિત થાય છે. પુસ્તકના દરેક પ્રકરણને મથાળે મહાદેવભાઈ વલ્લભભાઈનાં ભાષણોમાંથી જ પ્રસંગાનુરૂપ ઉદ્ધરણ ટાંકે છે, અને આખા પુસ્તકમાં તો બીજાં સંખ્યાબંધ એવાં અવતરણો વેરાયેલાં છે. બારડોલી સત્યાગ્રહે ત્યાંની પ્રજાને જે ખમીર આપ્યું તેનું જ બિંબ સરદારના ઉદ્‌ગારોમાં દેખાતું હતું અને એ પ્રતિબિંબ મહાદેવભાઈના લેખો અને પુસ્તકમાં પડ્યું. ગુજરાતી ભાષાને ખમીરવંતી કરવામાં વલ્લભ-મહાદેવનો એ ફાળો હતો.

મહાદેવભાઈની વર્ણન કરવાની શક્તિ પણ બારડોલી સત્યાગ્રહને મિષે અપૂર્વ રીતે

ખીલી છે. સત્યાગ્રહમાં જીત થયા પછી ગાંધીજી બારડોલી આવ્યા તે અરસામાં બે બહેનોનાં મરણ થયાં હતાં તેનું મહાદેવભાઈએ કરેલું નીચેનું વર્ણન આંસુમાં કલમ બોળીને લખાયું હોય તેવું હતું અને તે ગુજરાતી ભાષાના માર્દવનો નમૂનો પૂરો પાડે તેવું છે:

બારડોલીમાં એક અઠવાડિયું રહી આવ્યા૧૭ તે દરમિયાન થયેલાં બે મૃત્યુની નોંધ લેવાનું મન થાય છે. જે બે બહેનોનાં મૃત્યુની નોંધની હું વાત કરું છું તે બે બહેનો કોઈ છાપે ચઢેલી કે 'કાર્યકર્ત્રી' કે 'સેવિકા'ની ઉપાધિથી પ્રસિદ્ધ થયેલી નહોતી, પણ બંનેનાં મૃત્યુ એવાં હતાં કે જેની નોંધ લેવી ઉપયોગી થઈ પડે.

એક બહેન તો ઘણા મહિના થયાં ખાટલે હતી. જે દિવસે ગાંધીજી રાયમ ગામે ગયા તે દિવસે૧૮ એણે શ્રી મોહનલાલ પંડ્યાને ગાંધીજીનાં દર્શન કરાવવાનો આગ્રહ કર્યો હતો. ખાટલેથી ઊઠી શકે એમ તો હતું જ નહીં, એટલે પંડ્યાજીએ કહ્યું, 'હું ગાંધીજીને આવવાનું કહીશ.' પાસેના જ ઘરમાં રેંટિયો કાંતનારી બહેનો ભેગી થઈ હતી. તેમનું કાંતણકામ જોઈને ગાંધીજી નીકળતા હતા જ ત્યાં પંડ્યાજીએ ગાંધીજીને પેલી બહેનની વાત કરી. ગાંધીજીએ તુરત જવાનું કબૂલ કર્યું અને ગયા. પેલી બહેન ખાટલા ઉપર બેઠેલી હતી, એનું હાડપિંજર એનાં કપડાંમાં ખૂંચી રહ્યું હતું, એની આંખમાં મૃત્યુની સમીપતા સ્પષ્ટ ભાસતી હતી, પણ ગાંધીજી આવ્યાનો આનંદ તો મૃત્યુને દેખી રહેલી એ આંખો પણ વ્યક્ત કરતી હતી. ધીમે ધીમે એ બહેન ખાટલાને છેડે ખસતી ખસતી આવી. એને હાર પહેરાવવો હતો, પણ એનાથી હાથ બહુ લંબાય એમ નહોતું. ગાંધીજી વાંકા વળ્યા. એણે હાર પહેરાવ્યો, ગજવામાંથી રૂપિયા કાઢી ભેટ ધરી, કુંકુમનો ચાંલ્લો કર્યો. ગાંધીજીએ 'શાંતિ રાખજે' કહી વિદાય લીધી.

કોને ખબર હતી કે એ બાપડી ગાંધીજીના દર્શનની જ વાટ જોઈને બેસી રહી હતી? બીજે દિવસે એ બહેનનાં પ્રયાણચિહ્ન સ્પષ્ટ દેખાયાં. સગાંવહાલાંએ પૂછ્યું: 'બહેન, તારી કાંઈ ઇચ્છા છે?' બહેનની બિચારીની કશી ઇચ્છા નહોતી, જાણે ગાંધીજીને જોઈને એની બધી ઇચ્છા તૃપ્ત થઈ ગયેલી હતી. એણે એક જ ઇચ્છા બતાવી: 'મને ખાદીનાં કપડાં પહેરાવીને વળાવજો.' એનાં કપડાં બદલાવવામાં આવ્યાં, અને તે પછી તે જ દિવસે થોડા જ સમયમાં એ બહેન વિદાય થઈ.

ગાંધીજીના દર્શન અગાઉ અને દર્શન પછી પ્રયાણકાલ સુધી એના મનમાં શા શા વિચારો આવ્યા હશે તે કોણ કળી શકે? પણ તે વિચારો ગાંધીજીના દર્શનની ઇચ્છામાં

અને ખાદી પહેરીને સ્વધામે પહોંચવાની ઇચ્છામાં પરિણમ્યા એટલા ઉપરથી એ ધર્મમૃત્યુ થયું એમ કહેવામાં કશો બાધ નથી.

બીજું મૃત્યુ કોઈ રોગી કે લાંબો સમય થયાં ખાટલાવશ બહેનનું નહીં પણ દેખીતી સાજીસમી લાગતી બહેનનું હતું. એની ઉંમર વીસેક વર્ષની. એના પિતા રામભાઈ બારડોલી સત્યાગ્રહને અંગે સાબરમતી જેલમાં ગયેલા. રામભાઈનાં પત્ની પોતાના પતિને થોડા દિવસ ઉપર સાબરમતીમાં મળી ગયાં હતાં, પછી મળવાનો વારો આ બહેનનો હતો. પણ સમાધાની થઈ એટલે બહેનને સાબરમતી જેલમાં મળવા જવાનું રહ્યું નહીં, એટલે એ, પિતાને બારડોલી સ્વાગત આપવા વાંકાનેરથી નીકળી. કાદવપાણીમાં ત્રણચાર માઈલ ચાલ્યા પછી એના પેટમાં દર્દ થવા લાગ્યું, અને રસ્તામાં આરામ લેવા બેઠી. બીજાઓએ બારડોલી આવી ગાડી મોકલી, અને ગાડીમાં એ બારડોલી આવી. અગિયાર વાગ્યે બારડોલી આવીને બહેન ખાટલે પડી. સાંજ સુધીમાં તો એના પેટની વ્યથા અતિશય વધી ગઈ હતી. એક ક્ષણ પણ એનાથી શાંતિથી પડી રહેવાતું નહોતું: ખાટલામાં બેઠી થાય અને ઊભી થાય, ઊલટી કરવાનો પ્રયત્ન કરે, થોડી થાય અને ન થાય, પણ સખ વળે નહીં. ડૉક્ટરો બોલાવ્યા. તેમણે જેટલા ઉપચારો કરાય તેટલા કર્યા; પણ એને શાંતિ વળે નહીં. ન પેટમાં દવા જાય, ન કોઈ રીતે એનું પેટ સાફ કરવાનો રસ્તો થઈ શકે. ડૉક્ટરોએ કહ્યું: 'ઑપરેશન થાય તો એને આરામ મળે. પણ અહીં ઑપરેશન શી રીતે થાય?' આમ મધરાત થઈ. એના દુ:ખનું તો પૂછવું જ શું? પણ જેટલું દુ:ખ, તેટલી જ ધીરજ એ બહેને બતાવી. નહોતી ચીસો પાડતી કે નહોતી રોતી; ઊભી કરવાનું કહે કે પગ દાબવાનું કહે, એટલું જ. મધરાત પછી એનાં અંગ જૂઠાં પડવાં લાગ્યાં, એને લાગ્યું કે પ્રાણ નીકળવાના છે. ત્રણેક વાગ્યે એણે માગણી કરી: 'ગાંધીજીને બોલાવોને, મારે એમનાં દર્શન કરી લેવાં છે.' આટઆટલાં દુ:ખમાં, એ, પિતાને નથી મળી શકવાની, માતાના વિયોગમાં બારડોલીમાં મરણ થશે, એ વસ્તુઓનું એને દુ:ખ નહોતું; એણે તો ગાંધીજીનું સ્મરણ કર્યું. ગાંધીજીના મુકામે સંદેશો પહોંચાડવામાં આવ્યો. ગાંધીજી તુરત પહોંચ્યા. બહેન મોતીના હાથપગમાં તાકાત રહી નહોતી, આંખે પણ અંધારી આવી હતી, એટલે બોલી, 'મારી આંખે નથી દેખાતું, પણ ગાંધીજીના અવાજથી ગાંધીજીને ઓળખું છું. મારા બંને હાથ કોઈ જોડી આપો.' આ પછી વલ્લભભાઈના દર્શનની માગણી કરી. આ બધું પ્રભાતે ચાર વાગ્યે બન્યું. ક્ષણે ક્ષણે પ્રાણ નીકળતા જતા હતા. સવારે છ વાગ્યે તો આખી લીલા સમાપ્ત થઈ. એને કેટલી વ્યથા થઈ હશે તેનું માપ

મૃત્યુ પછી મળી શક્યું. એના મોંમાં લોહીની રેલ ચાલી: એનાં આંતરડાં નીચેથી બંધ થઈ ગયાં હતાં; અને રક્તસ્રાવને નીચે માર્ગ નહોતો, તેણે ઉપરથી માર્ગ કર્યો. આટલી તીવ્ર વેદનામાં પણ ન એક આંસુ, ન કાયરતા, ન ગભરાટ કે ન સામાને ગભરાવાપણું. કેવળ ગાંધીજી અને વલ્લભભાઈનાં દર્શનની માગણી. ગાંધીજીએ સાયંકાળે એના મૃત્યુની વાત કરતાં કહ્યું: 'મોતીને તો મેં કાલે જ પહેલી વાર જોઈ. હું એને ઓળખતો નહોતો, પણ એ વીરાંગના હતી.'

મૃત્યુ પછી મોતીની માતાને બોલાવવામાં આવી. તેણે આંસુ પાડ્યાં પણ કલ્પાંત ન કર્યું. ગાંધીજીએ રોવા-કૂટવાનું બિલકુલ બંધ રાખવાનું સમજાવ્યું, અને તેમણે ઘેર જઈને વચન પાળ્યું. બીજે દિવસે વિદેહ પુત્રીના પિતા સાબરમતીથી છૂટીને આવ્યા.૧૯ પિતાએ પણ કલ્પાંત ન કર્યું; બલકે તે દિવસે ગાંધીજી વાંકાનેર ગયા, તો તેમની પધરામણી પોતાના જ ઘરમાં કરી. મોતીના પિતા શાંત હતા, માતાની આંખ ભીની હતી, અને શોક છતાં ગાંધીજીના આગમનનો ઉત્સવ હતો!

બારડોલીના લોકોને જીવતાં આવડે છે એમ તેમણે લડીને બતાવ્યું. આ બે બહેનોએ તેમને મરતાં આવડે છે એમ મરીને બતાવ્યું.૨૦

બારડોલી અંગે સરકારે નીમેલી સમિતિમાં ન્યાયખાતાના પ્રતિનિધિ તરીકે ૧૯૨૨માં અમદાવાદના સર્કિટહાઉસમાં ગાંધીજીનો ઐતિહાસિક ખટલો ચલાવનાર ન્યાયાધીશ મિ. બ્રુમફીલ્ડ અને મુલકી ખાતાના પ્રતિનિધિ તરીકે શ્રી મેક્સવેલ હતા, જેમની સાથે ભવિષ્યમાં મહાદેવભાઈને વધુ પ્રસંગ પડવાના હતા. ખેડૂતોના પ્રતિનિધિ તરીકે પ્રજા તરફથી મહાદેવભાઈ, નરહરિભાઈ અને શ્રી રામનારાયણ વિ. પાઠકની નિમણૂક થઈ હતી. એ સ્મરણ રહે કે આ ત્રણે જણ વકીલાતનું ભણતા ત્યારથી ગાઢ મિત્રો હતા. પાછળથી મહાદેવભાઈ ગાંધીજીના મંત્રી તરીકે, નરહરિભાઈ એક અર્થશાસ્ત્રી અને કેળવણીકાર તરીકે તથા શ્રી રા. વિ. પાઠક ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાક્ષર તરીકે પ્રસિદ્ધ થયા હતા. આ ત્રણે જણને મદદ કરવા શ્રી મોહનલાલ પંડ્યા, શ્રી કલ્યાણજી વિ. મહેતા, શ્રી ગોરધનદાસ ચોખાવાળા વગેરે અનેક કાર્યકરો સદા તત્પર રહેતા. તપાસસમિતિની નિમણૂક ૧૮મી ઑક્ટોબર, ૧૯૨૮ના ઠરાવથી થઈ. ૧લી નવેમ્બરથી બંને સભ્યો કામે ચઢ્યા. એમનું પહેલું પખવાડિયું પૂર્વતૈયારીઓ અને રિપોર્ટો વાંચવામાં ગયું. પાંચમી તારીખે આ અમલદારો આગળ મુંબઈના પ્રસિદ્ધ ઍડ્વોકેટ શ્રી ભૂલાભાઈ દેસાઈએ લોકપક્ષની રજૂઆત કરી હતી. પ્રત્યક્ષ તપાસનું કામ ૧૪મી નવેમ્બરે શરૂ થયું

હતું અને જાન્યુઆરી મહિનાની આખરી તારીખે બારડોલી તથા ફેબ્રુઆરીની આખરી તારીખે ચોર્યાસી તાલુકાનું કામ પૂરું થયું હતું. સમિતિના સભ્યોને લોકપક્ષની રજૂઆત કરનાર ત્રણે સજ્જનો પર વિશ્વાસ બેસતાં પહેલાં પંદરેક દિવસ લાગી ગયા. પણ ધીરે ધીરે તેમને એમની પ્રામાણિકતા પર ભરોસો બેઠો, તેમની કાર્યક્ષમતા પર માન ઊપજ્યું અને તપાસસમિતિને મદદરૂપ થવાની એમની વૃત્તિ વિશે આભારની લાગણી પેદા થઈ.

મુંબઈ ઇલાકામાં દર ત્રીસ વર્ષે થતી જમીન મહેસૂલની ફેરઆકારણીની પરંપરા મુજબ ૧૯૨૬માં તાલુકાની સ્થિતિનો અભ્યાસ કરીને મહેસૂલની રકમ નક્કી કરવા સારુ સરકાર તરફથી પહેલાં પ્રોવિન્શિયલ સિવિલ સર્વિસિસના અમલદાર શ્રી જયકરને અને પાછળથી સેટલમેન્ટ કમિશનર મિ. એન્ડરસનને નીમવામાં આવ્યા હતા. આ બંનેના રિપોર્ટ અને તેમના નિર્ણયો અંગે જ બારડોલીના ખેડૂતોની ફરિયાદ હતી. તપાસસમિતિનું કામ શરૂ થયું ત્યાર પછી થોડા દિવસમાં જ સમિતિના સભ્યોને ખાતરી થઈ ગઈ કે આ બંને ગૃહસ્થોના રિપોર્ટ ઢંગધડા વિનાના અને પ્રજાને અન્યાય કરે તેવા હતા. એ બંને અહેવાલોને બાતલ કરી નવેસરથી આકારણી કરવાનો વિચાર સમિતિને આવ્યો. આ સાહેબો પોતાનાથી પૂર્વના અધિકારીઓના રિપોર્ટોની ઝાટકણી જેટલી સહેલાઈથી કાઢી શક્યા એટલી સહેલાઈથી મહેસૂલ આકારણીના કોઈ સુવર્ણનિયમો શોધી શક્યા નહીં. પણ તોયે છેવટે એમણે જે આકારણી કરીને મહેસૂલ વિચાર્યું તે તો મરજીમાં આવે તેમ અને કોઈ સિદ્ધાંત વિનાનું જ હતું. હા, લડત શરૂ થતાં પહેલાં જે મહેસૂલ આકારવામાં આવ્યું હતું (૨૨%નો વધારો) તેના કરતાં આ લોકોની આકારણી ખસૂસ ઓછી (૬%નો વધારો) હતી. મહાદેવભાઈ અને એમના સાથીઓના અંદાજ મુજબ તપાસસમિતિએ જે પરિણામ જાહેર કર્યું તેનાં આર્થિક અને નૈતિક બંને દૃષ્ટિએ સુફળ આવ્યાં. બારડોલી અને ચોર્યાસી તાલુકામાં સરકારે ૧,૮૭,૪૯૨ રૂપિયાનો મહેસૂલવધારો ઠોકી બેસાડ્યો હતો તે ઓછો કરી તપાસ અમલદારોએ ૪૮,૬૪૮નો વધારો ઠરાવ્યો, એટલે બંને તાલુકા મળીને લોકોને દર વર્ષે લગભગ એક લાખ ચાળીસ હજારનો લાભ થયો, એટલે ત્રીસ વર્ષને માટે ૪૫ લાખ અથવા વ્યાજની ગણતરી કરીએ તો કરોડ રૂપિયાનો લાભ થયો. આ ઉપરાંત ન વપરાતા કૂવાઓ પરના કર, ક્યારી તરીકે ઉપયોગમાં ન આવતી હોય તેવી જમીન પર ક્યારી તરીકેના લેવાતા કર, ભાઠાં અને બાગાયતની કહેવાતી પણ હકીકતમાં બાવળની કાંટ્ય કે ઘાસિયા જમીન પરના કેટલાક કર પણ ઘટ્યા.

લોકોએ કરેલી તમામ ફરિયાદો સાચી ઠરી. અને લોકોની તથા તેમના આગેવાનોની પ્રામાણિકતા દુનિયા આગળ સિદ્ધ થઈ એ નૈતિક લાભ થયો.

તપાસસમિતિના આ કામ પાછળ એને મદદ કરતા ત્રણે લોકપ્રતિનિધિઓ તથા તેમના સાથીઓ દ્વારા દિવસરાત એક કરી કરવામાં આવેલો પરિશ્રમ હતો. જે સરકારની સામે હજી થોડા માસ પહેલાં જ જબરદસ્ત સંઘર્ષ ચાલી રહ્યો હતો એ સરકારનાં બે ખાતાંઓમાં કામ કરતા મોટા અધિકારીઓએ મહાદેવભાઈ, નરહરિભાઈ અને રામનારાયણ વિ. પાઠકનાં વખાણ એમના વિધિસરના અહેવાલ સાથે લખેલા પત્રમાં કર્યાં. તેમણે એમની સાથેના પોતાના સંબંધને 'અતિશય મીઠા સંબંધ' તરીકે વર્ણવ્યા; લોકપ્રતિનિધિઓએ આપેલી મદદને 'કીમતી મદદ' ગણાવી અને લોકોની વૃત્તિને 'તદ્દન વિરોધ વિનાની,' અને 'અમારી તપાસમાં અમે આશા નહોતી રાખી એટલો સહકાર આપવાની' તરીકે વખાણી હતી.૨૧

આ આખા સંઘર્ષનો મહાદેવભાઈએ જે ચિતાર આપ્યો છે તે જગતના અહિંસાશાસ્ત્રના સાહિત્યમાં આજે પણ એક આગવું સ્થાન ધરાવે છે, અને દુનિયાના છયે ખંડના લોકો અહિંસક પ્રતિકારની તાલીમ લેતી વખતે બારડોલી તાલુકાના ખેડૂતોની ઠંડી તાકાત, એના સેનાનાયકની વીરતા, ધીરજ, લોકોની સાથે તાદાત્મ્ય સાધવાની ક્ષમતા અને અહિંસક લોકઆંદોલનની વ્યૂહરચના ગોઠવવાની આવડત અંગે મુગ્ધ થઈને ચિંતન અને અધ્યયન કરે છે તેનું એક મોટું કારણ મહાદેવભાઈએ દેશ અને દુનિયા આગળ રજૂ કરેલો એનો તાદશ ચિતાર છે.

આ આખો સત્યાગ્રહ વલ્લભભાઈના નેતૃત્વ હેઠળ જ ચાલ્યો, બલકે બારડોલી સત્યાગ્રહ દરમિયાન જ વલ્લભભાઈને લોકો દ્વારા 'સરદાર'નું બિરુદ આપવામાં આવ્યું. ગાંધીજી એની ઝીણામાં ઝીણી વિગતમાં સાબરમતીમાં રહ્યે રહ્યે રસ લેતા, પણ વલ્લભભાઈની 'રજા' વિના તેઓ બારડોલી આવ્યા નહોતા અને એમના 'આદેશ' વિના તેમણે બારડોલીમાં એકે ભાષણ પણ કર્યું નહોતું. જોકે नवीजवन અને यंग इन्डियाના લેખો દ્વારા તેમણે સરદારનાં અનેક પગલાંઓને સમર્થ ટેકો પૂરો પાડ્યો હતો. સરદાર પોતે તો એકેય ભાષણમાં ગાંધીજીની અહિંસક દોરવણીનો ઉલ્લેખ કરવાનું ચૂકતા નહીં, અને સદા પોતાને ગાંધીજીના નમ્ર સૈનિક જ માનતા. ખુદ

ગાંધીજીએ બારડોલીની ચળવળ દ્વારા વલ્લભભાઈએ સાધેલી આધ્યાત્મિક સિદ્ધિની પ્રશંસા આ મુજબ કરી હતી:

તમને ખબર નહીં હોય તો હું તમને ખબર આપું. વલ્લભભાઈ બારડોલીમાં જઈ જીત મેળવી આવ્યા... પણ એમણે જે બીજી એક જીત મેળવી તેની તમને ખબર નથી. વલ્લભભાઈને બારડોલીની લડતમાં વલ્લભ મળ્યા છે... લોકોને પોતાની શક્તિનું ભાન કરાવતાં કરાવતાં વલ્લભભાઈની ધર્મજાગૃતિ વિશેષ થઈ. એમનામાં ધર્મજાગૃતિ નહોતી એમ નહીં, પણ ધર્મ કેવી ચમત્કારી વસ્તુ છે તે એઓ બારડોલીમાં શીખ્યા... જો, કોઈ, વલ્લભભાઈએ બારડોલીમાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ કરીને છપાવે તો તે ધર્મનાં વ્યાખ્યાનોનો સંગ્રહ થઈ જશે.૨૨

છેલ્લાં થોડાં વર્ષોથી દેશમાં જે નિરાશાનું વાતાવરણ છવાતું જતું હતું તેને બારડોલી સત્યાગ્રહે એક ઝાટકે ખંખેરી નાખ્યું. આપણે ઠેર ઠેર બારડોલીના વિજયના જે ઉત્સવો ઊજવાયા અને એના સરદારના સ્વાગતની જે વિરાટ સભાઓ થઈ એનું વર્ણન ન કરતાં સાબરમતી આશ્રમમાં થયેલા સરદારના સ્વાગતનો જ ઉલ્લેખ કરીશું. કારણ, એનો સંબંધ અમુક અંશે આપણી કથાના નાયક સાથે પણ છે. બારડોલીની સત્યાગ્રહ છાવણીમાં અંગ્રેજી પ્રકાશનનું કામ સંભાળી રહેલા, ગાંધીજીની સેવામાં પોતાના જોડિયા ભાઈ સમા પ્યારેલાલને સરદારના અમદાવાદને ઘરેથી મહાદેવભાઈ એક પત્રમાં લખે છે:

મારા પ્રિયતમ પ્યારા,

વીખરાઈ ગયેલી છાવણીનું તમારું વર્ણન સાવ સાચું છે, હું આશા રાખું છું કે એને પાછી લીલીછમ બની જતાં બહુ સમય નહીં જાય.

અમદાવાદનું સરઘસ ભવ્ય હતું, પણ વ્યવસ્થા, સુરતની તુલનામાં કાંઈ હિસાબમાં નહોતી. સુરતની સભા તો દેવોએ જોવાલાયક દૃશ્ય હતું; અહીંની સભા અસુરોને નાચવા માટેનો તખતો હતો. પણ બાપુ બોલ્યા એમના 'શિષ્ય'ની પછી, અને નરકને સ્વર્ગ બનાવી દીધું. મને ખાતરી છે, આવતી કાલના **નવજીવન**નો બારડોલી – અંક તમને ગમશે. મેં સોળ કૉલમ જેટલું લખી કાઢ્યું હતું — છમાં મારા ખ્યાલો અને દસમાં ભાષણો. આ સિદ્ધિનો મને ગર્વ છે અને હું આશા રાખું છું કે મારી આ લાગણીમાં તમે મારા ભાગીદાર બનશો.

આશ્રમે કરેલું એમનું સ્વાગત અત્યુત્તમ હતું. બિચારા પંડિતજી 'શૂર સંગ્રામ કો'ના સૂરની એક લીટી લઈ રાત્રે બાર વાગ્યે આવ્યા અને આ પ્રસંગે એ ગાઈ શકે એવું, વલ્લભભાઈની પ્રશંસાનું એક વિજયગીત બનાવી આપવાનું મને કહ્યું. વારુ, બરાબર દસ મિનિટમાં મેં એ બનાવ્યું, અને આપણા લોકકવિને — જુગતરામને — જે કહેવું હોય તે કહે, મને ખાતરી છે એક પ્રસંગોચિત કૃતિ તરીકે સૌએ એને વખાણ્યું.

પણ હું જે કહી રહ્યો છું તેનો ઉત્તમોત્તમ ભાગ આ નથી. આ તો કદાચ એનો તુચ્છ ભાગ છે. પણ જે ઉત્તમોત્તમ હતું તે તો બાપુનું બોલતું મૌન, વલ્લભભાઈના કપાળે બાએ વિજયચિહ્ન કર્યું તે, (અહીં તમને કહું, સાત વર્ષ પહેલાં કવિવર ટાગોર જ્યારે આશ્રમમાં આવ્યા હતા તે વખતે એમના કપાળે કંકુનું તિલક કર્યું ત્યારે એની યોગ્યતા વિશે વિનોબાએ અને મગનલાલભાઈએ મોટી ધમાલ મચાવી હતી!) અને પછી દરેકે પોતપોતાનું ખાસ વલ્લભભાઈને આપવા માટે કાંતેલું સૂતર આપ્યું અને એમાં બાપુનું પોતાનું ૧૮૦ તાર ઉપરાંત હતું. બેત્રણ દિવસમાં આ સૂતર વણાઈ જશે — ૧૫-૨૦ આંકનું જ સ્વીકારાશે, જાડું અને એકધારું ન હોય તે સ્વીકારવામાં નહીં આવે — બધી સૂચનાઓ બાપુની.

પછી બાપુએ વલ્લભભાઈને કહ્યું: 'કાંઈ બોલશો?' ગંભીર નીરવતાએ વલ્લભભાઈનો કંઠ રૂંધ્યો અને એ ગળગળા બની ગયા. એમનું ભાષણ ટૂંકું હતું. એનો સાર તો હું આપતો નથી, પણ એ એમના હૃદયના રક્ત સમું હતું.

પછી અમે વિદ્યાલય ગયા. ત્યાં વલ્લભભાઈએ જે ભાષણ કર્યું તે ઘોંઘાટિયા ટીખળનો અદ્ભુત નમૂનો હતો. એણે તો વિદ્યાપીઠને હસાહસથી ધ્રુજાવી જ મૂકી. વિદ્યાર્થીઓ એને જીવનભર યાદ કરશે.

વલ્લભભાઈ આશ્ચર્ય પમાડે એવી રીતે એમનું અસલી રૂપ ધારણ કરતા જાય છે. તવાયલાપણું જતું રહ્યું છે અને એમની 'ભજિયાત્મક' ક્લબમાં (આ નામ માટે આપણા રાષ્ટ્રીય કોશકાર જુગતરામનો આભાર માનવો જોઈએ.) મળતા વિશ્રામથી એ જામતા જાય છે.

વારુ, આ રહ્યું મારું રતન. એના પાણી વિશે એના ઝવેરી પોતાનો અભિપ્રાય આપ!!

(માલકૌંસ — 'શૂર સંગ્રામ કો'ની ધૂન)

શુભ દિન શુભ ઘડી, વીર વધામણી —

ચકિત વિસ્મિત બની, દેશપરદેશની;
દૃષ્ટિ દોડી રહી, બારડોલી ભણી. શુભ.
ત્રાસ અન્યાયના, અમલ ઊતરી ગયા;
અભયથી ફૂલતી, છાતી ખેડુ તણી. શુભ.
સત્ય ને શાંતિના, વિજય વાગી રહ્યા;
હરખથી ગાતું સૌ, કીર્તિ વલ્લભ તણી. શુભ.
નિબિડ નૈરાશ્યનાં, તિમિર તો ટળી ગયાં;
આશથી ઝળકતી, આંખ ભારત તણી. શુભ.

જુગતરામને કહેજો કે એમના કાગળોના પ્રત્યુત્તર વાળવા મારા માટે અશક્ય હતું — દુર્ગા માંદી હતી અને મારો સમય વલ્લભભાઈ, નવજીવન અને આશ્રમની ખટપટમાં વહેંચાઈ ગયો છે.

મ. દે.૨૩

બારડોલી સત્યાગ્રહ દરમિયાન સરદારની એક ઉક્તિ ગામેગામ પ્રચલિત થઈ ગઈ હતી: ‘લોઢું ગરમ થાય છે ત્યારે લાલચોળ થાય છે. અને તેમાંથી તણખા ઊડે છે. પણ લોઢું ભલે ગમે તેટલું ગરમ થાય, હથોડાએ તો ઠંડા જ રહેવું ઘટે. હથોડી ગરમ થાય તો પોતાનો જ હાથો બાળે... માટે ગમે તેવી આપત્તિમાં આપણે ગરમ ન જ થઈએ.’૨૪ આ સલાહ પાછળ दुःखेषु अनुद्‌विग्नमनःની વૃત્તિ હતી તેમ ઉત્સવો વખતે સરદારની વૃત્તિ सुखेषु विगतज्वरःની હતી. આમ સરદારની ‘ધર્મવૃત્તિ’ આપત્તિ અને ઉત્સવ બંને સમયે પ્રગટ થતી તે મહાદેવભાઈએ અનેક દાખલાઓ સાથે પુરવાર કર્યું છે. બારડોલી સત્યાગ્રહના ઇતિહાસનું અંગ્રેજી ભાષાંતર પ્રગટ થયું ત્યારે ગાંધીજીએ यंग इन्डियाમાં એક ખાસ નોંધ લખીને આ પુસ્તકનું સ્વાગત નીચે મુજબ કર્યું:

બારડોલીના સત્યાગ્રહની લડત દરમિયાન મહાદેવ દેસાઈ સરદાર વલ્લભભાઈ પટેલના સાહિત્યિક સચિવ હતા. તેમણે એ મહાન અને મહત્ત્વપૂર્ણ લડતનો ઇતિહાસ કેટલાક મહિના પહેલાં ગુજરાતીમાં લખ્યો છે. સરદાર વલ્લભભાઈની એવી ઇચ્છા હતી કે એની એક અંગ્રેજી આવૃત્તિ પણ પ્રગટ કરવામાં આવે જેથી આ બનાવોનો સાચો વૃત્તાંત વિશાળ વાચકવર્ગના હાથમાં આવે. મહાદેવ દેસાઈને આ ઉત્તેજનાભર્યા દિવસોના દિલ હલાવનારા બનાવોની પ્રત્યક્ષ અને વિગતવાર માહિતી હતી. એમણે હવે એની અંગ્રેજી

આવૃત્તિ જનતા સમક્ષ રજૂ કરી છે. આવતા વર્ષ દરમિયાન આવનારી ઊથલપાથલને ધ્યાનમાં રાખતાં, આ પુસ્તક દરેક રાષ્ટ્રીય કાર્યકરે વાંચવું જોઈએ.૨૫

એ પુસ્તકની એક નકલ મહાદેવભાઈએ કવિવર રવીન્દ્રનાથને શાંતિનિકેતન મોકલી હશે. તે વાંચીને એમના જે પ્રતિભાવ આવ્યા તે એ પુસ્તકનો સાચો મર્મ પ્રગટ કરે તેવા છે:

મેં તમારી 'સ્ટોરી ઑફ બારડોલી' પૂરી કરી. એ ગ્રંથમાં આપખુદ સત્તા પર નૈતિક સત્યના વિજયની આજના યુગમાં અજોડ એવી વીરરસ ગાથાનો પ્રાણ પ્રગટ થાય છે. હું તમારો, એ લડાઈના નાયકનો, તેના લડવૈયાઓનો તેમ જ તમારા મહાન માર્ગદર્શકનો આભારી છું. મારી શુભાશિષો.૨૬

- બારડોલીનો સત્યાગ્રહ એ દેશના ઇતિહાસમાં અને મહાદેવભાઈના જીવનમાં ૧૯૨૮ની સાલની મુખ્ય ઘટના હતી. તે વર્ષની બીજી કેટલીક પ્રવૃત્તિઓને પણ આપણે આ જ સ્થળે આવરી લઈએ.

આ વર્ષ મહાદેવભાઈ સારુ બારડોલી અને સાબરમતી વચ્ચે આંટાફેરાનું રહ્યું એમ કહીએ તો ચાલે. ૧૯૨૭ના અંત સુધીમાં સાબરમતીનો સત્યાગ્રહ આશ્રમ આખા દેશમાં સત્યાગ્રહીઓને સારુ તાલીમનું એક કેન્દ્ર બની ચૂક્યો હતો, દેશને ખૂણે ખૂણે અને પ્રાંતે પ્રાંતેથી સ્વયંસેવકો આવીને ગાંધીજીના આશ્રમમાં સત્યાગ્રહનાં તત્ત્વો અને તેના અમલની તાલીમ લેતા. અવારનવાર વિદેશી મહેમાનો પણ આશ્રમમાં મહિનાઓ સુધી રહીને અહિંસક જીવનશૈલીનું પ્રશિક્ષણ લેતા. એમને આશ્રમમાં અહિંસાના મંત્ર અને તંત્ર સજીવન થતાં લાગતાં, મીરાંબહેન તો ૧૯૨૫થી ત્યાં સ્થાયીરૂપે રહેવા આવી ગયાં હતાં. અમેરિકાના રિચર્ડ બી ગ્રેગ પણ મહિનાઓ સુધી ત્યાં રહી ગયા હતા. તેમણે ખાદીના અર્થશાસ્ત્ર વિશે તથા અહિંસા વિશે કેટલુંક મહત્ત્વનું લખાણ કર્યું હતું. તેમના इकॉनॉमिक्स ऑफ खद्दर ગ્રંથની લાંબી સમાચોલના મહાદેવભાઈએ नवजीवनમાં લખી હતી. ગ્રેગનું ध पावन ऑफ नॉनवायोलन्स પણ અહિંસાનો અભ્યાસ કરનારાઓ સારું પાઠ્યપુસ્તક જેવું ગણાય છે.

૧૯૨૮ના જાન્યુઆરી માસમાં 'આંતરરાષ્ટ્રીય બંધુત્વ મંડળ' નામની અનેક ધર્માવલંબી સભ્યોવાળી એક સંસ્થાની કારોબારીની બેઠક સાબરમતી આશ્રમમાં

મળી હતી. એના સભ્યો અને મિત્રો મળી લગભગ ૩૫ જેટલાં ભાઈબહેનોએ આવીને આશ્રમવાસીઓ સાથે ત્રણ દિવસ ગાળ્યા. મંડળના સભ્યોએ વિવિધ ધર્માવલંબી અને અનેક ભાષાઓ બોલનાર આશ્રમવાસીઓને એક ઉદ્દેશથી સાથે રહેતા જોઈ અને જીવનનાં સુખદુઃખોને સાથે માણતા ને સહેતા જોઈને ખૂબ આનંદ અનુભવ્યો. પોતાની કેટલીક સામાન્ય ચર્ચાઓમાં ભાગ લેવા તેમણે કેટલાક આશ્રમવાસીઓને પણ નિમંત્ર્યા, ગાંધીજી સાથે તેમણે, ધર્મ, ધર્માન્તરણ, અહિંસા, પ્રેમ વગેરે વિષયો અંગે ઝીણવટથી ચર્ચા કરી જેની નોંધ મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં રાખી.૨૭ ધર્મ વિશે ગાંધીજીની પાયાની વાત મહાદેવભાઈએ નોંધેલા નીચેના ટૂંકા ફકરામાં આવી જાય છે:

તમે બંધુત્વ વધારવા ભેગા થયા છો તો તમારા સૌનાં કામો ધાર્મિક થવાં જોઈએ. એમાં ત્યાગ હોવો જોઈએ. મેં તો અનેક વર્ષો ઉપર અનેક ચર્ચાઓ કરવાને પરિણામે એવો નિશ્ચય કરી લીધો હતો કે, બધા ધર્મો સાચા છે; બધા અપૂર્ણ તો છે જ, પણ બધા સાચા છે. અને હું મારા ધર્મને વળગી રહું છતાં મારે બીજા ધર્મો પ્રત્યે મારા ધર્મ જેટલાં જ માન અને પ્રેમ રાખવાં જોઈએ. અને એમાંથી એ ફલિત થાય છે કે મારે સૌને સરખાં ગણવાં જોઈએ. એટલે હિંદુ તરીકે મારી પ્રાર્થના એ ન હોય કે ઇતર ધર્મના હિંદુ ધર્મ સ્વીકારે, અથવા મુસલમાનની પ્રાર્થના એ ન હોય કે બીજા ધર્મના બધા ઇસ્લામ સ્વીકારે, કે ખ્રિસ્તીની પ્રાર્થના એ ન હોય કે બધા ખ્રિસ્તી થાય. પણ આપણી પ્રાર્થના તો એ હોવી જોઈએ કે સૌ પોતપોતાના ધર્મમાં મક્કમ બને, ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને, હિંદુ સાચો હિંદુ બને, મુસલમાન સાચો મુસલમાન બને. છૂપી છૂપી પણ મારા મનમાં એ લાગણી ન હોવી જોઈએ કે બીજા ધર્મના, મારો ધર્મ સ્વીકારે. આ, બંધુત્વનો પાયો છે.૨૮

પછી મંડળના સભ્યોની પ્રતિક્રિયા જોઈને મહાદેવભાઈ લખે છે:

‘છૂપી રીતે પણ ન ઇચ્છશો કે પારકા ધર્મનો, તમારા ધર્મને સ્વીકારે.’ એ સલાહ ઘણાને વિચારમાં નાખનારી થઈ પડી. ખ્રિસ્તીઓ, મુસલમાનોમાં એવી ઇચ્છા રાખનારા તો ઘણા હોય છે જ. સૌએ પોતપોતાના વિચારો દર્શાવ્યા. એટલે ગાંધીજીને પોતાના વિચારો વધારે સ્ફૂટ કરવા પડ્યા:

‘ઇમામસાહેબના કરતાં મારી સ્થિતિ જુદી છે. મારે મારા ધર્મના પ્રચારને માટે પોતે પવિત્ર બનવું જોઈએ એ વાત તો સાચી જ, પણ હું તો ઇચ્છું પણ નહીં કે કોઈ પોતાનો

ધર્મ તજીને મારો સ્વીકારે. મારી તો પ્રાર્થના હમેશાં એ જ હશે કે ઇમામસાહેબ ઉત્તમ મુસલમાન બને, અને ઉત્તમ મુસલમાનના કરતાં પણ ઉત્તમ પુરુષ બને. હિંદુ ધર્મનો અહિંસાનો સંદેશ મને અદ્ભુત લાગે છે. અને એ કારણે મારે મન જેમ મારી સ્ત્રી મને અદ્ભુત સૌંદર્યવતી લાગે છે તેમ, એ અદ્ભુત ધર્મ છે. પણ તેથી બીજા, પોતાના ધર્મ માટે પણ એમ જ માની શકે છે. કોઈને સ્વતંત્ર વિચાર એમ થાય કે એને તો ધર્મ બદલ્યા વિના ન ચાલે તો તે જુદી વાત છે. એમ પ્રામાણિક રીતે માણસ પોતાનો ધર્મ બદલી શકે છે. પણ ધર્મનો પ્રચાર કરવા જવું એ જુદી જ વાત છે. હું તો કહું કે જેમને પ્રાચીન, જંગલી અને ધર્મહીન પ્રજાઓ માનવામાં આવે છે તેમનામાં પણ હું મારો ધર્મ લઈને પ્રચાર કરવા તો ન જ જાઉં, એમાં અભિમાન છે.'૨૯

૨૭મી જાન્યુઆરીએ આશ્રમમાં ગાંધીજીના ત્રીજા પુત્ર રામદાસના વિવાહ થયા. તેનું વર્ણન મહાદેવભાઈની કલમે:

૮ વાગ્યે સવારે વિધિનો આરંભ થયો, અને ૯-૩૦ના સુમારે વિધિ સમાપ્ત થયો, ૯॥ વાગ્યે સૌ પ્રાર્થનાસ્થાને ભેગાં થયાં અને ગાંધીજીએ વરવધૂને આશીર્વાદ આપ્યા… 'રામદાસ તારે વિશે મેં ભારે આશા બાંધેલી છે,' કહેતાં ડૂમો ભરાયો. 'તારા કેટલાક દોષો તેં મારી આગળ કબૂલ કર્યા છે,' કહેતાં તો સત્યવ્રત પિતાની, પોતાનો બીજો કશાનો નહીં તો સત્યનો વારસો કાયમ રાખનાર પુત્રની સત્યશીલતાના વિચારે, પાછી છાતી ભરાઈ આવી, અને અનેક ક્ષણ સુધી અવાક રહ્યા. સામાન્ય પિતાનો પુત્ર વિશેનો મોહ ગળું નહોતો રૂંધતો, ગાંધીજીનો સત્ય વિશેનો મોહ ગળું રૂંધી રહ્યો હતો. એ પવિત્ર પ્રેમ અને મોહની કરુણ ઘડીઓ ચીતરવાનું કોનું સામર્થ્ય છે.

અંતે હૈયું કઠણ કરી ગાંધીજી બોલ્યા: 'પણ તારા એ દોષો મને વસ્યા નથી, એટલે હું એથી ભય નથી પામ્યો એમ મેં તને કહી દીધેલું છે. તેં કબૂલ કર્યું છે છતાં મેં તને નિર્દોષ ભોળો માન્યો છે; તેથી હું રાજી થયો છું કે તું ચાલાક થઈ જગતને છેતરે તે કરતાં જગત તને ભોળો કહી છેતર્યા કરે તોય હું છાનોમાનો અભિમાન માનવાનો. એવો જ તું રહેજે. ગરીબાઈથી શરમાતો નહીં, બીતો નહીં. …

નીમુને (વધૂને ઉદ્દેશીને) સાચવજે; એનો સરદાર ન બનજે, મિત્ર બનજે. એની એટલે એનાં શરીર અને નીતિની રક્ષા કરજે, ને નીમુ તારાં શરીર અને નીતિની રક્ષા કરે. …૩૦

• ગાંધીજીને અને તેમના આશ્રમને સારુ એક મહાઆઘાતજનક ઘટના એપ્રિલ માસમાં થઈ ગઈ. 'આશ્રમના પ્રાણ' સમા શ્રી મગનલાલ ગાંધીનું ર૩મી એપ્રિલ, ૧૯૨૮ને દિન અવસાન થયું. તેમની દીકરી રાધા બિહારમાં સ્ત્રીઓની વચ્ચે ફરીને તેમની પાસે પરદાપ્રથા છોડાવવાનું કામ કરતી હતી. શ્રી મગનલાલભાઈ તે વખતે કોઈ કારણસર બંગાળ તરફ ગયા હતા. ત્યાંથી દીકરીને મળવા બિહાર ગયા ત્યારે પટણામાં એકાદ અઠવાડિયાની માંદગી ભોગવી અવસાન પામ્યા. ગાંધીજીએ તે વખતે પોતાનું મૌન છોડીને મગનલાલ ગાંધીનાં પત્ની સંતોકબહેનને આશ્વાસન આપ્યું હતું, પણ આશ્રમનું કામકાજ તો ચાલુ જ રખાવ્યું હતું. ખુદ ગાંધીજી ઉપર દેશને ખૂણે ખૂણેથી દિલસોજીના સંદેશાઓ, તારટપાલ દ્વારા આવ્યા. મગનલાલ ખુશાલચંદ ગાંધીનું નામ કોઈ અંગ્રેજી છાપાએ એમ. કે. ગાંધી એમ છાપ્યું એટલે એમના અને ગાંધીજીના નામનો ગોટાળો કરી આફ્રિકાથી ગાંધીજી વિશે સાચા સમાચાર જાણવા અનેક પત્રો આવ્યા. મહાદેવભાઈ પણ મગનલાલ ગાંધીના અવસાનના સમાચારથી શોકાકુલ થઈ ગયા. તેમણે **નવજીવન**માં ઉપરાઉપરી લેખો લખીને મગનલાલભાઈને પોતાની અંજલિ આપી. તેમના અવસાનના સમાચારને મહાદેવભાઈએ 'વજ્રાઘાત' અને 'અત્યંત ભયાનક ફટકા' તરીકે વર્ણવ્યા. ગાંધીજી વિશે કહ્યું કે 'એમની ખોટ આ ઘડીએ હું કલ્પી શકું તેના કરતાં ઘણી મોટી છે.' અને એક પત્રમાં કહ્યું: 'હું બાવરો અને વ્યાકુળ બની ગયો છું. એ આશ્રમ હતા અને આશ્રમ મગનલાલ હતું. ખાદીક્ષેત્રે એમનું કામ સ્થાયી હતું. અને ખાદી કાર્યકર્તાઓમાંથી એકેયમાં એમનું જ્ઞાન નથી, એમની આવડત નથી, એમની ભક્તિ નથી, એમની શ્રદ્ધા નથી. બાપુના સહકાર્યકરોમાં અને પ્રતિનિધિઓમાં એ સર્વોત્તમ હતા... અમારા દોષો અને ઊણપોને ઢાંકણરૂપ હતા. એમના ઉપરથી બાપુનું મૂલ્યાંકન કરવામાં આવે તો કાંઈ હરકત નથી. મારા જેવા ઉપરથી મૂલ્યાંકન કરવામાં આવે તો એ મહાઆપત્તિરૂપ બને. એમનો પ્રસન્ન સ્ફૂર્તિદાયક ચહેરો સ્મૃતિમાંથી ખસતો નથી; અને આશ્રમ, એમની જીવંત હાજરીમાં જેવો હતો તેવો કદી ફરીથી નહીં બને.'૩૧

આશ્રમમાં વ્રતોના પાલન અંગે, પરસ્પરના સંબંધો અંગે અને આશ્રમના વહીવટ અંગે જે વહેવાર હતો તેમાં કડકપણા અને ઉદારતા તથા કઠોરતા અને કોમળતાનું

એક અદ્‌ભુત પ્રકારનું મિશ્રણ હતું. આમાં કદાચ મુખ્ય કારણ ગાંધીજીનું પોતાનું વજ્રાદપિ કઠોર અને કુસુમાદપિ મૃદુ ચારિત્ર્ય હતું. દાખલા તરીકે, કોચરબમાં આશ્રમ કાઢ્યો ત્યારે બૅરિસ્ટર જીવણલાલના બંગલામાં નિવાસ હતો. થોડા વખતમાં મુખ્ય સડકથી થોડે છેટે એક પીળા બંગલામાં પણ કેટલાક આશ્રમવાસીઓની રહેવાની વ્યવસ્થા થઈ. તે વખતે સામાન્ય છાપ એવી હતી કે વધુ અનુભવી આશ્રમવાસીઓ જીવણલાલના બંગલામાં રહેતા અને નવા આવેલા લોકો પીળા બંગલામાં રહેતા. શ્રી પ્રભુદાસ ગાંધી ઠેઠ ૨૩–૧૧–૧૯૯૧ને દિન પાઠવેલા પોતાના એક સંસ્મરણલેખમાં લખે છે: 'કોચરબમાં આશ્રમવાસીઓના બે ભાગ બની ગયા. અને ઘોષિત થયા વિના પરિસ્થિતિ એવી બનતી કે સડકવાળા બંગલા નં. એકમાં રહેનારા 'અવ્વલ' આશ્રમીઓ અને પીળા નં. બેમાં રહેનારા બધા 'દોય્યમ' આશ્રમવાસીઓ, જોકે બંને બંગલામાં રહેનારાઓનું રસોડું સાથે હતું.'૩૨ પણ એમાંય અપવાદો દેખીતા હતા. શ્રી મગનલાલ ગાંધી જેવા અનુભવી વરિષ્ઠ આશ્રમવાસીઓ પીળા બંગલામાં હતા. તે વખતે આશ્રમવાસીઓએ પંચમહાવ્રતો પર ખાસ ભાર મૂકવો એવો ગાંધીજીનો આગ્રહ હતો. ત્યાં વિધિસર ઘોષણાપૂર્વક આ વ્રતો પણ લેવાયેલાં. પણ તેમાંય વ્રત લેનારાઓ બંને બંગલામાં વહેંચાઈ ગયેલા. ઉપરોક્ત સ્મરણલેખમાં શ્રી પ્રભુદાસ ગાંધી ઇતિહાસની વાત આગળ ચલાવે છે. અત્યારે જ્યાં સાબરમતીનો આશ્રમ છે ત્યાં પહેલાં રાવટીઓમાં નિવાસ હતો. પછી વાંસની મજબૂત સાદડીઓની અલગ ઝૂંપડીઓ બની. ત્યારે આશ્રમની વચ્ચેથી પસાર થતી સડકની બંને બાજુએ વસવાટ થયો. એ 'ઝૂંપડીવાળો વિભાગ રાષ્ટ્રીય શાળાનો અને તંબૂની છાવણીવાળો વિભાગ આશ્રમવાસીઓનો એવા બે વિભાગો કશીયે રીતસરની ઘોષણા વિના કહેવાયા એટલે કે, કોચરબમાં અવ્વલ અને દોય્યમની જે ભાવના ઉદ્‌ભવી હતી તે બદલાઈને હવે શાળાવાળા અને આશ્રમવાળા એવી સ્પષ્ટ અભિવ્યક્તિ પ્રગટ થઈ. ઈંટચૂનાનાં મકાન પહેલા આશ્રમ વિભાગ માટે બન્યાં.૩૨

સડકની બંને બાજુએ રહેનારાઓમાં સામાન્યપણે પૂર્વ તરફ રહેનારા એકાદશવ્રતધારીઓ અને પશ્ચિમે રહેનારા પ્રયત્નશીલો એમ કહી શકાય. પણ તેમાંય અપવાદો હતા જ. વિવાહિત બ્રહ્મચર્યના આગ્રહમાં કિશોરલાલભાઈ, કાકાસાહેબ અને છગનલાલ ગાંધી જેવા સડકની પશ્ચિમે 'શાળાવાળા' વિભાગમાં

રહેતા હતા, જ્યારે પશ્ચિમ તરફ રહેનારાઓમાં પણ બિહારના રામવિનોદ બાબુ અને ગુલબદનબહેન જેવાં વ્રતશીલ નહીં પણ પ્રયત્નશીલ દંપતી હતાં. એ બાબત પ્રભુદાસભાઈ કહે છે: 'મારું વિશ્લેષણ એ છે કે જેલ-સડકની બંને બાજુ આશ્રમવાસીઓના બે વિભાગો હતા એ તથ્ય નિર્વિવાદ હોવા છતાં રહેઠાણના વિષયમાં બાંધછોડ જેવું હતું. સડકની બંને બાજુ વિભાજિત બે વિભાગમાં એક પ્રતિજ્ઞાબદ્ધ આશ્રમવાસીઓનો, બીજો પ્રતિજ્ઞારહિત પ્રયત્નશીલ આશ્રમવાસીઓનો હતો એ મુ. મણિબહેન પરીખનું કથન સાચું જ ગણાય, છતાં કથનમાં ઉમેરો કરવો ઘટે કે પશ્ચિમ બાજુનાં રહેઠાણોમાં પણ પ્રતિજ્ઞાબદ્ધો હતા. પૂર્વ બાજુમાં પ્રતિજ્ઞાબદ્ધ સિવાય કોઈ રહે જ નહીં એવી અતિ કડકાઈ નહોતી. પ્રયત્નશીલને રહેઠાણ મળેલું.'૩૨

અસ્વાદવ્રત તથા અપરિગ્રહવ્રત વિશે આવા જ પ્રકારના અપવાદો હતા. શ્રી મગનલાલભાઈ અસ્વાદ વિશે કડક આગ્રહી હતા. એમના મોટા ભાઈ, એટલે કે પ્રભુદાસભાઈના પિતાશ્રી છગનલાલભાઈ અસ્વાદ વિશે તેવા આગ્રહી નહોતા. બંને મસાલા નહીં લેતા, પણ છગનલાલભાઈ મુરબ્બો વગેરે લેતા, મગનલાલભાઈ નહીં લેતા. જ્યારે આશ્રમમાં રહેનારા પરિવારો પોતપોતાને ત્યાં રસોઈ અલગ બનાવતાં ત્યારે પણ મગનલાલભાઈ તો સામૂહિક રસોડે જ જમતા. એમના નાના ભાઈ નારણદાસ ગાંધીએ અપરિગ્રહવ્રત નહોતું લીધું, પણ તેઓ આજીવિકા સારુ આશ્રમ પાસેથી મગનલાલભાઈની જેમ માસિક ૭૫ રૂપિયા નહોતા લેતા. આશ્રમમાં આવતાં પહેલાં મુંબઈમાં વેપારધંધામાં કરેલી કમાણીને આધારે જ પોતાનું ગુજરાન ચલાવતા. આમ વ્રતો બાબત એક તરફથી આગ્રહ હતો. અને બીજી તરફથી ઉદારતા હતી.

મહાદેવભાઈ આ બાબત પ્રયત્નશીલો પૈકીના એક હતા, અને તેથી જ તેઓ જ્યારે ક્યારે પણ આશ્રમમાં હોય ત્યારે તો એમનું ચિંતન આ વિશે વધારે ચાલતું. ગાંધીજીના એ ભક્ત હતા. એમના દરેક પ્રયોગ વિશે એમને જિજ્ઞાસા, ઉત્સુકતા અને ઉત્સાહ પણ હતાં. પણ એમની ભક્તિ આંધળી કે કેવળ આજ્ઞાનુવર્તી નહોતી. તેથી જે વિચાર તેમને ગળે ન ઊતરે તેની ગાંધીજી સાથે નમ્રતાથી છતાં છૂટથી ચર્ચા પણ કરતા. એવી એક લાંબી ચર્ચા ગાંધીજીએ આશ્રમમાં સ્ત્રીપુરુષોનાં અલગ રસોડાં કરવાનો વિચાર મૂક્યો ત્યારે થઈ. મહાદેવભાઈએ પરમ મિત્ર નરહરિભાઈની સાથે

મળીને ગાંધીજીને એક પત્ર લખ્યો. એ પત્રમાં આ બંને જણના સ્વતંત્ર વિચારો જેવા મળે એમ છે. પત્ર આખો જ નીચે ઉતાર્યો છે:

પરમ પૂજય બાપુજી,૩૩

અનેક પ્રકારની લાગણીઓ આ પત્ર લખતાં અમને ઘેરી રહી છે. મગનલાલભાઈના વિયોગનું દુ:ખ હજી જરાય હળવું થયું નથી. અને એમનો વારસો કેવી રીતે ઉપાડી શકાય એનાં સ્વપ્નનાં દિનરાત ચાલી રહ્યાં છે. ત્યાં. આપનું દિશાસૂચન અને અમારી આપની સૂચના ઉપાડી લેવાની અશક્તિ એ મૂંઝવણમાં વધારો કરે છે. અમારામાં દૈવત હોય તો ખાલી થયેલી જગ્યામાં ઊભી જઈ એમની તપશ્ચર્યા જેવી જ તપશ્ચર્યા કરવાનું વચન આપીને આપના દુ:ખનો ભાર હળવો કરતો. પણ તે નથી, તેમ જ આ દુ:ખ હળવું કરવાની લાગણીથી અને આવે અઘરે સમયે કાંઈ અસાધારણ કરવું જોઈએ એના ભાવથી જ આપની આ સૂચના લેવી એ બરોબર નથી એમ સમજીને આ કાગળ લખ્યો છે. બુદ્ધિને એક વાત સમજાય અને હૃદયને ન સમજાય ત્યાં, હૃદય, ઉપરના જેવી લાગણીથી બળ મેળવી શકે છે; પણ આ પ્રસંગે અમારી બુદ્ધિ પણ જે વસ્તુ સ્વીકારવાની ના પાડે છે તેમાં તો અમારા વિચાર દર્શાવીને જ અમારા મનનો ભાર હલકો કરવાની ફરજ પડે છે.

૧. એક કુટુંબની ભાવના ઉપર આશ્રમનું તંત્ર રચાવું જોઈએ, આશ્રમમાં એક પણ વ્યક્તિ પોતાનો સ્વાર્થ ન તાણતી હોય, કુટુંબનો સમગ્ર સ્વાર્થ, અને કુટુંબ દ્વારા દેશનો સ્વાર્થ વિચારનારી હોય એ વિશે બેમત આપણે ત્યાં તો ન જ હોઈ શકે. પણ ક્યાં કુટુંબનો સ્વાર્થ પૂરો થાય છે અને વ્યક્તિગત સ્વાર્થ શરૂ થાય છે એ લીટી દોરવામાં મતભેદ હોવાનો સંભવ છે. સંયુક્ત કુટુંબ આ વ્યક્તિગત સ્વાર્થનો અંત આણશે એવો આપનો આશય હોય તો અમને એ વિશે શંકા રહે છે એટલું જણાવવાની રજા લઈએ. ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળાં અને ભિન્ન ભિન્ન અભિરુચિવાળાં અનેક સ્ત્રીપુરુષોને બાહ્ય નિયમના દબાણથી એકઠાં કરવાથી જે ચિત્રવિચિત્ર શંભુમેળો થશે તેમાંથી ક્લેશ, કટુતા અને તીવ્ર અસંતોષ ઉદ્ભવવાનો સંભવ છે. એનો ઇલાજ કરવામાં આપ જેવાનો બધો સમય ખરચાઈ જતાં પણ એકતા અને શાંતિ જળવાઈ શકશે કે કેમ એ સવાલ છે, તો પછી બીજાનું એને પહોંચી વળવાનું ગજું જ શું? આખા આશ્રમના એક સંયુક્ત રસોડાને ચલાવવા

શક્તિમાન, આશ્રમમાં આપ સિવાય બીજા કોઈ અમને જણાતા નથી. આમ જે વસ્તુ બુદ્ધિને અશક્ય લાગતી હોય તેનો આરંભ કરવાથી શો લાભ?

૨. સંયુક્ત રસોડાને આપ બ્રહ્મચર્યની વાડ ગણાવો છો. વળી બ્રહ્મચર્યને અર્થે સ્ત્રીપુરુષોએ અલગ અલગ રહેવાની આવશ્યકતા પણ સૂચવો છો, એ વસ્તુ અમારે ગળે ઊતરતી નથી. જે સ્ત્રીઓ અને પુરુષોએ અનેક વર્ષો થયાં સાથે જીવન ગાળ્યાં છે, સાથે વિચારો કર્યા છે, સાથે આકાંક્ષાઓ બાંધી છે અને એકબીજાને હૂંફ આપી છે તેમનો એકાએક વિશ્લેષ કરવાથી તેઓ એકબીજાને માટે ઝૂરશે, સહવાસનું વિશેષ ચિંતન કરી પોતાના બ્રહ્મચર્યનો મનસા વિશેષ ભંગ કરશે. વૈરાગ્ય વિના કરાવેલા ત્યાગમાંથી એવી માનસિક વિકૃતિ પેદા થશે કે જેથી પોતાની આસપાસના માણસ તેમને અકારાં લાગશે. અને પોતે આસપાસના માણસોને અકારાં થઈ પડશે. આવી રીતે હૃદયભગ્ન થયેલાં પાસેથી વિશેષ કામ પણ શું લઈ શકાશે? આ વસ્તુ, પુરુષો કરતાં પણ જે સ્ત્રીઓ પોતાના પતિને અનુસરીને અહીં આવી છે અને જેમણે હજી પતિની હૂંફની જરૂર માની છે તેમને વિશેષ લાગુ પડે છે. ગૃહના કરતાં કાંઈક વિશાળ ક્ષેત્રમાં પડવાનો જે થોડોઘણો પણ ઉત્સાહ કે ઉલ્લાસ તેમનામાં હશે તે આ યોજનાથી હરાઈ જશે. અને તેમના નિસાસા આપે પોષવા ધારેલા આશ્રમ કુટુંબરૂપી છોડને ઊગતો ડામી દે તો એમાં નવાઈ જેવું નથી.

૩. બ્રહ્મચર્યના નિયમો વિશેની, કાર્યવાહક મંડળની ધારણામાં અને આપની ધારણામાં અમને ફેર લાગે છે. કાર્યવાહક મંડળે બ્રહ્મચર્યના નિયમમાં, સ્ત્રીપુરુષના વિષયી સ્પર્શનો ત્યાગ, એટલો જ અર્થ ધાર્યો હતો. આપ એમાં સ્ત્રીના ત્યાગનો વધારો સૂચવો છો એટલે આપ સંન્યસ્ત માગો છો, જ્યારે અમારા મનમાં ગૃહસ્થાશ્રમ બ્રહ્મચારી કલ્પના છે. સંન્યાસનો આદર્શ, એ આદર્શ કરતાં ઊંચો હોય, પણ અમારે માટે તો શુદ્ધ ગૃહસ્થાશ્રમનું એક પગલું બસ થાય એમ લાગે છે.

૪. આપ કહો છો કે આપણે કોઈ સંઘ-ઑર્ડર-સ્થાપવા માગતા નથી. પરંતુ આપ જે ફેરફાર કરવાનો સૂચવો છો તેથી તો રોમન કૅથલિક સંપ્રદાયના સાધુ અને સાધ્વીઓના મઠ જેવું અથવા બૌદ્ધ સંઘના ભિખ્ખુ અને ભિખ્ખુણીઓના વિહાર જેવો આશ્રમનો આકાર થઈ જશે. સાધુઓ અથવા ભિખ્ખુઓ સમાજને દોરી શક્યા છે; સમાજને એમણે ઉપદેશ આપીને માર્ગ બતાવ્યો છે; પરંતુ એઓ સમાજથી

બહાર જ રહેલા છે, કોઈ દિવસ સમાજને માટે એઓ આદર્શરૂપે મનાયા નથી.૩૪ જ્યારે આપ તો આશ્રમજીવન સમાજમાં વ્યાપક થાય એમ ઇચ્છો છો.

ગૃહસ્થાશ્રમી બ્રહ્મચારીનો આદર્શ સમાજમાં વ્યાપક થઈ શકે ખરો, પણ સંન્યાસીનો આદર્શ વ્યાપક ન જ થઈ શકે. આપ કહો છો તેમ અમે અલગ અલગ રહીએ, તો સમાજથી પણ અલગ જ પડી જઈએ. આજે અમે સમાજના જ ગણાઈને સમાજમાં હરીએફરીએ છીએ. અમારામાં સત્ય હશે અને દૈવત હશે તો આજે અમારું જે પ્રકારનું જીવન છે તેની સમાજ ઉપર અસર પડશે. પરંતુ મઠના જેવી કે વિહારના જેવી આપણી વ્યવસ્થા થઈ જશે તો આપણે અમુક સંપ્રદાયના સાધુ કે અર્ધસાધુ ગણાશું. આવા થવું કે ગણાવું એ જરાયે ઇષ્ટ નથી લાગતું. કર્મરત બ્રહ્મચર્યપાલક આદર્શ ગૃહસ્થ મગનલાલભાઈ જે પૂજા અને આદર મેળવી શક્યા અને અસર પાડી શક્યા તે Segregation Campમાં રહીને બ્રહ્મચર્ય પાળનાર કે કુંવારા રહીને અતડું બ્રહ્મચર્ય પાળનાર નહીં પાડી શકે.

૫. આખા આશ્રમનું એક સંયુક્ત રસોડું બ્રહ્મચર્યપાલનની વાડ થઈ શકે એમ નથી લાગતું. સ્ત્રીપુરુષના એવા સેળભેળ જીવનમાં ભારે જોખમો રહેલાં અમને તો દેખાય છે. રસોડામાં અનેક કુમારિકાઓ હશે અને મંથનકાળમાંથી અથવા ગધ્ધાપચ્ચીસીમાંથી પસાર થતા યુવાનો પણ હશે; પોતાની સ્થિતિથી અસંતુષ્ટ અને જેમની વાસનાઓ અતૃપ્ત રહી હોય એવી વિવાહિતાઓ પણ તેમાં હશે અને વાસનાઓને, બળાત્કારે દાબવા પ્રયત્ન કરતા પુરુષો પણ હશે. આ બધાં, રસોડાનાં અનેક કાર્યોને નિમિત્તે એકબીજાના અતિનિકટ સંસર્ગમાં આવશે. પછી વાડ ક્યાં રહેશે? એક ઉપાધિને ટાળતાં બીજી મોટી ઉપાધિ ઊભી થવાનો સંભવ છે.

૬. આખા આશ્રમના એક સંયુક્ત રસોડા વિના આશ્રમના ભૂકેભૂકા થઈ જવાનો ભય આપને રહે છે, પરંતુ બ્રહ્મચર્યના નિયમનું પાલન કરતાં દંપતીઓમાંથી દુર્ભાગ્યે કોઈ પડે તેથી આશ્રમને જેટલું જોખમ અને ભય છે તે કરતાં ઘણું વધારે જોખમ ને ભય સંયુક્ત રસોડામાં અનેક સ્ત્રીપુરુષો સેળભેળ૩૫ કાર્ય કરે એમાં રહેલું છે. એટલે જે કોટિના માણસો આશ્રમમાં છે તેમને બાહ્ય નિયમના દબાણથી સંયુક્ત રસોડામાં એકત્રિત કર્યા હશે તો તેમના અસંતોષ અને ક્લેશથી આશ્રમના ભૂકા થવાનો વધારે ભય છે.

૭. જેઓ અમુક કોટિ વટાવી નથી ગયા તેવાને માટે સંયુક્ત રસોડું, પાડનારું

નીવડવાના પ્રસંગો ઘણા નીકળે છે. આજે પણ રસોડામાં કેટલાક માણસો બીજાએ દૂધ અને ઘી કેટલું લીધું તે જ જોયા કરે છે. પોતે જેટલો અવેજ આપે છે તેટલાનું પોતે ખાતા નથી માટે તેમની પાસે ઓછા રૂપિયા લેવા જોઈએ એવી ફરિયાદો કરે છે. કેટલાક, ખોરાકની બાબત એકાદને અપવાદ મળતો જોઈ પોતે તે અપવાદ ઇચ્છે છે. ભિન્ન ભિન્ન રુચિવાળા માટે ભિન્ન ભિન્ન વસ્તુઓ બનતી હોય અને નજર સામે અનેક વાનીઓ પડી હોય તે નબળાની સ્વાદેન્દ્રિયને જરૂર સતાવશે. જે યોગીરાજને આપ રસોડાના નાયક તરીકે કલ્પો છો તે યોગીરાજ કદાચ ઉત્તરોત્તર પોતાની ઉન્નતિ કરતો જશે પણ બીજા અનેક માટે તો દિનપ્રતિદિન પડતા જવાનો ભય રહેવાનો.

૮. સ્ત્રીપુરુષોને અલગ અલગ રાખવાથી બાળકો ઉપર સારી અસર નહીં પડે.૩૬ બાળકને સંયમી માતા અને પિતા બંનેનો સંયુક્ત સહવાસ મળે એ તેના સર્વદેશીય વિકાસ માટે આવશ્યક છે.૩૭ સ્ત્રીપુરુષોના ફરજિયાત વિશ્લેપથી જે ક્લેશ, કટુતા અને અસંતોષ ઉત્પન્ન થશે તેની બાળકોનાં મન ઉપર માઠી અસર થશે. સમાજમાં કુટુંબ જેમ એક આર્થિક યુનિટ છે, તેમ સાંસ્કારિક યુનિટ પણ છે જ.

૯. સ્ત્રીઓ તથા પુરુષો સંયમ અને મર્યાદાપૂર્વક સાથે રહે એ આશ્રમનું એક સુંદરમાં સુંદર અંગ છે.'૩૮ અમે તો કહીએ છીએ કે આશ્રમની આ એક મોટી શોભા છે. બ્રહ્મચર્યનો નિયમ દાખલ કરવાથી એ સુંદરતામાં વધારો થાય છે. પણ સ્ત્રીપુરુષોના વિશ્લેપથી એ સુંદરતા નષ્ટ થશે, અને એના બદલામાં આપણને કોણ જાણે શુંયે મળશે? અમને તો અનિષ્ટની શંકાઓ થાય છે.

૧૦. આખા આશ્રમના એક સંયુક્ત રસોડા વિના નવા આવનારાઓની વ્યવસ્થાને આપણે પહોંચી નહીં શકીએ. સ્ત્રી-સેવાનું કામ આપણે કરી નહીં શકીએ, દંપતી મહેમાનોને રાખવાની ભારે અગવડ પડશે વગેરે મુશ્કેલીઓ આપ જણાવો છો. કદાચ અમે જે યોજના નીચે સૂચવવાની રજા લઈએ છીએ તેથી એ મુશ્કેલીઓનું નિરાકરણ થાય:

(૧) આશ્રમમાં ત્રણ પ્રકારનાં રસોડાં હોય: (ક) દંપતીઓનાં, (ખ) સંયુક્ત પુરુષોનું, (ગ) સંયુક્ત સ્ત્રીઓનું.૩૯ અમે (ગ) સૂચવીએ છીએ પણ તે અતિશય

મુશ્કેલ લાગે છે. એ મુશ્કેલી ન ટાળી શકાય તો પુરુષોના સંયુક્ત રસોડામાં સ્ત્રીઓ ભલે જમે પણ પુરુષોની સાથે રહીને કરવાનું હોય. ...૪૦

(૨) સંયુક્ત રસોડાનો મુખ્ય વ્યવસ્થાપક કોઈ જંજાળ વિનાનો એકાકી પુરુષ હોય એ વિશેષ ઇષ્ટ છે.

(૩) કોઈ એકાકી સ્ત્રી અથવા પુરુષ કાર્યવાહક મંડળની ખાસ પરવાનગી સિવાય પોતાનું અલગ રસોડું ન રાખી શકે.

(૪) દંપતીઓનાં અંગત સગાંવહાલાં સિવાયનાં બધા મહેમાન સંયુક્ત રસોડામાં જ જમે. પણ આશ્રમના વ્યવસ્થાપકને દંપતીઓને ત્યાં કોઈ પણ મહેમાનો મોકલવાની સત્તા રહે.

(૫) આશ્રમનાં ધ્યેયો વિગતવાર સ્પષ્ટ કરવાં અને એના ઉપર જે સહી કરે તે આશ્રમના તંત્રમાં મત કે અભિપ્રાય આપી શકે.

(૬) આશ્રમની કોઈ પણ પ્રવૃત્તિ સાથે વ્યવસ્થિત રીતે ન જોડાયેલાં હોય એવાં કોઈ સ્ત્રીપુરુષ આશ્રમમાં ન રહી શકે.

(૭) આશ્રમની પ્રવૃત્તિમાં ન જોડાય પણ કેવળ પોતાની ઉન્નતિ સાધવાના આશયથી લાંબા વખત સુધી મહેમાન તરીકે રહેવા ઇચ્છનારને અપવાદરૂપ સંજોગો સિવાય, કાર્યવાહક મંડળ અહીં રહેવાની પરવાનગી ન આપે. અપવાદરૂપ સંજોગો કોને ગણવા એનો વિવેક કાર્યવાહક મંડળ કરે.

આ ઉપરાંત નિયમાવલિમાં આશ્રમવાસીઓને માટે જે નિયમો છે તેનું પાલન તો આશ્રમમાં રહેવા આવનારે આશ્રમમાં રહે ત્યાં સુધી કરવું જ જોઈએ.

આ પ્રમાણેની યોજનાથી આપે જણાવેલી મુશ્કેલીઓનું નિવારણ થઈ જાય છે. નવા આવનારને આપણી શરતે અને આપણી સગવડે જ આપણે લઈશું. આપણી પ્રવૃત્તિ અંગે कोई व्यक्तिनी आपणने गरज हशे અને તે પોતાના કુટુંબ સાથે જ આવે એવો હશે અને તેને જુદા રસોડાની જરૂર જ હશે તો શક્ય હશે ત્યાં સુધી તેની વ્યવસ્થા આપણે કરીશું. તેઓના બ્રહ્મચર્યપાલનને વિશે આપણે તેમના વચન ઉપર વિશ્વાસ રાખીશું. તેમના વચન ઉપર આપણી શ્રદ્ધા બેસતી હશે તો જ આપણે તેમને લઈશું પછી વિશેષ ચોકી કરવાપણું નહીં રહે.૪૧ બ્રહ્મચર્યપાલનનો નિયમ જ રેઢિયાળ માણસોને આવતા રોકવા માટે પૂરતો છે. દાખલા તરીકે, અમે આશ્રમમાં

દાખલ થયા ત્યારે બ્રહ્મચર્યનો નિયમ સૌને માટે ફરજિયાત હોત તો તેટલો નિયમ જ અમને આશ્રમથી છેટા રાખવાને માટે પૂરતો થાત. એ નિયમ કરતાં વાડાની જરૂર ન રહેત. આજે પણ સ્થિતિ બદલાઈ નથી. પણ યોગ્ય માણસોને લેવા ન લેવા એમાં કાર્યવાહક મંડળની શક્તિની કસોટી થશે, એ વાત સાચી. આમાં એવું પણ બનવાનો સંભવ છે કે કાર્યવાહક મંડળ પોતાના અજ્ઞાનમાં પોતાના કરતાં સારા માણસોને પણ આવતા રોકે. પણ એનો ઉપાય તો કાર્યવાહનની લગામ આપના હાથમાં હોય તો જ થઈ શકે. તંત્રમાત્રમાં કાંઈક અન્યાય રહેલો જ છે એ ટૉલ્સ્ટૉયનું કથન સાચું છે.

સ્ત્રી-સેવાનો પ્રશ્ન વિકટ છે. આપના સંયુક્ત રસોડાના અને બ્રહ્મચર્યના નિયમના મૂળમાં વિધવાઓની રક્ષા આપે કલ્પેલી છે, એ ન સમજી શકીએ એવા જડ, આપની કૃપાથી, અમે રહ્યા નથી. વિધવાઓની આસપાસ સંયમનું વાતાવરણ આપણે ભરી દઈએ તો તેમનાં વૈધવ્યનો ભાર, તેમના સંયમનો ભાર, બહુ હળવો થઈ જાય એ વિશે શંકા નથી. દંપતીને સંયુક્ત રસોડામાં જતાં ત્રાસ થાય તો વિધવાની સ્થિતિ કેવી થતી હશે, એનો દંપતી વિચાર કેમ કરતાં નથી? આ આખી સ્થિતિ આદર્શ તરીકે સાચી છે. પણ જેમ ગરીબમાં ગરીબને જે ન મળે તે ન લેવાનો આપણો આદર્શ છતાં આપણે ગરીબમાં ગરીબનું જીવન ગાળતા નથી, બલકે તેનાથી સેંકડો ગાઉ દૂર છીએ, તેમ જ વિધવા બહેનોને જે જે લાભ અને લહાવા ન મળે તે બધાનો આપણે વિવાહિતો ત્યાગ કરીએ એ આદર્શ હોવા છતાં એ સ્થિતિ શક્ય નથી. સંન્યાસ લઈને એ આદર્શ સ્થિતિને જે સ્ત્રીપુરુષો પહોંચી શકે તેને અનેક ધન્યવાદ. પણ આપણે આપણી મર્યાદા સમજવી જોઈએ. એ વિધવાઓ સંયુક્ત થઈને રસોડું ચલાવવું હોય અથવા સંસ્થા ચલાવવી હોય તો ચલાવે, અથવા એમની આંખ ઠરે એવાં, દંપતીજીવન ગાળનારાં ભાઈબહેન સાથે રહે, અથવા પુરુષોના સંયુક્ત કુટુંબમાં જમે એ સિવાય બીજો ઉપાય નથી.

વિવાહિતાને એના પતિથી અલગ કરીને સેવા કરવાનો પ્રસંગ ત્યારે જ ઉપસ્થિત થાય કે જ્યારે પતિ પશુ હોય. એ સંજોગોમાં તો બળાત્કારે પણ એનું રક્ષણ કરીએ, પણ આપણે ત્યાં વિવાહિતાના એવા રક્ષણનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. આપણે ત્યાં તો સંયમ જાળવીને દરેક પતિ પોતાની પત્નીની સેવા કરતાં અને શિક્ષણ આપતાં શીખે એ કરવું ઇષ્ટ છે. પતિ જ પત્નીનો આદર્શ શિક્ષક છે એમ આપે જ ક્યાંક કહ્યું છે. એ સ્થિતિને આપણે ઉત્પન્ન કરવી જોઈએ.

બાકી દરેક સ્થિતિની અને અવસ્થાની સ્ત્રીની સર્વાંગીણ સેવા માટે તો સ્ત્રી-સેવાને પોતાનું જીવન જેણે અર્પણ કર્યું હોય એવી પ્રૌઢ અને સમર્થ વ્યક્તિની આવશ્યકતા છે. આશ્રમની બધી જ પ્રવૃત્તિ માટે જીવનવ્રત લેનાર યોગ્ય વ્યક્તિ ન હોય ત્યાં સુધી એ પ્રવૃત્તિ આપણે ન જ ઉપાડી શકીએ. એટલે અત્યારે આશ્રમમાં સ્ત્રી-સેવાની અલગ પ્રવૃત્તિ છે એવું અમને નથી લાગતું.

અમારી મનોદશાનો ચિતાર આપને મળે એ ખાતર આટલું લંબાણ થયું. એમાં કરેલી ટીકા અને શંકા કરતાં આશ્રમના તંત્રથી આપ તટસ્થ હશો એમ સ્વીકારી લીધું છે. એ તંત્ર આપના હાથમાં રાખો તો તો આપ ઇચ્છો તે કરવાને મુખત્યાર છો.

આપના જેવા આદર્શ સંયમીના અનુભવને વશ થવાની સંપૂર્ણ ઇચ્છા છતાં આપે સૂચવેલી નવી વ્યવસ્થા અમારું સમાધાન કરી શકતી નથી એ ફરી દુ:ખની સાથે જણાવીએ છીએ.

નરહરિ-મહાદેવના

સા. દ. પ્રણામ

(આના જવાબમાં ગાંધીજીએ લખ્યું: )૪૨

મારો અર્થ સમજાયો નથી લાગતો એ મારી જ ઊણપ ગણાય ના?

મેં બળાત્કાર ઇચ્છ્યો જ નથી. સમજાવવું એ બળાત્કારમાં ન ગણાય. આપણે ભાંગ્યુંતૂટ્યું પણ સંયુક્ત રસોડું ચલાવ્યું જ છે અને સાથે સાથે નોખાં રસોડાં પણ સેવ્યાં છે.

મારી સૂચના તો આટલી જ છે કે, નોખાં રસોડાં નવાં થતાં બંધ કરવાં જ જોઈએ; ને છે તે વહેલાં એક થાય એવો આપણો પ્રયત્ન હોવો જોઈએ.

જે સંયુક્ત રસોડું એક પણ ન હોય તો આશ્રમ કહેવાય? જે સંયુક્ત રસોડું એક હોય તો તેમાં કોણ કયા નૈતિક કારણસર ન ભળે?

મારી સૂચનામાં હિંદુ ધર્મે માનેલો સંન્યાસ નથી આવતો, પણ તે સંન્યાસની નવી આવૃત્તિ આવે છે ખરી. પણ તે આવૃત્તિ વિવાહિતને સારુ ઘડાયેલી છે.

સંયુક્ત રસોડું એટલે સ્ત્રીપુરુષનાં બધાં સંબંધ બંધ નથી થતો, પણ તે સંબંધ નિર્મળ થાય છે. જ્યાં લગી એકને બીજા પ્રત્યે ખાસ સ્વાર્થી આકર્ષણ રહ્યું છે, ત્યાં લગી આપણે ગીતાની સમતાને નથી પહોંચતા.

અત્યારે આપણે વિચારવાનું એ નથી કે, બધાં નોખાં રસોડાં એક થાય છે કે નહીં, પણ નોખાં છે તે એક થવાના પ્રસંગો શોધ્યા જ કરશું કે નહીં?

સ્ત્રીઓમાં કોઈ પ્રકારનું ઐક્ય હજી નથી સધાયું. એને સારુ સંયુક્ત રસોડું એક સાધન છે.

પણ આ બધા મારા ખ્યાલો છે. સંયુક્ત રસોડું કે આશ્રમ અમારે નથી ચલાવવો, હું મહેમાન છું, ને મહેમાન તરીકે મારા અનુભવનો ઉપયોગ આશ્રમને આપવા ઇચ્છું છું. મગનલાલના જીવતાં મેં જે વિસ્તાર કરી નાખ્યો ને જેનો તેણે રોજ વિરોધ કર્યો છતાં જે તેણે જેમતેમ નિભાવ્યું હતું તે વિસ્તારને જેટલો ટૂંકાવાય તેટલો ટૂંકાવવાનો મારો પ્રયત્ન છે. આ પ્રયત્ન બધાય વિચારી જે યથાશક્તિ થાય તે કરજો.

આ બાબત, કુટુંબો ચલાવનારા મારી સાથે ફરી ચર્ચા ઇચ્છો તો ચર્ચજો. તમારી બે જણની દૃષ્ટિ બધાની પાસે રાખો એ સારું છે.

બાપુ૪૩

આશ્રમનાં સ્ત્રીપુરુષોનાં રસોડાં તો ઝાઝો સમય અલગ અલગ ચાલ્યાં નહોતાં. પણ સામૂહિક રસોડું ૧૯૩૦માં દાંડીકૂચ થઈ ત્યાં સુધી ચાલ્યું હતું.

દસમી જૂન, ૧૯૨૮ને દિને ગાંધીજીએ ‘સત્યાગ્રહ આશ્રમ’ના મથાળા હેઠળ એક લાંબો લેખ લખ્યો હતો.૪૪ તેમાં આશ્રમનો ઉદ્દેશ અને એના નિયમ, એટલે વ્રતો, તથા એની પ્રવૃત્તિઓ વિશે સમજૂતી આપી હતી તેમ જ ખાદી વિદ્યાલયનો અભ્યાસક્રમ પણ આપ્યો હતો, વળી એમાં એમ પણ જણાવ્યું હતું કે આશ્રમની વ્યવસ્થા ૨૪–૭–૧૯૨૬થી કાર્યવાહક મંડળને હસ્તક ચાલે છે તે મંડળમાં ઉપરોક્ત લેખ લખ્યો ત્યારે પ્રમુખ તરીકે મહાદેવભાઈ અને ઉપપ્રમુખ તરીકે ઇમામ અબદુલકાદર બાવાઝીર, અને મંત્રી તરીકે શ્રી છગનલાલ જોષીનાં નામો હતાં. અને એના સભ્યોમાં વિનોબા, નરહરિભાઈ વગેરે નવસજ્જનોનાં નામો હતાં. આશ્રમના ટ્રસ્ટીઓમાં પણ જમનાલાલજી, રેવાશંકરભાઈ, ઇમામસાહેબ અને છગનલાલ ખુ. ગાંધી સાથે મહાદેવભાઈનું નામ મૂકવામાં આવ્યું હતું.

ગાંધીજીએ પોતાની રીતે આ નિર્ણયને આવકાર્યો. अनासक्तयोग પુસ્તક પૂરું કરવા કૌસાની ગયેલા ત્યાંથી મહાદેવભાઈને લખ્યું:

હું હિમાલયના ખોળામાં નાચી રહ્યો છું અને ઋષિરાજ પોતે શ્વેત વસ્ત્ર પહેરી

સૂર્યસ્નાન કરતાં કરતાં આનંદમાં લીન થઈ ગયા છે. એની સમાધિ દ્વેષ કરવા જેવી છે. આ દ્વેષમાં તમે ભાગ લેનાર નથી એ જરા ડંખે છે. પણ તમારું સ્થાન ત્યાં છે એટલે ડંખનું દરદ ધીમું પડે છે.

આજથી ગીતાજીનું અધૂરું કામ કરવાનો આરંભ થવાનો છે.

તમે ભલે પ્રમુખ થયા. આવાં કામોમાં પણ તમારે પડવું તો રહ્યું જ છે.૪૫

આ જ અરસામાં ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠના બંધારણમાં પણ કેટલાક સુધારાઓ કર્યા હતા. તેનું જ નવું કાર્યવાહક મંડળ બન્યું તેમાં જોડાવા મહાદેવભાઈને નિમંત્રવામાં આવ્યા.

તે કાળે આચાર્ય કૃપાલાની ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિદાય લઈને ઉત્તર પ્રદેશમાં પોતાના રચનાત્મક કાર્યને સંભાળી લેવા પાછા જતા હતા. એમના વિદાયસમારંભનો તાદશ ચિતાર મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં ખડો કર્યો છે.

મહાદેવભાઈએ નોંધેલા કૃપાલાનીજીના વિદાયભાષણનાં અંતિમ વાક્યો આજે ચોસઠ વર્ષ પછી પણ એવાં ને એવાં તાજાં છે:

તમારાં ધ્યેય, આશાઓ અને અભિલાષાઓ તમારા હવે પછીના જીવનમાં સાથે લઈ જાઓ. યાદ રાખો, જીવન ગમે તેટલો બોજો મૂકે તોપણ તેને હળવો સમજવો. બીજાઓની મૂર્ખાઈઓ ઉપર હસજો અને તમારી મૂર્ખાઈઓ ઉપર પણ બની શકે તો હસવાનો પ્રયત્ન કરજો. તમારું ભાગ્ય તમને ગમે ત્યાં લઈ જાય — રિબાવવાના જંતર અને વધસ્તંભ ઉપર પણ — હું તમને ખાતરીથી કહું છું કે જીવન જીવવાયોગ્ય છે.૪૬

મહાદેવભાઈની શૂન્ય બની જવાની ખૂબી એમને લોકોના સદ્ગુણોના હાર્દ સુધી અનાયાસ પહોંચાડી દેતી. તેથી તેઓ સૌમ્યમૂર્તિ દીનબંધુ ઍન્ડ્રૂઝનાં વચનોને જેટલા ભાવથી ઝીલી શકતા તેટલા જ ભાવથી અહિંસક ક્રાંતિકારી કૃપાલાનીના લાવા જેવા શબ્દો પણ ઝીલી શકે છે. કૃપાલાનીજીનું ભાષણ એમ તો નાજુક પ્રસંગે થયેલું હતું, પણ મહાદેવભાઈએ એનો અહેવાલ એટલા પ્રેમપૂર્વક અને ચીવટથી તૈયાર કર્યો કે કૃપાલાનીના જેવા કડક પરીક્ષક પાસેથી પણ આખું ભાષણ વંચાવ્યા પછી તેઓ તે છપાવવાની પરવાનગી મેળવી શક્યા.

આ પ્રકરણ સંકેલતાં પહેલાં એક નાના સરખા વિષયની નોંધ કરી લઈએ. જે વસ્ત્રવિદ્યા વિશે આગ્રા જેલમાંથી મહાદેવભાઈએ એવું વિધાન કર્યું હતું કે

કાંતણને તેઓ અલંઘનીય એવું પવિત્ર માનતા નહોતા, તે વસ્ત્રવિદ્યા આ પાંચછ વર્ષોમાં એમના વ્યક્તિત્વ ઉપર પણ પ્રભાવ પાડી ચૂકી હતી. તેમણે કાંતણકળા પર અદ્ભુત કાબૂ મેળવી લીધો હતો. તેમનું ઝીણું, એકધારું અને કસવાળું સૂતર વણવા સારુ વણકરો તત્પર રહેતા, તેઓ કાંતતા હોય ત્યારે આસપાસના લોકો કાંઈ કળાપ્રદર્શન જોતા હોય એટલી તન્મયતાથી તેમને જોઈ રહેતા. દરેક કૉંગ્રેસ અધિવેશન વખતે તેઓ તે સમયનાં વ્યાખ્યાનોનાં બયાન આપવા સારુ નવજીવનનાં જેટલાં પાનાં આપતા તેનાથી ઓછાં ખાદીપ્રદર્શન કે કાંતણ- હરીફાઈના વર્ણનનાં આપતા નહીં. અને વસ્ત્રવિદ્યાએ એમના ચિત્ત પર એવો કબજો જમાવ્યો હતો કે તે એમની ભાષા અને લેખનશૈલી તથા તેમના અલંકારોમાંથી પણ ટપકી પડતી. મહાદેવભાઈની ડાયરીના બારમા ખંડની સૂચિમાં કૉંગ્રેસનો ઉલ્લેખ સત્તર વાર અને આશ્રમનો ત્રેવીસ વાર છે, પણ ખાદીનો ઉલ્લેખ એકાવન વાર છે. પણ આ તો સહજ વિનોદ થયો. કાઠિયાવાડ રાજકીય પરિષદના ગાંધીજીના ભાષણની શૈલીનું વર્ણન મહાદેવભાઈથી એક વાક્યાંશમાં આમ થઈ જાય છે: ‘જે મુખ્ય ઠરાવની ચર્ચા ગાંધીજીએ પરિષદમાં ખૂબ ઝીણવટથી કરી — કોઈ સુંદર પીંજનાર રૂના ઝીણામાં ઝીણા રેસા એકેએક નોખા પાડી દે છે તેનું સ્મરણ કરાવનારી ઝીણવટથી કરી — …’૪૭ તો બીજી તરફ ગાયકવાડી મહુવા તાલુકાના નાનકડા પૂના ગામમાં ભરાયેલ છઠ્ઠી રાનીપરજ પરિષાદનું વર્ણન કરતાં તેમાં ગોઠવેલા નાનકડા ખાદીપ્રદર્શન વિશે લખતાં મહાદેવભાઈનો કવિ સહેજ ડોકિયું કરી જાય છે: ‘બીજો વિભાગ પીંજણનો હતો. અહીં જુદા જુદા પ્રકારની પીંજણો હતી. એ વાપરવાની રીત બતાવી હતી. જાડી, પાતળી અને મધ્યમ પ્રકારની તાંતથી પીંજેલા રૂના નમૂના હતા; અને આ બધા નમૂનાની સાથે સાથે, હાથ વડે સાફ કરેલા, ઓટેલા અને પીંજેલા રૂના જેના રેસેરેસા સંપૂર્ણપણે છૂટા પાડેલા હતા — જાણે શરદઋતુનું વાદળ — તેનો નમૂનો હતો.’૪૮

આખો વખત દોડાદોડીમાં ગાળતા અને બારડોલીના ખેડૂતો સાથે એકરાગિતા અનુભવતા મહાદેવભાઈએ આ દિવસોમાં ગાંધીજીને ઉદ્દેશીને બહુ વિયોગભર્યા પ્રેમપત્રો લખ્યા જણાતા નથી. પણ મહાદેવની ગેરહાજરી કોઈ કોઈ વાર ગાંધીજીને સાલી હોય એમ લાગે છે ખરું. મહાદેવ બારડોલી ગયા છે એમ તો ગાંધીજી કાંઈ કેટલાને લખી વળ્યા છે. એ કૂવાના થાળેથી પડીને ખાટલાવશ થયા ત્યારે તો એ

સમાચાર મહાદેવના મિત્રોને લખ્યા વિના કેમ ચાલે? વળી જાણીતા પત્રકાર શ્રી સદાનંદે ગાંધીજીના કહેવાતા એક લેખની નકલ જોવા સારુ એમની પાસે મોકલી આપી ત્યારે તેમણે સદાનંદને લખ્યું: ઍંગ્લો અમેરિકન ન્યૂઝપેપર સર્વિસ માટે મેં લખ્યો હોવાનું કહેવાતા લેખની નકલ સાથેનો તમારો પત્ર મને મળ્યો છે. આ નકલમાં નિર્દેશ કરેલા વિષય પર મેં આ સમાચારસંસ્થાને કે અન્ય કોઈ સંસ્થાને કોઈ લખાણ મોકલ્યું નથી. પરંતુ તમે મોકલેલી નકલ વાંચી જતાં મને લાગ્યું છે કે તે મારી લંકાની મુલાકાત દરમિયાન કોલંબોમાં આપેલા એક ભાષણનો બેદરકારીથી લેવાયેલો છાપાંનો અહેવાલ છે. આ ભાષણનો સારો કહી શકાય તેવો અહેવાલ મહાદેવે પ્રસિદ્ધ કરેલી લંકાની યાત્રાની પુસ્તિકા૪૯માં આપેલો છે.૫૦

નોંધ:

૧. સરદાર વલ્લભભાઈ.

૨. મહાદેવ દેસાઈ: बारडोली सत्याग्रहनो इतहिास પૃ. ૨૫૬-૨૫૭.

૩. એજન, પૃ. ૪ પ્રસ્તાવના.

૪. गाधींजीनो अक्षरदेह – ૩૬ : પૃ. ૪૭.

૫. એજન, પૃ. ૫૧.

૬. એજન, પૃ. ૯૧.

૭. ગ. મા. નાંદુરકર: सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૨૧૭.

૮. ક્લેશ ફળ વડે જ નવીનતા પ્રાપ્ત કરે છે.

૯. મહાદેવ દેસાઈ: बारडोली सत्याग्रहनो इतहिासः પ્રસ્તાવના, પૃ. ૪.

૧૦. ખેડા સત્યાગ્રહ વખતે.

૧૧. મહાદેવ દેસાઈ: बारडोली सत्याग्रहनो इतहिासः પૃ. ૯૫-૯૬.

૧૨. નરહરિ પરીખ: सरदार वल्लभभाई – ૧ : પૃ. ૪૦૬.

૧૩. મહાદેવ દેસાઈ: बारडोली सत्याग्रहनो इतहिासः પૃ. ૨૫૧.

૧૪. ખરડો મોઘમ શબ્દોમાં લખાયો હતો તેથી તે સ્વીકારવામાં સરકાર તરફે જૂઠાણું થતું હતું એમ વલ્લભભાઈને લાગતું હશે.

૧૫. મહાદેવ દેસાઈ: बारडोली सत्याग्रहनो इतिहास: પૃ. ૨૫૨-૨૫૩.

૧૬. એજન, પૃ. ૨૬૪.

૧૭. તા. ૨–૮–'૨૮થી તા. ૧૨–૮–'૨૮ સુધી.

૧૮. તા. ૫–૮–'૨૮.

૧૯. તા. ૧૮–૮–'૨૮.

૨૦. महादेवभाईनी डायरी – ૧૨ : પૃ. ૧૪૮થી ૧૫૧. નવજીવન ૨૬–૮–'૨૮.

૨૧. મહાદેવ દેસાઈ: बारडोली सत्याग्रहनो इतिहास: પૃ. ૨૯૯.

૨૨. महादेवभाईनी डायरी – ૧૨ : પૃ. ૧૪૬.

૨૩. महादेवभाईनी डायरी – ૧૨ : પૃ. ૧૩૮-૧૪૧.

૨૪. નરહરિ પરીખ: सरदार वल्लभभाई – ૧ : પૃ. ૪૧૭.

૨૫. गाांधीजीनो अक्षरदेह – ૪૨ : પૃ. ૨૩૯.

૨૬. The Collected Works of Mahatma Gandhi – ૪૨ : P ૪૫૪. અનુ. ના. દે.

૨૭. महादेवभाईनी डायरी – ૧૨ : પૃ. ૧૪થી ૨૨.

૨૮. એજન, પૃ. ૧૭.

૨૯. એજન, પૃ. ૧૮.

૩૦. એજન, પૃ. ૪૫-૪૬.

૩૧. એજન, પૃ. ૧૦૯-૧૧૦.

૩૨. 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' સારુ પાઠવેલ કેટલાક પ્રશ્નોના જવાબમાં રાજકોટથી શ્રી પ્રભુદાસ ગાંધીએ લખેલ પત્રમાંથી આંશિક ઉતારો.

૩૩. પત્ર ઉપર તારીખ લખી નથી.

૩૪. અહીં હાંસિયામાં ગાંધીજીએ નોંધ કરી છે: 'બધું અપ્રસ્તુત'.

૩૫. અહીં હાંસિયામાં ગાંધીજીએ નોંધ કરી છે: 'કલ્પનામાત્ર'.

૩૬. ગાંધીજીની નોંધ: 'એવાં અલગ કલ્પ્યાં નથી'.

૩૭. ગાંધીજીની હાંસિયામાં નોંધ: 'એ સહવાસ તો મુદ્દલ બંધ થતો જ નથી'.

૩૮. ગાંધીજીની નોંધ: 'એ અંગને ટાળવું નથી'.

૩૯. ગાંધીજીની નોંધ: 'ક અને ખ છે, ગ નથી'.

૪૦. અહીં કંઈ લખવાનું રહી ગયું લાગે છે.

૪૧. ગાંધીજીની હાંસિયામાં નોંધ: 'આ અધૂરો વિચાર છે'.

૪૨. આ લખાણની પણ તારીખ નથી; પણ એમ લાગે છે કે ઉપરનો કાગળ મળતાં જ આ લખાયું હશે.

૪૩. महादेवभाईनी डायरी – ૧૨ : પૃ. ૧૧૪થી ૧૨૩.

૪૪. गाधीजीनो अक्षरदेह – ૩૬ : પૃ. ૩૯૩થી ૪૦૪.

૪૫. ગાંધી સંગ્રહાલયના હસ્તલિખિત પત્રક્રમાંક એસ. એન. ૧૧૪૫૩.

૪૬. महादेवभाईनी डायरी – ૧૨ : પૃ. ૫૫થી ૫૭ પરથી સારવીને.

૪૭. એજન, પૃ. ૨૮.

૪૮. એજન, પૃ. ૧૧૨.

૪૯. वथि गाधीजी इन सलिोन.

૫૦. गाधीजीनो अक्षरदेह – ૩૬ : પૃ. ૩૮૮.

# અઠ્ઠાવીસ – સ્વરાજની તૈયારી તરીકે આત્મશુદ્ધિ

બારડોલીનો સફળ સત્યાગ્રહ તો આઝાદીની અહિંસક લડાઈની યાત્રાનો એક પડાવ હતો. એની અસર ભલે દેશને ખૂણે ખૂણે પડી હોય, પણ એનું કાર્યક્ષેત્ર મર્યાદિત હતું. સરદાર વલ્લભભાઈએ કાર્યક્ષેત્રને જાણીજોઈને બારડોલી પૂરતું મર્યાદિત રાખ્યું હતું અને સમજીબૂઝીને એને સ્વરાજની વ્યાપક લડત અને અસહકાર આંદોલનથી અલગ રાખ્યું હતું. એટલે સુધી કે રાજાજી અને ગંગાધરરાવ દેશપાંડે જેવા અડીખમ સત્યાગ્રહીઓ સાબરમતીમાં ગાંધીજીને મળવા આવ્યા ત્યારે તેમણે બારડોલી જઈ આવવાની ઇચ્છા વ્યક્ત કરી છતાં ગાંધીજીએ તેમને ત્યાં જતાં વાર્યા હતા. જે કેટલાક આગેવાનો 'બહાર'થી બારડોલી આવ્યા હતા તે સૌ સીધા અસહકારની ચળવળમાં ન પડ્યા હોય એવા જ હતા. સરદારે બારડોલી સત્યાગ્રહને એક મર્યાદિત સીમામાં રાખ્યો હતો. તેને લીધે જ સામે પક્ષે પણ એ મુંબઈ સરકારનો જમીન મહેસૂલનો વિષય ગણાતો રહ્યો. કેન્દ્ર સરકારે એમાં અવશ્ય રસ લીધો. અને એમ તો એની ચર્ચા છેક ઇંગ્લંડ સુધી થઈ, પણ તે મુંબઈ સરકારના એક તાલુકાના ખેડૂતોના પ્રશ્ન તરીકે.

સ્વરાજ માટેનાં અહિંસક આંદોલનોમાંથી મોટા ભાગનાં આંદોલનો એક રીતે જોઈએ તો, આમ મર્યાદિત ક્ષેત્ર પૂરતાં સીમિત હતાં. ચંપારણ, મિલમજૂરોનું ધર્મયુદ્ધ, ખેડા સત્યાગ્રહ, નાગપુર, વાઈકોમ વગેરે આંદોલનો આ પ્રકારનાં જ ગણી શકાય. પણ નાગપુર સત્યાગ્રહનો લડતનો મુદ્દો આના કરતાં પણ વધારે સીમિત હતો તે છતાં ત્યાં સત્યાગ્રહીઓ પ્રાંત બહારથી ગયા હતા. વાઈકોમમાં કેરળના સત્યાગ્રહીઓ ઉપરાંત

તામિલનાડુના સત્યાગ્રહીઓ પણ ભળ્યા હતા. બારડોલીમાં ગુજરાત બહારથી કોઈ સત્યાગ્રહી નહોતા આવ્યા. આમ, બારડોલી સત્યાગ્રહ એ એક ચોક્કસ ક્ષેત્ર પૂરતો, ચોક્કસ મુદ્દાને લઈને, ચોક્કસ પ્રદેશના સત્યાગ્રહીઓ દ્વારા ચલાવાયેલો સત્યાગ્રહ હતો. તેને લીધે એને આપણે વ્યાપક સત્યાગ્રહની પ્રયોગશાળા કહી શકીએ.

આ પ્રયોગશાળાની પહેલી શરત એ હતી કે તેનો પ્રયોગ કરનાર વૈજ્ઞાનિકે પોતે પૂરા સજ્જ હોવું જોઈએ. મહાદેવભાઈ એ બરાબર સમજતા હતા. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક સંમેલન આગળ બોલવા સારુ આચાર્ય કાકાસાહેબ કાલેલકરે મહાદેવભાઈને નિમંત્રણ આપ્યું અને એમની આનાકાની છતાં એમની પાસે બોલાવવાનો આગ્રહ રાખ્યો. મહાદેવભાઈએ ખૂબ ચિંતન, મનન અને આત્મમંથન પછી એક અતિ ગંભીર વ્યાખ્યાન આપ્યું, જેનો વિશેષ ઉલ્લેખ આપણે આ પ્રકરણને અંતે વિગતવાર કરીશું. અહીં આપણે માત્ર એટલો જ ઉલ્લેખ કરીએ કે, એ વ્યાખ્યાન મહાદેવભાઈએ ૧૯૩૦ની જાન્યુઆરીની ૧૨મી તારીખે આપ્યું હતું. બરાબર ત્રણ માસ પછી આવનાર રાષ્ટ્રવ્યાપી લડતનાં પડઘમ ત્યાં સુધીમાં વાગી ગયાં હતાં. તેથી એ વ્યાખ્યાનમાં એનો નિર્દેશ હતો. '(આ) તુમુલ યુદ્ધને માટે તૈયાર થનાર સૈનિક સાચી આત્મશુદ્ધિ સાધીને પોતાની જાતને પવિત્ર બલિદાન તરીકે તૈયાર કરે'.૧ એ આ વ્યાખ્યાનનો મૂળ મંત્ર હતો.

બારડોલી સત્યાગ્રહથી માંડીને ૧૯૩૦ના વ્યાપક સત્યાગ્રહ સુધીનો કાળ દેશને માટે વ્યાપક તૈયારીનો અને મહાદેવભાઈને માટે એ વ્યાપક તૈયારીની સાથે કદમ મિલાવતાં મિલાવતાંયે ઊંડી આત્મશુદ્ધિ સાધવાનો હતો.

દેશે એ કાળમાં જ સાઇમન કમિશનનો ઠેર ઠેર, જબરદસ્ત વિરોધ કર્યો હતો. એ વિરોધ કરવામાં નાનામોટા અનેક લડવૈયાઓએ હસતે મોઢે પોલીસનો જુલમ સહ્યો હતો. કંઈ કેટલાયે લાઠીઓ ઝીલી હતી. જવાહરલાલજીનાં વયોવૃદ્ધ માતાજીને પોલીસે ધક્કે ચડાવ્યાં હતાં. લાહોરમાં ૩૦મી ઑક્ટોબરે પંજાબ કેસરી લાલા લજપતરાય જેવા પીઢ આગેવાનોને છાતીમાં પોલીસે બંદૂકના કુંદા માર્યા હતા, જેને પરિણામે તેમને એવી માંદગી આવી હતી કે એમાંથી એ કદી ઊઠી જ શક્યા નહોતા. ૧૭મી નવેમ્બરે તેઓ મૃત્યુ પામ્યા હતા.૨

કૉંગ્રેસે 'ડોમિનિયન સ્ટેટ્સ' — 'સાંસ્થાનિક સ્વરાજ' સારુ દેશમાં એકતા સ્થાપવા તનતોડ પ્રયત્ન કર્યા હતા. અને મોતીલાલ નેહરુની આગેવાની હેઠળ બનેલી નેહરુ કમિટીનો આ અંગેનો અહેવાલ આખા દેશમાં લગભગ સર્વસંમતિ પામી ચૂક્યો હતો.

તે પહેલાં કૉંગ્રેસનું ધ્યેય પૂર્ણ સ્વરાજ હોવું જોઈએ કે 'ડોમિનિયન સ્ટેટ્સ' તે મુદ્દા અંગે તેના પીઢ અને જુવાન કાર્યકર્તાઓ વચ્ચે તીવ્ર મતભેદો થયા હતા. પૂર્ણસ્વરાજનું ધ્યેય રાખીને આગળ વધવું જોઈએ એવો આગ્રહ રાખનારાઓમાં તાજેતરમાં યુરોપયાત્રા કરીને પાછા ફરેલા જવાહરલાલજી મુખ્ય હતા. અને બંગાળમાં સુભાષચંદ્ર બોઝ અને તેમના સાથીઓ તેમને જોશભેર ટેકો આપતા હતા. આ બાજુ સાંસ્થાનિક સ્વરાજની વાત કરવામાં મુખ્ય આગેવાન મોતીલાલજી હતા અને તેમને બીજા કેટલાક આગેવાનોનો ટેકો હતો. આ પ્રશ્ન અંગે મહાસમિતિની એક બેઠક કલકત્તામાં ભરાઈ ત્યારે ગાંધીજીએ બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવનારની ભૂમિકા અદા કરી હતી. અલબત્ત, એક દિવસ વિષયવિચારણીમાં એક વાત પર સંમત થયા પછી બીજે દિવસે ખુલ્લા અધિવેશનમાં એ બાંધછોડવાળા નિર્ણયનો વિરોધ કરીને સુભાષબાબુએ ગાંધીજી ઉપર બહુ સારી છાપ પાડી નહોતી. છતાં ખુલ્લા અધિવેશનમાં સરકાર પાસે એક વરસમાં ડોમિનિયન સ્ટેટ્સ આપવાની માગણી કરવી અને ૩૧મી ડિસેમ્બર, ૧૯૨૯ સુધીમાં તે ન આપવામાં આવે તો ૧૯૩૦ના પહેલા દિવસથી કૉંગ્રેસનું ધ્યેય 'પૂર્ણ સ્વરાજ' ઠરાવી અને તેને અંગે વ્યાપક ચળવળ ચલાવવી એવો એ બાંધછોડના ઠરાવમાં નિર્ણય થયો હતો. ૧૯૨૯નું વર્ષ એને માટેની તૈયારીનું વર્ષ ગણવામાં આવ્યું હતું. આ વર્ષ દરમિયાન કૉંગ્રેસ તરફ ઠેર ઠેર એના સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો થયા. બીજી બાજુ દેશમાં ઠેર ઠેર છૂટીછવાઈ હિંસાના અનેક પ્રસંગો થયા. ત્રીજી તરફથી ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, કોમી એકતા વગેરે રચનાત્મક કાર્યો અંગે કમિટીઓ બની અને એ કમિટીઓ મારફત ઠેર ઠેર અનેક પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલી.

- મહાદેવભાઈની તે કાળની ડાયરીઓની તારીખો અંગે અત્યંત ચીવટવાળા સંપાદક શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલની ગણતરી મુજબ એ કાળના ૫૧૪ દિવસોમાંથી ૪૫૦ દિવસો મહાદેવભાઈએ ગાંધીજીથી અલગ વિતાવ્યા હતા.૩

  બારડોલી સત્યાગ્રહ વખતે ઘણો સમય મહાદેવભાઈ બારડોલીમાં હતા. સરદાર અને સ્વામી આનંદ સાથે સિમલા જઈને મહાદેવભાઈએ બારડોલી સત્યાગ્રહનો પૂર્વાર્ધ લખ્યો. પછી તપાસસમિતિ આગળ લોકોના એક પ્રતિનિધિ તરીકે તેમણે કામગીરી બજાવી. બારડોલી પછી આખા દેશમાંથી વલ્લભભાઈની માગ આવવા લાગી. દક્ષિણ ભારત, બિહાર વગેરેના તેમના દીર્ઘ પ્રવાસોમાં મહાદેવભાઈને

પોતાની સાથે રાખવાની તેમણે ગાંધીજી પાસેથી સંમતિ મેળવી લીધી હતી. સરદાર જ્યાં જતા ત્યાં ગાંધીજીની જ વાત કરતાં એ મહાદેવભાઈને સારુ સમાધાનનો અને આનંદનો વિષય હતો. હનુમાન વિશે એવી કહેતી છે કે એમને રામકથા એટલી પ્રિય છે કે જ્યાં ક્યાંય પણ રામકથા ચાલતી હોય ત્યાં તેઓ પહોંચી જાય. ગાંધીકથા વિશે મહાદેવભાઈની ભૂમિકા પણ તેવી જ. તેથી ગાંધીવિચારનું ગાન કરતાં વલ્લભભાઈનાં ભાષણો અને એમની નાનીમોટી દરેક ગતિવિધિનો અહેવાલ આપવામાં મહાદેવભાઈને રસ ચડતો. અલબત્ત, શરીરથી અલગ હોવા છતાંયે મન અને આત્માથી તેઓ હરહંમેશ ગાંધીજીનું સાન્નિધ્ય અનુભવતા.

સાચી આત્મશુદ્ધિ સાધીને પોતાની જાતને પવિત્ર બલિદાન તરીકે તૈયાર કરવાની મહાદેવભાઈની વાત માત્ર વિદ્યાપીઠના સ્નાતકો પૂરતી જ નહોતી. સત્યાગ્રહી ક્રાંતિનો આરંભ પોતાની જાતથી જ શરૂ થતો હોય છે. તેથી મહાદેવભાઈનું ચિંતનમનન સદા આત્મશુદ્ધિ અર્થે જ ચાલતું. વલ્લભભાઈ સાથેના પ્રવાસો ગાંધીજી સાથેના પ્રવાસો કરતાં પ્રમાણમાં ઓછા આકરા હતા. ગાંધીજી સાથેના પ્રવાસોમાં ભાષણો ઉપરાંત મુલાકાતોની પણ વિગતવાર નોંધ હોય. સરદાર સાથેના પ્રવાસોમાં ઘણી વાર ભાષણોના માત્ર સાર આપવાથી કામ ચાલી જતું, અને સરદાર વતીનો પત્રવ્યવહાર બહુ ઓછો કરવો પડતો. ખુદ સરદાર જ ગાંધીજીના વિચારોને સરળ લોકભોગ્ય શૈલીમાં સમજાવતા તેથી ગાંધીજીના વિચારોને અવનવા શ્રોતાઓ કે વાચકો આગળ અવનવી રીતે સમજાવવાની જવાબદારીમાંથી મહાદેવભાઈ મુક્ત રહેતા.

પરિણામે મહાદેવભાઈને ચિંતનમનન અને ગાંધીજીને પ્રેમપત્રો લખવાની થોડીઘણી ફુરસદ રહેતી. એમ તો 'વહાલી દુર્ગા'ને પણ સરેરાશ અઠવાડિયામાં બેત્રણ પત્રો તો મહાદેવભાઈએ લખ્યા જ હશે, પણ, આપણા દુર્ભાગ્યે, દુર્ગાબહેને તે પત્રોને પોતાના હૈયામાં સંઘરી રાખીને એના અક્ષરદેહનો નાશ કરી દીધો છે, તેથી બંનેના એ પાવનકારી ખૂણામાં પ્રવેશ કરવાનો આપણને મોકો મળે એમ નથી. એ મંગળત્રિકોણની ત્રીજી ભુજા ગાંધીજી જોડેના એટલી જ નિયમિતતાથી થયેલ પત્રવ્યવહારમાંથી યજ્ઞશિષ્ટ એવી પ્રસાદી આપણે સારુ રહેવા પામી છે તેમાંથી થોડી આત્મશુદ્ધિના મહાદેવભાઈના પ્રયાસના સાક્ષી તરીકે માણીશું. આ બાબતમાં

આપણે મહાદેવભાઈના લેખો તથા ઉદ્‌ગારોને પ્રથમ લઈ પછી ગાંધીજી સાથેના પત્રવ્યવહારને તેની સાથે ગૂંથી લઈશું.

૧૯૨૧થી આત્મશુદ્ધિનો જે યજ્ઞ આરંભાયેલો તેની જ્વાળાઓ ૧૯૨૯–'૩૦માં વધુ તીવ્ર અને વધુ પાવક બનવી જોઈએ એમ મહાદેવભાઈ માનતા હતા. દેશમાં હિંસાનું વાતાવરણ હતું તેથી વધુ શુદ્ધ અહિંસા જ એનો મુકાબલો કરી શકે એમ તેઓ માનતા.

ચિત્તશુદ્ધિનો આરંભ થાય પ્રામાણિકતાથી. નીતિના મૂળમાં પણ મુખ્ય તત્ત્વ ઈમાનદારી જ છે. નીતિના કેટલાક નિયમો દેશકાળ મુજબ બદલાઈ શકે, બદલાતા રહેવા જોઈએ. પણ નીતિનો એક નિયમ કોઈ દેશ કે કોઈ કાળે ન બદલાય — તે સત્યનો. તેથી જ મહાદેવભાઈ પોતાના હૃદયને સત્યની કસોટી પર કસીને તેને સ્ફટિક-શું નિર્મળ રાખવા પ્રયત્ન કરતા. એ જ કારણે બીજી કોઈ ચર્ચા કરતી વખતે પણ તેઓ આ બાબતમાં બાંધછોડ કરવા તૈયાર નહોતા. લાહોરથી દિલ્હી જતાં ટ્રેનમાં એક જુવાનિયા સાથેની ચર્ચામાં તેઓ હિંસા-અહિંસાના પ્રશ્ન સુધી ઉદારતા રાખવા તૈયાર હતા, પણ પ્રામાણિકતાની બાબતમાં નહીં.

'તમારી રીતો વિશે હું કાંઈ કહેતો નથી; પણ તમારી અપ્રામાણિકતાને હું સહન કરી શકું નહીં. તમે ભલે હિંસામાં અને અંધાધૂંધી પેદા થાય એવાં કૃત્યોમાં માનો, પણ હું માગું છું કે તમે પ્રામાણિકતામાં પણ માનો.'૪

વર્ણન તો છે બંગલોર ડેરીની એક ગાયનું. પણ તેમાં મહાદેવભાઈની તે વખતની ચિંતનધારા અને તેમનાં સનાતન મૂલ્યો બંને પ્રગટે છે:

ગીતાના નવમા અધ્યાયમાં ભગવાન... કોલ આપીને કહે છે કે અતિશય દુરાચારી માણસ પણ મને ભજીને ધર્માત્મા થઈ શકે છે અને શાંતિ પામે છે. 'પાપયોનિ' હોય એવાં પણ મારો આશ્રય લઈને 'પરાગતિ'ને પામે છે. આ 'પાપયોનિ'ની વ્યાખ્યા ગીતાજીમાં નથી આપી. ... પણ 'પાપયોનિ'માં પશુપંખી આવતાં હોય તો આશ્ચર્ય નહીં. કારણ, ગજેન્દ્ર આદિનો મોક્ષ સુપ્રસિદ્ધ છે. અને જે પશુઓમાં પ્રેમની શક્તિ હોય, અને ત્યાગની શક્તિ હોય... તો તેમને 'પરાગતિ' મળવાનો સંભવ શા સારુ ન હોય?' અને 'જો સાધુ અને પરોપકારી જીવન જીવવું એ જ ઈશ્વરસ્મરણ હોય તો એ ગોમાતા અનેક નામધારી મનુષ્યો કરતાં 'પરાગતિ'ની વિશેષ અધિકારી હતી.'૫

ગાંધીજી પર ૨–૧૨–'૨૯ને દિને ટ્રેનમાંથી લખેલ પત્રનો આ અંશ જુઓ:

એક-દોઢ વાગ્યે સૂવા પામ્યો તોપણ ચાર વાગ્યે આંખ ઊઘડી ગઈ. પ્રાર્થના કરી. (પ્રાર્થનાનું લખું છું એટલે હમેશાં મુસાફરીમાં ચાર વાગ્યે ઊઠી જવાય છે; હમેશાં પ્રાર્થના કરું જ છું એમ ન માનશો. ) આ તો ભગવાન દયાળુ હોય છે ત્યારે જગાડે છે એટલે લખું છું. અને શાંતિથી ગીતા વાંચું છું ત્યારે હમેશાં કોઈ શ્લોક ઉપર વિચાર ચાલ્યા જ કરે છે. અને આખો દિવસ એના ભણકારા કાન ઉપર વાગ્યા જ કરે છે. આજનો શ્લોક આ:

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥[6]

(ગી: ૪: શ્લો. ૩૬)

આપનું ભાષાંતર તપાસતાં કાકાની સાથે ચર્ચા થતી તેમાં ચર્ચાનો એક વિષય આ હતો — ઉપનિષદ અને ગીતામાં, કેવળ જ્ઞાનથી પાપને તરી શકાય એ સિદ્ધાંત છે ખરો. પ્લેટોનો જૂનો સિદ્ધાંત Virtue is Knowledge છે. તેની સાથે આ સિદ્ધાંત કેટલો મળતો છે? કે મુદ્દલ મળતો જ નથી? શ્લોકમાં 'વૃજિનં' લખ્યું છે એ જરા મારા ખુલાસા સાથે બંધબેસતું નથી, પણ મને ખુલાસો આજે સવારે આ પ્રમાણે મળી રહ્યો. પ્લેટોનું Knowledge અને આપણું 'જ્ઞાન' સરખાં નથી. 'જ્ઞાન'ની તો, પછી, આગળ જતાં ગીતાકારે જ વ્યાખ્યા કરી છે. (એ ૧૩મા અધ્યાયની elaborate વ્યાખ્યાની હું વાત નથી કરતો)[૭] પણ આ જ અધ્યાયમાં 'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते'[૮] કરીને કહ્યું છે ને, તે પણ તે જ્ઞાન તો યોગસંસિધ્ય થઈને, कालेन — કાળે કરીને, મેળવી શકાય; અને તે પણ શ્રદ્ધાવાન, તત્પર અને સંયતેન્દ્રિય મેળવી શકે;[૯] એમ કહીને જાણે, 'વૃજિનં'થી થતો ખોટો આભાસ ટાળ્યો છે. પણ ત્યારે, પાપીઓમાં પાપી માટે આ વચનમાં ભગવાનનો કોલ રહેલો શી રીતે કહેવાય? એવો પાપી શ્રદ્ધાવાન ક્યારે થાય? સંયમી ક્યારે થાય? તત્પર ક્યારે થાય?

હવે નવમા અધ્યાયમાં આપેલો કોલ લઈએ:

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥[10]

(ગીતા: આ. ૯ લો. ૩૦)

અહીં જ્ઞાનથી તરી જવાની વાત નથી કરી, પણ ભક્તિથી તરવાની વાત કરી છે. 'સુદુરાચાર' માણસ અનન્ય ભક્તિથી, ભજતો તરત થઈ જાય? અને છતાં બીજા જ શ્લોકમાં પેલા 'વૃજિનં' જેવું જ 'ક્ષિપ્રં' લખ્યું છે. સુદુરાચાર માણસ ક્ષિપ્ર-ધર્માત્મા-થઈ શકતો હોય તો, આપ ઘણી વાર કહો છો કે વ્યભિચાર કરનાર માણસે આપઘાત કરવો જોઈએ, પ્રતિજ્ઞાનો ભંગ કરનાર માણસ આપઘાત કરી શકે, એ કેટલે સુધી યોગ્ય છે? મને તો न मे भक्तः प्रणश्यति એ ભગવાનના કોલમાં એવો અર્થ નીકળતો લાગે છે કે, 'મારી ભક્તિ કરનાર સુદુરાચાર એક વાર થઈ ગયેલો હોય તોપણ તેને આપઘાત કરવાપણું નથી.' અહીં 'प्रणश्यति'નો અર્થ વિનાશ નથી એ તો છે જ, પણ વિનાશનો અર્થ જ આપઘાત કરવો જોઈએ, અને આપના કહેવાની સાથે એને એવી રીતે સાંકળી શકાય કે સુદુરાચાર માણસ ભક્તિ તરફ ન ઢળે તો તેનો વિનાશ જ છે, તેનો ઘાત છે, અથવા તેને આપઘાત કરવાપણું જ સિલક રહે છે; પણ તેને જે ભગવાનની દયાથી ભગવચ્છરણ લાધે તો આપઘાત કરવાપણું નથી. મારી આ સમજણ સાચી છે?

છતાં ત્યાંયે 'ક્ષિપ્રં'નો અર્થ તો 'કાલેન' જ થતો હોય એવી શંકા રહી જાય છે.

ગીતા, જીવનનો શબ્દકોશ છે એ આપનું વચન પદે પદે સાચું લાગ્યા જ કરે છે, પણ ઘણી વાર ગીતા (? ગીતાનું) ગાઢ ચિંતન પણ પડતો અટકાવતું નથી; માત્ર પતન પછી પ્રજાળી નાખનાર સંતાપ કરાવે છે એ શું?

આ વખતના કાર્યવાહક મંડળમાં આપે કાઢેલા ઉદ્ગારોના ભણકારા જાણે હજી કાનમાં વાગ્યા કરે છે. માણસ પોતાની નબળાઈથી બીજાને માપ્યા કરે છે એ વાત અક્ષરેઅક્ષર સાચી છે. પેટનો બળ્યો ગામ બાળે એ કહેવતનો અર્થ પણ એ જ હશે?૧૫

બીજે દિવસે પટણાના સદાકત આશ્રમથી મહાદેવભાઈ ગાંધીજીને એક પત્રમાં પોતાનું પ્રગટ ચિંતન ચાલુ રાખે છે:

આજે સવારે પ્રાર્થનામાં 'મેં તો બિરદ ભરોસે બહુનામી' ભજન ફરીફરીને ગાયું: ગઈ કાલે ગીતાજીના શ્લોકની ચર્ચા કરી છે, તેના અનુસંધાનમાં પૂછું છું:

'ગજ અરુ ગીધ તારિ હૈ ગુનિકા
કુટિલ અજામિલ કામી.'

એ બધાંને, જે અવતારે પાપો અને અધર્માચરણ કર્યા તે જ અવતારે મુક્તિ મળી હશે? એ બધાંની 'क्षप्रि' भवता धर्मात्मा, शाश्वच्छान्ता नर्गिच्छता'ની ગતિ થઈ હશે? કે એમાં 'તારિ હૈ'નો અર્થ માત્ર એટલો કે પાપાચરણમાંથી છોડાવ્યાં ને ભગવત્ભજન તરફ વાળ્યાં?

આજના અધ્યાયમાંથી ચર્ચાને માટે આ શ્લોકો જડી આવ્યા:

न कर्तृत्वं न कर्माणा लोकस्य सृजता प्रभुः।
न कर्मफलसयोगं स्वभावस्तु प्रवर्तते॥
नादत्ते कस्यचत्पापं न चैव सुकृतं वभिुः।

(गीता: 5 : 14-15)

ન કર્તાપણું, ન કર્મો સર્જતો લોકનાં પ્રભુ;
ન કર્મફળયોગેય, સ્વભાવ જ પ્રવર્તતો,
લે નહીં કોઈનું પાપ, ન તો પુણ્યેય એ વિભુ.

(ગીતાધ્વનિ: ૫: ૧૪-૧૫)

અને છતાં

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम्।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तमिृच्छता॥

(गीता: 5 : 29)

મને સૌ ભૂતનો મિત્ર; સર્વલોકમહેશ્વર
યજ્ઞ ને તપનો ભોક્તા જાણી એ શાંતિ પામતો.

(ગીતાધ્વનિ: ૫-૨૯)

પહેલો શ્લોક અને પછીના શ્લોકાર્ધમાંથી કોઈ નિરાશ થયેલો માણસ નાસ્તિકતા કાઢે તો? નથી ભગવાનને પાપની સાથે લેવાદેવા, નથી પુણ્યની સાથે, એ તો સ્વભાવને જ પ્રવર્તવા દે છે.

'The moving finger writes and having writ
Moves on, nor all thy piety and wit

Can lure it back to cancel half a line
Nor all thy tears wash a word out of it.'

લખે જ અંગુલિઓ તેને જે લખ્યે જ જાય છે
ભૂંસે ના ધર્મનિષ્ઠા કે તારું શાણપણુંય જે
ધોઈ ના શકતા એકે શબ્દ વા આંસુઓ તવ.

— એ ઉમર ખય્યામની નાસ્તિકતાના આમાં ભણકારા સંભળાતા હોય એમ લાગે છે. અને છતાં ભગવાન તો 'सुहृदं सर्वभूताना' પોતાને વર્ણવે છે. જો એ, સ્વભાવને જ પ્રવર્તવા દે, અને અળગો રહી પાપપુણ્ય જોયા કરે તો એ સર્વ ભૂતોનો સુહૃદ શી રીતે થયો? અને પેલો ભૂંડો સ્વભાવ કોણ?

આવા કાગળો લખ્યા કરું તો વાંચતાં થાકશો નહીં. ગીતાની આવૃત્તિ ઉપરાંત આપ ગીતા ઉપર લેખમાળા લખશો તો આ કાગળો એ લેખમાળાને માટે પણ ઉપયોગી થશે. કાકાની સાથે વાંચતાં સૂઝેલા વીસ સવાલો તો કાકા પાસે પડ્યા જ છે; પણ આ તો પ્રાર્થનાસમયે ગીતાની સાથે થતી તન્મયતાના ફળરૂપે છે.'૧૨

વળી સદાકત આશ્રમ, પટણાથી જ તારીખ વિનાના એક પત્રમાં મહાદેવભાઈ, એમની મૂંઝવણ રજૂ કરે છે:

ત્રીજા અધ્યાયનો પાછલો ભાગ મને સદાય મૂંઝવે છે. अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः (તો પછી નર કોનાથી પ્રેરાઈને પાપ આચરે? — ગીતાધ્વનિ: ૩: શ્લો. ૩૬) એ સવાલનો જવાબ બહુ Cryptic (દુર્બોધ) નથી લાગતો? મહાપાપી હોય તેને એ શ્લોકમાંથી શું શીખવાનું મળે? પાપનું જેટલું ઊંડું પૃથક્કરણ હોવું જોઈએ તેટલું ઊંડું નથી લાગતું, અને પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત એ શબ્દો ગીતાજીમાં છે જ નહીં, એનું કારણ શું? એ બંને વસ્તુ ગીતાકારને માન્ય ન હશે? છઠ્ઠા અધ્યાયમાં સ્પષ્ટ કહી દીધું છે કે 'अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते' (તોયે અભ્યાસ-વૈરાગ્યે એને ઝાલવું શક્ય છે. ગીતાધ્વનિ: ૬: ૩૫) એ અભ્યાસ અને વૈરાગ્ય પામરોને કેમ સૂઝે? અને કેમ લાધે? એવા પામરોને માટે 'भजते माम् अनन्यभाक्' (એક ચિત્તે ભજે મને. ગીતાધ્વનિ: ૯: ૩૦) એ વસ્તુ મૂકી હશે?૧૩

પટણામાં શંભુબાબુને ઘેરેથી લખેલ ૫–૧૨–'૨૯ અને ભાગલપુરથી ૬ – ૧૨ – '૨૯ના રોજ લખેલ પત્રના અંશો પણ અહીં જ લઈએ:

મારા ઉઠાવેલા અને ઊઠતા પ્રશ્નોનો થોડો થોડો જવાબ રોજ રોજ મળતો જ રહે છે. સુદુરાચાર અનન્ય ભક્તિથી ભજે તો સાધુ થાય, પણ એ અનન્ય ભક્તિથી ભજી ક્યારે શકે? એનો જવાબ આજના સાતમા અધ્યાયના શ્લોકમાં મળે છે:

यषो ंत्वन्तगत ंपाप ंजनाना ंपण्यकर्मणाम्।
त ेद्वन्द्वमोहनर्मिक्ता भजन्त ेमा ंदृढव्रताः॥

(गीताः ७: २८)

પણ જે પુણ્યશાળીનાં પાપકર્મ ગળી ગયાં,
તે કંદ્ર મોહ છૂટેલા મને દઢ વ્રતે ભજે.

(ગીતાધ્વનિ: ૭: ૨૮)

દઢવ્રત થઈને તે જ ભજી શકે જેના પાપનો અંત આવી ગયેલો હોય છે. પાપનો અંત ન આવ્યો હોય — 'કામ, ક્રોધ, લોભ, મોહનું જ્યાં લગી મૂળ ન જાય જી'૧૪ — ત્યાં લગી ભગવન્નામ લેતો માણસ પણ સાધુતાને પંથે નથી જ ચઢી શકતો.૧૫

આજે સવારે 'નરહરિ, ચંચલ હૈ મતિ મેરી' ભજન ગાયું. એમાં આવે.

સબ ઘટ અંતર રમસિ નિરંતર,
મૈં દેખન નહીં જાના.

એની ઉપર વારંવાર વિચાર આવ્યો અને પરમાત્માની વિભૂતિઓ અને પરમાત્માનાં અનેક રૂપોના ગીતાના ઉલ્લેખને ધ્યાનમાં લઈને મેં મન સાથે પૂછ્યા કીધું કે કોઈ સ્ત્રીના ઉપર ભયંકર અત્યાચાર થાય, તેને પાપાચારમાં કોઈ દુષ્ટ નાખે, એ અત્યાચારી દુષ્ટને પેલી સ્ત્રી શુદ્ધ પિશાચ અને શેતાન માનવાના ભાનમાં આવે તો તે પિશાચમાં પણ ભગવાન 'રમસિ નિરંતર' એમ એ સ્ત્રીએ શી રીતે માનવું? મને લાગે છે કે હિંસાનું ક્યાંય સ્થાન હોય, ક્યાંયે એને પરવાનગી હોય તો ચારિત્ર્યભ્રષ્ટ કરનારા પિશાચોના નિકંદનમાં એનો પ્રયોગ થઈ શકે, અને એ નિષ્કામ ભાવે, 'એ પિશાચના શરીરનો નાશ કરું છું. અને એનામાં ભગવાન રમતો હોય તો તેને પાપી ખોળિયામાંથી મુક્ત કરું છું' એમ માનીને તેનો સંહાર થઈ શકે.

આ તો તદ્દન અવ્યવસ્થિત વિચાર અવ્યવસ્થિત રીતે મુકાયો છે; પણ મારા

ગાંડાઘેલા બોલવાનો મર્મ આપ તો સમજી જ લો છો એટલે પૂછું છું. 'સબ ઘટ અંતર રમસિ નિરંતર' એ ભારે સમસ્યા છે.'૧૬

આ ગંભીર ચિંતન અને જિજ્ઞાસાની સાથે મહાદેવભાઈનો સ્થાયીભાવ ભક્તિનો હતો જ. તેથી જ ડિસેમ્બર, ૧૯૨૯ની બીજીએ સ્વાધ્યાયને અંતે મહાદેવભાઈ લખે છે: 'જવાબ આપવાનો સમય ન હોય તો ન આપતા. હું ચાતકની જેમ રાહ નહીં જાઉં.'૧૭ પણ તેઓ મિલનાતુર તો છે જ. બનતાં સુધી બે દિવસ પછી જ તારીખ વગરના પત્રમાં લખે છે:

'વલ્લભભાઈને સમજાવી રહ્યો છું કે મને સુરત લઈ જવાનો આગ્રહ કરવાને બદલે વર્ધા આવવા દે. બનતાં સુધી તો આવીશ.'૧૮

પણ પછી પોતાના જ પ્રયત્નથી સંતોષ નથી થતો એટલે પાંચમીએ માશૂકનો સહકાર ઇચ્છે છે:

'મને વર્ધા બોલાવવાને માટે એક લીટી આપ વલ્લભભાઈને લખો તો કેવું સારું!'૧૯

અને એ તો દેખીતું જ છે કે મહાદેવનો પ્રેમ એકતરફી નહોતો. બારડોલી સત્યાગ્રહ વખતે ગાંધીજીએ સમજીબૂઝીને મહાદેવભાઈને વલ્લભભાઈ પાસે જવા દીધા હતા. પણ પછી તો વચ્ચે ચાર-પાંચ દિવસ સારુ મહાદેવભાઈને વલ્લભભાઈ સાથે બારડોલી જવા દેતાં આકરું લાગે છે. ગાંધીજી ૩–૨–'૩૦ના મૌનવારે મહાદેવભાઈને લખે છે:

વલ્લભભાઈએ પોતે જ ચાર કે પાંચ દહાડાનું કહ્યું હતું. બ્રહ્માંડ તૂટે તોયે ૧૨મીએ સવારે તો તમારે હાજરી પુરાવવી જ રહી. બીજાઓને તૈયાર કરી દેવા એ તમારું કામ છે ના? ... તમે આજે ગયા હશો તો તમે પાછા વળશો ત્યારે મારી ગણતરી પ્રમાણે તમારે ૮મીએ પાછા આવવું રહ્યું.૨૦

વચ્ચે મહાદેવભાઈ બારડોલી સત્યાગ્રહ પછી સિમલા ગયા ત્યારે ગાંધીજીએ ઍન્ડ્રૂઝસાહેબને લખ્યું:

મહાદેવ સિમલાથી આજે પાછા ફરે છે. એમને થોડો આરામ મળ્યો તથા રોજિંદા કામમાંથી છૂટી શક્યા તેનો મને આનંદ છે. બેશક સિમલામાં રહીને જ બારડોલી વિશેના પોતાના આગામી પુસ્તકનાં પ્રકરણો એમણે લખ્યાં. વલ્લભભાઈ તથા સ્વામી

પણ આજે સિમલાથી આવે છે. જોકે સિમલાના વાતાવરણથી ત્રણે કંટાળી ગયા હતા.૨૧

ફરી '૨૯ના ઑક્ટોબરમાં સાંભળ્યું કે મહાદેવભાઈને કાંઈક અસુખ છે. એટલે તરત ગાંધીજીએ લખ્યું:

તમે માંદા પડો છો એ સહન નથી થતું. હવે તો સાવ આરામ થઈ ગયો છે [હશે]. સેવા કરવામાં પણ કાંઈક પ્રમાણ જાળવવું પડતું હશે, અને તે સેવાને અર્થે અહીં 'દેહરખો ધર્મ' કહેવતનો કાંઈક ઉપયોગ હોવાનો સંભવ છે. સૌથી વધારે કામઢા માણસને સૌથી વધારે નવરાશ હોય છે એ અંગ્રેજી અનુભવ તો છે જ, ને સાચો છે. એની મતલબ તો એ છે કે જેણે પ્રામાણિકપણે કર્તવ્ય સાચવ્યું છે તેને અમુક આરામનો અધિકાર છે જ. એ આવશ્યક નવરાશ ઉપર કોઈને તરાપ મારવાનો અધિકાર ન હોય.૨૨

મહાદેવ અને મોહનનો પ્રેમ ઉભયપક્ષી હતો. તેનો અંતિમ આદર્શ એકાત્મ સાધવાનો હતો. પરંતુ અદ્વૈતની સાધના કરનાર મહાદેવને કોઈ કોઈ વાર દ્વૈતની મધુરતા ચાખવાનું મન થઈ જાય છે. વલ્લભભાઈ સાથે તામિલનાડુમાં ફરતાં મહાદેવભાઈ લખે છે:

હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં ગાંધીજી સાથે પ્રવાસ કરવાનો લાભ જ્યારે મને મળતો હતો ત્યારે મને ઘણી વખત એવી ઇચ્છા થઈ આવતી હતી કે એમની સાથેમાંના એક તરીકે હોવાને બદલે હું પણ લોકસમુદાય પૈકીના એક તરીકે એમનાં દર્શન કરતો હોઉં અને 'મહાત્મા ગાંધી કી જે'ના પોકાર પાડતો હોઉં તો કેવું મજાનું! એમની પ્રશંસા કરતાં એ ટોળાની હું અદેખાઈ કરતો હતો, લોકોને થઈ આવતી લાગણીઓ અનુભવવાની મને ઇચ્છા થઈ આવતી હતી, એમના મનમાં ઊભરાઈ આવતા ભાવમાં ભાગીદારી કરવાનું મને મન થઈ આવતું હતું.૨૩

• વલ્લભભાઈ સાથેનાં પ્રવાસવર્ણનોમાં પણ મહાદેવભાઈ ગાંધીજી સાથેના પ્રવાસનાં વર્ણનો કરવા જેવી જ મસ્તી અનુભવે છે. કારણ, વલ્લભભાઈ, બારડોલીના વિજય પછી પણ ગર્વ અનુભવવાને બદલે અત્યંત નમ્રતા અનુભવે છે અને પોતાને સદા ગાંધીજીના સૈનિક તરીકે જ ઓળખાવે છે.

જ્યારે મહાદેવભાઈ વલ્લભભાઈની સભાઓ હજારો જુવાનોથી ખીચોખીચ

ભરેલી જુએ છે, અને તેમને જેમ જેમ સાંભળે તેમ તેમ વધુ ને વધુ સાંભળવાની ઇચ્છા કરતા જુએ છે ત્યારે મહાદેવભાઈ એ જુવાનિયાઓ માંહ્યલા થઈ જવા ઇચ્છે છે, પણ સરદારની સાથે છે, તેથી તેમ નથી કરી શકતા. આ મર્યાદાને તેઓ 'બંધન' લેખે છે.

વલ્લભભાઈ પટેલને સાંભળનારા હજારો વિદ્યાર્થીઓ પૈકીના એક તરીકે આ હેવાલ લખવાનો હોત તો મને બહુ ગમત... આ પ્રાંતની આ મારી પહેલી મુલાકાત છે કે જ્યારે ગાંધીજી નથી; અને તેથી, એમની હાજરીની રોમાંચક ઉત્તેજના નથી ત્યારે પણ એમના અને એમના સિદ્ધાંતો વિશે લોકો શું ધારે છે એનો ખ્યાલ મેળવવાનું મારે માટે શક્ય બન્યું.૨૪

તામિલનાડુની સભાના આયોજક ચક્રવર્તી રાજગોપાલાચારી હતા. તેઓ વલ્લભભાઈના સાથી અને મહાદેવભાઈના મિત્ર હતા. બંને મહેમાનોનો તેઓ સરખો લાભ લેવા ઇચ્છતા હતા. તેથી તેમણે ખેડૂતોની સભામાં મહાદેવભાઈ બારડોલીના સત્યાગ્રહની વાત કહે અને વલ્લભભાઈ ખેડૂતોને સંબોધીને સંદેશ આપે એવો રિવાજ પાડ્યો. મહાદેવભાઈને વલ્લભભાઈએ શું કહ્યું એ લખતાં તો શૂર છૂટે છે, પણ પોતે પણ બોલ્યા હતા એ વાત તો જાણે ભૂલી જ જાય છે! વલ્લભભાઈનાં ભાષણોના તેઓ સારગર્ભિત હેવાલ આપે છે. બારડોલી સત્યાગ્રહના દિવસોમાં એમણે આ કામ <u>નવજીવન</u>ના વાચકો સારુ સ્વરાજની તૈયારી તરીકે કાંઈક વધુ વિસ્તારથી કર્યું હતું. ત્યાંના અહેવાલો લખવામાં એક સરળતા હતી. સરદારની સિંહગર્જનાને તેઓ એમના જ ચોટડૂક શબ્દોમાં યથાતથ આપી શકતા. અહીં ભાષણ અંગ્રેજીમાં અપાય છે. તેથી મહાદેવભાઈને ભાષાંતર કરવું પડે છે. ભાષાંતરકર્તાની સાથે સાથે કોઈક વાર મહાદેવભાઈનો વિવેચક પણ જાગે છે, પણ એ વિવેચક પાછો પ્રશંસક પણ છે. તેથી તેઓ અભિપ્રાય આપે છે:

બારડોલી સિવાય બહાર જઈને ભાગ્યે જ એઓ કદી બોલ્યા હશે, આટલાં વર્ષોનું આગ્રહપૂર્વક સેવેલું એમનું મૌન આજે હજારોને જાગ્રત કરનારી વાણીમાં પ્રગટી રહ્યું છે. એમણે સાહિત્ય વાંચેલું નથી. એમણે બોલવાની કળા કેળવેલી નથી અને અંગ્રેજી ભૂલવાનો પ્રયત્ન કર્યો છે. છતાં જ્યારે મદ્રાસમાં આવીને એમણે મોં ઉઘાડ્યું ત્યારે અંગ્રેજી વાણીમાં — ભલે ને કોઈ વાર અંદર વ્યાકરણની ભૂલો

થતી હોય; તેવી વાણીમાં — બારડોલીના ખેડૂતોએ તળપદી ગુજરાતી વાણીમાં જે ચમત્કાર જોયો હતો તે જ ચમત્કાર મદ્રાસની અંગ્રેજીરસિક આલમે જોયો. આનો મર્મ શ્રી વલ્લભભાઈના આગ્રહપૂર્વક સેવેલા મૌનમાં, અન્યાયની સામે લડવાની એમની અદ્‌ભુત શક્તિમાં અને ક્ષણે ક્ષણે ભભૂકી ઊઠતી એમની દેશભક્તિમાં છે. આટલી વસ્તુ જેનામાં હોય, જેને પ્રજાને અમુક સંદેશો આપવાનો હોય, તેને વાણીની ખુશામત નથી કરવી પડતી, વાણી તેની ખુશામત કરતી તેની પાછળ દોડે છે.૨૪

સરદારનાં ભાષણોની નોંધની સાથે સાથે એ ભાષણોની લોકહૃદય પર કેવી અસર પડતી હતી તેના દાખલાઓ આપવાનું પણ મહાદેવભાઈ ચૂકતા નથી. તામિલનાડુમાં બ્રાહ્મણ-બ્રાહ્મણેતર ભેદો પર સરદાર સખત ચાબખા મારે છે. પરંતુ બંને સમુદાયો પર તેની સારી અસર પડે છે.

એક વૃદ્ધ ખેડૂતની સમજ ઉપર ખૂબ અજવાળું પડ્યું, અને એને શ્રી વલ્લભભાઈનાં ભાષણોનો એવો તો રંગ લાગ્યો કે એ અમારી સાથે પ્રવાસમાં જોડાયો. આજ સુધી ખેડૂતોનાં દુ:ખો જાણનારો, ખેડૂતોને આટલું સમજાવી જાગ્રત કરનાર શ્રી વલ્લભભાઈ જેવો કોઈ નથી આવ્યો, એમ એ અમને કહેતો જાય અને ભાષણો સાંભળીને ઘેલો થતો જાય!૨૬

અને ભાષણનો બીજો ભાગ એટલો બધો હૃદયસ્પર્શી હતો કે એક બ્રાહ્મણ સજ્જન બોલી ઊઠ્યા: यथाऽमृतस्य संप्राप्तिः यथा वर्षमनूदके૨૭ તો વળી એક અગ્રગણ્ય મિત્રે કહ્યું: ‘વલ્લભભાઈ આટલું બોલી શકતા હશે, આટલા હલાવી શકતા હશે એની એમને કલ્પના નહોતી.૨૮

વલ્લભભાઈની સાથે મહાદેવભાઈ બિહારયાત્રામાં પણ જોડાયા હતા.

બિહારમાં જતાં સાથે મહાદેવભાઈએ નોંધ્યું:

અનેક નેતાઓ બિહારમાં જતા હશે, પણ ગાંધીજીનો કાર્યક્રમ લઈને જનારા નેતા પાછળ ગાંધીજીના પ્રથમ શિષ્ય તરીકે જેમને એઓ વર્ણવે છે એવા સરદારની પાછળ, બિહારીઓ જેવા ઘેલા થાય છે, તેવા ભાગ્યે જ બીજા નેતા પાછળ ઘેલા થતા હશે. વલ્લભભાઈની તો બિહારની આ પહેલી જ મુલાકાત હતી, છતાં જાણે બિહારમાં આવીને એમનાં જૂનાં સ્મરણો તાજાં થતાં હોય એમ લાગ્યું. તામિલ પ્રાંતમાં વલ્લભભાઈને મળેલું માન કાંઈ જેવુંતેવું નહોતું, પણ બિહારના માનમાં

તામિલ પ્રાંતના માન કરતાં વિશેષતા એ હતી કે એ આખું માન ગાંધીજીની ભક્તિના ભણકારારૂપ હતું. પંદર દિવસમાં બિહારના ઘણા જિલ્લાઓમાં અમે ફર્યા. બધે હજારો કિસાનોનાં ટોળાં આવતાં તે ગાંધીજીએ કહેલી વાત જ નવે મુખે સાંભળવાની ઉત્કંઠાથી આવતાં. ચંપારણમાં જેમ ગાંધીજીએ તેમને ઉગાર્યા તેવી રીતે ગાંધીજીના શિષ્ય તેમની બીજી આફતોમાંથી તેમને ઉગારશે એ શ્રદ્ધાથી આવતાં તામિલ પ્રાંતમાં ભાગ્યે જ એક માનપત્રમાં વિઠ્ઠલભાઈનું નામ વલ્લભભાઈ સાથે જોડાયેલું ન હોય એમ બને. સાલેમમાં તો માનપત્રમાં સ્પષ્ટ આવા ઉદ્‌ગારો હતા: 'તમે બે ભાઈઓમાંથી કોની સેવા વધારે ચડિયાતી છે તે કહેવું મુશ્કેલ છે.' બિહારમાં એક પણ માનપત્રમાં વિઠ્ઠલભાઈનું નામ જ નહોતું. વિઠ્ઠલભાઈની સેવા બિહારીઓ નથી જાણતા એમ નહીં, પણ બિહારીઓને એ વસ્તુ જ અપ્રસ્તુત લાગતી. તેમનાં માનપત્રોમાં તો કેવળ ગાંધીજીના સત્યાગ્રહના અને સત્યાગ્રહનો મંત્ર ઉત્તમ રીતે ઝીલનાર તરીકે વલ્લભભાઈનાં વખાણ આવતાં.૨૯

મહાદેવભાઈ વલ્લભભાઈના પ્રશંસક મુખ્યત્વે વલ્લભભાઈની ગાંધીભક્તિને લીધે જ હતા, એમ આપણે આગળ ઉપર કહી ગયા. 'લૉંગ લિવ રેવોલ્યૂશન' (ક્રાંતિનો જય) અને 'ડાઉન વિથ ઇમ્પીરિયલિઝમ' (સામ્રાજ્યવાદનો ક્ષય)ના પોકારો કરતા સમાજવાદીઓને ઉદ્દેશીને વલ્લભભાઈએ જે કહ્યું તે આ વાતની સાખ પૂરે તેમ છે:

એક વાર ક્રાંતિ કરો પછી 'જે' બોલાવો. જે વસ્તુ નથી તેની જય શી બોલાવવી? હા; એક ક્રાંતિની જય બોલાવાય. તમારે ત્યાં ચંપારણમાં 'રેવોલ્યૂશન' થયું હતું એ 'રેવોલ્યૂશન'થી તમે દેશવિદેશમાં જાણીતા થયા, અને એનો અર્થ ખેડૂત સમજે છે. એટલે તમારે નવા રાષ્ટ્રધ્વનિની જરૂર હોય તો બોલોને 'ચંપારણના સત્યાગ્રહનો જય'. એ ધ્વનિ ખેડૂતોને જેવા હલાવશે તેવો બીજો કોઈ ધ્વનિ નહીં હલાવી શકે.

અને તમે 'ક્રાંતિ' 'ક્રાંતિ' શું કરો છો? તમે તમારા જીવનમાં તો ક્રાંતિ કરી નથી, જૂના વહેમો અને રીતરિવાજોને તમે વળગી રહેલા છો, પર્દો તોડવાની તમારી હિંમત નથી; ચાલુ શાળાઓ અને મહાશાળાઓમાં જઈને તમારે ક્રાંતિ કરવી છે, તે શી રીતે થવાની હતી? 'મહાત્મા ગાંધીજી કી જે'ના ધ્વનિમાં જે ક્રાંતિની જય પોકારાય છે તેવી બીજા કયા ધ્વનિમાં સંભળાય છે? કારણ, મહાત્માજી એટલે ક્રાંતિનો અવતાર.૩૦

શું ગાંધીજી વિશે હોય કે શું વલ્લભભાઈ વિશે, એક છાપાના ખબરપત્રી તરીકે

મહાદેવભાઈની દ્યુતિ જાજ્વલ્યમાન જ હતી. એ હેવાલ પછી બિહારના સાંથાલ લોકોનાં જીવન વિશે હોય;૩૧ કે કવિવર રવીન્દ્રનાથ જોડે સાબરમતી આશ્રમમાં ગાંધીજીની મુલાકાત અંગે હોય;૩૨ અથવા ખાદી વિશેના બે વિદેશી વિદ્વાનોના નવા અને જૂના એવા અભિપ્રાયો ટાંકતો હોય;૩૩ એમની પ્રતિભા એવી ને એવી જ છે. પરંતુ મહાદેવભાઈ માત્ર અહેવાલ આપનાર ખબરપત્રી નથી. તેઓ અહેવાલની સાથે સાથે રાજનૈતિક, આર્થિક અને સામાજિક સ્થિતિનું વિશ્લેષણ પણ કરતા જાય છે. બિહારનું એવી જાતનું વિશ્લેપણ૩૪ મહાદેવની સૂક્ષ્મ વિશ્લેષક બુદ્ધિનો ખ્યાલ આપે જ છે, સાથે સાથે લખાણ દ્વારા વાચકને એક ચોક્કસ દિશામાં દોરવાની તેમની નેતૃત્વશક્તિ પણ પ્રગટ કરે છે. જેનું ચિંતન નિત્ય નિયમિત ચાલતું હતું તે ગીતાની ભાષા પણ મૂળ રૂપમાં અનેક વાર મહાદેવભાઈના પત્રકાર તરીકેની ભાષામાં ઊતરી આવતી. જલાલપુર તાલુકામાં દારૂબંધીના પ્રચાર વિશે મહાદેવભાઈ કહે છે:

' ... ગમે તેમ હોય પણ શુદ્ધિનું એકે કામ એળે જતું જ નથી, એમાં આરંભનો નાશ નથી, એમાં પ્રત્યવાય આડે આવતો નથી, અને એનું અલ્પ પાલન પણ મહાભયમાંથી બચાવે છે.'૩૫

રાષ્ટ્રવ્યાપી અહિંસક આંદોલનની તૈયારીના વર્ષમાં મહાદેવભાઈ આંદોલનના એક આગેવાન તરીકે પણ પ્રગટ્યા છે. ગાંધીજી આ વર્ષમાં રચનાત્મક કાર્યો અને આશ્રમના પ્રશ્નોમાંથી નીકળીને દેશના રાજકારણના મંચ પર પાછા પ્રવેશી ચૂક્યા છે. લાહોર કૉંગ્રેસના ઠરાવ દ્વારા ગાંધીજીને આવતા સવિનયભંગ આંદોલનની નેતાગીરી સોંપવામાં આવી ત્યારથી તેઓ એ મંચના નાયક છે. ત્યાર પહેલાં તેઓ તેના અગ્રગણ્ય આગેવાનો પૈકી એક હતા. મહાદેવભાઈનું સ્થાન ભલે બહાર ગાંધીજીના અંગત મંત્રી તરીકેનું હતું, પણ ગાંધીજીને મન મહાદેવ સલાહકાર પણ હતા. ૧૯૩૦ના વર્ષમાં કૉંગ્રેસના પ્રમુખ કોણ થાય એ પ્રશ્ન ચર્ચાયો ત્યારે ગાંધીજીએ મહાદેવભાઈની પણ સલાહ લીધેલી. મહાદેવભાઈએ, સ્વાભાવિક રીતે જ સરદારનું નામ આગળ કરેલું. પણ એ બાબતમાં ગાંધીજી તેમને માત્ર બારડોલીના વિજયના જોરે જ કૉંગ્રેસ-પ્રમુખ બનાવવા માગતા નહોતા, તેથી તેમણે મહાદેવભાઈને લખ્યું:

વલ્લભભાઈ વિશે તમે લખો છો એ મને બરોબર નથી લાગતું. એને હમણાં પ્રમુખ બનાવીને વટાવી ખાવા જેવું થાય. છતાં લખનૌ તો તમારે બધાએ આવવાનું જ છે;

એટલે વધારે વિચારીશું. હું તો કશા વિચાર કરતો જ નથી. आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तियेत्૩૫ એ વખતે ઈશ્વર મદદે આવશે.૩૬

આ જ વર્ષે ગાંધીજીનું નામ પણ કૉંગ્રેસ-પ્રમુખ તરીકે સૂચવાયું હતું. પણ તેમણે તેનો અસ્વીકાર કર્યો હતો. અને વલ્લભભાઈ તો ‘જ્યાં સેનાપતિ જવાની ના પાડે ત્યાં હું સિપાઈ જવાની શી રીતે હિંમત કરું?’ એમ કહીને ખસી ગયેલા.૩૭

રાષ્ટ્રીય પરિસ્થિતિને સમજનાર અને જનતાને ગાંધી-માર્ગે દોરી જનાર આગેવાન તરીકે મહાદેવભાઈ લાહોર કૉંગ્રેસના વર્ણન અને ત્યાર પછીના પ્રવાસવર્ણનમાં વિશેષરૂપે દેખાય છે. લાહોરના ઠરાવ મુજબ ગાંધીજીએ ઘડેલી પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞા, જેનો તે વર્ષથી દર વર્ષે દેશભરમાં ૨૬મી જાન્યુઆરીએ પાઠ થતો, તે પ્રતિજ્ઞાનું ભાષ્ય ‘ઋષિનો શાપ’ નામના લેખમાં મહાદેવભાઈએ કર્યું. આ ભાષ્ય ભાવના અને તર્ક બંને રીતે સ્વરાજ-આંદોલનના આ મૂળ દસ્તાવેજો પૈકી એકનું આંકડાઓથી ભરપૂર અને સાથે સાથે ભાવનાઓથી સભર એવું વિવરણ પ્રસ્તુત કરે છે.

લાહોરમાં કેટલાક લોકોએ ઘોંઘાટ કર્યો હતો, કેટલાકે અહિંસાના વિરોધમાં ચવાઈ ગયેલી દલીલો કરી હતી. મહાદેવભાઈએ લાહોર કૉંગ્રેસ પછીનો મુખ્ય ઠરાવ नवजीवनમાં આપતાં એકરાર કર્યો હતો કે:

લાહોરની કૉંગ્રેસ અનેક રીતે ‘અપૂર્વ’ કહેવાય. એના અનેક અને વિધવિધ રંગો વર્ણવવાને માટે શાંતિ જોઈએ, ધીરજ જોઈએ, અક્રોધ જોઈએ, એટલે અત્યારે તો મૌન સેવવું જ યોગ્ય ધારું છું. કારણ, આ લખતાં ત્રણેનો અભાવ છે.૩૮

પરંતુ ૯–૨–’૩૦નું नवजीवन બહાર પડતાં સુધીમાં તો કૉંગ્રેસની અંદર વિક્ષોભકારક તત્ત્વો અંગેનો ક્ષોભ ખંખેરી નાખ્યો છે. ત્યારે એમનો પુણ્યપ્રકોપ પ્રગટે છે. ભારતના અંગ્રેજ સમર્થક અને વિલાયતનાં છાપાંઓ પર એ લેખનું મથાળું ‘ભલે સિધાવો!’ ત્યાર પછી બાર વર્ષે ગાંધીજીએ ઉચ્ચારેલા ‘ભારત છોડો’ (ક્વિટ ઇન્ડિયા)ના મહાઘોષની પૂર્વસૂચના આપે તેવું છે. એ લેખનો, ત્રણ લીટીનો છેલ્લો ફકરો આખા લેખનો મિજાજ પરખાવે તેવો છે:

ટૂંકમાં હિંદુ આજે પોકારીને બ્રિટનને કહે છે: ‘તમે ભલે ગાંસડેપોટલે સિધાવો,

અમારી ચિંતા કરવાની જરૂર નથી. અમારી દશા છે એના કરતાં બૂરી ન થાય, કદાચ સુધરવાનો સંભવ છે.'૩૯

માત્ર એક બાબત મહાદેવભાઈએ કરેલું વિધાન એવું હતું કે જેને ગુણારોપણ કહી શકાય, અચૂક ભવિષ્યવાણી કહેવું, પછીનો ઇતિહાસ જોતાં મુશ્કેલ છે, પ્રસંગ કૉંગ્રેસનાં સંસ્મરણોનો છે:

ઠરાવ થયો ને બીજે દિવસે બસ્તી૪૦નો એક ખેડૂત ગાંધીજીના તંબૂમાં આવ્યો. ગાંધીજીને કંઈક પૂછવા આવ્યો હતો. ગાંધીજી તો નહોતા, એટલે ઠૂંઠવાતો ઠૂંઠવાતો સગડી પાસે બેઠો, અને પછી પૂછવા લાગ્યો: 'સ્વરાજ મિલ ગયા? નેહરુજી કા લડકા બાદશાહ ભયલ બા?૪૧ દિલહી કી ગાદીસે બડા લાટ ગયા?' એ બિચારો સાચે જ માનતો હતો કે લાહોરથી સીધા દિલ્હી જઈને 'બડા લાટ' (વાઇસરૉય)ને રજા આપી જવાહરલાલ ગાદીએ બેસશે! એને બિચારાને ક્યાં ખબર હતી કે જવાહરલાલને નથી રાજા ગમતા કે રાજગાદી ગમતી? ૪૨

• આ થઈ રાજકારણની વાતો. આપણે પાછા જ્યાંથી આ પ્રકરણ શરૂ કર્યું હતું ત્યાં ફરીએ. મહાદેવભાઈએ સ્વાતંત્ર્યની રાષ્ટ્રવ્યાપી લડતની તૈયારીની અનિવાર્ય શરત માની હતી ચિત્તશુદ્ધિને. ગીતામાં ભલે 'પાપ' કે 'પશ્ચાત્તાપ' શબ્દો નહીં આવતા હોય અને એ હકીકત મહાદેવભાઈનું કુતૂહલ જગાવતી હોય, પણ તેઓ પોતે તો ચિત્તશુદ્ધિનો રાજમાર્ગ કરેલી ભૂલોનો સમાજ આગળ એકરાર, તે અંગે હૃદયપૂર્વક પશ્ચાત્તાપ, એવી ભૂલો ન કરવાનો દઢ નિર્ધાર અને પોતાનો સંકલ્પ પાર પાડવા સારુ અત્યંત નમ્રતાપૂર્વક ઈશ્વરની પ્રાર્થના એને જ માનતા હતા.

આ જ કાળમાં મહાદેવભાઈએ લખેલ મૌલિક વાર્તા 'માસ્તર વજુભાઈ'૪૩ના નાયક નિર્મળ હૃદયના વિદ્યાર્થી રમણિકને કહે છે, 'કાંઈ નહીં, તેં એ ગુનો કબૂલ કર્યો એટલે ઈશ્વરે તને માફ કર્યો જ છે એમ સમજજે. તેમાં તને તો આટલો પ્રશ્ચાત્તાપ થયો. તેં તારાં આંસુએ તારો ગુનો ધોઈ નાખ્યો.'૪૪ આ વિધાનમાં મહાદેવભાઈની પોતાની પાપ અને પશ્ચાત્તાપ બાબતની માન્યતા અને તેમની શ્રદ્ધા બંને પ્રગટ થાય છે.

આ અરસામાં જ પોતાની ડાયરીમાં મહાદેવભાઈએ ગાંધીજી અને વિનોબાજીના પ્રાર્થના વિશેના અત્યંત ગંભીર ઉદ્‌ગારો ખૂબ વિસ્તારથી ટાંક્યા છે. ગાંધીજીનાં

એ વચનોના વાક્યે વાકયે મહાદેવભાઈ ડોલ્યા છે અને એના અક્ષરેઅક્ષરને તેમણે પોતાના હૃદયમાં આંક્યો છે. આપણે માત્ર થોડાં જ વાક્યો લઈએ:

ઈશ્વરની પાસે માગણી કરવાની હોય તોયે તે માગણી આપણી આત્મશુદ્ધિને માટેની જ હોય. આત્માનું શૌચ, આત્માનું પરિશોધન એ જ પ્રાર્થના છે. આત્મા આપણામાં મૂર્છિત સ્થિતિમાં છે, એના ઉપર અંધકાર, અજ્ઞાનનાં કેટલાંય પડો ચડેલાં છે; એ દબાઈ રહેલો છે. પ્રાર્થના કરીને આપણે એમાંનું એક એક પડ ઉખેડીએ છીએ, એટલે જે માણસ આત્મજાગૃતિમાં, ધર્મજાગૃતિમાં માને છે તે માણસને માટે પ્રાર્થના એ મોટામાં મોટું તત્ત્વ છે.૪૫

૧૨–૧–'૩૦ને રોજ અમદાવાદમાં ભરાયેલ સ્નાતક સંમેલનમાં સારી પેઠે આનાકાની છતાં કાકાસાહેબની આજ્ઞાને વશ થઈને મહાદેવભાઈને સંમેલનના પ્રમુખ થવું પડ્યું હતું. પ્રમુખ તરીકેનું પોતાનું ભાષણ શ્રોતાઓનાં મોં જોઈને લાગણીના ઊભરાથી આપવામાં આવ્યું નહોતું. એ ભાષણ ઠીક ઠીક વિચારને અંતે સમજીબૂજીને સમાજદેવતા આગળ પોતાની ભૂલનો એકરાર કરવા લખીને તૈયાર આણવામાં આવ્યું. સત્યના પૂજારીના એ પરમ ઉપાસક અને सत्यना प्रयोगोના ભાષાંતરકર્તા જ આવો એકરાર કરી શકે. ભાષણના છેવટના ભાગમાં:

આત્મશુદ્ધિની વાત કરતાં એક અંગત ઉલ્લેખ કરું તો મને ક્ષમા કરશો. આપણામાંનો દરેક જણ જે પોતાની શાંત અને જ્ઞાનની ઘડીમાં પોતાના અંતરને પૂછશે કે સ્વરાજ કેમ નથી આવતું તો એને સ્પષ્ટ જવાબ મળશે કે 'કારણ, તું મેલો છે, તેં સ્વરાજની કશી તૈયારી નથી કરી.' આપણી સ્વરાજની લડત જ દુનિયાની સ્વરાજની લડતો કરતાં જુદા પ્રકારની છે. દુનિયામાં આવી લડતો લડાઈ છે તે હિંસક લડતો હતી, સિપાહીઓની મારવાની અને મરવાની શક્તિ ઉપર જ તેનો આધાર હતો, ઘણી વાર સિપાહી નહીં પણ શસ્ત્રબળથી, મનુષ્યબળથી, રાસાયણિક ઝેરના બળથી એક પ્રજાની બીજી પ્રજાનો સંહાર કરવાની શક્તિ ઉપર એવી લડતો આધાર રાખતી. આપણી લડત એ ધર્મયુદ્ધ છે અને ધર્મયુદ્ધમાં સામેલ થનાર દરેક અવયવની શુદ્ધિ ઉપર એ યુદ્ધની સફળતાનો આધાર રહે છે. આ વિચારો જ્યારે જ્યારે હું મારો પોતાનો વિચાર કરતો ત્યારે મને ખૂંચતા. સત્યાગ્રહાશ્રમમાં રહી સત્ય અને બ્રહ્મચર્યનાં જેવાં મહાવ્રતો વિશે શિથિલતા મેં બતાવી હતી એ સદા મને ખૂંચતું,

પણ એ શિથિલતા અને વ્રતભંગનો એકરાર કરીને આત્મશુદ્ધિ નહોતી કરી. ગયે વર્ષે, વર્ષની આખરે મહાલડત જાગવાની છે એ ભાવે સ્વરાજસિદ્ધિમાં મારો કશો જ હિસ્સો નહીં તો આટલો હિસ્સો તો હોય જ એમ નિશ્ચય કરીને મારાં પાપનો એકરાર કરીને હું શુદ્ધ થયો. તમારામાંની એક બહેન પણ સત્યના વ્રતનું ભયંકર ઉલ્લંઘન કરી રહી હતી. એ, તેને મોડું મોડું ભાન થતાં સાવધાન થઈ અને પોતાના દોષનો એકરાર કરી શુદ્ધ થઈ. આ બંને આત્મશુદ્ધિનું વધારે વર્ણન આપતાં મને શરમ આવે કે સંકોચ થાય એમ નથી, પણ એકરાર કરવામાં પણ કોઈ વાર અભિમાનની ગંધ કદાચ આવતી હશે; એટલે એ જોખમમાંથી બચવાની ખાતર અને અપરિચિત સમાજને આઘાત ન આપવાની ખાતર પણ એના ઇતિહાસમાં હું ન ઊતરું. હું તો તમે મારા જેવા કાચા સૈનિકને તમારો પ્રમુખ નીમ્યો છે એટલે મારું અધૂરાપણું અને આત્મશુદ્ધિના મારા પ્રયત્નની વાત કરીને મારા જેવા બીજાને ચેતવવાની આટલી તક સાધું છું. પાપ કરતાં શરમ ન થાય તો પાપ કબૂલ કરતાં તો શરમ થવી જ ન જોઈએ. પાપ કરવામાં જેટલું અકલ્યાણ છે તેટલું પાપ કબૂલ કરવામાં તો હોય જ નહીં. પાપ, જગત આગળ અભિમાન વિના દાંડી પીટીને કબૂલ કરનારા કોઈ ગાંધીજી કે ઑગસ્ટિન કે રૂસો જેવા વિરલ હશે, પણ સ્વજનો આગળ, જેને પોતાનું પાપ ઢાંકીને માણસે છેતર્યા હોય તેની આગળ, પાપનો એકરાર કરીને પાપ, સૌ કોઈ ધોઈ શકે છે, પાપ કબૂલ કરતાં જે પોતા ઉપર દયા નહીં કરશે તેની ઉપર, ભગવાનને દયા કરવાની ફરજ પડશે એવું ટૉલ્સ્ટૉયનું વચન છે.

પણ આ લંબાઈ રહેલા ભાષણને અંતે પાપ અને પાપના એકરારની ફિલસૂફી કરવાનો મારો હેતુ નહોતો. સહેજે, અનાયાસે એ આવી ગયું એટલે લખ્યું છે. તમારું પ્રમુખપદ સ્વીકારવાની આનાકાનીમાં પણ મારા દોષનું તાજું ભાન મને દબાવતું હતું એ વાત મુખ્ય હતી. એ દોષ જાણતા છતાં કાકાસાહેબે મને આગ્રહ કર્યો એ એમની અપાર ઉદારતા બતાવે છે. એટલો દોષી છતાં હું તમારી પાસે આવીને ઊભો રહ્યો એટલું કબૂલ કરીને જ એ ઉદારતાનો હું કંઈક જવાબ વાળી શકું છું; અને એટલું મારું આત્મવૃત્ત કહીને ભાવિ યુદ્ધ માટે ઝંખી રહેલા દરેક ભાઈ અને બહેનને વીનવું છું કે પોતાનું શુદ્ધમાં શુદ્ધ બલિદાન આપવાને માટે સૌ પોતપોતાનાં હૃદયને ખૂબ તપાસે, શરીરને શોધી જુએ, અને સાચી આત્મશુદ્ધિ કરી લે. એ આત્મશુદ્ધિ કરવામાં જ સ્વરાજ અરધું તો મળી રહેવાનું છે.૪૬

નોંધ:

૧. महादेवभाईनी डायरी – ૧૩ : પૃ. ૧૪૩.

૨. ચંદુલાલ ભ. દલાલ: गांधीजीनी दनिवारी : પૃ. ૨૪૨.

૩. એજન, પ્રસ્તાવના, પૃ. ૬.

૪. એજન, પૃ. ૧૨૮.

૫. એજન, પૃ. ૪૫-૪૬.

૬. હશે તું સર્વ પાપીમાં મહાપાપીય જે કદી,
તોયે તારીશ સૌ પાપ જ્ઞાનનૌકા વડે જ તું, (ગીતા ૪: ૩૬)

૭. અસલમાં પણ આ શબ્દો આ પ્રમાણે કૌંસમાં છે.

૮. નથી જ જ્ઞાનના જેવું પવિત્ર જગમાં કંઈ (ગીતા ૪: ૩૮)

૯. ગીતા ૪: ૩૯.

૧૦. મોટોયે કો દુરાચારી એકચિત્તે ભજે મને
સાધુ જ તે થયો માનો, કાં જે નિશ્ચયમાં ઠર્યો. (ગીતા ૯: ૩૦)

૧૧. महादेवभाईनी डायरी – ૧૩ : પૃ. ૭૬થી ૭૮.

૧૨. એજન, પૃ. ૭૮-૭૯. ગુજરાતી અનુવાદ: નારાયણ દેસાઈ.

૧૩. એજન, પૃ. ૮૦.

૧૪. ફૂટનોટ ૨૬ કરી છે.

૧૫. નિષ્કુળાનંદનું ભજન.

૧૬. महादेवभाईनी डायरी – ૧૩ : પૃ. ૮૦થી ૮૧.

૧૭. એજન, પૃ. ૮૧-૮૨.

૧૮. એજન, પૃ. ૭૮.

૧૯. એજન, પૃ. ૮૦.

૨૦. એજન, પૃ. ૮૧.

૨૧. એજન, પૃ. ૧૬૪.

૨૨. गांधीजीनो अक्षरदेह – ૩૭ : પૃ. ૨૭૫.

૨૩. महादेवभाईनी डायरी – ૧૩ : પૃ. ૫૨.

૨૪. એજન, પૃ. ૪.

૨૫. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૧૬-૧૭.

૨૬. એજન, પૃ. ૨૪

૨૭. એજન, પૃ. ૨૬ ભાવાર્થ: અમૃતની પ્રાપ્તિ સમાન અને દુકાળમાં વરસાદ જેવું.

૨૮. એજન, પૃ. ૧૬.

૨૯. એજન, પૃ. ૮૩.

૩૦. એજન, પૃ. ૮૫.

૩૧. એજન, પૃ. ૧૦૪.

૩૨. એજન, પૃ. ૧૫૫થી ૧૬૪.

૩૩. એજન, પૃ. ૧૦૬થી ૧૧૦.

૩૪. એજન, પૃ. ૮૪ અને ૯૯-૧૦૪.

૩૫. એજન, પૃ. ૫૧-૫૨.

૩૬. ગીતા ૬-૨૫ ભાવાર્થ: આત્મામાં મનને રાખી ન ચિંતવવું કાંઈએ.

૩૭. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૩૫-૩૬.

૩૮. ૧૯૩૧માં ગાંધી-ઇર્વિન કરાર પછી કરાંચી કૉંગ્રેસમાં પ્રમુખ તરીકે વરાયેલા.

૩૯. નવજીવન, ૫–૧–૩૦, મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૧૧૦.

૪૦. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૧૬૯.

૪૧. ઉત્તર પ્રદેશનો એક જિલ્લો.

૪૨. ભયલ બા? એટલે 'બની ગયા છે?'

૪૩. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૧૧૭.

૪૪. આ વાર્તા શિક્ષણ અને સાહિત્યના ૧૭–૧૧–'૨૯ના અંકમાં છપાઈ હતી.

૪૫. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૬૭.

૪૬. એજન, પૃ. ૧૫૨.

૪૭. એજન, પૃ. ૧૪૩થી ૧૪૫.

# ઓગણત્રીસ – મહાભિનિષ્ક્રમણ

૧૯૩૦નો ‘નમક સત્યાગ્રહ’ આઝાદીની અહિંસક લડાઈના ઇતિહાસમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ પ્રકરણ હતું. આટલા વિશાળ પાયા પર દેશે તે પહેલાં કદી અહિંસક પ્રતિકારનો પ્રયોગ કર્યો નહોતો. દુનિયાના ઇતિહાસમાં પણ એનો જોટો જડે એમ નથી. ભારતના ઇતિહાસમાં ત્યાર પહેલાં અને ત્યાર બાદ પણ ક્યારેય અહિંસા આટલી સક્રિય અને કારગત નીવડેલી નહીં મળે. આ લડતમાં ગુજરાત કેન્દ્રસ્થાને હતું. ગુજરાતના આંદોલનમાં મહાદેવભાઈનું સ્થાન કદાચ ગાંધીજી પછી બીજા ક્રમે હતું.

એનું કારણ સ્પષ્ટ હતું. ગુજરાતમાં એકએકથી ચડે તેવાં આંદોલનોને નેતૃત્વ આપનાર સરદાર વલ્લભભાઈને દાંડીકૂચ પહેલાં જ સરકારે ગિરફ્તાર કરી લીધા હતા. ગાંધીજી પોતે તો આખી કૂચ દરમિયાન અને ત્યાર પછી પણ થોડા દિવસો છૂટા હતા. પણ તેઓ કાં કૂચમાં હતા અથવા સુરત જિલ્લામાં હતા. આખા ગુજરાતની જુદી જુદી ટુકડીઓનું સંકલન કરવાનું કામ અવિધિસર રીતે ગાંધીજીએ જ મહાદેવભાઈને સોંપ્યું હતું. બીજા આગેવાનો પોતપોતાના મોરચા પર સક્રિય હતા. મહાદેવભાઈ અમદાવાદ હતા, પણ અમદાવાદ બહારનાં કેન્દ્રોની પણ તેઓ ચિંતા રાખતા.

આ આંદોલન અંગે સરકારે વલ્લભભાઈને કૂચ શરૂ થાય તે પહેલાં પકડ્યા, અને ગાંધીજીને દાંડીમાં મીઠું પકવ્યા પછી પણ ઘણા દિવસ છૂટા રહેવા દીધા. વ્યૂહરચનાની દૃષ્ટિએ સરકારની આ બેવડી ભૂલ હતી. સરદારને પકડવાથી આંદોલન શરૂ થાય તે પહેલાં વાતાવરણ ગરમ થઈ ગયું હતું. ગાંધીજીને છૂટા રાખવાથી એ ગરમી દિવસોદિવસ વધતી ગઈ અને તે અહિંસક આંદોલનની દૃષ્ટિએ સાચી દિશામાં વપરાઈ.

મહાદેવભાઈને આ બંને પરિસ્થિતિનો લાભ મળ્યો. આંદોલનના ઉત્તમ ખબરપત્રી

તરીકે તેમણે સરદારની ગિરફતારીનો પણ લાભ લીધો અને આંદોલનના એક પરિપક્વ નાયક તરીકે તેમણે સેનાપતિની વ્યૂહરચનાને પ્રાંતવ્યાપી આકાર આપ્યો.

એ દિવસોને જરા નિકટથી જોઈએ.

લાહોરની કૉંગ્રેસમાં સવિનય કાનૂનભંગની રાષ્ટ્રીય ચળવળનું સુકાન ગાંધીજીના હાથમાં સોંપવામાં આવ્યું ત્યારથી દેશની નજર એમની ઉપર હતી. સવિનયભંગ સારુ તેઓ કયો મુદ્દો પસંદ કરે છે અને રાષ્ટ્રીય ચળવળનો આરંભ કરવા કયું ક્ષેત્ર પસંદ કરે છે એ જાણવા માત્ર તેમના સમર્થકો જ નહીં, પણ તેમના વિરોધીઓ અને અમુક અંશે તટસ્થ એવાં સમાચારપત્રો અને સમાચાર સંસ્થાઓ પણ આતુર હતાં. સાબરમતીના આશ્રમમાં છૂપી પોલીસ અને દેશીવિદેશી છાપાંના પ્રતિનિધિઓની અવરજવર વધી ગઈ હતી.

છવ્વીસમી જાન્યુઆરીએ દેશભરમાં અસંખ્ય ઠેકાણે જાહેરમાં પાઠ કરવા અને સંકલ્પબદ્ધ થવા સારુ ગાંધીજીએ તૈયાર કરેલી પૂર્ણસ્વરાજની પ્રતિજ્ઞા એ આખા દેશને લડત સારુ સજ્જ કરનાર પહેલું પગલું હતી. ૨૩મી ફેબ્રુઆરીએ નવજીવનમાં પ્રગટ થયેલ ‘ઋષિનો શાપ’ નામનો મહાદેવભાઈનો લેખ એ આ રાષ્ટ્રીય પ્રતિજ્ઞાના એક સમર્થ ભાષ્ય સમાન હતો. એ ભાષ્યમાં તેમણે રાષ્ટ્રીય લડતના ઇતિહાસ જોડે તે કાળે પ્રવર્તતી દેશની આર્થિક, સામાજિક, રાજનૈતિક પરિસ્થિતિનું અનુસંધાન કરી આપ્યું. છવ્વીસમી જાન્યુઆરી પછી હજારો લોકોએ આ પ્રતિજ્ઞા વિશે પોતપોતાના ક્ષેત્રમાં ભાષણો આપ્યાં હશે. એમાંનાં અનેકને મહાદેવભાઈનું આ ભાષ્ય માર્ગદર્શક ચાવીરૂપ નીવડ્યું હશે.

સવિનયભંગનો ચોક્કસ મુદ્દો જાહેર નહોતો થયો. પણ કોઈ પણ ‘આંદોલન’ શરૂ કરતાં પહેલાં જ ગાંધીજીએ મુંબઈના શ્રી બોમનજીને એક પત્ર દ્વારા ઇંગ્લંડના વડા પ્રધાન રામ્સે મૅકડૉનાલ્ડને પોતાની અગિયાર માગણીઓ પાઠવી હતી. શ્રી બોમનજીએ એ વડા પ્રધાનને પહોંચાડવાની જવાબદારી લીધી હતી. આ મુદ્દાઓ સ્વરાજની માગણીમાં તાત્કાલિક અમલમાં મૂકવા જેવું શું છે તેનો નક્કર કાર્યક્રમ રજૂ કરતા હતા. ગાંધીજીના જ શબ્દોમાં, સંક્ષેપમાં, તે મુદ્દાઓ નીચે મુજબના હતા:

૧. સંપૂર્ણ દારૂનિષેધ થાય;

૨. હૂંડિયામણનો દર રૂપિયાના ૧૬ પેન્સ ગણાય;

૩. જમીનમહેસૂલ ઓછામાં ઓછું અડધું કરી નાખવામાં આવે અને પછી ધારાસભાના અંકુશ તળે તે મૂકવામાં આવે;

૪. મીઠાનો કર તદ્દન નાબૂદ થાય;

૫. લશ્કરી ખર્ચ હાલ છે તેના કરતાં અડધું કરી નાખી તેમાં ઘટાડો કરવાની શરૂઆત થાય;

૬. આ પ્રમાણે કરવાથી મહેસૂલમાં થતા ઘટાડાને અંગે મોટા મોટા પગારદારોના પગાર અડધા અથવા તેથી જેટલા ઓછા કરવાનું ઘટે તેટલા ઓછા કરવામાં આવે;

૭. પરદેશી કાપડ ઉપર સ્વદેશીની પૂરેપૂરી રક્ષા થાય એટલી જકાત નાખવામાં આવે;

૮. શ્રી હાજીનો હિંદી દરિયાકાંઠાનો વેપાર સંબંધી કાયદાનો ખરડો પસાર કરવામાં આવે;

૯. સામાન્ય ન્યાયની અદાલતોએ ખૂનના અથવા ખૂનમાં મદદ કરવાના ગુના માટે જેમને તકસીરવાર ઠરાવ્યા હોય તેવા સિવાયના બધા રાજકીય કેદીઓને છોડી દેવામાં આવે, બીજા રાજકીય ગુનાઓ માટે કામ ચાલતાં હોય તે બધાં બંધ થાય; રાજદ્રોહ વિશેની કલમ ૧૨૪અ, ૧૮૧૮નું રેગ્યુલેશન અને એવા જ બીજા કાયદા રદ થાય, અને આજે દેશવટો ભોગવી રહેલા હિંદીને દરેક દેશમાં પાછા આવવાની પરવાનગી મળે;

૧૦. સી.આઈ.ડી., (ગુપ્તચર ખાતું) નાબૂદ કરવામાં આવે અથવા ધારાસભાના અંકુશ નીચે મૂકવામાં આવે;

૧૧. ધારાસભાના અંકુશ તળે રહીને આત્મરક્ષણને માટે જેને બંદૂક જેવાં હથિયાર જોઈએ તેને તેવાં હથિયાર મેળવવાનો પરવાનો આપવામાં આવે.૨

ઉપરોક્ત અગિયાર મુદ્દાઓ પૈકી કોઈ પણ એકાદ મુદ્દાને સવિનયભંગના આરંભ તરીકે લેવો જોઈએ, એમ ગાંધીજીની વ્યૂહરચના ગોઠવી આપનાર બુદ્ધિ કહેતી હતી. ત્યાં સુધીના લગભગ બધા સત્યાગ્રહો કોઈ ને કોઈ ચોક્કસ મુદ્દાને લઈને ચલાવવામાં આવ્યા હતા. આ વખતે ગાંધીજી કયો મુદ્દો હાથ ધરશે તે દુનિયા જાણતી નહોતી. છાપાંવાળાઓ આ અંગે ગાંધીજીને અવારનવાર પૂછપરછ પણ કરતા, પરંતુ જ્યાં સુધી અંતરમાંથી કાંઈ સૂઝે નહીં ત્યાં સુધી ગાંધીજી કોઈ નિશ્ચિત કાર્યક્રમ આપતા નહોતા. કેટલાક અધીરા સૈનિકો એનાથી અકળાતા. કેટલાક ટીકાકારો કાર્યક્રમ જાહેર નહોતો થતો તેમાં ગાંધીજીની મુત્સદ્દીગીરી જોતા હતા. કોઈક એમ કહેતું કે મીઠાનો કાયદો તોડવાનું મહાદેવભાઈએ ગાંધીજીને સુઝાડ્યું, પણ જે કાંઈ પ્રમાણ આને અંગેનાં મળે છે તેની ઉપરથી તો એમ જ લાગે છે કે કાર્યક્રમ ગાંધીજીને પોતાની અંતરસૂઝથી જ

જડ્યો હશે. કર્ણોપકર્ણ સાંભળેલી કથા એવી પણ છે કે પં. મોતીલાલજીને લાગ્યું કે આવડી મોટી સરકાર સામે ટક્કર લેવાનું કામ અને તે આ ચપટી મીઠું પકવવાથી કેમ થઈ શકે? તેમણે અકળાઈને ગાંધીજીને આ અંગે પત્ર લખ્યો. ગાંધીજીએ ઠંડે કલેજે જવાબ આપ્યો કે, 'અજમાવીને જોઈ લો.' મોતીલાલજી તેથી વધુ અકળાયા. પણ તોયે કૉંગ્રેસે આ કાર્યક્રમની આગેવાની ગાંધીજીને સોંપી હતી એટલે મોતીલાલજીએ શિસ્ત માની સરકારને નોટિસ આપી કે અમુક દિવસે અમુક સમયે તેઓ ગેરકાયદેસર મીઠું પકવશે. તે દિવસે સવારે કાર્યક્રમ થવાનો હતો તે પહેલાં જ પોલીસ મોતીલાલજીનાં બારણાં ખખડાવતી આવી પહોંચી. મોતીલાલજીએ જેલ જતાં પહેલાં માત્ર એક પોસ્ટકાર્ડ જ ગાંધીજીને લખ્યો: 'અજમાવતાં પહેલાં જ જોઈ લીધું!' આ કાર્યક્રમ ઉપરછલ્લી નજરે જોતાં કેટલો અનાકર્ષક હતો, અને એમાં સરકારને હચમચાવવાની કેવી તાકાત હતી તે બતાવવા ખાતર જ એ સાંભળેલી કથા અહીં લખી દીધી છે.

બીજી માર્ચે એક વિસ્તૃત પત્રમાં ગાંધીજી વાઇસરૉય લૉર્ડ અર્વિનને છેલ્લી વાર સમજાવતાં આ કાર્યક્રમ શરૂ કરવાનાં કારણો આપે છે. પ્રથમ તો એમ સમજાવે છે કે અંગ્રેજી રાજને તેઓ એક બલા માનતા થઈ ગયા છતાં એક પણ અંગ્રેજને નુકસાન પહોંચાડવાનો તેમનો ઇરાદો નહોતો. ગાંધીજીએ અંગ્રેજી રાજના અભિશાપનાં કારણો આંગળીને વેઢે ગણી શકાય એટલા શબ્દોમાં પણ ભારે અસરકારક રીતે વર્ણવ્યાં:

આ રાજ્યે એક એવા પ્રકારનું તંત્ર ગોઠવી દીધું છે કે એથી દેશ સદૈવ વધતા પ્રમાણમાં ચુસાયા જ કરે; વળી, એ તંત્રનો લશ્કરી અને દીવાની ખર્ચ એટલો તો સત્યાનાશ વાળનારો છે કે દેશને એ કદી પોસાઈ શકે એમ નથી. આને પરિણામે, હિંદુસ્તાનની રાંકડી કોટ્યવધિ પ્રજા ભિખારી થઈ ગઈ છે.

રાજકીય દષ્ટિએ આ રાજ્યે અમને લગભગ ગુલામ બનાવી દીધા છે. અમારી સંસ્કૃતિના પાયા જ એણે ઉખાડવા માંડ્યા છે, અને પ્રજાને નિ:શસ્ત્ર કરવાની એની નીતિએ અમારી માનવતાને હણી નાખી છે. સંસ્કૃતિના નાશથી થયેલી આધ્યાત્મિક હાનિમાં નિ:શસ્ત્ર દશાનો ઉમેરો થવાથી કાયર, અસહાય અધીનતાના જેવી મનોદશા અમારી પ્રજામાં કેળવાઈ છે.૩

ગાંધીજીની ભાષામાં નમ્રતા ભારોભાર છે, પણ સાચી વાત પરખાવવામાં તેમણે જરાય કચાશ રાખી નથી. દાખલા તરીકે તેઓ સ્પષ્ટપણે કહે છે:

દેખીતી રીતે જગતમાં સૌથી વધારે ખર્ચાળ એવા પરદેશી રાજતંત્રને નિભાવવાને

માટે આ બધાં પાપો ચાલુ રાખવામાં આવે છે. આપનો જ પગાર લો. એ માસિક રૂ. ૨૧,૦૦૦થી વધુ છે. એ ઉપરાંત તેમાં ભથ્થાં અને બીજા આડાઅવળા ઉમેરા જુદા. આ સામે ઇંગ્લંડના મુખ્યપ્રધાનનો પગાર સરખાવો. એને વર્ષે ૫,૦૦૦ પાઉન્ડ, એટલે, આજના ભાવે, મહિને રૂ.૫,૪૦૦થી કાંઈક વધુ મળે છે. જે દેશમાં દરેક માણસની સરેરાશ દૈનિક આવક બે આનાથી ઓછી છે, ત્યાં આપને રૂ. ૭૦૦થી વધારેનો રોજ મળે છે; જ્યારે ઇંગ્લંડના વતનીની સરેરાશ દૈનિક આવક લગભગ રૂ. ૨ની ગણાય છે, ત્યારે તેના મુખ્યપ્રધાનને માત્ર રૂ. ૧૮૦નો રોજ મળે છે. આ રીતે આપ એક હિંદીની સરેરાશ દૈનિક આવક કરતાં ૫,૦૦૦ ગણો પગાર લો છો. જ્યારે બ્રિટનના મુખ્ય પ્રધાન એક અંગ્રેજની સરેરાશ આવક કરતાં ૯૦ ગણો પગાર લે છે. હું આ અજબ વિષમતા ઉપર જરા ધ્યાનપૂર્વક વિચારી જોવા આપને હાથ જોડીને વિનંતી કરું છું. એક કઠોર પણ સાચી હકીકત બરાબર સમજાય તે માટે મારે આપનો અંગત દાખલો જ ટાંકવો પડ્યો છે; નહીં તો અંગત રીતે મારા મનમાં આપને વિશે એટલો આદરભાવ છે કે આપની લાગણી દુભાય એવું કહેવા હું ન ચાહું.૪

પત્રને અંતે તેઓ કહે છે:

હું જાણું છું કે અહિંસાત્મક લડત ઉપાડવામાં ગાંડું સાહસ કહી શકાય એવું જોખમ હું ખેડી રહ્યો છું. પણ ગંભીરમાં ગંભીર જોખમો ખેડ્યા વિના સત્યનો જય થયો નથી. જે પ્રજા પોતાના કરતાં વધારે મોટી અને પ્રાચીન, અને પોતાના જેટલી જ સંસ્કારી પ્રજાનો જાણ્યેઅજાણ્યે નાશ કરી રહી છે, તે પ્રજાનો હૃદયપલટો કરવા માટે જેટલું જોખમ ખેડવું પડે તેટલું ઓછું.

બ્રિટિશ પ્રજા સાથેનો સંબંધ તોડી નાખવાની અમને ઇચ્છા થાય છે, તેનું કારણ ઉપલા અન્યાયો જ છે. એ દૂર થતાં રસ્તો સરળ થશે. પછી સુલેહનો માર્ગ ખુલ્લો થશે. હિંદ સાથેના બ્રિટિશ વેપારમાંથી લોભનું પાપ નીકળી જાય તો અમારી સ્વતંત્રતા સ્વીકારવામાં મુશ્કેલી નહીં રહે. હું આપને આદરપૂર્વક વીનવું છું કે આ અન્યાયોને સ્વીકારો, તેને તત્કાળ દૂર કરવાનો માર્ગ કાઢો, અને આ રીતે સર્વ માનવજાતનું કલ્યાણ શોધવાના આશયથી જ બે સરખા દરજ્જાના પક્ષો સલાહ માટે ભેગા થાય એવો માર્ગ લો, આથી સ્વેચ્છાપૂર્વક મિત્રતા બંધાશે...૪

પત્ર લઈ જનાર ભાઈ રેજિનાલ્ડ રોનાલ્ડ્સને પત્ર વાંચી તેની જોડે સંમત હોય તો જ એ પત્ર લઈ જવા ગાંધીજીએ સૂચના આપી હતી. આશ્રમમાં ભાઈ રેજિનાલ્ડનું નામ

'અંગદ' પડ્યું હતું! અલબત્ત, ગાંધીજીના પત્રનો જવાબ વાઇસરૉયના સચિવ તરફથી તોછડો જ આવ્યો. ગાંધીજીએ કહ્યું કે, મેં 'રોટી માગી અને મને પથરો મળ્યો!'

લાહોર કૉંગ્રેસ અને દાંડીકૂચની વચ્ચેના અઢી માસમાં તો દેશના વાતાવરણમાં ઠીક ઠીક ફેરફારો થઈ ગયા. દેશમાં છૂટીછવાઈ હિંસાના પ્રસંગો બન્યા કરતા હતા. તેને પહોંચી વળવાનો ઉપાય ગાંધીજીને એક જ દેખાયો — પોતાની જાતને અહિંસક લડાઈમાં હોમી દેવાનો. એકસઠ વર્ષની વયે ગાંધીજી એક રાષ્ટ્રીય ચળવળ આપીને દેશનાં હિંસક તત્ત્વોને ટાઢાં પાડીને અહિંસક આંદોલનને વેગવાન કરી શક્યા. આ કામમાં ગાંધીજીની ભારત આવ્યા પછીની ચૌદ-પંદર વરસની તાલીમ ખૂબ કામ આવી. એમણે જે સેનાનાયકોને તૈયાર કર્યા હતા તે સૌ કોઈ રાષ્ટ્રીય સંગ્રામમાં પોતાનો ભાગ કુશળતાથી ભજવી શક્યા અને આ સંગ્રામમાં હજારો નવા સૈનિકો આકર્ષાયા, જોડાયા અને તાલીમ પામ્યા!

મહાદેવભાઈએ મીઠાના મુદ્દાને લોકપ્રિય બનાવવામાં *नवजीवन* અને *यंग इन्डिया*ના એમના લેખો દ્વારા સારો એવો ભાગ ભજવ્યો. 'સબરસ સર્વસંગ્રહ'ના મથાળા હેઠળ તેમણે ત્રણ લેખો લખ્યા, જેમાંથી પહેલા બે એમના નામે અને છેલ્લો કોઈના નામ વિના છપાયો છે. આ લેખમાળાથી *नवजीवन* વાંચનાર હજારો લોકોએ અને એ લેખો પરથી ઉતારા આપનાર છાપાંઓ તથા પત્રિકાઓ વાંચનાર લાખો લોકોએ તે લેખો જોયા હશે. ગાંધીજી મીઠાના પ્રશ્નના મુદ્દા પર સત્યાગ્રહ કરવાનો વિચાર કરી રહ્યા છે એવા સમાચાર છાપાંઓમાં છપાયા. ત્યાં સુધીમાં ગાંધીજીએ પોતાનો નિશ્ચય તો જાહેર કર્યો નહોતો. પણ છાપાંઓની આ અનધિકૃત જાહેરાતનો એક લાભ એ થયો કે ગાંધીજી ઉપર અનેક લોકોએ મીઠાના કાયદા અંગે અનેક પ્રકારની માહિતીઓ આપતી સામગ્રી મોકલી આપી. ગાંધીજીએ પોતાની પાસે આમ અનાયાસ આવેલી સામગ્રીનો ઉપયોગ કર્યો. મહાદેવભાઈએ તો રીતસર એ વિષયનો અભ્યાસ કરીને 'સબરસ સર્વસંગ્રહ'ના લેખો છાપ્યા હતા. આમ આપણા દેશની આઝાદીની લડાઈના ઇતિહાસમાં સૌથી મોટા આ જંગ પાછળ આખા દેશના કરોડો લોકો અને પશુઓની જરૂરિયાત, ગાંધીજીની હૈયાસૂઝ, મહાદેવભાઈની વિદ્વત્તા અને સ્વયંસેવકો તથા નાગરિક સ્ત્રીપુરુષોની અપાર સહનશક્તિ અને નિષ્ઠાએ કામ કર્યું હતું.

કાર્યક્રમની પૂરી રૂપરેખા બહાર પડે તે પહેલાં જ ગાંધીજીએ 'હું કેદ થાઉં ત્યારે'

નામના લેખ મારફત લોકોને એવી પરિસ્થિતિ સારુ તૈયાર કરી દીધા હતા. અહિંસક લડાઈના આગેવાન તરીકે તેઓ એ બાબતમાં કાળજી રાખે કે તેમના જેલ ગયા પછી પણ લોકો શાંતિ જાળવે, એ તો સ્વાભાવિક હતું. પણ ગાંધીજીનો એક ઉદ્દેશ આ અહિંસક આંદોલન દરમિયાન દેશમાં ઉત્પન્ન થઈ રહેલા હિંસાના વાતાવરણને ખાળવાનો પણ હતો. તેથી તેમણે આ લેખમાં સ્પષ્ટ કર્યું કે શાંતિ જાળવવી એનો અર્થ ચૂપ બેઠા રહેવું કે ચુમાઈને બેસી રહેવું એવો નથી થતો. પોતાના જેલવાસના સંજોગમાં ગાંધીજીને દેશ પાસે વધુ પવિત્ર અને તીવ્ર બલિદાનની અપેક્ષા હતી.

દાંડીકૂચના થોડા દિવસો પહેલાં જ સાબરમતી આશ્રમમાં શીતળાનો વાવર આવ્યો હતો. આશ્રમનાં ત્રણ કુમળાંપ બાળકોનો, આશ્રમવાસીઓની ભારે માવજત છતાં શીતળાએ ભોગ લીધો. આ વિશે મહાદેવભાઈ ૯–૩૦–’૩૦ના **નવજીવન**માં લખે છે:

આ ઘટનામાં અનેક જણની અનેક પ્રકારની કસોટી હતી. દરરોજ ગીતાનો પાઠ કરતા, અને જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે એમ કાને સાંભળતા અને જીભે બોલતા આશ્રમવાસીઓને, મૃત્યુએ થોડા જ દિવસમાં ત્રણ વાર પ્રત્યક્ષ દર્શન દીધાં; વહાલામાં વહાલાં તેજસ્વી બાળકોને ઝડપીને દર્શન દીધાં એ એમના ગીતાપાઠની કસોટી હતી. ત્રણે બાળકોનાં માબાપ એ કસોટીમાંથી સંપૂર્ણપણે પાર ઊતર્યાં, એમ, યમરાજ પણ તેમનું પ્રમાણપત્ર મળી શકતું હોય તો આપે. કશો રોકકળાટ નહોતો એમ કહેવાની તો જરૂર જ ન હોય, પણ એ બાળકોને વળાવનારાં વળાવી આવ્યાં, બાકીનાં પોતપોતાના કામે રહ્યાં. બાળકોનાં માબાપોનાં નિત્યકર્મમાંયે કશો જ ફેર ન પડ્યો. એક બાળકના પિતાએ બાળકના પ્રાણ જવા લાગ્યા ત્યારે ધીરજથી બાળકને૬ કહ્યું, ‘ભાઈ, રામનામ લે.’ બાળકે બેચાર વાર રામનામ લીધું, પછી બોલાતું નથી એમ નિશાની કરી બતાવી. બીજા બાળકના પિતાએ સાયંપ્રાર્થનાના સમયે જ્યારે બાળકના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા છે ત્યારે બાળકને તેની માને સોંપ્યો. માએ ખુશીથી બાળકના પિતાને પ્રાર્થનામાં જવાની રજા આપી. એ પ્રાર્થનામાં ગયા. स्थतिप्रज्ञस्य का ભાષાનો ઉચ્ચાર પ્રાર્થનામાં થતાંની સાથે બાળકે ઘેર પ્રાણ તજ્યા. પ્રાર્થના પૂરી થતાંની સાથે પિતાને ખબર આપવામાં આવી, એટલે પ્રાર્થનામાંથી ઝટ ઘેર જવાને બદલે પિતાએ૭ સ્વસ્થ ચિત્તે ઉલ્લાસથી પ્રાર્થનામંડળને રામનામની ધૂન

લેવરાવી. આના કરતાં બીજું વધારે ધન્ય દૃશ્ય કયું હોય? આ લખી રહ્યો છું ત્યારે મને તો ભાસે છે કે મારામાં એ સ્વસ્થતાની શક્તિ નથી, મૃત્યુને એવી રીતે આવકાર દેવાની તૈયારી નથી, એટલે એ ત્રણે માબાપોને સહેજે મારું માથું નમી રહ્યું છે.૮

બીજી બાજુ ગાંધીજીની કસોટી સૈદ્ધાંતિક હતી. મહાદેવભાઈ ઉપરોક્ત લેખમાં આગળ એનું વર્ણન કરે છે:

આ એક કસોટી. બીજી હૃદયબળની કસોટી હતી. 'આજ સુધી પાણીના અને માટીના ઉપચારો કરતાં અનેક સાથીઓના વ્યાધિ શાંત કરી શક્યો છું; પોતાના પુત્ર ઉપર પણ એ પ્રયોગ કર્યા છે, અને એકે પ્રસંગે એ ઉપચારોની નિષ્ફળતા વિશે શંકા સરખી નથી થઈ. આ વેળા આ ત્રણ બાળકોના પ્રસંગોમાં મારા ઉપાય કામ ન આવ્યા. એમાં પણ ઈશ્વર મારી કસોટી કરતો ન હોય? અમોઘ લાગતા ઉપાય પણ નિષ્ફળ થવાના છે એમ તો ન હોય? પણ એમ મારાથી કેમ ડરી જવાય? આખી જિંદગી પોતાના ઉપર, પોતાનાંના ઉપર અને બીજાંઓ ઉપર પ્રયોગ કરવામાં ગઈ છે. જે વસ્તુને સત્ય માની છે તેનાથી પ્રયોગમાં ઘડીક વાર હાનિ દેખાતી હોય તોપણ કેમ ડરવું? જગતના જે જે શાસ્ત્રીઓએ સત્યની શોધ કરી છે તેમણે તેમ કરતાં પોતાના પ્રાણ આપ્યા છે. આટલાં મૃત્યુથી હું ડરી જાઉં તો હું પ્રાણ શી રીતે આપવાનો હતો?

એ જ મનોમંથનના ગર્ભમાં બીજું મંથન રહેલું હતું:

મૃત્યુ, જન્મથી જરાયે જુદું નથી; જીવન અને મૃત્યુ એ એક જ સિક્કાની બે બાજુ છે એમ માનનારો હું રહ્યો. તે, આમ ત્રણ મૃત્યુથી હું ડરું તો મારી માન્યતા શા કામની? મારી ઈશ્વરશ્રદ્ધા શા કામની? જે લડત માથા ઉપર ઝઝૂમી રહી છે તે લડતમાં તો ત્રણ નહીં, હજારો અને લાખોની આહુતિ કદાચ આપવી પડે, તેથી ડગીને હું લડત બંધ કરું તો મારી ઈશ્વરશ્રદ્ધાનો કશો અર્થ ન રહે. એમ કેમ ન માનું કે મૃત્યુનાં આમ થોડા જ દિવસમાં અનેક વાર દર્શન કરાવીને ભગવાન મારું હૃદય વધારે કઠણ અને મજબૂત કરવા ઇચ્છતો હોય, લડતને માટે વધારે તૈયાર કરતો હોય?૮

તે જ દિવસોમાં આશ્રમમાં સ્વ. મગનલાલ ગાંધીની નાની પુત્રી રુક્મિણીબહેનનાં લગ્ન પણ લેવાયાં હતાં. ગાંધીજીએ બાળકોનાં મરણ વખતે જે સ્થિરતા રાખી હતી એટલી જ અનાસક્ત બુદ્ધિથી આ લગ્ન પણ આટોપ્યું. પંડિત નારાયણ મોરેશ્વર ખરેનો સૌથી નાનો પુત્ર શીતળાથી મૃત્યુ પામ્યો હતો. છતાં તેમણે પણ ગાંધીજી જેવી જ સ્થિતપ્રજ્ઞતા દેખાડીને રુક્મિણીબહેનના લગ્નમાં પૌરોહિત્ય કર્યું.

ઉપર જણાવેલા પેલા લેખમાં મહાદેવભાઈએ આશ્રમમાં દાંડીકૂચની થઈ રહેલી તૈયારીઓ વિશે પણ લખ્યું છે:

ભાવિ ઘટનાઓના ભણકારા ગાંધીજીના મનમાં કેવા વાગતા હશે તેની કાંઈક ઝાંખી થાય છે. જ્યારથી આશ્રમમાં લડતની વાત ઊપડી ત્યારથી બહેનોનો, એમાં જોડાવાનો ઉત્સાહ અદમ્ય હતો. બહેનોના ઉત્સાહનું માપ કાઢવા બહેનોની પાસે ગાંધીજીએ નામો તો લીધાં, પણ એક દિવસ તેમને કહી દીધું: 'આરંભમાં હું તમને લઈ જવા માગતો નથી.' બહેનો નિરુત્સાહ થઈ. કંઈક હતાશ થઈ, એટલે તેમને ગાંધીજીએ પોતાની 'શિવલરી' [સ્ત્રીદાક્ષિણ્ય] બતાવી: 'હિંદુમુસલમાનો વચ્ચેનાં જૂનાં યુદ્ધો વિશે કહેવાય છે કે મુસલમાનો પોતાની આગળ ગાય રાખતા કે જેથી ગોપૂજક હિંદુઓને હુમલો કરતાં મૂંઝવણ થઈ પડે. આ વાત સાચી હોય કે ખોટી હોય તેની સાથે આપણને લેવાદેવા નથી. પણ ક્ષત્રિયથી એવું ન થાય. અંગ્રેજો ગમે તેવા હોય, પણ તેમને વિશે આપણે એટલું જાણીએ છીએ કે તેઓ સ્ત્રીઓ ઉપર એકાએક હાથ ન ઉપાડે. એટલે ગમે તેટલું સંકટ સહન કરવાની વાતો કરનારા આપણે, આપણી ટુકડીને મોખરે સ્ત્રીઓને રાખીએ એ આપણને ન શોભે. આપણી ખૂબ મારપીટ ખમવાની પણ તૈયારી હોય તો તેમાંથી બચી જવાને માટે આપણે સ્ત્રીઓને આગળ કરીએ એ કેમ બને?

સ્ત્રીઓ સમજી ગઈ. પણ તેથી ભવિષ્યમાં સ્ત્રીઓ યુદ્ધમાંથી અલગ રહેશે એમ નથી એવું તેમને ગાંધીજીએ અભયદાન દીધું, 'જ્યારે પુરુષોએ પૂરેપૂરો ભોગ આપ્યો હશે ત્યારે તમને જેલમાં મોકલતાં મને જરાયે સંકોચ ન થાય,' એવું તેમને આશ્વાસન દીધું. બહેનોએ આ આશ્વાસન ઝીલી લીધું. અને જેલની બહાર રહીને જેલના કરતાં વધારે કામ કરી બતાવવાનું બીડું ઝડપ્યું. જ્યારે આશ્રમ લગભગ આખો ખાલી થવાનો છે ત્યારે પણ આશ્રમની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓ — ખાદીની, ગૌશાળાની, ચર્માલયની, બાળશાળાની, કન્યાશાળાની — સ્ત્રીઓ શા સારુ ન ઉઠાવી લે એ વિચારને માટે બહેનો ભેગી મળી રહી છે, અને કામની વહેંચણી ચાલી રહી છે. જાણે આ કામ ઉઠાવી લેવાની તેમને સૌને તાલીમ મળે એ અર્થ, અને જેલમાં અમુક કલાક કામ કરવાની ટેવ પડી જાય એ અર્થે પણ, સ્ત્રીઓને આ રીતે આ કામ વહેંચી લેવાનું ગાંધીજીએ ઉત્તેજન આપ્યું છે.

અને આ બધી પ્રવૃત્તિઓ સંભાળી રહેલા મુખ્ય મુખ્ય માણસોને પણ ગાંધીજીએ પોતાની પહેલી ટુકડીમાં લીધા છે. પ્રથમ ઉત્તમ બલિદાન આપવાં જોઈએ. શુદ્ધમાં શુદ્ધ બલિદાનનો વિચાર કરી રહ્યો છું ત્યારે તો મને લાગે છે કે આપણું બલિદાન તો શુદ્ધતમ

નથી પણ મલિન છે. પણ આથી વધારે સારું બલિદાન હું ક્યાં શોધવા જાઉં? એટલે જ મેં આશ્રમની તાલીમ લઈ રહેલાઓમાંથી લેવા જેવા બધાને વીણી કાઢ્યા છે, અને માત્ર બેપાંચ માણસોને રાખીને આખો આશ્રમ ખાલી કર્યો છે. તા. ૧૨મીએ આપણે કૂચ કરીએ ત્યાં સુધી હજી આમાંથી જેમને નીકળવાની ઇચ્છા હોય તે નીકળી જઈ શકે છે, પણ પાછળથી કોઈ નીકળવા ઇચ્છશે તો મને માથાનો ઘા લાગશે. આ બધાએ એ પણ સમજી લેવાનું છે કે આ આખરી ફેંસલો છે. આ લડત થોડા દિવસમાં આટોપાય તો થોડા દિવસ, અનેક વર્ષો ચાલે તો અનેક વર્ષો સુધી એમાં ઝૂઝવું પડશે, અને સ્વતંત્રતા લઈને જ એમાંથી નીકળી શકાશે કે મરીને છૂટી શકાશે એ ખચીત માનજો. જેલ જ મળશે એમ ન માનતા. લાઠીઓ પડશે તેની પણ તૈયારી રાખજો.

બે વ્યક્તિઓ હતી જે દરેક રીતે યોગ્ય હતી — મીરાંબહેન અને મિ. રેજિનાલ્ડ રૉનાલ્ડ્સ. એમનું શું કરવું? પહેલા સત્યાગ્રહીઓમાં પોતે હોય એ બાબતમાં બીજા કોઈ કરતાં એમની ઇન્તેજારી ઓછી નહોતી. ગાંધીજીએ કહ્યું: ‘ના; તમે નહીં, તમારા માટે આનાથી મોટું અને ઘણું વધારે પવિત્ર કાર્ય છે. તમે ઇંગ્લંડમાં જન્મ્યાં છો એટલે તમારી પાસેથી વધુ મોટી તપશ્ચર્યાની હું આશા રાખું છું. એ છે, દુ:ખને આહ્‌વાન દેવાની ઇચ્છાનો ત્યાગ, અને પાછળ રહી આશ્રમની પ્રવૃત્તિઓમાંથી જેટલી બને તેટલીને ચલાવવામાં મદદ કરવી તે. એ કાર્ય કરવાને કારણે, એટલે કે આશ્રમના સભ્યો તરીકે તેમને ઉપાડી જવામાં આવે તો તો બહુ સારું. અને જો એમ ન થાય તો હું એવા દિનની આશા રાખું છું કે જ્યારે આશ્રમનાં પુખ્ત વયનાં બધાં સ્ત્રીપુરુપોને ઉપાડી જવામાં આવે પછી તમે અહીં રહેશો અને ટ્રસ્ટી તરીકે આશ્રમની મિલકતને સંભાળશો અને પાછળ મૂકી જવામાં આવેલાં બધાં સગીર છોકરા-છોકરીઓની સંભાળ લેશો. તમારી એ સિદ્ધિ તમારો ગર્વ અને આનંદ હશે.૯

આશ્રમી મહિલાઓમાં એક દુર્ગાબહેન પણ ખરાંને? તેઓ પણ આશ્રમની બીજી બહેનો જેટલાં જ આ જંગમાં ઝંપલાવવા ઉત્સુક હતાં. તેથી જ બહેનોના પ્રતિનિધિમંડળ સાથે ગાંધીજી પાસે ફરિયાદ કરવા ગયેલાં, કે અમને કેમ તમારી જોડે કૂચમાં નથી લઈ જતા? મહાદેવભાઈએ ઉપરોક્ત ઉદ્ધરણમાં નોંધી છે તે દલીલ ઉપરાંત ગાંધીજીએ એક બીજી પણ વધારાની દલીલ કરી હતી. તેમણે બહેનોને સમજાવ્યું હતું કે તેમની જોડે કૂચમાં દાંડી સુધી જવું એ તો સાવ સહેલું કામ હતું. બહેનો પાસે તો તેમને વધારે સાહસ અને વધારે પરાક્રમની અપેક્ષા હતી. તેથી યોગ્ય સમયે તેઓ બહેનોને વધુ બહાદુરીનું

કામ સોંપશે. આ દલીલની એ બહેનોની જેમ દુર્ગાબહેન પર પણ ઘણી સારી અસર થઈ હતી. અને ખરેખર બેક માસમાં જ ગાંધીજીનાં આ વચનોની અને આશ્રમની બહેનોની બહાદુરીની પરીક્ષા પણ થઈ ગઈ હતી. ઇતિહાસની દૃષ્ટિએ આ થોડાંક અઠવાડિયાં પાછળની ઘટના છે, પણ આપણે તેને અહીં લઈ લઈએ છીએ. શ્રી નરહરિભાઈને ધારાસણાના સત્યાગ્રહમાં બેસુમાર માર પડેલો અને તેઓ બેશુદ્ધ થઈને પડી ગયા હતા. તે વખતે સાબરમતી પાસેના એક પીઠામાં પિકેટિંગમાં કામ કરનાર શ્રીમતી મણિબહેન પરીખની કેવી કસોટી થઈ હતી તેનું વર્ણન, અત્યંત સંયત ભાષામાં એમની દીકરી વનમાળાએ નીચે મુજબ કર્યું છે:

હજુ તો અહીં આવ્યાને દસ-બાર દિવસ થયા હશે એટલામાં શહેરમાંથી આવનારા ભાઈઓ ખબર લાવવા માંડ્યા કે ધારાસણામાં તો બધાને પકડી લે છે ને ખૂબ લાઠીમાર કરે છે. સાચા કે વિશ્વાસપાત્ર ખબર તો એ નાના, અંદર આવેલા રેલવેયાર્ડમાં કાંઈ મળે એમ હતું જ નહીં. મણિબહેને પેલા ભાઈઓને કહ્યું કે તમે કૉંગ્રેસ હાઉસમાં જઈ નરહરિભાઈ વિશે કાંઈ ખબર મળે તો મેળવી લાવો. એ ભાઈ જરા ઊડતી જ ખબર લઈ આવ્યા કે નરહરિભાઈ તો ગુજરી ગયા છે. એવું બનેલું કે એ બેભાન થઈ ગયેલા એ કોઈએ જોયેલું ને ખબર આપી કે ગુજરી ગયા!

મણિબહેનના મનની હાલત તે વખતે કેવી રહી હશે એની તો કલ્પના જ કરવી રહી. પણ એટલાં મક્કમ ને દૃઢનિશ્ચયી કે પીઠું છોડીને ગયાં નહીં ને માનસિક વેદના અનુભવતાં રહ્યાં. પછી (મણિબહેને) આશ્રમમાં સંદેશો મોકલ્યો કે નરહરિભાઈ વિશે સાચી ખબર કાઢીને મને કહેવડાવો. સંદેશો લાવનાર ભાઈ સાથે સાંજે પાછી આવીશ, એમ કહીને વનમાળા [આશ્રમમાંથી] પોતાની માને મળવા ગઈ. તે વખતે મણિબહેનની હાલત એવી હશે કે વનમાળા પણ જો પાસે હોય તો પોતાને જરા આશ્વાસન રહે. એટલે એમણે એને પોતાની પાસે રોકી લીધી.

ત્રણચાર દિવસ પછી ધારાસણાથી ખબર આવ્યા કે નરહરિભાઈને સખત લાઠીમાર પડ્યો છે પણ મરતાં બચ્યા છે ને એમને પકડીને નાસિક જેલમાં લઈ ગયા છે. આ ખબર લઈને દુર્ગાબહેન પોતે જ મણિબહેન પાસે ગયાં. પોતે પાંચછ દિવસ કેવી ભયંકર યાતનામાં કાઢ્યા છે એનું વર્ણન મણિબહેને પોતાની બહેનપણી પાસે કર્યું, આટલા દિવસ સાચવી રાખેલી હિંમત જતી રહી ને એ ધ્રુસકે ધ્રુસકે રડ્યાં.૧૦

આ સંગ્રામ વખતે ગાંધીજીએ એક કુશળ સેનાપતિની જેમ વ્યૂહરચના કરી હતી.

સત્યાગ્રહી ટુકડીમાં જોડાનારા તરીકે તેમણે આશ્રમવાસીઓને જ પસંદ કર્યા હતા. પણ તે વખતે તેમણે યોજનાપૂર્વક કેટલાક લોકોને એ કૂચથી બહાર રાખ્યા હતા. સાબરમતી આશ્રમના મોટા ભાગનું નામ તે વખતે 'ઉદ્યોગમંદિર' પડી ચૂક્યું હતું. અને માત્ર એની ઉપાસનાભૂમિ પૂરતું જ 'સત્યાગ્રહ આશ્રમ' નામ ચાલુ રાખવામાં આવ્યું હતું. એ ઉદ્યોગમંદિરના કાર્યવાહક મંડળના પ્રમુખ મહાદેવભાઈ અને ઉપપ્રમુખ ઇમામસાહેબ અબદુલ કાદર બાવાઝીર બંનેને ગાંધીજીએ દાંડીકૂચમાંથી બાકાત રાખ્યા હતા. મહાદેવભાઈને બહાર રાખવા પાછળ જો પોતે વહેલા પકડાઈ જાય તો બહાર રહીને મહાદેવભાઈ આ અહિંસક લડાઈને માર્ગદર્શન આપી શકે એવી યોજના હતી અને ઇમામસાહેબને બહાર રાખવા પાછળ જરૂર પડ્યે આશ્રમનાં સર્વ બાળકોની સંભાળ રાખી શકે એવી દૃષ્ટિ હતી.

મહાદેવભાઈએ પોતાને માથે આવેલું કામ ક્યારનુંયે શરૂ કરી દીધું હતું. *નવજીવન* અને *યંગ ઇન્ડિયા*માં લેખો ઉપરાંત તેમણે ગાંધીજી સાથેના બહારના લોકોના આ વિશેના પત્રવ્યવહારમાં પણ પોતાનો ફાળો આપ્યો હતો. વલ્લભભાઈની ગિરફતારીને આવનાર લડતની અગ્રદૂત સમ બનાવવામાં મહાદેવભાઈની કલમે મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. ૧૯૨૮–'૨૯માં એમની સાથે રહીને કરેલું કામ મહાદેવભાઈની કલમમાં હજી ઊનું ઊનું વહેતું હતું. *યંગ ઇન્ડિયા*ના ૧૨–૩–'૩૦ના અંકમાં 'હાઉ સરદાર વૉઝ ઇમ્પ્રિઝન્ડ?' (સરદારને જેલ ભેગા કેવી રીતે કર્યા?) લખીને તેમણે માત્ર ગુજરાતની જ નહીં, પણ આખા દેશની જનતાને સરદારના 'લોખંડી' સ્વભાવનો એક વાર ફરી પરિચય આપ્યો હતો, અને સાથે સાથે અંગ્રેજ સરકારના નોકરો કેવા જડ હતા એની પણ ઝાંખી કરાવી હતી. જેલ જતાં પહેલાં સરદારે ગુજરાતના લોકોને સંદેશો આપતાં પંદર વરસથી આકરી તપશ્ચર્યા કરી રહેલા ગાંધીજીએ ગુજરાત સારુ જે કાંઈ કર્યું હતું તેનો બદલો વાળવાનો આ મોકો ન ચૂકવા સલાહ આપી હતી; ગાંધીજી જેલની બહાર હોય ત્યાં સુધી એમની આજ્ઞા પાળવાની તથા જેલ જાય તો ત્યાર બાદ, ભરૂચની એક સભામાં સરદારે અહિંસક લડતને જોરદાર કરવા જે કાર્યક્રમ૧૧ સૂચવ્યો હતો, તે મુજબ આચરણ કરવા આગ્રહ કર્યો હતો.

સાબરમતી જેલમાં આચાર્ય કૃપાલાની સાથે જઈને મહાદેવભાઈ સરદારની મુલાકાત લઈ આવ્યા. એ મુલાકાતનું વર્ણન સૌ સૈનિકોનાં હૈયાંમાં વજ્ર-શી શક્તિ પૂરે તેવું હતું.

સત્યાગ્રહીઓએ જેલને કેવી મંગલદૃષ્ટિએ જોવાની છે તેનો સ્પષ્ટ ખ્યાલ આ મુલાકાતના વર્ણનનાં પહેલાં બે વાક્યોમાં જ આવી જાય એમ છે:

'એનું એ જ ખડખડાટ હસવું, એના એ જ કટાક્ષ અને એનો એ જ ખુશમિજાજ: કોને લાગે કે સરદારનાં જેલમાં દર્શન કરીએ છીએ?'૧૨

આખી મુલાકાત તો અહીં શી રીતે અપાય, પણ મહાદેવભાઈની કલમનો જાદુ સમજાય એવાં થોડાં વાક્યો આખી રોમાંચક મુલાકાતમાંથી સારવીને અહીં આપીએ છીએ:

'તમને કેમ રાખે છે, એ પૂછતાં એમણે કહ્યું: 'ચોર-લૂંટારાને જેવી રીતે રાખે છે તેવી રીતે મને પણ રાખે છે. બહુ આનંદ છે. આના જેવી લહેર જિંદગીમાં કોઈ વાર આવી નહોતી… ખોરાકનું તો શું પૂછવું? જેલમાં કાંઈ મોજ કરવા થોડા આવ્યા છીએ? કાંઈક જાડા રોટલા અને દાળ એક દિવસ, અને રોટલા-શાક બીજે દિવસે એમ આપે છે. ઘોડાને ખપે એવું તો હોય છે જ.' 'પણ માણસને ખપે એવું હોય છે કે નહીં?' શા સારુ નહીં? પાયખાને જવાનું ઠેકાણું નહોતું તે અહીં એક વાર નિયમિત પાયખાને જાઉં છું, પછી શું જોઈએ? પણ એની તું ચિંતા શા સારુ કરે છે? ત્રણ મહિના૧૩ હવા ભરખીને રહી શકું એમ છું.' કહીને ખડખડાટ હસી જેલનો દરવાજો ગજાવી મૂક્યો.૧૪

સાબરમતી આશ્રમમાં અને એની પ્રાર્થનાભૂમિ પર પણ ખબરપત્રીઓનાં ટોળાં ગાંધીજીની 'વ્યૂહરચના' સમજવા સારુ ઊમટવા લાગ્યાં. અનેક ખબરપત્રીઓ સાથે થયેલી ગાંધીજીની વાતોને ભેગી કરીને મહાદેવભાઈ એને સંવાદરૂપે *નવજીવન*માં આપે છે. મુલાકાતોને સંવાદરૂપે પ્રગટ કરીને તેને વધુ ચોટદાર બનાવવી એ મહાદેવભાઈની કલમની લાક્ષણિકતાઓ પૈકી એક હતી. માત્ર ગણ્યાગાંઠ્યા નમૂના જ નીચે આપ્યા છે:

પ્ર. 'આપ કઈ જાતનું રાજતંત્ર માગો છો?'

જ. 'જે તંત્ર પ્રજાની ઇચ્છાને વર્તે અને તેનો અમલ કરે તે.'

પ્ર. 'આપનું પ્રજાકીય તંત્ર કેવા પ્રકારનું હશે?'

જ. 'મને એની ખબર નથી; મને તો એની નીતિમાં જ રસ છે. અને નીતિ

એટલે પ્રજાની ઇચ્છાને પહોંચી વળવાનો સાધનમાર્ગ. એ સાધન બે જ હોઈ શકે: એક દગો, છળકપટ અને હિંસા; બીજું અહિંસા અને સત્ય.'

પ્ર. 'ત્યારે અહિંસા સાથે દગોફટકો ન હોય?'

જ. 'ના; નહીં જ હોય. દગોફટકો એ જ એક જાતની હિંસા છે.'

પ્ર. 'આપને નથી લાગતું કે પરદેશી માલનો બહિષ્કાર એ સવિનયભંગ કરતાં વધારે અસરકારક થાત?'

જ. 'ના. એ (કાર્યક્રમ) તૂટી પડ્યો. અમદાવાદ અને મુંબઈની મિલોએ ભળતું જ કાપડ મોકલી દેશને દગો દીધો, અને જે મિલનું શુદ્ધ કાપડ મોકલ્યું તો તેના દમ બાંધીને ભાવ લીધા. ... વિદેશી વસ્ત્રબહિષ્કારમાં ૩૦ કરોડ પ્રજાનો સહકાર જોઈએ, જ્યારે સવિનય કાનૂનભંગમાં તો દસ હજાર તેજસ્વી સ્ત્રીપુરુષો નીકળી આવે તો બેડો પાર થાય.'

પ્ર. 'એ કેવી રીતે? એ બધાંને જેલમાં પૂરવામાં આવશે એટલે થઈ રહ્યું.'

જ. 'એ બાજી ખેલી જુએ તો ખરા, આ લોકોની ઉપેક્ષા કરતાં પહેલાં સરકારે એમને ફાંસીએ લટકાવવા પડશે.'

પ્ર. 'આપની લડતને પરિણામે ખૂનામરકી ન થાય?'

જ. 'થાય; બાકી મારો પ્રયત્ન તો હિંસાને રોકવાનો જ છે... અહિંસાત્મક હિલચાલ ન હોય તો દેશનો આ તંત્રની સામેનો વિરોધ ખૂનામરકીમાં જ પરિણમે.

પ્ર. 'આપે પહેલાં કહ્યું હતું કે સવિનયભંગ માટે મુહૂર્ત નથી હજી. આજે એવું તો શું થયું છે કે આપે આપનો વિચાર ફેરવ્યો છે?'

જ. 'મને ખાતરી છે કે મુહૂર્ત આવી ચૂક્યું છે. કારણ કહું? બહારનું તો ખાસ કાંઈ નથી બન્યું. પણ મારા મનમાં જે ગડમથલ ચાલી રહી હતી અને જે મને અત્યાર સુધી રોકતી હતી તે હવે શમી ગઈ છે.'

પ્ર. 'એ અંતરની ગડમથલ શી હતી?'

જ. 'તમે જાણો છો કે હું અહિંસાને દૃષ્ટિમાં રાખીને જ બધી પેરવી કરતો હતો. પણ વધતી જતી હિંસાની સામે મારે એ વિચારને વર્તનમાં કેવી રીતે મૂકવો એ મને સૂઝતું નહોતું. હવે મને દીવા જેવું સાફ દેખાય છે કે આજે મેં લીધેલા માર્ગથી હું ખૂનામરકીનું જોખમ હળવું કરું છું.'૧૫

મહાદેવભાઈએ **નવજીવન**ના ૧૬–૩–'૩૦ના અંકમાં ગાંધીજીએ દાંડીકૂચ સારુ પસંદ કરેલી ટુકડીના સભ્યોનો પરિચય આપ્યો.૧૬ દેશવિદેશથી તે કાળે એકઠા થયેલા

ચાળીસેક જેટલા ખબરપત્રીઓમાંથી કોઈએ સત્યાગ્રહીઓ વિશે મહાદેવભાઈ જેટલી વિગતવાર માહિતી નહોતી આપી.૧૬

દાંડી જવા સારુ ગાંધીજી સાબરમતી આશ્રમથી નીકળ્યા તેની મહાદેવભાઈએ ભગવાન બુદ્ધના મહાભિનિષ્ક્રમણ સાથે સરખામણી કરી. એ વર્ણન એવું સજીવ હતું કે *નવજીવન*ના ૧૬–૩–'૩૦ના 'મહાભિનિષ્ક્રમણ' શીર્ષકના મહાદેવભાઈના લેખનો ઠીકઠીક એવો અંશ નીચે આપ્યો છે:

'૧૨મી માર્ચને શુભ દિવસે ગાંધીજી અને તેમના સાથીઓએ આશ્રમમાંથી પ્રયાણ કર્યું તે વેળાનાં દૃશ્યો ઘણાંએ વર્તમાનપત્રોમાં જોયાં હશે, ઘણાંએ પ્રત્યક્ષ જોયાં હશે, અને છતાં કાંઈક ને કાંઈક જાણે કહેવાનું બાકી જ રહી જાય છે. ગીતાજી ઉપર સેંકડો માણસોએ ટીકા લખી, હજી લખાતી થોડી જ બંધ પડી છે?

આશ્રમની પ્રાર્થનાભૂમિ ઉપર ગયા અઠવાડિયામાં મેળા ભરાતા. ૧૦મીની રાત્રે એ બેત્રણ હજારની મેદનીને ગાંધીજીએ જાગ્રત કરી, ૧૧મીની રાત્રે દસ હજારનો સમૂહ એકઠો થયો. કોઈના મનમાં હતું કે ગાંધીજી પકડાશે તો એમનાં છેલ્લાં દર્શન કરી લઈએ, કોઈના મનમાં હતું કે એમનાં છેલ્લાં વચન સાંભળી લઈએ, કોઈને મહાન સલ્તનતની સામે લડવા જનાર ખોબા જેટલા માણસની ટુકડીનું દર્શન જ ચમત્કારિક હતું; સૌને આ રાજ્યની સામે મોરચા મંડાવાના છે એની ખબર હતી. ત્યાં જઈએ છીએ તેમાં એ યુદ્ધની સાથે આપણી સહાનુભૂતિ છે એમ મનાશે, રાજદ્રોહની ભાવનાથી આવ્યા છીએ એમ મનાશે એવી તેમને ધાસ્તી નહોતી. પણ એ બધા રાજદ્રોહીઓ હતા અને દેશપ્રેમીઓ હતા એમ કહેવામાં મને જરાય અતિશયતા નથી લાગતી.

પણ એમાં તો સરકારી નોકરો હતા, મિલમાલિકો હતા, મજૂરો હતા — ત્રણ મિલમાલિકોનાં કુટુંબોએ તો આખી રાત આશ્રમમાં જાગરણ કર્યાં હતાં, ચાર મિલમાલિકનાં કુટુંબો ગાંધીજીને આશીર્વાદ દેવા આવ્યાં હતાં, અને મિલમજૂરોએ આખી રાત ભજનો કરી ગાંધીજીની જય પોકારી રાત વિતાડી. સામાન્ય પ્રેક્ષકો હતા, અને સર પ્રભાશંકર પટ્ટણી જેવા અસામાન્ય પ્રેક્ષક પણ હતા. આ બધા આ રાજ્યને ટકાવવાને માટે ભેગા થયા હતા એમ તો કોઈ ન જ કહે, રાજ્યની હસ્તી મટાડવાના ગાંધીજીના શુભ કાર્યમાં અને અસાધારણ સાધનથી થતા પ્રયત્નમાં સહાનુભૂતિ દાખવવા, આશીર્વાદ આપવા ભેગા થયા હતા એ વિશે કોણ શંકા કરશે?

હા; એક વાત એટલી જ સિદ્ધ છે. ગાંધીજીએ કહ્યું છે તેમ, કોઈની આંખમાં ઝેર નહોતું. કારણ, ગાંધીજીની આંખમાં ઝેર નહોતું. ગાંધીજીના આ મહાપ્રયાણમાં ક્યાંયે કડવાશ નહોતી, અને વેરઝેરના ભાવ વિના ગુલામીમાંથી મુક્ત થઈ શકાય એવી નવી ઉત્પન્ન થયેલી ભાવનાનું દર્શન કરવા જાણે સૌ ભેગા થયા હતા.

આ બધાંને બોલાવવા કોઈએ ઢંઢેરો નહોતો પીટ્યો, સભામાં જવા માટે વિનંતીપત્રો કાઢવામાં આવે છે તેવા વિનંતીપત્રો નહોતા નીકળ્યા. છતાં સૌ આવ્યાં — આબાલવૃદ્ધ, સૌ કોમોના અને સૌ જાતિના લોકો માઈલો ને માઈલો સુધી એ ઐતિહાસિક પ્રયાણના દર્શનના ઉત્સુક થઈને બેસી રહ્યાં; દર્શન થતાં ધન, અક્ષત, કુંકુમ અને પુષ્પની વૃષ્ટિ કરી, એનો કોણ બીજો અર્થ કરી શકે?

કુતૂહલખોરો પણ હતા; મોટરમાં વિરાજીને સિનેમાનાં પટચિત્રો ઉત્પન્ન કરનારા અખબારનવીસો અને તસવીરનવીસો પણ હતા;૧૭ — એઓ તો કોઈ આગ લાગી હોય કે જલપ્રલય થાય ત્યાં પણ એટલા જ કુતૂહલથી જાય, સરકાર ગોળી ચલાવતી હોય તો તેનાં પણ એટલા જ કુતૂહલથી ચિત્રો કાઢે. આ અજબ જાગૃતિ સાંખી ન શકવાથી એને કોઈ પણ રીતે ઉતારી પાડવાનો પ્રયત્ન કરનારા અખબારવાળા પણ હતા, અને કેવળ કુતૂહલભાવે 'ગાંધી આ તે શાં ધતિંગ લઈ બેઠો છે' એમ વિચારતા છૂટાછવાયા ગોરાઓ પણ હતા; અને પરદેશથી આ અપૂર્વ યુદ્ધનો અભ્યાસ કરવા આવેલા તટસ્થ વર્તમાનપત્રકારો પણ હતા. પણ કોઈને એ ગોરાઓનો દ્વેષ નહોતો, કટાક્ષખોર અખબારનવીસોનો પણ દ્વેષ નહોતો; સરકારે પોતાના લશ્કર કે સિપાહીઓનો દેખાવ જ નહોતો કર્યો એટલે તેનો દ્વેષ કરવાનો હોય જ નહીં.

પણ વિરાટ દૃશ્યમાં એક પ્રકારનું ગાંભીર્ય હતું તે દેખાયા વિના રહેતું નહોતું. મોટાં મોટાં શ્રીમંત કુટુંબની બહેનોની આંખો ગાંધીજીને વિદાય દેતાં ભીની થતી હતી; 'વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,' ગવાયું અને 'ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે.' એ પૂરું થતાં પ્રયાણ શરૂ થયું ત્યારે એવા આદર્શ વૈષ્ણવ જનનાં દર્શન કરીને એકોતેર કુળ તારવાનો ભાવ આણનારા ભાવિકો ત્યાં હતા; ગાંધીજીની એ વેળાની ગંભીર મુખાકૃતિ ઉપર આશક થનાર મુસલમાન મિત્ર પણ ત્યાં હતા; અયોધ્યાનો ત્યાગ કરી પંચવટી તરફ પ્રયાણ કરતા રામચંદ્રજીને યાદ કરી આંખો ભીની કરનારી અનેક બહેનો હતી; અને સર ચીનુભાઈએ આપેલા ઉમદા ઘોડાની

બાદશાહી ચાલ જોઈને૧૯ શિવાજીના ઘોડાની યાદ કરનારી મહારાષ્ટ્રી બહેનો પણ હતી.

છતાં એ દૃશ્યોનાં અનેક ચિત્રો મન ઉપર આવે છે અને ખસી જાય છે; આ આદર્શ 'વૈષ્ણવ' [ને જોઈ] લંકા જીતવા જનારા રામચંદ્રજી, અને વિજયી શિવાજીના કરતાં મારી આંખ આગળ બુદ્ધ ભગવાનનું મહાભિનિષ્ક્રમણ જાણે તર્યા કરે છે. 'દુઃખડૂબ્યા ઓ જગજન! આ હું આવ્યો રે!' એ ભાવથી 'શ્યામ રજની'ના અંધકારને ભેદતા, જગતની વિદાય લેતા બુદ્ધ ભગવાનના મનમાં જે ભાવ હશે તે ભાવ ગાંધીજીના મનમાં હોય તો આશ્ચર્ય નથી. બુદ્ધ ભગવાને મૌન સેવ્યું હતું, પોતાના મનમાં ચાલી રહેતા અનેક સંકલ્પોની કોઈને વાત કરી નહોતી, ગાંધીજીએ પોતાની મનોવેદનાની આખા જગતને સાક્ષી કરી એટલો આ દૃશ્ય અને પેલા દૃશ્યમાં ભેદ હતો. પણ ગાંધીજી જે પ્રતિજ્ઞા કરીને નીકળ્યા, જે પ્રતિજ્ઞા એમણે પોતાના સાથીઓ પાસે લેવરાવી, છેલ્લા દિવસ અથવા છેલ્લી ઘડી સુધી જે પ્રકારની ચેતવણી એઓ એ સૈનિકોને આપતા રહ્યા તેમાં રહેલું ગાંભીર્ય સમજનાર, આ પ્રયાણને મહાભિનિષ્ક્રમણ ન કહેશે તો શું કહેશે?...

જે મોટી જવાબદારી શિર ઉપર લઈને જવાના છીએ તેની પાસે એક જ મૂડી છે. આશ્રમવાસીઓ પાસે એક જ મૂડી છે. આપણે વિદ્વત્તાની મૂડી બતાવી શકતા નથી. આપણી પાસે એક જ પૂંજી છે — આપણા યમનિયમોનું પાલન અથવા પાલનનો આપણો ભગીરથ પ્રયત્ન. જે વ્રતોની પ્રતિષ્ઠા કરીને આશ્રમ સ્થાપ્યું તે જ વ્રતો આપણું અમોલું ધન છે. આપણે બધા એ વ્રતો પાળનારા હોવા જ જોઈએ. એ વ્રતો વિશે આજે પણ કશી શંકા હોય તો તે, છેવટની ઘડીએ પણ નીકળી જઈ શકે છે...

'આ આખરી ફેંસલો છે, આ નાટક નથી. વલ્લભભાઈના જેલ જવાની ખબર આવી ત્યારે પંડિતજીએ ગાયું 'શિર સાટે નટવરને વરીએ', એ શિર સાટાની આ લડત છે, સંભવ છે કે એમાં હુલ્લડો થાય, ખૂનામરકી થાય તોયે ભાગી છૂટવાનું નથી. [ભાગી છૂટીએ] તો સ્વરાજ ન મળશે, હુલ્લડ થાય તો આપણા લોકોના હાથે — હિંદુઓના હાથે, મુસલમાનોના હાથે — પણ મરી જઈ શકીએ છીએ. અને એમ હુલ્લડમાં ખપી જઈને આપણી અહિંસાને સાર્થક કરવાનું તો મળવાનું છે જ...

'યાદ રાખજો, આ જિંદગીભરની ફકીરી છે;... આ મહા ધર્મયુદ્ધ છે; એક મહાવ્યાપક યજ્ઞ કરીએ છીએ. અને એમાં સૌએ હોમાઈ જવાનું છે. તમારી અશક્તિ

હોય તો ખસી જજો. તમારી અશક્તિ એ તમારી શરમ નથી પણ મારી શરમ છે, કારણ, મને પ્રભુએ જે શક્તિ આપી છે તે તમારા સૌમાં છે, આત્મમાત્ર એક છે…'

આ, આ યુગનું મહાભિનિષ્ક્રમણ નહીં તો બીજું શું? એવા હું જાણું છું જેઓ એને મહાભિનિષ્ક્રમણ માનવાને તૈયાર થાય, અહિંસાના એક અનુપમ, અપૂર્વ પ્રયાસ તરીકે માનવાને તૈયાર થાય, છતાં શંકા કરે છે કે આ 'અંધારામાં કૂદકો તો ન હોય?' પણ બુદ્ધ ભગવાનને પણ કવિએ 'ચાલ્યો, શ્યામ રજનીમાં ચાલ્યો' કહીને વર્ણવ્યા છે. આપણે માટે એ શ્યામ રજની છે; પેલા હજારો પ્રેમિક પ્રેક્ષકોને માટે પણ એ શ્યામ રજની હોય એવો સંભવ છે. ગાંધીજી તો એ રજની ઉજાળનાર જ્યોતિ, સત્ય અને અહિંસાનાં અહર્નિશ દર્શન છે એટલે એ રજની નથી. આપણી સૌની રજની ફીટતાં જેટલી વાર લાગે તેટલી એ લડત લંબાશે. ગાંધીજી તો એ લડત લાંબી હોય કે ટૂંકી એ વિશે બેપરવા છે…૧૯

મહાભિનિષ્ક્રમણને પ્રથમ દિવસથી મહાદેવ-મોહન વચ્ચે પત્રવ્યવહાર શરૂ. એક જણ **નવજીવન** સંભાળે છે; રોજેરોજ ગાંધીજીનો મંત્ર ઝિલાવવા જંગી સભાઓ કરે છે; આશ્રમની દેખરેખ રાખે છે, બીજો એકસઠ વર્ષની વયે સરેરાશ અઢાર-વીસ કિલોમીટર કૂચ જુવાનોને શરમાવે એવી ગતિ અને સ્ફૂર્તિથી કરે છે; હજારોનાં ટોળાંને એકથી વધારે વાર સંબોધે છે, ખબરપત્રીઓના પ્રશ્નોની ઝડીને પહોંચી વળે છે; આગેવાનો સાથે મસલત ગોઠવે છે; અને અઠ્યોતેર સૈનિકોની ટુકડીના ચારિત્ર્ય અંગે ક્ષણેક્ષણ જાગરૂક રહીને રોજેરોજ એને ઘસીને ઉજાળે છે. અને આ બધાની વચ્ચેય પત્રવ્યવહાર ચાલે છે. મહાદેવે લખેલા ઘણા પત્રો આજે અપ્રાપ્ય છે. પણ બાપુના પત્રોમાંથી ઘણા જળવાયા છે, જે મહાદેવભાઈના પત્રો અંગેય થોડો ખ્યાલ આપી જાય છે.

પહેલો પત્ર મહાદેવે ૧૨મીએ લખ્યો જણાય છે, કારણ ૧૩મીનો એનો જવાબ ઉપલબ્ધ છે:

ચિ. મહાદેવ,

તમારો કાગળ મળ્યો હતો. તમને ઈશ્વર બધું બક્ષશે. આશ્રમે અત્યારે ઉજાળ્યું એમ ગણીએ. છતાં જાગૃતિ તો સારી પેઠે આવવાની બાકી છે. ઝટ ફુલાઈ જઈ નથી શકતા. જે હું છૂટો જ રહું તો ડૂબકી તો મારી જ જજો. દુર્ગાને અપવાસથી હાનિલાભ થયા હોય તેનું વર્ણન ઇચ્છું છું.

૧૩–૩–’૩૦બાપુના આશીર્વાદ૨૦

[તા. ક.] તેને નોખો કાગળ લખવો હતો, હવે નહીં લખું.૨૦

અને પંદરમીએ તો મહાદેવભાઈ ગુરુની આજ્ઞા મુજબ ‘ડૂબકી મારી’ પણ આવે છે. જુઓ ૨૩–૩–’૩૦ના નવજીવનના ‘ગાંધીજી સાથે બે ઘડી’ નામના લેખનો શરૂઆતનો ભાગ:

‘કાકાસાહેબ અને હું જે દિવસે નડિયાદ જવાને અમદાવાદ સ્ટેશને ગાડીમાં બેઠા તે દિવસે ગાડીમાં ભીડનો પાર નહોતો. બધાંયે ગાંધીજીની કૂચની વાતો કરતા હતા. અમદાવાદમાં દર્શન કરીને તૃપ્ત ન થયેલા બેત્રણ હજાર માણસો નડિયાદ જવા નીકળ્યા હતા. અમારે તો કામને અંગે જવાનું હતું.

નડિયાદ સ્ટેશનેથી ઊતરતાં ભાગ્યે જ કોઈને પૂછવું પડે કે ગાંધીજી ક્યાં ઊતર્યા છે? બધા રસ્તાના માણસો સંતરામ મંદિરના રસ્તા તરફ જ વળતા હતા. અને મનુષ્યોની એ અખંડ ધારામાં જે કોઈ નવું આવે તે ભળી જતું. સંતરામ મંદિરની દીવાલની બહાર માણસોની એટલી મોટી મેદની જામી હતી કે સ્થાનિક કાર્યકર્તાઓના પરિચય વિના ગાંધીજી પાસે પહોંચવું અશક્યવત્ હતું. પણ અમારે સદ્‌ભાગ્યે ફૂલચંદભાઈએ અમને દૂરથી જોયા, અને એ અમને ગાંધીજીને જ્યાં ઉતારો આપ્યો હતો તે ઝરૂખામાં એક ખાનગી રસ્તે લઈ ગયા. આ ખાનગી રસ્તે ઘૂસેલા માણસોની સંખ્યા પણ હજારેક હશે. ઝરૂખામાં માણસોની ભરતી એટલી બધી હતી કે ગૂંગળાઈ જવાને માટે થોડા જ વધારેની જરૂર હોય. આ મંડળની મધ્યમાં બેસીને ગાંધીજી પોતાનું સાયંકાળનું ભોજન કરતા હતા. ભોજન કરતાં કરતાં એક તરફથી પગ માલિશ થતા હતા, બીજી તરફથી અગત્યની વાતો ચાલતી હતી. ખાતી વેળા પણ ગાંધીજીને લોકો નચિંત કેમ ન બેસવા દેતા હશે, એ સહેજે થયું, પણ જેવા અમે ‘કામે’ ગયા હતા તેવા બીજા બધા પણ ‘કામે’ જ આવ્યા હશે તો આ બાર વર્ષમાં એમને નચિંત જીવે ખાતાં કોઈ દિવસ જોયા નથી, તો હવે શેના જોવાના હોય?૨૧

કૉંગ્રેસ મહાસમિતિ ક્યાં ભરવી એને અંગે કૉંગ્રેસ-પ્રમુખ જવાહરલાલજીના તારનો જવાબ આપવાનો છે, ટુકડીની જમવાની વ્યવસ્થા આણંદમાં કરવી કે બોરીઆવીમાં કરવી એને અંગે નિર્ણય આપવાનો છે, ત્યારે મહાદેવ સાથે તો અંદરના સંકલ્પની વાત જ પહેલી આગળ આવે છે:

મારા તરફ વળીને કહે, 'આજ સુધી તો ભગવાને ઠીક નભાવ્યું છે, પણ મુશ્કેલી ઠીક આવી. આ લોકોએ એક ગામથી બીજા ગામનાં અંતર અટકળે જ માની લીધેલાં, એટલે દસ માઈલને બદલે પંદર માઈલ ચાલવાનું થાય છે. ઘોડા પર બેસવાનો અથવા ગાડાનો ઉપયોગ કરવાનો મને આગ્રહ કરવામાં આવે છે, પણ મારા મનનો સંકલ્પ તો પેલા અમરનાથ અથવા બદરીકેદાર જનારા યાત્રાળુઓના જેવો છે કે થાકું તો બેસી જવું પણ આખો પંથ પગે જ કાપવો. આપણી પણ ધર્મયાત્રા જ છે ને?૨૨

બીજે દિવસે સવારે મહાદેવભાઈએ જોયું કે બીજા સાથીઓથી કલાકેક વહેલા ઊઠીને ગાંધીજી ટપાલ પતાવતાં દીવાનું તેલ ખૂટ્યું, અને પાસે સૂતેલા, થાકેલા સ્વયંસેવકને ન જગાડવાના ખ્યાલે ચંદ્રપ્રકાશમાં જ લખતા હતા. મહાદેવભાઈએ પૂછ્યું કે આટલા પ્રકાશમાં શી રીતે લખો છો? તો કહે: 'લખાય છે તો સારી રીતે; વંચાતું નથી.' સૈનિકોના દૈનિક કાર્યક્રમમાં આશ્રમનું સમયપત્રક જાળવવાનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. તેથી આ 'જંગમ આશ્રમ'માં બે સમયની પ્રાર્થના, યજ્ઞનું કાંતવાનું અને દિવસને અંતે રોજનીશી લખવાનું વ્રત ગણીને આગ્રહપૂર્વક કરવામાં આવે છે. સૈનિક ટુકડીના સભ્યોને ઉપર જણાવ્યાં તે કામો ઉપરાંત અનેક જુદી જુદી જવાબદારીઓનાં કામો પણ વહેંચવામાં આવ્યાં હતાં. પોતાની નડિયાદની મુલાકાતના વર્ણનમાં છેલ્લા ફકરામાં મહાદેવભાઈનું વ્યક્તિત્વ દેખાઈ આવે છે:

આપણી તો આ ધર્મયાત્રા છે, અને ધર્મયાત્રામાં આપણી એક પણ ક્ષણ નકામી ન જવી જોઈએ. આપણી યાત્રામાં એ વસ્તુનું સ્થાન મહત્ત્વનું છે. આપણાથી દિવસમાં એક પણ કાર્ય એવું ન થાય કે જેથી આપણને શરમાવું પડે અને તે પ્રતિક્ષણ આત્મશુદ્ધિ અને આત્મપરીક્ષામાં ન જતી હોય.

સ્વરાજ ન મળે ત્યાં સુધી શાંતિ ન લેવાની અને સરકારને શાંતિ ન આપવાની પ્રતિજ્ઞાનું ગાંભીર્ય ક્ષણેક્ષણનો હિસાબ રાખવાની આ ચીવટમાંથી સમજી શકાય છે. આશ્રમમાંથી નીકળ્યા ત્યાર પછી ગાંધીજીને વધારે શાંતિ અથવા આરામ મળશે એમ ધાર્યું હતું, પણ સ્વરાજ વિના, આશ્રમમાં કે આશ્રમની બહાર, જેલમાં કે જેલ બહાર, શાંતિની આશા વ્યર્થ છે એ સમજી શકાશે.૨૩

દાંડીકૂચ અંગે ત્રણ જુદી જુદી કંપનીઓએ ફિલ્મ ઉતારી. મુંબઈ, સંયુક્ત પ્રાંત અને

પંજાબની સરકારોએ આ ફિલ્મોને અપ્રમાણિત જાહેર કરી. એ બિના વિશે ટીકા કરતાં મહાદેવભાઈએ ૨૭–૩–'૩૦ના *यंग इन्डियामां* લખ્યું:

એ યાદ રાખવા જેવું છે કે મુંબઈના ફિલ્મ સેન્સર બોર્ડે એને વાંધાભરી નહીં હોવાનું પ્રમાણપત્ર આપ્યું હતું. પણ... [એ] સરકારોને પોતાનાં એવાં કારણો હશે જે સેન્સર બોર્ડની દૃષ્ટિમર્યાદાની બહાર હશે. જો આ ફિલ્મો આટલી બધી સ્ફોટક હતી તો નવાઈ એ લાગે છે કે કૂચને જ જે એનાથી સેંકડોગણી સ્ફોટક હોવી જોઈએ તેને દિનપ્રતિદિન કેમ આગળ વધવા દેવામાં આવે છે? પણ સરકારની વ્યૂહરચનાને છણવામાં કોઈ અર્થ નથી. એ રચનામાં મૂર્ખાઈ હોય, છેતરપિંડી હોય, ગમે તે હોય; સત્યાગ્રહીની વ્યૂહરચના તો એક જ છે — ઉઘાડા છોગે સત્યમય અને અહિંસક કાર્ય. છતાં પણ લાગતાવળગતા દરેકને કહેવાની જરૂર છે કે હિંદુસ્તાનની સ્વાતંત્ર્યની લડત સિનેમાની ફિલ્મો ઉપર લેશમાત્ર આધાર રાખતી નથી. જે લડતની શુભ શરૂઆત સને ૧૯૧૯ના એપ્રિલ માસની છઠ્ઠી તારીખે થઈ હતી અને જેનાથી લૉર્ડ ચેમ્સફર્ડ અને લૉર્ડ લૉઇડ મૂંઝાયા અને ગૂંચાયા હતા તે લડત સિનેમા- ફિલ્મો ઉપર આધાર રાખતી નહોતી. અને એવી ફિલ્મોના આધારે રોકાઈ પણ નહોતી.૨૪

મહાદેવભાઈ યાદ અપાવે છે કે પ્રાચીન કાળમાં રામાયણ કે મહાભારત કાળમાં કે અર્વાચીન કાળમાં ફ્રેંચ કે અમેરિકન ક્રાંતિ વખતે કોઈ સિનેમેટોગ્રાફ નહોતા છતાં દેશભક્તિની લાગણી તો હતી જ. ફ્રેંચ અને અમેરિકન ક્રાંતિના દિવસોએ ત્યાંના નાગરિકોની લાગણી આજે પણ પુલકિત થાય છે અને તેરમી એપ્રિલના કાંડના દિનને ભારતના નાગરિકોની યાદદાસ્તમાંથી કોઈ ભૂંસી શકે એમ નથી.

દાંડીકૂચના દિવસો દરમિયાન પટેલ – તલાટીઓનાં રાજીનામાંઓ જોઈને સરકારી પ્રકાશન ખાતાએ શરૂઆતમાં એવા ગપગોળા ચલાવ્યા કે કોઈએ રાજીનામાં આપ્યાં જ નથી. પછી કહ્યું કે એની સંખ્યા ઓછી છે, પછી કહ્યું કે એમની પાસેથી બળજબરીથી રાજીનામાં લેવામાં આવ્યાં છે અને તેઓ એને પાછાં લેવા ઉત્સુક છે.

'દેખીતી આંખે પાટા' નામના એક લેખમાં મહાદેવભાઈએ *नवजीवनना* ૬–૪–'૩૦ના અંકમાં આનો જવાબ આપતાં સુરત જિલ્લાનાં રાજીનામાંઓ મેળવવામાં પોતાનો હાથ હતો તે અનુભવને આધારે અનેક તાલુકાના પટેલ – તલાટીઓમાં અનેક રાજીનામાંના નક્કર દાખલાઓ આપીને આ અસત્યને ખુલ્લું પાડ્યું. આ લેખમાં

મહાદેવભાઈએ ગાંધીજી સારુ ‘સત્યસંઘ-મર્યાદમણિ’ એવાં વિશેષણો વાપર્યાં. સામાન્ય રીતે આ બંને વિશેષણો રામચંદ્ર વિશે વપરાય છે.

દાંડીકૂચ શરૂ થઈ તે પહેલાં સરદારે ભરૂચની એક સભામાં આવતા સંગ્રામને એક ધર્મયુદ્ધ તરીકે વર્ણવેલો. તેનો રિપોર્ટ કેટલાંક અંગ્રેજી છાપાંઓએ રિલિજિયસ વૉર એવો અનુવાદ કરીને છાપ્યો, જેનો અર્થ ધર્મની લડાઈ એવો થાય. મહાદેવભાઈએ ‘ધર્મયુદ્ધ’ નામના લેખમાં ૬–૪–’૩૦ને દિને **નવજીવન**માં એ અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું કે:

એમાં હિંદુઓ પરધર્મીઓની સામે ‘હરહર મહાદેવ’ કરીને નથી નીકળવાના કે મુસલમાનો, … ‘દીન દીન’ કરીને નથી નીકળવાના. બલકે એમાં હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી, હિંદી તેમ જ અંગ્રેજ સામેલ થવાના છે. એટલે આ લડાઈ ‘જેહાદ’ નથી કે ધર્મને અંગે માંડેલ સંગ્રામ નથી.

આ જ લેખમાં મહાદેવભાઈએ ધર્મયુદ્ધ શબ્દનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે,

આ લડતનું સાધન ધાર્મિક છે અને ધ્યેય પણ ધાર્મિક છે. અહિંસા અને સત્યમાં જેને વિશ્વાસ ન હોય તે આ લડતમાં જોડાઈ શકતા નથી… આ દેશનું સંપૂર્ણ સ્વરાજ એટલે આ દેશના કરોડો ગરીબોનું સ્વરાજ છે… એટલે સાધન અને ધ્યેય બંનેની દૃષ્ટિએ આ લડત અગાઉ લડાયેલી કોઈ પણ લડત કરતાં વિલક્ષણ પ્રકારની છે. આ વિલક્ષણતા જો સમજવામાં આવે તો ગાંધીજી પોતાની કૂચને ધર્મયાત્રા કહે છે તે, પોતાના સૈનિકોના વિચાર, વાણી અને વર્તન વિશે આઠે પહોર જાગ્રત રહે તે, તથા વારંવાર પોતાના હૃદયનો જ્વાળામુખી ખુલ્લો મૂકે છે તે સહેજે સમજાશે.૨૫

છેવટે મહાદેવભાઈ કહે છે:

‘જેમ જેમ ધર્મયુદ્ધ જામતું જશે તેમ તેમ હજી વધુ આત્મશુદ્ધિના, વધુ સંયમના અને વધુ આત્મનિરીક્ષણના પુરાવા આપણને મળતા જશે.’૨૬

૧૨મી માર્ચે સાબરમતી આશ્રમથી ગાંધીજીએ શરૂ કરેલી કૂચ જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ ગુજરાતમાં અને દેશના અન્ય ભાગોમાં પણ જાગૃતિ વધતી ગઈ. અમદાવાદ શહેરે તે દિવસનો મિજાજ લાંબા ગાળા સુધી જાળવી રાખ્યો. મહાદેવભાઈનું કામ અમદાવાદમાં રહીને અથવા આસપાસનાં ક્ષેત્રોમાં ફરી આવીને ગુજરાતના જંગનું સંચાલન કરવાનું હતું. રોજેરોજ એમની માગણી સભાઓમાં મુખ્ય વક્તા તરીકે આવવા સારુ થવા લાગી. ખુદ અમદાવાદ શહેરમાં જાહેરસભા સારુ બીજાં મેદાનો નાનાં પડવા

લાગ્યાં. એટલે સાબરમતી નદીના વિશાળ પટ પર વિરાટ સભાઓ ગોઠવાવા લાગી. એક ટેબલ પર ઊભા રહીને મહાદેવભાઈ બોલે અને સભાની વચ્ચે અમુક અમુક અંતરે બીજા ઊભા રહે તે મહાદેવભાઈના શબ્દો ફરી ઉચ્ચારે; એમ લાઉડસ્પીકર વિના જ હજારોની સભામાં ભાષણો થતાં. એકબે વાર તો સાબરમતીના તટ પર એટલી વિશાળ સભા થયેલી કે લોકો એલિસબ્રિજ પર ઊભા રહીને સાંભળતા હતા. આખું દશ્ય સફેદ ટોપીઓના કોઈ વિરાટ પટ જેવું બની રહેતું. અલબત્ત, આ વિશાળ સભાઓમાં ભાષણો ખાસ લાંબાં થતાં નહીં. બહુ મોટી સભાઓ તો ગેરકાયદેસર રીતે પકવી આણેલા મીઠાના લિલામ માટેની થતી.

સત્યાગ્રહીઓની ટુકડીઓને જુદે જુદે સ્થળે ફરજ પર મોકલતી વખતે નાની નાની સભાઓ થતી તેમાં વક્તાઓ વિષયના ઊંડાણમાં જતા. એવી સભાઓમાં જ મહાદેવભાઈ આ ધર્મયુદ્ધનું રહસ્ય વિવિધ રીતે સમજાવતા. જાહેરસભાઓમાં તો સત્યાગ્રહની પ્રક્રિયા વિશે માહિતી જ અપાતી. છઠ્ઠી એપ્રિલે ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે મીઠું પકવ્યું તે દિવસથી આખા દેશમાં ગેરકાયદેસર મીઠું પકવવાના કાર્યક્રમો ચાલ્યા, અમદાવાદમાં એક સભામાં મહાદેવભાઈએ કહ્યું કે,

આજે આખા દેશમાં જ્યાં જ્યાં બની શકશે ત્યાં ત્યાં લોકો 'નિમકહલાલ' બનવાનો આરંભ કરી રહ્યા હશે... એઓ (ગાંધીજી) કહે છે કે હિંદુસ્તાનના ગરીબોની પ્રત્યે આપણે નિમકહરામ રહ્યા છીએ, એટલે દેશને નિમકહરામ રહ્યા છીએ. તે મીઠાના કાયદાને નાબૂદ કરીને આપણે નિમકહલાલ બનીએ... મીઠાના રાક્ષસી કાયદા પ્રમાણે કુદરતી મીઠું એકઠું કરવું, માટીમાં ભળેલું મીઠું જુદું પાડવું; દરિયાના પાણીમાંથી સૂર્યનારાયણના તાપે અથવા ઉકાળીને મીઠું બનાવવું — એ ગુનો છે; એ મીઠું વેચવું એ ગુનો છે; એ મીઠું પરરાજ્યની સરહદમાંથી બ્રિટિશ સરહદમાં જકાત વિના લાવવું એ ગુનો છે. એ બધા પ્રકારના 'ગુના' કરવાની ગુજરાતે તૈયારી કરી લીધી છે... આપણે ત્યાં પ્રાંતિક સમિતિ તરફથી સ્વયંસેવકોને ધોલેરા અને દાંડીનું કુદરતી મીઠું વહેંચવામાં આવ્યું છે. એ વેચવાને માટે સ્વ. દાદાભાઈ નવરોજીનાં પૌત્રી બહેન ખુરશેદબહેન અને શેઠ અંબાલાલ સારાભાઈનાં પુત્રી મૃદુલા સ્વયંસેવિકા બન્યાં છે. આપણી પાસે બહુ મીઠું નથી એટલે દરેક સ્વયંસેવક અને સ્વયંસેવિકાને એક એક તોલા મીઠાનાં પડીકાં આપવામાં આવ્યાં છે. 'સ્વરાજ્ય સબરસ,' 'સ્વરાજ સબરસ' પોકારતાં પોકારતાં એ ભાઈઓ અને બહેનો એને અમદાવાદ શહેરમાં વેચવા નીકળી પડશે... જેઓ આ સૈનિકોને આશીર્વાદ

આપવાને આવ્યા છો તેઓ આ સૈનિકોનાં ખીસાં ભરજો. એક તોલા મીઠાની કિંમત નથી, પણ એક તોલો મીઠું વેચીને રાક્ષસી કાયદો તોડવાની જેટલી કિંમત કરીએ તેટલી... ઓછી છે...ખરીદનાર પણ બરોબર સમજી લે કે એ મીઠું ખરીદવું એ પણ ગુનો છે... એ ગુનો સેંકડો અને હજારો જણ કરીને આપણે મીઠાના કાયદાને નાબૂદ કરશું. મીઠાના વેચાણના બધા પૈસા સત્યાગ્રહની લડતમાં જ જમા થશે... આ લડત જીતવાની એકલી એક જ શરત અહિંસાની છે. એને ધ્રુવતારાની જેમ નિરંતર આગળ રાખીને આગળ ધપજો... આપણે ત્યાં હવે 'નિમકહલાલ' અને 'નિમકહરામ' એવા બે વર્ગ સિવાય ત્રીજો વર્ગ જ રહ્યો નથી.૨૭

કૂચમાં ગાંધીજી સાથેના સૈનિકોએ ચણામમરા ખાવાના શરૂ કર્યા એટલે અમદાવાદ, ધોલેરા વગેરે સ્થળોએ પણ સ્વયંસેવકોએ ચણામમરા ફાકીને રહેવાનું શરૂ કરી પોતાની જાતને દરિદ્રનારાયણ સાથે એકતાર કરી.

પોતાનાં રોજેરોજનાં ભાષણોમાં મહાદેવભાઈ સત્યાગ્રહની પ્રગતિના સમાચારો પણ આપતા, જે સાંભળનારા ખૂબ ઉત્સાહ અનુભવતા.

૭મી એપ્રિલે દાંડીથી પત્ર લખીને ગાંધીજીએ મહાદેવભાઈની મારફત ગુજરાતને અભિનંદન આપ્યાં. વળી, પોતાના આ સેનાનાયકને સેનાપતિ પત્રો દ્વારા સલાહ આપતા, અથવા એમની પાસે સલાહ માગતા પણ ખરા. જાહેરસભામાં મીઠું વેચવું કે નહીં, સ્ત્રીઓને કયા પ્રકારનું કામ સોંપવું વગેરે પ્રશ્નોની ચર્ચા આમ પત્રવ્યવહાર દ્વારા થયેલી. ૮–૪–'૩૦ને રોજ ગુજરાત કૉલેજ વિદ્યાર્થી સંઘ અને યુવક સંઘના આશ્રય હેઠળ એક સભા અમદાવાદના વિદ્યાર્થીઓની મળી. સભાના પ્રમુખપદેથી મહાદેવભાઈએ યુવકોને સલાહ આપતાં આખો કાર્યક્રમ જ આપી દીધો:

તમારી પાસે પુષ્કળ કામો છે. દા. ત., કજિયાનાં કારખાનાં બંધ કરાવવાનું, દારૂનિષેધનું, સરકારી ગુલામખાનાં બંધ પાડવાનું તથા ગામડાંમાં પ્રચાર કરવાનું. ગૂજરાત વિદ્યાપીઠના વિઘાર્થીઓના ગ્રામપ્રચારે જ બારડોલી જીત્યું છે. આવતે વર્ષે મહેસૂલની ભયંકર લડત ચાલવાની છે તે વખતે એ ગ્રામપ્રચાર કામ આવશે. ગુજરાત આજે એટલું જાગ્યું છે કે કદાચ એ એકલું સ્વરાજ મેળવી લેશે ત્યારે બીજા પ્રાંતો આશ્ચર્યમાં ગરકાવ થઈ જશે. હજુ તો પેલા બાવાને (કૃપાલાનીને) બોલાવી હું ગુજરાત કૉલેજ બંધ પાડવાનો છું.૨૮

અમદાવાદની પોલીસે મીઠું ક્યાંથી આવ્યું તેની શોધ માટે અઢીસો રૂપિયાનું ઇનામ કાઢ્યું. મહાદેવભાઈએ ૮મી એપ્રિલની સાંજે જાહેરસભામાં કહ્યું:

'એક હજારનું કાઢો તો હું, ખબર આપું અને લાખનું ઇનામ કાઢો તો ગાંધીજી ખબર આપે, અમારે એ ખાદીના કામમાં આવશે.'૨૯

એ વાત સાંભળી ગાંધીજીએ મહાદેવભાઈને ૧૧મીએ લખ્યું:

'તમે ૨૫૦ના ઇનામનો જવાબ ભલે આપ્યો, પણ ૨૫૦ રૂપિયા લઈને પણ શું કામ જવાબ ન આપીએ? જો એમ કરતાં કેસ ચલાવે તો વળી આપણો મારગ સાફ થાય છે.'૩૦

ધોલેરામાં પોલીસ અત્યાચારની વાત સાંભળીને ગાંધીજીએ મહાદેવભાઈને લખ્યું કે:

ધોલેરા તરફ નવીન રીતે જ અમલદારવર્ગ કામ લઈ રહેલ છે. મને લાગે છે કે ત્યાં તમે એક આંટો મારી આવો તો સારું. હું આજથી૩૧ આસપાસનાં ગામડાંમાં જવા માંડ્યો છું. આ અઠવાડિયું આ તાલુકાની બહાર કે એની આસપાસથી આગળ નથી વધવાની ઇચ્છા. પણ કદાચ જરૂર જણાય તો ધોલેરા કે એવી કોઈ જગ્યાએ જવા હું તૈયાર રહીશ.૩૨

નવમી એપ્રિલની સભામાં મહાદેવભાઈ સેનાનાયકની ભાષામાં બોલે છે:

હવે આપણી પાસે અનેક ઠેકાણેથી મીઠું આવી રહ્યું છે. તેની પોલીસને ખબર આપું છું. તા. ૧૩મીએ મીઠાનો ડુંગર કરવો છે. હવે હું ઢગલાબંધ કાઢવા માગું છું. સેવકો ઉપર કાંઈ પણ થશે તો હું બહેનોને બહાર પાડીશ; અને જોઉં છું કે તેમના શરીરને કોણ હાથ અડાડી શકે છે. તા. ૧૩મીએ પરદેશી કાપડની મોટી હોળી કરવી છે. એ માટે સ્વયંસેવકો પરદેશી કાપડ ઉઘરાવવા નીકળશે. માટે ઢગલાબંધ કાપડ આપવા તૈયાર રહેજો. જે કોઈ શહેરીઓને આ લડતમાં જે કાંઈ મદદ કરવી હોય તેમણે પ્રાંતિક સમિતિમાં આપી જવું.૩૩

વળી,

લડતનો રંગ જામતો જાય છે. અત્યારે આપણે ભેગા મળ્યા છીએ ત્યારે શુંયે ચાલી રહ્યું હશે તેની આપણને ખબર નથી... જેને સખત કેદ મેળવવી હોય તેણે વાંદરા કે મુંબઈ જવું. સાદી કેદ જોઈતી હોય તો વીરમગામ જવું! બીજું ક્ષેત્ર સુરત અને ભરૂચ ઊઘડ્યું છે. જેણે છૂટા રહેવું હોય તેણે ઊભા રહી ભાષણ કરવું... ગઈ કાલે

અમદાવાદની પોલીસને ધન્યવાદ આપ્યો હતો પણ એ જીરવી ન શકી. ધોલેરામાં પોલીસે જેમ કૂતરા-બિલાડાનો અવતાર લીધો છે તેવો જ અવતાર આપણી પોલીસે લીધો છે. આજે જે ભાઈ ઉપર જંગલી વર્તન ચાલેલ તે ભાઈ અહીં છે. તેમનો અંગૂઠો સૂજી ગયો છે. પોલીસ કેટલી પશુતા સુધી જાય છે એ જોવાનો પ્રસંગ આ છે...૩૪

ગાંધીજીની ઇચ્છા મુજબ મહાદેવભાઈ દસમીએ ધોલેરા પહોંચી ગયા. ત્યાંથી તેમણે લખ્યું:

જાહેર રીતે મીઠું પકવવાના એક સ્થળેથી૩૫ હું હમણાં જ ચાલ્યો આવું છું. મને થતું હતું, મને પકડવામાં આવશે, પણ હજી સુધી કાંઈ બન્યું નથી. લોકોનાં ટોળાં એટલાં મોટાં હતાં કે અમારા સુધી પહોંચવામાં પોલીસને સફળતા મળી નહીં. અલબત્ત, એમની ઇચ્છા હોય તો, પછીથી, એઓ, અમને પહોંચી શકે છે. અમારા બિનજકાતી મીઠાનો નમૂનો આ સાથે મોકલું છું. આશા રાખું છું કે આપને ગમશે.

મહાદેવ૩૬

ઉપરનો પત્ર અંગ્રેજીમાં લખાયેલ છે. એમ જણાય છે કે મૂળ તેમણે તે કૉંગ્રેસ-અધ્યક્ષ જવાહરલાલજીને મોકલ્યો હતો અને તેની નકલ ગાંધીજીને મોકલી હતી.

૧૦મીના જાહેર ભાષણમાં મહાદેવભાઈ પ્રશ્ન ઉઠાવે છે:

સરકાર રાજદ્રોહ માટે, ઉશ્કેરણી કરવા માટે, અને ગેરકાયદેસરની મંડળી માટે નેતાઓને જ્યારે પકડે છે, ત્યારે મીઠાનો કાયદો ક્યાં ગયો? એ માટે તો બહુ ઓછા પકડાયા છે. પણ આમાં તો સરકારની ચાલબાજી છે. સરકાર જેમ બીજી રીતે જબરી છે તેમ જૂઠાણું ફેલાવવામાં પણ જબરી છે. વિલાયતમાં તો કદાચ એમ ખબર આપવામાં આવી હશે કે ગાંધીજીએ એક ખાબોચિયામાં મીઠું બનાવ્યું અને કેટલીક જગ્યાએ કાયદાનો ભંગ થાય છે. રામ્સે મૅકડૉનાલ્ડે દસ વર્ષ પહેલાં લખેલી પોતાની ચોપડીમાં મીઠાના કાયદાને અન્યાયી કહ્યો છે. આવી સ્થિતિમાં ગાંધીજીને પકડે તો સરકાર બદનામ થાય, બીજી ધરપકડોમાં પણ ઇન્ડિયન પીનલ કોડની કલમો લગાડી સરકાર એવું જૂઠાણું ફેલાવવા માગે છે કે મીઠાના કાયદાનો બહુ ભંગ થયો ન હતો.૩૭

વળી એમણે આગળ કહ્યું હતું:

ધોલેરા અહીંથી સો માઈલ દૂર છે. વચમાં લાઇનદોરી છે. ત્યાંથી આવતી વખતે પોલીસે અમારી મોટર રોકી હતી. એની સાથે વાત કરતાં મેં એને એમ કહ્યું હતું કે, 'તું

આ નોકરી કરી શા માટે હેવાન બને છે? કાલે તું અમારા ઉપર ગોળી ચલાવીશ!' એણે જવાબમાં કહ્યું હતું કે, 'હું ગોળી ચલાવીશ પણ આસમાન નહીં ચલાવવા દે. અમે તો ઇચ્છીએ છીએ કે આ સરકાર નાબૂદ થાય, પણ તમારામાં તાકાત ક્યાં છે?'

ધોલેરામાં શું ચાલે છે એ હું પ્રત્યક્ષ જોઈને આવ્યો છું. અમૃતલાલશેઠના સો-દોઢસો સ્વયંસેવકો છે. પણ એમને ધન્ય છે. એઓ ત્યાંથી ચાર માઈલ દૂર મીઠું ભેગું કરવા જાય છે. ચાર અમલદારો અને બીજા પોલીસો એમનો મુકાબલો કરવા બેસે છે. એ તો મુકાબલો પણ કહી ન શકાય, કારણ કે પંદર-સત્તર વર્ષના છોકરા પર સાત-આઠ પોલીસો તૂટી પડે, અને છતાં, એ પાંચ-સાત મિનિટ જહેમત ચાલે. (પોલીસો) એની આંગળીઓ છૂંદી નાખે, લોહી નીકળે, અને નીચે પાડી નાખીને મીઠું ખૂંચવી લે. બીજા પચાસ વર્ષની ઉંમરના સૈનિક શ્રી નગીનદાસ મોદીએ પણ તેમને એટલી જ સખ્ત જહેમત આપી હતી,૩૭

રોજેરોજ ગાંધીજી અને મહાદેવભાઈ વચ્ચે પત્રવ્યવહાર ચાલે છે. કોઈ શંકા ઉઠાવે છે કે આમ મીઠું લઈ આવવું એ 'સ્મગલિંગ' (ચોરીછૂપીથી લાવવું) ન ગણાય? ૧૧–૪–'૩૦ને દિન ગાંધીજી મહાદેવભાઈને લખે છે:

લોકો છુપાવે નહીં એટલે સ્મગલિંગ નથી. સ્મગલિંગ તો ત્યારે જ હોય જ્યારે છુપાવવાનો ઇરાદો હોય. એટલે તમે જે ચલાવી રહ્યા છો તે બરાબર છે. મીઠું લાવનાર પણ જાહેર કરી દે (છેવટે) કે તે ક્યાંથી લાવેલ છે. માણસ ટપાલમાં મીઠું મગાવે તો ક્યાં નથી મગાવી શકતો?...૩૮

એ જ પત્રમાં ગાંધીજી મહાદેવભાઈને લખે છે:

'તમે સાસ ખાઈને કામ કરજો. બીજાઓથી થાય તે સોંપતા જજો.'૩૮

આંદોલન રાષ્ટ્રીય બન્યુંં૩૯ ત્યાર પછી અઠવાડિયે અઠવાડિયે ગુજરાતના પૂરા આંદોલનના સમાચાર મહાદેવભાઈએ ગુજરાતની પ્રજાને **નવજીવન** દ્વારા આપવા માંડ્યા. 'પ્રથમ સપ્તાહ' લેખના કેટલાક ભાગ ઇતિહાસની નોંધ અને મહાદેવભાઈના મિજાજની નોંધ સારુ નીચે આપ્યા છે:

તા. ૧૨મી માર્ચે ગાંધીજીએ મહાભિનિષ્ક્રમણ કર્યું તે વેળા કદાચ એમણે પણ આશા ન રાખી હોય એવી જાગૃતિ આખા દેશમાં જણાઈ રહી છે. ...

ગુજરાતમાં તો તા. ૬ઠ્ઠીએ જ આરંભ થયો; અને સુરત, ભરૂચ, ખેડા અને

અમદાવાદ એમ ચાર જિલ્લાઓમાં જેટલે સ્થાને સત્યાગ્રહ કરી શકાય તેટલે સ્થાને કરવાની પેરવી કરવામાં આવી. ૧૯૩૦ના સત્યાગ્રહના ઇતિહાસમાં દાંડીની, આટની, બદલપુરની, લસુન્દ્રાની, ધોલેરાની અને વીરમગામની લડાઈઓની પ્રથમ નોંધ લેવાશે... હજારોની સંખ્યામાં સુરત-અમદાવાદમાં 'સ્વરાજ-સબરસ'નાં પડીકાં વેચાયાં, ઊભરાતા ઉત્સાહે સ્વયંસેવકોએ અદાલતનાં મકાનોમાં પણ પડીકાં વેચ્યાં, પોલીસ-થાણા આગળ વેચ્યાં, પોલીસ અમલદારોને વેચવાની માગણી કરીને શરમાવ્યા, ખરીદનારાઓએ પોતાનાં નામો જાહેર કર્યાં એટલું જ નહીં પણ પોલીસને આહ્‌વાન કર્યું: 'પકડાય તો પકડો,' દાંડીની આસપાસનાં ગામોમાં તો ગામોનાં ગામો ભળ્યાં — સ્ત્રી, પુરુષો, બાળકો સહિત — અને આજે આટ અને ભીમરાડ જેવા ગામમાં દરેક ઘરમાં 'ચોરીનું મીઠું' આખા વર્ષને માટે સંઘરવામાં આવ્યું છે. લસુન્દ્રામાં બહિષ્કાર સંગઠન એટલું સખત થઈ પડ્યું કે પોલીસને, ત્યાં જીવવું મુશ્કેલ થઈ પડ્યું. એટલે તો લોકોને માટે દ્વાર ખુલ્લાં થયાં. કેટલાને પકડે અને કેટલાને રોકે? પોલીસ પણ થાકીને ભાગી છે, અને મીઠાના કાયદાનું નામનિશાન ત્યાં રહ્યું નથી. ...

લોકોની જાગૃતિની શી વાત કરવી? અમદાવાદની રેતીમાં હજારો માણસો રોજ સાંજે ભેગા થાય છે, એમને કશો નવો સંદેશો મળતો નથી, એમની આગળ મોટાં ભાષણો થતાં નથી, છતાં લોકો ઊભરાતા રહે છે. બહેનો આઠ વાગ્યા સુધી બેસતાં થાકતી નથી. વેપારીઓ અનેક પ્રકારની મદદ આપવાને તૈયાર થયા છે. બહેનો મીઠું વેચવાને માટે નીકળવાની રજા માગે છે, સ્વદેશીનાં વ્રતો લેવાને તૈયાર થઈ રહી છે. પ્રાંતિક સમિતિમાં પરદેશી કાપડના ઢગલા થાય છે. મીઠાને માટે પૈસા આપતાં લોકો પાછું ફરીને જોતા નથી. તા. ૧૦મીએ એટલે પાંચમે દિવસે મીઠાનાં વેચાણની આવક ૩,૬૦૦ રૂપિયા જેટલી થઈ હતી. ભાઈ ચીમનલાલ બ્રોકરે વકીલાત છોડી, ગાંધીજી કહે તે કામ કરવાની તૈયારી બતાવી છે. શ્રી વામનરાવ મુકાદમ એમ. એલ. સી.નું રાજીનામું આપી સૈનિક તરીકે જોડાયા છે. શ્રી સ્વામીનારાયણ૪૦ ધોલેરા ગયા. ત્યાંનાં દશ્યો જોઈને તેમને પણ સત્યાગ્રહ કરવાનું મન થઈ ગયું. તેમણે જાહેરસભામાં મીઠું વેચ્યું અને તા. ૧૩મીએ જાહેર રીતે વેચવા નીકળવાના છે. મિલમાલિકોમાંથી શ્રી રણછોડલાલભાઈએ ભજવેલો ભાગ તો રોમાંચ ઉપજાવનારો છે... અમદાવાદ શહેરનાં સારાં સારાં કુટુંબોના અનેક પુત્રો છે, સરકારી નોકરોના પુત્રો છે, પેન્શનર પણ છે (જેઓ ધોળકાની ટુકડીમાં પકડાઈ

ગયા), સ્ત્રીઓ છે, મુસલમાનો છે, પુષ્કળ મજૂરો છે... સાચી લોકજાગૃતિ એકલવાયી સંકુચિત રહેતી નથી; એ વ્યાપક સ્વરૂપ જ લે છે.

પ્રથમ બલિદાનોમાં ખાદીસેવકોનો હિસ્સો મોટો, કે રાષ્ટ્રીય વિદ્યાપીઠવાળાઓનો મોટો, કે બધી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પડેલા સેવકોનો હિસ્સો મોટો એ કહેવું મુશ્કેલ થઈ પડશે... શૌકત-મહમદની૪૧ ખુશામત કરીને સરકાર તેમની પાસે ગમે તેવાં વચનો બોલાવે૪૨ મહેરઅલી અને આબિદઅલી જેવા શૂરવીર જુવાનોને જેલમાં જતાં તેઓ રોકી શક્યા નથી. ભાઈ બહેરામ મહેતા[ને] — [અને] દારૂનિષેધની ચળવળના અઠંગ કાર્યકર્તાને — જેલમાં મોકલીને પારસી કોમ અભિમાન લેતી હશે કે કેમ તે હું નથી જાણતો પણ મીઠુબહેન તો જરૂર તેમની અદેખાઈ કરતાં બેઠાં હશે...

સરકારના રંગ જોવા હોય તો જુદા જુદા પ્રાંતોમાં જુદા જુદા જોવાના મળે છે. એક જ ગુનાને માટે સાદી કેદ અને 'અ' વર્ગ જોઈતો હોય તો જાઓ અમદાવાદમાં અથવા મુંબઈમાં; સખત કેદ(ની) જોઈતી હોય તો મુંબઈથી નજદીક વાંદરા અને વિલેપારલે જાઓ; સખત મજૂરી સાથે બેડીઓ પહેરવાનો ઉમળકો હોય તો ગુંડાશાહીના રાજ ખેડામાં જાઓ; અખાડામાં કસાયેલા શરીરને વધારે કસવાં હોય તો વઢવાણ અને ધોલેરા જાઓ. હજી બીજા પ્રાંતોની કથા આવતી જશે તેમ સરકારના વધુ રંગો દેખાતા જશે...

થોડાકને પકડ્યા, પછી સરકાર થાકી, જ્યાં આભ ફાટ્યું છે ત્યાં હાથ દીધેલે ક્યાં પત્તો લાગે? એટલે હવે સરકારે પશુબળનો ઉપયોગ કરવા માંડ્યો છે. અમદાવાદના બેત્રણ સૈનિકોના અંગૂઠા ઊતરી ગયા છે, ધંધૂકાને૪૩ વિશે હું જુદી નોંધ લખું છું, વીરમગામમાં અનેકનાં બાવડાં ઢીલાં કર્યાં છે...

'ગેરકાયદેસર ટોળી' શબ્દ આજ સુધી તો તોફાનીઓ અને ગુંડાઓની ટોળીને લાગુ પડતો. આજે એ સત્યાગ્રહીઓની શાંત વ્યવસ્થિત ટોળીઓને લાગુ પાડવામાં આવે છે. ફૂલચંદ શાહને આવી ટોળીના સભ્ય તરીકે અને ક્રાંતિકારક ગીતો ગાવા માટે પકડવામાં આવ્યા. એમાંનું (એક) ગીત —

'કરો સાંધા ઢીલા સરકારના રે'

— એ હતું. જ્યારે ફૂલચંદભાઈ ઉપર કેસ ચાલતો હતો ત્યારે બહાર હજારો માણસો મૅજિસ્ટ્રેટના કાન ફાટી જાય એવી રીતે એ જ ગીત લલકારતા હતા અને બ્રિટિશ ન્યાય ઉપર હસતા હતા...

હવે ધોલેરાની થોડી હકીકત આપી દઉં. શ્રી અમૃતલાલ શેઠે પસંદ કરેલા સૈનિકો

કાઠિયાવાડને અને અમૃતલાલ શેઠ બંનેને શોભાવી રહ્યા છે. ધોલેરાથી ચાર માઈલ ચાલી એઓ મીઠું લાવે છે. એ મીઠું લાવતાં એમને પકડવામાં આવે છે. પકડીને બે અંગ્રેજ અમલદારો, એક મુસલમાન અમલદાર અને એક હિંદુ અમલદારની ચોકડીની નજરોનજર, એમના ઉપર હુમલો થાય છે. પાંચછ લઠ્ઠ સિપાહીઓ એમના ઉપર હુમલો કરે છે. કાઠિયાવાડનો સૈનિક — પછી તે સત્તર વર્ષનો હોય કે સત્તાવન વર્ષનો — આ પાંચછ લઠિયાઓની સાથે પાંચસાત મિનિટ સુધી ટક્કર ઝીલે છે. એ ટક્કર ઝીલતાં પેલા પશુઓ કરડે છે, નખ દે છે, આંગળીમાંથી લોહી નીકળે તો પરવા રાખતા નથી. ફ્લેચર નામના અંગ્રેજ અમલદારે મને સવારે૪૪ કહ્યું: 'તમારા સૈનિકો બહુ સુંદર રીતે વર્તી રહ્યા છે.' મેં કહ્યું, 'એ સાચું, પણ તમારા ઉપર એ સુંદર વર્તાવની કશી અસર નથી થતી એ દુ:ખની વાત છે. તમારા સૈનિકો હેવાન બને છે, એ શરમની વાત છે.' પેલો કહે: 'એ તો ફૂટબૉલ જેવી રમત છે, રમતમાં ઉઝરડા નથી પડતા?' ઘડીક પછી જ એ 'ફૂટબૉલ'ની રમત ચાલી અને એમ સૈનિકની આંગળીમાંથી લોહી નીકળતું હતું તે મેં એને બતાવ્યું ત્યારે કહે: 'કમનસીબની વાત છે. હું દિલગીર છું. પણ આટલા માણસો હું એટલા ખાતર વાપરું છું કે તેથી ઓછામાં ઓછું બળ વાપરવું પડે...'

આમ, એક તરફથી આપણા સૈનિકો કશું બોલ્યા વિના, અપશબ્દ ઉચ્ચાર્યા વિના, આંગળી ઉગામ્યા વિના, શૂરાતન દાખવી રહ્યા છે. ત્યારે આપણા જ 'સૈનિકો' જે સરકારી નોકરીમાં આપણને બેવડા નિમકહરામ નીવડેલા છે તે, આ લોકોને બચકાં ભરે છે, લોહી કાઢે છે. મેં સિપાહીઓની સાથે વાતો કરી. પેલા મારનારાઓને નામર્દ કહ્યા, એમની ઉપર કશી અસર ન થઈ. પણ દૂર બીજા ઊભા હતા તેઓ શરમાયા. તેમણે કહ્યું: 'શું કરીએ? પાપી પેટને માટે કરવું પડે છે.' મેં કહ્યું: 'કૂતરા પણ બનવું પડે?' 'કાયદો એવું કરાવે છે એટલે શું થાય? '... પાછા વળતાં લાઇનદોરીના સિપાહીએ એની એ જ વાત કરી. પેન્શનની આશાએ નોકરી કરીએ છીએ એમ કહ્યું અને અફસોસ નાખ્યો કે, 'ગાંધીજી તો સેવા કરી રહ્યા છે, પણ સરકારનો અંત હજી આવતો નથી એ દુ:ખની વાત છે. અમને ખાતરી થાય કે એ અંત આવી રહ્યો છે તો તરત છોડીએ.' એ મુસલમાન હતો. આગળ બોલતાં કહ્યું: 'દિલ્હીમાં મારા કાકા શૌકત — મહંમદે સ્વરાજ લેવાની આશા આપેલી. ૧૯૨૧માં તે ન મળ્યું — આ વર્ષે પણ શી આશા રખાય?' મેં કહ્યું: 'વારુ ત્યારે આશા પડે ત્યારે છોડજે. પણ હેવાન ન બનજે, બદનામી ન લેજે, ભાઈ ઉપર ગોળી

કદી ન છોડીશ.' એટલે ગળગળો થઈને એ બોલ્યો: 'ગોળી છોડવાનું ભલે મને મન થાય. આસમાન (એટલે ખુદા) ગોળી છૂટવા નહીં દે...'

આ હેવાનિયત કરનાર પણ આપણા ભાઈઓ છે. જ્યાં જ્યાં સિપાહીઓનો ભેટો થાય ત્યાં ત્યાં એમની સાથે ભાઈચારો કરવો અને એમને નિમકહલાલ થવાનું સમજાવવું એ દરેકનું કર્તવ્ય છે; પણ તે ઉપરાંત મોટું કર્તવ્ય એ છે કે એ લોકોને સ્વરાજ આંખ આગળ આવી રહ્યું છે એવી આપણા વર્તનથી ખાતરી કરી આપવી...

અહિંસક રીતે વ્યાપક સવિનયભંગ કેવી રીતે થઈ શકે છે એ તો જગતે જોઈ લીધું છે અને લૉર્ડ અર્વિન પોતાના ડાહ્યા સલાહકારોને પૂછતા થઈ ગયા હશે કે, 'આ સવિનયભંગ હજારો માણસો કરી રહ્યાં છે, પોલીસ હેવાન બને છે છતાં કેમ ક્યાંય તોફાન-અત્યાચાર નથી થતાં? તમે સવિનયભંગની મને આપેલી વ્યાખ્યા તો ખોટી લાગે છે,' પણ આ તો આપણા આપભોગ અને સંકટસહનની પહેલી પૂણી છે. હજી ગોળીબારની બાકી છે. એ પછી લૉર્ડ અર્વિનને પાકી ખાતરી થશે.૪૫

ગાંધીજીની કલ્પના કરતાં એમને વધુ દિવસો છૂટા રાખવામાં આવ્યા હતા. મહાદેવભાઈને પણ છઠ્ઠી એપ્રિલે રાતે સાડા દસ પછી ગાંધીજીએ લખ્યું:

મણિલાલ કોઠારી પકડાયાનું સાંભળ્યું છે. રામદાસ વગેરે તો પકડાયા જ છે. સરસ થઈ રહ્યું છે. તમારા પણ દહાડા અથવા કલાક ગણવા. હું તો બહાર રહું તોયે ઠીક છે, અંદર જાઉં તોયે ઠીક છે... વખત મળે તો ઓરતોને ઑર્ગેનાઇઝ કરી લેજો. આશ્રમની બહેનો પહેલ કરે તો હરકત નથી; કદાચ આવશ્યક હોય. આ ઉલ્લેખ મદ્યપાન વિશે છે... અહીં તો હજુ કોઈના ઉપર હાથ નથી નાખ્યો. સરોજિનીદેવી અહીં રહ્યાં છે, ને અબ્બાસ ડોસા (તૈયબજી) પકડાય તો એણે જગ્યા લેવાનો નિશ્ચય કર્યો છે...૪૬

વળી ૧૪મી એપ્રિલ:

તમને સવારે તો કાગળ મોકલ્યો જ છે. આ, બીજો. રાતના સાડા દસ વાગ્યા છે. જવાહર પણ ગયો. અહીંથી પંડ્યા,૪૭ ઘિયા૪૮ ઇ. ગયા. કહે છે કે જુગતરામ૪૯ને પણ ઉપાડે છે. આ બધાને આરામની આવશ્યકતા તો હતી જ. એકસાસે કામ કરી રહ્યા હતા. લોકો તો પોતાની મેળે કામ કરતા થઈ ગયા લાગે છે... બાને તો તૈયાર કરીને જ લાવજો. સામાન લાવવો હોય તો લાવે. એને સારુ તો કામ કાઢી જ રાખ્યું છે.૫૦

એક ભાષણમાં મહાદેવભાઈએ કહ્યું:

ધોલેરાથી આવીને એ દિવસે મેં સભામાં ત્યાંની ચળવળનું વર્ણન આપ્યું હતું. ત્યાર બાદ મને અહીંયાંના પોલીસ અમલદારો મળ્યા અને જણાવ્યું કે, 'અમે એ લોકોને વધારે સભ્ય વર્તન રાખવા અને બળજોરી નહીં કરવા માટે હુકમ મોકલ્યા છે.' પણ ધોલેરાના છેલ્લા સમાચાર ત્રાસજનક છે. ભાઈ અંબાલાલ શુક્લ પર જે ત્રાસ ગુજાર્યો છે તેમાંથી તો આ રાજ્યની જે બદનામી થઈ તેવી ભાગ્યે જ થઈ હશે. અંબાલાલ પર આઠ-દસ પોલીસ તૂટી પડ્યા, એમની છાતી પર મુક્કા માર્યા, ગળે નખ દીધા અને છેવટના એમનાં ગુહ્યાંગ પણ દબાવવામાં આવ્યાં. આનાથી વધારે દુષ્ટ અત્યાચાર બીજા હોઈ જ ન શકે. સ્વયંસેવકો એમને હૉસ્પિટલમાં લઈ ગયા અને ઇંજેક્શન પછી જ્યારે એમને દોઢ કલાકે ભાન આવ્યું ત્યારે એમણે પૂછ્યું, 'હું સરકારી હૉસ્પિટલમાં તો નથી ને?' ત્યાર બાદ એમણે જણાવ્યું કે, 'મારી પાસે હજી મીઠું છે,' એમનું શૂરાતન આખા ગુજરાતમાં ગવાશે. એમનામાં જે અહિંસા જીવી રહી છે તેનાથી આ રાજ્યનો નાશ નક્કી છે.૫૧

૧૫મીએ ગાંધીજી પાસે ખોટી અફવા પહોંચી ગઈ કે મહાદેવભાઈને પકડ્યા. તેમણે તરત જ લખ્યું:

ચિ. મહાદેવ,

હમણાં સાંભળ્યું કે તમને ઉપાડ્યા!!! ભલે. આરામ મળશે. આટલા દહાડા બહાર રાખ્યા એ પણ આશ્ચર્ય હતું. લોકો જેમ તવાય તેમ સારું છે.

અબકી ટેક હમારી
લાજ રાખો ગિરિધારી

બાપુના આશીર્વાદ

કલકત્તા, કરાંચી અને પૂનાથી અશાંતિના સમાચાર આવ્યા. તે સાંભળી મહાદેવભાઈએ અમદાવાદની એક સભામાં કહ્યું:

આ દેવ અને અસુરનો સંગ્રામ છે. સરકાર તો આસુરી શક્તિ છે જ; પણ આપણામાં રહેલા અસુર સામે પણ આપણે લડવાનું છે... કરાંચીમાં પ્રજાને ચીડવનાર પોલીસ જ. કલકત્તામાં કારણ આપનાર, ઉશ્કેરણી કરનાર પોલીસ જ, પણ કલકત્તામાં ઈજા કરનાર, તોફાન કરનાર, (ટ્રામ) બાળનાર આપણા લોકો હતા. અને તા. છઠ્ઠીથી પવિત્ર લડતમાં જોડાનાર આપણે, હિંદી કે યુરોપિયન જાનમાલને નુકસાન ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. અને ખરેખર, તેથી, આવા બનાવો બને એ આપણી બેશરમી અને દિલગીરી છે. ગાંધીજી નુસખો શોધવાનું કહેતા હતા તે એ કે શાંતિના બધાય સ્વયંસેવકો હિંસા ફાટી

નીકળે ત્યારે એમાં ભસ્મીભૂત થઈ જાય. હસીને બેસી ન રહે. લડત પ્રચંડ વેગમાં હોય ત્યારે પણ હિંસાને અટકાવવાની બ્રેક એ જ છે. એ કસોટીએ જયરામદાસપ૩ ચડ્યા છે. સેનગુપ્તા અને સુભાષ બંને કલકત્તાના રમખાણ વખતે જેલમાં હતા. પ્રજાનાયકોને જેલમાં પૂરી સરકાર ઉપર શાંતિ જાળવવાની બેવડી જવાબદારી આવી પડે છે. સરકાર જ, તેથી, રમખાણ માટે જવાબદાર છે. ગુજરાતના સ્વયંસેવકોએ બધાના પ્રમાણમાં પોતાનું નામ દીપાવ્યું છે.પ૪

'બીજું સપ્તાહ' નામના ૨૦–૪–'૩૦ને દિન **નવજીવન**માં પ્રગટ થયેલા લેખની કેટલીક અગત્યની વાતો:

ગુજરાતમાં બલિદાનોની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જ ગઈ છે. વીણી વીણીને સરકારે ગુજરાતના સેવકોને ઉપાડવા માંડ્યા છે... આમ શાંતિસેવકોને પકડીને અશાંતિ સ્થાપવાનાં સરકારનાં ફાંફાં બધાં અહીં તો ફોક ગયાં છે. ગુજરાતમાં મીઠાના કાયદાનો સવિનયભંગ જેવો થયો તેવો ભાગ્યે જ બીજે કોઈ ઠેકાણે થયો હશે. આજે અમદાવાદની ટુકડીના ભાઈ રમણીકલાલ ચૂનીલાલ નામના નવજવાન પાસેથી તો મીઠું ઝૂંટવી લેવા માટે તેમની બગલમાં બટકું ભર્યું, અને બીજી બગલમાં વિખેડાપપ ભર્યા, હાથ અને પગ પર જોડાની એડી ભરાવી, મોઢે ડૂચો દીધો, ગળું દાબ્યું અને છેવટે ગુહ્ય ભાગની ગોળીઓ દબાવી ત્યારે રમણીકલાલ બેભાન થઈ ગયા. ભાઈ રમણીકલાલને સ્ટ્રેચર પર સુવડાવી છાવણીમાં લાવ્યા, પાણી છાંટ્યું ત્યારે ભાન આવ્યું. હાલ શેક ચાલે છે. શરીર આખું ગૂમડા જેવું થઈ ગયું છે. તેમની હિંમત કોઈ પણ શૂરા ક્ષત્રિયને દીપાવે તેવી છે. ફોજદારને રાત્રે અગિયાર વાગ્યે ભાઈ રમણીકલાલની તબિયત જોવાનું સૂઝ્યું, અને છાવણીમાં આવ્યા; પણ ત્યારે તો ઘાયલ થયેલ ભાઈની આંખ ઘેરાઈ ગઈ હતી.પ૬

ગાંધીજીએ ધોલેરા અને વીરમગામના સૈનિકોને ખાસ સંદેશો મોકલ્યો. તેમાં ગાંધીજીને જેણે આ સમાચારો મોકલ્યા હતા તેમને સાવધાન રહેવા અને સિદ્ધ કરવા તૈયાર રહેવા સૂચવ્યું. તેમણે એમ પણ લખ્યું કે સત્યાગ્રહના જે ઉપચારો આજ લગી લેવાયા છે તેના કરતાં પણ વધારે ઉગ્ર લેવાય તેવા મોજૂદ છે. જેમની ઉપર અત્યાચારો થયા હતા તેમને નિર્ભય રહેવાની તેમણે સલાહ આપી. અને છેવટે એમ પણ કહ્યું કે અત્યાચારો અટક્યા ન હોય તો તેઓ જાતે ત્યાં જવા અધીરા થઈ રહ્યા હતા. 'ઈશ્વરકૃપા હશે તો હું ત્યાં પહોંચીશ ને નિવારણ સૂચવીશ!' છેવટે ગાંધીજીએ

બાંહેધરી આપી હતી કે 'સુરત જિલ્લાના કાર્યને પહોંચતા છતાં મારું મન ધોલેરા કે વીરમગામમાં પરોવાયેલું રહે છે.૫૭

દેવદાસ ગાંધી દિલ્હીથી પકડાયા. 'લો આ જેલમાં પહોંચ્યા'થી શરૂ થતા ૧૨–૪–'૩૦ના પત્રમાં તેમણે દિલ્હી જેલથી ત્યાંના આંદોલનનું આબેહૂબ અને રમૂજી વર્ણન આપી છેવટે એક ગંભીર બાબત અંગે સ્પષ્ટતા કરી:

તમે લખો છો કે રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ વગેરેની બાબતમાં મારો મત બાપુથી જુદો પડતો હોય તો મારે સ્વયંસેવક બની લડતમાં જોડાવું ન જોઈએ. મારો મત તો તમે જાણો છો એ જ છે. જે ચેન્જ ઑવ હાર્ટ (હૃદયપરિવર્તન) બાપુ માગતા હતા તે આ પ્રસંગે જોવામાં આવ્યું હતું. જો સંપૂર્ણ નહોતું જોવામાં આવતું તો તેનાં સ્પષ્ટ કારણો હતાં. ચેન્જ સંપૂર્ણ કરાવવામાં સરકારને બાપુની જ મદદની જરૂર હતી. એ મદદ ગર્ભિત રીતે એમણે માગી પણ હતી. કેટલીક આવશ્યક મર્યાદા છે. સાથે ડોમિનિયન સ્ટેટ્સ (સ્થાનિક સ્વરાજ) મળી જાત એમ હું માનું છું.

આમ છતાં લડતમાં ન જોડાવાનું સબળ કારણ નથી. બાપુના ૧૧ મુદ્દાઓ મને ગમ્યા છે, અને તેને માટે જ આ લડત છે. તેમાંથી અરધા પણ જો સરકાર સ્વીકારવા તૈયાર ન થાય તો તેની સાથે લડ્યે જ છૂટકો છે. બીજું કારણ ડિસિપ્લિન (શિસ્ત) છે — એ ડિસિપ્લિનને લીધે પણ હું જોડાયો છું.

આ બધું ટૂંકમાં પતાવું છું. તમને લંબાણથી લખવાની જરૂર પણ નથી.૫૮

૨૦મી એપ્રિલે ગાંધીજીએ મહાદેવભાઈને લખ્યું:

'બે દિવસથી તમારો કાગળ નથી. ધોલેરા-વીરમગામ વિશે જાણવા ઉત્સુક છું. લખજો કે લખાવજો. ચિત્તાગોંગમાં તો બળવો જ થયો એમ જણાય છે. રામ રાખે તેમ રહીએ.'૫૯

૨૩મી એપ્રિલે તો આખરે મહાદેવભાઈની ધરપકડ થઈ. ધરપકડ અને ત્યાર પછીની એમની મનોદશાનું વર્ણન મહાદેવભાઈએ અત્યંત પ્રભાવક શૈલીમાં કર્યું છે. એનો ઘણોખરો ભાગ ટાંકીએ:

બે વખત મારા પકડાવાની બૂમ ઊઠી, અને બંને વખત એ ખોટી પડી. પહેલી વાર તો એ ખબર એટલી બધી ફેલાઈ ગઈ કે મારા જીવતાં મને મારી મૃત્યુનોંધ ઘણાં છાપાંમાં વાંચવાની મળી. પણ આ વેળા હું સાચે જ પકડાયો છે. આ વેળા સાચે જ વાઘ આવ્યો, છતાં વાઘ આવ્યો એમ કહેવાને બદલે હું વાઘની પાસે ગયો એમ કહેવાને

હરકત નથી, અને એટલી મારી દિલગીરી છે. રાજદ્રોહનો પ્રચાર કરવાનું તો છેલ્લાં દસ વર્ષમાં મેં જરાય બાકી નથી રાખ્યું. છેલ્લા સત્તર દિવસમાં મીઠાના કાયદાનો ભંગ જેટલી રીતે અમદાવાદમાં બેસીને થઈ શકે તેટલી રીતે કર્યો, હજારો પાસે કરાવ્યો. તોયે મને ન પકડ્યો. એનું મને જરાયે દુ:ખ નહોતું. કારણ, મારી બધી ઘડીઓ કામમાં રોકાયેલી હતી... આખરે તો એક અડપલામાં જ હું અને મારા સાથી પકડાયા. જે પોલીસ અમલદારોએ અમારી મીઠાની ગૂણીવાળી લૉરી રોકી તેમણે મને બહુ વીનવ્યો, ‘તમારે પકડાવાની જરૂર નથી, તમે બીજી મોટરમાં હતા; શા સારુ આ લૉરીમાં બેસો છો?’ પણ એ ભલા અમલદારોના કરતાં મારો આ કર્તવ્યનો ખ્યાલ જુદો હતો. જે જુવાનો મારી સૂચનાથી, અને મારી આજ્ઞાથી કહું તો મારી આજ્ઞાથી, મીઠું લાવ્યા હતા, તેમને લૉરીમાં રાખીને હું અળગો ઊભો રહું એ મારે માટે અસહ્ય હતું. એટલે મેં કહ્યું, ‘મીઠાની ગૂણો મારી છે, મારા કહેવાથી આ સૌ એ ગૂણો લાવ્યા છે અને અમને સૌને ન પકડો ત્યાં સુધી એ ગૂણ ન મળે.’ અમલદારને પકડવાનો અધિકાર નહોતો, એટલે લૉરી સાથે અમને ‘ગાયકવાડની હવેલી’માં લાવવામાં આવ્યા. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, કલેક્ટર વગેરે વચ્ચે બે કલાક મસલત ચાલી, અને સ્વાભિમાનનો મર્મ જાણનારા આઇરિશ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે બહાર આવી કહ્યું: ‘તમે મીઠું ન આપો તો તમને પકડ્યા સિવાય બીજો રસ્તો નથી.’ હેવાનિયત ચલાવવાને બદલે અમને સૌને પકડવાનો સભ્ય રસ્તો લીધા બદલ એ પોલીસ અમલદારનો હું આભારી છું...

હસીને એણે મને કહ્યું: ‘તમે આમ પકડાશો એવી મારી કલ્પના નહોતી, તમે વીરમગામ હશો એવું હું ધારતો હતો.’ આ વચનમાં જેવી એની ભલમનસાઈ હતી તેવો મારે માટે જાણે મીઠો ઠપકો હતો. આ લખી રહ્યો છું ત્યારે મને એ ઠપકાનું ભાન જરા મૂંઝવે છે. સંભવ છે કે આ માસમાં જ આ લડત અતિશય આકરું સ્વરૂપ લેશે... દેશમાં થોડા જ દિવસમાં અપૂર્વ બલિદાનોનો મહાયજ્ઞ થવાનો છે, ત્યાં આમ પકડાઈ જવું એ બહુ ગમતું તો નથી જ. જે દિવસે ગાંધીજી પોતાના સૈનિકો સાથે ગોળીઓના વરસાદ નીચે દટાઈ જશે તે દિવસે હું તેમની સાથે હઈશ. મારા કેટલાક ચૂંટેલા ભેરુબંધોને લઈને ત્યાં પહોંચી જઈશ, એવું સ્વપ્ન હું જોતો હતો, ત્યાં તો હું પકડાઈ ગયો...

પણ એ મહાબલિદાન આપવાને માટે અનેક જન્મની તપશ્ચર્યા જોઈએ, અપાર આત્મશુદ્ધિ જોઈએ...

આ વિચાર કરતાં પ્રીતમદાસનું અમર વચન યાદ આવે છે:

'માંહી પડ્યા તે મહાસુખ માણે,
દેખનારા દાઝે જોને.'

જેલમાં જવામાં આજે 'મહાસુખ માણવા'પણું નથી રહ્યું, કારણ કે જેલ એ પાવકની જ્વાળા નથી. પાવકની જ્વાળા તો બહાર સળગી રહી છે, સળગવાની છે. જેલમાં જઈને બેસનારા એ 'દેખનારા' છે, વિલાસ ભોગવનારા છે. જેલની બહાર રહીને કાર્ય કરનારા, પાવકની જ્વાળામાં ભસ્મ થવાને માટે તૈયારી કરનારા એ ખરેખરા 'માંહી પડ્યા' છે, અને એ 'મહાસુખ'નો લહાવો મારે નથી રહ્યો, અને જેલમાં જઈને દેખીને દાઝવાનું રહ્યું છે એનું મને દુ:ખ છે...૬૦

ન્યાયાધીશે મહાદેવભાઈને છ માસની કેદ તથા રૂ. ૨૫૦/-નો દંડ અને તે ન ભરે તો બીજા દોઢ માસની કેદની સજા ફરમાવી હતી.

મહાદેવભાઈને જેલ જતાં 'અડપલાં કરતાં પકડાયો' એમ વસવસો કરેલો તે વિશે અને જેલમાં ગયો તેથી મરનારા સાથે નહીં રહી શકાય એમ કષ્ટ અનુભવેલું તેને લક્ષમાં રાખીને ગાંધીજીએ મહાદેવભાઈને ૨૫–૪–'૩૦ને દિન એક પત્રમાં લખ્યું:

તમને આશીર્વાદ છે જ.

તમારાથી લૉરી ઉપર ચડ્યા વિના ન જ ચાલે એમ હતું, છતાં, મારી દૃષ્ટિએ દોષ તો થયો છે. આ દોષદર્શન, ખરું જોતાં બીજાઓને સારુ છે. પણ ભલે તમારે સારુ પણ હોય. મોટર ખોવાની કશી જરૂર ન હતી. હું સમજ્યો હતો કે તમે ગંગાની કાવડ કરશો. એ મને બહુ ગમ્યું હતું. ધારો કે પાંચ પાંચ માઈલ છેટે કે એવે અંતરે છાવણી નાખી હોય, પચીસ-પચીસની ટુકડી પાંચ પાંચ શેર લઈને નીકળે એટલે થયું ત્રણ મણ પાંચ શેર; બીજે મુકામે સોંપીને ત્યાં રહે. ત્યાંની ટુકડી ત્રીજે મુકામે પહોંચાડે; બીજી પાછી વળે એટલે પહેલી ધોલેરા પહોંચે. આમાં ભારે તાલીમ હતી ને મીઠાનો સુખેથી બચાવ થાત. નુકસાન કાંઈ જાત નહીં. તમે કર્યું તેમાં ગાડું ખોવાપણું હતું ને લૉરી તો ખોવાની જ હતી. વળી કાંઈક છાનું રાખવાપણું પણ હતું, છાનું રાખવાની શક્તિ ઉપર તમારી જીત હતી. આપણી પાસે એમ છાનું રાખવાનું તો કાંઈ હોય જ નહીં. આવી રીતે છાના રાખવામાં સામાન્ય યુદ્ધની ચતુરાઈની વાત આવી. એ આપણે સારુ વર્જ્ય છે. અને, લૉરીમાં રહેલા મીઠાનો કબજો લેતાં પોલીસે બહુ વધારે બળ વાપરવું પડે એમ, આપણે, વગર કારણ ન કરીએ. એટલે તમારી રચનામાં બહાદુરી તો ખૂબ હતી. ચતુરાઈ પણ તેટલી જ હતી; પણ શુદ્ધ અહિંસા ન હતી.

છતાં આજના વાયુમાંથી તમને આ વસ્તુ ન જડત, હું પોતે ક્યાં ભૂલ કરી જતો હોઈશ એની શી ખબર પડે? માત્ર એક પગલું હું તો વિચાર્યા વિના લેતો જ નથી; ને દરેક નવા પગલાને સારુ મને વિચારવાનો સમય મળે છે. આજકાલનું વિચારવું કેવળ પ્રાર્થનારૂપે છે. બુદ્ધિનો પ્રયોગ નથી કરતો. હૃદયમાં જ તપાસી જાઉં છું.

સ્વામીએ ભાયંદરથી મીઠું ઉપાડવા ધાર્યું હતું. એમાં પણ આવો દોષ આવી જાત. ધારાસણા મારી નજરે પડ્યું છે પણ તેની પાસે પણ કોઈને જવા નથી દેતો. કબજે લેવાનો આખર નિશ્ચય થશે તો જાહેર રીતે નોટિસ આપીને સંઘ નીકળશે.

આટલું મેં લખ્યું છે તેથી મુદ્દલ પશ્ચાત્તાપ ન કરતા, દુઃખ ન માનતા. તમને જેલમાં અહિંસાનું સૂક્ષ્મ દર્શન કરવામાં મદદ મળે તે જ સારુ લખ્યું છે. એમ છતાં તમે ભલે પકડાયા, ગોળીબોળી મળત નહીં; ને અતિશય કામને લીધે કદાચ માંદા...

મરેલા, ને રહેલા, બંને સરખા પુણ્યશાળી ગણાય. મરે એ જ પુણ્યશાળી અથવા એ વધારે પુણ્યશાળી એમ માનવાનું કારણ નથી...

હવે ખૂબ આરામ લેજો. તકલી લાકડાની બનાવજો. ખૂબ કાંતજો, ખાદી થઈ રહી છે.૬૧ બીજા કેદીઓની પાસે કંતાવજો.૬૨

કોર્ટમાંથી જેલ તરફ જતાં લોકોનું ટોળું મહાદેવભાઈને હાર પહેરાવવા ઇચ્છતું હતું, તેને ન ગણકારી ગોરા સાર્જન્ટે જેલની ગાડીને હંકારી મૂકી, તેથી રોષે ભરાઈને કોઈ અણસમજુએ પથરો ફેંક્યો તે સાર્જન્ટની દાઢી પર વાગ્યો. સાર્જન્ટ ગાળો ભાંડવા લાગ્યો, મહાદેવભાઈએ ખૂબ દર્દભર્યા સ્વરે દિલગીરી પ્રદર્શિત કરી. પણ પેલાની ગાળો ચાલુ જ રહી. એટલે મહાદેવભાઈએ કહ્યું કે, ‘તમે એ પથરો મને મારો, અથવા લાવો હું જાતે જ મારી લઉં, જો એનાથી શાંતિ થતી હોય તો!’ પેલાને મહાદેવભાઈની સત્યાગ્રહી વૃત્તિ સમજાઈ અને એ બીજી વાતે વળગ્યો. જેલગાડી આશ્રમ સામેથી પસાર થતી હતી ત્યારે મહાદેવભાઈએ સાર્જન્ટને ક્યારેક આશ્રમમાં આવવા નોતરું આપ્યું અને એનું નામ પૂછ્યું. નામ લખવા સાર્જન્ટે પેન માગી. ત્યાં તો જેલના દરવાજો આવી પહોંચ્યો. સાર્જન્ટ પેન પાછી આપવા જતો હતો તેને મહાદેવભાઈએ આ પ્રસંગની યાદમાં પેન રાખી લેવા આગ્રહ કર્યો અને પોતે પથરો માગી લીધો. અને તેને ગાડી બહાર ફેંકતાં બોલ્યા, ‘આની જેમ આ પ્રસંગની કડવી યાદને પણ ફેંકી દેજો.’ સાર્જન્ટે હસતા મોઢે કહ્યું, ‘એ તો ક્યારનીયે ભુલાઈ ગઈ છે!’

મહાદેવભાઈ જેલ ગયા તે પહેલાં કલકત્તાથી આવેલ એક પત્રનો ઉલ્લેખ કરવા જેવો

છે 'ધ એવેકન્ડ રેવોલ્યૂશનરી યૂથ ઍસોસિયેશન' નામના હિંસામાં વિશ્વાસ ધરાવનાર એક ક્રાંતિકારી મંડળે તે ૨–૪–'૩૦ને દિન લખ્યો હતો. પત્ર નીચે મુજબ હતો:

અમારી કાઉન્સિલની હાવરામાં મળેલી બેઠકમાં નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે. એની, મહાત્માજીને જાણ કરવા વિનંતી છે.

અહિંસક ચળવળનું પરિણામ નિહાળવા માટે, હિંદની સ્વરાજમુક્તિ માટેની ચળવળને, બંગાળા, આજથી (તા. ૬–૪–'૩૦થી) પાંચ વર્ષ માટે બંધ રાખે છે.

આ સંસ્થાની શાખાઓને અને ભગિની સંસ્થાઓને, એમની પ્રવૃત્તિઓ કામચલાઉ બંધ રાખવા માટે હુકમો અને પત્રો મોકલી આપવામાં આવ્યા છે.૬૩

સાબરમતીની જેલની બાબલાને નવાઈ નહોતી. રોજ સવાર-સાંજ બાપુજીની 'લાકડી' થઈ એ ફરવા જતો ત્યારે જેલની હદ બહારના ફાટક પર હાથ દઈને પાછા ફરવાનો બાપુનો ક્રમ હતો. પણ જેલના મુખ્ય ફાટકની અંદર એણે તે પહેલાં કોઈ દિવસ પ્રવેશ કર્યો નહોતો. તેથી દુર્ગાબહેનની સાથે જ્યારે તેણે મુખ્ય લોખંડી ફાટકની વચ્ચેની નાની બારી જેવા ફાટકમાંથી અંદર પ્રવેશ કર્યો, અને તરત જ એ ફાટક બંધ કરી દેવામાં આવ્યું ત્યારે એને સહજ નવાઈ લાગી. જેલરની ઑફિસમાં એ બંનેને ઝાઝો વખત વાટ જોવી પડી નહીં, જેલની અંદરનો મુખ્ય લોખંડી ફાટક જેવડો મોટો દરવાજા ખૂલ્યો અને તેમાંથી મહાદેવભાઈએ પ્રવેશ કર્યો. દુર્ગાબહેનને મહાદેવભાઈના કેદીના વેશની નવાઈ નહોતી. પણ બાબલાને એ વેશમાં 'કાકા' જરા અવનવા લાગ્યા. માત્ર એમનો મરક મરક થતો ચહેરો ને એમની અમીઝર આંખો એનાં એ જ હતાં. અને એનાં માથા, ગાલ અને પીઠ પર ફરતો કાકાનો હાથ પણ એવો ને એવો જ વહાલસોયો હતો. 'બા' અને 'કાકા' કાંઈક વાતો કરતાં હશે, પણ બાબલાને જેલની અંદરની સૃષ્ટિ કેવી હશે એ જ જાણવાની તીવ્ર જિજ્ઞાસા હતી. અને 'મુલાકાત'ના નિશ્ચિત સમયમાંથી પણ કાકાએ બા સાથેની વાતોની વચ્ચે વચ્ચેથી સમય આપી એ જિજ્ઞાસાને તૃપ્ત કરેલી. એ વર્ણન આજે સાઠ વરસ પછી વિગતવાર યાદ નથી, પણ એ સ્નેહ અને એ તૃપ્તિકર દૃષ્ટિ આ લેખક ભૂલી શકે એમ નથી.

મહાદેવભાઈએ સાબરમતી જેલમાં પણ, આગ્રાની જેલની માફક જ, આશ્રમના જીવન જેવું જીવન ગોઠવી દીધું હતું. બે વેળાની પ્રાર્થનામાં બીજા પણ અનેક સાથીઓ ભળતા. જેલમાં સોંપાયેલા કામ ઉપરાંત સૂત્રયજ્ઞ પણ ચાલુ થઈ ગયો હતો. જેલમાં ઉપલબ્ધ પુસ્તકોમાંથી વીણી વીણીને તેમણે વાંચવા માંડ્યાં હતાં. ગઈ વખતની માફક

ડાયરી લખવાનો રિવાજ તો તેમણે નહોતો રાખ્યો, પણ વાંચેલાં પુસ્તકોમાંથી કાંઈક ગમી જાય તો એનો સાર લખી લેતા. પુસ્તકપ્રેમી વાલજીભાઈ ગો. દેસાઈ પાસેથી લીધેલ ધ કિંગડમ ઑફ ગૉડ ઇઝ વિધિનિ યૂની મહાદેવભાઈ પર ખૂબ સારી છાપ પડી. તેથી તેમણે તેનો પ્રશંસામિશ્રિત સાર પોતાની નોંધપોથીમાં ટપકાવી લીધો. એ નોંધ વાંચીને તે કોઈ પણ સહૃદય વાચકને આખું પુસ્તક વાંચવા પ્રેરે તેવો છે.

મહાદેવભાઈએ જેલ જતાં સંગ્રામ અંગે પોતાની જવાબદારી બુઝુર્ગ આશ્રમવાસી ઇમામસાહેબને સોંપી હતી.

આ દિવસોમાં મહાદેવની જવાબદારી અને કામગીરી કેવી હતી એ તો આપણે ગાંધીજીના શબ્દોમાં જ જોઈએ:

મહાદેવને થયેલી સજાની નોંધ તો મારે લેવી જ જોઈએ. સરકારના જૂઠા નામ હેઠળ આજે જે અંધાધૂંધી ચાલી રહી છે તેમાં અધિકારીઓને પક્ષે મહાદેવની ધરપકડ એક વિનયભર્યું અને સંકોચભર્યું કાર્ય હતું. જોકે એમણે વીરમગામ અને ધોલેરાથી માંડીને અમદાવાદ સુધીના આખા ગુજરાતને સળગાવી મૂક્યું હતું. છતાં અધિકારીઓ એટલું સમજી ગયા હતા કે એ આગ જીવનદાયી હતી, તેઓ પોતાના અમલ કરતાં મહાદેવના અમલ હેઠળ વધારે સલામત હતા અને પોતે પેદા કરેલાં બળો ઉપર તે સારોસરખો કાબૂ રાખી શકતા હતા.

પરંતુ અધિકારીઓ માટે તેમને છૂટા રાખવાનું મહાદેવે અશક્ય બનાવી મૂક્યું. તેમણે ધોલેરાથી એક લારી ભરીને મીઠું છૂપી રીતે લાવવાની ગોઠવણ કરી. અધિકારીઓ પૂરા જાગ્રત હતા. તેમણે લારીને આંતરી લીધી. તેમણે એવી આશા રાખી હતી કે મહાદેવ એમાં નહીં હોય. પણ મહાદેવ જોઈ ગયા કે લારીનો કબજો એમાંના કીમતી માલ સાથે લેવાવાનો છે એટલે પાછળ આવતી મોટરમાંથી પોતે ઊતરી પડ્યા અને લારીમાં કૂદી પડ્યા. એટલે જો અધિકારીઓએ લારીનો કબજો લેવો હોય તો મહાદેવની ધરપકડ કર્યા વગર તેમનો છૂટકો નહોતો. અને એ સંજોગોમાં મહાદેવ પણ લારીમાં કૂદી પડ્યા સિવાય રહી શકે એમ નહોતું. તેમની સાથે જે એક યુવક હતો તે બીજે દિવસે તેની છેવટની એલએલ. બી.ની પરીક્ષામાં બેસવાનો હતો. ગુજરાત કૉલેજના બે યુવાનો હતા અને બે પૈસાદાર માણસોના દીકરાઓ હતા. લૉરી એક મિલમાલિક રણછોડલાલે આપી હતી.

લારીની કેવી વલે થશે એની ચેતવણી આપતાં તેમણે કહેલું, 'સ્વરાજ માટે હું જ્યારે બધું ગુમાવવા તૈયાર છું ત્યારે લારી ગુમાવવી પડે એનો ડર શો?'

મહાદેવને જરૂરી આરામ મળ્યો છે. સખત કામ કરનારા સેંકડો કાર્યકરો માટે જેલ એક આરામગૃહ બન્યું છે. પોતે કહે છે તેમ મહાદેવની ઝંખના તો 'આથી પણ વધારે સારા ભાગ્યની હતી, પણ દેખીતી રીતે જ તેને લાયક બનવાને હજી વાર હતી.'૬૪

મહાદેવભાઈ અને સ્વામી આનંદની ધરપકડ પછી વિશેષ કરીને એ બે જણાના જેલવાસને ધ્યાનમાં રાખીને ગાંધીજીએ 'મારી કસોટી' નામનો લેખ લખ્યો, જે નવજીવન ૨૭–૪–'૩૦ને દિન પ્રગટ થયો. આખો લેખ મહાદેવ, સ્વામી વગેરેના કામનું મહત્ત્વ તો સમજાવે જ છે, પણ મુખ્યત્વે એ ગાંધીજીની ઈશ્વરાર્પિત ભૂમિકાને સ્પષ્ટ કરે તેવો છે:

મારી કસોટી સરકાર સરસ રીતે કરી રહી છે. એમ કરવાનો તેને અધિકાર છે. મારા હાથ કાપે તો કદાચ હું હારી જાઉં, અથવા હારું નહીં તોપણ એકલો પડી જાઉં, એમ તે માને. દુન્યવી નજરે આ બરાબર જ લાગે. અને તેથી જ મહાદેવ ગયા, સ્વામી ગયા. બીજા સાથીઓ જૂના ને ભાઈ મુનશી જેવા નવાને હું છોડી દઉં.

મહાદેવ અને સ્વામી એટલે यंग इन्डिया ઇત્યાદિ. સ્વામી નવજીવનમાંથી નીકળ્યા એટલે તેમનો સંબંધ તૂટ્યો એવું હતું જ નહીં. એ તો હું આશ્રમના વાલીઓમાં નથી છતાં તેનો છું તેના જેવું છે. નવજીવન એટલે સ્વામી જ. મુંબઈ બેઠા નવજીવનની સંભાળ તો તે રાખતા જ હતા. અથાગ મહેનતથી તેમણે જમનાલાલજીને અસ્પૃશ્યતાના કામમાં મદદ કરી હતી. અથાગ મહેનતથી તેમણે વિલેપારલેના કામને શોભાવ્યું હતું. મહાદેવની આજકાલની પ્રવૃત્તિ તો હું અહીં ખૂણે પડ્યો જાણું તેના કરતાં અમદાવાદની નજીક રહેનારા ગુજરાતીઓ વધારે જાણે.

પણ મહાદેવ અને સ્વામી જ્યાં ગયા ત્યાં એક એક સાથી જાય તોયે શું? હું મને એકલો ગણતો જ નથી. મારો સાથી, બેલી, સલાહકાર — જે કહું તે ઈશ્વર છે. મહાદેવ, સ્વામી કે સરદારને ભરોસે કે કોઈ મનુષ્યને ભરોસે આ લડત નથી ઊપડી. એટલે ગમે તેટલા સાથીઓ ઊપડે છતાં હું નિશ્ચિંત છું. નિર્બળને ચિંતા શાની? બળિયાનું બળ કોઈ હણે, નિર્બળનું બળ કોણ હણી શકે?

પણ નિર્બળ છતાં મને હું બળવાન લાગું છું, કેમ કે ઈશ્વરને બળે હું ઝૂઝું છું. તેનો પ્રેર્યો

હું ખાઉં છું, પીઉં છું, લખું છું, બોલું છું, એટલે મારો કશા પ્રકારનો બોજો હું અનુભવતો નથી.

મહાદેવ, સ્વામી કે રમણીકલાલનું પકડાવું મને સાલતું નથી. તેમને આરામ મળશે. આરામની તેમને જરૂર હતી. ચિંતા કરું તો ચિત્તાગોંગની, પેશાવરની, એની અસર તો હૃદય ઉપર થાય છે, પણ ચિંતા નથી થતી.

આ હિંસા-અહિંસાનું દ્વંદ્વ છે. મારામાં જેટલી અહિંસા હશે તે પ્રમાણે મને અહિંસક ઉપાયો સૂઝ્યા કરશે, ને તે હું છૂટો છું ત્યાં લગી પ્રજાને બતાવ્યા કરીશ. હું નહીં હોઉં ત્યારે પણ જે અહિંસા વ્યાપક થઈ હશે તો લોકો તે પ્રમાણે દોરાયા જ કરશે. જેઓ અહિંસાના પાશમાં નથી આવ્યા તેઓ પણ જો લોકોમાં ખરી અહિંસા આવી હશે તો છેવટે આવ્યા વિના નહીં રહે.૬૫

આ કારાવાસ ૧૯૩૧ની ૨૬મી જાન્યુઆરીએ, જ્યારે ગાંધીજી, કૉંગ્રેસ કારોબારીના સભ્યો અને બીજા અનેકને છોડવામાં આવ્યા ત્યારે પૂરો થયો. ત્યાર બાદ પ્યારેલાલ સાથે અલાહાબાદમાં પં., મોતીલાલજીને ત્યાં ભેગા થયા ત્યારે, ૨૯–૧–'૩૧ને દિન મહાદેવભાઈએ 'મહાભિનિષ્ક્રમણ'-શા આંદોલનમાં કેટલાક મિત્રો કે આશ્રમવાસીઓના અનુભવો અંગે ટાંકેલા ઉદ્‌ગારો આ યજ્ઞ અંગે તેમની પોતાની ભૂમિકા કેવી હતી તે સ્પષ્ટ કરે છે. એમના ચિંતન અને ભાષા પર પડેલો ગીતાનો જેટલો પ્રભાવ તેમાં દેખાય છે તેટલો પરગુણ પરમાણુને પર્વત કરીને પોતાની જાતને અલ્પાત્મા માનવાનો તેમના સ્વભાવ પણ છતો થાય છે:

રાત્રે ટમાટાં, વટાણા, રોટીનું ખાણું પ્યારેલાલ સાથે ખાતાં [એણે જેલમાં અનુભવેલા] પોતાના વીતકની રોમાંચક કહાણી કહી સંભળાવી. ભગવાને જ આ લડતમાં દરેકને પોતપોતાની લાયકાત પ્રમાણે આપ્યું છે. ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ૬૬નો ન્યાય આ લડતમાં જેવો થયેલો જાઉં છું તેવો ભાગ્યે જ બીજે કોઈ પ્રસંગે થયો હશે. નરહરિ ઉપરનો લાઠીમાર, પ્યારેલાલના સત્ય અને માનુષી વર્તન માટેના અગિયાર ઉપવાસ, અને પછી ગીતા માટેના છ ઉપવાસ, ખરાબમાં ખરાબ તબિયતમાં ૧૦૪ ડિગ્રી તાવ સાથે આપેલું કામ કરવાની દૃઢતા, ત્યાંના રાક્ષસ જેવા જેલર અને ડૉક્ટર અને ડે. જેલરને સમજાવવાની, તેનું હૃદય જીતવાની આતુરતા — આમાં, આશ્રમનો અહિંસાધર્મ મૂર્તિમંત થયેલો મેં જોયો. પણ જાણે આ બધા ઉપર

કળશ ચઢાવ્યો ગંગાબહેન, મૈત્રી, વસુમતી અને આશ્રમની બીજી બહેનોએ. એ બધાં રોજ 'ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते' ૬૭ બોલનારાએ ગીતાનો પાઠ સફળ કર્યો. બાપુએ કહ્યું: 'આશ્રમને આ બહેનોએ અમર કર્યું; પણ આ બહેનોને આ પ્રકારની તપશ્ચર્યા અને આ પ્રકારની આશ્રમસેવા કરવાની તક મળી એ એમની પ્રપત્તિ, એમની યોગ્યતાની પરાકાષ્ઠા સૂચવે છે. ઊંડે ઊંડે એ સૌના ચરણમાં મારું માથું અને હૃદય ઝૂકે છે; અને એ બધાંના પરિચયને અને સાથી કહેવડાવવાને લાયક થાઉં એમ પરમાત્મા પાસે હૃદય માગણી કરે છે.'૬૮

નોંધ:

૧. પટ્ટાભી સીતારામૈયા: हिस्टरी ऑफ ध कॉंग्रेस પૃ. ૬૨૦.

૨. गांधीजीनो अक्षरदेह – ૪૨ : પૃ. ૪૩૩.

૩. गांधीजीनो अक्षरदेह – ૪૩ : પૃ. ૩.

૪. गांधीजीनो अक्षरदेह – ૪૩ : પૃ. ૫ આપ એક હિંદીની સરેરાશ દૈનિક આવક કરતાં ૫,૦૦૦ ગણો પગાર લો છો જ્યારે બ્રિટનના મુખ્યપ્રધાન એક અંગ્રેજની સરેરાશ આવક કરતાં ૯૦ગણો પગાર લે છે. અનુ. ચિ. ના. પટેલ.

૫. ગીતા ભગવાનભાઈ પરમાર, વસંત નારાયણ ખરે અને મેઘજી મથુરદાસ આસર.

૬. મેઘજીને.

૭. પંડિત નારાયણ મોરેશ્વર ખરે — વસન્તના પિતા.

૮. महादेवभाईनी डायरी – ૧૩ : પૃ. ૨૧૦થી ૨૧૩માંથી સારવીને.

૯. એજન, પૃ. ૨૧૪-૨૧૬.

૧૦. વનમાળા દેસાઈ नरहरभाई: પૃ. ૮૫-૮૬.

૧૧. આ કાર્યક્રમનો મુખ્ય ભાગ નીચે મુજબ હતો:

૧. તમામ પટેલ-તલાટીઓ રાજીનામાં આપે.

૨. દરેક ખેડૂત પોતાના દીકરાને નોકરીમાંથી બોલાવી લે.

૩. ખેડૂતો સરકારી અમલદારોનો પૂરેપૂરો બહિષ્કાર કરે.

૪. કોઈ ખેડૂત વકીલ કે અદાલતનો આશરો ન શોધે.

૫. દારૂતાડીનું એક પણ પીઠું પોતાની હદમાં ન ચાલવા દે.

૬. વિદેશી કપડાં બાળીને ખાદી પહેરે.

૭. પોતાની શક્તિનું માપ કાઢીને કર ન ભરે.

૧૨. મહાદેવભાઇની ડાયરી – ૧૩ : પૃ. ૨૩૦.

૧૩. વલ્લભભાઈને ત્રણ માસની સજા થઈ હતી.

૧૪. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૨૩૦થી ૨૩૨માંથી સારવીને.

૧૫. એજન, પૃ. ૨૩૭થી ૨૪૭માંથી સારવીને.

૧૬. એજન, પૃ. ૨૪૩થી ૨૪૯.

૧૭. શારદા ફિલ્મ કંપની, શ્રીકૃષ્ણ ફિલ્મ કંપની અને રણજિત ફિલ્મ કંપની નામની ત્રણ ફિલ્મ કંપનીઓએ ફિલ્મો ઉતારી હતી.

૧૮. વિજયના પ્રતીક તરીકે સર ચીનુભાઈએ એક સફેદ ઘોડો શણગારીને, કૂચ કરનારની સાથે મોકલ્યો હતો. અમદાવાદની હદ વટાવ્યા પછી ચંડોળા તળાવ પહોંચ્યા પછી એને પાછો લાવવામાં આવ્યો હતો.

૧૯. મહાદેવભાઈની ડાયરી. – ૧૩ : પૃ. ૨૫૫થી ૨૬૦માંથી સારવીને.

૨૦. મહાદેવભાઈની ડાયરી. – ૪૩ : પૃ. ૭૮.

૨૧. મહાદેવભાઈની ડાયરી. – ૧૩ : પૃ. ૨૬૧.

૨૨. એજન, પૃ. ૨૬૨.

૨૩. એજન, પૃ. ૨૬૬-૨૬૭માંથી સારવીને.

૨૪. એજન, પૃ. ૨૭૨-૨૭૩.

૨૫. એજન, પૃ. ૨૯૯.

૨૬. એજન, પૃ. ૩૦૧.

૨૭. એજન, પૃ. ૩૦૩થી ૩૦૬માંથી સારવીને.

૨૮. એજન, પૃ. ૩૧૦-૩૧૧.

૨૯. એજન, પૃ. ૩૧૨.

૩૦. એજન, પૃ. ૩૨૦.

૩૧. ૮–૪–'૩૦થી.

૩૨. મહાદેવભાઈની ડાયરી. – ૧૩ : પૃ. ૩૧૨.

૩૩. એજન, પૃ. ૩૧૩-૩૧૪.

૩૪. એજન, પૃ. ૩૧૩.

૩૫. ધોલેરાથી.

૩૬. મહાદેવભાઈની ડાયરી. – ૧૩ : પૃ. ૩૧૬-૩૧૭.

૩૭. એજન, પૃ. ૩૧૭-૩૧૮.

૩૮. એજન, પૃ. ૩૨૧.

૩૯. ૬–૪–'૩૦

૪૦. પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણ — તેઓ ગુજરાત કૉલેજમાં ગણિતશાસ્ત્રના અધ્યાપક હતા અને અસહકાર આંદોલનમાં જોડાયા તેથી તે જગાએથી રાજીનામું આપ્યું હતું.

૪૧. અલીભાઈઓ.

૪૨. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૨૧૬, ૨૧૭ અને તેની પાદટીપો જુઓ.

૪૩. અહીં 'ધોલેરા' હોવું જોઈએ એમ આગળ આવતા લખાણ પરથી લાગે છે.

૪૪. ૧૦–૪–'૩૦ના રોજ.

૪૫. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૩૨૨થી ૩૩૧માંથી સારવીને.

૪૬. એજન, પૃ. ૩૦૮-૩૦૯.

૪૭. મોહનલાલ પંડ્યા.

૪૮. ડૉ. ચંપકલાલ ઘિયા.

૪૯. જુગતરામ દવે.

૫૦. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૩૩૫.

૫૧. એજન, પૃ. ૩૩૬-૩૩૭.

૫૨. એજન, પૃ. ૩૩૮.

૫૩. શ્રી જયરામદાસ દોલતરામને સાથળ પર ગોળી વાગી હતી.

૫૪. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૩૩૯-૩૪૦માંથી સારવીને.

૫૫. ખરો શબ્દ વિખોડા હશે. વિખોડો એટલે ઉઝરડો અથવા નહોર.

૫૬. મહાદેવભાઈની ડાયરી – ૧૩ : પૃ. ૩૪૫.

૫૭. એજન, પૃ. ૩૪૬.

૫૮. એજન, પૃ. ૩૫૧.

૫૯. એજન, પૃ. ૩૫૨.

૬૦. એજન, પૃ. ૩૫૩થી ૩૫૫માંથી સારવીને.

૬૧. બહાર ખાદીની માગ એટલી બધી છે કે ભંડારોમાં જે ખાદી હતી તે વેચાઈ ગઈ છે.

૬૨. महादेवभाईनी डायरी – ૧૩ : પૃ. ૩૬૨-૩૬૩.

૬૩. એજન, પૃ. ૩૧૪.

૬૪. गाधींजीनो अक्षरदेह – ૪૩ : પૃ. ૩૯૩-૩૯૪.

૬૫. એજન, પૃ. ૩૭૮.

૬૬. ગીતા, ૪-૧૧.

૬૭. ગીતા, ૧૦-૧૦.

૬૮. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૯.

# ત્રીસ – સંઘર્ષ સારુ તૈયાર: સમાધાનનો સત્કાર

૨૬મી જાન્યુઆરી, ૧૯૩૧ને દિન ગાંધીજી જેલમાંથી છૂટ્યા; ૨૭મી ઑગસ્ટે હિંદના વાઇસરૉય સાથે બીજી વારના કરાર થયા; ૨૯મી ઑગસ્ટે તેમણે બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા સારુ મુંબઈનું બંદર છોડ્યું. સાત માસના આ ગાળામાં દેશે સત્યાગ્રહીના એક નવા સ્વરૂપનાં દર્શન કર્યાં. દેશે જોયું કે સત્યાગ્રહી અન્યાયનો પ્રતિકાર કરવા જેટલો સજ્જ હોય છે તેટલો જ માનભર્યા સમાધાન સારુ પ્રતિબદ્ધ હોય છે અને સમાધાનની શરતો પોતાને તરફે પાર પાડવા એ આકરી તાવણીમાંથી પસાર થવા પણ તત્પર હોય છે. સત્યાગ્રહીની આ અભિનવ ભૂમિકા ભજવવામાં દેશે જે સાથ આપ્યો તે જેવોતેવો નહોતો; અને આ નવી ભૂમિકા દેશવાસી પાસે પહોંચાડવામાં મહાદેવભાઈનો સહકાર પણ કાંઈ જેવોતેવો નહોતો. મહાદેવભાઈની ભૂમિકા ગાંધીજીનાં વક્તવ્યોની નોંધ કરનારની, *નવજીવન*ના લેખ લખનારની, વલ્લભભાઈના સલાહકારની, દેશને સારુ ભાષ્યકારની અને પ્રતિપક્ષીની સાથે મંત્રણાકારની હતી. આ પાંચે પ્રકારની ભૂમિકામાં મહાદેવભાઈની વિચક્ષણ કાર્યક્ષમતા, ભાષાની મધુરતા અને સ્વભાવની નમ્રતાએ તેમની બહુમુખી પ્રતિભાને પ્રગટ કરી હતી.

દાંડીકૂચથી આરંભ થયેલ પૂર્ણ સ્વરાજ માટેની અહિંસક લડાઈ જેવી લડાઈ જગતે પહેલાં કદી જોઈ નહોતી. એ લડાઈથી માત્ર સત્યાગ્રહીઓને કે સહાનુભૂતિવાળા નાગરિકોને જ કષ્ટ વેઠવું નહોતું પડ્યું, એમાં સરકારપક્ષે પણ ઓછું સહેવાનું નહીં આવ્યું હોય. દેશમાં સાઠેક હજાર જેટલા સત્યાગ્રહીઓએ જેલ ભોગવી હતી એ સાચું, પણ સરકારને એ સાઠ હજારને પકડવા પડ્યા હતા, એમની ઉપર કોર્ટીમાં કામ ચલાવવું પડ્યું હતું; તેમને કાચી ને પાકી જેલમાં રાખવા પડ્યા હતા; તેમને સારુ નવી જેલો

શરૂ કરવી પડી હતી; કોને કયા વર્ગમાં અને કેટલી 'સગવડો' સાથે રાખવા એની ભાંજગડ કરવી પડી હતી. લોકો તરફે હજારો સરઘસો નીકળ્યાં હતાં એ ખરું, પણ એ સરઘસને રોકવાં કે પસાર થવા દેવાં, રોકવાં તો કેટલે દૂર ગયા પછી રોકવાં, એ રોકવા કેટલું બળ વાપરવું એ પણ સરકારને સારુ માથાનો દુખાવો થયો હશે. વળી આ લડતમાં આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષો ભળ્યાં હતાં એટલે કિશોરોની 'વાનરસેના' સાથે કેમ વર્તવું, એમને માટેની બાળતુરંગો કેવી અને કેટલી કાઢવી, સ્ત્રીબંદીઓનો 'બંદોબસ્ત' કેવો કરવો એ પ્રશ્નોએ સરકારને કાંઈ ઓછી પજવી નહીં હોય. આ લડતના બે પક્ષોની અમલબજવણી કરનારામાં એક મુખ્ય તફાવત એ હતો કે સત્યાગ્રહીઓ તરફે સ્વેચ્છાપૂર્વક બલિદાન આપવાની વૃત્તિ કે એકબીજાનું જોઈને હોંશે હોંશે ઝંપલાવવાની અથવા ખેંચાવાની વૃત્તિ હતી, તો બીજી બાજુ સરકાર તરફે ફરજબજવણી, પેટ ખાતર વેઠ કરી છૂટવાની વૃત્તિ હતી. સત્યાગ્રહીઓને પક્ષે જો કાર્યકર્તા અને સામાન્ય જનતા એવા ભેદ હતા તો સરકારને પક્ષે ગોરા અમલદારો અને દેશી અમલદારો એવા ભેદ હતા. બંને તરફ કામ કરનાર લોકોમાં સ્વભાવ મુજબ પારાવાર વૈવિધ્ય હોય એ સ્વાભાવિક હતું. બંને પક્ષોની વર્તણૂકની પાછળ સત્યાગ્રહ અને સામ્રાજયવાદની બે ફિલસૂફીઓની પણ ટક્કર હતી, જે બંને પક્ષોના આચરણ પર અસર પાડ્યા વિના રહેતી નહોતી. આ બધાને પરિણામે કષ્ટસહન એક પક્ષે કાં ઉત્સાહવર્ધક કે વધુ કષ્ટસહનની પ્રેરણા આપતું બની રહેતું અથવા તો થકવી દેનારું અને નબળાઈઓ પ્રગટ કરનાર તત્ત્વ બની જતું, તો બીજે પક્ષે કષ્ટ આપવું એ આપનારને મન તિરસ્કાર, ક્રોધ કે ક્રૂરતાથી માંડીને ચિંતન, સહાનુભૂતિ કે કોઈ કોઈ વાર પશ્ચાત્તાપની વૃત્તિ જગવી જતું. શારીરિક વેદના માણસનો વધુ શક્તિક્ષય કરે છે કે ક્રોધ વધુ કરે છે એ મનોવૈજ્ઞાનિકો સારુ દિલચસ્પીનો વિષય બની શકે એમ છે, પણ આપણે અહીં તો એટલું જ સમજવાની જરૂર છે કે મીઠાનો કાયદો તોડવાને નિમિત્તે ચાલેલી રાષ્ટ્રીય ચળવળ દસ-અગિયાર માસને અંતે બંને પક્ષે કાંઈક અંશે થકવનારી તો હતી જ. આજે સાઠ વર્ષના ગાળા પછી વિચારતાં લાગે છે કે એ ગજગ્રાહમાંથી સરવાળે લોકપક્ષે જાગૃતિ અને શક્તિની વૃદ્ધિ અને શાસકપક્ષે શાસનનો દોર ઢીલો તો કરવો જ પડશે એવી પ્રતીતિ રહી હતી. આપણી કથાના આ પ્રકરણની કેન્દ્રવર્તી ઘટના 'ગાંધી-અર્વિન કરાર' એ ઉપર વર્ણવ્યા તેવા સમુદ્રમંથનની ફલશ્રુતિરૂપ હતો.

દેશમાં મુકુંદરાવ જયકર અને તેજબહાદુર સપ્રુ જેવા વિષ્ટિકારોના પ્રયાસ, ઇંગ્લંડમાં

રામ્સે મૅકડૉનાલ્ડ જેવા મજૂરપક્ષના નેતાની આગેવાની હેઠળનું પ્રધાનમંડળ, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દાંડીકૂચ અને ત્યાર પછીના આંદોલને દુનિયાભરમાં જગાવેલી ભારત માટેની સહાનુભૂતિ એ કદાચ ગાંધીજી અને બીજા દેશનેતાઓ માટે કારાગારનાં દ્વાર ખૂલવાનાં મુખ્ય કારણો હતાં.

અલાહાબાદના 'આનંદ ભવન'માં પં. મોતીલાલ નેહરુ ત્યારે મરણશય્યા પર હતા. ગાંધીજી પૂનાથી સીધા અલાહાબાદ જવા ઊપડ્યા. મહાદેવભાઈને તેમણે તાર કરીને ત્યાં જ બોલાવ્યા હતા. <u>इन्डिपेन्डन्ट</u>ના કાળ દરમિયાનના સહવાસ વખતે મહાદેવભાઈને મોતીલાલજી પ્રત્યે ખૂબ આદરભાવ થયો હતો. મોતીલાલજી પણ મહાદેવભાઈ વિશે વત્સલતા ધરાવતા. ર૬મીએ જેલમાંથી છૂટી ર૭મીએ જ મહાદેવભાઈએ અલાહાબાદ સારુ ગાડી પકડી હતી. ર૯મીએ સવારે અગિયાર વાગ્યે તેઓ અલાહાબાદ પહોંચ્યા. ત્યાર પછીની એમની ડાયરીનું પહેલું વાક્ય કહે છે: 'પૂ. બાપુનાં દર્શન થયાં.' કહે છે કે તુલસીદાસજીને વ્રજમાં ભક્તિ કરવાથી શ્રીકૃષ્ણે દર્શન દીધેલાં. ચક્રધારી શ્રીકૃષ્ણને જોઈ તુલસીદાસ માત્ર એટલું જ બોલેલા:

તુલસી મસ્તક તબ ઝૂકે
જબ ધનુષ્ય-બાણ લેઉં હાથ.

એ ડાયરી૧નું પહેલું આખું પાન 'બાપુ'થી જ ભરેલું છે.

મોતીલાલજીનું સૂજેલું મોં જોઈને મહાદેવ ગભરાઈ ગયા. પથારીમાં પડ્યા પડ્યા પણ એમના હમેશના ઉલ્લાસથી આવકાર દીધો. ડૉક્ટરોની વાતો કરવા લાગ્યા... 'આ ડૉક્ટરો આવે છે, ઉપરનીચે તપાસે છે; અને વાતો કરવા પાસેના ઓરડામાં જાય છે — જાણે કે મારી સાથે કશી નિસબત ન હોય! મેં એમને કહ્યું કે, તમે ઢોરના ડૉક્ટર નથી અને હું ઘોડો નથી.'

પછી કહે, 'તમે બે બહાર છો એટલે તમે મળીને જે કરશો તે બરોબર જ હશે.'૨

ગાંધીજીની સલાહ માની મોતીલાલજીએ સારવાર સારુ અલાહાબાદની બહાર જવા સ્વીકાર્યું. ગાંધીજીએ ચાકરી કરવા અંગે કહ્યું, 'મને તમે ઇચ્છો ત્યારે બોલાવજો – દિવસના, રાત્રે, ગમે ત્યારે.'૨

ઘનશ્યામદાસ બિરલા આવ્યા. તેમણે જાણવા ઇચ્છ્યું કે ગાંધીજીને વાઇસરૉય બોલાવે તો જાય ખરા કે? કશું પરિણામ ન આવવાનું હોય તોપણ વાઇસરૉયને મળવા

સારુ જવા એમ ને એમ પણ ગાંધીજી તૈયાર હતા. 'મીઠા વિશે હું એટલું જ માગું કે ગરીબ લોકોને મીઠું ઉઠાવી લેવાની કે બનાવી લેવાની છૂટ હોય — ભલે એમના અગરો હાલ તુરત કાયમ રહે.' મહાદેવભાઈએ મીઠાના ઇજારાની નાબૂદીની માગણીની વાત કરી તો કહે: 'ના, હાલ બિરલાજી જેવા કંપની કાઢીને મીઠું પકવવાનો અધિકાર મેળવે એ હું નથી માગતો.'૩ ગાંધીજીએ પૂછપરછ કરી તો ખબર પડી કે વેપારીઓ ગાંધીજીએ વાઇસરૉયની આગળ રજૂ કરેલા અગિયાર મુદ્દાઓ જોડે સંમત હતા એટલે ગાંધીજીએ એમની પાસે એવો ઠરાવ કરાવવા કહ્યું. એનો ખરડો ઘડવાની કામગીરી બિરલાજી અને મહાદેવભાઈને સોંપાઈ.

દેશની પરિસ્થિતિની વાત કરતાં મોતીલાલજીએ કહ્યું: 'લોકોમાં સારી પેઠે શિસ્ત આવી ગઈ છે.' ગાંધીજી કહે, 'અને લડતમાં પણ એની મેળે ચાલવાની શક્તિ આવી ગઈ છે.'૩

મોતીલાલજીને ત્યાં સાંજે ગાંધીજી પ્રાર્થના વખતે મહાદેવભાઈને કહે, 'તમારી પાસેથી પ્રાર્થના આજે એક વર્ષ પછી સાંભળું છું.' મહાદેવ બીજું ભજન શા સારુ ગાય? એમણે સુરદાસને યાદ કર્યા: 'प्रभु मोरे अवगुण चित न धरो.'

રાતે ગાંધીજી કહે, 'આ વખતે જાણે જેલમાંથી નીકળતાં અફસોસ થયો. બધાં, ઘણાં, આદરેલાં અધૂરાં રહ્યાં એમ લાગ્યું. અને બહાર, આરામની તો વાત જ શેની?'૪

આવતાંની સાથે ગાંધીજીએ અંતેવાસીઓ પર તો પોતાનો ઝંડો ફરકાવી જ દીધો. જેલની જ ધાતુની પ્લેટ પર એવી જ તાંસળી મૂકી પ્યારેલાલ ગરમ પાણી સાથે મેળવેલી ડબલ રોટી, શાક, બદામનાં છોતરાં કાઢી, શેકીને બનાવેલી લૂગદી પીરસી ભોજન લાવ્યા ત્યારે તેમની ઝીણી નજરે જોઈ લીધું, 'પ્લેટ નીચેથી સાફ નથી કરી ના?' એટલું કહી ચીડ ભરેલો કટાક્ષ કર્યો, મહાદેવભાઈ કહે છે, 'મારી આંખ આગળ અગાઉનાં એવાં અનેક દૃશ્યો ખડાં થઈ ગયાં. પ્યારેલાલનું શું થયું હશે? મારા જેવાનું શું થાય?'૪

ધમકી ખાવાનો મહાદેવનો વારો પણ તરત આવ્યો. બ્રજકૃષ્ણ ચાંદીવાલાએ દિલ્હીથી આવતાં તાર કર્યો હશે છતાં મહાદેવ કે પ્યારેલાલ સ્ટેશને લેવા નહોતા ગયા. 'પ્યારેલાલની અને મારી સારી પેઠે ખબર લીધી, 'તમે બંને બેદરકાર છો, ભુલકણા છો. પ્યારેલાલના ભુલકણાપણાના તો ઘણા દાખલા જેલમાં જોવાના મળ્યા. તમે કેમ કોઈ એને લેવા ન ગયા? એને ત્યાં જઈએ ત્યારે બધા ભોગો ભોગવવા — એ તો

આપણો અધિકાર છે — પણ એને માટે આટલું પણ ન કરવું!! અહિંસાનો સિદ્ધાંત જરાય સમજ્યા નથી. એ માણસે તાર શા સારુ કર્યો — જો તમને એ સ્ટેશન પર ઇચ્છતા ન હોત તો!'૫

વારાફરતી કૉંગ્રેસ કારોબારીના સભ્યો અલાહાબાદમાં એકઠા થતા ગયા. પ્રથમ ગોળમેજી પરિષદમાંથી પાછા ફરેલા અનેક આગેવાનો પણ ત્યાં ભેગા થતા જતા હતા. કૉંગ્રેસ કારોબારીમાં નિયમ મુજબ ચૂંટાયેલા સભ્યો અને જ્યારે તેઓ જેલમાં હતા તે દરમિયાન અવેજીમાં વરાયેલા સભ્યોની એક બેઠક પણ ત્યાં જ મળી ગઈ. કૉંગ્રેસ અને સરકાર વચ્ચે યુદ્ધવિરામની શરતો અંગે અનેક પ્રકારનાં સૂચનો આવ્યાં. ગાંધીજી જેલમાં હતા ત્યારે ઇંગ્લંડના डेली हेरल्ड પત્રના પ્રતિનિધિ સ્લોકમે ગાંધીજી તથા મોતીલાલજીની મુલાકાત લીધી હતી. ગાંધીજી છૂટ્યા પછી જયકર અને સપ્રુએ વાઇસરૉય તથા કૉંગ્રેસ આગેવાનો જોડે પત્રવ્યવહાર ચલાવી, તેમ જ તેમને મળીને યુદ્ધવિરામની શરતો નક્કી કરેલી. કૉંગ્રેસ જરૂર પડ્યે સામ્રાજ્યમાંથી છૂટા થઈ શકાય એવું સંપૂર્ણ સ્વાતંત્ર્ય ઇચ્છતી હતી. જ્યારે સરકાર હિન્દુસ્તાનને ડોમિનિયન સ્ટેટ્સ — સાંસ્થાનિક સ્વરાજ — આપવાયે તૈયાર નહોતી. કારોબારીની ઇચ્છા ૧૯૩૦ની ચળવળ દરમિયાન પોલીસે કરેલા અત્યાચારોની તટસ્થ તપાસ થવી જોઈએ એવી પણ હતી.

આ દરમિયાન ૪થી ફેબ્રુઆરીએ यंग इन्डिया જપ્ત થવાના સમાચાર આવ્યા. ગાંધીજી કહે, 'એનાથી મને આશ્ચર્ય નથી થયું.'

સરકારે ગાંધીજી, કૉંગ્રેસ કારોબારીના સભ્યો તથા બીજા કેટલાક આગેવાનોને જેલમાંથી છોડ્યા હતા. ઇંગ્લંડમાં ચાલતી પહેલી ગોળમેજી પરિષદના હિંદ આવતા સભ્યો પર છાપ પાડવા માટે પણ કદાચ આ કામ થયું હોય. પણ સરકારનું દમનચક્ર તો ચાલુ જ હતું. એક બાજુ ગાંધીજી એમ કહેતા હતા કે, 'જે સિતમ ચાલી રહ્યો છે તે જોતાં સુલેહ વિશે વિચાર કરવો [એ] અશક્ય થઈ પડ્યું છે, પોલીસનાં કૃત્યોને, ટોચે બેઠેલું રાજનીતિવિષયક ખાતું યોગ્ય માને છે અને વખાણે છે. પોલીસે પોતાના જંગલીપણામાં જૂઠાણું ઉમેર્યું છે અને સરકારી પ્રકાશન અધિકારી તેમના હાથમાં એક હથિયાર છે.'૬

બીજી બાજુ આશ્રમનાં એક આદરણીય બહેન — ગંગાબહેન વૈદ્ય, જેમને બોરસદમાં પોલીસના લાઠીમારે લોહીલુહાણ કરી નાખ્યાં હતાં તેમને લખે છે:

તમને હું શું લખું? મેં જેવાં તમને કલ્પેલાં તેવાં તમે દેખાયાં છો. લોહીથી ભીની સુંદર લાગતી લાલ સાડી હું જોત તો કેવો હસત? આ અત્યાચારથી હું આવેશમાં તો આવ્યો પણ જરાયે દુ:ખ નથી પામ્યો. હર્ષ થયો છે.

એ મારમાં તમે કોઈ ન હોત તો મને દુ:ખ થાત ખરું. એમાંય મોહ રહેલો છે એમ જાણું છું. પણ આશ્રમનો મોહ છુપાવું તોયે છૂપો રહે તેમ નથી. આશ્રમવાસીના દોષ અસહ્ય લાગે. તેના ગુણ જોઉં ત્યારે તે પ્રમાણમાં સારું લાગે. મારનાર ઉપર તમને રોષ નથી આવ્યો એ ભારે વાત છે. કાકુ મારે તો કાંઈ ખીજ કરાય? આ મારનાર અજ્ઞાનથી મૂઢ બનેલા તમારા દીકરા જ હતા.૭

છઠ્ઠી ફેબ્રુઆરીએ પં. મોતીલાલજીનું લખનૌમાં અવસાન થયું. શબને અલાહાબાદ લઈ ગયા. એક બાજુ અગ્નિદાહની તૈયારી ચાલતી હતી, બીજી બાજુ ગાંધીજી કે. ટી. શાહ જોડે ગોળમેજી પરિષદના એમના અનુભવો વિશે વાર્તાલાપ કરતા હતા.

વાઇસરૉયને લખેલા પત્રનો એ આશયનો જવાબ આવ્યો કે પોલીસ અત્યાચારોની તપાસ તો ન આપી શકાય. પંડિત માલવિયાજી કહે, ‘દમન બંધ કરે એટલાથી સંતુષ્ટ કેમ ન રહેવાય? આવી તપાસ શી રીતે આપી શકે?’ ગાંધીજીએ અકળાઈને કહ્યું: ‘માબહેનોની આબરૂ લેતા રહે તે સાંખતા રહીએ એમ તમે માનો?’ માલવિયાજી કહે, ‘ના.’ ‘ત્યારે શા સારુ તમે મને નબળો બનાવવા ઇચ્છો છો? હું તો એ લોકો થોડું કરે એ માટે પણ તૈયાર છું... થોડા દાખલામાં તપાસ કરે તોપણ તૈયાર થાઉં. પણ કોઈ કલેક્ટર હજી દૂર થયો છે? કોઈ મોટા પોલીસ અમલદારને હજી થોડો જ બરતરફ કરવામાં આવ્યો છે?’૮ પ્રથમ ગોળમેજી પરિષદમાં જઈ આવેલા અનેક પ્રતિનિધિઓ એક પછી એક ગાંધીજીને મળવા આવતા હતા. તે પૈકી શ્રી શ્રીનિવાસ શાસ્ત્રીને તેમના એક તારના જવાબમાં લખ્યું: ‘તમારામાં અને બીજા મિત્રોમાં જે આનંદ પ્રવર્તી રહ્યો છે તેને ટેકો મળે એવું હિંદુસ્તાનના હાલના વાતાવરણમાં મને કાંઈ દેખાતું નથી. છતાંય, મારા મનમાં રહેલો ભાવ પાયા વિનાનો છે એવી લાગણી મને થાય એ ગમે. તમને જ્યારે અનુકૂળ હોય ત્યારે તમે આવો.’૯

ગોળમેજી પરિષદમાં જઈ આવેલા અનેક લોકોની જેમ શ્રી શાસ્ત્રીએ પણ સુલેહ કરવાની વાત જ કરી. પણ એમને વિશે સૌને છાપ એવી પડી કે તેઓ ખૂબ સીધાસરળ માણસ છે. એમને તથા જયકર-સપ્રુને પણ ગાંધીજીએ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસીની સજા ન થાય એ સારુ બધા પ્રયત્ન કરવા સમજાવ્યા. ગાંધીજી

જાતે તો ફાંસીની સજા જ રદ થવી જોઈએ એમ માનતા હતા. તેમાં ભગતસિંહ જેવા દેશપ્રેમી યુવાનને મોતની સજા કરવાને તો તેઓ ટેકો આપી જ શી રીતે શકે? અલબત્ત, ભગતસિંહની કાર્યપદ્ધતિને તેમનો ટેકો નહોતો, પણ તેથી તેની સજાને ઘટાડવા સારુ પ્રયત્ન કરવામાં ગાંધીજીએ મણા નહોતી રાખી. આ પ્રયત્નનો આરંભ ગાંધીજી વાઇસરૉય લૉર્ડ અર્વિનને મળ્યા તે પહેલાંથી જ થઈ ચૂક્યો હતો.

સુલેહની વાતો ચાલી રહી હતી અને ગાંધીજી વાઇસરૉયને મળવા જશે એમ સાંભળીને અનેક લોકોએ એ વાટાઘાટને આવકારતા પત્રોની ગાંધીજી પર ઝડી વરસાવી. ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીનો તાર અને પુત્ર બંને આવ્યા. એના જવાબમાં ગાંધીજીએ ૧૬–૨–'૩૧ને રોજ લખેલ પત્ર એમની તે વખતની મનોવૃત્તિને આબાદ પ્રગટ કરે છે:

દાંતને જીભની ભલામણ ન હોય. મારી સ્થિતિ પેલી સગી માના જેવી સમજજો. જીવતો રાખવા સારુ એનો વિયોગ સહન કરવા સારુ તૈયાર થઈ હતી ના? ઓરતોના ચોટલા તણાય, બાળકો નિરર્થક ચાબખા ખાય એમાં મને રસ તો ન જ આવે ના? એટલે તણાઈને પણ સુલેહ કરવાની ઇચ્છા રહ્યા જ કરે છે. પણ જે સુલેહ વરુ-ઘેટાના જેવી હોય તે સ્વીકારવા કરતાં ભલે ઓરતોની લાજ લૂંટાય, નિર્દોષ બાળકોનાં ઘરબાર ઉજ્જડ થાય, બેગુનાહ ફાંસીએ ચડે. મરણકાંઠે બેઠેલો હું હિંદુસ્તાનને ફસાવવામાં સહી ન કરું એમ ઈશ્વર પાસે માગ્યા કરું છું. ગાડાની નીચે રહેલા કૂતરાની સ્થિતિ મારી નથી. મારી મર્યાદાનું મને ભાન છે. હું રજકણ છું. રજકણને પણ ઈશ્વરના જગતમાં સ્થાન છે — પણ જો એ કચરાવું કબૂલ કરે તો. કર્તાહર્તા પેલો વડો કુંભાર [ઈશ્વર] જ છે. એને વાપરવો હોય તેમ ભલે મને વાપરે. હારશે તોયે એ, અને જીતશે તોયે એ. એટલે હારવાપણું છે જ નહીં. અથવા કહો, સદાયના હાર્યા જ છીએ ના?

હવે તો બહુ લખાયું, આટલું લખાયું, કેમ કે મૌન છે. પણ આ બધી તો પ્રસ્તાવના છે. લખવાનો આદર એટલા સારુ કર્યો કે રાજાઓને મનાવજો કે રૈયતના અધિકારને ઓળખે ને સ્વીકારે. ભાગીદાર થશે; ને ભાગીદાર પોતાની વર્તણૂકનો કાંઈ જ હિસાબ નહીં આપે?

'લેડી પટ્ટણીએ કેટલું કાંત્યું? ખાદી કેટલી વેચી?...૧૦

દિલ્હી જતાં આશ્રમના લોકોને તે જ દિવસે લખેલા એક ટચૂકડા પત્રમાં કુંભારની ઉપમા બીજા રૂપમાં આવે છે:

'કાલે વાઇસરૉયને મળવાનું થશે. બધું નિરાગ્રહથી બની રહ્યું છે. ઘડો ઊતરશે કે ગાગર એ તો વડો કુંભાર જાણે.'૧૧

૧૭મી ફેબ્રુઆરીએ ગાંધીજી ગાઝિયાબાદ ઊતરીને કારમાં દિલ્હી ગયા. ત્યાર બાદ ૧૯મીથી પંદર દિવસ સુધી સમ્રાટના પ્રતિનિધિ સાથે જનતાના પ્રતિનિધિની વાટાઘાટો ચાલી. પ્રત્યક્ષ વાટાઘાટો વખતે તો મહાદેવભાઈ હાજર રહેતા નહોતા. પણ રોજેરોજ નિવાસ પર આવતાંની સાથે જ ગાંધીજી પોતાના સ્મરણને આધારે મહાદેવભાઈ અને કૉંગ્રેસ કારોબારીના સભ્યો હાજર હોય તો તેમને વાતચીતનો સાર કહેતા. વાઇસરૉય પોતાને પક્ષે કોઈ સચિવને હાજર રાખતા કે નહીં તેની જાણ નથી થઈ શકી. બનતાં સુધી લૉર્ડ અર્વિન અને મહાત્મા ગાંધી એકલા જ મળતા હશે. પાછળથી વાઇસરૉય પણ રોજેરોજની વાત અંગે નોંધ કરતા. તે વખતની બ્રિટિશ પાર્લમેન્ટના વિરોધપક્ષના આગેવાન સર વિન્સ્ટન ચર્ચિલે આ અર્ધ-નગ્ન ફકીરને બ્રિટિશ સમ્રાટના પ્રતિનિધિના મહેલનાં પગથિયાં ચડતો-ઊતરતો અને તેની જોડે સમાનતાને દરજ્જે વાટાઘાટો ચલાવતો જોઈને પોતાની ચીડ પ્રગટ કરેલી. બહારથી આ સાવ વિષમ દેખાતા પ્રતિનિધિઓની સમાનતાને ધોરણે થયેલી વાટાઘાટોની રોજેરોજની ઘણી વિગતો આજે ઉપલબ્ધ છે, તે માત્ર મહાદેવભાઈની રોજેરોજની નોંધો ઉપરથી. ઇતિહાસના અભ્યાસુઓ તેને સારુ મહાદેવભાઈના સદાય ઋણી રહેશે.

અલાહાબાદથી નીકળતી વખતે જ ગાંધીજી કારોબારીના સભ્યોને કહી ગયેલા કે વાઇસરૉય સાથેની વાટાઘાટોમાં કાંઈ પણ નીપજતું દેખાશે તો તેઓ કારોબારીના સભ્યોને દિલ્હી બોલાવી લેશે. ૨૫મી ફેબ્રુઆરીએ મહાદેવભાઈએ સરદાર વલ્લભભાઈને એક પત્રમાં લખ્યું:

તમને શું લખું અને ક્યારે લખું? દર કલાકે પરિસ્થિતિ બદલાતી [હોય છે] અને મારી આસપાસ તો ધર્મશાળા અને દરબાર ભર્યો જ હોય. વાઇસરૉય સાથે વાતો અતિશય મીઠાશ, નિખાલસતા અને મિત્રતાથી થઈ.

સંધિની કલમો વિશે ઝઘડો બહુ રહ્યો. પણ ન્યાય કબૂલ કરીને શાસનની મુશ્કેલીઓ આગળ કરી. આટલી વાતચીતનો સાર છે. તે પછી વાઇસરૉયે ભારતમંત્રીને આખી વાતચીતના સારનો 'કેબલ' કર્યો અને એ 'કેબલ'ની રાહ જોતા અર્વિન બેઠા છે. અહીં તો એમણે બધાને સમજાવી દીધા એમ સંભળાય છે અને ભારે હિંમત અને ધીરજથી કામ પણ લીધું એમ કહેવાય છે. બાપુની એમના પર ભારે અસર પડી છે એમ પણ

કહેવાય છે. પણ ઘડો ઊતરે છે કે ગાગર એ આ ઘડી સુધી તો ખબર નથી જ. બીજી 'કૉન્ફરન્સ' થાય તે પહેલાં એક વાર નાનકડી અવિધિસર મિટિંગ કરવાની ત્રિમૂર્તિની૧૨ સૂચના વાઇસરૉયે પસંદ કરી હતી, પણ (ભારતમંત્રી) તરફથી એની સંમતિ હજી આવી નથી અને ન આવે ત્યાં સુધી એ ન ભરાય. બાપુએ એમાં ભળવાનું અને મહાસભાની આખી સ્થિતિ સમજાવવાની એટલા વિચારથી કબૂલ કર્યું છે કે સત્યાગ્રહી હમેશાં પોતાનાં બધાં 'કાર્ડ્સ' ખુલ્લાં રાખે છે. એ વિશે કૉંગ્રેસ કારોબારીમાં સહજ મતભેદ હતો. પણ આ 'કૉન્ફરન્સ'માં કૉંગ્રેસ કારોબારી તરફથી બાપુ પોતાની કુલમુખત્યારીથી ચાહે તે ફેરફારો સુલેહની શરતોમાં કરે એવો ઠરાવ થઈ ગયો છે.

આ ઉપરાંત તમે છાપાંઓમાં જે વાંચ્યું હોય તે બધું ખોટું છે. ખેડૂતો અધીરા થયા છે, વેપારીઓ અધીરા થયા છે, સત્યાગ્રહીઓ મોળા પડ્યા હોય — પણ શું થાય? ચાક પર પેંડો ચઢાવ્યા પછી માટી ઉતારી લેવાની?૧૩

કેટલાક સભ્યો તો પહેલે દિવસથી જ દિલ્હીમાં હતા. બાકીના તરતોતરત ગાંધીજીના બોલાવવાથી આવી પહોંચ્યા. આખી વાટાઘાટ દરમિયાન કારોબારી રોજેરોજ મળતી રહી. ગાંધીજી તેમની આગળ વાઇસરૉય જોડે થયેલી વાતચીતના અહેવાલ આપતા અને રોજેરોજ કારોબારીના સભ્યોના અભિપ્રાયો એકોએક મુદ્દા અંગે સાંભળતા રહ્યા. ઘણી વાર તો ગાંધીજી વાઇસરૉયના મહેલથી પાછા ફરે ત્યારે મધરાત થઈ જતી. એક વાર તો રાતના એક વાગવા આવ્યો હતો, ત્યારે કારોબારીના સભ્યોને ઊંઘમાંથી ઉઠાડીને આખો અહેવાલ સંભળાવવામાં આવ્યો. વાર્તાલાપ એ રીતે ચાલ્યો કે છેલ્લી ઘડી સુધી શું પરિણામ આવશે એ કોઈને ખબર નહોતી — ચર્ચા કરનાર બંને મહાનુભાવોને પણ નહોતી. આખા દેશની મીટ આ વાર્તાલાપ ભણી મંડાયેલી હતી. એ વાતોના ઉતારચઢાવ સાથે દેશ પણ આખો ઝોલાં ખાતો હતો.

વાતો ચાલતી હતી ત્યારે દેશમાં લડત તો ચાલુ જ હતી. જોકે કાર્યકર્તાઓને ખાનગી રીતે આદેશ આપવામાં આવ્યો હતો કે ચાલુ પ્રવૃત્તિ ન અટકાવવી. પણ કોઈ નવી પ્રવૃત્તિ શરૂ ન કરવી. પેલી બાજુ સરકારનું દમનચક્ર પણ ચાલુ હતું. ધરપકડો, જપ્તીઓ, કનડગતો, ખેડૂતોના ઊભા પાક સાથે જમીનનાં વેચાણ, પાક પર પોલીસના પહેરા, પાક લેવાનો પ્રયત્ન કરનારનેય મારઝૂડ, એ સર્વ કાંઈ પુરજોશમાં ચાલુ હતું.

વાટાઘાટો દરમિયાન પોલીસના તમામ ઘાતકી વર્તન સંબંધી તપાસ થવી જોઈએ એવી વાત ગાંધીજીએ કાઢી. કોઈ પણ પ્રકારની તપાસ કરાવવા વાઇસરૉય તૈયાર

નહોતા. આ મુદ્દા પર વાટાઘાટો પડી ભાંગશે એમ લાગવા માંડ્યું. ગાંધીજીએ કહ્યું: 'તમે કે મિ. એમર્સન તમારી ઉત્તમોત્તમ દલીલો વાપરો છો ત્યારે મારા પર ઝાઝી અસર થતી નથી; પણ જ્યારે તમે સરકારની મુશ્કેલી આગળ કરો છો ને સરકાર મારી માગણી સ્વીકારી શકે એમ નથી એવું કહો છો ત્યારે હું નમતું જોખું છું.૧૩એ ગાંધીજીએ કારોબારીને કહ્યું કે આ મુદ્દા પર વાટાઘાટ તોડી નાખવી એ તેમને યોગ્ય નહોતું લાગતું, પણ કારોબારીનો જો આગ્રહ જ હોય તો તેઓ આનંદપૂર્વક કારોબારીના એજન્ટ તરીકે વર્તીને વાટાઘાટો તોડી આવશે. ગાંધીજીનું આ વલણ જોઈ કારોબારીએ પોતાનો આગ્રહ છોડી દીધો.

એવો બીજો મુદ્દો ખેડૂતોની ખાલસા થયેલી જમીન પાછી મેળવવા બાબત હતો. ગાંધીજીએ વાઇસરૉયને કહ્યું કે ગુજરાતમાં તેઓ તો વલ્લભભાઈને તેજે પ્રકાશતા હતા. તેથી તેમને જો આ બાબતમાં સમાધાન ન થાય તો તેઓ [ગાંધીજી] આ મુદ્દા પર વાટાઘાટો પડતી મૂકવા તૈયાર હતા. આ જમીનો બીજા આસામીને અપાઈ ગઈ ન હોય તો તે પાછી આપવા વાઇસરૉય તૈયાર હતા; પણ વેચાઈ ગયેલી જમીનની બાબતમાં વાઇસરૉયની મુશ્કેલી હતી. બારડોલી અને બોરસદમાં લડત ચાલતી હતી ત્યારે વાઇસરૉયે જાતે મુંબઈ સરકારને વચન આપ્યું હતું કે કોઈ પણ હાલતમાં વેચાઈ ગયેલી જમીન પાછી લેવામાં આવશે નહીં. છેવટે આ બાબત તોડ એવી રીતે નીકળ્યો કે કોઈ ત્રાહિત માણસ વચ્ચે પડીને ખરીદનાર પાસેથી ખેડૂતોની જમીન અપાવે તો સરકાર વાંધો લેશે નહીં, બલકે તેમાં બને તેટલી અનુકૂળતા કરી આપશે.

ગાંધીજીનો ખાસ આગ્રહ હતો કે પરદેશી કાપડ પર અને દારૂનાં પીઠાં પર શાંત ચોકી કરવાનો લોકોનો હક સ્વીકારવો જ જોઈએ. વળી જે પ્રદેશમાં મીઠું કુદરતી રીતે મળી આવતું હોય તે પ્રદેશમાં મીઠું ઉપાડવા, બનાવવા કે વેચવાનો અધિકાર સ્થાનિક લોકોને મળવો જોઈએ. લડતને અંગે જે પટેલ-તલાટીઓએ નોકરીમાંથી રાજીનામાં આપ્યાં હોય તેમને પાછા નોકરીમાં લેવા જોઈએ. આ મુદ્દા પર તડજોડ કરવામાં ખાસ કશી મુશ્કેલી ન આવી.

'સૌથી વધારે મહત્ત્વનો પ્રશ્ન રાજ્યબંધારણને લગતો હતો. એ બાબતમાં લાંબી વાટાઘાટો પછી, અલબત્ત, કારોબારીની મંજૂરીની અપેક્ષાએ, ગાંધીજીએ સ્વીકાર્યું કે, 'હવે પછીની ચર્ચા ગોળમેજી પરિષદમાં ચર્ચાયેલી બંધારણની યોજનાનો વિચાર આગળ ચલાવવાના હેતુથી કરવામાં આવશે. જે યોજનાની રૂપરેખા ત્યાં આંકવામાં

આવી છે તેનું ફેડરેશન (સમૂહતંત્ર) એ એક અનિવાર્ય અંગ છે. તે જ પ્રમાણે કેટલીક બાબતો. દા. ત., દેશનું રક્ષણ, પરદેશો સાથેના સંબંધો, લઘુમતી કોમોની સ્થિતિ, હિંદનાં દેવાંલેણાંની પતાવટ વગેરેમાં હિંદુસ્તાનના હિતને માટે સલામતીઓ તથા હિંદીઓની જવાબદારીઓ એ પણ એનાં અનિવાર્ય અંગો છે.' જેમ જમીનના પ્રશ્ન વિશે સરદારના મનનું સમાધાન નહોતું થતું તેમ આ રાજ્યબંધારણી પ્રશ્ન વિશે જવાહરલાલજીને સંતોષ નહોતો થતો. કેદીઓના છુટકારાની બાબતમાં એકલા સત્યાગ્રહી કેદીઓને જ છોડવાના હતા. બીજાઓ જેમને અટકમાં લેવાયેલા હતા તેમના કેસો વ્યક્તિગત રીતે વિચારવાના હતા, તથા જે સોલ્જરો અને પોલીસો ઉપર ઉપરીના હુકમના ભંગને સારુ કેસો થયા હતા તેમને કશી રાહતો આપવામાં આવી નહોતી. આવી બધી બાબતોમાં કારોબારીના સભ્યોને સંતોષ નહોતો. ગાંધીજીનું કહેવું એમ હતું કે આપણે જ્યારે સમાધાન કરવા જઈએ છીએ ત્યારે બધું આપણી મરજી પ્રમાણે થતું નથી. છતાં કોઈ એક મુદ્દા ઉપર તમારે વાટાઘાટો તોડી નાખવી હોય તો હું તેમ કરવા તૈયાર છું. છેવટે આ બધા સભ્યોએ ગાંધીજીની સલાહ માની, અને જવાહરલાલજી, જેઓને આ સમાધાની જરાયે ગમતી નહોતી તેઓ, પણ ગાંધીજી ઉપર શ્રદ્ધા રાખી સમાધાન કબૂલ કરવા તૈયાર થયા.૧૪

પરદેશી કાપડની ચોકી કરતી વખતે લોકો તરફથી ઠીક ઠીક બળજબરી વપરાઈ હતી એવી વાતો ગાંધીજી પાસે આવવા લાગી. ગાંધીજીએ કારોબારીના સભ્યોને પિકેટિંગમાં ઘૂસી ગયેલી બદી વિશે સમજણ આપી. એમણે સમજાવ્યું કે કોઈની 'હાય હાય' બોલાવવી, લોકોના હાથમાંથી બળજબરીથી કાપડ ઝૂંટવી લેવું, વિદેશી વસ્ત્રધારીને ઘેરી વળી એને હરવાફરવા ન દેવો; તેને ગાળો દેવી; વાહનોની આગળ સૂઈ જવું, કોઈની ઠાઠડીઓ કાઢવી; આ સર્વ અશિષ્ટતા ને હિંસા છે.

જૂનો એક પ્રસંગ યાદ કરીને ગાંધીજીએ કહ્યું કે જેણે અસહકાર ન કર્યો હોય તેને ત્યાં કોઈ મરી જાય તો તેની લાશ ન ઉઠાવવી એ પણ હિંસા જ છે, એમ તેમણે શૌકતઅલીને સમજાવેલું અને કહેલું કે તેમ થાય તો એમનાથી એમ કરનાર જોડે કામ ન થાય. જવાહરલાલજીને આ વાત સમજાઈ ગઈ હતી. તેમણે કહ્યું હતું કે આના કરતાં તો સીધી હિંસા સારી. પણ સેનગુપ્તા જેવા બીજા કેટલાક કારોબારી સભ્યોને લાગ્યું હતું કે આવી મર્યાદાઓ મૂકશું તો પિકેટિંગનું કામ મંદ પડી જશે.૧૫

વચ્ચે એક દિવસે વાટાઘાટોમાં મડાગાંઠ પડતી હોય એમ લાગ્યું. ગાંધીજીએ

વાઇસરૉયને લખીને નોંધ મોકલવા કહ્યું, વાઇસરૉય તરફથી જે નોંધ આવી તે અત્યંત કડક હતી. કૉંગ્રેસ કારોબારીએ આ નોંધને 'કૃપણ' કહી.

તે દિવસે (૨૮–૨–'૩૧) રાતે મહાદેવભાઈ વાઇસરૉયની નોંધ લઈને શાસ્ત્રી પાસે ગયા. સરકારી ખરડો વાંચીને તેઓ પણ સમસમી ગયા. શાસ્ત્રી કોઈ પણ હિસાબે વાટાઘાટ ન તોડાય એમ ઇચ્છતા હતા. કહે, તમારું બધું કામ નિષ્ફળ જશે. મહાદેવભાઈએ ગીતાના છઠ્ઠા અધ્યાયના ચાળીસમા શ્લોકમાંથી યાદ આપી કે, 'કલ્યાણમાર્ગે કો દુર્ગતિ પામતો નથી.' શાસ્ત્રીને લાગતું હતું કે ગાંધીજીએ મીઠાના પ્રશ્નને નાહક ઇજ્જતનો સવાલ બનાવી દીધો છે. મહાદેવભાઈએ કહ્યું કે મીઠાનો પ્રશ્ન તો લાખોને લાગેવળગે છે અને હજારોને કહેવામાં આવ્યું છે કે એ કાયદો રદ થશે. શાસ્ત્રી કહે કે એ કાયદો તો થોડા સમયમાં તમે રદ કરી શકશો, આજે શા સારુ એ માગણી કરો છો? એ બિચારાને એની પણ ખબર નહોતી કે મદ્રાસને કાંઠે પણ મીઠું થાય છે. છેવટે ઊઠતાં ઊઠતાં મહાદેવભાઈએ કહ્યું કે અર્વિનને વિલાયતમાં ભારે ધન્યવાદ મળશે. કારણ, એનાથી બની શકે એટલો સારી રીતે રાજ કરવા એણે પ્રયત્ન કર્યો. એમ બોલતાં મહાદેવભાઈની અંગ્રેજીમાં ભૂલ થઈ. શાસ્ત્રી કહે, 'મારે તમને ધમકાવવા પડશે. અડધા કલાકમાં તમે બે વાર ભૂલો કરી. As besl as he could ન કહેવાય, As best he could કહેવાય.' જતાં જતાં મહાદેવભાઈએ એમનો આટલો સમય લેવા બદલ દિલગીરી વ્યક્ત કરી. એટલે શાસ્ત્રી કહે, 'તમે એમ બોલશો નહીં, તમારા જેવા સાથે વાત કરવી એ આધ્યાત્મિક મનોયત્ન [વ્યાયામ] છે.'૧૬

પોલીસના અત્યાચારોના વર્ણનવાળો એક કાગળ શાસ્ત્રીએ મહાદેવભાઈને બતાવ્યો. મહાદેવભાઈએ કહ્યું કે આવા કાગળો તો તમે વાઇસરૉય પાસે મૂકતા હો તો? શાસ્ત્રી કહે, 'ના, ના. એ...માં માલ નથી, આના કરતાં વધુ ઘોર કૃત્યોની એને જાણ છે!!' મહાદેવભાઈની એની પર નોંધ: 'છતાં એ ધાર્મિક વાઇસરૉય કહેવાય; ખ્રિસ્તી વાઇસરૉય કહેવાય!!'૧૭

સવારે શાસ્ત્રીએ કારોબારી આગળ ખૂબ માર્મિક અપીલ કરી. એ અપીલ વિશે મહાદેવભાઈએ પોતાની નોંધમાં 'અતિશય લાગણીવાળી, સાચી અને નમ્રતાભરેલી' એવાં વિશેષણો વાપર્યાં.

પોલીસતપાસ અંગેની વાત નીકળતાં ગાંધીજીએ 'આપણને Exonerate કરે (નિર્દોષ સિદ્ધ કરે)' એ શબ્દો વાપર્યા જે ઘણાને ન સમજાયા. ગાંધીજીએ કહ્યું કે મને

પોલીસને સજા થાય એમાં રસ નથી, પણ આપણે બળજબરી વગેરે વાપર્યાના જે દોષ તેમાંથી મુક્ત થઈએ એમાં રસ છે, જવાહરલાલે કહ્યું કે એ અમે સમજીએ છીએ પણ એમાં જરા Sanctimoniousness (પવિત્રતાનો ડોળ) આવી જાય છે.

પ્રથમ ગોળમેજી પરિષદમાં જઈ આવેલા અનેક લોકો આવી આવીને કોઈ પણ હિસાબે વાટાઘાટોને તૂટવા ન દેવાનો આગ્રહ કરી જતા હતા. સર શાહનવાઝ ભુટ્ટોએ આવીને કહ્યું, 'વાઇસરૉયને તોડવું નથી; તમે ન જ તોડશો. કેટલાક મોટા અંગ્રેજોએ મારી સ્ત્રીને આગ્રહ કર્યો છે કે ગાંધીને મળીને એમને સમજાવે કે એ ન તોડે.'૧૮

તે જ દિવસે વાઇસરૉયે આગલા કાગળની કડકાઈ માટે — એના ખરાબ ધ્વનિ માટે — માફી માગી. હિંદી સરકારના ગૃહખાતાના મંત્રી એચ. ડબ્લ્યુ. ઇમર્સન સાથે ગાંધીજીને ઓળખાણ કરાવી. (તેઓ જ આખી વાટાઘાટમાં ગચ્ચા નાખતા હતા એવી ગાંધીજીની માન્યતા થઈ હતી.) અને કહ્યું કે તમને બંનેને એક ઓરડામાં પૂરીને સહમતી વિના બહાર ન નીકળી શકો એમ કરવા માગું છું. સાંજે વાઇસરૉયે પોતાની સાથે જમવાનો આગ્રહ કર્યો, ગાંધીજીએ ગરમ પાણી, લીંબુ અને મીઠું માગ્યાં એટલે લૉર્ડ. અર્વિને હસીને કહ્યું, 'અહીં બિનજકાતી મીઠું ન મળે હોં!'૧૮એ

એક દિવસે અંબાલાલ સારાભાઈ અને સરલાદેવી મળવા આવ્યાં. તેમને ગાંધીજીએ કહ્યું, 'લોકો થાકે તેથી કાંઈ દેશનું હિત વંચાતું હશે!'

એક દિવસે મહાદેવભાઈ જમનાલાલજીની સાથે બાપુને મળવા ગયા. વાઇસરૉયના ઘરની બહાર સડક ઉપર સાડા બાર વાગ્યા સુધી રાહ જોઈને ઊભા રહ્યા.૧૯ સાડા બાર વાગ્યે બાપુ આવ્યા. રસ્તે ચાલતાં બાપુએ કહ્યું, 'જમીનને વિશે૨૦ બહુ મુશ્કેલી પડી છે. અર્વિન પોતે કહે છે કે પોતે લેખી વચન આપી ચૂક્યો છે; પણ એ પોતે ગવર્નરને કાગળ લખશે.' પિકેટિંગ વિશે (કહે), 'બધી સ્થાનિક સરકારોના સખત કાગળો આવેલા છે. કાંઈ નહીં તો મને સજ્જનનું વચન૨૧ આપો. છ અઠવાડિયાં પિકેટિંગ બંધ રાખો.' મેં કહ્યું, 'એ તો એક દિવસ પણ બંધ રહી ન શકે. યુદ્ધવિરામ થાય ત્યાં સુધીના બેત્રણ દિવસ બંધ રાખું ખરો, પણ છ અઠવાડિયાં બંધ ન જ થાય.' મીઠાને વિશે શૂસ્ટરને મળવું, એની સાથે સૂત્ર ઘડવું એમ ઠર્યું.

વાઇસરૉયનો ઉદ્યમ જોઈને બાપુ ચકિત થઈ ગયા. છૂટા પડતાં વાઇસરૉય કહે:

'હું નિરાંતે ઊંઘું?'

બાપુ: 'જરૂર.'

(વાઇસરૉય): 'અને તમે એમ કરશો એવી ખાતરી રાખું?'

બાપુ: 'મને ઊંઘવામાં અડચણ પડતી જ નથી.'

(વાઇસરૉય): 'આમાં કેટલી ચિંતા પડી છે; ઉદ્વેગ થયો છે તેનું શું વર્ણન આપું? કોને વધારે ચિંતા થઈ છે? મને કે તમને?'

બાપુ: 'એમાં હું સ્પર્ધામાં ઊતરવા નથી ચાહતો.'

(વાઇસરૉય): 'ત્યારે હું મુંબઈ જાઉં ત્યારે મને વળાવવા આવશો કે?'૨૨

બાપુ: 'જરૂર. ત્યાં હઈશ તો આવીશ.'

રાત્રે દોઢ વાગ્યે ઘેર પહોંચ્યા. વર્કિંગ કમિટીની મિટિંગ પોણા ત્રણ વાગ્યા સુધી ચાલી; અને બાપુ ત્રણ વાગ્યે સૂતા.૨૩

ઉપરોક્ત પ્રસંગો કરારો થયા તે વખતનું વાતાવરણ કેવું હશે તેની કલ્પના આપવા સારુ આપ્યા છે. ગાંધીજી અને લૉર્ડ અર્વિન બંને ધાર્મિક વૃત્તિના માણસો હતા; બંને એકબીજાની પ્રામાણિકતા પર વિશ્વાસ રાખતા હતા; બંને સમાધાનનું મહત્ત્વ સમજતા હતા; બંનેએ વાટાઘાટો ભાંગી ન પડે એટલા સારુ બેહદ મહેનત કરી તેને લીધે છેવટે ૫–૩–'૩૧ને રોજ કરારો પર સહીઓ થઈ. તે દિવસે સાંજે ખાતાં ખાતાં ગાંધીજીએ દેશવિદેશના અનેક મહત્ત્વપૂર્ણ અખબાર-પ્રતિનિધિઓ આગળ એક નિવેદન લખાવ્યું:

લગભગ દોઢ કલાક સુધી નિર્ગળ વાગ્ધારા ચાલી, ક્યાંય અટકતા નહોતા. માત્ર દેશી રાજાઓની વાત આવી ત્યાં અનકૉમ્પ્રોમાઇઝિંગ Uncompromising શબ્દ૨૪ યાદ નહોતો આવતો ત્યાં એકાદ મિનિટ થોભ્યા. એમની આસપાસ સૌ મંત્રમુગ્ધ થઈને સાંભળ્યા કરતા હતા; બીજાઓ એમની છબીઓ ઉતારતા હતા; પણ એ બધાથી અસ્પૃષ્ટ અવ્યય બાપુએ પોતાની વાગ્ધારા ચાલુ રાખી. મેં પણ આખું નિવેદન લખી લીધું. સમાધાનીમાં ઊભરાઈ જવા જેવું એ બહુ નહોતું લાગતું પણ આમાં તો ઊભરાઈ જવા જેવું લાગ્યું. આખું નિવેદન એ અહિંસાના ચમત્કાર૨૫ તરીકે વર્ણવી શકાય; અને આખા સમાધાનની ઉત્પત્તિ અહિંસામાં જ હતી એ, એ નિવેદનનો ધ્વનિ હતો.

રાત્રે બાપુ કહે, 'જ્યારે એક બાબતથી હું ભરેલો હોઉં છું ત્યારે આમ અખંડિત ધારા વહે છે. મારે ક્યાંય રોકાવું પડતું જ નથી.'૨૬

- વાટાઘાટો અને કરાર કરવા એ કાંઈ સહેલી વાત નથી હોતી. એમાં એક તરફે

પોતાના સિદ્ધાંતોની જાળવણી અને પોતાના લોકોનું ગૌરવ જાળવવાની વાત તો બીજી તરફ સામેના પક્ષની મુશ્કેલીઓ સમજીને એને અંગે વધુમાં વધુ ઉદારવૃત્તિ દાખવવાની વાત હોય છે. સારી વાટાઘાટો અને સારા કરાર પાછળ આ બે પ્રકારનાં સામસામાં બળોની સમતુલા જાળવી વિવેક સાધવાનો હોય છે. એ કામ સહેલું નથી. તેવું કઠણ કામ ગાંધીજી અને લૉર્ડ અર્વિને ૧૯૩૧ના માર્ચના આરંભમાં પાર પાડ્યું.

કરાર કરવા જેટલું કઠણ કામ છે તેનાથી તેના અંગરંગને સમજીને એ કરારનું પાલન કરવું એ વધુ કઠણ કામ છે. ગાંધીજીએ જે કરાર કર્યા તેમાં વેચાઈ ગયેલી કે ખાલસા થયેલી જમીનો પાછી ન મળે એ એવી વાત હતી કે જે કબૂલ કરવી એ સરદાર સારુ અઘરી વાત હતી, જેમની ઉપર હિંસાનો આરોપ હોય તેવા કેદીઓ મુક્ત ન થાય તે અને બંધારણની દૃષ્ટિએ આગલી ગોળમેજી પરિષદે સ્વીકાર કરેલી કેટલીક વાતો એમની એમ રહેતી હતી તે કબૂલ કરવી એ જવાહરલાલ સારુ અઘરી વાત હતી. આ બેય જણાને સાથે લીધા વિના તો પોતાની પાંખો જ કપાઈ જાય એમ ગાંધીજી માનતા હતા. સરદાર ગુજરાતમાં અને જવાહરલાલજી સંયુક્ત પ્રાંતોમાં ઘૂમી ઘૂમીને કરારની વિગતો લોકોને સમજાવવા અને તેનો અમલ કરાવવા તથા એનું પાલન બેમાંથી કોઈ પક્ષે પણ બરાબર ન થતું હોય તો તેને સુધારવા બધી રીતે જાગ્રતપણે પ્રયત્ન કરતા હતા. એ વર્ષના જૂન માસની ૧૧મીએ જવાહરલાલ મુંબઈમાં રહેતા યુરોપિયન લોકોને મળ્યા ત્યારે તેમણે તેમને આખી કસરતનું મહત્ત્વ ખૂબ માર્મિક રીતે સમજાવ્યું હતું.

'આ લડત મૂળ પ્રકારની૨૭ છે, દેશના રોમેરોમમાં વ્યાપેલી છે, અને તે કેવળ ગાંધીજીની નથી પણ પ્રજામાત્રની છે. બંધારણની વાતો કરતાં કહેલું, 'તમે તો બંધારણનો જોડો પગમાં ખૂંચે કે ન ખૂંચે એ ન જોતાં એ જોડાના પૉલિશની ચર્ચા કરો છો.' 'લડાઈ લડાઈની વાત કેમ કરો છો?' એમ સવાલ થયો એના જવાબમાં એમણે કહેલું, 'સતત ચોકી, મુક્તિનું મૂલ્ય છે.૨૮ એ સાચું હોય તો એ તો મેળવેલી સ્વતંત્રતાનું મૂલ્ય છે. અને એમ હોય તો મેળવવાની સ્વતંત્રતાનું મૂલ્ય કેટલું હશે?'૨૯

સરકાર પક્ષે અનેક અધિકારીઓની ઉપરવટ જઈને લૉર્ડ અર્વિને સમાધાન કર્યું હતું. સમાધાનને અમલમાં મૂકવાનો એ અધિકારીઓનો જાણે ઇરાદો જ ન હોય. એમ લાગતું હતું. કેટલાક તો એમ માનતા હતા કે ચળવળિયાઓ મારફત સરકારી

અમલદારો ઉપર જ વધુ જુલમો થયા છે! પોતાની મરજી વિરુદ્ધ નિર્ણય થયો હોય તો તેનો અમલ કરવામાં બને એટલાં વિઘ્નો નાખવામાં પટેલ, તલાટી, કલેક્ટર, કમિશનરથી માંડીને વાઇસરૉયના સચિવાલયના મોટામાં મોટા અધિકારીઓ પાવરધા હતા.

પરંતુ બે પક્ષોની ભૂમિકામાં એક જબરદસ્ત ફરક હતો. એક બાજુ વલ્લભભાઈની વૃત્તિ સિપાઈની હતી તેથી તેમણે ખાસ દલીલ કર્યા વિના ગાંધીજીની આજ્ઞા મુજબ વર્તવાનું નક્કી કરી નાખ્યું હતું અને બીજી બાજુ જવાહરલાલે ગાંધીજી પ્રત્યેના પ્રેમથી કરાર સ્વીકાર્યા હતા તેથી કરાર થયા પછી એક પણ વાર તેમણે એને અંગે ફરિયાદ નહોતી કરી. પેલી બાજુ જે અમલદારોને કરાર નહોતા ગમ્યા તેમણે ડગલે ને પગલે કરારનો ભંગ કરવામાં કશો નૈતિક ખટકો અનુભવ્યો નહોતો. લોકપક્ષ અને સરકારપક્ષની ભૂમિકામાં આ પાયાનું અંતર હતું. અધૂરામાં પૂરું કરાર થયા પછી સવા મહિને લૉર્ડ અર્વિનની વાઇસરૉયની કામગીરી પૂરી થઈ હતી. લૉર્ડ અર્વિનને મુંબઈ છોડતાં પહેલાં ગાંધીજીએ વિદાય આપી હતી. મહાદેવભાઈની ડાયરીમાં તેનું વર્ણન નીચે મુજબ આવે છે:

'વાઇસરૉયની[૩૦] સાથે શી વાત થઈ તે, સવારે મેં ગવર્નરની[૩૧] મુલાકાતને માટે મુદ્દા-નોંધ[૩૨] તૈયાર કરી હતી તે આપી ત્યારે બાપુએ મને કહી. કહે કે, 'જે વસ્તુ મેં વાઇસરૉયને દિલ્હીમાં કહેલી તે એણે મને અહીં કહી. મેં એને કહેલું, 'હું વિશ્વાસ રાખું છું કે હું તમારા હાથમાં સહીસલામત છું.' એણે કહ્યું, 'મારી આબરૂ સંપૂર્ણપણે તમારા હાથમાં છે. તમારે મને મારા અહીંના અને ત્યાંના દુશ્મનો સામે રક્ષણ આપવું પડશે.'[૩૩]

વાઇસરૉયે બાપુને ફરીફરીને આગ્રહ કર્યો કે એમણે 'વિલાયત જવું જ જોઈએ. ત્યાં જઈને ઘણું કામ થઈ શકશે. મુસલમાન-પ્રશ્નનું નિરાકરણ અહીં ન થાય તો ત્યાં થશે; પણ (એ અહીં ન થાય) તેટલા ખાતર ન જવું એ બરોબર નથી. હું વિલાયતમાં બધા પક્ષોની આગળ તમને ઓળખાવીશ.' વગેરે.

બાપુ: એ મારે માટે વિચારમાં ન બેસે એવું છે. મારાથી આના નિરાકરણ વિના ન જવાય; અને તમારો નિકાલ સ્વીકારાય નહીં એટલું જ નહીં, પણ તમારા ઉપર એ નિકાલ છોડાય પણ નહીં.'

વાઇસરૉય: 'તમારું મૂળભૂત વલણ હું સમજું છું. પણ ધારો કે એમ જ થાય તો

તમારો વાંધો તમે નોંધાવી શકો છો. બાકી સાચી વાત એ છે કે અલગ મતાધિકાર મંડળો તમારે આપી દેવાં જોઈએ. માલવિયા-મુંજેની સાથે મેં વાત કરી અને તેઓ પણ એ આપવા તૈયાર થયા છે. પછી મુશ્કેલી શી હોય?'

બાપુએ તોયે ના કહી એટલે પછી કહે, વારુ, પણ એના ઉપર વિચાર તો કરજો.'

પણ પોતે ન જાય તો કરે શું?૩૪ એ પણ અર્વિને બાપુને પૂછ્યું. બાપુ કહે, 'સ્વાતંત્ર્યની લડત છોડીને હું ઘરનાં દુ:ખો એક પછી એક લઈને તેના ઉપર સત્યાગ્રહ કરતો જઈશ. એ મારું કામ થઈ પડશે.'

અર્વિન વિચિત્ર રીતે હસ્યો; (બાપુ કહે, 'કદાચ મારી મૂર્ખાઈ ઉપર. હું કેવો બાઘો છું એ વાત ઉપર હસ્યો હશે) અને એને આશ્ચર્ય પણ થયું. એ જવાબને માટે એ કદાચ તૈયાર જ ન હતો.૩૫

અર્વિનની જગાએ લૉર્ડ વિલિંગ્ડન વાઇસરૉયપદે આવ્યા હતા, જે સામ્રાજયવાદી રાજ્યવહીવટમાં પાવરધા હતા અને જેમની સહાનુભૂતિ અમલદારશાહી જોડે જ હતી. તેમને વિશે નરહરિભાઈ લખે છે:

લૉર્ડ વિલિંગડન૩૬ તા. ૧૮–૪–'૩૧ના રોજ વાઇસરૉયપદે આવ્યા. તેઓ હિંદુસ્તાનના સારી પેઠે ભોમિયા હતા. મુંબઈ અને મદ્રાસમાં ગવર્નર થઈ ચૂકેલા હતા અને સિવિલ સર્વિસ સાથે તેમને સારી પેઠે ગાંઠ બંધાઈ ગયેલી હતી. હિંદુસ્તાનમાં બ્રિટિશ અમલદારોનું માનસ તેઓ બરાબર જાણતા હતા એટલું જ નહીં પણ એ માનસ સાથે તેમને સમભાવ હતો. બલકે એ માનસ તેમણે પોતે પણ કેળવ્યું હતું. આ સંધિ પ્રત્યે અને સંધિના પ્રણેતા ગાંધીજી અને લૉર્ડ અર્વિન પ્રત્યે તેઓ કેવું વલણ ધરાવતા તે ખાનગીમાં તેમણે કાઢેલા પણ બહુ જાણીતા થઈ ગયેલા તેમના આ ઉદ્ગારોમાં વ્યક્ત થાય છે: 'એ તો અર્વિન ભલો માણસ તે આ નટખટ વાણિયાની જાળમાં ફસાયો. હું તો એને કોઠું જ ન આપું.' બીજે એક પ્રસંગે કહેલું: 'વાનર યુક્તિઓવાળો એ લુચ્ચો (ગાંધીજી) મને ખોટો દેખાડવામાં હમેશાં ફાવી જાય છે.' જેનું આવું માનસ હોય તેની પાસેથી કેવી આશા રખાય? અને અમલદારોને તો સંધિ અશક્ય બનાવવી જ હતી. વિલિંગ્ડનસાહેબના રાજ્યમાં તેમને છૂટો દોર મળ્યો.૩૬ સંજોગોના આવા ભેદોને કારણે કરારો થયા એની સાથે સાથે જ એનો ભંગ થયો અને સુલેહ થઈ તે સાથે જ સંગ્રામની પણ જાણે કે શરૂઆત થઈ ગઈ.

આ પરિસ્થિતિમાં ગાંધીજીની નીતિ સંપૂર્ણ રીતે અહિંસક માણસને છાજે તેવી હતી. તેમણે એવી નીતિ અપનાવી કે આપણે પક્ષે તો કરારોનું ચુસ્તીથી પાલન કરવું જોઈએ અને તેમ કરતાં જે કાંઈ વધારાનાં કષ્ટો આવે તે વેઠી લેવાં જોઈએ, અને સામે પક્ષે જ્યાં જ્યાં પણ કરારભંગ થતો જણાય તેની વાત સરકારને કાને નાખવી જોઈએ. પોતાની તમામ સિપાઈવૃત્તિને અમલમાં આણીને નજર આગળ ખેડૂતોની ઉપર ત્રાસ ગુજારવામાં આવતો હતો તે જોતા હતા છતાં વલ્લભભાઈએ ખેડૂતોને કરારની શરતોનું પાલન કરવાનો જ આગ્રહ રાખ્યો.

દિલ્હીથી ગુજરાત પાછા આવી ગાંધીજી સરદાર સાથે બોરસદ અને બારડોલીના ખેડૂતોને મળ્યા. બોરસદમાં ગાંધીજીએ કહ્યું:

આ સંધિ એ લડતનો અંત નથી. લડતનો અંત તો સ્વરાજ મળ્યા પછી જ આવશે. અને કદાચ સ્વરાજ મળ્યા પછી પણ ન આવે, કારણ, સ્વરાજ સરકાર સામે પણ સત્યાગ્રહ કરવાનો આવે. આજે તો જે સંધિ થઈ છે તે સ્વરાજની મજલમાં એક આગળ પગલું છે. હવે જે લેવાનું રહ્યું છે તે વાતચીત, ચર્ચા, વાટાઘાટથી લેવાનું છે એ આશાથી આ સંધિ થયેલી છે. હવે તમને થયેલા નુકસાનનો બદલો તમને અપાવવાની મેં તમને વાત કરી હોય કે સરદારે કરી હોય એવું મને સ્મરણ નથી. કોઈ સ્વયંસેવકોએ તમને એવી આશા આપી હોય તો વગરવિચાર્યે હતી એમ મારે કહેવું જોઈએ. એને માટે તમે સમિતિને કે મને કે સરદારને જવાબદાર ન ગણતા.૩૭

ખેડા અને બારડોલીમાં ગાંધીજી અને વલ્લભભાઈ સાથે ગાળેલા ચાર દિવસો વિશે મહાદેવભાઈ લખે છે:'

એ દિવસો જીવનના એક લહાવા તરીકે ગણી શકાય. ગયા વર્ષમાં આ ગામોમાં જે જે બન્યું, રાષ્ટ્રયજ્ઞમાં એમણે જે ભાગ (? ભોગ) આપ્યો તેનું વર્ણન કરવાને કોઈ વાલ્મીકિ જોઈએ; પણ આજે જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ રહી છે ત્યારનાં દશ્યો વર્ણવવાને પણ એવી દૈવી કલ્પનાની આવશ્યકતા છે. પણ મેં તો એ, લેખકની દૃષ્ટિએ જોવાના કરતાં સાધકની દૃષ્ટિએ જોયાં અને હર્ષાશ્રુથી આંખ પાવન કરી. ત્યાગ અને સંકટસહનની પરિસીમા છતાં એને ટપી જતી અભિમાનના અભાવની પરિસીમાએ હૃદય વધારે વિનમ્ર બન્યું, અને આ ભલા ખેડૂતોની અનેરી શ્રદ્ધાનો કણ પણ આપણામાં હોત તો કેવું સારું એવો ઉદ્ગાર નીકળી ગયો. સરદાર ગામેગામ ફરતાં સૌની તપશ્ચર્યાની સ્તુતિ કરતાં કહે છે, 'તમે સહન તો બહુ કર્યું, પણ તમે

જેવડી ઇજ્જત કમાયા તેવડી ઇજ્જત થોડા જ કમાઈ શકે એમ છે.' મને નથી લાગતું કે એ લોકોને આ ઇજ્જતનો કાંઈ પણ ખ્યાલ હોય. બ્રેઇલ્સફર્ડે બારડોલીને અને ખેડાને અમેરિકામાં અને વિલાયતમાં અમર કર્યા છે, પણ એની એ ખેડૂતોને શી ખબર? ખેડૂતોને જેલમાં જઈને પ્રસિદ્ધિ મેળવવાનીયે ન મળે, અને છાપે ચડે તો છાપાં વાંચવા જેટલી નિરાંત અને ઘણી વાર જ્ઞાન ન મળે. આ સંજોગોમાં જેમને પોતે હૃદયમાં દેવનું સ્થાન દીધું છે તેવાના એ શબ્દને ઉઠાવી લઈ પારાવાર સંકટ સહન કરનાર ખેડૂતોને હજાર વાર ધન્યવાદ હો!'૩૮

હિજરતીઓનાં દુ:ખદર્દ જોઈ મહાદેવભાઈ દ્રવી ઊઠે છે:

આ ગાડાં ખેંચનારા ગરવા બળદોએ, આ ઘોડિયામાં પડેલાં બાળકોએ, આ રેંટિયો ફેરવતી બાળાઓએ — અરે, એ રેંટિયાઓએ પણ રાષ્ટ્રયજ્ઞમાં અજબ ભાગ ભજવ્યો છે. શકુંતલાની વિદાયના વર્ણનથી આંખ વધારે અશ્રુભીની થાય કે અન્સારીઓનાથી વિદાય લેતા આ હિજરતીઓને જોઈને વધારે અશ્રુભીની થાય? આ વિચાર કરતાં મારું આશ્રમ,૩૯ ગાંધીજીની શીતળ છાયામાં સનાતન વાસ, અને એની આસપાસ રહેલી બધી સૃષ્ટિ હું ભૂલું છું, અને આ સરલ, નિ:સ્પૃહ, નિર્વ્યાજ, શ્રદ્ધાળુ ખેડૂતોમાંનો એક હું હોત તો કેવું સારું એમ ઘડીભર થઈ જાય છે.૪૦

કરાર થયા ત્યાર પછી બોરસદમાં ખેડૂતોના પ્રશ્નોની તપાસ રવિશંકર વ્યાસ (મહારાજ) અને છગનલાલ જોષીએ કરેલી. રવિશંકર મહારાજને ખેડા જિલ્લાના લોકોનો ઉત્તમ પરિચય હતો. શ્રી જોષી સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના અભ્યાસુ હતા. બંને પોતે મેળવેલી હકીકતો મહાદેવભાઈ પાસે લાવતા. મહાદેવભાઈ તેમાંથી સરકાર સારુ નોંધ તૈયાર કરતા.

મુંબઈના આઝાદ મેદાનમાં મળેલી એક વિરાટ સભામાં ૧૭મી માર્ચે ગાંધીજીએ સત્યાગ્રહ અને સમાધાનનાં મૂળતત્ત્વો ચર્ચ્યાં:

સત્યાગ્રહી લડત માટે હંમેશ તૈયાર હોય; છતાં એનામાં સમાધાની માટે એટલી જ હોંશ હોવી જોઈએ — હંમેશ લડ્યા જ કરે એવું ન હોવું જોઈએ. શાંતિ માટે જો માનભર્યો મોકો મળે તો તેને આવકારવો જોઈએ. કૉંગ્રેસની વર્કિંગ કમિટીએ આવો મોકો જોયો અને એનો લાભ ઉઠાવ્યો. કોઈ પણ સમાધાનીમાં મહત્ત્વની શરત એ હોવી જોઈએ કે એમાં અપમાન જેવું કે હીણપત જેવું લાગે એવું કાંઈ હોવું જોઈએ નહીં: અગર તો એ, ડરના માર્યા કરી હોવી જોઈએ નહીં. મારા ઉપર તો, 'કોઈ

પણ રીતે ભીનું સંકેલી, સમાધાની કરી નાખો,' એ મતલબના તારનો વરસાદ વરસ્યા કરતો હતો; પણ હું લેશમાત્ર ચલિત થયો નહીં. આવી બાબતો માટે હું એક ઘડાયેલો માણસ છું. અને મારા અંતરના અવાજ અનુસાર લીધેલા કોઈ પણ નિર્ણયમાંથી ખસવા કોઈ પણ તાર મને અસર ન કરે એ વિશે હું મક્કમ હતો. સત્યાગ્રહી શંકા અગર ભયને વશ થતો નથી; તેમ જ સામા પક્ષને નમાવવા, હઠાવવા, શરમાવવાનો વિચાર કરતો નથી; એ, ન્યાયમાર્ગથી ચલિત થતો નથી અને અશક્ય શરતો લાદતો નથી. એ પોતાની માગણીઓ વધારે પડતી ઊંચી ન રાખે તેમ જ વધારે પડતી મોળી પણ ન કરે. બધું મર્યાદામાં જ માગે. હું કહેવા માગું છું કે હાલની સમાધાની આ બધી શરતોને સંતોષે છે.૪૧

ગાંધીજી બોરસદ – બારડોલીમાં ફરવા લાગ્યા તેથી લોકો મહાદેવભાઈને જાતજાતના પ્રશ્નો પૂછવા લાગ્યા. એમાંના કેટલાકના જવાબ તેમણે નીચે મુજબ આપ્યા:

બોરસદમાં શું કે બારડોલીમાં શું, ગામડાંમાં આખો જન્મારો વીતે, અને સિમલા, મુંબઈ કે બીજાં પાટનગરોમાં બિલકુલ જવું જ ન પડે તો પ્રભુનો પાડ માનું એ જવાબ ગાંધીજી પાસેથી મળે. ગામડાંમાં જ ખરું કામ છે એમ તો ગાંધીજી પોકારી પોકારીને કહી ચૂક્યા છે અને રાજ્યબંધારણના સવાલનો તરત નિકાલ આવે એમ શા સારુ માની લઈએ? વળી, એ પ્રશ્નનો તરત નિકાલ આવે તોપણ આપણે કરવાનાં કામ તે (બીજું) કોઈ કરી આપવાનું નથી.

સંધિની શરતો પાળવા-પળાવવાની ચર્ચામાં ગાંધીજીને સમય આપવો પડે એ દુ:ખની વાત નથી?' એ પણ દુ:ખની વાત નથી. ગાંધીજીમાં કેટલી ધીરજ છે અને લોકોની પાસે કેટલી ધીરજ તેઓ રખાવી શકે છે એ જગત શી રીતે જોઈ શકત?

એક મિત્રે કહ્યું તેમ આ સંધિપત્ર એ કોઈ નાનોસૂનો દસ્તાવેજ નથી; અને વર્સાઈની સંધિનો૪૨ અમલ કરવા-કરાવવામાં વર્ષો ગયાં તો આ સંધિપત્રનો અમલ કરવા-કરાવવામાં થોડાક મહિનાનો ગાળો વીતે તેથી કોઈએ નવાઈ પામવી જોઈએ નહીં અગર અધીરા થવું જોઈએ નહીં.

અનેક ઠેકાણે અનેક બાબતોમાં સંધિની શરતોનો ભંગ થાય છે છતાં તે વિશે ખામોશ રહી, ગાંધીજી પોતાનું કામ કર્યે જ જાય છે. એના કરતાં અહિંસાનો બીજો વધારે સારો પાઠ કયો હોઈ શકે? સંધિની અમુક કલમના અર્થને વિશે પણ પ્રામાણિક

મતભેદ હોઈ શકે છે. કોઈ અવળચંડા અમલદાર એ શરતના અવળા અર્થ કરતા હોય તોપણ તેને પ્રામાણિક માનીને તેમને પાટે ચડાવવાનો પણ ધર્મ થઈ પડે છે. સત્યાગ્રહીનો રસ્તો ખાંડાની ધારે ચાલવાનો છે. એ અહિંસાના અચળ માર્ગના પ્રવાસી ગાંધીજી સિમલા શા માટે ગયા તે હવે સમજાયું હશે.૪૩

અહીં એ પણ કહી દેવું જોઈએ કે બધા અમલદારો એકસરખા નહોતા. એમાંના કેટલાક ગાંધી-અર્વિન કરારનું પાલન કરવા સારુ પ્રામાણિકપણે પ્રયત્ન પણ કરતા અને કૉંગ્રેસના પક્ષને સમજવા પ્રયાસ પણ કરતા. ખેડાના કલેક્ટર મિ. પેરી તે પ્રકારના હતા. મુંબઈના ગવર્નર અને એમના ગેરેટ [ઉત્તર વિભાગના કમિશનર] જેવા સલાહકારો જે કરારની અમલબજવણીમાં અંતરાયો નાખતા તો ઉત્તર પ્રદેશના ગવર્નર મિ. હલી બને એટલા અનુકૂળ થવા પ્રયાસ કરતા. બોરસદથી ચોથી મેને દિવસે મહાદેવભાઈએ સરદારને એક પત્રમાં લખ્યું:

કાલે ટપાલના સમયે કલેક્ટર પાસે ગયો હતો. એટલે પ્યારાને [પ્યારેલાલને] કહી ગયો હતો કે તમને લખે. કલેક્ટરની સાથે ઠીક દોસ્તી થઈ છે. પણ એ લોકોની દોસ્તી ક્યાં લગી? મારા રિપોર્ટો એમને ગમે છે. પણ રાસનો જોશે એટલે એમની આંખ ફાટી જશે. રાસના જેવું કામ તો આખા હિંદુસ્તાનમાં ક્યાંય નથી થયું એમ કાલે જ જોઈ આવ્યો. રાત્રે ખેડૂતોની સાથે દોઢ વાગ્યા સુધી બેઠો હતો. ગામમાંથી કોઈ નીકળ્યા નથી. પણ કેટલીક વસ્તુઓ ખસેડી મૂકેલી છે અને તે તો 'બાપુ ગોળમેજી પરિષદમાં જઈ આવે અને સ્વરાજ લાવે ત્યાં સુધી પાછી નથી લાવવી. એમ કહે છે. રાસે જે શૂરાતન બતાવ્યું છે તે જો આપણે જોઈએ અને એણે જે ત્રાસ વેઠ્યો છે તે સાંભળીએ તો આપણી આંખમાંથી ચોધાર આંસુ આવે. પણ અત્યારે બાપુ મને રાસ કે પેલા મમાણિયાના ખેડૂત કે એવા બીજા દાખલાઓ વિશે ન લખવા દે.

પત્રને અંતે તાજાકલમમાં મહાદેવભાઈ લખે છે:

'મારે તો બારડોલી જેવું જ આ ક્ષેત્ર અનાયાસે ખૂલ્યું અને બાપુ મને રાસ માટે હદપાર કરે તોપણ અડચણ ન લાગે.'૪૪

સુરત અને ખેડા બંને જિલ્લાઓમાં કરારનો અમલ કરાવવા સારુ અને એમાં મુશ્કેલી આવતી હોય તો તેની વિગતવાર નોંધ તૈયાર કરવાનું કામ ગાંધીજીએ એકથી વધુ વાર મહાદેવભાઈને સોંપ્યું હતું. બારડોલીની તપાસસમિતિના અનુભવી મહાદેવભાઈને લાગતું હતું કે તે વખતે જેટલી સમજદારીથી અંગ્રેજ અમલદારોએ

કામ લીધું હતું તેવી રીતે આ વખતે પણ કામ લીધું હોત તો કામ સુતરું થઈ જાત. પણ અહીં તો મૂળ દાનત જ ખોરી હતી. પણ ઘણી વાર લોકોની ત્યાગવૃત્તિ, તપશ્ચર્યા અને શ્રદ્ધા મોટા અંતરાયો દૂર કરવામાં સફળ થતી. ખેડા જિલ્લાના કલેક્ટર એમ તો સહાનુભૂતિવાળા હતા, પણ તેમને અમુક ગામો વિશે પૂર્વગ્રહ હતો, એને વિશે મહાદેવભાઈ કહે છે:

પણ પેલાં બીજાં ગામો જેને કલેક્ટરે અવિશ્વાસપાત્ર ઠરાવ્યાં હતાં તેમણે તો પોતે અને પોતાના સેવક કાર્યકર્તાઓ વિશ્વાસને અપાત્ર ગણાયા તેનું દુ:ખ જુદી જ રીતે જ જાહેર કર્યું. બપોર સુધીમાં ત્રણેય ગામના થોડા થોડા લોકો બારસો-તેરસો રૂપિયા લઈને હાજર થયા. અમે સૌને લઈને કલેક્ટરની પાસે ગયા અને જણાવ્યું કે, ‘જે ગામને વિશે તમે વધારેમાં વધારે અવિશ્વાસ જણાવ્યો તે ગામ સાતસો રૂપિયા લઈને આવ્યું છે; તમે એ લોકોને મળો તો ખરા!’ કલેક્ટર આભા બન્યા. ‘આમ કરવાની કશી જરૂરત નહોતી,’ એમ જણાવ્યું. મેં કહ્યું: ‘સત્યાગ્રહીઓ પોતાનું દુ:ખ આ જ રીતે વ્યક્ત કરી શકે; આમાંના કેટલાક તો વ્યાજે પણ લાવ્યા હશે, પણ એમની આબરૂનો સવાલ આવીને ઊભો એટલે એ લોકો શું કરે?’ કલેક્ટર બહાર નીકળ્યા, લોકોને બોલાવ્યા અને કહ્યું: ‘મૈં બહુત ખુશ હુઆ હૂં. આપ લોગોં કો બડી તકલીફ હુઈ. ધૂપ મેં આયે. આપ લોગોં પર કોઈ નોટિસ નહીં નિકલેગી.’ એમ કહી મામલતદારને કાગળ લખી આપ્યો.૪૫

મહાદેવભાઈએ ગામડાંમાં ફરીને લોકોને કરાર અંગે સમજૂતી આપીને તેમને ત્યાગ સારુ તૈયાર કરવા એને પણ સેવા માની. તેઓ લખે છે:

લોકોને મેં તો બે વાક્યોમાં કહી દીધું: ‘આપણે પ્રામાણિક થવું છે, પ્રામાણિકપણે સરકારને કહી દેવું છે કે આટલા માણસો ભરી શકશે, આટલાની શક્તિ નથી, અને મુલતવીની રાહત આપવી પડશે. સરકારના ઉપર આપણે વિશ્વાસ બેસાડવો છે. અને એને કહેવું છે કે તમે કહેશો તે અને તેટલું ન અપાય, પણ અમે અમારી શક્તિ પ્રમાણે આપીએ તેટલું, અમારો કેસ સાચો હોય તો, તમારે લેવું પડશે.’ લોકો આ સમજી ગયા. રાસનું શૂરાતન ન સાંભળીએ, રાસના લોકોની પ્રસન્નતા ન જોઈએ તો રાસ ઉપર જે વીતી છે તે સાંભળીને ચોધારાં આંસુ આવે.૪૬

કામ ધીમે ધીમે, પણ લોકોની શક્તિથી આગળ વધતું હતું તેનાથી મહાદેવભાઈએ સંતોષ અનુભવ્યો.

મહાદેવભાઈ માત્ર ખેડૂતોને જ સમજાવતા નહોતા, અમલદારને પણ સમજાવતા. એમના સમજાવવાથી જ '૩૦ની લડતમાં જે પટેલ-તલાટીઓ, રાજીનામાં આપનાર પટેલ-તલાટીઓની અવેજીમાં કામે લાગ્યા હતા, તેમને બદલીને જૂના લોકોને પાછા લવાયા ત્યારે વચગાળાના લોકોએ પ્રજા પર જુલમો ગુજારેલા તે છતાંય તેમને કાંઈક ઇનામ આપવાની સરકારની યોજના હતી, તે પડતી મુકાઈ.

મહાદેવભાઈની અમલદારો સાથે મળીને સમજૂતીથી કામ લેવાની રીત એક વાર આંશિક રીતે જ સફળ થઈ હતી. તેઓ બારડોલી અંગે કલેક્ટર શ્રી કોઠાવાલા સાથે થયેલી સમજૂતી બાબત લખે છે:

રાસનો કૂટ કોયડો મિ. પેરીએ કેવળ વાતચીત અને વાટાઘાટે ઉકેલ્યો, પણ બારડોલીનો કોયડો ઉકેલવાનું મિ. કોઠાવાળાની શક્તિ બહારનું કામ હતું — સત્તા બહારનું પણ હોય. ત્યાં તો ધડાધડ નોટિસો નીકળી, ગાંધીજી અકળાયા, એમણે મને સુરત મોકલ્યો, હું સુરતમાં ૯મી જુલાઈએ મિ. કોઠાવાળાને શ્રી મોહનલાલ પંડ્યા સાથે મળ્યો. બહુ મીઠી વાતો થઈ, તેમની સાથે કેટલીક સમજૂતી થઈ. નોટિસોને પાત્ર માણસોની યાદી, આ સમજૂતીને અંગે, અમને પહોંચાડવાનું એમણે કબૂલ કર્યું અને હું પાછો મુંબઈ ગયો, સમજૂતીને અંગે એક યાદી કલેક્ટરસાહેબે શ્રી મોહનલાલ પંડ્યાને મોકલી, તે યાદીનો પંડ્યાજીએ ઉપયોગ કર્યો, યોગ્ય માણસો પાસે પૈસા ભરાવ્યા, અશક્તો પાસે અરજી કરાવી. પણ એ યાદી પહેલી અને છેલ્લી હતી. મિ. કોઠાવાળાએ પંડ્યાજીને પોતાની લાચારી પ્રગટ કરી કહ્યું, 'આવી યાદી હવે મારાથી ન અપાય, મને એવા હુકમ થયા છે.' ગાંધીજી પણ જ્યારે મિ. કોઠાવાળાને ૧૩મી તારીખે સુરતમાં મળ્યા ત્યારે મિ. કોઠાવાળાએ કહ્યું કે, 'મહાદેવની સાથે થયેલી મારી સમજૂતી સરકારને પસંદ પડી નથી.'૪૭

આ કલેક્ટરને એક વાર ગાંધીજીએ કહેલું, 'મારે અંગત રીતે તમારી સાથે કોઈ ઝઘડો નથી. તમે તો કેવળ હથિયાર છો,' એના જવાબમાં કલેક્ટરે કહેલું, 'હું હથિયાર પણ નથી; હું કેવળ પ્યાદું છું.'૪૮

છેક ઉપરના રસ્તે વાટાઘાટોમાં કેવાં વિઘ્નો નખાતાં હતાં તેનો ખ્યાલ સિમલાથી ૧૫–૫–'૩૧ને દિન મહાદેવભાઈએ સરદારને લખેલા પત્રમાં આવે એમ છે:

બાપુ બે દિવસ થયા એમર્સનને મળે છે. એ માણસ મહા દીર્ઘસૂત્રી છે. એટલે રોજ કલાકના કલાક લે છે. ગુજરાત વિશે બહુ ચર્ચા થઈ. અહીં ગેરેટ પણ આવ્યા

હતા; અમારા આવ્યાના એક દિવસ અગાઉ ચાલ્યા ગયા. એમર્સન કહે છે: 'જ્યાં સુધી ત્યાં૪૯ સખત પગલાં લેવાશે નહીં ત્યાં સુધી તમે શા સારુ અધીરા થાઓ?' બાપુ કહે: 'મારી ધીરજ હવે ખૂટી ગઈ છે, બદમાશ પટેલોને તમારે કાયમ રાખવા જ હોય તો પટેલોની સામે એવી હિલચાલ થાય કે તે ગામોમાં રહી જ ન શકે.૫૦ પણ મેં ધીરજ રાખી છે. એટલે લોકો કશું બોલતા નથી. ૧૯૨૮–'૨૯ અને ૧૯૨૯–'૩૦ના હપતા જે લોકોએ આટલી ઉદારતાથી ભર્યા છે તેમની પાસેથી મહેસૂલ લઈ શકાય નહીં; લો તો હું એને દગો કહીશ. વાતો બહુ આકરી થઈ. પેલાએ આખરે કહ્યું: 'સખતાઈનાં પગલાં લેવાશે નહીં.'૫૧

કેદીઓ વિશે પણ વાતો થઈ.૫૨ હવે એમણે કબૂલ્યું છે કે જેટલાને વિશે બાપુને લાગે તેટલા માટે લખી મોકલે. પંજાબના ૨૮ કેદીઓને નહીં છોડે, કારણ કે પંજાબની સ્થિતિ ખરાબ છે એમ કહે છે. મીઠાપઉ વિશેની તકરાર ઠીક પતી ગઈ કહેવાય. મદ્રાસના માછીઓને એ 'છૂટ' લાગુ નહીં પડે એવા હુકમ નીકળ્યા હતા. તે ફેરવાશે અને હવે બાપુને બતાવીને આ લોકો માટે પરિપત્ર કાઢશે.

અહીં બધા લોકો માને છે કે (સંધિનો) ભંગ મુંબઈના અમલદારો... ખાસ કરીને ગેરેટ જેટલા કરી રહ્યા છે તેટલા ભાગ્યે જ કોઈ કરતા હશે. બાપુ કહે છે કે ગેરેટને સીધા કરવા હોય તો ઘડીકમાં કરી શકાય. પણ એટલા ખાતર સંધિને તોડવી ઠીક ન કહેવાય. એટલે રાહ જોઈ રહ્યો છું. ગઈ કાલની બધી વાત 'ફ્રન્ટિયર' [સરહદ પ્રાંત] ઉપર હતી. પણ ત્યાર પછી હું બાપુ સાથે વાત નથી કરી શક્યો. પણ ગફ્ફારખાનની ગિરફ્તારી વિશેની વાતો ચાલી રહી છે.૫૪ ગુજરાતથી સરદાર પણ મહાદેવને પત્ર લખીને એમની મારફત ગાંધીજીને સંધિના અમલમાં થતી ઢીલ અંગે વાકેફ કરતા. ૨૫–૮–૧૯૩૧નો કેટલોક ભાગ જુઓ:

અહીં તો સૌની નજર તમારે ત્યાં શું થાય છે તેના ઉપર છે. સંધિની શરતોના પાલનમાં કંઈ ફેરફાર થવાનો સંભવ લાગતો નથી. રાસના પટેલને હજી કાઢ્યો નથી. ખબર તો એવા મળ્યા છે કે ગાંધીજી પાછા આવતાં સુધી કંઈ જ કરશે નહીં. પોલીસ ઉઠાવી લીધી છે અને ધારાળાઓએ પાછું નુકસાન કરવાનું શરૂ કર્યું છે. પાક તૈયાર થયો છે તે વખતે તે તોફાન શરૂ કર્યું છે. બે જણની બાજરી કાપી ગયા. બે પંપના પટા કાપી લઈ ગયા. મેં કલેક્ટરને લખ્યું છે તો ખરું પણ જોવાનું રહ્યું કે શું થાય છે.

વરાડના જહાંગીરને તો મામલતદારની તપાસમાં કંઈ થવાનું નથી. મામલતદાર મળી ગયો છે…

યુ. પી.માં જવાહરની ફરિયાદ તો જેવી ને તેવી જ છે. છતાં ચલાવી રહ્યા છીએ. 'પ્રેસ ઍક્ટ'નું તો તમે જાણો છો. હવે વળી કલકત્તામાં અટકાયતીઓના ટોળા પર ગોળીબાર કર્યો. તેમાં બે મરી ગયા અને પચીસ જણ ઘાયલ થયા. બંગાળી અટકાયતીઓ જરા અટકચાળા તો હોય છે. પણ સરકારે અતિશય જુલમ કર્યો લાગે છે. છતાં એ તો ઢાંકપિછોડા કરવાના જ…

સિંધમાં સાત–આઠ જણને '[૧૨૪]અ' કલમ પ્રમાણે પકડ્યા છે ને 'કેસો.' ચાલે છે. તેમાં ગોવિંદાનંદ પણ છે. બોલવામાં બાફ્યું જ લાગે છે. પણ એ તો હમેશાં જ એવું બોલતા હતા. આજે કાંઈ નવું નથી…૫૫

કરારના વિરોધી અમલદારોએ ગાંધીજીનો વિરોધ કરવામાં કેટલીક વાર સામાન્ય શિષ્ટતાની મર્યાદા પણ જાળવી નહોતી. પૉવેલ નામના એક અંગ્રેજે એવો દાવો કર્યો હતો કે મેં ગાંધી સાથે વ્હિસ્કી પીધો છે અને આજે છે એવો તપસ્વી એ તે વખતે નહોતો. વળી કરાડીમાં એમને અડધી રાતે ગિરફતાર કર્યા ત્યારે ત્યાં કસ્તૂરબા ઉપરાંત બીજાં કોઈ બહેન પણ સૂતાં હતાં તેને લઈને ગાંધીજી પર ચરિત્રદોષનું આળ ચડાવવાના પ્રયાસ થયેલા એની નોંધ મહાદેવભાઈ પોતાની ડાયરીમાં કરે છે.૫૬

દેશમાં કોમી એકતા અંગે કાંઈક સમજૂતી થાય નહીં અને કરારના અમલ અંગે કાંઈક ખાતરી ન થાય તો બીજી ગોળમેજી પરિષદમાં જવાનું લૉર્ડ અર્વિનને વચન આપેલું છતાં જવાય નહીં એમ ગાંધીજી માનતા હતા. કૉંગ્રેસ કારોબારીએ, ખાસ કરીને મૌલાના આઝાદે, એવો આગ્રહ રાખ્યો કે કોમી સમજૂતી ન થાય તોપણ તેમણે જવું. કરારના અમલ અંગે ગાંધીજી વાઇસરૉય વિલિંગ્ડનને મળ્યા. પ્રથમ તો વાત તૂટી જ ગઈ એમ લાગતું હતું પણ છેક છેલ્લી ઘડીએ સમાધાન થયું અને વાઇસરૉયે સ્પેશિયલ ટ્રેનની વ્યવસ્થા કરી અને તા. ૨૯–૮–'૩૧ને દિન મુંબઈ પહોંચીને એસ. એસ. રાજપૂતાના નામની સ્ટીમર ગાંધીજી પકડી શક્યા. બહુ આશા રાખ્યા વિના વિલાયત જઈ રહેલા ગાંધીજીને વળાવવા મુંબઈના બંદરે લાખોની ભીડ ભેગી થઈ હતી. એ વિદાય અંગેનું મહાદેવભાઈનું વર્ણન છે તો સાવ સરળ અને અંગત, પણ તેથી જ તે માર્મિક થઈ ગયું છે:

ઘરે દુર્ગા, બાબલો મળ્યાં, દુર્ગા પ્રસન્ન લાગી. જેમતેમ દોડધામમાં તૈયારી કરી

અને બોટ ઉપર પહોંચ્યા — બાર વાગ્યે. સાથે બાબલો, દુર્ગા હતાં. બાબલો બોટ ઉપર આવીને કહે, 'કાકા, બોટમાં આટલાં બધાં ઘર શી રીતે હશે?' માણસો એટલાં હતાં કે બાબલો તો અકળાઈ ગયો.

મુંબઈના લોકોએ અજબ વિદાય આપી. એક વાગ્યે સ્ટીમર ચાલી ત્યાં સુધી બાપુ ડેક ઉપર ઊભા રહ્યા. દુર્ગા, એક કેસરિયા સાડીવાળી પાસે ઊભી હતી. તેની નિશાની લઈને મેં, આખરે આંખ તાણવી પડે ત્યાં સુધી જોયા કીધી, આખરે બધું દૃશ્ય આંખ આગળથી લુપ્ત થયું.૫૭

- ગાંધીજી અને મહાદેવભાઈ ૧૯૩૧ના જાન્યુઆરીની ૨૬મીએ જેલમાંથી છૂટ્યા ત્યારથી માંડીને ઑગસ્ટની ૨૯મી તારીખે બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા તેમણે મુંબઈ બંદર છોડ્યું ત્યાં સુધીની કેન્દ્રવર્તી ઘટના ગાંધી-અર્વિન કરાર અને તેના અમલ અંગે આપણે જોઈ ગયા. મહાદેવભાઈના જીવનને લાગેવળગે છે ત્યાં સુધી આ જ અરસામાં બનેલી બીજી બે મુખ્ય ઘટનાઓ ભગતસિંહ અને તેના સાથીઓને ફાંસી અને કરાંચીમાં ભરાયેલ મહાસભાનું અધિવેશન હતાં.

ભગતસિંહની ફાંસીને લૉર્ડ અર્વિન સાથે સંધિ થઈ તે છતાં ગાંધીજી રોકી ન શક્યા તેથી ઘણા જુવાનિયાઓ ઉશ્કેરાયા હતા અને દિલ્હીથી કરાંચી કૉંગ્રેસમાં આખે રસ્તે ઠેકઠેકાણે ગાંધીજી સામે દેખાવો થયા હતા. મહાદેવભાઈને રસ એ બાબતમાં હતો કે આ વિશે ગાંધીજીની ભૂમિકા દેશ આગળ તેઓ સ્પષ્ટ કરે.

ગાંધીજી ભગતસિંહની બહાદુરી, એની દેશભક્તિ અને એની સત્યનિષ્ઠાના પ્રશંસક હતા. અલબત્ત, તેમને એનો હિંસાનો રસ્તો પસંદ નહોતો. ગાંધીજી ભગતસિંહ વગેરેને ફાંસીની સજા થાય એની વિરુદ્ધ હતા. તેથી વાઇસરૉયને મળવા ગયા તે પહેલાં જ વાઇસરૉય જોડે જેમની સારી ઊઠબેસ હતી તેવા જયકર અને સપ્રુને આ અંગે કાંઈક કરવા આગ્રહ કર્યો હતો. બંનેએ પોતાના બનતા પ્રયાસ કરવાનું ગાંધીજીને આશ્વાસન પણ આપ્યું હતું. વાઇસરૉય સાથેની વાટાઘાટો કૉંગ્રેસના પૂર્ણ સ્વરાજના ઠરાવને લીધે ચાલેલા સવિનયભંગના આંદોલનને નિમિત્તે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે હતી. યુદ્ધવિરામ કઈ કઈ શરતોને આધારે થાય એની વાત ચર્ચાતી હતી. તેથી એ વાતોના એક ભાગ તરીકે તો ગાંધીજી ભગતસિંહ વગેરેના પ્રશ્નની ચર્ચા વાઇસરૉય સાથે કરી શકતા નહોતા. પરંતુ એ ચર્ચાથી

સ્વતંત્રપણે તેમણે આ વિષયની ચર્ચા વાઇસરૉય સાથે જરૂર કરી હતી અને એક કરતાં વધારે વાર કરી હતી. વાઇસરૉય આ બાબતમાં જરા પણ મચક આપવા તૈયાર નહોતા, અને ગાંધીજી આ વિષયને વાટાઘાટોના વિષયની અંતર્ગત વાત માનતા નહોતા તેથી આ મુદ્દા પર વાટાઘાટ તોડી નાખવાનો તો પ્રશ્ન જ ઊઠતો નહોતો. વાત માત્ર માનવીય દૃષ્ટિકોણથી થતી હતી અને આ બાબતમાં વાઇસરૉયની રાજનૈતિક દૃષ્ટિ એની માનવીય દૃષ્ટિની આડે આવતી હતી. વાઇસરૉયે કોઈનેયે ફાંસીની સજા ફરમાવવી એ માનવીય દૃષ્ટિએ અયોગ્ય છે એવું સ્વીકાર્યાનું મહાદેવભાઈની નોંધ કે બીજે કશે જડતું નથી. હા, વાટાઘાટો ચાલતી હતી તે ધ્યાનમાં લઈને અને કૉંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીએ લીધેલા નિર્ણયને બહાલી મળવાની હતી એ વાતનો ખ્યાલ રાખીને વાઇસરૉયે ગાંધીજી કહેતા હોય તો કૉંગ્રેસ અધિવેશન ભરાઈ જાય ત્યાં સુધી ભગતસિંહની ફાંસી મુલતવી રાખવાની તૈયારી બતાવી હતી. ફાંસીની સજા એટલો સમય રોકી લે અને પાછળથી આપે તેમાં ગાંધીજીને પ્રામાણિકતા ન લાગી, તેથી તેમણે તે સૂચનને વધુ ઉત્તેજન ન આપ્યું.

કરાંચી જતાં રસ્તામાં ઠેર ઠેર લોકો ગાંધીજીને કટાક્ષ કરી પૂછતા હતા કે ભગતસિંહને ક્યાં મૂકી આવ્યા? 'રેડ'વાળા મલીર સ્ટેશને 'ભગતસિંહ કો ફાંસી કિસને દિલાઈ?' 'ગાંધી કે સમઝોતેને.' એવા પોકારો કરતા જુવાનિયા ઊભા હતા. સ્ટેશને ઊતરતાં ગાંધીજીને ઘેરી લીધા. દેવદાસભાઈએ કૉર્ડન તોડી તો તેમને ધક્કો મારીને કાઢ્યા. ગાંધીજી ઉપર કાળાં ફૂલ નાખવાનાં હતાં, પણ તેમણે એ ફૂલ માગ્યાં એટલે તેમના હાથમાં મૂક્યાં. તે વિશે ગાંધીજીએ કહ્યું, 'એ લોકોએ ઠીક મર્યાદા બતાવી. આથી વધારે કોલાહલ કરી શકતા હતા. પણ ન કર્યો.'

માલવિયાજી કહે, 'આપણે કેમ બાપુએ વાઇસરૉયને કાગળ લખ્યો હતો એ વાત ન કરીએ?' મહાદેવભાઈએ ગાંધીજીને પૂછી જોયું. એમણે કહ્યું, 'એ કામ જવાહરલાલ-સુભાષનું છે. આપણે એ લોકોને માટે કેટલું કર્યું તે એમણે જ કહેવું જોઈએ.'

ભગતસિંહ વગેરેને બચાવવા ગાંધીજીએ શું શું કર્યું એની જુવાનિયાઓને ખબર હોત તો તેમણે વિરોધમાં જે દેખાવો કર્યા તે માટે એમને દિલગીરી થાત અને પોતાની ભૂલ ભૂંસાઈ જાય એવું કાંઈક કરવા તૈયાર થાત એવી મહાદેવભાઈને આશા હતી. તેમણે એમ પણ લખ્યું હતું કે, 'છેલ્લાં થોડાંક વર્ષોમાં, બ્રિટિશ સરકારે, એમની

મહાનુભાવતા નજરે ચઢે એવું કોઈ કૃત્ય કરીને નામના મેળવી હોય એવું જાણ્યું નથી; પણ ગાંધીજીને એવી અપેક્ષા હતી કે લૉર્ડ અર્વિન જે શાસનપદ્ધતિના અંગ છે તે શાસનપદ્ધતિ છતાં, સમય વર્તશે અને કાયમી શાંતિ સ્થાપવાની સરકારની ઇચ્છાનો હિંદને સબળ પુરાવો પૂરો પાડશે. ત્રેવીસમી તારીખની વહેલી પરોઢે લખેલો કાગળ પ્રેમની શાહીમાં બોળેલી કલમ વડે લખવામાં આવ્યો હતો અને એક એક મહાન ખ્રિસ્તીની ઉદારતાને અપીલ કરતો હતો.'૫૮

મહાદેવભાઈએ ઉલ્લેખ કરેલા એ પત્રમાં શું હતું? गाधीजीनो अक्षरदेह – ખંડ ૪૫માં ૩૬૦મે પાને તે પત્ર નીચે મુજબ આપવામાં આવ્યો છે:

૧, દરિયાગંજ, દિલ્હી,

માર્ચ ૨૩, ૧૯૩૧

પ્રિય ભાઈ,

આ પત્ર આપને માથે મારવામાં ઘાતકીપણું તો છે, પણ આ છેલ્લી અપીલ હું આપને કરું તે સુલેહશાંતિ માટે આવશ્યક છે. ભગતસિંહ અને એમના બે સાથીઓને થયેલી મૃત્યુદંડની સજા સાવ માફ કરો એવી કોઈ આશા નથી એવું આપે મને નિખાલસતાપૂર્વક કહ્યું જ હતું, છતાં શનિવારે મેં આપની આગળ જે રજૂઆત કરી, તે પર વિચાર કરવાનું પણ આપે કહેલું. ડૉ. સપ્રુ મને કાલે મળ્યા હતા ને કહેતા હતા કે આ બાબત અંગે આપ ચિંતિત છો, તથા તેના યોગ્ય ઉકેલ માટે આપના મનમાં મથામણ ચાલી રહી છે. જો આ વિષયની આપની પુનર્વિચારણાને સહેજ પણ અવકાશ હોય તો નીચેના મુદ્દા તરફ આપનું ધ્યાન ખેંચવા માગું છું.

સાચો હોય કે ખોટો હોય, લોકમત માફીની તરફેણમાં છે. કોઈ સિદ્ધાંત જોખમાતો ન હોય તો લોકમતને માન આપવું એ ઘણી વાર કર્તવ્ય બની રહે છે.

વર્તમાન કિસ્સામાં સંજોગો એવા છે કે જે માફી બક્ષવામાં આવે તો દેશની અંદર શાંતિ સ્થાપવામાં મદદ થાય એવો ભારે સંભવ છે. જે ફાંસી દેવાશે તો તો સુલેહશાંતિ બેશક જોખમમાં છે જ.

આ જિંદગીઓ બચાવવામાં આવે તો પોતાની પ્રવૃત્તિઓ અટકાવી દેવાની ક્રાંતિકારી દળે મને ખાતરી આપી છે એવી માહિતી હું આપને આપી શકું છું, તે જોતાં

ક્રાંતિદળ ખૂનરેજી અટકાવે ત્યાં સુધી મૃત્યુની સજા મોકૂફ રાખવાનું આપનું અનિવાર્ય કર્તવ્ય બને છે.

આજ પહેલાં પણ રાજકીય ખૂનો માફ થયેલાં છે. આ લોકોની જિંદગી બચાવવાથી બીજી અનેક નિર્દોષ જિંદગીઓ બચી જવાનો સંભવ હોય તો તેમ કરવું સારું છે.

શાંતિના પક્ષમાં મારી જે કંઈ અસર પડે છે તેની આપ કદર કરો છો તો કૃપા કરીને, વિના કારણ મારું કામ જે અત્યારે જ ઘણું મુશ્કેલ છે તેને ભવિષ્ય માટે વધુ મુશ્કેલ, લગભગ અશક્ય ન બનાવી દેશો.

ફાંસી દીધા પછી ન દીધી થઈ શકતી નથી. આ બાબતમાં ભૂલ થઈ શકે છે એવો આપને સહેજ પણ અંદેશો હોય તો મારી આપને આગ્રહપૂર્વક વિનંતી છે કે જે પગલું ઉઠાવ્યા પછી પાછું વાળી શકાતું નથી તેને વધુ વિચારણા માટે હાલ મોકૂફ રાખવું.

રૂબરૂ મળવાનું આવશ્યક હોય, તો હું આવી શકીશ. જોકે હું બોલીશ નહીં,૫૯ પરંતુ સાંભળીશ અને મારે જે કહેવું હશે તે લખીને આપીશ.

ઉદારતા કદી નિષ્ફળ જતી નથી.

આપનો

સહૃદયી મિત્ર૬૦

કૉંગ્રેસના અધિવેશનમાં ૨૬મી માર્ચે જાહેર ભાષણ કરતાં ગાંધીજીએ કહ્યું:

એમને ફાંસીએ ચડાવીને સરકારે પ્રજાને છંછેડવાનું ભારે કારણ આપ્યું છે. મને પણ એથી ચોટ લાગી છે, કેમ કે મારી મસલતો અને વાતચીતો પરથી મારા મનમાં એવી દૂરની આશા બંધાઈ હતી કે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ કદાચ બચી જાય. એમને હું બચાવી ન શક્યો તે માટે નવજુવાનો મારા પર ક્રોધ કરે તેનું મને આશ્ચર્ય નથી થતું, પણ મારે તેમના પર ક્રોધ કરવાનું કશું કારણ નથી. એક તો, મારા જીવનમાં આ જાતનો પહેલો પ્રસંગ નથી. જે માણસ માનવજાતિની સેવા કરવાનો દાવો કરતો હોય તેણે, જેમની પોતે સેવા કરે છે તેમના પર ક્રોધ ન કરવો એ એનો ધર્મ છે. હું તો અહિંસાધર્મી હોવાથી મારાથી કોઈના પર ક્રોધ કરી શકાય એમ છે જ નહીં...

એ જુવાનો તો માત્ર એટલું જ પોકારતા હતા, 'ગાંધી, પાછા જાઓ,' 'ગાંધીવાદનો નાશ થાઓ.' એમને એમ કરવાનો હક હતો, કેમ કે એઓ માનતા હતા

મેં ભગતસિંહને બચાવવાને મારું બનતું કર્યું નહીં, અથવા તો સાવ વીસરી ગયો. પણ મને કે બીજા કોઈને હેરાન કરવાનો એ જુવાનોનો ઇરાદો નહોતો. એમણે, સૌને પસાર થવા દીધા, અને પછી એક જુવાને આવીને કાળા કપડાનાં ફૂલ મારા હાથમાં મૂક્યાં. એ ફૂલ મારા પર નાખીને એઓ મારું અપમાન કરી શકત, પણ તેમ કરવાનો એમનો ઇરાદો નહોતો...

આ જુવાનો તો દુનિયાને એ બતાવવા માગતા હતા કે મહાત્મા ગમે તેવો મોટો હોય તોપણ તે હિંદુસ્તાનનું નુકસાન કરી રહ્યો છે. એવી એમને ખાતરી છે. હું દેશને દગો દઉં છું એમ એઓ માનતા હોય તો મને ઉઘાડો પાડવાનો એમને અધિકાર છે...

મારાથી આ જુવાનો સાથે આથી બીજું વર્તન રાખી જ ન શકાય, કેમ કે મારે તો એમને પ્રેમથી જીતી લેવા છે. તલવારનો ત્યાગ કર્યા પછી, મારો વિરોધ કરનારને આપવા માટે મારી પાસે પ્રેમના પ્યાલા સિવાય બીજું કશું રહ્યું નથી. એ ખ્યાલો આપીને હું એમને મારી નજીક ખેંચવાની આશા રાખું છું. માણસ માણસ વચ્ચે શાશ્વત વેર રહે એ મારી કલ્પનાની બહારની વાત છે. અને હું પુનર્જન્મમાં માનનારો રહ્યો, એટલે હું એવી પણ આશા રાખી રહ્યો છું કે આ જન્મે નહીં તો બીજે કોઈ જન્મે હું સમસ્ત માનવજાતિને પ્રેમપાશમાં લઈ શકીશ...

સરકારે ઉશ્કેરણીનું પૂરતું કારણ આપ્યું છે એ હું કબૂલ કરું છું, પણ આ અધીરા જુવાનોને હું ઈશ્વરને નામે, આપણી પ્રિય જન્મભૂમિને નામે વીનવું છું કે તેઓ આ અહિંસક લડતમાં ખરા જિગરથી ઝંપલાવે. ચાળીસ વરસના મારા અહિંસાના અખંડ આચરણ પર તેઓ વિશ્વાસ રાખે.

પણ એમ ન કરે તો તેઓ મને ભલે હણે, પણ ગાંધીવાદને તેઓ હણી શકવાના નથી. જો સત્યને હણી શકાય તો ગાંધીવાદને હણી શકાય, જે અહિંસાને હણી શકાય તો ગાંધીવાદને હણી શકાય, કેમ કે ગાંધીવાદ એટલે સત્ય અને અહિંસાને માર્ગે સ્વરાજ મેળવવા સિવાય બીજું શું છે? સત્ય અને અહિંસા દ્વારા મળેલા સ્વરાજનો શું તેઓ અસ્વીકાર કરશે?...૬૧

મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં એક ઠેકાણે એ પણ નોંધ્યું છે કે બૅરિસ્ટર અસફઅલી ભગતસિંહ તરફથી દયા માગતો પ્રાર્થનાપત્ર ઘડી લાવ્યા હતા. તેને રદ કરીને ગાંધીજીએ નવો એવો પ્રાર્થનાપત્ર ઘડી આપ્યો કે જે ભગતસિંહ માટે વધારે સ્વમાનભર્યો હતો.૬૨

એક વરસ પહેલાં જ લાહોર કૉંગ્રેસ સારુ સરદાર વલ્લભભાઈનું નામ આવેલું. પણ ગાંધીજીને લાગેલું કે બારડોલીની જીત પછી તરત તેમને કૉંગ્રેસ-પ્રમુખ બનાવવામાં આવે તો સરદારે એ જીતને વટાવી એવો એનો ખોટો અર્થ થાય. તેથી કૉંગ્રેસે એવો નિર્ણય કરવામાં ખમી જવા કહેલું, '૩૧ની કૉંગ્રેસ વખતે સરદારને પ્રમુખ બનાવવાનો વિચાર તેમણે વધાવી લીધો. સરદારની પોતાની ભૂમિકા તો બંને વખતે સૈનિકની જ હતી. તેમણે સેનાપતિની આજ્ઞાને જ શિરોધાર્ય કરી. મહાદેવભાઈને સારુ કરાંચી કૉંગ્રેસનો પ્રસંગ વિશેષ આનંદનો હતો. તેથી તેમણે નવજીવનમાં એને અંગે એકથી વધારે લેખોમાં વિસ્તૃત અહેવાલો આપ્યા અને એ લેખોમાં ગાંધીજી ઉપરાંત સરદારનાં ભાષણો, કૉંગ્રેસની વ્યવસ્થા પાછળ જયરામદાસ દોલતરામ અને તેમના સાથીઓની મહેનત, રસોડાની અત્યંત સુંદર વ્યવસ્થામાં કરાંચીના ગુજરાતીઓનો સહકાર, અને માર્ચના અંતમાં અધિવેશન ભરાયું હતું એટલે 'આકાશછત્રધારી મંડપ'ની શોભાનાં ગુણગાન કર્યાં હતાં. આ અધિવેશનમાં મુખ્ય ઠરાવ સ્વરાજના મૂળ અધિકારો વિશેનો હતો તે ગાંધીજીએ રજૂ કર્યો. આ ઠરાવ કૉંગ્રેસના ઇતિહાસમાં શકવર્તી ગણાશે. પાછળથી આપણા દેશનું બંધારણ ઘડતી વખતે પણ આ ઠરાવનો આધાર લેવામાં આવ્યો હતો.

કરાંચી કૉંગ્રેસમાં ખાન અબદુલ ગફ્ફારખાન પોતાના ખુદાઈ ખિદમતગારોની એક ટુકડી સાથે આવ્યા હતા તેની મહાદેવભાઈ ખાસ નોંધ લે છે અને તેમનું ભાષણ પણ જનતા સારુ પેશ કરે છે. કરાંચી કૉંગ્રેસથી પહેલાં જ કાનપુરમાં કોમી હુલ્લડો થયાં હતાં. અને શાંતિકાર્ય કરતાં શ્રી ગણેશ શંકર વિદ્યાર્થી ત્યાં શહીદ થયા હતા તેની નોંધ પણ મહાદેવભાઈ લે છે.

કરાંચી કૉંગ્રેસ વિશે ઉલ્લેખ કરતી વખતે અહીં એક વાતની નોંધ લઈએ, જે મહાદેવભાઈએ કદાચ જાણીજોઈને પોતાની ડાયરીમાં નથી લખી, પણ જેનો ઉલ્લેખ તેમણે લેખક અને તેની મા આગળ કર્યો હતો.

સરદાર વલ્લભભાઈને જ્યારે કૉંગ્રેસ-અધ્યક્ષ બનાવવાનું નક્કી થયું ત્યાર બાદ તેમણે મહાદેવભાઈને કૉંગ્રેસના મહામંત્રી બનવાનો ખૂબ આગ્રહ કર્યો હતો. મહાદેવભાઈને તો આનો કાંઈ જવાબ આપવાપણું હતું જ નહીં. એમને માત્ર મલકાઈને ગાંધીજી તરફ જોવાનું જ હતું. અને જે ગાંધીજીએ બે વરસ પહેલાં મહાદેવભાઈને બારડોલી ખાતર છૂટા કર્યા હતા, જેમણે એમને સરદાર સાથે મદ્રાસ

અને બિહાર પ્રવાસમાં મોકલ્યા હતા, તેમણે મહાદેવને કોંગ્રેસના મંત્રી બનવા ખાતર પોતાને ત્યાંથી છૂટા કરવાનો ઇન્કાર કર્યો હતો. ગાંધીજી મહાદેવભાઈને એક વર્ષ સારુ પોતાનાથી અલગ રાખવા માગતા નહોતા. નજીકના ભવિષ્યમાં વિલાયત જવાનું થાય તો ત્યાં એમની જરૂર હતી. અને ગાંધીજી એ પણ સારી રીતે જાણતા હતા કે મહાદેવનો સ્વધર્મ રાજકારણ નહીં, પણ ગાંધીકારણ હતો.

મહાદેવભાઈ સામાન્ય રીતે પોતાની ડાયરીઓમાં પોતાને વિશે લખતા નથી. એટલે એમને વિશે જાણવા સારુ આપણે ગાંધીજીના પત્રોને જ ઉથલાવવા પડે છે!

મહાદેવ સાબરમતી જેલમાં હતા ત્યારે યરવડાથી ગાંધીજી આશ્રમમાં માત્ર દુર્ગાબહેનને જ નહીં, પણ કોઈ પણ આશ્રમવાસીને પત્ર લખે તો મહાદેવનું સ્મરણ કરતા. નારણદાસ ગાંધીને નામે લખેલા પત્રમાં તો ભલામણ કરે છે કે, 'મહાદેવને કહેજો કે જેલમાંથી પણ એને સમય અને રજા મળે તો લખ્યા કરે.'૬૩

મણિલાલ ગાંધી સારુ ગાંધીજી યરવડા મંદિરની વાંચવાલાયક પુસ્તકોની એક સૂચિ મોકલે છે અને પછી આશ્રમના વ્યવસ્થાપકને લખે છે:

'ઉપરનામાંથી જેટલું રસિક લાગે તેટલું ને થઈ શકે તેટલું મણિલાલ કરે. અથવા તો વાંચવાનો શોખ લગાડનાર મહાદેવ છે, એટલે મહાદેવ જેમ દોરે તેમ દોરાય.'૬૩

વળી જ્યાં સુધી મહાદેવભાઈ બહાર રહીને મીઠાની લડતમાં સક્રિય હતા, ત્યાં સુધી થોડેઘણે અંશે સાબરમતી આશ્રમના પ્રશ્નોની ચિંતા પણ તેઓ જ કરે એવી ગાંધીજીની અપેક્ષા હતી. નારણદાસ ગાંધીને એક વાર ગાંધીજી લખે છે: 'તમારી રીત હું જાણું છું. મહાદેવ જ્યાં લગી બહાર છે ત્યાં લગી તમે તમારી રીત પ્રમાણે છેવટના નિર્ણયનો બોજો નહીં ઉપાડો, અને તે બરોબર છે.'૬૫ જોકે એક જગાએ તેઓ છેવટના નિર્ણયની જવાબદારી પોતાને માથે પણ લે છે. નારણદાસભાઈ ઉપરના જ બીજા એક પત્રમાં ગાંધીજી એક ભાઈ વિશે લખે છે: 'તેની અનિયમિતતા વગેરે સહન કરવા યોગ્ય છે એમ હું માનું છું, તે સાચો છે એટલે દંભ નથી કરવા માગતો. તેની શક્તિની કે ઇચ્છાની બહાર છે તે કરવાની ના પાડે છે. પણ તેનામાં સેવાભાવ છે જ. તેનું હૃદય સાફ છે. એટલે તેના નાના દોષો સહન કરવામાં ધર્મ રહેલો છે એમ લાગે છે. છતાં હવે મહાદેવ [ત્યાં] છે. તેના નિર્ણય ઉપર તે આધાર

રાખવાનું કહે છે. મહાદેવ શું કહે છે તે જોજે. મહાદેવ નિકાલ નહીં કરી શકે તો હું તો છેવટે કરી દઈશ.'૬૬

બંને જણ જ્યારે જુદી જુદી જેલમાં હતા ત્યારે ગાંધીજી યરવડા મંદિરથી આશ્રમમાં દુર્ગાબહેનને નામે પત્ર લખતા એ પત્રમાં દુર્ગાબહેનની તબિયત વિશે સૂચન કર્યા પછી તરત આખો પત્ર મહાદેવભાઈ સારુ જ લખતા. દાખલા તરીકે, ૧૮મી જાન્યુઆરી, ૧૯૩૧ને દિન સવારે પાંચ વાગ્યે લખેલો પત્ર મહાદેવભાઈ સાથે રેંટિયો અને ધનુર્વિદ્યા (એટલે કે પીંજણશાસ્ત્ર) અને अनासक्तयोग અંગે સમાન રસપૂર્વક વિચારવાની દૃષ્ટિએ લખાયેલો છે:

ચિ. દુર્ગા,

હજુ નારંગીનો પ્રયોગ ચાલતો હશે. પિચકારી તો બરોબર લેવાતી હશે. ઓડકાર બંધ થવા જ જોઈએ. માથા ઉપર દુખાવો હોય તો માટી મૂકવી જોઈએ.

મહાદેવને કહેવું હિલનો ગીતાનો અનુવાદ મારા જોવામાં નથી આવ્યો. કાકાને મેં લખ્યું છે. अनासक्तयोगમાં જે સુધારાવધારા સૂચવવા હોય તે સૂચવે અને શંકાઓ કે પ્રશ્નો હોય તે પણ પૂછે. એ મને ગમશે. એક એક ભજનનું ભાષાંતર મીરાંબહેનને દર અઠવાડિયે જાય છે. જો એ કોઈ પણ કાળે છપાવવાનું થશે તો તો મહાદેવ જરૂર જોશે જ. નહીં તોપણ મીરાંબહેન પાસેથી મેળવી લેવું. મારી પાસે તો બંગાળી ભજનો સિવાયનાં બધાનું પડ્યું જ છે. દેવદાસ સંસ્કૃતનો પંડિત થઈને નીકળે એ તો સરસ વાત થશે. એનું ઉર્દૂ પણ પાકું કરી લે તો સારું. ધનુર્વિદ્યા ઉપર મથુરાદાસે જે લખ્યું છે તે ન જોયું હોય તો મહાદેવ જોઈ જાય. આ શાસ્ત્રને જેટલું ચોક્કસ કરી શકાય ને શણગારી શકાય તેટલું કરી લેવાની જરૂર છે. જેમ જેમ ઊંડો ઊતરતો જાઉં છું તેમ તેમ મારો મોહ રેંટિયા પ્રત્યે વધતો જાય છે. રેંટિયામાં રૂની બધી ક્રિયા આવી ગઈ. ગરીબનો બેલી પરમેશ્વર તો છે પણ પરમેશ્વરના હાથપગ રેંટિયો છે. તેને જે ગરીબ પકડે તેણે પરમેશ્વરને પકડ્યો. ગરીબની જેમ આપણે ખાઈપી ન શકીએ પણ ગરીબને અર્થે રેંટિયો તો ચલાવીએ જ. અને રેંટિયો ચલાવીએ એટલે તેની અખૂટ શક્તિનું નિરીક્ષણ કરવું ને તેને પ્રગટાવવી. આ અભ્યાસ જેવોતેવો નથી. અને એ જીવતી ગીતા છે. આ બધું મહાદેવને સારુ લખવાની જરૂર નથી, પણ

તેને નિમિત્તે આ પ્રાર્થનાને સમયે મારા મનના ઉદ્‌ગારો નીકળી જાય. બધાની પાસે એ એવી રીતે નીકળી પણ ન શકે.

બાપુના આશીર્વાદ૬૭

કોઈક વાર વળી સાત વર્ષના બાબલાને લખે છે:

શ્રી નારાયણરાવ,

કે બાબલો? તેં ટીસા૬૮ તો સારા કાઢ્યા લાગે છે. પણ ટીસાને બદલે અક્ષરનાં ચિત્ર કાઢતાં શીખ. મહાદેવ આવ્યા એટલે ખૂબ ગમ્મત લૂંટે છે ના? વહેલો પાછો મોકલી ના દેતો.

બાપુના આશીર્વાદ૬૯

નોંધ:

૧. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૧.

૨. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૫.

૩. એજન, પૃ. ૭.

૪. એજન, પૃ. ૮.

૫. એજન, પૃ. ૧૦.

૬. એજન, પૃ. ૨૭.

૭. गांधीजीनो अक्षरदेह – ૪૫ : પૃ. ૧૪૬.

૮. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૩૧.

૯. એજન, પૃ. ૩૨.

૧૦. એજન, પૃ. ૪૮, ૪૯.

૧૧. એજન, પૃ. ૫૦.

૧૨. સપ્રુ, જયકર અને શ્રીનિવાસ શાસ્ત્રી.

૧૩. ગ. મા. નાંદુરકર: सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૧૭.

૧૩એ. गांधीजीनो अक्षरदेह – ૪૫ : પૃ. ૨૫૫.

૧૪. નરહરિ પરીખ: सरदार वल्लभभाई – ૨ : પૃ. ૪૪.

૧૫. પિકેટિંગ અંગેના મુદ્દાઓ: महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૮૪ પરથી સારવીને લીધા છે.

૧૬. આ આખો પ્રસંગ: महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૮૫-૮૬ને આધારે લીધો છે.

૧૭. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૮૬ પરથી સારવીને.

૧૮. એજન, પૃ. ૮૮-૮૯ને આધારે.

૧૮એ. એજન, પૃ. ૮૯.

૧૯. આ દિવસે વાઇસરૉય સાથે બે વખત મંત્રણા થઈ હતી, એક બપોરે અઢીથી સાંજના સાડા સાત સુધી અને બીજી રાતના સાડા નવથી સાડા બાર સુધી.

૨૦. મતલબ કે જમીનો પાછી આપવા વિશે.

૨૧. Gentlman's word.

૨૨. વાઇસરૉય લૉર્ડ અર્વિન મુંબઈથી તા. ૧૮–૪–'૩૧ના રોજ વિદાય થવાના હતા.

૨૩. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૯૦-૯૧.

૨૪. આ નિવેદનમાં શબ્દો હતા It is therefore I think necessary for them to take up an uncompromising attitude.

૨૫. Miracle of nonviolence.

૨૬. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૧૦૧.

૨૭. Elemental.

૨૮. Eternal Vigilance is the Price of Liberty.

૨૯. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૩૯૦.

૩૦. વિદાય થતા વાઇસરૉય લૉર્ડ અર્વિન.

૩૧. મુંબઈના ગવર્નર સર ફ્રેડરિક સાઇક્સ.

૩૨. Brief.

૩૩. અસલમાં આ વાક્યો અંગ્રેજીમાં છે.

૩૪. મતલબ કે 'પોતે ગોળમેજી પરિષદમાં ન જાય તો શું કરશે?'

૩૫. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૨૬૩-૨૬૪.

૩૬. નરહરિ પરીખ: सरदार वल्लभभाई – ૨ : પૃ. ૫૫.

૩૭. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૧૨૦.

૩૮. એજન, પૃ. ૧૩૧-૧૩૨.

૩૯. મૂળમાં આ પ્રમાણે છે.

૪૦. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૧૩૩.

૪૧. એજન, પૃ. ૧૪૭.

૪૨. પહેલા વિશ્વયુદ્ધ પછી જે સંધિ થઈ તેના કરારનામામાં, દસ્તખત, પૅરિસ પાસે આવેલા વર્સાઇલ નામના ગામમાં થયા હતા.

૪૩. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૩૪૨-૩૪૩.

૪૪. નરહરિ પરીખ: सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૧૮-૧૯.

૪૫. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૩૧૧-૩૧૨.

૪૬. એજન, પૃ. ૧૦૫.

૪૭. એજન, પૃ. ૫૧૨.

૪૮. એજન, પૃ. ૪૬૬.

૪૯. ગુજરાતમાં.

૫૦. લડત દરમિયાન જે તલાટીઓ કે પટેલોએ રાજીનામાં આપ્યાં હતાં તેમને સંધિ મુજબ પાછા લેવાના હતા. પરંતુ તે બાબત સ્થાનિક અમલદારો અનેક વાંધા ઉઠાવતા.

૫૧. આ સંદર્ભમાં કહેવાનું કે ગાંધી-અર્વિન કરાર થયો ત્યારે બારડોલી તાલુકાનું આશરે વીસ લાખ જેટલું મહેસૂલ ભરવાનું બાકી હતું. પરંતુ સરદારશ્રીના પ્રયત્નથી ઓગણીસ લાખ રૂપિયા તો સરકારી ખજાનામાં ભરાઈ ગયા હતા. બાકીના ભરવામાં જે વિલંબ થયો હતો તે ખેડૂતોની આડાઈને લીધે નહીં; પરંતુ તેમની જમીનો જપ્ત થઈ હતી, પાક લૂંટાઈ ગયો હતો અને ભેંસોની હરાજી થઈ હતી. એટલે એવા બેહાલ થયેલા ખેડૂતો પર મહેસૂલ માટે સખ્તાઈ થતી જોઈને ગાંધીજી અને સરદાર ભારે વિમાસણમાં પડ્યા હતા.

૫૨. ગાંધી-અર્વિન કરાર મુજબ સત્યાગ્રહી કેદીઓને મુક્ત કરવાનું ઠરાવ્યું હતું અને તે સિવાયના રાજદ્વારી કેદીઓ વિશે તેમના કેસો તપાસીને નિર્ણયો લેવાના હતા. આ અંગે સનદી નોકરોએ પ્રાંતે પ્રાંતે એકસરખું ધોરણ અપનાવ્યું નહોતું અને તેથી મુંબઈ જેવા પ્રાંતમાં હિંસક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા રાજદ્વારી કેદીઓ પણ

છૂટ્યા; પરંતુ સરહદ પ્રાંતમાં ખાન અબદુલ ગફ્ફારખાન જેવા સત્યાગ્રહી કેદીઓને મુક્ત કરવામાં આવ્યા નહોતા.

૫૩. આ સંધિ મુજબ જ્યાં મીઠું કુદરતી રીતે પાકતું હોય ત્યાં પોતાના ઘરવપરાશ માટે મેળવવાની તેમ જ માથે મૂકીને અડખેપડખે વેચવાની છૂટ આપવામાં આવી હતી. તે માટે મદ્રાસ ઇલાકાના માછીઓએ સરકારને અભિનંદનના તાર કર્યા હતા. પરંતુ સરકારે તેમને રોકડું પરખાવ્યું હતું કે માછલી સાચવવા માટે આ સંધિ મુજબ છૂટ આપી શકાય નહીં. એટલે બાપુએ એમર્સન સાથે આ પ્રશ્ન ચર્ચ્યો હતો અને તેમનાથી આ વાત કબૂલ કરાવી લીધી હતી.

૫૪. ગ. મા. નાંદુરકરઃ सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૨૩-૨૪.

૫૫. એજન, પૃ. ૨૨૫માંથી સારવીને.

૫૬. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૪૫૩-૫૪ને આધારે.

૫૭. એજન, પૃ. ૫૪૧.

૫૮. એજન, પૃ. ૧૭૪.

૫૯. આ તારીખે સોમવાર એટલે મૌનવાર હતો. આ જ દિવસે પોતાના પત્ર પર 'ખાનગી'નો શેરો કરી વાઇસરૉયે જવાબ આપ્યો: 'આપે જે જે લખ્યું છે તે બધી બાબતો પર મેં ફરી ઘણી કાળજીપૂર્વક વિચાર કર્યો છે અને હાલની કપરી પરિસ્થિતિમાં તો આપનું કામ વધારે મુશ્કેલ બનાવવાનું હું કદી કલ્પવું પણ નહીં, છતાં લાચાર છું કે આપની વાતચીત દરમિયાન મેં આપને વિસ્તારપૂર્વક સમજાવ્યા પ્રમાણે એવાં કારણો છે જેને લઈને આપ માગો છો એવું પગલું ભરવાનું મને કોઈ રીતે વાજબી લાગતું નથી...'

૬૦. गांधीजीनो अक्षरदेह – ૪૫ : પૃ. ૩૬૦-૩૬૧.

૬૧. महादेवभाईनी डायरी – ૧૪ : પૃ. ૧૭૭થી ૧૮૧માંથી સારવીને.

૬૨. એજન, પૃ. ૧૬૬.

૬૩. गांधीजीनो अक्षरदेह – એજન, પૃ. ૧૭૪.

૬૪. એજન, પૃ. ૨૫૩.

૬૫. એજન, પૃ. ૨૬૭.

૬૬. એજન, પૃ. ૨૮૬.

૬૭. गांधीजीनो अक्षरदेह – ૪૫ : પૃ. ૯૮.

૬૮. ટીસા — લીટા દોરવા.

૬૯. गांधीजीनो अक्षरदेह – ૪૪ : પૃ. ૨૪૩.

# એકત્રીસ – અણખૂટ વિશ્વાસે વિલાયતમાં

ગાંધીજીના જીવનમાં કેટલાક એવા પ્રસંગો છે જે બાહ્ય દૃષ્ટિએ જોતાં વધુમાં વધુ નિષ્ફળતાના પ્રસંગો ગણાય, અને છતાં તે એમના વ્યક્તિત્વને, અને અમુક અંશે જોતાં આખા દેશના ઇતિહાસને ઊંચામાં ઊંચાં શિખરો પર ચડાવનાર પ્રસંગો હતા. બીજી ગોળમેજી પરિષદ અંગે સપ્ટેમ્બરથી ડિસેમ્બર ૧૯૩૧ સુધી તેમણે લીધેલી ઇંગ્લંડની મુલાકાત એ પ્રકારનો બાહ્ય નિષ્ફળતાનો પરંતુ આંતરિક ઊર્ધ્વગમનનો ભવ્ય અવસર હતો. આ નિમિત્તે ગાંધીજીના અંતરમનને બહારની પ્રવૃત્તિઓ સાથે સાંકળીને દુનિયા આગળ વિશદ રીતે અભિવ્યક્ત કરવાનું કઠણ કામ કરવામાં મહાદેવભાઈની ગાંધીજી પ્રત્યેની વફાદારી અને દેશભક્તિ, તેમની અસાધારણ કર્મણ્યતા અને બુદ્ધિમત્તા, તેમના પોતાના હૃદયહરણ સ્વભાવ અને સુધાઝરતી વાણી એ સર્વ એકત્રિત થયાં ન હોત તો કદાચ ઇતિહાસના આ નાજુક તબક્કે ‘દુષ્ટો દગલબાજો થકી’ જેમનું પનારું પડ્યું હતું તેમની સામે ‘અણખૂટ વિશ્વાસે ભર્યા જીવન’થી આગળ વધનાર ગાંધીજીનું ચરિત્ર આટલું પ્રાંજળપણે સ્પષ્ટ થયું ન હોત. નિરંતર નોંધ લેનાર સચિવ, એ નોંધોને આધારે દુનિયાને નાનીમોટી તમામ ઘટનાઓ સાથે અઠવાડિયે અઠવાડિયે વાકેફ રાખનાર પત્રકાર, જેને પોતે કદી જોયાજાણ્યા નહોતા તેવા દેશના નાનાવિધ સ્વભાવના લોકો જોડે સૌની જરૂરિયાત, ગાંધીજીની શક્તિ અને દેશનાં હિતોનો વિચાર નજર આગળ રાખી મુલાકાતો ગોઠવનાર, કે જાતે મુલાકાત લેનાર વિષ્ટિકાર, ઇંગ્લંડના જુદા જુદા રાજનૈતિક પક્ષોના સંસદસદસ્યોથી માંડીને રાજ્યકારભાર સંભાળનાર મંત્રીઓ જોડે ખુદ વાટાઘાટો કરનાર મુત્સદ્દીરૂપે મહાદેવભાઈ આ દિવસોમાં પ્રગટ્યા. ગાંધીજી સાથે લંડનના ઈસ્ટ એન્ડના ગરીબ મહોલ્લાથી માંડીને શહેનશાહના મહેલ સુધી ફરનાર અને

ઈટનના 'વડા પ્રધાનો પેદા કરનાર' વિદ્યાલયથી માંડીને ઑક્સફર્ડના વિશ્વવિદ્યાલય સુધી પહોંચી જનાર ગાંધીજી સાથે એમને પોતાના પેટ પર પાટુ મારનાર વિલાયતી કાપડ-બહિષ્કાર આંદોલનના નેતા માનનારા મિલમજૂરોથી માંડીને ગાંધીજીના જીવનને 'ઈશુખ્રિસ્તના ચરિત્રને વધુમાં વધુ નજીક બેસી શકે એવી હસ્તી' માનનાર ડીન ઑફ કેન્ટરબરીના નિવાસ સુધી, છાયાની માફક નિરંતર ફરનાર મહાદેવભાઈનું વ્યક્તિત્વ પણ આ ચાર માસ દરમિયાન સોળે કળાએ ખીલ્યું હતું.

મહાદેવભાઈએ એમના સ્વધર્મને અનુસરીને, આ પૂર્ણકળાએ વિકસેલું વ્યક્તિત્વ પણ ગાંધીજીના વિભૂતિમત્વમાં સમર્પિત કર્યું હતું. તેથી આપણે સારુ આ ગાળાની મહાદેવકથા ગાંધીકથામાં એકરૂપ થયેલી જણાશે. માત્ર આપણે તેને મહાદેવભાઈની માફક ગાંધીજીની પ્રવૃત્તિઓના વૃત્તાંતરૂપે નહીં, પણ મહાદેવભાઈની થોડીક લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખી જોઈશું. અલબત્ત, શક્ય તેટલા સંક્ષેપમાં.

ગોળમેજી પરિષદમાં ભારતની જનતાના સાચા પ્રતિનિધિ તરીકે જનાર તો ગાંધીજી એકલા જ હતા. બીજા બધા તો અંગ્રેજ સરકારે પોતાને અનુકૂળ લોકોને શોધી શોધીને ભારતના અનેક વાસ્તવિક કે કાલ્પનિક વર્ગોનું પ્રતિનિધિત્વ કરવા તેડી આણેલા શેતરંજના પ્યાદા જેવા હતા. હિંદી મહાસભાએ ઘણી ઘણી વિચારણા પછી ગાંધીજીને પોતાના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ઇંગ્લંડ પાઠવ્યા હતા. દેશની કોટિ કોટિ જનતાની મીટ તો આખો વખત ગાંધીજી ભણી જ મંડાયેલી હતી. તેથી મહાદેવભાઈએ અઠવાડિયે અઠવાડિયે नवजीवन અને यंग इन्डिया પત્રો દ્વારા પ્રવાસવર્ણનો મોકલી લોકોને ગાંધીજીની ગતિવિધિઓથી વાકેફ રાખવાનો ક્રમ જારી રાખ્યો હતો. नवजीवन કે यंग इन्डियाના આ લેખો માત્ર તે તે પત્રો પૂરતા મર્યાદિત નહોતા રહેતા. અઠવાડિયે અઠવાડિયે તેમાંથી સામાન્ય જનતાને સારુ રુચિકર થઈ પડે એવા ભાગો ઝડપી લેવા હિંદનાં અનેક દૈનિક છાપાંઓ તત્પર હતાં. આમ મહાદેવભાઈના સાપ્તાહિક પત્રો ગાંધીજીની સાથે દેશના આતુર લોકોને પણ યાત્રા કરાવતા. આ પત્રો અને લેખો દ્વારા મહાદેવભાઈ ગાંધીજીના અંતરમનની પણ ઝાંખી કરાવતા.

આપણે પહેલાં પ્રવાસવર્ણનો લઈએ. 'એસ. એસ. રાજપૂતાના' સ્ટીમર પર રવાના થતાં, લગભગ અડધો માઈલ દૂર સુધીનાં મકાનો ઉપર ચડીને વિદાય આપતા ભાવભીના ભારતવાસીઓને રામ રામ કરીને સ્ટીમર ભણી મોં કરતાંની સાથે ગાંધીજીએ

સ્ટીમરને જ આશ્રમનું રૂપ કેવી રીતે આપી દીધું તેનું વર્ણન ભારતના લોકોને એના પછીના અઠવાડિયામાં જ નવજીવન મારફત જાણવા મળ્યું. સ્ટીમરમાં ગાંધીજીએ પોતાને સારુ સૌથી અગવડભરેલો ખૂણો પસંદ કર્યો. પણ એમાં જગા સારુ કોઈની હરીફાઈ થાય નહીં, પ્રથમ વર્ગના મુસાફરોને મળતી કોઈ ખાસ સગવડ લેવાની ન રહે, અને ત્યાં ઊભા રહેવું પણ સ્ટીમરના વધારે પડતા હાલવાને કારણે મુશ્કેલ થઈ પડતું હતું તેથી, મુલાકાતીઓનો મારો ન રહે અને ગાંધીજીને કામ સારુ પૂરતું એકાંત મળી રહે, એવા અનેક લાભો હતા! પોતાને માટે અને સાથીઓ સારુ આવેલા સામાનને જોઈને ગાંધીજીએ સાથીઓનો ઊધડો લીધો. એનું વર્ણન મહાદેવભાઈએ પોતાની કમજોરી પર ફિટકાર વરસાવતાં અને દરિદ્રનારાયણના પ્રતિનિધિ ગાંધી પ્રત્યે આદર અને અહોભાવ દર્શાવતાં નિખાલસતાથી કર્યું છે. મહાદેવભાઈ સારુ એ પ્રથમ પશ્ચિમ યાત્રા હતી, ઇંગ્લંડની ઠંડીની વાતો સાંભળેલી, પણ અનુભવ નહોતો કર્યો. તેથી દુર્ગાબહેન અને બીજી મિત્રમંડળીએ આગ્રહ કરી કરીને મહાદેવભાઈ સારુ સામાન બંધાવ્યો હતો. ડૉ. અન્સારી પાસેથી ઉછીનો લીધેલ એક લાંબા કોટ સિવાયનો બીજો બધો સામાન એડનના બંદરથી પાછો આવે છે.

એડન બંદર પહોંચતાંની સાથે મહાદેવભાઈ તે શહેર મુંબઈથી લગભગ નાકની લીટીએ પશ્ચિમમાં ૧,૬૬૦ માઈલ દૂર છે, તે જ્વાળામુખીના લાવા પર ઊભું થયેલું નગર છે, અરે, શહેરના વચલા એક ભાગને ત્યારે 'ક્રેટર' (જ્વાળામુખીનું મુખ) કહે છે, વગેરે ભૌગોલિક વર્ણન આપવાનું ચૂકતા નથી. સ્ટીમર પર હતા એટલે, સહેજે એમને આ બધી નોંધ કરવાની નવરાશ મળી હશે એમ આપણે કલ્પી શકીએ. વળી ગાંધીજી સાથે રહેવું એટલે 'જ્વાળામુખીના મુખ પર વસવાટ કરવો' એવી તુલના કરનાર મહાદેવભાઈને સામાનના ઢગલા અંગે ગાંધીજીના જ્વાળામુખીના નાના સરખા સ્ફોટનો તાજો જ અનુભવ થયો હતો, એ પણ કારણ હશે. પણ ભૂગોળ એકલી શીખવીને મહાદેવભાઈને સંતોષ શે થાય? એટલે તરત તેઓ એ વાતની પણ નોંધ લે છે કે ૧૮૩૯ સુધી તો આ સ્થાનમાં માછીમારોનાં નાનાં ગામડાં જ હતાં, જેની વસ્તી માત્ર ૬૦૦ જેટલી હતી. બ્રિટિશ ઇતિહાસકારો આ ભાગના ઇતિહાસને કેવી રીતે રજૂ કરે છે તે વર્ણવીને મહાદેવભાઈ એમ પણ સૂચવે છે કે જો આ શહેરના સાચા ઇતિહાસ અંગે સંશોધન થાય તો જરૂર સામ્રાજ્યવાદી ઇતિહાસનો એક પડદો એનાથી ખૂલી શકે. મહાદેવભાઈએ પોતાના પ્રવાસના વર્ણન દ્વારા ભારતની જનતાને ગાંધીજીની

યાત્રામાં સહભાગી બનાવી, એમના અંતરમાં અવારનવાર ડોકિયાં કરાવ્યાં અને આખા પ્રવાસવર્ણનને વ્યાપક લોકશિક્ષણનું એક માધ્યમ બનાવ્યું.

મુંબઈથી એડન સુધીની સફર વિશે ગાંધીજીએ એક પત્રમાં જવાહરલાલજીને લખ્યું:

'... દરિયો વધુમાં વધુ લાગ્યો હોય તો તે મીરાંબહેનને. પ્યારેલાલ અને દેવદાસે પણ ઠીક ઠીક ભોગવ્યું. મહાદેવને બિલકુલ ન લાગ્યો, અને તેમણે સૌથી વધુ કામ કર્યું.'૧

મહાદેવભાઈએ જોકે સ્ટીમરના મુસાફરોમાં ગાંધીજીને સૌથી ચડિયાતા ગણ્યા હતા!૨

મહાદેવભાઈનાં પ્રવાસવર્ણનોમાં ગાંધીજીને મળનાર અનેક નાનામોટા લોકોની માર્મિક ઓળખાણ પણ આવી જ જાય. ઇજિપ્તની તે કાળની મુખ્ય વિરોધી પાર્ટી વફ્દ પાર્ટીના પ્રમુખ નહાસ પાશા અને આઝાદીની લડાઈ સારુ પ્રાણ પાથરનાર નેતાનાં પત્ની શ્રીમતી ઝગલૌલ પાશાના સંદેશાઓની મહાદેવભાઈ ખાસ નોંધ લે છે. સ્ટીમરયાત્રા દરમિયાન જ વાયરલેસ દ્વારા અનેક સંદેશાઓ ગાંધીજી પર પહોંચતા. તેમાં મહાદેવભાઈ બેરબેરાના ભારતીયોના સંદેશાનો ખાસ ઉલ્લેખ કરે છે, અને કહે છે કે, 'પહેલાં તો અમે ધાર્યું હતું કે બેરબેરા અમારી માફક કોઈ વહાણનું નામ હશે, પણ પછી મેં શોધી કાઢ્યું કે એ તો એડનના અખાતની દક્ષિણે આવેલ ૧૮૮૪થી બ્રિટિશરોના હાથમાં પડેલ સોમાલી — લૅન્ડના એક મુખ્ય શહેરનું નામ હતું.૩ એમ જણાય છે કે મહાદેવભાઈ આ પ્રવાસ દરમિયાન સ્ટીમરની લાઇબ્રેરી, ખાસ કરીને એના એટલાસનો ઉપયોગ કરવાનું ચૂક્યા નથી!

અખાતમાંથી પસાર થતાં મહાદેવભાઈ બેય કાંઠાના લોકોના ઇતિહાસને યાદ કરી લે છે અને જે નજરે જોઈ શકાય એટલી ભૂગોળ પણ વાચકો આગળ ધરી દે છે. પણ બધાં વર્ણનોને અંતે મુલાકાતીઓએ દેખાડેલી ગાંધીજી પ્રત્યેની ભક્તિ અને એમનામાં ઊભરાતી આઝાદી માટેની તમન્નાની વાત એ જ મહાદેવભાઈના કાવ્યમય વર્ણનમાં ધ્રુવપદ સમી છે. અને સ્ટીમરમાં કોઈક સવારે કે સાંજે પ્રાર્થના પછી ગાંધીજીએ પ્રવચન કર્યું હોય તો તે ટપકાવવાનું તો મહાદેવભાઈ ચૂકે જ શાના? પણ આ ભક્તિમય નોંધ કરતી વખતેય મહાદેવભાઈની કલમ એ પ્રશ્ન કરવાનું ચૂકતી નથી કે, 'મૃત્યુ વચ્ચે જીવન ટકે છે' એવું સૂત્ર-વાક્ય ગાંધીજીએ ઉચ્ચાર્યું ત્યારે તેમને અગાઉ ઉપર વપરાઈ ચૂકેલા એ સૂત્રનો ખ્યાલ પણ હશે ખરો કે જેમાં કહેવામાં આવ્યું છે કે: 'જિંદગીની વચ્ચોવચ

આપણે મોતના મોંમાં છીએ?'૪ આગબોટમાંથી દીઠેલ સ્ટ્રોમ્બોલી બેટનો જ્વાળામુખી મહાદેવભાઈના આ પ્રશ્નનો નિમિત્ત બને છે. પણ વળી પાછા ગાંધીપ્રેરિત આશાવાદના સૂર પર આવી તેઓ કહે છે: 'આ જ્વાળામુખી ગમે ત્યારે ફાટી નીકળે તો આપણે મરી જ પરવારીએ એ વાતનું ભાન હોવા છતાં જ્વાળામુખીની તળેટી પર અનેક નાનાં ગામડાં વસ્યાં છે. લાવાથી ફળદ્રુપ બનેલી જમીન પર મબલક પાક ઊગે છે. તે જ રીતે લાખો નિરાશાઓ વચ્ચે પણ અમર આશા છુપાયેલી છે.'

આમ આખી સફરનું સજીવ બયાન આપતાં મહાદેવભાઈ આપણને એમની સાથે ફ્રાન્સ દેશને કાંઠે માર્સેલ્સ બંદરે પહોંચાડી દે છે જ્યાં છાપાંવાળા અને કૅમેરાવાળાઓ ગાંધીજીને વીંટળાઈ વળે છે. મહાદેવભાઈ કહે છે કે દુનિયાના કોઈ પણ ખૂણે કેટલીક વાતો તો આપણા દેશની માફક ચિરપરિચિત જ લાગે છે. એમાં એક છે સી. આઈ. ડી. અને પોલીસ, બીજાં ઔદ્યોગિક નગરો અને ત્રીજા પત્રકારો. ઇંગ્લંડથી આવેલા રૂઢિચુસ્ત છાપાંઓના પ્રતિનિધિઓ તો ગાંધીજીની ટીખળ કરવામાં અને તેઓ કાંઈ પણ કહે તો એને મારીમચડીને વિકૃત કરવામાં જ માનતા હતા, તેના અનેક દાખલાઓ મહાદેવભાઈના ધ્યાનબહાર જતા નથી. સાબરમતીમાં ગાંધીજીના આશ્રમમાં રહી ગયેલા અને માંદગી વખતે આશ્રમવાસીઓ પાસેથી સેવાશુશ્રૂષા પામેલા સ્લોકોમ નામના છાપાવાળાએ ગાંધીજી વિશે ગપ્પાં મારેલાં, તેનો ગાંધીજીએ ઊધડો લીધેલો. ગાંધીજી વિશે એણે કદાચ જીવંત ચિતાર આપવાના ઇરાદાથી જ લખ્યું હશે કે પ્રિન્સ ઑફ વેલ્સ જ્યારે ભારત આવ્યા ત્યારે ગાંધીજીએ એને દંડવત્ પ્રણામ કરેલા તેને યાદ કરીને ગાંધીજીએ કહ્યું કે:

તમારી પાસે તો મેં વધારે ડહાપણની આશા રાખી હતી. આ વાત તો તમારી કલ્પનાશક્તિનીયે સાખ વધારે એવી નથી. હું કદાચ ગરીબમાં ગરીબ કોઈ અસ્પૃશ્ય કે ભંગીને ઘૂંટણિયે પડીને નમસ્કાર કરું ખરો, એની ચરણરજ પણ કદાચ લઉં, પણ પાટવીકુમાર તો ઠીક, પણ શહેનશાહ આગળ પણ ઝૂકું નહીં, કારણ, એ તો મગરૂબીભરેલ તાકાતના પ્રતિનિધિ છે.૫

પેલો બિચારો કાપો તો લોહી ન નીકળે એવો થઈ ગયો હશે. પત્રકાર મહાદેવભાઈ આ પ્રસંગે આયર્લૅન્ડના નેતા ડી' વલેરાએ તાજેતરમાં શરૂ કરેલ आइरशि प्रसे નામના પત્રના પહેલા અંકમાં કરેલી ઘોષણાની યાદ અપાવે છે કે:

'અત્રે આ છાપાનો ઉપયોગ કદીયે અમારા મિત્રોને ખોટે રસ્તે દોરવા કે અમારા વિરોધીઓની વાત ખોટી રીતે ચીતરવા સારુ નહીં વાપરીએ.'૫

મહાદેવભાઈ દુનિયાના કોઈ પણ ખૂણામાંથી સત્યને પોષક આવાં વચનો શોધીને વાચકો આગળ, ખાસ કરીને ભારતના લાખો ઉત્સુક વાચકો આગળ, ધરી દઈને આખા દેશનાં મૂલ્યોનું ધોરણ ઊંચું લઈ જવામાં સહાયભૂત થતા હતા. એક પત્રકાર તરીકેની મહાદેવભાઈની આ એક ક્ષુલ્લક જણાતી છતાં ખરું જોતાં અનુપમ સેવા હતી.

પણ 'છાપાંઓ પરથી લોકો અંગે ક્યાસ કાઢવો એ બરાબર નથી.' એમ કહીને મહાદેવભાઈ આપણને ઇંગ્લંડના લોકો તરફ વાળે છે અને એકબે ઠેકાણે ગાંધીજીના કરવામાં આવેલા સ્વાગતનું વર્ણન કરતાં જ એ વાત સમજાવી દે છે કે ભારત પર શાસન કરનાર અંગ્રેજ રાજ્યકર્તાઓ એક છે અને માનવીય લાગણીઓ ધરાવતા ઇંગ્લંડના વતનીઓ જુદા છે. આ લોકોનું વર્ણન કરવાની તો મહાદેવભાઈને પાછળથી પણ અનેક તકો મળી રહે છે.૬ સરકારે ગાંધીજીનું ભવ્ય સ્વાગત થતું ટાળવા તેમને ઇંગ્લંડના કિનારે ઉતાર્યા પછી ટ્રેનને બદલે કારમાં લઈ જવાનું સૂચન ઍન્ડ્રૂઝ મારફત કરાવ્યું, તેને ગાંધીજીએ સમજીબૂજીને છતાં રાજીખુશીથી માની લીધું. ગાંધીજી કારરસ્તે ફોકસ્ટનથી લંડન પહોંચ્યા હતા.૭ હજારોની મેદની લંડનના વિક્ટોરિયા સ્ટેશને એમની વાટ જોતી ખડી હતી. લંડનના ઈસ્ટ એન્ડ નામના ગરીબ વિસ્તારમાં કિંગ્સ્લી હૉલ નામના સાદા સ્થાનમાં સેવાભાવી બહેન મ્યૂરિયેલ લેસ્ટરના આગ્રહથી ગાંધીજીએ ઉતારો રાખ્યો તો ત્યાં લોકો ખૂબ ઉમળકાભેર એમના સ્વાગતે પહોંચ્યા.

ઇંગ્લંડમાં ઊતરવા અંગે ગાંધીજી પાસે ભારતમાં જ અનેક સૂચનો આવ્યાં હતાં. તેમાંથી તેમણે ઈસ્ટ એન્ડમાં રહેવાનું બહેન લેસ્ટરનું નિમંત્રણ, ખાસ તો એટલા સારુ સ્વીકાર્યું હતું કે, પોતે એક ગરીબ દેશના પ્રતિનિધિ તરીકે જતા હતા એ વાતને કદી વિસારવા નહોતા ચાહતા, તેમ જ દુનિયાને પણ તેની પ્રતીતિ કરાવવા ઇચ્છતા હતા.

રોજ સવારે તેઓ આસપાસના જુદા જુદા ગરીબ મહોલ્લામાં ફરવા જતા અને કેટલીક વાર લોકોનાં ઘરમાં જઈને એમનાં કામકાજ, એમની રહેણીકરણી અને પરિસ્થિતિ વિશે પૂછપરછ કરતા. લોકો કહેતા કે, 'આ તો આપણા જેવા જ છે!' એક આંધળી બાઈએ મળવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે ગાંધીજી તેને મળવા જાતે ઇસ્પિતાલમાં ગયા. એ ઇસ્પિતાલનો વૉર્ડ સવારે છ વાગ્યે ધોવાઈને સાફસૂથરો થયો ને બધા દરદીઓ અને કર્મચારીઓ ગાંધીજીને જોવા સારુ એકઠા થઈ ગયા. જે રસ્તેથી

ગાંધીજી વહેલી સવારે ફરવા નીકળતા તે રસ્તે બંને બાજુ ઊભા રહીને એમને 'ગુડ મૉર્નિંગ' કહેવા લોકો ખાસ વહેલા ઊઠીને કેવા કતારબંધ ઊભા રહી જતા તેનું વર્ણન મહાદેવભાઈ ખૂબ આનંદોલ્લાસથી કરે છે, અને સાથે સાથે એવી ગંભીર વાતોય કહી દે છે કે ગાંધીજીએ જાહેર રીતે કહ્યું છે કે પોતાની આકરામાં આકરી ટીકા કરનારને પણ મળવા તેઓ હમેશાં તૈયાર છે, તે છતાં વિન્સ્ટન ચર્ચિલ એમને મળતા જ નથી. હા, તેઓ તેમના ચતુર દીકરાને ગાંધીજી પાસે મોકલે છે ખરા, કે જે વાતવાતમાં ગાંધીજીને એમ પૂછી લે છે કે, 'જો આ વખતની મંત્રણાઓ પૂરી નિષ્ફળ જશે તો તેઓ શું કરશે!' ગાંધીજી એને ટૂંકો ને ટચ, છતાં હૈયા સોંસરવો ઊતરી જાય તેવો જવાબ આપી દે છે: 'સત્યાગ્રહ.' અને સાથે ઉમેરે છે કે ગઈ વખતે સહન કર્યાં હતાં એના કરતાં કેટલાંયગણાં વધુ કષ્ટસહનની તૈયારી સાથે સત્યાગ્રહ થશે.૮

પ્રવાસવર્ણનમાં જ મહાદેવભાઈ દ્વારા એ વાતની પણ નોંધ લેવાય છે કે એક ગ્રામોફોન કંપનીવાળા (કોલંબિયા) ગાંધીજીની રૅકર્ડ ઉતારવા ઇચ્છતા હતા. તેમને એક વાર તો ઘણી વિચારણાને અંતે 'ના' પાડવામાં આવે છે. પણ બીજી વાર વધુ વિચારણાને અંતે, 'હા' પાડવામાં આવે છે, કશી જ તૈયારી વિના, ગાંધીજી રેકર્ડ કરવાના મશીન આગળ પહોંચી જાય છે. એટલે સુધી કે યંત્ર ચાલુ કર્યા પછી પહેલાં તો પૂછે છે કે 'મારે આમાં જ બોલવાનું છે?' અને છેવટે 'બસ પૂરું?' એમ પણ પૂછે છે. આ ઉદ્‌ગારો પણ રૅકર્ડ થઈ જાય છે!

નીચે ચકડોળ પર કલ્લોલતાં બાળકોની ચિચિયારીઓના અવાજ સહિત, આટલાન્ટિકની પેલેપાર કરોડો અમેરિકનો ગાંધીજીનો સ્પષ્ટ અવાજ, એક ક્ષણ પણ અટક્યા વિના અડધો કલાક અવિરત સાંભળતા રહ્યા. એ ભાષણમાં તેમણે એમ સમજાવ્યું કે:

ગોળમેજી પરિષદના પરિણામ સાથે એકલા હિંદનો નહીં પણ આખી દુનિયાનો સંબંધ હતો. હિંદને જો પોતાના પ્રાચીન ભૂતકાળના ગૌરવને જાળવવું હોય તો તે સ્વરાજ મેળવીને જ જાળવી શકે... સ્વરાજ મેળવવાની હિંદની લડત તરફ દુનિયાનું ધ્યાન તે મેળવવાની એની અહિંસક પદ્ધતિને લીધે ખેંચાયું છે. હું પોતે તો આ ખૂનામરકીના સાધન વડે મારા દેશની સ્વતંત્રતા મેળવવા કરતાં જરૂર પડે તો જમાનાઓ સુધી રાહ જોવાનું પસંદ કરું. મને મારી હૃદયગુફાના ઊંડાણમાં એમ લાગે છે કે દુનિયા ખૂનામરકીથી તોબા પોકારી ગઈ છે. તેમાંથી નીકળવાનો રસ્તો ખોળી રહી છે. હું એમ

માનીને ગર્વ લઉં છું કે તલસી રહેલી દુનિયાને એ રસ્તો બતાવવાનો લહાવો ભારતવર્ષની પ્રાચીન ભૂમિને મળશે. એટલે હિંદને તેની પ્રચંડ લડતમાં સાથ આપવા સારુ જગતની સર્વ મહાપ્રજાઓને નોતરવામાં મને કશો જ સંકોચ થતો નથી... અર્ધભૂખ્યા કરોડોની વતી, હું જગતના અંતરાત્માને એવી વિનંતી કરું છું કે જે પ્રજા પોતાની સ્વતંત્રતા પાછી મેળવવાના પ્રયત્નમાં પ્રાણ પાથરી રહી છે તેની વહારે તેઓ ધાય.૯

હવે આપણે મહાદેવભાઈ ગાંધીજીના અંતરમનને કેવું ચીતરે છે તે જોઈએ. મહાદેવભાઈ ગોળમેજી પરિષદમાં જતાં સુધીમાં તો ગાંધીજી સાથે એવા તન્મય થઈ ગયેલા કે ગાંધીજીના માનસને જાણે આરસામાં જોતા હોય એવી રીતે, ચીતરી શકતા. તેથી જ પહેલા જ લેખમાં મહાદેવભાઈએ એ વાતની નોંધ લીધી છે કે ગાંધીજીએ લૉર્ડ અર્વિનના અતિશય આગ્રહથી વિલાયત જવાનું તો સ્વીકાર્યું છે, પણ એમના માનસનું દર્શન સેંકડો છાપાંઓના અગ્રલેખો કરતાં અનેકગણી વધારે સચોટ રીતે આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ મર્મમાં પ્રવેશીને ગાયું છે:

'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ!
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ!'

એક જૂના બ્રિગેડિયર જનરલ ક્રૉઝિયરે મોકલાવેલ પુસ્તક ए वर्ड टु गांधीમાં તેમણે અંગ્રેજ સરકાર પર કરેલા કઠોર આરોપોનો આછો ખ્યાલ આપીને મહાદેવભાઈ કહે છે:

ગાંધીજી આવા કેટલાક આરોપો મૂકવા અને સિદ્ધ કરવા ઇંગ્લંડ આવ્યા છે. તેઓ એ કામ ઉપર લાગી ગયેલ છે. અને એમની પદ્ધતિ એવી છે કે એનો રદિયો આપવો લગભગ અશક્ય થઈ પડશે. કારણ, તેઓ જે શબ્દો વાપરે છે તે દરેકેદરેક ઇરાદાપૂર્વક એમના હૃદયની ગુફામાંથી સીધા નીકળે છે, જેમાં સત્ય અને અહિંસાનો રણકાર હોય છે. તેથી જ ગોળમેજી પરિષદ સામે ગાંધીજીએ કરેલ પહેલું નિવેદન સંપૂર્ણ સ્વરાજની માગણીનું હતું છતાં એનાથી કોઈનું મનદુ:ખ થયું નહોતું. તેથી જ જ્યારે એમણે ઇંગ્લંડની પાર્લમેન્ટની આમસભાના સભ્યો આગળ બોલતાં 'બળવાખોર ભારત' એવા શબ્દો ઉચ્ચાર્યા અને એમ પણ જણાવ્યું કે લૅંકેશાયરે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ, ત્યારે એકેય સંસદસભ્યે એ કથનને ખોટા અર્થમાં લીધું નહોતું. અને તેથી જ જ્યારે તેમણે પરિષદની ફેડરલ સ્ટ્રક્ચર્સ કમિટી આગળ સાફ સાફ જણાવી દીધું હતું કે, આ

બેઠકમાં આવેલા પ્રતિનિધિઓ તો સરકારના પસંદ કરીને ગોઠવેલા પ્રતિનિધિઓ છે, ત્યારે સરકારપક્ષે બહુ હોબાળો મચ્યો નહોતો.'

મહાદેવભાઈ ગાંધીજીની અહિંસક શૈલી પર ભાર દઈ વર્તારો કરે છે કે:

'પ્રેમના રેશમી ધાગે બંધાયેલા ઇંગ્લંડ અને ભારત' એક સ્વૈચ્છિક ભાગીદારી, જે ઇચ્છા હોય ત્યારે તોડી શકાય અને જે એક રાષ્ટ્ર દ્વારા બીજા રાષ્ટ્ર પર લાદવામાં ન આવી હોય, કે 'હિંદુ હવે પછી ગુલામ રાષ્ટ્ર રહી શકે નહીં અને રહેશે નહીં', જેવાં વાક્યો અમે ઇંગ્લંડનો કિનારો છોડીએ તે પહેલાં લોકજીભે ચડી જવાનાં છે.૧૦

ગોળમેજી પરિષદમાં અંગ્રેજ સરકારની મુખ્ય ચાલ, જે પોતાના વીણેલા પ્રતિનિધિઓને ભેગા કરીને 'ભારતના લોકોમાં જ સંપ નથી, તો અમે શી રીતે સ્વરાજ આપીએ?' એમ કહેવાની હતી, તો ગાંધીજીનો મુખ્ય પેતરો પરિષદમાં બિલકુલ સૈદ્ધાન્તિક બાબતો સિવાય, બીજા કશામાં ઝાઝા ન પડીને ઇંગ્લંડની મુસાફરીનો ઉપયોગ ભારતની માગણીને ઇંગ્લંડના દરેક વર્ગના લોકોને સમજાવવાનો હતો. સરકારની જાણીજોઈને વિલંબ કરવાની દીર્ઘસૂત્રી નીતિથી તેઓ વાજ આવી જતા અને ચિડાતા પણ ખરા. એટલે મહાદેવભાઈ એની નોંધ લે છે કે ગાંધીજી પરિષદની ઝડપ વધારવા સારુ કોઈ પ્રયાસ બાકી નહોતા રાખતા. ઇંગ્લંડના વહીવટકર્તાઓને ધ્યાનમાં રાખી મહાદેવભાઈ તેમના જ એક મોટા મુત્સદ્દી ચેમ્બરલેનનું વાક્ય યાદ દેવડાવે છે કે: 'કોઈ કોઈ વાર એવી ક્ષણો આવે છે કે જ્યારે ડહાપણ ડહોળવા કરતાં સાહસ ખેડવું એ વધુ સલામત હોય છે. જ્યારે લોકોનાં હૃદયોને સ્પર્શ કરનાર અને એમની લાગણીઓને ઢંઢોળનારું કોઈ મોટું શ્રદ્ધાભર્યું કાર્ય એવા ચમત્કાર સર્જે છે જે મુત્સદ્દીગીરીની ગમે તેટલી કળાબાજીથી નથી થઈ શકતાં.'૧૧

જ્યારે બ્રિટિશ સામ્રાજ્યના તમામ વિશેષજ્ઞો આંકડાઓ, કાયદાઓ અને તર્કની આંટીઘૂંટીઓથી સજ્જ હતા ત્યારે એ સર્વની સામે અભિમન્યુની માફક ઝઝૂમનાર ગાંધીજીની માનસિક ભૂમિકા સરળ હતી. 'હું તો ગામડિયાની પેઠે સીધીસાદી ભાષામાં કહી દઈશ કે હું તો મૂરખ છું. રાજ્યબંધારણ કે લાંબીચોડી વાતો નથી કરતો. વિદ્યા મારું બળ નથી. મારે વાદ નથી કરવો. મારે તો મારું દુઃખ સેવું છું, તેમાં વિદ્વત્તાની શી જરૂર છે?'૧૨ અને આ ગામડિયાની વાતોથી અંગ્રેજ સરકાર કે એમના વીણેલા પ્રતિનિધિઓ ટેવાયેલા નહોતા એ જ એમની મુસીબત હતી.

ઇંગ્લંડ જતી વખતે રસ્તામાં તો ગાંધીજીએ એટલે સુધી કહી દીધું હતું કે, 'હું પ્રચાર

પણ વિરોધીઓની આજ્ઞાથી જ કરીશ.'૧૩ પણ ગાંધીજીનું જીવન એ જ એમનો પ્રચાર હતો અને સત્ય જ એમનો સૌથી શક્તિશાળી તર્ક હતો. એક બ્રિટિશ મુત્સદ્દી, લૉર્ડ સં◌ૈકી એક વાર જ્યારે સ્વરાજમાં દેશી રજવાડાંઓનું શું એવી દલીલ કરવા માંડ્યા ત્યારે ગાંધીજીએ તેને પરખાવી દીધું:

શું અસલ વાત તમારાથી છાની છે? શું તમે નથી જાણતા કે, પરિષદ સરકારની હાએ હા કરનારાઓથી ભરી દેવામાં આવી છે? શું એ પણ જણાવવાની જરૂર છે કે જે રાજાઓની તમે વાત કરો છો તેઓ બધા જ સરકારના ઇશારા પ્રમાણે નાચનારા છે? હું તેમને કે તેમની વાતને કાંઈ મહત્ત્વ નથી આપતો. અને જે વસ્તુ સાચી છે, તે તમે પણ જાણો છો.

લૉર્ડ સંકીથી આનો કાંઈ જવાબ નહોતો આપી શકાયો.૧૪

ભારતીય વજીર સર સેમ્યુઅલ હોર સાથે ગાંધીજીની ઘણી વાર વાતો થઈ. એ માણસની નિખાલસતા ગાંધીજીને ગમી. તેથી તેની સાથે એટલી જ નિખાલસતાથી વાત કરતાં ગાંધીજીને સંકોચ ન થયો. ગાંધીજીએ તેમને કહ્યું:

'મારી ભાષા મારા મનની વાતને છુપાવવાનો કદી પ્રયત્ન કરે એવી આશા મારી પાસે ન રાખતા. હા, એવું પ્રમાણપત્ર હું જરૂર ઇચ્છું છું કે સમાધાન કરવા સારુ મેં કોઈ પણ પ્રયાસ બાકી નથી રાખ્યો.'

શ્રી હોરે એના જવાબમાં કહ્યું, 'હું પણ આપની પાસે એવું જ પ્રમાણપત્ર મેળવવાની ઇચ્છા રાખીશ.'૧૪

બીજી એક જગાએ જ્યારે વાટાઘાટો આગળ વધતી નથી એનો અનુભવ થવા લાગ્યો, ત્યારે ગાંધીજીએ કહ્યું:

'મારી સાથે વાત કરવી એ તમને સહેલું કામ લાગવું જોઈએ. પણ તમે મારા પ્રેમપ્રયાસોને ઠોકર મારશો તો હું પાછો જઈશ. કડવાશથી નહીં, પણ તમારા હૃદયમાં સ્થાન પામી શકતો નથી માટે મારામાં જ કાંઈક અશુદ્ધતા છે એવા ભાન સાથે.'૧૫

આમ મુત્સદ્દીગીરીની સામે સાધુતાની ટક્કરનો ચિતાર મહાદેવભાઈની કલમે આબાદ રીતે રજૂ કર્યો હતો...

માત્ર હિંદુ-મુસલમાનોનો પ્રશ્ન ગાંધીજીને મૂંઝવતો હતો. પરિષદમાં બોલાવવામાં આવેલા મુસલમાન પ્રતિનિધિઓ પૈકી કોઈ રાષ્ટ્રીય મુસલમાન નહોતા. તેથી રાષ્ટ્રીય

પ્રશ્નોમાં એ પ્રતિનિધિઓ રસ નહોતા લેતા. અને તે બાબતમાં એમનું વલણ સરકારની પડખે રહેવાનું જ હતું. આથી ગાંધીજીએ ઇંગ્લંડના પ્રવાસ દરમિયાન મુસ્લિમ નેતાઓ સાથે અલગ બેસીને એમને સમજાવવાનો પ્રયાસ કરી જોયો. પણ તેમને તેમાં કશી સફળતા સાંપડી નહીં. વચ્ચે એવું સૂચન પણ વહેતું મૂકવામાં આવ્યું હતું કે મુસલમાનોનો પ્રશ્ન લવાદને (અંગ્રેજોને?) સોંપી દો. પણ તેમ કરવામાં ભારતની જાંઘ ઉઘાડી પડી જાય એમ લાગવાથી ગાંધીજીએ એ સૂચનને ટેકો આપ્યો નહોતો.

પરિષદની વચ્ચે અને પરિષદની બહાર ગાંધીજીને વડા પ્રધાન રામ્સે મૅકડૉનાલ્ડને મળવાનું થતું. એક વાર એમણે ગાંધીજીને કહી દીધું, 'તમે ફરી ફરીને પૂછો છો કે શું આપશો. પણ શું શું લેવાની તમારામાં તાકાત છે એ કહો ને!' ગાંધીજીએ એને કડક જવાબ આપ્યો:

'તમે મને પડકારો છો, એમ ને? તો તો હું અહીં આવત જ શું કામ? ભારતમાં જ બેઠો બેઠો મારે જોઈએ છે તે સૌ કાંઈ લઈ લેત. મને આજે જ પાછો જવા દો. હું મારે જે જોઈએ છે તે લઈ લઈશ.'

વડા પ્રધાન શું જવાબ આપે? એમણે જ ગાંધીજીને નિમંત્ર્યા હતા. અને ગાંધીજીની વાણી પાછળ એક મહાન અહિંસક આંદોલનનું જોર હતું. એ ગલ્લાંતલ્લાં કરવા લાગ્યા. એ કહે, 'આપણને બંનેને પોતપોતાની મુશ્કેલી છે.' ગાંધીજીએ તરત પરખાવ્યું, 'મુશ્કેલીઓ મારી નહીં, તમારી છે.'૧૬

આમ કોઈ કોઈ વાર સાફ સાફ પરખાવવા છતાં ગાંધીજી વિનયવિવેક ચૂકતા નહોતા. જોકે પરિષદના પરિણામ વિશે એમને કદી મોટી આશા હતી જ નહીં. એક વાર પરિષદમાં એમની જોડે જ આવેલા અને સ્વરાજ્યની બાબતમાં ગાંધીજીને પૂરો ટેકો આપનાર ઘનશ્યામદાસ બિરલાજીએ તેમને પૂછ્યું, 'આપને આ પરિષદથી શી આશા છે?' ગાંધીજીએ જવાબ આપ્યો, 'ખાલી હાથે પાછા જવાની.'૧૭

પરિષદમાં કેટલીક સમિતિઓની બેઠકોમાં ભારતના બીજા પ્રતિનિધિઓ ગાંધીજી વિશે ઝેર ઓકતા તેથી બિરલાજીને ઝાળ ઊઠતી, પણ ગાંધીજી તેમને શાંત પાડતા, 'તમે શાંત થાઓ, આપણે ખરા છીએ ને? પછી બીજા શું કહે છે એની આપણને શી ચિંતા?૧૮

પોતાનાં સંસ્મરણોમાં બિરલાજી એક વાર લખે છે, ' "નિરાશાના વમળમાં ગાંધીજી પ્રસન્નમુખ છે." તેઓ કહેવા લાગ્યા, "ખાલી હાથે ભલે જઈએ, શરમિંદા બનીને નહીં

જઈએ.” તેમને અહીંથી કશું મેળવી જવાની કદી આશાયે નહોતી. અને હવે નિરાશાય નથી.’૧૯

ચર્ચાઓ દરમિયાન એક દિવસ સેમ્યુઅલ હોરે સાફ સાફ કહી દીધું, ‘લશ્કર અમે તમને બિલકુલ આપવાના નથી.’ ગાંધીજીએ તરત કહ્યું, ‘શાબાશ! સ્પષ્ટવક્તા હો તો આવા હો!’

બીજે દિવસે શ્રી હોરે ગાંધીજીને કહ્યું, ‘મેં આપને નારાજ તો નથી કર્યા ને?’

ગાંધીજીએ જવાબ આપ્યો, ‘ના, ઊલટાનો હું તો રાજી થયો, કારણ, મને ખબર પડી ગઈ કે તમે ઈમાનદાર છો. ખુશામત નથી કરતા.’૨૦

જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ એ વધુ ને વધુ સ્પષ્ટ થતું ગયું કે અંગ્રેજ સરકારનો ઇરાદો ભારતને કશું નક્કર આપવાનો નહોતો. લૉર્ડ અર્વિન પરિષદ ચાલુ થઈ તે પહેલાં ભારતથી આવી ગયા હતા. તેમણે કહ્યું કે, ‘મારા હાથની વાત નથી.’

એ વાત સાચી કે ગાંધીજી મુત્સદ્દીઓ સાથેની વાતચીતોમાં અને ગોળમેજી પરિષદની જુદી જુદી કમિટીઓની બેઠકમાં ભારતના પક્ષની રજૂઆત કરતાં કરતાં સામેના પક્ષના દિલને જીતવાનો નિરંતર પ્રયાસ કરતા હતા અને તેને લીધે એકથી વધારે વાર પોતે ચાહીને સમાધાન કરવા સારું હાથ લંબાવતા હતા. પણ તેથી એવો કોઈ અર્થ ન કરે કે ગાંધીજી કોઈથીયે છેતરાય એમ હતા અને કોઈ પણ પ્રકારે દેશની માનહાનિ થાય એને સાંખી લે એમ હતા. મહાદેવભાઈની લેખનીએ ગાંધીજીની દરેક વ્યક્તિ સાથેની વાતચીતને ટપકાવીને આ વાત પુરવાર કરી હતી. જેમ જેમ ગાંધીજી આ મંડળોમાં ઘૂમતા ગયા તેમ તેમ તેમના કટ્ટર વિરોધીઓને પણ સમજાતું ગયું કે ગાંધીજીને અવગણ્યે ચાલે એમ નથી, એમને મજાકમાં ઉડાવાય એમ નથી અને એમને છેતરી તો શકાય એમ નથી જ. તેથી તો લૉર્ડ રીડિંગ જેવા લોકો જ્યારે પણ ગાંધીજી એમની ખુરશી પાસેથી પસાર થતા હોય ત્યારે ઊભા થઈ જતા હતા, એમના મતનો વિરોધ કરનાર છાપાંઓ પણ એમના લેખની માગણી કરવા લાગ્યાં અને કશીયે કાપકૂપ કર્યા વિના એને છાપવાનું કબૂલ કરવા લાગ્યાં. અને મુત્સદ્દીઓ પણ એમને ચતુર તેમ જ સમજુ ગણવા લાગ્યા હતા. ખાસ કરીને પરિષદના મેજ પર લોકો મીઠી મીઠી વાત કરે તોપણ તેથી પોતાનું ધારેલું કામ થઈ જશે એવું માને તેવા ભોળા ગાંધીજી નહોતા. ભારતીય વજીર સાથેની વાતચીત પછી ઘનશ્યામદાસ બિરલાએ એક વાર એમને પૂછ્યું કે, ‘શું હું એમ માની લઉં કે એની સાથેની વાતચીત આશાસ્પદ હતી?’ ગાંધીજીએ તરત કહ્યું, ‘ના, એટલું જ

કહ્યું કે તે આટલી હદ સુધી દિલ ખોલીને મારી સાથે વાત કરશે એવી મેં આશા રાખી નહોતી.'૨૧

પણ સાચું પૂછો તો ગોળમેજી પરિષદ સારુ થયેલી ઇંગ્લંડની આ મુલાકાતમાં ગાંધીજીની મુખ્ય પ્રવૃત્તિ પરિષદના મેજ પર થઈ એના કરતાં પરિષદની બહાર જ વધારે થઈ. આ આખી યાત્રાથી આમ તો ગાંધીજી ખાલી હાથે પાછા આવ્યા, અને એ વાત તેઓ દેશમાંથી નીકળ્યા ત્યારથી જાણતા હતા, પણ આ ચાર માસ દરમિયાન ઇંગ્લંડની પ્રજાનું તેમણે જબરદસ્ત લોકશિક્ષણ કર્યું. એમ કહી શકાય કે સોળ વરસ પછી મળનારી બંને પક્ષોની સુલેહભરી આઝાદી સારુ ગાંધીજીએ આ મુલાકાત દરમિયાન ખેડાણ કર્યું હતું અને મૈત્રીનાં બી વાવ્યાં હતાં.

અલબત્ત, આ શિક્ષણનું મુખ્ય માધ્યમ તો ગાંધીજીનું જીવન અને એમનાં સંભાષણો જ હતાં. મહાદેવભાઈએ એ જીવનની નાની નાની વિગતો અને એ સંભાષણોના સર્વ સૂરોને આપણે સારુ નોંધી રાખ્યા છે.

ગાંધીજીએ લંડનના 'કિંગ્સલી હૉલ'માં રહેવાનો નિર્ણય કર્યો, એ એક ઘટનાથી જ ઇંગ્લંડના ઘણા લોકોનાં દિલ તેમણે જીતી લીધાં. અનેક લોકો એમની સેવામાં આવીને સ્વયંસેવકો તરીકે કામ કરવા લાગ્યા. છાપાંવાળાઓએ તેમને મફતમાં છાપાં મોકલ્યાં. જતા-આવતા લોકો તેમને પોતાનાં પૈકીના ગણીને સંબોધવા અને અભિનંદવા લાગ્યા. ગાંધીજીની આસપાસ રહેનારા લોકોના વહેવારોએ પણ પાડપાડોશીઓનાં દિલ જીતી લીધાં હતાં.

મીરાંબહેનની ભારતીય વેશભૂષાએ શરૂઆતમાં કૌતુક અને કટાક્ષ નોતર્યાં, પણ એમની ભક્તિ જોઈને સૌ મુગ્ધ થયાં. દેવદાસ ગાંધીને બાળકો એમના પિતા વિશે પ્રશ્નો પૂછવા લાગ્યાં. પ્યારેલાલ આખો વખત મહાદેવભાઈના જોડિયાભાઈ બનીને રહ્યા. માત્ર મહાદેવભાઈ વિશે ફરિયાદ આવી. ગાંધીજીના વસવાટ દરમિયાન ઘર ચલાવવાનું કામ જેમને સોંપવામાં આવ્યું હતું તે બાઈએ એક વાર ઍન્ડ્રૂઝસાહેબને ફરિયાદ કરી, 'બીજાં બધાં બરાબર છે, પણ આ મહાદેવ કોઈ નિયમ નથી પાળતા. કોઈ વાર જમતી વખતે હાજર નથી થતા. રાતે મોડે સુધી જાગે છે, ને એવું બધું ઘણુંયે.' મહાદેવભાઈ પાસે ફરિયાદ ગઈ. ગાંધીજી સુધીય પહોંચી હશે. પણ બાઈને કહેવામાં આવ્યું કે મહાદેવને કોઈ નિયમ લાગુ નહીં પાડી શકાય. કારણ, એ ગાંધીજી સાથે ઊઠવા-બેસનાર માણસ. વળી બીજાં પણ અનેક કામો સંભાળે. કોઈ વાર જમતી વખતે અડધે ભાણે

ઊઠીયે જાય ને કોઈ વાર ખાવાનું ભૂલીયે જાય. પેલી બહેને કોચવાતા મને આવી 'ગેરશિસ્ત' સ્વીકારી તો ખરી પણ થોડા જ દિવસોમાં મહાદેવના સ્વભાવ પર તે મુગ્ધ થઈ ગઈ. 'એને વહેલુંમોડું અલબત્ત, થાય છે. પણ ગાંધીજીની કેટલી કાળજી રાખે છે! એની ભાષામાં કેટલી અકૃત્રિમ નમ્રતા છે! અને માત્ર ગાંધીજીની જ નહીં, પણ એમના રસાલાના બીજા લોકાની અને અમારા સૌનીયે કેટલી બધી કાળજી રાખે છે! અને હરઘડી કાંઈક ને કાંઈક મદદ કરવા તૈયાર જ રહે છે! હું તો એમને સમજી જ નહોતી!'

મહાદેવભાઈ નોંધે છે કે પડોશનાં સૌ બાળકો જોડે ગાંધીજીએ દોસ્તી કરી લીધી. અનેક બાળકો વહેલી સવારે ગાંધીજી ફરવા જાય ત્યારે તેમને 'ગુડ મૉર્નિંગ' કહેવાના લોભે માબાપને બળજબરીથી વહેલાં ઉઠાડતાં. ઘણાની સાથે ક્ષણ-બે ક્ષણ મળી જાય તોયે ગાંધી વિનોદ કરતા. એક બાળકના પિતાએ ફરિયાદ કરી કે મારું બાળક મને ઠપકારે છે અને પછી ઠાવકું થઈ કહે છે — 'અંકલ ગાંધીએ કહ્યું છે કે કોઈ મારે તો વળતું મારવું નહીં!'૨૨ આ દિવસો દરમિયાન બીજી ઑક્ટોબર આવી ત્યારે બાળકોએ ગાંધીજીને ખાસ વરસગાંઠની ભેટ તરીકે રમકડાં અને ફળફૂલ આપ્યાં! ઇંગ્લંડથી પાછા ફર્યા ત્યારે ગાંધીજી પોતાની સાથે માત્ર આ રમકડાં જ વધારાના સામાન તરીકે લઈ ગયા હતા.

જેમને કોઈ કોઈ વાર 'મોટા માણસ'ને મળવાનો મોકો મળશે એવી આશાયે નહોતી, તેવા લોકોને આ લત્તામાં રહેવાથી ગાંધીજીની સાથે એકબે વાક્યો બોલવાની તક મળી જતી. ચિત્રકારો અને મૂર્તિકારો તો ગાંધીજી જે ઓરડામાં બેસતા તેનો એક ખૂણો ભર્યોભાદર્યો જ રાખતા.

કિંગ્સ્લી હૉલમાં અઠવાડિયામાં એક દિવસ ત્યાંના કાયમી રહેવાસીઓ ભેગા મળીને મનોરંજન કાર્યક્રમ કરતા. ગાંધીજી પણ કોઈ કોઈ વાર એ જોવા આવતા. એક વાર નાચતાં જોડકાંઓને નિહાળી રહેલા ગાંધીજીને કોઈકે પૂછ્યું, 'આપ અમારા નૃત્યમાં ન ભળો?' ગાંધીજી તરત પોતાની લાઠી લઈને ઊભા થઈ ગયા ને કહ્યું, 'જરૂર, આ લાઠી એ મારી જોડી!'

આમ ગાંધીજીનો લોકસંપર્ક સતત ચાલુ હતો. મિટિંગોના સમયને બાદ કરતાં બાકી લગભગ બધો સમય ભાતભાતના લોકો જોડે મુલાકાત ગોઠવી આપવાનું અને અનેક મુલાકાતોમાંથી ગાંધીજીને બચાવી લેવાનું કામ મહાદેવભાઈનું હતું. આ કામ કઠણ હતું. મહાદેવભાઈનું મધુર વ્યક્તિત્વ જ આ કઠણ કામને પહોંચી વળે એમ હતું. આ બધા

વચ્ચે જઈ એમના પ્રશ્નોના ધીરજથી ઉત્તર આપી, એમને ઢંઢોળીને નીંદરમાંથી જગાડી ભારતની વાત ઇંગ્લંડને સમજાવવાનો મોટો પુરુષાર્થ આ બિનસરકારી મુલાકાતો, ભાષણો, પ્રશ્નોત્તરી, વાર્તાલાપો અને પ્રેસ-મુલાકાતો મારફત ગાંધીજીએ ઉપાડ્યો હતો. ગોળમેજી પરિષદની વિવિધ કમિટીઓની બેઠકમાં હાજરી આપવા કરતાંયે આ કાર્યક્રમોનું મહત્ત્વ સવાયું હતું. આ મહત્ત્વનું કામ, કદાચ મહાદેવના વિના અધૂરું જ રહી ગયું હોત. અનેક મુલાકાતોને ટાળી કે ટૂંકાવીને મહાદેવભાઈ ગાંધીજીના કલાકોના કલાકોનો સમય બચાવી લેતા. ગાંધીજી જે રીતે પિંડ આગળ વર્તતા તેને મહાદેવ બ્રહ્માંડ આગળ છતું કરતા. વેરિયર એલ્વિને કહ્યું હતું તેમ, 'મહાદેવનું કામ કરોડો લોકોને ગાંધી પ્રત્યક્ષ કરી આપવાનું હતું.' આ બિનસરકારી પ્રવૃત્તિઓમાં મહાદેવભાઈએ કેવી કેવી બાબતોની કાળજીપૂર્વક નોંધ લીધી છે એ તપાસીશું તો આપણને મહાદેવનો આ કુશળતાપૂર્વક પાર પાડેલો યોગ સમજાશે. એ યોગમાં કોઈ સાધારણ પત્રકારનું રિપોર્ટિંગ માત્ર નહોતું, અસાધારણ પાંડિત્યપૂર્ણ ભાષ્યકારનું ભાષ્ય માત્ર નહોતું, ભક્તકવિ મારફત થયેલું ગુણકીર્તન માત્ર નહોતું, બલકે એ ત્રણેનું પ્રેમરસાયણથી રસાયેલું શ્રદ્ધા-બુદ્ધિ-ભક્તિભર્યું જીવનભાષ્ય હતું.

પરિષદની બહાર થતા કામ વિશે ખુદ ગાંધીજીએ જ એ આશા પ્રગટ કરેલી કે, 'એમ બને કે અત્યારે જે બીજ વવાઈ રહ્યું છે તેને પરિણામે બ્રિટિશ મનોવૃત્તિ નરમ પડે અને એને લીધે ઇન્સાન હેવાન બનતો અટકે.' જલિયાંવાલા બાગ જેવા અમાનુષી અત્યાચારો ફરી ન થાય તેમાં ગાંધીજીને મન દેશનું જેટલું કલ્યાણ હતું, તેના કરતાં ઇંગ્લંડનું વધુ કલ્યાણ હતું, કારણ તેમ થાય તો ઇંગ્લંડનો રહેવાસી પશુ બનતો અટકી માનવત્વ તરફ આગળ વધે.

લૅંકેશાયરની મિલોનાં મજૂરમહાજનોએ જ્યારે ગાંધીજીને ત્યાં આવવાનું નિમંત્રણ આપ્યું ત્યારે કાયદો અને વ્યવસ્થા જાળવનાર બ્રિટિશ સરકારને ફાળ પડી. વિદેશી કાપડના બહિષ્કારના ભારતીય આંદોલનને લીધે જો કોઈને વધુમાં વધુ ફટકો લાગ્યો હોય તો તે લૅંકેશાયર અને મૅન્ચેસ્ટરને, સ્વાભાવિક રીતે જ જેમનો ધંધો પડી ભાંગ્યો હોય કે જે રોજી વગરના થયા હોય તેમનો મિજાજ જાય. ભૂખ્યો ક્યું પાપ ન કરે? તેથી સરકારને એવી ધાસ્તી હતી કે લૅંકેશાયરમાં ક્યાંક ગાંધીજી ઉપર શારીરિક આક્રમણ થઈ ન બેસે. પણ પોતાને મજૂરોના પ્રતિનિધિ માનનાર અને જે તેમને દુશ્મન માને તેમની જોડે પણ દોસ્તી કરવા ઇચ્છનાર ગાંધીજી આવા નિમંત્રણને કેમ અવગણે? તેમણે

તરત એ નિમંત્રણ સ્વીકાર્યું. સરકારે સલામતીની વ્યવસ્થા થોડી વધુ મજબૂત બનાવી. પણ ગાંધીજી, મહાદેવભાઈ અને બીજા સાથીઓ બેધડક લૅંકેશાયરના મિલમજૂરોનાં ટોળાંઓમાં પ્રવેશ કરતા અને આમતેમ ફરીફરીને તેમનાં અભિવાદનો ઝીલતા. અનેક ઠેકાણે તેમના પ્રતિનિધિઓ જોડે ચર્ચાઓ થઈ. અનેક ઠેકાણે ગાંધીજીએ બહિષ્કાર આંદોલનનો મર્મ સમજાવ્યો. ગાંધીજીની આ મજૂરો પ્રત્યે સહાનુભૂતિ ઓછી નહોતી, પણ ભારતના દરિદ્રનારાયણને તેઓ કદી વિસારી શકતા નહીં.

અહીંની બેકારી જોઈને મને દુ:ખ થાય છે, પણ અહીં ભૂખમરો કે અધભૂખમરો નથી. અમારે ત્યાં ભારતમાં એ બંને છે. તમારે ત્યાં ત્રીસ લાખ બેરોજગાર છે અમારે ત્યાં ત્રણ કરોડ લોકો આખું કે અડધું વરસ બેકાર રહે છે. તમારે ત્યાં બેરોજગારીની રાહત સરેરાશ ૭૦ શિલિંગ અપાય છે, અમારે ત્યાંની સરેરાશ કમાણી જ દર મહિને સાત શિલિંગ અને છ પેન્સની છે... કૃપા કરીને મને એ કહો કે દુનિયાની વસ્તીના લગભગ પાંચમા ભાગના લોકો ભૂખમરાની સીમા પર અને લગભગ સ્વમાનના ભાન વિના જીવતાં હોય ત્યાં મારે શું કરવું?

મહાદેવભાઈ કહે છે કે, ગાંધીજીની આ વાત સાંભળી એક મજૂરે કહ્યું, 'એમ તો હુંયે બેકાર બન્યો છું. એ વાત ખરી, પણ ગાંધીજીની જગાએ હું ભારતમાં જન્મ્યો હોત તો ગાંધીએ કર્યું તે જ કરત, બીજું થાય પણ શું?'૨૪

મિડલૅંડ્ઝના મજૂરોના એક નાના સમૂહે ગાંધીજીને એક સંદેશો પહોંચાડ્યો. તેમણે નમસ્કાર કહેવડાવીને સામો સંદેશો મગાવ્યો. ગાંધીજીએ કહેવડાવ્યું, 'હું એમ ઇચ્છું છું કે તેઓ બીજાને હાથે પોતાનું શોષણ કદી ન થવા પામે એની ભારેમાં ભારે કાળજી રાખે.'

*ડેલી મેલ* નામના ઓછા સહાનુભૂતિવાળા દૈનિકે જાતે માગીને લીધેલ એક લેખમાં ગાંધીજીએ સમજાવ્યું કે ભારતની બાબતમાં ઇંગ્લંડના રૂઢિચુસ્ત પક્ષ અને મજૂરપક્ષમાં ખાસ કશો ફરક નથી. મારે બધાને સરખા સમજાવવા પડે છે. સાચી વાત તો એ છે કે લોકો અંગ્રેજોની ઝૂંસરી ફગાવી દેવા એટલા સારુ ઇચ્છે છે કે એમને ભૂખે નથી મરવું. અને જો તમારા જેવા ઘણા વધારે ધનવાન દેશમાં વડા પ્રધાનને સામાન્ય નાગરિકની સરેરાશ આવક કરતાં પચાસગણાથી વધુ પગાર ન મળતો હોય, જ્યારે હિંદમાં વાઇસરૉયને સામાન્ય નાગરિકની સરેરાશ કરતાં પાંચ હજારગણો પગાર હોય

તો બીજું થાય પણ શું? અને આ તો સરેરાશ કમાણી થઈ. કરોડોને તો એનાથી ઓછી આવક થતી હશે.૨૫

લંડન યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રાધ્યાપકે આવીને ગાંધીજી પ્રત્યે પોતાનો આદર પ્રગટ કર્યો ત્યારે ગાંધીજીએ તેમની જોડે થોડો વિનોદ કરી લીધો. મહાદેવભાઈએ આ વાતચીત શબ્દશઃ ઉતારી છે:

ગાંધીજી: 'તમે મહાન વિદ્વાન છો? તમારી બધી નમ્રતા છોડીને મને કહો, તમે મૅક્સ મ્યુલર જેટલા વિદ્વાન છો?'

`હા, જી. મને મારી આવડત વિશે વિશ્વાસ છે. એ ન હોત તો હું વિશ્વવિદ્યાલયમાં આવું સ્થાન જ ગ્રહણ ન કરત. મને લગભગ આખી ગીતા મોઢે છે અને ઉપનિષદનો પણ મેં ઠીક ઠીક ઊંડો અભ્યાસ કર્યો છે.' એમ કહીને ઉપનિષદના બે શ્લોક બોલી જઈને એણે કહ્યું — नायमात्मा बलहीनेने लभ्यत એ મારો ધ્યેયમંત્ર છે.'

ગાંધીજીએ ટીખળ કરતાં હસતાં હસતાં કહ્યું, 'ભાઈલા, ઉચ્ચારણમાં તો અમારે તમને ઘણું શીખવવું પડે એમ છે, હોં!'૨૬

ઑક્સફર્ડ યુનિવર્સિટીની મુલાકાત વખતે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ પ્રશ્નોત્તરી માટે પુષ્કળ સમય રાખ્યો હતો અને ગાંધીજી પણ એમને ખિલાવતાં ખિલાવતાં પોતે ખીલ્યા હતા. મહાદેવભાઈની કલમ આપણને અનેક સંવાદોના યથાતથ ઉતારા આપી જાય છે:

એક પ્રશ્ન: 'સ્વરાજના માર્ગમાં સૌથી મોટો અંતરાય કયો?'

ગાંધીજી: 'બ્રિટિશ અધિકારીઓની સત્તા છોડવાની અનિચ્છા; અને અનિચ્છુક હાથમાંથી સત્તા સેરવી લેવાની અમારી નાલાયકી.'

પ્રશ્ન: 'તમે દારૂ પીનારાઓ પ્રત્યે આટલા અનુદાર કેમ છો?'

ગાંધીજી: 'એ અભિશાપના શિકાર બનેલા લોકો વિશે હું ઉદાર છું, તેથી.'

શ્રીમતી યૂસ્ટેસ માઇલ્સ: 'તમે કોઈ વાર મગજની નબળાઈ અનુભવો છો ખરા?'

ગાંધીજી: 'શ્રીમતી ગાંધીને પૂછો! એ તમને કહેશે કે દુનિયા આખી જોડે તો મારો અત્યંત ઉત્તમ વહેવાર હોય છે, પણ એની જોડે તેવો નથી.'

શ્રીમતી માઇલ્સ: 'મારા પતિનો વહેવાર તો મારી જોડે ઉત્તમ છે, હોં!'

ગાંધીજી: 'ઓહો! તેમણે તમને સારી પેઠે લાંચ આપી લાગે છે!' બીજે એક ઠેકાણે પ્રશ્નોત્તરી:

પ્રશ્ન: 'તમે સ્વતંત્રતા સારુ પૂરા લાયક છો?'

ગાંધીજી: 'નહીં હોઈએ તો થવા પ્રયત્ન કરીશું. પણ લાયકાતનો અહીં પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી. જેમણે અમારી સ્વતંત્રતા લૂંટી લીધી છે, તેમણે તે પાછી આપવી જ જોઈએ. તમને તમારાં કર્મોનો પસ્તાવો હોય તો અમને મોકળા મૂકીને જ તે પુરવાર કરી શકો છો.'

પ્રશ્ન: 'તમે હિંદને સામ્રાજ્યથી કેટલું અલગ કરશો?'

ગાંધીજી: 'સામ્રાજ્યથી સમૂળગું. બ્રિટિશ રાષ્ટ્રથી જરાય નહીં.'૨૬અ

ઠેરઠેર લોકો જે પ્રશ્નો પૂછતા તેમાં ગોળમેજી પરિષદમાં થઈ રહેલી વાટાઘાટો વિશે જાણવાની ઉત્કંઠા દેખાઈ આવતી. પરિષદની ખાનગી વાતોને બહાર ન પાડતાં પણ ભારતની માગણી અંગે ચોખવટ કરવાની કોઈ તક ગાંધીજી નહોતા ચૂકતા. 'હું એવા કોઈ વચગાળાની અવસ્થા સ્વીકારીશ નહીં, કે જેમાં ઉત્તમ કરતાં જરાય ઓછી સ્થિતિ કબૂલ રાખવી પડે.'

પ્રશ્ન: 'સાંપ્રદાયિક એકતાના તમારા માર્ગમાં બ્રિટિશ વલણ કેટલે અંશે વિઘ્નકર્તા છે?'

ગાંધીજી: 'મહદંશે અથવા કહો કે ૫૦% – ૫૦%.'

વળી કોઈ વાર બ્રિટિશ લોકોને સૌથી વધુ કઠતી વાત પણ સહજપણે કહી દેતા.

'સેના પરના સંપૂર્ણ અંકુશથી જરાય ઓછી કોઈ પણ વાત મારાથી ન સ્વીકારાય.' અથવા, 'અમારે અમારી ઉપર કબજો કરી બેઠેલું કોઈ લશ્કર જોઈતું નથી. અમે તે સાંખી શકીએ નહીં.'

અહીં એક આઇરિશ દેશભક્ત, જે. ડેલ્વિનનું નીચેનું અત્યંત પ્રાસંગિક કથન મહાદેવભાઈ ટાંકે છે:

'કોઈ દેશને આઝાદીનો અધિકાર સ્વીકારવા સારુ કાંઈ અધ્યયનની જરૂર નથી પડતી. એ એનો જન્મસિદ્ધ હક છે.' અને પછી ગાંધીજીને ટાંકે છે કે, 'એ માત્ર અમારો જન્મસિદ્ધ અધિકાર જ નથી, પણ અમે કષ્ટો વેઠીને એ અધિકાર કમાયા છીએ.'

પોતાના સ્વામીનો પુણ્યપ્રકોપ વર્ણવતાં મહાદેવભાઈ લખે છે:

ઇંગ્લંડમાં ભારત વિશેના પ્રચંડ અજ્ઞાન કરતાં બીજું કાંઈ ગાંધીજીને વધુ ઉશ્કેરતું નથી. ખૂબ મહત્ત્વપૂર્ણ ઇંગ્લિશ નરનારીઓની સભામાં એક વખત ગાંધીજી બોલી ઊઠે

છે, 'ભારત પર ઉપકાર કોણે ચડાવ્યો છે, તમે કે અમે? ઘાયલ કી ગત તો ઘાયલ જ જાણે. તમને એનું ભાન છે ખરું કે તમારી ઉપર વારી વારી જતા હતા એવા દાદાભાઈ, ફીરોજશાહ, રાનડે, ગોખલે વગેરે સર્વે એક બાબતમાં એકમત હતા કે સરવાળે તમે ભારતને નુકસાન જ વધુ કર્યું છે? ... અમારામાં ભલે વહીવટની કુશળતા ન હોય, સર હેન્રી કેમ્બેલ બેનરમૅને નહોતું કહ્યું કે સુરાજ્ય કાંઈ સ્વરાજનું સ્થાન લઈ શકે નહીં? તમે જાતે તો ભૂલો કરવામાં પારંગત છો, લૉર્ડ સેલ્સબરીની ભાષામાં 'ભૂલો કરતાં કરતાં સફળતા સુધી પહોંચી જતાં તમને આવડે છે; તેવા તમે અમને ભૂલો કરવાની આઝાદી નહીં આપો?'૨૭

ગોળમેજી પરિષદ નિમિત્તે ઇંગ્લંડની મુલાકાતનો પ્રસંગ નિર્વિવાદ રીતે ગાંધીજીના જીવનના સૌથી વધુ મહત્ત્વપૂર્ણ ચાર-પાંચ પ્રસંગો પૈકી એક હતો. તેઓ તે વખતે બ્રિટિશ સામ્રાજ્યવાદના સિંહને એની બોડમાં જઈને પડકારી રહ્યા હતા. આ પડકારને યથાતથ રીતે વ્યક્ત કરવાનું કામ મહાદેવભાઈએ કર્યું હતું. આ મહાદેવભાઈ સારુ પૂર્ણ કળાએ ખીલવાનો કાળ હતો. એમના જીવનની જે ઉચ્ચતમ કળા હતી, ગાંધીજીના દેદીપ્યમાન વિભૂતિમત્વમાં પોતાનું શીતલ આભાવાળું વ્યક્તિત્વ સંપૂર્ણપણે વિલીન કરવાની કળા — તે તેમણે આ કાળ દરમિયાન અતિ ઉત્તમ રીતે પ્રગટ કરી હતી.

ગાંધીજી આ દિવસો દરમિયાન ભાગ્યે જ ત્રણ-ચાર કલાકની ઊંઘ લેતા. મહાદેવભાઈ ગાંધીજીથી સહજ વહેલા ઊઠતા અને એમના સૂતા પછી સૂતા. ગાંધીજી પોતાના નિવાસસ્થાનેથી મિટિંગ કે મુલાકાતે જવાના સ્થળ સુધી જતાં કેટલો સમય જશે એ જાણી લઈને કારમાં દસ-પંદર કે વીસ મિનિટની ઊંઘ કાઢતા. ઊંઘ પર એમનો એવો કાબૂ હતો. મહાદેવભાઈ અતંદ્ર હતા. કારમાં બેઠા બેઠા તેઓ નોંધો લખતા અને ગાંધીજીની મુલાકાતોના કાર્યક્રમો ગોઠવતા. ગાંધીજી કોઈ કોઈ વાર ભરીસભામાં ઝોકું ખાઈ લઈને ખરી અણીને વખતે જાગીને સામાના પ્રશ્નનો સચોટ જવાબ આપીને લોકોને આશ્ચર્યચકિત કરી મૂકતા. મહાદેવભાઈ તે વખતે આવેલી ટપાલના ઢગલા પર નજર ફેરવી લેતા. ગાંધીજી અઠવાડિયે એક વાર — સોમવારે — મૌન પાળતા, અને શનિ-રવિના દિવસોમાં લંડન બહાર જઈ આખા ઇંગ્લંડ દેશને ધમધમાવતા. મહાદેવભાઈ અઠવાડિયે અઠવાડિયે यंग इन्डिया સારુ લખાણ તૈયાર કરીને ટપાલમાં રવાના કરી આખા દેશ સુધી ગાંધીજીને પહોંચાડી દેતા. દર બુધવારની રાતે એક વાગ્યે તેઓ

લખવા બેસતા, તે ગુરુવારની રાતે એક વાગ્યા સુધી સતત લખતા, વચમાં માત્ર એક કલાકની નહાવા-ધોવા-ખાવાની વિશ્રાંતિ લેતા. ગાંધીજીની અવસ્થા એકલે હાથે અનેક મહારથીઓ સામે ઝઝૂમનાર અભિમન્યુ જેવી હતી. મહાદેવભાઈ એમના સચિવ ને સલાહકાર તરીકે આ સૌને તો મળતા જ પણ સાથે ભારતમાંયે અનેકો જોડે પત્રવ્યવહાર દ્વારા સંબંધ જાળવતા. પંડિત જવાહરલાલજી પર લખેલ એમના એક પત્રના કેટલાક ભાગ જુઓ:

૮૮, નાઇટ્સબ્રિજ,
લંડન એસ. ડબ્લ્યૂ.–૧,
ઑક્ટોબર ૨૩, ૧૯૩૧

મારા વહાલા જવાહરભાઈ,

ઍર-મેલ મોકલવાનો દિવસ આવી પહોંચ્યો છે અને હંમેશ મુજબની જ કપરી અવસ્થા ઊભી થઈ છે.

બાપુએ જ્યારે ફેડરલ સ્ટ્રક્ચર્સ કમિટીમાં બોલતાં એક સખત ભાષણમાં કહ્યું કે આ 'તાજની નીચે' ને એવા બધા વાક્યપ્રયોગો વારંવાર કરવામાં આવે છે તેનાથી તેઓ વાજ આવી ગયા છે, ત્યારે ત્યાં એક નાનો સરખો સ્ફોટ થયો. બાપુએ કહ્યું કે એ લોકો એ મનોવૃત્તિ જેટલી ઝટ છોડે એટલું સારું. લૉર્ડ સેંકીએ બાપુને એમની નિખાલસતા અને નિર્ભીકતા અંગે અભિનંદન આપ્યાં અને મને લાગે છે કે તેઓ ખરા દિલથી તેમ કરતા હતા. પરંતુ મારા અંદાજ પ્રમાણે ૨૭મી સુધી કશાયની આશા ન રાખી શકાય.

મુસલમાનો સાથેની વાતો થંભી ગઈ છે અને એ લોકો બોલાવે નહીં ત્યાં સુધી બાપુ એમની પાસે જવાની તકલીફ લેવાના નથી. દત્તા (ડૉ. એસ. કે.)એ અમને એક કિસ્સો કહ્યો જેનાથી તમને રમૂજ ઊપજશે એની મને ખાતરી છે. એક દિવસે તેઓ એક અંગ્રેજ મિત્ર, કેમ્બેલ રહોડ્ઝને ત્યાં ઝીણાની સાથે ભોજન લઈ રહ્યા હતા. જ્યારે લઘુમતીનો પ્રશ્ન ચર્ચાતો હતો ત્યારે ઝીણા શેમ્પેઇનની ત્રીજી બાટલી ઢીંચી ચૂક્યા હતા. મિ. રહોડ્ઝે પૂછ્યું, 'તમે સૌ સાથે મળીને એક સર્વસંમત ઉકેલ સૂચવીને સરકારને તે આપવાની ફરજ કેમ નથી પાડતા?' શેમ્પેઇનની સૌમ્ય (!) અસર તળે ઝીણાએ જવાબ આપ્યો: 'અહીં જ બરાબર તમે ભૂલ કરો છો. અમને શું મળવાનું છે એ અમે જાણીએ નહીં ત્યાં સુધી સર્વસંમત ઉકેલ પર આવવું અશક્ય છે અને સરકાર તો આ રીતે બળદની આગળ ગાડાને ગોઠવે છે.' આ વાત બરાબર એ જ હતી કે જે બાપુ કહેતા આવ્યા છે, અને

મુસલમાનો જેનો ઇન્કાર કરતા આવ્યા છે! (સહેજે યાદ આવવાથી એટલું કહી દઉં કે આ દાખલો નશાબંધીના વિરોધીઓને ખૂબ સબળ દલીલ પૂરી પાડશે!)

લૉર્ડ અર્વિન બાપુને મળ્યા (અથવા બાપુ એમને મળ્યા) અને એમણે આગ્રહ રાખ્યો કે તેઓ રજા ન આપે ત્યાં સુધી બાપુએ પાછા જવાનો વિચાર ન કરવો. એ કહે છે કે પરિસ્થિતિ સાવ આશા ગુમાવી બેસવા જેવી નથી. અથવા તો ચૂંટણી પતે પછી તો એવી નહીં જ રહે. અને એ પોતે બીજાઓને એ વાત ગળે ઉતારવા પ્રયત્ન કરશે કે કૉંગ્રેસની મોટા ભાગની માગણીઓ સ્વીકારી શકાય તેવી છે. જો કન્ઝર્વેટિવો (રૂઢિવાદી પક્ષ) જીતે (અને એની ઘણી શક્યતા છે) તો અર્વિન પ્રધાનમંડળના એક સભ્ય બની શકે. પણ બાપુ આવી દૈવયોગી અટકળો પર કશો આધાર રાખતા નથી. અને કોઈ પણ ઠેકાણે અને દરેક સ્થાને મોં મૂકીને બોલે છે. ચેટહમ હાઉસની મિટિંગ ભારે યશસ્વી નીવડી. જોકે લોધિયન પ્રમુખ હતા, પણ એ લત્તો રૂઢિવાદીઓનો ગઢ છે. યૂસુફઅલી અને કર્નલ ગિડનીએ સાવ અર્થ વગરની કચરા જેવી વાતો કરી, પણ બાપુ પૂરેપૂરા ખીલ્યા હતા. એમણે ઘણાનાં મન હરી લીધાં. તમે ઇતિહાસકાર જી. પી. ગૂચને ઓળખો છો. એણે કહ્યું કે ચેટહેમ હાઉસમાં એણે જોયેલી આ સર્વોત્તમ સભા હતી અને એ સભાએ ઘણા પર જબરદસ્ત પ્રભાવ પાડ્યો છે. મેં સદાનંદની મારફત આખા ભાષણનો અહેવાલ તાર દ્વારા મોકલી આપ્યો છે, જે તમે જોયો હશે. ચેટહેમ હાઉસનો ઉલ્લેખ નહોતો કર્યો, કારણ, એમની સભાઓ બંધ બારણે થતી માનવામાં આવે છે.

- મેં એક ખાનગી થિયેટરમાં એક નાટક જોયું! તમને આંચકો લાગશે? ખરું પૂછો તો મને એ વાતની કલ્પના જ નહોતી કે ખાનગી થિયેટરો કેવાં હોય છે. એ લાઇસન્સ વગરનું નાટક હતું. એનો તો મને જરાય વાંધો નહોતો, પણ એનાં બધાં દૃશ્યો (લગભગ દસ) અપવાદ વિના શયનખંડનાં જ દૃશ્યો હતાં અને એકધારી રીતે ભૂંડાં હતાં! અને છતાં મારે કબૂલ કરવું જોઈએ કે ભજવણી શ્રેષ્ઠ કોટિની હતી! પણ મને ગમ્યું તે નાટક તો 'બેરેટ્સ ઑફ વિમ્પોલ સ્ટ્રીટ' હતું — મેં તમને જેને વિશે લખ્યું હતું તે ઐતિહાસિક નાટક — એની કલ્પના અને ભજવણી બંને રીતે સોહામણું. એની રજૂઆત, એનું મંચન અને બધુંયે એટલું નજાકતભરી રીતે સંસ્કારી હતું. હા, હું જાણીજોઈને 'સંસ્કારી' શબ્દ વાપરું છું. હું ખાનગી થિયેટર પણ સંસ્કારી હોઈ શકે એમ વિચારી શકું છું. તેથી હું બેરેટ્સ જોવા ફરી એક વાર ગયો! સાથેની કાપલી

તમને ખૂબ રમૂજ પૂરી પાડશે. એક ગરીબ પ્રજાના પ્રતિનિધિના સચિવો આવો ધંધો કરી રહ્યા છે!

ખૂબ સ્નેહપૂર્વક

તમારો મહાદેવ૨૮

ઉપરના પત્રાંશ જોવાથી આપણને મહાદેવભાઈના વ્યક્તિત્વનાં અનેક પાસાંનો ખ્યાલ આવે છે. અલબત્ત, એમની મહેનત, એમની બુદ્ધિમત્તા તથા એમની ગાંધીભક્તિ તો એમના ઘણાખરા પત્રોમાં દેખાઈ આવે. પણ આ પત્રમાં એમનું સ્વતંત્ર વ્યક્તિત્વ, એમની રસિકતા અને એમની વિનોદવૃત્તિ પણ છતી થાય છે. ગાંધીજી જેટલી જ દૃઢતાથી મહાદેવભાઈ પણ એમ કહી શક્યા હોત કે 'મારામાં વિનોદ ન હોત તો હું ક્યારનોય મરી પરવાર્યો હોત.'

ગાંધીજીનો સમય બચાવવા ખાતર ઘનશ્યામદાસ બિરલાએ એમને શૉર્ટહૅન્ડમાં નોંધ લે અને ઝડપથી ટાઇપ કરે એવો સ્ટેનોગ્રાફર મેળવી આપવાની વાત કરી. ગાંધીજીએ કહ્યું:

હમણાં એની કાંઈ જરૂર નથી. લખવા કે લખાવવાનો સમય જ ક્યાં રહે છે? લેખ તરીકે મારી આગળ જે કાંઈ આવે છે તેને પાસ કરી દઉં છું. મહાદેવની ભાષા તો મને અનુકૂળ થઈ ગઈ છે. એનું લખાણ પણ સારું હોય છે. પ્યારેલાલનું એવું નથી, એના અક્ષર બહુ ખરાબ હોય છે અને એની ભાષા પણ પૂરી સંતોપકારક નથી હોતી. વિદ્વાન તો તે સારો છે, પણ તેની ભાષા અને લેખનશૈલી હમેશાં એકધારાં નથી હોતાં. તેનું ધ્યાન પોતાના વિષયમાં કેન્દ્રિત થયેલું હોય છે ત્યારે તો સારું લખે છે. નહીં તો ત્રુટિઓ રહી જાય છે.૨૯

શ્રી પ્યારેલાલ પૂર્ણકળાએ તો ખીલ્યા મહાદેવભાઈના મૃત્યુ પછી. એમનું લખાણ સોળે કળાએ ખીલી ઊઠ્યું ગાંધીજીના મૃત્યુ પછી. એમનું એ અવતારકૃત્ય હતું. પરંતુ ગોળમેજી પરિષદ વખતે ગાંધીજીના લહિયા, અનેક પત્રોના લેખક અને યંગ इन्डिया અને નવજીવનના ખબરપત્રી અને લેખક થવાનું સામટું કામ મહાદેવભાઈને માથે જ હતું.

મહાદેવભાઈના અહેવાલોમાં એક જીવંતપણું હતું, કારણ, તેઓ પોતે ઝિંદાદિલ હતા. ગાંધીજીનાં ભાષણો, એમના વાર્તાલાપો અને એમની પ્રશ્નોત્તરીને લગભગ

શબ્દેશબ્દની નોંધ આપવા ઉપરાંત ગાંધીજી (અથવા ઘણી વાર પોતે એકલા) જેમને મળતા તેમને વિશે થોડી લીટીઓમાં પણ એવું સરસ શબ્દચિત્ર દોરતા કે પેલી નવી વ્યક્તિ વાચકની ઓળખીતી બની જતી. એમણે દોરેલાં ચિચેસ્ટરનાં બિશપ બેલ, અને કેનન કેમ્પબેલ, मेन्चसेट्र गार्डयिनના માજી તંત્રી સી. પી. સ્કૉટ, માજી બ્રિગેડિયર જનરલ કોઝિયર તથા ડીન ઑફ કેન્ટરબરીનાં શબ્દચિત્રો ટૂંકાં પણ પ્રભાવકારી છે. ગાંધીજીની ચાર્લી ચૅપ્લિન, બર્નાર્ડ શો અને માદામ મૉન્ટેસોરી સાથેની મુલાકાતો પણ આજે સાઠ વર્ષેય રસપ્રદ લાગે તેવી છે. ગાંધીજીને જ્યારે કહેવામાં આવ્યું કે ચાર્લી ચૅપ્લિન એમને મળવા માગે છે, ત્યારે તેમણે પૂછ્યું કે, 'એ કોણ છે?' વર્ષોથી એમનું જીવન એમની ચાલુ પ્રવૃત્તિઓ સાથે જ એટલું ગૂંથાયેલું રહ્યું હતું કે ચાર્લી ચૅપ્લિન જેવા જગવિખ્યાત હાસ્ય-અભિનેતા કોણ હતો તેનીયે તેમને ગતાગમ નહોતી. પરંતુ મહાદેવભાઈ તરત ચૅપ્લિન કોણ છે એ કહે છે. પણ જેવું ગાંધીજીને કહેવામાં આવ્યું કે ચાર્લી ચૅપ્લિન લોકોના માણસ હતા અને લોકો સારુ જીવતા હતા અને લાખોને તેમણે હસાવ્યા છે, ત્યારે તરત જ તેમની સાથે મળવાનું તેમણે સ્વીકાર્યું. ચૅપ્લિન વિશે મહાદેવભાઈ કહે છે કે, 'શ્રી ચૅપ્લિન વિશે મારી છાપ એવી પડી કે તેઓ માયાળુ અને મિલનસાર, ડોળ વિનાના સદ્‌ગૃહસ્થ હતા અને ફિલ્મમાં દેખાય છે તેવા જરાય નહોતા. પણ કદાચ પોતાની જાતને છુપાવવામાં જ એમની કુશળતા રહેલી હતી. ગાંધીજીએ એમને વિશે સાંભળ્યું નહોતું પણ એમણે ગાંધીજીના રેંટિયા વિશે સાંભળ્યું હતું એમ દેખાઈ આવતું હતું, કારણ, પહેલો પ્રશ્ન એમણે એ પૂછ્યો કે ગાંધીજી મશીનરીની વિરુદ્ધ કેમ હતા. ગાંધીજીને એ પ્રશ્ન એટલો ગમી ગયો કે એમણે ભારતમાં લોકોને વરસમાં છ માસ સુધી કામ નથી મળતું એની વાત વિગતવાર સમજાવી. ત્યારે તમારો વિરોધ માત્ર કાપડ અંગે છે?' 'બરાબર.' ગાંધીજીએ કહ્યું. 'દરેક દેશે ભોજન અને વસ્ત્ર બાબતમાં સ્વપર્યાપ્ત હોવું જોઈએ, અમે પહેલાં સ્વાશ્રયી હતા અને હવે પાછા તેવા થવા માગીએ છીએ. ઇંગ્લંડ એના મોટા પાયાના ઉત્પાદનને લીધે બજાર બહાર ગોતવી પડે છે. અમે એને શોષણ કહીએ છીએ. અને શોષણ કરનાર ઇંગ્લંડ આખી દુનિયા સારુ ખતરનાક છે. પણ તે જે સારું હોય, તો ભારત અગર શોષણ કરનાર બને તો કેટલું બધું વધારે ખતરનાક બને?'

'તો પ્રશ્ન ફક્ત ભારતને લાગુ પડે છે?' શ્રી ચૅપ્લિને તરત મુદ્દો પકડતાં પૂછ્યું.

'પણ તમને જો રશિયાની જેમ આઝાદી મળી હોય, અને તમારા બેકારો સારુ તમને કાંઈક બીજું કામ મળી રહે અને તમે સંપત્તિની સમત્વયુક્ત વહેંચણી કરી શકો તો તમે મશીનરીનો તિરસ્કાર નહીં કરો? તમે ઓછા કલાકના કામ અને મજૂરોને વધારે ફુરસદ આપવાની વાતને ટેકો આપશો?'

'ચોક્કસ.' ગાંધીજીએ કહ્યું. મહાદેવભાઈ આ વિશે લખે છે:

આ પ્રશ્નની ચર્ચા તો સો વાર થઈ છે પણ અત્યાર સુધી મને કોઈ બિનતજ્જ્ઞ એવો સાદો વિદેશી નાગરિક નથી મળ્યો કે જેણે પરિસ્થિતિને આટલી ઝડપથી સમજી લીધી હોય. કદાચ એનું કારણ હતું ચૅપ્લિનની પૂર્વગ્રહમુક્ત અને ગમાઅણગમા વિનાની વૃત્તિ અને એમની સહાનુભૂતિ.

સરોજિનીદેવીએ જ્યારે તેમને ઇંગ્લંડની એક જેલની તેમની મુલાકાતની યાદ અપાવી ત્યારે તે સહાનુભૂતિ વધુ સ્પષ્ટપણે પ્રગટી:

હું ધનવાન લોકોના ટોળાનો મુકાબલો કરી શકું છું, પણ આ કેદીઓ સામે મારાથી ઊભા રહી શકાતું નથી. હું મારી જાતને કહું છું કે બસ ઈશ્વરકૃપાથી જ તું આ લોકો માંહ્યલો નથી. આપણાથી એમને સારુ કાંઈ નથી થઈ શકતું તેથી આપણે ખૂબ લાચારી અનુભવીએ છીએ. એ સળિયાની અંદર અને આપણે બહાર છીએ, એ સિવાય એમની અને આપણી વચ્ચે ફેર પણ શો છે? હું તો જેલવ્યવસ્થામાં ધરમૂળથી સુધારા કરવાના પક્ષનો છું. ગુનો એ બીજા રોગો જેવો જ રોગ છે, અને એનો ઇલાજ જેલોમાં નહીં, પણ સુધારઘરોમાં થવાં જોઈએ.૩૦

વિખ્યાત બાલશિક્ષિકા માદામ મૉન્ટેસોરીનો એક આંતરરાષ્ટ્રીય વર્ગ ઇંગ્લંડમાં ચાલતો હતો. તેની મુલાકાત લીધી ત્યારે માદામે ગાંધીજીને 'શરીર નહીં, પણ આત્મા' તરીકે વર્ણવ્યા. ગાંધીજીએ માદામ મૉન્ટેસોરી બાળકોના વ્યક્તિત્વને સમ્માને છે તે વાત પર ભાર દઈ, માણસનું માણસ તરીકે ગૌરવ કરવામાં જ અહિંસા છે એમ કહી શિક્ષણ વિશેની પોતાની કલ્પના વિગતવાર સમજાવી.

અંગ્રેજી નાટ્યસાહિત્યમાં જેનું સ્થાન કદાચ શેક્સપિયર પછી બીજા નંબરે ગણાય તે જ્યૉર્જ બર્નાર્ડ શૉ ઘણા વખતથી ગાંધીજીને મળવા માગતા હતા. એમની મુલાકાત ખાસ્સી કલાકેક ચાલી અને એમણે માનવવંશશાસ્ત્ર, ધર્મ, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર વગેરે અનેક વિષયોની ચર્ચા કરી. એમનો વાર્તાલાપ એમની તણખાઝરતી વિનોદવૃત્તિ અને કટાક્ષયુક્ત વ્યંગથી ઝળહળતો હતો.

'હું તમારે વિશે થોડુંઘણું જાણતો હતો પણ અત્યારે આપણી વચ્ચે આત્માની સગાઈ હોય એવો અનુભવ થયો. આપણે દુનિયામાં ખૂબ નાના સમુદાયના સભ્યો છીએ.' એકાદ પ્રશ્ન એમણે ગોળમેજી પરિષદ વિશે પણ પૂછી જ પાડ્યો, 'આ પરિષદ તમારી ધીરજની કસોટી નથી કરતી?' ગાંધીજીને દુઃખ સાથે કબૂલ કરવું પડ્યું, 'એને સારુ ગજા બહારની ધીરજની જરૂર પડે છે. આવી વસ્તુ જ અસલ વાતને છુપાવવાની મહામાયાજાળ છે અને ઘાંટા પાડી પાડીને અમારી ઉપર જે ભાષણો ઠોકવામાં આવે છે, તે તો લાગ જોઈને વખત બગાડવાની જ યુક્તિ છે. હું એમને પૂછું છું કે તમે હૈયું ખોલીને તમારી નીતિની સાફ જાહેરાત કેમ નથી કરતા, કે જેથી અમે અમારી પસંદગી અંગે કાંઈક નિર્ણય કરીએ? પણ ઇંગ્લંડના રાજકારણી સ્વભાવમાં જ જાણે એમ કરવું બંધબેસતું નથી. એને તો આંટીઘૂંટી અને કુટિલ ગલીઓથી જ ચાલતાં આવડે છે.'૩૧

ડીન ઑફ કેન્ટરબરી સાથેની મુલાકાતનું મહાદેવભાઈએ કરેલું વર્ણન એક ઉત્તમ શબ્દચિત્ર છે. ડીને કહ્યું, 'છાપાંવાળાઓને પ્રશ્ન થાય છે કે ગાંધીને કેન્ટરબરી આવવાનું શું પ્રયોજન હશે. મેં એમને કહ્યું કે રાજકારણની વાત બાજુએ રાખીએ, તો અમારા બંને વચ્ચે એક ખૂબ મોટો સામાન્ય વિષય છે — ધર્મ. આધ્યાત્મિક વિષયોની ચર્ચા કરવા જ હું શ્રીમાન ગાંધીને મળવા માગતો હતો અને મને ખાતરી છે કે અમે ફરીથી પણ મળશું.'

એમણે ખૂબ આંતરિક ઘરોબાવાળી વાત કરી. પણ બીજે દિવસે એક કમિટીની મિટિંગમાં બોલવાનું હતું માટે તે દિવસે ત્રણ વાગ્યે ગાંધીજીને મૌન લેવું પડ્યું. 'તો, તમને સાક્ષી રાખી, મિ. ડીન, હું મૌનમાં પ્રવેશ કરું છું!' ગાંધીજીએ વિનોદપૂર્વક કહ્યું, 'અને તમને જે બોલાવશે એની ઉપર અભિશાપ વરસજો.'૩૨ ડીને એવા જ વિનોદભાવથી જવાબ આપ્યો, ડીનના નિમંત્રણથી ગાંધીજી અને એમના સાથીઓએ કેન્ટરબરીના દેવળની પ્રાર્થનામાં હાજરી આપી. ડીને પ્રાર્થના પછીના પ્રવચનમાં ઇંગ્લંડ જે શિસ્તબદ્ધ સ્વતંત્રતા ભોગવે છે તે ભારતને પણ આપવા સારુ પ્રાર્થના કરી.

મહાદેવભાઈની બહુમુખી પ્રતિભા અને વ્યાપક જિજ્ઞાસા તેમને તેઓ જેમની મુલાકાત લેતા તેમની અભિજ્ઞતાના વિષયોના જાણકાર બનાવી દેતી. પણ તેથીયે

વધારે તે તે લોકો સાથે એમની દોસ્તી થઈ જતી. એ કહેવાની જરૂર ન હોય કે ગમે તે વિષયની ચર્ચા ચાલતી હોય પણ

'जैसे ऊडी जहाज को पंछी
पुनि जिहाज पर आबे.'

— ની જેમ મહાદેવભાઈની સર્વ વાતો અને સર્વ વર્ણનોનો છેવટનો અનુબંધ તો ગાંધીજી જોડે જ સંધાઈ જતો. ડીન કહેવા લાગ્યા કે મહાત્માજી સાથે કોઈની પણ તુલના થઈ શકે એમ હોય તો તે આસિસિના સંત ફ્રાન્સિસની. ડીને કહ્યું, 'મેં ગાંધીજી સાથે થયેલી વાતો પ્રેસવાળાઓને કહી છે. એમાંથી કેટલી છપાશે એ તો ભગવાન જાણે, માત્ર હું જે નથી બોલ્યો તેવા શબ્દો મારા મોંમાં ન મૂકે તો બસ. પણ આ તકનો લાભ લઈને મારે બ્રિટિશ પ્રજા આગળ એટલું તો ઘોષિત કરી દેવું જોઈએ કે જો ગોળમેજી પરિષદ નિષ્ફળ નીવડે તોપણ અમે હવે જબરદસ્તીનું રાજ સાંખી લેવાના નથી — બ્રિટિશ પ્રજા અમૃતસર (જલિયાંવાલા બાગ)નું પુનરાવર્તન સાંખી નહીં લે.'૩૩

ઇટન એટલે રૂઢિવાદ અને સામ્રાજ્યવાદનો ગઢ. છેલ્લાં સાડા ચારસો વરસથી ત્યાંની પબ્લિક સ્કૂલમાં ઇંગ્લંડના ધનવાન વર્ગના કિશોરો ભણે છે. અને આ વિદ્યાલય 'વડા પ્રધાનને પેદા કરનાર' ગણાય છે. ઇંગ્લંડના ઘણા વડા પ્રધાનો અને હિંદના અનેક વાઇસરૉયોને ત્યાં જ તાલીમ મળી હતી. ઇંગ્લંડની સેનાના ઘણા જનરલો પણ ત્યાં તાલીમ પામ્યા હતા.

એવા ગઢમાં મોટા વિદ્યાર્થીઓએ ગાંધી જેવા 'બળવાખોર' ને નિમંત્ર્યા અને હેડમાસ્તરના પાંચસો વરસ જૂના મહેલમાં ગાંધીજીને ઉતારો આપ્યો. એની સંમતિ આપવી એ પણ અધિકારીઓ સારુ સહેલું કામ નહીં સિદ્ધ થયું હોય, મહાદેવભાઈ કહે છે કે —

ઇટનના વિદ્યાર્થીને ૨૫,૦૦૦ જેટલાં પુસ્તકોથી ઠસોઠસ એવા પુસ્તકાલયનો લાભ મળે છે. પણ એને ભારતનો જે ઇતિહાસ ભણાવવામાં આવે છે તે તો પરંપરાગત જ છે. કદાચ ગાંધીજીને નિમંત્રવાની રજા આપવાનું કારણ પણ એ જ હશે કે છોકરાઓને એ વાતનો બરાબર પદાર્થપાઠ મળે કે ભારત પોતે પોતાનું ચલાવી શકે એમ નથી, અને એણે પરાધીન જ રહેવું જોઈએ. ગાંધીજીએ ભેગા

થયેલા પચાસેક જેટલા વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા નિમંત્ર્યા. એમના પ્રશ્નો પણ જાણે પહેલેથી નક્કી કરી રાખેલા હોયને એવા હતા. 'શૌકતઅલીએ અમને મુસ્લિમ કેસ સમજાવ્યો, તમે હિંદુ કેસ સમજાવશો?' પ્રમુખે પ્રસ્તાવના વખતે પણ આ જ પ્રશ્ન ઉઠાવ્યો હતો, અને વિદ્યાર્થીઓ પણ એનો એ જ પ્રશ્ન ખડો કરતા હતા. પૂર્વ લંડનના ગરીબ લત્તામાં રહેતાં બાળકો ગાંધીજી ઉપર એમનાં ઘર, એમનાં કપડાં, એમના ચપ્પલ અને એમની ભાષા વિશે પ્રશ્નોની ઝડી વરસાવતા. એના કરતાં આ પ્રશ્ન કેટલો જુદો હતો!

પણ ગાંધીજીએ પડકાર ઝીલી લીધો અને એવો જવાબ આપ્યો કે જેની એ લોકોને અપેક્ષા નહીં હોય. 'તમે ઇંગ્લંડમાં એક મોટું સ્થાન ધરાવો છો, તમારામાંથી કેટલાક વડા પ્રધાનો ને જનરલો બનશે. તમારું ચરિત્ર હજી ઘડાય છે, ત્યાં સુધીમાં હું તમારા હૃદયમાં પ્રવેશ કરવા માગું છું. તમને ભણાવવામાં આવતા ખોટા ઇતિહાસને સ્થાને હું તમને કેટલીક સાચી હકીકતો કહેવા માગું છું. મોટા અધિકારીઓમાં મને અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ નહીં, પણ ખોટી માહિતીને આધારે આવતું અજ્ઞાન દેખાય છે. મારે તમને સાચી માહિતી એટલા સારુ આપવી છે કે હું તમને સામ્રાજ્યના ઘડવૈયા તરીકે નથી જોવા માગતો. પણ એક એવા રાષ્ટ્રના સભ્ય તરીકે જોવા માગું છું કે જેણે બીજા દેશોનું શોષણ કરવું બંધ કરી દીધું હોય. અને જે શસ્ત્રો વડે નહીં, પણ પોતાની નૈતિક તાકાત વડે શાંતિનો રખેવાળ બન્યો હોય. મારે તમને કહેવું જોઈએ કે જ્યાં સુધી મને લાગુ પડે છે ત્યાં સુધી તો હિંદુ કેસ નામની કોઈ વસ્તુ જ નથી. કારણ, મારા દેશની આઝાદીના પ્રશ્ન અંગે તો હું તમારા બધાના કરતાં જરાયે વધારે હિંદુ નથી. હિંદુ મહાસભાવાદીઓ મારફત હિંદુ કેસની રજૂઆત થાય છે. એ લોકોનો દાવો એવો છે કે તેઓ હિંદુ માનસના પ્રતિનિધિઓ છે, પણ મારા મત મુજબ તે વાત સાચી નથી. એ લોકો એ જ પ્રશ્નનો રાજકીય ઉકેલ ઇચ્છે છે, તે એટલા સારુ કે તે ઉકેલ એમને અનુકૂળ આવે તેમ છે. હું આને વિધ્વંસક દાવપેચ કહું છું. અને એમને વીનવી રહ્યો છું કે મોટી બહુમતીના પ્રતિનિધિ તરીકે તેમણે આગળ આવીને નાની લઘુમતીને જે જોઈએ છે તે આપવું જોઈએ. તેમ કરવાથી વાતાવરણ જાદુઈ રીતે સુધરી જશે. સંપ્રદાયવાદનો આ હાઉ તો મોટે ભાગે શહેરો પૂરતો જ સીમિત છે. અને શહેરો કાંઈ હિંદ નથી. એ તો લંડન અને બીજાં પશ્ચિમી શહેરોની નકલ માત્ર છે. એ જાગ્રતપણે કે સભાનપણે ગામડાંઓનો શિકાર કરીને જીવે છે અને ઇંગ્લંડના

દલાલ બનીને તમારી સાથે શોષણમાં ભાગ પડાવે છે. ભારતની આઝાદીના મહાન પ્રશ્ન આગળ આ કોમી પ્રશ્ન કાંઈ વિસાતમાં નથી. પણ આઝાદીના એ પ્રશ્ન અંગે તો બ્રિટિશ મિનિસ્ટરો સમજીબૂઝીને ચુપકીદી સેવે છે. એ લોકો એ વાત ભૂલી જાય છે કે અસંતુષ્ટ બળવાખોર હિંદ આગળ એ ઝાઝો વખત ટકી શકશે નહીં — એ વાત સાચી છે કે અમારો બળવો અહિંસક છે, પણ બળવો તો એ છે જ. જેવી વિદેશની ફાચર વચ્ચેથી કાઢવામાં આવશે તેવા સમાજનાં બે ફાડિયાં ભેગાં થયે જ છૂટકો છે. તેથી હિંદુ કેસ જેવી કશી વાત નથી. અને જે હશે તો એનું દુર્લક્ષ કરવું ઘટે.૩૪

'પણ તમારે જો ઇતિહાસનો અભ્યાસ કરવો જ હોય તો એનાથી ઘણા મોટા પ્રશ્નનો અભ્યાસ કરો. લાખો લોકોએ અહિંસા અંગીકાર કરવાનું કેવી રીતે નક્કી કર્યું અને તેઓ એને કેવી રીતે વળગી રહ્યા, તેનો અભ્યાસ કરો કે જેથી તમે મોટા થાઓ ત્યારે તમારો વારસો સુધારી શકો. તમારો દેશ અમારી પર રાજ કરે છે એ તમારે માટે ગર્વનો વિષય ન બનવો જોઈએ. આજ સુધીમાં કોઈએ પોતાને જંજીરમાં નાખ્યા વિના બીજાને જંજીરમાં નાખ્યા નથી. અને કોઈ દેશે પોતે ગુલામ બન્યા વિના બીજા દેશને ગુલામ બનાવ્યો નથી. આજે ઇંગ્લંડ અને હિંદ વચ્ચે જે નાતો છે, તે અત્યંત પાપમય, અત્યંત અસ્વાભાવિક નાતો છે. અને હું ઇચ્છું છું કે તમે અમારા આ કાર્યને એટલા સારુ દુઆ આપો કે અમે સ્વતંત્રતા મેળવવાનો અમારો જન્મસિદ્ધ ને સ્વાભાવિક અધિકાર ઉપરાંત અમારી તપશ્ચર્યા અને કષ્ટસહન દ્વારા એના બેવડા અધિકારી બનીએ. હું ઇચ્છું છું કે તમે મોટા થાઓ ત્યારે તમારા દેશનો શોષણના એના પાપમાંથી ઉદ્ધાર કરીને દેશના ગૌરવમાં અદ્વિતીય એવો ઉમેરો કરો અને તેમ કરી માનવજાતિની પ્રગતિમાં પ્રદાન કરો.'૩૪

ગાંધીજીનું મિશન અંગ્રેજો પાસેથી માગીભીખીને હિંદ સારુ અધિકારો મેળવવાનું નહોતું. ગાંધીજી તો હિંદને સ્વતંત્રતા અપાવીને ઇંગ્લંડને એનાં પાપોનું પ્રક્ષાલન કરાવવા અને એના માનવીય ગૌરવમાં વૃદ્ધિ કરાવવા માગતા હતા. એમનું જીવનકાર્ય માત્ર વીરતાનું નહીં, પણ મહાવીરપણાનું હતું. એ વાતની પ્રતીતિ મહાદેવભાઈએ હાઈસ્કૂલના કિશોરો આગળ આપેલા ગાંધીજીના પ્રવચનની નોંધ પરથી છતું કર્યું છે.

ગોળમેજી પરિષદની અંદર અને પરિષદની બહાર હિંદને આઝાદી આપવાની વિરુદ્ધ ઠેકઠકાણે મુખ્ય દલીલ એ જ કરવામાં આવતી હતી કે એની માગ એકીઅવાજે આવવી જોઈએ. આજે તો પ્રતિનિધિઓ આ બાબતમાં મતભેદ પ્રગટ કરે છે.

શરૂઆતમાં તો ગાંધીજી આનો વિવેકપૂર્ણ અને સૌમ્ય જવાબ આપતા હતા પણ જ્યારે તેમણે જોયું કે આ દલીલને આઝાદી ન આપવા માટેના બહાના તરીકે જ વાપરવામાં આવે છે, ત્યારે તેમણે પરિષદની અંદર ને બહાર ગોળ ગોળ બોલવાને બદલે ચોખ્ખું ને ચટ એ પરખાવી દીધું કે વીણી વીણીને ભેગા કરેલા સરકારના મળતિયાઓની પરિષદ પાસેથી એકીઅવાજે આઝાદીની માગણીની અપેક્ષા રાખી જ ન શકાય. અમે જીવનમરણનો સંગ્રામ ખેલ્યા છીએ. ઇંગ્લંડના એક વધુમાં વધુ ખાનદાન માણસે અમારી કસોટી કરી છે અને અમે તેમાં નાપાસ નથી સિદ્ધ થયા. પરિણામે તેણે જેલના દરવાજા ખોલી નાખ્યા અને કૉંગ્રેસને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જવા વિનંતી કરી. અમે લાંબી લાંબી વાતો ને વાટાઘાટો કરી. એમાં અમે વધુમાં વધુ ધીરજ રાખી. એક સંધિ થઈ જેની હેઠળ કૉંગ્રેસે ગોળમેજી પરિષદમાં પ્રતિનિધિત્વ કરવાનું સ્વીકાર્યું. સરકારે એ સંધિને પાળવા કરતાં તોડી વધારે. ઘણા દગદગા પછી મેં આવવાનું સ્વીકાર્યું, કારણ, પેલા ઇંગ્લિશમૅનને આપેલું વચન મારે પાળવું હતું. અહીં આવીને મેં જોયું કે ભારત અને કૉંગ્રેસની સામે મંડાયેલી તાકાતો અંગે મેં ખોટી ગણતરી કરી હતી. પણ તેનાથી હું બેબાકળો બનતો નથી. મારે જઈને કષ્ટસહન દ્વારા એ પુરવાર કરવું પડશે કે આખો દેશ આ માગણી કરે છે. હું તમારા શરીરને બદલે તમારા દિલને સ્પર્શ કરવા માગું છું. આ વખતે જો હું સફળ નહીં થાઉં તો આવતી વખતે થઈશ.૩૫ આ વાર્તાલાપને અમે કંઈક વિસ્તારથી એટલા સારુ આપ્યો કે પરિષદની અંદર શું કે પરિષદની બહાર શું ગાંધીજીની મુખ્ય વાતોનો સાર આ વાર્તાલાપમાં આવી જાય છે.

પરિષદમાં એક મુદ્દો અંત્યજને જુદાં મતદારમંડળો આપવા વિશે પણ હતો. ભારતીય સમાજમાં રહેલા દોષોને આધારે બંધારણીય ગૂંચવાડા ઊભા કરીને હિંદની આઝાદીને આઘી ને આઘી ઠેલતા જવું એ અંગ્રેજોનો હેતુ સ્પષ્ટ હતો. ગાંધીજી નોખા મતદારમંડળના વિરોધી હતા. આ પ્રશ્ન આજે પણ રસપ્રદ થાય એવો છે. એટલે એને અંગે ગાંધીજીએ કરેલી દલીલોની મહાદેવભાઈએ રજૂ કરેલી નોંધ આજે પણ પ્રસ્તુત થઈ પડે એમ છે:

જો એમને નોખાં મતદારમંડળો આપવામાં આવે તો ગામડાંઓ, જે રૂઢિવાદના ગઢ છે તેમાં એમનું જીવન દુઃખી દુઃખી થઈ જાય... મને તો ખાતરી છે કે અસ્પૃશ્યોને માટે નોખાં મતદારમંડળોનો પ્રશ્ન એ શેતાની સરકારના ભેજાની અદ્યતન ઊપજ છે.

ખરી જરૂરિયાત તો એમનાં નામ મતદારમંડળોમાં દાખલ કરવાની અને એમને સારુ બંધારણમાં મૂળભૂત અધિકાર આપવાની છે. એમની સાથે અન્યાયપૂર્ણ વ્યવહાર કરવામાં આવે કે એમના પ્રતિનિધિને જાણીજોઈને અળગા રાખવામાં આવે તો એમને સારુ એમને પૂર્ણ સલામતી આપનાર ખાસ ચૂંટણીપંચોની વ્યવસ્થા થવી જોઈએ… અસ્પૃશ્યોને માટે નોખાં મતદારમંડળથી તો તેમને કાયમની ગુલામગીરી મળશે. મુસલમાનોને અલગ મતદારમંડળ મળે, તો એ કદી મુસલમાન મટશે નહીં. તમારે અસ્પૃશ્યોને સદા માટે 'અસ્પૃશ્ય' રાખવા છે? અલગ મતદારમંડળ એ કલંકને સ્થાયી બનાવશે. ખરી જરૂરિયાત તો અસ્પૃશ્યતાનાબૂદ કરવાની છે. તેમ કરવાથી 'ઉપરના' એક વર્ગે 'નીચલા' વર્ગ ઉપર લાદેલી દુષ્ટ આડ દૂર થશે.૩૬

આ વખતની મુલાકાતમાં ગાંધીજીની સમ્રાટ પંચમ જ્યૉર્જ સાથેની મુલાકાત એક વિશેષ ઘટના હતી. સ્વરાજ માટેના બંધારણીય અધિકારોની માગણીની દૃષ્ટિએ જોઈએ તો આ મુલાકાત કેવળ ઔપચારિક કહેવાય એવી હતી. કારણ, ઇંગ્લંડમાં રાજાનું સ્થાન પોતે જ એક ઔપચારિક સ્થાન છે. પણ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આ મુલાકાતનું થોડું મહત્ત્વ જરૂર ગણાવી શકાય. ચર્ચિલ જેને અડધા નાગા ફકીર કહેતા હતા, તેવો એક માણસ રાજાને મળવા જાય એ ભારતીય નાગરિકોનું સન્માન વધારે એવી ઘટના હતી એમ કેટલાક માનશે. આ મુલાકાતમાં ગાંધીજીની સાથે એકલા મહાદેવભાઈ હતા. છાપાંવાળાઓ તો ગાંધીજી કેવો વેશ પહેરીને રાજાને મળશે એ અંગે વિધવિધ પ્રકારની અટકળો કરતા હતા. પણ ગાંધીજી પોતાની પોતડી અને ચાદરના વેશમાં જ અને મહાદેવભાઈ ધોતિયું, ડગલો અને સફેદ ગાંધીટોપીમાં જ ગયા હતા. આ મુલાકાત અંગે ટિપ્પણી કરતાં મહાદેવભાઈએ એની વધારે પડતી કિંમત ન આ◌ા◌ંકવાની સલાહ આપી છે:

કેટલાક કહેશે કે બકિંગહામ રાજમહેલનો સત્કાર-સમારંભ એક મહત્ત્વની ઘટના હતી. શહેનશાહ અને શહેનશાહબાનુ પ્રત્યે અદબ સાથે મારે કહેવું જોઈએ કે હું તેમ નથી કહી શકતો. આવા સમારંભનો કશો અર્થ છે ખરો? શહેનશાહ અને શહેનશાહબાનુ લોકોને ખરેખરા અર્થમાં મળે છે ખરાં? એ લોકો કાંઈ કામકાજ પતાવે છે ખરાં? પતાવી શકે ખરાં? એ મળવું મૂક અભિનય જેવું વધારે નથી થતું? અને છતાં કોઈ કહી શકે છે કે ગાંધીજી તો ત્યાં ગયા હતા, શા સારુ ગયા? જો તે એટલું બધું અર્થવિહીન હતું તો શા સારુ એમણે જવાનું ટાળ્યું નહીં? વાચકોને એમના મનની

કાંઈક ઝાંખી આપું? ક્વેકર લોકોની એક મિટિંગમાં એમણે તેનું વર્ણન કર્યું: 'હું અહીં એક મૂંઝવણભરી સ્થિતિમાં છું. હું અહીં મારા દેશના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે નહીં, પણ આ દેશના મહેમાન તરીકે આવ્યો છું. તેથી મારે અહીં ફૂંકી ફૂંકીને ચાલવું જોઈએ. તમે એમ ધારો છો કે લઘુમતી કમિશનમાં વડા પ્રધાનનું ધમકીભર્યું ભાષણ મને ગમી ગયું હતું? મેં તો ત્યાં ને ત્યાં જ એનો રદિયો આપી દીધો હોત, પણ હું ચૂપ બેઠો. ઘેરે આવીને મેં ઠપકાનો એક હળવો પત્ર લખ્યો. અને આ અઠવાડિયે મારી આગળ એક નૈતિક કોયડો આવીને ઊભો છે. મને શહેનશાહના સ્વાગત-સમારંભનું નિમંત્રણ મળ્યું છે. ભારતમાં બની રહેલી ઘટનાઓ અંગે મારા દિલમાં એવી બળતરા થાય છે કે એવા સમારંભોમાં હાજરી આપવાને મારું દિલ નથી કરતું. અને જો મારા પોતાના સ્વતંત્ર અધિકારથી અહીં આવ્યો હોત તો મને નિર્ણય કરતાં વાર ન લાગત. પણ મહેમાન છું એટલે નિર્ણય કરતાં ઢચુપચુ થાઉં છું. હું કોઈ કામ ઉતાવળે ન કરી શકું. મારે તો દરેક ક્ષણે વસ્તુનું કાયદેસરનું પાસું નહીં, પણ નૈતિક પાસું તપાસવું પડે છે.'૩૭

મહાદેવભાઈ કહે છે:

નૈતિક પાસાના વિચારે જ એમણે જવાનું નક્કી કર્યું. એમણે લૉર્ડ ચેમ્બરલિનને એક વિવેકભર્યો પત્ર લખીને નિમંત્રણ આપવા બદલ આભાર માન્યો અને જણાવ્યું કે તેઓ અને તેમના સાથી [મહાદેવભાઈ] જેને પણ નિમંત્રણ હતું, તેઓ બંને પોતાની સામાન્ય વેશભૂષામાં જશે. સામાન્ય રીતે ગાંધીજી સર્વ સામાજિક સમારંભોમાંથી માફી માગી લે છે. પણ બીજા કેટલાક પ્રસંગોની માફક અહીં પણ એમને અપવાદ કરવો પડ્યો. કારણ, અવિવેક દેખાય એવું કશું તેઓ કરવા માગતા નહોતા. 'એમની વિરુદ્ધ વાપરી શકાય એવું કાંઈ પણ કરવાથી તેઓ બચવા માગે છે.'૩૭

મહાદેવભાઈને તો આ મુલાકાત અંગે ગાંધીજીનું વલણ કેવું હતું એ દુનિયાને જણાવવામાં જ રસ હતો. પણ શ્રી ઘનશ્યામદાસ બિરલાએ પ્રત્યક્ષ મુલાકાતનું વિગતવાર વર્ણન આપ્યું છે, અને તેમની દૃષ્ટિએ એનું મહત્ત્વ સમજાવ્યું છે. તે આ સંદર્ભમાં જોઈ લેવા જેવું છે. છઠ્ઠી નવેમ્બર, ૧૯૩૧ની પોતાની ડાયરીમાં શ્રી બિરલા લખે છે, 'ગઈ કાલે ગાંધીજી અને અમે શહેનશાહના મહેમાન હતા. અમે બધા મળીને લગભગ ૪૦૦ હતા. કેટલાક તો દેશી પોશાકમાં હતા. હું તો દેશી પોશાક લાવ્યો જ નહોતો, એટલે 'ચિમની' હેટ પહેરીને જ ગયો હતો. મહેલમાં વીજળીનો ભપકો અને

કાળા પોશાકવાળાઓની વચ્ચે અડવાણે પગે અને ચાદર ઓઢેલા ગાંધીજી અમાસની રાત્રે ચંદ્ર જેવા લાગતા હતા. શહેનશાહ અને શહેનશાહબાનુ સિંહાસન ભવનમાં એક તરફ ઊભાં રહ્યાં અને અમે લોકો પ્રણામ કરતા તેમની સામેથી પસાર થયા! બધા પ્રણામ કરી રહ્યા, એટલે શહેનશાહ અને શહેનશાહબાનુએ અમુક નક્કી કરેલા લોકોને બોલાવીને વાતો કરવી શરૂ કરી. પહેલાં હૈદરાબાદના પ્રધાન, પછી મૈસુરના પ્રધાન, પછી વડોદરાના પ્રધાન, ત્યાર પછી ગાંધીજીને બોલાવવામાં આવ્યા. તેમની સાથે લગભગ સાત મિનિટ સુધી ઊભાં ઊભાં વાત થઈ.

'વાતચીતમાં મુખ્ય ભાગ સમ્રાટનો હતો. ગાંધીજી હસતા જતા હતા; બોલ્યા બહુ ઓછું. વાતચીતનો સાર આ પ્રમાણે સાંભળવામાં આવ્યો:

સમ્રાટે કહ્યું કે, 'હું આપને સારી રીતે ઓળખું છું. હું જ્યારે યુવરાજ તરીકે દક્ષિણ આફ્રિકા ગયો ત્યારે આપે હિંદી પ્રજા તરફથી મને માનપત્ર આપ્યું હતું. ઝૂલુયુદ્ધમાં પણ આપે મદદ કરી. ત્યાર પછી મહાયુદ્ધમાં પણ આપે અને આપનાં ધર્મપત્નીએ બહુ મદદ કરી. અફસોસની વાત એ છે કે, ત્યાર પછી આપનું વલણ બદલાઈ ગયું અને આપે સત્યાગ્રહ અખત્યાર કર્યો. આપ જાણો છો કે, પોતાની હકૂમત કાયમ રાખવી એ સરકારને માટે આવશ્યક છે — રાજ્ય તો આખરે ચલાવવું જ પડે છે.' ગાંધીજીએ કહ્યું, 'શ્રીમાનને એટલો સમય નથી અને હું પ્રત્યુત્તર આપવા ઇચ્છતો પણ નથી.' સમ્રાટે કહ્યું, 'ઠીક, પણ રાજ્ય તો કરવું જ પડે છે.' પછી તેમણે બંગાળની બૉમ્બબાજીનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, 'આ બહુ બૂરી વસ્તુ છે, એથી કાંઈ લાભ નથી.' ગાંધીજીએ કહ્યું કે, 'હું એ રોકવાનો ખૂબ પ્રયત્ન કરતો રહું છું.' પછી સમ્રાટે પૂછ્યું: મેં સાંભળ્યું છે કે આપ બાળકોને ખૂબ ચાહો છો, એ સાચું છે?' ગાંધીજીએ કહ્યું કે, 'હું બાળકો વચ્ચે જ રહું છું.'

ઘટના પર વિવેચન કરતાં શ્રી બિરલા લખે છે, 'ગાંધીજીનું સમ્રાટને મળવું એ રાષ્ટ્રીયતાનો વિજય છે. આ પહેલો પ્રસંગ છે જ્યારે એક અર્ધનગ્ન માણસ અને સાથે ગાંધીટોપી પહેરેલા મહાદેવભાઈ સમ્રાટને મળ્યા.'૩૮ પત્રકારો આગળ તો ગાંધીજીએ આ મુલાકાતને વિનોદમાં જ ફેરવી નાખી. કોઈક પત્રકારે એમને પૂછ્યું, 'તમે આટલાં ઓછાં વસ્ત્રોમાં શહેનશાહને મળવા કેમ ગયા?' ગાંધીજીએ કહ્યું, 'શહેનશાહની બેઅદબી માફ, પણ તેમણે એકલાએ જ બે જણને ચાલે એટલું પહેર્યું હતું તેથી!'

ગાંધીજી કહેતા કે જો મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મેં ક્યારનોયે આપઘાત કરી લીધો હોત તે વાતની પ્રતીતિ ઇંગ્લંડમાં અનેક વાર થતી.

ગાંધીજીને મળવા આવતા ભાતભાતના લોકો સાથે તેઓ ઘણી વાર મજાક કરી લેતા. એક સવારે મીરાંબહેન ફરીને પાછાં આવતાં હતાં ત્યારે એક જણે એમની પાસે આવીને કહ્યું, 'મેં નૌકાદળમાં એકવીસ વરસ ચાકરી કરી છે. તમારા બાપુજીના હાથ નીચે કામ કરતો. વળી મારા જમાઈ ગાંધી સારુ બકરીનું દૂધ પૂરું પાડે છે. ગાંધી મને હસ્તાક્ષર આપે ખરા કે નહીં? એમની વિનંતી ખાલી ન ગઈ. ગાંધીજીએ તેમને અંદર બોલાવ્યા. અંદર આવીને એમણે પોતાની આત્મકથા કહી. પણ આ વખતે આટલી વધારાની વાત કરી: 'તમને અને તમારા કાર્યને સારુ સફળતા ઇચ્છું છું જી. મેં તો જિંદગી પૂરતી જોઈ લીધી. યુદ્ધ દરમિયાન મેં સૈનિક તરીકે કામ કર્યું હતું; એકથી બીજી જગાએ મને ફેંકવામાં આવ્યો હતો — ઠરી જતા પગ સાથે અમને સલોનિકા અને ગલિપોલીમાંથી કૂચ કરાવી હતી. આવતી લડાઈમાં જોડાવાને બદલે તો હું જેલમાં જવાનું વધુ પસંદ કરું. એ તો જી એક ભયંકર ધંધો છે. હું તમારા કાર્ય સારુ લડવાનું પસંદ કરું ખરો. તમારા કામમાં સફળતા ઇચ્છું છું.' એમની પાસે દૂધ પૂરું પાડનાર દીકરી અને જમાઈના ફોટાઓ હતા.

એ જવાની તૈયારી કરતા હતા એટલામાં ગાંધીજીએ એમને પૂછ્યું, 'તમને કેટલાં બાળકો છે?' 'આઠ જી, ચાર છોકરાઓ અને ચાર છોકરીઓ જી.' 'મારે ચાર દીકરા છે,' ગાંધીજીએ કહ્યું, 'એટલે તમારી સાથે અડધે રસ્તે દોડી શકું એમ છું.' અને આખો ઓરડો ખડખડાટ હસી પડ્યો.૩૯

હવે આપણે ખૂબ સંક્ષેપમાં ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં ભજવેલા ભાગ પર દૃષ્ટિ કરીએ. અલબત્ત, મહાદેવભાઈએ આ પરિષદ અને એની વિવિધ ઉપ-સમિતિઓમાં ગાંધીજીએ આપેલાં એકાદ ડઝનેક જેટલાં ભાષણોની વિગતવાર નોંધ લીધી છે, તેથી જ આ ઐતિહાસિક તબક્કે ગાંધીજીએ ભજવેલા ભાગનો અહેવાલ આપણને મળે છે. આખા સામ્રાજ્ય અને એના મળતિયાઓની સામે આ સુકલકડી માણસ એકલે હાથે ઝઝૂમ્યો હતો. બ્રિટિશ સરકારે ઇચ્છ્યું હોત તો કદાચ ગાંધીજીનાં ભાષણોને એમના અધિકૃત અહેવાલમાં દાટી કે છુપાવી દીધાં હોત, પણ ગાંધીની સિંહગર્જનાને જીરવવા અને ઝીલવા મહાદેવની લેખિની સમર્થ હતી. તેથી એ ઇતિહાસ જળવાયો છે. અહીં પ્રત્યેક ભાષણની વિગતમાં જવું અશક્ય પણ છે અને

અપ્રસ્તુત પણ છે. અહીં તો આપણે માત્ર એટલી જ નોંધ કરીએ કે આ નોંધો દ્વારા મહાદેવભાઈએ બમણી વફાદારીનું કામ બજાવ્યું. પહેલી વફાદારી ગાંધીજી પ્રત્યે કે જેને લીધે એમના શબ્દોનો મર્મ સમજીને એ શબ્દોને ઝીલ્યા. બીજી વફાદારી દેશ પ્રત્યે જેના લોકોને ગાંધીજીના દરેકેદરેક ભાષણથી મહાદેવભાઈએ વાકેફ રાખ્યા.

ગોળમેજી પરિષદની ફેડરલ સ્ટ્રક્ચર કમિટી સામેના પ્રથમ ભાષણમાં ગાંધીજીએ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની ભૂમિકા સમજાવીને રાષ્ટ્રીય ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં દેશની માગ શી છે એની સ્પષ્ટ સમજ આપી. એમણે કહ્યું કે અમારે માત્ર રાજનૈતિક બંધારણીય ફેરફારો નથી જોઈતા. અમારે ઇંગ્લંડ જોડે સંબંધો કાપી નથી નાખવા, માત્ર અમારે એની જોડે સરખેસરખી ભાગીદારી જોઈએ છે. ઇંગ્લંડ જેટલી જ સંપૂર્ણ આઝાદી મેળવ્યા વિના એ શક્ય નથી.

સરકારે જાણીજોઈને ગાંધીજીને પજવવાના ખ્યાલથી જ જાણે ન હોય, તેમ તેમને ગોળમેજી પરિષદની લઘુમતી સમિતિના અધ્યક્ષ નીમ્યા હતા. એની જાહેર બેઠકની શરૂઆતમાં જ ગાંધીજીએ એક અઠવાડિયા સુધી ખાનગી વાટાઘાટો દ્વારા એકમતી સાધવામાં સાંપડેલી નિષ્ફળતાના એકરારથી કરી. એમણે એ પણ સ્પષ્ટતા કરી કે કમિટી બનાવવામાં જ એવી રીતે આવી હતી કે તેમાં નિષ્ફળતાનાં કારણો સમાયેલાં હતાં. વળી જ્યાં સુધી સરકાર શું આપવાની છે એની જાણ ન થાય ત્યાં સુધી આસપાસના કજિયાથી આપણે શું ખોવાના છીએ એનું ભાન શી રીતે થાય? એટલે એની કશી જાહેરાત કર્યા વિના લઘુમતી સમિતિને બોલાવવી એક વખતનો નિર્ણય હતો. ગાંધીજીએ લઘુમતી સમિતિને અનિશ્ચિત કાળ સુધી મુલતવી રાખવાની સલાહ પણ આપી.

ગાંધીજીના પ્રમુખપણા હેઠળ લઘુમતી સમિતિમાં કોઈ સર્વસંમત નિર્ણય ન થઈ શક્યો એટલે કેટલીક લઘુમતીના પ્રતિનિધિઓએ મળીને પોતાનું એક સર્વસંમત નિવેદન ઘડ્યું, સર હ્યુબર્ટ કારે કટાક્ષમાં ગાંધીજીનો આભાર માનીને કહ્યું કે, ‘આપ નિષ્ફળ ગયા એટલે જ બીજી લઘુમતીઓ સર્વસંમત થઈ શકી.’ ગાંધીજીએ એનો વળતો જવાબ આપતાં કહ્યું કે, ‘સરકારને આત્મસંતોષ લેવાથી હું વંચિત નહીં કરું, પણ એમણે જે કર્યું છે તે માત્ર મડદું ચીરવાનું કામ કર્યું છે. કારણ, એમની યોજના જવાબદાર રાજ્યતંત્ર મેળવવાની નહીં, પણ નોકરશાહીમાં ભાગ પડાવવા માટેની જ છે.’[૪૦]

લઘુમતીઓની યોજનાઓ તરફ આંગળી ચીંધીને વડા પ્રધાને તો એટલે સુધી કહી દીધું હતું કે આ બધી લઘુમતીની જનસંખ્યા ગણીએ તો તે દેશના ૪૬% થાય. એટલે વડા પ્રધાને ગણતરી કરી બતાવી કે આ યોજનાને સાડા અગિયાર કરોડ લોકોનો ટેકો છે. ગાંધીજીએ કહ્યું કે:

આમ તે કાંઈ આંકડા ગણાતા હશે? તમે જ જે આંકડા ગણાવ્યા તેમાં ખાટલે મોટી ખોડ છે. જેમણે આ યોજના પર સહીઓ કરી તે સૌને પોતપોતાની કોમના પ્રતિનિધિ ગણી લીધા. તો અહીં હાજર રહેલી એક મહિલા-પ્રતિનિધિએ આમાં સહી નથી કરી. અને મહિલાઓની સંખ્યા તો દરેક કોમમાં અડધોઅડધ છે. એ ગણીએ તો વડા પ્રધાનના ૪૬%, ૪૬ મટીને ૨૩ % થઈ જાય.' ગાંધીજીએ ફરીથી ભારપૂર્વક કહ્યું કે, 'સેવાના અધિકાર વડે કૉંગ્રેસ દેશના ૮૫%થી ૯૫ ટકા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. દેશની ખેતી કરનારી જનતાની સેવા અહીં આવેલા સૌમાં ફક્ત કૉંગ્રેસે જ કરી છે. સરકાર જો આ પડકારને ઝીલવા તૈયાર હોય તો લોકમત લઈ જુઓ અને પછી જુઓ કોણ કેટલા ટકાનું પ્રતિનિધિત્વ કરે છે તે. એનાથી આગળ ચાલીને હું તો એટલે સુધી કહું કે તમારી જેલોના ચોપડા તપાસો અને જુઓ કે એ ચોપડામાં સત્યાગ્રહી મુસલમાનો કેટલા ભારે પ્રમાણમાં નીકળે છે.' આ જ ભાષણમાં ગાંધીજીએ અસ્પૃશ્યોને અલગ પાડવાનો વિરોધ કર્યો, અને છેવટે એટલે સુધી કહ્યું કે, 'મારામાં જેટલી શક્તિ છે તેટલી બધી વાપરીને એ કહેવા માગું છું કે આ યોજનાનો વિરોધ કરનાર હું એકલો જ હોઈશ તો હું પ્રાણપણે એનો વિરોધ કરીશ.'

ફેડરલ સ્ટ્રક્ચર કમિટીની એક બીજી મિટિંગમાં સંરક્ષણના વિષય પર ચર્ચા કરતાં તેમણે કહ્યું કે:

જે દેશના હાથમાં એના સંરક્ષણ અને વિદેશનીતિની જવાબદારી ન હોય તેને જવાબદારીભર્યું તંત્ર મળ્યું જ ન કહેવાય... અત્યારે તો અમારા દેશમાં જે સેના છે તે તો કબજે કરી બેઠેલી ફોજ છે. પછી ભલે એમાં શીખ, ગુરખા, પઠાણ, મદ્રાસ કે રાજસ્થાનના લોકો કામ કરતા હોય — છે તો એ વિદેશી સરકારના અંકુશ હેઠળની ફોજ. હું તો એમ જ કહું છું કે જો સેનાનો કબજો અમારા હાથમાં ન આવતો હોય તો એનું અત્યારે ને અત્યારે વિઘટન થવું જોઈએ. તમે બ્રિટિશ મિનિસ્ટરો અને પ્રજા જો ખરેખર ભારતનું કલ્યાણ ઇચ્છતાં હો, ને અત્યારે ને અત્યારે અમને સત્તા હવાલે

કરવા માગતાં હો તો સેનાનો કબજો અમારા હાથમાં હોવો જોઈએ એ એની અનિવાર્ય શરત છે.'૪૨

આવા ધારદાર શબ્દો મોટા ભાગના સભાસદો જ્યાં ચૂંચાં કરવાની પણ હિંમત ન દેખાડતા હોય ત્યાં, દુનિયાના સૌથી મોટા સામ્રાજ્યની રાજધાનીમાં એના તમામ રાજકર્તાઓની ઉપસ્થિતિમાં અને એની આખી પ્રજાને ઉદ્દેશીને છાતી કાઢીને માત્ર ગાંધીજી જ બોલી શકે. અને એમની પાછળ મૂંગે મોઢે બેસી રહીને, હાથમાં એકાદ પાટિયું અને એકાદ જાડી નોટબુક રાખીને, ગાંધીજી બોલતા હોય એટલી જ ઝડપથી એમના શબ્દો ઝીલી લઈને મહાદેવભાઈની કલમ જ ઉતારી શકે. મહાદેવભાઈનું હૃદય એક ખરલ સમું હતું. એમાં ગાંધીવાણી મહાદેવની ભક્તિ સાથે મળી, મહાદેવના નાનામોટા દરેકેદરેક તપઃપૂત કર્મ સાથે ઘૂંટાઈ ઘૂંટાઈને એક અદ્‌ભુત રસાયણ તૈયાર કરતી. આ રસાયણ મૂળ ગાંધીવાણીના પદાર્થને વધુ પુષ્ટિકર અને સ્વાસ્થ્યકર બનાવતું. મહાદેવની લેખિની વડે તે એટલું સુપાચ્ય બનતું કે સહજે સર્વજનસુલભ બની જતું.

ગોળમેજી પરિષદમાં ગાંધીજીનું છેલ્લું ભાષણ અપ્રતિમ હતું. એ આખા ભાષણને અહીં લઈ જ ન શકાય. પણ તેમાંથી એક ફકરો — જે મોહન-મહાદેવની જુગલબંધીને લીધે આપણી આગળ આજે પણ શબ્દબદ્ધ મોજૂદ છે અને જે વિચારની સમૃદ્ધતાને લીધે આજે પણ એટલો પ્રસ્તુત છે તે ઉતારવાનો લોભ ખાળી શકાતો નથી:

તમારા એક મુત્સદ્દી મારી જોડે ચર્ચા કરતા હતા. એમણે કહ્યું, 'ખરેખર તમે સંપૂર્ણ સ્વતંત્રતાનો આવો અર્થ કરતા હશો એ હું સમજતો નહોતો.' એમણે જાણવું જોઈતું હતું, પણ એ જાણતા નહોતા. એ શું જાણતા નહોતા તે હું તમને કહું. મેં જ્યારે એમને કહ્યું, 'હું સામ્રાજ્યનો ભાગીદાર ન થઈ શકું,' ત્યારે એમણે કહ્યું, 'અલબત્ત, એ તર્કસંગત વાત છે.' મેં જવાબ આપ્યો, 'પણ મારે તે બનવું છે. મને કોઈ બળજબરીથી બનાવે તેમ નહીં, પણ મારી ઇચ્છા ગ્રેટ બ્રિટનના ભાગીદાર બનવાની છે. મારે અંગ્રેજ પ્રજા જોડે ભાગીદાર બનવું છે, પણ તમારા લોકો જે ભોગવે છે તે જ સ્વતંત્રતા મારે ભોગવવી છે, અને મારે આ ભાગીદારી માત્ર ભારતના લાભ ખાતર નથી જોઈતી કે નથી જોઈતી પરસ્પરના લાભ ખાતર. મારે

તો એ ભાગીદારી એટલા સારુ જોઈએ છે કે આજે જે ભાર આખી દુનિયાને દળીને ચૂરેચૂરા કરી રહ્યો છે તે એમના ખભા પરથી હટી જાય.'

ગાંધીજીએ ગોળમેજી પરિષદની છેલ્લી બેઠકમાં પોતે ખાલી હાથે જતા હતા છતાં ઉત્સાહપૂર્વક કહ્યું, 'મને શહેનશાહ અને શહેનશાહબાનુથી માંડીને લંડનના ઈસ્ટ એન્ડમાં જ્યાં મેં નિવાસ કર્યો છે ત્યાં વસતા ગરીબમાં ગરીબ માણસનો આભાર માનવાનું સુખદ કાર્ય કરવા દો.

એ મહોલ્લો જે લંડનના ઈસ્ટ એન્ડના ગરીબ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે ત્યાં હું એમના માંહ્યલો જ બની ગયો છું. એ લોકોએ મને પોતાના પરિવારના એક સભ્ય, એક કૃપાપાત્ર સભ્ય તરીને સ્વીકાર્યો છે. મારી સાથે ગાંઠે બાંધી જઈશ તેવું એ મોંઘામાં મોંઘું ધન હશે. અહીં પણ જેમના જેમના સંપર્કમાં આવ્યો છું તેમના તરફથી મને આદરવિવેક સિવાય બીજું કશું મળ્યું નથી. હું આટલા બધા અંગ્રેજોના સંપર્કમાં આવ્યો છું. મારે સારુ એ અમૂલ્ય લહાવો હતો. એમણે ઘણી વાર એમને સારુ જે અપ્રિય હશે એવા સત્યને સાંભળ્યું છે. મારે એવી વાતો એમને કહેવી પડી છે, પણ એમણે કદીયે જરાકેય અધીરાઈ કે ચીડ નથી દેખાડી. આ બધી વાતો ભૂલવી મારે સારુ અસંભવ છે. મારું ગમે તે થાઓ, આ ગોળમેજી પરિષદમાંથી ગમે તે નીપજે, પણ એક વાત તો હું જરૂર મારી સાથે લેતો જઈશ, કે ઉપરથી માંડીને નીચે સુધી મને તો વધુમાં વધુ વિનય અને સ્નેહ સિવાય કશું સાંપડ્યું નથી. મને લાગે છે કે આ માનવીય સ્નેહ મેળવવા ખાતર પણ મારું ઇંગ્લંડ આવવાનું સાર્થક થયું છે.

જોકે અંગ્રેજ સ્ત્રીપુરુષોને જૂઠાણાં પર પોષવામાં આવ્યાં છે, જેને તમારાં છાપાંઓને ઘણી વાર કદરૂપા કરતાં હું જાઉ છું, ને લૅંકેશાયરમાં ત્યાંના લોકોને મારા પ્રત્યે ચિડાવાને કદાચ કાંઈક કારણ પણ હશે, પણ ત્યાંય મેં કશી ચીડ કે ગુસ્સો ન ભાળ્યો. ત્યાંનાં કારખાનામાં કામ કરતા કારીગરોમાંયે નહીં. તેથી માનવસ્વભાવ વિશેની મારી શ્રદ્ધા વધુ ઊંડી ગઈ છે અને વધુ અદમ્ય બની છે.

મારી જોડે હું હજાર હજાર અંગ્રેજોની ભાઈબંધી લેતો જાઉં છું. હું એ લોકોને ઓળખતો નથી, પણ વહેલી સવારે જ્યારે હું સડક પર ફરવા નીકળું છું ત્યારે હું તેને તેમની આંખોમાં નિહાળું છું. મારા અભાગિયા દેશનું ગમે તે થાય તોયે આ સર્વ આતિથ્ય, આ સર્વ કૃપા, મારા સ્મરણમાંથી કદી ભૂંસાશે નહીં, તમારી સહિષ્ણુતા બદલ હું આભારી છું.૪૩

મહાદેવભાઈ ઇંગ્લંડ છોડતાં પહેલાં બાબલાને યાદ કરીને એને સારુ કાંઈક વસ્તુ ખરીદવા એગથા હેરિસન સાથે બજારમાં ગયા. તેઓ તેમને રમકડાંની એક પ્રસિદ્ધ દુકાન હરોડ્ઝ સ્ટોર્સમાં લઈ ગયા. પણ ત્યાંનો આડંબર જોઈને મહાદેવભાઈ કહે, 'બીજાં બાળકોને પૂરતું ખાવાનું નથી મળતું ત્યાં હું બાબલાને માટે આવાં રમકડાં કેમ ખરીદી શકું?' છેવટે તેમણે એક સસ્તી દુકાનમાંથી છ પેનીની રંગની પેટી અને ચિત્રો દોરવા માટે એક ચોપડી ખરીદી.

નોંધ:

૧. गाधीजीनो अक्षरदेह – ૪૭ : પૃ. ૪૩૩.

૨. સંપાદકો: સી. રાજગોપાલાચારી, જે. સી. કુમારપ્પા, ધ નૅશન્સ વૉઈસ: પૃ. ૯૬.

૩. એજન, પૃ. ૧૦૧.

૪. એજન, પૃ. ૧૧૧.

૫. એજન, પૃ. ૧૧૫.

૬. એજન, પૃ. ૧૧૬.

૭. ઘનશ્યામદાસ બિરલા: गाधीजी साथे गोळमेजीमा : પૃ. ૧૮.

૮. એજન, પૃ. ૨૮, ૨૯.

૯. મ્યૂરિયોલ લેસ્ટર: गाधीजीनी युरोपयात्रा : પૃ. ૨૬થી ૨૯માંથી સારવીને, અને गाधीजीनो अक्षरदेह – ૪૮ : પૃ. ૮.

૧૦. સંપાદકો: સી, રાજગોપાલાચારી, જે. સી. કુમારપ્પા:ध नॅशन्स वॉइस : પૃ. ૧૨૦.

૧૧. એજન, પૃ. ૧૨૧.

૧૨. ઘનશ્યામદાસ બિરલા: गाधीजीनो साथे गोळमेजीमा: પૃ. ૧૨-૧૩માંથી સારવીને.

૧૩. એજન, પૃ. ૧૩.

૧૪. એજન, પૃ. ૨૮.

૧૫. સંપાદકો: સી. રાજગોપાલાચારી અને કુમારપ્પા: ध नॅशन्स वॉइस : પૃ. ૧૩૨.

૧૬. ઘનશ્યામદાસ બિરલા: गांधीजीनो साथे गोळमेजीमां : પૃ. ૩૯-૪૦માંથી સારવીને.

૧૭. એજન, પૃ. ૫૧.

૧૮. એજન, પૃ. ૫૩.

૧૯. એજન, પૃ. ૫૫.

૨૦. એજન, પૃ. ૫૬.

૨૧. એજન, પૃ. ૨૮.

૨૨. સંપાદકો: સી. રાજગોપાલાચારી અને જે. સી. કુમારપ્પા: ध नॅशन्स वॉइस : પૃ. ૨૨૮.

૨૩. સંપાદકો: સી. રાજગોપાલાચારી અને કુમારપ્પા: ध नॅशन्स वॉइस : પૃ. ૨૦૮થી ૨૧૨માંથી સારવીને.

૨૪. એજન, પૃ. ૨૧૩.

૨૫. એજન, પૃ. ૧૨૨.

૨૬. એજન, પૃ. ૧૪૧.

૨૬અ. એજન, પૃ. ૧૯૧-૧૯૨.

૨૭. એજન, પૃ. ૧૪૭.

૨૮. નેહરુ મ્યુઝિયમ અને પુસ્તકાલય, નવી દિલ્હીના પત્રસંગ્રહમાંથી.

૨૯. ઘનશ્યામદાસ બિરલા: गांधीजी साथे गोळमेजीमां: પૃ. ૨૫.

૩૦. સંપાદકો: સી. રાજગોપાલાચારી અને કુમારપ્પા: ध नॅशन्स वॉइस : પૃ. ૧૨૮-૧૨૯માંથી સારવીને.

૩૧. એજન, પૃ. ૧૫૮.

૩૨. એજન, પૃ. ૨૧૪.

૩૩. એજન, પૃ. ૨૧૪-૨૧૮ માંથી સારવીને.

૩૪. એજન, પૃ. ૧૮૧-૧૮૩ માંથી સારવીને.

૩૫. એજન, પૃ. ૧૮૭-૧૮૮.

૩૬. એજન, પૃ. ૧૮૮-૧૮૯માંથી સારવીને.

૩૭. એજન, પૃ. ૧૫૮-૧૫૯.

૩૮. ઘનશ્યામદાસ બિરલા: गांधीजी साथे गोळमेजीमा: પૃ. ૬૮-૬૯.

૩૯. સંપાદકો : સી. રાજગોપાલાચારી અને કુમારપ્પા : धी नॅशन्स वॉइस : પૃ. ૧૨૮.

૪૦. એજન, પૃ. ૩૮.

૪૧. <u>गांधीजीनो अक्षरदेह</u> – ૪૮ : લેખસંખ્યા ૨૦૪, છેલ્લો ફકરો.

૪૨. એજન, લેખસંખ્યા ૨૧૦.

૪૩. એજન, લેખસંખ્યા ૨૩૬, છેલ્લો ફકરો.

# બત્રીસ – પૂર્વ-પશ્ચિમ બંધુ-સંગમ

‘ગમે તે નિમિત્તે હું યુરોપ તરફ જાઉં ને રોમાં રોલાંને ન મળું એ તો ન બનવાજોગ વાત હતી.’૧ ગાંધીજીએ યુરોપ-યાત્રા પૂરી કરીને મુંબઈ બંદરે પહોંચવાને બે દિવસની વાર હતી ત્યારે ‘યુરોપથી શું લાવ્યો?’ નામના લેખમાં ઉપરનું વાક્ય લખ્યું હતું. રોમાં રોલાંને તે કાળના લોકો, સાહિત્યકાર, સંગીતશાસ્ત્રી, તત્ત્વચિંતક તરીકે ઓળખતા હતા. પણ ઉપરોક્ત લેખમાં ગાંધીજીએ તેમને સારુ ‘સંત’ શબ્દ વાપર્યો છે. પૂર્વ અને પશ્ચિમના આ બે સંતબંધુઓનો સમાગમ મહાદેવભાઈની દૃષ્ટિએ જીવનનો એક લહાવો બની રહ્યો. ભારતની રોજેરોજ કથળતી પરિસ્થિતિને જોઈ, સરદાર વલ્લભભાઈએ તો કેબલ કરીને વિલાયતનું કામ પતે કે તરત પાછા વળવા વિનંતી કરી હતી, તોયે ગાંધીજીએ એક સ્ટીમર મોડા પહોંચીને સ્વિટ્ઝર્લૅન્ડ ને રસ્તે જવાનો નિર્ણય કર્યો હતો. અલબત્ત, એને લીધે ટ્રેનો, સ્ટીમરો વગેરેનાં ટાઇમટેબલો જોઈ, ટિકિટો ખરીદી, ઠેકઠેકાણે સંભાવિત યજમાનોની સાથે પત્રવ્યવહાર કરી ગોઠવણ કરવી, અથવા યજમાન બનવા અનેક જણ પડાપડી કરતા હોય ત્યાં પસંદગી કરવી વગેરે પ્રવૃત્તિઓ વધી ગઈ હતી. અને ગાંધીજીના અંતેવાસીઓમાં આવી બાબતોમાં સૌથી વધુ વ્યવહારકુશળ માણસ તરીકે મહાદેવભાઈનું જ નામ બોલાતું હતું! મીરાંબહેન, અલબત્ત, રોમાં રોલાંને સૌ કરતાં વધુ જાણતાં હતાં. પણ આ યાત્રા સંબંધે મહાદેવભાઈનો ઉત્સાહ મીરાંબહેનથી જરાય ઊતરે એવો નહોતો. મહાદેવભાઈ રોમાં રોલાંને પહેલી જ વાર મળવાના હતા. અને એમ તો ગાંધીજી પણ પહેલી જ વાર મળવાના હતા; પણ આ ત્રણેની વચ્ચે આંતરિક સંબંધ જૂનો હતો.

ઠેઠ ૧૯૨૦માં રોમાં રોલાંની ડાયરીમાં ગાંધીજીનો સર્વપ્રથમ ઉલ્લેખ આવે છે. ૨૩મી

ઑગસ્ટે તેમણે નોંધ કરી છે: ‘એક તરુણ બંગાળી હિંદુ, ડૉ. કે. રૉયર મને મળવા આવે છે... એ અમને ગાંધીની વાત કરે છે, જેમનો હિંદુઓ પર અસાધારણ પ્રભાવ છે. એ મદ્રાસ (ભૂલ જાણીજોઈને રહેવા દીધી છે)ના વકીલ છે. એણે સાત-આઠ વર્ષ પર પોતાના લોકોની મુક્તિના કામ સારુ સમર્પિત થવા માટે પોતાની બધી સંપત્તિનો ત્યાગ કર્યો છે. એ લોકોની ઉપર એની ચુંબક જેવી અસર છે. એ તેમને શાંત (પૅસિવ) પ્રતિકારનો બોધ આપે છે અને હિંસાથી તેમને પરાવૃત્ત કરે છે. ગયા વર્ષનો મહાન વિદ્રોહ બ્રિટિશ સરકારે એને ગિરફ્તાર કર્યા ત્યાર પછી ફાટી નીકળ્યો હતો. અત્યારે એ દિલ્હીમાં છે. ટૉલ્સ્ટૉયના વિચારોની એની ઉપર અસર જણાય છે.’૩

૧૯૨૧માં કવિવર રવીન્દ્રનાથ ઠાકુર રોલાંને મળે છે ત્યારે તેઓ એમને કહે છે કે હજારો વર્ષથી ચાલી આવેલી અમારા દેશની અનાક્રમણની પરંપરાને ગાંધીએ સભાન સક્રિય કાર્યવાહીના સિદ્ધાંતનું સ્વરૂપ આપ્યું છે. પછી મદ્રાસના પ્રકાશક ગણેશન રોલાંને ગાંધીનાં પોતે પ્રકાશિત કરવા ધારેલાં લખાણોના સંગ્રહનાં પ્રૂફ મોકલી આપે છે. ગણેશન તેમની પાસે એ પુસ્તકની પ્રસ્તાવના માગે છે. પણ રોલાં પુસ્તકને આદ્યંત વાંચ્યા વિના પ્રસ્તાવના આપવાનો અસ્વીકાર કરે છે અને એમ પણ જણાવે છે કે, ‘આ મહાન પુરુષમાં એમને આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ કરતાં શુદ્ધતમ અને ઉચ્ચતમ પ્રકારના આધ્યાત્મિક રંગે રંગાયેલા રાષ્ટ્રવાદી વધુ દેખાય છે. એવો રાષ્ટ્રવાદ કદાચ આજકાલના યુરોપના ઘમંડી અને ભૌતિકવાદી રાષ્ટ્રવાદીઓ સારુ એક ઉત્તમ આદર્શ તરીકે રજૂ કરી શકાય. રોલાં જેવા કોઈક દિવસ એમને વિશે યુરોપના કોઈ સામયિકમાં એકાદ લેખરૂપે રજૂ કરી શકે, ગ્રંથની પ્રસ્તાવના તરીકે નહીં. આવા ગ્રંથનું ગંભીર અધ્યયન કર્યા વિના એને વિશે ઉતાવળે અભિપ્રાય આપવો એ પણ તેમના સ્વભાવની વિરુદ્ધ હતું. ૧૯૨૨માં રોલાં પોતાની ભગિની સાથે ગાંધીનાં લખાણોનાં સાતસો-આઠસો પૃષ્ઠોના સાહિત્યનો અભ્યાસ કરે છે અને એમના મિત્ર કાલિદાસ નાગને કહે છે કે એ લખાણનો કેટલોક ભાગ અમર રહે તેવો છે, જ્યારે બીજો કેટલોક એવો ક્ષણભંગુર છે કે આખી વિચારધારાને હાનિ પહોંચાડી શકે. ગાંધીના ‘વિજ્ઞાન વિશેના મધ્યકાલીન અવિશ્વાસ’ વિશે તેમને તેવું લાગે છે. શ્રી નાગ રોલાંને રવીન્દ્રનાથ ઠાકુર દ્વારા લખાયેલા પત્રની નકલ મોકલે છે, જેમાં વ્યક્ત થયેલા વિચારો રોલાંના વિચારો જોડે ઘણા મળતા આવે છે.

૧૯૨૩માં રોલાં શ્રી નાગને લખે છે કે ગાંધીનાં લખાણોનું ભાષાંતર છપાશે તેની પ્રસ્તાવના તરીકે પોતે બે લેખો લખશે. પાછળથી ‘વીર પુરુષોનાં જીવન’ નામે તેમણે

જે ગ્રંથાવલિ બહાર પાડવા માંડી હતી તેમાં ગાંધીનો પણ ઉમેરો કરવાની તેમની ઇચ્છા હતી. કારણ, 'એનાથી બીજો કોઈ વીરપુરુષ વધુ પવિત્ર, વધુ સીધો ને વધુ સાચૂકલો જોવા નહીં જડે — યુરોપમાં તો કોઈ એની પાસે પણ પહોંચી શકે એમ નથી.'

માર્ચ ૧૯૨૩માં રોલાં એક પત્રમાં ગાંધી અને રવીન્દ્રનાથની તુલના સેંટ પૉલ અને પ્લેટો જોડે કરે છે.

એ જ વર્ષમાં સી. એફ. ઍન્ડ્રૂઝ રોલાંને મળે છે અને એમની આગળ આ બંને વિભૂતિઓ અંગે ઊંડાણથી વાત કરે છે.

એ જ વર્ષમાં રોલાંનો गाधी ગ્રંથ તૈયાર થાય છે, ૧૯૨૪માં એ પ્રસિદ્ધ થાય છે. ગાંધીજીની બીમારી અંગે ગણેશન મારફત રોલાં ગાંધીજીને સહાનુભૂતિનો સંદેશો મોકલે છે.

૧૭મી ફેબ્રુઆરી, ૧૯૨૪ને દિન રોમાં રોલાં અને પૉલ રિશાર સંયુક્ત સહીથી ગાંધીજીને લખે છે:

અમે સાથે મળીને તમને અમારાં પ્રેમ અને પ્રશંસા પાઠવીએ છીએ. હવે તમે ફરી પાછા મુક્ત છો, જેલની દિવ્ય છાયામાંથી યુદ્ધક્ષેત્રના સૂર્યપ્રકાશમાં પ્રવેશ્યા છો. ભારત આ ફેરે તૈયાર હો. અને યુરોપ પણ પોતાના અરણ્યમાં તમારો શબ્દ સાંભળો. ભારતના પ્રેમ અને માનવતાની સેવામાં.

તમારા પૉલ રિશાર અને રોમાં રોલાં.૪

પેલી બાજુ ગાંધીજી ઑપરેશન પછી યરવડા જેલમાંથી સાસૂન હૉસ્પિટલમાં આવે છે ત્યારે એક દિવસ મહાદેવભાઈ તેમને ક્લેરેન્સ માર્શ કેસના પુસ્તક 'नॉनवायलटं कोअर्शन' વિશે પૂછે છે. જવાબમાં ગાંધીજી કહે છે:

હા, એમાંનાં પાછલાં બે પ્રકરણ વાંચ્યાં. છેલ્લું નહીં. એ માણસે ખૂબ વાંચીને ભેગું કર્યું છે. પણ રોમાં રોલાં જેવું નહીં. કાંઈક સ્ક્રેપી (અસંબદ્ધ અને તૂટક) પણ કહેવાય. ટિળકની સાથેની તુલનામાં રોલાંની ખરી આર્ષદષ્ટિ છે. કવિ ત્યાં દ્રષ્ટા દેખાય છે. કેવળ કવિત્વ નથી પણ સાચું દર્શન છે.૫

૧૯૨૪ના નવેમ્બરમાં રોલાંનો સંદેશો લઈને દા. કાલિદાસ નાગ ગાંધીજીને મળવા આવે છે. તેઓ માહિતી આપે છે કે રોલાંના ગાંધીજી ઉપરના પુસ્તકનો બધી યુરોપિયન ભાષામાં તરજુમો થઈ ગયો છે. રશિયનમાં મૅક્સિમ ગોર્કી જેવા અગ્રગણ્ય સાક્ષરે તેનું

ભાષાંતર કર્યું છે. મહાદેવભાઈ લખે છે કે, 'પણ આજે ફ્રાન્સ દેશને રોમાં રોલાં સરખા મહાપુરુષની કિંમત નથી, તેમનો અહિંસા અને શાંતિનો ઉપદેશ ઝીલવાને ત્યાં આજે કોઈ તૈયાર નથી, આજે તેઓ પરિવ્રાજક છે.'૧ રોલાંને ભારત આવવાની તીવ્ર ઇચ્છા છે. નાદુરસ્ત તબિયત અને આર્થિક મુશ્કેલી વેઠીને પણ એ આવવા તૈયાર હતા. પણ ૮૮ વર્ષના વૃદ્ધ પિતાથી અવાય એમ નહોતું અને એમને મૂકીને રોલાંથી નીકળાય એમ નહોતું. ગાંધીજીને ૧૯૨૬માં અને ૧૯૨૮માં યુરોપ જવાનાં નિમંત્રણો મળ્યાં હતાં. બંને વાર એમ તો જવાનું ખાસ મન નહોતું છતાં રોમાં રોલાંને મળાશે એવી આશાએ તેમનું મન એ નિમંત્રણ સ્વીકારવા તૈયાર થઈ ગયું હતું. અન્ય કારણોથી તેઓ જઈ નહોતા શક્યા. પણ બંને વખતે તેમણે પોતાની સાથે મહાદેવ તો હશે જ એમ ગોઠવ્યું હતું. પહેલી વાર તો મહાદેવે કપડાં વગેરેની ચિંતા ન કરવી, તેઓ જ એની ગોઠવણ કરી લેશે એમ પણ જણાવેલું.

આ વખતે ગોળમેજી પરિષદ માટે આવવા નીકળ્યા ત્યારે યુરોપમાં સર્વપ્રથમ માર્સેલ્સ બંદરે પગ મૂક્યો તે વખતે નાજુક તબિયતને કારણે પોતે સ્વાગત કરવા ન આવી શક્યા તેનો રોમાં રોલાંને ભારે વસવસો હતો. પણ તેમણે પોતાની બહેન દ્વારા ખૂબ ઉમળકાભર્યો સંદેશો પાઠવ્યો હતો. ઇંગ્લંડમાં ચિસેસ્ટરના બિશપને જ્યારે મહાદેવભાઈએ પૂછ્યું કે આજના મુખ્ય શાંતિવાદીઓ કોણ ત્યારે તેમણે નિઃસંકોચ રીતે આલ્બેર સ્વાઈત્ઝર અને રોમાં રોલાંનાં નામ આપ્યાં હતાં. અને ગાંધીજી ખુદ તો રોલાંના નામનો જપ ઇંગ્લંડમાં એકથી વધુ વાર કરી ચૂક્યા હતા.

૬–૧૨–'૩૧ને રોજ સ્વિટ્ઝર્લૅન્ડમાં વિલેનવ નામના નાનકડા ગામમાં જ્યારે ગાંધીજી અને મહાદેવભાઈ પહોંચ્યા ત્યારે રોમાં રોલાં સાથેની મુલાકાતનું વર્ણન આપતાં પહેલાં જ મહાદેવભાઈ એની લાંબી પ્રસ્તાવના કરે છે:

જ્યારથી મીરાંબહેન આશ્રમમાં આવ્યાં ત્યારથી રોમાં રોલાંનો સંબંધ ગાંધીજી સાથે વધ્યો. જોકે ગાંધીજી વિશે પુસ્તક તો એમણે એ અગાઉ બે-ત્રણ વર્ષ ઉપર લખ્યું હતું. જર્મનીના ક્રાંતકવિ અને સંગીતકાર બીથોવનના ભક્ત અને ચરિત્રકાર, રોમાં રોલાં તરફ [એ] આકર્ષાયા. અને ત્યાર પછી રોમાં રોલાંના ગાંધીજી વિશેના પુસ્તકથી ગાંધીજી તરફ આકર્ષાયાં. પણ (આમ?) રોમાં રોલાં અને ગાંધીજી વચ્ચે ચિરંતન સંબંધ બાંધનાર મીરાંબહેન થઈ પડ્યાં.

ગાંધીજીની મુલાકાત રોમાં રોલાં તીવ્રપણે ઇચ્છતા હતા. બે વખત યુરોપની

મુસાફરીની યોજના ઘડાઈ હતી અને રદ કરવામાં આવી હતી,૬ અને એથી, ગાંધીજી અને રોમાં રોલાં બંનેને દુ:ખ થયું હતું, પણ બંનેએ ધીરજપૂર્વક રાહ જોઈ; અને દરમિયાન, રોમાં રોલાં, યુરોપની સાચી સ્થિતિથી ગાંધીજીને વાકેફ રાખતા ગયા અને પોતાની સાથે ગુફ્તેગો કરવા માટે ગાંધીજીની ભૂખને ઉત્તેજિત કરતા ગયા. વધુમાં, છેલ્લાં બે વર્ષથી એમની તબિયત પણ ડામાડોળ રહેતી હતી, અને આ વખતે જો એમને મળ્યા વિના પાછા જવું પડે તો ગાંધીજી પોતાની જાતને કદી માફ ન કરે. આમ આ યાત્રા કેટલાય વખતથી પાકી થઈ ગઈ હતી.

એમના હૃદયે જ્વાળામુખી સળગી રહેલો હતો, અને એને ઠારવા માટે જાણે એઓ ગાંધીજીની શીતળ ગોષ્ઠિની આશા રાખતા બેઠા હતા.૭

આત્માના સગપણથી જોડાયેલા આ બન્ને બંધુઓની મુલાકાતના વર્ણનથી મહાદેવભાઈની ડાયરીનાં પાનાંનાં પાનાં ભરાય તેમાં નવાઈ નથી, કારણ, મહાદેવભાઈને આમાં માત્ર શાંતિવાદી દૃષ્ટિએ યુરોપની તત્કાલીન પરિસ્થિતિનું વિશ્લેષણ તો જણાય જ છે, પણ તે ઉપરાંત તેમને ટૉલ્સ્ટૉય, બીથોવન, રામકૃષ્ણ અને રવીન્દ્રનાથની પરોક્ષ હાજરી પણ વર્તાય છે. અને વળી આ સ્થાનની શાંતિ અને તેનું અપૂર્વ સૌંદર્ય પણ ગાંધીજી અને મહાદેવભાઈ બંનેને આકર્ષે છે. મહાદેવભાઈ રોમાં રોલાં વિશે કહે છે:

ગયા યુદ્ધ વખતે એમણે ફ્રેંચ સરકારની ઇતરાજી મેળવી, એમની અતિશય પજવણી થઈ, કેટલોક સમય જિનીવામાં યુદ્ધનિવારક પ્રચાર કર્યો અને પછી અનેક પહાડોથી વીંટળાયેલા જિનીવાના સુંદર સરોવરતટે આવેલા ‘વિલિનવ’ નામના નાનકડા ગામડામાં વસ્યા. એમના આત્મામાં જગતમાં જ્યાં જ્યાં સત્ય, શિવ અને સુંદર છે એને વિશે અનુરાગ ભરેલો છે; પણ એમની પ્રકૃતિ સાદા, ભોળા, પોતાના જ વાતાવરણમાં ખૂંચેલા ફ્રેંચમૅનની છે. એમના પુસ્તકભંડારમાં જર્મન, ફ્રેંચ, રશિયન પુસ્તકો ખડકેલાં છે. એમના સત્ય અને અહિંસાના પ્રેમે એમને ટૉલ્સ્ટૉયના શિષ્ય બનાવ્યા, ગાંધીજીના પૂજારી બનાવ્યા, અને હવે રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદના રસિયા બનાવ્યા છે.૮

બંને જણની વાતચીતમાં પહેલો ઘસારો રોમાં રોલાંનો. તેમને વર્તમાન યુરોપ વિશે ગાંધીજીને ઘણી ઘણી માહિતી અને ઘણી ઘણી ચેતવણી આપવાની છે. સ્વિટ્ઝર્લૅન્ડથી ગાંધીજી ઇટાલી થઈને હિંદ પાછા જવાના હતા. ઇટાલીમાં મુસોલિનીની સરમુખત્યારશાહી તે વખતે ખીલી ચૂકી હતી તેથી આગળ ઉપર રવીન્દ્રનાથ ઠાકુરની

મુલાકાતનો મુસોલિનીએ જેમ દુરુપયોગ કરી લીધો હતો તેમ ગાંધીજીનો ક્યાંક કરી ન જાય એની ચિંતા હતી. વળી સામ્યવાદના મૂળ વિચારોમાં જે શિવતત્ત્વ છે તેનો પણ ગાંધીજીને સ્પર્શ થાય એવી ઉત્સુકતા હતી.

એ ઘસારાનો થોડો ભાગ અત્યંત સંક્ષેપમાં — આપણે જોઈએ. રોલાંનાં લગભગ એકલાનાં જ વચનો, તે પણ ભાવ બને એટલા અકબંધ રાખીને, થોડા શાબ્દિક ફેરફાર સાથે ટૂંકાવીને: 'વિશ્વયુદ્ધ પછી (ફ્રાન્સના પ્રમુખ) ક્લેમેન્શોએ સુલેહ કરી, પણ તે ન ટકે એવી. અમેરિકાના પ્રમુખ વિલ્સને પાયા વિનાની માનવતાની વાત કરી. પછી બંનેની હાર થઈ. આર્થિક, સામાજિક અને નૈતિક દૃષ્ટિએ. મને એમ હતું કે મારો દેશ પ્રામાણિક છે, પણ મેં જોયું કે રાજકારણ પાછળનું ગુપ્ત બળ પૈસો હતો. બુદ્ધિજીવીઓમાં નિર્ણયશક્તિ નહોતી, કોઈ શ્રદ્ધા નહોતી તેથી તે બળોને રોકવાના પ્રયત્ન નિષ્ફળ ગયા. પ્રતિકાર માટેનું જોઈતું બળ યુરોપ ને અમેરિકાની લોકશાહીમાં નથી. છાપાંની મુક્તિ એ એમનો ધ્યેયમંત્ર હતો, પણ છાપાં પૈસા પર ચાલે છે. તેથી તે પૈસાપાત્ર માણસોના હાથમાં છે. આ બધું ખ્રિસ્તી અપ્રતિકારકો રોકી શકે, પણ પ્રશ્ન યુદ્ધ લડવાનો નથી, ચૂસણખોરી સામે લડવાનો છે. ૧૯૧૭માં રશિયા ઊભું થયું છે. અમને થાય છે કે ધનબળ રશિયા સામે જીતશે તો યુરોપની દુનિયા માટે આશાનો અંત આવવાનો. લેનિન અંગત વેરઝેરથી પર હતો, પણ સ્ટેલિનમાં એ નૈતિક મહાનુભાવિતા નથી.

મધ્યમ વર્ગમાં કોઈ નૈતિક ચારિત્ર્યબળ નથી. તમે લેનિનને મળી શક્યા હોત તો કેટલું સારું થાત? તમારા જેટલી સત્યોપાસના એની હતી પણ તમારા માર્ગો ન્યારા હતા. તમે રસ્કિનનું अनट् धसि लास्ट વાંચ્યું છે પણ માર્ક્સનું कॅपटिल વાંચ્યું નથી. તમને નિંદવાનો એક બેવકૂફ પ્રચાર ચાલી રહ્યો છે. હું વીસ વર્ષ નાનો હોત તો કેવું સારું થાત? તો હું યુરોપ સામે લડ્યો હોત.'

મુસોલિની વિશે રોલાંએ કહ્યું:

એનું માનસ ગૂંચવણભરેલું છે. એ કાર્ય કરતાં વધુ તો વ્યક્તિ માટે ઝંડો લઈને ફરે છે. એનામાં જેટલી હિંમત છે તેટલી જ કાયરતા છે. ટાગોર જ્યારે મુસોલિનીને મળવા ગયા ત્યારે [તેણે] કહ્યું, 'હું [યે] શાંતિ અને અહિંસામાં માનું છું.' [અને] ટાગોરના કથનને ઇટાલિયન છાપાંઓએ વિકૃત સ્વરૂપે રજૂ કર્યું; અમને જ્યારે એમણે સુધારા મોકલી આપ્યા ત્યારે કોઈ છાપાં એને છાપે નહીં. પોપ આદર્શ તરીકે શાંતિની તરફદારી કરે છે.

તમારે એને મળવું જોઈએ. પણ જો, તમે એમને મળવા જાઓ અને મુસોલિનીને ન મળો તો મુસોલિની એને મોટો ગુનો ગણશે. મહાન મુત્સદ્દીઓ મહાન કુકર્મો સાથે સંકળાયેલા હોય છે.૯

આટલું લખ્યા પછી મહાદેવભાઈ લખે છે:

આમ પહેલે જ દિવસે પોતાના હૃદયનો ઊભરો ઠાલવીને, પોતાની ખુરશી ખસેડી, ગાંધીજીના બંને હાથ પોતાના હાથમાં લીધા અને અનેક યુગનો આશક, માશૂક ઉપર પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ માંડી રહે તેમ અનેક ક્ષણ સુધી દૃષ્ટિ માંડી રહ્યા.૧૦

રોમાં રોલાંનાં બહેન મેડલિન દુભાષિયા તરીકે કામ કરતાં હતાં. એ કહે કે, ‘આવો દિવસ આવશે એવું અમે કોઈ દિવસ જાણતાં નહોતાં. અમને થતું કે તમને જોયા વિના જ અમારે આ દુનિયા છોડવી પડશે કે શું?’૧૧

ગાંધીજીએ રોલાંને જણાવ્યું કે શાંતિની વાત કરવા તેમને મુસોલિનીને મળવાની ઇચ્છા હતી. અને તેઓ પોપને પણ મળવા માગતા હતા. કારણ, એમ કરવાથી હિંદના કૅથલિક લોકોનો વધુ વિશ્વાસ સંપાદિત કરવાની તેમને આશા હતી.

રોલાંએ ચેતવ્યા: ‘તમે મુસોલિનીનો અમલ સ્વીકારો છો એવું કાંઈ બોલાઈ ન જવાય એની કાળજી રાખજો. તમે નિવેદનો ઘડીને છપાવજો. ઇટાલીમાં એ નહીં છાપે. તમારે તમારી સાથે કોઈ અમેરિકન ખબરપત્રીને રાખવા જોઈએ.’

ગાંધીજીએ કહ્યું કે મારે સંબંધ નહીં હોય એવા વિષય પર બોલીશ નહીં.

રોલાંએ ભય વ્યક્ત કર્યો કે લોકો તમારી વિરુદ્ધ બોલશે તે તમે સમજી નહીં શકો.

ગાંધીજી: હું મારી ફરજ બજાવીશ. અને પરિણામો વિશે ઉદાસીન રહીશ.

રોલાં: ગરીબ માણસને તમારો સંદેશો આપવાની તમારી ફરજ છે.

ગાંધીજી: આટલી બધી કાળજીવાળી અને ચોક્કસ સાવચેતીઓ રાખવી કોઈ પણ માણસ માટે અશક્ય છે એમ મને લાગે છે.

રોલાંએ ફરી ફરીને કોઈને સાથે રાખવા વિશે આગ્રહ કર્યો ત્યારે ગાંધીજીએ કહ્યું:

તાત્કાલિક પરિણામ એ આવશે કે ઇટાલીનાં છાપાંવાળા મને ખોટી રીતે રજૂ કરશે. પણ બોલાયેલા એક સારા શબ્દની અગર કરેલા એક સારા કામની અસર લાંબા ગાળે સારી પડે છે. હું કોઈ લાલચમાં ફસાઈશ નહીં એટલી ખાતરી અમને હોય તો અમારે આ જોખમ ઉઠાવવું જોઈએ.૧૨

બીજા દિવસની ચર્ચામાં ગાંધીજીએ કહ્યું કે:

તમે જ્યારે કહ્યું કે અહિંસા હિંદુસ્તાનમાં કામયાબ નીવડે પણ યુરોપમાં કામમાં ન આવે ત્યારે મને લાગ્યું કે આ એક ઘણો જ ગંભીર પ્રશ્ન છે. મને એમાં જરાય મુશ્કેલી લાગતી નથી. એનું સીધુંસાદું કારણ એ છે કે અહિંસા [પણ] સાર્વત્રિક રીતે અમલમાં મૂકી શકાય. આનો એ અર્થ નથી કે હું અહિંસાનો સંદેશો યુરોપને આપવાની શક્તિ ધરાવું છું — સિવાય કે એ હિંદુસ્તાનની મારફતે ફૂટી નીકળે.૧૩

આમ આપણને એક વિચિત્ર વિરોધાભાસ જોવાને મળે છે કે 'આંતરરાષ્ટ્રીય' રોમાં રોલાંને અહિંસા હિંદમાં શક્ય લાગે છે, યુરોપમાં નહીં અને તેમની કલ્પના મુજબ જે ગાંધી 'રાષ્ટ્રવાદી' છે, તેમને અહિંસા એક સાર્વત્રિક શક્તિ દેખાય છે!

નવમી ડિસેમ્બરે રોમાં રોલાં પોતાની ડાયરીમાં લખે છે:

આજે સાંજે ગાંધીના પ્રથમ સેક્રેટરી, મહાદેવ દેસાઈ જોડે ફરી એક વાર ટૂંકો પણ સુખકર વાર્તાલાપ થયો. તે એક પાંત્રીસ-ચાળીસ વરસનો, ઊંચો, કદાવર, તેજસ્વી અને બુદ્ધિમાન ચહેરાવાળો, દેખાવડો ભારતીય છે. મારી બહેને એની જોડે મારા કરતાં લંબાણથી વાતો કરી છે. મને એની જાણ છે કે ગાંધીને જ સંપૂર્ણ રીતે સમર્પિત થવા સારુ એણે વકીલાત છોડી હતી. અને એને એ સમર્પણથી અખૂટ આનંદ સાંપડ્યો છે. પરંતુ મને મીરાં પાસેથી જાણવા મળ્યું છે, અને આજે સાંજે એ મને જાતે જ કહે છે કે મારાં લખાણો અને વિચારોનેય એના જીવનમાં થોડું સ્થાન છે. મીરાં જ્યારે આશ્રમમાં આવી ત્યારે તેઓ બંને મારે વિશે વાત કરી શકશે એમ વિચારીને એને ખૂબ હરખ થયો હતો. દેસાઈએ મીરાંને ફ્રેંચ શીખવવાનું કહ્યું કે જેથી મારાં લખાણો મૂળમાં વાંચી શકાય. પણ ગાંધીએ આ સાંભળ્યું ત્યારે તેણે બંનેને આ બાબત એમ કહીને યોગ્ય રીતે જ, ખૂબ સખત ધમકાવ્યાં હતાં, કે આવા સમયે એમણે કળાકૃતિઓ વાંચવામાં સમય ગાળવાને બદલે દેશને ખાતર પૂરો સમય આપવો જોઈએ. પણ એને લીધે દેસાઈએ પોતાનો અભ્યાસ છોડ્યો નહીં. એ મને જણાવે છે કે હવે એને એટલી ફ્રેંચ આવડે છે કે મૂળ લખાણનાં અંગ્રેજી ભાષાંતરોમાં ક્યાં ક્યાં ભૂલચૂક થઈ છે એ તેને સમજાય છે. એ મને 'જ્યાઁ ક્રિસ્તોફ' અને 'ટૉલ્સ્ટૉયનું જીવન' મૂળ ફ્રેંચમાં આપવા કહે છે. એને આશા છે કે એને દેશમાં ગયા પછી થોડા જ વખતમાં જેલ જવાનું થશે. ત્યાં એને મારી ચોપડીઓ વાંચવાની નવરાશ મળશે. એની આંખોમાં રહેલી લાગણીઓ અને એની ભારતીય ભંગિઓમાં રહેલી ભક્તિ એને મારે સારુ કેટલી સ્નેહભરી કૃતજ્ઞતાની લાગણી

છે એ મને કહી જાય છે. એણે અને પ્યારેલાલે વરસોથી આ મિલનની વાટ જોઈ છે. બે વાર તો એ થતું થતું રહી ગયું હતું અને એ કહે છે કે હવે એ એક સ્વપ્ન સમ લાગે છે. ગાંધીની મંડળીમાં દરેક જણ પૂરો થાકે ત્યાં સુધી કામ કરે છે. ગુરુ પોતે જ્યારે સૂઈ જાય છે ત્યારે દેસાઈ અને પ્યારેલાલ ઘણી વાર મોડી રાત સુધી જાગીને દિવસ દરમિયાન લીધેલી નોંધોની સાફ નકલ કરે છે. દેસાઈનું કામ એ નોંધોમાંથી यंग इन्डियाને સારુ સંપાદન કરવાનું છે.૧૪

રોમાં રોલાંને ત્યાં જ ગાંધીજીને એક પરોઢિયે 'સર્વિસ સિવિલ ઇન્ટર નૅશનલ'ના સ્થાપક પિયેર સેરેસોલ મળે છે. તેઓ એક અત્યંત નિર્મળ હૃદયની વ્યક્તિ હતા. એમની જોડેનું મિલન પણ सताम् सद्भिः संगः સમું બની રહ્યું હતું. સ્વિટ્ઝર્લૅન્ડની એકબે સભાઓમાં ગાંધીજીને કેટલાંક ધાર્મિક જૂથો મળ્યાં હતાં. તેમની સાથે ઉત્તમ પ્રશ્નોત્તરી પણ થઈ હતી. 'ઈશ્વર સત્ય છે' એમ કહેવાને બદલે 'સત્ય ઈશ્વર છે' એમ કહેવાનું હું પસંદ કરીશ એ સૂત્ર ગાંધીજીએ લોસાંની એક સભામાં ઉચ્ચાર્યું હતું. એ સભા ઘણું કરીને, પિયેર સેરેસોલ અને તેમના મિત્રોએ અંતરાત્માના આદેશને કારણે લશ્કરી સેવાનો વિરોધ કરનારાઓને સારુ યોજી હતી.૧૫ એક પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ કહ્યું:

ગિરિપ્રવચનના ઉપદેશને તમે તજી દીધો છે એવું જો મને માલૂમ પડે તો મને દિલગીરી થાય. જિસસનો એ સંદેશ યુરોપના ખ્રિસ્તીઓ જીવી જાણે છે [એવું મને માલૂમ પડે તો] એના કરતાં બીજા કશાથી મને વધુ આનંદ ન થાય... તમે તમારી જાતની કુરબાની કરવા તૈયાર ન હો તો તમે તમારી જાતને બચાવી શકો નહીં.૧૬

મહાદેવભાઈ નોંધ કરે છે કે:

આ ઉત્તર સાંભળીને પિયેર સેરેસોલ નાચ્યા. એ ઉત્તરમાં એમને પોતાના કામને માટે ગાંધીજીનો આશીર્વાદ મળી રહ્યો. એમણે એક મિત્રને કહ્યું, 'અત્યાર સુધી અમે શંકાશીલ હતા, ઠરીને બંધાવાનો અચળ ખીલો અમને મળ્યો નહોતો. હવે આ ખીલે બંધાવાથી અમને અવળે માર્ગે જવાનો ડર નથી.૧૭

સ્વિટ્ઝર્લૅન્ડથી વિદાય થતાં મહાદેવભાઈએ લખેલ એકબે ફકરા એ દેશના અનુભવનો ચિતાર બહુ થોડા શબ્દોમાં આપી દે છે:

મારે કહેવું જોઈએ કે સ્વિટ્ઝર્લૅન્ડમાંના આ દિવસોમાં અમને અતિ કીમતી અનુભવો

થયા છે. પાસેના અને આઘેના, સૌ લોકો પ્રેમભરી ભેટો લઈ આવ્યા હતા. કોઈ ફૂલો લાવ્યા અને કોઈએ ગીતો સંભળાવ્યાં. સૌથી છેલ્લે આવનાર ગોવાળિયા હતા જેમણે એમનાં ગો-ગીતો અતિ ઉત્સાહભેર ગાયાં. સેંકડો બાળકો અમારા ઉતારે ટોળે વળ્યાં અને ગાંધીજીને એમનું સુમધુર સંગીત સંભળાવ્યું. એક મિત્ર તો, રોજ જ્યારે ગાંધીજી એમનો સવારનો નાસ્તો કરતા હોય ત્યારે એમનું વાયોલિન લઈને આવે અને વગાડે. આજે સવારે જ જ્યારે અમે જિનીવા જવા નીકળતા હતા ત્યારે એક સાદી ગામડિયણે મારા હાથમાં એક પરબીડિયું મૂક્યું. મેં ધાર્યું એ એક 'રામ રામ' કહેતો પત્ર હશે. મોડી સાંજે મેં એ ખોલ્યું તો એમાંથી એક [ચિઠ્ઠી અને] પાંચ ફ્રૅંકનો સિક્કો નીકળ્યાં. ચિઠ્ઠીમાં લખ્યું હતું: 'એક સ્વિસ મજૂરણ તરફથી, તમારી એક અત્યંત ગરીબ બાઈને એક નાનકડી ભેટ.' બીજો એક ટાઇપ કરેલો પત્ર — સ્પષ્ટ દેખાતું હતું કે એ, ગાંધીજીની પ્રવૃત્તિઓથી પરિચિત રહેતી એક સ્ત્રીનો — હતો. એની સાથે વીસ ફ્રૅંકની નોટ હતી અને એક ચિઠ્ઠી હતી જેમાં લખ્યું હતું, 'હિંદીઓનાં દુ:ખને મારે મારાં માનવાં જોઈએ. તમે કેટલો ભાર વહી રહ્યા છો એની મને ખબર છે; અને છતાં સ્વિટ્ઝર્લૅન્ડ માટે અને આ આખા દુ:ખી યુરોપ માટે તમે પ્રાર્થના કરો એવું હૃદયપૂર્વક તમારી પાસેથી માગ્યા વિના મારાથી રહી શકાતું નથી.'

[આમ] વિલેનવમાં છઠ્ઠીથી અગિયારમી [સુધીના દિવસો] અતિશય સ્મરણીય [દિવસો] હતા. મો. રોમાં રોલાંનો બાપુને માટે નિરવધિ પ્રેમ [દેખ્યો] એમની બાલોચિત સરળતા જોઈને બડોદાદા યાદ આવતા હતા. એમની ઉદારતા પણ અસીમ. પણ વહેમ — જ્ઞાનતંતુઓ તંગ થઈ જવાના કારણે ભરાયેલો વહેમ — સારી પેઠે. [કહે] 'મુસોલિનને ન મળવું,' 'એની સગવડો ન લેવી,' 'મળવા જવું તો સારી પેઠે સાવચેતીથી જવું.' 'પોતાના માણસને સાથે રાખવા,' 'એની સાથેની વાતોની નોંધ રાખવી,' એવી એવી સૂચના આપી. બાપુ કહે, 'આવી સાવચેતી રાખવી એ મારા સ્વભાવમાં નથી; અને એણે જે સગવડ આપવાનું કહ્યું છે તેની "ના" પણ ન પડાય...'૧૮

ગાંધીજી ઇટાલી ગયા ત્યાર બાદ રોમાં રોલાં પોતાના અનેક મિત્રોને ગાંધીજીની મુલાકાત અંગે હરખભેર પત્રો લખે છે. એ પત્રોમાં લગભગ અચૂકપણે ગાંધીજીના સાથીઓ વિશે પણ ઉલ્લેખ આવે છે. મહાદેવભાઈ વિશેના એવા બેત્રણ ઉલ્લેખો નીચે ઉદ્ધૃત કર્યા છે.

૨૪મી ડિસેમ્બરે ફ્રાન્સના મિત્ર લ્યુસિન રૉથને:

એમની જોડેના બે સચિવો, મહાદેવ દેસાઈ અને પ્યારેલાલ વખાણવા લાયક જુવાનિયા છે — ખાસ આવડતવાળા અને જન્મજાત કલાકારો. પણ તેમણે પોતાનું સર્વસ્વ એમને સમર્પી દીધું અને એનો તેમને જરાય પસ્તાવો નથી. એ લોકો તો પેલા મનુષ્ય અને તેના આશ્રમમાંથી દીપ્તિમંત થતા પવિત્રતા અને વીરતાના અસાધારણ વાતાવરણથી પુલકિત થતા હતા.૧૯

અને ૨૫મી ડિસેમ્બરે યુ.એસ.એ.માં લ્યૂસિન પ્રાઇસને:

એમની સાથે હતી મીરાં (મિસ સ્લેડ) જેનાં અંગો રુઆબદાર હતાં અને જેની ચાલ ને દેખાવ ડેમેતેર (લક્ષ્મી) જેવાં હતાં. અને ત્રણ ભારતીયો હતા — ગાંધીનો નાનો દીકરો દેવદાસ, જેનું ગોળ અને હસતું મોં છે (સરસ છોકરો છે, એનું નામ કેટલું મોટું છે એનું એને પૂરું ભાન નથી.' અને બે સચિવો ને શિષ્યો — હૃદય અને મસ્તિષ્કના અસાધારણ ગુણોવાળા યુવાનો — મહાદેવ દેસાઈ અને પ્યારેલાલ.૧૯

૨૯મી જાન્યુઆરી, ૧૯૩૨ને દિન ફ્રન્સની એસ્થર મર્ચંદને:

'બે સચિવો, મહાદેવ દેસાઈ અને પ્યારેલાલ. (બે ખૂબ કળાદષ્ટિવાળા સંસ્કારસંપન્ન યુવાનો).'૨૧

સ્વિટ્ઝર્લૅન્ડનો પ્રવાસ બે દિવસ લંબાયો તેથી ઇટાલીના દિવસ કપાયા હતા. સરકારે મિલાનથી ફર્સ્ટ ક્લાસનો એક ડબ્બો ગાંધીજી સારુ ફાળવી આપ્યો હતો. એક મિત્રે આગ્રહ કર્યો કે ગાંધીજીએ રોમ તો જવું જ જોઈએ એટલે વેનિસને બદલે રોમ થઈને બ્રિન્ડિસી જઈને ત્યાંથી બોટ પકડવાનું ઠર્યું.

સમયના અભાવે મંડળી મિલાન રોકાઈ ન શકી, પણ સ્ટેશન પર બે પ્રાચ્યવિદ્યાવિશારદો ગાંધીજીને મળ્યા. તેમણે બે પુસ્તકો ભેટ આપ્યાં.

એ પુસ્તકમાં, રોમન અને દેવનાગરી લિપિમાં સુંદર રીતે છાપેલો, ઉપનિષદનો સાર હતો — આપણી સંસ્કૃતિના સમારકરૂપી આ ગ્રંથનાં થોડાંક ચૂંટેલાં રત્નો — શ્લોકો, અને એની ઉપરનાં ટિપ્પણો. બીજા પુસ્તકનું નામ भक्तियोग હતું. એમાં ભગવદ્‌ગીતાનો બારમો અધ્યાય, ખ્રિસ્તીઓએ गरिप्रिवचन અગર हाउन्ड ऑफ हेवन જે ભાવભરી કાળજીથી અને સુંદર કલાત્મક રીતે છાપ્યાં છે તે મુજબ છાપ્યો છે. એ બારમા અધ્યાયનો દરેક શ્લોક જુદો પાડીને છાપ્યો છે અને દરેકનું પૃથક્કરણ અને એના ઉપરનું ટિપ્પણ આપ્યાં છે; કર્તાની વિદ્વત્તા, અને ગીતાના કદાચ

સૌથી સુંદર અધ્યાયને — જે અધ્યાયને, અનેક રીતે અધમમાં અધમ માણસ પણ ઈશ્વર સાથે એકતા સાધવા આત્મવિલોપનનો અધ્યાય કહી શકાય, તેને — પસંદ કરવામાં રહેલી એમની અદ્ભુત રુચિ, પ્રશંસાપાત્ર છે...૨૨

રોમમાં ગાંધીજીએ પોપ પાસે મુલાકાત માગી હતી. મહાદેવભાઈ લખે છે: 'પોપે મળવાની ના પાડી. રવિવારે મળતા નથી, અને આજ સવારનો બધો વખત ભરાઈ ગયેલો છે એ બહાને!'૨૩

માદામ મૉન્ટેસોરીને ગાંધીજી લંડનમાં મળ્યા હતા અને ઉભય પક્ષે ખૂબ સ્નેહાદરપૂર્વક મળવાનું થયું હતું. રોમમાં મૉન્ટેસોરીની એક શાળા ગાંધીજી અને તેમની મંડળીએ જોઈ હતી.

ટૉલ્સ્ટૉયની એક દીકરી સિનિયોરા અલ્બેર્ટિના એક ઇટાલિયનને પરણી હતી. તે ગાંધીજીને ખાસ મળવા આવી હતી. તે એક કાળે રોમાં રોલાંની મિત્ર હતી. ગાંધીજીએ ઝાંખી થતી એ મૈત્રીને પુનઃ ઘેરી બનાવવા પ્રયાસ કર્યા હતા. આ મુલાકાત ટૂંકી હતી, પણ તે લાંબી ચાલી હોત તો કેવું સારું થાત એવી લાગણી મહાદેવભાઈના મનમાં રહી ગઈ.

ગાંધીજીની મુસોલિની સાથેની મુલાકાતને પ્રમાણમાં ઓછી પ્રસિદ્ધિ મળી છે. એ મુલાકાત જે તે કાળના સૌથી મોટા સરમુખત્યારને મનગમતી થઈ હોત તો ઇટાલીનાં સર્વ પ્રચારમાધ્યમો તેનો ઢંઢેરો પીટત અને સર્વ ફાસિસ્ટ વિરોધી દેશો એનો કાંઈક ને કાંઈક વિરોધ કરતા. પણ એમ જણાય છે કે ઇટાલીનાં છાપાંઓમાં આ મુલાકાતને બહુ પ્રસિદ્ધિ મળી નહોતી. તેથી તેની વિગતો મહાદેવભાઈની ડાયરીઓમાં દટાઈ રહી છે. હિંસાને આધારે સત્તા જમાવનાર એક સરમુખત્યાર, જેણે પોતાની પ્રજા સારુ ઠીક ઠીક કામો કર્યાં હતાં, પણ તે પોતાના સંસ્થાનવાદ અને લશ્કરશાહીને જોરે, તે દુનિયાના સૌથી મોટા સામ્રાજ્યને પડકારનાર એક અહિંસક દેશભક્તને મળી રહ્યો હતો. મુસોલિની જોડે વાતચીત કરવા બાબત રોમાં રોલાંએ હજી થોડા દિવસ ઉપર ગાંધીજીને ચેતવ્યા હતા, પણ એવી કોઈ સાવચેતી રાખવાની આપણને ફાવે નહીં, એમ વિચારી ગાંધીજી ખુલ્લે મને, કોઈ પણ પ્રકારની કાર્યસૂચિ વિના મુસોલિનીને મળવા ગયા હતા. મુસોલિનીને ગાંધીમાં કદાચ એટલા માટે રસ હશે કે એ બ્રિટિશ સામ્રાજ્યના વિરોધી હતા. છતાં જાહેર રીતે આ અહિંસાપ્રચારક જોડે વાતચીત કરતાં હિંસાનું દર્શનશાસ્ત્ર ઊભું કરાવનાર આ સેનાપતિને થોડીઘણી મૂંઝવણ તો થઈ હશે. આખી મુલાકાત,

તે વખતનું વાતાવરણ, તે વખતના મુસોલિનીના હાવભાવો કેવા હતા તે, ગાંધીજીના પ્રતિભાવો કેવા હતા તે બધીયે વિગતો મહાદેવભાઈએ ટપકાવી રાખી છે. તેથી તે સહેજ વિસ્તાર-દોષ વહોરીને પણ નીચે લગભગ એમ ને એમ આપી છે:

અનેક ઓરડાઓમાંથી થઈને એક અનેક હથિયારો ભરેલા ખંડમાં, અને ત્યાંથી થઈને એક અતિ વિશાળ ખંડમાં અમને લઈ જવામાં આવ્યા. બારણા આગળ મૂર્તિ૨૪ લેવા આવી. બધાંની સાથે હાથ મેળવ્યા; પોતાના ટેબલ આગળ બે ખુરશી મૂકેલી હતી તેમાંથી એક પર બાપુને બેસાડ્યા, અને એક ઉપર મીરાં બેઠી અને જનરલ મોરિસ અને હું ઊભા રહ્યા! અમને ઊભા રાખ્યા૨૫ — કારણ, ખુરશી નથી એમ વિવેક કરવાનો ડોળ પણ ન કર્યો.

ધીમે ધીમે એક એક વાક્યના સવાલ પુછાવા લાગ્યા, અને સવાલ પૂછતાં પૂછતાં એની આંખમાં એની ઝીણી કાળી કીકી વારંવાર ફર્યા કરતી હતી. લાંબા ટેબલ ઉપર ખડિયો, પેપર કટર, ચપ્પુ, એક પ્યાલામાં નારંગીનો રસ, એક પ્યાલામાં ચાર લાલ-ભૂરી પેન્સિલો, પોતાની આંખ આગળ વિજયની મૂર્તિની પ્રતિમા, ટેબલને એક ખૂણે એક સિંહ, ટેબલ એક નાનકડા ગાલીચા ઉપર, છતમાં સો બત્તીએ બળતું ઝુમ્મર, વિશાળ હૉલ — લગભગ આખો ગાલીચા વિનાનો!

'તમને ઇટાલી ગમે છે?'

બાપુ: 'મને તમારો સુંદર દેશ ગમે છે.'

'તમે પોપને મળ્યા?'

બાપુ: 'વારુ, એ મને મુલાકાત આપી શક્યા નહીં. એમણે કહ્યું, રવિવારે એ કોઈને મળતા નથી અને આજે સવારે, એ, કામમાં રોકાયેલા હતા.'

પેલાએ મોં બગાડ્યું, આંખ મટમટાવી — જાણે પોપનું જૂઠાણું જાણતો હોય તેમ. અને બીજા સવાલ ઉપર વળ્યો.

'ગોળમેજી પરિષદ પૂરી થઈ?'

'હા, જોકે હજી થોડું કામ બાકી છે; અને કહેવામાં આવ્યું છે કે એ મુલતવી રાખવામાં આવી છે. એક કારોબારી સમિતિ નીમવામાં આવી છે જેણે કામ ચાલુ રાખવાનું છે.'

'તમે કાંઈ મેળવ્યું?'

'ના, કારણ કે કાંઈ મળશે એવી મને આશા નહોતી.'

એની આંખમાંથી લુચ્ચું અને તિરસ્કારભર્યું સ્મિત ચમક્યું.

'હિંદુસ્તાનની, આર્થિક બાબતોમાં સ્થિતિ કેવી છે?'

'ખરાબ; જોકે અમે અમારી જરૂરિયાત કરતાં વધુ પેદા કરીએ છીએ એ કારણે, બીજા દેશોની જેટલી ખરાબ છે તેટલી નહીં; અને રોજબરોજ થતું શોષણ ન હોત તો, અને આવકના લગભગ એંશી ટકા લશ્કર પાછળ ઘસડાઈ જતા ન હોત તો અમે સુખી હોત.'

[એણે] ડોકું હલાવ્યું.

'તમારો કાર્યક્રમ શું છે?'

'અમારે સવિનયભંગની લડત ઉપાડવી પણ પડે.'

'હિંદુ-મુસ્લિમ પ્રશ્નનું શું?'

'ચીટકી રહીને કોઈ ને કોઈ રીતે અમે એને પાર પાડીશું. છેવટે, અમારે ત્યાં, ઇસ્લામના કેટલાક ઉત્તમ પ્રતિનિધિઓ છે, જે કોંગ્રેસને માટે કામ કરે છે. ડૉ. અન્સારીથી ચડે એવો, દુનિયામાં કોઈ તમને જડશે નહીં. પેગંબરને જ્યારે મક્કાથી નીકળી જવું પડ્યું હતું ત્યારે મદદ કરનાર અન્સાર કુટુંબમાંથી એ ઊતરી આવ્યા છે.'

'તમે એક થઈ જશો એમ તમને લાગે છે?'

'મને લેશમાત્ર શંકા નથી.'

'હિંદુસ્તાન માટે તમને સંપૂર્ણ સ્વાતંત્ર્ય જોઈએ છે?'

['સંપૂર્ણ' કહીને આંખ મટમટાવી.]

'હા; પણ ઇંગ્લંડ સાથે સમાન કક્ષાની ભાગીદારીનો એમાં નિષેધ નથી. અત્યારે ઇંગ્લંડ હિંદુસ્તાનને ચૂસી રહ્યું છે. જ્યારે એ, એ બંધ કરશે ત્યારે ભાગીદારીમાં પડતાં મને વાંધો નહીં આવે.'

'તમે પ્રજાસત્તાક રાજ્યનો વિચાર કરો છો?'

'વારુ, હા; મારે લોકશાહી તંત્ર જોઈએ છે.'

'બધાં રાજ્યનો એક વડો હોય એમ તમે વિચારો છો?'

'ના. હું, એકેએક હિત તરફથી ચૂંટાયેલા પ્રમુખનો વિચાર કરું છું.'

'સામ્યવાદ હિંદુસ્તાનમાં સફળ થાય એમ તમને લાગે છે?'

'ના, હું એમ માનતો નથી.'

'મારો પણ એ અભિપ્રાય છે.'

'તમે ઇંગ્લંડ કેટલી વખત ગયા છો? કેટલા મહિના?'

[આ બીજું વાક્ય બોલીને અંગ્રેજી સુધાર્યું.]

બાપુએ બે મહિના કહ્યા; મીરાંએ ત્રણ કહ્યા. એટલે મીરાં તરફ જોઈને કહે:

'ઇંગ્લંડમાં શું સ્થિતિ છે?'

બાપુ: 'ખરાબ. જાપાન અને તમે એના સફળ હરીફ છો તે કારણે ઊભી થયેલી આર્થિક પરિસ્થિતિને એ પહોંચી વળી શકશે નહીં. તમે — ખાસ કરીને તમારો બનાવટી રેશમી માલ — એને માટે મોટે ભાગે જવાબદાર છે.'

ઝીણી કાળી કીકીઓ આત્મસંતોષથી મલકી રહી.

'યુરોપની સ્થિતિ વિશે તમે શું ધારો છો?'

'હવે તમે, લાંબા વખતથી હું જેની રાહ જોઉં છું તે પ્રશ્ન મને પૂછ્યો. હાલ છે તે મુજબ યુરોપ ચાલી શકે નહીં — સિવાય કે એ એના આર્થિક જીવનનો આખો પાયો બદલે; સિવાય કે એ એનાં મૂલ્યાંકનોમાં ધરમૂળથી ફેરફાર કરે. હાલની ઇમારત એ ટકાવી રાખી શકશે નહીં — એને ટકાવી રાખવા માટે એ ગમે તે પગલાં લેશે તોપણ.'

'પૂર્વ અને પશ્ચિમનો મેળ ન બેસે?'

'કેમ નહીં? પશ્ચિમ, પૂર્વને ચૂસતું આવ્યું છે [પણ] જે ઘડીએ એ પૂર્વને ચૂસવાનું બંધ કરશે તે ઘડીએ સહકાર શક્ય બનશે.'

પેલાએ પાછું કહ્યું, 'હું પણ એમ જ ધારું છું.'

આટલું કહીને એ ઊઠ્યો અને બાપુને વળાવવા ચાલ્યો. બાપુને કહે, 'હું આશા રાખું છું ઇટાલી અને રોમની, તમારા ઉપર સારી છાપ પડી હશે.'

બાપુ: 'હા, હા. એ બહુ સરસ દેશ છે, અને રોમ એક સુંદર શહેર છે. મારા માટે પહેલા વર્ગનો ડબ્બો રાખવા માટે તમારો ઘણો આભારી છું.'

પેલો કહે: 'ના, ના, એમાં કાંઈ નથી.'

પછી બાપુએ કહ્યું, 'તમારી સંસ્થાઓ વિશે કેટલુંક જોવાનું મને ગમત, પણ એક દહાડામાં એ બની શકે નહીં.'

હૉલમાં[થી] નીકળતાંવેંત જોઈએ તો ફોટોગ્રાફરો ઊભેલા! એમણે બાપુ, મીરાં, જનરલ અને મારો ફોટો પાડ્યો.

પાછા ફરતાં બાપુ કહે, 'જોઈ એની બિલાડા જેવી આંખ!'

મેં કહ્યું, 'એવી જ ચમકતી હતી. એમાં વેર અને ઝેર ભર્યાં હતાં. દુષ્ટતા તો હતી જ.'

ઘેર આવીને પણ 'બિલાડા જેવી આંખો' કહી.

મેં કહ્યું કે, 'સેતાનની આંખ આથી વધારે સારી ન હોઈ શકે;' તો બાપુએ વાંધો ન ઉઠાવ્યો!

બધાં ગયાં પછી બાપુ કહે, 'તમે બધા ન હોત તો કદાચ એ વધારે વાત કરત. તમે તો જાણો છો ને કે એ મીરાંને જાસૂસ પણ સમજતો હોય.'

મીરાં કેમ આવી શક્યાં એનો મેં બાપુને ખુલાસો કર્યો, એટલે બાપુ કહે, 'એ બેવકૂફ છે.'૨૬

રોમનો કાર્યક્રમ એટલી ઉતાવળે ગોઠવાયો હતો કે મુલાકાતીઓની ભીડ પૅરિસ કે જિનીવા જેવી નહોતી. નવરાશનો લાભ લઈને નગરદર્શન સારુ ગાંધીજી પણ ગયા. સામાન્ય રીતે સંગ્રહાલયો કે દેવળોમાં ગાંધીજીને જતા ન કલ્પી શકાય. પણ અહીં તેમ બન્યું, એટલે મહાદેવભાઈએ એનું પણ મનોરમ ચિત્ર રજૂ કર્યું:

વેટિકન જોવામાં આશરે બે કલાક ગાળ્યા અને એનો પૂરો બદલો મળી ગયો. જે કોઈ થોડી દુનિયા મેં જોઈ છે તેમાં, વેટિકનના સિસ્ટાઇન દેવઘરમાંનાં અદ્ભુત ભીંતચિત્રોની અને શિલ્પકૃતિઓની સંગ્રહસ્થાનની તોલે આવે એવું કાંઈ નથી. દેવઘરમાં માઇકલઍન્જેલોનાં અજોડ ચિત્રો ઉપરાંત વધસ્તંભ ઉપર જિસસનું એક પૂતળું છે જે પથ્થરના હૃદયને પણ પિગળાવે એવું છે. ગાંધીજી એની આગળ કેટલીક ક્ષણ સુધી ઊભા રહ્યા, એની નજીક ગયા, એની પાછળ ગયા — જાણે કે એની પ્રદક્ષિણા કરી, અને બોલ્યા, 'આંખમાંથી આંસુ આણે એવું કામ છે.' શિલ્પસંગ્રહાલયમાંની ઉત્તમ કૃતિઓમાં એક પ્રખ્યાત 'લાઓકૂન'૨૭ છે. એના ઉપર, બાપ અને બે દીકરાઓ મળી ત્રણ શિલ્પીઓએ, નાગની — જેને આપણે દુનિયા કહીએ છીએ તેની — ચૂડમાંથી છૂટવા માટેના મનુષ્યના સતત પરિશ્રમનો ખ્યાલ આપવામાં પોતાની સઘળી શક્તિઓ ખરચી નાખી છે. બીજી ધ્યાન ખેંચે એવી કૃતિ નાઇલ હતી. એના પ્રતીક તરીકે સૂતેલો એક મહાકાય મનુષ્ય હતો. એના એક હાથમાં આબાદી હતી અને બીજા હાથમાં અનાજનાં કણસલાં હતાં. એ મહાકાયના શરીર ઉપર નાચતાં, અને એની આજુબાજુ વહેલ માછલી ઉપર સવારી પણ કરતાં અનેક નાનાં ભૂલકાંના સ્વરૂપે નદીને મળતી નાની નદીઓ હતી. ગાંધીજી કહે, 'આ તો ગંગાજી છે.'૨૮

આખા ઇંગ્લંડમાં સાથે ફરેલા કદાવર અંગ્રેજ અંગરક્ષકો ઇવાન્સ અને રોજર ઠેઠ બ્રિંડિઝીમાં બધા બોટમાં બેઠા ત્યાં સુધી સાથે હતા. છૂટા પડતાં ગાંધીજીએ એમને કહ્યું કે:

'તમારી સેવાની કિંમત આંકી જાય એમ નથી. તમને પૈસાની ભેટ આપવાની મારી

તાકાત નથી, પણ તમે સંભારણા તરીકે જે ઇચ્છો તે આપવાનો પ્રયત્ન કરીશ.' એ લોકોએ ઘડિયાળ ઇચ્છયું. 'અમારાં છોકરાંનાં છોકરાં એક અમૂલ્ય વારસા તરીકે એ સાચવશે. એમાં ગાંધીજીનું નામ કોતરાવી આપજો.' ગાંધીજી કહે, 'એ તો તમે રૂડી ભેટ માગી. તમને ઇંગ્લંડની બનેલી ઘડિયાળ મોકલી આપશું.'૨૯

ઇટાલીના પ્રવાસને અંતે મહાદેવભાઈ આમ લખે છે:

બધું કહ્યાકારવ્યા પછી, ઇટાલીનાં બે ચિત્રો મને યાદ રહી જશે. એક ઇટાલીનું સંકેતચિહ્ન — સળિયાનો ભારો અને કુહાડી. દરેકેદરેક ઇટાલિયન અધિકારીના પોશાક ઉપર એ હોય છે; અને એ ચિહ્ન મુસોલિનીના વિશાળ ખંડની બહાર સોનેરી રંગથી ચીતરેલું છે. આ ધ્યાન-ચિહ્ન ડરામણું છે અને એનો ભાવાર્થ સમજવો મુશ્કેલ છે.

બીજું ચિત્ર, જ્યાં જઈએ ત્યાં ભાવભીના સત્કારનું અને ભાવભીની વિદાયનું છે. ગરીબોના લત્તામાંથી ગાંધીજીને લઈ જવામાં આવતા હતા ત્યારે હજારોએ એમનું અભિવાદન કર્યું; મિલાન, રોમ અને બ્રિંડિઝીમાં સેંકડો માણસોએ — જેમાં સિપાહીઓ અને સૈનિકો પણ હતા, તેમણે — એમના હસ્તાક્ષર માટે પડાપડી કરી; અને રોમના રસ્તાઓમાં, સેંકડો, એમની પાછળ પાછળ ભમ્યા. જે વિદ્વાન એમને મિલાન સ્ટેશને મળ્યા હતા તેમણે સુંદર દેવનાગરી લિપિમાં લખેલા એક પત્રમાં ભગવદ્‌ગીતામાંથી, ગાંધીજીને આપી શકાય એવું એક અત્યંત યોગ્ય વિશેષણ — गान्धर्वे सर्वभूतहिते रताः વાપર્યું. સૃષ્ટિના કલ્યાણ માટે એકનિષ્ઠ ગાંધીને અનેકાનેક નમસ્કાર. એક ઇટાલિયન બાઈ અમારી પાછળ પાછળ લગભગ એક કલાક સુધી ફરી અને પાછી કૉલેઝિયમ આગળ અમે છૂટા પડ્યા ત્યારે એણે અમને એક કાર્ડ આપ્યું જેના ઉપર પણ गान्धर्वे महात्मने नमोनमः લખેલું હતું. એ, ફિલસૂફીમાં પારંગતની પદવી ધરાવતી હતી, અને સંસ્કૃતની પંડિત હતી.

અને [છેલ્લે] 'પિલ્સાના'માં નીકળવા માટે ગાંધીજી (બોટની) નિસરણી ચઢવા જતા હતા ત્યાં આ પ્રમાણે એક માનપત્ર એમની સમક્ષ વાંચવામાં આવ્યું:

મહાત્મા! બ્રિંડિઝીના ઇતિહાસ અને કલાશોખીનોનું મંડળ તમને નમન કરે છે. જેમ સને ૧૯૨૫માં તમારા મહાન મિત્ર રવીન્દ્રનાથ ટાગોરને ઈ. સ. પૂર્વે પાંચમા સૈકાના એક પ્યાલામાં અમે પીણું આપ્યું હતું તેમ જ અને તે જ પ્યાલામાં, જે તમારો રોજનો ખોરાક

છે, અને જેમાંથી તમે, મુક્તિ અને ન્યાયના તમારા દૂતકાર્ય માટે શક્તિ મેળવો છો તે — દૂધ અમે તમને આપીએ છીએ.

'દૂધ બકરીનું છે?' ગાંધીજીએ હસતાં હસતાં પૂછ્યું.

'એ બકરીનું દૂધ છે.' 'એ બકરીનું દૂધ છે.' ઇટાલિયન ભાષામાં અનેક જણ બોલી ઊઠ્યા. અને ગાંધીજીએ ઈસવીસન પૂર્વના પાંચમા સૈકાના એ પ્યાલામાંથી દૂધ પીધું.૩૦

બ્રિંડિઝીથી આગબોટમાં બેસી ગાંધીજી અને તેમની મંડળી તા. ૨૮–૧૨–'૩૧ને દિને મુંબઈ પહોંચી. લંડનમાં ગાંધીજી જેમના મહેમાન હતા તે કુમારી મ્યૂરિયેલ લેસ્ટર અને બે અંગરક્ષકો ઇવાન્સ અને રોજર ઇટાલીથી પાછા ફર્યા. યુરોપથી સાથે થયેલાં શ્રી અને શ્રીમતી પ્રિવેટ તેમની સાથે ડેક-મુસાફરો તરીકે મુસાફરી કરી મુંબઈ બંદરે ઊતર્યાં.

રસ્તામાં એડનમાં ગાંધીજીએ લોકો આગળ પોતાની ગોળમેજી પરિષદની સફરનું સરવૈયું કાંઈક આવા શબ્દોમાં રજૂ કર્યું હતું:

લંડન જવા નીકળતી વખતે મેં મુંબઈમાં કહ્યું હતું કે મારા હાથને અગર મારી જાતને ગંદી કર્યા વિના હું લંડનથી પાછો આવું તો હું [ઈશ્વરનો] આભાર માનીશ. અને તમને જણાવતાં મને આનંદ થાય છે કે હું ખાલી હાથે પાછો આવ્યો છું છતાં મારા હાથને ગંદા કર્યા વિના આવ્યો છું.૩૧

ગાંધીજીના એક સચિવ શ્રી પ્યારેલાલે એક ઠેકાણે આવા વિચારોને સહેજ વિસ્તૃત ઉદ્ધરણમાં ટાંક્યા છે:

હું કબૂલ કરું છું કે હું ખાલી હાથે પાછો આવ્યો છું. પણ મને એટલો સંતોષ છે કે જે વાવટાની આબરૂ મારા હાથમાં સોંપાઈ હતી તે વાવટો મેં નીચો નમાવ્યો નથી, કે તેની પ્રતિષ્ઠાને કોઈ રીતે ઝાંખપ લાગવા દીધી નથી. મેં નિરંતર એવી કાળજી રાખી છે, ને પ્રાર્થના કરી છે, કે મારાથી ગફલતની કોઈ ક્ષણે કે નબળાઈની કોઈ પળમાં એવું કંઈ કામ ન થાઓ કે એવું કંઈ વચન ન બોલાઓ, જેનાથી મારા દેશનું ગૌરવ ઝાંખું પડે કે મારા દેશભાઈઓએ મારા પર મૂકેલા વિશ્વાસને માટે હું અપાત્ર ઠરું.૩૨

ગાંધીજી ગોળમેજી પરિષદમાં જતા હતા ત્યારે આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ ગીત લખ્યું હતું:

છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ!

દાંડીકૂચ વખતે ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર કનુ દેસાઈએ કૂચ કરતા ગાંધીજીનું એક ચિત્ર દોર્યું હતું.

આ બંને કલાકૃતિઓને ધ્યાનમાં રાખીને મહાદેવભાઈએ ગાંધીજીના વિલાયત જતાં પહેલાંના થોડા દિવસોની પરિસ્થિતિના વર્ણનની સાથે સાથે આ કૃતિઓથી ઉત્પન્ન થતા ભાવોને પોતાની લાક્ષણિક શૈલીમાં સમજાવ્યા હતા.

વિલાયતથી તેઓ પાછા ફર્યા ત્યારે દેશમાં નવેસરથી તાવણી માટેનું વાતાવરણ તૈયાર થઈ ગયું હતું. એ વાતાવરણના સંદર્ભમાં મહાદેવભાઈએ વિદેશયાત્રા પહેલાં કરેલું પેલી બે કલાકૃતિઓનું રસદર્શન હજી વધારે અર્થસભર બની જાય એમ છે.

ભાઈ કનુ દેસાઈએ દાંડીના યાત્રીનું ચિત્ર દોર્યું તેની પાસે જીવંત ચિત્ર હતું, તેને એણે પીંછીથી ઉતારીને ચિરંજીવ દૃશ્યચિત્ર કરી મૂક્યું. આ ચિત્રની કથા કોઈ ભૂલી જાય, અને મેઘાણીજીનું 'છેલ્લો કટોરો' નામનું બાપુને વિદાયનું કાવ્ય — જે એ ચિત્રની સાથે છપાયું છે તે — લઈને બેસે તો ક્ષણ વાર કોકને પ્રશ્ન થાય કે આ ચિત્ર ઉપરથી કાવ્ય સ્ફુર્યુ હશે કે કાવ્ય ઉપરથી ચિત્ર સ્ફુર્યું હશે!

મને લાગે છે કે ગાંધીજીની આ વિલાયતયાત્રા ભાઈ કનુ દેસાઈનું ચિત્ર વધારે સાર્થ કરે છે. એ ચિત્રમાં જે ગંભીર કરુણાની છાયા છે તે દાંડીયાત્રા કરતાં વિલાયતયાત્રાને વધુ લાગુ પડે છે. પણ ચિત્ર જોઈને રીઝીએ, જોયા કરીએ, કંઈક અંદરના ભાવની કલ્પના કરીએ; પણ કાવ્યની લહેજત જુદી છે. મેઘાણીના કાવ્યને વાંચતાં તો જાણે મેઘાણીનો આત્મા ગાંધીજીના [વિલાયત જતાં પહેલાંના] છેલ્લા પંદર દિવસનો સતત સાક્ષી રહ્યો હોય એમ પ્રતીત થાય છે. ૧૧મી ઑગસ્ટે હૉટસનસાહેબનો કાગળ આવ્યો ત્યારથી માંડીને તે ૨૭મીએ સિમલાથી નીકળ્યા ત્યાં સુધીનું દરેક પગલું જાણે મેઘાણીજીએ ક્યાંક છુપાઈને — પેલી આપણી પ્રાચીન વાર્તાઓનો અંધારપછેડો ઓઢીને — જોયા કીધું હોય એમ લાગે છે:

અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું;
ધૂર્તો દગલબાજો થકી પડિયું પનારું;
શત્રુ તણે ખોળે ઢળી સુખથી સુનારું;
આ આખરી ઓશીકડે શિર સોંપવું, બાપુ!
કાપે ભલે ગર્દનઃ રિપુ-મન માપવું, બાપુ!
છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ!
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ![33]

વિલાયત જતાં પહેલાં લખાયેલા આ ગીતની સાર્થકતા સ્વદેશ પાછા ફરતા

ગાંધીજીનું બ્રિટિશ સરકારે જે રીતે સ્વાગત કર્યું તેનાથી વધુ કરુણ-કઠોર રીતે પ્રતીતિ થતી હતી.

નોંધ:

૧. गाधींजीनो अक्षरदेह – ४८ : पृ. ४४९.

૨. દિલીપકુમાર રૉય.

૩. પબ્લિકેશન્સ ડિવિઝનઃ रोमा रोला अॅन्ड गाधी कॉरस्पोन्डन्सः पृ. ૩. અનુવાદઃ નારાયણ દેસાઈ.

૪. બધી માહિતી એજન પૃ. ૩થી ૨૨માંથી સારવીને.

५. महादेवभाईनी डायरी – ६ : पृ. १६.

૬. સને ૧૯૨૬ અને ૧૯૨૮ महादेवभाईनी डायरी – १२ : पृ. ८८नी પાદટીપ ૨.

૭. महादेवभाईनी डायरी – १५ : पृ. ४२५.

૮. એજન, પૃ. ૪૨૪.

૯. महादेवभाईनी डायरी – १५ : पृ. ૪૨૬થી ૪૩૩માંથી સારવીને.

૧૦. એજન, પૃ. ૪૩૩.

૧૧. એજન, પૃ. ૪૩૩.

૧૨. એજન, પૃ. ૪૩૬થી ૪૩૮માંથી સારવીને.

૧૩. એજન, પૃ. ૪૩૯.

૧૪. પબ્લિકેશન્સ ડિવિઝનઃ रोमा रोला अॅन्ड गाधी कॉरस्पोन्डन्सः पृ. ૧૯૮. અનુવાદઃ નારાયણ દેસાઈ.

૧૫. લીઝાં જિનીવ સરોવરકાંઠે આવેલ એક ગામ છે. ત્યાં ૮–૧૨–'૩૧ને રોજ ગાંધીજીએ ત્રણ સભાઓ કરી હતી. આ સભા એક દેવળમાં ભરાઈ હતી.

૧૬. महादेवभाईनी डायरी–१५: पृ. ४८१.

૧૭. એજન, પૃ. ૪૮૨.

૧૮. એજન, પૃ. ૪૮૪–૪૮૫.

૧૯. પબ્લિકેશન્સ ડિવિઝનઃ रोमा रोला अॅन्ड गाधी कॉरस्पोन्डन्सः पृ. ૪૫૩. અનુ. નારાયણ દેસાઈ.

૨૦. એજન, પૃ. ૪૫૫.

૨૧. એજન, પૃ. ૪૭૫.

૨૨. महादेवभाईनी डायरी – १५ : પૃ. ૪૮૬.

૨૩. એજન, પૃ. ૪૯૦.

૨૪. અર્થાત્ મુસોલિની પોતે.

૨૫. એટલે અમારે ઊભા જ રહેવું એવી ગોઠવણ હશે.

૨૬. महादेवभाईनी डायरी – १५ : પૃ. ૪૯૧થી ૪૯૫.

૨૭. એજન, પૃ. ૪.

૨૮. એજન, પૃ. ૪૯૧.

૨૯. એજન, પૃ. ૪૯૮. ભારત પહોંચતાં ગાંધીજીએ એ વચન પૂરું કર્યું હતું.

૩૦. એજન, પૃ. ૪૯૮થી ૫૦૦.

૩૧. એજન, પૃ. ૫૧૫.

૩૨. કુમારી મ્યૂરિયેલ લેસ્ટર: गाधींजीनी युरोपयात्राः પ્રસ્તાવના, પૃ. ૩.

૩૩. महादेवभाईनी डायरी – १५ : પૃ. ૪.

# તેત્રીસ – દાસ, ખેડૂત અને હમાલ

મુંબઈ બંદરે ઊતરતાં જ હિંદની ક્રૂર હકીકતો ગાંધીજી, મહાદેવભાઈ અને તેમની મંડળીની સામે મોં વકાસીને ઊભી હતી.

ખાલી હાથે ગોળમેજી પરિષદમાંથી પાછા આવતા ગાંધીજીનું ભારતના લોકોએ અપૂર્વ પ્રેમ અને ઉત્સાહથી સ્વાગત કર્યું. ઇતિહાસનું ભાગ્યે જ ક્યાંય કોઈ દેશના નેતાનું વાટાઘાટોમાંથી કશું મેળવ્યા વિના આવવા છતાંય પોતાના દેશમાં આટલા ઉમળકાથી સ્વાગત થયું હશે. લોકો જાણતા હતા કે ગાંધીજી પૂર્ણ સ્વરાજની માગણી લઈને ગયા હતા અને કશું જ લીધા વિના પાછા આવ્યા હતા. પણ કોઈનાયે સમજાવ્યા વિના, હૈયાસૂઝથી જ લોકો જાણતા હતા કે ગાંધીજી વિલાયતમાં દેશનું સ્વમાન અને ગૌરવ વધારીને આવ્યા હતા. જ્યાં એક બાજુ ખુશામતખોરોનું ટોળું એકઠું થયું હતું અને પોતપોતાના સાંકડા સ્વાર્થો ખાતર પ્રતિનિધિઓ એકબીજા સાથે ગળાકાપ હરીફાઈમાં ઊતરતા હતા, ત્યાં બીજી બાજુ આ એકલ પુરુષે આખા રાષ્ટ્રનો અવાજ બુલંદ કર્યો હતો અને સાચું હિંદ તો એનાં ગામડાંમાં, એના ગરીબ લોકોમાં, એના અંતિમ જનોમાં વસે છે એ વાતની પ્રતીતિ ઇંગ્લંડની જનતા તથા સામ્રાજ્યના પ્રતિનિધિઓને ગૌરવભેર કરાવી આપી હતી. એણે અરજીઓ નહોતી કરી, એ કરગર્યો નહોતો, એણે પોતાની જાત, ધર્મ કે પક્ષને સારુ નહીં પણ આખા દેશને સારુ દાવો કર્યો હતો, તે દેશની જનતા સમજી ગઈ હતી, તેથી ઉપર ઉપરથી હારીને આવેલા નેતાનો સ્વદેશાગમન વેળાએ વિજયોત્સવ ઊજવાઈ રહ્યો.

જે સરકારના પ્રતિનિધિઓએ સંધિ થતાંની સાથે જ એને તોડી હતી, જેમને એની સત્તાનો મદ હતો, તેમને માટે અહિંસાના આ પૂજારીની વાણી જીરવવી આકરી થઈ

પડતી હતી. તેથી તે વિદેશથી પાછો ફરે તે પહેલાં જ સરકારે પોતાનો ગર્વોન્મત્ત હુંકાર સંભળાવવાની તૈયારી કરી રાખી હતી.

ગાંધીજીના વિદેશ જતાં પહેલાં જ જે વટહુકમોનો દોર શરૂ થઈ ચૂક્યો હતો તે એમના પાછા આવતાં પહેલાં વધુ વ્યાપક બની ચૂક્યો હતો. ઠેર ઠેર ગિરફતારીઓ પણ થઈ રહી હતી. વાયવ્ય સરહદ પ્રાંતમાં એના ખુદાઈ ખિદમતગારોની અહિંસક સેનાથી સરકાર જાણે વધારે ભડકી ઊઠી હોય એમ લાગતું હતું. ત્યાં શાંત સરઘસો પર બેફામ ગોળીબાર થયા હતા. ગાંધીજીના આવતાં પહેલાં જ સરહદ પ્રાંતમાં ખાન અબદુલ ગફ્ફારખાનને ગિરફતાર કરવામાં આવ્યા હતા. ગાંધીજીનું સ્વાગત કરવા અને કૉંગ્રેસ કારોબારીની બેઠકમાં હાજરી આપવા સારુ જવાહરલાલજી અલાહાબાદથી નીકળતા હતા ત્યારે તેમની રસ્તામાં જ ગિરફતારી કરવામાં આવી હતી.

ગાંધીજીએ એક તાર દ્વારા આ બાબતમાં વાઇસરૉય પાસે વિરોધ નોંધાવ્યો અને સરકાર દ્વારા કરવામાં આવેલાં કામોએ તેમના અને વાઇસરૉય વચ્ચેના મૈત્રીસંબંધોનો અંત સૂચવે છે કે શું એવી શંકા ઉઠાવી હતી. કૉંગ્રેસને પોતે શી સલાહ આપવી એ બાબત માર્ગદર્શન આપવા વાઇસરૉય તેમને મળવા ઇચ્છશે કે કેમ એ પુછાવ્યું હતું. વાઇસરૉયે તો એમના તારનો જાતે ઉત્તર આપવો પણ જરૂરી નહોતો માન્યો. તેમના મંત્રીએ એ આશયનો તાર કર્યો હતો કે ગોળમેજી પરિષદમાં જે સહકારની વૃત્તિ દર્શાવવામાં આવી છે તે ટકાવી રાખવા ગાંધીજી પોતાની લાગવગનો કેવી રીતે ઉપયોગ કરી શકે તેની ચર્ચા કરવા તો વાઇસરૉય ગાંધીજીને મળી શકે, પણ વટહુકમો બાબત કશી ચર્ચા કરવાની એમની તૈયારી નહોતી.

આવા તંગ વાતાવરણમાં કૉંગ્રેસ કારોબારીની બેઠકો મુંબઈમાં મળી. એમાં કૉંગ્રેસ કારોબારીએ સરકારે સંધિનો ભંગ કરીને નિર્માણ કરેલી પરિસ્થિતિ સામે રીતસર લડત આપવાનો એક કાર્યક્રમ ઘોષિત કર્યો.

આ દિવસો દરમિયાન છાપાંના ખબરપત્રીઓ ગાંધીજીને રોજ મળતા. વિનીત પક્ષના લોકોને આશા હતી કે હજી કાંઈક સમાધાન થઈ શકશે. તેથી તેમણે ગાંધીજીને તરતોતરત સાબરમતી ન જવા આગ્રહ કર્યો. સરદાર વલ્લભભાઈ પણ ગાંધીજી રોકાઈ જાય એમ ઇચ્છતા હતા એટલે ગાંધીજી મુંબઈ રોકાયા. પણ ચોથી જાન્યુઆરી, ૧૯૩૨ની વહેલી સવારે ગાંધીજી અને સરદારને ગિરફતાર કરી લેવામાં આવ્યા.

ત્રણ દિવસ બાદ મહાદેવભાઈને સાબરમતીથી ગિરફતાર કરવામાં આવ્યા. એ

વખતનું વાતાવરણ જ એવું જોશભરેલું હતું કે આશ્રમનાં બાળકો પોતાના વડીલોની ધરપકડ થાય તો ગર્વ અનુભવતાં, સાત વરસના બાબલાએ પિતા પોલીસ વાનમાં ચડતા હતા ત્યારે એમ કહીને વિદાય આપી કે, 'કાકા, આ વખતે બે વરસથી ઓછી સજા ન મળવી જોઈએ!'

૭–૧–'૩૨ની વહેલી સવારે મહાદેવભાઈની સાબરમતી આશ્રમમાંથી ધરપકડ કરવામાં આવી. પણ ૪–૨–'૩૨ને રોજ સાબરમતી જેલમાંથી છોડીને દરરોજ સાંજે પોલીસમાં હાજરી આપવાની નોટિસ એમની ઉપર બજાવવામાં આવી. તેમણે આ નોટિસનો અનાદર કર્યો. એટલે તે દિવસે રાત્રે એમની ફરી ધરપકડ કરવામાં આવી. બીજે દિવસે એમને દોઢ વરસની કેદ અને બસો રૂપિયા દંડની સજા થઈ, અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની કેદની સજા ફરમાવવામાં આવી. શરૂમાં એમને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા, પણ ૧૮–૨–'૩૨ના રોજ એમની નાશિક જેલમાં બદલી થઈ.

મહાદેવભાઈએ ત્રીજી જાન્યુઆરીની ડાયરીમાં ગાંધીજીની ધરપકડ થઈ ત્યાં સુધીની નોંધ કરી છે. તેમાં એક વાત પર પ્રકાશ ફેંક્યો છે કે ગાંધીજીની ગિરફતારીની તૈયારી તો પહેલેથી જ કરવામાં આવી હોવી જોઈએ, કારણ, ગવર્નરના સચિવ મિ. મૅક્સવેલે પોલીસવડાને આ બાબતમાં લખેલા કાગળમાં તારીખ જ નહોતી! ગાંધીજીનો મૌનવાર હતો, પણ તેમણે બે સંદેશાઓ લખીને આપ્યા. પહેલો સંદેશો મજૂર ભાઈઓને સારુ — જેમને ગમે તેટલી ઉશ્કેરણી થાય તોયે શાંતિ જાળવવા ખાસ વિનંતી કરી હતી અને બીજો સંદેશો, વેરિયર એલ્વિન મારફત અંગ્રેજોને ઉદ્દેશીને લખ્યો. ગાંધીજીએ એમને કહેવડાવ્યું કે તેઓ તેમને પોતાના દેશબંધુઓ જેટલા જ ચાહે છે અને તેમણે કદી કોઈ કામ એમના પ્રત્યે ધિક્કાર કે તિરસ્કારથી કર્યું નહોતું. પોતાનાં સગાંવહાલાં જેવું વર્તન એમની જોડે રાખ્યું હતું.

મહાદેવભાઈ જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં અમદાવાદ હતા ત્યારે તેમણે ત્યાંના વેપારી મહાજનોને એક પત્ર લખી વેપારીઓએ આંદોલનને જે ટેકો આપ્યો હતો તે બદલ હર્ષ પ્રગટ કરી બ્રિટિશ માલનો બહિષ્કાર કરી આ આંદોલનને ટેકો આપવાની અપીલ કરી હતી.

નાશિક જેલમાં જતાંની સાથે જ મહાદેવભાઈએ ગીતા પર ચિંતનમનન શરૂ કરી દીધું એમ એમની તે દિવસોની ડાયરી જોતાં લાગે છે.

પરંતુ એમના આનંદાશ્ચર્ય સાથે મહાદેવભાઈને ૧૦–૩–'૩૨ને રોજ નાશિક જેલથી

ખસેડીને યરવડા જેલમાં ગાંધીજી અને સરદાર પાસે લાવવામાં આવ્યા. ૧૦–૩–’૩૨ની એમની ડાયરીનું પહેલું પાનું મહાદેવભાઈનું અંતરંગ પ્રગટ કરે છે:

‘हरिः ओम श्री सद्गुरवे नमः।’

૧૦–૩–’૩૨

સ્વપ્ને પણ આ દિવસ મારા નસીબમાં હશે એવો ખ્યાલ નહોતો. હા, એક દિવસ નાશિકમાં એવું સ્વપ્નું આવેલું ખરું કે હું યરવડામાં છું. એકાએક બાપુ પાસે મને લઈ જવામાં આવ્યો અને બાપુના પગે પડી મેં રોવા માંડ્યું, તે કેમે કરી આંસુ ખાળ્યાં ખળાય જ નહીં. રોચે સવારમાં આવીને કહ્યું કે, ‘ચાલો તમારી બદલી છે. એક કલાકમાં તૈયાર થાઓ.’ મેં પૂછ્યું: ‘ક્યાં?’

તો કહે: ‘તું જાણીને ખુશ થશે અને મને ધન્યવાદ દેશે, પણ મારાથી કહેવાય એમ નથી.’ મેં ડૉક્ટર ચંદુલાલને મળવાની માગણી કરી, પણ રજા ન મળી. નવ વાગ્યે નાશિકથી બેઠા. મારી સાથે જે પોલીસ હતા તે જ વિઠ્ઠલભાઈને થોડા દિવસ ઉપર અહીં મૂકી ગયા હતા. એમાંના એક પોલીસનું જૂનું ઓળખાણ. લૉર્ડ રેડિંગને બાપુ મળવા ગયા ત્યારે — તારીખ પણ એ માણસને યાદ હતી: ૧૭મી જૂન, ‘૨૦ — એ સર ચાર્લ્સ ઇન્સનો બટલર હતો. પછી યૂબેન્ક, રા. સા. ગુણવંતરાય દેસાઈ વગેરે સાથે રહીને પોલીસમાં જોડાયો! એણે મને સિમલામાં જોયેલો. વિઠ્ઠલભાઈને ત્યાં પણ જોયેલો. એની યાદશક્તિ પણ ખરી!

જ્યારે અકબરઅલીએ સાબરમતીમાં ભેટીને આંખ ભીની કરી, અને પોતાની કોટડીમાં બંધ થઈને કહ્યું: ‘મારી દુવા છે કે તમને ગાંધીજી સાથે રાખશે.’ ત્યારે મને થયેલું: ‘તારી દુવા તો હોય, પણ મારું નસીબ ક્યાંથી લાવું?’ એણે કહેલું: ‘લેકિન ફિર ભી મેરી દુવા હૈ.’ અકબરઅલીને વિશે કેવું કેવું સાંભળેલું? પણ એણે મુહબ્બત બતાવવામાં બાકી ન રાખી, અને એની દુવા જ ફળી!

અમે માર્ટિનની સાથે ગોઠવણ કરી આવ્યા છીએ એમ બધાને પ્યારેલાલે તો નાશિકમાં કહેલું. એ પણ મને ગપ્પું લાગેલું. એયે સાચી વાત.

દરવાજા ઉપર જરા કડવો આવકાર મળેલો એટલે ધારેલું કે મારી નાશિકથી પેલાએ ટાઢે પાણીએ ખસ કાઢવા બદલી કરી લાગે છે, અને બાપુનાં દર્શન નથી જ થવાનાં. ત્યાં તો કટેલી હસતા હસતા આવ્યા, અને કહે કે ચાલો મારી સાથે. અમને આજે જ ચાર વાગ્યે ખબર મળ્યા છે કે તમને અમારે મહાત્માજી સાથે રાખવાના છે! બાપુના

ચરણ ઉપર માથું મૂક્યું ત્યારે બાપુને આશ્ચર્ય થયું, વાંસા ઉપર, માથા ઉપર, ગાલ ઉપર ખૂબ થપાડો મારી. આટલું વહાલ બાપુએ કદી કર્યું નથી. હું કૃતજ્ઞતામાં અને મારી અયોગ્યતાના ભાનમાં ડૂબી ગયો. બાપુની અને સરદારની પાસેથી જાણ્યું કે મને અહીં લાવવામાં સર પુરુષોત્તમદાસનો પણ હાથ છે. ડાહ્યાભાઈ તો ગઈ વખતે કહી ગયેલા કે ...એ કરવાનું કરી દીધું છે.૧

ગાંધીજી, સરદાર અને મહાદેવભાઈ ગાંધી-અર્વિન કરાર થયા પછી એનો અમલ કરાવવા ખેડા અને બારડોલીમાં સાથે ફરેલા. ત્યાર બાદ લગભગ એક વર્ષે આ ત્રિમૂર્તિ ભેગી થઈ હતી. ચાર માસ બાદ ગાંધીજીએ એક સેલમાં રહેતા આ ત્રણ જણ વિશે ગંગાબહેન વૈદ્યને એક પત્રમાં લખ્યું:

'અહીં તો એક દાસ છે, એક ખેડૂત છે અને એક હમાલ છે. આવી મૂર્તિઓ સોનેરી સાજ પહેરવા બેસે તો તેને ગામડામાં છોકરાં કાંકરા મારે, ને તે બરોબર હોય.'૨

ગોળમેજી પરિષદના મધ્યાન્તર બાદ સ્વાતંત્ર્યયુદ્ધ પાછું શરૂ થઈ ગયું હતું. સરકાર તરફે એની ઢબની તૈયારીઓ અપરિમિત હતી. નેતાઓ ગિરફતાર હતા. સૈનિકોને સતાવવામાં આવતા હતા. પ્રજા પર ધાક બેસાડવામાં આવતી હતી. વિનીત વિચારોવાળા બૌદ્ધિકોને વાટાઘાટોમાં ગૂંચવવામાં આવતા, પ્રચાર-માધ્યમોમાંથી ઘણાને વશમાં રાખી પોતાને અનુકૂળ પ્રચાર કરવામાં આવતો. ઇંગ્લંડમાં અને બીજા દેશોમાં એકતરફી પ્રચાર થાય એની પૂરી કોશિશ કરવામાં આવતી હતી અને એકહથ્થુ આપખુદ સત્તાને કાયદો અને વ્યવસ્થાના વાઘા પહેરાવવા સારુ થોકબંધ વટહુકમો છોડવામાં આવ્યા હતા.

સત્યાગ્રહીઓ તરફે લાંબી લાંબી જેલો ભોગવવા સિવાય બીજો ઝાઝો અભિક્રમ રહ્યો નહોતો. ઠેકઠેકાણે સંખ્યાબંધ સત્યાગ્રહીઓ જાતજાતનાં કષ્ટો વેઠીને પોતાની શ્રદ્ધા અને આત્મવિશ્વાસનો પરિચય આપતા હતા. ૧૯૩૨ની શરૂઆતની મોટી ભરતી બાદ વર્ષના પાછલા મહિનાઓમાં આંદોલનમાં થોડી ઓટ આવી ગઈ હતી. પ્રજા હેબતાઈ ગઈ હતી. એની સહાનુભૂતિ આંદોલન સાથે હતી, પણ પોતે પોતાના હાથમાં દોર સંભાળે એવો અભિક્રમ એની પાસે નહોતો.

તે વખતે આંદોલનનું મુખ્ય મથક યરવડા મંદિરમાં હતું અને એ મુખ્ય મથકનાં મુખ્ય પાત્રો ગાંધીજીના શબ્દોમાં કહીએ તો આ જ દાસ, ખેડૂત અને હમાલ હતા. ત્રણેયનાં દિલમાં દેશભક્તિનો દાવાનળ સળગતો હતો, ત્રણેયના મસ્તિષ્કમાં ચિત્તશુદ્ધિનો

હિમાલય શોભતો હતો. ત્રણેયને જેલ બહાર હોત તો આટલી નવરાશ કદી ન મળત. પણ જેલની અંદર ક્ષણેક્ષણનો તેઓ ઉપયોગ કરતા. જીવનને તેઓ વિધાયક દૃષ્ટિએ જોતા તેથી બહારની પરિસ્થિતિ વિશે વાંચી કે સાંભળીને તેમનાં દિલ વલોવાઈ જતાં, તે છતાં તેઓ પ્રસન્નતાથી દિવસો કાપતા હતા. ત્રણેય માનતા હતા કે તપશ્ચર્યા દ્વારા આત્મશુદ્ધિનો સીધો અનુબંધ સ્વરાજ્ય સાથે છે. તેથી જેલ-જીવનની તપસ્યા તેમને વધાવી લેવા જેવી લાગતી. ત્રણેય આમ સ્થિર બેસવાનો યોગ પ્રાપ્ત થવાથી પોતપોતાની રીતે ચિંતન, મનન અને સ્વાધ્યાય દ્વારા પોતાની હૃદ્તંત્રીને ઉત્તરોત્તર વધુ સજ્જ કર્યે જતા હતા. એમ તો ત્રણેયની એક ટીમ હતી, તેથી નિરંતર એકબીજાની સંભાળ રાખતા હતા. છતાં ત્રણેયની પ્રકૃતિ ભિન્ન ભિન્ન હતી, તેથી પ્રવૃત્તિ પણ અમુક અંશે ભિન્ન થતી. આપણે એને જરા નજીકથી તપાસીએ. મહાદેવભાઈની ડાયરીએ આ જીવન પર અસાધારણ પ્રકાશ પાડ્યો છે.

મહાદેવભાઈનો સ્વધર્મ હતો ગાંધીજીના જીવનને દુનિયા આગળ છતું કરવાનો. એમ તો મહાદેવભાઈને ગાંધીજી સાથે આ જેલમાં લાંબા ગાળા સુધી રાખવામાં આવ્યા હતા, પણ આપણે આ પ્રકરણમાં એમના કોમી ચુકાદા વિરુદ્ધના ઉપવાસ સુધીની વાત જ લેવા માગીએ છીએ. તેથી ૧૦–૩–’૩૨થી ૨૬–૯–’૩૨ સુધીના કાળમાં મહાદેવભાઈએ ગાંધીજીનું જે જીવન નિહાળ્યું તેનો જ કેટલોક અંશ આપણે અહીં આપીશું.

મહાદેવભાઈને જ્યારે નાશિક જેલમાંથી ખસેડીને યરવડામાં લાવવામાં આવ્યા તે પહેલાંથી જ ગાંધીજીના મનમાં સરકાર ‘કોમી ચુકાદા’માં અસ્પૃશ્યોને અલગ મતદારમંડળ આપવાની વાત કરતી હતી તેનો સખત વિરોધ કરવાનો વિચાર પ્રબળપણે કામ કરી રહ્યો હતો. એ અંગે તેમણે ભારતીય વજીર સેમ્યુઅલ હોરને ૧૯૩૨ના માર્ચ માસની ૧૧મી તારીખે એક પત્ર પણ લખ્યો હતો. અને તેમાં તેમને યાદ દેવડાવ્યું હતું કે ગોળમેજીમાં પોતે કહ્યું હતું કે અલગ મતદારમંડળનો પ્રાણપણે વિરોધ કરશે, તે વાત ક્ષણિક આવેશમાં કહી નહોતી. તે કાંઈ વાતોનાં વડાં નહોતાં.

ખબરઅંતર પૂછ્યા પછી ગાંધીજી એ વિષય પર આવી જાય છે. ‘વલ્લભભાઈએ તને કાંઈ કહ્યું કે નહીં?’ વલ્લભભાઈ કહે છે, ‘એને ખાવા તો દો, પછી વાતો કરીએ.’ ભોજન પછી એ પત્ર મહાદેવને બતાવવામાં આવે છે અને એમનો અભિપ્રાય પૂછવામાં આવે છે. તેમને ગાંધીજીની આખી દલીલ શુદ્ધ લાગે છે, અને તેઓ અનુમાન કરે છે કે કદાચ વલ્લભભાઈ કૉંગ્રેસ-પ્રમુખ તરીકે ગાંધીજીને ઉપવાસ કરવા જેવા પ્રશ્ન અંગે

સંમતિ કેમ આપી શકે, એમ વિચારતા હશે. પણ ગાંધીજી કહે છે કે વલ્લભભાઈ સાથી તરીકે સંમતિ નથી આપી શકતા. અને છેવટે તેમની જોડેના પોતાના સંબંધો અંગે કહે છે: 'મેં વલ્લભભાઈને ધાર્મિક રીતે વિચાર કરતા કલ્પ્યા નથી. એમણે તો રાજદ્વારી રીતે જ વિચાર કર્યો, અને એ બરાબર છે. મારો અને વલ્લભભાઈનો સંબંધ પણ ધાર્મિક ન કહેવાય. જ્યારે તમારી સાથેનો સંબંધ ધાર્મિક કહેવાય. વલ્લભભાઈની મુશ્કેલી તો એ છે કે આનો અનર્થ થશે. પેલા કહેશે કે એ તો ગાંધી એવો જ માણસ છે, ગાંડો થયો છે, ગાંડપણ કરવા દો... હું ગાંડો ગણાઉં અને મરી જાઉં તેમાં શું ખોટું? તો મને કૃત્રિમ રીતે મહાત્માપણું મળેલું હશે તે ખલાસ થઈ જશે.'૩ પછીના સાત માસ ગાંધીજીના અનશનનો વિચાર આ ત્રિપુટી પર છાયેલો રહે છે. પરંતુ આ ત્રણેની માનસિક ભૂમિકા એવી છે કે છેવટ સુધી પોતપોતાની રીતે, ચિત્તને ક્ષુબ્ધ કર્યા વિના, અને સદા કલ્લોલમાં રહેતાં પોતાનું તપ નિરંતર ચાલુ રાખે છે.

ગાંધીજી ઉપવાસનો વિચાર હમેશાં અંતરાત્માની પ્રેરણાથી જ કરતા, તેથી તેઓ એ બાબત ચર્ચાવિચારણાને ઝાઝો અવકાશ રહેવા દેતા નહીં, એ આપણે આગળ ઉપર ૧૯૨૪ના હિંદુ-મુસ્લિમ એકતાના પ્રશ્ન અંગે કરેલા ઉપવાસ વખતે જોઈ ગયા છીએ. માત્ર આ ઉપવાસને એક અર્થમાં તેઓ સરકારને આપેલ 'આખરીનામું' સમજતા હતા, તેથી તેમણે એ વિશે ચર્ચાવિચારણાનો અવકાશ રાખ્યો હતો. અને આટલા અવકાશની સીમા વચ્ચે આ ત્રણેનું દૈનિક જેલ-જીવન પોતપોતાની રીતે સ્વતંત્ર, પણ પરસ્પર સંકળાયેલું એવું વ્યતીત થતું હતું.

ગાંધીજીને જેલના યુરોપિયન વૉર્ડમાં રાખવામાં આવ્યા હતા. એમને ખાવાપીવાની પણ વિશેષ છૂટ આપવામાં આવી હતી. બિનરાજકારણી એવા વિષયો પર ગમે તેટલા પત્ર લખવાની પણ છૂટ આપવામાં આવી હતી. તેથી ગાંધીજીની એક મુખ્ય પ્રવૃત્તિ બહારના લોકોને તેમ જ છૂટ મળી ત્યારે જુદી જુદી જેલોમાં પડેલા કેદીઓ સાથે પત્રવ્યવહાર કરવાની હતી. આ પત્રોમાં સિંહભાગ આશ્રમવાસીઓ સાથેનો હતો. અઠવાડિયે એક દિવસ તેઓ આશ્રમ પત્ર લખતા. વલ્લભભાઈએ એને 'હોમવર્ડ મેલ ડે' એવું નામ આપ્યું હતું. મહાદેવભાઈના આવ્યા પછી ગાંધીજીએ ઘણા પત્રો એમની મારફત લખાવવા માંડ્યા. અલબત્ત, આશ્રમવાસીઓમાં ઘણા એવા હતા, જેને પત્રો બાપુના હાથના જ જોઈએ અને બાપુને પણ ઘણાને પોતાના હાથે જ પત્ર લખવાથી સંતોષ થાય. પણ છતાંયે એટલું તો નક્કી કે મહાદેવભાઈના આવવાથી ગાંધીજીનો પત્રો

લખવાનો શ્રમ થોડો ઘટી ગયો અને પત્રો વધુ સંખ્યામાં અને વધુ લંબાણથી લખાવવાનો ગાંધીજીનો ઉત્સાહ વધી ગયો હતો. અલબત્ત, આ બધા પત્રોને પણ મહાદેવભાઈ તો ‘બાપુએ આજે ૪૨ પત્ર લખ્યા કે ૪૦ લખ્યા’ એમ જ કહેતા. મહાદેવભાઈનું વધારાનું કામ એ રહેતું કે આ સંખ્યાબંધ પત્રોમાંથી ઘણાનો સાર તેઓ ડાયરીમાં લખી લેતા; ઘણાનાં અગત્યનાં વાક્યો ટપકાવતા, કેટલાકની પૂરી નકલ રાખતા. કેટલાક પત્રોની નોંધ કરતા પહેલાં આવેલા પત્રોનો સાર પણ લખી લેતા. જેલવાસનો કાળ તો પ્રમાણમાં મહાદેવભાઈને સારુ ‘આરામ’નો કાળ હતો તેથી આ બધું એમને સારુ સહજ થઈ પડતું. ગાંધીજીના જીવનમાં જેટલી સર્વગ્રાહી વ્યાપકતા હતી તેટલી આ પત્રોમાં વિવિધતા આવતી. તેમાં આશ્રમનાં બાળકોને લખેલ હળવા પત્રોથી માંડીને જીવનના મર્મ વિશે કોઈ સાધક જોડે ચર્ચાયેલા ગંભીર વિષયો સુધીના, કાંતણ-પીંજણના તકનીકી પ્રશ્નો કે આરોગ્ય વિશેના કોયડાઓથી માંડીને સત્યાગ્રહના કલાકૌશલ્ય સુધીના વિષયોનો સમાવેશ થઈ જાય. ગાંધીજીની તર્ક કરવાની રીત એમની આગવી જ હતી — ખાસ કરીને નૈતિક કે આધ્યાત્મિક બાબતોમાં. દાખલા તરીકે:

જીવન સંયમપરાયણ બનાવવાની યોજના ઘડતી વખતે એક ક્ષણ પણ એ વસ્તુનું વિસ્મરણ ન થવું જોઈએ કે આપણે બધા જ પરમાત્માના અંશ છીએ અને તેથી એનો સ્વભાવ આપણામાં રહેલો છે. અને પરમાત્માને વિશે સ્વચ્છંદ જેવી વસ્તુ હોઈ જ ન શકે. એટલે સાબિત થાય છે કે સ્વચ્છંદ માનવસ્વભાવને પણ પ્રતિકૂળ છે.૪

એક યુવતીએ સૌંદર્યની સ્તુતિ વિશે પ્રશ્ન કર્યો. કૉલેજમાં કોઈક યુવકને જોઈને તેના સૌંદર્યની સ્તુતિ કરેલી અને જવાહરલાલની ખૂબસૂરતી પર તે ફિદા હતી એમ પણ તેણે ગાંધીજીને જણાવ્યું હતું. મહાદેવભાઈના શબ્દોમાં:

બાપુએ ત્રણ વાક્યોમાં સૌંદર્યસૂત્ર કથ્યાં: ‘સૌંદર્યની સ્તુતિ થવી જ જોઈએ. પણ તે મૂક સારી. અને ‘तेन त्यक्तेन भुंजीथाः।’ આકાશનું સૌંદર્ય જેને હર્ષ ન પમાડે તેને કંઈ નથી ગમવાનું એમ કહી શકાય. પણ જે હર્ષઘેલા થઈ નક્ષત્રમંડળને પહોંચવાની સીડી બાંધવાનો આદર કરે તે મૂર્છિત છે.૫

ગાંધીજી એટલે અનુભવોનો ભંડાર. એ અનુભવો વિશે કોઈ કોઈ વાર વાત કરે એ સ્વાભાવિક હતું. અને એવી વાતોને ટપકાવી લેવી એ મહાદેવભાઈનો જાણે કે સ્વધર્મ હતો. કાગળો લખાવતાં મહાદેવભાઈને કહે:

તમે કિચનનું નામ સાંભળેલું ના? એ કહેતો હતો કે 'તું એકે વસ્તુ એવી નથી કરતો કે જેનું કારણ ન હોય.' મેં [મહાદેવભાઈએ] કહ્યું: 'મેં એ જ વસ્તુ આપને વિશે અનેક વાર કહી છે. જેની એક પણ પ્રવૃત્તિ વ્યર્થ નથી તે કારણ વિના કશું જ ન કરે.' પછી બાપુ કહે: 'વાત સાચી છે, નાક અમુક રીતે અને અમુક જગ્યાએ કેમ નસીક્યું એમ મને કોઈ પૂછે તો તેનું કારણ આપી શકું.'૬

કસ્તૂરબાને 'સી' ક્લાસ આપવામાં આવ્યો છે જાણી ગાંધીજીનો પહેલો પ્રતિભાવ તો ગર્વનો થયો. સત્યાગ્રહીને તો તાવણીથી હર્ષમિશ્રિત ગર્વ જ થાય ને? પણ પછી એમના માનવીય ભાવો જાગ્યા. 'સાઠ વર્ષની ડોસીને સખત મજૂરી આપતાં એને શરમ નહીં આવી હોય!' વલ્લભભાઈને હસતાં હસતાં કહે: 'તમને "સી" મળવો જોઈતો હતો.' વલ્લભભાઈ કહે: 'મને કૅમ્પ જેલમાં મોકલે તો બહુ રાજી રાજી થાઉં.'૭

સત્યાગ્રહીથી બહારના લોકોને મળવાનો આગ્રહ ન રાખી શકાય એમ ગાંધીજી માનતા, પણ જેલી ભાઈબહેનોની સ્થિતિની ખબર રાખવી એને માત્ર અધિકાર નહીં, પણ કર્તવ્ય માનતા. તેથી એ વિશે તેમની અનેક વાર જેલ અધિકારીઓ જોડે રકઝક ચાલતી.

કરાંચીની જેલમાં કેદીઓને રાષ્ટ્રીય ધૂનોના પોકાર માટે ફટકા પડ્યા, અને તેનો બચાવ કરનારી નોંધ જિલ્લા મૅજિસ્ટ્રેટે બહાર પાડી તેનાથી ગાંધીજીનું હૈયું વલોવાઈ ગયું. જોકે માલવિયાજી અને સરોજિનીદેવીની ધરપકડના સમાચારથી રાજી રાજી થઈ ગયા.૮

ગાંધીજીનું માનસ સમજવામાં મહાદેવભાઈએ નોંધી લીધેલા એમના પત્રાંશો વિશેષ ઉપયોગી થાય એવા છે. એક બહેને એમને લખ્યું: 'મારું અપાર આળસ કબૂલ કરવું જોઈએ. મારાથી રોજનીશી નથી જ લખાતી.' સત્યના પ્રયોગવીરે તરત જવાબ લખાવ્યો: 'તેમાં આળસ જ કારણ નથી. તેમાં સીધી વાત લખવી કઠણ છે. લખી જોજે.'

ગાંધીજીનું વ્યક્તિત્વ નિત્યવિકાસશીલ હતું. તેથી તેમના અનેક વિચારોમાં પણ વિકાસ થયો છે. પોતાના ત્રીજા પુત્ર રામદાસને લખેલ પત્ર ગાંધીજીના પતિ-પત્નીના સંબંધો અંગેના વિચારોમાં પણ કેવો વિકાસ થયો છે એ સૂચવે છે:

પતિ-પત્ની વિશેના સંબંધની બાબત મારા વિચારોમાં ફેર પડ્યો છે ખરો. જે રીતે હું બા તરફ વર્ત્યો તે રીતે તમે કોઈ તમારી પત્નીઓ તરફ ન વર્તો એમ ઇચ્છું ખરો. મારી સખ્તીથી બાએ કાંઈ ખોયું નથી, કેમ કે બાને મેં કોઈ દહાડો મારી મિલકત નથી ગણી.

તેના પ્રત્યે પ્રેમ અને માન તો હતાં જ. તેને હું ઊંચે ચડેલી જોવા ઇચ્છતો હતો. છતાં બા નહોતી વઢી શકતી, હું વઢી શકતો હતો. બાને મેં અમલમાં મારા જ જેટલા અધિકાર નહોતા આપ્યા અને બામાં બિચારીમાં તે લેવાની શક્તિ ન હતી... તેથી હું ઇચ્છું ખરો કે તું નિમુને તારા જેટલી જ સ્વતંત્ર ગણ... તારે વ્યભિચાર કરવો હોય તો તું નિમુનો ડર નહીં ખાય. તેનો પ્રેમ તને રોકે એ જુદી વાત છે. તેમ જ નિમુને વ્યભિચાર કરવો હોય તો તે નીડર થઈ કરી શકે છે. એકબીજાનો પ્રેમ દંપતીને પાપમાંથી ભલે ઉગારે, ડર કદી નહીં... બાના પ્રત્યેનું મારું સાબરમતીનું વર્તન ઉત્તરોત્તર આવું થતું ગયું છે. તેથી બા ચઢી છે... મનમાં પણ બાના પ્રત્યે ખીજ ચઢે છે તો મારા પ્રત્યે ખીજ કાઢું છું. ખીજનું મૂળ મોહ છે... મારો પ્રેમ હજી નિર્મળ થતો જશે તો જ પરિણામો વધારે સુંદર થશે. અસંખ્ય સ્ત્રીઓ મારો વિશ્વાસ સહેજે કરે છે. તેનું કારણ મારો પ્રેમ અને આદર છે એવો મને વિશ્વાસ છે. એ ગુણ અદશ્ય રીતે કામ કર્યાં જ કરે છે.૯

પ્રેમાબહેન કંટકને એક પત્રમાં લખે છે:

મારા વિરોધીઓ પહેલાં હતા ને આજે પણ છે. છતાં મને તેઓના પ્રત્યે રોષ નથી આવ્યો. સ્વપ્નામાંયે મેં તેમનું ભૂંડું નથી ઇચ્છ્યું. પરિણામે ઘણા વિરોધીઓ મિત્ર બન્યા છે. કોઈનો વિરોધ મારી સામે આજ લગી કામ નથી કરી શક્યો...

દુનિયાની સામે ઊભા રહેવાની શક્તિને સારુ મગરૂરી કે તોછડાઈ કેળવવાની જરૂર નથી. જિસસ દુનિયાની સામે ઊભા; બુદ્ધ પણ પોતાના યુગની સામે થયા. પ્રહ્લાદે તેવું જ કર્યું. તેઓ બધા નમ્રતાની મૂર્તિ હતા. એને સારુ આત્મવિશ્વાસ અને પ્રભુ ઉપર શ્રદ્ધા જોઈએ...૧૦

જુગતરામભાઈ દવેએ બહારની સ્થિતિનો ઉલ્લેખ કરીને લખેલું કે કેટલાક ઊભા છે, કેટલાક પડી ગયા છે. તેના જવાબમાં ગાંધીજીએ લખ્યું:

જન્મે એટલા ક્યાંય જીવતા જ નથી. વળી હવા બગડે ત્યારે મૃત્યુસંખ્યા વધે છે. તેથી તમે લખો છો તેનું મને આશ્ચર્ય નથી. મૃત્યુસંખ્યા વધી નથી એ આશ્ચર્ય અને આનંદ અને મરણનો ખેદ શાને? મરવાલાયકનું મરણ આવકારલાયક હોય... એકાકી રહેવાની કળા જેણે નથી સાધી તે બહારના ફેરફારોથી અશાંત થાય. પણ સત્યનારાયણને તો જે એકલા ઊભવાલાયક હોય તે જ પામે.૧૧

એક સિત્તેર વરસના દમથી પીડાતા સરકારી પેન્શનરનો ગાંધીજીને દમનો કુદરતી

ઉપચાર શો એમ પૂછતો કાગળ આવ્યો. ગાંધીજીએ તેને જવાબ લખ્યો. મહાદેવભાઈએ કહ્યું:

'આવા કાગળોના ક્યાં જવાબ આપતા ફરશો?' ગાંધીજીએ 'ભલે' કહીને લખેલો કાગળ ફાડી નાખ્યો. ત્યાં સરદાર બોલ્યા: 'અરે લખોની કે ઉપવાસ કર, ભાજી ખા, કોળું ખા, સોડા પી.' ગાંધીજી ખડખડાટ હસ્યા અને મહાદેવને કહ્યું: 'એ કાગળ ઉપાડી લો, આપણે એને લખવું છે.' અને કાગળના ટુકડાઓ ભેગા કરાવી એને પોતાના અનુભવને આધારે ઉપચાર લખાવ્યા.૧૨

એક દિવસ કોઈ શીખે લખ્યું કે ગાંધીજી કેશ કેમ ન રાખે? 'આજના સૌથી મહાન હિંદી અને આજના જગતના સૌથી મહાન પુરુષ, પહેલાં થઈ ગયેલા સઘળા મહાપુરુષોની માફક કેશ રાખે એ યથાયોગ્ય છે!' તેમને લખ્યું:

કેશ અને દાઢી રાખવાની બાબતમાં હું તમારાથી તદ્દન જુદા જ વિચાર ધરાવું છું. બાહ્ય ચિહ્નોનું મહત્ત્વ પહેલાંના વખતમાં ગમે તેટલું મનાયું હોય છતાં કેશ અને દાઢી રાખવાને જે ઊંચું સ્થાન તમે આપતા જણાઓ છો એ સ્થાન અને એ મહત્ત્વ તેનું ન હોવું જોઈએ. કેશની બાબતમાં અત્યાર સુધી હું જે કરતો આવ્યો છું તેમાં કશો ફેરફાર કરવાની જરૂર મને જણાતી નથી. મારા બાહ્ય દેખાવ કરતાં મારા આચરણથી લોકો મારી કિંમત આંકે એ જ મને તો બહુ ગમે.૧૩

ઓરિસામાં કામ કરતા જીવરામભાઈ અને મધ્ય પ્રદેશમાં કામ કરતા જેઠાલાલ (સંપત) જેવા લોકો ઉપર ગાંધીજીનું મન જેલમાં રહ્યા રહ્યા પણ ઠર્યું છે. જેઠાલાલના પ્રયોગને તેઓ 'શાસ્ત્રીય' તરીકે વર્ણવે છે અને તેમને એક લાંબા, સ્નેહાળ પત્રમાં ગ્રામસેવાના નીચે મુજબના મૂળ મંત્રો આપે છે:

૧. ત્યાં સમાધિસ્થ થઈ બેસવું. ગ્રામસેવકને પ્રથમ જરૂરિયાત અખૂટ ધીરજ અને આત્મવિશ્વાસની હોય છે.

૨. પણ તેમનામાં આત્મવિશ્વાસની સાથે એટલી બધી નમ્રતા હોવી જોઈએ કે પોતાના કામથી તે સંતોષ ન માને.

૩. જે લોકો બીજી પદ્ધતિથી કામ લેતા હોય તેમની પાસે પણ શીખી લેવાની ઇચ્છા.૧૪

ગાંધીજીના સૌથી મોટા પુત્ર હરિલાલના પત્ર અંગેની મહાદેવભાઈની નોંધ માર્મિક છે:

હરિલાલનો દુખદ કાગળ આવ્યો છે. તેમાં મનુને બલીબહેન પાસેથી છોડાવવાની

માગણી કરી. બાપુને ગુનેગાર ગણ્યા. બલીબહેનના હુમલાની ફરિયાદ કરી. બાપુએ એને લાંબો કાગળ લખ્યો. પણ એમાંનો છેવટનો ભાગ સાગર જેવી ક્ષમાથી ઊભરાતા પિતાના હૃદયમાંથી ટપકતા લોહીના બુંદ જેવો છે: ‘હું હજી તારા સારા થવાની આશા છોડવાનો નથી, કેમ કે હું મારી આશા છોડતો નથી. તું જ્યારે બાના ઉદરમાં હતો તે વખતે તો હું નાલાયક હતો, એમ માનતો આવ્યો છું, પણ તારા જન્મ પછી ધીમે ધીમે હું પ્રાયશ્ચિત્ત કરતો આવ્યો છું. એટલે છેક આશા કેમ છોડું? એટલે જ્યાં લગી તું અને હું જીવીએ છીએ ત્યાં લગી છેલ્લી ઘડી સુધી આશા રાખીશ, અને તેથી મારા રિવાજની વિરુદ્ધ આ તારો કાગળ હું સાચવી રાખું છું કે જેથી જ્યારે તને શુદ્ધિ આવે ત્યારે તારા કાગળની ઉદ્ધતાઈ જોઈને તું રડે અને એ મૂર્ખાઈ તરફ તું હસે. તને મહેણું મારવાને સારુ એ કાગળ નથી સાચવતો. પણ ઈશ્વરને એવો પ્રસંગ બતાવવો હોય તો મને હસાવવા સારુ એ કાગળ સાચવું છું. દોષથી તો આપણે સૌ ભરેલા છીએ. પણ દોષમુક્ત થવાનો આપણો બધાનો ધર્મ છે. તું થા.’૧૫

નાના દીકરા દેવદાસને સુદૂર ઉત્તર પ્રદેશમાં જેલ મળી છે. લગભગ એકલવાયો છે. ઘણા દિવસથી તાવ ઊતરતો નથી. તેઓ પિતાને તાર કરે છે: ‘બાર દિવસ થયા તાવ આવે છે. નરમ ટાઇફૉઈડની શંકા જાય છે. વધારેમાં વધારે ૧૦૨ અને છેલ્લા ત્રણ દિવસ થયાં ૧૦૦ની નીચે છે. હવા અતિશય ખરાબ છે. તમારો કાગળ નથી.’ પિતા તુરત સમજી જાય છે અને કહે છે: ‘હવાનું વર્ણન એ માટે લખ્યું છે કે તમે મારી બદલી કરાવી શકતા હો તો કરાવો.’ પછીનો ત્રિપુટી સંવાદ મહાદેવના શબ્દોમાં:

વલ્લભભાઈ કહે: ‘એને બદલાવવો જ જોઈએ.’ બાપુ કહે: ‘કોઈની મારફતે તો નહીં જ. અરજી કરવી હોય તો આપણે જાતે જ કરીએ. પણ મન નથી થતું. હરિલાલ દક્ષિણ આફ્રિકાની જેલમાં બહુ ખરાબમાં ખરાબ જગ્યાએ હતો, પણ તેની બદલી તેણે પોતે કરાવી, મેં માગણી નહીં કરેલી.’ વલ્લભભાઈ કહે: ‘આપણે ક્યાં કેદી છીએ? અહીં સ્થિતિ જુદી છે, અરજી કરવી જોઈએ.’ એટલે આખરે બાપુએ માન્યું અને હેલીને તાર કર્યો કે મારો દીકરો કોઈ પણ કારણ વિના સાથી વિનાનો અને ભયંકર ખરાબ જગ્યા ગોરખપુરમાં છે. એ તાવમાં પડ્યો છે, એને કાં તો દહેરાદૂન બદલો, કાં તો અમારે ત્યાં અહીં મોકલો.’૧૬

ત્રીજા પુત્ર રામદાસે એક વાર નીતિનો પ્રશ્ન ઉઠાવ્યો અને પછી પૂછ્યું કે ગાંધીજી એક

કાળે ખૂબ કડક હતા અને ભારે પ્રાયશ્ચિત્ત કરતા ને કરાવતા તે હવે વધારે પડતા ઉદાર કેમ થઈ ગયા? એના જવાબમાં ગાંધીજી લખાવે છે:

તું લખે છે એમ મેં પૂર્વે જે સખ્તાઈઓ કરી તેનો પશ્ચાત્તાપ નથી. એ બરોબર હતી, તે વખતને સારુ. આજે મારી જરા જેટલી સખ્તાઈ તે હિમાલય જેટલી ભારે લાગે છે. જે કાર્ય આજે હું ઠપકામાત્રથી લઈ શકું છું તેને સારુ પહેલાં મારે પોતાને ઉપવાસો કરવા પડતા ને બીજાંને પણ પ્રમાણમાં તેમ જ કરવું પડતું. પૂર્વે કરતો તેમ જ જો હાલ કરું તો હું નિર્દય ઠરું... હવે મારી ઉદારતા સમજાઈ? પહેલાંની સખ્તી ને આજની ઉદારતા પાછળ એ જ શુદ્ધ પ્રેમ કામ કરી રહ્યો હતો. બાકી તારું લખવું તો બરોબર છે જ કે મારી ઉદારતાનો અનર્થ કરી કોઈ બેદરકાર થાય તો તે ભૂંડું જ છે. એવો ડર રહે છે તેનું કારણ નોખું છે. હું પોતે મારા પ્રત્યે નરમ થઈ બેઠો છું, પ્રથમની મારી અક્કડતા ચાલી ગઈ છે. માગ્યું કામ શરીર આપતું નથી. અને જે હું ન કરું તે બીજાની પાસે લેતાં સંકોચ થાય જ. તેથી મેં આશ્રમમાં ઘણી વાર કહ્યું છે કે હું હવે આશ્રમ ચલાવવા લાયક નથી રહ્યો. આશ્રમનો દરવાન જાગ્રત અને બળવાન હોવો જોઈએ. પહેલાં તો હું કામમાં સૌની સાથે ઊભતો એટલે બીજાએ મારી પાસે ઊભવું જ પડતું. હવે તો મારા કામને જોવાનું ન રહ્યું. મારાં વચનો પ્રમાણે ચાલવાનું રહ્યું.૧૭

મ્યૂરિયલ લેસ્ટર સાથે કામ કરતી એક બહેને ઇંગ્લંડથી પત્ર દ્વારા પૂછ્યું: સૌંદર્ય જોવા અને ભોગવવાની લાલસા કેમ થાય છે? તેને લખ્યું:

સુંદર વસ્તુઓ માટેની ઇચ્છા તદ્દન સ્વાભાવિક છે. માત્ર સુંદર કોને કહેવું તે માટે કોઈ નિશ્ચિત ધોરણ નથી. એટલે હું એ વિચાર ઉપર આવ્યો છું કે એ ઇચ્છા સંતોષવા જેવી નથી. બાહ્ય વસ્તુઓની લોલુપતા રાખવાને બદલે આંતરિક સુંદરતા જોતાં આપણે શીખવું જોઈએ. એ જો આપણને આવડે તો સૌંદર્યનું વિશાળ ક્ષેત્ર આપણી આગળ ખડું થાય છે.૧૮

એ જ બાઈએ બીજો સવાલ જીવનના ધ્યેય વિશે પૂછ્યો. એને લખ્યું:

જીવનનું ધ્યેય નિ:શંક પોતાની જાતને — આત્માને — ઓળખવાનું છે. જ્યાં સુધી જીવમાત્ર સાથે આપણે અભેદ અનુભવતાં ન શીખીએ ત્યાં સુધી આત્માને ઓળખી શકાતો નથી. એવા જીવનનો એકંદર સરવાળો એ જ ઈશ્વર. એટલે જ આપણા દરેકમાં રહેલા ઈશ્વરને ઓળખવો એ જરૂરનું છે. આવું જ્ઞાન નિ:સીમ, નિ:સ્વાર્થ સેવા દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.૧૮

આમ ગાંધીજીની બહુમુખી પ્રતિભા મહાદેવભાઈની નોંધોમાંથી વિવિધ ક્ષેત્રે પ્રગટે છે. તેમની આધ્યાત્મિક પ્રતિભા સહજ રીતે વધી છે. પ્રેમાબહેનને તેઓ લખે છે:

અંદરનો અવાજ ન વર્ણવી શકાય એવી વસ્તુ છે. પણ કેટલીક વાર આપણને એમ લાગી જાય છે કે અંતરમાંથી અમુક પ્રેરણા થઈ છે. હું ઓળખતાં શીખ્યો એનો કાળ મારો પ્રાર્થનાકાળ કહી શકાય, એટલે ૧૯૦૬ની આસપાસ... 'અરે આજે તો કોઈ નવો અનુભવ થયો' એવું કંઈ મારા જીવનમાં જ નથી. જેમ વગર જાણ્યે આપણા વાળ વધે છે તેમ મારું આધ્યાત્મિક જીવન વધ્યું છે.૧૯

આ પત્રોથી ગાંધીજીના અંતરજીવનની જાણ થાય છે. બાહ્યજીવન તો એમનું લગભગ આશ્રમમાં જેવી રીતે ચાલતું હતું તેવી જ રીતે ચાલે છે. દિવસમાં બે વાર આશ્રમને જ સમયે પ્રાર્થના. ખોરાકના થોડા પ્રયોગો. પ્રભુદાસ ગાંધીએ બનાવેલ 'મગન રેંટિયા' પર બે હાથે કાંતવાનો રોજના ચાર-પાંચ કલાક અભ્યાસ (રાષ્ટ્રીય સપ્તાહ દરમિયાન કાંતવાના કલાક વધી ગયા હતા), ઢગલાબંધ ટપાલ લખવી કે લખાવવી, બંને સાથીઓ જોડે છાપાં પરથી મળતા સમાચારો અંગે ચર્ચા. આમાં અપવાદ જેવો ક્રમ લાગતો હોય તો માત્ર એક જ વાર લાગે છે, જ્યારે ગાંધીજી મહાદેવભાઈ સાથે બેસીને છાપામાં આવતી કોઈ હરીફાઈના જવાબો શોધે છે. પછી એને પેલા ઉપર મોકલી આપે છે, કોઈ પણ ઇનામ જીત્યા વિના, વધુમાં વલ્લભભાઈની હાંસીના પણ પાત્ર બને છે: 'કમનસીબ ગણાયા અને સાથે બેવકૂફ પણ બન્યા!'

આશ્રમનાં બાળકોને 'વહાલાં પંખીડાં' એ સંબોધન કરી પત્રો લખવામાં ગાંધીજીને કદી થાક લાગતો નહોતો. કદાચ તેઓ એમની જોડે પત્રવ્યવહાર દ્વારા ગેલ કરી થોડીઘણી તાજગી અનુભવતા હશે. વિદ્યાને તેઓ એક બાજુથી ગંભીર વાત સમજાવે છે કે, 'ભગવાનને ક્યાંયથી આવવાપણું નથી ને ક્યાંય જવાપણું નથી, ભગવાન સદાય છે ને રહેશે.' પણ બીજી તરફ એમ પણ કહે છે કે, 'ફુરસદને વખતે પાનાં રમવામાં મને કંઈ દોષ નથી લાગતો.' જોકે સાથે સાથે એમ પણ કહી દે છે કે, 'તેને હું ઉત્તેજન ન આપું.'૨૦ એક બાળકી પૂછે છે: 'ભૂલની માફી માગતાં તે હોંશ થતી હશે! શરમ ન લાગે? છતાં તમે કેમ કહો છો કે શરમ ન લાગવી જોઈએ?' ગાંધીજી લખે છે: 'ભૂલ નઠારું કામ છે તેથી તેની શરમ. ભૂલની માફી માગવી એ સારું કામ છે એટલે તેમાં શરમ શેની? માફી માગવાનો અર્થ ફરી ભૂલ ન કરવાનો નિશ્ચય. એ નિશ્ચય થાય એટલે તેમાં શરમ શાને સારુ?...'૨૧

નિર્મળાને લખ્યું:

'પોતે પોતાજોગું કાંતીએ તોપણ દેશને ફાયદો છે, કેમ કે એટલી દોલત વધી. વળી ઉદ્યમનો ને સ્વાવલંબનનો બીજાને દાખલો બેઠો.'૨૨

બાબલો લખતાં-વાંચતાં શીખ્યો તે પહેલાં આશ્રમના સંગીતશિક્ષક પંડિત ખરેને કહીને બાપુને પત્ર લખાવતો. એક પત્રમાં તેણે પ્રશ્ન પૂછ્યો: 'અમે આશ્રમમાં ગીતા સાંભળીએ છીએ. તેમાં અર્જુન નાનકડો સવાલ પૂછે છે અને શ્રીકૃષ્ણ એને લાંબો જવાબ આપે છે. અમે બાળકો તમને દર અઠવાડિયે આટલા બધા પ્રશ્નો પૂછીએ ને તમે ટૂંકા ને ટચ જવાબ કેમ આપો છો?'૨૩

બાપુએ જવાબ આપ્યો:

કૃષ્ણને પૂછનાર એક જ અર્જુન એટલે તેને બધાં મલાવા કાં ન સૂઝે? ને વળી કૃષ્ણ રહ્યો જ્ઞાની, હું રહ્યો થોડા જ્ઞાનવાળો, ને પૂછનારા અર્જુન કેટલા? ગણ જોઈએ. બધાયને થોડું થોડું વહેંચી દઉં તો કેવડી ને કેટલી ગીતા થાય? કેમ કે કૃષ્ણને તો એક જ વાર પુછાયું. મને તો આટલા અર્જુન દર અઠવાડિયે પૂછે.૨૪

મહાદેવભાઈ પોતાની ડાયરીઓમાં પોતાની જાતને છુપાવી ગાંધીજીને જ આગળ કરે છે — જાણે કે ગળથૂથીમાંથી જ રવીન્દ્રનાથનું પેલું ભજન શીખીને ન આવ્યા હોય કે:

મને હઠાવી વિરાજો પ્રભુ
મમ હૃદયપદ્મદળે
સકળ અહંકારને મારા
ડુબાવો અશ્રુજળે.25

જે ઉપવાસનો વિચાર મહાદેવભાઈના નાશિકથી યરવડા આવતાં પહેલાં જ ગાંધીજી કરી ચૂક્યા હતા તેમાં રહેલી દલીલને તો મહાદેવભાઈએ પ્રથમ વાચને જ 'શુદ્ધ દલીલ' કહી હતી એ આપણે જોઈ ગયા. પાછળથી મહાદેવભાઈએ તેને અંગે તર્ક પણ આપ્યો. 'દમન વિશે અનશન જગત સમજી શકે પણ અસ્પૃશ્યોવાળું કદાચ ન સમજે. અંગ્રેજો જગતને સમજાવવાનો પ્રયત્ન કરશે કે બધા અસ્પૃશ્યોની અથવા મોટા ભાગના અસ્પૃશ્યોની માગણી જુદાં મતમંડળ માટે હતી. વળી અસ્પૃશ્યોને જુદાં મતમંડળ આપીને પ્રજાશરીર ઉપર ભયંકર કુહાડો મારવામાં આવે છે એ તમે આમાં (સેમ્યુઅલ હોરને લખેલ પત્રમાં) વધારે સ્પષ્ટ કરો એમ હું માગું. જોકે ઘણા પ્રામાણિક અંગ્રેજો પણ આ

સમજી નથી શકવાના.'૨૬ ગાંધીજી એમની જોડે સંમત થાય છે અને કહે છે કે જુદાં મતમંડળો તો અસ્પૃશ્યતાના પાપને કાયમી બનાવવા જેવું ગણાશે.

જરૂર પડે ત્યારે મહાદેવભાઈ ગાંધીજીને સલાહ આપે છે; ક્વચિત્ ક્વચિત્ એમનાથી જુદો અભિપ્રાય પણ આપે છે, પણ મૂળમાં તો મહાદેવભાઈ ગાંધીજીના 'હમાલ' જ છે. તેથી પહેલે દિવસે જ્યારે એમને પ્રાર્થનામાં ભજન ગાવાનું ફરમાન થાય છે ત્યારે તેઓ સુરદાસનું ભજન ગાય છે:

'प्रभु मोरे अवगुण चित्त न धरो।'

અને એને વિશે માત્ર એટલું જ કહે છે, 'એ વિના મારાથી બીજું શું ગાઈ શકાય?'૨૭

જેલમાં ગુનાઇત કેદીઓ ગાંધીજીની સેવામાં રાખવામાં આવ્યા હતા તેમાં મારુતિ નામના કેદીએ મહાદેવભાઈને પણ ગાંધીજી અને સરદાર સાથે જોડાયેલા જોઈને તેમને પણ ત્રિમૂર્તિમાંના એક માની તેમનો ચરણસ્પર્શ કર્યો. મહાદેવભાઈએ સંકોચ સાથે એને સમજાવ્યું, 'ભલા માણસ, હું તો તારા જેવો રહ્યો'૨૮ હૃદયનો તંતુ તો એમનો તરત એ કેદીઓ જોડે સંધાઈ જ ગયો. શરૂઆતના દિવસોમાં જ મહાદેવભાઈ સોમા અને મારુતિની કથાઓ હમદરદીથી ભરેલી કલમે પોતાની ડાયરીમાં લખે છે.

શરૂઆતમાં તો ગાંધીજીની સાથે રાખવામાં આવ્યા હતા તે છતાં મહાદેવભાઈને મળેલી સજા મુજબ માત્ર 'બી' વર્ગની સગવડો જ ખાવાપીવા અને કપડાં અંગે અપાતી હતી. મહાદેવભાઈનો તો જેલમાં બધા નિયમો પાળવાનો આગ્રહ હતો. તેથી તેમણે વગર આનાકાનીએ બધા પ્રતિબંધો સ્વીકારી લીધા હતા. પણ થોડા સમયમાં તેમને પણ ગાંધીજી અને સરદારની સાથે સ્પેશિયલ કેદી તરીકે રાખવામાં આવ્યા હતા. વચ્ચે ગાંધીજીની મુલાકાતો બંધ થઈ ત્યારે મહાદેવભાઈએ પોતાની પણ મુલાકાતો બંધ થઈ હોવાના સમાચાર દુર્ગાબહેનને ગાંધીજી દ્વારા આશ્રમવાસીઓને લખાયેલા પત્રમાં આપ્યા હતા.

ગાંધીજીનું કામ હળવું કરવાની તક મળે એટલે મહાદેવભાઈ ધન્યતા અનુભવે. એટલે ગાંધીજી હોંશે હોંશે પચાસેક જેટલા પત્રો એમને લખાવે છે, ને એટલી જ હોંશથી મહાદેવભાઈ એને પોતાના સુંદર અક્ષરે લખીને રવાના કરે છે. રવાના કરતાં પહેલાં એમાંના જે અગત્યના પત્રો હોય તેની નકલ પણ રાખી લેવાનું એ શાના ચૂકે?

ગાંધીજી પાસે ઘણા પત્રો આવે છે. છાપાં પણ આવે છે. ઘણી વાર તો જેલના

અધિકારીઓ પણ ‘બહારની’ કેટલીક વાતો એમના કાન પર નાખી જાય છે. મુખ્યત્વે સરદાર પાસે અને કેટલીક વાર ગાંધીજી પાસે મહાદેવભાઈને બીજી જેલો વિશે અને બીજા સત્યાગ્રહી કેદીઓ વિશે સાંભળવા મળે છે. કાકાસાહેબ, નરહરિ અને પ્રભુદાસના તપની વાતો મહાદેવભાઈ સાંભળે છે. કાકાને૨૯ પોતાનો રેંટિયો મેળવવા સારુ સાત દિવસ ઉપવાસ કરવા પડ્યા છે. પ્રભુદાસને બે માણસની મદદથી ચલાવીને ઇસ્પિતાલમાં લઈ જવા પડ્યા છે, નરહરિને બીજાઓથી વેગળા રાખ્યા છે. નાશિક જેલમાં મહાદેવભાઈને પણ સામાન્ય કેદીની જેમ જ જીવન વિતાવવું પડેલું. પણ એમને બીજાનાં દુ:ખ આગળ પોતાનાં દુ:ખ દેખાતાં નથી, બીજાના તપ આગળ પોતાનું તપ એમને મન કાંઈ નથી. ‘ક્યાં આ બધાની લાયકાત અને ક્યાં મારી? આમાંથી કોક બાપુ પાસે મૂકવામાં આવ્યા હોત તો કેવું યોગ્ય થાત! પણ કોણ જાણે એ લોકોને વધારે તાવીને એમની યોગ્યતા હજીયે ઘણી વધારવી હશે. અને મારી પાસે ભગવાનને વધારે આત્મનિરીક્ષણ કરાવવું હશે અને મને વધુ શરમાવવો હશે! જેલમાં આવ્યો ત્યારે બાપુની પાસે જવાય તો સારું એમ ઊંડે ઊંડે મન ઇચ્છતું હતું. ન જવાય એમ યોગ્યતાનું ભાન કહેતું હતું, અને હવે મારે બદલે વધારે યોગ્ય આ બધામાંથી કોક હોત તો સારું એમ આત્મા સાક્ષી પૂરે છે. ‘અકલ કલા ખેલત નર જ્ઞાની!’૩૦

સામાન્ય રીતે તો જેલમાં કે બહાર ગાંધીજી કરતાં મહાદેવભાઈ જ પુસ્તકો વધારે વાંચે. પણ અહીં, ગાંધીજીને વધુ પુસ્તકો મેળવવાની છૂટ હતી. તેથી સૌ પ્રથમ એમણે જ મહાદેવભાઈને મૈથિલીશરણ ગુપ્તનું મહાકાવ્ય साकेत વાંચવાની ભલામણ કરી. ગાંધીજીએ કહ્યું કે એ વાંચવું એ બે દિવસનું કામ હતું. મહાદેવભાઈ કહે છે:

૪૫૦ પાનાનું કાવ્ય બે દિવસમાં પૂરું કરવાનું મુશ્કેલ તો લાગ્યું. પણ બાપુ એમ વિના વિચારે કહે નહીં કરીને શરૂ કર્યું અને રાત્રે સૂતાં સુધીમાં તો ૩૦૦ પાનાં વાંચ્યાં હતાં. એટલું એ આકર્ષક લાગ્યું. સવારે પોણાચારે ઊઠવાનું ન હોત તો પૂરું કરીને સૂતો હોત.૩૧

બીજે દિવસે તો પોતાની ડાયરીમાં એ ‘અપૂર્વ મનોહર કૃતિ’ની ટૂંકી સમાલોચના પણ લખી નાખી. મહાદેવભાઈની ડાયરીઓમાં જે જે પુસ્તકોનાં અવલોકનો લસરતી કલમે કરવામાં આવ્યાં છે એનો જ જો સંગ્રહ કરવામાં આવે તો એક દળદાર ગ્રંથ બને અને

મહાદેવભાઈને એક સાહિત્ય-સમીક્ષક તરીકે પ્રસ્થાપિત કરે, એટલું જ નહીં પણ હજારો વાચકોને ઉત્તમ ગ્રંથનો સ્વાધ્યાય કરવા સારુ ઉપયોગી સામગ્રી મળી જાય.

એમ જણાય છે કે साकेत અંગે ગાંધીજી અને કવિ મૈથિલીશરણ વચ્ચે પત્રવ્યવહાર પણ થયો છે. મહાદેવભાઈનો અભિપ્રાય એવો હતો કે ઊર્મિલાની વિરહવેદના સાકાર કરનાર साकेतનો નવમો સર્ગ સંસ્કૃત કવિઓના અનુકરણ જેવો હતો અને ગાંધીજીનું કહેવું હતું કે साकेत ગ્રંથનો વિષય:

‘રામ તુમ્હારા ચરિત સ્વયં હી કાવ્ય હૈ,
કોઈ કવિ બન જાય સહજ સંભાવ્ય હૈ,’

એવો હોય તો તેમાં નવમો સર્ગ કાંઈક વિષયાંતર કે અતિરેક જેવો લાગે છે. મૈથિલીશરણજીએ ઊર્મિલા વિશેનો બચાવ કરતો અઢાર પાનાંનો એક પત્ર ગાંધીજીને લખ્યો, જેને વિશે ગાંધીજીએ અભિપ્રાય આપ્યો કે એ પત્ર પોતે જ એક કાવ્ય છે. એ પત્રની નકલ કરનાર ‘અજમેરી’ મૈથિલીશરણજીના મુસ્લિમ શિષ્ય છે અને હિંદી સાહિત્યના ભારે પ્રેમી છે એવી નોંધ મહાદેવભાઈ કરે છે.૩૨

એવી જ રીતે પોતાની ડાયરીના આ પહેલા ભાગમાં મહાદેવભાઈએ રોમાં રોલાંના રામકૃષ્ણના જીવનચરિત્રની પણ ભારે પ્રશંસા કરી છે.૩૩

આ જેલવાસ દરમિયાન મહાદેવભાઈએ પણ ગાંધીજીની સાથે સાથે વસ્ત્રવિદ્યાની ઉપાસના કરી હતી. રોજ તેઓ પાંચેક કલાક કાંતવા કે પીંજવામાં ગાળતા. ગાંધીજીએ ડાબે હાથે કાંતવાની કળા હસ્તગત કરવા પ્રયત્ન કરેલો, જ્યારે મહાદેવભાઈ ૮૦ આંકનું ઝીણું સૂતર કાંતતા. ગાંધીજીએ જમણા હાથના દરદને લીધે ડાબે હાથે કાંતવાની શરૂઆત કરેલી. પછી એનો અભ્યાસ એટલો વધાર્યો કે એ હાથ પણ દુખવા લાગ્યો. મહાદેવભાઈને જ્યારે ઝીણા કાંતણમાં ગતિ મેળવવા અતિ પરિશ્રમ કરવો પડ્યો ત્યારે તેમણે દાક્તરની સલાહ માની કામના કલાક ઘટાડ્યા હતા.

મહાદેવભાઈએ આ જેલમાં પણ ફ્રેંચ અને ઉર્દૂ શીખવાનું ચાલુ રાખ્યું જેની ગાંધીજીએ પોતાના અનેક પત્રમાં નોંધ લીધી છે. શબ્દોની સાચી જોડણીનો આગ્રહ અને એની વ્યુત્પત્તિ સમજવાની કોશિશમાં ગાંધીજી અને મહાદેવભાઈનો આગ્રહ એક એકથી ચડી જાય તેવો હતો. એક પ્રસંગ મહાદેવભાઈની ભાષામાં:

મીરાંબહેનનો કાગળ લખતાં લખતાં પૂછ્યું: ‘inexhaustibleની જોડણી શી?

એમાં “h” છે કે નહીં? મેં “h” લખ્યો છે.’ મનેયે શંકા ગઈ. ડિક્શનરી જોઈ, અંદર “h” નીકળ્યો. પછી કહે: ‘એનો ધાતુ જુઓ એટલે સમજાશે.’ ધાતુ જ “h”થી શરૂ થતો હતો: haus to draw. પછી બાપુ કહે: ‘પણ એવા બીજા કેટલાક શબ્દો છે જેમાં ‘h’ નથી આવતો, એ કયા?’ મેં કહ્યું: ‘exonerate’.

બાપુ કહે: ‘ના, ના, એમાં તો “h” છે જ’ મેં કહ્યું: ‘નથી જ; એમાં મૂળ onus છે.’

બાપુ કહે: ‘ના ના, એમાં honour મૂળ હોવું જોઈએ.’ મેં કહ્યું: ‘આમાં આપણે શરત કરીએ એમ છીએ. અને હું જીતવાનો છું.’ ડિક્શનરી કાઢી અને હું જીત્યો. પછી બીજો શબ્દ inexorable નીકળ્યો. એટલે રાજી થઈ કહે: ‘એમ લૅટિન ધાતુઓ જાણવામાં બહુ અર્થ રહેલો છે.૩૪

મહાદેવભાઈએ આવતાંની સાથે રસોઈ બનાવવાની મુખ્ય જવાબદારી પોતાના હાથમાં લઈ લીધી હતી. એને અંગે ત્રણ લીટીની મહાદેવભાઈની ટૂંકી નોંધ:

‘આજે ખીચડી-શાક રાંધીને અહીં રસોડાનો પ્રયોગ શરૂ કર્યો. વલ્લભભાઈને તો બહુ સંતોષ થયો જ. નિર્લેપ રહીને એમની એટલી સેવા કરી શકાય તો બહુ સરસ વાત છે.’૩૫

મહાદેવભાઈની કલમ જે કોઈ વિષયને અડકે ત્યાં મનોરમ ચિત્રો ઊભાં કરી દે છે. એને જેલની દીવાલો નડતી નથી. બાપુના ઉપવાસની ચિંતા એની ગતિને રોકતી નથી. જુઓ એક નાનું સરખું દૃશ્ય:

અહીં બિલાડીનાં બચ્ચાં હવે અતિશય હળી ગયાં છે. પ્રાર્થના વખતે બાપુના ખોળામાં બેસે, અમારી સાથે ગમ્મત કરે, અને ખાવા ટાણે તો કીકાકીક કરી મૂકે. ઘણી વાર બાપુના પગ આગળ વીંટળાય. વલ્લભભાઈ એને ખીજવે, તારની જાળીની નીચે એને ગોંધી આનંદ મેળવે. આજે એક બચ્ચું બહુ ગભરાયું. આખરે એ જાળીને માથું મારતું મારતું ઓટલાના છેડા સુધી લઈ ગયું અને ત્યાંથી બહાર નીકળ્યું. આ એણે પોતાની બુદ્ધિ વાપરી. બિચારું ગભરાયેલું હતું, ધીમે ધીમે ચાલતું હતું. બાપુને દયા આવી ગઈ. પછી દૂર જઈને એણે શૌચ કરવાની તૈયારી કરી. જમીન ખોદી, શૌચ કરી એને ઢાંકી. ત્યાં માટી બહુ નહોતી એટલે બીજે ગયું, ત્યાં એ જ ક્રિયા સંતોષપૂર્વક કરી અને બીજાં બચ્ચાંએ એને ઢાંકવામાં મદદ કરી! બાપુ કહે: ‘આ બચ્ચાં ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવી જોઈએ.’૪૬

અથવા ફિજીથી પોતાના પતિ, તોતારામ સન્નાઢ્યની સાથે આશ્રમમાં આવીને રહેલાં

ગંગાબહેનના મરણના સમાચાર સાંભળીને બાપુએ અને મહાદેવભાઈએ વ્યક્ત કરેલા ભાવોનું આ ટૂંકું ચિત્ર:

આજે ગંગાબહેનના મૃત્યુના ખબર આવ્યા. એમને ખબર પડી ગઈ હતી કે મૃત્યુ આવે છે એટલે સાવધ હતાં, અને રામનામનો જપ જપતાં વિદાય થયાં. બાપુએ મોટાં ગંગાબહેનને કાગળ લખ્યો તેમાં લખ્યું: 'ગંગાબહેને જીવીને આશ્રમને શોભાવ્યું અને મરીને આશ્રમને શોભાવ્યું, એમ આપણે કહી શકીએ.' આશ્રમમાં તાર કર્યો:

ગંગાબહેનના મરણના સમાચાર જાણી અમને બધાંને લાગણી થઈ આવી. અમર શ્રદ્ધા સાથે એમણે જીવી જાણ્યું અને મરી જાણ્યું, એનો મને આનંદ છે. તોતારામજી આનંદમાં છે તેમાં નવાઈ નથી.

ખબર આવી ત્યારે બાપુ કહે: 'જુઓ આ નિરક્ષર બાઈ! કેવું એનું મૃત્યુ! બંનેએ આશ્રમને શોભાવ્યું. તોતારામજી ગિરમીટિયા, ત્યાં ફિજીના કોઈ ગિરમીટિયાની દીકરીને પરણેલ હશે, એટલે બંને ગિરમીટિયાં કહેવાય; પણ બંનેએ કેવું જીવન ગાળ્યું?'

'ગંગાબહેન જેવું મૃત્યુ આપણને સૌને આવો. કશું ભાગ્યમાં ન હોય તોપણ અંતની ઘડીએ આશ્રમમાં હોઈએ અને ગંગાબહેનની જેમ રામનામ લેતાં પ્રાણ નીકળે તો કેવું સારું, એમ થાય છે. પણ અંતે મુખમાંથી રામનામ નીકળવાને માટે અને મરતી વખતે હરખાવાને માટે જિંદગી પણ તેવી હોવી જોઈએ ના?'૩૭

૧૯૩૨ના જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીના કાળમાં દેશની આઝાદીની લડાઈએ ભરતી અને ઓટ બંને જોયાં. અંગ્રેજ સરકારે પહેલું આક્રમણ કરી દેશનેતાઓને ગિરફ્તાર કરી લીધા, પણ તેથી આંદોલન દબાઈ ગયું નહીં. ઠેરઠેર સ્વયંસેવકોનાં ઝુંડનાં ઝુંડ નીકળીને બ્રિટિશ જેલો ભરવા લાગ્યાં. જેલો ૧૯૩૦ પછી ફરી એક વાર સત્યાગ્રહી કેદીઓથી છલકાઈ ગઈ. કેટલીક નવી 'કૅમ્પ જેલો' તાત્કાલિક ઊભી કરવામાં આવી. જૂની જેલોમાંથી વર્ષોના રીઢા થઈ ગયેલા ગુનાઇત કેદીઓને છૂટા મૂકી રાજદ્વારી કેદીઓ સારુ જગા કરવામાં આવી. સરકારનું કામકાજ સામાન્ય કાયદાઓને જોરે નહીં, પણ વટહુકમોને જોરે ચાલવા લાગ્યું અને તેથી સરકારને સત્યાગ્રહીઓએ 'ફતવા-રાજ' એવું નામ આપ્યું. આ ઉપરાંત સરઘસો ઉપર લાઠીચાર્જ, પોલીસોના જુલમ વગેરે સામાન્ય ક્રમ થઈ પડ્યા.

થોડાક મહિનાઓ બાદ જેલ જનારાઓનો પ્રવાહ મંદ પડ્યો. નવા જેલ જનાર સત્યાગ્રહીઓ ઓછા નીકળતા. જૂનામાંથી ઘણા સજા પૂરી કરી નીકળ્યા પછી બીજી

વાર જેલ જતાં ફેરવિચારણા કરવા લાગ્યા. મુંબઈ જેવાં શહેરોમાં 'ભાડૂતી' લોકોને સત્યાગ્રહ સારુ મોકલીને સત્યાગ્રહી ટુકડીઓ બનાવવામાં આવી.

વિનીત વિચારોના નેતાઓ હજીયે બ્રિટિશ સરકાર ભણી જ મીટ માંડીને બેઠા હતા. એમને મન એમ હતું કે બીજી ગોળમેજી પરિષદમાં જે કામ સમિતિઓને સોંપવામાં આવ્યું હતું તે પૂરું થશે ત્યારે દેશવાસીઓના હાથમાં વધુ ને વધુ સત્તા આવશે.

આંદોલનના મધ્યસ્થ મથકમાં બેઠેલી ત્રિપુટી રોજેરોજ દેશની આ પરિસ્થિતિ અંગે ચર્ચાવિચારણા કરતી હતી. એ ત્રિપુટીના દરેક સભ્યના હૃદયમાં આગ હતી. તેથી તે દેશના સ્વાતંત્ર્ય સારું કાંઈક ને કાંઈક કરવા તૈયાર હતા. દરેકના મસ્તિષ્કમાં સત્યાગ્રહીની શાંતિ હતી તેથી તે વધુ ને વધુ તપસ્યાને જ આઝાદી સારુ યોગ્યતા પ્રાપ્ત કરવાનું માધ્યમ માનતો હતો.

ગાંધીજી પાસે જો પત્રોનો ઢગલો આવતો હતો, તો સરદાર રોજેરોજ છાપાંઓ કે સામયિકોને એકથી વધારે વાર જોઈ જઈ દરેક સમાચારના અર્થો ઘટાવતા રહેતા. ત્રિપુટીના ત્રીજા સભ્ય, મહાદેવ, આ બાબતમાં કશી પહેલ કરતા નહોતા એ સાચું. પણ દરેક બાબતમાં એની સલાહ બાકીના બે સભ્યોને મન કીમતી સલાહ હતી. એને પોતાને મન આ કાળ કર્મયોગ દ્વારા વધુ ને વધુ શુદ્ધ બનવાનો હતો. તેથી તે સતત પોતાની જાતને સામાન્ય માનતા, સામાન્ય પુરુષાર્થ કર્યે જતા. બાકીના બે મુરબ્બીઓની એ જે કાંઈ વ્યક્તિગત સેવા કરી શકતા એનાથી એ ખુશ રહેતા.

વિચારના વિષયોમાં દેશની પરિસ્થિતિ એ પહેલું સ્થાન લેતી. સરદારનું ચિંતન આ બાબતમાં ખૂબ વ્યાવહારિક, તીક્ષ્ણ સૂઝથી ભરેલું અને કેટલાક મૌલિક ઉકેલોવાળું હતું. અલબત્ત, એ ખેડૂત જેટલા હતા એટલા સિપાઈ પણ હતા. એટલે પોતાની વાત જણાવ્યા પછી છેવટે તો બાપુની આજ્ઞાને જ શિરોધાર્ય કરનારા. ગાંધીજી બંને સાથીઓની વાતને ધ્યાનથી સાંભળી એમાંથી ગ્રહણ કરવા જેવું લાગે તે ગ્રહણ કરનારા, પણ સત્યાગ્રહના સાધન અંગે નિત્ય ઊંડું ચિંતન કરી રોજ રોજ એને અંગે મૌલિક વિચારનારા, સામી બાજુનો વિચાર સમજવા સારુ સદા ખુલ્લું મન રાખનારા છતાં પોતાના સિદ્ધાંતો પ્રત્યે અવિચળ નિષ્ઠા રાખનારા અને આત્મવિશ્વાસથી ભરપૂર હતા. મહાદેવભાઈ આ સત્યાગ્રહ તત્ત્વને અંદર-બહારથી સમજનારા, સરદાર સાથે જીવનને માણનારા અને બાપુ સાથે જીવનને નાણનારા, હમેશાં બંનેની સેવા સારુ ખડે પગે રહેનારા, પણ છેવટે તમામ પ્રવૃત્તિઓને બાપુ સારુ સમર્પિત સમજનારા હતા. ત્રણ જણની આ ટીમના બાપુ

નિર્વિવાદ રીતે કૅપ્ટન હતા. અને કૅપ્ટનની એ શ્રદ્ધા હતી કે આ તાવણી જો આમની આમ બે વરસ લગી ચાલશે તો આંદોલનનો બધો કચરો આપોઆપ સાફ થઈ જશે. એમની ઉત્કટતા તીવ્ર હતી. પણ એમની ધીરજ અપાર હતી.

ત્રણે જણના ચારિત્ર્યના એક એક મુખ્ય લક્ષણને આબાદ રીતે પ્રગટ કરતો એક નાનકડો પ્રસંગ મહાદેવભાઈના શબ્દોમાં:

‘આવતી કાલે સત્યાગ્રહ-સપ્તાહ શરૂ થાય છે. એટલે પીંજવાનું શરૂ કરવાનું છે. બાપુને પૂછતો હતો કે ‘પીંજણની તાંત કેવી છે? તમારાથી કેટલી વાર તૂટતી હતી?’ બાપુ કહે: ‘જતન કરતાં આવડે તો કાંઈયે ન તૂટે. શંકરલાલ મારી પાસેથી લે કે તૂટે. કાકા મારી પાસેથી લે કે તૂટે. પણ મારી તો દહાડાના દહાડા સુધી ચાલતી. એ તો જતનનું કામ છે. જુઓની આ લંગોટ પહેરું છું. તે જાળવી જાળવીને પહેર્યા કરું છું. બીજાની પાસે તે હોત તો ક્યારનોયે ફાટી જાત.’ વલ્લભભાઈ કહે: ‘એ તો પહેરતા જ ન હો અને ખીંટી ઉપર સંભાળી રાખી મૂક્યો હોય એવું લાગે છે.’ બાપુ કહે: ‘એમ જ છે.’ ‘જતન કરતાં આવડે તો’ એ શબ્દમાં બાપુનું આખું જીવન આવી જાય છે એમ કહી શકાય. ‘દાસ કબીર જતન કર ઓઢી, જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયાં’ એ શબ્દ બાપુને જોઈને ઘણી વાર યાદ આવે છે. ત્રીસ-પાંત્રીસ વર્ષ થયાં શરીરની અને મનની શુદ્ધિનું જાગ્રત જતન એમણે જેવું કર્યું છે તેવું કોણે કર્યું હશે?૩૮

મુલાકાતો બાબતમાં સરકારે એટલી જ શરત રાખી હતી કે રાજકારણી લોક જોડે નહીં મળી શકાય, પણ સત્યાગ્રહીઓને મનાઈ નહોતી તેથી રાજકારણની વ્યાખ્યા શી કરવી તે તેમણે ગાંધીજી ઉપર જ છોડ્યું હોય એમ લાગતું હતું. ગાંધીજી પોતે એક વાર સરકારની શરત સમજીને એને માની લે પછી તે શરતનું પાલન ખૂબ ચીવટથી કરતા. પત્રવ્યવહાર બાબત પણ તેમ જ, કોઈ રાજનૈતિક વિષયના પ્રશ્નનો આડકતરો પણ ઉલ્લેખ આવે તો ગાંધીજી તેનો જવાબ લખતા નહીં. બલકે કોઈ પુસ્તક વિશે પણ અભિપ્રાય નહોતા લખતા. મુલાકાત દરમિયાન પણ જેને રાજનૈતિક વિષય ગણતા તેવા કોઈ પ્રશ્નને જાતે છેડતા નહીં કે મુલાકાતીને છેડવા દેતા નહીં.

જૂન માસમાં લોધિયન કમિટીનો રિપોર્ટ બહાર પડ્યો. અસ્પૃશ્યો વિશેની ભલામણનો સાર સાંભળીને ગાંધીજી કહે:

આ કમિટીએ આટલું તો ઠીક કામ કર્યું જ કહેવાય કે અસ્પૃશ્યતાની વ્યાખ્યા આપી

અને અત્યાર સુધી સાત કરોડ તરીકે ગવાતા હતા તેની સંખ્યા સાડા ત્રણ કરોડ ઠરાવી... આ વ્યાખ્યા થવાથી હિંદુઓ ધારે તો ક્ષણવારમાં અસ્પૃશ્યોને અપનાવી શકે છે...૩૯

પણ બિરલાનું કરન્સી ઉપર લખાતું પુસ્તક વાંચતાં વાંચતાં ગાંધીજી કહે:

જેટલી મોટી ચોરી તે ચોરી નહીં, મોટી લૂંટ તે લૂંટ નહીં, મોટા પ્રમાણમાં ખૂન તે ધર્મયુદ્ધ. દેશનું હેમ લૂંટ્યું, ખેમ લૂંટ્યું, ધન ખેંચી જાય છે, તેટલાથી સંતોષ ન થયો એટલે હૂંડિયામણના ત્રાગડા રચ્યા. તેથી સંતોષ ન થયો એટલે રિઝર્વ લૂંટ્યા. દુનિયામાં એકે દેશ આવી રીતે લૂંટાયો અને હણાયો નહીં હોય. મહમદ ગઝની એક વાર લૂંટીને ચાલ્યો ગયો. મોગલે લૂંટ્યું હશે તે પણ દેશમાં રહ્યું. પણ આ લૂંટ!!૪૦

લૉર્ડ અર્વિનનું ભાષણ છાપામાં જોઈ વલ્લભભાઈ કહે: 'જુઓ તમારા મિત્ર!' ગાંધીજી કહે: 'જરૂર હું એને મિત્ર માનું છું. તેનું આખું ભાષણ જોયા વિના હું અભિપ્રાય ન આપું.'૪૧ પણ લૉર્ડ સેંકીનો આખો લેખ જોઈ ગાંધીજી દુ:ખી થયા. તેઓ કહે કે એને કાગળ લખવો જોઈએ. વલ્લભભાઈ કહે, 'એને લખોની કે તે હાડોહાડ જુઠ્ઠો છે.' ગાંધીજી ખડખડાટ હસ્યા. ગાંધીજી કહે: 'એના કરતાં વધારે સખત મેં કહ્યું છે કે એનું વર્તન સજ્જનને છાજે તેવું નથી. એથી આગળ વધીને કહું છું કે તું દ્રોહી છે... અંગ્રેજને આ વસ્તુ ભારે આકરી લાગે એવી છે.'૪૧

આ અરસામાં મુંબઈમાં કોમી રમખાણો થયાં હતાં. એવું લાગતું હતું કે આ રમખાણોને અટકાવવામાં સરકારને કાંઈ રસ જ નહોતો. બલકે શાંતિની માગણી કરનારાઓને સરકાર કહેતી હતી કે કૉંગ્રેસને કહોને! આ હુલ્લડો પાછળ સરકારની ઉશ્કેરણી અને કદાચ દોરવણી પણ કામ કરતી હશે એવી આશંકા ગાંધીજી અને વલ્લભભાઈને હતી તેથી ગાંધીજીએ આ બાબતમાં પોતાનું મન કઠણ બનાવી દીધું હતું. એક પત્રમાં ગાંધીજી એને વિશે લખે છે:

'આ વખતે મારું હૃદય એવું પથ્થરવત્ થઈ ગયું છે કે મુંબઈની ઘટનાઓની અસર અદૃશ્યરૂપે જે થઈ હોય એ ભલે, હું પોતે તે જાણતો નથી. ઘડીભર નિસાસા નાખીને શાંત થઈ ગયો લાગું છું.'૪૨

દેશની પરિસ્થિતિ અંગે જ્યારે ચર્ચા ચાલતી ત્યારે ગાંધીજી સામાન્યપણે વિરોધીઓની પ્રામાણિકતા વિશે શંકા કરતા નહીં, જ્યારે વલ્લભભાઈને તે વિશે ભારોભાર શંકા રહેતી. ગાંધીજી ગોળમેજી વખતે ઇંગ્લંડમાં જે લોકોને મળ્યા તેનાથી

એમને ખાતરી થઈ ગઈ હતી કે અંગ્રેજોમાંથી ઘણા તટસ્થ લોકો પણ પ્રામાણિકપણે એમ માને છે કે હિંદીઓ પોતાનું રાજ સંભાળવાને લાયક નથી. પરંતુ ગાંધીજી એમ પણ માનતા હતા કે અંગ્રેજો નબળા પડ્યા વિના કોઈ વાત માને એમ નથી.

જેલમાં વાતાવરણને સાત્ત્વિક રાખવામાં મુખ્ય ફાળો ગાંધીજીનો. કોઈક વાર એ પત્રોના જવાબ લખાવતા હોય ત્યારે કાગળ કાપી તેમાંથી પરબીડિયાં બનાવતાં બનાવતાં સરદાર અટકી જતા અને બહારથી બહુ ન દેખાડવા છતાં એમની આંખોમાં પ્રશંસા છાઈ જતી. એ પત્રોમાં જેટલું લાઘવ હતું તેટલું જ ગાંભીર્ય પણ હતું.

એવા બે પત્રોના નાના, પણ સચોટ દાખલા નીચે આપ્યા છે: ૧૬મી મે, ૧૯૩૨નો એક પત્ર:

‘જે કંઈ માગો તે કેવળ યજ્ઞભાવનાથી માગો.

૧. ગુરુ તે છે કે જે પોતાના આચારથી આપણને સદાચારી બનાવે.

૨. સાચું વ્યક્તિત્વ આપણી જાતને શૂન્યવત્ બનાવવામાં રહેલું છે.

૩. જીવનનું રહસ્ય નિષ્કામ સેવા છે.

૪. સૌથી મોટો આદર્શ એ છે કે આપણે વીતરાગ બનીએ.

૫. આંતરબાહ્ય નિયમોનો નિશ્ચય ઘણું કરીને ઋષિમુનિઓએ પોતાના અનુભવ પરથી કર્યો છે. ઋષિ તે છે કે જેણે આત્માનુભવ કર્યો છે.

૬. કામ્ય કર્મોના ત્યાગને ગીતા સંન્યાસ કહે છે.

૭. જે પોતાના દેહનો માલિક બને છે તે જ પુરુષ છે.

૮. સૌંદર્ય આંતરિક વસ્તુ હોવાથી એનું પ્રત્યક્ષ દર્શન થઈ શકતું નથી.’૪૩

અને ૨૯ જૂન, ૧૯૩૨નો આ બીજો પત્ર:

‘પ્ર. બંધાયેલો કોણ?

ઉ. જે ‘હું’ને માને છે.

પ્ર. મુક્તિ એટલે શું?

ઉ. રાગદ્વેષાદિથી છૂટવું તે.

પ્ર. નરક એ શું છે?

ઉ. અસત્ય.

પ્ર. મુક્તિ મેળવનાર કઈ વસ્તુ છે?

ઉ. અહિંસા.

પ્ર. મુક્ત દશા કઈ?

ઉ. રાગદ્વેષાદિનો સર્વદા અભાવ.

પ્ર. નરકનું પ્રધાન દ્વાર?

ઉ. અસત્ય આચાર.'૪૪

ગાંધીજીએ એક ખાસ પ્રસંગે પતિના અત્યાચારથી બચવા સારુ પુરુષનું વંધ્યીકરણ કરાવવું અથવા સ્ત્રીને ગર્ભનિરોધના ઉપાયો શીખવવા એ હિતકર છે, એમ આશ્રમના વ્યવસ્થાપક શ્રી નારણદાસ ગાંધીને સૂચવ્યું હતું એવી નોંધ મહાદેવભાઈએ કરી છે.૪૫

- આઝાદીની લડાઈના મધ્યસ્થ કાર્યાલયનું વાતાવરણ હરહમેશ ભર્યુંભાદર્યું અને હાસ્યના ફુવારાથી છલકાતું રાખવાનું કામ ત્રિપુટીના ત્રીજા સભ્ય સરદાર વલ્લભભાઈનું હતું. '૩૦ની સાબરમતીની જેલમાં તેમણે સિગારેટ છોડી દીધી હતી. '૩૨માં ગાંધીજી સાથે હતા ત્યારે તેમણે ચા છોડી દીધી અને પોતે પણ ગાંધીજી જે લે તે જ ખોરાક લેવા માંડ્યો હતો. ગાંધીજીની ઝીણી ઝીણી સેવાનાં કામો તેમણે ખૂબ ખંતથી ઉપાડી લીધાં હતાં. ૧૦મી માર્ચને રોજ મહાદેવભાઈ એમની જોડે યરવડા મંદિરમાં જોડાયા ત્યાર પછી એમણે ગાંધીજી અને સરદાર બંનેની વ્યક્તિગત સેવાનાં કાંઈક કાંઈક કામ ઉપાડી લીધાં હતાં. તે પહેલાં સરદાર પણ ગાંધીજીની થોડીઘણી વ્યક્તિગત સેવાચાકરી કરતા હતા. છાપાંઓ વાંચી રાજનૈતિક પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાનું એમનું મુખ્ય કામ હતું. દિવસ દરમિયાન કલાકોના કલાકો સુધી તેઓ ઓરડામાં કે બહાર ચોગાનમાં આંટા મારતા. આ વ્યાયામ એમને સારુ નિત્ય શારીરિક કસરત તેમ જ માનસિક ચિંતન પૂરું પાડતો.

  સરદારના વિનોદ અને અટ્ટહાસે ગાંધીજી અને મહાદેવના જેલ-જીવનમાં ત્યાં મળતાં માખણ-રોટી કરતાં ઓછું પોષણ નહીં આપ્યું હોય.

  ગાંધીજીને ભોજનની દરેક વાનગીમાં સોડા નાખવાની ટેવ હતી. તેથી ચર્ચામાં કોઈ પ્રશ્નનો નિવેડો ન આવતાં જુએ તો વલ્લભભાઈ બોલી ઊઠતા: 'એમાં સોડા નાખોને!' ગાંધીજીને દાતણનો કૂચો લઈને લાંબા વખત સુધી દાતણ કરતા જોઈને સરદાર કહે, 'હવે થોડાક દાંત તો બચ્યા છે, એમાં આટલું શું ઘસ ઘસ કરતા હશે?' વલ્લભભાઈ મહાદેવભાઈ પાસે સંસ્કૃત શીખતા હતા. તેમાં એમને રસ પડવા લાગ્યો હતો. તેથી તેઓ અવારનવાર સાધારણ વાતચીતમાં સંસ્કૃત વાક્યાંશોનો ઉપયોગ

કરતા. એક વાર મહાદેવભાઈથી કાંઈ ચૂક થઈ. વલ્લભભાઈ તરત કહે, नैतत् त्वपउिपपद्यते। અને થૅંક્સ સારુ વારંવાર કહેઃ कृतार्थोऽहम्। ગાંધીજી એક વાર નવી આવેલી ચોપડીની વિષયસૂચિ જોવામાં ગરકાવ થઈ ગયા. તેવામાં એક શબ્દ જોઈ ગાંધીજી કહે, 'બ્રિટિશ બાઇબલ' એ વળી શું હશે? વલ્લભભાઈ કહે, 'પાઉન્ડ, શિલિંગ અને પેન્સ', પુસ્તકમાં ખરેખર એમ જ લખેલું મળ્યું.૪૫એ એક છાપામાં ગાંધીઝ કન્સ્ટ્રક્ટિવ વેક્યુઈટીઝ (ગાંધીની રચનાત્મક ગફલતો ) એમ લખેલું હતું. મહાદેવભાઈ ગાંધીજીને પૂછે, 'રચનાત્મક ગફલતો'એ વળી કેવી હશે? વલ્લભભાઈએ કહ્યું, 'આજે તારી દાળ બળી ગઈ હતીને, તેવું!'૪૫એ

ગાંધીજી પોતાના પત્રોમાં પણ વલ્લભભાઈએ સંસ્કૃતમાં કરેલી પ્રગતિનાં વખાણ કરે છે. એક વાર મહાદેવભાઈને ગાંધીજીએ પૂછ્યું, વલ્લભભાઈના ઉચ્ચારો સુધરે છે કે? મહાદેવભાઈએ કહ્યું:

જરૂર. એમને હવે ખબર પડી જાય છે કે આ ઉચ્ચાર ખોટો છે. સાચી વાત તો એ છે કે એમને આ અભ્યાસમાં ખૂબ રસ પડવા લાગ્યો છે. આજ સુધી આ વસ્તુ જાણી નહોતી, હવે આ નવી જ વસ્તુ હાથ લાધી. स्वर्गद्वारमपावृतम् જેવી લાગણી થયેલી છે. એટલે વિદ્યુતવેગે પ્રગતિ કરતા જાય છે.

એ સાંભળી ગાંધીજી કહે: 'એ જ અભ્યાસની કૂંચી છે.'૪૬ કોઈ વાર ગાંધીજી વલ્લભભાઈની પ્રગતિને અરબી ઘોડાના વેગ સાથે સરખાવે, કોઈ વાર ઇન્દ્રના ઘોડા ઉચ્ચૈ:શ્રવાના વેગ સાથે. ડાબે હાથે સૂતર કાંતવાનું શરૂ કર્યું ત્યારે ગાંધીજીને લાંબા ગાળા સુધી સફળતા સાંપડેલી નહીં. એ જોઈ સરદાર તેમને પ્રયોગ પડતો મૂકવાનું કહેતા. ગાંધીજી કોઈક વાર કહેતા કે કાલે તમે મારી ભણી જોશો નહીં તો જરૂર કંતાશે. એક વાર કહ્યું કે જોજે, કાલે રેંટિયો, જરૂર ચાલવાનો છે. શ્રદ્ધા મોટી ચીજ છે. વલ્લભભાઈ પૂછે, 'આમાં પણ શ્રદ્ધા?' ગાંધીજી કહે, હા, હા. શ્રદ્ધા તો ખરી જ. ૧૧–૫–'૩૨ની મહાદેવભાઈની ડાયરી નીચેનો પ્રસંગ નોંધે છે:

બાપુ આજે રેંટિયા ઉપર વધુ સફળ થયા. ત્રણ કલાક કાંતીને ૧૩૧ તાર કાઢ્યા. વલ્લભભાઈને કહે, 'જુઓ આજે કેવું પરિણામ આવ્યું છે?' વલ્લભભાઈ કહે, 'હા, નીચે ઠીક પડ્યું છે.' બાપુ કહે, 'પણ એ સૂતરફેણી પણ બંધ થશે પછી તો કહેશોને કે હવે થયું?૪૭

અને ૨૫–૫–૧૯૩૨ની ડાયરીનો એક અંશ:

વલ્લભભાઈને પાકીટો બનાવતા, અનેક વસ્તુઓ સંઘરતા અને બીજા અનેક કિસ્સાઓ કરતા જોઈને [બાપુ] કહે છે: 'સ્વરાજમાં તમને શેનું દફતર આપશું?' વલ્લભભાઈ કહે: 'સ્વરાજમાં હું શું લઈશ ચીપિયો અને તૂમડી!' બાપુ કહે: 'દાસ અને મોતીલાલજી પોતાના હોદ્દા ગણતા અને મહમદઅલીએ અને શૌકતઅલીએ પોતાને કેળવણી મંત્રી અને સરસેનાપતિ તરીકે ગણાવ્યા હતા. લાજમાં રહ્યા લાજમાં કે સ્વરાજ ન આવ્યું અને કશું ન થયા.'૪૮

નોંધ:

૧. महादेवभाईनी डायरी – १ : पृ. ६.

૨. એજન, પૃ. ૨૮૫.

૩. એજન, પૃ. ૬.

૪. એજન, પૃ. ૧૫.

૫. એજન, પૃ. ૧૬.

૬. એજન, પૃ. ૧૬.

૭. એજન, પૃ. ૨૦–૨૧.

૮. એજન, પૃ. ૧૧૬.

૯. એજન, પૃ. ૩૫૬–૩૫૭.

૧૦. એજન, પૃ. ૩૫૯.

૧૧. એજન, પૃ. ૨૭.

૧૨. એજન, પૃ. ૨૯.

૧૩. એજન, પૃ. ૧૨૯.

૧૪. એજન, પૃ. ૨૩૪–૨૩૫માંથી સારવીને.

૧૫. એજન, પૃ. ૧૨૫–૧૨૬.

૧૬. એજન, પૃ. ૨૩૧.

૧૭. એજન, પૃ. ૩૫૫–૩૫૬માંથી સારવીને.

૧૮. એજન, પૃ. ૨૪૨–૨૪૩.

૧૯. એજન, પૃ. ૩૫૧.

૨૦. गांधीजीनो अक्षरदेह – ४९ : पृ. २६५.
૨૧. महादेवभाईनी डायरी – १ : पृ. २३३.
૨૨. गांधीजीनो अक्षरदेह – ४९ : पृ. १९५.
૨૩. આ પ્રશ્ન લેખકે અત્યારે સ્મરણ પરથી નોંધ્યો છે.
૨૪. महादेवभाईनी डायरी – २ : पृ. ५४.
૨૫. મૂળ બંગાળી પરથી. અનુવાદ: મહાદેવ દેસાઈ.
૨૬. महादेवभाईनी डायरी – १ : पृ. ७.
૨૭. એજન, પૃ. ૭.
૨૮. એજન, પૃ. ૮.
૨૯. કાકાસાહેબ કાલેલકર.
૩૦. महादेवभाईनी डायरी – १ : पृ. १७.
૩૧. એજન, પૃ. ૨૬.
૩૨. એજન, પૃ. ૧૧૫.
૩૩. એજન, પૃ. ૧૯૪.
૩૪. એજન, પૃ. ૮૯.
૩૫. એજન, પૃ. ૩૨.
૩૬. એજન, પૃ. ૧૩૯.
૩૭. એજન, પૃ. ૧૩૭–૧૩૮.
૩૮. એજન, પૃ. ૭૫.
૩૯. એજન, પૃ. ૧૯૯.
૪૦. એજન, પૃ. ૨૧૮.
૪૧. એજન, પૃ. ૧૩૧.
૪૨. गांधीजीनो अक्षरदेह – ५० : पृ. ४३.
૪૩. गांधीजीनो अक्षरदेह – ४९ : पृ. ४११.
૪૪. गांधीजीनो अक्षरदेह – ५० : पृ. १०६.
૪૫. महादेवभाईनी डायरी – १ : पृ. २४.
૪૫એ. એજન, પૃ. ૩૩.

૪૬. એજન, પૃ. ૩૬૦.

૪૭. એજન, પૃ. ૧૫૦.

૪૮. એજન, પૃ. ૧૭૮.

# ચોત્રીસ – સૌને કીધાં પોતીકાં

બીજી ગોળમેજી પરિષદ વખતે, ૧૩મી નવેમ્બર, ૧૯૩૧ને દિન, લઘુમતી કમિટીની છેલ્લી બેઠકમાં ગાંધીજીએ કહ્યું હતું: 'મારાથી કહી શકાય તેટલા આગ્રહથી હું કહું છું કે આ વસ્તુ (અલગ મતદારમંડળ)નો વિરોધ કરનાર હું એકલો હોઈશ તોપણ મારા પ્રાણાર્પણથી હું તેનો વિરોધ કરીશ.'

સરકારને ગાંધીજીએ છ માસ અગાઉથી આખરીનામું આપ્યું હતું. સરકારે આ નિર્ણય કરી જ લીધો ત્યાર પછી ઘણાં ચિંતન અને 'અંતરનો અવાજ' સાંભળ્યા પછી ગાંધીજીએ વીસમી સપ્ટેમ્બર, ૧૯૩૨થી આમરણ ઉપવાસ ઉપર ઊતરવાનો નિર્ણય કરી દીધો હતો. તેની જાણ તેઓ સરકારને કરી ચૂક્યા હતા, પણ સાથે સાથે એમ પણ કહી ચૂક્યા હતા, કે જ્યાં સુધી ઉપવાસની ઘડી આવી પહોંચશે નહીં ત્યાં સુધી તેઓ કે તેમના બે સાથીઓ આ નિર્ણયની વાત જાહેર કરશે નહીં. સત્યાગ્રહીઓ તરીકે ત્રિપુટીએ આ સમાચાર છાના રાખ્યા હતા.

સપ્ટેમ્બર મહિનાના પહેલા અઠવાડિયાથી ગાંધીજીના ઘણાખરા પત્રો આ નિર્ણય અંગેના જ લખાયા અને ત્યારથી મહાદેવભાઈની ડાયરી પણ એ જ વિષયથી ભરપૂર છે. ડાયરીનાં ઘણાં પાનાં તો એ પત્રોની નકલથી જ ભરેલાં છે. ગાંધીજીએ કરવા ધારેલા આ વ્રતના વિચાર અને સમાચારો જ એ ડાયરીઓમાં અગ્રસ્થાન પામે ને!

ઘણા પત્રોમાં એકસરખા વિચારો એક યા બીજી રીતે વ્યક્ત થયા છે. આપણે જુદા જુદા પત્રો અને સંવાદોમાંથી મુખ્ય મુખ્ય વાતોને લઈને સમગ્ર વિચારને સમજીએ.

શરૂઆતમાં તો ગાંધીજી એમ વિચારે છે કે ઉપવાસ શરૂ થાય તે પહેલાં જ સરકાર તેમને છોડી દેશે. વલ્લભભાઈના એક પ્રશ્નના જવાબમાં ગાંધીજી કહે છે:

મને હજી એમ જ ભાસે છે કે મને ૧૯મીએ અથવા એ પહેલાં છોડી દેશે. એ લોકો મને ઉપવાસ કરવા દે અને કશી ખબર ન આપે, અને કહે કે કેદી તરીકે એણે ન કરવું જોઈતું હતું એવું કર્યું, અમે શું કરીએ? એ તો અધમતાની પરાકાષ્ઠા કહેવાય. એટલે સુધી એ લોકો ન જઈ શકે, એમ હું નથી કહેતો; પણ એ લોકો એટલે સુધી જવાની જરૂર ન ધારે. અને જરૂર કરતાં આગળ જનારા એ લોકો નથી.૧

જો પોતાને છોડી દે તો તેઓ શું કરે એની કલ્પના ગાંધીજીના મનમાં સ્પષ્ટ નહોતી. પણ પોતાની ભૂમિકા સમજાવતો જે ખરડો ઘડે તેમાં હિંદુ સમાજ, અંત્યજો, સરકાર, મુસલમાનો સૌને ઉદ્દેશીને કાંઈક ને કાંઈક કહેવાનું રહેશે એમ તેઓ કલ્પી શકતા હતા. દુષ્ટમાં દુષ્ટ માણસને પણ પિગળાવી શકાય એવો વિશ્વાસ લઈને જ સત્યાગ્રહી તો ચાલે.

મહાદેવભાઈએ પૂછ્યું કે લોકો પૂછશે કે સરકારનો વાંક કાઢો તે પહેલાં તમે તમારો પોતાનો કેમ ન કાઢો? હિંદુ સમાજ શા સારુ અંત્યજોને અસ્પૃશ્ય ગણે છે? ગાંધીજીએ જવાબ આપ્યો કે એ સમજાવવાનું કામ એમનું રહેશે. અંત્યજોને કાયમના જુદા પાડવાથી તો આંતરવિગ્રહ થાય. ગાંધીજીએ પોતાના બંને સાથીઓને એ પણ સમજાવ્યું કે બીજા કોઈને તેમની પાછળ ઉપવાસ કરવાની સખત મનાઈ છે અને દેશમાં શાંતિ જાળવવાની છે.

મહાદેવભાઈએ આખી લડત વિશે આશંકા સેવી હતી કે તે પાંચ-સાત વરસ ચાલશે. ગાંધીજીએ સમજાવ્યું કે દક્ષિણ આફ્રિકામાં થયું હતું તેમ જો લડત મંદ પડી જાય તો લાંબી ચાલે. અને આખરી ઉદ્દેશ પૂરો કરતાંય સમય લાગે. બાકી જો ઉદ્દેશની દિશામાં આગળ ગતિ થતી હોય તો ગાંધીજી નવા બંધારણની વ્યવસ્થામાં પ્રવેશ કરીને તે તરફ આગળ વધવામાં કાંઈ વાંધો જોતા નહોતા.

વલ્લભભાઈને અલગ મતદારમંડળનો રાજનૈતિક દુરુપયોગ થશે એવી ચાલબાજી લાગતી હતી. થોડાઘણા અસ્પૃશ્યોને રાજકાજમાં લઈને બાકીનાને દૂર રાખીને સરકાર અસ્પૃશ્યોને સમજાવશે કે બીજા કાંઈ ધારાસભામાં જઈ નથી શકતા એ જ બતાવે છે કે અલગ મતદારમંડળની કેવી જરૂર છે.

ગાંધીજીને મન એના નૈતિક પાસાની ચિંતા વધારે હતી. એમને ભય હતો કે અલગ મતદારમંડળ કરવાથી ગામડામાં ખૂણેખાંચરે પડેલા 'અસ્પૃશ્યો', 'અગમ્યો' કે 'અદૃશ્યો'નો ખાતમો બોલી જશે. એમને આ ફેરફાર હિંદુ સમાજસુધારકોનો કાંટો કાઢી નાખવાનું કાવતરું લાગતું હતું.

મેજર ભંડારી એક દિવસ ગાંધીજીને મળવા આવ્યા, તેમની આગળ તેમણે આ નૈતિક બાબતની વાત કરી. મેજરે પૂછ્યું કે આ બાબતમાં કાંઈ થઈ ન શકે? ગાંધીજીએ કહ્યું કે અંત્યજો ભેગા મળીને સંયુક્ત મતદાનમંડળ માગે તો જરૂર થઈ શકે.

ગાંધીજીએ સાથીઓને લખવા માંડ્યું કે, 'ઈશ્વરનો અનુગ્રહ માનો કે તમારા એક સાથીને અંતિમ ધર્મપાલન કરવાનું સૂઝ્યું છે અને તેનો અવસર તેને મળ્યો છે.'૨

મહાદેવભાઈએ શંકા કરી કે, 'આંબેડકરની બધા ખુશામત કરશે એટલે એની ધૃષ્ટતાને ઉત્તેજન આપવા જેવું થશે.' ગાંધીજીએ સ્વીકાર્યું કે એવી શક્યતા હશે ખરી.

મહાદેવભાઈના મનમાં થયું કે આ ઉપવાસમાં દોષ ન કહેવાય? પણ ત્યાં તો ગાંધીજીએ કહ્યું: 'એટલે જ મને થાય છે કે મને છોડે નહીં અને અહીં જ પડ્યા પડ્યા ઉપવાસ કરવા દે અને મરવા દે તો કેવું સારું! પણ છોડશે તો હું બધું સાફ કરીશ. તે એ કે એને [ડૉ. આંબેડકરને] સાચું લાગે તો એ માને, દબાઈને ન માને. કોઈ એના પર દબાણ ન કરે.'૩

અનેક પ્રિયજનોના તાર કે પત્રો આવવા લાગ્યા.

સરોજિની નાયડુએ એક અત્યંત સ્નેહાળ અને પ્રભાવશાળી પત્રમાં લખ્યું:

હે ભાવિના ભાગ્યવિધાતા, હું તો કહું કે એવાં સાત જીવન હોય તોપણ આ સૈકાજૂનું પાપ ધોવાને એ અર્પણ કરો, અસ્પૃશ્યતાનું ભયંકર કલંક, જરૂર પડે તો, તમારા જેવાના પવિત્ર લોહીથી જ્યાં સુધી ધોવાશે નહીં ત્યાં સુધી આપણા રાષ્ટ્રની મુક્તિ નથી... સમસ્ત માનવજાતિના કલ્યાણ માટે, ખાસ કરીને હિંદુ જાતિનાં લા-વારસ અને દયાપાત્ર સંતાનો માટે, વધારે સ્વીકાર્ય, વધારે સુંદર અને વધારે નિષ્પાપ બલિદાન, — તમારું જીવન છે કે તમારું મૃત્યુ? જો તમે અતિશય નમ્રતાપૂર્વક અને પ્રાર્થનામય થઈને તમારા હૃદયમાં વિરાજી રહેલા ઈશ્વરનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કરશો, તો હે નાના ભાગ્યવિધાતા, તમને જવાબ મળશે કે સર્વોત્તમ બલિદાન માટે તમારે જીવન પસંદ કરવાનું છે, નહીં કે મરણ.૪

'વહાલાં બુલબુલ મા અને મારા આત્માનાં રખેવાળ' કહી સરોજિનીને સંબોધીને ગાંધીજીએ એક લાંબો પત્ર લખ્યો, જેના બે નાના ફકરા નીચે પ્રમાણે છે:

ખૂબ પ્રાર્થના પછી ઈશ્વરને નામે અને તેના આદેશથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેના અમલની પળ મુલતવી રાખવાનો મને અધિકાર નથી...

અહીં માતૃપ્રેમે કવિની આર્ષદૃષ્ટિ ઉપર વિજય મેળવ્યો છે. અને તેથી જ મારો નિર્ણય ફેરવવાને — મારું જીવન ટકાવી રાખવાને મારા ગર્વને અપીલ કરવા તમે પ્રેરાયાં છો.

પણ હું માનું છું કે મારામાં રહેલા સ્ત્રીત્વને તમે વીસર્યાં નથી. એ સ્ત્રીત્વને કારણે જ મરણ પર્યન્ત સહન કરવાનો માર્ગ મેં પસંદ કર્યો છે. મારા અબળાપણામાં જ મારું બળ મારે શોધવું રહ્યું...૫

આફ્રિકામાં પરમ પ્રિય મિત્ર હર્મન કૅલનબેકને લખ્યું:

જો આ શરીર પાસેથી ઈશ્વરને વધારે કામ લેવું હશે તો આ અગ્નિપરીક્ષામાંથી એને તે પાર ઉતારશે. જો હું જીવતો રહું તો તમે બને એટલા વહેલા આવવાનો પ્રયત્ન કરશો અને મને મળશો. અત્યારે તો આ છેલ્લા રામ રામ.૬

પુત્ર અને પુત્રવધૂ મણિલાલ અને સુશીલાને લખ્યું:

મારી બધી આશા પૂરી પાડજો. શી આશા રાખું છું તે જાણો છો? બાપુ જે વારસો મૂકી જાય છે તેમાં ખૂબ વધારો કરજો. ઈશ્વર તમારું કલ્યાણ જ કરશે.૭

૧૭મીએ રાત્રે ઉપવાસ અંગે કરારનો ખરડો ઘડી કાઢ્યો હતો. એમાં ખૂબ મોટી મોટી શરતો જોઈને વલ્લભભાઈ ઊકળી ઊઠ્યા, 'આ વસ્તુ ખળભળાટ કરશે, એને માટે હિંદુ સમાજને નોટિસ જોઈએ, એ લોકોને તો તમારા ઉપવાસ છોડાવવા સાથે વાત છે. આ બધી માગણી કરો તો સમાજ પર બળાત્કાર થાય, તમે સમાજને મજબૂત નથી કરી શકતા.' ગાંધીજીએ સમજાવ્યું કે:

ઉપવાસ છોડવાને માટે આ નથી. પણ ઉપવાસ આજે છોડું પછી ભાવિમાં મારું વર્તન કેવું હશે તે હું એ લોકો પાસે છાનું કેમ રાખું? સમાજની પાસે જે ઇચ્છું છું તે આવવું જ જોઈએ. ભલે સમાજ છ માસની નોટિસ માગે, પણ તે દિવસ બધાં મંદિરો, બધી શાળાઓ અને જાહેર સંસ્થાઓ ખુલ્લાં થવાં જ જોઈએ. એ વિશેના કરાર ઉપર મહારાજોની પણ સહી જોઈએ.૮

સરકારે ગાંધીજીના આખરનામાને શરૂઆતમાં તો ગણકારેલું જ નહીં, પહેલાં તો એ જ સમજાતું નહોતું કે ગાંધીજીએ સેમ્યુઅલ હોરને લખેલ પત્ર આખા પ્રધાનમંડળે ચર્ચ્યો છે કે નહીં. ઉપવાસના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ સરકાર તરફે અધિકારીઓ મારફત એ પૂછપરછ થવા લાગી કે ગાંધીજીનો નિર્ણય અફર છે કે તેમાં કાંઈ ફેરફાર થવા સંભવ છે. છેવટની સ્થિતિ એ આવી કે એમ કહેવામાં આવ્યું કે

સરકાર તરફથી તો ચુકાદો અપાઈ ચૂક્યો છે. હવે જો ભારતના સૌ લાગતાવળગતાઓ સાથે મળીને આ નિર્ણયને બદલવાનો નિશ્ચય કરશે તો જ એમાં ફેરફારને ગુંજાશ છે. બાકી તો શું થઈ શકે? ઉપવાસને દિવસે સરકાર તરફથી લગભગ આ ભૂમિકા હતી. ગાંધીજીએ સરકાર સાથે થયેલ પત્રવ્યવહાર છાપાંઓમાં આપવા વિનંતી કરી હતી, પણ તે આખરી દિવસ સુધી પ્રસિદ્ધ થયો નહોતો. ગાંધીજી ઉપવાસ ઉપર ઊતરે છે એ સમાચાર અવશ્ય બહાર પડી ગયા હતા. પણ પોતાનો આખો વિચાર દેશ કે દુનિયા આગળ મૂકવાનો તેમને મોકો નહોતો મળ્યો. બલકે તે પહેલાં એકથી વધારે વાર એવું બન્યું હતું ખરું કે ઇંગ્લંડની પાર્લમેન્ટ આગળ હિંદી વજીરે એવાં વિધાનો કર્યાં હતાં કે એમની પ્રામાણિકતા વિશે ગાંધીજીની શ્રદ્ધા ડગી ગઈ હતી. અલબત્ત, ગાંધીજીની સમક્ષ તો હિંદી વજીરના ભાષણના અહેવાલો પણ છાપાંઓ મારફત જેટલા અને જેવા આવે તેટલો જ આધાર હતો. પોતાને તરફે એમની પાસે ચોક્કસ માહિતી મેળવવાની સગવડ નહોતી અને જવાબ બહાર પહોંચાડવાનો તો પ્રશ્ન જ નહોતો. જ્યારે વલ્લભભાઈએ હિંદી વજીરના બીજા ભાષણ વિશે ગાંધીજીનો અભિપ્રાય પૂછ્યો ત્યારે ગાંધીજીએ કહ્યું, 'એ ભાષણમાં ચાલાકી સિવાય કાંઈ નથી અને મને બહુ નિરાશા થાય છે. હું એને પ્રામાણિક માનતો હતો. આ ભાષણમાં એ પ્રામાણિક મટી ચાલાક બન્યો છે.'૯

પ્રતિપક્ષીને જેલમાં પૂરી, એનું મોં સીવીને એને વિશે અધિકૃત કે બિનઅધિકૃત રીતે પોતાને ફાવે તેવાં વિધાનો કરવાં એ આતતાયી શાસકોનો રિવાજ છે, જે લોકશાહીની જનની કહેવાતા દેશના સર્વોચ્ચ રાજનૈતિક નેતાઓ ખુલ્લી રીતે અજમાવી રહ્યા હતા. સત્યને દાબી દેવું એ દરેક સરમુખત્યારનું મુખ્ય સાધન હોય છે. મહાદેવભાઈની રોજેરોજની ડાયરીઓ અને નોંધો આ સત્યનું ગળું દબાવવાના પ્રયત્નની સામે પડકાર સમી હતી. આજે સાઠ વર્ષ પછી પણ એ સામ્રાજ્યવાદી આતતાયિતાના અસત્યની સામે બળવો પોકારી સત્યનો ઝંડો ફરકતો રાખે છે.

જેની પાસે સત્ય પ્રગટ કરવાનું સાધન હતું, જેનું મોં સીવવામાં આવ્યું નહોતું, તેવા बॉम्बे क्रॉनकिलવાળા હોર્નિમેને હોરના ભાષણ વિશે લખ્યું:

પોતે રાજદ્વારી બાબતમાં અપ્રામાણિક ક્યારે બની જાય છે તેનું પણ એને ભાન નથી. રાજદ્વારી મૂલ્યોની એ કદર નથી કરી શકતો એટલું જ નહીં, પણ રાજદ્વારી વર્તનમાં નીતિ જેવી કશી વસ્તુ જ એ જાણતો નથી... આ ભાષણમાં એવી બેશરમ કબૂલાત

આવી જાય છે કે વડા પ્રધાને પોતાના ભાષણમાં જે અધ્યાહારો રાખ્યા હતા તે ગોળમેજી પરિષદનો છેદ ઉડાડી દેવાનો માર્ગ ખુલ્લો રાખવા માટે ઇરાદાપૂર્વક જ રાખવામાં આવ્યા હતા.૧૦

ભારતને છેડે તો ગાંધીજી વિશે વધુમાં વધુ અનુદાર વાઇસરૉય જ દિલ્હીની ગાદીએ બેઠેલો હતો. મહાદેવભાઈ પોતાની ૨૦–૯–'૩૨ની ડાયરીમાં નોંધે છે:

સૂતાં સૂતાં બાપુ કહે: વલ્લભભાઈ, તમને એક ગમ્મતની વાત કરવાની રહી ગઈ. પેલો વિલિંગ્ડન, જયકર-સપ્રુને કહે: 'Irvin foolishly yielded to that villain of a Bania, not!' 'અર્વિન મૂર્ખો તે પેલો ખલનાયક વાણિયાને નમ્યો, હું એમ ન કરું.'૧૧

આપણે ઉપવાસના મંગલ પ્રભાત સુધી આવી પહોંચ્યા. અસ્પૃશ્યતાને કાયમને માટે દેશના બંધારણમાં સ્થાયી થતી અટકાવવા ગાંધીજીએ પોતાના પ્રાણ હોડમાં મૂકવાનો નિશ્ચય કર્યો. બાર વર્ષની ઉંમરે ઘરનું પાયખાનું સાફ કરવા આવતા ભંગીને 'એનામાં પણ ઈશ્વરનો વાસ છે' એમ કહીને એને અસ્પૃશ્ય ગણવાનો ઇન્કાર કરનાર ગાંધીજીએ બાસઠ વર્ષની ઉંમરે જ્યારે ગોળમેજી આગળ જાહેરાત કરી કે અસ્પૃશ્યો સારુ અલગ મતદારમંડળની જોગવાઈ કરવામાં આવશે તો પોતે એનો પ્રાણપણે વિરોધ કરશે ત્યારે એમનું એ વિધાન સીટોની સોદાબાજી કરનાર કોઈ રાજકારણી મુત્સદ્દીની જીભે ઉચ્ચારાયેલું વિધાન નહોતું. એ તો સર્વત્ર હરિદર્શન કરવા મથતા સાધકની નિષ્ઠામાંથી નિષ્પન્ન એવું વચન હતું. સાચી લોકશાહીનું મૂળ પણ ગાંધીજીને આ આત્માની એકતાના દર્શનમાં જ લાગતું હતું. વળી દિવસોના દિવસોની મૂંઝવણ અને તલસાટ પછી રીતસર 'અંતરના અવાજ'ના આદેશથી તેઓ આ નિશ્ચય પર આવ્યા હતા. તેથી તેઓ આ ઉપવાસને વ્રત માનતા હતા અને તેને ધાર્મિક કે આધ્યાત્મિક મહત્ત્વ આપતા હતા.

એ વ્રતનો દિન આવી પહોંચ્યો. 'નિશા જે સર્વભૂતોની તેમાં જાગ્રત સંયમી'. રાતે અઢી વાગ્યે ગાંધીજી ઊઠે છે: પ્રથમ સ્મરણ દેશને બીજે ખૂણે બેઠેલા કવિવર રવીન્દ્રનાથનું. સત્ય સ્મરે છે સુંદરને શિવને અર્થે:

પ્રિય ગુરુદેવ,

મંગળવારની પરોઢના ત્રણ વાગ્યા છે. આજે બપોરે મારો અગ્નિપ્રવેશ થશે. એ કાર્યને તમે જો આશીર્વાદ આપી શકતા હો તો મારે તમારા આશીર્વાદ જોઈએ છે. તમે મારા સાચા મિત્ર છો, કારણ, તમે મારા નિખાલસ મિત્ર છો અને જે મનમાં આવે તે મોઢેથી

કહી દો છો... તમારું હૃદય મારા આ કાર્યને વખોડી કાઢતું હોય તોપણ તમારી એ ટીકા હું ભેટ સમાન ગણીશ. મને જો મારી ભૂલ ખબર પડે તો, તેનો એકરાર કરવાની ગમે તેટલી કિંમત આપવી પડે છતાં, મારી ભૂલનો ખુલ્લો એકરાર ન કરું એવો અભિમાની હું નથી. તમારું હૃદય જે મારા આ કાર્યને પસંદ કરે તો તમારા આશીર્વાદ મારે જોઈએ છે, એ મને ટકાવી રાખશે...

મો. ક. ગાંધી

તા. ક. સવારના સાડા દસ. હું સુપરિન્ટેન્ડેન્ટને તમારા ઉપર લખેલો કાગળ આપવા જતો હતો ત્યાં તમારો પ્રેમાળ અને ભવ્ય તાર મને મળ્યો...૧૨

મો. ક. ગાંધી

કવિનો એ તાર પણ મહાદેવભાઈની ડાયરીએ આપણે સારુ સાચવી રાખ્યો છે:

આપણા દેશની એકતા ખાતર અને આપણા સમાજની અખંડિતતા માટે કીમતી જીવનનું બલિદાન આપવા જેવું છે. આપણા રાજ્યકર્તાઓ ઉપર તેની શી અસર થશે તે આપણે કલ્પી ન શકીએ. આપણા લોકોને માટે આ વસ્તુ કેટલી મહત્ત્વની છે તે એ લોકો ન સમજી શકે. છતાં એટલું તો નક્કી છે કે આવા ઐચ્છિક બલિદાનની આપણા દેશબાંધવોનાં હૃદય ઉપર જે ભારે અસર થશે તે નિષ્ફળ નહીં જાય. હું ઉત્કટ આશા સેવું છું કે આવી રાષ્ટ્રીય આપત્તિને તેની છેલ્લી હદ સુધી પહોંચવા દેવા જેવા કઠોર અમે નહીં થઈએ. અમારાં દુ:ખી હૃદય તમારી ભવ્ય તપશ્ચર્યાને પૂજ્યભાવ અને પ્રેમ સાથે અનુસરી રહ્યાં છે.૧૩

ઉપવાસ આરંભ થઈ ગયા પછી પણ મહાદેવભાઈએ એને વિશેની ચર્ચા ચાલુ રાખી, કદાચ એમનો હેતુ આવી પ્રશ્નોત્તરી દ્વારા દુનિયા આગળ ઉપવાસને સરખી રીતે પ્રકાશમાં લાવવાનો હશે:

હું: 'આપ હિંદુ સમાજ પાસે શુદ્ધિ માગો છો અને એ સાત દિવસમાં જ થઈ જવી જોઈએ એ દુરાગ્રહ નથી?'

બાપુ: 'ના, સાત દિવસમાં નથી માગતો. સાત દિવસમાં જે માગું છું તે તો થોડું જ છે. અને મારા ઉપવાસ લંબાય તો શું ખોટું? એ લંબાય એટલે જેટલો ખળભળાટ થવાનો હોય તે થાય. અને મૅકડૉનાલ્ડ ન સાંભળે તોયે શું? બધું જ ભગવાન કરી રહ્યો છે, કરાવી રહ્યો છે, ત્યાં એની લીલા જોઈને નાચવાનું કે ચિડાવાનું? "જૂગટું રમનારનું જૂગટું હું છું

અને છળ કરનારનું છળ હું છું” એમ કહીને એણે આડો આંક વાળ્યો. એ જાણ્યું પછી આ દેહ પડી જાય એની શી પરવા? છળ કરાવનાર એ છે, ઉપવાસ કરાવનાર એ છે.’

વલ્લભભાઈ કહે: ‘તમારામાં રોષ ભરેલો છે. એ રોષ છે ત્યાં સુધી ઉપવાસ આદરતા નહીં, કોઈની પાસે આદરાવતા નહીં. બધાને કહેજો, જેનામાં ક્રોધનો છાંટો ન હોય તેણે આ બાજી ખેલવાની છે. બીજાને ઉપવાસની પ્રતિજ્ઞા લેવાનો અધિકાર નથી.’

‘પણ વાત તો એ છે કે શરીર પડી જવા વિશે આટલો ડર શો? મારું શરીર બચાવવાના મોહમાંથી નીકળી જવું જોઈએ. જાપાની લોકોની હારાકિરીની રીત મને બહુ પસંદ છે. મોરક્કોના આરબો ફ્રેંચ સિપાઈઓની તોપોના મોંમાં શા સારુ ધસ્યા હતા? એ આપઘાત કરતા હતા?’

મેં પૂછ્યું: ‘આ ચુકાદો તુચ્છ વસ્તુ છે. પણ સ્થાયી વસ્તુ અસ્પૃશ્યતાનો નાશ છે. ધારો કે અસ્પૃશ્યતાનો નાશ સ્પષ્ટ થયેલો દેખાય છતાં પેલા નાલાયકો એ ચુકાદો ન ફેરવે તોપણ આપ ઉપવાસ ન છોડો?’

બાપુ: ‘જરૂર છોડું. પણ આ સવાલ પૂછવો ન જોઈએ. અસ્પૃશ્યતાનો નાશ એ ચુકાદો ફરવા કરતાં વધારે મોટો ચમત્કાર છે. પણ આનો જવાબ જાહેર ન થઈ શકે. કારણ, એની તો પ્રજા ઉપર ખોટી અસર થાય. મનમાં સમજી લેવા જેવી વાત છે.’

રાત્રે જરાય થાક નહોતો. ૨૦૮ તાર કાંત્યા.૧૪

પહેલે દિવસે ઉપવાસને ખાટલે પડ્યા પડ્યા ગાંધીજીએ ઢગલાબંધ કાગળો ને તાર લખ્યા-લખાવ્યા. તેમાંથી કેટલાકના વીણેલા અંશ નીચે આપ્યા છે:

મીરાંબહેનને: મારી પ્રતિજ્ઞાની જાણ કરતો પહેલો કાગળ મેં [સરકારને] લખ્યો ત્યારે મને તારા અને બાના વિચાર આવ્યા હતા. ઘડીભર તો મને ચક્કર આવી ગયાં. તમે બે જણાં આ શી રીતે સહી શકશો? પણ મારા અંતર્નાદે કહ્યું: ‘જો તારે આમાં પ્રવેશ કરવો હોય તો તમામ આસક્તિના વિચાર તારે છોડી દેવા જોઈએ.’ પછી કાગળ ગયો. અસ્પૃશ્યતાનું પાપ ધોવાને માટે કોઈ પણ વેદના વધારે પડતી નથી... તને કાંઈ સમાધાન મળે એમ હોય તો હું જણાવું કે વલ્લભભાઈ, મહાદેવ, રામદાસ, સુરેન્દ્ર, દેવદાસ જેમને હું મળ્યો છું તે બધા આ વસ્તુ સરસ રીતે સહી રહ્યા છે...૧૫

હોરેસ ઍલેક્ઝાન્ડરને તાર: ‘જે મારે મન ઈશ્વરનો આદેશ છે તેની હું કેવી રીતે અવજ્ઞા કરી શકું? તેનું ધાર્યું થાઓ. પ્યાર.’૧૬

અસ્પૃશ્ય નેતા પી. એન. રાજભોજને પત્ર:

મારી સ્થિતિ આ પ્રમાણે છે: મારા અપવાસને માત્ર અલગ મતદારમંડળ જોડે સંબંધ છે. એ પાછા ખેંચી લેતાંની સાથે પ્રતિજ્ઞાના શબ્દાર્થનું પાલન થયેલું ગણાશે. અને મારે અપવાસ છોડી દેવો પડશે. પણ એ પછી અલગ મતદારમંડળ કરતાં હજાર દરજ્જે ચડિયાતો એવો વિકલ્પ પૂરો પાડવાની ભારે જવાબદારી મારા ઉપર આવી પડશે.

મારા કહેવા પર તમે ગુસ્સો ન કરો તો હું એમ કહેવા માગું છું કે હું જન્મથી 'સ્પૃશ્ય' હોવા છતાં પસંદગીથી 'અસ્પૃશ્ય' છું. અને આ બેવડી હેસિયતથી મેં સર સેમ્યુઅલ હોરને લખ્યું અને પછી વડા પ્રધાનને લખ્યું. આ બેવડી હેસિયતે જ મને ઉપવાસ પર ઊતરવાની ફરજ પાડી છે. આ બાબત તરફ આ સંદર્ભમાં જોતાં મારે કહેવું જોઈએ કે કાનૂનથી ખાસ અનામત કરેલી બેઠકોનો વિચાર મને ગમતો નથી. જોકે અલગ મતદારમંડળો સામે જે વાંધો લેવામાં આવે તે એની સામે લઈ શકાય એમ નથી છતાં મને એ બાબતમાં સહેજ પણ શંકા નથી કે એ અસ્પૃશ્યજાતિના સ્વાભાવિક વિકાસમાં બાધા નાખશે અને દબાવનારા વર્ગો તરફથી થનારા માનભર્યા પ્રાયશ્ચિત્તની પ્રેરણાને નાબૂદ કરશે. મારું ધ્યેય તો બંને વચ્ચે હૃદયની એકતા છે, દબાવનારા વર્ગોને પક્ષે પ્રાયશ્ચિત્ત કરવાની અને બદલો વાળવાની સૌથી મોટી તક છે. એ બાબતમાં મને ખાતરી છે કે એમના હૃદયપરિવર્તનનો સમય પાકી ગયો છે. તેથી હું દલિત વર્ગો માટે શક્ય એટલા વ્યાપકમાં વ્યાપક મતદાનની તરફેણ કરું, અને દલિત વર્ગના પ્રતિનિધિઓની યોગ્ય ચૂંટણી કરાવવા માટે બંને વર્ગો વચ્ચે એક પ્રણાલી ઊભી કરવા માગું છું. મેં એક કાચી કામચલાઉ યોજના ઘડી કાઢી છે, જે મેં મિત્રોને સુપરત કરી છે અને મારા દીકરા દેવદાસને સંપૂર્ણ રીતે સમજાવી છે. પણ મારે મન હું કરાવવા માગું છું તે સુધારાનો આ સૌથી મોટો નહીં પણ નાનામાં નાનો ભાગ છે.

અસ્પૃશ્યતાની છેલ્લામાં છેલ્લી નિશાની નાબૂદ ન થાય ત્યાં સુધી મને કશાથી સંતોષ થવાનો નથી. તેથી હું એવી કાનૂની જાહેરાતનો આગ્રહ રાખીશ કે અંત્યજો માટે સવર્ણો માટે હોય છે તે જ શરતોએ બધાં જાહેર દેવસ્થાનો, કૂવાઓ, શાળાઓ વગેરે ખુલ્લાં મુકાવાં જોઈએ. આ મારો એકંદર ખ્યાલ છે. પરંતુ, અંત્યજોના પ્રતિનિધિઓને જો મારો આ વિચાર માન્ય ન હોય તો તેઓ કાનૂનથી અનામત બેઠકો મેળવવાને છૂટા છે. એની વિરુદ્ધમાં હું અપવાસ નહીં કરું પણ આવી કોઈ યોજનાને હું આશીર્વાદ આપું તેવી આશા તમે રાખશો નહીં. તે જ રીતે સરકાર એનો સ્વીકાર કરે એ માટે પણ મારા આશીર્વાદની

આવશ્યકતા નથી. જો મને તક મળે તો જરૂર, હું અસ્પૃશ્યોમાં કાનૂનથી બેઠકો અનામત રાખવા વિરુદ્ધ જાહેર મત કેળવવાનો પ્રયાસ કરું.

મારું દૃષ્ટિબિંદુ જો સ્પષ્ટ કે સંતોષકારક ન લાગતું હોય તો તમને અને આર. બી.રાજા તેમ જ ડૉ. આંબેડકર સહિત બીજા મિત્રોને ચોક્કસ સમય નક્કી કરીને મળતાં મને આનંદ થશે.૧૭

તે જ દિવસે છાપાંના પ્રતિનિધિઓને તેમને મળવા દેવામાં આવ્યા હતા. ધ टाइम्स ऑफ इंडियाમાં પ્રગટ થયેલા એ મુલાકાતના અહેવાલમાં ગાંધીજીએ સ્વેચ્છાએ અસ્પૃશ્યતા સ્વીકારવા, અને તેમાંયે અસ્પૃશ્યોમાં ઉપલા વર્ગના નહીં પણ જેમને લોકો જોવાને યોગ્ય કે પાસે આવવાને યોગ્ય પણ નથી ગણતા તેવા પૈકી એક કલ્પીને તેમના હિતમાં જીવન હોમી દેવાની ઇચ્છા પ્રગટ કરી હતી. ગાંધીજીને પોતાના પુત્ર જોડે અગ્નિસંસ્કાર અંગે કાંઈક વાત કરી છે કે કેમ એ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે:

'મારા દીકરાને મેં કહ્યું છે કે મુંબઈની પરિષદમાં એણે જાહેર કરવું કે ગાંડી ઉતાવળમાં અંત્યજ વર્ગના હિતને નુકસાન પહોંચાડે એવું કશું થઈ બેસે તેને બદલે પોતાના બાપની જિંદગી જતી કરવા પોતે તૈયાર છે.'૧૮

આગલે દિવસે ગાંધીજીના ઉપવાસ અંગે આંબેડકરનું નિવેદન વંચાતું હતું ત્યારે કહે:

'મને એથી જરાયે ક્રોધ નથી થતો. એને એ બધું કહેવાનો અધિકાર છે. આજે એ જે જે કરી રહ્યો છે, અંત્યજો ચિડાઈને જે કરી રહ્યા છે, તેને હું લાગનો છું. આપણે બધા એ જ લાગના છીએ.'૧૯

હજી તો ઉપવાસ શરૂ થવાને કેટલાક કલાકની વાર હતી ત્યાં, સવારે, ગીતાનો પાઠ કરવાની શરૂઆત કરતાં મહાદેવભાઈ ધ્રુસકે ધ્રુસકે રડ્યા. 'ક્યાં મારા જેવો કુટિલ, ખલ, કામી એમના ઉપવાસના આરંભે ગીતાપાઠ કરનાર,' એટલી જ લાગણી હતી.૨૦

ગાંધીજીના ઉપવાસથી ઊભી થયેલી પરિસ્થિતિ વિશે દેશના આગેવાનોની ચર્ચાવિચારણા થવા લાગી. એ ચર્ચામાં ભળવા સારુ જનારા રાજાજી, રાજેન્દ્રબાબુ વગેરે સાથે ગાંધીજીએ લંબાણથી વાત કરી એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે નેતાઓએ પોતાનું સમયપત્રક નક્કી કરી, અમુક વખત સુધીમાં તો નિર્ણય કરવો જ, અમુક નિર્ણય કર્યા પછી તો ગમે તે થાય તોયે ચસવું નહીં અને આંબેડકરની ખુશામત છોડવી અને એ ન માને તો તરત જ બાકીના માણસોએ ઠરાવ ઘડી, તે વધારેમાં

વધારે બહુમતીનો અભિપ્રાય છે એવો વડા પ્રધાનને તાર કરવો તથા એની પાસે ચુકાદો બદલવાની માગણી કરવી. અને દેશમાં ઠેકઠેકાણેથી આ પ્રકારની માગણી કરાવવી.૨૧

આંબેડકર વગેરે સાથે બાકીના નેતાઓની જે ચર્ચા થઈ તે મુખ્યત્વે એ જ મુદ્દા ઉપર થઈ કે અલગ મતદારમંડળ આપવાને બદલે બીજો કયો વિકલ્પ અપાય છે. સૂચન એવું હતું કે, 'જેટલી બેઠકો હરિજનો માટે ખાસ અનામત રાખી હોય તે દરેક બેઠક માટે અમુક હરિજન ઉમેદવારોની ચૂંટણી પ્રથમ એકલા હરિજન મતદારો જ કરે એ અલગ પ્રાથમિક ચૂંટણી. એવી રીતે ચૂંટાયેલા ઉમેદવારોમાંથી જ સંયુક્ત મતદારમંડળ પ્રતિનિધિ ચૂંટી કાઢે. દરેક બેઠક માટે ત્રણ, ચાર કે પાંચ, જેટલા ઉમેદવારોને ચૂંટવામાં આવે એટલાની એક પૅનલ કહેવાય. અહીં હરિજન મતદારો પોતાની અલગ પ્રાથમિક ચૂંટણીમાં એક બેઠક માટે ત્રણ ઉમેદવારો ચૂંટે કે પાંચ એ વિવાદનો પ્રશ્ન છે. આંબેડકર ત્રણ કહે છે, બીજાઓ પાંચ કહેતા હતા. છેવટે સમાધાનમાં ચારની સંખ્યા નક્કી થઈ.

બીજો મુદ્દો એ હતો કે ચુકાદામાં ઠરાવેલી બેઠકો ઉપરાંતની જે બેઠકો આ સમાધાનથી આપવામાં આવે તેટલી બેઠકો પૂરતી જ આવી બેવડી ચૂંટણી કરવામાં આવે. ચુકાદામાં ઠરાવેલી સંખ્યાની ચૂંટણી તો સંયુક્ત મતદારમંડળથી જ સીધી થાય. આંબેડકર આ વસ્તુ સ્વીકારવા તૈયાર હતા पण गाधीजीनो स्वेच्छाओ बनेला हरजिन तरीके वाधो हतो के जो बेवडी चटूंणीनी पद्धत दाखल करवी होय तो तमाम बठेको माटे अे पद्धत होवी जोइअे.१२

૨૨મીની સાંજે આંબેડકર અને એમના ત્રણ સાથીઓ ગાંધીજીને મળવા આવ્યા. એ લોકોના વાર્તાલાપની નોંધથી મહાદેવભાઈની ડાયરીનાં ઘણાં પાનાં ભર્યાં છે. આપણે સારરૂપે થોડાં વાક્યો જોઈએ:

આંબેડકર: દેશમાં બે ભિન્ન ભિન્ન વિચારધારાવાળા લોકો છે એ આપણે ગૃહીત કરીને ચાલવું જોઈએ અને મને મારો બદલો મળવો જોઈએ... ચુકાદામાં મને ૭૧ જગ્યાઓ મળે છે. એ સાચો, સારો અને ચોક્કસ હિસ્સો છે. ('તમારા વિચાર પ્રમાણે' — બાપુ). તે ઉપરાંત સામાન્ય મતદારમંડળમાં મત આપવાનો અને ઉમેદવાર તરીકે ઊભા રહેવાનો મને હક મળે છે. વળી મજૂરોના મતદારમંડળમાં પણ મને મત મળે છે. અમે એટલું સમજીએ છીએ કે તમે અમને ભારે મદદ કરનારા છો. ('તમને નહીં.' — બાપુ). પણ તમારી સાથે મારો એક જ ઝઘડો છે. તમે કેવળ અમારે માટે નહીં, પણ

કહેવાતાં રાષ્ટ્રીય હિતો માટે કામ કરો છો. કેવળ અમારે માટે કામ કરો તો તો અમારા લાડીલા વીર (Hero) તમે બનો. ('એ તો ભારે સુંદર' — બાપુ). મારે તો મારી કોમ માટે રાજદ્વારી સત્તા જોઈએ છે. અમારે જીવતા રહેવા માટે એ અનિવાર્ય છે. એટલે મારા સમાધાનનો પાયો મને યોગ્ય બદલો મળે એ છે. હું હિંદુઓને કહેવા ઇચ્છું છું કે મારા બદલાની મને ખાતરી મળવી જોઈએ...૨૩

ગાંધીજીએ જે કહ્યું હતું તેમાં બહુ થોડાં વાક્યો સારરૂપે નીચે આપ્યાં છે:

બાપુ: તમારી સ્થિતિ તમે બહુ સુંદર રીતે સ્પષ્ટ કરી છે. પણ હું તમને એક પ્રશ્ન પૂછવા માગું છું... અલગ પ્રાથમિક ચૂંટણીનો હું સ્વીકાર કરું તેમાં મારી પ્રતિજ્ઞાના શબ્દાર્થનો ભંગ થતો નથી. એટલે હું એ શરત મંજૂર રાખું પણ એની ભાષા મારે ચોક્કસ તપાસવી પડે... એમાં તમે ત્રણની જ પૅનલ રાખવાનું કહો છો એમાં મને કંઈક ગંધ આવે છે. પડખું ફેરવવાની પણ પૂરતી જગા એમાં મને મળતી નથી... મારે એક પક્ષનું હિત નહીં પણ આખી અસ્પૃશ્ય કોમનું હિત આંખમાં તેલ આંજીને સાચવવું છે. મારે અસ્પૃશ્યોની સેવા કરવી છે. તેથી જ તમારી સામે મને જરાયે રોષ નથી... તમે કોઈ અપમાનજનક અથવા તો ક્રોધજનક શબ્દો વાપરો છો ત્યારે મારા દિલને તો હું એમ જ કહું કે તું એ જ લાગનો છે. તમે મારા મોં ઉપર થૂંકો તોપણ હું ગુસ્સો ન કરું. ઈશ્વરને સાક્ષી રાખીને હું આ કહું છું, એટલા માટે જ કે તમને જીવનમાં બહુ કડવા અનુભવો થયા છે એ હું જાણું છું. પણ મારો દાવો અસાધારણ છે. તમે તો અસ્પૃશ્ય જન્મેલા છો, પણ હું સ્વેચ્છાથી અસ્પૃશ્ય બનેલો છું. અને એ કોમમાં નવા દાખલ થયેલા તરીકે એ કોમના હિત માટે એ કોમના જૂના માણસોને લાગે તેના કરતાં મને વધારે લાગે છે... બાર વરસની કુમળી વયે પ્રજાશાસનનો પાઠ હું ભણ્યો છું. અમારા ઘરના ભંગીને અસ્પૃશ્ય ગણવા માટે મારી મા સાથે મેં ઝઘડો કરેલો. તે દિવસે ભંગીના રૂપમાં ઈશ્વરને અવતરતા મેં જોયા. તમે જ્યારે કહ્યું કે અસ્પૃશ્યોનું હિત મને મારી જિંદગી કરતાં વધારે વહાલું છે ત્યારે તમે ભગવાનનો બોલ બોલ્યા. હવે સચ્ચાઈથી એને વળગી રહેજો. તમારે મારી જિંદગીની પરવા ન કરવી જોઈએ, પણ અસ્પૃશ્યોને ખોટા ન નીવડશો... હિંદુ ધર્મની આબરૂ અસ્પૃશ્યતાને જડમૂળથી ઉખાડી નાખ્યા સિવાય બચવાની નથી. એ ત્યારે જ થશે, જ્યારે અસ્પૃશ્યોને દરેકેદરેક બાબતમાં સ્પૃશ્ય હિંદુઓના જેટલો દરજ્જો મળશે. અત્યારે જે 'અદશ્ય' ગણાય છે તેને પણ હિંદુસ્તાનના વાઇસરૉય થવાનો પૂરો અવકાશ

હોવો જોઈએ. હિંદુસ્તાનમાં આવ્યા પછી મેં પહેલું રાજદ્વારી ભાષણ કર્યું હતું કે મારે તો કોઈ ભંગીને કૉંગ્રેસનો પ્રમુખ બનાવવો છે...

બીજા મુદ્દાઓની બાબતમાં તો તમારે હિંદુ કોમને એની આબરૂ ઉપર છોડવી જોઈએ... હું જો મારા મુદ્દામાંથી ચસું તો હું જાણું છું કે રાષ્ટ્રનું સત્યાનાશ વળે...૨૪

૨૩મીએ આંબેડકરને લઈને સમિતિ ચાર વાગ્યે આવવાની હતી, તે વાટ જોવડાવી રાતે સાડા નવ વાગ્યે આવી. તે દિવસે મતભેદ લોકમત લેવાના મુદ્દા ઉપર હતો. સમિતિના બીજા સભ્યો કહેતા હતા કે બંધારણ અંગે લોકમત લેવાનો અધિકાર પાંચ વરસનો રાખવો જોઈએ. આંબેડકર વગેરેનો આગ્રહ તે મુદતને દસ વરસની રાખવાનો હતો.

આંબેડકરે પોતાનો કેસ સમજાવ્યો: 'અમારે તો હિંદુઓ ઉપર સજાની કલમ રાખવી છે કે અમારાં દુ:ખો એ લોકો દૂર ન કરે તો હરિજનોની મતગણતરી (રેફરેન્ડમ) માગીએ; એવા રેફરેન્ડમમાં તમને વાંધો શો હોય? તમે તો મુસલમાનો માટે પણ એવું સ્વીકાર્યું હતુ.' ગાંધીજી કહે: 'હિંદુઓ તમારી સાથે બરોબર રીતે વર્તે છે કે નહીં એ તો તમને એક વરસમાં જ ખબર પડી જવી જોઈએ... કાં તો તમે અમને અમારી આબરૂ ઉપર મૂકો અથવા ન મૂકો... પણ લાંબા ગાળાની તમે વાત કરો છો તે તમે મનમાં ભેદ રાખીને કરો છો એમ જ કહેવાય... જો મારી પૂરી સચ્ચાઈની તમારી ઉપર કશી અસર થતી હોય તો હું કહું કે અમારી આબરૂ ઉપર અમને છોડો.' આંબેડકર પાસે આનો જવાબ નહોતો... બસ હવે કાલે આવીશું કહીને ઊઠ્યા.૨૫

વચ્ચે દેવદાસ પર ગાંધીજીએ થોડો ગુસ્સો કર્યો. મહાદેવભાઈએ ગાંધીજીને સમજાવ્યું કે એ ગુસ્સો વિના કારણે હતો. તેથી તેમણે દેવદાસને બોલાવ્યા. બાપદીકરો સાથે મળીને ખૂબ રોયા! શાંત થઈ પછી ગાંધીજી કહે:

'મારાથી આવા ધાર્મિક વ્રતમાં ક્રોધ કેમ જ કરાયો? તું તો મને માફ કરશે પણ ભગવાન મને શી રીતે માફ કરશે?'૨૬

૨૪મીએ ચર્ચાઓ આગળ ચાલી. ગાંધીજીએ જ્યારે કહી દીધું કે, 'છેલ્લી વાત આ છે: પાંચ વરસે મતગણતરી અથવા તો મારું જીવન,' ત્યારે મડાગાંઠ ઊભી થઈ. ગાંધીજીના કેટલાક સાથીઓ તો રડ્યા.

બે કલાક પછી દેવદાસ વગેરેએ પાછા આવી ખબર આપ્યા કે આંબેડકરે ઘણો પ્રયત્ન કર્યો હતો તે છતાં અસ્પૃશ્યપક્ષે પાંચ વરસ ન સ્વીકાર્યાં. છેવટે બિરલાએ રસ્તો

કાઢ્યો કે દસ વરસમાં આપોઆપ એ પ્રથા બંધ થાય, દરમિયાન બંને પક્ષ મળીને બીજો રસ્તો કાઢવો હોય તો કાઢે. ગાંધીજી આનાથી ખુશ થયા.

દસ્તાવેજ પર સહીઓ થઈ. આંબેડકર ગાંધીજી પાસે આવ્યા ત્યારે ઠક્કર બાપાએ કહ્યું: 'આંબેડકરનું પરિવર્તન થયું છે.'

ગાંધીજી કહે: 'એ તમે કહો છો, આંબેડકર ક્યાં કહે છે?'

આંબેડકર: 'હા. મહાત્માજી થયું છે. તમે મને બહુ મદદ કરી. તમારા માણસોએ મને સમજાવવાનો જેટલો પ્રયત્ન કર્યો તેના કરતાં તમે મને સમજવાનો પ્રયત્ન વધારે કર્યો. મને લાગે છે કે એ લોકોનાં કરતાં મારામાં અને તમારામાં ઘણું સામ્ય છે.' બધા ખડખડાટ હસ્યા. ગાંધીજી કહે, 'હા, હા.' મહાદેવભાઈ આ વિશે લખે છે:

'આ દિવસોમાં જ બાપુએ કહ્યું હતું ના કે, "હુંયે એક જાતનો આંબેડકર જ છું ના? ઝનૂનીના અર્થમાં!" ૨૭

ઉપવાસને અંતિમ દિવસે સરકાર તરફથી સમાધાનની શરતો પર છેલ્લી મહોર મરાઈ. સરકારે સંમતિ આપી છે એવી અફવા તો પૂનામાં સવારના દસ વાગ્યાની સંભળાતી હતી. પણ મરણાસન્ન મહાત્માના જીવનને પોષણ આપનાર અધિકૃત કાગળિયું તો ઠેઠ સાંજે સાડા ચાર વાગ્યે આવ્યું.

સવારે ગુરુદેવ રવીન્દ્રનાથ આવી પહોંચ્યા હતા. આ અનશન વિશે રવીન્દ્રનાથ ગાંધીજી સાથે પૂરેપૂરા સહમત હતા. શાંતિનિકેતનમાં હતા ત્યારે તેમણે આશ્રમવાસીઓ તથા ગ્રામજનો આગળ આ વ્રતનું માહાત્મ્ય પોતાની આગવી શૈલીમાં સમજાવ્યું હતું. એનો કેટલોક અંશ આ તપોમય યજ્ઞનું મહત્ત્વ સમજાવવામાં ઉપયોગી થાય એમ છે...

'યુગે યુગે દૈવયોગે આ સંસારમાં મહાપુરુષનું આગમન થાય છે...

આજકાલ દુઃખનો અંત નથી. કેટકેટલું પીડન, કેટકેટલું દૈન્ય, કેટકેટલા રોગ, શોક, તાપ આપણે ભોગવ્યાં છે; દુઃખ ભેગું થયું છે ઢગલેઢગલા, છતાં સર્વ દુઃખોને કેડે મૂકી દે છે આજનો એક આનંદ. જે ભૂમિ પર આપણે જીવીએ છીએ, જેની ઉપર આપણે હરીએફરીએ છીએ, તે ભૂમિ ઉપર જેનો કોઈ જોટો ન જડે એવા એક મહાપુરુષે જન્મ લીધો છે.

મહાપુરુષો આવે છે ત્યારે આપણે તેને બરાબર ઓળખી શકતા નથી. કારણ, આપણાં મન ભીરુ છે, અસ્વચ્છ છે; આપણો સ્વભાવ શિથિલ છે; અભ્યાસ દુર્બળ છે, ... જ્ઞાની, ગુણી, કઠોર તપસ્વીઓને સમજવા સહેલા નથી હોતા. કારણ, આપણાં

જ્ઞાન, બુદ્ધિ અને સંસ્કારનો એની સાથે મેળ નથી ખાતો. પણ એક વાત સમજવી મુશ્કેલ નથી — તે છે સ્નેહ. જે મહાપુરુષો સ્નેહ દ્વારા પોતાની ઓળખાણ આપે છે તેને આપણે આપણા સ્નેહ દ્વારા એક રીતે સમજી શકીએ છીએ. તેથી ભારતવર્ષમાં આ એક આશ્ચર્યકારક ઘટના ઘટી છે તેને હવે આપણે સમજ્યા છીએ. આપણી વચ્ચે જે આવ્યા છે તે અત્યંત ઉચ્ચ છે, અત્યંત મહાન છે. છતાં તેને આપણે અપનાવ્યા છે, એને આપણે જાણ્યા છે, સૌ સમજ્યા છે કે 'તેઓ આપણા પોતીકા' છે. એમના સ્નેહમાં ઊંચાનીચાનો ભેદ નથી. મૂર્ખ-વિદ્વાનનો ભેદ નથી. ગરીબ-તવંગરનો ભેદ નથી. તેમણે સૌને પોતાનો સ્નેહ સરખા ભાગે વહેંચ્યો છે. તેમણે કહ્યું છે કે સૌનું કલ્યાણ થાઓ, સૌનું મંગળ થાઓ. તેઓ માત્ર શબ્દોમાં બોલ્યા નથી. કષ્ટો વેઠીને બોલ્યા છે. કેટકેટલી પીડા, કેટકેટલાં અપમાન તેમણે સહ્યાં છે. એમના જીવનનો ઇતિહાસ દુઃખનો ઇતિહાસ છે.

આખું ભારત તેમને ઓળખે છે. કોણ જાણે કઈ રીતે આખા ભારતે તેમના પ્રત્યે ભક્તિ આપી છે. તેમને એક નામ આપ્યું છે — મહાત્મા. નવાઈની વાત છે કે ઓળખ્યા શી રીતે? ... મહાત્મા તો એ કે જેણે સૌનાં સુખદુઃખને પોતાનાં કર્યાં હોય, સૌના કલ્યાણમાં જેને પોતાનું કલ્યાણ દેખાય. સૌનાં હૃદયમાં તેમનું સ્થાન છે, તેમના હૃદયમાં સૌનું સ્થાન છે...

આપણે એમ કહીએ છીએ કે વિદેશીઓએ આપણી સાથે શત્રુતા કીધી છે. પણ એથીયે મોટો શત્રુ છે આપણી મજ્જાની ભીતરમાં. તે છે આપણી ભીરુતા. એ ભીરુતાને જીતવા સારુ જ વિધાતાએ એમના જીવન મારફત આપણને શક્તિ પાઠવી છે. તેઓ પોતાના અભય દ્વારા આપણો ભય હરવા આવ્યા છે... માણસ જ્યાં માણસનું અપમાન કરે છે, ત્યાંથી માણસનો ભગવાન વિમુખ થાય છે. શત શત વર્ષોથી આપણે ભારતવર્ષની રગેરગમાં માણસ વિશેના અપમાનનું વિષ વહાવ્યું છે. શત શત મસ્તકોની ઉપર હીનતાનો અસહ્ય બોજો લાદી દીધો છે. તેના ભારે જ આખો દેશ આજે ક્લાંત છે, દુર્બળ છે. તે પાપે જ આપણે ટટ્ટાર ઊભા રહી શકતા નથી. એક ભાઈ બીજા ભાઈના કપાળ પર પોતાને હાથે જ કલંક લગાડી દે છે. મહાત્માથી એ પાપ સહેવાતું નથી...

ઘણા દિવસથી દેશ પર અભિશાપ છે. એનું પ્રાયશ્ચિત્ત કરવા આવ્યા છે એક જણ. તેઓ સમસ્ત ભયહરણ કરીને બેઠા છે. મૃત્યુના ભયને જીત્યા છે. આપણનેય કોઈ ભય ના રહે. લોકભય, રાજભય, સમાજભય, કશાયથી આપણે સંકુચિત ના થઈએ. આપણે તેમના પંથે તેમનું અનુસરણ કરતાં ચાલીએ. એમનો પરાભવ ન થવા દઈએ.

જય હો એ તપસ્વીનો, જે આ ઘડીએ મોતની સામે ખડા છે, ભગવાનને હૈયામાં સ્થાપી, સમસ્ત હૃદયના પ્રેમને ઉજ્જ્વળ કરી પ્રગટાવી. તમે એનો જય ગાઓ. તમારો કંઠસ્વર એના આસન સુધી પહોંચી જાઓ. બોલો, 'તમને ગ્રહણ કરીએ છીએ, તમારા સત્યનો સ્વીકાર કરીએ છીએ.'

હું તે શું બોલવાનો? મારી ભાષામાં જોર નથી. તેઓ જે ભાષા બોલે છે તે કાને સાંભળવાની નહીં, પ્રાણે સાંભળવાની છે. માણસની એ ચરમ ભાષા છે. જરૂર એ તમારા અંતર સુધી પહોંચી હશે.

જ્યારે પારકાં પોતીકાં થાય છે ત્યારે એ આપણું સૌથી મોટું સૌભાગ્ય હોય છે; સૌથી મોટી વિપત્તિ થાય છે — પોતીકાં જ્યારે પારકાં થાય છે ત્યારે. ચાહીને જેને ખોયાં છે, ચાહીને તેને બોલાવી આણો; અપરાધ મૃત્યુ પામો, અમંગળ દૂર થાઓ. આપણે માણસને ગૌરવદાન દઈ મનુષ્યત્વનો અધિકાર સગૌરવ પ્રાપ્ત કરીએ...૨૮

કવિ ગાંધીજીના અનશનવ્રતની વાત સાંભળીને શાંતિનિકેતનથી યરવડા મંદિર સુધી આવ્યા ત્યારે તેમની હૃદયવીણામાં આવા જ ભાવો ઝંકૃત થતા હતા. પરંતુ પ્રાયોપવેશણવ્રતની પૂર્ણાહુતિનો આંખો દેખા હાલ પેશ કરતી વખતે તેમની વાણીમાં તપસ્વીને શોભે તેવો સંયમ છે. પોતાની અપ્રતિમ શૈલીમાં રજૂ કરેલો એ અહેવાલ મહાદેવભાઈની ડાયરીના અહેવાલને પુષ્ટ કરે તેવો છે. તેથી આપણે તે જ અહીં લઈએ છીએ, સહેજસાજ ટૂંકાવીને:

પૂનાનો પર્વતીય પથ રમણીય છે. પુરદ્વારે પહોંચતાં જોયું કે સામરિક કવાયતની ફેરીઓ ચાલે છે — અનેક 'આર્મર્ડકાર' મશીનગન સહિત સેનાની કૂચકવાયત નજરે ચડી. શ્રીયુત વિઠ્ઠલદાસ ઠાકરસીના પ્રાસાદે અમારી ગાડી આવીને ઊભી. તેમનાં વિધવાએ સૌમ્ય હાસ્ય મુખે અમારું સ્વાગત કર્યું ને અમને લઈ ચાલ્યાં. પગથિયાની બે બાજુએ ઊભાં રહીને એમના વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ગીત ગાઈને આવકાર્યાં.

ખંડમાં પ્રવેશ કરતાં જ સમજાયું કે એક ઊંડી આશંકાથી વાતાવરણ ભારે ભારે હતું. સૌનાં મુખ પર દુશ્ચિંતાની છાયા હતી. પૂછતાં ખબર પડી કે મહાત્માજીના શરીરની હાલત કટોકટીભરી હતી. ત્યાં સુધી વિલાયતથી ખબર આવી નહોતી. વડા પ્રધાનને નામે મેં એક તાકીદનો તાર મોકલાવી દીધો.

મોકલવાની જરૂર નહોતી. થોડી વારમાં જ લોકવાયકા આવી કે વિલાયતથી સંમતિ

આવી ગઈ હતી. પણ લોકવાયકા સાચી હતી કે ખોટી તેનું પ્રમાણ તો ઘણા બધા કલાકો પછી મળ્યું.

મહાત્માજીનો મૌનનો દિવસ હતો આજે. એક વાગ્યા પછી બોલવાના હતા. એમની ઇચ્છા હતી કે તે સમયે હું એમની પડખે રહું. રસ્તે જતાં યરવડા જેલથી થોડે દૂર અમારી મોટરને અટકાવી. અંગ્રેજ સિપાઈએ કહ્યું કે કોઈ ગાડીને આગળ જવાનો હુકમ નહોતો. મને તો એમ હતું કે આજને દિવસે તો ભારતમાં જેલનો રસ્તો ખુલ્લો જ હશે. ગાડીની ચારે બાજુ જાતજાતના લોકોની ભીડ ભેગી થઈ ગઈ.

અમારા તરફથી જેલ અધિકારીઓ પાસે અનુમતિ મેળવવા કોઈ સહેજ આગળ વધ્યું, એટલામાં જ દેવદાસ આવીને ખડા થયા. [દેવદાસ સામા મળ્યા] જેલ-પ્રવેશનો પરવાનો એમના હાથમાં હતો. પાછળથી સાંભળ્યું કે મહાત્માજીએ જ એમને પાઠવ્યા હતા. કારણ, એમના મનમાં અચાનક જ થઈ આવ્યું કે કદાચ પોલીસે મારી ગાડીને ક્યાંક રોકી હોય — જોકે એની એમને કશીયે જાણ નહોતી.

લોઢાનો દરવાજો એક પછી એક ઊઘડ્યો અને બંધ થયો. સામે દેખાઈ ઊંચી દીવાલની ઉદ્ધતાઈ, બંદી આકાશ — સીધી હારમાં બાંધેલા રસ્તા, બેચાર ઝાડ…

ડાબી બાજુએ પગથિયાં ચડી દરવાજો પાર કરીને દીવાલથી ઘેરાયેલ એક આંગણામાં પ્રવેશ કર્યો. દૂર દૂર મકાનોની બે હાર હતી. આંગણામાં એક નાનકડા આંબાના ઘટાદાર છાંયડે મહાત્માજી સૂતા હતા.

મહાત્માજીએ મને બે હાથ ઝાલીને પાસે તાણી દીધો અને ઘણી વાર સુધી છાતી સરસો ચાંપી રાખ્યો. બોલ્યા: 'કેટલો આનંદ થયો!'

શુભ સમાચારની ભરતી વહીને આવ્યો હતો. તેથી મેં તેમની આગળ મારા ભાગ્યની પ્રશંસા કરી. ત્યારે દોઢ વાગ્યો હતો. વિલાયતના સમાચાર આખા દેશમાં ફેલાઈ ગયા હતા. પાછળથી સાંભળ્યું કે તે વખતે રાજકારણી લોકો સિમલાની કાઉન્સિલમાં ચર્ચા ચલાવી રહ્યા હતા. છાપાંવાળાઓ પણ જાણી ગયા હતા. કેવળ જેના પ્રાણની ધારા દર ક્ષણે શીર્ણ થતી મૃત્યુસીમાને અડોઅડ વહી રહી હતી એના પ્રાણનું સંકટમોચન કરવા જરૂરી એવી જાગૃતિ નહોતી જણાતી. અતિ લાંબી તુમારશાહીની જટિલ નિર્મમતાનો વિસ્મય અનુભવ્યો. સવા ચાર સુધી પ્રત્યેક ક્ષણે ઉત્કંઠા વધતી ને વધતી ગઈ. મેં સાંભળ્યું કે પૂનામાં તો સમાચાર દસ વાગ્યાના આવ્યા હતા.

ચારે બાજુ મિત્રો હતા. મહાદેવ, વલ્લભભાઈ, રાજગોપાલાચારી, રાજેન્દ્રપ્રસાદ

તરફ ધ્યાન ગયું. શ્રીમતી કસ્તૂરબા અને સરોજિનીને પણ જોયાં. જવાહરલાલનાં પત્ની કમળા પણ હતાં.

મૂળમાં મહાત્માજીનું સૂકલકડું શરીર સાવ સુકાઈ ગયું હતું. કંઠસ્વર લગભગ સંભળાતો નહોતો. જઠરમાં અમલ ભેગું થયું તેથી વચ્ચે વચ્ચે સોડા મેળવીને પાણી પાવામાં આવતું હતું. દાક્તરોની જવાબદારી અતિ સુધી પહોંચી ગઈ હતી.

છતાં ચિત્તશક્તિનો જરાય હ્રાસ થયો નહોતો. વિચારધારા વહેતી હતી, ચેતના અણથક હતી. પ્રાયોપવેશન કરતાં પહેલાં જ તેમને કેટલા મુશ્કેલ વિચાર ને કેટલી જટિલ ચર્ચાઓ લઈને મંડ્યા રહેવું પડ્યું છે. દરિયાપારના રાજનૈતિક લોકો સાથેના પત્રવ્યવહારથી મન પર કઠોર ઘાત-પ્રતિઘાત થયા છે. એ વાત તો સૌ જાણે છે કે ઉપવાસ વખતે જુદા જુદા પક્ષોની પ્રબળ માગણીઓએ એમની અવસ્થા વિશે મમતા બતાવી નહોતી. પણ માનસિક જીર્ણતાનું એકેય લક્ષણ જ નહોતું. એમના વિચારોની કુદરતી સ્વચ્છ પ્રકાશધારા સહેજે મ્લાન થઈ નહોતી. શરીરની કષ્ટમય સાધનાની વચ્ચે પણ આત્માના અપરાજિત ઉદ્યમની આ મૂર્તિ જોઈને નવાઈ લાગી. પાસે ન આવ્યો હોત તો આ ક્ષીણકાય પુરુષમાં કેટલી પ્રચંડ શક્તિ છે તેનું ભાન જ થયું ન હોત.

આજે ભારતવર્ષના કોટિ કોટિ પ્રાણોમાં મૃત્યુની વેદી પર પોઢેલા આ મહત્ પ્રાણપુરુષની વાણી પહોંચી ગઈ. કોઈ પણ બાધા એમને અટકાવી શકી નહીં — દૂરત્વની બાધા, ઈંટ — કાષ્ઠ — પથરાની બાધા, પ્રતિકૂળ પોલિટિક્સની બાધા, બહુ શતાબ્દીઓના જડત્વની બાધા આજે એમની આગળ ધૂળમાં મળી ગઈ.

મહાદેવે કહ્યું કે મહાત્માજી મારે સારુ ઉત્કંઠાથી વાટ જોતા હતા. મારી હાજરી વડે રાષ્ટ્રના કોયડાની મીમાંસા કરી શકું એટલું જ્ઞાન મારામાં નથી. એમને તૃપ્તિ આપી શક્યો એ જ મારો આનંદ.

સૌ ભીડ કરે તો એમને કષ્ટ પડે એમ વિચારી અમે સરી જઈને બેઠા. ખબર ક્યારે આવે છે એની લાંબા સમય સુધી વાટ જોઈ. બપોરનો તડકો ઈંટની દીવાલ પર આડો પડવા લાગ્યો. આમતેમ બેચાર શુભ ખાદીધારી નરનારીઓ શાંત રીતે ચર્ચા કરતાં હતાં.

કારાગારની અંદર આ જનતા જોવા જેવી છે. કોઈના વ્યવહારમાં થાકને લીધે શિથિલતા આવી નથી. ચરિત્રશક્તિ વિશ્વાસ પેદા કરે છે. તેથી જ જેલના અધિકારીઓ આ લોકો પર વિશ્વાસ મૂકીને એમને પૂરી સ્વાધીનતાથી એકબીજાને મળવા દઈ શક્યા

છે. એમણે મહાત્માજીને આપેલા વચનની વિરુદ્ધ જઈને કોઈ લાભ ઉઠાવ્યો નથી. આ લોકોમાં આત્મમર્યાદાની દઢતા અને અચાંચલ્ય ખીલી ઊઠ્યાં છે. જોતાંવેંત સમજાય છે કે આ લોકો ભારતની સ્વરાજ્યસાધનાના યોગ્ય સાધક છે.

છેવટે જેલના અધિકારીઓ સરકારી છાપવાળો ખરીતો હાથમાં લઈને ઉપસ્થિત થયા. એમના મુખ પર પણ મને આનંદનો ભાસ થયો. મહાત્માજી ધીરે ધીરે વાંચવા લાગ્યા. મેં સરોજિનીને કહ્યું કે હવે એમની ચારે બાજુથી સૌએ ખસી જવું જોઈએ. મહાત્માજીએ કાગળ વાંચી લીધા પછી મિત્રોને બોલાવ્યા, મેં સાંભળ્યું કે તેમણે એને વાંચીવિચારી જોવા કહ્યું. અને પોતાના તરફે કહ્યું કે આ કાગળ ડૉ. આંબેડકરને બતાવવો જોઈએ. એમનો ટેકો હશે તો જ તેઓ નિશ્ચિંત થશે...

પત્રના મજકૂર [બીના]નું વિશ્લેષણ કરીને મહાત્માજીને સંભળાવવાની જવાબદારી પંડિત હૃદયનાથ કુંજરુને સોંપાઈ. એમણે પ્રાંજળ વ્યાખ્યા કરી તેથી મહાત્માજીના મનમાં જરાયે સંશય રહ્યો નહીં. પ્રાયોપવેશનવ્રતનું ઉદ્યાપન થયું.

મહાત્માજીની શય્યા ભીંત પાસે છાયામાં ખસેડવામાં આવી. ચારે બાજુ જેલના કામળા પાથરીને સૌ બેઠાં. શ્રીમતી કમળા નેહરુ સંતરાંનો રસ લાવ્યાં. સરકારી પત્ર લાવનાર ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પ્રિઝન્સે વિનંતી કરી કે શ્રીમતી કસ્તૂરબા જ પોતાને હાથે મહાત્માજીને રસ આપે. મહાદેવે કહ્યું કે गीतांजलिનું ‘જીવન જખત સુકાયે જાય, કરુણાધારાયે એસો’ એ ગીત મહાત્માજીને પ્રિય છે. સૂર ભૂલી ગયો હતો.૨૯ તાત્પૂરતો સૂર બેસાડીને તે ગાયું. પંડિત શયામશાસ્ત્રીએ વેદપાઠ કર્યો.૩૦ ત્યાર પછી મહાત્માજીએ શ્રીમતી કસ્તૂરબાને હાથે ધીરે ધીરે રસ પીધો. છેવટે સાબરમતીના આશ્રમવાસીઓ અને બીજા સૌએ મળીને ‘વૈષ્ણવ જન તો’ ગાયું. ફળ અને મીઠાઈ વહેંચાયાં. સૌએ તે ગ્રહણ કર્યાં.

જેલની દીવાલની અંદર મહોત્સવ! આવું પહેલાં કદી થયું નહોતું. પ્રાણોત્સર્ગનો યજ્ઞ થયો જેલખાનામાં. એની સફળતાએ અહીં જ રૂપ ધારણ કર્યું. મિલનની અકસ્માત આવિર્ભૂત આ મૂર્તિને અવશ્ય કહી શકાય ‘યજ્ઞસંભવા’.૩૧

નોંધ:

૧. महादेवभाईनी डायरी – ૨ : પૃ. ૭-૮.

૨. એજન, પૃ. ૨૧.

૩. એજન, પૃ. ૨૫.
૪. એજન, પૃ. ૩૮.
૫. એજન, પૃ. ૪૦.
૬. એજન, પૃ. ૪૩.
૭. એજન, પૃ. ૪૩.
૮. એજન, પૃ. ૪૫.
૯. महादेवभाईनी डायरी – १ : પૃ. ૨૯૨.
૧૦. એજન, પૃ. ૨૯૩.
૧૧. महादेवभाईनी डायरी – २ : પૃ. ૬૩.
૧૨. गाांधीजीनो अक्षरदेह – ૫૧ : પૃ. ૧૨.
૧૩. महादेवभाईनी डायरी – २ : પૃ. ૬૧.
૧૪. એજન, પૃ. ૬૨–૬૩.
૧૫. गाांधीजीनो अक्षरदेह – ૫૧ : પૃ. ૯૮.
૧૬. એજન, પૃ. ૯૯.
૧૭. એજન, પૃ. ૧૦૯–૧૧૦.
૧૮. એજન, પૃ. ૧૧૭.
૧૯. महादेवभाईनी डायरी – २ : પૃ. ૬૪.
૨૦. એજન, પૃ. ૬૫.
૨૧. એજન, પૃ. ૬૮–૬૯.
૨૨. એજન, પૃ. ૭૦, પાદટીપ.
૨૩. એજન, પૃ. ૬૯–૭૦માંથી સારવીને.
૨૪. એજન, પૃ. ૭૦–૭૩માંથી સારવીને.
૨૫. એજન, પૃ. ૭૪–૭૫માંથી સારવીને.
૨૬. એજન, પૃ. ૭૫–૭૬.
૨૭. એજન, પૃ. ૮૦–૮૧.
૨૮. रवीन्द्र रचनावली ભા – ૧૧ : પૃ. ૪૫૮–૪૬૧માંથી સારવીને. અનુ. નારાયણ દેસાઈ.

૨૯. શબ્દો મહાદેવભાઈ પાસેથી મળી ગયા હતા. અનુવાદ: નારાયણ દેસાઈ.

૩૦. મહાદેવભાઈની ડાયરીમાં નોંધ છે કે શ્રી પરચુરે શાસ્ત્રી વેદમંત્રો બોલ્યા હતા.

૩૧. रवीन्द्र रचनावली ભાગ – ૧૧ : પૃ. ૪૬૧–૪૬૪માંથી સારવીને.

# પાંત્રીસ – યરવડા મંદિરથી હિંડળગાના ગીતા મંદિરમાં

મુક્તિસાધનાનો સાચો રસ્તો ઐક્યસાધનાનો છે એમ જોઈ ગાંધીજીએ ઉપવાસ પૂરા થતાંની સાથે જેલમાં રહ્યા રહ્યા જ એ સાધના સારુ શક્ય તેટલી શક્તિ લગાડવા માંડી. અસ્પૃશ્યતાનિવારણના કામને તેમણે સૌથી વધુ પ્રાધાન્ય આપવા માંડ્યું.

પેલી બાજુ ગાંધીજીના માત્ર છ દિવસના અનશનવ્રતથી દેશમાં જે જાગૃતિ આવેલી તે જોઈ અંગ્રેજ શાસકોને ચેન શી રીતે પડે? એણે તરતોતરત પોતાની ઢબે પગલાં ભરવા માંડ્યાં. ઉપવાસના દિવસો દરમિયાન તો યરવડા જેલના દરવાજા ઘણા ખુલ્લા થઈ ગયા હતા. છેલ્લે દિવસે પારણાં વખતે સેંકડો લોકોએ ત્યાં હાજરી આપી હતી. તેમાં દેશનેતાઓથી માંડીને સેવકો સુધી હતા, જેલની બહાર દેશને ખૂણે ખૂણેથી આવેલા લોકો હતા, અને યરવડા જેલમાં બંદી હોય એવા સત્યાગ્રહી સૈનિકો પણ હતા. સૌની સાથે, ગુનાઇત કૃત્યો કરીને પકડાયેલા કેદીઓ, જેલના અધિકારીઓ અને તેમના પરિવારના લોકો પણ હતા.

ગાંધીજી હજીયે કેદી હતા, એ વાતનું જાણે કે ભાન કરાવવા છવ્વીસમીએ પૂના-કરાર થયો અને ઉપવાસ છૂટ્યા, અને ઓગણત્રીસમીએ તો મેજર ભંડારીને સરકાર બહાદુરનો હુકમ મળ્યો કે આજથી મુલાકાતો વગેરે બધું બંધ! આનાથી ગાંધીજીને ચીડ ચડી. તરત તેમણે આ બંધીની વિરુદ્ધ કડક કાગળ લખાવ્યો. અસ્પૃશ્યતાનિવારણના કામ અંગે જો કરાર થયા હતા તો એને અંગે તો લોકોને મળવા દેવાની કે લખવાકરવાની છૂટ રહેવા દેવી જોઈતી હતી એવો તેમનો મત હતો. માલવિયાજી આવીને ગયા. પાછા

મળવા આવવાના હતા, તે ન આવી શક્યા. સરૂપરાણી નેહરુ અને ઊર્મિલાદેવી સેન દરવાજે આવેલાં પાછાં ગયાં. જયકર વગેરે ભવિષ્યમાં કાંઈ આંદોલન અંગે સમાધાન થઈ શકે એમ છે કે કેમ એ તપાસી જોવા માગતા હતા, પણ એમની આડે પણ જેલનાં બારણાં ધડમ કરતાંક બંધ થયાં. ગાંધીજીને દુષ્ટ વાણિયો માનનાર વિલિંગ્ડન પોતાની સત્તાનો રુઆબ દેખાડવા માગતો હતો. ગાંધીજીએ કહ્યું: 'સિમલા ન પલટાય, ત્યાંના માણસો જઈને બીજા ન આવે ત્યાં સુધી પરિસ્થિતિમાં કશા ફેરફારની આશા રાખવી મિથ્યા છે.'૧

સાંજે કસ્તૂરબાનો જવાનો વારો આવ્યો. મહાદેવભાઈ કહે છે: 'સાંજે બાને જવું પડ્યું એ ભારે વસમી વાત હતી.' બાપુ કહે: 'હવે જેલરને ન રોકો, તુરત જાઓ, તુરત જાઓ.'

બાના દિલમાં એમ હતું કે બાપુનું છેલ્લું ખાણું તૈયાર કરીને જાઉં. આખરે તૈયાર થયાં. બાપુને કહ્યું, 'લો ત્યારે આવજે, હું જાઉં છું.' કહેતાં કહેતાં આંખ ભીની થઈ ગઈ.

બાપુએ એમના ગાલમાં જરાક સરખી ટપલી મારીને કહ્યું:

'હું આવીશ કે તું આવશે. ચિંતા કરવાની હોય જ નહીં. આટલા દિવસ રહેવાનું મળ્યું એ ઓછું છે?'૨

ગાંધીજીના ઉપવાસને લીધે આખા દેશમાં અસ્પૃશ્યતાનિવારણના કામને ચેતના મળી હતી.

મહારાષ્ટ્રની એક જેલમાં સાધુચરિત અપ્પાસાહેબ પટવર્ધને સ્વેચ્છાએ ભંગીકામ શરૂ કર્યું હતું. કેરળમાં ત્યાંના આગેવાન કાર્યકર શ્રી કે. કેલપ્પને અસ્પૃશ્યો સારુ ગુરુવાયુરનું મંદિર ખુલ્લું મુકાવવા ઉપવાસ શરૂ કર્યા હતા.

ગાંધીજીએ શ્રી કેલપ્પનને તાર કર્યો કે 'ઉપવાસ છોડો અને ત્રણ મહિનાની નોટિસ આપો.'૩ ત્રણ મહિનામાં પણ જો કાંઈ સમાધાન ન થાય તો ગાંધીજી તેમને સાથ આપવા તૈયાર હતા. મહાદેવભાઈએ આ બાબતમાં શંકા ઉઠાવી કે કેલપ્પનજીનો આ અંતરાત્માનો પ્રશ્ન કેમ ન હોઈ શકે? ગાંધીજીએ જવાબ આપ્યો:

એ મને પૂછે છે, મારા આશીર્વાદ માગે છે, એ જ બતાવે છે કે એને અંતરાત્માનો સવાલ નથી, પણ મારા અભિપ્રાયથી એ ચાલે (છે.) ... કેલપ્પન તો શિસ્ત સ્વીકારનારો

રહ્યો. કામને કશો ધક્કો પહોંચવાનો નથી. ત્રણ માસ પછી કેલપ્પનમાં શક્તિ હશે તો એ પાછો કરવાનો જ છે. ધારો કે એ ન કરી શકે તો હું બેઠો જ છું.૩

નાજુકલાલ (ચોક્સી)ને લખ્યું: 'પ્રભુએ નવો અવતાર આપ્યો છે. હવે એની ઇચ્છા પ્રમાણે દોરશે.'૪

કેસવેલને: 'હા; ઈશ્વરની મારી ઉપર દયા છે; તેના મારી ઉપર ચારે હાથ છે.'૫

અબદુલ રહીમને લખ્યું: 'તમારી સાથે હું પૂરેપૂરો સંમત થાઉં છું કે બીજા કોમી પ્રશ્નો પણ પરસ્પર આપલેની ભાવનાથી ઉકેલાવા જોઈએ. હું આશા રાખું છું કે એ દિશામાં પ્રયત્નો થશે.'૬

કરાંચીના જમશેદજી મહેતાએ લખ્યું હતું કે પ્રાયોપવેશન કોણે કરવું, ક્યારે કરવું, વિશે તમે કંઈ નિયમો નક્કી કરો તો સારું. તેમને લખ્યું:

ઈશ્વરના નામનો કેટલો દુરુપયોગ થાય છે એ વિચારી જાઓ. આ દુરુપયોગને તે સાંખે છે તો પછી મહાન શક્તિઓનો ઉપયોગ કરવા જતાં તેનો દુરુપયોગ પણ થઈ જાય છે તે સાંખવા યોગ્ય છે. છતાં તમે કહો છો તેમ એને ખાળવા સારુ બને એટલા પ્રયત્ન કરવા જ જોઈએ. તે કરવા ચૂકીશ નહીં.૭

ઉમા નેહરુને મંદિરોમાં હરિજનોના પ્રવેશ સારુ સત્યાગ્રહ કરવાની ગાંધીજીએ જે રીત સમજાવી તે મહાદેવભાઈએ એક જ વાક્યમાં રજૂ કરી છે:

'મંદિરો ખોલાવવાં અથવા તેનો ત્યાગ કરાવવો; કોઈ જ ત્યાં જાય નહીં
એટલે થાકે.'૮

આંબેડકરને ગમે ત્યારે ગાંધીજીને મળવાની અને ઇચ્છા થાય તે વિશે છૂટથી ચર્ચા કરવાની સરકાર તરફથી રજા આપવામાં આવી હતી. મૂળમાં આંબેડકરે 'કશાય અંતરાય વિનાની' મુલાકાત માગી હતી. અને તેમને 'તમારા તારમાં લખ્યા પ્રમાણે'ની રજા મળી હતી. પણ મળવા આવ્યા ત્યારે ગાંધીજી અને આંબેડકર બંનેને કહેવામાં આવ્યું કે માત્ર અસ્પૃશ્યતાના વિષયની જ ચર્ચા કરવાની છે. એમને કહેવામાં આવ્યું કે લૉર્ડ વિલિંગ્ડન સાથેની ચર્ચાને અંતે આ હુકમ નીકળ્યો છે. આંબેડકરે લાચારીથી કબૂલ કર્યું, પણ કહી દીધું કે, 'હું તો અસ્પૃશ્યતા વિશે નહીં, પણ રાજદ્વારી પરિસ્થિતિ વિશે વાત કરવા આવેલ, પણ હવે તો થયું.'

બાપુ કહે: 'સાચી વાત. મારાથી એ વિશે તમારી સાથે વાત ન થઈ શકે, તમે કરો તોયે હું અભિપ્રાય ન આપી શકું, મારું મન જ એ દિશામાં કામ ન કરે.'

આંબેડકર કહે: 'હું તો માત્ર કહી દઉં કે આટલા માટે હું આવેલો. મારે તમને સવિનયભંગ છોડીને બહાર નીકળી ગોળમેજીમાં આવવાને વીનવવા હતા. વાત એ છે કે તમે ન આવો તો વિલાયતમાં કશું મળવાનું નથી, ઊલટું બધું બગડશે. ઇકબાલ જેવા માણસો તો દેશના વેરીઓ છે, એ બગાડી આવશે, અને અમારે તો ગમે તેવું બંધારણ હોય તેના ઉપર કામ કરવાનું છે. એટલે હું નાનો માણસ છતાં તમને વીનવું છું કે તમે ચાલો.'

બાપુ કહે: 'તમે આખી દલીલનો વિસ્તાર કરો તો હું એના પર વિચાર કરું મારી સૂચના છે કે તમે બહાર જઈ છાપામાં એ વસ્તુ લંબાણથી લખો. હું એના ઉપર વિચાર કરીશ.'

આંબેડકર: 'એ વસ્તુ આખી લખાય એવી નથી. એમાં તો મુસલમાનોને બહુ દુ:ખ લાગે એવું મારે કહેવું પડે અને એ હું જાહેરમાં ન કહી શકું. પણ હવે તો નામ વિના જુદી રીતે હું લખીશ કે લખાવીશ તે તમે જોજો અને મારું છે એમ સમજીને એના ઉપર વિચાર કરજો.'

બાપુ કહે: 'તમે તમારા નામથી જ લખો એ સારું છે. પછી તો તમારી મરજી.'

શ્રીમતી નાયડુ એ અભિપ્રાયમાં સંમત થયાં.

પછી અસ્પૃશ્યતા વિશે વાત નીકળી. આંબેડકર કહે:

'મારે પ્રામાણિકપણે કહેવું જોઈએ કે આ મંદિરો ખૂલે છે, સહભોજન થાય છે, એમાં મને રસ નથી. કારણ, એમાં તો અમારો મરો છે. મારા માણસોને માર ખાવો પડે છે, કડવાશ વધે છે, વિલેપારલેમાં સહભોજન થયા પછી મરાઠા કામ કરનારાઓએ હડતાળ પાડી. જો ઊંચ વર્ણના હિંદુઓમાં તાકાત હોય તો અસ્પૃશ્યોને નોકર તરીકે રાખત. પણ એ તો થાય એમ નહોતું. એટલે આમાં મને રસ નથી આવતો. મારે તો સામાજિક અને આર્થિક હાડમારીઓ મટે એ જોઈએ છે.'

બાપુ કહે: 'તમે દાખલા આપો.'

એણે કહ્યું: 'અસ્પૃશ્યોને રહેવાનાં ઘર નથી મળતાં; એના ઉપર અન્યાય અને અત્યાચારો થયા કરે છે. એક કેસમાં એક અસ્પૃશ્ય ઉપર મરાઠાના ખૂનકેસનો આરોપ હતો. કેસ સેશનમાં લઈ જઈને હું એને છોડાવી શકત, પણ મૅજિસ્ટ્રેટે એના ઉપરથી

ખૂનનો ચાર્જ ફેરવીને ગંભીર વ્યથાનો ચાર્જ કર્યો. હવે તેને અમુક સજા થશે. મારા પોતાના ઉપર પણ કેવી વીતે છે તે તમે નહીં જાણતા હો. મને મુંબઈમાં પૉર્ટ ટ્રસ્ટની ચાલ સિવાય બીજે ક્યાંય રહેવાનું મળતું નથી. મારા ગામમાં તો મહારોનાં ઘોલકામાં મારે રહેવું પડે છે. પૂનામાં બીજા બધા પોતાના મિત્રોને ત્યાં ઊતરે. મારે નૅશનલ હોટલમાં ઊતરવું પડે છે અને સાત રૂપિયા અને ગાડીભાડું ખર્ચવું પડે છે.'

બાપુ કહે: 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા?'

આંબેડકર: 'હા, ત્યાં કદાચ રહી શકાય. પણ તે પણ કદાચ. વઝેને પૂછો તો ખબર પડે. વઝેના દેખતાં એના નોકરે મારું એક વાર અપમાન કર્યું હતું. મારે તો આ બધી હાડમારીઓ કાઢવી છે.'

બાપુ કહે: 'હું તમારી સાથે સંમત છું. તમારે જાણવું જોઈએ કે મારો ઉપવાસ પૂરો થયો નથી, હજી ઊભો જ છે. કરાર સુધરાવવો એ ગૌણ વાત હતી. મુખ્ય વાત તો હજી બાકી રહેલી છે. એને માટે હું પ્રાણ આપવા તૈયાર છું. તમે કહો છો એ બધા અન્યાયો મટવા જ જોઈએ.'

આંબેડકરે કહ્યું: 'મને બિરલાએ અસ્પૃશ્યતાનિવારણ સભાના બોર્ડમાં લેવાનું કહ્યું. મેં ના પાડી. કારણ, હું એકલો શું કરું? મારે તમે જે ઇચ્છો તે રીતે અસ્પૃશ્યતાનિવારણના કામમાં સંમતિ આપવી રહી. અમે જો ઘણા હોઈએ તો અમે ઇચ્છીએ એ રીતે સુધારા કરાવી શકીએ. તમે ઇચ્છતા હો કે મંદિર બાંધવું કે કૂવા ખોદાવવા. અમને લાગતું હોય કે આ પૈસા નકામા જાય છે, એને માટે બીજો રસ્તો જોઈએ.'

બાપુ કહે: 'તમારું દૃષ્ટિબિંદુ સમજું છું, અને હું એ ધ્યાનમાં રાખીશ અને શું કરી શકાય તે જોઈશ.'

પછી બાપુ અમને કહે: 'વાત એણે બહુ મીઠી કરી. એનામાં સિદ્ધાંત તો નથી, પણ આ બધી વાત બહુ સીધી રીતે કરી. એણે એમ પણ કહ્યું કે મારે રાજદ્વારી સત્તા જોઈતી હતી તે મળી ગઈ. હવે મારે તો રાષ્ટ્રીય કામ કરવાનું રહ્યું. તમને હવે તમારા કામમાં હું વિઘ્નકર્તા નથી થવાનો. એમ. સી. રાજા ઑર્ડિનન્સ બિલને અહીંથી જઈને ટેકો આપે તેમ મારાથી ન અપાય. મેં તો મારા માણસોને કહ્યું: 'હવે તમે મારી પાસેથી આ કામમાં બહુ આશા ન રાખતા. મારે દેશના કામને માટે મારી શક્તિ ખર્ચ કરવી જોઈશે.' પણ તમે બહાર નીકળીને દેશકાર્ય ઉપાડો તો થાય. એમ ને એમ કશું નથી વળવાનું.

પોતે પોતા વિશે કહ્યું: 'સરકાર મને પૈસા આપે છે એમ કહેવાય છે. મારા જેવો

ભિખારી કોઈ નથી. ત્રણ વરસ થયાં મારી કમાણી કાંઈ જ નથી. આ કામ કરતાં મારે મારો પોતાનો પૈસો ખરચવો પડે છે. અને મારા કેસોનું કાર્ય ઓછું થાય છે. જાહેર કામને લીધે વખત પણ જાય અને પૈસાનો પણ ખરચ થાય. થોડા થોડા કેસો મળે તેમાંથી મારો નિર્વાહ કરું છું. આજે પણ સાવંતવાડી એક કેસ છે ત્યાં જતાં અહીં રસ્તામાં ઊતર્યો છું.'૯

ઑક્ટોબર માસમાં સાક્ષર શ્રી નરસિંહરાવની પુત્રી લવંગિકાની મૃત્યુનોંધ છાપામાં જોઈ મહાદેવભાઈએ ગાંધીજીનું ધ્યાન તે તરફ દોર્યું. ગાંધીજીએ તરત એ આશયનો પત્ર લખ્યો કે,

'તમારી દીકરીના અવસાનના ખબર વાંચી અમે સૌ દિલગીર થયા. મહાદેવે કહ્યું, આટલી એક જ દીકરી રહી હતી. તમને ખરખરો કરવાનો ન હોય. તમે બંને જ્ઞાની છો. પ્રભુ તમને શાંતિ બક્ષો.'

આટલાં વાક્યોની નરસિંહરાવ ઉપર અદ્‌ભુત અસર થઈ. એમણે લખ્યું:

આમ હમારું હાવા પ્રસંગમાં સ્મરણ રાખ્યું એ વિચારથી હૃદય આર્દ્ર થયું. પ્રભુ કૃપાળુ આમ અણધાર્યાં આશ્વાસનોનાં અમૃત સીંચે છે એ ઓછી ધન્યતા છે? 'પરંતુ આનું દુઃખ તમને ન હોય' એ પાંચ શબ્દોમાં જે અમૂલ્ય સદ્‌ભાવ આપે પૂર્યો તે બીજે કહીંથી — એ રૂપમાં તો — હમને મળ્યો નથી. આપે જે ઊંચી કક્ષામાં — જ્ઞાન, તપશ્ચર્યા વગેરે સંપત્તિને સંબંધે-મૂક્યાં તે યોગ્યતા પ્રાપ્ત કરવાને પ્રભુ હમને સામર્થ્ય આપો. હમે હજી રંક માનવની ભૂમિકામાં ભમીએ છીએ. માત્ર હાવી કસોટીને પ્રસંગે ઉચ્ચતર ભૂમિકામાં ચઢવાને પ્રભુ દયાળુ આપ જેવા સ્નેહાળ સજ્જનની દ્વારા પાંખો આપે છે એ લાભ ઓછો નથી.

કસોટી તો બાકી ભારે જ છે. પ્રથમ બે સંતાન ચાલ્યાં ગયાં તે ત્રણ અઠવાડિયાં માંદગી ભોગવીને. હાણે તો ચાર કલાકમાં જ એકાએક બેભાન થઈને દેહ છોડી દીધો. શાંતિદાતા શાંતિ આપે છે અને આપશે. આપના પત્ર માટે આભાર નહીં માનું, પરંતુ કહીશ કે એ પત્રને અમૂલ્ય ધન તરીકે સંઘરી રાખીશ.

દીકરીના દશાહ પ્રસંગે ગાંધીજીએ લખ્યું:

સવારની ચાર વાગ્યાની પ્રાર્થના અમે કરી રહ્યા અને આ લખવા બેઠો છું. અમે ત્રણે આજે ૮–૩૦ વાગ્યે તમારી સાથે દશમાનું શ્રાદ્ધ ઊજવતાં હોઈશું. મૂક પ્રાર્થનાને બદલે 'લીડ કાઇન્ડલી લાઇટ'નો તમારો અનુવાદ ગાઈશું. તેમાં તમને બંનેને જોઈએ તેટલી

શાંતિ ક્યાં ભરી નથી? તમારાં બાળકો તો ચિરશાંતિ ભોગવે છે. પણ આ જગતમાં જેટલાં બાળકો છે તેટલાં તમારાં ક્યાં નથી? તમે તો એવું જ્ઞાન ઘણુંય આપ્યું છે. તે અત્યારે તમને સહાય કરો.

'પ્રેમળ જ્યોતિ'ની એક વાત તમને ગમશે. જતાં જતાં ફાધર એલ્વિને ધાર્યું કે જો ખ્રિસ્તીઓનો મિત્રવર્ગ દર અઠવાડિયે મારી સાથે માનસિક સંબંધમાં આવે તો સારું. તેમ કરવા સારુ તેણે મારી પાસેથી એક ભજન માગ્યું, કે જે બધાએ ધારેલે વખતે દરેક અઠવાડિયે ગાવું. મેં પેલું ન્યૂમૅનનું ભજન પસંદ કર્યું. તે આજે યુરોપ, અમેરિકા, અહીં ને બીજા દેશોમાં મિત્રમંડળ દર શુક્રવારે ૭–૩૦ વાગ્યે સાંજે ગાય છે. અમે અહીં ને આશ્રમવાસીઓ સાબરમતી ઇત્યાદિમાં 'પ્રેમળ જ્યોતિ' દર શુક્રવારે સાંજની પ્રાર્થનામાં ગાઈએ છીએ. એમ એ ભજનમાં તમે જે પ્રાણ રેડ્યો છે તેમાં વૃદ્ધિ થતી જાય છે. આવી આ તમારી ભેટ તમને પણ ફળો.૧૦

૧૯૩૨થી ૧૯૩૪ના ગાળામાં ગાંધીજીને અનેક વાર ઉપવાસનો વિચાર કરવો પડ્યો તેથી એ ગાળાની મહાદેવભાઈની બે ડાયરીઓ (ભાગ–૨ અને ૩) ઉપર ઉપવાસના વાતાવરણની ઘેરી છાયા વર્તાય છે. સપ્ટેમ્બર, ૧૯૩૨ના ઉપવાસ પૂરા થયા ત્યાર બાદ જેલમાં રહીને પણ અસ્પૃશ્યતાનિવારણનું કામ કરવા ગાંધીજીએ કેટલીક વિશેષ સવલતો સરકાર પાસેથી મેળવી હતી. તેમાં આ વિષય અંગેનો પત્રવ્યવહાર તથા છાપાંજોગાં નિવેદનો બહાર પાડવાની છૂટ આવતી હતી. અસ્પૃશ્યતાનિવારણના હેતુને જ પાર પાડવા તેમણે ૧૯૩૩ના ફેબ્રુઆરી-માર્ચ માસમાં અંગ્રેજીમાં *हरजिन*, ગુજરાતીમાં *हरजिनबंधु* અને હિન્દીમાં *हरजिन सेवक* નામનાં સાપ્તાહિકો શરૂ કર્યાં. ૧૯૩૨ના સપ્ટેમ્બરમાં અસ્પૃશ્યતાનિવારણનું કામ કરવાની દૃષ્ટિએ 'ઍન્ટી અનટચેબિલિટી લીગ' નામની સંસ્થા સ્થાપી હતી જેનું પાછળથી 'હરિજન સેવક સંઘ' નામ રાખવામાં આવ્યું હતું. શ્રી ઘનશ્યામદાસ બિરલાને તેના પ્રમુખ બનાવ્યા હતા.

આ ગાળામાં બીજી બે વાર ગાંધીજીએ પોતાના શરીર પર ગંભીર પરિણામ આવે એવા ઉપવાસ કર્યા. મે ૧૯૩૩માં કાર્યકર્તાઓની કેટલીક કમજોરીઓની વાત સાંભળી. કાર્યકર્તાઓનો દોષ એ પોતાનો જ દોષ માની તેમણે એકવીસ દિવસના આત્મશુદ્ધિ અર્થેના ઉપવાસ કર્યા હતા. આ ઉપવાસ વખતે ગાંધીજીને તરત જ છોડી દેવામાં આવ્યા હતા. પૂનાનાં લેડી પ્રેમલીલા ઠાકરસીના બંગલા 'પર્ણકુટી'માં ગાંધીજીએ આ ઉપવાસ

પૂરા કર્યા હતા. ત્યાર બાદ સાબરમતીથી રાસ સુધી કૂચ કરવાની તેમણે જાહેરાત કરી ત્યારે કૂચની આગલી રાતે તેમને તેમના તેત્રીસ સાથીઓ સાથે ગિરફતાર કરવામાં આવ્યા હતા. ગાંધીજી તથા મહાદેવભાઈને થોડા કલાક સાબરમતી જેલમાં રાખી યરવડા લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને યરવડાની હદમાં પ્રવેશ કરવાની નિષેધાજ્ઞા સાથે છોડી મૂકવામાં આવ્યા હતા. પરંતુ નિષેધાજ્ઞાનો ભંગ કરતાંની સાથે બંને જણને ફરી પકડવામાં આવ્યા હતા. અને તત્કાળ કેસ ચલાવી એક વર્ષની સજા કરવામાં આવી હતી. આ વખતે અસ્પૃશ્યતાનિવારણનાં કામો અંગેની છૂટછાટો પહેલાંની માફક જ મળે એવી ગાંધીજીએ અપેક્ષા રાખી હતી. પરંતુ તેમને તે છૂટ પૂરેપૂરી ન મળતાં જેલમાં ૧૬મી ઑગસ્ટ, ૧૯૩૩ના રોજથી બિનમુદતી ઉપવાસ શરૂ કર્યા હતા. આ વખતે સરકારનું વલણ વધુ કડક હતું અને કદાચ તેમને બળજબરીથી ખોરાક આપવાના પણ પ્રયોગ કરે એવાં લક્ષણો જણાતાં હતાં. ગાંધીજીને જેલમાંથી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પોતે કદાચ વધુ જીવી નહીં શકે એમ માનીને ગાંધીજીએ પોતાના અંગત વપરાશની તમામ ચીજો હૉસ્પિટલની પરિચારિકાઓને આપી દીધી હતી.

ગાંધીજીના જીવ લગ મિત્ર ચાર્લી ઍન્ડ્રૂઝના તનતોડ પ્રયત્નથી આ તબક્કે ગાંધીજીને છોડી મૂકવામાં આવ્યા હતા. તે જ દિવસે તેમણે પૂનાની ‘પર્ણકુટી’માં પારણાં કર્યાં હતાં.

૧૯૩૩ના મે માસના ઉપવાસના શરૂઆતના દિવસોમાં મહાદેવભાઈ ગાંધીજીથી છૂટા પડીને જેલમાં જ રહી ગયા હતા. પણ સદ્‌ભાગ્યે એમની સજાની મુદત પૂરી થઈ એટલે તેઓ છૂટીને તરત ગાંધીજી પાસે આવ્યા હતા. બે દિવસ પછી ગાંધીજીએ તેમને સાબરમતી આશ્રમમાં મોકલ્યા. ત્યાં બે દિવસ રોકાઈને તેઓ પાછા ગાંધીજી પાસે આવી પહોંચ્યા. આ ઉપવાસ અંગે મહાદેવભાઈએ દસ લેખો લખ્યા. મહાદેવભાઈનું ભક્તહૃદય આ ઉપવાસથી કેવું પ્રભાવિત થયું હતું તેની આ લેખો સાખ પૂરે છે.

અસ્પૃશ્યો સારુ અલગ મતદારમંડળની વિરુદ્ધ કરેલા ઉપવાસ વખતે સરદાર ગાંધીજીની સાથે જ જેલમાં હતા. ઉપવાસ કરતાં પહેલાં તે અંગે તૈયાર કરેલું નિવેદન ગાંધીજીએ તેમને વાંચવા આપ્યું હતું. પણ તત્કાલ એને કોઈ અભિપ્રાય ન આપવા જણાવ્યું હતું. આ નિવેદન બે વાર વાંચ્યા પછી આશરે અડધા કલાક પછી તેમણે મહાદેવભાઈને કહ્યું:

‘એમના કરતાં પવિત્ર કોઈને જાણ્યો છે? એમને ઈશ્વરે રાખવા હોય કે લઈ જવા હોય એ કોને ખબર છે? પણ એમના મન અને આત્માનો પ્રવાહ જે દિશામાં વહેતો હોય તેને

મન, વચન અને કાયાના મૌનથી અનુકૂળ થવું.'૧૧ એક વાર શ્રી શાસ્ત્રીએ ગાંધીજીને ઉપવાસ વિશે શાસ્ત્રાર્થ કરતો કાગળ લખ્યો.

તે જોઈ વલ્લભભાઈએ કહ્યું:

શાસ્ત્રીનો કાગળ વાંચીને તો એમ થાય છે કે આ ઉપવાસ થયો તે સારું થયું. આવા શાસ્ત્રી જેવા કોઈ દહાડો થોડા જ ધર્મમાં સુધારો કરી શકવાના છે? એ તો બાપુના જેવા કોઈ સમર્થ ઉપવાસ જેવું શસ્ત્ર ઉઠાવે ત્યારે જ આ ભયંકર અંધકારનાં વાદળ વીખરાય.૧૨

છાપાંઓ મારફત, પત્રવ્યવહાર મારફત અને મુલાકાતીઓ મારફત જેલ બહારના સમાચારો અંગે માહિતી રાખવાનું કામ મુખ્યત્વે વલ્લભભાઈનું હતું. વચ્ચે વચ્ચે પોતાની તેજસ્વી અને ગણેલા શબ્દોવાળી શૈલીમાં એ સમાચારો ઉપર માર્મિક કટાક્ષ કરવાનું કામ પણ તેમનું જ. જપ્ત કરેલ બારડોલીના આશ્રમનાં મકાનો સરકારે વેચવા કાઢ્યાં એ સમાચાર વાંચી સરદાર કહે:

'સારું છે વેચાઈ જાય તો. આપણા હાથમાં સત્તા આવશે ત્યારે એ બધાં પાછાં આપ્યે જ છૂટકો છે. સત્તા ન આવે તો આ બધાં એમનાં મકાનો (જેલો)નો કબજો આપણી પાસે પડેલો જ છે ના?'૧૩

આ દિવસોમાં ગાંધીજી, સરદાર અને મહાદેવભાઈ ત્રણેયે પોતાનો મોટા ભાગનો સમય તો અસ્પૃશ્યતાનિવારણના પ્રશ્ન અંગે ચિંતનમનન, મુલાકાતો અને પત્રલેખનમાં જ ગાળ્યો હતો. વચ્ચે વચ્ચે, સહજ રીતે, બીજા પ્રશ્નો પણ છેડાઈ જતા. પત્રવ્યવહાર અંગે ગાંધીજીની ધીરજ અખૂટ હતી. એક વાર શ્રી રણછોડદાસ પટવારીએ પોતાના પત્રમાં ૮૮ પ્રશ્નો પૂછ્યા. ગાંધીજીએ ખંતપૂર્વક એ દરેકેદરેક પ્રશ્નનો જવાબ મહાદેવને લખાવ્યો. મહાદેવભાઈને ગાંધીજીની માફક મુક્તપણે પત્રવ્યવહારની છૂટ નહોતી, એટલે ગાંધીજી ઘણી વાર મહાદેવના ઓળખીતાને લખાવતા કે, 'મહાદેવના તો માત્ર અક્ષર જ જોવા મળશે, પત્ર નહીં.'

ગાંધીજીના ભાણેજ મથુરાદાસ ત્રિકમજી વચ્ચે મળવા આવી ગયા. એમણે એ ખબર આપ્યા કે દેવદાસભાઈ દિલ્હીમાં ન પેસવાના હુકમનો અનાદર કરવા સારુ છ માસની કેદમાં ગયા. જવાહરલાલને વિશે વાત થઈ. એમને હરિજન કામનો કેમ વિરોધ હશે? એ તો કહે છે કે બાપુ આ કામ કરવાથી કેદી જ મટી જાય છે… એમ કેમ હશે? ગાંધીજી કહે:

એનું કારણ એ છે કે એ આ કામનું રહસ્ય નથી સમજેલ, સત્યાગ્રહનું પણ નહીં... આજે આપણે સત્યાગ્રહ સત્તા મેળવવાને માટે કરી રહ્યા છીએ, જ્યારે સત્યાગ્રહ તો સત્તાને સાફ કરવાને માટે હોય. સત્તા એટલે જ હિંસા, સત્તાને નભાવવા લશ્કર જોઈએ. સત્તાનો ત્યાગ એ સત્યાગ્રહના મૂળમાં છે. કાઉન્સિલો વગેરેમાંથી સત્યાગ્રહીઓ દૂર રહેશે તો જ તેને સ્વચ્છ કરી શકશે. મારા અગિયાર મુદ્દા મોતીલાલજીને નહોતા ગમ્યા અને જવાહરલાલને પણ નહોતા ગમ્યા. પણ હું એના ઉપર હજી કાયમ છું.

મહાદેવભાઈએ પૂછ્યું: 'ત્યારે તમે સ્વરાજની અવેજીમાં સુરાજ્ય ચાલે એમ સ્વીકારો છો, એમ કહેવાય.' ગાંધીજી કહે: 'ના, કેમ્પબેલ બેનરમૅનનું સુરાજ્ય એ તો મુરબ્બીપણાના નાતાથી ભલું કરનારું રાજ્ય છે. એ સ્વરાજ્યનું અવેજી ન થઈ શકે. પણ આપણું અગિયાર મુદ્દાનું તો સાચું સુરાજ્ય છે અને એ જ સ્વરાજ્ય છે... હજીયે વધારે એ વસ્તુ સમજાવું એમ છું. પણ આજે તો ક્યાં એ પ્રસંગ છે? પ્રસંગ આવે તો પાછો દેશને એ અગિયાર મુદ્દા ઉપર વાળું...'

બીજે દિવસે મહાદેવભાઈએ ચર્ચા આગળ ચલાવી. ગાંધીજીએ સ્પષ્ટીકરણ કર્યું:

સત્યાગ્રહ સત્તા મેળવવાને માટે હોય જ નહીં, સત્તાને શુદ્ધ રાખવાને માટે, સત્તાનો સદુપયોગ કરાવવા માટે હોય... અહિંસાનો ઉપયોગ હિંસાને માટે ન જ હોય.

સત્યાગ્રહ અમુક વસ્તુ ઉપર કેન્દ્રિત કરવો જોઈએ એટલે સત્તા મેળવવા ઉપર નહીં, પણ તે તે વસ્તુ સિદ્ધ કરવા માટે હોય... એની સામે નબળું તંત્ર ટકી ન શકે, એ તૂટી જ પડે, એટલે તંત્રનો આપોઆપ સુધારો થાય. છતાં તંત્રમાં સત્તાની વાત આવે ત્યારે આપણે આઘા રહીએ. तेन त्यक्तेन भुंजीथाः। આપણે મત આપીએ, મત આપવા જેટલી સત્તા ભલે વાપરીએ, પણ તે પણ રામ અને રાવણની ચૂંટણીમાં રામની ચૂંટણી કરવા માટે. જોકે રામ પણ જેટલે અંશે સત્તા ચલાવશે તેટલે અંશે હિંસા તો કરશે જ. આપણું તો સત્યાગ્રહદળ હોય જે સત્તાને સરખી કરવાને માટે જ જીવતું હોય.૧૪

એકવીસ દિવસના ઉપવાસ વખતે સાબરમતીથી મહાદેવભાઈ સાથે થોડા દિવસ રહેવા સારુ નારાયણ પણ આવ્યો હતો. પૂના આવ્યા પછી, દુર્ભાગ્યે તે તરત મલેરિયામાં પટકાઈ ગયો. મહાદેવભાઈના માથા પર ગાંધીજીના ઉપવાસની ચિંતા હતી જ તેમાં બાબલા (નારાયણ)ની માંદગીની વધારાની ચિંતા આવી પડી. તાવ ૧૦૬૦ સુધી પહોંચી ગયો હતો અને ૩૬ કલાક સુધી ઊતર્યો નહોતો. મહાદેવભાઈએ પોતાની ઑફિસ

ગાંધીજીના ખાટલા પાસેથી ખસેડીને બાબલાના ખાટલા પાસે ગોઠવી. એક હાથે ગાંધીજી ઉપર આવેલા અસંખ્ય પત્રો કે તારના જવાબ લખતા જાય અને બીજે હાથે બાબલાના માથા પર ઠંડા પાણીનાં પોતાં મૂકતા જાય. બાબલો સંનિપાતમાં પણ 'બા આવી? બા આવી?' એમ પૂછતો હતો. એકાદ દિવસમાં તાવ ઊતરી જશે, દુર્ગાબહેનને બોલાવવાની જરૂર નથી, એમ માનીને મહાદેવભાઈએ એમને બોલાવ્યાં નહોતાં. પણ બાબલાનું કષ્ટ એમનાથી જોયું જતું નહોતું. તેથી એમનું હૈયું અવારનવાર ભરાઈ આવતું. હરિલાલનાં પુત્રી મનુબહેન મહાદેવભાઈને આંસુ લૂછતા જોઈ ગયાં. તેમણે કસ્તૂરબાને કહ્યું અને કસ્તૂરબાએ ગાંધીજીને વાત કરી. ગાંધીજીએ તરત મહાદેવભાઈને પોતાની પાસે બોલાવ્યા. તેઓ જેવા ગાંધીજી પાસે પહોંચ્યા તેવા જ ગાંધીજી દુર્ગાબહેનને બોલાવવા સારુ તાર લખાવવા માંડ્યા. મહાદેવભાઈ એમની જોડે દલીલ કરવા લાગ્યા કે ટાઢિયો તાવ છે. એકાદ દિવસમાં તો ઊતરી જશે. દુર્ગાને બોલાવવાની શી... પણ ગાંધીજીએ એમને વચમાં કહ્યું: 'મેં તમને સલાહ લેવા બોલાવ્યા નથી, તાર લખાવવા બોલાવ્યા છે.' દુર્ગાબહેનના પહોંચતા સુધીમાં બાબલાનો તાવ તો સાચે જ ઊતરી ગયો હતો, પણ તેમના આવવાથી મહાદેવભાઈની ચિંતા પણ ઘણી ઓછી થઈ ગઈ, એ દેખીતું હતું.

ગાંધીજીના ઉપવાસ સુખરૂપ પૂરા થયા તેથી આખા દેશે રાહત અનુભવી. યરવડા મંદિરથી વલ્લભભાઈએ મહાદેવભાઈને પત્ર લખ્યો: 'આખરે પ્રભુએ લાજ રાખી. આ દેશનાં પાપ ઘણાં છે, છતાં કાંઈક પાપ કરતાં પાછું જોયું હશે એટલે સૌનાં મોં ઊજળાં રહ્યાં.' પ્રેમલીલાબહેન (ઠાકરસી)ની અપાર સેવાનો બદલો ઈશ્વરે આપ્યો. એમને તો યશ મળ્યો. ખરેખર ઈશ્વરની અપાર દયા છે. બાકી આપણે લાયક તો નથી જ. આજે સૌને હર્ષનાં આંસુ આવે છે. પ્રભુનો પાડ માનીએ છીએ.'૧૫

ઉપવાસ પૂરા થયા ત્યાર પછી થોડા દિવસે જ, જૂન માસમાં શ્રી દેવદાસ ગાંધીનાં લગ્ન લક્ષ્મી રાજગોપાલાચારી જોડે થયાં. રાજાજી અને ગાંધીજી બંને વેવાઈ બન્યા. લક્ષ્મી અને દેવદાસે લગ્નનો વિચાર કર્યો પછી, વર્ષો સુધી દૂર રહેવાનો સંયમ જાળવ્યા બાદ થયેલ આ લગ્નથી કોને હર્ષ ન થાય? મહાદેવભાઈનો હરખ એમના ચહેરા પર વરતાઈ આવતો હતો. એમને મન તો જાણે સગા નાના ભાઈનાં લગન હતાં. અને તેય પાછા એવા પુરુષની દીકરી સાથે જેમની શોધ ગાંધીજીને ચૌદ વરસ પહેલાં મહાદેવભાઈએ જ કરી આપી હતી.

ગાંધીજી આ ઉપવાસ દરમિયાન પોતાના આશ્રમને બીજી એક તાવણીમાંથી પસાર કરવાનું વિચારી રહ્યા હતા. જેલમાંથી છૂટીને આવેલા મહાદેવભાઈને તેમણે એટલા સારુ જ તરત આશ્રમમાં મોકલ્યા હતા. ગાંધીજીની એક કલ્પના એવી હતી કે એક પછી એક ઉપવાસની મશાલ જલતી રહે. આશ્રમમાંથી કેટલા લોકો આવી તપશ્ચર્યા માટે તૈયાર થાય છે, તે પણ તેમને જાણવું હતું. એમ તો આખા આશ્રમને પણ થોડી વધારે આકરી કસોટીમાંથી પસાર કરવાની એમની ઇચ્છા હતી.

આશ્રમનાં બાળકોમાં તરત વાત ફેલાઈ ગઈ. હવે માત્ર આપણા પિતાઓ જ નહીં, પણ માતાઓ પણ જેલમાં જશે! બાબલાથી નાનાં આશ્રમનાં બાળકોમાં તે વખતે માત્ર ગુલામ રસૂલ કુરેશીનાં ત્રણ બાળકો હતાં. બીજાં કેટલાંક એના સમવયસ્ક અથવા થોડાં મોટાં. આશ્રમનાં દસ બાળકોને અનસૂયાબહેન સારાભાઈના સંચાલન હેઠળ ચાલતા હરિજન કન્યા છાત્રાલયમાં રાખવાનું નક્કી થયું. બાળકોને મિરઝાપુર રોડ પર આવેલ છાત્રાલયમાં મૂકી આવવાનું કામ મહાદેવભાઈ પર આવ્યું. આ આખા પ્રસંગનું થોડું વધારે વર્ણન આ લેખકે *संत सेवता सुकृत वाघे*માં કર્યું છે.૧૬ આ પ્રસંગનું વર્ણન કરતાં મહાદેવભાઈએ લખ્યું છે: ‘બાળકોને અનસૂયાબહેનને સોંપી આવ્યો. પાછા નીકળતાં મારી આંખો ભીની થઈ, અનસૂયાબહેન પણ ખૂબ રોઈ પડ્યાં અને પગે પડ્યાં.’ આ બાળકો પૈકી બહેન વનમાળા દેસાઈએ આ પ્રસંગનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું છે:

અમને મૂકવા જવાનું કામ બાપુએ મહાદેવકાકાને સોંપ્યું હતું. આશ્રમની રસ્તા પરની સૌની માનીતી ઘટાદાર આમલી નીચે સૌ ભેગાં થયાં હતાં. ભવિષ્યની કાંઈ ખબર નહોતી. પાછાં ક્યારે મળીશું એનો જરાય અંદાજ નહોતો. અમારાં માબાપ રડતાં હતાં. અમે રડતાં હતાં, પણ મહાદેવકાકા તો ધ્રુસકે ધ્રુસકે રડતા હતા. નાનાં બાળકોને માબાપથી વિખૂટાં પડવાનું બહુ કરુણ હતું. પોચા અને કોમળ દિલના મહાદેવકાકા માટે તો અસહ્ય જ હતું. અમે બધાં મોટરમાં ચડ્યાં અને આક્રંદ કરતી મોટર ઊપડી.

અનસૂયાબહેનને ત્યાં પહોંચ્યા પછી છૂટાં પડતી વખતે અમે મહાદેવકાકાને એવાં વળગ્યાં કે છોડીએ જ નહીં. હૈયા ઉપર પથ્થર મૂકી અમને છોડી એ પાછા ગયા. બીજે દિવસે સવારે તો બાપુજી સહિત બીજાં બધાં આશ્રમવાસીઓને પકડી લીધાં. એટલે અમારે પછી મળવાનું થયું જ નહીં.૧૭

સરકારની યોજના સૌ આશ્રમવાસીઓને ગિરફતાર કરવાની હતી અને ગાંધીજીની યોજના એક પણ આશ્રમવાસી બહાર રહી જાય તો તેણે રાસ ગામ ભણી કૂચ કરવી એવી હતી. બીજે દિવસે, એટલે કે પહેલી ઑગસ્ટે તો આખું આશ્રમ વેરાન થઈ ગયું.

આગલી રાતે ૧–૨૦ વાગ્યે પોલીસટોળું આવ્યું. ગાંધીજી, કસ્તૂરબા અને મહાદેવભાઈની ધરપકડ કરી. શેઠ રણછોડદાસના બંગલાનાં પગથિયાં ઊતરતાં મહાદેવભાઈએ કાકાસાહેબના બાળને કહ્યું: ‘તને નથી પકડ્યો એટલે કાલે તારે કૂચ શરૂ કરવી.’ પણ પછીથી પોલીસ પાસેથી જાણ્યું કે આશ્રમમાં પણ ધાડ પડી હતી એટલે ગાંધીજીએ એમને કહ્યું કે જો બધા કૂંચવાળાને પકડવાના હો તો બાળ અહીં રહી જાય છે. એટલે પોલીસે બાળને પણ લીધો.

જેલને દરવાજે પહોંચતાં કલેક્ટરે નિવેદનો લીધાં. ગાંધીજીએ કહ્યું, ‘હું શાંતિ તોડનારો નહીં, પણ સ્થાપનારો છું, અને સવિનયભંગનો ઉદ્દેશ પણ આખરે શાંતિ સ્થાપવાનો છે.’ મહાદેવભાઈએ લખાવ્યું: ‘દેશમાં ડરનો રોગ ફાટી નીકળ્યો છે. તેને પહોંચી વળવા માટે અને સ્વરાજ મેળવવા માટે સવિનયભંગ આચરવાની અને તેનો પ્રચાર કરવાની મારી પ્રતિજ્ઞા છે.’

રાતે બે-અઢી વાગ્યે સાબરમતી જેલના એક યાર્ડમાં બંને સૂતા. જેલની તૈયારીમાં માત્ર બે ખાટલા જ ઢાળેલા હતા.

ગાંધીજીએ કહ્યું: ‘ટિળક મહારાજની પુણ્યતિથિ આજે કેવી રૂડી રીતે ઊજવાઈ? ગાંધીજીએ પહેલું કામ હરિજન કામ માટેની છૂટ માગવાનું કર્યું. જેલ સુપરિન્ટેન્ડેન્ટ અડવાણીએ ખબર આપી કે કસ્તૂરબા અને મીરાંબહેનને સાથે મૂક્યાં છે.

સવારે બાફેલી દૂધી આવી હતી તેમાંથી મહાદેવભાઈએ સૂપ બનાવ્યું. સાંજે કસ્તૂરબાને દૂધી મોકલી. તેમણે ગાંધીજી માટે સૂપ કરીને મોકલ્યું. કસ્તૂરબાના હાથનું સૂપ લેવાનો આ લાંબા સમય સુધી છેલ્લો પ્રસંગ હતો. કારણ, સાંજે જ અડવાણીએ આવીને કહ્યું: ‘આપણી મિત્રાચારી ટૂંકી છે, તમે પોટલાં બાંધો.’

દરવાજે બોલાવવા આવે તે પહેલાં ગાંધીજીએ થોડી ઊંઘ કાઢી લીધી.

આગલે દિવસે કોઈક કારણસર મહાદેવભાઈએ દુર્ગાબહેન પર ગુસ્સો કર્યો હશે. તેનો વસવસો એમને ત્યારથી જ હતો. ગાંધીજી ઊંઘતા હતા તે ગાળામાં મહાદેવભાઈએ પત્ર લખીને દુર્ગાબહેનની માફી માગી અને ઈશ્વરે સૌની લાજ રાખી તેનો પાડ માન્યો.

સાબરમતી સ્ટેશનના સાઇડિંગમાં એક સલૂન તૈયાર જ ઊભું હતું. ગાંધીજી અને મહાદેવભાઈના બેસતાંની સાથે જ તે ઊપડ્યું.

સવારે સાન્તાક્રુઝ સ્ટેશને ઉતારી તેમને કારમાં પૂના લઈ ગયા. યરવડા જેલ આગળ જાણીતા જેલકર્મચારીઓ દેખાયા. એ લોકોના આવવાની અગાઉથી કોઈને જાણ કરવામાં નહોતી આવી. યાર્ડમાં પેસીને વલ્લભભાઈને જોવા ઝંખતા હતા. ત્યાં ન મળે વલ્લભભાઈ કે ન મળે છગનલાલ જોષી. બારણે સીલ મારેલાં હતાં. માળો જેમનો તેમ હતો, પણ પંખી ઊડી ગયાં હતાં. પાછળથી ખબર પડી કે વલ્લભભાઈને ઑપરેશનનું બહાનું કાઢીને લઈ જઈને નાશિક ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને જોષીને સેપરેટમાં મૂકવામાં આવ્યા હતા.

બીજે દિવસે टाइम्सમાં લખેલું હતું કે ગાંધીને પૂના લાવીને પછી તુરત જ છોડીને, જો હુકમનો ભંગ કરશે તો પાછા પકડવામાં આવશે. આગલી સાંજે જ ગાંધીજીએ ગૃહમંત્રીને પત્ર દ્વારા જણાવ્યું હતું, હુકમ કાઢીને શા સારુ જાહેર અનાદર કરાવી તમને અગવડમાં મૂકવાની અમને તક આપો છો?! તે કાગળ ગાંધીજીએ તરત જ જેલ અધિકારીને સુપરત કર્યો. અધિકારીએ જતાં જતાં કહ્યું: અહીં પાછા આવતાં તમને આનંદ થયો લાગે છે. આ તો તમારું બીજું ઘર. ગાંધીજીએ કહ્યું: 'બીજું નહીં, આ એક જ ઘર છે.' સાથે લઈ જવા માત્ર કપડાંની ગાંસડી બાંધી. નવ વાગ્યામાં દસ મિનિટે એક અધિકારીએ આવીને હુકમો બતાવ્યા. પછી કહ્યું કે સામાન ભલે જેલમાં પડ્યો. 'પર્ણકુટી'માં જજો, મિત્રોને મળજો અને 'પર્ણકુટી' નહીં જાઓ તો હુકમનો અનાદર કરેલો ગણાશે. આ હુકમો પર સહી મૅજિસ્ટ્રેટની નહીં, પણ મૅક્સવેલની હતી. ખાનગી ટૅક્સીમાં બેસાડી પૂછ્યું: 'પર્ણકુટી'માં જવું છે? ગાંધીજીએ કહ્યું કે અહીં જ ફરતા રહીશું, ક્યાંક શાંત સ્થળે લઈ જાઓ. એમને પાસેના એક બંગલા આગળ લઈ ગયા. ત્યાં મૂકીને ટૅક્સી આઘે ગઈ. મહાદેવભાઈએ ટપાલ ખોલીને વાંચી એટલામાં તો પાછા પકડવા આવી પહોંચ્યા. દસ વાગ્યે જેલમાં પાછા દાખલ થતાં ગાંધીજીએ કહ્યું: 'મોટરની સહેલ સારી થઈ!'

જેલમાં જતાંની સાથે ગાંધીજીએ માગણી કરી હતી કે હરિજન કામ કરવાની તેમને રજા મળવી જોઈએ. કારણ, એ કામ તેમને પ્રાણ સમાન હતું.

બંને જણને એક એક વર્ષની સાદી જેલની સજા થઈ. મહાદેવભાઈએ કહ્યું, 'આપની સાથે આવવામાં આટલો લાભ. આસાન જેલ અને દંડ નહીં.'

કસ્તૂરબા અને બીજી પંદર બહેનો અને સોળ ભાઈઓને છ-છ માસની સજા થઈ. દુર્ગાબહેન અને પ્રેમાબહેન કંટકને 'બ' વર્ગ મળ્યો. ગાંધીજીએ ખડખડાટ હસીને કહ્યું કે 'બ' વર્ગ મેળવવા માટે સેક્રેટરીની વહુ થવું પડે!

આ વખતે યરવડા જેલમાં ગાંધીજી અને મહાદેવભાઈને વલ્લભભાઈનો વિયોગ સાલતો હતો. ગાંધીજી એક કરતાં વધારે વાર ભર્તૃહરિ નાટકના ગીતની એક પંક્તિ યાદ કરતા હતા: 'એરે જખમ જોગે નહીં મટે!'

હરિજન કામ અંગે લોકોને મળવા દેવાની, નવાં નીકળેલાં हरजिन સાપ્તાહિકો સારુ લેખો લખવા તથા તેના વ્યવસ્થાપકો કે સંપાદકોને મળવા દેવાની, આ પ્રશ્નને બરાબર સમજવા છાપાં વગેરે મેળવવાની જે છૂટછાટ ગાંધીજીએ માગી હતી, તે ન મળે તો ઉપવાસ પર ઊતરવાનો ગાંધીજીનો વિચાર પાકો થતો હતો. સરકારે જે જવાબ આપ્યો તેમાં જાણે કે ગાંધીજી નિયમો પોતાની મેળે પાળવા માગતા હતા તેને વિશે અવિશ્વાસ હોય એમ લાગતું હતું. આમ તો ગાંધીજી ઉપવાસ ન કરવાનો વિચાર કરતા હતા, તે નિર્ણય તેમણે બદલ્યો. તેમણે પોતાનું ધ્યાન આ બાબત ખેંચવા સારુ મહાદેવભાઈનો પાડ માન્યો અને એમ પણ કહ્યું કે, 'આવી જ રીતે મને મારી નબળાઈઓમાંથી બચાવતા રહેજો.'૧૮

टाइम्स છાપું પણ ગાંધીજીને વચ્ચે વચ્ચેથી કપાયેલું મળતું હતું. ગાંધીજીએ એને અંગે ફરિયાદ કરી હતી. કર્નલ માર્ટિન નામના જેલ અધિકારીએ કહ્યું કે એ તો બીજા કેદીઓ સારુ કેટલાક ભાગ કાપી નાખવામાં આવે છે, પણ ગાંધીજીને તેઓ તે જોવા આપશે. પણ ઉપલા અધિકારીઓએ તેમ કરવાની મનાઈ કરી. તેથી તેઓ એ કાપલી ન લાવી શક્યા. વળી તેમણે જેલના દાક્તર જોડે ડૉ. ગિલ્ડરને પણ લાવવાનું આશ્વાસન આપ્યું હતું. પણ તેમને તેમ પણ ન કરવા દેવામાં આવ્યું. આ બધાં લક્ષણો એમ સ્પષ્ટ કરતાં હતાં કે સરકારે આ વખતે ગાંધીજીને કોઈ પણ પ્રકારની છૂટછાટ ન આપવાનો નિશ્ચય કરી લીધો હતો.

ઉપવાસના પાંચમા દિવસે કસ્તૂરબા મળવા આવ્યાં. એ મુલાકાતનું વર્ણન મહાદેવભાઈના જ શબ્દોમાં જોઈએ:

એનાં એ જ બા. એમના દિલમાં દુ:ખના દરિયા હશે પણ મુખમુદ્રા ઉપર અપાર શાંતિ. બાપુ એનિમાનું પાણી લઈને પાટ ઉપર સૂતેલા હતા. એમને પ્રણામ કરીને બાપુની

છાતી ઉપર માથું મૂક્યું. મારી આંખમાં પાણી આવ્યાં, પણ એમની આંખમાં એકે આંસુ નહીં. હસમુખે મોઢે કહ્યું: ફરી પાછું ઉપાડ્યું! મને તો જેલર અને સુપરિન્ટેન્ડેન્ટે આવવાનું કહ્યું ત્યારે મને થયું કે ના કહું, પણ ના કહેવાની ન હોય એમ ધારીને મેં ના ન કહી. અહીં આવીને સ્નાન કર્યું, અને મળવાને તૈયાર થઈ. સુપરિન્ટેન્ડન્ટે સંભળાવ્યું કે તમને સાથે રાખવાના ઑર્ડર નથી આવ્યા. કારણ, ગાંધી તો યુરોપિયન યાર્ડમાં છે, પણ પંદર મિનિટ તમને મળવા લઈ જાઉં. મેં કહ્યું: ત્યારે મને અહીં લાવવી નહોતી. મેં ક્યાં માગણી કરી હતી કે લઈ જાઓ? બાપુ ખુશ થઈ ગયા. અને પોતાની સંમતિ માથું હલાવીને દર્શાવતા ગયા.

બીજી બહેનોની બાપુએ ખબર પૂછી. બાએ બધીના ખબર આપ્યા. દુર્ગા અને પ્રેમાને કેમ સાથે રાખવામાં આવ્યાં, પ્રેમાએ કેમ પાછો 'સી' ક્લાસ માગ્યો, એમને કેમ 'સી'માં લઈ ગયા અને પાછા 'બી'માં લાવ્યા વગેરે વાતો કરી. બીજે દિવસે બધાંને છોડ્યાં ત્યારે ભાઈબહેનો બધાં મળ્યાં હતાં.

બા કહે: અમને હુકમ આપ્યો ત્યારે ઘડીક વાર વિચાર થયો કે અમદાવાદ જઈને હુકમ તોડીએ. અમને કહેવામાં આવ્યું હતું કે રસ્તામાં જ તમને પકડશું. તો મેં કહ્યું: ત્યારે લો, આ બેઠાં, પકડવાં હોય તો પકડો. કેટલીક બહેનોને એ ન ગમ્યું. પોતાનાં છોકરાંઓને મળવું હતું. મેં એમને કહ્યું: મારી ભૂલ થઈ, પણ હવે શું થાય?

અમતુલની તબિયત નરમ છે, દૂધ લેવાની ના પાડે છે, એની પણ વાત કરી. પ્રથમ દિવસે લીલાવતી ખૂબ રોઈ. આ બધું બતાવે છે કે બહેનોમાં મેળ કેટલો ઓછો છે. આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા મેળવવામાં પણ કેટલી અતિશયતા થાય છે, કેટલા ખાડા નડે છે?

બાપુએ મુલાકાતને અંતે પોતાનાં વચન લખ્યાં: 'તું બહાદુર રહેજે. પંદર મિનિટ માટે ન આવજે. હવે તને લઈ જવી હોય તો ભલે લઈ જાય. બધી બહેનોને આશીર્વાદ દેજે. મારી રક્ષા ઈશ્વર કરશે.'

બા કહે: કરશે જ, પણ તમે હવે ઉપવાસ ઝટ ઝટ છોડો...

જાણે બાએ આવીને બાપુના પ્રાણમાં પ્રાણ રેડ્યા, નવા લોહીનો સંચાર કર્યો, નવી આશા અને વિશ્વાસ પૂર્યો. આવી બહાદુરી આગળ કોણ હિંમત હારી શકે?૧૯

તે જ દિવસે થોડી વાર પછી ગાંધીજીને હૉસ્પિટલમાં ખસેડવાનો આદેશ આવ્યો. ત્યાર પછીનું વર્ણન મહાદેવભાઈના શબ્દોમાં:

કટેલી આવ્યા અને બાપુને ઇસ્પિતાલમાં લઈ જવાને ઍમ્બુલન્સ આવે છે એવી ખબર આપી. સામાન બધો અડધા કલાકમાં પૅક કર્યો.

'અહીંનો સોડા તો એક વાર પી લેવા દો!' એમ લખી આપ્યું, અને મેં પ્યાલો ભરીને આપ્યો.

છેવટે મેં કહ્યું: પહેલા ઉપવાસે વલ્લભભાઈને છૂટા પાડ્યા અને બીજાએ મને છૂટો પાડો છો.

એટલે લખ્યું: 'ઈશ્વર બધી રીતે આપણને તાવી રહ્યો છે. આજના ભજનમાં એ જ હતું ના? "મહાકષ્ટ પામ્યા વિના". ગમગીન થવું જ નહીં. જે સમયે જે આવે તે સુખેથી સહી લેવું. આવતી ક્ષણનો વિચાર ન કરવો.'

મેં કહ્યું: ગમગીનીની વાત નથી. મારે તો વિયોગ સહન કરવાનો રહ્યો, પણ આપનું તો કુશળ જ છે. જે દિવસે સાથે પકડાયા તે દિવસે ક્યાં સ્વપ્નેય ખ્યાલ હતો કે સાથે રાખશે?

એટલે લખ્યું: 'આજનો લહાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે, — એ ચાર્વાક પણ કહે અને ભક્ત પણ કહે.'

મને ગઈ કાલે રાત્રે 'મહાકષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા' એ યાદ આવ્યું. એનું રટણ ચાલ્યા કીધું અને આજે પ્રભાતે એ સરસ રીતે ગાયું. જતાં જતાં બાપુએ યાદ કર્યું કે એ પણ લહાવો જ છે ના?

આમ ઘડીક વારમાં હું એકલો થઈ ગયો. ઈશ્વરની ગતિ અકળ છે, તેમ સરકારની પણ. સરકારનું યંત્ર ચાલે છે તેમાંનો કોઈ ભાગ એકદમ અટકે છે અને ગતિ બદલાય છે ત્યારે પણ જે ભાગ એકદમ અટકે છે તે થોડા વખતમાં આપોઆપ પૂર્વની ગતિને બળે ચાલતો જ રહે છે. તેની સ્પષ્ટ નિશાની તરીકે હું આજે બહાર સૂવાની મજા ભોગવું છું એટલું જ નહીં પણ બાપુની સેવા માટે ત્રણ કેદીઓ જે બહાર સૂવા માટે આવેલા તેમને પણ આજે બહાર સૂવાનું મળ્યું. હજી બાપુને માટે આવેલા બરફના ઢગલા પડ્યા છે. કદાચ બાપુને માટે સવારે ચાર વાગ્યે કેદીઓને જગાડવા સિપાઈ આવે છે, તેયે આવશે.૨૦

ત્યાર બાદનું વર્ણન શ્રી નરહરિભાઈ પરીખના શબ્દોમાં:

બાપુને યરવડા જેલમાંથી સાસૂન હૉસ્પિટલમાં લઈ ગયા અને મહાદેવભાઈની બેલગામ જેલમાં બદલી કરવામાં આવી. સાસૂન હૉસ્પિટલમાં બાપુની તબિયત

ઝપાટાબંધ બગડવા માંડી. એકવીસ દિવસના ઉપવાસ ૨૯મી મેએ પૂરા થયા અને ૧૬મી ઑગસ્ટે છેલ્લા [એટલે કે ત્રીજી વખતના] ઉપવાસ શરૂ થયા. આમ એકવીસ ઉપવાસને ત્રણ મહિના પૂરા નહોતા થયા ત્યાં પાછા આ ઉપવાસ આવ્યા. એટલે આ વેળા શરીરને કષ્ટ બહુ જ પડ્યું. એમાંય ૨૪મી પહેલાંના બેત્રણ દિવસની શારીરિક વેદના બહુ જ વિષમ હતી. બાપુએ પોતે જ છૂટ્યા પછી લખેલા એક કાગળમાં પોતાની સ્થિતિનું વર્ણન કર્યું છે: 'હું તો આશા છોડીને બેઠો હતો. ૨૩મીએ રાત્રે જ્યારે ઊલટી થઈ ત્યારે મને થયું હવે વધારે નહીં ટકી શકાય. મૃત્યુ સામે બાથ નહીં ભીડી શકાય. ૨૪મીએ બપોરે તો મારી પાસેની વસ્તુઓનું દાન પણ કરી દીધું.

નર્સો તથા બરદાસીઓને વરસ્તુઓ પણ આપી દીધા પછી કહી દીધું કે હવે મને કોઈ બોલાવશો નહીં અને મને પાણી પણ આપશો નહીં. બા પાસે હતાં તેમને પણ જવાનું કહ્યું. અને આંખો મીંચી રામનામ લેવા માંડ્યું. બા તો બિચારાં સ્તબ્ધ થઈને ઊભાં રહ્યાં.

આ જ વખતે મિ. ઍન્ડ્રૂઝ, જેઓ મુંબઈના ગવર્નરને ત્રણ દિવસથી બાપુને છોડી મૂકવાનું સમજાવી રહ્યા હતા તેઓ પોતાના પ્રયત્નમાં સફળ થયા અને બાપુને છોડાવવાનો હુકમ લઈને મારતી મોટરે હૉસ્પિટલમાં આવ્યા. અને ત્યાંથી બાપુને તથા બાને પોતાની સાથે લઈને 'પર્ણકુટી'માં ગયા.

તબિયત જરા સારી થઈ એટલે બાપુએ જાહેર કર્યું કે જોકે રારકારે એમને છોડી મૂક્યા હતા, છતાં એક વરસની સજાની મુદત પૂરી થાય ત્યાં સુધી એટલે કે ૧૯૩૪ના ઑગસ્ટની ત્રીજી સુધી પોતે સીધી રીતે સવિનયભંગ લડતમાં ભાગ નહીં લે અને બધો વખત મુખ્યત્વે હરિજનકાર્યમાં ગાળશે. ત્યાર પછી તેમણે ઐતિહાસિક હરિજનપ્રવાસ શરૂ કર્યો અને અસ્પૃશ્યતાનિવારણ માટે તથા તેને અંગે ફાળો એકઠો કરવા આખા દેશમાં ભ્રમણ કર્યું.૨૧

એ યાત્રા ૧૯૩૩ના નવેમ્બરથી શરૂ થઈને ૧૯૩૪ના જૂન માસ સુધી ચાલી.

છૂટ્યા પછી ૩જી સપ્ટેમ્બરે એક પત્રમાં ગાંધીજી જવાહરલાલજીને લખે છે:

'બિચારો મહાદેવ બેલગામ છે. આવી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું સારું છે.'૨૨

બાહ્ય દૃષ્ટિએ બેલગામની હિંડળગા જેલ મહાદેવભાઈ સારુ અગ્નિપરીક્ષા જ નીવડી. ત્યાંના જેલ અધિકારીઓ ગુજરાતી ભાષા ન જાણતા હોવાને લીધે એમને ગુજરાતીમાં પત્ર લખવાની મનાઈ કરવામાં આવી. દુર્ગાબહેન કે નારાયણ બંને અંગ્રેજી ભાષા સમજતાં નહોતાં. તેથી પરિવાર જોડેનો મહાદેવભાઈનો પત્રવ્યવહાર મહિનાઓ

સુધી બંધ રહ્યો. એમને જે ખોલીમાં રાખવામાં આવ્યા હતા તે એક રીતે જુઓ તો એકાંતવાસની સજા સમાન જ હતી. કારણ, એમને એક ગુનાઇત કેદીનો સાથ મળ્યો હતો, પણ તે કન્નડ સિવાય બીજી ભાષા જાણતો નહોતો તેથી તેની સાથે વાતચીત થઈ શકે એમ નહોતું. અલબત્ત, એ કેદી સાથે પણ મહાદેવભાઈએ મધુર સંબંધ બાંધી દીધા હતા, પણ ખાસ વાર્તાલાપ થઈ શકતો નહોતો. સગાંવહાલાંને આ જેલમાં મુલાકાતની છૂટ તો હતી, પણ બેલગામ સાબરમતીથી એટલું દૂર પડતું હતું કે આખી મુદત દરમિયાન દુર્ગાબહેન અને નારાયણ માત્ર બે વાર એમને મળવા જઈ શક્યાં હતાં. આ જેલમાંથી ૧૯૩૪ના મે માસમાં જ્યારે મહાદેવભાઈ છૂટીને આવ્યા ત્યારે તેઓ એમ તો માત્ર બેંતાળીસ વરસના હતા, પણ એમનો ચહેરો સાવ બદલાઈ ગયો હતો. એની ઉપર વાર્ધક્યનાં ચિહ્નો સ્પષ્ટપણે દેખાવા લાગ્યાં હતાં. એમના માથા પર જે વાળ બચ્યા હતા તે સફેદ થઈ ગયા હતા. કેટલાક દાંત પડી જવાને કારણે જડબું બેસી ગયેલું લાગતું હતું. એમના કપાળ પરની કરચલીઓ વધી ગઈ હતી.

આ જેલમાં એમને પુષ્ટ કરનાર કોઈ તત્ત્વ હોય તો તે ગીતારૂપી અમૃત જ હતું. તેમણે હિંડળગામાં ગાંધીજીના अनासक्तियोगનું અંગ્રેજી ભાષાંતર શરૂ કર્યું પણ તેમ કરતાં તેમને એને અંગે પોતાની નોંધો ઉમેરવાની જરૂર લાગી. અનુવાદની સાથે સાથે તો તેમણે સ્વતંત્ર નોંધો કરી જ પણ આખા પુસ્તકની પ્રસ્તાવના સમાન ‘માઈ સબમિશન’ (નૈવેદ્ય) નામનું એક પ્રકરણ તેમણે ઉમેર્યું જે મૂળ ગ્રંથ કરતાં મોટું હતું. આ ગ્રંથમાં તેમણે સંખ્યાબંધ વિદ્વાનોના વિચારો જોડે સરખામણી કરી. દરેક વિદ્વાનનાં પુસ્તકો તેમને જેલમાં મળી નહોતાં શક્યાં. તેથી ત્યાં તો એમના અભિપ્રાયોને સ્મરણથી જ ટાંક્યા. છૂટ્યા પછી એની સરખામણી મૂળ ગ્રંથોનાં વચનોની જોડે કરવામાં આવી તો બહુ થોડી જગાએ એ ઉતારાઓમાં સહેજસાજ ફેરફાર કરવા પડ્યા હતા. જેલમાંથી નીકળ્યા પછી પોતાની હસ્તપ્રત તેમણે ગાંધીજીને જોવા આપી. એમની સંમતિ મેળવ્યા બાદ જ તેઓ એ ગ્રંથને પ્રકાશકો પાસે મોકલવા માગતા હતા. પરંતુ ગાંધીજી પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે લાંબા ગાળા સુધી હસ્તપ્રત તપાસી શક્યા નહીં. અંતે એ કામ તેમણે મહાદેવભાઈના મૃત્યુ પછી લગભગ ચાર વર્ષ ૧૯૪૬ના ઑગસ્ટ માસમાં પાર પાડ્યું. એ પુસ્તકમાં પોતાની લાક્ષણિક ટૂંકી પ્રસ્તાવનામાં ગાંધીજી આ બધો ઇતિહાસ આપીને કહે છે:

૧૯૩૩–’૩૪ના કારાવાસ દરમિયાન (મહાદેવભાઈએ) કરેલ અવિરત પ્રયાસનું આ

ફળ છે. એનું પાનેપાનું એમની વિદ્વત્તા અને જેલમાં તેઓ ભગવદ્ગીતા અંગે જે કાંઈ મેળવી શક્યા તેના બહોળા અધ્યયનની સાખ પૂરે છે. એનું નિમિત્ત તો બન્યું એ દિવ્ય ગ્રંથના મારી સમજ મુજબનું ગુજરાતી ભાષાંતર ગીતાના મારા અર્થઘટનનું ભાષાંતર કરવા જતાં એમને પોતાને જ મૌલિક ભાષ્ય લખવું પડ્યું છે... ખરું કહું તો મારામાં કશી વિદ્વત્તા નથી. તેથી મેં તો મહાદેવના પુસ્તકનો ઇતિહાસ વર્ણવીને સંતોષ માન્યો છે. ભાષાંતરની બાબતમાં તે ચોક્કસ થયું છે એની હું ખાતરી આપી શકું એમ છું. એમણે મૂળ ભાષાંતરનો અર્થ બરાબર ઝીલ્યો છે...૨૩

ગાંધીજીને માંદગીને લીધે જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા પછી તેમણે હરિજનસેવાના કામ સારું યાત્રા કરી ત્યારે હિંડળગા જેલમાંથી अनासक्तियोगનું અંગ્રેજી ભાષાંતર કરતાં પોતાને પડતી કોઈ મુશ્કેલીનું વર્ણન કરીને મહાદેવભાઈએ ગાંધીજીને પત્ર લખ્યો હશે. હરિજન-યાત્રામાંથી નવેમ્બર ૧૯૩૩ની ૨૩મીએ ગાંધીજીએ એનો જે જવાબ લખ્યો તે પોતાના ગુજરાતી ભાષાંતર અને મહાદેવભાઈએ જે અંગ્રેજી ભાષાંતર કરી રહ્યા હતા તેને અંગે ગાંધીજીનું વલણ કેવું હતું તે સ્પષ્ટ કરે છે. નીચે તે પત્રનો કેટલોક ભાગ આપ્યો છે. મહાદેવભાઈએ જે શ્લોકના ભાષાંતર અંગે પ્રશ્ન ઉઠાવેલો તેને વાંચતાં, મૂળ વાંચતાં અને બધું સ્પષ્ટ કરતાં જે વખત લાગે તેટલો કાઢવો ગાંધીજી માટે શક્ય નહોતો એમ જણાવી તેઓ કહે છે:

અત્યારે તો હું એટલો સમય આપી શકું એમ નથી. પછી એક પ્રશ્ન ઊઠે છે — હું તમને વધારે મદદ કરી શકીશ? મને ડર છે કે નહીં કરી શકું. કારણ, તમે કહો છો તે સાવ સાચું છે. સ્વામીએ૨૪ મારા પોતાના અનુવાદની કરેલી માગણીને મારે વશ થવું જોઈતું નહોતું; ... અનુવાદના કામમાં આગળ વધતો ગયો તેમ એ કામ માટેની મારી અયોગ્યતાનું મને ભાન થવા માંડ્યું. છતાં મેં એ કામ ચાલુ રાખ્યું. તમે જોયેલી ક્ષતિઓ એમાં છે જ... મારામાં જે નથી તે વિદ્વત્તા હું કેવી રીતે આપી શકું? સંસ્કૃતના સારા જ્ઞાનનો અભાવ એ મોટી ખામી હતી. એનો ઉપાય સ્પષ્ટ છે. તમે તમારું ભાષાંતર કર્યે જાઓ. મારો વિચાર સ્પષ્ટ થાય એટલા પૂરતી તમે મારા ભાષાંતરની મદદ લેજો, પણ હંમેશ એને અનુસરશો નહીં. તમને સ્વીકાર્ય હોય તે ભાષાંતર તમે આપજો. ખામી હોય ત્યાં ભાષાંતર સુધારજો અને મઠેરવા જેવું લાગે ત્યાં ભાષા પણ મઠેરજો. બધું ફરીથી લખજો. અને જરૂર હોય ત્યાં નોંધ ઉમેરજો. એમ તમારું કામ પૂરું થશે. પછી

જ્યારે કરેલું બધું મારા હાથમાં આવશે ત્યારે હું મારો હાથ અજમાવીશ અને એમાં મારો ઘટાવેલો અર્થ બહાર આણવા પૂરતા ફેરફાર કરી લઈશ. એ તો હું સહેલાઈથી કરી શકું. પછી આપણે ગુજરાતીમાં સુધારેલી આવૃત્તિ બહાર પાડીશું અને તમારું અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ કરીશું. એમ કરવાથી તમારી ટીકાના મારા વિગતવાર જવાબને અભાવે તમારે તમારું કામ રોકી રાખવું નહીં પડે. હું તમારી ટીકાઓ મિત્રોને બતાવીશ, તેમનો અભિપ્રાય લઈશ અને બધું તમને જણાવીશ.૨૫

ગાંધીજીને મહાદેવભાઈની ટીકાઓ જોઈને એને વિશે લખવાનો તો પછી કદીય સમય મળ્યો જ નહીં. જેલમાંથી છૂટ્યા પછી મહાદેવભાઈએ ગાંધીજી સાથે બેસીને આખા પુસ્તકની હસ્તપ્રત જોઈ જવાની આકાંક્ષા રાખેલી. પણ તેયે પૂરી થઈ શકી નહીં. મહાદેવભાઈની ડાયરીઓની માફક ધ गॉस्पेल ऑव सेल्फलेस एक्शन ओर गीता अकॉर्डिंग टु गांधी પણ મહાદેવભાઈના મરણ પછી પ્રસિદ્ધિ પામ્યું.

અનેક દેશીવિદેશી વિદ્વાનોના મત મુજબ મહાદેવભાઈનો આ ગ્રંથ કદાચ એમની ડાયરીઓ પછીનો સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રંથ હતો. વૉર રેઝિસ્ટર્સ ઇન્ટર નૅશનલના વર્તમાન અધ્યક્ષ નૉર્વેના શ્રી યોર્ગન યોહાનસન કહે છે: 'મારે ગાંધીનું મૂળ સમજવું હતું. એ મૂળ મને મહાદેવે આપેલી ગીતામાંથી મળ્યું. મેં એ પુસ્તક નવ વાર વાંચ્યું છે અને દર વાચન વખતે મને એમાંથી નવા નવા રસના ઘૂંટડા મળ્યે જ જાય છે.'૨૬

નોંધ:

૧. महादेवभाईनी डायरी – २ : पृ. ८८.
૨. એજન, પૃ. ૮૯.
૩. એજન, પૃ. ૯૭.
૪. એજન, પૃ. ૯૬.
૫. એજન, પૃ. ૯૬.
૬. એજન, પૃ. ૯૬.
૭. એજન, પૃ. ૯૬.
૮. એજન, પૃ. ૮૮.
૯. એજન, પૃ. ૧૪૪થી ૧૪૬.
૧૦. એજન, પૃ. ૧૪૬-૧૪૭.

૧૧. મહાદેવભાઈની ડાયરી – ૩ : પૃ. ૪૧૭.

૧૨. મહાદેવભાઈની ડાયરી – ૨ : પૃ. ૨૫૭.

૧૩. એજન, પૃ. ૩૭૧.

૧૪. મહાદેવભાઈની ડાયરી – ૩ : પૃ. ૩૪૨–૩૪૩માંથી સારવીને.

૧૫. ગ. મા.નાંદુરકરઃ સરદારશ્રીના પત્રો – ૪ : પૃ. ૨૨૭, તા. ૨૯–૫–૧૯૩૩.

૧૬. નારાયણ દેસાઈઃ સંત સેવતાં સુકૃત વાધેઃ પ્રકરણ-૬, બાલગોવિંદ પ્રકાશન.

૧૭. શુક્રતારક સમા મહાદેવભાઈ : પૃ. ૧૨૯-૧૩૦.

૧૮. મહાદેવભાઈની ડાયરી – ૩ : પૃ. ૩૫૦.

૧૯. એજન, પૃ. ૩૬૨–૩૬૩.

૨૦. એજન, પૃ. ૩૬૩–૩૬૪.

૨૧. એજન, પૃ. ૩૬૫. સંપાદકની નોંધ.

૨૨. ગાંધીજીનો અક્ષરદેહ – ૫૫ : પૃ. ૩૯૯.

૨૩. મહાદેવ દેસાઈઃ ધ ગીતા અકોર્ડિંગ ટુ ગાંધીઃ પ્રસ્તાવનામાંથી કેટલોક અંશ, અનુ. નારાયણ દેસાઈ.

૨૪. સ્વામી આનંદ.

૨૫. ગાંધીજીનો અક્ષરદેહ – ૫૬ : પૃ. ૨૭૬–૨૭૭.

૨૬. લેખક સાથે મુલાકાતમાંઃ ૧૯૯૧.

# છત્રીસ – અહીં અખંડ શાંતિ છે

૧૯૩૨–’૩૩ની લડત રાજનૈતિક અને ઐતિહાસિક દૃષ્ટિએ એક અસાધારણ લડાઈ હતી. તેમાં નેતાઓને એકસામટા ગિરફતાર કરીને પહેલો ઘા સરકારે કર્યો હતો. હિંદમાં વાઇસરૉય વિલિંગ્ડન અને ઇંગ્લંડમાં કન્ઝર્વેટિવ પાર્ટીની સરકાર, બંનેની નીતિ બને તો, સ્વરાજ માટેની લડતને બળપૂર્વક કચડી નાખવાની હતી. તેથી બળજબરી કરવામાં તે જરાય પાછી પાની કરતી નહોતી. શરૂઆતમાં સરકારના આ હુમલાનો દેશે ઠીકઠીક ઉત્સાહથી જવાબ આપ્યો. પણ સમય જતાં, અને નેતાઓના જેલ જતાં, દોરવણીને અભાવે લોકોનો ઉત્સાહ ઓસરતો ગયો. આવડા મોટા દેશનો ઉત્સાહ અપૂર્વ સેવા, ત્યાગ અને બલિદાનના આંદોલનમાં ટકાવી રાખવો એ પણ કાંઈ જેવીતેવી વાત નહોતી.

પણ લૉર્ડ વિલિંગ્ડન અને બ્રિટિશ સરકાર બંનેને એક કાઠા આસામી જોડે પનારો પડ્યો હતો. એના સંગ્રામનાં આયુધો કાંઈક એવાં અવનવાં હતાં કે જેને પહોંચી વળવાની તાલીમ બ્રિટનના લશ્કરી સેનાપતિઓ કે રાજકારણી મુત્સદ્દીઓને મળી નહોતી. સામ, દામ, દંડ અને ભેદની ભાષા સમજનારા આ લોકોને સત્યની મુત્સદ્દીગીરી અટપટી લાગતી હતી. શસ્ત્રસજ્જ સેનાઓનો મુકાબલો કરતાં આ લોકો શીખ્યા હતા, પણ નિ:શસ્ત્ર — પ્રતિકાર એમને સારુ અવનવી વાત હતી. વળી ગાંધી પાસે બીજી બે એવી શક્તિઓ હતી કે જે સરકારી તંત્રને ભારે મૂંઝવણમાં મૂકી દે એમ હતી. ગાંધી પાસે ઈશ્વર વિશેની અપાર શ્રદ્ધા હતી, જે એને ગમે તેવી આફતોમાં પણ નિરાશ થવા નહોતી દેતી; અને એમની પાસે ‘રચનાત્મક કાર્યો’ હતાં, જે આંદોલનના ગમે તેવા આરોહઅવરોહ વખતે પણ એને પુષ્ટ કરતાં રહેતાં.

બબ્બે વાર ઈશ્વર પર શ્રદ્ધા રાખી, ઉપવાસ વખતે ગાંધી મૃત્યુના મુખમાંથી ઊગરી

આવ્યા હતા. સરકારની ઇચ્છા તેમને જેલમાં મરવા દઈને પોતે બદનામી વહોરી લેવાની નહોતી. તેથી આત્મશુદ્ધિના ઉપવાસ વખતે શરૂઆતમાં જ તેણે ગાંધીજીને છોડી દીધા હતા અને બીજી વાર ઍન્ડ્રૂઝસાહેબની સમજાવટને લીધે છોડ્યા હતા.

પણ છૂટ્યા પછી ગાંધી કાંઈ જંપીને બેસી રહે એમ નહોતા. એમની પાસે કટોકટીને વખતે આશરો લેવાનું સાધન — રચનાત્મક કામ — હતું જ. તેમણે આ સારુ અસ્પૃશ્યતાનિવારણના કાર્યની પસંદગી કરી. મુક્તિયજ્ઞમાં શુદ્ધિ-સમિધનો હવિર્ભાગ ભળ્યો. બે વર્ષ પહેલાં તેમણે અસ્પૃશ્યો માટે 'હરિજન' શબ્દ વાપરવો શરૂ કર્યો હતો તે હવે વ્યાપક રીતે ચાલુ કર્યો.

હરિજનોના પ્રશ્નને લઈને સવર્ણ હિંદુઓમાં પશ્ચાત્તાપની ભાવના જાગ્રત કરવા અને અત્યાર સુધીના ઉપેક્ષિત રહેલા લોકોની જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રે સેવા કરવા સારુ ફાળો ઉઘરાવવા કેદની બાકી રહેલી મુદતમાંથી લગભગ પોણો વરસ સુધી ગાંધીજીએ આખા દેશમાં યાત્રાઓ કરી. યરવડાના કરારને લીધે જે નિર્ણયો થયા હતા, અને ખાસ કરીને ગાંધીજીએ હરિજનોને મંદિરોમાં પ્રવેશ કરવા દેવા, ગામનાં સાર્વજનિક જળાશયોમાંથી પાણીનો ઉપયોગ કરવાની છૂટ આપવા, એમનાં બાળકોને કશા અંતરાય વિના બીજાં બાળકો જોડે શાળામાં બેસવા દેવા વગેરેનો પ્રચાર કરવા માંડ્યો. તેને લીધે આ દેશના ઘણા સનાતની લોકો રોષે ભરાયા. અનેક સ્થળોએ એમની સાથે શાસ્ત્રાર્થ કરવા સારુ પંડિતોએ પ્રયાસ કર્યા. અને જ્યાં શાસ્ત્ર ન ફાવ્યું ત્યાં શસ્ત્ર વાપરવાના પણ પ્રયાસો થયા. ગાંધીજીના વાહન પર પ્રહાર થયા. એમના શરીર ઉપર પ્રહારના પ્રયાસો થયા અને એમની યાત્રામાં અંતરાયો નાખવાના પણ પ્રયાસો થયા.

પેલી બાજુ જેમને યરવડા-કરારને લીધે બીજા હિંદુઓની જેમ કેટલીક નાગરિક સ્વતંત્રતા મળવી જોઈતી હતી તેમને સનાતનીઓના આ પ્રકારના અંતરાયોથી ખૂબ ચીડ ચઢી અને એ લોકોએ પણ ઠેર ઠેર દ્વેષ અને આવેશપૂર્ણ ભાષા વાપરી પ્રવચનો કરવા માંડ્યાં.

ગાંધીજીની અહિંસાની આ બેય બાજુથી કસોટી હતી. તેમણે સનાતનીઓની જોડે પણ વિનય અને નમ્રતાથી વાતચીત કરીને અસ્પૃશ્યતા દૂર કરવા પદાર્થપાઠ આપ્યો. અને પોતાના સાથીઓને પણ ધીરજ રાખવા અને પ્રેમથી સમજાવતાં જો કાંઈ કષ્ટ આવી પડે તો તે સહી લેવા સમજાવ્યું. તેમણે હરિજનો જો ક્રોધભરી વાણી ઉચ્ચારતા હોય તો તેમને માટે એ સ્વાભાવિક હતું એમ સમજાવ્યું અને સદીઓથી એમની ઉપર ગુજારવામાં

આવેલા અન્યાય અને દમનની આવી જ સ્વાભાવિક પ્રતિક્રિયા થાય એમ સાથીઓનાં મનમાં ઠસાવ્યું.

આ હરિજનયાત્રા દરમિયાન મહાદેવભાઈ લગભગ આખો સમય જેલમાં જ હતા. તેથી ગાંધીજીની વાતને લોકો સુધી પહોંચાડનાર મોટું તત્ત્વ ગેરહાજર હતું એમ કહી શકાય. ગાંધીજીના ઘણાખરા સાથીઓ પણ આ કાળ દરમિયાન ઓછોવત્તો સમય કારાવાસમાં જ હતા. તેથી આ નવા ઉપાડેલા કામ સારુ ગાંધીજીને ઠેર ઠેર નવા નવા કાર્યકર્તાઓ તૈયાર કરવા પડ્યા.

ઘનશ્યામદાસ બિરલાને ગાંધીજીએ હરિજન સેવક સંઘની અધ્યક્ષતા સોંપી હતી. સામાન્ય રીતે તો ગાંધીજી પોતે જ રચનાત્મક સંસ્થાઓમાં અધ્યક્ષસ્થાનની જવાબદારી સંભાળતા, પણ હરિજન સેવક સંઘની સીધી જવાબદારી તેમણે સંભાળી નહોતી.

હરિજન સેવક સંઘના મંત્રી તરીકે શ્રી અમૃતલાલ વિ. ઠક્કર હતા, જે ઠક્કરબાપા તરીકે જાણીતા હતા.

શ્રીમતી રામેશ્વરી નેહરુને પણ ગાંધીજીએ હરિજનસેવાની પ્રવૃત્તિમાં સક્રિય કરેલાં. કૉંગ્રેસના તેમના સાથીઓમાં રાજાજી અને જમનાલાલજીનો સાથ આ પ્રવૃત્તિમાં વિશેષ હતો. વળી પ્રાંત પ્રાંતમાં અસ્પૃશ્યતાનિવારણના કામને જીવન સમર્પણ કરનાર લોકો પણ નીકળ્યા હતા. તેમાં મહારાષ્ટ્રમાં આપ્પાસાહેબ પટવર્ધન, ગુજરાતમાં મામાસાહેબ ફડકે અને કેરળમાં શ્રી કેલપ્પનનાં નામો વિશેષ ઉલ્લેખનીય છે. ગાંધીજીની એક ખૂબી એ હતી કે એમણે જે કોઈ રચનાત્મક પ્રવૃત્તિ ઉપાડી તેમાં પૂરું જીવન સમર્પણ કરનાર લોકો તેમને દેશમાં ખૂણે ખૂણેથી મળી રહ્યા. હરિજનયાત્રા પૂરી થયા પછી પણ ગાંધીજીએ સ્ટેશને સ્ટેશને હરિજન કાર્ય સારુ ભિક્ષા માગવાનું તો ચાલુ જ રાખ્યું હતું.

જુલાઈ ૧૯૩૪ના આરંભમાં મહાદેવભાઈ બેલગામની હિંડળગા જેલમાંથી છૂટ્યા ત્યારે ગાંધીજીની હરિજનયાત્રા લગભગ સમાપ્ત થવા આવી હતી. મહાદેવભાઈ છૂટ્યા ત્યારે ગાંધીજી કરાંચીમાં હતા. પણ એમની પાસે આવતાં પહેલાં મહાદેવભાઈએ ગુજરાત જઈને દુર્ગાબહેન તથા બાબલાને મળી લેવું એવો ગાંધીજીનો આગ્રહ હતો. તેથી કરાંચીથી પાછા ફરતાં તેઓ લાહોર આવે ત્યારે ત્યાં જ મહાદેવભાઈએ ગાંધીજી સાથે જોડાવું એમ નક્કી થયું હતું. આ મિલનનો હર્ષ મહાદેવભાઈને કેટલો હતો એ તો વાચક કલ્પી શકે છે, પણ એ હર્ષ ગાંધીજીને પણ ઓછો નહોતો. કરાંચીથી લખેલા ઢગલાબંધ પત્રોમાં ગાંધીજીએ લોકોને એ માહિતી આપી છે કે મહાદેવ તેમની સાથે

લાહોરથી જોડાવાના હતા. લાહોર આવતાં પ્યારેલાલ પણ દિલ્હીથી મહાદેવભાઈ સાથે થઈ ગયા હતા એટલે ગાંધીજીની આસપાસ તો કુટુંબમેળો પાછો જામતો ગયો. કસ્તૂરબા અને કાકાસાહેબ આ યાત્રામાં આગળથી જોડાયાં હતાં.

આ અગાઉ હરિજનયાત્રા દરમિયાન, ફેબ્રુઆરી ૧૯૩૪ના આરંભમાં, ગાંધીજી બેલગામ જવાના હતા. તે વખતે ત્યાંની હિંડળગા જેલમાં સ્ત્રીવિભાગમાં મણિબહેન પટેલ પણ હતાં. બેલગામ જતા જ હતા તો મણિબહેન અને મહાદેવભાઈને જેલમાં મળી શકાય એટલા સારુ ગાંધીજીએ ખાસ મુંબઈ સરકારના ગૃહમંત્રીને પત્ર લખ્યો હતો, પણ સરકારે તેમને મુલાકાત લેવાની પરવાનગી આપી નહોતી. ગાંધીજી ત્યાં હોય તે જ વખતે કેદીઓનાં કુટુંબીજનો તરીકે ડાહ્યાભાઈ વલ્લભભાઈ પટેલ તથા દુર્ગાબહેને પોતપોતાની જેલ મુલાકાત ગોઠવી હતી. તેથી ડાહ્યાભાઈ તથા દુર્ગાબહેન, બાબલો અને જીવણજીભાઈ ગાંધીજીની યાત્રામાં અને જેલમાં પોતપોતાના સંબંધી કેદીઓને મળી શક્યાં હતાં. આ લોકો પાસે જેલની તેમની મુલાકાત પછી ગાંધીજીએ મહાદેવ અને મણિબહેન વિશે છેલ્લામાં છેલ્લા સમાચાર મેળવ્યા હતા. મહાદેવના તો એક જ સમાચાર હતા — તેઓ પુસ્તક લખવામાં મશગૂલ હતા. ગાંધીજીએ તેમને કસરત કરવાનું ન ચૂકવાની અને આંખો ન બગડે તેની કાળજી રાખવાની ખાસ સૂચના મોકલાવી હતી.

લાહોર પછી ગાંધીજી ત્રણેક દિવસ કલકત્તામાં રહ્યા પછી કાનપુર ગયા હતા. ત્યાંથી તેઓ બનારસ ગયા હતા. કાશીમાં રાજકારણથી અલગ રહી હરિજનસેવાના કામમાં જ સમય આપવાનો ગાંધીજીનો એક વર્ષનો સંકલ્પ પૂરો થતો હતો. ત્યાં પણ સનાતની હિંદુઓએ અસ્પૃશ્યતા અંગે પોતાના અલગ વિચારો તો પ્રદર્શિત કર્યા જ હતા. વૈચારિક દૃષ્ટિએ ગાંધીજી કે સનાતનીઓ એકબીજાને પોતાના વિચારથી ચળાવી શક્યા નહોતા. જોકે પંડિત લાલનાથ જેવા કેટલાક લોકોએ આ વર્ષ દરમિયાન સતત વિરોધી દેખાવો કર્યા હતા છતાં આ પ્રશ્ન અંગે ગાંધીજીની વિરુદ્ધ તીવ્ર વિરોધ રહ્યો નહોતો એમ કહી શકાય.

અજમેરની એક સભામાં લાલનાથ કાળા વાવટા લઈ દેખાવો કરતા હતા ત્યારે સભામાં ગાંધીજીને સાંભળવા આવેલા લોકોએ ઉશ્કેરાઈને લાલનાથ અને તેના લોકોને ધક્કે ચડાવ્યા હતા. ઝપાઝપીમાં લાલનાથને વાગ્યું પણ હતું, ગાંધીજીએ આ રીતે ચીડ પ્રદર્શિત કરનારને સખત ઠપકો આપ્યો હતો. અને પછી પ્રાયશ્ચિત્ત તરીકે ઉપવાસ પણ કર્યા હતા. લાલનાથ અંગે એક પત્રમાં ગાંધીજી વલ્લભભાઈને લખે છે:

લાલનાથ એટલામાં સારામાં સારો માણસ જણાયો છે. તે બહાદુર પણ છે. આપેલાં વચન પાળ્યાં છે. બાકી મારી નિંદા તો કરે જ. એ હક તો બધાયને છે. એણે આ પહેલી વાર માર નથી ખાધો... તેણે કદી પોલીસને ફરિયાદ નથી કરી. ઘણે ભાગે પોલીસનું રક્ષણ પણ નથી માગતો. પોતાના માણસો ઉપર કાબૂ પણ સારો રાખે છે. આપણા માણસોની ઉપર મેં કઠણ અંકુશ ન રાખ્યો હોત તો એઓ બહુ ઘાયલ થયા હોત ને આપણું કામ રોકાઈ જાત. આજે જ એક માણસ લખે છે કે લાલનાથની સામે ઉશ્કેરણી કરવામાં એનો હાથ હતો. એ પ્રાયશ્ચિત્ત માગે છે. એ માણસ આપણો સરસ કાર્યકર્તા છે. કવિ છે. હવે કહેજો કે ઉપવાસ કર્યા તે ઠીક ન કર્યું?...૧

કાશીની એક સભામાં ગાંધીજી અને સનાતની હિંદુઓએ એક મંચ પરથી સભાને સંબોધી હતી. બેઠકનું વાતાવરણ સૌહાર્દપૂર્ણ હતું.

૧૯૩૪ના મે માસમાં કૉંગ્રેસમાં કામ કરતા સમાજવાદી કાર્યકર્તાઓએ કૉંગ્રેસ સોશિયાલિસ્ટ પક્ષની સ્થાપના કરી હતી. એ વિચારનો જન્મ મૂળ જુદી જુદી જેલોમાં થયેલો. જેલમાંથી છૂટ્યા બાદ મુંબઈ અને પટણાની બેઠકોમાં પક્ષને બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું હતું. પક્ષના પ્રમુખ આચાર્ય નરેન્દ્રદેવ અને મહામંત્રી જયપ્રકાશ નારાયણ ચૂંટાયા હતા. તેના એક મંત્રી તરીકે મીનુ મસાણીએ પોતાની સંગઠનશક્તિનો સારો પરિચય આપ્યો હતો. કૉંગ્રેસ સમાજવાદી પક્ષમાં ઉપરોક્ત પદાધિકારીઓ ઉપરાંત ડૉ. રામમનોહર લોહિયા, અચ્યુત પટવર્ધન, યૂસુફ મેહરઅલી, શ્રીપ્રકાશ, અશોક મહેતા વગેરે જાણીતા બૌદ્ધિકો હતા.

કાશીમાં આ લોકો ગાંધીજીને મળવાના હતા તે વખતે વલ્લભભાઈ પણ હાજર રહી શકે તો 'બનારસની આફતમાંથી બચવામાં બાપુને તમારી ઘણી મદદ મળવાનો સંભવ છે.'૨ એમ મહાદેવભાઈને લાગતું હતું, પણ વલ્લભભાઈ નાદુરસ્ત તબિયતને કારણે તે જ વખતે મળેલી કૉંગ્રેસ કારોબારીની બેઠકમાં હાજરી આપી શક્યા નહોતા. યરવડાની જેલ દરમિયાન ગાંધીજી, સરદાર અને મહાદેવભાઈની રોજેરોજ એટલી ગોઠડીઓ ચાલતી કે દેશ કે દુનિયાની કોઈ બાબત પણ એમની વાતોના પરિઘથી બહાર રહી જતી નહીં હોય. તેથી જ છૂટા પડ્યા ત્યારે ગાંધીજી અને મહાદેવભાઈ અવારનવાર સરદારનું સ્મરણ કર્યા કરતા. જરૂર જણાય ત્યાં ત્રણેય એકબીજાને પત્રો દ્વારા સલાહ પણ આપતા. દાખલા તરીકે, ૨૧–૭–'૩૪ના કલકત્તાથી લખેલા પત્રમાં મહાદેવભાઈ સરદારને લખે છે: 'તમે [જેલથી બહાર] આવીને તરત જ ભડાકા કરવા માંડ્યા એ એક

રીતે સરસ છે, કારણ કે કાયરતા અને બાયલાપણાને માટે બીજો ઉપાય નથી. પણ કદાચ બીજી રીતે જોતાં એમાં ઉતાવળ થતી હોય. તમે બહાર આવ્યા છો તો હવે એનો લાભ ખેડૂતોને અને બીજા ભાંગેલા લોકોને પૂરેપૂરો લેવા દો. ઍસેમ્બલીમાં બધાને વિદાય કરીને તમે પાછા પોતાના ઘરે [જેલમાં] જવાની વાત કરો છો. પણ ત્યાં સુધી તો સખ વાળીને બેસવું જોઈએ ને?'૩

સમાજવાદીઓ જોડે ગાંધીજીની થયેલી ચર્ચાઓની મહાદેવભાઈ ખૂબ ઝીણવટથી નોંધ લે છે.

એ ચર્ચાઓમાં બંને પક્ષે એવી ફરિયાદ હતી કે બંનેએ સામા પક્ષનું સાહિત્ય ઝાઝું વાંચ્યું નહોતું. ગાંધીજીની વધારાની ફરિયાદ એ હતી કે સમાજવાદીઓ ભારતની વાસ્તવિકતાનો ખ્યાલ રાખ્યા વિના પોતે વાંચેલા વિચારો આ દેશમાં લાગુ કરવા માગતા હતા. રાજનૈતિક બાબતમાં સમાજવાદીઓની તૈયારી ગાંધીજીને બાજુએ રાખીને કૉંગ્રેસની લગામ હાથમાં લેવાની નહોતી. પણ ગાંધીજીની પોતાની વૃત્તિ તે વખતે કૉંગ્રેસમાંથી નિવૃત્ત થઈ જવાની હતી.

લગભગ આ જ દિવસોમાં કૉંગ્રેસ કારોબારી જોડે ગાંધીજી એ પ્રશ્નને ચર્ચી રહ્યા હતા... કોઈ કૉંગ્રેસ આગેવાન આ વાત સીધી તો સ્વીકારી લે એમ હતું નહીં, પણ ગાંધીજીએ જરૂર પડ્યે સલાહ આપવાનું સ્વીકારી કૉંગ્રેસમાંથી નિવૃત્ત થવાની લગભગ સંમતિ કારોબારી પાસેથી મેળવી લીધી હતી.

ગાંધીજીને લાગતું હતું કે કૉંગ્રેસનો સડો અસહ્ય થઈ ગયો હતો, અને તેમને એમ લાગતું હતું કે કૉંગ્રેસમાં પોતાનું કામ તેઓ કરી પરવાર્યા હતા. હવે તેઓ કૉંગ્રેસને સારુ બંધનરૂપ થઈ ગયા હતા. ગાંધીજીએ એમ પણ જણાવ્યું હતું કે જો એમના કૉંગ્રેસમાંથી નીકળવાની અસર ખરાબ થઈ શકે એમ તેમને લાગશે તો તરત કૉંગ્રેસના ચાર આનાના સભ્ય થઈને પાછા જોડાશે અને જરૂર હોય તો કારોબારી સુધી જશે.

શ્રી ગોવિંદ વલ્લભ પંતે એવું સૂચવ્યું હતું કે ગાંધીજી તત્કાલ કોઈ નિર્ણય ન લે, પણ અનાસક્તિપૂર્વક કૉંગ્રેસનું કામકાજ જુએ. જો એમને એમ લાગે કે કૉંગ્રેસમાં કોઈ અનૈતિક કામ કરે છે તો તરત વચ્ચે પડીને એને રોકવા પ્રયત્ન કરે. ગાંધીજીને આ સૂચન પસંદ આવ્યું હતું.

આ દિવસોમાં શ્રી અમૃતલાલ શેઠ જોડે દેશી રાજ્યો સંબંધે વાત કરતાં ગાંધીજીની જે મનોવૃત્તિ હતી તે તેમણે ઉચ્ચારેલ એક વાક્યમાં વ્યક્ત થાય એમ છે. તેમણે કહ્યું હતું:

'મારો માર્ગ નોખો છે — તમારો નોખો છે, મારે માર્ગે તમે મને ચાલવા દો તો હું તમને મદદ કરી શકીશ. પણ તમારે માર્ગે ચલાવવા લાગશો તો મારે અટવાવું પડશે.'૪ આ જ વાક્ય ગાંધીજી તે વખતે કૉંગ્રેસને કહી શક્યા હોત, ને સમાજવાદીઓને કહી શક્યા હોત. પણ શું દેશી રાજ્યોમાં કામ કરનારા હોય કે શું બ્રિટિશ હિંદમાં, શું કૉંગ્રેસ કારોબારીના સભ્યો હોય કે શું કૉંગ્રેસ સમાજવાદી પક્ષના, સૌને ગાંધીજીનું નામ જોઈતું હતું, પણ કામ પોતપોતાની રીતે કરવું હતું. તેથી ગાંધીજીએ એ બધામાંથી ખસી જઈ રચનાત્મક કામોમાં જ શક્તિ લગાડવાનું નક્કી કર્યું હતું. તેવામાં વળી ૧૯૩૬ના મે માસમાં વર્ધાને બદલે સેગાંવ જઈને રહેવાનું નક્કી કર્યું ત્યારે રચનાત્મક કામમાં પણ વધુ ઊંડા ખૂંચી જવાનું ઠરાવ્યું.

આ જ અરસામાં ગાંધીજીએ હરિજન સેવક સંઘ તથા અ. ભ. ગ્રામોદ્યોગ સંઘની સ્થાપનામાં સક્રિય હિસ્સો લીધો હતો. અ. ભા. ચરખા સંઘ તો નવ-દસ વર્ષ પહેલાં સ્થપાઈ ચૂક્યો હતો. પણ કાંતનારીઓને વેતનની દૃષ્ટિએ ન્યાયપૂર્ણ મજૂરી મળે એવો આગ્રહ રાખીને તેમણે ચરખા સંઘને પણ નવસંસ્કરણને રસ્તે વાળ્યો.

પોતે જેલમાંથી છૂટીને આવ્યા પછી ૧૯૩૪ના મે માસમાં ગાંધીજીએ રાષ્ટ્રીય સવિનયભંગને પાછો ખેંચી લઈને પોતાના પૂરતો મર્યાદિત કરી દીધો હતો. પોતે પણ ચાહીને જેલ વહોરી લેવાનું ટાળવા માગતા હતા. આખું આંદોલન પાછું ખેંચવા પાછળ સત્યાગ્રહીઓએ જેલની અંદર દેખાડેલો વહેવાર એ નિમિત્ત બન્યું હતું. વર્ષોજૂના એક આશ્રમવાસી શ્રી વાલજીભાઈ દેસાઈએ જેલમાં સોંપવામાં આવેલાં કામો ન કરતાં વાંચવા-લખવામાં સમય ગાળેલો એનો દાખલો ગાંધીજીએ આપ્યો હતો. જવાહરલાલજીને આમાં ગાંધીજીનું ચોખલિયાપણું દેખાતું હતું.

આખા દેશની દૃષ્ટિએ જોઈએ તો ગાંધીજીનો સામૂહિક સત્યાગ્રહ સ્થગિત કરવાનો આ નિર્ણય, જોકે એમણે પોતે તો પોતાની સત્યનિષ્ઠા અને સત્યાગ્રહી વૃત્તિને લીધે લીધો હતો, પણ એક સંગ્રામના સેનાપતિ તરીકે એમને એક કુશળ વ્યૂહરચનાકાર તરીકે સંમાન અપાવે તેવો હતો. એમ જોઈએ તો આ ચળવળનો આરંભ દાંડીકૂચથી જ થયો હતો. ગાંધી-અર્વિન સંધિ વખતે પણ દેશને ભાગ્યે જ વિસામો ખાવાનો મોકો મળ્યો હતો. કારણ, સરકારપક્ષે એની નોકરશાહીએ તો સંધિ થતાંની સાથે જ એનો ભંગ કર્યો હતો. જપ્તીઓ, ધમકીઓ, ધરપકડો વગેરે તો ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયા ત્યારે પણ ચાલુ રહ્યું હતું. એટલે ઘણા કાર્યકર્તાઓને સહજ વિસામાની જરૂર હતી. સામૂહિક

કાનૂનભંગ મુલતવી રાખવાથી તે વિસામો નાનામોટા કાર્યકર્તાઓને મળી રહ્યો. આવા કાળમાં વ્યાપક નિરાશા ન આવી જાય તે જોવાની જવાબદારી પણ આંદોલનના નેતાની ગણાય. અનેક પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિઓ કરીને તથા પોતાનો પ્રવાસ લગભગ અખંડ રીતે ચાલુ રાખીને ગાંધીજીએ નિરાશાની આડે પણ પાળ બાંધી દીધી હતી.

આ આખી વ્યૂહરચનામાં મહાદેવભાઈનું સ્થાન શું અને ક્યાં હતું? ગાંધીભક્તિ દ્વારા, દેશભક્તિ દ્વારા ચિત્તશુદ્ધિનો એમણે પોતાને સારુ જે સ્વધર્મ સ્વીકાર્યો હતો, તેને લીધે મહાદેવભાઈને આ અંગે નિર્ણય કરવામાં કશી જ મુશ્કેલી આવી નહીં. અત્યંત સ્વાભાવિક રીતે તેઓ લાહોરમાં ગાંધીજીની સાથે જોડાઈ ગયા. અને દેશે પણ આટલી જ સહજતાથી માની લીધું કે મહાદેવભાઈનું સ્થાન તો ગાંધીજીની સાથે જ હોય ને?

હા, ગાંધીજીના કાંતણ વગેરેના પ્રયોગોની સાથે મહાદેવભાઈના પ્રયોગો પણ ચાલતા હતા તેમાં આ કાળમાં થોડી વૃદ્ધિ થઈ.

સાબરમતી આશ્રમમાં ગાંધીજી સ્વરાજ ન મળે ત્યાં સુધી પાછા ન આવવાને પ્રતિજ્ઞાબદ્ધ હતા. તેથી જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે ૧૯૩૧ના માર્ચ માસમાં શેઠ રણછોડદાસને ઘેર ઊતર્યા હતા અને ૧૯૩૩ના ઑગસ્ટની ૧લીએ ત્યાંથી જ પકડાયા હતા. બીજી-ત્રીજી વાર પણ તેઓ અમદાવાદ આવ્યા ત્યારે આશ્રમમાં ઊતર્યા નહોતા. પણ રાસ તરફની કૂચ નિમિત્તે જ્યારે સર્વ આશ્રમવાસીઓને ગિરફતાર કરવામાં આવ્યા ત્યારે આશ્રમના પરિવારવાળા સભ્યો આગળ એક કોયડો આવ્યો હતો. જ્યારે દુર્ગાબહેન, મણિબહેન,[૫] વેલાંબહેન[૬] વગેરે છૂટીને આવ્યાં ત્યારે તેમણે ક્યાં રહેવું? એમનાં બાળકો તો અનસૂયાબહેનના છાત્રાલયમાં હતાં ત્યાંથી છૂટીને પોતાની માતાઓને વીંટળાઈ વળવા તત્પર જ હતાં. પણ બધાંએ રહેવું ક્યાં? મણિબહેનનું પિયેર અમદાવાદમાં જ હતું, પણ એ બધાંયનું 'ઘર' તો આશ્રમમાં જ હતું. નરહરિભાઈ છૂટીને આવ્યા ત્યાર બાદ એ સૌને ભદ્રમાં કૉંગ્રેસ હાઉસના મેડા પર રહેવાનું ઠર્યું હતું. બાળકોને તો આ વ્યવસ્થાથી આનંદ આનંદ થઈ ગયો હતો, પણ એ તો કામચલાઉ વ્યવસ્થા હતી. ગાંધીજીએ જ્યારે આશ્રમને હરિજન સેવક સંઘને સમર્પિત કર્યો ત્યાર પછી થોડા દિવસે આ બધાં પાછાં આશ્રમમાં પોતપોતાના જૂના ઘરે રહેવા ગયાં હતાં. અને ફરી પાછી આગલી ચાલીમાં 'ગોકુળ પરી' જેવું કલ્લોલતું વાતાવરણ થઈ ગયું હતું. ગૂજરાત વિદ્યાપીઠ પરથી ૧૯૩૪ના ઑક્ટોબર માસમાં જપ્તી ઊઠી જતાં તેનું વિનયમંદિર શરૂ થયું હતું અને આશ્રમનાં ઘણાંખરાં બાળકો ત્યાં ભણવા જવા લાગ્યાં હતાં.

ગાંધીજીને સારુ જમનાલાલજીએ વર્ધામાં સંતરાંની એક વાડી મોટા બે માળના મકાન સાથે ખાલી કરી આપી હતી. એટલે થોડા મહિનાઓ સુધી ગાંધીજી ત્યાં રહ્યા હતા. મગનલાલ ગાંધીની સ્મૃતિમાં એ વાડીને 'મગનવાડી' નામ આપવામાં આવ્યું હતું.

ગાંધીજી વર્ધા હતા ત્યારે તેમણે વર્ધા શહેરની તદ્દન નજીકનાં ગામડાંઓની અવસ્થા જોઈ. એમનું ધ્યાન સૌથી વધુ ગયું એ ગામડાંની પારાવાર ગંદકી તરફ. ગાંધીજીએ પોતાના સાથીઓ જોડે નિયમિત ગ્રામસફાઈ શરૂ કરી, 'મગનવાડી'ની પડખે જ આવેલા રામનગર વિસ્તાર અને સિંદી ગામની શેરીઓમાં તેમણે મનુષ્યનો મળ ખુલ્લો પડેલો જોયો. ગાંધીજીએ પોતાની મંડળીને ડોલ-પાવડા આપ્યાં અને મળ ઉપાડવા માંડ્યો. ગાંધીજીએ શરૂ કરેલું આ કામ મીરાંબહેને ઉપાડી લીધું. મહાદેવભાઈ આવ્યા ત્યારથી એમના રોજના કામમાં સિંદી ગામની સફાઈના કામનો ઉમેરો થયો.

આવા સમાચાર કાંઈ સરદારને આપ્યા વિના રહેવાય? ૩૦–૩–'૩૫ના પત્રમાં મહાદેવભાઈ તેમને લખે છે:

'અમારું પાયખાનાં ઉપાડવાનું કામ ચાલે છે. મહાભારત કામ છે. લોકોને જરાય શરમ નથી; લાગણી પણ નથી. થોડા દિવસમાં એમ માનતા થાય તો આશ્ચર્ય નહીં કે આ લોકો અમારા ભંગી જ છે!'૭

૨૧–૧૧–'૩૫ને રોજ ફરી લખે છે:

'સિંદી ગામમાંથી મીરાં હારીને ભાગી રહી છે. એટલે ત્યાં પણ કટોકટીનો પ્રસંગ આવવાનો. આ સંજોગોમાં મારાથી કેમ નીકળાય? બાપુ પોતે પણ રજા આપવા તૈયાર નથી...'૮

સિંદી ગામનું કામ કેવી પરિસ્થિતિમાં શરૂ થયું તેનું વર્ણન મીરાંબહેનના શબ્દોમાં:

આ ગામનાં સ્ત્રી તેમ જ પુરુષો ગામની છેક નજીકના રસ્તાની બંને બાજુએ ઝાડે જવા બેસતાં હતાં. આ વાત મેં બાપુને કહી. તેમણે તરત જ કહ્યું, 'આ લોકોને સ્વચ્છતાની તાલીમ આપવાની આપણી ફરજ છે. અને તેઓ આપણી વાત ન સાંભળતાં જાહેર રસ્તાનો એવો ઉપયોગ કરવાનું ચાલુ રાખે તો આપણે જાતે એ રસ્તા સાફ કરવા જઈએ.' ગામના લોકોએ અમારી સમજાવટને કાને ના ધરી. એટલે બાપુએ મને ડોલ અને પાવડો લઈને તથા જે સ્વયંસેવકો મારી સાથે આવવા તૈયાર થાય તેમની સાથે જઈને દરરોજ સિંદીની આસપાસના રસ્તાઓ સાફ કરવાનું જણાવ્યું...૯

લગભગ એક વર્ષ પછી જ્યારે દુર્ગાબહેન અને બાબલો 'મગનવાડી' રહેવા આવ્યાં

ત્યારે મીરાંબહેન અને ગાંધીજી તો સેગાંવ રહેવા ચાલ્યાં ગયાં હતાં. ત્યારે પણ ઘણા વખત સુધી મહાદેવભાઈએ સિંદી ગામની સફાઈનું કામ યજ્ઞભાવે ચાલુ રાખ્યું હતું. ત્યારે બાબલો પણ આ કામમાં ભળ્યો હતો, પણ તેણે ગાંધીજી સાથે આ બાબતમાં પ્રશ્નોત્તરી ચલાવેલી. એમાંથી થોડી જોઈએ:

બાપુને મેં પ્રશ્ન કર્યો, 'બાપુ, આ કામથી શો લાભ? એમની ઉપર તો કશી અસર જ નથી થતી. ઊલટા અમને આવી આવીને હુકમ કરે છે કે પેલી બાજુ સાફ કરતા જાઓ.'

બાપુએ કહ્યું: 'બસ, એટલામાં થાકી ગયો! મહાદેવને પૂછ, કેટલા વખતથી સફાઈ કરે છે. એમના કામમાં ભક્તિ છે, એવી તારામાં પણ આવવી જોઈએ. અસ્પૃશ્યતાનું કલંક કંઈ જેવુંતેવું નથી. એ દૂર કરવા તો આપણે લાંબું તપ કરવું પડશે.'

પણ એટલી દલીલ હું માનું એમ નહોતો, 'પણ બાપુ, એમનામાં સુધાર ન થાય તો સફાઈ કરવામાં ફાયદો શો?'

બાપુએ ચર્ચાને નવો વળાંક આપતાં કહ્યું: 'કેમ, સફાઈ કરનારને તો ફાયદો થાય છે ને? એને તાલીમ મળે છે.'

હું: 'પણ તાલીમ ગામવાળાઓને પણ મળવી જોઈએ ને?'

બાપુ હસીને બોલ્યા: 'તું તો વકીલ છે વકીલ. પણ તારી વાતમાં તથ્ય છે ખરું. એમને તાલીમ આપતાં આવડી જાય તો તો હું નાચું.'

પોતાની વાતને આગળ ચલાવતાં બાપુએ કહ્યું: 'તારી જગ્યાએ હું હોઉં તો ધ્યાનપૂર્વક જોઉં. કોઈ મળત્યાગ કરીને ઊઠે કે તરત ત્યાં દોડી જાઉં, એના મળમાં ખરાબી ભાળું તો એની પાસે પહોંચી જાઉં ને નમ્રતાથી એને કહું કે, "ભાઈ, તમારું પેટ બગડ્યું છે, માટે ફલાણો ઉપચાર કરવો જોઈએ." અને એમ કરીને એમનું હૃદય જીતું!'

મને ચૂપ રહેલો જોઈને બાપુનો ઉત્સાહ વધી જતો. તેઓ કહેતા: 'મારું ચાલે તો એ રસ્તા વાળીચોળીને સાફ કરું. એટલું જ નહીં, પણ ત્યાં ફૂલના છોડ રોપું. રોજ એને પાણી પાઉં અને અત્યારે જ્યાં અવ્યવસ્થિત ઉકરડા છે ત્યાં બગીચા બનાવું. સફાઈનું કામ તો એક કળા છે, કળા...'૧૦

ગાંધીજીને દુનિયા આગળ રજૂ કરવા એ મહાદેવભાઈનું મુખ્ય કામ ૧૯૩૪–૧૯૩૫ના ગાળામાં પણ અવિશ્રાન્ત ચાલેલું.

વિદેશથી ખાસ ગાંધીજીની મુલાકાત કરવા આવેલ એક બૅરિસ્ટર કન્યા વિદ્યાલયના પ્રમુખ ડૉ. ડોડ સાથેની મુલાકાતનો થોડો ભાગ:

પ્ર. તમારો મુખ્ય ઉદ્દેશ શું છે શ્રી ગાંધી?

ઉ. મુખ્ય ધ્યેય તો ખુલ્લેખુલ્લું છે; ભારતના સાક્ષર અને ધની લોકો માટે નહીં પણ મૂંગા કરોડો માટે સ્વાતંત્ર્ય મેળવવું એ.

પ્ર. અને તમારી કાર્યપદ્ધતિ શું?

ઉ. બહુ કોઈ તરકીબો નથી. પણ નિર્ભેળ સત્ય અને અહિંસાનો એક રસ્તો છે... મારા કાર્યક્રમમાં મધ્યવર્તી વાત હોય તો રેંટિયાની છે...

પ્ર ...બેકારી દૂર કરવા તમે રેંટિયાને યોજ્યો છે, પણ સાથે સાથે તમારે મન એ નૈતિક અને આધ્યાત્મિક પ્રતીક પણ છે.

ઉ. હા, સત્ય અહિંસાનું પ્રતીક છે. એક રાષ્ટ્ર તરીકે જ્યારે અમે રેંટિયો સ્વીકારીએ ત્યારે અમે બેકારીનો ઉપાય શોધીએ છીએ. એટલું જ નહીં પણ સાથે બીજા કોઈ રાષ્ટ્રનું શોપણ કરતા નથી, અને ધનવાનો દ્વારા ગરીબોના શોષણનો પણ અંત આણીએ છીએ... તમારે ત્યાં બેકારીનો પ્રશ્ન છે, પણ એ તમારો બનાવેલો છે. અમારી બેકારી ફક્ત અમારી બનાવટને કારણે જ નથી.

પ્ર. તમે સૌથી સંતોષજનક સિદ્ધિ ગણતા હો તો તેને વિશે મારે એમને [યુવક-યુવતીઓને] વાત કરવી છે. આ યુવાન લોકો જેની પાછળ જિંદગીભર ઝંખના કરે એવી કઈ વસ્તુ એમની સામે મૂકું?

ઉ. ...માનહાનિ અને હારની વચ્ચે ખૂબ ઝંઝાવાતોવાળી જિંદગી જીવવા છતાં સત્ય એ જ પરમેશ્વર છે એવી અમર શ્રદ્ધાને કારણે હું મારી શાંતિ જાળવી શકું છું.

પ્ર. શ્રી ગાંધી, તમને સૌથી મોટી નિરાશા ક્યાં થઈ?

ઉ. ખરું પૂછો તો મને ક્યારેય નાઉમેદીનાં કારણ મળ્યાં નથી. નિરાશા થઈ નથી. પણ કોઈક વાર મારા પોતા વિશે અફસોસ થાય છે કે ઇચ્છું છું એટલા મારા દોડી ભાગતા વિચારોને કાબૂમાં રાખી શકતો નથી.

પ્ર. તમારા સામાજિક આદર્શોનું મૂળ શું?

ઉ. એનો સ્રોત સત્ય અથવા જીવમાત્રની સાથે સંપૂર્ણ તાદાત્મ્ય છે.૧૧

૧૯૩૪ના ફેબ્રુઆરી માસથી જવાહરલાલજી જેલમાં હતા. પણ શ્રીમતી કમલા નેહરુની ગંભીર માંદગીને લીધે તેમને ઑગસ્ટ માસમાં છોડેલા. એ તકનો લાભ લઈને એમના વિચારોને સમજવાની દૃષ્ટિએ ગાંધીજીએ મહાદેવભાઈને અલાહાબાદ મોકલ્યા. અલાહાબાદમાં માત્ર થોડા કલાક સાથે રહ્યા એટલામાં મહાદેવભાઈએ જવાહરલાલજીનું

મન જાણી લીધું અને ગાંધીજી સારુ એની નોંધ પણ કરી લીધી. આ સંવાદ એમ તો એકપક્ષે જ ચાલવો જોઈતો હતો, પણ કોઈ કોઈ વાર મહાદેવભાઈને ગાંધીજી વતી બચાવપક્ષની દલીલો કરવી પડતી. મહાદેવની ડાયરીનાં આ સત્તર પાનાં૧૨ જવાહરલાલ નેહરુનું ચરિત્ર આપણી આગળ રજૂ કરે છે. તેઓ દેશ અને દુનિયાના પ્રશ્નો અંગે જેલમાં રહ્યા રહ્યા પણ કેટલા વિશાળ ફલક પર વિચાર કરે છે એ પણ વ્યક્ત કરે છે અને સાથે સાથે મોટે ભાગે ચૂપચાપ રહી જવાહરને બોલવા દેવા ઇચ્છનારની નમ્ર, મધુર પણ બૌદ્ધિક ક્ષેત્રે એ જ ઊંચા સ્તરની પ્રતિભા પણ એમાં સાવ છૂપી નથી રહેતી. એક સાંજ અને બીજા દિવસની બપોર પહેલાંની આ ચર્ચામાં જવાહરલાલ ગાંધીજી સાથેના તેમના કેટલાક મતભેદો પણ રજૂ કરે છે. પરંતુ મહાદેવ સાથે ચર્ચા ચાલતી હતી તેથી જરાય સંકોચ કે વિકૃત રજૂઆતના સંશય વિના આ મુલાકાત દરમિયાન બાપુ સહિત પોતાના અનેક સાથીઓની જવાહરે ખૂબ આકરી ટીકા પણ કરી હતી. કેટલીક વાર ભાષા એવી હતી કે જે કદાચ બે મિત્રો વચ્ચેનાં ગપ્પાંમાં ચાલે, જાહેરમાં તો એ મુકાય જ નહીં. પણ આ શબ્દો જે મહાદેવભાઈએ ન નોંધ્યા હોત તો એ નોંધમાં આજે જે જીવંતપણું લાગે છે તે ઊડી ગયું હોત. જવાહરના ચારિત્ર્યનું એક લક્ષણ — 'બીજાં મગતરાં શું સમજે, એ તો હું જ જાણું.' — એ પણ આ સંવાદમાં આબાદ રીતે અભિવ્યક્ત થાય છે.

જવાહરલાલજીની સાથેની મુલાકાત જેમ મહાદેવભાઈએ એકલાએ લીધેલી તેમ સુંદરવનમાં સર ડેનિયલ હેમિલ્ટન સાથેની મુલાકાત પણ તેમણે એકલાએ જ લીધી. આ મુલાકાતમાં મહાદેવના વ્યક્તિત્વનાં બીજાં પાસાંનાં આપણને દર્શન થાય છે. અલાહાબાદના મહાદેવ જો રાષ્ટ્રીય કક્ષાએ રાજનૈતિક પ્રશ્નો ચર્ચતા જોવામાં આવે છે તો ગોસાબામાં મહાદેવ ગ્રામોત્થાનનો પ્રશ્ન રચનાત્મક કાર્યકર્તાઓની દૃષ્ટિએ એટલા જ રસપૂર્વક ચર્ચતા જોવા મળે છે. મહાદેવના ચરિત્રમાં રાજનીતિ અને રચના એ બે વિસંગત એવાં તત્ત્વો નહોતાં, પણ સત્ય અહિંસાના પૂજારીના પૂજારી સારુ એ બંને તત્ત્વો એક સંગમમાં લીન થઈ જતાં હતાં.૧૨

ઑગસ્ટ ૧૯૩૪માં ચાલી ઍન્ડ્રૂઝ સાથે ગાંધીજીનો થયેલો સંવાદ બે જૂના અભિન્ન-હૃદયી મિત્રોની ગોઠડીનું આબાદ ચિત્ર રજૂ કરે છે. ઍન્ડ્રૂઝસાહેબે ગાંધીજીને યુરોપ આવવા ખૂબ સમજાવ્યા, પણ ગાંધીજીએ એમને સ્પષ્ટપણે કહી દીધું કે, 'ના, મને તો

ચોખ્ખું લાગે છે કે મારું કામ અહીં જ છે. દુનિયાને કાંઈ કહેવરાવવાની ઈશ્વરને ઇચ્છા હશે ત્યારે સંકેત આવશે.'૧૩

આ ગાળાની નોંધોમાં પણ મહાદેવભાઈએ આટલા સખત કામની વચ્ચે પણ કરેલા વાચન અંગેની નોંધો જોઈને આશ્ચર્યચકિત થવા વિના રહેવાતું નથી. એ વાચનમાં વિષયવૈવિધ્ય છે, સામયિકતા અને પ્રતિપક્ષીને સમજાવવાની ઉત્સુકતા અને ખુલ્લું મન પણ છે.

વળી, મહાદેવભાઈની અનેક ડાયરીઓમાં આવે છે તેમ આ કાળની ડાયરીઓમાં પણ અનેક નાનામોટા નેત્રદીપક, ચિત્તપોષક પ્રસંગો આવે છે. મહાદેવભાઈનો વિનોદ ગમે તેવા કામની વચ્ચે પણ સાવ કરમાઈ જતો નથી. વળી મહાદેવભાઈની શૈલીમાં જરૂર પડે ત્યાં વિસ્તાર અને જરૂર પડે ત્યાં લાઘવ બંને પ્રકારના ગુણો જોવા મળે. કૉંગ્રેસ કારોબારી કે સમાજવાદીઓ સાથેની વાતચીતને તેઓ પાનાંનાં પાનાં આપે છે. હિંદીના કવિ શ્રી સિયારામશરણ ગુપ્ત અંગે આ બે જ લીટી કેટલી માર્મિક છે? 'એની નમ્રતાનો પાર નહોતો. હું સ્ટેશને લેવા ગયો હતો. મને રસ્તામાં લાંબા થઈને પ્રણામ કરી પડ્યા!'૧૪ અથવા ગાંધીજીનું આ વાક્ય-યુગ્મ: 'ઊંઘતો હોઉં ત્યારે પણ સજાગ હોઉં છું. મારી નિદ્રા વિસ્મરણ નથી, એ તાજગી આપતી હોય તેવી છે.'૧૫

આપણા જાણીતા કવિ શ્રી ન્હાનાલાલને પાછળના દિવસોમાં ગાંધીજી પ્રત્યે ખૂબ અણગમો થયેલો. એક મુલાકાતીએ ખાનગી મુલાકાતમાં ગાંધીજીને કહ્યું કે તમે આઠવલે મારફતે ન્હાનાલાલને લખો. 'મારી શી ભૂલ થઈ છે તે હું જાણતો નથી. કવિશ્રી શા સારુ મારી સાથે રોષમાં રહે છે? મારો કંઈ દોષ થયો હોય તો હું માફી ચાહું છું.' આટલું તમે ન લખો? બાપુ કહે, એક નહીં, હજાર વાર, અને એ કાગળ લખવાનું વચન આપ્યું.

મેં કહ્યું: આ માણસના કહેવાથી આપ શા સારુ કાગળ લખો છો? એમાં પણ એ વેપાર કરતો ન હોય? એ લખ્યાથી પણ પેલા ઉપર શેની અસર થવાની? એની માફી તમારે માગવાની કે એણે તમારી માગવાની? એણે ગાળો દેવામાં બાકી નથી રાખી.

એટલે બાપુએ કહ્યું: 'એણે મને આટલી બધી ગાળો દેવી પડી એટલે મેં કાંઈક એનો ગુનો તો કર્યો જ હશે ના? પણ તમે ગભરાઓ છો શા સારુ? હું કાગળ લખું તે જોજો ના!'

આ પછી આઠવલેને કાગળ લખાવ્યો:

પ્રભાશંકરે મને કહ્યું કે મેં ન્હાનાલાલ કવિને રોષ કરવાનું બહુ કારણ આપ્યું છે. મને તો આની ખબર નથી. પણ અહિંસાનો ઉપાસક હોઈ મેં કોઈને રોષ આપવાનું કારણ

આપ્યું હોય તો હું તો હજાર વાર એની માફી માગું. એટલે તમે આ ખોળી શક્યા હો તો ખોળીને મને ખબર આપજો.'૧૬

હિંદુ-મુસ્લિમ ઐક્ય વિશે:

એક જણે લખ્યું કે હિંદુ-મુસલમાન ઐક્ય વિના સ્વરાજ ન જ મળે, તો બધા પ્રયાસો એના ઉપર કાં ન એકત્રિત કરવા?

એને જવાબ: કેટલાંક ગૂમડાંને જેટલું છંછેડો એટલું એ વધુ વણસે છે. હિંદુ-મુસ્લિમ તણાવ આવું ગૂમડું છે. એટલે એનો ઉકેલ થાય તે માટે હું પ્રાર્થના કરતો રહું છું, એને વિશે બોલવા માગતો નથી.૧૭

તો વળી એક અમેરિકનને લખ્યું:

'પ્રેમની હદ હોતી નથી. ધર્મ કે માન્યતાના વિચાર વગર દુનિયાના બધા જ દેશો માટે પ્રેમ મારા રાષ્ટ્રવાદમાં સમાઈ જાય છે.'૧૮

કરુણાના ભાવથી સંતતિનિયમનનાં પુરસ્કર્તા શ્રીમતી માર્ગારેટ સેંગર ખાસ એમને મળવા જ આવવાનાં હતાં. એવી સૂચના શ્રી મથુરાદાસ ત્રિકમજીએ ગાંધીજીને આપી. મથુરાદાસભાઈને ગાંધીજીએ લખ્યું કે, 'ઊર્ધ્વ ગતિવાળી વસ્તુનો પ્રયાસ, પ્રચાર શોભે, અધોગતિવાળાનો પ્રચાર શો?'૧૮અ

શ્રીમતી સેંગર ૧૯૩૫ના ડિસેમ્બરમાં આવ્યાં. એમણે કહ્યું કે હિંદુસ્તાનની બહેનોના નિમંત્રણથી તેઓ આવ્યાં હતાં, પણ એમનો ભારત આવવાનો મુખ્ય હેતુ તો ગાંધીજીને મળવાનો હતો. વાતની શરૂઆત તેમણે પોતાનો વિચાર રજૂ કરીને કરી. તેમણે કહ્યું કે,

જ્યાં સુધી સ્ત્રીઓમાં પ્રજોત્પત્તિની શક્તિ પર કાબૂ ન આવે ત્યાં સુધી રાષ્ટ્ર સ્વતંત્ર નથી થતું. અનિયંત્રિત પ્રજોત્પત્તિને કારણે દુનિયા દુ:ખી છે. તમે જો આપણી સ્ત્રીઓને એવી કાંઈ વસ્તુ શીખવી શકો કે જેથી આ શક્તિ તેમના હાથમાં આવે તો હિંદુસ્તાનની સ્ત્રીઓને જીવનમાં આશા મળે.

ગાંધીજીએ કહ્યું કે, 'હું તો સ્ત્રીઓને એ શીખવ્યા જ કરું છું કે તેઓ જ પોતાની સ્વામિની છે. હું જ્યારે મારી સ્ત્રી પર બળજબરી કરતો હતો ત્યારે પણ તેને આ વસ્તુ શીખવવા પ્રયત્ન કરતો.'

આમ સ્ત્રી પોતાના નિર્ણયો પોતે કરતી થાય એ બાબતમાં આ બે જણ સહમત હતાં. વળી ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું કે, 'હું માનું છું કે આ સંઘર્ષ મુશ્કેલ છે ખરો.'

પણ એનો દોષ તેઓ પુરુષને આપતા હતા. પોતાને વિશે એમણે એટલે સુધી કહ્યું કે, 'કેટલાક મને અર્ધનારી ગણે છે.' સ્ત્રીઓ જો માત્ર પોતાના પતિને 'ના' કહેતાં શીખે તો ઘણાખરા પ્રશ્નો ઊકલે એમ ગાંધીજી માનતા હતા. રવીન્દ્રનાથ અને સરોજિની નાયડુ જેવાંઓ સંતતિનિયમનમાં માનતાં હતાં. તેમની જોડે પણ ગાંધીજીએ ચર્ચાઓ કરી હતી. એમની બુદ્ધિ વિશે ગાંધીજીને માન હતું એટલે તેઓ પોતાની જાતને પૂછતા કે તેઓ કેમ એમની જોડે સંમત થઈ શકતા નહોતા? ગાંધીજીનો ઉકેલ શ્રીમતી સેંગરને એટલો બધો અવ્યવહારુ લાગતો હતો કે એમને લાગતું હતું કે ગાંધીજીની વાતનો અર્થ છૂટાછેડા લેવાની મનમાં ગાંઠ વાળવાની એટલો જ થાય. ગાંધીજી પરસ્પર સંમતિની વાત કરતા હતા. શ્રીમતી સેંગરને લાગતું હતું કે કાયદા તેમાં સ્ત્રીની વિરુદ્ધ જાય છે. ગાંધીજીએ જણાવ્યું કે ભારતમાં એવા કાયદા નહોતા.

શ્રીમતી સેંગરે પ્રશ્ન પૂછ્યો કે, વિષયસેવનની તીવ્ર ઇચ્છા અને પ્રેમપૂર્ણ સંયોગ બેમાં કાંઈ ભેદ નથી? તમારો વિરોધ તો વિષયવાસનાના ગાંડપણ સામે છે ને?

ગાંધીજીએ કહ્યું કે, 'કાંઈ પરિણામ વિના બંને પાશવી વાસના સંતોષવા માગે ત્યારે એ સંબંધને હું પ્રેમ ન કહું. ત્યાંથી મૂળ મતભેદનો વિષય આવ્યો.

શ્રીમતી સેંગર: 'બધા જાતીય સંબંધોને કામવાસના ગણશો?'

ગાંધીજીએ કહ્યું કે 'પ્રજોત્પત્તિના સ્પષ્ટ હેતુવાળા સંબંધો સિવાયના સર્વ સંબંધો તેવા જ ગણાય.'

શ્રીમતી સેંગરે કહ્યું કે, 'એ નબળી સ્થિતિ છે. કાં તો પ્રેમસંબંધ હોય, કાં કામવાસના. બે જાતના જાતીય સંબંધો છે: પ્રેમાળ અને વાસનાપૂર્ણ. આપણી સંસ્કૃતિને જોરે ઈશ્વરની દિશામાં સીડીનું બીજું એક પગથિયું ચડી શકીએ એને કામવાસના સાથે ભેળવી ન દેવાય.'

ગાંધીજીને અહીં ભૂલ થતી લાગી. પોતાનો દાખલો આપી તેમણે કહ્યું:

'મેં સંયમ રાખ્યો તે પછી જ અમે બંને વધુ નજીક આવ્યાં. મારી પાસે વખત હતો ત્યારે કામવાસના આડે આવી. વિકાર બહાર નીકળ્યો અને વધુ ઉન્નત ધ્યેય સાંપડ્યું ત્યારે મારી પાસે વખત ન રહ્યો.'

સેંગરે કહ્યું કે, 'વાસનાપૂર્ણ પ્રેમ એ શક્તિશાળી અને વિકાસશીલ વસ્તુ છે, એમાં જીવન ખીલે છે.'

ગાંધીજી સંમત ન થયા. ખોરાક પણ મોજશોખને ખાતર લો તો તે વાસના જ છે એમ

તેઓ માનતા. કોઈ કહે કે એને દારૂ ગમે છે, ને એને નુકસાન ન થાય એટલા સારુએ દાક્તર દવા આપે, એના જેવું આ થયું.

શ્રીમતી સેંગરે આ સરખામણી ન સ્વીકારી. ગાંધીજીએ કહ્યું કે,

'તમે નહીં માનો, કારણ તમે માનો છો કે આ આત્માની ભૂખ છે કે બાળકોની ઇચ્છા વિનાનું આ મિલન એક આધ્યાત્મિક જરૂરિયાત છે.'

શ્રીમતી સેંગરે કહ્યું કે, 'હું એમ તો નક્કી માનું છું કે બંને સંયોગ કરે તે પોતપોતાની અભિવ્યક્તિ માટે. બાળકો જન્મે તે પ્રયત્ન તો અપવાદરૂપે.'

ગાંધીજીને આ ઊલટી પ્રક્રિયા લાગતી હતી. તેઓ માનતા કે વાસનારહિત આધ્યાત્મિક પ્રેમ તમે બધાં માટે દાખવી શકો.

શ્રીમતી સેંગરે આ વાતનો સાર કાઢતાં કહ્યું કે તમારું કહેવું છે કે કુદરતી સંયમ વડે ઉકેલ નીકળી શકે છે. આવા સંબંધને ખાતર પતિ-પત્નિને પોતાની જિંદગીનું બલિદાન આપવું જોઈએ?

ગાંધીજીએ કહ્યું, આ મુદ્દો છેવટે તો કેળવણીનો છે — મિતાચાર[નો]. લોકો એટલું ન સ્વીકારે. અમે આથી આગળ નહીં જઈએ? ગંદવાડમાં નહીં રમીએ?

શ્રીમતી સેંગરે કહ્યું કે, 'કુટુંબનિયોજન અને શિક્ષણ બંને સાથે સાથે ચાલે. ૧૯૧૪માં તેમણે પોતાની પહેલી પત્રિકામાં કહ્યું હતું કે સ્ત્રી દબાણ માપવાના યંત્ર તરીકે વર્તે, એ જ નિર્ણય લે.' ગાંધીજીએ કહ્યું કે આટલું તેઓ પૂરેપૂરું સ્વીકારે છે.

પછી શ્રીમતી સેંગરે માનસશાસ્ત્રનો પ્રશ્ન કાઢ્યો. 'તમે માનો છો ખરા કે સંયમ પાળવાની સલાહ સામાન્ય રીતે ન આપવી? એથી મજ્જાતંતુરચનામાં અશાંતિ થાય છે?'

ગાંધીજી: 'ના. એ (માનસશાસ્ત્રીઓના) દાખલા કમઅક્કલના વંઢ લોકોની તપાસ કરીને મેળવેલા છે.'

સેંગર: 'કામવાસના ઈશ્વરે આપેલી છે, જો ઈશ્વરદત્ત હોય તો તેમાં ખરાબ શું અને હલકું પાડે તેવું શું?'

ગાંધીજી: બંને તૈયાર ન હોય ત્યારે એકને જ કામવાસના થાય તો તે હલકા બનાવે તેવું છે. તમે સંતતિનિયમનની રીતો બાજુએ મૂકો, તો બીજી પદ્ધતિઓ આવશે.'

'સંતતિનિયમનનો બચાવ નિરાશા ઉપજાવે તેવો નબળો નથી. હું વરને વાત કરું ને બીજો કોઈ રસ્તો બતાવું. તબિયતને કારણે છૂટાછેડા તરત મળવા જોઈએ. સામાજિક દૃષ્ટિએ અનુસરવા જેવી આચારસંહિતા મારી સમક્ષ હોવી જોઈએ.'

સેંગર: તો સુખી જીવન જીવવા સંતતિનિયમનની કોઈ પદ્ધતિ અજમાવવી જ પડે.

ગાંધીજી: હું પણ રીતો શોધું છું, તમે કહો છો તેવી નહીં, પણ વાસનાને શાંત કરે, નિયમનમાં રાખે કે રોકે એવી બીજી પદ્ધતિઓ પણ હોય.

છેવટે ગાંધીજીએ કહ્યું: 'આપણને એકબીજાને અનુકૂળ થવામાં કે સમજવામાં મુશ્કેલી તો છે જ. કારણ, હું એ પેઢીનો છું કે જે માનતી હતી કે જીવન છે તે દરેક ક્ષેત્રમાં સંયમ જાળવવા માટે છે. તમે જરૂરિયાતો વધારવામાં માનો છો. વાંછનાઓ પૂરી કરવામાં માનો છો.

સેંગર: 'આપણે સહમત છીએ કે કશું કોઈ ઉપર ઠોકી બેસાડવું ન જોઈએ. ફક્ત રીતભાત વિશે નહીં, દલીલ વિશે પણ હું તો આવો આગ્રહ રાખું છું.'

ગાંધીજી: 'કેટલાક લોકો ફરજિયાત વંધ્યીકરણમાં માને છે. હું આ પદ્ધતિઓ મારી ચોપડીમાંથી ભૂંસી નાખું તોપણ કૃત્રિમ સંતતિનિયમન તો રહેશે જ. જેમ દારૂ પીવાતો રહેશે. જીવનજ્યોત ઓલવાઈ જતી હોય ત્યારે કોઈ વાર બ્રાન્ડી લેવાથી ઘડીભર ઝબકે. પણ કોઈક એમ પણ કહે કે જીવતા રહેવાની આ તક મારે જતી કરવી છે. મારા ઉપર જેનું સામ્રાજ્ય છે, મારી રગોમાં જે ફરી રહી છે તે આ ફિલસૂફી છે. આ એવો સિદ્ધાંત છે કે જેને અત્યારે જ અમલમાં મૂકવા માગું છું.'

શ્રીમતી સેંગરે પ્રશ્ન પૂછ્યો: 'બીજી કઈ પદ્ધતિઓ? સ્ત્રીના જીવનમાં બાળકનું ગર્ભાધાન થઈ શકે તે ફળદ્રુપ ગાળાના મને વિચાર આવે છે.'

ગાંધીજી: 'આમાં મને વજૂદ લાગે છે. મને ખ્યાલ છે કે અહીં હું તર્કશુદ્ધ વાત નથી કરતો, પણ જે (ગર્ભ ન રહે તેવું) કોરું અઠવાડિયું છે તેમાં (સંયોગની વાત) મને રુચે છે.'

સેંગર: 'મહિને દસ દિવસ. જે પુરુષોમાં પ્રેમ નથી તેને તો લાગશે કે આ પણ કઠણાઈ છે.'

ગાંધીજી: 'પ્રેમ ન હોય તો હું છૂટાછેડા લેવા દઉં. જ્યાં સ્ત્રીને તીવ્ર ઇચ્છા ન હોય ત્યાં તો પ્રતિકારનો ઉપાય સોએ સો ટકા એના હાથમાં છે. એણે જ નિર્ણય લેવાનો છે એમ તમે કહો છો તેની સાથે હું સંમત છું.'

સેંગરે પૂછ્યું: 'બાળકો જન્મે તે ઇચ્છાથી સંયોગમાં જોડાયેલાં લોકો જાણ્યાં છે?'

ગાંધીજી: 'હા, કેટલાંય.'

સેંગર: પ્રજાની ઇચ્છા તે તો જાતીય સંબંધોનો ભાગ્યે જ હેતુ હોય છે. આ તો એક

શરીરની ભૂખ છે. જો એકબીજા માટે જાતીય આકર્ષણ ન હોય તો લોકો સંયોગ કરે તોપણ એમને બાળકો નહીં થાય. સ્ત્રી પૂરતો એ પુરુષ નપુંસક બની રહે છે.'

ગાંધીજી: 'એમાં પ્રેમનો અભાવ છે... નિયંત્રણ છે, પણ આત્મસંયમ એની ચાવી છે.'

અંતે બંને જણે પોતપોતાની વાતને ફરી યાદ કરી.

શ્રીમતી સેંગર: 'હજારો પરણેલાં સ્ત્રી-પુરુષો છે, જે સુખી-આનંદી જીવન જીવે છે.'

ગાંધીજી: 'પણ અસાધારણ જીવન હોય તે જ ઉત્તમ કહેવાય. આ હું જરા ખંચકાઈને કહું છું કે પૂરા બ્રહ્મચર્યવાળું જીવન જ સૌથી સારું ને સૌથી સંપૂર્ણ જીવન હોઈ શકે છે. સિદ્ધાંતની દૃષ્ટિએ તો આ સંપૂર્ણ સ્થિતિ છે.'૨૦

- ગાંધી સેવા સંઘની એક સભામાં શ્રી શંકરરાવ દેવે ગાંધીજીને પ્રશ્ન કર્યો:

  'આંબેડકરના વિચાર ઉપર તમારી શી વૃત્તિ?'

  ગાંધીજીએ કહ્યું: 'હું એની સ્થિતિમાં હોત તો કદાચ હુંયે એવું કરત. અહિંસાવાદી કદાચ ન હોઈ શકત. આપણે [એમને] નમ્રતાથી પ્રેમપૂર્વક સાંભળવા જોઈએ. હરિજનની સેવા જ એ જ છે કે આપણને જૂતીથી મારે, તો પ્રેમથી સાંભળવું જોઈએ. અને આંબેડકર અને બીજા જે કાંઈ કહે તેને આપણે લાયક છીએ એમ માનવું જોઈએ. પણ તેથી આંબેડકરની કદમબોસી કરવાની જરૂર નથી. આપણે સાવધાન બનીએ અને શુદ્ધ બનીએ. આપણે શુદ્ધ ન બનશું તો પચાસ આંબેડકરની કદમબોસી કરીને હરિજન સમાજનો ઉદ્ધાર ન કરી શકીશું.૨૧

  ગાંધીજીની મુલાકાતોની નોંધો ઉપરથી આપણે ફરી પાછા મહાદેવભાઈ તરફ વળીએ.

  ૧૯૩૪ના ઑક્ટોબર માસમાં મુંબઈમાં મળેલા કૉંગ્રેસના અધિવેશન વેળા ગાંધીજી કૉંગ્રેસમાંથી નિવૃત્ત થયા ત્યારે પણ મહાદેવભાઈ એમાંથી નીકળી ગયા નહોતા. એનો દાખલો આપીને તો એક વાર ગાંધીજીએ એ આશ્વાસન આપ્યું હતું કે પોતે કૉંગ્રેસમાંથી રૂઠીને નથી નીકળ્યા. ગાંધીજીએ એક અંગ્રેજને લખ્યું હતું:

  કૉંગ્રેસમાંથી મારી નિવૃત્તિનો તમે ખોટો અર્થ સમજ્યા છો... મેં એને વધુ બળવાન બનાવવા માટે એનો ત્યાગ કર્યો છે... એટલું યાદ રાખજો કે રાજેન્દ્રપ્રસાદ, વલ્લભભાઈ, રાજગોપાલાચારી, અન્સારી, મહાદેવ અને બીજા અનેક, જેમને વિશે

માનવજાત ગૌરવ લઈ શકે એમ છે, તેઓ એમાં છે, એના છે અને એને ખાતર પ્રાણ પાથરવા તૈયાર છે.૨૨

ગાંધીજીના પત્રવ્યવહારમાં તો સામાન્ય રીતે એમની બેઠકની પાછળ બેસીને મૂંગે મોઢે નોંધ કરતા મહાદેવ ઘણી વાર આગળ આવી જાય છે.

ઊર્મિલાદેવી સેન, એટલે દેશબંધુ ચિત્તરંજન દાસનાં બહેન. તેઓ મહાદેવને પોતાનો પુત્ર માનતાં એ આપણે જોઈ ગયા. ધીરેન્દ્ર મુખરજી નામના એક બીજા જુવાનને પણ એ જ રીતે ઊર્મિલાદેવીએ પોતાના પુત્ર માનેલા. એમને ભયંકર આતંકવાદી માનીને બંગાળ સરકારે દેવલી કૅમ્પમાં અટકાયતી તરીકે રાખ્યા હતા. ઘણા દિવસોથી તેમના કશા સમાચાર નહોતા આવ્યા તેથી ઊર્મિલાદેવી ખૂબ ચિંતાતુર હતાં. પોતાને બદલે મહાદેવ એમને મળી શકે તોયે ઊર્મિલાદેવીને સંતોષ થાય એમ હતું. ગાંધીજીએ બંગાળ સરકારના રાજકીય વિભાગના મંત્રીને ખાસ કાગળ લખીને મહાદેવની ધીરેન મુખરજી જોડે મુલાકાતની રજા માગી. એમાં એમ પણ જણાવ્યું કે મહાદેવ અને હું બંને શ્રી મુખરજીને ઓળખીએ છીએ. કારણ, તેઓ થોડો સમય સાબરમતી આશ્રમમાં રહ્યા હતા અને જો ધરપકડ ન થઈ હોત તો ઘણે ભાગે તેઓ આશ્રમમાં જોડાઈ જાત.

બંગાળ સરકાર આવી રજા આપવાની તરફેણમાં નહોતી. ઊર્મિલાદેવી કે મહાદેવભાઈ બંને અટકાયતીનાં લોહીનાં સગાં નહોતાં. વળી સરકાર શ્રી મુખરજીને ભયંકર ત્રાસવાદી માનતી હતી. છતાં ગાંધીજીની વિનંતીને માન આપીને હિંદી સરકારની સૂચનાથી મહાદેવભાઈને શ્રી ધીરેન મુખરજી સાથે મળવાની છૂટ આપવામાં આવી હતી. તેથી ઊર્મિલાદેવીના જીવમાં જીવ આવ્યો હતો.

આવી વ્યક્તિગત સેવા મહાદેવભાઈ બહુ ખુશીથી કરતા. જમનાલાલજીનું મુંબઈમાં કાનનું ઑપરેશન થયું ત્યારે તેમનાં પત્ની જાનકીદેવી અને પુત્રી ઉમા સાથે મહાદેવભાઈ પણ એમની સેવામાં પહોંચી ગયા હતા.

ગાંધીજી પોતાના પત્રવ્યવહારની બાબતમાં પત્રલેખકની લાગણીનો ખૂબ ખ્યાલ રાખતા. પત્રલેખક જો પોતાના પત્રને ખાનગી કહે તો તેઓ બીજા કોઈને કહી બતાવતા નહીં. અલબત્ત, આવા ખાનગી પત્રવ્યવહારને ગાંધીજી બહુ ઉત્તેજન આપતા નહીં. મોટે ભાગે તો યુવક-યુવતીઓ પોતાની અંગત બાબતોને આમ ખાનગી રાખવા ઇચ્છતાં. પણ કેટલીક વાર રાજકીય દૃષ્ટિએ મહત્ત્વના પત્રો પણ

ગુપ્ત રાખવા કે ખાનગી રાખવાની માગણી થતી. જવાહરલાલજીને ગાંધીજીએ આશ્વાસન આપેલું કે તેમના પત્રો મહાદેવ સિવાય બીજા કોઈના હાથે ચડશે નહીં. મહાદેવને હાથે એમના પત્ર ચડે તેની સામે જવાહરલાલજીને પણ વાંધો નહોતો. જેલમાંથી છૂટીને મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાઈ ગયા એટલે हरिजन પત્રોમાં એમના સાપ્તાહિક પત્રો પણ નિયમિતરૂપે શરૂ થયા. એ પત્રમાં મોટે ભાગે તો અઠવાડિયે અઠવાડિયે ગાંધીજીની પ્રવૃત્તિઓનાં તાદશ ચિત્રો આવતાં પણ કેટલીક વાર મહાદેવભાઈએ જાતે કોઈની અલગ મુલાકાત લીધી હોય તો તેનો અહેવાલ પણ આવી જતો. સુંદરવનની મુલાકાત અને જવાહરલાલજી સાથેની મુલાકાત એનાં ઉદાહરણો છે. ગાંધીજી સાથેની કોઈની મુલાકાતોનો એક પાવન પ્રસંગઃ

ગાંધીજી અગાસી ઉપર બેસીને લખતા હતા, તેમને જરાક વખત મળ્યો એટલે આ ડોસાને હું તેમની પાસે લઈ ગયો. સુઘડ વસ્ત્રોવાળા ડોસાએ ગજવામાંથી નોટોની દસ થોકડીઓ કાઢી ગાંધીજીની સામે મૂકી દીધી ને કહ્યું, 'આ ગરીબમાં ગરીબ અને સુપાત્ર હોય એવાને માટે મારી અલ્પ ભેટ છે. એવા લોકોને બીજા કોઈના કરતાં આપ જ વધારે સારી રીતે ઓળખો છો.'

ગાંધીજીઃ 'એ તો બહુ સારું. પણ આ તમારી કેટલાં વરસની બચત છે?'

'ઘણાં વરસની. પણ મેં ધરતીકંપ માટે સો રૂપિયા મોકલેલા; સો આસામ માટે મોકલેલા; અને ચાર વરસ પર અલાહાબાદમાં પાંચસો રૂપિયા ખેડૂતોને માટે આપેલા.'

ગાંધીજી ચકિત થયાઃ એમ કે? તમને પગાર કેટલો મળતો, ને હવે પેન્શન કેટલું મળે છે? તમે શું કામ કરતા?

'હું નિશાળમાં શિક્ષક હતો. ઘણાં વરસ નોકરી કર્યા પછી જ્યારે હું નિવૃત્ત થયો ત્યારે મહિને બાવન રૂપિયા પગાર મળતો હતો. મને પેન્શન તો ન મળ્યું, પણ રૂ. ૨,૭૦૦ની ઉચ્ચક રકમ આપવામાં આવી.'

'ને તમને નિવૃત્ત થયે કેટલાં વરસ થયાં?'

'પાંચ વરસ.'

'તમે તમારા ગુજરાન માટે કેટલું ખરચ કરો છો?'

'મારા ગુજરાન માટે? ઝાઝું નથી કરતો.'

'તોયે માણસને જીવ્યા વિના કંઈ ચાલે છે? તમારી જરૂરિયાત કેટલી છે?'

'થોડી દાળરોટીને માટે કંઈ વધુ પૈસા ન જોઈએ. મને તો મહિને ૧૦ રૂપિયાથી પણ ચાલે. મારે બૈરીછોકરાં કોઈ નથી. મારા ભત્રીજા હતા તેમને ભણાવીને ઠેકાણે પાડ્યા. એટલે હવે એકલો જ છું. એક સંસ્કૃત પાઠશાળા છે ત્યાં ભણાવવામાં ઘણો વખત આપું છું. એ નિશાળમાં મફત શિક્ષણ અપાય છે.'

'ત્યારે તો તમે નાના પગારમાંથી થોડાક હજાર રૂપિયા બચાવ્યા, ને તે ગરીબની સેવામાં ખરચો છો! બહુ ભારે કહેવાય. એ કળા તમારી પાસેથી બધા શીખી શકે તો કેવું સારું!'

'હા, મહાત્માજી. મેં જાત માટે બહુ ઓછું ખરચ કર્યું છે અને ઘણી વાર મારી પાસે હતું તે બધું મેં ગરીબને આપી દીધું છે.'

'અને તમે આ ખાદી ક્યાંથી લાવ્યા?' ડોસાની રુઆબદાર બંડી ગાંધીજીને સુંદર લાગી હતી. એ પહેર્યા પછી ડોસાને શાલ કે કામળી ઓઢવાની જરૂર રહી નહોતી.

'એ ખાદી તો ઘેર બનાવેલી છે.'

ગાંધીજી કહે, 'મને તો તમારી અદેખાઈ આવે છે.'

ડોસાની મુખમુદ્રા પર ત્યાગનો આનંદ ઝળકી રહ્યો હતો. 'મહાત્માજી, હજુ મારી પાસે થોડાક પૈસા બચાવેલા પડ્યા છે. એ હું ફરી કોઈ વાર લાવીશ. પૈસા ક્યાં આપવા એની મને ખબર નથી. હું તો આપને ઓળખું છું. ને આપ સુપાત્ર ગરીબોને ઓળખો છો. મને આજે બહુ તૃપ્તિ થઈ ગઈ. હું કૃતાર્થ થયો.'૨૩

જરા પાછળ જઈને જોઈએ. ગાંધીજી ઘણા વખતથી વાયવ્ય સરહદ પ્રાંતમાં જવા ઇચ્છતા હતા, પણ સરકાર તેમને કેમે કરીને ત્યાં જવાની રજા નહોતી આપતી. વર્ષો સુધી તો સરકારે ત્યાંના નેતા ખાન અબદુલ ગફ્ફારખાનને જેલમાં રાખ્યા હતા. પછી જ્યારે તેમને છોડ્યા ત્યારે સરહદ પ્રાંતમાં ન જવાના હુકમ સાથે છોડ્યા. એ વખતે ગાંધીજીએ મહાદેવભાઈને સૂચના કરી કે દેશ અને દુનિયા આગળ ખાનસાહેબનું જીવનચરિત્ર મુકાવું જોઈએ. મહાદેવભાઈએ ખાનસાહેબ અને એમના મોટા ભાઈ ડૉ. ખાનસાહેબની જોડે મુલાકાતો લઈને બહુ નાના સરખું પણ પાયાની માહિતી આપતું ચરિત્ર તૈયાર કરી દીધું હતું. તેનું મથાળું તેમણે वे खुदाई खिदमतगार એવું આપ્યું. તે પુસ્તકની એટલી માગ આવી કે અંગ્રેજી અને ગુજરાતી આવૃત્તિઓ

ઉપરાંત હિંદી તેમ જ અન્ય ભાષાઓમાં તેનાં ભાષાંતરો થયાં. પાછળથી તો ખાન અબદુલ ગફ્ફારખાનનાં એક કરતાં વધારે જીવનચરિત્રો લખાયાં. પણ બધા ચરિત્રકારોએ મહાદેવભાઈના મૂળ ગ્રંથનો આધાર લીધો હતો. ગાંધીજીએ આ પુસ્તિકાઓની લાક્ષણિક રીતે ટૂંકી પ્રસ્તાવના આપી હતી.

ગુજરાતી પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યું:

આ બે ઈશ્વરભક્તોનું સંક્ષિપ્ત જીવન ગુજરાતી પ્રજા આગળ મુકાય છે, એ સારી વાત છે. મારી દૃષ્ટિએ આ બંને ભાઈઓનાં જીવન બહુ પવિત્ર છે. તેમાંયે શ્રી અબદુલ ગફ્ફારખાન તો ફકીર જ લાગે છે. જેલમાંથી તેમના કાગળો આવે છે તેમાં પણ એ જ ધ્વનિ જોવામાં આવે છે. દિવસે દિવસે તેમની ત્યાગવૃત્તિ વધતી જાય છે. દિવસે દિવસે તેમના હૃદયમાં ઈશ્વરનું રટણ વધારે તીવ્રપણે ચાલતું જાય છે. ગુજરાતી વાંચનારું કોઈ પણ ઘર આ પુસ્તકથી ખાલી ન રહેવું જોઈએ.

આ પુસ્તક અસલ અંગ્રેજીનો છેક તરજુમો નથી. કર્તાએ પુસ્તક સ્વતંત્ર રીતે લખવાનો પ્રયાસ કર્યો છે. અને તેમાં તે સફળ થયેલ છે એમ બંને ભાષા જાણનાર સહેજે જોઈ શકે તેમ છે. આમાં કેટલુંક નવું પણ આવી શક્યું છે.૨૩

સાહિત્યનું ક્ષેત્ર ગાંધીજી મહાદેવભાઈનું માનતા. તેથી દિલીપકુમાર રાયે એમને પોતાની કવિતાઓ અભિપ્રાયાર્થે મોકલી ત્યારે ગાંધીજીએ લખ્યું:

હું કવિતાનો પારખુ નથી. તેથી તમારાં કાવ્યો વિશેના મારા અભિપ્રાયની કશી કિંમત નથી! સાચે જ મારે કોઈ અભિપ્રાય આપવાનો છે જ નહીં. પણ હમણાં મહાદેવને વખત છે. તે પોતે કવિ છે. અને મને ખાતરી છે કે હું તેમને આ વાત સમજાવીશ એટલે તે પોતાનો અભિપ્રાય તમને જણાવશે.૨૪

મહાદેવભાઈ બાપુ પછી વધુમાં વધુ મુક્ત રીતે વર્તી શકતા તો તે વલ્લભભાઈ જોડે. ગમે તેટલા કામના બોજા હેઠળ પણ તેઓ સરદારને પત્રો દ્વારા બાપુની આસપાસ ચાલી રહેલી પ્રવૃત્તિઓ અંગે હેવાલ આપતા. આ પત્રોમાં ગાંધીજીના માનસ ઉપરાંત મહાદેવભાઈનું મન પણ કેમ કામ કરતું તેની આપણને જાણ થાય છે. વર્ધામાં ગાંધીજીએ કરેલા ઉપવાસ પછીના પારણાના નીચેના વર્ણનમાં આપણને મહાદેવભાઈની રાહત અને એમના ઉલ્લાસનો અનુભવ થયા વિના રહેતો નથી.

૧૪–૮–'૩૪ને દિને મહાદેવભાઈ સરદારને લખે છે:

સર્વેના હૃદયભીના હર્ષોલ્લાસની વચ્ચે જાનકીબહેનના૨૫ હાથેથી મધમિશ્રિત

ગરમ પાણીનો પ્યાલો લઈ બાપુએ ઉપવાસની પૂર્ણાહુતિ કરી. પછી વિનોબાએ તુકારામના આત્મસિદ્ધિના ભજનથી પ્રાર્થનાની શરૂઆત કરી. તે પછી શિવાજીએ.૨૬ બીજું ભજન ગાયું અને ત્યાર બાદ બાળકોબાએ૨૭ 'હરિનો મારગ છે શૂરાનો' આ ભજન ગાવા માંડ્યું. તે પૂરું થતાં ડૉ. દત્તાએ 'કરિન્થિયન્સ'માંથી પ્રેમની અદ્ભુત શક્તિના શ્લોકો ગાયા. અમતુસ્સલામે૨૮ કુરાનની આયતો વાંચી. અણેએ૨૯ પોતે રચેલા સંસ્કૃત શ્લોકોનું ગાયન કર્યું. ત્યાર પછી તમારો તાર બાપુના હાથમાં મૂકવામાં આવ્યો. રામધૂન પછી ઉપવાસ પત્યો. હૃદય ઊભરાઈ આવવાથી બાપુ કશું બોલી શક્યા નહોતા.૩૦

ત્યાર પછીના એક પત્રમાં સરકારના એક પરિપત્ર વિશેનો મહાદેવભાઈનો ગુસ્સો દેખાય છે.

આ સાથે हिंदुस्तान टाइम्सમાંથી કતરણ મોકલું છું.૩૧ સરકાર કેવી બાજી ગોઠવી રહી છે; બલકે એમાં છે તે કરતાં મૂળ પરિપત્રોમાં ઢગલો ભરેલો છે. એક જણ મૂળ બતાવવા લાવ્યો હતો. મોટું નિવેદન છે. પગલે પગલે એમાં વહેમ અને શંકા છે.

'ગાંધી એક મહાશત્રુ પાક્યો છે. તેને દફનાવે જ આરો છે;' એમ દરેક 'પૅરા'માંથી ધ્વનિ નીકળે છે. આ 'પરિપત્ર' બધાં છાપાંમાં છાપી શકે તો એના કરતાં વધારે 'damning document [બદબોઈવાળો દસ્તાવેજ] મળી શકે એમ નથી.૩૨

ગાંધીજીના ઊંચા બ્લડપ્રેશરને લીધે મહાદેવભાઈને એમની તબિયત અંગે ખૂબ ચિંતા રહેતી. તેમાં પાછા ગાંધીજીના રહેણીકરણી અને પ્રવાસ અંગેના કેટલાક આગ્રહો. મહાદેવભાઈ ત્રાસી જાય. પણ કોને કહેવાય? સરદાર એમને મોટા ભાઈ જેવા. અને એ પાછા ગાંધીજીની તબિયતની ચિંતા પણ એટલી જ કરનારા. એટલે બાપુ ઉપરની ચીડ સરદાર આગળ વ્યક્ત થઈ શકે — જુઓ આ પત્રાંશ:

મને ખરેખર શરમ આવે છે, દુઃખ થાય છે અને છતાં શાંત થાઉં છું. ડૉક્ટરે બાપુને ખુરશીમાં બેસાડી સ્ટેશને લઈ જવા અને 'સેકન્ડ ક્લાસ'માં મુસાફરી કરવા વિશે વાત કરી, એટલે બાપુને બહાનું મળ્યું. પણ બહાનું મળ્યું એમ કેમ કહેવાય? કારણ કે બાપુ કહેતા હતા કે 'આ લોકો જાણતા નથી કે મને જવા નથી દેતા; તેથી

પણ મારું "પ્રેશર" વધી જશે.' એટલે [અમદાવાદ] આવવાની તીવ્ર ઇચ્છા હતી. મેં આ ચર્ચામાં કશો ભાગ ન લીધો. માત્ર એટલું જ કહ્યું: 'બાપુ, સોમવાર સુધી રાહ જોઈએ. સોમવારે "બ્લડપ્રેશર" ૧૬૦–૧૬૫ સુધી રહેશે તો "થર્ડ ક્લાસ"માં જવાની ડૉક્ટર ના નહીં પાડે.' બાપુ કહે: 'પછી તો અમદાવાદ કેટલા દિવસ રહેવા મળે! એના કરતાં અહીં પડીને સારા થવું એ સારું. એટલે શા સારુ અમદાવાદ-મુંબઈ જવું જોઈએ?' હું ચૂપ થયો. અઠ્ઠાવીસમીએ રાધાકૃષ્ણના૩૩ લગ્ન માટે આવવું એટલે અમદાવાદમાં ઓછા દિવસ જ રહેવાનું થાય ને? નહીં તો અમદાવાદથી સીધા દિલ્હી જવાનું રાખે તો અમદાવાદ ખાસું એક માસ રહેવાય, કારણ કે દિલ્હી પાંચમી તારીખે પહોંચવાનો એમનો સંકલ્પ હતો. હજી પણ અઠ્ઠાવીસમીએ અહીં આવવાનું ટાળી શકાય તો અમદાવાદ લાવી શકાય. પણ ચર્ચા કરવાથી શો ફાયદો? માંદગી અને ઘડપણ ભેગાં થાય એટલે આપણે બાળપણ પેદા થાય છે. તેમાં બાપુ મહાત્મા રહ્યા એટલે રાજાઓની જેમ મહાત્માઓને પણ બાળહઠ તો હોય જ ને?૩૪

અને આ કાગળમાં મહાદેવભાઈ વલ્લભભાઈને વર્ધા આવવા કેવી રીતે લલચાવે છે તે જુઓ. તેઓ લખે છે:

મેં તમને અહીં આવવાનો આગ્રહ કર્યો હતો તે બાપુના કહ્યા વિના મારી પોતાની લાગણીથી. હવે તો બાપુનો પોતાનો આગ્રહ તમે જોઈ શકશો, એટલે મને લાગે છે કે તમે ઝટપટ આવી જાઓ. અહીં અખંડ શાંતિ છે. આજે સવારે બાપુ કહે: 'મને અનેક વસ્તુની ગડ બેસતી જાય છે અને અગાઉ જે ન જોતો તે હવે સ્પષ્ટ દેખાતું જાય છે.' આ દશામાં તમે પડખે રહો એ કરતાં વધારે રૂડું શું? ...બાપુ કાંઈક નિર્ણય કરે તે વખતે તમારી હાજરી બહુ કીમતી થઈ પડશે...૩૫

- રેલવેના પ્રવાસ દરમિયાન લોકોનાં ટોળાંઓથી ગાંધીજીને બચાવવાના પ્રયાસ તો મહાદેવભાઈ નિરંતર કરતા જ રહેતા. કોઈ વાર લોકોને શોરબકોર કરીને ગાંધીજીને ન જગાડવાની આજીજીભરેલી વિનંતી કરે, કોઈક વાર ગાંધીજીના મોં પર થર્ડ ક્લાસના ડબાની લાઇટનું અજવાળું ન આવે એટલા ખાતર લાઈટના ગોળા ઉપર ભૂરા રંગની ચડ્ડી પહેરાવે, કોઈક વાર કોઈ ભીડને કહે, 'હું જ ગાંધીજી છું, લો કરો મારાં દર્શન!' પણ કદી કદી મહાદેવભાઈની સેવા કરવાની તક, ગાંધીજી પણ ઝડપી લેતા. એક પ્રવાસમાં રાતે મોડે સુધી જાગીને લખવાનું કામ કરી વહેલે પરોઢિયે

મહાદેવભાઈની આંખ મળી ગઈ હતી. સવારે કોઈ મોટા સ્ટેશને એમની આંખ ઊઘડી તો એમણે જોયું કે ચાની કીટલી અને માખણ-રોટીની તશ્તરી તૈયાર રાખીને ગાંધીજી મહાદેવભાઈ જાગે તેની વાટ જોતા મલકાતા હતા!

નોંધ:

૧. गांधीजीनो अक्षरदेह – ૫૮ : પૃ. ૧૯૩.

૨. ગ. મા. નાંદુરકર, सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૨૮, પત્ર તા. ૨૧–૭–૧૯૩૪.

૩. એજન, પૃ. ૨૯.

૪. महादेवभाईनी डायरी – ૧૯ : પૃ. ૨૦.

૫. મણિબહેન નરહરિ પરીખ.

૬. વેલાંબહેન લક્ષ્મીદાસ આશર.

૭. ગ. મા. નાંદુરકર, सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૨૪. તા. ૩૦–૩–'૩૫.

૮. એજન, પૃ. ૭૭. તા. ૨૧–૧૧–'૩૫.

૯. गांधीजीनो अक्षरदेह – ૬૧ : પૃ. ૧૦૨, પાદટીપ ૩.

૧૦. નારાયણ દેસાઈ: संत सेवता सुकृत वाधे, (ત્રીજી આવૃત્તિ): પૃ. ૪૮-૪૯.

૧૧. महादेवभाईनी डायरी – ૧૯ : પૃ. ૧૨૧થી ૧૨૪માંથી સારવીને. પૃ. ૮૩થી ૧૦૦.

૧૨. એજન, પૃ. ૨૫૪થી ૨૫૮ને આધારે.

૧૩. એજન, પૃ. ૧૦૧.

૧૪. महादेवभाईनी डायरी – ૨૦ : પૃ. ૮૭.

૧૫. એજન, પૃ. ૮૭.

૧૬. એજન, પૃ. ૮૩, ૮૪.

૧૭. એજન, પૃ. ૧૦૭.

૧૮. એજન, પૃ. ૧૦૮.

૧૮અ. એજન, પૃ. ૧૬૫.

૧૯. એજન, ૨૦ : પૃ. ૧૬૫થી ૧૮૩માંથી સારવીને.

૨૦. એજન, પૃ. ૨૧૮.

૨૧. गाांधीजीनो अक्षरदेह – ૫૯ : પૃ. ૩૭૪.

૨૨. गाांधीजीनो अक्षरदेह – ૬૦ : પૃ. ૯૬-૯૭.

૨૩. એજન, પૃ. ૮૧.

૨૪. गाांधीजीनो अक्षरदेह – ૫૮ : પૃ. ૧૯૨.

૨૫. શ્રી જમનાલાલ બજાજનાં ધર્મપત્ની.

૨૬. શ્રી શિવાજી ભાવે; તપસ્વી અને ચિંતક.

૨૭. શ્રી બાળકોબા ભાવે; સંનિષ્ઠ રચનાત્મક કાર્યકર, ઉરુળીકાંચનના નિસર્ગોપચાર આશ્રમના એક કાર્યવાહક.

૨૮. આશ્રમવાસી, કસ્તૂરબા રાષ્ટ્રીય સ્મારક નિધિની સંનિષ્ઠ કાર્યકર્ત્રી.

૨૯. શ્રી માધવ શ્રીહરિ અણે.

૩૦. ગ. મા. નાંદુરકર: सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૩૭. તા. ૧૪–૮–'૩૪.

૩૧. સરકારના આ પરિપત્રમાં ગાંધીજીની ગ્રામોદ્યોગ અંગેની પ્રવૃત્તિને એક રાજકીય રસમ તરીકે વખોડવામાં આવી હતી અને તેને લઈને ગાંધીજી ઉપર અનેક ખોટા આક્ષેપો કરવામાં આવ્યા હતા.

૩૨. ગ. મા. નાંદુરકર, सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૪૭. તા. ૪–૧–'૩૫.

૩૩. રાધાકૃષ્ણ બજાજ, વર્ધાના રચનાત્મક કાર્યકર અને ગોસેવક.

૩૪. ગ. મા. નાંદુરકર: सरदारश्रीना पत्रो – ૪ : પૃ. ૮૮. તા. ૪–૧–'૩૬.

૩૫. એજન, પૃ. ૩૯. તા. ૧૯–૮–૩૪.

# આહુતિ

જ્યોં કી ત્યોં ધરિ દીની ચદરિયા

— કબીર

અહિંસાના માર્ગની ટૂંકો
યમનિયમાદિનું પાલન છે,
પણ.
અંતિમ શિખર તો
આત્મવિસર્જન છે.

— મહાદેવભાઈ

કર લે સિંગાર ચતુર અલબેલી
સાજન કે ઘર જાના હોગા!

— કબીર

હાથમાં કલમ લઈને પ્રસન્નતાથી પ્રાણ
છોડવાની શક્તિ એનામાં તો છે.

— ગાંધીજી

# સાડત્રીસ – સ્નેહધામ ભર્યાં ભર્યાં રે!

જમનાલાલજીએ રાષ્ટ્રને અર્પિત કરેલી મગનવાડી, જોઈને મગન થવાય એવી વાડી હતી. દેશવિદેશમાં નાગપુરી સંતરાં વખણાય. એ નાગપુરી સંતરાં માત્ર નાગપુરમાં જ નહીં, પણ લગભગ આખા વિદર્ભ પ્રદેશમાં જિલ્લે જિલ્લે થાય. સંતરાં પાક્યાં હોય ત્યારે ઘેરા લીલા રંગનાં પાનવાળાં ઘટાદાર વૃક્ષો પર પાંદડે પાંદડે નારંગી રંગનાં સંતરાં લચી પડે. દૃશ્ય જ આખું મનોરમ! સાબરમતી આશ્રમનાં ખેતરોમાંથી ચોરીને કે ધાડ પાડીને ટમેટાં, મૂળા-મોગરી કે ગાજર આરોગતા બાબલાએ આ સંતરાંથી શોભતી મગનવાડી જ્યારે સર્વપ્રથમ જોઈ ત્યારે થોડી ક્ષણો તો એની સ્થિતિ અલીબાબા અને ચાળીસ ચોરની વાર્તામાં 'ખુલ જા સીમ સીમ' કહ્યા પછી ગુફાની અંદરનો રત્નભંડાર જોઈને અલીની થઈ હશે તેવી જ થઈ ગઈ.

બાબલાની જિંદગીમાં પહેલી વાર, ઉંમરને બારમે વરસે, એને પિતા સાથે 'કાયમને માટે' રહેવાનું મળવાનું હતું એનો એના અંતરમાં ભારે ઉમળકો હતો. તે પહેલાં તો એના 'કાકા' જ્યારે ક્યારેય સાબરમતી આશ્રમમાં આવતા તે દિવસો એને મન દિવાળી-દશેરા જેવા થઈ રહેતા. કારણ, કાકા ભલે બાબલાના પિતા હોય, પણ બાબલા, એની ફોઈ બચુ (નિર્મળા) અને એની બા દુર્ગાબહેનને માટે પણ એ 'મહેમાન' જેવા જ હતા. તેથી સાબરમતીથી વર્ધાને આખે રસ્તે બાબલો કાકાની જોડે રહેવાનાં સપનાં જોતો જોતો આવ્યો હતો. મગનવાડી આવતાં પહેલાં જ કાકા બાબલાના કલ્પનાજગતના ચરિત્રનાયક બની ચૂક્યા હતા. એ સાચું કે હજી થોડા મહિના પહેલાં જ આશ્રમથી વિદ્યાપીઠ જવા-આવવા સારુ બાએ એને માટે સાઇકલ ખરીદી આપી હતી ત્યારે કાકાએ પત્ર દ્વારા — 'આપણા જેવા ગરીબ લોકોથી એમ ચાળીસ રૂપિયાનો ખરચ કેમ થાય?'

— એવો ઉપાલંભ આપેલો, તેથી એના મનમાં કાકા વિશે થોડી બીક પણ હતી. પણ 'ત્રણ પચીસનાં તાલેવાન'૧ દુર્ગાબહેને બચાવી બચાવીને બાબલાની સાઇકલ સારુ ચાળીસ કેવી રીતે ભેગા કર્યા હશે એનો ખ્યાલ બાબલાને ત્યારે નહોતો, ને આજેય પૂરો નથી. થોડીક બીક છતાંયે એકંદરે મગનવાડી આવવા વિશેની બાબલાની લાગણી ખૂબ ખૂબ હર્ષભરી હતી, પણ એ કલ્પના અને એ સપનામાં પણ સેંકડો સંતરાંનાં ફળથી લચેલી વાડી નહોતી આવી. વૃક્ષો પણ કેટલાં સગવડવાળાં? હાથ લંબાવો કે ફળ તોડાય! અને ફળને તોડવાનીયે મહેનત કરવાની ક્યાં જરૂર હતી? નીચે પાકીને પડેલાં ફળોનો ક્યાં તોટો હતો?

બાબલાભાઈને આમ 'દગવિસ્ફારિત ઓષ્ટ પ્રસ્ફુટિત' વદને વાડી તરફ નિહાળીને અધધધ થતા જોઈને મહાદેવભાઈએ એમને પહેલો નૈતિક ઉપદેશ આપ્યો. કેટલાં સરસ સંતરાં છે, નહીં! આપણને રોજ જોઈએ તેટલાં સંતરાં મળશે. આ વાડીને મગનલાલકાકાની યાદમાં નામ આપવામાં આવ્યું છે. અને કાકાજી (જમનાલાલજી)એ તે દેશને આપી દીધી છે. એટલે હવે એમની માલિકીની પણ રહી નથી. આ બધાં સંતરાં હવે સંસ્થાનાં કહેવાય. એને જોવાનાં ખરાં, પણ તોડવાનાં નહીં. આપણને જોઈતાં હશે તેટલાં રોજ રોજ આપણે ઘેર વેચાતાં લાવીશું.' હતો તો આ હિતોપદેશ, પણ કાકાની વાણીમાં અને કાકાને મોઢે કહેવાયેલો તેથી ગળે ઉતારવો કઠણ ન લાગ્યો. પછી જેટલો વખત મહાદેવભાઈનું કુટુંબ મગનવાડીમાં રહ્યું તેમાં એકેય વાર બાબલાએ એ સંતરાં પ્રત્યે લોભી નજર નથી નાખી.

સાચા અર્થમાં તો મહાદેવભાઈનો धन्यो गहृस्थाश्रमः લગ્ન પછી બત્રીસ વર્ષે, મગનવાડીમાં જ શરૂ થતો હતો. એમ તો દિહેણ, મુંબઈ ને અમદાવાદમાં મહાદેવભાઈએ ગૃહસ્થાશ્રમની તૃપ્તિ અનુભવી હતી. પણ જિજ્ઞાસુ બાબલાના પ્રશ્નોની ઝડી આખો વખત ઝીલવાનો મોકો મહાદેવભાઈને માટે પહેલો હતો — લગભગ પહેલો હતો. નાની બહેન — સાવ નાની — પોતાનાથી છવ્વીસ વર્ષ નાની — બચુનાં લગ્ન વિશે ચિંતા કરવાનો લહાવો એમને પહેલી વાર મળતો હતો. શાંતાનાં લગ્ન વખતે તો તેઓ જેલમાં હતા ને? દુર્ગાની માંદગીની એમને ફિકર તો ઘણીયે હશે, પણ રોજ રોજ એને સારુ કાંઈક ને કાંઈક નવો ઇલાજ શોધવાનો મોકો તો કદાચ આ એમને પહેલી જ વાર મળ્યો હશે. ગૃહસ્થાશ્રમનું મુખ્ય મૂલ્ય — જવાબદારીનું ભાન — પ્રત્યક્ષ આ રીતે મહાદેવભાઈ

ઉપર આ પહેલી વાર જ આવતું હતું. દુર્ગાબહેનનાં સૂનાં સ્નેહધામ ત્યારે ભર્યાં ભર્યાં થયાં એમ કહીએ તો ચાલે.

સિંદી ગામની સફાઈ કરતાં કરતાં મીરાંબહેનને કસબાથી થોડે છેટે ખરેખરા ગામડામાં જઈને રહેવાનું મન થયું, અને ગાંધીજીએ તેમ કરવાને તેમને ઉત્તેજન આપ્યું. પહેલાં થોડો વખત તેઓ વરોડા ગામમાં રહ્યાં, પણ પછી એમણે સેગાંવ પસંદ કર્યું. થોડા જ વખતમાં ભક્ત મીરાંબાઈ પાછળ ભગવાન મોહનદાસે પણ સેગાંવ જઈને રહેવાનું નક્કી કર્યું. ગામમાં પોસ્ટઑફિસ નહોતી તેથી એમ ઠર્યું કે મહાદેવભાઈ મગનવાડીમાં જ રોકાય અને રોજ સવારે ટપાલ લઈને સેગાંવ જાય અને સાંજે ત્યાંનું કામકાજ પતાવી, જતી ટપાલ લઈને પાછા આવે. બાપુ હવે ગામડામાં સ્થિર રહેવાના હતા, એટલે મહાદેવભાઈ વર્ધામાં સ્થિર થયા એમ માનીને તેમણે દુર્ગાબહેનને સાબરમતીથી ઉચાળા ભરીને વર્ધા આવીને રહેવાનું ગોઠવ્યું.

વર્ધાનું 'નવભારત વિદ્યાલય' ત્યારે 'મારવાડી વિદ્યાલય' કહેવાતું. એની વ્યવસ્થામાં પણ વર્ધાની બીજી અનેક સંસ્થાઓની માફક, જમનાલાલજીનો કશોક હાથ હતો. શાંતિનિકેતનથી તાજેતરમાં આવેલા શ્રી ઈ. ડબ્લ્યૂ. આર્યનાયકમે કાર્યકારી આચાર્યનું પદ સંભાળ્યું હતું. તંત્ર એનું એ જ હતું. નારાયણને એ વિદ્યાલયમાં ભણવા બેસાડવાનો મહાદેવભાઈનો ઇરાદો હતો. પહેલા દિવસના અનુભવે જ નારાયણે વિદ્યાલયને નાપાસ કર્યું. નારાયણ આટલાં વર્ષ આશ્રમમાં ઊછર્યો હતો. છેલ્લું એક વર્ષ તેણે ગૂજરાત વિદ્યાપીઠના વિનય મંદિરમાં પાંચમા ધોરણના વિદ્યાર્થી તરીકે ગાળ્યું હતું. ત્યાં એની સામાન્ય રીતે તોફાની પણ હોશિયાર વિદ્યાર્થી તરીકેની સાખ હતી. એકબે વાર એની ફરિયાદ વિદ્યાપીઠથી ઠેઠ મગનવાડી સુધી પહોંચી ચૂકી હતી. પણ અહીં એને જ વિદ્યાલય અંગે ફરિયાદ કરવાની હતી. એણે ફરિયાદ કરવાને બદલે ફેંસલો જ સંભળાવ્યો : 'કાકા, હું આવી નિશાળમાં ભણવા જવાનો નથી.' પોતાની વાતને પુષ્ટ કરવા એણે બાલ-બ્રહ્માસ્ત્ર વાપર્યું — રુદન! પછી ધીરે ધીરે એણે વિદ્યાલયના ગુણો વખાણ્યા, જે અહીં આપવાની જરૂર નથી.

મહાદેવભાઈએ નારાયણને નહીં ઠપકો આપ્યો; નહીં ધમકાવ્યો; ન આમ 'વગર વિચાર્યે' નિર્ણય કરવા અંગે કાંઈ ઉપદેશ આપ્યો.

એમણે તો માત્ર એટલું જ કહ્યું: 'નિર્ણય તો તું કરશે એ જ થશે, પણ એક વાર બાપુજીની સલાહ ન લઈ જુએ?'

નારાયણ એને સારુ તૈયાર હતો. ઝટપટ ગાલ પરનાં આંસુ લૂછી એણે બાપુને નામે કાગળ ચીતરી કાઢ્યો, જેમાં એણે મારવાડી વિદ્યાલયના એક દિવસમાં જોયેલા સર્વ દુર્ગુણો વિસ્તારથી વર્ણવ્યા. પણ પત્રનું છેલ્લું વાક્ય નિર્ણાયક હતું. તે એ મતલબનું હતું કે તમારી સલાહ પૂછવા આ કાગળ લખું છું, બાકી નિર્ણય તો મેં કરી જ લીધો છે કે આવા વિદ્યાલયમાં ભણવા નથી જવું.

મહાદેવભાઈ જ બીજે દિવસે સવારે બીજી ટપાલ સાથે નારાયણનો કાગળ પણ લઈ ગયા અને તે જ દિવસે સાંજે બાપુનો જવાબ લઈ આવ્યા: ‘શાબાશ!’

દુર્ગાબહેનના મનમાં ચિંતા હતી. થોડા વખત પહેલાં જ આશ્રમના કેટલાક મોટા છોકરાઓ આશ્રમ છોડીને ‘વ્યવસ્થિત શિક્ષણ’ લેવા બહાર ગયા હતા, તેમ પાછળથી બાબલાનું થશે એ પસ્તાશે નહીં? ‘એમને’ તો આખો દિવસ કામ રહે, ભણાવવાનો વખત ક્યારે મળશે એમને? બાબલો ભણશે નહીં તો આગળ ઉપર કરશે શું? એવા એવા એમની ચિંતાના વિષયો હતા. બીજે દિવસે ગાંધીજીનો એક કાગળ મહાદેવભાઈ ઉપર આવ્યો કે બાબલાને ભણાવવાની જવાબદારી હવે આપણી થઈ. એને આપણા કામમાં સાથે જોડી દઈએ, એટલે એમાંથી જ એનું શિક્ષણ થઈ રહેશે.

પેલી બાજુ આર્યનાયકમ્જીને નારાયણનો આ નિર્ણય બાલિશ લાગ્યો. એમણે ગાંધીજીને પત્ર લખી જણાવ્યું કે એનું ભણતર રોકશો તો તમે મોટી ભૂલ કરશો. બાળક છે એટલે નિશાળે જવાનું ટાળે છે, પણ પછી રખડી જશે. વિદ્યાલયમાં જે કંઈ ત્રુટિઓ હશે તે તો મેં હવે લગામ સંભાળી છે એટલે સુધારી લઈશું.

ગાંધીજીએ આર્યનાયકમ્જી અને નારાયણ બંનેને પોતાની પાસે સેગાંવ બોલાવ્યા. ત્રણ દિવસ સુધી રોજ સવારે ફરવા જતી વખતે બાપુની હાજરીમાં મુકદ્દમો ચાલ્યો. નારાયણે તો પહેલે જ દિવસે ગાંધીજીને કહી દીધું, ‘નાયકમ્જી તો બહુ વિદ્વાન છે. એમની સામે મારી દલીલો નહીં ચાલે, પણ તમને જણાવી દઉં છું કે, મારો નિર્ણય અફર છે.’ ગાંધીજીએ હળવેકથી નારાયણના કાનમાં કહ્યું, ‘તું શું કામ ચિંતા કરે છે? હું તારો વકીલ છું!’

મહાદેવભાઈના માથા પર તે દિવસથી એક વધારાની જવાબદારી આવી — બાબલાને ભણાવવાની. જોકે એ જવાબદારીમાં બાપુએ ચાહીને ભાગ પડાવ્યો. બાબલાના શિક્ષણ સારુ કાંઈક વ્યવસ્થા કરવામાં મહાદેવભાઈ સંકોચ કરતા હોય, તો ગાંધીજી વગર કહ્યું એ સમજી જાય અને મહાદેવભાઈ પાસે ધરાર કરાવે. થોડા દિવસમાં

જ પ્રશ્ન આવીને ઊભો રહ્યો. ગામડામાં સ્થિર થયેલા ગાંધીજીને મદ્રાસ જવાનું તેડું આવ્યું, દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાના કોઈ વિશેષ પ્રસંગે. જવા-આવવા અને ત્યાં રહેવાના થઈને પાંચછ દિવસનો પ્રશ્ન હતો. મહાદેવભાઈ કહે કે બાબલાને એટલા દિવસ અહીં કાંઈક કામ સોંપી જઈશું. પણ પોતાની સાથે પ્રવાસમાં કોણ કોણ જાય એનો નિર્ણય તો બાપુ કરતા હતા. એમની સેગાંવથી ચિઠ્ઠી આવી: ‘બાબલાની જવાબદારી આપણે લીધેલી છે. આપણે તો અવારનવાર આમ બહાર જવાનું થશે. અને એનું શિક્ષણ તો આપણી સાથે કામમાં જ થવાનું છે. તેથી બાબલો આપણી સાથે મદ્રાસ જશે.’ નારાયણનો તો હરખ માય નહીં. દુર્ગાબહેન પણ રાજી થયાં. આટલા દિવસ સારુ જાહેર નાણાંનો આટલો ખર્ચ કરવાનો એ વિચાર મહાદેવભાઈને થોડો કઠ્યો હતો, પણ એક વાર બાપુનો નિર્ણય આવી ગયો પછી તો તેમણે પણ આ વિચારને વધાવી લીધો. બાબલાને સારુ તો બાપુજીની સાથે પ્રવાસની ગોઠવણ થવાથી જાણે કે જ્ઞાનનું નેત્ર જ ખૂલી ગયું. એની જિજ્ઞાસાએ પાંખો પસારી અને સતત એ જિજ્ઞાસાને સંતોષે, અથવા માહિતી ક્યાંથી મળી શકે તે અંગે ઇશારો કરે તેવા જ્ઞાનકોશ સમા કાકા તો સાથે જ ફરતા હતા ને!

ભણવામાં એક તત્ત્વ નવું ઉમેરાયું. બાબલા આગળ કોઈ પરીક્ષા નહોતી, કોઈ પાઠ્યક્રમ નહોતો. શું ભણવું છે એનો નિર્ણય કરવાનો ભાર પણ મહાદેવભાઈએ બાબલા ઉપર જ છોડ્યો. બાબલાના મનની ચંચળતાને લીધે અથવા ગાંધીજી પાસે રહેવા આવનારા વિદ્વાનોની આવનજાવનને લીધે એ પાઠ્યક્રમમાં અવારનવાર ફેરફાર થતા. એને કારણે એનો સમય પણ થોડોઘણો બગડ્યો હશે. પણ આ શિક્ષણ ‘સંસ્કારો’ અંગેની ભારતીય કલ્પનાઓ જેવું હતું. એ સંસ્કારો એક વાર મળતા તો હૃદય કે મસ્તિષ્કને કોઈક ખૂણે તે સંઘરાઈ જતા. આજે પણ તેમાંના કેટલાક ઊંચા થઈને ડોકિયાં કરતા દેખાય છે.

નારાયણના શિક્ષણનાં માધ્યમો કાંઈક નીચે જણાવેલા પ્રકારનાં ગોઠવાયાં. મહાદેવભાઈ સાથે એમના દફતરમાં નાનાંમોટાં અનેક પ્રકારનાં કામો કરવાનાં. ગાંધીજી પાસે થોડા દિવસ રહેવા આવનારા જોડે મહાદેવભાઈએ ઓળખાણ કરાવી આપી હોય તો તેમની પાસે એમની આવડતનો કોઈક ‘વિષય’ શીખવો. રવિવારે મહાદેવભાઈ સાથે ચાલતા સેગાંવ જવું અને ત્યાં બાપુનું ભાષણ સાંભળવું. રસ્તે મહાદેવભાઈ પાસે સંસ્કૃતના શ્લોકો શીખવા અથવા બીજી કોઈ જ્ઞાનચર્ચા. ત્રણચાર માસમાં તો નારાયણે

મહાદેવભાઈનાં અંગ્રેજી લખાણો ટાઇપ કરવાની જવાબદારી ઉપાડી લીધી. દફતરનાં કામોમાં એ જ કામમાં એનો ઠીક ઠીક સમય જવા લાગ્યો. નારાયણની ખાતર શરૂઆતના થોડા મહિના મહાદેવભાઈએ પોતાના સુંદર અંગ્રેજી અક્ષરોને ચીપી ચીપીને લખ્યા, કે જેથી એને ટાઇપ કરવામાં મુશ્કેલી ન પડે. પછી મહાદેવભાઈએ નારાયણ સાથે શરત કરી કે એના ટાઇપિંગમાં એક પણ ભૂલ ન થવી જોઈએ. જો ભૂલ થાય તો તે પાનું ફરી ટાઇપ કરવાનું. નારાયણે એ શરત સ્વીકારીને સામી શરત એ કરી કે એને ન સમજાય એવી કોઈ સામગ્રી ટપાલમાં નખાવી ન જોઈએ! એને પરિણામે *हरजिन*માં અઠવાડિયે અઠવાડિયે જતા લેખો પણ નારાયણની પરિધિમાં આવી ગયા.

જે વિષયોમાં મહાદેવભાઈ નિપુણ ન હોય તે વિષયોથી નારાયણ વંચિત ન રહે એની મહાદેવભાઈ ખાસ કાળજી રાખતા. એક વખત ઘનશ્યામદાસ બિરલા ઇંગ્લંડ ગયા ત્યારે એમની પાસે મહાદેવભાઈએ નારાયણ સારુ સુથારીનાં ઓજારોની પેટી અને રસાયણના પ્રયોગો કરવાની પેટી મગાવી હતી.

નારાયણના શિક્ષણની વાત નીકળી જ છે, તો સાથે સાથે એના શિક્ષકોનો પણ થોડો ઉલ્લેખ કરી લઈએ. ગાંધીજી સાથે જે સ્થાયી રીતે રહે તેમાંથી એકબે જણ સાથે નારાયણે પોતાના વર્ગો ગોઠવ્યા હતા. પ્રાધ્યાપકોની ઓળખાણ કરાવવાની જવાબદારી મહાદેવભાઈની. પણ એમની સાથે વિષય, સમય વગેરે ગોઠવવાની જવાબદારી નારાયણની. એ રીતે આચાર્ય ભણસાળી અને રાજકુમારી અમૃતકૌરે નારાયણનાં વર્ષો સુધી વર્ગો લીધા. જે એકાદ દિવસ ગાંધીજી પાસે આવીને ચાલ્યા જવાના હોય એમની સાથે તો સહજ બેસવાનું થાય તો થોડોઘણો સત્સંગ થાય. રાજાજી, જવાહરલાલજી કે સરદાર સાથે મહાદેવભાઈની વાતો ચાલતી હોય ત્યારે નારાયણની હાજરી એ લોકો સાંખી લેતા. રાજાજી જેવા તો ખાસ આવકારતા. આચાર્ય નરેન્દ્ર દેવ ત્રણ માસ માટે ગાંધીજી પાસે ચિકિત્સા સારુ આવ્યા ત્યારે નારાયણે એમની પાસે સમાજવાદ અંગે પાઠો લીધેલા. ભૂલાભાઈ દેસાઈને દુર્ગાબહેનના હાથની અનાવિલ રસોઈ ખૂબ ગમતી એટલે તેઓ મહાદેવભાઈ સાથે જમતા અચૂક, પરંતુ એમની સાથે ઝાઝી સત્સંગતિ કર્યાનું નારાયણને યાદ નથી. માત્ર એમના પુત્ર શ્રી ધીરુભાઈએ નારાયણને કાંઈક કાંઈક તાલીમ મેળવવા અને પ્રમાણપત્ર મેળવવાનો ખૂબ આગ્રહ કરેલો. જ્યારે જ્યારે પણ તેઓ વર્ધા આવે ત્યારે એ વિષય જરૂર ઉઠાવે કે મહાદેવભાઈ નહીં હોય પછી શું? એમણે વિમાનના પાઇલટ થવાની તાલીમ અપાવવાની વાત એવી જરૂર કરી હતી કે જે

મેળવવાનું નારાયણને મન થઈ ગયું હતું. બાકી કોઈ બીજી બાબત તેઓ એને લલચાવી શક્યા નહોતા. શ્રી સાદિકઅલીએ થોડા દિવસ ઉર્દૂ શીખવેલું અને રાષ્ટ્રભાષા-પ્રચારની પરીક્ષામાં નારાયણને ઉર્દૂમાં જ્યારે પ્રથમ વર્ગ મળ્યો ત્યારે સાદિકભાઈએ પરીક્ષકોને પ્રમાણપત્ર આપેલું કે તેઓ ખૂબ ઉદાર હોવા જોઈએ! પણ બે બીજા અધ્યાપકોની વાત કહ્યા વિના ચાલે એમ નથી. એક લાન્ઝા દેલવારિતો, જે ૧૯૩૭માં ત્રણેક માસ સારુ વર્ધા આવીને રહ્યા હતા. તેઓ બહુ સારા ચિત્રકાર હતા. એટલે નારાયણ રોજ એમની પાસે ચિત્રકળા શીખવા જતો. તેઓ ગંગોત્રી તરફ ઊપડી ગયા ત્યારે નારાયણે મહાદેવભાઈ આગળ એમનાં ખૂબ વખાણ કરેલાં. ઠેઠ ત્યારે મહાદેવભાઈએ કહ્યું, 'એમણે તારા વિશે શું કહ્યું છે એ જાણવું છે?' એણે કહ્યું કે, 'તમારો દીકરો જિંદગીમાં બીજું કાંઈ પણ થઈ શકશે, માત્ર એ ચિત્રકાર નહીં થઈ શકે!' નારાયણને એના જીવનમાં મળેલું કદાચ એ પહેલું પ્રમાણપત્ર હતું! પોલૅન્ડના મૉરિસ ફ્રીડમૅન (ભારતાનંદ) પાસે નારાયણે મહિનાઓ સુધી સુથારી અને ભૂમિતિના પાઠ લીધા. એમને વિશે નારાયણનો અભિપ્રાય એવો હતો કે શિક્ષક તરીકે એમનાથી વધુ ખરાબ શિક્ષક એને મળ્યા નહોતા. ભારતાનંદ જતી વખતે મહાદેવભાઈને નારાયણ વિશે કહી ગયેલા કે એનાથી સારો વિદ્યાર્થી એમને જિંદગીમાં મળ્યો નહોતો.

મહાદેવભાઈ છેલ્લાં વર્ષોમાં રોજ ૫૦૦ ગજ સૂતર કાંતતા. ઝીણું એકધારું સૂતર કાંતતાં સહજે એક કલાક લાગતો. મહાદેવભાઈના કાંતણનો કલાક તે નારાયણનો એમની પાસે 'ભણવા'નો સમય. તે એની 'એક કલાકની શાળા' હતી.

દોઢેક વરસ પછી જ્યારે 'સેગાંવ'નું 'સેવાગ્રામ' બન્યું અને ત્યાં રીતસરની ટપાલ ઑફિસ સ્થપાઈ ગઈ તે પછી મહાદેવભાઈ સેવાગ્રામ રહેવા ગયા. સેવાગ્રામ આશ્રમમાં વરસો સુધી નારાયણને બાપુએ પાયખાના-સફાઈનું કામ સોંપ્યું હતું. આશ્રમમાં કોઈ નવા મહેમાન રહેવા આવે તો તેમને બાપુ પ્રથમ કામ પાયખાના-સફાઈનું સોંપતા. એને લીધે 'અનુભવી સાથી' તરીકે નારાયણને અનેક નવા નવા આશ્રમવાસીઓ જોડે પરિચય થઈ જતો.

નારાયણ સારુ નવાં નવાં પુસ્તકો મેળવી આપવાની મહાદેવભાઈ ખાસ કાળજી રાખતા. જવાહરલાલજીના પુસ્તકાલયમાંથી ઇન્દિરાબહેન માટે થોડાં વર્ષો પહેલાં આવેલાં ઘણાં પુસ્તકો એ રીતે નારાયણને પ્રાપ્ત થઈ જતાં!

નિર્મળા ઉર્ફે બચુ એમ તો સગપણમાં મહાદેવભાઈની બહેન થાય પણ ઉંમરમાં

એમની દીકરી જેવડી. ઇચ્છાબાની ઇચ્છા એનાં લગ્ન અનાવિલમાં જ કરવાની હતી અને મહાદેવભાઈની વૃત્તિ આ બાબતમાં માતાની મરજીને માન આપવાની હતી, તેથી તેમણે અનેક ઠેકાણે નિર્મળાને સારુ મુરતિયા શોધેલા. મહાદેવભાઈની બહેન એટલે વાંકડો તો મળે જ નહીં એવી સામેના પક્ષને ખાતરી હોય, અને એમેય આ કુટુંબ અકિંચન, એટલે એકથી વધારે જગ્યાએ પ્રયત્ન કર્યા છતાં અનુકૂળ જવાબ નહોતો મળ્યો. દુર્ગાબહેનને આથી ખૂબ ઉચાટ થતો, અને તેઓ મહાદેવભાઈને વધુ પ્રયત્ન ન કરવા માટે હળવાં મહેણાં પણ સંભળાવતાં. મહાદેવભાઈનો હમેશાં એક જ જવાબ રહેતો: 'આપણી અવસ્થા તો નરસિંહ મહેતા જેવી છે. કુંવરબાઈનું મામેરું જેણે કરાવ્યું તે આપણી બચુને પણ સરખે ઠેકાણે મોકલશે.' અને ખરેખર એમની એ શ્રદ્ધા ફળી, અત્યંત નિષ્કપટ મનના, સરળ, સહૃદયી, વિદ્વાન અને સમજુ બનેવી મહાદેવભાઈને મળ્યા.

દુર્ગાબહેનનું શરીર સારું રહેતું નહીં. બનતાં સુધી પહેલી સુવાવડ પછી જ એમની તબિયત બગડેલી. નારાયણ પોતે સાનમાં આવ્યો ત્યાર પછી ક્યારેય એની બાને સાવ સાજીનરવી જોઈ નહોતી. ગાંધીજી, અલબત્ત, એમને કાંઈક ને કાંઈક પ્રયોગ કરવાનું સુઝાડ્યા કરતા, પણ કોઈ પ્રયોગ છેવટ સુધી એમણે પૂરો કર્યો હોય એવો ખ્યાલ આ લેખકને નથી. આવી તબિયત સાથે, મોટે ભાગે મહાદેવભાઈથી દૂર એકલા કુટુંબનો ભાર એમણે સંભાળ્યો. આશ્રમમાં એમની ગણતરી જયેષ્ઠાઓમાં થતી. તેથી જવાબદારીઓનો ભાર પણ તેમની ઉપર વિશેષ આવી પડતો. પરંતુ આ બધું હોવા છતાંયે દુર્ગાબહેનનું વ્યક્તિત્વ કાંઈક અજબ રીતે વિકસ્યું હતું. સાબરમતી આશ્રમમાં તેઓ આવ્યાં ત્યાર પછીનાં વર્ષોના એકબે કિસ્સાઓ શ્રી નરહરિ પરીખ વર્ણવે છે:

એક વાર મહાદેવભાઈ અને રામદાસભાઈ ગાંધી નવજીવનમાંથી ઘોડાગાડીમાં આશ્રમમાં આવતા હતા. વાડજ આગળ કૂતરાંએ પીંખી નાખેલી એક વાંદરી મરણતોલ દશામાં પડી હતી. મહાદેવભાઈ એને ગાડીમાં નાખી આશ્રમમાં લઈ આવ્યા. વાંદરીના સદ્ભાગ્યે છગનલાલભાઈ ગાંધીવાળું મકાન ખાલી હતું. તેમાં એ વાંદરીને રાખી. એના બધા ઘા ધોયા તો માલૂમ પડ્યું કે એના કપાળમાં કૂતરાના દાંત બેસવાથી લગભગ પોણો ઇંચ ઊંડો ઘા પડેલો હતો. અને પગે કૂતરાં એટલાં કરડેલાં હતાં કે તેનાથી હલાયચલાય એમ નહોતું. એના ઘા ઉપર માટીના પાટા બાંધવા માંડ્યા અને એને ખાવાનું મળ્યું એટલે થોડા દિવસમાં એ ઓરડામાં હરતીફરતી થઈ ગઈ. એક દિવસ કોઈએ બારણું ઉઘાડું

રાખ્યું એટલે ઝટ બહાર નીકળીને પાસેના ઝાડ પર ચડી ગઈ. દુર્ગાબહેનને થયું કે વળી કોઈ કૂતરાના સપાટામાં આવી જશે, એટલે તેની પાછળ પાછળ ગયાં પણ વાંદરી શેની હાથમાં આવે? એ તો ઝાડ ઉપર કૂદતી કૂદતી વાડજ સુધી પહોંચી અને દુર્ગાબહેન થાકીને એને ભગવાનને ભરોસે છોડીને પાછાં આવ્યાં.

દુર્ગાબહેનના સ્વભાવમાં દયાવૃત્તિ સહજ જ છે. એક વખત એક કૂતરી મરવા જેવી સ્થિતિમાં એમના અને કિશોરલાલભાઈના ઘરની વચમાં આવીને પડી હતી. કિશોરલાલભાઈએ એને પાણી છાંટ્યું અને થોડું દૂધ પાયું. પછી દુર્ગાબહેને તો એને રીતસર પોતાના ઘરમાં જ રાખી એનું પાલનપોષણ કરવા માંડ્યું. કૂતરી સારી થઈ અને અમે બધાંએ એનું નામ પ્રેમી પાડ્યું. પછી તો એને બચ્ચાં થયાં. અમારા બધાના ઘરના ઓટલા સળંગ હતા એટલે એ બચ્ચાંએ અમારા બધાંના ઓટલા બગાડવા માંડ્યા. કોઈ એને મારે તો દુર્ગાબહેન કહેતાં, હું બધાના ઓટલા ધોઈશ પણ કોઈ એ કુરકુરિયાંને મારશો નહીં. એક દિવસે કાકાસાહેબે મહાદેવભાઈને કહ્યું, આ બધાં બચ્ચાં કાંઈ જીવવાનાં તો નથી જ. આપણને બધાને હેરાન કરશે અને એ પણ દુ:ખી થશે. માટે તમારે એકાદ પાળવું હોય તો પાળો. બીજાને તમારો વાંધો ન હોય તો હું મારી નાખું. દુર્ગાબહેન વાત સાંભળતાં હતાં. તેમણે કાકાસાહેબને કાંઈ કહ્યું તો નહીં પણ આંખમાં આંસુ સાથે બારણામાં ઊભાં રહ્યાં. કાકાસાહેબ એ જોઈ ગયા એટલે ચૂપચાપ ચાલ્યા ગયા અને કુરકુરિયાંને મારવાની વાત ફરી કદી કાઢી જ નહીં.૨

શ્રી કેદારનાથજી આ લેખકને જ્યારે મળતા ત્યારે મહાદેવભાઈની સાથે દુર્ગાબહેનને અવશ્ય યાદ કરતા. તેઓ કહેતા કે, 'મહાદેવભાઈને તો સૌ જાણે છે, પણ દુર્ગાબહેનના ગુણો જરાય ઓછા નહોતા...' એક વાર શ્રી મોટા — શ્રી ચૂનીલાલ ભક્તે — દુર્ગાબહેનનો એક વિશિષ્ટ પ્રસંગ કહેલો. એ વર્ણન કરતાં પણ તેમની આંખ સજળ થયેલી. ૧૯૩૪-'૩૫ના અરસામાં હરિજન આશ્રમમાં ચૂનીભાઈ ભક્ત દુર્ગાબહેનના પડોશમાં રહે. હરિજન સેવક સંઘના કામ અંગે તેમને અનેક વાર બહારગામ જવાનું થતું. એક વાર તેઓ એમ ખભે ઝોળી લઈ નીકળ્યા ત્યારે દુર્ગાબહેન બહાર ઓસરી પર બેઠાં હતાં. એમણે ચૂનીભાઈને કહ્યું, 'કેમ, ચૂનીભાઈ જાઓ છો?' જવાબમાં ચૂનીભાઈ વાંકા વળીને એમને પગે લાગ્યા. દુર્ગાબહેને સહજ રીતે જ એમના માથા પર હાથ મૂક્યો. આટલું વર્ણન કરતાં તો મોટાની આંખો ભીની થઈ ગઈ ને તેમણે કહ્યું, 'તમને શું કહું નારાયણભાઈ? એવો સ્પર્શ તો મેં કદી પહેલાં અનુભવ્યો જ નહોતો, જાણે

વીજળી પસાર થઈ ગઈ. મારું તો આખું વ્યક્તિત્વ જ ઝંકૃત થઈ ઊઠ્યું.' મોટા અને કેદારનાથજી બંને આધ્યાત્મિક પુરુષો. બંનેને મોઢે દુર્ગાબહેનની આધ્યાત્મિક પ્રવૃત્તિનાં વર્ણન સાંભળીને આ લેખકને ઘણી વાર એમ થયું છે કે, 'તારી મા ખુદ ગંગામૈયા હતી, તોયે તું એ ગંગોદકમાં ન નહાયો?' ગંગાજળની દેડકીને ભલા ગંગાનું મહત્ત્વ શી રીતે સમજાય?

મહાદેવભાઈના ગૃહસ્થાશ્રમ અંગે જોકે આ તબક્કે એક વાત તો સ્પષ્ટ કરવી જ જોઈએ કે એ ગૃહસ્થાશ્રમ બાહ્ય દૃષ્ટિએ એમાં ભલે ગમે તેટલાં વિઘ્નો આવ્યાં હોય, પણ આંતરિક દૃષ્ટિએ અત્યંત ભર્યો ભર્યો અને સાચા અર્થમાં સુખસંતોષમય હતો. પરસ્પર અપાર પ્રેમ કરતાં, એકબીજાને સમજતાં અને એકબીજા વિશે આદર તથા ગૌરવભાવ ધરાવતાં, એકબીજા ખાતર કાંઈક ને કાંઈક કરી છૂટવાને મથનાર કુટુંબીજનોનો એ મેળો હતો. જીવન વિશેનો એ પરિવારનો અભિગમ સર્વ પ્રકારની તાણથી ઉપર ઊઠેલો અને વિધેયક હતો. શારીરિક કષ્ટો એણે ભોગવ્યાં હતાં. લાંબા ગાળના વિયોગો એણે સહ્યા હતા. આર્થિક મુશ્કેલીઓ એણે અનુભવી હતી. પણ જો સરવૈયું કાઢીએ — તો એ કુટુંબનું જમાપાસું એના ઉધાર પાસાને ક્યાંય પાછળ રાખી દે એવું હતું. પિતાએ એને આદર્શો આપ્યા હતા, માતાએ ત્યાગ આપ્યો હતો. પુત્રે ઉત્સાહ આપ્યો હતો. એ આદર્શોને લીધે જીવનની દિશા મળી હતી; એ ત્યાગને લીધે એને ટકાવી રાખનાર તત્ત્વ મળ્યું હતું, એ ઉત્સાહને લીધે એ જીવન આનંદમય બન્યું હતું.

બે વખતનું ભોજન અને એક વખતનો નાસ્તો એ આ કુટુંબમેળાની ત્રિકાળસંધ્યા હતી. દુર્ગાબહેનને ઉત્તમ રસોઈ બનાવતાં આવડતી અને ગમતી. મહાદેવભાઈ અને બાબલો એ રસોઈ પર વારી વારી જતા. ખાતી વખતે જ બધી વાતો હોય. એ વાતો મગનવાડી સેવાગ્રામનાં પાત્રોથી માંડીને દેશવિદેશના પ્રશ્નો અંગેની ચાલતી. એ વાતોમાં બાબલો પૂછનાર, કાકા જવાબ આપનાર અને બા ટિપ્પણી કરનાર રહેતી. સાંજે કાકા કાંઈક ને કાંઈક વાંચી સંભળાવતા. પ્રમાણમાં આ ક્રમ બહુ લાંબા ગાળા સુધી નિયમિત ચાલ્યો નહીં. પણ જેટલો ચાલ્યો તે અત્યંત સુખનો ગાળો હતો. એ ઘરના સુખમાં વધારો કરનાર એક તત્ત્વ મહેમાનોનું પણ હતું. સેગાંવમાં જ્યાં સુધી મકાનો નહોતાં થયાં ત્યાં સુધી બાપુના મહેમાનો એ મહાદેવભાઈના મહેમાનો બની જતા. અલબત્ત, વર્ધામાં સૌથી મોટા યજમાન તો હતા જમનાલાલજી. પણ બાપુના અંતરંગ મહેમાનો 'બંગલા' કરતાં મગનવાડીમાં રહેવાનું વધુ પસંદ કરતા. કૉંગ્રેસ કારોબારીના સભ્યો,

અલબત્ત, જમનાલાલજીને બંગલે ઊતરતા. પણ એમાંના ઘણાખરાને બાપુને મળ્યા પહેલાં મહાદેવને મળીને બાપુનું મન કેમ ચાલે છે તે સમજી લેવું ગમતું. એ રીતે બાપુની ચર્ચાનો થોડો ભાર હળવો કરવો મહાદેવને ગમતો. એ લોકોની વાતચીતોની સર્વ ગલીગૂંચીઓ કાકાની પાછળ બેસીને, અથવા એમને સારુ ચાની ટ્રે લાવ્યા પછી ત્યાં જ ગોઠવાઈ જઈને સાંભળવી અને સમજવી બાબલાને ગમતી. અને દરેક વિશિષ્ટ અતિથિને ભાવતી વસ્તુ તરત બનાવી આપી ખાસ આગ્રહ કર્યા વિના જ એમને ભાવથી ખવડાવવી બાને ગમતી. દુર્ગાબહેનની રસોઈનાં વખાણ મહાદેવભાઈએ દેશને કયે ખૂણે નહીં કર્યાં હોય?

દુર્ગાબહેનની લગભગ નિરંતર માંદગી એ આ પરિવારના સુખમય જીવનમાં વિઘ્ન પાડનાર વિષય હતો. પણ એક રીતે તે મહાદેવભાઈ અને દુર્ગાબહેનને સ્નેહને તાંતણે બાંધનાર વિષય પણ બની રહેતો. આશ્ચર્યનો વિષય એ હતો કે સામાન્ય રીતે દુર્ગાબહેન અને મહાદેવભાઈને સાથે રહેવાના બહુ સંજોગો ઊભા થતા નહીં પણ મહાદેવભાઈની દરેક ગંભીર માંદગી વખતે સંજોગો અનુસાર દુર્ગાબહેન એમની પડખે હતાં. પણ દુર્ગાબહેનની માંદગી વિશે એમ કહી શકાય નહીં. એમનું વાનું દરદ તો લગભગ આખો વખત જ કાયમ રહ્યું. એને અંગે મહાદેવભાઈ સર્વ પ્રકારના સલાહકારો આગળ પૂછપરછ કરતા અને જે જે સલાહ મળે તે બધી દુર્ગાબહેનને લખી જણાવતા. પણ ચિત્રવિચિત્ર ઉપચારોથી દુર્ગાબહેન કંટાળતાં. એક મોટા હકીમ — બાપુની હસ્તી તો સદૈવ માથા પર હતી જ, પણ એમના સૂચવાયેલા સર્વ ઉપચારો દુર્ગાબહેને છેવટ સુધી અજમાવ્યા હતા કે કેમ એ શંકાનો વિષય છે. મહાદેવભાઈએ એક વાર દુર્ગાબહેન ઉનાઈના ઊના પાણીના ઝરામાં નાહ્ય એવી વ્યવસ્થા કરેલી. તે વખતે દુર્ગાબહેનનાં મોટાં બહેન મણિબહેન પણ એમની સાથે હતાં. બધી વ્યવસ્થા વાંસદાવાળા શ્રી માધુભાઈ જે. પટેલે ખૂબ ભાવપૂર્વક કરેલી. પણ મહાદેવભાઈ ત્યારે પણ પૂરો સમય એમની સાથે રહી શકેલા નહોતા. બીજી એક વાર, ૧૯૪૧માં દુર્ગાબહેનની બીમારી અતિ ગંભીર થઈ ગઈ હતી. દુર્ગાબહેનને બાપુની અને ડૉ. સુશીલા નય્યરની દેખરેખ નીચે રાખીને તે વખતે મહાદેવભાઈને શાંતિસેનાના કામ સારુ અમદાવાદ જવું પડ્યું હતું. શાંતિસેનાની એ પહેલી વ્યવસ્થિત ટુકડી હતી. હિંદુ-મુસ્લિમ હુલ્લડો શમાવવાનું કામ એક તરફ મહાદેવભાઈ કરતા હતા, બીજી તરફ જેલમાં બેઠેલા સરદારને રોજેરોજની પ્રવૃત્તિનો અહેવાલ આપતા અને ત્રીજી તરફ લગભગ મરણાસન્ન દુર્ગાના સમાચાર સેવાગ્રામથી

મેળવતા હતા. આ વિયોગ એ બંનેની જોડીને વધુ આંતરિક સ્નેહગાંઠથી જોડનારો જ નીવડતો હતો. બાબલાની બીમારી હોય તો દુર્ગાબહેન સેવા કરે અને મહાદેવભાઈ આંસુ સારે — અથવા તો પછી પુસ્તકાલયમાંથી એ રોગ અંગેની સર્વ માહિતી એકઠી કરીને બાબલાને સમજાવે. મહાદેવભાઈની બીમારીમાં એક આગાખાન પૅલેસને બાદ કરતાં દુર્ગાબહેન અને બાબલો એમની સાથે જ હતાં. પણ એમને માથે કે પગે તેલમાલિશ કરવા સિવાય એમની ખાસ કાંઈ સેવા કરવી પડે એવી એમની બીમારી નહોતી. મહાદેવભાઈને જરૂર હતી આરામની જે બાબલો અને દુર્ગાબહેન તો શું, પણ બાપુ પણ આપી શકે એમ નહોતા.

કોઈક વાર મહાદેવભાઈ દિવસે ઓરડી બંધ કરીને સૂવાનો પ્રયત્ન કરતા. તે વખતે નારાયણને કહેતા, ‘બાબા, હું સૂવા જાઉં છું. ભલો ભૂપ આવે તોપણ મને ઉઠાડીશ નહીં. ખુદ યમ આવે તોપણ એને ઘડીભર થોભી જવાનું કહેજે!’

બાબલો સહેજ ટીખળ કરીને પ્રશ્ન પૂછતો, ‘અને કાકા, જો બાપુ આવે તો?’

એ પ્રશ્નનો જવાબ મહાદેવભાઈ પાસે નહોતો. તેઓ માત્ર બાબલા તરફ જોઈને કહેતા, ‘લુચ્ચા! તું તો બધી વાતમાં પકડી પાડે છે!’

પણ એ પ્રશ્નનો જવાબ બાબલા પાસે હતો. એને ખબર હતી કે બાપુ આવે તો મહાદેવને ઉઠાડવા જ ન પડે, એમના આવતાં પહેલાં જ કાકા ઊઠેલા હોય!

બીજા વિશ્વયુદ્ધ વખતનો એક પ્રસંગ અહીં જ નોંધી લઈએ. ગાંધીજીએ વિદેશી આક્રમણના સંજોગોમાં અહિંસક પ્રતિકારની પોતાની જે કલ્પના દેશ અને દુનિયા આગળ રજૂ કરેલી તેનો એક હિસ્સો એ હતો કે અહિંસક સૈનિકો આક્રમણકારી સેનાની સામે જઈને એમની તોપોનાં મોં આગળ નિર્ભયપણે ઊભા રહી, એના ‘શિકાર’ (કેનન ફોડર) બનવા તૈયાર હશે. હવે, ગાંધીજીએ એક વિચાર મૂક્યો અને એનો અમલ પોતાના લોકોથી જ ન કરે, તો એ ગાંધીજી શાના? એમણે સેવાગ્રામ આશ્રમના અંતેવાસીઓને આ આખી વાત કરી અને પૂછ્યું કે એમનામાંથી કોણ કોણ આ રીતે સરહદ પર જઈને તોપોની સામે ઊભા રહેવા તૈયાર હતું.

તે દિવસે રાતે મહાદેવ કુટિની પરસાળમાં બા અને કાકાની પથારીની વચ્ચે બાબલાની પથારી હતી. બાબલો ઊંઘી ગયો છે એમ સમજી મહાદેવભાઈ અને દુર્ગાબહેન વાતો કરતાં હતાં. બાબલો છાનોમાનો આંખો મીંચીને એ સંવાદ એટલા માટે રસપૂર્વક સાંભળતો હતો કે એનો વિષય એ પોતે જ હતો.

મહાદેવભાઈ: આજે બાપુએ કહ્યું હતું તે સાંભળ્યું છે?

દુર્ગાબહેન: કેમ, આપણે સાથે જ બેઠાં હતાં ને?

મ: તેં શો વિચાર કર્યો?

દુ: વિચાર વળી શો કરવાનો હોય? બાપુ કહે તેમ કરવાનું.

મ: મરવાની તૈયારી છે?

દુ: તોપને મોંએ ચડવાનું હોય તો મરવું તો પડે જ ને? પણ બાબલાનું શું વિચાર્યું? એમ કરો, હવે બાબલો મોટો થયો. અત્યાર સુધી એને મેં ઉછેર્યો છે. હવે એને શિક્ષણની જરૂર પડવાની. તે તમે જ આપી શકો. એટલે તમે અહીં રહેજો, હું બાપુની સેનામાં જઈશ.

મ: પણ તું જાય તોય હું ઓછો જ બહાર રહી શકવાનો હતો? બાપુની સેના તોપે ચડતી હોય ને હું એમાં ન હોઉં એમ બને?

બન્નેની વાતમાં તથ્ય હતું. થોડી ક્ષણો બંને શાંત રહ્યાં. છેવટે નિશ્ચય કર્યો કે જો બાપુ એવી સેનાની માગણી કરે તો બંને જણ પોતાનાં નામ એમાં આપશે. 'બાબલો હવે સમજણો થઈ ગયો છે. એની ચિંતા ઈશ્વર કરશે.'

નોંધ:

૧. મહાદેવભાઈની માસિક આવક રૂ. ૭૫/- હતી. તેને વિશે દુર્ગાબહેન કહેતાં: 'આપણે તો ભાઈ ત્રણ પચીસનાં તાલેવાન!'

૨. નરહરિ પરીખ: महादेवभाईनुं पूर्वचरित: પૃ. ૮૮થી ૯૦.

# આડત્રીસ – બ્રહ્મચર્ય

ગાંધીજીને પહેલી વાર મળતાં પહેલાં આશ્રમની નિયમાવલિ વિશે નરહરિભાઈ અને મહાદેવભાઈએ જે પત્ર તેમને સંયુક્ત સહીથી મોકલ્યો હતો એમાં બે વિષયો અંગે પોતાની 'પોથી પંડિતાઈ' ઠાલવી હતી એવો ઉલ્લેખ महादेवभाईन ुपर ूवचरतिમાં નરહરિભાઈ કરે છે. એ 'પોથી' આજે ઉપલબ્ધ નથી. હોત તો કદાચ આ બાબતોમાં ગાંધીજી અને મહાદેવભાઈ વચ્ચે કાંઈ મૂળભૂત મતભેદ હતા કે નહીં એ સમજવામાં ઉપયોગી થાત. ત્યાર પછીનું જે કાંઈ સાહિત્ય ઉપલબ્ધ છે તે જોતાં, ખાસ કરીને મહાદેવભાઈના મરણ પછી વર્ષો વીત્યે દુર્ગાબહેન જોડે આ લેખકને જે કાંઈ વાતચીત થઈ શકી હતી તેને આધારે એમ લાગે છે કે બ્રહ્મચર્યના આદર્શ વિશે ગાંધીજી અને મહાદેવભાઈ વચ્ચે કોઈ સૈદ્ધાંતિક મતભેદ નહોતો. એમના આદર્શ મુજબના પાલન અંગે જ્યારે ક્યારે પણ કાંઈ ત્રુટિ જણાય ત્યારે તે બાબતમાં બંનેના વ્યવહારમાં ભેદ હતો ખરો. આવે પ્રસંગે ગાંધીજીને છાપરે ચડીને પોતાની 'ભૂલ'ને જગજાહેર કરતાં જરાય સંકોચ નહોતો થતો. પોતાના જીવનના અંતિમ દિવસોમાં બ્રહ્મચર્યના આદર્શને ધ્યાનમાં રાખીને તેમણે જે 'પ્રયોગ' કર્યો હતો તેને વિશે પણ તેમણે જ સત્યનિષ્ઠા અને નિર્ભીકતા બતાવી હતી. મહાદેવભાઈની આ બાબતમાં જે વૃત્તિ હતી તેને સંકોચશીલ કે શરમાળ કહી શકાય — કાંઈક અંશે ભીરુ પણ ખરી. આવે પ્રસંગે તેઓ દુર્ગાબહેન, નરહરિભાઈ, મશરૂવાળા, કાકાસાહેબ જેવાઓ આગળ કે ગાંધીજીની આગળ વાત પ્રગટ અવશ્ય કરતા. પણ એનો ઢંઢેરો પીટતા નહીં. મહાદેવભાઈએ કોઈ દિવસ પોતાની તાકાત કે નબળાઈનો ઢંઢેરો પીટ્યો જ નહોતો. ઢંઢેરો પીટવો એ ગાંધીજીનો સ્વભાવ

હતો. અને ગાંધીજીના ઢંઢેરાને ગજાવવો એ મહાદેવભાઈનો સ્વધર્મ હતો. બાકી પોતે જેમ પ્રસિદ્ધિથી દૂર રહેતા તેમ અપવાદોથી પણ થોડા બચતા જ રહેતા.

બ્રહ્મચર્ય અંગે ગાંધીજીથી સ્વતંત્ર એવા મહાદેવભાઈના વિચાર હોય એવું આપણે જાણતા નથી. ગાંધીજીના આદર્શને જ એમણે શિરોધાર્ય કર્યો હશે. અને પછી બીજી અનેક બાબતોની માફક આ બાબતમાં પણ પોતે કેટલા પાછળ છે એ વિચારે પોતાની જાતને સતાવી હશે એમ લાગે છે. તે વિશે આ જ પ્રકરણમાં થોડું પાછળથી વિચારીશું. આ બાબતમાં ગાંધીજીના આદર્શો એકંદરે જાણીતા છે. બ્રહ્મચર્યના પાલન વિના ગાંધીજી સત્ય અહિંસાનું પાલન અશક્ય માનતા. તેમણે *मंगल प्रभात*માં કહ્યું છે:

જે મનુષ્ય સત્યને વરેલ છે અને તેની જ ઉપાસના કરે છે તે બીજી કોઈ પણ વસ્તુની આરાધના કરે તો તે વ્યભિચારી ઠર્યો. ... અહિંસા એટલે સર્વવ્યાપી પ્રેમ. જ્યાં પુરુષે એક સ્ત્રીને કે સ્ત્રીએ એક પુરુષને પોતાનો પ્રેમ આપ્યો ત્યાં તેની પાસે એકબીજાને અર્થે શું રહ્યું?'૧ આ વિચારને આગળ વધારતાં તેઓ પ્રશ્ન પૂછે છે: 'ત્યારે વિવાહ કરી બેઠા છે તેમનું શું? તેમને સત્ય કોઈ દહાડો નહીં જડે? તે સ્વાર્પણ કદી નહીં કરી શકે? આપણે તેનો રસ્તો કાઢ્યો જ છે. વિવાહિતે અવિવાહિત જેવા થઈ જવું... વિવાહિત સ્ત્રીપુરુષ એકબીજાને ભાઈબહેન ગણતાં થઈ જાય એટલે બધી જ જંજાળમાંથી તે મુક્ત થયાં...'૧

દિલ્હીમાં હિંદુ-મુસ્લિમ ઐક્ય સારુ એકવીસ દિવસના ઉપવાસ કર્યા ત્યારે શાંતિનિકેતનના મલયાલી વિદ્યાર્થી શ્રી જી. રામચંદ્રને તેમની સાથે કેટલીક પાયાની ચર્ચાઓ કરી હતી. તેમાં એક વિષય બ્રહ્મચર્યનો હતો. ગાંધીજીએ એમની આગળ બ્રહ્મચર્યની ભૂમિકા આ રીતે બાંધેલી:

મોક્ષને માટે શરીરનાં બંધન તૂટવાં જોઈએ. શરીરનાં બંધન તોડનારી દરેક વસ્તુ પથ્ય અને બીજી અપથ્ય. લગ્ન એ બંધન તોડવાને બદલે તેને ઊલટાં વધારે જકડી લે છે. બ્રહ્મચર્ય જ એવી વસ્તુ છે કે જે માણસનાં બંધન મર્યાદિત કરી ઈશ્વરાર્પિત જીવન ગાળવાને તેને શક્તિમાન કરે છે.૨

પરંતુ બ્રહ્મચર્ય અંગેનો તેમનો વિચાર પ્રણાલીગત નથી એવો પણ ગાંધીજીનો દાવો છે. તેઓ કહે છે:

'આ વ્રતો મેં પાતંજલમાંથી નથી કાઢ્યાં. શુદ્ધ સત્યાગ્રહનાં અવિભાજ્ય અંગ તરીકે ઉપાડેલાં, પાછળથી શાસ્ત્રમાંથી એને માટે મને આધાર મળ્યો.'૩

તેમણે મહાદેવભાઈ ઉપરના એક પત્રમાં તો એવો દાવો પણ કર્યો હતો કે,

હું તો જાણું જ છું કે જો હું અહિંસા, સત્ય ને બ્રહ્મચર્યનું કાયાથી, વાચાથી ને મનથી પૂરું પાલન કરી શકું તો સ્વરાજ આ જ વર્ષે મળે જ, અથવા તો આપણામાંથી કોઈ એવો પેદા થાય તોપણ અથવા આપણા બધાનું તપ એકઠું કરતાં પૂરું થાય તોપણ.૪

પરંતુ સ્ત્રીનું મોં જોવા પણ તૈયાર ન થાય એવા બાવાજીના બ્રહ્મચર્યમાં ગાંધીજીને વિશ્વાસ નહોતો. એમની શ્રદ્ધા એનાથી ઘણી વધારે વિધાયક હતી. સાધુ સુરેન્દ્રજીના એક પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે:

સ્ત્રીજાતિનું દર્શન, તેનો સંગ તે અનુભવે સંયમમાં વિઘાતક જોવામાં આવે છે તેથી તે ત્યાજ્ય છે આ વિચારશ્રેણીમાં મને દોષ લાગે છે. સ્વાભાવિક સંગ, જેનું મૂળ સેવા છે, એ તજીને જ પાળી શકાય એ સંયમ નથી, એ બ્રહ્મચર્ય નથી. એ તો વૈરાગ્ય વિનાનો ત્યાગ છે.૫

મહાદેવભાઈએ ગાંધીજીના આ મૂળ સિદ્ધાંતનો ક્યાંય વિરોધ કર્યો નહોતો. એને અંગે તેમણે કોઈ કોઈ વાર ગાંધીજી જોડે ચર્ચા કરી હશે, પણ એમણે જે ભાવ ઠેકઠેકાણે વ્યક્ત કર્યો છે, તે બ્રહ્મચર્યના આદર્શ સુધી પોતે પહોંચી નહોતા શક્યા તેને અંગેની દિલગીરીનો ભાવ જ હતો. એકત્રીસ વર્ષની ઉંમરે કોઈકને જનોઈ દેતાં તેમને કેટલાક મંત્રો બોલાવવા પડે છે.

તું હરિશ્ચંદ્ર જેવો સત્યશીલ થા, તું પરશુરામ જેવો બળવાન થા, તું બ્રહ્મચારી થા, તું મારો બ્રહ્મચારી છે — એમ કહેતાં કહેતાં હું મારી મૂંઝવણ આંખોમાંથી વ્યક્ત થતી રોકી શક્યો નહીં. કડક બ્રહ્મચર્ય પાળનાર વિના બીજો કોણ બ્રહ્મચર્યની દીક્ષા આપી શકે? તે દિવસ અને રાત્રિ મેં જે હૃદયમંથન અનુભવ્યું તેને યાદ કરીને હજી પણ હું ચોકું છું.૬

વિનોબાની કઠિન તપસ્યાનું વર્ણન કર્યા પછી મહાદેવભાઈ પોતા વિશે વિચારવા બેસે છે:

'મને એમ જ થયું કે આવી કઠણ તપશ્ચર્યા કરીને જ જો આશ્રમમાં રહેવા અવાતું હોય તો હું તો આ અવતારે આશ્રમમાં નહીં રહેવા પામું,'૭

આ વચન એમણે ત્યારે કહ્યું હતું કે જ્યારે ગાંધીજી સાથે જોડાયાને એમને છ વરસ થઈ ચૂક્યાં હતાં.

આશ્રમમાં રહેનારાઓ સારુ જે નિયમાવલિ હતી તેમાં એક અગત્યનો નિયમ

બ્રહ્મચર્યનો હતો, એ તો આપણે જાણીએ છીએ. મહાદેવભાઈ એ બાબત ‘પ્રયત્નશીલો’માં હતા, વ્રતધારીઓમાં નહોતા.

આ બાબતમાં ગાંધીજી એક સીમાથી વધુ આગ્રહી નહોતા. તેથી તો એમના આશ્રમમાં બ્રહ્મચર્યની વિધિસર પ્રતિજ્ઞા લીધા વિના જ ઘણા કાર્યકરો પ્રયત્નશીલ તરીકે રહી શક્યા હતા — જોકે આવી કોઈ શ્રેણી પાડવામાં આવી નહોતી. ખુદ ગાંધીજીને બ્રહ્મચર્યની સાધનામાં ઠીક ઠીક મહેનત કરવી પડી હતી. દૃઢ સંકલ્પ, લોકો આગળ મનના સૂક્ષ્મતમ ભાવો સ્પષ્ટપણે વ્યક્ત કરવા જેવી સચ્ચાઈ અને હિંમત, અને નિરંતર જાગૃતિ વડે જ તેઓ બ્રહ્મચર્ય વિશેના પોતાના આદર્શ તરફ આગળ વધી રહ્યા હતા. મોટી ઉંમરે માંદગી દરમિયાન તેમણે થોડીક ક્ષણો સારુ જે મનોવિકાર અનુભવ્યા હતા તેથી તેઓ ધ્રૂજી ઊઠ્યા હતા. પણ તેઓ સાથીઓને આ બાબતમાં કેમ પ્રયત્ન કરવો તેને અંગે સલાહ આપવા તૈયાર રહેતા. વાલોડના સત્યાગ્રહી સદ્‌ગૃહસ્થ શ્રી સન્મુખલાલ શાહને એક વાર તેમણે આપેલી એક પોસ્ટકાર્ડમાં માય એટલી ટૂંકી સલાહ પોતાની સાધનાના પરિપાક જેવી છે:

‘બ્રહ્મચર્ય પાળવા સારુ (૧) અલ્પાહાર, (૨) સારું વાચન, (૩) નિત્ય મનન, (૪) પુષ્કળ શારીરિક અને માનસિક શ્રમ, (૫) મસાલા તથા માદક પદાર્થોનો ત્યાગ, (૬) નાટકાદિ શૃંગારમય વસ્તુઓનો ત્યાગ, (૭) સ્ત્રી સાથે એકાંતનો ત્યાગ, (૮) સ્ત્રીસંગનો માનસિક ત્યાગ, (૯) રામનામનો અથવા એવો બીજે જપ, આટલી વસ્તુઓ આવશ્યક છે.’૮

૧૯૨૧ના જુલાઈ માસમાં મહાદેવભાઈ જ્યારે અલાહાબાદમાં હતા ત્યારે ગાંધીજીએ એમની ઉપર લખેલો એક પત્ર સૂચવે છે કે તે અરસામાં એવી કોઈ ઘટના થઈ હશે જેને તે બંને જણે વિવાહિત જીવનમાં બ્રહ્મચર્યનો ભંગ ગણી હશે. લગભગ દીવા જેવું સ્પષ્ટ છે કે આ ઘટના દુર્ગાબહેનને પહેલી સુવાવડ આવી તે અરસાની છે. પણ એયે સ્પષ્ટ છે કે એ ઘટનાને બંને જણે ‘દોષ’ માની છે. અને ગાંધીજીએ તો એવી પ્રવૃત્તિથી બચવા સારુ લાંબી આચારસંહિતા પણ સૂચવી દીધી છે. પત્રનો સંબંધિત અંશ નીચે મુજબ છે:

તમારું વાંચ્યું, વિપરીત થયું. આપણે કેમ ભુલાવામાં પડીએ છીએ એ દેખાય છે. ખરું પ્રાયશ્ચિત્ત તો એવું ફરી ન થાય એ જ હોય. પણ હું નીચે પ્રમાણે સૂચવું છું. દરેક એકાદશીએ કેવળ એક શેર — એંશી રૂપિયાભાર — ગરમ દૂધભર રહેવું. ન ફળ

લેવું, ન સાકર લેવી. અને તે બે કે ત્રણ ટંકમાં પી જવું, એકીવારે નહીં. આમ હવે પછીની એકાદશી પછી એક વર્ષ સુધી.

શ્રીમદ્ રાયચંદના લેખો વાંચી-વિચારી જવા.

मणरित्नमाळा તુલસીદાસની વાંચી-વિચારી જવી.

ભર્તૃહરિનું वैराग्यशतक વાંચી-વિચારી જવું.

योगवासष्ठिનું વૈરાગ્યપ્રકરણ ખૂબ ધ્યાનપૂર્વક વાંચી જવું.

નિત્ય એક કલાક ઓછામાં ઓછો રેંટિયો ચલાવવો ને હમેશાં તે વેળા એવી ધારણા કરવી કે તે યજ્ઞ વડે મલિનતા ધોવાય. આ પણ એક વર્ષ લગી ને મુસાફરી ને માંદગી માફ.

સવારે ઊઠતાં બીજું બધું કાર્ય પછી જ થાય. ઊઠી, દાંત ધોઈ, શૌચ જવું હોય તો શૌચ કરી આશ્રમમાં હોય તો પ્રાર્થના કરી અરધો કલાક મૂંગે મોઢે પેલાં પુસ્તકોનું વાચન ને પછી એક કલાક રેંટિયો. પછી બીજું બધું.

એક વર્ષ સુધી નવ વાગતા પહેલાં સૂઈ જવું ને ચાર વાગ્યા પછી પથારીમાં ન જ રહેવું. આ બધું તમે માંદા પડો ત્યારે બદલી શકાય.

આ પ્રાયશ્ચિત્ત આપતાં છતાં હું દોષને મોટું રૂપ નથી આપતો તેમ તેને નાનું રૂપ પણ નથી આપતો. આમાંથી તમારે કાઢી નાખવું હોય તે કાઢી નાખજો. લોકલજ્જાને વશ થઈ રેંટિયો ન કાઢજો. ને લોકલજ્જા કે સેવાના વિચારથી નવ વાગ્યે સૂઈ જતાં ન ડરજો. इन्डपिन्डन्टને આડે આવવા ન દેજો... દૈનિકને સારું લખનારે રાતના જાગવાની જરૂર નથી. વળી જે શૈલીથી આપણે ચલાવવા માગીએ તેમાં તો એવું કશું છે જ નહીં.

જાણજો કે ઉપર દોઢ કલાક તો મૌનનો જ છે. તમારો કાગળ દેવદાસે નિર્દોષ બુદ્ધિથી શરૂ કર્યો પછી તેને રોકવાનું ઠીક ન ગણ્યું.

તમે ન આવવાને સારુ આપેલ કારણો સબળ છે એટલે ભલે ન આવો. પંડિતજી તેડે કે જોસેફ મોકલે ને આવો તો જુદી વાત. નહીં અવાય તો તેની ફિકર નથી. આવ્યા હોત તો હું રાજી થાત.

તમારો દોષ જોયા છતાં કંઈ મારા પ્રેમમાં ન્યૂનતા હોય એવું તો ન જ માનશો. હું પૂર્ણ હોઉં તો ન્યૂનતાને અવકાશ ન હોય. હું અપૂર્ણ મુમુક્ષુ જો બીજાના દોષને મોટા કરી જોઉં તો અપૂર્ણતામાં વધારો કરું.

નિત્યસ્મરણ મેં સૂચવ્યું છે છતાં ગ્લાનિ ન જ રહેવી જોઈએ. શુદ્ધ પશ્ચાત્તાપ ગ્લાનિનો વિરોધી છે. પાપ લાંબું મોઢું કરે છે. મલિનતાનું સ્મરણ આપણને નમ્ર બનાવે, ગ્લાનિ કદી નહીં. सुखदुःखे समे कृत्वा 'અહીં પણ લાગુ પડે છે.'૯

ઉપરોક્ત પત્ર પરથી એ પણ દેખાઈ આવે છે કે જેને ગાંધીજી 'વિપરીત થયું.' કહીને વર્ણવે છે તે વિવાહિત જીવન બહારનું સ્ખલન નથી. એમ હોત તો ગાંધીજી 'દોષને મોટું રૂપ નથી આપતો' એમ ન કહેત. કદાચ એને વિશે એમણે નવજીવનમાં પણ લખ્યું હોત અને કદાચ મહાદેવભાઈએ ગાંધીજી પાસે છૂટા થવાનું પણ વિચાર્યું હોત. દુર્ભાગ્યે આ પ્રસંગ મહાદેવભાઈએ ગાંધીજીને લખેલ તે પત્ર મળતો નથી. નહીં તો હકીકત શી હતી એ સમજાત, અને એનાથી વધુ મહત્ત્વની વાત તો એમનું માનસ કેમ કામ કરતું હતું તે સમજાત. અહીં શ્રી છગનલાલ જોશીના અંજલિ-ઉદ્ગાર સાંભરી આવે છે:

'પોતાની નાનકડી રજવત્ ભૂલ પણ મોટા પહાડ સમાન જાણી નાનામોટા દોષોનો જાહેર એકરાર કરી ઘટતું પ્રાયશ્ચિત્ત કરી મહાદેવભાઈ પાપમાંથી તદ્દન મુક્ત થઈ ગયા હતા એમ નજીકના કુટુંબીજન, આશ્રમવાસી, અંતેવાસી તરીકે કહી શકું છું.'૯એ

આવો જ એક બીજો પત્ર મહાદેવભાઈ હિંડળગા જેલમાંથી છૂટીને આવ્યા ત્યારનો છે. એ વાત નોંધવા જેવી છે કે આ બંને પ્રસંગો એવે ટાણે થયા છે કે જ્યારે દુર્ગાબહેન અને મહાદેવભાઈનો ભેટો ઠીક ઠીક લાંબા ગાળાના વિયોગ પછી થયો હોય છે.

પણ આ બાર વરસ પછીના પ્રસંગમાં ગાંધીજીની વૃત્તિ આચારસંહિતા આપવા કરતાં મહાદેવભાઈને હીનભાવમાંથી મુક્ત કરવાની વધુ હોય એમ લાગે છે. ૨૨–૧૧–'૩૩ની મહાદેવભાઈની ડાયરીનાં બે પાન જુઓ:

આજે સવારે પ્રાર્થના પછી બોલાવીને કહ્યું, 'તમારો કાગળ વાંચી ગયો. મને દુઃખ થયું. આમાં મારી ભૂલ લાગે છે કે હું ધોકો ને ધડકી લઈને ન થાય તેનો પણ આગ્રહ કરી રહ્યો છું. તમારે વિશે निग्रहः किं करिष्यतिની વાત સાચી છે. તમે બંને પ્રયત્નશીલ નથી એમ નથી કહી શકતો. એટલે તમારી પ્રકૃતિ પ્રમાણે, સ્વધર્મ પ્રમાણે વર્તવું એ જ ધર્મ છે. ધર્મ એ કે તમારે ગૃહસ્થ જીવન ગાળવું, પ્રજોત્પત્તિ માટે સંયમી ગૃહસ્થી જીવન ગાળી, મનવચનકાયાથી પરસ્ત્રીને માબહેન સમાન માનનારા પડ્યા છે, તેમને મારાં હમેશાં નમન જ છે. અને તમે એટલું કરી શકો તોય ઓછું નથી.

શુદ્ધ ગૃહસ્થ ધર્મ સમજી શકાય એવી વસ્તુ છે, ઘણાય એવા જાણ્યા છે કે પત્નીના

મરણ પર્યન્ત ગૃહસ્થ રહે છે. વિધુર થયા કે એ જીવનનો એને જરાય સરખો સ્વાદ રહેતો નથી. પેગંબરે શું કર્યું? અગિયાર વર્ષની આયેશાને પત્ની બનાવી. ભોળા આરબોએ એને આપી. એને દરેક પત્ની વખતે આયત આવી. એ પ્રકૃતિને વશ થયા પણ એટલી ઓરત કરીને એણે દુનિયાની બીજી બધી ઓરતોને અભયદાન દઈ દીધું. એ મારો સ્વતંત્ર અર્થ છે. એમાં શિબલીનો જરાય હિસ્સો નથી. આવી રીતે પોતાની દારામાં રત રહી જગતની ઇતર સ્ત્રીઓને વિશે જે વિરક્ત રહી શકે છે તેમનાં જીવન પણ ધન્ય છે.

એટલે તમારે માટે ત્રણ સૂચના સૂઝે છે. મહિલા વિદ્યાલય હાથમાં લેવું, જોકે મારી કલ્પના એવી છે કે એ વિવાહિત રહી સહજ બ્રહ્મચર્ય પાળનારને જ સોંપવું. નારણદાસ મારી ગંભીર ભૂલ ન થતી હોય તો એવા છે, કિશોરલાલ પતિપત્નીને એ વસ્તુ સહજ છે. ગોમતી ઉપર તો હું મુગ્ધ છું, એણે મુંબઈમાં જે રીતે પોતાની જાતને ઘસી કાઢી — સૌની નાનામાં નાની જરૂરિયાતો જોઈ — એ બધાથી હું આશ્ચર્યચકિત થયો. બીજું છે *हरजिन*, અંગ્રેજી અને ગુજરાતી બંને સંભાળવાનું, પૂનામાં કે અમદાવાદમાં કે જ્યાં રહેવું હોય ત્યાં રહી. ત્રીજું, ગામડામાં રહી ગુજરાતનું ઉદ્યોગ મંડળનું કામ સંભાળવાનું. આ સ્વતંત્ર ત્રણ પ્રકારનાં કામ રહ્યાં.

મારી સાથે રહીને મારી સારામાં સારી નકલ કર્યાથી શ્રેય નથી. તમારી દયાજનક સ્થિતિ છે, તમારા કાગળો બધા એકરાર જ હોય છે, એનો અર્થ થયો કે તમે સ્વમાન ખોઈ બેઠા છો. જ્યારે તમારી પ્રકૃતિ અનુસાર જીવન ગાળીને તમે સિંહ સમાન ગરજી શકશો...'૧૦

બીજી નોંધ લેવા જેવી વાત એ છે કે આ સંવાદ પછી મહાદેવભાઈના જીવનક્રમમાં ગાંધીજીએ સૂચવેલા ત્રણમાંથી એક પણ ક્રમ નક્કી નહોતો થયો. તેઓ જ્યાં હતા ત્યાંના ત્યાં જ રહ્યા હતા — કવિશ્રી ઉશનસ્‌ના શબ્દોમાં:

તમે સેવી મા'ત્માપદ રજ, અહંલોપતપસી!
(અને) બધું વેઠ્યું માણ્યું અરવ રહી પેલા ચરણમાં.'૧૦એ

- ઉપરોક્ત વિષયની સાથે એક પ્રશ્ન પણ અહીં જ ચર્ચી લેવા જેવો છે.
  પ્રશ્ન એ છે કે મહાદેવભાઈ કોઈ બીજી સ્ત્રીઓ જોડે સંડોવાયેલા ખરા? એ પ્રશ્નનો

જવાબ 'સ્ત્રીઓ સાથે સંડોવાયેલા' એ શબ્દોનો આપણે શો અર્થ કરીએ છીએ, તેની ઉપર આધાર રાખે છે.

એમ તો મહાદેવભાઈનું વ્યક્તિત્વ હરકોઈને આકર્ષે તેવું હતું. એમનું કદાવર કાઠું, એમનું પ્રસન્ન મુખ, સદાય મધુર અને સંસ્કારી ભાષા, એમનો નર્મમર્મ વગેરે અનેક બાબતો એવી હતી કે જે એમના વ્યક્તિત્વને મોહક બનાવતી. એમને મળતાંની સાથે અનેક લોકો પ્રથમ મિલનમાં મિત્રતાનો ભાવ અનુભવતા.

એલએલ.બી.ની પરીક્ષા આપવાને આગલે દિવસે મુંબઈમાં એક સ્ત્રીએ મહાદેવભાઈ ઉપર ચઢાઈ કરેલી તે પ્રસંગનો આપણે આગળ ઉપર ઉલ્લેખ કર્યો છે. એ બાઈ જો અતિશય વિકૃત માનસની નહોતી એમ માની લઈએ તો એણે આટલી હદ સુધી જવાની હિંમત કરી એની પાછળ મહાદેવભાઈના આ કામણગારા વ્યક્તિત્વનો પણ થોડેઘણે અંશે ફાળો હશે એમ માની શકાય. મહાદેવભાઈ એ કાંડમાંથી હેમખેમ બચી નીકળ્યા એનું એક કારણ હતું મહાદેવભાઈની પાપભીરુતા.

આ પ્રશ્નના સંદર્ભમાં વિવેકપુરુપ શ્રી કિશોરલાલ મશરૂવાળાએ જે લખાણ કર્યું છે તેમાં ચારેક આવા પ્રસંગોનો ઉલ્લેખ છે. તેમાંથી પહેલો પ્રસંગ એલએલ.બી.ની પરીક્ષા વખતનો હશે, અથવા જે અડાજણના હાઈસ્કૂલના કિસ્સાને ચાર પૈકી એક ગણીએ તો મુંબઈવાળો પ્રસંગ બીજો. એવો પણ સંભવ છે કે આ પ્રકરણમાં લેખકે જે પ્રસંગને દુર્ગાબહેનની પહેલી સુવાવડ વખતનો માન્યો છે તે ન હોય અને કોઈ પરસ્ત્રી જોડેનો હોય. લેખક એમ નથી માનતો. પણ જો તેમ જ હોય તો કિશોરલાલભાઈથી એ અજાણ્યો ન રહે અને તો એમણે ચાર પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે, પણ આપણે પાંચનો વિચાર કરવો પડે.

એમ જણાય છે કે ઉપર જણાવ્યા તેનાથી વધારે ગંભીર પ્રસંગ ત્યાર પછીનો છે. એમાં મહાદેવભાઈ જરા ઊંડા પાણીમાં ગયા હતા. એ પ્રસંગ અંગે આ લેખકને થોડી વધારે માહિતી છે. આ સંબંધોનો ઉલ્લેખ મહાદેવભાઈએ જાતે ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો આગળ જાહેરમાં કરી દુ:ખ સાથે એનો એકરાર કર્યો હતો. તે પહેલાં જ મહાદેવભાઈ એને અંગે આત્મશુદ્ધિ અંગે ઉપવાસ પણ કરી ચૂકેલા. એમ તો મહાદેવભાઈ આ કિસ્સામાં ઠીક ઠીક આગળ વધેલા, પણ પૂરા સ્ખલનમાંથી તેઓ બચી ગયેલા. 'માત્ર દુર્ગાના સ્મરણને લીધે જ હું બચી ગયો' એવી વાત તેમણે આત્મીયોને કહેલી, તે વાત લેખકને દુર્ગાબહેન પાસેથી સાંભળવા મળી હતી.

આ આખા કિસ્સા અંગે પણ કેટલીક વાતો ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. સૌથી પહેલી વાત એ કે આ કિસ્સામાં પણ આક્રમણ તો સ્ત્રી તરફ જ થયેલું. એ સ્ત્રીએ પોતાની કરુણ કહાની લાંબા ગાળા સુધી વારંવાર વર્ણવીને મહાદેવભાઈના હૃદયમાં સહાનુભૂતિ અને કરુણાના ભાવ જગાડેલા. મહાદેવ આ પ્રસંગમાંયે એક રેખા પર આવીને અટકી ગયેલા. (દુર્ગાના સમરણે?) અને પ્રસંગની જાણ તેમણે જાતે જ ગાંધીજી તેમ જ લાગતાવળગતાઓને અતિશય પશ્ચાત્તાપની વૃત્તિથી કરેલી. એ જ સમયે તેમણે ઉપવાસ પણ કરેલા. એ પશ્ચાત્તાપ વૃત્તિથી જ તેમણે જાહેરસભામાં પોતાની કમજોરીનો એકરાર કરેલો.

લેખક પાસે જે માહિતી છે તેને આધારે તે એક બીજી વાત પણ વિશ્વાસપૂર્વક કહી શકે એમ છે. તે એ કે પશ્ચાત્તાપનું આ કૃત્ય બંને પક્ષોને સારુ પાવનકર્તા નીવડ્યું હતું. પેલી સ્ત્રીનું જીવન તો ત્યાર પછી સાવ પલટાઈ જ ગયું. એ પ્રસંગ બન્યો તે પહેલાં વારંવાર અવળે માર્ગે જઈ ચૂકેલી એ સ્ત્રીએ તેના શેષ જીવનમાં પોતાની તથા બીજાની કડક ચોકી કરી હતી. તે સેવારત સન્નારી બની હતી અને દેશસેવામાં નિષ્ઠાપૂર્વક પોતાનું દીર્ઘ જીવન ગુજારેલું. મહાદેવભાઈ પોતે તો આ ઘટનામાંથી ભઠ્ઠીમાંથી વિશુદ્ધ બનીને નીકળતા કાંચન સમા જ નીવડ્યા હતા.

જે વિદેશી સ્ત્રીઓ જોડે આવા પ્રસંગો બન્યા હતા, તે બંનેમાં મહાદેવભાઈની ભલમનસાઈનો એ સ્ત્રીઓએ ચોખ્ખો લાભ લેવા પ્રયાસ કર્યો હતો. બંનેને મહાદેવભાઈએ હદ વટાવતાં રોકી હતી. તેમાંથી એક વિશે પ્રસંગ બની ગયા પછી પણ મહાદેવભાઈને ઘણો સદ્ભાવ રહ્યો હતો. બીજી સ્ત્રી કાંઈક વિકૃત માનસવાળી અને આક્રમક હતી. એને પોતાની જોડે વળગવા જવાનો પ્રયાસ કરતાં મહાદેવભાઈએ લાત મારીને ધકેલી દીધી હતી. તે સ્ત્રીએ પાછળથી જાહેરમાં કંઈ કંઈ ભવાડા પણ કર્યા હતા. અને છેવટે કામતૃપ્તિમાં નિષ્ફળ જતાં ગાંધીજીનો સાથ છોડીને એ ક્યાંક અલોપ થઈ ગઈ હતી. આ પ્રસંગ મહાદેવભાઈની મિત્રમંડળીમાં કેટલીક વાર ઠઠ્ઠામશ્કરીનો વિષય બની જતો અને એ રમૂજમાં મહાદેવભાઈ પણ સૌના જેટલી સહજતાથી ભળતા.

આ આખા પ્રશ્ન અંગે શ્રી કિશોરલાલભાઈનું નીચેનું વાક્ય ખૂબ અર્થસૂચક અને માર્મિક છે:

હનુમાનજીના નૈષ્ઠિક બ્રહ્મચર્યનું એમને સૌભાગ્ય ન હતું. પરંતુ પરસ્ત્રીના મોહથી

બચવામાં સફળ થવાનું ચારિત્ર્ય તેમણે સિદ્ધ કર્યું. એમાં એમને ઘણી મુસીબત, માનસિક ક્લેશ તથા પરિતાપનોયે અનુભવ કરવો પડેલો. એ અનુભવોથી એમની સ્વભાવસિદ્ધ નમ્રતામાં ઓર વધારો થયો હતો.૧૧

મહાદેવભાઈના અભિન્નહૃદય મિત્ર નરહરિભાઈ આ જ વિષયને લઈને કહે છે:

[તેઓ] શરીરની શુદ્ધિ જાળવી શકેલા. મનને લાગેલો મેલ પશ્ચાત્તાપનાં આંસુ વડે ધોઈ નાખવા એ શક્તિમાન થયા હતા એમ મારો આત્મા સાક્ષી પૂરે છે. ... હનુમાન જેવા નૈષ્ઠિક બ્રહ્મચર્યનો તે દાવો કરી શકે તેમ નહોતું. પણ એમની વફાદારીની ભાવના હનુમાનથી ઓછી નહોતી અને વફાદારી કેવળ સ્વામી પ્રત્યે જ નહીં, પત્ની પ્રત્યે પણ એટલી જ તીવ્ર હતી.૧૨

અહીં પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે દુર્ગાબહેનની આ બાબતમાં કેવી લાગણી હતી? મહાદેવભાઈએ બ્રહ્મચર્યના વ્રત વિશે વિચાર પોતે એકલા કરીને દુર્ગાબહેન પર ઠોકી બેસાડ્યો નહોતો. તેઓ પોતે જ એ બાબત ચોક્કસ નિર્ણય પર પહોંચ્યા નહોતા તો દુર્ગાબહેન પર એ વિચારને ઠોકી બેસાડવાનો પ્રશ્ન તો ઉદ્ભવતો જ નહોતો. પણ બંનેએ આ વિષયનો વિચાર અવશ્ય કરેલો અને બંને એ બાબત પ્રયત્નશીલ હતાં. પણ જે મહાદેવભાઈના જીવન પાછળ મુખ્ય પ્રેરકબળ ગાંધીજી પ્રત્યેનો ભક્તિભાવ હતું, તો દુર્ગાબહેનના જીવન પાછળ મહાદેવભાઈ પ્રત્યેનો સ્નેહભાવ હતું. તેથી આ બાબતમાં નિર્ણય કે અનિર્ણય કરવામાં મહાદેવભાઈની ઇચ્છાએ જ બધું કામ કર્યું હશે. આ લેખકના માનસ પર દુર્ગાબહેન અંગે એક છાપ એવી છે કે મહાદેવભાઈ સારુ બ્રહ્મચર્ય જેટલું કષ્ટસાધ્ય હતું, તેટલું દુર્ગાબહેન સારુ નહોતું. મહાદેવભાઈના સંપર્કમાં આવતી યુવતીઓ પર એમના વ્યક્તિત્વની અસર અમુક અંશે, ઉત્તેજક થતી, દુર્ગાબહેનનું રૂપ કાંઈ ઓછું નહોતું. પણ પુરુષો પર એમના વ્યક્તિત્વનો પ્રભાવ શામક પડતો હતો, એવો આ લેખકનો અંદાજ છે. તેથી મહાદેવભાઈની વફાદારી વિશે પૂરી આસ્થા હોવા છતાં આવા પ્રસંગોએ દુર્ગાબહેન કોઈ કોઈ વાર અકળામણ જરૂર અનુભવતાં. ક્યારેક એવી અકળામણ વનમાળા પરીખ કે આનંદી આસર જેવી દીકરીઓ આગળ પ્રગટ પણ થઈ જતી હશે, પરંતુ એ મન-વંટોળ ઝાઝો વખત ટકતો નહીં. દુર્ગાબહેનનું વ્યક્તિત્વ આ બાબતમાં સાગર જેવું ગંભીર હતું.

આ સ્થળે આપણે એ પ્રશ્નનો પણ વિચાર કરી લઈએ કે 'મહાદેવભાઈએ દુર્ગાબહેનને અન્યાય કર્યો હતો કે કેમ?'

એક અર્થમાં દુર્ગાબહેનની અવસ્થા રામાયણની ઊર્મિલા જેવી હતી એ આપણે જોઈ ગયા છીએ. મહાદેવભાઈને કામ એવું મળ્યું હતું કે જે તેમને દુર્ગાબહેનથી દૂર રાખતું. તેથી દુર્ગાબહેનનું જીવન નિરંતર પતિની વાટ જોવામાં અને નાનાંમોટાં સર્વ કામો કરતાં 'સ્નેહધામ સૂનાં સૂનાં રે' ગણગણવામાં પસાર થયું એમ કોઈ કહી શકે. એ અર્થમાં દુર્ગાબહેને પતિ સાથે સુખસંતોષપૂર્વક રહેવા ધારેલું તે સપનું સિદ્ધ થઈ ન શક્યું. અને એમની હૃદ્તંત્રીએ મોટે ભાગે વિયોગના જ સૂરો છેડ્યા, એ વાત સાચી.

જીવનના મોટા મોટા નિર્ણયો કરવામાં પણ દુર્ગાબહેન કરતાં મહાદેવભાઈનો જ હિસ્સો વધુ હતો, એ પણ સાચું. નોકરી કે વકીલાત છોડીને ગાંધીજી પાસે જઈને કામ કરીશું એ નિર્ણય મહાદેવભાઈએ લીધેલો. ગાંધીજી પાસે જઈએ તો એમના આદર્શ મુજબ જીવન ઢાળવું પડે, એમણે સૂચવેલાં વ્રતોનો આગ્રહ રાખવો પડે એ વ્યાખ્યા પણ મહાદેવભાઈએ કરેલી. રહેવાનું સાબરમતીના આશ્રમમાં, મગનવાડીમાં કે સેવાગ્રામમાં કરવું તેનો નિર્ણય પણ મહાદેવભાઈ અને ગાંધીજીની સગવડ જોઈને થયેલો. દીકરો ચાલુ નિશાળમાં ભણવા જાય કે ન જાય એ નિર્ણય દીકરાએ કરેલો, દુર્ગાબહેને નહીં.

પરંતુ મહાદેવપક્ષે 'અન્યાય'ની કથા અહીં પૂરી થાય છે. આ તમામ નિર્ણયો લેવામાં અભિક્રમ મહાદેવભાઈનો હતો એ ખરું, પણ દરેક નિર્ણય અંગે, ઠીક ઠીક ચર્ચાવિચારણા કરીને દુર્ગાબહેને પણ સંમતિ આપેલી — તણાઈને નહીં, પણ રાજીખુશીથી — એ વાત પણ વિસારવી ન જોઈએ. અને એ પણ ખરું કે ઘણા નિર્ણયો કરવામાં મહાદેવભાઈને કષ્ટ વેઠવું પડ્યું હશે, પણ દુર્ગાબહેને તો નિર્ણયોને સહજતાથી સ્વીકારેલા. દુર્ગાબહેનને મન શ્રમમય કે સાદું, સંયમી જીવન એ કષ્ટસાધ્ય વસ્તુ નહોતી. સહજ સાધ્ય હતી.

જ્યારે જ્યારે દુર્ગાબહેન અને મહાદેવભાઈ મળતાં ત્યારે ત્યારે મહાદેવભાઈ એ સમયગાળાને સ્નેહથી ભરી દેતા. દુર્ગાબહેન દિવસોના દિવસો સુધી એ કાળને વાગોળ્યા કરતાં.

મહાદેવભાઈના સંગને લીધે દુર્ગાબહેને અસાધારણ બૌદ્ધિક વિકાસ સાધેલો. તેને લીધે બંને વચ્ચે ભણતરના સ્તરનું જે મોટું છેટું હતું તે બંને પક્ષે ઘણું સહ્ય બન્યું હતું.

મહાદેવભાઈનો ત્યાગ એ દુર્ગાબહેનના ગર્વનો વિષય હતો, ફરિયાદનો કદાપિ નહીં. તેથી જ જ્યારે પોતાને જેલ જવાનો વારો આવ્યો ત્યારે દુર્ગાબહેન ખુશી ખુશીથી ગયેલાં. અને શાંતિસેનાના કાર્યક્રમ સારુ સરહદ પર જઈને મરવાની વાત આવી ત્યારે તેમણે તે અંગે મહાદેવભાઈ જેવાં જ ઉત્સાહ અને તૈયારી દેખાડેલાં.

નોંધ:

૧. गाधींजीनो अक्षरदेह – ४४ : पृ. ६९.

૨. महादवेभाईनी डायरी – ६ : पृ. २४९.

૩. महादवेभाईनी डायरी – १३ : पृ. २१८.

૪. गाधींजीनो अक्षरदेह – २१ : पृ. ३५९.

૫. महादवेभाईनी डायरी – १ : पृ. १०८.

૬. महादवेभाईनी डायरी – १८ : पृ. १४.

૭. महादवेभाईनी डायरी – १७ : पृ. १४.

૮. महादवेभाईनी डायरी – ६ : पृ. १८८.

૯. गाधींजीनो अक्षरदेह – २० : पृ. ३१४-३१५.

૯એ. शकु्रतारक समा महादवेभाई : पृ. ६४.

૧૦. महादवेभाईनी डायरी – १९ : पृ. १८७-१८८.

૧૦એ. शकु्रतारक समा महादवेभाई : पृ. ३.

૧૧. કિ. ઘ. મશરૂવાળાઃ हरजिनबधं; १६–८–’४२ અને નરહરિ પરીખઃ महादवेभाईन ुपरू्वचरितः पृ. ५३.

૧૨. નરહરિ પરીખઃ महादवेभाईन ुपरू्वचरितः पृ. ५२-५३.

# ઓગણચાળીસ – सचिवेषु महादेवः

મહાત્મા ગાંધીના રહસ્યમંત્રી કે અંગત સચિવ થવા સારુ જેવા વ્યક્તિત્વની જરૂર હતી તેવું વ્યક્તિત્વ મહાદેવભાઈમાં ખીલી ચૂક્યું હતું.

ગાંધીજી આગળ અંગત કે ખાનગી જેવી કોઈ વસ્તુ નહોતી, તેથી તે શબ્દ તો માત્ર ગાંધીજી સાથેનો તેમનો અંતરંગ સંબંધ બતાવવા પૂરતો જ વપરાતો હતો. જેનું જીવન જ ખુલ્લી કિતાબ હતું તેને વળી ખાનગી શું અને જાહેર શું?

સચિવ શબ્દની વ્યાખ્યા ગાંધીજી આગળ આવીને એની સામાન્ય કલ્પનાને ક્યાંય આંબી જતી. જેના જીવનમાં ઘર અને કાર્યાલય બંને અભિન્ન છે, જ્યાં બંને યજ્ઞસ્થળ જ બની રહે છે, ત્યાં સચિવ એટલે માત્ર કાર્યાલયનો ભાર ઉપાડનાર કે સલાહકાર શી રીતે હોઈ શકે? ખુદ મહાદેવભાઈએ ગાંધીજી સાથે જે સંબંધ કેળવ્યો હતો તેને લીધે આ સચિવપણું સચિવ શબ્દની રૂઢ ધારણાને ઓળંગી જતું હતું. એ સંબંધ હતો ભક્તનો, જે છેવટે તદ્રૂપતા ને તન્મયતામાં પરિણમ્યો હતો. તેથી બંને એક જીવ બે ખોળિયા સમા બની રહેતા. રાજાજીએ મહાદેવને ગાંધીજીના ‘વધારાના અંગ’ તરીકે વર્ણવ્યા હતા, તે ‘સચિવ’ કરતાં ઘણું વધારે ઉચિત વર્ણન હતું.

મોટા માણસના સચિવોમાં સામાન્યપણે મોટાઈ હોય. કોઈ કોઈ વાર તો સૂર્ય કરતાં પણ એના તડકામાં તપેલી રેત વધુ દઝાડે! પણ ગાંધીજી આગળ મૂલ્ય મોટાઈનું નહીં, નમ્રતાનું હતું. તેથી ગાંધીજીના સચિવ કેવા રુઆબદાર હોય એમ નહીં પણ કેટલા વિનમ્ર હશે એમ જ વિચારવાનું રહેતું. ખરું જોતાં ‘સચિવ’ શબ્દ ભદ્ર સંસ્કૃતિનો છે, સંત સંસ્કૃતિના૧ ગાંધીજી સાથે એ બહુ શોભતો નથી. એની સાથે તો ‘ભક્ત’ શબ્દ જ શોભે.

ગાંધીજીના સચિવનું કાર્યક્ષેત્ર માત્ર એમના કાર્યાલય પૂરતું સીમિત નહોતું અને એમનું

કાર્યાલય પણ કોઈ એક ક્ષેત્ર પૂરતું સીમિત નહોતું. એમનું કાર્યાલય ગાંધીજીની સાથે હરતુંફરતું અને એમનું કાર્યક્ષેત્ર માત્ર કાગળપત્તર, ફાઇલ, હિસાબ પૂરતું સીમિત નહોતું રહેતું.

તે એક સાધનાનો પથ હતો. એ પથ 'ક્ષુરસ્ય ધારા'શો દુર્ગમ હતો. ગાંધીજીના અંતેવાસી થવું એ જ્વાળામુખીના મોં પર રહેવા જેવું દુષ્કર કામ હતું એમ મહાદેવભાઈ વારંવાર કહેતા.

ગાંધીજીના અંતેવાસી થવું એટલે જે નિત્ય વિકાસશીલ હતા, જે નિત્ય પ્રયોગશીલ હતા, જે સદા ખુલ્લા મનવાળા હતા તેના વિકાસશીલ, પ્રયોગશીલ ખુલ્લા વ્યક્તિત્વ જોડે તાલ મેળવીને જીવવું. તોયે પ્રત્યક્ષ સચિવના કામ તરીકે આપણે એમનાં કેટલાંક કામો ગણાવી શકીએ.

એક તો કામ ટપાલનું. સેગાંવમાં પોસ્ટઑફિસ નહોતી તેથી મહાદેવભાઈ ગાંધીજી સાથે સેગાંવ ન જતાં મગનવાડી રહ્યા હતા, એ આપણે જોઈ ગયા. પણ તેથી ટપાલ અંગેનું એમનું કામકાજ ઓછું થયું નહોતું. બલકે રોજ મગનવાડીથી સેગાંવ સુધીનું સાડા પાંચ માઈલનું અંતર કાપીને એ ટપાલ બાપુ પાસે પહોંચાડવી એ ટપાલીનું કામ ઉમેરાયું હતું. ગાંધીજીની ટપાલ એટલે માત્ર એના ઢગલા જ નહીં — જોકે ઢગલા એટલા થતા કે પાછળથી એને લીધે ટપાલખાતાને સેવાગ્રામમાં ખાસ પોસ્ટઑફિસ ખોલવી પડેલી. પણ એમાં વૈવિધ્ય પણ પુષ્કળ હતું. ભાષાનું વૈવિધ્ય, વિષયનું વૈવિધ્ય, શૈલીનું વૈવિધ્ય. એમાં ગંભીરમાં ગંભીર આધ્યાત્મિક વિષયો અંગેની સાત્ત્વિક ચર્ચા કરતા પ્રશ્નો હોય; દેશના સળગતા રાજનૈતિક પ્રશ્નો અંગેના રાજસી દસ્તાવેજો હોય; અને ગાંધીજીને ગલીચ ગાળો ભાંડનાર તામસી કચરાયે હોય. એમાં પોતાના આરોગ્ય અંગેના પ્રશ્નો પૂછીને ઉપાય સુઝાડવા વિનંતી થઈ હોય, દેશનો ઉદ્ધાર કરવાના નુસખાઓ સૂચવ્યા હોય (જેમાં કર્તૃત્વ બધું ગાંધીજીને જ સોંપાયું હોય!), એમાં વાઇસરૉય કે મુસ્લિમ લીગ સાથેના આંટીઘૂંટીવાળા પ્રશ્નો હોય; એમાં ખરે, નરીમાન કે સુભાષ બોઝ સાથેના વિખવાદના પ્રશ્નોયે હોય. એકબે લીટીઓના પત્તાથી લઈને ૮૦-૧૦૦ પાનાંના લાંબાલચક પત્રોનો પણ એમાં સમાવેશ થાય. આ પત્રોમાં ગાંડાના પત્રો હોય; ડાહ્યાના પત્રો હોય અને દોઢડાહ્યાના પણ હોય. આ પત્રો જોઈને એનું ઝપાટાબંધ વર્ગીકરણ કરવું એ મહાદેવભાઈનું પહેલું કામ. કેટલાક પત્રો તો બાપુ પાસે જવા જ જોઈએ; કેટલાક વિશે એમની સાથે વાત કરીને એમની સલાહ મુજબ મહાદેવભાઈ જ લખી દે. ઘણા

જવાબ તો મહાદેવભાઈ જાતે જ લખી નાખે; કેટલાક કનુ કે બાબલાને જવાબ આપવા સારું સોંપાય. કેટલાક પત્રોના જવાબ આપતા પહેલાં બીજે ક્યાંક લખીને પુછાવવાનું હોય, કેટલાકનો જવાબ આપતા પહેલાં થોડું ખમી ખાવાનું હોય, થોડાકના જવાબ તો જરૂર હોય તો લેટ-ફી ભરીને પણ તેને તે જ દિવસે જવા જોઈએ, કેટલાકને તારથી પણ પહોંચી વળવું પડે.

સીધી ગાળો દેતા પત્રોનું સ્થાન કચરાપેટીમાં હતું — ખાસ કરીને આવા પત્રો લખનાર પોતાનાં નામઠામ આપતા નહીં હોય તેથી. ક્રોધયુક્ત પત્રોના જવાબ પ્રેમપૂર્વક અપાતા.

એ પત્રવ્યવહાર વિશે ખુદ મહાદેવભાઈ જ કહે છે:

ગાંધીજીની ટપાલમાં રોજ કૂડીબંધ કાગળો આવે છે. એ કાગળો હિન્દુસ્તાનના જુદા જુદા પ્રાંતમાંથી અને જગતના જુદા જુદા ભાગમાંથી, અઢારે વર્ણના અને અનેક ધર્મના લોકો તરફથી આવે છે. આમાંના કેટલા ટકા કામસર લખાયેલા, કેટલા નકામા લખાયેલા, કેટલા મુદ્દાસર અને કેટલા મુદ્દા વિનાના, કેટલા વાંચનારની દયા જાણીને લખેલા અને કેટલા વાંચનારનો વિચાર કર્યા વિના લખેલા. કેટલા ટૂંકા અને કેટલા પુસ્તકાકારના, કેટલા મોતીના દાણા જેવા અક્ષરે લખેલા અને કેટલા આંખો ફોડે એવા, કેટલા મધુરા અને કેટલા કડવા હોય છે તેનું પ્રમાણ તો કદી નથી કાઢ્યું પણ ઉપર વર્ણવેલા અને વર્ણવવા રહી ગયેલા સર્વે પ્રકારો અમારી ટપાલમાં મોજૂદ હોય છે.૨

ફાઇલિંગનું કામ મોટે ભાગે સહાયકોને સોંપાતું, પણ યાદ રાખવાનું કામ ઘણુંખરું મહાદેવભાઈની સ્મરણશક્તિનું જ ગણાતું.

બીજું કામ લેખો લખવાનું. એ કામ પ્રવાસમાંય ચાલતું. મહાદેવભાઈના સાપ્તાહિક પત્રોથી તો *નવજીવન*ના જમાનાથી વાચકો ટેવાયેલા હતા. ઉપરાંત કોઈ વિષયનું અધ્યયન કરીને લેખ તૈયાર કરવાનો હોય તો તે કામ પણ સામાન્ય રીતે મહાદેવભાઈ પર આવતું. પોતાના બધા લેખો *હરજિનબંધુ* કે અંગ્રેજી *હરજિન*માં છપાવવા સારુ મોકલતા પહેલાં મહાદેવભાઈ ગાંધીજીને બતાવતા. ગાંધીજી પણ પોતાના લેખો મહાદેવભાઈને બતાવતા. એને લીધે કોઈ વિષય બેવડાતો નહીં; વિચારોની સફાઈ થઈ જતી અને વિચારોનો સૂર બેસૂર થતો નહીં. સેવાગ્રામ ગયા પછી નારાયણને સારુ એક દૃશ્ય જેવું લગભગ રોજેરોજનું થઈ પડ્યું હતું. મહાદેવભાઈ તો બાપુકુટિમાંથી જમવા

સારુ આવતી વખતે હરખાતા હરખાતા પ્રશ્ન પૂછે કે, 'બોલ તો બાબલા, આજે શું થયું હશે!' તો નારાયણ બેધડક પહેલું અનુમાન એ જ કરતો, કે 'તમારા હરખ પરથી તો કાકા, એમ લાગે છે કે તમારા કોઈ લેખને બાપુએ પોતાના તરીકે માની લીધો હશે.' અને મહાદેવભાઈ સંતોષપૂર્વક કહેતા, 'સાવ સાચું. આખા લેખમાં એક જ જગાએ છેકો માર્યો — એમ.ડી. છેકીને બાપુએ ત્યાં એમ.કે.જી. લખી દીધું!' બાપુના નામમાં પોતાના નામને મિલાવી દેવું, મિટાવી દેવું એ મહાદેવભાઈનો સૌથી મોટા હરખનો વિષય હતો. 'ભારત છોડો' આંદોલનની વાતો શરૂ થઈ ત્યાર પછી પ્રગટ થયેલો 'ટુ એવરી બ્રિટન' નામનો ગાંધીજીનો લેખ આ રીતે લેખકના નામપલટાથી ગાંધીજીનો બનેલો લેખ હતો.

મોટું કામ તો હતું મુલાકાતોનું. અલબત્ત, વર્ધા છોડીને ગાંધીજી સેગાંવ ગયા ત્યાર પછી તેમના મુલાકાતીઓની સંખ્યા પ્રમાણમાં થોડી ઘટી હતી. કારણ, ત્યાં પહોંચવા ને પાછા ફરવા સારુ કાં તો દસ-અગિયાર માઈલની દડમજલ કરવી પડતી, કાં ખાસ ભાડું ખરચીને ટાંગો કરવો પડે. પણ એમ ચળાવણી થઈ ગયા પછી પણ મુલાકાતીઓ કાંઈ સાવ ઓછા નહોતા. કેટલાકને લેવા મહાદેવભાઈ જાતે સ્ટેશને જતા, તેમને મગનવાડી લાવી ચા-નાસ્તો કે ભોજન કરાવતા અને પછી પોતાની સાથે ટાંગા પર સેવાગ્રામ લઈ જતા. જેમને ગાંધીજીની વાત સમજી લેવી હોય પણ તેમનો ઝાઝો સમય ન લેવો હોય તેઓ મહાદેવભાઈ સાથે આખી વાત કરી લેતા અને ગાંધીજીનો ઘણો સમય બચાવતા. કેટલાક ગાંધીજી સાથેની મુલાકાત પછી મહાદેવભાઈ સાથે વિસ્તારથી વાતો કરી વધુ વિગતો જાણી લેતા. 'બાપુનાં લાડકાં છોકરાંઓ' વચ્ચે મહાદેવભાઈને માથું મારવા જ નહોતા દેતાં. પણ તેમનામાંથી કેટલાકને પાછળથી ગાંધીજી મહાદેવભાઈ પાસે મોકલતા. વાતચીત પતાવે જ નહીં, એકની એક વાત ફરી ફરીને કરે, દલીલ ખાતર દલીલ કરે એવા લોકોથી મહાદેવભાઈ ઘણી વાર કંટાળતા અને ઘડીભર એમના ચહેરા પર રીસ કે કંટાળાની રેખાઓ પણ દોરાઈ જતી. પણ તે સહેજ જ વાર. બાપુનો સમય આ રીતે બચી રહ્યો છે એ વાતનું ભાન મહાદેવભાઈને ગમે તેવા ગુંદરિયા લોકો સાથે પણ ધીરજપૂર્વક વાત કરવાની ધારણાશક્તિ બક્ષતું.

કેટલાક ક્રોધી મુલાકાતીઓ જોડે પણ પનારો પડતો. એ લોકો જો ગાંધીજીનો સમય નાહકનો જ બગાડવાના છે એવી મહાદેવભાઈને ખાતરી થાય તો એમને મળવાની ના પાડવાનું અપ્રિય કામ પણ મહાદેવભાઈને કરવું પડતું. આવો એક મુલાકાતી એક વાર જતાં જતાં મહાદેવભાઈને ગોળી મારવાની ધમકી આપતો ગયેલો. જવાબમાં

મહાદેવભાઈએ માત્ર સ્મિત કરેલું. જોકે દુર્ગાબહેનના મનમાં બેત્રણ દિવસ સુધી ફાળ રહી હતી ખરી.

સેવાગ્રામની બાપુકુટિમાં ગાંધીજીની બેઠકની પછવાડે જ ભીંત પર એક નાનું સરખું પાટિયું લટકાવવામાં આવ્યું હતું. એમાં લખી હતી એક ઉપયોગી ત્રિસૂત્રી : Be Quick, Be Brief, Be gone!-ઝડપ કરો! ટૂંકમાં પતાવો! ચાલવા માંડો! મુલાકાતીઓને આપેલો સમય પૂરો થાય, ને ગાંધીજી એકાદ વાર ઘડિયાળ તરફ પણ જોઈ લે પછી પણ જો મુલાકાતી ત્યાંથી ચસકવાનું લક્ષણ ન દેખાડતા હોય તો ગાંધીજી પોતે જ પેલા પાટિયા તરફ આંગળી કરી પોતાના બોખા મોંએ ખડખડાટ હસી પડતા!

ગાંધીજીના સચિવ એટલે માત્ર સમય અંગે જ નહીં, પણ વસ્તુના વપરાશ અંગે અને ધનના વ્યય વિશે પણ કરકસર કરી જાણનાર. ગાંધીજી એક બાજુ વપરાયેલો કાગળ, બીજી બાજુ ફરી વાપરતા, ટાંકણીને બદલે ઘણી વાર બાવળની શૂળ વાપરતા, પેન્સિલ સાવ ઘસાઈ ન જાય ત્યાં સુધી એને વાપર વાપર કરતા. ગોળમેજી પરિષદમાં જતી વખતે સાથીઓનો વધારાનો સામાન એડનથી પાછો મોકલાવેલો એ કિસ્સો તો ઘણો જાણીતો છે. સાદું જીવન કેટલું સુચારુ અને શોભનીય બની શકે એનો નમૂનો ગાંધીજી પોતાની રહેણીકરણીથી પૂરો પાડતા. એવા પરિસરમાં એમના સચિવ મોટા ખરચ કરવાની તો હિંમત જ શે કરે? પણ ગાંધીજીની અને એમના સચિવની કરકસર વિવેકહીન નહોતી. જરૂર પડી ત્યારે ગાંધીજીએ વાઇસરૉયને કહીને સ્પેશિયલ ટ્રેન દોડાવેલી; જરૂર પડી ત્યારે તેમણે ખાસ્સા લાંબા લેખ જેટલો લાંબો તાર પણ કરેલો. બાકી તારની ભાષામાં લાઘવ એ મહાદેવભાઈનો ખાસ ગુણ હતો. જોકે એ બાબત પણ મૂળ પાઠ તો તેમણે ગાંધીજી પાસે જ લીધેલ. ગાંધીજી પોતાના ઘણા તારમાં માત્ર એક શબ્દ વધારાનો ખરચતા: 'પ્યાર'. તે વખતે એક શબ્દ પાઠવવાનો એક આનો બેસતો. ગાંધીજી એક આનાના વધારાના ખર્ચે માનવીય સંબંધોની અમૂલ્ય કમાણી કરી લેતા.

સાબરમતીમાં, સેવાગ્રામમાં અને પ્રવાસમાં મહાદેવભાઈનું એક કામ હતું કાર્યકર્તાઓના પરસ્પરના સંબંધોને સ્નેહસ્નિગ્ધ કરવાનું. સામેના માણસમાં ગુણો જ જોવાની મહાદેવભાઈની ટેવ, એમની મૃદુ શબ્દાવલી, એમનો મધુર સ્વભાવ વગેરે ગુણો આ અઘરા કામને અમુક અંશે સહેલું બનાવતા. જોકે 'બાપુનાં લાડકાં દીકરા-દીકરીઓ'ના ઝઘડા પતાવવાનું કામ તો માત્ર ગાંધીજીનું જ ગણાતું.

રાજનૈતિક ક્ષેત્રમાં મતભેદ ધરાવનાર કે પ્રતિપક્ષીઓ સાથે વાર્તાલાપ એ ઘણી વાર

ઘરઆંગણાના કજિયા કરતાં મુશ્કેલ થઈ પડતો. પણ આવા કિસ્સાઓમાં ગાંધીજીની વાતને સ્પષ્ટ રીતે રજૂ કરનાર તથા મડાગાંઠ પડે ત્યાં વાટાઘાટને આગળ વધારનાર તરીકે મહાદેવભાઈ જાણીતા હતા.

ગાંધીજી વિશે આદર ધરાવતા હોય છતાં કોઈ કોઈ બાબતમાં ગાંધીજી સાથે મતભેદ ધરાવતા હોય એવા લોકો એક વિશેષ ગુણને માટે મહાદેવભાઈની ખાસ કદર કરતા. તેમને હમેશાં એ વિશ્વાસ રહેતો કે જો મહાદેવ આગળ આપણે આપણા મતભેદો પ્રગટ કરીશું તો તે ગાંધીજી આગળ તેમાં કદાચ આપણા કરતાં પણ વધુ સારી રીતે રજૂ થશે. આ ગુણની ચર્ચા રાજાજી, વલ્લભભાઈ અને જવાહરલાલ જેવાઓએ પણ કરી હતી.

આમ બાહ્ય કામોની દૃષ્ટિએ આ સચિવશિરોમણિને અનેકવિધ પ્રવૃત્તિઓ કરવાની હતી.

ઘણી વાર લોકોના મનમાં એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે મહાદેવભાઈ એકલે હાથે આટલાં બધાં કામો શી રીતે કરી શકતા હશે?

કર્મ જ્યારે યોગ બની જાય છે ત્યારે મામૂલી કામ કરતાં તે અનેકગણું શક્તિશાળી બની જાય છે. મહાદેવભાઈની રોજેરોજની ક્ષણેક્ષણ એમના ભક્તિરસે રસાયેલી હતી તેથી તેમના કર્મમાં યોગની શક્તિ પ્રગટ થતી.

એમનું કામ વ્યવસ્થિત હતું તેથી અવ્યવસ્થાને લીધે બગડતો સમય તેઓ બચાવી લેતા. ગાંધીજીનાં કાર્યો વિશે તેઓ એકાગ્ર હતા તેથી ચિત્તવૃત્તિના ભટકવાથી થતા શક્તિના બગાડ થકી તેઓ બચી જતા.

લખવા અને વાંચવા બાબતમાં મહાદેવભાઈની ઝડપ અસાધારણ હતી. તેથી તેઓ ઓછા વખતમાં ઝાઝું લખી કે વાંચી શકતા.

તેઓ પોતાના દિવસને ગાંધીજીની સાથેના તોફાની કાર્યક્રમોમાંય સૂક્ષ્મ અર્થમાં નિયમિત રાખતા, તેથી ક્ષણેક્ષણનો ઉપયોગ કરી શકતા. દાખલા તરીકે, તેઓ નિયમિત રીતે કાંતતા. છેલ્લાં વર્ષોમાં તેઓ એ કાંતણનો જ સમય સાથે સાથે દીકરાને ભણાવવામાં આપતા. તેઓ નિયમિત રીતે ફરવાનું રાખતા. ફરતી વખતે જ તેઓ આખી ગીતાનો પાઠ કરી જતા. આમ એમની કાર્યક્ષમતા બેવડી થઈ જતી.

એમની અસાધારણ સ્મરણશક્તિ પણ તેમને કમ્પ્યૂટર જેવી કાર્યક્ષમતા આપી દેતી. એક ભ્રમભરેલી કલ્પના એવી છે કે તેઓ આખો દિવસ પતે પછી ડાયરી લખતા. પણ એમ નહોતું. તેમની ડાયરીમાં મોટે ભાગે તો ગાંધીજીના વાર્તાલાપો, પત્રો કે ભાષણોની

નોંધ છે. આ બધી નોંધ તેઓ દિવસ દરમિયાન જ ગાંધીજી બોલે ત્યારે સાથે સાથે કરતા જતા. કોઈ કોઈ વાર જ પાછળથી યાદ કરીને લખવાનું થતું. ઘણી વાર તો તેમની પાસે લખવાને સારુ કાગળ ન હોય તો છાપાંના હાંસિયામાં કે બીજા કોઈ નકામા કાગળ પર ટાંચણ કરી લેતા. કોઈ કોઈ વાર તો પોતાના નખ પર આખા વાર્તાલાપના મહત્ત્વના શબ્દો ટપકાવી દેતા. પાછળથી એની વ્યવસ્થિત નોંધ લખી લેતા.

આજના કોઈ કામને આવતી કાલ પર ન ટાળનાર માણસ આજની કિંમતને અનંતગણી વધારી દે છે. મહાદેવભાઈએ એ યોગ સાધ્યો હતો. તેથી તેઓ આટઆટલું કામ કરી શક્યા.

ગાંધીજીના સચિવ તરીકે વર્ષો સુધી જેમણે મહાદેવભાઈની સાથે કામ કર્યું હતું અને મહાદેવભાઈના મૃત્યુ પછી પણ જેમને એ ભાર ઉઠાવવો પડ્યો હતો તેવા શ્રી પ્યારેલાલે મહાદેવભાઈને શ્રદ્ધાંજલિ આપતો એક લેખ हरजिन પત્રમાં જેલમાંથી છૂટીને આવ્યા પછી ૧૯૪૬માં લખ્યો હતો. તેમાં એમણે વિગતવાર દાખલાઓ આપી એ જણાવ્યું હતું કે ગાંધીજીના મંત્રી થવાને જેવો આદર્શ હોવો જોઈએ તેવા મહાદેવભાઈ હતા. આ આદર્શ એટલે શું એ પ્યારેલાલ કહે છે:

તેમના આદર્શ મંત્રીએ પોતાના વડાના આદર્શને જીવનમાં ઉતારવાની ઝંખના રાખવા ઉપરાંત બીજી કોઈ જાતની વૃત્તિ રાખવાની નથી... એણે તો શૂન્યવત્ થઈ જઈને પોતાના સરદારમાં સમાઈ જવાનું છે. એનો અર્થ એ નથી કે એણે પોતાનું વ્યક્તિત્વ ગુમાવી દેવાનું છે. ટૂંકમાં, તેણે એની સાથે બે શરીરમાં એક પ્રાણ થવાનું છે. મંત્રી વિશેના ગાંધીજીના આદર્શનું આ મધ્યબિંદુ છે.૩

हरजिनबंधुમાં બે હપતે પ્રસિદ્ધ થયેલા લેખને અંતે પ્યારેલાલ અનેક દાખલાઓથી પોતાની વાતને પુષ્ટ કર્યા પછી છેવટે કહે છે:

ગાંધીજી અને તેમના આદર્શોમાં અપૂર્વ અને અનન્ય ભક્તિથી તરબોળ એવું મહાદેવભાઈનું જીવન હતું. ગાંધીજી જગત માટે જીવે છે, પણ મહાદેવભાઈ ગાંધીજી માટે જીવતા હતા... મહાદેવભાઈ કેવળ એક હોદ્દાધારી ન હતા. તેઓ એક સંસ્થારૂપ હતા. તેમના હોદ્દાનો આરંભ અને અંત તેમની પોતાની સાથે જ આવ્યો. ...૩

નોંધ:

૧. કિ. ઘ. મશરૂવાળા: समळी क्रांतमिा ंबे संस्कृतओि.

૨. મહાદેવભાઈની ડાયરી – ૯ : પૃ. ૪૧-૪૨.

૩. પ્યારેલાલ : હરિજનબંધુ ૧૭–૩–'૪૬ ને ૧૪–૪–'૪૬.

# ચાળીસ – 'અગ્નિકુંડનું ગુલાબ'

બીજી રચનાત્મક સંસ્થાઓની માફક ગાંધી સેવા સંઘની કોઈ ખાસ રચનાત્મક પ્રવૃત્તિ ચલાવવાની જવાબદારી નહોતી. કાર્યકર્તાઓની વિચારશુદ્ધિ અને પરસ્પર સ્નેહસંબંધો દૃઢ કરવા એ જ એનાં મુખ્ય કામ હતાં. એના સભ્યોમાંથી ઘણાખરા આજીવન રચનાત્મક કાર્યરત કાર્યકર્તાઓ હતા એ સાચું, પરંતુ એનાં વર્ષોવર્ષ મળતાં સંમેલનો એ જ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ હતી. ગાંધીજીનાં પ્રવચનો, કાર્યકર્તાઓની મુક્ત મને ચાલતી ચર્ચાઓ, સવારના સમયમાં નાનામોટા સૌ કાર્યકરોનું ભેગા મળીને શ્રમકાર્ય અને અનૌપચારિક રીતે એકબીજા સાથે હળવામળવાનું — એ બધું આ સંમેલનોને સ્મરણીય બનાવી દેતું. તેમાં ૧૯૩૭ના એપ્રિલ માસમાં કર્ણાટકના હુદલી ગામ અને કુમારી આશ્રમમાં અને ૧૯૩૮ના માર્ચ માસમાં ઓરિસાના ડેલાંગ ગામે મળેલાં ગાંધી સેવા સંઘનાં સંમેલનો મહાદેવભાઈ સારુ વિશેષ સ્મરણીય બની રહ્યાં હતાં. કર્ણાટકનું સંમેલન એની મધુર સ્મૃતિઓને લીધે; ઓરિસાનું એની કરુણ સ્મૃતિઓને લીધે.

કર્ણાટકના સંમેલન સારુ નિશ્ચિત કરવામાં આવેલું હુદલીનું સ્થળ અકલ્પિત વરસાદને કારણે બદલવું પડેલું. હુદલીની પાલાંની બનાવેલી ઝૂંપડીઓને બદલે સંમેલનસ્થળ પાસેના કુમરી ગામના આશ્રમનાં પાકાં મકાનોમાં ખસેડવામાં આવ્યું હતું. એકાએક પ્રાકૃતિક દૃશ્ય પલટાઈ ગયું હતું. સાવ સૂકી ગેરુ રંગની ધૂળ ઉડાડતી ભૂમિ ઉપર ઠેર ઠેર ખળખળ કરતાં નાનાં નાનાં નાળાં વહેવા લાગ્યાં હતાં. મૂળ સંમેલનથી કુમરી આશ્રમ પહોંચતાં સંમેલનના પ્રતિનિધિઓને બેત્રણ ઠેકાણે આવા ક્ષિપ્ર-ગતિ વહોળાઓ વટાવવા પડ્યા હતા. આશ્રમની આસપાસ અને ગામના પણ બીજા અનેક વાડાઓની આસપાસની વાડ પર જંગલી ગુલાબની વેલો છાયી ગયેલી હતી અને એની પર ઊગેલાં

અસંખ્ય ગુલાબો કદાચ 'જંગલી' હતાં તેથી જ, સખત વૃષ્ટિની સામે ઝીંક ઝીલતાં પોતાનું ગૌરવ વધારી રહ્યાં હતાં.

એ સંમેલનમાં મહાદેવભાઈને સારુ વિશેષરૂપે સ્મરણીય એવી ઘટના હતી નાની બહેન નિર્મળાના વિવાહ અને નાના ભાઈ પરમાનંદ તથા પુત્ર નારાયણના ઉપનયન-સંસ્કાર. તે જ વખતે તે જ 'માંડવા'માં મનુબહેન હરિલાલ ગાંધીના પણ વિવાહ થયા હતા. ગાંધીજી અને કસ્તૂરબા તથા મહાદેવભાઈ અને દુર્ગાબહેન કન્યાઓનાં વડીલ તરીકે વિવાહવિધિ કરાવવા વિરાજ્યાં હતાં. તે દિવસે સવારે મહાદેવભાઈએ નારાયણ અને પરમાનંદને ગાયત્રીમંત્ર મુખપાઠ કરાવ્યો હતો. તે દિવસે તે બંનેને ગીતાના બારમા અધ્યાયના શ્લોકોના અર્થ સમજાવ્યા હતા. લગ્ન અને ઉપનયન-સંસ્કાર ખૂબ સાદગીથી થયા હતા. બંને વરરાજાઓ — શ્રી સુરેન્દ્ર મશરૂવાળા અને શ્રી ઈશ્વરલાલ મ. દેસાઈ જાનમાં, બનતા સુધી, સાવ એકલા આવ્યા હતા. આખા વિધિનું ખર્ચ નગણ્ય થયું હતું. માત્ર ગાંધીજીએ આ પ્રસંગે લગ્ન કરતાં બંને જોડાં અને 'દ્વિજ' બનતા બંને બટુકોને *आश्रमभजनावलि* તથા *अनासक्तियोग*ની એક એક નકલ ભેટ આપી હતી. ખૂબીની વાત તો એ હતી કે આ બારેય પુસ્તકોમાં ગાંધીજીએ જુદાં જુદાં વાક્યો લખીને પોતાની સહી કરી હતી. નારાયણને અપાયેલ *भजनावलि*માં ગાંધીજીએ લખ્યું હતું: 'આ બધાં ભજનોના અર્થ સમજી લેજે અને ભજનો મોઢે કરજે.' અને *अनासक्तियोग*માં લખ્યું હતું: 'તારે વિશે જે આશાઓ રાખી છે તે પૂરી પાડજે.' નારાયણ માને છે કે તેની માફક બીજા પાંચે જણે પણ ગાંધીજીનાં આ આશીર્વચનોને આખી જિંદગી સ્મરણમાં રાખ્યાં હશે. જેમ *अनासक्तियोग* ઉપર લખેલ વાક્યે એના જીવનને જુદે જુદે તબક્કે નવી નવી પ્રેરણા આપી છે, તેમ બાકીના પાંચેયને જુદાં જુદાં વચનોએ આપી હશે. વ્યક્તિને વ્યક્તિ તરીકેનું ગૌરવભર્યું સ્થાન આપીને ગાંધીજી એને માણસ તરીકે ઉપર ઉઠાવવામાં મદદ કરતા હતા. આ પ્રસંગે નવદંપતીઓને તથા બટુકોને સંબોધીને ગાંધીજીએ થોડાં બોધવચનો પણ સંભળાવેલાં.

પરંતુ ઓરિસાના ડેલાંગ ગામે ભરાયેલા ૧૯૩૮ના ગાંધી સેવા સંઘના સંમેલને તો મહાદેવભાઈ સાથે સંમેલનમાં ઉપસ્થિત ઘણાખરા સેવકોને હચમચાવી મૂક્યા હતા.

આ સંમેલન પુરી જિલ્લામાં જગન્નાથપુરીની પાસે જ થાય છે એમ જાણીને આ વખતે કસ્તૂરબા, દુર્ગાબહેન, વેલાંબહેન, લક્ષ્મીદાસ આસર, ખેરસાહેબનાં માતુશ્રી અને બીજા

કેટલાક લોકો પ્રવાસમાં જોડાયા હતા. સંમેલન ખૂબ સરસ ભરાયું હતું. એમાં હાજરી પણ સારી હતી. પણ ગાંધીજીની હાજરીથી દૂર દૂરના લોકોનાં જે ટોળાં રોજ રોજ દર્શનાર્થે ભેગાં થતાં, તે અસાધારણ હતાં. રોજ પરોઢિયું થતાં પહેલાં તો દર્શનાર્થીઓ સારુ ફાળવવામાં આવેલ ખાસ ખેતર દર્શનાર્થીઓથી ભરાઈ જતું. ખેતરને એક છેડે જરા ઊંચો મંચ કરવામાં આવ્યો હતો. એક વાર સવારે ને એક વાર સાંજે ગાંધીજીને પોતાના કામમાંથી ઉઠાડીને આ સ્થાન પર બોલાવી લાવવામાં આવતા. સામાન્યપણે લોકો એ ખેતરમાં આવીને ગોઠવાઈ જતા. પણ ગાંધીજી મંચ પર આવીને ઊભા રહે, ત્યારે ખેતરમાં કોઈ ઊભું ન રહે એટલી કાળજી સ્વયંસેવકો લેતા. હજારોનું ટોળું શાંત બેસી રહેતું. ગાંધીજી નમસ્કાર કરે ત્યારે એમને સામે નમસ્કાર કરતું. કેટલાક આખો વખત બંને હાથ જોડીને જ બેસતા. પણ કોઈ બે શબ્દોનું પણ ઉદ્‌બોધન નહીં, વ્યાખ્યાન-પ્રવચનનો તો પ્રશ્ન જ નહોતો; અરે, 'મહાત્મા ગાંધી કી જય'ના પોકાર પણ નહીં. ગાંધીજી જેવા પોતાની ઝૂંપડી તરફ જવા પાછા વળે કે આ ભીડ ઊઠીને પોતપોતાના ગામ ભણી ચાલવા લાગે. વળી સાંજ પહેલાં બેત્રણ કલાક આગળથી એ ખેતરમાં લોકો ભેગા થવા માંડે. વગર બોલ્યે, માત્ર દર્શનથી, માત્ર પરસ્પર દર્શનથી અદ્‌ભુત આંતરિક પુષ્ટિ મેળવનાર આ લોક અને આ મહાત્મા હતા. ઓરિસાના ગ્રામજનોની આ નીરવ ભક્તિ જોનારને આશ્ચર્યચકિત કરે તેવી હતી.

સંમેલનમાં કાર્યકર્તાઓને ગાંધીજી સંબોધતા જ હતા, તે ઉપરાંત સામાન્ય જનતાને સંબોધીને પણ તેઓ કોઈ કોઈ વાર બોલતા. તેમાંથી એક વિશિષ્ટ પ્રસંગ ખાદીગ્રામોદ્યોગ પ્રદર્શનના ઉદ્‌ઘાટનનો હતો. એ પ્રવચનમાં હરિજન-મંદિરપ્રવેશના પ્રશ્ન પર ભાર દઈ તેમણે કહ્યું:

જગન્નાથનું મંદિર તો ભારતવર્ષમાં સૌથી વધારે ખ્યાતિ પામેલું છે, કેમ કે ત્યાં માણસ માણસ વચ્ચેના માનવીએ સરજેલા ભેદ ભૂંસાઈ જતા મનાય છે અને બ્રાહ્મણો અને હરિજનો એકબીજાની હારોહાર ઊભા રહીને ભગવાનનાં દર્શન કરે છે, એટલું જ નહીં પણ એકબીજાના હાથમાંથી એનો પ્રસાદ પણ લઈને ખાય છે. પણ એની એ પ્રતિષ્ઠા હવે રહી નથી ને એ વર્ણન ખોટું પડ્યું છે, કેમ કે હરિજનોને એ મહામંદિરમાં પેસવા દેવામાં આવતા નથી. મેં મનમાં વિચાર કર્યો કે જ્યાં સુધી જગન્નાથની નજર આગળ ભેદ ચાલે છે ત્યાં સુધી એ જગન્નાથ મારો નાથ નથી, એ તો એના નામનો ગેરલાભ ઉઠાવનારાઓનો. ને હરિજનોને બહિષ્કૃત રાખનારાઓનો નાથ છે, પણ જગતનો નાથ

તો નથી જ. એ મંદિરની જૂની પ્રતિષ્ઠા પાછી ખરેખર સજીવન કરવી એ મારા મનની ઝંખના છે, ને એ પૂરી કરવામાં તમારે મને મદદ કરવાની છે. જગન્નાથના મંદિરનાં દ્વાર જ્યાં સુધી હરિજનો માટે બંધ છે ત્યાં સુધી તે મારે માટે પણ બંધ છે.૧

પછીની કરુણ કથા મહાદેવભાઈના શબ્દોમાં જોઈએ. ૧૦મી એપ્રિલ, ૧૯૩૮ના *હરિજનબંધુ*ના અગ્રલેખમાં તેમણે લખ્યું:

કથા કરુણ છે, અને અંગત છે... ગાંધી સેવા સંઘની વાર્ષિક બેઠક માટે મારી પત્ની ભાગ્યે જ જાય છે. આ વેળા એ પુરી જવાના હેતુથી આવી એમ મને ખબર પડી. ગાંધીજીએ મને પહેલે જ દિવસે કહ્યું કે મારે એને પુરી મોકલવાની વ્યવસ્થા કરવી જોઈએ. બીજાં પણ જનારાં તો હતાં જ. મને પોતાને પુરીની સૂગ રહી, એટલે હું કાંઈક ઉદાસીન હતો, પણ ગાંધીજીએ ફરી પાછું મને પૂછ્યું, ત્રીજી વાર પૂછ્યું, એટલે મેં વ્યવસ્થા કરી. પુરી જઈને મંદિરમાં જવું કે ન જવું એની ચર્ચા કરવી જોઈતી હતી, પણ એની ખાસ ચર્ચા ન થઈ... ગાંધીજીએ તો પ્રદર્શન ખોલતાં જ કહ્યું કે એ મંદિર જ્યાં સુધી હરિજનો માટે ખુલ્લું ન મુકાય ત્યાં સુધી જગન્નાથ એ જગતના નાથ નથી પણ મંદિરની છાયામાં પેટ ભરતા 'પંડા'ઓના નાથ છે. આ વચનો પછી મને પોતાને પુરી જનારાઓને ખાસ કહેવાનો ધર્મ ન લાગ્યો. હા, મને ડર હતો ખરો કે એમ છતાં મારી પત્ની મંદિરમાં જશે. અસ્પૃશ્યતાને એણે કદી સંઘરી નથી, હરિજનોની યથાશક્તિ સેવા કરે છે, દસ વર્ષ થયાં હરિજનોને ઘરમાં પ્રવેશ કરાવ્યો છે. હવે મંદિરપ્રવેશમાં એને શ્રદ્ધા હોય તો એ શ્રદ્ધાને હું કેમ હલાવું? એ પણ મારી વૃત્તિ હતી. વળી ગાંધીજીએ ફરીફરીને બધાંને પુરી મોકલવાની વ્યવસ્થા કરવાનું કહ્યું એટલે ઘડીભર મેં એમ પણ માન્યું કે ગાંધીજી પોતાની અપાર અહિંસામાંથી ઉદ્ભવતી ઉદારતાથી એમ સૂચવી રહ્યા છે કે જેને મંદિરમાં જવું હોય એ ભલે જાય. એ જ ગાંધીજીએ ઝૂલુ બળવામાં ગોરા લશ્કરને સગે હાથે દારૂ આપ્યો હતો ને? એ જ ગાંધીજીએ પોતાના ટેબલ ઉપર જમવા આવનાર ગોરાઓને માંસ પીરસ્યું હતું ના? આ સાથે મારા મનમાં એ પણ હતું કે સંભવ છે કે શ્રી મણિલાલ ગાંધી સૌની સાથે છે એટલે મંદિરમાં ન જ જવાનો નિશ્ચય સૌ માનશે. શ્રી કસ્તૂરબા જશે એવો ભય મને ન હતો, અને એ ન જાય એટલે પણ બીજી બહેનો રોકાશે એવો સંભવ માનેલો. આ મિશ્ર લાગણીઓ મારા મનમાં હતી. મારી પત્નીના મનમાં પણ ગાંધીજીની ઉદારતાનો ખ્યાલ હતો. આમ સૌ ગયાં. મારી પત્ની મંદિરમાં ગઈ, બીજી

એકબે બહેનો ગઈ, અને બા પણ ગયાં. મણિલાલભાઈ તો માંદા પડ્યા એટલે સંઘને દિશાસૂચન કરવાને જઈ શક્યા નહીં. સંઘમાંથી થોડા બહાર જ રહ્યા, એમાં મારો નાનો દીકરો પણ હતો. એણે 'પંડા'ઓની સાથે ઠીક ટક્કર ઝીલી, અને 'હિંદુ'ઓમાં 'હરિજન' આવી જાય છે એમ સમજાવ્યું, અને મક્કમતાથી અંદર ન ગયો.

સોમવારે સાંજે સંઘ પાછો આવતાં ગાંધીજીને બધી હકીકતની ખબર પડી. પ્રથમ તો તેઓ હસ્યા. 'મહાદેવ, આપણે ત્રણેયે તો છેડો ફાડી આપવા પડશે,' એમ મને કહ્યું. પણ એ હાસ્ય તો એમની તીવ્ર વેદના ઢાંકવા માટે હતું. એમની વેદના તો વધતી ગઈ, રાત્રે સૂતા નહીં, અને સવારે લોહીનું દબાણ તો સૌને ગભરાવી મૂકે એટલું વધેલું હતું. મને બોલાવ્યો, દુર્ગાને બોલાવી, કસ્તૂરબાને બોલાવ્યાં, સૌની હાજરી લેવાઈ. મેં એમના મનની સ્થિતિ જાણતાં થોડોક ખુલાસો કર્યો, પણ એમના હૃદયનો ઉકળાટ શમ્યો નહીં પણ વધ્યો. 'આ પ્રકરણ દુખદ થઈ પડ્યું છે, મહાદેવ, તમે ભારે ગફલત બતાવી. તમે તમને પોતાને અન્યાય કર્યો, મને અન્યાય કર્યો, દુર્ગાને કર્યો. તમારો ધર્મ હતો કે એ લોકોને ફરી પાછો બધો ઇતિહાસ સમજાવવો જોઈતો હતો. પુરીમાં મારા શા હાલ થયા હતા તે સમજાવવું જોઈતું હતું, સનાતનીઓ મારા શા હાલ કરવા માગતા હતા તે પણ કહેવું જોઈતું હતું, અને મારી પ્રતિજ્ઞા અને સુધારક વર્ગને આપેલી સલાહ — મંદિર હરિજનો માટે ન ખૂલે ત્યાં સુધી એનો ત્યાગ કરવાની — સંભળાવવી હતી. એ સાંભળ્યા છતાં એ જવા માગત તો મારી પાસે લાવવી જોઈતી હતી. મારું ન માનત તો એને જવા દેત. બળાત્કારની તો વાત જ ન હતી.

એમની તબિયત એવી ન મળે કે હું એમની સાથે લાંબી દલીલ કરું. લાંબી દલીલે એમને કદાચ વધારે ઉદ્વેગ થાય — જોકે આજે જોઉં છું કે દલીલ કરી હોત તો એમનો ઉદ્વેગ ઓછો થાત અને અમે બંનેયે જે યાતના ભોગવી છે તે ઓછી થાત. પુરી જવાનો મને પણ ગાંધીજીએ આગ્રહ કરેલો. મેં તો સાફ કહેલું કે મને તો ત્યાં જવામાં સૂગ છે. પણ એ જ વેળા ગાંધીજીએ મને કહ્યું હોત કે 'સૂગ ભલે હોય, તમને મંદિરમાં જવા થોડા જ મોકલું છું? તમારે તો ત્યાં હરિજનો માટે ઝુંબેશ લઈને જવાનું છે,' તો બધી યાતનામાંથી બચી જાત. પણ જે થનાર હતું તે જગન્નાથ પણ કેમ મિથ્યા કરી શકે?

ગાંધીજીનું દુ:ખ હું જોઈ ગયો. સાંજે એથીયે વધારે દુ:ખ હતું. બીજે દિવસે પ્રભાતે મેં સંઘના સભ્યોની આગળ મારી વેદના વ્યક્ત કરી, મારી શરમ જણાવી… ગાંધીજીએ સંઘના સભ્યોને આ વિશે કશું ન કહેવાનો પહેલાં ઇરાદો રાખ્યો હશે, પણ મેં પ્રાર્થનામાં

ખુલાસો કર્યો એટલે એમણે પણ એ વિશે પોતાની વેદના સંઘની આગળ ૩૦મી તારીખે ઠાલવી:

'મહાદેવનો અને મારો નિકટ સંબંધ તમે જાણો છો. એણે પોતે આજે સવારે તમને સંભળાવ્યું એટલે મને થયું કે હવે હું પણ મારા મનમાં જે ભર્યું છે તે સંભળાવું.

જે કિસ્સો બની ગયો છે તે ઉપરથી હું તમને સૌને કહેવા માગું છું કે તમે રચનાત્મક કામ ગમે તે કરો — ચરખા સંઘ, અસ્પૃશ્યતાનિવારણ કે ગ્રામોદ્યોગ — તે બધાં કામ તો સત્ય અને અહિંસાનો પ્રયોગ કેટલે સુધી થઈ શકે છે એ બતાવનારાં છે. સત્ય અને અહિંસાનો પ્રયોગ કરતાં કરતાં સ્વરાજે પહોંચવાનાં એ સાધનો છે. આમાં અસ્પૃશ્યતાનિવારણ એ અહિંસાનું તીવ્ર રૂપ છે. એ ન મટે તો હિંદુ ધર્મ મટી જાય એ બહેતર, એવી પ્રાર્થના મારી હમેશાં રહી છે — સૌ અહિંસાધર્મીઓની એ પ્રાર્થના રહેવી જોઈએ, એ વૃત્તિ લઈને મેં એક વર્ષ હરિજનયાત્રા કરી. એ. આખી યાત્રાનું કેન્દ્ર હરિજનો માટે મંદિરપ્રવેશ થઈ પડ્યું. હરિજનો મંદિરપ્રવેશ ઇચ્છે કે ન ઇચ્છે એ વાત નથી — જોકે ત્રાવણકોરે તો બતાવ્યું છે કે લોકો પ્રવેશ ઇચ્છે છે જ — પણ આપણો એ ધર્મ છે... એટલે મેં પોકારી પોકારીને કહ્યું કે જે મંદિરોમાં હરિજનોને પ્રવેશ ન હોય તેમાં આપણાથી ન જવાય. હવે આમ છતાં એવા મંદિરમાં મારી પત્ની અને જેને મેં મારી દીકરી માની છે એવી બહેનો ચાલી જાય એ મારાથી કેમ સહન થાય?... જ્યારે આશ્રમની પણ બહેનો મંદિરમાં ચાલી ગઈ એમ મને ખબર પડી એટલે હું નિસ્તેજ થયો. મારું લોહીનું દબાણ લેતાં બહુ વધારે નીકળ્યું. પણ એ સંચા કરતાં મારું મન વધારે જાણતું હતું કે મારી કેવી સ્થિતિ છે. મને જે આઘાત પહોંચ્યો તેથી મગજની એક નસ તૂટી જાય તો નવાઈ નહીં. ગીતાની અનાસક્તિમાં માનનારો છતાં આવી વસ્તુઓની અસર મારા ઉપર ન થાય એવો હું બનવા નથી ઇચ્છતો. એ અનાસક્તિની સ્થિતિ સંપૂર્ણ પુરુષની સ્થિતિ વર્ણવે છે. આપણે તો એવી વસ્તુની અસર ન થવા દઈએ તો મૂઢ બનીએ. આપણે તો સાત્ત્વિકતાએ પહોંચવું છે, અને એ પહોંચવાને માટે બીજાનું દુ:ખ, બીજાનો અધર્મ જોઈને આઘાત પહોંચે એ આવશ્યક છે. જે ત્રણ બહેનો ગઈ એનો દોષ તો ઓછો હતો. દોષ એમાં મારો હતો, પણ વધારે દોષ મહાદેવનો હતો. એ એમાં ધર્મ ભૂલ્યા. એણે માન્યું કે એ લોકોની શ્રદ્ધા હું નહીં હલાવું, પણ એણે મારું દુ:ખ તો જાણવું જોઈતું હતું. એ લોકોનાં કૃત્યનાં સામાજિક પરિણામનો તો વિચાર કરવો જોઈતો હતો. હું નિસ્તેજ બન્યો. બા મંદિરમાં ન ગઈ હોત તો હું પાંચ ગજ ઊંચો ચડત. તેને બદલે નીચો પડ્યો. જે

શક્તિથી મારું કામ ચાલી રહ્યું હતું તેનો હ્રાસ થઈ ગયો હોય એમ મને લાગ્યું. એ લોકોનું તો અજ્ઞાન જ હતું એ વિશે શંકા નથી. પણ એમને અજ્ઞાન રાખનાર કોણ? આપણે જ ના? આપણો ધર્મ છે કે અહિંસાથી, પ્રેમથી, એમને સમજાવીએ. એમના અજ્ઞાનને ન ફેડવામાં અહિંસા નથી, હિંસા છે; ધર્મ નથી, અધર્મ છે…

આજે હરિજનો પણ માને છે કે આપણે એમને ઠગી રહ્યા છીએ. માને જ, કારણ આપણે તો મંદિરમાં જતા રહીએ, એ લોકોને જ્યાં પ્રવેશ ન હોય તેવાં સ્થાનોનો ઉપયોગ કરતા રહીએ તો એ લોકો શી રીતે માને કે હરિજનોને આપણે અપનાવ્યા છે? આપણે તો ત્યારે જ એમની ખાતરી કરી શકીએ જ્યારે આપણે સૌએ — આપણાં માબાપે, પતિપત્નીએ, સગાંવહાલાંએ અસ્પૃશ્યતા સંપૂર્ણપણે છોડી હોય.'૨

પહેલાં ઉદ્ધૃત કર્યો છે તે જ લેખમાં મહાદેવભાઈ પોતાની દશાનું વર્ણન કરે છે:

મારી દશા શું કહું? હું આ ભાષણથી ટાઢો પડવાને બદલે ઊકળ્યો. મને થયું, અસ્પૃશ્યતા જેવા પ્રશ્નમાં મારી આવી ગંભીર ગેરસમજ થઈ હોય તો હું ગાંધીજીના વિચારને સમજાવનાર કોણ? હું જ આટલો ત્રાસ, ભલેને અજાણ્યે, આપું તો બીજાને રોકનાર હું કોણ? બીજી તરફથી મને એમ પણ થયું કે ગાંધીજીનો ક્લેશ વધારે પડતો છે. એઓ શા સારુ પોતાને નિસ્તેજ બનેલા માને? સૂરજની આસપાસ વાદળાં ફરી વળે તેથી કાંઈ તે નિસ્તેજ થતો હશે? ગમે તેમ હો, પણ મને થયું કે 'નીકળ જીવ, તારું સ્થાન બાપુ પાસે નથી.' મેં રાત જાગતાં ગાળી, પ્રભાતે ચિઠ્ઠી લખીને મને વિદાય દેવાને ગાંધીજીને વીનવ્યા. આથી એમને અધિક દુઃખ થયું.૩

ગાંધીજીથી વિદાય માગતી મહાદેવભાઈની ચિઠ્ઠીના જવાબમાં ગાંધીજીએ સણસણતો જવાબ લખ્યો:

સવારના પહોરમાં શી ભેટ? પણ એક ભૂલ પણ તરત ન સુધારાય ત્યાં લગી ઉપરાઉપર બીજી થયા જ કરે. આમ છતાં હજારો ભૂલો સહન કરીશ પણ મારાથી તમારો ત્યાગ થનાર નથી. ભક્તોને હાથે મરવું ભલું, અભક્તને હાથ તરવુંય મરવા સમાન છે. એટલે તમારે જવાપણું તો નથી જ.

હવે તમારી ભૂલો ગણાવું

મને દુર્ગા કે વેલાંબહેનનો વાંક વસતો જ નથી. બાએ તો પ્રાયશ્ચિત્ત કર્યું. અપવાસ કરીને નહીં પણ અતિ સરળપણે. પોતાનો દોષ મારી પાસે કબૂલ કરીને. પંચાવન વર્ષનો પવિત્ર સંબંધ તેણે કાલે વધારે પવિત્ર કર્યો.

પણ તમે? દુર્ગા પ્રત્યેના અંધ પ્રેમે કે તમારી બેદરકારીએ તેને અધર્મના માર્ગે જવા દીધી. પછી જ્યારે મારું દુ:ખ જાણ્યું ત્યારે વગર વિચારે અપવાસ આદર્યા. કુવિચાર કે અવિચારનું નિવારણ અપવાસ નથી, સુવિચાર છે. જ્યારે અપવાસનું જાણ્યું ત્યારે તમને ચેતવ્યા, પણ તમે અપવાસ ન જ છોડ્યો. તમને અપવાસ કરવાને બદલે વિચારવાનું કહ્યું, તમે વિચાર્યું નહીં. મારી પાસેથી સમજવાનો પ્રયત્ન સરખોય ન કર્યો. કાલે તમને અતિશય પ્રેમપૂર્વક પૂછ્યું,' મહાદેવ, હું બોલ્યો તે સમજ્યા?' જવાબ આપ્યો તે બરોબર ન હતો. આચાર એથીયે ખરાબ... મારું કાલનું કથન સોંસરવું ઊતર્યું હોત તો તમે આજે સંઘ લઈને પુરી જાત ને પુરી હલાવતે. મારી ધગશ પણ કેવી નબળી કે મને આ પગલું પ્રથમ જ ન સૂઝ્યું. તમે ધર્મ દીવા જેવો સમજ્યા હો તો હું એક દિવસની રજા પણ આપું ને કોઈ લોકો તૈયાર થાય તેને લઈ જવા દઉં. આજે પણ થાય તો કરવા જેવું ખરું...

તમારું કવિત્વ તમને કેટલીક વાર બહુ અંધારામાં રાખે છે. તમારા કાગળમાં કાયરતા સિવાય કશું નથી. તમે મારો ત્યાગ કરો પછી પ્યારેલાલ રહે કે? પ્યારેલાલ જાય એટલે સુશીલા રહે? એની અસાધારણ બુદ્ધિનું મારે શું કામ? એવી બુદ્ધિ છે તે મારી પાસે કટાઈ જાય એ ભયથી કેટલીક વાર હું દુ:ખી થાઉં છું, પણ એટલું તમને કેમ નથી સૂઝતું કે તમને ત્યાગીને એ બધાંનો ત્યાગ સહેજે થઈ જાય? એ બધા ભાગી જાય. લીલાવતી ગાંડી જ થઈ જાય. છતાં નસીબે એ હશે તો એ પણ સહન કરીશ. પણ તમને કે કોઈને હું તો નહીં ભગાડું. કોઈ ભાગશો તો તેને રોકવાની મારી શક્તિ શી? આ પ્રકરણમાંથી તમે અંતરમાં કાવ્ય નિપજાવો. ભૂલ થઈ હોય તો તે સુધારો. ભૂલ ન લાગે તો મારી પાસેથી સમજો. મારી ભૂલ જણાય તો મને સુધારો. આ નથી રડવાનો સમય, નથી અપવાસનો. તમે વાચન ઓછું કરો, વિચાર વિશેષ કરો. અહીં જે જે થયું છે તે ઊંડા ઊતરીને જુઓ. સુશીલાની — પ્યારેલાલની બુદ્ધિનો તમે પોતે જ ઉપયોગ કરો ને તમારી ઉપરથી ભાર ઓછો કરો. લીલાવતીની પાસેથી પણ કામ લો. આ કિસ્સો મને સૂચવે છે કે તમે બાહ્ય પ્રવૃત્તિના બોજામાં કચરાઈ જઈ વિચાર ઓછો જ કરો છો ને પરિણામે 'ઇન્ટરપ્રિટ' કરવાનું પણ ઓછું જ થશે...૪

ઉપરના પત્રમાં ગાંધીજીની કઠોરતાનાં ઠીક ઠીક દર્શન થાય છે, પણ એમની કોમળતા પણ કાંઈ છાની રહેતી નથી. એ પત્રમાં તેમણે જાણીને કે અજાણતાં એક એવી દલીલ કરી હતી કે મહાદેવની સામે બ્રહ્માસ્ત્ર નીવડે. એમણે મહાદેવના જવાથી ડૉ. સુશીલા

પણ જાય એ વાત યાદ દેવડાવી. જ્યારે ગાંધીજીની તબિયત ખરાબ જ હતી ત્યારે ડૉ. સુશીલા એમનો સાથ છોડીને જાય એ મહાદેવભાઈ કલ્પી પણ શી રીતે શકે?

મહાદેવભાઈએ ગાંધીજીને છૂટા થવાની રજા માગતી ચિઠ્ઠી આપી પછી દુર્ગાબહેન અને નારાયણ સાથે પણ આ અંગે વાત કરી. નારાયણને કહ્યું: 'બાબા, આપણે દિહેણ જઈશું, હું ખેતી કરીશ ને તને ભણાવીશ.' બાબલાએ એમને ઘસીને ના પાડી: 'તમારે જવું હોય તો જજો, હું તો નથી જવાનો.' દુર્ગાબહેને પણ ગાંધીજીનો સાથ છોડવાના વિચારને ટેકો ન આપ્યો.

મહાદેવભાઈએ કયા વિચારે મન સાથે સમાધાન કર્યું તેની વાત પેલા જ અગ્રલેખના છેલ્લા ભાગમાં આવે છે કે:

ગાંધીજીનાં વેણો મને તે સમયે આકરાં લાગ્યાં, હું બહુ દુ:ખી થયો.

રહેવું સોહ્યલું રે, સંતની સાથે સ્વર્ગે જઈને,
જીવવું દોહ્યલું રે, સંત નિકટ પૃથ્વી પર રહીને.

એ ભાવની અંગ્રેજી કડીના ભણકારા મારા કાનમાં વાગતા હતા અને મને સતાવતા હતા. ફરીફરીને મને થતું હતું કે આ બધું થોડી ગેરસમજમાંથી નથી ઊપજ્યું? મોટાં મોટાં પાપને શિવજી હલાહલ પી ગયા તેમ પી જનાર બાપુ આવા એક બુદ્ધિદોષ ઉપર આટલા શા સારુ વલોવાયા હશે? આમ તે રજનો ગજ થતો હશે? અને ન કરે નારાયણ ને એમાંથી કશું થઈ જાય તો જગતની આગળ હું શું મોં બતાવું? બા શું મોં બતાવે? દુર્ગા શું મોં બતાવે?

આ મારી તે કાળની લાગણી છે. આજે સ્વસ્થ થઈને વિચાર કરું છું ત્યારે થાય છે કે હું એમની પરીક્ષા કરનાર કોણ? મને જે રાઈ લાગે તે એમને પહાડ લાગે તો? તંદ્રારહિત રહીને પચાસ પચાસ વર્ષો થયાં ધર્માચરણ કરનાર ધર્મ વધારે સમજે કે રાગદ્વેષથી ભરેલો હું ધર્મ સમજું? અને એમની સાથે રૂસણું શું? એમની પાસેથી જઈને ક્યાં જવાપણું હતું? એમને સંતનું પદ આપીને સ્વર્ગના દેવતા બનાવવા એ ન્યાય કહેવાય? એ તો પોતાને દેવતા કદી માનતા નથી. મહાત્માયે નથી માનતા. આપણા જેવા કાળા માથાના માનવી માને છે, અને એટલા માટે જ એમની સાથે રહી શકાય છે. કોઈ વાર એમનો તાપ ઉગ્ર થાય તેથી કેમ કંટાળાય? અને કંટાળીને ભાગીએ, કે એ તાપમાં ભગવાન આપણને પણ ખાખ કરી નાખે એમ માગીએ?

વધારે સ્વસ્થતાથી વિચારતાં થાય છે કે એમના જેવા ઉગ્ર સુધારક બીજી રીતે કેમ

વર્તે? એમણે ભલે અમને આકરા ડામ દીધા — વચનના નહીં, પણ પોતે ભાંગી પડવાની સ્થિતિ આણી મૂકીને — પણ એ ડામે કાંઈ જાગ્રત પણ ઓછા કીધા? આખું વાતાવરણ જે ત્રણચાર દિવસ થયા અહિંસાના ભેદો ખોલવાના પ્રયાસોથી ભરાઈ ગયું હતું તેમાં વળી અહિંસાના આ એક નવા પ્રયોગથી વીજળીની જેમ નવું અજવાળું પડ્યું. શુદ્ધ ધર્મરૂપે લાગતી, પણ જગતની દૃષ્ટિએ નજીવી જણાતી બાબત માટે પ્રાણ ત્યજવાને તેઓ તૈયાર છે એ સૌએ ફરી એક વાર જોયું. સેવાધર્મ તો પરમ ગહન છે જ, પણ હરિજનોની સેવાનો ધર્મ એથીયે વધારે ગહન છે એમ સૌ જોઈ શક્યા. અને એમણે પોતાને ધગાવીને 'જગાવેલી: જ્યોતમાંથી ચિનગારીઓ લઈ સૌ પાછા વળ્યા.૫

આજથી પચીસ વર્ષ ઉપર જ્યારે ડેલાંગના ગાંધી સેવા સંઘનો આ પ્રસંગ આ લેખકે પોતાના સ્મરણોની પુસ્તિકા सतं सेवता सकृत वाघमાં લખ્યો, ત્યારે એક જ ટિપ્પણી કરી હતી:

'કાકાના સ્વર્ગવાસ પછી શ્રી ઝવેરચંદ મેઘાણીએ એમને વિશે જે લેખ લખ્યો હતો તેનું મથાળું આપ્યું હતું: "અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ" એ મથાળું આ પ્રસંગે શબ્દશ: સિદ્ધ થતું હતું.'૬

નોંધ:

૧. गांधीजीनो अक्षरदेह – ૬૬ : ૪૧૩-૪૧૪.

૨. મહાદેવ દેસાઈ: हरजिनबंधु, ૧૦ એપ્રિલ, ૧૯૩૮, પૃ. ૩૬-૩૭માંથી સારવીને.

૩. મહાદેવ દેસાઈ: हरजिनबंधु, ૧૦ એપ્રિલ, ૧૯૩૮, પૃ. ૩૭.

૪. गांधीजीनो अक्षरदेह – ૬૬ : પૃ. ૪૫૦-૪૫૧.

૫. એજન, પૃ. ૩૭-૩૮.

૬. નારાયણ દેસાઈ: सतं सेवता सकृत वाघ (બીજી આવૃત્તિ): પૃ. ૬૧.

# એકતાળીસ – સચિવથી અદકેરા

જગન્નાથપુરીની અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલ મહાદેવભાઈની શારીરિક અવસ્થા પર કદાચ આ પ્રસંગની વિપરીત અસર થઈ હશે. પણ એમના અંતઃકરણ પર તો એનો પ્રભાવ અગ્નિની જ્વાળામાંથી પસાર થતાં કંચન પર પડે તેવો પડ્યો. તેઓ વધુ વિશુદ્ધ બન્યા અને તેમની આંતરિક કાંતિ એનાથી વધુ ઝગી ઊઠી. ડેલાંગમાં જે દિવસે તેમણે ગાંધીજીથી છૂટા થઈને રહેવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, અને ગાંધીજી, દુર્ગાબહેન તથા બાબલાએ એમના એ વિચારને સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો, તે જ દિવસથી એમનું કામકાજ તો પૂર્વવત્ ચાલુ થઈ ગયું. કામમાં પ્રાર્થનાનું તત્ત્વ થોડું વધ્યું હશે ખરું, આંતરિક ગંભીરતા થોડી વધુ ઊંડી ગઈ હશે ખરી, પણ રોજિંદા કામનું પ્રમાણ જરાય ઘટ્યું નહોતું. એમની વાચામાં વિષાદની ખટાશ નહોતી વરતાતી, એમની મધુરતા કિંચિત્માત્ર પણ ઘટી નહોતી. એમના વદન પર પ્રસન્નતાનું ગુલાબ એમનું એમ ખીલવા લાગ્યું.

બાબલો તો ત્યાં સુધીમાં ગાંધીજીના ‘સચિવાલય’નો એક સભ્ય જ થઈ ગયો હતો. પોતાનાં થોડાંઘણાં કામો એને સોંપીને એને નિત્ય શિક્ષણ આપવાનું કામ મહાદેવભાઈને માથે ઉમેરાઈ ચૂક્યું હતું. પણ જગન્નાથપુરીમાં હરિજનો સારુ નિષિદ્ધ મંદિરમાં બાબલો સમજીબૂઝીને ન પ્રવેશ્યો. અને એને અંગે તેણે પુરીના પંડાઓ જોડે થોડો વાદવિવાદ પણ ચલાવ્યો, તેથી મહાદેવભાઈ રાજી થયા હતા. અને ત્યારથી પોતાની સાથે મુલાકાતે આવેલા લોકોમાંથી કેટલાક લોકો સાથે ચર્ચાઓમાં ઊતરવામાં પણ મહાદેવભાઈ બાબલાને પ્રોત્સાહિત કરતા. એક વાર બનારસથી અલાહાબાદ કારમાં જતાં ઓરિસ્સાના એક ક્રાંતિકારી જુવાન શ્રી બંસીધર રાજ સાથેની હિંસા-અહિંસા અંગેની

ચર્ચામાં તેમણે આમ બાબલાને પણ ભેળવ્યો હતો. આ મુલાકાત બાદ મહાદેવભાઈએ *હરિજન* પત્રો સારુ લખેલા લેખમાં પણ એનો સહજ અછડતો ઉલ્લેખ આવતો હતો. પેલા ક્રાંતિકારી ભાઈ તો વરસો પછી નારાયણના લગ્નપ્રસંગે આશીર્વાદ આપવા ખાસ કટક હાજર રહ્યા હતા. ગાંધીજી પણ મહાદેવભાઈની પુત્રને તાલીમ આપવાની આ રીત જોઈને ખુશ થતા. તેઓ કોઈક વાર કહેતા પણ ખરા કે તમે બાબલાને આમ તૈયાર કરો છો એ મને ગમે છે. પોતાની ઘણીખરી મુસાફરીમાં બાબલાને સાથે રાખવાનો આદેશ આપીને ગાંધીજીએ મહાદેવભાઈના મનમાંથી પુત્ર સારુ રાષ્ટ્રની સંપત્તિ ખર્ચ કરવા અંગેનો સંકોચ દૂર કર્યો હતો.

મહાદેવભાઈ મગનવાડીથી સેવાગ્રામ ટપાલ લાવવા લઈ જનાર ટપાલી તો હતા જ, પણ ઘણી વાર હમાલ પણ બની જતા. બહુ મોટો બોજો ન લાવવાનો હોય તો ગાંધીજી મહાદેવભાઈ પાસે વર્ધાથી જરૂરી ચીજવસ્તુઓ પણ મગાવતા. 'અહીં ફળોનો દુકાળ છે, ખાનસાહેબને હું શું ખવડાવું?' કહીને એમને સારુ ફળ મગાવવામાં આવે. પણ તે વખતે પાછી ગાંધીજીની વાણિયાબુદ્ધિ પણ કામ કરતી હોય. સેવાગ્રામથી આ રીતે મહાદેવભાઈ પર લખેલ એક ચિઠ્ઠીમાં તેઓ કહે છે:

ગણપત સાથે ફળ મોકલજો... સેબ [સફરજન] ખૂટ્યાં છે. કનુને સંતરાંનું કહ્યું તો છે. પેલો સત્યનારાયણ તો છોલે છે. એનું બિલ બાદશાહી છે. તે ચૂકવ્યું છે. સંતરાં ૧૦૦ના ૪ રૂપિયા, કેળાં ૫૦ના ૮ આના? મનાઈ કરવા છતાં આજે પણ તેણે ફળ મોકલ્યાં છે. એ પાછાં મોકલ્યાં છે. આ તો તમારી જાણ સારુ જ.૧

મિસ મેરી ઇંગમ નામની એક અંગ્રેજ બાઈ ગાંધીજી પાસે આવી હતી. તેને તેમણે મગનવાડી મોકલી. મેરીનું નામ ગાંધીજીએ શાંતાબહેન રાખ્યું હતું. શાંતાબહેન એમ તો થોડા દિવસમાં ઇંગ્લંડ પાછાં જવાનાં હતાં, પણ તેમને મગનવાડીનું વાતાવરણ એટલું ગમી ગયું હતું કે તેમણે થોડા મહિના વર્ધામાં જ રોકાઈ જવાનું નક્કી કર્યું હતું. શાંતાબહેન મહાદેવભાઈને દફતરનાં કામોમાં મદદ કરતાં અને બાબલાને થોડું અંગ્રેજી પણ શીખવતાં.

શાંતાબહેન મગનવાડીમાં મહાદેવભાઈના કુટુંબમાં જ જમતાં. બાબલાએ અને મહાદેવભાઈએ મળીને શાંતાબહેનનું નામ 'ડોસપોસ' રાખ્યું હતું. મહાદેવભાઈ અને

દુર્ગાબહેન ડોસાં, બાબલો અને બચુ પોસાં, શાંતાબહેનની ઉંમર ડોસાં અને પાસાં બંનેની વચ્ચેની તેથી તેમને ડોસપોસનું નામ મળેલું.

એ કાળમાં ભણસાળીભાઈ પણ મગનવાડીમાં રહેતા હતા. મહાદેવભાઈ માનતા હતા કે ભણસાળીભાઈને ઈશ્વરસાક્ષાત્કાર થયો હતો, તેથી તેમને વિશે એમના મનમાં અપાર માન હતું, અને એ માન તેમણે બાબલાના મનમાં પણ રેડ્યું હતું. ભણસાળીભાઈની દેહ અને આત્માને પૃથક્ માનવાની વૃત્તિ અને અનુભૂતિ અદ્‌ભુત હતી. એમને એક વખત વારાફરતી અનેક કાખબગલી થઈ ગઈ હતી. બગલ પરનાં એ ગૂમડાં ખૂબ મોટાં હતાં. લોહીપરુથી તે એવાં ખદબદતાં કે જોનારને પણ એથી અરેરાટી છૂટતી. પણ ભણસાળીભાઈને એની ખાસ પરવા નહોતી. એ તો આખો દિવસ મોટો બારડોલી રેંટિયો ફેરવ્યા કરતા. મહાદેવભાઈ એમને લગભગ બળપૂર્વક વર્ધાની સિવિલ હૉસ્પિટલમાં લઈ ગયા. સિવિલ સર્જને કહ્યું કે ગૂમડાને તરત ચીરીને સાફ કરવું પડશે. ભણસાળીભાઈએ તરત પોતાનું શરીર સિવિલ સર્જન આગળ ધરી દીધું. કોઈ પણ પ્રકારની ઍનેસ્થેટિક દવાથી શરીરના એ ભાગને ચેતનાશૂન્ય બનાવવાની એમને જરૂર નહોતી. ડૉક્ટરને એ મોટામસ ગૂમડામાં લાંબા સોયો ખોસતાં ગભરામણ થતી હતી, ભણસાળીભાઈને નહીં. એમણે ઊભા ઊભા જ આખા ગૂમડાને ચીરીફાડીને સાફ કરાવ્યું. બસ. વચ્ચે કોઈ કોઈ વાર તેઓ ‘પ્રભુ, પ્રભુ નારાયણ, નારાયણ!’ એટલો પોકાર કરી ઊઠતા, અને પછી ગગનભેદી અટ્ટહાસ્ય કરતા. બાકી શારીરિક કષ્ટની એમને સહજ પરવા નહોતી.

સેવાગ્રામ ગયા પછી ‘ભણસાળીકાકા’ પાસે બાબલાએ લાંબા ગાળા સુધી શિક્ષણ લીધું હતું.

વર્ધા-સેવાગ્રામમાં સાપવીંછીનો પાર નહોતો. ત્યાં રહેવા આવે ને વીંછી ન કરડે ત્યાં સુધી આવનાર મહેમાન સ્નાતક ન થાય એવું તમે ગણી શકો! દુર્ગાબહેનને એક વાર વીંછી કરડ્યો. તેમણે ભજનો ગાઈ ગાઈને વીંછીના દરદને સહ્ય બનાવ્યું. ગાંધીજીએ એક ચિઠ્ઠીમાં મહાદેવભાઈને લખ્યું:

‘વીંછીનો ઉતાર ભજન છે એ નવો પાઠ દુર્ગા પાસેથી. એ વીંછી કેવો હશે કે ભજન ગાવા દે? એ ગાનારી કેવી કે વીંછીની વેદનામાં પણ ભજન ગાઈ શકે?’ ૨

સેવાગ્રામમાં રહેવા ગયેલાં બહેન લીલાવતી આસરને કોઈ કારણસર ગાંધીજી સાથે તકરાર થઈ. તેઓ સેવાગ્રામથી નીકળી આવ્યાં. એ સેવાગ્રામ છોડી ગયાં તે વિશે તો ગાંધીજીએ ઘણા લોકોને ચિઠ્ઠીઓ લખી, પણ તેમણે અનુમાન કર્યું હતું તેમ,

લીલાવતીબહેન તો સેવાગ્રામથી નીકળીને સીધાં મગનવાડી જ આવ્યાં. મહાદેવભાઈએ એમને ત્યાંથી આગળ ન જવા દીધાં. ધીરે ધીરે પોતાની સાથે કામકાજમાં જોડ્યાં. ગાંધીજીએ પણ સંતોષ માન્યો કે 'લીલાવતીને તો મહાદેવ જ સમાવી શકે.' લીલાવતીબહેને બાબલાને થોડો વખત નામું શીખવેલું.

૧૯૩૬ના ઑક્ટોબરની ૩૧મીએ અમદાવાદમાં મળેલી ૧૨મી ગુજરાતી સાહિત્ય પરિષદના ગાંધીજીને પ્રમુખ ચૂંટવામાં આવ્યા હતા. તે વખતે મહાદેવભાઈએ પત્રકારિતા વિભાગના પ્રમુખ તરીકે એક અત્યંત મનનીય પ્રવચન કર્યું હતું. ગુજરાતી વૃત્તવિવેચનને પ્રાણવાન બનાવે એવાં અનેક સૂચનોથી ભરપૂર એ પ્રવચનમાં મહાદેવભાઈનું ચિંતન અને દેશવિદેશની પત્રિકા અંગેનો તેમનો અભ્યાસ પ્રગટ થતો હતો. ગાંધીજીની સાથે રોજના સરેરાશ સોળ કલાકનું કામ કરનાર મહાદેવભાઈ પત્રકારિતા અંગેનું છેલ્લામાં છેલ્લું સાહિત્ય વાંચવાની ફુરસદ ક્યાંથી મેળવી શક્યા હશે એ જ પ્રશ્ન ઘણા શ્રોતાજનોને આશ્ચર્યચકિત કરતો હતો.

વૃત્તવિવેચન વિભાગને સાહિત્ય પરિષદનું એક અંગ માનવાનો આ પહેલો અવસર હતો. મહાદેવભાઈએ એનો અર્થ એ કર્યો કે વૃત્તવિવેચનને સાહિત્યના અંગ તરીકે પરિષદે માન્યતા આપી. મહાદેવભાઈએ રસ્કિનની 'પુસ્તક' શબ્દની વ્યાખ્યાને 'સાહિત્ય'માં ફેરવી એ યાદ અપાવી હતી કે,

'હું લખું છું તે સત્ય છે, જનહિતકારી છે, સુંદર છે એવા ભાનથી લખાયેલું હોય તે સાહિત્ય.'

અને પછી પ્રશ્ન કર્યો હતો કે આપણું કેટલું સાહિત્ય આ વ્યાખ્યા મુજબ સાહિત્યમાં ગણાઈ શકે એમ છે? આવી ઊંડી વ્યાખ્યા અનુસાર પત્રકારિતા કરનાર અનેક વિદ્વાનોનો ઉલ્લેખ મહાદેવભાઈએ કર્યો હતો. મહાદેવભાઈ કોઈ પણ વિષયની ચર્ચા કરે અને તેમાં ગાંધીજી ન આવે એમ તો બને જ કેમ? તેથી શરૂઆતમાં જ તેમણે કહ્યું હતું કે આ વિભાગના પ્રમુખ તરીકે જો ગાંધીજીને નિમંત્રવામાં આવ્યા હોત તો તેમની પાસે વૃત્તવિવેચન સારુ અનેક સૂચનો લાધ્યાં હોત. લૉર્ડ રોઝબરીએ વર્તમાનપત્રોને નાયગ્રાના ધોધની ઉપમા આપી હતી તે યાદ અપાવી મહાદેવભાઈ સ્મરણ કરાવે છે કે ગાંધીજીએ આ ઉપમાની જાણ વિના જ કહ્યું હતું કે,

વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડુબાડે છે ને પાકનો નાશ કરે તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે

તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે, અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે છે.

પોતાના પ્રવચનમાં મહાદેવભાઈએ પત્રકારિતાને એક મૂલ્ય એ આપ્યું હતું કે વર્તમાનપત્રો એ ધંધો, કમાવાનું સાધન કે વેપાર બની જાય છે. પણ જો પ્રયત્ન કરવામાં આવે તો તે લોકસેવાનાં અમૂલ્ય સાધન પણ બની શકે. તેમ થાય તો તે લોકજીવનનાં આવશ્યક અંગ બને. મહાદેવભાઈએ વર્તમાનપત્રોમાં સમાચારની શુદ્ધિનો આગ્રહ રાખ્યો હતો, અને તત્કાલીન પત્રકારિતામાં સર્વત્ર કેવું પ્રદૂષણ આવી ગયું હતું એના કેટલાક દાખલા આપ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે પત્રકાર લોકમતને જેમ ઝીલે છે તેમ તેને ઘડે પણ છે. સત્યનિષ્ઠાને પત્રકારના પ્રથમ ધર્મ તરીકે લેખીને અત્યુક્તિ, ખોટી સજાવટ અને નકરા ગપગોળાથી એનો ભંગ થાય છે એ તેમણે સમજાવ્યું હતું. માત્ર નિંદા અને કાદવ ઉછાળનાર પત્રોને મહાદેવભાઈએ કહ્યું કે એના નમૂના આપવા એ પણ કાગળને અંકિત નહીં પણ કલંકિત કરવા બરાબર થશે. સમાચારોને સત્યની ચાળણીએ ચાળીને શુદ્ધ રૂપમાં, આત્માને પોષક એ રીતે રજૂ કરવાની રસ્કિનની સલાહનું મહાદેવભાઈ સમર્થન કરે છે. સત્યપૂત સમાચાર ઉપરાંત મહાદેવભાઈ પત્રિકાઓમાં ઊંડા અભ્યાસપૂર્ણ લેખોની પણ અપેક્ષા રાખે છે અને તેના ઉત્તમ અને કનિષ્ટ બંને પ્રકારના નમૂનાઓ તરફ શ્રોતાઓનું ધ્યાન દોરે છે. છાપામાં આવતી હીન જાહેરખબરોની મહાદેવભાઈ ખબર લઈ નાખે છે.

તંત્રી અને ખબરપત્રીઓના મહાદેવભાઈ ત્રણ પ્રકારો જણાવે છે: (૧) કેવળ લોકમતનું પ્રતિબિંબ પાડનાર, (૨) લોકમત ઘડનારા, અને (૩) લોકશિક્ષકો. અને પછી દુ:ખ પ્રગટ કરે છે કે આપણે ત્યાં પહેલા પ્રકારના તંત્રીઓ કરતાં બીજા બે પ્રકારના પત્રકારો ખૂબ ઓછા હોય છે. આ વિશે गार्डियनના તંત્રી સી. પી. સ્કૉટનો આદર્શ લઈ તેમનાં જ વચનો ટાંકી મહાદેવભાઈ કહે છે કે આવા લોકશિક્ષક અને રાષ્ટ્રવિધાયક તંત્રીમાં ઉત્તમ કુશળતા, શિક્ષણના સંસ્કાર, કુશાગ્ર બુદ્ધિ, ધર્મભીરુતા અને સત્યનિષ્ઠા જોઈએ. હિંદુસ્તાનના બે તંત્રીઓનો વિશેષ ઉલ્લેખ કરીને મહાદેવભાઈ ટિળક મહારાજને લોકશિક્ષક અને ગાંધીજીને રાષ્ટ્રવિધાયક ગણાવે છે. છેવટે પત્રકારિતાને તેઓ એક ગંભીર અને પવિત્ર વ્યવસાય ગણાવે છે. એક પત્રકાર તરીકે મહાદેવભાઈએ यंग इन्डिया, नवजीवन, इन्डिपेन्डन्ट, हरिजनबंधु કે

*हरजिन* પત્રોનું જે રીતે સંપાદન કર્યું હતું તેની વાત આપણે આગળ ઉપર જોઈ ચૂક્યા છીએ. તેથી આપણને સમજાય છે કે પત્રકાર પરિષદમાં આપેલું મહાદેવભાઈનું એ ભાષણ એ માત્ર થોડાં પુસ્તકો ઉથલાવીને ટાંકેલાં ઉદ્ધરણો પૂરતું સીમિત નહોતું, પણ વર્ષોના ઉત્તમ સંસ્કારયુક્ત, લોકહિતકારી, સત્યનિષ્ઠ પત્રકારત્વના અનુભવના સારરૂપ હતું.

આ જ અરસામાં સાહિત્યકાર તરીકે મહાદેવભાઈની એક વિશેષ ઉલ્લેખનીય સેવા હતી પં. જવાહરલાલ નેહરુની આત્મકથાનું ગુજરાતી ભાષાંતર. સાડા છસો પાનાંના એ દળદાર ગ્રંથનું ભાષાંતર કરવાનો સમય મહાદેવભાઈ કેવી રીતે મેળવી શક્યા એ જ એક કોયડો છે. આ ભાષાંતર થયું ત્યારે ગાંધીજી સાથેનું કામ તો જરાય ઓછું થયું નહોતું. પણ આખા કામકાજમાંથી પરવારીને રાતે કે વહેલી સવારે તેઓ આ કામ કરતા. એક વાર ફાનસને અજવાળે તેમણે અનુજ પરમાનંદ પાસે મૂળ અંગ્રેજીનું એક એક વાક્ય વંચાવેલું કે જેથી તેઓ તરતોતરત એનું ગુજરાતી ભાષાંતર લખી શકે. અલબત્ત, આ કામમાં તેમને નરહરિભાઈ, ઠાકોરભાઈ દેસાઈ તેમ જ બીજા પણ એકબે સાથીઓની મદદ મળી હતી. પણ બીજા મિત્રોએ કરેલાં ભાષાંતરોને જોઈતપાસીને સુધારી આપવાનું કામ તો છેવટે મહાદેવભાઈએ જ કરવું પડતું. આ લેખકના અંદાજ મુજબ અડધાથી વધારે ભાગનું ભાષાંતર તો મહાદેવભાઈએ જાતે જ કર્યું હતું. સમયના દબાણને ધ્યાનમાં રાખીને નરહરિભાઈ વગેરેએ બાકીનો ભાગ પૂરો કરવામાં મદદ કરી હતી. એ પુસ્તકમાં ટાંકલી અનેક અંગ્રેજ કવિઓની કવિતાઓના પદ્યાનુવાદ બધા મહાદેવભાઈએ કર્યા હતા. બીજા મિત્રોના ભાષાંતરમાં પણ કેટલીક વાર મહાદેવભાઈએ આખા ને આખા ફકરા ફરી લખ્યા હતા. ભાષાંતર વિશે મહાદેવભાઈએ લખ્યું છે:

પં. જવાહરલાલજીના પુસ્તકનું ભાષાંતર કરવું એ કાંઈ રમતવાત ન હતી. અંગ્રેજોની અંગ્રેજીમાં લખાયેલા એ બુલંદ વાક્યપ્રવાહને કોઈ પણ દેશી ભાષામાં ઝીલવો કઠણ છે. એ ઉપરાંત એને જેટલો સમય આપવો જોઈએ એટલો હું આપી શક્યો નથી.૩

આ ભાષાંતર થયું તેનાથી બેક વર્ષ પહેલાં દેશમાં કૉંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના થઈ ચૂકી હતી. સમાજવાદીઓ તે વખતે કાર્લ માર્ક્સના પોતાના અધ્યયનને આધારે દેશ અને દુનિયાની ગતિવિધિઓને મૂલવતા. માર્ક્સવાદની દૃષ્ટિએ ગાંધીજીના વિચારોની તે કાળમાં કદાચ સૌથી વધુ આકરી ટીકા જયપ્રકાશ નારાયણ તથા માનવેન્દ્રનાથ રૉયે કરી

હતી. પં. જવાહરલાલ કૉંગ્રેસના રાજકારણમાં ગાંધીજીની સાથે હતા, પણ વિચારોમાં તેઓ માર્ક્સથી પ્રભાવિત હતા. દુનિયાના ઘણા સમાજવાદીઓ જોડે તેમની મિત્રતા હતી. કૉંગ્રેસ સમાજવાદી પક્ષના લોકો જવાહરલાલજીને પોતાના અવિધિસરના નેતા માનતા.

એવા પં. જવાહરલાલજીની જીવનકથાનું ભાષાંતર મહાદેવભાઈ જેવા ગાંધીભક્ત કરે તેથી ઘણાને આશ્ચર્ય થયેલું. એમની ઉપર બે પ્રકારની ટીકાઓ આવી. જે મિત્રો એમ માનતા હતા કે એ પુસ્તકમાં જવાહરલાલજીએ ગાંધીજીની વિરુદ્ધ ઘણુંબધું લખ્યું છે, તેમણે પ્રશ્ન કર્યો કે એવા પ્રચારમાં મહાદેવભાઈએ શાને મદદ કરવી. બીજી શંકા કેટલાક સમાજવાદીઓ તરીકે ઓળખાતા લોકોએ એ કરી કે મહાદેવભાઈ આના ભાષાંતરમાં કદાચ પોતાના ગાંધીવાદી વિચારોનો રંગ ચડાવી દેશે. જવાહરલાલજીએ ખુદ રાજીખુશીથી આ ભાષાંતર કરવાની રજા આપી. ભાષાંતરમાં લેખક તરીક રૉયલ્ટીની રકમ ન લેવાની નવજીવનની અપીલ સ્વીકારી અને ભાષાંતર થઈ ગયા પછી દેશમાં ઠેકઠેકાણે કહ્યું કે એમની છાપ એવી હતી કે એ પુસ્તકનાં જે જે ભાષાંતરો થયાં હતાં તેમાં ગુજરાતી ભાષાંતર શ્રેષ્ઠ હતું.

એમની ઉપર આવતી ટીકાઓને જોઈ ભાષાંતર કરી રહ્યા પછી એક ઉપોદ્‌ઘાત લખવો મહાદેવભાઈને જરૂરી લાગ્યો હતો. એનું અંગ્રેજી ભાષાંતર કરીને તેમણે જવાહરલાલજીને મોકલ્યું હતું. પંડિતજીએ એવો ઉપોદ્‌ઘાત લખવાના મહાદેવભાઈના અધિકારનો સ્વીકાર કરી તેને આવકાર્યો હતો.

માત્ર ચૌદ પાનાંના એ ઉપોદ્‌ઘાતમાં મહાદેવભાઈએ આ ભાષાંતર કરવા પાછળ પોતાને શી જરૂર જણાઈ હતી એ તો લખ્યું જ છે, પણ તેમ કરતાં તેમણે એક ઉત્તમ વિવેચક તરીકેની પોતાની શક્તિ પણ પ્રગટ કરી છે. એ ઉપોદ્‌ઘાતમાં પં. જવાહર પ્રત્યેના મહાદેવભાઈનો પ્રેમઆદર પ્રગટે છે, તો બીજી તરફ પોતે જેનો ચીવટથી અનુવાદ કર્યો છે તે ગ્રંથની મર્યાદાઓથી પણ તેઓ અજાણ નથી એ પણ સ્પષ્ટ થાય છે.

મહાદેવભાઈ કહે છે કે આ ‘પુસ્તક નથી ગાંધીજીની વિરુદ્ધ પ્રચાર કે નથી ગાંધીવાદ સામે પડકાર... [તે] ગાંધીજીને ઊભરાતા પ્રેમથી ભરેલી અને શુદ્ધ ભક્તિથી ભરેલી અંજલિ... છે’. ‘ગાંધીજી વિશે જવાહરલાલજીએ કરેલી ટીકાને મહાદેવભાઈ ‘આકરી’ અને ‘ક્યાંક ક્યાંક અમર્યાદ રીતે કડવી’ કહે છે. પણ સાથે સાથે એમ પણ કહે છે કે એથી ગાંધીજીની ફિલસૂફી સમજવામાં પંડિતજીએ ‘અમોલો ફાળો’ આપ્યો છે.

પુસ્તક વિશે મહાદેવભાઈ કહે છે કે તે પંડિતજીના નિત્ય વિકાસવંત જીવનના

અસાધારણ વિકાસક્રમનો પોતાને મુખે કહેવાયેલો ઇતિહાસ છે. વળી મહાદેવભાઈ એમ પણ કહે છે કે 'હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યની આકરામાં આકરી રીતે છતાં "લાજવાબ" રીતે એમણે જેવી વહી વાંચી છે તેવી કેટલાંય વર્ષો થયાં વંચાયેલી જાણી નથી.' એમનાં કેટલાંક પૃથક્કરણને મહાદેવભાઈ બર્કની 'અગ્નિઝરતી અને વિવેકભરી શૈલી'ની સાથે સરખાવે છે. આટલું કર્યા પછી તેઓ પુસ્તકનું તટસ્થપણે અવલોકન કરે છે. પહેલી વાત તો તેઓ એમ કરે છે કે આ પુસ્તકનું મૂળ મથાળું 'જેલમાં અને જેલ બહાર' રાખવાનું વિચારાયું હતું તે 'જીવનકથા' કરતાં વધુ ઉચિત હતું, કારણ, જીવનકથાની દૃષ્ટિએ પુસ્તક કાંઈક અંશે અસંતુલિત છે. પુસ્તકમાં બતાવવામાં આવેલા ગાંધીજીના વિરોધાભાસોને ઉપોદ્ઘાતમાં સામે લાવીને મહાદેવભાઈ પ્રશ્ન પૂછે છે: 'ગાંધીજીના કેવા અજબ વિરોધાભાસો? પણ દોષ ક્યાં છે? જોનારની દૃષ્ટિમાં કે જોવાયેલી વસ્તુમાં?' અરીસામાં કે અરીસામાં જોનાર અકળાયેલા ક્રોધાવિષ્ટ વદનમાં? 'અહિંસા આપણને અંતિમ ધ્યેય પ્રત્યે પહોંચાડશે કે કેમ તેની શંકા છે.' એવું વચન ટાંકી મહાદેવભાઈ કહે છે: 'અહીં જ ગાંધીજી અને પંડિતજીની વચ્ચે અંતર પડે છે. આનું સ્પષ્ટ કારણ એમની પ્રધાનપણે પશ્ચિમી તાલીમ છે... એમના પુસ્તકમાં પાશ્ચાત્ય લેખકોમાંથી ભરપૂર અવતરણો છે, પણ આપણા દેશના વિપુલ સાહિત્યની છાપ નથી જણાતી.' પછી મહાદેવભાઈ કહે છે, 'મને ડર એ છે કે અસલી ગ્રીક સિરિનેઇક ફિલસૂફીના એમના સંસ્કાર હજી પણ એમનામાં રહેલા છે, એટલે એમને પરિચિતનો અણગમો છે, અપરિચિત એમને ગમે છે.' છેવટે મહાદેવભાઈ કહે છે કે, 'પંડિતજીમાં શંકા છતાં શ્રદ્ધા છે, ધર્મનાં પ્રચલિત સ્વરૂપો વિશે તીવ્ર વિરોધ છતાં ઊંડે ઊંડે ધર્મ ભર્યો છે. એમના પુસ્તકને પાને પાને એક વસ્તુ બોલી રહી છે: 'જ્યાં આદર્શો જ્વલંત રહે અને હૈયાં અડગ હોય ત્યાં નિષ્ફળતા હોય જ નહીં. ખરી નિષ્ફળતા તો સિદ્ધાંતના ત્યાગમાં છે...' ઉપોદ્ઘાતને અંતે મહાદેવભાઈ ગાંધીજી અને જવાહરલાલજીના સમાન ગુણોની ચર્ચા કરે છે:

'ગાંધીજી અને જવાહરલાલ વચ્ચે કશું સામ્ય છે કે?' એવો પ્રશ્ન મને એક અમેરિકન છાપાવાળીએ કાંઈક કટાક્ષમાં પૂછ્યો હતો. મેં તેને કહેલું: 'હા; સત્યને માટેની ધગશ, અને પ્રખર દેશભક્તિ, ને તેને લઈને સર્વસ્વનો ત્યાગ કરવાની શક્તિ.' આટલા સામ્યમાં ઉપરના ભેદો તો લુપ્ત થઈ જાય એવા છે. પણ બીજું સામ્ય તો મને તે વેળા કહેવાનું સૂઝ્યું નહીં. પ્રતિક્ષણ વિકાસનો ગુણ પણ બંનેમાં સરખો છે, બંનેને એકબીજા પ્રત્યે

સરખો પ્રેમ છે: બંને કર્મયોગી છે. એટલે એમની વચ્ચે થોડા ભેદો રુચિ અને સ્વભાવના વૈચિત્ર્યને લીધે હોય તોયે તેમાં દેશનું કુશળ છે.૪

આ ઉપોદ્ઘાત જોઈને ગાંધીજીએ મહાદેવભાઈને લખ્યું:

'તમારી પ્રસ્તાવના વાંચી ગયો. છે તો સારી. એમાં ફેરફાર ન કરાય. એટલે જૂજ જ કર્યા છે. પણ એ હજમ થશે કે નહીં એ વિશે શંકા છે. પણ જવા દ્યો.'૫

મહાદેવભાઈનું વ્યક્તિત્વ તે કાળ સુધીમાં સચિવપણા અને આશ્રમવાસીપણાને ઓળંગી ગયું હતું. સેવાગ્રામ આશ્રમમાં મહાદેવભાઈ રહેવા આવ્યા ત્યારે એમને સારુ બાપુકુટિની પાછળ જ એક માટીનું ઘર બાંધવામાં આવ્યું હતું. તે વખતે આશ્રમની વ્યવસ્થાનું કામ કૃષ્ણચંદ્રજી નામના એક સજ્જન સંભાળતા હતા. આશ્રમનાં ઘણાં કામોમાં મહાદેવભાઈ નહીં જોડાઈ શકતા હોય તેથી તેમણે એ વિશે ગાંધીજીને પૂછ્યું હશે. ગાંધીજીએ એમને લખ્યું:

'મહાદેવ આશ્રમમાં રહે છે એમ ન માનવું. એમની પાસેથી સાર્વજનિક કામને માટે એક મિનિટ પણ મળી શકે એમ નથી. પ્યારેલાલની વાત જરા જુદી છે ખરી, પરંતુ એમને પણ ન કહેવું જોઈએ.'૬

સચિવ તરીકેનું પણ મહાદેવભાઈનું કામ સામાન્ય સચિવના કામને ક્યાંય આંબી ગયું હતું. એમાં સચિવ, વૃત્તપત્રકાર, અંગત સેવક, સાધક, પ્રેમી — એમ અનેક પ્રકારનાં વ્યક્તિત્વો એક શરીરમાં સમાવિષ્ટ થતાં હતાં.

૧૯૩૬ના ડિસેમ્બર માસમાં મહારાષ્ટ્રના ખાનદેશ જિલ્લાના ફૈજપુર ગામમાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશન પ્રસંગે યોજાયેલા ખાદી ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્ઘાટન ગાંધીજી કરવાના હતા. એમના મંચ પાસે જમીન પર મહાદેવભાઈ બેઠા હતા. એમના હાથમાં એક પૅડ હતું અને પૅડની ઉપર સીધો તાર મોકલવા માટેનું પ્રેસના તારનું ફૉર્મ હતું. ગાંધીજી બોલવું શરૂ કરે તે પહેલાં તો મહાદેવભાઈએ ફૉર્મમાં પ્રસ્તાવના લખી દીધી. ફૉર્મ તારઑફિસમાં જવા તૈયાર હતું. ગાંધીજી પોતાની આગવી શૈલીમાં હિંદીમાં બોલતા હતા. મહાદેવભાઈ મનમાં એનું અંગ્રેજી ભાષાંતર કરી, ગાંધીજીના વિચારો જે જરા આમતેમ વિખેરાતા હોય તો તેને શૃંખલાબદ્ધ કરીને સીધું તારના ફૉર્મ પર ભાષાને સહેજ ટૂંકાવીને લખતા હતા. ભાષણ પૂરું થતાં મહાદેવભાઈ પાસે એક જ કામ રહી ગયું, તારની નીચે સહી કરીને એને ઍસોસિયેટેડ પ્રેસ પાસે મોકલવાનું. આમ, સચિવ તરીકેના

એમના કામમાં સંવાદદાતા, શીઘ્રલેખક, ભાષાંતરકર્તા, સંપાદક અને તાર રવાના કરનાર પટાવાળાનાં કામો સમાઈ જતાં.

કૉંગ્રેસ કારોબારીની બેઠક હોય કે કોઈ મહત્ત્વની વ્યક્તિ જોડે મુલાકાત હોય ત્યારે તેની નોંધ પાકી નોટબુકમાં લેવાય. પણ એ નોંધ લેતાં હાંસિયાનો ઉપયોગ ઘણી વાર બીજા કામમાં થાય. મૌલાના અબુલ કલામ આઝાદનો જન્મ જ અરબસ્તાનમાં થયેલો. એમની ઉર્દૂમાં અરબી- ફારસીના શબ્દો વિશેષ આવે. નવા શબ્દો વપરાય, અથવા કોઈ ખાસ રીતે વાક્યપ્રયોગ થાય તો એની નોંધ હાંસિયામાં આવી જાય. તો કોઈ વાર કોઈની હિંદીમાં તેના પ્રદેશની ભાષાની છાંટ આવતી હોય તોપણ મહાદેવભાઈના હાંસિયામાં નોંધાઈ જાય!

દાખલા તરીકેઃ મરાઠીઃ ૧. પોપટ, ૨. મુળે, ૩. આસાન જાતા હૈ. બંગાળીઃ ૧. હાથકા કાગજ તૈરી કરને કે લિએ શિક્ષા લિયા ૨. ભરસા કરતા હૂં. ૩. ખાજના, ૪. સબ જાયગામેં, અથવા સરદાર પટેલની ભાષાઃ રાસ્તા મોકલા કરના ચાહિયે. ૨. ઉનકે પર ટંગે રહેંગે. ૩. હો રહ્યા હૈ.

ઠીક ઠીક લાંબા ગાળાથી ગાંધીજીના મનમાં બંગાળ અને વાયવ્ય સરહદના પ્રશ્નો ઘોળાતા રહેતા હતા. બંને પ્રદેશો તેમને અહિંસાના વિચારની સામે જુદી જુદી રીતના પડકાર સમા લાગતા હતા. બંગાળમાં ઘણા ક્રાંતિકારીઓ હિંસા-અહિંસા વિશે પુનઃ વિચારણા કરી રહ્યા હતા. વાયવ્ય સરહદના ખુદાઈ ખિદમતગારો એક તરફ અહિંસાની શક્તિનો પરચો આપતા હતા તો બીજી તરફ ત્યાં પેઢી-દર-પેઢી ખૂનો કરવાની પરંપરા પણ ચાલુ હતી. આ ક્ષેત્રમાંથી બહાદુરની અહિંસાની ઠંડી તાકાત પેદા થશે એવી ગાંધીજીને આશા હતી. પણ લાંબા ગાળા સુધી તો તેમને ત્યાં જવાની પરવાનગી જ આપવામાં આવી નહોતી. આ બે કામો મન પર હતાં ત્યાં સુધી हरजिन પત્રો સારુ લખવાનું પણ ગાંધીજીએ મહાદેવભાઈને જ સોંપી દીધું હતું. તેથી મહાદેવભાઈનો કાર્યભાર વધી ગયો હતો. વળી ગાંધીજી ખુદ સરહદ પ્રાંતમાં જઈ નહોતા શક્યા ત્યારે ત્યાં આંટો મારી આવીને ત્યાંની આખી પરિસ્થિતિનું આકલન કરવાનું કામ પણ ગાંધીજીએ મહાદેવને સોંપ્યું હતું.

આદિવાસીઓ અને હરિજનોના ભેખધારી સેવક ઠક્કરબાપાની ૭૦મી વરસગાંઠ ઊજવવાનું એમના મિત્રોએ વિચાર્યું. એ લોકોએ એ નિમિત્તે સાત હજાર રૂપિયાની થેલી કરવા વિચાર કર્યો હતો, પણ ગાંધીજીએ કહ્યું કે ઠક્કરબાપા જેવી વ્યક્તિ સારુ સાત

હજાર રૂપિયા કરવા એ તો એમનું અપમાન છે. ગાંધીજીની પ્રેરણાથી એ આંકડો સિત્તેર હજારનો કરવામાં આવ્યો એટલે એટલી રકમ પૂરી કરવાની જવાબદારી પણ ગાંધીજી પર આવે એ સ્વાભાવિક હતું. અને ગાંધીજીની જવાબદારી એટલે કુદરતી રીતે જ એ મહાદેવભાઈની જવાબદારી પણ થઈ જ ગઈ. એ ઉઘરાણા માટે મહાદેવભાઈ મુંબઈ ગયા. મુંબઈમાં એમને આ કામમાં અસાધારણ સફળતા મળી. જે સંકલ્પ ટૂંકા ગાળામાં પૂરો કરવો અશક્ય લાગતો હતો તે મહાદેવભાઈના ગયા પછી સમય કરતાં સહેજ વહેલો પૂરો થયો. મહાદેવભાઈ પાછા આવ્યા ત્યારે એમના ચહેરા પર હરખ અવશ્ય દેખાતો હતો, પણ પોતાની સફળતાનું બધું શ્રેય તેઓ ‘બાપુના નામ અને બાપુના કામ’ને આપતા હતા.

આ જ પ્રસંગે એ વાતની પણ નોંધ કરી લઈએ કે સન ૧૯૨૯ના માર્ચ માસમાં ગાંધીજી જ્યારે ખાદીકામના ફાળા સારુ બ્રહ્મદેશ ગયા ત્યારે પણ મહાદેવભાઈને આવી જ સફળતા મળેલી. આજ સુધી એ વાતને યાદ કરનારા લોકો મળે છે. એક સજ્જને થોડા જ દિવસ પર આ લેખકને કહ્યું કે, ‘મારા પિતા ત્યારે બ્રહ્મદેશમાં હતા. તેઓ ઉઘરાણા સારુ મહાદેવભાઈની સાથે ફરતા. જે કેટલાક લોકો તો કશું આપે જ નહીં એવી ખ્યાતિ ધરાવતા હતા, તેવા પાસે પણ જવાનો મહાદેવભાઈ આગ્રહ રાખતા, અને તેમની પાસે માત્ર પ્રેમની મીઠી બોલી વડે ઠીક ઠીક રકમ ઉઘરાવી લાવતા.’

ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર શાંતિનિકેતનની વિશ્વભારતી સંસ્થા માટે ઉઘરાણી કરવા ૧૯૩૬ના એપ્રિલ માસમાં દિલ્હી આવ્યા ત્યારનો પ્રસંગ — તે પ્રસંગના દાતા (શ્રી ઘનશ્યામદાસ બિરલા)ની કલમે જ જોઈએ:

ગાંધીજી દિલ્હી આવ્યા હતા અને હરિજનનિવાસમાં ઊતર્યા હતા. આ જ દિવસોમાં કવિસમ્રાટ ટાગોર પણ ‘વિશ્વભારતી’ માટે ફંડ કરવા નીકળ્યા હતા. તેઓ પણ દિલ્હી આવી પહોંચ્યા. કવિસમ્રાટનો કાર્યક્રમ એ હતો કે સ્થળે સ્થળે પોતાની નાટ્યકલા લોકોને બતાવે અને પછી લોકો પાસે પૈસાની માગણી કરે. આ વસ્તુએ ગાંધીજીનું હૃદય વીંધી નાખ્યું. ગુરુદેવ જેવી મહાન વિભૂતિ વૃદ્ધાવસ્થામાં પૈસા એકઠા કરવા ફરે, અને તે પણ કેવળ સાઠ હજાર રૂપિયા માટે, અને પોતાની નાટ્યકલા અને નૃત્યનું પ્રદર્શન કરે, એ વાત ગાંધીજીને અસહ્ય લાગી. હું તો ગાંધીજીને હંમેશાં મળતો હતો, પણ તેઓએ મને આ સંબંધી કશું કીધેલું નહીં. તેમની વેદના વધતી જતી હતી. જ્યારે તેમને આ વેદના અસહ્ય થઈ ત્યારે તેમણે મહાદેવભાઈને પોતાનું બધું દર્દ કહી સંભળાવ્યું.

રાતનો એક પહોર વીત્યો હશે. હું હજુ નિદ્રાવશ થયો ન હતો. નિદ્રાની રાહ જોતો પથારીમાં સૂતો પડ્યો હતો. બત્તી બુઝાવી દીધી હતી. અચાનક કોઈકના પગરવથી હું જાગી ઊઠ્યો, 'કોણ છે?' મેં પૂછ્યું તો મહાદેવભાઈએ જવાબ આપ્યો: 'એ તો હું છું,' મહાદેવભાઈ ચુપચાપ મારા ઓરડામાં આવીને મારા પલંગ પાસે બેઠા. 'મહાદેવભાઈ, તમે? રાત્રે કેમ? છે તો બધું કુશળ ને?' 'હા, બધું કુશળમંગળ છે, થોડી વાતચીત કરવી છે,' હું પલંગમાંથી ઊઠવા જતો હતો ત્યાં તો મહાદેવભાઈએ કહ્યું, 'સૂઈ રહો. સૂતાં સૂતાં જ વાત કરી લઈએ. ઊઠવાની કાંઈ જરૂર નથી.' હું વળી ઊઠવા ગયો, પણ અંતે મહાદેવભાઈના આગ્રહથી સૂઈ રહ્યો. 'કહો, શું વાત છે?' મેં કહ્યું, બસ, પછી તો મહાદેવભાઈની વાગ્ધારા ચાલી. એને શબ્દબદ્ધ કરવાની મારી શક્તિ નથી. જે ઓજ અને કળાથી તેમણે ગાંધીજીની મર્મવેદનાનું ચિત્ર દોર્યું હતું તે ખરેખર જોવાલાયક હતું. આખુંયે દશ્ય મારી સામે રમી રહ્યું. મહાદેવભાઈની વાણીમાં ભાવુકતા હતી, મૃદુતા હતી અને તેજસ્વિતા હતી.

ગુરુદેવનાં ગુણગાન, ગુરુદેવને આ વૃદ્ધાવસ્થામાં થોડાએવા પૈસા માટે નાચવું પડે એ આપણું દુર્ભાગ્ય, અને બાપુની અંતરવેદના — આ બધી વસ્તુઓનું મર્મસ્પર્શી ચિત્ર મારા હૃદય ઉપર અંકિત થતાં મને રડવું આવી ગયું. બાપુએ કહ્યું કે, 'ઘનશ્યામદાસને કહો કે તેઓ પોતાના શ્રીમંત મિત્રોને લખે અને છ જણ મળીને દસ-દસ હજારની રકમ ગુરુદેવને આપી હિંદુસ્તાનને આ શરમમાંથી બચાવી લે અને ગુરુદેવને નિશ્ચિંત કરીને શાંતિનિકેતન પાછા મોકલી આપે.' મહાદેવભાઈએ પોતાનું વક્તવ્ય પૂરું કરતાં આ શબ્દો કહ્યા.

'મહાદેવભાઈ, બાપુની વ્યથા હું બરાબર સમજી શકું છું: પણ તમે આટલી મોડી રાતે આવી કડકડતી ઠંડીમાં શું કામ આવ્યા? બાપુ પોતે જ નિર્ણય કરી શકતા હતા. હું કોની પાસે ભિક્ષા માગવા જાઉં? બાપુને કહો કે જે કાંઈ આપવાનું હોય તે મારી પાસેથી માગી લે અને ગુરુદેવને આપી દે.' મેં એમ કહ્યું તો ખરું, પણ એનું શ્રેય તો મહાદેવભાઈને હતું, કેમ કે એમના શાંત પરંતુ માર્મિક વક્તવ્ય મારા માટે બીજો કોઈ નિર્ણય જ રહેવા દીધો ન હતો.

ગાંધીજીના સાથી તરીકેનું એક કપરું કામ હતું વરસોથી જેલમાં પડેલા કેદીઓ સાથે મસલત કરી તેઓ જાહેર જીવનમાં અહિંસા સિવાય બીજો માર્ગ નહીં લે એવી ખાતરી થાય તો સરકાર સાથે વાતચીત કરીને એમને છોડાવવાનું. ગાંધીજી પોતે પણ આ

કામમાં હમેશાં સફળ થતા નહોતા. કુમારી વીણા દાસ સાથે ગાંધીજીની મુલાકાતની નોંધ મહાદેવભાઈએ પોતાની ડાયરીમાં વિગતવાર નોંધી છે. એ રોમાંચક સંવાદ મહાદેવભાઈની અપ્રગટ ડાયરીમાંથી નીચે આપીએ છીએ:

૧૨–૪–'૩૮: વીણા દાસ અને ઉજ્જ્વલા મજમુદારની સાથે પ્રેસિડંસી જેલમાં મુલાકાત. બંનેએ ચરણધૂલિ લીધી. વીણા દેખાવે સૌમ્ય, ૨૨-૨૩ વર્ષની, ઉજ્જ્વલા કાંઈક મોટી. બંને શાંત ગંભીર.

બાપુએ પૂછ્યું: તમારે જે કાંઈ કહેવાનું હોય તે કહો, થોડી વાર ચૂપ.

બાપુ: કે તમારે કાંઈ કહેવાનું નથી?

વીણા: ના, અમારે કાંઈ કહેવાનું નથી.

બાપુ: તમારું નિવેદન મેં વાંચ્યું છે. વરસો પહેલાં સાર વાંચેલો. બે દિવસ પહેલાં આખું વાંચ્યું. તમારે કાંઈ કહેવાનું નથી. એનો અર્થ એ થાય છે કે તમે વિચાર બદલ્યો નથી? તમને જો છોડી મૂકવામાં આવે તો તમે ફરીથી એમ જ કરો?

વીણા: હા, મારા વિચારો બદલાયા નથી. પણ હું એમ જ કરું કે નહીં એ તો દેશ કેવો કાર્યક્રમ ઉપાડે છે એની ઉપર આધાર રાખશે.

બાપુ: પણ દેશ એટલે શું? તમારા સાથીઓ?

ચૂપ.

બાપુ: અચ્છા, તો એ ગુપ્ત વાત છે તો મારે તમને એને વિશે ન પૂછવું જોઈએ. પણ તમે નેતા છો કે અનુયાયી?

વીણા: કદાચ બંને.

બાપુ: એ બહુ સારું, તમારા નિવેદનથી મારી ઉપર એવી છાપ પડી કે તમારું એક આગવું વ્યક્તિત્વ છે. અને તમે નેત્રી થવાનાં જ.

વીણા: હા, મારે થવું છે, હજી હું નથી થઈ.

બાપુ: પણ તમે તમારા નિવેદનમાં જે વલણ લીધું છે તે અત્યારના તમારા વલણથી વિસંગત છે. તમે જે કરવાનાં હો એ તમારા સાથીઓ પર અવલંબવાનું હોય તો તમારું કાંઈ વ્યક્તિત્વ નથી રહેતું.

વીણા: ના. મને આશા છે કે મારામાં વ્યક્તિત્વ છે. એમ તો અનુયાયી છું, પણ સમજુ અનુયાયી છું.

બાપુ: પણ ધારો કે તમારા સાથીઓ જાહેર કરે કે તેઓ હિંસાને પડતી મૂકે છે તો તમેય તેમ કરશો કે નહીં?

વીણા: ના. કારણ, મને હિંસામાં વિશ્વાસ છે, અને હું એકલી રહેવાનું પસંદ કરીશ, અથવા નવા સાથીઓ મેળવીશ.

બાપુ: હવે હું સમજું છું. પણ તમે જાણો છો કે કેટલીક વસ્તુઓ બદલાય છે અને કેટલીક નથી બદલાતી.

વીણા: મહાત્માજી, હું એ વાત સ્વીકારતી નથી. હું તો કહું છું સર્વપ્રથમ મારો દેશ. બાકી બધું પછી. તમને એક્સ્પીડિયન્સી (તકસાધુતા) શબ્દ તો ખબર છે.

બાપુ: હા, હું જાણું છું.

વીણા: અમે તો અમારા કાર્ય સારુ જે તક હોય તે સાધી લઈએ છીએ. હિંસા એ દુનિયાનો રસ્તો છે.

બાપુએ ઉંમર પૂછી. ઉંમર ૨૭ વર્ષની. ૨૧ વર્ષ સજા થયેલી.

હું છૂટવા ખાસ ઉત્સુક નથી. મેં છ વરસ તો પૂરાં કર્યાં. અને એકદોઢ વરસની છૂટ મેળવી છે. મારે વહેલા છૂટવું નથી.

બાપુએ સમજાવ્યું કે તેમને સજા પૂરી થતાં પહેલાં છોડ્યાં ત્યારે તેમની પણ આવી જ વૃત્તિ હતી. આ શબ્દો પછી એને પણ બળ આવ્યું. એટલે એણે કહ્યું: ના, છૂટવાનો પ્રશ્ન મને મૂંઝવતો નથી.

બાપુ: પણ જો એ લોકો જાણે કે છૂટ્યા પછી તમે એ જ કરવાનાં છો તો એ લોકો તમને છોડે ખરા? તો મને કહો કે ક્યારથી તમારા વિચારો આવા છે?

વીણા: આખોય વખત. થોડો સમય હું અહિંસામાં માનતી હતી. હું કૉલેજમાં ગઈ તેનાય પહેલાંથી હું તમારાં ભાષણો ને લખાણો વાંચતી હતી. પણ પછી મને લાગ્યું કે હિંસા વિના મુક્તિ નથી. બીજા બધા દેશોને હિંસાથી મુક્તિ નથી મળી?

બાપુ: એ હિંદુસ્તાન કરતાં કોઈ હાલતમાં વધુ સારી અવસ્થામાં નથી.

વીણા: એ છે જ. ના, એ વિશે [મેં] વિચાર કર્યો છે અને મારા વિચારો બદલાય એવી શક્યતા નથી.

[પછી બાપુએ અલીપુર પ્રેસિડંસી અને ડમડમ જેલની વાત કરી અને કહ્યું: તમારી ઇચ્છા હોય તો આ પ્રશ્નનો જવાબ ન આપશો, પણ હું પૂછવા ઇચ્છું છું.] તમારા મત મુજબ જે લોકોએ મને હિંસા છોડવાની વાત કરી છે તે જૂઠા છે?

હસીનેઃ હા, દેશને ખાતર. હું એમનો વાંક નથી કાઢતી.

બાપુઃ તમે બહાદુર છો. તમે સત્યનિષ્ઠ છો. અને તમારી બહાદુરીની હું કદર કરું છું. તમે આવાં હશો એમ મેં નહોતું ધાર્યું. સત્ય ઘણી વાર પચાવવું બહુ અઘરું હોય છે, પણ તમે મને સત્ય પણ ખૂબ ગૌરવભેર કહ્યું છે. તો હવે હું તમને પૂછું છું કે મને મળવાની તમે વાટ જોઈ હતી?

હું તમને મળવા આવવાનો છું એની તમને ક્યારે ખબર પડી હતી?

અમને દિનાજપુરથી જ્યારે ખસેડ્યાં ત્યારે. મને શંકા હતી જ કે અમને આવાં કામસર લઈ જવામાં આવે છે. અમને આજે કહેવામાં આવ્યું કે તમે મળવા આવવાના છો. અમે હોંશભેર રાહ નહોતી જોઈ. અમે ગભરાયાં હતાં. અહીં આવ્યાં ત્યાં સુધી તમને શું કહેવું એ અમને ખબર નહોતી. તમને સાચી વાત કહેવી કે નહીં એ ખબર નહોતી. પણ મને લાગ્યું કે મારાથી તમને છેતરાય નહીં, તેથી મારાથી જૂઠું બોલાય નહીં. અમે તમને કષ્ટ આપ્યું?

બાપુઃ ના. એનાથી ઊલટું. હું તમારી બહાદુરી અને સાહસનો પ્રશંસક છું. હું ઘણાને મળ્યો છું, પણ તમારાં જેવાં બહાદુરને મળ્યો નથી.

જેલમાં તારી જોડે વર્તાવ કેવો છે વ.ના જવાબમાં કહ્યુંઃ હું બહુ સુખી છું. આ મારી સખી ને બીજીઓની સાથે જવું છે. મારાથી એ કંટાળે છે.

મારા પિતાના વિચારો નોખા છે. એ પૂરા તમારી સાથે છે.

મેં [મહાદેવભાઈએ] ઊઠતાં ઊઠતાં પૂછ્યુંઃ તમે તમારા સાથી જોડેની વફાદારીના સોગંદ ખાઓ છો, પણ એ વફાદારી તમે દેશના હિત ખાતર છોડી દેશો?

વીણાઃ હા.

બીજી તો ભાગ્યે જ કશું બોલી. એ અંગ્રેજી બોલી નહોતી શકતી. એને બંગાળી બોલવાનું કહેવામાં આવ્યું. પણ એ ભાગ્યે જ કશું બોલી. વિચારો વીણાના જેવા જ છે એમ એણે કહ્યું.

જતાં જતાં અત્યાર સુધી જેણે લાગણીને સાવ દબાવી હતી એવી વીણાએ કહ્યુંઃ મહાત્માજી, અમને 'આપણી પસંદગી'વાળો તમારો લેખ ખૂબ પસંદ પડ્યો.

બાપુઃ મારી અહિંસા છતાંય?

પેલીઃ હા.

બાપુઃ તું છૂટે ત્યારે મને લખશે?

વીણા: જરૂર.

મેં કહ્યું: અને કદાચ તમે સેગાંવ આવીને બાપુનું હૃદયપરિવર્તન કરો અથવા પોતાનું કરો?

વીણા: બેમાંથી એકેય શક્ય નથી.

મેં: ખુલ્લા મન સાથે આવો. કદાચ અમે બદલાઈએ.૮

ગાંધીજીને મળેલા કેદીઓમાં વીણા દાસ કદાચ સૌથી વધુ બહાદુર અને સૌથી કઠણ હતી. બીજા કેટલાકને મળવાનું કામ ગાંધીજીએ મહાદેવભાઈને સોંપ્યું હતું. તેમનામાં સૌથી વધુ નોંધપાત્ર હતા સરદાર પૃથ્વીસિંહ. એમને મળવા અને એમની ખાતર પંજાબના ગવર્નર અને મુખ્યમંત્રી (જેઓ એ જમાનામાં 'પ્રીમિયર' કહેવાતા) તેમને મળવા મહાદેવભાઈને એકથી વધુ વાર આંટા મારવા પડ્યા અને સારી પેઠે લખાપટ્ટી કરવી પડી. દુર્ભાગ્યે મહાદેવભાઈએ જેવી ગાંધીજીની જેલના કેદીઓ સાથેની મુલાકાતોની નોંધ રાખી છે, તેવી પોતાની મુલાકાતોની નોંધ નથી રાખી. કોઈ જીપ જ્યારે ચાલે છે ત્યારે કુલ કેટલા કિલોમીટર ચાલી તેની નોંધણી એના આગલા ભાગમાં યંત્ર દ્વારા થાય છે. જીપની સાથે સાથે જે 'સ્ટેપની' ચાલે છે તેનો ઉપયોગ જરૂર પડે ત્યારે થાય છે. જ્યારે એ વપરાય છે ત્યારે તો તે પણ બીજા વ્હિલની માફક જ ચાલે છે. પણ સ્ટેપની કેટલી ચાલી તેના કિલોમીટર અલગ નોંધાતા નથી. એના કિલોમીટર તો બીજા વ્હિલના કિલોમીટરમાં જ ભળી જાય છે. તેવું જ મહાદેવભાઈનું હતું. તેઓ ઘણી વાર જઈને ગાંધીજીનું કામ પાર પાડી આવતા. પણ એમની સિદ્ધિઓની નોંધ અલગ રખાતી નહીં. ગાંધીજીની સિદ્ધિમાં ભળી જવામાં જ એમને ગૌરવ લાગતું.

ગાંધીજીના વધારાના અંગ તરીકે એવાં બીજાં બે કામો મહાદેવભાઈને આ કાળમાં કરવાં પડેલાં. એક કામ હતું રાજકોટ સત્યાગ્રહ વખતનું અને બીજું કામ મૈસુરનું.

ગાંધીજીએ એક વાર દેશી રાજ્યોના કામ વિશે એક અજબ ઉપમા આપેલી. આઝાદીની ચળવળ ચાલતી હોય ત્યારે દેશી રાજ્યોના કામમાં સામાન્ય રીતે ન પડવાના કૉંગ્રેસના સિદ્ધાંતને સમજાવતાં ગાંધીજીએ કહ્યું હતું કે એ કોયડો દરાજ-ખરજવા જેવો છે. જેટલું ખજવાળો એટલો વધે. સામાન્ય રીતે દેશી રાજ્યોના પ્રશ્નોમાં રાષ્ટ્રના આગેવાનો રસ લેતા ખરા, પણ એમની ચળવળમાં સીધો ભાગ લેતા નહીં. સરદાર વલ્લભભાઈ કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખ હતા એટલે રાજકોટના આગેવાનો પોતાના કામકાજમાં એમની સલાહ લેતા. વલ્લભભાઈ પોતાના દરેક કામથી ગાંધીજીને

વાકેફ રાખતા અને સામાન્ય રીતે વલ્લભભાઈ ગાંધીજીથી દૂર હોય ત્યારે એમની સાથેનો તમામ વ્યવહાર મહાદેવભાઈની મારફત થતો.

રાજકોટ પ્રકરણના આખા ઇતિહાસમાં ન પડીએ. ઠાકોરસાહેબ ધર્મેન્દ્રસિંહજી અને તેમના તંત્ર દ્વારા વચનભંગ થયો તેને કારણે ગાંધીજીએ ૧૯૩૯ના માર્ચ માસમાં ઉપવાસ કર્યા ત્યારે મહાદેવભાઈ નાદુરસ્ત તબિયતને કારણે દિલ્હીમાં એક વૈદ્ય પાસે ઇલાજ કરાવી રહ્યા હતા. ગાંધીજીના ઉપવાસ શરૂ થતાંની સાથે મહાદેવભાઈનું મન ઝાલ્યું રહે એમ નહોતું. સરદાર વલ્લભભાઈને તેમણે લખ્યું:

આ પ્રકરણ બાપુનો પ્રાણ લેશે એમ લાગે છે. બધે સાધુસંતોના પ્રાણ દુષ્ટોએ જ લીધા છે ને? આજનું બાપુનું નિવેદન વાંચતાં તો પથ્થરો પણ આંસુ વરસાવે. પણ ગ્લેન્સી,૯ ગિબ્સન૧૦ અને વીરાવાળા૧૧ ને થોડાં જ આંસુ આવવાનાં છે?૧૨

રાજકોટના એ પ્રશ્નોનો એક છેડો દિલ્હીમાં પણ હતો. ત્યાંના કોકડાને ગૂંચવવામાં બ્રિટિશ રાજ્યના રાજકોટનિવાસી રેસિડંટ ગિબ્સનનો પણ મોટો હિસ્સો હતો. એને અંગે ગાંધીજીએ વાઇસરૉયને પણ માહિતી આપી હતી. વાઇસરૉય ક્યાંક પ્રવાસમાં હતા તે પ્રવાસ વચ્ચેથી રદ કરીને દિલ્હી આવ્યા હતા. એમણે ગાંધીજીની સાથે ગિબ્સન મારફત સંપર્ક સાધીને સૂચવ્યું કે મુખ્ય મુદ્દો ગાંધીજીને વચનભંગ થયો એમ લાગ્યું એ જ છે. આ બાબતમાં હિંદના વડા ન્યાયાધીશ સર મોરિસ ગ્વાયરનો અભિપ્રાય કેમ ન લેવામાં આવે? વળી તેમણે એવી પણ માહિતી આપી હતી કે ઠાકોરસાહેબ ન્યાયાધીશના ચુકાદા મુજબ વર્તવા ખોળાધરી આપે છે અને પોતે પણ તેનો અમલ ઠાકોરસાહેબ પાસે કરાવવા પૂરેપૂરો પ્રયત્ન કરશે. ગાંધીજીએ આ સૂચન સ્વીકાર્યું હતું. મહાદેવભાઈ દિલ્હી હતા તેથી પ્રજા પરિષદનો આખો કેસ ન્યાયાધીશ આગળ રજૂ કરવામાં ખૂબ સહાયક નીવડ્યા. આ પ્રકરણમાં થયેલા કાગળપત્તર કે ભાષણોના અહેવાલ ગુજરાતીમાં હોય તો તેનું મહાદેવભાઈનું ભાષાંતર પ્રમાણભૂત મનાતું. ત્યાર બાદ આ જ પ્રકરણમાં એક બીજા પ્રસંગે ખુદ વીરાવાળાએ મહાદેવભાઈ પાસે ચાહીને ગાંધીજીના ભાષણના અંગ્રેજી ભાષાંતરની માગણી કરેલી. અને અનેક કામો વચ્ચે પણ મહાદેવભાઈએ એમને એ અંગ્રેજી નોંધ સમયસર પહોંચાડેલી. પણ મહાદેવભાઈનું કામ માત્ર ભાષાંતરકર્તાનું નહોતું. દિલ્હીમાં વાઇસરૉય કે વડા ન્યાયાધીશ જો ગાંધીજીનું માનસ કેમ ચાલે છે એ જાણવા માગતા હોય તો મહાદેવભાઈને 'જરા મળી જવા' જણાવતા! એક વાર વાઇસરૉયના મંત્રી મિ. લેથવેટે મહાદેવભાઈને કહ્યું હતું: 'મને એ કહેવા દો કે ગાંધીજીનાં

લખાણો જેટલી કાળજીથી વાંચું છું એટલી જ કાળથીજી *હરિજન*માં તમારી સહીથી પ્રગટ થતું સઘળું હું વાંચું છું. ગાંધીના વિચારોને વધુ સારી અને વધુ સ્પષ્ટ રીતે સમજાવનાર હું બીજા કોઈને ઓળખતો નથી.'૧૩

સર મોરિસ ગ્વાયરે જે ચુકાદો આપ્યો તે સો ટકા પ્રજાના પક્ષમાં હતો. પણ જે સમજૂતી થઈ હતી તે અંગે મુસલમાનો અને ગરાસિયાઓને અસંતોષ હતો. આ બાબત વીરાવાળા સાથેની વાતચીત પરથી ગાંધીજીને એમ લાગ્યું કે એક તરફ ઠાકોરસાહેબના લોકોને રીઝવવાનો પ્રયાસ કરવો અને બીજી તરફ આ ચુકાદાનો લાભ લેવો, એ બેય ઉપાયો એકસાથે કામમાં લેવા એ અહિંસક માણસને શોભે નહીં. તેથી તેમણે જાહેર રીતે એ ચુકાદાને કોરે રાખીને એકડેએકથી વીરાવાળા જોડે વાટાઘાટો ચાલુ રાખવાનું ઠરાવ્યું હતું. ઘણા કાર્યકર્તાઓને એનાથી નિરાશા થઈ હતી, પણ ગાંધીજીએ આ અનુભવને અહિંસાનો એક પાઠ માન્યો. વીરાવાળાને સમજાવવા અને એનું હૃદયપરિવર્તન કરાવવાને બદલે ગાંધીજીએ વડા ન્યાયાધીશનો આશરો લીધો, એને વિશે ગાંધીજીએ રાજકોટના કાર્યકર્તાઓને કહ્યું:

હું અશ્રદ્ધાવાન ઠર્યો. ઈશ્વર પ્રત્યેની મારી શ્રદ્ધાને આધારે તથા મારા અનશનથી ઠાકોરસાહેબ તથા વીરાવાળાના હૈયાને પિગળાવવાની શ્રદ્ધાને આધારે રહી જે મારું સર્વસ્વ ખોવાની તૈયારી હું દેખાડી શક્યો હોત તો બહુ બહુ તો મારું મૃત્યુ થાત. પણ એવું મૃત્યુ ઊજળું હોત.૧૪

મહાદેવભાઈ સાથે એમના ટાઇપિસ્ટ તરીકે રાજકોટ ગયેલા નારાયણે પણ ગ્વાયર ચુકાદો ફગાવી દેવાના ગાંધીજીના નિર્ણય અંગે ગાંધીજી સાથે ચર્ચા કરી હતી. એને ગાંધીજીએ સમજાવ્યું:

ચુકાદાથી તો આપણા વિરોધીઓને આપણા દુશમન કરી મૂક્યા. આપણે તો તેમને પ્રેમથી જીતવા રહ્યા અને હવે આપણો રસ્તો મોકળો થયો છે. આપણી સ્વતંત્રતા માટે લડત પૂરી થઈ નથી... પણ હવે આપણે તેને વધુ સારા વાતાવરણમાં અને નિર્મળ હથિયારોથી ચલાવી શકીશું.૧૫

૧૯૩૯ના ડિસેમ્બર માસમાં મહાદેવભાઈને મૈસુર જવાનું થયું. ત્યાંનું પ્રજામંડળ અને ત્યાંના દીવાન પરસ્પર આક્ષેપો કરતા હતા. પ્રજામંડળના સરકાર સામેના આક્ષેપો વધુ ગંભીર પ્રકારના હતા. એ આક્ષેપોને ખોટા કહી, એની તપાસ કરવા ખુદ ગાંધીજીને

મૈસુર આવવાનું દીવાન શ્રી મિરઝા ઇસ્માઈલે ઇજન આપ્યું. ગાંધીજી પોતે તો ન ગયા, પણ તેમણે મહાદેવભાઈને મોકલ્યા.

દીવાનસાહેબે ગાંધીના પ્રતિનિધિની આગતા-સ્વાગતામાં કશીયે મણા ન રાખી. બેંગલોર સ્ટેશને એમને (અને નારાયણને) લેવા ચાર ચાર તો ગાડીઓ હાજર. રાજ્યના આલીશાન અતિથિગૃહમાં ઉતારો. ભોજન-સમારંભો વગેરે વગેરે. પણ રાજ્યની સંખ્યાબંધ જેલોમાં ફરી ફરીને કેદીઓની મુલાકાત લીધી ત્યારે મહાદેવભાઈના મનમાં એ વિશે લવલેશ પણ શંકા ન રહી કે રાજ્ય તરફથી લગભગ અવર્ણનીય એવા અમાનુષી અત્યાચારો ગુજારવામાં આવ્યા હતા. મહાદેવભાઈને તો માત્ર ગાંધીજી આગળ જ તપાસનો અહેવાલ રજૂ કરવાનો હતો, પણ એ અહેવાલ એટલો સચોટ હતો કે ગમે તેટલા ગિન્નાવા છતાંય શ્રી મિરઝા ઇસ્માઈલ પોતાનો નક્કર બચાવ ન કરી શક્યા.

અહીં થોડો વિચાર મહાદેવભાઈ અને ગાંધીજીના સંબંધો વિશે કરી લઈએ. કદાચ બે વચ્ચેનો સંબંધ બાપ-દીકરા કરતાંયે કાંઈક આદકેરો હતો. મહાદેવ ગાંધીજીના આત્મજ નહીં, આત્મીય હતા, જે છેવટે એકાત્મ થયા. મહાદેવ પક્ષે ‘પરમ પૂજ્ય બાપુ’ એ છેવટ સુધી પરમ પૂજ્ય જ રહ્યા. માત્ર એક વાર માંદગીમાં ‘તું કેમ પ્રેમપત્ર લખતો નથી?’ એવો તુંકાર કાઢેલો, બાકી ભક્તે ભેગા થવાની તીવ્ર ઇચ્છા સાથે પણ છેટું રાખેલું. મહાદેવને બાપુના ચરણોમાં કે વધુમાં વધુ થાય તો ખોળામાં માથું મૂકવાની હોંશ હતી. બાપુએ ભલે લખ્યું હોય કે, ‘મને ઇચ્છા થાય છે કે મહાદેવને આવીને ભેટું,’ પણ મહાદેવે એમ કહેવાનું સાહસ કોઈ દિવસ દેખાડ્યું નહોતું.

બંનેના રૂપમાં આકાશપાતાળ જેવું અંતર હતું. એકને વિશે સરોજિનીદેવી સહેજે ‘મિકી માઉસ’ શબ્દ ઉચ્ચારી શકતાં, બીજાને ‘ગુલે ગુજરાત’ કહેતાં. બંનેમાં આકર્ષકશક્તિ હતી. પણ બાપુની આકર્ષણશક્તિ મહાદેવ કરતાં જુદા સ્તરની હતી. બાપુની કર્પણ-શક્તિ આત્માના અમૃતમાંથી આવતી અને તેમની કુનેહ એમને પોતાના બહોળા અનુભવમાંથી લીધેલી છે. મહાદેવની કર્પણ-શક્તિ તેમના ‘કિરતારે ઘડેલા’ રૂપમાંથી આવતી હતી અને એમની મોહકતા એમની પ્રેમામૃતઝરતી વાણીમાંથી આવતી હતી.

બાપુ જ્ઞાની હતા અથવા કહો કે તેઓ સદા સત્યરૂપી મોતી શોધતા મરજીવા હતા. મહાદેવ ભક્ત હતા. તેઓ નિરંતર બાપુના પ્રેમસરોવરમાં તરતા. બાપુનું કર્મ સત્યપૂત

આત્મામાંથી નિષ્પન્ન થતું નિષ્કામ કર્મ હતું. મહાદેવનું કર્મ, ભક્તિધૌત હૃદયમાંથી સ્ફુરતા નિર્મળ, ઊર્ધ્વગામી નિર્ઝર જેવું હતું. બાપુ અનુભવના રત્નાકર હતા, તેથી જ તેઓ સૂત્રકાર હતા. મહાદેવ અનુભવના પ્યાસા ભાષ્યકાર હતા. બાપુ મૌલિક વિચારક અને કેટલીક વાર મૌલિક ભાષા યોજનાર આચાર્ય હતા. મહાદેવ બાપુના મૌલિક વિચારોને લોકો આગળ લૌકિક કે શાસ્ત્રીય ભાષામાં રજૂ કરનાર મીમાંસક હતા. બાપુને સત્યમાં જ એટલો રસ હતો કે તે વિનાનું જીવન એમને ખારું લાગતું. મહાદેવને જીવનના માધુર્યમાંથી જ સત્ય લાધતું.

બાપુનું સમગ્ર વ્યક્તિત્વ વૈશાખની બપોરના સૂર્ય જેવું પ્રખર હતું, મહાદેવનું વ્યક્તિત્વ શરદપૂનમના ચંદ્ર સમાન સૌમ્ય હતું. બાપુએ તો મહાદેવના સમગ્ર વ્યક્તિત્વને ઘડેલું, પણ મહાદેવે બાપુ પર કાંઈ પ્રભાવ પાડેલો ખરો?

જો આપણે અન્ય સમકાલીન મહાનુભાવોના સંદર્ભમાં વિચારીએ તો, કદાચ આ પ્રશ્નને વધુ સમજી શકીશું. જે રવીન્દ્રનાથ, શ્રી અરવિંદ કે ટિળક મહારાજને કોઈ મહાદેવ મળ્યા હોત તો? તે કોઈને એ ન મળ્યા, ગાંધીજીને મળ્યા. ગાંધીજીને ગાંધી બનાવવામાં મહાદેવભાઈનો ફાળો નાનોસૂનો નહોતો.

ગાંધીજીનાં લખાણોમાં મહાદેવભાઈના સંગ પછી એક ચોક્કસ પ્રભાવ પડેલો જણાય છે. हिंद स्वराज અને सत्यना प्रयोगो બંને ગાંધીજીનાં પાયાનાં પુસ્તકોની ભાષા અને તેની માંડણીની સરખામણી કરવાથી એ પ્રભાવ સ્પષ્ટ જણાઈ આવશે. ગાંધી સેન્ટ્રમ, બર્લિનના શ્રી ક્રિશ્ચિયાન બાર્તોલ્ફે એક મુલાકાતમાં આ લેખકને ભારપૂર્વક કહ્યું હતું કે ગાંધીજીનાં લખાણોનો અભ્યાસ કરતાં આપણને સ્પષ્ટપણે જણાયું છે કે મહાદેવના સંપર્કમાં આવ્યા પછી ગાંધીની ભાષામાં કોમળતાની સાથે સાથે ચોકસાઈ આવી છે. પશ્ચિમના લોકોને ગાંધીના વિચારો મહાદેવનાં લખાણોને લીધે સમજવામાં વધુ સુકર બને છે.

બાપુના ભાવજગત ઉપર પણ મહાદેવનો પ્રભાવ પડ્યા વિના રહ્યો નહોતો. તેથી મહાદેવ હતા ત્યારે ગાંધીજી કહેતા કે 'મહાદેવે આશ્રમનું ગૌરવ વધાર્યું છે', અને એમના ગયા પછી કહેતા કે એમની ખોટ છ છ જણથી પુરાતી નથી. બાપુના વિચારોને એક બાજુ પ્રાચીન વેદ-ઉપનિષદાદિ શાસ્ત્રોને અને બીજી બાજુથી જૂનાનવા વિશ્વવાઙ્મયનો આધાર આપવાનું કામ મહાદેવે કર્યું.

બાપુ સાથે મતભેદ ધરાવનારાઓના વિચારોને વિશદ કરીને બાપુ આગળ રજૂ કરવાનું કામ પણ ઘણી વાર મહાદેવ કરતા. એ વાત રાજાજીએ પોતાની શ્રદ્ધાંજલિમાં ખાસ નોંધી હતી. વિરોધીઓને બાપુના વિચાર સમજાવવામાં પણ મહાદેવની મદદ બાપુને મળતી. વાઇસરૉયના અંગત સચિવની મહાદેવ જોડે દોસ્તી થઈ ગયેલી. અને ગાંધીજીએ ૮મી ઑગસ્ટ, ૧૯૪૨ની ગોવાલિયા ટૅન્કની મિટિંગમાં કહેલું કે વાઇસરૉય લિનલિથગો તો મહાદેવના પ્રેમમાં પડી ગયા હતા. રાજકોટના દીવાન દરબારશ્રી વીરાવાળાને ગાંધીજી કરતાં મહાદેવભાઈ સાથે વાતચીત કરવામાં વધુ ફાવટ આવતી. એમની પાસે બાપુનું સત્ય અને મહાદેવનું માધુર્ય ભેગું થતું ત્યારે જ કામ આગળ વધતું.

નોંધ:

૧. गांधीजीनो अक्षरदेह – ६४ : पृ. ४८.

૨. गांधीजीनो अक्षरदेह – ६७ : पृ. ३७८.

૩. જવાહરલાલ નેહરુ: मारी जीवनकथा: પૃ. ૧૭.

૪, એજન, પૃ. ૧૬.

૫. गांधीजीनो अक्षरदेह – ६४ : पृ. १४९.

૬. गांधीजीनो अक्षरदेह – ७२ : पृ. ८६.

૭. शक्रतारक समा महादेवभाई – पृ. ९५-९६.

૮. આખો પ્રસંગ મહાદેવભાઈની અપ્રગટ ડાયરીમાંથી.

૯. પોલિટિકલ સેક્રેટરી.

૧૦. રેસિડંટ.

૧૧, રાજકોટ ઠાકોરના મુખ્ય સલાહકાર.

૧૨. ગ. મા, નાંદુરકર. सरदारश्रीना पत्रो – ४ : पृ. १४१.

૧૩. महादेवभाईनी डायरी (અપ્રગટ): તા. ૧૨–૧૧–૧૯૪૦.

૧૪. गांधीजीनो अक्षरदेह – ६९ : पृ. २९८.

૧૫. એજન, પૃ. ૩૧૦.

# બેતાળીસ – ઝગમગતી જ્યોત

કૉંગ્રેસે પ્રાંતિક પ્રધાનમંડળો સ્વીકાર્યાં ત્યારથી તેણે 'ભારત છોડો'નું આહ્વાન આપ્યું ત્યાં સુધીનો પાંચ વર્ષનો ગાળો દેશ તથા દુનિયા સારુ ખૂબ મોટાં રાજનૈતિક પરિવર્તનોનો હતો. દેશનો આ કાળનો જ ઇતિહાસ લખાય તો થોથાં ભરાય. આપણને તો એ બાબતની નિસ્બત છે કે આ ઐતિહાસિક ઘટનાઓમાં મહાદેવભાઈના 'બાપુ' પગલે પગલે નિર્ણાયક ભાગ ભજવતા હતા. ગાંધીજીનાં પગલાં સાથે પગલાં માંડનાર મહાદેવભાઈની ક્ષિતિજોનો પણ પગલે પગલે વિસ્તાર થઈ રહ્યો હતો.

૧૯૩૬ના નવેમ્બર માસમાં ત્રાવણકોરમાં હરિજનો સારુ મંદિરો વિધિપૂર્વક ખૂલ્યાં. ગાંધીજીએ એને હિંદુ ધર્મની શુદ્ધિની ક્રિયાના પહેલા પગથિયા તરીકે વર્ણવ્યું. એ જ વર્ષે ડિસેમ્બર માસમાં પહેલી વાર મહાસભાનું અધિવેશન મહારાષ્ટ્રમાં તાપી નદીને કાંઠે ફૈજપુર નામના ગામડામાં ભરાયું. ત્યાર બાદ દેશના સાડા ત્રણ કરોડ લોકોને મતાધિકાર આપનાર પ્રાંતિક ધારાસભાઓની ચૂંટણીમાં છ પ્રદેશોમાં કૉંગ્રેસને ચોખ્ખી બહુમતી મળી અને બેમાં તે સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાઈ આવી. ત્રણ પ્રદેશોમાં તે લઘુમતીમાં રહી. બહુમતીવાળા પ્રદેશોમાં હોદ્દાઓ સ્વીકારવા કે નહીં તે અંગે મુખ્ય આગેવાનોમાં મતભેદ હતા, પણ ગાંધીજીએ રાજવહીવટના કામકાજમાં અત્યંત કટોકટીના સંજોગો સિવાય ગવર્નરો વિશેષ સત્તા મારફત હસ્તક્ષેપ નહીં કરે એવી બાંયધરી મેળવી ત્યારે કૉંગ્રેસે ૧૯૩૭ના જુલાઈ માસમાં પ્રધાનપદાં સ્વીકારવાનો નિર્ણય કર્યો. મહાદેવભાઈને મુંબઈ રાજ્યના પ્રધાન બનવાનું સૂચવાયું ત્યારે તેમણે તેને હસીને કોરે મૂક્યું હતું. એમને મન ગાંધીજીનું મંત્રીપદ કોઈ પણ સરકારના મંત્રીપદ કરતાં ચડિયાતું હતું. એમાં જ એમને પોતાનો સ્વધર્મ દેખાતો હતો, અને એમાં જ એમની અભિવ્યક્તિ પણ.

ધારાસભાઓને લગતા કોયડાઓને ઉકેલવા કૉંગ્રેસે એક પાર્લમેન્ટરી બોર્ડ નામની ઉચ્ચસ્તરીય સમિતિ નીમી હતી અને તેના અધ્યક્ષ, સરદાર વલ્લભભાઈ, દરેક બાબતમાં ગાંધીજીની સલાહ લેતા. વલ્લભભાઈ પોતાને હમેશાં એક શિસ્તબદ્ધ સિપાઈ લેખતા અને તેથી સદાય પોતાને પાછળ રાખી કૉંગ્રેસ કે દેશને આગળ કરતા. પાર્લમેન્ટરી બોર્ડનું કામકાજ સારી પેઠે મુશ્કેલ હતું, બિનઅનુભવી કાર્યકરોને વહીવટ ચલાવવાનો હતો. સત્તા હાથમાં આવવાથી ક્યાંક મદ અને ક્યાંક ઈર્ષા ડોકિયાં કરવા લાગ્યાં હતાં.

કૉંગ્રેસની અંદરના તીવ્ર મતભેદોના ત્રણ મોટા કાંડો થયા: નરીમાન પ્રકરણ, ડૉ. એન. બી. ખરે પ્રકરણ અને સુભાષ બોઝ પ્રકરણ. ત્રણેયમાં સીધી ઝીંક સરદાર પટેલે ઝીલી હતી, પણ ત્રણેય મામલાઓ ગાંધીજી સુધી પહોંચ્યા હતા. ત્રણેયમાં ગાંધીજીને સરદારના પક્ષે ન્યાય દેખાયો હતો. નરીમાનના કિસ્સામાં લવાદ તરીકે ગાંધીજી અને શ્રી બહાદુરજી ભરૂચાએ ચુકાદો સરદારના પક્ષે આપ્યો હતો. ખરે અને સુભાષ બોઝના મામલામાં કૉંગ્રેસ વર્કિંગ કમિટી સરદારની સાથે રહી હતી. આ ત્રણે કિસ્સાઓની વિગતમાં અહીં ન જવાય. માત્ર એટલો જ ઉલ્લેખ કરી દઈએ કે આ બાબતમાં સામે પક્ષે પૂરેપૂરી ચોખવટનો મોકો આપ્યા પછી ગાંધીજીએ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ ભાષામાં જણાવ્યો હતો. નરીમાને તો ખુદ ગાંધીજીને લવાદ નીમ્યા હતા, પણ ગાંધીજીએ શ્રી ભરૂચાની મદદ લીધા પછી મોટા ભાગની તપાસનું કામ તેમણે જ કર્યું હતું. ત્રણેય પ્રકરણોમાં સરદારની સાથે સાથે ગાંધીજી ઉપર પણ ઠીક ઠીક કાદવ ઊછળ્યો હતો. મહાદેવભાઈ એનાથી જ વ્યથિત રહેતા. પણ તેમણે કે ગાંધીજીએ આ વિવાદોની જીભાજોડીમાં ઊતરવાનું યોગ્ય નહોતું માન્યું. ક્યારેક ક્યારેક કોઈક પત્રમાં મહાદેવભાઈની વ્યથા છતી થતી ખરી.

૧૯૩૮ના ફેબ્રુઆરી માસમાં ગુજરાતમાં તાપીકાંઠે હરિપુરામાં કૉંગ્રેસ ભરાઈ તે પહેલાં ગાંધીજી ૧૯૩૭ના જૂન માસમાં આરામ કરવા વલસાડ પાસે તીથલ જઈને રહ્યા હતા. મહાદેવભાઈએ તે વખતે સાઇકલ ચલાવતાં શીખવાનો નિષ્ફળ પ્રયત્ન કરેલો! માત્ર શાંતિનિકેતનના કલાગુરુ શ્રી નંદલાલ બોઝ જોડે મૈત્રી કેળવવામાં તેઓ એના કરતાં ઘણા વધારે સફળ નીવડ્યા હતા. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના જિગરી દોસ્ત હરમાન કેલનબેક પણ તીથલ આવીને રહેલા. સરદારને તે વખતે પગમાં ખૂબ મોટો કાંટો વાગેલો અને એડી પાકેલી. તેની ઉપર તેમણે કોઈ પણ પ્રકારની અરેરાટી વિના શાંતચિત્તે ચીરો

મુકાવેલો. હરિપુરાની કૉંગ્રેસ એ સરદારના આતિથ્યભાવની ગૌરવગાથા સમાન હતી. મહાદેવભાઈએ *हरिजन*ના લેખોમાં એની ભૂરિ ભૂરિ પ્રશંસા કરેલી. છતાંય એની કેટલીક નબળાઈઓનો તટસ્થતાથી, સ્પષ્ટપણે ઉલ્લેખ કરતાંય તેઓ ચૂક્યા નહોતા.

કૉંગ્રેસે પ્રધાનપદાં સંભાળ્યાં ત્યાર બાદ દેશી રાજ્યોમાં પણ અપૂર્વ જાગૃતિ આવી હતી. કૉંગ્રેસની નીતિ દેશી રાજ્યોના પ્રશ્નમાં સીધા ન પડવાની હતી, પણ રાજ્યોનાં પ્રજામંડળો કૉંગ્રેસની અને ગાંધીજીની દોરવણી મેળવવા સદાય ઉત્સુક રહેતાં. ગાંધીજી, સરદાર અને જવાહરલાલજી આ બાબતમાં ઠીક ઠીક રસ લેતા. ત્રાવણકોર, રાજકોટ, જયપુર, મૈસુર, હૈદરાબાદ અને બીજાં પણ અનેક નાનાંમોટાં દેશી રાજ્યોમાં પ્રજાકીય આંદોલનો પણ થયેલાં.

સપ્ટેમ્બર ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ છેડાયું ત્યારથી એ જ દુનિયાની રાજનીતિની કેન્દ્રવર્તી ઘટના બની ગયું હતું. ગાંધીજીની ભૂમિકા ગમે તેવાં નબળાં, પણ લોકશાહીનું સમર્થન કરનાર સાથી રાજ્યોને નૈતિક ટેકો આપવાની હતી. કૉંગ્રેસે સાથી રાજ્યોને યુદ્ધના ઉદ્દેશો જાહેર કરવા પડકાર ફેંક્યો તથા ભારતમાં લોકશાસન અને બંધારણસભા સ્થાપવાની માગણી કરી.

કોઈ પણ પ્રકારની મસલત કર્યા વિના આપમેળે જ વાઇસરૉયે મહાયુદ્ધમાં હિંદુસ્તાનને ભેળવી દીધું તેથી કૉંગ્રેસનાં પ્રાંતીય પ્રધાનમંડળોએ ૧૯૩૯ના ઑક્ટોબર-નવેમ્બરમાં પોતાનાં રાજીનામાં આપ્યાં.

દેશનું સંરક્ષણ પણ અહિંસક રીતે જ થવું જોઈએ એવા વિચાર જ્યારે ગાંધીજીએ મૂક્યા ત્યારે તે વિશે કૉંગ્રેસ કારોબારી સહમત થઈ શકી નહોતી. સુભાષબાબુ તો ગુપ્ત રીતે ૧૯૪૧ના જાન્યુઆરીની ૧૭મીએ દેશમાંથી નાસી છૂટ્યા અને પહેલાં જર્મની જઈને હિટલરનો સાથ લેવા તેમણે પ્રયાસ કર્યો, પણ તેમાં ઝાઝી સફળતા ન મળતાં સબમરીનમાં જાપાન પહોંચ્યા અને ત્યાં ‘આઝાદ હિંદ ફોજ’ સંગઠિત કરી જાપાન તરફે યુદ્ધમાં ભળ્યા. રાજાજી જેવા કેટલાક આગેવાનો કોઈ પણ શરત વિના જાપાનનો મુકાબલો કરવાના પક્ષના હતા. કૉંગ્રેસ કારોબારીના મોટા ભાગના સભ્યો દેશને આઝાદ કરવાની ઘોષણા થાય તો સાથી રાજ્યો તરફ, યુદ્ધપ્રયાસોમાં બધી રીતે મદદ કરવા તૈયાર હતા.

બ્રિટન એમ માનતું હતું કે હિંદનું ભાવિ નક્કી કરવું એ એમનું કામ છે. કૉંગ્રેસ એમ માનતી હતી કે હિંદનું બંધારણ ઘડવાનો હક હિંદીઓને છે.

કૉંગ્રેસે પ્રાંતોમાં પ્રધાનમંડળો સ્વીકાર્યાં ત્યારથી જ કૉંગ્રેસી વહીવટવાળા પ્રદેશોમાં કોમી હુલ્લડો થતાં રહેતાં હતાં. મહમદઅલી ઝીણાની આગેવાની હેઠળ મુસ્લિમ લીગે એવી ભૂમિકા અખત્યાર કરી હતી કે તે જ આખા દેશના મુસલમાનોની પ્રતિનિધિ સંસ્થા છે અને કૉંગ્રેસ હિંદુઓની સંસ્થા છે. આગળ ઉપર તેમણે એ સિદ્ધાંત ઘડ્યો હતો કે હિંદુ અને મુસલમાનો એ બે અલગ અલગ રાષ્ટ્રો છે. આ દ્વિરાષ્ટ્ર સિદ્ધાંત ઉપર જ પાકિસ્તાન માટેની માગણી ખડી થઈ. કૉંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં ત્યાર બાદ મુસ્લિમ લીગે ૧૯૩૯ના ડિસેમ્બરની ૨૨મીએ 'મુક્તિદિવસ' ઊજવ્યો હતો.

યુદ્ધને કારણે દેશ પર અનેક પ્રકારના બોજા પડતા હતા. દેશમાં મુક્તપણે પ્રચાર કરવાની સ્વતંત્રતા પર સરકાર દ્વારા ભારે કાપ મૂકવામાં આવ્યો હતો. વાણીસ્વાતંત્ર્યનો મુદ્દો લઈને કૉંગ્રેસે એની સામે ૧૯૪૦ના ઑક્ટોબર માસમાં વ્યક્તિગત સત્યાગ્રહ કરવાનો ઠરાવ કર્યો.

જ્યારે જ્યારે પણ લડત આવે ત્યારે કૉંગ્રેસ કારોબારી સર્વ મતભેદોને બાજુએ રાખીને ગાંધીજીની આગેવાની સ્વીકારી લેતી. હજી તો જૂન ૧૯૪૦માં જ કૉંગ્રેસે ગાંધીજીને પોતાના સંગઠનમાંથી ગાંધીજીના જ આગ્રહથી મુક્ત કર્યા હતા. વ્યક્તિગત સત્યાગ્રહ નિમિત્તે કૉંગ્રેસે ગાંધીજીને પાછા બોલાવી આગેવાન બનાવ્યા. ગાંધીજીએ પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેને અને બીજા સત્યાગ્રહી તરીકે જવાહરલાલ નેહરુને પસંદ કર્યા. આખા દેશમાં ઠેર ઠેરથી વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાવા સારુ ગાંધીજી ઉપર અરજીઓ આવવા માંડી. ગાંધીજીએ મહાદેવભાઈને વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે જેલમાં જવાની સલાહ ન આપી, દેશભરમાંથી સત્યાગ્રહીઓની પસંદગી કરવામાં પોતાને મદદ કરવાનું કામ સોંપ્યું. માત્ર એક વાર ડિસેમ્બર ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં મહાદેવભાઈને હોમવા ગાંધીજીએ વિચાર કર્યો હતો. શ્રી ઘનશ્યામદાસ બિરલા અને દેવદાસ ગાંધી જોડે ૧૮-૧૯મી ડિસેમ્બર, ૧૯૪૦માં થયેલ એક વાર્તાલાપમાં તેમણે કહ્યું હતું:

આ તો આત્મશુદ્ધિની લડત છે. કોઈને મૂંઝવવાની લડત નથી. એમ હોઈ મારે મારું જે કાંઈ સર્વશ્રેષ્ઠ છે તેનો ભોગ આપવો જોઈએ. મારે બીજાં અનેક ઉમદા કાર્યો માટે

મહાદેવની બહાર જરૂર હતી. આથી એમનું મૂલ્ય ઓર વધી ગયું છે. પણ એ જ એમને જેલમાં મોકલવાનું એક વધુ કારણ છે, કારણ એ બલિદાન વધુ કીમતી હશે.૧

ડિસેમ્બર ૨૪, ૧૯૪૦ને દિને ગાંધીજીએ એડોલ્ફ હિટલરને નામે એક પત્ર લખી તેમને અપીલ કરી હતી કે,

માનવજાતને નામે હું તમને યુદ્ધ બંધ કરવાને માટે અપીલ કરું છું. તમારી તથા ઇંગ્લંડની વચ્ચે જે કાંઈ તકરારી બાબતો હોય તે તમારી બંનેની પસંદગીના કોઈ આંતરરાષ્ટ્રીય લવાદ પંચને ચુકાદા માટે સોંપવામાં આવે તેથી તમારે કશું ગુમાવવાનું નથી.૨

આ પત્ર બ્રિટિશ સરકારે દાબી રાખ્યો હતો.

એપ્રિલ ૧૯૪૧માં અમદાવાદમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં. ગાંધીજીએ શાંતિસૈનિક તરીકે મહાદેવભાઈને ત્યાં મોકલ્યા હતા. ઑક્ટોબર ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ મુલતવી રાખવામાં આવ્યો હતો. માર્ચ ૧૯૪૨માં અંગ્રેજ સરકારે ભારે ડિમડિમ સાથે સર સ્ટૅફર્ડ ક્રિપ્સને હિંદના ભાવિ અંગે એક દરખાસ્ત લઈને હિંદુસ્તાન મોકલ્યા. કૉંગ્રેસે એને અંગે વિચારણા કરવામાં અઠવાડિયાંઓ કાઢ્યાં, પણ ગાંધીજીએ જોતાંવેંત એ દરખાસ્તને ફગાવી દીધી.૩ પાછળથી દેશના લગભગ તમામ પક્ષોએ ક્રિપ્સ દરખાસ્તોનો અસ્વીકાર કર્યો હતો. આ દરખાસ્તમાં જે કાંઈ પણ આપવાનું હતું તે લડાઈને અંતે જ આપવાનું હતું અને એમાં દેશના ભાગલા પણ પડી શકે એવી જોગવાઈ હતી.

૧૯૪૧ના ઑક્ટોબર માસમાં મધ્ય પ્રદેશની દેવલી કૅમ્પ જેલમાંથી જયપ્રકાશ નારાયણ એમનાં પત્ની પ્રભાવતીબહેન મારફત કેટલાંક કાગળિયાં ચોરીછૂપીથી જેલ બહાર સરકાવી દેવાનો પ્રયત્ન કરતાં ઝડપાઈ ગયા હતા. બ્રિટિશ સરકારે આ ઘટનાનો ઉપયોગ કૉંગ્રેસની વિરુદ્ધ પ્રચાર કરવામાં કર્યો હતો. ગાંધીજીએ હિંસા અને ગુપ્તતાનો નિષેધ કર્યા પછી બ્રિટિશ સરકારને કહ્યું હતું કે તમારા દેશમાં કોઈએ આવું સાહસ દેખાડ્યું હોત તો તમે એની વીરગાથા ગાઈ હોત.

નવેમ્બર ૧૯૪૧માં દેવલી કૅમ્પના કેદીઓ ભૂખહડતાળ ઉપર ઊતર્યા હતા. ગાંધીજીએ હિંદી સરકારના ગૃહસચિવને તાર કરીને પોતાના પ્રતિનિધિ તરીકે મહાદેવભાઈને દેવલી કૅમ્પ જેલના આ કેદીઓને મળવાની પરવાનગી માગી હતી, જે તેમને આપવામાં આવી હતી.

ફેબ્રુઆરી ૧૯૪૨માં ગાંધીજીએ ચીનના વડા ચ્યાંગકાઈ શેક અને માદામ ચ્યાંગની મુલાકાત કલકત્તામાં લીધી હતી.

ક્રિપ્સની મુલાકાત પછી જ ગાંધીજીના મનમાં એ સ્પષ્ટ થઈ ગયું હતું કે અંગ્રેજ સરકાર ભારત છોડે એમાં જ એનું કલ્યાણ છે. તેમણે એને અંગે ઠીક ઠીક વિચારણા બાદ જાહેર રીતે 'હિંદ છોડો'ની હાકલ અંગ્રેજ સરકારને કરી. મેમાં કૉંગ્રેસ કારોબારીએ એ વિચારને વધાવી લેતો ઠરાવ કર્યો અને ૮મી ઑગસ્ટ, ૧૯૪૨ને દિને મુંબઈના ગોવાલિયા તળાવ પર મળેલી કૉંગ્રેસની મહાસમિતિએ ભારે બહુમતીથી એ પ્રકારનો ઠરાવ પસાર કર્યો.

ઇતિહાસની આ આખી રૂપરેખા અહીં એટલા સારુ આપી છે કે જેથી વાચકોને આ પ્રકરણ પહેલાંનાં બે અને પછીનાં બે પ્રકરણોમાં બનેલી ઘટનાઓ કયા ઐતિહાસિક સંદર્ભમાં થઈ હતી તે સમજાય.

આ કાળ દરમિયાન, મહાદેવભાઈ માંદગીને લીધે સિમલા રહ્યા અને ગાંધીજીના પાઠવ્યા ક્યાંક બહાર ગયા હોય તેટલા અપવાદ સિવાય બાકી આખો વખત ગાંધીજીની સાથે હતા. અને ગાંધીજી સાથે હતા ત્યારે નિરપવાદ રીતે તેમણે રોજનીશી લખી છે. મોટે ભાગે ઝીણા અક્ષરે લખેલી આ રોજનીશીઓથી કેટલીયે જાડી નોટબુકો ભરેલી છે. આ બધી રોજનીશીઓ તો આવતાં થોડાં વર્ષોમાં પ્રગટ થશે. અહીં આ ગાળાની અત્યાર સુધી અપ્રગટ રોજનીશીમાંથી થોડાં છૂટાંછવાયાં પાનાં મહાદેવભાઈની કલમે કેવાં કેવાં ક્ષેત્રોને સજીવ કર્યાં છે તેના નમૂના પૂરા પાડવા સારુ આપવામાં આવ્યા છે.

- વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે પહેલી પસંદગી વિનોબાજીને આપ્યા પછી ગાંધીજી એમનો પરિચય કૉંગ્રેસ કારોબારી આગળ આપી એમ કહે છે કે તેઓ પકડાય નહીં ત્યાં સુધી બીજા સૌ વાટ જોશે. ત્યારે,

  બાપુ: આજ સુધીમાં મારી ઇચ્છા મારા પોતાથી શરૂ કરવાની હતી, પછી વિનોબાનો વિચાર કર્યો. એ તૈયાર થયા — જશે તો મહાસભા તરફથી જ. હું જાહેર કરીશ કે એને એકલાને જ પ્રથમ મોકલવાના છે.

  મૌ(લાના): બડી માયૂસી પૈદા હોંગી. લોગોં કો આશા દિલાઈ ગઈ હૈ, કમિટીયાં બન ગઈ હૈ. ઉનકો આપ ઇજાજત દેતે તો અચ્છા હોતા.

  બાપુ: બધી કમિટીઓને મોકલવાનો મારો ઇરાદો હતો નહીં. મારે તો તાલીમ

જોઈએ. પસંદ કોને કરવા એ મારું કામ છે. કોઈને કહું કે કાંત્યા કરો, અને કોઈને કહું બીડી ફૂંક્યા કરો તો તેમ કરવાનું... એક સાચો સત્યાગ્રહી ઘણું કરી શકે એ મારે બતાવવું છે, અને એમાંથી આખો દેશ લાભ મેળવશે... થોડા મોકલવામાં બહુ લાભ છે. હજારો તો મોકલી શકીએ છીએ પણ એથી અંધાધૂંધી થવાનો સંભવ છે...

વલ્લ(ભભાઈ): મેરી રાય તો યહ હૈ કિ જિસકો કામ ચલાના હૈ ઉસકો જિસ તરહ સે ચલાના હૈ ઉસી તરીકે સે કામ લેને કી સુભીતા હોની ચાહીએ. સરકાર કે પાસ અપની પ્લાન હૈ. વહ તો ઇન્તેજાર મેં હૈ કિ કૉંગ્રેસ કમિટી કુછ રેઝોલ્યુશન કરે કિ સબ કો રાઉન્ડ-અપ કર લે. બાપુ કા પ્લાન ઐસા હૈ કિ સરકાર કી ગેમ નહીં પ્લે કરના. બાપુ થોડેએક આદમી ભેજ કર બૈઠ જાયેંગે? દાંડીમાર્ચ કી ભી હંસી હોતી થી, પર શુરૂ હુઆ કિ એક ઇલેક્ટ્રિક ઍટમૉસ્ફિયર હો ગઈ...

જમનાલાલજી: મહાત્માજી કા ઑર્ડર. એક આદમીને એક આદમી કો એલાઉ કિયા. ઔર સબ કો બંદ કિયા. યહ એક બહુત બડી બાત હોગી. હમ મહાત્માજી કા ઑર્ડર માનતે હૈ તો લોગ ભી માનેંગે...

જવાહર: વિનોબા ક્યા કરે ઔર લોગ ક્યા કરેંગે યહ મેરી સમઝ મેં નહીં આયા.

મૌલાના: બાત યહ હૈ —

જવાહર: મેં બેવકૂફ આદમી નહીં હૂઁ. આપ મુઝે જ્યાદા નહીં સમઝા સકતે હૈં.

(શંકરરાવ) દેવ: કાફી હૈ કિ મહાત્માજી સ્ટ્રગલ શરૂ કરતે હૈ.

આસિફ (અલી): મેં કુછ અર્જ નહીં કરના ચાહતા હૂં. હુકુમ કબૂલ કરૂંગા.

જવાહર: બાપુ ચાહતે હૈ વિનોબા મેં સબ હિંદુ(સ્તાન) કી મરદાનગી મહદૂદ [સીમિત] કી જાય, ઔર હમ સબ ઔરતેં બન જાયે, પરદાનશીન બન જાયે. ક્યા ચંદા ગરીબ કિસાનો સે લેને દંગે? ઉસે કૌન રોકેગા? વિનોબા રોકેગા?

• કાલે સેમ્યુઅલ હોરનો કાગળ અચાનક આવ્યો: 'માય ડિયર ફ્રેંડ' કરીને સ્પેનમાં ઇમ્પૉર્ટન્ટ મિશન ઉપર જતાં કાગળ લખ્યો. અમારો ધર્મ, અમારી સંસ્કૃતિ, અમારા જીવનની ઢબ — બધું ખતરામાં છે. તમારા (દેશના) બંધારણ અંગે મેં (તમારી સાથે) કામ કર્યું હતું તેને હું ખૂબ ઉપયોગી રીતે વપરાયેલો સમય ગણું છું. તમને એ કામ ગમતું નહોતું. પણ તમને મારી ઇમાનદારી વિશે શક નહોતો. મને પણ તમારી વિશે નહોતો.

એને બાપુએ લખ્યું:

તમારા અનપેક્ષિત પત્રથી મને ખૂબ હર્ષ થયો. એને સારુ હું તમારો આભારી છું. આપણે જે સ્પષ્ટ અને હાર્દિક વાતો કરતા હતા તે દિવસોની યાદ એનાથી તાજી થઈ. તમે આકરી કસોટીમાંથી પસાર થઈ રહ્યા છો. મારી એ અનવરત પ્રાર્થના છે કે યુદ્ધનું સ્થાન શાંતિ લે.૪

- બાપુ અને રાજેન્દ્રબાબુને વાઇસરૉયને મળવાનું થયું. એમની ગાડી ત્રણ કલાક મોડી હતી એટલે અગિયાર વાગ્યે મુલાકાત ઠરી હતી તેને બદલે ત્રણ વાગ્યે ઠરી. બાપુએ રાજેન્દ્રબાબુને કહ્યું: તમે ઝીણાને ટેલિફોન પર કહો કે આપણે ત્રણેય સાથે વાઇસરૉય પાસે જવું એ આવશ્યક છે.

ઝીણા કહે: યસ, વ્હેન વિલ યુ કમ ટુ માય પ્લેસ? (હા, તમે મારે ત્યાં ક્યારે આવો છો?)

રાજેન્દ્રબાબુએ બે વાગ્યાનો વખત કહ્યો. બાપુ જેમતેમ જલદી માલિશ પતાવી, નાહવાધોવાનું વ. બે વાગ્યા સુધીમાં પતાવી, આરામ લીધા વિના ઝીણાને ત્યાં પહોંચ્યા. એ બારણે લેવા પણ ન આવ્યો. અંદર ગયા ત્યાં પોણોક કલાક વાત કરીને પાછા વાઇસરૉયને ત્યાં જવાને નીકળ્યા.

વાઇસરૉયે લખેલી નોટ્સમાંથી ભાષણ આપવાનું શરૂ કર્યું… તમારે તરત નિશ્ચય કરવો જોઈએ વ. કહીને પ્રૉવિન્શિયલ અને સેન્ટરમાં સમજૂતી કરી લો તો મને સેન્ટરમાં હિંદી પ્રતિનિધિને જવાબદારીમાં ભાગ લેતાં કરતાં અડચણ ન આવે, એમ સમજાવ્યું. બાપુએ કહ્યું કે ડેકલેરેશનની મૂળ વસ્તુ ઉપર તમે કશું ન કહો તો આ વિચારવું અમારે માટે બહુ કઠણ છે. છતાં વિચાર કરીને કહીશું. ઝીણા કહે, મેં તો આપની પાસે ક્લેરિફિકેશન મુસ્લિમ લીગના સ્ટેટમેન્ટમાં માગ્યું છે જ.

…બાપુને પોતાને લાગ્યું કે વાતો પૂરી નથી થઈ ત્યાં તો વાઇસરૉય ઊઠ્યા. બહુ અનફ્રેન્ડલી એટિટ્યૂડ (મિત્રાચારી વગરનું વલણ) લાગ્યું.

પાછા આવતાં બાપુ વળી પાછા ઝીણાની જ ગાડીમાં આવ્યા — જતાં પણ ઝીણાએ સાથે આવવાની ના પાડી ત્યારે તેની ગાડીમાં સાથે જવાની બાપુએ માગણી કરી ને સાથે ગયેલા — અને તેના ઘરમાં થોડી વાતો પાછી કરી. રસ્તામાં 'ફ્રીડમ (સ્વતંત્રતા)ની માગણીમાં તું ભળે કે નહીં?' — એમ પૂછતાં ઝીણા કહે: ફ્રીડમ ઇઝ

ઍન ઍબસ્ટ્રેક્ટ ક્વાન્ટિટી. ઍન્ડ વૉટ ઇઝ ધૅર ઇન સેયિંગ આઈ વૉન્ટ ફ્રીડમ? પાવર ઇઝ ધ થિંગ ઍન્ડ આઈ વૉન્ટ પાવર. (સ્વતંત્રતા એ તો એક અમૂર્ત માત્રા છે, મારે સ્વતંત્રતા જોઈએ એમ કહેવામાં શું છે? ખરી ચીજ તો સત્તા છે. મારે સત્તા ખપે છે…) રાત્રે જવાહર અને મૌલાનાને અહીં (દિલ્હી) આવવા તાર કરવામાં આવ્યો.

૨–૧૧–'૩૯ બંને આવ્યા. અને વાતો કરતા હતા ત્યાં ઝીણાનો ટેલિફોન આવ્યો કે ગાંધી સાથે વાતો કરવી છે. દેવદાસે કહ્યું: 'સંદેશો કહું તો?' પેલો કહે: નો. ઇટ ઇઝ ગાંધી યૉર ફાધર વિથ હૂમ આઈ વૉન્ટ એ પ્રાઇવેટ વર્ડ, ઍન્ડ ધૅટ ટૂ બિફોર આઈ સી પં. જવાહરલાલ.' (ના. મારે ગાંધી, તમારા પિતા જોડે થોડી ખાનગી વાત કરવી છે, અને તેય હું પં. જવાહરલાલને મળું તે પહેલાં.) બાપુ ટેલિફોન પર અનેક વર્ષ પછી ગયા. એને એટલું જ કહેવાનું હતું કે પંદર મિનિટ મળવું છે, એટલે ગમે ત્યારે મારે ત્યાં આવી જાઓ. મૌલાના કહે: 'શા માટે ન કહ્યું, "મારી પાસે આવી જજો." ' બાપુ કહે: પણ મારી જબાન પર એ વાક્ય ચઢે તો ના? એક વાગ્યે એને ત્યાં બાપુ ગયા. દરમિયાન હું દેવદાસ સાથે મિરઝા ઇસ્માઈલ પાસે જઈ આવ્યો. અમે એને સમજાવ્યું કે એણે ઝીણાને ડાહ્યા થવાનું સમજાવવું જોઈએ. એને કહેવું જોઈએ કે મુસ્લિમ લીગની ઍક્સસ્લૂઝિવ કલેમ (ખાસ દાવો)ની અને કૉંગ્રેસ હિંદુ ઑર્ગેનાઇઝેશન હોવાની વાત જ ન કરતો, કોઈ પણ રીતે મેળ કર, તારે માટે જિંદગીમાં આ યુનિક ઑપૉર્ચ્યુનિટી (અદ્વિતીય તક) છે. કરોડોની ડેસ્ટીની (ભાવિ) તારા હાથમાં છે. વ. વ. અમારા દેખતાં જ બધી વાત એણે ઝીણાને ટેલિફોન ઉપર સંભળાવી. સંભળાવ્યા પછી કહે: હી ઇઝ એ કૅન્ટૅન્કરસ બૂટ (એ ઝઘડાળુ પ્રાણી છે), છતાં બધું સાંભળ્યું છે અને પરિણામ ઠીક આવશે.

આ વાત બાપુને કહી અને પછી બાપુ એની પાસે ગયા. બાપુ આવીને કહે — આશ્ચર્યકારક વાતો કરી, કોઈ પણ રીતે આપણે સંધિ થવી જ જોઈએ. મને બ્રિટિશ માટે ઇલવિલ (દ્વેષભાવ) નથી. આ લોકોને આપણે ફાઇટ કરીએ તોપણ નૉન-વાયલન્સ (અહિંસા)થી જ થઈ શકે. બાપુએ ડેકલેરેશન (ઘોષણા) ની ફૉર્મ્યુલા (ખરડો) એને આપી. તેને એણે ચર્ચી. એમાં ફેરફારો સૂચવ્યા. છેવટે બાપુએ કહ્યું, 'હવે તું જવાહર સાથે બધું ચર્ચી લે, હું થાક્યો છું…'

જવાહરને સાડા ચાર વાગ્યે મળ્યો. અઢી કલાક વાતો કરીને પાછા ફરતા જવાહરને કહે: આઈ વૉન્ટ ટુ પે માઈ રિસ્પેક્ટ્સ ટુ ગાંધી, મે આઈ કમ ઇન યૉર

કાર? (મારે ગાંધી પ્રત્યે આદર વ્યક્ત કરવો છે. હું તમારી ગાડીમાં આવી શકું?) પ્રાર્થના સમયે જવાહર એને લઈને આવ્યા. બાપુની સાથે હાથ મેળવીને કહે, ‘આઈ વૉન્ટેડ ટુ ઇન્કવાયર હાઉ યૂ વેર. આઈ ટાયર્ડ યૂ ટૂ મચ ઍન્ડ યૂ ડિડ નોટ લુક ઍટ ઑલ વેલ.’ (મારે તમારી તબિયતની ખબર પૂછવી હતી. મેં તમને થકવી નાખ્યા. ને તમારી તબિયત જરાય સારી લાગતી નહોતી. ) બાપુએ આભાર માન્યો અને કહ્યું, હવે કશું નથી. મને ઠીક આરામ મળ્યો છે, વ. જવાહરે કહ્યું: વાતો બહુ સારી થઈ. એ માણસ આપણી ડિમાન્ડ (માગણી) સપોર્ટ કરવા, ટેકો આપવા તૈયાર છે, માત્ર એ કહે છે કે ડિમાન્ડ સરકાર ન સ્વીકારે તો તમે જે કરો તે અમારાથી ન થાય. એને અનેક ડર છે. બ્રિટિશ ચાલ્યા જાય તો કૅઓસ (અંધાધૂંધી) થાય એવો ડર છે. સાવ ઇન્ડિપેન્ડન્સ (સ્વતંત્રતા) કેમ મગાય. છતાં જે બીજી જવાબદારી ન હોય તો વાઇસરૉય પાસે એ ડિમાન્ડને સપોર્ટ કરવાને પોતે તૈયાર છે. પછી તો ત્રણેયે જવાની જરૂર નથી. એ જાય કે ગાંધીજી જાય એ એક જ વાત છે એવી એવી મીઠી મીઠી વાતો કરી!!

- અને આ એક નાનો સંવાદ — બે મોટા માણસો વચ્ચે જે મહાદેવભાઈએ ઝડપ્યો છે:

  રાજાજી: કોઈના મનમાં એવી શંકા નથી કે આપણે સ્વરાજ મેળવીને બીજા કોઈનું શોષણ કરવા માગીએ છીએ...

  જવાહર: તો મને કહેવા દો કે છાપ એવી છે, હિંદના ઇતિહાસ વિશે મારી છાપ એવી છે, હિન્દુઓ સામ્રાજ્યવાદી જમાતના લોકો છે. હું ભારતના આખા ઇતિહાસની વાત કરું છું.

  રાજાજી: હિંદુ પ્રતિભા અંગેનું તમારું પૃથક્કરણ એ તમારી પ્રતિભાનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ છે.

- સચ્ચાબાબા આવ્યા. એ મૌનમાં લખીને કહે છે: કાંઈક માગો.

  બાપુ: ઈશ્વર મને બધું આપે છે. ખાવાપીવાનું આપે છે, સ્વરાજ પણ દઈ રહ્યો છે. એટલી ચિત્તની પ્રસન્નતા રાખું છું. એટલે ઇચ્છા જ નથી થતી. કોઈની પાસે માગતોયે નથી. ઈશ્વર જાણી લે છે. મારે શું જોઈએ છે, એ આપી દે છે. એટલે હું કોઈની પાસે કંઈ માગું તો મૂર્ખ બનું. ઈશ્વરની ઇચ્છા થશે ત્યારે જ્ઞાન આપશે. એ નમ્રપણે સ્વીકારું છું કે હું મૂર્ખ છું, એ પણ ઈશ્વર પાસે જ માગું એ સારું ના? રોજ માગું છું કે મારી

મૂર્ખતા તું દૂર કર. હું તો શ્રદ્ધાથી માનું છું કે ઈશ્વર છે, ઈશ્વરને પિછાની લઉં તો પછી કરવાનું કશું ન રહે, કૃતાર્થ થઈ ગયો. ઈશ્વરને છોડીને કોઈની પાસે હું વરદાન માગું તો લજ્જિત થાઉં.

અપ્રગટ ડાયરીઓના અફાટ રત્નાકરમાંથી આ તો થોડાંક રત્નો.

નોંધ:

૧. गांधीजीनो अक्षरदेह – ૭૩ : પૃ. ૨૫૧.

૨. એજન, પૃ. ૨૬૧.

૩. गांधीजीनो अक्षरदेह – ૭૫ : લેખ ૫૫.

૪. બંને અંગ્રેજી પત્રોનું ભાષાંતર લેખક દ્વારા.

# તેંતાળીસ – ઘસાતું સુખડ

'આ રાતે બે વાગ્યે લખી રહ્યો છું. બાપુના લથડી પડવાથી મારું કામ લગભગ બમણું થઈ ગયું છે, અને બાપુ સાજા થાય તેવી જ મારે આરામની લાંબી રજા સારુ અરજી કરવી પડે એમ છે. પ્યારેલાલ છેલ્લા એક વરસ કરતાં વધારે કાળથી કાંઈક અજબ કારણોને લીધે અમારે સારુ ગુમાવ્યા જેવા થઈ ગયા છે. અને મારે આ બધા દિવસો એકલે હાથે જ બધો ભાર ઉઠાવવો પડ્યો છે. દેખીતી રીતે જ, એનાથી મનેય સંતોષ થતો નથી અને જેમની સાથે કામ કરું છું, કે જે કામ કરું છું તેનેય સંતોષ થતો નથી. અને હું મારી ઉંમર કરતાં વધુ ઘરડો લાગું છું.'૧

પોતાની તબિયત વિશે ભાગ્યે જ કોઈની આગળ ફરિયાદ કરનાર મહાદેવભાઈ આમ લખે છે, એનો અર્થ જ એ છે કે અતિશય કામના બોજાની શરીર પર અસર જણાવા લાગી હતી. પ્યારેલાલજી પોતાના અંગત પ્રશ્નોને લીધે ઝાઝું કામ ઉપાડી શકતા નહીં. ગામડામાં જવાથી ગાંધીજીનું કામ ઘટ્યું નહોતું. મહાદેવભાઈનો રોજનો વર્ધા-સેગાંવનો આંટો વધ્યો હતો. કદાચ સૌથી વધુ અસર થઈ હતી ગાંધીજીની તબિયત બગડી જવાને લીધે. અઠવાડિયે અઠવાડિયે हरिजन પત્રોમાં અને રોજેરોજ જે ઓળખીતાને પત્ર લખે તેને મહાદેવભાઈ ગાંધીજીની તબિયતના સમાચાર અવશ્ય આપતા. તે કાળનો સરદાર વલ્લભભાઈ સાથેનો પત્રવ્યવહાર સામાન્ય ક્રમ કરતાં થોડો વધી ગયો હતો. કારણ, મહાદેવભાઈ જાણતા હતા કે ગાંધીજીની તબિયત અંગે વલ્લભભાઈની ચિંતા કોઈથી ઊતરે તેવી નહોતી. જવાહરલાલજી પર પણ અઠવાડિયે એકાદ પત્ર તો હતો જ.

હકીકતમાં મહાદેવભાઈની ધૂપસળી બળતી બળતી, સુવાસ ફેલાવતી ફેલાવતી,

લગભગ છેડે આવી ગઈ હતી. તેમણે વર્ષોની તપસ્યા અને કઠણ પરિશ્રમે આત્માને ઉજ્જ્વળ કર્યો હતો અને શરીરને નિચોવી નાખ્યું હતું. એમાં વાંક કોઈનો કઢાય એમ નહોતું. એમ કહોને કે યોગભ્રષ્ટ કોઈ આત્મા પોતાનું કર્મ પૂરું કરીને મહાયજ્ઞની જ્યોતિમાં પોતાની જ્યોતને મિલાવવા તલસી રહ્યો હતો.

મગનવાડીથી સેગાંવના રોજના આંટા ઉપરાંત સાઇકલ પર કોઈ જતાઆવતા સાથે લગભગ ગાંધીજીની એકાદ ચિઠ્ઠી તો આવે જ. મહેમાનોને ડુંગરાઓના રસ્તે ફેરવવા માટે ખાસ બનેલી વરાડની બળદગાડી 'રંગી' મોકલવાની સૂચના હોય કે ખજૂર ખૂટ્યું છે તેની જાણ કરી હોય. મહાદેવભાઈની નાનીમોટી સફળતાની પણ ગાંધીજી કદર કર્યા વિના નહીં રહેતા. નાનકડી ચિઠ્ઠીઓમાં પણ એ ચૂકતા નહીં.

જો તમને વિજય ન મળે તો મારી કળા લાજે. પોતપોતાના ક્ષેત્રમાં વિનોબા, મગનલાલ, છોટેલાલ, પંડિતજી, કાકા, દેવદાસ મારાથી ચઢ્યા. તમે તો પહેલે પગથિયે છો... મારું કામ સત્ય-અહિંસાનો મંત્ર ફૂંકવાનું છે. એ જે ઝીલે તે પોતાના ક્ષેત્રમાં ઊડે ને હું અસ્પૃષ્ટ રહ્યા કરું. સાપ્તાહિક નોંધ ન લખો તો ચાલે. તમારે ડાબા હાથની તાલીમ લેવી જ. મારા કરતાં તમે તેને વહેલો વાળશો. પ્રેમાનું પત્તું પાછું મોકલું છું. પેરિનબહેન સારુ કાલે એક વાગ્યે રેંગી કે મોટર જોઈશે.૨

મહાદેવભાઈ પર વધતા જતા કામના બોજા અંગે અને એમની લથડતી તબિયત અંગે ગાંધીજી સચિંત હતા. તેથી અવારનવાર તેમને કામ ઓછું કરવાની ભલામણ કરતા.

વર્ધા અને તેની આસપાસનાં ગામોમાં કૉલેરા ફાટી નીકળ્યો. કાકાસાહેબ અને તેમના કેટલાક સાથીઓને કૉલેરા થયો. કાકાસાહેબના બે સાથીઓ અને વર્ધાના મહિલા આશ્રમના એક કાર્યકર્તા તેમાં જ અવસાન પામ્યા. કાકાસાહેબ જાતે માંડ માંડ બચ્યા. ત્યાર પછી તરત જ પ્યારેલાલજી ટાઇફૉઈડમાં પટકાયા. અને એ માંદગી લાંબો વખત ચાલી. પછી ગાંધીજી ખુદ બ્લડપ્રેશરની પીડાથી પટકાયા. આ બધાને લીધે મહાદેવભાઈના એકલા ખભા પર પુષ્કળ બોજ આવી પડ્યો.

જવાહરલાલજીને નામે લખેલ ઉપર ઉદ્ધૃત કરેલા પત્રમાં કહ્યું છે તેમ મહાદેવભાઈને લાંબી રજા લેવાનો વારો આવ્યો, પણ તે સ્વેચ્છાએ નહીં, લાચારીથી, વર્ધાની ૧૧૫૦થી ૧૨૦૦ ફેરનહીટ સુધી પહોંચતી ગરમી પણ એનું એક કારણ હતી. પણ એ ગરમી માપવાની મહાદેવભાઈની પારાશીશી એમની આગવી ગાંધીરંગે રંગાયેલી:

'આ સાલની ગરમી દુ:સહ છે. ગાંધીજીની ટાઢ અને ગરમી સહન કરવાની શક્તિ અસાધારણ છતાં તેમને માટે પણ આ ગરમી આકરી થઈ પડી છે.'૩

મહાદેવભાઈને વારંવાર ચક્કર અને અંધારાં આવવા લાગ્યાં. ખાસ મુંબઈથી એમની તબિયત જોવા આવેલ જૂના મિત્રો ડૉ. જીવરાજ મહેતા અને ડૉ. ગિલ્ડરે તપાસીને એમને લાંબા સમય સુધી પૂરો આરામ લેવાનો આદેશ આપ્યો. ગાંધીજીએ દુર્ગાને એક ચિઠ્ઠી દ્વારા જણાવ્યું કે ગભરાવાનું બિલકુલ કારણ નથી, પણ મહાદેવની તબિયતની તો કાળજી રાખવી જ પડશે. આજ લગી જે કામ કર્યું તે હવે હાલ તુરત તો નહીં થઈ શકે. એક પત્રમાં મહાદેવભાઈએ જવાહરલાલજીને એ આશયનું લખ્યું હતું કે એ પણ એક નસીબની બલિહારી હતી કે તેઓ પણ એ જ માંદગીમાં પટકાયા હતા કે જેમાં થોડા વખત પહેલાં બાપુ પટકાયા હતા! ઘણી વિચારણા બાદ તેમણે પૂરો આરામ કરવા સારુ ૧૯૩૮માં સિમલા જવાનું સ્વીકાર્યું, ગાંધીજીએ *हरजिन*માં લખ્યું:

મહાદેવ દેસાઈની તબિયતમાં દિનપ્રતિદિન સુધારો થતો જાય છે. વરસોના અવિશ્રાંત પરિશ્રમ પછી એમને વિશ્રાંતિ લેવાનો હક હતો. પણ તેમણે વિશ્રાંતિ લીધી નહીં. મેં એ વિશે આગ્રહ રાખ્યો નહીં. હવે દયાળુ કુદરત મદદે આવી છે ને તેણે જે આરામ તેઓ સ્વેચ્છાએ લેવાના નહોતા તે પરાણે લેવડાવ્યો છે. શ્રીમતી રાજકુમારી અમૃતકૌર એમને સિમલા પોતાને ઘેર લઈ ગયાં છે. ત્યાંની તાજી હવામાં અને વધારે તો રાજકુમારીની પ્રેમભરી સંભાળથી તેમની તબિયત સુધર્યા વિના નહીં જ રહે.૪

મહાદેવભાઈ વિશે ગાંધીજીને ખાતરી હતી કે તેઓ આરામ લે એવો આગ્રહ પોતે ન રાખે તો 'હાથમાં કલમ લઈને પ્રસન્નતાથી પ્રાણ છોડવાની શક્તિ એમનામાં છે.' તેથી એમને આરામ આપવામાં તેઓ પોતાનું શાણપણ જોતા હતા.

સિમલામાં સાથે દુર્ગાબહેન અને નારાયણ પણ હતાં. દુર્ગાબહેનને ખૂબ ફરવાનો ગાંધીજીએ પત્ર દ્વારા આગ્રહ કરેલો, પણ તેઓ પોતાના ભારે શરીરને લીધે ઝાઝું ફરી શકતાં નહીં. દેસાઈ પિતાપુત્ર રાજ સિમલા અને આસપાસની ટેકરીઓ 'સર' કરતા પંદરેક માઈલ ચાલતા. ચાલતા ચાલતા નારાયણના અનેક વિષયોના વર્ગો પણ લેવાતા હોય જ. રાતે રાજકુમારી અને તેમની ભત્રીજી બેરિલ જોડે બ્રિજ રમવાનું ચાલે. આ લેખકની જાણમાં મહાદેવભાઈનો એ સૌથી આરામમાં વીતેલો એક મહિનો હતો. પચીસ વરસની સેવામાં ભોગવેલી એક માસની રજા! પણ આત્માનો અનુબંધ અતૂટ હતો.

ગાંધીજી ત્યારે વાયવ્ય સરહદમાં પ્રવાસ પર હતા. મહાદેવભાઈ પત્ર લખે. પણ ઘણી વાર પત્રો પહોંચતાં દિવસોના દિવસો લાગે. બંને જાણે કે ટપાલમાં ઢીલ થવાની જ છે, છતાં ચાતકની માફક એકબીજાના શબ્દોની રાહ જુએ.

બારડોલી સત્યાગ્રહ વખતે મહાદેવભાઈ વલ્લભભાઈ સાથે સિમલા ગયા ત્યારે લોકો તેમને નવાઈથી પૂછતા: 'મહાત્માજી સિમલા ક્યારે આવ્યા?' આ વખતે મહાત્માને લોકો વાયવ્ય સરહદમાં પૂછે છે, 'મહાદેવ ક્યાં?'

રાજકુમારીને ગાંધીજી લખે છે: 'મારી ટપાલ આમથી તેમ રખડે છે. એટલે ચાર દિવસથી મને તમારા તરફથી કશા સમાચાર મળ્યા નથી. મને ખાતરી છે કે મહાદેવની તબિયત સારી છે, તેમ છતાં પત્રની ઝંખના રહે છે.'૫

ગાંધીજી સરહદ પ્રાંતમાં સભાઓ સિવાય બાકીને વખતે મૌન રાખીને આરામ મેળવતા હતા. અને મહાદેવને સલાહ આપતા હતા કે 'हरिजनમાં લખવાની લાલચ તો છોડજે જ.'

મહાદેવભાઈ કોઈક વાર સંકોચ અનુભવે છે કે એમના કાગળથી બાપુના કામના બોજમાં વધારો થશે. તરત ગાંધીજી લખે છે:

તમારા બધાય કાગળો કાલે જ [૨૧–૧૦–૧૯૩૮] મળ્યા. એમ કેમ શંકા ઊઠી કે કદાચ તમારા કાગળનો મને બોજ લાગે? એવું છે જ નહીં. વાત એ છે કે તમારો કાગળ ન હોય ત્યારે વ્યાકુળ બનું. જે ટૂંકો હોય તો ગુસ્સો કરું કે એવું મહાદેવને શું કામ આવી પડ્યું કે બે લીટીથી પતાવવું પડ્યું.૬

વાયવ્ય સરહદનાં રળિયામણાં દૃશ્યો જોઈને ગાંધીજી મહાદેવભાઈને યાદ કરે છે. સત્તર વર્ષ પહેલાં કામરૂપની કમનીયતા જોઈને યાદ કરતા હતા તેમ જ. મોહન અને મહાદેવની પ્રીતિ વર્ષોના વીતવાથી વધતી જતી હતી. વર્ષો પહેલાં નિપાણી (કર્ણાટક)માં ગાંધીજી જેમ મૂર્છિત થઈ ગયા હતા અને મસ્તિષ્કની નસ તૂટી જાય એવો ખતરો પેદા થયો હતો તેવું મહાદેવભાઈને ક્યાંક થઈ ન બેસે એવી ગાંધીજીને ધાસ્તી હતી. તેથી તેઓ વારંવાર એ અંગે મહાદેવભાઈને ચેતવતા રહેતા હતા. મહાદેવભાઈને તેઓ એવી આશા પણ બંધાવતા કે આરામથી વધુ કામ કરવાની તેમનામાં શક્તિ આવશે.

સિમલાથી પાછા ફરતાં શ્વેબ કુરેશીએ મહાદેવભાઈને ભોપાલ રોકાવાનો આગ્રહ

કર્યો હતો. ગાંધીજીએ એ વિચારને વધાવ્યો હતો. પણ ઝટ વર્ધા પાછા પહોંચવા સારુ ઉત્સુક મહાદેવભાઈ ભોપાલ રોકાયા નહોતા.

મહાદેવભાઈને પૂરો સમય કામ કરતા થવામાં સેવાગ્રામ આવ્યા પછી પણ મહિનાઓ વીતી ગયા. ૧૯૪૨માં ફરી એક વાર એમની તબિયત થોડી લથડી. પણ એ વર્ષ એવું હતું કે એમાં મહાદેવભાઈને આરામ ખાતર રજા લેવાનું સૂઝેય નહીં અને કોઈ સુઝાડે તો તે મહાદેવભાઈ એને સાંભળેય નહીં. પરંતુ એને વિશે થોડું આગલા પ્રકરણમાં.

ગાંધીજીના ઉપરોક્ત પત્રમાં વર્ણવેલી વ્યાકુળતાને જોતાં, આ પ્રસંગે એકબે પ્રશ્નો લેવાનું યોગ્ય લેખાશે. શ્રી એરિક એરિક્સને પોતાના ગ્રંથ *ગાંધીઝ ટ્રૂથ*માં માનસશાસ્ત્રની દૃષ્ટિએ ગાંધીજીના જીવનનું નિરૂપણ કર્યું છે. એ ગ્રંથ અંગે ઉત્તમ સમીક્ષા શ્રી ચી. ના. પટેલના *ગાંધીજીની સત્યસાધના અને બીજા લેખો* નામના પુસ્તકમાં જોવા મળે છે. એરિક્સને એક પ્રકરણ મહાદેવભાઈ અને ગાંધીજીના સંબંધોને વિશે લખ્યું છે. મુશ્કેલી એ છે કે એરિક્સને પોતાનો આખો ગ્રંથ મૂળ ફ્રૉઇડ પાસે મેળવેલ અને પોતાના ક્લિનિકમાં અને પોતાના આગળના ગ્રંથોમાં વિકસિત કરેલ માનસશાસ્ત્રની ઉપપત્તિ સિદ્ધ કરવા લખ્યો છે. તેથી તેમને સર્વ માનવીય સંબંધો પાછળ મુખ્યત્વે જાતીય વૃત્તિઓ સીધી, આડકતરી, જાગ્રત કે સુષુપ્ત રીતે કામ કરતી દેખાય છે.

ગુજરાતી ભાષાનું અજ્ઞાન તેમને અંગ્રેજી ભાષાંતર વાંચવા બાધ્ય કરે છે અને તેથી નરહરિભાઈના *મહાદેવભાઈનું પૂર્વચરિત* ગ્રંથનાં કેટલાંક ઉદ્ધરણોનો પોતાને અનુકૂળ પડે તેવો જ અર્થ તેઓ કરે છે. બીજી મર્યાદા એ છે કે ભારતીય દર્શનના અને આપણા રીતરિવાજોના અલ્પ પરિચય કે અજ્ઞાનને લીધે તેઓ ચાર પુરુષાર્થમાંથી કામ અને અર્થનો જ વિચાર કરી શકે છે. તેથી મહાદેવ-મોહનની બેલડી પાછળ કામ કરતી ધર્મ અને મોક્ષની ભાવનાને કાં ઓછું મહત્ત્વ આપે છે કાં સમજી નથી શકતા. તેથી તેમને મહાદેવભાઈની બાપુભક્તિ અને ગાંધીજીની વત્સલતામાં કામ જ મુખ્યત્વે કામ કરતો હોય એમ લાગે. આવો ભાસ ભારતીય વાચકોને એરિક્સનની ટિપ્પણી વાંચવાથી થાય છે. અને મૂળમાં ગાંધીજી પ્રત્યે આદરભાવ સાથે લખેલા એ ગ્રંથમાં પણ તેઓ અજાણપણે ગાંધીના સત્યને માથે પોતાનું મિથ્યા ઠોકી બેસાડે છે.

મોહન-મહાદેવના સંબંધો અંગે એક બીજી ટીકા મહાદેવભાઈ પ્રત્યે આદર રાખનારા કેટલાક લોકો તરફથી થાય છે. તેઓ એવો પ્રશ્ન કરે છે કે ગાંધીજીએ મહાદેવભાઈને

અન્યાય નથી કર્યો? મહાદેવભાઈ જે ગાંધીજીમાં ભળી ન ગયા હોત તો એવી પ્રતિભા લઈને જન્મેલી વ્યક્તિ કેટલી બધી આગળ વધી ગઈ હોત! પરંતુ આ દલીલ કરનારા બે રીતે ભૂલ કરી બેસે છે. એક તો એ સમજવામાં જ એમની ભૂલ થાય છે કે ગાંધીજી સાથે શૂન્યવત્ થઈ જવામાં મહાદેવભાઈએ કાંઈ ગુમાવ્યું છે, અને બીજું એ કે પોતાની જાતને શૂન્ય બનાવ્યા છતાં મહાદેવભાઈએ પોતાની સ્વતંત્ર અસ્મિતા ખોઈ નહોતી. ગાંધીજી સાથે પોતાની જાતને મેળવવામાં મહાદેવભાઈએ એમના યુગની બે મહાન આકાંક્ષાઓ — દેશની મુક્તિ અને માનવીય સાધનાની આકાંક્ષાઓ જોડી હતી તેથી એ મિલન મહાદેવભાઈ માટે બેવડું લાભપ્રદ નીવડ્યું હતું. ગાંધીજી સાથે જોડાયા ન હોત તો મહાદેવભાઈ સારા સાહિત્યકાર, કે સારા ભાષાંતરકાર થયા હોત. કદાચ ફાવટ આવી ગઈ હોત તો વકીલ થાત, કદાચ થોડા પૈસા કમાયા હોત, પણ વિવેકપુરુષ કિશોરલાલ મશરૂવાળાએ જેમને 'સર્વે શુભોપમાયોગ્ય' કહ્યા; 'લોખંડી પુરુષ' સરદાર પટેલે જેના મરણને દેવતાઓને પણ દુર્લભ એવું મરણ કહ્યું: વેરિયર એલ્વિન જેવા સમાજશાસ્ત્રીએ જેમને ગાંધીરૂપી સૉક્રેટિસના પ્લેટો કહ્યા, રાજાજી જેવા સંસ્કારી મુત્સદ્દીએ જેમને ગાંધીજીના द्वितीयम् हृद्यम् કહ્યા, ઘનશ્યામદાસ બિરલા જેવા ધનકુબેરે જેમને 'અણમૂલ રત્ન' કહ્યા, વાઇસરૉયના સેક્રેટરીએ જેમને ગાંધીવિચારના સર્વોત્તમ ભાષ્યકાર કહ્યા અને બીજા અનેકોએ એમને ભાવભીની અંજલિ આપી છતાંય દરેકે એમને વિશે કાંઈક કહેવાનું રહી ગયું એવો જ ભાવ અનુભવ્યો; તે ગાંધીજીની સાથે ન જોડાયા હોત તો મહાદેવભાઈ ક્યાંથી થયા હોત? કદાચ એ સાચું હશે કે મહાદેવભાઈના શૂન્યવત્ થવાથી ગાંધીજીની કિંમત દસગણી વધી હશે, પણ આપણે એયે ન ભૂલવું જોઈએ કે ગાંધીજી વિનાના મહાદેવ તો એકડા વિનાના મીંડા જ રહ્યા હોત. વળી એ પણ ન ભૂલવું જોઈએ કે મહાદેવભાઈએ પોતાની હસ્તીને ગાંધીજીના યજ્ઞમાં હોમી દીધી હતી એ વાત સાચી, પણ તેથી તેમની હસ્તી શૂન્ય વડે ભાગવાથી જેમ સંખ્યાની કિંમત અનંતગણી થાય છે, તેમ તેમનો અહમ્ ઓગળ્યો હતો પણ અસ્મિતા અનંતગણી થઈ ગઈ હતી. શ્રી વજુભાઈ શાહે મહાદેવભાઈની ગાંધીજીમાં સમાઈ જવાની વૃત્તિ વિશે યોગ્ય રીતે જ કહ્યું છે કે, 'ગાંધીજીમાં ઓતપ્રોત થવું એટલે વિશ્વ જેવી વિશાળ અને સત્ય જેવી સૂક્ષ્મ એમની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થવું.'

મહાદેવભાઈના વ્યક્તિત્વની સરખામણી, એમના અને ગાંધીજીના સંબંધોને લીધે

લોકો જુદી જુદી રીતે કરે છે. આપણે રામ-હનુમાન કે કૃષ્ણાર્જુનની પૌરાણિક તુલનાઓની વાત જવા દઈએ. પણ જાણીતા ઇતિહાસની ત્રણ એવી બેલડીઓ છે કે જેની સાથે મોહન-મહાદેવની જોડીની અમુક અંશે સરખામણી થઈ શકે એમ છે.

ઘણા વિદ્વાનો એમની સરખામણી ડૉ. જોનસન અને બૉઝવેલ જોડે કરે છે, બૉઝવેલ પણ મહાદેવભાઈની માફક ઉત્તમ ડાયરી-લેખક હતા તે જ આ સરખામણીનું કારણ છે. પ્યારેલાલજી મહાદેવભાઈ વિશેના પોતાના અનન્ય અંજલિ-લેખમાં કહે છે:

બૉઝવેલ સાથે મહાદેવભાઈની સરખામણી કરવી એ આજકાલ ફૅશન થઈ પડી છે. પોતાના ગુરુના જીવનવૃત્તાંતની તમામ સામગ્રી એકઠી કરવાની અને નોંધવાની તીવ્ર અભિલાષા પૂરતી જ આ સરખામણી બરાબર ગણાય. નૈતિક અને બૌદ્ધિક કક્ષામાં બૉઝવેલ અને મહાદેવભાઈ વચ્ચે ઉત્તરદક્ષિણ ધ્રુવના જેટલું અંતર હતું. મહાદેવભાઈ સ્વતંત્ર રીતે મહાન હતા. બૉઝવેલનું પોતાના ગુરુ પ્રત્યેનું વલણ ઉત્કટ વીરપૂજાનું હતું. તે કોઈ કોઈ વાર મામૂલી પ્રકારનું અને અસંસ્કારી પણ થઈ જતું. એથી ઊલટું ગાંધીજી પ્રત્યે મહાદેવભાઈનું વલણ આધ્યામિક ભક્તહૃદયનું, પોતાના ગુરુ પ્રત્યે જેવું હોય અથવા તો માતૃભૂમિનું તેના ઉદ્ધારક પ્રત્યે હોય, તેવું હતું. ગાંધીજી અને તેમના આદર્શોમાં અપૂર્વ અને અનન્ય ભક્તિથી તરબોળ એવું મહાદેવભાઈનું જીવન હતું. ગાંધીજી જગત માટે જીવે છે. પણ મહાદેવભાઈ ગાંધીજી માટે જીવતા હતા.૭

આ તુલના તો મુખ્યત્વે બૉઝવેલ અને મહાદેવભાઈ વચ્ચેની થઈ. ડૉ, જોનસન અને ગાંધીજીની એવી જ સરખામણી કરવામાં આવે તો તરત ધ્યાનમાં આવશે કે બંને જોડકાંની સરખામણી તો બિલકુલ ન થઈ શકે એવી છે.

એવું બીજું એક જોડકું વિખ્યાત જર્મન કવિ-તત્ત્વજ્ઞ ગટે-એકરમૅનનું છે કે જેની સાથે મોહન અને મહાદેવની જોડીની કાંઈક અંશે તુલના થઈ શકે એમ છે. આ બંને વચ્ચેનો સંબંધ ગુરુશિષ્યનો અને દાર્શનિકનો હતો. એમ કદાચ જોનસન — બૉઝવેલની જોડી કરતાં આધ્યાત્મિક કે ફિલસૂફીની દૃષ્ટિએ મોહન — મહાદેવ જોડી સાથે વધુ તુલ્ય ગણી શકાય. આમાં ગટેએ એકરમૅનને જીવન અંગે અને દર્શન અંગે પ્રેરણા પણ આપી હતી. પરંતુ આ સંબંધ મોહન — મહાદેવ જેવો અખંડિત નહોતો તેમ જ અવિચ્છિન્ન પણ નહોતો. એક ત્રીજું જોડું પણ આ સંદર્ભમાં યાદ આવે છે, સૉક્રેટિસ અને પ્લેટોનું. પરંતુ આ બે મહાનુભાવો વચ્ચે તો કાળનું અંતર હતું તેથી એ મોહન-મહાદેવ જોડે તુલ્ય રહેતા

નથી. ઉપરોક્ત યુગ્મોમાં જર્મન અને ગ્રીક બંને જોડાંમાં ગુરુ-શિષ્ય સંબંધ અને સૂત્રકાર અને ભાષ્યકારનો સંબંધ અવશ્ય મોહન-મહાદેવ જોડે સરખામણી કરી શકાય તેવો છે.

આપણા દેશ ભણી નજર કરતાં રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદનો સંબંધ એ રીતે સૂત્રકાર-ભાષ્યકારનો છે. પણ વિવેકાનંદ શિષ્ય હતા, સચિવ નહીં, તેઓ પોતાની સ્વતંત્ર પ્રતિભા ધરાવનાર ભાષ્યકાર હતા. યથાક્રમ નોંધ કરનાર ઇતિહાસકાર (ક્રૉનિકલર) નહોતા. નોંધ લખનાર તરીકે વધુ સારી સરખામણી થઈ શકે એવા શ્રી 'મ' ઉર્ફે 'માસ્તર' હતા, જેમણે શ્રી રામકૃષ્ણ પરમહંસનાં વચનો સાંભળીને, સ્મરણને આધારે श्री रामकृष्णकथामृत નામે ચાર ગ્રંથોમાં લખ્યા. પોતાની જાતને પાછળ રાખવા બાબતમાં તેઓ મહાદેવભાઈ કરતાંયે ચડિયાતા હતા. કારણ, તેમણે આ ગ્રંથો પર પોતાનું પૂરું નામ (શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત) પણ પ્રગટ થવા દીધું નહોતું. સ્વામી વિવેકાનંદ વગેરે અધિકારી લોકોના કથન અનુસાર શ્રી 'મ' એ રજૂ કરેલ શ્રી રામકૃષ્ણની કહેલી કથાઓ સ્મરણથી લખાયેલી, પણ યથાર્થ રીતે રામકૃષ્ણના શબ્દોનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી છે. તે અર્થમાં શ્રી 'મ' એ ઠાકુર શ્રી રામકૃષ્ણ પરમહંસનાં વચનોના એવા ઉતારનાર હતા, જેની તુલના મહાદેવભાઈ જોડે થઈ શકે એમ છે.

આ તમામ જોડીઓ કોઈ એક સીમિત અર્થમાં મોહન — મહાદેવની જોડી સાથે સરખાવી શકાય એવી હતી, પરંતુ બે ભિન્ન ભિન્ન પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓના વ્યક્તિત્વ એક જીવ બે ખોળિયાં થઈને રહે, સહેલાઈથી અદલાબદલી કરી શકાય એવું ભાષાસામ્ય હોય, સ્વતંત્ર પ્રતિભા છતાં એકનું વ્યક્તિત્વ બીજીમાં વિલીન થઈ ગયું હોય, વિલીન થયેલું વ્યક્તિત્વ હોવા છતાં આગવી પ્રતિભા જરાય ઝાંખી ન પડી હોય એવી જોડીનું ઉદાહરણ આ લેખકની જાણમાં તો મોહન-મહાદેવની જોડીનું એક અને અદ્વિતીય જ છે.

આ બેજોડપણાની પાછળ મૂળ કારણ તો ગાંધીજીએ જે પારખ્યું તે જ હતું: 'પ્રસંગ પડ્યે શૂન્યવત્ થઈ જવાની તેની શક્તિ.' એ શૂન્યવત્ થઈ જવાની એમની શક્તિ આમ તો મહાદેવભાઈને સાધુજન જુએ તેના ચરણોમાં બેસવા પ્રેરતી, પણ એની અદ્વિતીયતા તેમણે જે અનન્ય ભક્તિથી ગાંધીજીને પોતાના સ્વામી માન્યા હતા તેમાંથી આવતી હતી. એવી અવ્યભિચારિણી ભક્તિનો દાખલો પૂરો પાડે એવા પ્રસંગનો આ લેખક સાક્ષી હતો:

'મદ્રાસથી વર્ધા આવતાં વચ્ચે બેઝવાડા (વિજયવાડા) આવે છે. બે મોટા ડુંગરાઓની વચ્ચેથી વહી આવતી કુષ્ણા નદી ત્યાં આગળ ભવ્ય રૂપ ધારણ કરે છે. આજે એના બંધ ઉપર વીજળીની બત્તીઓની ઝાકઝમાળ છે. તે વખતે ત્યાં કેવળ પ્રકૃતિનું અકૃત્રિમ સૌંદર્ય હતું. વિજયવાડા સ્ટેશન આવતાં પહેલાં વાત નીકળી. જમનાલાલજી તે અરસામાં રમણ મહર્ષિના આશ્રમમાં જઈ આવ્યા હતા. એમણે આશ્રમના વાતાવરણની પવિત્રતા અને ત્યાંની શાંતિનાં બાપુ આગળ ખૂબ વખાણ કરેલાં. કોઈ પણ સાધુપુરુષનું નામ નીકળે એટલે કાકાનું હૈયું પાણી પાણી જ થઈ જાય. તેઓ ભક્તિપૂર્વક અને ઉત્સાહથી રમણ મહર્ષિ વિશે પૂછપરછ કરવા લાગ્યા. જમનાલાલજી, બાપુ અને કાકા ત્રણેને સમાન રસનો વિષય મળી ગયો. વાતવાતમાં બાપુએ સૂચવ્યું: 'તમે કાં ન એના આશ્રમમાં જઈ આવો મહાદેવ?' કાકાનું અંતર હરખાઈ ઊઠ્યું, જમનાલાલજીએ એમને પ્રોત્સાહન આપ્યું: 'હા, હા, જરૂર એક વાર જઈ આવવા જેવું છે. અને તિરુવણ્ણામલય જવું હોય તો બેઝવાડાથી જ ગાડી બદલીને જાઓ એમાં સગવડ રહેશે. આટલે સુધી આવ્યા છો તો હમણાં જ જઈ આવો. પછી તમને ક્યારે ફુરસદ મળવાની છે?'

કાકાએ મને એમનો બિસ્તરો તૈયાર કરવા કહ્યું. ગાડી કૃષ્ણાના પુલ ઉપર આવી ચૂકી હતી.

જમનાલાલજી બાપુને કહેતા હતા: 'રમણાશ્રમ જેટલી શાંતિ તો મને આપના આશ્રમમાં પણ નહોતી દેખાણી.'

બાપુએ થોડી વારે કાકાને કહ્યું: 'તમે ત્યાંથી પાછા આવવાની ઉતાવળ ન કરતા. તમને પણ જમનાલાલજી જેવી જ શાંતિનો અનુભવ થાય તો ત્યાં ખુશીથી વધુ દિવસ રોકાઈ શકો છો. કામની કાળજી કરશો મા.'

સાવ સ્વાભાવિકપણે બાપુએ આ વાત કરી હતી. પણ કાકાને બાપુથી વધુ વખત છૂટા રહેવાનો વિચાર જ અસહ્ય લાગ્યો. એમણે મારી તરફ ફરી કહ્યું:

'બાબલા, બિસ્તરો છોડી નાખ.'

હું તો આભો જ બની ગયો. બાપુ પણ અચરજથી જોઈ રહ્યા. એમણે પૂછ્યું:

'કેમ મહાદેવ, બિસ્તરો શા સારુ છોડવાનું કહો છો?'

'મેં જવાનો વિચાર માંડી વાળ્યો.'

'કેમ?'

'મારે એક સ્વામી બસ છે.'૮

શ્રી કનૈયાલાલ મુનશીએ સાચું જ કહ્યું હતું કે ગાંધીજીના તરફ એમની દૃષ્ટિ सर्वधर्मान् परित्यज्य मामेकम् शरणं व्रज એ પ્રકારની હતી.

નોંધ:

૧. મહાદેવભાઈનો પત્ર જવાહરલાલજીને — વર્ધા, ૧૫–૧–'૩૬: નેહરુ સંગ્રહાલયના પત્રસંગ્રહમાંથી.

૨. गांधीजीनो अक्षरदेह – ૬૬ : પૃ. ૨૪૭.

૩. हरिजनबंधु-અંક ૨૬ : પૃ. ૧૬૯.

૪. गांधीजीनो अक्षरदेह – ૬૭ : પૃ. ૪૭૧.

૫. गांधीजीनो अक्षरदेह – ૬૮ : પૃ. ૩૨.

૬. એજન, પૃ. ૩૮.

૭. પ્યારેલાલ: हरिजनबंधु ૧૪–૪–'૪૬, પૃ. ૮૩.

૮. નારાયણ દેસાઈ: संत सेवता सुकृत वाधे: પૃ. ૧૦૫થી ૧૦૭.

# ચુંમાળીસ – ભક્તિનું અખંડ કાવ્ય

૧૧મી ફેબ્રુઆરી, ૧૯૪૨ને દિવસે તપોધન જમનાલાલજીનું અચાનક વર્ધામાં અવસાન થયું. ભક્તપરિવારના જોડિયા ભાઈના જવાથી મહાદેવભાઈને ભારે આઘાત લાગ્યો. એમના દૈનંદિન વ્યવહારમાં પણ થોડો ફરક પડેલો જણાયો. રોજ આખી ગીતાનો પાઠ કરવાનો એમનો આગ્રહ વધી ગયો. જરાય નવરાશ હોય ત્યારે ગીતાનો પાઠ ચાલુ જ હોય. જમનાલાલજીના અવસાન પછી મા આનંદમયીદેવી વર્ધા આવ્યાં હતાં. જમનાલાલજી એમને પ્રત્યે ખૂબ આદર ધરાવતા. મા આનંદમયી જમનાલાલજી વિશે સ્નેહ ધરાવતાં. વાતવાતમાં મા એવું કાંઈક બોલી ગયેલાં કે ‘છ માસની અંદર આમ જ એક બીજા મહાપુરુષ જશે.’ ‘મહાપુરુષ’ શબ્દની મહાદેવભાઈની વ્યાખ્યા એક જ, એટલે એમને એવો ધ્રાસકો પડેલો કે આ આગાહી ગાંધીજી વિશે છે. ‘બાપુનું મોં જોયા વિના હું જીવી જ શી રીતે શકું?’ એવો પ્રશ્ન અનેક વાર પૂછી ચૂકેલા મહાદેવભાઈની અંદર અંદર બાપુના દીર્ઘાયુષ્ય સારુ નિરંતર પ્રાર્થના ચાલતી હતી. બહારથી એ ‘હિંદ છોડો આંદોલન’ના આગમના એંધાણના દિવસો હતા. એટલે રોજ રોજ દેશ અને દુનિયાના આગેવાનો સાથેની ગાંધીજીની મુલાકાતોની નોંધો કરવામાં તેઓ ગૂંથાયેલા હતા.

માર્ચની નવમીએ તેમણે સરદારને લખ્યું:

મારી તબિયતમાં સુધારો છે. પણ હજી થાકની અસર છે, જે આંખોમાં સ્પષ્ટ દેખાય છે. એટલે હમણાં લખવાકરવાનું [हरजिन પત્રો સારુ] બંધ કર્યું છે. તમારી જેમ ‘બાથ’ [કટિસ્નાન] લઉં છું. માટીના પાટા મૂકું છું. માલિશ કરાવું છું. આ બધું કરતાં-કરાવતાં

શરમ આવે છે. પણ શું થાય? પાછા બેઠા થઈ બાપુનું કામ કરવું હોય તો આટલી માવજત કરાવ્યે જ છૂટકો...૧

અને આ વખતે 'બાપુનું કામ' એટલે સંગ્રામની તૈયારી એ પણ છેલ્લા વરસ દોઢ વરસથી સ્પષ્ટ થતું હતું.

એક વખત આ લેખકે પિતાજીની આલોચના કરી: 'કાકા, તમે કશું મૌલિક તો લખતા જ નથી. બંગાળીના અનુવાદો, અંગ્રેજીનાં ભાષાંતરો અને જે સાપ્તાહિક પત્રો લખો છો, તે બધામાંયે બાપુનાં વચનો જ આવે છે. તમારું મૌલિક એવું શું?' મહાદેવભાઈ હસ્યા. પહેલાં તો એટલું જ કહ્યું કે, 'મૌલિક લખવાનું કામ તને સોંપ્યું.' પછી થોડી વારે કહે:

'મૌલિક લખવાનો વિચાર તો છે. છ નવલકથાના પ્લોટ (વસ્તુ) મનમાં ઘડાઈ ચૂક્યા છે. 'જગતસાહિત્યમાં અહિંસા' એ વિશે એક અંગ્રેજી પુસ્તક પણ લખવું છે. પણ ફુરસદ મળે તો ને? સરકાર લાંબી નવરાશ અપાવે તો લખી નાખું.'

તે દિવસથી નારાયણ પ્રવાસના સામાનમાં હંમેશાં કોરા કાગળનો થોકડો સાથે રાખતો કે ગમે ત્યારે સરકાર 'લાંબી નવરાશ' આપે તો તેનો ઉપયોગ મહાદેવભાઈ મા ગુર્જરીની સેવા સારુ કરી શકે.

એક વાર કલકત્તાથી વર્ધા પાછા ફરતાં તબિયત ફરી પાછી લથડી. ગાંધીજીની ચિંતા વધી અને મહાદેવભાઈની શરમ વધી. એ દિવસોમાં ગાંધીજીનો સાથ છોડીને મહાદેવભાઈ ક્યાંય જવા તૈયાર નહોતા. પણ નજીક આવી રહેલી લડત ખાતર તો સાજાનરવા થઈ જવું પડશે, માટે થોડા દિવસ હવાફેર કરવા જવું જરૂરી છે એવી દલીલ કરીને ગાંધીજીએ જેમતેમ કરીને મહાદેવભાઈને નાશિક જવા તૈયાર કર્યા. એ રવિવારનો દિવસ હતો. સેવાગ્રામથી મહાદેવભાઈને વિદાય કરીને ગાંધીજીએ મૌન લીધું. એમનું અઠવાડિક મૌન રવિએ સાંજે લઈને સોમવારે સાંજે છૂટતું. વર્ધા સ્ટેશને મહાદેવભાઈને ફરી હુમલો આવ્યો અને તેઓ પડતાં માંડ બચ્યા. સાથી સિવિલ ઇસ્પિતાલમાં લઈ જવા માગતા હતા, પણ મહાદેવભાઈએ સેવાગ્રામ જ પાછા જવા આગ્રહ રાખ્યો. ત્યાર સુધીમાં સેવાગ્રામમાં ટેલિફોન આવી ચૂક્યો હતો, સાથીઓએ વર્ધાથી ફોન કરીને પુછાવ્યું. ગાંધીજીએ લખીને કહ્યું કે એમને અહીં જ લાવો.

આખા આશ્રમમાં વાત ફેલાઈ ગઈ કે મહાદેવભાઈ હૃદયરોગનો હુમલો થવાથી પાછા આવે છે. આજે જે 'મહાદેવ કુટી' કહેવાય છે તે ઘર ચિંતિત સ્વજનોની સ્નેહભરી નજરોથી ભરાઈ ગયું. મૌનમાં પણ ગાંધીજી 'બાપુ કુટી'થી નીકળીને પચીસ ડગલાં ઉત્તરે

ચાલીને મહાદેવ કુટીમાં દુર્ગાબહેન પાસે આવીને બેઠા. કાર મહાદેવભાઈને ઠેઠ આંગણા સુધી લઈ આવી. એમના આવતાંની સાથે જ ગાંધીજીએ મહાદેવભાઈ સારુ કરી રાખેલી પથારી પર સુવડાવ્યા અને એમનું શિર પોતાના ખોળામાં લીધું. માથા પર હાથ પંપાળતાં બાપુએ પોતાનું મૌન તોડ્યું: માત્ર એક વાક્ય બોલ્યા: 'મહાદેવ, હવે કેમ લાગે છે?'

મૌનનું વ્રત લીધું ત્યારથી જ ગાંધીજીએ બે અપવાદ રાખેલા: પોતાને અસહ્ય પીડા થઈ રહી હોય તો અથવા બીજાને વેદના હોય તો મૌન છોડશે. પોતાની પીડાથી મૌન છોડતા તો જાણ્યા નથી, પણ પંદર વર્ષ પહેલાં મગનલાલ ગાંધી ગુજરી ગયા ત્યારે સંતોકબહેન ગાંધીને સાંત્વના આપવા મૌન તોડ્યું હતું. આ વખતનું મૌન તો રવિવારનું હતું, એટલે ફરીથી મૌન લઈ સોમવારે એટલે મોડેથી છોડીને એ પૂરું કર્યું હતું.

તબિયતના ખબર ગાંધીજીએ પૂછ્યા તેના જવાબમાં મહાદેવભાઈએ કહ્યું:

'હવે તો મરું તોય શું છે? મારી તો પ્રાર્થના ફળી. હું તો આખે રસ્તે એક જ પ્રાર્થના કરતો હતો કે બાપુના ખોળામાં માથું રાખીને મરવું છે.'

બાપુ મૌન લઈ ચૂક્યા હતા. અને મહાદેવનું માથું પંપાળતાં એમનાં આંગળાં અને સ્નેહનીતરતાં એમનાં નયન ઘણું ઘણું બોલી જતાં હતાં.

કદાચ એ અમીદૃષ્ટિથી જ તે વખતે મહાદેવભાઈની તબિયત જલદી સુધરી ગઈ. અને થોડા દિવસમાં તો એમણે સામાન્ય કામકાજ ઉપાડી લીધું. એક પછી એક દિવસ એવો કામમાં પસાર થતો હતો કે એક દુર્ગાબહેન સિવાય બીજા કોઈ મહાદેવભાઈની તબિયતની ચિંતા કરતા હશે તો તે દેખાતીયે નહોતી.

અને મહાદેવભાઈના માથા પર એક નવું વાદળું ઘેરાવા લાગ્યું. ગાંધીજીના મનમાં હવે આવવાની લડાઈનું સ્વરૂપ ક્રમશ: આકાર લઈ રહ્યું હતું. આ વખતે તેઓ સરકારને પોતાની ઇચ્છા મુજબ પકડવા હોય ત્યારે પકડે અને છોડવા હોય ત્યારે છોડે; એક સાથીને એક વર્ગમાં ને બીજા સાથીને બીજા વર્ગમાં નાખે; કોઈને દંડ કરે ને કોઈને ન કરે; એમ ઉંદર-બિલાડીની રમત રમવાની તક એને આપવા જ નહોતા માગતા. 'હિંદ છોડો'ની હાકલ કરી છે તો એની પુષ્ટિ સારુ કાર્યક્રમ પણ 'કરેંગે યા મરેંગે'નો જ હોય, એમ વિચારી ગાંધીજી મનસૂબો ઘડતા હતા કે આ વખતે જેલ જવાનો વારો આવે તો જતાંવેંત ઉપવાસ ઉપર ઊતરવું છે. મહાદેવભાઈને આ વિચાર અસહ્ય લાગતો હતો. એમને લાગતું હતું કે બાપુ ઉપવાસ કરશે, તો યુદ્ધમાં એક પછી એક હાર ખાતા અંગ્રેજો બાપુના પ્રાણની પરવા નહીં કરે. જેલમાં જતાંવેંત ઉપવાસ થાય નહીં એમ મહાદેવભાઈ

ગાંધીજીને સમજાવવા પ્રયાસ કરતા હતા અને ગાંધીજી આમરણ ઉપવાસ કરવા તો નિર્જળા કરવા કે કેમ એની વાત વિચારતા હતા. કોઈ કોઈ વાર તો એટલે સુધી કહેતા કે જેલમાં જઈને સિમેન્ટના કોથળાની જેમ થઈને પડી રહેવું છે, હલનચલન પણ કરાવવું હશે તો ઊંચકીને કરાવવું પડશે.

' "પ્રેમળ જ્યોતિ તારો દાખવી" એ પ્રાર્થના મેં ગાંધીજીને ચરણે મૂકેલી છે.' એમ કહેનાર મહાદેવભાઈને ગાંધીજીની વાત કેમે કરી ગળે ઊતરતી જ નહોતી. હૃદયથી એ વાત તેમને અસહ્ય હતી. મસ્તિષ્કથી અકલ્પ્ય. પોતાની તબિયતની વાત બાજુએ રહી ગઈ. રાતના ઉજાગરા થવા લાગ્યા. આશ્રમના સાથીઓ જોડે મહાદેવભાઈ સારુ ચર્ચા કરવાનો આ એક જ વિષય બની રહ્યો. કિશોરલાલભાઈ, સ્વામી આનંદ, પ્યારેલાલ સૌ મહાદેવભાઈ જોડે સંમત હતા કે ગાંધીજીએ જેલમાં જઈને તરત જ આમરણ અનશન પર ઊતરવાનો કાર્યક્રમ ન ઘડવો જોઈએ. તે સૌને મહાદેવભાઈ આ અંગે બાપુને લખીને વિરોધ કરાવવાની વાત સમજાવી શક્યા. પરિણામે એવો એકતરફી પત્રવ્યવહાર થયો જેવો ઇતિહાસમાં જવલ્લે જ કોઈ યુદ્ધે ચડેલા સર સેનાપતિ જોડે એના મુખ્ય સેનાનાયકોનો થતો હશે. ૨૭ અને ૨૮મી જુલાઈને દિન લખાયેલા એ પત્રોમાં કિશોરલાલભાઈએ દાર્શનિક દષ્ટિકોણથી લખ્યું હતું કે મરણ દ્વારા શક્તિ પ્રગટ કરવી હોય તો તે તર્કપૂર્વક નહીં પણ દર્શનપૂર્વક હોવી જોઈએ. દર્શન વિનાની શ્રદ્ધા શ્રદ્ધા જ નથી હોતી. મરણને નોતરવાનો પ્રકાર અને પ્રસંગ બંનેનું સ્પષ્ટ દર્શન હોવું જોઈએ. અને તે જીવનભરના આદર્શને અનુરૂપ હોવું જોઈએ. અંગ્રેજી સલ્તનતનો વિનાશ કરવા જો મરણને આમંત્રણ અપાય તો આ મરણ તે જ શક્તિ પેદા કરશે, અહિંસા, અંગ્રેજો પ્રત્યેનું અશત્રુત્વ ને જાપાનીઓનો વિરોધ ગૌણ થઈ જશે. વળી જે પગલું વિહ્વળતા અને નાસીપાસી પેદા કરે તેમાંથી જે શક્તિ પેદા થાય તે અહિંસક ન રહી શકે. કૉંગ્રેસના નેતાઓ તો થોડાથીયે રાજી થઈ જશે, જેને સારુ ઉપવાસની જરૂર નથી. અસંતોષ તો બહારના મૂંગા કાર્યકર્તાઓ અને જનતાને છે. આજે તેમનો સમય નથી અથવા શક્તિ નથી. જ્યારે ખરેખર બલિદાન કરવાની તક આવશે ત્યારે તે એવી સચોટ હશે કે નાનું બાળક પણ એની અનિવાર્યતા સમજી શકશે.

પ્યારેલાલે ગાંધીજીને આ પ્રકરણમાં કશું થશે નહીં એવી પોતાને શ્રદ્ધા હતી, તેથી પોતે બેચેન બન્યા નહોતા એમ સમજાવી કહ્યું હતું કે આજે મોટા પાયા પર ઉગ્ર સત્યાગ્રહની આવશ્યકતા છે. આ પ્રસંગ એવો છે કે આ લડત કરતાંયે લડત પછી

આવનારી ઘટનાઓ વધારે અગત્યની છે. એટલે ગાંધીજી જો લડતના આરંભમાં જ ચાલ્યા જાય તો લડત જ નિષ્પ્રાણ થઈ જવા સંભવ છે. બ્રિટન આજે ખતરામાં મુકાયેલું છે ત્યારે તેની શુદ્ધિ અનશન જેવા ક્ષિપ્ર અને પ્રચંડ પગલાને સમજવાને અસમર્થ છે. લડતને 'શૉર્ટ ઍન્ડ સ્વિફ્ટ' (ટૂંકી અને ઝડપી)એ નારામાં અધીરાઈની ગંધ આવે છે. મોટા પાયા પર લડત રચીને ગાંધીજીએ બેફિકર થઈ જવું જોઈએ. આજે બહુ ઓછા લોકો અનશન સારુ તૈયાર છે. જે છે તેમાંથી બહુ જ થોડા એને સારુ યોગ્યતા ધરાવે છે, એમાંથી અનશનના સમર્થક અને વિરોધીઓ વચ્ચે ભાગલા પણ પડે.

સ્વામી આનંદનો પત્ર કાંઈક રાજનૈતિક તર્કથી ભરેલો હતો. સરકાર આજે ગાંધીજી સામે નાપાક સંગઠન કરી રહી છે ત્યારે આકળા થઈને તેઓ મોટો ભોગ આપશે તો તેનું ભાવતું થશે. કોમી ચુકાદા વખતે દેશમાં જેવો અનુકૂળ પડઘો પડ્યો હતો તેનાથી ઊલટો પડે તેવા આ વખતે સંજાગો છે. આકળા થઈને બલિદાન આપવામાં અંગ્રેજો પ્રત્યેની જિંદગીભરની ઉદારતા હારી બેસાશે. આનાથી અંગ્રેજોને શાશ્વત કાળ માટે યહૂદીઓનું કિસ્મત બહાલ થશે. આજે કૉંગ્રેસ કારોબારીમાં કોઈ ગાંધીજી સાથે સહમત નથી. કૉંગ્રેસી આલમમાં લડાયક માનસ રહ્યું નથી. અંગ્રેજો સામેનો વિરોધ જારી રાખવો, એને જોઈએ તેટલું આકરું અને વ્યાપક સ્વરૂપ આપવું. ઍક્ટિવ પણ અહિંસક બળવાનો કોઈ કાર્યક્રમ દેશ આગળ મુકાવો જોઈએ. આમરણ ઉપવાસની વાત બહુ અપ્રસ્તુત લાગે છે.૧એ

મહાદેવભાઈનો પત્ર એમના જીવનની તીવ્રમાં તીવ્ર લાગણીઓ વ્યક્ત કરે છે અને તેમના જીવનની કરુણાંતિકાની પરાકાષ્ઠા કેવી રીતે આવી તે સૂચવે છે તેથી તેને નીચે લગભગ આખો ઉદ્ધૃત કર્યો છે:

પરમ પૂજ્ય બાપુજી,

સાત-આઠ દિવસ થયા હું એક-બે વાગ્યે જાગી જાઉં છું, અને બે-ત્રણ કલાક ઊંઘ વિના તરફડિયાં મારું છું. આપને લખવાનો વિચાર કરતો હતો ત્યાં કાલે વિનોબા સાથે વાતો થઈ.'આ બધું મને બરોબર લાગે છે.' એટલા વિનોબાના એક જ વાક્યથી હું તો આભો બની ગયો. આખા ટોળા આગળ મારે મારી વેદના વ્યક્ત કરવી ન હતી એટલે હું ચૂપ રહ્યો. આગલે દિવસે આપે દેવદાસને અને મને કહેલું: 'આ તો બધું થવાનું છે. તમે મને જીવતો ન જુઓ.' ત્યારે પણ હું સારી રીતે અકળાયેલો. શૉર્ટ ઍન્ડ સ્વિફ્ટ (ટૂંકું અને ઝડપી) કરવામાં મને પરિણામ જોવાની અધીરાઈ લાગી અને આપનું પગલું જગત

સમજી શકે કે નહીં એ વાતની બેપરવાઈ લાગી. પણ વિનોબા આગળ જ્યારે આપે કાલે યોજના રજૂ કરી ત્યારે તો હું ખરેખર આભો જ બની ગયો.

જેમ સિપાઈઓ વિચાર અને જ્ઞાનપૂર્વક નહીં પણ કેવળ ડિસિપ્લિન (શિસ્ત) ખાતર મૃત્યુમુખે હોમાય છે તેમ આપણે હજારોને કહી શકીએ છીએ કે જ્ઞાનપૂર્વક નહીં પણ શ્રદ્ધાપૂર્વક આપણે ઉપવાસ કરતા કરતા મરી જઈ શકીએ છીએ. મને આ બે વાતમાં જરાય સામ્ય નથી લાગતું. પેલાઓને વર્ષોનાં વર્ષો મારવાની તાલીમ અને મારવાના સંસ્કારો અપાયેલા હોય છે, એ લોકોની દ્વેષ અને તિરસ્કારબુદ્ધિને સારી પેઠે કેળવવામાં આવે છે, હિંસાવૃત્તિને પોષક અનેક સામગ્રીઓ એમને માટે હોય છે. આપણને ઉપવાસ કરતાં કરતાં મરવાની તાલીમ અપાઈ છે એમ તો કહેવાય જ નહીં. રિબાઈ રિબાઈને મરવામાં અસાધારણ શાંતિ અને અહિંસા જોઈએ જે આપણે ત્યાં જવલ્લે જ જોવામાં આવે છે.

આપ માનો છો કે આ બધી શરતો (અહિંસા સિવાયની) રદ કરીને આપે આમજનતાને માટે માર્ગ મોકળો કર્યો છે, તો એમાં આપની ગંભીર ભૂલ થાય છે. શરતો હતી ત્યારે ઘણા માણસો આવતા. તે શરતોના કારણે નહીં પણ તેમને આવવું હતું એટલે આવતા. શરતો નીકળી જવાથી ઢગલો માણસો આવશે એમ માનવું એ ભ્રમ છે. તેમાં ભૂખ્યા અને તરસ્યા મરી જવાની શરત — અથવા શરત ન કહો તો આદર્શ, — એ લગભગ અશક્ય છે.

અશક્ય એટલા માટે કે એમ રિબાઈ રિબાઈને મરવામાં શ્રદ્ધા અને મરણિયાપણું જોઈએ છે એટલું જ નહીં, પણ જ્ઞાન પણ જોઈએ અને જ્ઞાન ઉપરાંત તીવ્રતમ લાગણી જોઈએ. જરાક સ્પષ્ટ કરું. આપ શા માટે પ્રાણ તજવાને તૈયાર થયા છો? કારણ એ કે આપને રગે રગે લાગે છે કે આ લોકોના રાજમાં જીવવું એ અશક્ય છે. જે કહેવું હોય એ કહી શકાતું નથી, એ કહેવાને માટે ટપાલ, તાર વગેરે સાધનો છે તે એ લોકોના કબજામાં છે, એ સાધનો ગમે ત્યારે એ બંધ કરી શકે છે, ચોમેર અત્યાચાર, દંભ ચાલે છે તે આપનાથી જોઈ શકાતો નથી, વ. વ. આ જ્ઞાન જબરદસ્ત સેન્સિટિવનેસ (લાગણીશીલતા) વિના માણસ રિબાઈ રિબાઈને પ્રાણત્યાગ નથી કરી શકતો. એટલે એ શરત અશક્ય બને છે.

આયર્લૅન્ડમાં જેલમાં ન રહેવાના કારણે કેટલાકે ઉપવાસ કરેલા. એમાંથી મેક્સવીની સાથે ત્રીસ-ચાળીસ જણ મરેલા. કેટલાક ગાંડા થઈ ગયેલા, અને કેટલાક બળાત્કારે

ખવડાવવાના પરિણામે મરેલા. મેક્સવીનીની આપે એક વાર સારી પેઠે ટીકા કરેલી. આજે એ ટીકા બરાબર ન હતી એમ આપ કહો છો. આજ સુધી એટલે વીસ વર્ષ લગી એ સમજ સૌના મનમાં રહી, આજે આપની સમજ બદલાઈ એટલે સૌએ સમજ લાગલી જ બદલવી? આયર્લૅન્ડમાં માંડ ત્રીસ જણા મરવા નીકળ્યા જ્યાં દ્વેષ અને તિરસ્કારની જ્વાળા ધગધગતી હતી — અહીં કેટલા નીકળશે? આયર્લૅન્ડમાં કેટ ઍન્ડ માઉસ પૉલિસી (ઉંદર-બિલ્લી નીતિ) એ લોકોએ ચલાવી એટલે એ ઉપવાસનું શસ્ત્ર બૂઠું થઈ ગયું. મરણતોલ થાય એટલે છોડે, બહાર જઈને સારો થાય કે પાછો લે, પાછો મરણતોલ થાય એટલે છોડે, — આ વસ્તુ સામે કેટલા ઝીંક ઝીલી શકે?

હવે આપની વાત ઉપર આવું.

એક-બે વસ્તુની ચોખવટ કરી લેવા માગું છું. આપ જે માનો છો કે વર્કિંગ કમિટી આ વિશે સહમત છે તો આપની ભૂલ છે. એની સાઇલેન્સ (ચુપકીદી) કન્સેન્ટ (સંમતિ) એ ન હતી પણ સલનનેસ (ઉદાસીનતા) હતી. ‘હજી શું પગલું લેવું છે એ મને સૂઝ્યું નથી, સૂઝી રહેશે, એ વાત વર્કિંગ કમિટીવાળાઓને બહુ વસમી લાગે છે. આપને એ વસ્તુ સૂઝે ત્યાં સુધી તાકતા રહેવું એ બહુ રૂડું લાગતું હોય એમ નથી.

પ્રાણત્યાગ કરવો એ અહિંસાનું આવશ્યક અંગ છે એનો મારો અર્થ રજૂ કરું. સતીને માટે પોતાનું શિયળ જાળવવું અશક્ય વાત થઈ પડે ત્યારે તે પ્રાણત્યાગ કરે — ઝેર લે, કે આપઘાત પણ કરે, બખેડા થતા હોય તો તેમાં ઝંપલાવીને વીર પુરુષ પ્રાણત્યાગ કરે, સૉક્રેટિસ જેવા વીરતાથી ઝેરનો પ્યાલો પી જાય, ટેલીમેક્સ જેવા લડનારાઓની વચ્ચે પડીને મરે, મુક્તધારાના યુવરાજ જેવા ધોધમાં ઝંપલાવી ધોધને મુક્ત કરે. પણ સૌની પાસે કોઈ પ્રત્યક્ષ વસ્તુ હોય છે, હોવી જોઈએ, નહીં તો જગત એને સમજી નથી શકતું.

આપને ‘૨૪માં અને ‘૩૨માં આંતરપ્રેરણા થઈ, જેની સામે આપે કોઈની ન સાંભળી, એ પ્રેરણા પહેલાં કોઈની સાથે એની ચર્ચા પણ ન કરેલી. રાજકોટ વખતે હું હાજર ન હતો પણ એ વેળા તાત્કાલિક પ્રેરણા જ થઈ હશે. (લિનલિથગોએ મને કટાક્ષમાં પૂછેલું કે વર્ધાથી ગાંધીજી નીકળ્યા ત્યારે જ આ ઉપવાસ કરવાનો નિશ્ચય કરીને નીકળ્યા હશે ને! એનો મેં સચોટ જવાબ આપેલો.)...

આ ઉપવાસથી જુદા જ પ્રકારનો ઉપવાસ મૅકડૉનાલ્ડની સામેનો ઉપવાસ હતો. એ વિચારપૂર્વક કરેલો હતો, એને વિશે વલ્લભભાઈ અને મારી સાથે પૂરી ચર્ચા કરેલી. આ વેળા આપ ચર્ચા કરો છો એટલે ઉપવાસ ચર્ચાસ્પદ સ્વરૂપ લે છે અને લેવું જોઈએ.

આવી રીતે છેલ્લાં ત્રણ વરસમાં બે વાર જાહેર ઉપવાસની વાત ચર્ચીને આપે એની સામેના ઓવરવ્હેલ્મિંગ આર્ગ્યુમૅન્ટ (અભિભૂત કરે તેવી દલીલો)ને વશ થઈને એ છોડવાની કૃપા કરેલી. આ વખતે પણ દલીલ પ્રથમના કરતાં વધુ નહીં તો એટલી જ જબરદસ્ત છે.

૧. આ વિથડ્રૉઅલ (પાછું લેવા)ની વસ્તુનો મોટા ભાગે વિપરીત અર્થ કર્યો છે, કેટલાક પ્રામાણિકપણે પણ ન જ સમજતા હશે; પણ ઉપવાસને પ્રામાણિકપણે ન જ સમજનારો બહુ જ મોટો વર્ગ હશે, જે થોડા લોકો આપને સમજે છે (વિલાયતમાં) તેનો પણ આપણે સાથ ખોશું.

૨. આ વેળા સરકારે આંબેડકર જેવાને લીધા છે તે આપને ઉપવાસ કરાવીને મારવાને માટે એમ કહું તો ચાલે. એ લોકોની રમત રમવી એ કુશળ સ્ટ્રૅટેજી (વ્યૂહરચના) નથી.

૩. વર્કિંગ કમિટીવાળા આમાં કશું સમજવાના નથી, ભળી શકવાના નથી.

૪. લોકો હાંફળાફાંફળા થઈ જશે અને અકર્મણ્ય બનશે.

૫. મૅકડૉનાલ્ડ વખતે આપણી પાસે પ્રત્યક્ષ ઉદ્દેશ હતો. આ વેળા પ્રત્યક્ષ ઉદ્દેશ વિથડ્રૉઅલનો છે એમ કદાચ કહી શકાય; પણ જો લડાઈ બંધ કરાવવાને માટે જાપાન, જર્મની અને બ્રિટન-અમેરિકાની સામે ઉપવાસ કરવા નિરર્થક હોય તો આ ઉપવાસ પણ એટલા જ નિરર્થક કહેવાય.

૬. આપને, ન કરે નારાયણ ને કશુંક થાય તો અંગ્રેજોની સામે યાવચ્ચંદ્રદિવાકરૌ ઝેરવેરનો જ વારસો આપ મૂકી જાઓ.

૭. ગયા સત્યાગ્રહ વખતે આપે ઉપવાસની વાત કરેલી ત્યારે મારી એક દલીલે આપના ઉપર અસર કરી હતી — થૉરોએ કહેલું કથન, અને એને લીધે લાખો-કરોડોની જેલમાં બેસવાની ફરજ, અને એને આપે આપવી જોઈતી તક. આ તક આપ નથી આપતા.

૮. લડાઈ તો એકાદ વર્ષમાં પૂરી થવી જોઈએ-હારતા જાય છે અને હજી હારશે. ત્યાં સુધી આપણે ઠરેલ રીતે — દેશને હિસ્ટીરિયા (વાતોન્માદ)માં નાખીને નહીં — લડીએ અને પચાસ-સો હજાર જેલમાં બેસીએ એ કશું ખોટું નથી. એ રૂડી મૉરલ પ્રોટેસ્ટ (નૈતિક અસ્વીકૃતિ) રહેશે, અને પછી પીસ (શાંતિ) થશે તેમાં આપને આજના કરતાં વધારે મોટો ભાગ ભજવવો પડશે.

૯. હું કેવળ પેસિફિઝમ (શાંતિવાદ)ના ઇશ્યૂ (મુદ્દા) ઉપર લડાઈ વધારે પસંદ કરત. યુરોપમાં અગાઉના જમાનામાં લાખો સહીઓ વર્ક્સ (મજૂરો) અને બીજા પાસે લડાઈમાં ભાગ ન લેવાને માટે લેવામાં આવેલી, પણ કશું થયેલું નહીં. આપણે એ તક સાધી શકતા હતા-સત્યાગ્રહ વખતે પણ તે નૉન-એમ્બેરેસમેન્ટ (ન મૂંઝવવાની નીતિ)ના કારણે આપણે ગુમાવી. હજી એને કોઈક રીતે રિવાઇવ (ફરી જીવિત) કરી શકાતી હોય તો કરવી જોઈએ.

૧૦. મીરાંબહેનની આગળ આપે કહેલું કે हरजिन જેલમાંથી ચલાવવાની રજા આપને મળે તો આપ ઉપવાસ ન કરો. એણે લેઇથવેઇટને કહ્યું છે કે નહીં એ હું નથી જાણતો, કદાચ કહ્યું હોય તો આપ જેલમાં પેસતાં જ નિર્જળા ઉપવાસ શરૂ કરો તે કેવું કહેવાય?

મને આખી કલ્પના જ ભમરાળી લાગે છે એમ કહું તો માફ કરશો. શૉર્ટ અને સ્વિફ્ટનો ખ્યાલ આપ મનમાંથી કાઢી નાખો, ઉતાવળે આંબા ના પાકે તેમ ઉતાવળે બલિદાનો પણ ન અપાય. આપે ઠરાવના આપના પહેલા જ ડ્રાફ્ટ (ખરડા)માં લખેલું તેમ સરકારી નોકરો, મજૂરો, વકીલો, વિદ્યાર્થીઓ, સોલ્જરો — સૌની પાસે વૉલંટરી નૉન-પાર્ટિસિપેશન ઇન વૉર ઍફર્ટ (યુદ્ધમાં

સ્વેચ્છાપૂર્વક બિનસામેલગીરી) અને નૉન-કૉઑપરેશન (અસહકાર) માગેલાં તેવાં એક મૅનિફેસ્ટો (ઢંઢેરો) ઘડીને માગો. એ મેનિફેસ્ટોની લાખો નકલો દરેક પ્રાંતનાં ગામડાં અને શહેરોમાં વહેંચાય અને એનો અમલ જેઓ ખુશીથી અને પ્રસન્નતાથી કરી શકે તે કરે, અને તેમ કરતાં જેલમાં જાય, માર ખાય, શૂટ થાય (ગોળીએ વીંધાય), પ્રોસેશન્સ (સરઘસ) કાઢે, તે ન વિખેરાતાં માર ખાય, ગોળી ખાય. આ કાર્યક્રમનો આરંભ પ્રાર્થના, ત્રણ દિવસના ઉપવાસ — આખી જનતાએ કરવાના-થી, અને એક કે ત્રણ દિવસની હડતાળ-જનરલ સ્ટ્રાઇક — જેમાં રેલવેવાળા અને બીજા મજૂરોને પણ નોતરવામાં આવે — એથી થાય. આટલું કરી શકીએ અને પરિણામે હજારો જેલમાં જઈને બેસીએ તો તે કશો ખરાબ દેખાવ ન કહેવાય, અને સારી મૉરલ પ્રૉટેસ્ટ થશે એમ મારું માનવું છે. જે કાંઈ કરવું હોય એમાં આપણા કહેવાતા ઘણા માણસોની સંમતિ અને સહકાર તો હોવાં જ જોઈએ.

ગુલઝારીલાલ મજૂરોની પરિસ્થિતિ વિશે વાત કરવા આવ્યા છે. મોટા સામૂહિક કાર્યક્રમમાં પારાવાર મુશ્કેલીઓ જુએ છે. આજે 'પ્રતાપ'ના ત્રણ લેખો આવ્યા છે —

બાલકૃષ્ણ શર્માએ લખેલા છે એમાં આપને વિનવણી કરી છે કે, 'મજૂરોમાં આંદોલનનું અચૂક પરિણામ. હિંદુ-મુસલમાન દંગાઓમાં આવશે, આજે તો જે કાર્યક્રમ રાખશો એમાં અસફળતા સિવાય બીજું કશું નથી, એટલે હમણાં બધું મોકૂફ રાખો.' — આ તો સહજ ખબર આપવા લખ્યું.

લિ, સેવક,

મહાદેવના

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.૨

ચારેય પત્રો વિનોબા પાસે ગયા ત્યારે તેમણે કિશોરલાલભાઈને પત્ર દ્વારા ચોખવટ કરી કે બે દિવસ ઉપર એમની બાપુ સાથે જે વાત થઈ એનાથી જો આમરણ અનશનની લડત આરંભ કરવાના વિચારને મારો ટેકો છે એવી છાપ જો... પડી હોય તો મને મારા વિચારો કહેતાં આવડ્યું જ નહીં એમ મારે કબૂલ કરવું જોઈએ.' એમની જે સંમતિ હતી તે તો સૈદ્ધાંતિક હતી કે શ્રદ્ધાપૂર્વક, પણ કોઈ અનશન આદરી શકે અને જે સમયે હિંસાની પૂર્ણ શક્તિ પ્રગટ થઈ રહી હોય તે સમય અહિંસાના પૂર્ણ પ્રયોગનો અવસર છે એમ ગણી શકાય. મહાદેવભાઈના પત્રમાં શૉર્ટ ઍન્ડ સ્વિફ્ટવાળું વાક્ય ટાંકર્યું હતું તે તેઓ સમજી નહોતા શક્યા એમ જણાવીને તેમણે કહ્યું: 'શીઘ્ર પરિણામ લાવવાની વૃત્તિથી તો અનશન ન જ આદરી શકાય. બાપુએ ઉતાવળથી આવું પગલું ન જ લેવું જોઈએ, પણ બાપુને વિશે આવું વાક્ય લખવું મને ગમતું નથી. હું માનું છું કે બાપુ ઉતાવળ નથી જ કરવાના. પણ મહાદેવભાઈએ ઉદ્ધૃત કરેલું વાક્ય સૂચવે છે તેમ, શીઘ્રકારિત્વની કોઈ ભાવના, જે મહાન નેતાઓમાં કેટલીક વાર આવે છે તે બાપુમાં આવી ગઈ હોય તો બાપુને હું વિનવીશ કે તેઓ સુબ્ર કરે. મારી વ્યક્તિગત વૃત્તિ અને વિચાર આમરણ અનશનથી 'આરંભ' કરવાની વૃત્તિ છે. આવું અનશન 'આવી પડવું' જોઈએ...૩

૧૯૪૨ના જુલાઈની ૨૯મીએ આ પાંચે પત્રો વાંચ્યા પછી ગાંધીજીએ એની ઉપર નોંધ કરી:

શૉર્ટ ઍન્ડ સ્વિફ્ટનો મહાદેવે જે અર્થ કર્યો તે હતો જ નહીં. અનશનથી શરૂ કરવાની વાત હતી. આજે પણ છે. પણ તે તો અનિવાર્ય થઈ પડે ત્યારે જ હોય, ઈશ્વરી પ્રેરણાથી જ એટલે જ્યાં બુદ્ધિને અવકાશ જ ન હોય, પણ આજે તો એ છેક અપ્રસ્તુત છે. બીજી

શંકાઓનું નિવારણ મારી પાસે છે. પણ એમાં અત્યારે નથી ઊતરતો. કાળે કરીને બધાં નિવારણ એની મેળે થઈ રહેવાનાં છે.૩

ઑગસ્ટ માસની કૉંગ્રેસ મહાસમિતિની બેઠક નજીક આવી રહી હતી. ઉપલો પત્ર બાપુને લખ્યો તેનાં ત્રણ અઠવાડિયાં પહેલાં 'નવજીવન'ના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી જીવણજીભાઈ દેસાઈને મહાદેવભાઈએ ખબર આપ્યા કે 'તેઓ મુંબઈ જઈને કુશળ રોગનિદાન કરનાર પાસે તપાસ કરાવી આવ્યા.' કશું જ કહેવા જેવું માલૂમ નથી પડ્યું!!! કેવળ ગરમીને લીધે ક્ષણિક ચક્કર આવ્યાં હોય કે અંધારાં આવ્યાં હોય એમ કહે છે. બધું સારું છે એટલે મેં ચિંતા છોડી.'૪ આ તપાસમાં ઝાડો, પેશાબ, લોહી વગેરેની તપાસ થઈ હતી. હૃદયની નહીં! બાપુને લખેલા પત્ર પછી બે કે ત્રણ દિવસે (૩૦–૭–'૪૨) જીવણજીભાઈને લખે છેઃ 'હું તો મારો લખવાનો ઘસડબોરો કરીને થાકું છું. એટલે ગુજરાતી કે હિંદી हरिजन પર નજર પણ ફેરવી શકતો નથી. પણ ભાષાંતરની ફરિયાદ સારી પેઠે આવે છે એટલું કહું.'૪

મુંબઈ જતાં પહેલાં તાલીમી સંઘ આગળ બાપુએ આપેલા ભાષણની નોંધ બાબલા પાસે લેવરાવી. તે તપાસીને એને ૭૫% માર્ક આપી — પોતાની નોંધ સાથે સરખાવવાની સૂચના આપી. પણ પ્યારેલાલ ને સુશીલાબહેન આગળ બાબલાની નોંધનાં વખાણ કર્યાં.

સેવાગ્રામ છોડતાં પહેલાં ઘણા આશ્રમવાસીઓ પાસે જઈ જઈને વિદાય લીધી. સામાન્ય રીતે પ્રવાસ પહેલાં મહાદેવભાઈ આમ કરતા નહોતા. મુંબઈ પહોંચ્યા પછી દુર્ગાબહેનને લખેલા (છેલ્લા) કાગળમાં એમની તબિયત વિશે ચિંતા વ્યક્ત કરી, પણ સાથે એ પણ કહ્યું કે બાબલા વિશે હવે તેમને ચિંતા રહી નહોતી. કારણ, એ પોતાનો વખત જરાય બગાડતો નથી અને પોતાની મેળે અભ્યાસ કરે એવો થઈ ગયો હતો.

મુંબઈ પહોંચ્યા પછી એવા કામમાં લાગી ગયા કે કોઈને ખ્યાલેય ન આવે કે મહાદેવભાઈની તબિયત લથડેલી હશે. મહાસમિતિનાં બાપુનાં અને સરદારનાં ભાષણોની નોંધ લીધી. બાકીનાં ભાષણો વખતે બાપુની ટપાલ જોઈ.

કૉંગ્રેસ કારોબારીના સભ્યોએ પણ જેલમાં જતાંવેંત આમરણ અનશન કરવા અંગેના ગાંધીજીના વિચારનો વિરોધ કર્યો હતો. જવાહરલાલજીએ આવા કોઈ નિર્ણયથી બંધાઈ ન જવાનો આગ્રહ કર્યો હતો. મૌલાનાએ આવી વાત છેલ્લા પગલા તરીકે થાય એમ કહ્યું.

પંતજીએ એવો ભય વ્યક્ત કર્યો હતો કે એનાથી હિંસા અને અંધાધૂંધી થશે. સત્યમૂર્તિએ કહ્યું હતું કે આઝાદ હિંદને તમારી જરૂર ગુલામ હિંદ કરતાં વધારે છે. પ્રફુલ્લ ઘોષે કહ્યું હતું કે અનશનનો અર્થ આપઘાત થશે. નરેન્દ્ર દેવે કહ્યું કે હું તો ઉપવાસની બિલકુલ વિરુદ્ધ છું. શંકરરાવ દેવે કહ્યું કે મને ગોળીથી મરવાનો અવસર નહીં મળે તો હું ઉપવાસ કરીને મરીશ. સરદારે પણ સખત વિરોધ નોંધાવ્યો હતો.૫

ગાંધીજીએ કારોબારીને આશ્વાસન આપ્યું હતું કે તેમણે કોઈ નિશ્ચય કર્યો નહોતો.૫

૮મી ઑગસ્ટની રાતે 'હિંદ છોડો' ઠરાવ પસાર થઈ ગયા પછી સરકાર કેવાં પગલાં લેશે તેને અંગે મહાદેવભાઈ અને ગાંધીજીના અંદાજ જુદા જુદા હતા. મહાદેવભાઈ માનતા હતા કે સરકાર ગાંધીજીને તરત પકડી લેશે. ગાંધીજી કહેતા હતા કે તેમણે પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે તેઓ વાઇસરૉયને પત્ર લખીને પંદર દિવસની મહેતલ આપશે. જે અનુકૂળ જવાબ નહીં આવે તો આંદોલન છેડશે. એટલે કમસે કમ પંદર દિવસ કે મહિનોમાસ તો ધરપકડની વાત નહીં ઊઠે. સાંજની પ્રાર્થના પછી ગાંધીજી તો ઘસઘસાટ ઊંઘી ગયા પણ મહાદેવભાઈ આખી રાત જાગ્યા. સવારે ચાર વાગ્યે એમને લાગ્યું કે દર વખતે ગાંધીજીને મધરાતે પકડી જાય છે, એ સમય તો વીતી ગયો એટલે ગાંધીજીની વાત જ સાચી પડશે. સરદાર પકડાયા કે બહાર છે એની તપાસ કરવા ફોન પર ગયા તો ટેલિફોન લાગ્યો નહીં. ફોન બગડ્યો છે કે જાણીજોઈને કનેક્શન કાપી નાખ્યું છે તે સમજાયું નહીં. પડખેના રૂઇયાના બંગલેથી ફોન કરવા સ્વામી આનંદ જતા હતા તેમણે અડધે રસ્તે જ પોલીસોની વાન જોઈ. તેઓ ખબર આપવા પાછા વળ્યા. મહાદેવભાઈની ઉપર ગાંધીજીની સાથે જ ધરપકડનું વૉરંટ હતું તેથી તેઓ ખૂબ રાજી થયા. પ્યારેલાલ અને કસ્તૂરબા જો ઇચ્છે તો સાથે જઈ શકે એમ કહેવામાં આવ્યું હતું, નહીં તો એમની પર ધરપકડનું વૉરંટ નહોતું. કસ્તૂરબાએ જીવનનો એક મોટો નિર્ણય ક્ષણભરમાં કરી નાખ્યો. તેમને ખબર હતી કે કદાચ આ વખતની જેલ આખરી હોય. એટલે ગાંધીજીની સાથે રહેવું તેઓ પસંદ કરત પણ ગાંધીજીને પૂછતાં તેમણે જણાવ્યું કે કસ્તૂરબા જેમ ઇચ્છે તેમ નક્કી કરી શકે છે, પણ ગાંધીજીને પોતાને તો કસ્તૂરબા સાંજે એમને બદલે શિવાજી પાર્કમાં સભા કરીને પછી પકડાય તો જ ગમે, એટલે કસ્તૂરબાએ કહ્યું કે: 'મને આ ટાણે તમારી સાથે રહેવું જ ગમે, પણ એથીય વધારે મને તમારી ઇચ્છા પૂરી કરવી ગમે, એટલે હું રોકાઈ જઈશ.'

નારાયણે પિતાનો સામાન બાંધવા માંડ્યો. વરસની શરૂઆતથી મૌલિક લખાણો સારુ

જે કોરા કાગળોનો થોકડો એ સાથે રાખતો હતો, તે પણ પિતાના સામાનમાં બાંધવા જતો હતો, પણ મહાદેવભાઈએ તેમ કરવાની ના પાડી. 'કશો સામાન સાથે આપવાની જરૂર નથી. બાપુના ઉપવાસ ડેમોક્લીસની તલવારની માફક માથે તોળાય છે. તેઓ ઉપવાસ કરશે તો સરકાર એમને આ વખતે મરવા પણ દે ખરી. આ બધું જોવા હું જીવવાનો નથી. હું તો જેલમાં એક અઠવાડિયું પણ જીવીશ કે કેમ તે જાણતો નથી.' સામાનમાં માત્ર ગીતાની એક નાનકડી ચોપડી અને રવીન્દ્રનાથનું मक्तधारा નાટક લીધું.

પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી મોહનલાલ દેસાઈ અને પાર્ટી સાથે નીકળતાં પહેલાં બધાંએ સાથે મળીને પ્રાર્થના કરી. ગાંધીજીનું કયું પગલું પ્રાર્થના કર્યા વિના મંડાતું હતું?

૮મીની સભામાં ગાંધીજીએ જાહેર કર્યું હતું કે તેઓ ગિરફતાર થઈ જાય તો ત્યાર પછી દરેક હિંદુસ્તાની પોતપોતાનો નેતા છે. અને અહિંસાની શરતને ધ્યાનમાં રાખી દરેકને જે સૂઝે તે મુજબ કામ કરે. વળી ગાંધીજીએ એ પણ આગાહી કરી હતી કે આ વખતની લડાઈ ટૂંકી અને ઝડપી થશે. એ વાતને યાદ કરીને વિદાય દેતી વખતે નારાયણે કહ્યું, 'કાકા! હવે તો આઝાદ હિંદમાં મળીશું!'

એના જવાબમાં મહાદેવભાઈએ બાબલાનું મોં ચૂમી લીધું હતું. અને પછી મહાદેવભાઈ જીપની પાછલી સીટમાં જઈને બેઠા. વર્ષો પહેલાં એક સભામાં અધ્યક્ષે મહાદેવભાઈને આગળ આવીને બોલવા કહ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, 'હું ખુરશીની આગળ આવવા નહીં, પાછળ રહેવા ટેવાયેલો છું.' તેમની એ ટેવ ગઈ નહોતી.

મુંબઈ વી.ટી. સ્ટેશને કેદીઓ માટે ખાસ ઊભી રાખવામાં આવેલી ગાડી ઉપર તે લોકોને કારોબારીના સભ્યો મળ્યા. પકડાતી વખતે ઇન્દિરાની વિદાય લઈને આવેલા જવાહર મળ્યા. મણિબહેનથી વિખૂટા પડેલા સરદાર મળ્યા. જવાહરલાલજીએ પોતાની ડાયરીમાં લખ્યું છે, 'ઇન્દુને ફરી ક્યારે મળાશે?' મહાદેવભાઈની ડાયરીમાં બાબલા અંગે નહીં, પણ બાપુ અંગે જ ચિંતા વ્યક્ત થઈ છે.

ત્યારથી છ માસ બાદ ૧૯૪૩ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખે દુર્ગાબહેન, કનુ ગાંધી અને નારાયણને આગાખાન મહેલમાં પ્રવેશ મળ્યો હતો. ગાંધીજીના એકવીસ દિવસના ઉપવાસ વખતે એમના સ્વજન અને પરિચારક તરીકે ગાંધીજી સાથે ત્રણ અઠવાડિયાં રહેવાની એમને પરવાનગી મળી હતી, પણ એક શરતે કે તેમણે કેદી તરીકે રહેવું પડશે.

ઉપવાસને બિછાને પડેલા બાપુના ચરણસ્પર્શ કરતી વખતે મહિનાઓથી બાંધી રાખેલા દુર્ગાબહેનના નયનજળનો બંધ તૂટી ગયો હતો. બાપુ માત્ર એક શબ્દ બોલી

શક્યા — 'મહાદેવ...' અને એમની આંખમાંથી પણ અશ્રુ-મુક્તા ટપકવા લાગ્યાં. બાપુને તકલીફ ન પડે એ વિચારે દુર્ગાબહેન તરત ત્યાંથી ખસી ગયાં. નારાયણે પહેલી વાર ગાંધીજીને આંસુ સારતા જોયા.

એ લોકો ત્રણ અઠવાડિયાં સુધી આગાખાન મહેલમાં રહ્યાં. ત્રણ અઠવાડિયાંના સહવાસ દરમિયાન મહાદેવની અનેક સ્મૃતિઓ વાગોળી. સુશીલાબહેને ૧૫મી ઑગસ્ટની આખી ઘટના વિગતવાર કહી સંભળાવી ત્યારે નારાયણને એ સત્ય લાધ્યું કે બાપુના ખોળામાં માથું ઢાળીને છેલ્લા શ્વાસ લેવાની મહાદેવભાઈની તીવ્ર આકાંક્ષા ૧૫મી ઑગસ્ટે ખરેખર જ પૂરી થઈ હતી. કસ્તૂરબાએ જ્યારે એટલું જ કહ્યું કે, 'મહાદેવના જવાથી બાપુને મોટી ખોટ પડી' ત્યારે એ એક વાક્યમાં જ બાપુની કેટકેટલી વેદના વ્યક્ત થઈ ગઈ હતી એ બાની આંખો જ કહી આપતી હતી. અને પ્યારેલાલજીએ જ્યારે કહ્યું કે, 'અમે તો વાતો કરતા રહ્યા અને મહાદેવભાઈ તો "કરેંગે યા મરેંગે"ને ચરિતાર્થ કરતા ગયા.' ત્યારે આ લોકોને કિશોરલાલ મશરૂવાળાએ છ માસ પહેલાં સેવાગ્રામમાં કહેલાં વચનો યાદ આવ્યાં કે:

'ગાંધીજીના અવેજી બનવામાં એમના અધિકારનો કોણ ઇન્કાર કરી શકે એમ છે? જીવતા હતા ત્યારે તો એમણે બધી વાર એમનું પ્રતિનિધિત્વ કર્યું હતું ને મૃત્યુમાં એમના વતી ભાગ ભજવવાનો હક તેઓ ખરેખર કમાયા હતા.'

નોંધ:

૧. ગ. મા. નાંદુરકર: ૪: પૃ. ૧૯૮.

૧એ. ત્રણ પત્રોની હસ્તલિખિત નકલમાંથી લેખકના પત્રસંગ્રહમાંથી.

૨. પત્રવ્યવહારની હસ્તલિખિત નકલના લેખકના સંગ્રહમાંથી. આ પત્ર ૨૭–૭–'૪૨ના રોજ લખાયો હશે એવો અંદાજ બીજા ત્રણ સાથીઓના પત્રોને આધારે સમજાય છે.

૩. લેખક પાસેના હસ્તલિખિત પત્રસંગ્રહમાંથી.

૪. હસ્તલિખિત પત્રની ઝેરોક્સ નકલ: મનુ જીવણજી દેસાઈના સંગ્રહમાંથી.

૫. મહાદેવભાઈની અપ્રગટ ડાયરીમાંથી.

# શ્લોક

મહાદેવભાઈનો વિચાર કરતાં
મને હમેશાં આ શ્લોક સાંભરે છે:

वदनं प्रसादसदनम्
सदयं हृदयं सुधामुचोवाचः
करणं परोपकरणम्
येपां केपां न ते वंद्यः?

— વિનોબા

- સદાય હસતું મુખડું
  સદય હૃદય છે સુધાભરી વાચા
  પરોપકારી કાર્યો
  જેનાં તેને કોણ નહીં વંદે?
  
  — વિનોબા

- માત્ર પિતાના શરીરનો અંશ મળવાથી જ પુત્ર પુત્ર નથી બનતો. એ પુત્ર તો ત્યારે બને છે જ્યારે શરીર સાથે પિતાના સદ્વિચારોને પૂરેપૂરા ગ્રહણ કરે. શરીરનો અંશ ન મળે અને જો સદ્વિચાર જ ગ્રહણ થાય તોપણ તેને પુત્રની યોગ્યતા પ્રાપ્ત થાય છે. મહાદેવભાઈ બાપુના એ જ અર્થમાં પુત્ર હતા.

- લક્ષ્મણ વિના રામનું કામ થાત જ નહીં. એ સમજીને જ રામ લક્ષ્મણને પોતાની સાથે લઈ ગયા હતા. તુલસીદાસે લખ્યું છે: ‘રામના યશના ઝંડા સારુ લક્ષ્મણ દંડ સમાન બન્યા.’ મહાદેવભાઈની એવી યોગ્યતા હતી એમ કહી શકાય.

  — વિનોબા

# પરિશિષ્ટ ૧ – મહાદેવભાઈની જીવનયાત્રા

૧૮૯૨:

જન્મ: તા. ૧–૧–૧૮૯૨, સ્થળ: સરસ, તા. ઓલપાડ, જિ. સુરત. મૂળ વતન દિહેણ, તા. ઓલપાડ, જિ. સુરત.

પિતા: હરિભાઈ સુરભાઈ દેસાઈ.

માતા: જમનાબહેન હરિભાઈ દેસાઈ.

૧૮૯૯:

યજ્ઞોપવીત ધારણ કર્યું. માતાનું અવસાન.

૧૯૦૧:

સુધી: પિતાની બદલી થાય તેમ ગામો બદલતાં પ્રાથમિક શિક્ષણ લીધું.

૧૯૦૧:

દિહેણની મણિશંકર માસ્તરની અંગ્રેજી શાળામાં દાખલ થયા. ત્રણ વર્ષનો અભ્યાસ દોઢ વર્ષમાં પૂરો કર્યો.

૧૯૦૨:

જૂનાગઢમાં અંગ્રેજી ચોથા ધોરણમાં દાખલ થયા.

૧૯૦૩:

પિતાની બદલી અડાજણ ગામે થતાં ત્યાં રહી સુરત હાઈસ્કૂલમાં ભણવાનું ગોઠવ્યું.

૧૯૦૪:

સુરત પાસે હજીરા નજીક દામકા ગામે શરમાળ મહાદેવે પરદા પાછળ રહીને દારૂ-તાડી વિરુદ્ધ ભાષણ આપ્યું.

૧૯૦૫:

નવસારી પાસે કાલિયાવાડીનાં દુર્ગાબહેન ખંડુભાઈ દેસાઈ જોડે લગ્ન.

૧૯૦૬:

૧૪ વર્ષની ઉંમરે સુરત શહેરમાં મૅટ્રિકમાં પ્રથમ નંબરે પાસ થયા.

૧૯૦૭:

મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ. ગોકુળદાસ તેજપાલ બોર્ડિંગમાં મફત ભોજન-નિવાસની વ્યવસ્થા થઈ.

૧૯૦૮:

કૉલેજના પુસ્તકાલયમાંથી સાહિત્ય ઉપરાંત દર્શનશાસ્ત્રના ગ્રંથોનો અભ્યાસ.

૧૯૦૯:

અંગ્રેજીમાં કાવ્ય લખવાનો આરંભ. પણ એક સમભાવી અધ્યાપકે કાવ્ય લખવા બાબત ઉતાવળ ન કરવાની સલાહ આપી, તેથી તે પ્રવૃત્તિ સમેટી. अेल्फनि्स्टोनयिन નામની કૉલેજ-પત્રિકામાં ‘ભોળાશંભુ’ના તખલ્લુસથી લખવા માંડ્યું.

૧૯૧૦:

બી. એ. થયા. મુંબઈમાં ઓરિયેન્ટલ ટ્રાન્સલેટર્સની ઑફિસમાં માસિક રૂ. ૬૦/-ના પગારથી નોકરી. ભાષાંતર કરવાનો અનુભવ. ટિળક મહારાજના गीता रहस्यનો અભ્યાસ.

૧૯૧૧:

એલએલ. બી.ની પ્રથમ વર્ષની પરીક્ષામાં પાસ.

૧૯૧૩:

એલએલ. બી. થયા. ઇક્વિટીના વિષયમાં યુનિવર્સિટીમાં પ્રથમ.

૧૯૧૫:

ગુજરાત ફાર્બસ સભાની ઇનામી જાહેરાતમાં લૉર્ડ મોર્લીની ઑન कॉम्प्रोमाइझનું ભાષાંતર કરવા સારુ પસંદગી થઈ અને રૂ. ૧,૦૦૦નું ઇનામ મેળવ્યું. જૂન માસમાં અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં વકીલ તરીકે સનદ લીધી. બંગાળીનો અભ્યાસ કર્યો. રવીન્દ્રનાથ ઠાકુરની चत्रिांगदाનું સફળ ભાષાંતર.

૪–૭–૧૯૧૫ના રોજ અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં ગાંધીજીનાં પ્રથમ દર્શન. પ્રથમ મુલાકાતે જ એમના ચરણોમાં બેસવાની વૃત્તિ પ્રગટી.

૧૯૧૬:

પિતાશ્રી અધ્યાપક તરીકેની નોકરીમાંથી નિવૃત્ત થતાં મહાદેવભાઈએ સહકારી બૅન્કના ઇન્સ્પેક્ટર તરીકે નોકરી સ્વીકારી.

૧૯૧૭:

૨–૧૧–૧૯૧૭, ગોધરાની રાજકીય પરિષદ વખતે દુર્ગાબહેન સાથે ગાંધીજી પાસે આવ્યા.

૬–૧૧–૧૯૧૭થી ગાંધીજી સાથે ચંપારણની યાત્રામાં.

૧૩–૧૧–૧૯૧૭થી ડાયરી લખવાનો આરંભ.

૨૫–૧૧–૧૯૧૭ પિતાની અનુમતિ લઈ ગાંધીજીને ચરણે જીવન સમર્પણ.

૧૯૧૮:

અમદાવાદના મિલમજૂરોની લડતમાં ગાંધીજી જોડે.

ખેડા સત્યાગ્રહ અને સૈનિક ભરતીના કામમાં ગાંધીજી જોડે.

૧૯૧૯:

પંજાબ-પ્રવેશનો મનાઈહુકમ ભંગ કરતાં ગાંધીજી ભારતમાં પહેલી વાર ગિરફતાર થયા ત્યારે તેમણે મહાદેવભાઈને પોતાના ‘વારસ’ કહ્યા. મહાદેવભાઈએ પોતાનો એવો કોઈ અધિકાર ન સ્વીકારતાં હનુમાનને આદર્શ રાખી સેવા કરતાં તરી જવાની નેમ રાખી.

સાબરમતી આશ્રમમાં ટાઇફૉઈડની લાંબી માંદગી.

૧૯૨૦:

ચિત્તરંજન દાસ, મોતીલાલ નેહરુ, રવીન્દ્રનાથ ઠાકુર વગેરે અનેક નેતાઓ જોડે અંગત પરિચય સધાયો.

કૉંગ્રેસ અને ખિલાફત કમિટીની બેઠકમાં હાજરી. ગાંધીજી સાથે પંજાબ અને દક્ષિણ ભારતની મુસાફરી.

૧૯૨૧:

મોતીલાલ નેહરુના इन्डपिन्डन्ट પત્રના તંત્રીપદે અલાહાબાદમાં. પ્રેસ બંધ થતાં હસ્તલિખિત દૈનિક કાઢ્યું.

પ્રથમ ગિરફ્તારી અને કારાવાસ ૨૪–૧૨–૧૯૨૧.

૧૯૨૨:

નૈની, આગ્રા અને લખનૌ જેલમાં. જેલવાસ દરમિયાન वरिजवह् અને त्रण वार्‌તાઓનો અનુવાદ. ઉર્દૂ ભાષાનું શિક્ષણ. બહેન શાંતાનાં લગ્નમાં હાજર ન રહી શક્યા.

૧૯૨૩:

જાન્યુઆરીની ૨૩મીએ લખનૌ જેલમાંથી મુક્તિ. नवजीवन સારુ લખવા માંડ્યું. કાકાસાહેબ જેલ જતાં नवजीवनના તંત્રી બન્યા. પિતાશ્રીનું હૃદયરોગના હુમલાથી અવસાન.

૧૯૨૪:

ગાંધીજી જેલમાંથી છૂટતાં नवजीवनનું તંત્રીપદ તેમને સોંપ્યું. તેમના ૨૧ દિવસના કોમી એખલાસ ઉપવાસ વખતે તે જવાબદારી ફરી સંભાળી. બેલગામ કૉંગ્રેસ વખતે પ્રમુખ તરીકેની તેમની કામગીરીનો તાદૃશ ચિતાર આપ્યો.

પુત્ર નારાયણનો જન્મ.

૧૯૨૫:

सत्याग्रहनी मर्यादा અને अर्जुनवाणीનું પ્રકાશન. ગાંધીજીની આત્મકથાનું અંગ્રેજી ભાષાંતર यंग इन्डियाમાં ક્રમશઃ પ્રસિદ્ધ થવા લાગ્યું. ગાંધીજી સાથે આખા દેશમાં ભ્રમણ.

૧૯૨૬:

સાબરમતી આશ્રમમાં ગાંધીજીનાં ગીતા અંગેનાં વ્યાખ્યાનોની નોંધ શ્રી પૂંજાભાઈ સાથે લીધી. તેને આધારે પાછળથી गांधीजीनुं गीता-शक्षिण પુસ્તક છપાયું.

સત્યાગ્રહ આશ્રમના કાર્યવાહક મંડળના પ્રમુખ નિમાયા.

૧૯૨૭:

नवजीवनમાંના લેખો સારુ ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક.

ગાંધીજી સાથે શ્રીલંકા પ્રવાસ. એનાં વર્ણનો પાછળથી वथि गांधीजी इन सिलोन રૂપે પ્રસિદ્ધ થયાં.

૧૯૨૮:

બારડોલી સત્યાગ્રહ અંગે સરદાર વલ્લભભાઈ જોડે અને પાછળથી તપાસસમિતિ જોડે. સાબરમતી આશ્રમમાં કૂવેથી લપસી જતાં લાંબો વખત ખાટલો ભોગવ્યો.

૧૯૨૯:

ગાંધીજી સાથે બ્રહ્મદેશનો બે અઠવાડિયાંનો પ્રવાસ. बारडोली सत्याग्रहनो इतहिासનું પ્રકાશન. શ્રી કુમારપ્પા સાથે માતર તાલુકાની આર્થિક તપાસ. લાહોર કૉંગ્રેસમાં હાજરી.

૧૯૩૦:

મીઠાના સત્યાગ્રહની તૈયારીરૂપે લખાણો. એ સત્યાગ્રહમાં આગેવાનીભર્યો ભાગ. ૨૬મી એપ્રિલે અમદાવાદમાં છ માસની સજા.

૧૯૩૧:

જેલમુક્તિ પછી ગાંધીજી સાથે ગોળમેજી પરિષદ વખતે ઇંગ્લંડમાં. પાછળથી તેમની સાથે યુરોપની યાત્રામાં. ઇંગ્લંડથી यंग इन्डयिाનું સફળ સંપાદન. ગોળમેજી વખતના લેખો રાજાજી અને કુમારપ્પાએ अ ेनशॅन्स वॉइस રૂપે પ્રગટ કર્યા.

૧૯૩૨:

ગાંધીજી અને સરદાર પટેલ જોડે યરવડા જેલમાં.

૧૯૩૩:

જેલમુક્તિ પછી ઑગસ્ટમાં ફરી પકડાયા.

બેલગામની જેલમાં गीता अकॅोर्डगिं ट ु गाधंी લખ્યું, જે એમના મરણ પછી પ્રગટ થયું.

૧૯૩૪–’૩૫: ગાંધીજી સાથે પ્રવાસ તેમ જ વર્ધામાં.

૧૯૩૬:

ગુજરાતી સાહિત્ય પરિષદના પત્રકારત્વ વિભાગના પ્રમુખ. જવાહરલાલ નેહરુની આત્મકથાનું ગુજરાતી ભાષાંતર પ્રસિદ્ધ થયું.

૧૯૩૭:

સરકારી શાળામાં ન જવાના પુત્રના સંકલ્પને વધાવી લઈ પોતાના કામ મારફત શિક્ષણ આપવાની શરૂઆત કરી.

૧૯૩૮:

જગન્નાથપુરીમાં કસ્તૂરબા તથા દુર્ગાબહેન વગેરેના પ્રવેશને લીધે ગાંધીજી અકળાયા. તેથી ક્ષોભ અનુભવી મહાદેવભાઈ એમનો સાથ છોડવા તૈયાર થયા, પણ ગાંધીજીએ ઘસીને ના પાડી.

તબિયત લથડી.

૧૯૩૯:

રાજકોટ અને મૈસુર રાજ્યનાં પ્રજાકીય આંદોલનો અંગે ગાંધીજીની સૂચના મુજબ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

૧૯૪૦:

ક્રાંતિકારી કેદીઓને છોડાવવા બંગાળ તેમ જ પંજાબમાં સફળ પ્રવાસ.

વ્યક્તિગત સત્યાગ્રહીઓની પસંદગી કરવાનું જવાબદારી ભરેલું કામ ગાંધીજીએ મહાદેવભાઈને સોંપ્યું.

૧૯૪૧:

તબિયત વધુ લથડી. અમદાવાદમાં કોમી હુલ્લડ વખતે શાંતિ સ્થાપવાનો સફળ પ્રયાસ.

૧૯૪૨:

‘ભારત છોડો’ આંદોલન વખતે ૯મી ઑગસ્ટે મુંબઈથી ગિરફતાર. ૧૫મી ઑગસ્ટે પુણેના આગાખાન મહેલમાં ગાંધીજીના સાન્નિધ્યમાં અવસાન અને તેમના હાથે અગ્નિસંસ્કાર.

# પરિશિષ્ટ ૨ - મહાદેવભાઈની અક્ષરસંપદા

સંપાદન:

મધપૂડો, અર્જુનવાણી, ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા.

પત્રકારત્વ:

નવજીવન, હરિજનબંધુ, હરિજન, હરિજનસેવક, યંગ ઇન્ડિયા, ઇન્ડિપેન્ડન્ટ.

અનુવાદ:

ગુજરાતી ભાષામાં:

ચિત્રાંગદા ૧૯૧૫

ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીની પંજાબ સબ-કમિટીએ

પંજાબનાં રમખાણોની તપાસ માટે નીમેલા પંચનો હેવાલ ૧૯૨૧

પ્રાચીન સાહિત્ય (નરહરિ પરીખ સાથે) ૧૯૨૨

ત્રણ વાર્તાઓ (શરદબાબુ) ૧૯૨૩

વિરાજવહુ (શરદબાબુ) ૧૯૨૪

ચિત્રાંગદા અને વિદાય અભિશાપ (રવીન્દ્રનાથ ટાગોરકૃત)

(નરહરિ પરીખ સાથે) ૧૯૨૫

સત્યાગ્રહની મર્યાદા (જૉન મોર્લી) ૧૯૨૬

મારી જીવનકથા (જવાહરલાલ નેહરુ) ૧૯૩૬

ચરિત્રો:

અંત્યજ સાધુ નંદ ૧૯૨૫

વીર વલ્લભભાઈ ૧૯૨૮

સંત ફ્રાન્સિસ ૧૯૩૪

બે ખુદાઈ ખિદમતગાર ૧૯૩૬

મૌલાના અબુલ કલામ આઝાદ ૧૯૪૧

ડાયરી:

ભાગ ૧ (૧૯૪૮)

ભાગ ૨ (૧૯૪૯)

ભાગ ૩ (૧૯૪૯)

ભાગ ૪ (૧૯૫૦)

ભાગ ૫ (૧૯૫૧)

ભાગ ૬ (૧૯૬૪)

ભાગ ૭ (૧૯૬૫)

ભાગ ૮ (૧૯૬૫)

ભાગ ૯ (૧૯૬૮)

ભાગ ૧૦ (૧૯૬૮)

ભાગ ૧૧ (૧૯૬૯)

ભાગ ૧૨ (૧૯૭૨)

ભાગ ૧૩ (૧૯૭૩)

ભાગ ૧૪ (૧૯૭૪)

ભાગ ૧૫ (૧૯૭૬)

ભાગ ૧૬ (૧૯૭૯)

ભાગ ૧૭ (૧૯૮૦)

ભાગ ૧૮ (૧૯૮૧)

ભાગ ૧૯ (૧૯૮૮)

ભાગ ૨૦ (૧૯૯૧)

સ્વરાજ આંદોલન નિમિત્તે:

એક ધર્મયુદ્ધ (અમદાવાદના મિલમજૂરોની લડતનો ઇતિહાસ) ૧૯૨૩

બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ ૧૯૨૯

પ્રવચનો:

બીજી ભરૂચ જિલ્લા પરિષદમાં  ૧૯૨૩

વૃત્તવિવેચન અને વૃત્તવિવેચકો: બારમી સાહિત્ય પરિષદમાં પત્રકારત્વ વિભાગના અધ્યક્ષપદેથી આપેલું વ્યાખ્યાન  ૧૯૩૬

પ્રકીર્ણ:

તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો (નરહરિ પરીખ સાથે)  ૧૯૩૭

ખેતીની જમીન (માર્તંડ પંડ્યા સાથે)  ૧૯૪૨

અંગ્રેજી પુસ્તકો:

The Epic Of Travancore  ૧૯૨૫–'૩૬

Gandhiji In Indian Villages  ૧૯૨૭

With Gandhiji In Caylon  ૧૯૨૮

The Story Of Bardoli  ૧૯૨૯

A Nation's Voice  ૧૯૩૧

Unworthy Of Wardha  ૧૯૪૩

The Eclipse Of Faith  ૧૯૪૩

A Righteous Struggle  ૧૯૫૧

Gospel Of Selfless Action

OR

The Gita According To Gandhi  ૧૯૪૬

અનુવાદ: અંગ્રેજીમાં:

The Story Of My Experiments With Truth  ૧૯૨૭